CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

गुरुकुल कांगड़ी विश्वविद्यालय
कृपया पुस्तक के ऊपर कोई निशान आदि
न लगायें।

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

वर्ग संख्या..... आगत संख्या.....

पुस्तक—वितरण की तिथि नीचे अंकित है । इस तिथि सहित २० वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए । अन्यथा १० पैसे के हिसाब से विलम्ब-दण्ड लगेगा ।

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

PAYMENT PROCESSED
Vide Bill No ——— Dated ———
Anis Book Binder

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ર્ગ ૧૧ ... રુષ સ્વતંત્ર છે
... જનને ... હેવા ચાહો વીર; ...નનાં, ધારો ગુણ ગંભીર.
ચરિત્ર ઉત્તમ ... અંતર ઉત્તમ થાય; 'આ સારૂં છે' ચાહથી, તે અર્થ વંચાય.
મહાજન દેશ ... પવિત્ર તેનાં કામ; દુઃખ થવામ સાંભળી, કૂહાડો તેવાં નામ.
પૈસો કે પદવી વિના, નહિ અટકે એ કામ; શુભ ...-કર્મથી, મળશે 'મહાજન' નામ.
...નદૃષ્ટિ...

ચરિત્રમાળા

જેનાં ગ્રાહકોને, દેશવદેશનાં પ્રાચીન અર્વાચીન અનેક

મહાન સ્ત્રી પુરૂષોનાં ઉત્તમ ચરિત્રોનો

દરવર્ષે પૃષ્ઠ ૧૫૦૦ નેટલો મ્હોટો સંગ્રહ

માત્ર રૂ. ૨) માં મળે છે, પાકાં પૂઠાં રૂ. ૩). પો૦ માફ.

ચાલુ ૧૯૬૨ ના વર્ષનાં પુસ્તકો–રાજા રામમોહનરાય, સમ્રાટ્ અકબર–તૈયાર છે. બીજાં–અશોક, ...પ્રમ, નાના ફડનવીસ, શ્રીહર્ષ, કવિ બાણભટ્ટ, કવિ મયૂર, વિક્રમાદિત્ય, કરનલ સુરેશ વિશ્વાસ, લૉર્ડ ...લસન, વેલેસ, મહાન પીટર, આલફ્રેડ, ગારફીલ્ડ, લીંકન, વૉશિંગ્ટન, ગ્લેડસ્ટન, બિસ્માર્ક, મીલ, ટૉલ્સટૉય, ...મૉસ્થનીસ, અહલ્યાબાઇ, બાઇજીબાઈ, રાણી ભવાની, સીતા, વિદેશી વીર પુરૂષો, ૪૦માંથી નીકળશે.

આગલાં વર્ષોના નીચલા સૅટ પણ એજ મૂલ્યે મળશે. પો૦ જુદું.

સં. ૧૯૬૮ નાં પુસ્તકો–પૈકી શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ પાકું પૂઠું અને ભારતનાં સ્ત્રીરત્નો ...થ ૨ જો સાદું પૂઠું–કુલ પૃષ્ઠ ૧૦૦૦) એ બે પુસ્તકોજ મળી શકે છે. કી. રૂા. ૧ા પો. જુદું.

નીચેના દરેક સૅટમાં પૃષ્ઠ ૧૫૦૦ હોઈ મૂલ્ય રૂ. ૨)
પાકાં પૂઠાં સાથે રૂ. ૩) પો. જુદું છે.

સં. ૧૯૬૯ નાં પુસ્તકો–ભારતના મહાન પુરૂષો (ભીષ્મપિતામહ, યોગી હરિદાસજી અને મહારાણા ...સાલજી), ડૉ. આનંદીબાઇ જોશી, ભારતના વીરપુરૂષો, ભારતના સંતપુરૂષો, જગવિખ્યાત પુરૂષો (સૉક્રે-...સ અને ફ્રાધર ડેમીયન).

સં. ૧૯૭૦ નાં પુસ્તકો–ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૩ જો, બુકર ટી. વૉશીંગ્ટન, ભારતના મહાન ...ષો ભાગ ૨ જો (મહાત્મા તુકારામ અને રાનડે), જગવિખ્યાત પુરૂષો, ભાગ ૨ જો (જોનસન, કાર્લાઇલ ...ને બ્રેડલો).

સં. ૧૯૭૧ નાં પુસ્તકો–જોન ઑફ આર્ક, ભારતની દેવીઓ (શ્રીમતી ભગવતીદેવી અને અઘોર-...મની), મહાન અલેકઝાંડર, મહાન શીખ ગુરૂઓ (ગુરૂનાનક અને ગુરૂ ગોવિંદસિંહ), થિયોડર પારકર.

સૂચના ૧—ઉપલી બંને માળાના આગલાં વર્ષના સૅટોમાંનું કોઇ પુસ્તક કે પુસ્તકો છુટાં મળશે ...હિ. ૨–વર્ષ પુરૂં થવા અગાઉ તે વર્ષમાંનું કોઇ પુસ્તક છુટક જોઇશે તો સગવડ હશે તો બમણી કિંમતે ...પાશે. ૩–હરકોઇ વર્ષ પૂરૂં થવા અગાઉ તે વર્ષના ગ્રાહક થનાર માટેજ પોસ્ટેજ માફ સમજવું. વર્ષ થયા પછીથી મંગાવનાર માટે પોસ્ટેજ જુદું છે. ૪–ગમે તે માસમાં ગ્રાહક થવા છતાં વર્ષની શરૂ-...ત કાર્તિકથીજ ગણાઇને શરૂથીજ બધાં પુસ્તકો મળશે.

ઠે. કાલબાદેવી, હાથીબિલ્ડીંગ—મુંબઇ નં૦ ૨

નવું સાહિત્ય વર્ધક કાર્યાલય, ...ને ડિરેક્ટર કેદારનાથ બી. બી. અમદાવાદ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સસ્તું સાહિત્યવર્ધક કા[ર્યાલ]ય લોકહિતાર્થે અતિ [સ]સ્તા ભાવે નીકળતા

ઉત્તમ ગ્રંથ[ો] [અ]ને ગ્રંથમાળાઓ.

તૈયાર મ્હોટા ગ્રંથો.

શ્રીમદ્ ભાગવત ૩. ૨)
શ્રી શિવાજી છત્રપતિ ૩. ૦।।, ૧, ૧।
રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ ૧ લો ૨।।
આર્યભિષક્ ... ... ૩. ૧।।।
સ્વામી રામતીર્થ-ભાગ ૧ થી ૫. ૩. ૧।
શાન્તિપર્વ-મહાભારતનું ... ૩. ૨,૨।।
શ્રી યોગવાસિષ્ઠ પાંચ પ્રકરણ ૩. ૩,
,, છઠ્ઠું નિર્વાણ પ્રકરણ ૩. ૩,
શ્રી ભગવતી ભાગવત ... ૩. ૨।।।
નીચલાં બનતી તાકીદે નીકળશે.
દાસબોધ ... ... ૩. ૧।
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા ... ૩.૧।।।
રાજસ્થાન ભાગ ૨ જો, ... ૩. ૨।।
મહાભારતનાં આદિ અને સભાપર્વ ૩. ૨)
વાલ્મીકીય રામાયણ ... ૩. ૨।। થી ૩)

બીજા તૈયાર ગ્રંથો.

ભગવદ્ગીતાના ગુટકા પૃષ્ઠ ૨૭૫ના
શ્લોક, ટીકા, છબી સાથે.

સાદું પૂંઠું ... ... ૦)
પાકું પૂંઠું ... ... ૦)
રેશમી અથવા સોનેરી પૂંઠું ... ૦।
ખાસ ઉંચી આવૃત્તિ ... ... ૦।।
ભજનસાગર ... ... ૦)
મનહર પદ ... ... ૦)।।,૦।
સદ્ગુણી બાળકો ... ... ૦।
બાળ સદ્બોધ ... ... ૦)
બાળકોની વાતો ... ... ૦)
એકાદશ સ્કંધ ... ... ૦।।,૦।
સુબોધ રત્નાકર ... ... ૦।।
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું ચરિત્ર ૦)

ચાર વર્ષથી ચાલતી હજારો
ગ્રાહકો ધરાવતી

વિવિધ ગ્રંથમાળા.

જેના ગ્રાહક થવાથી—
વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો
દર વર્ષે ૨૦૦૦ પૃષ્ઠ જેટલાં
માત્ર ૩. ૨) માં મળે છે.
પાકાં પૂઠાં સાથે ૩) પો. માફ.
અગાઉનાં પુસ્તકોના સેટ પણ મળે છે.

ચરિત્રમાળા.

જેના ગ્રાહક થનારને—
દેશવિદેશનાં પ્રાચીન અર્વાચીન, મહાન
સ્ત્રી-પુરૂષોનાં ઉત્તમ જીવનચરિત્રો
દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦
જેટલાં માત્ર ૩. ૨)માં મળે છે. પાકાં
પૂઠાં સાથે ૩. ૩) પો. માફ.
અગાઉનાં પુસ્તકોના સેટ પણ મળે છે.

ખાસ સૂચના.

૧ પોસ્ટેજ ઉપલી બંને માળાના ચાલુ વર્ષ સિવાયના દરેક પુસ્તક તથા વાર્ષિક સેટનું જુદું છે.

૨ એ સેટોમાંથી છુટક પુસ્તકો નહિ મળે. આખા સેટોજ મળશે.

૩ પ્રથમથી પૂરી કિંમત મોકલનારનેજ રેલ્વે રસ્તે મોકલાશે. બહારનાં પુસ્તકો લાવીને મોકલાશે નહિ.

ઉપલી દરેક બાબતની વધુ માહિતીને માટે આની આગળનાં પૃષ્ઠો વાંચો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ-૨ અને અમદાવાદ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

...ષ્ટિને મૂળસુદ્ધાં લય કરી દઇ કેવળ કૂટસ્થ અદ્વિતીય (પોતાના) આત્મામાંજ (સર્વદા) રહે ...[૧] એ આત્મામાં એવી શક્તિ પણ પોતાની મેળેજ ઉદય પામે છે કે જેથી તે જીવભાવને પ્રાપ્ત થઈ બંધાઇ જાય છે અને એવી શક્તિ પણ તેમાં પોતાની મેળેજ ઉદય પામે છે કે જેથી ી. (બ્રહ્મરૂપ થઇ જઇ) મુક્ત થઈ જાય છે. આમાં પહેલી અવિદ્યાશક્તિ અજ્ઞાન, અને બીજી વિદ્યાશક્તિ જ્ઞાન એમ સમજવું.)[૨] જેમ ંદ્રમા, સૂર્ય, અગ્નિ, તપાવેલ લોહ અને રત્ન, આદિમાં નોખા નોખા પ્રકારની કાંતિઓ તેથી જુદી નહિ છતાં જુદી કલ્પવામાં આવે છે, વૃ-થી પત્રપુષ્પ આદિ જુદાં નહિ છતાં જુદાં ક-પી લેવાય છે અને ઝરણાંથી તેના કણો જુદાં ા. છતાં જુદા કલ્પાય છે તેમ આ જગતની અને બુદ્ધિઆદિની વિચિત્રતા એ સર્વ અતિ વિસ્તીર્ણ અનંત પરબ્રહ્મથી જુદું નહિ છતાં કેવળ જુદું કલ્પી લીધેલ છે અને તે જગતને બ્રહ્મરૂપે નહિ જાણનારા અજ્ઞાની પુરુષને દુઃખ આપનાર થાય છે, તથા તે બ્રહ્મરૂપ છતાં કેમ જાણે બ્રહ્મરૂપ ન હોય તેવું થઈ રહ્યું છે.[૩,૪] હે પ્રિય પુત્ર ઇક્ષ્વાકુ! અહો જગતને મોહમાં નાખનારી આ માયા કોઇ વિચિત્ર તરેહની છે કે આત્મા પોતાનું સ્વરૂપ અંદરના અને બહારના સર્વ પ્રદેશોમાં વ્યાપ્ત છે છતાં પણ તેને દેખતો નથી.[૫] "આ સર્વ જગત ચિદાત્મારૂપી અરીસામાં પ્રતિબિંબિત થઈ (અરીસામાં પ્રતિબિંબરૂપે દેખાતાં નગરાદિકની પેઠે) આભાસમાત્રજ દેખાય છે" એવી ભાવના રાખી જે પુરુષ ઇચ્છા વગરનો (આપ્તકામ) થઇ રહે તે બ્રહ્મરૂપી (અભેદ્ય) કવચને ધારણ કરનારો વિવેકી પુરુષજ સુખી છે[૬] અહંકારરહિત દૃશ્યમાત્રના અભાવરૂપ એક ચૈતનસત્તાવડે આ સર્વ શૂન્ય, નિરાલંબ અને ચિદ્રૂપ છે,' એવી (સદાકાળ) ભાવના રાખવી. 'આ સારૂં છે અને આ નઠારૂં છે' એજ તમને દુઃખ થવામાં બીજરૂપ છે. એ બીજજ જો સમાનદૃષ્ટિરૂપી અગ્નિવડે બળી ગયું હોય તો પછી દુઃખનો અવસરજ ક્યાંથીહોય? (નજ હોય.)[૮] હે રાજા! સમદૃષ્ટિની દૃઢતારૂપીપોતાના પ્રબળપુરુષ પ્રયત્નવડે અભાવના(સમાધિનાઅભ્યાસથી સર્વ દૃશ્યનું વિસ્મરણ થઇ જવું કિંવા અસંકલ્પ, તે) રૂપ અસ્ત્રથી સારા-નરતા પદાર્થમાં પ્રિય-અપ્રિયપણાની વિષમ કલ્પનાને તમે તરત છેદી નાખો.[૯] હે ઈક્ષ્વાકુ રાજા! સમાધિરૂપી નિર્વિકલ્પ દશાવડે બાહ્યાર્થની ભાવનાને અને શુભાશુભ કર્મરૂપી અરણ્યને છેદી નાખી આત્મજ્ઞાનનેલીધે આકાશથી પણ અતિ સૂક્ષ્મભાવને પ્રાપ્ત થઇ તમે શોકરહિત થઇ રહો.[૧૦] તમે પ્રથમ વિવેકનો વિકાસ થતાં સમાધિબળથી સર્વ બાહ્ય કલ્પનાને ટાળી નાખી એક પૂર્ણ પરમાત્માવડે પરિપૂર્ણ રીતે ભરપૂર થઈ રહેલાં આ સર્વ જગતને જુઓ અને પછી પરમ આનંદરૂપ બ્રહ્મસુખનો અનુભવ કરી અખંડ એકતાને પ્રાપ્ત થઇ સંસારરૂપી મહાવ્યાધિને નિવૃત્ત કરી શાંતિવડે સમાનતાવાળા ચાંદનીના જેવા નિર્મળ વાસના અને અજ્ઞાનનો અત્યંત ક્ષય થઇ જવાનેલીધે સ્વચ્છતાવાળા, (શાંત અને સુંદર) આકારને ધારણ કરી નિર્ભય ચિદ્રૂપ થઇ જાઓ.[૧૧]

भरितभुवनाभोगो भूत्वा विभागबहिष्कृतो गलितकलनाभासो विवेकविलासवान् ॥ अधिगतपरानंदस्पंदश्चिराय निरामयः शमसमसितस्वच्छाभोगो भवाभयचिद्वपुः ॥११॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ઇક્ષ્વાકુ અને [illegible] સંવાદ' એ નામનો એકસો ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૧૯

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १२० मो.*

યોગની સાતભૂમિકાઓ

॥ मनुरुवाच ॥

शास्त्रसज्जनसंपर्कैः प्रज्ञामादौ विवर्धयेत् ॥
प्रथमा भूमिकैषोक्ता योगस्यैव च योगिनः॥१॥

મનુ કહે છેઃ—પહેલાં શાસ્ત્રો અને સત્પુરુષોના સંપર્કથી બુદ્ધિને વધારવી એ યોગીના યોગની પ્રથમ ભૂમિકા કહેલ છે. (જેમાં સાધનચતુષ્ટયથી સંપન્ન થઈ ગુરુકૃપાપૂર્વક શ્રવણ આદિ અંગનો સમાવેશ થાય છે)[૧] વિચારણા એવા નામની બીજી ભૂમિકા છે. (જેમાં મનન આદિનો સમાવેશ રહ્યો છે.)ત્રીજી ભૂમિકા અસંગભાવના એવા નામની છે. (જેમાં એક અસંગ આત્માની નિરંતર ભાવના કરવી એટલે નિદિધ્યાસન એ આદિનો સમાવેશ થાય છે.) ચોથી ભૂમિકા વિલાપિની આવા નામથી કહેવાય છે કે જેમાં તત્ત્વનો સાક્ષાત્કાર હોવાથી વાસનાઓનો (મૂલસુદ્ધાંત) નાશ થઈ જાય છે.[૨] પાંચમી ભૂમિકા સમાધિનો પરિપાક થઇ જવાનેલીધે અનુભવાતા ઉત્તમ આનંદવડે શુદ્ધ ચિન્મય આનંદરૂપ છે કે જેની અંદર, નિદ્રા શેષ રહી ગયાથી ઽઅર્ધ ઊંઘતા અને અર્ધ જાગતા પુરુષની પેઠે જીવન્મુક્ત પુરુષ રહે છે.[૩] છઠ્ઠી ભૂમિકા પોતાની મેળેજ અવિચ્છિન્નપણે રહેનારી અનુભવાત્મક બ્રહ્માકાર વૃત્તિરૂપ છે કે જેમાં આનંદનાજ એક ઘાટા આકારવાળી યોગીના ચિત્તની સ્થિતિ સુષુપ્તિ અવસ્થાવાળાના જેવી થઇ જાય છે.[૪] તેજ શાંત અવસ્થા* તૂર્યપદવડે કહેવામાં આવે છે કે જે કેવળ મોક્ષરૂપજ છે. સમાનતાવડે અને સ્વચ્છતાવડે અતિ શાંત એવી સાતમી ભૂમિકા તુર્યાતીત કહેવાય છે.[૫] કે જે પરમ નિર્વાણરૂપ છે. એ સાતમી ભૂમિકાજ જ્યારે પરિપક્વ દશામાં આવે ત્યારે (વિદેહમુક્તિરૂપ કહેવાય છે. એ વિદેહમુક્તિ) જીવતા યોગીપુરુષોનો વિષય નથી.[૬] આમાં પ્રથમની ત્રણ ભૂમિકાઓ (વ્યાવહારિક સત્તાથી જાગ્રત અવસ્થાની પેઠે જગતનું ભાન હોવાથી) જાગ્રત કહેવાય છે. ચોથી ભૂમિકામાં જગત સ્વપ્નના જેવું પ્રતીતિમાં આવવાથી તે ભૂમિકા સ્વપ્ન એવા નામથી કહેવામાં આવે છે.[૭] પાંચમી ભૂમિકા એક આનંદમાંજ ઘાટાપણાથી સર્વનો લય થતાં સુષુપ્તિ જેવી દશા થઈ જવાનેલીધે તે સુષુપ્ત એવા નામથી કહેવાય છે. છઠ્ઠી ભૂમિકામાં અખંડ બ્રહ્માકારવૃત્તિ રહેવાનેલીધે ઇતર પદાર્થ સંબંધી કાંઈ સંવેદન (સંકલ્પ) નહિ સ્ફુરવાથી તે અસંવેદનરૂપ કહેવાય છે અને તેને તૂર્ય એવું નામ આપવામાં આવે છે[૮] અને સર્વનાથી ઉત્તમ એવી સાતમી ભૂમિકા તૂર્યાતીત કહેવાય છે કે જે અવસ્થા મનવડે કે વાણીવડે અગ્રાહ્ય છે તથા સ્વયંપ્રકાશ પરમપદરૂપ છે.[૯] આત્માની અંદર સર્વ દૃશ્યોનો લય કરી દઈ×પ્રત્યાહારનેલીધે દૃશ્યનો કાંઇ પણ સંકલ્પજ સ્ફુરવા દેવામાં ન આવે તો તે મહાસમાનતાવડે તમે નિઃસંદેહ

---

* આ એકસોવીશમા સર્ગમાં યોગની સાત ભૂમિકાઓ કહેવાશે. તેમાં પ્રથમની ત્રણ મુમુક્ષુની છેવટની ત્રણ મુક્તની અને બાકી વચમાંની મુચ્યમાન (મુક્ત થવાને તૈયાર થયેલ તે) ની બતાવી છે.

ઽ જેમ કાચી ઊંઘમાં જાગી ઉઠવાથી અર્ધ ઊંઘતો અને અર્ધ જાગતો પુરુષ બાહ્યશબ્દાદિકનું શ્રવણ કરે તો પણ તેનું ચિત્ત નિદ્રાના સુખમાં ચોટી રહેલું હોવાથી પ્રત્યુત્તર આદિ વ્યવહાર કરવાને તે ઇચ્છતો નથી તેમ એ પાંચમી ભૂમિકામાં રહેલો જીવન્મુક્ત પુરુષ વ્યુત્થાનકાળમાં પણ પોતાની વૃત્તિ આત્મસુખમાંજ ચોંટેલી હોવાથી વિશેષ વ્યવહાર કરવાને ઇચ્છતો નથી.

* જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી જૂદી આ ચોથી અવસ્થા હોવાથી તેમાં તૂર્યપદ યોજેલ છે.

+ ઇંદ્રિયોનો અંતર્મુખપણાંથી ચિત્તમાં લય થઇ જવો તે પ્રત્યાહારનું સંક્ષિપ્તરૂપ છે એ વિષે વિશેષ જાણવું હોય તો પાતંજલ સૂત્ર દ્વીતીયપાદ સૂત્ર ૫૪ જુઓ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મુક્તજ છો.[૧૦] જેની પૂર્ણ બુદ્ધિ ભોગવડે ઉત્પન્ન થતાં સુખ-દુઃખોના અંશોવડે લેપાતી નથી તથા " હું મરતો પણ નથી અને જીવતો પણ નથી (એ બન્ને દેહધર્મ હોવાથી મારામાં નથી) તેમ હું કાર્યરૂપ કે કારણરૂપ પણ નથી " એવી જેની દૃઢ બુદ્ધિ હોય તે આત્મનિષ્ઠ પુરુષ સશરીર (શરીરવાળો) હોય કિંવા અશરીર (શરીરવિનાનો) હોય પણ મુક્તજ કહેલો છે.[૧૧,૧૨] વ્યવહાર કરતો હોય અથવા શાંત થઇ બેઠો હોય, ગૃહસ્થ હોય અથવા એકલો ફરનારો યતિ હોય, પણ " હું કાંઇ નથી માત્ર એક ચિદાત્મારૂપ છું " એમ માનવાથી જીવને શોક કરવો પડતો નથી.[૧૩] 'હું નિર્લેપ છું, અજર છું, વાસનાવગરનો છું, નિર્મલ છું, આસક્તિરહિત છું અને ચિદાકાશરૂપ છું,' એમ માનવાથી જીવને પછીથી શોક કરવો પડતો નથી.[૧૪] 'હું અંત આદિ વિકારથી રહિત છું, શુદ્ધ બુદ્ધ, અજરામર અને શાંત છું, મારો આભાસ સર્વત્ર સમાનપણે વ્યાપ્ત છે' એમ માનવાથી જીવ શોકપાત્ર થતો નથી.[૧૫] તૃણોના અગ્રભાગમાં (તણખલાંઓમાં), આકાશમાં સૂર્યનારાયણમાં, મનુષ્યોમાં, હાથીઓમાં, અને દેવતાઓમાં જે કાંઇ સત્યરૂપે રહેલ છે તેજ આત્મતત્ત્વ છે અને હું પણ તેજ છું એમ માનવાથી જીવને ફરીવાર શોક કરવો પડતો નથી.[૧૬] 'હું કે જે ચિદ્રૂપ છું તેનો મહિમા નીચે, ઉંચે અને ચોતરફ વ્યાપક છે' એ પ્રમાણે અનંત વિલાસવાળા એ પરમાત્માના મહિમાને જાણી લઈ કોણ મરણ આદિ દુઃખોને ભોગવે?(કોઈ ન ભોગવે)[૧૭] કોઈ જંતની વાસના બાંધી જે પદાર્થ સેવન કરવામાં આવે તે (અભીષ્ટ હોવાથી) સુખ ઉત્પન્ન કરે છે; પરંતુ જે વસ્તુ સુખકારક હોય તેજ પાછી નાશ થતાં દુઃખ ઉત્પન્ન કરે છે, કેમ કે સુખ અને દુઃખ એ બન્નેનો સાથે રહેવાનોજ નિયમ છે. જે પદાર્થ વાસના રાખ્યાવિના કિંવા થોડી (સાધનદશામાં જરૂર રાખવી પડે તેટલી) વાસના રાખી સેવવામાં આવે તે, કાંઇ સુખ પણ ઉત્પન્ન કરતો નથી અને નાશના સમયમાં તેનો નાશ થઇ ગયાથી દુઃખ પણ આપતો નથી. હે નિષ્પાપ રામચંદ્રજી! ક્ષીણ વાસનાવાળી બુદ્ધિવડે જે કર્મ કરવામાં આવે તે (શેકાવાથી) બળી ગયેલ બીજનીપેઠે ફરીવાર (જન્માંતરરૂપી) અંકુરને પેદા કરતાં નથી. હે પ્રિય રામચંદ્રજી ! દેહ ઇંદ્રિય આદિ ક્રિયા કરવાનાં સાધનોવડે કર્મ કરાય છે અને તે દેહ ઇંદ્રિય આદિ ભિન્ન ભિન્ન હોવાથી તેનો એકજ કર્ત્તા અને એકજ ભોક્તા શી રીતે ઘટી શકે ? (ન ઘટી શકે.) સર્વ પદાર્થોમાંથી હું અને મારૂં ઇત્યાદિ વાસનાને છોડી દઇ અજ્ઞાનરૂપી નિદ્રામાંથી જાગ્રત થયેલો પૂર્ણતાવાળો પુરુષ ચંદ્રમાના જેવો શીતલ અને કાંતિવડે સૂર્યના જેવો દેદીપ્યમાન ભાસે છે. દેહરૂપી શાલ્મલિવૃક્ષની સંચિત અને ક્રિયમાણ કર્મરૂપી કપાસની સંપત્તિ જ્ઞાનરૂપી પવનનો ઝપાટો લાગતાં ઉડીને કયાંય જતી રહે છે. મનુષ્યની સર્વ કળા અનભ્યાસવડે (માહાવરો નહિ રાખવામાં આવે તો) નાશ પામી જાય છે.[૧૮-૨૪] પરંતુ આ જ્ઞાનરૂપી કળા તો એક વખત જો અંદર પ્રકટ થઇ તો પછી સારા ખેતરમાં વાવેલી શાલની (ચોખાની) પેઠે તે દિવસે દિવસે બલાત્કારથી વધવા માંડે છે.[૨૫] જેમ તળાવોમાં અને સમુદ્રોમાં એક જલજ સર્વત્ર રહેલ છે તેમ સર્વ વસ્તુઓમાં એક આત્માજ સર્વરૂપે રહેલો છે. હે પ્રિય રામચંદ્રજી ! આ સર્વ જગત સંકલ્પના (વિચિત્રતા રચનારા) અનેક સમુદાયો વિનાનું એક માત્ર સત્તારૂપજ છે એમ તમે સમજો.[૨૬]

एकः स्फुरत्यखिलवस्तुषु विश्वरूप आत्मा सरस्सु जलधाष्वेव तायमच्छम् ॥ संशांतसंक-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

लनभूरिकलापमेकं सत्तांशमात्रमखिलं जगदंग विद्धि ॥२६॥

श्रीमद्द योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना पूर्वार्द्धनो ' सप्तभूमिकाविभाग ' એ નામનો એકસોવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૦

सर्ग १२१ मो.*

ઉચ્ચ નીચ ગતિમાં ભાવનાજ કારણ છે

॥ मनुरुवाच ॥

यावद्विषयभोगाशा जीवाख्या तावदात्मनः ॥
अविवेकेन संपन्ना साऽप्याशा हि न वस्तुतः॥१॥

મનુ કહે છેઃ—જ્યાંસુધી વિષયોના ભોગોની આશા રહેતી હોય ત્યાંસુધી આત્માની જીવ એવી સંજ્ઞા રહે છે. એ આશા પણ અવિવેકને લીધેજ ઉત્પન્ન થયેલી છે, બાકી વસ્તુતાએ તે (અસંગ આત્મામાં) છેજ નહિ.[1] એ આશા જ્યારે વિવેકનેલીધે (અજ્ઞાનનો ક્ષય થવાથી) ક્ષીણ થઇ જાય છે ત્યારે આત્મા જીવભાવને છોડી દઇ આ સંસારરૂપી મહારોગથી રહિત થઈ જઇ બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.[2] ઉપરથી (સ્વર્ગ આદિ ઉત્તમલોકમાંથી) નીચે નરક આદિ અધમ લોકમાં અને નીચેથી (નરક આદિ અધમ લોકમાંથી) ઉપર (સ્વર્ગ આદિ ઉત્તમ લોકમાં) ઘણાક કાલસુધી (જન્મ-મરણાદિકવડે) ફરતા રહી આ સંસારરૂપી ઘટમાળની ભોગચિંતારૂપી રજ્જુમાં તમે ઘડારૂપ (ઘડાનીપેઠે બંધાયેલા) ન થાઓ.[3] જે પુરુષો 'અમુક (દેહાદિ) વસ્તુ મારી છે અને હું એ (દેહાદિક) નો છું' એવી વ્યાવહારિક ઘાટી ભ્રાંતિને મોહનેલીધે સેવે છે તે શઠ પુરુષો અધમમાં અધમ લોકમાં જાય છે.[4] જે લોકોએ 'હું અમુક (દેહાદિ) પદાર્થનો છું અને એ દેહાદિ પદાર્થ મારા છે અને હું તેરૂપ છું' એવો મોહ પોતાની બુદ્ધિવડે (જ્ઞાન થવાથી) ત્યાગ કરી દીધો છે તેઓ ઉત્તમમાં ઉત્તમ લોકમાં જાય છે.[5] હે રાજા ઇક્ષ્વાકુ! તમે કાંઇપણ વિલંબ કર્યાસિવાય પોતાનો આત્મા કે જે સ્વયંપ્રકાશ છે તેનું અવલંબન કરી રહો અને જગતને ચારેકોર ભરપૂર ચિદાકાશરૂપેજ તમે જુઓ.[6] જે વખત એ પ્રમાણે ચિદ્રૂપ આત્માનું પરિપૂર્ણ અને અખંડિત સ્વરૂપ (અનુભવવડે) સમજવામાં આવ્યું તેજ વખતે આ સંસાર તરી જવાય છે અને (મુક્ત થઇ જતાં) જીવ પરમેશ્વરભાવને પ્રાપ્ત થાય છે.[7] બ્રહ્મા, ઇંદ્ર, વિષ્ણુ અને વરુણ જે જે કરવાને ઉદ્યુક્ત (ઉદ્યમે લાગેલા) છે તે સર્વ હું કે જે ચિદ્રૂપ છું તેજ કરૂં છું એવી ભાવના રાખવી.[8] હે પ્રિય ઇક્ષ્વાકુ! જે જે શાસ્ત્રોમાં જ્યારે જ્યારે જે જે કાંઈ કહેવામાં આવે છે તે તે સર્વ સત્યજ છે, કેમ કે ચિદાત્માનો વિલાસ નિરંકુશ (અનિયમિત અને તેથીજ અચિંત્ય) છે.[9] કેવળ શુદ્ધ ચિદ્રૂપપણાને પ્રાપ્ત થયેલા અને મૃત્યુને તરી ગયેલા અમનસ્ક પુરુષને જે કાંઇ (અનિર્વચનીય) આનંદ થાય છે તેની કોને ઉપમા આપી શકાય? (કોઇને નહિ,)[10] આ જગત અશૂન્ય પણ નથી અને શૂન્ય પણ નથી, અચિદ્રૂપ પણ નથી અને ચિદ્રૂપ પણ નથી, આત્મરૂપ પણ નથી અને અનાત્મરૂપ પણ નથી (કિંતુ સ્વપ્ન ઇંદ્રજાળ આદિનીપેઠે અનિર્વચનીય છે) એવી ભાવના તમે કરતા રહો.[11] આત્માના પારમાર્થિક રૂપનો સાક્ષાત્કાર થયાથી પ્રકૃતિ શાંત થઈ જાય છે. મોક્ષ નામનો કોઇ દેશ છે તેમ નથી, તેમજ મોક્ષ નામનો કોઈ કાળ છે તેમ પણ નથી, તેમ કોઈ બીજી સ્થિતિ મોક્ષ કહેવાય છે તેમ પણ નથી;[12] પરંતુ અહંકારનો અને મોહનો ક્ષય થઈ જતાં આ સર્વ દૃશ્ય રચનાનો પણ (જ્ઞાનદૃષ્ટિથી) લય થઇ

* આ એકસોએકવીશમા સર્ગમાં જે ભાવનાવડે જીવ અધમ લોકમાં જાય છે તે અને જે ભાવનાવડે ઉત્તમતાને પ્રાપ્ત થઈ મુક્ત થઇ જાય છે એ બન્ને ભાવના સારી રીતે વિભાગ કરી મનુ બતાવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જાય છે અને આત્માનું જે સ્વાભાવિક (શુદ્ધ) સ્વરૂપ છે તેજ જ્યારે અનાદિ કાળથી ભૂલાઇ જવાયેલાં સ્વસ્વરૂપનું પાછું અનુસંધાન થતાં નિદિધ્યાસનની ચરમ વૃત્તિવડે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઇ જવાથી આત્મસાક્ષાત્કાર એવું નામ ધારણ કરે ત્યારે એ પોતેજ મોક્ષરૂપ છે.[૧૩] શાસ્ત્રોના અર્થસંબંધી વિચારોની ચપળતાથી વિરામ પામેલો, નાના પ્રકારના રસો, કાવ્યો અને કૌતુકોથી નિવૃત્ત થયેલો અને સમસ્ત વિકલ્પોરૂપી ઉપદ્રવથી રહિત થઇ ગયેલો, મૃત્યુરહિત આત્મસ્વરૂપ જીવન્મુક્ત પુરુષ સદાકાળ સમાનતાવાળી સ્થિતિમાં સુખેથી રહે છે.[૧૪]

प्रशांतशास्त्रार्थविचारचापलो निवृत्तनानारस-
काव्यकौतुकः ॥ निरस्तनिःशेषविकल्पविप्लवः
समः सुखं तिष्ठति शाश्वतात्मकः ॥ १४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ઇક્ષ્વાકુ અને મનુનો સંવાદ' એ નામનો એકસો એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૧

સર્ગ ૧૨૨ મો.*

મુક્તપુરુષનાં લક્ષણો

॥ मनुरुवाच ॥

येन केनचिदाच्छन्नो येन केनचिदाशितः ।
यत्र क्वचन शायी च स सम्राडिव राजते ॥१॥

મનુ કહે છેઃ—(વૃત્તિ બ્રહ્માકાર હોવાનેલીધે) હરકોઇ બીજા માણસે વસ્ત્રોવડે ઢંકાએલો (યદૃચ્છાથી) હરકોઇએ ભોજન કરાવાએલો અને જ્યાંત્યાં સૂઇ રહેનારો યોગી (મનુષ્યના આનંદની પરમ અવધિરૂપ) કોઇ મોટા રાજા (મંડળેશ્વર) નીપેઠે (અનંત આનંદમાં) શોભે છે.[૧]

* આ એકસો બાવીશમા સર્ગમાં આત્મજ્ઞાનને વિષે આરૂઢ થઇ રહેલા મુક્તપુરુષની સ્થિતિવિષે મનુ લક્ષણોવડે વર્ણન આપશે.

વર્ણ, ધર્મ, આશ્રમ અને આચારના સંબંધમાં શાસ્ત્રોમાં ફરમાવેલાં બંધનોથી છૂટી ગયેલો જીવન્મુક્ત પુરુષ જેમ કેસરી—સિંહ પાંજરામાંથી (તલપ મારી) બહાર નીકળી જાય તેમ આ સંસારરૂપી જાળમાંથી બહાર નીકળી જાય છે.[૨] વાણીને ઉલ્લંઘન કરી રહેલા નિરતિશય આનંદરૂપ પરમાત્માનેજ એક આશ્રયે રહેલો, વિષયોની આશા અને (વિવિધ પ્રકારની સુખ-દુઃખ સંબંધી) દશાઓથી રહિત થઇ ગયેલો એ મહાત્મા પુરુષ આકાશ જેમ શરદ્ઋતુમાં કાંઈક અપૂર્વ શોભાને પ્રાપ્ત થાય તેમ કાંઇ અનિર્વચનીય શોભાને ધારણ કરે છે.[૩] પર્વતમાં રહેલા મહાનદની પેઠે ગંભીર, પ્રસન્ન, અને નિરંતર પરમ આનંદનો સ્વાદ લેવામાં પરાયણ રહેનારો જીવન્મુક્ત પુરુષ પોતાના આત્માવડે આત્મામાંજ આનંદ લીધા કરે છે.[૪] સર્વ કર્મફળોનો ત્યાગ કરનારો નિત્યતૃપ્ત અને નિરાશ્રયપણે રહેનારો મહાત્મા પુરુષ પુણ્યથી, પાપથી કે બીજાં હર્ષ-શોકાદિકથી લેપાતો નથી.[૫] જેમ સ્ફટિકમણિ પ્રતિબિંબવડે (રંગાઇ જઇ) રૂપાંતરને નથી પામતો, તેમ તત્ત્વવેત્તા પુરુષ પણ પ્રારબ્ધયોગે આવી મળેલાં સુખ-દુઃખવડે (રંગાઇ જઈ) રૂપાંતરને પ્રાપ્ત થતો નથી.[૬] તે મનુષ્યસમુદાયમાં વિહાર કરતાં છતાં દેહના છેદન કે પૂજનવડે કેમ જાણે તે બન્ને પ્રતિબિંબમાં થતાં હોય તેવી રીતે શોક કે હર્ષને પ્રાપ્ત થતો નથી.[૭] એ જીવન્મુક્ત પુરુષ તેની પૂજા કરવાથી કાંઇ પ્રશંસા કરતો નથી અને પૂજા નહિ કરવાથી કાંઇ બીજા (ક્રોધ આદિ) વિકારો તેનામાં આવતા નથી. તે સર્વ આચારો અને નીતિના ક્રમોવડે બાહ્યદૃષ્ટિમાં યુક્ત લાગે છે, પરંતુ અંદરથી વિયુક્તજ હોય છે.[૮] એ (જીવન્મુક્તપુરુષ) થી લોકોને ઉદ્વેગ થતો નથી અને લોકોથી તે ઉદ્વેગ પામતો નથી. રાગ, દ્વેષ, ભય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

અને આનંદના નિમિત્તરૂપ વિષયોવડે તે, કોઈ વખત (પ્રારબ્ધના બળથી) જોડાઈ જાય છે અને કોઇ વખત (પ્રારબ્ધના બળથી) ત્યાગ કરાય છે.[૯] એ મહાશય પુરુષ વસ્તુતાએ કોઇ (કુશળ પુરુષ) ના પણ પરિમાણમાં આવી શકતો નથી અને અંતઃકરણ શુદ્ધ હોવાનેલીધે (પોતે સરળ હોવાથી) એક બાળક પણ વ્યવહારદૃષ્ટિએ તેનું પરિમાણ બાંધી લે છે.[૧૦] હે ઈક્ષ્વાકુ ! એવો જીવન્મુક્ત પુરુષ કાશી આદિ કોઈ તીર્થમાં પોતાના દેહનો ત્યાગ કરો, કોઇ ચાંડાલને ઘેર દેહ છોડો અથવા ભલે કોઇ દિવસે દેહ ત્યાગજ ન કરો કિંવા વર્તમાન ક્ષણમાંજ શરીરનો ત્યાગ કરો; પરંતુ વાસનારહિત હોવાથી જ્ઞાનપ્રાપ્તિ થવાના સમયમાંજ (દેહાદિ સર્વ તેની દૃષ્ટિમાં બાધિત થઇ જવાનેલીધે) તે મુક્તજ છે. દેહ આદિ હું છું એવી ભ્રાંતિ થવી એજ બંધન આપનારી છે અને જ્ઞાનવડે તેનો ક્ષય થઇ જાય છે.[૧૧,૧૨] ઐશ્વર્ય અને વૈભવોની ઈચ્છા રાખનારા પુરુષે એ જ્ઞાનનિષ્ઠ પુરુષજ પૂજવા યોગ્ય છે, સ્તુતિ કરવાલાયક છે, નમસ્કાર કરવા યોગ્ય છે, યત્નથી દર્શન કરવા લાયક છે, અને પગે પડવા લાયક છે.[૧૩] હે પ્રિય ઈક્ષ્વાકુ રાજા ! સંસારરૂપી મહાવ્યાધિથી રહિત થઇ ગયેલા બ્રહ્મનિષ્ઠ સત્પુરુષોની ભક્તિવડે જે પરમ પવિત્રપદ મળે છે તે યજ્ઞોથી, તીર્થોથી, તપોથી કે દાનોથી મળતું નથી.[૧૪]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે કહી ભગવાન મનુ બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા અને ઇક્ષ્વાકુ રાજા પણ એ દૃષ્ટિનો અવલંબ રાખી સ્થિર થઇ રહ્યા.[૧૫]

एवमुक्त्वा स भगवान् मनुर्ब्रह्मगृहं ययौ ॥
इक्ष्वाकुरपि तां दृष्टिमवष्टभ्य स्थिरोभवत् ॥१५॥
શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ ઇક્ષ્વાકુપ્રબોધન ’ એ નામનો એકસોબાવીસમો સર્ગ સંપૂર્ણ. ૧૨૨

સર્ગ ૧૨૩ મા.*

અજ્ઞાનીસિદ્ધો કરતાં જ્ઞાનીની વિશેષતા

॥ શ્રીરામ ઉવાચ ॥

एवं स्थिते हि भगवञ्जीवन्मुक्तस्य सन्मतेः ॥
अपूर्वोतिशयः कोसौ भवत्यात्मविदांवर ॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે આત્મવેત્તાઓમાં શ્રેષ્ઠ મહાસમર્થ ગુરુમહારાજ ! જેવાં આપ કહો છો તેવાં જો લક્ષણ હોય તો પછી એ સુબુદ્ધિમાન જીવન્મુક્ત પુરુષમાં બીજાના કરતાં અપૂર્વ વિશેષતા શું રહે છે?[૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્ઞાનનિષ્ઠ જીવન્મુક્ત પુરુષની બુદ્ધિ કોઈ એક અંશમાં વિશેષે કરીને રહે છે તે એજ કે નિત્યતૃપ્ત રહેનારો અને શાંતચિત્તવાળો એ જીવન્મુક્ત પુરુષ (બીજા કશામાં નહિ રોકાતાં) એક ફક્ત આત્મામાં સ્થિર થઇ રહે છે.[૨] મંત્રની સિદ્ધિવાળા, તપની સિદ્ધિવાળા અને તંત્રની સિદ્ધિવાળા પુરુષોએ ઘણીવાર આકાશગમનાદિક કરેલ છે તેમાં શી અપૂર્વતા રહી છે? (કાંઈ નહિ.)[૩] અને તેવા પુરુષોએજ યત્નવડે મળી શકે તેવું હોવાથી અણિમાદિક ઐશ્વર્ય પણ ઘણીવાર મેળવ્યું છે, પરંતુ અન્ય આત્મદર્શી પુરુષ તેને વળગવા જતો નથી એજ તેમાં વિશેષતા રહી છે કે જે મૂઢબુદ્ધિવાળા પુરુષોના જેવી (સહજ) નથી.[૪] એ મહાબુદ્ધિમાન જીવન્મુક્ત પુરુષનું શુદ્ધચિત્ત સર્વત્ર આસ્થાવગરનું હોવાથી (પરમવૈરાગ્યનેલીધે) સર્વ વિષયો તરફ પ્રીતિવગરનું રહે છે અને તેનેલીધેજ એ મહાત્મા કોઇ ભોગ્ય વસ્તુમાં આસક્ત થઈ બંધાઈ જતો નથી.[૫] ઘણાક કાળની સંસારરૂપી ભ્રાંતિ શાંત થઇ જવાનેલીધે (પરમ તત્ત્વમાં) વિશ્રામ પામેલા અને સર્વ

* આ એકસોત્રેવીશમા સર્ગમાં જ્ઞાનનિષ્ઠ પુરુષની આકાશગમન અને અણિમાદિક સિદ્ધિઓવિષે પોતાની પૂર્ણતાનેલીધે ઇચ્છાજ ન થવી એ બીજા જ્ઞાનીથી સિદ્ધો કરતાં વિશેષતા છે એમ કહેવાશે.

CC-0. Panini Kanya Maha Vidyalaya Collection. Digitized by eGangotri Foundation 2018

ધર્મથી રહિત પરબ્રહ્મજ જેનું સ્વરૂપ છે એવા જીવન્મુક્ત પુરુષનું એજ (મુખ્ય) લક્ષણ છે કે તેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ, અને શોક ઇત્યાદિ આપદાઓ પ્રતિદિન અત્યંત ક્ષય થતી જાય છે.[૬]

एतावदेव खलु लिंगमलिंगमूर्तेः संशातसंसृति-चिरभ्रमनिर्वृतस्य । तज्ज्ञस्य यन्मदनकोप-विषादमोहलोभापदामनुदिनं निपुणं तनुत्वम्॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અજ્ઞાદેર્જ્ઞસ્યવિશેષકથન' એ નામનો એકસોત્રેવીશમો સર્ગ સંપૂર્ણ.૧૨૩

સર્ગ ૧૨૪ મો.*

મૃગ અને પારધિના પ્રસંગથી તુરીયાવસ્થાનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

यथा सत्त्वमुपेक्ष्य स्वं शनैर्विप्रो दुरीहया ॥ अंगीकरोति शूद्रत्वं तथा जीवत्वमीश्वरः॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ કોઈ એક બ્રાહ્મણ શૂદ્ર સ્ત્રીની કામના થતાં તેના સંભોગ-સહવાસ આદિની દુષ્ટ ઈચ્છાથી પોતાને ઉચિત સાત્વિક બ્રાહ્મણધર્મને ધીરે ધીરે ભૂલી જઇ (ઘણે કાળે) શૂદ્રતાનો અંગીકાર કરી લે છે તેમ જીવ પોતે ઈશ્વરરૂપ છતાં (બુદ્ધિઆદિની સંગતિને લીધે એ બુદ્ધિએ બતલાવેલી ભોગોની આશાથી) પોતાનું શુદ્ધસ્વરૂપ ભૂલી જઈ જીવભાવનો અંગીકાર કરી લે છે.[૧] ભોક્તા અને ભોગ્યરૂપ બે પ્રકારનાં પ્રાણીઓ પ્રત્યેક સૃષ્ટિમાં હિરણ્યગર્ભમાંથી (માયા અને ગંધર્વનગરની પેઠે) પોતાના તેવા તેવા સંસ્કારોને અનુસારે પ્રકટ થાય છે અને વસ્તુતાએ જોતાં મિથ્યા હોવાથી સ્વપ્નમાં ઉત્પન્ન થયેલા ઘટાદિકની પેઠે કોઇ જાતની સાધનસામગ્રી વિનાજ પ્રકટ થયેલા હોય છે. હે પ્રિય રામચંદ્રજી ! એ જીવો, ઈશ્વર કે જે હિરણ્યગર્ભ છે તેમાંથી (અજ્ઞાનવડે) પોતે પૃથક્રૂપે પ્રકટ થઇ પછી પોતાનાં કરેલાં કર્મોવડે વારંવાર અનેક જન્માંતરોને અનુભવે છે, એવી જાતનો તેઓના જન્મનો અને કર્મનો કાર્યકારણભાવ છે.[૨-૪] પ્રથમ સર્વ જીવો સાધન સામગ્રીવિનાજ સ્વપ્નઘટ ગંધર્વનગર-આદિની પેઠે પરમ પદરૂપ ચેતનમાંથીજ (અજ્ઞાનવડે) પ્રકટ થાય છે અને પછીથી તેનાં પોતાનાં કરેલાં કર્મોજ તેને સુખ-દુઃખ આપવામાં કારણરૂપ થાય છે. દેહાદિકમાં આત્મબુદ્ધિ થવાથી ઉત્પન્ન થયેલો સંકલ્પજ કર્મનું કારણ છે.[૫] સંકલ્પ થવો એજ (પાપ, પુણ્ય, પ્રવૃત્તિ, ભોગવાસના ઇત્યાદિ ઉત્પન્ન કરી) બંધનનું કારણ થાય છે માટે તે સંકલ્પનો તમો ત્યાગ કરો. નિઃસંકલ્પદશા રહેવી એજ મોક્ષ છે. માટે તમે તેના અભ્યાસમાં પરાયણ રહો.[૬] 'આ ગ્રાહ્ય છે અને આ ગ્રાહક છે' એવી ભેદની ભ્રાંતિથી થનારી સંકલ્પદશાને નિરંતર તમે ધીરે ધીરે છોડતા રહી શુદ્ધ સાક્ષીમાંજ એકાગ્રપણાથી સાવધ થઇ રહો.[૭] તમે ગ્રાહ્યરૂપ પણ ન થાઓ અને ગ્રાહકરૂપ પણ ન થાઓ; પરંતુ સર્વભાવનાને છોડી દઈ જે સર્વના સાક્ષીરૂપે અવશેષ રહે છે તે સાક્ષીમાંજ તમે એકરસરૂપે થઇ રહો.[૮] હે નિષ્પાપ રામચંદ્રજી ! જે જે વિષય તરફ ઈંદ્રિયસમૂહ જાય છે તેમાં જો પ્રીતિ થઈ તો જીવ (આસક્તિવડે) બંધાય છે અને જો તેમાં વૈરાગ્ય રહે તો મૂકાઇ જાય છે.[૯] જો કાંઈ પણ વસ્તુ તમને રુચિકારક હોય તો તમે આ સંસારની સ્થિતિમાં બંધાયલા છો અને જો કાંઈ પણ તમને રુચિકારક ન હોય તો તમે આ સંસારની સ્થિતિમાં મુક્તજ છો.[૧૦] માટે તૃણથી માંડી ઠેઠ

* આ એકસોચોવીશમા સર્ગમાં જીવોનું નિષ્કારણપણું, વિષયોમાં પ્રીતિ થતાં બંધાઈ જવું, જીવનાં રૂપો, અવસ્થાઓ અને મૃગ તથા વ્યાધના પ્રસંગથી તુરીય અવસ્થાનું વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હિરણ્યગર્ભ પર્યંત, સ્થાવર-જંગમ સહિત સર્વ દેહોમાંથી અને તેને ભોગવવાના વિષયરૂપ પદાર્થસમૂહમાંથી તમને કશું પણ રુચિકારક ન થાઓ.[૧૧] જે કાંઇ તમે કર્મ કરો છો, ભોજન કરો છો, હોમ કરો છો અને દાન કરો છો તે સર્વ ક્રિયામાં તમે મનનો નિગ્રહ રાખી કૂટસ્થ આત્મામાંજ બુદ્ધિનો અભિનિવેશ રાખશો તો તમે કર્ત્તા કે ભોક્તા નથી.[૧૨] સત્પુરુષો જે થઇ ગયું તેનો શોક કરતા નથી, ભવિષ્યત્નેમાટે વિચાર કરતા નથી અને વર્તમાનકાળમાં પ્રારબ્ધયોગથી જે આવી મળે તે હર્ષશોકાદિકવડે ખંડિત નહિ થતાં ગ્રહણ કરી લે છે.[૧૩] હે રામચંદ્રજી ! તૃષ્ણા, મોહ, મદ આદિ સર્વ વિકારો મનમાંજ રહેલા છે માટે જ્ઞાનવાન પુરુષે વિવેકવાળાં) મનવડેજ (વિકારમય) મનનું છેદન કરવું.[૧૪] જેમ અતિ તીક્ષ્ણ લોહવડેજ લોહ છેદાય છે તેમ સર્વ ભ્રાંતિની શાંતિ થવાસારૂ મનવડેજ અતિ તીક્ષ્ણ વિવેકદ્વારા બલાત્કારથી મનને (મૂળ સુદ્ધાં) છેદી નાખવું.[૧૫] મલક્ષાલન કરવામાં કુશળતા ધરાવનાર પુરુષો ક્ષાર આદિ મલથીજ મલને ધોઈ નાખે છે, (અસ્ત્ર કુશળ પુરુષો) અસ્ત્રવડેજ અસ્ત્રને નિવૃત્ત કરે છે અને (વૈદ્ય આદિ લોકો) વિષની અસરને બીજાં વિષનો સામો લાગ દઇ મટાડી દે છે. (તેપ્રમાણે મનવડેજ વિવેકદ્વારા વિકારિ ચિત્તનું છેદન કરવું શક્ય છે).[૧૬] જીવનાં ત્રણ રૂપ છે. એક સ્થૂલ, બીજું સૂક્ષ્મ અને ત્રીજું પર. એ ત્રણમાંથી પર રૂપનો આશ્રય કરો અને પ્રથમનાં બે રૂપને છોડી દ્યો.[૧૭] હાથ પગવાળો આ દેહ કે જે ભોગો ભોગવવાનેમાટે ચેષ્ટા કરે છે તે ભોગરૂપી અર્થને સિદ્ધ કરનારૂં જીવનું સ્થૂલરૂપ અહીં કહેવામાં આવ્યું છે.[૧૮] હે રામચંદ્રજી ! પોતાના સંકલ્પરૂપી આકારને ધારણ કરનારૂં અને સંસારની સ્થિતિપર્યંત રહેનારૂં ચિત્ત એ જીવનું બીજું આતિવાહિક(લોકાંતરમાં પણ જઇ શકે તેવું લિંગશરીરાત્મક) રૂપ છે.[૧૯] આદિ અને અંતથી રહિત સત્ય નિર્વિકલ્પ ચિન્માત્ર છે તે એ જીવનું ત્રીજું પર રૂપ છે કે જે જગતને સત્તા અને સ્ફુર્તિ એ બન્નેને આપનાર છે.[૨૦] એ તૂર્યપદ શુદ્ધ છે માટે પ્રથમનાં બે રૂપનો ત્યાગ કરી તેમાંજ તમે સ્થિર થઇ રહો અને પ્રથમનાં બે રૂપમાં આત્મબુદ્ધિ ન રાખો.[૨૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ ! જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થામાં અલક્ષિતપણે (નહિ જણાય તેમ) રહેલ તુર્યપદનું આપ વિશેષે વિવેચન કરી મને કહો.[૨૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જાગ્રત અને સ્વપ્નમાં થનારો અહંકારરૂપી વિક્ષેપ અને સુષુપ્તિમાં થતું તેનું મૂળભૂત અનહંકારકતારૂપી આવરણ, એ બન્નેને તથા કારણરૂપે સત્ અને કાર્યરૂપે અસત્ જણાતા આ (જગતના) સદસદ્ ભેદને છોડી દેતાં જે નિર્લેપ સ્વચ્છ અને સમાન (નિર્વિકાર) પદ સર્વના સાક્ષીરૂપે અવશેષ રહે છે તે તૂર્ય કહેવાય છે.[૨૩] વ્યવહારકાળમાં જીવન્મુક્ત પુરુષોનેવિષે રહેનારી જે સ્વચ્છ સમાનતાવાળી અને શાંત સાક્ષીની અવસ્થા છે તેજ તૂર્ય અવસ્થા કહેવાય છે.[૨૪] એ અવસ્થા સંકલ્પોની ઉત્પત્તિજ નહિ થવાથી જાગ્રત કે સ્વપ્નરૂપ કહી શકાતી નથી તેમ જડપણાની સ્થિતિનો અભાવ હોવાનેલીધે તે સુષુપ્તિ પણ નથી. (પણ તે ત્રણેયથી જુદી ચોથી અવસ્થા છે તેથી તેને તૂર્ય અવસ્થાનું નામ આપવામાં આવે છે.) આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં સારી રીતે પ્રબોધને પ્રાપ્ત થયેલા પુરુષની દૃષ્ટિમાં (ચિત્તમાંથી મૂળસુદ્ધાંત) જ્ઞાનવડે બાધિત થઇ જવાનેલીધે (સર્વ) શાંત બ્રહ્મરૂપજ છે એટલે વિવેકી પુરુષો તેને (સર્વદા) તૂર્ય અવસ્થાજ કહે છે. બાકી અજ્ઞાની જીવોની દૃષ્ટિમાંજ આ જગત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્થિર થઈ રહેલ છે.[૨૫,૨૬] અહંકારના અંશનો ત્યાગ કર્યાથી સમાનતા (નિર્વિકારતા) ની ઉત્પત્તિ થયાથી અને (સમુદ્રમાં નાખેલા લવણની પેઠે) ચિત્ત પરમ તત્ત્વમાંજ લીન કરી દીધાથી તુર્યાવસ્થા પ્રાપ્ત થાય છે.[૨૭] હે દેવની ઉપમા આપવા યોગ્ય રામચંદ્રજી ! એક વળી બીજું દૃષ્ટાંત આ સંબંધમાં હું તમને કહું છું, તે તમે સાંભળો કે જેથી તમે જ્ઞાનવાન છો તોપણ આ વાતનો તમને (વિશેષ) બોધ થશે.[૨૮] બાણવડે ભેદાવાથી પલાયન કરી ગયેલા મૃગની પછવાડે (ખોળવામાટે) ગયેલા (કોઈ) પારાધએ કોઇએક જંગલના પૂર્ણતાવાળા પ્રદેશમાં મહામૌન (જ્ઞાનવડે વાણી આદિ ચેષ્ટાઓને બંધ કરી નિઃસંકલ્પ રહેવું તે) નો આશ્રય કરી બેઠેલા અદ્‌ભુત મુનિને જોઈ પૂછયું કે 'હે મુનિ! મારા બાણથી વિંધાયલો મૃગ અહીં આવ્યો છે?[૨૯,૩૦] અથવા એ મૃગ ક્યાં ગયો ?' (એમ પૂછવાથી) એ મુનિએ તેને જવાબ આપ્યો કે, હે ભલા માણસ ! અમે જંગલમાં રહેનારા મુનિલોકો સદાકાળ સમાનશીલવાળાજ રહીએ છીએ.[૩૧] અને અહંકાર કે જે (અપરિચિત) વ્યવહાર કરાવવાને સમર્થ છે તે અમલોકોમાં હોતો નથી. હે સખા ! મન કે જે અહંકારમય છે તેજ સર્વ ઇંદ્રિયોનાં કર્મો કરે છે[૩૨] અને મારૂં ચિત્ત તો ઘણા લાંબા કાળથી (સમુદ્રમાં નાખેલા લવણનીપેઠે) પરમાત્મામાંજ ગળી ગયું છે. (એક રસરૂપ થઇ ગયું છે.) જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ એમાંની કોઇ પણ દશાને હું જાણતો નથી.[૩૩] હું તૂર્ય (ચોથી સમાધિરૂપ નિર્વિકલ્પ) અવસ્થામાંજ રહું છું. તેમાં કાંઇ પણ દૃશ્ય પદાર્થ છે નહિ. હે રામચંદ્રજી ! એ પ્રમાણે તે મુનિશ્રેષ્ઠ મહાત્માનાં વાક્યો સાંભળી પારધિ તેનો કશો અર્થ સમજ્યાવિના પોતાની મનમાનતી દિશા તરફ ચાલ્યો ગયો. હે મહાબાહુ રામચંદ્રજી ! માટેજ કહું છું કે તૂર્યવિનાની બીજી જાગ્રત-આદિ અવસ્થા કે સ્થૂલ આદિ કોઈ અવસ્થા (તાત્વિક દૃષ્ટિએ જોતાં) છેજ નહિ.[૩૪,૩૫] ફક્ત એક તૂર્યરૂપ નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વજ છે. બીજું કશું નથી, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય ચિત્તની અવસ્થાનાં રૂપ છે.[૩૬] પોતાનું ચિત્ત ઘોર, શાંત અને મૂઢ એ ત્રણ પ્રકારનું આ જગતમાં થઇ રહેલ છે. જાગ્રત અવસ્થાવાળું ચિત્ત (સ્વર્ગ, નરક, પુનર્જન્મ આદિના કારણરૂપ પુણ્યપાપને ઉત્પન્ન કરવાથી) ઘોર છે, સ્વપ્ન અવસ્થાવાળું ચિત્ત (સ્વર્ગ,નરક,પુનર્જન્મ આદિના કારણરૂપ પુણ્યપાપને ઉત્પન્ન નહિ કરવાથી) શાંત છે[૩૭] અને સુષુપ્તિ અવસ્થાવાળું ચિત્ત (તેવે વખતે કાંઇ પણ ભાન ન હોવાનેલીધે) મૂઢ કહેવાય છે. એ ત્રણેય અવસ્થાથી જ્યારે ચિત્ત રહિત થઇ જાય ત્યારે તે મૃત થાય. (ચિત્તનો નાશ થયેલો કહેવાય.) જે ચિત્ત મૃત થઇ ગયું (નાશને પામી ગયું) તેમાં (નિરહંકારનેલીધે) સદા સમાનપણે રહેનારૂં એક સત્ત્વજ બાકી રહે છે. (જેમાં વાસનાની ઉત્પત્તિજ થતી નથી.) સર્વ યોગી પુરુષો એ ચિત્તનાશનેજ યત્નથી સંપાદન કરે છે.[૩૮] સર્વ સંકલ્પોના વિલાસથી રહિત શુદ્ધ તૂર્ય અવસ્થામાંજ તમે નિર્વિકાર ચિત્ત રાખી સ્થિર થઇ રહો કે જે તૂર્યપદમાં સારી રીતે સદાકાળ યુક્ત થઈ ગયેલા ભેદબુદ્ધિવિનાના મહાન મુનિઓ રહેલા હોય છે.[૩૯]

समस्तसंकल्पविलासमुक्ततुर्ये पदे तिष्ठ निरामयात्मा ॥ यत्र स्थिताः साधु सदैव मुक्ताः प्रशांतभेदा मुनयो महान्तः ॥ ३९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો "મૃગવ્યાધીય" એ નામનો એકસો ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૪

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૨૫ મો.*

તૂર્યપદમાં સ્થિરતાનો ઉપાય

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

सिद्धांतोऽध्यात्मशास्त्राणां सर्वापह्नव एव हि ।
नाऽविद्यास्तीहनोमायाशांतंब्रह्मेदमक्रमम् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—અધ્યાત્મશાસ્ત્રોનો સિદ્ધાંત (અવિદ્યા સહિત જાગ્રત આદિ ત્રણ અવસ્થા અને માયાસહિત આકાશ આદિ પ્રપંચ ઇત્યાદિ સર્વના નિષેધમાંજ છે. અહીં અવિદ્યા પણ નથી અને માયા પણ નથી. કેવળ સર્વ વિકારથી રહિત એક બ્રહ્મજ છે કે જે (મનવાણીવડે અગોચર હોવાથી) શાસ્ત્રોવડે પણ અગમ્ય છે. (શાસ્ત્રો સર્વનો નિષેધ કરી છેવટ બ્રહ્મ કે જે સર્વ નિષેધના અવધિરૂપ છે ત્યાં અટકી જાય છે. એ ચિદ્રૂપ પરમ તત્ત્વ તો માત્ર સ્વસંવેદ્ય છે.)[1] શાંત, સ્વચ્છ, માયામાં ચેતનનો આભાસ પડતાં પૃથક્ જણાતાં, સર્વત્ર સમાનરૂપે રહેલ, નિર્વિકાર, આકાશનીપેઠે સર્વમાં સમાનરૂપે રહેલ, વિકારરહિત, સર્વશક્તિમાન (માયાવિશિષ્ટ) બ્રહ્મમાં (પોતપોતાની બુદ્ધિ પ્રમાણે) કેટલાક શૂન્યપણાને કલ્પી લઈ કેટલાક વિજ્ઞાનમાત્રજ છે એવો નિર્ણય બાંધી લઇ અને કેટલાક ઈશ્વરપણાનો નિશ્ચય બાંધી પરસ્પર વિવાદ કરે છે.[2,3] હે નિષ્પાપ રામચંદ્રજી! તમે એ સર્વ વિવાદની વાત મૂકી દઇ (માયાસુધી સઘળા દૃશ્ય પ્રપંચનો ત્યાગ કરી) મનસહિત સર્વ ઇંદ્રિયોના વ્યાપારથી ઉપરામ પામવારૂપ મહામૌનને ધારણ કરો તથા મુક્ત ક્ષીણચિત્તવાળા શાંતબુદ્ધિના અને નિઃસંકલ્પ થઇ મૂક, બધિર અને અંધનીપેઠે ચિત્તને નિર્વિકાર અને શાંત રાખી કેવળ ચિદ્રૂપ આત્મામાંજ (સમાહિતપણાથી) સ્થિર થઇ રહો; અને નિત્ય અંતર્મુખ રહી (વૃત્તિ બાહ્યાકાર નહિ થવા દેતાં) પોતાના આત્મસુખથીજ અંદર બુદ્ધિને પરિપૂર્ણતાવાળી રાખો. હે રામચંદ્રજી! તમે જાગ્રત અવસ્થામાંજ સુષુપ્તિ અવસ્થાવાળાની પેઠે (નિર્વિકલ્પ) રહી કર્મો કરો. અંદરથી સર્વનો ત્યાગ રાખો અને બહાર યથાપ્રાપ્ત કર્મ કરે જાઓ.[4,5] ચિત્તની સત્તા એજ પરમ દુઃખરૂપ છે અને ચિત્તની અસત્તા એજ પરમ સુખરૂપ છે માટે તમે એક ચિન્માત્ર આત્મારૂપે રહી કાંઇ સંકલ્પજ નહિ સ્ફુરવા દેવાથી ચિત્તનો નાશ કરો.[7] સારી કે નરસી (પ્રિય અપ્રિય) વસ્તુને જોઈ (નિઃસંકલ્પતાથી હર્ષ કે શોકને નહિ પામતાં) પાષાણનીપેઠે સમાનસ્થિતિવાળું (નિર્વિકાર) થઇ રહેવું એટલાજ માત્ર પોતાના પુરુષ પ્રયત્નથી સંસાર જીતાઈ જાય છે.[8] સુખનો પણ કશો વિચાર ન કરવો અને દુઃખનો પણ કશો વિચાર લાવવો નહિ, તેમ એ બન્નેનાં સાધનોના વિચાર તરફ પણ મનને ગુંથાવા દેવું નહિ. માત્ર એટલાજ પોતાના પુરુષાર્થથી કદી નહિ જતો રહેનારો દુઃખોનો અંત પ્રાપ્ત કરી શકાય છે.[6] આ ત્રણેય લોકની વસ્તુના સારરૂપ પરમતત્ત્વને ઓળખી ગયેલો, અંદર પૂર્ણ મંડળવાળા ચંદ્રમાની પેઠે શીતળતાને અનુભવનારો પોતાની મેળે પ્રાપ્ત થયેલ નિરતિશય સુખરૂપી અમૃતનો સ્વાદ લેવાથી તેમાં તદ્રૂપ બની ગયેલો, અને પરમપદને (પરમાત્માને) પહોંચી ગયેલો તત્ત્વજ્ઞ પુરુષ જીવન્મુક્તિના સુખને પ્રાપ્ત થાય છે અને પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા વ્યવહારને કરતાં છતાં (તેની દૃષ્ટિમાં સર્વ મૃષા હોવાથી) તે કાંઇ પણ કરતો

---

* આ એકસોપચ્ચીશમા સર્ગમાં સર્વ દૃશ્યપદાર્થના નિષેધનો સિદ્ધાંત કરી જેમાં વાદીઓને અનેક જાતની ભ્રાંતિઓ ઉત્પન્ન થાય છે તે તૂર્ય પરમપદમાં સ્થિરતા રાખવાનો બોધ અને તેના ઉપાયો આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

आपीनमंडलशशांकवदंतरेव श्रीमद्रसायनमयः सुखमेति तज्ज्ञः।।विज्ञातसर्वभुवनत्रयवस्तुसारः कुर्वन्न नाम कुरुते परमभ्युपेतः ॥ १० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'તૂર્યસ્થૈર્યોપાયકથન' એ નામનો એકસો પચ્ચીશમો સર્ગ સંપૂર્ણ.૧૨૫

સર્ગ ૧૨૬ મો.*

યોગભૂમિકાનો અભ્યાસક્રમ

॥ શ્રીરામ ઉવાચ ॥

सप्तानां योगभूमीनामभ्यासः क्रियते कथं ॥ कीदृशानि च चिह्नानिभूमिकांप्रतियोगिनः॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—સાત યોગની ભૂમિકાઓનો અભ્યાસ શી રીતે કરાય છે અને પ્રત્યેક ભૂમિકામાં યોગનાં કેવાં ચિહ્નો હોય છે?[૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—વેદમાર્ગમાં રહેનારા પુરુષ બે પ્રકારના હોય છે. એક પ્રવૃત્ત અને બીજો નિવૃત્ત. તે બેમાંથી પહેલો સ્વર્ગ તરફ જનારો અને બીજો મોક્ષ પામનારો હોય છે, એ બન્નેનાં હું તમને લક્ષણ કહું છું. તે તમે સાંભળો.[૨] 'સર્વ વિષયોથી રહિત હોવાથી મોક્ષ શું છે? કાંઇ નથી. મારે માટે તો ઉચ્ચ નીચ ભોગોથી ભરેલો સંસારજ ઠીક છે' એમ નિશ્ચય કરી જે નિત્ય નૈમિત્તિક અને કામ્ય કર્મ કર્યા કરે તે પ્રવૃત્ત કહેવામાં આવે છે.[૩] જેમ કરોડો જલજંતુઓથી, પ્રચંડ વનથી અને વડવાગ્નિની જ્વાળા લાગવાથી અત્યંત ચંચળ થઇ રહેલા પૂર્વ અને પશ્ચિમ સમુદ્રની અંદરના વચલા ભાગમાં વિહાર કરનારા કાચબાઓની ગ્રીવા સેજસાજ તરંગો લાગવાથી પણ ભય થવાનેલીધે તરત અસંખ્ય વખત ઢાલના અંદરના છિદ્રમાં પેસે અને નીકળે છે તેમ અનેકવાર મૃત્યુના મુખમાં પેસવું અને (તેમાંથી વળી પુનર્જન્મરૂપે) બહાર નીકળવું એ રૂપી અનેક જન્મો જ્યારે લેવા પડે ત્યારે તેને અંતે (કોઇ પુણ્યયોગથી વૈરાગ્ય આદિ સાધનસંપત્તિ થતાં) પુરુષ વિવેકી થાય છે.[૪] "ઘણી ખેદની વાત છે કે આ સંસારની વિવિધ પ્રકારની વિરુદ્ધતાવાળી સ્થિતિ નિઃસાર છે. મારે માટે એ હવે બસ છે. (સ્વર્ગલોકાદિક) અયોગ્ય પરિણામ લાવનારા તેનાં તે કર્મોવડે દિવસ ગાળવાથી શું ફળ છે? કાંઇ નથી.[૫] ક્રિયાથી થનારા વિકારોવિનાનું પરમ વિશ્રાંતિસ્થાન શું હશે? " એમ વિચાર કરી (આપણે તો) એજ અવશ્ય સંપાદન કરવાનું છે એવો જે અંદર નિશ્ચય બાંધે તે પુરુષ નિવૃત્ત કહેવાય છે.[૬] એ શુભબુદ્ધિવાળો પુરુષ 'હું વૈરાગ્યવાન થઇ શી રીતે આ સંસારસાગરને તરી જાઉં' એમ જ્યારે વિચારમાં ઉતરે છે ત્યારે તેને પોતાના ચિત્તની અંદર ભોગોમાં તથા તે સંબંધી ચિંતાઓમાં (વિચારોમાં) વૈરાગ્ય થવા માંડે છે. ચિત્તશુદ્ધિ કરનારી સત્સંગતિ, ઈશ્વરોપાસના, મંત્ર, જપ, પવિત્રતા આદિ ઉત્તમ ક્રિયાઓ કરવામાં મંડ્યો રહે છે અને તેમાંજ રાજી રહે છે. ગ્રામ્ય જડ ચેષ્ટાઓની નિંદા કરે છે. (બીજાના હૃદયમાં તાપ કરે તેવાં) મર્મવાક્યો બોલતો નથી. પુણ્યકર્મોનું સેવન રાખે છે.[૭] મનને ઉદ્વેગ ન કરે તેવાં કોમળ (થોડે શ્રમે થનારાં અને મહાફળ આપનારાં યમનિયમાદિક) કર્મોને સેવે છે. પાપથી નિરંતર બ્હીતો રહે છે. (ભોગ ભોગવવામાં જાણતાં કે અજાણતાં કાંઇક પાપ થઈ જશે એવા ભયથી તથા વૈરાગ્યથી) ભોગને ઇચ્છતો નથી.[૧૦] સ્નેહ અને વિવેકથી ભરેલાં કોમળ દેશકાળને ઘટતાં યોગ્ય (સત્ય,

* આ એકસોછવીશમા સર્ગમાં યોગભૂમિકાના અભ્યાસનો ક્રમ અને લક્ષણ બતાવશે અને વચમાં મરણ થઈ જાય તો પુનર્જન્મમાં ઉત્તમ ભોગો ભોગવી પછી પાછી ઉત્તરોત્તર ભૂમિકાની પ્રાપ્તિ થવાનું કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રિય અને હિત) વચનોજ તે બોલે છે.[૧૧] ઉપર પ્રમાણે પુરુષ જ્યારે શુભગુણસંપન્ન થાય ત્યારે તે એક પ્રથમ ભૂમિકા (શુભેચ્છા)ને પ્રાપ્ત થાય છે. મનવચન-કર્મથી, શમ, દમ, જ્ઞાન, વિજ્ઞાન આદિથી સંપન્ન મહાત્મા પુરુષોની તે સેવા કરે છે.[૧૨] જ્યાં ત્યાંથી (સેવામાં ઉપયોગી ધનાદિક) લક્ષ આવી (મહાત્માઓની સેવા કરતાં તેના મુખથી શ્રવણદ્વારા) જ્ઞાનશાસ્ત્રોનું અવલોકન કરે છે. આ સંસાર તરી જવામાટે જે પુરુષ આવી તરેહના વિચારમાં ઉતરે તેજ પ્રથમ ભૂમિકાને પ્રાપ્ત થયેલો કહેવાય છે. બાકી (ઉપરના ખોટા ડોળને) તો વિદ્વાનોએ સ્વાર્થમાત્રજ કહેલ છે. વિચારણા નામની બીજી ભૂમિકામાં આવેલો એ યોગી શ્રુતિ, સ્મૃતિ અને સદાચારનું; તથા યમ-નિયમ આદિ બીજાં સાધનરૂપ અંગો એ સહિત ધારણા અને ધ્યાનરૂપ કર્મને પ્રતિપાદન કરનારા યોગમાર્ગનું પોતે અનુષ્ઠાન કરવું અને બીજાઓને કરાવવું તે સંબંધી મુખ્ય વ્યાખ્યાનવડે પ્રસિદ્ધિ પામેલા શ્રેષ્ઠ પંડિતોનો (શ્રવણ-મનન આદિ માટે પોતે શિષ્યરૂપે શરણાગત થઇ) આશ્રય કરે છે તથા પોતે (વ્યાકરણ આદિ અંગોનાં જ્ઞાનનેલીધે) પદોના અને તેના વાચ્ય-લક્ષ્ય આદિ અર્થોના વિભાગને જાણવાવાળો હોવાથી ગુરુમુખથી જ્ઞાનશાસ્ત્રનું શ્રવણ કરી, ઘરધણી જેમ પોતાના ઘરના દરેક ભાગને જાણતો હોય તેમ કર્મકાંડના અર્થને તથા જ્ઞાનકાંડના અર્થને તે બરાબર હસ્તામલકનીપેઠે જાણી લે છે.[૧૩-૧૬] બહાર માત્ર લોકમર્યાદાને અનુસારે કાંઈક સેજસાજ આશ્રય કરી લીધેલા (અંદર નહિ છતાં બહાર સેજસાજ દેખાતા) મદ, અભિમાન, માત્સર્ય, મોહ અને લોભના વેગને પણ સર્પ જેમ કાંચળીને છોડી દે તેમ એ યોગી પુરુષ છોડી દે છે.[૧૭] ઉપર કહ્યા પ્રમાણે શુભબુદ્ધિવાળો એ મહાત્મા, શાસ્ત્રોના, ગુરુનો અને સત્પુરુષોના સેવનથી બધુંય રહસ્ય (ગૂઢ રીતે રહેલ ગુરુભાગ) સુદ્ધાંત બરાબર સમજી લે છે.[૧૮] ત્યારપછી એ મનોહર મુમુક્ષુ પુરુષ નિર્મળ પુષ્પશય્યાની પેઠે અતિસુખ આપનારી ત્રીજી યોગભૂમિકામાં જાય છે કે જે (અસંગપણાનેલીધે) 'અસંસંગ' કિંવા 'અસંસક્તિ' એવા નામથી કહેવાય છે.[૧૯] બરાબર શાસ્ત્રવાક્યોના અર્થ ઉપર બુદ્ધિને નિશ્ચલ રાખી તપસ્વીના આશ્રમમાં મળતી વિશ્રાંતિઓથી, આત્માસંબંધી અથવા અધ્યાત્મશાસ્ત્રસંબંધી ચર્ચા ચલાવવાના ક્રમથી, તેમજ સંસારની નિંદા કરવાના વૈરાગ્ય ઉત્પન્ન કરનારા ક્રમથી શિલારૂપી શય્યાઉપર બેસી પોતાનું વિસ્તારવાળું (બાકીનું) આયુષ્ય પૂરું કરે છે.[૨૦,૨૧] (ગામમાં વિક્ષેપનેલીધે સમાધિનો અભ્યાસ ન થઈ શકવાના ભયથી) એ નીતિમાન યોગી ચિત્ત ઉપરામ પામી જવાનેલીધે બહુ શોભા આપનારા અને અસંગપણાના સુખથી સુંદરતાવાળા વનવાસના વિહારથીજ પોતાનો (બાકી રહેલો) કાળ કહાડે છે.[૨૨] શુભ શાસ્ત્રોના અભ્યાસથી અને પુણ્યકર્મો કરવાથી મનુષ્યને બરાબર તત્ત્વજ્ઞાન થાય છે.[૨૩] એ કુશળ યોગી ત્રીજી ભૂમિકાને પ્રાપ્ત થયા પછી પોતાની મેળેજ બે પ્રકારનાં અસંગપણાંનો અનુભવ કરે છે. તેના જે બે ભેદ છે તે તમે સાંભળો.[૨૪] એક સામાન્ય અને બીજો શ્રેષ્ઠ એ રીતે તે અસંગ બે પ્રકારનો છે. 'હું (સાક્ષીરૂપ હોવાથી) કર્ત્તા પણ નથી અને ભોક્તાપણ નથી તેમ (અસંગ હોવાથી) બાધ્ય (બીજાના તરફથી કાંઇ જેને બાધ લાગે તેવો) કે બાધક (બીજાને બાધ લગાડે તેવો) પણ નથી' એવા નિશ્ચયથી સર્વ દૃશ્ય પદાર્થોમાં અસંગપણું રહેવું તે સામાન્ય અસંગ કહેવાય છે. સુખ અથવા દુઃખ (જે કાંઇ પ્રાપ્ત થાય છે તે) સર્વ પૂર્વ કર્મવડેજ રચાયેલું છે કિંવા ઈશ્વરને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અધીન છે (તેમાં હું સ્વતંત્ર ન હોવાથી) મારૂં કર્ત્તાપણું શાથી છે ? (કશાથી નથી.) વળી ભોગોના વિસ્તારો મહારોગોના જેવા (અનેક પીડાઓથી તથા ચિંતાઓથી ભરેલા) છે, સંપત્તિઓ પરમ આપત્તિઓના જેવી (છેવટ મહાદુઃખ ઉપજાવનારી) છે, જે જે (ઇષ્ટવસ્તુઓના) સંયોગો થાય છે તે પણ પરિણામે વિયોગવાળાજ છે, બુદ્ધિને અનેક આધિઓ અને વ્યાધિઓ આવી વળગે છે અને કાળ સર્વ પદાર્થોને ગળી જવા માટે નિરંતર તાકી રહ્યો છે, એવી રીતે સર્વ પદાર્થોની અનાસ્થાનેલીધે (બીજા કશા પદાર્થમાં ચિત્ત નહિ રોકાતાં) મહાવાક્યોના અર્થમાંજ ચિત્ત લાગી જઇ અંદર કોઇપણ ભાવનાજ ન થાય એ પણ એક સામાન્ય અસંગ કહેવાય છે.[૨૫-૨૯] આ બતાવેલ ક્રમના યોગથી, મહાત્મા પુરુષોના સમાગમથી, અસત્પુરુષોના વિયોગથી, અંદર (શ્રવણ-મનન આદિ) આત્માકાર વૃત્તિનું વારંવાર આવર્તન કરવાથી, પોતાના પુરુષપ્રયત્નથી અને નિરંતરના અભ્યાસયોગથી આ સંસારસાગરને સામે પાર રહેલ, સર્વના સારરૂપ અને પરમ કારણરૂપ આત્મતત્ત્વ હસ્તામલક (હથેળીમાં રહેલ આંબળા)ની પેઠે બરાબર સ્પષ્ટ રીતે અનુભવમાં આવી ગયાથી "હું કર્ત્તા નથી, ઈશ્વર કર્ત્તા છે અથવા મારૂં પૂર્વે કરેલું કર્મજ કર્ત્તા છે" ઇત્યાદિ વિકલ્પવાળા કિંવા "હું કર્ત્તા નથી, ઈશ્વરજ કર્તા છે અને મારૂં પૂર્વનું સંચિત-પ્રારબ્ધ આદિ અને હમણાનું ક્રિયમાણ કર્મ એ કશું (વસ્તુતાએ) છેજ નહિ" ઇત્યાદિ વિકલ્પોવાળા સર્વ શબ્દોના અર્થોની ભાવનાને ઘણે દૂર મેલી દઇ મૌનપણાથી મન-વાણી-ચક્ષુ આદિની ચેષ્ટાથી રહિત થઇ નિદિધ્યાસનની પરિપક્વ અવસ્થામાં થનાર નિર્વિકલ્પ સમાધિમાંજ સ્થિતિ રાખવી તે શ્રેષ્ઠ અસંગ કહેવાય છે.[૩૦-૩૩] બ્રહ્મમાં એકરસરૂપે ચિત્તવૃત્તિનો લય થઇ જવારૂપી જે સ્થિતિ અંદરની કે બહારની વસ્તુના અવલંબન વિનાની છે, જેમાં નીચેના લોકના કે ઉપરના લોકના કોઈ પણ પદાર્થનો અવલંબન નથી, જે સ્થિતિ દિશાઓ, આકાશ, પદાર્થ, (પૃથિવ્યાદિક) અપદાર્થ, (વંધ્યાપુત્ર આકાશપુષ્પ આદિ) જડ અને ચિદાભાસ એ આદિ સર્વ (સત્-અસત્ વસ્તુઓ) ના આલંબનથી રહિત છે, જે સ્થિતિ સ્વતઃપ્રકાશવાળી અને ચિદ્રૂપ છે, શાંત છે (પરપ્રકાશ્ય ન હોવાથી) આત્માવિના બીજા પ્રકાશથી રહિતછે, જે અનાદિ અને અનંત છે; જે (સાક્ષીરૂપે સદા હોવાથી) જન્મરહિત છે તે મહામનોહર આકાશના જેવી નિર્વિકાર છે. તે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિમાં રહેવું એ શ્રેષ્ઠ અસંગ કહેવાય છે.[૩૪,૩૫] સંતોષરૂપી સુગંધવડે મધુર, નિષ્કામ, શુભ કર્મોરૂપી નિર્મળ પલ્લવોવાળું, ચિત્તરૂપી નાળના અગ્રભાગમાં વળગી રહેલ (રાગ આદિ વાસનાથી થનાર) અનેક વિઘ્નોરૂપી કાંટાઓથી વ્યાપ્ત, (ઘણાં કષ્ટથી માંડ ગ્રહણ થઇ શકે તેવું) વિવેકરૂપી કમળ અંદર દૃઢ મૂળ નાખી દૃઢ થઇ જઈ વિચારરૂપી સૂર્યવડે વિકાસ પામતાં આ અસંગતારૂપ (અસંસંગ એવા નામની) ત્રીજી ભૂમિકારૂપ ફળને ઉત્પન્ન કરે છે.[૩૬,૩૭] શુદ્ધ તત્ત્વવેત્તાઓના સમાગમથી, પુણ્યકર્મોના સંચયથી અને કાંઈક કાકતાલીય યોગથી પ્રથમ ભૂમિકા (શુભેચ્છા) નો ઉદય થાય છે.[૩૮] એ પહેલી ભૂમિકા ઉપરનાં સાધનોવડે ઉદય પામતાં તરતજ વરસાદવડે અંકુરિત થયેલી પૃથ્વીની પેઠે જે રીતે તે મ્લાન ન થઈ જાય તેમ વિવેકરૂપી જળવડે સિંચન કરી પ્રયત્નથી તેની રક્ષા કરવી.[૩૯] (વૈરાગ્ય શાંતિ આદિ) જે અંશથી એ પ્રથમ ભૂમિકા ઉદય પામે તે અંશને જેમ ખેડુત પ્રતિદિન (વાવેલ ધાન્યના) અંકુરોને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વધારવાને યત્ન કરે તેમ વિચારવડે પ્રતિદિન વધારતાં જવો.[૪૦] એ પહેલી ભૂમિકા અંદર બરાબર ખેડાયેલી હોય તો તે એક બીજી બધી ભૂમિકાઓની પ્રસવભૂમિરૂપ થાય છે અને પછી યત્નથી બીજી ભૂમિકાને અને તે પછી ત્રીજી ભૂમિકાને પ્રાપ્ત થવાય છે.[૪૧] આ શ્રેષ્ઠ અસંગતારૂપી તૃતીય ભૂમિકા છે કે જેને પહોંચતાંજ પુરુષ સર્વ સંકલ્પોની કલ્પનાથી રહિત (નિઃસંકલ્પ) થઇ જાય છે.[૪૨]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—અસત્ કુળમાં ઉત્પન્ન થયેલ, પ્રવૃત્તિમાંજ રચ્યો પચ્યો રહેનાર, યોગીપુરુષના સંગને નહિ પામેલ, મૂઢ અધમપુરુષ આ સંસારસાગરને શી રીતે તરી જાય?[૪૩] હે મહારાજ! પહેલી, બીજી, ત્રીજી, કે તેનાથી જુદી ઉપરની કોઈ ભૂમિકામાં આઢ હોય પરંતુ પૂર્ણસ્થિતિને પહોંચ્યા પહેલાંજ દૈવયોગથી મૃત્યુ થાય તો પછી તેની કેવી ગતિ થાય?[૪૪]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે—રાગદ્વેષઆદિ દોષોમાં આરૂઢ થઈ રહેલા મૂઢ પુરુષને ત્યાંસુધી સંસાર (જન્મ-મરણ આદિ) કાયમજ રહે છે કે જ્યાંસુધી સો (અસંખ્ય) જન્માંતરોવડે કે કાંઇ કાકતાલીય યોગથી અથવા સત્પુરુષોની સંગતિથી વૈરાગ્યનો ઉદય થતો નથી. વૈરાગ્યનો ઉદય થવાથી મનુષ્યને અવશ્ય શુભેચ્છા આદિ ભૂમિકાનો ઉદય થાય છે[૪૫,૪૬] અને પછી સંસારનો નાશ થઇ જાય છે એવો સચ્છાસ્ત્રોના અર્થોનો આશય છે. હરકોઈ યોગભૂમિકામાં રહ્યા છતાં ઠેઠસુધી પહોંચ્યાવિના વચમાંજ જેનું જીવિત જતું રહે, તેનું પૂર્વનું પાપ પ્રાપ્ત કરેલી ભૂમિકાને અનુસારે ક્ષીણ થાય છે અને પછી (પાપ ક્ષય થયા પ્રમાણે) દેવતાઓના વિમાનોમાં, લોકપાલોનાં પુરોમાં, મેરુપર્વતના બગીચાઓમાં અને નિકુંજોમાં ચિત્તને રમાડનારી પ્રિયાસાથે તે ક્રિયા કરે છે. ત્યારપછી અનેક ભોગો ભોગવાયાથી પોતાનો પૂર્વે કરેલો પુણ્યસમૂહ અને આનુષંગિકપણે યત્કિંચિત્ દુઃખને ભોગવાવનારૂં કાંઇક પૂર્વકૃત પાપ એ બન્ને ક્ષીણ થઇ જતાં એ યોગી પૃથ્વીમાં પવિત્રતાવાળા સમૃદ્ધિમાન અને ગુણવાન કોઈ સત્પુરુષના અનુચરઆદિ વર્ગે રક્ષા કરાયેલા (મોટા) ઘરમાં જન્મ લે છે[૪૭–૫૦] અને ત્યાં જન્મ લઇ પૂર્વવાસનાનેલીધે પાછો યોગનોજ અભ્યાસ કરવા માંડે છે. એ યોગી પ્રથમની વાસનાવડે અભ્યાસ કરેલા યોગભૂમિકાના ક્રમને (યોગશક્તિથી કે પૂર્વજન્મના સ્મરણથી કે માનસિક સંસ્કાર ઉપરથી) યાદ લાવી તે પછીની ઉપલી ભૂમિકાના ક્રમમાં તે ચઢે છે.[૫૧] હે રામચંદ્રજી! આ ઉપર બતાવેલી ત્રણ ભૂમિકા જાગ્રત એવા નામથી કહેવામાં આવે છે કેમકે તેમાં આ સર્વ દૃશ્ય બરાબર જાગ્રત અવસ્થાનીપેઠેજ ભેદદૃષ્ટિથી જોવામાં આવે છે.[૫૨] આ ત્રણ ભૂમિકામાં રહેલા યોગયુક્ત પુરુષમાં કેવળ આર્યતાનોજ ઉદય થાય છે કે જે જોવાથી મૂઢ બુદ્ધિવાળા પુરુષને પણ મુમુક્ષુપણું (મોક્ષની ઈચ્છા) ઉદય પામે છે.[૫૩] જે પુરુષ પ્રકૃત આચારમાં રહી કર્ત્તવ્ય (શાસ્ત્રવિહિત) કર્મોનું સારી રીતે આચરણ કરે અને જે અકર્ત્તવ્ય (નિષિદ્ધકર્મ) છે તેથી દૂર રહે તેમજ પ્રકૃત આચારમાં સ્થિત રહે તે આર્ય કહેવાય છે.[૫૪] જે પુરુષ વૃદ્ધોના કુલપરંપરાના અને લોકના આચારને અનુસરી શાસ્ત્રમર્યાદામાં રહી પોતાના ચિત્તને રૂચે તે રીતે યથાસ્થિતપણે (હર્ષ-શોક, રાગ-દ્વેષ આદિ વિકારથી રહિત) રહી યથાપ્રાપ્ત વ્યવહાર કર્યા કરે તે પુરુષ આર્ય કહેવાય છે.[૫૫] યોગીનું આર્યપણું પ્રથમ ભૂમિકામાં અંકુરિત થાય છે. બીજી ભૂમિકામાં વિકાસ પામે છે અને ત્રીજી ભૂમિકામાં તે ફળી-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભૂત થાય છે.[૫૬] એ આર્યતામાં મૃત્યુ પામેલો યોગી પોતાના શુભ સંકલ્પોવડે પ્રાપ્ત થયેલા (સ્વર્ગ આદિ) ભોગોને ઘણા કાળ સુધી ભોગવી પછી પાછો યોગવાન થાય છે.[૫૭] ત્રણ ભૂમિકાઓનો અભ્યાસ કરવાથી અજ્ઞાનનો ક્ષય થઇ જતાં અને સારી રીતે જ્ઞાનનો ઉદય થતાં ચિત્ત પૂર્ણ ચંદ્રમાના ઉદયની પેઠે પ્રકાશમય અને આનંદમય થઇ ગયાથી યોગયુક્ત ચિત્તવાળા યોગિપુરુષો ચોથી ભૂમિકાને પ્રાપ્ત થઇ આ સર્વ વિભાગ વિનાનું, આદિઅંતથી રહિત અને સદા સમાન એક બ્રહ્મરૂપજ દેખે છે.[૫૮,૫૯] અદ્વૈતભાવ સ્થિર થઇ ગયાથી અને દ્વૈતબુદ્ધિ શાંત થઈ જવાથી ચોથી ભૂમિકામાં રહેલા યોગીપુરુષો આ લોકને સ્વપ્નવત્ સમજે છે.[૬૦] પ્રથમની ત્રણ ભૂમિકા વ્યાવહારિક સત્તાથી જાગ્રત અવસ્થાનીપેઠેજ જગતનું ભાન હોવાથી જાગ્રત કહેવાય છે. ચોથી ભૂમિકામાં જગત પ્રાતિભાસિક સત્તાવડે સ્વપ્ન અવસ્થાના જેવું જણાયાથી તે સ્વપ્ન એવા નામથી કહી શકાય છે. જેમ વિખેરાઇ ગયેલી શરદ્ઋતુની વાદળીઓ આકાશમાંજ લય પામી જાય તેમ પ્રાતિભાસિક સત્તાથી સ્વપ્નવત્ પ્રતીતિમાં આવતી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપ ત્રિપુટી પણ પછી પાંચમી ભૂમિકામાં લય પામી જાય છે અને સુષુપ્તિની પેઠે સર્વ લય થઈ જવાને લીધેજ તે ભૂમિકાને સુષુપ્ત એવું નામ આપવામાં આવે છે. એ ભૂમિકામાં ગયેલ યોગી કેવળ ચિત્સત્તારૂપેજ અવશેષ રહે છે.[૬૧,૬૨] એ ભૂમિકામાં આવ્યા પછી સર્વમાં ભિન્નતાનો અંશ બતાવનારી દ્વૈતબુદ્ધિ ગલિત થઇ જઈ તે કેવળ અદ્વૈતમાત્રમાંજ રહે છે. દ્વૈતનો આભાસ ગલિત થઇ જવાનેલીધે અંદર પોતાના સ્વરૂપને પ્રાપ્ત થયેલો એ પાંચમી ભૂમિકાપર ચડેલો યોગી સુષુપ્તિની પેઠે (સર્વનો લય થઇ જતાં) પરબ્રહ્મમાં કેવળ એકરસરૂપજ થઇ જાય છે. નિરંતર અંતર્મુખપણાથી (ચિત્ત આત્મામાંજ ચોટેલ હોવાનેલીધે) કાંઇ કાર્યવશથી વૃત્તિને તે બહાર લઇ આવે તોપણ પરમ શાંતપણાનેલીધે કેમ જાણે નિદ્રાવાળો હોય તેવો દેખાય છે. આ પાંચમી ભૂમિકામાં અભ્યાસ કરનારો વાસનારહિત યોગી ક્રમે કરી છઠ્ઠી ભૂમિકામાં જાય છે કે જે (ત્રીજી સુષુપ્તિતુલ્ય અવસ્થા આવ્યા પછી ચોથી અવસ્થારૂપે આવવાનેલીધે) તૂર્ય એવા નામથી કહેવાય છે, જેમાં સદ્રૂપતા કે અસદ્રૂપતાનો વિભાગ રહેતો નથી, અહંકાર (હું છું એવો ભાવ) અને અહંકારનો અભાવ (હું નથી એવો ભાવ) એ બેય નથી.[૬૩-૬૬] સર્વ સંકલ્પરૂપ મનન માત્ર ક્ષીણ થઇ દ્વિત્વ એકત્વ આદિ ભાવ પણ જતા રહી કેવળ આત્મામાંજ સમાહિત થઇ રહેવાય છે. એ છઠ્ઠી ભૂમિકામાં હૃદયની સર્વ ગ્રંથિઓ ભેદાઈ જાય છે, સંદેહ માત્ર શાંત થઇ જાય છે, અને પુરુષ જીવન્મુક્ત થઇ પોતાની મેળે વ્યુત્થિત થવાની જેની વાસના અત્યંત છેદાઈ ગઇ છે તેવો થઇ જાય છે.[૬૭] જેમ ચિત્રમાં આલેખેલો દીવો આબાદ છતાં પ્રકાશ કરતો નથી ફક્ત આભાસમાત્ર છે તેમ એ યોગીનું શરીર પ્રારબ્ધવશેષને લીધે રહ્યા છતાં પણ આભાસમાત્ર છે જેથી તે મુક્તજ છે. આકાશમાં પોલાણના ભાગમાં રહેલા ઘડાની પેઠે તે જડ જગતને રૂપે તો બહાર અને અંદર શૂન્યજ છે[૬૮] અને ચિદ્રૂપે તો સમુદ્રમાં રહેલા ઘડાની પેઠે બહાર અને અંદર સદા પૂર્ણજ છે. પ્રથમ સંસારદશામાં કોઇ વખત અનુભવમાં ન આવવાથી કેમ જાણે તે કાંઇ પરમ આશ્ચર્યકારક અપૂર્વરૂપવડે સંપન્ન થયો હોય તેમ જણાય છે અને વસ્તુદૃષ્ટિએ તો પોતાનું સ્વરૂપ કે જે નિત્ય સિદ્ધ છે તેનજ અનુભવવડે પ્રાપ્ત થવાથી તે કાંઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અપૂર્વરૂપવડે સંપન્ન થતો નથી.[૬૯] છઠ્ઠી ભૂમિકામાં (કેટલોક કાળ) સ્થિતિ કરી પછી તે સાતમી ભૂમિકાને પ્રાપ્ત થાય છે કે જે સાતમી યોગભૂમિકા વિદેહમુક્તતા કહેવાય છે.[૭૦] એ વાણીવડે અવર્ણ્ય (વર્ણન ન થઈ શકે તેવી) છે, શાંત છે અને આ સંસારરૂપી ભૂમિના સીમાડારૂપ (અંતરૂપ) છે. કોઇએ તેને શિવ કહેલ છે, કોઈએ બ્રહ્મ કહેલ છે.[૭૧] કોઇએ પ્રકૃતિ પુરુષનો વિવેક એમ કહેલ છે અને બીજાઓએ પણ પોતાની બુદ્ધિને અનુસારે કલ્પી લીધેલા નાનાપ્રકારના ભેદોવડે તે નિત્ય અવર્ણ્ય છતાં કોઇ પણ પ્રકારે ભિન્ન ભિન્ન નામોથી ભિન્ન ભિન્ન રીતે તે કહેલ છે. હે રામચંદ્રજી ! આ સાત ભૂમિકા મેં તમને કહી બતાવી.[૭૨,૭૩] આ યોગભૂમિકાના અભ્યાસમાં બરાબર એકાગ્રપણે જોડાયાથી પછી દુઃખનો અનુભવ કરવો પડતો નથી; પરંતુ અત્યંત મદોન્મત્ત, કોમળણાથી મંદ મંદ ગતિ કરનારી, હમ્મેશાં લડવાનેજ તૈયાર થઈ ઉભેલી, મોટા બે દાંત (દંતોશળ) થી સર્વત્ર પ્રખ્યાતિ પામેલી અને અત્યંત અનર્થ કરનારી એક હાથણી એ સર્વ ભૂમિકાઓને રોકી બેઠી છે. જો તેનો વધ કરવામાં આવે તોજ આ સર્વ યોગભૂમિકામાં મનુષ્ય જય મેળવી શકે છે. જ્યાંસુધી એ મદોન્મત્ત હાથણી પોતાના (પ્રબળ) પરાક્રમથી જીતી નથી ત્યાંસુધી એવો કયો સમર્થ યોદ્ધો છે કે જે (સાધારણ ક્ષુદ્ર સાંસારિક) સંપત્તિઓરૂપી રણભૂમિમાં પણ પ્રવેશ કરી શકે ? (કોઈ નહિ).

શ્રી રામચંદ્રજી પૂછે છેઃ—એ મદોન્મત્ત હાથણી કઈ છે ? અને (આપ જે કહો છો) તે રણભૂમિઓ કઈ છે ?[૭૪-૭૭] શી રીતે એ હાથણીનો વધ થઇ શકે ? અને વિશેષે કરી તે કઇ જગ્યાએ રહી ક્રીડા કરે છે ?

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! [illegible] દય પામતી નથી. [illegible] મોટે અનર્થો ઉત્પન્ન 'અમુક વસ્તુ મને પ્રાપ્ત થાઓ ' એવાં રૂપને ધારણ કરનારી ઇચ્છા નામની એ હાથણી છે.[૭૮] એ શરીરરૂપી જંગલમાં મદોન્મત્ત થઇ વિવિધ પ્રકારના (શોક-હર્ષ આદિ) વિલાસો કરે છે. મદોન્મત્ત ઇંદ્રિયોરૂપી તેનાં મહાક્રોધી બચ્ચાંઓ છે. રસનેંદ્રિય તેની મધુર ગર્જનાનું સાધન છે.[૭૯] મનરૂપી જંગલના ઘાટા ગુપ્ત પ્રદેશમાં તે છુપાઈ રહે છે. શુભ-અશુભ કર્મરૂપી તેના બે દાંત છે. ચારેકોર પોતાના રૂપને પસારી રહેલો વાસનાનો સમૂહ એજ તેનો મદ છે.[૮૦] હે રામચંદ્રજી ! આ સંસારદૃષ્ટિઓ એજ તેની રણભૂમિઓ છે કે જેમાં મનુષ્ય વારંવાર જય-પરાજયનો અનુભવ કરે છે.[૮૧] આ ઇચ્છારૂપ હાથણી બિચારા કૃપણ જીવસમૂહને મારી નાખે છે. વાસના, ઇહા, મન, ચિત્ત, સંકલ્પ, ભાવના, સ્પૃહા, ઇત્યાદિ નામોનો સમુદાય એ ઇચ્છાનાજ પેટાનો છે. સર્વત્ર પ્રસરી રહેલી ઠેઠ બ્રહ્મલોકપર્યંત સર્વ ભોગ્ય પદાર્થો તરફ જનારી એ ઈચ્છારૂપી હાથણીને સર્વ પ્રકારે જીતી લેવી જોઇએ. જ્યાંસુધી આ અમુક વસ્તુ આત્માથી જુદી મેળવવાની છે એવી ઈચ્છા અંદર સ્ફૂરે ત્યાંસુધી દુષ્ટ સંસારરૂપી મહાઝેરી વિષૂચિકા પેદા થાય છે. અમુક પદાર્થ મને પ્રાપ્ત થાઓ એમ મન થવું એજ સંસાર છે[૮૨-૮૫] અને તેની શાંતિ થવી એજ મોક્ષ છે એવો જ્ઞાનનો સંક્ષિપ્ત સાર છે. નિર્મળ અરીસામાં જેમ તૈલબિંદુ લાગી જાય તેમ ઇચ્છારહિત (વૈરાગ્ય આદિ સાધન સંપન્ન) નિર્મળ ચિત્તમાંજ (અવિદ્યારૂપ મેલને દૂર કરી બ્રહ્માકાર વૃત્તિરૂપ) પ્રસન્નતાને ઉત્પન્ન કરનારી સ્વચ્છ ગુરુશાસ્ત્રની ઉપદેશવાણી બરાબર લાગી જાય છે. અસંકલ્પદ્વારા જે વિષયોનું સ્મરણજ ન કરવામાં આવે તો ઇચ્છારૂપી સંસારવૃક્ષનો અંકુરજ ઉ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરનારી એ ઈચ્છા કાંઇક અંશે પણ ઉદય પામે કે તરતજ વિષના અંકુરોની પંક્તિનીપેઠે તેને અસંકલ્પરૂપી શસ્ત્રવડે છેદી નાખવી.[૮૮] ઇચ્છાવડે વ્યાપ્ત થયેલો જીવ (ભોગોવિષે) દીનતાનો કદીપણ ત્યાગ કરતો નથી. ચિત્તનું અંદર મહામૌનવડે વ્યાપાર રહિત થઈ રહેવું એજ સંકલ્પક્ષય થવામાં મુખ્ય પ્રયત્નરૂપ છે કે જેમાં (અભ્યાસકાળમાં એકાગ્રતા અને પરિપાકકાળમાં નિર્બીજ સમાધિનેલીધે) એકાગ્રતાથી પણ રહિત (કેવળ નિરોધવાળી) સુષુપ્તિ અવસ્થાવાળા અને મૃત થઇ પડેલ સો (અનેક) શબોના જેવી (સુષુપ્તિતુલ્ય અને મૃતતુલ્ય) સ્થિતિ, છેવટ થઇ જાય છે. એ ઇચ્છારૂપી માછલીને પ્રત્યાહારરૂપી મત્સ્યવેધન (માછલાને વિંધવાના કાંટા) વડે આકર્ષણ કરી તમે બાંધી લ્યો. પોતાના કબજામાં રાખો.)[૮૯,૯૦] ' અમુક પદાર્થ મને મળો' એવું જે ચિત્તનું દોડવું છે તેનેજ ઉત્તમ પુરુષોએ કલ્પના એવું નામ આપ્યું છે અને કોઇપણ પદાર્થનું સ્મરણજ ન લાવવું એ કલ્પનાત્યાગ કહેવાય છે.[૯૧] કાંઇ પણ સ્મરણ થવું તે સંકલ્પજ છે અને કશાનું સ્મરણજ ન કરવું એ કલ્યાણકારક છે તેમાં સંકલ્પમાં પૂર્વે અનુભવેલ અને નહિ અનુભવેલ એ બન્નેની ભાવના (સ્ફુરણ) થાય છે. (સ્મરણમાં તો માત્ર અનુભવેલજ સ્મૃતિપથમાં આવે છે તેથી એ બેમાં કાંઈ તફાવત છે, પણ મુમુક્ષુને તો બેય ત્યાજ્ય હોવાથી અહીં તેનો ભેદ સમજવાનો નથી.)[૯૨] અનુભવેલા પદાર્થસંબંધી અને નહિ અનુભવેલા પદાર્થસંબંધી એ બન્ને જાતના સ્મરણને ભૂલીજઇ કાષ્ઠનીપેઠે સર્વનું વિસ્મરણ કરી તમે કે જે મહાબુદ્ધિશાળી છો તે (મૌનપણાથી) ગૂઢ થઇ રહો.[૯૩] હું ઉંચા હાથો કરી વારંવાર રાડો પાડું છું કે " અસંકલ્પજ પરમ કલ્યાણરૂપ છે તે શામાટે અંદર દૃઢ રીતે રાખવામાં નથી આવતો ?" પરંતુ મારી તે રાડો કોઈ સાંભળતું નથી.[૯૪] માત્ર કેવળ સર્વ વ્યાપારથી ઉપરામ પામી નિઃસંકલ્પપણે રહેવાથી એવું પરમ ઉકૃષ્ટ પદ પ્રાપ્ત થાય છે કે જેની પાસે પરમ ઉત્કૃષ્ટ સામ્રાજ્ય પણ ઘાસના જેવું અતિ તુચ્છ લાગે છે.[૯૫] એક ફક્ત પહોંચવાના ગૃહ આદિ સ્થાન તરફજ જેની અવિચ્છિન્ન ચિત્તવૃત્તિ લાગી ગયેલ હોય તેવા પથિક (વટેમાર્ગુ) ના પગમાં જેમ સંકલ્પવિનાજ ક્રિયા (ગતિ) થયા કરે તેમ યોગી પુરુષની પણ સંકલ્પાવનાજ (પૂર્વના અભ્યાસથી અને પ્રારબ્ધશેષથી અનિષિદ્ધ) કર્મોમાં પ્રવૃત્તિ થયે જાય છે.[૯૬] અહીં વિશેષ કહેવાથી શું ફળ છે ? માત્ર ટુંકામાં એટલુંજ કહેવાનું છે કે સંકલ્પ થવો એ પરમ બંધરૂપ છે અને સંકલ્પન થવો એજ મુક્તપણું છે.[૯૭] એવી રીતે પરમાર્થદૃષ્ટિએ પ્રથમથીજ સર્વ જન્મરહિત શાંત અનંત નિત્ય નાશરહિત ચિદ્રૂપજ છે એવી દૃષ્ટિ રાખી તમે જેમ તમને સુખ આવે તેમ ભલે રહો.[૯૮] હું અને મારું ઇત્યાદિ અધ્યાસજન્ય ભેદબુદ્ધિના કાંઇપણ સંકલ્પજ ન સ્ફુરવા દેતાં કેવળ અદ્વૈતદૃષ્ટિ રાખી શાંત અને અક્ષય પરબ્રહ્મરૂપે થઇ રહેવું તેનેજ બ્રહ્મવેત્તા પુરુષો યોગ કહે છે. તમે યોગમાં સ્થિતિ રાખી, વાસનારહિતપણાથી (લોકસંગ્રહમાટે સિદ્ધિ અસિદ્ધિ બન્નેમાં સમાનતા રાખી વ્યુત્થતદશામાં) કર્મો કરો અથવા ન કરો. (જેમ તમારી રુચિ).[૯૯] વિદ્વાન પુરુષો કાંઇ પણ સંકલ્પની સ્ફૂર્તિજ ન થવી તેને યોગ કહે છે, કે જેમાં સર્વ ચિત્તવૃત્તિઓનો નિરોધ થઇ જવાથી ચિત્તનો ક્ષય થઈ જાય છે અને જે સ્થિતિ આત્માના સ્વાભાવિક સ્વરૂપાત્મક છે, તેમાં તમે અત્યંત તન્મય થઇ જઇ જેવા (શુદ્ધચિત્ પ) છો તેવાજ સદાકાળ રહો.[૧૦૦] હે રામચંદ્રજી ! જે શિવરૂપે (સાક્ષી-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણે) સર્વમાં રહેલ છે, જે શાંત છે, જ્ઞાનસ્વરૂપ છે, જન્મરહિત છે, અને શુભ મોક્ષરૂપ છે તે પરમતત્ત્વની અહર્નિશ એકજ ભાવના રાખવી એ સર્વત્યાગ કહેવાય છે. માટે તમે નિરંતર અંદર એવી ભાવના રાખતાં (બહાર) પોતાનું કર્ત્તવ્ય કર્મ કર્યા જાઓ.[૧૦૧] (આ) હું અને (આ) મારૂં એવા સંકલ્પવાળો દુઃખથી મુક્ત થઇ શકતો નથી અને તેવા સંકલ્પવિનાનો પુરુષ દુઃખથી મુક્ત થઇ જાય છે. હવે આ બન્નેમાંથી તમને જે ગમતું હોય તે ભલે તમે કરો.[૧૦૨]

अहं ममेति संविदन्न दुःखतो विमुच्यते ॥
असंविदन् विमुच्यते यदीप्सितं समाचर ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પરમાર્થસ્વરૂપવર્ણન' એ નામનો એકસો છવ્વીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૬

સર્ગ ૧૨૭ મો.*

સગુણોપાસનાની આવશ્યકતા

॥ श्रीभारद्वाज उवाच ॥

इति वरमुनिनोक्तं ज्ञानसारं पुराणं सकलमनुनिशम्य श्रीरघूणां कुलाग्र्यः ॥ विमलमतिरपृच्छत् किंचिदन्यत्स्वयं वा समसुखपरिपूर्णः पूर्णबोधस्थितोऽसौ ॥ १ ॥

શ્રીભારદ્વાજ મુનિ કહે છેઃ—એ પ્રમાણે મુનિઓમાં શ્રેષ્ઠ શ્રી વસિષ્ઠજીએ કહેલા અને ઘણાં લાંબા કાળથી ઠેઠ બ્રહ્મથી માંડી મહર્ષિદ્વારા ચાલ્યા આવતા જ્ઞાનના સારને સાંભળી પછી રઘુરાજાના વંશજોના કુળમાં શ્રેષ્ઠ અને શુદ્ધબુદ્ધિવાળા શ્રી રામચંદ્રજીએ બીજું કાંઈ પણ પૂછ્યું ? અથવા (એટલાથીજ નિઃસંદેહ અને નિર્મોહ થઈ જઇ) સદાકાળ એક સમાનજ સ્થિતિમાં રહેનાર આત્મસુખવડે પરિપૂર્ણ થઈ જઇ તે પૂર્ણ જ્ઞાનસ્વરૂપજ રહ્યા ? (તે આપ કહો.)[૧] રામચંદ્રજી મહાયોગી છે, જગતને પૂજ્ય છે, દેવોના પણ ઈશ્વર છે, જરા અને મરણથી રહિત છે, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, સર્વ સદ્ગુણોના ભંડારરૂપ છે, લક્ષ્મીનું નિવાસસ્થાન છે અને જગતની ઉત્પત્તિ કરવામાં, રક્ષા કરવામાં અને અનુગ્રહ કરવામાં સ્વતંત્ર સત્તાવાન છે.[૨]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે વેદાંતના સંગ્રહવાળાં શ્રીવસિષ્ઠજીનાં વચન સાંભળી સંપૂર્ણ રીતે આત્માના અપરોક્ષજ્ઞાનને પ્રાપ્ત થયેલા, કમળના જેવા સુંદર નેત્રવાળા શ્રી રામચંદ્રજી અખંડાકાર ચિત્તવૃત્તિમાં આનંદસ્વરૂપ આત્મતત્ત્વનો આવિર્ભાવ થવાનેલીધે અથવા સુષુમ્ણા માર્ગેથી ષટ્ચક્રો ભેદી બ્રહ્મરંધ્રમાં પ્રવેશ થતાં યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ રીતે જણાવેલો શિવશક્તિનો સંયોગ થવાનેલીધે અવિદ્યાનો ઉધાડ થઇ જવાથી ચૈતન્યધન પોતાના નિર્મળ સ્વરૂપનો અપરોક્ષ રીતે અનુભવ કરનારા તથા ચૈતન્યરૂપ આનંદના સાગરરૂપ બની જઇ એક મુહૂર્તસુધી સ્વસ્વરૂપમાંજ (સમાધિવડે) સ્થિર થઇ રહ્યા,[૩,૪] (મન-બુદ્ધિ-ઇંદ્રિય વગેરેના વ્યાપારો બંધ હોવાનેલીધે) પ્રશ્નનો અને ઉત્તરનો વિભાગ કરવો એ આદિ પરિપાટીથી રહિત થઈ ગયેલા, આનંદરૂપી અમૃતવડે પૂર્ણ પ્રાણવાળા અને રોમાંચોથી જેનું અંગ વ્યાપ્ત થઇ ગયું છે એવા શ્રી રામચંદ્રજી મહાસામાન્યમાં (સર્વના અધિષ્ઠાનરૂપ કેવળ શુદ્ધ ચિન્માત્રમાં) એકરૂપ થઈ જવાથી એ મહાચૈતન્યના સર્વ વ્યાપીપણાનેલીધે પોતે પણ તેવાજ પૂર્ણ થઇ રહ્યા અને નિરંતર અણિમાદિક અષ્ટવિધ ઐશ્વર્યની ઇચ્છાને પણ તૃણના જેવી અતિ તુચ્છ ગણી શિવરૂપ પરમ તુરીય-

* આ એકસોસત્તાવીશમા સર્ગમાં રામચંદ્રજીની (સમાધિમાં) વિશ્રાંતિ, કેટલુંક ભારદ્વાજ મુનિનું ઉત્સાહવાળું બોલવું, જાગ્રત્ આદિ અવસ્થાનાં લક્ષણ અને તુરીય અવસ્થા, એટલું કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પદમાંજ એકરસરૂપ બની જઈ કશું પણ બોલ્યા નહિ.

શ્રીભારદ્વાજ મુનિ કહે છેઃ—અહો ! મને મોટું આશ્ચર્ય લાગે છે કે રામચંદ્રજી મહત્પદને પ્રાપ્ત થઇ ગયા.[૫-૭] અમને એ પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય ? અમારા જેવા મૂર્ખ, જડ, અલ્પજ્ઞ પાપી પુરુષો ક્યાં અને બ્રહ્માદિકોને પણ પ્રાર્થના કરવા લાયક દુર્લભ શ્રીરામચંદ્રજીની સ્થિતિ ક્યાં ! ! હે ઋષિઓમાં શ્રેષ્ઠ ગુરુમહારાજ ! મને શી રીતે પરમપદમાં વિશ્રાંતિ મળે અને મહાકષ્ટવડે પાર પામી શકાય એવા સંસારસાગરનું મોહરૂપી જળ મારાથી શી રીતે તરી જવાય ? તે આપ મને તરત (કૃપા કરી) કહો !.[૮,૯]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—હે મહાસમર્થ ભારદ્વાજ ઋષિ ! વસિષ્ઠજીના (બોધરૂપી) વાક્યોને અનુસરનારૂં શ્રી રામચંદ્રજીનું સર્વ વૃત્તાંત પ્રથમથીજ મેં તમને નિરૂપણ કરી બતાવ્યું છે તે તમે બુદ્ધિવડે વિચારી લઇ પછી તેનું મનન કરો, કેમ કે મારે પણ તમને અહીં એજ જાતનું કહેવાનું છે.[૧૦] આ સઘળો અવિદ્યાનો પ્રપંચ છે તેમાં એક અણુ માત્ર પણ સત્ય નથી. ડાહ્યા પુરુષો તેનું વિવેચન કરી લે છે અને અવિવેકી પુરુષો એ સંબંધમાં માત્ર વિવાદજ કર્યા કરે છે.[૧૧] ચિદ્રૂપ આત્માથી કશું પણ ભિન્ન નથી. તમે એ ખોટા પ્રપંચવડે શા માટે રોકાઈ રહો છો ? હે પ્રિય ભારદ્વાજ ! રહસ્ય બાબતોનો (પ્રણવ અને મહાવાક્ય આદિના રહસ્ય અર્થો તથા રહસ્ય કેટલીક ઉપાસનાઓનો) અભ્યાસ કરી શુદ્ધ ચિત્તવાળા થાઓ.[૧૨] પ્રપંચ તરફની વૃત્તિ (જાગતાં છતાં પણ નિદ્રા જેવી હોવાથી) જાગ્રનિદ્રા કહેવાય છે. હે પ્રિય ભારદ્વાજ ! જેને અંદર જ્ઞાનરૂપ અક્ષય શુદ્ધ દીપ પ્રદીપ્ત થયો હોય તેને આ સર્વ પ્રપંચ શૂન્ય (અજ્ઞાન) જ જેનું મૂળ છે તેવો અને શૂન્યતારૂપી (અજ્ઞાનજ) જેનું શિખર છે એવો ભાસે છે, અને વચમાં પણ સારશૂન્યહોવાથી (સ્વપ્નાદિકની પેઠે પ્રતિભાસમાત્ર હોવાનેલીધે) તેમાં સારા વિવેકી પુરુષોએ અનાસ્થા રાખવી એજ યોગ્ય છે.[૧૩] ગંધર્વનગરના જેવો અનેક વિલાસોવાળો આ સંસાર સાવ મિથ્યા છતાં માત્ર અનાદિ કાળની વાસનાના દોષનેલીધે જોવામાં આવે છે.[૧૫] તમે કલ્યાણકારક ચૈતન્યરૂપ અમૃતવલ્લીને મૂકી દઇ વાસનારૂપી વિષવલ્લીનો આશ્રય કરી કેમ વ્યાકુળ થઇ રહ્યા છો ?[૧૬] જ્ઞાનરૂપ અવલંબ પ્રાપ્ત થયાની પહેલાં (અજ્ઞદશામાંજ) આ જાગ્રત અવસ્થા છે, (એટલે તેમાં પ્રતીત થતો સર્વ પ્રપંચ પણ ત્યાંસુધીજ છે,) બાકી ઉપરની તૂર્ય અવસ્થામાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા નથી.[૧૭] (આ વાત જે નિર્વિકલ્પ સમાધિવાળા યોગીઓ છે તે સર્વના અનુભવવડે સિદ્ધ છે.) અમૃતના જેવા મધુર રસવાળી ચિદ્રૂપ મહાનદી ત્યાંસુધીજ અનેક વિકરાલ મોટા તરંગોવાળી લાગે છે કે જ્યાંસુધી વિવેકી પુરુષે આત્મરૂપે તેમાં અવગાહન નથી કર્યું.[૧૮] હે પ્રિય ભારદ્વાજ ! આ સર્વ વસ્તુ પ્રથમ હતી નહિ, અંતે છેવટ રહેવાની નથી તો પછી મધ્યમાં પણ તે છેજ નહિ એમ તમે સમજો. આ જગત કેવલ સ્વપ્નના જેવું પ્રતીતિમાત્રજ છે.[૧૯] અવિદ્યાથી ઉત્પન્ન થયેલા આ સર્વ ભેદો પરપોટાની પેઠે ક્ષણમાત્ર ઉત્પન્ન થઈ પાછા એક જ્ઞાનસ્વરૂપ અધિષ્ઠાન ચૈતન્યરૂપી સમુદ્રમાં લય પામી જાય છે.[૨૦] આત્મરૂપ સુંદર શીતળ જળવાળી નદીને જાણી લઈ પછી તેમાં તમે અવગાહન (અંદર પ્રવેશ) કરો અને તેથી તમારી બહારની અનેક ભ્રાંતિરૂપી ગરમી, તમને તેમાં દુઃખનું ભાન થઈ જતી રહો.[૨૧] એક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અજ્ઞાનરૂપી સમુદ્ર આખા આ જગતને વ્યાપી રહ્યો છે. અવિદ્યારૂપ પવનથી ઉત્પન્ન થએલો 'હું અમુકરૂપ છું' એવો અહંકારજ તેનો સર્વથી મોટો તરંગ છે.[૨૨] ચિત્તના તે તે વિષયોમાં અશક્તિ થવાના જે અનેક ભેદોના કારણરૂપ રાગ આદિ દોષો (તે અજ્ઞાનરૂપ સમુદ્રના) નાના નાના તરંગોરૂપે કલ્પાએલ છે. મમતારૂપી મોટો આવર્ત (ધુમરી) પોતાની મેળેજ મરજી પ્રમાણે તેમાં પડ્યા કરે છે.[૨૩] રાગ-દ્વેષરૂપી મોટા બે ઝુડ તેમાં રહે છે. જો તમે તેના પંઝામાં આવી ગયા તો પછી તમારો અનર્થરૂપી પાતાળમાં જે પ્રવેશ થવો તેને કોણ નિવારણ કરી શકે તેમ છે?[૨૪] (જો તમારે સમુદ્રમાંજ અવગાહન કરવાનો શોખ હોય તો) શાંત અમૃતમય તરંગવાળા (પરમાત્મારૂપી) કેવળ અમૃતના સમુદ્રમાંજ તમે અવગાહન કરો; પરંતુ દ્વૈતબુદ્ધિરૂપી ક્ષારસમુદ્રના તરંગોમાં શામાટે ઝંપલાઇ પડો છો?[૨૫] (આ દૃશ્ય પ્રપંચ કે જે પ્રતીતિમાત્રજ છે તેમાં) કોણ રહે છે? કોણ જતો રહ્યો છે? કોને કોનાથી શું મળી શકે તેમ છે? શામાટે માયામાં બુડ્યા રહો છો? તમે કે જે વિવેકી છો તે એ માયાના પ્રવાહમાં પડો નહિ.[૨૬] હે પ્રિય ભારદ્વાજ! આ જગત એક આત્મતત્ત્વરૂપજ છે એમ વેદાંત શાસ્ત્રો (इदं सर्वं यदयमात्मा ઇત્યાદિ) જે સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરે છે તો પછી તેનાથી જુદું બીજું શું તમારૂં જતું રહ્યું છે કે જે તમને શોક કરવાની બાબતરૂપ બને? (કાંઇ નહિ.)[૨૭] જે અજ્ઞાની પુરુષો છે તે પ્રત્યેજ આ સર્વ જગત બ્રહ્મના વિવર્તરૂપ છે; બાકી કૃતકૃત્ય બ્રહ્મનિષ્ઠ પુરુષો તો આનંદરૂપ પરબ્રહ્મ વિવર્તરહિતજ છે એમ સમજી રહે છે.[૨૮] અવિવેકી પુરુષજ (તેવે પ્રસંગે) અકસ્માત્ શોક-હર્ષને પ્રાપ્ત થાય છે; બાકી તત્ત્વવેત્તા પુરુષ તો (ઇંદ્રજાલ તુલ્ય આ વિશ્વરચના જોઈ) હસતોજ રહે છે અને તેનો ઉપરનો મોહ (લોકોને બતાવવામાટે) અનુકરણ માત્ર છે.[૨૯] આ પરમ સૂક્ષ્મતત્ત્વ અવિદ્યાવડે તિરોહિત (ન જોવામાં આવે એવી રીતે અદૃશ્ય) થઇ રહ્યું છે. જેમ અજ્ઞાની પુરુષોને જળમાં સ્થળની અને સ્થળમાં જળની ભ્રાંતિ થાય તેમ અવિવેકી મનુષ્યોને (ભિન્ન ભિન્ન રૂપે માની લીધેલા) પોતાના આત્મામાં પણ ભ્રાંતિ હોયછે.[૩૦] જો કદાચિત્ પૃથ્વી આદિ* મહાભૂતના પરમાણુઓરૂપજ આ જગત હોય તો પણ (દેહાદિક અનાત્મ હોવાથી તેના નાશથી આત્માનો નાશ ન થવાનેલીધે) કોનો નાશ થાય છે કે જેનો શોક કરવામાં આવે છે?[૩૧] હે પ્રિય ભારદ્વાજ! જે (જગત આદિ) અસત્ય પદાર્થ છે તેની સત્તાજ છે નહિ અને જે (આત્મતત્ત્વ) સત્ય છે તેનો અભાવજ (કોઇ દિવસ) નથી. માત્ર આ માયિક આકારોનો આવિર્ભાવ અને તિરોભાવ થયા કરે છે.[૩૨] છતાં અનેક પૂર્વસંચિત પોતાનાં પુણ્યપાપરૂપી પુરુષપ્રયત્નનેલીધે તે વિષની પેઠે મરણ-મૂર્ચ્છા આદિ હજારો અનર્થો ઉત્પન્ન કરનાર થઇ પડે છે; માટે ભક્તોના અનુગ્રહસારૂ શરીર ધારણ કરનારા જગદ્ગુરુ પરમેશ્વરનું તમે ભજન કરો.[૩૩] મને એમ ભાસે છે કે હજી આજ દિવસ સુધી પણ તમારાં સર્વ પાપો ક્ષીણ થયાં નથી. પ્રાણિઓનું કરેલું કર્મજ પશુપતિ પરમેશ્વરના (પ્રાણીરૂપી પશુને બાંધવાના) પાશો છે એમ વિવિધ શ્રુતિ આદિ પ્રમાણમાં પ્રસિદ્ધ છે.[૩૪] જ્યાંસુધી તમારૂં ચિત્ત શુદ્ધ થાય ત્યાંસુધી (ચિત્તના અવલંબનમાટે) પરમેશ્વરના સાકાર રૂપને તમે ભજો. પછી એ ભજનના પ્રભાવથી નિરાકાર પરમતત્ત્વમાં તમારી સ્વાભાવિકજ સ્થિતિ થઈ જશે.[૩૫] પરમેશ્વરની

* ન્યાયશાસ્ત્રના મતને અનુસરી આ કહેવામાં આવ્યું છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઉપાસનાથી શુદ્ધ થઇ ગયેલા ચિત્તના બળથી તમે આ મહાપ્રબળ અજ્ઞાનની મોહક શક્તિનો પરાજય કરી (ગુરુ અને શાસ્ત્રના ઉપદેશ આદિમાં) વિશ્વાસવાળા ચિત્તવડે ઇંદ્રિયોને અને મનને નિયમમાં રાખવારૂપી યોગમાર્ગને અનુસરો.[૩૬] અને પછી ક્ષણમાત્ર સમાધિનો આશ્રય કરી આત્માવડેજ પોતાના પ્રત્યગાત્મા અંતરાત્માનું અવલોકન કરો અને તે આત્મસાક્ષાત્કારવડેજ તમારી આ પ્રથમની અજ્ઞાનરૂપી અંધકારથી, વીંટાએલી બુદ્ધિરૂપી રાત્રિ સ્ફુટરીતે પ્રભાતપણાને પ્રાપ્ત થાઓ. (અજ્ઞાનરૂપ અંધકાર જતો રહી જ્ઞાનરૂપ પ્રકાશને પ્રાપ્ત થાઓ.)[૩૭] કેવળ પુરુષપ્રયત્ન પણ ઠીક છે અને કેવળ પ્રારબ્ધ પણ ઠીકજ છે. (એ બન્નેથી કશું થઈ શકતુંજ નથી.) બાકી પ્રાપ્તવ્ય જે કાંઇ પ્રાપ્ત કરવાનું છે તે મહેશ્વરના અનુગ્રહથીજ પુરુષોએ મેળવી શકાય છે.[૩૮] હે પ્રિય ભારદ્વાજ ! પ્રાચીન કર્મ અનંત હોવાથી એવાં તો બળવાન છે કે ઈશ્વરના અનુગ્રહ સિવાય કેવલ કુલીનતા, કેવલ સદાચાર, કેવલ ન્યાયીપણું કિંવા કેવલ પરાક્રમ (અનંત પૂર્વકર્મોની અપેક્ષાએ બહુ અલ્પ હોવાથી) તેનો પરાજય કરી શકતાં નથી. (માટે તમે ઈશ્વરનો આશ્રય લો.)[૩૯] ઉપર કહ્યા પ્રમાણે તમે ઈશ્વરને શરણેજ છો છતાં પુરુષના તર્કમાં ન આવી શકે તેવા ફક્ત એક શ્રુતિગમ્ય ધર્મ આદિ એ સહિત જ્ઞાનરૂપ પરમ ઉપાયથી શામાટે ઉદ્વેગ પામો છો ? (કે જે તમારાં સર્વ કર્મોને મૂળસુદ્ધાંત નાશ કરી દે તેમ છે.) ઈશ્વર પણ લલાટમાં લખાએલી અક્ષરપંક્તિને પોતે પોતાના હાથથી સાક્ષાત્ ટાળી દેતા નથી. (પરંતુ જ્ઞાનવડે અજ્ઞાનરૂપ મૂળના નાશમાં પુરુષને પ્રવર્તાવી તેદ્વારાજ જ્ઞાનાગ્નિવડે સર્વ કર્મોને ભસ્મ કરાવી દે છે.)[૪૦] મન અને વાણીવડે અગમ્ય અખંડ બ્રહ્મરૂપ આત્મચૈતન્યના વક્તા ગુરુ મળવા એ ક્યાં અને શિષ્યનું એ બોધની યોગ્યતારૂપી કુશલપણું હોવું એ પણ ક્યાં, તથા (શમદમાદિકના ક્રમવડે પોતાના નાશમાટે તૈયાર થઇ રહેલી) આ મોહરૂપી વેલ ક્યાં!! તથાપિ આ સર્વ સામગ્રી જનેલીધે પરસ્પર ભેગી થઈ ગઇ તે ઈશ્વરેચ્છા અચિંત્ય છે.[૪૧] હે ભારદ્વાજ મુનિ ! તમે વિવેકવડે પ્રસિદ્ધ રીતે મોહને છોડી દો. હમણાં તમે અસાધારણ જ્ઞાનને પ્રાપ્ત થશો. આ વાત નિઃસંશય છે.[૪૨] મહાધૈર્યવાન રાજા યુદ્ધ આદિ મોટી વિપત્તિમાં પડયો હોય તોપણ છેટેથી રાજ્યરક્ષા-દુષ્ટનિગ્રહ આદિ કાર્ય આજ્ઞામાત્રથીજ કરવાને ઇચ્છે છે; અને અલ્પધૈર્યવાળો પુરુષ અલ્પધનાદિ વસ્તુનો ક્ષય થાય તોપણ (તે વિપત્તિનેલીધે) શોક કરવા માંડે છે.[૪૩] બોધ થવો એ વાત પુણ્યને પરાધીન છે અને તે ઘણા જન્મોથી (પુણ્ય એકઠું થયે) પ્રાપ્ત થાય છે. ધીર જીવન્મુક્ત પુરુષોમાં તે કાર્યવડે અનુમાનમાં આવે છે.[૪૪] હે પ્રિય ભારદ્વાજ ! જે પુણ્યકર્મ રાગનેલીધે શત્રુરૂપ બની બંધનકારક થાય છે તેજ શુભકર્મ જો રાગરહિત થઇ કરવામાં આવે તો તે તમારૂં મિત્રરૂપ બની જતાં તેવડેજ તમે મોક્ષને પામશો.[૪૫] પુણ્યકર્મોનો આ પ્રબળ વેગ પ્રાચીન પાપનો નાશ કરી દઈ જેમ વૃષ્ટિનો સમૂહ દાવાનલને શાંત કરી દે તેમ સત્પુરુષોના સર્વ તાપને શાંત કરી દે છે.[૪૬] હે પ્રિય ભારદ્વાજ ! સંસારચક્રની ઘુમરીમાં આવી પડવાથી ભ્રમિત થઈ જવાનેલીધે જો તમને વિશ્રાંતિ ન મળતી હોય તો (શ્રવણ આદિ ઉપાયોવડે) બ્રહ્મમાં આસક્ત થાઓ.[૪૭] જેમ તરંગોવડે જળ જ્યારે ચંચળ હોય ત્યારે (લોઢનેલીધે) સમુદ્રપ્રવાહ કાંઠાતરફ ઉછળે છે અને જળ જ્યારે સ્થિર હોય ત્યારે સમુદ્ર પણ કેવળ સ્થિર જળરૂપ થઇ રહે છે

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by eGangotri Foundation. USA

તેમજ જ્યાંસુધી (બ્રહ્મસિવાય ઇતર) બાહ્ય પદાર્થોમાં આસક્તિ હોય ત્યાંસુધીજ વિકલ્પથી ઉઠેલ આ સર્વ દૃશ્યજાલ દેખાય છે. (આસક્તિ તુટી જતાં એ દૃશ્યજાલ પણ શાંત થઇ જઇ સર્વ એક શાંતબ્રહ્મરૂપ જણાય છે.)[૪૮] તમે આ (વિવેકદૃષ્ટિને ઢાંકી દઇ) અંધ કરી દેવાવાળા શોકનો શામાટે અવલંબ લીધો છે? (તમે કે જે શોકવડે અંધ છો તેને વિવેકદૃષ્ટિ ઉઘડતાંસુધી) તે પ્રજ્ઞારૂપી યષ્ટિકા (લાકડી) જ અવલંબનરૂપ થાઓ.[૪૯] જે પુરુષો હર્ષશોકના તરંગોથી તૃણની માફક આકર્ષાય તેઓ અતિ ગૌરવવાળા મહાન પુરુષોની ગણનામાં કદી-પણ ગણાતા નથી.[૫૦] હે પ્રિય ભારદ્વાજ ! આ જગતને અનેક જાતની હર્ષ-શોક આદિ દશામારૂપી હિંડોલામાં બેસાડી રાત્રિ-દિવસ છ ઋતુરૂપી અથવા કામ આદિ છ શત્રુરૂપી દોલાયંત્રથી કાલ રમાડયા કરે છે તેમાં તમે શા માટે ખેદ પામો છો ?[૫૧] એ કાલ જગતને સૃજે છે, સંહારે છે, પાછો ફરીને તરત રચી લે છે અને વળી ક્ષણમાત્રમાં લય કરી મૂકે છે. એ પ્રમાણે અનેક આવૃત્તિઓથી એ કાલજ પોતાની વિચિત્ર ક્રીડાવડે વિવેકી જોનારને કૌતુક ઉત્પન્ન કરે છે.[૫૨] કાલરૂપી સર્પનાં બલાત્કારથી ભક્ષ્યરૂપ થનારાં સર્વ પ્રાણીઓમાં એકબીજાથી કશું પણ વિશેષપણું દેખાતું નથી, તેમજ (સર્વમાં જે તત્ત્વ છે તે એકજ હોવાથી) બીજો કોઈ તેવો વિશેષ ધર્મ કે તે ધર્મને ધારણ કરનાર ભિન્ન પદાર્થ પણ નથી.[૫૩] (અમર કહેવાતા) દેવસમૂહો પણ (અવધિ આવી રહે એટલે) દુષ્ટ કાલના ભક્ષ્યરૂપ થઈ જાય છે તો પછી નિમેષમાત્ર (ક્ષણમાત્ર પણ નહિ) રહેનારાં મનુષ્ય શરીરોની તો શી વાત કહેવી ?[૫૪] સંપત્તિના સમયમાં પ્રસન્ન થઇને અને વિપત્તિના વખતમાં ચક્ષુરાદિક ઇંદ્રિયોને વિકળ (વિવેકને ન જોઇ શકે તેવી તથા રોવું એ આદિ વિકારવાળી) બનાવી દઇ (માયા જેમ નચાવે તેમ) તમે કેમ નાચ્યા કરો છો? ક્ષણમાત્ર નિશ્ચળ રહી સાક્ષીરૂપે આ સંસારરૂપી નાટકને જુઓ.[૫૫] હે ભારદ્વાજમુનિ ! આ જગત કે જે અનેક તરંગોવાળું અને ક્ષણભંગુર છે તેને જોઇ મનસ્વી (વિવેકવાન) પુરુષ (પોતે તટસ્થરૂપે જુદો હોવાથી) જરાપણ ખિન્ન થતો નથી.[૫૬] તમે શોક કે જે અશુભ પ્રસંગમાંજ યોગ્ય છે તેનો ત્યાગ કરો અને કલ્યાણનાં સાધનોનું ચિંતન કરો તથા ચિદ્રૂપ આનંદઘન સ્વચ્છ આત્માની (અવિચ્છિન્ન) ભાવના રાખો.[૫૭] દેવ, દ્વિજાતિ અને ગુરુ એઓના ઉપર અતિશ્રદ્ધા રાખવાથી નમ્ર અને ઉચ્ચ હૃદયવાળા તથા વેદ આદિ સચ્છાસ્ત્રોને પ્રમાણરૂપ ગણનારા વિવેકી પુરુષોના ઉપરજ મહેશ્વરનો અનુગ્રહ થાય છે.[૫૮]

ભારદ્વાજ ઋષિ કહે છેઃ—આપે મને જે ઉપદેશ કર્યો તે સર્વ મેં સમગ્ર રીતે આપની કૃપાથી જાણી લીધેલ છે. વૈરાગ્યના જેવો બીજો કોઈ (હિતૈષી) બંધુ નથી અને સંસારના જેવો બીજો કોઇ (ઉધું વાળનારો) શત્રુ નથી.[૫૯] હવે વસિષ્ઠજીએ જે જ્ઞાનનો સાર (અનેક વાક્યોરૂપી) સમગ્ર ગ્રંથવડે કહ્યો છે તે આપના તરફથી માત્ર એક પદથીજ (સંક્ષેપમાં સારાંશરૂપે) કહેવાય તેમ તે સાંભળવાને હું ઇચ્છું છું.[૬૦]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—હે ભારદ્વાજમુનિ ! મોક્ષ આપનારૂં આ મહાજ્ઞાન તમે સાંભળો કે જેના શ્રવણમાત્રથીજ તમે ફરીવાર આ સંસારસાગરમાં નિમગ્ન થશો નહિ.[૬૧] જે પોતે વસ્તુતાએ એક છતાં ઉત્પત્તિ સ્થિતિ અને લય, એઓના ભેદવડે અનેકરૂપે થઇ રહેલ છે તે સચ્ચિદાનંદરૂપ દેવને નમસ્કાર છે.[૬૨] પ્રપંચનો લય કરી જે રીતે પરમતત્ત્વનો પ્રકાશ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થાય તે ઉપાય સંક્ષેપથી સ્થિતિને અનુસારે હું તમને (હમણાંજ) કહી બતાવીશ.[૬૩] પૂર્વાપર વિચાર કરવામાં યોગ્યતાવાળી તમારી (તીવ્ર) સ્મૃતિશક્તિ કેમ જતી રહી ? તમે એ તમારી તીવ્ર સ્મૃતિશક્તિથીજ હસ્તામલકનીપેઠે (હથેળીમાં રહેલા આંબળાનીપેઠે પ્રત્યક્ષ) પોતાની મેળેજ સર્વ જાણી શકશો.[૬૪] પોતાની મેળેજ તત્ત્વનો વિચાર કરવો. પોતાની મેળેજ ચિત્ત, શુદ્ધ થઈ જતાં તેવડે એ પરમતત્ત્વ પમાય છે કે જેને પ્રાપ્ત થયાથી ફરીવાર (જન્મ-મરણના કુટારામાં પડી) શોક કરવો પડતો નથી. પરંતુ એ ચિન્મય તત્ત્વની વૈરાગ્યયુક્ત પુરુષે સત્સંગતિ, સચ્છાસ્ત્રો અને વિવેકવડે વારંવાર ભાવના રાખવાની છે.[૬૫]

स्वयं विचार्यं स्वयमेव चेतसा तत्प्राप्यते येन न शोचते पुनः ॥ सत्संगसच्छास्त्रविवेकतः पुनर्वैराग्ययुक्तेन विभाव्यमेतत् ॥ ६५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભારદ્વાજાનુશાસન' એ નામનો એકસો સત્તાવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૭

સર્ગ ૧૨૮ મો.*

ભારદ્વાજની કૃતાર્થતા અને રામનું વ્યુત્થાન.

॥ श्रीवाल्मीकिरुवाच ॥

शांतो दांतश्चोपरतो निषिद्धात् काम्यकर्मणः । विषयेंद्रियसंश्लेषसुखाच्च श्रद्ध्याऽन्वितः ॥१॥

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—નિષિદ્ધકર્મ અને કામ્યકર્મથી ઉપશમ પામેલા, વિષયોના અને ઇંદ્રિયોના સંબંધથી થનારા સુખથી પણ વિરક્ત થયેલા, શ્રદ્ધાવાન અને શમદમવાળા× મુમુક્ષુ પુરુષે કોમળ આસનઉપર બેસી, (સિદ્ધાસન-પદ્માસન આદિ અનુકૂલ આસન વાળી) ચિત્તના અને ઇંદ્રિયોના વ્યાપારોને જીતી લઈ (નિઃસંકલ્પ રહી) જ્યાંસુધી ચિત્ત પ્રસન્ન થાય. ત્યાંસુધી પ્રણવનો ઉચ્ચાર (શાસ્ત્રોક્ત રીતિએ ગુરુએ બતાવેલ ક્રમ પ્રમાણે જપ) કરવો. પછી અંતઃકરણની શુદ્ધિમાટે પ્રાણાયામ કરવા. ત્યાર બાદ ધીરે ધીરે ઇંદ્રિયોને વિષયો તરફથી ખેંચી પોતાના મૂળકારણમાંજ (ચિત્તમાંજ) શમાવી દેવી. (જેને પ્રત્યાહાર કહે છે તે કરવો.)[૩] દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અને ક્ષેત્રજ્ઞ, એ સર્વ જેમાંથી થતાં હોય તે શ્રુતિઆદિદ્વારા જાણી લઇ પછી તેમાં તેમાં તેનો લય કરી દેવો.[૪] પ્રથમ (અકારના§ અર્થરૂપ) વિરાટમાં (હું વિરાટરૂપ છું એવી ભાવનાવડે) સ્થિતિ રાખી પછી એ વિરાટનો (ઉકારના અર્થરૂપ) હિરણ્યગર્ભમાં લય કરી એ હિરણ્યગર્ભમાં સ્થિર થઇ એ હિરણ્યગર્ભનો પણ (મકારના અર્થરૂપ) અંતર્યામીમાં લય કરી તેમાં સ્થિતિ રાખી અને પછી તેનો પણ સર્વના પરમ અધિષ્ઠાનરૂપ (અર્ધમાત્રાત્મક તુરીય) શુદ્ધબ્રહ્મમાં લય કરી શુદ્ધચિન્માત્રમાંજ સ્થિર થઈ રહેવું.[૫] માંસ આદિ પાર્થિવભાગનો પૃથ્વીમાં* લય કરી દેવો, રક્ત આદિ જલીય ભાગનો જળમાં લય કરવો, (ઉષ્મા-જઠરાગ્નિ આદિ) તૈજસ ભાગનો તેજમાં લય કરી દેવો,[૬] (પ્રાણ-અપાન આદિ) વાયવીય ભાગનો મહાવાયુમાં લય કરવો અને આકાશભાગનો (શરીરમાં રહેલા પોલાણભાગનો) આકાશમાં લય કરી દેવો. ઇંદ્રિયોને પણ પોતપોતાના કારણરૂપ પૃથિવ્યાદિક (ભૂતસૂક્ષ્મ) માં

* આ એકસો અઠ્ઠાવીશમા સર્ગમાં લયચિંતનની યુક્તિવડે ભારદ્વાજ કૃતાર્થ થઇ ગયાની વાત તથા જ્ઞાનીને કરવા યોગ્ય, રામચંદ્રજીને વ્યુત્થિત કરવાના ક્રમો કહેવાશે.

× शांतो दांत उपरतस्तितिक्षुः श्रद्धान्वितः समाहितो भूत्वाऽऽत्मन्येवात्मानं पश्यति । એ શ્રુતિનો આશય આ પ્રસંગથી બતાવ્યો છે.

§ માંડૂક્ય ઉપનિષદ્‌માં બતાવેલો પ્રણવાર્થવિચાર ટીકાકારે અહીં સૂચવ્યો છે.

* અહીં સર્વત્ર લયપ્રકરણમાં લય કરવો એટલે લયનું ચિંતન કરવું એવું તાત્પર્ય સમજવાનું છે એ બાદ રાખવું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લય પમાડી દેવી.[૭] (જીવના શબ્દશ્રવણઆદિ ભોગનેમાટે) કર્ણ આદિ ગોલકમાં શ્રોત્રરૂપે પ્રવિષ્ટ થઈ રહેલ દિશારૂપ દેવતાને પાછી દિશામાં લય પમાડી દેવી. ત્વચાનો (ત્વચા ઇંદ્રિયના અધિષ્ઠાતા દેવ પવનનો) પવનમાં લય કરવો.[૮] ચક્ષુરિંદ્રયનો (ચક્ષુરિંદ્રિયના અધિષ્ઠાતા દેવતા સૂર્યનો) સૂર્યબિંબમાં અને જીહ્વા ઇંદ્રિયનો (જીહ્વા ઇંદ્રિયના અધિષ્ઠાતા દેવતા વરુણનો) વરુણમાં લય કરી દેવો. પ્રાણનો (પ્રાણના અધિષ્ઠાતા વાયુદેવતાનો) મહા વાયુમાં, વાણીનો (વાગ્દેવતા અગ્નિનો) અગ્નિમાં અને હસ્તેંદ્રિયનો (હસ્તેંદ્રિયના અધિષ્ઠાતા ઇંદ્ર દેવનો) ઇંદ્રમાં લય કરવો.[૯] ચરણેંદ્રિયનો (ચરણેંદ્રિયના અધિષ્ઠાતા વિષ્ણુદેવતાનો) વિષ્ણુમાં, પાયુ ઇંદ્રિયનો (પાયુ ઇંદ્રિયના અધિષ્ઠાતા મિત્રદેવતાનો) મિત્રમાં, ઉપસ્થનો (ઉપસ્થ ઇંદ્રિયના અધિષ્ઠાતા દેવતા પ્રજાપતિનો) પ્રજાપતિમાં અને મનનો (મનના અધિષ્ઠાતા દેવતા ચંદ્રમાનો) ચંદ્રમામાં લય કરવો[૧૦] તથા બુદ્ધિનો (બુદ્ધિના અધિષ્ઠાતા દેવતા બ્રહ્માનો) બ્રહ્મામાં લય કરી દેવો. આ સર્વ તે તે ઇંદ્રિયોના દેવતાઓ છે અને (अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत् । ઇત્યાદિ*) શ્રુતિવાક્યને અનુસારે એ દેવતાઓજ ઇંદ્રિયોરૂપ થઇ રહ્યા છે. બાકી ઇંદ્રિયો કાંઇ તેથી જુદી વસ્તુ નથી એમ સિદ્ધજ છે એટલે મેં અહીં કશું નવું (મારૂં પોતાનું કપોલકલ્પિત) પ્રકટ કર્યું છે એમ નથી. ઉપર જણાવ્યા પ્રમાણે (ચિંતનવડે) પોતાના દેહનો તે તે મૂલકારણમાં લય કરી દઈ હું વિરાટરૂપ છું એવું ચિંતન કરવું.[૧૧-૧૨] એ બ્રહ્માંડરૂપ વિરાટની અંદર જે જે અર્ધનારીશ્વર× (બ્રહ્મવિદ્યારૂપી નારીને અર્ધ અંગમાં ધારણ કરી રહેલા) પરમેશ્વર રહ્યા છે તેજ સર્વ પ્રાણીમાત્રના આધારરૂપ અને કારણરૂપ છે અને તેજ આ બ્રહ્માંડમાં જગતના અન્નપાન આદિ જીવનના ઉપાય માટે વ્યવસ્થા બાંધી આહુતિદ્વારા વૃષ્ટિઆદિથી સર્વને પોષણ આપનાર યજ્ઞસૃષ્ટિરૂપ પણ થઇ રહેલ છે. બ્રહ્માંડથી બહાર તેનાથી બમણી પૃથ્વી છે. એ પૃથ્વી પછી તેનાથી બમણું જળ રહ્યું છે.[૧૩,૧૪] જળથી બમણું તેજ, તેજથી બમણો વાયુ, પછી તેથી બમણું આકાશ, એમ ક્રમથી ઉત્તરોત્તર એક પછી એક આવરણરૂપે રહેલ છે.[૧૫] પંચીકૃત ભૂત અને અપંચીકૃત ભૂત કે જે ચારેતરફ વ્યાપી રહેલ છે તેનાથી આ જગત વીંટાએલ છે; એટલે પૃથ્વીનો જળમાં લય કરવો, જળનો અગ્નિમાં, અગ્નિનો વાયુમાં અને વાયુનો આકાશમાં લય કરવો, અને તે આકાશનો સર્વની ઉત્પત્તિના કારણરૂપ મહાકાશ (હિરણ્યગર્ભ)માં લય કરી સમષ્ટિનું લિંગશરીર કે જેને વાસના, ભૂતસૂક્ષ્મ, કર્મ, અવિદ્યા, દશ ઇંદ્રિય, મન અને બુદ્ધિ, એરૂપે વિદ્વાનોએ જાણેલ છે તે સમષ્ટિ-અભિમાની લિંગશરીરને (આત્મબુદ્ધિરૂપે) ધારણ કરી રાખી યોગી પુરુષે ક્ષણમાત્ર એ સ્થિતિમાં (હિરણ્યગર્ભાવસ્થામાં) રહેવું. પછી સ્થૂલ ઉપાધિનો લય થઈ જવાથી કેમ જાણે સાવ અર્ધ થઇ રહેલ હોય તેમ બ્રહ્માંડથી (તેમાં થયેલ આત્મતાના અભિમાનના ત્યાગદ્વારા) બહાર નીકળી જઈ, હું સર્વના આત્મારૂપ—અધિષ્ઠાતારૂપ હિરણ્યગર્ભ છું એવું ચિંતન કરવું.[૧૬-૧૯] ભૂતસૂક્ષ્મમાં અભિમાનીપણાથી રહેલ એ હિરણ્યગર્ભજ પ્રથમ (બ્રહ્માંડનો લય કર્યા પહેલાં બ્રહ્માંડના ઐશ્વર્યભોગનેમાટે કમળથી ઉત્પન્ન થએલ દેહને કલ્પી લઈ) બ્રહ્મારૂપે થઇ રહ્યા હતા. પછી બુદ્ધિમાન યોગીએ એ સમષ્ટિ લિંગદેહના અભિમાની

* ઐતરેય ઉપનિષદ્. × અહીં વ્યવહારની વ્યવસ્થામાટે માયારૂપી નારીને અર્ધઅંગમાં ધારણ કરનાર એવો અર્થ કરવો હોય તોપણ ચાલી શકે તેમ છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હિરણ્યગર્ભનો તેના કરતાં પણ સૂક્ષ્મ અવ્યક્ત અને અવ્યાકૃત માયાવી અંતર્યામીમાં (જડ-ભાગનો માયામાં અને ચિત્‌ભાગનો ચૈતન્યમાં એમ) લય કરી દેવો.[૨૦] નામરૂપથી રહિત આ જગત જેમાં રહે છે તેને કેટલાક (સાંખ્યમત-વાળા) પ્રકૃતિ કહે છે, કેટલાક (વેદાંતીઓ) માયા કહે છે, કેટલાક (ન્યાયશાસ્ત્રકારો) અણુ-ઓરૂપ કહે છે[૨૧] અને બીજા કેટલાક (બૌદ્ધો) તર્કથી ભ્રાન્તચિત્ત થઇને સંવરણરૂપ અવિદ્યારૂપે કહેછે. પરંતુ પ્રલયકાલમાં સર્વ તેમાં લય પામી જઇ પરસ્પર સંબંધવગરના તથા નીરસ થઇ અવ્યક્ત (પ્રતીતિમાં ન આવે તેવી રીતે અસ્ફુટ) રૂપે રહે છે અને પાછા સૃષ્ટિકાલમાં તેમાંથીજ ઉત્પન્ન થાય છે તથા જ્યાંસુધી સૃષ્ટિ થાય ત્યાંસુધી તેમાંજ (અવ્યક્ત) સ્વરૂપેજ બન્યા રહે છે.[૨૨,૨૩] સૃષ્ટિ થવાના અનુકૂલ (આકાશ આદિ) ક્રમથી સૃષ્ટિની ઉત્પત્તિ માનેલ છે અને પાછા તેના પ્રતિલોમ (વિપરીત) ક્રમથી તેનો લય માનવામાં આવે છે. માટે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરરૂપે રહેલ, વિરાટ્, હિરણ્યગર્ભ અને અવ્યાકૃત (માયાવી કિંવા અંતર્યામી) એવા નામથી કહેવાતી સમષ્ટિની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાનો (**नांतःप्रज्ञं न बाहिःप्रज्ञं नोभयतः प्रज्ञं** । ઇત્યાદિ શ્રૌત ક્રમપ્રમાણે) ત્યાગ કરી નાશરહિત તુરીય પદકે જે સર્વના અધિષ્ઠાનરૂપ ચિન્માત્ર છે (**अदृश्यमव्यहार्यमग्राह्यमलक्षणमचिंत्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपंचोपशमं शातं शिवमद्वैतं चतुर्थं मन्यंते** । ઇત્યાદિ શ્રુતિએ બતાવેલ છે) તેની પ્રાપ્તિ થવામાટે (અપરોક્ષજ્ઞાન થાય ત્યાંસુધી) તેનું ધ્યાન કરવું અને લિંગશરીરનો પણ સમાધિદ્વારા લય કરી દઇ પરમપદમાં (તુરીય અવસ્થામાં) પ્રવેશ કરવો. (પૃથિવ્યાદિ) સ્થૂલ અને સૂક્ષ્મ ભૂતો, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, વાસના, કર્મ પ્રાણ આદિ વાયુઓ અને અજ્ઞાન, એ સર્વનું રહેવાનું સ્થાન લિંગશરીર છે. (લિંગશરીરનો લય થઇ જતાં એ સર્વનો લય થઈ જાય છે અને એક શુદ્ધ ચિત્ અવશેષ રહે છે.)

ભારદ્વાજ ઋષિ કહે છેઃ—હમણાં (આપની કૃપાથી) હું લિંગદેહરૂપી બેડીથી સર્વથા છુટો થયો છું,[૨૪-૨૬] કેમ કે હું ચિત્‌નો અંશ હોવાથી ચૈતન્યરૂપી આનંદસાગરમાંજ (એકરસરૂપ) લીન થઇ ગયો છું. વસ્તુતાએ જીવાત્મા અને પરમાત્માનો અભેદ હોવાથી હું સર્વ ઉપાધિથી રહિત પરમાત્મારૂપજ છું.[૨૭] હું કૂટસ્થ છું, અદ્વિતીય છું, સર્વત્યાગી છું, ચિદ્રૂપ છું, ચિચ્છક્તિવાળો નથી. (ચિચ્છક્તિ મારાથી જુદી નથી). જેમ ઘટનો ભંગ થતાં ઘટાકાશ અને કલશનો ભંગ થતાં કલશાકાશ શુદ્ધ આકાશમાંજ મળી જાય તેમ ઉપાધિનો ભેદ ટળી જાય એટલે જીવ શુદ્ધબ્રહ્મમાંજ મળી જાય છે.[૨૮] એવી એકતાના અભિપ્રાયથીજ હું કે જે બ્રહ્મરૂપ છું તેને ઘણી શ્રુતિઓ (**एकमेवाद्वितीयं ब्रह्म नेह नानाऽस्ति किंचन** । ઇત્યાદિ) આદરથી તત્ત્વની એકતાનોજ બોધ કરે છે. જેમ અગ્નિ અગ્નિમાં નાખવાથી એકરૂપજ થઇ જાય છે અને અગ્નિનાં નામરૂપને ધારણ કરી તેથી કાંઇ વિશેષરૂપે (જુદો) જણાતો નથી તેમ જીવનો સમાધિદ્વારા બ્રહ્મમાં લય કરી દેવાથી તે તદ્રૂપ બની જઈ કાંઇ પણ ભિન્ન જણાતોજ નથી. જેમ તૃણ આદિ વસ્તુ લવણની ખાણમાં નાખવામાં આવે તો તે ગળી જઈ લવણરૂપજ થઇ જાય છે તેમ જડ જગતનો ચૈતન્યમાં લય કરી દેવામાં આવે તો તે પણ ચિદ્રૂપજ થઇ જાય છે. જેમ મીઠાનો ગાંગડો અને સૈંધવનો કડકો સમુદ્રમાં નાખ્યો હોય તો નામરૂપથી રહિત થઇ જઈ સમુદ્રભાવને પ્રાપ્ત થઇ જાય છે, જેમ જળમાં જળ નાખવામાં આવે તો જળરૂપજ થઇ જાય છે,તેમ ઘીમાં ઘી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને દૂધમાં દૂધ નાખવામાં આવે તો તે પણ તે એકરૂપજ થઇ જાય છે;[૨૯-૩૨] જોકે તેમાંથી એકનો નાશ થતો નથી તો પણ તે જુદાં વિશેષરૂપે ગ્રહણ કરી શકાતાં નથી. તેવીજ રીતે ચિદ્રૂપ સત્ય બ્રહ્મ કે જે નિત્ય આનંદરૂપ છે, સર્વસાક્ષી છે, સર્વનું પરમ કારણરૂપ છે અને સર્વથી પર છે તેમાંજ હું પ્રવિષ્ટ (લીન) થઇ રહ્યો છું. નિત્ય, સર્વગત, નિર્દોષ, નિરંજન, નિષ્કલ (નિરવયવ), શુદ્ધ અને સર્વથી ઉત્કૃષ્ટ જે પરબ્રહ્મ છે તેજ હું છું. હેયોપાદેયથી રહિત સત્યરૂપ નિરિંદ્રિય અદ્વિતીય સત્યસંકલ્પ શુદ્ધ પરબ્રહ્મરૂપ હું છું. પુણ્યપાપથી રહિત જગતના પરમકારણરૂપ, પરમજ્ઞાનસ્વરૂપ, નાશરહિત, અદ્વિતીય અને આનંદરૂપ બ્રહ્મ હું છું. ઉપર કહ્યા ઇત્યાદિ ગુણોવડે યુક્ત અને સત્વ આદિ માયાના ગુણોથી રહિત બ્રહ્મમાં સંપૂર્ણ રીતે પ્રવિષ્ટ (લીન) થઇ રહેલા પોતાના આત્માનું (વેદાંતશ્રવણ, ગુરુશુશ્રૂષા અને વર્ણાશ્રમધર્મ આદિ) પોતાનાં કર્મો કરતા રહી મુમુક્ષુએ ધ્યાન કરવું. એવી રીતે અભ્યાસ કરનારા પુરુષનું મન ક્ષય પામી જાય છે[૩૩-૩૮] અને મનનો ક્ષય થયાથી પોતાની મેળેજ આત્માનો પ્રકાશ થાય છે. આત્માનો પ્રકાશ થવાથી સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે અને આત્મામાંજ ખરા સુખની પ્રતીતિ થાય છે.[૩૯] પોતે પોતાની મેળેજ આત્મા કે જે આનંદરૂપ છે તેને ઓળખી લે છે. મારાથી બીજો કોઇ જુદો ચિદાનંદરૂપ પ્રભુ છે નહિ, હું એકજ છું અને પરબ્રહ્મરૂપ છું એવો અંદર આત્માનો પ્રકાશ થાય છે.

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—હે પ્રિય ભારદ્વાજ ! તમે કે જે સંસારચક્રની ધુમરીઓમાં (આવર્તોમાં) ગોથાં ખાધા કરો છો તેને જે વિશ્રાંતિનું સુખ ન મળતું હોય તો પછી કર્મોનો ત્યાગ કરી (કર્મસંન્યાસદ્વારા નિર્વિક્ષેપ સ્થિતિમાં રહી) બ્રહ્મમાંજ આસક્ત થઇ રહો.

ભારદ્વાજ ઋષિ કહે છેઃ—હે ગુરુ મહારાજ! આપે જે મને આ જ્ઞાન આપ્યું તે સર્વ મારા સમજવામાં આવ્યું છે.[૪૦-૪૨] તેથી મારી બુદ્ધિ નિર્મળ થઇ ગઇ છે અને હવે સંસાર (જન્મમરણ આદિ ક્લેશ) ઘણો કાલ રહી શકશે નહિ. (પ્રારબ્ધભોગપર્યંત તે આભાસ માત્ર રહેશે.) હવે હું એ જાણવાને ઇચ્છું છું કે જ્ઞાની કે જે જીવન્મુક્ત છે તેણે કર્મ કરવાં કે નહિ ? અને જો કરવાં તો પ્રવૃત્તિરૂપ નિત્ય નૈમિત્તિક અને કામ્ય એ સર્વ પ્રથમપ્રમાણેજ (કામના રાખી) કરવાં કે કામનાથી નિવૃત્ત થઇ(નિષ્કામ)પોતાના આશ્રમને ઉચિત માત્ર કર્મ કરવાં ?

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—કર્મસંન્યાસપૂર્વક બ્રહ્મમાંજ સ્થિતિ રાખવી એ સંસારરૂપ ભ્રાંતિને મટાડનાર જ્ઞાનનો મુખ્ય ઉપાય છે. માટે મુમુક્ષુ પુરુષોએ જે કર્મ કરવાથી, કાંઇ દોષ ન લાગે (ચિત્તનો વિક્ષેપ મલિનપણું શ્રવણઆદિમાં વિઘ્ન અને પાપ આદિ દોષ પેદા ન થાય) તેવાં કર્મ કરવાં[૪૩,૪૪] અને વિશેષે કરી કામ્યકર્મ, નિષિદ્ધકર્મ અને જેથી ચિત્તમાં વિક્ષેપ થાય તેવાં કર્મ ન કરવાં. જીવ જ્યારે બ્રહ્મના ગુણોથી યુક્ત થઇ મનના ગુણોનો ત્યાગ કરી જેનો ઇંદ્રિયોનો સમૂહ શાંત થઈ ગયો છે એવો થાય ત્યારેજ તે સર્વવ્યાપી પરમાત્મારૂપ થઈ જાય છે. આનંદમય કોષ કે જે અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોષથી પર છે તેનું પણ જે પરબ્રહ્મ અધિષ્ઠાન છે તેજ હું છું એમ જ્યારે ધ્યાન કરે ત્યારે જીવ મુક્ત થઇ જાય છે. કર્તૃત્વ-ભોક્તૃત્વ આદિ ભાવથી રહિત થઇ જઇ સર્વ ઉપાધિથી રહિત અને સુખ-દુઃખ વિનાનો થઈ રહે ત્યારે જીવ મુક્ત (સંસારજાળથી છુટો) થાય છે. સર્વ પ્રાણીઓના આત્માને પોતાના આત્મામાં સર્વ પ્રાણીઓને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જ્યારે અભેદબુદ્ધિથી જુએ છે ત્યારે જીવ મુક્ત થાય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને મૂકી દઇ, જીવ જ્યારે તુરીય અવસ્થા કે જે આનંદરૂપ છે તેમાં પ્રવેશ કરે ત્યારે તે મુક્ત થાય છે. જાગ્રત અવસ્થાને સ્વપ્નાવસ્થા, એ બન્નેનું બીજ (વાસના, કર્મ અને અજ્ઞાન) તથા નિદ્રાવસ્થા, એ આદિથી રહિત, ચિદ્રૂપ, સુખમય, તુરીય અવસ્થારૂપે જીવની પરમાત્મામાં સ્થિતિ થવી તેજ યોગની (નિદિધ્યાસનના પરિપાકથી થયેલા નિર્વિકલ્પ સમાધિની) અથવા ઉત્તમાધિકારીને સાક્ષાત્કારરૂપ જ્ઞાન થવાની પરિસીમા છે કે જે મહાસુખમય અને જ્ઞાનરૂપ છે.[૪૫-૫૧] મનનો ક્ષય થઇ જાય એટલે પુરુષને પરમતત્ત્વના વિના તેથી જુદું બીજું કશું પણ દેખાતું નથી. જો તમારે નિમગ્ન થવું હોય તો શાંત અમૃતમય તરંગવાળા કેવળ (જ્ઞાનરૂપ) અમૃતસમુદ્રમાં નિમગ્ન થાઓ, પરંતુ દ્વૈતબુદ્ધિરૂપી ક્ષારસમુદ્રના તરંગોમાં શા માટે મગ્ન રહો છો ? ભક્તોના અનુગ્રહમાટે અનેક રૂપ ધારણ કરનારા જગદ્‌ગુરુ પરમેશ્વરનું તમે ભજન કરો.[૫૨,૫૩] હે પ્રિય મહા વિચક્ષણ ભારદ્વાજમુનિ ! આ વસિષ્ઠ મુનિનો સર્વ ઉપદેશ મેં તમને (સંક્ષેપથી) કહી બતાવ્યો છે. આ જ્ઞાનમાર્ગથી, યોગમાર્ગથી, શાસ્ત્રવિચારથી અને ગુરુનાં વાક્યોનો અર્થ બરાબર સમજવાથી નિશ્ચયપૂર્વક તમે સર્વ જાણી શકશો. અભ્યાસથી સર્વ સિદ્ધ થાય છે એમ વેદની અનુજ્ઞા છે માટે તમે બીજું બધું છોડી દઇ અભ્યાસમાંજ મનને સ્થિર કરો.[૫૪,૫૬]

ભારદ્વાજ મુનિ કહે છેઃ—હે મહારાજ ! રામચંદ્રજી કે જે પોતાના આત્માવડે બ્રહ્મમાં પરમયોગને પ્રાપ્ત થઇ ગયા હતા તેમને શ્રી વસિષ્ઠ ઋષિએ પાછા વ્યવહારપરાયણ શી રીતે [૫૭] એ વાત જાણી હું પણ તેજ પ્રમાણે અભ્યાસનેમાટે યત્ન કરું અને રામચંદ્રજીની પેઠેજ મારો વ્યવહાર પણ વ્યુત્થાન-અવસ્થામાં થઇ શકશે.[૫૮]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—અનંત બ્રહ્મમાં વૃત્તિદ્વારા તદાકારતાને પ્રાપ્ત થએલા મહાત્મા શ્રીરામચંદ્રજી જ્યારે સ્વસ્વરૂપમાં પરિણામને પ્રાપ્ત થયા ત્યારે વિશ્વામિત્ર ઋષિએ મુનિઓમાં ઉત્તમ શ્રી વસિષ્ઠજીને નીચે પ્રમાણે કહ્યું.[૫૯]

શ્રીવિશ્વામિત્ર ઋષિ કહે છેઃ—હે મહાભાગ્યવાન બ્રહ્મપુત્ર વસિષ્ઠજી ! તમે ખરેખર મહાન છો, કેમકે રામચંદ્રજીની અખંડ આત્માકાર ચિત્તવૃત્તિમાં આનંદસ્વરૂપ આત્મતત્ત્વનો આવિર્ભાવ કરાવી દઇ અથવા તો માત્ર અનુગ્રહદૃષ્ટિથીજ કુંડલિનીનો સુષુમ્ણા માર્ગેથી ષટ્‌ચક્રો ભેદી બ્રહ્મરંધ્રમાં પ્રવેશ થતાં યોગશાસ્ત્રમાં બતાવેલ શિવશાક્તનો સંયોગ કરાવી દઇ ક્ષણમાત્રમાંજ તમે તમારું ગુરુપણું બતાવી આપ્યું છે.[૬૦] જે ગુરુ દર્શનથી, સ્પર્શથી અને શબ્દથી (બોધથી) કૃપા કરી શિષ્યના દેહમાં કુંડલિનીનું ષટ્‌ચક્ર ભેદી બ્રહ્મરંધ્રમાં રહેલ પરમશિવમાં જઇ મળવારૂપ અથવા દેહ આદિ ઉપાધિના ત્યાગદ્વારા શુદ્ધ બ્રહ્મતારૂપ, પરબ્રહ્મભાવ ઉત્પન્ન કરે તેજ ખરો ગુરુ છે.[૬૧] વળી શ્રી રામચંદ્રજી પણ શુદ્ધચિત્તવાળા તથા પોતાની મેળેજ વૈરાગ્યવાન અને માત્ર પરમપદમાંજ વિશ્રાંતિ પામવાની આકાંક્ષા રાખતા હતા તેથી ફક્ત સંવાદમાત્રથીજ તે સ્વસ્વરૂપને પ્રાપ્ત થઇ ગયા.[૬૨] ગુરુનાં વાક્યથી બોધ થવામાં શિષ્યની શુદ્ધ બુદ્ધિજ મુખ્ય કારણરૂપ છે, કેમકે જો ત્રણ જાતના મળ (કામ, કર્મ અને વાસના) પાકી ગયેલ ન હોય તો પરિપક્વ મળવાળાની-પેઠે તે શી રીતે બોધને પ્રાપ્ત થઇ શકે ? (ન થઇ શકે,)[૬૩] આ જ્ઞાન પ્રત્યક્ષ રીતે ગુરુ અને શિષ્ય એ બન્નેના પ્રયોજનવાળું છે, કેમકે એ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બન્ને જો યોગ્ય હોય તો આવા મોક્ષ આદિ પણ સર્વ પુરુષાર્થો મેળવી શકાય છે.[૬૪] હે મહાસમર્થ! જે ઉદ્દેશથી મારૂં અહીં આવવું થયું છે તે કાર્યને સ્મરણમાં લાવી હમણાં તમે કૃપા કરી રામનું વ્યુત્થાન કરવાને યોગ્ય છો, કેમકે તમે તો પરમપદમાં વિશ્રાંત થયા છો એટલે કૃતકૃત્યજ છો પરંતુ અમે કાર્યાર્થી છીએ. હે મુનિ! મેં પોતે (યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિ થવા માટે) શુદ્ધ મનથી અતિ કષ્ટવડે દશરથ રાજા પાસે પ્રાર્થના કરી છે એ સર્વ તમે વૃથા ન થવા દો. શ્રી રામચંદ્રજીને વ્યુત્થિત કરાવી દઇ બીજું પણ દેવતાઓનું કાર્ય કે જે આ રામાવતારનું પ્રયોજન છે તે અમારે સિદ્ધ કરવાનું છે.[૬૫-૬૭] રામચંદ્ર મારા તેડી જવાથી સિદ્ધાશ્રમમાં આવી રાક્ષસોનો સંહાર કરશે અને પછી અહલ્યાને શાપથી મુક્ત કરશે તથા પાકો નિશ્ચય કરી (મિથિલામાં) ધનુષ્ય ભાંગી નાખી જનક રાજાની કન્યા સીતાજીને પરણશે. પરશુરામને (તેના તપવડે ઉપાર્જન કરેલા લોકોને જીતી લઈ) ઇતર લોક સંબંધી ગતિથી રહિત કરી દેશે.[૬૮,૬૯] પોતે જીવન્મુક્ત હોવાથી નિર્ભય અને નિસ્પૃહ રહી (માત્ર પિતાજીની આજ્ઞાથીજ) પોતાના પિતા પિતામહ આદિ (વંશપરંપરાથી) ચાલ્યું આવતું રાજ્ય છોડી દેશે અને વનવાસના મિષથી દંડકારણ્યવાસી મુનિઓને રાક્ષસોનો વધ કરી ભયથી ઉગારશે, અને અનેક તીર્થોને તથા પ્રાણીઓને પાવન કરશે. સીતાજીનું હરણ થવાથી થનારા શોકમોહ આદિ ભાવ બતાવવાના મિષથી અને રાવણ આદિના વધથી પૃથ્વીમાં સ્ત્રીસંગી પુરુષોનું શોચનીયપણું અને અસ્વસ્થતા એ બન્નેનો, તે સર્વ મનુષ્યોને બોધ આપશે. પછી વાનર આદિ (જે યુદ્ધમાં મરી જશે તે) ને ફરીવાર જીવતા કરશે.[૭૦-૭૨] અગ્નિપ્રવેશદ્વારા સીતાજીની શુદ્ધિને ઇચ્છી પોતાનું પવિત્ર ચરિત શિષ્ટ પુરુષોને સંમત છે એવું દેખાડી આપશે. પોતે જીવન્મુક્ત અને નિસ્પૃહ છતાં કર્મમાર્ગના અધિકારી પુરુષોની કર્મવડેજ શુભ ગતિ છે એવું બતાવવા કર્મકાંડમાં પરાયણ થશે તથા કર્મ અને ઉપાસના એ બન્નેના અધિકારી પુરુષને બ્રહ્મલોક આદિ ગતિ બતાવવાને પોતે પણ એ ઉભયનું સાથે અનુષ્ઠાન કરશે. જેઓને એમનાં દર્શન થશે, જેઓના કર્ણપથમાં કથાદ્વારા કે કીર્તનદ્વારા તેમનું શ્રવણ થશે, કે જેઓ શ્રીરામચરિતનો કથાદ્વારા કે કીર્તનદ્વારા બોધ આપશે તેવા સર્વ અવસ્થામાં શ્રીરામચંદ્રજીને અનુસરનાર ભક્ત લોકોને પોતે જીવન્મુક્તિ આપશે. ઉપર પ્રમાણે આ મહાત્મા પરમપુરુષ શ્રીરામચંદ્રજીએ ત્રૈલોક્યનું અને મારૂં સંપૂર્ણ રીતે હિત કરવાનું છે (હે સભાસદો!) આ રામચંદ્રજીને તમે નમસ્કાર કરો. માત્ર એટલાથીજ તમારે જે (શત્રુરૂપ અજ્ઞાન) જીતવાનું છે તે જીતાઇ ગયેલું જ તમે સમજો અને તમારામાંથી પણ કોઇ ધીર અને વીરપુરુષ આ રામચંદ્રજીની પેઠે જીવન્મુક્ત અને ઘણાકાલસુધી નિર્વિકલ્પ સમાધિમાં વિશ્રાંતિને પામી જઇ સુખેથી વૃદ્ધિને પ્રાપ્ત થાઓ.[૭૩-૭૬]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે વિશ્વામિત્ર ઋષિનાં વચનોથી ઉત્તર (પાછળના) ચરિત્રરૂપી રામની કથા સાંભળી વસિષ્ઠજી આદિ શ્રેષ્ઠ યોગીશ્વરો અને બીજા સિદ્ધપુરુષો રામચંદ્રજીના ચરણકમળની રજને નમસ્કાર કરવામાં અને સદાકાળ રામચંદ્રજીના સ્મરણમાં શ્રદ્ધાવાળા થઇ ગયા. ભગવાન વસિષ્ઠજીને અને બીજા મહર્ષિઓને એટલીજ રામચંદ્રજીની કથાથી સંતોષ થયો નહિ તેથી તેઓ શ્રીરામચંદ્રજી કે જે ગુણોના ભંડારરૂપ છે તેમના સદ્ગુણોને બીજાપાસેથી સાંભળતા હતા અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સાંભળીને બીજાઓને પોતે કહેતા હતા.[૭૭-૭૯] પછી ભગવાન* (ષડ્વિધ ઐશ્વર્યવાન) વસિષ્ઠ ઋષિએ વિશ્વામિત્ર મુનિને (નીચે પ્રમાણે) કહ્યું.

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—હે વિશ્વામિત્રઋષિ! રઘુકુલમાં થયેલ અને કમળના જેવાં સુંદર નેત્રવાળા શ્રીરામચંદ્રજી પ્રથમ કોણ હતા? કોઈ દેવ હતા કે કોઇ મનુષ્ય હતા? એ આપ કહો.[૮૦]

શ્રીવિશ્વામિત્ર ઋષિ કહે છેઃ—આ જે વાત હું કહું છું તે ઉપરજ તમે વિશ્વાસ રાખો, કે આ રામચંદ્રજી પરમપુરુષ ભગવાન છે કે જેણે જગતને માટે ક્ષીરસાગરનું મથન કર્યું છે અને ગંભીર ઉપનિષદો જેને પ્રમાણરૂપે વર્ણવે છે.[૮૧] તે પરિપૂર્ણ પરમ આનંદસ્વરૂપ છે, સર્વત્ર સમાનરૂપે રહ્યા છે તથા શ્રીવત્સનું લાંછન ધારણ કરનારા શ્રીકૃષ્ણ પણ એ પોતેજ છે. એ રામચંદ્રજીને જો સારી રીતે ભક્તિવડે પ્રસન્ન કરવામાં આવે તો સર્વ પ્રાણીઓને એ બધા પુરુષાર્થો આપે છે.[૮૨] એ રામચંદ્રજી કોપને પ્રાપ્ત થાય તો સંહાર કરી દે છે અને આ સર્વ દૃશ્ય મિથ્યા પદાર્થો એમનાજ રચેલા છે. જગતના આદિપુરુષ, જગતને ઉત્પન્ન કરનારા, જગતનું પાલન કરનારા અને મહાત્મા પુરુષોના એ પરમપ્રિય સહાયક છે.[૮૩] અંદર નિઃસાર છતાં ઉપરથી કોમળતાવાળા સંસારરૂપી ધૂતારાના પંઝામાં નહિ ફસાયેલા વીતરાગ પુરુષોએ જે આનંદરૂપી મહા વીસ્તીર્ણ સમુદ્રમાં પ્રવેશ કરાય છે તે આ રામચંદ્રજી પોતેજ છે.[૮૪] પરમપુરુષ આ રામચંદ્રજી કોઇ વખતે જ્ઞાનવડે મુક્ત થયાની પેઠે સ્વસ્વરૂપમાં સ્થિર થઈ રહે છે, કોઈ વખત નિત્યમુક્તની પેઠે તુરીયપદમાં વિશ્રામ લે છે, કોઇ વખતે માયાના નિયંતારૂપે થઈ રહે છે અને કોઇ વખતે માયાની અંદર બંધાઈ રહ્યા જેવા જણાય છે.[૮૫] સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણરૂપી ગહન વનને ઉલ્લંઘી રહેલા આ દેવજ વેદત્રયીરૂપી શરીરને ધારણ કરી રહ્યા છે અને વેદના પારમાર્થિક સ્વરૂપભૂત છે તથા પોતાનાં છ અંગોથી (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત એમનાથી) સર્વત્ર જય મેળવી રહ્યા છે.[૮૬] આ જગતને પાળનાર વિષ્ણુ છે, જગતના સ્રજનારા બ્રહ્મા પણ આ પોતેજ છે અને જગતનો સંહાર કરનારા ત્રિનેત્ર મહાદેવજી પણ આ રામચંદ્રજીજ છે,[૮૭] આ રામચંદ્રજી અજન્મા છતાં માયાના સંબંધથી અવતાર ગ્રહણ કરે છે. મોહરૂપી નિદ્રાવડે ઘેરાયેલા ન હોવાથી તે સદાકાલ જાગ્રત છે. આ પૂજ્ય ભગવાન રામચંદ્રજી નિરાકાર છતાં વિશ્વરૂપને ધારણ કરી રહ્યા છે.[૮૮] જેમ પરાક્રમ વિજયને ખેંચી આવે, તેજ પ્રકાશને ખેંચી આવે અને શાસ્ત્ર બુદ્ધિની ઉત્કૃષ્ટતાને ખેંચી લઇ આવે તેમ આ રામચંદ્રજીને ગરુડજી (પોતે વાહનરૂપી બની) ગમ્ય દેશતરફ લઇ જાય છે.[૮૯] આ રાજા દશરથને ધન્ય છે કે જેને ત્યાં આ પરમ પુરુષ રામચંદ્રજી પુત્રરૂપે અવતર્યા છે અને રાવણને પણ ધન્ય છે કે જે, રામચંદ્રજીને (આ મારો સામો લડવૈયો છે એમ) ચિત્તથી ચિંતન કરનાર છે.[૯૦] આ વિષ્ણુદેહથી રહિત હોવાથી સ્વર્ગ અને પાતાળ પણ શોચનીય છે. રામચંદ્રજીના પધારવાથી આ મધ્યમ લોક (ભૂલોક) શ્રેષ્ઠતાને પ્રાપ્ત થયો છે.[૯૧] ક્ષીરસાગરની અંદર શેષશય્યામાં પોઢનારા શ્રી શેષશાયી ભગવાન પોતે રામચંદ્રજીરૂપે અવતરેલા છે. ચિદાનંદમાં એકરસરૂપે નિમગ્ન થઈ ગયેલા આ રામચંદ્રજી નામરહિત સાક્ષાત્ પરમા-

* ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ॥ ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ સંપૂર્ણ ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ઐશ્વર્યને ભગ કહે છે અને તે જેમાં હોય તે ભગવાન કહેવાય છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ત્માજ છે.[૯૨] ઇંદ્રિયોના સમૂહનો નિગ્રહ કરનારા યોગીઓ રામચંદ્રજીને યથાર્થ રીતે જાણે છે, બાકી આપણે તો આ સામાન્ય રૂપનું નિરૂપણ કરવાને અને દર્શન કરવાને શક્તિમાન છિયે.[૯૩] આ ભગવાન રામચંદ્રજી, રઘુકુલના પાપનો ક્ષય કરનાર છે એમ અમારા સાંભળવામાં છે, માટે હે વસિષ્ઠ ઋષિ ! તમે કૃપા કરી એમને વ્યવહારપરાયણ કરો.[૯૪]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે કહી મહામુનિ વિશ્વામિત્ર મૌનવાન થઇ રહ્યા અને મહાતેજસ્વી વસિષ્ઠ મુનિએ રામચંદ્રજીને (નીચે પ્રમાણે) કહ્યું.[૯૫]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામ ! હે રામ ! હે મહાબાહુ ! હે મહાપુરુષ ! હે મહાચિન્મય ! આ તમારો વિશ્રાંતિનો કાલ નથી માટે (વ્યુત્થિત થઇ) લોકોને આનંદ ઉપજાવો.[૯૬] જ્યાંસુધી લોકદૃષ્ટિમાં અધિકારી થવારૂપ લૌકિક વિચાર બરાબર સિદ્ધ થયો નથી ત્યાંસુધી યોગીપુરુષને નિર્મળ એવું દૃઢ સમાધિપણું (વ્યુત્થાનરહિત સમાધિમાં સ્થિતિ થવી તે) ઘટતું નથી.[૯૭] માટે તમે કેટલોએક કાલ, ક્ષય થવાના સ્વભાવવાળા રાજ્ય આદિ વિષયોનો અનુભવ કરી અને દેવતાઓના પણ કાર્યરૂપ ભારને ઉતારી નાખી પછી ભલે સમાધિનું સેવન કરો અને સુખી થાઓ.[૯૮]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે ગુરુ શ્રીવસિષ્ઠજીએ કહ્યા છતાં રામચંદ્રજી પરબ્રહ્મમાં લય પામી જવાનેલીધે (સર્વ મન ઇંદ્રિયો આદિનો ઉપરામ થઇ જવાથી) કશું પણ બોલ્યા નહિ, ત્યારે તે વસિષ્ઠ ઋષિએ પણ ધીરેથી સુષુમ્ણા નાડીદ્વારા તેમના હૃદયમાં પ્રવેશ કર્યો. (પ્રવેશ કરીને જેમ બીજની અંદર પેઠેલો વાયુ બીજમાં સૂક્ષ્મરૂપથી રહેલ અંકુરને બહાર ખેંચી લાવે તેમ લીન થઇ ગયેલા લિંગશરીરને પાછું તેથી જુદું પાડી બહાર ખેંચી લાવ્યા.)[૯૯] પ્રથમ (પ્રાણ આદિ સર્વના બીજરૂપ) આધારશક્તિમાં, પછી (પ્રાણોનો આવિર્ભાવ થતાં) પ્રાણોમાં અને પછી (ચિત્તનો આવિર્ભાવ થતાં) ચિત્તમાં ચિદાભાસરૂપે પ્રવેશ કરનાર પ્રકાશસ્વરૂપ એ જીવ પ્રાણદ્વારા સર્વ નાડીઓના છિદ્રોમાં પ્રવેશ કરી જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય, એ બન્નેને સારી રીતે પુષ્ટ (તૈયાર) બનાવી દઇ ધીરેથી નેત્રો ઉઘાડી બહાર પૂજ્ય વસિષ્ઠ આદિ વિદ્વાન મહર્ષિઓનાં દર્શન કરી પોતે કૃતકૃત્યતાથી સર્વ કામનાથી રહિત હોવાનેલીધે અને કાર્યઅકાર્યસંબંધી ચિંતાથી પણ રહિત હોવાનેલીધે "આ બધાઓ હવે મને શું કહેશે" એવી રાહ જોઈ સ્થિર થઈ રહ્યો.[૧૦૦] પછી પ્રથમનાં શ્રીવસિષ્ઠજીનાં વાક્યો સાંભળી તથા આ ગુરુવાક્ય છે માટે ઉલ્લંઘનીય નથી એવી પિતા ભ્રાતા મિત્ર આદિ તરફની પ્રાર્થના પણ સાંભળી લઇ રામચંદ્રજી કે જે સર્વજ્ઞ છે તે સમાહિતપણાથી (એકાગ્રતાથી) નીચે પ્રમાણે બોલ્યા.[૧૦૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—આપની કૃપાથી હવે આ શરીર, વિધિનું કે નિષેધનું અધિકારી નથી, તથાપિ આપનું વાક્ય સદાકાલ માનનીય છે.[૨] કેમકે હે મહામુનિ ! વેદ, શાસ્ત્ર, પુરાણો અને સ્મૃતિઓમાં પણ ગુરુનું વાક્ય વિધિરૂપ (અવશ્ય અનુષ્ઠાન કરવા યોગ્ય) કહેલ છે અને ગુરુના વચનનું ઉલ્લંઘન કરવું તે નિષેધરૂપ કહ્યું છે.[૩] એ પ્રમાણે કહી એ મહાત્મા વસિષ્ઠઋષિના ચરણકમળને મસ્તકવડે ધારણ કરી લઇ સર્વાત્મા મહાદયાળુ રામચંદ્રજીએ સર્વ પ્રત્યે (નીચે પ્રમાણે) કહ્યું.[૪]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે સર્વ સભાસદો ! તમારું સર્વનું કલ્યાણ થાઓ. તમે આ વાતનું શ્રવણ કરો કે જે વિષે અનુભવપૂર્વક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખાત્રી કરી નિશ્ચય કરવામાં આવેલ છે. આત્મજ્ઞાનથી તથા આત્મવેત્તા ગુરુથી બીજું કાંઈ પણ વિશેષ નથી.[૫]

શ્રીસિદ્ધ આદિ સભાસદો કહે છેઃ—હે રામચંદ્રજી ! આ વાત જેમ આપ કહો છો તેમજ અમારા મનમાં સ્થિર થઇ રહી હતી. વળી તમારી કૃપાથી સંવાદ થતાં એ સર્વ બરાબર દૃઢ થઈ ગયું છે.[૬] હે મહારાજા રામચંદ્રજી ! તમે સુખી થાઓ અમે તમને (રજા લેવા માટે) નમન કરીએ છીએ અને શ્રી વસિષ્ઠજીની પણ આજ્ઞા લઈ જેમ આવ્યા હતા તેમજ પાછા આજે જઇશું.[૭]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે કહી રામચંદ્રજીની સ્તુતિ કરતા એ સર્વ સભાસદો ત્યાંથી ચાલ્યા ગયા અને શ્રી રામચંદ્રજીના મસ્તક ઉપર પુષ્પોની વૃષ્ટિ પડી.[૮] આ સર્વ રામચંદ્રજીની (જીવન્મુક્તિમાં વિશ્રાંતિ થયાપર્યંત ચાલેલ સંવાદની) કથા મેં તમને કહી. હે ભારદ્વાજ મુનિ ! આ ક્રમયોગવડે તમે સુખી થાઓ.[૯] આપ્રમાણે મુનિશ્રેષ્ઠ શ્રી વસિષ્ઠજીનાં વચનોની પંક્તિરૂપી રત્નમાળાથી વિચિત્ર પ્રકારે સુશોભિત થઈ રહેલી આ રામચંદ્રજીની જીવન્મુક્તિની સિદ્ધિ મેં તમને કહી સંભળાવી છે કે જે સર્વ કવિયોનાં કુલોને અને યોગીઓને સેવવાયોગ્ય છે. જો પરમ ગુરુના કૃપાકટાક્ષથી શ્રવણ આદિ દ્વારા એ સેવવામાં આવે તો મોક્ષના માર્ગ ઉપર (પ્રથમ બતાવેલા યોગભૂમિકાના ક્રમ ઉપર) ચઢાવી દે છે.[૧૦] જે પુરુષ નિરંતર આ રામચંદ્રજીના અને વસિષ્ઠજીના સંવાદનું શ્રવણ કરે તે ભલે સર્વ (રાગ, દ્વેષ, મોહ, માલિન્ય આદિ દોષવાળી) અવસ્થામાં રહ્યો હોય તોપણ શ્રવણમાત્રથી એ સર્વ દોષોથી રહિત થઇ જાય છે અને પછી શમ-દમ આદિ ગુણોની પ્રાપ્તિનાં ક્રમથી તે બ્રહ્મને પ્રાપ્ત થાય છે.[૧૧૧]

य इमं शृणुयान्नित्यं विधिं रामवसिष्ठयोः ॥
सर्वावस्थोपिश्रवणान्मुच्यतेब्रह्मगच्छति।११।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' રામવ્યુત્થાન ' એ નામનો એકસોઅઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૮

निर्वाणप्रकरणनुं पूर्वार्द्ध समाप्त

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

श्रीमद् योगवासिष्ठ

महारामायण

६ निर्वाणप्रकरण

उत्तरार्द्ध

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ॐ

श्रीमद् योगवासिष्ठ

महारामायण

६ निर्वाणप्रकरण

उत्तरार्द्ध

सर्ग १ लो.*

જીવન્મુક્તોનો જીવનક્રમ

॥ श्रीराम उवाच ॥

नैष्कर्म्यात्कल्पनात्यागात्तनुः पतति देहिनः ॥
कथमेतदतो ब्रह्मन् संभवत्याशु जीवतः ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ સંકલ્પનો ત્યાગ થતાં સર્વ ક્રિયામાત્રનો ઉપરામ થઇ જવાને લીધે તત્કાલ મનુષ્યનું શરીર પડી જાય છે તો પછી આપ જે સંકલ્પના ત્યાગની વાત કહો છો તે જીવતા મનુષ્યને શી રીતે સંભવે ?[૧]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—જે મનુષ્ય જીવતું હોય તેનેજ સંકલ્પનો ત્યાગ ઘટી શકે છે બાકી નિર્જીવ હોય તેમાં ઉલટી એ વાત ઘટી શકતી નથી. એ સંકલ્પત્યાગનું યથાર્થરૂપ હું તમને કહું તે તમે સાંભળો કે જે કાનને અલંકારનીપેઠે અતિ શોભા આપનાર છે.[૨] સંકલ્પના રૂપને જાણનારા વિવેકી પુરુષો દેહાદિકમાં 'હું' એવો અહંકારનો અધ્યાસ થવો તેનેજ સંકલ્પ કે કલ્પના કહે છે અને એ પરિમિત અધ્યાસને છોડી દઈ તેમાં ચિદ્રૂપ આકાશ કે જે પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તેની ભાવના કરવી તે સંકલ્પત્યાગ કહેવાય છે.[૩] સંકલ્પના સ્વરૂપને ઓળખનારા વિદ્વાનોએ આત્મા સિવાય ઇતર પદાર્થમાં જે કાંઇ આસક્તિ થવી તેનેજ (સંકલ્પનું મૂલ હોવાથી) સંકલ્પ કહેલ છે અને ચિદ્રૂપ આત્માથી બીજું કાંઈ જુદું નહિ હોવાથી તે સર્વમાં એક ચિદ્રૂપ આકાશનીજ ભાવના થવી તે સંકલ્પત્યાગ કહેવામાં આવે છે.[૪] અમુક "દેહાદિ દૃશ્ય વસ્તુ" પરમાર્થ રીતે સત્ય છે એવું જે કાંઈ અભિમાન થવું તેને ઉત્તમ પુરુષોએ સંકલ્પરૂપે કહેલ છે અને એ સર્વ દેહાદિક દૃશ્ય પદાર્થો આકાશના કાર્યરૂપ વાય્વાદિ ચાર ભૂતોનો વિકાર હોવાથી ફક્ત એક આકાશરૂપજ છે એવી ભાવના થવી તે કિંવા એ સઘળું ચિદ્રૂપ આકાશમાં મિથ્યા કલ્પાયેલું હોવાથી ચિદાકાશરૂપજ છે એવી તેમાં ભાવના

* આ પહેલા સર્ગમાં મમતા, અહંકાર અને સંકલ્પ-વિકલ્પ આદિથી રહિત મુક્ત પુરુષો જે રીતે જીવે છે અને ચેષ્ટા કરે છે તે યુક્તિ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થવી તે સંકલ્પત્યાગ કહેવાય છે.[૫] અનુભવમાં આવી ગયેલી બાબતનું અને નહિ અનુભવાયેલી બાબતનું એમ બે રીતે સ્મરણ થાય છે. કોઇપણ રીતે જે કાંઇ સ્મરણ થાય તે સંકલ્પજ છે એમ તમે સમજો. અને કોઇ બાબતનું કાંઇ પણ સ્મરણજ ન થવું તે (મોક્ષસાધક હોવાથી) કલ્યાણકારક છે એમ વિવેકીઓ સમજે છે.[૬] હે મહાબુદ્ધિશાલી રામચંદ્રજી! અનુભવમાં આવેલા વિષયોની અને નહિ અનુભવાયેલા વિષયોની એ બન્ને જાતની સ્મૃતિનો અને બીજીપણ સર્વ ચિત્તવૃત્તિઓનો ત્યાગ કરી ચિત્તનિરોધદ્વારા પરબ્રહ્મમાં લીન થઇ જઇ કાષ્ઠની પેઠે તમે નિશ્ચલ રહી લાંબું આયુષ્ય ભોગવો.[૭] ચિત્તમાંથી સર્વ પદાર્થમાત્રના સ્મરણરૂપ સંકલ્પને છોડી દઈ, પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલાં અને પૂર્વના અભ્યાસનેલીધે યથોચિત રીતે કરવામાં આવતાં કર્મોમાં અર્ધ નિદ્રામાં પડેલા બાળકની ચેષ્ટાનીપેઠે (નિઃસંકલ્પપણાથી) તમે પ્રવૃત્તિમાન થઈ રહો.[૮] હે નિષ્પાપ રામચંદ્રજી! જેમ કુંભારનો ચાકડો સંકલ્પરહિતપણાથી વેગવડે ફર્યા કરે છે તેજ રીતે તમે પ્રારબ્ધના સંસ્કારને અધીન રહી નિઃસંકલ્પપણે કર્મમાં પ્રવૃત્ત રહો.[૯] મલિનવાસનાવાળું ચિત્તજ જેનું નષ્ટ થઇ ગયું છે એવા તમેં વાસના વગરનું મન કે જેને વિવેકી પુરુષો સત્વ એવા નામથી કહે છે તેના શુભ સંસ્કારોને અનુસરી પોતાના પ્રવાહપતિત કાર્યોમાં ચેષ્ટા કરો.[૧૦] હું ઊંચા હાથ કરી પોકારૂં છું કે અસંકલ્પ પરમ કલ્યાણરૂપ છે તેને શામાટે અંદર દૃઢ રીતે ધારણ કરતા નથી? પરંતુ મારી એ વાત કોઇ સાંભળતું નથી.[૧૧] અહો! મોહનું માહાત્મ્ય કેવું બલવત્તર છે કે સર્વ દુઃખોની નિવૃત્તિ કરવાવાળો વિચાર નામનો ચિંતામણિ હૃદયમાં રહ્યા છતાં મનુષ્યો તેનો પરિત્યાગ કરે છે.[૧૨] ચિત્તમાં કોઈપણ જાતની વૃત્તિને સ્ફુરવા ન દેવી તે અર્થાત્ દૃશ્ય-દર્શન આદિથી રહિત શુદ્ધ આત્મતત્ત્વજ મુખ્ય અસંકલ્પ કહેવાય છે માટે તન્મય (આત્મમયજ) થઇ રહેવું, માત્ર એટલુંજ પરમ કલ્યાણકારક છે. આ વાતની પ્રતીતિમાટે પોતાની મેળેજ અનુભવ કરી જોવાનો છે.[૧૩] હે રામચંદ્રજી! સંકલ્પરહિત સ્થિતિમાં રહેવાથી એવું ઉત્કૃષ્ટ પરમપદ પ્રાપ્ત થાય છે કે જ્યાં પરમ સામ્રાજ્ય પણ એક સાધારણ તૃણના જેવું અતિતુચ્છ ભાસે છે.[૧૪] માત્ર જવાના પ્રદેશ તરફજ લક્ષ્ય રાખનારા પથિકના પગમાં જેમ સંકલ્પવિના સ્વાભાવિક રીતેજ ક્રિયા થયા કરે છે તે પ્રમાણે તમે પોતાનાં કૃત્યોમાં નિઃસંકલ્પ રીતે પ્રારબ્ધાનુસાર પ્રવૃત્તિ રાખો.[૧૫] સૂતેલાં મનુષ્યનીપેઠે સર્વ કર્મમાત્રના ફળની તૃષ્ણાને સંપૂર્ણ રીતે છોડી દઇ પ્રવાહપતિત કાર્યમાં સંકલ્પવિનાજ તમે ચેષ્ટા કરો.[૧૬] જેમ પોતાની મેળે (જડ હોવાથી) ચેષ્ટા વગરનું કોમલ ઘાસ વાયુ આદિના પ્રવાહમાં તણાઈ ક્રિયાવાન થાય તેમ તમે પણ પ્રવાહપતિત (પ્રારબ્ધયોગે એની મેળે પ્રાપ્ત થયેલ) કાર્યોમાં સંકલ્પ કર્યાવિના અને સુખદુઃખની ભાવના કર્યાવિનાજ પ્રવૃત્તિમાન રહો. કેમ જાણે બીજાને કૌતુક ઉપજાવવામાટે નૃત્ય કરતો હોય તેમ દેખાતો લાકડાંની પૂતળીનો યંત્ર પોતે અંદર વાસનારહિત અને શૃંગાર આદિ રસની ભાવના વિનાનો છતાં ક્રિયા કર્યે જાય છે, તેમ તમને પણ બહાર યથોચિત રીતે કર્મ કરતાં છતાં અંદરથી તેમાં 'આ સંપૂર્ણ રીતે ખરેખર સુખરૂપજ છે' એવી ભાવના ન થાઓ.[૧૮] આકાર માત્રવડે દેખવામાં આવતી લતાઓ હેમંતઋતુમાં જેમ નીરસ જણાય તેમ આકારમાત્રવડે દેખવામાં આવતા ઇંદ્રિયોના સર્વ વિષયો તમને નીરસજ ભાસો.[૧૯] અન્નમય આદિ પાંચ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કોશો એ સહિત ચિદાભાસની સત્તા કે જે જ્ઞાન-રૂપી સૂર્યવડે વાસનારૂપી રસ ખેંચાઈ જવાથી નીરસ થઈ ગયેલ છે તેવડે તમે ચેષ્ટા કરતા રહી, વેલથી વીંટાઇ રહેલ વૃક્ષ જેમ શિશિર-ઋતુમાં નીરસ થઈ જાય તેમ અંદર નીરસ (વાસના રહિત) થઇ જઇ યંત્રની ચેષ્ટાના જેવા સંકલ્પરહિત ચેષ્ટા કરનારા થઇ રહો.[૨૦] હેમંત-ઋતુ જેમ વૃક્ષોને બહારના જળની પુષ્ટિ નહિ મળતાં પણ અંદરના રસથીજ નભાવે છે તેમ તમે જ્ઞે કે ઇંદ્રિયો સ્વભાવેજ બહારના વિષયોનો રસ લેવામાં પ્રવૃત્ત હોય છે તોપણ તે ઇંદ્રિયોને રોકી રાખી સર્વ આનંદની સીમારૂપ આત્મચૈતન્યજ જેના જીવિતનું સાધન છે એવાં (આત્માકાર) બનાવી દઇ તેનું ધારણ કરો.[૨૧] તમે કર્મ કરો અથવા ન કરો પરંતુ જ્યાંસુધી તમારી ઇંદ્રિયોની વૃત્તિઓ વિષયરસમાં વાસનાવાળી હશે, ત્યાંસુધી આ સંસારના જન્મ-જરા-મરણઆદિ અનર્થોનો સથવારો કદીપણ નિવૃત્ત થવાનો નથી.[૨૨] જેમ પવનના અગ્નિની જ્વાલાની અને જળની ક્રિયા સંકલ્પ રહિતજ થયા કરે છે તેમ તમે પણ સંકલ્પરહિત થઇ કર્મ કરતા રહેશો તો અંતરહિત મોક્ષરૂપ પરમ કલ્યાણને મેળવવા સમર્થ થશો.[૨૩] જન્મરૂપી જ્વરને નિવારણ કરનારૂં એજ પરમ (ખરૂં) ધૈર્ય છે કે જે વાસનારહિત થઈ, પોતાનાં કૃત્યો કર્યા કરવાનો અભ્યાસ પાડવો.[૨૪] વાસના અને સંકલ્પથી રહિત થઈ યથાપ્રાપ્ત વ્યવહારને સ્વીકારી લઇ, ચાક ઉપર ફરનાર ઘટાદિકની પેઠે ધીરે ધીરે ઉપરામ પામતા જઇ, તમે પોતાના કર્મોમાં પ્રવૃત્તિ રાખો.[૨૫] તમે કર્મના ફળમાં આસક્તબુદ્ધિવાળા ન થાઓ, તેમજ કર્મનો ત્યાગ કરવામાં પણ 'આથી અમુક ફળ મળવાનું છે' એવી તમને તેમાં આસક્તિ ન થાઓ. એ આસક્તિને કિંવા ફલાભિલાષને છોડી દેતાં કર્મ કરવાં કે તેનો ત્યાગ કરવો એ બન્ને વાતનો તમે અંગીકાર કરો અથવા ત્યાગ કરો એ બેય સરખુંજ છે.[૨૬] અહીં વિશેષ કહેવાથી શું પ્રયોજન છે? સંક્ષેપમાં માત્ર એટલુંજ કહેવાનું છે કે સંકલ્પ થવો તે મનને બંધનમાં નાખનાર છે અને સંકલ્પ ન થવો તે મુક્તપણું છે.[૨૭] અહીં કોઇ કાળે કે કોઇ સ્થળે કાંઈ કરવાનું કે ત્યાગ કરવાનું છે નહિ. સર્વ જન્મરહિત, શાંત અને અનંત પરબ્રહ્મરૂપજ છે માટે યથાસ્થિતપણાથી તમે રહો.[૨૮] કર્મને વિષે નિષ્ક્રિય બ્રહ્મભાવને અને નિષ્ક્રિય બ્રહ્મભાવવડે સ્થિતિ કરવામાં અવશ્ય કર્ત્તવ્યતાને જોઇ લઇ, યથાસ્થિત સર્વ પદાર્થમય એક ચિદાત્મારૂપે થઇ રહી તમે ભલે જેમ સુખ આવે તેમ શાંતપણે રહો.[૨૯] કોઇપણ જાતનો સંકલ્પજ ન થવા દેવો તેને વિદ્વાનો યોગ કહે છે, કે જે સ્વાભાવિક રીતેજ ચિત્તનો ક્ષય કરનાર છે. માટે તમે અત્યંત તન્મય થઈ જઈ જેવા હમણા છો તેવાજ ભલે રહો.[૩૦] સર્વત્ર સમાન રીતે રહેલ, શાંત, સુખરૂપ, સૂક્ષ્મ, દ્વિત્વ-એકત્વ આદિભાવથી રહિત, સર્વવ્યાપિ, અનંત અને શુદ્ધ પરબ્રહ્મમાં શું અને શાથી ખેદ પામવાનું છે? કાંઈ નથી.[૩૧] જેમ મરુભૂમિમાં (જળ ન હોવાને લીધે) અંકુરજ થતો નથી તેમ તમારામાં સંકલ્પનો ઉદયજ ન થાઓ અને જેમ પાષણના અંદરના નક્કર ભાગમાં લતા નથી ઉગતી તેમ તમારામાં ઇચ્છાનો આવિર્ભાવ ન થાઓ.[૩૨] જે પુરુષ સંકલ્પરહિત શાંત બ્રહ્મરૂપજ છે તે જીવતો હોય ત્યારે કિંવા વિદેહ મુક્ત થાય ત્યારે પણ તેને લૌકિક વૈદિક કર્મ કરવાથી કે ન કરવાથી આલોક સંબંધી કે પરલોક સંબંધી કશું પ્રયોજન રહેતું નથી.[૩૩] કેમકે તમે કે જે નિરંતર આત્મદૃષ્ટિએ સર્વત્ર અભેદરૂપે રહ્યા છો અને [illegible] બાધની અવધિ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

રૂપ તથા આત્મરૂપ છો, તે યદ્યપિ પ્રાતિભાસિક કર્મરૂપે પ્રતીતિમાં આવો છો, પરંતુ વસ્તુતાએ તમારામાં કર્મપણું છે નહિ. તેવીજ રીતે તમે માત્ર આભાસરૂપે કર્ત્તા દેખાઓ છો, પરંતુ તમારામાં વાસ્તવિક દૃષ્ટિએ કર્ત્તાપણું નથી.[૩૪] દેહાદિકમાં 'આ હું અને આ મારૂં' એવો સંકલ્પ જ્યાંસુધી સ્ફુર્યા કરશે ત્યાંસુધી તમે કદીપણ આ સંસારરૂપી દુઃખથી મુક્ત થવાના નથી. તથા 'આ હું અને આ મારૂં' એવા સંકલ્પથી રહિત થશો તો એ દુઃખથી મુક્ત થઇ જશો. હવે આ બન્ને વાતમાં જે તમારા મનમાં રૂચતી હોય તેનો તમે આશ્રય કરો.[૩૫] હું અને મારૂં એવું, તત્ત્વદૃષ્ટિથી જોતાં કાંઈ છે નહિ અને જે કાંઇ છે તે સર્વ પરિપૂર્ણ રીતે પરમાત્મારૂપજ છે. એ પરમ શિવથી વળી જુદું આ દૃશ્યરૂપ જગત ભાસે છે તે તો અનિર્વચનીય છે.[૩૬] જે કાંઇક (અનિર્વચનીય રીતે) આ જગત દેખાય છે તે ખરેખર પરમાત્માથી જુદી સત્તાવળું નહિ છતાં જેમ સુવર્ણનું બાજુબંધપણું ભાસે તેમ જુદું ભાસે છે, એ જગતનું અધિષ્ઠાન એટલે જેમાં એ જગત સ્વપ્ન-ઇંદ્રજાલ આદિની પેઠે કલ્પાયેલું છે, તે તત્ત્વજ સત્ય છે, દૃશ્ય-દર્શનઆદિથી રહિત છે અને પરમાર્થરૂપે છેવટ એજ અવશેષ રહે છે.[૩૭]

यद्दृश्यतेजगदिदंखलु किंचिदेतद्धेम्नोंऽगदत्वमिव भाति न विद्यमानम् ॥ अस्य क्षयं विदुरवेदनमेव पश्चात्सत्यं तदेव परमार्थमथावशिष्टम् ॥ ३७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ઇચ્છાદિચિકિત્સાયોગોપદેશ' એ નામનો પહેલો સર્ગ સંપૂર્ણ. ૧

सर्ग २ जो.*

જગતનું બ્રહ્મમયપણું અને કર્મબીજનાશ.

॥ श्रीवासिष्ठ उवाच ॥

अद्वैतैक्यं विमननं शांतमात्मन्यवस्थितम् ॥ यथा पंकमयं सैन्यं तथा शिवमयं जगत् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે.—આ જગત દ્વિત્વ-એકત્વ આદિથી રહિત, નિઃસંકલ્પ અને શાંત પરમાત્મારૂપેજ પોતાના પારમાર્થિક સ્વરૂપમાં રહેલ છે. જેમ ગારામાંથી બનાવેલી સેના (રમકડાં) ગારારૂપજ છે, તેમ પરમાત્મામાં કલ્પાયેલ આ જગત પણ પરમાત્મારૂપજ છે.[૧] કાલ, આકાર, ક્રિયા, નામ, શક્તિ અને રચના એ સર્વે સહિત મન, અહંકાર અને બુદ્ધિ આદિ ચિત્ત એ પરમાત્મારૂપજ છે.[૨] બહાર રૂપ આદિ વિષયોનો અનુભવ થવો તે, અને મનની અંદર વિકલ્પો થવા તથા ગ્રહણ કરવું અને છોડી દેવું એ આદિ માનસિક ક્રમો, એ સર્વ પરમાત્મારૂપી પંકમયજ (ગારાનું) છે. દૃષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીરૂપે પરમાત્માજ પ્રતીતિમાં આવતા હોવાથી સઘળું તેરૂપ છે અને અનંત છે માટે કોણ કોને પ્રકાશ કરે ?[૩] પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ વગેરેનું તથા દેશ અને કાલનું, દિશા આદિનું, તેમજ દૃશ્ય પદાર્થનો ભાવ-અભાવરૂપે વિવિધ પ્રકારે ભાસ થયા કરવો એ આદિ સર્વનું તાત્ત્વિક સ્વરૂપ પરમાત્મારૂપી પંકમયજ છે.[૪] માટે હું અને મારૂં જેની સત્તાથી તથા જેના વિશાલ સ્વરૂપમાં પ્રતીતિમાં આવે છે તે પરમેશ્વરજ સર્વના સારરૂપ છે તે વિના બીજું કશું સારરૂપ નથી તેથી તમે કોઇ વિષયમાં આસક્તિવડે બુદ્ધિને નહિ બાંધતાં

* આ બીજા સર્ગમાં આખા આ જગતની પ્રથમ બ્રહ્મમયતા બતાવવામાં આવશે અને કર્મના બીજનો શોધ કરી મૂલસહિત તેનું નિવારણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શિલાના ઉદરની અંદર જેમ મન-વાણી આદિનું ચેષ્ટા રહિતપણું હોય તેમ નિઃસંકલ્પ અને મન-વાણી આદિની ચેષ્ટા રહિત થઈ રહો.[૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહાસમર્થ ગુરુમહારાજ ! હું અને મારૂં એવું અભિમાન કે જેનું મૂલ રૂપ તપાસીએ તો સાવ મિથ્યાજ છે તેને ત્યાગ કરનાર જ્ઞાનવાન પુરુષનું કર્મનો ત્યાગ કરવાથી શું અશુભ થાય અને કર્મોનું અનુષ્ઠાન કરવાથી શું શુભ થાય ?[૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે નિષ્પાપ રામચંદ્રજી ! હું તમને પૂછું છું તે યથાર્થ રીતે તમે જે જાણતા હો તો કહો કે વાસ્તવિક રીતે પ્રથમ કર્મજ શું વસ્તુ છે, એ કમનો વિસ્તાર કેવો છે, તેનું મૂલ શું છે, તેમાં નાશ કરવાનું શું છે અને શી રીતે નિપુણતાવડે તે નાશ કરી શકાય ?[૭,૮]

શ્રીરામચંદ્રજી કહે છે.—હે મહારાજ ! જે કાંઈ નાશ કરવાનું હોય તેને મૂલમાંથીજ ઉખેડી નાખવામાં આવે તોજ તેનો નાશ થઇ શકે છે. બાકી ઉપરના શાખા આદિ ભાગને કાપી નાખવાથી (નિર્મૂલ નહિ થવાને લીધે) તેનો નાશ થઇ શકતો નથી.[૯] બુદ્ધિમાન્ પુરુષે પોતાનું પુણ્યપાપરૂપી શુભાશુભ કર્મજ નાશ કરવાનું છે અને તે તેના મૂલને ધસીધસી ઉખેડી નાખવાથી સંપૂર્ણ રીતે નાશ થાય છે.[૧૦] હે મહારાજ ! એ કર્મરૂપી વૃક્ષનાં મૂલો હું તમને કહેવા ધારૂં છું તે તમે સાંભળો, કે જે મૂલોને ઉખેડી નાખવાથી નિર્મૂલ થઈ ગયેલ એ કર્મરૂપી વૃક્ષ ફરીને ઉગતું જ નથી.[૧૧] હે મહામુનિ ! વિચિત્ર પ્રકારના અવયવોરૂપી લતાઓવડે સુશોભિત આ દેહજ પ્રાચીન કર્મરૂપી બીજમાંથી વૃક્ષરૂપે ઉત્પન્ન થયો છે અને સંસારરૂપી અરણ્યમાં સજ્જડ મૂળ નાખી રહેલો છે.[૧૨] સુખદુઃખરૂપી ફલોની પંક્તિવાળો, ક્ષણમાત્ર તરુણતાને લીધે મનોહર લાગતા, વૃદ્ધાવસ્થારૂપી પુષ્પના વિકાસવાળા, પ્રત્યેક મુહૂર્તે કાલરૂપી ઉગ્ર વાંદરાએ નિર્માલ્ય કરી નાખેલી આકૃતિને ધારણ કરનારા, નિદ્રારૂપી હેમંતઋતુની અંદર સ્વપ્નરૂપ પાંદડાંઓના બહાર નીકળનારા, નવીન અંકુરોને સંકોચી રાખનાર, પોતાના ઘડપણરૂપી શરદ્ઋતુના જેવા શિશિરઋતુના અંતમાં ખરી પડેલ શાંત અને શિથિલ થઇ ગયેલ ચેષ્ટાઓરૂપી પલ્લવસમૂહવાળા, આ જગતરૂપી જંગલમાં ઉત્પન્ન થયેલ, અને પોતાની ચોતરફ ફેલાયેલ ભાર્યા આદિ પોષ્યવર્ગરૂપી અનેક બાલતૃણોનાં જુથોવડે વ્યાપ્ત એવા આ દેહરૂપી વૃક્ષનું પ્રારબ્ધરૂપી પ્રાક્તનકર્મ એજ બીજ છે. રાતા હાથ-પગના કોમળ પૃષ્ઠભાગ, જીહ્વા, હોઠ, કાન, એ આદિ તેના રક્તપલ્લવરૂપી અવયવો છે. સારી રેખાઓવાળાં નાનાં અને સરખા આકારવાળાં હાથ-પગનાં તળીયાં એ તેનાં ચંચળ પાંદડાંઓ છે.[૧૩-૧૬] સુંવાળા આકારવાળી, અંદર સ્નાયુ અને આસ્થવડે ભરેલ હોવાથી મનોહર દેખાતી, કોમળ અને રાતી આંગળીઓ એજ તે દેહરૂપી વૃક્ષના પવનવડે કંપાયમાન અને રેશાવાળાં રાતાં બાળપલ્લવ છે.[૧૭] કોમલ અને સુંવાળી છતાં તીક્ષ્ણ અગ્રભાગવાળી, સરખા આકારને ધારણ કરનારી, ઉતાર્યા છતાં પાછી વારંવાર ઉગી આવતી અને બીજના ચંદ્રમાની કલાના જેવા આકારવાળી નખોની પંક્તિઓજ આ દેહ-વૃક્ષની કલિકારૂપ છે.[૧૮] એ રીતે પ્રારબ્ધકર્મ કે જે આ દેહરૂપે વિકસિત થઇ રહેલ છે તેનું મૂલ કર્મેંદ્રિયોજ છે કે જે (કામઆદિ સર્પવડે વ્યાપ્ત હોવાથી) દૂષણવાળી ગાંઠોવડે કઠોર, દૃઢ અસ્થિરૂપી ગાંઠોથી સંકળાયેલી, નાડીઓમાં ભરાયેલા અન્ન રસરૂપી ગારામાં લદબદ થઈ રહેલી, વાસનારૂપી રસ પીવાથી પુષ્ટ, અને પોતાના સ્થાનમાં રસરક્ત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિને ધારણ કરી રહેલી છે.[૧૯-૨૦] એ કર્મેંદ્રિયોમાં ચરણેંદ્રિય ધુંટીઓવાળી, સુંદર, ત્વચાથી સુશોભિત, દૃઢ અંગવાળી અને કોમળ છે. એ કર્મેંદ્રિયનું પણ જ્ઞાનેંદ્રિય એજ મૂળ છે[૨૧] અને એ જ્ઞાનેંદ્રિયો બહાર છેટે જઇને પણ વિષયોનો અનુભવ કરી શકે તેવી, નેત્રગોલક આદિ પોતપોતાનાં પાંચ સ્થાનોમાં રહેલી, વાસનારૂપ ગારામાં લદબદ થઇ રહેલી, રસથી ભરપૂર અને બહુ બળવાન છે.[૨૨] એ જ્ઞાનેંદ્રિયોનું પણ, ત્રણ જગતમાં વ્યાપ્ત થઇ રહેલું અને મોટા સ્તંભનીપેઠે સર્વના આધારરૂપ મનજ મૂલ છે કે જે પાંચ ઇંદ્રિયોના દ્વારરૂપે રહેલી નાડીઓવડે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ આદિ વિષયરૂપી અનંત રસને પ્રથમ અંદર ખેંચી લઇ ઉપભોગ કર્યા પછી મૂકી દે છે.[૨૩] એ ચિત્તનું મૂલ જીવ છે કે જેનું સ્વરૂપ લિંગદેહઆદિ દૃશ્ય પદાર્થમાં ચિદાભાસરૂપે પ્રતિબિંબિત થયેલ ચેતનજ છે. તેમાં લિંગદેહઆદિ દૃક્ય પદાર્થરૂપ જડ અંશનું મૂળ સર્વના એક મૂલકારણરૂપ અવિદ્યામાં પ્રતિબિંબિત થયેલ ચેતન છે.[૨૪] અને ચિદાભાસરૂપ ચેતન અંશનું મૂળ બ્રહ્મચૈતન્ય છે, એ બ્રહ્મ ચૈતન્યનું બીજું કાંઈ પણ મૂળ નથી કેમકે તે અવર્ણનીય (જેનું વિવેચન ન કરી શકાય તેવું), અનંત, શુદ્ધ, અને સત્યરૂપ છે. એ રીતે સર્વ કર્મમાત્રનું મુખ્ય બીજ જીવ–ચૈતન્ય છે કે જેનેલીધે અંદર અહંકાર આદિમાં આત્મબુદ્ધિ થઇ 'હું કર્ત્તા છું' એવો સંકલ્પ સ્ફુરી પછી ક્રિયા થવા માંડે છે.[૨૫,૨૬] હે મહારાજ ! કર્મનું મુખ્ય બીજ જીવચૈતન્યજ છે. જીવપણું હોય તોજ મોટી શાખાઓવાળો આ દેહરૂપ શાલ્મલિ વૃક્ષ ઉગી નીકળે છે.[૨૭] જીવચૈતન્ય અહંકારઆદિમાં મળી જઈ તેમાં આત્મરૂપતા માની લઇ અનાદિ અવિદ્યાના સંસ્કારથી ઉઠેલી "હું અમુકરૂપ છું અને કર્ત્તા છું" એવી નામરૂપવાળી ભાવનાવડે જો વિટાઇ જાય તો કર્મના બીજરૂપ થાય છે અને જો તેમ ન બને એટલે પોતાના શુદ્ધ સ્વરૂપનેજ ઓળખી લે તો તે પોતેજ પરમપદરૂપ છે.[૨૮] જીવ પોતે વસ્તુતાએ ચિદ્રૂપ છતાં 'હું કર્ત્તા છું અને મારાં અમુક નામરૂપ છે' એવી નામરૂપવાળી ભાવનાવડે વિટાઇ જાય તો તે ભાવનાજ કર્મના બીજરૂપ બને છે અને જો તેમ ન થાય તો એટલે પોતાનાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય તો તે પોતેજ પરમપદરૂપ છે.[૨૯] માટે દેહાદિકમાં જે અહંકારને આકારે આત્મબુદ્ધિ થવી તેજ કર્મનું કારણ છે. હે મુનિશ્રેષ્ઠ ! આ જે કાંઇ મેં કર્મના મૂલવિષે કહ્યું, તે આપેજ મને કહેલ છે.[૩૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! આ સૂક્ષ્મ ચિદાભાસરૂપ મૂલ બીજમાંથી થનારા કર્મનો, દેહ આદિ ઉપાધિ જ્યાંસુધી રહે ત્યાંસુધી શો ત્યાગ છે અને શું અનુષ્ઠાન છે (તે કહો.)[૩૧] બહાર અને અંદરઃએ જીવચૈતન્ય જેવી જેવી રીતે સ્ફુરે તેવી તેવી રીતે તે પોતેજ દૃશ્યને આકારે બની જાય છે. પછી તે સત્યને આકારે પ્રતીતિમાં આવો કે અસત્યરૂપે જણાઓ પરંતુ તે ભ્રાંતિને ઉત્પન્ન કરી દે છે[૩૨] અને જો એ જીવચૈતન્ય સંકલ્પરૂપી સ્ફુરણથી રહિત થઇ રહે તો તે ભ્રાંતિથી મુક્ત થઇ જાય છે. પછી એ ભ્રમ સાચો હો કે ખોટો હો તેનું કંઇ પ્રયોજન નથી.[૩૩] એ જીવચૈતન્યજ (ઉપાધિનેલીધે) ભ્રાંતિવડે ઉત્પન્ન થયેલાં વાસના, ઇચ્છા, મન, કર્મ, સંકલ્પ ઇત્યાદિ નામરૂપે વિસ્તાર પામે છે.[૩૪] મનુષ્ય ભલે જ્ઞાનવાન હો કિંવા અજ્ઞાની હો પરંતુ જ્યાંસુધી તેનો દેહ રહે ત્યાંસુધી ચિત્તરૂપ ઉપાધિ કે જેમાં ચિદ્રૂપ બિંબનો પ્રતિબિંબ પડી, ચિદાભાસ એવી સંજ્ઞા પડે છે અને જ્યાંસુધી ક્રિયા બને છે તે આ દેહ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપી ઘરમાં રહે છે, તેનો (જીવનપર્યંત) ત્યાગ બનતો નથી.[૩૫] જીવતા પુરુષમાં તેનો ત્યાગ શી રીતે ઘટી શકે ? બાકી યથાપ્રાપ્ત વ્યવહાર કર્યે જતાં 'હું અસંગ, અદ્વિતીય, કૂટસ્થ અને ચિદ્રૂપ છું તથા અકર્ત્તા છું,' એવી રીતે નિશ્ચિય આત્મામાં સ્થિતિ રાખી કર્મનાં નામ અને રૂપ એ બન્નેની ભાવનાજ મનમાં નહિ થવા દેતાં કર્મ અને અકર્મ એ આદિ વિકલ્પોનો પણ ત્યાગ કરી દેવામાં આવે તો તે કર્મત્યાગ કે ચિત્તત્યાગ પોતાની મેળેજ થઈ જાય છે. બાકી સ્થૂલ દૃષ્ટિએ તો કર્મનો ત્યાગ સંભવતોજ નથી છતાં જે કર્મ કરવાની નિયમિત રીતિનો ત્યાગ કરે છે તેણે (કર્મત્યાગ અશક્યજ હોવાથી) કશું કર્યુંજ નથી. અથવા સ્થૂલ દૃષ્ટિએ કર્મનો ત્યાગ અસંભવિત છે માટે કર્મ કરતાં છતાં પણ તે અમુક રીતે કરવું એ આદિ સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરી નિઃસંકલ્પપણાથી કરવામાં આવે તો તેણે તે કાંઇ (કર્મ) કરેલજ નથી. બાકી જ્ઞાનવડે આ જે કાંઈ દૃશ્યની ભ્રાંતિ દેખાય છે તે સર્વનું તત્ત્વજ્ઞાનવડે મિથ્યાપણું સમજાઈ જઇ બાધ થઈ જતાં જગતનો અત્યંત અભાવ અનુભવમાં આવે તેજ એ જગતનો, તેમાં રહેલાં ચિત્તનો અને કર્મનો ખરો ત્યાગ છે, કે જેમાં આત્માનું અસંગપણું અનુભવાતાં એની મેળે મોક્ષ મળે છે. જો કાંઇ લિંગદેહઆદિ દૃશ્ય હોય તોજ તેમાં જીવચૈતન્યનો પ્રતિબિંબ પડતાં ચિદાભાસ થાય. પરંતુ ઠેઠ સૃષ્ટિના આરંભકાળથી તત્ત્વદૃષ્ટિએ જોતાં લિંગદેહઆદિ દૃશ્ય ઉત્પન્નજ થયેલ નથી અને છેજ નહિ તો પછી કોનો કોનામાં પ્રતિબિંબ પડે અને ચિદાભાસ થાય ? એ જીવચૈતન્યના ચિદાભાસપણાને એટલે લિંગદેહઆદિ દૃશ્યમાં પડેલા તે ચેતનના પ્રતિબિંબભાવને મિથ્યા સમજી મૂકી દેતાં તો તેનું જે શુદ્ધરૂપ અવશેષ રહે તે ચિદાભાસરૂપ કે કર્મરૂપ નથી, પરંતુ શાંત બ્રહ્મરૂપ છે. એ ચિદાભાસરૂપ જીવચૈતન્ય કર્મરૂપ કહેવાય છે, કેમકે જલાદિકમાં પ્રતિબિંબિત થયેલા આકાશનીપેઠે એ ચિદાભાસજ બુદ્ધિ આદિમાં પ્રતિબિંબિત થઇ કર્મોને વિસ્તારી રહેલ છે, માટે અનુભવી પુરુષો એ ચિદાભાસ રહિત દશાને મોક્ષરૂપ સમજે છે અને તેઓની વિવેકી શિષ્યપ્રત્યે તેવીજ ઉપદેશવાણી છે. કર્મનો સાવ ત્યાગ દેહ રહે ત્યાંસુધી (જ્ઞાનવિના બીજી રીતે) સંભવતો નથી.[૩૬-૪૨] જે લોકોને કર્મમાર્ગજ અભીષ્ટ છે તેઓ તો તેના મૂળને છોડતા નથી. વાસનારૂપે રહેલા ચિત્તમાં જીવચૈતન્યની ચિદાભાસરૂપે સ્થિતિ થવી તેજ પોતાનાં કર્મોનું મૂળ છે.[૪૩] તે દેહ રહે ત્યાંસુધી જ્ઞાનવિના બીજી રીતે નિવૃત્ત કરી શકાતી નથી. હે રામચંદ્રજી ! એ ચિદાભાસ રૂપ જીવચૈતન્ય અંદર બીજાં પણ કામવાસના આદિ અનેક કર્મોનાં મૂળોને ઉત્પન્ન કરે છે, છતાં (જ્ઞાનવડે) મોક્ષાધિકારી હોવાથી કેટલીક રીતે તે શ્રેષ્ઠ છે.[૪૪] જે પુરુષ એ ચિદાભાસરૂપ સૂક્ષ્મ જીવભાવને તેના મૂળકારણરૂપ અજ્ઞાનસહિત પોતાના પુરુષપ્રયત્નવડે તત્ત્વજ્ઞાન મેળવી નિવૃત્ત કરી દે તે પુરુષ એ ચિદાભાસને લીધેજ પ્રતીતિમાં આવતી આ દૃશ્ય-દર્શનરૂપ ભ્રાંતિને પણ તે સર્વના મૂળરૂપ અજ્ઞાનસહિત પોતાના યત્નથીજ છેદી નાખે છે અને તેવા પુરુષથીજ આ સંસારરૂપી વૃક્ષ મૂળમાંથી ઉખેડી નંખાય છે.[૪૫,૪૬] ચિદાભાસવિનાનુ અદ્વિતીય, એક, અને સર્વ દૃશ્યપદાર્થથી રહિત એ પરમ આકાશ બ્રહ્મરૂપ છે અને તે આકાશનીપેઠે અસંગ હોવાથી નિર્વિકાર છે તથા એ બ્રહ્મનેજ બ્રહ્મવેત્તાપુરુષો આપણાં સર્વ જીવચૈતન્યોનુ નિર્માથ રૂપ કહે છે.[૪૭]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

अचेतनाकाशमनन्यदेकं तदेवमस्ति त्विदमर्थ-
हीनम् ॥ तद्व्योमरूपं यत एतदेवं निरामयं
चेतनसारमाहुः ॥ ४७ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'कर्मबीजदाहयोगो-पदेश' એ नामनो બીજો सर्ग સંપૂર્ણ. ૨

सर्ग ३ जो.*

शुद्धतत्त्व જાણવાનો ઉપાય

॥ राम उवाच ॥

अवेदनं वेदनस्य मुनींद्रः क्रियते कथम् ॥
नासतो विद्यते भावो नाभावो विद्यते सतः॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જો વાસ્તવિક રીતે ચિદાભાસ એવી કાંઈ વસ્તુ હોય તો પછી તેનો અભાવ શી રીતે કરી શકાય ? કેમ કે અસત્યપદાર્થની સત્તા અને સત્ય પદાર્થનો અભાવ કદી પણ હોઇ શકતો નથી.[૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્યારે અસત્ પદાર્થની સત્તા અને સત્ પદાર્થનો અભાવ નથી હોતો ત્યારે તો ચિદાભાસ કે જે મિથ્યારૂપે પ્રતીતિમાં આવે છે તેનો અભાવ સહેલાઇથીજ પોતાની મેળે સિદ્ધ થાય છે.[૨] ચિદાભાસનાં નામ અને રૂપ એ બન્ને રજ્જુમાં થયેલી સર્પની ભ્રાંતિનીપેઠે માત્ર ભ્રાંતિરૂપજ છે અને ઝાંઝવાના જળનીપેઠે તે મિથ્યારૂપજ પ્રતીતિમાં આવે છે એમ તમે સમજો.[૩] એ ચિદાભાસનાં નામ અને રૂપની પ્રતીતિજ ન થવી તે અતિ શ્રેષ્ઠ છે, અને તેના નામરૂપની પ્રતીતિ થવી તે મહાદુઃખકારક છે, માટે હે રામચંદ્રજી ! તમે પરબ્રહ્મ કે જે સત્યરૂપ છે તેનેજ આત્મરૂપે સમજો. બાકી દૃષ્ટા દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીમાં અંતર્ગત થઈ રહેલો ચિદાભાસ કે જે (ઝાંઝવાના જળની પેઠે) પ્રતીતિ થયા છતાં સાવ મિથ્યાજ છે, તેને અહંકારવડે આત્મારૂપે ન સમજો.[૪] મનુષ્યને એ ચિદાભાસના દેહાદિકમાં અહંકારરૂપે અમુક નામરૂપજ જણાવાં અને તેમાં આત્મબુદ્ધિ થવી એજ દુઃખકારક છે માટે જ્ઞાનવડે એ ચિદાભાસનાં નામ અને રૂપ એ બન્નેને તેના મૂલરૂપ અજ્ઞાન સુદ્ધાં મિથ્યા સમજી તેમાં આત્મબુદ્ધિ નહિ કરતાં તમે સુખેથી યથાસ્થિતપણે રહો.[૫] વ્યવહારકાલ કે જેમાં દૃષ્ટા, દર્શન અને દૃશ્ય એવી ત્રિપુટીની પ્રતીતિ થાય છે, તેમાં પણ વ્યવહારમાં દેખાતા એ ચિદાભાસનાં નામ અને રૂપ એ બન્નેનાથી જુદું જ તે સર્વના સાક્ષીરૂપ શુદ્ધ ચૈતન્ય છે કે જે સર્વ પદાર્થમાત્રને રૂપે પ્રતીતિમાં આવે છે તેને, શબ્દમાત્રને તેનું મૂળ હોવાથી ધારણ કરી રહેલા પ્રણવવડે લક્ષ્યરૂપે સમજી એજ સર્વના આત્મરૂપ છે અને તેથીજ મોક્ષ મળવાનો છે એમ ધારી તમે કાંઈ વિક્ષેપ નહિ પામતાં યોગ્ય વ્યવહાર કરો.[૬] વિવેકીપુરુષે પોતાનું પુણ્ય-પાપરૂપી શુભાશુભ કર્મ નાશ કરવું જોઇએ, અને તે વાત(આત્મતત્ત્વ સિવાય બીજું સર્વ મિથ્યા હોવાથી) 'તે છેજ નહિ' એવું તત્ત્વજ્ઞાનવડે જણાયાથી થાય છે.[૭] ચિદાભાસમાં થયેલી આત્મબુદ્ધિ કે જે કર્મના મૂલરૂપ છે તેને શુદ્ધ સાક્ષીચૈતન્યમાં આત્મબુદ્ધિ લાવી નિવૃત્ત કરવાથી આ સંસાર શાંત થઈ જાયછે. સારી રીતે વિચાર કરતાં અને શોધ કરતાં પણ તત્ત્વદૃષ્ટિએ જોતા મૂલફળ-શાખા-પત્ર-પુષ્પ-આદિ સહિત એ કર્મજ જોવામાં આવતું નથી.[૮] જેમ બીલાંની મજ્જા પોતાની અંદર જે કાંઇ બીજ આદિ ઉત્પન્ન કરે તે બીલાંથી જરા પણ જુદું પડી શકતું નથી તે પ્રમાણે એ ચિદ્રૂપ આત્મા પોતાનામાં ક્રિયાકારકઆદિ ત્રિપુટી-

* આ ત્રીજા સર્ગમાં જે રીતે દૃશ્યની ભ્રાંતિ નિવૃત્ત થઇ જઇ વિવેકવાન પુરુષને નિર્વિકલ્પ અને નિષ્ક્રિય અદ્વિતીયનું જ્ઞાન થાય તેનો ઉપાય બતાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વાળી ચિત્ત એવી સંજ્ઞા ઉત્પન્ન કરે તેનાથી જરા પણ જુદી પડી શકતી નથી.[૯] જેમ ભૂલોકની અંદર રહેલો આ જંબુદ્વીપ ભૂલોકથી (પૃથ્વીથી) જુદો પડી શકતો નથી તેમ ચિદ્રૂપ પરમાત્મામાં રહેલ આકાશ અને તેની અંદર રહેલા જગતના પદાર્થો ઇત્યાદિ કંઇ પણ પરમાત્માથી જુદું પડી શકતું નથી.[૧૦] જેમ જલ છે તે પોતે અંદર દ્રવરૂપ પણ છે. એ દ્રવપણું જલનાથી જુદું નથી તે પ્રમાણે જે ચિદ્રૂપ છે તેજ ચિત્તરૂપ છે. તેનાથી કાંઈ જુદું નથી. કારણ કે ચિત્ અને ચિત્તએ બેય શબ્દ ચિદ્રૂપ અર્થને બતાવનાર 'चिति संज्ञाने' એ એકજ મૂલ ધાતુમાંથી બનેલ હોવાથી એ બન્ને શબ્દનો અર્થ પણ ચિદ્રૂપજ થાય છે.[૧૧] જેમ જલમાં દ્રવપણું અને તેજમાં પ્રકાશ જોવામાં આવે છે તેમ પરબ્રહ્મની અંદર ચિત્પણું અને ચિત્ત એ બન્ને પોતપોતાના તે તે ધર્મોએરહિત (શુદ્ધબ્રહ્મરૂપે) રહેલ છે.[૧૨] चेतयतीति चित् (જે પ્રકાશ કરે તે ચિત્) એવી વ્યુત્પત્તિવડે દૃશ્ય પદાર્થોનો પ્રકાશ કરવો તે ચેતનની ક્રિયા હોય તેમ જણાય છે. પરંતુ ચેતન કે જે તત્ત્વદૃષ્ટિએ કૂટસ્થ (સાક્ષિરૂપ) છે તેમાં એ વાત સાવ નિર્મૂળ છે અને ભ્રાંતિવડે દેખાતા યક્ષની માફક માત્ર મિથ્યાજ ભાસી રહેલ છે. જે હેતુવિના મિથ્યારૂપે ભાસતું હોય તે વસ્તુતાએ હોયજ નહિ.[૧૩] જેમ પવન અને તેનું સ્ફુરણ, એ બન્ને જુદાં નથી તેમ એ ચેતન (ચિદાભાસ) અને તેની ક્રિયા, એ બન્ને હેતુવિનાજ (દિશાભ્રમની પેઠે) પ્રતીતિમાં આવવાથી આત્માથી જુદાં નથી; અને જ્યારે એમ છે ત્યારે પછી બહાર જાગ્રત અવસ્થામાં તથા અંદર સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં જે કાંઈ પદાર્થો જોવામાં આવે છે તે આત્માથી જુદા નથી.[૧૪] આ દેહ કર્મના વિસ્તારરૂપ છે અને તેનું મૂળ જોઇએ તો અહંકાર છે, કે જે જન્મમરણ આદિ સંસારના હેતુરૂપ છે તે, જેમ ચલનરૂપી સ્ફુરણ જતું રહેવાથી વાયુ શાંત થઈ જાય તેમ નિરહંકારતાવડે (હું એવું કાંઇ વસ્તુજ નથી એવી ભાવનાવડે) ચિદાભાસ કે જે કર્મને રૂપે વિસ્તરે છે તેનો અભાવ સમજી જઈ અહંકારરૂપી મૂળનો ઉચ્છેદ કરી નાખવાથી શાંત થઈ જાય છે.[૧૫] તમે કે જે જ્ઞાનસંપન્ન છો તે જ્ઞાનવડે ચિદાભાસનો ઉચ્છેદ કરી નાખી બ્રહ્મભાવરૂપે અંતર્હિત થઇ જઇ પાષાણની પેઠે દૃઢ બની જેમ વરાહ પોતાની દાતરડીવડે મોથ આદિ ઝાડનાં મૂળને ઉખેડી નાખે તેમ તમે સંસારનાં મૂળનેજ ઉખેડી નાખો.[૧૬] હે રામચંદ્રજી ! ઉપર કહ્યા પ્રમાણે કરવાથી કર્મનાં બીજોરૂપી કળાઓના ખજનાનો ત્યાગ થઈ શકે છે, બાકી બીજી રીતે તેનો ત્યાગ સંભવતો નથી. માટે સદા તમારી અંદર રહેલ ચિદાભાસરૂપી કર્મનું મૂળજ શાંત થઇ જાઓ.[૧૭] કર્મનાં બીજોરૂપ કળાઓનો ત્યાગ કરવાથી જીવનું પરબ્રહ્મવિનાનું જે બીજું ચિદાભાસરૂપ, તે તથા તેવડે અનુભવાતો સઘળો દૃશ્ય પ્રપંચ, એ બન્ને જ્ઞાનવડે વસ્તુતઃ છેજ નહિ એમ નિશ્ચય થતાં તત્વજ્ઞાનસંપન્ન અને શાંતિવાળા વિવેકી પુરુષોને કાંઈ ગ્રહણ કરવાનું કે ત્યાગ કરવાનું રહેતુંજ નથી. તેઓ ત્યાગની કે ગ્રહણની વાતને જાણતાજ નથી, તેનેલીધે આકાશના જેવી શૂન્યતાને હૃદયમાં ધારણ કરી શાંત ચિત્તથી તેઓ યથાસ્થિતપણે રહે છે. યથાપ્રાપ્ત વ્યવહાર તેઓ કરે છે છતાં તેમનામાં કર્તાપણાનું અભિમાન ન હોવાથી અને ચિત્તમાં કર્મનો કાંઈ સંસ્કાર નહિ લાગવાથી વાસ્તવિક રીતે તેઓ કશું કરતાજ નથી.[૧૮,૨૦] જેમ નદીના પ્રવાહમાં તણાયેલ તૃણ-કાષ્ઠ આદિ સર્વ પદાર્થ સ્વાભાવિક રીતેજ ગતિરૂપ ક્રિયા કરે છે તે રીતે એ વિવેકી પુરુષોની કર્મેંદ્રિયો પણ મનમાં કાંઇ વિકાર ન થતાં તે જેમ શાંત રહે તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રીતે અર્દ્ધ સૂતેલા બાળકની પેઠે યથાપ્રાપ્ત ક્રિયા કર્યે જાય છે.[૨૧] વિષયવાસનાથી રહિત નિરતિશય આનંદરૂપ પરમાત્માનો અપરોક્ષ અનુભવ થતાં, ભોગો તરફ વળવાના સ્વભાવવાળી અંતઃકરણની અને ઇંદ્રિયોની વૃત્તિઓ રાગથી રહિત થઇ જઇ કેમ જાણે પોતપોતાના વિષયોને પ્રકાશ કરવામાં અસમર્થ હોય તે રીતે અંદર અને બહાર કોઈ પણ જગોએ સ્થિતિ રાખી શકતી નથી.[૨૨] આત્મા સિવાય સર્વ મિથ્યા હોવાથી કર્મ એવી કાંઇ વસ્તુજ નથી એમ જે જાણવું એજ કર્મનો ત્યાગ છે, અને તે જ્ઞાનવડે સિદ્ધ થાય છે; બાકી માત્ર અદ્રષ્ટના યોગથી સ્વાભાવિક રીતે થયા કરનાર દેહ આદિનાં કર્મ કે જે અવસ્તુરૂપ (મિથ્યાજ) છે તે કરવાથી પણ શું છે અને નહિ કરવાથી પણ શું છે ? કાંઈ નથી.[૨૩] દૃશ્યના અભાવપૂર્વક સંકલ્પનું સ્ફુરણજ નહિ થવા દેતાં વાસનાથી રહિત થઇ જઇ અમુક કર્યું કિંવા અમુક ન કર્યું એવાં અનુસંધાનને પણ છોડી દઇ શાંતપણાથી નિર્વિકારપણે સ્થિતિ રાખવી તે કર્મત્યાગ કહેવાય છે.[૨૪] જેમ ઘણો કાળ જતો રહ્યાથી કેટલાંક આગળ બનેલાં કાર્યો ભૂલાઇ જવાય છે તેમ સર્વ દૃશ્યનું પાછું ચિત્તમાં કોઈ દિવસ સ્મરણજ ન ઉઠે તેવી રીતે તેને ભૂલી જઈ સ્તંભના અંદરના ભાગની પેઠે દૃઢતાથી સ્થિતિ રાખવી તે કર્મત્યાગ કહેવાય છે.[૨૫] વ્યર્થ બોધવાળા પુરુષો માત્ર કર્મેંદ્રિયોને રોકી રાખવારૂપી ત્યાગ કે જેમાં એ કર્મોનાં મૂળોનો ત્યાગ થતો નથી તેને આચરે છે. એ પશુના જેવા અજ્ઞાની પુરુષોને તે કર્મત્યાગરૂપી પિશાચિકાજ ખાવા દોડે છે.[૨૬] જે પુરુષો મૂળ સહિત કર્મત્યાગવડે શાંતિને પ્રાપ્ત થયા છે તેઓને કર્મ કરવાનું, કે ન કરવાનું એ બેમાંથી એકનું પ્રયોજન નથી.[૨૭] ઉપર કહ્યા મુજબ વિવેકી પુરુષો કર્મની બીજરૂપી કળાને મૂળ સહિત ઉખેડી નાખી નિત્ય એક પરમ તત્ત્વમાંજ ચિત્તનું સમાધાન કરે છે, તેને લીધે તેઓની સ્થિતિ સુખપૂર્વક હોય છે.[૨૮] વિવેકી પુરુષો પ્રવાહપતિત કાર્યમાં કાંઈ પ્રવૃત્તિ થયા છતાં કર્તાપણાના અભિમાનરૂપી વિકારને નહિ પામતાં, મદને લીધે ભાન ન હોવાથી સ્વાભાવિક રીતે ગતિ કરનાર મદોન્મત્ત પુરુષોની પેઠે અને યંત્રવડે ચાલતી લાકડા આદિની પ્રતિમાની પેઠે તથા કેમ જાણે વિલાસવાળી મોક્ષલક્ષ્મીરૂપી સ્ત્રીમાં બહુ આસક્તિ લાગવાથી પોતાના દેહ આદિનું ભાન ભૂલી ગયેલ હોય તેમ યથાપ્રાપ્ત વ્યવહાર થયા કરતાં છતાં નિઃસંકલ્પતાને લીધે તે બાબતમાં અનુસંધાન વગરના બની જઇ અર્ધ સૂતેલ તથા અર્ધ જાગતા મનુષ્યના જેવા થઇ રહી કોઇ અનિર્વચનીય યોગભૂમિકાને પ્રાપ્ત થયેલા હોય છે.[૨૯,૩૦] જેનો મૂળસહિત ત્યાગ કરવામાં આવે તેનોજ ખરેખરો ત્યાગ કરેલો કહેવાય. બાકી મૂળને ઉખેડી નાખ્યા સિવાયનો ત્યાગ તો મૂળમાંથી નહિ કાઢી નાખતાં વૃક્ષની માત્ર ઉપરની શાખાઓને કાપી નાખવા જેવો છે.[૩૧] કર્મરૂપી વૃક્ષનું મૂળ નહિ કાઢી નાખતાં માત્ર ઉપર ઉપરના શાખાઓના ભાગને કાપી નાખવામાં આવે તો પછી પાછું તે કર્મવૃક્ષ હજારો શાખાઓથી ફરીને વધી જાય છે અને દુઃખ ઉત્પન્ન કરે છે.[૩૨] હે પ્રિય રામચંદ્રજી ! તમને ઉપર જે રીતે કહ્યું છે તે રીતે જીવનું પરબ્રહ્મના વિના બીજું ચિદાભાસસ્વરૂપ અને તેવડે અનુભવમાં આવતો સર્વ દૃશ્ય પ્રપંચ વગેરે કશું છેજ નહિ. માત્ર એક સત્ય પરબ્રહ્મજ સર્વત્ર છે એવું જ્ઞાન થતાં કર્મનો ત્યાગ સિદ્ધ થાય છે. તે સિવાય બીજા ક્રમથી તો સિદ્ધ થતો નથી. માટે તમે એવા તનોજ અભ્યાસ રાખનારા થઓ.[૩૩] જે પુરુષો આ રીતે (મૂળસુદ્ધાં) કર્મત્યાગ નહિ કરતાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

માત્ર કર્મેંદ્રિયોને રોકી રાખવારૂપી કર્મત્યાગ કે જે મૂળ બાકી રહી જવાથી ખરો કર્મત્યાગ નથી તેને ત્યાગરૂપે ગ્રહણ કરી લઈ આચરે છે તેઓ (સાવ કર્મત્યાગ થવો એ વાત અશક્યજ હોવાથી) આકાશને મારે છે. (એ પ્રયાસ વૃથા છે.)[૩૪] 'આ સર્વ એક પરમાત્મારૂપ છે તે સિવાય જે પ્રતીતિમાં આવે છે તે મિથ્યા છે' એમ જ્ઞાનવડે સમજાઈ જવાથી પોતાની મેળેજ કર્મત્યાગ સિદ્ધ થાય છે. વાસના વગરની ક્રિયા મોટા આરંભવાળી હોય તોપણ તેનું અંદરનું બીજ બળી ગયેલું હોવાથી તે અક્રિયારૂપજ છે.[૩૫] જેમ કોશ ખેંચવાના રાંઢવાથી વીંટાયેલું કૂવા ઉપરનું કોશસંબંધિ લાકડું, તે ઉપરથી જળ ખેંચાઇ ધાન્ય પેદા કરવામાં ઉપયોગી થાય તોજ તે સફળ છે, પરંતુ જળ ખેંચ્યા વિના ખાલીજ કોશ ચલાવવામાં આવે તો તે સાવ નિષ્ફળ છે, તે પ્રમાણે બુદ્ધિએ સહિત ઇંદ્રિયોએ ભોગોમાં આસક્તિ પેદા કરી કરેલું કર્મજ સફળ (ફળ આપનાર) છે, તે વિનાનું બીજું દેહચેષ્ટારૂપી કર્મ (પુનર્જન્મઆદિ ફલ નહિ આપવાથી) નિષ્ફળજ છે.[૩૬] જ્ઞાનવડે કર્મત્યાગ થઈ જતાં વાસનારહિત થઈ રહેલો જીવન્મુક્ત પુરુષ ઘરમાં રહો, જંગલમાં રહો, દ્રવ્ય આદિ સંપત્તિથી રહિત થઇ જાઓ, અથવા વધારે સમૃદ્ધિમાન થાઓ, પરંતુ તે સદાકાળ સમાનતાવાળોજ રહે છે.[૩૭] શાંત ચિત્તવાળા પુરુષને પોતાનું ઘરજ નિર્જન અને દૂર રહેલ અરણ્યરૂપ છે, અને જેનું ચિત્તજ શાંત નથી તેવા પુરુષને મનુષ્યવિનાનું મોટું અરણ્ય પણ મનુષ્યવાળી નગરીરૂપ છે.[૩૮] શાંત બુદ્ધિવાળા જ્ઞાનસંપન્ન પુરુષના હૃદયમાંજ, જેમાં સ્વપ્નમાં પણ કોઈ દિવસ મનુષ્ય પ્રાપ્ત થયેલાં નથી તેવી, શૂન્ય, નિર્મળ, વિસ્તારવાળી અને મનોહર વનભૂમિ રહેલી છે.[૩૯] આત્મા સિવાય બીજા દૃશ્ય પ્રપંચમાત્રને નહિ દેખનારા જ્ઞાનવાન પુરુષને આ જગતજ પદાર્થોના સંચારવિનાનાં આકાશમય, અને જુદાં જુદાં નામરૂપવડે જુદે જુદે રૂપે દેખાતા સર્વ પદાર્થોના અભાવવાળાં, મોટાં અરણ્યરૂપ છે.[૪૦] સમગ્ર સમુદ્રવાળી આખી આ પૃથ્વી, અનંત સંકલ્પવાળા અને પોતાના હૃદયમાં સંસ્કારરૂપે આ આખા જગતની સ્થિતિને ધારણ કરી રહેલ અજ્ઞાની પુરુષના હૃદયમાંજ રહેલી છે.[૪૧] દીનતાવાળા અજ્ઞાની પુરુષના ચિત્તમાંજ વિવિધ પ્રકારનાં સુખ–દુઃખ આદિ દ્વંદ્વોવડે સંકટ આપનાર, વિવિધ પ્રકારના આકારવાળા અને અનેક આરંભોસહિત એવાં ગામોના સમૂહો (પ્રતિબિંબિત થઇ) રહેલા છે.[૪૨] જુદા જુદા પ્રકારનાં કાર્યોને લીધે અનેક જાતના વિકારો અને ભિન્ન ભિન્ન દશાઓવાળી, ગામ, શહેર, દેશ અને પર્વતોએ સહિત એવી આ સર્વ પૃથ્વી, અજ્ઞાની પુરુષના મલિન ચિત્તની અંદર અરીસામાં જેમ, તેમ સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ રહેલી છે.[૪૩]

विविधकार्यविकारदशामयी सपुरपत्तनमंडलपर्वता ॥ मुकुरकोश इव प्रतिबिंबिता हृदि भवत्यमला मलिने मही ॥ ४३ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'दृश्योपशमयोगोपदेश' એ નામનો ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૩

સર્ગ ૪ થો.*

અહંકારનો નાશ કરવાનો ઉપાય

॥ श्रीवसिष्ठ उवाच ॥

साहंतादिजगच्छांतौ बोधे संवित्कलात्मनि ॥ संशांतदीपसंकाशस्त्यागःसिद्ध्यतिनान्यथा ॥

* આ ચોથા સર્ગમાં અહંકારજ સંસારનું મૂળ છે એમ કહેવાશે, અને એ અહંકારના અભાવની ભાવના કરવાથી આત્મજ્ઞાનવડે તેનો ત્યાગ થાય છે તે કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—દીવેલનો ક્ષય થઇ જવાથી શાંત થઇ જનારા દીવાની પેઠે અજ્ઞાનનો ક્ષય થઇ જવાથી થનારો ત્યાગ અહંકાર આદિ સહિત સર્વ જગતનું મિથ્યાપણું જણાતાં પરબ્રહ્મ કે જે જીવચૈતન્યરૂપી કળાઓનું મૂળ સ્વરૂપ છે તેનું જ્ઞાન થવાથી સિદ્ધ થાય છે; તે વિના બીજી રીતે તે સિદ્ધ થતો નથી.[૧] માત્ર કર્મનો ત્યાગ કરવો એજ સર્વત્યાગ નથી; પરંતુ જગતની પ્રતીતિથી રહિત અને અહંકારથી પણ રહિત એક પરમાત્માજ સત્ય છે એવો બોધ થવો તેજ સર્વત્યાગ કહેવાય છે. આ દૃશ્યરૂપે પ્રતીતિમાં આવતું દેહ આદિજ હું છું અને એ દેહ આદિ સાથે સંબંધ રાખનારૂં આ જગત મારૂં ભોગ્ય છે, એ બે જાતનો અધ્યાસ દીવેલ વગરના દીવાની પેઠે શાંત થઈ જતાં શુદ્ધ ચૈતન્ય કે જે સર્વના આત્મરૂપ છે તેજ અવશેષ રહે છે. હું અમુક દેહાદિરૂપ છું અને અમુક મારૂં છે, એવો ભ્રમ જેઓનો શાંત થયો નથી તેને જ્ઞાન થતું નથી, શાંતિ મળતી નથી, ત્યાગ સિદ્ધ થતો નથી અને નિવૃત્તિ પણ પ્રાપ્ત થતી નથી.[૨-૪] અમુક મારૂં છે અને હું અમુકરૂપ છું એટલાનોજ માત્ર ક્ષય થઇ જાય તો તે સર્વના અધિષ્ઠાનરૂપ, શાંત, આનંદમય અને જ્ઞાનસ્વરૂપ આત્માજ શેષ રહે છે, તે વિના બીજું કશું રહેતું નથી.[૫] તત્ત્વજ્ઞાનવડે જો અહંકારનો અંશ ક્ષીણ થઇ જાય તો મમતાના સ્થાનરૂપ સર્વ જગત પણ ક્ષય પામી જાય છે અને તત્ત્વદૃષ્ટિએ જોતાં કોઇ ઠેકાણે કશાનો ક્ષય થતોજ નથી પારમાર્થિક બ્રહ્મરૂપે સર્વ એક ચિદાકાશમાંજ ઘાટાપણાથી એકરસરૂપે થઈ રહેલ છે.[૬] હું એવી કાંઈ વસ્તુ પરમાત્માની સત્તાથી જુદી છેજ નહિ એમ નિરહંકારપણાની ભાવના કરવાથી અહંભાવ કે જે સર્વ અવિદ્યાનું મૂળ છે તે નિર્વિઘ્ને શાંત થઇ જાય છે અને માત્ર એટલાજ પ્રયત્નથી મોક્ષ મળે એમ છે તો પછી તેમાં શામાટે કંટાળી જવાનું છે?[૭] 'હું અહંકારરૂપ નથી' એવા અધ્યાસનું અધિષ્ઠાન પણ ચિદ્રૂપ આત્મા સિવાય બીજું નથી અને ચિદ્રૂપ આત્મા આકાશના જેવો નિર્વિકાર, નીરૂપ, શુદ્ધ અને અનંત છે, તેમાં એ અધ્યાસની સ્થિતિજ ક્યાંથી સંભવે?[૮] ભ્રાંતિ, ભ્રાંતિનું સાધન, ભ્રાંતિનો આશ્રય અને ભ્રાંતિનું ફળ એ કશું વસ્તુતાએ છેજ નહિ. માત્ર અજ્ઞાનનો એ સઘળો વિલાસ હોવાથી તે અજ્ઞાનરૂપજ છે અને જ્ઞાન થતાં તેમાંનું કાંઈ પણ છે નહિ.[૯] જે આ અસદ્રૂપ જગતના જેવું પ્રતીતિમાં આવે છે તે સર્વવ્યાપિ ચિન્માત્ર કેવળ પરમતત્ત્વજ છે માટે તમે નિઃસંકલ્પનારૂપી મૌનને ધારણ કરી રહો. કેમ કે આ સઘળું (પરમાત્મારૂપ હોવાથી) મોક્ષરૂપજ છે.[૧૦] જે નિમેષમાં હું એવો અહંકાર સ્ફુરે તેજ નિમેષમાં હું એવી કાંઈ વસ્તુજ છે નહિ એમ ચિત્તમાં લાવવાથી સંસારના જન્મ-મરણ આદિ અનર્થોમાં પડી ફરીવાર શોક કરવો પડતો નથી.[૧૧] નિરંતર ઉપર જણાવ્યાપ્રમાણે નિરહંકારતાવડે હું એવું જે કાંઇ પ્રતીતિમાં આવે તે આકાશના ફૂલ જેવું સાવ મિથ્યાજ છે, એમ તત્કાળ સમજી લઈ રણસંગ્રામમાં ધનુષ ઉપર ચડાવેલા અર્જુનના બાણનીપેઠે પરાઙ્મુખ નહિ થતાં તમે નિરંતર દૃઢરીતે બ્રહ્મરૂપ પરમપદનું અવલંબન કરી રહો.[૧૨] અહંકારને નિરંતર આકાશના ફૂલ જેવો મિથ્યાજ જાણી સર્વ વિકારોથી રહિત થઇ જઈ તમે આ સંસારસાગરને તરી જાઓ.[૧૩] જે પુરુષ પોતાની મેળે માત્ર પોતાના સ્વભાવને પણ જીતવામાં વીર થતો નથી તેવા નરપશુને ઉત્તમ પદની પ્રાપ્તિ થવાની વાત તો શું જ કહેવી એ તેમજ કહો.[૧૪] જે ઉત્તમ પુરુષે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by SSI Foundation USA

પોતાની મેળે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર, એ ષડ્વર્ગ જીતેલ હોય તેજ મોક્ષ આદિ મહા પુરુષાર્થનું પાત્ર થાય છે. બાકી બીજો ગર્દભના જેવો ગમાર મનુષ્ય મોક્ષઆદિ પુરુષાર્થનું પાત્ર થઇ શકતો નથી.[૧૫] જેની પોતાના અંદરની મનોવૃત્તિ જીતાઇ ગયેલી હોય અથવા જે તેને જીતવાને તૈયાર થયેલ હોય તેજ મનુષ્ય વિવેકનું પાત્ર થાય છે અને પરમ પુરુષાર્થની પ્રાપ્તિરૂપી જન્મનું સાફલ્ય કરવાથી તેજ ખરેખરો પુરુષ છે.[૧૬] સમુદ્રમાં ફેંકાયલા પાષાણની પેઠે જે જે ભાવો તમારી અંદર પ્રવેશ કરવા માંડે તે તે ભાવોથી 'હું' એવો કાંઇ પદાર્થજ નથી એવી ભાવના કરી આત્મા કે જે આકાશના જેવો અસંગ છે તેને ઓળખી તમે તે તે ભાવોથી (સાક્ષીરૂપે) અળગા રહો.[૧૭] તમે હું એવો કાંઇ પદાર્થજ નથી એમ જાણી લઇ સર્વત્ર પરિપૂર્ણ એક ચિદાત્માજ છે એમ યુક્તિપૂર્વક જાણતાં છતાં અને એ આત્મસુખનો અનુભવ કરતાં છતાં કાંઈ મુઝાઓ છો કે ? અર્થાત્ નથી મુઝાતા.[૧૮] તત્ત્વદૃષ્ટિથી અને યુક્તિથી વિચાર કરતાં સુવર્ણમાં કલ્પાએલ કટક-કુંડલાદિ ભાવનીપેઠે અધિષ્ઠાન ચૈતન્યમાં કલ્પાએલું આ સર્વ દૃશ્ય કેવલ ભ્રાંતિવિના બીજી રીતે છેજ નહિ અને તે ભ્રાંતિ જો તમે સંકલ્પનો ક્ષય કરી દઇ દૃશ્યનું સાવ વિસ્મરણજ કરી દેશો તો જતી રહેશે.[૧૯] પવનની અંદર ચલન-શક્તિનીપેઠે તમારી અંદર જે જે ભાવનો ઉદય થાય તે તે ભાવને, 'હું' એવો કાંઈ પણ પદાર્થ ચિદ્રૂપ આત્માથી જુદો છે નહિ, જે કાંઈ છે તે સર્વ ચિદ્રૂપજ છે, એવી વૃત્તિવડે આધારવગરનો બનાવી દો.[૨૦] લોભ, લજ્જા, મદ, અને મોહ, ઉપર બતાવ્યાપ્રમાણે અહંકારના અભાવવડે જેણે જીતેલ નથી તેવો અજીતેંદ્રિય પુરુષ અધ્યાત્મશાસ્ત્રનો અધિકારી ન હોવાથી તેનામાં નાસ્તિકતા અને યથેષ્ટાચરણ આદિ અનર્થ ઉત્પન્ન કરનારા આ વેદાંત શાસ્ત્રમાં તે શા માટે પ્રવૃત્તિ કરે છે ?[૨૧] પવનમાં ચલનશક્તિની પેઠે તમારામાં જે અહંભાવનો ઉદય થાય છે તે, જેમ પવનની ચલનશક્તિ પવનથી જુદી સત્તાવાળી નથી તે રીતે તમે કે જે પરમાત્મારૂપ છો તેનાથી જુદી સત્તાવાળો નથી.[૨૨] જેમ માળામાં ભ્રાંતિવડે કલ્પાએલો સર્પ આદિ ભયંકર પદાર્થ પણ જ્ઞાન થતાં તે માળામાંજ લીન થઇ જઇ માળારૂપે કંઠમાં ધારણ કરવાથી બહુ શોભે, તેજ પ્રમાણે આ સૃષ્ટિ કે જે ભ્રાંતિવડે પરમાત્મામાં કલ્પાએલી છે તે જ્ઞાન થતાં કૂટસ્થ અદ્વિતીય અને કેવળ ચિદ્રૂપ પરમાત્મામાં પોતાના નામરૂપાત્મક સૃષ્ટિસ્વરૂપથી રહિત થઇ ચૈતનરૂપે લય પામી જાય તો બહુજ શોભે છે.[૨૩] પરમાત્મા તો ઉદય-અસ્ત આદિ વિકારને કોઇ દિવસ પ્રાપ્ત થતા નથી અને એ પરમાત્માસિવાય બીજું કાંઇ છેજ નહિ તો પછી તેમાં જગતની ઉત્પત્તિ કે જગતનો નાશ તો ક્યાંથીજ હોય.[૨૪] અહંકાર આદિનો જ્ઞાનવડે બાધ થઈ જતાં જીવભાવ જતો રહેવાથી પૂર્ણ, શાંત, આનંદમય અને દ્રષ્ટા-દર્શન-દૃશ્યરૂપી ત્રિપુટીથી રહિત શુદ્ધ જીવચૈતન્ય, પૂર્ણતાવાળા શાંત આનંદમય અને દ્રષ્ટા-દર્શન-દૃશ્યરૂપી ત્રિપુટીથી રહિત શુદ્ધ બ્રહ્મચૈતન્યરૂપી પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં એકરસરૂપે થઇ રહે છે, અને તે યથાસ્થિત વસ્તુગતિજ તત્ત્વબોધવડે અનુભવમાં આવે છે. તેમાં અહંકાર કે જેમાં દ્રષ્ટાપણું કલ્પવામાં આવે છે તે પણ નથી, જગત કે જે દૃશ્યરૂપે નજરે પડે છે તે પણ નથી, અને બુદ્ધિ કે જે દ્રષ્ટાને દૃશ્ય સાથે સંબંધ કરવામાં મુખ્ય સાધનરૂપ છે તે પણ છે નહિ. જેમ રાત્રિથી રહિત સૂર્યનારાયણમાં રાત્રિનિવૃત્તિરૂપી ફળ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કલ્પવામાં આવે છે, એમ બ્રહ્મ કે જેમાં (અદ્વૈતપણાનેલીધે) જુદો મોક્ષ એવો ભાવ સંભવતો નથી તેમાં જ્ઞાનવડે મોક્ષરૂપી ફળની કલ્પના કરવામાં આવે છે અને સ્વભાવેજ જે આત્મા શાંત છે તેમાં જ્ઞાનવડે શાંતપણું થવારૂપી ફળ કલ્પાએલ છે અને જે સદા નિરતિશય આનંદરૂપ છે તેમાં જ્ઞાનવડે આનંદપ્રાપ્તિરૂપી ફળની કલ્પના કરાય છે, તેવીજ રીતે જીવ કે જે બ્રહ્મરૂપ હોવાથી બંધથી રહિતજ છે તેમાં બંધ મટીજવારૂપી જ્ઞાનનું ફળ કલ્પી લેવામાં આવે છે, બાકી વસ્તુતાએ કશું નવું પેદા થતું નથી, માત્ર વસ્તુગતિ છે તેજ જ્ઞાનવડે યથાર્થ રીતે અનુભવાય છે. અથવા તો એ પરબ્રહ્મ પોતેજ આકાશઆદિ પદાર્થમાત્રની સત્તાથી રહિત છે તો પછી તેમાં બીજી કલ્પના તો ક્યાંથીજ ઘટે? શસ્ત્રોના પ્રહારો સહન કરવામાં આવે છે, અને વ્યાધિઓની વેદનાઓ સહન કરી શકાય છે તો પછી હું એવું કાંઇ પણ નથી, એટલું માત્ર સહન કરી લેવામાં શી જબરી પીડા છે? હું એવો અહંકારજ જગતના પદાર્થસમૂહના અક્ષય અંકુરરૂપ છે. એ અંકુરજ જો નિર્મૂળ થઈ જાય તો જગત પોતાની મેળેજ નિર્મૂળ થઇ જાય છે.[૨૫-૨૮] જેમ અશ્રુઓવડે અરીસો વ્યાપ્ત થતાં મેલો થઈ જાય તે રીતેજ અહંકાર કે જે સાવ નિસ્સાર છે તે વડે સારવાળો પરમાત્મારૂપી અરીસો વ્યાપ્ત થઇ જતાં મલિન થઇ જાય છે અને અહંકાર શાંત થઇ જવાથી તે નિર્મળ રહે છે.[૨૯] વાયુમાં જેમ ચલનશક્તિ રહી છે તે રીતે જીવચૈતન્ય કે જે પરમાત્મારૂપ છે તેમાં અહંકાર રહુરી રહેલ છે. એ અહંકાર શાંત થઇ જાય તો એ શુદ્ધ જીવચૈતન્ય અનિર્વર્ણ્ય, દૃશ્યના આભાસથી રહિત, અનંત, જન્મરહિત, અને નાશથી પણ રહિત, એક પરમ આકાશરૂપજ થઈ રહે છે.[૩૦] જેમ પાસે પડેલા પદાર્થ, અરીસામાં પ્રતિબિંબિત થઇ રહે તે રીતે અહંકારજ શુદ્ધચૈતન્યમાં પ્રતિબિંબરૂપે થઇ રહેલ છે. એ અહંકારરૂપ પ્રતિબિંબ શાંત થઈ ગયાથી તે શુદ્ધ ચૈતન્ય દૃશ્યના આભાસથી રહિત અનંત જન્મ-નાશ આદિ વિકારથી રહિત એક આકાશરૂપજ થઇ રહે છે.[૩૧] અહંકારરૂપી મેઘનું વાદળું ગળી ગયાથી અતિ નિર્મળ થઇ ગયેલ પરમાર્થરૂપી શરદૃઋતુનું આકાશ સ્વચ્છતાવાળી અતિ ઉત્કૃષ્ટ અનંતલક્ષ્મીવડે બહુ શોભે છે.[૩૨] હે પ્રિય રામચંદ્રજી! અજ્ઞાનને લીધે ભૂલાઇ જવાએલ પોતાનું સ્વરૂપ ઘણાક કાળથી અહંકારરૂપી ત્રાંબાના મેલનો સંપર્ક થતાં જે જીવભાવરૂપી તામ્રપણાને પ્રાપ્ત થઈ ગયેલ છે તે બ્રહ્મરૂપી સુવર્ણ, શ્રવણ-મનન-આદિ ઉપાયરૂપી અગ્નિમાં તપાવ્યું હોય તો તે પાછું અતિ કાંતિવાળા પ્રકાશમય બ્રહ્મરૂપ સુવર્ણભાવને કે જે પોતાનું ખરૂં સ્વરૂપ છે તેને પ્રાપ્ત થાય છે.[૩૩] જેમ સમુદ્રમાં લીન થઇ ગયેલા સૈંધવ આદિ જલીય પદાર્થોની શોભા તેને કશું નામ નહિ આપી શકાયાથી અવર્ણનીય છે તે રીતે નિદિધ્યાસનદ્વારા અહંકારનો પરમાત્મામાં લય થઇ જતાં તે પોતે પરમાત્મામાં એકરસરૂપજ થઇ જાય છે, કે જેનું સ્વરૂપ અવર્ણનીય છે.[૩૪] જેમ સમુદ્રઆદિનું જળ તરંગઆદિ વિકારો શાંત થઇ જતાં પોતાના વાસ્તવિક સ્વરૂપમાં રહેલ હોય ત્યારે શાંતજેવું લાગે છે અને કેમ જાણે તેમાં તરંગઆદિ ભાવો બીજરૂપે રહેલાજ હોય તે રીતે તરંગ-સમુદ્રઆદિ પદથી કહેવામાં આવે છે, બાકી જો તેના વાસ્તવ જળસ્વરૂપે જોઇએ તો તેમાં તરંગ-સમુદ્રઆદિ પદનો વ્યવહાર કલ્પિતજ જણાય છે તે રીતે અહંકારમાં પ્રતિબિંબિત થયેલ ચૈતન્યતત્ત્વ કે જે વસ્તુતઃ અવાચ્ય છે તે જ્ઞાનવડે અહંકારરૂપી અલ્પભાવ ટળી જતાં* અપરિ-

* પરિમાણમાં ન આવી શકે તેવી સ્થિતિ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મેયપણું પ્રાપ્ત થવાથી અપરિમેયતારૂપી અર્થને બતાવનાર બ્રહ્મપદથી બીજા પદાર્થોની પેઠે કેમ જાણે નામવાળું થઇ ગયું હોય તેમ જણાય છે, બાકી તેનું વાસ્તવ સ્વરૂપ જોતાં તે અવાચ્ય હોવાથી તેમાં કશો નામનો વ્યવહાર ઘટતોજ નથી.[૩૫] અહંકારજ આ જગતનું બીજ છે તેને તેના મૂળરૂપ અજ્ઞાનનો નાશ કરી જો બાળી નાખવામાં આવે તો પછી આ હું, આ તમે, આ જગત, અને આ બંધ, ઇત્યાદિ કલ્પના ક્યાંથીજ હોય?[૩૭] જે તત્ત્વ ત્રણે કાળમાં નિત્ય હોવાથી સદ્રૂપ છે, અપરિમેય છે, નિરતિશય આનંદરૂપ છે, અને ચિદાત્મારૂપે સર્વત્ર એકરસરૂપ થઇ રહેલ છે, તેમાં એ સર્વ સ્વભાવોનો સંકોચ થઇ જઇ મલિનતાવાળો અહંકાર ઉદય પામે છે કે જેવડે માટીમાં જેમ ઘડાનો આકાર થતાં મૃત્તિકારૂપી મૂળ ધાતુનું સ્વરૂપ ભૂલાઇ જવાય તેમ શુદ્ધ મૂળસ્વરૂપ ભૂલાઇ જવાય છે.[૩૭] એ અહંકારરૂપ બીજમાંથીજ આ દૃશ્યની સત્તારૂપી ટીંડોરાનો વેલો પેદા થયેલ છે કે જેમાં જગતરૂપી અસંખ્ય ફળો ઉત્પન્ન થાય છે અને પાછાં લય પામી જાય છે.[૩૮] જેમ મરીની અંદર તિકત આદિ રસનો ચમત્કાર રહેલો છે તે રીતે અહંકારની અંદર પર્વતો સમુદ્રો અને નદીઓએસહિત આ દૃશ્ય–સત્તા રહેલી છે.[૩૯] તથા બાહ્ય ઇંદ્રિયોથી પદાર્થોનો અનુભવ થવો અને તે વડે પેદા થતી કામસંકલ્પઆદિ માનસિક વૃત્તિઓ, એ સર્વ અહંકારમાંજ રહેલ છે. સ્વર્ગ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ અને દિશાઓ, એ સર્વ વિકસિત થયેલા અહંકારરૂપી ઝેરી પુષ્પના અતિ મનોહર સુગંધરૂપ છે.[૪૦] જેમ ઉદય પામેલો દિવસ પોતે ફેલાઈ જઇ વિદ્યમાન પદાર્થોના પ્રકાશને અને તે સંબંધિ માનસિક વ્યાપારને પ્રકટ કરે તે રીતે અહંકારજ ઉદય પામી પોતે ફેલાઇ જઇ આ જગતને પ્રકટ કરે છે.[૪૧] જેમ દિવસની પ્રવૃત્તિ થતાં (રાત્રિ જતી રહેવાથી)પદાર્થ પ્રકટરૂપે દેખાય છે તે રીતે જગત કે જે સાવ મિથ્યાજ છે તેને ક્ષણમાત્રમાં અહંકારજ બનાવી દે છે.[૪૨] જ્યારે બ્રહ્મરૂપી જળની અંદર અહંકારરૂપી ખરાબ તેલનું ટીપું પડી તે ફેલાય કે તરતજ આ ત્રણ લોકરૂપી કુંડાળું થઇ જાય છે.[૪૩] જેમ કમળા આદિ દોષથી દૂષિત થયેલ ચક્ષુ, શંખ-શુક્તિ આદિ શ્વેત પદાર્થોમાં પીળાપણાને દેખે છે કે જે સાવ અસત્ય છે, તેવીજ રીતે અહંકાર પોતે ઉદય પામતાંજ આ જગત કે જે સાવ અસત્ય છે તેને સત્યરૂપે સારી રીતે અનુભવે છે અને માત્ર એક પળવારમાં જ્ઞાનવડે જગતનો તિરોભાવ થતાં તેનો અનુભવ પણ થતો બંધ પડે છે.[૪૪] જેમ નેત્રની ઝીણી ડોળાની અંદરના પોતાના સ્થાનમાં ફેલાઇ રહેલી હોય તો પદાર્થનું રૂપ બરાબર દેખાય છે, પરંતુ જો તે આચ્છાદિત થઇ ગયેલ હોય કે ફુટી ગયેલ હોય તો પદાર્થનું રૂપ દેખી શકાતું નથી; તેજપ્રમાણે અહંકાર ઉદય પામી ફેલાઇ ગયાથી આ સંસાર અનુભવમાં આવે છે; પરંતુ તે અહંકાર સમાધિમાં લય પામી જઇ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયાથી સાવ ક્ષીણ થઇ ગયો હોય તો આ સંસાર અનુભવમાં આવતો નથી.[૪૫] પોતાના શાશ્વત (નિત્ય) સ્વરૂપના જ્ઞાનવડે અહંકારનો અંશ સાવ નિઃશેષપણાથી ક્ષયને પમાડી દેતાં આ સઘળી સંસારરૂપી ઝાંઝવાના જળની ભ્રાંતિ સાવ શાંત થઇ જાય છે.[૪૬] સ્વયંપ્રકાશ અને ચિદ્રૂપ પોતાના આત્માની ભાવના કરવાથી એટલે એક માત્ર આત્માકારજ વૃત્તિ રાખવાથી સિદ્ધ થનાર આત્મતત્ત્વ-પ્રાપ્તિરૂપી ઉત્તમ વસ્તુ કે જે પ્રથમથીજ સિદ્ધ છતાં માત્ર અજ્ઞાનનેલીધેજ ભૂલી જવાયેલ છે તેમાં તમે પોતાની મેળેજ ખેદને પ્રાપ્ત થાઓ નહિ, તેમ ભ્રાંતિને પણ પ્રાપ્ત ન થાઓ.[૪૭] હે નિષ્પાપ રામચંદ્રજી! કેવળ પોતાના પુરુષ-પ્રયત્ન-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

માત્રથી સિદ્ધ થનારાં અને બીજાં સહાય આદિ સાધનોની અપેક્ષાવાળા બની શકે તેવા નિરહંકારપણાવિના તમારે માટે હું બીજું કશું શ્રેય દેખતો નથી.[૪૮] તમે દેહાદિકસંબંધી અહંકારને સાવ ભૂલી જઇ ચારેકોર દેખાતા પર્વતો, અંતરિક્ષલોક, પૃથ્વી, સમુદ્રો, પવન અને આકાશ, એ સર્વને રૂપે આ આખા જગતને પૂરીદઇ પોતાના વૈભવને ચોતરફ વિસ્તારી સર્વ રૂપે થઇ રહો અને પછી 'જેકાંઈઆ સ્થાવર-જંગમાત્મક છે તે સર્વ, પ્રપંચની સત્તાથી રહિત નિર્વિકાર બ્રહ્મરૂપ છે અને અને રજ્જુમાં ભ્રાંતિવડે આરોપાયેલા સર્પની પેઠે માત્ર ભ્રાંતિથીજ તેમાં આરોપિત છે, બાકી તે છેજ નહિ' એમ જ્ઞાનવડે સર્વનો બાધ કરી દઇ અંતઃકરણ, ઇંદ્રિયો, તેના રાગદ્વેષ આદિ દોષો અને કલ્પનાઓ, એ સર્વથી પણ રહિત થઈ જઈ, સ્વસ્થ, શાંત, અને શોકથી રહિત, શુદ્ધ આત્મારૂપે થઇ રહો એજ સર્વ સિદ્ધાંતનો સાર છે.[૪૯]

विस्मृत्याहं त्वमास्वप्रविसृतविभवः पूरिताशेषविश्वो विष्वक् शैलांतरिक्षक्षितिजलधिमरुन्मार्गरूपोमलात्मा ॥ स्वस्थः शांतो विशोकः करणमलककावर्जितो निष्प्रपंचो निःसंचारश्चरात्मा सकलमसकलं चेति सिद्धांतसारः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અહંતાનિરાસ' એ નામનો ચોથો સર્ગ સંપૂર્ણ. ૪

सर्ग ५ मो.*

વિદ્યાધરની કથા-વિદ્યાધરના પ્રશ્ન

॥ श्रीवसिष्ठ उवाच ॥

स्वभावं स्वं विजित्यादाविंद्रियाणां सचेतसां। प्रवर्तते विवेके यः सर्वं तस्याऽशु सिध्यति ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છે—ચિત્તનો અને ઇંદ્રિયોનો વિષયોતરફ દોડવાનો જ સ્વભાવ છે તેને પ્રથમ જીતી લઈ પછી જ વિવેકમાં પ્રવૃત્તિ કરે તેને વિવેકઆદિ સર્વ તત્કાળ સિદ્ધ થાછે.[૧] જે બુદ્ધિરહિત મૂઢ પુરુષે મનના અને ઇંદ્રિયોના સ્વભાવને અંદરથી જીતેલ નથી તે અજીતેંદ્રિય પુરુષને જેમ વેળુમાંથી (રેતીમાંથી) ગમે તેટલો શ્રમ કરીએ તોપણ કદી પણ તેલ નીકળતુંજ નથી તે રીતે કદી પણ ઉત્તમપદની પ્રાપ્તિ થતી નથી.[૨] જેમ નિર્મળ વસ્ત્રઆદિ પદાર્થમાં તેલનું બિંદુ તરત લાગીજાય તેમ શુદ્ધ ચિત્તવાળા પુરુષમાં થોડો ઉપદેશ પણ તરત લાગી જાય છે. અને જેઓ સાધનચતુષ્ટયસંપન્ન ન હોવાથી ક્ષુદ્ર ચિત્તવાળા હોય છે તેમનામાં જેમ અરીસાના કાચમાં મોતી ચોટી શકતું નથી તેવી રીતે થોડો પણ ઉપદેશ લાગી શકતો નથી.[૩] આ બાબતમાં આ એક પુરાતન ઇતિહાસ પ્રાચીન વૃદ્ધો કહે છે કે જે, મને આગળ કોઇ વખત મેરુ પર્વતના ઉપરના ભાગમાં ભુશુંડે કહ્યો હતો.[૪] મેરુ પર્વતના શિખરની કોઇ એક ગુફામાં એકાંતમાં મેં આગળ અધ્યાત્મ શાસ્ત્રસંબંધિ કથાના પ્રસંગમાં કોઈ વખત ભુશુંડજી પૂછ્યું કે, મૂઢ બુદ્ધિવાળો અને અજીતેંદ્રિય હોવાથીજ જ્ઞાનવગરનો કોઇ પુરુષ ઘણા લાંબા કાલ સુધી ચિરંજીવી રહ્યો હોય તેવો તમારા સ્મરણમાં છે ? એ પ્રમાણે મારા પૂછવાથી હે પ્રિય રામચંદ્રજી ! તેમણે મને નીચે પ્રમાણે કહ્યું.[૫-૬]

ભુશુંડજી કહે છેઃ—પૂર્વકાલમાં લોકાલોક પર્વતના અંદરના શિખરમાં કોઇ એક વિદ્યાધર રહેતો હતો કે જે આત્મજ્ઞાનથી રહિત અને ઇંદ્રિયો નહિ જીતાયાથી ખેદ પામેલો હતો.[૭] વિવિધ પ્રકારના તપનેલીધે અને યમ-નિયમો પાળવાથી સુકાઇ ગયો હતો. તેમજ વિચાર,

* આ પાંચમા સર્ગમાં જીતેંદ્રિય પુરુષમાંજ શાસ્ત્ર સફળ થાય છે, બીજામાં નથી થતું, એ વાત વસિષ્ઠજી પોતાને ભુશુંડે કહેલ વિદ્યાધરની કથાથી સિદ્ધ કરી બતાવે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શીલ તથા સદાચાર કે જે આયુષ્યની વૃદ્ધિના હેતુરૂપ છે તેવડે પણ સંપન્ન હતો એટલે તે પૂર્વકાળમાં ચાર કલ્પપર્યંત આયુષ્ય ક્ષીણ નહિ થતાં ચિરંજીવી રહ્યો હતો.[૯] પછી ચોથા કલ્પને અંતે જેમ વૈદૂર્યમણિને પેદા કરનારી જમીનમાં વૃષ્ટિનું જલ પડતાં યોગ્ય સમયે વૈદૂર્ય મણિ ઉત્પન્ન થાય તે રીતે ઘણા લાંબા કાળસુધી તપ અને યમ-નિયમાદિક પાળવાથી વિવેકનો ઉદય થવાની યોગ્યતાનો સમય બરાબર આવી જતાં તે વિદ્યાધરમાં વિવેકનો ઉદય થયો.[૯] "વારંવાર મૃત્યુ પ્રાપ્ત થાય છે, જન્મ પણ વારંવાર આવ્યા કરે છે અને વૃદ્ધાવસ્થા પણ ફરી ફરી આવે છે, તે સર્વ વાત મારે માટે ન થાઓ કેમકે વિચાર કરતાં મને તેથી વૈરાગ્ય થઈ આવે છે તો એવું શું હશે કે જે એક સ્થિરજ થઈ રહે" આવો વિચાર કરી પાંચ પ્રાણ, દશ ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને સ્થૂલ દેહ, એ અઢાર અવયવોવાળી સ્થૂલ-સૂક્ષ્મ દેહરૂપી પોતાની નગરીના મમત્વરૂપી ભારને ઘણા કાલસુધી ઉપાડવાનેલીધે થાકી જઇ વિરક્ત ચિત્તવાળો અને સંસારની વાસનાથી રહિત થઈ ગયેલો તે વિદ્યાધર મારીપાસે (જિજ્ઞાસુ તરીકે) પૂછવાને આવ્યો.[૧૦,૧૧] મારી પાસે આવી ઉદારતાપૂર્વક મને નમસ્કાર કરી મેં તેનો યોગ્ય સત્કાર કર્યા પછી પ્રશ્નનો અવકાશ મળતાં તે નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાયક વચન બોલ્યો.[૧૨]

વિદ્યાધર કહે છેઃ—પોતાના શરીરમાં ખુંચી ગયેલાં શસ્ત્રો અને ઇંદ્રિયો એ બન્ને સમાન છે કે જેઓ ઉપર ઉપરથી કોમળ જણાય છે, પરિતાપને ઉત્પન્ન કરનાર છે, પાષાણથી પણ દ્રઢ બલવાળાં (મજબુત) અને મનુષ્યને છિન્નભિન્ન કરી નાખવામાં બહુ ચતુરતાવાળાં છે.[૧૩] એ ઇંદ્રિયો હૃદયમાં બહુજ દ્રઢ થઇ રહેલ છે, અજ્ઞાનરૂપ અંધકારને રહેવાને માટે તો તે જંગલરૂપજ છે, વળી કામ આદિ વાનરાઓવડે વ્યાકુલ થઇ રહેલ છે, મલિનતાવડે પૂર્ણ છે, વિપત્તિઓને પેદા કરનાર છે, ચોતરફ બહુજ અભિનિવેશ રાખનાર છે અને શમ-દમ આદિ ગુણોરૂપી વન કદાચિત્ દૈવયોગથી અંકુરિત થાય તોપણ તેને દાવાગ્નિનીપેઠે બાળી નાખનાર છે. એવી ઇંદ્રિયોને અને તેના મૂલરૂપ મનને જીતવાથીજ સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ ભોગોવડે ખરૂં સુખ મળતું નથી, તો પછી મને વિદ્યાધરસંબંધી ભોગોનું શું પ્રયોજન છે? (કાંઇ નથી).[૧૪]

पर्याकुलानि मलिनानि विपत्प्रदानि दुःखोर्मिमंतिगुणकाननपावकत्वात ॥ हार्दांधकारगहनानि तमोमयानि जित्वेंद्रियाणि सुखमेतिचकिंममार्थैः ॥ १४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદ્યાધરપ્રશ્ન' એ નામનો પાંચમો સર્ગ સંપૂર્ણ. ૫

સર્ગ ૬ ઠ્ઠો.*

ઇંદ્રિયોની પ્રબળતા

॥ विद्याधर उवाच ॥

यदुदारमनायासं क्षयातिशयवर्जितम् ॥
पदं पावनमाद्यंतरहितंतद्वदाऽशुमे ॥ १ ॥

વિદ્યાધર કહે છેઃ—જે સર્વ દુઃખની નિવૃત્તિ કરવામાં ઉદારતાવાળું હોય, બહુ પરિશ્રમ કર્યાવિના સહજ પ્રાપ્ત થઇ શકે તેવું હોય, વૃદ્ધિ તથા હ્રાસથી રહિત હોય અનેઆદિ-અંતવિનાનું હોય તેવું પવિત્ર પરમપદ આપ મને તરત કહી બતાવો.[૧] હે મહારાજ! હું કે જે જડ બુદ્ધિવાળો છું તે આટલા કાળસુધી અજ્ઞાનરૂપી નિદ્રામાં સૂતો હતો. હમણાં મનની અતિ

* આ છઠ્ઠા સર્ગમાં વિદ્યાધર દિવ્ય ભોગોનો અનુભવ કરી પરીક્ષા કરાયેલી વિષયાસક્ત ઇંદ્રિયોની અનીતિસંબંધી વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તીવ્ર વૈરાગ્યરૂપી નિર્મળતાનો ઉદય થતાં જાગ્રત થયો છું.[૨] હું મનના મહાવ્યાધરૂપ કામાદિક વિકારોવડે તપી ગયેલો, અજ્ઞાનવડે ઉત્પન્ન થનારી દુષ્ટ વાસનાઓમાં ગુંચવાઈ ગયેલો અને 'હું અમુક (દેહાદિ) રૂપ છું' એવી રીતે અનાત્મવસ્તુમાં આત્મબુદ્ધિ થવારૂપી અજ્ઞાનનેલીધે દુરંત કર્મવડે વીંટાયેલો છું તેનો આપ કૃપા કરી ઉદ્ધાર કરો,[૩] જેમ ગુણવાન (કમલતંતુવાળા), શ્રીમાન (લક્ષ્મીના નિવાસરૂપ) અને રુક્ષપત્રવાળા કમલની ઉપર પણ હિમ પડે છે તે રીતે ગુણવાન (શુભ ગુણ સંપન્ન) અને શ્રીમાન (વિદ્યા-સિદ્ધિઆદિવડે શોભાયમાન) પુરુષમાં પણ આત્મવિદ્યાવડે જો તે શૂન્ય હોય તો જીતેંદ્રિયપણું નહિ હોવાનેલીધે કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા આદિ દુઃખની પીડા અને ભય આદિ દોષો આશ્રય કરી રહે છે.[૪] ભવાટવીમાં ભટકતાં ભટકતાં જીર્ણ થઇ ગયેલા મનુષ્યો કે જેઓનાથી ધર્મ કે મોક્ષરૂપ પુરુષાર્થ સિદ્ધ થઇ શકતો નથી તેઓ જેમ કમલની અંદર અનેક મસલાંઓ ઉત્પન્ન થાય અને પાછાં એમને એમ મરી જાય, તે રીતે ફક્ત આ સંસારમાં ઉત્પન્ન થાય છે અને પાછાં તેમનાં તેમજ કશો પુરુષાર્થ કર્યા વિનાજ મરી જાય છે.[૫] શબ્દાદિક વિષયો કે જેઓ પ્રથમ પણ અનેક વાર ભોગવાઇ ગયા છે તેઓવડે તુચ્છ સુખનેમાટે વિષયોનો ઇંદ્રિયો સાથે સંબંધ થવારૂપી છેતરવાના ઉપાયથી વારંવાર છેતરાઇ જઇ હું આજે ઘણે કાલે બહુ ખેદને પ્રાપ્ત થઇ ગયો છું.[૬] જેમ ઝાંઝવાના જળ તરફ જળભ્રાંતિવડે દોડનાર પુરુષને ઝાંઝવાનું જળ પાછું છેટે ને છેટેજ દેખાતું રહેવાથી તેના માર્ગનો અંત આવતો નથી, તેવીજ રીતે આ વિષયો કે જેઓ ક્ષણભંગુર છે તેમાં, મનને વિશ્રામ આપ્યાવિનાજ નિરંતર હું કે જે ભટક્યા કરું છું તેના આ સંસારરૂપી માર્ગનો અંત આવતોજ નથી.[૭] ઉપરથીજ મધુરતા બતાવનારા, ક્ષણભંગુર, સંસારમાં જન્મ-મરણાદિકના હેતુરૂપ અને થોડી વારમાંજ વિકાર ઉત્પન્ન કરી દેનારાં વિષયો ખરેખર મને ભય ઉત્પન્ન કરે છે.[૮] હે પ્રિય ભુશુંડજી! માન અને અપમાનથી ભરેલી, દુષ્ટ અહંકારી પુરુષોને મનોહર જણાતી અને વિવેકીઓને પ્રતિકૂલ ભાસતી, આ વિદ્યાધરની લક્ષ્મીની સાથે અને તેવીજ જાતના દોષવાળી સ્ત્રી સાથે હવે હું રમવાનો નથી.[૯] પુષ્પોવડે સુકોમલ અને કલ્પવૃક્ષની લતાઓવડે સર્વ જાતના વૈભવોની શોભાને આપનાર ચૈત્રરથ નામના બગીચાની ભૂમિ મેં જોઇ.[૧૦] મેરુ પર્વતના કુંજોમાં, વિદ્યાધર લોકોનાં શહેરોમાં, અનેક ઉત્તમ વિમાનોમાં, અને સુંદર પવનના સમૂહવાળાં સ્થળોમાં મેં વિહાર કર્યો.[૧૧] હારો આદિ આભૂષણોવડે શણગારેલા દેવતાઓના મનોહર વિલાસવાળી લોકપાલોની નગરીઓમાં, દેવતાઓની સેનાઓમાં અને સ્ત્રીઓની ભુજલતામાં પણ મેં વિશ્રાંતિ લીધી;[૧૨] પરંતુ તેમાંનું કશું ઉત્તમતાવાળું કે યોગ્ય છે નહિ. સર્વ માનસિક દુઃખરૂપી ઝેરની ગરમી લાગવાથી બળી ગયા જેવું જ છે જેથી ભસ્મનીપેઠે સાવ નિસ્સાર લાગે છે.[૧૩] હે પ્રિય ભુશુંડજી! આ વાત હમણાંજ વિવેકનો ઉદય થતાં મારા જાણવામાં આવી છે. બહાર સૂર્યાદિકના અને અંદર આત્મજ્યોતિના પ્રકાશની સહાયતા લઇ મનને પોતાના વિષયતરફ લઇ જઈ દૂષિત કરવાસારૂ રૂપનું અવલોકન કરવાને તૈયાર થઈ રહેલ અને સ્ત્રીઓના મુખને જોવાનેમાટે આતુરતાવાળા ચક્ષુવડે હું દુઃખને પ્રાપ્ત થયેલ છું.[૧૪] સ્ત્રી આદિ દેહમાં અમુક (વસ્ત્રભૂષણાદિક) શોભા ઉત્પન્ન કરનાર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે અને અમુક (રક્ત માંસ અસ્થિ આદિ) શોભાકારક નથી એવાં વિવેચનને નહિ કરતાં એ ચક્ષુમાત્ર પોતાના રૂપ વિષયનેજ અનુભવ કરનાર હોવાથી (મિથ્યાવસ્તુ) અવસ્તુ તરફ્ પણ દોડે છે.[૧૫] મરણાદિક અનર્થો કે જેઓ અનર્થમાત્રમાં મુખ્ય દરજ્જે ગણાય છે તેને ઉત્પન્ન કરનારાં દુર્વ્યસનોમાં તે તે વિષયના સંબંધથી દૂષિત થઇ તેમાં આસક્તિ બંધાયાથી પતંગીયાનીપેઠે આંધળું બની જઇ તેમાંજ તત્પર થઈ રહેલું અને નાના પ્રકારનાં બંધનોવડે બંધાઈ ગયેલું ચિત્ત જ્યાંસુધી વિપત્તિવડે ઘેરાઇ જઇ તેને પરાધીન નથી થતું ત્યાંસુધી તે વિષયમાંથી ઉપરામ પામતુંજ નથી.[૧૬] હે પ્રિય ભુશુંડજી ! આ નાસિકા પણ અનેક અનર્થો ઉત્પન્ન કરવાને ચારે તરફ્ પ્રસિદ્ધ રીતે દોડ્યા કરેછે તેને, જેમ કોઇ તેજ ઘોડો નથી રોકી શકાતો તેમ હું રોકી રાખવાને સમર્થ થઇ શકતો નથી.[૧૭] અતિ દોષવાળી નાસિકા ઇંદ્રિએ, કોઇ અતિ દોષવાળા (મહાદુષ્ટ) શત્રુની પેઠે શ્લેષ્મ આદિ દુર્ગંધી જળને ચાલવાની પરનાળરૂપ અને મુખના શ્વાસ સાથે સંબંધ રાખનાર નાસારંધ્રમાં મને નાખી દીધો છે.[૧૮] અમુક ભક્ષ્ય છે અને અમુક અભક્ષ્ય છે ઇત્યાદિ વિચારથી રહિત અનીતિવાળી આ જીહ્વાએ ઘણા કાળ સુધી મને કૃમિ કીટ અને પશુ આદિ અધમ યોનિઓરૂપી પર્વતોમાં સંપૂર્ણ રીતે રખડાવ્યો છે કે જે યોનિઓમાં (બળવાનમાં) ગજ અને (બુદ્ધિમાનમાં) શિયાળ (શ્રેષ્ઠ હોવાથી) રક્ષક ગણાય છે.[૧૯] જેમ ગ્રીષ્મકાળમાં અતિ તીક્ષ્ણ કિરણવાળા સૂર્યનારાયણનો સખત તડકો રોકી શકાતો નથી તે રીતે ત્વચાઇંદ્રિયનું ચંદન-વનિતા આદિના સ્પર્શમાં જે કાંઈ લાલચુપણું છે તે હું રોકી રાખવાને સમર્થ થઇ શકતો નથી.[૨૦] હે મહારાજ ! જેમ બકરાની તૃષ્ણા, હરિણને કોઇ તૃણવડે ઢંકાયેલા ઊંડા કૂવામાં નાખી દે, તેમ કાનને મધુર લાગે તેવા શબ્દોના સ્વાદની બહુ ઇચ્છા રાખનાર કર્ણેંદ્રિય મને વિપત્તિમાં નાખે છે.[૨૧] મારા તરફ્ નમ્ર થઈ પ્રાપ્ત થયેલી, મારૂં પ્રિય કરનારી, આજ્ઞામાં રહેનારા નોકર વર્ગોએ નિવેદન કરાયેલી અને વાજાંઓ તથા ગાયનોવડે મિશ્ર એવી ઉત્તમ શબ્દરચનાનું મેં શ્રવણ કર્યું.[૨૨] વૈભવવડે મનને હરણ કરનારી અને મધુર શબ્દ કરનાર મણિમય ભૂષણોથી તથા મણિરૂપ ભૂષણોથી સુશોભિત એવી સ્ત્રીઓ, લક્ષ્મીઓ, દિશાઓ, સમુદ્રો તથા પર્વતોના તટો, એ સર્વ મેં જોયાં.[૨૩] આજ્ઞામાં રહેનાર સ્ત્રી જનોએ આણેલા સ્વાદિષ્ટ અને ચમત્કારનેલીધે ચિત્તનું આકર્ષણ કરનારા તથા બરાબર તજવીજવડે કરવાથી બહુ ગુણવાળા મધુર-અમ્લ આદિ છ રસોનો મેં ઘણા લાંબા કાળસુધી સ્વાદ લીધો.[૨૪] ભોગો ભોગવવામાં રેશમી વસ્ત્રો, સુંદર સ્ત્રીઓ, હારો, પુષ્પો, સુંદર બીછાનાંઓ અને મંદમંદ પવનો, એ સર્વનો મેં નિર્વિઘ્નપણાથી પૂર્ણ રીતે સ્પર્શ કર્યો.[૨૫] હે મહારાજ ! સ્ત્રીઓના મુખના ચંદન-વાળો-અગરુ આદિ ઔષધિઓના પુષ્પોના અને કપૂર-કસ્તૂરી આદિના મેલાપવાળા બીજા સુગંધી પદાર્થોના મંદ વાયુવડે નાસિકા તરફ્ લવાયેલા ગંધોનો પણ મેં અનુભવ કર્યો.[૨૬] વારંવાર જે જે સાંભળવાનું છે તે સાંભળ્યું, જે જે સ્પર્શના વિષયો છે તેનો સ્પર્શ કર્યો, જે જે જોવાનું છે તે તે જોયું, જે જે ખાવાનું છે તે ખાધું અને જે સુંઘવાનું છે તે સુંઘ્યું. મતલબ કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચેય વિષયનું મેં વારંવાર બહુ સેવન કર્યું. તે સર્વ વારંવાર ભોગવવામાં આવી ગયાથી, સુકલ લાકડાના જેવું હવે મને નીરસ લાગે છે, માટે હું હવે કોનું સેવન કરૂં તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આપજ મને તરત કહો.[૨૭] બ્રહ્માથી માંડી સ્તંબપર્યંત સર્વ દુષ્ટ ભોગોના સમૂહને હજારો વર્ષોસુધી ભોગવવામાં આવે પરંતુ તેની તૃપ્તિ થતીજ નથી.[૨૮] ઘણા કાળસુધી સામ્રાજ્ય કરીને, સ્ત્રીઓના સમૂહને ભોગવીને અને શત્રુઓની સેનાઓને જીતીને પણ શું એવું ઉત્તમ અપૂર્વ ફળ પ્રાપ્ત કરી શકાય છે ? કાંઇ નહિ.[૨૯] જેઓનો નાશ થવાનું કાંઇ સાધનજ ન હતું અને જેઓએ આ ત્રણે લોકનો સ્વામીપણાથી ઉપભોગ કર્યો હતો તેવા મહાપરાક્રમી પુરુષો પણ થોડાકજ સમયમાં સર્વ ભોગાજ કાળની ઝાળમાં ભસ્મ થઈ ગયા.[૩૦] જે પ્રાપ્ત કરવાથી ફરી વાર બીજું કાંઇ પ્રાપ્ત કરવાનું રહે નહિ તેવા પદાર્થની પ્રાપ્તિને માટેજ કષ્ટ આપનારી ચેષ્ટાવડે પણ યત્ન કરવાનો છે.[૩૧] જેઓએ ઘણા કાળસુધી અતિ મનોહર ભોગો ભોગવ્યા તેઓનામાં કોઇના મસ્તકની ઉપર કોઇ મનુષ્યે કલ્પવૃક્ષ થયેલું દીઠું નથી કે જેની છાયામાં નિરંતર બેશી પૂર્ણકામ થઇ વિશ્રાંતિ લેવાય, તેમ આકાશમાં ગતિ કરી શકે તેવું વિમાનાદિક પણ તેઓમાં ચિહ્નરૂપે દીઠેલ નથી કે જે વડે સર્વત્ર ગતિ કરી શકાય.[૩૨] જેમ ધૂતારા બાળકો કોઇ બિચારા ભોળા છોકરાને છેતરી લે તે રીતે ઇંદ્રિયોવડે હું ઘણા લાંબા કાળસુધી આ દુરંત વિષયોરૂપી અનેક વનપંક્તિઓમાં છેતરાયેલ છું.[૩૩] આજે તો તે કષ્ટ આપનારા ઇંદ્રિય નામના શત્રુઓ કે જેઓ પોતપોતાના શબ્દ આદિ વિષયોમાં લોભાઇ રહેલ છે કિંવા પોતાના શબ્દાદિક વિષયોને રૂપે થઈ રહેલાં પંચભૂતોનોજ જે વસ્તુતઃવિકાર છે તેને બરાબર રીતે મેં ઓળખી લીધા છે.[૩૪] તે વિષયલંપટ દુષ્ટ ઇંદ્રિયોરૂપી પારધિઓ હું કે જે મનુષ્યમાં એક મૃગના જેવો અતિ મૂઢ છું અને અનેક તાપોવડે તપી ગયેલો છું, તેમને આ શૂન્ય સંસારરૂપી જંગલની અંદર ફોસલાવી ફોસલાવી પછી પ્રહાર કરે છે.[૩૫] મહાભયંકર ઝેરને દ્રષ્ટિમાં ધારણ કરનારા આ વિષયલંપટ ઇંદ્રિયોરૂપી સર્પોએ જેના તરફ દૃષ્ટિ નથી કરી અને જેને તાપવડે તપાવેલા નથી તેવા પુરુષો આ જગતમાં બે ત્રણ પણ માંડ ભાગ્યેજ નીકળશે.[૩૬] હે પ્રિય ભુશુંડજી ! ભોગરૂપી ભયંકર હાથીઓવાળી, તૃષ્ણારૂપી ચપળ જાળને (મનુષ્યરૂપી મૃગોને પકડી પાડવાસારૂ) સાથેજ રાખનારી, લોભરૂપી તીવ્ર કરવતવડે યુક્ત, ક્રોધરૂપી અનેક ભાલાઓથી ભરપૂર, શીત ઉષ્ણ, સુખ-દુઃખ આદિ દ્વંદ્વોના સમૂહરૂપી રથોવડે વ્યાપ્ત, અહંકારરૂપ સેનાપતિએ રક્ષણ કરાયેલ, ચેષ્ટાઓરૂપી ઘોડાઓવડે સુશોભિત, કામરૂપ કોલાહલથી વ્યાકુળ થઇ રહેલી અને સંસારરૂપી નગરના સીમાડાની અંદર પોતાની સત્તાને સ્થાપી રહેલી દુષ્ટ ઇંદ્રિયોરૂપી સેનાને જેઓ જીતી લેવાને શક્તિમાન થાય તેઓજ આ જગતમાં ખરા ઉત્તમ યોદ્ધાઓ છે.[૩૭-૩૯] મદોન્મત્ત ઐરાવત હાથીનાં ગંડસ્થળને ભેદી નાખવાં એ વાત હજી સહેલી છે પરંતુ અવળે માર્ગે જનારી પોતાની ઇંદ્રિયોનો સારી રીતે નિગ્રહ કરવો એ વાત કાંઇ સહેલી નથી.[૪૦] હે સુશીલ ભુશુંડજી ! એ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ વાતજ મોટા તત્ત્વવેત્તાઓના પણ પરાક્રમના, મહત્તાના, ઉત્તમ ધૈર્યના અને વિશ્રાંતિરૂપી સમૃદ્ધિના પરમ અવધિરૂપ છે.[૪૧] જ્યાંસુધી પુરુષ એક તુચ્છ તૃણની માફક કૃપણ ઇંદ્રિયોને અધીન નથી થઇ જતો ત્યાંસુધી તે દેવતાઓની પણ માન્યતાનું પાત્ર થાય છે.[૪૨] જે મહાધૈર્યવાળા પુરુષો આ પૃથ્વીમાં જીતેંદ્રિય છે તેજ ખરા પુરુષો છે, બાકીના આ બીજા પુરુષોને તો પ્રાણ આદિ [illegible] મનના યોગથી ચાલનારા માંસયંત્રોના સમૂહ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by 83 Foundation USA

રૂપેજ હું સમજું છું.[૪૩] હે મહારાજ ! મનરૂપી સેનાપતિની આ પાંચ ઇંદ્રિયોરૂપી સેનાને જે હું જીતી લેવાને યત્ન કરું તો સારી રીતે જીતી લઉં.[૪૪] ઇંદ્રિયોરૂપી પ્રબળ રોગોની શાંતિનેમાટે ભોગોની આશા છોડી દેવી એ એકજ ઉપાય છે, તે સિવાય ઔષધો કે મંત્રો તેની શાંતિ કરી શકતાં નથી.[૪૫] જેમ બિચારા કોઇ એક એકલા વટેમાર્ગુને મોટા અરણ્યની અંદર ચોરો હેરાન કરે તે રીતે ચોતરફ દોડનાર ઇંદ્રિયોએ મને બહુજ હેરાન કરેલ છે.[૪૬] જેમ નાનાં તળાવો પંકવાળા (ગારાવાળા), પ્રસન્નતાથી (નિર્મળતાથી) રહિત, મહાદુર્ભાગ્ય (દુર્દશા) વાળા અને ગંધાઇ ગયેલ શેવાળોવડે યુક્ત હોય તે રીતે ઇંદ્રિયો પણ પંકવાળી (પાપવાળી), પ્રસન્નતાથી (નિર્મળતાથી) રહિત, મહાદુર્ભાગ્યવાળી, અને ગંધાઇ ગયેલ શેવાળના જેવી મલિનતાવડે તુચ્છતાવાળી છે.[૪૭] જંગલો જેમ દુઃખોવડે માંડ ઉલ્લંઘન કરી શકાય તેવાં હોય છે, ઝાકળોવડે ગહનતાવાળાં હોય છે અને અનેક ભયોને ઉત્પન્ન કરે છે, તે રીતે ઇંદ્રિયો પણ દુઃખવડે માંડ ઉલ્લંઘન કરી શકાય તેવી જડતાવડે ગહનતાવાળી અને અનેક ભયોને ઉત્પન્ન કરનારી છે.[૪૮] જેમ કમળ પંકમાંથી (ગારામાંથી) ઉત્પન્ન થાય છે, છિદ્રોવાળાં હોય છે અને અતિ સૂક્ષ્મ હોવાથી દુર્લક્ષ્ય રીતે (અતિ ઘણી મહેનતે માંડ કાંઈક લક્ષ્યમાં આવે તેવી રીતે) રહેલા ગુણોને (અંદરના તંતુઓને) ધારણ કરી રહેલ હોય છે, જડ (જલમય) અવયવોવાળાં હોય છે, અને ગ્રંથિવાળાં (ગાંઠવાળાં) હોય છે, તે રીતે ઇંદ્રિયો પણ પંકમાંથી (પાપમાંથી) ઉત્પન્ન થયેલ છે, છિદ્રોવાળી છે. અતિસૂક્ષ્મ હોવાથી દુર્લક્ષ્ય રીતે (અતિ ઘણી મહેનતે માંડ કાંઈક લક્ષ્યમાં આવે તેમ રહેલા) ગુણોને (વાસનાઓને) ધારણ કરી રહેલ છે, જડ અવયવોવાળી છે અને ગ્રંથિ (અહંકારરૂપી ગાંઠ) વડે યુક્ત છે.[૪૯] જેમ સમુદ્રનાં જલો રુક્ષતાવાળાં હોય છે, રત્નોને અંદર સંધરી રાખવાથી રત્નોના લોભવાળાં હોય છે, ઊર્મિઓ (તરંગો) વડે યુક્ત હોય છે અને દુઃખવડે માંડ પકડી શકાય તેવાં ઝુડોથી ભયંકર, અને ખારાં હોય છે, તે રીતે ઇંદ્રિયો પણ રુક્ષતાવાળી છે, રત્નના જેવી જે જે અમૂલ્ય વસ્તુ હોય તે તરફ લોભાઇ જાય છે, ક્ષુધા-પિપાસા આદિ ષડ્ ઊર્મિવડે યુક્ત છે, અને દુઃખવડે માંડ પકડી શકાય તેવા કામક્રોધ આદિ ઝુડોવડે મહાભયંકર છે.[૫૦] જેવી રીતે મરણ બાંધવોને ઉદ્વેગ આપે છે, બીજા દેહની સાથે જીવનો સંબંધ કરાવે છે અને દયા ઉપજાવે તેવી રાડો પડાવે છે, તે રીતે ઇંદ્રિયો પણ બાંધવોને ઉદ્વેગ આપે છે, બીજા દેહ સાથે જીવનો સંબંધ કરાવે છે અને દયા ઉપજાવે તેવી રાડો પડાવે છે.[૫૧] વનો જેમ વિવેકથી (વનમાં અમુક રીતે વર્તવું અમુક રીતે ન વર્તવું ઇત્યાદિ વિવેકથી)રહિત પુરુષોને શત્રુની પેઠે પીડા ઉપજાવે છે, તથા જે લોકો વિવેકી (વનમાં વર્તવાની રીતભાતને સારી રીતે જાણનારા) હોય તેઓને મિત્રની ગરજ સારે છે, વળી ઝાડીને લીધે દુઃખવડે પણ માંડ પ્રવેશ કરી શકાય તેવાં હોય છે, અવધિ વગરનાં હોય છે અને ઉજ્જડ હોવાથી મનુષ્યો મળે કે તેની પાસેથી વાતચિત કરી વિશ્રાંતિ લેવાય એ વાતથી શૂન્ય હોય છે તે રીતે ઇંદ્રિયોપણ વિવેકથી (અમુક વસ્તુ નિત્ય છે અમુક અનિત્ય છે ઇત્યાદિ વિવેકથી) રહિત પુરુષોને શત્રુની પેઠે પીડા ઉત્પન્ન કરે છે તથા વિવેકીઓને મિત્રની ગરજ સારે છે, દુઃખવડે માંડ ઓળખી શકાય તેવી છે, અવધિથી રહિત છે અને વિશ્રાંતિથી પણ શૂન્ય છે. જેમ ભયંકર વાદળાંઓ વરસાદની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગર્જનાથી યુક્ત હોય છે, સારથી રહિત હોય છે, મલિનતાવાળાં (શ્યામ) હોય છે, જડ (જલમય) હોય છે, અને વિજળીના ઝબકારાવડે પ્રકાશ યુક્ત હોય છે તે રીતે ઇંદ્રિયો પણ પરસ્પર ક્લેશ ઉત્પન્ન કરાવી બંભી ઠોકવી ગર્જના કરવી એ આદિ શબ્દોને પેદા કરે છે, સારરહિત છે, મલિનતાવાળી છે, જડ છે અને વિજળીની પેઠે ક્ષણમાત્ર ક્ષણભંગુર (વૈષયિક) સુખનો પ્રકાશ કરે છે.[૫૩] જેમ ખાડાઓ ક્ષુદ્ર પ્રાણીઓએ (કીડા આદિ જીવોએ) આશ્રય કરેલ હોય છે, ચતુર પુરુષો તેને છોડી દઇનેજ ચાલે છે અને રજથી (ધૂળથી) તથા તમથી (અંધારાથી) વ્યાપ્ત હોય છે તે રીતે ઇંદ્રિયો પણ ક્ષુદ્ર પ્રાણીઓએ (તુચ્છ વિષયસુખમાંજ આસક્ત થઇ ગયેલ જીવોએ) આશ્રય કરાયેલ છે, ચતુર પુરુષો એ ઇંદ્રિયોને અધીન નહિ થઇ જતાં નો ત્યાગ કરે છે અને રજોગુણથી તથા તમોગુણથી એ ઇંદ્રિયો વ્યાપ્તજ છે.[૫૪] જેમ જીર્ણ થઈ ગયેલા ખાડાઓના મોખરાના ભાગો મનુષ્યોને પાડી નાખવામાંજ પૂર્ણ કુશલ હોય છે, દોષવાળા સર્પોવડે આશ્રય કરાયેલ હોય છે અને રુક્ષતાવાળા લાખો કાંટાઓથી વ્યાપ્ત હોય છે તે રીતે ઇંદ્રિયો પણ મનુષ્યને ઉત્તમ પદમાંથી નીચે પાડી નાખવામાંજ પૂર્ણ કુશળ છે. રાગદ્વેષ આદિ દોષોરૂપી સર્પોવડે આશ્રય કરાયેલ છે અને રુક્ષતાવાળા વિપત્તિઓરૂપી લાખો કાંટાઓવડે વ્યાપ્ત છે.[૫૫] જેમ રાક્ષસો ફક્ત પોતાના પોષણનીજ વાત જાણનારા હોય છે, નીચ વૃત્તિના હોય છે, કેવળ મહાસાહસિકજ હોય છે અને અંધકારમાં વિહાર કરનારા હોય છે. તેવી રીતે ઇંદ્રિયો પણ ફક્ત પોતાના પોષણનીજ વાત જાણનારી છે, નીચ વૃત્તિઓવાળી છે, કેવળ મહાસાહસિકજ છે અને અજ્ઞાનરૂપ અંધકારમાં વિહાર કરે છે.[૫૬] જેમ પરાભવ જુના વાંસ આદિનાં લાકડાંઓ અંદર શૂન્ય (પોલાં) હોય છે, નિઃસાર હોય છે, વક્ર (વાંકાં) હોય છે, ગ્રંથિ (ગાંઠો) વાળાં હોય છે અને ફક્ત એક બાળવાનેજ યોગ્ય હોય છે, તે રીતે ઇંદ્રિયો પણ અંદર શૂન્ય (પોલાણવાળી),રસ-રક્ત-માંસ-આદિવડે ભરેલી હોવાથી નિઃસાર, વક્ર (વાંકા-ચૂંકા આકારવાળી) અને ગ્રંથિ (અહંકારરૂપી ગાંઠ અથવા જડ-ચેતનની ગ્રંથિ) વડે યુક્ત છે.[૫૭] જેમ ખરાબ વસ્તીવાળાં નગરો બહુ દૃઢ રીતે બંધાઈ ગયેલા મોહને લીધે ચોરી જુગટું કજીયા એ આદિ દુર્વ્યસનોનાં બંધાણવાળાં હોય છે, ખરાબ કૂવાઓવાળાં અને માંડ પેશી શકાય તેવાં જંગલી હોય છે. તથા મ્હોટા મ્હોટા કચરાઓના ઢગલાઓથી વ્યાપ્ત હોવાને લીધે તુચ્છ હોય છે તેમજ ઇંદ્રિયો પણ બહુ દૃઢ રીતે બંધાઇ ગયેલા મોહને લીધે ચોરી જુગટું કજીયા એ આદિ દુર્વ્યસનોનાં બંધાણવાળી હોય છે, ખરાબ કૂવાઓની પેઠે બહુ ઉંડાણવાળી છે અને મોટા કચરાના ઢગલાનીપેઠે સાવ નિઃસાર હોવાથી તુચ્છ છે.[૫૮] જેમ કુંભારોના ચાકડાઓ ઘટ આદિ અનંત પદાર્થોના કારણરૂપ છે, ભ્રમવડે (ફરવાની ક્રિયાવડે) યુક્ત હોય છે અને પંકવાળા (ગારાવાળા) હોય છે તે રીતે ઇંદ્રિયો પણ ઘટ આદિ અનંત પદાર્થોના કારણ રૂપ છે, ભ્રમવડે (ભ્રાંતિવડે) યુક્ત છે અને પંકવાળાં (પાપવાળાં) છે.[૫૯] શરણાગત પુરુષોનો ઉદ્ધાર કરનારા હે ભુશુંડજી ! હું કે જે ઉપર જણાવ્યા પ્રમાણે ઇંદ્રિયોએ ઉત્પન્ન કરેલ અનેક આપત્તિઓરૂપી સાગરમાં નિમગ્ન થઇ ગયેલ છું અને સર્વસ્વનો ત્યાગ કરી કશો પણ પરિગ્રહ નહિ રાખતાં આપને શરણે આવેલ છું તેનો આપ કૃપાવડે ઉદય પામનારા તત્ત્વજ્ઞાનના ઉપદેશથી ઉદ્ધાર કરો. કેમકે આપ જેવા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જે જે કોઇ દયાલુ સત્પુરુષો આ જગતમાં સર્વનાથી ઉત્કૃષ્ટપણે વર્તી રહ્યા છે તેઓનો સમાગમ કરવો એટલે તેમને શરણે જવું તે શોકનો અત્યંત નાશ કરનાર છે એમ ઉત્તમ શાસ્ત્રો અને વિવેકી પુરુષો કહે છે.[૬૦]

आपन्निमग्नमिममेवमकिंचनंत्वं मामुद्धरोद्धरण शीलदयोदयेन ॥ येनाम केचन जगत्सु जयंति संतस्तत्संगमं परमशोकहरं वदंति ॥ ६० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "વૈરાગ્યવર્ણન" એ નામનો છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૬

સર્ગ ૭ મો.*

સંસારવૃક્ષ વર્ણન

॥ भुशुंड उवाच ॥

ततस्तस्य मया ब्रह्मंस्तच्छ्रुत्वा पावनं वचः ॥ इदमुक्तं यथापृष्टं सुस्पष्टपदया गिरा ॥ १ ॥

ભુશુંડજી કહે છેઃ—હે મહારાજ! પછી તેનાં એ પવિત્ર વચન સાંભળી તેના પ્રશ્નને અનુસારેજ મેં અતિ સ્પષ્ટ પદવાળી વાણીવડે તેને નીચે પ્રમાણે કહ્યું.[૧]

હે વિદ્યાધરોના અધિપતિ! કાંઇક ભાગ્યોદય થઈ જવાથી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત થવામાટે તમે અજ્ઞાનરૂપી નિદ્રામાંથી ઠીક જાગી ગયા છો? અને હમણાં ઘણે લાંબે દિવસે આ સંસારરૂપ અંધારા કૂવાની બખોલમાંથી નીકળવાને ઈચ્છો છો.[૨] વિવેકવડે અત્યંત વ્યાપ્ત થઈ રહેલી આ તમારી પવિત્ર બુદ્ધિ જેમ અગ્નિવડે અતિ વ્યાપ્ત થઇ રહેલો સુવર્ણરસનો સમૂહ અતિ કાંતિવડે દીપી નીકળે તે રીતે બહુ દીપે છે.[૩] જેમ નિર્મળ અરીસામાં હરકોઈ મનોહર દ્રવ્યનું વગર મહેનતે (માત્ર પાસે રાખવાથીજ) પ્રતિબિંબ પડે છે તે રીતે તમારી પવિત્ર બુદ્ધિ અનાયાસેજ મારી ઉપદેશવાણીના અર્થને બરાબર ગ્રહણ કરી લેશે.[૪] જે કાંઇ આ હું તમને કહું છું તે 'અંગીકાર કરવા યોગ્યજ છે' એવી બુદ્ધિવડે તમે સ્વીકારી લેવાને યોગ્ય છો કેમકે અમે આ બાબતમાં ઘણા લાંબા કાળસુધી શોધ કરેલો છે માટે હવે તેમાં બીજો કશો વિચાર કરવા જેવું નથી.[૫] જે કાંઈ અહંકાર આદિ તમારા હૃદયની અંદર દૃશ્યરૂપે જોવામાં આવે છે તે રૂપ તમે નથી. 'દૃશ્ય પદાર્થમાત્રમાં કોઇક પણ આત્મા છે અને તે શોધી કહાડી મારે તેને પ્રાપ્ત થવું છે' એવા વિચારથી ઘણા લાંબા કાળસુધી દૃશ્યવર્ગની અંદર શોધ કર્યા છતાં પણ તમે કે જે આત્મારૂપ છો તે (સાક્ષિરૂપે સર્વનાથી જુદા હોવાથી) દૃશ્યવર્ગમાં જોવામાં આવતા નથી માટે દૃશ્ય પદાર્થરૂપ અજ્ઞાનને મૂકી દઇ સર્વના સાક્ષીરૂપ શુદ્ધ આત્માને તમે ઓળખી લ્યો.[૬] 'હું પણ નથી, તમે પણ નથી અને આ જગત પણ નથી' એવો તમે નિશ્ચય બાંધશો એટલે સર્વ પરમ મંગળરૂપ એક બ્રહ્મભાવે થઇ રહેશો કે જે તમને સુખ કે દુઃખ, એ બન્નેમાંથી કશું ઉત્પન્ન કરશે નહિ.[૭] શું અજ્ઞાનથી જગત ઉત્પન્ન થયેલ છે? અથવા શું અજ્ઞાનજ જગતથી ઉત્પન્ન થયેલ છે? એ વિષે વિચાર કરતાં એ બન્નેનું (અજ્ઞાનરૂપે અથવા બ્રહ્મભાવે) એકરૂપપણું હોવાથી બરાબર જાણી શકાતું નથી.[૮] આ જગત પ્રતીતિમાં આવતાં છતાં ઝાંઝવાના જળનીપેઠે અવસ્તુરૂપ હોવાથી મિથ્યાજ છે. જે કાંઈ આ દૃશ્યરૂપે ભાસે છે તે અધ્યારોપદૃષ્ટિએ (જગતની દૃષ્ટિએ) જોઇએ તો અજ્ઞાનનો નાશ થતાં જગતજ બાધિત થઇ જવાથી કાંઈ પણ નથી, માત્ર બ્રહ્મરૂપજ છે;

* આ સાતમા સર્ગમાં જગત બ્રહ્મરૂપ છે, દુઃખકારક અજ્ઞાનજ જગતનેરૂપે થઈ રહેલ છે અને અહંકારરૂપ બીજમાંથીજ જગતરૂપ વૃક્ષ ઉત્પન્ન થઇ જાય છે એ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને અધિષ્ઠાનદૃષ્ટિથી (બ્રહ્મદૃષ્ટિથી) જોઇએ તો જે કાંઇ છે તે સર્વ બ્રહ્મરૂપજ છે.[૯] ઝાંઝવાના જળનીપેઠે આ જગત સાવ મિથ્યા હોવાથી તે છેજ નહિ અથવા જો કાંઇ છે તો તમે કે જે બ્રહ્મરૂપ છો તેનોજ એ સઘળો વિવર્ત છે. સર્વ એક બ્રહ્મરૂપ હોવાથી આભાસ પડવાનો કાંઇ પણ જુદો વિષયજ નહિ હોવાને લીધે આભાસ (ચિદાભાસ) પણ નથી, તેથી સર્વ એક પરમ મંગળ બ્રહ્મરૂપજ છે.[૧૦] જગતનું મૂલ બીજ અહંકારજ છે, એમ તમે સમજો. એ અહંકારરૂપી બીજમાંથીજ પર્વતો, સમુદ્રો, પૃથ્વી, નદીઓ અને રાજાઓ, ઇત્યાદિ સહિત જગતરૂપી એક જબરજસ્ત વૃક્ષ ઉત્પન્ન થાય છે.[૧૧] અહંકારરૂપ સૂક્ષ્મબીજમાંથીજ આ જગતરૂપ વૃક્ષ ઉત્પન્ન થાય છે. વિષયોમાં આસક્તિ થવારૂપી રસવડે ભરેલા નીચેના લોકો જગતરૂપ વૃક્ષના મૂળરૂપ છે.[૧૨] અશ્વિની આદિ સત્તાવીશ તારાઓનો સમૂહ તેની મોટી કળીઓરૂપ છે. બીજાં નાનાં નક્ષત્રોનો સમૂહ તેની નાની કળીઓરૂપ છે. વાસનાઓ તે જગતરૂપ વૃક્ષના પુષ્પગુચ્છોના સમૂહરૂપ છે. પૂર્ણચંદ્ર એ તેના ફળના ગુચ્છરૂપ છે.[૧૩] સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક ઇત્યાદિ મોટા લોકોનો સમૂહ એ જગતરૂપ વૃક્ષના અંદરના કોતરના ભાગરૂપે છે. મેરુપર્વત, મંદરાચલ અને સહ્યાદ્રિ એ આદિ પર્વતો તેનાં પાંદડાંઓની પંક્તિરૂપ છે.[૧૪] સાત સમુદ્રો તેના ક્યારારૂપ છે. પાતાળ એ તેના મૂલની રહેવાની જગોરૂપ છે. સત્યયુગ આદિ યુગો ધર્મરૂપ સારને અંદરથી ખોતરી ખાવાથી તેના *ઘણરૂપ છે. તે તે યુગોના વર્ષ, અયન, ઋતુ, માસ, ઇત્યાદિ અનેક ગૌણકાલો તે એ જગતરૂપ વૃક્ષનાં પર્વરૂપ છે.[૧૫] અજ્ઞાન તે જગતરૂપ વૃક્ષની ઉત્પન્ન થવાની જગોરૂપ છે. સર્વ જીવો એ તેનાં પક્ષીઓરૂપ છે. ભ્રાંતિજ્ઞાન એજ તેના મોટા સ્તંભરૂપ (થડરૂપ) છે અને તત્ત્વજ્ઞાનવડે જે મોક્ષ થવો તે એ જગતરૂપ વૃક્ષને બાળી નાખવાના દાવાનળરૂપ છે.[૧૬] ઇંદ્રિયોવડે પદાર્થોનો સંબંધ થવો અને મનવડે સંકલ્પ વિકલ્પ થવા એ સર્વ જગતરૂપ વૃક્ષના સુગંધના સમૂહરૂપ છે. આ અનંત આકાશ તેના વિશાળ વનરૂપ છે. નેત્રની પાંપણો અને બન્ને હોઠો કે જે નેત્ર તથા હાસ્યરૂપ મોતીને પ્રકટ કરવામાં છીપના જેવાં છે તે એ જગતરૂપ વૃક્ષની ડાંખલીઓરૂપ છે. આત્મચૈતન્ય એ તેના જીવનના આધારરૂપ રસનો પ્રવાહ છે, સૂર્ય ચંદ્ર-અગ્નિ-આદિનો પ્રલયકાળમાં લય કરી દેનાર સૂત્રાત્મા એ તેના પવનની લહેરરૂપ છે. પ્રતિદિન ઉદય અને અસ્તને પ્રાપ્ત થનારી અને ચપળ, ચંદ્રમાની તથા સૂર્યની કાંતિ તે જગતરૂપ વૃક્ષની પુષ્પમંજરી છે. સૂર્યની સાથે (સૂર્યનો પ્રકાશ પડતાં) ભમનારૂં અંધારૂં એ તે જગતરૂપ વૃક્ષના ફરનારા ભ્રમરાઓરૂપજ છે.[૧૭-૧૯] આ જગતરૂપ વૃક્ષ સાવ મિથ્યા છતાં સત્યનીપેઠે પાતાળને, સર્વ દિશાઓને અને અંતરિક્ષલોકને પૂર્ણ કરી (વ્યાપ્ત થઇ) રહેલ છે. તેનું અહંકારરૂપ બીજ 'હું એવું કાંઇપણ છેજ નહિ ' એમ નિરહંકારપણારૂપ અગ્નિવડે શેકી લેવામાં આવ્યું હોય તો પછી માત્ર આભાસરૂપે દેખાતું આ સંસારરૂપી વૃક્ષ પુનર્જન્મ આદિનેરૂપે ફરીવાર ઉગી શકતું નથી.[૨૦]

पातालमाशागण मंतरिक्षमापूर्यतिष्ठत्यसदेवसद्वत् ॥ तस्यानहंताग्निहतेहमर्थबीजेपुनर्नास्ति सतोपिरोहः ॥ २० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગદ્વૃક્ષબીજવર્ણન' એ નામનો સાતમો સર્ગ સંપૂર્ણ. ૭

* ઘણ નામના જીવડાઓ લાકડાંને અંદર ફોલી ખાય છે તે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૮ મો.*

સંસારવૃક્ષનો ઉચ્છેદનવિધિ

॥ ભુશુંડ ઉવાચ ॥

વિદ્યાધર ધરાધારો ગિરિકંદરમંદિરઃ ॥
દિગંબરાંતરાચારચારસંચારચંચુરઃ ॥ ૧ ॥

ભુશુંડજી કહે છેઃ—હે વિદ્યાધર! નીચેના સાત લોકોએ સહિત પૃથ્વીરૂપી મૂળ પ્રદેશમાં રહેલું, લોકાલોકપર્યંત સર્વ પર્વતોના અંદરના ભાગોરૂપી ક્યારાવાળું, દશ દિશાઓની અંદર આડી શાખાઓવડે આકાશની અંદર ઉભી શાખાઓવડે અને તેની અંદર વસનારાં પ્રાણીઓના સંચારવડે ચંચળ થઈ રહેલું તથા આગળ જણાવ્યા પ્રમાણે અતિ વિસ્તારવાળું આ જગતરૂપી વૃક્ષ અહંકારરૂપી બીજમાંથીજ ઉત્પન્ન થાય છે. તેનું એ બીજ જ્ઞાનરૂપી અગ્નિવડે બાળી નાખવામાં આવે તો પછી કશું ઉત્પન્નજ થતું નથી.[૧,૨] તાત્વિક દૃષ્ટિથી જો અહંકારને શોધવા જઈએ તો સર્વ બ્રહ્મમાત્રજ જણાયાથી એ અહંકાર કોઈ દિવસ છેજ નહિ એટલુંજ માત્ર તેનું જ્ઞાન છે કે જેથી એ અહંકારરૂપી બીજ બળી (શેકાઈ) જાય છે.[૩] 'હું અમુકરૂપ છું' એવી ભાવના થતાં અહંકાર ઉત્પન્ન થાય છે કે જે આ સંસારરૂપ વૃક્ષના બીજરૂપ છે. હું એવું કાંઇપણ છેજ નહિ. જે કાંઈ છે તે બ્રહ્મમાત્રજ છે એવી ભાવના થતાં અહંકાર રહેતો નથી. માત્ર એક બ્રહ્મબુદ્ધિજ સર્વત્ર રહે છે અને એજ ઉત્તમ જ્ઞાન છે.[૪] સૃષ્ટિના આરંભકાળમાં આ સૃષ્ટિ ઉત્પન્નજ નહિ થયાથી હું પણું કે તમારાપણું એ બન્ને કયાંથી ઘટે અને દ્વિત્વએકત્વ આદિ ભ્રાંતિપણ કેમ સંભવે? (ન સંભવે.)[૫] જે મુમુક્ષુ પુરુષો સમૂળ સંકલ્પ ત્યાગ કરવા માટે ગુરુનાં ઉપદેશવચન સાંભળી તેમણે બતાવેલ ક્રમપ્રમાણે પોતાના પુરુષાર્થવડે યત્ન કરે છે તેઓ જ્ઞાનપ્રાપ્તિ થયા પછી પરમપદને પહોંચવામાં જયવાન નીવડે છે.[૬] જેમ રસોઇઓ પોતે પાકશાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કરી તે પ્રમાણે રસોઇ બનાવે તોજ તે પોતાની બાબતમાં કૃતેહ મેળવે છે, તેવીજ રીતે વિવેકવાન અધિકારી પુરુષ ગુરુ-શાસ્ત્ર-આદિદ્વારા સર્વ જાણી લઈ તેમણે બતાવેલ માર્ગને અનુસારે યત્ન કરે તોજ તે મોક્ષપર્યંત ફળ આપનારા પોતાના સ્વરૂપના વિવેકને પ્રાપ્ત થાય છે. બાકી તેમ કર્યાવિના ફક્ત જાણવામાત્રથી કશું થતું નથી.[૭] 'આ જગત સ્વપ્ન-ઇંદ્રજાળ આદિનીપેઠે કેવળ ચૈતન્યતત્ત્વનોજ ચમત્કાર છે, તે વિના બીજું કાંઈજ નથી' એમ તમે સમજો. એ જગત ચેતનસત્તા સિવાય દિશાઓમાં પણ ક્યાંય નથી, અને બહાર કે અંદર પણ ક્યાંય છે નહિ.[૮] જેમ ચિત્રકારના ચિત્તમાં કલ્પાએલું ચિત્ર મનમાં સંકલ્પ સ્ફુરતાં દેખાય છે અને સંકલ્પ ન સ્ફુરે તો લય પામી જાય છે તે રીતે આ જગતરૂપી ચિત્ર માત્ર સંકલ્પ સ્ફુરવાથીજ જોવામાં આવે છે અને સંકલ્પજ ન સ્ફુરે તો તે લયને પ્રાપ્ત થઇ જાય છે (દેખાતું નથી).[૯] મોટા સ્તંભવાળો, મુક્તામણિવડે બનાવેલો અને અનેક લક્ષ યોજન પર્યંત સુવર્ણનાં મનોહર ચિત્રોવડે સુશોભિત કોઇ એક મંડપ છે કે જે મેરુના જેવા કાંતિવાન ગુગલવડે ઉપરના ભાગમાં શોભાવાળા હજારો મણિઓના સ્તંભોથી વીંટાએલો છે અને કોઈ ઠેકાણે હજારો ઇંદ્રધનુષના જેવો અને કોઇ ઠેકાણે પ્રલયકાળના સંધ્યાકાળનાં વાદળાંના જેવો મનોહર દેખાય છે. જે મંડપની અંદર વસનારાં સ્ત્રીઓ

* આ આઠમા સર્ગમાં સંસારરૂપી વૃક્ષનો જ્ઞાનથી ઉચ્છેદ થઈ જાય છે તે કહેવાશે અને સંકલ્પથી ખડા થઈ ગયેલા કોઈ એક સંકલ્પના જેવોજ આ સંસાર સંકલ્પ માત્રથી થયેલો છે એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પુરુષો અને બાળકોની ક્રીડાનેમાટે એક બીજાની વચમાં પર્વતો, નદીઓ, જંગલો, હાથીઓ, ઘોડાઓ, દેવતાઓ, પશુ-પક્ષીઓ, મનુષ્યો, ઇત્યાદિ નાના પ્રકારની રચનાવાળા, પ્રાણીઓરૂપી બીજો તથા તેનાં ઉપભોગનાં સાધનોવડે ચારેકોરથી ભરપૂર, અંધકારને નાશ કરનાર મણિઓ, દીવાઓ, સૂર્ય, ચંદ્ર એ આદિવડે પ્રકાશ થતાં લોકોની વ્યવહારમાં પ્રવૃત્તિ થવાથી શબ્દોવડે યુક્ત થઇ રહેલ, કોઈ ઠેકાણે અંધકારથી અને કોઇ ઠેકાણે પ્રકાશથી વિચિત્ર તરેહની શોભાને ધારણ કરનાર પાતાલ-સ્વર્ગ આદિ બીજા લોકોરૂપી સંપુટો તે મંડપમાં સ્થાપી રાખેલા છે, ક્રીડાસંબંધી શોભાની ખાણરૂપ એ મંડપની અંદર સુગંધવડે મનોહર મને ચપળ મેઘપંક્તિઓના જેવા ચંચળ પવિને ધારણ કરી રહેલાં કલ્પવૃક્ષો છેદાઈ જઈ સ્ત્રીઓના કર્ણભૂષણ આદિ અલંકારોમાં ઉપયોગી થાય છે.[૧૨-૧૪] એ મંડપની અંદર બાળકના નિશ્વાસમાત્રથી ચલાયમાન થઇ જાય તેવા અતિ હલકા કુલાચળ પર્વતો બાળકોને રમવાના દંડાઓરૂપ કલ્પાયેલ છે.એ મંડપની અંદર સંધ્યાકાળનાં વાદળાંઓ દિશાઓરૂપી અંગનાઓનાં કર્ણભૂષણરૂપે કલ્પવામાં આવેલ છે અને શરદૃઋતુનાં વાદળાંઓ દિશાઓરૂપી સ્ત્રીઓના ચામર તરીકે કલ્પાયેલ છે.[૧૫] એ મંડપની અંદર પ્રલયકાળનાં વાદળાંઓ વીંઝણાઓરૂપે કલ્પવામાં આવ્યાં છે અને આ આખું પૃથ્વીનું તળ જુગટું રમવાની ચોપાટ તરીકે કલ્પાયેલ છે અને તારાઓથી સુશોભિત આકાશ એક ચંદરવા તરીકે ગણવામાં આવ્યું છે.[૧૬] એ મંડપના આકાશરૂપ આંગણામાં જેની અંદર જગતની ઉત્પત્તિ અને લય થવાની પ્રતીતિરૂપી પણ લેવામાં આવે છે એવી જુગટાંની રમત રમાય છે અને તે રમનારા તે મંડપના બ્રહ્માદિક માલેકો જરાયુજ આદિ ચાર પ્રકારનાં પ્રાણીઓરૂપી સોગઠાંને જન્મ-મરણાદિકવડે વારંવાર આમ તેમ ફેરવ્યા કરે છે. અને તેમાં ચંદ્ર-સૂર્ય-આદિ ગ્રહો રમવાના પાસાઓરૂપ છે.[૧૭] આવી રીતનો એક મંડપ છે, એમ સંકલ્પ કરનારા પુરુષને તે સંકલ્પજ ઘણો લાંબો કાળ ભાવના કરવાથી આબેહૂબ કેમ જાણે નજર આગળ તરતોજ હોય તેમ થઈ જઇ સાચાના જેવો ભાસે છે, તેવી રીતે આ જગતરૂપ મંડપ પણ વિધાતાના સંકલ્પમાત્રથીજ ઉત્પન્ન થયેલ છે અને ચિત્રકારના ચિત્તમાં રહેલ ચિત્રનીપેઠે તે માત્ર ચૈતન્યતત્ત્વનાજ ચમત્કારરૂપ છે મિથ્યા છતાં સંકલ્પમાત્રથીજ તે સ્ફુરી આવે છે. જોકે સર્વ દૃશ્યમાત્ર આભાસરૂપે રહેલ છે પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તે છેજ નહિ ફક્ત કોઇ માયાવીની માયાનીપેઠે મિથ્યા છતાં પણ કોણ જાણે ક્યાંથી ઉત્પન્ન થયેલ હોય તેમ જોવામાં આવે છે.[૧૮-૨૦] જેમ સોનાની અંદર કટક-કુંડળ આદિ ભાવો રહેલ છે તે રીતે સંસાર પણ ચૈતન્યતત્ત્વના ચમત્કારની અંદરજ રહેલ છે કે જે (સંસાર) સંકલ્પનો ક્ષય થતાં તરત ક્ષય પામી જાય છે.[૨૧] હવે સંકલ્પ કરવો અથવા સંકલ્પજ ન થવા દેવો એ બન્ને વાત તમારા પોતાના અત્યંત તાબાનીજ છે માટે જેમ તમારી ઇચ્છા હોય તેમ કરો. જે પુરુષ વિહિત કર્મનો જો કે ત્યાગ કરતો નથી; પરંતુ અન્ન-પાન આદિ ઐહિક (આલોકસંબંધી) ભોગની સામગ્રી અને દાન-યજ્ઞ આદિ પારલૌકિક (પરલોકસંબંધી) ભોગની સામગ્રી, એ બન્નેમાં નિષ્કામ હોવાથી કાંઈપણ ફળની અભિલાષા નથી રાખતો તેવા વીતરાગ પુરુષનો આ છેલ્લો જન્મ છે.[૨૨] હે શુદ્ધ બુદ્ધિમાન વિદ્યાધર ! ત્રણ લોકને પવિત્ર કરવાવાળી મહાપવિત્ર અને પૂર્વની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અવિવેકદશાના કરતાં વળી કાંઈ બીજીજ તરેહની વિવેકપદવીને તમે પ્રાપ્ત થઇ ગયેલ છો તેથી આ મારા મનથી હું એમ ધારૂં છું કે આ ઉત્તમ પદવીથી હવે નીચે પડશો નહિ. માટે વાણી અને મનના વ્યાપારથી રહિત (મન વાણીવડે અગમ્ય) શુદ્ધ ચિદ્રૂપ પરમાત્માનો અવલંબ રાખી મન આદિ સર્વ દૃશ્ય વગને છોડી દ્યો.[૨૩]

प्राप्तो विवेकपदवीमसि पावनात्मन्पुण्यां पवित्रितजगत्त्रितयां द्वितीयाम् ॥ नाधः पतिष्यसि पुनर्मम सामुनेति जानामि मौनममलं पदमुत्सृज त्वम् ॥ २३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' માયામંડપવર્ણન ' એ નામનો આઠમો સર્ગ સંપૂર્ણ. ૮

સર્ગ ૯ મો.*

જગત ચિન્માત્ર છે

॥ भुशुंड उवाच ॥

अबुद्धयमानश्चेत्यादि चिद्रूपमपि चाऽनघ ॥ शांतचिद्घनएवास्वानिर्मलाप्स्वंतरंशुवत् ॥ १ ॥

ભુશુંડજી કહે છેઃ—હે નિષ્પાપ વિદ્યાધર ! દૃશ્યવર્ગને તેમાં રહેલ ક્રિયા, ગુણ, દોષ, એ આદિને તથા તેને દ્રષ્ટારૂપે જોનારા તેથી જુદા જણાતા જીવચૈતન્યને, એ સર્વને તત્ત્વદૃષ્ટિથી મિથ્યા સમજી તે તરફ કાંઇ લક્ષ્ય નહિ આપતાં નિર્મળ જળની અંદર પ્રતિબિંબરૂપે રહેલાં સૂર્યકિરણનીપેઠે તાપથી રહિત થઈ જઈ શાંતપણાથી સર્વત્ર ભરપૂર પ્રકાશમય એક શુદ્ધ ચિદાત્મારૂપજ તમે થઈ રહો.[૧] જેમ પરસ્પર એકબીજાના ધર્મોનું વિરુદ્ધપણું છતાં સમુદ્રમાં (જળમાં) એકસરખી રીતે વડવાનળ રહેલ છે તે રીતે દૃશ્યવર્ગ પોતે ચૈતન્યતત્ત્વના કરતાં જડરૂપતા, દુઃખરૂપતા અને પરિણામીપણું એ આદિ વિરૂદ્ધ ધર્મોવાળો છતાં સમાનપણાથી એ ચેતનસત્તાની અંદરજ (આભાસરૂપે) રહેલ છે કેમકે તે જડવર્ગમાં જે ચૈતન્યની પ્રતીતિ થાય છે તે ચેતનસત્તાથીજ છે.[૨] જેમ અગ્નિની જ્વાળાના નાશનું અને ઉત્પત્તિનું, એ બન્નેનું કારણ પવનજ છે તે રીતે જગતમાં જણાતા જડ અને ચેતન એ બન્ને ભાગના હેતુરૂપ એક ચેતનસત્તાજ છે. કારણ કે તેઓનું ચેતનપણું ચૈતન્યસત્તાનેજ અધીન છે.[૩] 'હું' એવી કાંઈપણ વસ્તુ છે નહિ. જે કાંઈ છે તે ચિદ્રૂપ છે. એ પ્રમાણે તમે કેવળ ચિદ્રૂપ આત્મામાંજ વિશ્રાંત થાઓ અને પછી જેવું થઇ રહેવાય તેવા થઇ રહો.[૪] જેમ નિર્મળ જળની અંદર વ્યાપી રહેલું દૂધ અગ્નિવડે જળનો નાશ થઇ જતાં પણ પોતે બહાર (જળ બળી જતાં તેથી જુદું) અને અંદર (જળ ભેગું હોય ત્યારે તેની અંદર) અવશેષ રહે છે તે રીતે તમે કે જે ચિદ્રૂપ છો તે સર્વ પદાર્થોની અંદર અને બહાર વ્યાપ્તજ હોવાથી તે પદાર્થોનો નાશ થઈ જાય તોપણ અવશેષજ રહો છો.[૫] હે પ્રિય વિદ્યાધર ! હું એવું કાંઇ અહંકારનું જુદું સ્થાન છે નહિ, જે છે તે ચિદ્રૂપ આત્માજ છે. એ પ્રમાણે તમારૂં જીવચૈતન્ય જો બ્રહ્મચૈતન્યમાં અખંડ એકતાને પ્રાપ્ત થઇ ગયું તો પછી તેનાથી બીજો કાંઇપણ વિષય જુદોજ નહિ રહેવાથી તમારા બ્રહ્મરૂપની કોને ઉપમા આપી શકાય તેમ છે ? (કોઇને નહિ.)[૬] દેવતાઓ અને દાનવોએ સહિત પાતાળલોક, ભૂલોક અને સ્વર્ગલોક કેમ જાણે મૂર્તિમાન ખડા થઇ રહેલ હોય તેમ દેખાતું અને પ્રીતિ, હર્ષ, ક્રોધ, યુદ્ધ, જય, પરાજય, એ

* આ નવમા સર્ગમાં જગતની ઉત્પત્તિ, લય, સત્તા, સ્ફૂર્તિ, ઇત્યાદિ સર્વ ચેતનને અધીન હોવાથી, અને એ સઘળો ચેતનનો ચમત્કાર હોવાથી જગત પણ ચિન્માત્ર છે એમ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિ નાના પ્રકારના ભાવો બતાવવાથી તથા ભાગી જવું, દોડવું ઇત્યાદિમાં ઉતાવળું થવારૂપી બીજા પણ ભાવો બતાવવાવડે કેમ જાણે તે તે વખતના ક્રિયા થવાના કાળને મૂર્તિમાન રીતે બતાવતું હોય તેમ વ્યાકુળતાનો દેખાવ આપતું ભીંતમાં રંગમય ચિત્રમાં આલેખેલ જગત જેમ ભીંતની અંદર આલેખેલાં કોઈ એક મુનિનાં પૂતળાંની પેઠે ભીંતમાં ભીંતરૂપે વ્યાપાર રહિતજ થઇ રહે તેમ માયામાં પ્રતિબિંબિત થયેલ શબલબ્રહ્મ (ઈશ્વર) રૂપી ચિત્રમાં આલેખેલું આ દૃશ્યમાન જગતરૂપી ચિત્ર પણ શુદ્ધ ચિદાકાશરૂપી ભીંતની અંદર શુદ્ધ ચિદાકાશ કે જે પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તે રૂપેજ રહેલ છે. જડસંબંધી કે ચેતનસંબંધી જેવા જેવા સંકલ્પો વિશેષે કરી વારંવાર ચિત્તમાં અહર્નિશ સ્ફુર્યા કરે તેવું તેવું પોતાની મેળેજ થઈ જવાય છે. માટે જેમ તમારી ઇચ્છા હોય તેમ તમે કરો.[૭-૯] જેમ સૂર્યનાં કિરણોજ ઝાંઝવાના જળને રૂપે ભ્રાંતિવડે પ્રતીતિમાં આવે છે, પરંતુ તેનું વાસ્તવ સ્વરૂપ જાણનારા પુરુષને તે તરફ જવા આવવામાં અટકાવ કરી શકતાં નથી તે રીતે ચિદાત્માના ચમત્કારોજ ચિદ્રૂપ આકાશની અંદર ભ્રાંતિવડે જગતને આકારે પ્રતીતિમાં આવે છે પરંતુ જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે એવા જ્ઞાનવાન પુરુષને તે શુદ્ધ ચિદ્રૂપજ જણાયાથી તેના પારમાર્થિક વિચારમાં તે કાંઇ અટકાવ કરનાર થતું નથી.[૧૦] જેમ તિમિર રોગવડે વ્યાપ્ત નેત્રવાળા પુરુષને આકાશની અંદર કેશ, મશક આદિ જેવા આકારોની પ્રતીતિ થવી એ આદિ અનેક ભ્રાંતિ સ્ફુરી આવે છે તે રીતે આ સંસારમાંજ રચ્યા પચ્યા રહેનાર અને અજ્ઞાનરૂપ અંધકારવડે વ્યાપ્ત થયેલ દૃષ્ટિવાળા પુરુષને પોતાના આત્મામાંજ જગતરૂપ ભ્રાંતિ સ્ફુરી આવે છે.[૧૧] ઉપર જણાવ્યા પ્રમાણે જગત, તમે અને હું, સર્વ વસ્તુતાએ બ્રહ્મસ્વરૂપજ છે. ફક્ત આભાસ માત્રજ છે. માત્ર અજ્ઞાનનેલીધેજ પ્રતીતિમાં આવે છે. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં એ જગત થયેલજ નથી અને અજ્ઞાનદૃષ્ટિએ જોતાં થયેલું જણાય છે. સૂર્યનાં કિરણોમાં ભ્રાંતિવડે રચાયેલા ગંધર્વનગરના જેવું આ જગત વ્યવહારદશામાં ભીંતઆદિમાં ચિત્રરૂપે આલેખાયલાં જગતની પેઠે દેખવા માત્રજ છે. બાકી તેને જગતરૂપે જોવા જઇએ તો આકાશની લતાની પેઠે તે સત્ય નથી.[૧૨]

एवं जगत्त्वमहमित्यवबोधरूपमाभासमात्रमुदितं न च नोदितं च ॥ अर्कांशुजालरचनानगराभमत्र कुड्यादि सत्यमिदमस्ति न खे लतेव ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "ચિત્કથનયોગોપદેશ" એ નામનો નવમો સર્ગ સંપૂર્ણ. ૯

સર્ગ ૧૦ મો.*

બ્રહ્મ નિર્વિકાર છે અને જગત મિથ્યા છે.

॥ ભુશુંડ ઉવાચ ॥

विद्धि त्वं चेतनादेव चेतनेतरचेतनम् ॥ जलेग्निरिव चिज्जाडये नातो भिन्ने मनागपि ॥

ભુશુંડજી કહે છેઃ—ચૈતન્યતત્ત્વથી જુદા જણાતા આ જડ જગતની જે કાંઇ સ્ફૂર્તિ થાય છે તે ચેતનસત્તાથીજ છે એમ તમે સમજો. જેમ જળમાં પ્રતિબિંબિત થયેલો અગ્નિ ભિન્નરૂપે દેખાતાં છતાં જળથી જુદો કહી શકાતો નથી તેમ જડ વસ્તુ તત્ત્વદૃષ્ટિએ ચેતનસત્તાથી જુદી નહિ હોવાથી જડ ચેતન એ બન્ને જરાપણ જુદાં કહી શકાતાં નથી.[૧] માટે જડ-

* આ દશમા સર્ગમાં નિર્વિકાર કારણથી રહિત બ્રહ્મજ યથાસ્થિતપણે રહેલ છે. કોઇ કાળે અથવા કોઇ કથળે જગત ઉત્પન્નજ થયેલ નથી. એ વાત કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચેતનનો અભેદ હોવાથી તમે દેહાદિક પરિમેય આકારને નહિ અવલંબી લેતાં ચિત્રકારના ચિત્તમાં ખુટ્ટારૂપે ઊઠેલ ચિત્રની અંદરના પરમતત્ત્વનીપેઠે અનેક ગંધર્વનગરના અધિષ્ઠાનરૂપ આકાશની પેઠે કાંઇ વિક્ષેપ નહિ પામતાં સ્વસ્થ થઇ રહો.[૨] જેમ ચંચળતા વિનાના નિર્મળ જળની અંદર કાંઈક ક્ષીણના પરપોટાનો સૂક્ષ્મ ભાવ ભાવિ તરીકે રહેલજ હોય છે તેરીતે બ્રહ્મ કે જે માયાનો સંબંધ થતાં ઈશ્વરપદવડે કહેવાય છે તે સર્વ શક્તિમાન હોવાથી તેની અંદર સૂક્ષ્મરૂપે જડશક્તિ પણ રહેલીજ છે;[૩] પરંતુ જેમ કારણવિના જળમાં સૂક્ષ્મભાવથી રહેલો ક્ષીણનો ઝીણો પરપોટો પણ ઉત્પન્ન થતો નથી તે રીતે તાત્વિક દૃષ્ટિએ જોતાં એ અદ્વિતીય પરમતત્ત્વમાં માયાજ નહિ હોવાથી નિર્વિકાર બ્રહ્મમાંથી કારણવિના સૃષ્ટિ આદિ કાંઇ ઉત્પન્નજ થતું નથી.[૪] આ સૃષ્ટિની સ્થિતિ કારણવિનાજ ભ્રાંતિમાત્રથી જોવામાં આવે છે અને તેનું કારણ શોધવા જઇએ તો કશું દેખાતું નથી, માટે જગત આદિ કાંઇ ઉત્પન્ન પણ થતું નથી અને તેનો નાશ પણ થતો નથી.[૫] કારણનો અત્યંત અભાવ હોવાથી જગત આદિ કાંઈ પણ થએલજ નથી અને જેમ ઝાંઝવાનું જળ દેખવામાં આવતાં છતાં મિથ્યાજ છે તે રીતે આ જગત નજરથી દેખાતાં છતાં પણ સાવ મિથ્યાજ છે.[૬] બ્રહ્મ કે જે અનંત છે, જન્મ આદિ વિકારથી રહિત છે અને શાંત છે તેજ આ સર્વ દૃશ્યરૂપે ભ્રાંતિથી જોવામાં આવે છે બાકી તેમાં કારણનો અભાવ હોવાથી નામરૂપાત્મક સૃષ્ટિ છેજ નહિ; તેથી આ સર્વ ફક્ત એક નિર્વિકાર પરબ્રહ્મરૂપજ છે.[૭] માટે તમે બ્રહ્મરૂપે સર્વત્ર ભરપૂર છો, શિલાના અંદરના ગર્ભની પેઠે અચ્છેદ્ય અને અભેદ્ય છો અને આકાશના અંદરના ભાગનીપેઠે નિર્વિકાર છો અને તેને લીધેજ જન્મથી રહિત છો, નિરવયવ છો અને જ્ઞાનસ્વરૂપ છો.[૮] વ્યવહારદૃષ્ટિએ જોતાં તમે સર્વમાં કાંઇ અનિર્વચનીયરૂપે રહ્યા છો અને તાત્વિક દૃષ્ટિએ જોતાં (સર્વ મિથ્યા હોવાથી) તમે કશામાં કોઇપણ રૂપે નથી માટે તમે નિઃશંકપણે સારી રીતે સુખપૂર્વક રહો. બુદ્ધિ અને ચિદાભાસ એ બન્નેથી રહિત પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં તમે પોતાની મેળેજ શાંત થઇ જાઓ.[૯] જન્મ આદિ વિકારથી રહિત પરબ્રહ્મ પોતે નિત્ય આનંદરૂપ હોવાથી તેને કાંઇ એવું પ્રયોજન નથી કે જેથી તે આ સૃષ્ટિ આદિ કાર્ય કરે, માટે સૃષ્ટિ આદિ કશાનો સંભવજ નહિ હોવાથી, જે કાંઈ છે તે જન્માદિ વિકારથી રહિત પરમકલ્યાણરૂપ પરબ્રહ્મજ છે.[૧૦] જે અજ્ઞાની પુરુષો પોતાના આત્માને જન્મથી રહિત અને ચિદ્રૂપ નથી સમજતા તેઓનો અજ્ઞાનરૂપ બંધ કોઇ દિવસ નહિ ટળવાથી આ સૃષ્ટિનો નાશ થતાં તેની ગતિવિષેનો શો વિચાર કરવો ?[૧૧] જ્યાં જ્યાં પરબ્રહ્મ છે ત્યાં ત્યાં જગત પોતાના નામરૂપથી રહિત પરબ્રહ્મરૂપેજ રહેલ છે. ખડમાં, કાષ્ઠમાં, જળમાં, ભીંતમાં અને સર્વ ઠેકાણે પરબ્રહ્મ રહેલ છે અને પરસ્પર ઓતપ્રોત થઇ રહેલો અનેક સૃષ્ટિઓનો સમૂહપણ (ચેતનતત્ત્વના અલૌકિક ચમત્કારથી) સર્વત્ર રહેલ છે. બ્રહ્મમાં શું એમ જગતની પ્રતીતિ થયા કરવી એ તેનો સ્વભાવ હશેકે ? એવી શંકા લાવવાનો અહીં આવકાશજ નથી કેમકે એ અનંત પરમતત્ત્વમાં તે તત્ત્વ પોતે એકજ હોવાનેલીધે પોતાપણું અને પારકાપણું એ આદિનો અત્યંત અભાવજ હોવાથી બીજનાથી પોતાને જુદો પાડનારો સ્વભાવરૂપ ધર્મ તેમાં સંભવતોજ નથી. દરેક વસ્તુનો સ્વભાવ કે જે પોતાના આશ્રયને બીજનાથી જુદું પાડવામાં મુખ્ય સાધનરૂપ છે તે (જેમ અગ્નિનો ઉષ્ણતારૂપી સ્વભાવ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બીજે ઠેકાણે જળ આદિમાં અભાવવાળો હોય છે તે રીતે) પોતાના આશ્રયથી અન્ય સ્થળમાં અભાવવાળોજ હોય છે; તેનેલીધે પરબ્રહ્મ કે જે અનંત છે તેમાં જુદી પાડવાની ઇતર વસ્તુજ નહિ હોવાથી સ્વભાવ આદિ કુકલ્પનાઓ ટકી શકતી નથી. નિત્ય અને અનંત પરમાત્મામાં વિજાતીયપણું કે સમજાતીયપણું એ બન્નેનો અત્યંત અસંભવ હોવાથી સજાતીય-વિજાતીય આદિથી પોતાના આશ્રયના ભેદને બતાવનારા સ્વભાવાદિક તેમાં છેજ નહિ. વસ્તુગતિથી સ્વયંપ્રકાશ તે પરમતત્ત્વ પોતાની મેળેજ સિદ્ધ છે. લોકમાં પણ જે જે ધર્મ કે જે જે ભાવો પોતાની મેળે સ્વતઃસિદ્ધજ છે અને પોતાના આશ્રયને બીજાઓનાથી જુદા પાડી આપવારૂપ સ્વભાવનું કાર્ય નથી કરતા તેમાં સ્વભાવપદનો પ્રયોગ વિશેષે કરી અપ્રસિદ્ધ છે.[૧૨-૧૬] હે સુશીલ વિદ્યાધર! જેમ બ્રહ્મમાં જગત વસ્તુતાર્થે નથી તેમ સૂક્ષ્મબુદ્ધિથી લોકની અંદર જોવામાં આવે તો અહંકાર પણ અંદર જોવામાં આવતો નથી; પરંતુ જેમ બાળકને પોતાની ભ્રાંતિથી કલ્પાયેલો યક્ષ મિથ્યા છતાં આગળ આવી ઉભો રહે તેમ અહંકાર મિથ્યા છતાં કોણ જાણે ક્યાંથી આવી ખડો થઇ જાય છે.[૧૭] અહંકારના નામરૂપને છોડી દઇએ તો જે શેષ રહે તે પરબ્રહ્મજ છે અને અહંકારને નામરૂપ સહિત માની તેના સ્વરૂપનો તત્ત્વદૃષ્ટિથી શોધ કરતાં તો તે (મિથ્યા હોવાથી) ક્યાંય જતો રહે છે.[૧૮] એ રીતે જગત અને બ્રહ્મ એ બન્નેનો જે કાંઇ ભેદ જણાય છે તે કલ્પિત હોવાથી વસ્તુતાએ જોતાં અભેદજ છે અને પર્યાય શબ્દોનો અર્થ જેમ એક હોય તેમ એકજ છે. જેમ સોનાનો અને કડાંનો ભેદ તો સંકલ્પમાત્રજ છે અને મિથ્યાજ છે તે રીતે બ્રહ્મનો અને જગતનો ભેદ પણ સંકલ્પમાત્ર અને મિથ્યાજ છે એમ વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે.[૧૯]

भेदो जगद्ब्रह्मदशोरभेदःपर्यायशब्दार्थविलासतुल्यः ॥ संकल्पमात्रं कथितो न सत्यो यथा नयोर्वै कटकत्वहेम्नोः ॥ १९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્ગાપવર્ગપ્રતિપત્તિયોગોપદેશ' એ નામનો દશમો સર્ગ સંપૂર્ણ. ૧૦

સર્ગ ૧૧ મો.*

જગત બ્રહ્મરૂપ છે

॥ भुशुंड उवाच ॥

शस्त्राणि दयितांगानि लग्नान्यंगे निरंबरे ॥ यो बुध्यमानः सुसमः स परास्मिन्पदे स्थितः ॥

ભુશુંડજી કહે છેઃ—વસ્ત્રાદિકથી રહિત પોતાના દિગંબર શરીરમાં શસ્ત્રો વાગે અથવા પ્રિય સ્ત્રીઓના સ્તનાદિક અવયવોનો સ્પર્શ થાય તોપણ તે બન્નેને મનમાં કશો વિકાર નહિ લાવતાં જે સમાનરીતે ગણતો હોય તે ધીરપુરુષ પરમપદમાં સ્થિતિવાળો છે.[૧] પદાર્થોથી વિકારોનો ઉદય થવાના સંબંધમાં એ સર્વ મિથ્યા છે એમ સમજી જ્યાંસુધી સુષુપ્તિ અવસ્થાના જેવી પરમસુખમય નિર્વિકાર દશા પ્રાપ્ત થાય ત્યાંસુધી ધીરતા રાખી પોતાના પુરુષપ્રયત્નથી અભ્યાસ કરવાનો છે.[૨] જે પદાર્થ (જગત) જેવો (બ્રહ્મરૂપ) છે તેને તેવો (બ્રહ્મરૂપ) જાણનારા તત્ત્વજ્ઞ પુરુષને મનને દુઃખ ઉપજાવનારી પીડાઓ પોતાની આગળ મૂર્તિમાન આવી ઉભી રહે તોપણ જળ જેમ કમળને સ્પર્શ કરી શકતું નથી તેમ જરાપણ લેપ કરી શકતી નથી.[૩] શાંતબુદ્ધિવાળો જે વિવેકી પુરુષ સંકલ્પનો ઉદયજ નહિ થવા દેતાં

* આ અગીયારમા સર્ગમાં ઇંદ્રિયોને જીતી લઇ નિર્વિકાર ચિત્તની પૂર્ણ પરમાત્મામાં સ્થિતિ રાખવાનું અને દેહાદિક દૃશ્ય પદાર્થો તરફ દૃષ્ટિજ નહિ રાખવાની સ્થિતિને દૃઢ કરવાનું કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

શસ્ત્રો અને અંગનાઓ કે જેઓ ભ્રાંતિવડે મૃગજળની પેઠે દેખાતાં છતાં તત્ત્વદૃષ્ટિએ જોતાં આકાશના જેવાં શૂન્યજ છે તેઓ દૈવયોગથી પોતાના અંગમાં લાગેલ હોય તોપણ તેવડે કશો હર્ષ-શોકાદિક વિકાર ન પામતાં નહિ લાગેલાં જેવાંજ દેખે છે તેજ ખરૂં દેખે છે.[૪] જેમ વિષ પોતે પોતાના મૂળ સ્વભાવને નહિ છોડતાં પોતાની મેળેજ ધણ આદિ દુષ્ટ કૃમિરૂપે બની જાય છે, પરંતુ વસ્તુતાએ કાંઈ એ કૃમિપણું વિષથી જુદું નથી તે રીતે આત્મા કે જે બ્રહ્મરૂપ છે તે પોતાના મૂળ (બ્રહ્મ) સ્વરૂપને નહિ છોડતાં જીવભાવે (વિવર્તરૂપે) બની જાય છે કે જે જીવભાવ પોતાના તાત્વિકસ્વરૂપનું જ્ઞાન થતાં લય પામી જાય તેવો છે. જેમ મરણધર્મથી રહિત જડ વિષ પોતાના સ્વભાવને નહિ છોડી દેતાં મરણધર્મવાળા કીટ આદિ જીવભાવને પ્રાપ્ત થઇ જાય છે તે રીતે બ્રહ્મચૈતન્ય કે જે મરણધર્મથી રહિત છે તે પોતાના મૂળ સ્વભાવને નહિ છોડતાં મરણધર્મવાળા જડ પદાર્થોને રૂપે વિવર્ત પામેલ છે.[૫-૭] બ્રહ્મ કે જે અનંત છે તેના કોઈ એક પ્રદેશમાં જેમ વિષ પોતાના વિષપણાને નહિ મૂકતાં પોતામાંજ ક્રમે કરી ઝેરી કૃમિરૂપે થઇ જાય છે તે જો કે વસ્તુતાએ તો વિષરૂપજ છે પરંતુ કેમ જાણે તેથી જુદો હોય તેમ દેખાય છે અને તે બ્રહ્મમાં વિવર્તરૂપે ભાસે છે, તેવી રીતે આ જીવરૂપી ઝેરી કૃમિ પણ બ્રહ્મનાથી જુદો નહિ છતાં કેમ જાણે જુદો હોય તેમ રહ્યા છતાં કેમ જાણે તેમાં ન રહ્યો હોય અને બ્રહ્મરૂપ છતાં કેમ જાણે બ્રહ્મરૂપ ન હોય અને તેથી જુદો હોય તેમ થઇ રહેલ છે તેને બ્રહ્મદૃષ્ટિથી જોઇએ તો જન્મ કે મરણ સાથે કશો સંબંધજ નથી અને જીવદૃષ્ટિએ તેને જન્મ-મરણની પ્રતીતિ જોવામાં આવે છે. દેહ ઇંદ્રિય અને વિષયરૂપે પદાર્થોમાં "અમુક હું છું અને અમુક મારૂં છે" એવી આસક્તિવડે નહિ બંધાતાં પોતાના સ્વરૂપને નહિ ભૂલી ગયેલા તથા શ્રવણાદિક પ્રયત્નોવડે પોતાના આત્માનો અપરોક્ષ અનુભવ કરવામાં ઉપયોગી થઇ પડતા પોતાના આત્માથીજ (પુરુષપ્રયત્નવડે) આ સંસારસાગર ગાયના એક પગલાની પેઠે સહેલાઈથી તરી શકાય છે. બાકી ફક્ત દૈવના ઉપરજ આધાર રાખવાથી કશું થતું નથી.[૮-૧૦] જે પરિપૂર્ણ સુખરૂપ આત્માની અંદર સર્વ ભાવોને ઉલ્લંઘન કરી રહેલી, (લોકોત્તર) અને સર્વ અતિપ્રિય પદાર્થોની અંદર સારરૂપે જે સુખ રહેલું છે તેની ઉત્તમ અવસ્થાને ઉત્પન્ન કરનારી, શીતલતા રહેલી છે કે જે સર્વ તાપોની નિવૃત્તિ થતાં અનુભવમાં આવે છે. તેવા સુખરૂપ આત્મલાભમાં શો અનાદર કરવાનો છે?[૧૧] સર્વ જગતના પદાર્થોની જે કાંઇ સત્તા જણાય છે તેની અંદર સર્વ બ્રહ્મ કે જે સદ્રૂપછે તેનીજ તત્કાલ ભાવના કરવામાં આવે તો પછી નિર્મલ અદ્વિતીય આત્મામાં મન, અહંકાર, બુદ્ધિ આદિ કલંકનો અવકાશ કયાં રહે ?[૧૨] હે પ્રિય વિદ્યાધર! તમે જેમ ઘટપટ આદિ પદાર્થોને તટસ્થપણાથી પોતે સાક્ષીરૂપે જુદા રહી જોયા કરો છો તે રીતે શરીરને, અહંકારને, મનને, બુદ્ધિને અને અનુભવ આદિને પણ પોતે તેથી જુદા રહી કશામાં મમતાનું કે આત્મભાવનું અભિમાન ન કરતાં સાક્ષીરૂપે જોયા કરો અને પછી બહાર જે કાંઇ જગતના પદાર્થોના સમૂહના પ્રવાહ જોવામાં આવે છે તે સંબંધી અને અંદર મનબુદ્ધિ આદિ જે કાંઇ રહેલ છે તે સંબંધી કાંઇ પણ સંકલ્પજ ન કરતાં તે સર્વને મિથ્યાજ સમજી પોતાના આત્માના જ્ઞાનસ્વરૂપને ઓળખી લઇ તમે પોતાની સ્વાભાવિક સ્થિતિમાંજ રહો.[૧૩,૧૪] એ જીવન્મુક્ત દશાની સ્થિતિ એવી છે કે તેમાં સંપત્તિ કે વિપત્તિ, સુખ કે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દુઃખ વગેરે કોઇ પણ હેતુથી કોઇને કોઇ પણ કાળમાં કોઈ જાતનો ગુણદોષ લાગતોજ નથી કેમકે સર્વ એક આત્મમયજ હોવાથી તેમાં કર્ત્તાપણું કે ભોક્તાપણું રહેતુંજ નથી.[૧૫]

न केनचित्कस्यचिदेव कश्चिद्दोषो न चैवेह गुणः कदाचित् ॥सुखेन दुःखेन भवाभवेन न चास्ति भोक्ता न च कर्तृता च ॥ १५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' યથાભૂતાર્થવેદન ' એ નામનો અગીયારમો સર્ગ સંપૂર્ણ. ૧૧

સર્ગ ૧૨ મો.*

॥ ભુશુંડ ઉવાચ ॥

અવિદ્યાના નાશનો ઉપાય

ख एव व्योम संपन्नमिति संकल्पनं यथा ॥ भ्रांतिमात्रमसद्रूपं तथाहंभावभावनम् ॥ १ ॥

ભુશુંડજી કહે છે.—જેમ આકાશની અંદર વળી બીજું આકાશ ઉત્પન્ન થયું એવો સંકલ્પ વસ્તુતાએ આકાશ એકજ હોવાથી કેવળ ભ્રાંતિરૂપ અને મિથ્યા છે, તે રીતે આત્મા કે જે પોતાનું વાસ્તવસ્વરૂપ છે તે ભૂલાઇ જઈ તેની અંદર અહંકાર કે જેમાં સૂક્ષ્મરૂપથી આ સઘળો પ્રપંચ રહેલો છે તે વસ્તુતાએ આત્માનું એકપણું હોવાથી માત્ર ભ્રાંતિરૂપ અને મિથ્યાજ છે.[૧] આકાશની અંદર વળી બીજું આકાશ ઉત્પન્ન થવું એ સંકલ્પનો કરનાર હું (અમુક પુરુષ) જેમ તેનાથી જુદો છું તેવી રીતે મન વાણીવડે અગમ્ય હોવાથી નિર્દેશ ન કરી શકાતો આત્મા કે જે સદ્રૂપ છતાં અવિદ્યાવડે આચ્છાદિત થઇ જવાથી કેમ જાણે જીવભાવને પામી જઇ અસદ્રૂપ બની ગયો હોય તેમ થઇ રહેલ છે, તે પોતે ચિદાભાસરૂપે જુદો કલ્પાઈ જઈ પોતાના ભૂલાઈ ગયેલા આત્મસ્વરૂપમાંજ અહંકારાદિકની કલ્પના કરે છે.[૨] જેમ આકાશની અંદર વસ્તુતાએ જોઇએ તો આકાશનું પોતાનું જ એક સ્વરૂપ રહેલછે કે જે એકજ છે તેમાં જે બીજું આકાશ ઉત્પન્ન થવાનો સંકલ્પ થવો એ તો માત્ર કલ્પના કરનાર પુરુષના સંકલ્પમાં રહેલ આત્મચૈતન્યજ પોતાના સંકલ્પરૂપ દેહમાં તેવી (બીજું આકાશ થવાની) કલ્પના કરી તેમ સમજી લે છે એવીજ રીતે અવિદ્યાની ઉપાધિવડે વીંટાએલો ચિદ્રૂપ આત્માજ (જીવભાવને પામી જઇ) પોતાના અવિદ્યારૂપી દેહમાંજ હું અમુકરૂપે દ્રષ્ટા છું અને અમુક દૃશ્ય છે એવી કલ્પના કરી તે રૂપે ભાસે છે માટે તાત્વિકદૃષ્ટિએ જોતાં અહંકાર પણ અજ્ઞાનથી જુદો નથી અને અહંકારથી જુદું જે કાંઈ આ પ્રપંચરૂપે ભાસે છે તેપણ અજ્ઞાનથી જુદું નથી.[૩] સર્વ અજ્ઞાનરૂપ ભ્રાંતિમાત્રજ છે એટલે પછી એમજ સિદ્ધ થાય છે કે સર્વ કલ્પનાઓના અધિષ્ઠાનરૂપ બ્રહ્મચૈતન્યજ સત્ય છે અને એવું તો સૂક્ષ્મ છે કે જેની પાસે અતિ ઝીણામાં ઝીણું આકાશપણ સ્થૂલજ છે. એ પરમ સૂક્ષ્મતત્ત્વમાં જેમ એક અણુમાં મહામેરુની કલ્પના કરવામાં આવે તે રીતે આ આકાશ આદિ સૃષ્ટિની કલ્પના કરવામાં આવી છે.[૪] આકાશથી પણ અતિ સૂક્ષ્મ અનાદિ અવિદ્યા કે જેને લીધે સઘળું દૃશ્ય વિવર્ત્તરૂપે જોવામાં આવે છે તે પણ એ પરમતત્ત્વની પાસે સ્થૂલજ છે. એ પરમ સૂક્ષ્મ ચૈતન્યે પોતાની અંદર જોવા જોવા સ્વભાવની ભાવના કરી, તે તે આ સૃષ્ટિને આકારે થઇ રહેલ છે.[૫] જેમ ચકરી આદિનું કુંડાળું જળ કે જે પોતે દ્રવરૂપ છે તેનોજ એક જાતનો ફેલાવો છે તે રીતે અંદર અહંકાર આદિ એમે બહાર આકાશ આદિ એ સર્વ

* આ બારમા સર્ગમાં અહંકાર ભ્રાંતિમાત્ર છે, જગતનો જે ભ્રમ જોવામાં આવે છે એ એક ચૈતન્યતત્ત્વનો વિવર્તજ છે અને તેમ થવામાં અવિદ્યા કારણરૂપ છે, માટે અવિદ્યાક્ષય થવાની કેમ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જગત આત્મચૈતન્યનું જ વિવર્તરૂપે ફેલાઇ રહેવું છે.[૬] જળ કે જે પોતે દ્રવરૂપ છે તેની અંદર જો ચકરી આદિ કાંઇ ન થતું હોય તો તે પોતાના શાંતસ્વરૂપમાંજ રહે છે તે રીતે જ્ઞાનવડે કે મહાપ્રલયમાં જ્યારે એ ચૈતન્યતત્ત્વનો જગતરૂપ વિવર્ત શાંત થઇ જાય ત્યારે તે પરમતત્ત્વ સ્ફુરણવિનાના શાંત પવનના જેવું અને કેમ જાણે આકાશના જેવું નિર્વિકાર અને શૂન્ય હૃદયવાળું થઇ ગયું હોય તેમ પોતાના શાંત નિર્વિકાર સ્વરૂપમાંજ રહે છે. એકરસ થઇ રહેલ સર્વ દૃશ્ય પ્રપંચથી શૂન્ય અને આભાસથી પણ રહિત કેવળ ચિન્માત્ર બ્રહ્મતત્ત્વજ વિવર્તરૂપે આ જગતને આકારે પ્રતીતિમાં આવે છે. તે વિના આ જગતનું અને તેની અંદર પ્રસરી રહેલાં અનેક કાર્યોનું બીજું કાંઇ પારમાર્થિક રૂપ ઘટી શકતું નથી તથા તેમાં દેશકાળ આદિની કલ્પના પણ ઘટતી નથી. ચોતરફ ફેલાયેલ એ ચિન્માત્ર પરમતત્ત્વમાં જેમ માયા-સ્વપ્ન આદિમાં ભ્રાંતિવડે (ગાધિમુનિની પેઠે) થોડા કાળમાં ઘણો કાળ ગયો લાગે છે, જેમ ભ્રાંતિથી આકાશની અંદર નીલ, પીત આદિ અનેક વર્ણો અને ગંધર્વનગરાદિક દેખાય છે, જેમ વહાણમાં બેઠેલા પુરુષને ભ્રાંતિથી કાંઠાનાં ઝાડ પણ ચાલતાં દેખાય છે, જેમ નિર્જળ ભૂમિમાં ભ્રાંતિથી ઝાંઝવાના જળની પ્રતીતિ થાય છે અને જળની અંદર જેમ ભ્રાંતિથી ચંદ્રમાનું પ્રતિબિંબ ચંચળ (ચાલતું હોય તેવું) લાગે છે, જેમ નિદ્રાની અંદર સ્વપ્ન આવતાં તેમાં અનેક તરેહના આકારો મિથ્યા રીતેજ દેખાય છે અને જાગ્રત અવસ્થામાં પણ મનોરાજ્યાદિક સ્વપ્નની પેઠે માત્ર ભ્રાંતિથીજ કેમ જાણે પાસે મૂર્તિમાન ખડું થઇને આવી ઉભું હોય તેમ મનવડે અનુભવાય છે તે રીતે આ જગત પણ પરમાત્માની અંદર ભ્રાંતમાત્રથીજ ઉત્પન્ન થયેલ હોય તેમ ભાસે છે. શુદ્ધ ચૈતન્યતત્ત્વ કે જે આકાશ કરતાં પણ અતિ સ્વચ્છ અને નિર્વિકાર છે અને હમ્મેશાં ક્ષોભ (ચંચળતા) આદિ સર્વ વિકારમાત્રથી રહિત છે તેનું (જગતરૂપે) ફેલાઇ જવું અને (પાછું) સંકોચાઇ જવું એ બન્ને સંભવતાંજ નથી. સુખ-દુઃખને ભોગવવાપણું એ આદિ તથા દેહાદિકમાં અહંકાર થવો એ આદિ જે વિકારો પ્રતીતિમાં આવે છે તેનો સંબંધ માત્ર ચિદાભાસ સાથેજ છે, બાકી કૂટસ્થ ચૈતન્ય કે જે સર્વ વિકારથી રહિત છે તેમાં સુખ-દુઃખને ભોગવવાપણું ઇત્યાદિ તથા દેહાદિકમાં અહંકાર થવો એ આદિ કશો વિકાર છેજ નહિ. એ નિર્વિકાર પરમતત્ત્વ કે જે વસ્તુતાએ એકજ છે તે જળમાં જેમ સ્વાભાવિક રીતેજ દ્રવપણું રહેલ છે તેમ પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ રહેલ છે.[૭-૧૧] જેમ અંધારામાં સર્પના પગ દેખવામાં નથી આવતા તેમ સંકલ્પથી રહિત થઇ ગયેલા જ્ઞાનવાન પુરુષને પણ ચિંતા, લાજ, હર્ષ, ભય, સ્મૃતિ, કીર્તિ, અને ઇચ્છા, ઇત્યાદિને ઉત્પન્ન કરનાર સર્વ વિષયસમૂહ (મનનો લય થઇ જવાથી) દેખવામાં આવતો નથી.[૧૨] આ સૃષ્ટિ કે જે ઇંદ્રિયજન્ય જ્ઞાનવડેજ અનુભવમાં આવવાથી બ્રહ્મરૂપ ચંદ્રબિંબથી સ્ફુરેલ ચિદાભાસ (જીવ) રૂપ ચાંદનીના અંશરૂપ ચાક્ષુષ આદિ જ્ઞાનરૂપી અમૃતના રસના જેવી છે તે પોતાના આધારરૂપ દિશા અને કાળ એ બન્નેનો નિરવયવ અને નિષ્ક્રિય પરબ્રહ્મમાં અસંભવ હોવાથી બ્રહ્મથી જુદી પડી શકતી નથી.[૧૩] એ પ્રમાણે તે પરમતત્ત્વ કે જે પોતાથી અભિન્નરૂપે રહેલા આ જગતને આકારે પ્રતીતિમાં આવે છે તે સર્વત્ર એકસરખી રીતે, સત્, ચિત્ અને આનંદરૂપે પ્રકાશી રહેલ છે, તેની અંદર કોઇ ઠેકાણે દેહાદિકમાં વિશેષ અભિમાન બંધાઇ જવાથી દેહ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિ જે જે અનુકૂળ હોય તેમાં રાગની અને જે પ્રતિકૂળ હોય તેમાં દ્વેષની કલ્પના કરી લઇ અનેક પીડાઓનું પાત્ર થઇ રહેલો અહંકાર કે જે કેમ જાણે ચૈતન્યતત્ત્વથી પોતે જુદો હોય તેમ સ્ફુર્યા કરે છે. તે તો ભ્રાંતિવડે અજ્ઞાનમાં અથડાતાં ચિત્તનું જ એક રૂપ છે, કે જે ચિત્તની અંદર જળમાં જેમ અનેક ચકરીઓ રહે તેમ આ જગત, તેના જીવો અને તેના બંધમોક્ષ આદિની અનેક કલ્પનાઓ રહેલી છે.[૧૪] અંદર ડુબકી મારવાના અને પછી બહાર નીકળવાના કોલાહલથી રહિત તથા જળના વિવર્તરૂપે પ્રતીતિમાં આવતાં ચકરીઓનાં કુંડાળાંવડે ખંડિત ન થતી અનાદિકાળની આ સૃષ્ટિરૂપી ઝાંઝવાના જળની નદી તેના સ્વરૂપનું ખરેખરૂં જ્ઞાન થતાં તત્કાળ ક્ષીણ થઈ જાય છે.[૧૫] જેમ જળ ચકરીઓરૂપે જોવામાં આવે છે અને ધૂમાડાનો સમૂહ ઘાટો એકરસ થઇ જવાથી છેટેથી વાદળાંરૂપે દેખાય છે તેવીજ રીતે અજડ (ચેતન) આત્મા અને જડ મન એ બન્નેના કરતાં વળી સૃષ્ટિ ત્રીજીજ તરેહની જડાજડરૂપે જોવામાં આવે છે, કે જે જડરૂપ છે, અને સત્યતારૂપે સ્ફુરી આવવાથી એ અંશમાં અજડ (ચેતન) પણ કહી શકાય છે.[૧૬] જેમ કાષ્ઠ કે જે જાતે જડ છે તેને કરવતવડે વેરી સાફ બનાવી તેમાં ચકરી આદિ ચેતન ધર્મવાળાં અનેક ચિત્રો બનાવવામાં આવે છે તે રીતે પરમતત્ત્વ કે જે પોતે એકજ હોવાથી દિશા, કાળ આદિ પરિચ્છેદથી રહિત છે તેમાં જડચેતનરૂપે પ્રતીતિમાં આવતી આ સૃષ્ટિ ભ્રાંતિવડે કલ્પવામાં આવી છે.[૧૭] પોતાના સ્વરૂપથી મિથ્યાપણાનેલીધે કોમળ દેખાતા છતાં અધિષ્ઠાનસત્તાથી પાષાણની પેઠે અતિદ્રઢતાવાળા, તથા સ્ફટિકની શિલાની અંદર પ્રતિબિંબિત થયેલા કદળીસ્તંભમાં અને અધિષ્ઠાન ચૈતન્યમાં રહેલી આ સૃષ્ટિમાં (એ બન્નેનું અધિષ્ઠાનસત્તાવડે સત્યપણું પ્રતીતિમાં આવવાથી) સંકલ્પવડે કલ્પી કાઢેલી પલ્લવોની વિલક્ષણતા વિના કશું વિલક્ષણપણું જણાતું નથી.[૧૮] હજારો ખરીઓના, હજારો મસ્તકોના, હજારો આંખોના હજારો હાથોના, અને હજારો મુખોના હાવભાવને બતાવનારા આકારોવડે અને ચેષ્ટાઓવડે યુક્ત, અનેક પર્વતોને, જરાયુજ, અંડજ, ઉદ્ભિજ્જ અને સ્વેદજ એ આદિ અનેક પ્રાણીઓનાં શરીરોને, દિશાઓને, દેશોને અને નદીઓને એક *પ્રાદેશમાત્ર જેટલાજ ભાગમાં ધારણ કરી રહેલ, અંદર શૂન્ય (શૂન્યતાવાળું અને નિરવયવ), નિઃસાર, અનેક તરેહના રાગો (કામો અને રંગો) વડે રંગાયેલ, વિરાગ (વૈરાગ્ય અને જુદા રંગવાળું રંગ મટાડનારૂં દ્રવ્ય તે) વડે થનારી શુદ્ધિથીજ જતું રહેનારૂં, દેવતાઓ, દૈત્યો, ગંધર્વો, વિદ્યાધરો અને મોટા નાગોવડે યુક્ત, જડસ્વરૂપવાળા પવન (સૂત્રાત્મા અને વાયુ તે) વડે ચલાયમાન, સર્વનાથી ઉત્કૃષ્ટ ચેતનતત્ત્વે (બ્રહ્મચૈતન્યે અને જીવચૈતન્યે) રચેલ, પરામર્શને (વિચારને અને બીજાના સંઘર્ષને) સહન ન કરી શકતું, પ્રકાશવાળું, સુંદર રમણીય અને વિકલ્પવડેજ અનુભવમાં આવતું આ જગત પટમાં ચિત્રરૂપે આલેખેલા કોઇ મોટા રાજ્યના જેવું આભાસમાત્રજ છે. વિકલ્પવૃત્તિવાળું અને સંકલ્પરૂપે ઉદય પામતું મન કે જેનું સ્વરૂપ વસ્તુતાએ સાવ મિથ્યા અને ભ્રાંતિરૂપ છે તેની અંદર પ્રતિબિંબરૂપે પડેલ ચિદાભાસરૂપ ચૈતન્યતત્ત્વ જેમ જળની અંદર પડેલું તૈલબિંદુ ચોતરફ પ્રસરી જાય તેમ વાસનાઓરૂપી જળોના સમૂહોવડે બંધાઇ જઇ સર્વ પ્રકારનાં સુખ–દુઃખ આદિ

* અંગુઠો અને તેની પાસેની આંગળી પસાર કરતાં તે વચેના ભાગ પ્રદેશ કહેવાય છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તરંગોવડે વીંટાઈ રહી જેમ બને તેમ સ્ત્રી-પુત્ર આદિમાં ફેલાઈ ગયેલા સ્નેહનો અનુભવ લેતાં જડ અને તત્ત્વદૃષ્ટિએ જોતાં મિથ્યા હોવાથી ઉત્પન્નજ નહિ થયેલા, ભ્રાંતિવડે માત્ર દેખાતા શબ્દ–સ્પર્શ આદિ વિષયોનો અનુભવ લેવો એ આદિ અનેકરૂપે એ તત્ત્વજ પ્રસરી રહેલ છે.[૧૯-૨૪] એ પ્રમાણે તે આદિચૈતન્ય હું અમુક દેહાદિરૂપ છું એવા વિકલ્પોવડે બહિર્મુખ થઇ દેમ જાણે જીવભાવને પ્રાપ્ત થઇ ગયેલ હોય તેમ ભાસે છે, પરંતુ વસ્તુગત્યા; જેમ જળ અને તોય એ બન્ને જળના એક પર્યાયશબ્દ હોવાથી એ બેયના અર્થમાં કશું જુદાપણું નથી તેમ જીવાત્મા અને પરમાત્મા એ બન્નેનું (ઉપાધિનો ત્યાગ કરી દેતાં) એક ચેતનતત્ત્વમાંજ પર્યવસાન હોવાથી-પર્યાયશબ્દની પેઠે તે બેયનો પરિણામે એકજ અર્થ હોવાનેલીધે જીવચૈતન્ય પરમાત્માથી જુદું પડી શકતું નથી.[૨૫] પોતાનો આત્મા કે જે ચિદ્રૂપ છે અને સૂર્યદેવની પેઠે સ્વતઃ પ્રકાશવાળો છે તેજ અહંકારરૂપ બની જઈ પોતાના વ્યાપકસ્વરૂપમાં ભોગ્યરૂપે આ સૃષ્ટિને કલ્પી લે છે, એટલે આ સૃષ્ટિ કે તેનો રચનાર એ બેય ચિદ્રૂપ આત્માથી જુદાં નથી.[૨૬] જળ કે જે પોતે સ્વાભાવિક રીતે દ્રવરૂપ છે તે પોતાની સત્તા કે જે તરંગ આદિ રૂપે ચલનશક્તિવાળી છે તેમાં ચલનશક્તિથી રહિત પોતાના વાસ્તવસ્વરૂપમાંજ તે પોતે રહેલ છે, તેવી રીતે આત્મા કે જે પોતે શુદ્ધચિદ્રૂપ અને નિર્વિકાર છે તે આકાશઆદિ પ્રપંચની રચનામાં કારણરૂપ ભાસે છે; પરંતુ એ તેમાં રહેલ છે એમ પણ નથી તથા આકાશ આદિ પ્રપંચના કર્તારૂપ પણ નથી; અને એ આકાશ આદિ પ્રપંચને પોતે જુદો રહી જાણનારો છે એમ પણ નથી. એ સર્વ તો વિકલ્પમાત્ર છે. બાકી એ આત્મા તો પોતાના વાસ્તવ સ્વરૂપમાંજ રહેલ છે.[૨૭] પ્રથમ વ્યાવહારિક દશામાં રહી (અધ્યારોપદૃષ્ટિથી) દેશ કાળ આદિની રચનાનો અંગીકાર કરી લઈ ચેતનતત્ત્વની આકાશ આદિ પ્રપંચરૂપે પ્રતીતિ થવાની વાત અમે કહીએ છીએ તેથી તેમાં જળતરંગના દૃષ્ટાંતનું સમાનપણું જરાપણ છેટે જતું નથી પણ બરાબર ઘટતું આવે છે. જેમ જળના તરંગ આદિરૂપે થવામાં અમુક દેશકાળ હોય છે તેમ એ આત્મતત્ત્વના પણ જગત આદિરૂપ વિવર્ત થવામાં અમુક દેશકાળની કલ્પના કરવામાં આવેછે, એટલે દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક (સિદ્ધાંત) ની બરાબર સંગતિ મળે છે.[૨૮] મન, અહંકાર, બુદ્ધિ આદિ જે કાંઇ વિકલ્પરૂપે રહ્યુ રે છે તે સર્વને તમે અવિદ્યારૂપજ છે એમ સમજો, અને તે પુરુષપ્રયત્નવડે તરત નાશ પામી જાય છે.[૨૯] અવિદ્યાનો અર્ધભાગ કે જે સ્ત્રી-પુત્ર-ધનાદિકમાં મમતાનો અધ્યાસ થવામાં કારણરૂપ છે તે વિનય, નમ્રતા, દાન, સન્માન આદિથી પોતે વશ જેવા કરી લીધેલા તત્ત્વજ્ઞ મહાત્માઓ સાથે પરસ્પર સંભાષણાદિકથીજ પ્રથમ ભૂમિકાનો લાભ થઇ અભ્યાસ કરેલા તીવ્ર વૈરાગ્ય આદિ સાધનચતુષ્ટયની સિદ્ધિ થતાં નાશ પામી જાય છે અને એ અવિદ્યાનો ત્રીજો ભાગ કે જે અસંભાવનાવિપરીતભાવના એ આદિ રૂપે દેહાદિકમાં અહંતારૂપે રહેલ છે અને અવિદ્યાની વિક્ષેપશક્તિરૂપે કહેવાય છે તે શાસ્ત્રવિચારથી શ્રવણમનન આદિ થતાં નાશ પામી જાય છે[૩૦] અને બાકીનો જે ચતુર્થ ભાગ અવશેષ રહ્યો કે જે આવરણશક્તિરૂપ છે તે નિદિધ્યાસન આદિ દ્વારા આત્માનું બ્રહ્મરૂપે અપરોક્ષ જ્ઞાન થવાથી નષ્ટ થઇ જાય છે. એ રીતે ઉત્તરોત્તર ભૂમિકાના અભ્યાસની સાથે ક્રમે કરી અથવા ભેગો એક વખતજ અવિદ્યાના ચારેય ભાગનો ઉપર જણાવ્યા પ્રમાણે ક્ષય કરી દેવામાં આવે એટલે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પછી જે અવશેષ રહ્યું તે નામરૂપથી રહિત સદ્રૂપ આત્મતત્ત્વજ છે કે જે પરમપુરુષાર્થરૂપ છે.[૩૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—મહાત્માઓ સાથે પરસ્પર સંભાષણ કર્યાથી શી રીતે અવિદ્યાનો અર્ધભાગ નષ્ટ થઇ જાય છે ? અને ત્રીજો ભાગ શી રીતે શાસ્ત્રવિચારથી શ્રવણ-મનન આદિ દ્વારા નાશ પામી જાય છે તથા બાકી રહેલો ચોથો ભાગ આત્માનું અપરોક્ષ જ્ઞાન થયેથી શી રીતે નાશને પ્રાપ્ત થાય છે તે કહો.[૩૨] વળી હે મહારાજ ! આપ જે કહો છો કે બધા ભાગોનો ભેગો પણ ક્ષય થઇ શકે અને ક્રમે કરીને પણ ક્ષય થાય, એ શું કહો છો ? વળી પછી જે અવશેષ રહે તે નામરૂપથી રહિત અને સદ્રૂપજ રહે છે એમ જે આપે કહ્યું તો તેમાં સદ્રૂપ શું કહેવાય અને અસદ્રૂપ શું કહેવાય, એ સર્વ આપ મને કહો.[૩૩]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે પુરુષ પોતે વિરક્ત હોય, સંસાર તરી જવાને ઇચ્છા રાખતો હોય અને આત્મવેત્તા હોય તેવા સુજન પુરુષની સાથે અને બીજા પણ મુમુક્ષુની સાથે આ સંસારસંબંધી વિચાર કરવો. (કે તેનું શું મૂળ છે, શું સ્વરૂપ છે, તેમાં શું સાર છે અને તેને શી રીતે તરી શકાય, ઇત્યાદિ તેમાં વિચારવાનું છે.)[૩૪] ડાહ્યા વિવેકી મનુષ્યે જ્યાંત્યાંથી શોધ કરી વૈરાગ્ય આદિ સાધનસંપન્ન, મત્સર આદિ દોષોથી રહિત અને આત્માના યથાર્થસ્વરૂપને અપરોક્ષ રીતે અનુભવનારા કોઈ સજ્જન પુરુષનું યત્નવડે આરાધન કરવું.[૩૫] જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે એવા તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ હે રામચંદ્રજી ! મહાત્મા પુરુષનો સમાગમ થતાંજ સર્વ ભૂમિકાના મૂળરૂપ હોવાથી સર્વના કરતાં મુખ્ય અને વૈરાગ્ય આદિ સાધનચતુષ્ટયરૂપ સંપત્તિનેલીધે સર્વનાથી શ્રેષ્ઠ એવી પ્રથમ ભૂમિકામાં સ્થિત થવારૂપી ઉત્તમ દશાનો ઉદય થવાનેલીધે અવિદ્યાના અર્ધ ભાગને તો તમે નાશ થયેલોજ સમજો.[૩૬] અવિદ્યાનો અર્ધ ભાગ મહાત્માઓના સમાગમથી ક્ષીણ થઇ જાય છે. ત્રીજો ભાગ શાસ્ત્રવિચારથી શ્રવણ-મનન આદિદ્વારા નાશ પામી જાય છે અને ચોથો ભાગ નિદિધ્યાસન આદિદ્વારા પોતાના પુરુષપ્રયત્નવડેજ નાશ કરવાનો છે.[૩૭] કેવલ મોક્ષની તીવ્ર ઇચ્છારૂપી એકજ અભિલાષ ઉત્પન્ન થાય, તો તે પુરુષને વૈરાગ્ય આદિ સાધનસંપત્તિદ્વારા ભોગોથી અને તેને સંપાદન કરવાનાં સાધનોથી નિવારણ કરે છે; અને મોક્ષેચ્છા સિવાય બીજા અભિલાષમાત્રનો ક્ષય થઈ જતાં પોતાના પુરુષાર્થથી અવિદ્યાનો ચોથો ભાગ ક્ષય પામી જાય છે.[૩૮] મહાત્માઓના સમાગમથી શાસ્ત્ર વિચારવડે શ્રવણમનનાદિદ્વારા અને પોતાના યત્નથી એ અવિદ્યારૂપી મેલનો ક્ષય થઇ જાય છે. એ અકેકું ક્રમથી મળે તો ક્રમથી તેનો નાશ થાય છે અને એ સર્વ એકજ વખતે પ્રાપ્ત થઇ જાય એવો યોગ આવી બને તો તેવે વખતેજ નષ્ટ થઇ જાય છે.[૩૯] અવિદ્યાનો ક્ષય થઇ જતાં સર્વ નિષેધના અવધિરૂપ જે તત્ત્વ અવશેષ રહે તે (દૃશ્યવર્ગમાંનું) કાંઈજ નથી અને જો કાંઇક છે એમ કહીએ તો અનિર્વચનીય જેવું કાંઇક છે એજ પરમતત્ત્વરૂપ છે. નામરૂપથી રહિત છે, આરોપિતદૃષ્ટિથી અસદ્રૂપ (મિથ્યા) છે અને અધિષ્ઠાનદૃષ્ટિથી સદ્રૂપ (સત્ય) છે.[૪૦] હે રામચંદ્રજી ! એ અવશેષ રહેલ વસ્તુ બ્રહ્મજ છે કે જે જરા-મરણ આદિ વિકારથી રહિત છે, અનંત છે, એક છે અને આનંદવડે ભરપુર) છે. તેમાં જે કાંઈ જીવ-જગત આદિ સંકલ્પરૂપે સ્ફુરી આવે છે તે તો સાવ મિથ્યાજ છે અને ભ્રાંતિવડેજ માત્ર ભાસે છે એમ સમજી લઇ પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપી ત્રિપુટીના મોહને દૂર કરી બ્રહ્મરૂપ થઈ રહી સર્વવ્યાપી આત્મસ્વરૂપવડે વિહાર કરતાં તમે શોકરહિત કેવલ આનંદમૂર્ત્ત થઇ રહો.[૪૧]

ब्रह्मेदं घनमजराद्यनंतमेकं संकल्पस्फुरणमविद्यमानमेव ॥ बुद्ध्वैवं व्यपगतमानमेयमोहो निर्वाणं परिविहरन्विशोकमास्व ॥ ४१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સંકલ્પસર્ગયોરૈક્યપ્રતિપત્તિઃ' એ નામનો બારમો સર્ગ સંપૂર્ણ. ૧૨

સર્ગ ૧૩ મો.*

ત્રસરેણુમાં ઇંદ્રે કરેલી રાજ્યકલ્પના

॥ भुशुंड उवाच ॥

जगत्प्रसररूपस्य न देश उपयुज्यते ॥
न कालो धारणे स्तंभ आलोकस्यांबरे यथा ॥

ભુશુંડજી કહે છેઃ—પ્રથમ અધ્યારોપદૃષ્ટિથી અવિવેકિઓને સમજાવવા ખાતર દેશકાળની કલ્પના સ્વીકારવામાં આવી છે, પરંતુ તાત્વિક દૃષ્ટિએ જોઇએ તો આ જગત કે જે ચૈતનતત્ત્વના ચમત્કારના એક ફેલાવરૂપજ છે તેમાં જેમ આકાશની અંદર ચોતરફ પ્રસરી રહેલા સૂર્યાદિકના પ્રકાશને ધારણ કરી રાખવાને સ્તંભની જરૂર નથી તે રીતે દેશકાળની કશી પણ જરૂર નથી.[૧] આ ત્રણે લોક ફક્ત મનના સંકલ્પ માત્રરૂપજ છે અને વાયુની અંદર ફેલાઇ રહેલા સુગંધના કરતાં તથા સૂર્યના પ્રકાશના કરતાં પણ અતિ સૂક્ષ્મ, શાંત, હલકા અને સ્વચ્છજ છે.[૨] હે સુશીલ વિદ્યાધર! આ જગતરૂપ અણુ કે જે ચૈતનતત્ત્વના એક ચમત્કારમાત્રજ છે તેની પાસે વાયુમાં ફેલાઇ રહેલ સુગંધ અને ચોતરફ પ્રસરી રહેલો સૂર્યનો પ્રકાશ એ પણ બીજાઓનાં આંખ, નાક વગેરે દ્વારા અનુભવમાં આવવાનેલીધે મેરુના જેવા મહા સ્થૂલ લાગે છે.[૩] જેમ મનોરથસંબંધી પદાર્થ કે જે મનોમય હોવાથી મનરૂપજ છે તેને તે મનજ સાક્ષી-ચૈતન્યની સત્તાવડે જાણે છે તથા જેને સ્વપ્ન આવેલ હોય તેજ પુરુષ તે સ્વપ્નની વાતને દેખે છે, તે રીતે આ સૃષ્ટિ કે જે દૃષ્ટિ માત્રજ છે તે પણ જે પુરુષપ્રત્યે જેવી રીતે ઉદય પામે છે તે પુરુષજ તેવી રીતે તેને દેખે છે.[૪] આ સંબંધમાં એક પુરાતન ઇતિહાસ પ્રાચીન વૃદ્ધો કહે છે, કે જે પૂર્વકાળમાં એક ત્રસરેણુની અંદર ઇંદ્રને જે અનુભવમાં આવ્યું હતું તેરૂપજ છે.[૫] એક સમયે કોઈ એક પ્રદેશમાં એક દિવસે કોઇ એક શબલબ્રહ્મરૂપી કલ્પદ્રુમમાં કોઇ એક યુગરૂપી શાખાની અંદર દેવતાઓ, દાનવો અને બીજાં પ્રાણીઓના સમૂહરૂપી મસલાંઓએ ઘોંઘાટવાળું કરી મૂકેલું પર્વતોરૂપી ખીલાઓવડે દૃઢ થઈ રહેલા પાતાળલોક, ભૂલોક અને સ્વર્ગલોકરૂપી ઉગ્ર કપાટને ધારણ કરનારું, ચૈતનતત્ત્વની રચનાની વિચિત્રતાને લીધે રમણીયતાવાળું, અતિ મોટું, વાસનારૂપી રસવડે પુષ્ટ થઇ ગયેલ, વિવિધ પ્રકારના અનુભવરૂપી સુગંધને ફેલાવનારું, ચિત્તને સ્વાદિષ્ટ લાગવાથી મનને હરણ કરનાર, બ્રહ્મરૂપી મહાવૃક્ષમાં પ્રૌઢ રીતે ઉદય પામેલી જગતની સૂક્ષ્મ સત્તાઓરૂપી કરોડો વેલોની અંદર રહેલું અહંકારરૂપી મોટા ડીંટીયાવાળું, સર્વત્ર સમાનરૂપે રહેનારા સાક્ષિચૈતન્યવડે પ્રકાશિત થઇ રહેલું, જ્ઞાન કે જે મોક્ષદ્વાર કહેવાય છે તેરૂપી વિકસિત થયેલા મુખને ધારણ કરતું, નદીઓ અને સમુદ્રોરૂપી શિરાઓવડે વીંટાયેલું, પંચતન્માત્રાઓરૂપી કળીઓની વચમાં રહેલું, આકાશમાં તરતા તારાઓરૂપી ઝાકળના બિંદુઓવાળું, મહાપ્રલયને અંતે પાછી જઈ

---

* આ તેરમા સર્ગમાં ભાયાનું જે કાર્ય છે તેમાં દેશ આદિની અપેક્ષા રહેતી નથી, એ કહેવાશે અને તે સંબંધમાં ઇંદ્રે ત્રસરેણુની અંદર રાજ્યની કલ્પના કરી એ વાત વિસ્તારથી જણાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગળી પડનારૂં, અંતે અવિદ્યારૂપ કાગડીને અથવા વિદ્યારૂપી કોયલને ઉપયોગમાં આવનારૂં, પડી જવાથી શાંતિને પ્રાપ્ત થનારૂં અને કોઇ એક કાળે વાસનામાત્રજ જેમાં શેષ રહી જાય છે એવા નાશને, અથવા વાસનાથી પણ રહિત બ્રહ્મભાવને પ્રાપ્ત થવાના સ્વભાવવાળું, બ્રહ્માંડરૂપ ઊંબરાનું ફળ થયું હતું અને તેની અંદર ત્રિલોકીનો અધિપતિ ઇંદ્ર જેમ મધપોડા ઉપર બેઠેલી મધમાખીઓનો કોઇ મોટો મધમાખ નાયક હોય તે રીતે સર્વ દેવતાઓનો અધીશ્વર હતો.[૧૨] પૂર્વાપર વિચારને જાણનારા પુરુષોમાં શ્રેષ્ઠ, એ મહાત્મા ઇંદ્રનું અજ્ઞાનરૂપી આવરણ, ગુરુના ઉપદેશથી અને પોતાના અભ્યાસના બળથી આત્મતત્ત્વની ભાવના કરવાવડે ક્ષીણ ઈ ગયું હતું.[૧૩] પછી કોઈ એક દિવસે નારાણ આદિ મહાપરાક્રમી દેવતાઓ(દૈત્યોના ભયવડે) ક્યાંય જતા રહ્યાથી તે ઇંદ્રે શસ્ત્રોરૂપી જ્વાળામય અગ્નિને ધારણ કરનારા મહાજબરજસ્ત દૈત્યો સાથે પોતેએકલાએજ યુદ્ધ કર્યું, પરંતુ મહાબળવાન દૈત્યોએ તેનો આખર પરાજય કર્યો તેથી ચોતરફ ધ્યાન રાખી તેજ સમયે તેણે પલાયન કર્યું.[૧૪,૧૫] અતિવેગથી દશે દિશાઓમાં તેણે દોડ કરી પરંતુ સર્વ ઠેકાણે શત્રુઓ પહોંચી વળવાથી જેમ પાપી પુરુષને પરલોકમાં વિશ્રામનું ઠેકાણું ન મળે તે રીતે ઇંદ્રને ક્યાંયપણ વિશ્રામનું સ્થળ મળ્યું નહિ.[૧૬] પછી દૈત્યો કે જે ઇંદ્રના શત્રુઓ છે તેની જરાક નજરચૂક થતાં પોતાને છુપાઇ જવાનો અવકાશ જોઇ ઇંદ્રે દેહને આકારે થઇ રહેલા પોતાના સ્થૂલ આકારવાળા સંકલ્પને ભૂતસૂક્ષ્મમાંજ સમેટી લઇ પોતે અતિસૂક્ષ્મ બની જઈ સૂર્યનારાયણનાં કિરણોના સમૂહોની અંદર રહેલા કોઇ એક ત્રસરેણુમાં, જેમ ભમરો કોઇ એક કમળકોશમાં સંતાઇ પેસે તેમ ત્રસરેણુમાં પેસવાના સંકલ્પવાળા ચેતનતત્ત્વનેરૂપે તેણે પ્રવેશ કર્યો.[૧૭,૧૮] એ ત્રસરેણુની અંદર તરત તેણે વિશ્રામ લીધો અને ઘણી લાંબી મુદત ગયા પછી તેનું ચિત્ત સ્વસ્થ થયું. સંગ્રામના પ્રસંગને ભૂલી જઇ પછી તે બીજે ક્યાંય બહાર ન નીકળતાં ત્યાં ત્રસરેણુમાંજ નિવૃત્તિને પ્રાપ્ત થયો.[૧૯] એ ત્રસરેણુમાં ઇંદ્રે પછી એક ક્ષણમાત્રમાંજ ગૃહની કલ્પના કરી તેનો અનુભવ કર્યો અને તે ઘરમાં પદ્માસનની કલ્પના કરી જેમ પોતાના લોકમાં સિંહાસન ઉપર બેસી ક્રીડા કરે તેમ એ પદ્માસન ઉપર ઇંદ્ર ક્રીડા કરતો હતો.[૨૦] પછી તે ત્રસરેણુની અંદર પોતે સંકલ્પવડે ગૃહસ્થ બની જતાં મણિઓ, મોતીઓ અને પરવાળાંઓ આદિથી કરેલા ગઢોથી અને મકાનોથી સુશોભિત એક નગર તે ઇંદ્રે દીઠું, કે જે પોતેજ પોતાની કલ્પનાવડે મનોમય ઉભું કીધું હતું.[૨૧] પોતે એ નગરની અંદર રહી પછી નાના પ્રકારના પર્વતો, ગામડાંઓ, નહેરો, શહેરો અને જંગલોવડે શોભાયમાન એવા દેશને પોતાની કલ્પનાદ્વારા તે ઇંદ્રે દીઠો.[૨૨] પછી પર્વતો, સમુદ્રો, પૃથ્વી, નદીઓ, રાજાઓ અને તે તે દેશના સીમાડાઓએ સહિત જગત તેવા દ્રઢ સંકલ્પને લીધે ઇંદ્રના જોવામાં આવ્યું કે જે પોતાના સંકલ્પનેલીધે મનોમયજ હતું.[૨૩] ત્યારબાદ પાતાળલોક, ભૂલોક, સ્વર્ગલોક, સૂર્ય આદિ ગ્રહો અને પર્વતોએ સહિત ત્રણે લોકની તેવા પ્રબળ સંકલ્પના બળથી ઇંદ્રે કલ્પના કરી લીધી અને એ ત્રિલોકીમાં પોતે અનેક ભોગસમૂહવડે સુશોભિત બની ઇંદ્રના સ્થાન ઉપર બેઠો. ત્યાં તેને કુંદ એવા નામનો એક મહાપરાક્રમી પુત્ર થયો.[૨૪-૨૫] પછી કાળે કરીને જીવિતનો અંત આવી જતાં મહાપ્રશસ્ય આચરણવાળો એ ઇંદ્ર એ દેહનો ત્યાગ કરી દઈ સ્નેહથી (તેલ અથવા ઘૃતથી) રહિત થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગયેલા દીવાની પેઠે નિર્વાણને (વિદેહકૈવલ્યને) પ્રાપ્ત થઈ ગયો.[૨૬] પછી કુંદ ત્રૈલોક્યનો રાજા થયો અને તેપણ પોતાના એક પુત્રને ઉત્પન્ન કરી કાળે કરી જીવિતનો અંત આવી જતાં પરમપદને પ્રાપ્ત થઇ ગયો.[૨૭] એ કુંદનો પુત્ર પણ પોતાના પિતા પ્રમાણેજ પોતાના પુત્રને રાજ્ય સોંપી જીવિતનો અવધિ આવી રહેતાં પરમ પવિત્ર પદને પામી ગયો.[૨૮] હે સુંદર વિદ્યાધર ! એ રીતે તે ઇંદ્રના હજારો પૌત્રો (પોતરાઓ) વ્યતીત થઇ ગયા છે કે જેઓના રાજ્યમાં આજે પણ અંશક નામનો રાજા વિદ્યમાન છે.[૨૯] ઉપર વર્ણન કર્યા પ્રમાણે આજ દિવસ સુધી તે ઇંદ્રે ત્રસરેણુની અંદર કલ્પીલીધેલ લોકમાં એ ઇંદ્રનોજ વંશ ઇંદ્રના રાજ્યને પાલન કરે છે અને આકાશના કોઇ પણ પ્રદેશમાં સૂર્યના પ્રકાશવડે પવિત્ર થયેલો એ ત્રસરેણુ ક્ષતિને પ્રાપ્ત થાય, ગળી જાય, શિથિલ થઈ જાય કે નાશ પામી જાય તોપણ એ ઇંદ્રનું મનોમય રાજ્ય કદીપણ ગલિત કે નષ્ટ થતું નથી.[૩૦]

इत्यद्य यावदमरेश्वरवंश एव संकल्पिते जगति शक्रपदं विधत्ते ॥ तस्मिन् क्षतेपि गलितेपि हते विनष्टे क्वाप्यंबरे दिनकरातपपावनाणौ ॥२०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' ત્રસરેણ્વંતરસર્ગસંધવર્ણન ' એ નામનો તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૩

સર્ગ ૧૪ મો.*

શબલ બ્રહ્મમાં ત્રિલોકીનું દર્શન

॥ भुशुंड उवाच ॥

तस्य शक्रस्य कुलजः कश्चिदासीत्सुराधिपः ॥ तत्रोत्तमगुणः श्रीमान् पाश्चात्या यस्यसातनुः ॥

ભુશુંડજી કહે છેઃ—એ ઇંદ્રપદ ઉપર દેવતાઓના અધ્યક્ષ તરીકે તેજ ઇંદ્રના વંશમાં થયેલો ઉત્તમ ગુણોવાળો અને સદ્ગુણોથી સુશોભિત કોઇ એક ઇંદ્ર થયો કે જેનું એ શરીર (પછી પાછો જન્મજ ન થવાનેલીધે) છેલ્લુંજ હતું.[૧] (ત્રસરેણુવાળા) ઇંદ્રના વંશમાં પુત્ર તરીકે થયેલા તે ઇંદ્રને ઇંદ્રપદમાંજ બૃહસ્પતિ કે જે પોતાના કુલગુરુ છે તેની ઉપદેશવાણીવડે ઉદય પામેલ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થવારૂપી જ્ઞાનપ્રાપ્તિ થઈ.[૨] પછી જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે એવા અને દૈવયોગથી જે પ્રાપ્ત થાય તેવડે કામ ચલાવી લેનારા એ દેવતાઓના રાજા ઇંદ્રે ત્રિલોકીનું રાજ્ય કર્યું.[૩] અજ્ઞાનને તરી ગયેલ શુદ્ધ ચિત્તવાળા તે ઇંદ્રે દાનવો સાથે યુદ્ધ કર્યું, સર્વ શત્રુમંડળનો પરાજય કર્યો અને સો અશ્વમેધ યજ્ઞ કર્યા.[૪] એ ઇંદ્ર કોઈ કાર્યવશથી કમળનાળના કોમળ બાળતંતુની અંદર ઘણા લાંબા કાળસુધી રહ્યો હતો અને ત્યાં તેણે બીજા પણ સેંકડો વૃત્તાંતોનો અનુભવ કર્યો હતો.[૫] જ્ઞાનના બળવડે દીપી નીકળનારા એ ઇંદ્રને કોઈ એક દિવસ એવી ઇચ્છા થઈ કે બ્રહ્મતત્ત્વ કે જે માયાનો સંબંધ થતાં શબલબ્રહ્મ એવા નામથી ઓળખાય છે તેનું હું ધ્યાનવાન થઈ બરાબર અવલોકન કરૂં.[૬] આવો વિચાર કરી પછી તેણે એકાંતમાં બેશી બહાર અને અંદર વિક્ષેપ થવાનાં સર્વ કારણોનો ત્યાગ કરી બુદ્ધિને શાંત રાખી સમાધિદ્વારા બ્રહ્મતત્ત્વનું અવલોકન કર્યું.[૭] સર્વ શક્તિવાળું, સર્વ વસ્તુઓરૂપે રહેલું, સર્વવ્યાપી, સર્વશક્તિમાન હોવાથી સર્વદા સર્વ પ્રકારે સર્વરૂપ થઇ રહેનારૂં, સર્વત્ર સર્વ પદાર્થોમાં રહેલું, સર્વ તરફ હાથ પગ આદિ અવયવોવાળું, ચારેકોર આંખો મસ્તકો અને મુખ વાળું કરનારૂં, ચોતરફ શ્રવણેંદ્રિયવાળું

* આ ચૌદમા સર્ગમાં તેજ ઇંદ્રના કુળમાં ઉત્પન્ન થયેલા કોઇ એક ઇંદ્રને કમળનાળના તંતુમાં જગતની પ્રતીતિ થશે અને બ્રહ્મદૃષ્ટિ થતાં પોતાની ઇંદ્રતા પણ બ્રહ્મમાત્ર જણાશે એ કથા કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વ્યવહારદૃષ્ટિએ સર્વ ઇંદ્રિયોના રૂપ આદિ પોતપોતાના વિષયોને ગ્રહણ કરવાની શક્તિરૂપી ગુણોવડે યુક્ત, અને પરમાર્થદૃષ્ટિએ જોતાં તે સર્વ ઇંદ્રિયોના ગુણોથી રહિત, વ્યવહારદૃષ્ટિએ સર્વને ધારણ કરી રહેલું અને પરમાર્થદૃષ્ટિએ અસંગ, વ્યવહારદૃષ્ટિએ ગુણોને ભોગવનારૂં અને પરમાર્થદૃષ્ટિએ નિર્ગુણ પ્રાણિમાત્રની અંદર અને બહાર ચરાચરરૂપે રહેલું; અતિસૂક્ષ્મ હોવાથી વિશેષે કરી તરત ન જાણી શકાય તેવું, દૂર પણ રહેલું અને પાસે પણ રહેલું, સર્વત્ર અનેક સૂર્ય–ચંદ્રોને ધારણ કરનારૂં, સર્વત્ર અનેક પૃથ્વીઓને ધારણ કરી રહેલું, સર્વત્ર અનેક પર્વતોને ધારણ કરનારૂં, તેમજ સર્વત્ર અનેક સમુદ્રોને ધારણ કરી રહેલું, સર્વત્ર ઘણા સારવાળું, સર્વત્ર અનેક આકાશોને ધારણ કરી રહેલું, સર્વત્ર અનેક સંસારો (જન્મ-મરણ આદિ પ્રપંચો) વાળું, સર્વત્ર અનેક જગતને ધારણ કરનારૂં, પરમાર્થદૃષ્ટિએ સર્વત્ર મોક્ષસ્વરૂપેજ રહેલ, અને સર્વત્ર ચિદ્રૂપે રહેલ, સર્વત્ર ચારે તરફથી સર્વ પદાર્થોરૂપે પ્રતીતિમાં આવતું અને વસ્તુતાએ સર્વથી રહિત એવું બ્રહ્મતત્ત્વ સમાધદ્વારા ઇંદ્રના જોવામાં આવ્યું.[૮-૧૪] ઘડામાં, કપડામાં, વડમાં, ખાડામાં, ગાડામાં, વાંદરામાં, તેજમાં, ઘરમાં, આકાશમાં, વૃક્ષમાં, પર્વતમાં, પવનમાં, જળમાં, અગ્નિમાં અને માત્ર પરમાણુના ઉપરના નીચેના મધ્યના એ આદિ સૂક્ષ્મ ભાગમાં પણ ઇંદ્રે ત્રણે લોક દીઠા કે જેઓ નાના પ્રકારના આચારો અને વિચારોવાળા તથા વિવિધ પ્રકારની આવૃત્તિ (સ્વર્ગનરકાદિકમાં જઇ પાછું ફરીને ત્યાંથી આવવું તે) વડે યુક્ત હતા.[૧૫,૧૬] જેમ મરીની અંદર તીક્ષ્ણતા (તીખાશ) અને આકાશની અંદર શૂન્યતા (શૂન્યપણું) રહેલ છે તે રીતે ચિન્મય આત્મા કે જે જગતનો આવિર્ભાવ થવાના કાળરૂપ પણ છે અને જગતના તિરોભાવ થવાના કાળરૂપે પણ રહેલ છે તેમાં આ ત્રણે લોક રહેલા છે.[૧૭] ઉપર પ્રમાણે જીવભાવથી રહિત થઈ ગયેલી પોતાની શુદ્ધ બુદ્ધિવડે દેખતો એ ઇંદ્ર તેના તેજ ક્રમથી પોતાના તેજ દેહવડે તેવેજ પ્રકારે ધ્યાનવાન થઇ રહ્યો.[૧૮] ઘણા લાંબા કાળસુધી ધ્યાનવડે કરી સર્વને એક શબલબ્રહ્મમાંજ દેખનારા ઉદાર બુદ્ધિવાળા મહાબુદ્ધિશાળી એ ઇંદ્રના જોવામાં આ આપની સૃષ્ટિ પણ આવી અને પછી તે આ આપની સૃષ્ટિમાં ફરતાં ફરતાં પાતાળલોક, પૃથ્વીલોક આદિને ક્રમે કરી જોઇ રહ્યા બાદ સ્વર્ગલોકને જોઇ છેવટ તેમાં ઇંદ્રનું દર્શન થતાં એ ઇંદ્રમાં અહંકાર બંધાવાના સંસ્કારો ઉદ્બુદ્ધ થઇ જવાથી તથા પ્રથમ કરેલા અશ્વમેધ યજ્ઞોનું કાંઇ પણ અદૃશ્ય ફળ અવશ્ય મળવાનું હોવાથી તે (આ સૃષ્ટિના) ઇંદ્રપણાને પ્રાપ્ત થઇ ગયો અને સેંકડો વૃત્તાંતોથી ભરેલું ત્રિલોકીનું રાજકાજ (કર લેવો, રાજ્યનું પાલન કરવું આદિ) કરવા માંડ્યું.[૧૯,૨૦] હે વિદ્યાધરોના કુલના અધ્યક્ષ! ત્રસરેણુની અંદર રહેલા ઇંદ્રના કુળમાં ઉત્પન્ન થયેલો એ (કમળનાળના તંતુમાં રહેલ) ઇંદ્ર આ બ્રહ્માંડમાં પણ આજ દિવસ સુધી ઇંદ્રપદ ઉપર રહ્યો છે એમ તમે સમજો.[૨૧] પછી આ બ્રહ્માંડમાં ઇંદ્રપદ ઉપર રહ્યાબાદ પોતાના હૃદયમાં બીજની પેઠે સૂક્ષ્મ રીતે સંસ્કારરૂપે રહેલ અને પૂર્વકાળમાં મુખ્યત્વે કરી કરેલ એવા જ્ઞાનયોગના અભ્યાસના બળથી બરાબર યથાસ્થિત રીતે કમળનાળના બાળતંતુમાં નિવાસ થવો એ આદિ પોતાનું પ્રથમનું વૃત્તાંત તેના સ્મરણમાં આવ્યું.[૨૨] જેવી રીતે ત્રસરેણુની અંદર રહેલા ઇંદ્રની તમને મેં વાત કરી અને તેનાજ કુળમાં થયેલા કમળનાળના બાળતંતુમાં રહેલા આ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કાંતિમાન ઇંદ્રવિષે તમને કહ્યું તેવીજ રીતે ત્યાં અહીં અને બીજે ઠેકાણે તેવીજ જાતના વ્યવહારવાળા સેંકડો અને હજારો ઇંદ્રો આ અનંત (ચિદ્રૂપ) આકાશમાં થઈ ગયા છે અને હાલ પણ છે.[૨૩,૨૪] એવી રીતે અનેક તરંગોવાળી સૃષ્ટિરૂપી નદી ઘણા લાંબા કાળથી (અનાદિકાળથી) અવિચ્છિન્ન રીતે વહ્યા કરે છે. ત્યાંસુધી તો આ દૃશ્યરૂપી નદી પ્રૌઢપણાથી વહ્યે જાય છે કે જ્યાંસુધી ચોથી ભૂમિકાથી માંડી છઠ્ઠી ભૂમિકા સુધીમાં પરમપદમાં અર્ધું આરૂઢ અને અર્ધું અનારૂઢ રહેવાઇ આ સઘળું માયામય છે એવો અનુભવ નથી થતો; પરંતુ જ્યારે તેનું ખરેખરું વાસ્તવસ્વરૂપ જોવામાં આવે કે તરતજ તે અતિ લાંબી અને ચોતરફ ફેલાઈ રહેલી દૃશ્યરૂપી નદી (ઝાંઝવાના જળની નદીની પેઠે) ક્યાંય લય પામી જાય છે.[૨૫-૨૬] હે નિષ્પાપ રામચંદ્રજી ! આ માયા એવી તો વિચિત્ર છે કે હરકોઈ કારણથી ગમે તે કાળે અને ગમે તે સ્થળે હરકોઇ પ્રકારે ખડી થઇ જઇ જોવામાં આવે છે.[૨૭] જેમ જળથી ભરેલાં વાદળાંમાંથી વૃષ્ટિ થાય છે તેરીતે આ માયા પણ અહંકારનાજ માત્ર ચમત્કારથી ઉત્પન્ન થાય છે અને સત્યરૂપે (તાત્ત્વિકદૃષ્ટિથી) જોવા જતાં તરતજ ઝાકળની પેઠે નાશ પામી જાય છે.[૨૮] જે સર્વના સાક્ષિરૂપ બ્રહ્મચૈતન્ય છે તે વસ્તુતાએ સર્વ વિકલ્પોથી રહિત છે, અને અહંકારનેલીધે વિસ્તાર પામેલા અનેક મનોરથોથી (માનસિક સંકલ્પોથી, તથા દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપી ત્રિપુટીથી) પણ રહિત છે, અર્થાત્ તે જાગ્રત અવસ્થાવિનાનું છે, સ્વપ્નામાં વળી વાસનામય છતાં પ્રતીતિમાં આવતા સર્વ પદાર્થોથી પણ રહિત છે, અને સર્વ શૂન્યતારૂપે સુષુપ્તિ અવસ્થામાં જણાતા અજ્ઞાનથી પણ શૂન્યજ છે અને જે આકાશના જેવુ સદા પરિપૂર્ણ છે તે ચિદ્રૂપ આત્મતત્ત્વજ (ખરી રીતે જોઇએ તો) અવશેષ રહે છે.[૨૯]

येनायताभिमतदर्शनदृष्टदृश्यमुक्तस्वभावमवभासनमात्मतत्त्वम् ॥ सर्वार्थशून्यमत एव च शून्यरूपमेकं स्वमात्रमिव मात्रविकल्पमेव ॥२९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્ગસંકલ્પયોરૈક્યપ્રતિપાદન' એ નામનો ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૪

सर्ग १५ मो.*

અહંકારની નિવૃત્તિથી જગતની ભ્રાન્તિ દૂર થાય છે

॥ भुशुंड उवाच ॥

यत्राऽहं त्वं जगत्तत्र पूर्वमागत्य तिष्ठति ॥ पराण्वंतरपींद्रस्य त्रसरेणूदरे यथा ॥१॥

ભુશુંડજી કહે છેઃ—જેમ ત્રસરેણુની અંદર રહેલ ઇંદ્રને એક ત્રસરેણુમાં પણ જગતની પ્રતીતિ થઇ હતી તેવીજ રીતે જ્યાં અહંકાર હોય ત્યાં જગતતો પ્રથમજ (તૈયાર થઇ) આવી ઉભું રહે છે.[૧] ભ્રાંતિવડેજ આકાશની અંદર દેખાતા અનેક રંગોની પેઠે માત્ર અજ્ઞાનનેલીધે અનુભવમાં આવતી આ જગત સંબંધી ભ્રાંતિનું પહેલું મૂળ તપાસવા બેસીએ તો અહંભાવજ કહી શકાય છે કે જે હું કાંઈક અમુકરૂપ છું એમ માની બેસે છે.[૨] વાસનારૂપી રસ સીંચાયેલા અહંકારરૂપી બીજના કણમાંથીજ બ્રહ્મરૂપી પર્વતની અંદર આકાશ (અવ્યાકૃત) રૂપ અરણ્યમાં તારાઓરૂપી પુષ્પસમૂહને ધારણ કરનારૂં; વાદળાં, ઝાકળ, જંગલ વગેરેથી ઢંકાયેલા પર્વતોરૂપી પલ્લવોવાળું, ગંગા આદિ ઉત્તમ નદીઓરૂપી શિરાઓના સમૂહને ધારણ

* આ પંદરમા સર્ગમાં અહંકારજ જગતરૂપ ભ્રાંતિના બીજરૂપે કહેવાશે, અને એ અહંકારને નિવૃત્ત કરી દેવાથી જગતરૂપી ભ્રાંતિ પણ નિવૃત્ત થઇ જતાં શુદ્ધ આત્માજ શેષ રહે એટલે કૃતાર્થપણું પ્રાપ્ત થાય તે જણાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરી રહેલ અને વાસનાઓ એજ જેમાં દ્રઢ બીજરૂપે રહેલ છે એવા ભોગોરૂપી ફળોવાળું આ ત્રિલોકીરૂપી વૃક્ષ પેદા થાય છે.[૩,૪] આ જગત અહંકારરૂપી જળનો ચેતનતત્ત્વના ચમત્કારરૂપ વૈષયિક સુખોરૂપી મધુરતાવાળો, તારાઓરૂપ જળબિંદુઓની વૃષ્ટિને ધારણ કરી રહેલો, વાસનાઓના ફેલાવરૂપી દ્રવતાવાળો, આકાશરૂપી અનંત પેટાળવાળી મોટી ખાઇવાળો, આપત્તિઓ અને સંપત્તિઓ રૂપી મોટી ઘુમરીઓવડે યુક્ત, નાનાપ્રકારના પર્વતોરૂપી તરંગોથી સુશોભિત, ત્રિલોકીનાં મનુષ્યોરૂપી ચિત્રના જેવી પ્રકટ થતી રેખાઓવાળો, ચપળ સૂર્યચંદ્રાદિકના પ્રકાશોરૂપી કિરણોને ધારણ કરનારો, બ્રહ્માંડોરૂપી અનેક પરપોટાને પ્રકટ કરનારો, કપાટનીપેઠે મોક્ષદ્વારને રોકી રાખનારા મોહરૂપી સેતુવડે વૃદ્ધિ પામનારો, દ્રઢરીતે બંધાઈ રહેલા પૃથ્વીલોકરૂપી સમુદ્રફીણના પિંડને ધારણ કરી રહેલો, અનેક જીવોરૂપી જળકાકવાળો, જીવોનાં વિચિત્રપ્રકારનાં ત્વરાથી ઉંચે, નીચે અને આડાં અવળાં ભ્રમણો થવાથી ઉછળવાનો અને શમીજવાનો દેખાવ આપતો, જરા, મરણ, મોહ આદિ અનેક લોટોના ચમત્કારવડે યુક્ત, ઉત્પન્ન થતાં તરત ક્ષણમાત્રમાંજ નાશ થઇ જનારાં અનેક દેહ આદિ બિંદુઓના સમૂહથી ખીચોખીચ ભરેલો એક જાતનો વિલાસજ છે એમ કહી શકાય છે. જગત અહંભાવરૂપી પવનનું સ્ફુરણજ છે એમ તમે સમજો. તેમ અહંકારરૂપી કમળના સુગંધરૂપજ આ જગત છે એમ પણ સમજી રાખો.[૫-૧૦] જેમ પવન અને તેની ચલનશક્તિ જુદાં નથી, જેમ જળ અને તેનું દ્રવપણું જુદાં નથી અને અગ્નિ તથા ઉષ્ણપણું જુદાં નથી, તે રીતે અહંભાવ અને જગત, એ બન્ને જુદાં નથી.[૧૧] અહંકારની અંદર જગત રહેલ છે અને જગતની અંદર અહંકાર રહ્યો છે. એ બન્ને એકબીજામાં ઓતપ્રોત છે, એક બીજામાંથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળાં અને એકબીજાને અધીન સ્થિતિવાળાં છે એટલે કે આધાર–આધેય ભાવની પેઠે પરસ્પર થઈ રહેલ છે,[૧] જે રીતે ચિત્રને જળવડે ધોઇ નાખે તે રીતે અહંભાવ કે જે જગતના બીજરૂપ છે તેને જે પુરુષ જ્ઞાનવડે સંકલ્પનું સ્ફુરણજ ન થવા દેતાં ધોઇ નાખે તો તેની સાથે તેણે જગતરૂપી મેલ ધોઇ નાખ્યો એમ સમજવું.[૧૩] હે વિદ્યાધરજી ! તાત્ત્વિકદૃષ્ટિએ જોતાં અહંકાર કે જે હું એવો ભાવ પેદા કરનાર છે તે છેજ નહિ અને અવસ્તુ હોવાથી સસલાનાં શીંગડાંની પેઠે વિનાકારણેજ અજ્ઞાનવડે ઉત્પન્ન થએલો જણાય છે.[૧૪] બ્રહ્મ કે જે સર્વત્ર એક રસપણે વ્યાપી રહેલ છે, અનંત છે અને સંકલ્પરૂપ બુદ્ધાઓ વિનાનું છે, તેમાં અહંભાવ પેદા થવાનું કાંઈ કારણજ ન હોવાથી એ અહંકાર પ્રતીતિમાં આવતાં છતાં પણ કોઈ દિવસ સત્ય કહી શકાતોજ નથી.[૧૫] કદાચિત્ કાંઇ કારણ સંભવતું હોય તોપણ તે અવસ્તુમાં કાંઈ કામનું નથી, તો પછી સૃષ્ટિ આદિમાં તો કાંઇ કારણ સંભવતુંજ નથી એટલે પછી બીજી શી વાત કહેવી ? આવા હેતુથી વાંઝણીના પુત્રની પેઠે અહંભાવ આદિ કશું પણ કોઇ જગોએ થયેલુંજ નથી અને તે અહંભાવ ન હોવાનેલીધે જગત પણ નથીજ તથા જગતનો અભાવ થતાં એક ચિદ્રૂપ આત્માજ અવશેષ રહે છે કે જે પોતેજ નિર્વાણરૂપ છે. (માટે જ્ઞાનનિષ્ઠપણાથી) તમે જેમ તમને સુખ આવે તેમ ભલે શાંતપણે રહો.[૧૬,૧૭] આ પ્રમાણે જગત અને અહંકાર, એ બન્નેનો અભાવ યુક્તિવડે સિદ્ધ થતાં તમારા બહારના અને અંદરના વિષયો કે જે બહાર રૂપ-રસ-ગંધ-આદિને રૂપે અને અંદર સંકલ્પ-વિતર્ક-આદિને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપે પ્રતીતિમાં આવે છે તે સર્વે શાંત થઇ જશે, તેમ બીજું પણ તેનાથી જુદું (દુઃખ આદિ) કશું રહેશે નહિ.[૧૯] જે વસ્તુતાએ નથી તે તો છેજ નહિ અને તત્ત્વવિચારથી બાકી જે શેષ રહે છે તે દુઃખવિક્ષેપ આદિથી રહિત શાંત અવિનાશી બ્રહ્મરૂપજ છે, કે જે તમારૂં પોતાનુંજ સ્વરૂપ છે. હવે તમે જ્ઞાનસંપન્ન થયા છો માટે હવે ફરીવાર નિર્મૂળ ભ્રાંતનું ગ્રહણ કરશો નહિ.[૧૯] તમે બહાર અને અંદર દૃશ્યની કલ્પનારૂપી કલંકથી રહિત છો, શુદ્ધ છો, પરમ મંગળરૂપ છો, શાંત છો, ઈશ્વરરૂપ છો અને અવિનાશી છો. અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તો આકાશ કે જે સાવ શૂન્યજ છે તે પણ પર્વતના જેવું મહા મોટું અને વિચારવડે ખસેડી ન શકાય તેવું લાગે છે, અને અપવાદદૃષ્ટિથી જોઇએ તો આ બ્રહ્માંડ પણ પરમાણુરૂપ અને આકાશના જેવું શૂન્યજ ભાસે છે.[૨૦]

व्यपगतकलनाकलंकशुद्धः शिवमसि शांतमसीश्वरोसि नित्यः ॥ खमपि भवति पर्वतोपमानं जगदपि वा परमाणुरूपमेव ॥ २० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદ્યાધરનિર્વાણ' એ નામનો પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૫

સર્ગ ૧૬ મો.*

વિદ્યાધરને સમાધિલાભ અને નિરહંકારતાની પ્રશંસા.

॥ भुशुंड उवाच ॥

कथयत्येव मय्येवं स विद्याधरनायकः ॥
आसीत्संशांतसंवित्तिः समाधिपरिणामवान् ॥

ભુશુંડજી કહે છેઃ—હું ઉપર પ્રમાણે કહેતો હતો તેટલામાં સર્વ વિદ્યાધરોમાં નાયક તરીકે ગણાયેલો એ શ્રેષ્ઠ વિદ્યાધર સર્વ સંકલ્પોથી રહિત અને સમાધિના પરિણામવાળો થઇ ગયો.[૧] પછી મેં વારંવાર તેને વ્યુત્થિત કરવા માંડ્યા છતાં પણ પરમ નિર્વાણને પ્રાપ્ત થઈ ગયાથી પાસે પડેલા દૃશ્ય પદાર્થોમાં કે શબ્દ આદિ વિષયોમાં તેની બુદ્ધિ નિમગ્ન થઇ નહિ.[૨] હે પ્રિય વસિષ્ઠજી ? માત્ર એટલાજ મારા ઉપદેશથી જ્ઞાનવાન થઇ જઇ એ વિદ્યાધર પરમપદને પ્રાપ્ત થઈ ગયો. તેને અતિશયપણાની અપેક્ષા રાખનારા બીજા કશા અધિક યત્નની જરૂર પડી નહિ.[૩]

×વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! એટલા માટેજ મેં કહ્યું છે કે જો શુદ્ધ ચિત્ત હોય તો તેમાં આપેલો ઉપદેશ જળમાં જેમ તેલનું બિંદુ ચોતરફ ફેલાઇ જાય તે રીતે ચોતરફ ફેલાઇ જાય છે.[૪] તમે કે જે શુદ્ધ ચિદ્રૂપ છો તેમાં વળી અંદર 'હું' એવો જુદો અહંકારનો અંશ છેજ નહિ, માટે એ મિથ્યા અહંકારની તમે ભાવનાજ ન કરો, જેથી તમને પરમ શાંતિ પ્રાપ્ત થશે મારે તમારાપ્રત્યે ઉપદેશદ્વારા એટલુંજ માત્ર કહેવાનું છે બીજું કશું પણ નથી અને સર્વનો ખરો સાર પણ એજ છે.[૫] આજ ઉપદેશવાણી જો અશુદ્ધ ચિત્તમાં પડે તો જેમ લીસા અને સપાટ અરીસામાં નિર્મળ મોતી ચોંટી રહેતું નથી તે રીતે તે ઉપદેશવાણી ચોંટતી નથી[૬] અને શુદ્ધ તથા શાંત ચિત્તમાં જરા પણ બરબાદ ન જતાં બરાબર લાગી જાય છે; અને જેમ સૂર્યકાંતમણિની (આગીયા કાચની) અંદર સૂર્યનાં કિરણો પ્રવેશ કરી અગ્નિની શિખાને ઉત્પન્ન કરે તેવી રીતે એ ઉપદેશવાણી શુદ્ધ

---

* આ સોળમા સર્ગમાં ભુશુંડજીના ઉપદેશથી વિદ્યાધરને સમાધિલાભ થયાનું કહેવાશે અને નિરહંકારપણાની પ્રશંસાવડે બાકીના કથાભાગનો ઉપસંહાર કરશે.

× અહીં ભુશુંડજીની સાથના પ્રસંગને વચમાંજ રાખી વસિષ્ઠજી પ્રસંગ ઉપર આવી ગયા છે એમ સમજી લેવું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિત્તની અંદર પ્રવેશ કરી મોહરૂપી અરણ્યને બાળી નાખનારી વિચાર એવા નામની અગ્નિ-શિખાને પેદા કરે છે.[૭] દુઃખમય આ સંસાર-રૂપી ઉંચા શાલ્મલિ વૃક્ષનું અહંકાર એજ પ્રથમ બીજ છે અને અમુક મારૂં છે એવો ભાવ સંસારવૃક્ષના મૂળથી માંડી થડરૂપ છે, કે જે રાગદ્વેષ આદિ બીજી અનેક શાખાઓનો ફેલાવ થવામાં કારણરૂપ થાય છે.[૮] પ્રથમ તો બીજની પેઠે 'હું' એવો ભાવ પેદા થાય છે. તેની અંદર જેમ બીજમાંથી વૃક્ષ થાય તેમ 'અમુક મારૂં છે' એવો ભાવ ઉત્પન્ન થાય છે, અને પછી વૃક્ષમાં જેમ શાખાઓ થાય તે રીતે પછી અમુકરૂપે દેખાતા સેંકડો પદાર્થોનો સંબંધ કરાવી અનર્થોને પેદા કરનારી, સંસારના ભારને ઉપાડનારી ઇચ્છા પેદા થાય છે.[૯]

હે *મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી ! આ વિદ્યાધરના જેવા મૂઢ પુરુષો પણ કેટલાક ચિરાયુ હોય છે, તેનેલીધે તત્ત્વજ્ઞાનજ દીર્ઘાયુષ્ય થવાનું કારણ છે, એવો કાંઇ નિયમ જણાતો નથી.[૧૦] ઘણા લાંબા કાળ સુધી અભ્યાસ કરવાથી જેઓનું ચિત્ત અંદર શુદ્ધ થઈ ગયું હોય તેઓ તો કાંઇ થોડો સેજસાજ ઉપદેશ આપવાથી પણ અભય આપનારા જ્ઞાનરૂપ પરમપદને પ્રાપ્ત થઇ જાય છે.[૧૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—મુક્તચિત્તવાળા એ ભુશુંડજી મેરૂ પર્વતના શિખરપર મને ઉપર પ્રમાણે કહી જેમ ×ઋષ્યમૂક પર્વતમાં (મતંગ ઋષિના આશ્રમમાં) મેઘ ગર્જના ન કરતાં મૌન ધારણ કરે છે તે રીતે પોતે મૌન ધારણ કરી રહ્યા.[૧૨] હે રામચંદ્રજી ! પછી હું પણ એ વિદ્યાધરવિષે ભુશુંડજીને પૂછી ત્યાંથી વિદ્યાધર પાસે ગયો અને તેને પણ કેટલુંક પૂછી પાકી ખાત્રી કરી લઇ મુનિઓની મંડળીથી સુશોભિત એવા પોતાના આશ્રમમાં પાછો આવતો રહ્યો.[૧૩] તત્કાળ થોડા બોધથીજ ઉત્પન્ન થયેલ, વિદ્યાધરને ઉપશમ પ્રાપ્ત થવાની વાત કે જે મને ભુશુંડજીએ કથાપ્રસંગદ્વારા કહી હતી તે મેં તમને આજે કહી સંભળાવી. ભુશુંડજી કે જે સર્વ પક્ષિઓના એક રાજા જેવા છે. તેમની સાથે આ મારો સમાગમ થયો ત્યારપછી આ કલ્પના અગીયાર મહા (દિવ્ય) યુગો આજ સુધીમાં ચાલ્યા ગયા છે.[૧૪]

एतत्तवाद्य कथितं बलिभुक्कथोक्तं विद्याधरोप शमनं लघुबोधनोत्थम् ॥ अस्मिन् भुशुंड विहगेंद्रसमागमे मे चैकादशेह हि गतानि महायुगानि ॥ १४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદ્યાધરનિર્વાણ' એ નામનો સોળમો સર્ગ સંપૂર્ણ. ૧૬

સર્ગ ૧૭ મો.*

અહંકારનો નાશ થતાં સંસારનો નાશ

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

अनहंवेदनादेवं शुभाशुभफलप्रदा ॥ संसारफलिनी नूनमिच्छांतरुपशाम्यति ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—'હું' એવી કાંઇ પણ વસ્તુ ચિત્સત્તાથી જુદી છેજ નહિ એમ નિરહંકારપણાનો અવલંબ રાખવાથી શુભ-અશુભ ફળને આપનારી, અને સંસારરૂપ ફળવાળી ઇચ્છાજ અંદર શાંત થઈ જાય છે.[૧]

* આ પાછું ભુશુંડજીનું વસિષ્ઠજીપ્રત્યે કહેવું છે.

× ઋષ્યમૂક પર્વતમાં મતંગ ઋષિના આશ્રમની અંદર મતંગ ઋષિના શાપના ભયથી મેઘો ગાજતા નથી એમ પ્રસિદ્ધ છે.

* આ સત્તરમા સર્ગમાં નિરહંકારતારૂપ અગ્નિવડે અહંકારરૂપ બીજને બાળી નાંખવાથી દેહ આદિ સર્વ સંસારનો જ્ઞાનવડે બાધ થઇ જતાં તે સર્વના મિથ્યાપણાવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નિરહંકારતાનો અભ્યાસ કરવાથી લોષ્ટ, પાષાણ અને કાંચનને સમાન ગણનારો વિવેકી પુરુષ સંસારસંબંધી સર્વ પીડાઓથી રહિત થઇ જઇ પાછો દુઃખને પ્રાપ્ત થતો નથી.[૨] અહંકારરૂપી સંપુટમાં (અગ્નિની જવાળાની પેઠે) પ્રકટ થયેલા પરબ્રહ્મના સાક્ષાત્કાર થવારૂપ બોધના બળથી છેટે ફેંકી દીધેલો અહંકાર આદિ દૃશ્યવર્ગરૂપી પાષાણ, અગ્નિના યંત્રમાં ફેંકેલા પાષાણની પેઠે તરત કોણ જાણે ક્યાં જતો રહે છે, તે જાણી શકાતું નથી.[૩] અહંકારરૂપી સંપુટમાં નિદિધ્યાસનઆદિના બળથી આવિર્ભાવ પામેલ બ્રહ્મજ્ઞાનરૂપી બળવાન વીરે પોતાની સત્તાવડે ઘણે દૂર ફેંકી દીધેલ અહંકારઆદિ દૃશ્યવર્ગરૂપી પાષાણ કોણ જાણે ક્યાં તરત જતો રહે છે તે જાણવામાં આવતું નથી[૪] અહંભાવરૂપી સંપુટમાં નિદિધ્યાસનાદિ દ્વારા પ્રકટ થયેલ બ્રહ્મજ્ઞાનરૂપી બલિષ્ઠ વીરે પોતાના બળવડે ફેંકેલો શરીરયંત્રરૂપી પાષાણ તત્કાળ ક્યાં જતો રહે છે તેની કશી ખબરજ પડતી નથી.[૫] નિરહંકારતાવાળી વૃત્તિમાં પ્રતિફલિત થયેલી ચેતનતત્ત્વરૂપી જવાળાવડે અહંકારરૂપી હિમ ઉડી જઇ (ગળી જઈ) સંતાઈ જવાથી ક્યાંય તત્કાળ જતું રહે છે કે જે જાણવામાંજ આવતું નથી.[૬] ઉત્તમ *વર્ણવાળાં શરીરરૂપી પાંદડામાંથી અહંકારરૂપી રસ કે જે તેની અંદર અસ્પષ્ટરૂપે રહેલો છે તે, અહંકારથી રહિત શુદ્ધ ચેતનતત્ત્વરૂપ જવાળા લાગતાં તરતજ કોણ જાણે ક્યાં ચાલ્યો જાય છે કે તેવિષે પાછું કશું જણાતું નથી.[૭] નિરહંકારતારૂપ સૂર્યકિરણદ્વારા શરીરરૂપ પાંદડામાંથી ખેંચાયેલો અહંભાવરૂપી રસમય આસવ પરપણાને (પરબ્રહ્મભાવને તથા પોતાના કારણરૂપ સૂક્ષ્મ જળભાવને) પ્રાપ્ત થાય છે.[૮] અહંકારરૂપી વટબીજ ભલે શય્યામાં, ગારામાં, પર્વતના ઘરમાં, આકાશમાં, સ્થળમાં, જળમાં કે ગમે તે જગ્યાએ સ્થૂળરૂપે, સૂક્ષ્મરૂપે, નિરાકારપણાથી કે બીજાં રૂપાંતરથી રહેલ હોય, કિંવા સૂતેલ હોય, જાગ્રત અવસ્થામાં હોય, ભસ્મ થઇ ગયેલ હોય, કોઈએ ધારણ કરી રાખેલ હોય, કોઇએ લઇ જવાયેલ હોય, કોઇ દૂરદેશમાં રહેલ હોય કે કોઈ નજીકના પ્રદેશમાં રહેલ હોય, પરંતુ જ્યાંસુધી તેમાં અહંકારરૂપી અંકુર અંદર કાયમ હોય ત્યાંસુધી તરતજ ક્ષણમાત્રમાં સર્વ દિશાઓ તરફ ફેલાઈ રહેનાર સંસાર એવા નામના શાખાસમૂહને તે પેદા કરે છે.[૯-૧૧] અહંકારરૂપી વટબીજની અંદર સૂક્ષ્મરૂપથી રહેલું દેહરૂપી જબરું વટવૃક્ષ જ્યાં ત્યાં આ સંસારરૂપી શાખાસમૂહને પૂર્ણ રીતે ફેલાવી દે છે.[૧૨] જેમ બીજની અંદરજ સેંકડો શાખાઓમાં સુશોભિત સુંદર પત્રોને, પુષ્પોને અને ફળોને ધારણ કરનાર વૃક્ષ સૂક્ષ્મરૂપે રહેલજ છે કેમકે તે બીજને ભેદી અંકુર આદિ ક્રમવડે બહાર નીકળતું પ્રત્યક્ષ રીતે આંખોવડેજ સર્વના જોવામાં આવે છે, તેવી રીતે અહંકારરૂપી સૂક્ષ્મ બીજની અંદર સર્વ દૃશ્યસંકલ્પથી વીંટાયેલો દેહ રહેલોજ છે કે જે સૂક્ષ્મ બુદ્ધિરૂપી દૃષ્ટિવડે વિદ્વાનોના જોવામાં આવે છે.[૧૩] શ્રવણાદિક વિચારોવડે તત્ત્વજ્ઞાન થઈ જવાથી ચિદાકાશરૂપી પોતાના સ્વરૂપમાં સ્થિતિને પ્રાપ્ત થયેલા, દેહ વિદ્યમાન છતાં તેમાં અહંતારૂપ આત્માભિમાન ન કરનારા અને નિરતિશય આનંદવાળા સર્વથી ઉત્કૃષ્ટ પરમપદમાં સ્થિર થઇ રહેલા પુરુષની જીવન્મુક્ત દશામાં કે વિદેહમુક્ત દશામાં જ્ઞાનરૂપી મહાબળવાન અગ્નિવડે ભુંજાઇ ગયેલા અહંભાવરૂપી બીજના અંદરના ભાગમાંથી તે બીજ વિદ્યમાન છતાં

* બ્રાહ્મણાદિક (જાતિ) અને (શ્યામાદિ) રંગ એ બન્નેનો વાચક વર્ણ શબ્દ મૂકેલો છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અંકુરાદિક કાર્ય ઉત્પન્ન કરવામાં અશક્તપણાનેલીધે નહિ જેવું હોવાથી પછી આ સંસારરૂપી વૃક્ષ પેદા થતું નથી.[૧૪]

देहादहंत्वमनवाप्तवतो विचारैश्चिद्व्योममात्रवपुषोवपुषोथवोच्चैः॥नाहंत्ववीजजठरादसतोम्युदेति संसारवृक्ष इहवोध महाग्नि दग्धात् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો " અહંત્વાસત્તાયોગોપદેશ " એ નામનો સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૭

सर्ग १८ मो.*

જેટલા જીવ તેટલાં જગત

॥ श्रीवसिष्ठ उवाच ॥

मरणं सर्वनाशात्म न कदाचन विद्यते।
स्वसंकल्पांतरस्थैर्य मृतिरित्यभिधीयते ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—જે કે પામર પુરુષો મન-બુદ્ધિ-અહંકાર-આદિએ સહિત સર્વ દેહઆદિનો નાશ થઇ જવો એ મરણ છે એમ માને છે ખરા, પરંતુ (કૃતહાન અને અકૃતાભ્યાગમ આદિ દોષગ્રસ્ત હોવાથી) સર્વ નાશસ્વરૂપવાળું મરણ તો કોઈ દિવસ છેજ નહિ, સંભવતુંજ નથી, બાકી એક પ્રારબ્ધનો ક્ષય થતાં તે વિષેનો સંકલ્પ બદલી જઈ વળી બીજા પ્રારબ્ધને અનુકૂલ પોતાના સંકલ્પનું તે પ્રારબ્ધનો ક્ષય થતાં સુધી દૃઢ થઈ બેસવું તેજ મરણ એવા નામથી કહેવાય છે.[૧] તે મરેલા જીવના સંકલ્પવડે કલ્પાયેલા, જગતની અંદર રહેલા મેરુ અને મંદરાચળ આદિ પર્વતો, નદીમાં પ્રતિબિંબિત થયેલા પર્વતોનીપેઠે વસ્તુતાએ મિથ્યા હોવાથી દૃઢ રીતે નહિ રહ્યા છતાં પણ કેમ જાણે દિશાઓના પવનોવડે આપણી નજર આગળ વહન કરાતા હોય તેમ મારા જોવામાં આવે છે અને તમે પણ તે જુઓ.[૨] કેળનાં કોમળ પલ્લવોનો જથો જેમ એક બીજામાં અનુસ્યૂત હોય તે રીતે એક બીજાની ઉપર અને એકબીજાની અંદર પરસ્પર અનુસ્યૂત થઈ જઇ સમાન પ્રારબ્ધવાળા જીવોને સરખી રીતે અનુભવમાં આવતા અને બીજાઓને વળી જુદી જુદી રીતે અનુભવમાં આવનારા અનેક સંસારો આકાશની અંદર રહેલા છે.[૩]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી ! મેરુ મંદરાચલ આદિ કેમ જાણે આકાશની અંદર આપણી નજર આગળ પવનોએ વહન કરાએલા હોય તેમ દેખાય છે ઇત્યાદિ આપે કહ્યું પણ આ સઘળા ઉપરના આપના વાક્યના અર્થને બરાબર નિઃસંશય રીતે હું કાંઇ પણ સમજી શકતો નથી.[૪]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—પ્રાણની અંદર ચિત્ત રહેલું છે અને ચિત્તની અંદર, જેમ બીજની અંદર સૂક્ષ્મરૂપે આખું વૃક્ષ રહેલ હોય તે રીતે આ આખું જગત સૂક્ષ્મરૂપથી રહેલ છે.[૫] પુરુષનું મરણ થતાં બહાર નીકળેલા તેના પ્રાણવાયુઓ જેમ દ્રવસ્વભાવાળું સમુદ્રનું જળ નદીના જળ સાથે મળી જાય તે રીતે આકાશમાં રહેલા મહાવાયુ સાથે મળી જાય છે.[૬] અને આકાશના વાયુવડે વિશેષે કરી આકર્ષાએલા એ પ્રાણવાયુઓની અંદર રહેલાં જગતો જોકે માત્ર સંકલ્પાત્મકજ છે છતાં કેમ જાણે આમતેમ પ્રાણ પવન સાથે આકર્ષાતાં હોય તેમ ભાસે છે.[૭] પ્રાણવાયુઓએ સહિત અને સંકલ્પરૂપે સ્ફુરતાં જગતને પોતાના ગર્ભમાં ધારણ કરનારા પવનોવડે આ બધી દિશાઓને હું ચારેકોર ભરપૂરજ દેખું છું.[૮] સંકલ્પવડે કલ્પાયેલાં જગતોના સમૂહની અંદર આપણી નજર આગળજ મેરુપર્વત અને મંદરાચળ આદિ સર્વ

* આ અઢારમા સર્ગમાં મરી ગયેલા જીવોના, મનમાં રહેલાં અને પવનોએ આકાશની અંદર ચોતરફ આકર્ષણ કરી વહન કરાતાં અનંત જગતો વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દિશાઓના પવનોવડે વહન કરાય છે, કે જે મારા જોવામાં આવે છે અને તમે પણ બુદ્ધિરૂપી દૃષ્ટિવડે જુઓ.[૯] આકાશમાં રહેલા મહાવાયુની અંદર મરણને પ્રાપ્ત થયેલા જીવના પ્રાણો રહે છે, પ્રાણની અંદર મન રહે છે, અને મનની અંદર જેમ તલની અંદર તેલ રહે છે તેમ આ જગત રહ્યું છે એમ તમે સમજો.[૧૦] જેમ આકાશમાં રહેલા પવનોએ મનોમય પ્રાણો કે જે આકાશના જેવા અતિ હલકા છે તે વહન કરાય છે, તેવીજ રીતે એ પવનો પ્રાણની અંદર હોવાથી તેના પેટામાં રહેલાં આકાશના જેવાં હલકાં જગતોને પણ વહન કરે છે.[૧૧] ચાર પ્રકારના પ્રાણી સહિત આકાશ-પૃથ્વી આદિ દૃશ્યવર્ગને ધારણ કરનારાં ત્રણે જગત સંકલ્પજન્ય હોવાથી મિથ્યા છતાં આપણી પાસેજ સર્વ ઠેકાણે પવનવડે ગંધની માફક ધારણ કરાએલ છે.[૧૨] હે રામચંદ્રજી ! એ ત્રણે લોક સંકલ્પરૂપ હોવાથી પોતાના સ્વપ્નમાં દેખાતાં નગરોની પેઠે અને સ્વપ્નમાંજ તેવાં નગરની અંદર દેખાતા નદીના પૂરની પેઠે આ ચર્મચક્ષુવડે દેખાતા નથી; પરંતુ તે બુદ્ધિરૂપી નેત્રવડેજ જોવામાં આવે છે.[૧૩] આકાશ કરતાં પણ અતિ સૂક્ષ્મ એ સર્વ જગતો સદાકાળ સર્વ ઠેકાણે રહેલાંજ છે; પરંતુ જો તેનો સાર તપાસવા જઈએ તો કલ્પનામાત્રજ હોવાથી તત્ત્વદૃષ્ટિએ જોતાં કશું પવનોએ વહન કરાતુંજ નથી.[૧૪] તોપણ જેમ તમે અમારી દૃષ્ટિમાં શ્રવણ-ધારણા આદિ ક્રિયા કરનાર તરીકે સત્ય આમારી પાસે રહ્યા છો, તેવીજ રીતે ચેતન-અંશ સર્વવ્યાપી હોવાથી એ જગતો પણ તે તે જીવોને ભોગવવાના તે તે સ્વર્ગ-નરક-પૃથ્વી આદિ પોતાપોતાના લોકોમાં તેઓની દૃઢ ભાવના તેમાં બંધાઇ જવાથી તેવા તેવા સુખ-દુઃખ આદિ અર્થોને અને ક્રિયાઓને ઉત્પન્ન કરનાર હોવાથી તેઓની દૃષ્ટિમાં સત્યજ છે.[૧૫] જળમાં પ્રતિબિંબિત થયેલાં નગરોનીપેઠે આપની પાસેજ પ્રાણરૂપી નદીના પ્રવાહમાં આ જગતો કે જે વાસનારૂપજ હોવાથી વસ્તુતાએ પ્રકટજ થયેલાં નથી તે વહ્યે જાય છે અને તે પ્રાણ પવનની અંદર મહાવાયુવડે વહન કરાયેલ દેખાતાં છતાં વસ્તુતાએ જોઇએ તો વહન કરાતાં નથી.[૧૬] હે રામચંદ્રજી ! જેમ પવનો વાયુમાં રહેલા અતિ સૂક્ષ્મ સુગંધને વહન કરે છે, તેવીજ રીતે પ્રાણવાયુની અંદર રહેલાં અને આકાશના જેવાં અતિ સૂક્ષ્મ જગતોને પણ તેઓ વહન કરે છે.[૧૭] જેમ ઘડાને કોઈ એક દેશમાંથી બીજા પ્રદેશમાં લઇ જવામાં આવે તોપણ તેની અંદર રહેલા આકાશમાં કશો ફરક પડતો નથી, તે રીતે ત્રણ લોકની ભ્રાંતિને ધારણ કરનારૂં ચિત્ત ભલે સંકલ્પ-ભેદદૃષ્ટિ આદિ ભાવને પ્રાપ્ત થાય પરંતુ તેની અંદર રહેલા અધિષ્ઠાન ચૈતન્યમાં કશું પણ રૂપાંતર થતું નથી.[૧૮] જેવી રીતે મરી ગયેલા જીવોને પ્રતીતિમાં આવતું તેઓનું મનોમય જગત સંકલ્પરૂપ હોવાથી મિથ્યા છે, તેમ આ તમને દેખવામાં આવતું જગત પણ સત્ય નથી; કેવળ મિથ્યાજ છે અને કેમ જાણે ભ્રાંતિવડેજ તમને દેખવામાં આવતું હોય તેમ થઈ રહેલ છે. વાસ્તવિક રીતે વિચાર કરીએ તો એ ભ્રાંતિનો નાશ કે ઉદય, એ બેમાંથી એકે નથી. એ જગદ્રૂપ ભ્રાંતિ પણ તત્ત્વદૃષ્ટિએ કેવળ બ્રહ્મરૂપજ છે, વસ્તુતાએ તો જગત અને તત્સંબંધી ભ્રાંતિ એ બન્ને ઉત્પન્નજ થયેલ નથી; અને કદાચિત ઉત્પન્ન થયેલ હોય અને તે પવનોએ તે વહન કરાતું હોય તો પણ પવનોએ કરેલું આ પૃથ્વીનું ભ્રમણ—પરિવર્તન આદિ થતાં છતાં પણ આપણે આ પૃથ્વીમાં રહેલા હોવાથી જેમ વહાણમાં બેઠેલા પુરુષને પોતાની અંદર વહાણના ભ્રમ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ણની ખબર પડતી નથી તેવી રીતે આપણને પણ તેવિષેની કશી ખબર પડતી નથી[૧૯,૨૦] જેમ પોતાના અંગને લાગી રહેલા વહાણમાં થયા કરતું ગતિરૂપ ભ્રમણ તે વહાણની અંદર રહેલા અને વહાણની સાથે એકરૂપ થઇ ગયેલા ખીલાઓને જણાતું નથી, તેવી રીતે આપણા અંગસાથે સંબંધ રાખનારી આ પૃથ્વીનું ભ્રમણ આપણે કે જે પૃથ્વીમાં રહેલા છીએ અને પાર્થિવ શરીરવાળા છીએ તેના લક્ષ્યમાં આવતું નથી.[૨૧] જેમ યોજનપર્યંત વિસ્તારવાળું કોઇ એક મહાવિશાળ ઘર હલકા નાના એક વૃક્ષના થાંભલામાં પણ ચિત્રરચનામાં ચતુર કોઇ એક કારીગરની બુદ્ધિવડે ટુંકામાં ચિત્રરૂપે ગોઠવાયાથી અનુભવમાં આવે છે, તેવી રીતે એક સૂક્ષ્મ પરમાણુની અંદર પણ આ મહાવિશાળ જગત બુદ્ધિની કલ્પનાવડે અનુભવમાં આવે છે.[૨૨] પરમાણુ આદિ પદાર્થમાં જગત આદિ મોટા પદાર્થોની પ્રતીતિ થવાથી એ પરમાણુજ અતિ મોટો હશે એમ શંકા લાવવાની નથી. પરંતુ મનના અજ્ઞાનનું કે હલકાઈનું એ મહાત્મ્ય છે. જેમ રત્નોના ખજાનામાં પેઠેલી ધનના સંબંધ વિનાની ઉંદરડીઓ રત્નોને બહુ ન માનતાં પોતાના હાથમાં સમાઈ શકે તેટલું ધાન્ય દૈવયોગથી મળી જાય તો તેને બહુ માને છે, અને બાળકો અતિ મૂલ્યવાળાં આભૂષણો કે જે પોતાને નિત્ય પહેરવામાં આવે છે તેને બહુ ન માનતાં મૃગ-પક્ષિને આકારે બનાવેલાં માટીનાં રમકડાંનેજ બહુ માને છે, તેવી રીતે હલકા ચિત્તવાળો અજ્ઞાની મનુષ્ય પણ અલ્પ વસ્તુને પણ અતિ મોટી માની લે છે.[૨૩] અજ્ઞાનના આવરણવાળાં જીવચૈતન્યને જે આ જગતરૂપી ભ્રમ જોવામાં આવે છે તેનું સ્વરૂપ વસ્તુતાએ જોઇએ તો તો સાવ મિથ્યા છે છતાં પણ કેવળ જીવતાં પ્રાણીઓને માટેજ આ મનુષ્યલોક છે, મરી ગયેલા જીવોનેમાટે વળી બીજા લોકો છે અને તેમાં ધર્મ અધર્મ આદિનાં ફળો પણ ભોગવવાં પડે છે ઇત્યાદિ સઘળું અતિવિશાળ સ્વરૂપને ધારણ કરનાર ચિત્તની એક જાતની સંકલ્પરૂપી ભાવનાજ છે.[૨૪] ગમે તો સર્વજ્ઞ હોય તોપણ પ્રારબ્ધક્ષયપર્યંત વ્યવહાર ચલાવવામાટે અમુક હેય (ત્યાગ કરવા યોગ્ય) અને અમુક ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે એવું અજ્ઞાન કાંઈ સૂક્ષ્મ રૂપથી પણ અંદર રહેલ હોય ત્યાંસુધી થોડી ઘણી પણ જગતરૂપ ભ્રાંતિની ભાવના થવારૂપી મૂઢતા પણ રહેલી હોય છે.[૨૫] જેમ ચૈતન્યયુક્ત હાથ-પગ આદિ અવયવવાળો પુરુષ હાથ-પગઆદિને પોતાના અવયવરૂપ સમજે છે તેવી રીતે સમષ્ટિજીવ (હિરણ્યગર્ભ) પણ પોતાની અંદરજ વ્યાપી રહેલા આ ત્રણે લોકને પોતાના અવયવરૂપે સમજે છે.[૨૬] હે પ્રિય રામચંદ્રજી! માયારૂપી ઉપાધિવાળા ઈશ્વર તો જ્ઞાનસ્વરૂપ પરમ ચિદાકાશરૂપ અનંત અને જન્મનાશ આદિ વિકારમાત્રથી રહિત, આકાશના જેવું અસંગ પોતાનું જે સ્વરૂપ છે, તેમાં માયાના સંબંધથી અવયવરૂપે કલ્પાએલા આ સર્વ લોકોને પોતે સમજે છે અને પછી પ્રલયકાળમાં પણ પોતે જેમ લોઢાનો ગોળો ચેતન હોય તો પોતાની અંદર સૂક્ષ્મરૂપે રહેલ સોય, અસ્ત્રો વગેરે વિકારને ભાવિ તરીકે દેખે, તેવીજ રીતે જ્ઞાનવાન, પરમેશ્વર પણ આ ત્રણ લોકરૂપી ભ્રમ પોતાની અંદરજ સૂક્ષ્મરૂપે ભાવિ તરીકે રહેલ છે એમ સમજે છે.[૨૭,૨૮] હે પ્રિય રામચંદ્રજી ! મૃત્તિકાનો પિંડ કે જે અધિષ્ઠાનદૃષ્ટિએ સદ્રૂપ છે અને મૃત્તિકા આદિ આરોપિતરૂપે અસત્ય છે, તે જો જ્ઞાનવાળો હોય તો જેમ ઘટ-શરાવઆદિને પોતાની અંદર ભાવિ તરીકે સૂક્ષ્મરૂપે રહેલજ સમજે, તેવી રીતે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઈશ્વર પણ પોતાની અંદરજ સૂક્ષ્મરૂપે ભાવિતરીકે રહેલાજ આ જગતને જાણે છે.[૨૯] જેવી રીતે અંકુર કે જે જળ, બીજ અને મૃત્તિકા આદિના યોગથી ચેતનધર્મવાળો છે અને ભૂળભૂત મૃત્તિકાસ્વરૂપે જડતાવાળો છે તે જો જ્ઞાનસંપન્ન હોય તો પોતાના દેહમાં વૃક્ષના નામરૂપથી રહિત એવા વૃક્ષપણાને માની લે, તે રીતે ઈશ્વર કે જે પોતે માયારૂપ ઉપાધિવિના જોઇએ તો બ્રહ્મરૂપજ છે તે આ ત્રણે લોકને પોતાની અંદર ઉપાધિને યોગે નામરૂપવાળા છતાં વસ્તુતાએ નામરૂપથી રહિતપણે રહેલાજ દેખે છે.[૩૦] જેમ અરીસો કે જે અધિષ્ઠાનદૃષ્ટિએ જોઈએ તો ચિદ્રૂપ છે અને આરોપિતદૃષ્ટિએ જોઇએ તો જડરૂપ છે તે પોતામાં પ્રતિબિંબરૂપે રહેલ અને વસ્તુતઃ આભાસમાત્ર હોવાથી પોતામાં ન રહેલ નગરને (જો પોતે જ્ઞાનવાન હોય તો) જાણે તે રીતે ઈશ્વર કે જે બ્રહ્મરૂપજ છે તે માયા-અવિદ્યા આદિ ઉપાધિવાળી દૃષ્ટિએ આ ત્રણે લોકને પોતાની અંદર વિવર્તરૂપે રહેલા સમજે છે અને ઉપાધિ રહિત શુદ્ધ દૃષ્ટિવડે તેને અવિદ્યમાનજ સમજે છે.[૩૧] ત્રણે લોક દેશ, કાળ, ક્રિયા અને દ્રવ્યમાત્રજ છે અને અહંકાર પણ તે સંબંધી અભિમાનરૂપ હોવાથી એ બન્નેનો (અહંકારનો અને જગતનો) સમાન સ્વભાવ હોવાનેલીધે કશો ભેદ સિદ્ધ થતો નથી.[૩૨] મૃત્પિંડ-લોહપિંડ આદિ કલ્પિત ઉપમાનોથી જે જે મારા તરફથી અને *શ્રુત આદિ તરફથી ઉપદેશ કરવામાં આવે છે તેમાં દૃષ્ટાંતના એક દેશની સાથેજ ઉપમેયની સમાનતા સમજવાની છે.[૩૩] જે કાંઇ સ્થાવર-જંગમાત્મક આ જગત દેખાય છે તે સર્વ બ્રહ્મભાવરૂપી પોતાની અતિ સૂક્ષ્મતાને નહિ છોડનાર જીવચૈતન્યનું વિવર્તરૂપે પ્રતીતિમાં આવતું એક જાતનું સ્થૂળરૂપ છે.[૩૪] અધિષ્ઠાનદૃષ્ટિવડે વિવર્તરૂપે પ્રતીતિમાં આવતાં જીવ-જગત આદિ સર્વ સંકલ્પમાત્રનો ત્યાગ થતાં શુદ્ધ આત્મપ્રકાશનો અનુભવ કરાવનારા પરમપદમાં નિઃસંગ અને ઘટ્ટ થઇ રહેલા પાષાણના અંદરના ભાગની પેઠે જીવ-જગત આદિનો કશો પણ ભેદ રહેતો નથી.[૩૫] અજ્ઞાની જીવ જે જે પ્રદેશમાં જેવી જેવી રીતે જ્યારે જ્યારે અને જે જે પ્રકારે વિકલ્પરૂપ અંશને કલ્પે છે, તે તે વિકલ્પને અનુસારે તેનું સાક્ષીચૈતન્યજ તેવા તેવા વિવર્તરૂપે થઇ જાય છે.[૩૬] મન પોતે સ્વભાવે જડ હોવાથી જેમ આકાશની અંદર અંકુર થવો સંભવતો નથી તેમ તેની અંદર સંકલ્પજ થવો સંભવતો નથી. એ જડ ચિત્તમાં ચેતનતત્ત્વની સત્તાવડેજ વિચિત્ર સંકલ્પો થવાનું સામર્થ્ય રહેલું છે. માટે સર્વ કલ્પનાનું મૂળ અધિષ્ઠાનરૂપ ચેતનતત્ત્વજ છે, અને તેનોજ આ સઘળો વિવર્ત છે.[૩૭] અજ્ઞાની જીવના ચિત્તમાં જે જે (જીવ-જગત આદિ ભાવરૂપી)વિકલ્પોની વિચિત્ર શોભા ઉદય પામે છે તે સર્વ ચિદાકાશના અનંતપણાનેલીધે અને સર્વવ્યાપીપણાનેલીધે ચેતનસત્તાનો વિવર્તજ હોવાથી સત્ય નથી.[૩૮] જેવી રીતે અજ્ઞાન મનુષ્યની દૃષ્ટિમાં (જીવ જગત આદિ ભાવરૂપી) વિકલ્પો ઉદય પામે છે તેવી રીતે એ નિરાકાર શુદ્ધ તત્ત્વનું વાસ્તવ સ્વરૂપ જાણવામાં આવી ગયા પછી તે કશું ઉદય પામેલું જણાતુંજ નથી, અને ચિદાકાશનાં સર્વવ્યાપીપણાથી તથા અનંતપણાથી પરિમિત કલ્પનાનો તેમાં ટકાવજ ન થઇ શકતાં તે સાવ મિથ્યાજ લાગે છે.[૩૯] સર્વ સંકલ્પની કલ્પનાઓ મિથ્યા છતાં સત્ય જેવી ભાસે છે. આ વાત તો નાના બાળક પર્યંત

* છાંદોગ્ય આદિ ઉપનિષદમાં મૃત્પિંડ આદિ દૃષ્ટાંતો છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નિવવાદજ છે. જેમકે સ્વપ્ન આદિમાં પોતાની અંદર સત્યપણે અનુભવમાં આવેલો (ગજ-તુરંગ આદિ) પદાર્થ પછી જાગી જતાં કોઇને શું મળે છે કે? નથીજ મળતો.[૪૦] જાગ્રત અને સ્વપ્ન અવસ્થા કે જે સંકલ્પમય છે તે અને સુષુપ્તિ અવસ્થા કે જે વાસનામાત્રજ સંસ્કાર રૂપે જેમાં શેષ રહેલી હોય એવી છે તે તથા જીવ કે જે એ સર્વમાં ચિદ્રૂપે પ્રતિબિંબિત થઇ રહેલો અને એ સર્વનો ભોક્તા છે, તે આ ત્રણે પદાર્થો સત્ય કૂટસ્થ ચૈતન્યે પોતાના સ્વરૂપની અંદર ચિત્રની પેઠે આળેખેલા છે. આવો ચિત્રના જેવો પ્રતીતિમાત્ર આ સંસાર સાવ અસત્ય છતાં અધિષ્ઠાનસત્તાને લીધે સત્યના જેવો અનુભવમાં આવે છે; પરંતુ તે જીવ કે જે પોતે વસ્તુતાએ અસત્ય છે તેનેજ અનુભવમાં આવવાથી અને *અધિષ્ઠાન ચૈતન્ય કે જે વસ્તુતઃ સત્ય છે તેને તે આરોપિત (સંસારની) સત્તાનો સ્પર્શજ નહિ લાગવાથી એ સંસાર મિથ્યાજ છે.[૪૧] ત્રણે કાળમાં અબાધિત રહેનાર સત્ય બ્રહ્મતત્ત્વજ જેમ અજ્ઞાનદશામાં પોતાની સત્યતાને જગતમાં આરોપિત કરી દઈ જગતરૂપે સત્ય ભાસે છે તેવીજ રીતે જ્ઞાન થયા પછી બાધિત થઇ ગયેલાં એ જગતમાંથી પોતાની અધિષ્ઠાનસત્તાને પાછી પોતાની અંદર સમેટી લઇ જગતને રૂપે (આરોપિત દૃષ્ટિએ) અસત્ય પણ જણાય છે. એ પરમ તત્ત્વનું જ્ઞાન થયાથી સૂક્ષ્મ દેહસહિત એક માત્ર પોતાનું અજ્ઞાનજ ક્ષીણ થઇ જાય, એટલે પૂર્ણપણારૂપી વિકાસને પ્રાપ્ત થયેલો પોતાનો આત્માજ નિત્ય મુક્ત અને પરબ્રહ્મરૂપ સમજાય છે.[૪૨] અજ્ઞાનદૃષ્ટિએ જોતાં આકાશની અંદર (પ્રાણ વાયુ-સાથે) જગતો શાલ્મલિવૃક્ષના કપાસની પેઠે વાયુઓએ વહન કરાય છે અને પારમાર્થિકદૃષ્ટિએ જોતાં જેમ પાષણોને આકાશની અંદર પવન ન ધારણ કરી શકે તે રીતે એ જગતો વાયુવડે વહન કરાતાંજ નથી; કેમકે તે સંકલ્પમય હોવાથી વસ્તુતાએ છેજ નહિ.[૪૩] એવી રીતે પ્રત્યગાત્મા કે જે બરાબર નહિ ઓળખાયાથી સર્વ પદાર્થસમૂહના ખજનારૂપ થઈ રહેલ છે, અને વસ્તુતાએ તો સર્વત્ર ફેલાઈ રહેલા શૂન્ય આકાશના જેવો છે, તેની અંદર અનંત જગતો અવિદ્યાવડે રહેલાં છે, તેમાંનાં કેટલાંએક તો (કેટલાક જીવોનાં પ્રારબ્ધની સમાનતાને લીધે જાગ્રત અવસ્થામાં તથા એકજ બ્રહ્માંડમાં) પરસ્પર મળતાં આવે છે અને કેટલાંક તો (બીજા કેટલાક જીવોનાં પ્રારબ્ધની વિચિત્રતાનેલીધે બીજાં બ્રહ્માંડો તેમને સ્વપ્નમાં) પરસ્પર મળતાં આવતાં નથી.[૪૪] એ જગતો પરબ્રહ્મનું સર્વ શક્તિમાનપણું હોવાથી ગુણ—ક્રિયા—વસ્તુ—જાતિ—આદિથી અનંતરૂપે રહેલાં છે અને અનેક કાર્યોના આરંભવાળાં દિશાઓના અંતસુધી રહેનારાં મનુષ્યોવડે સંપૂર્ણ રીતે ભરેલાં છે, છતાં તે ચપળ જળની અંદર પ્રતિબિંબરૂપે રહેલાં નગરની પેઠે ક્ષણભંગુર તથા પોતાની અંદર સર્વ સામાનવડે ભરપૂર દેખાતાં મોટાં ગંધર્વનગરોનાં જેવાં જોવામાત્રજ છે.[૪૫] જગતો કે જે ચિ પ સમુદ્રના તરંગોના જેવાં વિવર્તરૂપે દેખાય છે, તેઓ અધિષ્ઠાનસત્તાનેલીધે સ્થિરતાવાળાંછે,તોપણ ભાવવિકારોવડે વ્યાપ્ત હોવાથી ક્ષણભંગુર છે, જાગ્રત અવસ્થામાં ઇંદ્રિયોના ધર્મો થવાથી ઇંદ્રિયોવાળાં ભાસે છે; પરંતુ તત્ત્વદૃષ્ટિએ જોતાં કશી મનુષ્ય

* જેમ સ્વપ્નમાં, ચિત્રમાં અને પ્રતિબિંબમાં દેખાતા ઘોડાઓ, સ્વપ્નના, ચિત્રના અને પ્રતિબિંબના સવારો કે જે અસત્ય છે તેનાંજ વાહનરૂપ થાય છે બાકી સત્ય પુરુષના વાહન તરીકે તે નથી થઈ શકતા. તેમ આ અસત્ય સંસાર પણ અસત્ય જીવોને સત્ય જણાય છે બાકી અધિષ્ઠાનચૈતન્યને તે આથે કશું લાગતું વળગતું નથી.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિ વ્યક્તિજ તેમાં ન હોવાથી તે સર્વથી રહિત છે. તથા આત્મજ્યોતિવડે જો કે તેઓ પ્રકાશવાળાં છે તોપણ ચારે બાજુ અવિદ્યારૂપ અંધકારવડે તેઓ વીંટાઇ રહેલાં છે.[૪૬] જેમ નદીનાં જળો જુદાં જુદાં નદીરૂપી પાત્રોમાં રહ્યા છતાં પણ સમુદ્રમાં ભેગાં થઇ જાય છે, તે રીતે એ જગતો જુદાં જુદાં રહ્યાં છતાં પણ અધિષ્ઠાનચૈતન્યરૂપે એક બીજાને મળતાં આવે છે, અને આકાશની અંદર ભેગાજ ઉદય પામેલા તારાઓનાં તેજો એક બીજાની અંદર પરસ્પર મિશ્ર થઈ ગયા છતાં જુદાં છે, તે રીતે એ જગતો પણ અધિષ્ઠાનદૃષ્ટિએ એક બીજાને મળતાં આવતાં છતાં પણ આરોપિતદૃષ્ટિએ ભિન્નરૂપ થઈ રહેલાં છે.[૪૭]

पृथक्स्थितानि व्यतिमिश्रितानि जलानि चैवांबुनिधौ नदीनाम् ॥ तारार्कचंद्रग्रहमंडलानां समोदितानां नभसीव भासः ॥ ४७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગજ્જાલકોશસાધર્મ્યયોગોપદેશ' એ નામનો અઢારમો સર્ગ સંપૂર્ણ. ૧૮

સર્ગ ૧૯ મો.*

સમષ્ટિ-વ્યષ્ટિ દેહની કલ્પના અને ભોગોનું વર્ણન.

॥ श्रीराम उवाच ॥

मुने जीवस्य यद्रूपमाकृतिग्रहणं तथा ॥ यथा च परमात्मत्वं स्थानं यच्चास्य तद्वद ॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જીવનું જે સ્વરૂપ હોય તે, તથા જે રીતે તે સ્થૂળ શરીર આદિ આકૃતિને ગ્રહણ કરે છે તે અને જે રીતે તે પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત થાય તે તથા જે તેનું બહારના વ્યવહાર કરવામાં સ્થાન (દ્વાર) હોય તે આપ મને કહો.[૧]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—બ્રહ્મ કે જે અનંત ચિદાકાશરૂપેજ છે તે પોતાના સંકલ્પવડે પોતાથીજ સત્તાવાળી સૂક્ષ્મ શરીરરૂપી ઉપાધિમાં પ્રવિષ્ટ થઈ તેને ટકાવી રાખનારા પ્રાણનો પોતે આધાર હોવાથી જીવ (સમષ્ટિજીવ) એવા નામથી કહેવાય છે, અને પોતે ચેતનરૂપ હોવાથી તથા ચક્ષુરાદિ ઇંદ્રિયદ્વારા સર્વ દૃશ્યવર્ગને જણાવનાર હોવાથી તેને ચિદ્રૂપ એવું બીજું પણ નામ આપવામાં આવે છે.[૨] એ સમષ્ટિ જીવનું વાસ્તવ સ્વરૂપ જોઇએ તો તે પરમાણુરૂપ પણ નથી, સ્થૂળરૂપ પણ નથી, આકાશ કે જે સાવ શૂન્ય છે તેરૂપ પણ નથી, તેમ આકાશની અંદર રહેલા કોઈ પણ પદાર્થરૂપ નથી; એ તો કેવળ ચિન્માત્રજ છે, પોતાના અનુભવરૂપ છે, અને સર્વત્ર વ્યાપ્ત છે, કે જેને સમષ્ટિજીવ કહેવામાં આવે છે.[૩] અતિ અણુ પદાર્થના કરતાં પણ તે અતિઅણુ છે, અને અતિ સ્થૂળ પદાર્થના કરતાં પણ તે અતિ સ્થૂળ છે અને વસ્તુતાએ જે દૃશ્યવર્ગમાં કશારૂપ નથી છતાં સર્વરૂપે થઈ રહેલ છે, તેને તત્ત્વજ્ઞ પુરુષો સમષ્ટિજીવરૂપે સમજે છે.[૪] એ સમષ્ટિજીવ જે જે પદાર્થનું જાતિ, ગુણ, આકૃતિ આદિ જે જે કાંઇ અસાધારણ રૂપ છે, તે તે રૂપે તે પદાર્થની અંદર રહેલ છે, અને વારંવાર તેનો તે પદાર્થ જોવામાં આવતાં છતાં પણ તેની તેજ આકૃતિ આદિનું ભાન (પ્રતીતિ) થવાથી કેમ જાણે તે પોતે તદ્રૂપજ થઇ ગયેલ હોય તેવી રીતે ભાસે છે, એમ તમે સમજો.[૫] હે રામચંદ્રજી ! એ સમષ્ટિજીવ પોતાના સત્યસંકલ્પપણાને લીધે જ્યાં જ્યાં જેવી જેવી કલ્પના કરે છે ત્યાં ત્યાં તેવીજ રીતે થઈ જાય છે અને સર્વના અનુભવમાં આવે છે.[૬] જેમ પવનમાં

* આ ઓગણીશમા સર્ગમાં જીવનું સ્વરૂપ, તેનું તત્ત્વ, સમષ્ટિદેહ અને વ્યષ્ટિદેહની કલ્પના તથા સ્થાન—ઇંદ્રિયો આદિ ભેદથી ભોગ, એ સર્વનું વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચલનશક્તિ રહેલી છે, તેવી રીતે સમષ્ટિજીવમાં આ વિચિત્ર ચેતનાત્મક સૃષ્ટિ રહેલી છે, કે જે સ્વાભાવિક રીતે પોતાના અનુભવવડેજ માત્ર સિદ્ધ છે, અને સ્વાભાવિક છે, તેથી બાળકને ઉપદેશવડે (વાતો સાંભળવાથી સંસ્કાર લાગી જઇ) થતી યક્ષભ્રાંતિનીપેઠે તે ઉપદેશસાધ્ય ન હોવાથી અમે તે ઉપદેશવડે સિદ્ધ કરતા નથી.[૭] જેમ પવન ચલનશક્તિથી રહિત થઇ જાય તો પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ રહે છે અને ચલનશક્તિ તેના સ્વરૂપમાં કલ્પાયેલી છે એમ સમજાય છે; તેવી રીતે જીવ પણ બહારના અને અંદરના પદાર્થોસંબંધી સંકલ્પમાત્રથી રહિત થઈ જાય તો પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહી બ્રહ્મભાવરૂપી પરમગતિને પ્રાપ્ત થાય છે; અને જીવભાવ તો તેમાં કલ્પાયેલોજ છે એમ સમજાય છે.[૮] સમષ્ટિજીવ કે જે બ્રહ્મતત્ત્વમાં એકરસરૂપે રહેલ છે તે પોતામાં સમષ્ટિ અહંકારને કલ્પી લઈ પોતાના સર્વ શક્તિમાનપણાથી દેશ, કાળ, ક્રિયા, દ્રવ્ય, એ સર્વસંબંધી વિવિધ પ્રકારની શક્તિઓને પ્રકટ કરે છે કે જે સર્વજ્ઞ સર્વશક્તિમાન રુદ્ર એવા નામથી કહેવાય છે.[૯] પછી દેશ, કાળ, ક્રિયા અને દ્રવ્યોનું સૂક્ષ્મ સંસ્કારરૂપે કાંઇક પ્રકટપણું થવાથી કાંઇક પ્રતીતિમાં આવનારા અને સ્થૂળપણાથી સારી રીતે પ્રકટ ન થયાથી અસ્ફુટપણે રહેલા અસત્ય છતાં સત્યની પેઠે ઘણા વિસ્તારવાળા વસ્તુતાએ પરબ્રહ્મ સ્વરૂપવાળા મિથ્યા આકારને ધારણ કરી રહેલા સમષ્ટિ ચિત્તને પોતાની અંદર કલ્પી લે છે કે જે વિષ્ણુ એવા નામથી કહેવામાં આવે છે.[૧૦] પછી એ સમષ્ટિ ચિત્તવડે મનઃસમષ્ટિના અભિમાની દેવ ચંદ્રમાની અંદર પોતાના સાક્ષિસ્વરૂપને અમૃતકળારૂપે રહેલ દેખે છે. અર્થાત્ મનઃસમષ્ટિનું અભિમાનીપણું ધારણ કરે છે, અને તેને જેમ સ્વપ્નમાં કોઇ મનુષ્ય પોતાના મરણનો મિથ્યા રીતે અનુભવ કરે તે રીતે પોતાની અંદર મિથ્યારૂપે તેને અનુભવે છે.[૧૧] જેમ સ્વપ્નની અંદર કોઇ મનુષ્ય પોતે સિંહ આદિરૂપે બની જઇ પોતાના હાથ પગ આદિ અવયવોને કેમ જાણે બીજી તરેહના (સિંહઆદિના હાથપગ જેવા) થઇ ગયેલા હોય તેમ માને છે, તે રીતે સર્વના મૂળરૂપ એ પરમતત્ત્વ પણ પોતાના સ્વરૂપને સમિષ્ટિચિત્તરૂપે સમજે છે અને પછી મનઃસમષ્ટિમાં અભિમાન થતાં પોતાનું ખરું સ્વરૂપ કે જે ચેતનસત્તારૂપ છે તેને ભૂલી જઈ પોતાનામાં વિરાટરૂપ સ્થૂળભાવની કલ્પના કરી લઇ તે રૂપજ પોતે બની જાય છે, કે જે વિરાટ મનઃસમષ્ટિના અભિમાની દેવ ચંદ્રમાવડે સ્થૂળ ભાવવાળું કલ્પાયેલ છે.[૧૨] પંચીકરણથી વિરાટરૂપ થઇ જઈ તે પોતાનામાં સ્થૂળ ભાવની ભાવનાવડે વિસ્તાર પામે છે, અને પોતાનો આત્મા કે જે મનઃસમષ્ટિરૂપ છે અને ચંદ્રદેવતાવડે નિયમિત હોવાથી ચંદ્રરૂપ પણ કહેવાય છે, તેને કેમ જાણે ચંદ્રબિંબ દ્રવસ્વભાવવાળું થઈ ગયું હોય તેમ દેખે છે. અર્થાત્ બુદ્ધિસમષ્ટિનું અભિમાન ધારણ કરી લે છે કે જેને બ્રહ્મા કહેવામાં આવે છે.[૧૩] પછી તે વિરાટ દેહના ભોગનેમાટે પોતાનો આત્મા કે જે મનઃસમષ્ટિના અભિમાની ચંદ્રબિંબરૂપ થઈ રહેલ છે તેની અંદર આદિત્ય, દિશા, જળ, વાયુ, પૃથ્વી, એ પાંચે ઇંદ્રિયોરૂપી અવયવોને, કાકતાલીયનીપેઠે ભિન્નભિન્નરૂપે ઉદય પામેલા અનુભવે છે.[૧૪] પાંચ ઇંદ્રિયોના જુદા જુદા પાંચ અવયવો તેના અનુભવમાં આવ્યા પછી તેનાં ભિન્નભિન્ન સ્થાનરૂપે થઇ રહેલાં ભોગનાં દ્વારોને તે અનુભવે છે.[૧૫] એ આદિત્ય આદિ પાંચ અવયવોવાળો વિરાટ પુરુષ પાંચ આદિત્ય આદિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇંદ્રિયોના સ્થાનરૂપ અવયવોવડે પાંચ વિષયોનો અનુભવ કરતાં બહુ શોભે છે. (જેનેલીધે વિશેષેણ રાજતેઽસૌ વિરાટ્ એવી વ્યુત્પત્તિવાળો વિરાટ્ શબ્દ તેમાં સાર્થ છે.) એ વિરાટ પુરુષ મનના અનંત વિકલ્પોનેલીધે અનંત આકારવાળો થઈ રહે છે અને તેનાં એ કાર્યો મિથ્યા હોવાથી પોતાના કારણમાંજ તે અસ્ફુટપણે રહેલો છે, અને વસ્તુતાએ અધિષ્ઠાન સત્તા સિવાય બીજું તેનું અધિષ્ઠાન ન હોવાથી તે નિર્વિકાર છે.[૧૬] પરમાત્માથી એ વિરાટ મનોમયરૂપે ઉદય પામેલ છે. વસ્તુતાએ તે આકાશના જેવો સ્વચ્છ, નિર્વિકાર, શાંત, નિત્ય, આનંદરૂપ અને પ્રકાશમય છે.[૧૭] તે જો કે પોતે પંચભૂતાત્મક નથી તથાપિ કેમ જાણે પંચભૂતરૂપે થઈ રહેલ હોય તેમ જણાય છે. અર્થાત્ તે મનોમય છતાં પણ સ્વતઃસિદ્ધ જ્ઞાન, ઐશ્વર્ય અને સવ શક્તિમાનપણું તેવડે સંપન્ન હોવાથી જીવભાવ ઈશ્વરભાવ આદિને કેમ જાણે પ્રાપ્ત થઇ ગયેલ હોય તેવી રીતે દેખાય છે. એ વિરાટરૂપ પરમેશ્વર સર્વ પુરુષોની સમષ્ટિરૂપે એકજ પુરુષ છે.[૧૮] એ પોતે પોતાની મેળેજ ઉદય પામે છે, પોતાની મેળેજ લય પામી જાય છે, પોતાની મેળેજ સર્વત્ર પ્રસરી રહે છે, અને પોતાની મેળેજ પાછો સંકોચને પ્રાપ્ત થાય છે.[૧૯] એ વિરાટપુરુષ પોતાના સંકલ્પવડે ઉત્પન્ન કરેલ અનેક કલ્પોવડે કે એક ક્ષણમાત્રમાંજ પોતાની ઇચ્છાથી વારંવાર ઉદય પામે છે અને વારંવાર ઉદય પામી પછી અનેક કલ્પોવડે કે ક્ષણમાત્રમાંજ પોતાની ઇચ્છાનુસાર લય પામી જાય છે.[૨૦] મનોમય સ્વરૂપને ધારણ કરનાર એ વિરાટ સર્વના ઉપાદાનકારણરૂપ ઈશ્વરનો એક જાતનો સ્થૂળ દેહ છે, અને વ્યષ્ટભાવે રહેલા સર્વ જીવોનું પુર્યષ્ટક કે જે લિંગશરીરરૂપ કહેવાય છે, અને પરલોકમાં જેવડે જવાય છે તેરૂપ પણ થઇ રહેલ છે.[૨૧] કીડી આદિ સૂક્ષ્મ દેહમાં તે સૂક્ષ્મરૂપે રહેલ છે અને હાથી આદિ સ્થૂળ દેહમાં સ્થૂળરૂપે થઇ રહેલ છે. જો કે તે સ્ફુટ રીતે જોવામાં આવે છે; પરંતુ વસ્તુતાએ ચિદાકાશરૂપજ છે, અવ્યક્ત છે અને અનંત છે. સર્વની બહાર અને અંદર સર્વ ઠેકાણેતે રહેલ છે. પારમાર્થિક દૃષ્ટિએ જોઇએ તો તે કશારૂપ નથી અને વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં કાંઇક પરિચ્છન્નરૂપે તે દેખાય છે.[૨૨] હે રામચંદ્રજી! પાંચ જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિયસહિત પ્રાણ, મન અને અહંકાર, એ આઠ તેના અવયવો છે કે જે દૃશ્ય અને અદૃશ્ય પ્રપંચમાત્રમાં રસરૂપે રહેલ છે.[૨૩] એ વિરાટ પુરુષે બ્રહ્મરૂપ થઇ શબ્દ અને અર્થની કલ્પનાસહિત આ વેદો પ્રકટ કરેલા છે અને તેણે જ શાસ્ત્રસંબંધી સદાચાર આદિની મર્યાદા બાંધેલી છે તે અદ્યાપિ પર્યંત તેમજ ચાલી આવે છે.[૨૪] સ્વર્ગલોક આદિ ઊર્ધ્વલોક વિરાટ પુરુષના મસ્તકરૂપ છે, પૃથ્વી આદિ નીચેના લોક તેના પાદતળરૂપ છે અને એ બન્નેની વચમાં રહેલ આકાશ (પોલાણ) વિરાટના જઠરરૂપ છે તથા આ બ્રહ્માંડરૂપ મંડપ તેનું શરીર છે.[૨૫] બીજા અનંત લોકો તેના પડખાના અવયવરૂપ છે. જળ તેના રૂધિરરૂપ છે. પર્વતો તેની માંસપેશીરૂપ છે. નદીઓ તેની નિરંતર વહેનારી નાડીઓરૂપ છે.[૨૬] સમુદ્રો એ વિરાટ પુરુષના રૂધિરને ધારણ કરનારી પેશીઓરૂપ છે, દ્વીપો એ તેનાં આંતરડાનાં ગુંચળાંરૂપ છે. અતિ વિસ્તારવાળી દિશાઓ તેના બાહુરૂપ છે. તારાઓ તેના રૂંવાડાના સમૂહરૂપ છે.[૨૭] આવહપ્રવહ આદિ ઓગણપચાસ વાયુઓ એ વિરાટના પ્રાણવાયુઓરૂપ છે. સૂર્યમંડળ એ તેનું ક્રૂર ચક્ષુ છે. વડવાનળ તેમાં પિત્તરૂપ છે.[૨૮]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચંદ્રમંડળ એ વિરાટના જીવરૂપ છે, વીર્યરૂપ છે, ચરબીરૂપ છે, બળરૂપ છે, અને મન કે જે સંકલ્પનો એક મોટો ખજાનો છે તે રૂપ પણ છે, અને પરમ મોક્ષરૂપ પરબ્રહ્મ એ વિરાટના ખરા સારરૂપ પરમતત્ત્વ છે.[૨૯] ચંદ્રમંડળજ શરીરરૂપી વૃક્ષનું મૂળ છે, કર્મરૂપી વૃક્ષનું બીજ છે, સર્વ વિવિધ પ્રકારના ભાવો થવાની પ્રસવભૂમિરૂપ છે અને અન્ન આદિ દ્વારા પોષણ આપવાથી આનંદના કારણરૂપ પણ છે.[૩૦] ચંદ્રમંડળજ (અન્ન આદિ દ્વારા સમષ્ટિ સર્વ પ્રાણને ધારણ કરનાર હોવાથી) વિરાટ શરીરમાં જીવરૂપ છે અને વ્યષ્ટિ (પ્રત્યેક) શરીરો કે જે અન્નમય છે તેના બીજરૂપ છે. પ્રાણની સત્તાવડે થનારાં સર્વ કર્મોનું પણ તે મૂળરૂપ છે અને વ્યષ્ટિ (પ્રત્યેક જુદાં જુદાં) મનોનું પણ તે કારણ છે.[૩૧] એ ચંદ્રમંડળરૂપી વિરાટ જીવમાંથીજ ત્રણે લોકમાં જીવો, કર્મો, મન, ભોગ, મોક્ષ, વગેરે સર્વ વિસ્તાર પામે છે.[૩૨] બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદિ દેવતાઓ (તેમનાં શરીરો ચંદ્રમંડળના અમૃતનોજ એક જાતનો પરિણામ હોવાથી) ચંદ્રમંડળરૂપી વિરાટ જીવના સંકલ્પરૂપ છે, અને દેવતાઓ, દૈત્યો, પક્ષીઓ તથા બીજાં પણ સર્વ પ્રાણીઓ એ વિરાટ જીવના ચિત્તનાજ એક જાતના ચમત્કારો છે.[૩૩] ચંદ્રમંડળમાં સાક્ષિપણાથી પોતાને અમૃતકળારૂપે અનુભવ કરનાર એ વિરાટ જીવ કે જે એક જાતનો ચેતનતત્ત્વનોજ વિવર્ત છે, તે પ્રથમ (સૃષ્ટિના આરંભકાળમાં) જ્યારે જ્યારે જેવી જેવી (દેવતા આદિ શરીરના આકારની) ભાવના કરે ત્યારે ત્યારે તેવી તેવી રીતેજ પોતાની સત્ય સંકલ્પતાનેલીધે કેમ જાણે પ્રથમથી તેમજ સિદ્ધ હોય તેવી રીતે પોતે થઇ જાય છે.[૩૪] હે રામચંદ્રજી! એ ચંદ્રમંડળજ સર્વ જીવોની સમષ્ટિરૂપ વિરાટ જીવનું સ્થાન છે અને વિરાટનું એ શરીર અપંચીકૃત પંચમહાભૂતોરૂપી પાંચ અવયવોવાળું છે, કે જે જાગ્રત અવસ્થારૂપે સર્વના અનુભવમાં આવે છે.[૩૫] એ વિરાટના જીવરૂપ ચંદ્રમંડળમાંથી સર્વ જીવો, પ્રાણીઓના જીવનના સાધનરૂપ અનેક અન્નોમાં, ચંદ્રમાની કળાઓનો ઔષધીઓમાં પ્રવેશ થાય તેદ્વારા પ્રવેશ કરે છે[૩૬] અને તેજ અન્નો જીવવાળા પ્રાણીઓના દેહમાં જીવરૂપ ઉપાધિનો આશ્રય કરી જીવનના સાધનરૂપ થાય છે. પછી એ જીવો સૂક્ષ્મભાવવડે મનરૂપ થઇ જઇ ચેષ્ટા કરે છે, તથા કર્મ અને જન્મમાં કારણરૂપ થાય છે.[૩૭] એવી રીતે અનેક વિરાટો અને અનેક મોટા કલ્પો ચાલ્યા ગયા છે, હજી પણ થવાના છે અને હાલ પણ નાનાપ્રકારની ક્રિયાઓવાળાંએ અનેક વિરાટો અને મહાકલ્પો વિદ્યમાન છે.[૩૮] બ્રહ્મથી અભિન્ન અને અનંત વ્યષ્ટિ તથા અનંત સમષ્ટિના દેહોના સંબંધવાળી અધિષ્ઠાનસત્તાવડેજ તેના વિવર્તરૂપે થઈ રહેલ વિરાટ પુરુષ, ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ દેશમાં અને સર્વ કાળમાં માયાના સંબંધથી શબલબ્રહ્મમાં રહે છે.[૩૯]

सर्वतोनुभवरूपयानया सत्तयोत्तमपदादभिन्नया ॥ अंतवर्जितमहांगसंगया तिष्ठतीति पुरुषः परो विराट् ॥ ३९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' વિરાડાત્મવર્ણન ' એ નામનો ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૯

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૨૦ મો.*

વ્યષ્ટિ-સમષ્ટિ વિચાર

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

संकल्पपुरुषस्त्वेष यद्यत्कल्पयति स्वयम् ॥
तत्तथा तादृशं पंचभूतात्माभवतीव खम् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પંચમહાભૂતરૂપે થઇ રહેલ એ વિરાટપુરુષ જેવી જેવી રીતે જેની (અમુક આવી રીતે થાઓ એવી) કલ્પના કરે છે તેવી તેવી રીતે એ વિરાટપુરુષની સત્યસંકલ્પતાનેલીધે ચિદાકાશજ કેમ જાણે તે તે રૂપ થઈ ગયેલ હોય તેમ જણાય છે.[૧] હે રામચંદ્રજી! જગતમાં જે જે કાંઇ ઉત્પન્ન થયેલ જોવામાં આવે છે તે સર્વ વિરાટનાજ સંકલ્પરૂપ છે એમ વિવેકીઓ સમજે છે; કેમકે બ્રહ્મ કે જે વિરાટના અંદરનું ચેતનતત્ત્વ છે તે પોતાની પૂર્વકાળની (વિરાટ આદિની) ઉપાસનાવડે ઉત્પન્ન થયેલી તેવી વાસનાના યોગથી સૃષ્ટિના આરંભકાળમાં વિરાટરૂપ થઇ જઇ પોતાનીપ્રથમનીઉપાસનાના ફળરૂપે વિષયસમષ્ટિ (સર્વવિષયો) કે જે પંચમહાભૂતાત્મક છે તેના ભોગમાં તત્પર થઇ રહે છે.[૨] એ વિરાટ જગતના સર્વ પદાર્થસમૂહોના કારણરૂપ છે અને કાર્યમાત્ર કારણના જેવાંજ હોય છે તેનેલીધે જેમ સમષ્ટિજીવમાં તેની અધિષ્ઠાનસત્તાની અંદર આ વિરાટ ચોતરફ વિસ્તીર્ણરૂપે જોવામાં આવે છે તેવી રીતે પ્રત્યેક જીવમાં પણ પોતાની અંદર વિરાટની સર્વ સૃષ્ટિ રચવાનું સામર્થ્ય રહેલ છે અને મનોવૃત્તિને અનુસારે પોતાનું આત્મચૈતન્ય (સ્વપ્ન આદિમાં) બાહ્ય અને આંતર વિષયોને આકારે પ્રસરી જતાં વિરાટની પેઠે એ જીવ પણ તે તે અર્થને અનુભવે છે; પરંતુ નથી અનુભવતો એમ નથી.[૩,૪] સર્પ આદિપર્યંત નીચ યોનિમાં અને રુદ્ર આદિ પર્યંત ઉચ્ચ યોનિમાં આ જગતને આકારે દેખાતો એક જાતનો બ્રહ્મજ ઉદય પામી રહ્યો છે કે જે સૃષ્ટિરૂપે જોવામાં આવે છે. જેમ બીજની અંદર મોટું ઝાડ રહેલું હોય તે રીતે એ સર્વ પોતાના આત્મામાંજ વિવર્તરૂપે રહેલ છે અને જેમ એક અણુમાં પર્વતનો વિસ્તાર ભ્રાંતિવડે જોવામાં આવે તે રીતે એ માત્ર ભ્રાંતિવડેજ જોવામાં આવે છે.[૫] સર્પ આદિ નીચ યોનિમાં અને રુદ્ર આદિ ઉચ્ચ યોનિમાં એ વિરાટની સૃષ્ટિ રચવાનું સામર્થ્ય પ્રત્યેક આત્મામાં રહેલું છે અને સ્વપ્નઆદિમાં એક પરમાણુની અંદર પણ અનંત આકારે પ્રસરી રહેનારો પોતાનો આત્મા સર્વના અનુભવમાં પણ મળે છે, જેથી આ વાત અનુભવસિદ્ધ નથી એમ નથી.[૬] જેવો આ વિરાટ આત્મામાં સઘળો વિસ્તાર રહેલો દેખાય છે તેવોજ વિસ્તાર નાના દેહવાળા સર્વ ઝીણા જીવોમાં પણ રહેલ છે.[૭] બાકી પારમાર્થિક દૃષ્ટિએ જોતાં તો સ્થૂલ કે સૂક્ષ્મ કશું પણ કોઇ જગ્યોએ છેજ નહિ. જેવું જેવું ભ્રાંતિવડે ચિત્તદ્વારા કલ્પાય છે તેવું તેવું તત્કાળ અનુભવમાં આવે છે.[૮] અથવા તો ચંદ્રમાંથી મન (વ્યષ્ટિમન) થયું અને મનથી (સમષ્ટિમનથી) ચંદ્રમા થયો. વળી જીવમાંથી (વિરાટજીવમાંથી) બીજા જીવો થયા. આ વાત ઉપર જોતાં જેમ જળ અને દ્રવ એ બન્નેનું એકજ અંગ છે, તેઓ જુદાં નથી, તે રીતે સમષ્ટિ અને વ્યષ્ટિ એ બન્નેની સત્તા એકજ છે, પરંતુ ભિન્ન ભિન્ન નથી.[૯] અમૃતકણના જેવો અતિ સૂક્ષ્મ અને અમર જીવ પ્રથમ વીર્યરૂપ ઉપાધિનો આશ્રય કરે છે. પછી એ વીર્યરૂપ ઉપાધિવાળા જીવનેલીધેજ માતાપિતાના મૈથુનસમયમાં પૂર્ણ આનંદરૂપ બ્રહ્મ કે

---

* આ વીશમા સર્ગમાં વ્યષ્ટિ જીવો પણ વાસના, કર્મ અને અભિલાષને અનુકૂળ સંકલ્પોને રચનાર હોવાથી સમષ્ટિ જીવના જેવાજ છે એમ વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જે સર્વત્ર ભરપૂર છે તેનું ભોગાકાર થયેલી ચિત્તવૃત્તિમાં પ્રતિબિંબ પડવાથી વિષયાનંદરૂપે તે અનુભવમાં આવે છે.[૧૦] એ બ્રહ્મનો આભાસરૂપ આનંદ કે જે જીવચૈતન્યની અંદર રહેલો છે, અને પૂર્ણ છે તેને પોતાનો આત્મા કે જે અધ્યાસવડે વીર્યના સ્વભાવરૂપજ થઈ રહેલ છે તેવડે, અનુભવે છે અને પોતાનું સ્વરૂપ કે જે આનંદરૂપ છે તથા સર્વનાથી અતિપ્રિય છે તેને વીર્યરૂપજ સમજી લઈ તાદાત્મ્યના અધ્યાસનેલીધે પછી એ વીર્યરૂપ બીજથી આરંભી પોતે તન્મય થઇ જાય છે અને તદ્રૂપતાને ધારણ કરી લેછે.[૧૧] પછી એ જીવચૈતન્ય વીર્યની અંદર સૂક્ષ્મરૂપે રહેલા આ પાંચભૌતિક દેહને પણ અધ્યાસનેલીધે આત્મારૂપ માની બેસે છે અને પોતે તેરૂપ બની જાય છે. આમાં અધ્યાસ કે ભ્રાંતિવિના બીજું કાંઇ કારણપણું કે કાર્યપણું છે નહિ.[૧૨] ઉપાધિના યોગથી તેવે તેવે રૂપે પ્રતીતિમાં આવનાર જીવચૈતન્યનો (દેહાદિકરૂપે થઇ જવું) એવો વાસ્તવિક સ્વભાવજ છે, એ વાત પણ અહીં બરાબર બંધ બેસતી થતી નથી; કેમકે જીવચૈતન્ય પોતે વસ્તુતાએ શુદ્ધ અને અદ્વિતીય હોવાથી તેનો બીજો કોઇ (અભાવરૂપ) પ્રતિયોગી જુદો સંભવતોજ નથી, કે જેનાથી તેનું જુદાપણું બતાવવાને સ્વભાવરૂપ ધર્મની યોજના કરવી પડે. વળી દરેક વસ્તુનો સ્વભાવ બીજા પદાર્થોથી પોતાના અધિષ્ઠાનનું જુદાપણું બતાવનાર હોય તો અહીં તો પોતાના આત્મસ્વરૂપથી બીજું કાંઇ વસ્તુતાએ જુદુંજ ન હોવાથી સ્વભાવ પદની યોજના અહીં સાર્થ થતી નથી.[૧૩] જીવચૈતન્ય કે જે ઉપાધિને યોગે જીવભાવને પ્રાપ્ત થયેલ છે તે પણ પોતાના જીવભાવનેલીધે પોતે પોતાના સ્વરૂપનેજ જીવરૂપ થઇ રહેલ દેખે છે. બાકી અંદર કે બહાર કોઇ જગ્યાએ જીવભાવ વળી જીવથી જુદી સત્તાવાળો દેખાતોજ નથી. જેમ "પવન વાય છે" આ વાક્યમાં પવન પોતેજ વહેવાની ક્રિયારૂપ છે. વહેવાની ક્રિયા કાંઇ પવનથી જુદી સત્તાવાળી દેખાતી નથી, તોપણ વિકલ્પવાળી બુદ્ધિવડે વહનક્રિયાના અને પવનના ભેદની કલ્પના કરી "પવન વાય છે" એમ કહેવામાં આવે છે. તેવી રીતે જીવ અને જીવપણું એ બન્ને વિકલ્પવાળી બુદ્ધિવડેજ ભિન્ન કલ્પાયેલ છે. બાકી વસ્તુતઃ ભિન્ન નથી.[૧૪] જીવ કે જે પોતે વાસ્તવિક રીતે બ્રહ્મરૂપજ છે તે કેમ જાણે હિમવડે વીંટાએલો હોય તેમ અનિર્વચનીય અજ્ઞાનવડે વીંટાઇ જઇ દૃશ્યવસ્તુમાં વાસનાવડે બંધાઈ રહી પ્રાણ ઇંદ્રિય આદિ જડવર્ગમાં અધ્યાસવડે પોતાપણું માની લઇ જન્મથી આંધળા માણસની પેઠે ખરા માર્ગને (સીધા રસ્તાને અને પોતાના શુદ્ધ નિર્વિકાર સ્વરૂપને) તે દેખતો નથી.[૧૫] જગતને આકારે પ્રસરી રહેલી આ અતિ વિસ્તીર્ણ અવિદ્યાશક્તિવડે વીંટાઇ રહેલો જીવ પોતાનું સ્વરૂપ કે જે અદ્વિતીય (એક) બ્રહ્મરૂપ છે તેમાં દ્રષ્ટા અને દૃશ્ય એવી દ્વિત્વની કલ્પના કરી લઇ તેમાં અભિનિવિષ્ટ થઈ જાય છે, અને જેમ પવનનું સ્વરૂપ ચલનશક્તિવડે આચ્છાદિત થઇ જાય તે રીતે પોતાનું સ્વરૂપ અજ્ઞાનવડે આચ્છાદિત થઇ જવાથી તેને પોતે ઓળખી શકતો નથી.[૧૬] અજ્ઞાનરૂપ અને અસત્ય છતાં મિથ્યારૂપે પોતાના આકારને બતાવનાર અહંકારરૂપી મોટી ગાંઠને ભેદી નાખવી એજ મોક્ષ કહેવાય છે.[૧૭] હે રામચંદ્રજી ! તમે અજ્ઞાનરૂપ વાદળાનાં આવરણથી રહિત થઇ જઇ પ્રકાશમય ચૈતનતત્ત્વનેજ પોતાના આત્મારૂપ સમજી દેહઆદિના આકારે પરિચ્છિન્ન થઇ રહેલી અહંકારરૂપી ઉપાધિને આત્મારૂપ નહિ સમજતાં દૃશ્યવર્ગ,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અદૃશ્યવર્ગ; અને તે બન્નેના હેતુરૂપ મૂળ અજ્ઞાન, તે સર્વને જ્ઞાનવડે બાધિત કરી દઇ અનિર્વચનીય એક આનંદઘન ચિદ્રૂપેજ સદાકાળ ચારેકોર પૂર્ણપણે ઉદય પામેલા થઇ રહેા.[૧૮]

व्यपगतघनचेतनस्समंतादहमिति नूनमबुध्यमान आस्स्व ॥ अनभिध घनचेतनैकरूपः क्षित सदसत्सदसत्सदोदितश्च ॥ १८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉતરાર્દ્ધનેા 'જીવનિર્વાણયોગોપદેશ' એ નામનેા વીશમેા સર્ગ સંપૂર્ણ. ૨૦

સર્ગ ૨૧ મો.*

શુભાશુભ જ્ઞાનબંધુતા

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

ज्ञानिनैव सदा भाव्यं राम न ज्ञानबंधुना ॥ अज्ञातारं वरं मन्ये न पुनर्ज्ञानबंधुताम् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! હંમેશાં જ્ઞાની થવું એ યેાગ્ય છે; પરંતુ જ્ઞાનબંધુ કે જે જ્ઞાનના મિષથી સત્કર્મોવિષેની શ્રદ્ધાનેા બાધ કરી દઈ ભેાગલંપટપણાથી પેાતાને અને પરને અનર્થેાના બંધમાં નાખે છે તેવું થવું યેાગ્ય નથી. જે કશું ન જાણતેા હેાય તેને હજી હું કાંઇક શ્રેષ્ઠ માનું છું, પણ જ્ઞાનબંધુપણું તેા જરા પણ સારૂં નથી.[૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જ્ઞાનબંધુ કેાને કહેવેા અને જ્ઞાની કેાને કહેવેા ? તથા જ્ઞાનીપણામાં અને જ્ઞાનબંધુપણામાં શું શું ફળ રહેલું છે ?[૨]

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—જે પુરુષ કારીગર લેાકની પેઠે માત્ર પેાતાની આજીવિકા ચલાવવાસારૂ અધ્યાત્મશાસ્ત્રનું અધ્યયન કરે અને કથાદ્વારા વ્યાખ્યાન પણ કરે; પરંતુ તેના અનુષ્ઠાનમાં એટલે જ્ઞાન થવાના ઉપાયરૂપ સાધનચતુષ્ટય* સંપાદન કરવામાં કે મનન આદિમાં કશેા યત્ન કરે નહિ તે જ્ઞાનબંધુ કહેવાયેં છે.[૩] જે પુરુષનેા, શાસ્ત્રના અભ્યાસવડે મેળવેલેા ઉપર-ઉપરનેા શબ્દબેાધ, ભેાગસંબંધી જે જે વ્યવહારેા કરવામાં આવે છે તેમાં વૈરાગ્ય-ઉપરામ આદિ ફળેાવડે ફલિત થયેલેા દેખાતેા નથી, તે બીજાને બેાધ આપવારૂપ એક જાતની પેાતાની કારીગરી (ચતુરાઇ) વડે આજીવિકા ચલાવનાર હેાવાથી જ્ઞાનબંધુ કહેવાય છે.[૪] જે પુરુષેા બીજાઓને અધ્યાત્મશાસ્ત્રનું શ્રવણ કરાવી, તેમાંથી જે અન્નવસ્ત્ર આદિનેા લાભ થાય તેવડેજ માત્ર સંતેાષ પામી, એટલુંજ (પેાતાની જીવિકા ચલાવવી એજ) શાસ્ત્રજ્ઞાનનું ફળ છે, એમ સમજે છે, તેઓને જ્ઞાનબંધુ સમજવા; કેમકે તેઓ પેાતે જ્ઞાનથી સાવ રહિત છતાં પેાતાની આજીવિકાસારૂ બીજાને વેદાંતશાસ્ત્રની કથાદ્વારા બેાધ કરી ખાલી ઉપરનેાજ ડેાળ બતાવે છે, તેથી તેને નટ આદિના જેવા માત્ર વેષધારીજ ગણવાના છે. આ સર્વજાતનું જ્ઞાનબંધુપણું અશુભ અને ત્યાજ્ય કહેવાય છે.[૫] પ્રવૃત્તિમાર્ગમાં કહેલા નિષ્કામ અગ્નિહેાત્ર આદિ ધર્મમાં તથા પેાતાના શાસ્ત્રજ્ઞાનને ઉચિત વેદાંતશ્રવણમાં, ઉપયેાગી શ્રુતિ આદિવડે બેાધિત ચિત્તશેાધક પેાતાના વર્ણાશ્રમને ઉચિત ધર્મમાં, જે પુરુષ પ્રવૃત્તિ રાખતેા હેાય તેને સત્કર્મોનાં અનુષ્ઠાનવડે ચિત્તશુદ્ધિ થતાં ક્રમે કરી અવશ્ય જ્ઞાન થવાનેા સંભવ હેાવાથી તે પેાતે જ્ઞાનની નજીક આવી ગયેલ છે, માટે તે જ્ઞાનબંધુ કહેવાય છે. આ

* આ એકવીશમા સર્ગમાં અશુભ અને શુભ એવી બે તરેહની જ્ઞાનબંધુતા બતાવવામાં આવશે. તેમાંથી શુભ ગ્રહણ કરવા લાયક છે, અને અશુભ ત્યાગ કરવા લાયક છે, તેનાં લક્ષણેા યત્નથી કહી બતાવશે.

* વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું.

૬ જ્ઞાનબંધુ પદની વ્યુત્પત્તિના બે ભેદ બનાવી ટીકાકારે એક અશુભ અને બીજો શુભ, એમ સમર્થન કરેલું છે. જેમકે જ્ઞાનેન નામ જ્ઞાનવ્યાજેન સ્વં પરં ચ અનર્થબધ્નાતિ ઇતિ જ્ઞાનબંધુઃ (જ્ઞાનના મિષથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જ્ઞાનબંધુપણું ઉત્તમ અને ગ્રાહ્ય ગણાય છે.[૬] આત્મજ્ઞાન એજ ખરૂં જ્ઞાન છે—બાકીનાં બીજાં જે જે જ્ઞાનો છે તે તો માત્ર જ્ઞાનના આભાસરૂપજ છે, કેમકે બીજાં કશાંવડે સર્વના સારરૂપ અને જીવ તથા જગતના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મ તત્ત્વનું શુદ્ધ સ્વરૂપ જાણવામાં આવતુંજ નથી.[૭] જેઓ આત્મજ્ઞાનને મેળવ્યા સિવાય બીજું કાંઇ સેજસાજ જ્ઞાન મેળવી કષ્ટ આપનારી અનેક ચેષ્ટાઓ કરતા રહી સંતુષ્ટ રહે છે તેઓને નિકૃષ્ટ જ્ઞાનબંધુ જાણવા.[૮]

આ સંસારમાં મુમુક્ષુ પુરુષે બાહ્ય અને આંતર વિષયને અનુભવનારી વૃત્તિઓની, તેનાં કારણોની, તેના આશ્રયની અને જાણવાના શબ્દ આદિ વિષયોની જે કાંઈ પ્રતીતિ થાય છે તે સર્વની સંકલ્પક્ષયદ્વારા આત્યંતિકી શાંતિ મેળવ્યાવિના અર્થાત્ સપ્તમ ભૂમિકાપર્યંત પૂર્ણ સ્થિતિએ પહોંચ્યાવિના વચલી ભૂમિકામાંજ સંતુષ્ટ થઇ જઇ ઉત્તરોત્તર ઉત્તમ ભૂમિકાના લાભમાં શિથિલ પ્રયત્નવાળા કદી પણ થવું નહિ. હે રામચંદ્રજી ! તમે જ્ઞાનબંધુપણાને પ્રાપ્ત થઇ આ સંસારના ભોગરૂપી રોગોમાં કદી પણ આસક્ત થશો નહિ.[૯] આ જગતમાં હિત, મિત અને મેધ્ય આહાર મેળવવામાટે જે શ્રુતિ, સ્મૃતિ અને શિષ્ટ પુરુષોએ અનિંદિત હોય તેવું પોતાના વર્ણાશ્રમને ઉચિત કર્મ કરવું. આહારનો ઉપયોગ પ્રાણને ધારણ કરી રાખવામાટે કરવાનો છે, પ્રાણધારણ તત્ત્વજિજ્ઞાસાનેમાટે કરવાનું છે, અને તત્ત્વજ્ઞાન ફરીવાર સંસારમાં જન્મ-મરણના કુટારામાં પડી દુઃખ ન ભોગવવું પડે તેને માટે મેળવવાનું છે.[૧૦]

પોતાને અને પરને અનર્થોની જાળવડે બાંધી દે તે) આ જ્ઞાનબંધુ અશુભ ગણાય છે; અને બીજી વ્યુત્પત્તિ अवश्यं ज्ञानेन बध्यते इति ज्ञानबंधुः (ચિત્તશુદ્ધિ થતાં ક્રમે કરી અવશ્ય પોતે જ્ઞાનવડે બંધાય જાય તે) આ જ્ઞાનબંધુ ઉત્તમ કહેવાય છે.

अत्राहारार्थं कर्म कुर्यादनिंद्यं कुर्यादाहारं प्राणसंधारणार्थम् ॥ प्राणाःसंधार्यास्तत्वजिज्ञासनार्थं तत्वं जिज्ञास्यं येन भूयो न दुःखम्॥१०॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो ' ज्ञानविचार ' એ नामनो એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૧

सर्ग २२ मो.*

જીવ, જગત અને બ્રહ્મતત્ત્વ.

॥ श्री वसिष्ठ उवाच ॥

ज्ञानन ज्ञेयनिष्टत्वाद्योचित्तं चित्तमेव च ॥
न बुध्यते कर्मफलं स ज्ञानीत्यभिधीयते ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે પુરુષ પરિપક્વ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયેલા પોતાના જ્ઞાનવડે કેવળ બ્રહ્મમાત્રમાંજ દૃઢ સ્થિતિ રાખી, પ્રારબ્ધ કર્મ કે જે અનુલ્લંઘનીય છે તેના ફળને ભોગવતાં છતાં, જે કાંઈ શબ્દ આદિ વિષયો ચિત્તનાથી જુદા ભોગ્યરૂપે જોવામાં આવે છે તે સર્વ, તે તે આકારે પરિણામ પામેલ અને કામસંકલ્પ આદિ અનેક વૃત્તિઓરૂપે ઉદય પામતા ચિત્તનુંજ એક રૂપ છે, અને ચિત્ત તો પ્રથમ જ્ઞાન થતાં તરતજ બાધિત થઈ ગયેલ અને આભાસમાત્ર છે, માટે તેમાંનું કશું સત્ય નથી; એમ જે સમજે છે તે જ્ઞાની કહેવાય છે.[૧] શબ્દ આદિ વિષયોનો ઉપભોગ કરનાર અંતઃકરણના જે જે વિષયો ભોગ્યરૂપ છે તે સર્વની અંદર જે જે ચાક્ષુષ, શ્રાવણ આદિ (જોવું સાંભળવું એ આદિ) જ્ઞાનનો ઉદય થાય છે તે પ્રત્યેક જ્ઞાનમાં સર્વના સાક્ષિરૂપે રહેલ ચિદ્રૂપ પરમતત્ત્વને પારમાર્થિક દૃષ્ટિથી સત્ય રૂપ સમજી લઇ, આ સર્વ દૃશ્યજાળને જ્ઞાનવડે બાધિત કરી દઈ (મિથ્યા

* આ બાવીશમા સર્ગમાં પ્રથમ જ્ઞાનીનાં લક્ષણો કહેવામાં આવશે અને પછી યુક્તિઓવડે જીવ, જગત તથા બ્રહ્મતત્ત્વ આદિવિષે પ્રસંગને અનુસરી વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સમજી) વાસનામાત્રથી રહિત શુદ્ધ બ્રહ્મરૂપેજ જે અનુભવે તે જ્ઞાની કહેવાય છે.[૨] પોતાનું આત્મતત્ત્વ કે જે વસ્તુગતિથી સર્વદા સિદ્ધજ છે તેના લાભવડે શાંતિને પ્રાપ્ત થયેલા જે પુરુષમાં, યોગ્ય વ્યવહાર કર્યા કરતાં છતાં પણ વિવેકી પુરુષોને અંદર શીતળતા જોવામાં આવે, તે જ્ઞાની કહેવાય છે.[૩] જે બોધ પુનર્જન્મના મૂળરૂપ અજ્ઞાનને છેદી નાખી પુનર્જન્મ ન થવા દેતાં મોક્ષ આપે તેજ જ્ઞાનપદવડે કહેવામાં આવે છે. તે વિનાની બીજી (બીજાઓને કથા શ્રવણ કરાવી બોધ દેવો એ આદિ) ચતુરાઇ તો શિલ્પકર્મનીપેઠે અન્નવસ્ત્ર મેળવવાનોજ—એક જાતનો જીવિકા ચલાવવાનોજ માર્ગ છે.[૪] જે પુરુષ પ્રવાહપતિત કાર્યમાં ઇચ્છા અને સંકલ્પથી રહિત થઇ પોતાના ચિત્તને શરદૃઋતુના આકાશના જેવું નિર્મળ, અસંગ અને નિર્વિકાર રાખી પ્રવૃત્ત થાય,તે જ્ઞાની કહેવાય છે.[૫] જગતના સર્વ પદાર્થો વસ્તુતાએ વિદ્યમાનજ નથી એટલે તે કારણવિનાજ કેમ જાણે ઉત્પન્ન થઇ રહ્યા હોય તેવા દેખાય છે, બાકી તે ઉત્પન્નજ થયા નથી, અને કારણવિના તેની ઉત્પત્તિનો અસંભવ હોવાથી તે અવિદ્યમાન છતાં કેમ જાણે વિદ્યમાનજ હોય તેવા થઇ રહ્યા છે![૬] સર્વનો પ્રલય થઇજવાને લીધે સૃષ્ટિના આરંભકાળમાં કશો કાર્ય-કારણભાવ હતો નહિ, પરંતુ પછી પાછલા કાળમાં આવિર્ભાવ અને તિરોભાવ, ભાવ અને અભાવ, તથા ઉત્પત્તિ અને પ્રલય, એ દ્વારા પદાર્થોમાં કારણના વ્યાપાર ચાલુ થતાં તેઓ બીજ-અંકુર-આદિ-રૂપે એક બીજમાં પરસ્પર કાર્યકારણભાવને પ્રાપ્ત થવા લાગ્યા, બાકી વાસ્તવિક રીતે તો ઝાંઝવાનું જળ અને સસલાનું શીંગડું એ આદિ અસત્ય પદાર્થો કે જે બરાબર તત્ત્વદૃષ્ટિએ જોવા જઇએ તો સાવ મિથ્યાજ છે તેનું વળી કારણજ કયું હોય? કોઈ ન હોય.[૭,૮] જે પુરુષો સસલાનું શીંગડું એ આદિ મિથ્યા પદાર્થનું કારણ શોધવા માંડે તેઓ વાંઝણીના પુત્રના પૌત્ર (પોતરા) ની ખાંધ ઉપર બેસે છે એમ સમજવું.[૯] જે કાંઇ (ઝાંઝવાના જળની પેઠે) અસત્યપણાથી માત્ર આભાસરૂપેજ પ્રતીતિમાં આવે છે તેનું કારણ એક અજ્ઞાનજ છે કે જે સારી રીતે વસ્તુના સ્વરૂપનું જ્ઞાન થતાં (ઝાંઝવાના જળની ભ્રાંતિની પેઠે) ક્ષણમાત્રમાંજ ક્ષય પામી જાય છે.[૧૦] જીવ પોતાના આત્માને બુદ્ધિ, સ્થૂલદેહ, કે ચિદાભાસ, એ ત્રણેથી રહિત એક શુદ્ધ ચિન્માત્રજ સમજે તો તે પરમાત્માના જેવો પૂર્ણ અને પરમ આનંદરૂપ થઇ જાય છે; અને જો પોતાના આત્માને બુદ્ધિ, સ્થૂલદેહ કે ચિદાભાસ, એ આદિરૂપે સમજે તો તે બ્રહ્મભાવને ન પામતાં અજ્ઞાનમાં ગુંચવાઇ જઇ જીવરૂપજ થઈ રહે છે.[૧૧] જેવી રીતે આંબાનું ઝાડ હેમંતઋતુમાં નિર્જીવ જેવું શુષ્ક લાગે છે, પરંતુ વસંતઋતુમાં તેની અંદર રસવડે પોષણ થતાં તે પલ્લવિત અને પુષ્પિત થઇ જઈ સહકાર શબ્દવડે કહેવામાં આવે છે, તે રીતે જીવ પણ અજ્ઞાનદશામાં બુદ્ધિ, સ્થૂલદેહ કે ચિદાભાસ, એ આદિમાં આત્મભાવ માનવાથી શુષ્ક અને નીરસ જેવો હોય છે, પરંતુ જ્ઞાન થતાં પરમાત્મારૂપી રસવડે પોષણ મળવાથી બુદ્ધિ, સ્થૂલદેહ અને ચિદાભાસ આદિને આત્મારૂપ નહિ સમજતાં પોતે પરમાત્મારૂપજ થઇ જાય છે.[૧૨] જો એ જીવ પોતાના આત્માને બુદ્ધિ, સ્થૂલદેહ, ચિદાભાસ, એ આદિરૂપે સમજે તો પાછો તે જીવરૂપજ બન્યો રહે છે, અને જીવભાવનેલીધે ક્ષણભંગુર આયુષ્યવાળા નાનાપ્રકારની અનેક યોનિઓ સંબંધી અનેક જન્મોમાં ભટક્યા કરી જજરો થઇ જાય છે.[૧૩] જો પુરુષો ઉત્કૃષ્ટદૃષ્ટિને (બ્રહ્મજ્ઞાનને) પ્રાપ્ત થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

ગયેલા હોય તેઓની ક્રિયા, બાહ્ય વિષયો અને આંતર વિષયોમાં કશું અભિમાન પેદા ન કરતાં, જળ જેમ સ્વાભાવિક રીતેજ નીચા પ્રદેશ તરફ વળે તેમ સ્વાભાવિક રીતેજ પ્રારબ્ધને અનુસરવા જેટલીજ માત્ર હોય છે કે જે નિરભિમાનપણાનેલીધે વસ્તુતાએ અક્રિયારૂપજ છે; એમ તમે સમજો.[૧૪] જેઓ બ્રહ્મજ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ દૃષ્ટિને પ્રાપ્ત થઇ જઇ દૃશ્ય-પ્રપંચની નિરવધિ શોભાને સાક્ષિરૂપે જોયા કરતા હોય તેઓ દગ્ધ પટ (બળેલા લુગડા)ની પેઠે જ્ઞાનવડે બાધિત થઇ ગયેલા અને આભાસરૂપેજ માત્ર દેખાતા આ દૃશ્યવર્ગને બ્રહ્મરૂપેજ જોનારા હોવાથી તેઓનું એ જેવું વિદ્યમાન છતાં નહિ જેવું છે.[૧૫] જે પુરુષો પરમ ઉત્કૃષ્ટ જ્ઞાનદૃષ્ટિને પ્રાપ્ત થઈ ગયા હોય તેઓની ક્રિયા, જળ જેમ બીજું કશું નહિ જોતાં નીચા પ્રદેશ તરફ સ્વભાવેજ ગતિ કરે છે તે રીતે બીજા કશા તરફ લક્ષ્ય ન આપતાં માત્ર પ્રારબ્ધને અનુસરવા જેટલીજ હોય છે; તેનેલીધે તેઓમાં કશો સંકલ્પજ ન સ્ફુરવાથી તથા ક્રિયાના સંસ્કારો કે કર્ત્તવ્યનું અભિમાન એ આદિ કશું તેમનામાં ન હોવાથી, અહીં લોકદૃષ્ટિમાં જોવામાં આવતી તેઓની એ ક્રિયા પણ વસ્તુતાએ અક્રિયા જેવીજ છે.[૧૬] વિવેકી પુરુષો રૂપ આદિ વિષયસંબંધી બાહ્યવૃત્તિઓ અને સંકલ્પ-વિકલ્પ આદિ માનસિક વૃત્તિઓવડે વીંટાયેલા હોતા નથી તેનેલીધે બંધનથી (નાથથી) છુટા થયેલા બળદની પેઠે બંધનમાત્રથી તેઓ રહિત થઇ રહી, જેમ પવન ઝાડનાં પાંદડાંઓમાં સ્વાભાવિક રીતેજ ગતિ કરે છે તે રીતે પ્રારબ્ધાનુસાર તેઓ કર્મ કરવામાં પ્રવૃત્ત હોય છે.[૧૭] જેઓ પરમ ઉત્કૃષ્ટ જ્ઞાનદૃષ્ટિને પ્રાપ્ત થઇ જવાથી સંસારના પારને પામી ગયા હોય તેઓ જેમ નદીના કિનારા ઉપર રહેનાર મનુષ્ય કૂવાની પ્રશંસા ન કરે તેમ કર્મની પ્રશંસા કરતા નથી.[૧૮] હે નિષ્પાપ રામચંદ્રજી ! જે અજ્ઞાની પુરુષો વાસનામાં બંધાઇ રહી શ્રુતિ-સ્મૃતિમાં કહેલ પોતાના વર્ણાશ્રમને ઉચિત કર્મની આચરણપૂર્વક પ્રશંસા કરે છે તે લોકો તત્ત્વજ્ઞાન નહિ થવાનેલીધે પોતાના કર્મવડે તે તે કર્મનાં ફળો ભોગવે છે.[૧૯] ગીધપક્ષી જેમ માંસના ટુકડા ઉપર ઝડપ મારે તેમ ઇંદ્રિયો પણ વિષયો કે જેઓ અધોગતિના હેતુરૂપ છે તેનાઉપર ઝડપ મારે છે; માટે વિવેકી પુરુષે ચિત્તવડે ઇંદ્રિયોને નિયમમાં રાખી યોગ, સદાચાર આદિવડે યુક્ત થઇ માત્ર પરમાત્માનેજ પરાયણ થઇ રહેવું.[૨૦] જેમ સોનું કોઇ જાતના ઘાટની રચનાવિના હોતું નથી તેમ બ્રહ્મ પણ જગતવિનાનું નથી; પરંતુ યોગ, સદાચાર આદિવડે યુક્ત બુદ્ધિવાળા વિવેકી પુરુષની દૃષ્ટિમાં તે આભાસમાત્ર દેખાતાં છતાં પણ વસ્તુતાએ નામરૂપ વિનાનું—કેવળ બ્રહ્મરૂપજ જણાયાથી, સુખરૂપ થઇ જઇ તેને જન્મ-મરણ આદિ અનર્થો ઉત્પન્ન કરી શકતું નથી.[૨૧] જેમ પ્રલયકાળમાં સર્વ એક અંધકારમયજ થઇ જતાં વિભાગ વિનાનો અને નામરૂપથી રહિત વ્યવહાર હોય તે રીતે, સર્વ એકરસ-બ્રહ્મરૂપ જણાયા પછી પણ વિભાગ વિનાનો અને નામરૂપથી રહિત વ્યવહાર, વસ્તુતાએ મિથ્યા છતાં સત્યના જેવોજ થયા કરે છે.[૨૨] જેમ ચંચળ વાદળાંની અંદર ભ્રાંતિરૂપે જુદા દેખાતા તેના અવયવો વાદળાંથી જુદી ક્રિયાવાળા ન હોવાથી ક્રિયાથી રહિત હોય તેવા દેખાય છે, અને દિશાઓ તરફ તે અવયવો પણ વાદળાં સાથેજ ગતિ કરનારા હોવાથી કેમ જાણે ક્રિયાવાળા હોય તેવા જણાય છે, જનેલીધે એ વાદળાંના અવયવોની સાક્ષિસત્તામાં સક્રિયપણું અને નિષ્ક્રિયપણું એ બન્ને વિરુદ્ધ ધર્મની સ્થિતિ રહેલી લાગે છે; તેવી રીતે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પ્રલયકાળમાં પણ સ્થૂલ દૃષ્ટિએ જીવોનો વ્યવહાર બંધ રહ્યો લાગતાં છતાં પણ ઈશ્વરી સ્પંદસત્તાનેલીધે (ક્રિયાશક્તિનેલીધે) જીવોમાં પણ સ્પંદશક્તિ રહેલી લાગે છે.[૨૩] જેમ તળાવ આદિના નિશ્ચળ જળની સાક્ષિસત્તા સ્વભાવે નિશ્ચળ અને એકરૂપ છે, તથા જળના અવયવોરૂપ તરંગો પોતાની અંદર સૂક્ષ્મરૂપે હોવાથી તે રૂપે ચંચળતાવાળી અને અનેકરૂપ છે, તે રીતે અધિષ્ઠાનચૈતન્ય પોતે શુદ્ધ અને અદ્વિતીય છે; પરંતુ તેની અંદર જળમાં તરંગની પેઠે ભિન્ન અને અભિન્નરૂપે ચિદાભાસો રહેલા છે.[૨૪] જેમ નિરવયવ આકાશની અંદર પૂર્વ-પશ્ચિમ આદિ દિશાઓના ભેદરૂપ આકાશના અવયવો અભિન્નરૂપે રહેલા છે, તેવી રીતે નિરવયવ પરબ્રહ્મ કે જેણે પોતાનો આત્મા માયા-અવિદ્યા આદિના યોગે અનેકરૂપે અને વસ્તુતાએ પોતાની શુદ્ધ સ્વરૂપ સ્થિતિમાં એકરૂપે પ્રસારી દીધેલ છે તેની અંદર અભિન્ન સત્તાએ આ સૃષ્ટિ રહેલી છે.[૨૫] જગતની અંદર અહંકાર રહેલો છે, અને અહંકારની અંદર જગત રહેલ છે; એ બન્ને જેમ કેળનાં કોમળ પલ્લવો એક બીજામાં અનુસ્યૂત હોય તે રીતે પરસ્પર એક બીજામાં અનુસ્યૂત થઇ રહેલ છે.[૨૬] જેમ હિમાલય આદિ પર્વત પોતાનાં છિદ્રોમાંથીજ બહાર નીકળેલા પોતાની અંદરના જળને (જો જ્ઞાનશક્તિસંપન્ન હોય તો) માનસરોવર આદિ ભિન્નરૂપે પોતાનાથી જુદું જ બહાર દેખે, તેવી રીતે જીવ કે જે અહંકારરૂપે છે તે, સૃષ્ટિ કે જે પોતાની અંદરજ રહેલી છે તેને, રૂપ આદિ બાહ્યવિષયોને આકારે થઇ રહેલ ઇંદ્રિયવૃત્તિઓદ્વારા અને સંકલ્પવિકલ્પ આદિ માનસિક વૃત્તિઓદ્વારા તે તે ઇંદ્રિયના છિદ્રમાંથી કેમ જાણે બહાર આવી ઉભી હોય તેમ બહાર પોતાનાથી જુદી દેખે છે.[૨૭] જેમ સુવર્ણ, કટક-કુંડલ આદિ આકારો કે જે પોતાની અંદર આગળ થઈ ગયેલા છે અને પછી પણ થવાના છે, તેને પોતાનાથી (સમજણશક્તિ હોય તો) જુદા દેખે તેમ આ જીવ કારણ વિનાજ ભ્રાંતિમાત્રથી પોતાના આત્માને જગતને આકારે પોતાનાથી જુદો દેખે છે; પરંતુ જો તાત્વિકદૃષ્ટિએ વિચાર કરી જેમ કટક-કુંડલ આદિ સુવર્ણનાથી જુદાં નથી તેમ જગતને પોતાના આત્માથી જુદું ન ગણે તો પછી જગત પોતાનાથી જુદું તેના જોવામાં આવતું નથી.[૨૮] જ્ઞાનનિષ્ઠ જીવન્મુક્ત પુરુષો બીજાની દૃષ્ટિએ જીવતાં છતાં પણ પોતાનામાં કશું અભિમાન ન હોવાથી નહિ જીવતા જેવાજ છે—બીજાઓની દૃષ્ટિમાં તેઓ મરણને શરણ થએલા દેખાય છે; પરંતુ પોતાને કાંઇ અભિમાન ન હોવાથી તેઓ નહિ મરી ગએલા જેવાજ છે, અને બીજાઓની દૃષ્ટિમાં તેઓ વિદ્યમાન છતાં પોતાનામાં અભિમાનના અભાવનેલીધે નહિ વિદ્યમાન જેવાજ છે.[૨૯] જેમ કોઈ એક પુરુષ કોડમાં પડેલા પોતાના હાંલ્લામાં પોતાનું મન લાગેલું હોવાથી પોતે ઘરમાં બેઠેલો છતાં ઘરના કામકાજને નથી દેખતો, તેમ જ્ઞાનને પ્રાપ્ત થઇ ગયેલો વિવેકી પુરુષ દેહયાત્રા આદિ સંબંધી કર્મો કર્યા કરતાં છતાં પણ પોતાનું ચિત્ત બ્રહ્મમાંજ માત્ર આસક્ત હોવાથી કર્મોમાં તેનું લક્ષ્ય હોતું નથી.[૩૦] જેમ ચંદ્રમા કે જે વિરાટના જીવરૂપ છે તે વિરાટના હૃદયમાં રહેલ છે, તેમ પ્રત્યેક વ્યાષ્ટદેહમાં જીવ પણ હૃદયની અંદર હિમકણને આકારે વીર્યરૂપે રહેલ છે, અને તે વીર્ય રૂપે સ્થૂલદેહમાં સ્થૂલ અને અલ્પ દેહમાં અલ્પપણે રહ્યો છે.[૩૧] પિતાના હૃદયમાં વીર્યરૂપે રહેલો એ જીવ કે જે અહંકારરૂપજ છે, તે વીર્યદ્વારા પિતાને નિકળ્યા આદિ આકારવાળા

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

માતાના ગર્ભાશયમાં નિષેક કરવાથી ત્રિકોણ આદિ પરિચ્છિન્નરૂપની પોતાનામાં કલ્પના કરી લે છે, અને ગર્ભાશયમાં રહેલા રૂધિર સાથે મિશ્રિત થઈ પછી કલલ બુદ્બુદ આદિ આકારના ક્રમવડે પ્રકટ થયેલું પોતાનું શરીર કે જે વસ્તુતઃ સાવ મિથ્યા છતાં સત્ય જેવું ભાસે છે તેને સંકલ્પદ્વારા પોતારૂપ માની બેસે છે.[૩૨] ત્રિકોણ આદિ આકૃતિવાળા પોતાની માતાના ગર્ભાશયમાં વીર્યના બળનેલીધેજ અસ્થિ સ્નાયુ વગેરે સ્થિર અવયવવાળો થઈ ગયેલો પોતાનો દેહ કે જે પોતાનાં કર્મવડેજ રચાએલો એક (અન્નમય) કોશ છે તેની અંદર, કોશેટાનો જીવડો જેમ કોશેટામાં બંધાઇ રહે તેમ પોતે તેમાં મમત્વવડે બંધાઈ જાય છે. જેમ ફૂલની અંદર સર્વત્ર સુગંધ રહેલ હોય તેમ એ જીવ આખા દેહમાં અહંકારરૂપે ફેલાઇ રહે છે.[૩૩] હૃદયમાં રહેલ વીર્યની અંદર હું અમુક દેહાદિરૂપ છું, એવા તાદાત્મ્યના અભિમાનને ધારણ કરી રહેલ જીવચૈતન્ય, જેમ ચંદ્રમાની ચાંદની આખા બ્રહ્માંડરૂપ મંડપની અંદર ફેલાઇ રહે છે તેમ નખથી માંડી ઠેઠ શિખાસુધી આખા દેહમાં અહંભાવરૂપે વ્યાપ્ત થઈ જાય છે.[૩૪] ચિદાભાસસહિત અંતઃકરણરૂપી જળ કે જે બાહ્ય અર્થોનું જ્ઞાન થવામાં મુખ્ય સાધનરૂપ છે તે ઇંદ્રિયોનાં છિદ્રોરૂપી પરનાળદ્વારા બહાર નીકળી, જેમ ધૂમાડો મેઘરૂપ થઇ જઇ આકાશમાં પ્રસરી જાય તેમ તે આ ત્રણે લોકના પોતાની નજીક રહેલા બાહ્યપદાર્થોમાં વ્યાપ્ત થઈ જાય છે.[૩૫] યદ્યપિ આ આખા દેહમાં બહાર અને અંદર સર્વત્ર જીવચૈતન્ય વ્યાપ્ત છે, તથાપિ હૃદયની અંદર રહેલા વીર્યમાં તેનું વિશેષ અભિમાન હોય છે.[૩૬] જીવ કે જેનું સ્વરૂપ વિચારવા જઇએ તો સંકલ્પમાત્રજ છે, તે જે જે સંકલ્પ કરે તે પ્રથમ હૃદયમાં પેદા થઇ પછી ઇંદ્રિયદ્વારા બહાર ફેલાઈ જઇ બાહ્ય અર્થરૂપે સ્ફુટ પ્રતીતિમાં આવે છે.[૩૭] સ્થિર બ્રહ્મ સાથે એકરસ થઇ જવાથી નિવાસસ્થાનમાં રહેલા દીવાની પેઠે સ્થિર થઇ ગયેલી અને યથાસ્થિત સ્વસ્વરૂપમાં નિમગ્ન થઇ રહેલી બ્રહ્માકારવૃત્તિ રાખ્યાવિના બીજી કોઇ પણ સ્થિતિવડે અહંકારરૂપી ભ્રાંતિ શાંત થતી નથી.[૩૮] તમારે અહંકારની અત્યંત શાંતિ કરવી હોય તો, મનન-નિદિધ્યાસન આદિ દ્વારા બ્રહ્મવિચારનો અભ્યાસ કરતા રહી, ઉત્તરોત્તર ભૂમિકામાં ચડતા જઇ, નિર્વિકલ્પ સમાધિની પરિપક્વ દશા પ્રાપ્ત થાય એવા ક્રમથી છેલ્લી ભૂમિકાને પ્રાપ્ત થઇ, છેવટ આકાશના જેવી અસંગ અને નિર્વિકાર સ્થિતિ સંપાદન કરવાની છે.[૩૯] જ્ઞાનવાન જીવન્મુક્ત પુરુષો દૃશ્યની ભાવનાને મૂકી દઇ, બહાર અને અંદર દૃશ્ય-દર્શન-આદિના અભિમાનને પણ છોડી દઇ, મૌનપણે એટલે કર્મેંદ્રિયોના વ્યાપારથી રહિત થઈ કે માનસિક સંકલ્પ-વિકલ્પ આદિ વ્યાપારથી રહિત થઇ, લાકડાના પુતળાની પેઠે નિરભિમાનપણાથી અને નિઃસંકલ્પપણાથી વ્યવહાર કર્યે જાય છે.[૪૦] જે પુરુષ બીજા કશાની ભાવના ન કરતાં માત્ર એક બ્રહ્મનીજ અહર્નિશ ભાવના કરતો હોય તે મુક્ત કહેવાય છે, અને તે જીવતાં છતાં આકાશના જેવો અસંગ, નિર્મળ અને નિર્વિકાર થઇ રહી કેમ જાણે શૃંખલા આદિ બંધનથી છુટો થઇ ગયેલ હોય તેમ સંસારની શૃંખલાવડે નહિ બંધાયેલો પ્રત્યક્ષ રીતે જોવામાં આવે છે.[૪૧] 'હું' એવા અહંકારરૂપે વીર્યની અંદર પ્રસરી રહેલ જીવચૈતન્ય જેમ સૂર્યની કાંતિ આખા બ્રહ્માંડની અંદર પ્રસરી જાય તેમ પગથી માંડી ઠેઠ માથાસુધી આખા શરીરમાં પ્રસરી જાય છે.[૪૨]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જોવાનેમાટે તે નેત્રેંદ્રિયરૂપ થઈ જાય છે, સ્વાદ લેવા માટે જીહ્વેંદ્રિયરૂપ થઇ જાય છે અને સાંભળવામાટે કર્ણેંદ્રિય રૂપ થઇ જાય છે. ઇત્યાદિ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ વિષયો સંબંધી પાંચ જાતની (જોવાની, ખાવાની, સુંઘવાની, સાંભળવાની અને સ્પર્શ કરવાની) વાસનાઓને ખડી કરી દઈ, તેવડે પોતાના આત્માને બંધનમાં નાખી આસક્ત થઇ જાય છે.[૪૩] જેમ પૃથ્વીમાં રસ તો સર્વત્ર રહ્યો છે તથાપિ વસંતઋતુમાં તે અંકુરરૂપે ઉદય પામે છે, તેમ ચેતનતત્ત્વ જોકે સર્વત્ર વ્યાપ્ત છે; તથાપિ પ્રથમ અજ્ઞાનના આવરણનેલીધે વિપરીત ભાવનાવડે મનરૂપ થઇ જઇ વીર્યમાં પોતાના અહંભાવનેલીધે તેના એક દેશમાં તે તે ઇંદ્રિયોરૂપે થઇ જાય છે.[૪૪] જે પુરુષ આ સંસારમાં રૂઢ થઇ રહેલા મન-દેહ-અહંકાર-જગત-આદિ પદાર્થોમાં તેના અભાવની (वाचारंभणं विकारो नामधेयं-नेहनानास्ति किंचन-અર્થાત્ આદેશો નેતિ નેતિ ઇત્યાદિ શ્રુતિઓમાં બતાવેલા ક્રમ પ્રમાણે) ભાવના નથી કરતો, તે મોક્ષનેમાટે યત્ન કરનારા અજ્ઞાની પુરુષનું જન્મ-જરા-મરણ આદિ અનંત દુઃખ કદી પણ શાંત થતું જ નથી.[૪૫] હરકોઇ પરમનુષ્યે વસ્ત્રાદિવડે ઢંકાએલો, હરકોઈએ ભોજન કરાવાએલો અને જ્યાંત્યાં સૂઇ રહેનારો નિસ્પૃહ બ્રહ્મનિષ્ઠ પુરુષ મોટા કોઇ મંડળેશ્વરની પેઠે નિરવધિ સુખને પ્રાપ્ત થાય છે.[૪૬] જીવન્મુક્ત પુરુષ બ્રહ્મને આકારે પરિણામ પામેલી અથવા બળેલા વસ્ત્રની પેઠે માત્ર આભાસરૂપેજ દેખાતી સર્વ વાસનાઓવડે યુક્ત છતાં પણ વસ્તુતાએ સર્વ દૃશ્યના મિથ્યાપણાનો પાકો નિશ્ચય હોવાથી અંદર વાસનાથી રહિતજ હોય છે, અને પવનવડે યુક્ત એવા આકાશનીપેઠે તે અંદર શૂન્ય છતાં વસ્તુતઃ ચિદ્રૂપ હોવાથી વાસનારહિતપણું હોય છે એટલુંજ માત્ર શૂન્ય હોતો નથી.[૪૭] જવું, બેસવું, સૂવું, એ આદિમાં કશું લક્ષ્ય ન છતાં પ્રારબ્ધને યોગે સ્થિતિ કરી રહેલો અને મોક્ષની ચરમ (છેલ્લી) દશાને પ્રાપ્ત થઈ જવાથી મનના સર્વ સંકલ્પમાત્રથી રહિત થઇ ગયેલો જીવન્મુક્ત પુરુષ, છઠ્ઠી આદિ ઉત્કૃષ્ટ યોગભૂમિકામાં પ્રવિષ્ટ હોવાથી કોઇ ગાઢ નિદ્રાવાળા પુરુષની પેઠે તે અનેક યત્નોવડે પણ સમાધિમાંથી વ્યુત્થિત કરી શકાતો નથી.[૪૮] જીવચૈતન્યનું વાસ્તવ સ્વરૂપ તો ચિન્માત્રજ છે, અને તે સર્વત્ર (શરીરમાં) વ્યાપ્ત છે, તોપણ જેમ કમળના કેસરાઓમાં સુગંધ વિશેષ રહે તેમ શરીરના વીર્યરૂપ ભાગમાં એ વિશેષે કરી રહે છે.[૪૯] જીવચૈતન્ય શુદ્ધ ચિન્માત્ર છે અને આ જગત તેમાં વિવર્તરૂપે ફેલાઇ રહેલું છે. એ જગતને ભ્રાંતિરૂપ સમજી કેવળ આત્મનિષ્ઠ થઈ રહેવું, એજ સ્થિતિ સર્વના રહસ્યરૂપ અને ગુરુ-શાસ્ત્ર આદિના ઉપદેશવડે પ્રાપ્ત કરવાની છે.[૫૦] જેમ સમૃદ્ધિ મેળવવામાટે કષ્ટકારક અનેક કાર્યોમાં પ્રવૃત્ત થવાસારૂ પાષાણના જેવું કઠિન હૃદય કરવામાં આવે છે તેમ મોક્ષરૂપ પરમ ઐશ્વર્ય મેળવવામાટે પાષાણના જેવું કઠિન હૃદય રાખી તમે વૈભવ આદિ સર્વ પદાર્થોમાં વૈરાગ્યવાન થઇ રહો.[૫૧] હે સુશીલ રામચંદ્રજી ! જડ શરીરવાળા પાષાણનું હૃદયાકાશ જડપણાનેલીધે જેમ અવકાશ વગરનું (ધક્ક) હોય છે તેમ તમે કે જે ચિદ્રૂપ છો તેનું હૃદયાકાશ પણ ચિદ્રૂપ હોવાથી, જડપદાર્થનો અંદર પ્રવેશ ન થવામાટે અવકાશવગરનું અને કેમ જાણે ચિદાકાશવડે પૂર્ણ રીતે ભરેલું હોય તેવું થઇ રહો.[૫૨] જ્ઞાનવાન અને અજ્ઞાની એ બન્નેનાં સર્વ કર્મો કે જે ઉત્પત્તિ અને નાશ એ બન્ને ધર્મોવડે વ્યાપ્ત છે તેમાં જ્ઞાનીનું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિશેષ છે; બાકી તે વિના એ બન્નેનાં કર્મોમાં બીજો કશો ભેદ જણાતો નથી.[૫૩] જેમ નેત્રનો વિકાસ થતાં જગત દેખાય છે, તેમ ચેતનતત્ત્વની સત્તાજ વાસનાવડે વિકસિત થઇ જતાં આ જગતરૂપે થઇ ગઇ જોવામાં આવે છે; અને જેમ નેત્ર બંધ થઈ જતાં કશું દેખાતું નથી તે રીતે નિર્વાસનપણાનેલીધે ચિત્તસત્તાને (યોગદ્વારા) સમેટી લેવામાં આવે તો જગત આદિ બીજું કશું ન દેખાતાં નામરૂપથી રહિત સર્વવ્યાપી એક પરમતત્વજ અવશેષ રહે છે.[૫૪] જે દૃશ્યરૂપે જોવામાં આવે છે તે સર્વ નાશ પામી જાય છે, અને નાશ પામી જઇ વળી પાછું પુનર્જન્મને પ્રાપ્ત થાય છે; પરંતુ જે નાશ પણ નથી પામતું અને ઉત્પન્ન પણ નથી થતું એજ તત્ત્વ સત્ય છે, અને એજ તમારૂં પોતાનું સ્વરૂપ છે.[૫૫] ઝાંઝવાના જળની પેઠે આ જગતની ભ્રાંતિ સાવ નિર્મૂલ હોવાથી જ્ઞાન થયા પછી તેનો શોધ કરતાં પણ તે જોવામાં આવતી નથી, અને ઝાંઝવાનું જળ જેમ અંકુર ઉત્પન્ન કરી શકતું નથી તેમ આભાસરૂપ પ્રતીતિમાં આવતી એ જગતરૂપી ભ્રાંતિ પણ (જ્ઞાનવડે મિથ્યા જણાયાથી) પછી જન્મ-મરણ આદિ સંસારરૂપ અંકુરને પેદા કરી શકતી નથી.[૫૬] બરાબર વસ્તુતાએ સત્ય આત્મસ્વરૂપનો અનુભવ થયાથી નષ્ટ થઇ ગયેલી 'હું અમુક દેહઆદિરૂપ છું' એવી અહંકારની ભાવના જીવન્મુક્ત પુરુષોમાં જોકે આભાસરૂપે દેખાય છે, તોપણ જેમ અંદર ભુંજાઇ ગયેલું બીજ પછી અંકુર પેદા કરવામાં સમર્થ થતું નથી, તેમ જ્ઞાનવડે તે નિર્મૂળ થઇ ગયાથી જન્મ-મરણઆદિ સંસારરૂપી અંકુરને પેદા કરી શકતી નથી.[૫૭] વીતરાગ થઇ ગયેલો, સંસારરૂપી મહારોગના પંજામાંથી મુક્ત થયેલો, સંકલ્પ આદિ માનસિક ધર્મથી પણ રહિત એવ અક્ષય મોક્ષપદને પ્રાપ્ત થઇ ગયેલો જીવન્મુક્ત પુરુષ ભલે કર્મ કરો કિંવા ન કરો, તથાપિ તે નિરંતર પોતાના સ્વસ્વરૂપમાંજ સ્થિતિ રાખી રહ્યો હોય છે.[૫૮] જે યોગી પુરુષો હઠવડે (હઠયોગના અભ્યાસવડે) શાંતિ મેળવવા મથે છે તેઓ પણ ચિત્તની શાંતિ થયા પછીજ સારી રીતે શાંતિને પ્રાપ્ત થાય છે; કેમકે ભોગોમાં લપટાવનારી તેઓની ભોગવાસનાઓ મૂળમાંથી ઉચ્છિન્ન થયેલી હોતી નથી, અને તેનું કારણ એજ કે ચિત્ત એજ સર્વ વાસનાઓની ખાણરૂપ છે, અને તે એ હઠયોગીઓમાં જ્ઞાન થતાં સુધી કાયમજ રહે છે.[૫૯] જીવ કે જે વસ્તુતાએ દેહ આદિ આકારથી રહિત છે, અને ચિન્મય તથા પ્રકાશરૂપ છે, તેની પરબ્રહ્મ સાથે એકતા કરવા જઇએ તો તેની સાથે એકતાને તે યોગ્યજ છે. જોકે તે અનાદિ અવિદ્યાને લીધે જુદા જેવો ભાસે છે, પરંતુ તેનું અંદરનું શુદ્ધસ્વરૂપ વિચારતાં તે બ્રહ્મનાથી જરા પણ જુદો નથી; અને પોતાના શુદ્ધસ્વરૂપનો વિચાર કરે તો વાદળાંવિનાના પાછલા પહોરના તડકાના જેવો તાપથી રહિત કેવળ પ્રકાશરૂપ અને આવરણથી પણ રહિત થઇ જાય છે.[૬૦] કોઇએક પ્રદેશમાં રહેલા દેહમાંથી પોતાનાથી ઘણે છેટે રહેલા સૂર્ય–ચંદ્ર આદિ વિષયતરફ ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા ગયેલી ચિત્તવૃત્તિનું વચમાં (દેહથી માંડી ઠેઠ ચંદ્રમંડળ કે સૂર્યમંડળ સુધી) જે કાંઈ અવર્ણનીયરૂપ (આકાશ જેવું) જોવામાં આવે છે તે સર્વ પરમાત્માનુંજ પૂર્ણ રૂપ છે.[૬૧] અનંત અને અસ્ફુટરૂપે સર્વ શક્તિરૂપી સુગંધને ધારણ કરી રહેલ મનોહર ચિદાકાશરૂપી કર્પૂર, પોતાની અંદર માયાવડે જે કાંઇ ચમત્કારને ઉત્પન્ન કરે છે તેજ આ જગતરૂપે જોવામાં આવે છે.[૬૨] એવી રીતે આ જગત જીવન્મુક્ત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પુરુષોની દૃષ્ટિમાં સંસારરૂપી ભ્રાંતિવિનાનું અને પ્રકાશમય પ્રતીતિમાં આવી અનાદર કરાએલા દીવાનીપેઠે પોતાના સ્થૂલરૂપે તિરોહિત થઇ જઇ અક્ષય બ્રહ્મરૂપે થઈ રહેલજ ભાસે છે; અને અજ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં આ જગત ઈશ્વરીય નિયમ પ્રમાણે, પ્રારબ્ધ આદિની વ્યવસ્થા પ્રમાણે તથા જીવોની ભોગવાસનાને અનુસારે જગદીશ્વરમાંથી ઉત્પન્ન થઇ આ આકાશની અંદર વસ્તુતાએજ ખડું થઇ રહેલું છે એમ ભાસે છે.[૬૩]

गतभवभ्रमभासुरमक्षयं शममुपेतमुपेक्षितदीपवत् ॥ स्थितमपीह जनं जगदीश्वरादनुगतं ननु भाति मुदा च खे ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સુખયોગોપદેશ' એ નામનો બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૨

સર્ગ ૨૩ મો.*

મંકિઋષિને તત્ત્વજિજ્ઞાસા

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

विरागवासनापास्तसमस्तभववासनः ॥ उत्थाय गच्छ प्रकृतेरस्या मंकिरिवांकितः॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—તમે મંકિઋષિનીપેઠે વૈરાગ્યવાસનાવડે બીજી સર્વ સંસારસંબંધી વાસનાને નિવૃત્ત કરી, આ સંસાર કે જે સ્વભાવેજ અજ્ઞાન આદિ અનિર્વચનીયરૂપે જોવામાં આવે છે તેમાંથી તત્ત્વજ્ઞાનવડે જાગૃત થઈ, જીવન્મુક્ત પુરુષોનાં શુભ ચિહ્નો ધારણ કરી, મોક્ષરૂપ પરમપદને પ્રાપ્ત થાઓ.[૧]

પૂર્વકાળમાં ઉત્તમ વ્રતવાળો એક મંકિ એવા નામનો બ્રાહ્મણ હતો, તે મારા ઉપદેશવડે શી રીતે મોક્ષને પ્રાપ્ત થયો, એ તમે સાંભળો.[૨] હું કોઈ એક દિવસે તમારા પિતામહ અજ રાજાના યજ્ઞ આદિ કાંઈક પ્રયોજનમાટે નિમંત્રણ કરાયેલો હોવાથી આકાશની અંદરથી પૃથ્વી તરફ આવતો હતો,[૩] હું તમારા પિતામહ અજ રાજાની અયોધ્યાનગરીમાં જવાની ઇચ્છાથી સપ્તર્ષિલોકમાંથી ભૂલોકને પ્રાપ્ત થઇ એ નગરી તરફ ચાલતો હતો; તેટલામાં અતિ વિસ્તારવાળા, સખ્ત તડકાવડે તપેલા ધૂળના ગોટાઓથી ધૂસર થઇ રહેલા, તપેલી વેળુઓવડે વ્યાપ્ત, જેનો એકે બાજુએ છેડો જોવામાં ન આવે એવા અપાર, કોઈ કોઈ ઠેકાણે નઠારાં ગામડાંઓવાળા કોઇ એક મોટા જંગલમાં જઇ ચડયો. બ્રહ્મસત્તા જેમ પોતાની અંદર ક્ષોભને નહિ પામેલ આકાશ, પવન, તડકો, જળ અને પૃથ્વી, એ સર્વને (પોતે સર્વના અધિષ્ઠાનરૂપ હોવાથી) શાંતિથી ધારણ કરી રાખે છે, સર્વવ્યાપિ છે, શૂન્ય છતાં મોટા મોટા આરંભોવડે યુક્ત છે અને નિર્મળ છે, તેમ એ અરણ્ય પણ પોતાની અંદર ક્ષોભને નહિ પામેલાં આકાશ, પવન, (વાયુની ઝડી,) તડકો, જળ (ઝાંઝવાનું જળ) અને પૃથ્વી (તપેલી જમીન), એ સર્વને શાંતિથી સરખી રીતે ધારણ કરી રહ્યું હતું. ચોતરફ આકાશવડે વ્યાપ્ત હતું, શૂન્ય છતાં જનારા લોકોને બહુ વિષમ હોવાથી તેઓ સુખેથી પસાર થઈ જાય તેવા અનેક મોટા પ્રયત્નોવાળું અને નિર્મળ (ગારાવિનાનું) હતું. વળી એ અરણ્ય કેમ જાણે મૂર્ત્તિમાન અવિદ્યાજ હોય તેમ મોહને ઉપજાવનારાં ઝાંઝવાનાં જળોવાળું હતું અને ભ્રાંતિનેલીધે કેમ જાણે સાવ જડ થઇ રહેલ હોય તેવું દેખાતું હતું. અતિ વિસ્તીર્ણ હતું, શૂન્ય હતું અને દિશાઓને ભૂલાવી દે એવી પ્રબળ ઝાકળ-

---

* આ ત્રેવીશમા સર્ગમાં મરુ (નિર્જળ) દેશના કોઇએક જંગલની અંદર મંકિ નામના બ્રાહ્મણનો વસિષ્ઠજી સાથે સમાગમ થયાની વાત આવશે, અને વૈરાગ્યનેલીધે તત્ત્વજિજ્ઞાસા જાણી વસિષ્ઠજી તેને કિંચિત્ દેશ કરશે, એ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે આકુળ થઈ રહેલ હતું. એ મોટા જંગલની અંદર હું જતો હતો તેટલામાં મારી આગળ શ્રમથી કાંઈ સ્પષ્ટ વચનો બોલતો કોઇ એક પથિક મારા જોવામાં આવ્યો.[૪-૮]

પથિક કહે છેઃ—અહો ! ! સખત તડકાવડે તાપ આપનારો સૂર્ય, જેમ પાપવાળો દુર્જનોનો સમાગમ પરિતાપ ઉત્પન્ન કરે તેમ મને ખેદ ઉપજાવે છે.[૯] મારાં મર્મસ્થાનો કેમ જાણે (બરફની પેઠે) ગળી જતાં હોય તેવાં થઇ જાય છે, અને કેમ જાણે આ તડકામાં અગ્નિ ઝરતો હોય તેવી લુ લાગે છે. પોતાના શિખર-ભાગમાં સંકુચિત થઈ ગયેલા (કરમાઈ ગયેલા) પલ્લવોને ધારણ કરી રહેલી વનની પંક્તિઓ સૂર્યના તાપવડે સખત તપી ગયેલી છે.[૧૦] માટે હું હાલ પ્રથમ આ પાસે રહેલા ગામડામાં જાઉં અને ત્યાં શ્રમને નિવૃત્ત કરી પછી પાછો તરત ઉતાવળો ચાલી રસ્તે પડું.[૧૧] એવો વિચાર કરી એ વટેમાર્ગુ પાસે રહેલા ભિલ્લલોકોના ગામમાં જવાની ઇચ્છા કરતો હતો, તેટલામાં મેં તેને નીચે પ્રમાણે કહ્યું:[૧૨]

અકિંચન પુરુષોને પણ(અતિથિનો સત્કાર કરે તેવાં મનુષ્યોનેલીધે) સુખપૂર્વક ગમન કરવાને યોગ્ય* ઉત્તમ માર્ગને નહિ જાણનારા ! શુભ આકૃતિવાળા ! નિર્જળ માર્ગના મહા અરણ્યના પથિક ! હે મિત્ર ! ભલે અહીં તારૂં આવવું થયું.[૧૩] ×નીચેના(પૃથ્વીસંબંધી)માર્ગમાં ચાલનારા હે પથિક ! તું પ્રથમ મનુષ્યવાળા દેશમાં અન્નપાન આદિનો લાભ થવાથી ઘણા કાળસુધી વિશ્રાંતિને પ્રાપ્ત થયો હઇશ; પરંતુ હવે આગળ આ માર્ગ કે જેની અંદર અતિથિનો સત્કાર કરે તેવાં સજ્જન મનુષ્યોવિનાનાં ક્ષુદ્ર ગામો વચમાં આવે છે તેમાં તને કોઇ જગ્યોએ વિશ્રાંતિ મળશે નહિ[૧૪] *જે ગામ પામર પુરુષોના નિવાસરૂપ હોય તેમાં (તેઓનાં કડવાં વાક્યવડે ચિત્તને તાપ થવાથી) કદી પણ વિશ્રાંતિ મળતી નથી; પરંતુ જેમ ક્ષાર-રસ પીવાથી તૃષાની શાંતિ થવાને બદલે ઉલટી તૃષા વધારે લાગે તેમ પામર પુરુષોના ગામમાં પણ તાપની શાંતિ થવાને બદલે ઉલટો વિશેષ તાપ થાય તેવું હોય છે.[૧૫] આ ભિલ્લ લોકો કે જેઓ માત્ર ×પોતાના ગામમાંજ પડ્યા રહે છે તેઓ પોતે જંગલી હોવાથી મૃગલાનીપેઠે બીજાં મનુષ્યોની આવજાવથી બહુ ભડકનારા છે, અને અશાસ્ત્રીય (નિષિદ્ધ) માર્ગે ચાલનારા છે; તેઓ વિચારમાં કશી ચાલાકીવાળા નથી, પોતાના અનુભવમાંજ મગરૂર રહે છે, અને પોતે દુરાચરણવાળા હોવાથી યંત્રવડે બનાવેલી પાષાણની પૂતળીઓનીપેઠે કશાથી બીતા નથી.[૧૬,૧૭]

* અહીં શ્લેષવડે જ્ઞાનમાર્ગસંબંધી તેનું અજ્ઞાન સૂચવ્યું છે.

× અહીં શ્લેષવડે એવો અર્થ બતાવ્યો છે, કે હે જ્ઞાનથી નીચી કોટિના કર્મ—ઉપાસનાસંબંધી માર્ગમાં ચાલનાર દુનિયાના મુસાફર ! કર્મ ઉપાસનાવડે મળનારા આ દક્ષિણાયન—ઉત્તરાયનરૂપ માર્ગમાં પ્રથમ તને સ્વર્ગ આદિ લોકમાં વિશ્રાંતિ મળી હશે; પરંતુ તેમાં મોક્ષમાર્ગનીપેઠે પાછી પુનર્જન્મના સમૂહને ન થવા દેનારી અખંડ વિશ્રાંતિ મળવાની નથી.

* અહીં શ્લેષથી એવું અર્થાંતર સૂચવ્યું છે કે જીવ અને ઇંદ્રિયોના સમૂહ આદિના આશ્રયરૂપ દેવ-મનુષ્ય આદિ દેહ કે જે કામ—દ્વેષ આદિ પામર વિકારોના નિવાસરૂપ છે તેમાં કદીપણ વિવેકી પુરુષને વિશ્રાંતિ મળતી નથી; કેમકે એ દેહમાં વિષયો ભોગવાતાં છતાં પણ જેમ ક્ષારરસ પીવાથી તૃષાની શાંતિ ન થતાં ઉલટી તે વધારે લાગે, તેમ ભોગોવડે કામવાસના શાંત ન થતાં ઉલટી બળવાન થતી જાય છે. એવિષે જુવો યયાતિ રાજાનું વાક્ય. न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

× અહીં બીજો અર્થ એવો થાય છે કે દેહરૂપી ગામમાં રહેનાર આ કામ-દ્વેષાદિક વિકારો કે જેઓ પલ્લવનીપેઠેજ સ્નેહ સુંદરતા-રાગ-આદિવડે યુક્ત છે તેઓ વિવેકનો પગરવ સાંભળી હરિણનીપેઠે ભડકનારા છે, અને અશાસ્ત્રીય (નિષિદ્ધ) માર્ગેજ ચાલનારા છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કામ, અર્થ, વિષયવાસના અને દ્વેષ, ઇત્યાદિ-સહિત પોતાનું કાર્ય સિદ્ધ કરવાને પુરુષાર્થનો આશ્રય કરી રહેલી એ લોકોની બુદ્ધિઓ ઉપર ઉપરથી મધુર દેખાતા કર્મમાંજ× આનંદ માની લે છે.[૧૯] માતૃપક્ષ અને પિતૃપક્ષ, એ બન્ને વિશુદ્ધ હોવાથી કુલીનતાવાળી, ઉદાર, શીતળ અને રસજ્ઞ (ચતુર) પુરુષની બુદ્ધિ, જેમ મેઘની પંક્તિ મારવાડ આદિ નિર્જળ પ્રદેશમાં વિશ્રાંત ન થાય તેમ, અહીંના લોકોનો વિશ્વાસ કરતી નથી.[૨૦] અંધકારવડે વીંટાએલી કોઇ ગુફાની અંદર અજગર થઇ રહેવું સારૂં, શિલાની (બખોલની) અંદર કીડો થઈ રહેવું એ પણ ઠીક, અને મારવાડ જેવા નિર્જળ પ્રદેશમાં લુલાપાંગળા મૃગરૂપે થઇ અવતરવું એ પણ સારૂં; પરંતુ ગ્રામ્યલોકોનો સમાગમ સારો નહિ.[૨૦] ગ્રામ્યવિષયો કે ગામડીયા લોકો મધમાં મળી ગયેલા વિષના કણોની પેઠે એક નિમેષ માત્ર સુધીજ સ્વાદ આપી મધુરતા બતાવનારા હોય છે, બાકી બીજી ક્ષણમાંજ તે વ્યથાવડે વૈરાગ્ય (અપ્રીતિ) ઉત્પન્ન કરી દે છે; અને માત્ર મારવામાંજ કુશળ હોય છે.[૨૧] ધૂળ ઉડવાથી ધૂસરા થઇ ગયેલા, શિથિલ થઈ ગયેલી ઝુંપડીઓમાંજ વૃદ્ધ થઇ ગયેલા, ઘાસ અને પાંદડાંઓનાં જંગલોમાં વ્યગ્ર થઇ રહેલા, આ અધાર્મિક ગામડીયા લોકોરૂપી પ્રચંડ પવનો હાલ વાયા કરે છે.[૨૨] હે નિષ્પાપ રામચંદ્રજી ! મેં એ મંકિઋષિને ઉપર પ્રમાણે કહ્યાથી મારાં વાક્યવડે એ કેમ જાણે અમૃતજળમાં સ્નાન કરી શીતળ થઇ ગયો હોય તેમ પરમસંતોષને પ્રાપ્ત થઈ ગયો અને મને પાછું તેણે નીચે પ્રમાણે કહ્યું.[૨]

પાંથ (મંકિ ઋષિ) કહે છેઃ—હે ભગવન્ ! આપ કોણ છો ? કોઈ મહાત્મા જણાઓ છો, આપનો આત્મા જ્ઞાનવડે પૂર્ણ લાગે છે. જેમ કોઇ વટેમાર્ગુ પોતાની વાટમાં આવતાં ગામોની મુસાફરીને પોતે નિર્લેપપણે જુદો રહી જોયા કરે તેમ તમે ધૈર્યવાન રહી કશાથી વ્યાકુળ નહિ થતાં સાક્ષિરૂપે નિર્લેપ રહી શી રીતે આ લોકને જોયા કરો છો ?[૨૪] શું તમે અમૃતપાન કરેલું છે ? અથવા શું તમે કોઈ ચક્રવર્તી રાજા છો ? અથવા શું તમે સાક્ષાત્ વિરાટ પુરુષ છો ? જો કે તમે અકિંચન હોવાથી સર્વ અર્થથી રહિત છો, તથાપિ સંપૂર્ણ ચંદ્રમાના જેવા અને કેમ જાણે સર્વ અર્થથી પરિપૂર્ણ હો તેવા શોભો છો[૨૫] તથા સંસારસંબંધી રાગ-દ્વેષ આદિ દોષોથી અને દુઃખોથી રહિત છો, નિરતિશય આનંદવડે અને જીવન્મુક્ત પુરુષોના ઉત્તમ ગુણોવડે પરિપૂર્ણ છો, મદોન્મત્ત પુરુષની પેઠે (આત્માકારવૃત્તિ હોવાથી) દેહાદિકના ભાનથી રહિત છો અને કેમ જાણે કેવલ પરમાર્થમાંજ સ્થિર થઇ રહ્યા હો તેવા દેખાઓ છો. સમષ્ટિરૂપ જોઇયે તો તમેજ સર્વરૂપ છો અને તેની અપવાદદૃષ્ટિએ જોઇએ તો તમે એ સર્વરૂપ નથી. તાત્વિકદૃષ્ટિએ જોતાં તમે કશારૂપ નથી અને વ્યવહારદૃષ્ટિએ જોતાં કાંઇક અમુક દેહ આદિરૂપે તમે જોવામાં આવો છો.[૨૬] હે મહારાજ ! શાંતિવાળું, મનોહર કાંતિમાન, નિર્વિકાર, નિવૃત્તિને પ્રાપ્ત થયેલ અને આનંદવડે પૂર્ણતાવાળું આપનું રૂપ કેમ દેખાય છે ?[૨૭] તમે જો કે પૃથ્વીમાં રહ્યા છો તો પણ કેમ જાણે સર્વ લોકની ઉપર આકાશમાં રહ્યા હો તેવા જણાઓ છો. સર્વ ક્ષણભંગુર જણાયાથી તમે આસક્તિમાત્રથી રહિત છો; પરંતુ મારા જેવા દીન પુરુષોના ઉદ્ધાર માટે કેમ જાણે દૃઢ પ્રયત્નવાળા હો તેવા લાગો છો.[૨૮] તમે કે જે પોતેજ શુદ્ધ છો તેનું મન શુદ્ધ ચંદ્ર જેવું

+ જ્ઞાનપક્ષસંબંધી અર્થાંતરમાં કર્મપદથી કર્મમાર્ગજ સૂચિત હોય એમ ભાસે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અમૃતમય છે. તમારૂં ચિત્ત ચંદ્રમાનાં કિરણોનીપેઠે કોઇ પદાર્થમાં ફેલાઇ જતું નથી, તથા જેમ ચંદ્રમાનાં કિરણો ઔષધિ, વનસ્પતિ અને અન્ન આદિ પદાર્થરૂપ થઈ જાય છે તેમ તમારૂં ચિત્ત કોઇ પદાર્થમાં તદાકાર થતું નથી, તેમજ સદાકાળ તે પૂર્ણજ રહે છે તેથી કેટલીક વાતે તમે ચંદ્રથી પણ શ્રેષ્ઠ છો.[૨૯] તમે પૂર્ણચંદ્રનીપેઠે સર્વ કળાઓવડે પરિપૂર્ણ છો, અંદર નિષ્કલંક છો, શીતળ છો, પ્રકાશવાળા છો, સર્વત્ર સમાનદૃષ્ટિથી વર્ત્તનારા છો અને કેમ જાણે અનેક રસાયનોવડે પૂર્ણતાને પ્રાપ્ત થઈ ગયા હો તેવા દીપી નીકળો છો.[૩૦] જેમ અંકુરની અંદર પત્ર–પુષ્પ–ફળ આદિ સહિત આખું વૃક્ષ (સૂક્ષ્મરૂપે) રહેલ હોય, તેમ આ આખું સંસારમંડળ, તમારો આત્મા કે જે સર્વજ્ઞતા-સર્વશક્તિમત્વ આદિ ગુણોવડે સંપન્ન છે, તેની અંદર (સૂક્ષ્મરૂપે) રહેલ છે. હું ધારૂં છું કે તેના આવિર્ભાવ-તિરોભાવ કરવાની શક્તિ પણ તમારી ઇચ્છામાં રહેલી છે.[૩૧] હે મહાભાગ ! હું શાંડિલ્યકુલમાં ઉત્પન્ન થયેલો મંકિ નામનો બ્રાહ્મણ છું. તીર્થયાત્રાના પ્રસંગથી મેં ઘણો છેટો પંથ કરેલો છે. સર્વ તીર્થો જોઇ આવી હમણાં ઘણે લાંબે કાળે હું મારા પોતાના ઘરપ્રત્યે જવા ધારતો હતો; પરંતુ આ જગતની અંદર સર્વ પ્રાણીઓને વિજળીના ઝબકારાના જેવા ક્ષણભંગુર જોઈ મારા મનમાં વૈરાગ્ય આવી જવાનેલીધે ઘરતરફ જવાનો યત્ન કરતો નથી.[૩૨-૩૪] હે મહારાજ ! આપ કૃપા કરી મને સત્ય* આત્માનો(નામ-ગોત્ર આદિવડે એટલે આપ કોણ છો, કયા ગોત્રના છો વગેરે) નિર્દેશ કરી કહી બતાવો, કેમકે આપ જેવા મહાત્મા પુરુષોનાં હૃદયોરૂપી સરોવરો હંમેશાં ગંભીર અને પ્રસન્ન હોય છે.[૩૫] દર્શનમાત્રથીજ મિત્રતાનો ભાવ બતાવનારા મહાત્મા પુરુષોની પાસે પ્રાણિમાત્ર કમળનીપેઠે વિકસિત થઇ જાય છે, અને શાંતિને પ્રાપ્ત થાય છે.[૩૬] આ મારૂં ચિત્ત કાંઈક વિવેકવાળું છતાં પણ મોહનેલીધે સંસારરૂપી ભ્રાંતિથી થતાં દુઃખને નિઃશેષ રીતે નિર્મૂળ કરવાને (ગુરૂપદેશ વિના) સમર્થ થઇ શકતું નથી, એમ મેં ઘણો વખત મનન કરી નિશ્ચય કર્યો છે, માટે આપજ ઉપદેશ દેવારૂપી કૃપાદૃષ્ટિવડે મારા એ ચિત્તને, મોહ નિવૃત્ત થઈ જઇ દુઃખનો નાશ કરવામાં સમર્થ થાય તેવું કરો.[૩૭]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે મહાબુદ્ધિશાલિ ! હું આકાશમાં વસનારો વસિષ્ઠ નામનો ઋષિ છું અને અજ રાજાના યજ્ઞ આદિ કાંઇ પ્રયોજનનેલીધે આ માર્ગે આવી ચડયો છું.[૩૮] તમે કાંઈ ખેદને પ્રાપ્ત ન થાઓ, કેમકે બુદ્ધિમાન વિવેકી પુરુષોના માર્ગઉપર તમે આવી ચૂકયા છો અને ઘણું કરી સંસારસાગરને પેલે પારે તમે પહોંચી ચૂકયા જેવાજ છો.[૩૯] જે પુરુષ મહાત્મા નથી હોતો, એટલે જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થવાનું જેનું ભાગ્ય નથી હોતું, તેવા મંદભાગ્ય પુરુષની વૈરાગ્યના વૈભવવડે ઉદારતાવાળી આવી (તમારા જેવી) ઉત્તમ બુદ્ધિ અને આવી જાતની ઉત્તમ વાક્યરચના તથા શાંતરૂપ આકૃતિ કદીપણ હોતીજ નથી.[૪૦] મણિ જેમ શરાણ ઉપર ધીમે ધીમે ઘર્ષણ થવાથી નિર્મળ અને તેજદાર થાય છે, તેમ ચિત્તના રાગદ્વેષ આદિ કષાયો પાકી જવાથી તે વિવેકી થઇ જાય છે.[૪૧] તમે શું જાણવાને ઇચ્છો છો ? શા માટે સંસારનો ત્યાગ કરવાને ઇચ્છો છો ? હું ધારૂં છું કે શિષ્ય આદિ જિજ્ઞાસુ પુરુષો, ગુરુએ ઉપદેશ કરેલા અર્થને વારંવાર અભ્યાસવડે અનુભવમાં લઇ, પાછો પ્રશ્ન-નિશ્ચય આદિ કર્મવડે

* અહીં સત્ય પરમાત્માના સ્વરૂપનો ઉપદેશ કરવાનું શ્લેષવડે સૂચવ્યું છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ફળપર્યંત સિદ્ધ કરી લે છે, માટે જે તમારા જાણવા બહાર હોય અને જે અંશની જિજ્ઞાસા હોય તે તમે કહો.[૪૨] રાગ-દ્વેષ આદિ મેલવિનાની શુદ્ધ વાસનાવાળો, વૈરાગ્ય આદિ સાધનવડે સંપન્ન, ઉત્તમ ચિત્તવડે સુશોભિત અને નિત્ય તથા અનિત્ય, સાર અને અસાર, ઇત્યાદિ વિવેકવાળી બુદ્ધિવડે યુક્ત, એવો જે શિષ્ય હોય તેજ ગુરુજનના ઉપદેશના તેજવડે અશોક આત્મતત્ત્વરૂપી પરમપદને પ્રાપ્ત થવાને યોગ્ય થાય છે. અને તેનેલીધેજ તમે કે જે જન્મ-જરા-મરણ-આદિ સર્વ દુઃખોને તરી જવાની ઇચ્છાવાળી બુદ્ધિને ધારણ કરી રહ્યા છો, તેની સંભાષણદ્વારા પરીક્ષા કરી લઈ યોગ્ય અધિકાર જણાતાં તમને મારા તરફથી આ સર્વ કહેવામાં આવે છે.[૪૩]

विमलवासन उत्तममानसः परिविविक्तमतिर्जनतेजसा ॥ पदमशोकमलं खलुयुज्यतेजानितितीर्षुमतेरिदमुच्यते ॥ ४३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મંકિનિર્વાણ' એ નામનો ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૩

સર્ગ ૨૪ મો.*

મંકિઋષિએ કરેલું દોષવર્ણન

॥ श्रीवासिष्ठ उवाच ॥

ममेत्युक्तवतो मंकिर्विनिपत्य स पादयोः ॥ उवाचानंदपूर्णाक्षमिदं मार्गे वहन् वचः ॥१॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—હું ઉપર પ્રમાણે કહેતો હતો તેટલામાં એ મંકિ ઋષિએ મારા પગમાં પડી, નેત્રમાં હર્ષનાં અશ્રુવડે વ્યાપ્ત થઇ જઈ, મારી સાથે માર્ગમાં ચાલતાં મને નીચે પ્રમાણે કહ્યું:[૧]

મંકિ ઋષિ કહે છેઃ—હે ભગવન્! જેમ ચક્ષુ ઇંદ્રિય ઘણીવાર સર્વ દિશાઓમાં ભમ્યા કરે છે તેમ મેં પણ ઘણીવાર દશે દિશાઓમાં ઘણું ભ્રમણ કર્યું; પરંતુ મારા સંશયોની નિવૃત્તિ કરી શકે એવો કોઈ મહાત્મા મને આજ દિવસસુધી મળ્યો નથી.[૨] બ્રાહ્મણનો દેહ કે જે દેવ-અસુર—પશુ—પક્ષિ આદિ દેહોમાં સર્વથી શ્રેષ્ઠ ગણાય છે, તેમાં પણ મારો દેહ કે જે જ્ઞાનનો અધિકારી હોવાથી વિશેષ શ્રેષ્ઠતાવાળો છે, તેનું ખરેખરૂં ફળ આજે મને આપનો સમાગમ થતાં મળ્યું છે. હે ભગવન્! સંસારસંબંધી અનેક દોષોને આપવાવાળી વિવિધ પ્રકારની દશાઓ જોઇ હું બહુ ખેદને પ્રાપ્ત થઇ ગયો છું. જન્મ અને મરણ એ બન્ને વારંવાર થયા કરે છે, સુખ-દુઃખની ભ્રાંતિ સદા લાગેલીજ છે, સર્વ સુખો પણ પરિણામે અવશ્ય થનારાં દુઃખોવડે વ્યાપ્ત હોવાથી અતિ દુઃખરૂપ છે. હે મહારાજ! એવાં સુખોના કરતાં તો દુઃખોની અવિચ્છિન્ન—પરંપરાજ (અભ્યાસવડે જેમ જળજંતુ શીતતાને સહન કરી લે છે તેમ નિરંતરના અભ્યાસવડે સહી શકાવાથી) વધારે ઠીક છે. અંતમાં દૃઢ દુઃખવડે વ્યાપ્ત હોવાથી સુખો પણ મને (વિવેકનેલીધે) દુઃખ ઉત્પન્ન કરે છે.[૩–૫]

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી! એવી રીતે મને પણ સુખો પરિણામે અસહ્ય દુઃખ પેદા કરવાથી એવાં તો દુઃખકારક ભાસે છે કે તેના કરતાં દુઃખજ (અભ્યાસવડે સહી શકાવાથી) સુખરૂપ લાગે છે. ×મારૂં આ આખું વય, દાંત, રૂંવાડાં અને આંતરડાંઓ સહિત શિથિલ થઈ ગયેલ છે.[૬] ઉત્તરોત્તર ઉત્તમ ભોગો મળે એવા સ્થાનમાં અભિલાષ રાખી

* આ ચોવીશમા સર્ગમાં દેહદોષ, ઇંદ્રિયદોષ, મનોદોષ અને બુદ્ધિદોષ, ઇત્યાદિએ સહિત મંકિઋષિ સંસારસંબંધી પોતાના દુઃખમયતાનું વર્ણન કરી બતાવશે.

+ અહીંથી પાછું મંકિ ઋષિનું બોલવું શરૂ થાય છે એમ સમજવું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહેલી બુદ્ધિ; મોક્ષ કે જે પરમ પુરુષાર્થરૂપ છે તેના સાધનમાં નિશ્ચયવાળી થતી નથી તેમજ ચિત્ત પણ ઉત્તરોત્તર વધતા જતા રાગરૂપી પલ્લવોવડે પલ્લવિત (ફાલેલ) છે, અને અનેક દુષ્ટ સંકલ્પોવડે વિવેક ન પ્રવેશ કરી શકે તેવું ગહન છે, જનેલીધે તે પોતાના શુદ્ધ સાક્ષિના વિવેકમાં પ્રકાશવાળું થતું નથી.[૭] પીપળા આદિ વૃક્ષોનાં ખરી જઈ નીચે પડેલાં સૂકેલાં પાંદડાંઓના ઢગલા આદિવડે અંદર માંડ દાખલ થઈ શકાય તેવા કોઈ ક્ષુદ્ર ગામના અંદરના ભાગનીપેઠે એ મન અનેક દુષ્ટ સંકલ્પોના ઢગલાઓવડે અંદર વિવેક ઘણે કષ્ટે પણ માંડ દાખલ થઇ શકે તેવું છે. જીવિકા પણ નાના પ્રકારના ભોગોની વાસનાઓરૂપી દુર્ગંધને પોતાના અંગમાં ધારણ કરી રહેલી, ગીધપક્ષીનીપેઠે પોતાના ભક્ષ્ય (વિષય) તરફ્ ટાંપી રહેલી ઇંદ્રિયોનેલીધે, ખરાબ ગામમાં કરેલા નિવાસનીપેઠે નિરંતર અનેક પાપ ઉપજાવનારી છે.[૮] બુદ્ધિ પણ કરંજ આદિ કંટકવૃક્ષની લતાનીપેઠે કરાલ અને કુટિલ છે. આ આયુષ્ય પણ અનેક પરિશ્રમોવાળી, અજ્ઞાનનેલીધે અંધાપો આપનારી અને અવિચ્છિન્નપણે નિરંતર ચાલ્યા કરતી વિષયચિંતાવડે, જેમ અંધકારવડે કશું ન દેખાવા દેનારી રાત્રિવડે દીપક આદિ પ્રકાશની સહાયતા વિનાનું ચક્ષુ કશું કાર્ય ન કરી શકતાં નિષ્ફળ થાય તેમ, બ્રહ્મજ્ઞાનરૂપી પ્રકાશને નહિ પ્રાપ્ત થતાં પોતાનું પરમપુરુષાર્થરૂપી કાર્ય ન કરી શકવાથી સાવ વૃથાજ નિષ્ફળ ચાલ્યું ગયું. અમારી આ તૃષ્ણા સૂકેલી લતાનીપેઠે જરા પણ વિવેકરૂપી રસને ગ્રહણ કરતી નથી. વારંવાર નિષ્ફળ થવાથી તે જોકે નાશને પ્રાપ્ત થઇ ગયેલી ભાસે છે; પરંતુ કદીપણ નિર્મૂળ થતી નથી, કે પુષ્પિત કે ફલિત પણ થતી નથી. જે કાંઇ નિત્ય-નૈમિત્તિક આદિ કર્મો કરવામાં આવે તે તો જન્માંતરોમાં સંચિત કરેલાં અનેક દુષ્કર્મોના ઢગલાઓમાંથી થોડાએક ભાગને નિવૃત્ત કરી પોતે પણ ક્ષીણ થઇ જાય છે. વાસનારૂપી બીજ તો ઉત્તરોત્તર અનર્થ ઉત્પન્ન કરનારાં કામ્ય અને નિષિદ્ધકર્મમાંજ પ્રવર્તાવે છે.[૯-૧૧] આખું જીવિત સ્ત્રી-પુત્ર-મિત્ર ભૃત્ય, ઇત્યાદિ લોકોમાં આસક્તિવડેજ વ્યતીત થઇ ગયું. સંસારરૂપી સમુદ્ર તરી શકાયો નહિ. પ્રતિદિન ભય ઉત્પન્ન કરનારી ભોગોની આશા પ્રબળ થવા માંડી.[૧૨] ઘર કે જે પુત્ર, મિત્ર, પશુ, ધન ઇત્યાદિવડે કોઈ વખત પૂર્ણતાવાળું હોય અને કોઇ વખત અપૂર્ણ હોય છે તેની અંદર, કોઈ એક ખાડામાં પેદા થએલા બાવળનીપેઠે પડ્યા રહી, લક્ષ્મી સંપાદન કરવામાટે ચિંતારૂપી જ્વરવડે વિકારવાળી મોટી મોટી આપદાઓ મેં સહન કરી લઇ નિવૃત્ત કરી.[૧૩] જેમ પોતાની અંદર રહેલા સર્પના મસ્તકના મણિવડે પ્રકાશમય થઇ રહેલી કોઇ અંધકારવાળી ગુફા, અંદર સર્પ નહિ દેખવામાં આવવાથી રત્ન લેવાની ઇચ્છા કરનારા પુરુષને પોતાની અંદર પ્રવેશ કરાવી, સર્પદંશ આદિદ્વારા છેતરે છે તે રીતે, લક્ષ્મી પણ પુરુષ ગમે તેવો અખુટ ધન આદિ સાધનવડે સંપન્ન હોય અને શસ્ત્ર આદિવડે જરાપણ ઘવાયેલ ન હોય તોપણ તેને વારંવાર લાલચમાં નાખી, દૂર આકર્ષણ કરી લઈ, શત્રુઓ-ચોરો વગેરેના કબજામાં સોંપી દઇ, સર્વ સમૃદ્ધિનો નાશ અને શસ્ત્રઘાત આદિ દુઃખ પણ પેદા કરી, છેવટ છેતરે છે; તે એવી અતિ ક્રૂર છે.[૧૪] મારું ચિત્ત આશાઓરૂપી અનેક તરંગોવડે ડોળાએલું છે, ચારેકોર દોડ્યા કરે છે તોપણ તે કશા અર્થને પ્રાપ્ત થતું નથી અને શુષ્ક થઇ ગયેલા સમુદ્રની-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પેઠે દુષ્પૂર હોવાથી મહા અભાગીયું છે, તેનેલીધે હું કે જે એ ચિત્તને પરવશ થઇ રહ્યો છું, અને કેવળ ઇંદ્રિયોના વિષયોમાંજ લંપટ થઈ રહેલ છું, તેની વિવેકી પુરુષો ઉપેક્ષા રાખે છે.[૧૫] જેમ ગુંદાંનું ઝાડ અપવિત્ર જગ્યોમાં રહેલ હોય અને કાંટાઓવડે વ્યાપ્ત હોય તેમ આ ચિત્ત પણ, દેહ કે જે મળ-મૂત્ર-રક્ત-માંસ આદિથી મહા અપવિત્ર છે તેની અંદર રહેલ છે, અને દુર્ગુણોરૂપી અનેક કાંટાઓવડે વ્યાપ્ત છે. તાત્વિક દૃષ્ટિએ તો તે સાવ મિથ્યાજ છે, છતાં તે મોટા મોટા કર્મોના આરંભો કરી રહેલું છે. ધનંજય નામનો વાયુ જેમ નિરંતર દેહમાં ફર્યા કરે છે તેમ એ ચિત્ત પણ પોતે ચંચળતાનેલીધે નિરંતર ભ્રમણ કર્યા કરે છે. હું વારંવાર દેહપાતદ્વારા મરણને પ્રાપ્ત થયા છતાં પણ મરણને નહિ પામેલું અને ઇચ્છિત પદાર્થ નહિ મળવાથી શૂન્ય ચેષ્ટાવાળું એ ચિત્ત, કેવળ દુઃખ ઉપજાવવાનેમાટેજ ચોતરફ દોડયા કરે છે. શાસ્ત્રવિચાર અને સત્સંગતિરૂપી ચંદ્રમા તથા તારાઓને ધારણ કરી રહેલી તથા અહંકારરૂપી યક્ષવાળી, અજ્ઞાનરૂપી રાત્રિ હજીસૂધી ક્ષીણ થઇ નથી.અજ્ઞાનરૂપ અંધકાર કે જે હાથીનાજેવોમહા મદોન્મત્ત છે તેને ફાડી ખાવામાં સિંહના જેવા, કર્મરૂપ ઘાસને બાળી નાખવામાં અગ્નિતુલ્ય અને વાસનારૂપી રાત્રિનો ક્ષય કરનાર વિવેકરૂપી સૂર્ય હજી (મારા ચિત્તમાં) ઉદય પામ્યો નથી. દૃશ્ય આદિ કે જે અવસ્તુ છે તેને મેં વસ્તુરૂપે જાણેલ છે. મારો ચિત્તરૂપી હાથી મહામદોન્મત્ત છે.[૧૬-૧૯] ઇંદ્રિયો મારાં કલેજાંને કાતરી ખાય છે. આગળ ઉપર મારી શી ગતિ થશે એ કશું મારા જાણવામાં આવી શકતું નથી. શાસ્ત્રદૃષ્ટિ કે જે પ્રથમ સાધનદશામાં ઉપયોગી છે, અને છેવટ સંસાર તરી જવામાટે અસંગ અને ઉદાસીન થઇ રહેલા વિધિનિષેધને ઉલ્લંઘી ગયેલા પંડિત પુરુષો જેનો કેવળ આશ્રય પકડતા નથી, તે પણ મને તો વાસનાનો આવેશ ઉત્પન્ન કરી દઈ અંધાપાની પેઠે આંધળો બનાવી દે છે. ઉપર જણાવ્યા પ્રમાણે ચોતરફથી અનર્થો ઉત્પન્ન થવાની સંભાવનાનેલીધે હું કે જે અતિ દારુણ મહામોહમાં બૂડી ગયેલ છું, તે એ મહામોહ તરી જવાને અને ઉત્તરકાલમાં મોક્ષ મળવાનેમાટે જે કાંઇ મારે કરવાલાયક હોય તે આપને પૂછું છું, માટે મહારાજ ! આપ મને કૃપા કરી કહો.[૨૦,૨૧] હે ભગવન્ ! શરત્કાલનીપેઠે જ્યારે કોઈ વિવેક આદિ શુભગુણસંપન્ન મહાત્મા ગુરુ મળી જાય ત્યારે આકાશનીપેઠે શિષ્યની મોહરૂપી આકળ ક્ષીણ થઈ જાય છે અને દિશાઓનીપેઠે સર્વ મનોરથો નિર્મલ (રાગ-દ્વેષ આદિ મેલથી રહિત) થઇ જાય છે; આમ જે લોકમાં પ્રસિદ્ધ છે અને મહાત્માઓ પણ કહે છે, તે વાત આપે મને કરેલા સંસારની નિવૃત્તિ કરનારા બોધવડે (મારૂં કાર્ય સિદ્ધ કરી આપી) યથાર્થ થાઓ.[૨૨]

शाम्यंति मोहामिहिकाः शरदीव साधौ प्राप्ते भवंति विमलाश्च तथा खिलाशाः ॥ सत्येति वाग्भवतु साधुजनोपगीता मद्बोधनेन भवता भवशांतिदेन ॥ २२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' મંકિવૈરાગ્ય ' એ નામનો ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૪

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૨૫ મો.*

બંધપ્રદ બીજચતુષ્ટય અને તેના નાશનો ઉપાય.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

સંવેદનં ભાવનં ચ વાસના કલનેતિ ચ ॥
અનર્થાયેહ શબ્દાર્થો વિગતાર્થો વિજૃંભતે ॥૧॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રથમ તો ઇંદ્રિયોવડે વિષયોનો ઉપભોગ કરવારૂપી સંકલ્પ સ્ફુરે છે, પછી એ વિષયોનો વિયોગ થતાં તેના ગુણો સ્મરણમાં આવતાં વારંવાર ચિત્તમાં તેની ભાવના થયા કરે છે; પછી ચિત્તમાં તેની દ્રઢ વાસના બંધાય છે, અને તેનેલીધે મરણકાળમાં પણ ભાવિ દેહ આદિને પેદા કરવામાં અનુકૂળ એવી સ્મૃતિ થાય છે. એ બીજચતુષ્ટય આ સંસારની અંદર સર્વ અનર્થોના બીજરૂપ છે, અને વસ્તુતાએ પોતે મિથ્યા હોવાથી વ્યર્થ છતાં ફક્ત અવિદ્યાનેલીધેજ પદાર્થરૂપે ભાસી રહે છે.[૧] ઇંદ્રિયોવડે વિષયોનો ઉપભોગ કરવારૂપી સંકલ્પજ પદાર્થોમાં સુખબુદ્ધિ પેદા કરી વારંવાર ભાવના થવાના મૂળરૂપ થાય છે; એમ તમે સમજો. તેની અંદરજ સર્વ દોષોનો સમાવેશ રહેલો છે. જેમ પુષ્પ-પલ્લવ આદિ સહિત આખી લતા વસંતઋતુમાં પ્રવૃત્ત થનારા પોતાના રસમાં સૂક્ષ્મરૂપથીરહેલી છે, તેમ સર્વ આપત્તિઓ સૂક્ષ્મરૂપે તેની અંદરજ રહેલી છે.[૨] આ અતિ વિકટ સંસારમાર્ગમાં વાસનાઓના આવેશને વહન કરનારા જીવોનાં અનેક ચરિત્રો અને વૃત્તાંતોનો સમુદાય વિચિત્ર તરેહના પ્રવાહોવડે અવિચ્છિન્ન રીતે ચાલ્યા કરે છે.[૩] જેમ વસંતઋતુના અંતમાં ધીરે ધીરે પૃથ્વીનો રસ ક્ષીણ થઇ જાય છે તેમ વિવેકી પુરુષની પણ આ સંસારરૂપી ભ્રાંતિ વાસનાઓ સહિત ધીરે ધીરે ક્ષીણ થતી જાય છે.[૪] જેમ વનની અંદર ફેલાઇ રહેલી કેળોનાં ઝાડની વૃદ્ધિને વસંતઋતુ સંબંધી રસસમૂહ ઉત્પન્ન કરે તેમ વાસનાજ આ સંસારરૂપી કાંટાવાળા સલ્લકી એવા નામના વેલાની વૃદ્ધિ કરનાર છે.[૫] અજ્ઞાનના આશ્રયરૂપ જીવચૈતન્યની અંદર, જેમ પૃથ્વીમાં વસંતઋતુનો રસ વનરૂપે પ્રકટ થઈ જાય તેમ વાસનારૂપી રસ સંસારરૂપી અંધાપા (અજ્ઞાન) તરીકે ઉદય પામે છે.[૬] સર્વે દૃશ્યમાત્રથી રહિત શુદ્ધ ચિદ્રૂપ પરમાત્માવિના બીજું કશું વસ્તુતાએ છે નહિ. જેમ અનંત આકાશની અંદર શૂન્યતાવિના બીજું કાંઈ નથી તેમ અનંત પરમાત્મામાં જગત આદિ બીજું કશું સદ્રૂપે નથી.[૭] " સાક્ષીરૂપે સર્વદા સ્ફુર્યા કરતો ચિદ્રૂપ આત્મા, દેહ—ઇંદ્રિય આદિથી જુદો નથી અને તેથી જુદો પ્રતીતિમાં પણ આવતો નથી, " એવી જ અનાદિ કાળની ભ્રાંતિ છે તેજ અવિદ્યારૂપે, ભ્રમરૂપે અને સંસારરૂપે ફેલાઇ રહેલ છે.[૮] જે પદાર્થ વસ્તુતાએ અસત્ય હોય અને ભ્રાંતિવડેજ ખડો થઇ જઇ બાળકને ભ્રાંતિવડે જોવામાં આવતા વેતાલનીપેઠે સદ્રૂપે દેખાતો હોય તે જ્ઞાન થતાં તરત નષ્ટ થઇ જાય છે.[૯] ચેતનસત્તા સર્વત્ર એક છતાં જે દૃશ્ય ઉપાધનેલીધે ભિન્ન ભિન્ન જણાય છે તે સર્વ દૃશ્યસંબંધી દૃષ્ટિનો બાધ થઇ જતાં સર્વના સારરૂપ ચેતનતત્ત્વજ અવશેષ રહેવાથી, જેમ આ આખી પૃથ્વી ઉપરની નદીઓના સમૂહો સમુદ્રમાં એકરૂપ થઇ જાય તેમ સર્વ પરમાત્મામાં એકરસરૂપ થઇ જાય છે.[૧૦] જેમ મૃત્તિકામાંથી બનાવેલાં મૃન્મય પાત્રો મૃત્તિકાવિના તેનાથી જુદાં જોવામાં આવતાં નથી, તેમ આ સર્વ દૃશ્યજાલ ચિન્મય અને ચિત્સત્તાવડેજ સદ્રૂપ હોવાથી ચેતનતત્ત્વ વિના તેનાથી જુદું

* આ પચીશમા સર્ગમાં પરમાત્માનેવિષે માત્ર અવિદ્યાવડે ઉત્પન્ન થયેલ જીવને બંધાઈ જવાનું બીજચતુષ્ટય કહેવામાં આવશે, અને વિદ્યા (જ્ઞાન) એ બીજોને બાળી નાખનાર છે એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

દેખાતુંજ નથી.[૧૧] જે વસ્તુ જ્ઞાનવડે જાણવામાં આવે તે જ્ઞાનરૂપજ કહેવાય છે. અજ્ઞાન પોતાનાથી વિરૂદ્ધ રૂપવાળું હોવાથી જ્ઞાનવડે તે જુદે રૂપે જણાતુંજ નથી, અને તેનેલીધે જ્ઞાન કે જે ચિદ્રૂપ છે તેનાવિના બીજું કશું છેજ નહિ.[૧૨] દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, એ પ્રત્યેકમાં જ્ઞાન કે જે ચેતનસત્તારૂપ છે, તેજ માત્ર સારરૂપ છે; અને તેનેલીધે ખપુષ્પ (આકાશનું ફૂલ)નીપેઠે બીજું કશું તેનાથી જુદું નથી.[૧૩] સજાતીય પદાર્થ પોતાના સજાતીય પદાર્થની સાથેજ એકતાને પ્રાપ્ત થાય છે, તો જગતમાં સારરૂપે રહેલી ચિત્સત્તાનો અને મહાચિત્સત્તાનો અન્યોન્ય એકતાનો અનુભવ સિદ્ધ થતાં, તત્ત્વ એકજ છે, એવો નિશ્ચય થાય છે.[૧૪] જો કદાચિત્ કાષ્ટ-પાષાણ આદિ જડપદાર્થોનું ચેતનપણું ન હોય તો શશશૃંગ આદિ અસત્ પદાર્થોનીપેઠે તેનું સદાકાળ સ્ફુરણજ (પ્રતીતિજ) ન થવું જોઇએ.[૧૫] જ્યારે આ સઘળી દૃશ્યવર્ગની શોભા એક બોધરૂપજ માનીએ, ત્યારે તે બોધથી (ચેતનતત્ત્વથી) વસ્તુતાએ જુદી નહિ, છતાં કેમ જાણે અવિદ્યાવડે જુદી હોય તેમ, બોધરૂપ એ ચેતનતત્ત્વવડે ઇંદ્રિયદ્વારા સ્ફુરિત થઇ જઈ અનુભવમાં આવે છે.[૧૬] જેમ વાયુ માત્ર સ્ફુરણરૂપજ છે, અને સમુદ્ર માત્ર જળરૂપ છે, તેમ જગતની અંદર રહેલ સર્વ દૃશ્ય કે જે ચોતરફ ફેલાઇ રહેલ છે તે માત્ર બોધરૂપ (ચેતનરૂપ) છે.[૧૭] લાખ અને કાષ્ટ આદિ પદાર્થો જે કે પરસ્પર સંયોગ સંબંધનેલીધે એક બીજામાં મિશ્ર થઇ ગયેલા (એકતાને પ્રાપ્ત થઇ ગયેલા) જણાય છે, પરંતુ ઉપર ઉપરથીજ તેઓનું મિશ્રપણું લાગે છે; બાકી વિવેકવડે અનુભવ કરતાં તેઓ જુદાજ નજરે પડે છે. ખરી એકતા તો એજ ગણાય છે કે જે વિવેકવડે અનુભવ કરતાં પણ કાયમ રહે છે. પાણીમાં પાણીની અને દૂધમાં દૂધની જેમ અન્યોન્ય એકરૂપતા થઈ જાય છે, તેમ એક બીજામાં અન્યોન્ય એકતાનો અનુભવ થવો એજ ઐક્ય કહેવાય છે. તો દ્રષ્ટા અને દૃશ્ય, એ બન્નેમાં રહેલી ચિત્સત્તાનું (એ બન્ને એકરૂપજ હોવાથી) ઐક્યજ સિદ્ધ છે.[૧૮-૧૯] ' હું અમુકરૂપ છું ' એવો અહંકાર સ્ફુરી આવવો એ બંધ ઉત્પન્ન કરનાર છે, અને ' હું એવું કાંઇ વસ્તુતઃ છેજ નહિ ' એમ જ્ઞાન થવું એ મોક્ષ આપનાર છે. માત્ર એટલોજ બંધ-મોક્ષનો હેતુ છે, અને તે પોતાની સ્વાધીનતામાં રહેલ છે, તો તેમાં શામાટે અશક્ત થઇ બેસી રહેવું ?[૨૦] અહંકાર કે જે બે ચંદ્રમાની પ્રતીતિનીપેઠે અને ઝાંઝવાના જળમાં થતી જળભ્રાંતિનીપેઠે માત્ર મિથ્યારૂપેજ પ્રતીતિમાં આવે છે તે શું ઉત્પન્ન થયેલ કહી શકાય કે ? નજ કહી શકાય.[૨૧] 'અમુક મારૂં છે' એમ ચિત્તમાં સ્ફુરણ થવું એ બંધકારક છે, અને ' હું એવી કાંઇ વસ્તુજ નથી તો પછી મારૂં તો કયાંથીજ હોય ' એમ સમજાઇ જવું એ મોક્ષકારક છે. માત્ર આટલીજ સમજણની વાત છે, અને તે પોતાના તાબાની છે, તો તેમાં શામાટે મૂર્ખ બની જઇ મુંઝાઈ રહેવું ?[૨૨] જેમ કુંડામાં રહેલાં બોર કુંડાની અંદર રહ્યા છતાં પણ કુંડાના ઉપરના ભાગથી તિરોહિત થઇ જવાથી દેખાતાં નથી, તેમ અહંકાર કે જે મિથ્યારૂપ છે તેની અંદર ચિદાત્મા કે જે સત્ય છે તે પ્રવિષ્ટ થઇ જવાથી તેનું શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સ્વરૂપ તિરોહિત થઇ જાય છે તેથી દેખાતું નથી; અથવા તો આકાશ કે જે અપરિચ્છિન્ન (અનંત) છે, તેની અંદર ઘડારૂપ ઉપાધનેલીધે ઘટાકાશરૂપે પરિચ્છિન્નતા (પરિમાણમાં આવી જવાપણું) પ્રાપ્ત થાય છે, તેમ આત્મા કે જે અપરિચ્છિન્ન છે, તેની અંદર અહંકારરૂપી ઉપાધિનેલીધે પરિચ્છિન્નપણું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રાપ્ત થાય છે. આ બન્ને કોટી (દ્વૈતસાધક હોવાથી) અહીં ઘટતી નથી, કેમકે જે સંબંધથી આત્માનું અહંકારવડે તિરોહિતપણું કે પરિછિન્નપણું થઇ જાય, એ સંબંધજ અહંકારને આત્માથી ભિન્ન કલ્પવા જતાં આત્માથી ભિન્ન વસ્તુનું મિથ્યાપણું હોવાથી સંભવતો નથી; તેથી સિદ્ધ થાય છે કે અહંકાર પણ આત્માથી જુદી સત્તાવાળો નથી; માત્ર બે ચંદ્રમાની ભ્રાંતિનીપેઠે આત્માની અંદરજ અવિદ્યાવડે ભેદની કલ્પના કરી લેવાથી એ અહંકાર સ્ફુરી આવે છે, અને કેમ જાણે એ બન્ને એકજ હોય તેવી પ્રતીતિ થાય છે. વાસ્તવિક રીતેજ જડ અને ચેતન એ બન્ને અંશોનું (અહંકાર આદિ રૂપે) ભેગા થઇ જવું એજ આત્મા છે, એમ આત્માનું સ્વરૂપ માનવા જતાં એ મોટો વિરોધ આવે છે કે જે ચેતન અંશ, જડ અંશમાં એકરસરૂપ થઇ જઇ મળી જાય છે, એમ માનવામાં આવે, તો સર્વ જડરૂપજ થઈ જતાં આત્મામાં સત્તાસ્ફૂર્ત્તિ થવી ઘટતી નથી; અને જડ અંશ ચેતન અંશમાં એકરસરૂપ થઇ મળી જાય છે, એમ માનવામાં આવે તો સર્વ ચિદ્રૂપજ થઇ જતાં યદ્યપિ સત્તાસ્ફૂર્ત સંભવે છે; પરંતુ ચેતનતત્ત્વ પોતે નિર્વિષય (વિષય સંપર્કથી રહિત) હોવાથી તેનું સ્ફુરણ પણ નિર્વિષયજ થવું ઘટે છે, કેમકે દરેક વસ્તુ જડ હોય કે ચેતન હોય, પરંતુ પોતાનું જે એક મૂલ વાસ્તવિકરૂપે હોય તેને તે કદી પણ છોડતું જ નથી.[૨૩,૨૪] એ રીતે એ બન્ને જડ-ચેતનનું એકબીજામાં મળી જઈ એકરૂપ થઇ જવાપણું (અંધારાની અને પ્રકાશની એકરૂપતાની પેઠે) અન્યોન્ય અનુભવથી વિરુદ્ધ છે. વળી આત્મા કે જે સ્વભાવેજ ચેતનરૂપ છે તે કદી પણ જડ હોઇ શકતો નથી, કેમકે પદાર્થના સ્વભાવ કદી પણ બદલાઇ જતા નથી. ચેતનરૂપ આત્મા જે જડ (અહંકાર આદિ) રૂપે જોવામાં આવે છે તેનું કારણ તો વળી બીજુંજ (અવિદ્યારૂપ) છે. બાકી એ જડની ચેતનસાથે વાસ્તવિક એકરૂપતા તો સ્વપ્નવત્ સંભવિતજ નથી.[૨૫] વાસનાઓ અને અભિમાનોવડે વીંટાઇ રહેલા તથા સેંકડો દુષ્ટ વિકારોવડે ખેંચાઇ જઇ આમતેમ દોડ્યા કરતા અવિવેકી પુરુષો પર્વત ઉપરથી નીચે પડેલી શિલાઓનીપેઠે નીચા નીચા જતા જાય છે.[૨૬] વાસનાઓરૂપી વાયુઓએ ખેંચી આમતેમ લઇ જવાતાં મનુષ્યોરૂપી તૃણોને એવાં એવાં તો-જન્મ જરા-મરણ-નરક-આદિ-દુઃખો પ્રાપ્ત થાય છે કે જે વિષે બોલવા બેસીએ તો કાંઇ પારજ આવે નહિ.[૨૭] પોતાની વાસના અને અભિમાનને અનુસારે વિષયોમાં રાગ થવો ઇત્યાદિ રસવડે વિષયોની અંદરજ બંધાઈ જઇ આસક્ત થઇ રહેલાં મનુષ્યો હાથમાંથી છુટી ગયેલા દડાની પેઠે અત્યંત ભટકી ભટકી છેવટ (પાપોને યોગે) નરકોમાં પડે છે, અને ત્યાં યમયાતનાનો ક્લેશ ઘણો લાંબો કાળ સહન કરવાથી ચોતરફથી જાજરા થઇ જાય છે, અને પછી કાળાંતરે પણ સ્થાવર-કૃમિ-કીટ આદિ જન્મો ગ્રહણ કરી કેમ જાણે કોઇ બીજાજ હોય તેવા થઇ જાયછે.[૨૮]

भ्रांत्वा भृशं करतलाहतकंदुकाभं लोकाः पतंति निरयेषु रसेन रक्ताः ॥ क्लेशेन तत्र परिजर्जरतां प्रयाताः कालांतरेण पुनरन्यनिभा भवंति ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મંકિબોધન' એ નામનો પચ્ચીશમો સર્ગ સંપૂર્ણ. ૨૫

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૨૬ મો.*

અનર્થોની ઉત્પત્તિ અને વિનાશ.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

संसारमार्गगहने पतितस्याऽऽपतंति हि ॥
वृत्तवृत्तांतलक्षाणि कीटा इव घनाऽऽगमे॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જીવ કે જે આ સંસારમાર્ગરૂપી મહાવિકટ અરણ્યમાં ભટક્યા કરે છે તેને, જેમ વર્ષાઋતુમાં અનેક કીડાઓ પેદા થાય તેમ પ્રથમ ઘણીવાર અનુભવમાં આવી ગયેલ ક્ષુધા-તૃષા-જરા-મરણ-ભય આદિ લાખો વૃત્તાંતો પાછાં વારંવાર પ્રાપ્ત થતાં રહે છે.[૧] જેમ જંગલમાં જુદે જુદે ઠેકાણે રહેલા પાષાણો એક બીજા સાથે કશો સંબંધ રાખતા નથી, તેમ આ સર્વ પદાર્થો વસ્તુતાએ જોતાં એક બીજા સાથે કશો પણ સંબંધ ધરાવતા નથી; માત્ર વાસનાજ તેઓનો એક બીજામાં પરસ્પર સંબંધ કરાવવામાં સાંકળરૂપ છે.[૨] એ વાસનાનું મૂળ ચિત્ત છે, કે જે વસંતઋતુમાં વન જેમ પૃથ્વીમાં રહેલા રસવડે રંગાઈ જઈ પુષ્ટ થઇ જાય તેમ રાગ-દ્વેષ-આદિ રસવડે રંગાઈ જઇ પુષ્ટ થઈ જાય છે, એટલુંજ નહિ પણ વિવેકની વાતમાં તે સાવ અંધજ બની જાય છે; અને જંગલ જેમ અનેક વૃક્ષોવડે વ્યાપ્ત હોય તેમ એ ચિત્ત પણ અનાદિ કાળથી અનુભવમાં આવ્યા કરતાં અનેક વૃત્તાંતોવડે ભરપૂર થઈ રહેલ છે.[૩] અહો! અતિ શોચનીય વાત છે કે વાસનાનેલીધે પરવશ બની ગયેલાં પ્રાણીઓ વારંવાર પ્રાપ્ત થયા કરતા જન્મોમાં વિચિત્ર પ્રકારનાં અનેક સુખ-દુઃખોનો અનુભવ કરતાંજ રહે છે.[૪] અહો! ખરેખર બહુ ખેદની વાત છે, કે વાસના અતિ વિષમ (નઠારી) છે. કે જેને લીધે મનુષ્યો વસ્તુતાએ સાવ મિથ્યા છતાં માત્ર અજ્ઞાનના બળથી દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, એ ત્રિપુટીરૂપે થઇ રહેલા પદાર્થોવડે પોતાની અંદર આ સંસારરૂપી ભ્રાંતિને અનુભવે છે.[૫] આનંદવડે પરિપૂર્ણ અમૃતને (મોક્ષને) ધારણ કરી રહેલ, શુદ્ધ, જગતમાં પ્રકાશ કરનાર અને સર્વ પદાર્થોના સંબંધમાં શીતળતાવાળા વિવેકી પુરુષમાં અને આનંદવડે પરિપૂર્ણ અમૃતને ધારણ કરી રહેલ, શુદ્ધ, જગતમાં પ્રકાશ કરનાર, અને સર્વ પદાર્થોના સંબંધમાં શીતળતાવાળા ચંદ્રમામાં શો અંતર છે? કાંઇ નથી.[૬] આગળ-પાછળનો કશો પણ વિચાર કર્યા વિનાજ ગમે તે જે કાંઇ સારી માઠી વસ્તુ હોય તેની ઇચ્છા કરનારા અને મર્યાદાથી પણ રહિત થઈ ગયેલા મૂઢ પુરુષમાં અને તેવાજ સ્વભાવવાળા બાળકમાં શો ફેર છે? કાંઈ નહિ.[૭] પોતાને પ્રાપ્ત થયેલ વિષય ભલે શુભ હોય કિંવા અશુભ હોય, પણ તેને પ્રાણ જતાં સુધી પણ નહિ છોડનાર મૂઢ (અવિવેકી) પુરુષમાં અને પોતાને પ્રાપ્ત થયેલ મત્સ્યવેધનના કાંટામાં ભરાવી રાખેલ શુભ-અશુભ માંસના ટુકડાને પોતાના પ્રાણ જતાં સુધી પણ નહિ છોડનાર મગરમચ્છ—માછલાં આદિ જળજંતુઓમાં શો તફાવત છે? એ તમેજ કહો.[૮] શરીર, સ્ત્રી, ધન, વગેરે વગેરે આ સર્વ પદાર્થો સૂકી વેળુવડે બનાવેલાં શરાવલાંની પેઠે ક્ષણવારમાંજ નાશ પામી જનારા છે.[૯] બ્રહ્માથી માંડી ઠેઠ સ્તંબપર્યંત સેંકડો યોનિઓમાં આ આખા કલ્પસુધી તમે ભમ્યા કરશો તોપણ મનના નિરોધવડે જ્ઞાન પ્રાપ્ત થયા-વિના તમારા ચિત્તને કદીપણ શાંતિ મળ-વાની નથી.[૧૦] જન્મ-મરણ આલનાર કોઈ વટે-

* આ છવ્વીશમા સર્ગમાં વાસનાનેલીધે રાગ-દ્વેષ-આદિવડે ચિત્ત રંગાઈ જવાથી અનર્થની પ્રાપ્તિ થવાવિષે કહેવામાં આવશે, અને વિવેકવડે તત્ત્વજ્ઞાન થઈ જવાથી વાસના, રાગ-દ્વેષ ઇત્યાદિની શાંતિ થઈ જતાં જન્મ-મરણ આદિ સર્વ અનર્થોની નિવૃત્તિ થઇ ગયાની વાત પણ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by Sarayu Foundation Trust

માર્ગ પુરુષ બરાબર જોઇ તપાસી પગ મૂકે તો માર્ગનું વિષમપણું (ખાડાખૈયા) તેને કાંઈ બાધ કરી શકે નહિ, તેમ જે કોઇ ઉત્તમ પુરુષ પોતાના સ્વરૂપનું અને જગત આદિનું વિવેકવડે માત્ર અવલોકન કરે તેને જગતરૂપી જળનો બંધ જરાપણ બાધ કરી શકતો નથી.[૧૧] વિવેકવડે સાવધાન થઈ રહેલા તમારા ચિત્તને વાસના ગળી શકશે નહિ, કેમકે જે પુરુષ સાવધાન હોય અને જાગતો હોય તેને પિશાચ શું કરી શકે ? કાંઇ નહિ.[૧૨] જેમ નેત્રનું ફેલાવું રૂપનો પ્રકાશ કરવા માત્રજ છે, તેમ અહંકારસહિત આ જગત પણ સાક્ષિચૈતન્યનું બહિર્મુખ થઈ પ્રસરી જવારૂપજ છે.[૧૩] હે કામ-ક્રોધ-આદિ છ શત્રુઓને નાશ કરનાર ! જેમ નેત્ર બંધ થતાં રૂપનો પ્રકાશ થવો અટકી પડે છે, તેમ વૃત્તિદ્વારા બહિર્મુખ થઇ ગયેલા સાક્ષિચૈતન્યનું વૃત્તિને અંતર્મુખ કરી દઇ પાછું પોતાના સ્વરૂપમાંજ વિરામવું થતાં સર્વ દૃશ્યવર્ગની પ્રતીતિ થતી પણ બંધ પડી જાય છે.[૧૪] પવન જેમ આકાશની અંદર પોતાના સ્વરૂપમાં ચલનશક્તિને વિસ્તારી દે, તેમ શુદ્ધ આત્મચૈતન્યજ અવિવેકવડે કાંઈક બહિર્મુખ બની જઇ, ચિદાકાશરૂપી પોતાના મહાવિસ્તીર્ણ આત્મસ્વરૂપમાંજ અહંકાર સહિત, આ જગત કે જે સાવ મિથ્યા છે તેને ફક્ત ભ્રાંતિવડે કલ્પનાદ્વારા વિસ્તારી દે છે.[૧૫] આ જગત કે જે વસ્તુતઃ અસત્યજ છે તેને બ્રહ્મચૈતન્યે પોતાનાથી જુદું નહિ રચ્યા છતાં કેમ જાણે તેનાથી એ જુદું હોય અને સત્ય હોય તેવું થઇ રહેલ છે, બાકી તત્ત્વદૃષ્ટિએ જોતાં તો મૃત્તિકામાંથી કે સુવર્ણમાંથી બનેલો ઘટ મૃત્તિકા-સુવર્ણ-આદિ પોતાની મૂળ ધાતુથી જુદો પાડી ગ્રહણ કરી શકાતો નથી, કિંતુ એ ઘટભાવ વસ્તુતઃ ભિન્ન નહિ છતાં મૃત્તુવર્ણાદિકના ભિન્ન-રૂપે માત્ર કલ્પાએલજ છે, તેમ આ જગત પણ બ્રહ્મનો એક વિવર્ત હોવાથી બ્રહ્મસત્તાથી તેની સત્તા જુદી પાડી ગ્રહણ કરી શકાતી નથી; અને વસ્તુતાએ તે બ્રહ્મનાથી જુદું ન છતાં બ્રહ્મના સ્વરૂપમાંજ અવિદ્યાવડે તેની ભિન્નરૂપે કલ્પના કરવામાં આવી છે.[૧૬] જેમ આકાશનું સ્વરૂપ શૂન્યમાત્રજ છે, પવનનું સ્વરૂપ ચલનશક્તિરૂપજ છે, અને તરંગ આદિનું સ્વરૂપ જળમાત્રજ છે, તેમ આ જગત ચિન્માત્રજ છે.[૧૭] આ ત્રણે લોક* સ્વગતભેદથી અને સજાતીયભેદથી રહિત કેવળ શુદ્ધબ્રહ્મરૂપજ છે, અને શાંત ચિદાકાશજ તેનું ખરું સ્વરૂપ છે; એમ તમે સમજો. બાકી એ પરમાત્માના વિશાળ સ્વરૂપમાં માત્ર ભ્રાંતિવડેજ આ ત્રિલોકી જળમાં પ્રતિબિંબરૂપે દેખાતા પર્વતનીપેઠે પ્રતીતિમાં આવે છે.[૧૮] પરમપદને પ્રાપ્ત થઇ ગયેલા શાંત જીવન્મુક્ત પુરુષને અંદર એવી તો શીતળતા પ્રાપ્ત થાય છે કે જેની પાસે અમૃતમય અતિ શીતળ ચંદ્રમા પણ પ્રદીપ્ત થયેલા અગ્નિના અંગારા જેવો લાગે છે.[૧૯] જગત જ્યારે અત્યંત શાંત સર્વવ્યાપિ પરમાત્મારૂપ છે, અને પોતાના અધ્યસ્ત સ્વરૂપથી શૂન્ય છે, તો પછી તેમાં એક પરમાત્માના

* વેદાંતશાસ્ત્રમાં સ્વગતભેદ, સજાતીયભેદ અને વિજાતીયભેદ, એમ ત્રણ જાતના ભેદ માનવામાં આવે છે. તેમાં બ્રહ્મથી વિજાતીય કાંઇ વસ્તુજ જુદી ન હોવાથી એ વિજાતીય ભેદનો નિરાસ તો પ્રથમજ અનેક યુક્તિઓથી કરી ચૂક્યા છે, અને આગળના બે ભેદનો અહીં કંઠરવથી નિષેધ કર્યો છે. એ ત્રણે ભેદવિષે દૃષ્ટાંતપૂર્વક પંચદશીમાં નીચે પ્રમાણે બતાવ્યું છે.

વૃક્ષસ્ય સ્વગતો ભેદઃ પત્રપુષ્પફલાદિતઃ ॥
વૃક્ષાંતરાત્સજાતીયો વિજાતીયઃ શિલાદિતઃ ॥

વૃક્ષનો પોતામાં પત્ર પુષ્પ ફળ વગેરે ભેદ એ સ્વગત ભેદ કહેવાય, એક એક જાતનું તો બીજું બીજી જાતનું, એ સજાતીયભેદ કહેવાય, અને એક વૃક્ષ અને બીજી શિલા એ વિજાતીય ભેદ કહેવાય.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અવિચ્છિન્ન પ્રકાશ વિના વળી બીજો (સૂર્ય, ચંદ્ર, તારા આદિનો) પ્રકાશ શી રીતે ઘટી શકે ? કયાં સાધનોથી ઉત્પન્ન થાય ? અને વળી તેનું બીજું જુદું સ્વરૂપ પણ કેવું હોય ? કાંઇ નહિ.[૨૦] જે સત્તા બ્રહ્મ શબ્દવડે કહેવામાં આવે છે તેજ સર્વ પદાર્થમાત્રનું પોતાનું વાસ્તવ સ્વરૂપ છે કે જેનો કોઇ પણ પ્રકારે કશો પણ બાધ થઇ શકતો નથી. આ સર્વ તે અબાધ્ય બ્રહ્મસત્તારૂપજ છે.[૨૧] જેની અંદર બાધનો અનુભવ થાય છે એવાં જે કાંઇ આ નામરૂપ જોવામાં આવે છે તેઓ, તેઓનો બાધ અને વધવું-ઘટવું-નાશ થવો એ આદિ તેના વિકારો, એ વગેરેનો સારી રીતે વિચાર કર્યા છતાં પણ તે અમારા જાણવામાં આવતાં નથી; કેમકે તે ખપુષ્પનીપેઠે મિથ્યાજ છે.[૨૨] તમે મનનો બાધ કરી દઇ આત્મસ્વરૂપને ઓળખી લઇ મહાશિલાનીપેઠે સ્થિર અને શાંત થઇ રહો. મનનો બાધ થતાં નામ-રૂપને આકારે થઇ રહેલા સર્વ વિકલ્પો, અને એ નામ-રૂપને પ્રમાણરૂપે અનુભવ કરાવનાર ચક્ષુ આદિ ઇંદ્રિય, એ સર્વનો પણ અભાવ થઈ જાય છે, પરંતુ સાક્ષિચૈતન્યનો કદીપણ અભાવ હોઈ શકતો નથી, કેમકે તે તો જન્મ આદિ વિકારોથી રહિત અબાધ્ય બ્રહ્મરૂપજ છે.[૨૩] હે અંગ ! મનને બાધિત કરી દઈ, આકાશના જેવા નિર્વિકાર, અસંગ અને અનંત આત્મસ્વરૂપમાંજ સ્થિતિ રાખી રહેલા વિવેકી પુરુષને નામ-રૂપની પ્રતીતિજ થતી નથી, કેમકે નામ-રૂપની પ્રતીતિ તો સ્વરૂપસ્થિતિમાં પોતાનો દૃઢ અભ્યાસ ન હોવાનેલીધેજ સ્વપ્નમાં જણાતા અનેક વિકારોરોનીપેઠે અનુભવમાં આવે છે.[૨૪] હિરણ્યગર્ભનું મન કે જે આ જગતનું નિર્માણ કરનાર છે તેણે સાધનસામગ્રીવિના વગર ભીંતે આશ્રયવિનાજ આ જગતરૂપી ચિત્રો [illegible] માત્રથીજ બનાવી દીધેલ છે, માટે એ માનસિક કાર્યમાં સ્વપ્ન આદિનીપેઠે મનનાથી જુદો બીજો કોઇ કર્તા પણ નથી, તેમ એ મનથી જુદું બીજું કાંઇ કાર્ય પણ નથી.[૨૫] સર્વ મનોમયજ છે, અને તે જ્યાં જ્યાં જેવો જેવો વિસ્તાર કરે છે, ત્યાં ત્યાં તે તે વસ્તુને આકારે પોતેજ થઇ રહે છે. એ રીતે દૃશ્યનો અભાવ હોવાથી જે કાંઈ દૃશ્યરૂપે જોવામાં આવે છે તે સાવ અસત્યજ છે; તેનેલીધે કોણ કર્ત્તા છે ? શું કાર્ય છે ? અને શું તેનું અધિષ્ઠાન છે ? કાંઇ નથી. (સર્વ મનનો વિલાસ માત્ર છે.)[૨૬] હું સુખી છું, એમ મનવડે માનવામાં આવે તો સુખીપણું છે, અને હું દુઃખી છું, એમ મનવડે મનાય તો દુઃખીપણું છે. એમ સુખ અને દુઃખ તથા તેના સાધનરૂપ દેહ-સ્ત્રી-પુત્ર-ધન આદિ પાર્થિવ વિષયો, એ સર્વ મનોમય છે, અને તેનેલીધેજ એ સર્વ જ્ઞાન થતાં શૂન્યરૂપ અથવા આત્મરૂપજ જણાય છે.[૨૭] જેમ સ્વપ્નમાં અનુભવમાં આવતા પર્વતો સાક્ષિચૈતન્યનોજ એક તરેહનો વિવર્ત્ત હોવાથી ચિદાકાશરૂપ છે છતાં તેઓ પાર્થિવ (પૃથ્વીનો વિકાર) કહી શકાય છે, તેમ દેહ-ધન-સ્ત્રી-પુત્ર આદિ સર્વ પદાર્થો એક જાતનો ચેતનનોજ વિવર્ત્ત હોવાથી ચિદાકાશરૂપજ છે છતાં પણ તેઓ પાર્થિવરૂપે થઈ રહેલ દેખાય છે.[૨૮] અહંકારનો આવિર્ભાવ થતાંવેતજ ઉત્પન્ન થવું, બંધવું, ઘટવું, નાશ થવો, ઇત્યાદિ ભાવવિકારોને ભ્રાંતિવડે ધારણ કરી રહેલી જગતના સર્વ પદાર્થોની સત્તા ખડી થઇ જાય છે, અને વિવેકવડે અહંકારનો અભાવ અનુભવવામાં આવે તો એ જગતના પદાર્થોની સત્તા બ્રહ્મ કે જે પોતાનું મૂળસ્વરૂપ છે તેમાં (જળનો પરપોટો જેમ જળમાં શમી જાય તેમ) શમી જાય છે; અને કાંઈ તાપ નહિ ઉપજાવતાં મહાશાંતિ આપનાર થાય છે.[૨૯] એમ [illegible] અને રૂપ, એ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

બન્ને સુવર્ણથી જુદાં નથી તેમ તમે કે જે શાંત આત્મારૂપ છો તેનાથી અસત્ય અહંકાર પણ જુદો નથી.[૩૦] મુક્ત થઇ ગયેલો, મન કે જે સર્વ સંકલ્પો-વિકલ્પોનું મૂળ છે તેનાથી રહિત, મૌનને (નિઃસંકલ્પ દશાને) ધારણ કરી રહેલ, કર્મો કર્યા કરતાં છતાં પણ કર્તૃત્વના અભિમાનથી રહિત હોવાનેલીધે અકર્ત્તા, અને અંદર શીતળતાવાળો વિવેકી પુરુષ શૂન્ય જેવો છતાં પોતાના સ્વરૂપના આનંદવડે પરિપૂર્ણ રહી શાંત થઇ રહે છે.[૩૧] પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલ વ્યવહાર કર્યા કરતાં છતાં પણ વાસના નહિ હોવાનેલીધે યંત્રવડે બનાવેલા શિલા આદિની પ્રતિમાના શરીરનીપેઠે કર્તૃત્વના અભિમાન વિનાનો જીવન્મુક્ત પુરુષ યથાસ્થિતપણે શાંતજ રહે છે.[૩૨] જેમ હીંચકતા પારણામાં સૂઇ રહેલા બાળકના અવયવો પોતાના દેહના અનુસંધાન વિનાજ વખતે આડાઅવળા થઇ જાય છે, અથવા તો કોઈ વખત એમજ નિષ્ક્રિય પડયા રહે છે, તેમ પોતાના આત્મસ્વરૂપને ઓળખી ગયેલા જીવન્મુક્ત પુરુષના અવયવો પણ પોતાના દેહાદિકના અનુસંધાનવિનાજ વખતે પ્રારબ્ધાનુસાર ક્રિયા કર્યા કરેછે, અથવા વખતે એમજ નિષ્ક્રિય પણ થઈ રહે છે.[૩૩] ચિત્તવૃત્તિના બહિર્મુખપણાથી રહિત થઈ જઈ પોતાના આત્મસ્વરૂપમાંજ અખંડ એકાકાર થઈ રહેલો અને આશાથી, સ્નેહથી, મનોરથથી તથા ઇચ્છાથી રહિત વિવેકીપુરુષ પોતે શાંત અને અનંત આત્માસાથે અખંડાકારવૃત્તિવડે એકરૂપજ થઈ રહેલો હોવાથી તેને દેહાદિકનું અનુસંધાન ક્યાંથીજ હોય ? નજ હોય.[૩૪] દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, એ ત્રિપુટીનો બાધ કરી દઈ કેવળ પોતાના નિરાકાર સ્વરૂપમાંજ સ્થિતિ રાખનારા, જ્ઞાનદૃષ્ટિવડે યથાર્થ આત્મસ્વરૂપને જાણી રહેલા અને નિસ્પૃહ વિવેકી પુરુષને દેહાદિકનું અનુસંધાન ક્યાંથી થાય ? નજ થાય.[૩૫] દરેક પદાર્થની ઇચ્છા થવી એજ દૃઢ બંધ છે, અને તેમાં સર્વથા વૈરાગ્ય થવો એજ મુક્તપણું છે; તોપછી પૂર્ણકામતારૂપી વૈરાગ્યદશામાં વિશ્રાંત થઇ રહેલા તત્ત્વજ્ઞ પુરુષને કોની અપેક્ષા રહે ? કશાની નહિ.[૩૬] આ પાર્થિવ શરીર પોતાના સ્વપ્નમાં દેખાતા શરીરનીપેઠે સાવ મિથ્યા અને ભ્રાંતિમાત્રજ છે, તો પછી શામાટે ઇચ્છા ઉત્પન્ન થાય ? શી ઇચ્છા થાય ? કોને થાય અને તે શા નિમિત્તથી પેદા થાય ? કાંઇ નહિ.[૩૭] આત્મજ્ઞાનવડે સંપન્ન થઇ રહેલ જ્ઞાની પુરુષ સર્વ ઇચ્છાઓથી, સર્વ કૌતુકોથી અને સર્વ પીડાઓથી રહિત થઈ જઈ ફક્ત પોતાના આત્માનંદમાંજ સ્થિર થઇ રહે છે.[૩૮] ઉપર પ્રમાણે મારાં વચનોનું શ્રવણ કરી એ મંકિઋષિએ સર્પ જેમ કાંચળીને છોડી દે તેમ એજ જગ્યાએ પોતાના મહાપ્રબળ મોહને પણ નિઃશેષ રીતે છોડી દીધો.[૩૯] એ મંકિઋષિએ વાસનાથી રહિત થઇ જઇ પ્રવાહપતિત કાર્યો કરતા રહી છેવટ સેંકડો વર્ષને અંતે પર્વતમાં સમાધિવડે સ્થિતિ કરી અને તે આજ દિવસપર્યંત પાષાણનીપેઠે સમાધિવડે અચળ થઇ રહ્યા છે. સર્વ ઇંદ્રિયોને પ્રત્યાહારવડે સમેટી લઇ યોગવડે એ આત્મામાંજ વિશ્રાંત છે, અને કોઇ વ્યુત્થિત કરાવે તોજ તે સમાધિમાંથી વ્યુત્થિત થાય છે.[૪૦,૪૧] હે રામચંદ્રજી ! આ મંકિઋષિએ ગ્રહણ કરેલા માર્ગનું અવલંબન રાખી, જ્ઞાનનો ઉદય થતાં શુદ્ધ થઇ રહેલ ચિત્તવડે તમે વિવેકને પ્રાપ્ત થઇ જઈ, પોતાના આત્માનંદમાં રમણ કરવા માટે શાંતિને પ્રાપ્ત થાઓ; અને તમારી બુદ્ધિ રાગવડે દૂષિત થઇ જઇ વિવેકની વાતમાં જળ વિનાનાં શરદૃઋતુનાં વાદળાંઓના સમૂહની પેઠે ક્ષણમાત્રમાં ક્ષીણતા-વાળી થઇ કદી પણ દીનતાનો પ્રાપ્ત ન થાઓ.[૪૨]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

एतेन राघव विवेकपदेन शांतिमासादयोदयवता मनसा विहर्तुम् ॥ मा दीनतां व्रजतु रागमयी मतिस्ते क्षीणा क्षणादसलिलेवशरद्धनाली ॥ ४२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉતરાર્દ્ધનો 'મંકિનિર્વાણસમાપ્તિ' એ નામનો છવ્વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૬

સર્ગ ૨૭ મો.*

ચિત્તની ચંચળતાથી જગતની પ્રતીતિ

॥ श्री वसिष्ठ उवाच ॥

निर्वाणो भव शांतात्मा यथाप्राप्तानुवृत्तिमान्। सन्नेवाऽसत्समःसौम्य स्फटिकादिव निर्मितः॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે શાંતિમાન રામચંદ્રજી ! વિવેકવડે ચિત્તને શાંત રાખી પ્રારબ્ધયોગે જે કાંઈ આવી મળે તેનું ગ્રહણ કરી લઇ તમે મુક્ત થઇ રહો; અને સ્ફટિકમાંથી બનાવેલા પ્રતિમાપુરુષનીપેઠે તમે વિદ્યમાન દેખાતાં છતાં પણ સંકલ્પ આદિથી રહિત હોવાનેલીધે અવિદ્યમાન જેવાજ થઈ રહો.[૧] વ્યવહારદૃષ્ટિએ જોતાં (અજ્ઞાનદશામાં) સર્વવ્યાપિ આત્મતત્ત્વ કે જે સમષ્ટિરૂપે એક છે તેજ વ્યષ્ટિભાવથી સર્વરૂપે થઇ રહેલ છે, અને પારમાર્થિકદૃષ્ટિએ જોતાં (જ્ઞાનદશામાં) વ્યષ્ટિભાવ અને સમષ્ટિભાવ એ સર્વનો બાધ થઈ જવાથી એ અવર્ણ્યતત્ત્વ સમષ્ટિરૂપે એક, કે વ્યષ્ટિરૂપે અનેક, એમ કોઇ પણ પ્રકારે કહી શકાતું નથી, તોપછી તેમાં નાના પ્રકારની બીજી કલ્પનાઓ તો ક્યાંથીજ ઘટે ? ન ઘટે.[૨] આ જે કાંઈ છે તે સર્વ આદિ-અંતથી રહિત ચિદાકાશરૂપ છે, અને ચેતનતત્ત્વવડે ભરપૂર છે. જો કે શરીરોની ઉત્પત્તિ અને નાશ થયા કરે છે, તોપણ અખંડ આત્મતત્ત્વને તેનાથી શો બાધ લાગે છે ? કાંઇ નહિ.[૩] જડ જગતની રચનાઓ અને જડ દેહાદિકની ચેષ્ટાઓ ચિત્તની ચંચળતાનેલીધેજ પ્રતીતિમાં આવે છે. (યોગવડે) ચિત્તની ચંચળતા જતી રહી તે આત્મામાંજ સ્થિર થઇ રહે તો એ સઘળું, તરંગો જેમ જળમાં શમી જાય તેમ આત્મામાંજ શમી જાય છે; અને વિચાર કરતાં તરંગ જેમ જળરૂપ જણાય તેમ એ સર્વપણ છેવટ વિચારદ્વારા આત્મરૂપજ જણાય છે.[૪] જેમ ધોળા વાદળામાં વસ્ત્રની ભ્રાંતિ લાવવી એ યથાર્થ નથી તેમ 'હું આ દેહરૂપ છું' એવી ભ્રાંતિ લાવવી એ પણ કાંઇ વાસ્તવિક રીતે યથાર્થ નથી.[૫] વારંવાર પુનર્જન્મ આદિ અનર્થ ઉત્પન્ન કરનારા દેહાદિક પદાર્થો, કે જે અવસ્તુરૂપ છે, તેમાં તમે અહંકાર લાવી બંધાઇ ન જાઓ; પરંતુ પરમાત્મા કે જે અનંત સુખ આપનાર, સર્વના આદિરૂપ અને મહામંગલમય તત્ત્વ છે તેનીજ ભાવના કરતા રહો, કે જેથી મોક્ષરૂપ પરમપુરુષાર્થની પ્રાપ્તિ થાય.[૬] ચિદાકાશ અનંત છે, કે જેનું દેશ-કાળ-વસ્તુ વગેરેથી કશું પણ પરિમાણ બાંધી શકાતું નથી અને એજ પરમતત્ત્વરૂપ વસ્તુ છે; માટે તમારું ચિત્ત સુખ—દુઃખ આદિમાં સમાન રહી એ પરમતત્ત્વની અંદરજ સદાકાળ લાગેલું રહો.[૭] તમે જો એવોજ આત્માકારવૃત્તિનો નિશ્ચય રાખશો તો તમે પોતેજ નિરંજન આત્મતત્ત્વરૂપ છો. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય, એમાંનું કશું સત્ય નથી.[૮] દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, એ સર્વ ચિત્તત્ત્વનીજ વિભૂતિ છે, કેમકે જડ વસ્તુ ચેતનતત્ત્વથી જુદી હોઇ શકતી નથી, માટે નથી; અને ધ્યાતા, ધ્યાન અને ધ્યેય, એ પણ છે નહિ.[૯]

* આ સત્તાવીશમા સર્ગમાં ચિત્તની ચંચળતાને લીધે ચેતનતત્ત્વની ચંચળતાની ભ્રાંતિ થઈ જઈ જગતની વિચિત્ર રચનાની પ્રતીતિ થયાનું કહેવાશે; અને ચિત્તની ચંચળતા મટી જવાથી જગતની ભ્રાંતિ પણ શાંત થઇ જતાં સ્વરૂપમાંજ સ્થિતિ થવાવિષે કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પડવાનો ચંદ્રમા ઉદય પામતાં જેમ સમુદ્ર (આનંદવડે) ઉછળવા માંડે છે અને પ્રલયનો પવન વાવાથી સૂકાઇ જાય છે, તેમ આત્મતત્ત્વ કે જે સર્વત્ર એક સમાનરૂપેજ રહેલ છે અને નિર્વિકાર છે, તેમાં ક્ષોભ થવો કે શમી જવું ઇત્યાદિ કશો વિકારજ થતો નથી.[૧૦] જેમ વહાણમાં બેશી જનારા પુરુષને પોતાની દૃષ્ટિના ભ્રમથી કાંઠે રહેલ ઝુંઝું, વૃક્ષ, પવત, ઇત્યાદિ ફરતાં દેખાય છે, અને છીપમાં જેમ ભ્રાંતિવડે રૂપ્યબુદ્ધિ થાય છે, તેમ શુદ્ધ અધિષ્ઠાનચૈતન્યમાં ચિત્તને લીધેજ દેહાદિકની ભ્રાંતિ થાય છે.[૧૧] જેમ ચિત્તનેલીધે દેહાદિકની ભ્રાંતિ થઇ આવે છે તેમ ચિત્તની ભ્રાંતિ પણ દેહાદિકનેલીધેજ થાય છે. એવીજ રીતે એ અધિષ્ઠાનચૈતન્યમાં જીવભાવ પણ દેહ, મન, ઇત્યાદિના અધ્યાસનેલીધે કલ્પિતજ છે. એ બધા ચેતનતત્ત્વના વિવર્તો છે, તો પછી એ શુદ્ધપ-ભપદમાં દ્વૈતની સંભાવના ક્યાંથી હોય ? ન હોય.[૧૨] સ્વરૂપનું સંપૂર્ણ રીતે જ્ઞાન થઈ જાય તો આ સર્વ એક શાંતબ્રહ્મરૂપજ જણાય છે. જ્ઞાનદૃષ્ટિએ જોતાં જગત આદિ કશું છે નહિ અને બીજી ભ્રાંતિ પણ નથી.[૧૩] જેમ આકાશમાં વન હોઈ શકતું નથી, રેતીમાં તેલ નથી હોતું અને ચંદ્રબિંબમાં વિજળી હોઈ શકતી નથી, તેમ તત્ત્વદૃષ્ટિએ જોતાં શુદ્ધ અધિષ્ઠાનચૈતન્યમાં દેહ આદિ કશું પણ છે નહિ.[૧૪] હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ રામચંદ્રજી ! આ જગતની ભ્રાંતિ કે જે વસ્તુતાએ સાવ અવિદ્યમાનજ છે તેમાં તમે કાંઈપણ ભયને પ્રાપ્ત ન થાઓ. જગતની ભ્રાંતિને મિથ્યા સમજી આત્મતત્ત્વને ઓળખી લેવું, એજ પરમ સત્ય વાત છે; એમ તમે સમજો.[૧૫] જગત છે અને બ્રહ્મસત્તા નથી એવી જ તમને ભ્રાંતિ હતી તે આજે મારા ઉપદેશથી શાંત થઈ ગઈ છે, તો પછી હવે બીજું શું બંધનું કારણ છે ? કાંઇ નહિ.[૧૬] જેમ કુંડીઓ, શરાવલાં અને ઘડાઓ વગેરે મૃત્તિકામાત્રજ છે તેમ આ જગત પણ (મનોમય હોવાથી) ચિત્તમાત્ર છે, અને તે વિવેકવડે વિચાર કરતાં ક્ષીણ થઇ જાય છે.[૧૭] તમે આ મારા સુંદર ઉપદેશથી અહંકાર વિનાના થઈ જઇ સંપત્તિઓની આકાંક્ષા (તૃષ્ણા) નહિ રાખતાં અને તેના લાભવડે હર્ષિત નહિ થઈ જતાં તથા વિપત્તિવડે શોકને નહિ પામતાં વૈભવોની વૃદ્ધિમાં અને ક્ષયમાં, એમ બન્નેમાં એકસરખી રીતે યથાસ્થિતપણે રહો. આ મારા ઉપદેશને ભૂલી જઈ સ્વરૂપમાં દૃઢ સ્થિતિ રાખ્યા વિના તમારો કાળ નકામો જતો રહે એવું કદીપણ કરશો નહિ.[૧૮] પોતાના કુલરૂપી આકાશને ચંદ્રમાનીપેઠે શોભવનારા કુલદીપક હે રામચંદ્રજી ! બ્રહ્મની અને આત્માની એકતારૂપી યથાસ્થિત વસ્તુગતિ છે તેનો તમે સારી રીતે અપરોક્ષ અનુભવ કરી સ્થિર થઇ રહ્યા હો, તો પછી હર્ષ, શોક, તૃષ્ણા આદિ દૂષણો કે જે ચિત્તને તાપ ઉત્પન્ન કરનાર છે, તે સર્વને છોડી દઇ તમે સુખેથી રહો; અથવા લૌકિક દૃષ્ટિમાં ભલે તે સર્વનું તમારી ઇચ્છા પ્રમાણે અનુકરણ કરતા રહો.[૧૯]

यथास्थितं वस्त्वधिगम्य राम स्थितोसि चेद्वा स्वकुलांबरेंदो ॥तद्धर्षशोकैषणदूषणादिविमुच्य वा तिष्ठ यथेच्छमास्व ॥१९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' મુખ્યયોગોપદેશ' એ નામનો સત્તાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૭

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૨૮ મો.*

પુરુષ અને કર્મ.

॥ શ્રીરામ ઉવાચ ॥

बीजांकुराणां पुरुषकर्मणां जन्मकारिणाम् ॥
दैवशब्दार्थयुक्तानां तत्त्वं वद विभो पुनः ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! પુરુષો અને તેનાં કર્મો, કે જેઓ બીજ ને અંકુરનીપેઠે એક બીજામાં અનુસ્યૂત થઇ રહેલાં છે, અને અદૃષ્ટરૂપી નિમિત્તવડે યુક્ત થઇ અનેક જન્મપરંપરાને આપનારાં છે, તેનું ખરું તત્ત્વ આપ મને ફરીવાર કહી બતાવો.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—અદૃષ્ટનું તત્ત્વ વિચારવા બેસીએ તો કર્મ છે, કર્મનું તત્ત્વ પુરુષ છે, પુરુષનું તત્ત્વ મનરૂપે થઇ રહેલ ચિદાત્માનું સ્ફુરણ છે, અને એ સ્ફુરણનું તત્ત્વ ચિદાત્મા છે; કે જે ચિદાત્મા પ્રથમ સૃષ્ટિના આરંભકાળમાં બહુસ્યાં પ્રજાયેય એટલે "હું સૃષ્ટિરૂપે થઇને બહુ થાઉં" એવા સંકલ્પરૂપ ચેતનના સ્ફુરણથી સમષ્ટિ અને વ્યષ્ટિ મનરૂપે થઈ જાય છે, અને હું અમુક દેહ આદિ આકારવાળો છું એવા અધ્યાસવડે તે પુરુષરૂપ (જીવરૂપ) બને છે અને કર્મો કરે છે. પછી દૈવ કે જે પુણ્ય—પાપરૂપ અદૃષ્ટરૂપે કહેવાય છે તે રૂપે બની જઇ એ પુણ્ય-પાપનાં ફળોને ભોગવવાનેમાટે ઘટ આદિ પદાર્થોરૂપે અને તેની અંદર રહેલ ગુણ-ક્રિયા-આદિરૂપે તથા ઘટત્વ આદિ જાતિરૂપે થઇ રહે છે. એવી રીતે આ સર્વ જગત ચેતનતત્ત્વનોજ એક વિવર્ત હોવાથી એ ચિદાત્માનું સંકલ્પરૂપી સ્ફુરણજ દૈવ-કર્મ-આદિ પર્યાય શબ્દોને ધારણ કરનારૂં છે, અને ઘટ આદિ પદાર્થથી માંડી તેની અંદર રહેલી જાતિપર્યંત સર્વ કાર્યરૂપે તે થઈ રહ્યું છે, તથા પુરુષરૂપે પણ તેજ થઇ રહેલ છે.[૨] ચેતનતત્ત્વમાં સંકલ્પરૂપ સ્ફૂર્તિ થયાવિના પુરુષ કે કર્મ, એ કંઇ પણ શી રીતે સંભવે ? ન સંભવે. કેમકે એ બન્નેની સત્તા અને સ્ફૂર્તિ, એ બન્ને ચેતનસત્તાનેજ આધીન છે. ઘટ—પટ—અવટ* વગેરે પદાર્થરૂપે ફેલાઇ રહેલું આ જગત એ ચેતનતત્ત્વવડેજ રચાયેલું છે.[૩] વાસનાવાળા ચેતનતત્ત્વના સંકલ્પરૂપી સ્ફુરણથી આ જગતની અનિર્વચનીય શોભા ખડી થઇ જાય છે; અને વાસનાવગરના ચેતનતત્ત્વના સ્ફુરણથી આ સંસાર કે જે જન્મ-મરણની પરંપરારૂપ છે તે નિવૃત્ત થઇ જાય છે.[૪] જેમ ચકરી આદિમાં અંદર લીન થઈ જતાં તરંગાદિક ભિન્નરૂપે સ્ફુરણવાળાં છતાં જળમાં લીન થઇ જવાનેલીધે છેવટ જળરૂપજ હોવાથી વસ્તુતાએ સ્ફુરણવિનાનાંજ છે, તેમ સંકલ્પરૂપી સ્ફુરણ ચેતનતત્ત્વમાં થતું હોય તોપણ જો તે વાસનાથી રહિત હોય તો તે જન્મ-મરણ-આદિ અનર્થપરંપરાને ઉત્પન્ન ન કરવાથી એ સ્ફુરણ પણ સ્ફુરણ ન થયા બરાબરજ છે.[૫] હે રામચંદ્રજી ! આ સૃષ્ટિની અંદર પુરુષ અને કર્મ, કે જે બન્નેનું સ્વરૂપ ચેતનપુરુષના સંકલ્પરૂપી સ્ફુરણવિના બીજું કશું જણાતું નથી, તેઓનો એક ફક્ત કલ્પનાના અંશવિના બીજો જરાપણ ભેદ નથી; માત્ર કલ્પના વડેજ તે ભિન્ન જણાય છે.[૬] જેમ જળ અને તરંગનો ભેદ માત્ર સંકલ્પવડે કલ્પી લીધેલોજ છે પણ વાસ્તવ નથી, તેવી રીતે આ જગતમાં પુરુષ અને કર્મ કે જે એક જાતના ચિદાત્માના સ્ફુરણરૂપજ છે તેનો ભેદ પણ માત્ર સંકલ્પ-

* આ અઠ્ઠાવીશમા સર્ગમાં પુરુષ અને તેનાં કર્મો કે જેઓ બીજ અને અંકુરની પેઠે એક બીજામાં અનુસ્યૂત થઇ રહેલ છે, અને અદૃષ્ટરૂપી નિમિત્તવડે યુક્ત થઈ અનેક જન્મપરંપરાને આપનારાં છે, તેનું તત્ત્વ ફરીને કહેવામાં આવશે.

* ખાડાને સંસ્કૃતમાં અવટ કહેવામાં આવે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડેજ માની લીધેલો છે; બાકી વસ્તુતાએ તે ઘટતો નથી.[૭] હે રામચંદ્રજી ! કર્મ એજ પુરુષરૂપ છે, અને પુરુષ એજ કર્મરૂપ છે. જેમ હિમ અને શીતળતા, એ બન્ને જુદાં નથી, તેમ પુરુષ અને કર્મ, એ બન્ને જુદાં નથી, એમજ તમે સમજો.[૮] જેમ શીતળતા છે એજ હિમરૂપ છે અને હિમ છે તે શીતળતારૂપ છે, તેમ કર્મ (પુરુષજન્ય હોવાથી) પુરુષરૂપ છે, અને પુરુષ (કર્માનુસાર જન્મ લેવાથી અને કર્મને આધીન હોવાથી) કર્મરૂપ છે.[૯] દૈવ, કર્મ, નર (પુરુષ) આદિ સર્વ, ચેતનતત્ત્વના સ્ફુરણરૂપી રસના એક તરેહના પર્યાય શબ્દો છે; પરંતુ તેઓ કાંઇ ચેતનસત્તાથી જુદી સત્તાવાળા નથી.[૧૦] ચેતનતત્ત્વ સંકલ્પરૂપી સ્ફુરણનેલીધે જગતરૂપી અંકુરના બીજરૂપે બની જાય છે, અને જો તે સ્ફૂર્તિથી રહિત હોય તો બીજભાવને પ્રાપ્ત થતું નથી. અંકુરની સર્વ શોભા સૂક્ષ્મરૂપે બીજની અંદર રહેલી હોવાથી એ બીજ અંકુરરૂપ છે; એમ કહી શકાય છે.[૧૧] ચેતનતત્ત્વ કે જે અનંત છે અને એક મહાસમુદ્રનીપેઠે સર્વત્ર ભરપૂર છે, તેનો એવો સ્વભાવજ છે કે દેશ-કાળ આદિના ક્રમને અનુસારે કોઇક ઠેકાણે તે સ્ફૂર્તિમાન થઇ જાય છે, અને કોઇક ઠેકાણે તે સ્ફુરણથી રહિત કેવળ શુદ્ધ સ્વસ્વરૂપમાંજ રહે છે.[૧૨] ચિદાત્માનું સ્ફુરણ વસ્તુતાએ કારણરૂપ નહિ છતાં વાસનાને યોગે બીજભાવને પામી જઇ, આ જગતમાં દેહ આદિરૂપ અંકુરોની પંક્તિઓને પેદા કરવામાં કારણરૂપ બને છે.[૧૩] ઘાસ, વેલો, ઝાડીઓ, એ વગેરેનાં અવાંતર બીજોની અંદર પણ વ્યવસ્થાથી અંકુર આદિ કાર્ય ઉત્પન્ન કરવાની જે કાંઇ શક્તિ રહી છે તેનું પણ બીજ ચિદાત્માનું સ્ફુરણજ છે, અને એ ચિત્સ્ફુરણનું બીજું કશું જુદું બીજ નથી.[૧૪] જેમ અગ્નિની અને ઉષ્ણતાનો ભેદ નથી, તેમ બીજ અને અંકુરનો વસ્તુતઃ ભેદ છે નહિ. બીજ છે તેજ (બીજની અંદર સૂક્ષ્મરૂપે અંકુર રહેલો હોવાથી) અંકુરરૂપ છે એમ તમે સમજો, તેમજ પુરુષને પણ (કર્મજ જન્મ આપનાર હોવાથી) કર્મરૂપજ તમારે જાણવો જોઇએ.[૧૫] જેમ જળ પોતાની અંદર સ્થૂલ, સૂક્ષ્મ, કોમળ અને કઠિન, એવા અનેક પરપોટાઓને ઉત્પન્ન કરે, તેમ જમીનની અંદર ચેતનસત્તાજ સ્ફુરણને પ્રાપ્ત થઈ જઈ વડ વગેરે સ્થાવર પદાર્થોના અંકુરોને ઉત્પન્ન કરે છે;[૧૬] ચેતનતત્ત્વવિના અત્યંત કોમળ પૃથ્વીતલમાંથી વજના જેવા દૃઢ અંકુરોને કોણ ઉત્પન્ન કરી શકે ? અથવા તો અત્યંત કોમળ અંકુરમાંથી વજના જેવાં દૃઢ શાખા-થડ-આદિને ઉત્પન્ન કરવાને કોણ સમર્થ થાય ? કોઇ નહિ.[૧૭] જેમ લતાઓની અંદર રહેલો રસ પુષ્પ-ફળ-આદિને ઉત્પન્ન કરે તેવી રીતે પ્રાણીઓના વીર્યરૂપી રસની અંદર રહેલી ચેતનસત્તા (શુક્ર-શોણિતદ્વારા) ચોતરફ પસરી રહેલા આ જંગમ જગતને ઉત્પન્ન કરે છે.[૧૮] ચેતનસત્તા કે જે અત્યંત બલવત્તર છે તે જો સર્વની અંદર રહેલી ન હોય તો પછી દેવતાઓ, દૈત્યો અને રાજાઓને ઉત્પન્ન કરી શકવાને બીજું કોણ સમર્થ થાય ? કોઇ નહિ.[૧૯] ચેતનતત્ત્વમાં સ્ફુરણ ઉઠવું એજ સ્થાવર-જંગમ સર્વ વસ્તુઓનું આદિ બીજ છે,અને એ ચિત્સ્ફુરણનું બીજું બીજ છે નહિ.[૨૦] બીજ અને અંકુરનો, તથા ક્રિયા, પુરુષ અને કર્મનો, તેમજ તરંગ, ઊર્મિ અને વીચિ,× એઓનો (નામ માત્રવિના) બીજો કશો ભેદ નથી.[૨૧] જે પુરુષની બુદ્ધિમાં બીજ અને અંકુરની પેઠે એક બીજામાં ઓતપ્રોત થઇ રહેલ પુરુષ અને કર્મ, એ બન્નેનો તથા

× આ ત્રણે પર્યાય-શબ્દો છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બીજ અને અંકુરનો પરસ્પર ભેદ ભાસ્યા કરે છે, તે વિદ્વાનનો ડોળ ધાલનાર મોટા પુરુષ-પશુને સદાકાળ (દૂરથીજ) નમસ્કાર કરવાના છે.[૨૨] ચિદ્રૂપ આત્માનું સંકલ્પરૂપી સ્ફુરણ કે જે વાસનાના યોગે જન્મના બીજરૂપ થાય છે, તેની અંદર રહેલો વાસનારૂપી રસજ અંકુરને પ્રકટ કરે છે, માટે એ વાસનારૂપી રસનેજ અસંગરૂપી અગ્નિવડે તમે બાળી નાખો.[૨૩] કર્મ કરવામાં આવે, પરંતુ શુભાશુભ કાર્યોમાં મન નિમગ્ન ન થઈ જતાં નિર્લેપજ રહે, તેને વિદ્વાનોએ અસંગ એવું નામ આપેલું છે.[૨૪] અથવા તો વાસનાનેજ નિર્મૂલ કરી નાખવી એ અસંગ કહેવાય છે; માટે હરકોઇ યુક્તિવડે પોતાની અંદર એ અસંગરૂપી વાસનાક્ષયનુંજ તમે સંપાદન કરો.[૨૫] પુરુષપ્રયત્નનેલીધે ઘણો લાંબો કાળ અભ્યાસ કરવાથી રાજયોગવાળી કે હઠયોગવાળી જે કોઈ યુક્તિવડે વાસનાક્ષય સહેલાઇથી થઈ શકે એમ તમને જણાતું હોય તેજ યુક્તિથી તમે વાસનાને નિર્મૂળ કરી નાખો. એજ ખરો કલ્યાણનો માર્ગ છે.[૨૬] વાસનાથી રહિત થઇ એક પોતાના આત્મામાંજ નિમગ્ન રહેવું એ પરમમંગલરૂપ છે. પુરુષપ્રયત્નવડે અથવા તો જેવી રીતે અહંકારનો નાશ કરવાનો ઉપાય તમે જાણતા હો તેવી રીતે તમારામાં રહેલા અહંકારરૂપી અંશનેજ તમે દૂર કરી નાખો, એટલે એ ખરેખર વાસનાક્ષયજ છે.[૨૭] નિરહંકારતારૂપી દશાને પેદા કરનારો વાસનાક્ષય એવા નામનો, સંસાર તરી જવાનો ઉપાય મેળવવામાં પુરુષપ્રયત્નવિના બીજો કશો પણ ઉપાય છેજ નહિ.[૨૮] આ જગતની અંદર ચિદાત્માની સત્તાજ સર્વના આદિકારણરૂપ છે. અંકુરરૂપ પણ તે છે, બીજરૂપ પણ તે છે, કર્મરૂપ પણ તે છે, પુરુષરૂપ પણ તે છે, અને શુભાશુભ દૈવરૂપ પણ એજ છે.[૨૯] આદિકાળમાં ચેતનસત્તાથી જુદું બીજ પણ નથી, અંકુર પણ નથી, પુરુષ પણ નથી, કર્મ પણ નથી અને દૈવ આદિ પણ કશું તેનાથી જુદું નથી. કેવળ ચેતનસત્તાજ એવી રીતે વિવર્તરૂપે ઉદય પામી રહી છે.[૩૦] હે સુશીલ રામચંદ્રજી! બીજ પણ નથી, અંકુર પણ નથી, કર્મ પણ નથી, અને પુરુષ પણ નથી; એક શુદ્ધ ચેતનસ્વરૂપજ સત્ય છે, અને તે વેષધારી નટ જેમ દેવ-દાનવોના વેષોવડે સુશોભિત બની જાય તેમ એ પરમતત્ત્વજ કર્મ-પુરુષ આદિ નાના પ્રકારનાં નામો ધારણ કરી લઇ વિવિધરૂપે બની રહેલ છે કે જે કેવળ વાચારંભણ માત્ર છે.[૩૧] હે નિષ્કલંક રામચંદ્રજી! ઉપરપ્રમાણે તમે અતિ દૃઢ નિશ્ચય બાંધી પુરુષ અને કર્મ, એ સંબંધી વિચારોને અને શંકાઓને છોડી દઈ વાસનાઓથી અને સર્વ સંકલ્પોથી રહિત બની જઇ, જેમ તમારી ઇચ્છામાં આવે તેમ (વ્યવહારદશામાં કે સમાધિ સ્થિતિમાં) સુખેથી ચિદાત્મારૂપે થઈ રહો.[૩૨] હે રામચંદ્રજી! સર્વ ઇચ્છાઓને શાંત કરી દઈ અને શંકાઓને પણ ભૂંસી દઈ, કેવળ શુદ્ધ ચિદ્રૂપ પરમાત્મામાંજ આત્મભાવના રાખી, તમે સર્વ વર્ણાશ્રમાનુસાર કાર્ય કરતા રહો; અને શાંતિવડે સુશોભિત બની એક આત્મસુખમાંજ વિશ્રાંત થઇ ભયથી રહિત અને પૂર્ણકામ થઇ રહો.[૩૩]

પ્રશાંતસર્વેચ્છમશંકમચ્છચિન્માત્રસંસ્થોઽખિલકાર્યકારી ॥ આત્મૈકરામઃ પરિપૂર્ણકામો ભવાભયોરામ શમાભિરામઃ ॥ ૩૩ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શંકાતત્ત્વસિદ્ધાંતપ્રતિપાદન' એ નામનો અઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ.૨૮

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग २९ मो.*

પ્રાપ્ત વ્યવહાર કરતા રહી સ્વરૂપસ્થિતિમાં રહેવાનો ઉપદેશ

॥ श्रीवासिष्ठ उवाच ॥

नित्यमंतर्मुखस्तिष्ठ वीतरागो विवासनः ॥
चिन्मात्रममलं शांतं कर्म सर्वत्र भावयन् ॥१॥

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ–તમે વાસનાથી રહિત અને વીતરાગ થઇ જઇ, યથોચિત કર્મ શત્રુ-મિત્ર-ઉદાસીન આદિ પુરુષોતરફ સર્વત્ર યથાયોગ્ય રીતે કરતા રહી, શાંત અને શુદ્ધ કેવળ એક ચિન્માત્ર પરમતત્ત્વનીજ ભાવના રાખો અને નિત્ય અંતર્મુખ થઈ રહો; એટલે વૃત્તિને બાહ્યાકાર ન થવા દેતાં સદાકાળ આત્માકારજ રાખો.[૧] તમે કે જે વિવેકવાન છો, સુખ-દુઃખ-આદિમાં તથા શત્રુ-મિત્રાદિકમાં સમાનતા રાખનારા છો, શાંત છો, સદાકાળ એકસરખી રીતેજ આનંદવાળા છો અને પરબ્રહ્મનીપેઠે સર્વત્ર એકરસપણાથી પોતાના વિશાળ સ્વરૂપને વિસ્તારી રહેલા છો તે આકાશના જેવા સ્વચ્છ અને નિર્મળ થઈ જાઓ; અને એક માત્ર ચિદ્રૂપ બ્રહ્મતત્ત્વમાંજ દૃઢ સ્થિતિ રાખો.[૨] પ્રારબ્ધયોગે નાની કે મોટી વિપત્તિઓ આવી પડે, મહાઘોર સંકટોરૂપી ખાડાઓમાં જઇ પડાય, શોકને પ્રાપ્ત થવું પડે, એ સર્વ બાબતમાં પોતાની અંદર (વિવેકના બળથી) દુઃખિત નહિ થતાં બહાર દેશની રીતિને અનુસરી ક્રમપ્રમાણે આંસુ લાવવાં, રોવું, રાડો પાડવી ઈત્યાદિ પર્યંત દુઃખને તમે સુખેથી બતાવતા રહો, અને પુષ્પમાળા-ચંદન-વનિતા આદિ ભોગોનાં સુખો કે જેઓ શીત–ઉષ્ણ આદિ દ્વંદ્વધર્મવાળાં છે તેનું પણ તમે અંદર નિર્વિકાર રહી બહાર સુખેથી સેવન કરો.[૩-૪] મનોહર સ્ત્રીઓના સમાગમોમાં, મોટા ઉત્સવોમાં અને કોઇ અભ્યુદયના સમયમાં અંદર ચિત્તને શાંત અને નિર્વિકાર રાખી, વાસનાઓથી ભરેલા અજ્ઞાની મૂઢ પુરુષોનીપેઠે તમે બહાર આનંદવાળા થઇ રહો.[૫] જે અધાર્મિક પ્રાણીઓ દંડ દેવા યોગ્ય હોય તેઓને મૃત્યુ ઉત્પન્ન કરનારાં સંગ્રામ આદિ કાર્યોની અંદર ભોગવાસનાવડે ભરેલા અવિવેકી મૂઢ પુરુષનીપેઠે તમે દાવાનલ જેમ ઘાસને બાળી નાખે તેમ સુખેથી બાળી નાખો.[૬] વાસનાવાળા મૂઢ પુરુષોની પેઠેજ તમે ક્રમપ્રમાણે પ્રાપ્ત થયેલાં (ધર્મથી અવિરૂદ્ધ) ધન ઉપાર્જન કરવાનાં કાર્યો કરવામાં કશો ખેદ નહિ લાવતાં બગલાનીપેઠે ધનનું ચિંતન અને ઉપાર્જન કરો.[૭] હે શત્રુઓને નાશ કરનારા રામચંદ્રજી ! વરસી જઇ હલકાં પડી ગયેલાં વરસાદનાં વાદળાંઓને પવન જેમ નિર્મૂળ કરી નાખે તેમ તમે પણ વાસનાઓના દાબથી દબાયેલા મૂઢ પુરુષોનીપેઠે બળાત્કારથી સર્વ શત્રુઓને નિર્મૂળ કરી નાખો.[૯] બહાર વાસનાઓના દાબવડે દબાયેલા મૂઢ પુરુષના જેવી સ્થિતિમાં રહી, અંદર ચિત્તને કેવળ પોતાના આત્મામાંજ રમતું રાખી, દયા કરવા લાયક દીન પુરુષો તરફ અને મહાત્માઓ તરફ ઉદાર દિલના થઇ, પછી પોતાની શ્લાઘા પોતાને મોઢેથી ન કરતાં તમે ધીરતાનો આશ્રય પકડો.[૯] હર્ષ થવાના પ્રસંગમાં તમે હર્ષિત થાઓ અને દુઃખના પ્રસંગમાં દુઃખિત થાઓ. દીન મનુષ્યો ઉપર દયા કરતા રહો અને વીર પુરુષોનેવિષે વીર્યવાન થાઓ.[૧૦] હે નિષ્પાપ રામચંદ્રજી ! પોતાના આત્મામાંજ ચિત્ત રમી રહેવાથી અંતર્મુખપણાનેલીધે સદાકાળ આનંદમાં રહી, શાંતિવડે ઉદારતાનો આશ્રય કરો, (અસંગપણાથી) તમે જે કાંઇ કર્મ

* આ ઓગણત્રીશમા સર્ગમાં વસિષ્ઠજી રામચંદ્રજીને યથાપ્રાપ્ત વ્યવહારને અનુસરી ચાલવાનું બતાવશે અને પોતાના સ્વરૂપમાં સદા કાળ સ્થિતિ રાખવાનો ઉપદેશ કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરશો તેના તમે કર્ત્તા નથી એમ સમજો.[૧૧] હે સુશીલ રામચંદ્રજી ! શુદ્ધ આત્મભાવનાવડે નિરંતર ચિત્તને અંતર્મુખ કરી દઇ, તમે મનની સ્થિતિ કેવળ પરમાત્મામાંજ રાખશો, તો હું ધારૂં છું કે તમારા ઉપર પડેલી વજ્રની ધારા પણ કુંઠિત થઈ જશે.[૧૨] સંકલ્પની કલ્પનાવિનાના પોતાના હૃદયાકાશમાં રહેલા આત્મસ્વરૂપમાંજ પોતાનીમેળે જે સ્થિર થઇ રહે છે, તેવો આત્માની અંદર રમી રહેલો વિવેકી પુરુષ ખરેખર મહેશ્વરતુલ્યજ છે.[૧૩] એ આત્મતત્ત્વને શસ્ત્રો ભેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જળ શોડવી શકતું નથી અને પવન સુકાવી શકતો નથી.[૧૪] એવા અજરામર અને અજન્મા, પોતાના આત્મારૂપી સુંદર દૃઢ સ્તંભનો અવલંબ રાખી, તમે દૃઢ સુંદર સ્તંભવડે અચળ થઇ રહેલા મંદિરની પેઠે અચળ થઈ રહો.[૧૫] જગતરૂપી વૃક્ષના અનેક પદાર્થોરૂપી પુષ્પોના સુંદર સુગંધના જેવી સારરૂપ અચળ બ્રહ્મસત્તાનો આશ્રય કરી વૃત્તિને બ્રહ્મતત્ત્વમાંથી નહિ ખસવા દેતાં અંતર્મુખજ રાખી તમે સુખેથી જીવન્મુક્ત થઇ રહો.[૧૬] જીવન્મુક્ત પુરુષો ભલે બહાર વ્યવહારનાં કામકાજ કર્યા કરતા હોય, તથાપિ નિરંતર તેઓની ચિત્તવૃત્તિના અંતર્મુખપણાનેલીધે, તેઓનામાં જેમ પાષાણમાં (જડપણાનેલીધે) વાસનાનો ઉદય ન થાય તે રીતે વાસનાનો ઉદયજ થતો નથી.[૧૭] તમે સર્વ વ્યવહારસંબંધી કામકાજ કરતા રહી કાચબાના અંગનીપેઠે અંદર અને બહાર કોઇ જગોએ વૃત્તિને નહિ પસારી દેતાં સંકુચિત કરી દઇ ફરીવાર ચિત્ત પદાર્થોતરફ ફેલાઇ ન જાય તેવું આત્માકાર અને જેમ જાણે નિદ્રાને પ્રાપ્ત થઇ ગયું હોય તેવું નિઃસંકલ્પ કરો.[૧૮] અંદર સંકલ્પવિનાના અને બહાર જેમ જાણે સંકલ્પવાળું હોય તેમ દેખાવ આપનારા અર્ધ જાગતા બાળકનીપેઠે સંકલ્પ અને અનુસંધાનવિના સ્વાભાવિક રીતેજ કાર્ય કરવામાં પ્રવૃત્તિવાળા ચિત્તવડે તમે (નિઃસંકલ્પપણેજ) કાર્ય કરતા રહો.[૧૯] બાળક અને મૂંગા પ્રાણીઓ વગેરે જેમ બહાર નહિ સમજતા હોય એવા દેખાતાં છતાં અંદર બધું સમજે છે, તેમ તમે પણ અંદર સર્વ વાત સમજતા રહી, વાસનાઓને છોડી દઇ, પ્રારબ્ધપ્રાપ્ત વિહત કાર્યો કર્યા કરશો તો આકાશનીપેઠે તમારા ચિત્તને જરા પણ લેપ લાગશે નહિ.[૨૦] નિર્વિકલ્પસમાધિ કે જેની અંદર સંકલ્પાત્મક સર્વ પ્રકારની વૃત્તિ નષ્ટ થઇ જાય છે, અને જે કેવળ જ્ઞાનમય છે, તેના અભ્યાસનેલીધે બાધિત થઈ ગયેલા, અને બળી ગયેલાં લૂગડાંનો આકાર જેમ માત્ર આભાસરૂપે દેખાય તેવી રીતે આભાસમાત્રજ રહી બહાર કાંઇક (આવશ્યક વ્યવહાર માટે) પસરી રહેનાર અને અંદર મહા સુષુપ્તિને (અત્યંત ક્ષયને) પામી ગયેલા ચિત્તવડે તમે સર્વ સંતાપથી રહિત આનંદઘન થઇ રહો.[૨૧] હે નિષ્પાપ રામચંદ્રજી ! સંકલ્પરૂપી કલંકવિનાની અને જ્ઞાનનેલીધે ચિત્તનો ક્ષય થતાં ઉદય પામેલી શુદ્ધ આત્મસત્તામાંજ તમે સ્થિર થઇ રહી, કાર્ય કરો કિંવા ન કરો. (એ બન્ને સરખાંજ છે.)[૨૨] જાગ્રત અવસ્થામાં તમે વ્યવહાર કર્યા કરતાં છતાં અને ગમનાદિક ક્રિયાઓ કર્યા કરતાં છતાં પણ,સુષુપ્તિ અવસ્થાનીપેઠે અત્યંત લયને પામી ગયેલી (નિઃસંકલ્પ) વૃત્તિવડે કોઇપણ પદાર્થમાં પ્રિયપણું આરોપી તેનું ગ્રહણ ન કરો, અને કોઈ પણ વસ્તુમાં અપ્રિયપણું માની તેનો ત્યાગ કરો નહિ. (યથાપ્રાપ્ત વ્યવહાર કર્યા કરો.)[૨૩] જો તમે જાગ્રત અવસ્થામાં પણ સ્થૂલદેહ અને સૂક્ષ્મદેહરૂપી ઉપાધિનો લય કરી દઈ સુષુપ્તિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

અવસ્થાને પ્રાપ્ત થઇ ગયેલા જેવા નિર્વિકલ્પ થઇ રહેશો તો એ સુષુપ્તિ જેવી અવસ્થામાં પણ (અજ્ઞાનરૂપી આવરણના અભાવનેલીધે) તમે જાગતાજ છો, અને જાગૃત તથા સુષુપ્તિને જુદી પાડનારાં અજ્ઞાન અને તેનાં કાર્યોનો જ્ઞાનવડે બાધ થઇ જતાં તથા એ બન્ને અવસ્થાનું એક આત્મતત્ત્વરૂપપણું થઈ જતાં સર્વના અવધિરૂપ જે ચિન્માત્ર પરમતત્ત્વ અવશેષ રહે તે તમે પોતેજ છો.[૨૪] આ પ્રમાણે ધીરે ધીરે અભ્યાસ કરતા રહી અનાદિ અને અનંત અદ્વિતીય પરમપદને તમે પ્રાપ્ત થાઓ કે જે સર્વ વસ્તુમાત્રથી વિલક્ષણ અને લોકોત્તર છે.[૨૫] જગતનું અવસ્તુપણું હોવાથી તત્ત્વદૃષ્ટિએ જોતાં જગત અને પરમાત્મા એ બન્નેનું દ્વૈતપણું કે અદ્વૈતપણું એકે સંભવતું નથી, એવો દૃઢ નિશ્ચય બાંધી આકાશના જેવું વિશાળ અને નિર્વિકાર હૃદય રાખી તમે પરમ વિશ્રાંતિને પ્રાપ્ત થાઓ.[૨૬]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી! જે આપ કહો છો તેવી રીતે હોય (અહંકાર આદિ કાંઇ ન હોય) તો 'હું' એવા વ્યવહારના આધારરૂપ તમે પોતે, કે જે વસિષ્ઠ ઋષિ એવા નામને ધારણ કરી રહ્યા છો, તે શી રીતે બેઠા છો?[૨૭]

વાલ્મીકિ ઋષિ કહે છેઃ—રામચંદ્રજી ઉપર પ્રમાણે કહેતા હતા તેટલામાં વક્તાઓમાં શ્રેષ્ઠ શુદ્ધ ચરિત્રવાળા શ્રીવસિષ્ઠ ઋષિ અર્ધા મુહૂર્તસુધી મૌન ધારણ કરી રહ્યા.[૨૮] વસિષ્ઠજીએ એવી રીતે મૌન ધારણ કર્યાથી સભામાં બેઠેલ સર્વ મહાજન "આનો શો હેતુ હશે?" એવા સંશયરૂપી મહાસાગરમાં નિમગ્ન થઇ જતાં ફરીવાર રામચંદ્રજીએ કહ્યું કે, આપ મારીપેઠે આ સંબધમાં કેમ મૌન ધારણ કરી રહ્યા છો? આ જગતમાં શિષ્યનો એવો કોઇ તર્ક હોઇ શકતો નથી કે જે આપ જેવા વિદ્વાન મહાત્મા ગુરુઓને જવાબ દેવામાં કઠણ પડે.[૨૯,૩૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે નિષ્પાપ રામચંદ્રજી! હું કશું બોલતો નથી તેથી "આ પ્રશ્નનો પ્રત્યુત્તર અશક્ય હોવાથી મને કશી યુક્તિ સૂજતી નથી" એમ તમારે સમજવાનું નથી; પરંતુ તમે પૂછેલા પ્રશ્નના જવાબમાં માત્ર મૌનજ પરમ અવધિરૂપ હોવાથી એ મૌનજ મેં તમારા પ્રશ્નના જવાબરૂપે બતાવ્યું છે, એમ સમજવાનું છે.[૩૧] પ્રશ્નકર્તા પુરુષો બે જાતના હોય છેઃ એક જ્ઞાનવાન અને બીજો અજ્ઞાનીઃ તેમાં અજ્ઞાની પુરુષને અજ્ઞાનકોટિમાં રહી જવાબ આપવો અને જ્ઞાનવાનને જ્ઞાનકોટિમાં રહી જવાબ આપવો.[૩૨] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી! આટલા કાળસુધી તમે પરમપદને નહિ ઓળખેલું હોવાથી વિકલ્પોવાળા ઉત્તરો આપવાને પાત્ર હતા;[૩૩] પરંતુ હમણાં તમે તત્ત્વજ્ઞ થયા છો, અને પરમપદમાં વિશ્રાંત છો, માટે તમને હવે પ્રસિદ્ધ રીતે વિકલ્પવાળો ઉત્તર આપવો યોગ્ય નથી.[૩૪] હે વક્તાઓમાં મહાશ્રેષ્ઠ સુશીલ રામચંદ્રજી! જેમ જળીયામાંથી ચાંદરણાંરૂપે પડતો તડકો ત્રસરેણુઓવડે વીંટાયેલ હોય તે રીતે, સૂક્ષ્મ અર્થવાળો કિંવા વિશેષ અર્થવાળો હોય, થોડો હોય કે અધિક હોય, પણ જેટલો વાણીનો વિષય (વ્યવહાર) છે તે સર્વ અભાવ, કાંઇ અસાધારણ ધર્મને લીધે પોતાનું બીજાનાથી ભિન્નપણું, (એક બે આદિ) સંખ્યા, અને ભૂતભવિષ્ય આદિ કાળ, એ વગેરે કલ્પનાઓરૂપી કલંકવડે વીંટાયેલ છે.[૩૫,૩૬] હે રમણીય રામચંદ્રજી! તત્ત્વજ્ઞપુરુષને કલંકવાળો ઉત્તર આપવો યોગ્ય નથી. (વાણીનો સર્વ વ્યવહાર ઉપર કહ્યાપ્રમાણે કલંકવાળો હોવાથી) કલંકવિનાની કોઇ વાણીજ નથી અને તમે અત્યંત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તત્ત્વજ્ઞ છો.[૩૭] તમારા જેવા વિવેકી અને તત્ત્વવેત્તા શિષ્યને મારે યથાર્થ કહેવું જોઇએ અને યથાર્થ વાત તો અંતથી રહિત કેવળ કાષ્ઠમૌનજ છે, એમ વિવેકી પુરુષોનું સમજવું છે.[૩૮] બ્રહ્મતત્ત્વ કે જે પરમપદરૂપ છે તેને તત્ત્વજ્ઞાન થયા પહેલાં શિષ્યોને ઉપદેશદ્વારા બોધ કરવામાટે અજ્ઞાનનેલીધે વાણીના વિષયરૂપે કલ્પી લેવામાં આવે છે, બાકી વિચારવડે એ પરમપદનું સ્વરૂપ ઓળખવામાં આવે તો એ તત્ત્વ વાણીનો વિષયજ નથી, એમ વિવેકીઓ કહે છે, અને તેને લીધે તેમાં મૌન રાખવુંજ ઉચિત છે; તેથી મેં તમે કે જે તત્ત્વવેત્તા છો તેને એ તમારા પ્રશ્નનો મૌનરૂપજ સુંદર ઉત્તર આપેલ છે.[૩૯] હે પ્રિય રામચંદ્રજી ! પુરુષ અહર્નિશ ચિત્તના અનુસંધાનનેલીધે જેવે રૂપે થઇ રહ્યો હોય તેવુંજ બોલે છે, તો હું બ્રહ્મતત્ત્વ કે જે તત્ત્વસાક્ષાત્કારવડે અનુભવમાં આવે છે, અને નિર્વિકલ્પ છે, તેરૂપજ થઇ રહ્યો છું, અને એ પરમપદ વાણીવડે અગમ્ય છે.[૪૦] જે પુરુષ વાણીવડે અગમ્ય (અવાચ્ય) એવા પરમપદમાં રહ્યો હોય તે વાણીરૂપી મેલને કેમ ગ્રહણ કરે ? નજ કરે. એ અવર્ણ્ય પરમતત્ત્વવિષે વાણીવડે હું કશો વ્યવહાર કરી શકતો નથી, કેમકે વાણી તો અનેક કલ્પનાઓરૂપી કલંકોવાળી છે.[૪૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—અભાવ અને બીજાથી જુદાપણું ઇત્યાદિ જે જે દોષો વાણીના વિષયમાં આપ બતાવી ગયા તે સર્વ દોષભાગ ઉપર કાંઈ લક્ષ્ય ન રાખતાં (ભાગત્યાગવડે) આપ કોણ છો તે કહો ?[૪૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ રામચંદ્રજી ! જો એમજ (તમારે જાણવાનો વિચાર) હોય તો પછી તમે કોણ છો, હું કોણ છું, અથવા જગત શું છે, એ વગેરે બાબતમાં હું યથાસ્થિત તમને કહું તે તમો સાંભળો.

હે પ્રિય રામચંદ્રજી ! (આ તમારા જોવામાં આવતો) હું પોતે જડ દેહાદિક દૃશ્યવર્ગથી રહિત સર્વ કલ્પનાવડે અગમ્ય નિર્વિકાર શુદ્ધ ચિદાકાશરૂપ છું.[૪૪] માત્ર હું એકજ સ્વચ્છ ચિદાકાશરૂપ છું એમ નથી; પરંતુ તમે પણ એ ચિદાકાશરૂપ છો અને આ આખું જગત પણ ચિદાકાશરૂપ છે; તથા જે કાંઇ છે તે સર્વ એ ચિદાકાશરૂપજ છે.[૪૫] હું શુદ્ધ એક જ્ઞાનસ્વરૂપ છું, અને મારા પોતાના શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપમાં મારા આત્માથી જુદું એક અણુમાત્ર પણ બીજું કાંઇ છે એમ હું કહી શકતો નથી, કેમકે હું સાવ ભેદદૃષ્ટિથી રહિતજ છું.[૪૬] શિષ્યોના મોક્ષનેમાટે અને તેઓના સંદેહનું નિવારણ કરવાસારૂ તથા પ્રતિવાદીઓને જીતવામાટે ઉદ્યમ કરનારા વિદ્વાન પુરુષોએ શ્રુતિ—યુક્તિ આદિ પ્રમાણોવડે પોતાના પક્ષને દૃઢ રીતે સ્થાપન કરી, વસ્તુતાએ મિથ્યા હોવાથી બાધિત થઈ ગયા છતાં પણ અધ્યારોપદૃષ્ટિએ એક માત્ર અહંકાર (કે જે જીવભાવ, જગદ્ભાવ ઇત્યાદિના મૂળરૂપ છે તે) ને અનેકરૂપે ફેલાવી દઈ અનેક શાખાઓવાળો બનાવી દીધો છે.[૪૭] જીવતો હોય અને વ્યવહાર કર્યા કરતો હોય છતાં વિવેકનેલીધે શાંત રહી શબના જેવું નિર્વિકાર અને નિઃસંકલ્પ થઇ રહેવું એ સ્થિતિનેજ વિદ્વાનોએ પરમપદરૂપ કહેલી છે;[૪૮] કે જેની અંદર બહારનાં (ચક્ષુ આદિ) અને અંદરનાં (ચિત્ત આદિ) સર્વ સાધનોનો ઉપરામ થઇ જાય છે, અને તેનેલીધેજ હું કર્તા છું કિંવા ભોક્તા છું એવો કશો અહંકાર પણ રહેતો નથી, તથા પોતાની આત્મસત્તાથી જુદું બીજું કાંઇ પણ જણાતું નથી. વળી એ પરમપદ સુખદુઃખથી રહિત છે, શાંત છે, સર્વત્ર સમાનરૂપે ભરપૂર છે, અને નિરતિશય આનંદરૂપ છે.[૪૯] હું અમુક નામરૂપવાળો છું, એવો અહંકાર જેવો એજ મોક્ષના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અભાવરૂપ છે, તો પછી એ અહંકારવડે મોક્ષનો અનુભવ થવાની વાત શી રીતે ઘટે ? નજ ઘટે. અહંતાને કાયમ રાખી તેવડેજ મોક્ષનો અનુભવ કરવાની વાત તો જન્મથી આંધળા માણસને ચિત્રનું દર્શન થયાના જેવી (અસંભવિત) છે.[૫૦] પોતાના સ્વરૂપની અંદર અહંકાર-પ્રાણ-આદિનું ચલન-વલન થયા કરો કિંવા ન થાઓ, પરંતુ પોતે જડ નહિ છતાં કૂટસ્થપણાથી (સાક્ષિભાવથી) જડ પાષાણની પેઠે અચળ થઇ રહેવું એજ પરમ નિર્વાણરૂપ છે, એમ સમજો; કેમકે એ પદ અપક્ષય આદિ સર્વ વિકારથી રહિત છે.[૫૧] જેમ પોતાના ચિત્તમાં થઇ આવતું ઘટાદિ વસ્તુનું સ્ફુરણ પોતાવિના બીજાનાથી નથી જણાતું તે રીતે એ પરમસ્થિતિ બીજાનાથી જાણી શકાતી નથી; પરંતુ લોકૈષણાથી રહિત થઇ રહેલા વિવેકી વિરક્તપુરુષને પોતાનેજ અનુભવમાં આવે છે.[૫૨] એ સ્થિતિમાં હું એવો ભાવ, કે તમે એવો ભાવ, એ કશું રહેતું નથી; તેમ નિરહંકારતા પણ રહેતી નથી, તેમ બીજું કાંઇ છે એવો ભાવ પણ નથી રહેતો, માત્ર એક કૈવલ્યજ અવશેષ રહે છે કે જે નિર્વિકાર છે, નિર્વાણરૂપ છે, અને પરમ મંગલમય છે.[૫૩] શુદ્ધ ચિદાત્માનું ચિત્તદ્વારા બહિર્મુખપણું થતાં જડ દૃશ્યવર્ગમાં વ્યાપ્ત થઈ રહેવારૂપી ક્રિયાની તેમાં પ્રતીતિ થાય છે, એમ વિવેકીઓનું કહેવું છે, અને એજ જન્મ-મરણના હેતુરૂપ છે, બંધનકારક છે તથા મહાક્લેશને આપનાર છે;[૫૪] અને એ શુદ્ધ ચિદાત્માનું ચિત્તદ્વારા બહિર્મુખપણું ન થતાં અંતર્મુખપણું જ રહે તો (ઇતર પદાર્થનું અસ્તિત્વજ ન સ્ફુરવાથી) જડ દૃશ્યવર્ગમાં વ્યાપ્ત થઇ રહેવારૂપી ક્રિયાની તેમાં પ્રતીતિજ થતી નથી. એ સ્થિતિ મોક્ષરૂપ છે, શાંત છે, અક્ષય છે, અને પરમપદરૂપ છે.[૫૫] દિશા કાળ આદિવડે પરિમાણમાં નહિ આવનાર (ત્રિવિધપરિચ્છેદશૂન્ય—અનંત—) નિર્વિકાર શાંત પરબ્રહ્મ પોતાના શુદ્ધ સ્વરૂપવડે સર્વત્ર રહેલ છે તેમાં પરપ્રકાશ્ય* જડ દૃશ્યવર્ગજ જુદો સંભવતો નથી, તો પછી કોણ કોનો પ્રકાશ કરે અને શી રીતે કરે ?[૫૬] હે નરપતિઓ ! સ્વપ્નની અંદર દેખાતા દૃશ્યપ્રપંચમાં તે તે વાસનાને અનુસારે ચિદાત્મામાં સ્ફુરી આવતો સંકલ્પ ચિદાત્માથી પૃથક્ ન છતાં કેમ જાણે પૃથક્ હોય તેમ દેખાય છે, તેવી રીતે જાગ્રતમાં પણ પોતાનો આત્માજ બહિર્મુખ થતાં કેમ જાણે દૃશ્યપ્રપંચરૂપે પૃથક્ થઈ રહ્યો હોય એમ ભાસે છે.[૫૭] મન બુદ્ધિ વગેરે સર્વ વસ્તુતાએ ચિદાત્માસાથે એકરસરૂપે રહેલ હોવાથી ચિદ્રૂપ છે; પરંતુ મન બુદ્ધિ આદિ નામ—રૂપની ઉપાધિ સાથે જોડી દઇ જોતાં તે જડ જણાય છે.[૫૮] જે બહાર અને અંદર સર્વત્ર સરખી રીતે ચિન્માત્ર એક પરમતત્ત્વજ રહેલ છે, કે જે ભેદથી રહિત છે, તો પછી તેમાં વળી ભેદબુદ્ધિ શામાટે વ્યર્થ અનર્થ કરવા માટે સ્વીકારી લેવી ?[૫૯] સર્વ દૃશ્યમાત્રનો નિષેધ થતાં અવશેષ રહેલા શુદ્ધ ચિન્માત્રમાં અને શૂન્યમાં શો અંતર છે, એમ શંકા લાવવાની નથી, કેમકે એ બન્નેમાં જે અંતર છે તે વિવેકી અનુભવી પુરુષોજ જાણે છે; એ વાણીવડે વર્ણવી શકાય તેમ નથી.[૬૦] જેમ અંધારામાં બહુ યત્નવડે ચક્ષુને સ્થિર રાખી જોયે તો સદ્રૂપ અને અસદ્રૂપ એવો કાંઈક અનિર્વચનીય આભાસ જોવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મની અંદર આ જગત કાંઇક અનિર્વચનીયરૂપે ભાસ્યા કરે છે.[૬૧] જો વાસનાથી રહિત થઈ અંતર્મુખ થઇ રહું તો આ હું પોતે ચિદાકાશરૂપજ છું, તમે પણ કશામાં વાસના નહિ બાંધો તો ચિદાકાશરૂપજ

* બીજાવડે પ્રકાશને પ્રાપ્ત થનાર.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છો.[૬૨] બીજો પણ કોઇ પુરુષ 'હું ચિદાકાશ-રૂપ છું' એવા નિશ્ચયવાળો હોય તો તે જ્ઞાન-સંપન્નજ છે. જો કે તે બહાર વ્યવહારમાં અજ્ઞાની જેવો જણાય છે; પરંતુ તે ચિન્મયજ છે, અને પોતાની મેળેજ તે પોતાના દેહાદિક વિદ્યમાન છતાં પણ કેમ જાણે કશું નજ હોય તેવો આત્મનિષ્ઠ અને મહાશાંત થઈ રહે છે.[૬૩] જીવોનો સંસારરૂપે ફેલાઈ રહેલો અવિદ્યારૂપી અગ્નિ જો કે સાક્ષિચૈતન્યવડે રક્ષા કરાએલા અજ્ઞાનરૂપી વાયુવડે પ્રજ્વલિત થાય છે, પરંતુ તે પાછો અહં બ્રહ્માસ્મિ એ મહાવા-ક્યને અનુસારે પ્રબોધનો ઉદય થતાં છેવટની આત્મસાક્ષાત્કાર વૃત્તિરૂપે પારણામ પામેલ અને સાક્ષિચૈતન્યવડે રક્ષા કરાયેલ અજ્ઞાનવાયુ-વડેજ શમી જાય છે.[૬૪] આવરણથી રહિત, સ્વયંપ્રકાશ અને નિરતિશય આનંદરૂપ આ-ત્મતત્ત્વમાં એકરૂપ થઇ રહેવાથી, અંદર જડ નહિ છતાં પણ બહાર ઠુંઠાનીપેઠે સંસારસં-બંધી સર્વ જ્ઞાનથી રહિત થઇ જઇ, દુઃખવડે ક્ષોભ પામ્યાવિના કેવળ શાંત રહી, એક આ-ત્મનિષ્ઠ થઇ રહેવું એજ મોક્ષ કહેવાય છે, કે જે અક્ષયપદરૂપજ છે.[૬૫] વિવેકનો ઉદય થતાં મનુષ્ય જ્ઞાનસંપન્ન થઈ તત્ત્વવેત્તા અને જીવ-ન્મુક્ત થાય છે, અને આવઘાનો ઉદય થતાં અજ્ઞાની બની જઇ પશુવૃક્ષાદિક અધમ યોનિ-ઓમાં ભટકે છે.[૬૬] હું, બ્રહ્મ, અને આ જગત, એ સર્વ અવિદ્યારૂપી એક જાતનો ભ્રમજ છે, કે જે સાવ મિથ્યા છે; અને ઝીણી નજરથી જોવા માંડીએ તો દીવાવડે જેમ અંધકાર નષ્ટ થઈ જાય તેમ એ કશું નજરે પડતું નથી.[૬૭] સર્વ ઇંદ્રિયોના સમૂહથી યુક્ત છતાં કશો સંકલ્પ નહિ કરનારો, બાહ્યજ્ઞાનના અનુસંધાનથીરહિત અને શાંત બુદ્ધિવાળો જીવન્મુક્ત પુરુષ બહાર અને અંદર બ્રહ્માતિરિક્ત (બ્રહ્મસિવાય) બીજું કશું અનુભવતોજ નથી.[૬૮] જેમ સુષુપ્તિ અવસ્થા-માં સ્વપ્નનો લય થઇ જાય તેમ સમાધિદશામાં જ્ઞાનવાન પુરુષને માત્ર એકવારજ જ્ઞાનનો ઉદય થઇ જાય એટલે સર્વ દૃશ્યજાળ પોતાના આત્મા-માંજ લીન થઇ ગયેલું હોવાથી અંદર પોતા-ના આત્મારૂપજ જણાય છે.[૬૯] જેવી રીતે આકાશની અંદર શ્યામતા ભ્રાંતિવડે દેખાય છે, તેવી રીતે પરમાત્માની અંદર ભ્રાંતિવડેજ પૃ-થિવ્યાદિક ભાવ જોવામાં આવે છે. એનું કાર-ણ ભ્રાંતિવિના બીજું કશું નથી. વસ્તુતાએ જેમ આકાશ શ્યામ આદિ વર્ણથી રહિત છે તેમ વસ્તુતાએ પરમાત્મા પણ સર્વ દૃશ્યવર્ગથી રહિત છે.[૭૦] આ સર્વ દૃશ્ય મિથ્યા છે, એવી જેની દૃઢ બુદ્ધિ હોય તે પુરુષ, સમસ્ત વાસનાઓ-વડે યુક્ત જણાતો હોય તોપણ તે વાસનાવિ-નાનોજ છે.[૭૧] હે મહાશય રામચંદ્રજી ! જેમ સંકલ્પની અંદર સ્વપ્ન, માયા, ઇંદ્રજાળ આદિ અદ્‌ભુત ઠાઠ દેખાય છે તેવી રીતે આ સંસાર પણ સંકલ્પની અંદર રહેલો એક અદ્‌ભુત ઠાઠ છે. જેમ પ્રત્યક્ષ દેખાતા સ્વપ્ન આદિ પ્રપંચમાં શું આસ્થા રાખવી યોગ્ય છે ? નથી. તેવીજ રીતે આ સંસાર જો કે પ્રત્યક્ષ રીતે જોવામાં આવે છે પણ સાંકલ્પિક હોવાથી તેમાં શી આસ્થા રાખવી ? કાંઇ પણ નહિ. કર્તા, ને ભોક્તા, એ બન્નેનો અસંભવ હોવાથી દુઃખ પણ નથી, સુખ પણ નથી, પુણ્ય પણ નથી, પાપ પણ નથી અને કોઇનું કશું નાશ પણ પામતું નથી.[૭૩] સર્વ શૂન્ય નિરાલંબ ચિદ્રૂપ છે. અહંકાર કે જે મમતાના આધારરૂપે પ્રતીતિમાં આવે છે, તે પણ ભ્રાંતિવડે દેખાતા બે ચંદ્રમાનીપેઠે અને સ્વપ્નની અંદર દેખાતા નગરનીપેઠે છેજ નહિ.[૭૪] સર્વ દ્વૈતભાવથી રહિત થઇ ગયેલો તત્ત્વવેત્તા પુરુષ ભલે વ્યવહારમાં રહ્યો હોય, અથવા તો કાષ્ઠમૌન ધારણ કરી કાષ્ઠ અને પાષાણનીપેઠે

CC-0. Gurukul Kangri University-Haridwar Collection. Digitized by S3 Foundation USA

સમાધિમાં અચળ થઈ રહ્યો હોય, પરંતુ સર્વથા તે બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.[૭૫] આ પરમ મંગળમય ચિદાત્મા, પ્રાણ, બુદ્ધિ, મન અને દેહ, ઇત્યાદિમાં તાદાત્મ્યપણાને પ્રાપ્ત થઈ જઇ, નાનાપ્રકારના સ્વભાવોને ધારણ કરી લઈ, સંસાર સંબંધી અનેક અનર્થોવડે વ્યાપ્ત છે એમ પ્રત્યક્ષ દેખાય છે, છતાં એ સર્વ વાતનું નિરાકરણ કરી, એ ચિદાત્માનું દુઃખરહિત નિરતિશય આનંદરૂપપણું અને અદ્વિતીયપણું અવશેષ રહે એમ પ્રતિપાદન કરવામાં, વેદાંતશાસ્ત્રમાં બતાવેલ અધ્યારોપ અને અપવાદનો આશ્રય કર્યાવિના બીજી કશી યુક્તિ નથી. વળી આત્મતત્ત્વ નિરતિશય આનંદરૂપ છે, નિર્વિકાર છે, અને કૂટસ્થ છે, તેને ચિત્ત કે જે ચંચળ છે અને પરિચ્છિન્ન છે, તે રૂપે થઇ જવામાં તથા દેહ-ઇંદ્રિય-આદિવડે અનેકરૂપે થઇ જઈ જન્મ-મરણાદિકની ઘટમાળમાં ઘસડાવામાં પણ વિવર્તવાદવિના બીજી કશી યુક્તિ ઘટતી નથા. આ બધી વાત ઘટાવવા માટે આત્માને અવયવી માનવા બેસીએ તોપણ તે જડ અવયવોવડે બનેલ છે કે ચેતન અવયવોવડે ? એ વાત વિવાદની રહે છે. ગમે તેમ માનો તોપણ એ અવયવોનો નાશ થતાં આત્માનો પણ નાશ થઇ જઈ કૃતનાશ* અને અકૃતાભ્યાગમ, એ બે દોષ આવે છે; માટે વિવર્તવાદજ ઘટિત લાગે છે. વળી એ આત્મતત્ત્વ જગતના કારણરૂપ છે, તથા તેને નિર્વિકાર અને કૂટસ્થ માનવામાં આવે છે, તો એ ચિદાત્મા જગતની સૃષ્ટિને ઉત્પન્ન કરવામાં તદનુકૂળ સંકલ્પવાળા ચિત્તરૂપે બની જઇ તેની પ્રવૃત્તિ કરાવી પોતે નાના પ્રકારના પ્રપંચરૂપે થઇ રહી (વિરાટરૂપે) પૃથ્વી આદિ અવયવો ધારણ કરી અવયવી થઇ રહ્યા છે, આમ સિદ્ધ કરવામાં પણ અધ્યારોપ અને અપવાદવડે યુક્ત એવા વિવર્તવાદનો આશ્રય કર્યાવિના બીજી કોઈ યુક્તિ નથી; માટે એજ સર્વોત્તમ છે.[૭૬] બ્રહ્મ કે જે નિર્વિકાર છે, અને સર્વત્ર સમાનરૂપે રહેલ છે, તેની અંદર જગતસંબંધી પદાર્થોના વિચિત્ર સ્વભાવોની સ્થિતિ સંભવતી નથી, તેથી સ્વભાવને જગતના હેતુરૂપ કહી શકાતો નથી.[૭૭] ' દૃશ્યનો અભાવ સિદ્ધ કરવા જતાં આત્માનું અસ્તિત્વ પણ રહી શકતું નથી ' એવી કોઇ નાસ્તિક શંકા કરે તો તે અહીં ઉભી રહેતી નથી, કેમકે આત્માના અસ્તિત્વનો નિષેધ કરનાર નાસ્તિક પુરુષનો પોતાનો આત્મા સાબીત હોવાથી તેનો નિષેધ સંભવતો નથી. એ નાસ્તિક પોતાનાથી જુદા દેખાતા દૃશ્યના આત્માનો નિષેધ કરે છે, પણ કાંઇ પોતાના આત્માનો નિષેધ કરી શકતો નથી; અને આત્મતત્ત્વ સર્વત્ર એકજ છે, તો પોતાનો આત્માજ સર્વરૂપ છે, એટલે દૃશ્યનો નિષેધ સિદ્ધ થઈ જઇ ગૂઢ રીતે આત્માનું અસ્તિત્વજ કાયમ રહી જાય છે. વળી આધારવિના નિષેધનો અસંભવ હોવાથી દૃશ્યદ્રષ્ટાનો નિષેધ કરવામાં પણ કાંઈ આધાર હોવો જોઇએ. જેની અંદર તેનો નિષેધ કરવામાં આવે એ આધારજ આત્મા છે, એટલે દ્રષ્ટા અને દૃશ્યરૂપી ભેદદૃષ્ટિનો અસંભવ માની સર્વ નિષેધના અવધિરૂપ કાંઈ નિત્ય તત્ત્વ તેને પણ સ્વીકારવાની જરૂર છે; અને તેજ બ્રહ્મ છે.[૭૮] હે રામચંદ્રજી ! તમે બ્રહ્મવેત્તાઓએ સેવન કરેલ, કોઈનાથી હરી ન શકાય તેવું, નિર્વિકાર, શાંત, જન્મ આદિ ભાવવિકારથી રહિત, અક્ષય, મહામંગળમય, સર્વત્ર સમાન રીતે રહેલ પરમપદ કે જે નિત્યસિદ્ધ છે તેરૂપ થઇ રહો; અને વ્યવહારમાં બીજા લોકોનીપેઠે-

* કરેલાં કર્મોનો નાશ અને તે કરેલાં કર્મનું ફળ ભોગવવું એ બે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જ ખાઓ પીઓ, ક્રીડા કરો તોપણ તમે મુક્તજ છો; કેમકે તમને એ દૃશ્યજાળનો કશો બંધ નથી.[૭૯]

शममयमलमहार्यमार्यजुष्टं शिवमजमक्षयमासितं समं यत् ॥ तदवितथपदं तदास्वशांतं पिब लल भुंक्ष्व भावनयं हि नास्ति ॥ ७९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભાવનાપ્રતિપાદન' એ નામનો ઓગણત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૨૯

સર્ગ ૩૦ મો*

જ્ઞાનદૃષ્ટિની સાધના

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

अहंतैव पराविद्या निर्वाणपदरोधिनी ॥ तयैवान्विष्यते मूढैस्तदित्युन्मत्तचेष्टितम् ॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ—પરમપદની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરનારી અહંતાજ પરમ અવિદ્યારૂપ છે; એ અહંતાને કાયમ રાખી મૂઢ પુરુષો તે વડેજ પરમપદને શોધે છે એ વાત ઉન્મત્તચેષ્ટાના જેવી (નિષ્ફળ) છે.[૧] અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ અહંકારજ અજ્ઞાનનું એક ચિહ્ન છે; વિવેકી અને જ્ઞાનસંપન્ન શાંત પુરુષને અમુક હું અને અમુક મારૂં એવો ભાવજ રહેતો નથી.[૨] અહંતારૂપી મેલનો નિઃશેષ રીતે ત્યાગ કરી દઈ આકાશનીપેઠે નિર્મળ અને નિર્વિકાર થઇ રહેલો અને મોક્ષપદને પહોંચી ગયેલા જ્ઞાનનિષ્ઠ પુરુષનો દેહ, ભલે રહો કિંવા ભલે પડી જાઓ; પરંતુ તે સદા તાપમાત્રથી રહિત અતિ શીતળજ હોય છે.[૩] અહંતાનો નાશ થઇ જવાને લીધે વિવેકી પુરુષ જેવો નિર્મળ, ગંભીર, સ્થિર, પૂર્ણ અને શીતળતાવડે સુશોભિત હોય છે તેવી નિર્મળતા, ગંભીરતા, સ્થિરતા, પૂર્ણતા અને શીતળતા શરદ્ઋતુના આકાશમાં, અચળ સમુદ્રમાં, કે પૂર્ણચંદ્રના મધ્યમાં પણ હોતી નથી.[૪] જેમ ચિત્રની અંદર આળેખેલા યુદ્ધમાં પરસ્પર એક બીજામાં પ્રહાર કરનારાં સૈન્યનો ક્ષોભ નજરે જોવામાં આવે તથાપિ તે પ્રતિભાસમાત્રજ છે—વાસ્તવ નથી, એવી રીતે જીવન્મુક્ત વિવેકી પુરુષ વ્યવહાર કર્યા કરતો હોય અને તેની અંદર વિકારની પ્રતીતિ થતી હોય, તોપણ તે સદાકાળ સમાન સ્થિતિવાળો અને નિર્વિકારજ રહે છે—તેની અંદર જે વ્યવહારની પ્રતીતિ થાય છે તે પ્રતિભાસમાત્ર છે.[૫] જેમ બળી ગયેલ કપડાંના તંતુઓની રેખાઓનો સમૂહ કેવળ દેખાવા માત્રજ છે, તેમ વિવેકી જીવન્મુક્ત પુરુષની વાસના પણ તે પોતે પરબ્રહ્મ સાથે એકરસરૂપ થઈ જવાથી દેખાવામાત્રજ છે—તેની એ વાસના વાસનારૂપજ નથી. જેમ સમુદ્રના તરંગ આદિ ભાવ જે કે જળથી જુદા જેવા લાગે છે, પરંતુ તે જુદા નથી કિંતુ જળરૂપજ છે; તેમ જીવન્મુક્ત પુરુષમાં વાસના આભાસમાત્ર જુદે રૂપે દેખાતાં છતાં પણ તેના આત્મસ્વરૂપથી જુદી નથી.[૬] જેમ સમુદ્ર ભલે ચપળ તરંગોવાળો હોય તોપણ તે આખો જળરૂપજ છે, તેમ બ્રહ્મ ભલે દૃશ્ય પ્રપંચવડે યુક્ત હોય તોપણ તે બ્રહ્મજ છે—બીજું કાંઇ નથી.[૭] જે પુરુષ સુખ-દુઃખરૂપી તરંગોવડે અંદર કશો ક્ષોભ નહિ પામતાં બહાર ઉદાસીન (નિઃસ્પૃહ) અને શાંત થઈ રહે તથા સદાકાળ પ્રસન્ન રહ્યા કરે તે મુક્ત કહેવાય છે.[૮] જેમ જળ પોતાની અંદર તરંગ આદિ વિવર્તભાવને પ્રાપ્ત થઈ જાય છે, તેમ ચિદાત્મા પોતાનું ખરૂં સ્વરૂપ કે જે શુદ્ધ ચિન્મય છે તેની અંદર અહંભાવની સૃષ્ટિરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઇ જાય છે; તેમાં વળી ભિન્ન ભિન્ન ભાવોની કલ્પના

* આ ત્રીશમા સર્ગમાં જે દૃષ્ટિવડે અહંકારાદિ અવિદ્યાથી ઉત્પન્ન થયેલ નાનાપ્રકારની ભ્રાંતિ શાંત થઈ જઇ ધીરપુરુષ બ્રહ્મની અંદર સ્થિર થઈ રહે તે દૃષ્ટિ સાધવાની યુક્તિ બતાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કેવી હોય? નજ હોય.[૯] જેમ આકાશની અંદર ધૂમાડાના ગોટાઓ બાઝી જઈ વાદળાંરૂપે થઈ જતાં તેમાં ગજ-રથ-આદિ અનેક આકારો જેવી રચના દેખવામાં આવે છે, પરંતુ તે ધૂમાડાથી જુદી નથી, તેવી રીતે પરમાત્માની અંદર અનેક સૃષ્ટિઓ જોવામાં આવે છે, પણ તે પરમાત્માથી જુદી નથી.[૧૦] હે શ્રવણને માટે આવેલા વિવેકી શ્રોતાઓ! તમે કશો ખેદ કરશો નહિ, પણ એ ઉપદેશ કરેલી રીતિપ્રમાણે આ સર્વ દૃશ્ય પ્રપંચ ચેતનતત્ત્વના વિવર્તરૂપ છે, એમ વિચારદ્વારા દૃઢ સમજી લઇ, એ દૃશ્ય પ્રપંચનું કશું સ્વરૂપજ નહિ દેખાવાથી વિલાસવાળા બની જઈ, સર્વથી ઉત્કૃષ્ટ (આનંદમય) સ્થિતિ ભોગવો; કેમકે મારા ઉપદેશવડે તમે તત્વજ્ઞ થયેલા છો.[૧૧] અંકુર જેમ પોતાની અંદર વૃક્ષ, પત્ર, ફળ આદિ ભાવને અનુભવે તેમ અજ્ઞાનવડે વીંટાયેલો અવિવેકી પુરુષનો આત્માજ વસ્તુતાએ પોતે આકાશના જેવો અસંગ અને નિર્વિકાર છે તથાપિ પોતાની અંદરજ (અજ્ઞાનનેલીધે) જગતને અને અહંકારને અનુભવે છે.[૧૨] જેમ ફરતાં ઉબાડીયાંની જવાળામાં દંડ-ચક્ર-આદિ આકાર ભ્રાંતિવડે પ્રતીતિમાં આવે છે છતાં વાસ્તવિક રીતે નથી, અને વિધુર પુરુષના ચિત્તવડે કલ્પાયેલી (મનોમય) સ્ત્રી મનવડે અનુભવમાં આવતાં છતાં પણ વસ્તુતાએ નથી, તેમ બહાર રૂપ આદિ વિષયની સત્તા અને અંદર મનની સત્તા અધિષ્ઠાનરૂપે સત્ય હોવાથી, અધિષ્ઠાનની સત્તાનેલીધે દેખાતાં છતાં પણ ભ્રાંતિરૂપ હોવાનેલીધે વસ્તુતાએ સત્ય નથી.[૧૩] હે દેવતુલ્ય શ્રોતાઓ! આ જગત જેવી રીતે ઉત્પન્ન થાય છે, જેવી રીતે સ્થિતિને પ્રાપ્ત થાય છે, જેવી રીતે પોતાનાં કાર્યો કરે છે, જેવી રીતે સુખ-દુઃખનો અનુભવ કરાવે છે, જેવી રીતે તે નાશ પામી જાય છે અને જેવી રીતે તે દેશ-કાળ સાથે સંબંધ રાખે છે એ સર્વ ઉત્પત્તિ-સ્થિતિ-ઉપશમ આદિ પ્રકરણમાં મેં બતાવેલી યુક્તિ પ્રમાણે વિચારી લઇ, સર્વ મિથ્યા છે એમ નિશ્ચય રાખી, તમે સુખેથી શાંત થઈ રહો.[૧૪] શાંત વિવેકી-પુરુષ વ્યવહાર કર્યા કરતો હોય તોપણ ઇષ્ટ-અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં શબનીપેઠે કશા વિકારને તે પ્રાપ્ત થતો નથી, કેમકે તેનું ચિત્ત અંદર નિર્વાણને પ્રાપ્ત થઇ ગયેલું હોય છે.[૧૫] જીવન્મુક્ત પુરુષોની અહંતા (હું એવો ભાવ) કે જે આભાસમાત્ર હોવાથી મન અને વાસનાથી રહિત છે તે જ્યાંસુધી પોતાનો દેહ રહે ત્યાંસુધી જે જગતને અવલંબી રાખે છે તે જગત અને તે જગતનો ભોક્તા તેઓનો જીવ, એ બન્ને જ્યાંસુધી કાયમ રહે ત્યાંસુધી ચિદ્રૂપજ છે, કેમકે તેને પોતાને એ સર્વ ચેતનના વિવર્તરૂપ સમજાયાથી જરાપણ જડ અંશની પ્રતીતિ હોતી નથી, તેથી એ પરમપદરૂપજ છે.[૧૬] જેમ પાશવડે (દોરડાંવડે) વીંટાયેલાં વહાણોની, જળરૂપ આધારનેલીધે અનેક વેચવાની વસ્તુઓને દેશાંતરમાં લઈ દઇ આવવાનો બીજો ઉપાડવા માટેજ સમુદ્રની અંદર સ્થિતિ થાય છે, તેમ મમતારૂપી પાશવડે વીંટાયેલાં મનુષ્યોની સ્થિતિ પણ જડ જગત દેહ-આદિ ભાવને આત્મીય બુદ્ધિવડે ગ્રહણ કરી લેવાથી કેવળ દુઃખનો બીજો ઉપાડવામાટેજ થાય છે.[૧૭] જેમ ભૈરવજપ (ખાવો એ) આદિથી મરી ગયા પછી મળવાનું સ્વર્ગાદિક પદ જીવતાને ન મળી શકે, તેમ અજ્ઞાનનો અનુભવ થવાથી કેમ જાણે ભયભીત બની ગયેલ હોય તેમ થઇ રહેલી મોક્ષસત્તા અજ્ઞાનીનો આશ્રયજ કરતી નથી.[૧૮] જે જે વસ્તુની સંકલ્પવડે કલ્પના કરવામાં આવે તે તે નાશવાનજ છે; પરંતુ જ્યાં સંકલ્પની કલ્પના નથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પહોંચી શકતી તેજ સત્ય છે, અને અક્ષય પરમપદરૂપ છે.[૧૯] બીજું પણ કશુંએ નથી અને હું પણ નથી, એવી ભાવના રાખી તમે સુખેથી નિર્ભય રહો. જેમ અજ્ઞાની પુરુષ અમૃતને વિષરૂપ માને તોપણ વિવેકી પુરુષની દૃષ્ટિમાં તે અમૃતરૂપજ છે, તેમ આ વાત જે કે અવિવેકી પુરુષને અયુક્ત અને અસત્ય લાગે તેવી છે, પરંતુ વિવેકીઓને તો સત્ય અને યુક્તજ લાગે છે.[૨૦] દેહથી માંડી ઠેઠ ચિત્તપર્યંત આ આખા જડ શરીરને વિચારી જોઇએ તો તેમાં કોઇ જગોએ હું એવો ભાવ દેખાતો નથી; માટે 'હું નથી' એમ સમજવું એ વાતજ સત્ય છે.[૨૧] સર્વ ભેદબુદ્ધિથી રહિત થઇ ગયેલા જીવન્મુક્ત પુરુષોમાં તત્ત્વવિચારનેલીધે અહંકારનો ક્ષય કરનારૂં મુક્તપણુંજ કેવળ ઉદય પામે છે, બાકી કાંઈ પણ નાશ પામી જતું નથી.[૨૨] હે જ્ઞાનસંપન્ન નહિ થયેલા મુમુક્ષુ શ્રોતાઓ ! મુક્તિ મેળવવામાં ભોગોનો ત્યાગ, આત્મવિચાર, અને મન-ઇંદ્રિય વગેરેનો નિગ્રહ કરવાનો પોતાનો પુરુષપ્રયત્ન, એ ત્રણ સિવાય બીજા કશાનો ખપ પડતો નથી, એમ નિશ્ચય કરી સર્વ અનાત્મવર્ગને છોડી દઇ કેવળ પોતાના આત્માનુંજ (તત્ત્વજ્ઞાનદ્વારા) શરણ લો.[૨૩] ઉપર પ્રમાણે અહંકાર પર્યંત સર્વ દ્વૈતભ્રાંતિને શમાવી દઇ,સર્વવાસનામાત્રથી રહિત થઇ ગયેલા મનની બ્રહ્મભાવરૂપે એક સ્થિતિ કરવી, તેનેજ શ્રુતિઓ અને વિદ્વાનો મોક્ષ કહે છે, અને એવી સ્થિતિ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયાવિના કદી પણ થતી નથી: તથા તે તત્ત્વજ્ઞાન પણ જગતરૂપી ભ્રાંતિને પોતાના પેટામાં ધારણ કરી રહ્યું હોયતો પરમાર્થરૂપ નથી, કેમકે જગતની ભ્રાંતિ મિથ્યારૂપે પણ જ્યાંસુધી રહે ત્યાંસુધી નેહ નાનાસ્તિ કિંચન ઇત્યાદિ શ્રુતિઓવડે એક અદ્વૈત તરફ વિશ્વાસ બેસે, તથાપિ રાગ આદિ દોષોના પ્રબળતાનેલીધે અને ઘણા લાંબા કાળથી જગતની સત્યતાવિષેની ભ્રાંતિ દૃઢ રીતે ચોટી ગયેલી હોવાથી બરાબર દૃઢ વિશ્વાસ બેસી શકતો નથી, જેનેલીધે જીવને અનાદિ કાળથી સંસારના બંધનમાં ફસાવું પડે છે.[૨૪] માટે શાસ્ત્રાદિકમાં દૃઢ વિશ્વાસ રાખી, 'જગત અને હું એ બન્ને મિથ્યા છે, અને સાવ છેજ નહિ' એમ સારી રીતે દૃઢ નિશ્ચય રાખી, બંધુવર્ગ, ધન, સ્ત્રી અને શરીર વગેરેમાં નિઃસ્પૃહ રહી પરમાર્થરૂપ પરમતત્ત્વને ઓળખી લેવામાં આવે તો વિવેકી જીવ કે જે દેહ આદિ ઉપાધિવિશિષ્ટ ચિદાકાશરૂપ છે, તે અને તેની દૃષ્ટિમાં આભાસરૂપે દેખાતું આ જગત એ બન્ને શુદ્ધ ચિન્માત્ર થઇ રહે છે. વાસ્તવિક રીતે એજ મુક્તિનો ઉપાય છે–બીજો નથી.[૨૫]

जगदहमसदित्यवेत्यसम्यग्जनधनदारशरीर निर्व्यपेक्षः ॥ भवति हि सचेतनस्वरूपः परिमितखं खलुनान्यथास्ति मुक्तिः ॥२५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થોપન્યાસયોગ' એ નામનો ત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૦

સર્ગ ૩૧ મો.*

મોક્ષસાધન ઉપાય

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

सर्वात्मनि चिदाभासे तदेवाश्नुभूयते ॥ संवेद्यते यदेवांतरसत्यं वस्त्ववस्तु वा ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–ચિદાભાસ કે જે આ સર્વ દૃશ્યને આકારે થઈ રહેલ છે, તેની અંદર જે જે વસ્તુ જેવી જેવી રીતે સં-

* આ એકત્રીશમા સર્ગમાં જડ જગત આદિ પદાર્થ અસત્ય હો કે સત્ય હો, પરંતુ ચેતનમાંજ તેનો સમાવેશ થઈ જવાથી તે ચેતનરૂપ છે, જેથી વસ્તુતાએ કશાનો નાશ થતો નથી, માત્ર જ્ઞાન થતાં વસ્તુસ્વરૂપ સમજાયાથી સ્વસ્વરૂપ કે જે પરમપદરૂપ છે તેમાં સ્થિતિ થાય છે; આ વાત કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કલ્પદ્વારા સ્ફુરી આવે તે તે અસત્ય હો કિંવા સત્ય હો, પરંતુ તેવી રીતે (સ્ફૂર્તને અનુસારે) અનુભવમાં આવે છે.[૧] પોતાના સ્વપ્નની અંદર જેમ ચિદાત્માજ બહાર અનેક આકારે થઇ રહેલા અનુભવમાં આવે, તેવી રીતે ચેતનતત્ત્વજ પ્રથમ અભ્યાસનેલીધે બાહ્યવસ્તુને આકારે અનુભવમાં આવે છે, અને કેમ જાણે પોતે બહાર પદાર્થોને રૂપે થઈ રહેલ હોય તેમ ભાસે છે, તેથી સર્વ (ચેતનતત્ત્વનો વિવર્ત હોવાથી) ચિદ્રૂપ છે, અને એ ચેતનતત્ત્વ આકાશથી પણ સ્વચ્છ છે. ચિદાત્માજ આ સર્વ જગતને વિષે પ્રસરી રહેલ છે, તેથી કોઈ જગોએ ચિત્સત્તાથી બીજું કાંઇ પણ જુદું નથી.[૨-૩] નાશ પણ નથી, અનર્થ પણ નથી, જન્મ-મરણ પણ નથી, આકાશ પણ નથી, શૂન્ય પણ નથી, અને નાના પ્રકારની રચના પણ નથી. અધિષ્ઠાનદૃષ્ટિએ જોતાં સર્વ બ્રહ્મરૂપ છે, અને આરોપિતદૃષ્ટિએ જોઇએ તો કશું બ્રહ્મરૂપ નથી.[૪] જગત-અહંકાર આદિ કે જે મિથ્યાજ તેનો જોકે જ્ઞાન થતાં નાશ થાય છે, તથાપિ વસ્તુતાએ શો નાશ થાય છે ? કાંઈ નહિ. કેમકે અસત્ય પદાર્થનો વળી નાશ કેવો હોય ? સ્વપ્ન આદિ અસત્ય પદાર્થ જાગી જતાં નષ્ટ થઇ જાય છે તેમાં શો નાશ થાય છે ? કાંઇ નહિ.[૫] સંકલ્પવડે કલ્પાએલું નગર કે જે માત્ર મિથ્યારૂપે ભાસે છે તેનો આભાસ નિવૃત્ત થતાં તેમાંનું શું નાશ પામે છે ? કાંઇ નહિ. એવી રીતે જગત અહંકાર આદિ કે જે મિથ્યારૂપે ભાસી રહેલ છે તે જ્ઞાન થતાં નિવૃત્ત થઇ જતાં પણ તેમાંનું શું નાશ પામે છે ? કાંઈ નહિ.[૬] "જો જગત મિથ્યા છે તો પછી તેને અનર્થરૂપે વર્ણવી તેની નિંદા શામાટે કરવામાં આવે છે, અને શામાટે તેને હેય (ત્યાગ કરવાયોગ્ય-અસાર) ગણવામાં આવે છે ? આનો શંકા પણ અહીં લાવવાની નથી, કેમકે અવસ્તુમાં કશો નિર્ણય સંભવતોજ નથી. આકાશના ફૂલના સંબંધમાં શો નિર્ણય થઇ શકે તેમ છે? બાકી સ્વાભાવિક રીતે પોતાના સ્વરૂપની જે સ્થિતિ છે તે પાછી પ્રાપ્ત થાય તેનેમાટે જગત જોકે મિથ્યા છે તોપણ તેને સાચા જેવું કલ્પી લઈ તેની નિંદા આદિવડે વૈરાગ્ય-વિવેક આદિથી માંડી ઠેઠ તત્ત્વસાક્ષાત્કારસુધીનો ઉપાય કલ્પી કાઢવામાં આવ્યો છે, એટલો માત્ર આ બાબતમાં નિર્ણય કરી શકાય છે; માટે આ બાબતનો મુખ્ય સિદ્ધાંત એ છે કે (સર્વ અવસ્તુરૂપ હોવાથી) બીજા કશા પદાર્થની ભાવના ન કરતાં એક આત્મામાંજ સ્થિતિ રાખી શાસ્ત્રને અનુસારે અને સંપ્રદાયને અનુસારે ક્રમપ્રમાણે ભૂમિકાનો અભ્યાસ કરી પોતાના કર્તવ્યમાં તમે પાષાણના જેવા દૃઢ થઇ રહો.[૭,૮] જે કાંઇ સૃષ્ટિની ભ્રાંતિ પ્રતીતિમાં આવે છે તેના સંબંધમાં એમ નિર્ણય જણાય છે કે ઉત્તમ આરૂઢદશાને પ્રાપ્ત થયા એટલે સંસારસંબંધી સર્વ પુરુષાર્થો ઇત્યાદિ સહિત આ આખું જગત તમારા પોતાના સંકલ્પમાત્ર છે, એમ તમને જણાશે; અને ક્ષણમાત્રમાંજ એ સર્વ ભ્રાંતિ નિઃશેષ રીતે મટી જશે.[૯] જ્ઞાનવડે સર્વ બ્રહ્મરૂપ જણાયાથી આ સૃષ્ટિનો મૂળ સહિત ક્ષય થઇ જાય છે; બાકી બીજી રીતે પ્રલયાદિકમાં જોકે તેનો ક્ષય તો થાય છે, પરંતુ સૂક્ષ્મબીજરૂપે તે વખતે પણ સૃષ્ટિ હોય છે; બાકી કાર્યરૂપે રહેતી નથી; અથવા તો પ્રલયમાં પણ કેટલાંક સંકલ્પસંબંધી કાર્યો એમજ કાયમ રહે છે; માટે જ્ઞાનવિના મૂળસહિત સંસારક્ષય થવાનો બીજો એકે ઉપાય નથી.[૧૦] સ્વપ્નમાં મિથ્યારૂપે દેખાતા પુરુષોનીપેઠે મિથ્યારૂપેજ જે પુરુષો આ સૃષ્ટિમાં જોવામાં આવે છે તે સૃષ્ટિ અને સે પુરુષો, એ બન્ને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઝાંઝવાના જળના તરંગોના જેવા મિથ્યા અને કલ્પનામાત્રજ છે.[૧૧] જેમ વંધ્યાપુત્રની વાણીનો નિર્ણય કરવાની વાત અશક્ય જેવી છે, તેમ વસ્તુતાએ મિથ્યા છતાં કેમ જાણે સત્ય હોય તેવા થઈ રહેલા જીવ-જગત આદિ પદાર્થોનો અમે કાંઇ પણ નિર્ણય જાણી શકતા નથી. મતલબ કે તે અનિર્વચનીય છે.[૧૨] તત્ત્વજ્ઞપુરુષોની પૂર્ણતા પરિપૂર્ણ મહાસાગરના જેવી કાંઇ અપૂર્વજ છે, કેમકે 'હું દ્રષ્ટા છું અને અમુક દૃશ્ય છે' એવી ભેદદૃષ્ટિમાં તેઓનો અભિનિવેશ હોતો નથી.[૧૩] વિવેકી તત્ત્વજ્ઞપુરુષો પર્વતના જેવા અચળ હોય છે, વાયુવગરના સ્થાનમાં રહેલા દીવાના જેવા સદાકાળ સમાન કાંતિવાળા રહે છે. તેઓ બહાર આચારવાળાના જેવા અથવા આચાર રહિતના જેવા દેખાય છે, પરંતુ નિરંતર અંદર તેઓ શાંત અને સ્વસ્થજ થઇ રહે છે.[૧૪] જ્ઞાનનિષ્ઠ જીવન્મુક્ત પુરુષના ચિત્તની અંદર ચારેકોર જળવડે ભરપૂર ગંભીર મહાસાગરના જેવી કાંઈ અપૂર્વ પૂર્ણતાનો ઉદય થાય છે, તથા તેઓની અંદરની શીતળતાનો પ્રકાશ કાંઈ અપૂર્વજ છે.[૧૫] અજ્ઞપુરુષ વાસનામય હોય છે, અને વિવેકવડે જોવા જઇએ તો વાસનાજ (નિર્મૂળ હોવાથી) નથી, પરંતુ તેને કોઇ વિવેકવડે જોતું નથી તેથીજ આ ભવાટવીમાં ભટકવું પડે છે.[૧૬] વસ્તુનું બરાબર સ્વરૂપ નહિ સમજવાથી જે ભ્રાંતિ પ્રતીતિમાં આવતી હોય તે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવાથી નષ્ટ થઇ જાય છે. આ બાબતમાં અતિ સ્પષ્ટ દૃષ્ટાંત જોઇતું હોય તો અંધારાનું છે. જ્યાંસુધી પ્રકાશવડે બરાબર ન જોયે ત્યાંસુધી તો અંધારૂં દેખાય છે; પરંતુ દીપક આદિ પ્રકાશવડે તેને જોવા માંડીએ તો એ અંધારૂં ક્યાંય જતું રહે છે. એવી રીતે જ્યાસુધી આત્મજ્ઞાનનો પ્રકાશ ન થાય અને ખરૂં વસ્તુસ્વરૂપ ન ઓળખાય ત્યાંસુધી તો અવિદ્યા રહે છે, પણ આત્મજ્ઞાનનો પ્રકાશ પડતાં વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાઈ જઈ એ અવિદ્યા ક્યાંય ભાગી જાય છે.[૧૭] સ્થૂલદેહ અને તેના માંસ આદિ ભાગો કે જેવડે એ દેહ બંધાય છે તે સર્વ પંચીકૃત પંચમહાભૂતના વિકારરૂપ છે, તથા જડ અસત્ય અને ભ્રાંતિમાત્ર છે. એવીજ રીતે બુદ્ધિ અહંકાર અને ચિત્ત વગેરે કે જેવડે સૂક્ષ્મશરીર બંધાય છે તે પણ અપંચીકૃત પંચમહાભૂતના વિકારરૂપ છે, અને જડ અસત્ય તથા ભ્રાંતિમાત્ર છે.[૧૮] સ્થૂલદેહમાં લિંગશરીર કે જે બુદ્ધિ, અહંકાર, ચિત્ત ઇત્યાદિવડે રચાયેલું છે, તેમાં અહંભાવવડે પ્રવિષ્ટ થયેલો ચિદાત્મા અવિદ્યાવડે સ્થૂલદેહને પણ પોતારૂપ માની લે છે, પણ જ્યારે વિવેકવડે બુદ્ધિ-અહંકાર-ચિત્ત આદિના ભૌતિકભાવને **वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यं** ઇત્યાદિ શ્રુતિપ્રમાણે વિકારપણાથી વાચારંભણમાત્ર સમજી લઇ તેનો અવસ્તુપણાથી ત્યાગ કરી અત્યંત પ્રકાશરૂપ ચિન્માત્ર સ્વસ્વરૂપમાંજ સ્થિતિ રાખવા માંડે તો પછી મુક્તપણાનો ઉદય થાય છે.[૧૯] લિંગશરીરરૂપી ઉપાધિની અંદર આત્મચૈતન્ય, તાદાત્મ્યના અધ્યાસનેલીધે જ્યારે મળેલ હોય ત્યારે તે દૃશ્યપદાર્થ તરફ વળે છે, જેને લીધે તેની સાથે સંબંધ રાખનારી વાસના પણ તેવીજ (લિંગશરીરરૂપ ઉપાધિની અંદર આત્મચૈતન્યના તાદાત્મ્યપણાના અધ્યાસનેલીધે થયેલી) છે, તો પછી જ્ઞાનવડે આત્માતિરિક્ત સર્વ વાચારંભણમાત્ર જણાતાં લિંગદેહ આદિ કશું નહિ રહેવાથી વાસના વળી કેવી હોય, શા માટે તે ઉત્પન્ન થાય, કઈ જગોએ તે રહે અને તેનું કેવું સ્વરૂપ હોય ? કાંઇજ નહિ.[૨૦] જેને આ જગત સંબંધી ભ્રાંતિ પેદા થાય છે તે જીવજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઝાંઝવાના જળનીપેઠે મિથ્યા છે, અને તત્ત્વ દૃષ્ટિથી જોવા જતાં ઝાંઝવાના જળનીપેઠે તે જોવામાં આવતો નથી, તો પછી જન્મ-મરણ આદિ સંસાર કોને હોય, ક્યાંથી હોય અને કેવો હોય? કાંઇ નહિ.[૨૧] આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને પ્રવૃત્ત થયેલા પુરુષને વૈરાગ્યની દૃઢતા ન હોવાને લીધે વિષયોનું સ્મરણ થઇ જો પાછો ચિત્તનો ઉદય થાય તો ફરીવાર પાછી આ સંસારસંબંધી ભ્રાંતિ ખડી થઇ જાય છે, માટે કશા દૃશ્ય પદાર્થનો આશ્રય નહિ કરતાં આકાશનીપેઠે અસંગ, નિર્વિકાર અને સ્વચ્છ થઇ જઇ આત્મનિષ્ઠ થઇ રહેવું, અને ભૂમિકાના અભ્યાસવડે પાછું કોઈ વખત આ સંસારરૂપી ભ્રાંતિનું સ્મરણજ ન થાય એવું તેનું વિસ્મરણ સંપાદન કરવું, એજ આ લોકમાં પરમ કલ્યાણરૂપ છે.[૨૨,૨૩] અહીં કોઈ દ્રષ્ટા પણ નથી, કોઇ ભોક્તા પણ નથી, કોઇનું અસ્તિત્વ પણ નથી અને કોઇનું નાતત્વ પણ નથી. આ સર્વ યથાસ્થિતપણે એક શાંત ચિદ્રૂપ છે, સદાકાળ સમુદ્રની પેઠે પરિપૂર્ણ છે, અને જેમ સમુદ્રમાં તરંગોવડે ચંચળતા દેખાય તેમ એ ચિદાત્મામાં પણ પ્રારબ્ધને અનુસારે અનેક રંગો જોવામાં આવે છે. સર્વ દૃશ્યજગત બ્રહ્મરૂપ છે, અને આરોપિતદૃષ્ટિએ મિથ્યા છતાં અધિષ્ઠાન દૃષ્ટિએ સદ્રૂપ છે, એમ પ્રસિદ્ધ રીતે જ્ઞાન થતાં જેમ જળ સૂકાઇ જવાથી જળમાં પડતું સૂર્ય-ચંદ્રાદિકનું પ્રતિબિંબ ક્ષીણ થઈ જાય તેમ ચિદાભાસ અને તેની લિંગશરીરરૂપ ઉપાધિ, એ બન્નેનો ક્ષય થઈ જાય છે, અને પરમમાંગલિક તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે.[૨૫] પરમતત્ત્વમાં વિશ્રાંત થયેલા સમદર્શી વિવેકી પુરુષનું સમાધિનિષ્ઠપણું કિંવા શુદ્ધ વ્યવહાર કે જેમાં રાગદ્વેષ આદિ કશું હોતું નથી તે જોવામાં આવે છે, અથવા તો પરમ નિર્વાણને પ્રાપ્ત થઇ ગયેલા એ મહાત્મા પુરુષનું સમાધિનિષ્ઠપણુંજ અવશેષ રહે છે, કેમકે એ તત્ત્વજ્ઞપુરુષ વાસના કે જે વ્યવહારમાત્રનું મૂળ છે તે વિનાનો હોય છે, તો પછી શામાટે તે વ્યવહાર કરે? તોપણ જ્યાં સુધી મોક્ષદશા (સાતમી ભૂમિકામાં વિશ્રાંત થયાપર્યંત) પૂર્ણસ્થિતિને પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી ચિત્તમાં રાગ-દ્વેષ-ભય વગેરે વિકારોનોઉદય ન થવાદેતાં તે યથાપ્રાપ્ત વ્યવહાર કર્યે જાય છે.[૨૬-૨૮] તત્ત્વજ્ઞ પુરુષ રાગ-ભય-ક્રોધ વગેરે વિકારથી રહિત થઈ જઇ ચિત્તને સમાધિનિષ્ઠ રાખી મુક્તદશાને પ્રાપ્ત થઈ પોતે શિલારૂપ નહિ છતાં નિરંતર શિલાના જેવો અચળ થઇ રહે છે.[૨૯] જેમ કમળના બીજના અંદરના ભાગમાં(સૂક્ષ્મરૂપે) આખી કમલિની રહી હોય તેમ સ્વપ્ન જેવી આ જગતની ભ્રાંતિપણ આત્માની અંદરજ અનન્યપણે (જુદાપણા વિના) રહેલી છે; પણ તે બહાર આત્માવિના ક્યાંય બીજી જગોએ રહેલ નથી.[૩૦] જગતના બાહ્યપણાની ભાવના કરવાથી તે બાહ્યરૂપે દેખાય છે, અને આત્મારૂપે તેની ભાવના કરવાથી આત્મરૂપ દેખાય છે. એ પરમતત્ત્વરૂપી અધિષ્ઠાનની અંદર જેવી જેવી દૃઢ ભાવના કરવામાં આવે તેવું તેવું એ તત્ત્વજ (વિવર્તરૂપે) થઇ જાય છે.[૩૧] જેવી અંદર સ્વપ્ન આદિની ભ્રાંતિ જોવામાં આવે છે તેવીજ આ બહારની જગત આદિ ભ્રાંતિ નજરે પડે છે. જેમ બે જુદાં જુદાં પાત્રોમાં રહેલાં દૂધમાં કશો ભેદ નથી તેમ સ્વપ્નસૃષ્ટિ અને બાહ્યસૃષ્ટિ એ બન્નેમાં પણ કશો ભેદ નથી—એ બન્ને આત્મારૂપી અધિષ્ઠાનની અંદર ભ્રાંતિવડે કલ્પાએલ છે.[૩૨] વળી સ્વપ્નસૃષ્ટિનું અસ્થિરપણું અને બાહ્યસૃષ્ટિનું સ્થિરપણું એ પણ ભ્રાંતિમાત્ર છે. જાગૃત અવસ્થાના દેહનો અને સ્વપ્નનો આધાર-આધેયભાવ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ જળતરંગનીપેઠે કલ્પનામાત્રજ છે.[૩૩] સ્વપ્નાદિકમાં દેખાતા પદાર્થોનું જ્યાંસુધી આત્મમયપણું નથી સમજાતું ત્યાંસુધી તે આત્માથી જુદે રૂપે દેખાવાથી જુદા જણાય છે, પણ જ્યારે એ સર્વ સ્વપ્નવસ્તુઓનું આત્મમયપણું સમજાય એટલે તત્કાળ જાગી જતાં સર્વનો બાધ થઇ જઇ કશું આત્માથી જુદું જણાતું નથી અને પાછું તે મનમાં પણ આવતું નથી; એવીજ રીતે જાગૃત અવસ્થામાં દેખાતા પદાર્થો પણ જ્યાંસુધી અજ્ઞાનનેલીધે આત્માથી ભિન્ન મનાય ત્યાંસુધી તે જુદા લાગે છે, પણ જ્ઞાન થતાં જે આત્મરૂપજ સમજાઈ જાય તો આત્માથી જરા પણ જુદા જણાતા નથી, અને પાછા જુદે રૂપે ચિત્તમાં આવતા પણ નથી.[૩૪] પરમાત્માનું શુદ્ધ ચિદ્રૂપ કે જે સંકલ્પમાત્રથી રહિત છે, અને શાંત છે,તેમાં જગત-જીવ આદિ ભાવોની ભાવના કરવામાં આવે તો એ તત્ત્વ એવી તરેહનું દેખાયછે;અને જો એવી તરેહની જગદાદિ ભાવોની ભાવના કરવામાં ન આવે તો તે શુદ્ધ અને જગત આદિ ભાવથી રહિત કેવળ ચિદ્રૂપજ જણાય છે.[૩૫] સ્વપ્ન અને જાગૃત આદિ અવસ્થાસંબંધી સર્વ પદાર્થોનું જ્ઞાન શાંત થઇ જતાં કેવળ શુદ્ધ ઈશ્વરીય ચિદ્રૂપજ અવશેષ રહે છે કે જે અસ્તિત્વનું નિરૂપણ કરનાર દેશ-કાળરૂપી આધાર ન હોવાને લીધે અસ્તિત્વના વ્યવહારનો વિષય નથી, તેમજ શુદ્ધસ્વરૂપનો કદીપણ બાધ ન થવાનેલીધે જેનો અભાવ પણ કહી શકાતો નથી, એવું છે; અને તેનેલીધેજ એ તત્ત્વ વાણીવડે વર્ણવી ન શકાયાથી વાણીનો વિષયજ નથી.[૩૬] આ વાત સમાધિનિષ્ઠ જીવન્મુક્ત પુરુષજ, ભ્રાંતિનો આત્યંતિક લય થયાથી સમજી શકે છે, બાકી આત્મતત્ત્વનું સ્વરૂપ જ્ઞાનવાન પુરુષની પણ ઉપદેશવાણીનો વિષય નથી—એ તો માત્ર પોતાના અનુભવવડેજ જાણવામાં આવે એવું છે.[૩૭] માટે હે રામચંદ્રજી ! તમે અહંકારને છોડી દઈ, ભય, અભિમાન, શોક, લોભ, મોહ, મન, દેહ, મનન (વિચાર), ઇંદ્રિયો, ચિત્ત અને અજ્ઞાન, એ સર્વનો ત્યાગ કરી શાંત, અજન્મા, અક્ષય, સર્વ ભેદ માત્રથી રહિત એક બ્રહ્મરૂપ થઈ જઇ, નિરંતર સમાધિનિષ્ઠજ થઇ રહો; એ વાત વધારે યોગ્ય છે.[૩૮]

शांतं निरस्तभयमानविषादलोभमोहात्मदेहमननेंद्रियचित्तजाड्यम् ॥ त्यक्त्वाहमक्षयमपास्त समस्तभेदं निर्वाणमेकमजमासितुमेव युक्तम् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણયુક્ત્યુપદેશવર્ણન'એ નામનો એકત્રીશમો સર્ગ સંપૂર્ણ.૩૧

सर्ग ३२ मो.*

સત્યવસ્તુ જ્ઞાનોપદેશ

॥ श्री वसिष्ठ उवाच ॥

यदा चितिः प्रसरति तदाहंता जगद्भ्रमः ॥ असदेवाभ्युदेतीव स्पंदादपि च वायुता ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે:—જેમ ચલનશક્તિથી પવન પોતાનું સ્વરૂપ પ્રસારે તેમ ચિદાત્મા જ્યારે બહિર્મુખ થઇ પોતાના સ્વરૂપને પ્રસારે છે ત્યારે અહંતા અને જગતની ભ્રાંતિ મિથ્યા છતાં કેમ જાણે ખડી થઈ ગઈ હોય એમ ભાસે છે.[૧] અહંતાનો અને જગતરૂપી ભ્રાંતિનો ઉદય થયેલો હોય તોપણ બ્રહ્મરૂપ જણાયાથી તે ખેદકારક થતો નથી, પણ જગતના નામ-રૂપવડે જો તેની ભાવના કરવામાં આવે તો તે મહાઅનર્થકારક થાય છે.[૨] જેમ ચક્ષુ દૃશ્યવિષય તરફ ફેલાઇ જઈ રૂપનો અનુભવ કરે છે તેમ ચેતનતત્ત્વ

* આ બત્રીશમા સર્ગમાં સત્સંગતિ અને સચ્છાસ્ત્રનો વિચાર, એ બન્નેનો નિરંતર અભ્યાસ રાખનાર મુમુક્ષુ પુરુષનો મોક્ષ અવશ્ય ભાવી હોવાથી તેની સ્વાધીનતાવિષયનું પ્રતિપાદન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ બહિર્મુખ થઈ જઈ પોતાના રૂપને પ્રસારી દઈ જગતની ભ્રાંતિને અનુભવેછે.[૩] કૂટસ્થ ચૈતન્ય બહિર્મુખ થઈ જઇ જે પોતાના રૂપને બહાર વ્યર્થ પ્રસારી દે છે એ તેનું પ્રસરેલું રૂપજ પ્રસરવાનો કશો વિષય ન હોવાથી મિથ્યા છે; અને જે પોતેજ મિથ્યા હોય તે શી રીતે પ્રસરે ? વાંઝણીનો પુત્ર ક્યાં નાચે છે ? ક્યાંય નહિ.[૪] આ ચિદાત્માનું બહિર્મુખપણે ફેલાવું બાહ્ય વસ્તુઓના અનુભવવડે સિદ્ધ થાય છે. અનુભવ થવાને લીધે તે બાહ્ય પદાર્થનો અનુભવ કરનાર તરીકે પ્રતીતમાં આવે છે. એ અનુભવ વિદ્યાવડે બાધિત થઇ જાય છે. બાહ્ય વસ્તુઓ કે જે ભ્રાંતિકલ્પિત હોવાથી મિથ્યા છે તેનો પોતે અનુભવ નહિ કરતાં છતાં ચિદાત્મા, બાળકે પોતાના મનથી કલ્પી લીધેલા યક્ષની પેઠે મિથ્યારૂપેજ અનુભવ કરનાર તરીકે થઈ રહ્યો છે.[૫] અહંકાર પણ કેવળ દુઃખકારક છે, અને તે ' હું અમુકરૂપ છું ' એમ કલ્પી લેવાથી ખડો થઇ જાય છે; પરંતુ 'હું એવું કાંઇ પણ નથી' એમ નિઃસંકલ્પસ્થિતિ ગ્રહણ કરવામાં આવે તો અહંકારનો ઉદયજ થતો નથી; માટે (વિચાર કરતાં જણાય છે કે) બંધ અને મોક્ષ, એ બન્ને પોતાના સ્વાધીનમાં છે.[૬] વિદ્યાવડે મૂળ અજ્ઞાનનો નાશ થઇ જઈ ચિદાત્મા સાથે એકરૂપ થઇ જવાથી ચેતનરૂપે જણાતી મન-બુદ્ધિ-આદિ સર્વ જડ વસ્તુઓને જરા પણ પૃથક્ ન જાણતાં દ્રષ્ટા-દૃશ્ય-આદિ દ્વૈતભાવને પણ છોડી દઇ કેવલ ચિદાકાર વૃત્તિવડે ચિત્તમાં બીજું કશું નહિ સ્ફુરવા દેતાં જડ પાષાણાદિકની પેઠે અચળપણે સમાનભાભાવથી નિર્વિકાર અને શાંત થઈ રહેવું, એજ ધ્યાન કિંવા સમાધિ છે; અને મોક્ષનો આધાર પણ એવી સ્થિતિ ઉપર રહેલો છે.[૭] હે પાંડિત્યનું અભિમાન ધરાવનારા વાદીઓ ! તમે મૂર્ખપુરુષોની પેઠે દ્વૈત-અદ્વૈત આદિ અનેક પ્રકારના ભેદાવડે ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરનારા અને પરસ્પર કલહ પેદા કરનારા વચનરચનાઓના વિલાસથી વૃથા દુઃખ પેદા કરનાર કંઠશોષરૂપી ક્લેશને પ્રાપ્ત ન થાઓ.[૮] ધાટી વાસનાવાળા મૂઢ પુરુષને બહિર્મુખપણાનેલીધે સંકલ્પવડે રચાયેલા રૂપ-આદિ બાહ્ય વિષયો અને મન-બુદ્ધિ-આદિ આંતરવિષયો મિથ્યા છતાં પણ જેમ સ્વપ્નની પેઠે દેખાય છે, તેમ તજ્જન્ય દુઃખ પણ ધાટી વાસનાવાળા પુરુષને દૃઢ રીતે (સ્વપ્નની પેઠે) ભોગવવું પડે છે.[૯] થોડી (દેખાવામાત્ર) વાસનાવાળા વિવેકી પુરુષને અંતર્મુખપણાવડે જ્ઞાનનેલીધે બહારના રૂપાદિક વિષયો અને અંદરના ચિત્ત-બુદ્ધિ આદિ આંતર વિષયો કાયમ રહ્યા છતાં પણ સૂતેલા પુરુષની પેઠે કાંઇ સંકલ્પજ નહિ સ્ફુરવાથી, નહિ જેવાજ લાગે છે; અને પ્રારબ્ધયોગવડે પ્રાપ્ત થયેલું દુઃખ પણ તેવા પુરુષને ઉપરથી ભોગવ્યા જેવું જણાતું હોય તથાપિ નિજાનંદમાં તિરોહિત થઇ જવાનેલીધે નહિ ભોગવ્યા જેવુંજ છે.[૧૦] જેમ સંસારના ઇતર પદાર્થોસંબંધી વાસનાઓનો વધારો થવાથી સંસારનો અનુભવ થાય છે, તેવીજ રીતે દેશ, કાળ અને ક્રિયાના યોગથી વાસનાઓનો અત્યંત હ્રાસ થઇ જાય તો મુક્તપણાનો પણ અનુભવ થાય છે.[૧૧] જેમ આકાશની અંદર રહેલાં વાદળાંઓ ઝાકળ, ધૂમાડાના ગોટાઓ, ઇત્યાદિ ક્રમે કરી ધીરે ધીરે ક્ષીણ થઇ જઈ આકાશભાવને પ્રાપ્ત થઇ જાય, તેવી રીતે વાસના પણ ક્ષયના ક્રમવડે પ્રાપ્ત થયેલ છેવટના અતિસૂક્ષ્મ પરિણામથી અત્યંત પાતળી પડી જઇ મોક્ષનો અનુભવ કરાવે છે.[૧૨] જેમ વિદ્વાનોના સમાગમથી વિદ્યાભ્યાસની વૃદ્ધિ થતાં મૂઢપણું બહુ (ક્ષીણ) થઇ જઈ પાંડિત્યને પ્રકટ કરે, તેમ બ્રહ્મની અંદર અહંકારની ક્રમે કરી વૃદ્ધિ થતાં પ્રતિદિન વાસના ક્ષીણ થઈ જઇ છેવટ મોક્ષ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દશાને પ્રાપ્ત કરે છે.[૧૩] મેં બતાવેલી યુક્તિવડે 'એક પરબ્રહ્મથી હું એવી જુદી કાંઈ વસ્તુજ નથી, અને જ્ઞાનવાન પુરુષનું શરીર વિદ્યમાન હોય અથવા પછી પડી જાય ત્યારે પણ અહંકારવાળો જીવ બ્રહ્મથી જુદી સત્તાવાળો નથી' એમ જેને અંદર દૃઢ નિશ્ચય થઇ જાય અને સમાધિપૂર્વક પૂર્ણ શાંતિ રહે, તે દૃઢબોધ (દૃઢ જ્ઞાનસંપન્ન) કહેવાય છે.[૧૪] આ પરમચિદ્રૂપ તત્ત્વમાં, વાયુમાં જેમ દ્રવપણું અને ચલનાત્મક ક્રિયા કલ્પવામાં આવે છે તેમ જગત-જીવ-આદિ સર્વ ભાવ કલ્પવામાં આવે છે; અને હું કોણ છું, તથા આ જગત શી રીતે થયું છે, એ વગેરે વિચાર કરવાથી એ તત્કાળ શમી જાય છે.[૧૫] હું એવી કાંઇ વસ્તુજ નથી એમ દૃઢ નિશ્ચય થવો એજ મોક્ષ છે, તો માત્ર એટલું સંપાદન કરવામાં શા માટે મૂઢતા ધારણ કરવી પડે છે ? તે અહંકારનો અભાવ, સત્સંગતિ અને વિચાર એ બન્નેવડે તત્કાળ અનુભવમાં આવે છે.[૧૬] જેમ પ્રકાશવડે અંધકાર જતો રહે અને દિવસવડે રાત્રિ જતી રહે તેમ તત્ત્વવેત્તા પુરુષના સમાગમથી અહંકારરૂપી બંધન ક્ષીણ થઇ જાય છે.[૧૭] હું કોણ છું, આ દૃશ્ય જગત શી રીતે થયું, જીવ શી વસ્તુ છે, અને આ જીવિત કેજેવડે પ્રાણ આદિનું ધારણ થાય છે તે શું છે ? એ બધું તત્ત્વવેત્તા મહાત્મા પુરુષોનો સમાગમ કરી જ્યાંસુધી જીવભાવ રહે ત્યાંસુધી (મોક્ષપર્યંત) વિચારવાનું છે.[૧૮] તત્ત્વવેત્તા પુરુષરૂપી સૂર્યનું સેવન કરવાથી જ્ઞાનનો ઉદય થતાં આ જગત ચિદ્રૂપજ ભાસે છે, પછી અહંકાર પણ ચિદાત્માથી જુદો નથી ભાસતો, અને વસ્તુસ્વરૂપને ઢાંકી દેનારૂં અજ્ઞાન નાશ પામી જાય છે, તથા એકજ ક્ષણમાં વાસ્તવ તત્ત્વનું જ્ઞાન થાય છે; માટે એ તત્ત્વવેત્તારૂપી સૂર્ય નિરંતર સેવવા યોગ્ય છે.[૧૯] હે રામચંદ્રજી ! જે જે વાતમાં (વેદાંતશાસ્ત્ર-ન્યાયશાસ્ત્ર વગેરેમાં) જે જે પુરુષો વધારે બોધવાળા હોય તેની તેની તમે જુદી જુદી સેવા કરતા રહો, કેમકે તેઓનો પરસ્પર સમાગમ થઇ જાય તો પ્રત્યેક મનુષ્યના વિચારો ભિન્ન ભિન્ન હોવાથી પરસ્પર વિરુદ્ધ યુક્તિવડે પોતાની વાત સિદ્ધ કરવા જતાં વચમાં એક વાદરૂપી પિશાચણી ખડી થઈ જાય છે; અને વાદરૂપી પિશાચનો ઉદય થઈ જતાં શ્રોતા ભલે વિવેકી હોય તોપણ યુક્તિવડે સિદ્ધ થતું અને તાર્કિકોએ પ્રતિપાદન કરાતું પ્રત્યક્ તત્ત્વ (જીવચૈતન્ય) મુખ્ય છે, અને મારે પોતાને માટે એ વાતનો સ્વીકારજ વધારે શ્રેષ્ઠ છે, એવી ભ્રાંતિ પેદા થાય છે, અને તેમાંથી અનર્થમાં ઉતરવું પડે છે; માટે વિવેકી પુરુષે એકાંતમાંજ પ્રત્યેક પંડિતની (સમાગમદ્વારા) સેવા કરવી, અને પછી તેઓએ કહેલ બાબતોનો પોતાની બુદ્ધિવડે પોતે વિચાર કરવો.[૨૦-૨૨] પોતાની બુદ્ધિની વૃદ્ધિનેમાટે અથવા શુદ્ધિનેમાટે તે તે પંડિતે કહેલા વિષયની શ્રુતિ, યુક્તિ, પોતાનો અનુભવ અને તે સંબંધમાં બીજા વિદ્વાનોના સંવાદ, ઇત્યાદિદ્વારા (રત્નનીપેઠે) પરીક્ષા કરવી, અને પછી જે સર્વ સંકલ્પમાત્રથી રહિત હોય અને સત્ય હોય તે પરમતત્ત્વનુંજ નિર્વિકલ્પ સમાધિદ્વારા તન્મયપણું સંપાદન કરવું.[૨૩] વિદ્વાન પુરુષોના સમાગમવડે બુદ્ધિને પરમ તીક્ષ્ણ બનાવી દઇ એક અજ્ઞાનરૂપી લતાના કટકે કટકા કરીને તમે તેને નિર્મૂળ કરી નાખો.[૨૪] આ વાત સંભવિત છે, અને થઈ શકે તેવી છે, માટેજ હું તમને કહું છું. આ વાત અમે પોતે જાતે અનુભવેલ છે, અમે કાંઇ બાળક પણ નથી અને મિથ્યાવાદી પણ નથી.[૨૫] જેમ આકાશની અંદર વાદળાં-ઝાકળ વગેરે થવાથી કાંઈ તેનું અનિષ્ટ થતું નથી અને કાંઈ દુષ્ટ પણ થતું નથી, તથા સમુદ્રની અંદર જેમ તરંગોની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લહેર લાગવાથી તેનું કાંઈ ઇષ્ટ-અનિષ્ટ થતું નથી, એવી રીતે નિઃસંકલ્પ યોગીપુરુષને પણ આ સર્વ જગતના વ્યવહારોવડે કાંઇ પણ અનિષ્ટનો ઉદય કે ઇષ્ટનો નાશ થતો નથી.[૨૬] બ્રહ્મનું નિર્વિકાર અને પૂર્ણસ્વરૂપ વિચારવડે જાણવામાં આવવાથી આ સર્વ દૃશ્યજાળ ઝાંઝવાના જળના જેવું સાવ મિથ્યાજ જણાય છે, અને બ્રહ્મસત્તાથી જુદું બીજું અહંકારના આધારરૂપ કાંઇ આત્માનું સ્વરૂપજ નથી એમ દૃઢ નિશ્ચય કરી પરમાત્મામાં લીન થઇ રહેલા તત્ત્વવેત્તા પુરુષની અંદર સંકલ્પ આદિ ભ્રાંતિનો પ્રચાર કેમ હોય, કયે ઠેકાણે તે રહે અને શા માટે તે પેદા થાય ?[૨૭]

इदं हि सर्वं मृगतृष्णिकांबुवन्निरामये ब्रह्मणि शांत आतते ॥ विचारितेनाहमितीह विद्यते कुतः क्व कस्मान्मननादि विभ्रमः ॥ २७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સત્યાવબોધનોપદેશ' એ નામનો બત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૨

સર્ગ ૩૩ મો.*

ભ્રાંતિના નાશનો ઉપાય

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

स्वपौरुषेण स्वधिया सत्संगमविकासया ॥ यदि नानीयते ज्ञत्वं तदुपायोऽस्ति नेतरः ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પોતાના પુરુષપ્રયત્નથી અને સત્સંગતિવડે વિકસિત થયેલી બુદ્ધિથી જો જ્ઞાન સંપાદન કરવાનું ન બન્યું તો પછી તેનેમાટે બીજો એકે ઉપાય નથી.[૧] જેમ વિષ વસ્તુ સ્વભાવેજ મરણકારક છે તથાપિ રસાયનશાસ્ત્રમાં કહેલા ઉપાયવડે તે વિષ-

* આ તેત્રીશમા સર્ગમાં ભ્રાંતિની જે જે કલ્પના થઇ છે તેને નિવૃત્ત કરનારી પ્રતિકલ્પનાવિષે વર્ણન આવશે અને ચિદાત્માનું બહિર્મુખપણું સમેટી લઇ પરલોકની ચિકિત્સાવિષે બોધ આપવામાં આવશે.

ભાવ મૂકી દઇ અમૃતરૂપ થઇ જાય, એવી રીતે પોતે જે જે વાસના-અવિદ્યા-જગત આદિ સર્વ કલ્પી લીધેલ છે તેની પાછી શાસ્ત્રમાં બતાવેલી *પ્રતિકલ્પના પોતાની મેળેજ કરવામાં આવે તો એ સર્વ પોતાનું બંધનકારકપણું મૂકી દઇ મોક્ષમાં ઉપયોગી થાય છે.[૨] જ્યાં સુધી સર્વ કલ્પનામાત્રની નિવૃત્તિ થઇ જાય ત્યાંસુધી જગત અવિદ્યા, વાસના ઇત્યાદિના સંબંધમાં શાસ્ત્રમાં બતાવેલી પ્રતિકલ્પના કર્યે જવી, કેમકે કલ્પનામાત્ર નિવૃત્ત થઇ જતાં અવશિષ્ટ રહેલા આત્મામાંજ નિમગ્ન રહેવું તે મુક્તપણાનું લક્ષણ છે. એ કલ્પનાની નિઃશેષપણે નિવૃત્તિ વૈરાગ્યપૂર્વક ભોગનો પ્રથમ ત્યાગ કરવાથીજ સિદ્ધ થાય છે; તેવિના બીજી કોઇ પણ રીતે તે સિદ્ધ થતી નથી.[૩] જે પુરુષ બહાર વાણીવડે અને અંદર મનવડે નામ—રૂપની ભાવનાજ નહિ કરતાં વાણીનો અને મનનો નિરોધ કરવામાં પરાયણ થઇ રહે તેની અંદર ધીમે ધીમે કલ્પનાનો ક્ષય વૃદ્ધિ પામતો જાય છે.[૪] એક અહંકારને છોડી દઇએ તો અવિદ્યાનું બીજું કશું રૂપ જોવામાં આવતું નથી. એ અહંકાર જો બાધિત થઇ જાય તો પછી બીજી કશી ભાવનાજ નહિ ઉઠતાં આત્મવ્યતિરિક્ત બીજો મોક્ષ પણ કાંઇ જુદો રહેતો નથી.[૫] તત્ત્વસાક્ષાત્કાર થયા પછી પણ જો તમે જગત અને જીવ ઇત્યાદિ ભાવમાં રૂચી રાખી સ્થૂલદેહ કાયમ રહેતાં સુધી કિંચિન્માત્ર પણ અહંકારનો અવલંબ રાખશો તો પોતાનું પરિપૂર્ણ આત્મસ્વરૂપ ભૂલી જવાનેલીધે તમે અનેક દુઃખપરંપરામાં અથડાઈ મરશો; અને જો અહંકારનો ત્યાગ કરશો તો સર્વ દુઃખની નિવૃત્તિને પ્રાપ્ત થશો, તેમજ

* કલ્પનાને શાંત કરનારી ક્રિયા, વિચાર, વૈરાગ્ય, ભોગત્યાગ, વિવેક, દ્વૈષદૃષ્ટિ ઇત્યાદિનું નામ પ્રતિકલ્પના છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વસ્વરૂપમાં સ્થિતિ થવારૂપી સિદ્ધિને પણ પ્રાપ્ત થશો.[૬] જે પુરુષની દૃષ્ટિમાં પાષાણનીપેઠે અચળપણાનેલીધે વૃત્તિનું બહિર્મુખપણું ન થતાં કશું દૃશ્ય દેખવામાંજ ન આવવાથી વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવું થઇ રહ્યું હોય તેવા મહાત્માપુરુષને નમસ્કાર છે.[૭] પરબ્રહ્મની અંદર જેનું ચિત્ત લયને પ્રાપ્ત થઇ ગયેલ હોય એવા મહાત્મા પુરુષની બહાર પાષાણ આદિની પેઠે અચલ સ્થિતિ હોવાનેલીધે અને અંદર ચિદ્રૂપ પરમતત્ત્વની ભાવનાવડે આ સર્વ દૃશ્યજાળ શૂન્ય જણાયાથી શમી જાય છે.[૮] આ બહારનો દૃશ્ય–પ્રપંચ ભલે હો અથવા ન હો, એ વિષેનો વિચાર અહીં કરવાનો નથી, પરંતુ ચિત્તદ્વારા જો તે તરફ દૃષ્ટિ જશે તો તે દુઃખની વૃદ્ધિ કરનાર થઇ પડશે, અને જો તે તરફ દૃષ્ટિ નહિજ જાય તો તે સુખકારક થશે. એ દૃશ્યની (સંકલ્પક્ષયદ્વારા) પ્રતીતિ ન થવાની વાતનો આધાર ચિત્તની ક્રિયાનો નિરોધ કરી તેને કેવળ બ્રહ્માકાર કરી દેવા ઉપર રહ્યો છે.[૯] પ્રત્યેક પ્રાણીને અંગે આ લોકસંબંધી અને પરલોકસંબંધી, એવા બે મહા ઘોરવ્યાધિ વળગેલા છે, કે જે બે વ્યાધિવડે *આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક વગેરે અનેક જાતના તાપવડે પીડાઇ જઇ, દેહધારી જીવોને મહા ઘોર દુઃખો સહન કરવાં પડે છે.[૧૦] અજ્ઞાની પુરુષો આ લોકમાં પ્રસિદ્ધ રીતે દેખાતા ક્ષુધા-તૃષા આદિ વ્યાધિઓને નિવૃત્ત કરવાને ખાન-પાન આદિ ભોગરૂપી અધમ ઔષધોવડે જીવિતપર્યંત યથાશક્તિ યત્ન કર્યે જાય છે; બાકી બીજા પારલૌકિક વ્યાધિની ચિકિત્સા ભોગોરૂપી ઔષધવડે થઇ શકતી નથી.[૧૧] ઉત્તમ પુરુષો તો શાંતિ, સત્સંગતિ અને બોધ, એરૂપી અમૃતવડે પરલોકસંબંધી મહાવ્યાધિની ચિકિત્સા કરવાને પણ યત્ન કરતા રહે છે.[૧૨] જે પુરુષો પરલોકની ચિકિત્સા કરવામાટે ભોગોરૂપી અપથ્યનો ત્યાગ કરી, સત્સંગ આદિ ઔષધ સેવન કરવામાં સાવધાન થઈ રહે છે તેઓ શાંતિરૂપી ઔષધના પ્રબળ પ્રભાવથી પોતાની મોક્ષમાર્ગ સંબંધી મોટી ઇચ્છા પૂર્ણ કરવામાં વિજયી નીવડે છે.[૧૩] જે પુરુષ અહીંજ નરકરૂપી વ્યાધિની ચિકિત્સા નથી કરતો તે મહારોગગ્રસ્ત પુરુષ સત્સંગતિ-સચ્છાસ્ત્ર આદિ ઔષધવિનાના નરક-સ્થાવરભાવ આદિ સ્થાનમાં જઇ શો ઉપાય કરશે?[૧૪] અરે અવિવેકી પુરુષો! તમારૂં જીવિત કેવળ આ લોકસંબંધી વ્યાધિની ચિકિત્સા કરવામાંજ ક્ષયને પ્રાપ્ત ન થઇ જાઓ; પરંતુ તમારે આત્મજ્ઞાનરૂપી ઔષધદ્વારા પરલોકસંબંધી વ્યાધિની પણ ચિકિત્સા કરવાની છે.[૧૫] આ આયુષ્ય, વાયુવડે ચંચળ થઇ રહેલા પાંદડાના કટકા ઉપર રહેલ જળબિંદુનીપેઠે ક્ષણસ્થાયી છે, માટે જેમ બને તેમ અતિ ત્વરાથી યત્નવડે પરલોકસંબંધી મહાવ્યાધિની ચિકિત્સા કરી લેવી.[૧૬] યત્નવડે ત્વરાથી પરલોકસંબંધી મહાવ્યાધિની ચિકિત્સા કરતાં આ લોકસંબંધી વ્યાધિ પોતાની મેળેજ તરત શમી જાય છે.[૧૭] મનુષ્યનું સ્વરૂપ વિચારવા જઇએ તો તે ચિદાત્મારૂપજ છે, અને એ ચિદાત્માનું બહિર્મુખ થઈ પ્રસરી જવું એજ જગત છે, જનેલીધે (ચિદાત્માની સત્તાવડે) એક સૂક્ષ્મ પરમાણુની અંદર પણ સેંકડો પર્વતોના વિસ્તારવાળું આખું જગત રહ્યું છે. (ઇંદ્રને ત્રસ-

* કેવળ પોતાના આત્માસાથે સંબંધ રાખનાર આધિ-વ્યાધિસંબંધી દુઃખ આધ્યાત્મિક કહેવાય છે, વ્યાઘ્ર-ચોર આદિ બીજા પ્રાણીઓવડે થનારૂં દુઃખ આધિભૌતિક કહેવાય છે, અને અગ્નિ-વાયુ આદિ દેવતાઓવડે થનારૂં ટાઢ–તડકા વગેરેનું દુઃખ આધિદૈવિક કહેવાય છે. આ સંબંધી વિશેષ જિજ્ઞાસા હોય તો સાંખ્યસૂત્રનું પહેલુંજ સૂત્ર જુઓ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રેણુની અંદર આવોજ અનુભવ થયો હતો. આ વાત આગળ આવી ગયેલી છે.)[૧૮] ચિદ્રૂપ આત્માનું બહિર્મુખ થઇ જઈ જે ફેલાઇ જવું, તેજ રૂપાદિક બાહ્ય વિષયરૂપે અને કામ-સંકલ્પ આદિ માનસિક (અંદરના) વિષયરૂપે થઇ રહેલ છે, અને તે નિર્મળ ચિદાકાશની અંદર ભ્રાંતિવડેજ આત્માના એક વિવર્તરૂપે અનુભવમાં આવે છે; માટે આ જગતની ભ્રાંતિ સત્ય નથી.[૧૯] એવી રીતે જગત મિથ્યા હોવાથી તેના અનેકવાર પ્રલયો જોવામાં આવે તોપણ જગતરૂપી દૃશ્યનો કશો પણ નાશ થતો નથી અને તેની અનેક સૃષ્ટિઓ નજરે જોવામાં આવે તોપણ કશું ઉત્પન્ન થતું નથી; કેમકે જગતનું મૂળ સ્વરૂપ વિચારવા જતાં તે કેવળ ભ્રાંતિરૂપજ જણાય છે.[૨૦] ભોગરૂપી કાદવના સમુદ્રમાં ધુંચી ગયેલા પોતાના આત્માને જો તેમાંથી પોતાના પુરુષપ્રયત્નના ચમત્કારવડે બહાર ખેંચી કાઢવામાં ન આવે તો તેને નીકળવાનો બીજો કોઇ પણ ઉપાય નથી.[૨૧] જે મનુષ્ય મન નહિ જીતાવાનેલીધે મૂઢપણાથી કેવળ ભોગોરૂપી કાદવમાં ધુંચેલો રહે છે, તેવા પુરુષને જેમ સમુદ્રને નદી-નાળાંનાં જળો જઇ મળે તેમ અનેક આપત્તિઓ આવી પડે છે.[૨૨] જેમ આયુષ્યના આરંભકાળમાંજ પ્રથમ બાલ્યાવસ્થા જોવામાં આવેછે તેમ મોક્ષદશાના આરંભકાળમાં પ્રથમ રાગની શાંતિ કરનાર ભોગત્યાગ જોવામાં આવે છે.[૨૩] તત્ત્વજ્ઞ જીવન્મુક્ત પુરુષની જીવિતરૂપી નદી જો કે સુખ-દુઃખરૂપી અનેક તરંગોવાળી હોય છે તોપણ કેમ જાણે ચિત્રમાં આળેખેલી હોય તેમ શાંતરૂપે એકસરખી રીતે કશાપણ ગડબડાટવિના વહ્યા કરે છે, અને ક્ષોભ પેદા કરનારો વિષયરાગ તેમાં હોતો નથી.[૨૪] અજ્ઞાની પુરુષના જીવિતરૂપી નદીમાં તો અનેક આક્રંદના શબ્દોવડે અતિ ભયંકર એવો સુખ-દુઃખ આદિરૂપી અનેક તરંગો અને કામ-ક્રોધ આદિરૂપી અનેક ચકરીઓનાં કુંડાળાંનો જબરો ખળભળાટ જોવામાં આવે છે.[૨૫] જેમ ભ્રાંતિવડે બે ચંદ્રમા જોવામાં આવે છે, ભ્રાંતિવડે જેમ બાળકને વેતાલ જોવામાં આવે છે, જેમ ઝાંઝવાના જળની ભ્રાંતિવડે પ્રતીતિ થાય છે, જેમ સ્વપ્નમાં અનેક પદાર્થો મિથ્યા છતાં દેખવામાં આવે છે, અને બુદ્ધિ મોહવડે છવાઇ જતાં જેમ અનેક ભ્રાંતિજ્ઞાન થાય છે, તેવી રીતે અજ્ઞાનનેલીધે ચિદાત્માના વિવર્તરૂપે ભ્રાંતિવડે અનેક સૃષ્ટિઓનો ભાસ થાય છે.[૨૬] ચિદાત્મારૂપી જળના અનેક તરંગોરૂપે આ હજારો સૃષ્ટિઓનું ભાન થાય છે. વિચાર કરતાં તો એ સૃષ્ટિઓ મિથ્યારૂપેજ માત્ર ભાસી રહી છે, અને ભ્રાંત પુરુષને ભ્રાંતિવડે તે અનુભવમાં આવવાથી સત્ય ભાસે છે.[૨૭] આકાશની અંદર પણ ગંધર્વનગર આદિ સૃષ્ટિઓ, કેવળ આત્મતત્ત્વનું બહિર્મુખપણાનેલીધે બહાર ફેલાવું થતાં ભ્રાંતિવડે કેમ જાણે સત્ય હોય તેવી અનુભવમાં આવે છે, બાકી તે વસ્તુતાએ સત્ય નથી.[૨૮] અહંકાર આદિવડે અનુભવમાં આવતા ષડ્ભાવવિકારોના* આકારોવડે અનેક રૂપોને ધારણ કરી રહેલો આ સૃષ્ટિસંબંધી ભ્રમ, ચિદાત્માનું બહિર્મુખપણું થઈ જઇ ફેલાઇ જવારૂપ જળના એક પરપોટારૂપ છે.[૨૯] ચિદાત્માનું બહિર્મુખપણું ન થતાં અંતર્મુખપણે તેની સ્વસ્વરૂપમાંજ સ્થિતિ રહે તો જગતરૂપી ભ્રાંતિની નિવૃત્તિ થઈ જાય છે, અને જો એ ચિદાત્માનું બહિર્મુખપણું થઇ જતાં તે પોતાના રૂપને પસારી દે તો આ જગત ખડું થઈ જાય છે. એ જગત બહાર પણ નથી, અંદર પણ નથી. (પ્રતીતિમાં આવતું હોવાથી) અસત્ય પણ નથી, તેમ (મિથ્યારૂપે ભ્રાંતિ માત્ર પ્રતીતિમાં આવવાથી) સત્ય પણ

* ઉત્પન્ન થવું, હોવું, વધવું વગેરે ભાવરૂપ છ વિકારો.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નથી.[૩૦] આ સર્વ ચિદ્રૂપ છે, કે જે ચેતનતત્ત્વ જન્મથી રહિત છે, અવ્યક્ત (જાણી ન શકાય તેવું અસ્ફુટ) છે, એક છે, નાશવિનાનું છે, ઈશ્વરરૂપ છે, જેમાં પોતાપણું કે પારકાપણું એવો કશો ભેદ નથી, જે ભાવવિકારથી રહિત છે, જે બ્રહ્મરૂપ છે, અને જે આકાશના કરતાં પણ અતિ સૂક્ષ્મ, નિર્વિકાર, અસંગ અને શાંત છે.[૪૨] જેમ પવનની અંદર (સ્વભાવિક રીતે) ચંચળતા જોવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મ કે જે સ્વભાવથી પણ રહિત છે તેની અંદર પોતાની મેળેજ આ સૃષ્ટિનું સ્ફુરણ થવામાં કશું પણ કારણ ઘટતું નથી.[૩૨] સઘળી સૃષ્ટિ બ્રહ્મના વિવર્તરૂપ છે. સ્વપ્નમાં થતા અનુભવનીપેઠે બ્રહ્મરૂપી મહાસાગરની અંદર બ્રહ્મના તરંગોરૂપે સૃષ્ટિઓ દેખાય છે કે જે કેવળ ભ્રાંતિ માત્ર છે, અને વસ્તુતાએ જોવા જઇએ તો સ્વપ્ન કે સૃષ્ટિ એ કશુંય, નિર્વિકાર અદ્વિતીય બ્રહ્મતત્ત્વમાં છે નહિ.[૩૩] આ સર્વ આભાસથી રહિત એક પરમતત્ત્વરૂપ છે કે જે તત્ત્વ ચિદ્રૂપ છે, (ધર્મવિનાનું હોવાથી) ચેતનપણારૂપી ધર્મથી પણ રહિત છે, અને સર્વત્ર એકસરખી રીતે ભરપૂર છે.આ જગત સદ્રૂપ પણ નથી,અસદ્રૂપ પણ નથી અને સદસદ્રૂપ પણ નથી; કિંતુ અનીર્વચનીય છે, અને બ્રહ્મતત્ત્વના વિવર્તરૂપ હોવાથી અદ્વિતીય બ્રહ્મરૂપ છે કે જે સદા નિત્ય છે.[૩૪] યથાસ્થિતપણે રહ્યા છતાં પણ જે પુરુષની અંદર સંકલ્પનું સ્ફુરણ થવાવિના તેનો આત્મા બહિર્મુખ ન થતાં અંતર્મુખ થઇ શાંતપણે નિર્વિકાર શુદ્ધ બ્રહ્મભાવમાંજ સ્થિર થઇ રહે તેને વિદ્વાનો જ્ઞાનનિષ્ઠ કહે છે.[૩૫] આ સંસારમાં દેહરૂપ ઉપાધિવડે યુક્ત છતાં જેને માટીવડે બનાવેલાં પૂતળાંનીપેઠે કશો સંકલ્પજ સ્ફુરતો નથી, તથા જીવભાવ સહિત આ આખું જગત એક આત્મચૈતન્યમાંજ ગળી ગયેલું દેખાય છે, તેવા મહાત્માને વિદ્વાનો જ્ઞાનનિષ્ઠ કહે છે.[૩૬] જેમ સંકલ્પવડે ખડું થઇ ગયેલું નગર સંકલ્પનો ક્ષય થતાં પાછું જોવામાં આવતું નથી, એવીજ રીતે આત્મચૈતન્યનું બહિર્મુખપણું થતાં સંકલ્પથી ઉત્પન્ન થયેલ આ જગત અને જીવ એ બન્ને આત્મચૈતન્યનું અંતર્મુખપણું થતાં સંકલ્પનો ક્ષય થઇ જવાથી અધિષ્ઠાન ચૈતન્યમાંજ શમી જઇ પાછાં દેખવામાં આવતાં નથી.[૩૭] સર્વ દૃશ્યના મૂળરૂપ એક અવિદ્યાને(મૂળ જ્ઞાનને)મૂકી દઇ બાકી સર્વ નામરૂપ એ અવિદ્યામાંથીજ ઉત્પન્ન થયેલ છે, અને એ અવિદ્યાને પણ (સુષુપ્તિ આદિમાં) સાક્ષિભાવે રહી સિદ્ધ કરનાર સાક્ષિચૈતન્યને પોતાના આત્મારૂપે અનુભવવો એજ મોક્ષનું રૂપ છે.[૩૮] આ જગતમાં વસ્તુતાએ કોઇ પણ પદાર્થનો કશો સ્વભાવજ છે નહિ. જગત સંબંધી સર્વ અનુભવો સર્વના અધિષ્ઠાનરૂપ મહાચૈતન્યરૂપી જળના દ્રવરૂપ છે.[૩૯] આ સૃષ્ટિસંબંધી અનુભવો મહાચૈતન્યરૂપી પવનના લહેરખારૂપ છે, તે અધિષ્ઠાનદૃષ્ટિએ ચિદાકાશરૂપ છે, અને અધ્યસ્તદૃષ્ટિએ શૂન્યરૂપ છે; એ વિવેક તમારે પોતાને સૂક્ષ્મ દૃષ્ટિવડે સમજવાનો છે.[૪૦] પવન અને તેની ચલનશક્તિ, એ બન્ને જેમ અભિન્ન (જુદાં નહિ તેવાં–એક) છે, તેમ બ્રહ્મ અને સૃષ્ટિ, એ બન્ને અભિન્ન છે; તેઓનો જે ભેદ પોતાની ભ્રાંતિનેલીધે જોવામાં આવે છે; તે સાવ અસત્ય છે; અને સ્વપ્નમાં જેમ પોતાના મરણનો મિથ્યારૂપે અનુભવ થાય, તે રીતે સાવ મિથ્યા છતાં અનુભવમાં આવે છે.[૪૧] જ્યાંસુધી તત્ત્વનો યથાર્થ વિચાર ચિત્તમાં સ્ફુટ રીતે આવતો નથી, ત્યાંસુધી ભ્રાંતિ રહ્યા કરે છે; પરંતુ જ્યારે સ્ફુટ રીતે તાત્ત્વિક વિચાર ચિત્તમાં ઉદય પામે કે તરતજ એ ભ્રાંતિ પણ બ્રહ્મથી જુદી ન રહેતાં બ્રહ્મરૂપજ થઇ જાય છે.[૪૨] ભ્રાંતિ પોતે તો સસલાના શીંગડાનીપેઠે અસત્ય વસ્તુ છે,

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

એટલે તત્ત્વદૃષ્ટિએ જોવા જતાં તેનું સ્વરૂપજ દેખાતું નથી, બાકી તેમાં રહેલો સત્તાસ્ફૂર્તિરૂપી અંશ તો બ્રહ્મથી જુદો પડી શકતો નથી; માટે અતિ સ્વચ્છ નિર્વિકાર પરબ્રહ્મજ છેવટ વિચાર કરતાં અવશેષ રહે છે.[૪૩] હે રામચંદ્રજી! તમે દેહસંબંધથી લાગેલી, જરામોહાદિ વિકારોનો બોજો વહેવાની મિથ્યા ભ્રાંતિને છોડી દઇ, ચિદાકાશપણાને પ્રાપ્ત થાઓ; કે જે ચિદાકાશ, આદિ મધ્ય અને અંતથી રહિત છે, નિર્મળ છે, સર્વત્ર સમાનરૂપે રહેલ છે, નિત્ય છે, મંગળમય છે, અને અદ્વિતીય છે.[૪૪]

अनादिमध्यांतमनंतमच्छं समं शिवं शाश्वत-
मेकमेव ॥ सर्वा जरामोहविकारभ्रांतिं विमु-
च्यांवरभावमेहि ॥ ४४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સત્યાર્થાપન્યાસયોગ' એ નામનો તેત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૩

સર્ગ ૩૪ મો.*

દૃશ્યસૃષ્ટિ ટાળવાનો ઉપાય

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

प्राप्तेषु सुखदुःखेषु यो नश्यति स नश्यति ॥
यो न नश्यत्यनाशोऽसावलं शास्त्रोपदेशनैः॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—સુખ—દુઃખ પ્રાપ્ત થતાં જે પુરુષનું મન (અજ્ઞાનને લીધે) તેવડે લિપ્ત થઇ જાય છે, તે આ સંસારસંબંધી જન્મ-મરણાદિક અનર્થપરંપરામાં ધસડાયા કરે છે, પણ જે સુખ-દુઃખના સમયમાં (વિવેકને લીધે) તેવડે લિપ્ત થતો નથી, તે જન્મ-મરણ આદિ વિકારોથી રહિત અવિનાશી આત્મારૂપજ છે. આ સંબંધમાં શાસ્ત્રોના વિશેષ ઉપદેશની કશી જરૂર નથી.[૧] જે પુરુષની અંદર ઇચ્છાનો ઉદય થાય છે તેને અવશ્ય સુખ-દુઃખ આદિ થયાવિના રહેતાં નથી, માટે જો સુખ-દુઃખની બરાબર ચિકિત્સા કરવા ધારતા હો તો પ્રથમ ઇચ્છાનોજ ત્યાગ કરો.[૨] અવિનાશી પરમપદમાં 'અમુક હું છું' અને 'અમુક જગત છે' એવી ભ્રાંતિ (નિર્મૂલ હોવાથી) સાવ છેજ નહિ. આ સર્વ શાંત અવિનાશિ દૃશ્યના આલંબનથી રહિત બ્રહ્મરૂપ છે.[૩] જો સર્વ શાંત ચિદાકાશરૂપ છે તો પછી તેની અંદર વળી હું અને જગત ઇત્યાદિ શબ્દની ભ્રાંતિનો વિલાસ કોણે કલ્પી કાઢેલો છે? કોઇએ નહિ.[૪] અહીં હું પણ નથી, જગત પણ નથી અને બ્રહ્મ આદિ શબ્દો પણ નથી. શાંત એક પરમતત્ત્વજ સર્વરૂપ છે તો પછી કર્તા અને ભોક્તા કોણ અને કયાંથી હોય?[૫] બ્રહ્મનું પારમાર્થિકપણું, સત્યપણું અને આત્મરૂપપણું હોવાથી નિષેધ કરવામાં આવતા સર્વ મિથ્યા પદાર્થોના કરતાં વિલક્ષણપણાનેલીધે તેનો નિષેધ ન થઈ શકતાં બાકી બીજા સર્વ પદાર્થોનો નિષેધ કરવામાં આવ્યો છે, જેનેલીધે સત્ય આત્મા કે જે મારું પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તેજ અવશેષ રહે છે.[૬] જેમ પોતાની પાસે રહ્યા છતાં અંતર્ધાન શક્તિવડે અદૃશ્ય રહેનારા સિદ્ધપુરુષોનો અને પિશાચાદિકનો વ્યવહાર મહાભયંકર હોય તોપણ તે જાણવામાં આવતો નથી, તથા જેમ એક શય્યામાં (પોતાની સાથે) સૂતેલા બીજા કોઇ પુરુષને સ્વપ્નમાં મહાભયંકર મેઘગર્જના સાંભળવામાં આવે પણ તે બીજાના જાણવામાં આવતી નથી, આવી રીતે આ દૃશ્યજાળ બીજાઓને નજરે આવ્યા કરતું હોય પણ જ્ઞાનવાન પુરુષને મિથ્યા કલ્પતાનેલીધે જો

* આ તોત્રીશમા સર્ગમાં ચિદાત્મા ઇંદ્રિયદ્વારા બહિર્મુખ થઇ જતાં આ સૃષ્ટિ જોવામાં આવવાથી આત્માને અંતર્મુખ કરી લઇ સૃષ્ટિ તરફ લક્ષ્ય ન આપવામાં આવે તો એ જોવામાં આવતી નથી; એ સંબંધી કેટલીક યુક્તિઓ કહી બતાવેશ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિત્તમાં સ્ફુરણ ન ઉઠે તો તેની દૃષ્ટિમાં એ ઉપશમને પામી ગયેલજ છે.[૭] પોતાની પાસે અદૃશ્યરૂપ રહેનાર સિદ્ધ પિશાચ આદિનો વ્યવહાર (તેમજ બીજાને સ્વપ્નમાં જણાતી મેઘગર્જના) પોતાના લિંગદેહવિશિષ્ટ ચિદાભાસની અંદર સંકલ્પદ્વારા સ્ફુરેલ ન હોવાથી તે જાણવામાં આવી શકતો નથી; અને ઈશ્વરીય નિયમથી સૃષ્ટિનો એવોજ સ્વભાવ છે કે જે જીવાત્મા (ચિદાભાસ) ની અંદર સંકલ્પદ્વારા સ્ફુરી આવે તેજ વાત સર્વના અનુભવમાં આવે છે.[૮] આથી સિદ્ધ એ થાય છે કે સર્વ ચિદાભાસને વળગેલું છે, અને એ ચિદાભાસ પણ તેનો જડ અંશ બાદ કરતાં ચેતન અંશથી આત્મારૂપજ છે, તેથી સિદ્ધ થાય છે કે સર્વ આત્મરૂપ છે, અને આત્માના વિવર્તરૂપે ભાસી રહ્યું છે; એટલે અહંકારે સહિત આ સર્વ જગત પરમાત્માથી જરાપણ જુદું નથી.[૯] જેમ સંકલ્પમાં અને સ્વપ્નમાં દ્રષ્ટા અનેકરૂપે ભાસે છે, તેમ જાગ્રતમાં પણ દ્રષ્ટારૂપ આત્મચૈતન્યજ જગતને આકારે વિવર્તરૂપે ભાસે છે. જળ જેમ એકરૂપ છતાં અનેક તરંગોરૂપ બની જાય તેમ એ આત્મસત્તા અદ્વિતીય છતાં અવયવોવાળા જગતને આકારે ભાસ્યા કરે છે.[૧૦] આત્મા કે જે પોતે વસ્તુતાએ એકજ છે તે બહિર્મુખ થતાં અજ્ઞાનનેલીધે વિવર્તરૂપે કેમ જાણે અનેક આકારે થઇ રહ્યો હોય એમ લાગે છે, પણ એ અનેકપણું અવસ્તુરૂપ (મિથ્યા) હોવાથી તત્ત્વદૃષ્ટિથી જોવા જતાં તે દેખાતું નથી.[૧૧] જેમ જીવ નિરવયવ છતાં સ્વપ્નાદિકમાં પોતાના હાથપગ આદિ અવયવોને કલ્પી લઇ અવયવી બની જાય છે, તેવી રીતે નિત્ય, નિરવયવ અને શાંત બ્રહ્મ પણ વિવર્તરૂપે જગતને આકારે જોવામાં આવે છે.[૧૨] ચિદાત્મારૂપી કુંભારણ પોતાની અંદર સૃષ્ટિઓરૂપી લાખો મૃત્તિકાપાત્રને (કલ્પનારૂપે) ધારણ કરી રહેલ છે, તેમાંથી બહિર્મુખ થઈ જેવી ભાવના કરે તે તે કેમ જાણે જગત આદિને આકારે થઇ રહેલ હોય તેમ અનુભવમાં આવે છે.[૧૩] હે નિર્મળ રામચંદ્રજી! જેમ સમુદ્ર દ્રવરૂપ હોવાથી તરંગ આદિ અનેકરૂપે થઈ જાય તેમ બ્રહ્મજ પોતાની સત્તાવડે કેમ જાણે જગતને આકારે થઈ રહ્યું હોય તેવું લાગે છે.[૧૪] આત્મા પોતે રૂપથી રહિત છે, તથાપિ પોતાના સ્વરૂપની અંદર જેવું પોતાનું રૂપ કલ્પી લે તેવું તેવું પોતાનું જગત આદિ રૂપ કેમ જાણે સત્ય હોય એમ જોવામાં આવે છે, અને જો પોતે સંકલ્પથી રહિત થાય તો કશું તેના જોવામાં આવતું નથી.[૧૫] બ્રહ્મ માયાનો સંબંધ થતાં સર્વ શક્તિમાન ઈશ્વરરૂપ હોવાથી જડ-ચેતનના વિભાગો પણ ઉપદેશનેમાટેજ તેના માયારૂપી દેહની અંદર કલ્પાયેલા કહેવાય છે, બાકી એ કહેવું પણ વસ્તુતાએ સત્ય નથી.[૧૬] જગત સત્ય પણ નથી અને અસત્ય પણ નથી; આત્માની અંદર સંકલ્પરૂપી સ્ફુરણ ઉઠતાં આ જગત ભાસે છે, અને સંકલ્પ ક્ષય થતાં તેનો આભાસ જતો રહે છે. આમાં આપણે શો આગ્રહ બાંધવાનો છે? કાંઈ નહિ.[૧૭] જેમ અચળ સ્ફટિકમણિની અંદર હજારો પદાર્થોનાં પ્રતિબિંબો પડતાં રહે છે, અને પાછો સામો પદાર્થ ખસી જતાં તે જતાં રહે છે—તેમાં કશો પ્રબલ પરિશ્રમ કરવો પડતો નથી, એવીજ રીતે સંકલ્પનો ક્ષય કરી આત્મનિષ્ઠ થઇ રહેવું તે અને સંકલ્પને સ્ફુર્યા કરવા દેવો એ બન્ને વાત પોતાના સ્વાધીનની છે—તેમાં કશો પ્રબળ પરિશ્રમ કરવો પડે તેવું નથી.[૧૮] તત્ત્વદૃષ્ટિએ જોવા જતાં જેની સત્તા દેખાતી નથી અને જેનો આધાર કે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કારણ પણ જણાતાં નથી, એવો અહંકારરૂપી યક્ષ ક્યાંથી ખડો થઈ જાય છે તે હું જાણી શકતો નથી.[૧૯] અહો! વસ્તુતાએ જે અહંકારરૂપી યક્ષની સત્તાજ (અસ્તિત્વજ) નથી, એ અહંકારરૂપી યક્ષે તમોને સર્વને પરાધીન કરી મૂક્યા છે, એ વાત ખરેખર આશ્ચર્યકારક છે.[૨૦] જેમ તિમર રોગવાળાને નેત્રદોષનેલીધે ભ્રાંતિથી આકાશની અંદર મોવાળામસલાં આદિના આકાર જેવું દેખાય છે, તેવી રીતે ભ્રાંતિનેલીધે બ્રહ્મની અંદર પોતાનું સ્વરૂપજ કાકતાલીયનીપેઠે અહંકારરૂપે ભાસે છે.[૨૧] હું અને જગત, એ બન્ને બ્રહ્મરૂપજ છે તો પછી નાશ અને ઉત્પત્તિ ક્યાંથી હોય? માટે હર્ષ-શોક કરવાનો શો વિષય છે, અને આશ્રય પણ શું છે? કાંઇ નહિ.[૨૨] સાક્ષિચૈતન્ય પોતે માયાવડે સંયુક્ત થતાં ઈશ્વરરૂપ હોવાથી તેના સર્વેશ્વરપણાનેલીધે આ જગત તેની અંદર સંકલ્પદ્વારા સ્ફુરિત થઇ ખડું થઈ ગયેલ દેખવામાં આવે [illegible], અને જો તે સંબંધી કશું સ્ફુરણજ ન થાય [illegible] તે જોવામાં આવતું નથી; માટે તમને એ જગતસંબંધી કશું સ્ફુરણજ ન થાઓ.[૨૩] ઉપર કહ્યા પ્રમાણે જગત ચિદ્રૂપ હોવાથી ચિદાકાશજ સ્વપ્નમાં સંકલ્પવડે ખડા થઇ ગયેલા કોઇ નગરનીપેઠે, કાગડાનું આવવું અને તાડનું પડવું એ બન્ને જેમ દૈવયોગથી એકજ સમયે અકસ્માત રીતે થાય તેમ અકસ્માત રીતે જગતરૂપે ભાસે છે, તેથી એ જગત બ્રહ્મથી કેમ જુદું હોય? ન હોય.[૨૪] જળની અંદર તરંગાદિક રહેલ છે, જેમ વૃક્ષના લાકડામાં પુતળી રહેલ છે, અને જેમ પૃથ્વીમાં ઘટાદિક રહેલ છે, તેમ બ્રહ્મની અંદર સૃષ્ટિ રહેલી છે.[૨૫] નિરાકાર અને નિરવયવ સ્વચ્છ પરબ્રહ્મમાં જે કાંઈ (સંકલ્પદ્વારા) અનુભવમાં આવે છે તે તે ચૈતનતત્ત્વના અચિંત્ય પ્રભાવથી ઉત્પન્ન થઇ જાય છે, બાકી અહંકાર પણ શું છે, અને જગત પણ શું છે? કાંઈ નહિ.[૨૬] જેમ પવનની અંદર પવનસત્તાનેલીધેજ અનેક જાતની ચલનક્રિયા જોવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મ કે જે વસ્તુતાએ અવિદ્યાથી રહિત છે તેમાં બ્રહ્મસત્તાનેલીધેજ જગત આદિ, અને અહંકાર આદિ ભાવ વિવર્તરૂપે દેખાય છે.[૨૭] જેમ વાદળાંની અંદર વૃક્ષ, હાથી, ઘોડા અને મૃગ ઇત્યાદિના આકારો જોવામાં આવે છે, તેમ નિરવયવ અને નિરાકાર પરબ્રહ્મમાં અહંકાર અને સૃષ્ટિ ઇત્યાદિ જોવામાં આવે છે.[૨૮] પરમ મંગળમય પરબ્રહ્મની અંદર, વૃક્ષની અંદર જેમ શાખા હોય તેમ આ સર્વ સૃષ્ટિ અવયવોની પેઠે ભાસી રહી છે. જેમ વટ આદિ કાર્ય, બીજ-આદિ કારણની સત્તાવડેજ સત્તાવાળું છે, તેમ જગત પરબ્રહ્મની સત્તાવડેજ સત્તાવાળું છે; એ પ્રમાણે તમારે તેની ઉપમા સમજી લેવી.[૨૯] આત્મસત્તાથી જુદો જગતનો સંભવજ ન હોવાથી અંદર શાંત રહી, તમે વગર શ્રમે નિરૂપાધિક દશામાં રહી, ભ્રાંતિને મૂકી દઈ આકાશનીપેઠે નિર્વિક્ષેપ થઇ રહો.[૩૦] તમે પણ નથી, અમે પણ નથી, જગત પણ નથી અને આકાશાદિક પણ નથી; આ સર્વ શાંત પરબ્રહ્મજ પૂર્ણ રીતે ભરપૂર થઈ રહ્યું છે.[૩૧] ચૈતનતત્ત્વવિના તેનાથી જુદું બીજું નિરૂપણજ ન કરી શકાયાથી સર્વ પદાર્થો ભેદથી રહિત બ્રહ્મરૂપ સિદ્ધ થતાં, હું અમુકરૂપ છું એવી વિશેષ ભ્રાંતિનો ત્યાગ કરી, ચૈતનતત્ત્વ કે જે વસ્તુતાએ સત્ય છે, અને સર્વ ભેદમાત્રથી રહિત છે, તેજ હું છું, એવી દૃઢ ભાવના રાખો કે જેથી તમને મોક્ષની પ્રાપ્તિ થાય.[૩૨] દ્રષ્ટાને દેહાદિકરૂપે જાણવો એજ બંધનરૂપ છે, એમ તમે સમજો, અને આત્માને દેહાદિકરૂપે ન જાણતાં શુદ્ધ ચિ રૂપ જાણવો એ મોક્ષરૂપ છે, એમ સમજો; અને તમે યથાસ્થિતપણે રહી શિષ્ટાચાર-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રમાણે ભૂમિકાના અભ્યાસને નહિ ઓળંગતાં શાંતપણાથી નિર્વિક્ષેપ થઇ જઈ આત્માને દેહાદિકરૂપ ન જાણતાં શુદ્ધ ચિદ્રૂપ જાણનારા થાઓ.[૩૩] દ્રષ્ટા કદી પણ દૃશ્યભાવને પ્રાપ્ત થતો નથી અને ચેતનતત્ત્વ કદીપણ *પરપ્રેય જડભાવને પ્રાપ્ત થઈ શકતું નથી. એ પ્રમાણે જડ વસ્તુનો અભાવ સિદ્ધ થતાં જગતનું અસ્તિત્વજ ન હોવાથી કોણ કોને શી રીતે અને શા માટે ચેતાવે ? (ચેતનાવાળું કરે ?)[૩૪] દ્રષ્ટાની અને દૃશ્યની દશાનો અભાવ હોવાથી,તમે જાગ્રત અવસ્થામાંજ સુષુપ્તિ અવસ્થાનીપેઠે શૂન્યજેવા અને શરદ્ઋતુના આકાશના જેવા નિર્મળ થઇ રહો.[૩૫] બ્રહ્મ કે જે એક ચિદ્રૂપ છે તેની અંદર જેમ પવન અને તેની ચલનશક્તિ જુદાં ભાસે છે તેમ અજ્ઞાનનેલીધેજ જડ-ચેતન આદિ ભેદ ભસ્યા કરે છે. તેમાં જડ-ચેતનનો ભેદ ભાસ્યા કરવો એજ સૃષ્ટિરૂપ છે, અને સર્વમાં (જડ-ચેતન એવા વિભાગને છોડી દઇ) એકપણું જણાવું તે મોક્ષરૂપ છે.[૩૬] બ્રહ્મરૂપ પવનની અંદર ચિદાભાસરૂપી સ્ફુરણ ઉઠવું એજ સૃષ્ટિરૂપ કહી શકાય છે, અને એ શુદ્ધ ચિત્સત્તામાં ચિદાભાસરૂપી સ્ફુરણજ ન ઉઠે તો તે મોક્ષરૂપ કહેવામાં આવે છે.[૩૭] જેમ બીજ પોતાના સ્વરૂપનેજ અંદર પલ્લવ આદિરૂપે સમજે, તેમ મહાચૈતન્ય પોતાની અંદર રહેલા પોતાના સ્વરૂપનેજ સૃષ્ટિરૂપે સમજે છે.[૩૮] બીજ જેમ પોતાના સ્વરૂપને પાંદડાં આદિરૂપે સમજવાથી પોતે પાંદડાં આદિરૂપે થઈ જાય, તેમ પરમ શુદ્ધ ચિદાત્મા પણ પોતાના સ્વરૂપને સૃષ્ટિરૂપે સમજે એટલે તે સૃષ્ટિરૂપ થઈ જાય છે.[૩૯] જેમ વૃક્ષની અંદર ક્રમે કરી થવું, હોવું, વધવું, ઘટવું ઇત્યાદિ છ ભાવરૂપ વિકારોનો પ્રતિભાસ જોવામાં આવે છે તેમ ચિદાત્માની અંદર આ સૃષ્ટિની પ્રતીતિ થાય છે. આ બાબતમાં બીજ દૃષ્ટાંતરૂપ છે, જેમ સર્વ વૃક્ષો બીજનો વિકાર હોવાથી બીજરૂપ છે, તેમ બીજ આદિરૂપે થઇ રહેલ ચેતનસત્તાનો આ સઘળો વિસ્તાર હોવાથી સર્વ તન્મય છે.[૪૦] પરબ્રહ્મ કે જે પોતે સદા નિર્વિકાર છે, તે રૂપજ આ સર્વ જગત છે, અને તેને લીધે એ જગત પણ નિર્વિકાર અનાદિ અનંત છે; એમ તમે નિઃસંશયપણે સમજો.[૪૧] આ દ્વૈત-અદ્વૈતસંબંધી સર્વ વિકાર સંકલ્પવડે ખડા થઈ ગયેલા નગરનીપેઠે પોતાના સંકલ્પરૂપજ છે, અને સંકલ્પનો ક્ષય થતાં તેનો પણ ક્ષય થઈ જાય છે.[૪૨] શૂન્યપણાનો અને આકાશનો જેવો ભેદ (કલ્પનામાત્રજ) તમારા જાણવામાં આવતો હોય તેવોજ પાયાવગરનો સૃષ્ટિનો અને બ્રહ્મનો ભેદ તમારે સમજવો.[૪૩] પરબ્રહ્મની શાંતસત્તા કે જે મહાચૈતન્યરૂપે પોતાની મેળે અનાદિકાળથીજ સિદ્ધ છે તેજ અજ્ઞાનનેલીધે 'હું અમુક મનુષ્યરૂપ છું' એવે આકારે થઇ રહેલ છે, અને જગતને આકારે પણ વિવર્તરૂપે એજ થઇ રહેલ છે.[૪૪] બ્રહ્મજ જો આ જગતરૂપ છે તો પછી તેમાં ભ્રાંતિવડે ઝાંઝવાના જળની પેઠે કાંઇ ઉત્પન્ન થયેલ દેખાય, પણ વસ્તુતાએ તે કાંઇ ઉત્પન્ન થયેલજ નથી; અને કાંઇ નાશને પ્રાપ્ત થઈ ગયેલું જણાય તોપણ ઝાંઝવાના જળની પેઠે કંઇપણ નાશને પ્રાપ્ત થતું નથી.[૪૫] જેમ વૃક્ષ આદિ અવયવી પોતાના અવયવોમાં વ્યાપી રહે, જેમ મઠાકાશ-ઘટાકાશ આદિ આકાશ મહાકાશની અંદર રહે અને તરંગમય જળ જેમ જળની અંદર રહે, તેમ બ્રહ્મજ પોતાના અવિકારી સ્વરૂપની અંદર વિવર્તભાવથી પદાર્થરૂપે અને વસ્તુતાએ બ્રહ્મરૂપે થઇ રહેલ છે.[૪૬] એકાનમેષના અર્ધાભાગ જેટલા સમયમાં એક (હૃદયરૂપ) પ્રદેશમાંથી બીજા પ્રદે-

* પરપ્રેય એટલે બીજાવડે ચેતનવાળું થાય તે=જડ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શમાં જતાં વચમાં ચિદાત્માનું જે કાંઇ શૂન્યતા જેવું સદ્રૂપ અનુભવમાં આવે છે તેજ વાસ્તવિક છે; માટે તમે તેનો અવલંબ રાખો.[૪૭] વિવેકી સત્પુરુષો ચિન્મય આત્માનું એક રૂપ જગત-આદિ વિવર્તવાળું છે, અને બીજું રૂપ વિવર્તથી રહિત શુદ્ધ કૂટસ્થ પૂર્ણ આનંદરૂપ છે, એમ કહે છે. તે બન્નેમાં જેવડે તમને પરમ પુરુષાર્થરૂપ મોક્ષ મળવાનો સંભવ લાગતો હોય તેમાંજ તમે એકનિષ્ઠાવાળા થઇ રહો; પણ અવિવેકી બનો નહિ.[૪૮]

संक्षुब्धमक्षुब्धमिति द्विरूपं संवित्स्वरूपं प्रवदंति संतः ॥ श्रेयः परं येन समीहसे त्वं तदेकनिष्ठो भवमाऽमतिर्भूः ॥ ४८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થયોગોપદેશ' એ નામનો ચોત્રીશમો સર્ગ સંપૂર્ણ ૩૪

સર્ગ ૩૫ મો.*

બ્રહ્મસ્વરૂપ વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

शाद्देशांतरं दूरं प्राप्तायाः संविदः क्षणात् ॥ यद्रूपममलं मध्ये परं तद्रूपमात्मनः ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—ક્ષણમાત્રમાં (ઇંદ્રિયદ્વારા) એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પ્રાપ્ત થયેલ ચિદાત્માનું વચમાં જે કાંઇ નિર્વિષય રૂપ છે તેજ આત્માનું શુદ્ધ નિર્મળ સ્વરૂપ છે.[૧] તમે ચાલતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, આંખો મીંચતાં અને ઉઘાડતાં તથા હાસ્યકરતાં (સદા કાળ) આત્માના નિર્વિષય ચિન્માત્ર સ્વરૂપમાંજ એકનિષ્ઠા રાખનારા થાઓ, કે જે સ્થિતિ મોક્ષની નિર્વિકાર દશાને પ્રાપ્ત કરનાર છે.[૨] તમે જીવન્મુક્ત પુરુષના વ્યવહારને અનુસારે અને પોતાના કુલાચાર પ્રમાણે ભલે વ્યવહાર કરતા રહો; તથાપિ અંદર વાસનાઓથી ધનૈષણા, પુત્રૈષણા, પરલોકૈષણા ઇત્યાદિ એષણાઓથી (ઇચ્છાઓથી) રહિત, સત્ય, નિરાભાસ, ચિન્માત્ર પરમતત્ત્વમાં નિષ્ઠા રાખવારૂપી પરમપુરુષાર્થમાંથી કદીપણ ચલાયમાન નહિ થતાં એ વિષયમાં મેરુપર્વતની પેઠે અચલ થઈ રહો.[૩] અવિદ્યાનું ખરૂં રૂપ એજ છે કે તત્ત્વદૃષ્ટિએ જોવા જતાં જે દેખાતું નથી. જો તત્ત્વદૃષ્ટિએ જોવા જતાં તેનું સ્વરૂપ નજરે આવતું હોય તો તેને વિદ્યારૂપજ કહી શકાય.[૪] જ્યાં અવિદ્યાનોજ અસંભવ છે ત્યાં પછી જડ-ચેતનનો કિંવા દ્રષ્ટા-દૃશ્યનો વિભાગ કે જે અવિદ્યાવડે થયેલો છે તે કઇ જગ્યોએ અને કેમ સંભવે? ન સંભવે. અને જો એમજ છે તો પછી પોતાની અંદરજ તમે સંકલ્પને શામાટે સ્ફુરાવો છો? તમે સંકલ્પને સ્ફુરવાજ નહિ દો એટલે બળાત્કારથી પોતાની મેળેજ શાંતિનો ઉદય થશે.[૫] બ્રહ્મ અને જગત એ બન્ને પરમાર્થદૃષ્ટિએ જોતાં એકજ છે, અને એક છતાં અનેકનીપેઠે થઈ રહેલ છે. બ્રહ્મ પોતે પૂર્ણ છે તોપણ અપૂર્ણ જેવું ભાસે છે, શુદ્ધ છતાં અશુદ્ધના જેવું (જગત આદિને આકારે) પ્રસરી રહ્યું છે.[૬] એ બ્રહ્મતત્ત્વ શૂન્ય નહિ છતાં (પ્રલયાદિમાં) શૂન્ય જેવું થઇ રહે છે, અને શૂન્યના જેવું નિર્વિકલ્પ છતાં (સૃષ્ટિકાળમાં) કેમ જાણે શૂન્યતાથી રહિત હોય તેવું ભાસે છે. વસ્તુતાએ તે દેશ-કાળવડે અનંત છે, તથાપિ કેમ જાણે દેશ કાળવડે પરિમેય હોય તેવું થઇ રહ્યું છે. એ પોતે એકરૂપ છતાં કેમ જાણે અનેકરૂપે હોય તેવું ભાસે છે.[૭] તે અવિકારી છતાં કેમ જાણે વિકારી હોય તેવું ભાસી રહ્યું છે. સર્વત્ર સમાનરૂપે રહેલું અને શાંત છતાં એ કેમ જાણે વિક્ષેપ-

* આ પાંત્રીશમા સર્ગમાં આત્મવસ્તુ જગત આદિ પ્રપંચસહિત અને જગત આદિ પ્રપંચથી રહિત એમ ભાસે છે, પણ તે અખંડ રીતે એકજ છે, એવું બતાવવાને બ્રહ્મનું રૂપ સત્ય અને અસત્ય, એ બન્ને ભાવના આભાસવાળું છે, એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગાળું હોય તેવું જણાય છે. સદ્રૂપ છતાં દૃષ્ટિપથમાં ન આવવાથી કેમ જાણે અસત્ય હોય તેવું લાગે છે. પોતાના એકજ રૂપમાં રહ્યા છતાં કેમ જાણે બીજે રૂપેજ ખડું થઇ ગયું હોય તેવું ભાસે છે.[૯] તે વિભાગવાળું નહિ છતાં કેમ જાણે વિભાગવાળું હોય તેવું થઇ રહ્યું છે, અને જડ અંશથી રહિત છતાં કેમ જાણે જડ અંશવડે યુક્ત હોય તેવું દેખાય છે. પરપ્રકાશ્ય નહિ છતાં તે કેમ જાણે પરપ્રકાશ્ય (બીજાવડે પ્રકાશને પ્રાપ્ત થતું) હોય તેવું ભાસે છે, અને નિરવયવ છતાં કેમ જાણે સાવયવ હોય તેવું શોભી રહ્યું છે.[૯] અહંકાર વિનાનું છતાં કેમ જાણે અહંકારવાળું હોય તેવું છે, અને નાશથી રહિત છતાં કેમ જાણે નાશવાળું હોય એવું જણાય છે. એ પરમતત્ત્વ કલંકવિનાનું છતાં કેમ જાણે જન્મ–મરણાદિકરૂપ કલંકવડે યુક્ત હોય તેમ ભાસે છે, અને દૃશ્યથી રહિત છતાં કેમ જાણે દૃશ્યપણાને ધારણ કરી રહ્યું હોય તેમ થઇ રહ્યું છે.[૧૦] પોતે સ્વયંપ્રકાશ છતાં (અદૃશ્યતાને લીધે) કેમ જાણે અંધકારવડે વ્યાપ્ત હોય તેમ થઇ રહેલ છે, અને પુરાતન છતાં કેમ જાણે નવો નવો આકાર ધારણ કરી લેતું હોય તેવું ભાસે છે. એ તત્ત્વ પરમાણુના કરતાં પણ બહુ સૂક્ષ્મ છે, છતાં અસંખ્ય સૃષ્ટિપરંપરાને તે પોતાના ગર્ભની અંદર ધારણ કરી રહ્યું છે.[૧૧] એ તત્ત્વ સર્વરૂપ છતાં યજ્ઞ, દાન, તપ, ચિત્તશુદ્ધિ, વૈરાગ્ય અને શ્રવણ-મનનાદિક કષ્ટકારક પ્રબળ પુરુષપ્રયત્નવડે જ્ઞાનદશાને પ્રાપ્ત થયેલા વિવેકી પુરુષને દૃશ્યથી રહિત જોવામાં આવે છે. તે પરમતત્ત્વ, બંધન માત્રથી મુક્ત છતાં કેમ જાણે બંધનોવડે યુક્ત હોય તેવું દેખાય છે, અને અનેક પ્રકારે થઇ રહ્યું છે છતાં પણ દ્વૈતભાવથી રહિત છે.[૧૨] એ શુદ્ધ તત્ત્વ માયાના સંપર્કથી રહિત છે, તોપણ માયારૂપી અમૃતકિરણસમૂહનો પ્રસાર કરવામાં નિર્મળ સૂર્યનારાયણના જેવું છે. તે બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે, અને મહાસાગર જેમ નદી-નાળાં આદિના જળનું સ્વામિપણું ભોગવે તેમ એ તત્ત્વ પણ કેમ જાણે સર્વ જ્ઞાનમાત્રનું ધણીપણું ભોગવતું હોય તેમ સર્વજ્ઞતાવડે યુક્ત છે.[૧૩] જગતરૂપી રત્નોને રહેવાને માટે તે (બ્રહ્માંડના આકારના) એક મોટા ખજનારૂપ છે. એ તત્ત્વ અત્યંત ભારે છતાં વિવેકરૂપી ત્રાજવામાં તોળતાં ભારેપણું મિથ્યા જણાયાથી રૂના પુમડાથી પણ બહુ હલકું જણાય છે. માયારૂપી કિરણોનો પ્રસાર કરવામાટે એ તત્ત્વ ચંદ્રમારૂપ છે, એટલે તે માયાનું મૂળ અધિષ્ઠાનરૂપ છે, તોપણ દેખવામાં આવતું નથી.[૧૪] એ તત્ત્વ દેશ-કાળવડે અનંત અને અપાર છે, તથાપિ તે કોઈ દેશ-કાળમાં રહેલ પણ નથી. એ શુદ્ધ ચિત્તત્વ આકાશજેવા શૂન્ય પ્રદેશમાં પણ વનની રચનાઓનું અને પર્વતોનું નિર્માણ કરનારું છે.[૧૫] એ તત્ત્વ અતિ સૂક્ષ્મ પદાર્થોથી પણ અતિ સૂક્ષ્મ છે, અને અતિ સ્થૂલ પદાર્થોથી પણ અતિ સ્થૂલ છે. અતિ ભારે પદાર્થો કરતાં પણ તે અતિ ભારે છે, અને અતિ શ્રેષ્ઠ પદાર્થોથી પણ તે અતિ શ્રેષ્ઠ છે.[૧૬] અંદર શૂન્યતાનેલીધે તે કર્ત્તા, કર્મ અને કરણથી× રહિત છે, અને કારક અને કારણ એ બન્નેથી પણ રહિત છે; છતાં કેમ જાણે કર્ત્તા-કર્મ આદિવડે ઘણા કાળથી યુક્ત હોય તેવું એ છે.[૧૭] જગતરૂપી રત્નને રહેવાના સંપુટરૂપ છે, છતાં તે નિત્ય અરણ્યના જેવું શૂન્યજ છે; અને અનંત શૈલોના જેવું તે કઠણ છે, તથાપિ આકાશના કરતાં પણ તે સુકોમળ છે.[૧૮] એ તત્ત્વ અનાદિ કાળથી નિત્યજ છે, તોપણ પ્રત્યેક વસ્તુમાં અને પ્રત્યેક સમયમાં કેમ જાણે કોમળતાથી નવે નવે રૂપે થઇ રહ્યું હોય તેવું દીસે છે; અને પ્રકાશમય છતાં અજ્ઞા-

× અસાધારણ કારણને કરણ કહે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નના આવરણનેલીધે અંધકાર જેવું જણાય છે. જગતનો તિરોભાવ કરી દેવાથી અંધકાર જેવું છે, તથાપિ એ તત્ત્વ સર્વત્ર પ્રકાશરૂપે પ્રસરી રહેલ છે.[૧૯] એ તત્ત્વ પ્રત્યક્ષ છતાં દુર્લક્ષ્ય (ઘણી મહેનતે માંડ જાણી શકાય તેવું) છે, અને (અજ્ઞાનદશામાં) પરોક્ષ છતાં (જ્ઞાનદશામાં) પોતાની પાસેજ રહેલ છે. એ તત્ત્વ ચિદ્રૂપ છતાં આવઘાવડે જડરૂપ દેખાય છે, અને (અજ્ઞાનવડે) જડરૂપ દેખાતાં છતાં પણ તે ચિદ્રૂપજ છે.[૨૦] એ તત્ત્વ હુંરૂપપણ છે છતાં તમારારૂપ પણ થઇ રહેલ છે, અને તમારારૂપ છે છતાં મારારૂપ થઇ રહેલ છે. તે મારાથી (અહંકારથી) જુદું છે છતાં હુંરૂપજ થઇ રહેલ છે, અને બ્રહ્મદૃષ્ટિએ હુંરૂપજ છે છતાં કેમ જાણે જુદુંજ હોય તેવું લાગે છે.[૨૧] આ પરબ્રહ્મરૂપી ભરપૂર મહાસાગરની અંદર આ ત્રણ લોકરૂપી તરંગો કેમ જાણે ઉછાળા મારતા હોય તેવા દેખાય છે; બાકી વસ્તુતાએ તરંગ જેમ જળરૂપ છે, તેમ એ સર્વ લોક બ્રહ્મરૂપજ છે.[૨૨] બરફ જેમ શુક્લપણાને (સફેદ રંગને) ધારણ કરે તેમ બ્રહ્મતત્ત્વે આ સર્વ દૃશ્યજાળ કે જે પોતાની અંદર રહ્યું છે તેને વિવર્તભાવથી ધારણ કરી રાખેલ છે, અને જેમ બરફનેલીધે તેની અંદર રહેલું ધોળાપણું જોવામાં આવે તેમ ચિન્મયતત્ત્વને લીધેજ તેની અંદર રહેલી આ સૃષ્ટિ જોવામાં આવે છે.[૨૩] આ પરમાત્મા દેશ-કાળરૂપી અવયવથી રહિત છતાં જેમ જળ તરંગનો વિસ્તાર કરે તેમ મિથ્યારૂપે અહર્નિશ કેમ જાણે જગતનો વિસ્તાર કરતા હોય તેવું ભાસે છે.[૨૪] આ ચિદાકાશરૂપી વિશાળ જંગલની અંદર પંચમહાભૂતરૂપી પાંદડાંઓના પસારવાળી આ જગતરૂપી જીર્ણ મંજરીઓ વિકાસને પ્રાપ્ત થાય છે.[૨૫] એ પરમાત્મા જીવ-જગત આદિને આકારે થઇ રહેલા પોતાના પ્રતિબિંબને પોતાની મેળેજ જોવાની ઇચ્છાથી પોતે અત્યંત નિર્મળ આકાર ધારણ કરી લઈ અરીસારૂપ થઇ રહેલ છે.[૨૬] અનંત બ્રહ્મસત્તાની અંદર આકાશરૂપી (ઉંબરાના) વૃક્ષના ફળના જેવા બ્રહ્માંડના, પોતાની ઇચ્છાવડે કલ્પી લીધેલ એક ત્રૈલોક્યરૂપી અવયવની અંદર દીપી નીકળતા સૂર્યાદિક દેવતાઓ, અને તેનાથીજ ઉદયને પ્રાપ્ત થનાર ચક્ષુ આદિ ઇંદ્રિયસમૂહ, આત્મા કે જે જીવરૂપ છે તેને રૂપ આદિ વિષયનો અનુભવ કરાવવામાં ઉપકરણરૂપે ઉપયોગી થઇ જગતમાં અનેક ચમત્કારો બતાવે છે.[૨૭] એ પરમાત્મા અંદર રહેલા વાસનામય પ્રપંચવડે અને બહાર રહેલા જગતરૂપી પ્રપંચવડે જાગૃત અવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં અનેકરૂપે થઈ રહેલ છે, અને સુષુપ્તિ અવસ્થામાં નાના પ્રકારે નહિ દેખાતાં તે એકરૂપેજ દેખાય છે. એવી રીતે ભાવ અને અભાવવાળી સ્થિતિથી બહાર અને અંદર સર્વત્ર એજ તત્ત્વ રહેલ છે.[૨૮] આ સર્વ પદાર્થોની શોભા એ પરમાત્મરૂપજ છે, અને તે જેમ જીભ પોતાની મુખરૂપી ગુફાની અંદર રસાસ્વાદ આદિ ચમત્કાર બતાવે છે, તેમ પરમાત્માની અંદર તેનીજ ઇચ્છાથી તેનાજ પ્રયોજન માટે વિવિધ પ્રકારના ચમત્કારો કર્યા કરે છે.[૨૯] ચેતનસત્તાને લીધેજ મધુરતા બતાવનારા રૂપ—રસ-આદિ વિષયોને પોતાના એકદેશમાં ધારણ કરી રહેલું અને જગતમાં દેખવામાં આવતી સુખ-દુઃખ, કામ-ક્રોધ, જન્મ-મરણ, ઇત્યાદિ અનેક ચકરીઓવડે યુક્ત, એ જગત પરમાત્મારૂપી જળના દ્રવરૂપ (રસરૂપ) છે.[૩૦] જેમ સૂર્ય આદિ તેજોમય વસ્તુનું પ્રભામંડળ, સૂર્ય આદિ પોતાના અધિષ્ઠાનમાંજ લય પામી જાય છે, અને પાછું તેમાંથીજ ઉદય પામે છે, એવી રીતે સૂર્ય, ચંદ્ર, અગ્નિ આદિ દેવતાઓ અને નેત્ર આદિ ઇંદ્રિયો એ સર્વના તેજવડે પ્રકાશિત થતી પદા-

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

થોની શોભા, પ્રકાશમય પરમાત્મામાં સુષુપ્તિમાં અને પ્રલયમાં લીન થઇ જાય છે, અને જાગૃત અવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં તેમાંથીજ ઉદય પામી ખડી થઇ જાય છે.[૩૧] જેમ બરફની અંદર શ્વેતભાવ રહ્યો છે તેવી રીતે આ સર્વ જગત બ્રહ્મમાંજ રહેલ છે તેથી બ્રહ્મરૂપજ છે, અને જેમ ચંદ્રમાંથી તેનાં કિરણો બહાર પ્રસરે તેમ ચિન્મય બ્રહ્મમાંથીજ આ સર્વ પદાર્થોની શોભા બહાર પ્રસરી રહેલી છે.[૩૨] એ પરમાત્મારૂપી એક નિરવયવ રંગમાંથી આ જગતરૂપી ચિત્ર બનેલું છે, કે જે વસ્તુતાએ જન્મ આદિ ષડ્ભાવ-વિકારો અને પરસ્પર એકબીજાનાથી પદાર્થોનું ભિન્નપણું બતાવનારી વિચિત્રતા ઇત્યાદિથી રહિતજ છે, અને શાંત કેવળ પરબ્રહ્મરૂપેજ સર્વત્ર રહેલ છે.[૩૩] આ પરમાત્મારૂપી વનવૃક્ષમાંથીજ દૃશ્યરૂપી શાખાઓ કે જે અનેક જગતના સમૂહરૂપી ગુચ્છાઓને ધારણ કરનારી છે તે આકાશરૂપી આંગણાની અંદર પોતાની મેળેજ મજબૂતપણે રૂઢ થઇ રહેલી છે.[૩૪] આ પરમાત્મારૂપી અચળ પર્વતની અંદર હ્રાસ–વૃદ્ધિવાળી અને નાનાપ્રકારના પદાર્થોરૂપી અનંત પુષ્પોને વહન કરનારી દૃશ્યરૂપી નદી નિરંતર વહ્યા કરે છે.[૩૫] દૈવરૂપી નર્તકી (નાચનારી-નટડી) આ ચિદાકાશરૂપી રંગભૂમિની અંદર પોતાના કરેલા આરંભને જરા પણ નહિ અટકવા દેતાં અનેક કલ્પરૂપી ઉત્સવના દિવસમાં જગતરૂપી હાવ-ભાવ બતાવવાની ભ્રાંતિનું અનુકરણ કરી નિરંતર નાચ્યા કરે છે, એટલુંજ નહિ પણ તે પોતાનો કાળરૂપી બાળક, કે જેના માત્ર આંખ ઉઘાડવા-વીંચવામાંજ કરોડો બ્રહ્માંડોના મહાપ્રલયો અને આવાંતર પ્રલયો થઇ જાય છે તેને આ બ્રહ્મરૂપી રંગભૂમિમાં માયારૂપી ઉલેચની નીચે વારંવાર નચાવ્યા કરે છે, અને એક વખત સમેટી લઈ પાછો વળી બડો કરી દે છે.[૩૬,૩૭] જેમ અંદર સેંકડો પ્રતિબિંબ પડે તોપણ અરીસો ઇચ્છા આદિ વિકારોથી રહિત અને સ્વરૂપસ્થિતજ રહે છે, તેમ આ પરમાત્મા પણ અનેક બ્રહ્માંડોનો પોતાની અંદર ઉદય થાય તોપણ ઇચ્છા આદિ વિકારથી રહિત, શાંત અને નિર્વિકાર રહી, પોતાના સ્વરૂપમાંજ સ્થિર રહે છે.[૩૮] જેમ ભૌતિક સૃષ્ટિઓનું કારણ પંચમહાભૂત છે, તેમ ભૂત, ભવિષ્ય અને વર્તમાન સૃષ્ટિઓના બીજરૂપ અને કારણરૂપ આ પરમાત્માજ છે, કે જેનું બીજું કાંઈ પણ કારણ નથી.[૩૯] માયાના યોગથી આ પરમાત્માના નેત્રનું ઉઘડવું થતાં (યોગનિદ્રામાંથી વ્યુત્થાન થતાં) જગતની સર્વ શોભા ઉત્પન્ન થયેલ જોવામાં આવે છે, અને એ પરમાત્માના નેત્રનું વીંચાવું થતાં (યોગનિદ્રામાં) આખા જગતનો પ્રલય થઇ જાય છે. વસ્તુતાએ માયાના સંબંધવિના પરમાત્મા ઉપરના બન્ને ભાવથી રહિત છે, અને કેવળ પોતાના શુદ્ધ, માયાના સંપર્કથી રહિત પવિત્ર સ્વરૂપમાંજ સદાકાળ સ્થિર હોય છે.[૪૦] જેમ પવનના સપાટાઓ પવનરૂપજ છે, તેમ પરિમાણ, કાળ, સંખ્યા અને વૈભવ આદિથી મોટાં એવાં અનેકબ્રહ્માંડો તથા તેની અંદર રહેલા પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, તેમજ તેની અંદરનાં પ્રાણીઓનો જન્મ, બાલ્યાદિ અવસ્થા, જાગૃત આદિ અવસ્થા અને નીચી-ઉંચી સ્થિતિ ઇત્યાદિ જે સર્વ આ ચિદાકાશની અંદર દેખાય છે તે બધું અનંત ચિદાકાશરૂપ છે; એમ સમજી તમે શાંત થઇ રહો.[૪૧]

उद्यंत्यमूनि सुबहूनि महामहांति सर्गागमप्रलयजन्मदशा जगंति ॥ सर्वाणि तान्ययमपार खरूपएव प्रस्पंदनानिमरुदेवयथास्वशांतम् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરબ્રહ્મસ્વરૂપવર્ણન' એ નામનો પાંત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૫

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૩૬ મો.*

ઈચ્છાત્યાગથી મોક્ષપ્રાપ્તિ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

चमत्कुर्वंत्यथाऽनर्था आवर्ता इव वारिणि ॥
एकस्वभावाः सकलायथा वारितरंगकाः ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ જળની અંદર અનેક ચકરીઓ જુદે જુદે રૂપે જોવામાં આવે તેમ પ્રથમ તો સર્વ પદાર્થો જુદે જુદે રૂપે જોવામાં આવી ઈચ્છાને ઉત્પન્ન કરી દઇ મનુષ્યના ચિત્તને ભમાવી મૂકે છે; અને પછી પરિણામે રાગ, દ્વેષ, નરક આદિ મોટા અનેક અનર્થોને ઉત્પન્ન કરે છે;પરન્તુ જેમ જળના તરંગો જળરૂપજ છે તેમ વસ્તુતાએ સર્વ પદાર્થો એક પરબ્રહ્મરૂપજ છે.[૧] આ જગતનું ખરૂં સ્વરૂપ ચિદાકાશ છે કે જે સર્વ પદાર્થોના વિશેષ રૂપને છોડી દેતાં છેવટ અવશેષ રહેલ કેવળ સન્માત્રરૂપે જણાય છે, અને સમાધિવડે ચિત્ત ઉપશમને પ્રાપ્ત થતાં તે અનુભવમાં આવે છે.[૨] જેમ આકાશની અંદર બાળકના ચિત્તવડે કલ્પાયેલ રાક્ષસ-પિશાચ આદિ, પ્રૌઢપુરુષની દૃષ્ટિમાં કાંઇ પણ નથી, એવી રીતે ચિદાકાશની અંદર સત્યતાવડે જોતાં હું કે જે વિવેકને પ્રાપ્ત થયેલ છું તેની દૃષ્ટિમાં અજ્ઞાનીઓની કલ્પનામાં આવતું આ જગત કાંઇ પણ નથી. જેમ પોતાના મનવડે કલ્પાયેલ યક્ષ-પિશાચાદિક બાળકના મનમાંજ સત્ય લાગે છે તેમ આ જગત પણ અવિવેકીઓના મનમાંજ સત્ય લાગે છે.[૩] આ જગત વિદ્વાનની દૃષ્ટિમાં તો બ્રહ્મરૂપ હોવાથી શિલાવડે બનાવેલ પૂતળાંઓની સેનાની પેઠે, બાહ્ય રૂપ આદિ વિષયો અને અંદરના ચિત્ત, બુદ્ધિ, મન ઈત્યાદિ વિષયો એ બન્નેથી રહિત છે, તો તેમાં જગતપણું ક્યાંથી હોય ? માત્ર અજ્ઞાનીઓની દૃષ્ટિમાંજ અવિદ્યાનેલીધે તેમાં બહારના રૂપાદિ વિષયો અને અંદરના મન, બુદ્ધિ, ચિત્ત આદિ વિષયો ભાસ્યા કરે છે. જેમ એક આકાશથી જુદું બીજું આકાશ નથી જણાતું, તેમ રૂપ આદિ બાહ્ય વિષયોનું અને મન-બુદ્ધિ આદિ આંતર વિષયોનું ખરૂં તત્ત્વ શોધવા જતાં ચિન્માત્રવિના બીજું (જુદું) જણાતું નથી, તો પછી તેમાં જગતનો ભાવ ક્યાં રહી શકે ? ક્યાંય નહિ.[૪,૫] જ્ઞાતા પુરુષને 'હું આ જગતરૂપી દૃશ્યનો દ્રષ્ટારૂપે અનુભવ કરનારો છું' એવો ભાવજ જગતની ભ્રાંતિને ખડી કરી દેનાર છે; અને 'આ જગતરૂપી દૃશ્યજ નથી તો પછી હું તેનો દ્રષ્ટા તરીકે અનુભવ કરનારો જુદો ક્યાં રહ્યો ?' એવો ભાવ જગતની ભ્રાંતિને શાંત કરી દેનાર છે. જેમ સ્મરણ અને વિસ્મરણ, એ બન્ને તમારી સ્વાધીનતામાં રહ્યાં છે, તેમ ઉપરના બન્ને ભાવો પણ તમારી સ્વાધીનતામાંજ રહેલ છે.[૬] ચિદાકાશ કે જે આકારમાત્રથી રહિત છે તે પરમ આકાશરૂપ હોવાથી તેનો ચિદ્રૂપ સ્વભાવ કોઇ પણ રીતે કોઈ જગ્યાએ બદલી શકતો નથી, જેથી તેમાં જડ જગતની કલ્પનાજ સંભવતી નથી.[૭] આ જગત ચિન્મય હોવાથી વસ્તુતાએ જોવા જતાં તેની અંદર પણ સ્વભાવથીજ વિકારીપણું ઘટતું નથી, તો પછી એ સ્વાભાવિક વિકારીપણું, શુદ્ધ નિર્લેપ અધિષ્ઠાન ચૈતન્યમાં તો ક્યાંથીજ હોય ? ન હોય.[૮] આ સર્વ ચિદાકાશરૂપજ છે, 'હું' એવો વ્યવહારના આધારરૂપ અહંકારની પણ સત્તા (અસ્તિત્વ) નથી, કેમકે ચિદાત્માની અંદર કશું વિકાર આદિ સંભવતું નથી, અને કોઈ ઠેકાણે ચિન્માત્ર તત્ત્વથી જુદું કાંઇ પણ છે નહિ.[૯]

---

* આ છત્રીશમા સર્ગમાં જે પુરૂષ વિષયસુખને તુચ્છ સમજી તેની ઇચ્છા નથી રાખતો તેને ભોગ પણ કાંઇ બંધનકારક થતો નથી, ઇચ્છાજ માત્ર જબરૂં બંધન છે, અને તેને ત્યાગ કરવાથી મોક્ષ મળે છે; એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્વ શાંત પરમમંગળમય શુદ્ધ ચિદાત્મારૂપ છે, અને તેની અંદર જેમ આકાશની અંદર વનની ઉત્પત્તિ ન જોવામાં આવે તેમ તમે-હું એ આદિ કશી પણ ભ્રાંતિ, વસ્તુતાએ મારા જોવામાં આવતી નથી.[૧૦] આ મારી ઉપદેશવાણી પણ ચિદાકાશરૂપ હોવાથી પોતાના સ્થૂલરૂપથી રહિત શૂન્યના જેવી છે, એમ તમે સમજો. એ તમારા ચિદાકાશરૂપી આત્માની અંદર પોતાની મેળેજ સ્થિર થઇ રહે છે-અર્થાત્ એ વાણીની ઉત્પત્તિ પણ ચેતનતત્ત્વથી છે, અને સ્થિતિ પણ ચેતનતત્ત્વમાંજ છે.[૧૧] વળી તેનું ખરૂં તત્ત્વ કે જેને સ્ફોટ કહે છે તે પણ ચિદ્રૂપજ છે. એવી રીતે સર્વ ચિદ્રૂપ હોવાથી ઇચ્છાનો ઉદયજ થવા ન દેતાં પાષાણના બનાવેલા પુરુષની પેઠે અને ચિત્રમાં આળેખેલ પુરુષનીપેઠે નિર્વિકારપણાની (સ્વસ્વરૂપમાં) સ્થિતિ રાખવી એજ સત્ય પરમપદરૂપ છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે.[૧૨] લાકડાના બનાવેલા કૃત્રિમ પુરુષનીપેઠે નિઃસંકલ્પ દશામાં રહી, ઇચ્છાવિના અને વ્યાકુળતાવિના પ્રસંગપ્રાપ્ત કર્મોમાં જે પુરુષની પ્રવૃત્તિ થયા કરે, તેજ ખરો વિશ્રાંત ચિત્તવાળો વિવેકી પુરુષ છે.[૧૩] વાસનાથી રહિતપણે કશામાં રાગ ન રાખતાં યથાપ્રાપ્ત વ્યવહારવડે જીવન ગાળનાર જીવન્મુક્ત પુરૂષને પોતાના જીવનમાં, જીવિતના ઉપકરણરૂપ આ જગત વાંસના લાકડાનીપેઠે બહાર અને અંદર શૂન્યજ લાગે છે.[૧૪] જે પુરુષના હૃદયમાં દૃશ્યપદાર્થો સંબંધી કાંઈ રુચિજ થતી નથી અને અદૃશ્ય આત્મતત્ત્વતરફજ જેની રુચિ રહે છે, તથા જે બહાર અને અંદર સદા શાંતજ રહે છે, તે આ સંસારરૂપ સાગરને તરી ગયેલોજ છે, એમ તમારે સમજવું.[૧૫] પ્રારબ્ધ ક્ષયપર્યંત જેટલો વાણીનો વ્યવહાર અવશ્ય કરવો પડે તેવિના બીજે વૃથાવાદ પડતો મૂકી, વ્યવહાર કરતા રહી, દેહાદિક કે જે વ્યવહારના અંગરૂપ છે તેમાં અહં-મમતા નહિ રાખતાં, તમે મધુરપણાથી વેણુની વીણાનીપેઠે વાસનારહિતપણે સુખેથી અનેક શબ્દજાળને બોલતા રહો.[૧૬] નટ, ભટ (યોદ્ધા), વેશ્યા આદિનાં રહેવાનાં સુંદર રચનાવાળાં ઘરોનીપેઠે તમે ક્ષોભને નહિ પામતાં અને મનનો પણ ઉદય ન થવા દેતાં, વગર ઇચ્છાએ વાસનાવિનાજ ભલે સુખેથી ત્વચા ઇંદ્રિયવડે સ્પર્શ કરવાના સ્રક્-ચંદન આદિ પદાર્થોનો સ્પર્શ કરતા રહો.[૧૭] તમે ઇચ્છા ભય અને વાસનાવિના તેમજ રાગ અને અભિલાષને પણ છોડી દઈ, દૈવયોગથી આવી મળેલા રસના સમૂહોનો કડછીની પેઠે સુખેથી સ્વાદ લ્યો.[૧૮] કશી વાસના રાખ્યાવિના નિસ્પૃહપણાથી મનના અભિમાનવિના અને અહંકારને પણ નહિ રાખતાં, તમે સુખેથી ચિત્રમાં આળેખેલા પુરુષના નેત્રનીપેઠે દૈવયોગથી પ્રાપ્ત થયેલા રૂપના સમૂહને ભલે જુઓ.[૧૯] બંધાઇ નહિ જતાં, ઉપભોગદ્વારા ત્યાગ સિદ્ધ કરવાસારૂ, તમે નાસિકાપાસે આવેલાં સુંદર સુગંધી પુષ્પોને વનના વાયુનીપેઠે વાસનાવિનાજ નિસ્પૃહપણાથી ભલે સુખેથી સુંઘો.[૨૦] ઉપર પ્રમાણે જ્ઞાનેંદ્રિયસંબંધી વિષયોની પેઠે કર્મેંદ્રિયસંબંધી વિષયોના સંબંધમાં પણ તેનું નિઃસારપણું તથા નીરસપણું મનમાં લાવી, તેદ્વારા મનને બોધ આપી, ભોગરૂપી રોગોની જે ચિકિત્સા કરવામાં ન આવી, તો પછી દુઃખશાંતિની તો વાતજ શી કહેવી ? બાકી ઉલટી અનેક અનર્થપરંપરાનો અનુભવ કરવો પડશે.[૨૧] જે પુરુષ ભોગોરૂપી વિષનો (ઝેરનો) સ્વાદ લેતાં દિવસે દિવસે તેમાં વિશેષ પ્રીતિ કરતો જાય છે તે પોતાના દેહને બળતા અગ્નિમાં ફેંકે છે, અને તેમાં નિરંતર ખડનો પુળો નાખતો રહે છે, એમ સમજવું.[૨૨] શાસ્ત્રજ્ઞાનરૂપી ભૂષણને ધારણ કરનારા વિવેકી પુરુષો, ઇચ્છામાત્રનો ત્યાગ કરી નિઃસ્પૃહ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઈ રહેવું તેજ ચિત્તશાંતિનો મુખ્ય ઉપાય છે, એમ કહે છે. ઇચ્છાનો ત્યાગ કરવાથી નિઃસ્પૃહપણાવડે જેવી ચિત્તની શાંતિ થાય છે તેવી સેંકડો ઉપદેશ આપવાથી પણ થતી નથી.[૨૩] ઇચ્છાનો ઉદય થતાં જેવું દુઃખ થાય છે તેવા દુઃખનો અનુભવ નરકમાં પણ થતો નથી, અને ઇચ્છાની શાંતિ થતાં જેવું સુખ થાય છે તેવાં સુખનો અનુભવ બ્રહ્મલોકમાં પણ થતો નથી.[૨૪] ચિત્તનું સ્વરૂપ ઇચ્છામાત્રજ છે, એમ વિવેકીઓ કહે છે; અને ઇચ્છાની શાંતિ થવી એજ મોક્ષ કહેવામાં આવે છે. શાસ્ત્ર, તપ નિયમો અને યમો, એ સર્વ તૃષ્ણાક્ષયમાટેજ છે.[૨૫] જેમ જેમ મનુષ્યના ચિત્તમાં જેટલી ઇચ્છાનો ઉદય થાય છે તેટલી તેટલી દુઃખરૂપી બીજોની મુષ્ટિ ઉગી નીકળે છે;[૨૬] અને જેમ જેમ વિવેકનેલીધે મનુષ્યની ઇચ્છા ઘટતી જાય છે તેમ તેમ દુઃખ અને ચિંતારૂપી મહાભયંકર વિષૂચિકા (કોલેરા) શાંત થઇ જાય છે.[૨૭] રાગનેલીધે મનુષ્યની ઇચ્છા જેમ જેમ ઘાટી થતી જાય છે (વધતી જાય છે) તેમ તેમ દુઃખ અને ચિંતારૂપી વિષના તરંગો વધવા માંડે છે.[૨૮] પોતાના પુરુષપ્રયત્નરૂપી ઔષધવડે એ ઇચ્છારૂપી વ્યાધિની જો ચિકિત્સા કરવામાં ન આવે તો પછી આ વિષયમાં બીજું કાંઇ પ્રબળ ઔષધ નથી.[૨૯] જો સંપૂર્ણ રીતે ઇચ્છાની શાંતિ ન થઈ શકે એમ હોય તો પછી થોડુંક પણ એ માર્ગને અનુસરવું; કેમ કે એ શુભ. રસ્તે ચાલનારો પુરુષ (ઇચ્છાનો નિરોધ કરવાના અભ્યાસવડે ક્રમે ક્રમે નિઃસ્પૃહ થઈ જતાં) દુઃખને પ્રાપ્ત થતો નથી.[૩૦] જે અધમ નરપશુ ઇચ્છાને ઓછી કરવામાં યત્ન નથી કરતો તે દિવસે દિવસે પોતાના આત્માને અંધકૂપમાં (અંધારા કૂવામાં અથવા અંધકૂપ નામના નરકમાં) નાખતો જાય છે.[૩૧] દુઃખપરંપરાને જન્મ આપનારો આ સંસારનું બીજ ઇચ્છાજ છે. એ ઇચ્છારૂપી બીજને જ્ઞાનરૂપી અગ્નિવડે ભુંજી નાખવામાં આવ્યું હોય તો ફરીવાર તે ઉગતું નથી.[૩૨] ઇચ્છાજ માત્ર સંસારના હેતુરૂપ છે, અને ઇચ્છાને મૂળસહિત ઉખેડી નાખવી એ મોક્ષના હેતુરૂપ છે, તો ઇચ્છાજ ઉત્પન્ન ન થાય એવો યત્ન કરવાનો છે; બાકી વૃથા ભ્રાંતિમાં પડી બીજા યત્નો કરવાથી શું ફલ છે? કાંઇ નથી.[૩૩] ઇચ્છાને શાંત કર્યા-વિના શાસ્ત્રવિચાર, ઉપદેશશ્રવણ અને ગુરુશરણ ઇત્યાદિ પ્રયાસમાં શા માટે વૃથા વૃથા પડો છો? ઇચ્છાને સ્ફુરવાજ ન દેવી એરૂપી ચિત્તશાંતિના ઉપાયનો શામાટે અવલંબ રાખતા નથી?[૩૪] પોતાના વિવેકવડે ઇચ્છાજ થવા ન દેવી એટલીજ વાત માત્ર જેને દુઃસાધ્ય (ન થઇ શકે તેવી) લાગે છે તેવા પુરુષને હું ધારું છું કે ગુરુનો ઉપદેશ અને શાસ્ત્ર આદિ સર્વ નિરર્થકજ છે.[૩૫] જેમ વ્યાઘ્રાદિ ફાડી ખાનારાં જનાવરોવડે ભરેલા જંગલમાં હરિણીનો જન્મ થવો એ તેને મૃત્યુના પંઝામાં ફસાવવા માટેજ છે, તેમ અનેક દુઃખોનો ફેલાવ કરનાર અને ઇચ્છારૂપી મહા ઝેરી વિકારવાળા આ સંસારમાં અવિવેકી મનુષ્યોનો જન્મ થવો એ કેવળ તેને મૃત્યુના પંઝામાં ફસાવવા માટેજ છે.[૩૬] જો મનુષ્ય બાળકનીપેઠે ઇચ્છાવડે ચપળ ન થઈ જાય તો આત્મજ્ઞાનમાટે તો થોડોકજ પ્રયત્ન કરવો પડે એવું છે. તમે માત્ર ઇચ્છાનેજ શાંત કરો એટલે તેવડે તમને સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થશે.[૩૭] નિઃસ્પૃહપણું થવું એજ મોક્ષરૂપ છે અને ચિત્તમાં ઇચ્છા રહ્યા કરવી એજ બંધનરૂપ છે; માટે યથાશક્તિ ઇચ્છાનેજ જીતવાની છે. માત્ર આટલી વાતમાં શું ન બની શકે તેવું છે?[૩૮] ઇચ્છા કે જે જરા-મરણ-જન્મ-આદિરૂપે કરંજ અને ખદિર વૃક્ષોની પંક્તિઓના એક બીજરૂપ છે, તેને નિરંતર શાંતિરૂપી અગ્નિવડે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અંદરથી બાળી (ભુંજી) નાખો.[૩૯] જે જે વિષયમાં ઇચ્છા જતી રહી જેટલું જેટલું નિષ્કામપણું પ્રાપ્ત થાય તેમાં તેમાં તેટલું તેટલું મુક્તપણું જ છે, માટે જ્યાંસુધી બુદ્ધિની ગતિ પહોંચે અને ધૈર્ય આદિ બળ ચાલી શકે ત્યાંસુધી ઉત્પન્ન થતી ઇચ્છાને શમાવી દેવી જોઇએ. જે જે વિષયમાં જેટલી જેટલી ઇચ્છા રહે તેટલું તેટલું તે તે બાબતમાં બંધના પાશોવડે બંધાવું પડે છે, કે જે દુઃખના ઢગલારૂપ છે, અનેક પીડાઓને વિસ્તારનાર છે, અને પુણ્યપાપમય છે.[૪૧] વિવેકી પુરુષનો એક ક્ષણ પણ જો ઇચ્છાને નિવૃત્ત કરવાના યત્ન વિનાનો જતો રહે તો તેણે લૂંટારાઓવડે લૂંટાયેલા પુરુષનીપેઠે ઘણીવાર સુધી આક્રંદ (હોકારો) કરવો એજ યોગ્ય છે.[૪૨] જેમ જેમ પુરુષની અંદરની ઇચ્છાઓ શાંત થતી જાય છે, તેમ તેમ તેનું કલ્યાણ કે જે સાધનચતુષ્ટયરૂપે મોક્ષને સાધી આપનાર છે તે વધવા માંડે છે.[૪૩] પોતાના આત્માને વિવેકથી રહિત રાખી, વિષયોના ઉપભોગવડે તેની ઇચ્છાને પૂર્ણ કર્યા કરવી તેજ સંસારરૂપી વિષવૃક્ષનું સિંચન કરવા જેવું છે.[૪૪] હૃદયરૂપી વૃક્ષના આશ્રયથી અને હૃદયરૂપ ઇંધનને લીધેજ ઉત્પન્ન થયેલ, તીક્ષ્ણ અગ્રભાગવાળી પાપરૂપ અગ્નિની ઇચ્છાઓરૂપી શિખાઓ, હૃદયમાં રહેલા ચિદાભાસરૂપી પુરુષપશુને, હૃદય કે જે પોતાના આશ્રયરૂપ છે તેને પુણ્ય-પાપરૂપી શુભાશુભ કર્મવડે દૂષિત કરી દીધાના અપરાધથી, તેની સાથે કેમ જાણે વૈર રાખી બેઠેલ હોય તેમ મોહરૂપી ધૂમાડાથી આંધળો કરી દઇ, સ્નેહરૂપી પાશવડે બાંધી લઈ, સુખદુઃખ આદિ નઠારાં બીજના રહેવાના સ્થાનરૂપ તેના વૃષણને પકડી એ પુરુષપશુને બાળે છે, (ડાંભે છે) કે જેનો છમ છમ એવો હૃદયભેદક અવાજ થાય છે.[૪૫]

हृद्वृक्षजाः स्वसुखदुःखकुबीजकोशा वैरादिबाश्रयकृतादशुभाशुभाच्च ॥ आसाद्य दुष्कृतकृशानुशिखाः शितांता इच्छाच्छमच्छमितिपुंस्पशुमादहंति ॥ ४५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સંસારબીજકથન' એ નામનો છત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૬

સર્ગ ૩૭ મો*

જ્ઞાનયોગનો ઉપદેશ

॥ श्रीवासिष्ठ उवाच ॥

इच्छाविषविकारस्य वियोगं योगनामकम् ॥ शांतये शृणु भूयोऽपि पूर्वमुक्तं विशेषतः ॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—ઇચ્છારૂપી વિષવિકારને નિવૃત્ત કરી દેનાર 'યોગ' એવા નામનો ઉપાય કે જે મેં પ્રથમ પણ તમને કહેલ છે, તે વળી ફરીવાર પણ તમને સ્પષ્ટ રીતે સમજાવવાને કહું તે તમે સાંભળો, કે જે ઇચ્છાથી થનારા સર્વ અનર્થોની શાંતિ કરનાર છે.[૧] અહીં જે કાંઇ પણ વસ્તુ આત્માથી જુદી હોય તો તે ઇચ્છાવડે અભિલાષ રાખવા યોગ્ય છે, પણ જ્યારે આત્માથી કાંઇપણ જુદું જ નથી ત્યારે પછી આત્માથી જુદી શી વસ્તુની ઇચ્છા રાખવાની છે? કશાની નહિ.[૨] ચિદાત્મા પોતે નિરવયવ છે, દ્રષ્ટા-દૃશ્ય-દર્શન આદિ ત્રિપુટીના વિભાગથી રહિત છે, સૂક્ષ્મ છે, અને આકાશથી પણ અત્યંત શૂન્ય છે, તથા તેજ હું-જગત એ આદિને આકારે (વિવર્તરૂપે) થઇ રહેલ છે,તોપછી તેને ઇચ્છા કરવાલાયક એવી બીજી શી વસ્તુ છે? કાંઇ નથી.[૩] એ ચેતનતત્ત્વનું સ્વરૂપ વિચારીએ તો આકાશરૂપ છે, દ્રષ્ટા અને દૃશ્ય આદિને પણ

* આ સાડત્રીશમા સર્ગમાં જેવી રીતે ઇચ્છાજ ઉત્પન્ન ન થાય તથા ઉત્પન્ન થાય તોપણ તે બ્રહ્મરૂપ જણાય તેવી રીતે અનેક યુક્તિઓવડે જ્ઞાનયોગનો ઉપદેશ આપવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આકાશરૂપેજ તે ધારણ કરી રહે છે, પોતે પણ આકાશરૂપજ છે,અને આ જગત કે જે વસ્તુતાએ ચિદાકાશરૂપ છે તેને પણ આભાસ માત્રજ તે ધારણ કરી રહ્યું છે. આમાં કયો ઇચ્છાનો વિષય છે ? કોઇ પણ નથી.[૪] અમે કે જે તત્ત્વજ્ઞાનનેલીધે શાંતિને પ્રાપ્ત થયેલા છીએ તેની દૃષ્ટિમાં કોઈપણ નિમિત્ત અથવા પ્રમાણ ન જણાયાથી ગ્રાહ્યનો (ગ્રહણ કરવા યોગ્ય વિષય આદિનો) અને ગ્રાહકનો (ગ્રહણ કરનાર જીવાત્માનો) વસ્તુતાએ સંબંધજ નથી, તો પછી ઇચ્છા કરવાનો શો વિષય છે ? કાંઈ નથી.[૫] વળી જે લોકોની દૃષ્ટિમાં એ ગ્રાહ્ય–ગ્રાહકનો સંબંધ સિદ્ધ છે, તેવા અજ્ઞાનીઓ પણ (સ્વપ્નસૃષ્ટમાં જણાતાં મનુષ્યોનીપેઠે મિથ્યારૂપેજ પ્રતીતિમાં આવતા હોવાથી) તત્ત્વદૃષ્ટિએ મારા જોવામાં આવતા નથી. ગ્રાહ્ય અને ગ્રાહકનો સંબંધ એક બીજામાં પરસ્પર પોતાની અંદર (વ્યવહારદૃષ્ટિએ) રહેલ છે તથાપિ તત્ત્વદૃષ્ટિએ જોતાં તે દેખાતો નથી, કેમકે જો તે અસત્યજ તો પછી તે શી રીતે જોવામાં આવે ? ન આવે. ચંદ્રમા કોણે શ્યામ દીઠો છે ? કોઈએ નહિ.[૬] પોતાના પારમાર્થિક આત્મસ્વરૂપમાં નિષ્ઠા નહિ રહેવાથી બહિર્મુખપણું થતાં અજ્ઞાનનેલીધે ગ્રાહ્ય-ગ્રાહક આદિ ત્રિપુટીની સત્તા દેખાય છે. યદ્યપ એ ગ્રાહ્ય-ગ્રાહક આદિ, અશાસ્ત્રીય (લૌકિક) દૃષ્ટિવડે તો સત્ય જણાય છે, તથાપિ શાસ્ત્રીય દૃષ્ટિવડે (તત્ત્વદૃષ્ટિવડે) જોતાં તે સર્વ ક્યાં જતું રહે છે, તે પાછું જાણવામાંજ આવતું નથી.[૭] તત્ત્વજ્ઞાનનો એવો સહજ સ્વભાવ છે કે અસત્ય અહંકાર શાસ્ત્રદ્વારા પોતાનું તાત્ત્વિક આત્મસ્વરૂપ સમજાયાથી પોતાના આત્મામાંજ શમી જાય છે (લીન થઇ જાય છે), અને ખરો મોક્ષ પણ તેજ છે કે જેમાં દ્રષ્ટા-દર્શન અને દૃશ્ય આદિ ત્રિપુટીનો ક્ષય થઇ જાય છે.[૮] મુક્ત અવસ્થામાં દૃશ્યાદિક રહેતું નથી; અને જ્યાંસુધી દૃશ્યાદિક રહે ત્યાંસુધી મોક્ષનો અનુભવ થઈ શકતો નથી. છાયાની અને તડકાનીપેઠે આ બન્નેની સ્થિતિ એકત્ર સંભવતી નથી.[૯] મોક્ષ અને દૃશ્ય, એ બન્ને જો ભેળાં રહી શકે તો એક બીજાવડે પરસ્પર બાધિત થઇ જતાં બન્ને અસત્ય ઠરે, અને જો એ બન્ને અસત્ય ઠરે તો અનુભવસિદ્ધ મોક્ષની પણ અસત્યતાજ સિદ્ધ થવા બેસે; પરન્તુ મોક્ષ કે જે જરા-મરણ આદિ વિકારથી રહિત છે તથા દુઃખના સંપર્કથી પણ રહિત છે, તે તો જીવન્મુક્ત પુરુષોના અનુભવવડેજ સિદ્ધ છે, માટે તેની અસત્યતા કહી શકાતી નથી.[૧૦] બાકી દૃશ્ય આદિ સર્વ ભ્રાંતિરૂપ છે, તે વડે ખરું સુખ થતું નથી, અને તે મિથ્યા તથા દુઃખરૂપ છે, માટે તેવિષે તમે કશો વિચારજ ન કરો; પરંતુ સ્વભાવસિદ્ધ (અકૃત્રિમ) મોક્ષસુખમાંજ નિરંતર દૃઢસ્થિર થઇ રહો.[૧૧] છીપની અંદર ભ્રાંતિવડે દેખાતા રૂપાનીપેઠે જે દૃશ્ય ભ્રાંતિવડેજ માત્ર દેખાય છે, અને સૂક્ષ્મદૃષ્ટિવડે જોવા જતાં દેખાતું નથી, તે કાંઈ પુરુષાર્થસાધક થતું નથી, અને મિથ્યા રીતે (સ્વપ્ન આદિનીપેઠે) કાંઈ ક્રિયા કરતું હોય તો પણ વસ્તુતાએ છેજ નહિ; તો તે અસત્ વસ્તુનો નિષેધ કરવાથી પણ શું છે? કાંઈ નહિ.[૧૨] એ દૃશ્યજાલનું અસ્તિત્વ માનવાથી મોટું દુઃખ થાય છે, અને એ દૃશ્યજાલનો અભાવ માનવાથી મોટું સુખ થાય છે, પણ એ અભાવ યુક્તિપૂર્વક મનનસહિત નિદિધ્યાસન કરવાથી દૃઢતાને પ્રાપ્ત થાય છે.[૧૩] હે અધમ પુરુષો ! અનાદિસિદ્ધ આત્મવસ્તુ કે જે વધવું, ઘટવું ઇત્યાદિ વિકારમાત્રથી રહિત છે, તે પોતાના સ્વયંપ્રકાશપણાથી અને શાસ્ત્ર–ગુરુ આદિના ઉપદેશથી સ્પષ્ટ રીતે અનુભવમાં આવે છે છતાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તમે કેમ તે તરફ દૃષ્ટિજ નથી કરતા? તમે પોતાના આત્માને વૃથા બંધનમાં નાખવા માટેજ એ દૃશ્યજાલને પકડી રાખેલ છે કે શું? કે જેથી દૃશ્ય વિષયોની આસક્તિને તમે નથી છોડતા![૧૪] જ્યારે કાર્યભાવ–કારણભાવ, એ આદિ સર્વ બ્રહ્મરૂપ છે ત્યારે તો દેહાદિક પરિચ્છેદ નહિ રહેવાથી વિસ્તારને પ્રાપ્ત થઇ ગયેલા ચિન્માત્ર પ્રત્યગાત્મામાં (જીવમાં) બ્રહ્મપણું સિદ્ધ થાય છે.[૧૫] સર્વના આત્મારૂપ એક પરમતત્ત્વ કે જે ચિદાકાશરૂપ છે તે સર્વત્ર પૂર્ણરૂપે વ્યાપી રહેલ છે, છતાં તેમાં દ્રષ્ટા-દૃશ્ય આદિ ભાવને વાસ્તવરૂપે સ્વીકારી લઇ જેઓ બ્રહ્મજ્ઞાનનેમાટે સાધનોને શોધે છે તેવા વાદિરૂપી મૃગોનું કે તેવા તાર્કિક શિષ્યરૂપી મૃગોનું અમારે કશું પણ પ્રયોજન નથી.[૧૬] વળી એ એકજ બ્રહ્મતત્ત્વ સર્વત્ર વ્યાપ્ત છે તો પછી તેમાં કાર્ય-કારણભાવનો બોધ કરનારાં વચનોનો શો અવકાશ છે? કાંઈ નથી. પવનની ચંચળતામાં, જળના દ્રવપણામાં અને આકાશની શૂન્યતામાં જે (કાંઇ સ્વભાવ આદિ અનિર્વચનીય) હેતુ છે તેજ ચિદાત્માના સૃષ્ટિ આદિરૂપે થઈ જવામાં હેતુ સમજવો. હે સુશીલ રામચંદ્રજી! જ્યારે કાર્ય-કારણભાવ આદિ સર્વ બ્રહ્મરૂપ છે, ત્યારે પછી બ્રહ્મની અંદર જગતને કાર્યરૂપ કહી વળી બ્રહ્મનું કારણપણું પ્રતિપાદન કરવાની વાદીની વાત તો માત્ર નિર્લજ્જતા બતાવનાર છે. જગતમાં વસ્તુતાએ સુખ પણ નથી અને દુઃખ પણ નથી. જગત પોતેજ શાંત, પરમ મંગળમય પરબ્રહ્મરૂપ છે.[૧૭-૧૯] ચિન્માત્ર વિના બીજું કશું પણ છે નહિ, તો પછી ઇચ્છાનો ઉદયજ ક્યાંથી થાય? જેમ માટીવડે બનાવેલા યોદ્ધાઓની (રમકડાંઓની) સેનામાં માટી વિના બીજું કાંઇ હોતું નથી, એવીજ રીતે જગત–અહંકાર આદિ દૃશ્ય, કે જે બ્રહ્મનો એક વિવર્ત છે તેમાં બ્રહ્મ સિવાય બીજું કાંઇ પણ નથી.

શ્રીરામચંદ્રજી કહે છેઃ–હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી! જેમ આપ કહો છો તેમ (સર્વ બ્રહ્મરૂપ) છે તો પછી ઇચ્છા પણ બ્રહ્મરૂપ હોવાથી તેનો ઉદય થાઓ અથવા ન થાઓ તેનો વિધિ-નિષેધ કરવાનું શું પ્રયોજન છે? કાંઇ નથી.

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–ઇચ્છાનું સ્વરૂપ જાણવામાં આવતાં ઇચ્છા બ્રહ્મરૂપજ જણાયાથી પ્રબુદ્ધ અવસ્થામાં ઇચ્છા બ્રહ્મરૂપ છે; બીજા કશા રૂપ નથી.[૨૦-૨૨] હે રામચંદ્રજી! આ વિષયમાં જેમ તમે સમજ્યા છો તેમજ ખરૂં છે; પરંતુ આ એક વાત તમે સાંભળો; કે જ્યારે જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે ત્યારે ઇચ્છા શમી જાય છે.[૨૩] જેમ સૂર્યનારાયણનો ઉદય થતાં વસ્તુસ્વભાવથીજ રાત્રિનો ક્ષય થઈ જાય છે પણ ઉદય થતો નથી, તેવીજ રીતે જ્ઞાનનો ઉદય થતાં વસ્તુસ્વભાવથીજ ઇચ્છા આદિનો ક્ષય થઇ જાય છે, પરંતુ તેનો ઉદય થતો નથી.[૨૪] જેમ જેમ જ્ઞાનનો ઉદય થતો જાય છે તેમ તેમ દ્વૈતની શાંતિ થતી જાય છે અને વાસનાનો લય થતો જાય છે, તો પછી ઇચ્છાનો ઉદયજ શી રીતે થાય? કોઇ રીતે નહિ.[૨૫] સર્વ દૃશ્યજાલમાં વિરસપણું જણાયાથી જે પુરુષને કશા વિષયમાં ઇચ્છાનો ઉદયજ થતો નથી તેની અવિદ્યા શાંત થઇ ગયેલ છે, અને તેનામાં નિર્મળ એવા મુક્તપણાનો ઉદય થયો છે, એમ સમજવું.[૨૬] જ્ઞાનસંપન્ન પુરુષને દૃશ્ય તરફ વિરક્તતા હોતી નથી તેમ આસક્તિ પણ હોતી નથી; પરંતુ સ્વાભાવિક રીતેજ દ્રષ્ટા અને દૃશ્યનો સંબંધ થવામાં તેને રુચિ હોતી નથી.[૨૭] કોઇ વખત કાકતાલીય યોગથી અથવા બીજા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કોઇની પ્રેરણાવડે શાસ્ત્રમાં નિષેધ નહિ કરાયેલ અને દેહ ધારણમાં સાધનરૂપ અન્નપાનાદિકને વખતે ઇચ્છે છે કે વખતે નથી પણ ઇચ્છતો.[૨૮] જીવન્મુક્ત પુરુષની એવી આભાસરૂપ ઇચ્છા અથવા અનિચ્છા, એ બન્ને બ્રહ્મરૂપજ છે, એમાં કાંઈ સંશય નથી. ઘણું કરીને તો જ્ઞાનવાન પુરુષને અવશ્ય ભોગસંબંધી કશી ઇચ્છાજ થતી નથી અથવા તો વખતે પૂર્વના અભ્યાસને અનુસારે પ્રારબ્ધયોગે થઈ આવે છે.[૨૯] જો જ્ઞાનનો ઉદય થયો તો અવશ્ય મનુષ્યની ઇચ્છા શાંતજ થઈ જાય છે. જેમ પ્રકાશની અને અંધારાની એકત્ર સ્થિતિ અસંભવિત છે, તેમ જ્ઞાનની અને ઇચ્છાની, એ બન્નેની સ્થિતિ એકત્ર સંભવતીજ નથી.[૩૦] તત્ત્વજ્ઞ પુરુષ કોઈ જગોએ વિધિ–નિષેધનો વિષયજ થઇ શકતો નથી, કેમકે વૈરાગ્યનેલીધે જે પુરુષ સર્વપ્રકારની વાસનાઓ અને ઇચ્છાઓથી રહિત છે તેને કોણ, શા પ્રયોજન માટે શું કહે ? કાંઇ નહિ.[૩૧] જેમ બને તેમ અતિ થોડી ઇચ્છા રાખવી, સર્વ લોકોને અભયદાનવડે પ્રસન્ન રાખવા અને આત્માનંદનો અનુભવ કરવો, એજ તત્ત્વજ્ઞાનનો ઉદય થવાનું ચિહ્ન છે.[૩૨] જ્યારે સર્વ દૃશ્ય વિરસ (રસવિનાનું–સ્વાદ વગરનું) જણાયાથી કોઈ ઠેકાણે ચિત્તની રુચિજ થતી નથી. ત્યારેજ ઇચ્છાનો ઉદય થતો નથી, અને મુક્તપણાનો અનુભવ પણ ત્યારેજ થાય છે.[૩૩] જ્ઞાનને લીધે દ્વિત્વ-એકત્વ-આદિ ભાવને છોડી દઇ (નિઃસંકલ્પપણે) કેવળ પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ જે શાંતપણાથી સ્થિર થઈ રહે, તેની દૃષ્ટિમાં ઇચ્છા-અનિચ્છા આદિ સર્વ ભાવો પરમ મંગલમય ચિદ્રૂપજ છે.[૩૪] જ્ઞાન થવાને લીધે દ્વૈતભાવને છોડી દઇ તથા 'દ્વૈતનાશરૂપ કાંઇ બીજી વસ્તુ છે' એવા ભાવને અને 'આ સર્વ પરસ્પર મળી જઇ એકરૂપ થઈ રહેલ છે' એવા ભાવને પણ છોડી દઇ, જે પુરુષ સ્વસ્થપણે કશા વિક્ષેપને નહિ પામતાં સ્વચ્છતાથી પોતાના શાંત આત્મસ્વરૂપમાંજ દૃઢપણાથી સ્થિર થઇ રહે તેવા મહાત્મા પુરુષને કર્મ કરવાનું પણ કાંઈ પ્રયોજન નથી, કર્મનો ત્યાગ કરવાનું પણ કાંઈ પ્રયોજન નથી અને સર્વ પ્રાણીમાત્રમાંથી કશું પ્રયોજન કાઢી લેવાનું પણ હોતું નથી; તેમજ ઇચ્છાવડે કે અનિચ્છાવડે, કાર્યવડે કે કારણવડે, પોતાવડે કે પારકાવડે અને મરણવડે કે જીવિતવડે તેને કશું પ્રયોજન હોતું નથી.[૩૫-૩૭] મુક્તદશાને પ્રાપ્ત થઇ ગયેલા જ્ઞાનવાન પુરુષને ઇચ્છાનો ઉદયજ થતો નથી અને જો કદાચિત્ પ્રારબ્ધયોગથી આવશ્યક બાબતમાં કાંઇ નહિ જેવી ઇચ્છા થાય તોપણ તે અખંડ બ્રહ્મરૂપજ છે.[૩૮] દુઃખ પણ નથી, ને સુખ પણ નથી, આ જગત શાંત પરમ મંગળમય અનાદિસિદ્ધ બ્રહ્મરૂપજ છે, એમ સમજી જે પુરુષ શિલાનીપેઠે અંદર નિર્વિકાર અને બ્રહ્મનિષ્ઠ થઇ રહે તેને વિદ્વાનો પ્રબુદ્ધ (જ્ઞાનસંપન્ન) કહે છે.[૩૯] પ્રથમ જણાવી ગયા પ્રમાણે આત્મતત્ત્વનું જ્ઞાન મેળવી લઇ, જેમ કોઇ વિવેકી પુરુષ વિષને પણ કોઇ યોગ્ય યોજનાવડે અમૃતરૂપ કરી લે તેમ જે પુરુષ દુઃખને પણ નિરતિશય આનંદરૂપ આત્માની ભાવનાવડે સુખરૂપ કરી લઈ, જ્ઞાનવડે પોતાના આત્મામાં ધીરતા ધારણ કરી રાખે તે પ્રબુદ્ધ કહેવાય છે. જ્ઞાન સિદ્ધ થયા પછી બ્રહ્મની અંદર જગતની જે સ્થિતિ જણાય છે. તે બ્રહ્મરૂપેજ જણાય છે. એ જગત ચિદાકાશની અંદર ચિદાકાશરૂપે રહ્યું છે, નિર્વિકાર ચેતનસત્તામાં નિર્વિકાર ચેતનસત્તારૂપે રહેલ છે, પરમ મંગળમય પરબ્રહ્મમાં પરમમંગળમય પરબ્રહ્મરૂપે રહેલ છે, શૂન્યના જેવા દૃશ્યથી રહિત પરમાત્માની અંદર શૂન્યના જેવા દૃશ્યથી રહિત પરમાત્મારૂપે રહ્યું છે, અને સદ્રૂપ આત્મ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તત્ત્વમાં પદ્રૂપ આત્મતત્ત્વનેરૂપે તે રહેલ છે.[૪૧] સંકલ્પરૂપી કલંકથી રહિત શુદ્ધ ચિદાકાશ કે જે નિર્વિકાર છે, પોતાના નિર્વિકાર શુદ્ધસ્વરૂપથી સર્વત્ર સમાનરૂપે રહેલ છે, શાંત છે, અને પરમાનંદરૂપ છે, તેજ સર્વત્ર પસરી રહેલ છે. જગત કાંઇ છેજ નહિ એમ સિદ્ધ થતાં અહંકારરૂપી ભ્રાંતિ પોતાની મેળેજ ક્ષય પામી જાય છે.[૪૨] જે કાંઈ આ સ્થાવર-જંગમાત્મક જગત દેખાય છે તે સર્વ શાંત ચિદાકાશરૂપ છે, અને બીજા કોઈના મનોરાજ્યવડે ખડા થઇ ગયેલા શહેરના જેવું તે માત્ર મનોમય છે.[૪૩] જેમ બીજા પુરુષે પોતાના મનોરાજ્યમાં કલ્પી કાઢેલી નગરીમાં શૂન્યપણાનેલીધે તમારૂં જવું-આવવું નિર્વિઘ્નપણે (ભીંતનો પ્રતિબંધ ન નડતાં) સુખથી થઈ શકે, તેવી રીતે આ જગતરૂપી ભ્રાંતિની અંદર પણ શૂન્યતાનેલીધે જ્ઞાનનિષ્ઠ પુરુષનું પોતાની ઇચ્છાપ્રમાણે જવું-આવવું સિદ્ધ થાય છે;[૪૪] કેમકે આત્મા કે જે સમુદ્ર, સ્વર્ગ, પૃથ્વી, નદી, પર્વતો, ઇત્યાદિની શોભાવડે અત્યંત શૂન્ય છે તેની અંદર દ્રષ્ટાનું (જોનારનું) અંતઃકરણજ સમુદ્ર, સ્વર્ગ, પૃથ્વી, ઇત્યાદિને આકારે પસરી રહેલ છે. જેમ તૃષ્ણાવડે વ્યાકુળ અને થાકી ગયેલા પુરુષનું પોતાનું નેત્રજ જળવગરના પોતાની પાસેના પ્રદેશમાં ઝાંઝવાના જળના તરંગોરૂપે થઇ પ્રતીતિ આપે તેમ દ્રષ્ટાનું અંતઃકરણજ (તેવી તેવી વાસનાને લીધે) સ્વર્ગ, પૃથ્વી, સમુદ્ર ઇત્યાદિને આકારે થઇ જઇ દેખાવ આપે છે.[૪૫] સ્વપ્નમાં ખડા થઈ ગયેલા શહેરનીપેઠે અને બાળકે પોતાના મનથી (અંધારામાં) કલ્પી કાઢેલ વેતાલની તાળીઓનીપેઠે જે કાંઇ આ દૃશ્ય આભાસરૂપે દેખાય છે તેમાં શું સત્ય છે ? કાંઇ પણ નથી.[૪૬] બ્રહ્મ કે જે સત્ય છે તેજ અહંકાર છે, અને જગતરૂપે અસત્ય રીતે ભ્રાંતિનેલીધે ભાસે છે, એ ભ્રાંતિ પોતાના આશ્રય વિનાજ રહુરી આવે છે માટે તે અસત્ય છે.[૪૭] આ જગતને સદ્રૂપ (સાચું) પણ કહી શકાતું નથી, અસદ્રૂપ (ખોટું) પણ કહી શકાતું નથી અને સદસદ્રૂપ (સાચું—ખોટું) પણ કહી શકાતું નથી, કિંતુ તે અનિર્વચનીય છે—ઇંદ્રિયોવડે તેના વાસ્તવ તત્ત્વનો નિર્ણય થઇ શકે તેવું નથી. ગંધર્વનગરને આકારે દેખાતા આકાશનીપેઠે તે જગતઆદિને આકારે થઇ રહેલું ભાસે છે.[૪૮] તત્ત્વજ્ઞ પુરુષને તત્ત્વજ્ઞાનના બળનેલીધે વિષયો મિથ્યારૂપે જણાયાથી તે સંબંધી ઇચ્છા અને અનિચ્છા, એ બન્ને સરખાંજ છે, તોપણ ઇચ્છાનો ઉદયજ ન થવા દેવો એ વાત નિર્વિક્ષેપ સુખનો અનુભવ કરાવવામાં હેતુરૂપ છે, માટે તેનેજ હું વધારે શ્રેયસ્કર માનું છું.[૪૯] જેમ નિર્વકાર આકાશની અંદર, આકાશમાંથીજ **आकाशाद्वायुः वायोरग्निः** એ શ્રૌતક્રમ પ્રમાણે જગત—અહંકાર આદિ ઉત્પન્ન થયાની પ્રતીતિ થતી જોવામાં આવે છે, અને પવનમાંથી તેના પોતાના સ્વરૂપમાંજ ચલનશક્તિનો પ્રાદુર્ભાવ થતો દેખાય છે, તેવીજ રીતે ચિદાત્મામાંથી તેના પોતાના સ્વરૂપમાંજ અજ્ઞાનરૂપ આવરણને લીધે જગત—અહંકાર આદિ ઉત્પન્ન થયાની પ્રતીતિ થઇ આવે છે. આમાં બીજું કશું કારણ નથી.[૫૦] ચિદાત્માનું બહિર્મુખ થઈ જવું તેજ ઇચ્છારૂપ છે, ચિત્તરૂપ છે, અને સંસારરૂપ છે; અને એ ચિદાત્માનું બહિર્મુખપણું ન થતાં કેવળ સ્વસ્વરૂપમાંજ સ્થિતિ રહે તે મુક્તિ છે. આમ યુક્તિને સમજી રાખી તમે નિર્વિક્ષેપ અને શાંત થઇ રહો.[૫૧] વસ્તુતાએ વિચારતાં તો ઇચ્છા ઉત્પન્ન થાઓ કે અનિચ્છા રહો, સૃષ્ટિ ઉત્પન્ન થાઓ કે તેનો લય થાઓ, પણ સર્વ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

મિથ્યા હોવાથી કોઇની કશી ક્ષતિજ થતી નથી, કેમકે વસ્તુતાએ કશું પણ અહીં છે નહિ—સર્વ કલ્પિત છે.[૫૨] ઇચ્છા અને અનિચ્છા, સત્ અને અસત્, ભાવ અને અભાવ, તથા સુખ અને દુઃખ, એ વગેરે કશી કલ્પના નિર્વિકાર ચિદાકાકાશની અંદર સંભવતીજ નથી.[૫૩] વિવેકવડે અને શાંતિવડે તૃપ્ત હોવાથી જે પુરુષને દિવસે દિવસે ઇચ્છાનો ઘટાડો થતો જાય છે તેવા પુરુષને વિવેકીઓ મોક્ષભાગી (મોક્ષ પામવાને ભાગ્યશાલી થયેલો) કહે છે.[૫૪] ઇચ્છારૂપી બાણના શલ્યવડે વિંધાયેલા હૃદયમાં (શોક, મોહ, આદિ વેદનારૂપ) એવું તો તીવ્ર શૂલ થવા માંડે છે કે જેમાં આ લોકમાં પ્રસિદ્ધ મણિ-મંત્ર-ઔષધ આદિ ઉપાયો જય ન મેળવી શકતાં કુંઠિત થઈ જાય છે.[૫૫] વિધાતાએ પ્રાણીઓનાં દુઃખોની ચિકિત્સા માટે જે જે ઔષધ, મંત્ર, યંત્ર આદિ કાર્ય-કરણના વ્યૂહો સૃજેલા છે તેની પ્રથમ ઘણીવાર મેં પરીક્ષા કરી જોવામાટે સૂક્ષ્મ ધ્યાન રાખી યત્ન કરેલો છે, પરંતુ તેઓ મિથ્યા ભ્રાંતિના ભારને વહન કરનારા પુરુષની ભ્રાંતિરૂપી વ્યાધિની ચિકિત્સા કરવાને સમર્થ થઈ શકતાં હોય એવું મારા જોવામાં આવ્યું નથી.[૫૬] આપણી ભ્રાંતિવડે સિદ્ધ અને તત્ત્વદૃષ્ટિએ અવસ્તુરૂપ (મિથ્યા) ઉપાયવડે પારકાની ભ્રાંતિવડે સિદ્ધ દુઃખને જે આપણે નિવારણ કરી શકતા હોઇએ તો આપણા મનોરથવડે કલ્પી લીધેલ બહુ યોજન વિસ્તાર વાળા પોતાના મુખવડે પારકાના સ્વપ્નમાં તેણે પોતાના ચિત્તવડે કલ્પી કાઢેલા પર્વતાદિકને આપણે કેમ ગળી શકતા નથી ?[૫૭] તત્ત્વવિચારવડે જોવા જતાંજ માત્ર જે નાશ પામી જાય તેવા અસત્ પદાર્થવડે જો કાંઇ વાસ્તવ વ્યવહાર કરી શકાતો હોય તો પછી સસલાના શીંગડાવડે આકાશમાં કેમ ઢાંકી નથી શકાતું ?[૫૮] (આથી સિદ્ધ એ થાય છે કે કોઇનાં ભ્રાંતિજન્ય દુઃખો કોઇ બીજાથી નિવારણ કરી શકાતાં નથી, પણ તેનું પોતાનું તત્ત્વજ્ઞાનવડે અનુભવમાં આવતું પરમાર્થ સત્ય બ્રહ્મજ તેના સર્વ ભ્રાંતિજન્ય દુઃખોનું નિવારણ કરનારા ખરા ઉપાયરૂપ છે.) જળ જેમ અત્યંત જડપણાનેલીધે દ્રવપણું મૂકી દઇ ક્ષણમાત્રમાં કરાઓરૂપ થઇ જાય, તેમ ચિદાકાશ ક્ષણમાત્રમાંજ અહંભાવને લીધે મનરૂપ થઇ જઈ પછી દેહરૂપ બની જાય છે.[૫૯] જેમ ચિચ્છક્તિ (ચેતનસત્તા) પોતે નાશ નહિ પામતાં સ્વપ્નમાં પોતાના મરણનો મિથ્યા રીતે અનુભવ કરે, તેમ જાગૃત અવસ્થામાં પણ તે પોતાના ચેતનપણાનેલીધે પોતે નિર્વિકાર રહી અસત્ય રીતેજ આ દેહાભિમાનને અને જીવભાવને અનુભવે છે.[૬૦] જેમ આકાશની અંદર વાસ્તવિક રીતે શ્યામતા ન હોવાથી તે (શ્યામતા) અસત્ય છે, અને એ શ્યામતા (ચક્ષુદ્વારા) ભ્રાંતિવડે અનુભવમાં આવવાથી સત્યપણ જણાય છે, તેવીજ રીતે આ પરમાત્માની અંદર જગત ભ્રાંતિવડે ભાસી રહ્યું છે તે સદ્રૂપ પણ નથી અને અસદ્રૂપ પણ નથી; પરંતુ કાંઇક અનિર્વચનીય છે.[૬૧] જેમ શૂન્યપણાનો અને આકાશનો તથા પવનનો અને તેની અંદર રહેલી ચલનશક્તિનો વાસ્તવિક રીતે કાંઇ ભેદ નથી, તેવી રીતે બ્રહ્મ અને સૃષ્ટિ, કે જે વસ્તુતાએ એકરૂપ છે તેનો પણ ભેદ નથી.[૬૨] અહીં જગત આદિ કશું ઉત્પન્ન પણ થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી, પણ જેમ સૂઈ ગયેલ પુરુષને સ્વપ્નનો પ્રતિભાસ થાય તેમ અવિદ્યાને લીધે આ જગતનો પણ કેવળ પ્રતિભાસ (આભાસ) માત્ર થાય છે.[૬૩] ચિદાકાશની અંદર પૃથ્વી આદિ સર્વ સૃષ્ટિ વસ્તુતાએ છેજ નહિ, અને તે (સ્વપ્નાદિકની પેઠે) આભાસ માત્રજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દેખાય છે તો પછી તેમાં લેવા દેવાના સંબંધમાં શો અભિનિવેશ રાખવાનો છે? કાંઈ નથી.[૬૪] પૃથ્વી આદિ પોતાના કારણો સહિત આ દેહ કેવળ આભાસ માત્ર છે, બાકી તત્વદૃષ્ટિએ જોતાં તે નથી; કેવળ ચિન્માત્ર પરબ્રહ્મજ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થઇ રહેલ છે, અને સર્વ તેના વિવર્તરૂપે ભાસ્યા કરે છે.[૬૫] અમુક માણસ અમુક કામ કરે છે એવા વ્યવહારમાં, બુદ્ધિ આદિ આંતર ઇંદ્રિયોનું અને ચક્ષુ આદિ બાહ્ય ઇંદ્રિયોનું જે કાંઇ કારણપણું જણાય છે, તે પણ બુદ્ધિઆદિનો તેને ચેતનતા આપનાર આત્મતત્ત્વ સાથે ભેદ કે અભેદ, એ બેય અસંભવિત હોવાથી વસ્તુતાએ સત્ય નથી, કિંતુ પરમાર્થદૃષ્ટિએ એક આત્મતત્ત્વનોજ સદાકાળ સંભવ હોવાથી સર્વ એ તત્ત્વમાંજ અધ્યારોપદૃષ્ટિએ રહ્યું છે.[૬૬] સ્વપ્નમાં જેમ લાંબા કાળવિના, ક્ષણમાત્રમાં, હેતુવિના અને ક્રમવિના જન્મ-મરણ આદિનો અનુભવ થાય તેમ એ ચિન્મય તત્ત્વમાં કલ્પો અને મહાકલ્પો તથા તેની અંદર થનારા વ્યવહારો, વગર હેતુએ અને ક્રમવિના ભાસે છે.[૬૭] પૃથ્વી પણ ચિદાકાશરૂપ છે, પર્વતો પણ ચિદાકાશરૂપ છે, દૃઢ ભીંતો પણ ચિદાકાશરૂપ છે, આ સર્વ લોક પણ ચિદાકાશરૂપ છે, અને સર્વ ક્રિયાઓ પણ ચિદાકાશરૂપ છે; કેમકે ચિદાત્માને પોતાના વિશાળ સ્વરૂપમાંજ સૃષ્ટિનો આભાસ દેખાય છે.[૬૮] આ જગતરૂપી ચિત્ર કે જે આકાશરૂપી ભીંતની અંદર ચિદાત્મારૂપી રંગવડે રચાયેલ છે તેનો ઉદય પણ થતો નથી અને અસ્ત પણ થતો નથી. તે ગ્લાનિને પણ નથી પામતું અને નાશને પણ પ્રાપ્ત થતું નથી.[૬૯] ચેતન સત્તારૂપી જળ, કે જે જગતરૂપી મોટા તરંગોના દ્રવરૂપે રહ્યું છે તેમાં શું કયારે ઉત્પન્ન થાય છે અને શું કયારે નાશ પામે છે? કાંઇ નથી.[૭૦] શાંત મહાચૈતન્યરૂપી આકાશ કે જે જગતની સત્તાથી સાવ રહિતજ છે તેની અંદર જડ દૃશ્ય-પ્રપંચનોજ અસંભવ હોવાથી જગતજ છે નહિ, તો પછી તેની ઉત્પત્તિ અને નાશ તો શીરીરીતે સિદ્ધ થાય?[૭૧] ચિદાત્માની વાસનાની વિચિત્રતાને અનુસારે થનારા દૃઢ સંકલ્પના પ્રયોગવડે પર્વતો આકાશના જેવા થઇ જાય છે, અને આકાશ પર્વતોના જેવું થઇ જાય છે.[૭૨] યોગીપુરુષો અર્દ્ધ નિમેષ* જેટલા વખતમાં(પળવારમાં) પોતાના આત્માના દૃઢ સંકલ્પરૂપી સિદ્ધૌષધચૂર્ણના પ્રયોગવડે જગતને આકાશરૂપ કરી દે છે, અને આકાશને આ ત્રણ લોકરૂપ બનાવી મૂકે છે.[૭૩] જેમ આકાશની અંદર સિદ્ધ યોગીપુરુષોના સંકલ્પવડે કલ્પાયેલાં અસંખ્ય નગરો એકબીજામાં ન ભળી જતાં અદૃશ્ય રૂપે રહ્યાં છે, તેવી રીતે હજારો સૃષ્ટિઓ બ્રહ્મની અંદર એકબીજામાં ન ભળી જતાં અદૃશ્યરૂપે રહેલી છે; પરંતુ તે સર્વ ચિદાકાશરૂપ છે.[૭૪] જેમ મહાસાગરની અંદર અનેક તરંગો એકબીજામાં મળી ગયેલા છતાં જુદા જુદા દેખાય છે, પરંતુ તેઓ પોતાના અધિષ્ઠાનરૂપ જળથી જુદા નથી, તેવી રીતે મહાચૈતન્યની અંદર અનેક મોટી મોટી સૃષ્ટિઓ અન્યોન્ય મળી ગયેલી (પરસ્પર સંબંધ રાખનારી) છે છતાં પણ તેઓ જુદે જુદે રૂપે દેખાય છે, પરંતુ તે સર્વ પોતાના અધિષ્ઠાનરૂપ મહા ચૈતન્યથી જરા પણ જુદી કહી શકાતી નથી.[૭૫,૭૬] જ્ઞાનનિષ્ઠ યોગીપુરુષો જેમ પોતાના લોકમાંથી, અદૃશ્યરૂપે રહેલા સિદ્ધ પુરુષોના બીજા લોકોમાં જવામાટે પોતાની ઉપાધિનો મૂળ ચૈતન્યમાં લય કરી દઇ તે તે

* निमेषोऽक्षिस्पंदकालः (અમરવિવેક) આંખનું એક મટકું મારવું-તેટલા સમયને નિમેષ કહે છે, અને તેટલા વખતનો અર્ધો ભાગ તે અર્દ્ધનિમેષ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લોકમાં ચાલ્યા જાય છે, તેવીજ રીતે આ સૃષ્ટિમાંથી બીજી સૃષ્ટિમાં જવાનું બની શકે છે.૭૭ અવિનાશી પરમ આનંદરૂપ પરબ્રહ્મમાં સર્વ પ્રાણીમાત્ર રહેલાં છે; જેમ આકાશની અંદર શૂન્યતા રહેલી છે તેવી રીતે અનેક સૃષ્ટિપરંપરા પરમાત્માની અંદર પ્રતિબંધવિના રહેલી છે.૭૮ જેમ સ્ફટિક-શિલાની અંદર દેખાતી રેખાઓ સ્વાભાવિકપણેજ તેમાં રહેલ હોય તેમ અને પુષ્પની અંદર જેમ સ્વાભાવિક રીતેજ સુગંધ રહ્યો હોય તેમ, પરમાર્થરૂપ ચિદાકાશની અંદર સ્વાભાવિક રીતેજ આ સૃષ્ટિના વિલાસો રહેલા છે.૭૯ જેમ પુષ્પોનો સુગંધ પરસ્પર એક બીજામાં મળી ગયા છતાં નોખો હોય છે, અને સિદ્ધ પુરુષોના લોકો પણ એક બીજા સાથે મળતા આવતા છતાં નોખા હોય છે, તેમ અનેક સૃષ્ટિઓ કે જે ચિદાકાશરૂપ છે, તે એક બીજામાં ઓતપ્રોત જેવી છતાં પણ નોખી રહેલી છે.૮૦ સૃષ્ટિઓનું સ્વરૂપ જોવા જતાં સંકલ્પરૂપી આકાશમયજ તે દેખાય છે, તેથી એ સૃષ્ટિઓ સર્વના પોતપોતાના અનુભવપ્રમાણે રહેલ છે. જેવી રીતે સ્થૂલ સંકલ્પવાળા અને સ્થૂલ મોહવાળા પામર પુરુષોને આ જગતનું સ્થૂલપણું અનુભવમાં આવે છે, તેવીજ રીતે સૂક્ષ્મ સંકલ્પવાળા અને સૂક્ષ્મ મોહવાળા યોગીપુરુષો મનનપૂર્વક જગતની સૂક્ષ્મતાવિષે જે વાત કહે છે તે પણ સત્ય છે.૮૧ અરે વાદીઓ! વિજ્ઞાનવાદજ* સત્ય છે એમ નથી, તેમ બહાર દૃશ્યરૂપે જોવામાં આવતા અને અનેક અનર્થના હેતુરૂપ દ્રવ્ય, ગુણ, કર્મ આદિ સપ્ત પદાર્થોના વાદ પણ સત્ય નથી; પરંતુ આ સર્વ વાદો તમારા (વાદીઓના) પોતપોતાના સંકલ્પને અનુસારે તે તે પ્રયોજન અને ક્રિયાને સિદ્ધ કરી આપી ફળજનક દેખાય છે.૮૨ ચેતનતત્ત્વની અંદર દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, એ ત્રિપુટીને પ્રકાશ કરવાની જે શક્તિ રહી છે તેજ જગતરૂપ છે, એમ ભાવના કરવામાં આવે તો જેમ જળનો અને દ્રવતાનો ભેદ નથી દેખાતો તેમ ચેતનતત્ત્વનો અને જગતનો ભેદ જોવામાં આવતો નથી.૮૩ સર્વના આધારરૂપ કાળ, તેની અંદર રહેલાં બ્રહ્માંડો, તેની અંદર રહેલા ચૌદ લોકો, તેની અંદર રહેલા હું તમે ઇત્યાદિ તેના ઉપભોગ કરનારાઓ, તેના ભોગમાં ઉપકરણરૂપ ઇંદ્રિયવર્ગ, તેના શબ્દ સ્પર્શ આદિ ભોગ્ય વિષયો અને તેઓનો વિચિત્ર ભોગ, એ સર્વ માયાના સંબંધથી ઈશ્વરરૂપે થઇ રહેલ અને પરમાર્થ દૃષ્ટિએ જોતાં શાંતપણે સ્વસ્વરૂપમાંજ રહેનાર, જન્મ-મરણ આદિ વિકારમાત્રથી રહિત, એક શુદ્ધ ચિદાકાશરૂપજ છે-તેમાં કશા રાગ આદિ દોષો સંભવતાજ નથી.૮૪

कालो जगंति भुवनान्यहमक्षवर्गस्त्वं तानि तत्र च तथेति च सर्वमेकम् ॥ चिद्व्योमशांत मजमव्ययमीश्वरात्मरागादयः खलु न केचन संभवंति ॥ ८४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દૃશ્યોપદેશયોગ' એ નામનો સાડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૭

સર્ગ ૩૮ મો.*

ભેદ-ભ્રાંતિનો નિષેધ અને જગતનું ચિદ્રૂપપણું.

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

चित्पश्यति जगन्मिथ्या स्ववेदनविबोधिता॥ व्योम्नि मायांजनासिक्ता दृगिवाचलतांतरम्॥

* બૌદ્ધમતમાં એક વિજ્ઞાનવાદીઓનો ભાગ છે કે જે વિજ્ઞાનનેજ માત્ર સત્ય માને છે, અહીં તેનું ખંડન કરે છે; તેમજ સપ્તપદાર્થવાદી વૈશેષિકોના મતનો પણ અનાદર બતાવ્યો છે.

* આ આડત્રીશમાં સર્ગમાં જડચેતનના ભેદની ભ્રાંતિનો નિષેધ કરી, જગત ચિદ્રૂપજ છે, એ વાત ઉત્તમ તર્કોવડે સિદ્ધ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–જેમ માયાને દેખાડનાર અંજન આંજવાથી આંખ આકાશની અંદર પણ પર્વતોને અને અંદરનાં તેનાં શિખર, તળેટી, ગુફાઓ, વન, ઝાડી ઇત્યાદિને દેખે છે, તેમ ચિદાત્મા (સાક્ષિચૈતન્ય) હું બ્રહ્મરૂપ નથી, પણ જીવરૂપ છું, એવી જીવભાવની ભ્રાંતિવડે વિક્ષેપને પામી જઇ આ જગતને દેખે છે.[૧] બ્રહ્મની અંદર કલ્પાએલી આ સૃષ્ટિ અને ચિત્રમાં આલેખેલી કાલ્પનિક સૃષ્ટિ,* એ બન્ને સમાન છે, કેમકે વસ્તુતાએ જેમ ભીંતમાં આલેખેલી ચિત્રસૃષ્ટિ પોતાના અધિષ્ઠાન (ભીંત) રૂપજ છે તેમ આ સૃષ્ટિ પણ વસ્તુતાએ અધિષ્ઠાન (ચૈતન્ય) રૂપજ છે, અને જેમ ચિત્રસૃષ્ટિમાં વિકારનો ભાવ દેખાતાં છતાં તેના અધિષ્ઠાનમાં વસ્તુતઃ કશો વિકાર હોતો નથી તેમ આ સૃષ્ટિની અંદર પણ વિકારો દેખાતાં છતાં અધિષ્ઠાનદૃષ્ટિએ જોતાં તેમાં કશો વિકાર છે નહિ; પરંતુ સદાકાળ એ બન્નેની પોતપોતાના અધિષ્ઠાનરૂપેજ સ્થિતિ રહેલી છે.[૨] જેમ ભીંતની અંદર આલેખેલી ચિત્રસૃષ્ટિ વસ્તુદૃષ્ટિએ જોતાં ભીંતથી જુદી નથી તોપણ ભ્રાંતિવાળા અવિવેકી પુરુષને તે જુદે રૂપે અનુભવમાં આવવાથી જુદી લાગે છે, તેમ અધિષ્ઠાન ચૈતન્યની અંદર કલ્પાએલી આ સૃષ્ટિ પણ વસ્તુદૃષ્ટિએ જોતાં અધિષ્ઠાન ચૈતન્ય રૂપજ હોવાથી, અધિષ્ઠાન–ચૈતન્યથી જુદી નથી તોપણ ભ્રાંતિવાળા અવિવેકી પુરુષને તે જુદે રૂપે અનુભવમાં આવવાથી જુદી લાગે છે. અધિષ્ઠાન–ચૈતન્ય પોતે સત્ય છે તેથી, એ અધિષ્ઠાનરૂપે જોઈએ તો બાહ્ય સૃષ્ટિસંબંધી પદાર્થો પણ સત્ય છે, એમ તમે સમજો.[૩] જેઓ દ્રવ્ય,× ગુણ, કર્મ, ઇત્યાદિ બાહ્ય પદાર્થોને માનનારા (નૈયાયિક આદિ) બાહ્યાર્થવાદીઓ છે, તેનું મત અને વિજ્ઞાનવાદીઓનું* મત અમારા સિદ્ધાંતમાં (વિરોધી નહિ રહેતાં,) એકરૂપે મળી જાય છે; કેમ કે બાહ્યાર્થવાદીઓના બહાર દેખાતા દ્રવ્યાદિ પદાર્થો અને વિજ્ઞાનવાદીઓનું અંદર રહેનારૂં વિજ્ઞાન, એ બન્ને અસત્ય હોવાથી અધિષ્ઠાનસત્તાથી જુદી સત્તાવાળાં નથી, કિંતુ તે બન્ને સદાકાળ ચિદાત્મારૂપ છે.[૪] આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી, એ પંચ મહાભૂતો કે જેઓ ક્ષોભ પામવાના સ્વભાવવાળાં છે, તેઓનો અભાવ સિદ્ધ થતાં પરમ શાંતિવાળી અને શૂન્ય છતાં (વિવર્તરૂપે) મોટા આડંબરને ધારણ કરી રહેલી બ્રહ્મસત્તાજ ચોતરફ પસરી રહેલી છે.[૫] આ સર્વ જગત બ્રહ્મસત્તાથીજ થયેલું છે-બ્રહ્મસત્તારૂપ છે, સર્વના પ્રયોજનરૂપ કિંવા ફળરૂપ પણ બ્રહ્મસત્તાજ છે, અને સર્વથી છેવટ અવશેષ રહેનાર પણ તેજ છે. એ રીતે સર્વમય થઇ રહેલ અને સર્વના આત્મારૂપ એવી બ્રહ્મસત્તાને નમસ્કાર છે.[૬] જ્યારે ઘટાદિક દૃશ્ય ચિન્મય હોવાથી ચક્ષુ ઇંદ્રિયના વ્યાપારવાળા દ્રષ્ટૃચૈતન્યની સાથે વૃત્તિવ્યાપ્તિદ્વારા એકતાને પ્રાપ્ત થાય, ત્યારેજ (દ્રષ્ટા સાથે દૃશ્યનો સંબંધ થતાં) દૃશ્યને પોતાના અંગમાં ધારણ કરનાર દ્રષ્ટૃચૈતન્યવડે ઘટાદિકનો પ્રકાશ થાય છે–તેવિના કદીપણ થતો નથી.[૭] દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય, તથા એ ત્રણેના સંબંધથી ઉત્પન્ન થનારૂં તેનું ફળ, એ સર્વ જ્યારે ચિન્માત્રજ છે, ત્યારેજ તે સર્વ

* કલ્પનાવડે બનાવેલી કૃત્રિમ.

× દ્રવ્ય, ગુણ, કર્મ, ઇત્યાદિ પદાર્થોનું સ્ફુટીકરણ ન્યાયશાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે.

* બૌદ્ધમતમાં વિજ્ઞાનવાદીઓનો ભાગ બાહ્યાર્થને ન સ્વીકારતાં, એક બુદ્ધિ કે જે વિજ્ઞાનપદવડે કહેવાય છે તેને તત્ત્વરૂપ માને છે, અને તે બુદ્ધિજ અનાદિ વાસનાનેલીધે અનેક આકારે ભાસે છે, એમ તેઓ કહે છે. तस्माद्बुद्धिरेवानादिवासनावशादनेकाकारावभासते इति सिद्धम् ઇત્યાદિ. સર્વદર્શનસંગ્રહ–બૌદ્ધદર્શન જુઓ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જગતનું પારમાર્થિક સ્વરૂપ અનુભવરૂપ ચિન્માત્રજ છે, એમ સિદ્ધ થાય છે.[૮] દ્રષ્ટા અને દૃશ્ય, એ બન્ને પોતાના અધિષ્ઠાનરૂપ ચૈતન્યની અંદર જો એકતાને પ્રાપ્ત ન થતાં હોય તો શેરડી ખાવાને પ્રવૃત્ત થયેલો પુરૂષ શેરડીને જોઇ તેને ભલે ચૂસ્યા કરે પણ પાષાણનીપેઠે શેરડીની મધુરતાનો અનુભવ તેને થવો જોઇએ નહિ, પરંતુ દ્રષ્ટા અને દૃશ્ય, એ બન્ને ચિન્મય હોવાથી અનુભવ કરનારાં દ્રષ્ટૃચૈતન્યની સાથે દૃશ્ય પોતે, જળ જેમ બીજા જળની સાથે (યોગ થતાં) એકતાને પ્રાપ્ત થઈ જાય છે, તેનેલીધે " હું આ શેરડીના સ્વાદનો અનુભવ કરૂં છું" એવી પ્રતીતિ થાય છે. જો દ્રષ્ટા અને દૃશ્ય, એ બન્નેનું ચિદ્રૂપપણું ન હોત તો જેમ બન્ને જુદાં જુદાં લાકડાંની એકતા થતી નથી તેમ એ બેય દ્રષ્ટા-દૃશ્યની વૃત્તિવ્યાપ્તિદ્વારા* એકતા થાત નહિ.[૯,૧૦] દ્રષ્ટાને અને દૃશ્યને જો જડ માનવામાં આવે તો જેમ એક કાષ્ઠ બીજા કાષ્ઠનો પોતે સજાતીય છતાં (જડતાનેલીધે) વૃત્તિદ્વારા એકતા ા થતાં અનુભવ કરી શકતું નથી, તેવી રીતે દ્રષ્ટા પોતે જડ હોવાથી વૃત્તિદ્વારા જડ દૃશ્યવર્ગનો અનુભવ કરી શકે નહિ.[૧૧] જેવી (જડ) સ્થિતિ કાષ્ઠની છે તેવીજ સ્થિતિ ચિત્સત્તાને બાદ કરીએ તો દ્રષ્ટા-દૃશ્ય આદિ જડવર્ગની છે, એમ વિવેકીઓ કહે છે; તેથી સિદ્ધ એ થાય છે કે સર્વ દૃશ્ય ચિદ્રૂપ છે, દ્રષ્ટા પણ ચિદ્રૂપ છે, અને તે દ્રષ્ટા વૃત્તિવ્યાપ્તિદ્વારા દૃશ્ય સાથે એકતાને પ્રાપ્ત થઈ જઇ તેનો અનુભવ કરે છે.[૧૨] દ્રષ્ટા અને દૃશ્ય, એ બન્ને ચિદ્રૂપ હોવાથી જળ, વાયુ, પૃથ્વી, પાષાણ વગેરે સર્વ દૃશ્ય મહાચૈતન્યરૂપ છે, તેમજ દ્રષ્ટાની અંદર કલ્પાએલા મન, બુદ્ધિ, પ્રાણ, જીવ ઇત્યાદિ ભાવ પણ મહાચૈતન્યરૂપજ છે, કેમકે મહાચૈતન્યવિના બીજી કશી વસ્તુ વસ્તુતાએ છેજ નહિ.[૧૩] પ્રાણ, બુદ્ધિ, મન, ઇત્યાદિની સત્તા પણ કેવળ ભાવનાનેલીધેજ છે. ભાવના એ એક જાતનો ચૈતન્યસત્તાનો ચમત્કાર છે, અને તે ઇચ્છાને અનુસારે ઉદય પામે છે.[૧૪] જેમ વીર્યની અંદર પુરુષ આદિ પ્રાણીઓનો અને વડના બીજની અંદર વડનો આત્મા સૂક્ષ્મરૂપથી રહેલ છે, અને પાછળથી તે મોટા રૂપને ધારણ કરી લે છે, તેવીજ રીતે બ્રહ્મસત્તા વિવર્તભાવથી આ જગતને આકારે થઇ રહી છે, અને સુષુપ્તિકાળમાં તથા પ્રલયકાળમાં તે શાંત ભાવથી રહે છે.[૧૫] આખા વૃક્ષના સારરૂપ સૂક્ષ્મ બીજની અંદર તેનાથી પણ અતિ સૂક્ષ્મ અને સારરૂપ જે કાંઇ રહેલ છે તે પરબ્રહ્મરૂપ છે, અને તેજ પછી અંકુર, થડ, શાખા ઇત્યાદિ એક બીજાં પછી ઉત્તરોત્તર થનારાં કાર્યોમાં અગ્રેસર થઈ વિવર્તભાવથી બીજરૂપ થાય છે, અને વસ્તુતાએ જોતાં એ પરબ્રહ્મ નિરંતર પોતાના સ્વરૂપમાંજ રહેલ છે.[૧૬] જે જે કાંઇ કાર્યવર્ગની અપેક્ષાએ સૂક્ષ્મપણાને લીધે તેના કારણરૂપે રહ્યું છે, તે તે બ્રહ્મરૂપ છે; કે જે બ્રહ્મ સર્વથી અતિસૂક્ષ્મ આત્મારૂપે સર્વત્ર રહેલ છે, અને તેજ પાછળથી વિવર્તભાવવડે મોટા રૂપને ધારણ કરી લઇ તે તે કાર્યવસ્તુરૂપે થઈ જાય છે. સર્વત્ર બ્રહ્મજ પસરી રહેલ છે—તે વિના બીજું કાંઇ પણ નથી.[૧૭] જેમ ઘટ આદિ પદાર્થને તેના મૂળથી માંડી ઠેઠ ટોચ સુધી આડું અવળું કે નીચે ઉંચે જોઇએ તોપણ તે ઘટાદિક પદાર્થજ જોવામાં આવે છે, તેવિના એક અણુમાત્ર પણ બીજું દેખાતું નથી, તેવીજ રીતે આ જગતને મૂળથી માંડી ઠેઠ ટોચ સુધી જે જે પુરુષે જેવી જેવી રીતે પરીક્ષા કરી જોયું છે તેવી તેવી રીતે તે તે પુરુષને સર્વત્ર બ્રહ્મજ જોવામાં આવ્યું છે—તે વિના

* દ્રષ્ટાનું ચક્ષુ આદિક ઇંદ્રિયોની વૃત્તિ (વ્યાપાર) દ્વારા ઘટઆદિ પદાર્થોમાં વ્યાપી જવું તે વૃત્તિવ્યાપ્તિ કહેવાય.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એક અણુમાત્ર પણ બીજું કાંઇ નથી.[૧૮] જેમ સોનાના સેંકડો આકારો (દાગીનાઓ) બનાવવામાં આવે તોપણ તેનું સુવર્ણપણું તો કાયમજ રહે છે—તે બદલી જઈ બીજો કશો ભાવ થતો નથી, તેમ શાંત પરબ્રહ્મની અંદર અનેક સૃષ્ટિઓ અને અનેક જીવો, વિવર્તભાવથી ભલે જોવામાં આવે તોપણ એ પરબ્રહ્મનું વાસ્તવ શાંતસ્વરૂપ કાયમજ રહે છે—તે બદલી જઇ તેમાં બીજો કશો ભાવ થતો નથી.[૧૯] જેમ સ્વપ્ન અવસ્થામાં તમારી પડખે (નજીક) રહેલા અનેક મેઘના સમૂહો હાલ પ્રબુદ્ધ (જાગ્રત) અવસ્થામાં તમને નહિ જોવાજ છે, તેવી રીતે અજ્ઞાનદશામાં સત્ય જણાતા જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય વગેરે વિકારો, હું કે જે પ્રબુદ્ધ (જ્ઞાનવાનની) અવસ્થાને પ્રાપ્ત થયો છું તેની દૃષ્ટિમાં નહિ જોવા લાગે છે, એટલે તેનું સ્વરૂપ આકાશના જેવું શૂન્ય અથવા ચિદાકાશરૂપ મને ભાસે છે.[૨૦] જેમ આકાશની અંદર કલ્પવામાં આવતું મલિનપણું અને આકાશમાં કલ્પાએલી (ગંધર્વનગરસંબંધી) ગંધર્વપુત્રોની સેના, એ બન્ને આકાશરૂપ છે, તેવી રીતે ચિદાકાશની અંદર કલ્પાએલું આ જગત પણ ચિદાકાશરૂપ છે, અને શાંત છે.[૨૧] જેમ પૃથ્વીની અંદર જળવડે સીંચાયેલું વડ આદિ વૃક્ષનું બીજ પ્રાણીઓને છાયા, આશ્રય ઇત્યાદિથી ઉપકાર કરનાર મોટા વડ આદિ વૃક્ષરૂપ થઇ જાય છે, તેમ પોતાની અંદર રહેલું ભ્રાંતિરૂપી અજ્ઞાનજ હૃદયમાં પુષ્પરૂપે વિકસિત થઈ બહાર જગતરૂપી ફળને આકારે થઇ રહેલ છે.[૨૨] અહંકાર આદિ પ્રતિબંધ ખશી જવાનેલીધે નિરતિશય આનંદનો અનુભવ કરનાર અને બ્રહ્મની સાથે એકતાને પ્રાપ્ત થઇ ગયેલ વિવેકી જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિમાં અણિમાદિ સિદ્ધિઓ પણ જુના ઘાસના કડકા જેવી અતિ તુચ્છ લાગે છે. આ ત્રૈલોક્યના અંદર દેવતાઓમાં, દૈત્યોમાં, કે મનુષ્યોમાં એવું કશું પણ હું દેખતો નથી કે જે આ, આખા જગતને એક રૂંવાડાજેવું ગણનારા મહાત્મા પુરુષને લોભમાં નાખી શકે.[૨૪] જેણે પોતાના આત્માનું સ્વરૂપ ઓળખી લીધેલ છે, એવો પુરુષ ગમે તેવી સ્થિતિમાં હોય અને ગમે તે ઠેકાણે રહ્યો હોય, પરંતુ તેને દ્વૈતસંબંધી અનેક સંકલ્પો ઉઠતાજ નથી.[૨૫] જે મહાત્માપુરુષને સર્વ જગત શૂન્ય આકાશના જેવું લાગે છે, તેને ભોગ આદિના નિમિત્તનું કશું સ્વરૂપજ ન દેખાયાથી શા માટે અને શી રીતે ઇચ્છા ઉત્પન્ન થાય તથા કઈ બાબતમાં ઇચ્છા ઉત્પન્ન થાય ?[૨૬] બીજાઓના કરતાં નિઃસ્પૃહપણારૂપી વિશેષતાનેલીધે નામ-રૂપસંબંધી સર્વ વિશેષ કલ્પનાથી રહિત થઈ રહેલા અને વૈભવને તથા દરિદ્રતાને એક સમાનરૂપે ગણનારા વિવેકી મહાત્મા પુરુષના અગાધ મહિમાને જાણવાને કોણ સમર્થ થઈ શકે? કોઇ નહિ.[૨૭] પોતાના પ્રકાશમય આત્મસ્વરૂપવડે સર્વત્ર સમાનરૂપે પ્રકાશી રહેલા, તેમજ આકાશની પેઠે નિર્વિકાર અને અસંગ તથા શુદ્ધ ચિદ્રૂપ થઇ રહેલા મહાત્મા પુરુષનું તેના બંધુ-પુત્ર આદિનું મરણ થવાથી કશું મરી જતું નથી અને તેઓ જીવતા રહેવાથી કશું જીવતું રહેતું નથી—એ મહાશયનું તો જે કાંઇ છે તે સદા એકજ રૂપમાં અખંડિતપણે રહે છે.[૨૮] અસત્ય છતાં ઝાંઝવાના જળની નદીના તટ જેવા ભ્રાંતિવડેજ જીવરૂપે ખડા થઈ ગએલા પોતાના આત્મામાં કેવળ ભ્રાંતિવડેજ અજ્ઞાની લોકોને મરણ અને જન્મ, એ બન્ને મિથ્યારૂપે ભાસ્યા કરે છે.[૨૯] અમે આ બાબતમાં સંપૂર્ણ રીતે પરીક્ષા કરી તત્ત્વદૃષ્ટિવડે નિર્ણય કર્યો છે, તેમાં તો એમજ જણાયું છે કે ભ્રાંતિ પણ નથી, કોઈ પરીક્ષક પણ નથી, જન્મ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ નથી અને મરણ પણ નથી–કેવળ શાંત નિત્ય પરબ્રહ્મજ સર્વત્ર ભરપૂર છે.[૩૦] જે પુરુષ આ દૃશ્ય પ્રપંચથી વૈરાગ્યને પ્રાપ્ત થઈ કેવળ આત્મામાંજ પ્રીતિ રાખતો હોય અને પરમ શાંતિને પામી ગયો હોય તે પોતે વિદ્યમાન છતાં દેહ આદિરૂપે અવિદ્યમાન જેવોજ છે, અને તેજ ખરેખર આ સંસારસાગરને તરી ગએલો છે.[૩૧] મનની સંકલ્પ-વિકલ્પ આદિ ગતિ વિરામ પામી જવાથી પોતાના આત્મામાંજ શાંતિ પામી ગયેલો નિર્મળ બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત પુરુષ, બ્રહ્મભાવથી ભલે વિદ્યમાન (સદેહ–મુક્ત) હોય તોપણ બુઝાઇ ગયેલા દીવાનીપેઠે તેનો જીવભાવ બુઝાઇ ગયેલો હોવાથી તે નિર્વાણને પ્રાપ્ત થઇ ગયેલો છે, એમ વિવેકી પુરુષોનું સમજવું છે.[૩૨] બુદ્ધિથી માંડી આ સર્વ દૃશ્ય જગત પોતાની મેળેજ જેને રુચતું નથી, અને જે સદાકાળ આકાશનીપેઠે નિર્વિકાર અને શાંત રહે છે, તેને ઉત્તમ પુરુષો મુક્ત કહે છે.[૩૩] અહંકાર માત્ર અવિચારને લીધેજ ખડો થઇ જાય છે–વિચારવડે જોતાં એ અહંકાર છેજ નહિ, અને જો અહંકાર નથી તો પછી જગત કયાં રહ્યું અને જન્મ-મરણ આદિ પણ કોને રહ્યું ? કોઇને નહિ.[૩૪] વાસ્તવિક રીતે તો માત્ર એક ચિદાકાશજ સત્ય છે, અને તે પોતાના સ્વરૂપને ભ્રાંતિવડે બીજે રૂપે સમજી બેસી બુદ્ધિ આદિ આકાર વાળું થઇ રહ્યું છે, તથા રૂપ આદિ બાહ્ય વિષયોરૂપે અને મન આદિ આભ્યંતર વિષયરૂપે થઈ રહી આ જગતને પણ ભ્રાંતિવડેજ પોતાથી જુદું અનુભવે છે.[૩૫] તત્ત્વજ્ઞાનનેલીધે ભ્રાંતિનો નાશ થઇ જતાં ચિત્તને સર્વ દૃશ્યવર્ગના અધ્યાસથી રહિત અને અસંગ રાખી, તમે કે જે એક સત્પુરુષોની ગણનામાં ગણાવા યોગ્ય છો, તે બ્રહ્મ કે જે સર્વનું અધિષ્ઠાન છે તે રૂપ થઇ રહો, એટલે સદાકાળ સર્વથા તમારું સર્વ આચરણ પરમ આનંદમય પરબ્રહ્મરૂપજ છે.[૩૬] તમે જે કાંઈ કર્મ કરો છો, ભોજન કરો છો, હોમ કરો છો, દાન આપો છો, તપ કરો છો, હિંસા કરો છો, અને ઇચ્છા કરો છો, એ સર્વ (બ્રહ્મનોજ વિવર્ત હોવાથી) પરમાનંદરૂપ અનાદિસિદ્ધ પરબ્રહ્મમય છે.[૩૭] પરમમંગળમય ચિદાકાશજ, હું, તમે, દિશાઓ, આશાઓ, ક્રિયાઓ, કાળ અને આકાશ આદિને રૂપે તથા લોકાલોક પર્વત વગેરેને રૂપે સર્વત્ર વ્યાપી રહેલું છે.[૩૮] બહાર જે રૂપ આદિ વિષયો દેખાય છે તે, અંદર જે સંકલ્પ આદિ થાય છે તે, ભૂત, ભવિષ્ય, વર્તમાન, એ ત્રણ કાળ અને જે કાંઇ જરા-મરણ-પીડા આદિ જોવામાં આવે છે તે સર્વ પરમ આનંદમય મહાચિદાકાશ રૂપછે.[૩૯] તમે સંશયથી રહિત થઇ જઇ, ઇચ્છાઓનો ત્યાગ કરી, ભ્રાંતિના આભાસવિનાના અને નિઃસંકલ્પ થઇ રહી, દેહ-અંતઃકરણ આદિમાંથી અહંતાના અધ્યાસને છોડી દઇ, તત્ત્વજ્ઞપણાથી જેમ હાલ રહ્યા છો તેમ ભલે સુખેથી મુક્ત થઇ રહો.[૪૦] જેમ પવન સંબંધી વ્યવહાર (સ્વાભાવિક રીતે) કોઇ વખત ચંચળતાથી અને કોઈ વખત શાંતતાથી થયા કરે છે, તેમ તમારો વ્યવહાર પણ નિષ્કામપણાથી, સંકલ્પક્ષયપૂર્વક, કોઇ જાતની ભાવનાના સ્ફુરણવિના, અંદર કર્તાપણાનું અભિમાન ખડું ન થઇ જાય તે રીતે શાંતપણે ભલે થયા કરો અથવા (સમાધિનિષ્ઠપણાને લીધે) ભલે ન થાઓ.[૪૧] જેમ કાષ્ઠની બનાવેલી યંત્રમય પુતળી યંત્ર ચલાવનારની ઇચ્છાપ્રમાણે ક્રિયા કર્યા કરે, તેમ ઉત્તમ પુરુષને યોગ્ય એવી તમારી ચેષ્ટા પણ વાસના વગરની, સંકલ્પથી રહિત, શાંતિવાળી અને શાસ્ત્રરૂપી યંત્રવાહ (યંત્ર ચલાવનાર) ને આધીન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation 2024

રહી તેવડે નિર્વાહ ચલાવનારી થાએ.[૪૨] હે રામચંદ્રજી ! માતાપિતા–બંધુજન વગેરેનો બહારનો પ્રસંગ તમને સ્નેહમાં દૃઢ રીતે બાંધી દેનાર પણ ન થાએ, તેમ સાવ સ્નેહથી રહિત પણ ન થાએ; કિંતુ કાંઈ અનિર્વચનીયરૂપે તે પ્રકાશિત રહો, અને તેનેલીધે તમે ચિત્રમાં આલેખેલા દીવાનીપેઠે સાક્ષીરૂપે સર્વના પ્રકાશ કરનારા તથા માત્ર આભાસરૂપેજ સ્નેહ-અસ્નેહ આદિ ભાવને ધારણ કરનારા થાએ.[૪૩] વાસનાથી રહિત થઈ ગયેલા, વર્તમાન ભોગોના સંબંધમાં વૈરાગ્યવાળા અને ભાવિ વિષયસુખ-તરફ સ્પૃહા વિનાના વિવેકી પુરુષને સચ્છાસ્ત્ર-વિના આત્મસુખમાં વિશ્રાંત થવાને બીજું શું હેતુરૂપ છે ? કાંઇ નથી. માટે કર્ત્તા–ભોક્તા પણાના અભિમાનથી રહિત અને રાગ–દ્વેષ આદિ દોષ વિનાના તત્ત્વજ્ઞ પુરુષનું મુખ્ય લક્ષણ તો એજ છે કે, લક્ષ્યપૂર્વક થયા કરતા પોતાના યોગ્ય વ્યવહારોના સંબંધમાં, શાસ્ત્રમાં બતાવેલા વર્ણાશ્રમના ધર્મોમાં તથા શમ-દમ આદિ સાધનોમાં સારી રીતે દૃઢ થઇ રહેવું; બાકી યથેષ્ટાચરણ કરવું એ વિવેકીઓનું લક્ષણ નથી.[૪૪]

निर्वासनस्य विरसस्य निरेषणस्य शास्त्रादृते क इव तत्त्वविनोदहेतुः ॥ शास्त्रार्थसज्जनमतोप्यमलस्य तस्य संवेदनेष्वनभिसंधिमतः स्वरूपम् ॥ ४४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' નિર્વાણવર્ણન ' એ નામનો આડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૮

સર્ગ ૩૯ મો.*

આત્મનિષ્ઠ વિવેકીની દૃષ્ટિમાં જગતનું દર્શન

॥ શ્રી વસિષ્ઠ ઉવાચ ॥

संजाताकृतिमक्षीणसंसृतिप्रत्ययः पुमान् ॥
असंकल्पो न संकल्पं वेत्ति तेनाऽसदेव सः ॥१॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ–અનાદિસિદ્ધ પોતાના આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કે જે જન્મ-મરણ આદિ સાંસારિક અનર્થોની નિવૃત્તિ કરનાર છે, તે સિદ્ધ થયાથી જીવન્મુક્ત થઇ રહેલો વિવેકી પુરુષ શાસ્ત્રોએ આજ્ઞા કરેલા નિયમમાં રહેતાં છતાં નિઃસંકલ્પજ રહે છે, અને કદાચિત્ વ્યવહારના સંબંધને લઇ આભાસરૂપે સંકલ્પનું સ્ફુરણ થઇ આવે તોપણ તેને પોતાના આત્મારૂપ સમજી લઇ જુદી સત્તાવાળું સમજતોજ નથી, તેનેલીધે એ સંકલ્પનો આભાસ પણ અસત્યજ છે.[૧] તત્ત્વજ્ઞાન થયા પહેલાં કાંઇક અનિર્વચનીય કારણનેલીધે મનુષ્યની અંદર જેમ અરીસામાં નિશ્વાસનેલીધે મ્લાનતા થઇ જાય તેમ ' હું અમુક રૂપ છું ' એવો અહંકાર ક્યાંયથી ખડો થઇ જાય છે, અને તે તત્ત્વવેત્તા પુરુષની અંદર વિનાકારણે (સહજ રીતે) નાશ પામી ગયેલો દેખાય છે, કે જે પાછો યત્નવડે શોધવા બેસીએ તોપણ તત્ત્વજ્ઞની અંદર પાછો જોવામાં આવતો નથી.[૨] જે પુરુષમાં અજ્ઞાનરૂપી આવરણ ક્ષીણ થઈ જવાનેલીધે સર્વ ઇચ્છાઓ શમી જઇ કેવળ નિષ્કામતાનોજ ઉદય થાય, તે વિવેકી પુરુષનો આત્મા, જ્ઞાનરૂપી પરમ અમૃતવડે પૂર્ણ, થઈ જવાથી નિરતિશય આનંદમય પોતાની સ્વરૂપસત્તાથીજ સદાકાળ ઝળકી નીકળે છે.[૩]

* આ ઓગણચાળીશમા સર્ગમાં જ્ઞાનનેલીધે પોતાના આત્મામાં વિશ્રાંતિ પામેલા વિવેકી પુરુષની કેવી સ્થિતિ રહે છે તે, અને તેની દૃષ્ટિમાં આ જગત કેવું દેખાય છે તે, સારી રીતે વિસ્તારથી વર્ણવી બતાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આવરણથી રહિત, પ્રકાશમય બુદ્ધિવાળા, અને અજ્ઞાનરૂપ અંધકારને પેદા કરનારી સર્વ સંદેહરૂપી ઝાકળને ખસેડી નાખવામાં પવનના જેવા મહાબળવાન એ વિવેકી પુરુષવડે તેનો આખો દેહ જેમ પૂર્ણચંદ્રવડે આકાશ શોભે તેમ શોભી નીકળે છે.[૪] સંસારસંબંધી જન્મમરણ આદિ અનર્થોથી રહિત થઈ ગયેલો, સંદેહવિનાનો, અજ્ઞાનરૂપ આવરણ ખશી જવાથી પોતાના આત્મજ્યોતિને પ્રાપ્ત થયેલો અને શરદ્ઋતુના આકાશ જેવો નિર્મળ એ આત્મનિષ્ઠ પુરુષ ખરેખર આત્મારૂપજ થઇ રહેલો જોવામાં આવે છે.[૫] સંકલ્પથી રહિત, નિરાધાર, શાંત અને અંદર શીતળતાવાળો બ્રહ્મલોકમાંથી આવેલો પવન જેમ સ્પર્શથી મનુષ્યને પવિત્ર કરી દે તેમ સંકલ્પથી રહિત, નિરાધાર, શાંત અને અંદર શીતળતાવાળો જ્ઞાનનિષ્ઠ પુરુષ પણ પ્રણામ–શુશ્રૂષા ઇત્યાદિવડે તેમનો સ્પર્શ થતાં સમાગમ કરનારા પુરુષને પવિત્ર કરી મૂકે છે.[૬] સ્વપ્નની અંદર જેમ વંધ્યાપુત્રનો મિથ્યારૂપે અનુભવ થાય તેમ આ સૃષ્ટિનો જે કાંઇ મિથ્યારૂપે અનુભવ થાય છે તે તો અસત્યરૂપે દેખાવ આપનારા ભ્રાંતિરૂપ અનુભવનો વસ્તુસ્વભાવ છે.[૭] આ જગત વિદ્યમાન નહિ છતાં જે અનુભવમાં આવે છે તે અસત્યરૂપી અનુભવનોજ એક વસ્તુસ્વભાવ છે.[૮] આ અસત્ય સંસારની અંદર બંધ-મોક્ષરૂપ અર્થ કોને આશ્રયે રહે અને કોનાથી ઉત્પન્ન થાય? પ્રથમ તો બંધમોક્ષવાચકશબ્દોજ વંધ્યાપુત્રજેવા સાવ મિથ્યા છે, તો પછી તેના વાચ્યરૂપ અર્થની સિદ્ધિ તો શેનીજ થાય?[૯] જગતને બ્રહ્મ કે જે તેના અધિષ્ઠાનરૂપ છે, તેરૂપે જોઇએ તો તે સત્ય છે, ઉત્પત્તિ, સ્થિતિ વગેરેથી રહિત છે, વાસનાના આશ્રયરૂપ થાય તેવું નથી, અને જો તેને બ્રહ્મરૂપ ન માનીએ તો હું અને જગત, એ બન્નેની પારમાર્થિક સત્તામાં સ્થિતિ થઈ શકતીજ નથી.[૧૦] અહંકાર આદિ, સૃષ્ટિ આદિ અને દુઃખ આદિ, એ સર્વ જુદે રૂપે ન દેખાતાં કેવળ નિર્વિષય ચિન્માત્રરૂપજ જણાય, તે પોતાના આત્મસ્વરૂપમાં વિશ્રાંત થયાનો વસ્તુસ્વભાવ છે.[૧૧] શાખા આદિ એક પ્રદેશથી માંડી ચંદ્રમા આદિ બીજા પ્રદેશમાં લાખો યોજનપર્યંત ક્ષણમાત્રમાં ચક્ષુદ્વારા પ્રાપ્ત થનારાં ચાક્ષુષવ્યાપારવાળાં ચેતનતત્ત્વની અંદર ઉપરના બન્ને પ્રદેશના વચલા માર્ગમાં વ્યાપ્ત થનારા ચૈતન્યનું (ચેતનતત્ત્વનું–પોતાનું) આકાશનાજેવો આભાસ બતાવનારૂં, શાંત, ચલનરહિત શાંત પવનના જેવું સ્થિર, લતાના વિકાસનીપેઠે સૌંદર્યવાળું અને અનિર્વચનીયરૂપે ઉદય પામનારૂં જે કાંઇ શુદ્ધ નિર્વિષય ચિન્મયરૂપ છે, કે જે સર્વ મનુષ્યમાત્રનો પ્રસિદ્ધ રીતે અનુભવનો વિષય છે, એજ આત્માનું વાસ્તવ રૂપ છે, એમ વિવેકી વિદ્વાનોનું સમજવું છે. એ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાંજ સ્થિતિ રાખનારા વિવેકી પુરુષને આ સૃષ્ટિની ભિન્નરૂપે પ્રતીતિજ થતી નથી[૧૨-૧૪] સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ન અવસ્થાનો વિષય દેખાતો નથી અને સ્વપ્ન અવસ્થામાં સુષુપ્તિનો વિષય દેખાતો નથી, એ રીતે એ બન્ને અવસ્થામાં જેમ પરસ્પર એક બીજાના વિષયો નથી રહી શકતા તેમ, નિર્વિષયચિન્મય તત્ત્વમાં કશો પણ વિષય રહી શકતોજ નથી, અને બંધ-મોક્ષ કેવલ ભ્રાંતિરૂપજ છે.[૧૫] અવિદ્યમાન છતાં દેખાયા કરવું એ ભ્રાંતિનોજ વસ્તુસ્વભાવ છે, તેથી સ્વપ્ન-સુષુપ્તિ, બંધ મોક્ષ આદિ મિથ્યા છતાં દેખાયા કરે છે; બાકી વસ્તુતાએ જોતાં તો સ્વપ્નાવસ્થા પણ નથી, સુષુપ્તિ અવસ્થા પણ નથી અને બંધમોક્ષ પણ નથી–જે કાંઇ છે તે સર્વ સત્ય શાંત પરબ્રહ્મરૂપજ છે.[૧૬] ભ્રાંતિવિષે વિચાર કરીએ તો ભ્રાંતિનું સ્વરૂપજ કેવળ અસત્ય છે,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કે જે તત્ત્વદૃષ્ટિવડે જોવા જતાં હાથ લાગતું નથી. છીપમાં જેમ ભ્રાંતિવડે રૂપું દેખાય તેમ જે સાવ અસત્યજ હોય તે શી રીતે મળી શકે? નજ મળી શકે.[૧૭] જે તત્ત્વદૃષ્ટિવડે જોવા જતાં હાથ ન લાગે તે છેજ નહિ તેનેલીધે (તત્ત્વદૃષ્ટિવડે જોવા જતાં હાથ ન લાગવાથી) ભ્રાંતિનો પણ સંભવજ નથી. સાક્ષિચૈતન્યવિના ભ્રાંતિનો અનુભવ કરનાર બીજો કોણ છે ? કોઇ નથી, અને સાક્ષિના અનુભવથી તો એ ભ્રાંતિજન્ય જ્ઞાન અસત્ય ઠર્યાથી તે છેજ નહિ.[૧૮] સર્વને પોતાનું આંતર (અંદર રહેલું) સાક્ષિચૈતન્યજ સદાકાળ પરમપ્રિય થઇ રહેલ છે, અને તેનોજ આનંદ ઇતર પદાર્થમાં પ્રતિબિંબિત થઈ જઈ અનુભવમાં આવે છે. એ સાક્ષિ ચૈતન્ય પોતે એકરૂપ છતાં વિવર્તભાવથી અનેક પ્રકારે થઈ રહ્યું છે તેમાં વિવાદોવડે શું કરવાનું છે ? કાંઇ નથી.[૧૯] સાક્ષિચૈતન્યમાં વિશ્રાંત ન થતાં તેથી જુદા જગત આદિ ભાવ કલ્પી લેવા એ મહાદુઃખ પેદા કરનાર છે, અને સાક્ષિચૈતન્યમાંથી બીજું કશું જુદું ન માનતાં કેવળ સાક્ષિચૈતન્યમાંજ (પોતાના આત્મામાંજ) વિશ્રાંત થઈ રહેવું, એ મોક્ષ આપનાર છે. આ પ્રમાણે બુદ્ધિવડે પોતાના આત્માની અંદર વિચાર કરી જે તમને સારૂં લાગતું હોય તે ભલે સુખેથી કરો.[૨૦] જેમ સૂક્ષ્મ બીજની અંદર આખું સ્થૂલ વૃક્ષ રહેલું છે, અને તે વાત આપણા જોવામાં આવવાથી ઘટિત લાગે છે, એવીજ રીતે પરમ આનંદમય નિરાકાર પરમાત્માની અંદર આ સાકાર જગત રહેલું છે; એમ તત્ત્ववેત્તાઓનું અને વેદોનું કહેવું છે.[૨૧] જેમ જળની અંદર દ્રવપણું રહેલ છે તેવી રીતે રૂપ આદિ બાહ્યવિષયનો અનુભવ, સંકલ્પવિકલ્પ આદિ માનસિક વિષય અને બુદ્ધિ-અહંકાર વગેરે, એ સર્વ ચિદાકાશરૂપ છે, અને આત્માના સ્વરૂપમાંજ તે કલ્પાયેલા છે.[૨૨] જેમ કોઇ એક મૂર્ત્તિમાન વ્યાઘ્રાદિક પ્રાણી પોતાની સત્તાવડેજ સત્તાવાળા પોતાના અવયવોવડે ક્રિયા કર્યે જાય તે રીતે ચિદાકાશ પોતે વસ્તુતઃ અકર્તા છતાં પોતાની સત્તાથીજ સત્તાવાળાં પંચમહાભૂતોવડે અને ભૌતિક પદાર્થોવડે ક્રિયા કર્યે જાય છે.[૨૩] જેમ નટીના પગ મૂકવાના ક્રમ પ્રમાણે તાલ નાખવામાં કુશલ કોઈ વાદ્ય વગાડનાર પુરુષે વગાડેલાં ઢોલ, નગારાંઓ,તબલાંઓ વગેરેમાં વગાડનારા પુરુષના અભિપ્રાય પ્રમાણે શબ્દ થયા કરે,તેમ જડપણાનેલીધે પોતાની મેળે વ્યવહાર કરવામાં અસમર્થ થએલા આપણા આ વસિષ્ઠ, રામચંદ્રજી, આદિ નામવાળા દેહમાંથી પોતપોતાના અર્થને બતાવનાર ' હું ' ઇત્યાદિ જે જે શબ્દ જીહ્વા આદિ ઇંદ્રિયના વ્યાપારવડે નીકળે છે, તે અંદર ચિદાત્માની સત્તાનેલીધે તેની ઇચ્છા પ્રમાણે સ્ફુરિત થઇ બહાર આવે છે.[૨૪] જે ઉપરથી દેખાયા કરતું હોય પણ વિચાર કરતાં તત્ત્વદૃષ્ટિવડે નિરંતર જોવામાં નથી આવતું તે છેજ નહિ, જેનેલીધે આ જગતનું જડરૂપ તો પાયાવગરનું-અસત્યજ ઠરે છે, બાકી બ્રહ્મ પોતે પોતાની સ્વરૂપ–સ્થિતિમાંજ રહેલ છે.[૨૫] જેઓની દૃષ્ટિમાં આ જગતરૂપી સ્વપ્ન સત્ય લાગે છે, તેઓ પણ અન્યોન્ય ભ્રાંતિવડે સ્વપ્નપુરુષનીપેઠે એક બીજાને દેખાયા કરે છે; પરંતુ તેઓ પણ જાગૃત અવસ્થામાં કે સ્વપ્ન અવસ્થામાં પરસ્પર એક બીજાના આત્માની અંદર વાસ્તવિક રીતે હોઇ શકતા નથી, તો પછી આપણે કે જે કેવળ બ્રહ્મરૂપજ છીએ તેના સ્વરૂપની અંદર તો આકાશના ફૂલનીપેઠે તેઓની સ્થિતિ સંભવતીજ નથી.[૨૬] એ સંસારરૂપી સ્વપ્નના પુરુષો તેઓના સર્વ વ્યવહારો કે જે પવનથી જેમ તેની ચલનશક્તિ અભિન્ન છે, તેમ પોતાથી અભિન્નરૂપ રહેલા છે, તેઓએ સહિત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદ્રૂપ અંશવડે મારૂં સ્વરૂપ કે જે ચિન્મય છે તેની અંદર રહેલા છે, કેમકે તેઓના જડ અંશને આકાશના ફૂલનીપેઠે અસત્ય માની કાઢી નાખી ચિદ્રૂપ અંશથી જોતાં શાંત એક પરબ્રહ્મરૂપજ છે, કે જે આકાશના જેવું અસંગ અને નિર્વિકાર છે.[૨૭] જેમ સ્વપ્નાવસ્થાને અનુભવ કરનાર પુરુષને સ્વપ્ન (સ્વપ્નના પદાર્થ) સત્ય લાગે, તે રીતે એ સંસારરૂપી સ્વપ્નના પુરુષોને હું (વસિષ્ઠ) સત્યરૂપ લાગું છું; પરંતુ તેઓ તો મારી દૃષ્ટિમાં, સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ન ન દેખાય તેમ જ્ઞાનવડે તેઓનાં સર્વ દેહ આદિ મારા વિચાર પ્રમાણે બાધિત થઇ જવાથી ન દેખાવાનેલીધે અસત્યજ છે.[૨૮] એ સાંસારિક પુરુષો સાથેનો મારો જે વ્યવહાર થયા કરે છે, તે મારી દૃષ્ટિમાં બ્રહ્મનો એક વિવર્ત હોવાથી બ્રહ્મજ બ્રહ્મની અંદર રહેલ છે. એ લોકો તે વ્યવહારને જેમ (અસત્ય-સત્ય) ગણતા હો તેમ ભલે ગણો; એઓની દૃષ્ટિવડેજ માત્ર સત્ય જણાતા એ વ્યવહારોનું મારે કશું પણ પ્રયોજન નથી.[૨૯] હું વસ્તુતાએ આ પોતાના વસિષ્ઠ નામવાળા દેહરૂપે પણ રહ્યો નથી. બ્રહ્મસત્તાજ તમારે માટે કેમ જાણે વસિષ્ઠ આદિ આકારવાળી થઈ રહી હોય એમ દેખાય છે, અને આ વાણી પણ કેમ જાણે બ્રહ્મસત્તાજ તમારે માટે વિવર્તભાવથી તેવે રૂપે થઈ રહી હોય એમ ભાસે છે; બાકી મારી દૃષ્ટિમાં એ કશું વાસ્તવ સત્ય નથી.[૩૦] સર્વ વસ્તુમાત્ર પરમ આનંદમય પોતાના આત્મારૂપ જણાયાથી દુઃખાદિક વિરુદ્ધ વસ્તુને પણ અવિરુદ્ધ ગણનારા અને શુદ્ધ ચિદ્રૂપ આત્માસાથે વૃત્તિદ્વારા એકરસ થઇ રહેનારા વિવેકી પુરુષના હૃદયમાં ભોગની કે મોક્ષની ઇચ્છાજ સ્ફુરતી નથી.[૩૧] મનુષ્યોનો બંધનો અને મોક્ષનો ક્રમ કેવળ પોતાના સ્વભાવમાત્રને (પોતાના સ્વરૂપનું જ્ઞાન અને અજ્ઞાન તેનજ) આધીન છે, છતાં લોકો તેમાં કેવાં ગોથાં મારે છે ! અહો ! મોહનો મહિમા મહા પ્રબળ છે કે જેનેલીધે એક ગાયના પગલામાં પણ સમુદ્રની ભ્રાંતિ થયા જેવું થાય છે.[૩૨] સ્વસ્વરૂપમાં સ્થિતિ થવાથી સિદ્ધ થનારો મોક્ષ કે જે મિથ્યા છતાં અનુભવમાં આવનારાં સર્વ દુઃખનો ઉપશમ કરનાર છે, તેમાં ધન, મિત્ર, કે ક્રિયા કશો ઉપકાર કરી શકતાં નથી.[૩૩] જેમ જળમાં પડેલું તૈલબિંદુ મોટા કુંડાળારૂપ થઇ જાય છે, તેમ ચેતનતત્ત્વ, દૃશ્યસંબંધી સંકલ્પસાથે મળી જતાં તરત તે જગતરૂપ થઇ જાય છે.[૩૪] જાગૃત અવસ્થામાં સ્મૃતિ થતાં સ્વપ્નના વૃત્તાંતની સ્થિતિ જેવી (પ્રતિભાસ માત્ર) રહે છે, તેવીજ અહંકાર, દૃશ્યજાળ વગેરેની સ્થિતિ વિવેકી પુરુષને પ્રતિભાસમાત્ર દેખાય છે.[૩૫] પ્રથમ કહેલી યોગભૂમિકાના અભ્યાસમાં જોડાઇ જવાથી સર્વ દૃશ્યની ભ્રાંતિ એવી તો ક્ષીણ થઇ જાય છે કે પછીથી અહંકાર કે જગત એ બેમાંથી એકેની પ્રતીતિ થતી નથી; કેવળ પરબ્રહ્મજ અવશેષ રહે છે.[૩૬] જ્યારે જ્યારે સ્વસ્વરૂપમાં સ્થિતિ થવારૂપી સૂર્યની સ્થિતિ થાય છે ત્યારે ત્યારે ભોગોરૂપી અંધકાર ક્ષીણ થઇ જાય છે, અને કોઈ કાળે છેજ નહિ એમ છતાં મિથ્યારૂપે અનુભવમાં આવે છે.[૩૭] એ રીતે ભોગરૂપી અંધકારનો નાશ થતાં બુદ્ધિ આદિ ઇંદ્રિયોનો સમૂહ આત્માને આવરણ કરનારાં અજ્ઞાનથી રહિત અને સ્થૂલદેહ આદિના અધ્યાસવિનાનો થઇ જાય છે, અને તે બ્રહ્માકાર વૃત્તિવડે વૃદ્ધિ પામેલા બોધવડે એવી રીતે સ્ફુરે છે કે જે સ્ફુરણથી દીવામાંથી નીકળતા પ્રકાશનીપેઠે તે ચારે કોર ફેલાઈ જઈ વિવેકી પુરુષને બ્રહ્મરૂપે ભાસે છે.[૪૮]

मोहमहत्तारहितः स्फुरति मृतौ भवति भासते च तथा ।। बुद्ध्यादिकारणनिकरोयस्मादीपादिवालोकः ।। ३८ ।।

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વસિષ્ઠગીતાસુખભાવ-વિશ્રાંતિયોગોપદેશ' એ નામનો ઓગણ-ચાળીશમો સર્ગ સંપૂર્ણ. ૩૯

સર્ગ ૪૦ મો.*

જીવન્મુક્તનો અનુભવ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

રૂપાલોકમનસ્કારબુદ્ધ્યાદીંદ્રિયવેદનમ્ ॥
સ્વરૂપં વિદુરમ્લાનમસ્વભાવસ્ય વસ્તુનઃ ॥૧॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—બહારની અને અંદરની સર્વ વસ્તુઓ તેનું સ્વરૂપ વિચારતાં પાયાવગરની હોવાથી રૂપ આદિ બાહ્ય વિષયો, સંકલ્પ આદિ માનસિક વિષયો અને બુદ્ધિ આદિ ઇંદ્રિયોની જે કાંઇ પ્રતીતિ થાય છે તે સાક્ષિ-ચૈતન્યનોજ એક વિવર્ત હોવાથી તેનું વાસ્તવ સ્વરૂપ વિકારવિનાનું શુદ્ધ સાક્ષિચૈતન્યજ છે.[૧] ચોતરફ પસરી રહેલી અનંત આત્મસત્તા કે જેની અંદર સ્વાભાવિક રીતેજ વસ્તુ માત્રની સ્થિતિ છે, તે જ્યારે અવિદ્યા કે જે પોતાના સ્વરૂપને આવરણ કરનારી છે તેને પોતાના અંગમાં આરોપિત કરી લઇ પોતે અવિદ્યાને રૂપે ઉદય પામે છે ત્યારે ભ્રાંતિનાજેવો મિથ્યા આ સૃષ્ટિનો પ્રતિભાસ થઇ આવે છે.[૨] જ્ઞાનવડે સ્વસ્વરૂપ ઓળખાયાથી પોતાના સ્વરૂપમાંજ પરમ શાંતિ આપનારી વિશ્રાંતિ મેળવી જ્યારે સ્થિર થઈ રહેવાય ત્યારે જગતરૂપી દૃશ્ય, જેમ સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ન ન દેખવામાં આવે તેમ દેખાતુંજ નથી.[૩] ભોગો સંસારસંબંધી મહારોગોનાજેવા પરિણામે દુઃખ પેદા કરનારા છે, બંધુઓ દૃઢબંધનરૂપ છે, અર્થની સંપત્તિ અનેક અનર્થ ઉત્પન્ન કરનાર છે, માટે પોતાના આત્માવડે પોતાના આત્મામાંજ વિશ્રાંતિ મેળવી શાંત થઈ રહેવાનું છે.[૪] પોતાના સ્વરૂપને ભૂલી જઇ અવિદ્યાવડે દેહ આદિને આત્મારૂપ સમજતાં આ સંસાર ખડો થઇ જાય છે, અને પોતાના સ્વરૂપને ઓળખી લઇ આત્માને ચિદ્રૂપ માનતાં સંસારની ભ્રાંતિ શમી જઈ પરમ આનંદરૂપ થઇ રહેવાય છે, માટે પરમચિદાકાશરૂપ થઇ રહેવું અને શાંતિ મેળવવી એજ સારું છે-વૃથા ઉદાસ થઇ બેસી રહેવાનું નથી.[૫] હું મારો પોતાનો આત્મા કે જે આ વસિષ્ઠ દેહમાં જીવરૂપે રહેલ છે તેને બ્રહ્મસત્તાથી જુદો નથી દેખતો, તેમજ દૃશ્યરૂપી આ જગતની ભ્રાંતિને પણ બ્રહ્મસત્તાથી જુદી દેખતો નથી; હું શાંત પરબ્રહ્મની અંદર લીન થઈ ગયેલો છું, અને નિર્વિકાર પરબ્રહ્મરૂપજ છું.[૬] હે રામચંદ્રજી ! તમે કે જે નામ–રૂપવાળા છો, તેમ મને "તમે વાસષ્ઠ ઋષિ છો" એમ નામ–રૂપવાળો દેખોછો, બાકી હું કે જે ચિદ્રૂપ છું તે તો સર્વત્ર પરમ શાંત કેવળ ચિદાકાશનેજ દેખું છું.[૭] જેમ પવનની અંદર ચલનશક્તિનું સ્ફુરણ થયેલું દેખાય તેમ તમને પરમ ચિદાકાશરૂપ પરબ્રહ્મની અંદરજ રૂપ આદિ બાહ્યવિષયોની અને સંકલ્પ–વિકલ્પ આદિ મનોમય વિષયોની ભ્રાંતિ ઉત્પન્ન થયાજેવી દેખાય છે, બાકી વસ્તુતાએ કશું ઉત્પન્ન થયેલુંજ નથી.[૮] જેમ સુષુપ્તિ અવસ્થામાં રહેલો પુરુષ સ્વપ્નને નથી દેખતો તેમ કેવળ બ્રહ્મરૂપ થઇ ગયેલો (સાતમી ભૂમિકાની પરિપક્વ દશાને પહોંચેલ) પુરુષ આ સૃષ્ટિને દેખતો નથી. સ્વપ્ન અવસ્થામાં રહેલ પુરુષ જેમ સુષુપ્તિ અવસ્થાનો અનુભવ નથી કરી શકતો તેમ સંસારમાંજ રચ્યાપચ્યા રહેનારા પુરુષને બ્રહ્મનો

* આ ચાળીશમા સર્ગમાં સંસારમાં રચ્યાપચ્યા રહેનાર પુરુષને બ્રહ્મનો અનુભવ નથી થતો, અને બ્રહ્મમાં લીન થઇ રહેનાર સપ્તમ ભૂમિકાની પરિપક્વ દશાવાળાને સંસારનો અનુભવ નથી થતો, પરંતુ જીવન્મુક્તને એ બન્નેનો અનુભવ થાય છે, એ વિષે કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri and Sarayu Foundation, USA

અનુભવ થઈ શકતો નથી;[૯] પરંતુ જેમ પ્રબુદ્ધ (જાગી ગયેલો) પુરુષ ક્રમે કરીને જાગ્રત અવસ્થાનો અને સ્વપ્ન અવસ્થાનો, એ બન્નેનો અનુભવ કરે, તે રીતે પ્રબુદ્ધ (જ્ઞાનવાન) અને શાંત બુદ્ધિવાળો જીવન્મુક્ત પુરુષ, બ્રહ્મ અને જગત, એ બન્નેના પ્રકાશમય સ્વરૂપને અનુભવે છે.[૧૦] બોધવાળો પુરુષ આ સર્વ દૃશ્યજાળને યથાર્થ રીતે ઓળખે છે, અને શુદ્ધચિત્તવાળો થઇ જઈ જેમ શરદ ઋતુમાં વાદળાં (વરસાદ) શાંત થઇ જાય તેમ ક્રમે કરી ઉત્તરોત્તર ભૂમિકામાં ચડતો જઈ છેવટ સાવ શાંત થઇ જાય છે.[૧૧] જેમ સ્મરણ આવતાં ખડો થઈ જનાર અથવા ચિત્રમાં આલેખેલ યુદ્ધપ્રસંગ, વસ્તુતાએ સાવ મિથ્યા છતાં દેખવામાં આવે, તેવી રીતે અહંકાર-જગત આદિની ભ્રાંતિ પણ વસ્તુતાએ સાવ મિથ્યા છતાં કાંઇ અનિર્વચનીયરૂપે દેખાય છે,કે જે કેવળ ભ્રાંતિમાત્ર છે.[૧૨] જે આ જગતરૂપી માયા જોવામાં આવે છે તે આત્મા કે જે પરમાર્થદૃષ્ટિએ સત્ય છે અને સર્વના અધિષ્ઠાનરૂપ છે તેની અંદર છે નહિ, વળી તેનો દ્રષ્ટા કોઈ જીવ પણ નથી;છતાં સાવ અસત્ય પણ નહિ અને સત્ય પણ નહિ એવી આ ભ્રાંતિ કાંઇ અનિર્વચનીયરૂપે ભાસ્યા કરે છે.[૧૩]

आत्मन्यपि नास्तिहि या द्रष्टा यस्या न विद्यते कश्चित् ॥ न च शून्यं नाशून्यं भ्रांतिरियं भासतेसेति ॥ १३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો વસિષ્ઠ ગીતાનો 'આત્મવિશ્રાંતિકથન' એ નામનો ચાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૦

सर्ग ४१ मो.*

સ્વરૂપસ્થિતિથી નિર્વાણ

॥ श्रीवासिष्ठ उवाच ॥

अस्वभावस्वभावोयं सर्वोहंतादिवेदनः ॥ स्वभावैकस्वभावेन निर्वाणीक्रियतां स्वयम् ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—અવિદ્યાને પોતાના સ્વરૂપમાં આરોપી લઇ આત્માજ આ સર્વ જગતરૂપ થઇ જઈ અહંકાર આદિનો સાક્ષિરૂપે અનુભવ કરનારો થઇ રહ્યો છે. એ આત્માને પોતાની મેળેજ શાસ્ત્રમાં બતાવેલા ઉપાયોવડે સિદ્ધ થનારા જ્ઞાનથી અદ્વિતીય પૂર્ણ અને પરમ આનંદસ્વભાવવાળો સમજી, સર્વના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મ સાથે તેની એકતા કરી લઈ, સર્વ જગતસંબંધી ભ્રાંતિની નિવૃત્તિ કરવી જોઇએ.[૧] જ્યાં સૂર્યનો ઉદય થાય ત્યાં જેમ પ્રકાશ થઈ જાય છે, તેમ જ્યાં બુદ્ધિ જ્ઞાનસંપન્ન થાય ત્યાં વિષયોના સંબંધમાં વિરસપણું જણાઈ તે તરફ વૈરાગ્ય થઈ જાય છે.[૨] આ જગતરૂપી એક અનિર્વચનીય ચિત્ર, કર્ત્તા, ક્રિયા તથા તેનાં સાધનો વિના અને દ્રષ્ટા, દૃશ્ય તથા દર્શનરૂપી ત્રિપુટી વિના, વગર ભીંતે અને વગર સામગ્રીએ ખડું થઇ ગએલ છે, પરન્તુ તાત્વિક દ્રષ્ટિએ જોતાં તો એ જગતરૂપી ચિત્ર ખડું થએલજ નથી; કિંતુ નિર્વિકાર, સત્ય અને નિત્ય સિદ્ધ, શાંત પરબ્રહ્મજ પોતાના શાંત સ્વરૂપમાં યથાસ્થિતપણે રહેલ છે.[૩,૪] જીવો કે જેઓનું સ્વરૂપ વિચારવા જતાં માત્ર એક ચેતનતત્ત્વના ચમત્કારરૂપજ છે, તેઓની કલ્પનારૂપી નૃત્યમંડપની અંદર શૃંગાર આદિ નાના પ્રકારના રસવડે લોકોને રંજન કરનારી,

* આ એકતાળીશમા સર્ગમાં અવિદ્યાને અંગીકાર કરી લેવાથી ત્રૈલોક્યરૂપી નટીનું નૃત્ય અનુભવમાં આવવાની અને પોતાના કેવળ શુદ્ધસ્વરૂપમાં સ્થિતિ **સ્વયંથી નિર્વાણ પ્રાપ્ત થવાની** વાત કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્વ ઋતુઓરૂપી મુકુટને ધારણ કરી રહેલી, દિશાઓરૂપી ભુજલતાઓવડે આકુલ, પાતાળરૂપી ચરણલતાવાળી, બ્રહ્મલોકરૂપી મસ્તકને અથવા કાંધને ધારણ કરનારી, ચંદ્ર-સૂર્યરૂપી ચપળ નેત્રને ચારે દિશાએ ચમકાવનારી, તારાઓના સમૂહરૂપી રૂંવાડાંવાળી, સપ્તલોકરૂપી અંગલતાઓને ધારણ કરી રહેલી, ચારેકોર સ્વચ્છતાવાળાં આકાશરૂપી વસ્ત્રવડે સુશોભિત, દ્વીપો અને સમુદ્રોરૂપી કંકણવાળી, લોકાલોક પર્વતરૂપી મેખલાને ધારણ કરનારી, ભૌતિક શરીર આદિને ધારણ કરી રાખવાથી તથા પોષણ આપવાથી ચંચળતાવાળા જીવોરૂપી પ્રાણવાયુઓને વહન કરનારી, વન–ઉપવન આદિની રચનાઓરૂપી હારો અને બાજુબંધોવડે શણગારેલી, પુરાણ અને વેદરૂપી વચન બોલનારી, અને તે તે ક્રિયાઓના ફલરૂપે દેખાવ આપનારાં સુખ-દુઃખોરૂપી વિલાસવાળી જગતરૂપી ચિત્રની પૂતળીઓ નાના પ્રકારના રસો, ભાવો અને વિકારોએ સહિત નવા નવા હાવ-ભાવ બતાવનારી ચેષ્ટાઓ કરતી રહી ચિદાકાશમાં નૃત્ય કર્યા કરે છે, કે જેની ગણના કરવાને પણ કોણ શક્તિમાન થાય ? તેઓ માત્ર એક પરમાણુ જેટલા ચિદાકાશની અંદર પણ વસ્તુતાએ પોતે ચિદાકાશરૂપ હોવાથી ખડી થઇ જાય છે.[૫-૧૦] જે કાંઇ આપણી પાસે આ ત્રૈલોક્યરૂપી પૂતળીનું નૃત્ય દેખાય છે, તે બ્રહ્મરૂપ જળના એક દ્રવરૂપ છે, અને બ્રહ્મરૂપી પવનના ચલનરૂપ છે.[૧૧] સુષુપ્તિ અવસ્થામાં પણ જાગ્રતરૂપે રહેનાર સાક્ષિચૈતન્ય જેમ સ્વપ્નનું કારણ છે, તેમ સર્વના કારણરૂપ અધિષ્ઠાનચૈતન્ય અવિદ્યાને યોગે ત્રૈલોક્યરૂપી ચિત્રની પૂતળીના નૃત્યમાં કારણરૂપ છે.[૧૨] જાગ્રત અવસ્થામાં પણ તમે વ્યગ્રતાને છોડી દઈ, સુષુપ્તિ અવસ્થાને નહિ પ્રાપ્ત થયા છતાં સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થયા જેવા નિઃસંકલ્પ થઇ રહી, પોતાના શુદ્ધ સ્વરૂપની ભાવના કરતા રહો—આ જગતરૂપી સ્વપ્નનો આશ્રય કરો નહિ.[૧૩] જાગૃત અવસ્થામાંજ જ્ઞાનને લીધે રાગ અને વાસના, એ બન્નેથી રહિત થઈ, સુષુપ્તિ અવસ્થાના જેવું નિઃસંકલ્પ થઇ રહેવું એજ સ્વરૂપસ્થિતિ છે, અને તેમાં દૃઢ થઇ રહેવું તે મુક્તિ છે, એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે.[૧૪] એ સ્થિતિમાં કર્તા, કર્મ અને સાધનો વિનાનું, દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન, એ રૂપી ત્રિપુટીથી રહિત તથા રૂપ આદિ બાહ્ય વિષયો અને સંકલ્પ આદિ માનસિક વિષયો વિનાનું બ્રહ્મજ, વિવર્તભાવથી જગતરૂપે થઇ રહ્યું છે, એમ ભાસે છે.[૧૫] સ્વરૂપસ્થિતિમાં આરૂઢ થઈ રહેલા પુરુષને પોતાના નિર્વિકાર પ્રત્યક્ ચૈતન્યમાં બ્રહ્મસત્તાજ અભિન્નરૂપે પ્રકાશી રહેલી જોવામાં આવે છે, અને પોતાના પૂર્ણતાવાળા સાક્ષિચૈતન્યમાં બ્રહ્મસત્તાજ પૂર્ણપણે રહેલી છે એમ તેને દેખાય છે, તથા દ્વિત્વ-એકત્વ આદિ ભેદથી રહિત પોતાના આત્મસ્વરૂપ સાથે દ્વિત્વ-એકત્વ આદિ ભેદ વિનાનું બ્રહ્મજ અખંડ એકરસરૂપે થઈ રહેલ છે એમ તેને પ્રતીતિ થાય છે.[૧૬] સૃષ્ટિના અધિષ્ઠાનની અંદર અભિન્નરૂપે રહેલું એ સત્ય તત્ત્વ સત્ય આત્માની અંદર શાંતપણે પોતાની મેળેજ સ્થિર થઈ રહેલ છે. એ તત્ત્વ આકાશના અંદરના ભાગના જેવું નિર્વિકાર, વિશાળ અને અસંગ છે. શિલાના જઠરના જેવું ધટ્ટ છે.[૧૭] સુંદર રત્નના અંદરના ભાગ જેવું તે પ્રકાશમય છે. ધટ્ટ છતાં આકાશના જેવું તે નિર્મળ છે. જગતરૂપી પ્રતિબિંબને પ્રાપ્ત થઇને કેમ જાણે ક્ષોભને પ્રાપ્ત થયેલ હોય તેવું દેખાય છે, પણ વસ્તુતઃ ક્ષોભથી રહિત છે. તે જગતરૂપે અસત્ય છતાં અધિષ્ઠાનરૂપે સત્ય છે.[૧૮] જેની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

નવી રચના હવે પછી થવાની હોય એવું કોઇ શહેર જેમ કલ્પનારૂપે તેના રચનારની અંદર રહ્યું હોય તેમ પ્રકાશમય અનંત બ્રહ્મની અંદર આ સર્વ રહેલ છે. મનને જુદું ન રાખતાં વૃત્તિદ્વારા પરબ્રહ્મ સાથે એકરૂપ કરી દેવામાં આવે ત્યારે આ વાત અનુભવમાં આવે છે.[૧૯] જેમ સંકલ્પરૂપે કલ્પના કરાએલું નગર સંકલ્પથી જુદું નથી, તેવી રીતે આ જગતનો આભાસ પણ પરમાર્થરૂપ પરબ્રહ્મથી જુદો નથી.[૨૦] જેમ ચોખંડો સોનાનો ઢાળીયો ભવિષ્યરૂપે અનેક આકારોને (દાગીનાઓને) ધારણ કરી રહ્યો હોય તે રીતે પરબ્રહ્મ પોતાની અંદર અનેક પ્રકારના વિસ્તારોને ધારણ કરી રહેલું દેખાય છે, છતાં તે પોતાના નિત્ય અને શાંત સ્વરૂપમાંજ સદાકાળ રહ્યું છે.[૨૧] એ પ્રકાશમય પરમતત્ત્વ નિરંતર ઉત્પત્તિ થવી, નાશ થવો ઇત્યાદિ વિકારોવાળું ભાસતાં છતાં નિરંતર નિર્વિકાર અને એકરૂપેજ રહ્યું છે—નાશ ઉત્પત્તિ આદિ વિકારથી રહિત છે, હ્રાસવિનાનું છે, અને એક છતાં કેમ જાણે અનેકરૂપે થઇ રહેલ હોય તેવું ભાસે છે.[૨૨] હે રામચંદ્રજી! આકાશ જેમ પોતાની અંદર કલ્પાએલાં અને વસ્તુતાએ સત્તાવગરનાં તમરાં, ગંધર્વ નગર, મલિનપણું આદિ તત્ત્વદૃષ્ટિવડે બળાત્કારથી બાધિત થઇ જતાં પોતાના શૂન્યસ્વરૂપવડે શોભે, તે રીતે પોતાનું સ્વરૂપ ઓળખાયા પછી શાંતિવડે ઘનભાવને (ઘાટાપણાને) પ્રાપ્ત થયેલું બ્રહ્મજ પોતાના અદ્વૈતપણાનેલીધે ઉત્પન્ન પણ ન થયેલા અને નાશને પણ ન પ્રાપ્ત થનારા પોતામાં કલ્પાએલા સૃષ્ટિરૂપી રાજ્યવૈભવવડે શોભી રહેલ ભાસે છે.[૨૩]

ब्रह्मैवशांतिघनभावगतं विभाति सर्गोदयेन विगतास्तमयोदयेन ॥ व्योमेव शून्यविभवेन गलत्स्वभाव लाभ प्रातप्रसर्गमेव ननु प्रबुद्धा॥२३॥

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ઉપદેશકરણ' એ નામનો એકતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૧

सर्ग ४२ मो.*

જગત અને ઈશ્વરની એકતા.

॥ श्रीवसिष्ठ उवाच ॥

चित्तवत्कचनं शांते यत्तत्तस्मान्नभिद्यते ॥ अव्याकृताऽमलतया क्वातः सर्गादिसंभवः॥१॥

શ્રીવસિષ્ઠજી કહે છે:—નિર્વિકાર ચિદાત્માની અંદર જે કાંઇ ચિત્તના જેવું દેખાય છે, તે ચિદાત્માથી જુદું નથી, કેમકે વિભાગને બતાવનારાં નામ—રૂપની રચના પહેલાંજ જીવચૈતન્યમાં (ચિદાત્મામાં) ઉપાધિરૂપે પ્રવિષ્ટ થઇ રહેલા ચિત્તમાં નામરૂપવડે થનારો વિભાગનો સંપર્કજ સંભવતો નથી; વળી ચિત્ત પણ ચિદાત્માનીપેઠે નિર્મળ છે, તેનેલીધે પણ એ બન્નેનો ભેદ અસંભવિત છે; અને જ્યાં ચિત્ત પણ ચિદાત્માથી જુદું નથી સંભવતું, ત્યાં પછી ચિત્તે કલ્પી કાઢેલ સૃષ્ટિ આદિનો તો ક્યાંથીજ સંભવ હોય?[૧] રૂપ આદિ બાહ્ય વિષયો અને સંકલ્પવિકલ્પ આદિ માનસિક વિષયો, કે જેઓ ચિદાત્મારૂપી જળના એક દ્રવરૂપ તરંગો છે, તેઓની પ્રતીતિ (જ્યાંસુધી ચિત્ત હોય ત્યાંસુધી) ચિદાકાશની અંદર ઝાંઝવાના જળની ભ્રાંતિનીપેઠે થયા કરે છે, અને ચિત્તરૂપ સૂર્યનો અસ્ત થયાથી તે ભ્રાંતિ પણ અસ્ત થઈ જઈ જતી રહે છે.[૨] જેમ વિનાકારણે (સ્વભાવિક રીતે) પવનમાં ચલન દેખાય છે, અને જેમ વિનાકારણે (સ્વભાવિકપણેજ) પ્રકાશનો પ્રસાર થાય છે,

* આ એતાલીશમા સર્ગમાં જગત અને ઈશ્વરની એકતા ફરીને બતાવવામાં આવશે અને પોતાનો અંતરાત્મા કે જે પરમેશરૂપ છે તેની વિવેકવડે પૂજા કરવા વિષે કહેવાશે.

તેમ વિનાકારણે (સ્વાભાવિક રીતેજ) પરમાત્માની અંદર ભ્રાંતિનેલીધે આ જગતની પ્રતીતિ થાય છે.[૩] જેમ જળની અંદર દ્રવપણું રહેલ છે, જેમ આકાશમાં શૂન્યતા રહી છે, અને જેમ પવનની અંદર ચંચળતા રહેલ છે, તેમ પરમાત્માની અંદર આ જગત પણ વિવર્તરૂપે કાંઇ અનિર્વચનીયપણે રહ્યું છે.[૪] મણિમાં જેમ નિર્મળતા ઝળકયા કરે તેમ મહાચૈતન્યરૂપી મહાવિશાળ આકાશની અંદર જે આ જગત ઝળકયા કરે છે (ભાસ્યા કરે છે) તે ચિદાકાશ પોતેજ વિવર્તભાવથી તેવે રૂપે થઇ રહેલ છે.[૫] જેમ જળમાં દ્રવપણું રહ્યું છે, આકાશમાં શૂન્યતા રહી છે, અને વાયુમાં ચલનશક્તિ રહી છે, તેવી રીતે અનંત ચિદાકાશની અંદર આ જગત અભિન્નસત્તાથી વિવર્તરૂપે રહ્યું છે.[૬] વાયુ જેમ પોતાનામાં રહેલી ચલનશક્તિને પોતાથી અભિન્ન સત્તાવાળી સમજે તેમ ચિદાત્મા પણ (જ્ઞાનસંપન્ન દશામાં) જગતને પોતાથી અભિન્નસત્તાવાળુંજ સમજે છે; દ્વિત્વ–એકત્વ આદિ ભેદનો તેમાં જરાપણ સંભવજ નથી.[૭] અવિવેકવડે જોતાં આ જગત આડંબરવાળું લાગે છે, વિવેકવડે વિચારતાં તે ક્ષણભંગુર જણાય છે; અને જ્ઞાન થયા પછી તો તે આડંબર અને ક્ષણભંગુરતા, એ બન્ને વિનાનું નિરંતર એક ચિદ્રૂપજ અનુભવમાં આવે છે.[૮] શુદ્ધ, આદિ મધ્ય અને અંતથી રહિત, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ ચિન્માત્ર પરમતત્ત્વવિના બીજું કશું અહીં છેજ નહિ, એમ છેવટ નિર્ણય થઈ શકે છે.[૯] એ તત્ત્વને કેટલાક (વેદાંતશાસ્ત્રવાળા) પરમ આનંદમય શાંત બ્રહ્મસ્વરૂપ કહે છે, કેટલાક શાશ્વત પરબ્રહ્મરૂપ કહે છે, કેટલાએક (શૂન્યવાદીઓ) શૂન્યરૂપ કહે છે, કેટલાએક (વિજ્ઞાનવાદીઓ) વિજ્ઞાનરૂપ (બુદ્ધિરૂપ) કહે છે.[૧૦] એ અનંત ચિદ્રૂપ પરમતત્ત્વ દૃશ્યના આકારની ભાવનાને લીધે કેમ જાણે તેવે રૂપે થઈ રહ્યું હોય, અ પોતાના વાસ્તવ સ્વરૂપમાં રહ્યા છતાં કેમ જા અવિદ્યાવડે આચ્છાદિત થઇ ગયું હોય તે બાહ્ય વિષયરૂપે ભાસવા માંડે છે.[૧૧] જેમ શૂન્ય રૂપ આકાશસત્તાવિના વાયુનું બીજું કાર નથી અને વાયુસત્તાવિના બીજું તેની ચલન શક્તિનું કારણ નથી, તેમ ચૈતનની (જ્ઞાતાની દ્રષ્ટાની) સત્તાવિના જ્ઞેયની (દૃશ્યની) સ નથી, અને દૃશ્યની સત્તાવિના ચિત્તની સ નથી.[૧૨] એવી રીતે નિરંતર બ્રહ્મસત્તાનેલી સત્તાવાળી આ સૃષ્ટિરૂપી ભ્રાંતિમાં આધ ચૈતન્યરૂપે સત્યપણાનો અને પોતાના સ્વરૂ વડે અસત્યપણાનો, એમ બન્ને રીતે (સ वसौम्येदमग्र आसीत्—नेह-नानास्ति किंचन ત્યાદિ) નિર્દેશ કરવામાં આવે છે; બાકી મહ ચૈતન્ય સત્તાવિના બીજા કશા હેતુની તે અપેક્ષા રહેતી નથી.[૧૩] જો કદાચિત્ જડ-ચે નના દ્વિત્વ કે એકત્વનું સ્વતઃ અસ્તિત્વ (સ હોત તો હજી આ સૃષ્ટિરૂપી ભ્રાંતિમાં ખાતો અર્થ હજી કાંઈક સંભવી શકત, પ મહાચિદાકાશની અંદર દ્વિત્વ-એકત્વની કલ્પ કરનારો કોણ છે ? કોઇ નથી.[૧૪] આ જગ જે જોવામાં આવે છે, તે એક અપાર પરમ ચિ કાશજ વિવર્તભાવથી ચોતરફ પસરી રહેલ જેમ પવનનું અને તેની અંદર રહેલી ચલ શક્તિનું દ્વિત્વ (જુદાપણું) કહેવા માત્ર બાકી વસ્તુતાએ નથી, તેમ જગત અને જ દીશ્વર, એ બેયનું દ્વિત્વ કહેવા માત્ર છે, બા વસ્તુતાએ તે (જુદાપણું) મિથ્યા હોવાથી છે નહિ.[૧૫] ત્રણે કાળમાં (નિરંતર) અબાધિત ર નારૂં સત્ય પરમતત્ત્વ કે જે ચિન્માત્ર છે, અ જેમાં દ્વિત્વ (બેપણું-ભેદ) અસંભવિત છે, તે તત્ત્વ અવિદ્યાનેલીધે જગતને આકારે ભા રૂપે છે, બાકી જગત સત્ય નથી અને જગત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ભાવ તેમાં માત્ર કલ્પિતજ છે.[૧૬] જેમ સુવર્ણ કે જે કારણરૂપ છે, તેની અંદર કડું કે જે તેનું એક કાર્ય છે, તેનો ભાવ દેશ-કાળ આદિને યોગે સત્યરૂપે જુદો અનુભવમાં આવે છે, તેમ પરમાત્મા કે જે કારણરૂપ છે, તેની અંદર જગત કે જે કાર્યરૂપ છે, તે અમુક દેશ-કાળને યોગે સત્યરૂપે જુદું રહ્યું છે એવી શંકા પણ અહીં લાવવી સંભવતી નથી, કેમકે તે અદ્વિતીય તત્ત્વની અંદર કાર્ય–કારણનો ભેદ, કે અભેદ, એ બન્ને અસંભવિત છે, તો પછી કટક-સુવર્ણાદિકનીપેઠે તેમાં કાર્ય–કારણભાવ ક્યાંથી ઘટી શકે? અને કદાચિત્ કાર્ય–કારણભાવ માનવામાં આવે તો પણ તે કલ્પનામાત્રજ છે. આકાશમાં શૂન્યતા જેમ અભિન્નસત્તાવડે રહી છે, જળમાં જેમ દ્રવપણું અભિન્નસત્તાથી રહ્યું છે, અને આકાશમાં આકાશની રેખા જેમ અભિન્નસત્તાથી રહેલ છે, તેમ જગત આદિ ભાવ અધિષ્ઠાન ચૈતન્યની અંદર અભિન્નસત્તાથી રહ્યા છે. બ્રહ્મનું જે રૂપ છે તેજ અધિષ્ઠાન દૃષ્ટિથી જોતાં જગતનું રૂપ છે તો પછી તેમાં કાર્ય-કારણભાવ ક્યાંથી હોય? જેમ આકાશની અંદર જુદી કલ્પાએલી રેખા આકાશરૂપજ છે, તેમ બ્રહ્મની અંદર જુદું કલ્પાએલું આ જગત પણ બ્રહ્મરૂપ છે.[૧૭-૨૦] જગત બ્રહ્મરૂપે સત્તાવાળું અને પોતાનેરૂપે સાવ શૂન્ય છે. શિલાવડે બનાવેલાં પૂતળાંઓની સેનામાં જેમ પાષાણપણું રહ્યું છે, તેમ સદા એકરૂપે રહેનાર નિર્મળ ચિન્માત્રતત્ત્વજ સર્વ રૂપે થઈ રહેલ છે; તેમાં કાર્ય-કારણભાવની વિચિત્રતા કેમ સંભવે, અને ક્યાં સંભવે?[૨૧,૨૨] ચિદાકાશની અંદર બીજી કશી વસ્તુનો સંભવજ ન હોવાથી ચિદાકાશ વિનાનું બીજું શી રીતે સંભવે? મહા વિશાળ ચિદાકાશનીઅંદર આ સૃષ્ટિ વિવર્તરૂપે ભાસી રહી છે–બાકી વસ્તુતાએ તે પ્રકાશમય ચિદ્રૂપજ છે.[૨૩] જેમ પાષાણમાં કોતરેલી પૂતળી પાષાણમય હોવાથી પાષાણરૂપજ છે તેમ આ સૃષ્ટિ પણ પરમાત્મામાં કલ્પાએલી હોવાથી પરમાત્મારૂપજ છે. હે સુશીલ રામચંદ્રજી! એવી રીતે સૃષ્ટિનું વાસ્તવ તત્ત્વ જાણવામાં આવે તો જગત અધિષ્ઠાનચૈતન્યમાંજ લય પામી ગયેલું દેખાય છે.[૨૪] બહારની (કાયિક, વાચિક) અને અંદરની (માનસિક) સર્વ ચેષ્ટાઓનો ત્યાગ કરવાથી સિદ્ધ થનારી નિઃસંકલ્પ દશાવડે અનુભવમાં આવતું પરબ્રહ્મ,આરોપિત સંસારને બાધિત કરી દઇ છેવટ અવશેષ રહે છે. જેમ વીંચેલ આંખોવાળા પુરુષને પોતાની પાસે ન રહ્યા છતાં અને મિથ્યા છતાં, રૂપ આદિ બાહ્ય વિષયોની જે કાંઇ ચિત્તમાં સ્ફૂર્તિ થાય છે, તે કેવળ મનનો ભ્રમ છે, અને ભાવનાનેલીધે તેની પ્રતીતિ થાય છે, તેવીજ રીતે બુલ્લી આંખોવાળા પુરુષને પણ સ્વપ્નમાં અને જાગ્રતમાં, પાસે ન રહ્યા છતાં અને મિથ્યા છતાં, જે કાંઇ રૂપ આદિ બાહ્ય વિષયની પ્રતીતિ થાય છે, તે કેવળ મનનો ભ્રમ છે, અને ભાવનાને લીધે અનુભવમાં આવે છે; માટે ભાવનાને શાંત કરી દઇ યથાસ્થિતપણે સ્વરૂપસ્થિતિમાં શિલાના જેવા અચળ રહી, અંદર શિલાના જેવા જડ ન રહેતાં, પોતાના સ્વરૂપનો અવલંબ રાખો. પોતાના અંતરાત્મારૂપ પરમેશ્વરની બુદ્ધિવડે બોધ થવા માટે ચારે કોર પસરી રહેલા વિવેકરૂપી ઉપચારવડે યથાપ્રાપ્ત વસ્તુરૂપી પૂજનસામગ્રીદ્વારા પૂજા કરતા રહો. વિવેકવડે પૂજા કરાએલો પોતાનો અંતરાત્મા નિરતિશય આનંદરૂપી ઉત્તમ વરને આપનાર છે.[૨૫-૨૯] એ અંતરાત્માની પૂજા પાસે શિવ-વિષ્ણુ આદિની પૂજા એક જુના ઘાસના ટુકડા જેવી હલકી છે. હે સુશીલ રામચંદ્રજી! એ પોતાના અંતરાત્મારૂપી પરમેશ્વરની વિચાર, શાંતિ અને સત્સંગરૂપી પુષ્પના ઉપહારવડે ફક્ત પૂજા કરવામાં આવે તો તે તત્કાળ મોક્ષરૂપી ફળને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આપનાર છે. વિવેક કે જે સત્ય તત્ત્વને દેખાડી આપનાર છે, તેવડે કરીનેજ ફક્ત પોતાના અંતરાત્માની પૂજા કરવામાં આવે તો તે અતિ ઉત્તમ ફળ આપનાર છે.[૩૦-૩૧] જ્યાં પોતાનો અંતરાત્માજ ઈશ્વરરૂપ છે, ત્યાં કયો મૂઢ પુરુષ બીજાનો આશ્રય કરે? કોઇ ન કરે. સત્સંગ, શાંતિ, સંતોષ અને વિવેકરૂપી પુષ્પવડે જેણે પોતાના આત્માની પૂજા કરી હોય તેને શસ્ત્ર,સર્પ, વિષ અને અગ્નિ, એ પણ સરસડાના ફૂલનાજેવાં હલકાં લાગે છે. ક્ષુદ્રચિત્તવાળા દુષ્ટપુરુષો તરફથી દેશ, કાળ, પાત્ર વગેરેનો વિવેક રાખ્યાવિના દેવપૂજન, તપ, તીર્થ અને અતિ દાન કરવામાં આવે તોપણ તે નિરર્થક હોવાથી ભસ્મમાં હોમ કર્યા બરાબર થાય છે; પરંતુ એ સર્વ દેવપૂજનાદિ વિવેકવડે કરવામાં આવે તો સફળ થાય છે; અને જ્યારે એમ (વિવેકનુંજ પ્રાધાન્ય) છે, ત્યારે પછી અંદર વિવેકનેજ સ્ફુટપણે શામાટે સાધી લેવામાં આવતો નથી? વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન થતાં પર (ઉત્તમ કોટીનું) વૈરાગ્ય કે જે વાસનાક્ષયમાં હેતુરૂપ છે તે મેળવવામાટે જે યત્ન કરવો તે વિવેક શબ્દવડે કહેવાય છે, અને તે ચિત્તશુદ્ધિ થતાં ઉદય પામે છે. જેવી રીતે ફરીવાર વિષયસંબંધી ભ્રાંતિવડે એ વિવેક શોષણને ન પ્રાપ્ત થાય તેવી રીતે તેને અંદર શાંતિરૂપી અમૃતવડે (પોષણ આપી) વધાર્યા કરવો. તત્ત્વનું યથાર્થ જ્ઞાન થતાં દેહસત્તાનો અનાદર કરી દઇ લજ્જા, ભય, ખેદ, ઇર્ષ્યા, સુખ અને દુઃખ એ સર્વને એકસાથે જીતી લેવાં. શરીરના કારણરૂપ જગત આદિ અને શરીરાદિક પ્રથમ ઉત્પન્નજ થયેલ નથી તો તે હમણાં ક્યાંથી હોય?[૩૨-૩૮] કદાચિત્ જગત આદિને બ્રહ્મરૂપ કારણના કાર્યરૂપે માનીએ તોપણ કાર્ય કારણરૂપ હોવાથી તે બ્રહ્મરૂપજ છે. નિર્વિકાર પરબ્રહ્મજ વિવર્તરૂપે જગત આદિને ધારણ કરે છે, બાકી ઘટાદિક કશો પદાર્થ સત્ય નથી.[૩૯] જે કાંઇ આ જગત આદિનો પ્રતિભાસ થાય છે તે ચિદાભાસનેલીધે છે, તેથી જણાય છે કે જગતની સિદ્ધિ ચિદાભાસને આધીન અને તે ચિદાભાસનું સ્વરૂપ જોઈએ તો ચિદ્રૂપ છે. આત્મતત્ત્વનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાયાથી દર્પણની અંદર જેમ મુખ દેખાય તેમ અંતઃકરણરૂપ ઉપાધિમાં ચિદાત્માજ પ્રતિબિંબિત થઇ જઇ ચિદાભાસરૂપે દેખાય છે; પરંતુ જ્ઞાનવડે પોતાનું સ્વરૂપ ઓળખાયાથી ભેદ કરનાર ઉપાધિ ખસી જતાં ચિદાભાસપણું શમી જાય છે, અને ચિદ્રૂપતા અનુભવમાં આવે છે.[૪૦] ઉપાધિરૂપ જ્ઞેયપદાર્થ (અંતઃકરણ આદિ) નો અભાવ સિદ્ધ થતાં એ ચિદાભાસઅનિર્વચનીય થઇ જાય છે, અને છેવટ શાશ્વત ચિન્માત્ર અવશેષ રહે છે. આ સર્વ શાંત પરબ્રહ્મજ સર્વત્ર વ્યાપી રહ્યું છે.વસ્તુતાએ તેમાં શરીર આદિ ભાવ પણ નથી અને જગત આદિ ભાવ પણ નથી.[૪૧] એ બ્રહ્મતત્ત્વ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, એ ત્રિપુટીથી રહિત છે, અને પાષાણનીપેઠે સંકલ્પની કલ્પનાથી પણ તે રહિત છે. હે સુજ્ઞ શ્રોતાજનો! તમે અંતઃકરણ શાંત રાખી સ્વસ્થ રહી શિલાપાષાણવડે બનાવેલ પૂતળીના યંત્રનીપેઠે પ્રારબ્ધ પ્રાપ્ત કર્મ કરતા રહી અને બીજાઓ પાસે પણ કરાવતા રહી જીવન્મુક્ત થઇ રહો. તમે જ્ઞાતા અને જ્ઞેય એ બન્નેથી રહિત કેવળ સદ્રૂપ થઈ રહી કાર્ય અને કારણ એ બન્નેના સારરૂપ ચિન્મયતત્ત્વનેજ પોતાના આત્મારૂપ સમજી લઇ આકાશના જેવા નિર્લેપ, અસંગ અને નિર્વિકાર થઈ જાઓ, જેથી તમારે ફરીવાર પાછું આ સંસારમાં જન્મ-મરણ માટે ભટકવું પડે નહિ. આત્માના સ્વરૂપને ઓળખનારા જે વિવેકીઓ છે તેઓ યથાસ્થિતપણે રહે છે, જે ઉત્તમ રહેણી ચાલ્યા જતા હોય તેજ રીતે ચાલ્યા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જાય છે, અને યથાપ્રાપ્ત (દૈવેચ્છાથી જે આવી પડે તે) કાર્ય કરતા રહે છે; છતાં અંદરથી પરબ્રહ્મરૂપજ થઇ રહ્યા હોય છે. અથવા તો તેવા પુરુષો સર્વનો ત્યાગ કરવાથી શાંત રહેનારા અંતઃકરણવડે ઉજ્જવળ રહી ચિત્રમાં આલેખેલા પુરુષનીપેઠે સુખેથી ભલે એકાંતમાંસમાધિમાંજ બેઠા રહો; કેમકે સમાધિકાળમાં અને વ્યવહારકાળમાં નિરંતર અવિચ્છિન્ન રીતે જ્ઞાનમાંજ નિમગ્ન રહેનારા વિવેકી પુરુષની દૃષ્ટિમાં સંકલ્પની શાંતિ થતાં આ જગત સંકલ્પવડે કલ્પાયેલા મનોમય નગરની પેઠે અને સ્વપ્નની પેઠે અતિ તુચ્છ જણાયાથી સદાકાળ અસ્તને પ્રાપ્ત થયા જેવું (નહિ જેવું) ભાસે છે. જેમ જન્મથીજ આંધળો પુરુષ નેત્રવાળા (દેખતા) પુરુષને થતા રૂપનો અનુભવ ન જાણી શકે તેમ વિવેકીઓને થનારા આત્માના અનુભવને પોતે અજ્ઞાનને લીધે ન જાણતાં છતાં થોડાં એક વાક્યોને શ્રવણ કરી (હળદરના ગાંઠીયાવડે ગાંધી બનવાની પેઠે) જે અવિવેકી પુરુષ ' હું ખરો તત્ત્વજ્ઞ છું ' એવી ભ્રાંતિમાં પડી પોતાના મુક્તપણાનું વર્ણન કરે છે તે પોતે અંદર અજ્ઞાન કાયમ હોવાથી તાપને પ્રાપ્ત થાય છે, પણ તેને તત્ત્વજ્ઞની પેઠે શાંતિના સુખનો અનુભવ થતો નથી. લોકો અવિદ્યારૂપે પસરી રહેલી કોઇ કલ્પિત બાબતનો ઉપદેશ સાંભળી લઇ જે કાંઇ અવલંબ મળે તેવડેજ પોતાની અજ્ઞાનદશાને લીધે ' હું કૃતાર્થ છું ' એમ સમજી બેસે છે, અને પોતે વસ્તુતાએ કૃતાર્થ ન થયા છતાં પોતાની મૂર્ખતાનેલીધે દિઢ મૂઢ બની જઇ પોતાનું કૃતાર્થપણું માને છે, પણ પછી બીજજ ક્ષણમાં કલેશવડે પીડાયાથી હજી પોતાનું કૃતાર્થપણું થયું નથી એમ તેના સમજવામાં આવે છે. કલ્પનાવડે કલ્પાએલ (કલ્પિત) દુઃખક્ષયનો ઉપાય પાછો એક પળવારમાં ભાવ, અભાવ અને વાસનાઓની ભ્રાંતિથી દુઃખ પેદા કરનાર હોવાથી વસ્તુતાએ તે ઉપાયરૂપજ નથી, એમ વિવેકી મહાત્માઓનું સમજવું છે.[૪૨-૫૦] આ જગત કેવળ ' ભ્રાંતિમાત્ર છે ' એમ સમજી લઇ બ્રહ્મલોકપર્યંત સર્વ વિષયોમાં વૈરાગ્ય રાખી વાસના વિનાની (કેવળ આત્મામાંજ) સ્થિતિ રાખવી તેનેજ મોક્ષ, કે જે દુઃખક્ષયનો ખરો ઉપાય છે તેરૂપે કહી શકાય છે.[૫૧] હે રામચંદ્રજી ! બીજી લૌકિક કે પૌરાણિક કથાના અર્થનીપેઠે (વાતોનીપેઠે) તમે આ મારા ઉપદેશને બહિર્મુખપણાથી સાંભળી લેશો તો તેટલાથીજ તમે કાંઇ કૃતાર્થ થઈ જવાના નથી; વાસનાના પૂરનેલીધે પ્રવાહરૂપે વહ્યા કરતું આ જગતનું સ્વરૂપ જડ છે, અને ઝાંઝવાના જળના જેવું દેખવા માત્ર છે, આ વાત તમારા સમજવા બહાર નથી માટે તમે અંતર દૃષ્ટિ કરી આ સર્વ પ્રપંચને દૃશ્યપણાથી રહિત નિર્મળ ચિદ્રૂપેજ અપરોક્ષ રીતે અનુભવો એટલે તમને મોક્ષસુખની વિશ્રાંતિ મળશે.[૫૨] બહિર્મુખપણામાં રહી જન્માંધને રૂપનો અનુભવ થયા જેવું—બીજાનાં ઉપદેશવાક્યોવડેજ પરોક્ષ રીતે જે અનુભવમાં આવે તે ન અનુભવ્યા જેવુંજ છે, માટે એવા હલકા જ્ઞાનને તમે પગતળે કચરી નાંખી પોતાના અંતરાત્મારૂપી પરમતત્ત્વનો અપરોક્ષપણે અનુભવ કરતા રહી જન્મ, જરા અને મરણ ઇત્યાદિ વિકારોથી રહિત થઇ રહો.[૫૩]

जात्यंधरूपानुभवानुरूपं यदागमैर्बुद्धमबोधरूपम् ॥ अधस्पदीकृत्य तदंतरेस्मिन्बोधे निष्पत्यानुभवो भवाभूः ॥ ५२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણોપદેશ' એ નામનો બેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૨

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग ४३ मो.*

જગત અજ્ઞાનકલ્પિત છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

अहंतादि जगच्चेदं परिज्ञानादसत्यताम् ॥
याति सानुभवो मोहात् सत्यमेवान्यथाधियाम् ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—અંદર અહંકાર આદિ ભોકતૃવર્ગ અને બહાર જગત આદિ ભોગ્યવર્ગ, એ બન્નેના તત્ત્વનું જ્ઞાન થતાં તે અસત્યતાને પ્રાપ્ત થઈ જાય છે. મોહને લીધે આત્માનું સાક્ષિ–સ્વરૂપ ભૂલાઇ જવાથી ભોક્તામાંજ આત્મબુદ્ધિ કરનારા મૂઢ પુરુષોનો એ આત્મા પણ બ્રહ્મસત્તાનેલીધેજ ભોગ્યને અનુભવી શકે છે, માટે તે પણ વસ્તુતાએ સત્ય બ્રહ્મરૂપ છે.[1] અજ્ઞાનરૂપી જ્વરથી મુક્ત થઇ ગએલા અને જ્ઞાનવડે શીતલ ચિત્તવાળા પુરુષનું એજ પ્રથમ ચિહ્ન છે કે ભોગરૂપી જળ તેને રૂચતુંજ નથી.[2] બીજી નામ–રૂપસંબંધી ભ્રાંતિવાળાં જ્ઞાનોની કશી જરૂર નથી, માત્ર 'હું એવો કાંઇ પણ પદાર્થજ નથી' એવી રીતે અહંકારનો ત્યાગ કરવાથી મોક્ષસુખ મળે છે, માટે તમે તેની ભાવના કરતા રહો.[3] સ્વપ્નમાં દેખવામાં આવેલા પદાર્થો જાગ્રત અવસ્થામાં તેના સ્વરૂપનું જ્ઞાન થતાં પુરુષને રંજન કરી શકતા નથી અને વસ્તુતાએ તે મિથ્યારૂપે પ્રતીતિમાં આવવાથી હોતા પણ નથી, તેવીજ રીતે અજ્ઞાનદશામાં અનુભવમાં આવનારા હું અમુકરૂપ છું અને આ જગત છે, એવા અહંકાર જગત આદિ પદાર્થો પણ તત્ત્વજ્ઞ પુરુષને રંજન કરી શકતા નથી, અને તેઓની દૃષ્ટિમાં મિથ્યારૂપે તેઓ પ્રતીતિમાં આવનારા હોવાથી વસ્તુતાએ હોતા પણ નથી.[4] જેમ વનના કોઇ એક વૃક્ષની અંદર મનુષ્યને પોતાના મનની ભાવનાનેલીધે અસત્ય રીતેજ યક્ષની ભ્રાંતિ થઈ આવે, અને જેમ કોઇએક ગંધર્વને પોતાની માયાવડે ભાવનાનેલીધે કલ્પી લીધેલું ગંધર્વનગર પોતાનાં મનુષ્યોએ સહિત દેખવામાં આવે, તે રીતે જીવ પણ પોતાની ભાવનાને લીધે અસત્યરૂપેજ જન્મ-મરણ આદિ સંસારને અનુભવે છે. જેમ ભ્રાંતિવડે કલ્પાએલો યક્ષ અને ભ્રાંતિવડે તેના ભોગ્યરૂપે કલ્પાએલું તેનું નગર, એ બન્ને જો કે વસ્તુતાએ સત્ય નથી હોતાં, તોપણ પરસ્પર ભોક્તા-ભોગ્યરૂપે કેમ જાણે સત્ય હોય તેવાં થઈ રહે છે, તેવીજ રીતે અહંકાર અને જગત કે જે ભ્રાંતિરૂપજ છે, તે બન્ને મિથ્યા છતાં ભોક્તા અને ભોગ્યરૂપે કેમ જાણે સત્ય હોય તેવાં ભાસ્યા કરે છે.[5,6] જેમ કોઇ એક શૂન્ય જંગલની અંદર કશું આવરણ ન હોવાનેલીધે અનેક યક્ષો ભ્રાંતિરૂપે ખડા થઇ જાય અને જોવામાં આવે, તેમ અનંત આત્મસત્તાની અંદર ચૌદ લોકોના જીવો ભ્રાંતિરૂપે ખડા થઇ જાય છે, અને જોવામાં આવે છે.[7] 'હું યક્ષરૂપે ભ્રાંતિમાત્રજ છું અને મિથ્યા છું' એમ સમજી લઇ તેવી ભાવના કરવાથી જેમ યક્ષનો યક્ષભાવ જતો રહે, તેવી રીતે ચિત્ત પણ 'હું ભ્રાંતિમાત્રજ છું અને મિથ્યા છું' એમ સમજી લઇ તેવી ભાવના રાખે તો તેનું ચિત્તપણું જતું રહી પોતાનું તાત્ત્વિક સ્વરૂપ કે જે ચિદ્રૂપ છે તે ભાવને પ્રાપ્ત થાય છે.[8] કલ્પનાઓનો અને આશંકાઓનો ત્યાગ કરી 'અમુકનો ત્યાગ કરવો અને અમુકનું ગ્રહણ કરવું' એ વાતને પણ પડતી મૂકી સર્વ ઇચ્છા માત્રને નહિ પસરવા દેતાં શાંત થઇ જઈ તમે સુખેથી યથાસ્થિતપણે રહો.[9] જેની

* આ ત્રેતાલીશમા સર્ગમાં જગત બાળકના મનવડે કલ્પાએલા યક્ષના જેવું અને ગંધર્વનગરના જેવું અજ્ઞાનકલ્પિત છે, અને જ્ઞાન થતાં એ અજ્ઞાનની નિવૃત્તિ થઇ જવાથી બ્રહ્મનેવિષે સ્થિતિ થાય છે, તે સંબંધી વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સત્તાજ સંભવતી નથી એવું આ દૃશ્ય (દૃષ્ટાની સત્તાવડે સત્તાવાળું હોવાથી) દ્રષ્ટારૂપેજ સર્વત્ર પ્રસરી રહ્યું છે. અથવા તો દ્રષ્ટારૂપ પણ નથી, કેમકે દ્રષ્ટાનું તત્ત્વ કે જે પરમાર્થદૃષ્ટિએ શુદ્ધ ચિદ્રૂપ છે તેમાં તુચ્છ દૃશ્યભાવનો આરોપ કેમ થઇ શકે? ન થઇ શકે.[૧૦] વસંત ઋતુના રસનો સમૂહજ શાખાઓરૂપે અને વેલાઓરૂપે જેમ થઇ જાય તેમ આત્મસ્વરૂપ કે જે શુદ્ધ ચિદ્રૂપ છે તેજ આ સૃષ્ટિને આકારે થઇ રહેલ છે.[૧૧] જે આ શુદ્ધ ચિન્માત્ર પરમતત્ત્વ છે તેજ વિવર્તરૂપે જગતના જેવું ભાસી રહ્યું છે,તેમાં દ્વિત્વ,એકત્વ કે ભેદ-અભેદ વળી શી રીતે સંભવે? માટે તમે સ્વરૂપનિષ્ઠ થઈ મુક્ત થઈ રહો.[૧૨] તમે ચિદાકાશરૂપ થઇ રહો, પરમ આનંદરૂપી રસનું પાન કરો અને મોક્ષસુખરૂપી નંદનવનની અંદર નિઃશંકપણે સુખેથી સ્થિતિ કરો.[૧૩] અરે મનુષ્યરૂપી મૃગો! આ અતિ શૂન્ય સંસારરૂપી અરણ્યભૂમિમાં ભ્રમિત બુદ્ધિવાળા થઇ જઇ આમ કેમ ભટક્યા કરો છો?[૧૪] તમે આ ત્રિલોકીરૂપી ઝાંઝવાના જળવડે છેતરાઇ જઈ અંધબુદ્ધિવાળા બની આશાવડે ચિત્ત વ્યાપ્ત થઇ જવાથી વ્યગ્રતાને પ્રાપ્ત થઇ વૃથા આમ તેમ દોડાદોડ કરો નહિ.[૧૫] અરે મનુષ્યરૂપી મૃગો! રૂપ-રસ આદિ બાહ્ય ભોગો અને મનોરાજ્ય આદિ માનસિક ભોગો રૂપી ઝાંઝવાનું જળ પીવા માટે તમે વ્યર્થ શ્રમને પ્રાપ્ત થઇ આયુષ્યને વૃથા ક્ષીણ કરો નહિ.[૧૬] જગત કે જે એક ગંધર્વનગરના જેવું આભાસમાત્ર છે તેની અંદર વિવેકને નાશ કરનારા અહંકારનો ભારે બોજો ઉપાડી નાશને પ્રાપ્ત ન થાઓ. સુખો કે જે પરિણામે પીડાકારક હોવાથી દુઃખરૂપજ છે અને છેવટ મરણતુલ્ય મહા ક્લેશને ઉત્પન્ન કરનારાં છે તે તરફ તમે દૃષ્ટિજ કરો નહિ.[૧૭] જેમ તિમિર રોગવાળાને ભ્રાંતિવડે આકાશમાં કેશ-મશક આદિના જેવા આકારો દેખવામાં આવે, તેમ આ જગત કે જે ભ્રાંતિવડે અવિવેકીઓને દેખાય છે તેની પ્રતીતિ પેદા કરનારી ચિદાંકાશની અંદર (આરોપિતરૂપે) રહેલી અજ્ઞાનરૂપી શ્યામતા તરફ તમે જુઓ નહિ, પણ ભ્રાંતિવિનાના પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ યથાર્થ અનુભવદ્વારા પરિણામ પામી રહો.[૧૮] હે મનુષ્યો! વાયુવડે ચપળતાવાળા અને ઉપરની શાખાના ભાગમાં રહેલા કોઇ પીપળાના પાનની અંદર પડેલા ઝાકળના જળબિંદુના જેવા ક્ષણભંગુર મનુષ્યદેહવાળી આ સંસારરૂપી અંધ* ગર્ભશય્યામાંજ તમારે સૂઇ રહેવાનું નથી;[૧૯] પણ અનાદિ અને અનંત એવા પોતાના સ્વરૂપમાં અખંડિતપણે સ્થિર થઈ રહેવાનું છે. દ્રષ્ટા અને દૃશ્ય સંબંધી દશામાં દોષરૂપે દેખાતા પોતાના સ્વરૂપના અજ્ઞાનનેલીધે તમે હેરાન ન થાઓ.[૨૦] આ સંસાર અવિવેકી પુરુષોની દૃષ્ટિમાં સત્ય ભાસે છે, પણ વિવેકી પુરુષોની દૃષ્ટિમાં તે કાંઇ પણ નથી, અને સર્વ બાધના અવધિભૂત જે કાંઇ સત્ય અવશેષ રહે છે તેનું કશું નામજ નથી—મતલબ કે એ અવાચ્ય અને અવર્ણનીય છે.[૨૧] તૃષ્ણારૂપી લોઢાની સાંકળવડે વીંટાએલા આ સંસારરૂપી પાંજરાને સિંહનીપેઠે તમે બળાત્કારથી તોડી નાખી સર્વથી ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત થઇ જાઓ.[૨૨] 'અમુક હું છું અને અમુક મારું છે' એવા અભિમાનરૂપી ભ્રાંતિની શાંતિ કરવી એટલુંજ માત્ર મુક્તપણાનું સ્વરૂપ છે, અને તે વાત યોગીપુરુષ ગમે તેવી દશામાં રહ્યો હોય તોપણ તેને પોતાના તાબાના જેવી અને પોતાની આત્મસત્તારૂપજ લાગે છે.[૨૩] સંસારમાર્ગમાં ભટકી ભટકી થાકી ગયેલા ઉદાસીન પુરુષને મુક્તતા, ×નિર્વાસનપણું, ઉત્કૃષ્ટ એવી

* અંધગર્ભશય્યા—આંધળાં અપંગ બાળકને સૂવાની ગોદડી અથવા અંધકારવાળી ગર્ભશય્યા એટલે ગર્ભાશય.

× વાસના છોડી દેવી તે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ત્રિવિધ તાપથી રહિત સ્થિતિ અને જ્ઞાનનિષ્ઠપણું, એ શાંતિ પેદા કરવાની (શાંત) ઉત્તમ વિશ્રામ-ભૂમિ છે.[૨૪] આ જગતરૂપી પદાર્થ જેવો વિવેકીઓની દૃષ્ટિમાં દેખાય છે તેવો અવિવેકી મૂર્ખોને દેખાતો નથી, અને જેવો અવિવેકી મૂર્ખોના જોવામાં આવે છે તેવો વિવેકીઓને દેખાતો નથી, એટલે તે પરસ્પર પોતાના અનુભવ પ્રમાણે એક બીજાપાસે વર્ણન ન કરી શકાય તેવો—અનુભવગમ્યજ રહે છે.[૨૫] જેમ આકાર ભેદવડે જુદી કલ્પાએલી જળમય ગંગા-ગોદાવરી આદિ નદીઓ સમુદ્રના જળમાં મળી જતાં પછી જુદી જોવામાં આવતી નથી, તેમ ભ્રાંતિની શાંતિ થઇ જતાં આ જગત આભાસરૂપે દેખાતાં છતાં બ્રહ્મસત્તાથી જુદું દેખાતું નથી.[૨૬] વિશેષે કરી મુક્ત અવસ્થાને પ્રાપ્ત થઇ ગયેલા જ્ઞાનવાન પુરુષને આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં બ્રહ્મમાં ગળી ગયેલું જણાય છે, અને યથાસ્થિત (અનાદિસિદ્ધ) પરબ્રહ્મજ સર્વત્ર ભરપૂર દેખાય છે.[૨૭] બળેલાં ઘાસની રાખનો સમૂહ પવન આવતાં જેમ ઉડી જઈ ક્યાંય જતો રહે, તેવી રીતે સત્પુરુષોને પોતાના આત્મામાં વિશ્રામ મળતાં આ જગત કોણ જાણે ક્યાંય જતું રહેછે.[૨૮] જગત બ્રહ્મરૂપી પદાર્થનો વિવર્તરૂપે દેખાતો એક આકારવિશેષ છે, અને તે બ્રહ્મરૂપી પદનો જે મુખ્ય અર્થ છે તે રૂપ છે, એમ સમજાય તો તે ઉત્તમ છે, પણ गच्छति षड्विधविकारैः परिवर्तते इति जगत् (જે છ વિકારથી પરિવર્તન એટલે ફેરફાર પામ્યા કરે તે જગત) એવી રીતે જગત શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તરૂપ વિકારરૂપી કાર્યવડે યુક્ત એ જગત શબ્દનો અર્થ સમજાય તો તે ઉત્તમ નથી.[૨૯] વિશેષજ્ઞાનવડે રહિત એવા બાળકને આ સર્વ પદાર્થો જેવા (સામાન્યરૂપે) દેખાય છે તેવાજ વાસના ક્ષીણ થઇ જવાથી પોતાના આત્માનંદમાં નિમગ્ન રહેનારા વિવેકી પુરુષને પણ દેખાય છે.[૩૦] સર્વ* પ્રાણીમાત્રની જે રાત્રિ છે તેમાં જિતેંદ્રિય વિવેકી પુરુષ જાગે છે, અને જેમાં (વૈષયિક સુખમાં) સર્વ પ્રાણીમાત્ર જાગતાં રહે છે તે સત્યનું અવલોકન કરનારા વિવેકી પુરુષને રાત્રિરૂપજ લાગે છે.[૩૧] સર્વ મનુષ્યોને અજ્ઞાનરૂપી અંધકારનું આવરણ આડું આવી જવાથી સુષુપ્તિ અવસ્થાનીપેઠે જે આત્મતત્ત્વ અજાણપણે રહ્યું છે તે તત્ત્વમાં તત્ત્વવેત્તા પુરુષો અવિચ્છિન્નપણે જાગ્રત રહે છે, અને શબ્દ આદિ વિષયોનો ભોગ કે જે અવિવેકી પુરુષને જાગ્રત અવસ્થારૂપે અનુભવમાં આવેછે તે ચિત્રમાં આલેખેલ નૃત્ય-યુદ્ધ આદિની પેઠે પોતાની પાસે રહેલ હોય તો પણ વિવેકી પુરુષની દૃષ્ટિમાં છેજ નહિ.[૩૨] જે કાંઇ આ જગત જન્મથી આંધળા માણસને રૂપનો અનુભવ થયાના જેવું અસંભવિતરૂપે દેખાય છે તે ભ્રાંતિપ્રાય છે, અને મિથ્યા છે; જેનેલીધે તે વિવેકી પુરુષને દેખાતું હોય તો પણ રાત્રિમાં આવેલા સ્વપ્નની પેઠે આભાસરૂપેજ માત્ર દેખાય છે, અને ન દેખાતું હોય તો રાત્રિમાં થયેલી ગાઢ સુષુપ્તિની પેઠે આભાસરૂપે પણ દેખાતું નથી.[૩૩] અવિવેકીઓને દુઃખ પેદા કરનારા આ ત્રણે લોક અવિવેકીઓનેજ સત્ય ભાસે છે, બાકી વિવેકીઓને તે સત્યરૂપે લાગતાજ નથી. જેમ સ્વપ્નમાં અનુભવમાં આવતા રૂપ આદિ બાહ્ય વિષયના ભોગો અને મનોરાજ્ય આદિ માનસિક ભોગો "આ સ્વપ્ન છે" એવું જ્ઞાન થતાં પછી રુચિ પેદા કરી શકતા નથી, તેવી રીતે આ જાગ્રતરૂપી સ્વપ્ન અવસ્થામાં પણ રૂપ આદિ બાહ્ય વિષયોના ભોગો અને મનોરાજ્ય આદિ માનસિક

* અહીં વિવેકી પુરુષની આત્મનિષ્ઠા અને ઇતર પ્રાણીઓની વિષયનિષ્ઠા એમ પરસ્પર વિરુદ્ધ સ્થિતિ બતાવવાનો મુખ્ય આશય છે. આ વિષે વિશેષ જોવું હોય તો ભગવદ્ગીતાના બીજા અધ્યાયનો ૬૯ મો શ્લોક અને ટીકા જુઓ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભોગો ' આ જાગ્રત પણ એક જાતના સ્વપ્ન જેવું (ક્ષણસ્થાયી અને મિથ્યા) છે ' એવું જ્ઞાન થતાં પછી રુચિ પેદા કરી શકતા નથી. તે જાગ્રતરૂપી સ્વપ્નમાં જાગ્રત અવસ્થારૂપી સ્વપ્નના ભોગો વિવેકી પુરુષના ચિત્તમાં ભલે ન સ્ફુરે તથાપિ તે પોતાના આત્મ–સુખમાંજ મગ્ન રહી મુક્તદશાને પહોંચી ગયેલો, સર્વત્ર સરખી રીતે પોતાના આત્મસ્વરૂપને ભરપૂરરૂપે સમજનારો, બધે ઠેકાણે સમાનદૃષ્ટિવાળો હોવાથી કોઈ સાથે કશો પણ વિરોધ ન કરનારો, અને પરમાત્મામાં વિશ્રાંત થઈ ગયેલો એ વિવેકી પુરુષ, સદાકાળ શીતળ અંતઃકરણવાળોજ રહે છે. જેમ નીચા પ્રદેશ વિના જળની પ્રવાહ આદિ ક્રિયા સંભવતી નથી તેવી રીતે વિષયો તરફ્ નહિ ખેંચાતા વિવેકી પુરુષની પણ ધ્યાનવિના બીજી સ્થિતિ સંભવતી નથી; અથવા તો એવા પુરુષની ધ્યાન વિના પણ સદાકાળ એકસરખીજ સ્થિતિ રહ્યા કરે છે. બાહ્ય પદાર્થો મનરૂપ છે, અને મન છે તેજ બાહ્ય પદાર્થરૂપ છે. ચિત્તજ બહારના અને અંદરના પદાર્થોરૂપે આભાસ આપે છે. નદી, સમુદ્ર, તળાવ આદિ કે જેઓ અનેક તરંગોવાળાં હોય છે તેનું સમુદ્રથી માંડી નદીના પ્રવાહ આદિ સુધીનું સેંકડો ભેદોવાળું જળ જુદે જુદે રૂપે જોકે દેખાય છે, પરંતુ એ બધાં જળને એકત્ર કરી વિચાર કરીએ તો સામાન્યરૂપે સર્વ એક જળરૂપ છે, એમ અનુભવાય છે, તેવી રીતે અનેક અર્થો અને અનર્થોવડે વીંટાએલું મનજ બહારના અને અંદરના સર્વ પદાર્થોને આકારે પ્રસરી રહ્યું છે, બીજા કશા પદાર્થનો તેમાં ભાસજ નથી. જેમ જળનું અને તરંગનું જુદાપણું નથી તેમ મનનું અને પદાર્થોનું જુદાપણું નથી.[૩૪-૪૦] જેમ પવન અને તેની ચલનશક્તિ એ બેમાંથી એકનો અભાવ થતાં બન્નેનો અભાવ થઇ જાય તેમ પદાર્થ અને મન એ બેમાંથી એકનો અભાવ થતાં બન્નેનો અભાવ થઇ જાય છે. પારમાર્થિક જ્ઞાનવડે એ બેમાંથી એકની શાંતિ થતાં બન્ને નિઃસાર હોવાથી તથા એકરૂપજ હોવાથી બન્ને સાથેજ શાંત થઈ જાય છે. વિવેકી પુરુષે પદાર્થ કે જેનું સ્વરૂપ વિચારવા જતાં માત્ર સંકલ્પરૂપજ છે તેની ઇચ્છા કરવી નહિ અને ઉત્કૃષ્ટ જ્ઞાનવડે મનને પણ નિયમિત રાખવું, જેથી એ બન્નેની શાંતિ થઇ જાય છે. મૃત્તિકાવડે બનાવેલી પ્રતિમામાં ભ્રાંતિવડે કલ્પી લીધેલો શત્રુભાવ તેનું ખરું જ્ઞાન થવાથી બાધિત થઇ જતાં તેમાં રહેલી શત્રુબુદ્ધિ અને તેની તરફ્નું ભય એ બન્ને જેમ નાશ પામી જાય, તેમ વિવેકી પુરુષનું મન અને તેની દૃષ્ટિમાં દેખાતા પદાર્થો એ બન્ને આભાસરૂપે પ્રતીતિમાં આવતાં હોવાથી તે સાવ નાશ નહિ પામ્યા છતાં તાત્ત્વિક દૃષ્ટિએ મિથ્યારૂપ જણાઇ જઇ નાશ પામી જાય છે; અને એ તત્ત્ववેત્તા પુરુષની દૃષ્ટિમાં પદાર્થો અને મન એ બન્ને પરમાર્થદૃષ્ટિએ સદાકાલ બ્રહ્મરૂપજ થઇ રહેલ છે.[૪૧-૪૪] આ સર્વ દૃશ્યજાળ જેવે રૂપે દેખાય છે તેના કરતાં કાંઇ બીજીજ અપૂર્વરૂપે તે રહેલ છે. પરમાર્થદૃષ્ટિએ તે સદ્રૂપ છે, પરમ આનંદમય છે, અને તેજ હેતુ–ફળ આદિરૂપ પણ છે, એમ સમજતાં સુખ–દુઃખનો ભોગ, જગતને ભોગના સાધનરૂપે ઉત્પન્ન કરનારો કાળ, કાળવડે થનારા પદાર્થોના જન્મ આદિ વિકારો, તેઓનો ભોક્તા (જીવ) અને તેના ભોગ્ય વિષયો, એ સર્વ તત્ત્વજ્ઞ પુરુષને મિથ્યા લાગે છે.[૪૫] પડખે સૂતેલા મનુષ્યને આવેલું સ્વપ્ન જેમ બીજાના અનુભવમાં આવતું નથી, બાળકની પાસે ભીંતિવડે ખડો થયેલો યક્ષ જેમ બીજાના

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જોવામાં નથી આવતો અને જેમ કોઇ વીર પુરુષને પિશાચની ભ્રાંતિજ ઉત્પન્ન નથી થતી, તેમ વિવેકી પુરુષની દૃષ્ટિમાં અજ્ઞાની જીવોને અનુભવમાં આવતું આ જગત એ અજ્ઞાની જીવોએ સહિત (વસ્તુતાએ ન હોવાથી) દેખાતુંજ નથી.[૪૬] કોઇ વાંઝણી સ્ત્રી જેમ પોતાના મનવડેજ પુત્ર–પૌત્ર આદિ વંશવિસ્તારવડે વૃદ્ધિ પામે તેમ અવિવેકી પુરુષ પોતાના મનવડે જ્ઞાનવાનને પણ અજ્ઞાની ગણે છે, પણ તેથી કાંઇ તે તત્ત્વવેત્તાના સ્વરૂપને કશી હાનિ નથી. તત્ત્વજ્ઞ પુરુષના વિચાર પ્રમાણે તો બ્રહ્મજ પોતે જ્ઞાનનો વિષય ન થયા છતાં સ્વયંપ્રકાશ હોવાથી કેમ જાણે પદાર્થોને આકારે થઇ રહ્યું હોય તેમ ભાસે છે. ' અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ અને સર્વના અધિષ્ઠાનરૂપ એ બ્રહ્મતત્ત્વજ આ સૃષ્ટિની અંદર વિવર્તરૂપે પસરી રહ્યું છે ' એમ તેઓનું સમજવું છે. તેવીજ રીતે મન પણ નામ–રૂપથી રહિત નિર્વિભાગ અને અનંત પરમ તત્ત્વરૂપ છે. એ નિર્મળ બ્રહ્મતત્ત્વરૂપી જળજ મન–બુદ્ધિરૂપી તરંગોરૂપે કેમ જાણે થઇ રહ્યું હોય તેવું છે. એવી રીતે બહાર પદાર્થો અને અંદર મન એ બન્ને અધિષ્ઠાનતત્ત્વની અંદર ક્યાં સંભવે છે, અને તે છેજ ક્યાં ? ક્યાંય નથી. એ બધી કેવળ ભ્રાંતિ છે, માટે તમે પોતાના આત્મસ્વરૂપમાંજ સ્થિર થઈ રહો. પોતાના શુદ્ધ ચિન્મય સ્વરૂપમાં રહેનારા અને આકાશ જેમ શરદ ઋતુનાં વાદળાંઓવડે નિર્લેપ રહે તેમ સદા નિર્લેપ રહેનારા સમાધિનિષ્ઠ પુરુષોને મનન કરવાનો કશો વિષયજ ન હોવાથી મનનો અનુભવજ થતો નથી. રજ્જુના સ્વરૂપનું જ્ઞાન થતાં તેમાં થયેલી સર્પની ભ્રાંતિ જેમ નિવૃત્ત થઈ જાય, તેમ આત્મતત્ત્વના યથાર્થ જ્ઞાનદ્વારા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપી અવસ્થાના વિભાગવડે નાના પ્રકારના અનંત ભાવોને ધારણ કરી રહેલ અને મિથ્યારૂપે જોવામાં આવતા આ સર્વ દૃશ્યવર્ગને નિવૃત્ત કરી દઈ, નિર્વિકાર પોતાના શુદ્ધ ચિન્મય સ્વરૂપમાંજ સ્થિતિ રાખી રહો. જેમ બીજ શાખારૂપે અને ફળરૂપે બની જાય તેમ બુદ્ધિ–વૃત્તિજ બહારના અને અંદરના પદાર્થોને આકારે થઇ રહી છે, તો પછી પદાર્થો અને મન એ બન્ને જુદાં ક્યાં રહ્યાં ? અને જાણવાનો કાંઈ જુદો વિષયજ ન હોવાથી એ બુદ્ધિ–વૃત્તિ પણ જુદી ન રહેતાં એ અનિર્વચનીય પરમતત્ત્વની અંદરજ લીન થઈ જાય છે, અને તેનેલીધે સર્વ વિશેષભાવથી રહિત શાંત સ્વયંપ્રકાશ ચિન્માત્ર તત્ત્વજ છેવટ અવશેષ રહે છે. પદાર્થોનું નિરૂપણ મનને આધીન હોવાથી મનજ બહાર પદાર્થને આકારે થઈ રહેલ હોય એમ ભાસે છે, પણ વસ્તુતાએ તેમ નથી–તે એક જાતની ભ્રાંતિજ છે; તેવી રીતે મનની સિદ્ધિ પણ પદાર્થજ્ઞાનને આધીન હોવાથી પદાર્થોજ સંસ્કારરૂપે અંદર કાયમ રહી મનને આકારે થઇ રહેલ હોય એમ ભાસે છે, પણ વસ્તુતાએ તેમ પણ નથી–એ પણ એક જાતની ભ્રાંતિજ છે; બાકી બ્રહ્મજ વસ્તુમાત્રનું તત્ત્વ હોવાથી એ બ્રહ્મજ વિના કારણે કેમ જાણે મનરૂપે થઇ રહ્યું હોય તેમ મિથ્યા છતાં ભાસ્યા કરે છે, અને મન પણ વિના કારણે કેમ જાણે પદાર્થોરૂપે થઇ રહ્યું હોય તેમ મિથ્યા રીતે ભાસે છે; અને એ બન્ને (મન અને પદાર્થ) કેવળ ભ્રાંતિનેલીધે બ્રહ્મની અંદર અનુભવમાં આવે છે. મન જો કે વસ્તુતાએ પદાર્થોરૂપે થઇ રહ્યું નથી તથાપિ વિનાકારણે કેમ જાણે પદાર્થોરૂપે થઈ રહ્યું હોય તેવું લાગે છે.[૪૭-૫૬] એ મન વિજળીના ઝબકારાના જેવું અસ્થિર અને ચપળ છે. તમે એ મનને પોતાના આત્મારૂપ સમજી આ સંસારમાં ભરમાઇ ગયા જેવા લાગો છો, પરંતુ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તમે જો તમારા ખરા સ્વરૂપને ઓળખ્યો તો તમે મનરૂપ નથી, અને ભરમાયા જેવા પણ નથી. મનવડેજ આ આખો સંસાર ખડો થઇ જાય છે, અને તે તત્ત્વજ્ઞાનવડે શમી જાય છે.[૫૭-૫૮] છીપમાં જેમ ભ્રાંતિવડે રૂપું દેખાય, તેમ પરમાત્માની અંદર ભ્રાંતિવડે જુદાં કલ્પાએલાં મનુષ્યો ઠાલાં–મિથ્યાજ ક્લેશને પ્રાપ્ત થયા કરે છે. 'હું એવું કાંઇ છેજ નહિ' એમ અભાવની ભાવના કરવી એજ ખરૂં જ્ઞાન છે, કે જેવડે પાછું આ સંસારમાં આથડવું પડતું નથી.[૫૯] સદા મુક્ત પરમતત્ત્વથી હું એવો બીજો પદાર્થ જુદો છે, એમ અહંકારની જો સત્તા માનવામાં આવી તો તે કેવળ દુઃખકારકજ છે, અને ભ્રમરૂપ છે. 'હું ઝાંઝવાના જળના જેવો સાવ મિથ્યા છું અને શૂન્ય સ્વરૂપવાળો છું,' એમ તત્ત્વજ્ઞાનવડે સમજાયાથી હું એવા વ્યવહારના આધારરૂપ અહંકાર શમી જાય છે. જળ જેમ પોતાના સ્વાભાવિક રૂપને ન છોડતાં તરંગરૂપ થઇ જાય તેમ બ્રહ્મજ સૃષ્ટિના આરંભકાળમાં સર્વજ્ઞતાનેલીધે સરજવાના પદાર્થોનો નિર્ધાર કરી પોતે હિરણ્યગર્ભરૂપ થઇ જઇ પાછું એ હિરણ્યગર્ભના સંકલ્પને અનુસારે બહારના અને અંદરના સર્વ પદાર્થોરૂપ થઈ રહેલ છે. જેમ મૂળથી માંડી ઠેઠ શાખાઓના અગ્રભાગ સુધીમાં વૃક્ષની એકજ સત્તા છે, તેમ જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેય એ સર્વમાં જ્ઞાતાથી માંડી જ્ઞેય પર્યંત એકજ બ્રહ્મસત્તા રહેલી છે, કે જે અત્યંત નિર્વિકાર છે. જેમ લાખો યોજનપર્યંત પસરી ગયા જેવું જણાતું નિર્મળ આકાશ એકજ છે, તેમ જ્ઞાતાથી માંડી જ્ઞેયપર્યંત (ત્રિપુટી અંતર્ગત) સર્વ અખંડિત એક પરમતત્ત્વરૂપજ છે. જેમ આકાશ સર્વમાં રહ્યા છતાં પોતાના શૂન્યપણાનેલીધે નિર્મળ છે, અને એકજ છે, તે પ્રમાણે પરમતત્ત્વ પણ જ્ઞાન જ્ઞેય આદિ દશામાં રહ્યા છતાં નિર્મળ છે, અને એકજ છે. જેમ ઘૃત (ઘી) ઘાટું થઇ જતાં પોતાના આત્માને પાષાણના જેવો કઠિન કરી દે તેમ એ ચિન્મય પરમતત્ત્વ જાણી જોઇને પોતે જ્ઞેયરૂપ બની જઇ પોતાના આત્માને ચિત્તરૂપ કરી દે છે. દેશ-કાળ વિના આત્મતત્ત્વજ પોતાના વાસ્તવસ્વરૂપને ભૂલી જઇ અડબોથ (અજ્ઞાની) બની જઇ ચિત્તરૂપે બની જાય છે. આમ તદાત્માનં સ્વયમકુરુત ઇત્યાદિ શ્રુતિમાં બતાવેલ પ્રમાણવડે જોકે જણાય છે પરંતુ વસ્તુતાએ એ તત્ત્વ એકજ છે, અને વિવર્તરૂપે અનેકરૂપે થઇ રહેલ હોય એમ દેખાય છે. યદ્યપિ શુદ્ધ ચિદાત્માની અંદર અજ્ઞાન આદિનો કશો સંભવ છેજ નહિ, તથાપિ જિજ્ઞાસુઓને પરસ્પર બોધ થવાને માટે અજ્ઞાનદશામાં અવિદ્યાની કલ્પના કરવામાં આવી છે.[૬૦-૬૭] મોક્ષના અધિકારી મહાત્મા પુરુષો તત્ત્વજ્ઞાનવડે મૂલાજ્ઞાનનો નાશ થઇ જતાં પોતાના આત્મામાંજ ગળી જાય છે (લય પામી જાય છે), અને આત્માના અનુભવવડે પોતાના સ્વરૂપનું અનંતપણું જણાયાથી નિરતિશય આનંદવડે શાંત રહી ભ્રાંતિનો અભાવ હોવાનેલીધે કશા વિક્ષેપને નહિ પામતાં નિરંતર સમાધિમાંજ વિશ્રાંત થઇ રહે છે.[૬૮]

महानुभावा विगताभिमाना विमूढभावोपशमे गलंति ॥ निर्भ्रांतयोऽनंततयैव शांता नित्यं समाधानमया भवंति ॥ ६८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બ્રહ્મૈકતાનતોપદેશ' એ નામનો ત્રેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૪૪ મો.*

સમાધિરૂપી કલ્પવૃક્ષનું તથા મનરૂપી મૃગનું વર્ણન.

॥ શ્રીરામ ઉવાચ ॥

ક્રમાત્સમાધાનતરોરાજીવફલશાલિનીમ્ ॥
સલતાકુસુમાં બ્રૂહિ સત્તાં વિશ્રાંતિદાં મુને॥૧॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! વિવેકી પુરુષને સર્વ પ્રકારે જીવાડવામાં સાધનરૂપ એવા ફળવડે સુશોભિત, તથા શાખા અને પુષ્પોવડે રમણીય, અને થાકી ગયેલા મનરૂપી મૃગને વિશ્રાંતિ આપનારી સમાધિરૂપ કલ્પવૃક્ષની સ્થિતિવિષેનું આપ અનુક્રમે વર્ણન કરી સંભળાવો.[૧]

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—વિવેકી મનુષ્યરૂપી વનની અંદર વિસ્તાર પામી રહેલ અને બીજા ઉત્તમ પુરુષોને પણ સર્વ પ્રકારે જીવનના આધારરૂપ સમાધિરૂપી વૃક્ષનું પત્ર, પુષ્પ અને ફળ સહિત હું વર્ણન કરું તે તમે સાંભળો.[૨] કોઇ જાતના દુઃખનેલીધે અથવા તો પ્રારબ્ધયોગથી પોતાની મેળેજ કિંવા કોઇ બીજા નિમિત્તથી હરકોઈ પ્રકારે ઉત્પન્ન થયેલ સંસારરૂપી અરણ્યસંબંધી (સંસારનો ત્યાગ કરવાના સંબંધમાં) ઉત્કટ વૈરાગ્ય એજ સમાધિરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, એમ વિદ્વાનો સમજે છે.[૩] ઉત્તમ પુણ્યપુંજરૂપી હળવડે ખેડાયેલું, અહર્નિશ વૈરાગ્યરૂપી રસવડે સીંચાયેલું અને નિરંતર ચારે કોર પ્રવાહરૂપે વહ્યા કરતા પ્રાણવાયુરૂપી ધોરિયાવડે યુક્ત એવું મનજ સમાધિરૂપી કલ્પવૃક્ષને ઉગવાનું ક્ષેત્ર છે, એમ વિવેકીઓનું સમજવું છે.[૪] સંસારસંબંધી વૈરાગ્ય કે જે સમાધિરૂપી કલ્પવૃક્ષના બીજરૂપ છે, તે પોતાની મેળેજ વિવેકી પુરુષરૂપી વનની અંદર તેની વિવેકવડે શોધાએલી ચિત્તભૂમિમાં પડે છે.[૫] પોતાની ચિત્તરૂપી ભૂમિમાં પડેલું સમાધિનું એ વૈરાગ્યરૂપી બીજ મહાબુદ્ધિશાલી વિવેકી પુરુષે (કામ, ક્રોધ આદિનો વેગને સહન કરી) કશા ખેદને પ્રાપ્ત નથતાં નીચે કહેવામાં આવનાર સિંચનના ઉપાયોવડે નિરંતર યત્નવડે સીંચ્યા કરવું.[૬] તેમાં પ્રથમ તો ચંદ્રમાના અમૃતના જેવા મધુર, શીતલ, શુદ્ધ, સ્નિગ્ધ, પવિત્ર અને પોતાનું હિત કરનારા સત્સંગરૂપી ઉત્તમ ક્ષીરવડે તેનું સિંચન કરવું;[૭] અને પછી તેના મુખમાંથી નીકળેલાં, નેતિ નેતિ ઇત્યાદિ શ્રૌતવાક્ય વડે સર્વ દ્વૈતનો નિષેધ કરવાથી અંદર સંસારસ્થિતિથી રહિત શૂન્ય, કેવળ આત્મતત્ત્વનોજ બોધ કરનારાં, પૂર્ણતાવાળાં, સ્વચ્છ અમૃતના જેવાં મધુર અને શીતળ, ગુરુના હૃદયદેશમાં રહેલ પરબ્રહ્મરૂપી સરોવરમાંથી વ્યાખ્યાનદ્વારા બહાર ફેલાએલાં અને અમૃતના પ્રવાહને ચારે કોર વહેવાનેમાટે ધોરિયાના જેવાં દ્વારભૂત એવાં શ્રવણ-મનન આદિ શાસ્ત્રાર્થરૂપી ઉત્તમ જળવડે તેનું સિંચન કરવું.[૮] સંસારને વિષે વૈરાગ્ય કે જે સમાધિરૂપી વૃક્ષના બીજરૂપ છે તે પોતાની ચિત્તભૂમિમાં પડેલ છે એમ સમજી મહાબુદ્ધિશાળી વિવેકી પુરુષે યત્નથી તેની રક્ષા કરવી.[૯] એ બીજને અંકુરિત કરવાને ચિત્તભૂમિમાં તપરૂપી* ખાતર નાખવું. અમાનિત્વ-અદંભિત્વ આદિ જ્ઞાનસાધનોના બળથી દૃઢ કરી દીધેલી તીર્થસ્થાન આદિ પુણ્યભૂમિમાં નિવાસ કરવારૂપી કાંટાની વાડ (બીજની રક્ષા

* આ ચુમાલીશમા સર્ગમાં વધારવા યોગ્ય સમાધિરૂપી કલ્પવૃક્ષનું વર્ણન કરવામાં આવશે અને તેની નીચે વિશ્રામ લેવાને પાત્ર થયેલા—થાકી ગએલા વિવેકી મનુષ્યના મનરૂપી મૃગ વિષેનું પણ વર્ણન આવશે.

* તપ સાત્વિકજ અહીં સમજવાનું છે. તેવિષે ભગવદ્ગીતામાં નીચે મુજબ લખ્યું છે.
દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥ અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ । સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥ મનઃપ્રસાદઃસૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ । ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ॥

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

માટે) કરી લેવી.[૧૦] એ પ્રમાણે રક્ષણના અને વૃદ્ધિના ઉપાયોવડે એ વૈરાગ્યરૂપી સમાધિબીજને અંકુરિત બનાવી દઇ, એ બીજના રક્ષણના ઉપાયમાં અતિ નિપુણ અને પોતાની મુદિતા નામની પ્રિયાવડે યુક્ત એવો સંતોષ નામનો એક પરિપાલક (રક્ષા કરનાર–રખોપું કરનાર) પુરુષ તેના ઉપર સંભાળમાટે રાખવો.[૧૧] પછી એ સંતોષ નામના પરિપાલક પુરુષદ્વારા એ સમાધિના અંકુર ઉપર ઝડપ મારનારાં આશારૂપી પક્ષિઓ કે જે પ્રથમથીજ પોતાનું કાર્ય કરવા માટે ઉભાં છે તેમનું અને બીજાં પણ પોતાના આત્માથી જુદાં પુત્ર-મિત્ર-ધન આદિમાં અનુરાગ થવારૂપી પક્ષીઓનું તથા ઝડપ મારવાને ટાંપી રહેલાં કામ–ગર્વ આદિ ગીધ પક્ષીઓનું નિવારણ કરવું.[૧૨] એ અંકુરના ક્ષેત્રમાંથી અહિંસા મુખ્ય હોવાથી કોમળતાવાળી યમ-નિયમ-આસન-પ્રાણાયામ ઈશ્વરોપાસના આદિ શુભ કર્મરૂપી ખંપાળીવડે રજોગુણરૂપી કચરાને દૂર ફેંકી દેવો; તેમજ આચત્ય બ્રહ્મલોકને આપનારા વિવેકરૂપી સૂર્યના તડકાવડે અજ્ઞાનરૂપી અંધકારને પણ તેમાંથી હડસેલી મૂકવો.[૧૩] વિવેકી પુરુષની ઉત્તમ ચિત્તભૂમમાં ઉગેલા એ વૈરાગ્યરૂપી બીજના નવા ફુટતા અંકુરની ઉપર પાપરૂપી વાદળાંઓએ નીચે નાખેલ અને તરંગના જેવા અતિશય ચપળ, સંપત્તિઓ અને સ્ત્રીઓરૂપી વજ્રોના પ્રહારો પડવા માંડે છે.[૧૪] એ પ્રહારોનું પ્રણવના અર્થરૂપી ત્રિશૂળને ધારણ કરી રાખી, ધૈર્ય, ઔદાર્ય અને દયારૂપી મંત્રોવડે, તથા જપ, સ્નાન, તપ અને ઇંદ્રિયોનું દમન કરવું, એવડે નિવારણ કરવું.[૧૫] આવી રીતે વૈરાગ્યરૂપી સમાધબીજની રક્ષા કર્યાથી એ બીજમાંથી અત્યંત સુંદરતા અને પુષ્ટિવડે સુશોભિત તથા સુંદર એવો વિવેક નામનો નવો અંકુર ફુટે છે.[૧૬] જેમ અભિનવ (બીજના) ચંદ્રમાનો ઉદય થવાથી આકાશ પ્રકાશવડે મનોહર બની જાય, તેમ વિવેકરૂપી અંકુરનો ઉદય થતાં એ ચિત્તભૂમિ પણ પ્રકાશવડે મનોહર બની જઇ વિકસિત થઇ જાય છે, અને પ્રકાશવડે બહુજ દેદીપ્યમાન થઇ રહે છે.[૧૭] એ વિવેકરૂપી અંકુરમાંથી પોતાની મેળેજ એક શાસ્ત્રાવલોકન અને બીજું સત્સંગ એવા નામનાં બે પાંદડાં ફુટે છે.[૧૮] પછી એ અંકુરનું થડ બંધાય છે, કે જે સંતોષરૂપી ત્વચા (છાલ) વડે યુક્ત છે અને વૈરાગ્યરૂપી રસવડે રંગાએલ છે; તથા તે દૃઢમૂળ થઇ જઇ સારી રીતે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે.[૧૯] વૈરાગ્યરૂપી રસવડે પુષ્ટ થઇ ગએલો અને શાસ્ત્રાર્થરૂપી વર્ષાઋતુના યોગથી સુંદરતાવાળો વિવેકરૂપી અંકુર થડ સહિત થોડાક કાળમાંજ બહુ વધી જાય છે.[૨૦] શાસ્ત્રવિચાર, સત્સંગતિ અને વૈરાગ્ય, એરૂપી રસવડે મૂળ પુષ્ટ હોવાથી દૃઢમૂળ અને થડવાળો થઇ ગએલો એ વિવેકરૂપી મહાન અંકુર, રાગદ્વેષરૂપી વાંદરાઓ તેને કંપાવે તથાપિ પોતે જરા પણ કંપાયમાન થતોજ નથી.[૨૧] પછી તેનો આકાર શ્રવણ-મનન-આદિથી થયેલા પરોક્ષ જ્ઞાનવડે સુંદર દેખાવા લાગે છે; અને તેમાંથી રસવડે ભરપૂર અને અતિ વિસ્તારવાળા પ્રદેશને રોકી રહેનારી એવી સ્ફુટતા (આત્મતત્ત્વનો સ્ફુટ અનુભવ), સત્યતા, આત્મનિષ્ઠતા, ધીરતા, નિઃસંકલ્પતા, સમાનતા, શાંતતા, મૈત્રી, કરુણા, કીર્તિ, આર્યતા, એરૂપી શાખાઓ નીકળવા માંડે છે.[૨૨-૨૩] સદ્‌ગુણરૂપી પત્રોવાળી અને યશરૂપી પુષ્પને ધારણ કરી રહેલી આ સર્વ શાખાઓવડે વિસ્તારમાં વધી ગયેલું એ જિતેંદ્રિય વિવેકી પુરુષનું સમાધિરૂપી વૃક્ષ પારિજાત વૃક્ષના જેવું બહુ રમણીય દેખાય છે.[૨૪] એવી રીતે શાખા, પલ્લવ અને પુષ્પવાળું, છેવટ અપરોક્ષ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બ્રહ્મસાક્ષાત્કારરૂપી ફળને આપનારું, દિવસે દિવસે વધારે ઉત્તમતાને પ્રાપ્ત થતું, યશરૂપી ફૂલના ગુચ્છાઓવડે યુક્ત, સદ્ગુણરૂપી પલ્લવોના વિલાસવડે મનોહર, વૈરાગ્યરૂપી રસનેલીધેજ વિશેષ વિસ્તરી રહેલું, અને બુદ્ધિરૂપી મંજરીવડે રમણીય આકારવાળું એ સમાધિરૂપી વૃક્ષ, વર્ષાઋતુમાં જેમ વરસાદ સર્વ આશાઓને (દિશાઓને) શીતળ કરી દે, તેમ મનુષ્યની સર્વ આશાઓને (તૃષ્ણાઓને) શીતળ (શાંત) કરી દે છે, અને જેમ સૂર્યના તાપને ચંદ્રમા શમાવી દે તેમ સંસારસંબંધી સર્વ તાપોને એ સમાધિવૃક્ષ શમાવી દે છે.[૨૫-૨૭] જેમ વર્ષાકાળ વાદળાંઓનેલીધે છાયાનો વિસ્તાર ઉત્પન્ન કરે તેમ એ સમાધિવૃક્ષ પણ શાંતિરૂપી છાયાનો વિસ્તાર કરેછે, કે જે શાંતિ, પવન જેમ વાદળાંઓને ખેંચી લાવે તેમ ચિત્તની સ્થિરતાને ખેંચી લાવેછે.[૨૮] કુલાચલ પર્વતની પેઠે અતિ સ્થિર અને દૃઢ પોતાનાં મૂળને ઉંડાં નાંખે છે, તથા ઉપરના ભાગમાં મોક્ષરૂપી ફળને ઉત્પન્ન કરનારી શાંતિ આદિ ઉત્તમ ગુણોરૂપી ગુચ્છાઓની શોભાને તે પેદા કરે છે.[૨૯] વિવેકરૂપી અંકુરથી થએલ એ સમાધિરૂપી કલ્પવૃક્ષ, પ્રતિદિવસ વૃદ્ધિને પ્રાપ્ત થતાં તેની છાયાના વિસ્તારવડે સુશોભિત એવાં વિવેકી પુરુષનાં હૃદયરૂપી વનની અંદર તેમાં રહેલા આધ્યાત્મિક—આદિ તાપને હરણ કરનારી શીતળતા ચારે કોર ફેલાઇ જાય છે, કે જે વિકસિત થયેલી બુદ્ધિરૂપી મંજરીવડે શીતળતાવાળા એ સમાધિવૃક્ષની છાયાના અંદરના ભાગવડે બહુજ સુંદર દેખાવ આપે છે.[૩૦,૩૧] એ સમાધિવૃક્ષની શીતળ છાયાની નીચે સંસારરૂપી જંગલોની અંદર ભટકી ભટકી થાકી ગએલો મનરૂપી મૃગ સુખેથી વિશ્રામ લે છે. જન્મથી માંડી વટેમાર્ગુરૂપે ભવાટવીમાં ભટકીને જીર્ણ થઇ ગયેલો, દૈવયોગથી કોઇ વખત સન્માર્ગ મળી જાય તોપણ નાના પ્રકારના વાદીઓના કોલાહલવડે વ્યાકુળ થઇ જઇ તેને ચૂકી જનારો, શરીરમાં રહેલ સત્તારૂપી મૃગચર્મ ઉખેડી લેવાને કામ, ક્રોધ આદિ ષડ્વર્ગરૂપી પારધિઓએ તાકેલો, અનેક પ્રકારનાં આકારવાળાં અસાર શરીર આદિ કાંટાઓની વાડમાં વારંવાર સંતાઇ જઈ પોતાના રૂપને ઢાંકી દેવાનેલીધે રાગ-દ્વેષ આદિ દોષરૂપી કાંટાઓવડે મુખના ઉપરના ભાગમાં વિંધાએલો, સંસારરૂપી અરણ્યની અંદર ચોતરફ પ્રસરી રહેલા વાસનારૂપી પવનને પરાધીન થઈ રહેલો, અહંકારરૂપી ઝાંઝવાના જળની નદીને દેખી તે તરફ દોડવાને લીધે વછનાગને ખાઈ ગએલા પુરુષની પેઠે અંદર દાહ અને તૃષ્ણાવડે વ્યાકુળ બની ગએલો, થોડાથી સંતોષ ન થવાનેલીધે અતિ લાંબા ભોગોના વિસ્તારમાંજ આદર રાખનારો, છેટેથી લીલા ઘાસની પેઠે રમણીય અને સારરૂપ દેખાતા વિષયો તરફ દોડવાથી શિથિલ ગાત્રવાળો થઇ ગએલો, પુત્ર—પૌત્ર આદિના પરિપાલન કરવાના સંબંધથી આવી પડતા આધ્યાત્મિક આદિ દાવાનળના પ્રતાપથી (ભયનેલીધે ભાગવા જતાં) અનર્થરૂપી ખાડામાં ગબડી પડેલો, સમૃદ્ધિરૂપી લતાઓમાં આળોટવાથી પ્રાપ્ત થતાં અનેક સંકટોનેલીધે કુંઠિત અંગવાળો થઇ ગએલો, તૃષ્ણારૂપી સુશોભિત નદીને (સુખની આશાથી) ગ્રહણ કરવા જતાં ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા, મરણ આદિ તરંગોએ અતિ દૂર ઉછાળી દીધેલો, વ્યાધિઓરૂપી દુષ્ટ પારધિનો કોઇ દિવસ યોગજ ન થાય તે સારૂ ભયાતુર બની પલાયનમાંજ પરાયણ રહેનારો, દૈવગતિની વિચિત્રતાને ન જાણનારો, વ્યાધિરૂપી પારધિનો પ્રહાર પડવાના ભયથી કેમ જાણે અવયવોને સંકોચી લેતા હોય તેવો થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહેલો, નેત્ર આદિ જ્ઞાનેંદ્રિયવડે અનુભવાતા રૂપ-રસ આદિ વિષયોના નિમિત્તનેલીધે પ્રાપ્ત થનારાં દુઃખરૂપી બાણોવડે સદાકાળ ભયભીત રહેનારો, કામ-ક્રોધ આદિ શત્રુઓ પોતાની પછવાડે પડવાથી વ્યાકુલ બની ગએલો, પાષાણોના પ્રહારોવડે કેમ જાણે ચિહ્નવાળો થઇ રહ્યો હોય તેમ અનાદિકાળથી ચાલ્યા આવતા દુઃખના અનુભવના સંસ્કારોવડે લાંછિત થઇ ગયેલો, સ્વર્ગ–નરકરૂપી ઉંચી–નીચી ભૂમિમાં ક્રમ પ્રમાણે ચડવું-ઉતરવું થવાથી અતિ ઢીલો થઇ ગએલો, વિકારો કે જે કામ, ક્રોધ, ભય આદિરૂપે અનેક છે તેરૂપી પાષાણોના પ્રહારથી અવિચ્છિન્ન રીતે ઘવાએલો, તૃષ્ણારૂપી સુંદર લતાના જાળમાં પ્રવેશ કરવાનેલીધે ઘાયલ થઈ ગએલો, પોતાની બુદ્ધિ પ્રમાણેજ આચરણ કરનારો, બીજાઓની કરેલી માયા જાણી લેવામાં નિપુણતા વિનાનો, ઇંદ્રિયોરૂપી ગામમાં આવતાંજ ચારે કોર પલાયન કરવાને તત્પર થઇ રહેલો, મહાબળવાન હોવાથી ઘણે કષ્ટે પણ માંડ પકડી શકાય એવા કામરૂપી ગજેંદ્રના ઉગ્ર ઝપાટાવડે મર્દનને પ્રાપ્ત થઇ ગએલો, વિષયરૂપી અજગરના વિષવાળા લાંબા ફુંફાડાથી મૂર્છિત બની ગએલો, કામવડે વિહ્વલતાવાળો, સ્ત્રીરૂપી ભૂમિનેવિષે રસ લાગવાથી વિશ્રામ લેવા જતાં ઘણીવાર પીડાએલો, કોપરૂપી દાવાનલવડે બળેલ અને તેને લીધેજ કેમ જાણે પીઠમાં વિસ્ફોટક થએલ હોય તે પ્રમાણે બહાર પણ દાહને પ્રાપ્ત થયા કરતો, વારંવાર વિષયોમાં ભટકી ભટકી અનંત ચિંતા શોક આદિ પ્રબળ દુઃખોવડે અંદર પણ બળ્યા કરતો, પોતાના આત્માને વળગેલા વાસનાઓના અંશરૂપી ડાંસના દોષોવડે ઉપદ્રવને પ્રાપ્ત થએલો, ભોગસંબંધી લોભનેલીધે સુંદર દેખાતા વિષયાનંદરૂપી શિયાળો ઘણા કાળથી જેની પછવાડે લાગેલાજ છે એવો, પોતાનું કાર્ય કરી નાખવાથી ગુસ્સે થએલા દારિદ્રયરૂપી વ્યાધ પછવાડે દોડાએલો, સ્ત્રી-પુત્ર આદિમાં મોહ થવારૂપી ઝાકળ પડવાને લીધે આંખોવડે કશું ન દેખાવાથી કપટરૂપી પર્વતનાં શિખરોમાં અને કુકર્મરૂપી ખાડાઓમાં પછડાયા કરતો, અભિમાનરૂપી સિંહના પંજાની બીકથી હૃદયમાં ભયાતુર થઈ રહેલો, મરણરૂપી વાઘ, કે જેની દૃષ્ટિમાં એ મૃગ પ્રહારવડે ચીરી નાખે એવા પોતાના તીક્ષ્ણ નખોવડે ફૂલનીપેઠે સુખેથી ફાડી નખાય એવો જણાય છે, તે મરણરૂપી વ્યાઘ્રથી પણ સદાકાલ ડરતો રહેનારો, ગર્વરૂપી અજગરે ગળી જવાને માટે મોટા અરણ્યની અંદર વાટ જોવાએલો, કામનાઓના નિમિત્તથી ચારે કોર દીનતા બતાવવી, યાચના કરવી ઇત્યાદિવડે દાંતોનું ઉઘડવું થતાં દંતકાંતિ (દાંતની કાંતિ)-રૂપી યવના અંકુરોને વિસ્તારી દેનારો, કેવળ સ્ત્રીઓનેમાટેજ સુહૃદ્‌ભાવ બતાવનારા તરુણપણાએ ક્ષણમાત્ર આલિંગન કરી પછીથી છોડી દીધેલો, કેમ જાણે કોપને પ્રાપ્ત થઈ ગએલ હોય તેમ ઉચ્છૃંખલ થઈ રહેલા ઇંદ્રિયરૂપી વંટોળીયા વાયુએ દુઃખવડે પણ માંડ જઇ શકાય તેવાં ઘોર નરક અને સ્થાવર આદિ યોનિઓરૂપી જંગલોમાં વારંવાર ફગાવેલો મનરૂપી હરિણ, કોઇ વખત ઘણા જન્મવડે સંચિત થયેલાં પુણ્યોનો પરિપાકકાળ આવતાં ભાગ્યનો ઉદય થવાથી, ઉત્તમ મનુષ્યજન્મમાં શમ-દમ આદિ સાધનસંપત્તિએ સહિત થઇ જઇ અહીં વર્ણન કરેલા સમાધિવૃક્ષની અંદર (નીચેની છાયામાં) જેમ રાત્રિનેવિષે ટાઢ અને અંધકારવડે પીડાએલ સર્વ પ્રાણિવર્ગ સૂર્યનો ઉદય થતાં શાંતિને પ્રાપ્ત થાય, તેમ હે રાજા! શાંતિને પ્રાપ્ત થાય છે. ૩૨-૪૯ હે વિવેકી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રોતાઓ ! તાલી,* તમાલ, બકુલ× ઇત્યાદિ વૃક્ષોના મૂળ નીચે થતી વિશ્રાંતિના જેવીજ વિશ્રાંતિ આપનારા ભૂલોકથી માંડી સત્યલોકપર્યંત લોકોની અંદર નિવાસ કરી અનેક પુષ્પોના વિલાસોરૂપી હાસ્યના જેવા ઉપરથી રમણીય દેખાતા અનિત્ય ભોગોના આભાસોમાં લીન થઇ આત્મજ્ઞાનથી રહિત અવિવેકી પુરુષો જે મોક્ષસુખના નામને પણ નથી ઓળખતા, એવા પુનરાવૃત્તિ વિનાના પરમ દુર્લભ મોક્ષસુખને તમારો મનરૂપી મૃગ પ્રથમ વર્ણવ્યા પ્રમાણે ક્રમે કરી વધારેલા સમાધિરૂપી કલ્પવૃક્ષમાંથી મેળવી શકશે એમાં કશો સંદેહ નથી.[૫૦]

तालीतमालबकुलादिकवृक्षगुल्मविश्रांतिषुप्रचुरपुष्पविलासहासैः ॥ नामापि यस्य न विदंति सुखस्य मूढाः प्राप्नोति तच्छमतरोः स्वमनोमृगो वः ॥ ५० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મનોમૃગવિપદ્વર્ણન' એ નામનો ચુમાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૪

સર્ગ ૪૫ મો.§

સમાધિરૂપી વૃક્ષપર ચઢવાનો ક્રમ

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

इति विश्रांतवानेष मनोहरिणकोरिहन् ॥ तत्रैव रतिमायाति न याति विटपांतरम् ॥१॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—શત્રુઓનો નાશ કરનારા હે પ્રિય રામચંદ્રજી ! એવી રીતે એ મનરૂપી હરિણ સમાધિરૂપી કલ્પવૃક્ષમાંજ વિશ્રાંત થઈ ત્યાંજ આનંદમાં રહેવા લાગે છે, અને બીજા વૃક્ષતરફ પછી તે જતોજ નથી.[૧] એટલા સમયમાં વિવેકરૂપી અંકુરમાંથી વૃદ્ધિ પામેલું સમાધિરૂપી કલ્પવૃક્ષ પણ પોતાની અંદર રહેલ અને પરમાર્થદૃષ્ટિએ જોતાં પોતાના આત્મારૂપે અનુભવમાં આવતા મોક્ષરૂપી ફળને ધીરે ધીરે ભૂમિકાના ક્રમ પ્રમાણે સારી રીતે પ્રગટ કરે છે.[૨] વિવેકી પુરુષનો પોતાનો મનરૂપી મૃગ સમાધિવૃક્ષની છાયા નીચે પોતે સ્થિર ઉભો રહી એ સમાધિવૃક્ષના પવિત્ર ફળને તેની શાખાના આગળના ભાગમાં ચોંટેલ દેખે છે.[૩] પછી તે બીજા વૃક્ષતરફ જવાનો વિચાર માંડી વાળી દૃઢ નિશ્ચય રાખી સમાધિવૃક્ષના પવિત્ર ફળનો સ્વાદ લેવાને, ચપળતા—પશુભાવ આદિ નિવૃત્ત થઇ જવાનેલીધે નરનીપેઠે તેના ઉપર ચડે છે.[૪] પ્રથમ તો એ વિવેકરૂપી અંકુરમાંથી વિસ્તરી રહેલા સમાધિવૃક્ષના ઉપર દૃઢ રીતે પગ ભરાવી લઇ પછી સંસારરૂપી ભૂમિમાં નીચે લાગેલી દેહાદિકવિષેની અહં-મમત્વ (હું-મારું) ઇત્યાદિ વૃત્તિને છોડી દે છે, અને ઉન્નતપદને (ઉત્તમ સ્થિતિને તથા ઉપરના ભાગને) પ્રાપ્ત થઈ જઇ પછી પાછો તે નીચે દૃષ્ટિ પણ કરતો નથી.[૫] વિવેકરૂપી અંકુરના સમાધિરૂપી વૃક્ષઉપર ચડી જઇ પછી તે, સર્પ જેમ પોતાની કાંચળીને છોડી દે તેમ ઉત્તમ ફળને માટે પોતાના પૂર્વ સંસ્કારોને છોડી દે છે,[૬] અને પોતાના આત્માને ઉચ્ચપદ ઉપર આરૂઢ થએલો જોઇ 'આટલા કાળ સુધી વિષયસુખમાં કૃપણતાવાળો હું કોણ હતો' એમ પોતાના આત્માને (પૂર્વદશાનું સ્મરણ થતાં) હસે છે.[૭] એ સમાધિવૃક્ષની કરુણા આદિ બીજી શાખાઓમાં તે ફરતો રહી લોભરૂપી સર્પને નીચે ફગાવી દે છે, અને ક્રમ જાણે કોઇ મોટા મંડળેશ્વર હોય તેમ અપૂર્વ શોભાને

---

* ભોંય આંબલી અથવા એક જાતનો તાડનો ભેદ જેને તાડી પણ કહે છે.

× ઓલસરીને સંસ્કૃતમાં બકુલ કહેવામાં આવે છે.

§ આ પીસ્તાલીશમા સર્ગમાં મનના સમાધિરૂપી કલ્પવૃક્ષના ઉપર ચડવાનો ક્રમ બતાવવામાં આવશે, અને તેના ઉપર ચડવા જતાં ઉત્તરોત્તર ભૂમિકામાં અવશેષ સુખની પ્રાપ્તિ થવાવિષે વર્ણન આપવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ધારણ કરે છે.[૯] સદ્બુદ્ધિરૂપી ચંદ્રમાને તિરોહિત કરી દેવામાં અનેક અમાવાસ્યાઓના જેવી, દુઃખરૂપી ચંદ્રમાના અનેકપણાની ભ્રાંતિ પેદા કરવામાં તિમિરરોગના સમૂહના જેવી અને પ્રાણીઓને બંધનમાં નાંખવાને દુર્ભેદ્ય લોહશૃંખલારૂપ એવી તૃષ્ણાઓને દિવસે દિવસે તે છોડતો જાય છે.[૯] જે કાંઇ ઈશ્વરેચ્છાથી પ્રાપ્ત થાય તેની એ ઉપેક્ષા કરતો નથી, અને જે અપ્રાપ્ત છે તેને ઇચ્છતો નથી. સર્વ વ્યવહારોમાં ચંદ્રમાનીપેઠે અંદર તે શીતળજ રહે છે.[૧૦] શમ, દમ, સંતોષ આદિ અધ્યાત્મશાસ્ત્રમાં બતાવેલા સદ્ગુણોરૂપી પલ્લવો ઉપર પોતાના આત્માને વિશ્રાંત કરી શાસ્ત્રને અનુસરી થનારી પ્રવૃત્તિમાં પ્રાપ્ત થનારી બ્રહ્મલોકપર્યંત ઉત્તમ ગતિને અને સ્વાભાવિક પ્રવૃત્તિમાં પ્રાપ્ત થનારી નરકપર્યંત અધમ ગતિને 'એ બધું અજ્ઞાન દશામાંજ છે' એમ સમજી લઈ તેને નીચે જોતો રહે છે, અને પોતે સમાધિવૃક્ષ ઉપરજ સ્થિર થઈ જાય છે.[૧૧] મહાભયંકર વિષવૃક્ષની લતાઓમાં ઘુમી રહેલા વિષપુષ્પોના સમૂહોવડે કેમ જાણે પોતાના મોટા દાંતોને બહાર કાઢી બેઠી હોય તેવી થઇ રહેલી પોતાની પ્રથમની ભૂમિકાઓને (અજ્ઞાનદશાઓને) સ્મરણમાં લાવી અંદર પોતાની તુચ્છતાનો ઉપહાસ કરે છે.[૧૨] સમાધિવૃક્ષની તે તે ઉત્તરોત્તર ભૂમિકાઓરૂપી શાખાઓમાં ચડવા-ઉતરવાથી વિચિત્રતાવાળી મનોહર ચિત્તવૃત્તિવડે વિહાર કરતો રહી જેમ રાજાઓ જન્મથીજ આનંદિત રહે તેમ સદા આનંદિત રહ્યા કરે છે.[૧૩] સ્ત્રી–પુત્ર વગેરે સર્વ કુટુંબીવર્ગને, મિત્રોને અને ધનોને, તે પોતે કેમ જાણે એ સર્વ સ્વપ્નમાં દેખાતાં હોય તેવાં અને કેમ જાણે કોઇ જન્માંતરમાં આત્મીય બુદ્ધિવડે પોતાનાં કરી લીધાં હોય તેવાં દેખે છે.[૧૪] અંદર શીતળ અને શુદ્ધ ચિત્ત હોવાથી રંક બહાર લોકોને રંજન કરવા માટે નટની પેઠે ઉપરથી કૃત્રિમ બનાવી લીધેલી રાગ, દ્વેષ, ભય, ઉન્માદ, માન, મોહ, વગેરેની મહત્તાવડે યુક્ત એવા તેના સર્વ વ્યવહારો જોવામાં આવે છે.[૧૫] ઉન્મત્ત ચેષ્ટાના જેવી નિષ્ફળ જણાતી અને તરંગોના જેવી ક્ષણભંગુર આધારવાળી આ સંસારરૂપી ઝાંઝવાના જળની નદીઓની ગતિઓ પોતાની પાસે નજરે દેખાતી હોય તો પણ મિથ્યાપણાથી તેને હસી કાઢે છે.[૧૬] એ પોતે જીવતાં છતાં શબના જેવો નિઃસંકલ્પ અને નિશ્ચેષ્ટ થઇ રહી અપૂર્વ પરમપદમાં વિશ્રાંતિ પામી જઇ લોક-સ્ત્રી-ધન આદિની કશી ઇચ્છાજ કરતો નથી;[૧૭] પરંતુ કેવળ અદ્વિતીય શુદ્ધ અતિ ઉચ્ચ જ્ઞાનમય મોક્ષરૂપી ફળમાંજ દૃષ્ટિ લાગી રહેલી હોવાથી ઉપર (પંચમ ભૂમિકામાં) ચડે છે.[૧૮] સંતોષરૂપી અમૃતવડે પોષણને પ્રાપ્ત થઇ પછી પ્રથમની આપત્તિઓને સ્મરણમાં લાવી અર્થો કે જે વસ્તુતાએ અનર્થરૂપજ છે તેના નાશમાં (ખેદ પામવાને બદલે) ઉલટો પ્રસન્ન થાય છે.[૧૯] જેમ નિદ્રાવાળો પુરુષ કોઇએ જગાડ્યાથી નિદ્રાસુખનો ભંગ થતાં ઉદ્વેગને પ્રાપ્ત થાય તેમ એ પણ ભોગોને સંપાદન કરનારાં આવશ્યક કાર્યોમાં અને વ્યવહારોમાં સમાધિસુખનો ભંગ થવાથી પરમ ઉદ્વેગને પ્રાપ્ત થાય છે.[૨૦] ઘણા લાંબા કાળથી પોતાના અજ્ઞાનવડે પ્રાપ્ત થયા કરતાં જન્મ-જરા-મરણ આદિના શ્રમવડે થાકી જઇ, ઘણો લાંબો પંથ કરનારા વટેમાર્ગુની પેઠે તે નિરંતર અબાધિતપણે રહેનારી ઉદાર વિશ્રાંતિને ઇચ્છે છે.[૨૧] જેમ નિઃશ્વાસવડે (ફુંક મારી) જગ્રત કર્યો હોય તો પણ અગ્નિ જો બળતણ વિનાનો હોય તો તે પોતાના આત્મામાંજ શાંત થઇ જાય છે, તેમ એ શ્વાસમાત્રવડે બીજાઓના જેવો દેખાતાં છતાં પણ અંદર અહંકારનું અભિમાન ન હોવાને લીધે પરમાર્થદૃષ્ટિએ મુંઝા ન રહેતાં પોતાના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પૂર્ણ આત્મામાંજ શાંત થઈ રહે છે.[૨૨] જેવી રીતે એ (મનોમૃગ) બાહ્ય પદાર્થોના સંબંધમાં જે દૈવયોગથી આવી મળે તેને ભોગવી લેવાની શિથિલતાવાળી દૃષ્ટિને રોકી રાખવાને (જ્ઞાનબળથી) શક્તિમાન થઈ શકે તેમ પૂર્વના અભ્યાસનેલીધે બળાત્કારથી ધીરે ધીરે સ્ફુર્યા કરતા સર્વ પદાર્થો સંબંધી વૈરાગ્યને તે રોકી શકતો નથી.[૨૩] પરમાર્થરૂપી ફળને આપનારી મહાપદવીને પ્રાપ્ત થતાં વચનવડે પણ વર્ણવી ન શકાય એવી કાંઈક અનિર્વચનીય યોગભૂમિકાને (છઠ્ઠી ભૂમિકાને) તે પ્રાપ્ત થાય છે.[૨૪] જેમ કોઇ વટેમાર્ગુ નિર્જળ પ્રદેશમાં અરુચિને પ્રાપ્ત થઇ જાય, તેમ પ્રયત્નવિનાજ દૈવયોગથી કયાંયથી આવી પડેલા ભોગોમાં તે વૈરાગ્યને પ્રાપ્ત થઇ જાય છે.[૫] કેમ જાણે મદોન્મત્ત હોય તેમ દેહાભિમાનથી રહિત, કેમ જાણે વૈરાગ્યનેલીધે ક્ષીણ થઇ ગએલ હોય તેમ વિષયો તરફ ઉદાસીન રહેનાર, સંસારસંબંધી વ્યવહારોનું સુષુપ્તિ અવસ્થાવાળાની પેઠે કશું અનુસંધાનજ ન રાખનાર, અંદર જ્ઞાનવડે પૂર્ણ મનવાળો અને મૌનને ધારણ કરી રહેલો એ (મનોમૃગ) કાંઈક અનિર્વચનીય સ્થિતિને પ્રાપ્ત થઈ જાય છે.[૨૬] એવા અનિર્વચનીય રૂપને ધારણ કરી પછી તે જેમ કોઇ સિદ્ધ પુરુષ મેરુપર્વતના શિખર ઉપર જઈ બેસે અને પક્ષી વૃક્ષના અગ્રભાગઉપર જઇ બેસે તેમ ક્રમથી (યોગભૂમિકાના ક્રમ પ્રમાણે) છેવટ પરમાર્થરૂપી ફળની નજીક આવી પહોંચે છે.[૨૭] પછી તે પ્રથમની સર્વ બુદ્ધિનો ત્યાગ કરી આત્યંતિક વાસનાક્ષય અને મનોનાશનું સંપાદન કરી આકાશના જેવો અસંગ અને નિર્વિકાર થઇ રહી પરમાર્થ (બ્રહ્મભાવ) રૂપી ફળને (સપ્તમભૂમિકામાં) ગ્રહણ કરે છે, તેનો આસ્વાદ લે છે, તેનો ઉપભોગ લે છે, અને આનંદવડે તૃપ્ત થઈ જાય છે.[૨૮] સંકલ્પવડે કલ્પનાનો આનંદ

નાર સર્વ વસ્તુ માત્રનો ત્યાગ કરવાથી દિવસે દિવસે વૃદ્ધિને પ્રાપ્ત થનારી પોતાના શુદ્ધ સ્વરૂપમાં વિશ્રાંતિ થવી એજ પરમાર્થરૂપી ફળને પ્રાપ્ત કરવામાં મુખ્ય ઉપાયરૂપ કહેવાય છે.[૨૯] સર્વ વસ્તુમાત્રનો એક તત્ત્વમાંજ લય થઈ જતાં ભેદબુદ્ધિનો પણ લય થઇ જાય છે, અને છેવટ અભેદજ અવશેષ રહે છે એ સર્વના અધિષ્ઠાનરૂપ એક શુદ્ધ, અનાદિ અને અનંત પરમતત્ત્વનેજ ડાહ્યા પુરુષો બ્રહ્મ કહે છે.[૩૦] એ પરમપદની અંદર લોકૈષણામાં વૈરાગ્યવાળો, સ્ત્રીપુત્ર આદિની પણ ઇચ્છાઓનો ત્યાગ કરી દેનારો અને ધનૈષણાથી પણ રહિત કોઇ ઉત્તમ પુરુષજ વિશ્રામ પામી શકે છે.[૩૧] દૃશ્યનું તત્ત્વ શોધવા જતાં અધિષ્ઠાન ચૈતન્યજ તેના તત્ત્વરૂપે અવશેષ રહે છે, અને દ્રષ્ટાનું તત્ત્વ શોધવા જતાં પણ અંદર રહેલું ચિન્માત્ર તત્ત્વજ અવશેષ રહે છે. એ રીતે વિચારવડે એ બન્નેની એકતારૂપી પરમ ઉત્કૃષ્ટ પરિણામવડે ખરું જ્ઞાન થતાં, જેમ તાપપડતાં બરફનો સમૂહ ઓગળી જાય, તેમ ભેદબુદ્ધિનો લય થઇ જાય છે.[૩૨] પ્રથમ આકર્ષણ કરી પછી મૂકેલું કોઇ કઠોર ધનુષ પાછું પૂર્વની સ્થિતિનેજ જેમ પ્રાપ્ત થઇ જાય, તેમ તત્ત્વસાક્ષાત્કારને પ્રાપ્ત થઈ ગએલા વિવેકી પુરુષના સ્વભાવમાં થતુંજ નથી, એટલે કે અખંડાકાર વૃત્તિનો (વ્યુત્થાન સમયમાં) વિરામ થતાં પણ પૂર્વાવસ્થાની સ્થિતિને તે પ્રાપ્ત થતો નથી, કિંતુ કોમળ પુષ્પની માળાના જેવી વિવેકીની સરલ સ્થિતિ હોય છે. બીજી કઠોરતા-વક્રતા આદિની સ્થિતિ તેમાં સંભવતી નથી.[૩૩] જેમ સ્તંભની અંદર અપ્રકટ અવયવોવાળી પૂતળી રહેલીજ છે, એ સદ્રૂપ પણ નથી અને અસદ્રૂપ પણ નથી, તેવીજ રીતે પરમાત્માની અંદર આ જગતની સ્થિતિ રહેલીજ છે, અને તે સદ્રૂપ પણ નથી અને અસદ્રૂપ પણ નથી.[૩૪] જ્ઞાન થયા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation Use

પહેલાં અવિવેકી દશામાં બ્રહ્મ દૃશ્ય પ્રપંચ-સહિત જણાયાથી તેનું નિર્ગુણ સ્વરૂપ અનુભવ-માંજ આવી શકતું નથી, તેથી તેનું ધ્યાન કરી શકાતું નથી, અને (અજ્ઞાનનેલીધે યથાર્થ ન થઈ શકવાથી) તે કાંઇ ઉપયોગી પણ નથી, બાકી જ્ઞાનને પ્રાપ્ત થઇ ગએલો પુરુષ પોતાની મેળે સ્વા-ભાવિક રીતે પોતાના સ્વરૂપમાંજ ધ્યાનાવસ્થિત રહે છે.[૩૫] દૃશ્ય પદાર્થો તરફ જે પુરુષનું અત્યંત વૈરાગ્ય જોવામાં આવે તે બોધને પ્રાપ્ત થઇ ગએ-લોજ સમજવો; કેમકે અવિવેકી પુરુષથી દૃશ્યનો ત્યાગ કરી શકાતો નથી.[૩૬] દ્રષ્ટા-દૃશ્ય વગેરે સર્વ ચિદ્રૂપ છે, એવો જ્ઞાનનેલીધે અખંડ અનુભવ રહ્યા કરવો એજ સમાધિ શબ્દવડે કહેવામાં આવે છે; કેમકે તેવડે ચિત્ત વિક્ષિપ્ત ન રહેતાં સદા શાંતજ રહે છે. દ્રષ્ટા-દૃશ્ય વગેરે સર્વ એકજ છે, અને ચિદ્રૂપ છે, એવો જ્યારે અપરોક્ષ અનુ-ભવવડે મનમાં નિશ્ચય થાય ત્યારે પોતાની મેળેજ એક અખંડ સમાધિની અંદર રહેવાય છે. દૃશ્ય પદાર્થો તરફ વૈરસ્ય થવું (અરુચિ થવી) એજ તત્ત્ववેત્તા પુરુષનો ખાસ સ્વભાવ છે, અને ચિત્તમાં દૃશ્યનું સ્ફુરણ થઇ આવવું એ અવિવેકીઓનો સ્વભાવ છે, એમ ઉત્તમ પુરુષોનું કહેવું છે.[૩૭-૩૯] આત્મસ્વરૂપને નહિ ઓળખનારા અવિવેકીને સર્વ વિષયો રુચિ પેદા કરે છે, પરંતુ જે પુરુષ વિવેકી હોય તેને જેમ અમૃતનું પાન કરનારા પુરુષને કડવી મદિરા નથી રુચતી તેમ અંદર રુચિ પેદા કરી શકતા નથી.[૪૦] તૃષ્ણાથી રહિત થઇ ગએલ, વૈરાગ્યવાન અને આત્મનિષ્ઠ હો-વાથીલોકૈષણા, ધનૈષણા આદિ એષણાઓને છોડી દેનાર વિવેકી પુરુષને અંદર ઇચ્છા ન છતાં પણ પોતાની મેળે સહજ રીતેજ ધ્યાન સિદ્ધ થઇ જાય છે.[૪૧] તૃષ્ણાનેલીધેજ સ્વરૂપના અનુસં-ધાનમાંથી ભ્રષ્ટ થવાય છે, તો પછી જેને મુદ્દલ એ તૃષ્ણાજ નથી એવો પુરુષ પોતાના સ્વરૂપના અનુસંધાનને છોડી દઇ ક્યાં મનની સ્થિતિ રાખે, શી રીતે રાખે અને કોણ રાખે? અર્થાત્ સદાકાળ તેની સ્વરૂપમાંજ સ્થિતિ સ્વતઃસિદ્ધ છે;[૪૨] અથવા તો તૃષ્ણાવિનાનો વિરક્ત વિવેકી પુરુષ પોતે અપરિચ્છિન્ન બ્રહ્મરૂપજ થઈ રહેલો હોવાથી તેની વ્યાવહારિક આવશ્યક કાર્યમાં બીજાઓને આભાસરૂપે જણાતી તૃષ્ણા પણ વસ્તુતાએ અપરિચ્છિન્ન બ્રહ્મરૂપજ થઇ ગએલી હોય છે, તેનેલીધે તેને જે જે વખતે બાહ્ય પદા-ર્થોનો જેવો જેવો બોધ થતો હોય તેવો તેવો ભલે થયા કરો; પરંતુ તેને તે વિક્ષેપ કરી શક-વાને સમર્થ થતો નથી. જેમ પાંખોથી રહિત થઈ રહેલો પર્વત (ઉડી નહિ શકાતાં) પોતાની મેળેજ ધરતી ઉપર સ્થિર થઇ રહે તેમ તૃષ્ણાથી રહિત થઇ રહેલા વિવેકી પુરુષને પણ અનંત ધ્યાન પોતાની મેળેજ પ્રાપ્ત થવા લાગે છે.[૪૩-૪૪] જેમ સારીપેઠે પ્રદીપ્ત થએલા અગ્નિની અંદર ઘૃતબિંદુ રહી શકતુંજ નથી, તેમ શુદ્ધ ચિન્મય તત્ત્વને પોતાના આત્મારૂપે અપરોક્ષપણે અનુ-ભવનારા તત્ત્વજ્ઞ પુરુષને જ્ઞાનના પ્રભાવથી સદાકાળ સહજ સમાધિ સિદ્ધ રહેવાથી પછી સમાધિના પ્રયત્નની કશી જરૂર રહેતી નથી.[૪૫] વિષયો તરફ પરમ વૈરાગ્ય સંપાદન કરવું એજ સમાધિ કહેવાય છે, અને એ વૈરાગ્ય જેણે સંપાદન કરેલ હોય તેવું પુરુષરૂપી બ્રહ્મ ખરેખર નમસ્કાર કરવા યોગ્ય છે.[૪૬] વિષય-સંબંધી વૈરાગ્ય દૃઢપણે પ્રૌઢતાને પ્રાપ્ત થઇ ગયા પછી કશો વિક્ષેપ થવાનો સંભવજ ન હોવા-નેલીધે ઇંદ્ર સહિત દેવતાઓ કે દૈત્યો પણ ધ્યા-નનો ભંગ કરવાને શક્તિમાન થઇ શકતા નથી.[૪૭] વિષયોવિષે પરમ વૈરાગ્ય સંપાદન કરવું એજ વજ્રના જેવું દૃઢ ધ્યાન છે, માટે તેજ સાધવાને તમે યત્ન કરો. જ્ઞાન થવાનેલીધે જો ભેદબુદ્ધિ ગલિત થઈ ગઈ હોય તો પછી બીજા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ધ્યાનવડે શું કરવાનું છે ? કાંઈ નહિ.[૪૮] મૂર્ખ પુરુષોની દૃષ્ટિમાંજ જગતનાં નામ-રૂપ દેખાય છે, બાકી વિવેકીઓને તેની પ્રતીતિ થતી નથી. હે સુજ્ઞ શ્રોતાઓ! વિવેકી અને અવિવેકી, જ્ઞાન અને અજ્ઞાન, જગત અને પરમેશ્વર, એ સર્વ એકરૂપ થઈ જઇ જે અધિષ્ઠાન—ચૈતન્યની અંદર પ્રકાશિત થઇ રહેલાં છે, તેમાંજ તમે વિશ્રાંતિને પ્રાપ્ત થાઓ. જ્ઞાનભૂમિમાં આરૂઢ થઇ રહેલા વિવેકી પુરુષને આત્મા વિના તેનાથી જુદા પદાર્થોની સત્તા કે અસત્તા, અથવા દ્વિત્વ કે એકત્વ, એ કશું દેખાતું હોય એવો કોઇએ નિર્ણય કર્યો નથી. પરમપદમાં વિશ્રાંત થવાનો એક ઉપાય, અધ્યાત્મશાસ્ત્રનો આદરપૂર્વક નિરંતર અભ્યાસ કર્યા કરવો એ છે, બીજો ઉપાય સત્સંગતિ છે.[૪૯-૫૧] ત્રીજો ઉપાય ધ્યાન છે; તેમાં અનુક્રમે એક પછી એક શ્રેષ્ઠ છે. અપરિચ્છિન્ન આ બ્રહ્મચૈતન્ય, જીવ કે જે એક પોતાનુંજ પ્રતિબિંબ છે, તેની અરીસાની પેઠે આશ્રયરૂપ થઇ રહેલ અંતઃકરણરૂપ ઉપાધિનેલીધે પરસ્પર ભિન્ન ભિન્ન રૂપને ધારણ કરી લે છે, અને તે સર્વને પ્રિય-અપ્રિય વસ્તુનો સંબંધ થતો જોવામાં આવવાથી પોતપોતાના કર્મની વિચિત્રતાપ્રમાણે બ્રહ્માથી માંડી ઠેઠ સ્તંબપર્યંત સમ-વિષમ શરીરોમાં ઉદય પામે છે. આ પ્રમાણે અનાદિ કાળથીજ આ સૃષ્ટિનો ક્રમ ચાલ્યો આવે છે.[૫૨,૫૩] તેમાં કોઇ પુણ્યાત્મા પુરુષના ભાગ્યનો ઉદય થવાથી જ્ઞાનના અધિકારને યોગ્ય માનવજન્મની અંદર શાસ્ત્રવિચાર-સત્સંગતિ વગેરે ઉપાયો મળી આવતાં જગતરૂપી ચોપાટની અંદર સોગઠાની પેઠે આગલા—પાછલા અનેક જન્મ—મરણમાં ભ્રમણ કરવારૂપી ક્રીડાનું અવલોકન કરવાથી જ્ઞાનનો કે વૈરાગ્યનો ઉદય થઇ આવે છે, અને એ બેમાંથી એકની સિદ્ધિ થતાં બન્નેની સિદ્ધિ થઇ જાય છે. જ્ઞાનરૂપી અગ્નિવડે ભસ્મ થઇ ગયેલો જગતરૂપી કપાસ પરમશાંત ચિદાકાશની અંદર બુદ્ધિરૂપી પવનના ઝપાટાવડે ઉડી જઇ કોણ જાણે ક્યાંય જતો રહે છે, કે જે પાછો જાણવામાંજ આવતો નથી. આ જગતની ભ્રાંતિ કે જે વસ્તુતાએ સાવ નિર્મૂળ છે તે જેવડે લયને નથી પ્રાપ્ત થઇ શકતી, એવા માત્ર ઉપર ઉપરના જ્ઞાનથી જેમ ચિત્રમાં આલેખેલા અગ્નિવડે મનુષ્યની જડતાની (ટાઢની) નિવૃત્તિ નથી થતી, તેમ મનુષ્યની જડતાની (અજ્ઞાનની) નિવૃત્તિ થતી નથી.[૫૪-૫૬] જેમ અવિવેકી મનુષ્યમાં મિથ્યા અભિનિવેશનેલીધે સંસારસંબંધી ભ્રાંતિ અધિક અધિક વધતી જાય છે, તેમ જ્ઞાનવાન પુરુષમાં જ્ઞાનબળનેલીધે એ ભ્રાંતિનો ક્ષય ઉત્તરોત્તર વધવા માંડે છે.[૫૭] અજ્ઞાની પુરુષને સત્યરૂપે જણાતી આ જગતની ભ્રાંતિ વિવેકી પુરુષની દૃષ્ટિમાં નામ-રૂપવિનાની(કેવળ બ્રહ્મરૂપ) ભાસે છે, અને જેમ જાણે ચિત્રમાં આલેખેલી હોય તેમ આ ત્રણે લોકની સ્થિતિ તેને માત્ર આભાસરૂપે યથાસ્થિતપણે જોવામાં આવે છે.[૫૮] જ્ઞાનવાન પુરુષના ચિત્તમાં આ જગતની સ્થિતિ જેમ જાણે શૂન્યતાવડે રચાયલી હોય, અને સુષુપ્તિવડે સ્વપ્નાદિકનીપેઠે ખડી થઇ ગએલી હોય તેમ કેવળ મનોમય ભાસે છે;અને ચિદાત્માની અંદર તે આરોપિત છે એમ જણાય છે. અજ્ઞાનથી રહિત થઇ ગએલા વિવેકી પુરુષને જ્ઞાનનો ઉદય થતાં અહંકાર કે જગતની સ્થિતિ, એ કશું પણ દેખાતુંજ નથી.[૫૯] તેનું શરીર જો કે પ્રારબ્ધક્ષયપર્યંત આભાસરૂપે બીજાઓની નજરે આવે છે, પરંતુ તેની અંદરની સ્થિતિ કાંઇક અપૂર્વજ હોય છે. કાંઇક જ્ઞાન અને કાંઇક અજ્ઞાન,એ બન્નેવડે વીંટાએલું ચિત્ત કાંઇક શુષ્ક અને કાંઇક આર્દ્ર કાષ્ઠના જેવું અધદગ્ધ અવસ્થામા રહે છે.[૬૦] કાંઇક જ્ઞાનને-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લીધે એક તત્ત્વ તરફ તે રૂચિવાળું હોય છે, અને કાંઈક અજ્ઞાનનેલીધે જગતના પદાર્થોવડે તે વિક્ષિપ્ત રહેવાથી બરાબર આત્માકાર રહી શકતું નથી. એવા અર્ધદગ્ધ ચિત્તવાળા પુરુષો તેઓનામાં જે અજ્ઞાનનો ભાગ વિશેષ હોય તો પરસ્પર વિવાદો કરે છે, અને જે જ્ઞાનનો ભાગ વિશેષ હોય તો એકબીજામાં મિત્રભાવને પ્રાપ્ત થઇ જાય છે; અર્થાત્ જે ભાગ પોતાનામાં વિશેષ હોય તે ભાગમય થઈ રહે છે. જેમ સાતમી ભૂમિકામાં આરૂઢ થઇ રહેલો સમાધિનિષ્ઠ પુરુષ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત,એ ત્રણેના સ્વભાવને નથી જાણતો, તેમ પરિપક્વ જ્ઞાનવાળો પુરુષ પણ (લોકોત્તર સ્થિતિને પહોંચી ગયેલો હોવાથી) જગતની સત્તા કે અસત્તાને (પોતાને કશું પ્રયોજન ન હોવાને લીધે) દેખતોજ નથી. વસ્તુતાએ જોતાં વાસનાજ મનરૂપ છે, અને તે અવસ્તુરૂપ (મિથ્યા) હોવાથી પોતાના વિચારવડે નાશ પામી જાય છે, એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે; બાકી તેવડે કાંઇ આત્મા કે જે નિત્ય છે, અને સર્વના અધિષ્ઠાનરૂપ છે, તેનો નાશ થતો નથી.[૬૧-૬૪] મોક્ષની ઇચ્છા કરનારો એ મનરૂપી હરિણ, ઉપર કહ્યા પ્રમાણે ક્રમે કરી અંકુર, થડ, શાખા, પલ્લવ, પુષ્પ અને ફળપર્યંત પ્રબળ પરિપાક આવી જવાનેલીધે કાળે કરી પોતાની મેળેજ વૃદ્ધિ પામેલ જ્ઞાનરૂપી ફળને ધારણ કરી રહેલા એ સમાધિરૂપી વૃક્ષમાંથી અખંડ બ્રહ્માકાર વૃત્તિવડે અનુભવમાં આવતા પરમાનંદરૂપી અતિશ્રેષ્ઠ રસાયનફળનું ભક્ષણ કરી સંસારરૂપી બેડીમાંથી મુક્ત થઈ જાય છે.[૬૫]

ધ્યાનદ્રુમાત્સ્વયમુપોઢમનલ્પપાકાત્કાલેન બોધમુપયાતવતઃ ક્રમેણ ॥ ભુક્ત્વા રસાયનફલં પરબોધમાદ્યમિચ્છન્મનોહરિણકો નિગડાદ્વિમુક્તઃ ॥ ૬૫ ॥

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મનોહરિણકોપાખ્યાન' એ નામનો પીસ્તાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૫

સર્ગ ૪૬ મો*

સમાધિનું ફળ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

પરમાર્થફલે જ્ઞાતે મુક્તૌ પરિણતિં ગતે ॥
બોધોઽપ્યસદ્ધવત્યાશુ પરમાર્થો મનોમૃગઃ ॥૧॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પરમાર્થરૂપી ફળનો સાક્ષાત્ ઉપભોગ કરવાથી ચિત્ત મોક્ષને વિષે પરિણામ પામી જતાં છેવટની આત્મસાક્ષાત્કાર કરનારી વૃત્તિ પણ અસત્ય ભાસે છે, અને એ મનરૂપી મૃગ, આત્મા કે જે પરમપુરુષાર્થરૂપ છે તે રૂપે થઇ જાય છે.[૧] પછી તે મૃગપણું કે જેની અંદર સ્વભાવેજ વિષયરૂપી ઘાસ શોધવાની ઇચ્છા રહ્યા કરે છે તે, દિવેલ વગરના દીવાની પેઠે કોણ જાણે ક્યાંય જતું રહે છે, અને અનંત પ્રકાશ કરનારી પરમાર્થ દશાજ તેને પ્રાપ્ત થાય છે.[૨] સમાધિરૂપી કલ્પવૃક્ષના પરમાર્થરૂપી ફળની પ્રાપ્તિ થતાં આત્માકાર રહેવાનેલીધે આત્મભાવને પ્રાપ્ત થઇ ગયેલું મન પાંખોવિનાનો થઇ રહેલો પર્વત જેમ સ્થિર થઇ બેસે તેમ વજ્રના જેવી અચળ સ્થિતિને ધારણ કરે છે.[૩] મનપણું કે જેવડે બાહ્ય પદાર્થોનું મનન થાય છે તે કયાંય ભાગી જાય છે, અને શુદ્ધ બોધજ અવશેષ રહે છે, કે જેનો કોઈ વખત બાધ થઇ શકતો નથી; જે નિરવયવ છે, અનંત છે, પૂર્ણ છે, અપરિચ્છિન્ન છે,અને ચિન્માત્ર છે. ચિત્તની અંદર જે

* આ છેતાલીશમા સર્ગમાં સમાધિરૂપી વૃક્ષનું ફળ ભક્ષણ કર્યાથી મનની જેવી સ્થિતિ થાય છે તે વિષે અને વિષયો તરફ જેવું દૃઢ વૈરાગ્ય કાયમ રહે છે તે વિષે વર્ણન કરવામાં આવશે.

કાંઇ ચિદાત્માની સત્તા રહી છે તે, જ્ઞાનવડે ચિત્ત આદિનો બાધ થઇ જતાં તેનાથી જુદી જણાઇ શુદ્ધ ચિદ્રૂપે કેમ જાણે પાછી ઉદય પામતી હોય એવી દેખાય છે, અને અનાદિ તથા અનંતપણે તે પરમાર્થનો પ્રકાશ થવારૂપી સ્વચ્છ ફળને આપે છે. સર્વ ઇચ્છાઓ માત્ર નષ્ટ થઇ જવાનેલીધે પછી તો પોતાની મેળેજ અનાદિ અને અનંત આત્મધ્યાનજ અવશેષ રહે છે; જેમાં કશો વિશેષ પરિશ્રમ કરવો પડતો નથી.[૬] જ્યાંસુધી બ્રહ્મનું ખરૂં સ્વરૂપ ઓળખવામાં આવતું નથી, અને પરમ પદમાં વિશ્રાંતિ મળી નથી, ત્યાંસુધી મનવડે બાહ્ય પદાર્થોનું મનન થવાનેલીધે ધ્યાનનો અનુભવ થતો નથી;[૭] પણ જ્યારે સર્વ પરમાર્થ પરમતત્ત્વ સાથે એકરૂપતાને પ્રાપ્ત થઈ જાય ત્યારે પછી મન ક્યાં જતું રહે છે, વાસના પણ ક્યાં જતી રહે છે, કર્મો પણ ક્યાં જતાં રહે છે, અને હર્ષ-ક્રોધ આદિ વિકારો પણ ક્યાં જતા રહે છે, તે જાણવામાંજ આવતું નથી.[૮] ફક્ત એ યોગી કેવળ ધ્યાનનિષ્ઠપણાને પ્રાપ્ત થઇ ગએલો દેખાય છે; અને પાંખો વિનાના પર્વતનીપેઠે વજના જેવી દૃઢ સમાધિમાં તે સ્થિર રહે છે.[૯] સર્વ ભોગો વિરસ જણાયાથી તેમાં વૈરાગ્યને પ્રાપ્ત થઇ ગએલ શાંત ઇંદ્રિયવાળા, સર્વ દૃશ્યજાળને નીરસ સમજી કશામાં આસક્ત ન થનાર, પોતાના આત્મામાંજ આનંદ માનનાર, ક્રમે કરી ચિત્તવૃત્તિ આત્માની અંદર ધ્યાનદ્વારા ગળી ગયેલી હોવાથી બળાત્કારથી પરમ વિશ્રાંતિને પ્રાપ્ત થઇ ગયેલ યોગીપુરુષને સહજ રીતેજ સમાધિ સિદ્ધ છે, કે જે વિષે કોણ વિચાર કરે છે?[૧૦,૧૧] શુદ્ધ ચિત્તવાળા વિવેકી પુરુષો એટલે સુધી વિષયોના વિરસપણાની ભાવના કરે છે કે એ ભોગોને ચિત્રમાં આલેખેલા પુરુષની પેઠે, મિથ્યા અને આભાસમાત્ર સમજી તે તરફ સાવ દૃષ્ટિ પણ નથી કરતા.[૧૨] વાસનાનો ક્ષય થઇ જવાને લીધે જગત સંબંધી પદાર્થો તરફ દૃષ્ટિજ ન કરતો ધૈર્યવાન વિવેકી પુરુષ કેમ જાણે બીજા કોઇએ બળાત્કારથી સમાધિમાં પ્રવેશ કરાવાતો હોય તેમ વજના જેવી અભેદ્ય સમાધિમાં નિરંતર રહ્યા કરે છે.[૧૩] વર્ષાઋતુમાં નદીનું પૂર પોતાની મેળેજ વહેવા માંડે તેમ જે સમાધિ બળાત્કારથી જ્ઞાનબળનેલીધે પોતાની મેળેજ પ્રાપ્ત થાય તેનો એકાગ્રતાવડે અનુભવ કરનારૂં ચિત્ત પાછું ફરીવાર તેમાંથી ચલિત થતું જ નથી.[૧૪] બધી બાબતમાં શીતળતાનેલીધે ધ્યાનની અંદર બળાત્કારથી વિષયોનું વિરસપણું જણાવું એજ સમાધિ છે, બીજું કાંઈ તેનું સ્વરૂપ નથી.[૧૫] વિષયોવિષે દૃઢ વૈરાગ્ય થવું એજ ધ્યાન કહેવાય છે, અને તે ક્રમે કરી પરિપાકને પ્રાપ્ત થતાં વજના જેવું અભેદ્ય થઇ જાય છે.[૧૬] ભોગસંબંધી વૈરાગ્યરૂપી બીજ અંકુરિત થતાં ધ્યાનરૂપ કહેવાય છે, અને પોતાનાં ઉંડાં મૂળ નાખી પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થતાં સમાધિરૂપ કહેવામાં આવે છે.[૧૭] નિરંતર વાસનાનો ક્ષય થવાથી સાક્ષાત્કારવૃત્તિવડે અનુભવમાં આવતું બ્રહ્મજ, અવિદ્યાનો ક્ષય કરવાથી જ્ઞાન, વાસનાનો ક્ષય કરવાથી ધ્યાન, અને સર્વ દુઃખનો ક્ષય કરનાર પરમ આનંદને પ્રકટ કરવાથી નિર્વાણ કહેવાય છે.[૧૮] જો ભોગોવિષે વૈરાગ્ય હોય તો પછી ધ્યાનરૂપી દુર્બુદ્ધિવડે શું કરવાનું છે, અને જો ભોગો વિષે વૈરાગ્ય ન હોય તો પણ ધ્યાનરૂપી દુર્બુદ્ધિવડે શું કરવાનું છે? કાંઈ નથી.[૧૯] દૃશ્યસંબંધી આસક્તિથી રહિત થઇ ગએલ અને સારી રીતે જ્ઞાનસંપન્ન એવા તત્ત્વજ્ઞ પુરુષને અવિચ્છિન્નપણે નિર્વિકલ્પ સમાધિ રહેવા માંડે છે.[૨૦] જે પુરુષને દૃશ્ય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તરફ જરા પણ રુચિ થતી નથી તેજ બોધવાન છે, એમ સમજવું. જ્યારે સંસારસંબંધી ભોગો વૈરાગ્યનેલીધે ચિત્તમાં રુચિકારક થતા નથી ત્યારેજ સમ્યક્ જ્ઞાનનો ઉદય થાય છે.[૨૧] જે પોતાના ચિન્મય–સ્વરૂપમાં વિશ્રાંત હોય તેને (બીજા વિષયોતરફ વૈરાગ્ય હોવાનેલીધે) ભોગીપણું કયાંથી હોય ? અજ્ઞાનનેલીધે પોતાનું સ્વરૂપ ભૂલાઈ જવાથી બાહ્ય વિષયોમાં રુચિ થતાં ભોગીપણું થાય છે તો અજ્ઞાનનો ક્ષય થઇ જઈ પોતાના ચિન્મય–સ્વરૂપનું જ્ઞાન થતાં ભોગોમાં વૈરાગ્ય હોવાનેલીધે પછી ભોગીપણું શી રીતે થાય, અને શા હેતુથી થાય ?[૨૨] વેદાંત આદિ સચ્છાસ્ત્રનું શ્રવણ, ઉપનિષદ્ આદિનો પાઠ અને પ્રણવ આદિનો જપ, એ સર્વના અંતમાં સમાધિનિષ્ઠ થઇ રહેવું, અને થાકી જઇ સમાધિમાંથી વ્યુત્થાન થતાં વેદાંત આદિ સચ્છાસ્ત્રનું શ્રવણ, ઉપનિષદ્ આદિનો પાઠ અને પ્રણવ આદિનો જપ, એ સર્વનો આશ્રય કરવો.[૨૩] ખેદને મટાડી દઈ સર્વ શંકાઓથી રહિત થઇ જઇ રમણીયતાને ધારણ કરી ચિત્તને સમાન અને શાંત રાખી અંદર શરદ્ઋતુનાં વાદળાંના જેવા નિર્મળ થઇ રહી સુષુપ્તિ અવસ્થાની પેઠે કશા વિક્ષેપને ન પામતાં વૃત્તિ એક ચિદાકારજ કરી રાખી સમાધિનિષ્ઠજ થઇ રહો.[૨૪]

निर्वाणमासीत निरस्तखेदं समस्तशंकास्तमयाभिरामम् ॥ सुषुप्तसौम्यं समशांतचित्तं शरद्घनाभोगविशुद्धमंतः ॥ २४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સામ્યાવબોધન' એ નામનો છતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૬

सर्ग ४७ मो.*

મોક્ષનાં સાધનો અને વૈરાગ્યની પ્રાપ્તિ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

संसारभारसुश्रांतः संकटेषु लुठत्तनुः ॥ योऽभिवांछति विश्रांतिं तस्य क्रममिमं शृणु ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—સંસારરૂપી ભાર ઉપાડવાથી ખૂબ થાકી ગયેલો અને મરણ–મૂર્છા આદિ અનેક સંકટોમાં આળોટનારા શરીરને ધારણ કરી રહેલો જે પુરુષ વિશ્રાંતિ મેળવવાને ઇચ્છતો હોય તેનો આ ક્રમ હું કહું છું, એ તમે સાંભળો.[૧] પ્રથમ જ્યારે કોઇ કારણનેલીધે અથવા વિનાકારણે કોઈ દૈવયોગથીજ સંસારસંબંધી વૈરાગ્યવડે પૂર્ણતાવાળી વિવેકકણિકા પોતાના હૃદયમાં ઉત્પન્ન થાય છે ત્યારે એ મુમુક્ષુ પુરુષ, તાપવડે તપેલા પુરુષો જેમ ઉત્તમ છાયાવાળાં અને રસ્તાના શ્રમને હરનારાં માર્ગનાં વૃક્ષોનો આશ્રય લે, તેમ સુશીલતાવડે સુશોભિત મહાત્માઓનો આશ્રય લે છે.[૨-૩] જેમ માર્ગે ચાલનારો કોઈ પથિક પોતાને કાંઈ પ્રયોજન ન હોવાનેલીધે યજ્ઞના યૂપને× દૂરથીજ છોડી દે, તેમ એ મુમુક્ષુ પુરુષ પણ અજ્ઞાની પુરુષોને છેટેથીજ છોડી દે છે, અને વિદ્વાન પુરુષોના માર્ગને અનુસરી સ્નાન, દાન, તપ અને યજ્ઞ વગેરે શુભ કર્મને કરતો રહે છે.[૪] જેમ ચંદ્રબિંબ અમૃત ધારણ કરે તેમ એ વિવેકી પુરુષ પણ પરિણામે લોકોનું હિત કરનારા, આનંદ ઉપજાવનારા, પોતાને ઉચિત, સહજ પ્રાપ્ત, રમણીય વ્યવહારને ધારણ કરે છે.[૫] બીજા ઉત્તમ પુરુષોની બુદ્ધિને અનુસરી ચાલનારો, પારકા

* આ સુડતાલીશમા સર્ગમાં ફરીવાર પણ વિસ્તારથી મોક્ષનાં સાધનોનો ક્રમ વર્ણવતાં દૃઢ વૈરાગ્યપ્રાપ્તિ સુધીનું વર્ણન આપવામાં આવશે.

× યજ્ઞમાં એક જાતનો સ્તંભ હોય છે કે જેને યૂપ કહેવામાં આવે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મનોરથોને પૂરનારો, પવિત્ર કર્મોમાં શ્રદ્ધાવાળો, અને ભવ્ય વિવેકી પુરુષ શાંતપણાથી કાંઇક અપૂર્વ રીતે વ્યવહારમાં પ્રવૃત્ત રહે છે.[૬] માખણના મુખ્ય આશ્રયરૂપ દહીંના માંડાનીપેઠે સ્વચ્છ, સ્નિગ્ધ, મૃદુ, મધુર અને મનોહર એવી એ વિવેકી પુરુષની અભિનવ સંગતિ મનુષ્યના ચિત્તમાં સુખ ઉત્પન્ન કરે છે.[૭] ચંદ્રમાનાં કિરણોના સમૂહનીપેઠે શીતળ અને પવિત્ર એવાં વિવેકી પુરુષનાં ચરિત્રો મનુષ્યના ચિત્તને અંદર શીતળ કરી દે છે.[૮] જેવો વિશ્રામ નિર્ભયપણાથી સત્સંગતિમાં મળે છે તેવો નિર્ભય વિશ્રામ પુષ્પસમૂહવડે સુશોભિત બગીચાઓના ભાગોમાં પણ મળતો નથી.[૯] મંદાકિની (ગંગા) ના જળનીપેઠે વિવેકી પુરુષોના સમાગમો પાપોનું પ્રક્ષાલન કરે છે, (પાપો ધોઈ નાંખે છે,) અને વિશુદ્ધપણાને ઉત્પન્ન કરે છે.[૧૦] જેમ બરફવડે બનાવેલ અને ફૂલોના હારોવડે સુશોભિત ભુવનોની અંદર જવાથી મનુષ્ય શીતળતાને પ્રાપ્ત થઈ જાય, તેમ સંસારને તરી જવાનેજ માત્ર ઇચ્છનારા વિરક્ત વિવેકી પુરુષોની પાસે જવાથી મનુષ્ય શીતળતાને પ્રાપ્ત થઈ જાય છે.[૧૧] જે ઉદાર અમરતા વિવેકી પુરુષની અંદર જોવામાં આવે છે તે દેવકન્યાઓ, ગંધર્વકન્યાઓ કે માનવકન્યાઓમાં કોઈ જગોએ નથી.[૧૨] ક્રમને અનુસારે કરેલાં નિષ્કામકર્મથી બુદ્ધિ વિશુદ્ધિને પ્રાપ્ત થાય છે, અને અરીસો જેમ પ્રતિબિંબિત પદાર્થોને પોતાની અંદર પ્રતિબિંબરૂપે ગ્રહણ કરી લે તેમ એ શુદ્ધ બુદ્ધિ પણ શાસ્ત્રના સદુપદેશને હૃદયમાં સ્થિર કરી દે છે.[૧૩] જેમ કોઇ મોટા અરણ્યની અંદર કેળ, મૂળ અને અંકુર આદિ વિસ્તારવડે ઉન્નતિને પ્રાપ્ત થાય તેમ વિવેકી પુરુષની અંદર સચ્છાસ્ત્રના અર્થરૂપી રસવડે સુંદરતાવાળી તેની શુદ્ધ બુદ્ધિ ઉન્નતિને પ્રાપ્ત થાય છે.[૧૪] નિર્મળતાવડે સુશોભિત એવી બુદ્ધિ અરીસાની પેઠે પોતાની અંદર પ્રતિબિંબિત થઈ રહેલા સર્વ પદાર્થોને મનોમયરૂપેજ અનુભવે છે.[૧૫] જેમ અગ્નિમાંજ શુદ્ધ થનારું કોઇ સિદ્ધ પુરુષનું દિવ્ય વસ્ત્ર (સિદ્ધિના બળથી પોતે સાવ ન બળી જતાં) તેની અંદર રહેલો મેલ બળી રહ્યા પછી કાઢી લેવામાં આવે અને તે જેવું સ્વચ્છ તથા બહુ કાંતિમાન દેખાય, તેવી રીતે સત્સંગતિથી શુદ્ધ ચિત્તવાળો અને શાસ્ત્રવિચારથી પણ શુદ્ધ થયેલો વિવેકી પુરુષ પણ બહુ શુદ્ધ અને દેદીપ્યમાન દેખાય છે.[૧૬] રમણીય કાંચનના જેવા કાંતિમાન અને જગતમાં નિર્મળ પ્રકાશ કરનારા સૂર્યનારાયણવડે જેમ આ આખું જગત શોભી રહ્યું છે, તેવી રીતે મહાત્મા વિવેકી પુરુષ રમણીય કાંચનના જેવા કાંતિવાળા અને જગતમાં નિર્મળ પ્રકાશ કરનારા પોતાના તેજવડે બહુ શોભે છે.[૧૭] વિવેકી પુરુષ શાસ્ત્ર અને સત્સંગતિનો એટલો બધો પરિચય રાખે છે કે અત્યંત અભિનિવેશને લીધે સ્વપ્નમાં પણ તેનેજ અનુભવે છે.[૧૮] વિવેકી પુરુષ ક્રમે કરીને સજ્જનતાને પ્રાપ્ત થઇ જઇ શાસ્ત્રમાં કહેલા શમ-દમ આદિ ઉત્તમ ગુણોવડે પૂર્ણ રહી ભોગોનો (દોષબુદ્ધિવડે) તિરસ્કાર કરી ક્રમ જાણે પાંજરામાંથી છુટો થયેલો હોય તેમ બંધનવિનાનો થઇ રહે છે.[૧૯] જેમ ચંદ્રમાવડે તારાઓનું મંડળ શોભે તેમ ભોગોની લાલસારૂપી દુર્ભાગ્યનો પ્રતિદિન ત્યાગ કરનારા એ વિવેકી પુરુષવડે તેનું આખું કુળ દીપી નીકળે છે.[૨૦] જેમ રાહુથી મુક્ત થઇ ગયેલા ચંદ્રમાની કાંતિ કાંઇક અપૂર્વ રમણીય હોય, તેમ એ વિવેકી પુરુષના મુખની કાંતિ પણ ભોગોનેવિષે કૃપણતાવિનાની કાંઇક અપૂર્વ રમણીય જોવામાં આવે છે.[૨૧] દેવતાઓ જેમ સ્વર્ગલોકમાં કલ્પવૃક્ષની પ્રશંસા કરે તે રીતે એ વિવેકી પુરુષની, ત્રણે લોકને તૃણની પેઠે તુચ્છ જાણનારા મહાન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પુરુષો પણ પ્રશંસા કરે છે.[૨૨] (પોતે વસ્તુ માત્ર ઉપરથી દ્વેષ છોડી દીધેલો હોવાથી) પ્રાપ્ત થએલા ભોગોનો દ્વેષ કરતાં કોઇ વખત પોતાના ચિત્તમાં લજ્જા થાય છે, તેથી ભોગોની પ્રાપ્તિમાં તેને એટલો બધો સંતોષ થતો નથી; પરંતુ ભોગોની પ્રાપ્તિજ ન થાય તો તેથી ઉલટો વિશેષ પ્રસન્ન રહે છે.[૨૩] જેમ ચાંડાલ આદિ કોઈ અધમ જાતિનો નર, દૈવયોગથી પોતાને પૂર્વજન્મનું સ્મરણ થતાં પોતાના પૂર્વજન્મને હસી કાઢે તે રીતે, એ વિવેકી પુરુષ પણ પોતાના પ્રથમની રાગ આદિ દોષોવડે ભરેલી અને ભોગોમાં ઉત્કંઠા હોવાથી ચપળતાવાળી પોતાની સર્વ પૂર્વ ક્રિયાનો, વર્તમાનકાળમાં તેને સ્મરણમાં લાવી ખેદવડે પોતાના મુખને મલકાવી અંદર ઉપહાસ કરે છે.[૨૪] પૃથ્વીમાં ઉદય પામતા (બીજના) ચંદ્રમાનું લોકો જેમ દર્શન કરે તેમ એ વિવેકી પુરુષના દર્શનમાટેજ વિસ્મયવડે વિકસિત નેત્રવાળા સિદ્ધ પુરુષો સ્નેહનેલીધે તેની પાસે આવવા માંડે છે.[૨૫] નિરંતર ભોગોનો અનાદર કરનાર એ વિવેકી પુરુષ સિદ્ધમહાત્માપુરુષો પાસેથી પ્રાપ્ત થએલ અને યોગ્ય આરંભવાળા સિદ્ધિ આદિ ભોગોને પોતાની યોગ્યતાવાળી વિરક્ત બુદ્ધિવડે બહુ માન આપતો નથી.[૨૬] જેમ કોઈ શરદૃઋતુમાં પરિપકવ થનાર વૃક્ષ પોતાનો પરિપાક આવી જતાં અંદર નીરસ થઇ જાય, તેમ જડતાથી રહિત થઇ રહેલા અને આત્માના સ્વરૂપને ઓળખી ગયેલા વિવેકી પુરુષને અંદર પ્રથમ સંસારસંબંધી વૈરાગ્યજ ઉત્પન્ન થાય છે, અને પછી તે પોતાની મેળેજ ઉત્તર કાળમાં પોતાનું શ્રેય થવા માટે જેમ સ્વસ્થતાને ઇચ્છનારો કોઇ આર્ત પુરુષ વૈદ્યનો આશ્રય કરે તેમ સત્સંગતિનો આશ્રય કરે છે; અને સત્સંગતિવડે ઉદાર બુદ્ધિવાળો થઈ જઇ એ મહાન પુરુષ જેમ કોઈ મોટો હાથી મહાસ્વચ્છતાવાળાં મોટાં તળાવોમાં નિમગ્ન રહે તેમ શાસ્ત્રવિચારમાં અને શાસ્ત્રમાં બતાવેલા શમ-દમ આદિ શુભ ગુણોમાં નિમગ્ન રહે છે.[૨૭-૨૯] જેમ સૂર્યનારાયણ મનુષ્યોને પોતાના પ્રકાશવડે સુખી કરે છે તેમ સજ્જન પુરુષ પણ પોતાની પાસે આવેલા વિવેકી પુરુષને વિપત્તિઓમાંથી તારી સંપત્તિમાં નિયુક્ત કરે છે.[૩૦] વિવેકી પુરુષને પ્રથમ તો પરદ્રવ્ય લેવાની ઇચ્છા વિરામ પામી જાય છે, અને ઈશ્વરે પોતાને જે કાંઈ આપેલ હોય તેટલાથીજ માત્ર તેને સંતોષ થાય છે. પારકું દ્રવ્ય લઈ લેવાની ક્રિયાથી વિરામ પામેલો અને સંતોષરૂપી અમૃતવડે ભરપૂર થઇ રહેલો વિવેકી પુરુષ ક્રમે કરી પોતાના સ્વાર્થની પણ ઉપેક્ષા કરવાને ઇચ્છે છે.[૩૨] કોઇ યાચના કરવા આવે તો દાણા, ખોળ અને શાક આદિને પણ આપી દે છે, અને પછી ત્યાગના અભ્યાસના યોગથી કોઇ માગવા આવે તો તેને પોતાનું માંસ પણ આપે છે.[૩૩] જેમ ઘોડા વગેરે દોડનારા પ્રાણીઓને ગાયનું પગલું (તેના જેટલી જમીન) ઠેકી જવાનું બહુ હલકું લાગે, તેવી રીતે વિવેકને અનુસરવાથી ક્રમે કરી પરમાત્મામાંજ વિલીન ચિત્તવાળા વિવેકી પુરુષોનું અજ્ઞાન પણ ધીરે ધીરે હલકું થઇ જઈ ક્રમે કરી ક્ષયને પ્રાપ્ત થઇ જાય છે.[૩૪] પ્રથમ તો વિવેકી મુમુક્ષુપુરુષે પરદ્રવ્ય લઇ લેવાની ક્રિયાથી વિરામ પામવાનો યત્નવડે અભ્યાસ કરવો અને પછી વિવેકવડે પોતાના સ્વાર્થમાં પણ અનાસક્ત રહેવાની ટેવ પાડવી.[૩૫] ઉપર પ્રમાણે કર્યા પછી ક્રમે કરી કુશળતાવાળા વિવેકી પુરુષો ભોગોનો ત્યાગ કરી દેવાની સાથે સ્વાર્થનો પણ ત્યાગ કરી દે છે, કે જેવડે પરમ ઉત્તમ પદમાં વિશ્રામ મળે છે.[૩૬] જીવતાંસુધી દ્રવ્ય ભેગું કરવામાં જેવું દુઃખ રહેલ છે તેવું દુઃખ, આ જગતમાં અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરોડો નરકોમાં પણ નથી.[૩૭] બેસવામાં, સૂવામાં, ઉઠવામાં, જવામાં, રમવામાં અને જનસમુદાયમાં અર્થનું ઉપાર્જન કરનારા પુરુષને જે કાંઇ દુઃખ થાય છે, અને જે કાંઇ ચિંતા થાય છે તેને નિરંતર આધિ અને ચિંતામાંજ નિમગ્ન રહેનારા એ મૂઢ પુરુષોજ ભલે જાણે.[૩૮] દ્રવ્યને ભેગું કરવું, રક્ષણ કરવું અને વ્યય થવો ઇત્યાદિકમાં તથા રાજા અને ચોર સંબંધીની ભીતિ ઇત્યાદિમાં અનેક દુઃખોનેલીધે દ્રવ્ય અનેક અનર્થોવડે વ્યાપ્ત છે. સંપત્તિઓ પણ નિરંતર આપત્તિઓવડે વીંટાએલી છે, અને ભોગો એ સંસારના મહા રોગો જેવા છે. એ બધા વસ્તુતાએ અનર્થરૂપ છતાં મોહનેલીધે મનુષ્યો તેને અર્થરૂપે સમજે છે, બાકી વિવેકવડે જોતાં તો સર્વ નિઃસાર છે.[૩૯] જ્યાંસુધી ચિંતા અને વિષયાનુરાગવડે પોતાનું દુષ્ટ પ્રયોજન સિદ્ધ કરવામાટે મનુષ્ય દ્રવ્યરૂપી મહાન અનર્થને નથી ઇચ્છતો ત્યાંસુધી ત્રણ પ્રકારના તાપોવડે થનારા શોષને તે પ્રાપ્ત થતો નથી.[૪૦] ઘણા લાંબા કાળસુધીના (અનંત) સર્વોત્તમ મોક્ષસુખને જે ઇચ્છતો હોય તેણે ધનને જગતરૂપી તૃણની એક શિખા જેવું—અતિ તુચ્છ સમજવું, અને તૃષ્ણાને છોડી દઇ શાંત થઇ રહેવું.[૪૧] ધન, ચિંતા, શોક, મોહ આદિ ભાવવિકારોના, જરાના, મરણના, દુષ્કર્મના, દીનતાના, દુષ્ટતાના, અને પરિતાપોના સમૂહરૂપ છે, એમ વિવેકીઓ કહે છે.[૪૨] આ જગતમાં જરા અને મરણવડે વીંટાએલાં મનુષ્યોને અજરામર કરવાનેમાટે સંતોષ એજ પરમ રસાયનરૂપ છે.[૪૩] એક બાજુ વસંતઋતુ, નંદનવન, ચંદ્રમા અને અપ્સરા, એ સર્વને રાખીએ તથા બીજી બાજુ માત્ર એક સંતોષરૂપી અમૃતને રાખીએ તો એ બન્ને સમાન સુખને આપનારાં કહેવાય છે.[૪૪] જેમ વર્ષાઋતુવડે તળાવ પૂર્ણ ભરાઇ જાય તેમ સંતોષવડે અંતઃકરણ પૂર્ણ થઇરહે છે.વૃક્ષ જેમ વસંતઋતુવડે પ્રફુલ્લ થઇ જાય તેમ સુશીલ વિવેકી પુરુષ પણ સંતોષવડે પ્રફુલ્લ થઈ જઇ ગંભીર, શીતળ, મનોહર, કાંતિમાન થઇ સારી રીતે પુષ્પિત થઇ રહેલાં વનની પેઠે બહુજ શોભે છે.[૪૫-૪૬] કૃપણ પ્રકૃતિવાળો અસંતોષી ધનાર્થી પુરુષ, દૈવયોગથી ચાખડીવડે કચરાએલા કીડાની પેઠે બીજાવડે અપમાનને પામતાં છતાં પણ પોતાની લાલચુ ક્રિયા કર્યા કરે છે, અને એક દુઃખમાંથી બીજા દુઃખને પ્રાપ્ત થતો રહે છે.[૪૭] વિકારવાળા આકારને ધારણ કરનારા ધનના લાલચુ પુરુષો ઉછાળા મારતા સમુદ્રની અંદર પડેલા અને ઉછળતા તરંગોવડે વિહ્વલ બની ગયેલા પુરુષોનીપેઠે કદી પણ સ્વસ્થ સ્થિતિને પ્રાપ્ત થતાજ નથી.[૪૮] સંપત્તિઓ અને સ્ત્રીઓ તરંગના જેવી ચંચળ અને ઉપર ઉપરથી રમણીયતાવાળી છે, અને વસ્તુતાએ સર્પની ફણારૂપી છત્રની છાયાના જેવી અત્યંત ભયકારક છે; તેમાં કયો વિવેકી પુરુષ બંધાઇ જઈ ખુશી રહે ?[૪૯] જે મૂઢ પુરુષ ધનનું ઉપાર્જન કરવામાં અને તેની રક્ષા કરવામાં જે પીડા રહેલ છે તેને એક વખત અનુભવવડે જાણતાં છતાં પાછી તેની ઇચ્છા કરે છે તેવા પુરુષપશુનો સ્પર્શ પણ કરવો નહિ.[૫૦] જે વિવેકી પુરુષ ચક્ષુ આદિ ઇંદ્રિયોના બાહ્ય વ્યાપારને અને સંકલ્પવિકલ્પ આદિ માનસિક વ્યાપારને મૂળસહિત એકજ સમયે વૈરાગ્યરૂપી દાતરડાવડે છેદી નાખે છે, તેનું હૃદયરૂપી ક્ષેત્ર, કે જેની અંદર જ્ઞાનરૂપી બીજનો પ્રાદુર્ભાવ થઇ શકે છે તે નિષ્કલંક શુદ્ધ થઇ જાય છે.[૫૧] અવિવેકી પુરુષોને સત્ય જણાતા આ જગતના વિચિત્ર વિચિત્ર આકારો મિથ્યારૂપે પ્રતીતિમાં આવે છે, એમ જાણતાં છતાં પણ વિવેકી પુરુષ પોતે જ્ઞાનની પરિપક્વ અવસ્થાને નહિ પામ્યા થકા જગતના વિચિત્ર વ્યવહારોમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

અજ્ઞાનીની પેઠે કેમ જાણે તેને સત્ય સમજતો હોય તેમ વ્યવહાર કરે છે, એ એક જાતનું અનભ્યાસનું ફળ છે.[૫૨] પ્રથમ સંસારસંબંધી વૈરાગ્યદશાને પ્રાપ્ત થઇ પછી તેદ્વારા સત્સંગતિ મેળવી સચ્છાસ્ત્રનો અભ્યાસ કરી અને એ શાસ્ત્રના અર્થની દૃઢભાવનાવડે સર્વ ભોગોનો ત્યાગ કરી વૈરાગ્યની દૃઢતાવડેજ યોગ્ય અધિકારી પોતાના પારમાર્થિક સ્વરૂપને ભૂમિકાના ક્રમપ્રમાણે પ્રાપ્ત થાય છે.[૫]

संसारनिर्वेददशामुपेत्य सत्संगमं शास्त्रमुपेत्य तेन ॥ शास्त्रार्थभावेन निरस्य भोगान्वैतृष्ण्यदार्ढ्यात्परमार्थमेति ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મુમુક્ષુપ્રથમોપક્રમ' એ નામનો સુડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૭

સર્ગ ૪૮ મો.*

વિવેકીની સ્થિતિ અને જ્ઞાનની દૃઢતા.

॥ श्रीवसिष्ठ उवाच ॥

रूढे संसारनिर्वेदे स्थिते साधुसमागमे ॥ शास्त्रार्थे भाविते बुद्ध्या भोगवैतृष्ण्य आगते ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છે:—સંસાર સંબંધી વૈરાગ્ય રૂઢ થઇ જવાથી, હમ્મેશાં સત્સંગતિ રહેવાથી, બુદ્ધિવડે શાસ્ત્રના શુભ અર્થની ભાવના કરવાથી, ભોગોનેવિષે પરમ વૈરાગ્ય આવી જવાથી, વિષયો વિરસ જણાયાથી, સજ્જનતાનો ઉદય થવાથી, પ્રકાશનો અવિર્ભાવ થવાથી અને હૃદયમાં જ્ઞાનનો ઉદય થવાથી વિવેકી પુરુષો અંધકારની પેઠે ધનની ઇચ્છાજ કરતા નથી, અને જે ધન પોતાની પાસે હોય તેનો પણ સૂકાઇ ગયેલાં અપવિત્ર પાંદડાંની પેઠે ત્યાગ કરી દે છે.[૧-૩] જેમ વટેમાર્ગુ પોતાની દૃષ્ટિમાં રસ્તાની અંદર ઉપયોગી જણાતા પાત્ર આદિ ઉપસ્કરોને, ઉપાડવાની અશક્તિનેલીધે છોડી દેવામાટેભારરૂપ સમજે, તેમ વિરક્ત પુરુષ સ્ત્રીવર્ગ, બંધુવર્ગ વગેરેને ભારરૂપ સમજે છે, અને શક્તિને અનુસારે તથા સમયને અનુસારે તેઓનો ઉપચાર પણ કરતા રહે છે.[૪] ઇંદ્રિયો સાથે વારંવાર જોડાઈ જતા ઇંદ્રિયોના વિષયો અને ભોગો પોતાનું ચિત્તજ શાંત હોવાથી વિવેકી પુરુષના અનુભવમાંજ આવતા નથી.[૫] એકાંતસ્થાનો, દિશાઓના અંતો, તળાવો, જંગલો, બગીચાઓ, પવિત્ર પુણ્ય ક્ષેત્રો, પોતાનાં ઘરો, સ્નેહી-સંબંધીવર્ગના ક્રીડાવાળા વિલાસો, સુંદર બાગ—બગીચાઓમાં ગોષ્ઠી કરવી, અને શાસ્ત્રતર્ક વગેરેના વિચારો કરવા, ઇત્યાદિનો દૈવયોગથી સંયોગ બની આવે તોપણ તેમાં કશી આસક્તિજ ન હોવાથી વિવેકી પુરુષનું ચિત્ત ઘણા લાંબા કાળ સુધી તેમાં ચોંટી રહેતું નથી; પરંતુ શમ—દમ—આદિ સાધનસંપન્ન, પોતાના આત્મસુખમાંજ રમણ કરનાર, મન ઇંદ્રિય વગેરેની ચેષ્ટાથી રહિત થઇ રહેલ, અને જ્ઞાનનુંજ સર્વત્ર પરમ ઉત્કૃષ્ટપણું પ્રતિપાદન કરનાર એ વિવેકી પુરુષ કોઇ જ્ઞાતાનેજ શોધ્યા કરે છે. જેમ કોઇ અભ્યાસી તારૂ અભ્યાસના બળથી અતિ ગંભીર જળમાં પણ પ્રવેશ કરી શકે, તેમ એ વિવેકી પુરુષ પણ શાંતિમાં રહી પોતાની મેળેજ પરમપદમાં વિશ્રામ લે છે.[૯] શાંત ચિદાત્માજ બહાર અને અંદર સર્વ દૃશ્યવર્ગને આકારે વિવર્તરૂપે થઇ રહેલ છે, તેથી જુદો બીજો કશો અર્થ સંભવતોજ નથી, એમ નિશ્ચયપૂર્વક અપરોક્ષ અનુભવ થાય એજ પરમપદરૂપ છે.[૧૦] ચિદ્રૂપ આત્માની સત્તાવિના તેનાથી જુદું પદાર્થોનું અસ્તિત્વ નથી, અને સાવ શૂન્ય

* આ અડતાલીશમા સર્ગમાં પરમ વૈરાગ્ય રૂઢ થઇ જતાં વિવેકી પુરુષો જે લક્ષણોવડે સ્થિતિ કરી રહે છે તે, અને જે લક્ષણોવડે જ્ઞાનની દૃઢતાવિષે સ્થિર થઇ રહેવાય છે તે, વિસ્તારથી કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ નથી એ વાત અંદર અપરોક્ષ રીતે અનુભવમાં આવવી એજ પરમપદરૂપ છે; એમ પંડિતો કહે છે.[૧૧] સર્વ પદાર્થમાત્ર એક અદ્વિતીય ચેતનતત્ત્વમાંજ પરિણામે એકરસરૂપે રહેલા હોવાથી સાવ શૂન્યતા પણ નથી, પદાર્થો પણ નથી, અને જ્ઞેયવસ્તુનો અભાવ હોવાથી ચિન્મય તત્ત્વથી જુદું જ્ઞાન પણ છે નહિ, એમ સમજાઇ જાય એજ પરમપદરૂપ છે; એમ તમે સમજો.[૧૨] જેમ પાષાણની અંદર પાણી કશી અસર કરી શકતું નથી તેમ પોતાના આત્મસ્વરૂપમાંજ કેવળ વિશ્રામને પ્રાપ્ત થયેલા અમનસ્ક* સત્પુરુષોના ચિત્તને પણ વિષયો કશી અસર કરી શકતા નથી. અમનસ્ક પાષાણને દૂધ જેમ રુચિ ઉત્પન્ન નથી કરી શકતું, તેમ અમનસ્ક એ મહાશયને પણ વિષયો રુચિ પેદા કરી શકતા નથી. ચિત્તની નિરુદ્ધ§ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયેલો, સંકલ્પવિકલ્પ આદિ મનોવ્યાપારથી રહિત, અને મૌનવડે નિશ્ચેષ્ટ થઇ રહેલ જિતેંદ્રિય વિવેકી પુરુષ કેમ જાણે ચિત્રની અંદર આલેખેલ હોય તેમ પોતાના સ્વરૂપાનુસંધાનમાંજ નિશ્ચલ થઇ રહે છે. અવશ્ય જાણવા યોગ્ય આત્મતત્ત્વ જેણે જાણી લીધેલ છે એવા વિવેકી પુરુષનું હૃદય સર્વ પદાર્થોની સત્તાથી રહિત છતાં સર્વ પદાર્થોરૂપ થઇ રહેલ હોય છે. અનંત પરબ્રહ્મરૂપ થઇ જવાનેલીધે અતિ વિશાળ હોય છે, તથાપિ બ્રહ્મનાથી જુદું તેનું સ્વરૂપ દુર્લક્ષ્ય હોવાથી એક પરમાણુ જેવું જણાય છે, અને શૂન્ય ન છતાં શૂન્યના જેવું તે હોય છે.[૧૩-૧૫] અધિષ્ઠાન ચૈતન્યજ સર્વનું આદિકારણ અને મુખ્ય અધિષ્ઠાન હોવાથી અધિષ્ઠાનદૃષ્ટિએ જોતાં અહંકાર જગત—વાસના આદિ અને દિશા-કાળપરિમાણ આદિ અધિષ્ઠાનરૂપે સદાકાળ રહેલ છે, એમ વિવેકીને જણાય છે; અને અધ્યારોપ દૃષ્ટિએ જોતાં તો અહંકાર-જગત આદિનું રૂપ પ્રથમથીજ શૂન્ય હોવાથી તે વસ્તુતાએ છેજ નહિ.[૧૬] જેમ નિર્મળ પાત્રમાં રહેલો દીવો અંધકારને દૂર કરી દે તેમ નિર્મળ પરમપદમાં રહેલો વિવેકી પુરુષ હૃદયમાં રહેલા અજ્ઞાનને અને બહાર રાગ—દ્વેષ—ભય આદિને દૂર કરી દે છે.[૧૭] સર્વ અંશે રજોગુણથી રહિત, સત્વગુણને લીધે અથવા પોતાના પ્રભાવથી અજ્ઞાન અને અંધકારરૂપી સમુદ્રના પારને પહોંચી ગએલ અને તમોગુણનું રૂપ અથવા અંધકાર જેમાં જરા પણ સંભવતોજ નથી એવા મહાત્માપુરુષરૂપી સૂર્યને સદા પ્રણામ કરતા રહેવું.[૧૮] ભેદબુદ્ધિનો લય થઇ જવાથી અને ચિત્ત અદૃશ્યપણાને પ્રાપ્ત થઇ ગયાથી જ્ઞાનનિષ્ઠ પુરુષની જે કાંઇ અપૂર્વ સ્થિતિ હોય છે તે વાણીવડે વર્ણવી શકાય તેવી નથી.[૧૯] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! અહર્નિશ ઘણા લાંબા કાળસુધી પરમ ભક્તિવડે પ્રસન્ન કરાએલા પરમેશ્વર આ પરમ દુર્લભ મોક્ષપદને આપે છે.[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે તત્ત્વવેતાઓમાં શ્રેષ્ઠ મુનિશ્વર! ઈશ્વર કોણ છે? તેને શી રીતની ભક્તિવડે પ્રસન્ન કરાય છે? એ આપ મને (કૃપા કરી) યથાર્થ કહી બતાવો.[૨૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! ઈશ્વર કાંઇ દૂર પણ નથી, અને કાંઇ બહુ દુર્લભ પણ નથી. મહાબોધમય એક ચિદ્રૂપને ધારણ કરી રહેલો પોતાનો આ[illegible]ણ[illegible]રૂપ છે.[૨૨] આ સર્વ એ ચિદ્રૂપ

* અમનસ્ક=મનવિનાનો—રાગ, દ્વેષ, હર્ષ, શોક આદિ ચિત્તના ધર્મોથી રહિત થઇ રહેલો.

§ યોગશાસ્ત્રમાં ચિત્તની પાંચ ભૂમિકાઓ [અવસ્થાઓ] બતાવી છે. જેમકે, ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ. આમાં સર્વ વૃત્તિઓના નિરુદ્ધવાળી છેલ્લી અવસ્થા નિરુદ્ધપદવડે કહેવામાં આવે છે. આવિષે સવિસ્તર જોવું હોય તો યોગશાસ્ત્રમાં જોઇ લેવું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

આત્માને વાસ્તેજ છે–આ સર્વ તેનાથીજ થએલું છે. એ પોતેજ સર્વરૂપ છે, એજ સર્વત્ર ભરપૂર છે, સર્વની અંદર પણ તેજ રહેલ છે, અને સર્વમય છે. એવી રીતે સર્વદા સર્વના આત્મારૂપ એ ચિન્મયતત્ત્વને નમસ્કાર છે.[૨૩] સર્વના કારણરૂપ એ ચિદાત્મામાંથી વિનાકારણેજ (સ્વાભાવિક રીતે) જેમ પવનમાંથી ગતિ ઉત્પન્ન થાય તેમ આ સર્વ સૃષ્ટિ-પ્રલય આદિ વિકારો ઉત્પન્ન થાય છે.[૨૪] નિરંતર આ સર્વ સ્થાવર–જંગમ પ્રાણીઓની જાતિ યથેચ્છ પૂજનસામગ્રી અર્પણ કરી તેનીજ પૂજા કરતી રહે છે.[૨૫] જ્યારે ઘણાં વર્ષોપર્યંત પોતાની મરજીપ્રમાણે ઇચ્છાવડે તેની પૂજા કરવામાં આવે ત્યારે તે પ્રસન્ન થાય છે.[૨૬] પવિત્ર કર્મોવડે પ્રસન્ન થયેલા એ સર્વ દેવોના અધિદેવ મહેશ્વર કે જે પોતાના આત્મારૂપ છે તે જ્ઞાન ઉત્પન્ન કરવામાટે પોતાની મેળેજ એક પવિત્ર દૂતને મોકલે છે.[૨૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–હે મહારાજ ! પરમેશ્વર કે જે પોતાના આત્મારૂપ છે તે કયા દૂતને મોકલે છે, અને તે દૂત આવીને શી રીતે બોધ કરે છે ? તે આપ મને કહો.[૨૮]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–પોતાના આત્મારૂપ પરમેશ્વરે મોકલેલો વિવેક નામનો દૂત કે જે પરમ આનંદરૂપ છે, તે વિવેકી પુરુષની હૃદયરૂપી ગુફામાં આવી, ચંદ્રમા જેમ આકાશમાં રહે તેમ જ્ઞાન થતાં સુધી તેમાં સ્થિર થઇ રહે છે.[૨૯] એ વિવેકરૂપી દૂત વાસનારૂપે રહેલા પુરુષને બોધ કરે છે, અને ક્રમે કરી અવિવેકી પુરુષને આ સંસારરૂપ સાગરમાંથી તારી દે છે.[૩૦] સર્વથી ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ આ અંતરાત્માજ પરમેશ્વરરૂપ છે, અને પ્રણવ તેનો વાચક (નામ) છે, કે જે વિષે વેદ સંમતિ આપે છે.[૩૧] એ પરમાત્માને મનુષ્યો, નાગ, દેવતાઓ અને દૈત્યો જપ, હોમ, તપ, દાન, અને ક્રિયાઓના ક્રમથી પ્રસન્ન કરે છે.[૩૨] સ્વર્ગલોક એ પરમાત્માના મસ્તકરૂપ છે, પૃથ્વી ચરણરૂપ છે, તારાઓ રૂવાડાંઓની પંક્તિઓરૂપ છે, પ્રાણીઓ અસ્થિરૂપ છે, અને આકાશ હૃદયરૂપ છે.[૩૩] એ પરમાત્મા ચિદ્રૂપ હોવાથી સર્વ ઠેકાણે ગતિ કરી શકે છે. સર્વત્ર તે જાગ્રતજ છે, અને સર્વને દેખે છે, તથા તેને લીધે ચારેકોર (જ્ઞાનચક્ષુવડે) લક્ષ્યમાં આવતા અનંત હાથ, કાન, નેત્ર અને ચરણને તે ધારણ કરી રહેલ છે.[૩૪] એ પરમાત્મા પ્રસન્ન થવાથી વિવેકરૂપી દૂતને મોકલી તેદ્વારા ચિત્તરૂપી પિશાચનો સંહાર કરી જીવને પોતાના કાંઇક અનિર્વચનીય વિશાળ પરમપદમાં (સ્વરૂપ સ્થિતિમાં) વિશ્રાંત કરી દે છે.[૩૫] સર્વ વિકલ્પોના સમૂહનો ત્યાગ કરી વિકારો કે જે અનેક અનર્થોને એકઠા થવાના આધારરૂપ છે, તેને પણ છોડી દઇ પોતાના પુરુષાર્થવડે તમે પોતેજ પરમાત્માને પ્રસન્ન કરો.[૩૬] ચારેકોર ભમ્યા કરતા મનરૂપી પિશાચવડે ભયંકર અને છ ઉર્મિઓરૂપી મેઘાડંબરવડે આકુળતાવાળા આ સંસારરૂપી રાત્રિના અજ્ઞાનરૂપ અંધકારમાં પોતાનો આત્માજ પૂર્ણ ચંદ્રમારૂપ છે.[૩૭] અગાધ એવી મરણરૂપી ચકરીઓવડે અને છ ઊર્મિઓરૂપી મોટા તરંગોવડે અંદર ઉછાળા મારતા, તૃષ્ણારૂપી તરંગવડે ચપળતાવાળા, પોતાના મનરૂપી પ્રચંડ વાયુએ ઉછાળેલા, મોટા સ્થાવર-જંગમ પ્રાણીઓના આત્માઓરૂપી જળકણોના આધારરૂપ, અને ઇંદ્રિયોના સમૂહરૂપી ઝુંડોવડે ગહનતાવાળા આ સંસારરૂપી વિષમ સમુદ્રની અંદર વિવેક એક મોટા વહાણરૂપ છે.[૩૮,૩૯] પ્રથમ પોતાના મનના માનવા પ્રમાણે પૂજનસામગ્રીવડે પૂજા કરાયાથી સારી પેઠે પ્રસન્ન થએલો પરમાત્મા વિવેકરૂપી એક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પવિત્ર દૂતને મોકલી, સત્સંગતિ, સચ્છાસ્ત્ર અને પરમાર્થરૂપ ઉત્તમ જ્ઞાનવડે જીવને નિર્મળ અને સર્વના આદિરૂપ એક પરમપદમાં પહોંચાડી દે છે.[૪૦]

पूर्वं यथाभिमतपूजनसुप्रसन्नो दत्वाविवेकमिह पावनदूतमात्मा ॥ जीवं पदं नयति निर्मलमेकमाद्यं सत्संगशास्त्रपरमार्थपरावबोधैः ॥४०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિવેકમાહાત્મ્ય' એ નામનો અડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૮

સર્ગ ૪૯ મો.*

વિવેકીની મહત્તા અને તેની દૃષ્ટિમાં જગતની સ્થિતિ.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

परिपुष्टविवेकानां वासनामलमुज्झतां ॥ महत्ता महतामंतः काप्यपूर्वैव जायते ॥ १ ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—સારી રીતે પોષણ મળવાથી પુષ્ટ થઇ ગએલા વિવેકને ધારણ કરનારા અને વાસનારૂપી મેલને છોડી દેનારા મહાત્મા પુરુષોની અંદર કાંઈક અપૂર્વ—લોકોત્તર મહત્તા હોય છે.[૧] ઉદારતાના ઉત્તમ અવધિરૂપ અને ગંભીરતાવડે સુંદરતાવાળી મહાપુરુષોની બુદ્ધિને લોભાવવાને કે માપવાને આ ચૌદ લોકો પણ સમર્થ થતા નથી.[૨] જગત એક જાતની ચિત્તની ભ્રાંતિરૂપ છે, એવો સત્પુરુષોના ચિત્તમાં દૃઢ નિશ્ચય રૂઢ થઇ જાય, એટલે બહાર શબ્દ આદિ વિષયો તરફ જનારો અને અંદર સંકલ્પ-વિકલ્પ આદિરૂપે ક્રિયા કરનારો, ઝુડના જેવો મન તથા ઇંદ્રિયોનો સમુદાય, અજ્ઞાન, વાસના, કામ અને કર્મ, એ વગેરે સર્વ શમી જાય છે.[૩] ભ્રાંતિવડે દેખાતા બે ચંદ્રમાની પેઠે, ઝાંઝવાના જળની પેઠે અને આકાશમાં તિમિર રોગવાળાને દેખાતા કેશ મશક આદિના જેવા અનેક આકારોની પેઠે આ જગતની ભ્રાંતિ સાવ મિથ્યા છતાં સ્ફુર્યા કરે છે, એમ તત્ત્વજ્ઞાનવડે નિશ્ચય થતાં, વાસના થવાનું કારણજ ક્યાંથી રહે?[૪] વાસનાનો હેતુ મિથ્યા ઠરતાં છેવટ શૂન્ય ચિદાકાશજ અવશેષ રહે છે, અને મનનો ક્ષય થતાં (સપ્તમ ભૂમિકામાં) થનારી વાસના વિનાની, અમનસ્ક અવસ્થા વિવેકી પુરુષે શા માટે છોડી દેવી જોઇએ?[૫] જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, આ ત્રણે અવસ્થા જગતમાં પ્રસિદ્ધ છે. એ ત્રણે અવસ્થા વિનાની, ચોથી (તુરીય) અવસ્થા સર્વથી ઉત્કૃષ્ટ છે, કે જેની અંદર દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય ઇત્યાદિ વ્યવહારનું મૂલજ ન હોવાનેલીધે એ અવસ્થાવાળાને કશું દેખાતુંજ નથી. લોકદૃષ્ટિમાં તુરીયસ્થ મહાત્માની દેહસ્થિતિના હેતુરૂપ પ્રારબ્ધ શેષ હોવાનેલીધે કેમ જાણે એ સર્વ વ્યવહાર તેનામાં રહ્યો હોય એમ દેખાય છે, બાકી એ મહાત્માના મનથી તો એ કશું છેજ નહિ, કિંતુ સર્વ કેવળ પરમપદરૂપ છે, એમ કહી શકાય છે.[૬] સમાધિનિષ્ઠ મહાશય પુરુષોને વ્યુત્થાનકાળમાં પણ આ નાનાપ્રકારે દેખવામાં આવતું જગત આત્મારૂપે દેખાતું નથી, તેમ સ્થૂલ આકારવાળું પણ દેખાતું નથી, તેમ પૃથ્વી આદિવડે યુક્ત પણ જણાતું નથી, કિંતુ રત્નના કિરણના વિચિત્ર પ્રકારના તેજઃપુંજનીપેઠે એ સઘળું પરમાત્માના એક આભાસરૂપે રહેલ છે, એમ ભાસે છે.[૭] જગત કેવળ દેખાવામાત્રજ છે, બાકી વસ્તુતાએ તે શૂન્યરૂપેજ રહ્યું છે. આકાશમાં અનેક મણિઓના વિચિત્ર કિરણોના તેજઃપુંજની પેઠે તે ચિદાકાશની અંદર આભારૂપે ભાસતું થઇ રહ્યું છે.[૮]

* આ ઓગણપચાશમા સર્ગમાં દૃઢ વિવેકવાળા પુરુષોની મહત્તાનું અને તેઓની દૃષ્ટિમાં જેવું આ જગત ભાસે છે તે વિષેનું સ્ફુટ રીતે વર્ણન આપવામાં આવ્યું છે.

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by eGangotri

અહીં સર્વ પ્રાણીઓ વસ્તુતાએ સત્યપણે રહેલા છે એમ પણ નથી, જગત સત્ય છે એમ પણ નથી, તેમ સાવ શૂન્યતા છે એમ પણ નથી, કિંતુ આ સર્વ બ્રહ્મરૂપી એક ઉત્તમ રત્નના કાંતિ-સમૂહને રૂપે પ્રકાશી રહ્યું છે.[૯] પરબ્રહ્મની અંદર નાનાપ્રકારના ભેદોની કલ્પના મુદ્દલ છેજ નહિ, તેને લીધે સૃષ્ટિઓ છેજ નહિ; અને નાશનું પણ અસ્તિત્વ નથી, તેનેલીધે પ્રલયો પણ નથી; માત્ર આકાર વિનાનો કલ્પનાઓ-રૂપી સૂર્યના કિરણોનો સમૂહજ ઘટ્ટ થઇ આ સર્વને આકારે ભાસ્યા કરે છે.[૧૦] એવી રીતે કલ્પનાઓનો સમૂહજ ઘટ્ટ થઇ જઇ આ સર્વને-આકારે મૂર્ત્તમાન ખડો થઇ રહ્યો છે, બાકી વસ્તુતાએ જોતાં શૂન્યતાવિના બીજું કશું તેનું રૂપ નથી, કેમકે સંકલ્પવડે ખડાં થઈ ગયેલાં મનોરાજ્ય આદિમાં આકાશની પેઠે શૂન્યતાજ અનુભવમાં આવે છે.[૧૧] શૂન્યતા પોતેજ અવસ્તુરૂપ છે તો પછી તેમાં અહંતા-મમતા કે રાગદ્વેષ આદિ ભાવની કલ્પના તો ક્યાંથીજ સંભવે ? હવે પછી ભવિષ્યકાળમાં થનારા આકાશવૃક્ષમાં કયા પક્ષીને વિશ્રામ મળ્યો છે ? કોઇને નહિ.[૧૨] જરાયુજ આદિ ચાર પ્રકારનાં પ્રાણીઓનો અને પૃથ્વી આદિ મહાભૂતોનો પિંડીભાવ (મૂર્તિમાન આકાર) પણ નથી, તેમ સાવ શૂન્યતા પણ નથી, અને તેનેલીધે મન કે જે સંકલ્પ-વિકલ્પના આધારરૂપ છે, તે પણ નથી; કિંતુ તાત્વિક દૃષ્ટિએ જોતાં કેવળ સત્ય ચિન્માત્ર તત્ત્વજ અવશેષ રહે છે કે જેનો નિષેધ કરી શકાતો નથી.[૧૩] વિવેકી પુરુષ, જેમ સુવર્ણના પિંડની અંદર અનેક નાના પ્રકારના આકારો રહેલા છે તેમ પોતાના સ્વરૂપભૂત ચૈતન્યની અંદર આ સર્વ વિવર્તભાવે નાનારૂપે રહેલ છે, બાકી વસ્તુતાએ તે નાનાપ્રકારના ભેદથી રહિત તથા સર્વત્ર સમાનરૂપે રહેલુંજ છે, એમ સમજે છે.[૧૪] જેવી વસ્તુગતિ છે તે પ્રમાણે પોતાના ચિન્મય સ્વરૂપમાં સ્થિતિ કરી રહેલા જ્ઞાનવાન પુરુષને તત્ત્વજ્ઞાન હોવાનેલીધે અહંકાર સહિત જગત અને ચિત્ત એ સર્વનો લય થઇ જાય છે; અને તેનું પોતાનું સ્વરૂપ કે જે ચિદ્રૂપ છે તેનું જડપણું તો કહી શકાતું નથી, તેનેલીધે છેવટ સદ્રૂપ પોતાના સ્વરૂપભૂત ચૈતન્યજ શેષ રહે છે.[૧૫] ઉચ્ચ અને નીચ વિષયોમાં રચી પચી રહેવાથી બુદ્ધિ કેવળ ક્લેશને પ્રાપ્ત થાય છે, પરંતુ વારંવાર અભ્યાસ કરાએલી હલકી સહજ યુક્તિથીજ માત્ર સત્ય વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.[૧૬] જે વિવેકી પુરુષે જગતના અવયવરૂપ ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળની સર્વ વસ્તુઓના જન્મવિષે વિચાર કરી, 'वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेव सत्यं' એ શ્રુતિમાં બતાવેલી રીતિવડે, આ સર્વ વિરાટ્રૂપી સ્થૂલ પ્રપંચથી અને સૂત્રાત્મારૂપી સૂક્ષ્મ પ્રપંચથી રહિત અવશિષ્ટ ચિદ્રૂપેજ રહેલ છે, એમ જાણી લીધેલ હોય તે ખરેખર તત્ત્વજ્ઞ છે, એમ કહી શકાય છે. દ્વૈતભાવથી રહિત થઈ ગયેલા એ શાંત તત્ત્વવેત્તાની દૃષ્ટિમાં આ જગત છેજ નહિ.[૧૭,૧૮] જેમ સત્પુરુષને સત્પુરુષની કથા બરાબર અનુભવમાં બેશી જાય તેમ પ્રથમ કહેલા સર્વ ઉપદેશો જ્ઞાનવાન પુરુષના અનુભવમાં બરાબર નિઃશેષ રીતે બેસી જાય છે.[૧૮] જરાયુજ આદિ ચાર પ્રકારનાં પ્રાણિઓનું અને પૃથ્વી આદિ મહાભૂતોનું (તેઓનો વિભાગ થતો પ્રત્યક્ષ જોવામાં આવવાથી) ઘટ્ટપણું પણ વાસ્તવ નથી, તેમ પ્રત્યક્ષ આદિ પ્રમાણવડે વિરોધ આવવાથી અસંભવ હોવાનેલીધે સાવ શૂન્યતા પણ નથી, અને એ બન્ને સ્થિતિનો અભાવ સિદ્ધ થતાં સર્વ વિકલ્પમાત્ર શાંત થઇ જવાથી તેને આધારે સ્થિતિ રાખનાર મન

CC-0. Surukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

છે તે ચિન્મય તત્ત્વ છે, તેજ સત્ય છે, અને તેજ તમારૂં પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે.[૨૦] અંદર ચિદ્રૂપ રહેલા અંતરાત્માનું બહિર્મુખપણું થતાં તેજ આ સંસારને રૂપે ભાસે છે. એ બહિર્મુખપણાનો ઉદય થાય તો તે અનેક અનર્થોને ઉત્પન્ન કરનારો છે, અને તેનો ઉદય ન થતાં સ્વસ્વરૂપમાંજ સ્થિતિ રહે તો તે પરમ કલ્યાણકારક છે.[૨૧] જળ જેમ જડપણાનેલીધે પોતાની મેળેજ કરારૂપ બની જાય, તેમ અંતરાત્મા સંકલ્પનું સ્ફુરણ થતાંતે પોતાની મેળેજ બાહ્યપણાને પ્રાપ્ત થાય છે, અને દેહાદિ મૂર્ત્તિમાન પદાર્થને આકારે થઇ જાય છે.[૨૨] જેમ સ્વપ્નના પદાર્થો મનોમય છતાં મૂર્ત્તિમાન જોવામાં આવે છે, તેમ ચિદાત્મા પોતેજ પોતાના સ્વરૂપના અજ્ઞાનનેલીધે બાહ્ય મૂર્ત્તિમાન પદાર્થોને આકારે જોવામાં આવે છે, અને ચિત્ત તેનું ગ્રાહક તરીકે રહી સ્થૂલદેહને ખડો કરી દે છે.[૨૩] આ સર્વ (વિવર્તવાળી) અવસ્થાઓમાં પણ ચિદાત્માના શુદ્ધ સ્વરૂપમાં કશો પણ અન્યથા ભાવ (વિકાર) થતો નથી; કેવળ શબ્દની કલ્પનાવડેજ તેનો ભેદ કલ્પવામાં આવે છે.[૨૪] સ્વપ્ન એ એક જાતનો માનસિક વિકાર હોવાથી બહાર અને અંદર મનજ સ્વપ્નસંબંધી પદાર્થોને આકારે જોવામાં આવતાં, એ મન વિકારવાળું ભાસે છે, તેવી રીતે બોધવાન પુરુષને પોતાનો આત્માજ બહાર અને અંદર સર્વ પદાર્થોને આકારે થઇ રહેલો ભાસેછે, છતાં (સર્વ તેના વિવર્તરૂપે જણાયાથી) તેની અંદર વિકારનો ભાસ થતો નથી.[૨૫] ચિદાત્મા પોતે આકાશના જેવો અસંગ, નિર્વિકાર અને સર્વના અધિષ્ઠાનરૂપ છે. જેવી રીતે કાળ આકાશ આદિ સર્વના કારણરૂપ છે છતાં અવિકૃત છે, તેમ ચિદાત્માનું સ્વરૂપ પણ અવિકૃતજ છે. મન જેમ સ્વપ્નને આકારે પરિણામ પામી જઈ સ્વપ્નના પદાર્થોરૂપે જોવામાં આવે છે, તેમ જોકે સર્વ પદાર્થોનું તત્ત્વ તો ચિદાકાશજ છે, તોપણ તે પદાર્થોને આકારે પરિણામ પામતું નથી. બહારના જડ પદાર્થોજ ચિદાત્માની સત્તાથી અંદર ચિદાકારરૂપે પરિણામ પામી જઈ જોવામાં આવે છે, એમ પણ કહી શકાતું નથી, કેમ કે જડપદાર્થ ચેતનથી અત્યંત વિસદૃશ* છે, તેથી કોઇ દિવસ તે ચેતનતાને પ્રાપ્ત થઈ શકતા નથી.[૨૬,૨૭] ચિદાત્મા વસ્તુતાએ દૃશ્યપણાને પ્રાપ્ત થતોજ નથી અને કદાચિત્ વિવર્તભાવથી દૃશ્યરૂપે જોવામાં આવે તો પણ તે સદાકાળ પોતાના અવિકૃત સ્વરૂપમાંજ રહેલ છે; તેનો જરા પણ અન્યભાવ થતો નથી.[૨૮] ચિત્તવૃત્તિમાં અત્યંત શુદ્ધ કેવળ ચિદાકાર પરિણામનો ઉદય થતાં જડચેતનના નામરૂપનું શ્રવણ પણ અસ્તપ્રાય જેવુંજ થઇ જશે.[૨૯] ચિત્ત કે જે વાસનાને આધારે ટકી રહેનારા લિંગદેહરૂપ છે, તે પોતાની દૃઢભાવનાનેલીધે આ દૃશ્ય દેહ આદિ સ્થૂલ પ્રપંચરૂપે જોવામાં આવે છે.[૩૦] જેમ નટલોકો પિશાચનો વેષ ભજવવામાટે પોતાનામાં પિશાચભાવ કલ્પી લે તેમ ચિત્ત કે જે વાસનાનેયોગે લિંગદેહરૂપ કહેવાય છે, અને વસ્તુતાએ તો આકાશના જેવા અસંગ અને નિર્લેપ ચિદાત્મારૂપ છે, તેણે પોતાની અંદર મિથ્યારૂપેજ આ દેહ આદિ દૃશ્યપ્રપંચને કલ્પી લીધેલો છે.[૩૧] જેમ હું ઉન્મત્ત નથી એવું જ્ઞાન થતાં ઉન્મત્તપણું જતું રહે તેમ આ સર્વ ભ્રાંતિ ચિત્તનિગ્રહનો અભ્યાસ કરવાથી ખરૂં જાણવામાં આવતાં તરતજ જતી રહે છે.[૩૨] આ સર્વ ભ્રાંતિરૂપ છે એવું જ્ઞાન થતાં વાસના પોતાની મેળેજ નિવૃત્ત થઇ જાય છે, કેમકે સ્વપ્નને સ્વપ્નસ્વરૂપે જાણ્યા પછી તેના પદાર્થોની સત્યતાવિષેની વાસના કોને

* જેમાં જરાપણ સરખાપણું ન હોય પણ સાવ વિરુદ્ધ હોય તે અત્યંત વિસદૃશ કહેવાય.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહે ? કોઇને નહિ.[૩૩] વાસનાનો ક્ષય થતાં તરતજ સંસાર કે જે જન્મ-મરણના પ્રવાહરૂપ છે તે શમી જાય છે. વાસનાજ એક મોટી જબરજસ્ત યક્ષિણી છે. એ વાસનાનો ક્ષય કરવામાંજ હમ્મેશાં ડાહ્યા પુરુષો લાગ્યા રહે છે.[૩૪] જેમ અભ્યાસવડે ઘણા લાંબા કાળ સુધી ભાવના કરવાથી અજ્ઞાનથી થયેલું ઉન્મત્તપણું સ્થિર થઇ જાય છે, તેમજ પાછું ઘણા લાંબા કાળ સુધી સારી રીતે અભ્યાસ કરવાથી જ્ઞાન થતાં યોગ્ય સમયે એ અજ્ઞાનજન્ય ઉન્મત્તપણું શમી પણ જાય છે.[૩૫] જેવી રીતે સૂક્ષ્મદેહ (ભાવનાના અભ્યાસવડે) સ્થૂલદેહરૂપ બની જાય છે, તેવી રીતે તત્ત્વજ્ઞ પુરુષો પોતાના વાસનામય સૂક્ષ્મદેહને પણ અભ્યાસવડે દૃઢ કરી લીધેલી જ્ઞાનની સ્થિતિવડેજ બ્રહ્મમાંજ માત્ર તેને અહંભાવની વાસના રહે તેવો બનાવી દે છે.[૩૬] એવી રીતે એ ચિત્તરૂપી આતિવાહિક (લિંગ) દેહને બ્રહ્મમાંજ અહંભાવની વાસનાવાળો બનાવી દઇ પછી કૂટસ્થ ચૈતન્યભાવને પ્રાપ્ત કરી દઇ પછી જ્ઞાનના દૃઢ અભ્યાસવડે બ્રહ્મભાવને પ્રાપ્ત કરી દેવો.[૩૭] સર્વ બાહ્ય અને આધ્યાત્મિક ભાવો તરફ રાગ આદિ ઉત્પન્ન કરી આત્માને બહિર્મુખ કરી દેનારો વાસનાઓનો વ્યૂહજ આતિવાહિક (લિંગ) દેહને ઉત્પન્ન કરવામાં મુખ્ય હેતુરૂપ છે. હવે બહાર અને અંદરના સર્વ ભાવોની ઉત્પત્તિવિષેજ પ્રથમ વિચાર કરવા જતાં એ તો (ચિદાત્માની સત્તાવડે સત્તાવાન હોવાથી) આત્મતત્ત્વની પેઠે ચિદ્રૂપજ છે એમ જ્યારે સમજવામાં આવે ત્યારે પછી કોણ કોને કોના તરફ બહિર્મુખ કરે, અને આતિવાહિક દેહ પણ પાયા વગરનો થઇ જતાં શી રીતે રહી શકે ? આ વાત પણ સમજવામાં આવી જાય છે.[૩૮] જો કદાચિત્ તેમ ન સમજી શકાયું તો પછી જેમ ભૂત કાઢવાના મંત્રોમાં કહેલું [illegible] શ્રવણ માત્રથી ભૂતબાધાને નિવૃત્ત કરી દે તેમ પ્રત્યક્ ચૈતન્યનું અને બ્રહ્મચૈતન્યનું ઐક્ય બતાવનારાં મહાવાક્યોના અર્થમાત્રનું શ્રવણ થતાં એ ગ્રંથિ તૂટી જાય છે.[૩૯] જગતમાં સર્વત્ર પ્રસરી રહેલા ચિદાત્માનું એકરૂપપણું સમજી લઈ પછી પ્રત્યક્ ચૈતન્યના (જીવચૈતન્યના) પણ (સપર્યગાચ્છુક્રમકાયમવ્રણં એ શ્રુતિપ્રમાણે) અસંગપણાની અને અદ્વિતીયપણાની ભાવના, જ્યાંસુધી જીવચૈતન્યનું અને બ્રહ્મચૈતન્યનું વૃત્તિદ્વારા અખંડ એકરસપણું થઇ જઇ એ અખંડાકાર વૃત્તિનું પણ અનુસંધાન ન રહે ત્યાંસુધી કર્યા કરવી.[૪૦] બહાર અને અંદર સર્વત્ર ચિત્ત શાંત થઇ જતાં પોતાના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ નજરે પડે છે. એ આકાશના જેવી નિર્મળ અને શીતળ સ્વરૂપસ્થિતિનો આશ્રય રાખી તમે સુખેથી શાંત થઇ રહો.[૪૧] આ જગત ઉપર વિજય મેળવી જ્ઞાનરૂપી (વિશ્વજીત્ નામના) યજ્ઞમાં રહેલો અને ધ્યાનરૂપી યૂપને (યજ્ઞમાં રોપવામાં આવતા એક જાતના સ્તંભને) દૃઢ રીતે રોપનારો જ્ઞાનવાન પુરુષ સર્વત્યાગરૂપી દક્ષિણા આપી સર્વથી ઉત્કૃષ્ટપણે વર્ત્તે છે.[૪૨] ભલે અંગારાઓની વૃષ્ટિ થવા માંડો, પ્રલયનો પ્રચંડ પવન વાવા માંડો અને આકાશ રસાતળમાં ચાલ્યું જાઓ તોપણ જ્ઞાનનિષ્ઠ પુરુષ કશા વિકારને નહિ પામતાં એકસરખી રીતેજ સદાકાળ પોતાના સ્વરૂપમાં સ્થિર થઇ રહે છે.[૪૩] તૃષ્ણાનો ક્ષય થઇ જવાનેલીધે શાંત મનવાળા અને સંપૂર્ણ રીતે નિરુદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઈ ગએલા જ્ઞાનનિષ્ઠ પુરુષની સ્થિતિ વજ્રના જેવી દૃઢ સમાધિ વિના બીજી સંભવતી નથી.[૪૪] બાહ્ય પદાર્થો સંબંધી તૃષ્ણાનો ક્ષય થઇ જતાં વૈરાગ્યનેલીધે જેવું ચિત્ત શાંત રહે છે, તેવું અનેક શાસ્ત્રગ્રંથોવડે કે ઉપદેશવડે, કે તપથી કે ઇંદ્રિયનિગ્રહથી શાંત રહેતું નથી.[૪૫] સર્વ સંપત્તિઓ અત્યંત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by Siddhanta eGangotri Gyaan

આપત્તિઓરૂપ છે,એવી ભાવનાનેલીધે,ચિત્તરૂપી ધાસના ઢગલામાં સર્વત્યાગરૂપી પવને પ્રજ્વલિત કરાએલો, સર્વ પદાર્થોસંબંધી વૈરાગ્યરૂપી અગ્નિ આત્મસાક્ષાત્કારરૂપી જ્વાળાને આકારે જાગ્રત થઈ જતાં, બહાર અને અંદર ફેલાઇ રહેલો મોહ, ભૌતિક સૃષ્ટિરચના અને શબ્દ આદિ વિષયોનું જ્ઞાન એ સર્વ ચિદાત્મારૂપજ છે,અને મણિ જેમ પોતામાં પ્રતિબિંબિત થએલી વસ્તુમાત્રને પોતાની અંદર એકરસરૂપે રહેલી દેખાડે છે, તેમ એ ચિદાત્મા પોતાના અખંડ અદ્વિતીય સ્વભાવવડે પોતાની અંદર સર્વ વસ્તુઓને પ્રકાશી રહ્યો છે, એમ અનુભવ થાય છે.[૪૬,૪૭] જેમ ધૂમાડો આકાશમાં જતાં વાદળાંઓરૂપે થઇ જાય તેમ ચિદાત્માજ નર, નાગ, અસુર, ધર, પર્વત, ગુફાઓ એ વગેરેની દૃષ્ટિવડે વિચિત્રતાને પ્રાપ્ત થઇ રહેલ છે.[૪૮] બ્રહ્માંડરૂપીજડ આધારમાં રહેલી અને પ્રાણશક્તિવડે જીવનવાળી ચિદાત્માના વિવર્તરૂપી સર્વ સૃષ્ટિઓરૂપી નદીઓ ચિદાત્મારૂપી દ્રવપણાને લીધેજ વહ્યા કરે છે.[૪૯] ચિદાકાશરૂપી જળની અંદર વિહાર કરનારી જીવરૂપી જુની માછલી મોહરૂપી જાળવડે બંધાઇ જઇ પોતાની સ્વરૂપસ્થિતિને ભૂલી જાય છે.[૫૦] ચિદાત્માજ પોતાના સ્વરૂપરૂપી વિશાળ આકાશની અંદર મેઘનીપેઠે પ્રસરી જઇ પોતાના સ્વરૂપવડે પૃથ્વી આદિ આકારને ધારણ કરી રહેલા નાનાપ્રકારના પદાર્થોને રૂપે સ્ફુરે છે.[૫૧] સર્વ જીવો વાસનાની વિચિત્રતા વિના બીજા બધા અંશમાં સરખાજ છે, પરંતુ માત્ર વાસનાની વિચિત્રતાનેલીધે સુકલ પાંદડાંનીપેઠે એ જીવો ભટકતા રહી વિચિત્ર સ્વર્ગ–નરક આદિમાં જઈ પડે છે, જડ ઉપાધનેલીધે જડ જેવા બની જાય છે, અને જેમ જાણે પ્રાણવાયુને વિચિત્રપ્રકારની ક્રિયાઓરૂપી સ્વર પેદા કરવાને વાંસળીરૂપ હોય તેવા થઈ રહે છે.[૫૨] પ્રથમ પોતાના પુરુષપ્રયત્નવડે વિવેક-વૈરાગ્ય આદિ સાધનસંપત્તિને અને શ્રવણ મનન આદિને સંપાદન કરી લઇ ધ્યાનમાં વિઘ્ન કરનારી તંદ્રાને આસન–પ્રાણાયામ આદિના અભ્યાસવડે જીતી લઇ સંપ્રજ્ઞાત સમાધિવડે બહિર્દૃષ્ટિરૂપી નિદ્રામાંથી જાગ્રત થઈ નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ થતાં અનાદર કરાએલ સંસારપાશરૂપી દૃઢ પાંજરૂં કે જે પ્રથમ અનાદિ કાળથી સંચિત થયેલી વાસનાઓના સમૂહવડેજ બનેલું છે, તેને તત્ત્વસાક્ષાત્કારવડે તરતજ તોડી નાખી તમારે પૂર્ણ આનંદમય પરબ્રહ્મરૂપજ થઇ રહેવું; પરંતુ અજ્ઞાની પુરુષોની પેઠે સંસારની અંદરજ ભટકતા રહેવું નહિ.[૫૩]

आहृत्य पौरुषबलान्यवजित्य तंद्रामुत्थाय तर्जितसमर्जितवासनौघम् ॥ संसारपाशघनपंजरमंजसैव भंक्त्वाभ्युदेयमतिनाज्ञसमेन भाव्यम् ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્વોપશાંતિ' એ નામનો ઓગણપચાશમો સર્ગ સંપૂર્ણ. ૪૯

સર્ગ ૫૦ મો.§

સાત પ્રકારના જીવો

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

इमे ये जीवसंघाता दृश्यंते दशदिग्गताः ॥ नरनागसुरागेंद्रगंधर्वाद्यभिधानकाः ॥ १ ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–દશ દિશાઓમાં રહેલા આ નર, નાગ, દેવ, પર્વત અથવા વૃક્ષ, અને ગંધર્વ આદિ નામવાળા જે જીવોના સમૂહો જોવામાં આવે છે, તેમાં કેટલાક સ્વમ-

§ આ પચાશમા સર્ગમાં વાસનાની દૃઢતા–શિથિલતા એ આદિ ભેદોની વિચિત્રતાનેલીધે કલ્પાએલા જીવોના સાત પ્રકારના ભેદો બોધ થવામાટે નિરૂપણ કરવામા આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જાગર કહેવાય છે, કેટલાક સંકલ્પજાગર કહેવાય છે, કેટલાક કેવળજાગર કહેવાય છે, કેટલાક ચિરજાગર કહેવાય છે, કેટલાક ઘનજાગર કહેવાય છે, કેટલાક જાગ્રતત્સ્વપ્ન કહેવાય છે, અને કેટલાક ક્ષીણજાગર કહેવાય છે. એ રીતે જીવો સાત પ્રકારના છે.[૧-૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! જેમ સમુદ્ર ક્ષીર આદિ જળના ભેદથી સાત પ્રકારે થઈ રહેલ છે તેમ વાસનાની વિચિત્રતાનેલીધે સાત પ્રકારે થઈ રહેલા એ સર્વ જીવોના ભેદ આપ મને બોધ થવામાટે કહી સંભળાવો.[૪]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—કોઈ એક પુરાતન કલ્પમાં કોઇ એક જગતની અંદર કોઇ એક સ્થળે કોઇ એક દેહોવડે જીવતાં છતાં સુષુપ્તિ અવસ્થામાં રહી સ્વપ્નપ્રપંચને દેખે છે,તેઓનું સ્વપ્નજ (પ્રપંચજ) આ જગત છે એમ તમે સમજો,અને તે જીવો સ્વપ્નજાગર કહેવાય છે.[૫-૬] કોઈ એક જગોએ અને કોઇ એક સમયે સૂતેલા એ પુરુષોને પોતાની મેળેજ જે સ્વપ્ન આવે છે તેજ સ્વપ્નપ્રપંચ, સમાન કર્મ અને સમાન વાસનાને યોગે આપણો વિષય થઇ જાય તો આપણે તેઓના સ્વપ્નનરો છીએ.[૭] એ પુરુષોનો તે સ્વપ્નપ્રપંચ ઘણા લાંબા કાળનેલીધે જાગ્રતપણાને પ્રાપ્ત થઇ ગયેલ છે, તેનેલીધે તેની અંદરના જીવો સ્વપ્નજાગર કહેવામાં આવે છે.[૮] સર્વમાં વ્યાપી રહેલાં શબલબ્રહ્મનું સર્વજ્ઞપણું હોવાથી સર્વ સર્વ ઠેકાણે છે. જેનેલીધે એ સ્વપ્નવાળા પુરુષોના આપણે (તેઓના અંતઃકરણમાં વાસનારૂપે રહેલા હોવાથી તેઓના સ્વપ્નમાં કર્મની સમાનતાને લીધે ઉદ્બુદ્ધ થઇ જતાં) સ્વપ્નનર તરીકે થઇ રહ્યા છીએ.[૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—પ્રથમ જે કલ્પની અંદર આ આપણા જગતરૂપી પ્રપંચને સ્વપ્નરૂપે દેખનારા એ જીવોનો જન્મ થયો હશે તે કલ્પની કલ્પના પણ હમણાં તો ક્ષયને પ્રાપ્ત થઈ ગઇ હશે તો પછી તેઓ એ સ્વપ્નમાંથી જાગ્રત થતાં તેઓની અતીત કલ્પમાં સ્થિતિ કેમ સંભવે ?[૧૦]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પોતાની આ આપણા જગતરૂપી સ્વપ્નની ભ્રાંતિને અંતે દૈવયોગથી જો એ જીવો તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થઈ ગયા હોય તો મોક્ષને પામી જાય છે, અથવા તો એ સ્વપ્નમાંથી જાગી ગયા પછી વળી સંકલ્પવડે બીજા દેહોને ધારણ કરી લે છે, અને પોતે મનથી કલ્પી લીધેલા બીજા જગતના કલ્પને તે દેખે છે, કેમકે કલ્પનાના આભાસરૂપી વિશાળ આકાશનું સાંકડાપણું હોતુંજ નથી.[૧૧,૧૨] સંકલ્પાત્મક જગતરૂપી જુનાં ઊંબરાનાં ફળના કીડાઓના જેવો સ્વપ્નજાગર એ નામનો જીવોનો ભેદ મેં તમને કહ્યો. હવે સંકલ્પજાગર નામના ભેદ વિષે કહું તે તમે સાંભળો.[૧૩] કોઇ એક પુરાતન કલ્પમાં, કોઈ એક જગતમાં, કોઇ એક સ્થળે જે પુરુષો નિદ્રાવિનાના છતાં અંદર (ઐંદવ્યાખ્યાનમાં વર્ણવેલા ઐંદવોનીપેઠે) કેવળ એક સંકલ્પમાંજ પરાયણ થઇ રહ્યા હોય, ધ્યાનનેલીધે (મનોમય શરીરવડે) ગતિ કરવાવાળા હોય, મનોરાજ્યને આધીન રહી તેની પછવાડેજ ચાલનારા હોય, અને સંકલ્પની દૃઢતાને પ્રાપ્ત થઇ જઇ પૂર્વાવસ્થાના અનુસંધાનને ભૂલી ગયેલા હોય તથા સાંકલ્પિક પદાર્થોમાંજ ચિત્તવૃત્તિદ્વારા તદાકાર થઇ જવાથી બહાર શારીરિક ચેષ્ટાઓથી રહિત થઈ રહી ઘણા લાંબા કાળને લીધે એ સંકલ્પમાંજ જેઓને જાગ્રતપણાનું અભિમાન થઇ રહ્યું હોય તેઓ સંકલ્પજાગર કહેવાય છે.[૧૪-૧૬] એ સંકલ્પની શાંતિ થઇ જતાં વળી તે જીવો તેના તે દેહમાં પ્રથમના વ્યવહારનો અથવા તો કોઇ બીજાજ વિલક્ષણ વ્યવહારનો આશ્રય કરે છે;

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને તેની દૃષ્ટિમાં આપણે તેના સંકલ્પ પુરુષરૂપ થઇ રહ્યા છિયે.[૧૭] એ પુરુષોના સંકલ્પરૂપી જીવિતની અંદર પ્રવિષ્ટ થઈ રહેલા અને સંકલ્પમાંજ પાછા લીન થનારા આપણ વગેરે સર્વ લોકો અને જીવો તેઓની દૃષ્ટિમાં સંકલ્પજાગર છીએ; એમ કહી શકાય છે. હવે કેવળજાગર નામના ભેદ વિષે હું કહું તે તમે સાંભળો.[૧૮] સૃષ્ટિ કરવાના સંકલ્પથી વિસ્તરી રહેલા બ્રહ્મમાંથી (પ્રથમ કહેલા દામવ્યાલકટકનીપેઠે) આ કલ્પની અંદર પ્રથમજ અવતરેલા જીવો કેવળજાગર કહેવાય છે કે જેઓ પ્રથમ પોતાની ઉત્પત્તિ થવારૂપી સ્વપ્નથી રહિત છે.[૧૯] એ જીવો ફરીવાર ઉત્તરોત્તર જન્મપરંપરાને પ્રાપ્ત થતા રહે અને પ્રૌઢપણાને પામી જઇ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થામાં ગતિ કરતા રહે તે ચિરજાગર કહેવાય છે,અને પાછા તેના તે જીવો પાપના આવેશને લીધે જડ સ્થાવરભાવને પ્રાપ્ત થઇ જતાં તેઓ જાગ્રતદશામાં અજ્ઞાનવડે ધટ્ટ થઈ રહેલા હોવાથી ઘનજાગર કહેવામાં આવે છે.[૨૦,૨૧] જે પુરુષો શાસ્ત્રવિચાર અને સત્સંગતિવડે અજ્ઞાન–નિદ્રામાંથી જાગ્રત થઈ જઇ જ્ઞાનને પામી જઈ જાગ્રત અવસ્થાને એટલે જાગ્રત અવસ્થામાં દેખાતા દૃશ્ય પ્રપંચને સ્વપ્નના જેવા દેખે છે તેઓ જાગ્રત્સ્વપ્ન કહેવાય છે.[૨૨] જેઓ જ્ઞાનને પ્રાપ્ત થઇ જવાથી પરમપદને પ્રાપ્ત થઇ ગયા હોય, અને તુર્ય (ચોથી સમાધિ નામની) અવસ્થામાં રહેલા હોય તેઓની જાગ્રત આદિ અવસ્થા ક્ષીણ થઈ ગયેલી હોવાથી તેઓ ક્ષીણજાગર કહેવાય છે.[૨૩] સમુદ્રના જેમ ક્ષીરોદ,લવણોદ આદિ ભેદ છે, તેમ જીવોના પણ ઉપર પ્રમાણે સાત ભેદ છે, કે જે મેં તમોને કહેલ છે. આ સર્વ સમજી લઈ તમે પરમકલ્યાણમાં પરાયણ થઇ રહો. હે રામચંદ્રજી! તમે આ જગત પણ કાંઇક બીજી વસ્તુ છે, એવી દ્વૈતભ્રાંતિનો ત્યાગ કરો, કેમકે તમે હવે પરિપૂર્ણ રીતે ચિન્મય પરમતત્ત્વની અંદર એકરસરૂપ થઈ રહ્યા છો, અને તેને લીધેજ દ્વિત્વ, એકત્વ આદિ ભેદવિનાનું, શૂન્યતાથી રહિત અને નિર્ધર્મ કહેવાથી અશૂન્યતારૂપી ધર્મથી પણ રહિત આદ્ય પદ કે જે સર્વના અધિષ્ઠાનરૂપ છે, અને સત્ય ચિદ્રૂપે અવશેષ રહે છે તેજ તમે છો.[૨૫]

भ्रांतिं परित्यज जगद्गणनात्मिकां त्वं बोधैकरूपघनतामलमागतोसि ॥ शून्यत्ववर्जितमशून्यतया च मुक्तं तेन द्वयैक्यकविमुक्तवपुस्त्वमाद्यम् ॥ २५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જીવસપ્તકપ્રકારવર્ણન' એ નામનો પચાશમો સર્ગ સંપૂર્ણ. ૫૦

સર્ગ ૫૧ મો.*

બ્રહ્મદૃષ્ટિ થતાં જગતની સ્થિતિ

॥ શ્રીરામ ઉવાચ ॥

कथं केवलजाग्रत्वमकारणमनर्थकम् ॥
पराद्विकसति ब्रह्मन् गगनादिव पादपः ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! કેવળ જાગ્રત એવા નામનો જે ભેદ આપે કહ્યો તે, આકાશમાંથી વૃક્ષ ઉત્પન્ન થયાની પેઠે પરબ્રહ્મમાંથી વિનાકારણે નિરર્થક શી રીતે ઉત્પન્ન થાય છે?[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી! કારણવિના કશું કાર્ય સંભવતુંજ

* આ એકાવનમા સર્ગમાં બ્રહ્મદૃષ્ટિ થતાં આ જગત ઉત્પન્નજ નથી થયું એમ જણાય છે, આત્મદૃષ્ટિ થતાં તે મૃષારૂપે ભાસે છે, અને જ્ઞાન થતાં જગત નિરવયવ બ્રહ્મરૂપજ દેખાય છે; એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નથી, જેથી કેવળજાગ્રત નામનો કોઈપણ ભેદ (કારણનો અભાવ હોવાથી) અહીં સંભવતો નથી;[૨] અને જ્યારે કેવળ જાગ્રત નામના ભેદનો અસંભવ છે, ત્યારે પછી બીજા પણ સર્વ જીવોના ભેદો કારણના અભાવને લીધે પાયાવગરના થઇ જઇ જીવના અસ્તિત્વ શીખે સંભવતાજ નથી.[૩] વસ્તુતાએ જોતાં તો અહીં કશું ઉત્પન્ન પણ થયું નથી, અને કશાનો નાશ પણ થતો નથી; પરંતુ ઉપદેશ આપવાના અધિકારી પુરુષોને જે વિષયમાં ઉપદેશ આપવાનો છે તે વિષયમાં ઉપદેશ આપવા માટે નામ–રૂપની કલ્પના ખડી કરવામાં આવે છે.[૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–શરીરોને કોણ ઉત્પન્ન કરે છે ? તથા મન-બુદ્ધિ આદિને સ્ફૂર્તિમાન કરી સ્નેહ-રાગ આદિ બંધનોવડે બાંધી દઇ પ્રાણીઓને મોહ કોણ ઉપજાવે છે ?[૫]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–કોઈ દિવસ કોઇ શરીરોને ઉત્પન્ન કરતું જ નથી, અને કોઇ દિવસ કોઇ પ્રાણીઓને મોહ પણ ઉત્પન્ન કરતું નથી;[૬] પરંતુ જળ જેમ પોતાના સ્વરૂપની અંદર તરંગ આદિરૂપે થઇ રહે તેમ અનાદિ અને અનંત ચિદ્રૂપ આત્માજ પોતાના શુદ્ધ સ્વરૂપની અંદર નાના પ્રકારના પદાર્થોને આકારે વિવર્તભાવથી થઇ રહેલ ભાસે છે.[૭] કશી પણ બાહ્ય વસ્તુ વસ્તુતાએ જોતાં છેજ નહિ, ચિદાત્માજ પોતે વિવર્તભાવથી બાહ્ય વસ્તુને આકારે થઇ રહેલો દેખાય છે. જેમ કોઈ બીજમાંથી સુંદર મોટું વૃક્ષ ઉત્પન્ન થાય તેમ આ સર્વ બાહ્ય સૃષ્ટિ અંદર રહેલા ચિદાત્મામાંથીજ ઉત્પન્ન થઈ જઈ તેની અંદર રહ્યા છતાં કેમ જાણે બહાર હોય તેવી દેખાય છે.[૮] હે રામચંદ્રજી ! જેમ કોઇ સુતારે સ્તંભની અંદર કોતરી કાઢી પ્રકટ કરેલી પૂતળી સ્તંભમાં રહેલીજ છે તેમ ચિદાત્માની અંદર આ જગત રહેલજ છે.[૯] ચિદ્રૂપ આત્મતત્ત્વ કે જે દેશ-કાળવડે અનંત છે, અને એક છે, તેની અંદર બહારની અને અંદરની સર્વ સૃષ્ટિ પુષ્પના સુગંધની પેઠે સર્વત્ર પ્રસરી રહી છે;એમ તમે સમજો.[૧૦] વાસનાનો ક્ષય થઈ જાય એટલે આ પોતાનો આત્માજ પરલોકરૂપ છે, એમ સમજો; કેમકે જ્ઞાનને લીધે શાંત થઇ રહેલા વિવેકી પુરુષોના અહીંજ પરલોકરૂપે થઈ રહેલા આત્મામાં પછી શી વાસનાનો ઉદય થાય છે.[૧૧] એ સત્ય પરમપદરૂપ આત્માજ દેશ, કાળ, ક્રિયા, લોક અને ચિત્ત, એ સર્વરૂપ છે. દેશ-કાળ આદિ નામ–રૂપથી તે રહિત છે, છતાં તે સાવ શૂન્ય નથી.[૧૨] હે રામચંદ્રજી ! એ પરમપદની અંદર, દૃશ્યને અવસ્તુરૂપ જાણનારા અને સાક્ષીરૂપે રહી સર્વનો અનુભવ કરનારા તત્વવેત્તા પુરુષોનીજ દૃષ્ટિ પહોંચી શકે છે, બાકી બીજાં ઇતર પ્રાણીઓની દૃષ્ટિ કોઇ દિવસ પણ ત્યાં સુધી પહોંચી શકતી નથી.[૧૩] જેઓ ચપળ અને ગંભીર એવા અહંભાવરૂપી ખાડામાં પડેલા હોય તેવા કોઈપણ પુરુષો એ પ્રકાશમય પરમપદને કોઇ દિવસ જોઇ શકતા નથી.[૧૪] ચૌદ પ્રકારના (ચૌદ લોકમાં રહેલા) અનંત પ્રાણીઓના સમૂહોવડે ઘોંઘાટવાળી આ જગતની દૃષ્ટિ વિવેકી તત્ત્વજ્ઞ પુરુષની નજરમાં પોતાના શરીરના એક અવયવ જેવી લાગે છે.[૧૫] તાત્ત્વિક દૃષ્ટિવડે જોતાં કારણના અભાવનેલીધે આ સૃષ્ટિ ઉત્પન્નજ થયેલ નથી, અને તેનો નાશ પણ થતો નથી. વ્યવહાર દૃષ્ટિવડે જોતાં જેવું કારણ હોય તેવુંજ કાર્ય થાય છે,[૧૬] અને જો કારણની અંદર કાર્ય રહેલજ હોય તો પછી તેનું કારણપણું ક્યાં રહ્યું ? કેમકે પ્રત્યક્ષ પ્રમાણવડે અનુભવમાં આવવાથી એ કારણ કાર્યરૂપજ છે; અને જ્યારે કશાનું ચિત્તમાં સ્ફુરણજ ન થાય ત્યારે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એ બન્ને કાર્ય-કારણ દેખાતાં નથી, તેથી વસ્તુતઃ એ બન્નેની સત્તા અસત્યજ ઠરે છે.[૧૭] જેમ શાંત સમુદ્રની અંદર તરંગ, ચકરીઓ ઇત્યાદિ રહેલાં છે, તેમ બ્રહ્મ કે જેની અંદર કશો વિકાર સંભવતોજ નથી તેમાં જગત, ચિત્ત આદિ વિવર્ત-ભાવથી રહેલ છે.[૧૮] જેમ એક મૃત્તિકાનો પિંડ પોતાની અંદર અનેક પ્રકારનાં મૃત્પાત્રને ધારણ કરી રહેલ હોય અને સુવર્ણ જેમ પોતાની અંદર નાનાપ્રકારના કડાં-કુંડળ આદિ આકારોને ધારણ કરી રહે. તેમ નિર્મળ નિર્વિકાર પરબ્રહ્મજ પોતાની અંદર સર્વને ધારણ કરી રહેલ છે, અને સર્વરૂપ થઇ રહેલ છે.[૧૯] વાસનાઓનો વિસ્તાર કરવામાં અભિનિવેશવાળાં ચિત્તનો નિરોધ ન હોવાને લીધે સ્વપ્નકાળમાં સ્વપ્નપ્રપંચ પણ જાગ્રત જેવો (સત્ય) લાગે છે, અને જાગ્રતકાળમાં સત્ય આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઇ જાય તો જાગ્રત્પ્રપંચ પણ સ્વપ્નતુલ્ય (અસત્ય) જણાય છે.[૨૦] જાગ્રત્પ્રપંચ કેવળ મનોમયજ છે, એમ સમજાઈ જતાં તે ઝાંઝવાના જળ જેવો મિથ્યાજ થઇ રહે છે, અને વિચારવડે નિર્મૂળ થઇ જઇ સ્વપ્નના જેવોજ અનુભવમાં આવે છે.[૨૧] જેમ વર્ષાકાળ જતો રહેતાં વરસાદનાં વાદળાંઓ સ્થૂલ-ભાવને છોડી દે તેમ સારી રીતે જ્ઞાન સુદૃઢ થાય એટલે તે જ્ઞાનનિષ્ઠ પુરુષની દૃષ્ટિમાં પોતાના દેહે સહિત સર્વ પ્રાણીઓ સ્થૂલભાવને છોડી દે છે. (સ્થૂલભાવથી રહિત કેવળ બ્રહ્મરૂપ દેખાય છે.)[૨૨] જેમ ગળી પડવાને આરંભ કરી ચૂકેલો વરસાદ છેવટ સાવ ગળી પડી આકાશ-રૂપ થઈ જાય તેમ સત્ય આત્મતત્ત્વનું જ્ઞાન થતાં અહંકાર સહિત જગત શમી જાય છે.[૨૩] જ્ઞાન થતાં શરદ્ ઋતુનાં વાદળાંની પેઠે ફીકા પડી ગયેલ, નિર્મૂલ થઇ ગયેલ અને ઝાંઝવાના જળની પેઠે સાવ મિથ્યા જણાયેલો દૃશ્યભાવ ફરીવાર તેનું તત્ત્વ શોધવા જતાં ગળી પડી કયાંય જતો રહે છે.[૨૪] જેમ પ્રજ્વલિત અગ્નિમાં નાખેલ સોનું કાષ્ઠ અને ઘી અગ્નિની અંદર ભસ્મરૂપ થઇ જઈ એકતાને પ્રાપ્ત થઈ જાય, તેમ તત્ત્વનું અપરોક્ષ જ્ઞાન થતાં જગત, ચિત્ત વગેરે સર્વ એકતાને પ્રાપ્ત થઇ જાય છે.[૨૫] જેમ કોઈ એક ઘરની અંદર અજ્ઞાનનેલીધે બાળ-કના ચિત્તમાં ખડી થઇ ગયેલી પિશાચની ભ્રાંતિ એ બાળકને ખરૂં સમજાતાં ક્રમે કરી ક્ષીણ થઈ જાય, તેમ જ્ઞાનવડે ખરી સમજણ આવતાં આ ત્રણે લોકના સંબંધમાં જે કાંઈ તેનું સાકાર-પણું જણાય છે, તે ક્રમે કરી ક્ષીણતાને પ્રાપ્ત થઇ જાય છે.[૨૬] ચિદ્રૂપ સાક્ષિચૈતન્ય કે જે અનંત અને નિરાકાર છે તેને પોતાના સ્વરૂપની અંદર વિનાકારણે પોતાની મેળેજ જગત-ચિત્ત આદિની વિવર્તરૂપે પ્રતીતિ થાય છે. તેમાં ક્યાં સાકાર-પણું ઊભું રહે છે?[૨૭] ચિદ્રૂપ સાક્ષિ-ચૈતન્યને પોતાના વાસ્તવસ્વરૂપનું અજ્ઞાન રહેવું એજ કેમ જાણે જગત-ચિત્ત ઇત્યાદિરૂપે પ્રતીતિમાં આવતું હોય તેવું થઇ રહ્યું છે. જ્ઞાન થતાં એ અજ્ઞાન તો અસ્તને પ્રાપ્ત થઇ જાય છે, તો પછી તેમાં સાકારપણાનું અસ્તિત્વ શી રીતે ઘટી શકે?[૨૮] જાગ્રતપ્રપંચ સ્વપ્નના જેવો અસત્ય છે, એમ સમ-જતાં તે પોતાના સ્થૂલભાવને (સાકારપણાને) છોડી દે છે, અને અગ્નિવડે તપાવેલા સુવર્ણની પેઠે તે પરમ કૈવલ્યતાને પ્રાપ્ત થઇ જાય છે.[૨૯] જેમ સુવર્ણ પોતાના સુવર્ણભાવને નહિ છોડતાં કડાં–કુંડલ આદિરૂપ થઇ રહે, તેમ ચિદાત્મા પોતે યથાસ્થિતપણે (પોતાના સ્વરૂપમાં) રહ્યા છતાં દેશ-કાળવિનાજ જાગ્રતપ્રપંચ અને સ્વપ્ન-પ્રપંચને રચી લઇ કેમ જાણે પોતેજ સાકારને પ્રાપ્ત થઈ ગએલ હોય એમ દેખાય છે.[૩૦] એવી રીતે વિચારવડે જાગ્રત્પ્રપંચ સ્વપ્નના જેવો તુચ્છ અને મિથ્યા જણાતાં જેમ શરદ્ ઋતુનો ક્ષય થઇ જતાં જળનો પ્રવાહ હલકો અને શાંત પડી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જાય, તેમ જ્ઞાનને લીધે વિષયભોગસંબંધી રાગ (પ્રેમ) હલકો અને શાંત પડી જાય છે.[૩૧] અતિ તુચ્છપણાને પ્રાપ્ત થઈ ગએલી દૃશ્યસંબંધી શોભા ભલે પોતાની નજર આગળ ખડી રહેલી હોય તોપણ વિવેકી પુરુષને જેમ જાગી ગયા પછી સ્વપ્નનું જ્ઞાન થતાં સ્વપ્નના પદાર્થો તરફ રુચિ નથી થતી તેમ એ દૃશ્ય તરફ રુચિજ થતી નથી.[૩૨] પોતાના આત્માની અંદર વિશ્રાંતિ મળવી એ ક્યાં ? અને આ ક્ષુદ્ર વિષયોમાં લુબ્ધ થઇ રહેવું એ ક્યાં ? જે જ્ઞાનવાન પુરુષોને પણ વિષયોમાં રુચિ થતી સંભવતી હોત તો સુષુપ્તિ અવસ્થાની અને જાગ્રત અવસ્થાની પણ એકતા સંભવત, અને મૂઢ પુરુષ તથા તત્ત્વજ્ઞ પુરુષનું પણ ઐક્ય સંભવત. (મતલબ કે સંભવતુંજ નથી.)[૩૩] આ જગત કેવળ મનોમય છે, ભ્રાંતિરૂપ છે, અને સ્વપ્નના જેવું તેનું સ્વરૂપ સાવ મિથ્યા છે, એવો નિશ્ચય થઈ જતાં પછી આ જગતની અંદર રહેલા માલા, ચંદન, વનિતા આદિ પદાર્થોમાં મનાયેલી સત્યબુદ્ધિ નિવૃત્ત થઇ જાય છે.[૩૪] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! પાસે રહેલા હોવાનેલીધે ભલે નજર આગળ દેખવામાં આવતા હોય તોપણ વિષયો કે જે ઝાંઝવાના જળના જેવા સાવ અસત્ય છે, અને આભાસમાત્ર છે તે કયા વિવેકી પુરુષને રૂચે છે ? અથવા તો તે શી રીતે રુચિને ઉત્પન્ન કરે છે ?[૩૫] જગતમાંથી સત્યપણાની બુદ્ધિ જતી રહેવાથી શાંતબુદ્ધિવાળો વિવેકી પુરુષ એ જગતને બાળીયામાં પડતાં દીવાનાં કિરણોના સમૂહ જેવું પ્રકાશમય અને નિરાકાર ચિદાકાશરૂપજ દેખે છે.[૩૬] જાગ્રતપ્રપંચ કેવળ ચિત્તની ભ્રાંતિરૂપજ છે, અને તે વસ્તુતાએ શૂન્ય છે એમ જ્ઞાનવડે સમજાઇ જાય એટલે પછી તેના માલા, ચંદન, વનિતા આદિ પદાર્થોમાં રુચિ પેદા થવાની ભાવના પણ ભ્રાંતિરૂપ જણાઇ જઇ નિવૃત્ત થઈ જાય છે.[૩૭] જે કાંઈ અવસ્તુરૂપ છે એમ જણાયું તેમાં પછી ઉપાદેય બુદ્ધિ ક્યાંથી રહે ? સ્વપ્નનું જ્ઞાન થયા પછી (જાગ્રત અવસ્થામાં) કયો પુરુષ સ્વપ્નમાં જોએલાં સુવર્ણને લેવાને દોડે છે ? કોઈ નહિ.[૩૮] જેમ સ્વપ્નને સ્વપ્નરૂપ જાણ્યા પછી તે સ્વપ્નમાં દીઠેલા પદાર્થો સંબંધી રાગ નિવૃત્ત થઈ જાય તેમ દૃશ્યનું પણ વાસ્તવસ્વરૂપ જાણવામાં આવી જાય એટલે દૃશ્ય પદાર્થોસંબંધી રાગ (અભિલાષ) નિવૃત્ત થઇ જાય છે; દ્રષ્ટા તથા દૃશ્યસંબંધી દશાનેલીધે ઉત્પન્ન થતા રાગ દ્વેષ આદિ દોષોરૂપી ગ્રંથિ છેદાઇ જાય છે;[૩૯] અને બુદ્ધિ પ્રબોધને પ્રાપ્ત થઇ જવાથી શાંત થઇ રહેલો વિવેકી પુરુષ બંધુ આદિમાં આસક્તિવિનાનો, નિઃસંકલ્પ, અહંકારથી રહિત, વિષયોવિષે નિઃસ્પૃહ કોઇ પણ સાંસારિક બાબતમાં અભિનિવેશ રાખી પ્રયાસ નહિ કરનારો અને કૃતકૃત્ય થઇ રહે છે.[૪૦] જેમ દીવાની શિખા ઓલવાઇ જતાં તેનાં કિરણો પણ ઓલવાઇ જાય છે તેમ વિષયસંબંધી રાગ નીરસપણાને પ્રાપ્ત થઇ ગયાથી વાસના પણ ઓલવાઇ (લયને પ્રાપ્ત થઇ) જાય છે.[૪૧] ગંધર્વનગરનીપેઠે પ્રથમ ભ્રાંતિરૂપે દેખવામાં આવતું આ સર્વ જગત જ્ઞાનનો ઉદય થતાં દીપકના કિરણોના સમૂહનીપેઠે પ્રકાશરૂપ,નિરાકાર અને આકાશના જેવું શૂન્ય કેવળ ચિદાકાશરૂપજ દેખાય છે.[૪૨] તત્ત્વજ્ઞ પુરુષ સાતમી ભૂમિકામાં પોતાની સ્થિતિ હોવાનેલીધે પરબ્રહ્મમાં (વૃત્તિનિરોધદ્વારા) અત્યંત પરિણામને પ્રાપ્ત થઈ જવાથી પોતાના દેહને, આકાશને, શૂન્યને કે સ્ફુરણને, એ કશાને (સુષુપ્તિવાળાની પેઠે) દેખતોજ નથી—કેવળ એક પરમતત્વનેજ માત્ર તે દેખે છે.[૪૩] એ પરમતત્વની અંદર વસ્તુતાએ જોતાં પોતાનો આત્મા (દેહ, મન, જીવ આદિ) પણ નથી, શૂન્ય પણ નથી, જગતની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કલ્પના પણ નથી, ચિત્ત પણ નથી અને દૃશ્ય-પ્રપંચનો ઉદય પણ થયેલોજ નથી, છતાં તેની અંદર સર્વ વિવર્તરૂપે યથાસ્થિતપણે રહેલ છે.[૪૪] ભૂમિકા આદિનો ભાવ કે જે દેહની ઉપાધિનેલીધે અવિવેકી પુરુષોના જોવામાં આવે છે, તે પણ જ્ઞાનનિષ્ઠ જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિમાં જ્ઞાનનેલીધે અસ્તને પ્રાપ્ત થઈ જઇ શૂન્યજ લાગે છે, અને પોતે ભલે કોઇ ભૂમિકામાં આરૂઢ હોય, પરંતુ તેની દૃષ્ટિએ તે ભૂમિકાનું અસ્તિત્વ હોતુંજ નથી.[૪૫] એ ચિદ્રૂપ પરમતત્ત્વમાંજ સમાધિ થઇ જવાને લીધે શાંત આકારને ધારણ કરી રહેલો અને આકાશના જેવો નિર્મળ તત્ત્વવેત્તા પુરુષ સર્વત્ર નિઃસંગજ રહે છે, અને દેહસહિત જોકે તે વિદ્યમાન હોય છે તથાપિ કશું અભિમાન ન હોવાનેલીધે નહિ જેવોજ છે.[૪૬] મનનો લય થઇ જવાનેલીધે મૌનદશાને ધારણ કરી રહેલો અને નિરુદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઇ ગયેલો તત્ત્વજ્ઞ પુરુષ આ સંસારસાગરને તરી ગયેલોજ છે, અને તે કર્મના અંતને પહોંચેલોજ છે; એમ સમજવું.[૪૭] સ્વેદજ, જરાયુજ, અંડજ અને ઉદ્ભિજ એમ ચાર પ્રકારનાં પ્રાણીઓનાં શરીરો, આ સર્વ લોકો, આકાશ, પર્વતોના સમૂહો અને તે સર્વ ઉત્પન્ન થવામાં સાધનરૂપ એવાં તેનાં અસાધારણ કારણો, એ બધાનું ઉપાદાન કારણ મૂલાજ્ઞાનજ છે, માટે એ મૂલાજ્ઞાન જ્ઞાનવડે ગલિત થઇ જાય તો પછી શરીર, લોક, આદિ આ સર્વ જગત ભલે (અવિવેકીઓની દૃષ્ટિમાં) વિદ્યમાન હો, તોપણ તે સાવ મિથ્યાજ અનુભવમાં આવે છે. સર્વ વિકલ્પો ગલિત થઇ જવાનેલીધે શાંત અંતઃકરણવાળો વિવેકી યોગી પુરુષ પોતાના એક આત્મસ્વરૂપનેજ સારરૂપ સમજી પરમ શાંતિરૂપી અમૃતવડે સદાકાળ તૃપ્ત રહી આવરણમાત્રથી રહિત ભૂમાનંદમાંજ સ્થિર થઇ રહે છે.[૪૯]

संशांतांतःकरणो गलितविकल्पः स्वरूपसारमयः ॥ परमशमामृततृप्तस्तिष्ठति विद्वान्निरावरणः ॥ ४९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિશ્રાંતિયોગોપદેશ' એ નામનો એકાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૧

સર્ગ ૫૨ મો.*

ચૈતન્ય જગતરૂપે થયેલું છે

॥ શ્રીરામ ઉવાચ ॥

बोधो जगदिवाभाति मुने येन क्रमेण ह ॥ तं क्रमेण क्रमं ब्रूहि भूयो भेदनिवृत्तये ॥ १ ॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! કૂટસ્થ ચિદ્રૂપ આત્મા જે ક્રમવડે જગતના જેવો ભાસે છે, તે ક્રમ ભેદની નિવૃત્તિ થવા માટે ફરીવાર આપ અનુક્રમે કહી બતાવો.[૧]

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—અવિવેકી પુરુષને આ જગતનું રૂપ, વૃક્ષ જેમ મૂળ, થડ, શાખા, પલ્લવ આદિ નાના પ્રકારે દેખાય છે, તેમ જોકે નાના પ્રકારે જોવામાં આવે છે, પણ તેમાં તેવી જગતદૃષ્ટિ હોય તોજ તે પોતાના ચિત્તની અંદર તેવે રૂપે સ્ફુરે છે. આ વાત પ્રસિદ્ધ છે. ભલે કાંઈક થોડીજ બાબત હોય પણ જો તે તરફ દૃષ્ટિ હોય, અને તે જોવામાં આવેલ હોય તો તેનું સ્મરણ થાય છે, અને જે તરફ દૃષ્ટિ ન હોય તથા જે જોવામાં ન આવ્યું હોય તે ભલે મહાન હોય તોપણ ચિત્તમાં સ્ફુરતુંજ નથી. (આ વાત દૃષ્ટિસૃષ્ટિવાદને ટેકો આપે છે.)[૨] વિવેકી પુરુષ તો કર્તવ્યના સંબંધમાં પૂર્વાપર-

---

* આ ભાવનમા સર્ગમાં તાર્કિક પુરુષોના તર્કોવડે ઉભી થયેલી બીજી અનેક કલ્પનાઓનું ખંડન કરી કૂટસ્થ ચિદ્રૂપ આત્માજ અનિર્વચનીય જગતને આકારે (વિવર્તભાવથી) થઈ રહેલ છે તેવિષે સમર્થન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંબંધી વિચારપૂર્વક શાસ્ત્રોનો અર્થ પણ તપાસે છે; અને કાંઇ નિષિદ્ધ વસ્તુ પોતાની દૃષ્ટિમાં આવે અને તે નજીકજ હોય તોપણ તે તરફ આ ભોગ્ય છે એવા ભાવથી જોતોજ નથી તેમજ તે મેળવવાની ક્રિયા પણ કરતોજ નથી.[૩] માટે તમે ચિત્તશુદ્ધિ કરનારાં કર્મોનું અનુષ્ઠાન કરવામાં નિષ્ઠા રાખી કેવળ શાસ્ત્રના અર્થમાંજ ચિત્તને પરોવી દઇ તેમાં રહેલા તત્ત્વને સમજતા જઇ કાનને શોભાવે એવા આ મારા ઉપદેશનું શ્રવણ કરો.[૪] આ દૃશ્યસમૂહની ભ્રાંતિ અવિદ્યારૂપ છે, એમ કહેવામાં આવે છે, અને વસ્તુતાએ જોતાં જેમ ઝાંઝવાના જળની નદીમાં જળ હોતું નથી તેમ આ કશું પણ દૃશ્યજળ છેજ નહિ.[૫] તોપણ જે વિષયમાં તમને ઉપદેશ આપવાનો છે, તે બાબતનો ઉપદેશ સાંભળવામાટે મારા કહેવા ઉપરથી ક્ષણમાત્ર તેને સત્યના જેવી સમજી આ મારૂં કહેવું તમે સાંભળો.[૬] આ ભ્રાંતિ કયાંથી ઉત્પન્ન થઇ અને શી રીતે ઉત્પન્ન થઈ, એ વિકલ્પો લાવવાની આ ઘડીએ કાંઇ જરૂરજ નથી, કેમકે જ્ઞાન થતાં આ દૃશ્ય–પ્રપંચ પણ નથી અને આ ભ્રાંત પણ નથી એ વાત પોતાની મેળેજ તમારા સમજવામાં આવી જશે.[૭] અનેક પ્રકારે જોવામાં આવતું જે કાંઇ આ સ્થાવર–જંગમ જગત દેખાય છે તે સર્વ પ્રલયકાળમાં નાશને પ્રાપ્ત થઇ જાય છે.[૮] ભૂલોક આદિ તેના અવયવોનો ક્ષય થવારૂપી આ જગતનો નાશ અવશ્ય છેજ કે જે વિષે વિચાર કરતાં ના પાડી શકાય તેવું નથી, કેમકે ઘટ આદિ પદાર્થમાં રહેલાં જળને અક્કેકબિંદુવડે પૃથક્ કરી તેમાંથી કહાડી લેવામાં આવે તો તેનો ક્ષય આ જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે.[૯] દરેક રીતે વસ્તુમાત્રનો નાશ સિદ્ધ થતાં જગતનું બ્રહ્મરૂપપણું સંભવતું નથી, કેમકે જગતને બ્રહ્મરૂપ (બ્રહ્મના અવયવરૂપ) માનવા જતાં જેમ શાખા આદિ અવયવોનો નાશ થતાં વૃક્ષનો નાશ થઈ જાય, તેમ ભૂલોક આદિ અવયવોનો નાશ થતાં બ્રહ્મનો પણ નાશ થઇ જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, અને વેદોમાં કહેલું તેનું અનંતપણું સિદ્ધ ન થાય; એટલુંજ નહિ પણ અવયવીનું રૂપ અવયવોને જુદા પાડી જોવા જતાં અવયવોથી જુદું ન જણાયાથી બ્રહ્મનું (જગતથી જુદું) અસ્તિત્વ પણ સિદ્ધ નજ થાય; જેથી ચિદ્રૂપે એકરસ થઇ રહેલું નિરવયવ બ્રહ્મ જગતરૂપી સાકાર અવયવવાળું કદીપણ સંભવતુંજ નથી.[૧૦] 'મદિરાના અવયવોમાં રહેલી મદશક્તિની પેઠે શરીરને આકારે પરિણામ પામનારાં પૃથ્વી આદિ જડ મહાભૂતોનો ચૈતન્ય એ એક જાતનો સ્વાભાવિક ધર્મ છે.' આવો ચાર્વાકવાદ પણ આપણે કે જે આસ્તિકો છીએ તેની પાસે ઉભો રહી શકતો નથી, કેમકે પ્રામાણિક વાતને માનનારા આપણ લોકોના મતમાં દેહની સિદ્ધિ, અંદર રહેલાં વિજ્ઞાનને આધીન હોવાથી સ્વપ્નદેહનીપેઠે એ જાગ્રતદેહ પણ આભાસમાત્ર છે, બાકી તાત્ત્વિક દૃષ્ટિએ તે નથી.[૧૧] આ દૃશ્યની શોભા નાશ પામી જાય છે માટે તે બ્રહ્મરૂપ નથી, તેમ બ્રહ્મથી જુદી છે એમ પણ નથી, કિંતુ અનિર્વચનીય છે, અને અવિદ્યારૂપ છે એમ માનવાથી વિદ્યાવડે તેનો બાધ થઇ જતાં શાસ્ત્રની સફળતા કાયમ રહે છે, અને એજ યોગ્ય છે; બીજી વાત બરાબર બંધ બેસતી થતી નથી.[૧૨] જે સૃષ્ટિ પ્રલયકાળમાં એક વખત નષ્ટ થઈ ગએલ હોય તેની તેજ પાછી ઉત્પન્ન થાય છે, એ વાત અસંભવિત છે, કેમકે જે નષ્ટ થઇ ગઈ તેનો પાછો સંભવ શી રીતે ઘટે, અને પાછી તેની તેજ સૃષ્ટિ ઉત્પન્ન થઇ કે બીજી, એવિષે કશો પાકો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નિર્ણય નહિ કરી શકાયાથી પણ તે અનિર્વચનીય છે, એ વાત અમારા વિચાર પ્રમાણે વધારે યુક્ત લાગે છે; કેમકે (અનુભવ એજ અમારો ગુરુ હોવાથી) અમે અનુભવને અનુસરી ચાલનારા છીએ.[૧૩] સાવયવ પદાર્થોજ પ્રલયકાળમાં નિરવયવ આકાશરૂપે થઇ રહ્યા હતા એ વાત પણ અસત્ય લાગે છે, કેમકે સાવયવ પદાર્થો નિરવયવરૂપે શી રીતે રહી શકે? કદાચિત્ એ સાવયવ પદાર્થો નિરવયવ આકાશભાવને પ્રાપ્ત થયા છતાં પોતાની પૂર્વની અવસ્થાને ધારણ કરી રહ્યા હતા એમ માનવા બેસીએ તો પ્રલયકાળમાં પણ તેના સાવયવપણાનો નાશ થતો નથી એમ સિદ્ધ થાય છે. (અને પ્રલયવાદ ઊડી જાય છે.)[૧૪] એવી રીતે પ્રલય અને સૃષ્ટિ, કે જે બન્ને એક બીજામાંથી એક બીજાની ઉત્પત્તિ થવાથી કાર્ય–કારણના જેવાં પરસ્પર થઇ રહ્યાં છે, તે બન્નેનું એકરૂપપણું સ્વીકારવા જતાં તો કાર્ય-કારણપણાનો ભેદ ઉડી જઇ અમારા સિદ્ધાંતમાં સ્વીકારેલો અદ્વૈતવાદજ આવી ઉભો રહે છે. (કે જે અમને અભીષ્ટજ છે.)[૧૫] જે પદાર્થ દેખવામાં આવતો હોય છતાં તત્ત્વવિચારવડે શૂન્યતાને પ્રાપ્ત થઇ જાય તે નષ્ટજ છે,એમ તમે સમજો; કેમકે તે દેખાતાં છતાં વસ્તુતાએ (સ્વપ્નપુરુષની પેઠે) નથીજ. જો બીજું કાંઇ નાશનું સ્વરૂપ હોય તો તે કેવી જાતનું છે, તે તમે સુખેથી ભલે કહો.[૧૬] ફરીવાર ઉત્પત્તિ થતી જોવામાં આવવાથી નષ્ટ થએલા પદાર્થનું વચમાં પણ આસ્તત્વજ છે એ કલ્પના પણ ઘટતી નથી; કેમકે તેનો તેજ આ પદાર્થ છે એવી પ્રત્યભિજ્ઞા કોને થાય છે? બાકી (લૌકિક દૃષ્ટિએ) સર્વ પદાર્થ અવશ્ય નશ્વર હોવાથી એક પદાર્થ નાશ પામ્યો અને આ વળી બીજો તેવોજ ઉત્પન્ન થયો, એવી કલ્પના કોઇને સાચી લાગે છે.[૧૭] ઠેઠ મૂળથી માંડી શિખાસુધી આખા ઝાડમાં તેની ઉંચાઇ, તેનાં ફળો, તેની શાખાઓ, ઉપશાખાઓ, પત્ર, પુષ્પ, ઇત્યાદિમાં વ્યાપ્ત થઇ રહેલી બીજસત્તાજ જોકે વચમાં ફળ, શાખા આદિ રૂપે દેખાય છે, તોપણ સર્વત્ર એક અખંડપણે રહેલી છે, એમ ઐક્યદૃષ્ટિ થાય તો પછી શાખા આદિની જુદી સત્તા ન જણાતાં બીજ-વૃક્ષનું કાર્ય-કારણપણું ક્યાં રહે? ન રહે.[૧૮] આવીજ રીતે સૃષ્ટિ, પ્રલય, દેશ, કાળ, ક્રિયા આદિ રૂપે પ્રસરી રહેલું એક ચિદ્રૂપ બીજાજ જેમ દેખવામાં આવે છે, તેમ સર્વરૂપે વિવર્તભાવથી થઇ રહ્યું છે, એવી દૃષ્ટિ થાય તો પછી તેનો કાર્ય-કારણભાવ ક્યાં રહે છે? એક ચિદાત્મા પોતેજ ક્રિયારૂપ અને ફળરૂપ થઇ રહેતાં કશું પણ કરે નહિ. જેમકે ઘડો કાંઇ પટનું કાર્ય કરે છે? નથી કરતો.[૧૯] અથવા તો દેશ, કાળ, ક્રિયા આદિમાં રહેલ એ ચિદ્રૂપ બીજ દેશાત્મક, કાળાત્મક કે ક્રિયાત્મક એમ એક સ્વભાવવાળું કલ્પવું જોઇએ, કેમકે એકની અંદર નાના પ્રકારના સ્વભાવો સંભવતા નથી. હવે તેને જો દેશાત્મક માનીએ તો તે કાળનું કાર્ય ન કરી શકે અને કાળાત્મક માનીએ તો દેશનું કાર્ય ન કરી શકે. જેમકે ઘટ કાંઇ પટનું કાર્ય કરી શકે છે? નથી કરી શકતો. સર્વ દર્શનોના સિદ્ધાંતમાં એકજ વસ્તુમાં નાના પ્રકારના સ્વભાવોનો ભેદ નિરૂપણ કર્યોજ નથી, અને પરમાર્થરૂપ ચિન્મયવસ્તુમાં નાનાપ્રકારનો સ્વભાવોનો ભેદ વસ્તુતાએ છે પણ નહિ. આ બાબત વિવાદ કરવાનું આપણે કશું પ્રયોજન નથી.[૨૦] આ બાબતમાં વિચાર કરતાં અનુભવ પ્રમાણથી છેવટ એટલુંજ સિદ્ધ થાય છે કે આ સર્વ ચિદાત્માનોજ એક વિવર્ત હોવાથી અનાદિ, અનંત અને શાંત ચિદ્રૂપજ છે, આકાશ જેવું તે નિર્લેપ અને નિરાકાર છે,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

અને માત્ર બોધરૂપજ છે.[૨૧] એ તત્ત્વ જેવી રીતે (અવિદ્યાનેલીધે) અનુભવમાં નથીઆવતું તે, તથા જેવી રીતે (વિદ્યાવડે) અનુભવમાં આવે છે તે, તથા જેવી રીતે એ તત્ત્વજ્ઞાન સિદ્ધ થાય તે સર્વ હું તમને ક્રમથી કહી સંભળાવું છું.[૨૨] મહાપ્રલયમાં મહાદેવ (હિરણ્યગર્ભ) પર્યંત સર્વ દૃશ્યસમૂહ મન, બુદ્ધિ અને કર્મે સહિત જ્યારે નાશને પ્રાપ્ત થઇ જાય, જ્યારે આકાશ પણ લયને પામી જાય, જ્યારે કાળ પણ સ્થિતિ વગરનો થઈ જાય, જ્યારે વાયુ અને તેજ પણ અત્યંત અભાવને પ્રાપ્ત થઇ જાય, જ્યારે અંધકાર પણ નાશને પામી જાય, જ્યારે જળ (પૃથ્વી) આદિ પણ ઘણા લાંબા કાળસુધી ક્ષયને પ્રાપ્ત થઈ જાય અને ટુંકામાં જ્યારે સર્વ નામ–રૂપનો સમૂહ અત્યંત અભાવને પ્રાપ્ત થઈ જાય, ત્યારે શાંત, અનુભવરૂપ, નિત્ય, નિર્મળ, બોધને પ્રાપ્ત થઇ જનારાં ામ–રૂપ વિનાનું, અનાદિ, અનંત, શુદ્ધ અને ચ્છ એવું કાંઇક અનિર્વચનીય તત્ત્વજ અશેષ રહે છે કે જે ઇંદ્રિયવડે ન જાણી શકાય તેવું અવ્યક્ત છે, અતીંદ્રિય છે, નામથી પણ રહિત છે, સર્વ પ્રાણીમાત્રના આત્મારૂપ છે, શૂન્ય જેવું છે, વ્યવહારદૃષ્ટિએ જોતાં કાર્યરૂપ અને કારણરૂપ છે, અને તેજ પરમપદરૂપ છે.[૨૩-૨૭] એ તત્ત્વ વાયુરૂપ પણ નથી, આકાશરૂપ પણ નથી, બુદ્ધિ આદિરૂપ પણ નથી, શૂન્યરૂપ પણ નથી. અધિષ્ઠાનદૃષ્ટિએ જોઇએ તો તે કશારૂપ નથી અને આરોપિત દૃષ્ટિવડે જોઇએ તો તે સર્વરૂપ છે. એ પરમતત્ત્વરૂપી ચિદાકાશ કાંઇક જુદીજ તરેહનું અવર્ણનીય છે.[૨૮] એ પરમતત્ત્વ કોઇક મુક્ત થઈ રહેલા તત્ત્વવેત્તાનાજ અનુભવમાં આવે છે કે જે પુરુષ નિરંતર એ પરમપદમાંજ સ્થિતિ રાખી રહ્યો હોય છે. બીજા તેહ અમારિ આગળો કેવળ પરમપદે (આરોપિત દૃષ્ટિએ) સર્વરૂપ થઇ રહેલ તેનું વર્ણન કરી બતાવે છે, બાકી તે અનુભવગમ્ય છે.[૨૯] એ તત્ત્વ કાળરૂપ પણ નથી, મનરૂપ પણ નથી, સ્વભાવરૂપ પણ નથી, કાર્યરૂપ પણ નથી, કારણરૂપ પણ નથી, દેશરૂપ કે દિશારૂપ પણ નથી તથા દેશ-કાળના મધ્યરૂપ કે અંતરૂપ પણ નથી. તે તરત જાણવામાં આવે તેવું પણ નથી અને સાવ નજ જાણી શકાય તેવું પણ નથી;[૩૦] પરંતુ અતિ સ્વચ્છ એ ચિદ્રૂપ તત્ત્વ કાંઇક અવર્ણ્યજ છે, અને તે જ્ઞાનના પારને પહોંચી ગયેલા, સંસારના જન્મ-મરણના ફેરામાંથી છુટી ગએલા, પંચમ ભૂમિકા આદિ યોગની ઉત્તમ ભૂમિકાને પ્રાપ્ત થઈ ગએલા મહાત્માઓનાજ અનુભવમાંઆવે છે.[૩૧] હે શાંતિમાન રામચંદ્રજી! જે જે પદાર્થોનો મેં અહીં નિરાસ કર્યો છે તે તે શ્રુતિ આદિમાં પણ સર્વત્ર નિષેધ કરાએલજ છે, અને આપણી બુદ્ધિવડેજ તે સમુદ્રના તરંગોની પેઠે બ્રહ્મની અંદર પરિચ્છિન્નરૂપે (પરિમાણવાળા) કલ્પાએલા છે.[૩૨] જેમ કોઇ મોટા સ્તંભની અંદર જુદી જુદી જાતની પૂતળીઓ અંદર રહેલીજ છે, તેમ યથાસ્થિતપણે આ સર્વ પદાર્થો બ્રહ્મની અંદર રહેલાજ છે (કે જે કલ્પનાને અનુસારે પાછા ખડા થઇ જઇ દેખાવ આપે છે).[૩૩] એવી રીતે સર્વ પદાર્થો એ તત્ત્વની અંદર રહેલા છે, અને નથી પણ રહેલા, એ તત્ત્વ સર્વરૂપ છે અને સર્વરૂપ નથી પણ, એજ તત્ત્વ સર્વરૂપ થઇ રહેલ છે અને નથી પણ થઇ રહેલ, એજ તેની ખુબી છે.[૩૪] એ પરમપદરૂપ તત્ત્વ જેવી રીતે સર્વરૂપ થઇ રહેલ છે અને જેવી રીતે સર્વ પદાર્થોથી રહિત છે તે, એ તત્ત્વની અંદરજ ગળી જઈ પરિણામ પામી ગએલા તત્ત્વજ્ઞ પુરુષોજ જોઈ શકે છે.[૩૫] સર્વના આદિરૂપ એ પરમપદ અનુભવી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સર્વના આત્મારૂપ અને સર્વ પદાર્થોવડે પરિપૂર્ણ લાગે છે, અને (અધિષ્ઠાન દૃષ્ટિથી જોતાં) તે સર્વ પદાર્થો વિનાનું દેખાય છે.[૩૬] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી! સર્વ પદાર્થોના અભાવનો અનુભવ કરાવનારૂં નિર્વિકલ્પ સમાધિ પર્યંતનું સંપૂર્ણ જ્ઞાન હજી સુધી તમને ઉત્પન્ન થએલ નથી. તમને જે સંશય ઉત્પન્ન થાય છે તેજ આ બાબતમાં (જ્ઞાનની અપૂર્ણતામાં) પૂરાવો આપે છે.[૩૭] જે પુરુષ પ્રબોધને પ્રાપ્ત થઈ ગયો હોય અને સર્વ દૃશ્યના આભાસથી પણ રહિત છેવટ થનારા તત્ત્વસાક્ષાત્કારને પ્રાપ્ત થએલ હોય, તેમજ સ્વચ્છ અંતઃકરણવાળો અને શાંત હોય તેજ એ પોતાના સ્વરૂપભૂત પરમતત્ત્વને દેખી શકે છે.[૩૮] જેમ સુવર્ણના પિંડની અંદર કોઇએ કલ્પનાવડે માની લીધેલો મુદ્રાઓનો સમૂહ રહ્યો હોય તેમ એ નિર્લેપ તત્ત્વની અંદર અમુક પદાર્થ છે, આ હું છું અને આ તમે છો, ઇત્યાદિ ત્રણે કાળમાં વ્યાપી રહેલી જગતરૂપી ભ્રાંતિ અવસ્તુરૂપે રહી છે; પરંતુ સુવર્ણના પિંડમાંથી (તેને વેચી કાઢતાં) વ્યાપારની મુડી માટે જેમ નાના પ્રકારનો રૂપિયા–કોરી આદિ ધનનો સમૂહ જુદો મળી શકે છે, તેમ ચિદ્દેકરસ પરમતત્ત્વથી જુદું જગત વિચારવડે શોધતાં મળતું નથી (દેખાતું નથી), છતાં આત્મા તેનાથી સદાકાળ ભિન્ન છે. જગત એ ચિદ્રૂપ તત્ત્વના પેટામાં અનુભવમાં આવવાથી તેને તેવે રૂપે જોઇએ તોપણ સુવર્ણ જેમ બાજુબંધરૂપ થઇ રહેલ હોય તેમ એ તત્ત્વજ વિકારને નહિ પામતાં છતાં વિવર્તભાવથી જગતરૂપી દ્વૈતભાવવાળું થઇ રહ્યું હોય એમ ભાસે છે.[૩૯-૪૦] એ તત્ત્વ દેશ–કાળ આદિ શબ્દોની પ્રવૃત્તિમાં નિમિત્તરૂપ થનારાં જાતિ, ગુણ, ક્રિયા વગેરેથી રહિત છે, અને અધ્યારોપદૃષ્ટિવડે જોતાં તો દેશ, કાળ, ક્રિયા આદિરૂપ પણ તેજ થઈ રહેલ છે. આ સર્વ તેની અંદર યથાસ્થિતપણે રહ્યું છે, અને તત્ત્વદૃષ્ટિથી જોતાં નથી પણ રહ્યું.[૪૨] જેમ સમાનભાવમાં રહેલા જળની અંદર (નિગૂઢપણે) તરંગ આદિ રહેલજ છે, જેમ ચિત્રકારના ચિત્તમાં ચિત્ર કલ્પનારૂપે રહેલજ છે, અને જેમ મૃત્તિકાનાપિંડમાં મૃત્તિકાનાં પાત્રો રહેલાંજ છે, તેમ આ જગત (અધ્યારોપદૃષ્ટિએ જોતાં) બ્રહ્મની અંદર રહેલજ છે.[૪૩] ઉપર કહ્યાપ્રમાણે જગત એ ચિદ્રૂપ તત્ત્વની અંદર ભિન્નરૂપે રહેલ નથી, તેમ અભિન્નરૂપે રહ્યું છે એમ પણ નથી. તત્ત્વજ્ઞાનવડે જોતાં એ જગત છેજ નહિ, અને ઉપર ઉપરથી જોતાં તેનું અસ્તિત્વ જણાય છે. આ સર્વ ચિદ્રૂપજ છે કે જે નિત્ય અને અવિકારી છે, અને તત્ત્વજ્ઞાન થતાં શાંત બ્રહ્મની અંદર તે જગત શાંત બ્રહ્મરૂપે રહેલજ અનુભવમાં આવે છે.[૪૪] આ ત્રણ લોકરૂપી પૂતળી બ્રહ્મરૂપી કાષ્ઠની (સ્તંભની) અંદર નહિ કોતરાયા છતાં (પોતાના ચિત્તમાં કલ્પનારૂપે રહ્યાથી) પોતાના સાક્ષિરૂપી શિલ્પિને (કારીગરને) કેમ જાણે તે દૃશ્યરૂપે અનુભવમાં આવતી હોય તેવી થઈ રહેલ છે.[૪૫] સ્તંભની અંદર (નિગૂઢપણે) રહેલી પૂતળીઓ તેનો આકાર કોતરવાથી દૃશ્યભાવને પ્રાપ્ત થઇ જાય છે, પરંતુ આ ચિદ્રૂપ પરમતત્ત્વની અંદર તો સમુદ્રના તરંગોની પેઠે કશો વિકાર ન થતાં આ સૃષ્ટિ વિવર્તરૂપે જોવામાં આવે છે.[૪૬] નિરતિશય આનંદરૂપી જળવડે ભરેલા ચૈતન્યતત્ત્વરૂપી તળાવની અંદર ચૈતન્યરૂપી વરસાદની અમૃતવૃષ્ટિના જેવી આ સૃષ્ટિ, ચિદ્રૂપે સર્વત્ર એકરસમય થઈ રહેલ પરમતત્ત્વ કે જે વિભાગ અને વિકાર એ બન્નેથી રહિત છે, તેની અંદર કેમ જાણે વિભાગવાળી અને વિકારવાળી થઇ રહી હોય તેવી ભાસે છે; અને વસ્તુતાએ નહિ દેખાયા છતાં દેખાયા જેવી થઈ રહી છે.[૪૭] એ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તત્ત્વના એક પરમાણુ જેવડા ભાગમાં પણ આ આખું સંસારમંડળ તેના અનેક આરંભોના આડંબરે સહિત નજરે પડે છે, અને તત્ત્વ-દૃષ્ટિવડે જોવા જતાં તો કશું દેખાતુંજ નથી.[૪૮] આકાશ, કાળ, પવન આદિ પદાર્થો કે જેઓનું વર્ણન એ નિરવયવ ચિન્મયતત્ત્વના અવયવરૂપે કરવામાં આવે છે તેઓ મિથ્યા હોવાથી અને વાસ્તવિક રીતે અધિષ્ઠાનચૈતન્યરૂપજ હોવાથી નિરવયવ છે. એવી રીતે જોકે એ તત્ત્વ સર્વ ભાવ–વિકારવડે રહિત છે, અને અજર છે, તથાપિ અધ્યારોપદૃષ્ટિથી શ્રુતિઓ તેને સર્વાત્મક કહે છે.[૪૯]

आकाशकालपवनादिपदार्थजातमस्यांगमंग रहितस्य तदप्यनंगम् ॥ सर्वात्मकं सकलभाव विकारशून्यमप्येतदाहुरजरं परमार्थतत्त्वम् ४९

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બ્રહ્મસ્વરૂપવર્ણન' એ નામનો બાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૨

सर्ग ५३ मो*.

ઘટ–પટાદિક બ્રહ્મરૂપ છે

॥ श्रीराम उवाच ॥

यथाचेत्ये चेतनता यथा काले च कालता ॥
यथा च व्योमता व्येम्नि यथा च जडता जडे ॥१

શ્રી રામચંદ્રજી કહે છેઃ–જેમ સ્મૃતિના વિષયમાં સ્મૃતિવિષયપણું રહ્યું છે, જેમ કાળમાં કાળત્વ (કાળનો ભાવ-કાળપણું) રહેલ છે, જેમ આકાશમાં આકાશત્વ રહ્યું છે, જેમ જડમાં જડત્વ રહ્યું છે, જેમ વાયુમાં વાયુત્વ રહ્યું છે, જેમ વર્તમાનમાં વર્તમાનપણું અને ભવિષ્યમાં ભવિષ્યત્પણું રહેલ છે, જેમ ચંચળમાં ચંચળપણું રહ્યું છે, જેમ સાકારમાં સાકારત્વ રહેલ છે, જેમ ભિન્નમાં ભિન્નત્વ રહેલ છે, જેમ અનંતમાં અનંતપણું રહ્યું છે, જેમ દૃશ્યમાં દૃશ્યપણું રહેલ છે, અને જેમ સૃષ્ટિમાં સૃષ્ટિત્વ રહેલ છે, એવી રીતે જે સર્વ વસ્તુમાં બીજાથી તેનું જુદાપણું બતાવનાર જાતિ આદિ અસાધારણ ભાવ રહેલ છે; તે, જે રીતે મારા સમજવામાં આવે તે રીતે ક્રમે કરી આપ મને કહી બતાવો. હે વક્તાઓમાં શ્રેષ્ઠ મહાત્મા ! (મારા જેવા) અલ્પ બોધવાળા પુરુષોને ઠેઠ મૂળથી માંડી પ્રતિપાદન કરીનેજ સમજણ પાડી સમજાવાય છે.[૧-૪]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–સર્વ વસ્તુમાં રહેલા અને બીજાનાથી તેનું જુદાપણું બતાવનારા જાતિ આદિ અસાધારણ ભાવવિષે જે તમે મને પૂછ્યું તે વાસ્તવિક રીતે એ સર્વ અનંત મહાચિદાકાશરૂપજ છે કે જે કેવળ ચિન્માત્ર કહેવાય છે, જેમાં કશું પણ દૃશ્ય નથી, જે કેવળ શુદ્ધ ચિદ્રૂપ છે, શાંત છે, એક છે, અને સદાકાળ એકસરખી સ્થિતિમાંજ રહે છે.[૫] જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવનો પણ અંત લાવનારો મહાપ્રલય આવી ઉભો રહે અને નામ તથા રૂપ એ બન્ને તિરોભાવને પ્રાપ્ત થઇ જાય ત્યારે એજ શુદ્ધ ચિદ્રૂપ તત્ત્વ અવશેષ રહે છે, જેથી સર્વના તત્ત્વરૂપ અને સારરૂપ એજ વસ્તુ છે.[૬] તેની અંદર સૃષ્ટિ ઉત્પન્ન થવાનું કશું કારણજ સંભવતું નથી. આકાર બીજ આદિ તથા માયા, મોહ, ભ્રમ આદિ કાટ એ શુદ્ધ તત્ત્વમાં અસંભવિતજ છે.[૭] કેવળ શાંત અતિ સ્વચ્છ આદિ-અંતવિનાનું એકજ સત્ય તત્ત્વ છે કે જેની પાસે આકાશ પણ પાષાણના જેવું સ્થૂલ છે.[૮] જ્યારે એ તત્ત્વ ચિદ્રૂપ છે ત્યારે તો (સર્વના અધિષ્ઠાન-

* આ ત્રેપનમા સર્ગમાં પરસ્પર એક બીજામાં ભેદવાળો અને અધ્યારોપદૃષ્ટિવડે દેખાતા સર્વ સંકલ્પમય પદાર્થોનો ત્વં-પ્રત્યય આદિના અર્થરૂપ ભાવપણ બ્રહ્મજ છે; એવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપ અને જીવનરૂપ હોવાથી) તેનો નિષેધ ઘટી શકતો નથી; અને જ્યારે તે માયા, મોહ, ભ્રમ, આકાર આદિ મેલવિનાનું શાંત અને શુદ્ધ હોય ત્યારે તે આવી તરેહનું છે, એમ વાગ્યવૃત્તિવડે વર્ણવવાને પણ સમર્થ થવાતું નથી.[૯] શાખાના ઉપરના પ્રદેશમાં (આકાશની અંદર) રહેલા ચંદ્રમાને જોવા જતાં એક પળવારમાં સેંકડો યોજનપર્યંત દૂર જ્યારે આત્મચૈતન્ય ચાક્ષુષ વૃત્તિદ્વારા પ્રાપ્ત થાય ત્યારે વચલા પ્રદેશમાં જે તેનું નિર્વિષયરૂપ છે એજ એ પરમપદરૂપ તત્ત્વનું સ્વરૂપ છે.[૧૦] અર્ધ રાત્રિસુધી ગાઢ નિદ્રા કરી પછી જાગ્રત થએલા, સર્વ પ્રકારના વિચારમાત્રથી રહિત અને સુખદુઃખથી રહિત થઇ રહી શાંતપણે સમાધિમાં આરૂઢ થઈ રહેલા તત્ત્વવેત્તા પુરુષના ચિત્તનું, બહારના અને અંદરના સર્વ વિષયો તથા વાસનાઓસંબંધી ભ્રાંતિ શમી જતાં તે નિઃસંકલ્પરૂપ અવશેષ રહે છે, તેજ એ પરમપદરૂપ તત્ત્વનું સ્વરૂપ છે.[૧૧,૧૨] ઘાસ, વેલાઓ અને અંકુરો ઇત્યાદિ સર્વ પદાર્થોની ઉત્પત્તિ થતાં તેની સાથે (પોતે અંદર અનુસ્યૂત હોવાથી) આવિર્ભાવને પ્રાપ્ત થએલ જે કાંઈ સત્તાસામાન્ય સર્વત્ર રહેલ છે, તેજ એ પરમપદનું સ્વરૂપ છે, અને ત્વં પ્રત્યય આદિના અર્થરૂપ પણ તેજ છે.[૧૩] એ પરમપદરૂપ સત્તાસામાન્યની અંદર જે કાંઇ ઘટ-પટ આદિ જગતનું રૂપ કેમ જાણે કાંઇક સકારણ હોય, અને કેમ જાણે કંબુગ્રીવાદિ આકારવડે યુક્ત હોય તથા કેમ જાણે ભિન્નરૂપે રહેલ હોય તેવું સ્ફુટ રીતે દેખાય છે તે સર્વ, (મિથ્યા હોવાથી) કારણના અભાવનેલીધે ઉત્પન્નજ થયું નથી અને વિદ્યમાન પણ નથી. એ સત્યતત્ત્વ આકારવડે યુક્ત નથી, જગતરૂપ પણ નથી અને દ્વિત્વ-એકત્વ આદિ સંખ્યાવાળું પણ નથી.[૧૪-૧૫] અહો જે વિનાકારણેજ (સ્વપ્ન આદિની પેઠે) દેખાતું હોય તેની સત્તાજ સંભવતી નથી. આ વાત સર્વને પોતાની મેળેજ નિત્ય અનુભવમાં આવે છે તો તેનો નિષેધ કરવાને કોણ શક્તિમાન છે?[૧૬] આદિ-અંતવિનાનું સાવ શૂન્યજ (કેટલાક વિરોધોવડે ગ્રસ્ત હોવાથી) જગતનું કારણ સંભવતું નથી, તેમજ બ્રહ્મ કે જે પોતે નિરવયવ છે તે આ સાવયવ દૃશ્યરૂપ જગત કે જે કાંઇ વાસ્તવિક રીતે બ્રહ્મરૂપ નથી તેનું કારણ ઘટી શકતું નથી;[૧૭] માટે બ્રહ્મની અંદર જે કાંઇ એ જગતનું રૂપ ભાસે છે તે બ્રહ્મ કે જે ચિદાકાશરૂપ છે તે પોતેજ વિવર્તભાવથી તેવે રૂપે થઇ રહેલ ભાસે છે.[૧૮] એવી રીતે જગત (વિવર્તરૂપે) ચિન્મય બ્રહ્મરૂપ છે એમ સિદ્ધ થતાં તેની અંદર ઉપર ઉપરથી જોતાં દેખવામાં આવતા ઘટ-પટ આદિ આકારો કેમ જાણે ભ્રાંતિવડેજ અનુભવમાં આવતા હોય એમ સિદ્ધ થાય છે, અને સર્વ શાંત દ્વિત્વ-એકત્વ આદિથી રહિત નિર્વિકાર એક ચિદ્રૂપજ છે.[૧૯] પૂર્ણ બ્રહ્મમાંથી આ જગત પૂર્ણ બ્રહ્મરૂપેજ સર્વત્ર ફેલાઈ રહ્યું છે, પૂર્ણ બ્રહ્મમાં તે પૂર્ણ બ્રહ્મરૂપેજ પ્રકાશ્યા કરે છે, પૂર્ણ બ્રહ્મરૂપેજ ઉદય પામેલ છે, અને પૂર્ણ બ્રહ્મની અંદર તે પૂર્ણ બ્રહ્મરૂપેજ રહેલ છે.[૨૦] આ સર્વ આકારથી રહિત ઠરતાં કાર્ય-કારણનો ભેદ જતો રહી એકરૂપેજ થઇ રહે છે, અને તે શાંત સદાકાળ સરખી સ્થિતિમાં રહેનાર ઉદય-અસ્ત આદિ વિકારો વિનાનું સ્વચ્છ એક ચિદાકાશરૂપજ છે, કે જે નિર્વાણરૂપ છે, ઉત્તમબોધરૂપ છે, અને સર્વના આદિરૂપ છે.[૨૧]

शांत समं समुदयास्तमयैर्विहीनमाकारमुक्तमज मंबरमच्छमेकम् ॥ सर्वं सदासदसदे कतयोदितात्म निर्वाणमाद्यमिदमुत्तम बोधरूपम्॥२१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણવર્ણન' એ નામનો ત્રેપનમો સર્ગ સંપૂર્ણ. ૫૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3T Foundation USA

સર્ગ ૫૪ મો.*

સર્વ પદાર્થો ચિન્માત્ર છે

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

जगन्नाम नभः स्वच्छं सद्ब्रह्म नभसि स्थितम् ॥
नभो नभसि भातीदं जगच्छब्दार्थ इत्यजम् ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જગતને તત્ત્વદૃષ્ટિવડે જોતાં તે આકાશના જેવું સ્વચ્છ અને ભેદરૂપી કલંક વિનાનું છે, અને બ્રહ્મજ ચિદાકાશની અંદર (પોતાના સ્વરૂપમાં) ઘટત્વ-પટત્વ આદિ ભાવરૂપે પણ થઇ રહેલ છે. એવી રીતે ચિદાકાશજ ચિદાકાશની અંદર નાના પ્રકારે વિવર્તરૂપથી ભાસી રહ્યું છે, અને જગત શબ્દના તથા ઘટ—પટ આદિ શબ્દના અર્થરૂપ પણ તેજ છે કે જે વસ્તુતાએ જન્મ આદિ વિકારથી રહિત છે.[૧] તમે, હું અને જગત ઇત્યાદિ શબ્દોના અર્થને આકારે પણ બ્રહ્મજ બ્રહ્મની અંદર શાંતપણાથી એકસરખી રીતે વિવર્તભાવથી આભાસરૂપે થઇ રહ્યું છે, અને વસ્તુતાએ જોતાં તો તેમ છેજ નહિ.[૨] આ સર્વ જગત સમુદ્ર, પર્વત, મેધ, પૃથ્વી એ આદિ વિકારવાળું દેખાતાં છતાં (સ્વપ્નસૃષ્ટિની પેઠે) કાષ્ઠમૌનના જેવું શાંત અને જન્મ આદિ વિકારવિનાના બ્રહ્મરૂપેજ રહ્યું છે.[૩] એવીજ રીતે દૃશ્યનો જે દૃષ્ટા છે તેને પણ દૃશ્યના સંપર્કથી જુદો પાડી વિવેકવડે વિચારતાં તે પોતાના ચિન્માત્રસ્વરૂપમાંજ રહ્યો છે, જેનેલીધે તે અદ્રષ્ટાજ છે; તેમ તે કર્ત્તા જણાતાં છતાં પણ કર્ત્તવ્યના અભાવનેલીધે અને કારણના પણ અભાવને લીધે વસ્તુતાએ અકર્ત્તાજ છે. આ પ્રમાણે સર્વ બાબતમાં સૂક્ષ્મ નજરથી વિચાર કરીએ તો દ્રષ્ટાપણું પણ નથી, કર્ત્તાપણું પણ નથી, ભોક્તાપણું પણ નથી, જડપણું પણ નથી, શૂન્યપણું પણ નથી, પદાર્થોનું અસ્તિત્વ પણ નથી, અને સર્વ આકાશરૂપ છે એમ પણ નથી, પરંતુ જન્મ આદિ વિકાર વિનાનું સર્વવ્યાપી, શાંત, અનાદિ, અનંત એક સત્યતત્ત્વ કે જે શિલાના ગર્ભની પેઠે ચિદ્રૂપે સર્વત્ર એકરસરૂપ થઈ રહેલ છે, અને વિધિ તથા નિષેધ એ બન્નેનું એકજ અધિષ્ઠાન છે, તેજ વિવર્તરૂપે આ સર્વને આકારે ફેલાઇ રહેલું ભાસે છે.[૪,૬] જીવિત-મરણ, સત્ય-અસત્ય અને શુભ-અશુભ એ સર્વ જેમ અનેક તરંગોના સમૂહ જળરૂપ છે તેમ એક ચિદાકાશરૂપજ છે કે જે ચિદાકાશ જન્મ આદિ વિકારોથી રહિત છે.[૭] એ એકજ તત્ત્વ જીવભાવરૂપે વિભાગને પ્રાપ્ત થતાં દ્રષ્ટાપણાને અને દૃશ્યપણાને પ્રાપ્ત થઇ જાય છે. આ કલ્પના (એક તત્ત્વનો દ્રષ્ટૃદૃશ્યભાવ) સ્વપ્નનગર આદિમાં અનુભવમાં આવે છે.[૮] એવી રીતે પરમ ચિદાકાશની અંદર આ જગત સ્વપ્નનગરની પેઠે ભાસે છે. બ્રહ્મ કે જે પોતે પ્રથમ નિષ્પ્રપંચ છે તેજ જીવરૂપે વિભાગને પ્રાપ્ત થતાં આ જગતને આકારે થઇ રહ્યું છે, માટે સર્વને આકારે દેખવામાં આવતું જગત પ્રથમ જેવું નિષ્પ્રપંચ બ્રહ્મરૂપ હતું તેવુંજ સદાકાળ છે,એમ તમે સમજો.[૯] શાખાના ઉપરના પ્રદેશમાં (આકાશની અંદર) રહેલા ચંદ્રમાને જોવા જતાં આત્મચૈતન્ય જ્યારે ચાક્ષુષવૃતિદ્વારા ચંદ્રપર્યંત પ્રદેશમાં પહોંચી જાય ત્યારે વચમાં જે તેનું શુદ્ધ નિર્વિષયરૂપ છે તેજરૂપ અત્યંત શાંત નિર્વિકાર ચિદાકાશની અંદર રહેલ છે.[૧૦] જેમ જળ તરંગ આદિ રૂપે થઇ રહે તેમ ચિદાકાશજ (વિવર્તભાવથી) જગતને રૂપે થઇ રહેલ છે. જે કાંઇ કાર્યરૂપે ઉદય પામતું જાય છે, અને કાર્યરૂપેજ થઈ

---

* આ ચોપનમા સર્ગમાં સર્વ વસ્તુ પોતાના સ્વભાવની અંદર રહેલ છે, અને સ્વભાવવડે ક્રિયા અને ભેદ થાય છે એ સ્વભાવ બ્રહ્મરૂપ હોવાથી સર્વ નિર્વિકાર અદ્વૈત ચિન્માત્ર છે, એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહેલ છે તે તથા જે કાર્યરૂપે આવિર્ભાવને પ્રાપ્ત નથી થયું અને કારણરૂપેજ રહેલ છે તે સર્વ એક પ્રદેશથી બીજા પ્રદેશપર્યંત ચાક્ષુષવૃત્તિદ્વારા જનારાં આત્મચૈતન્યનું જે કાંઇ નિર્વિષયરૂપ છે તેથી ભિન્ન નથી.[૧૧,૧૨] માટે પ્રયત્નવડે શોધવા જતાં પણ આ સૃષ્ટિનું કશું પણ કારણ સસલાના શીંગડાની પેઠે હાથ આવતુંજ નથી, અને જે વિના કારણે ભાસ્યા કરે તે ભ્રાંતિરૂપ હોવાથી વસ્તુતાએ હોતુંજ નથી. ભ્રાંતિ કે જે અસત્યરૂપ છે તેની તો સત્યતા શી રીતે કહી શકાય ?[૧૩,૧૪] કારણવિના કયું કાર્ય ઉત્પન્ન થયેલું નજરે આવે છે? કોઈ નહિ. જેમ પુત્રવિનાનો વંધ્યા સ્ત્રીનો પતિ સ્વપ્નમાં પોતાના ઉત્તમ પુત્રને દેખે તે તો એક ભ્રમજ છે કે જે સાવ મિથ્યા છે;[૧૫] તેવીજ રીતે કારણ વિના જે કાંઇ આ સર્વ પ્રપંચ દેખાય છે તે દ્રષ્ટા ચૈતન્યજ સર્વનેરૂપે સંકલ્પનગર, ગંધર્વનગર આદિની પેઠે વિવર્તભાવથી તેવે તેવે રૂપે થઇ રહેલ દેખાય છે:[૧૬] આત્મચૈતન્ય એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ક્ષણમાત્રની અંદર ચાક્ષુષવૃત્તિદ્વારા પ્રાપ્ત થતાં વચમાં જે તેનું નિર્વિષય રૂપ છે તેજ ચૈતન્યતત્ત્વનું વાસ્તવ સ્વરૂપ છે,અને તે પોતાના સ્વરૂપને નહિ છોડતાં કેમ જાણે સર્વ પદાર્થોને આકારે વિવર્તરૂપથી થઇ રહ્યું હોય તેવું લાગે છે.[૧૭] ચિદ્રૂપ આત્મા કે જે વસ્તુતાએ આકાશથી પણ સૂક્ષ્મ છે તેજ વિવર્તરૂપે પદાર્થોને આકારે દેખાય છે. આ બાબતમાં દૃષ્ટાંત જેવું હોય તો સ્વપ્નમાં દેખાતો મનોમય પર્વતજ દૃષ્ટાંતરૂપ છે.[૧૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! જેમ વડના બીજની અંદર વડનું મોટું વૃક્ષ ભાવી તરીકે રહેલજ છે તેમ પરમ સૂક્ષ્મ પરબ્રહ્મની અંદર સૃષ્ટિ શામાટે રહી નથી ?[૧૯]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જ્યાં બીજ હોય ત્યાંજ શાખા પોતાના રૂપને વિસ્તારે છે અને સહકારી કારણોનો (પૃથ્વી જળ આદિનો) યોગ બની આવતાં તે ઉત્પન્ન થાય છે.[૨૦] હવે આપણે જગતના સંબંધમાં વિચાર કરીએ તો જ્યારે સર્વ પ્રાણીમાત્રનો અને પંચમહાભૂત આદિનો પ્રલય થઈ જાય ત્યારે આકારવાળું એવું બીજ શું હોય ? અને તેનું સહકારી કારણ પણ શું હોય કે જેનાથી જગત ઉત્પન્ન થાય ?[૨૧] પરબ્રહ્મ કે જે શાંત નિરવયવ છે તેમાં વળી આકારની કલ્પના કેવી હોય ? એ બ્રહ્મમાં એક પરમાણુપણાનો યોગ પણ સંભવતો નથી તો પછી તેમાં બીજભાવ તો ક્યાંથીજ રહી શકે ?[૨૨] એવી રીતે (જગતના) કારણરૂપ બીજ કે જે સત્ય—અસત્યપણું સિદ્ધ કરવામાં એક હેતુરૂપ કહેવાય છે, તેનો અસંભવ હોવાથી જગતની સત્તા કેમ હોય, શાવડે હોય, શા કારણમાટે હોય, શેમાં રહી શકે અને વળી કેવી હોય ?[૨૩] પરમ સૂક્ષ્મ પરબ્રહ્મની અંદરજ આ સ્થૂલ આકારવાળું જગત રહ્યું છે, આ વાત પણ ઘટતી નથી, કેમ કે એક સરસવના કણની અંદર મેરુ રહેલો છે એવી કલ્પના કોઈ એક અજ્ઞાનીનીજ હોય છે.[૨૪] જો બીજ હોય તોજ કાર્યકારણ ભાવની કલ્પના સંભવે છે,પણ જો કદાચિત્ જગતનું નિરાકારપણું સ્વીકારવામાં આવે તો પછી તેનું શું બીજ હોય અને જન્ય-જનક ભાવનો (કાર્ય—કારણ—ભાવનો) ક્રમ પણ પછી ક્યાં રહે ?[૨૫] માટે જે પરમતત્ત્વ છે તેજ વિવર્તરૂપે જગતને આકારે થઇ રહેલ છે,બાકી કશું ઉત્પન્ન પણ થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી.[૨૬] આત્મા કે જે ચિદાકાશરૂપ છે તે ચિદાકાશરૂપી હૃદયની અંદર ચિદ્રૂપપણાને લીધે જગતરૂપી ભ્રાંતિને દેખે છે. જો અશુદ્ધ હૃદય હોય તો એ ભ્રમ અશુદ્ધ જેવો (જગત આદિ આકારવાળો) દેખાય છે, અને હૃદય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શુદ્ધ હોય તો તેમાં એ ભ્રમ પણ શુદ્ધ (ચિદ્રૂપ) દેખાય છે.[૨૭] એ જગતનું રૂપ ચિદાકાશજ છે એમ ભાસે છે,અને જેમ પવનની અંદર ચલન-શક્તિ રહેલ છે તેમ એ જગત ચિદાકાશની અંદર આરોપિતરૂપે રહ્યું છે;: બાકી એ શુદ્ધ તત્ત્વમાં સૃષ્ટિના નામ-રૂપની કશી પણ કલ્પના છે નહિ; એમ અમને જણાય છે.[૨૮] જેમ આકાશની અંદર શૂન્યતા રહેલ છે અને જેમ જળમાં દ્રવપણું રહ્યું છે તેમ આત્માની અંદર શુદ્ધ સૃષ્ટિ પોતાના વિવર્તરૂપે રહેલી છે, અને કેમ જાણે જુદીજ હોય તેવી દેખાય છે.[૨૯] અમારા મતપ્રમાણે પ્રકાશરૂપ, શાંત, અનાદિ અને અનંત સત્ય બ્રહ્મજ જગતને રૂપે ફેલાઇ રહ્યું છે. જગત-રૂપ કશી વસ્તુજ જુદી ન હોવાથી તેની ઉત્પત્તિ પણ થતી નથી અને તેનો નાશ પણ થતો નથી.[૩૦] એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ચાક્ષુષવૃત્તિદ્વારા જનારાં આત્મચૈતન્યનું વચમાં હેલું જે કાંઇ (શૂન્યતા જેવું) નિર્વિષય રૂપ છે ૪ વિશાલ આકાશની અંદર કેમ જાણે જગત-પ થઇ રહેલ હોય તેવું દેખાય છે,[૩૧] જેમ પવનમાં ચલન શક્તિ રહેલી છે, જેમ જળમાં દ્રવપણું રહ્યું છે, અને જેમ આકાશમાં શૂન્યતા રહી છે, તેમ (અભિન્નરૂપે) બીજી વસ્તુના સંબંધવિનાનું અસંગ અને અદ્વિતીય આ જગત પણ આત્માની અંદર વિવર્તભાવથી ભાસી રહ્યું છે.[૩૨] આ જગત ચિદાત્મા કે જે પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તેની અંદર રહેલ હોવાથી ચિદાકાશરૂપજ છે એમ નિશ્ચય થાય છે,તે આરો-પિતરૂપે શૂન્યતાને પ્રાપ્ત થઇ જતાં પ્રસિદ્ધ આકાશરૂપ છે એમ કહી શકાતું નથી, કેમકે એ આકાશ સૂર્યથી રહિત અને અસ્તોદય વિનાનું કયાં પ્રસિદ્ધ છે ? નથીજ. સર્વ દૃશ્યના તત્ત્વ-રૂપ ચિદાત્માવડેજ સર્વનું ભાન થવાથી સર્વ તેના અવયવ જેવુંજ પ્રસિદ્ધ છે તેથી તે ચિદ્રૂપ હોવાથી ચિદાત્માથી જુદું નથી; માટે તમે પણ સર્વ દૃશ્યકલ્પનાથી રહિત થઇ જઇ ચિદાકાશ-રૂપજ થઈ રહો.[૩૩]

संविन्नभो ननु जगन्नभ इत्यनर्कमात्मन्यवस्थि-
तमनस्तमयोदयं क्व । तत्त्वंगभूतमखिलं तदन-
न्यदेव दृश्यं निरस्तकलनोंवरमात्रमास्व॥३३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અદ્વૈતૈક્યપ્રદિપાદન' એ નામનો ચોપનમો સર્ગ સંપૂર્ણ. ૫૪

सर्ग ૫૫ मो.*

જગત બ્રહ્મરૂપ છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

भावाभावग्रहोत्सर्गस्थूलसूक्ष्मचराचराः ॥
आदावेव हि नोत्पन्नाः सर्गादौ कारणं विना ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—ભાવ અને અભાવ ગ્રહણ અને ત્યાગ, સ્થૂલ અને સૂક્ષ્મ, ચર અને અચર, એ સર્વ પ્રથમ સૃષ્ટિના આદિ કાળમાં કશું પણ કારણ ન હોવાથી ઉત્પન્નજ થયેલ નથી. [૧] જેમ બીજ વૃક્ષના કારણરૂપ છે તેમ નિરાકાર ચિદ્ધાતુ કે જે પોતાના આત્મારૂપ છે તે કોઇ દિવસ આ સાકાર જગતના કારણરૂપ હોઇ શકે નહિ.[૨] સર્વરૂપે થઇ રહેલ ચિદ્ધાતુ (ચિદાત્મારૂપી ધાતુ) પોતાના આત્માની અંદર પોતાના સ્વરૂપનેજ ભાવનાને લીધે જગતનેરૂપે અનુભવ કરનારો થઈ રહ્યો છે.[૩] આકાશનો જેવો અસંગ અને નિર્વિકાર ચિદ્ધાતુ જેવી જેવી દૃઢ ભાવના કરે છે તેવી તેવી ભાવનાને અનુ-કૂલજ સૃષ્ટિ તેના જોવામાં આવે છે. જેમ મદિરા

* આ પંચાવનમા સર્ગમાં ચિદાત્મા પોતાના સ્વરૂપને બીજે પ્રકારે (જગતને આકારે) ભાવના કર-વાથી જગતરૂપે થઇ રહેલ દેખે છે, અને જગતની જો અનન્યરૂપે ભાવના કરે તો તેને પોતારૂપજ દેખે છે, જેથી જગત બ્રહ્મરૂપજ છે; તે કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિવડે મત્ત થઈ ગયેલો પુરુષ પોતાની મેળેજ પ્રતાપવડે જણાઇ આવે તેમ એ સૃષ્ટિ પણ પોતાની ભાવના પ્રમાણે ખડી થઇ ગયેલી જણાય છે.[૪] જ્યારે આ સર્વ ઉત્પન્નજ થયેલ નથી અને સાવ છેજ નહિ છતાં પણ દેખાય છે ત્યારે તો નિર્વિકાર શાંત બ્રહ્મજ એ અસત્ય પ્રપંચના જેવું (વિવર્તરૂપે) થઇ રહ્યું છે, એમ તમે સમજો.[૫] જળમાં રહેલા જળના દ્રવની પેઠે ચિદાકાશની અંદર (પોતાના સ્વરૂપમાં) રહેલ ચિદાકાશજ ચિત્સત્તાને લીધે તેમાં જગતનો અધ્યાસ થતાં જગતને આકારે ખડું થઇ રહેલ દેખાય છે તેથી જગત બ્રહ્મરૂપ (ચિદાકાશરૂપ) છે, અને તેનુંજ બનાવેલ છે, એવો લૌકિક પ્રવાદ છે.[૬] જેમ સ્વપ્નની અંદર (અંતરાત્મારૂપી) નિર્મળ ચિદાકાશજ સ્વપ્નસૃષ્ટિરૂપે ઉદય પામે છે, અને કાચ રોગવડે દૂષિત નેત્રવાળા પુરુષને આકાશની અંદર મોવાળા-મસલાં આદિના જેવા આકારો ખડા થઇ જઇ જોવામાં આવે છે, તેમ વિચિત્ર પ્રકારની આ આરંભવાળી સૃષ્ટિ પણ સૃષ્ટિરૂપે ભાવના કરાએલાં ચિદાકાશની અંદર ખડી થઇ ગયેલી દેખાય છે.[૭] જેમ કાચ રોગવડે દૂષિત નેત્રવાળા પુરુષને આકાશની અંદર મોવાળા-મસલાં આદિ આકારો જોવામાં આવે છે, અને જેમ સ્વપ્નમાં સ્વપ્નસૃષ્ટિ જોવામાં આવે છે, એ બન્ને આભાસમાત્ર છે, તેમ આ જાગ્રત્સૃષ્ટિ પણ કેવળ આભાસમાત્ર છે, બાકી નિષ્પ્રપંચ ચિદાકાશજ વિવર્તભાવથી તેવેરૂપે થઇ રહેલ છે.[૮] આદિ સૃષ્ટિમાં ચિદાત્માનું જે સ્વપ્ન છે તે જાગ્રત કહેવાય છે, અને આ જે રાત્રિએ જે જે સ્વપ્ન આવે તે સ્વપ્ન કહેવામાં આવે છે.[૯] જેમ નદીઓના તરંગોની રેખા આગળથી અનાદિ કાલથી જેવી છે તેવીજ હમણાં પણ દેખાય છે,તેમ પદાર્થોની રચના પણ પૂર્વકાળથી જેવી ચાલી આવે છે તેવીજ હમણાં દૃઢ થઈ ગયેલી જોવામાં આવે છે.[૧૦] જેમ જળ અને તરંગોની શોભાજ નદીની રચનારૂપે થઈ રહે છે, તેમ ચિદાકાશમાં ચિદ્રૂપ બીજની સત્તાજ અંદર સૃષ્ટિભાવને પ્રાપ્ત થઇ રહેલ છે.[૧૧] જો મરી ગયેલા જીવનો અત્યંત નાશ થતો હોય તો તે નિદ્રાના જેવું એક મહાસુખ છે, જો કદાચિત્ મરી ગયા પછી દુષ્કર્મસંબંધી (નરક આદિ ફળ ભોગવવાનો) ભય રહેતો હોય તો એ ભય તો આ લોકમાં અને પરલોકમાં બન્નેમાં સરખી રીતેજ રહેલ છે; માટે સર્વને મરણ અને જન્મ, એ બન્ને સરખું સુખ આપનાર છે, અને બ્રહ્મસત્તાવડેજ સત્તાવાળાં હોવાથી બ્રહ્મમય છે.[૧૨,૧૩] માટે ભલે જન્મ થાઓ કે ભલે મરણ થાઓ, તેમાં કશી ચિંતા નથી; કેમકે એ બન્નેની સૂક્ષ્મરૂપે સ્થિતિ થવારૂપી સત્તા સ્વાભાવિક બ્રહ્મસુખમયજ છે; એવા વિચારોવડે જે પુરુષનું ચિત્ત અંદર વિશ્રાંત હોય તેજ શીતલતાવાળો કહેવાય છે.[૧૪] સર્વ દૃશ્યનો અભાવ થતાં ચિત્સત્તાની જે સ્થિતિ અવશેષ રહે તે સ્થિતિમાંજ મહાશય પુરુષો એકરૂપતાથી રહેલા હોય છે માટે તે મુક્ત કહેવામાં આવે છે.[૧૫] જ્ઞાનવડે સર્વ દૃશ્યનો અત્યંત અભાવ જણાયાથી પરબ્રહ્મની સત્તાવડે સૃષ્ટિ અધિષ્ઠાનરૂપે ભલે સત્ય હો અથવા આરોપિતરૂપે ભલે અસત્ય હો,તથાપિ એ દૃશ્યનું જ્ઞાન દૃશ્યભાવથી રહિત થઇ રહેતાં નિર્વિષય ચિન્માત્રરૂપેજ ઉદય પામે છે.[૧૬] જે તત્ત્વ દૃશ્યરૂપ પણ નથી, દૃશ્યની અપેક્ષાવાળા દ્રષ્ટારૂપ પણ નથી, તેમજ પોતે ચિદ્રૂપ હોવાથી જડવર્ગની પેઠે જે પરપ્રકાશ્ય પણ નથી એવાં નિત્ય તત્ત્વની સાથે વિવેકી તત્ત્વજ્ઞ પુરુષો એકતાને પ્રાપ્ત થઇ ગએલા હોય છે, અને વ્યવહારમાં પણ તેઓની સ્થિતિ શાંત અને નિર્વિકારજ હોય છે.[૧૭] જેમ કાચ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રોગવાળાને નેત્રદોષને લીધે આકાશની અંદર મોવાળા–મસલાં આદિના જેવા આકાર દેખાય તેમ અવિદ્યાનેલીધે ચિદ્રૂપ તત્ત્વની અંદર જે વિવર્તરૂપે દેખાય તે જગત કહેવાય છે; બાકી અતિ સ્વચ્છ પરમ ચિદાકાશની અંદર બંધ મોક્ષની દૃષ્ટ વળી ક્યાંથી હોય ?[૧૯] આ જગત ચિદાકાશનું એક સ્ફુરણમાત્ર છે, અને તે કેવળ સંકલ્પરૂપેજ ખડું થઇ રહેલ છે, જેથી વસ્તુતાએ તે ચિદ્રૂપ છે, બાકી કોઈ દિવસ તે પૃથિવ્યાદિ રૂપ નથી.[૧૯] એ તત્ત્વની અંદર દેશ પણ નથી, કાળ પણ નથી, દ્રવ્ય પણ નથી, ક્રિયા પણ નથી, અને આકાશ પણ નથી. સત્ય તત્ત્વજ આભાસરૂપે કેમ જાણે એ સર્વને આકારે થઇ રહેલ હોય એમ દેખાય છે, પણ વસ્તુતાએ કશું છેજ નહિ.[૨૦] જે તત્ત્વ શૂન્ય નથી, અશૂન્ય પણ નથી, આકાશનાથી પણ અતિ સ્વચ્છ છે, સાકાર ભાસતાં છતાં નિરાકાર છે, અસદ્રૂપ જણાતાં છતાં અતિ પ્રકાશરૂપ છે, પરમાર્થરૂપ છે, અને અતિ શુદ્ધ એક ચિન્માત્રરૂપજ છે તેજ સ્વપ્નનગરની પેઠે આ જગતને આકારે (વિવર્તભાવથી) ભાસે છે.[૨૧,૨૨] ચિદાકાશની અંદર આરોપિતરૂપે જોવામાં આવતું જગત, ઉપર જણાવેલી રીતિપ્રમાણે તત્ત્વદૃષ્ટિવડે જોવા જતાં શુદ્ધ ચિદ્રૂપેજ પ્રસરી રહેલ છે, ચિદ્રૂપ તત્ત્વજ સર્વત્ર વ્યાપ્ત છે, અને જેમ આકાશમાં શૂન્યપણું તથા સમુદ્રમાં દ્રવપણું (અભિન્નસત્તાથી) રહ્યું છે તેમ આ જગત એ તત્ત્વની અંદર (અભિન્ન સત્તાથી) રહેલ છે; બાકી તે નાનાપ્રકારના ભેદોવાળું નથી.[૨૩]

निर्वाणमेवमिदमाततमित्थमंतश्चिद्व्योम्न आविलमनाविलरूपमेव ॥ नानेव न क्वचिदपि प्रसृतं न नाना शून्यत्वमंबर इवांबुनिधौ द्रवत्वम्॥२३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' જગતઃ પરમાર્થમયત્વવર્ણન ' એ નામનો પંચાવનમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૫૬ મો.*

સર્વ ચિદ્રૂપ છે તે દૃઢ કરવાને પાષાણનું આખ્યાન

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

सर्वत्र सर्वथा सर्वं सर्वदा व्योम्नि चिन्मये । साधु संभवति स्वच्छं शून्यत्वं ख इवाखिले॥१

શ્રી વસિષ્ઠજી કહે છેઃ- ચિદાકાશની અંદર તેની સત્તાને લીધે સદાકાળ સર્વત્ર બધું સર્વથા સારી રીતે સંભવે છે, અને તે બ્રહ્મમાં રહ્યા છતાં જેમ આકાશમાં રહેલું શૂન્યપણું નીલ આદિ ભાવથી સર્વત્ર રહ્યા છતાં તેના સ્વરૂપને દૂષિત નથી કરતું તેમ બ્રહ્મના સ્વચ્છ સ્વરૂપને દૂષિત કરતું નથી.[૧] જ્યાં જ્યાં ચિત્સત્તા છે ત્યાં ત્યાં સૃષ્ટિની શોભા ખડી થઇ જાય છે. આકાશમાં તથા પૃથિવી આદિમાં સર્વત્ર ચિત્સત્તાજ રહેલી છે. પદાર્થો સર્વ ચિન્મય હોવાથી ચિત્સત્તાવિનાનું કશું પણ કોઇ જગોએ છેજ નહિ.[૨] જેમ સ્વપ્નમાં દેખાતા નગર આદિ અને શૈલ આદિ પદાર્થો ચિદ્રૂપ અંતરાત્માનોજ એક વિવર્ત હોવાથી ચિદ્રૂપ છે, તેમ આ જાગ્રત અવસ્થામાં જે પદાર્થો દેખવામાં આવે છે તે પણ ચિદ્રૂપ તત્ત્વનોજ એક વિવર્ત હોવાથી ચિદાકાશરૂપ છે.[૩] હે રામચંદ્રજી ! આ સંબંધમાં ભ્રાંતિરૂપી રોગ નિવૃત્ત કરવામાં રસાયન તુલ્ય એવું એક વિચિત્ર પાષાણાખ્યાન કે જે પૂર્વે મારા જોવામાં આવેલ છે, અને આ ચાલતા પ્રસંગને લગતું છે તે હું કહું છું તે તમે સાંભળો.[૪] હું વિદિતવેદ્ય (જાણવાનું જેણે જાણી લીધેલ છે એવો) હોવાથી પૂર્ણ ચિત્તવાળો થઇ કોઈએક દિવસે બાકી ભ્રાંતિરૂપ આ લોકવ્યવહારને ત્યાગ કરવાની

* આ છપ્પનમા સર્ગમાં સર્વ ચિદ્રૂપ છે એવો નિશ્ચય થતાં સર્વત્ર બધું ચિદ્રૂપજ જણાય છે, આ વાતનું કરણ દૃઢ કરવામાટે પાષાણાખ્યાનવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇચ્છા કરી એક ધ્યાન તરફજ તાન રાખી ઇંદ્રિયોના બહિર્મુખ થવારૂપી સ્વાભાવિક વેગને રોકી રાખી ઉતાવળથી એકાંત જગો મેળવવામાં આતુર બની શાંત થઇ જઇ જુદી જુદી જાતની જગતની ક્ષણભંગુર ગતિઓ જોવામાં આવવાથી કોઇએક દેવાલયમાં બેશી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. [૫-૭] "ઉપર ઉપરથી રમણીય દેખાતી આ લોકની સ્થિતિ નીરસજ છે, અને તે કોઈ દિવસ કોઇને કોઇપણ ઉપાયવડે કે કોઈપણ પ્રકારે કોઈપણ દેશ–કાળમાં સુખ આપનારી છેજ નહિ, એમ હું માનું છું; અને દ્રષ્ટાને (જીવને) અનેક ઇષ્ટ–અનિષ્ટ ફળ આપનારી આ દૃશ્ય સંબંધી દૃષ્ટિઓ તીવ્ર વેગથી ઉત્પન્ન થતા ખેદને લીધે મારા ચિત્તની અંદર ઉદ્વેગને ઉત્પન્ન કરે છે.[૮] આ સર્વ જે જોવામાં આવે છે અને જે જાણવામાં આવે છે તે શું છે? અને હું પોતે પણ કોણ છું? (તત્ત્વદૃષ્ટિવડે જોતાં કશું પણ નથી.) સર્વ શાંત જન્મ આદિ વિકારથી રહિત પરમાકાશરૂપ છે, ચિન્માત્ર છે, અને વિવર્ત વિનાનું છે, માટે વિક્ષેપથી થતા ઉદ્વેગની નિવૃત્તિ કરવાસારૂ સર્વ મોટા સિદ્ધ લોકો દેવતાઓ અને દૈત્યો ઇત્યાદિવડે પણ ઘણે કષ્ટે માંડ જઇ શકાય એવા કોઈ ઉત્તમ સ્થળમાં અહીંથી જઇ અંતર્ધાન આદિ ઉપાયોથી પોતાની મેળેજ પોતાના દેહને છુપાવી રાખી તથા તેની રક્ષા કરી સર્વ પ્રાણિયોને ન દેખવામાં આવે એમ અદૃશ્ય રહી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિતિ રાખી બાહ્ય પદાર્થો સંબંધી કશો પણ સંકલ્પ ચિત્તમાં ન સ્ફુરવા દેતાં સર્વત્ર સમાનરૂપે રહેલા નિર્વિકાર શાંત પરમ પદમાંજ સ્થિર થઇ રહું; પરંતુ એવો કયો પ્રદેશ હશે કે જે અત્યંત શૂન્ય હોય અને જ્યાં શબ્દ આદિ પાંચ બાહ્ય વિષયો અનુભવમાંજ આવે નહિ? જંગલો, જળા- શયો, મેઘો અને સિંહ-વ્યાઘ્ર આદિ પ્રાણીઓના સમૂહો કે જેઓ વિક્ષેપ કરવામાં હેતુરૂપ શબ્દોવડે કોલાહલવાળાં છે તેઓનાથી વ્યાકુળતાવાળા અને ક્ષોભને પ્રાપ્ત થઈ રહેલા પર્વતો બીજાઓનાં ચિત્તને પણ ક્ષોભ ઉત્પન્ન કરે છે, માટે મને તે શત્રુના જેવા પ્રતિકૂળજ લાગે છે.[૧૪] નાનાપ્રકારના પર્વતોના અંદરના પ્રદેશ કે જેઓ ભિલ્લ આદિ લોકવડે વીંટાયેલા છે, તેઓ બધા વિષયોરૂપી સર્પોવડે દૂષિત હોવાથી મને ઝેર જેવા (અપ્રિય) લાગે છે.[૧૫] જેમ વિવિધ પ્રકારના આરંભોવડે ક્ષોભવાળાં નગરવાસી મનુષ્યોવડે નગરો વ્યાપ્ત હોય તેમ જળવડે ભરેલા સાગરો પણ વિવિધ પ્રકારના આરંભોવડે ક્ષોભવાળાં એવાં જળચર પ્રાણીઓવડે વ્યાપ્તજ છે.[૧૬] પર્વતોના અને સમુદ્રના તટો, લોકપાલોનાં નગરો, પર્વતોનાં શિખરો અને પાતાળની અંદરના પ્રદેશો એ સર્વ પ્રાણીઓવડે આકુલ છે.[૧૭] પર્વતોની ગુફાઓ પણ પવનના શબ્દોવડે ગાયન કરે છે, લતાઓરૂપી હસ્તવડે નૃત્ય કરે છે, પુષ્પોરૂપી હાસ્યવડે હસે છે, અને તેના અંદરના પ્રદેશો સિંહ-સર્પ આદિ અંદર ભરાઇ રહેલા હોવાથી ગહનતાવાળા છે.[૧૮] મૌન ધારણ કરી રહેલાં માછલાંઓના અને સ્નાન કરવા આવેલા ઋષિઓનો સ્પર્શ થવાથી કંપિત થઇ રહેલાં નાલવડે ચલ કમળવાળાં મોટાં મોટાં તળાવો કે જેઓ જળના તરંગોવડે શબ્દવાળાં છે, તેઓ પણ સમાધિનો ભંગ કરવામાં હેતુરૂપ હોવાથી મારા મનથી વિરસજ લાગે છે.[૧૯] પવનનો સ્પર્શ થતાં ઉંચે ઉડેલાં ઘાસ અને રજરૂપી પતાકાને ધારણ કરી રહેલી ઝરણાવાળી પૃથ્વી પણ પવનના સુસવાટાવડે શબ્દવાળી છે, જેથી ત્યાં પણ વિક્ષેપનું નિવારણ થઇ શકે તેવું નથી;[૨૦] માટે અવશેષ રહેલું આકાશજ નિરાકાર શૂન્યતાવાળું છે તો તેના કોઇ છેટેના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ખુણામાં ઉત્તમ યોગની યુક્તિનો આશ્રય કરી હું સ્થિર થઈ રહું.[૨૧] આકાશના કોઇ એક ખુણામાં પોતાની કલ્પનાવડે એક પર્ણકુટી કલ્પી લઇ તેની અંદર હું કશી વાસના રાખ્યા વિના વજ્રના ગર્ભ જેવો દૃઢ થઈ રહું." આવો વિચાર કરી જ્યાં હું તલવારના જેવા નિર્મળ આકાશ પ્રત્યે ગયો ત્યાં એ આકાશનો અંદરનો ભાગ પણ હજારો વિક્ષેપના હેતુઓવડે વ્યાપ્ત જોવામાં આવ્યો.[૨૨,૨૩] એ આકાશની અંદર કોઇ ઠેકાણે ભ્રમણ કરતા સિદ્ધોના ગણો મારા જોવામાં આવ્યા, કોઇક ઠેકાણે ગર્જના કરતા વરસાદો મેં દીઠા, કોઇક જગોએ વિદ્યાધરોની સ્થિતિ મારા જોવામાં આવી, કોઇક ઠેકાણે યક્ષોનાં સ્થાનો મેં જોયાં;[૨૪] કોઇક ઠેકાણે ભમતાં (ગંધર્વ યક્ષ આદિનાં) ઉત્તમ નગરો મારા જોવામાં આવ્યાં, કોઈક જગોએ દેવ-દાનવ આદિનું યુદ્ધ મારા જોવામાં આવ્યું, કોઇક ઠેકાણે વરસતા મેઘો મેં દીઠા, કોઇક ઠેકાણે ભયંકર આચરણવાળી યોગિનીઓ મારા જોવામાં આવી. કોઇક ઠેકાણે પાસે રહેલાં દૈત્યોનાં પુરોએસહિત એવાં ગંધર્વોવાળાં દેવનગરોને ઉડતાં મેં જોયાં, કોઈ ઠેકાણે ભ્રમણ કરતા ગ્રહગણો મારા જોવામાં આવ્યા, કોઈક જગોએ તારાઓને મેં દીઠા,[૨૬] આકાશની અંદર કોઇક જગોએ પક્ષીઓનો સંઘર્ષ મારા જોવામાં આવ્યો, કોઈ એક જગોમાં કોપ પામેલા મહાપ્રચંડ પવનને મેં જોયો, કોઇ એક ઠેકાણે બીજા અનેક ઉત્પાતો મારા જોવામાં આવ્યા, કોઇ એક જગોએ મેઘ આદિનાં મંડળોની શોભા મેં દીઠી;[૨૭] કોઇક ઠેકાણે પૂર્વે કોઈ દિવસ ન દીઠેલા એવા અપૂર્વ આકારને ધારણ કરનાર પિશાચના સમૂહો મારા જોવામાં આવ્યા, કોઇક સ્થળે અનેક નગરોના સમૂહો મેં દીઠા, કોઇક ઠેકાણે એ આકાશને મેં સૂર્યનારાયણના રથવડે વ્યાપ્ત થયેલું દીઠું, કોઇક ઠેકાણે બીજા ચંદ્ર આદિ ગ્રહોના રથોનો સંચાર પણ મેં જોયો.[૨૮] એ આકાશના કોઇ-એક પ્રદેશમાં સૂર્યનારાયણના નજીકપણાને લીધે તેની ગરમીવડેજ પ્રાણીઓનું મરણ થઇ જાય એવું મારા જોવામાં આવ્યું. એ આકાશના કોઇ-એક પ્રદેશમાં ચંદ્રમાની (ચંદ્રમંડળના સમીપપણાથી) અત્યંત શીતલતા મારા જોવામાં આવી. એ આકાશની અંદરનો કોઇ એક ભાગ ભૂતપ્રેત આદિ ક્ષુદ્ર પ્રાણીઓવડે મહાભયંકર મેં દીઠો. આકાશનો કોઇક પ્રદેશ તો અગ્નિની ઉષ્ણતાવડે મને દુર્ગમ જણાયો.[૨૯] એ આકાશની અંદર કોઈક જગોએ તો ખડા થઇ રહેલા વેતાલો મેં દીઠા. કોઈ એક જગોએ ગરુડપક્ષીનો સંચાર મારા જોવામાં આવ્યો. કોઈક ઠેકાણે પ્રલય કરનારો પ્રચંડ વરસાદ મારા દીઠામાં આવ્યો અને કોઈ એક જગોએ તો પ્રલય કરનાર પ્રચંડ પવનને મેં જોયો.[૩૦] પછી પ્રાણિઓના સમૂહવાળા એ આકાશના પ્રદેશોને છોડી દઇ હું બહુજ છેટે ચાલ્યો ગયો અને અત્યંત મંદ પવનવાળા, સ્વપ્નમાં પણ જ્યાં કોઇ પણ પ્રાણી જોવામાં ન આવે એવા, શુભ અશુભ ચિહ્નો વિનાના, અતિ વિશાળ કોઇ એક શૂન્ય એકાંત પ્રદેશને હું પ્રાપ્ત થયો કે જે પ્રદેશ સંસારીને અગમ્ય છે એમ તમે સમજો.[૩૧,૩૨] પછી ત્યાં પ્રકટ મુખવાળી, ઘાટી ભીંતોવડે મજબુત, કમલોની કળીઓવડે સુશોભિત, ઘણ નામના જીવડાઓએ ફોલી ખાવાથી છિદ્રયુક્ત અવયવવાળા થઇ રહેલ પૂર્ણ ચંદ્રબિંબના અંદરના ભાગના જેવી રમણીય, અતિસુગંધી કમળો, ડોલરનાં પુષ્પો અને મંદારનાં પુષ્પોની શોભાવડે તથા કળીઓવડે સુશોભિત બની રહેલી એવી એક કુટી (કોટડી) મેં ત્યાં સત્ય સંકલ્પવડે રચી લીધી, અને તેની અંદર મેં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિત્તવડે સર્વ પ્રાણીમાત્રથી અગમ્યપણું કલ્પી લીધું. પછી સર્વ પ્રાણીઓવડે અગમ્ય એવા તે પ્રદેશમાં પદ્માસન વાળી ચિત્ત શાંત રાખી પરમ મૌન ધારણ કરી સેંકડો વરસને અંતે પોતાના વ્યુત્થાનવિષે નિર્ણય કરી કેમ જાણે આકાશમાંથીજ રચાયો હોઉં તેવો આકાશની પેઠે સ્વસ્થ અને નિર્વિકાર થઇ રહી સર્વ બાબતમાં સમાન રહી કેમ જાણે નિદ્રારૂપ મુદ્રાને પ્રાપ્ત થઇ ગયો હોઉં તેમ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઇ રહ્યો.[૩૩-૩૭] હે શાંતિમાન રામચંદ્રજી! ચિત્ત ઘણા લાંબા કાળ સુધી જે વિષયનું અનુસંધાન રાખે છે તે ક્ષણવારમાંજ તેના જોવામાં આવે છે. પછી ઘણે લાંબે કાળે સેંકડો વર્ષને અંતે જ્યારે મારૂં ચિત્ત આશાની પેઠે અને પવનની પેઠે ફેલાયું ત્યારે કોઇ એક કાલે વ્યુત્થાનમાં નિમિત્તરૂપ એવું કર્મ મારા હૃદયરૂપી ક્ષેત્રની અંદર વિકાસને પ્રાપ્ત થઈ-જઇ ચારે કોર હૃદયદેશમાં ફેલાઇ ગયું; અને પછી જેમ શિશિરઋતુમાં ક્ષીણગાત્ર થઇ ગયેલાં વૃક્ષનો રસ ચૈત્ર માસમાં પાછો સતેજ થઇ જાય તેમ મારો જીવ પણ સતેજ થઇ ગયો અને તેની સ્ફૂર્તિ પણ પ્રબોધને પ્રાપ્ત થઇ ગઇ.[૩૮-૪૦] એ સમાધિમાં મારાં સેંકડો વર્ષો એક નિમેષની પેઠે (પળવારમાં) વીતી ગયાં, કેમ કે એકાગ્ર ચિત્તવાળા પુરુષને ઘણી લાંબી કાળની ગતિ પણ અતિ ટુંકી લાગે છે.[૪૧] પલ્લવ આદિને પુષ્ટિ મળવામાં હેતુરૂપ, અને હર્ષના નિમિત્ત-રૂપ એવા વસંતઋતુમાં પેદા થયેલો વૃક્ષનો અંદરનો રસ જેમ પુષ્પરૂપે વિકાસને પ્રાપ્ત થાય તેમ મારો જ્ઞાનેંદ્રિયનો ક્રમ પણ પછી બહાર જઈ વિકાસને (ફેલાવને) પ્રાપ્ત થવા લાગ્યો.[૪૨] પછી પાંચ પ્રાણવાયુઓ અને ઇંદ્રિયોવડે યુક્ત થઇ રહેલા તથા જીવચૈતન્યનો આવિર્ભાવ થવાથી સ્ફૂર્તિમાન થઈ રહેલા દેહપ્રત્યે હું (સુષુમ્ણાદ્વારા બ્રહ્મરંધ્રમાંથી) પ્રાપ્ત થયો છું એમ તત્કાલ જાણી લઈ ઇચ્છારૂપી પિશાચીએ આલિંગન કરાએલો અહંકારરૂપી પિશાચ, જેમ ઉચાં વૃક્ષોને પણ નમાવી દેનારો પવન કોઇ ઉગ્ર શાલ્મલી આદિ વૃક્ષને પ્રાપ્ત થાય તેમ કોણ જાણે કયાંથીએ મારી પાસે આવી ખડો થઇ ગયો.[૪૩]

मां प्राणपूरितमुपागतसंविदंशमभ्यागतं त्वह-मिति प्रसृतः पिशाचः ॥ इच्छांगनाविवलितोथ कुतोपि सद्यः प्रोन्नामसन्नमनवायुरिवोग्रवृक्षम् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વસિષ્ઠસમાધાનવર્ણન' એ નામનો છપ્પનમો સર્ગ સંપૂર્ણ. ૫૬

સર્ગ ૫૭ મો*

વિવેકી તથા અવિવેકીના અહંકારનું વર્ણન.

॥ श्रीराम उवाच ॥

त्वामप्युदितनिर्वाणमहंकारपिशाचकः ॥
बाधते किमिति ब्रूहि मुने संदेहशांतये ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છે.—હે મહારાજ! તમે કે જે જ્ઞાનવડે સંપન્ન છો તેને પણ અહંકાર-રૂપી પિશાચ કેમ બાધ કરે છે? તે સંદેહની નિવૃત્તિ થવા માટે આપ મને કહો.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જ્ઞાનવાન અને અજ્ઞાની એ બેયના દેહની સ્થિતિ અહંભાવ-વિના ઘટતીજ નથી, કેમ કે આધેય વસ્તુ આ લોકની અંદર નિરાધાર (આધારવિના) રહી શકતી નથી;[૨] પરંતુ પરમાત્મામાં વિશ્રાંત ચિત્તવાળા તત્ત્વવેત્તા પુરુષમાં જે કાંઇ વિશેષતા છે તે (હું કહું છું) તમે સાંભળો, કે જેના શ્રવણ

---

* આ સત્તાવનમા સર્ગમાં વિવેકી અને અવિવેકી પુરુષના અહંકારનો ભેદ બતાવવા માટે જેની દૃષ્ટિમાં જ્ઞાનવડે દૃશ્ય બાધિત થઈ ગયેલ હોય એવા તત્ત્વવેત્તા પુરુષનું ચિન્માત્રપણું વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

માત્રથી તમારો અહંભાવ (અહંકાર) રૂપી પિશાચ શાંતિને પ્રાપ્ત થઈ જશે.[૩] આ અહંભાવ-રૂપી પિશાચ વિદ્યમાન નહિ છતાં આ અજ્ઞાન-રૂપી બાળકે પોતાની અંદર કલ્પી લીધેલ છે, અને તે અજ્ઞાનનેલીધેજ સ્થિર થઇ રહ્યો છે.[૪] જેમ કોઇ વિચારશીલ પુરુષ હાથમાં દીવો લઇ અંધારાના સ્વરૂપને શોધવા બેસે તો તે દેખાતુંજ નથી, તેમ અજ્ઞાન કે જે તત્ત્વદૃષ્ટિવડે શોધવા જતાં વિવેકી પુરુષના જોવામાંજ આવતું નથી, તે છેજ નહિ.[૫] આ લોકમાં અજ્ઞાનરૂપી પિશાચી, જેમ જેમ તેના સ્વરૂપવિષે વિચાર કરવામાં આવે અને જેમ જેમ તત્ત્વદૃષ્ટિવડે અવલોકન કરવામાં આવે તેમ તેમ તે લયને પ્રાપ્ત થતી જાય છે.[૬] જેમ દેહવિનાની (મિથ્યા) કોઇએક યક્ષિણી બુદ્ધિની ભ્રાંતિનેલીધે રાત્રિએ ખડી થઇ જાય,તેમ અજ્ઞાન કે જે કેવળ બુદ્ધિની એક ભ્રાંતિરૂપજ છે તે પણ અવિદ્યા (કાર્યાવિદ્યા) હોય તોજ નિરંતર ઉદયને પ્રાપ્ત થાય છે.[૭] જો નીચે ચંદ્રમા હોય તોજ તેની અંદર બીજું મૃગલાંછન હોવાનું સંભવે, એવી રીતે જે સૃષ્ટિ હોય તોજ અવિદ્યા સંભવે છે, બીજી કોઇ રીતે તે કોઈ કાળે સંભવતી નથી.[૮] આ સૃષ્ટિ કે જે અજ્ઞાની પુરુષોને વિદ્યમાનરૂપે જોવામાં આવે છે તે પ્રથમ ઉત્પન્ન થયેલ ન હોવાથી વિદ્યમાનજ નથી અને આકાશના વૃક્ષની પેઠે કારણના અભાવને લીધે તે પૂર્વે થયેલજ નથી.[૯] પરમશુદ્ધ ચિદાકાશની અંદર નિર્વિકાર એવી આદ્ય સૃષ્ટિમાંજ પૃથ્વી આદિને ઉત્પન્ન થવાનું શું કારણ હોય ? કાંઈ નહિ.[૧૦] પરબ્રહ્મ કે જે મનવડે અને સર્વ ઇંદ્રિયોવડે અગમ્ય છે તથા નિરાકાર છે, તે મન તથા ઇંદ્રિયોવડે ગ્રાહ્ય આ સાકાર સૃષ્ટિનું કારણ કેમ થઇ શકે ?[૧૧] બીજ-રૂપી કારણમાંથી અંકુરરૂપ કાર્ય પેદા થાય છે, પરંતુ જ્યાં બીજજ ન હોય ત્યાં વળી અંકુર કયાંથી થાય ?[૧૨] કારણવિના કાર્યની ઉત્પત્તિ સંભવતીજ નથી. આકાશની અંદર ક્યારેકોણે કર્યું વૃક્ષ પ્રસિદ્ધપણે દીઠેલ છે ?[૧૩] જેમ આકાશની અંદર સંકલ્પવડે જે કાંઇ શાખા આદિ જોવામાં આવે તે સંકલ્પજ તેવે આકારે થઇ રહેલ છે, બાકી તે વાસ્તવિક રીતે કશો જુદો પદાર્થ નથી.[૧૪] આકાશની અંદર જેમ વૃક્ષ-આદિ શૂન્યરૂપ છતાં સંકલ્પવડે માત્ર દેખાય છે, તેમ સૃષ્ટિના આદિકાળમાંજ પ્રતિબંધવિનાની પ્રત્યક્ષ જે આ સૃષ્ટિની સ્થિતિ અનુભવમાં આવે છે તેપણ ચિદાકાશની અંદર વસ્તુતાએ શૂન્યરૂપ છતાં સંકલ્પવડેજ દેખાય છે.[૧૫] સદાકાળ એકસરખી રીતે નિર્વિકારપણે રહેનાર ચિદાકાશ કે જે સર્વના આત્મારૂપ છે, ચિન્માત્ર છે, અને ઈશ્વર છે, તેજ પોતાની ચિત્સત્તાને લીધે પોતાના સ્વરૂપની અંદર સૃષ્ટિરૂપે વિવર્તભાવથી થઇ રહેલ છે.[૧૬] આ બાબતમાં દૃષ્ટાંત જોઇતું હોય તો સ્વપ્નસૃષ્ટિનું છે, કે જે પ્રતિદિન સર્વને અનુભવમાં આવે છે. પોતાની મેળેજ સ્વપ્નની અંદર સંકલ્પનું સ્ફુરણ થતાં એ સંકલ્પજ પર્વત-નગર આદિને આકારે સ્વપ્નમાં દેખાય છે.[૧૭] જેમ સ્વપ્નની અંદર ચિદ્રૂપ અંતરાત્માના સ્વરૂપમાં સંકલ્પજ કેમ જાણે સ્વપ્નસૃષ્ટિરૂપે થઇ રહ્યો હોય એમ લાગે છે, તેમ જાગ્રતમાં પણ વસ્તુતાએ સૃષ્ટિ નહિ છતાં સંકલ્પજ કેમ જાણે જાગ્રત્સૃષ્ટિરૂપે થઇ રહેલ હોય એવું લાગે છે. આવીજ રીતે પૂર્વકાલમાં (સૃષ્ટિ થયા પહેલાં) પણ તે મહાચિદાકાશ પોતાના શુદ્ધ સ્વરૂપની અંદરજ રહ્યું હતું.[૧૮] સૃષ્ટિની પહેલાં દ્રષ્ટા દૃશ્ય દર્શન આદિથી રહિત, જન્મ આદિ વિકારવિનાનું, અક્ષય, અનાદિ અને અનંત જે એક શુદ્ધ પરમ તત્ત્વ હતું તેજ અમારા મત પ્રમાણે પોતે વિકારને ન પામતાં છતાં (વિવર્તભાવથી) સૃષ્ટિરૂપે થઈ રહેલ છે.[૧૯] વસ્તુતાએ અહીં સૃષ્ટિ થએલજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નથી તેમ ભૂગોળ–ખગોળ આદિ કશું પણ છે નહિ. શાંત નિરાલંબ બ્રહ્મજ પોતાના સ્વરૂપની અંદર વિવર્તભાવથી સર્વરૂપે થઇ રહ્યું છે.[૨૦] સર્વ શક્તિમાન એ પરબ્રહ્મ દૃઢ સંકલ્પવડે જેવું જેવું પોતાનું રૂપ પસારવા ધારે તેવે તેવે રૂપે તે પોતાના શુદ્ધ વાસ્તવ સ્વરૂપને નહિ છોડતાં થઇ જાય છે.[૨૧] જેમ સ્વપ્નમાં દેખવામાં આવતું નગર મનુષ્યના અંદર રહેલા ચિદાત્માનોજ એક વિલાસ છે, તેમ સૃષ્ટિના આદિકાળમાં આ સૃષ્ટિ પણ શુદ્ધ ચિન્માત્ર તત્ત્વનોજ એક વિલાસ છે.[૨૨] ચિદાકાશ પોતાના પરમ આકાશરૂપ શુદ્ધ ચિન્મય સ્વરૂપમાંજ રહેલ છે, અને તેજ પોતાની તેવી ભાવનાનેલીધે પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થયા છતાં વિવર્તભાવથી સૃષ્ટિને આકારે ભાસે છે.[૨૩] ભાવનાનો વિષય, ભાવના કરનાર અને ભાવના, એ ત્રિપુટીની સ્થિતિ પણ સ્વચ્છ ચિદાકાશરૂપ છે, અને તે ચિદાકાશજ પોતાવડે પોતાના સ્વરૂપની અંદર એ સર્વને રૂપે થઇ રહેલ છે.[૨૪] જ્યારે આપ્રમાણે દૃઢ નિશ્ચય સ્થિર થઈ જાય ત્યારે પછી સૃષ્ટિ પણ ક્યાં રહી, અવિદ્યા પણ ક્યાં રહી અને અજ્ઞાન પણ ક્યાં રહ્યું ? અને સર્વ શાંત એક રસમય બ્રહ્મરૂપજ છે, ત્યારે વળી અહંકાર–આદિ પણ ક્યાં રહ્યાં ?[૨૫] આ અહંકારની શાંતિનો ઉપાય મેં તમને કહી બતાવ્યો. જેમ પિશાચનું સ્વરૂપ જાણવામાં આવે એટલે તે મિથ્યા જણાયાથી શમી જાય, તેમ અહંકારનું પણ સ્વરૂપ જાણવામાં આવે એટલે તે મિથ્યા જણાયાથી શમી જાય છે.[૨૬] જ્યારે ઉપર પ્રમાણે પૂર્ણ રીતે અહંકારનું સ્વરૂપ મારા જાણવામાં આવી ગયું છે તો પછી ભલે એ મારો અહંકાર આભાસરૂપે વિદ્યમાન રહ્યો હોય, તથાપિ તે શરદ્ ઋતુના વાદળાંની પેઠે નિષ્ફળજ છે.[૨૭] જેમ ચિત્રમાં આલેખેલા અગ્નિનો દાહ, તેનું સ્વરૂપ જાણવામાં આવતાં દાહ્ય (બાળવાની) વસ્તુઓમાં નિષ્ફળ જણાય, તેમ અહંકાર, સૃષ્ટિ આદિનું સ્વરૂપ જાણવામાં આવે એટલે તે નિષ્ફળતાને પ્રાપ્ત થઇ જાય છે.[૨૮] એવી રીતે જ્યારે સમાધિકાળમાં અહંકારના ત્યાગમાં અને વ્યવહારકાળમાં અહંકારના સ્વીકારમાં મારૂં જે સમાનપણુંજ છે તો પછી સૃષ્ટિ ભલે હો અથવા ન હો, તથાપિ એ બન્નેમાં જેમ આકાશ મેઘાડંબર, પવન, તડકા ઇત્યાદિવડે ભલે વ્યાપ્ત હોય કે વ્યાપ્ત ન હોય તોપણ તેની સ્થિતિ એકસરખીજ (અવિકૃત) રહે તેમ મારી સ્થિતિ પણ સમાનજ છે.[૨૯] અહંકાર મારો નથી અને હું અહંકારનો નથી. જ્યારે એમજ છે ત્યારે તો આ સર્વ એકરસરૂપ થઈ રહેલા ચિદાકાશરૂપજ છે એમ તમે સમજો.[૩૦] જેવી રીતે મારો આવો નિશ્ચય છે તેવીજ રીતે બીજા પણ બોધવાન પુરુષોને જેમ ચિત્રમાં આલેખેલા અગ્નિમાં અગ્નિપણું (તેના દાહકતા આદિ ધર્મો) ન હોય તેમ પોતાના આત્મસ્વરૂપમાં સૃષ્ટિ-અહંકાર આદિની ભ્રાંતિ હોતી નથી.[૩૧] હું પણ નથી, કોઈ બીજો પણ નથી અને આ સર્વ પણ નથી, એવો નિશ્ચય રાખી પ્રકૃત વ્યવહાર કરતા રહી તમે શિલાના જેવા મૌનવાન થઇ રહો.[૩૨] તમે ઘણા કાળસુધી મનન આદિવડે સર્વ ભાવોનો નિષેધ કરી દઈ આકાશના અંદરના ભાગના જેવા શુદ્ધ સ્વરૂપવાળા અને શિલાના જેવા નિરવકાશ થઇ રહો. હમણાં અને સૃષ્ટિ થયા પહેલાં સર્વ ચિન્મય છે, દૃશ્ય છેજ નહિ, એમ તત્ત્વજ્ઞાનવડે જણાતાં સર્વ પરમ મંગળ પરમાત્મારૂપજ સિદ્ધ થાય છે.[૩૩]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

आकाशकोशविशदाकृतिरेव तिष्ठ निर्देशवच्चिरमपह्नुतसर्वभावः ॥ अद्यादितश्च किल चिन्मयमेव सर्वं नो दृश्यमस्ति शिवमेवमशेषमित्थम् ॥ ३३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદિતવેદ્યાહંકારવિચાર' એ નામનો સત્તાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૭

सर्ग ૫૮ मो.*

સૃષ્ટિ છે અને નથી.

॥ श्रीराम उवाच ॥

अहोनु विततोदारा विमला विपुलाचला ॥ भवता भगवन् भूत्यै भूयो दृष्टिरुदाहृता ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! અહો ! આપે મને ફરીવાર પણ વિસ્તારવાળી, ઉદાર, નિર્મળ, વિશાળ અને અચળ એવી જ્ઞાનદૃષ્ટિ (ઉપદેશવડે) બતાવી છે કે જે મોક્ષસુખને આપનારી છે.[૧] સર્વ, સર્વ ઠેકાણે સર્વથા સદ્રૂપે રહેલ છે, અને સર્વત્ર સદાકાળ સર્વ સદ્રૂપે છે. આ (પ્રસ્તુત) વિષય અનુભવવડે વિચારી જોતાં સત્ય લાગે છે, અને સર્વ પરબ્રહ્મસાથે એકરસરૂપેજ રહેલ છે એમ જણાય છે;[૨] પરંતુ હે મહારાજ ! એક મારા મનમાં સંશય રહી જાય છે તેનું આપ નિવારણ કરો. આપે જે મને પાષાણાખ્યાનવિષે કહ્યું તે શું કહ્યું ?[૩]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—સદાકાળ સર્વ સર્વ ઠેકાણે રહેલજ છે, એ વિષયનું પ્રતિપાદન કરવામાં પાષાણાખ્યાન મેં તમને એક દૃષ્ટાંતરૂપે કહેલ છે.[૪] છિદ્રવગરના એક ઘટ્ટ અવયવવાળા પાષાણના ગર્ભની અંદર રહેલા ચિદાકાશમાં હજારો સૃષ્ટિઓ રહી છે એ વાત પાષાણાખ્યાનવડે મેં તમને સૂચવેલ છે.[૫] પંચમહાભૂતોના અને સર્વ પ્રાણીમાત્રના અધિષ્ઠાનરૂપ આ મહાચિદાકાશ પોતાના આકાશના જેવા શૂન્યરૂપને નહિ છોડતાં સ્વસ્વરૂપની અંદરજ રહેલ છે છતાં તેની અંદર હજારો સૃષ્ટિઓ (વિવર્તરૂપે) રહેલ છે, એ વાત પાષાણાખ્યાનવડે તમને બતાવવાની છે.[૬] વૃક્ષોની ગાંઠો અંકુરો ઇત્યાદિની અંદર તથા પ્રાણી, વાયુ, જળ, તેજ, એ વગેરેની અંદર પણ હજારો સૃષ્ટિઓ રહેલી છે, એ આ કથાવડે (પાષાણાખ્યાનવડે) બતાવવાનું છે.[૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જો આપ એમ કહો છો કે ભીંત આદિમાં અંદર રહેલ ચિદાકાશમાં સૃષ્ટિના સમૂહો રહેલા છે તો પછી શુદ્ધ ચિદાકાશમાંજ એ સર્વ રહેલ છે એમ શામાટે નથી કહેતા ?[૮]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! તમે જે કહો છો તેજ પક્ષ મુખ્ય છે, અને એ સર્વ મેં તમને પ્રથમજ વર્ણન કરી બતાવેલ છે, કે જે કાંઇ આ સૃષ્ટિ જોવામાં આવે છે તે ચિદાકાશજ ચિદાકાશની અંદર (પોતાના સ્વરૂપમાં) વિવર્તરૂપે રહેલ છે.[૯] જે કાંઇ આ દૃશ્યરૂપે ભાસે છે, તે પ્રથમ ઉત્પન્નજ થએલ નથી અને હમણાં પણ વિદ્યમાનજ નથી, બાકી જે દૃશ્યની પ્રતીતિ થાય છે તે બ્રહ્મજ પોતાના શુદ્ધ સ્વરૂપની અંદર વિવર્તભાવથી તેવે રૂપે થઇ રહેલ છે.[૧૦] આરોપદૃષ્ટિવડે જોતાં તો એક અણુમાત્ર પણ પૃથ્વી એવી નથી કે જે સૃષ્ટિવડે ખીચોખીચ ભરેલી ન હોય; અને અપવાદદૃષ્ટિવડે જોતાં તો કોઇ ઠેકાણે સૃષ્ટિ વિદ્યમાનજ નથી અને જે કાંઇ સૃષ્ટિરૂપે પ્રતીતિમાં આવે છે તે ચિદાકાશરૂપજ છે. (જળને માટે પણ ઉપર પ્રમાણેજ સમજી લેવાનું છે.)[૧૧] આરોપદૃષ્ટિવડે જોતાં

* આ અઠ્ઠાવનમા સર્ગમાં સર્વ ઠેકાણે સદાકાળ સૃષ્ટિની શોભા રહેલી છે અને નથી પણ રહેલી. આ વાતનો આધાર અધિકારી ઉપર રહેલ છે. આ સંબંધમાં પાષાણાખ્યાનનું વિવેચન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તેજનો એક અણુ જેટલો ભાગ પણ એવો નથી કે જે સૃષ્ટિવડે ખીચોખીચ ભરેલ ન હોય,અને અપવાદદૃષ્ટિએ જોતાં તો એ સૃષ્ટિ કોઇ જગોએ છેજ નહિ અને એ તેજ પણ ચિદાકાશરૂપજ છે.[૧૨] અધ્યારોપદૃષ્ટિથી જોતાં વાયુનો એક અણુ જેટલો ભાગ પણ એવો નથી કે જે સૃષ્ટિવડે ખીચોખીચ ભરેલો ન હોય અને અપવાદદૃષ્ટિવડે જોઇએ તો એ સૃષ્ટિ કોઈ જગોએ છેજ નહિ અને એ વાયુ પણ ચિદાકાશરૂપજ છે.[૧૩] આરોપદૃષ્ટિથી જોતાં એક અણુ માત્ર પણ આકાશ એવું નથી કે જે સૃષ્ટિવડે ખીચોખીચ ભરેલું ન હોય અને અપવાદદૃષ્ટિથી જોઇએ તો કોઈ જગોએ એ સૃષ્ટિ છેજ નાહ, અને એ આકાશ પણ ચિદાકાશરૂપજ છે.[૧૪] આરોપદૃષ્ટિથી જોતાં પંચ મહાભૂતોમાં પણ એકેય એવું નથી કે જે સૃષ્ટિવડે સંપૂર્ણ રીતે ભરેલ ન હોય, બાકી અપવાદદૃષ્ટિથી જોતાં તો સૃષ્ટિ પણ કોઈ જગોએ છેજ નહિ અને એ પંચમહાભૂતો પણ ચિદાકાશરૂપજ છે.[૧૫] આરોપદૃષ્ટિથી જોતાં પર્વતોનો એક અણુ માત્ર અંશ પણ એવો નથી કે જે સૃષ્ટિવડે ખીચોખીચ ભરેલો ન હોય, બાકી અપવાદદૃષ્ટિથી જોતાં સૃષ્ટિ કોઈ જગોએ થએલજ નથી અને ચિદાકાશજ એ સર્વરૂપ છે.[૧૬] આરોપદૃષ્ટિથી જોતાં હિરણ્યગર્ભનો એક અણુ માત્ર પણ અંશ એવો નથી કે જે સૃષ્ટિવડે પરિપૂર્ણ રીતે ભરપૂર ન હોય, બાકી અપવાદદૃષ્ટિવડે જોઇએ તો એ સૃષ્ટિ છેજ નાહ અને હિરણ્યગર્ભ પણ ચિદાકાશરૂપજ છે.[૧૭] સૃષ્ટિની અંદર રહેલા લોકો અને પ્રાણિઓના સમૂહો એ સર્વમાં એક અણુમાત્ર પણ અંશ એવો નથી કે જે સદાકાળ બ્રહ્મરૂપ ન હોય,તેનેલીધે બ્રહ્મ અને સૃષ્ટ, એ બન્નેનો ભેદ કેવળ કહેવામાત્રજ છે બાકી વસ્તુતાએ નથી.[૧૮] સૃષ્ટિજ પરબ્રહ્મરૂપ છે અને પરબ્રહ્મજ સૃષ્ટિરૂપ છે, જેમ અગ્નિની અને સૂર્યની ઉષ્ણતામાં કશો ભેદ નથી તેમ એ બન્ને (સૃષ્ટિ-બ્રહ્મ) માં કશો ભેદ વસ્તુતાએ નથી.[૧૯] અમુક સૃષ્ટિ છે અને અમુક બ્રહ્મ છે એવી કલ્પના અત્યંત અનિર્વચનીય પરબ્રહ્મની અંદર આરોપિતરૂપે પ્રતીતિમાં આવે છે, બાકી તત્ત્વદૃષ્ટિવડે જોતાં તો એ સર્વ શબ્દરચના કુવાડાવડે કપાતાં લાકડાંની અંદર પેદા થતા શબ્દના જેવી નિરર્થક છે.[૨૦] જ્યાં દ્વિત્વ-એકત્વ આદિ વિકલ્પનો પણ જરા લેશમાત્ર પણ સંભવ નથી ત્યાં સૃષ્ટિ–બ્રહ્મ આદિ શબ્દો અને તેના અર્થો શી રીતે સંભવે? કોને સંભવે ? અને તેનું સ્વરૂપ વળી કેવું હોય?[૨૧] જ્ઞાનવાન વિવેકી પુરુષ ભલે વ્યવહારમાં રહેલો હોય તોપણ તેની દૃષ્ટિમાં શાંત, એક, અનંત, અનાદિ, સ્વચ્છ, નિર્વિકાર, નિઃસંકલ્પ અને શિલાના જેવું એકરસરૂપ બ્રહ્મજ આ સર્વરૂપ થઇ રહેલ છે એમ દેખાય છે.[૨૨] હે પ્રિય રામચંદ્રજી ! જેવી રીતે મનુષ્યના હૃદયમાં સ્વપ્નની અંદર દેખાતો વ્યવહારોનો સમૂહ, જાગ્યા પછી પણ સ્મૃતિરૂપે આભાસમાત્ર જોવામાં આવે, તેમ આ સર્વ દૃશ્ય, તમે, હું, પર્વતોના સમૂહો અને દેવ-દાનવો વગેરે જગત આભાસમાત્ર જોવામાં આવે છે, બાકી તે બધું ઉપાધિમાત્રથી રહિત શુદ્ધ ચિદાકાશરૂપજ છે, એમ તમે સમજો; અને જ્ઞાનદૃષ્ટિવડે અવલોકન કરો.[૨૩]

निर्वाणमेवमखिलं नभ एव दृश्यं त्वं चाहमीद्रीनचयाश्च सुरासुराश्च ॥ तादृग्जगत्समवलोकय यादृगंग स्वप्नेऽथ जंतुमनसि व्यवहारजालम् ॥ २३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્ગબ્રહ્મત્વપ્રતિપાદન' એ નામનો અઠ્ઠાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૮

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग ५९ मो.

વસિષ્ઠમુનિને અનંત જગતની પ્રતીતિ.

॥ श्रीराम उवाच ॥

अनंतरं नभःकोशकुटीकोटरतो मुने ॥
तव ध्यानात्प्रबुद्धस्य वृत्तं वर्षशतेन किम् ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આકાશરૂપી કોટડીની અંદર સેંકડો વર્ષને અંતે તમે ધ્યાનમાંથી વ્યુત્થિત થતાં પછી શું બન્યું તે કહો.[૧]

શ્રીવાસિષ્ઠજી કહે છેઃ—પછી હું જ્યારે ધ્યાનમાંથી વ્યુત્થિત થયો ત્યારે અસ્પષ્ટ પદ અને અક્ષરવાળો, તથા હૃદયને મનોહર લાગે એવો શબ્દ મારા સાંભળવામાં આવ્યો, કે જેનો કશો અર્થ બરાબર સમજવામાં આવતો ન હતો.[૨] કેમ જાણે કોઇ સ્ત્રીના કંઠમાંથી ઉત્પન્ન થવાનેલીધે સ્વભાવથીજ તે કોમળ અને મધુર હોય એમ જણાતું હતું. વળી તે વાક્ય રણકારવાળું હતું અને ધીરા સ્વરને લીધે દૂરથી સાંભળવામાં આવે એવું નથી એમ મને જણાયું.[૩] ભમરાના શબ્દના જેવું અને વીણાના સ્વરને (સાથે મળી જઈ) શોભા આપે એવું એ વાક્ય હતું. બાળકના રોવાના અવાજ જેવું પણ તે ન હતું, તેમ કોઇ પ્રૌઢ પુરુષના ભાષણ જેવું પણ તે જણાતું ન હતું. કમળકોશની અંદર ધુંચાઈ રહેલા ભમરાના અવાજ જેવોજ એ અવાજ જણાતો હતો.[૪] એ શબ્દ સાંભળી આશ્ચર્ય પામી જઈ, એ શબ્દ બોલનાર કોણ છે, તેનો શોધ કરવા માટે દશે દિશાઓ તરફ જોઈ એ જગોએ મેં આ પ્રમાણે વિચાર કર્યો.[૫] "આકાશનો આ ભાગ જ્યાં સિદ્ધ પુરુષોનો પણ સંચાર કરવાનો માર્ગ નથી એવાં લાખો યોજનોનું ઉલ્લંઘન કરી તેથી પણ ઘણેજ દૂર રહેલો છે, માટે અહીં આવા એકાંતસ્થાનમાં આવા સ્ત્રીવર્ગના જેવા શબ્દનો સંભવ ક્યાંથી હોય? હું ચારે તરફ યત્નવડે જોઉંછું તોપણ એ શબ્દ બોલનાર કોઇ પણ પ્રાણી મારા જોવામાં આવતું નથી.[૬,૭] મારી પાસે તો અનંત અને ચોતરફ શૂન્ય દેખાતું નિર્મળ આકાશજ રહ્યું છે. અહીં પ્રયત્નવડે જોવા છતાં પણ પ્રાણિમાત્ર જોવામાં આવતું નથી."[૮] જ્યારે એ પ્રમાણે વિચાર કરી વારંવાર મેં ચારે કોર જોવા માંડયું છતાં પણ કોઇ શબ્દ બોલનાર મારા જોવામાં આવ્યું નહિ ત્યારે પાછો મેં મનમાં વિચાર કર્યો,[૯] કે "હું ચિદાકાશરૂપ થઇ જઈ આકાશની સાથે એકતાને પ્રાપ્ત થઇ શબ્દ કે જે આકાશનો એક ગુણ છે અને આકાશની અંદર રહેલો છે તેના અર્થનો અનુભવ કરીશ.[૧૦] દેહરૂપી ઉપાધિવાળા આકાશને અહીં જ યથાસ્થિતપણે રાખી ચિદાકાશરૂપ થઈ જઈ જળ જેમ બીજા જળ સાથે એકતાને પ્રાપ્ત થઈ જાય તેમ હું એ આકાશ સાથે એકતાને પ્રાપ્ત થઇ જાઉં."[૧૧] આવો વિચાર કરી દેહાનુસંધાનને છોડી દેવા માટે પદ્માસન વાળી ફરીવાર આંખો વીંચી લઈ સમાધિ ચડાવવામાં હું તત્પર થઇ ગયો.[૧૨] ઇંદ્રિયોદ્વારા થનારા બાહ્ય વિષયોના સંબંધને વૃત્તિનિરોધવડે છોડી દઇ અંદર મનન આદિ રૂપે થયા કરતા માનસિક વિષયોનો પણ ત્યાગ કરી હું ચિત્તાકાશરૂપ થઇ ગયો, કે જે ચિદાત્માના એક સ્ફુરણરૂપજ છે.[૧૩] પછી એ ભાવને પણ છોડી દઈ બુદ્ધિતત્ત્વમાં મેં સ્થિતિ રાખી અને પછી તેનો પણ ત્યાગ કરી દઇ ચિદાકાશની અંદર હું સ્થિર થઇ રહ્યો; અને તેની અંદર પ્રતિબિંબિત થઇ રહેલા અનેક જગતના સમૂહોનો તાદૃશ ચિતાર આપવામાં એક અધિષ્ઠાન જેવો થઇ ગયો,[૧૪] અને પછી એ

* આ ઓગણસાઠમા સર્ગમાં વસિષ્ઠઋષિને સમાધિનો વિરામ થતાં એક સૂક્ષ્મ ધ્વનિનું શ્રવણ થવા વિષે તથા તેના મૂળનો શોધ કરવા જતાં કરોડો અનંત જગતની પ્રતીતિ થવા વિષે કહેવાયું છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વભાવવડે જળ જેમ બીજા જળની સાથે મળી જાય તથા સુગંધ જેમ પોતાના સજાતીય ગંધ સાથે મળી જાય તેમ આકાશ કે જે પંચમહાભૂતોની અંદરનું એક મહાભૂત છે તેની સાથે હું મળી ગયો.[૧૫] પછી હું મહા આકાશમાં સર્વત્ર વ્યાપ્ત થઇ જઈ અનંત અને સર્વવ્યાપી થઇ ગયો. નિરાકાર છતાં તથા અસંગપણાને લીધે અને અદ્વૈતપણાને લીધે કશાના આધારરૂપ નહિ છતાં આકાશ કે જે સર્વના આધારરૂપ છે તેની સાથે અભેદ થઈ જવાને લીધે હું સર્વ પદાર્થોના આધારરૂપ થઇ રહ્યો.[૧૬] મેં તેની અંદર ત્રૈલોક્યના સમૂહો, સેંકડો સંસારો અને લાખો બ્રહ્માંડો દીઠાં, કે જેની ગણના પણ થઇ શકે નહિ.[૧૭] એ સર્વ એક બીજા (તે તે લોકવાસી પ્રાણીઓ)ની દૃષ્ટિમાં નિર્મળ આકાશરૂપજ હતાં અને તેને લીધેજ તે પરસ્પર એક બીજાને જોવામાં આવતાં ન હતાં. નાના પ્રકારના આચાર વિચારોને ધારણ કરી રહ્યા છતાં એક બીજાને દેખવામાં ન આવવાથી પરસ્પર એક બીજાની દૃષ્ટિએ તે શૂન્યરૂપજ હતાં.[૧૮] સમાનકાળ પર્યંત સૂઇ રહેલા પુરુષોના સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિરચના જેમ પોતપોતાની દૃષ્ટિમાં મોટા આરંભવાળી લાગે અને બીજાની દૃષ્ટિમાં તે સાવ શૂન્યજ જણાય, તેમ એ સર્વ (ત્રૈલોક્ય-બ્રહ્માંડ આદિની) રચના મોટા આરંભોવડે યુક્ત છતાં પરસ્પર એક બીજાને જોવામાં ન આવવાથી એક બીજાની દૃષ્ટિએ તે શૂન્ય જેવીજ હતી.[૧૯] તે ઉત્પન્ન થઈ નાશ પામી જતી હતી, વારંવાર વૃદ્ધિને પ્રાપ્ત થતી હતી, હાલ વર્તમાન સમયમાં પણ તે છે, ભૂતકાળમાં પણ તે થઇ ગએલ છે, અને હવે પછી પણ તે સર્વ પ્રકારે થશે.[૨૦] મહાચિદાકાશરૂપી ભીંતની અંદર આલેખેલા અનેક ચિત્રસમૂહોની પેઠે તે દેખાયા છતાં તત્ત્વદૃષ્ટિવડે જોતાં નિરાધાર (પાયાવગરની) અને આકાશરૂપજ હતી; અને જુદા જુદા સ્વભાવના પ્રાણીઓએ કેમ જાણે પોતપોતાનાં મનવડે (મનોમયરૂપે) રચી લીધેલાં મોટાં રાજ્યો હોય તેવી મનવડેજ કલ્પી લીધેલી હતી.[૨૧] વળી તેમાંનાં કેટલાંક બ્રહ્માંડો આવરણ વિનાનાં હતાં, કેટલાંક એકજ આવરણવાળાં હતાં, કેટલાંક પાંચ આવરણવાળાં હતાં, કેટલાંક સાત આવરણવાળાં હતાં,[૨૨] કેટલાંક દશ આવરણવડે વિચિત્રતાવાળાં હતાં, કેટલાંક સોળ આવરણવાળાં હતાં, કેટલાંક ચોવીશ આવરણવડે યુક્ત હતાં, કેટલાંક છત્રીશ આવરણવાળાં હતાં કે જેઓ વસ્તુતાએ આકાશના જેવાંજ હતાં.[૨૩] કેટલાંક સાવ શૂન્યજ હતાં, કેટલાંક પંચ મહાભૂતોવડે રચાએલાં હતાં, કેટલાંક પૃથ્વી આદિ એકેક મહાભૂતવાળાં હતા, કેટલાંક પૃથ્વી આદિ બે મહાભૂતવાળાં હતાં, કેટલાંક પૃથ્વી આદિ ત્રણ મહાભૂતોવાળાં હતાં અને કેટલાંક પૃથ્વી આદિ ચાર મહાભૂતોવડે પણ યુક્ત હતાં. કેટલાંક* સાત મહાભૂતોવાળાં હતાં, કેટલાંકમાં તો માત્ર એકજ જાત જોવામાં આવતી હતી.[૨૪,૨૫] કેટલાંક (જગતો કે બ્રહ્માંડો) તો તમારા જેવા પુરુષોને અનુભવમાં વિરુદ્ધ જણાય એવી અત્યંત અસંભાવ્ય દશાવાળાં પ્રાણીઓવડે ભરેલાં હતાં, કેટલાંક નિરંતર અંધકારવડેજ વ્યાપ્ત રહેતાં હતાં અને સૂર્ય આદિથી રહિત હતાં.[૨૬] કેટલાંક તો પ્રલય અને સુષુપ્તિ દશાના જેવાં શૂન્ય દેખાતાં હતાં, કેટલાંક સૃષ્ટિના આરંભકાળમાં સ્થપાએલ એકજ ધણી (હિરણ્યગર્ભ આદિ) વડે ધણિયાતાં હતાં, વળી

* કાળ અને દિશા, એ બન્નેને મહા ભૂતરૂપ ગણી પંચમહાભૂત સાથે તેને ભેળા દઇ અહીં સાતની ગણના કરેલી જણાય છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કેટલાંક વિલક્ષણતાવાળા પ્રજાપતિઓ અને તેના અંશરૂપ દેવતાઓના વિચિત્ર આચારોવડે યુક્ત હતાં.[૨૭] કેટલાંક વેદ અને શાસ્ત્રો એ બન્નેવડે રહિત હતાં અને કેટલાંક શાસ્ત્રોવડેજ રહિત હતાં. કેટલાંક તો ઉંબરાના ફળમાં રહેલા જીવડાનીપેઠે પોતપોતાના આશ્રમમાં ગુંચવાઈ રહેલા દેવાદિકવડેજ પ્રાણીઓવાળાં જણાતાં હતાં.[૨૮] કેટલાંક કળિયુગના પ્રારંભનેલીધે વેદશાસ્ત્રોનો ઉચ્છેદ થઇ જવાથી માત્ર જાતિવડેજ તથા પરંપરાવડેજ સંકેત કરી લીધેલા બ્રાહ્મણ આદિ વર્ણના આચારોવાળાં મેં જોયાં, કેટલાંક તો નિરંતર પ્રકાશવાળાં અને પ્રજ્વલિત અગ્નિવાળાં મારા જોવામાં આવ્યાં.[૨૯] કેટલાંક કેવળ જળવડેજ પૂર્ણ હતાં, કેટલાંક માત્ર પવનવડેજ ભરપૂર હતાં, કેટલાંક જગત તો પરમ શુદ્ધ ચિદાકાશની અંદર નિશ્ચળપણેજ રહ્યાં હતાં અને કેટલાંક નિરંતર ચંચળજ રહ્યા કરતાં હતાં.[૩૦] કેટલાંક ઉત્પન્ન થઈ વૃદ્ધિને પ્રાપ્ત થતાં દેખાતાં હતાં અને કેટલાંક ચારેકોર પુષ્ટજ (વૃદ્ધિવાળાંજ) જોવામાં આવતાં હતાં. વળી બીજાં કેટલાંક સર્વ ભોગ્ય વસ્તુઓવડે પૂર્ણતાવાળાં છતાં તિર્યક્ (આડી) ગતિ કરનારાં હતાં.[૩૧] કેટલાંકની અંદર તો માત્ર દેવતાઓનીજ સૃષ્ટિ દેખાતી હતી, કેટલાંકમાં માત્ર મનુષ્યોજ જોવામાં આવતાં હતાં, કેટલાંકમાં દૈત્યોનાંજ ટોળાં માત્ર નજરે પડતાં હતાં અને જેમ કેળના કોમળ પત્રોનો વ્યૂહ એક બીજામાં અનુસ્યૂત થઇ રહેલ હોય તેમ કેટલાંક તો કૃમિવડેજ ખીચોખીચ (ઠઠ) ભરેલાં હતાં. એક પરમાણુની અંદર પણ એ જગતો એકબીજામાં કલ્પનાવડે કલ્પી લીધેલાં પોતપોતાના સ્થાનમાં ખડાં થઇ રહેલાં હતાં અને ઉત્પન્ન થયે જતાં હતાં.[૩૨] વળી તેઓ મહાવિસ્તારવાળાં છતાં અમ ઉત્પન્ન થયા છતાં સેનામાં એકઠા થયેલા પુરુષોના જુદા જુદા અનેક સ્વપ્નસમૂહની પેઠે પરસ્પર એકબીજાના દેખવામાં આવતાં ન હતાં, અને પરસ્પર એક બીજાના અનુભવમાં પણ આવતાં ન હતાં.[૩૪] વળી તેઓ વિવિધ પ્રકારનાં હતાં, અનંત હતાં અને વસ્તુતાએ જોતાં સ્વચ્છ શુદ્ધ ચિદાકાશરૂપજ હતાં. અન્યોન્ય જુદા જુદા વ્યાપારોવાળાં હતાં અને જુદી જુદી સ્થિતિને ધારણ કરી રહ્યાં હતાં.[૩૫] વળી તેમાંનાં બીજાં કેટલાંએક શાસ્ત્રથી રહિત હતાં અને ધર્મની અનંતતાવડે એક બીજાથી અંત ન લઈ શકાય તેવાં (અનંત) હતાં. તેમાં પણ જેઓ અન્યોન્ય એક બીજાને મળતાંઆવે એવાં હતાં, તેઓના આકાર અને રચના પણ એક બીજાના જેવીજ હતી.[૩૬] વળી તેઓ એક બીજામાંથી એક બીજામાં જીવોનું જવાઆવવાનું થવાથી પરસ્પર પરલોકના જેવાં હતાં અને પરસ્પર (અંતર્ધાનશક્તિને લીધે) સિદ્ધનગરના જેવાં જણાતાં હતાં. વળી તેમાંનાં કેટલાંક જગતો કાંઇક બીજીજ જાતનાં મહાભૂતોવાળાં હતાં અને કાંઇક બીજીજ જાતની દિશાઓ ને ગિરિઓવડે યુક્ત હતાં.[૩૭] વળી એવાં તો તે અસમંજસ આકારવાળાં હતાં કે પાસે રહ્યા છતાં પણ મારા જેવા પુરુષો વર્ણનવડે કહી બતાવે તોપણ તમારા જેવાઓને અનુભવમાં ન આવે અને પ્રયત્નવડે પણ જાણી શકાય નાહ એવાં હતાં.[૩૮] એ જગતો ચિદાત્મારૂપી સૂર્યના કિરણસમૂહનીપેઠે ચોતરફ પ્રસરી રહેલા ચૈતન્યની અંદર, જળીઆમાંથી પડતાં સૂર્યનાં ચાંદરણાંની અંદર દેખાતા અનેક પરમાણુના જેવાં જણાતાં હતાં. તેમજ મોક્ષરૂપી સામ્રાજ્યલક્ષ્મીના કુંડળના જેવા રમણીય દેખાતા આકાશની અંદર વિચિત્ર તરેહના રત્નના કિરણોના સમૂહ જેવા લાગતાં હતાં.[૩૯]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA.

તેમાં કેટલાંક તો તેનાં તેજ પાછાં ઉત્પન્ન થઈ થઈ દેખાવ દેતાં હતાં અને કેટલાંક તો વનનાં પાંદડાંનીપેઠે તેના જેવાંજ પાછાં ઉત્પન્ન થઈ દેખવામાં આવતાં.[૪૦] વળી તેમાંનાં કેટલાંએક જુદાં દેખાતાં છતાં પણ સર્વનો ચિન્મય તત્ત્વમાંજ અધ્યાસ થયેલો હોવાથી તેઓની જુદી સત્તા ન હોવાનેલીધે ચિન્મયરૂપે અન્યોન્ય એકરૂપ હોવાથી એકસરખાંજ હતાં અને કેટલીકવાર તો તેઓનું અત્યંત સરખાપણું મારા જોવામાં આવ્યું હતું. વળી તેમાંનાં કેટલાંક જગતો તો અત્યંત વિસદૃશ (સમાનતાવિનાનાં) હતાં.[૪૧] એ સર્વ પરમાર્થ (પરબ્રહ્મ) રૂપી મહાવૃક્ષનાં અનંત ફળના જેવાં હતાં, કે જેને લીધે વસ્તુતાએ જોતાં એ તદ્રૂપજ હોવાથી તેનાથી જુદાં ન હતાં, અને સ્થૂલદૃષ્ટિવડે જુદાં જેવાં દેખાતાં હતાં.[૪૨] તેમાંનાં કેટલાંક તો નાના કલ્પવાળાં હતાં તથા કેટલાંક મોટા કલ્પોવાળાં હતાં; અને તેમાંનાં ઘણાંએક તો દેશ, કાળ, વસ્તુ, સ્વભાવ ઈત્યાદિના નિયમથી રહિત હતાં અને બીજાં દેશ-કાળ આદિના નિયમવાળાં પણ ઘણાં હતાં.[૪૩] વળી બીજાં કેટલાંએક દૈવયોગથી પોતાની મેળેજ ખડાં થઇ જઇ પુષ્ટ અને સ્થિર થઈ રહેલાં દેખાતાં હતાં, અને સૂર્ય આદિના અભાવને લીધે જેની અંદર કાળની ગાતનો ક્રમ જાણવામાં ન આવે એવાં હતાં.[૪૪] એ સર્વ વસ્તુતાએ જોતાં પરમ ચિદાકાશની અંદર શૂન્યરૂપેજ રહેલાં હતાં. વળી અનાદિ હતાં અને પોતાના પ્રત્યક્ સ્વરૂપમાં (આત્મસ્વરૂપમાં) અજ્ઞાનરૂપી દોષનેલીધેજ રૂઢ થઇ રહેલાં દેખાતાં હતાં.[૪૫] વળી તેઓ સેંકડો સમુદ્રો, સેંકડો સૂર્યો, સેંકડો આકાશો અને સેંકડો મેરુપર્વતો ઇત્યાદિવડે સારી રીતે યુક્ત હતાં, અને ચિદાકાશમાં ચિદાત્માના ચમત્કારનેલીધે રજોગુણ તથા તમોગુણનો સંબંધ થયો અનેક સ્વપ્નસમૂહનીપેઠે પ્રતીતિમાં આવતાં હતાં.[૪૬] વગર કારણે પ્રતીતિમાં આવનારા પૃથ્વી આદિ પદાર્થોનો જે કાંઇ અનુભવ થાય છે તે કારણોના અભાવનેલીધે કેવળ ભ્રાંતિરૂપજ છે, જેનેલીધે એ સર્વ જગતો અધિષ્ઠાન દૃષ્ટિવડે જોતાં સત્ય હતાં, બાકી આરોપિત દૃષ્ટિવડે (જગતના સ્વરૂપવડે) જોતાં તો તે સાવ હતાંજ નહિ.[૪૭] ઝાંઝવાના જળસમૂહનીપેઠે, બે ચંદ્રમાનીપેઠે અને આકાશના રંગની પેઠે એ જગતો દેખાતાં છતાં વસ્તુતાએ જોતાં સત્ય ન હતાં અને અનુભવવડે સિદ્ધ હોવાથી કાંઇક સત્ય જેવાં પણ લાગતાં હતાં.[૪૮] ચિદાત્માના સંકલ્પરૂપી આકાશની અંદરજ તેઓ વારંવાર ભાસ્યા કરતાં હતાં અને વાસનારૂપી પવનવડે ભ્રમણ કરતાં રહી પોતાના કર્મને યોગે ભમતાં રહેતાં હતાં.[૪૯] બ્રહ્મરૂપી એક ઉંબરાના વૃક્ષમાં સુર–અસુર આદિ અનેક જીવો મસલાનીપેઠે રહેલા હતા. અને ભોગો રૂપી રસવડે ભરેલાં તથા પવનના યોગથી ચિદાકાશની અંદર ભમ્યા કરતાં અનેક બ્રહ્માંડો તો એ બ્રહ્મરૂપી ઉદુંબર વૃક્ષનાં ફળરૂપ હતાં.[૫૦] એ સર્વ જગતો પ્રૌઢ સ્વભાવવાળાં અને સૃષ્ટિનો આરંભ કરનારા શુદ્ધ ચેતન તત્ત્વરૂપી બાળકના સંકલ્પવડે ખડાં થઇ ગએલાં નગરો (સંકલ્પનગરો) ને રૂપે ચિદાકાશની અંદર પ્રતીતિમાં આવતાં હતાં એમ મને જણાયું.[૫૧] જેમ કાદવવડે બનાવેલાં રમકડાં સૂર્યનારાયણના તાપવડે દૃઢ થઇ જાય, તેમ એ જગતો પણ અમુક તમે છો, અમુક હું છું, અમુક તે છે, અને અમુક વળી બીજી કાંઇ વસ્તુ છે, ઇત્યાદિ (અભિમાનજન્ય) બુદ્ધિના બળવડે અત્યંત દૃઢ થઇ રહેલાં હતાં.[૫૨] વળી તેઓ જેમ મહાઉગ્ર ફળવાળાં વનો વસંતઋતુના રસની વાંકીવડે શાખા–ઉપશાખા

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિ વિસ્તારવાળાં થઈ જાય, તેમ નિરંતર તૃપ્ત રહેનાર અને રસવડે સુશોભિત એવાં દેવવડે શાખા–ઉપશાખા આદિ વિસ્તારવાળાં થઇ રહ્યાં હતાં.[૫૩] ઉપર ઉપરથી સ્થૂલદૃષ્ટિવડે જોતાં તો તે બ્રહ્મ (શબલબ્રહ્મ) રૂપી કર્ત્તાથી ઉત્પન્ન થયેલાં જણાતાં હતાં અને વસ્તુતાએ સૂક્ષ્મદૃષ્ટિવડે જોતાં તેઓ કર્ત્તાવિના માત્ર ભ્રાંતિવડેજ ખડાં થઈ ગયેલાં હતાં. તેઓ સ્વભાવિક રીતેજ (અકૃત્રિમપણે) દેખાયા કરતાં હતાં અથવા તો ચિદાકાશરૂપજ હતાં. વળી તેઓ પોતાની મેળેજ અનેક આકારોવડે સંપન્ન થયેલાં દેખાતાં હતાં અથવા તો ચિદાકાશની અંદર કોઇએ ચિત્રનીપેઠે રચી લીધાં હોય એવાં ભાસતાં હતાં.[૫૪] વસ્તુતાએ તેઓ પરબ્રહ્મ કે જે પરમાર્થરૂપે સત્ય છે તેરૂપજ હતાં છતાં કેમ જાણે તેનાથી સાવ જુદાંજ હોય એવાં દેખાતાં હતાં. વસ્તુતાએ તે નહિ દેખાતાં છતાંદેખાયા કરતાં હતાં અને અસત્ય છતાં સત્યરૂપ લાગતાં હતાં.[૫૫]

વળી તેઓ ચૌદલોકની ગણના પ્રમાણે ચૌદ પ્રકારનાં, વિદ્યાધર, અપ્સરા, યક્ષ ઇત્યાદિ દેવયોનિની ગણનાવડે દશ પ્રકારનાં, અને મનુષ્ય આદિ એકેક જાતિની ગણનાવડે જોતાં એકેક પ્રકારનાં હતાં. ઇત્યાદિ અનેક પ્રકારનાં પ્રાણીઓના સમૂહોને ધારણ કરી રહેલાં હતાં અને ફરીવાર પણ પાછાં તેનાં તેજ ઉત્પન્ન થયેલાં જણાતાં હતાં. વળી તેની અંદર બીજાં પાછાં તેના જેવાંજ દેખાતાં હતાં અને બીજાંઓ વળી તેની બહાર પણ જોવામાં આવતાં હતાં[૫૬] જો કે તેઓ નરક, સ્વર્ગ, પાતાળ, બંધુ અને મિત્ર એવડે યુક્ત હતાં અને મોટા મોટા આરંભોવાળાં હતાં, તેમ છતાં પરમાર્થદૃષ્ટિવડેજ જોઇએ તો તેઓ સાવ શૂન્યજ હતાં.[૫૭] જેમ ક્ષીરસાગરનાં જળ ચારે તરફથી સ્નેહને (ઘૃતને અથવા સ્નિગ્ધતાને) સારરૂપે ધારણ કરી રહ્યાં હોય તેમ એ જગતો પણ ચોતરફથી સ્નેહને (પ્રેમને) સારરૂપે ધારણ કરી રહ્યાં હતાં. વળી ક્ષીરસાગરનાં જળ જેમ અંદર તરંગોવડે ઉછાળા માર્યા કરે તેમ એ જગતો પણ સુખ–દુઃખરૂપી તરંગોવડે અથવા છ ઊર્મિઓવડે અંદર ઉછળતાં હતાં અને બહાર પણ તેઓ (જન્મ–મરણરૂપ) આવૃત્તિવાળાં જણાતાં હતાં.[૫૮] આત્મારૂપી સૂર્યનારાયણના તેજની અંદર ઝાંઝવાના જળનીપેઠે એ જગતોનું રૂપ કેવળ આભાસ માત્રજ હતું અને તેઓ પવનમાં ચલનશક્તિ જેમ પોતાની મેળેજ (સ્વાભાવિક રીતે) ઉત્પન્ન થાય તેમ કેમ જાણે પોતાની મેળેજ (સ્વાભાવિક રીતે) ઉત્પન્ન થયાં હોય તેવાં દેખાતાં હતાં.[૫૯] બુદ્ધિ, અહંકાર અને ચિત્તરૂપી પાંદડાંઓને આશ્રય આપવામાં તો તેઓ એક વૃક્ષરૂપજ હતાં. જેમ સ્વપ્નમાં નિરંતર નહિ હોનારાં અને માત્ર આભાસરૂપેજ દેખાયા કરતાં બીજાં મનુષ્યો અસત્ય હોય અને તેને દેખવામાં આવતું બીજું દૃશ્ય પણ અસત્યજ હોય, તેમ એ જગતોમાં દેખાતા બીજા જીવો પણ અસત્ય હતા અને તેઓને દેખવામાં આવતું બીજું દૃશ્ય પણ અસત્યજ હતું.[૬૦] પુરાણ અને વેદાંતના સિદ્ધાંતોની (વ્રત-યજ્ઞ-દાન આદિ) કલ્પનાઓરૂપી શય્યામાં શયન કરી દૃઢ વિશ્વાસરૂપી ઘાટી નિદ્રાને પ્રાપ્ત થઈ જઇ કેમ જાણે તેઓ આત્મજ્ઞાનના સંબંધમાં શબના જેવાં હોય તેવાં દેખાતાં હતાં.[૬૧] પરબ્રહ્મ કે જે પરમાર્થરૂપે સત્ય છે અને જેનું સ્વરૂપ અતિ ગહન છે, તેરૂપી એક મોટા અરણ્યમાં ચિદાત્મા (શબલબ્રહ્મ) રૂપી ગંધર્વે માયાના સંબંધથી ગંધર્વનગરની પેઠે રચી લીધેલાં અને સૂર્યરૂપી દીવાવડે પ્રકાશવાળાં ઘરોના જેવાં તેઓ દેખાતાં હતાં.[૬૨] જેમ તિમિર રોગવડે ઘેરાએલા નેત્રવાળો પુરુષ આકાશની

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri

અંદર મોત્રાળામસલાં આદિ વસ્તુના જેવા આકારને દેખે તેમ માત્ર ભ્રાંતિવડેજ મેં પણ તે વખતે સમાધિકાલમાં અનંત ચિદાકાશની અંદર નિમિત્તવિનાજ ઉત્પન્ન થતાં અને નિમિત્તવિનાજ પાછાં લયને પ્રાપ્ત થઈ જતાં અનેક જગતો જોયાં.[૬૩]

प्रजायमानानि नभस्यनंते विशीर्यमाणानि च निर्निमित्तम् ॥ तदात्वहं वै तिमिराक्षदृष्ट-केशोंड्रकानीव जगंत्यपश्यम् ॥ ६३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "જગજ્જાલવર્ણન" એ નામનો ઓગણસાઠમો સર્ગ સંપૂર્ણ. ૫૯

सर्ग ६० मो.*

વસિષ્ઠ ઋષિને સમાધિમાં સ્ત્રીદર્શન ઇત્યાદિ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

ततोहमभितो भ्रांतस्तादृशं प्रविचारयन् ॥ बहुकालमसंरुद्धसंविदाकाशतां गतः ॥ १ ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પછી હું ચોતરફ ભ્રમણ કરતો રહી સાંભળવામાં આવેલા શબ્દનું કારણ શોધવામાં તત્પર થઇ જઇ ઘણા લાંબા કાળસુધી અપરિચ્છિન્ન ચિદાકાશરૂપ થઈ રહ્યો.[૧] પછી એ શબ્દ મને વીણાના શબ્દ જેવો જણાવા લાગ્યો. ત્યારબાદ ક્રમે કરી તેનાં પદો મને સ્ફુટ રીતે સમજવા લાગ્યાં. પછી તે આર્યા નામના છંદનો એક ભેદ છે એમ મારા સમજવામાં આવ્યું.[૨] શબ્દ થવાના મૂલપ્રદેશ તરફ મેં મારી યોગદૃષ્ટિવડે જોયું તો ત્યાં પાસેજ સુવર્ણના રસના જેવી તેજોમય કાંતિવડે આકાશને પ્રકાશિત કરનારી, ચારે કોર ચપળતાવાળાં પુષ્પો અને વસ્ત્રોને ધારણ કરી રહેલી, કેશવડે આકુળ થઇ ગયેલાં નેત્રોવાળી, ચપળ અંબોડાવડે સુશોભિત અને કેમ જાણે બીજો મૂર્તિમાન લક્ષ્મીનો અવતાર હોય તેવી રમણીય દેખાતી, મનોહર અને સુવર્ણના જેવા ગૌર અવયવોવડે યુક્ત, વટેમાર્ગુની પેઠે હમ્મેશાં ચાલ્યા જતા નવયૌવનને ધારણ કરનારી, અને કેમ જાણે મૂર્તિમાન વનદેવી હોય તેમ સુગંધી સર્વ અવયવોવડે સુંદરતાવાળી કોઇ એક વનિતા મારા જોવામાં આવી.[૩-૫] પૂર્ણચંદ્રના જેવા રમણીય અને તેજોમય મુખવાળી, પુષ્પસમૂહના જેવા સુંદર હાસ્યવડે સુશોભિત, યૌવનવડે પ્રફુલ્લ થઇ ગએલા પ્રૌઢ મુખને ધારણ કરી રહેલી, પાંપણોનું ઉઘડવું અને વીંચાવું કે જે દેવયોનિથી મનુષ્યયોનિને જુદી પાડવામાં એક લક્ષણરૂપ છે તેવડે શોભાયમાન, ચિદાકાશના સ્વરૂપમાં કલ્પાએલા આ (પંચમહાભૂતની અંદરના) મહાકાશની અંદર ધરતરીકે નિવાસ કરી રહેલી, ચંદ્રમાના કિરણોના જેવી અતિસુંદર, મોતીઓવડે બનાવેલાં આભૂષણોવડે અને કટિમેખલાવડે શણગારેલી, મારા તરફ અનુસરવાના (સરળ) સ્વભાવવાળી, દેખાવ ઉપરથીજ મનુષ્યના મનનું હરણ કરનારી, આર્યપુરુષોને ઘટે એવા વિલાસોવડે સુશોભિત, અને મૃદુ હાસ્ય કરનારી એ સ્ત્રી મારી પાસે મધુર સ્વરવડે જેમ બને તેમ કોમળતાથી નીચેની (નીચેના અર્થવાળી) આર્યા* બોલી.[૬-૮]

રાગ, દ્વેષ, કામ, લોભ, મોહ આદિ દોષો

* આ સાઠમા સર્ગમાં વસિષ્ઠ ઋષિને સમાધિની અંદર શબ્દ કરનારી એક સ્ત્રી જોવામાં આવશે અને તેનો અનાદર કરી ફરીવાર વસિષ્ઠજી વિચિત્ર જગત જોવામાં તત્પર થશે, એ વર્ણન કરવામાં આવશે.

* આર્યા એક જાતનો છંદ છે. તેનાવિષે છંદઃશાસ્ત્રમાં નીચેપ્રમાણે લક્ષણ છે.

यस्याः पादे प्रथमे द्वादशमात्रास्तथा तृतीयेऽपि ॥ अष्टादश द्वितीये चतुर्थके पंचदश साऽऽर्या ॥ १ ॥

અર્થઃ-જેના પહેલા અને ત્રીજા પદમાં બાર માત્રા હોય, બીજા પદમાં અઢાર માત્રા હોય અને ચોથામાં પંદર માત્રા હોય તે આર્યા.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કે જેઓ ખલ પુરુષમાંજ ઉચિત છે તેવડે રહિત, શુદ્ધ ચિત્તવાળા હે મહાત્મા મુનિ ! તમે કે જે આ સંસારરૂપી નદીમાં બુડીજવાના ભયથી બેબાકળા થઇ ગએલા અને ઝાવાં નાખતા પુરુષોને અવલંબન મળવાને માટે તીર પાસે રહેલા એક વિશાલ વૃક્ષના જેવા છો, તેમનેજ હું નમસ્કાર કરૂં છું.[૯]

ઉપર પ્રમાણેની આર્યા સાંભળી રમણીય મુખને અને સુંદર શબ્દને ધારણ કરી રહેલી એ સ્ત્રીને જોઇને "આ તો કોઈ એક સ્ત્રી છે તેનું આપણે શું પ્રયોજન છે" એમ વિચારી તેનો કશો આદર ન કરતાં હું ત્યાંથી ચાલ્યો ગયો.[૧૦] હું કે જે અનેક જગતના સમૂહોરૂપી માયાને જોઇ પ્રથમ વિસ્મય પામી ગયો હતો તેણે પછી એ સ્ત્રીનો કશો આદર ન કરતાં પાછું આકાશની અંદર વિહાર કરવાનું શરૂ કર્યું.[૧૧] પછી એ સ્ત્રીને જોવાથી ઉત્પન્ન થએલા તે સ્ત્રીસંબંધી વિચારને "એ સ્ત્રી શૂન્યસ્વરૂપ છે અને આભાસમાત્રજ છે" એવા વિવેકવડે નિઃશેષપણે છોડી દઇ હું ચિદાકાશરૂપે પાછો જગત સંબંધી માયાને જોવા સારૂ પ્રવૃત્તિમાન થઇ ગયો.[૧૨] જેમ સંકલ્પવડે ખડા થઇ ગએલા, સ્વપ્નમાં દેખાતા તથા વાકયરચનાવડે આબેહુબ ખડા કરી દીધેલા પદાર્થો શૂન્યરૂપજ હોય, તેમ વસ્તુતાએ જોતાં પ્રખર આરંભવાળાં એ સર્વ જગતો શૂન્ય ચિદાકાશરૂપજ હતાં.[૧૩] એ જગતો શૂન્યરૂપ હોવાથી તેમાંનાં કેટલાંક તો કોઇ જગોએ કયારેય પણ દેખતાં કે સાંભળતાં ન હતાં અને પ્રલય, મહાપ્રલય, તથા સૃષ્ટિરચનાનો કાળ એ સર્વ સમયમાં તેઓ એકરૂપેજ રહ્યાં હતાં.[૧૪] વળી ચોતરફ ઉચ્છૃંખલ રીતે પ્રવર્તનારા જળના (પ્રલયમેઘના) ઝપાટાઓને ધારણ કરી રહેલો, ઉચ્છૃંખલ થઇ સુસવાટ કર્યા કરતા ઉત્પાતના પવનોવાળા, અનેક મોટા મોટા પર્વતોનું ફાટવું થતાં તેના શબ્દવડે આખા બ્રહ્મરૂપી મંડપને ગજાવી મૂકનારા, પ્રજ્વલિત થએલ પ્રલયકાળના અગ્નિનો સંઘર્ષ થતાં બળવાનેલીધે ચરચર શબ્દ કરનારાં કુબેરનાં ભવનોવાળા, દંડાઓનીપેઠે આકાશમાં ભ્રમણ કર્યા કરતા અતિ તપી ગએલા (પ્રચંડ) બાર સૂર્યમંડળને ધારણ કરી રહેલા, દેવતાઓનાં અનેક નગરોના સમૂહોનો સંહાર થઇ જવાથી ચોતરફ પ્રસરી રહેલા (કળકળાટના) પોકારોવડે ઘોઘરા અવાજવાળા, અગ્નિ પવન આદિના સંપર્કવડે અવાજ કરી રહેલા, સર્વ પર્વતોના શિખરોની પંક્તિઓને ગળી જવાને તૈયાર થઇ રહેલા, પ્રલયકાળના અગ્નિની જ્વાળાઓ પ્રગટ થતાં તેવડે વાંસ આદિની ગાંઠો ફાટતાં ફાટવાના (ફટ ફટ) અવાજોને ધારણ કરનારા, પોતાના સ્વભાવનો ભ્રંશ થતાં ઉત્પન્ન થએલા મોટા ક્ષોભનેલીધેજ કેમ જાણે ક્ષોભને પામી ગએલા હોય તેવા થઇ રહેલા, દેવસમૂહોના અને જળજંતુઓના ક્ષોભવડે આકાશમાં અને મહાસાગરમાં પણ ક્ષોભ ઉત્પન્ન કરનારા, દેવતાઓ દૈત્યો અને મનુષ્યોના ઘરમાં થયા કરતા ઘોઘરા અવાજોવડે કર્કશતાવાળા, સાત સમુદ્રોનું મોટું પૂર આવવાથી (ઠેઠ દેવલોકપર્યંત પહોંચી જતાં) તેવડે સૂર્યમંડળ અને ચંદ્રમંડળને પણ પૂરી દેનારા એકબીજામાં થયા કરતા તેના પ્રલયો, જેમ એકજ મંદિરમાં સૂતેલા પુરુષોને પોતપોતાના સ્વપ્નમાં પ્રતીતિમાં આવતી રણની ગર્જના બીજાઓને જાણવામાં ન આવે તેમ પરસ્પર એ સર્વ જગતોને જાણવામાં આવતા ન હતા.[૧૫-૨૦] એ જગતોની અંદર મેં હજારો રૂદ્રો જોયા, કરોડો અને કરોડો બ્રહ્માઓ જોયા, લાખો વિષ્ણુઓ દીઠા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને અનેક કલ્પોના સમૂહો સંપૂર્ણ રીતે મારા જોવામાં આવ્યા.[૨૧] તેમાંનાં સૂર્યનારાયણ વિનાનાં, અહોરાત્રથી રહિત, ભૂતળથી પણ રહિત અને કલ્પોવડે, યુગોવડે કે વર્ષોવડે જેનો અંતજ નથી આવતો એવા કોઇ એક જગતમાં કેવળ તર્કવડેજ ક્ષય અને ઉદય થતો મારા જોવામાં આવ્યો.[૨૨] આ સર્વ ચિદાત્માની અંદર રહેલ છે, ચિદાત્માથીજ ઉત્પન્ન થએલ છે, ચિદ્રૂપજ છે, ચારેકોર ચિદાત્માજ પ્રસરી રહેલ છે, સત્ય પણ ચિદાત્માજ છે અને તેજ સર્વરૂપે થઇ રહેલ છે. આ સર્વ વાત તે વખતે બરાબર મારા જોવામાં આવી.[૨૩] હે પ્રિય રામચંદ્રજી ! તમે ઘટ-પટ આદિ કોઇ પણ પદાર્થના રૂપને કલ્પી લઇ તેને અમુક નામવડે કહો છો. હવે આ બાબતમાં આપણે ખરી રીતે જોઇએ તો એ ચિદાત્માજ કેમ જાણે તમે કલ્પી લીધેલાં તેવાં તેવાં નામ-રૂપને આકારે થઇ રહ્યો હોય એમ પ્રતીતિમાં આવે છે, અને એ ચિદાત્માનું વાસ્તવ સ્વરૂપ જોઇએ તો આકાશથી પણ અતિ શૂન્ય છે, જેથી તે કશા નામ-રૂપને આકારે થઇ રહેલોજ નથી.[૨૪] એ ચિદાકાશમાં કલ્પાએલું આ શૂન્યરૂપ આકાશજ જગતના નામ-રૂપને આકારે પરિણામ પામેલું (આકાશાદ્વાયુઃ વાયોરગ્નિઃ ઇત્યાદિ શ્રૌતક્રમપ્રમાણે) ભાસે છે, અને "તત્ત્વમસિ, સર્વં ખલ્વિદં બ્રહ્મ" ઇત્યાદિ શબ્દરૂપે પરિણામ પામેલા એ આકાશવડે આ સર્વ જગતો પરમ ચિદાકાશરૂપ છે એમ સિદ્ધ થાય છે.[૨૫] હે પ્રિય રામચંદ્રજી ! આ જે કાંઈ દૃશ્ય જોવામાં આવે છે તે કેવળ ભ્રાંતિરૂપ છે અને આકાશવૃક્ષની મંજરીની પેઠે સાવ મિથ્યાજ છે. તેનું વાસ્તવ સ્વરૂપ જોઇએ તો ચિદાકાશરૂપ છે કે જે કેવળ સુખમય છે. આ વિષયનો મને તે વખતે બરાબર અનુભવ થયો.[૨૬] હું કે જે ચિદાકાશસાથે એકરૂપ થઇ જઈ સર્વત્ર વ્યાપી રહ્યો હતો અને બોધરૂપે અનંત થઇ રહ્યો હતો તેણે સંકલ્પમય એ સર્વ જગતો ચિદાકાશરૂપ છે એવો સમાધિની અંદર અનુભવ કર્યો.[૨૭] બ્રહ્માંડના સમૂહો ચિદાકાશરૂપ છે, દશ દિશાઓ પણ ચિદાકાશરૂપ છે, વિચિત્ર પ્રકારની રચનાઓ, કાળ, દેશ, દ્રવ્ય અને ક્રિયા આદિ પણ ચિદાકાશરૂપજ છે.[૨૮] એ સમાધિમાં (ભેદભાવનાનો ઉદય થતાં) ખડા થઇ ગયેલા સેંકડો સંસારોની અંદર મારાજેવાંજ રૂપને ધારણ કરી રહેલા, મહાત્માઓમાં અતિમાન્ય અને બ્રહ્માના પુત્રો એવા વસિષ્ઠ નામના અનેક મહામુનિઓ મેં જોયા.[૨૯] હે બ્રહ્મરૂપ મહાશય રામચંદ્રજી ! એ સમાધિની અંદર બોતેર ત્રેતાયુગો જોયા કે જે બધા રામાવતારે સહિત હતા. તેમજ એ સમાધિમાં સેંકડો સત્યયુગો અને સેંકડો દ્વાપરયુગો પણ મારા જોવામાં આવ્યા.[૩૦] એવી રીતે તે તે અનેક પ્રકારની સૃષ્ટિની દશાઓ મારા જોવામાં આવી કે જે કેવળ ભેદભાવનાવડેજ ખડી થઇ ગએલી હતી. ભેદભાવનાને દૂર કરી તત્ત્વદૃષ્ટિવડેજ જોઇએ તો એ સર્વ અતિસ્વચ્છ એક ચિદાકાશજ ચોતરફ પ્રસરી રહેલું હતું.[૩૧] વસ્તુતાએ જોઇએ તો આ જગત બ્રહ્મમાં કાલત્રયમાં પણ નથી; અને અધ્યારોપદૃષ્ટિથી જો કદાચિત્ આ જગત છે એમ માનીએ તોપણ તે સર્વ જન્મ આદિ વગેરે વિકારોથી રહિત અનાદિ અનંત બ્રહ્મરૂપ છે, કે જે જ્ઞાનવડેજ માત્ર અનુભવમાં આવે છે.[૩૨] એ બ્રહ્મ, પાષાણમૌનના જેવું નિઃસંકલ્પ છે, અને તે સર્વ નામ-રૂપવડે શૂન્ય હોવાથી કશારૂપ નથી. તે કાંઇક અનિર્વચનીય રૂપવાળું છે, જ્યોતિરૂપ છે, અને એ બ્રહ્મજ વિવર્તભાવથી જગતને વેશે પ્રતીતિમાં આવે છે. ચિદાકાશ કે જે નિરા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કાર છે તેની અંદર દૃશ્યની જો કે કશી સત્તાજ નથી, તોપણ તેની પોતાની (ચેતનની) સત્તાજ નિરાકારપણે રહ્યા છતાં સ્વપ્નના અનુભવની પેઠે આ જગતને આકારે પ્રતીતિમાં આવે છે.[૩૪] એ બ્રહ્મ આત્માથી જુદું નથી પણ આત્મારૂપજ છે. સૂર્ય આદિનો પ્રકાશ જેમ અજવાળાંને કરે છે અને વખતે (આવરણનેલીધે) અજવાળાંને નથી પણ કરતો તેમ, પ્રકાશરૂપ એ પરબ્રહ્મ પણ સઘળું કરે છે, અને તત્ત્વદૃષ્ટિવડે જોતાં તો કશું કરતું નથી.[૩૫] સમાધિમાં જોવામાં આવેલાં લાખો જગતોમાં ચંદ્રબિંબો મને ઉષ્ણ જણાયાં હતાં અને સૂર્યની મૂર્ત્તિઓ શીતળ જણાતી હતી.[૩૬] વળી કેટલાંક જગતોમાં તો પ્રજાઓ અંધારામાં દેખતી હતી અને પ્રકાશમાં દેખતી ન હતી, અને ત્યાનાં મનુષ્યો ઘુડના જેવા આચારવાળાં (દિવસે આંધળાં અને રાત્રિએ દેખતાં) હતાં અને તેઓનો સ્વર પણ ઘુડના જેવોજ હતો.[૩૭] કેટલાંક બ્રહ્માંડોમાં તો શુભ કર્મવડે *અધોગતિ અને પાપકર્મથી સ્વર્ગપ્રાપ્તિ થતી હતી તથા ઝેર ખાવાથી પ્રાણીઓ જીવતાં હતાં અને અમૃતનું ભોજન કરવાથી તેઓનું મરણ થતું હતું.[૩૮] ચિદાકાશની અંદર જે જે વસ્તુને દૃઢભાવનાવડે જેવી જેવી રીતે કલ્પી લેવામાં આવે અને જેવી જેવી રીતે તે ખડી થઈ ગએલી દેખાય તેવીજ રીતે તે ભોગકાળમાં પણ સ્ફુટ રીતે જોવામાં આવે છે, પછી તે સત્ય હો કે અસત્ય હો, તેવિષે કશો વિચાર કરવાનું રહેતું નથી, કેમકે બ્રહ્મજ વાસના-કર્મ આદિને અનુસારે વિવર્તરૂપે તેવે તેવે ભાવે થઇ રહેલું ભાસે છે. એ સમાધિમાં ચિદાકાશની અંદર એવાં પણ વિચિત્ર જંગલો મારા જોવામાં આવ્યાં હતાં કે જેઓ શાખાને આકારે થઇ રહેલા અનેક મૂલોના સમૂહો જોવામાં આવવાથી વજ્રમણિના જેવાં દૃઢ દેખાતાં અને શોભાવાળાં પત્ર-પુષ્પોવડે સુશોભિત એવાં અનેક વૃક્ષોવડે સુંદર દેખાતાં હતાં;[૪૦] અને વેળુઓને ઘાણીમાં પીલવાથી તેમાંથી તેલ નીકળતું હતું તથા શિલાઓના ગર્ભમાંથી સારી રીતે કમળોની ઉત્પત્તિ થતી હતી.[૪૧] વળી કેટલાંક જગતોમાં તો કાષ્ઠમાં, પાષાણમાં અને ભીંતોમાં ચંચળપણે રહેલી પૂતળીઓ દેવાંગનાઓની સાથે ગાન કરતી હતી અને વાર્તાવિનોદ પણ ચલાવતી હતી.[૪૨] કેટલાંએક જગતોની અંદર પ્રાણીઓ ઉત્તમ વસ્ત્રોનીપેઠે ઉત્તમ વાદળાંઓને ધારણ કરતાં હતાં અને વૃક્ષોમાં પ્રતિવર્ષ વિજાતીય ફળો ઉત્પન્ન થતાં હતાં.[૪૩] કેટલાંક બ્રહ્માંડોમાં તો સર્વ પ્રાણીઓના અવયવોની રચના અનિયમિત દેખાતી હતી; તે વિવધપ્રકારના અવયવોને ધારણ કરી રહેલાં તથા ભૂમિને સ્પર્શ કરી રહેલાં મસ્તકોવડે તેઓ ચાલતાં હતાં.[૪૪] વળી આ ભૂલોક આદિ લોકની નીચેના લોકોમાં કેટલાંક જગતો વેદશાસ્ત્ર વગેરેથી સાવ રહિતજ હતાં, ધર્મનું તો નામ પણ તેઓ જાણતાં ન હતાં, જે કાંઇ પોતાના વિચારમાં આવ્યું તેનેજ માત્ર વળગી રહેનારાં હતાં અને કેવળ પશુઆદિવડેજ તે પૂર્ણ હતાં.[૪૫] વળી બીજાં કેટલાંએક (જગતો) તો એવાં હતાં કે જે કામવિકારના અનુભવથી સાવ રહિતજ હતાં અને સ્ત્રીઓના સમૂહો વિનાનાંજ હતાં તથા કેમ જાણે પાષાણવડે રચાએલાં હોય તેવાં શુષ્ક (કઠિન) હૃદયવાળાં ક્રૂર પ્રાણીઓવડે વ્યાપ્ત હતાં.[૪૬] કેટલાંકમાં તો સર્પરૂપીજ પ્રાણીઓ રહેલાં હતાં અને સ્તનો તથા પાષાણો સરખાજ જણાતા

* મનની કલ્પનાનું નિરંકુશપણું જણાવવાને અહીં આમ કહેલ છે, બાકી વસ્તુતાએ તેમ નથી; કારણ કે વેદ આદિ શાસ્ત્રો શુભકર્મથી ઉર્ધ્વલોકપ્રાપ્તિ અને પાપકર્મથી અધોલોકપ્રાપ્તિ કહે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હતા. વળી કેટલાંક તો ધન આદિના વ્યવહારવડે સાવ રહિતજ હતાં, લોભવિનાનાં હતાં, અને અહંકાર પણ તેઓમાં દેખાતો ન હતો.[૪૭] કેટલાંક જગતોમાં તો પ્રત્યેક પ્રાણી પોતપોતાના આત્માનેજ સર્વરૂપ દેખતું હતું; બીજું કશું તેના જોવામાં આવતુંજ ન હતું. તેમાં પણ કોઈ કોઈ જગત જરાયુજ,સ્વેદજ આદિ અનેક જાતનાં પ્રાણીઓવાળાં દેખાતાં હતાં; અને કોઇ કોઇ જગતની અંદર તો કેવળ એકજ જાતિ નજરે આવતી હતી.[૪૮] જેમ નખ, કેશ આદિની ઉત્પત્તિ તથા નાશ થતાં કે વધવું–ઘટવું થતાં, આત્મા તેનો અનુભવ કરનારો હોવાથી કેમ જાણે પોતે તેનાથી સાક્ષિરૂપે જુદો રહ્યો હોય એવો થઇ રહે છે, અને નખ-કેશ આદિના સૌંદર્ય આદિ સુખભોગમાં તો પોતે કેમ જાણે તદ્રૂપજ થઇ રહ્યો હોય એવી ભાવના તેને થાય છે, તે પ્રમાણે કેટલાંક જગતોમાં સર્વ ભૂતોના દેહો જુદા રહ્યા છતાં અને કેટલીક રીતે જુદાપણું દેખાતાં છતાં પોતાના આત્માનીપેઠે સર્વ પ્રાણીમાત્રના આત્માના એકપણાની ભાવના થતી જોવામાં આવતી હતી.[૪૯] કોઈક ઠેકાણે તો અનંત–અપાર અને જેનો કોઇ પણ રીતે છેડોજ ન આવે એવો શૂન્યભાવજ દેખાતો હતો, અને યત્નવડે એ શૂન્યભાવનો તિરસ્કાર કરી નાખતાં વળી ફરીવાર જગત ખડું થઇ જતું દેખાતું હતું.[૫૦] એ સર્વને બ્રહ્મભાવની દૃષ્ટિથી જોઇએ તો (સ્વપ્ન-ઇંદ્રજાળ આદિની પેઠે) તેઓ સાવ મિથ્યા જણાતાં હતાં; અને ચિદાત્માને બુદ્ધિવડે પૃથક્ કરી લઇ જોઇએ તો કાષ્ઠના યંત્રરૂપે બનાવેલા સર્વ હાથી, ઘોડા આદિ પ્રાણીઓનીપેઠે તે જગતની અંદરનાં પ્રાણીઓ જડ છતાં ચેતનરૂપે મનાતાં હતાં.

વળી એ જગતોમાંનાં કેટલાંક તો જ્યોતિશ્ચક્રથી (તારામંડળ) રહિત હતાં અને તેનલીધે કાળની પણ કલ્પનાવિનાનાં હતાં. વળી કેટલાંકમાં તો પ્રાણીઓના સમૂહો મુંગા હોવાથી હાથ-પગ આદિ અવયવોના સંકેતવડેજ માત્ર સઘળો વ્યવહાર સિદ્ધ થતો હતો.[૫૨] વળી કેટલાંક તો નેત્રેંદ્રિય અને રૂપ કે જે તેનો વિષય છે તેનું જ્ઞાન, તે બન્નેથી રહિત હતાં; અને તેનેલીધેજ તેની અંદરનાં પ્રકાશરૂપ સૂર્ય આદિનાં તેજે સાવ વ્યર્થ પડતાં હતાં. આ સર્વ જગતોની જે સ્થિતિ મેં વર્ણવી તે એકાગ્રચિત્તવાળા યોગીની માનસિક કલ્પનાવડે અનુભવમાં આવે એવી છે.[૫૩] વળી કેટલાંક તો એવાં જગતો મારા જોવામાં આવ્યાં કે જેનાં પ્રાણીઓ નાસિકા ઇંદ્રિય, અને ગંધ કે જે તેનો વિષય છે તેનું જ્ઞાન, એ બન્નેથી રહિત હતાં; અને તેનેલીધેજ તેની અંદરનો શુભ ગંધ સાવ વ્યર્થ થતો હતો. કેટલાંક જગતોનાં જંતુઓ સ્વભાવેજ સાવ મુગાં હતાં અને કેટલાંકમાં ઉચ્ચારેલો શબ્દ વ્યર્થ થવાથી તેઓ બહેરાં માલૂમ પડતાં હતાં.[૫૪] વળી બીજાં કેટલાંક તો શબ્દનું બરાબર જ્ઞાન ન થવાનેલીધે (બાધરતાથી) મુંગાં થઇ રહેલાં હતાં;અને કેટલાંકમાં તો સ્પર્શવિષયનું જ્ઞાન ન હોવાથી ત્યાંનાં પ્રાણીઓ પાષાણના જેવાં ત્વચાઇંદ્રિય વિનાનાં દેખાતાં હતાં.[૫૫] કેટલાંક જગત તો દેખાતાં છતાં મનોરાજ્યના જેવાં કેવળ કલ્પિતજ હતાં. વળી કેટલાંકમાં તો વ્યવહાર થયા કરતો હતો છતાં પિશાચના વ્યવહારની પેઠે અદૃશ્યપણાનેલીધે તે ઇંદ્રિયોવડે ગ્રહણ થઇ શકાતો ન હતો.[૫૬] કેટલાંક તો પૃથ્વીમયજ હતાં અને એકજ જગોએ સ્થિર થઈ રહ્યાં હતાં. વળી કેટલાંક તો પિંડીભાવથી (ઘાટાપણાથી) રહિત હતાં. કેટલાંકમાં તો કેવળ જળજ ભરપૂર હતું અને કેટલાંક અગ્નિવડેજ પૂર્ણ હતાં.[૫૭] કેટલાંકમાં તો ચોતરફ પવનજ ભરેલો હતો અને કેટલાંકમાં તો (યોગસિદ્ધિવડે) સર્વ વસ્તુઓ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે સર્વ કાર્યસિદ્ધિ થઇ શકે એવું દેખાતું હતું. આવી રીતે એ ચિદાકાશની અંદર ઉપર વર્ણવેલાં સર્વ જગતો કે બ્રહ્માંડો મારા જોવામાં આવ્યાં કે જેઓ વસ્તુતાએ ચિદાકાશરૂપજ હતાં, છતાં વિવર્તભાવથી તેવાં અનેક રૂપે પ્રતીતિમાં આવતાં હતાં.[૫૮] જેમ શિલાઓના કોતરની અંદર દેડકાઓ રહે છે, અને જમીનની અંદર જેમ કેટલાક કીડાઓ રહે છે, તેમ ફક્ત એક પૃથ્વીરૂપી મહાભૂતવડેજ પરિપૂર્ણ એવાં કેટલાંક બીજાં જગતોમાં પણ પ્રાણીઓ રહેતાં હતાં.[૫૯] વળી બીજાં કેટલાંક જગતો કે જેઓ કેવળ એક જળવડેજ પરિપૂર્ણ ભરેલાં હતાં તેઓમાં પણ પૃથ્વી, પર્વત, વન વગેરેમાં પણ અનેક પ્રાણીઓ, જેમ સમુદ્ર આદિના જળમાં મોટાં મોટાં માછલાંઓ, મગરમચ્છો, ઝૂંડો વગેરે ફર્યા કરે તેમ નિરંતર ફર્યા કરતાં હતાં.[૬૦] બીજાં કેટલાંક જગતો કે જેઓ ફક્ત એક અગ્નિવડેજ પૂર્ણ હતાં તેની અંદરનાં પ્રાણીઓ પણ અગ્નિમયજ હતાં, અને જળ આદિનો ભાગ તેમાં હતો નહિ, અને તેઓ ફરતાં ઉંબાડીયાંનીપેઠે સારીપેઠે ભ્રમણ કરતાં હતાં.[૬૧] વળી બીજાં કેટલાંક જગતો કે જેઓ કેવળ પવનવડેજ ભરેલાં હતાં, તેની અંદર રહેલાં પ્રાણીઓ પણ કેવળ વાતમય અંગવાળાંજ હતાં, અને ધનંજય નામના વાયુવાળા પુરુષનીપેઠે તેઓ આકાશમાં ભ્રમણ કરતાં હતાં.[૬૨] વળી બીજી કેટલીક સૃષ્ટિઓ કે જેઓનું સ્વરૂપ કેવળ આકાશમયજ હતું, તેની અંદરનાં પ્રાણીઓ પણ તેવાંજ આકાશરૂપને ધારણ કરી રહ્યાં હતાં, અને તેઓ દર્શન આદિ વ્યવહાર કરી શકતાં હતાં.[૬૩] પાતાળમાં રહેલા આકાશની અંદર ભમ્યા કરતાં, સ્થિર થઈ રહેલાં, અનેક વિલાસોવાળાં અને દિશાઓના જુદા જુદા ભાગમાં રહેલાં નાના પ્રકારનાં જગતો કે જેઓ ચિદાત્મારૂપી મહાસાગરના ચંચળ પરપોટા જેવાં હતાં તેની અંદર જે મારા જોવામાં ન આવેલ હોય એવું કશું છેજ નહિ.[૬૪]

पातालपातिषु तथांबरमुत्पतत्सु तिष्ठत्सु विभ्रमपदेष्वथ दिङ्मुखेषु ॥ नाना जगत्सु किमिवास्ति मया न दृष्टं यन्नाम चिज्जलधिचंचलबुद्बुदेषु ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગજ્જાલવર્ણન' એ નામનો સાઠમો સર્ગ સંપૂર્ણ. ૬૦

सर्ग ६१ मो.*

જ્ઞાનદૃષ્ટિએ ત્રણે કાળમાં જગતનો અભાવ છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

चिदाकाशाच्चिदाकाशे पयसीव पयोरयाः । चित्वाज्जीवाः स्फुरंत्येते एत एव मनांसि नः॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જેમ જળની અંદર જળના પ્રવાહ સાથે તણાતા જતા અનેક પરપોટાઓ જોવામાં આવે, તેમ ચિદાકાશની અંદર ચિદાકાશના ચેતનપણાનેલીધે તેમાંથી આ અનેક જીવો સ્ફુરી આવે છે, અને તેજ આપણા મનરૂપ છે.[૧] એ આપણાં મનો કે જે વસ્તુતાએ શુદ્ધ ચિદાકાશરૂપ છે તે પોતાની મેળેજ (વાસનાને યોગે) અનંત જગતોને આકારે થઇ રહેલ છે.[૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—મહાપ્રલયમાં સર્વનો ક્ષય થઇ જવાથી સર્વ પ્રાણીઓનો સમૂહ લયને પામી જતાં પછી કોને અને શી રીતે આ સૃષ્ટિની પ્રતીતિ થતી પાછી જોવામાં આવે છે?[૩]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—મહાપ્રલયવડે સર્વ

* આ એકસઠમા સર્ગમાં અજ્ઞાનનેલીધે બ્રહ્મની અંદર જગત રહેલું દેખાય છે, અને તેનો નાશ પ્રતીતિમાં આવતાં છતાં તે બ્રહ્મરૂપ હોવાથી નાશ વિનાનું છે અને જ્ઞાનવડે જોતાં તો ત્રણેકાળમાં જગત નથી, એ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પદાર્થોનો ક્ષય થઇ જતાં, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, એ પંચમહાભૂતવડે બનેલો સર્વ પ્રપંચ વિનાશને પ્રાપ્ત થઇ જતાં, અને બ્રહ્માથી માંડી સ્થાવર પર્યંત સર્વ લયને પામી જતાં ફરીવાર પાછો જેવી રીતે આ જગતનો અનુભવ થાય છે તે હું કહું છું; તે તમે સાંભળો. બ્રહ્મ કે જે અવર્ણ્ય છે, પરમાર્થરૂપ હોવાથી સર્વત્ર ભરપૂર છે, અને ચિન્માત્ર છે, એજ છેવટ મહાપ્રલયમાં અવશેષ રહે છે,એમ તત્ત્વવેત્તાઓ કહે છે. તોપણ આ જગત એ ચિન્માત્ર અવશેષ રહેલા બ્રહ્મના એક હૃદયના જેવું છે, જેથી તે તેનાથી જરાપણ જુદું કહી શકાતું નથી. એ પરમાત્માજ જગતને પોતાની સત્તાવડે સત્તાવાળું અને પોતાના હૃદયરૂપ સમજે છે; અને તેમ સમજવામાં તેને વિનોદ થવો એજ માત્ર એક હેતુરૂપ છે; બાકી વિચાર કરિયે છિયે તો વાસ્તવરૂપથી જોતાં તો જગતનું કશું રૂપ અમારા દેખવામાં આવતું નથી. જો એમજ છે તો પછી શું નાશ પામે છે, અને શું ઉત્પન્ન થાય છે ? કાંઇ નહિ. જેવી રીતે એ પરમ કારણરૂપ પરબ્રહ્મ અવિનાશી છે એવીજ રીતે તેના પેટામાં રહેલું જગત પણ અવિનાશીજ છે; અને મહાપ્રલયાદિક પણ તેના અવયવરૂપજ છે. આ બાબતમાં કેવળ અજ્ઞાનજ ભેદભાવનાને ઉત્પન્ન કરનારૂં છે, તે પણ જો શોધક વૃત્તિથી જોવા જઇએ તો દેખાતું નથી.[૪] માટે કોઇ કાળે કોઇ જગોએ કોઇનું કશું નાશ પામતું નથી અને કશું ઉત્પન્ન પણ થતું નથી. બ્રહ્મ કે જે શાંત છે અને જન્મ આદિ વિકારોથી રહિત છે તેજ વિવર્તભાવથી દૃશ્યરૂપે થઇ રહેલું પ્રતીતિમાં આવે છે.[૫] જે શુદ્ધ ચિન્માત્ર પરમતત્ત્વની સત્તા મહાવિશાળ આકાશની અંદર અને અતિ સૂક્ષ્મ પરમાણુના એક હજારમા ભાગમાત્રમાં પણ વ્યાપી રહેલ છે, એ મહાચૈતન્યનું આ જગત એ એક શરીર છે, તો પછી એ મહાચૈતન્યની સત્તાનો નાશ થયાવિના જગતની સત્તા શી રીતે નાશ પામે ? અને એ મહાચૈતન્ય–સત્તાનો તો કદી પણ નાશ થતોજ નથી.[૬,૭] જેમ સ્વપ્નમાં ચિદાત્માનું પોતાનું સ્વરૂપજ સ્વપ્નસૃષ્ટિરૂપે પ્રસરી રહેલું ભાસે છે, તેવી રીતે ચિદાકાશરૂપ પરમાત્માજ આદિ સૃષ્ટિથી આરંભ કરી આ દૃશ્ય જગતને આકારે થઇ રહેલ ભાસે છે.[૮] સૃષ્ટિ એ એક ચિદાકાશના અવયવરૂપ છે, અને તેનો ક્ષય તથા ઉદય, એ બન્ને પણ તેવીજ જાતના (ચિદાકાશના અવયવરૂપ) છે. સર્વ જ્યારે ચિદાકાશરૂપજ છે તો પછી તેમાં શું વિનાશી છે, અને શું અવિનાશી છે ? કાંઈ નહિ.[૯] એ પરમાર્થરૂપ ચિન્માત્રતત્ત્વ અચ્છેદ્ય છે (શસ્ત્રઆદિવડે છેદી શકાય તેવું નથી), અદાહ્ય છે, (અગ્નિઆદિવડે બળી જાય તેવું નથી), સડી જાય તેવું પણ નથી અને શોષાઇ જાય એવું પણ નથી. એ તત્ત્વ અવિવેકી પુરુષોની દૃષ્ટિમાં આવતુંજ નથી. જગત, જો તે તત્ત્વના હૃદયના જેવું એક પેટાનું અંગ છે તો પછી તે તેનારૂપજ છે; જેમ એ પરમતત્ત્વનો નાશ થતો નથી તેવીજ રીતે તેની અંદર રહેલ જગત, તેની અંદરનાં સુખ-દુઃખ, તથા અજ્ઞાન આદિનો અનુભવ પણ ઉત્પત્તિને કે નાશને પ્રાપ્ત થતો નથી. કેવળ માત્ર સ્વભાવવડે થયા કરતાં તેનાં સ્મરણ અને વિસ્મરણનેલીધે જગત, તેની અંદરનાં સુખ–દુઃખ તથા અજ્ઞાન આદિની પ્રતીતિ અને અપ્રતીતિ, એ બન્નેની કલ્પનાને કેમ જાણે આત્માજ પોતે અજ્ઞાનવડે કલ્પી લેતો હોય એમ ભાસે છે.[૧૦] જે વસ્તુ પોતે જેનારૂપ હોય તેનો ક્ષય થયા વિના એ વસ્તુનો ક્ષય થતોજ નથી, માટે બ્રહ્મરૂપે રહેલું દૃશ્ય પણ બ્રહ્મના જેવું જ અક્ષય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

છે; એમ તમે સમજો.[૧૧] મહાપ્રલયાદિક પણ મહાકાળરૂપે રહેલા એ પરબ્રહ્મના એક અવયવરૂપ છે.[૧૨] પરમ શુદ્ધ ચિન્માત્ર આકાશની અંદર ઉત્પત્તિ અને પ્રલયની સ્થિતિ ક્યાંથીજ હોય? વળી એ ચિદાકાશ કે જે નિરાકાર છે,તેની અંદર થવું, હોવું, ઘટવું, વધવું, ઇત્યાદિ ભાવવિકારો વગેરે પણ શી રીતે સંભવે? અને ક્યાંથી સંભવે?[૧૩] મહાપ્રલય આદિ ભાવો અને આ જગતો એ બધું બ્રહ્મરૂપ હોવાથી ચિદાકાશની અંદર તેના એક વિવર્તરૂપે રહ્યું છે.[૧૪] જે પુરુષે પોતાના સંકલ્પવડે યક્ષને કલ્પી લીધેલ હોય તેના હૃદયમાં ખડો થઈ જઈ એ યક્ષ જેમ તેના સંકલ્પને આધીન થઇ રહે, તેમ દૃશ્ય કે જેનું મૂળસ્વરૂપ વિચારીએ તો નિરાકાર શુદ્ધ ચિન્માત્ર છે તે એ ચિદાત્માના સંકલ્પવડે ખડું થઈ જઈ તેને આધીન થઈ રહેલ છે.[૧૫] જેમ વૃક્ષરૂપ અવયવીના શાખા, ઉપશાખા, ફળ, પલ્લવ, પુષ્પ આદિ અવયવો છે, તેમ પરમાર્થરૂપે સર્વત્ર ભરપૂર થઈ રહેલા, આકાશથી પણ અતિસ્વચ્છ, નિર્વિકાર સ્વરૂપવાળા, અનિર્વચનીય પરબ્રહ્મના પણ પ્રલય, મહાપ્રલય, નાશ, ઉત્પત્તિ, ભાવ, અભાવ, સુખ, દુઃખ, જન્મ, મરણ, સાકારપણું અને નિરાકારપણું ઇત્યાદિ સર્વ અવયવોજ છે. જેવી રીતે એ પરબ્રહ્મરૂપી અવયવી અવિનાશી અને અનિર્વચનીય છે તેવીજ રીતે સૃષ્ટિ–પ્રલય આદિ તેના અવયવો પણ અવિનાશી અને અનિર્વચનીય છે.[૧૬] અવયવ અને અવયવી કે જે સદાકાળ એકરૂપેજ રહેનારા હોય તે ભલે દૃશ્ય હોય કે અદૃશ્ય હોય પણ તેઓનો ભેદ કોઈ દિવસ હોતોજ નથી.[૧૭] જેમ વૃક્ષનું મૂળ તેની અંદર રહેલી ચેતનસત્તાજ છે તેમ પરમાર્થરૂપી પરબ્રહ્મવડે ભરપૂર ભરેલા આ જગતનું મૂળ પણ ચેતનસત્તાજ છે. આ જગતમાં પણ કોઈ કોઈ ઠેકાણે વૃક્ષનીપેઠેજ કાંઇ કાંઇ વિચિત્રતા રહેલી છે. કોઇ ઠેકાણે સૃષ્ટિરૂપી થડ રહેલ છે, કોઇ ઠેકાણે ભૂલોક આદિ અનેક લોકાંતરોરૂપી મોટી શાખાઓ રહેલી છે, કોઇ ઠેકાણે જંબુદ્વીપ આદિની વ્યવસ્થાઓરૂપી ઉપશાખાઓ રહેલ છે, કોઇ ઠેકાણે ગિરિ, નદી, દેશ આદિ પદાર્થોરૂપી પલ્લવો રહેલા છે, કોઇ ઠેકાણે સૂર્યચંદ્રાદિકના પ્રકાશરૂપી પુષ્પ ખીલી રહેલ છે, કોઇ ઠેકાણે અંધકારરૂપી કૃષ્ણતા રહેલી છે, કોઇ ઠેકાણે આકાશરૂપી કોતર રહેલ છે, કોઈ જગોએ પ્રલયરૂપી ગાંઠો રહેલી છે, અને કોઈ ઠેકાણે મહાપ્રલયરૂપી મોટી ગાંઠો રહેલ છે. કોઈ ઠેકાણે હરિહર આદિ દેવતાઓરૂપી ગુચ્છો રહેલા છે, અને કોઇ ઠેકાણે જડતારૂપી ત્વચા રહેલી છે. એવી રીતે નિરાકાર ચિદાકાશનું પોતાનું સ્વરૂપજ ચિદાકાશરૂપે રહેલા બ્રહ્મની અંદર જગતસંબંધી અનેક આકાર–ભેદોવડે પ્રતીત થઇ રહેલ છે; અને એ જગત, બ્રહ્મના જેવુંજ સ્વચ્છ નિર્વિકાર સ્વભાવવાળું હોવાથી બ્રહ્મનાથી અભિન્નરૂપેજ તેમાં રહેલ છે.[૧૮] ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સર્વ પદાર્થો એ બ્રહ્મસત્તાવડેજ સત્તાવાળા છે, સૃષ્ટિ અને પ્રલય પણ એ સત્તાવડેજ છે, કેમ કે એ સર્વની સિદ્ધિ અનુભવને આધીન હોવાથી સઘળું અનુભવરૂપ છે અને એ અનુભવ પોતાના આત્મારૂપજ છે, જેથી બ્રહ્મ કે જે અચળ છે, અને એક છે, તેજ વિચિત્ર કલ્પનાઓવડે જુદે જુદે આકારે થઇ રહ્યું લાગે છે.[૧૯] હે પ્રિય રામચંદ્રજી! જેવી રીતે ચંદ્રાબ્જની અંદર નિષ્કલંકતા હોતી નથી તેજ પ્રમાણે નિરાકાર અને નિર્વિકાર પરમચિદાકાશની અંદર સૃષ્ટિપ્રલય આદિની કશી કલ્પના છેજ નહિ.[૨૦] પરમ નિર્મળ ચિદાકાશની અંદર ભાવઅભાવની કલ્પના વળી ક્યાં હોય? આદિ, મધ્ય અને અંતની કલ્પના પણ ક્યાં હોય?

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તથા બીજા લોકાંતરની કલ્પના પણ ક્યાં હોય?[૨૧] આ બાબતમાં એક અજ્ઞાનજ મુખ્ય હેતુરૂપ છે, તથા તેજ રાગદ્વેષ આદિ અનેક દોષોના આધારરૂપ છે. તે કોણ જાણે કયાંયથી આવી ખડું થઇ ગએલ છે! બાહ્ય-દૃષ્ટિનો ત્યાગ કરી કેવળ આત્માકાર વૃત્તિવડે જો તત્ત્વનું અવલોકન કરવામાં આવે તો તે અજ્ઞાન તરત શાંત થઈ જાય છે.[૨૨] વાયોરગ્નિઃ એ શ્રૌતક્રમપ્રમાણે વાયુમાંથી ઉત્પન્ન થએલો દીપક પાછો વાયુનો ઝપાટો લાગતાં જેમ તે-વડે ઠરી જાય તે પ્રમાણે બોધવડે પોતાના ચિન્મય સ્વરૂપનો વિચાર કરવામાં આવે કે તરત અજ્ઞાન શાંત થઇ જાય છે.[૨૩] અજ્ઞાનનું ખરેખરૂં સ્વરૂપ જાણવામાં આવે એટલે તે કોઈ દિવસ હતુંજ નહિ એમ સમજાઇ જાય છે, અને બંધ–મોક્ષવિનાનું પરબ્રહ્મજ સર્વરૂપ છે એમ નિશ્ચય થાય છે.[૨૪] હે રામચંદ્રજી! આવી રીતે મોક્ષમાં બોધ–આદિ જે ઉપાયો કહ્યા છે તે મેં મારી બુદ્ધિવડે અહીં તમને જણાવ્યા છે, એ સર્વ બોધ આદિ ઉપાયોને નિરંતર આત્મવિચારમાં યત્ન રાખવાવાળો કોઇ યોગ્ય અધિકારી પુરુષજ પ્રાપ્ત થાય છે. એમાં કંઇ સંશય નથી.[૨૫] આ જગતનો સમૂહ કે જે અનાદિ છે તે કોઇ કાળે ઉત્પન્ન થએલોજ નથી, કિંતુ બ્રહ્મ કે જે જીવ આદિ વાસ્તવ તત્ત્વ છે તેજ પોતાના સ્વરૂપને નહિ ઓળખવાથી ભોગ–મોક્ષમાં આસક્ત થઇ રહેલ છે, અને આ સર્વ દૃશ્યરૂપી ઇંદ્રજાળને આકારે ભાસી રહ્યું છે, એમ વિચારદૃષ્ટિવડે જોઇ લઇ, કોઇ ઉત્તમ અધિકારી જીવ અણિમા આદિ અષ્ટસિદ્ધિવાળું ઐશ્વર્ય પણ માયામાત્ર હોવાથી અસાર છે, એવા પરમવૈરાગ્યવડે એ ઐશ્વર્યને તૃણના જેવું અતિ તુચ્છ સમજી પોતાના આત્મામાંજ પૂર્ણકામ થઇ રહે છે.

इदं जगज्जालमनाद्यजातं ब्रह्मार्थमाभातमितीह दृष्ट्वा ॥ विचारदृष्ट्याष्टगुणेश्वरत्वं पश्यंस्तृणं स्वात्मनि जीव आस्ते ॥ २६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગદાકાશૈકબોધ' એ નામનો એકસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૧

સર્ગ ૬૨ મો.*

વસિષ્ઠ મુનિએ ચિદાકાશરૂપ સ્ત્રી સાથે કરેલું સંભાષણ

॥ श्रीराम उवाच ॥

यदेतद्भवता दृष्टं चिद्व्योमवपुषा तदा ॥ तदेकदेशसंस्थेन भ्रमता किमुतांबरे ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ–આપે જે એ સર્વ જોયું તે ચિદાકાશરૂપે થઈ રહી જોયું કે તેના એક દેશમાં રહી આકાશમાં ફરતા રહી એ સઘળું જોયું? તે કહો.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–તે વખતે હું અનંત સર્વવ્યાપી ચિદાકાશરૂપજ થઈ ગયો હતો, તો પછી એ અવસ્થામાં જવું આવવું ઇત્યાદિ વ્યવહાર કયાંથીજ હોય?[૨] ત્યારે હું બહુધા એક જગોપર પણ રહ્યો ન હતો અને ગતિ-માન પણ ન હતો, કિંતુ એ સર્વ મેં આ મારા પોતાના આત્માની અંદરજ દીઠું.[૩] જેમ દેહાત્મબુદ્ધિ થતાં પગથી માંડી ઠેઠ મસ્તક સુધી હાથ-પગ આદિ અવયવોને (અવયવરૂપ) હું જોઉંછું તેવી રીતે એ સર્વ જગતોને પણ અક્ષિ–ગોલકની અપેક્ષા ન રાખનારા ચિત્સત્તારૂપી નેત્રવડે મેં મારા અવયવરૂપે જોયાં.[૪] હું કે જે એ સમાધિકાળમાં નિરાકાર અને નિરવયવરૂપ

* આ બાસઠમા સર્ગમાં વસિષ્ઠ મુનિએ જગ-તોને પોતાના દેહનીપેઠે જોશે એ કહેવાશે; અને વસિષ્ઠજી કે જે પોતે ચિદાકાશરૂપ છે તેનો ચિદા-કાશરૂપ એ સ્ત્રી સાથે સ્વપ્નીપેઠે સંભાષણ આદિ વ્યવહાર થયાની વાત કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઇ રહ્યો હતો તથા શુદ્ધ ચિદાકાશરૂપજ હતો તેને એવી રીતે એ જગતો પોતાના અવયવરૂપ જણાયાં કે જેવી રીતે મારી સત્તાવડે તેઓનું વસ્તુપણુ હોવાથી તેઓનું વસ્તુત્વ ગલિત ન થયું પણ મારા અવયવરૂપે તેનો ભાસ થયો અને પોતાની મેળે અથવા પોતાના સ્વરૂપવડે તેઓ સાવ સત્તાશૂન્ય હોવાથી તેનું વાસ્તવિકપણું કાયમ પણ ન રહ્યું.[૫] આ બાબતમાં તમારે પ્રમાણ જોઇતું હોય તો સ્વપ્નમાં જોવામાં આવતો સ્વપ્નસૃષ્ટિનો વિલાસ તેમાં દૃષ્ટાંતરૂપે સમજી લેવો. સ્વપ્નમાં જો કે દૃશ્ય અનુભવમાં આવે છે પરંતુ તે કશું વાસ્તવ હોતું નથી; એ સર્વ ચિદાકાશરૂપજ હોય છે,અને ચિદાત્માજ વિવર્તભાવથી તેવેરૂપે પ્રતીતિમાં આવે છે.[૬] જેમ વૃક્ષ (વૃક્ષરૂપી દેહમાં આત્મારૂપે રહેલો જીવ) પોતાનાં પત્ર, પુષ્પ, ફળ આદિને પોતાનાં અંગરૂપે જુએ, તેમ મેં પણ પોતાની ચિત્સત્તારૂપી નેત્રવડે એ સર્વ જગતોને મારા પોતાના અવયવરૂપેજ જોયાં.[૭] જેમ અનંતરૂપે ભરપૂર થઈ રહેલો સમુદ્ર (સમુદ્રાભિમાની જીવ) પોતાની અંદર રહેલાં સર્વ જળચર પ્રાણીઓને તથા તરંગો, ચકરીઓ અને ફીણના પરપોટાને આત્મીય દૃષ્ટિથી જુએ તેમ મેં પણ એ જગતોને આત્મીય બુદ્ધિવડે જોયાં.[૮] જેમ કોઈએક અવયવી પોતાના અવયવોને પોતાના આત્માની અંદર પોતાનાથી જુદા નથી ગણતો પણ પોતના આત્મારૂપજ ગણે છે, તેમ મેં પણ પોતાના આત્માની અંદર એ જગતોને પોતાના આત્માથી જુદાં નહિ ગણતાં પોતારૂપજ ગણ્યાં.[૯] હે રામચંદ્રજી ! હું ચિદાકાશ સાથે એકરૂપતાને પ્રાપ્ત થઇ ગયેલો હોવાથી એ સર્વ સૃષ્ટિઓને આજે પણ દેહની અંદર, આકાશની અંદર, પર્વતની અંદર, જળની અંદર અને સ્થળની અંદર સર્વત્ર દેખું છું.[૧૦] આ આપણી પાસે દૃષ્ટિમર્યાદામાં રહેલું જગત અને આ ઘરનો બહારનો તથા અંદરનો ભાગ એ બધું અનેક જગતના સમૂહોવડે પરિપૂર્ણ છે, એમ હું ચિન્મય તત્ત્વસાથે એકરૂપ થઇ ગયેલો હોવાથી સમજુ છું.[૧૧] જેમ જળ રસને પોતાનાથી અભિન્ન સત્તાવાળો ગણે, જેમ હિમ શીતળતાને પોતાનાથી અભિન્ન સત્તાવાળી ગણે અને જેમ પવન ચલનશક્તિને પોતાનાથી અભિન્ન સત્તાવાળી ગણે, તેમ શુદ્ધબુદ્ધિવાળો વિવેકી પુરુષ પણ આ જગતને પોતાનાથી અભિન્નસત્તાવાળું (પોતારૂપજ) ગણે છે.[૧૨] જે પુરુષ વિવેકયુક્ત આત્માવાળો છે, અને શુદ્ધ ચિન્મય તત્ત્વની સાથે એકતાને પ્રાપ્ત થઈ ગયેલ છે, તે તે સર્વ મારી સાથે મળતા વિચારનો અને મારા એક આત્મારૂપજ છે; કેમકે હું તેવા પુરુષને મારા આત્મારૂપજ સમજું છું.[૧૩] આવી ઉત્તમ વિવેકદૃષ્ટિનો ખરેખર પાકકાળ આવી જતાં દૃષ્ટા, દર્શન અને દૃશ્ય, એ ત્રિપુટી સંબંધી કશી પણ બુદ્ધિ ઉદયજ પામતી નથી, કેમકે અપરોક્ષ અનુભવવડે આત્માનું સર્વત્ર એકપણુંજ જણાય છે.[૧૪] જેમ પર્વત ઉપર ચડેલા કોઈ એક પુરુષની દિવ્યદૃષ્ટિ કરોડો યોજનમાં રહેલા બહારના ભાવોને અને પોતાની અંદરના ભાવોને સાક્ષાત્ જોઇ શકે, તેમ એ સઘળાં વિચિત્ર જગતોનો તમાસો (યોગદૃષ્ટિના પ્રભાવથી) મારા જોવામાં આવ્યો.[૧૫] જેમ ભૂમંડળ (પૃથ્વીને પોતારૂપ માનનાર કોઇ એક તદભિમાની જીવ) પોતાની અંદર રહેલા ખજનાઓને, ધાતુઓને અને રસાદિકને પોતાના આત્મામાં હોવાથી પોતારૂપજ સમજે, તેમ એ સર્વ દૃશ્ય જગત જુદું દેખાતાં છતાં મારા આત્મામાંજ તેની પ્રતીતિ થતી હોવાથી હું તેને મારા આત્માથી જુદું ન સમજતાં તેરૂપજ સમજ્યો.[૧૬]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી રામચંદ્રજી કહે છેઃ—કમળનાં જેવાં સુંદર નેત્રવાળા હે મહારાજ! આપ જ્યારે ઉપર વર્ણવ્યા પ્રમાણે અનુભવ કરતા હતા ત્યારે આર્યાને બોલનારી એ સ્ત્રી શું કરતી હતી? તે કહો.[૧૭]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પ્રથમ પ્રમાણેજ પ્રશંસા—પ્રીતિ આદિને બતાવનારા વ્યાપારવડે યુક્ત અને તેજ આર્યા બોલ્યા કરતી એ સ્ત્રી ચિદાકાશની અંદર દેવીનીપેઠે ચિદાકાશરૂપી દેહવડે મારી પાસે ઉભી હતી.[૧૮] જેવી રીતે હું ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહ્યો હતો તેમ એ સ્ત્રી પણ ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહી હતી, અને તેને લીધેજ પૂર્વના દેહવડે પ્રથમ (જ્યારે સ્થૂલદેહમાં અભિમાન હતું ત્યારે) એ સ્ત્રી મારા જોવામાં આવી ન હતી.[૧૯] સમાધિકાળમાં એ ચિદાકાશની અંદર હું કેવળ ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહ્યો હતો, એ સ્ત્રીનું શરીર પણ માત્ર ચિદાકાશરૂપજ હતું અને પ્રતીતિમાં આવેલા જગતના સમૂહો પણ કેવળ ચિદાકાશરૂપજ હતા. એ પ્રમાણે તે વખતે સર્વ ચિદાકાશરૂપજ થઇ રહ્યું હતું.[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્થૂલશરીર, તાલુ આદિ સ્થાન અને વર્ણોચ્ચારમાં અસાધારણ કારણરૂપ બાહ્ય—આભ્યંતર પ્રયત્ન તથા પ્રાણવાયુ, એવડે ઉત્પન્ન થનારા અક્ષરોવડે જે વાકય મુખ આદિ દ્વારા બહાર નીકળે છે તે ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહેલી એ સ્ત્રીમાંથી શી રીતે ઉત્પન્ન થઇ શકે?[૨૧] તેમજ તમે કે જે ચિદાકાશરૂપી શરીર ધારણ કરી રહ્યા હતા તેને પણ એ સ્ત્રીના રૂપનું દર્શન અને તત્સંબંધી વિચાર, એ બન્ને શી રીતે થયાં? હે મહારાજ! આ બાબતમાં જે ખરૂં તત્ત્વ હોય અને જે નિશ્ચય હોય તે આપ મને કહો તથા એ સ્ત્રી સાથે આપને જે સંભાષણ આદિ વ્યવહાર થયો હોય તે પણ કહી સંભળાવો.[૨૨]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જેમ સ્વપ્નમાં સ્વપ્નસૃષ્ટિના પદાર્થોના રૂપનું દર્શન અને તત્સંબંધી વિચાર તથા સ્વપ્નમાંજ શબ્દોચ્ચાર અને વાક્યોનું શ્રવણ વગેરે સાક્ષિચૈતન્યરૂપ ચિદાકાશની અંદરજ વિવર્તભાવથી ખડું થઇ ગયેલું અનુભવમાં આવે છે, તેવી રીતે એ મહાચિદાકાશની અંદર પણ એ સર્વ વિવર્તભાવથી રહેલજ છે, જનેલીધે મને તે વખતે તેવો અનુભવ થયો હતો.[૨૩] જેમ સ્વપ્નની અંદર ચિદાકાશજ સ્વપ્નસૃષ્ટિના પદાર્થોના રૂપને આકારે અને તત્સંબંધી વિચારને આકારે વિવર્તરૂપે ખડું થઇ જાય છે, તેવીજ રીતે એ સમાધિકાલમાં જે કાંઇ મારા જોવામાં આવ્યું તે સર્વ ચિદાકાશરૂપજ હતું, અને ચિદાકાશજ તે સર્વને આકારે વિવર્તભાવથી પ્રતીતિમાં આવતું હતું.[૨૪] તે વખતે (સમાધિ કાળમાં) જે મને દેખાતું હતું તે દૃશ્યમાત્ર ચિદાકાશરૂપ હતું એટલુંજ માત્ર નથી, પણ તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો આપણે સર્વ અને આપણને પ્રતીતિમાં આવતું આ (દૃશ્યમાન) સર્વ જગત પણ શુદ્ધ ચિદાકાશરૂપજ છે.[૨૫] પરમાર્થદૃષ્ટિએ જોતાં સત્ય એવો પરબ્રહ્મરૂપી મહાધાતુ કે જેનું તાત્ત્વિકસ્વરૂપ દૃશ્યવડે રહિત શુદ્ધ ચિદાકાશરૂપજ છે તેજ પોતે વિવર્તભાવથી ઉપર જણાવ્યા પ્રમાણે સર્વરૂપે પ્રતીતિમાં આવે છે. જગત સંબંધી વાસનારૂપી ઉપાધિના યોગથીજ ચિદાત્માના શુદ્ધ સ્વભાવમાં એવી પ્રતીતિ થાય છે એમ નિશ્ચયજ છે.[૨૬] આ આપણાં સ્થૂલ શરીર, તાલુ આદિ વર્ણોચ્ચારનાં સ્થાનો અને આપણી ઇંદ્રિયો, તેઓના અસ્તિત્વવિષે તમને શો પાકો ભરોસો છે? જેવી રીતે સમાધિ—કાળમાં દૃશ્ય-રૂપે દેખાયેલા પદાર્થોના દેહાદિક કેવળ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રતીતિ માત્રજ હતા તેવી રીતે આપણું પણ આ સર્વ દેહાદિક પ્રતીતિમાત્ર ખડું થઇ રહેલ છે.[૨૭] જેવું એ સમાધિમાં દેખાએલું દૃશ્ય અસત્ય હતું તેવુંજ આ દૃશ્ય પણ અસત્ય છે; અને જેવું આ પ્રત્યક્ષ રીતે પ્રતીતિમાં આવે છે તેવુંજ એ સમાધિકાળનું દૃશ્ય પણ પ્રત્યક્ષ રીતે પ્રતીતિમાં આવતું હતું. દૃશ્ય કે જે સાવ અસત્ય છે તે પ્રત્યક્ષ જણાયાથી કેમ જાણે સત્ય હોય તેવું થઇ રહ્યું છે; અને આત્મતત્ત્વ કે જે ત્રણે કાળમાં સત્ય છે તે અજ્ઞાનના આવરણને લીધે કેમ જાણે અત્યંત અપ્રસિદ્ધ હોય તેવું થઇ રહેલ છે.[૨૮] જેમ સ્વપ્નની અંદર જમીન ઉપર ખેડ આદિ વ્યવહાર કરવામાં આવે તથા રસ્તામાં જવા–આવવાનો વ્યવહાર કરવામાં આવે, તેમજ પર્વતના ઉપર શયન આદિ વ્યવહાર કરવામાં આવે તે સર્વ સ્વપ્નવ્યવહાર ચિદાકાશરૂપ છે, તેમ હું, તમે, સમાધિમાં દેખાએલી એ સ્ત્રી, સમાધિકાળનું સર્વ દૃશ્ય અને આપણી પાસેનું આ દૃશ્ય, એ બધું ચિદાકાશરૂપજ છે.[૨૯] મનુષ્યોને જેવી રીતે સ્વપ્નમાં યુદ્ધના કોલાહલો અને તે સંબંધમાં થતાં યોદ્ધાઓનાં જવા–આવવાં મિથ્યા છતાં અનુભવમાં આવે, તેમ આ અનેક સંસારના સમૂહો મિથ્યા છતાં અનુભવમાં આવે છે.[૩૦] જો કદાચિત્ તમે એમ કહેશો કે સ્વપ્નમાં દૃશ્યની શોભા ક્યાંથી અને શા હેતુથી જોવામાં આવે છે તો એ તમારું કહેવુંજ અયોગ્ય છે, કેમકે અનુભવની બાબતનો હેતુ અનુભવ સિવાય બીજો ન હોવાથી એ વાત અહીં વચમાં બોલવાનીજ નથી.[૩૧] સ્વપ્ન કેમ આવે છે, એમ જો કોઇ હેતુ પૂછવા માંડે તો તેને "જેમ તમે દેખો છો અને તમને અનુભવ થાય છે તેમ" એટલોજ માત્ર હેતુ બતાવી શકાય; બીજો કશો પણ હેતુ બતાવી શકાય નહિ.[૩૨] જેમ સ્વપ્નનો માણસ ચિદાકાશની અંદર વિવર્તરૂપે પ્રતીતિમાં આવતું એક ચિદાકાશજ છે અને ચિદાકાશજ તેવેરૂપે પ્રતીતિમાં આવે છે, તેજપ્રમાણે પ્રથમ સૃષ્ટિના આરંભ–કાળથી માંડી ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર વિવર્તરૂપે વિરાટને આકારે પ્રતીતિમાં આવે છે; એ બન્નેનો આધારાધેયભાવ પરસ્પર અપેક્ષા રાખનારો છે.[૩૩] હું તમને બોધ થવામાટે સ્વપ્નને જગતના એક દૃષ્ટાંતરૂપે બતાવવા જેટે સ્વપ્નશબ્દવડે વ્યવહાર કરું છું, પરંતુ વાસ્તવિક રીતે તો આ દૃશ્ય બાધિત થઇ જવાથી સત્ય પણ નથી, પ્રતીતિમાં આવતું હોવાથી સાવ અસત્ય પણ નથી, તેમ સ્વપ્નરૂપ કે સ્વપ્નતુલ્ય પણ નથી, કેવળ બ્રહ્મરૂપ છે, અને બ્રહ્મજ વિવર્તભાવથી તેવેરૂપે ભાસે છે.[૩૪] હે રામચંદ્રજી! પછી દૃશ્યરૂપે મારા જોવામાં આવતી અને પોતાના પતિમાં અનુરાગવાળી એ સ્ત્રીને, તે સ્ત્રીનો અભિપ્રાય જાણવા માટે મેં મારા સાક્ષિચૈતન્યને દૃઢ સંકલ્પવાળું કરી દઇ નીચે પ્રમાણે પૂછ્યું.[૩૫] જેવી રીતે સ્વપ્નની અંદર સ્વપ્નનાં મનુષ્યોસાથે વ્યવહાર થયા કરે તેવીજ રીતે સમાધિ–કાળમાં મારો પણ તે સ્ત્રી સાથે વ્યવહાર થયો હતો.[૩૬] જેમ સ્વપ્નનો વ્યવહાર અને સ્વપ્નના જેવોજ દેખાયા કરતો આ સર્વ વ્યવહાર ચિદાકાશરૂપ છે, તેમ મને પોતાને અને આ જગતને પણ તમે ચિદાકાશરૂપ સમજો.[૩૭] જેમ સ્વપ્નસૃષ્ટિનું સ્વરૂપ ચિદાકાશરૂપ છે તેમ આ (દેખાતું) જગત પણ ચિદાકાશરૂપ છે. જાગ્રત આદિ અવસ્થામાં અનુસ્યૂત થઇ રહેલો ચિદાત્મા સ્વપ્નરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થતાં સ્વપ્ન એવા નામથી કહેવામાં આવે છે, અને સૃષ્ટિના આદિ કાળમાં રહેલો ચિદાત્મા જગતરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થતાં જગત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એવા નામવડે કહેવાય છે.[૩૮] આ જગતનો વેશ એ એક આત્માના સ્વપ્ન જેવો છે, અથવા તો કશું છેજ નહિ. જે કાંઈ છે તે ચિદાકાશરૂપ છે. નિર્મળ શુદ્ધ ચિન્માત્ર કે જે ત્રણે કાળમાં અબાધિતપણે રહે છે તેજ આવી રીતે વિવર્તભાવથી થઇ રહેલ છે.[૩૯] સ્વપ્નનો દ્રષ્ટા તો તમે વગેરે સાકાર (વાસનાને યોગે તેવા તેવા આકારને ધારણ કરી રહેલ) મનુષ્ય છો અને સૃષ્ટિરૂપી સ્વપ્નનો દ્રષ્ટા તો ચિદાકાશજ છે, કે જે પોતે સદાકાળ સ્વતઃ શુદ્ધ છે.[૪૦] સ્વપ્નરૂપ જગતની અંદર દ્રષ્ટા જેમ શુદ્ધ ચિદાકાશરૂપ છે તેવીજ રીતે દૃશ્ય અને દર્શન, એ બન્ને પણ શુદ્ધ ચિદાકાશરૂપ છે. એવી રીતે શુદ્ધ ચિદાકાશજ ભ્રાંતિનેલીધે જગતને રૂપે ભાસી રહ્યું છે.[૪૧] ચિદાકાશ કે જે પોતે નિરાકાર છે તેના હૃદયમાં (તેની અંદર) જે સ્વપ્ન પોતાની મેળે સ્ફુરી આવે તેનો જન્મ ક્યાંથી સંભવે ? અને વંધ્યાપુત્રના જેવાં અસત્ય એ જગતવડે એ પરમતત્ત્વને સાકારપણું વળી ક્યાંથી હોય?[૪૨] તમારા જેવા સાકાર પુરુષને સ્વપ્નની અંદર જે સૃષ્ટિ જોવામાં આવે તે જો સાવ મિથ્યાજ છે, અને નિર્મળ ચિદાકાશરૂપ છે, તો પછી ચિદાકાશ કે જે પોતે નિરાકાર છે તેના સ્વપ્નરૂપ આ સૃષ્ટિ શામાટે સાવ મિથ્યા ન હોય અને ચિદાકાશરૂપ ન હોય ?[૪૩] ચિદાકાશ પોતે સાધનસંપત્તિ વિના અને વગર આધારે, કેવળ પોતાના સ્વરૂપમાંજ આ જગતરૂપી સ્વપ્ન કે જે પોતે વસ્તુતાએ રચેલજ નથી તેને કેમ જાણે પોતે રચી લીધેલ હોય એમ દેખે છે.[૪૪] હિરણ્યગર્ભરૂપી બ્રાહ્મણે કોમલ એવી ચિદાકાશરૂપી મૃત્તિકાવડે ચિદાકાશની અંદર જોકે ઈંદ્રિયોનાં છિદ્રોરૂપી ગોખોવાળો (દેહ આદિની) સૃષ્ટિરૂપી માંડવો બનાવેલો છે તોપણ વસ્તુતાએ જોતાં તે બનાવેલોજ નથી.[૪૫] કર્તાપણું પણ નથી, જગતો પણ નથી, ભોક્તાપણું પણ નથી, તેમ સાવ કશું નથી (અભાવ છે) એમ પણ નથી, તેમ (ચિન્માત્ર તત્ત્વવિના) બીજું કશું છે એમ પણ નથી; માટે તમે એ સર્વના સાક્ષિરૂપ ચિન્માત્ર થઈ રહી પાષાણની પેઠે મૌનનો આશ્રય કરી બહાર સંસારના પ્રવાહ પ્રમાણે સુખેથી આચરણ રાખ્યે જાઓ. તેમાં શરીર (પ્રારબ્ધશેષ પર્યંત) ભલે રહો અથવા (પ્રારબ્ધ ક્ષય થયા પછી) ભલે ન રહો, એમાં કશામાં વિશેષતા નથી.[૪૬]

नो कर्तृता न च जगंति न भोक्तृतास्ति नास्तीति नास्ति न च किंचिदतो बुधः सन् ॥
पाषाणमौनमवलंब्य यथा प्रवाहमाचारमाचर शरीरमिहास्तु मा वा ॥ ४६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ચિદૈક્ય' એ નામનો બાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૨

સર્ગ ૬૩ મો.*

આ સર્વ બ્રહ્મરૂપજ છે

॥ શ્રીરામ ઉવાચ ॥

तव स्त्रियाऽस्वरूपेण देहेनाऽभूत्तया कथं ॥
कथमुच्चारितास्तत्र वर्णाः कचटतादयः ॥ १॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—એ સ્ત્રી સાથે મુખ જીભ આદિ અવયવ વિનાના તમારા (માત્ર વાસનામય) દેહવડે શી રીતે વ્યવહાર થયો? અને એવી સ્થિતિમાં ક ચ ટ ત આદિ અક્ષરોનો ઉચ્ચાર પણ શી રીતે થયો ? તે કહો.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જેમ શબના શરીરમાંથી વર્ણોચ્ચાર નથી થઈ શકતો એવીજ

* આ ત્રેસઠમા સર્ગમાં અવિવેકી પુરુષોની દૃષ્ટિથી જોઇએ તો એક બીજાની અંદર અનંત સૃષ્ટિઓ રહેલી છે, અને બ્રહ્મવેત્તા પુરુષોની દૃષ્ટિથી જોઈએ તો બ્રહ્મજ સર્વત્ર વિભુ રહેલ છે, એવિષે કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રીતે આકાશના જેવાં નિરવયવ ચિન્મય શરીરને ધારણ કરનાર તત્ત્વવેત્તાઓના મત પ્રમાણે અક્ષરોની અંદર ક ચ ટ ત આદિ વર્ણોનો કદી પણ ઉચ્ચારજ થતો નથી; કિંતુ એ સર્વ કેવળ કલ્પનામાત્ર છે.[૨] સ્વપ્નની અંદર જો પરમાર્થરૂપે વર્ણોનો ઉચ્ચાર થતો હોત તો એ વર્ણો નિદ્રાવગરના (જાગતા) પાસેના મનુષ્યના સાંભળવામાં આવત.[૩] આથી સિદ્ધ એ થાય છે કે સ્વપ્નમાં જે કાંઈ દેખાય છે, તે કશું સત્ય નથી પણ કેવળ ભ્રાંતિ માત્રજ છે. ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર નિદ્રાના સ્વભાવના બળનેલીધે સ્વપ્નરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઈ જઇ પ્રતીતિમાં આવે છે.[૪] (તિમિર રોગવાળા પુરુષને દૃષ્ટિદોષને લીધે ભ્રાંતિથીજ) ચંદ્રમામાં કાળાશ જણાય, આકાશમાં લીલા પીળા રંગો દેખાય અને શિલામાં ગાન થયાની પ્રતીતિ થઇ આવે, એ સર્વમાં જેમ સર્વવ્યાપકતાનેલીધે તે તે સ્થળમાં રહેલ ચિદાકાશજ વિવર્તરૂપે તેવે તેવે આકારે થઈ રહેલું પ્રતીતિમાં આવે તેમ સ્વપ્નમાં પણ દેહ તથા તેમાંથી થનારા વર્ણમય શબ્દો વગેરે જે કાંઈ પ્રતીતિમાં આવે છે, તે સર્વમાં ચિદાકાશજ તેવે તેવે રૂપે વિવર્તભાવથી થઇ રહેલું ભાસે છે.[૫] જેમ આકાશમાં પ્રતીતિમાં આવતા નીલા પીળા આદિ વર્ણો આકાશથી જુદા નથી પણ આકાશરૂપજ છે, તેમ જે કાંઇ સ્વપ્નનો અનુભવ થતાં તેમાં સ્વપ્નસૃષ્ટિ દેખાય છે, તેપણ ચિદાકાશરૂપજ છે; તેથી જરા પણ જુદી કહી શકાતી નથી.[૬] જેવો સ્વપ્નપ્રપંચ છે, તેવોજ આ આપણી આગળ ખડો થઇ રહેલો જાગૃતપ્રપંચ પણ છે; અને જેવો આ જાગૃત પ્રપંચ છે, તેવુંજ જે કાંઇ સમાધિમાં દેખાયું હતું તે હતું. એ સર્વ વસ્તુતાએ ચિદાકાશરૂપ છતાં કેમ જાણે ચિદાકાશરૂપ ન હોય તેમ દેખવામાં આવે છે.[૭] ચિન્માત્ર પરબ્રહ્મ એવી રીતે સુંદરતાથી અને ચતુરતાથી વિવર્તરૂપે ફેલાઇ રહ્યું છે કે કેમ જાણે એ પોતે જગતને આકારે સત્ય અને સ્થિરરૂપે સ્ફુરી આવતું હોય તેમ પ્રતીતિમાં આવે છે.[૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આ જગત જો સ્વપ્નના જેવું અથવા સ્વપ્નજ હોય તોપછી તે જાગૃતરૂપે કેમ પ્રત્યક્ષ જોવામાં આવે છે? અને અસત્ય છતાં તે જાણે ખરેખર સત્યજ હોય એવું કેમ થઇ રહ્યું છે?[૯]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—આ જગતો સ્વપ્નતુલ્ય કેમ છે એ વિષે હું કહું તે તમે સારી રીતે ધ્યાન દઇ સાંભળો. સ્વપ્નની પેઠેજ એ જગતો ચિદાકાશથી જુદાં નથી, સ્વપ્નનીપેઠેજ તેમાં સત્યતા રહેલી નથી, સ્વપ્નનીપેઠેજ તેઓ પણ અસ્થિર છે, અને સ્વપ્નની પેઠેજ અનિર્વચનીયપણે આત્મસત્તાનેલીધેજ તે સ્થિર થઇ રહેલ જણાય છે.[૧૦] બીજોના ઢગલામાં રહેલાં અનેક બીજોનીપેઠે ચિદાકાશની અંદર અનેકપણે તેઓ અનુભવમાં આવે છે, અને (વિચિત્ર વાસના પ્રમાણે) સ્વપ્નનીપેઠેજ તેઓ જુદે રૂપે દેખાય છે. વળી સ્વપ્નનીપેઠેજ કેટલેક અંશે તેઓમાં પરસ્પર સમાનતા રહેલી હોય છે, અને કેટલેક અંશે તેમાં જરા પણ સમાનતા દેખાતી નથી.[૧૧] વળી એ જગતો (કેળનાં છોતરાંનીપેઠે) પ્રત્યેક એક બીજામાં પરસ્પર અનુસ્યૂત થઇ રહેલાં હોય તેવાં અનુભવમાં આવે છે. સ્વપ્નનીપેઠેજ તેઓ પરસ્પર એક બીજાના જોવામાં આવતાં નથી, વિવિધ પ્રકારનાં છે, અને અનેક છે.[૧૨] વળી એ જગતો અન્યોન્ય (એક બીજાનું) કશું જોઈ શકતાં નથી, તેઓ જડ જેવાં દેખાય છે, અને એક ઢગલામાં રહેલાં બીજોનીપેઠે તેઓ પોતાના અધિષ્ઠાનની અંદર છેવટ ગલિત થઇ જાય છે.[૧૩] તેઓ ચિદાકાશરૂપ હોવાથી સાવ શૂન્યપણાને પ્રાપ્ત થઇ જતાં નથી, તેમજ (આપણી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પેઠે) તે પરસ્પર એક બીજાને જોઇ શકતાં નથી; પરંતુ ચિન્મય છતાં તેઓ પોતાના સ્વરૂપ આડું અજ્ઞાનનું આવરણ આવી જવાથી કેમ જાણે સુષુપ્તિને પ્રાપ્ત થઈ ગએલાં હોય તેમ નિરંતર સ્વપ્નસ્થિતિને અનુભવે છે.[૧૪] અજ્ઞાનરૂપી સુષુપ્તિને પ્રાપ્ત થએલા જીવો સ્વમરૂપ જગતના સમૂહને પ્રાપ્ત થઈ જઇ તેમાં પોતે કલ્પનાવડે ખડા કરી લીધેલા દિવસમાં સર્વ વ્યવહાર કરે છે. જે અસુરોનો દેવતાઓએ સંહાર કર્યો છે તેઓ પોતાના સ્વમરૂપ જગતની અંદરજ હમણા સ્થિતિ કરી રહેલા છે.[૧૫] તેઓ અજ્ઞાનનેલીધે મોક્ષને પામ્યા નથી, ચેતનપણાનેલીધે પાષાણ આદિ જડભાવને પ્રાપ્ત થયા નથી, તેમ પાછા દેહવાળા પણ બન્યા નથી, તો પછી સ્વમરૂપ જગતમાં સ્થિતિ વિના તેનું બીજું શું થાય? કાંઇ નહિ.[૧૬] બીજાં મનુષ્યો કે જેઓ અવિદ્યારૂપી સુષુપ્તિમાં સૂતેલાં છે, તેઓ પણ પોતાના સ્વપ્નરૂપી જગતના જળમાં રહી પોતાની વાસનાવડે કલ્પી કાઢેલા આચાર અને વ્યવહાર કરતા રહે છે, અને તેઓનો બીજાઓવડે સંહાર થતાં તેઓ પણ પોતાના સ્વમરૂપ જગતમાંજ પ્રથમ કહેલા અસુરોનીપેઠે સ્થિતિ રાખી રહેલા છે;[૧૭] કેમકે તેઓ પણ મોક્ષને પ્રાપ્ત થએલા નથી, પાછા શરીરધારી પણ થયા નથી તથા પોતાનું ચિન્મય સ્વરૂપ અને વાસના એ બન્નેવડે યુક્ત છે; તો પછી પોતે દીઠેલા પોતાના સ્વમરૂપ જગતના જળમાં સ્થિતિ રાખ્યા વિના બીજે ક્યાં રહે?[૧૮] એવીજ રીતે અવિદ્યારૂપી સુષુપ્તિમાં સૂતેલા રાક્ષસો પણ પોતાના સ્વપ્નરૂપી જગતના જલમાં રહી વાસનામય વ્યવસ્થા અને આચારને આચરનારા છે. તેઓપણ દેવતાઓથી સંહારને પ્રાપ્ત થઈ જતાં અસુર–મનુષ્યાદિકની પેઠેજ પોતાના મનોમય સ્વમરૂપી જગતની અંદરજ રહેલા છે.[૧૯] એવી રીતે બીજા પણ અજ્ઞાની જીવો યુદ્ધમાં મરાયા છે તેઓ શું કરે છે એ તમેજ કહો? હે રામચંદ્રજી! તેઓનું અજ્ઞાન કાયમ રહેલું હોવાથી તેઓનો મોક્ષ થયો નથી અને ચેતનપણાને લીધે તેઓ જડ પાષાણ આદિ ભાવને પણ પ્રાપ્ત થયેલ નથી, તો પછી સ્વમરૂપ જગતમાં તેઓની સ્થિતિ થયાવિના બીજું શું સંભવે?[૨૦] જેવી રીતે આપણે ઘણા લાંબા કાળથી આ દૃશ્ય જગતનો અનુભવ કરિયે છિયે અને તેમાં સત્યતાનું અભિમાન બાંધયે છિયે તેવીજ રીતે એ સર્વ જીવો, પર્વતો, સમુદ્રો, પૃથ્વી અને મનુષ્યોએ સહિત પોતપોતાનાં દૃશ્ય જગતોનો લાંબા કાળ સુધી અનુભવ કરે છે; અને તેમાં સત્યતાનું અભિમાન બાંધે છે.[૨૧] જેવી રીતે તેઓનાં જગતોમાં પ્રલય જગતની મર્યાદા વગેરે છે તેવીજ રીતે આ આપણા જગતમાં પણ છે, અને જેવી આ આપણા જગતની મર્યાદા અને આકાર વગેરે છે તેવુંજ બધું એ લોકોનાં જગતોને માટે પણ સમજવું.[૨૨] આપણે સર્વ કે જે હાલ આ જગતમાં છિયે તેઓ બધા (જો આપણે તેઓના જોવામાં આવીએ તો) તેઓના સ્વપ્નપુરુષના જેવાજ છિયે અને તેઓના જે સંસારો (જગતો) છે તે માંહેનો એક આપણો સંસાર પણ છે; એમ વિવેકીઓનું સમજવું છે.[૨૩] તેઓના એ સ્વમપુરુષો (સ્વમરૂપ જગતના પુરુષો) તેઓને અને એ જગતનાં બીજાં પ્રાણીઓને અનુભવમાં આવવાથી સત્ય ભાસે છે, અને ચિદાત્માના સર્વવ્યાપકપણાને લીધે (આરોપિતરૂપે મિથ્યા છતાં) અધિષ્ઠાનદૃષ્ટિએ સત્ય છે.[૨૪] જેવી રીતે એ સ્વપ્નપુરુષો ચિદાત્માનોજ એક વિવર્ત હોવાથી સત્ય ચિદાત્મારૂપજ છે, અને પોતાના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વરૂપમાં કલ્પાએલા છે, તેવી રીતે મને પ્રત્યેક સ્વપ્નમાં અનુભવાતા બીજા પુરુષો પણ ચિદાત્માનો એક વિવર્ત હોવાથી સત્ય ચિદાત્મારૂપ છે; એમજ તમને અનુભવમાં આવતા સ્વપ્નપુરુષોનું પણ સમજી લેવું.[૨૫] પોતાના સ્વપ્નમાં ખડા થઈ ગયેલા નગરનાં જે મનુષ્યો જેવી રીતે તમારા જોવામાં આવ્યાં હોય તે તેજ અદ્યાપિ સુધી ત્યાં ચિદાકાશની અંદર રહેલજ છે, કેમકે બ્રહ્મજ વિવર્તભાવથી સર્વરૂપ છે.[૨૬] જેવી રીતે તે તે સ્વપ્નના પદાર્થો જાગી ગયા પછી વિખેરાઈ જાય છે એમ અનુભવ થાય છે તેવીજ રીતે સ્વપ્નના સમયમાં તેઓની સ્થિતિ હોવાથી સ્થિરતાનો અનુભવ થાય છે, અથવા તો સર્વ સત્તા માત્ર બ્રહ્મસત્તારૂપ હોવાથી બ્રહ્મસત્તાવડેજ સર્વને તેવે તેવે રૂપે અનુભવ થાય છે.[૨૭] સર્વરૂપે સદાકાલ સર્વત્ર ચિદાત્માના વિવર્તભાવવડે રહેલજ છે, અને તે એવી રીતે ચિદાકાશરૂપે રહેલ છે કે જેથી કોઇ જગોએ કશાનો નાશ થતો નથી.[૨૮] ઉત્પત્તિથી શૂન્ય, નિરવકાશ અને અનંત પરમ આકાશરૂપ પરબ્રહ્મની અંદર અનંત ચિત્તના સમૂહો રહેલા છે, એ ચિત્તોની અંદર અનંત જગતના સમૂહો રહેલા છે, અને તેમાં પણ ચિદાકાશના જીવરૂપ પ્રત્યેક અંશમાં, પ્રત્યેક સંસારમંડળમાં, પ્રત્યેક લોકાંતરમાં, પ્રત્યેક દ્વીપમાં, પ્રત્યેક પર્વતમાં, પ્રત્યેક દેશના વિસ્તારમાં, પ્રત્યેક ગામમાં, પ્રત્યેક શહેરમાં, પ્રત્યેક ઘરમાં, પ્રત્યેક મનુષ્યના ચિત્તમાં અને વર્ષ-યુગ આદિ પ્રત્યેક કાળમાં જેટલા જેટલા જીવો મોક્ષને પ્રાપ્ત થયાવિના મરી ગએલા છે તેની અંદર તેટલા તેટલા સંસારો જુદા જુદા અક્ષય થઇ રહ્યા છે.[૨૯-૩૨] એ સંસારોની અંદર મનુષ્યો રહેલા છે. પ્રત્યેક મનુષ્યની અંદર પાછું મન રહેલ છે, પ્રત્યેક મનની અંદર પાછું જગત રહેલ છે, અને પ્રત્યેક જગતની અંદર પાછાં મનુષ્યો રહેલાં છે.[૩૩] એવી રીતે આ દૃશ્ય સંબંધી ભ્રાંતિ, આદિ અને અંત એ બન્નેથી રહિત છે. બ્રહ્મવેત્તા પુરુષોના વિચારમાં તો આ સર્વ બ્રહ્મરૂપ છે, તેમાં દેશ-કાળ આદિવડે અમુક પરિમાણની કશી કલ્પના છેજ નહિ.[૩૪] ભીંતમાં, આકાશમાં, પાષાણમાં, જળમાં અને સ્થળમાં, સર્વત્ર ચિન્માત્ર પરમતત્ત્વજ અંદર રહેલ છે તેથી એજ સર્વ જગતને રૂપે વિવર્તભાવને પામી ગએલ દેખાય છે; બાકી જગત કાંઇ જુદી વસ્તુ નથી. જ્યાં જ્યાં એ ચિન્મયતત્ત્વ છે ત્યાં ત્યાં સર્વત્ર જગત પણ છેજ, તો પછી ચિન્મયતત્ત્વની અનંતતાને લીધે જગતની અમુક સંખ્યા શી રીતે કહી શકાય? બાકી તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં એ સર્વ નિર્વિશેષ બ્રહ્મરૂપજ છે, અને અવિવેકી પુરુષોના ચિત્તમાં તે દૃશ્યરૂપે ભાસે છે.[૩૫]

कुड्ये नभस्युपलके सलिले स्थलेंतश्चिन्मात्रमस्ति हि यतस्तदशेषविश्वम् ॥ तद्यत्र तत्र जगदस्ति कुतोत्र संख्या तज्ज्ञेषु तत्परमथाज्ञमनस्सु दृश्यम् ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગત્તત્ત્વૈક્યપ્રતિપાદન' એ નામનો ત્રેસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૩

સર્ગ ૬૪ મો*

વિદ્યાધરીનું વૃત્તાંત

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

ततस्तत्कुवलोल्लासिमालतीमाल्यलोचना ॥ ललना ललिताऽलोक्य लीलया लपिता मया॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પછી કમળના જેવાં

* આ ચોસઠમા સર્ગમાં વસિષ્ઠજીના પૂછવાથી વિદ્યાધરી વિસ્તારથી પોતાનું ઘર, જન્મ, કર્મ, ઇત્યાદિથી કેટલું પોતાનો વૈરાગ્ય થવાસુધીની કથા વર્ણન કરી બતાવશે, એ વાત આવશે.

CC-0, Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુંદર અને માલતીના પુષ્પના જેવાં મનોહર નેત્રને ધારણ કરી રહેલી એ સુંદર સ્ત્રીને જોઈ મેં તેને લીલાવડે પૂછ્યું[૧] કે કમળના ગર્ભના જેવી ગૌર કાંતિવાળી હે સ્ત્રી ! તું કોણ છે ? અહીં મારી પાસે શામાટે આવી છે ? કોની પુત્રી અથવા કોની પત્ની છે ? તું શું ઇચ્છે છે ? તું ક્યાં આવી ચડી છે ? અને તું ક્યાં રહે છે ?[૨]

વિદ્યાધરી કહે છેઃ—હે મહારાજ ! હું આપને મારૂં પોતાનું વૃત્તાંત યથાર્થ રીતે કહું છું તે આપ સાંભળો. હું આર્ત છું અને મારી પીડા શાંત થાય એવા ઉપાયને ઇચ્છું છું, માટે મારા ઉપર કરુણા લાવી એક વિશ્વાસુ તરીકે આપ મને પૂછવાને યોગ્યજ છો.[૩] પરમ વિસ્તીર્ણ ચિદાકાશની અંદરના કોઈ એક ખુણામાં આ તમારૂં જગતરૂપી ઘર કાંઈક અનિર્વચનીયપણે રહ્યું છે,[૪] કે જેના પાતાળ, ભૂતળ અને સ્વર્ગ, એ ત્રણ અંદરના ખંડો અથવા ડોઢીઓ જેવા છે, અને તેમાં હિરણ્યગર્ભરૂપે પ્રસરી રહેલી માયાએ એક કલ્પના એવા નામની કુમારી ઘરધણી તરીકે ક્રીડા કરવામાટે બનાવેલ છે.[૫] તેમાં આ ભૂલોક જેમ કરમૂલ (કાંડું અથવા પોંચો) કંકણવડે વીંટાએલ હોય તેમ દ્વીપો અને સમુદ્રોવડે વીંટાએલ છે, અને તેનેલીધેએ દ્વીપ સમુદ્ર આદિના વર્ણોવડે વિચિત્રતાને પ્રાપ્ત થઇ જઇ જગતસંબંધી લક્ષ્મીના કરમૂલના (કાંડાના) જેવું તે સુશોભિત થઇ રહેલ છે.[૬] દ્વીપો અને સમુદ્રોની અંતે સર્વ દિશાઓમાં ચોતરફ દશ હજાર યોજન પર્યંત સુવર્ણમય પૃથ્વી રહેલી છે કે જે સ્વયંપ્રકાશ છે, સંકલ્પમાત્રવડે ફળ આપનારી છે, આકાશના જેવી નિર્મળ છે, અનેક ચિંતામણિઓથી યુક્ત છે, કચરાવિનાની છે, સ્વચ્છ છે, અને પોતાની કાંતિવડે સ્વર્ગ આદિ લોકની કાંતિનો પરાજય કરનારી છે.[૭] વળી તે ભૂમિ અપ્સરાઓને, દેવતાઓને અને સિદ્ધલોકોને ક્રીડાવડે વિહાર કરવાને યોગ્ય છે; તથા સંકલ્પમાત્રથી પ્રાપ્ત થનારા સર્વ ભોગોવડે સુંદર છે.[૮] એ પૃથ્વીની અંતે ભૂલોકરૂપી પોંચાને કંકણનીપેઠે વીંટાઈ વળેલો એક પર્વત છે કે જે લોકાલોક એવા નામથી વિખ્યાત છે.[૯] એ પર્વત જેમ મૂઢ બુદ્ધિવાળા પુરુષનું અંતઃકરણ નિરંતર તમવડે (તમોગુણવડે અથવા અજ્ઞાનવડે) વ્યાપ્ત હોય તેમ કોઈ ઠેકાણે નિરંતર તમવડે (અંધકારવડે) વ્યાપ્ત છે, અને કોઇ ઠેકાણે સત્વગુણી ધીર પુરુષોના હૃદયનીપેઠે પ્રકાશવડે યુક્ત છે.[૧૧] કોઈ ઠેકાણે તો એ પર્વત સત્પુરુષોના સમાગમનીપેઠે આનંદ ઉપજાવનારો છે, અને કોઇ ઠેકાણે તો મૂર્ખ પુરુષોના સમાગમનીપેઠે ઉદ્વેગને ઉત્પન્ન કરે છે.[૧૨] વળી કોઇક ઠેકાણે તો બુદ્ધિશાળી પુરુષોના મનનીપેઠે એ પર્વત સર્વ પદાર્થોને પ્રકટપણે બતાવી આપે છે, અને કોઇક ઠેકાણે મૂર્ખ શ્રોત્રિય પુરુષના ચિત્તનીપેઠે તે અત્યંત ગહન છે.[૧૩] એ પર્વતના કોઈ એક ભાગમાં ચંદ્રમાનાં કિરણો પહોંચી શકતાં નથી અને કોઈ એક જગોમાં સૂર્યની કાંતિ પ્રાપ્ત થઈ શકતી નથી; અને તેનેલીધેજ એ પર્વત કોઇ સ્થળે અનેક લોકોવડે ખીચોખીચ ભરેલ છે, અને કોઇ ઠેકાણે તો તેની બધી દિશાઓ તરફ જોઇએ તોપણ ચોતરફ શૂન્યતા સિવાય બીજું કશું દેખાતું જ નથી.[૧૪] કોઇક ઠેકાણે એ પર્વત દેવતાઓનાં નગરોવડે વ્યાપ્ત છે, અને કોઇક જગોએ દૈત્યોનાં શહેરોવડે યુક્ત છે. કોઇક ઠેકાણે તો એ પર્વત પાતાળના જેવો અતિ ઊંડો અને ઘણાં કષ્ટવડે પણ માંડ અંદર પ્રવેશ કરી શકાય એવો છે, તેમજ કોઇક જગોએ શિખરોરૂપી કંધરાને પોતાના ઉર્ધ્વ ભાગમાં (ઉપર) ધારણ કરી રહ્યો છે.[૧૫] એ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પર્વતના કોઈ એક ભાગમાં ખાડાઓની અંદર ગીધ પક્ષીઓજ ભમ્યા કરે છે, અને કોઈ જગોએ તો તે શિખરોની શોભાનેલીધે મહામનોહર દેખાય છે. કોઇક જગોએ એ પર્વત એવડો તો ઉંચો છે કે તેનાં શિખરોની ટોંચો ઠેઠ બ્રહ્મલોકના અંદરના ભાગસુધી જઈ પહોંચેલી છે.[૧૬] એ પર્વતના કોઇક ભાગમાં શૂન્ય એવાં મોટાં અરણ્યોની અંદર પ્રલયકાળના જેવો પ્રચંડ પવનજ નિરંતર વાયા કરે છે, અને તેના કોઇક ભાગમાં પુષ્પવનોની અંદર અને બગીચાઓની અંદર વિદ્યાધરી (વિદ્યાધરની સ્ત્રીઓ) નાં ટોળાંઓ ગાન કર્યા કરે છે.[૧૭] કોઇક ઠેકાણે પાતાળના જેવી ગંભીર ગુફાઓની અંદર રહેલા કુભાંડ નામના પિશાચોવડે એ પર્વત મહાભયંકર છે, અને કોઇક ઠેકાણે તો નંદનવનના જેવા અતિ રમણીય ઋષિઓના આશ્રમોવડે તે બહુ મનોહર દેખાય છે.[૧૮] એ પર્વતમાં કોઇક જગોએ તો નિરંતર અક્ષયપણે રહ્યા કરનાર વાદળાંઓ મદોન્મત્તની પેઠે ગર્જનાજ કર્યા કરે છે, અને કોઈક ઠેકાણે તો વાદળાંઓનું દર્શન પણ મહા દુર્લભ છે. એ પર્વતના કોઈ એક ભાગમાં તો અંદર રહેલી ગુફાઓ અને ખાડાઓને લીધે ચોતરફ કુંડાળાં જેવું થઇ રહેલું છે, જેને લીધે તેની અંદર લોકોને પ્રવેશ કરવો બહુ મુશ્કેલ પડે છે.[૧૯] એ લોકાલોક પર્વતની અંદર કોઇક સ્થળે ક્ષોભને પ્રાપ્ત થયેલાં મનુષ્યો ખડ્ગ–કુવાડા આદિના પ્રહારવડે ભૂતોનાં નિવાસસ્થાનોને ઉખેડી નાખે છે, અને કોઇક જગોએ તો એ પર્વત પોતાની અંદર રહેલાં મનુષ્યોના સમૂહની સુજનતાવડે સ્વર્ગનો પણ પરાજય કરી દે એવો છે.[૨૦] એ પર્વતમાં કોઇએક ઠેકાણે નિરંતર વાયા કરતા પવનવડેજ સ્થાવરજંગમ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે, અને કોઇક ઠેકાણે તો સર્વ પ્રકારના ક્ષયથી રહિત એવા સ્થાવર-જંગમ જીવો એ પર્વતની અંદર સ્થિરપણે રહેલા છે.[૨૧] કોઇક જગોએ તો એ પર્વત મહાવિશાળ નિર્જળ પ્રદેશના પવનના સુસવાટાથી મહાભયંકર જણાય છે, અને કોઇક સ્થળે તો મધુર અવાજ કરનારા અને કમલિનીમાં મદોન્મત્ત થઇ રહેલા સારસ પક્ષિઓવડે તે બહુ શોભાયમાન દેખાય છે,[૨૨] એ પર્વતની અંદર કોઇ જગોએ તો જળના તરંગોવાળાં વરસાદનાં વાદળાંઓને લીધે ગર્જનાનો અવાજ સાંભળવામાં આવે છે, અને કોઇક ઠેકાણે તો એ પર્વત મદોન્મત્ત અપ્સરાઓના હીંડોળા ઉપર બેસી હીંચકા ખાવાના વિલાસવડે જોનારના મનમાં કામદેવને ઉત્પન્ન કરે છે.[૨૩] કોઈક ઠેકાણે એ પર્વતના સર્વ દિશાઓના ભાગો પિશાચ અને કુભાંડ (પિશાચની એક જાત) વડે વીંટાએલા અને ચારે કોર ચેષ્ટાઓવડે ભરપૂર થઇ રહેલા દેખાય છે, અને કોઇક ઠેકાણે એ પર્વતની નદીનાં તટો ઉપર વિદ્યાધરીઓ અને સિદ્ધલોકોનાં નૃત્યો તથા ગીતો થતાં રહે છે.[૨૪] કોઇક સ્થળે તો એ પર્વતનાં તટો નિરંતર વરસ્યા કરતા વરસાદોના નદીઓરૂપી બાહુઓવડે ઘસાઇ જાય છે. એ પર્વતના કોઇએક સ્થળમાં તો નાનાપ્રકારનાં (અનેક) વાદળાંઓરૂપી ઉત્તમ વસ્ત્રોને નિરંતર ગતિ કરનારો પવન એક બાજુથી બીજી બાજુ તરફ લઇ જાય છે, અને ત્યાંનાં વાદળાંઓને વળી બીજી બાજુતરફ લઇ જાય છે.[૨૫] એ પર્વતના કોઇક પ્રદેશમાં કમલિનીઓનો સમૂહ પોતાનાં કળીઓરૂપી મુખમાં રહેલાં ભમરાઓરૂપી નેત્રોવડે ધ્યાનાવસ્થિત જેવી થઇ રહે છે, અને કોઇક ઠેકાણે તો એ પર્વત (પોતાનામાં નાગરવેલનાં વનો હોવાને લીધે) અપ્સરાઓના અને સિદ્ધલોકોની સ્ત્રીઓના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દાંતને તાંબૂલવડે શોભા આપે છે.[૨૬] કોઈક સ્થળે તો એ પર્વતની અંદર નિરંતર તપ્યા કરતા સૂર્યનારાયણના પ્રકાશની નીચે મનુષ્યોનો સમૂહ પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મો કરતો રહેવાથી તે બહુજ સુંદર દેખાય છે, અને કોઇક ઠેકાણે તો એ પર્વતની અંદર રાત્રિના અંધકારવડે ભરપૂર થઇ રહેલાં ઘરોમાં મદોન્મત્ત રાક્ષસો નૃત્ય કરતા રહે છે.[૨૭] કોઇક સ્થળે અનેક ઉત્પાતો આવી પડવાને લીધે તે પર્વતના એ ભાગની જમીન ત્યાંનાં મનુષ્યો-સહિત નાશને પ્રાપ્ત થઈ જાય છે, અને કોઇક ઠેકાણે સૌરાજ્યની (ઉત્તમ રાજા–ફળવાન દેશ વગેરેની) સંપત્તિવડે અનેક નગરોનો સમૂહ નવો વસેલો જોવામાં આવે છે.[૨૮] કોઇક જગોએ તો એ પર્વત અત્યંત શૂન્ય દેખાય છે, અને કોઇક સ્થળે તો તે અનેક નગરોવડે વીંટાએલો નજરે પડે છે. કોઇક ઠેકાણે એ પર્વત જળવડે ભરેલા ખાડાઓવડે ગંભીર જણાય છે, અને કોઇક ઠેકાણે એ ખાડાઓ શુષ્ક હોવાથી પાતાળના જેવો તે મહાભયંકર જોવામાં આવે છે.[૨૯] એ પર્વતની અંદર કોઇક ઠેકાણે તો મોટાં મોટાં કલ્પવૃક્ષો રહેલાં છે, અને કોઇક જગોએ તો નિર્જલ પ્રદેશની અંદર જંગમ જીવોજ ફરતા રહે છે. કોઈક ઠેકાણે મોટાં મોટાં હાથીઓનાં કુલો દેખાય છે, અને કયાંક તો મદોન્મત્ત એવા સિંહ વાનર આદિના સમૂહો ફરતા દેખાય છે.[૩૦] કોઈક સ્થળે તો એ પર્વત સાવ પ્રાણીવિનાનો શૂન્યજ જણાય છે અને તેનેલીધે તેની ઉંચાઇ વૃથા જેવી લાગે છે. એ પર્વતનાં કોઈક સ્થાનમાં તો ઉન્મત્ત રાક્ષસોજ ભમ્યા કરે છે, અને તેનો કોઇક પ્રદેશ કરંજોની ઝાડીને લીધે ઘણે કષ્ટે માંડ અંદર દાખલ થઈ શકાય એવો છે. એ પર્વતના કોઈ એક ભાગમાં તો તાલનાં મોટાં જંગલોજ જોવામાં આવે છે.[૩૧] તેના કોઈ એક સ્થળે આકાશના જેવાં નિર્મળ અને વિશાળ તળાવો રહેલાં છે, અને કોઇ એક ભાગમાં ઘણી લાંબી નિર્જળ ભૂમિજ જોવામાં આવે છે. કોઇ એક ઠેકાણે તો નિરંતર ધૂળજ ઉડ્યા કરે છે, અને કોઇક ભાગમાં સર્વ ઋતુમાં સમાનરૂપે રહેનારાં જંગલોજ રહેલાં છે.[૩૨] એ લોકાલોક પર્વતના શિખરોમાં સારી રીતે સ્થિર જેવાં થઇ રહેલાં વાદળાંઓને ધારણ કરનારી રત્નમય અને આકાશના જેવી નિર્મળ એવી મોટી મોટી શિલાઓ રહેલી છે કે જેઓ સહ્ય મલય આદિ સામાન્ય પર્વતોના જેવી દેખાય છે.[૩૩] વળી એ શિલાઓ દૂધના જેવી, (ગંગા આદિ નદીના) જળના જેવી અને સૂર્યનારાયણના જેવી ગૌર છે કે જેના ઉપર બીજા પોતાના પુત્ર-પૌત્ર આદિના કારણરૂપ સિંહ વાનર આદિ પ્રાણીઓ (પોતાના પુત્ર–પૌત્ર સહિત) જેમ વનમાં રહેલાં મોટાં વૃક્ષોની શાખાઓમાં વિશ્રામ લે તેમ નિરંતર વિશ્રામ લીધા કરે છે.[૩૪] એ શિલાઓના મધ્યમાં એ પર્વતના ઉત્તરદિશા તરફના ભાગમાં એક શિલા પૂર્વદિશા તરફ રહેલા શિખર ઉપર આવેલી છે, કે જે કદીપણ ક્ષીણ ન થનારા વજ્રના ગર્ભના જેવી અતિ કઠોર છે તેની અંદર હું રહું છું.[૩૫] દૈવે મને તેની અંદરજ બાંધી દીધેલ છે, અને એ પાષાણશિલારૂપી યંત્રમાં મેં નિવાસ રાખ્યો છે. હે મહારાજ ! તેની અંદર મારા અસંખ્ય યુગોના સમૂહો ચાલ્યા ગયા છે એમ હું સમજું છું.[૩૬] કેવળ હું જ ત્યાં બંધાઇ રહી છું એટલુંજ નથી પણ મારો ભર્ત્તા પણ જેમ સાયંકાળે બંધ થઇ જનારી કમળની કળીમાં ભ્રમરો બંધાઇ જાય તેમ તે શિલાની અંદર બંધાઇ રહ્યો છે.[૩૭] એ શિલાની અંદરનો ભાગ કે જે અત્યંત સાંકડો અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંકટ આપે એવો છે તેની અંદર મારા ભર્ત્તાની સાથે ઘણા લાંબા કાળસુધી અનેક વર્ષોના સમૂહો ચાલ્યા ગયા એમ મારા અનુભવમાં આવેલ છે.[૩૮] આજ દિવસ પર્યંત અમે કેવળ માત્ર પોતાના દોષવડેજ મોક્ષને પ્રાપ્ત થતાં નથી અને ઘણા લાંબાકાળસુધી એ શિલાની અંદરજ તેવી મમતા બાંધી રહેલાં છીએ.[૩૯] એ પાષાણમાં રહેવારૂપી સંકટમાં કેવળ અમે બેજ બંધાઈ રહ્યાં છિયે એમ નથી પણ જેટલો અમારો બન્નેનો પરિવાર છે તે સર્વ તેમાં બંધાઇ રહેલ છે.[૪૦] તેની અંદર બંધાઈ રહેલો પુરાણપુરુષરૂપી દ્વિજ મારો પતિ છે, કે જે સેંકડો યુગોપર્યંત જીવતાં છતાં એક પોતાના આસનથી કદીપણ વ્યુત્થિત થતો નથી.[૪૧] વળી તે બાલ્ય અવસ્થાથીજ શુદ્ધ બ્રહ્મચર્ય પાળનાર છે. પોતાના સ્વાધ્યાયમાં સદાકાળ તત્પર રહે છે.બીજાઓને પણ તે સ્વાધ્યાય શીખવે છે. પોતે કાંઇક આલસ્યવાન છે. વળી તે સ્વભાવે બહુજ સરળ છે, અને ઇંદ્રિયોની ચંચળતાવિનાનો છે, તેમજ નિરંતર તે એકાંતમાંજ રહ્યા કરે છે.[૪૨] હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ મહારાજ ! હું વ્યસનનીપેઠે નિરંતર તેનેજ વળગી રહેનારી તેની ભાર્યા છું, અને એ પતિવિના હું એક પળવાર પણ દેહને ધારણ કરવામાં સમર્થ નથી.[૪૩] હે મહારાજ ! મને તેમણે ભાર્યારૂપે કેવી રીતે સંપાદન કરી અને અમારો આ સ્વાભાવિક સ્નેહ શી રીતે વૃદ્ધિને પ્રાપ્ત થયો તે (હું કહું છું) તમે સાંભળો.[૪૪] એ મારા સ્વામી પૂર્વકાળમાં જન્મતાંવેંત જ્યારે બાલ્ય વયમાં હતા, કાંઇક જ્ઞાનવડે સંપન્ન હતા, પોતે એકલાજ પોતાના નિર્મળ સ્થાનમાં રહેતા હતા અને શ્રોત્રિયપણાને યોગ્ય સ્થિતિને ધારણ કરી રહ્યા હતા ત્યારે તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે "જન્મથીજ સુંદરતાવાળી એવી ભાર્યા મને શી રીતે પ્રાપ્ત થાય ?" એમ ઘણા લાંબા કાળસુધી વિચાર કર્યા પછી હે કમળના જેવાં સુંદર નેત્રવાળા મહારાજ ! એ મારા પતિએ પોતાની મેળેજ હું કે જે નિર્મળ અને સુંદર અંગવાળી છું તેને જેમ ચંદ્રમા નિર્મળ ચાંદનીને ઉત્પન્ન કરે તેમ ઉત્પન્ન કરેલ છે.[૪૫-૪૭] મંદારનાં પુષ્પોવડે ઉત્તમતાવાળી અને સૌન્દર્યવડે સુશોભિત એવી હું, તે પતિએ મનવડેજ મને રચેલ હોવાથી તેની મનોમય ભાર્યા છું. તેણે મને ઉત્પન્ન કર્યા પછી વસંત ઋતુમાં જેમ મંજરી વૃદ્ધિ પામે તેમ હું વૃદ્ધિ પામેલ છું.[૪૮] હું સ્વાભાવિક રીતે મારી સાથેજ ઉત્પન્ન થયેલાં વસ્ત્રવડે સદાકાળ ઢંકાયલી રહું છું. મનુષ્ય આદિ પ્રાણીમાત્રની દૃષ્ટિ પડતાંજ હું તેના ચિત્તને હરી લઉં એવી રૂપવતી છું, મારૂં મુખ પૂર્ણ ચંદ્રબિંબના જેવું છે, અને જેમ આકાશ નિર્મળ તારાને (તારામંડળ) ધારણ કરે તેમ હું પણ નિર્મળ તારાને (કીકીને) ધારણ કરી રહેલ છું.[૪૯] પુષ્પકલિકાના જેવા ઉચ્ચ સ્તનના ભારવડે હું રમણીયતાવાળી છું. સમગ્ર ગુણોવડે હું સુશોભિત છું. ઉત્તમ વનવડે લતા જેમ સુંદર દેખાય તેમ હું હાથરૂપી પલ્લવવડે બહુ સુંદર દેખાઉં છું.[૫૦] સર્વ જંતુમાત્રના હૃદયને નિરંતર આકર્ષણ કરનારી છું. મારાં નેત્ર હરિણીના નેત્ર જેવાં મહાવિશાળ છે, અને હું કામદેવવડે (મનુષ્યના ચિત્તને ડોળી નાખી તેમાં) ઉન્માદને ઉત્પન્ન કરી દઉં એવી છું.[૫૧] હું કેવળ લીલા અને વિલાસોમાંજ નિરંતર લાગી રહું છું. મારાં નેત્રો કામસૂચક હાવભાવથી ભરપૂર રહે છે. ગાવા–બજાવવાનું મને બહુજ પ્રિય છે. હું મારા પતિમાં અનુરાગવાળી છું છતાં ભોગોમાં મને તૃપ્તિ થતીજ નથી. સૌભાગ્યમાં અને ભોગમાં સદા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પરાયણ રહું છું. મારો ભર્ત્તા કે જે સમદર્શી છે તેના મનવડેજ હું કલ્પાએલી હોવાથી લક્ષ્મી અને અલક્ષ્મી, એ બન્નેની કેમ જાણે પ્રિય સહચરી હોઉં તેમ, એ બન્નેમાં મને સમાન-દૃષ્ટિ રહે છે; અને તેનેલીધેજ મોહજાળથી મારૂં સ્વરૂપ બદલી જતું નથી તથા સંપત્તિમાં તથા આપત્તિમાં મને કશો હર્ષ–શોક થતો નથી.[૫૩] હું માત્ર એ પુરાણપુરુષરૂપી બ્રાહ્મણના ઘરનેજ ધારણ કરૂં છું એમ નથી; પરંતુ હે મહારાજ ! જે આ ત્રૈલોક્યરૂપી ઘર છે તે સર્વને હુંજ ધારણ કરી રહી છું.[૫૪] હું મારા એ પતિની પુત્ર–પૌત્ર આદિ સંતતિનો પ્રસવ કરવાને યોગ્યજ ભાર્યા છું અને જેટલો તેનો પોષ્યવર્ગ છે તેનું ભરણ-પોષણ કરવામાં સમર્થ છું. ત્રૈલોક્યરૂપી ઘરની સર્વ સામગ્રીને હુંજ ધારણ કરૂં છું અને તેનો સર્વ ભાર એક મારા ઉપરજ રહેલ છે.[૫૫] પછી (કાળે કરીને) મને તરુણપણું પ્રાપ્ત થતાં ઉત્પન્ન થએલા ઉન્નત સ્તનવડે હું સુંદર થઇ રહી અને ફળપુષ્પના ગુચ્છાઓવડે દીપી નીકળતી લતાનીપેઠે વિલાસોવડે અને રસવડે સુશોભિત દેખાવા લાગી.[૫૬] મારો પતિ કે જે કેવળ તપમાંજ આસક્ત છે તે પોતાના દીર્ઘસૂત્રીપણાથી અને શ્રોત્રિયપણાથી, કોઇ જાતની અપેક્ષાનેલીધે આજ દિવસસુધી મને પરણેલ નથી.[૫૭] હું કે જે યૌવનવડે સંપન્ન છું અને વિલાસોના રસવડે સુશોભિત છું, તે એ અવિવાહિતપણાના દુઃખનેલીધે એ પતિવિના જેમ અગ્નિનો સંપર્ક થતાં પદ્મિની (કમલિની) બળ્યા કરે તેમ અંદર બળ્યા કરૂં છું.[૫૮] શીતળ પવનવડે ચપળતાવાળી કમલિનીઓની અંદર પણ પ્રદીપ્ત કરેલા અંગારાઓનાં સ્થાનોનીપેઠે મારૂં અંગ (સંતાપવડે) બળ્યા કરે છે.[૫૯] બગીચાઓના સર્વ ભૂમિઓ કે જે પુષ્પોની વૃષ્ટિવડે પરિપૂર્ણ છે, તે પણ તપાવેલ રેતીવાળી નિર્જળ પ્રદેશની ભૂમિના જેવી મને શૂન્યજ જણાય છે.[૬૦] જળના તરંગોવડે તથા કહ્લાર અને કમળના સમૂહોવડે (ત્વચા ઇંદ્રિયને બહુ સુખ આપવાથી) કોમળતાવાળી અને સારસ પક્ષીઓના શબ્દોવડે સરસ દેખાતી નદીઓ પણ મને નીરસજ જણાય છે.[૬૧] સખીઓ મને દાહની શાંતિ માટે કમળનાં પુષ્પો, મંદારનાં પુષ્પો અને શ્વેત કમળોના સમૂહમાં શય્યાઆદિ રચી હીંડોળાનીપેઠે હીંચકાવે છે, તોપણ મને કેમ જાણે તેઓએ કાંટાઓમાં આળોટાવી હોય તેમ અત્યંત દાહ ઉત્પન્ન થાય છે.[૬૨] *કુમુદ, ઉત્પલ, કહ્લાર અને કેળનાં પત્રોવડે રચાએલી શય્યાના અંદરના ભાગો મારા અંગનો સંગમ થતાં તેમાંથી નીકળતી તાપની ગરમીવડે શુષ્ક થઇ જઇ પ્રથમ નિર્માલ્ય થઇ પછી સાવ ભસ્મરૂપ થઈ જાય છે.[૬૩] જે કોઇ વસ્તુ રમણીય હોય, યોગ્યતાવાળી હોય, સ્વાદ ઉત્પન્ન કરે એવી હોય, વિચિત્ર હોય અને મનને હરણ કરે એવી હોય તેને જોતાંજ મારાં વિશાળ નેત્રો અંદર બાષ્પ (આંસુ)વડે પરિપૂર્ણ થઇ જાય છે.[૬૪] દુઃખરૂપી અગ્નિવડે તપેલાં અને નીચે પડ્યા કરતાં આંસુઓનાં ટીપાંઓ કમળ અને ઉત્પલની પંક્તિઓમાં (દીવાની જ્વાલામાંથી પડતા તેલના બિંદુની પેઠે) છમ છમ એવો અવાજ કરતાં રહી એ કમળોને શુષ્ક કરી દઈ પોતે પણ શુષ્ક થઇ જાય છે.[૬૫] કેળના સ્તંભોમાં હીંડોળો બાંધી બગીચાઓની અંદર સખીઓ મને હીંચકાવવાની ક્રીડાવડે જ્યારે લાડ લડાવે છે ત્યારે હું મારૂં પોતાનું અંદરનું દુઃખ કહેવાને અશક્ત હોવાથી લાજ-

* કુમુદ, ઉત્પલ, કહ્લાર ઇત્યાદિ કમળની જૂદી જૂદી જાતિઓ છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે મોઢું ઢાંકી દઈ રુદન કરું છું.[૬૬] હિમનાં બિંદુઓના સમૂહોવડે વ્યાપ્ત થઈ રહેલો કેળનાં પાંદડાંઓને માંડવો મને ગરમી પેદા કરતો હોય તેવો દેખાય છે, અને ખેરના લાકડાના અંગારાના જેવો તે મને મહા ભયંકર લાગે છે.[૬૭] કમલિનીનાં નાળોરૂપી હીંડોળામાં સારસપક્ષી સાથે સંગમને પ્રાપ્ત થયેલી તેની (સારસની) સ્ત્રીને જોઇ હું ગરીબડે મોઢે અંદર પોતાના યૌવનની નિંદા કરું છું.[૬૮] રમ્ય વસ્તુ જોતાંજ હું (સંતાપવડે) રોવા માંડું છું, મધ્યસ્થ (ઉપેક્ષા કરવા યોગ્ય) પદાર્થને જોતાં હું શાંત થઇ રહું છું, અને મૂર્છા, જડપણું ઇત્યાદિ કે જે લોકમાં નિંદ્ય ગણાય છે તેને પ્રાપ્ત થતાં ઉલટો મને હર્ષ થાય છે; કેમકે હું કે જે દીન છું તે એ સમયમાં કેવી સ્થિતિમાં છું તેનું મને કશું ભાન રહેતું નથી. (જોનેલીધે તાપ ન થતાં વિશ્રાંત રહું છું.)[૬૯] પ્રત્યેક દિશામાં ડોલરનાં ફૂલો, મંદારનાં પુષ્પો અને કમળો તથા શીતળ મલયાચળસંબંધી ચંદન, એ સર્વ કેમ જાણે કામાગ્નિવડે બળીગયેલા પુરુષોની ભસ્મજ મૂર્તિમાન હોય તેવાં મને દેખાય છે.[૭૦] હું કે જેનાં અંગનાં ચલન (હેરવવા-ફેરવવા) વડે અંગની ગરમી લાગતાં ચારેકોર શ્યામતાવાળાં તમાલનાં પલ્લવોની, કમલિનીઓની, ઉત્પલ-કહ્લાર આદિ કમળોની, કેળના પાંદડાંઓની અને માલતીનાં પુષ્પોની શય્યા સાવ શુષ્ક થઇ જાય છે, તેના નવયૌવનના સઘળા દિવસો વ્યર્થ ચાલ્યા ગયા.[૭૧]

आनीलपल्लवमृणाललतोत्पलानां कह्लारकुंद-
कदलीदलमालतीनाम्॥ शय्या ममांगचलनेन
विशोषयंत्या व्यर्थं गतानि नवयौवनवासराणि॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદ્યાધરીવ્યસનવર્ણન' એ નામનો ચોરાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૪

सर्ग ९५ मो*.

વિદ્યાધરીની સિદ્ધદશા

॥ विद्याधर्युवाच ॥

अथ कालेन महता सोऽनुरागो विरागताम्॥
प्राप्तो मम शरच्छांतौ विरसः पल्लवो यथा॥१॥

વિદ્યાધરી કહે છેઃ—જેમ શરદ્ઋતુ શાંત થઈ જતાં હેમંતઋતુના આરંભકાળમાં રસવિના થઈ રહેલો પલ્લવ રૂપ—રંગથી સાવ રહિત (શુષ્ક) થઇ જાય તેમ ઘણો લાંબો કાલ ચાલ્યો જતાં એ મારો સ્નેહ પણ નિર્માલ્ય જેવો થઇ ગયો.[૧] મારો પતિ વૃદ્ધ છે, એકાંતમાંજ રહ્યા કરે છે, નીરસ છે, સ્નેહથી રહિત છે, સરળ ચિત્તવાળો છે, અને નિરંતર મૌન ધારણ કરનાર છે તોપછી મને મારા જીવવાથી શું ફળ મળવાનું છે?[૨] બાલપણથીજ વિધવાપણું ભોગવવું એ ઠીક છે, અથવા મરણ થઈ જાય એ પણ ઠીક છે, અથવા વ્યાધિ થવો કે કોઇ વિપત્તિ આવી પડવી એ પણ ઠીક છે, પરંતુ ચિત્તને ન પસંદ પડે એવી (ખરાબ કે કઢંગી) પ્રકૃતિવાળો પતિ હોય એ ઠીક નથી.[૩] અખંડિત સૌભાગ્ય રહેવું અને રસિક તથા સુંદર આચારવાળો તરૂણ પતિ હોવો એજ સ્ત્રીના જન્મનું સાફલ્ય છે.[૪] નીરસ પતિવાળી સ્ત્રી પોતે વિદ્યમાન છતાં પતિનું સુખ ન મળવાથી નહિ વિદ્યમાન જેવી (મુવાજેવીજ) છે, શાસ્ત્રસંબંધી સંસ્કારવિનાની બુદ્ધિ પણ અનેક દુષ્કર્મોવડે હણાએલીજ છે, દુર્જનોના ઉપભોગમાં આવેલી લક્ષ્મી પણ ધૂળધાણીજ થઇ જાય છે, અને પોતાના ઉત્તમ કુળ—આચાર આદિને યોગ્ય એવી પુરુષની લજ્જા કોઇ પુંશ્ચલી સ્ત્રીએ

* આ પાંસઠમા સર્ગમાં કાલે કરી પોતાનો પતિ-ઉપરનો પ્રેમ નિર્માલ્યદશાને પ્રાપ્ત થઇ જતાં એ વિદ્યાધરી ધારણાના અભ્યાસવડે પ્રાણને જીતી લઈ પોતે સિદ્ધદશાને પ્રાપ્ત થઈ ગઈ એ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

લીધેલ હોય તો તે લાજ પણ હણાયાજેવીજ થઈ જાય છે.[૫] એજ ખરી સતી સ્ત્રી છે કે જે પોતાના પતિને (મન વચન કર્મવડે) અનુસરનારી છે, તેજ ખરી ઉત્તમ લક્ષ્મી છે કે જે સત્પુરુષને અનુસરનાર છે, ખરી શ્રેષ્ઠ બુદ્ધિ પણ તેજ છે કે જે શમ–દમ આદિ સાધનસંપત્તિવડે મધુર અને ઉદાર છે, અને ખરી સાધુતા પણ તેજ છે કે સર્વત્ર સમાન દૃષ્ટિ રહેવી.[૬] જે દંપતી પરસ્પર એક બીજામાં પ્રેમપાશવડે બંધાઇ રહ્યાં હોય તેઓને આધિઓ, વ્યાધિઓ, આપત્તિઓ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ આદિ દૈવી ઉત્પાતો ચિત્તમાં કશી પણ બાધા ઉત્પન્ન કરી શકતા નથી.[૭] દુષ્ટ પતિવાળી અને વૈધવ્યવાળી સ્ત્રીઓને વિકસિત થઇ રહેલ પુષ્પવાળાં સ્થાનો અને નંદનવનની ભૂમિઓ પણ નિર્જળ પ્રદેશના જેવી સંતાપકારકજ જણાય છે.[૮] જગતમાં પ્રસિદ્ધ રીતે દેખાતા ઘર, ધન આદિ સર્વ પદાર્થોને થોડા ગુણને લીધે અથવા પ્રમાદનેલીધે સ્ત્રીઓથી ત્યાગ કરી શકાય છે, પરંતુ (ગમે તેવો હોય તોપણ) એક પતિનો ત્યાગ તેનાથી કરી શકાતો નથી.[૯] હે મુનિશ્રેષ્ઠ! હું કે જે સ્થિર યૌવનવાળી છું તેણે એ સર્વ દુઃખો અનેક વર્ષોના સમૂહપર્યંત સહન કર્યાં છે. અહો! મારૂં દુર્ભાગ્ય તો તમે જુઓ![૧૦] પછી ક્રમે કરીને નીરસપણાનેલીધે એ મારો પ્રેમ જેમ હિમ પડવાથી બળી ગએલી કમલિનીનો રંગ નીરસપણાનેલીધે નિર્માલ્ય થઈ જાય તેમ નિર્માલ્ય જેવો થઇ ગયો.[૧૧] હે મહારાજ! એવી રીતે વૈરાગ્યવાસનાનો ઉદય થવાથી સર્વ પદાર્થોમાં વિરક્ત થઇ રહેલી હું આપના ઉપદેશવડે પોતાના મોક્ષને ઈચ્છું છું.[૧૨] ઇચ્છિત અર્થને નહિ પ્રાપ્ત થનારા, પરમાત્મામાં બુદ્ધિને વિશ્રામ નહિ પમાડનારા અને મરણને કાંઠે આવી બેઠેલા જીવોનું જીવિતના કરતાં મરણ થવું એ વધારે સારૂં છે.[૧૩] અહર્નિશ નિર્વાણનીજ ઇચ્છા રાખનારો મારો પતિ જેમ કોઇ એક રાજા બીજા રાજાની સહાયતાવડે પોતાના પ્રતિપક્ષી રાજાને જીતી લેવાને (નીતિ શાસ્ત્રમાં બતાવેલા ઉપાયો લઇ) જાગૃત થઇ જાય તેમ પોતાના મનની સહાયતાવડેજ તે મનને જીતવામાં જાગૃત થઇ ગયો છે.[૧૪] હે મહારાજ! મારા પતિનું અને મારૂં–બન્નેનું અજ્ઞાન શાંત થઇ જાય તેને માટે આપ ન્યાયવડે યુક્ત એવી વાણીથી અમને (ભૂલાઈ ગએલા) આત્માનું સ્મરણ કરાવો.[૧૫] મારો પતિ જ્યારે મારા તરફ કશું લક્ષ આપ્યાવિના પોતાના આત્મામાંજ સ્થિર થઈ રહેવા લાગ્યો ત્યારેજ મનમાં ઉત્પન્ન થયેલા વૈરનેલીધે જગતની સર્વ સ્થિતિ મને વિરસ જણાવા લાગી.[૧૬] ત્યારથી માંડી હું સંસારસંબંધી વાસનાના આવેશથી સાવ રહિતજ થઈ ગયેલ છું, તથા મને અભીષ્ટ તીવ્ર સંવેગવાળી, આકાશગમનરૂપી સિદ્ધિને આપનારી ધારણા (ખેચરી મુદ્રા) બાંધવાનો મેં અભ્યાસ કર્યો, અને પછી એ ધારણાવડે આકાશગમનરૂપી સિદ્ધિને સંપાદન કરી સિદ્ધ પુરુષોના સમાગમવડે ઉત્તમ ફળને આપનારી ધારણાનો પણ મેં ફરીવાર અભ્યાસ કર્યો.[૧૭-૧૮] ત્યારબાદ પોતાનું જગત કે જે પોતાના આધારરૂપ હતું તેના પૂર્વાપર ભાગો જોવાની ઇચ્છાથી તદનુકૂળ ધારણા બાંધી તેમાં સ્થિર થઇ રહી, જેનેલીધે એ ધારણાની સિદ્ધિ પણ મને પ્રાપ્ત થઇ.[૧૯] પછી એ પોતાના જગતની અંદર રહેલી સર્વ વસ્તુઓ જોઈ લઇ હું તેની બહાર નીકળી એટલે આ સ્થૂલ એવી લોકાલોક પર્વતની શિલા મારા જોવામાં આવી.[૨૦] હે મહારાજ! અમે બન્ને દંપતીના ચિત્તમાં આટલા કાળસુધી બીજું કશું જોવાની કોઇ દિવસ કશી પણ ઇચ્છા થઈ ન હતી.[૨૧] અહો! મારો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

પતિ એવો તો વાસનાવિનાનો છે કે વેદના શુદ્ધ અર્થનું જ (ધર્મનું તથા પરમાત્માનું જ) એકાંતમાં કેવળ ચિંતન કરવાનેલીધે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ તથા તેની અંદર રહેલા સર્વ પદાર્થોનું અને બ્રહ્મતત્ત્વનું તેને હજુ (ગુરુ ન મળવાથી) જ્ઞાન થયેલ નથી.[૨૨] જો કે એ મારો પતિ વિદ્વાન છે તોપણ તત્ત્વજ્ઞાન ન થવાનેલીધે પરમપદને પ્રાપ્ત થયેલ નથી. આજે હું અને મારો પતિ, એ બન્ને દંપતી પ્રયત્નવડે પરમપદ મેળવવાને ઇચ્છીએ છીએ.[૨૩] હે મહારાજ! એ અમારી પ્રાર્થનાને સફળ કરવાને આપ યોગ્ય છો. આપ જેવા મોટા પુરુષોપાસે કોઈપણ કાંઇ યાચના કરે તો તે કદીપણ નિષ્ફળ જતીજ નથી.[૨૪] હે માન આપનારા મુનિમહારાજ! હું કે જે આ આકાશની અંદર સિદ્ધોની સેનામાં નિરંતર ફર્યા કરું છું તેની દૃષ્ટિમાં આપનાવિના બીજે કોઇ પણ અમારા ઘાટા અજ્ઞાનરૂપી વનને અગ્નિનીપેઠે બાળી નાખે એવો જોવામાં આવતો નથી.[૨૫] હે દયાળુ મહારાજ! સત્પુરુષો પોતાની પાસે આવી યાચના કરનારા પુરુષોની ઇચ્છાઓને વિનાકારણે (સ્વાભાવિક રીતેજ) પૂર્ણ કરે છે માટે હું કે જે અહીં આપને શરણે આવેલ છું તેનો તિરસ્કાર કરવાને આપ યોગ્ય નથી.[૨૬]

ब्रह्मन्विनैव करूणाकर कारणेन संतो यतोर्थिजनवांछितपूरणानि ॥ कुर्वंति तेन शरणागततामुपेतां मामर्हसीह न तिरस्करणेन योक्तुम् ॥ २६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિદ્યાધરીજન્મવ્યવહારવર્ણન' એ નામનો પાંસઠમો સર્ગ સંપૂર્ણ.

सर्ग ६६ मो.*

શિલાગર્ભમાં જગદ્વિસ્તાર

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथेत्युक्तवती पृष्टा सा मया कल्पितासना ॥ संकल्पितासनस्थेन स्थितेन नभसि स्थिता ॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હું કે જે આકાશની અંદર રહ્યો હતો અને સંકલ્પવડે કલ્પી લીધેલા આસન ઉપર બેઠેલો હતો તેને કલ્પિત આસન ઉપર બેઠેલી અને આકાશમાં રહેલી એ વિદ્યાધરીએ ઉપર પ્રમાણે કહ્યાબાદ મેં તેને પૂછ્યું[૧] કે હે બાલે! તારા જેવા (સ્થૂલદેહવાળા) પ્રાણીઓની સ્થિતિ શિલાના ઉદરમાં શી રીતે થઇ શકે? અને તેમાં ચલનવલન પણ શી રીતે થાય? શા પ્રયોજનનેમાટે એવા સ્થાનમાં ઘર બાંધવું પડે?[૨]

વિદ્યાધરી કહે છેઃ—હે મહારાજ! જેવું આ તમારું વિશાળ જગત દીપી રહ્યું છે તેવું અમારું જગત કે જે અનેક સૃષ્ટિઓ અને સંસારો સાથે જોડાઈ રહેલું છે તે પણ એ શિલાની અંદર દીપી રહ્યું છે.[૩] એ અમારા જગતમાં પણ આ જગતની પેઠેજ પાતાળલોકમાં નાગો રહેલા છે, ભૂલોકમાં પર્વતો રહેલા છે, જળ પણ અસ્ફુટ અવાજ કર્યા કરે છે, આકાશની અંદર વાયુઓ આકાશમાં હલકી વસ્તુઓને ધસડી જાય છે.[૪] જળવડે સમુદ્રો શોભી રહ્યા છે, અંદર ધીરે ધીરે પ્રજાઓ સંચાર કરે છે, અને અહીંની પેઠેજ એ અમારા જગતમાં પણ પ્રાણીઓ નિરંતર ઉત્પન્ન થતાં રહે છે, તથા નિરંતર નાશને પણ પ્રાપ્ત થતાં જાય છે.[૫] વાયુઓ વાયા કરે

* આ છાસઠમા સર્ગમાં અવકાશવિનાના શિલાના ઉદરમાં તારી સ્થિતિ શી રીતે થઇ અને તારું ઘર ત્યાં કેમ બંધાયું, એમ વસિષ્ઠજીએ વિદ્યાધરીને પૂછવાથી તે શિલાના ગર્ભમાંજ જગતનો વિસ્તાર વિષે વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે, જળો વહ્યા કરે છે, આકાશમાં દેવતાઓ નક્ષત્ર આદિરૂપે દીપી રહ્યા છે, અને પોત-પોતાના શરીરના આકારવડે પણ તેઓ પ્રકાશી રહેલા છે. વૃક્ષો, પર્વતો વગેરે સ્થાવરો સ્થિર રહેલાં છે, ગ્રહોનો ઉદય થતો રહે છે, રાજાઓ પૃથ્વીમાં પોતાના કાર્યમાટે ફરે છે.[૬] નદીઓ જેમ સમુદ્રપર્યંત ગતિ કર્યા કરે તેમ ઠેઠ કલ્પપર્યંત દેવતાઓ અસુરો અને મનુષ્યોની ચપળતાવાળી વ્યવહારપરંપરા એમને એમ ચાલ્યા કરે છે.[૭] કલ્પપર્યંત સર્વ કાળમાં અને આકાશપર્યંત સર્વ દેશમાં ભૂલોકરૂપી તળાવની અંદર ચપળ વાદળાંઓરૂપી ભમરાઓને ધારણ કરી રહેલાં દિવસરૂપી કમળો પોતાની અંદર રહેલા સર્વ પદાર્થોરૂપી કેસરાઓસહિત વિકાસને પ્રાપ્ત થઈ જઇ સંકુચિત થઇ જાય છે, અને પાછાં વિકાસને પ્રાપ્ત થાય છે.[૮] ચંદ્રમા, ચાંદની કે જે પોતાના તેજનોજ એક પ્રભાવ છે તેરૂપી ચંદનવડે ચારે દિશાઓને લેપન કરી રોહિણીના હૃદયમાં રહેલા અંધકારને અને રાત્રિના બહાર અનુભવમાં આવતા અંધકારને દૂર કરે છે.[૯] પોતાની દશ દિશાઓરૂપી વાટમાં રહેલ આર્દ્રતારૂપી દીવેલને ચૂસી લેવામાં તત્પર થઇ રહેલી અને પવનરૂપી યંત્રે ચારે કોર ચલવાયેલી સૂર્યરૂપી દિવ્ય દીવી પૃથ્વી અને આકાશરૂપી ઘરની અંદર પ્રજ્વલિત રહ્યા કરે છે.[૧૦] બ્રહ્માના સંકલ્પવડે રચાએલ અને વાતાવરણમાં ફરનારા પવનનાં કિરણોવડે થંભી રહેલો, તથા પૃથ્વી અને આકાશ, એ બન્નેના કપાટનીપેઠે થઇ રહેલાં વરસાદનાં વાદળાંઓની ગર્જનાવડે શબ્દાયમાન થઈ રહેલો જ્યોતિશ્ચક્રરૂપી રેંટ આકાશની અંદર નિરંતર ફર્યા કરે છે,[૧૧] કે જે સૃષ્ટિના આરંભકાળથી માંડી ચાર પ્રકારના પ્રાણીઓરૂપી તંદુલને દળ્યા કરે છે, ધ્રુવરૂપી કીલક (ખીલડા) માં પોતે બંધાઈ રહેલ છે, અને દૈવયોગથીજ નિરંતર ચાલ્યાજ કરે છે.[૧૨] દ્વીપો, સમુદ્રો અને પર્વતોવડે (અહીંની પેઠેજ ત્યાંપણ) ભૂલોક વ્યાપ્ત છે, વિમાનોની રચનામાં ગોઠવેલાં નગરોવડે આકાશ વ્યાપ્ત છે, અને દૈત્યો દાનવો તથા નાગોના સમૂહવડે પાતાળલોક ભરેલો છે.[૧૩] તેમાં પણ શ્યામતાવાળો ભૂલોક તો જાણે આચારમાં ચપળતાવાળી ત્રિલોકીરૂપી લક્ષ્મીનું મણિવડે ઝળકાટ મારતું ચંચળ કુંડલ હોય તેવો થઈ રહ્યો છે.[૧૪] ત્યાંપણ સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓ જેમ બુદ્ધિ આદિથી રહિત એવી બહારની વાયુની ક્રિયાવડે બહાર ચલન-વલન કરે છે તેમ અંદર રહેલા સૂક્ષ્મ પ્રાણવાયુવડે અંદર હાલતાં ચાલતાં રહી જન્મ આદિ વિકારોને પ્રાપ્ત થાય છે.[૧૫] એ અમારા જગતમાં પણ અહીંનીપેઠે મુનિલોકોમાં મૌન રહેલ છે, પૃથ્વીની ઉપર સમુદ્ર આદિનાં જળો રહેલાં છે, પવનો વાંદરાઓનીપેઠે નિરંતર ચપળજ રહ્યા કરે છે, આકાશની અંદર પોલાણ રહેલ છે, અને તેજમાં પ્રકાશ રહેલો છે.[૧૬] વૃક્ષોમાં ફરનારાં વાનર વગેરે પ્રાણીઓ, પૃથ્વી ઉપર ગતિ કરનારાં મનુષ્યાદિક, સમુદ્રમાં ફરનારાં મત્સ્યાદિક, પર્વતોમાં વસનારાં મૃગાદિક અને આકાશમાં રહેનારાં પક્ષીઓ-દેવતાઓ વગેરે તે તે લોકોની અંદર સંપૂર્ણ રીતે જોવામાં આવે છે. કીડાઓ, દેવો, દાનવો અને જળચર વગેરે પ્રાણીઓ પણ અહીંનીપેઠેજ ત્યાં રહેલાં છે, કે જે બધાં વારંવાર જન્મ-મરણને પ્રાપ્ત થતાં રહે છે.[૧૭] જેમ કોઇ પશુનું પાલન કરનાર પુરુષ પોતાના હાથથી પોતાના પશુનું લાલનપાલન કરી તેનો ઉપભોગ લે તેમ કાળ સુર, અસુર અને ગંધર્વો સહિત સર્વ પ્રજાનું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કલ્પ, યુગ, વર્ષ આદિરૂપી પોતાના હાથવડે લાલન પાલન કરી તેનો ઉપભોગ લે છે.[૧૮] સુર, અસુર આદિ સર્વ જીવો અનંત, વિશાળ, અગાધ અને ગંભીર એવા કાળરૂપી સાગરમાં અનેક ચકરીઓવાળી કાળગતિવડે ઉત્પન્ન થઇ થઇ પાછા લયને પ્રાપ્ત થઇ જાય છે.[૧૯] પવને ઉંચાં ઉડાડેલાં ચૌદ પ્રકારનાં પ્રાણીઓરૂપી રજકણો સર્વના નાશના અધિષ્ઠાનરૂપી (અવ્યાકૃત) આકાશની અંદર શરદ્ઋતુનાં વાદળાંનીપેઠે લયને પામી જાય છે.[૨૦] અહીંની પેઠે અમારા જગતમાં પણ આકાશરૂપી (પોલાણરૂપી) વસ્ત્રને ધારણ કરી રહેલ અને આભૂષણરૂપ થઈ રહેલ તારાઓના સમૂહવડે સુશોભિત એવા મુકુટવડે સુંદર દેખાવ આપનાર અંતરિક્ષલોક, ચંદ્રમા અને સૂર્યનાં કિરણોરૂપી ચામરવડે ચમર ઢોળી સૂતેલાં જગતને કેમ જાણે જાગૃત કરતો હોય તેવો થઇ રહ્યો છે.[૨૧] અહીંની પેઠેજ અમારા જગતમાં પણ દિશાઓ સ્થાવર (વૃક્ષાદિક) પ્રાણીઓનીપેઠે પોતાના પ્રદેશને નહિ છોડતાં પવન, ધરતીકંપ, વરસાદ અને તાપને સહન કરી રહે છે.[૨૧] અહીંની પેઠેજ અમારા જગતમાં પણ જાણે અજાણે આવી પડનારા ઉત્પાતોવડે, મેઘોની ગર્જનાવડે, ધરતીકંપવડે અને ચંદ્ર સૂર્ય આદિ ગ્રહોનાં ગ્રહણવડે પ્રાણીઓને સુખ–દુઃખ પ્રાપ્ત થતાં રહે છે.[૨૩] જેમ ચૌદલોકોના પ્રાણીઓના સમૂહને કલ્પાંત કાળ ગળી જાય છે, તેમ સાત સમુદ્રોનાં જળોને મહાપ્રદીપ્ત વડવાનલ (અહીંની પેઠે અમારા લોકમાં પણ) પી જાય છે.[૨૪] અહીંનીપેઠેજ અમારા જગતમાં પણ પાતાળમાં રહેનારો પ્રાણીઓનો સમૂહ પાતાળમાં પ્રવેશ કરે છે, આકાશરૂપી ગુફામાં વસવાયોગ્ય પ્રાણીઓનો સમૂહ આકાશમાં પ્રવેશ કરે છે, બાકી બીજા કેટલાક જીવો દિશાઓના મંડળમાં ચારેકોર ભમતા રહે છે, અને કેટલાંક પ્રાણીઓ તો પવનની ગતિના ક્રમ પ્રમાણે પર્વતો અને મહાસાગરોની અંદર ઘૂમ્યા કરે છે.

पातालमाविशति याति नभो बिलं च दिङ्मंडलं भ्रमति भूतगणः समंतात्॥ पर्येति पर्वतमहार्णवमंडलानि द्वीपांतराणि च मरुत्सरणक्रमेण ॥ २५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "શિલાંતરવર્ણન" એ નામનો છાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૬

સર્ગ ૬૭ મો.*

અભ્યાસથી સર્વ થઈ શકે છે

॥ विद्याधर्युवाच ॥

यावत्तं सर्गमागच्छ प्रसादः क्रियतां मुने॥ आश्चर्येषूपपन्नेषु महांतो ह्यतिकौतुकाः ॥ १ ॥

વિદ્યાધરી કહે છેઃ—હે મહારાજ! આપને મારા કહેવાઉપર કાંઇ સંશય રહેતો હોય તો, આપ પોતે કૃપા કરો અને એ અમારા જગતને સંપૂર્ણરીતે જોવા માટે પધારો; કેમકે આપ જેવા મહાન પુરુષો આશ્ચર્યયુક્ત બાબત સાંભળવામાં આવે તો તે જોવામાં અતિ કૌતુકવાળા હોય છે.[૧]

×મેં એ વિદ્યાધરીની વાતનો સ્વીકાર કર્યા પછી હું કે જે શૂન્યરૂપ હતો તેણે શૂન્યરૂપે રહેલી એ વિદ્યાધરીની સાથે જેમ પવનના ઝપાટાની સાથે સુગંધ ઉડે તે રીતે આકાશની અંદર ગમન કરવાનો આરંભ કર્યો.[૨] પછી આકાશ સંબંધી શૂન્યમાર્ગમાં ઘણે છેટે ચાલ્યા ગયાબાદ આકાશની અંદર વસનારા દેવ આદિ

* આ સડસઠમા સર્ગમાં કૌતુક જોવાની ઇચ્છાથી વિદ્યાધરીની સાથે વસિષ્ઠમુનિ ગયા છતાં જગત તેમના જોવામાં નહિ આવવાથી તે વિદ્યાધરીને પૂછશે અને તે વિદ્યાધરી અભ્યાસનું માહાત્મ્ય વર્ણવી બતાવશે.

× અહીંથી પાછું વસિષ્ઠજીનું કહેવું શરૂ થાય છે, એમ સમજવું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રાણીઓના સમૂહની પાસે વિદ્યાધરીની સાથે હું જઇ પહોંચ્યો.[૩] ઘણે કાળે આકાશની અંદર દેવ આદિ પ્રાણીઓના સંચારવાળા માર્ગને ઓળંગી ગયા પછી ધોળાં વાદળાંવાળા લોકાલોક પર્વતના શિખર ઉપરના આકાશમાં હું પ્રાપ્ત થયો.[૪] પછી તેની ઉત્તર દિશાના પૂર્વ ભાગમાં રહેલાં ચંદ્રમાના જેવાં ધોળાં વાદળાંઓમાંથી નીચે ઉતરી એ વિદ્યાધરી ઉંચી અને તપાવેલ (શુદ્ધ) સુવર્ણની બનાવેલી પોતાની શિલાની અંદર મને લઇ ગઇ.[૫] અગ્નિના પ્રકાશવડે બરાબર દેખવામાં આવે એવી, કેમ જાણે મેરુપર્વતની તલેટી હોય તેવી દેદીપ્યમાન અને સુવર્ણમય એવી તે શુભ્ર શિલામાં ચોતરફ હું જોવા લાગ્યો તો (એ શિલા દેખાતાં છતાં) વિદ્યાધરીએ વર્ણવી બતાવેલું જગત મારા જોવામાં આવ્યું નહિ,[૬] ત્યારે એ રમણીય વિદ્યાધરીને મેં પૂછ્યું કે, તમારી સૃષ્ટિ કઇ જગોએ રહેલ છે? અને તમે તેની અંદર વર્ણન કરી બતાવેલા રૂદ્ર, સૂર્ય, અગ્નિ, તારા આદિ કયાં છે? સાતલોકો પણ ક્યાં છે?[૭] સમુદ્ર આકાશ અને દિશાઓ કયાં છે? પ્રાણીઓનાં જન્મ–મરણ પણ કયાં થાય છે? તમે વર્ણવેલો વરસાદનાં મોટાં વાદળાંઓનો સમુદાય પણ ક્યાં છે? અને તારાઓવડે રમણીયતાવાળો આકાશનો આડંબર પણ કયાં દેખાય છે?[૮] પર્વતોનાં શિખરોની પંક્તિઓ ક્યાં રહેલ છે? મહાસાગરોરૂપી રેખાઓ ક્યાં છે? સાતદ્વીપોની કુંડાળાજેવી ખાઇઓ ક્યાં રહી છે? તપાવેલ (શુદ્ધ) સોનાની જમીન પણ ક્યાં છે?[૯] કાર્ય અને કાળની કલ્પનાપણ ક્યાં દેખાય છે? પ્રાણીઓની અને લોકોની ભ્રાંતિ પણ ક્યાં છે? વિદ્યાધરો અને ગંધર્વો પણ ક્યાં રહ્યા છે? મનુષ્યો, દેવતાઓ અને દાનવો પણ ક્યાં છે?[૧૦] ઋષિઓ, રાજાઓ અને મુનિઓ પણ ક્યાં છે? ન્યાય-અન્યાયના ક્રમ પણ ક્યાં છે? પાંચ પહોરની રાત્રિઓ પણ ક્યાં છે, અને સ્વર્ગ નરકની ભ્રાંતિ ક્યાં છે?[૧૧] પુણ્ય-પાપની કલ્પના પણ ક્યાં છે, અને કળાઓ તથા કાળની ક્રીડા પણ અહીં ક્યાં છે? દેવ-દાનવોનાં વૈરો પણ કયાં છે, અને દ્વેષની તથા સ્નેહની રીતિ પણ અહીં ક્યાં દેખાય છે?[૧૨] હું ઉપર પ્રમાણે જ્યારે કહેવા લાગ્યો ત્યારે ભ્રમર જેવાં સુંદર નેત્રવાળી એ વિદ્યાધરીએ શિલા તરફ વિસ્મયવડે આકુળતાવાળી દૃષ્ટિ કરી નીચેપ્રમાણે કહ્યું.[૧૩]

વિદ્યાધરી કહે છે:—આ શિલાની અંદર દેવ, મનુષ્ય, અસુર આદિ જે કાંઇ પ્રાણી મારા જોવામાં આવે છે તે સર્વ દેખવામાં આવતાં નગરનાથી વિલક્ષણ એવાં અરીસામાં પ્રતિબિંબરૂપ રહેલા નગરનીપેઠે મને આભાસરૂપે દેખાય છે.[૧૪] હે મહારાજ! એ સર્વ જે મારા જોવામાં આવે છે તેનું કારણ મારો પોતાનો નિત્યનો અનુભવ છે, અને આપને જે એ સર્વ નથી દેખાતું તેનું કારણ નિત્યના અનુભવનો અભાવ હોવો એજ છે.[૧૫] વળી ઘણાકાળ સુધી આપણી આ દ્વૈતસંબંધી કથા ચાલવાથી (તેમાં મન રોકાવાને લીધે) આપણે બન્ને પોતાનો શુદ્ધ આતિવાહિક દેહ કે જે કેવળ મનોમાત્ર છે તેને ભૂલી ગએલ છિયે.[૧૬] મને પોતાને ઘણાક કાળના અભ્યાસનેલીધે અનુભવમાં આવેલ મારૂં પોતાનું જગત પણ હવે નષ્ટજ થઇ ગયું છે, કેમકે હું હવે આકાશની લતાનીપેઠે સ્ફુટ રીતે તેને (મનોમાત્ર સમજવાથી) દેખતી નથી.[૧૭] જે મારૂં પોતાનું જગત પ્રથમ મને અતિ પ્રકટરૂપે જોવામાં આવતું હતું તેને હમણાં હું અરીસામાં કેમ જાણે તે પ્રતિબિંબિત થઈ રહ્યું હોય એમ આભાસમાત્ર અને અસ્પષ્ટરૂપજ જોઉં છું.[૧૮] હે મહારાજ! ઘણા કાળથી વ્યર્થ ઉત્પન્ન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થએલી પરસ્પર થયા કરતી આ કથારૂપી વ્યથાવડે આપણું પ્રથમ વર્ણવેલી ધારણાના અભ્યાસથી પ્રાપ્ત થએલું શુદ્ધ આતિવાહિક સ્વરૂપ ભૂલાઇ જવાયું છે કે જે અત્યંત શુદ્ધરૂપે સર્વત્ર પસરી રહેલ છે.[૧૯] શુદ્ધ ચિદાકાશની અંદર વાસનાનેલીધે, જેવો જેવો અભ્યાસથી થએલો દૃઢ સંસ્કાર ઉદ્‌બુદ્ધ થઇ પ્રકાશ પામે છે, તેવું તેવુંજ કેમ જાણે અંદરથી, ચિત્ત થઇ જતું હોય એમ દેખાય છે. આ વાત ઠેઠ બાળકથી માંડી સર્વના અનુભવમાં આવે છે.[૨૦] તમે એમજ સમજો કે શુભ શાસ્ત્રદૃષ્ટિવડે જોતાં અને શ્રેષ્ઠ ન્યાયની રીતિવડે વિચાર કરતાં એવું કશું પણ નથી કે જે અમિત (અહર્નિશ થયા કરતા અમાપ) ઉદ્યોગવાળા અભ્યાસવડે સિદ્ધ ન થાય.[૨૧] હું કે જે મારા પોતાના (મનવડે રચાએલા) જગતના અવલોકનના અભ્યાસમાં નિરંતર ગુંથા- (જઇ તેને આધીન થઇ ગઇ હતી, તેને આ ામારી કથારૂપી ભ્રાંતિએ તેમાં મન રોકાયાથી હમણાં વળી પોતાને પરાધીન કરી દીધી છે; કેમકે હમણાં તેજ બળવાન છે. ગમે તે બે વિષય હોય પણ તેમાં જે બળવાન હોય તેજ જય મેળવે છે.[૨૨] હે મહારાજ ! જેઓને પોતાની અભીષ્ટ વસ્તુ મેળવવી હોય તેઓને એ માર્ગને જાણનારા ગુરુએ બતાવેલા ક્રમ પ્રમાણે વારંવાર પ્રવૃત્તિ કર્યા સિવાય બીજું કાંઇ શરણરૂપ હોય એમ છેજ નહિ.[૨૩] આ પ્રૌઢ અહંકારરૂપી અજ્ઞાનનો ભ્રમ આવી રીતે જ્ઞાનચર્ચા કરવાથી શાંત થઇ જાય છે. અહો ! અભ્યાસનો કેવો પ્રભાવ છે, એ તમે જુઓ.[૨૪] હું કે જે આપના શિષ્ય જેવી છું, અબળા છું, અને બાળક છું, તે શિલાની અંદર સૃષ્ટિને દેખું છું, અને આપ કે જે સર્વજ્ઞ છો તે એ શિલાની અંદરની સૃષ્ટિને નથી જોઇ શકતા ! એ અભ્યાસનો અદ્‌ભુત પ્રભાવ આપે જોવાનો છે.[૨૫] સાવ અજ્ઞાની હોય તે પણ ધીરે ધીરે અભ્યાસવડે મહાજ્ઞાનવાન બની જાય છે. ધીરે ધીરે અભ્યાસ કરવાથી પર્વત પણ ભુકે ભુકા થઇ જાય છે; અને અભ્યાસનેલીધે બાણ મહાસૂક્ષ્મ નિશાન ઉપર બરાબર પડે છે. એ સઘળો અભ્યાસનો પ્રભાવ છે, એમ આપ સમજો.[૨૬] આ મહાપ્રૌઢ મિથ્યા જ્ઞાનરૂપી વિષૂચિકા યથાર્થ તત્ત્વવિચારવડે ઉપર પ્રમાણે (અભ્યાસના બળથી) શાંત થઇ જાય છે, એવો મહાપ્રબળ અભ્યાસનો પ્રભાવ આપ જુઓ.[૨૭] હે મહારાજ ! કડવો પદાર્થ પણ અભ્યાસવડે અભીષ્ટ થઇ જાય છે, જેમ કે કોઇને અભ્યાસને લીધે લીંબડોજ રુચે છે, અને કોઇકને અભ્યાસબળથી મધજ રુચિકારક થાય છે.[૨૮] નિરંતર પાસે રહેવાના અભ્યાસના યોગથી (મમતા બંધાઈ જતાં) જે બંધુ ન હોય તેપણ બંધુતુલ્ય થઈ જાય છે, અને જેઓ પરસ્પર બંધુરૂપ હોય તેપણ છેટે પડતાં સહવાસનો અભ્યાસ ન હોવાથી અલ્પ સ્નેહવાળા થઇ જાય છે.[૨૯] આ આતિવાહિક દેહ કેવળ શુદ્ધ ચિદાકાશરૂપ છે; તોપણ નિરંતર તેવી ભાવનાના યોગથી આધિભૌતિકપણાને તે પ્રાપ્ત થઇ જાય છે.[૩૦] આ આધિભૌતિક દેહ કે જે સ્થૂલદેહરૂપે ઓળખાય છે, તેપણ ધારણાના અભ્યાસના બળથી પક્ષીનીપેઠે આકાશની અંદર ઉડે છે, એ અભ્યાસનો પ્રભાવ આપ જુઓ.[૩૧] હજી (કોઇ તેવા અપરાધના યોગથી) પુણ્યો નિષ્ફળ થઇ જાય, માતૃગણ આદિ દેવની ઉપાસના પણ કદી નિષ્ફળતાને પ્રાપ્ત થાય અને ધન પણ કદાચિત્ વિફળ થઈ જાય, પરંતુ કરેલો અભ્યાસ કદી પણ નિષ્ફળ થતોજ નથી.[૩૨] નિરંતરના અભ્યાસના યોગથી દુઃસાધ્ય કાર્યો પણ સિદ્ધ થાય છે, શત્રુઓ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

મિત્રભાવને પ્રાપ્ત થાય છે, અને ઝેર પણ અમૃતરૂપ થઇ જાય છે.[૩૩] જે પુરુષે પોતાની અભીષ્ટ વસ્તુ મેળવવાના અભ્યાસનો ત્યાગ કર્યો તે પુરુષ ખરેખરો અધમજ છે, અને વાંઝણી સ્ત્રી જેમ પોતાના પુત્રને કોઈ દિવસ ન મળે તેવી રીતે એ પુરુષ પોતાની ઇષ્ટ વસ્તુને કોઇ દિવસ પ્રાપ્ત થતો નથી.[૩૪] ધન-સ્ત્રી-પુત્ર-મિત્ર આદિ વસ્તુ, કે જે હજારો પ્રયત્નો-વડે મેળવવામાં આવે છે, તેનો પણ પ્રખર વૈરાગ્ય થતાંસુધી સહસા ત્યાગ કરવાનો નથી; પણ યોગી પુરુષો જેમ મૃત્યુપર્યંત અતિ અભીષ્ટ જીવિતને ક્રમે કરી યુક્તિપૂર્વક (યોગપૂર્વક) છોડી દે તેમ ક્રમે કરી વિવેકી પુરુષે (વૈરાગ્યના ક્રમપ્રમાણે અંતઃકરણથી) વ્યાવહારિક અભીષ્ટ વસ્તુમાંથી યુક્તિપૂર્વક (યુક્તિથી) આસક્તિ છોડી દેવી.[૩૫] જે અધમ નર પોતાની ઇષ્ટ વસ્તુ મેળવવામાં અભ્યાસ નથી કરતો તે એક અનિષ્ટમાંથી બીજા અનિ-ષ્ટને પ્રાપ્ત થાય છે અને એક નરકમાંથી બીજા નરકમાં જાય છે.[૩૬] વિવેક કે જે સંસારને અસારરૂપ બતાવી આપે છે, તેને સેવનારા જે વિવેકી પુરુષો આત્મવિચારરૂપી અભ્યાસને નથી છોડતા તેઓજ આ માયારૂપી વિશાળ નદીને તરી જાય છે.[૩૭] જેમ દીવાની કાંતિ ઘડાને પ્રકટરૂપે દેખાડી આપે તેમ અભ્યાસ-રૂપી પ્રકાશ પણ અભીષ્ટ વસ્તુને નિર્વિઘ્ન-પણે સારી રીતે પ્રકટરૂપે દેખાડી આપે છે અને તે પ્રાપ્ત કરી દે છે.[૩૮] જેમ કલ્પવૃક્ષની લતાઓ અને ઉત્તમ ચિંતામણિઓ અભીષ્ટ ફળને આપે છે તથા શરદ્ ઋતુ જેમ એ ઋતુમાં થનારાં ફળોને પેદા કરે છે, તેવી રીતે અભ્યાસની અવસ્થા પણ અવશ્ય યોગ્ય ફળ આપે છે.[૩૯] દેહરૂપી પૃથ્વીની અંદર ઇંદ્રિય-રૂપી રાત્રિનું દર્શનજ ન થાય એવા રીતે ઉત્તમ યોગ્ય અધિકારી પુરુષોને આત્મા કે જે પરમ પ્રેમના આશ્રયરૂપ છે તેનો વિચાર કરવાના અભ્યાસરૂપી સૂર્ય પ્રકાશ આપે છે.[૪૦] સર્વ મનુષ્યમાત્રને સર્વ વસ્તુની પ્રાપ્તિ થવામાં સદાકાળ એક ઉન્નત અભ્યાસરૂપી સૂર્યજ જય મેળવે છે.[૪૧] ચૌદ લોકમાં રહેલી સર્વ પ્રાણીઓની જાતિની અંદર કોઇને પણ પોતાની અભીષ્ટ વસ્તુ સ્વાભાવિક અભ્યાસવિના પ્રાપ્ત થતી નથી.[૪૨] દરેક ધારેલ અભીષ્ટ કાર્યને વારંવાર કર્યા કરવું તેને અભ્યાસ કહે છે. વસ્તુતાએ એ અભ્યાસજ પુરુષાર્થ છે; તે વિના બીજી કશી ગતિ (આરો) નથી.[૪૩] પોતાના વિવેકવડે ઉત્પન્ન થયેલા અને દૃઢ અભ્યાસ એવા નામથી ઓળખાતા યત્ન નામના પોતાના કર્મથીજ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે વિના બીજી રીતે કશું સિદ્ધ થતું નથી.[૪૪] વીર પુરુષ કે જે ઇંદ્રિયજય આદિમાં મહાશૂર છે, તેનો અભ્યાસરૂપી સૂર્ય જો પ્રકાશ્યા કરતો હોય તો પછી તેનો અભીષ્ટ પદાર્થ ભલે પૃથ્વીમાં હો, જળમાં હો કે અંતરિક્ષમાં હો; પરંતુ તે સિદ્ધ ન થાય એવું કશું પણ છેજ નહિ. નિર્જન પર્વતની ગુફાઓમાં ભય આપનારાં સિંહ-વ્યાઘ્ર આદિ પ્રાણીઓ પણ અભ્યાસના બળથી, પછી ભય ઉત્પન્ન કરનારાં થતાં નથી. (એવો પ્રબળ અભ્યાસનો મહિમા છે.)[૪૫]

अभ्यासभास्वति तपत्यवनौ वने च वीरस्य सिद्धयति न यन्न तदस्ति किंचित् ॥ अभ्या-सतो भुवि भयान्यभयीभवंति सर्वासु पर्वत-गुहास्वपि निर्जनासु ॥ ४५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અભ્યાસપ્રશંસા' એ નામનો સડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૭

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग ६८ मो.*

આતિવાહિક દેહની સિદ્ધિ અને દૃશ્યની અસિદ્ધિ.

॥ विद्याधर्युवाच ॥

ततः प्राचीनमभ्यासं बोधधारणयाऽमले ॥
कुर्वः प्रकटतां तेन जगदेष्यति शैलगम् ॥१॥

વિદ્યાધરી કહે છેઃ—દૃઢ અભ્યાસના નામવડે કહેવાતા સમાધિના યત્નવિના દેહાદિકમાં થઈ ગયેલી આધિભૌતિકપણાની ભ્રાંતિ નિવૃત્ત થતી નથી; આતિવાહિકપણાનો ભાવ પ્રકટ થતો નથી; તેનેલીધેજ બીજી સૃષ્ટિ સાક્ષિવડે જોઇ શકાતી નથી, માટે હવે આપણે બેઉ નિર્મળ પરમાત્માની અંદર સર્વનું જ્ઞાન ઉત્પન્ન કરી શકે એવી સમાધિરૂપી ધારણાવડે આપણો પ્રાચીન અભ્યાસ કે જે આતિવાહિકપણાને પ્રકટ કરનાર છે તે પાછો કરવા માંડીએ એટલે શિલાની અંદર રહેલું જગત કે જેનું મેં આપની પાસે વર્ણન કરેલ છે તે પ્રકટરૂપે જોવામાં આવશે.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—વિદ્યાધરીએ ઉપર પ્રમાણે યુક્તિવડે યુક્ત એવાં વચનો મારી પાસે કહ્યા પછી પર્વતની ઉપલી ભૂમિકામાં પદ્માસન વાળી હું સમાધિમાં પ્રવૃત્ત થઈ ગયો.[૨] પછી એ સમાધિની અંદર સર્વ બાહ્ય વસ્તુમાત્રસંબંધી સંકલ્પનો ત્યાગ કરી દઇ એક કેવળ ચિન્માત્રનીજ એકાંત પ્રદેશમાં ભાવના કરી પ્રથમ ચાલેલા કથાપ્રસંગસંબંધી સંકલ્પોરૂપી મેલને પણ મેં છોડી દીધો.[૩] જેમ શરદ ઋતુનો સમય આવી જતાં આકાશ નિર્મળતાને પ્રાપ્ત થઇ જાય તેમ હું ચિદાકાશરૂપ થઈ જઇ, પરબ્રહ્મભાવને પ્રાપ્ત થઈ ગયો.[૪] પછી સત્ય પરમ તત્ત્વમાંજ ચિત્તને એકાગ્ર કરવાના ઘાટા અભ્યાસથી મને દેહમાં થયેલી આધિભૌતિકપણાની ભ્રાંતિ જતી રહી;[૫] અને ઉદય-અસ્ત વિનાની શુદ્ધ ચિદાકાશપણાની સ્થિતિ કે જે વસ્તુતાએ સદા સ્વયંપ્રકાશજ છે તે કેમ જાણે ઉદયને પ્રાપ્ત થઈ ગઈ હોય એમ જણાયું.[૬] પછી હું મારા પોતાના સાક્ષિચૈતન્યના શુદ્ધ પ્રકાશમય તેજવડે જોવા લાગ્યો તો વસ્તુતાએ ત્યાં આકાશ કે શિલા એ કશું પણ દેખાયું નહિ, પણ એ બધું પરબ્રહ્મ દેખાયું.[૭] સ્વચ્છ પરમ તત્ત્વ કે જે પરમાર્થરૂપ છે અને સદા એકરસરૂપ છે તેજ તેવે આકારે કેમ જાણે થઇ રહ્યું હોય એમ દેખાય છે. પરમતત્ત્વરૂપ મારો આત્માજ તેવી શિલાની ભાવનાના બળથી શિલાનેરૂપે મને દેખાયો.[૮] જેમ સ્વપ્નની અંદર કોઇ ઘરમાં રહેલી મોટી શિલા જોવામાં આવે પણ તે ચિદાત્માનો વિવર્ત હોવાથી ચિદાત્મારૂપજ છે તે પ્રમાણે મને આકાશની અંદર દેખાએલી એ શિલા પણ શુદ્ધ ચિદાકાશરૂપજ હતી.[૯] પોતે સ્વપ્નમાં છતાં કેવળ અજ્ઞાનનેલીધે 'હું જાગતોજ છું,' એમ સમજનારા કોઈ એક બીજા પુરુષના સ્વપ્નમાં પુરુષને રૂપે દેખવામાં આવતો સ્વપ્નનર કે જે સ્વપ્નમયજ છે, તેનું સ્વરૂપ જેવું આભાસમાત્ર અને આત્માના વિવર્તરૂપ છે, તેવુંજ આભાસરૂપ અને આત્માના વિવર્તરૂપ એ શિલાનું સ્વરૂપ મને જણાયું.[૧૦] જેઓને સ્વપ્નાવસ્થામાં પોતાનું (મનોમય શરીર ખડું થઇ જઇ તેનું) માથું કપાઇ ગયાની પ્રતીતિ થઇ હોય એવા ભ્રાંત અને પ્રાતિભાસિક પુરુષોજ આ સંસારની અંદર રહેલા છે અને તેઓ જ્ઞાનપ્રાપ્તિનો કાળ આવ્યા વિના શું કરી શકે? (કાંઇ નહિ.)[૧૧] મહામોહવાળા પુરુષોને પણ કાળ કરી જ્ઞાનનો ઉદય થાય છે; કેમકે,

* આ અડસઠમા સર્ગમાં આધિભૌતિકપણાની ભ્રાંતિને છોડી દઇ વસિષ્ઠજી સમાધિવડે આતિવાહિકપણાની સ્થિતિ કે જે સત્ય છે તે વિષેનું સમર્થન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છેવટ વિચારી જોતાં બ્રહ્મતત્ત્વવિના બીજું કશું પણ અક્ષય નથી;[૧૨] માટે મને જે શિલા જોવામાં આવી તે ચિદ્રૂપે સર્વત્ર ભરપૂર થઇ રહેલું એક શુદ્ધ ચિદાકાશજ શિલાને આકારે તે વખતે મારા જોવામાં આવ્યું, બાકી તેમાંનું પૃથ્વી આદિ કશું પણ સત્ય ન હતું.[૧૩] સર્વ પદાર્થમાત્રનું મહાપ્રલયમાં જે પારમાર્થિક શુદ્ધ સ્વરૂપ અવશેષ રહે છે, તે તત્ત્વવેત્તા પુરુષોના મનના એકાગ્રપણાવડે અનુભવમાં આવે એવું છે.[૧૪] બ્રહ્મનું જે શુદ્ધ ચિન્મયરૂપ છે, તેજ સર્વ પ્રાણીમાત્રનું પારમાર્થિક સ્વરૂપ છે. અવિવેકી પુરુષો તેને જગતને આકારે કહે છે અને મનોરાજ્યતથા સંકલ્પ પણ તેજ કહેવાય છે.[૧૫] બ્રહ્મ કે જે માયાના સંબંધથી શબલબ્રહ્મ કહેવામાં આવે છે, તેની અંદર જગતસંબંધી સંસ્કારોવડે રંગાઇ રહેલો જે ચિદાત્માનો અંશ છે તે આતિવાહિક દેહરૂપ છે; પણ પરમાર્થ દૃષ્ટિથી જોઇએ તો તે પરબ્રહ્મરૂપજ છે, અને જે કાંઇ આ પ્રત્યક્ષરૂપે દેખાય છે તે પણ ચિદાત્માનો અનાદિ કાળથી ચાલ્યો આવતો એક જાતનો વિવર્ત છે. વસ્તુતઃ તે પરમ તત્ત્વરૂપજ છે.[૧૬] પ્રથમ સત્તારૂપ એ પરમતત્ત્વ સૃષ્ટિનો આરંભ થતાં કેમ જાણે સૃષ્ટિને આકારે થઇ રહેલ હોય તેમ પ્રત્યક્ષ દેખાય છે. જીવ કે જે ચિદાભાસરૂપ છે, તેનું હિરણ્યગર્ભ એવા નામથી કહેવાતું સમષ્ટિરૂપ આતિવાહિક શરીર કે જે સર્વ સૃષ્ટિના આધિષ્ઠાતારૂપ છે તેજ પુરાતન શરીર છે, અને તે અશુદ્ધ બુદ્ધિવડે સમષ્ટિભાવનું વિસ્મરણ થઇ જતાં વ્યષ્ટિરૂપ થઈ સર્વ મનુષ્યની પ્રતીતિમાં આવે છે અને તે મન કહેવાય છે.[૧૭] ચિદાત્માનું પોતાનું શુદ્ધ સ્વરૂપજ અવિદ્યાવડે ભ્રાંતિનેલીધે મન-જગત ઇત્યાદિને આકારે થઇ રહેલ ભાસે છે. એ શુદ્ધ ચિત્સ્વરૂપ યોગીઓને (સમષ્ટિરૂપે) પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, અને બીજા સાધારણ મનુષ્યોને મનરૂપે પણ જણાય છે.[૧૮] હે પ્રિય રામચંદ્રજી ! હમણાં અવિદ્યાનેલીધે ખડો થઈ ગયેલ અને મનને પ્રત્યક્ષ રીતે અનુભવમાં આવતો આ આધિભૌતિક (સ્થૂલ) દેહ વગેરે સર્વ કાલ્પનિક હોવાથી અત્યંત મિથ્યારૂપેજ ઉઠેલ છે, અને પ્રત્યક્ષ રીતેજ તે સાવ અસત્ય છે, એમ તમે સમજો. જે ચિદાત્માનું શુદ્ધ રૂપ યોગીઓને પ્રત્યક્ષરૂપે અનુભવમાં આવે છે, તેજ ખરેખર સત્ય છે.[૧૯] અહો !! આ માયા કેવી વિચિત્ર છે, કે જે પોતાનું આત્મસ્વરૂપ પ્રથમ પ્રત્યક્ષના જેવુંજ સ્વતઃસિદ્ધ છે તેમાં પરોક્ષબુદ્ધિ થઇ જાય છે; અને જગત, મન વગેરે જે વસ્તુતાએ પરોક્ષ જેવાં છે તેમાં " આ પ્રત્યક્ષ છે " એવી કલ્પનાનો નિર્ણય બાંધી લેવામાં આવે છે.[૨૦] આ સ્થૂલ દેહના અધ્યાસની પહેલાં આતિવાહિક દેહના અધ્યાસનોજ પ્રત્યક્ષ રીતે ઉદય થાય છે, અને તેજ સત્યરીતે સર્વની અંદર રહેલ છે, એમ તમે સમજો. બાકી જે આધિભૌતિક (સ્થૂળ દેહ) પણાની પ્રતીતિ થાય તે તો માયામાત્ર છે.[૨૧] જેવી રીતે સુવર્ણના, કડાં–કુંડળ આદિ આકારો અનુભવમાં આવતાં છતાં વસ્તુતાએ તે (કલ્પિત હોવાથી સુવર્ણના સ્વરૂપની અંદર) નથી તેવી રીતે આતિવાહિક દેહનું આધિભૌતિકપણું વસ્તુતાએ છેજ નહિ.[૨૨] જીવ અવિચારનેલીધે જે ભ્રાંતિરૂપ છે તેને સત્ય સમજે છે, અને જે સત્ય છે તેને ભ્રાંતિરૂપ સમજે છે. અહો ! જીવનું એજ મૂઢપણું છે.[૨૩] આ આધિભૌતિક (સ્થૂલ) દેહ વિચારવડે જોતાં જોવામાં આવતો નથી અને આતિવાહિક દેહ તો (વાસનાક્ષય થતાં સુધી) અક્ષયજ છે કે જે આ લોક અને પરલોક એ બન્નેમાં નિર્વાહ કરનાર છે. જેમ મારવાડ જેવા નિર્જળ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રદેશમાં ઝાંઝવાના જળમાં ખરા જળની મિથ્યારૂપે પ્રતીતિ થાય તેમ આતિવાહિક દેહની અંદર મિથ્યારૂપેજ આધિભૌતિકપણાની ભ્રાંતિ ખડી થઇ જાય છે.[૨૫] જેમ ઠુંઠાની અંદર ભ્રાંતિને લીધે પુરુષપણું દેખાય, તેમ આતિવાહિક દેહની અંદર દેહદૃષ્ટિને લીધે અતિ પ્રૌઢ એવી આધિભૌતિક દેહની ભ્રાંતિ થઇ રહેલી છે.[૨૬] જેમ ભ્રાંતિનેલીધે છીપમાં રૂપાની પ્રતીતિ થાય, ઝાંઝવાના જળમાં ખરા જળની પ્રતીતિ થાય અને ચંદ્રમાં દ્વિત્વની (બે પણાની) પ્રતીતિ થાય તેમ માયાવડેજ આતિવાહિક દેહની અંદર આધિભૌતિકપણાની પ્રતીતિ થઇ આવે છે.[૨૭] અહો !! આ જીવનું અવિચારથી ઉત્પન્ન થએલું મોહનું માહાત્મ્ય કેવું છે, કે જે અસત્ય છે તેને સત્ય માની લીધેલ છે, અને સત્ય છે તેને અસત્ય માની લીધેલ છે.[૨૮] સત્તાની સ્ફૂર્તિ અને સંકલ્પ એ બે વડેજ આ લોકસંબંધી અને પરલોકસંબંધી સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે, અને તે બેઉનો સંબંધ આતિવાહિક દેહ સાથેજ રહેલો છે. તેમાંથી સત્તાસ્ફૂર્તિનો યોગીઓને પ્રત્યક્ષ અનુભવ થાય છે. સંકલ્પ એ એક જાતનું મનનું સ્ફુરણ છે અને તે પણ કાંઇ અનિર્વચનીયરૂપે અનુભવમાં આવે છે; પરંતુ તેની સિદ્ધિ યોગીઓને પ્રત્યક્ષરૂપે અનુભવમાં આવનારી સત્તાસ્ફૂર્તિને આધીન હોવાથી તે મિથ્યા છે.[૨૯] સર્વના આદિકારણરૂપ અને યોગીઓને પ્રત્યક્ષ અનુભવમાં આવનારી શુદ્ધ પારમાર્થિક સત્તાને છોડી દઇ જે પુરુષ આ મિથ્યારૂપે દેખાતા પ્રત્યક્ષ પ્રપંચમાંજ સ્થિતિ રાખી રહે છે, તે ઝાંઝવાના જળનું પાન કરી સુખે બેઠો છે, એમ સમજવું.[૩૦] જેને સર્વ સાધારણ મનુષ્યો સુખ માને છે, તેનો ક્ષણ માત્રમાં નાશ થઇ જાય છે. આ કેવી? જ્યાં મોટા હાથીઓ ઉંચકવામાં વાત અનુભવસિદ્ધ હોવાથી એ માની લીધેલું સુખ કેવળ દુઃખરૂપજ છે, એમ તત્વવેત્તાઓનું કહેવું છે; પરંતુ સ્વભાવથીજ સિદ્ધ અનાદિ અને અનંત એવું જે ખરું (પારમાર્થિક–આત્મીય) સુખ છે તેજ સુખ છે એમ વિવેકી પુરુષો સમજે છે.[૩૧] ચક્ષુ આદિ ઇંદ્રિયવડે અનુભવમાં આવતું પ્રત્યક્ષ પ્રમાણજ પ્રથમ પ્રત્યક્ષ અનુભવવડે વિચારવાનું છે. જે સર્વના આદિરૂપ ચિન્મય તત્ત્વ છે, તેજ સત્ય છે, અને યોગ આદિવડે શુદ્ધ ચિત્તવાળા વિવેકીઓને પ્રત્યક્ષ જ છે; માટે તેવડે આ ઇંદ્રિયોદ્વારા જે કાંઇ પ્રત્યક્ષ દેખાય છે, તેવિષે અનુભવ કરવાનો છે.[૩૨] ત્રણે લોકને અનુભવ કરાવનાર પ્રત્યક્ષ ચિન્માત્ર તત્વને છોડી દઇ જે પુરુષ માયામય આ લોકસંબંધી પ્રત્યક્ષનેજ કેવળ વળગી રહે છે, તેના જેવો (આ જગતમાં) બીજો કોઇ અતિ મૂર્ખ નથી.[૩૩] આ સર્વ પ્રાણીઓનું આતિવાહિક શરીરજ વિદ્યમાન છે અને તેની અંદર આધિભૌતિકપણાની જે પ્રતીતિ થાય છે, તે પિશાચની ભ્રાંતિનીપેઠે સાવ અસત્યરૂપેજ પેશી ગએલ છે.[૩૪] પ્રત્યક્ષ પ્રમાણ સંકલ્પને આધીન હોવાથી સંકલ્પમય છે અને સંકલ્પજ મિથ્યાસ્વરૂપ છે તો પછી તેવડે ખડું થનારું પ્રત્યક્ષ સત્ય કેમ કહી શકાય? વળી જે (ચક્ષુ આદિ ઇંદ્રિય) પોતે સત્ય નથી (અસત્ય છે) તે કાર્યને શી રીતે કરી શકે?[૩૫] જ્યાં પ્રત્યક્ષ પ્રમાણજ અસત્ય ઠરે છે ત્યાં પછી બીજું શું સત્ય કહી શકાય તેવું છે? જે વસ્તુ ચક્ષુઆદિ ઇંદ્રિયરૂપી અસિદ્ધ પદાર્થવડે સિદ્ધ થાય તે ક્યાં સત્ય હોય?[૩૬] જ્યાં પ્રત્યક્ષ પ્રમાણની સિદ્ધિ પણ ઉડી જાય છે ત્યાં પછી બીજાં અનુમાન આદિ પ્રમાણની તો શી વાત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA.

આવતા હોય ત્યાં એક સાધારણ ઘેટાને ઉપાડવાની વાત વિષે શું જ કહેવું હોય ?[૩૭] પ્રત્યક્ષ આદિ પ્રમાણોજ અસિદ્ધ છે, તેથી તેવડે સિદ્ધ થનારૂં આ સર્વ દૃશ્યજાળ કોઇ ઠેકાણે છેજ નહિ; અને જે કાંઇ આ ચિદાકાશની અંદર તેનાથી અભિન્ન સત્તાવાળું છતાં અનિર્વચનીયપણે જુદે રૂપે પ્રતીતિમાં આવે છે તે (ચિન્મય તત્ત્વનોજ એક વિવર્ત હોવાથી) ચિદાત્માથી જુદું નથી; પણ બ્રહ્મ કે જે સર્વદા એકરસરૂપે રહેલ છે તેજ સર્વત્ર ભરપૂર છે.[૩૮] જેમ પોતાના ઘરમાં સૂતેલા કોઈ એક પુરુષને સ્વપ્નમાં જોવામાં આવેલો પર્વત વસ્તુતાએ જોઇએ તો શૂન્ય છે અને ચિદાકાશરૂપ છે, કેમકે બીજાને તે પર્વત જોવામાં આવતો નથી; તેવીજ રીતે આપણને શિલાની ભાવનાનેલીધે શિલા જો કે દેખવામાં આવી તો પણ તે શૂન્ય અને ચિદાકાશરૂપ છે.[૩૯] ચિન્મય આત્મા કે જે પોતે પરબ્રહ્મરૂપ છે, તે પોતેજ પોતાના સ્વરૂપમાં આ પર્વત છે, આ આકાશ છે, આ જગત છે, આ અમુક પદાર્થ છે, અને આ હું છું, એમ અનેક આકારે ભ્રાંતિનેલીધે ભાસ્યા કરે છે.[૪૦] આ વાત જેનો આત્મા જ્ઞાનને પ્રાપ્ત થઇ જાય તેના સમજવામાં આવે છે, બાકી અજ્ઞાનીને તે કોઇ દિવસ સમજવામાં આવતીજ નથી; કેમકે જે કથાનું શ્રવણ કરે તેનેજ કથાના અર્થનું જ્ઞાન થાય છે, બાકી જે કથા શ્રવણ ન કરે તેને કોઇ ઠેકાણે કથાના અર્થનું જ્ઞાન થતુંજ નથી.[૪૧] આ દૃષ્ટાંત પ્રત્યક્ષજ છે. જેમ મદિરાના મદવડે મત્ત થઇ રહેલા પુરુષને સારી રીતે સ્થિર રહ્યા છતાં પણ વૃક્ષો અને પર્વતો કેમ જાણે નૃત્ય કરતાં હોય તેમ ફરતાં દેખાય, તેવી રીતે 'હું અજ્ઞાની છું' એવી ભ્રાંતિ પણ મિથ્યા છતાં જીવને સત્યજ ભાસી રહી છે.[૪૨] જે મૂઢ પુરુષો સર્વત્ર અપ્રતિહતપણે રહેલ (નિર્બાધ) પરમ મંગળમય, એકરસરૂપ, યોગીઓને પ્રત્યક્ષ અનુભવમાં આવનાર જ્ઞાનરૂપ ચિન્મયસ્વરૂપને જાણ્યા છતાં પણ અતિ તુચ્છ બીજાં પ્રત્યક્ષનો આશ્રય કરે છે તેવા તૃણના જેવા તુચ્છ શઠ પુરુષોનું આપણે કશું પણ પ્રયોજન નથી.[૪૩]

सर्वत्राप्रतिहतमेकरूपबोधं प्रत्यक्षं शिवमनुबुध्य चित्स्वरूपम् ॥ प्रत्यक्षांतरमिह पेलवं श्रयंते ये मूढास्तृणतनुभिः शठैरलं तैः ॥४३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પ્રમાણપ્રતિસિદ્ધ્યાદૃશ્યાનુપપત્તિવર્ણન' એ નામનો અડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૮

સર્ગ ૬૯ મો.*

વસિષ્ઠ ઋષિનો શિલામાં પ્રવેશ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

जगदंगमनाभासमदृश्यं दृश्यवत्स्थितम् ॥ परया दृश्यते दृष्ट्या तद्ब्रह्मैव निरामयम् ॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જગતને અવયવોની પેઠે પોતાની અંદર ધારણ કરી રહેલ પરબ્રહ્મ કે જે ચક્ષુ આદિ ઇંદ્રિયનો વિષય ન હોવાથી અદૃશ્ય છે અને સ્વયંપ્રકાશ હોવાથી સૂર્યાદિપ્રકાશનો પણ વિષય નથી, તેજ વિવર્તભાવથી દૃશ્યના જેવું થઇ રહેલ છે; અને પરમ સૂક્ષ્મ દૃષ્ટિવડે જોવામાં આવે તો એ સર્વ દૃશ્ય પણ નિર્વિકાર બ્રહ્મરૂપજ છે.[૧] એ મહાચિદાકાશરૂપી પરમ સુંદર અરીસાની અંદર પર્વતો, નદીઓના પ્રવાહો અને લોકાલોક પર્વતની અંદર

* આ ઓગણોતેરમા સર્ગમાં શિલાની અંદર વિદ્યાધરી અને વસિષ્ઠ ઋષિનો પ્રવેશ તથા તેની અંદર રહેલા બ્રહ્માનું દર્શન અને વસિષ્ઠજીને બ્રહ્માએ સારી રીતે આસન આપી બેસાર્યા પછી તેમની સાથે થયેલા બ્રહ્માના સંવાદ, આદિનું વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ફરવાં, એ બધું પ્રતિબિંબિત થઇ જઇ પ્રતીતિમાં આવે છે.[૨] પછી પ્રતિબંધરહિત ચેષ્ટા કરનારી એ વિદ્યાધરી પોતાની પ્રથમ વર્ણવેલી શિલાસંબંધી સૃષ્ટિમાં પેઠી અને મેં પણ સંકલ્પરૂપે વિદ્યાધરીની સાથેજ તે શિલાના ગર્ભમાં પ્રવેશ કર્યો.[૩] મને એ શિલાની અંદર લઇ આવવામાં ઉદ્યમવાળી એ વિદ્યાધરી બ્રહ્મલોકમાં જઇ બ્રહ્માજીની પાસે પરમ સુંદર આકાર ધારણ કરી બેશી ગઇ,[૪] અને તેણે મને કહેવા માંડયું કે " હે મહારાજ ! આ (બ્રહ્મા) મારા પતિ છે તેજ મારી રક્ષા કરે છે. પોતાના મનવડે પૂર્વે મને તેમણે વિવાહમાટે ઉત્પન્ન કરેલ છે.[૫] આ પુરાણપુરુષે હું આજ વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થઈ ગઇ છું તોપણ હજીસુધી મારી સાથે વિવાહ કર્યો નથી જનેલીધે હું વૈરાગ્યને પ્રાપ્ત થઇ ગઈ છું;[૬] અને આ મારા પતિ પણ વૈરાગ્યનેજ પ્રાપ્ત થઇ ગયેલ છે જેથી તે એવા પરમપદને પામવાને ઇચ્છે છે કે જ્યાં દ્રષ્ટાપણું પણ નથી, દૃશ્યપણું પણ નથી અને શૂન્યતા પણ નથી.[૭] આ જગતની અંદર હમણાં મહાપ્રલયનો સમય નજીક આવી ચકેલો છે તથાપિ એ મારા પતિ પર્વતના જેવા સ્થિર મૌનને ધારણ કરી પર્વતનીપેઠેજ અચળ થઇ રહી ધ્યાનમાંથી વ્યુત્થિત થતા નથી.[૮] માટે હે મહારાજ ! મને અને આ મારા પાતને આપ બોધ આપી મહાપ્રલય પર્યંત પ્રસિદ્ધ રીતે થનારી સર્વ સૃષ્ટિઓના મૂળરૂપ પરમપદરૂપી ઉત્તમ માર્ગમાં આપ જોડી દો."[૯] ઉપરપ્રમાણે મને કહીને પછી તેણે બ્રહ્માને વ્યુત્થિત કરવા માટે કહ્યું કે, " હે નાથ ! આજ આ મહામુનિ વસિષ્ઠજી આપણે ઘેર પધારેલ છે.[૧૦] આ વસિષ્ઠજી બીજા જગતરૂપી ગૃહની અંદર બ્રહ્માના પુત્રરૂપે પ્રખ્યાત છે. તેઓ આપણે ઘેર પધારેલા છે તો તેમનો ગૃહસ્થમાં પરમાર્થની પૂજા કરવી ઘટે તેવી પૂજાવડે આપ સત્કાર કરો.[૧૧] આપ સમાધિમાંથી જાગૃત થાઓ અને મુનિવર્ય વસિષ્ઠજીને પૂજ્ય સમજી અર્ઘ્યપાદ્યવડે તેમની પૂજા કરો; કેમકે આપ જેવા મહાત્માઓને મહાન પુરુષોની સેવાવડે ઉત્પન્ન થનારૂં મોટું (શ્રેષ્ઠ) ફળજ રુચે છે."[૧૨] આવી રીતે તે વિદ્યાધરીએ બ્રહ્માને વિનતિ કર્યાથી બ્રહ્મા પોતે સમુદ્રની અંદર જેમ તરંગ ઉઠે તેમ પોતાનું સ્વરૂપ પોતાના સંકલ્પરૂપી રસનોજ એક ઝુટો હોવાથી સમાધિમાંથી વ્યુત્થિત થઇ ગયા.[૧૩] અને નીતિમાં કુશળતાવાળા એ બ્રહ્માએ જેમ વસંતઋતુ, શિશિર ઋતુ શાંત થઇ જતાં પૃથ્વીની અંદર પુષ્પનો વિકાસ કરે તેમ ધીરે ધીરે પોતાની વીંચાઇ રહેલી આંખો ઉઘાડી.[૧૪] જેમ વસંત ઋતુનાં નવપલ્લવોનો સમૂહ પોતામાં રહેલા નવા રસને પ્રકટ કરે તેમ ધીરે ધીરે બ્રહ્માના અવયવોએ પણ પોતાની અંદર રહેલી ચેતનસત્તાને બહાર પ્રકટ કરવા માંડી.[૧૫] જેમ પ્રાતઃકાળમાં વિકસિત થઇ રહેલા તળાવને કાંઠે ચપલ હંસોના સમૂહો આવી બેસે તેમ એ બ્રહ્માજીની પાસે દેવતાઓના, સિદ્ધોના અને અપ્સરાઓના સમૂહો ચોતરફ આવી બેઠા.[૧૬] બ્રહ્માએ હું અને એ વિદ્યાધરી કે જે તેમની પાસેજ બેઠાં હતાં તેમને જોયાં અને પ્રણવપૂર્વક સ્વરોના ઉચ્ચારવડે રમણીય જણાતાં વચનો નીચેપ્રમાણે કહ્યાં.[૧૭]

બીજા જગતના બ્રહ્મા બોલ્યાઃ—હસ્તામલકની પેઠે આ સંસારના અસારને તથા સારને જાણનારા અને જ્ઞાનરૂપી અમૃતના મહાસાગરરૂપ હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી ! આપ અહીં ભલે પધાર્યા.[૧૮] આપ આ બહુ છેટા સ્થાનમાં નીકળી આવ્યા છો અને ઘણો દૂરનો લાંબો માર્ગ કાપવાથી થાકી ગયેલા છો તો આ આસનં ઉપર બેસો.[૧૯]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એ બ્રહ્માએ મને ઉપર પ્રમાણે કહ્યા પછી 'હે ભગવન્ ! હું આપને નમન કરું છું' એમ કહી તેઓએ દૃષ્ટિવડે બતાવેલા મણિમય પીઠ ઉપર હું બેઠો.[૨૦] પછી દેવ, ઋષિ, ગંધર્વ, મુનિ અને વિદ્યાધરોની સ્તુતિઓ, પૂજા-પ્રણામો અને વ્યવહારનીતિઓ શરૂ થઇ.[૨૧] ગંધર્વઆદિ સર્વ પ્રાણીઓના સમૂહે વાણીવડે જણાવેલો પ્રણામનો કોલાહલ મુહૂર્તમાત્ર પછી શાંત થઇ જતાં મેં એ બ્રહ્માજીને કહ્યું[૨૨] કે, હે ગંધર્વ-દેવ આદિ ઉત્તમ જીવોના પણ અધીશ્વર ! આ વિદ્યાધરી મારીપાસે આવી મને એમ કહે છે કે 'અમોને આપ જ્ઞાનગાભત વાણીવડે બોધ આપો.' આ વાત ઉચિત છે કે નહિ ?[૨૩] હે મહારાજ ! આપ તો સાક્ષાત્ સર્વ પ્રાણીઓના ઈશ્વર છો અને જ્ઞાનના પારને પામી ગયેલા છો. (જેથી આપને મારા ઉપદેશની જરૂર નથી) અને આ વિદ્યાધરી તો અતિમૂર્ખ છે (તેને સાધનસંપત્તિના અભાવનેલીધે જ્ઞાનોપ-દેશનો અધિકારજ નથી) તો તે શું કહે છે તે હે જગદીશ્વર ! આપ કહો.[૨૪] હે મહારાજ ! આપે આ વિદ્યાધરીને પત્ની કરવામાટે ઉત્પન્ન કર્યા છતાં પાછી તેને ભાર્યારૂપે કેમ અંગી-કાર ન કરી અને કેમ તેને વૈરાગ્ય ઉત્પન્ન થાય એવું કર્યું ?

બીજા જગતના બ્રહ્મા કહે છેઃ—હે મહા-રાજ ! જેવું યથાર્થ વૃત્તાંત છે તેવું હું તમને કહું છું તમે સાંભળો. કેમ કે સત્પુરુષોની પાસે જે વાત યથાર્થ હોય તે સંપૂર્ણ રીતે કહેવી જોઇએ. જન્મ-જરા આદિ વિકારથી રહિત કાંઇક અનિર્વચનીય શાંત એક પરમતત્ત્વ છે.અનેક ચિદાભાસોને રૂપે વિવર્તભાવને પ્રાપ્ત થનારા એ પરમતત્ત્વમાંથી હું પ્રકટ થયો છું.[૨૭] હું ચિદાકાશરૂપ છું અને મારો આત્મા કે જે ચિદાકાશરૂપ છે તેની અંદરજ સદાકાળ સ્થિતિ રાખી રહેલ છું. ઉત્પન્ન થઈ સ્થિતિ પામ-નારી સૃષ્ટિની અંદર વ્યવહારદૃષ્ટિએ સ્વયંભૂ એવું મારું નામ કહેવાશે,[૨૮] પણ તત્વદૃષ્ટિથી જોઇએ તો હું ઉત્પન્નજ થયો નથી અને કશું ઉત્પન્ન થએલ દેખતો પણ નથી. હું પોતે ચિદાકાશરૂપ છું અને ચિદાકાશની અંદર નિરા-વરણપણે રહ્યો છું.[૨૯] આ અમુક વસ્તુ છે, આ તમે છો, આ હું છું અને આ મારું છે ઇત્યાદિ આપણો પ્રશ્નોત્તરરૂપ પરસ્પરનો સર્વ વ્યવહાર પણ જેમ સમુદ્રની અંદર એક તરંગ બીજા તરંગની સાથે અથડાય તેવી જાતનો છે, જેમ તરંગો અને તેનું અથડાવું સમુદ્રનોજ એક વિલાસ છે તેમ આપણો સર્વ વ્યવહાર પણ ચિદા કાશનોજ એક વિલાસ છે.[૩૦] હું કે જે વસ્તુતાએ ચિદાકાશરૂપજ છું અને કાલનેલીધે યત્કિંચિત્ (કાંઈક) સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી જેનું શુદ્ધસ્વરૂપ સ્પષ્ટ નથી જણાતું એવો છું તથા ચિદાભાસરૂપે પ્રતીતિમાં આવું છું, તેની અંદર સ્વાભાવિક રીતે 'અમુક મારું છે અને અમુક હું છું' એવી જે વાસના ઉદયને પ્રાપ્ત થઇ છે તે આ વિદ્યાધરીને, બીજાં પ્રાણીઓને અને તમને જે કે જુદી દેખાય છે; પણ મારી દૃષ્ટિમાં તે મારાથી જુદી નથી, જેનેલીધે તમારી દૃષ્ટિમાં તે ઉત્પન્ન થયેલી દેખાય છે અને મારી દૃષ્ટિએ ઉત્પન્ન થયેલજ નથી.[૩૧,૩૨] હું પોતે ઉત્પન્ન થયેલ નથી અને નાશ તથા સત્તા, એ બન્નેથી રહિત છું. હું આત્મારૂપ છું અને આત્માની અંદરજ સ્થિતિ રાખી રહ્યો છું. મારા પોતાના સ્વરૂપમાંથી જરાપણ ભ્રષ્ટ થયો નથી. પોતાના આત્મામાંજ હું રમ્યા કરું છું અને હું સ્વતઃ સામર્થ્યવાન છું.[૩૩] મારામાં રહેલી અહંકારરૂપી ભ્રાંતિની અને જગતની સ્થિતિને જાળવી રહેલી વાસનાની આ આધષ્ઠાતા દેવતા-રૂપ છે અમને મારા સંકલ્પના બળથી દેહવાળી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

થઇ ગઈ છે.[૩૪] એવી રીતે આ (વિદ્યાધરી) વાસનાની એક અધિષ્ઠાતા દેવતારૂપ છે કે જે આ વખતે અહીં બેઠી છે. એ કાંઈ મારી પત્ની નથી તેમ મેં કાંઈ તેને પત્નીભાવથી અંગીકાર પણ કરેલ નથી;[૩૫] પરંતુ એ પોતેજ સર્વ જગતની અંદર વાસનારૂપે રહેલી છે, તેનેલીધે પોતાની વાસનાના આવેશને આધીન થઇ જઈ 'હું બ્રહ્માની પત્ની છું' એવો ભાવ પોતાના હૃદયમાં કલ્પી લઈ પોતાની મેળે વ્યર્થ અત્યંત દુઃખને પ્રાપ્ત થઈ છે.[૩૬]

स्ववासनावेशवशेन भावं गृहिण्यहं ब्रह्मण इत्युपेत्य ॥ एषा स्वयं व्यर्थमितातिदुःखं यस्मात्किलैषैव हि वासनान्तः ॥ ३६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરા 'નો 'સર્ગપ્રાપ્તિ' એ નામનો ઓગણોતેરમો સર્ગ સંપૂર્ણ. ૬૯

સર્ગ ૭૦ મો.

વિદ્યાધરીના વૈરાગ્યનું કારણ અને જગતનું મિથ્યાત્વ.

॥ अन्यजगद्ब्रह्मोवाच ॥

अथाहं चिन्मयाकाशस्त्वन्याकाशमयीं स्थितिम्॥ परां ग्रहीतुमिच्छामि तेनेहोपस्थितः क्षयः ॥१॥

બીજા જગતના બ્રહ્મા કહે છેઃ—હું કે જે ચિદાકાશના એક વિવર્તરૂપ છું તે હમણાં એ સ્થિતિને છોડી દઈ બીજી શુદ્ધ બ્રહ્માકાશરૂપી કૈવલ્યમોક્ષની સ્થિતિને પ્રાપ્ત થવાને ઇચ્છુ છું, તેનેલીધે આ જગત કે જે મારી વાસનાવડે કલ્પાયેલું છે તેની અંદર હાલ મહાપ્રલય થવાનો સમય આવ્યો છે.[૧] હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી! આ મહાપ્રલયના સમયમાં આ વાસનાદેવીને સમૂળ છોડી દેવાનો મેં આરંભ કર્યાથી તે વૈરાગ્યને પ્રાપ્ત થઇ ગએલ છે.[૨] હું કે જે ચિદાકાશરૂપ છતાં એક તેના વિવર્તરૂપે જુદો પ્રતીતિમાં આવું છું, તે પોતાનું મૂળસ્વરૂપ કે જે ચિદાકાશરૂપ છે તેના ભાવને પ્રાપ્ત થવાનો છું, તેનેલીધે મહાપ્રલયનો સમય અને વાસનાદેવીનો ક્ષય આવી ચૂકયો છે[૩] અને તેથી આ વાસનાદેવી પણ ઉદાસીન થઇ જઈ મેં લીધેલા માર્ગ તરફ વળે છે, કેમકે ઉદાર બુદ્ધિવાળો કયો જીવ જેણે પોતાનું નિર્માણ કર્યું હોય તેને ન અનુસરે?[૪] અહીં હમણાં કલિયુગનો અંત આવી ચૂકયો છે. ચારે યુગોનું પરિવર્તન પૂરું થઇ રહ્યું છે. પ્રજા, મનુ, ઇંદ્ર અને દેવતાઓ, એ સર્વનો પણ અંત આજે આવી ચૂકયો છે.[૫] પ્રલય મહાપ્રલય એ બધું આજેજ થવાનું છે અને મારા દેહાકાશનો લય પણ આજેજ થવાનો છે.[૬] તેનેલીધે હે મહારાજ! આ વાસનાદેવી ક્ષયને પ્રાપ્ત થવાને તૈયાર થઇ રહેલ છે, કેમકે કમળોનો સમૂહ શુષ્ક થઇ જાય તો પછી તેની અંદર રહેનારી ગંધલેખા કયી જગોએ રહે?[૭] જેમ જડ સમુદ્રરેખાની અંદર ચપળ લહેરો વિનાકારણે સ્વાભાવિક રીતેજ ઉઠયા કરે તેમ વાસનાની અંદર વિનાકારણે સ્વાભાવિક રીતેજ ખોટી ખોટી ઇચ્છાઓ ઉદય પામતી રહે છે.[૮] આ વાસનાદેવી કે જેનો દેહ કેવળ અભિમાનનેલીધેજ ખડો થઈ ગએલો છે, તેને પોતાના સ્વરૂપનું અવલોકન કરવાની ઇચ્છા પોતાની મેળેજ સ્વભાવથી થઇ આવે છે.[૯] આત્મતત્ત્વનું અવલોકન કરનારી આ વાસનાદેવીને ધારણાના અભ્યાસના યોગથી તમારી સૃષ્ટિ જોવામાં આવી કે જે ધર્મ આદિ ચાર પુરુષાર્થનું સંપાદન કરવામાં ઉચ્છૃંખલ રીતે પ્રવૃત્ત થઇ રહી હતી.[૧૦] આ વાસનાદેવી કે જે

* આ સિત્તેરમા સર્ગમાં વાસનાદેવીને વૈરાગ્ય થવાનું કારણ તથા જગતનો પ્રલય અને મિથ્યા કેવળ ભ્રાંતિમાત્રપણું, એ વગેરે વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

આકાશની અંદર સંચાર કરતી હતી તેને લોકાલોક પર્વતના શિખર ઉપર પોતાના જગતના આધારરૂપ એવી શિલા જોવામાં આવી, પણ તે આપણી દૃષ્ટિમાં તો કેવળ શૂન્ય ચિદાકાશરૂપજ છે.[૧૧] એ વાસનાદેવીનું જગત જે શિલાની અંદર રહેલ છે તે આ જગતમાં પ્રખ્યાત એવા લોકાલોક પર્વતની શિલા છે, અને આવીજ રીતે આપણા જગતના પદાર્થોમાં બીજાં પણ અનેક જગતો રહેલાં છે;[૧૨] પરંતુ આપણે જ્યાંસુધી ભેદદૃષ્ટિમાં રહેલા છીએ ત્યાં સુધી તે આપણા દેખવામાં આવતાં નથી, પણ સમાધિવડે ચિદાકાશની સાથે એકતાને પ્રાપ્ત થઇ જઈ યોગદૃષ્ટિથી જોઇએ તો તરત તે આપણા જોવામાં આવે છે.[૧૩] જેમ આ શિલાની અંદર જગત રહેલ છે, તેમજ ઘડામાં,કપડામાં, ખાડાઓમાં, ભીંતોમાં, આકાશમાં, અગ્નિમાં, જળમાં, તેજમાં ઇત્યાદિ સર્વ ઠેકાણે સદાકાળ અનેક જગતો રહેલાં છે.[૧૪] જગત એ એક સ્વપ્નમાં દેખાતા નગરના જેવી મિથ્યા ભ્રાંતિજ છે, માટે તે છેજ ક્યાં અને જે છે તો તે અધિષ્ઠાન ચૈતન્યરૂપજ છે, પણ જેવું જડરૂપે પ્રતીતિમાં આવે છે તેવું નથી.[૧૫] જે વિવેકી પુરુષની દૃષ્ટિમાં આ દૃશ્યસંબંધી ભ્રાંતિ તેનું મિથ્યાસ્વરૂપ જાણવામાં આવી જવાથી ચિદાકાશની સાથે એકતાને પ્રાપ્ત થઇ જાય તેઓ તો કદી પણ મોહને પ્રાપ્ત થતા નથી, બાકી બીજાઓ તો ભ્રાંતિમાંજ ભટક્યા કરે છે.[૧૬] હે વસિષ્ઠ મુનિ ! પોતાના વૈરાગ્યને લીધે ચિત્તમાં સ્ફુરી આવેલા પોતાના ઇચ્છિત અર્થને તમારા ઉપદેશવડે સાધવાને ઇચ્છા રાખનારી આ વાસનાદેવીએ બીજી અનેક સિદ્ધિઓના હેતુરૂપ એવા ધારણાના અભ્યાસનેલીધે તમને દીઠા.[૧૭] આવી રીતે જીવચૈતન્યની અવિદ્યારૂપી શક્તિ કે જે મહા અપાર છે તે ઐંદ્રજાલિક (ઇંદ્રજાલ રમનારા) ખેલાડીની માયાનીપેઠે વિસ્તારને પ્રાપ્ત થઇ જાય છે. તેમજ બ્રહ્મની નિર્વિકાર માયાશક્તિ પણ આ પ્રમાણેજ અનાદિ અને અનંત છે.[૧૮] વસ્તુતાએ જોઇએ તો કશાં કાર્યો ઉત્પન્ન થતાં નથી; અને કશાંનો નાશ પણ થતો નથી; પરંતુ કેવળ ચિદાત્માજ દ્રવ્યનીપેઠે, કાળનીપેઠે અને ક્રિયાનીપેઠે વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે.[૧૯] દેશ, કાળ, ક્રિયા, દ્રવ્ય, મન, બુદ્ધિ, આદિ આ સર્વ, ઉત્પત્તિ–નાશ આદિ વિકારવિનાનું ચૈતન્યરૂપી શિલાના એક અવયવ જેવું છે એમ તમે સમજો.[૨૦] ચિદાત્માજ કેમ જાણે શિલાના આકારને ધારણ કરી રહ્યો હોય એમ ભાસે છે અને જેમ ચલનશક્તિ એ એક પવનના અંગરૂપ છે, તેમ વાસનાદેવીના જગતનું જાલ પણ એ ચિદાત્માનાજ એક અવયવરૂપ છે.[૨૧] ચિદાત્મા કે જે અનાદિ અને અનંત છે તે પોતાના વિજ્ઞાનઘન સ્વરૂપને જગતરૂપે સમજે છે; અને પોતાની ચિત્સત્તાનેલીધે દેશ–કાળના યોગથી પોતામાં કલ્પાએલા પરિચ્છેદવડે વસ્તુકૃત* પરિચ્છેદવાળો પણ થઈ જાય છે.[૨૨] આ ચૈતન્યરૂપી શિલા, આદિ અને અંત, એ બન્નેથી રહિત છે અને જ્ઞાનદૃષ્ટિ થતાં તે નિરાકાર છે; પણ તે માયા અવિદ્યા આદિના યોગથી આદિ-અંત વાળી અને સાકાર પ્રતીતિમાં આવી જગતને પોતાના અવયવરૂપે ધારણ કરી રહેલી જણાય છે.[૨૩] જેવી રીતે સ્વપ્નમાં ચિદાત્મા પોતે ચિદાકાશરૂપ છતાં પોતાના સ્વરૂપનેજ નગરને આકારે દેખે છે તેમ જાગૃતમાં પણ એ ચિદાત્મા જગત કે જે વસ્તુ-

* વેદાંતશાસ્ત્રમાં દેશકૃત, કાલકૃત અને વસ્તુકૃત એવા ત્રણ પ્રકારના પરિચ્છેદ માન્યા છે. તે વિષેનો વિસ્તાર પંચદશી આદિ ગ્રંથોમાં જિજ્ઞાસા હોય તો જોઈ લેવો.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

તાએ પોતાના સ્વરૂપથી અભિન્ન છે તેને જગતને આકારે અને એ જગતના અવયવરૂપ પાષાણ-પર્વતાદિને રૂપે દેખે છે.[૨૪] બાકી વસ્તુદૃષ્ટિથી જોઈએ તો (સ્વપ્નની પેઠેજ) જાગૃતમાં પણ નદીઓ વહેતી નથી, સંસારચક્રનું પરિવર્તન પણ થતું નથી અને પદાર્થોનો પરિણામ પણ થતો નથી. કેવળ ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર એવે અનેકરૂપે વિવર્તભાવથી પ્રતીતિમાં આવે છે.[૨૫] જેમ સમુદ્રના જળની અંદર તરંગ આદિનું જળ કાંઇ જુદે રૂપે સંભવતું નથી, તેમ ચિદાકાશની અંદર પ્રલય-મહાપ્રલય આદિની સત્તા જુદે રૂપે સંભવતી નથી.[૨૬] ચિદાકાશ કે જે સર્વત્ર ભરપૂર છે, એક છે અને શાંત છે, તેના સ્વરૂપની અંદર અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તો અનેક જગતો રહેલ છે અને અપવાદદૃષ્ટિથી જોઇએ તો કશું પણ તેનાથી જુદું નથી. જેમ મહાકાશની અંદર ઘટાકાશ આદિ અનેક આકાશો મહાકાશની સત્તાવડે રહેલાં છે; પરંતુ તેની જુદી સત્તા નથી તેવી રીતે જગતો પણ ચિદાકાશની અંદર ચિદાકાશની સત્તાવડે રહેલાં છે, પણ તેની જુદી સત્તા નથી. અધ્યારોપદૃષ્ટિથી જોતાં તે જગત દેખાય છે, પણ અપવાદદૃષ્ટિથી જોઇએ તો શૂન્યરૂપ છે.[૨૭] હે વસિષ્ઠમુનિ ! હવે તમે સુખેથી પોતાના જગત પ્રત્યે જાઓ અને એકાંતમાં રહેલા પોતાના આસન ઉપર બેશી કશો વિક્ષેપ ન આવે એવી રીતે સમાધિવડે શાંતિને પ્રાપ્ત થાઓ. બુદ્ધિ આદિવડે કલ્પાએલાં આ મારાં જગતોનાં રૂપો પોતાના કારણરૂપ અવ્યક્તમાં લયને પ્રાપ્ત થઈ જાઓ, કેમકે હવે અમે અતિ વિશાળ બ્રહ્મપદને પ્રાપ્ત થઇએ છીએ.[૨૮]

वासिष्ठ तद्गच्छ मुने जगत्स्वं त्वं चासने संप्रति शांतिमेहि ॥ बुद्ध्यादिरूपाणि परं व्रजंतु वयं बृहद्ब्रह्म पदं प्रयामः ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શિલાંતર્જ્જગત્પિતામહવાક્યાનિ' એ નામનો સિત્તેરમો સર્ગ સંપૂર્ણ.૭૦

સર્ગ ૭૧ મો*

બ્રહ્માનો સંકલ્પ તથા તેથી થતો પ્રાણીઓનો પ્રલય.

॥ श्रीवसिष्ठ उवाच ॥

इत्युक्त्वा भगवान् ब्रह्मा ब्रह्मलोकजनैः सह ॥ बद्धपद्मासनोऽनंतसमाधानगतोऽभवत् ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—ભગવાન બ્રહ્મા ઉપર પ્રમાણે કહી પદ્માસનવાળી બ્રહ્મલોકના પ્રાણીઓ સહિત કદીપણ પાછું વ્યુત્થાન ન થાય એવી સમાધિમાં તત્પર થઇ ગયા.[૧] ઓંકારના ઉત્તરાર્દ્ધની છેવટની અર્ધમાત્રાની અંદર નિઃશેષ રીતે મનનો લય કરી દઈ કેમ જાણે ચિત્રની અંદર આલેખેલ હોય તેમ નિશ્ચળ અને વાસનાવિનાના થઈ ગયા.[૨] વાસનાદેવી પણ બ્રહ્માને અનુસરી બ્રહ્માનીપેઠેજ પોતે પણ ધ્યાનપરાયણ થઈ રહી, સંપૂર્ણ અંશે શાંત અને આકાશના જેવા શૂન્યરૂપવાળી થઈ ગઈ.[૩] સમાધિવડે નિઃસંકલ્પ થઇ રહેલા બ્રહ્મા જેમ જેમ ઉત્તરોત્તર સૂક્ષ્મભાવને પ્રાપ્ત થવા લાગ્યા તેમ તેમ બ્રહ્માનો સંકલ્પ પણ ક્રમે કરી ક્ષીણ થવા લાગ્યો અને તેની સાથે પર્વતો દ્વીપો સમુદ્રો વગેરે સહિત પૃથ્વીની અંદર ઘાસ, ઝાડી, લતા વગેરે ઉત્પન્ન કરવાની જે જળ આદિની શક્તિ હતી તે બધી પણ ધીરે ધીરે અસ્ત પામવા લાગી. આ બધું હું કે જે સર્વવ્યાપી ચિદાકાશની સાથે એકતાને પ્રાપ્ત થઇ ગયો હતો

* આ એકોતેરમા સર્ગમાં બ્રહ્માનો સંકલ્પ કે જે સર્વ લોકની કલ્પનાના હેતુરૂપ છે તેનો, તથા ક્રમે કરી ઉપશમને પ્રાપ્ત થતાં એ બ્રહ્માના સંકલ્પવડે કલ્પાએલાં પ્રાણીઓનો, ક્રમે કરી પ્રલય થવા વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તેના જોવામાં આવ્યું.[૪-૬] વિરાટના આત્મારૂપે રહેલા એ બ્રહ્માના અવયવના એક દેશરૂપે પૃથ્વી રહેલી છે, તેનેલીધે બ્રહ્માના સંકલ્પનો ઉદય ન થતાં એ પૃથ્વી, જેમ માગશર માસના છેવટના દિવસોમાં વેલ જીર્ણ થઈ જઇ સૂકાઇ જાય તેમ ચેતનાવિનાની વિરસ અને જાજરી બની ગઈ.[૭,૮] જેમ આપણા અવયવોનો સમૂહ શરીરમાં વ્યાપી રહેલા ચૈતન્યની શિથિલતા થતાં શિથિલ અને વિરસ થવા માંડે, તેમ બ્રહ્માના સંકલ્પનો લય થવા માંડતાં પૃથ્વી કે જે તેના એક અવયવરૂપ હતી તે જાજરી થવા લાગી.[૯] એ પૃથ્વી એક સાથે ભેગા થઇ ગયેલા અનેક ઉત્પાતોના સમૂહોવડે વીંટાઇ ગઈ. તેની અંદરનાં મનુષ્યો દુષ્કર્મરૂપી અંગારાવડે બળી જઇ નરકના માર્ગની સન્મુખ થઇ ગયાં.[૧૦] દુષ્કાળનેલીધે કવખતે રાજા-ચોર આદિની પીડાથી, દીનતાથી અને દરિદ્રપણાથી એ પૃથ્વી દુર્ભાગ્યવાળી થઈ ગઇ. તેની અંદરની સર્વ સ્ત્રીઓ દુઃશીલ થઈ ગઈ અને નરોને જોઇએ તો તેઓ ચોતરફ મર્યાદાવિનાનાજ નજરે પડવા લાગ્યા.[૧૧] રજના જેવી મંદ મંદ પડ્યા કરતી ઝાકળથી અને ધૂળથી સૂર્યનારાયણનો વર્ણ ધૂસરો દેખાવા લાગ્યો. સુખ-દુઃખાદિ દ્વંદ્વવડે પીડાએલા એવા મૂર્ખ મહાદુઃખી, વ્યસની અને રોગીઓવડે તે વ્યાકુળ દેખાવા લાગી.[૧૨] એ પૃથ્વીના કેટલાક પ્રદેશો અગ્નિવડે બળી જવા લાગ્યા, કેટલાક જળમાં તણાઈ ગયા અને કેટલાકનું તો યુદ્ધવડેજ જડમૂળ ઉખડી ગયું. એ પૃથ્વીની અંદરના પામર પુરુષો અનાવૃષ્ટિનેલીધે વરસાદ ન પડતાં મરવા જેવા થઇ ગયા, અને મહાકષ્ટથી માંડ પોતાનો વ્યવહાર ચલાવી શકવા લાગ્યા.[૧૩] અણધારી રીતે આવી પડનારા મોટા ઉત્પાતોવડે કોઈ ઠેકાણે પર્વતો પડતા હતા અને નગરોનો ઘાણ વળી જતો દેખાતો હતો. કોઇ સ્થળે બાળકો, શ્રોત્રિય બ્રાહ્મણો, ઋષિઓ, આર્યપુરુષો, અને ગુણવાન પુરુષોના નાશનેલીધે મનુષ્યો રોતાં હતાં.[૧૪] એ પૃથ્વીમાં કોઇ સ્થળે જળની તાણનેલીધે નિઃશંકપણે જમીન ખોદવાથી મહાઅગાધ (પાણી વગરના) કૂવાઓ નજરે દેખાતા હતા અને વર્ણસંકર પ્રજા પેદા કરવાને સ્ત્રીઓ તરફ બીજા મનુષ્યો અને રાજાઓ તાકતા હતા.[૧૫] એ પૃથ્વીનો ઘણો ભાગ તો કેવળ અન્ન વેચી જીવતો હતો. ચૌટાની અંદર મહાદેવની મૂર્ત્તિનો વિક્રય થતો દેખાતો હતો. સ્ત્રીઓ બધી વેશ્યાના ધંધાવડેજ જીવતી હતી. રાજાઓ પોતાની ઘરવખરી (ઘરનો સામાન) વેચી નિર્વાહ ચલાવતા હતા.[૧૬] શૂલવડે વિંધાયાનીપેઠે મનુષ્યો દુઃખોવડે રાડો પાડવા લાગ્યાં અને સર્વ પ્રજા શૂલનીપેઠે ખુંચ્યા કરતા શીત-ઉષ્ણ આદિ દ્વંદ્વવડે પીડા પામવા લાગી. સ્ત્રીઓ પણ અધર્મનેલીધે મનુષ્યોને શૂળના જેવી લાગવા માંડી, અને રાજાઓ મદ્યપાન કરવાથી શૂળના જેવા શલ્યરૂપ થવા લાગ્યા.[૧૭] પૃથ્વી ચોતરફ અધર્મની લડાઇ કરવાવાળાં મનુષ્યોથી વીંટાઈ ગઇ અને વેદબાહ્ય સેંકડો પાખંડશાસ્ત્રોનેલીધે કેમ જાણે પેટમાં શૂળ ઉપડયું હોય તેવી પીડાવાળી બની ગઇ. ચોર, ચાડીઆ આદિ સર્વદુર્જનો ધનવાન દેખાવા લાગ્યા. સજ્જન પુરુષો વિપત્તિ પડવાથી બેહોશ જેવા થઈ ગયા.[૧૮] રાજાઓ અનાર્ય (નીચ) દેખાતા હતા અને તેઓના તરફથી પંડિતોને કશું માન મળતું ન હતું. એ પૃથ્વીની સર્વ પ્રજા લોભ, મોહ, ભય, દ્વેષ, રાગ, રોગ અને રજોગુણ ઇત્યાદિમાંજ આસક્ત થઇ ગઇ હતી.[૧૯] પુરુષો પોતપોતાના ધર્મને છોડી દઈ પરધર્મમાં પ્રવૃત્ત થવા લાગ્યા હતા. બ્રાહ્મણ આદિ ઉત્તમ ધર્મોપદેશકો દુરાચાર જોઈ ક્રોધના જુસ્સાથી લાલ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચોળ થઈ જતા હતા. અનેક પામર પુરુષો બીજા ગરીબોને નિરંતર રોવરાવવાનોજ ધંધો લઇ બેઠા હતા.[૨૦] ચોર લોકો કેટલાંક શહેરોને, કેટલાંક ગામડાંઓને, કેટલાંક દેવમંદિરોને અને કેટલાંક બ્રાહ્મણોનાં નિવાસસ્થળોને જડમૂળમાંથી ઊખેડી નાખતા હતા. એ પૃથ્વીનો ઘણો ભાગ અલ્પાયુ પ્રજાવડે ભરેલો દેખાતો હતો કે જે ઉપર ઉપરથી સારા દેખાતા અને પરિણામે દુઃખ દેનારા અધમ ઉદ્યોગવડે પોતાનું પેટ ભરતો હતો.[૨૧] એ પૃથ્વીના ધાર્મિક નરો આલસ્યના વિલાસથી પોતાનાં સંધ્યાવંદન આદિ કર્મને ચૂકી જતા હતા. જ્યાં જોઇએ ત્યાં સર્વત્ર બધાઓને આપત્તિઓ અને ઉપતાપોજ પરિણામે દેખાતા હતા. ક્રમે કરી સર્વ દિશાઓનો સમૂહ ઉજડ નજરે આવવા લાગ્યો.[૨૨] નગરો અને ગામડાંઓ બળી જઇ રાખ થઈ ગયાં. બધા દેશો સાવ મનુષ્યવિનાના થઇ ગયા. શબ્દ કરતા અને ભસ્મ તથા વાદળાંઓને કુંડાળું વળી રહેલા વંટોળીયા વાયુવડે આકાશ વ્યાપ્ત થયેલું દેખાતું હતું.[૨૩] એ પૃથ્વીની અંદર પ્રજાના દુર્ભાગ્યનેલીધે જુદા જુદા આડંબરોના અને રોવાના અવાજોવડે મોટો ઘોંઘાટ સંભળાતો હતો. મનુષ્યોનો સમૂહ ચોરીના ધંધાનેજ શ્રેષ્ઠ માનવા લાગ્યો. સઘળાં મનુષ્યો તાપવડે તપ્યા કરતાં હતાં.[૨૪] બધા દેશોના સીમાડાઓ રસકસવિનાના થઇ ગયા અને સર્વ ઋતુઓના ધર્મો એ પૃથ્વીની અંદરથી જતા રહ્યા. આવી રીતે વિરાટદેહનો આરંભ કરનારો પાર્થિવ ધાતુ ચૈતન્યમાં લીન થવા માંડતાં પૃથ્વી પોતાનો નાશ નજીક આવી ગયેલો હોવાથી ઘણે ભાગે છિન્ન ભિન્ન સ્થિતિને પ્રાપ્ત થઇ ગઈ, અર્થાત્ તે પૃથ્વીનો લય થવા માંડ્યો. જલધાતુ પણ બ્રહ્માના સંકલ્પક્ષયથી શિથિલતાને પ્રાપ્ત થઇ જઇ લય પામવાને તૈયાર થઇ જ્યારે ક્ષોભને પ્રાપ્ત થયા, ત્યારે સમુદ્રો પોતાના દૈવી નિયમને નહિ ગણકારતાં, આર્યોને ઉચિત એવી મર્યાદાને છોડી દઇ પોતાનાં જળને ચોતરફ પસારવા લાગ્યા અને તેઓ ઉન્મત્ત પુરુષોનીપેઠે મોટા ધુધવાટા કરી વિકારને પ્રાપ્ત થઇ ગયા તથા પોતાના કાંઠાનાં જંગલોને લહેરોના ઝપાટાઓ મારી નિર્મૂળ કરવા લાગ્યા.[૨૫-૨૮] એ સમુદ્રોએ પોતાના તરંગોનાં ચલન-વલનથી અને ચકરીઓના ઉછાળાઓથી કાંઠાઓને ખોદી નાખ્યા, તેમજ મોટાં વાદળાંઓવડે અને ફર્યા કરતા પ્રબળ તરંગોવડે આકાશને અને દિશાઓને ગજાવી મૂકી.[૨૯] સમુદ્રોના મોટા અવાજવાળી ધુમરીઓના ગાજવાથી પર્વતોની ગુફાઓની અંદર પણ મોટો ભારે ગડગડાટ થઈ રહ્યો; અને પર્વતોની અંદર મોટા સમારંભથી વરસાદના છાંટાઓ જથાબંધ પડવા લાગ્યા.[૩૦] સમુદ્રોની અંદર પોતપોતાના વેગનું ઉત્કૃષ્ટપણું બતાવવાને અતિત્વરાથી ઉછાળા મારતા તરંગોની પણ આગળ ચાલનારા મોટા વીર મગરમચ્છોથી મોટો ધોંધાટ મચી રહ્યો. સુંદર દેખાવવાળા મોટા મગરમચ્છોએ ઝાડોને જડમૂળથી ઊખેડી નાખવાથી સમુદ્રોની અંદર મોટાં જંગલોના જેવો દેખાવ નજરે આવતો હતો.[૩૧] જળના વેગના જોરથી પોતાની ગુફાઓ પડી જતાં સ્થાનથી ભ્રષ્ટ થએલા સિંહો જળચર પ્રાણીઓનો શિકાર કરતા હતા. સમુદ્રોના તરંગોએ ઊંચાં ઉછાળેલાં અનેક મહારત્નોવડે આકાશ કેમ જાણે તારાવડે સુશોભિત હોય એવું દેખાતું હતું.[૩૨] સમુદ્રની અંદર ઉછાળા મારતા મગરમચ્છોવડે આકાશની અંદર ભ્રમણ કરનારાં વરસાદનાં મોટાં મોટાં વાદળાંઓ ખંડાઇ જતાં હતાં. તરંગોનું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પરસ્પર અથડાવું થવાથી તેનો કર્ણકટુ અવાજ ચોતરફ સાંભળવામાં આવતો હતો.[૩૩] સમુદ્રની અંદર તર્યા કરતા ચપળ હાથીઓના *ફુત્કારથી સૂર્યનારાયણ ઘોવાઇ જતા હતા. તરંગો સાથે પરસ્પર અથડાવું થતાં પર્વતની ભીંતો પણ શિથિલ થઇ જઇ પડી જતી હતી.[૩૪] પોતાને કાંઠે રહેલા પર્વતોને જડમૂળમાંથી ઉખેડી નાખનારા તરંગોરૂપી અનેક હાથોવડે સમુદ્રો રમણીય દેખાતા હતા, પર્વતોની ગુફાઓરૂપી ધરની અંદર સમુદ્રોનાં જળો ઉન્મત્ત થઇ જઇ મોટી ગર્જનાની સાથે પ્રવેશ કરતાં હતાં.[૩૫] જેમ રાજાઓ પોતાનાં શહેરને શત્રુઓ દબાવી દે તો તેને પરાસ્ત કરવાના ઉદ્યોગમાં લાગ્યા રહે અને છેવટ બને તો તેનો સંહાર કરે તેવીજ રીતે સમુદ્રો પણ દાવાનળ કે જે પોતાના શત્રુરૂપ છે તેને જળવડે ઠારી દેતા હતા અને ઉંચે અવાજે શબ્દ કરનારા તરંગોવડે આકાશચારી દેવતાઓને પોતાના ઘરમાંથી નસાડી મૂકતા હતા.[૩૬] તરંગોના ઝપાટાથી મૂળસુદ્ધાં ઉખડી ગએલાં વનોના સમૂહોવડે આકાશ કેમ જાણે કપાએલાં જંગલોવડે ભરપૂર હોય તેવું દેખાતું હતું, પાંખોવાળા પર્વતોના જેવા આકારને ધારણ કરી રહેલા તરંગોવડે આકાશ પૂરાઇ ગયું હતું.[૩૭] પવનોના બળથી જુદા પડતા તરંગોવડે સમુદ્રો પર્વતોનીપેઠે ચલાયમાન દેખાતા હતા. રત્નો—ધાતુઓ વગેરેની કાંતિનેલીધે ઝબકયા કરતા કાંઠાના પર્વતોમાંથી સમુદ્રમાંનીચે પડતાં શિખરોવડે સમુદ્રના તીરભાગમાં જળની અંદર મોટો શબ્દ સંભળાતો હતો.[૩૮] સમુદ્રો શોભાયમાન સુંદર (પાણીની) ભમરીઓથી મગર વગેરે જીવસમૂહને ઉછાળવા લાગ્યા અને પર્વતો તથા પર્વતોની ગુફાઓને ડૂબાડી દેવા લાગ્યા.[૩૯] ગુફાઓ ધસડાઈ જવાનેલીધે તેની અંદરથી બહાર આવેલા સ્ફટિક આદિ પાષાણોરૂપી દાંતોવડે સમુદ્રો કેમ જાણે હસતા હોય એવા દેખાતા હતા. પર્વતોનાં શિખરોની અંદર અને તેની લાંબી ગુફાઓના પ્રદેશોમાં સમુદ્રોના તરંગો પેસી જતા હતા અને તેની સાથે જળહાથીઓ પણ પ્રવેશ કરતા હતા.[૪૦] તરંગોનાં ચપળ ચલન-વલનથી કાંઠામાંથી ઉખડી ગયેલાં વૃક્ષોમાં કાચબાઓ ભરાઈ રહેતા હતા. ભયથી વિહ્વળ થઇ ગયેલો અને ઉંચા કાન કરી રહેલા, યમ, ઇંદ્ર, પૃથ્વી આદિના વાહનરૂપ મહિષ, ઐરાવત, દિગ્ગજ આદિઓને, સમુદ્રને કિનારે પડતા પર્વતના તટનો કડકડાટનો અવાજ કાને પડતો હતો. મોટાં મોટાં માછલાંઓનાં પૂછડાંઓ છટાથી પછાડવાને લીધે સમુદ્રમાં પર્વતોનું નીચે બેસી જવું અને ઉપર ચડવું વારંવાર થયા કરતું હતું.[૪૧,૪૨] વરસાદની વૃષ્ટિનાં જળો લીલાવડે ઉખડી ગયેલાં વનોના સમૂહમાં પડી શીતળ જણાતાં હતાં. ઝળઝળ બળ્યાકરતી વડવાનળની જ્વાળાઓના સમૂહસાથે જળ એકતાને પ્રાપ્ત થતું દેખાતું હતું.[૪૩] જળવડે પોતાના આશ્રયરૂપ કાષ્ઠનો નાશ થવાના ભયથી તેની અંદર નિગૂઢપણે રહેલા અગ્નિઓ કેમ જાણે સાશંક હોય તેમ કાષ્ઠની અંદરજ તિરોહિત થઈ રહ્યા હતા. પર્વતોના સમૂહના આગળના ભાગમાં જળહાથીઓ સ્થળહાથીઓ સાથે મળી જઈ યુદ્ધ કરતા હતા.[૪૪] જળનું તરંગોવડે ઉછળવું થતાં ઉછાળા માર્યા કરતા સમુદ્રો તરંગોના સમૂહોવડે કેમ જાણે નૃત્ય કરતા હોય તેવા દેખાતા હતા; અને પર્વતો કે જેઓ જળના ઝપાટાથી પણ ચલાયમાન થતા ન હતા તેઓ એ સમુદ્રોની અંદર પરસ્પર એકબીજામાં અથ-

* હાથીઓ સૂંઢવડે જળને ઉંચું ઉછાળે છે તેમાં થતો એક જાતનો અવાજ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ડાઈ ભાંગી પડતા હતા.[૪૫] એ સમુદ્રો ચોતરફ ફરી વળવાથી મોટા મોટા પર્વતો અને જંગલોના સમૂહોમાં વસનારા અનેક પ્રાણીઓના સમૂહથી સુંદર દેખાતા હતા. ઉપર ઉછાળા મારતા કરતા મરી ગયેલા વનહાથીઓનાં ફૂલી ગયેલાં શરીરોરૂપી ભેરીઓનું તરંગોસાથે અથડાવું થતાં તેમાંથી પેદા થતા અવાજવડે સુંદર જણાતા મોટા મોટા તરંગોવડે સમુદ્રો પાતાળ જેમ દૈત્યોવડે વ્યાકુળ થઇ જાય તેમ અત્યંત વ્યાકુળ થયેલા હતા. પછી પાતાળલોકરૂપી તાલુને અંદરથી ફોડી નાખી તેને એકઠું કરી દઇ મહાવિશાળરૂપે બહાર આવેલો ઉંચી સુંઢવાળા દિગ્ગજોનો મુખનો ધ્વનિ સંભળાવા લાગ્યો. દિગ્ગજોથી ભાર ન ઝીલી શકાતાં પોતાના ચંચળ થઈ રહેલા મેરુપર્વત આદિ ખીલાઓ સહિત પૃથ્વી ક્ષણમાત્રમાં ચલાયમાન થઈ જઇ ચપળ શેવાળની મંજરીનીપેઠે ચાલવા લાગી અને ચપળ સમુદ્રો તેના ઉપર ફરી વળ્યા. વરસાદના અને વિજળીના મોટા ગડગડાટની સાથે અને દિશાઓમાં થતા તેના પડછંદાના શબ્દો સાથે આકાશ કેમ જાણે તુટી પડી નીચે આવી પડશે એવું દેખાતું હતું. ચકરીઓના જેવા ગોળ આકારવાળા કેતુઓ આકાશમાંથી પડવા લાગ્યા.[૪૬-૫૦] એ કેતુઓ કેમ જાણે સુવર્ણનાં રત્નો હોય અથવા મુક્તાફળ હોય કિંવા સિંદૂરવર્ણના સર્પો હોય એવા દેખાતા હતા. ચપળ જ્વાળારૂપી જટાના આડંબરને ધારણ કરનારી અને દિશાઓના તટોમાં દાહ ઉત્પન્ન કરનારી વિવિધ પ્રકારના ઉત્પાતની પંક્તિઓ આકાશમાંથી, દિશાઓમાંથી અને પૃથ્વીમાંથી ઉત્પન્ન થવા લાગી. પૃથ્વી આદિ પંચમહાભૂતો અને દેવદૈત્ય આદિ મોટાં પ્રાણીઓ એ બેઉ બ્રહ્માનો સંકલ્પ ક્ષય થતાં સંપૂર્ણ રીતે [illegible] થતાં હતાં. પોતપોતાના અધિકારને જાળવી રાખનારો પોતાનો પ્રભાવ બ્રહ્મલોકમાં જતો રહેવાથી ચંદ્ર, સૂર્ય, વાયુ, ઇંદ્ર, અગ્નિ અને યમ કોલાહલ કરવા લાગ્યા તથા પોતાનાં સ્થાનથી પડવા લાગ્યા. ધરતીકંપનેલીધે કડકડાટ શબ્દ કરી વૃક્ષોની પંક્તિઓ પડવા માંડી.[૫૧-૫૪] પર્વતો પૃથ્વીની ચારે કોર હીંચકાની પેઠે ફરવા લાગ્યા. કૈલાસ, મેરુ, મંદર વગેરે પર્વતોની ગુફાઓ ભૂકંપનેલીધે ચપળ થઇ પડવા લાગી, અને કલ્પવૃક્ષોએ કરેલી રાતા પુષ્પના ગુચ્છાઓની વૃષ્ટિ પણ થવા લાગી.[૫૫] બીજાં લોકાંતરો, પર્વતો, શહેરો, સમુદ્રો અને જંગલો, વગેરે સર્વ જગત ઉત્પાતો સહિત પ્રલયકાળના પવનવડે અને પરસ્પર મારામારીથી સંહારને પ્રાપ્ત થનારાં પ્રાણીઓના કોલાહલથી જેમ ત્રિપુર આદિ દૈત્યોનો સમૂહ રુદ્રના બાણના અગ્નિવડે ભસ્મ થઇ જાય તેમ પૂર્ણ મહાસાગરની અંદર છિન્નભિન્ન થઇ જઇ સંહારને પ્રાપ્ત થઇ ગયું.[૫૬]

लोकांतराद्रिपुरवारिधिकाननांतमुत्पातकल्पपवनेन मिथो हतानाम् ॥ कोलाहलैर्जगदभूत्प्रविकीर्णशीर्णं पूर्णार्णवे त्रिपुरपूर इवाभिपाति॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' કલ્પક્ષોભવર્ણન ' એ નામનો એકોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૧

સર્ગ ૭૨ મો.*

વાતસ્કંધે પોતાની સ્થિતિનો ત્યાગ કર્યો

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

अथाकृष्टवति प्राणान् स्वयंभुवि नभोभुवः ॥ विराडात्मनितत्याजवातस्कंधस्थितःस्थितिम्॥

* આ બ્હોતેરમા સર્ગમાં બ્રહ્માના પ્રાણનો નિરોધ થતાં વાતસ્કંધે પોતાની સ્થિતિ છોડી દીધાથી આગળ પછી જે વિરાટની સ્થિતિ થશે તે વિષે વર્ણન કરવામાં આવશે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્ર ! વિરાટના આત્મારૂપ સ્વયંભૂ બ્રહ્મા જ્યારે પોતાના પ્રાણને સમેટવા લાગ્યા ત્યારે આકાશમાં વાતસ્કંધની અંદર રહેલા વાયુએ પોતાની સ્થિતિ કે જે ગ્રહ-નક્ષત્ર—વિમાન આદિને અધર ધારણ કરી રાખવામાં એક મર્યાદારૂપ હતી તેને મૂકી દીધી.[૧] વાતસ્કંધ બ્રહ્માના પ્રાણરૂપ છે, તેને લીધે એ વાતસ્કંધ જ્યારે પોતાની સ્થિતિને મૂકી દે ત્યારે પછી નક્ષત્ર મંડળમાં બીજો કોણ તે સ્થિતિને ધારણ કરી શકે, કે જેવડે અધર સ્થિતિ કરનારાં સર્વ પ્રાણીઓનું ધારણ થઈ શકે.[૨] વાતસ્કંધ કે જે બ્રહ્માના પ્રાણરૂપ છે, તેને બ્રહ્માજીએ સમેટી લેવાથી જ્યારે તે પોતાની મર્યાદાને છોડી દઇ નિરંતર એક સમાનરૂપે રહેનાર બ્રહ્મમાં લીન થઈ જવામાટે ક્ષોભને પ્રાપ્ત થવા લાગ્યો ત્યારે આકાશની અંદર રહેલા તારાઓ, નિરાધાર થઇ જઇ જેમ અગ્નિવડે બળતાં ઉંબાડીઆંઓ પવનના ઝપાટાથી ઉડવા માંડે અને વૃક્ષમાંથી પુષ્પોના સમૂહો પડવા માંડે તેમ આકાશમાંથી નીચે પડવા માંડ્યા.[૩,૪] વિમાનોની પંક્તિઓ કે જે આ ભૂલોકમાં કરેલાં પુણ્યકર્મનું શુભફળ ભોગવવાના સ્થાનરૂપ છે તેઓ પોતાના કાળનો પરિપાક આવી રહેવાથી મૂળમાંથી ચલાયમાન થઈ જઇ પોતાનો પવનરૂપી આધાર ખસી જવાથી નીચે પડવા લાગી.[૫] જેમ ઇંધન બળી રહેવાથી પ્રદીપ્ત અગ્નિની જ્વાળા શાંત પડી જાય તેમ બ્રહ્માના સંકલ્પરૂપી ઇંધન શાંત થઇ જવાથી સિદ્ધ લોકોની ગતિઓ પણ શાંત થવા લાગી.[૬] હલકા કપાસનીપેઠે આકાશની અંદર ફર્યા કરતા સિદ્ધ લોકોના સમૂહો પ્રલયકાળના પવનવડે પોતાની શક્તિનો હ્રાસ થઇ જતાં ચુપચુપ નીચે પડવા લાગ્યા. સંકલ્પમાત્રથી ઉત્પન્ન થયેલા વૃક્ષોના સમૂહોવડે સુંદર દેખાતાં મેરુ પર્વતનાં શિખરો, મેરુપર્વતને ધરતીકંપને લીધે આંચકો લાગવાથી ઇંદ્ર આદિનાં નગરોસહિત નીચે પડવા લાગ્યાં.[૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—અધિષ્ઠાન ચૈતન્યની અંદર સમષ્ટિનું મન કે જે સંકલ્પમય છે તે રૂપે રહેલા છે અને બ્રહ્માંડ એ એક તેનું શરીરછે તો સંકલ્પમાત્રરૂપે રહેલા નિરાકાર બ્રહ્માના અવયવો કેમ સંભવે ? અને કદાચિત્ અઘટિત ઘટનાવાળી માયાનેલીધે તેમ હોય તોપણ ભૂલોક કયા અવયવરૂપ છે, સ્વર્ગ કયા અવયવરૂપ છે અને પાતાળ કયા અવયવરૂપ છે ?[૯] હે મહારાજ ! બ્રહ્માના એ બધા અવયવો કેવી રીતે રહ્યા છે અને બ્રહ્મા એ પોતાના વિરાટરૂપી શરીરની અંદર કેવી રીતે રહ્યા છે ?[૧૦] બ્રહ્મા પોતે સંકલ્પમાત્ર છે અને નિરાકાર છે. આ જગત સાકારરૂપે રહ્યું છે, આવો નિશ્ચય મારા સમજવામાં આવ્યો છે. એ સંબંધમાં કાંઈ બીજું હોય તો આપ કહો.[૧૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—નિર્વિકાર પરમ ચિદાકાશ કે જે સર્વ દિશાઓરૂપી ખજાનામાં ભરપૂર થઇ રહેલ છે, તેજ પ્રથમ સત્યરૂપે હતું, બાકી બીજું કાર્યકારણરૂપે જે કાંઈ પ્રતીતિમાં આવે છે, તે કશું ન હતું.[૧૨] એ ચિદાકાશ પોતાના વાસ્તવ સ્વરૂપને ન છોડતાં નિર્વિકાર રહી પોતાના સ્વરૂપનેજ દૃશ્યરૂપે જુદું સમજે છે. એ ચિદાકાશ પોતાની ચેતનસત્તાથી ચિદાભાસરૂપ થાય છે અને એ ચિદાભાસ જીવરૂપ છે કે જે દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનરૂપી ત્રિપુટીના મનનનેલીધે ઘટ્ટ થઇ જઇ મનરૂપ કહેવાય છે એમ તમે સમજો.[૧૩,૧૪] જો કે આ બધી સ્થિતિ અધ્યાસના બળથી થાય છે ખરી પણ તેમાં કશું સાકારરૂપે સત્ય રીતે થયું હોય એમ નથી; પરંત શુદ્ધ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર શુદ્ધ ચિદાકાશરૂપે પ્રથમ પ્રમાણેજ રહેલ છે અને આ જે કાંઇ વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે તે ચિદાકાશ કે જે પરમ મંગળરૂપ છે તેનાથી જરાપણ જુદું નથી.[૧૫] નિશ્ચળ અવિનાશી ચિદાકાશજ અહંકારની ભાવના થતાં મન કે જે સંકલ્પરૂપ છે તેને આકારે વિવર્તરૂપે સ્ફુરિત થઈ જઇ પ્રતીતિમાં આવે છે.[૧૬] જો કે વસ્તુતાએ ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર યથાસ્થિતપણે રહેલ છે, પરંતુ અવિદ્યાનેલીધે મિથ્યાભાવનાવડે, સંકલ્પરૂપ ચિદાભાસરૂપે, અહંકારરૂપે તથા સ્થૂલદેહરૂપે થઇ રહેલા પોતાના આત્માને અનુભવે છે, ભાવનાના બળથી પોતાને દેહાકારરૂપે સમજે છે, દેહને આકારે દેખે છે અને દેહને આકારે અનુભવે છે.[૧૭] વસ્તુતાએ જોઇએ તો એ કેવળ સંકલ્પરૂપ છે અને શૂન્ય છે છતાં વિવર્તભાવથી દેહરૂપે અનુભવમાં આવે છે.[૧૮] જેમ સંકલ્પનગરને વસ્તુતાએ શૂન્ય છતાં તમે આકારવાળું દેખો એવી રીતે અવિનાશી ચિદાકાશરૂપી આત્મા ચિદાકાશની અંદર પોતાના સ્વરૂપનેજ શૂન્ય છતાં દેહરૂપે થઈ રહેલ અનુભવે છે.[૧૯] એ ચિદાકાશ પોતે વસ્તુતઃ શુદ્ધ હોવાથી વાસનાક્ષય પર્યંત દેહાદિકને આત્મારૂપે અનુભવી પછી વાસનાક્ષય થતાં પોતાની ઇચ્છાથીજ શાન્ત અહંકારરહિત થઇ જાય છે.[૨૦] આપણ વગેરે જીવન્મુક્ત પુરુષોને જ્યારે યથાર્થ તત્ત્વજ્ઞાન થાય છે, ત્યારે આ વિસ્તીર્ણરૂપે દેખવામાં આવતો સંસાર શૂન્યરૂપજ લાગે છે અને સત્ય પરમ તત્ત્વજ કેમ જાણે વિવર્તરૂપે સર્વને આકારે થઇ રહ્યું હોય તેમ અનુભવમાં આવે છે એમ તમે સમજો.[૨૧] યથાર્થ તત્ત્વજ્ઞાન થતાં વાસના આ જન્મમાંજ શાંત થઈ જાય છે અને અદ્વૈત જ્ઞાનના બળથી અહંકારનો ક્ષય થઇ જતાં મોક્ષજ અવશેષ રહે છે.[૨૨] હે રામચંદ્રજી! એવી રીતે બ્રહ્મા પોતેજ આ જગતને આકારે થઇ રહેલ છે અને એ વિરાટના આત્મારૂપ બ્રહ્માનો જે દેહ છે તેજ આ જગત છે.[૨૩] બ્રહ્મા કે જે એક સંકલ્પરૂપ અને ચિદાકાશરૂપ છે તેને જે ભ્રાંતિ ઉત્પન્ન થઇ છે તેજ આ જગતને રૂપે ભાસે છે અને તેજ બ્રહ્માંડ શબ્દવડે કહેવાય છે.[૨૪] આ સર્વ ચિદાકાશરૂપ છે કે જે સંકલ્પની કલ્પનાવડે ખડું થઇ જઇ નજરે આવે છે, વસ્તુતાએ જોઇએ તો કોઈ જગોએ જગત છેજ નહિ અને તમે કે હું એ કોઈ પણ નથી.[૨૫] શુદ્ધ નિર્મળ ચિદાકાશ કે જે કેવળ ચિન્માત્ર છે તેની અંદર જગત કયાં ઉત્પન્ન થાય? શી રીતે ઉત્પન્ન થાય? કયા સાધનવડે ઉત્પન્ન થાય? કેવે રૂપે ઉત્પન્ન થાય? અને તેને ઉત્પન્ન કરવામાં શું સહકારિ કારણ છે?[૨૬] આ સર્વથી સિદ્ધ થાય છે કે જગત મિથ્યારૂપે ઉત્પન્ન થાય છે, મિથ્યારૂપે દેખાય છે, મિથ્યારૂપેજ પ્રિય–અપ્રિયરૂપે ભાસે છે, અને બ્રહ્મ કે જે પોતે પ્રપંચના સંપર્કથી સાવ રહિત છે, તે ભ્રાંતિવડે જગદ્ભાવથી રહિત એવા પોતાના સ્વરૂપનેજ જગતને આકારે દેખે છે.[૨૭] જેમ પવન પોતાની ચલનશક્તિરૂપે સર્વત્ર પ્રસરી જાય તેમ ચિદાકાશ પોતાની મેળેજ અદ્વિતીય એવા પોતાના ચિન્માત્રસ્વરૂપની અંદર જગત આદિરૂપે પ્રતીતિમાં આવી પ્રિય-અપ્રિય-આદિ રૂપે ભાસે છે. જે કાંઇ પ્રતીતિમાં આવે છે, તે છે એમ માનીએ તો કાંઇક અનિર્વચનીય જેવું છે અથવા દ્વૈત-અદ્વૈત, એ બન્ને વિભાગને છોડી દેતાં કાંઈ પણ નથી. શૂન્ય નિર્મળ અને નિર્વિકાર ચિદાકાશજ જગતરૂપે પ્રતીતિમાં આવે છે, એમ તમે સમજો.[૨૮,૨૯] હે રામચંદ્રજી! ઉપર પ્રમાણે તત્ત્વજ્ઞાનનેલીધે સર્વ ભેદબુદ્ધિને

SC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized By S3 Foundation USA

છોડી દઇ નિઃસંકલ્પદશાને પ્રાપ્ત થઈ જઈ પરમાર્થદૃષ્ટિએ બ્રહ્મરૂપ છતાં વ્યવહારદૃષ્ટિથી ક્રમ જાણે હું દેહાદિરૂપ હોઉં તેવો થઇ રહ્યો છું, અને મમત્વથી રહિત છું. એવીજ રીતે મારીપેઠે તમે પણ પરમાર્થદૃષ્ટિથી બ્રહ્મરૂપ છતાં વ્યવહારદૃષ્ટિએ ક્રમ જાણે દેહાદિરૂપ હો તેવા થઈ રહો, અને મમત્વથી રહિત થઈ જાઓ.[૩૦] તમે વાસનાથી રહિત થઈ જઈ મનને શાંત રાખી મૌનનું ધારણ કરી ચપળતા મૂકી દઈ વ્યુત્થિત દશામાં ભલે સુખેથી સર્વ યથાપ્રાપ્ત વ્યવહાર કર્યા કરો અથવા સમાહિત અવસ્થામાં એ વ્યવહારને ભલે ન કરો. આ બાબતમાં શામાટે આગ્રહ રાખવો ?[૩૧] અનાદિ નિત્ય અને અનુભવરૂપ જે એક પરમાત્મા છે, તેજ આ દૃશ્યરૂપે (વિવર્તભાવથી) થઇ રહેલ છે, બાકી દૃશ્ય કાંઈ જુદું નથી. સત્યરૂપે અનુભવમાં આવનારાં એ પરબ્રહ્મની અંદર જે અજ્ઞાન છે, તેજ ભ્રાંતિની વિચિત્રતાનેલીધે દૃશ્યરૂપે પ્રસરી રહેલ છે.[૩૨]

अनादिनित्यानुभवो य एकः स एव दृश्यं न तु दृश्यमन्यत् ॥ सत्यानुभूते ननु भूतयो याः सुविस्तृता दृश्यमहादशस्ताः ॥ ३२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' નિર્વાણવર્ણન ' એ નામનો બ્હોતેરમો સર્ગ સંપૂર્ણ ૭૨

સર્ગ ૭૩ મો*

અધ્યારોપનો ક્રમ

॥ श्रीराम उवाच ॥

बंधमोक्षजगद्बुद्धिर्न शून्या नापि सन्मयी ॥ नास्तमेति न चोदेति किमप्याद्यमसौ किल ॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! બંધ, મોક્ષ અને જગતની બુદ્ધિ એ શૂન્ય પણ નથી તેમ સદ્રૂપ પણ નથી, આદિરૂપ બ્રહ્મતત્ત્વ કોઇ દિવસ ઉદય કે અસ્તને પ્રાપ્ત થતું નથી, એ વગેરે જે આપે ઉપદેશ કર્યો તે સર્વ હું સારી રીતે સમજ્યો છું. એ આપની કથારૂપી અમૃતનું શ્રવણ કરતાં મને તૃપ્તિજ થતી નથી માટે આપ ફરીવાર કહો.[૧,૨] હે મહારાજ ! સૃષ્ટિ આદિ ભ્રાંતિની દૃષ્ટિ અને શૂન્યતા આદિની દૃષ્ટિ, એ બન્નેમાંથી એકેય સત્ય કે અસત્ય કહી શકાતી નથી, અને જ્યારે એમ છે ત્યારે પછી જે કાંઇ સત્ય પરમતત્ત્વ છે અને વિવર્તભાવથી સર્વરૂપ થઇ રહેલ છે તેનું સ્વરૂપ યથાર્થ રીતે હું સમજી ગયો છું; તથાપિ મને ફરીવાર બોધ દૃઢ થવામાટે અધ્યારોપદૃષ્ટિથી સૃષ્ટિ થવાનો ક્રમ અનુભવ પ્રમાણે આપ કહી બતાવો કે જેથી બીજા પણ ઘણા શ્રોતાઓને સારી રીતે બોધ થાય.[૩,૪]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જે કાંઇ આ સર્વ પ્રકારનું દેશ—કાળ—ક્રિયા—આદિવાળું સ્થાવર જંગમાત્મક જગત દેખાય છે તે સર્વનો નાશ થઇ જતાં અને બ્રહ્મા, વિષ્ણુ, વાયુ, રૂદ્ર અને ઇંદ્ર એ સર્વનો પણ પરિણામ લાવનારો મહાપ્રલય આવી ઉભો રહેતાં શાંત અતિ નિર્મળ જન્મ આદિ વિકારવિનાનું અનાદિ અને સત્ય એવું કાંઈક અવર્ણ્ય તત્ત્વજ અવશેષ રહે છે કે જેને વર્ણવવાને વાણી પણ સમર્થ ન થતાં નિવૃત્ત થઇ જાય છે, તો પછી બીજી તો શી વાત કહેવી ![૫-૭] જેમ સર્ષપની અપેક્ષાએ મેરુ અતિ વિસ્તારવાળો અને અતિ સ્થૂલ દેખાય છે તેમ એ પરમતત્ત્વની અપેક્ષાએ આકાશ કે જે પરમ સૂક્ષ્મ ગણાય છે, તે પણ અતિ સ્થૂલ છે. જેમ મોટા પર્વ-

* આ તોતેરમા સર્ગમાં બોધને દૃઢ કરવામાટે ફરીવાર અધ્યારોપનો ક્રમ વર્ણવવામાં આવશે અને પૃથ્વી આદિ તેનાં શી રીતે અંગરૂપ છે ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તરો પણ આપવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તની અપેક્ષાએ ત્રસરેણુઓ સૂક્ષ્મ છે, તેમ બીજા સર્વના કરતાં અતિ સ્થૂળ બ્રહ્માંડ પણ એ તત્ત્વની પાસે અતિ ઝીણું (હલકું) દેખાય છે.[૯] સૂર્યાદિકના અભાવનેલીધે ગણતરી-વિનાનો શાંત પ્રલયકાળ ઘણા લાંબા વખત-સુધી વ્યતીત થયા બાદ સર્વના આદિરૂપ અનુભવરૂપ શાંત ચિદાકાશરૂપ એ પરમ તત્ત્વની અંદર રહેલ મહાશાંત અને દિશા-કાળ આદિવડે પરિમાણમાં ન આવે એવો મહાચિદાકાશ કે જે માયારૂપી આવરણની અંદર સુષુપ્તિ અવસ્થાવાળાનીપેઠે નિઃસંકલ્પરૂપે રહેલ છે તે કેમ જાણે સ્વપ્નદશાનો અનુભવ કરતો હોય તેમ થઇ રહે છે અને પોતામાં લીન થઈ રહેલા જગતના સંસ્કાર ઉદ્બુદ્ધ થવાથી કેમ જાણે પોતાના સ્વરૂપને પરમ સૂક્ષ્મરૂપે એટલે જીવરૂપે થઈ રહેલ દેખતો હોય તેમ અનુભવે છે.[૧૦,૧૧] અસત્ય છતાં સ્વપ્નની પેઠે અંદર તેવી ભાવનાના બળથી પોતે બહુ વિશાલરૂપે વિસ્તીર્ણ થઇ જવાથી તે પોતાના ચિદ્રૂપનેજ બ્રહ્મશબ્દના અર્થરૂપે અનુભવે છે કે જે સર્વત્ર પ્રસરી રહેલ છે.[૧૨] ચિત્સત્તા ચેતનપણાનેલીધે પોતાના સ્વરૂપની અંદર પોતાને અણુરૂપે (જીવરૂપે) અનુભવે છે અને પોતે કેમ જાણે તેને જુદે રૂપે દેખતી હોય તેમ થઇ રહે છે અને પછી પોતે કેમ જાણે દ્રષ્ટારૂપ હોય તેવી થઈ જાય છે.[૧૩] સ્વપ્નની અંદર જેમ એકજ દ્રષ્ટા પોતાના સ્વરૂપની અંદર પોતાની મેળેજ પોતાને મરી ગયેલ દેખે છે પણ એ મરનાર પોતેજ પોતાના મરણનો દ્રષ્ટા છે એ બેમાંથી એકેય જુદા નથી તેમ એ ચિદ્રૂપ પરમ સૂક્ષ્મ તત્ત્વ પોતાના સ્વરૂપની અંદર નાના પ્રકારની કલ્પનાને જુદે જુદે રૂપે અનુભવે છે.[૧૪] એ ચિત્સત્તા અંદર એક છતાં કેમ જાણે દ્વૈતપણાને પ્રાપ્ત થઈ રહેલ હોય એમ ભાસે છે. વસ્તુતાએ તે પોતાના સ્વરૂપમાંજ યથાસ્થિતપણે રહેલ છે છતાં કેમ જાણે દ્રષ્ટા અને દૃશ્યરૂપે પણ થઇ રહી હોય એવી જણાયછે.[૧૫] ચિત્સત્તા પોતે શૂન્ય અને અતિ નિરાકાર છે છતાં પોતાના સૂક્ષ્મ સ્વરૂપને અણુરૂપે (જીવરૂપે) દેખે છે ત્યારે કેમ જાણે દૃશ્ય અને દ્રષ્ટારૂપે પોતે ઉદય પામતી હોય તેમ દ્વૈતભાવને ધારણ કરી લે છે.[૧૬] એ દ્રષ્ટા જ્યારે પોતાના પ્રકાશમય સ્વરૂપને માયાના બળથી અણુરૂપ અને પરિચ્છિન્ન દેખે છે ત્યારે ભાવનાના પ્રભાવથી જેવી રીતે બીજ અંકુરપણાને પ્રાપ્ત થાય તેમ ક્રમે કરી તે પોતાના સ્વરૂપને વિશાળ દેખે છે અને ત્યારે તેની અંદર દેશ-કાળ-ક્રિયા-દ્રવ્ય-દ્રષ્ટા-દર્શન-દૃશ્ય-આદિ જુદે જુદે રૂપે જે કે હોય છે, પરંતુ વાણી આદિની અભિવ્યક્તિ તે વખતે ન હોવાથી તેઓનાં નામની કલ્પના હોતી નથી.[૧૭,૧૮] એ સૂક્ષ્મ ચિદાત્માનું જે પ્રદેશમાં ભાન થાય તે દેશરૂપે કહેવામાં આવે છે. જ્યારે તેનું ભાન થાય ત્યારે તે કાળ શબ્દવડે કહેવાય છે, અને જે ભાન થાય તે ક્રિયા શબ્દવડે કહેવામાં આવે છે.[૧૯] જે કાંઇ ગુણ-ક્રિયા-આદિ કલ્પનાના આધારરૂપે પ્રત્યક્ષ અનુભવમાં આવે તે દ્રવ્યરૂપ કલ્પવામાં આવે છે એમ વિદ્વાનોનું સમજવું છે અને જે તેનો પ્રત્યક્ષ અનુભવ કરનાર છે તે દ્રષ્ટા કહેવાય છે. દ્રષ્ટાને જે દૃશ્યનો અનુભવ કરાવવામાં કારણરૂપ છે તેને દર્શન કહે છે કે જે પોતે સાધનરૂપ થઇ દ્રષ્ટાને દૃશ્યનો અનુભવ કરાવે છે.[૨૦] એવી રીતે ચિદાકાશની અંદર અસત્ય છતાં અનેક સ્થૂલભાવોની કલ્પના ખડી થઇ ક્રમે કરી દેખાય છે કે જે દેશ-કાળ-વસ્તુ આદિના પરિચ્છેદને લીધે પરિચ્છેદવાળી (પરિમાણવાળી) અને આમ જોઇએ તો અનંત છે. વસ્તુતાએ તે ચિદાકાશની અંદર ચિદાકાશ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપેજ રહેલ છે અને તેમાં દેશ-કાળ આદિનો કશો ક્રમ સંભવતોજ નથી.[૨૧] ચિદ્રૂપ જીવને પ્રતીતિમાં આવતો સૂર્યાદિકનો પ્રકાશ જેવડે પ્રત્યક્ષ અનુભવમાં આવે છે તે ચક્ષુ ઇંદ્રિય કહેવાય છે. આવીજ રીતિ શ્રોત્ર આદિ ઇંદ્રિયોમાટે સમજી લેવી. આ વાત મેં તમને સંક્ષેપથી કહી છે.[૨૨] જીવ કે જે ચિદ્રૂપ છે તેને પોતાના સ્વરૂપની અંદર પ્રથમ પ્રતિભાસ થતાં શબ્દતન્માત્રાજ પહેલાં અનુભવમાં આવે છે કે જે આકાશનો ગુણ હોવાથી આકાશરૂપ છે.[૨૩] ચિદ્રૂપ જીવને આભાસરૂપે પ્રતીતિમાં આવતું આકાશજ ધટ્ટ ભાવને પ્રાપ્ત થઇ જઈ સ્થૂલ દેહરૂપે પ્રતીતિમાં આવે છે અને તેની અંદર રૂપ આદિ વિષયના અનુસંધાનનેલીધે પાંચ ઇંદ્રિયો પણ ઉદયને પ્રાપ્ત થઇ જાય છે.[૨૪] એવી રીતે ચિદ્રૂપ સૂક્ષ્મ જીવનું અનુસંધાન દૃશ્ય શબ્દ આદિ વિષયોમાં વારંવાર અનુભવરૂપે વૃદ્ધિને પ્રાપ્ત થતું રહે છે, અને જ્ઞાન-બુદ્ધિ ઇત્યાદિરૂપે પણ તેજ કાર્યપરત્વે કહેવામાં આવે છે.[૨૫] સંકલ્પ-વિકલ્પ આદિ કાર્યને યોગે તે મનરૂપ કહેવાય છે, અમુક હું છું અને અમુક મારૂં છે એવા અભિમાનમાં અભિનિવેશ થતાં તેજ અહંકારપદવડે કહેવામાં આવે છે, એવી રીતે એ ચિદ્રૂપ જીવ પોતેજ પોતાની મેળે દેશ–કાળ આદિ પરિમાણનો અંગીકાર કરી લે છે.[૨૬] ચિદ્રૂપ જીવાત્માને જે કાળમાં પ્રથમ શબ્દ આદિ વિષયનું જ્ઞાન થાય તે કાળ પાછળના ઉત્તરકાળની અપેક્ષાએ પૂર્વકાળ કહેવાય છે.[૨૭] જે પ્રદેશ એક પ્રદેશના કરતાં ઉપરના ભાગમાં હોય તેને નીચેના પ્રદેશની અપેક્ષાએ ઊર્ધ્વરૂપે તે જીવ કલ્પી લે છે. એ રીતે એ ચિદ્રૂપ જીવ દિશાઓનાં પણ દક્ષિણ ઉત્તર આદિ અનેક નામોને તે ક્રમે કરી કલ્પી લે છે.[૨૮] એ જીવચૈતન્ય પોતે જો કે આકાશના જેવું અસંગ, નિર્વિકાર અને ચિદ્રૂપ છે, તોપણ દેશ-કાળ-ક્રિયા-દ્રવ્ય ઇત્યાદિ શબ્દો અને તેના અર્થોરૂપે પણ પોતેજ વિવર્તભાવથી થઇ જઇ પ્રતીતિમાં આવે છે.[૨૯] એવી રીતે એ જીવ પોતે ચિદાકાશરૂપ છે છતાં ચિદાકાશરૂપે સર્વત્ર પ્રસરી રહેલા પોતાના અનુભવવડે પોતાની ચિત્સત્તાના વિવિર્તનેલીધે આતિવાહિક દેહરૂપ થઇ જાય છે.[૩૦] એ ચિદ્રૂપ અણુ જીવ ઘણા લાંબા કાળની ભાવનાવડે પોતાના સ્વરૂપને તે આધિભૌતિક દેહરૂપ છે એમ પૂર્ણ નિશ્ચયથી માની લે છે.[૩૧] જીવ કે જે પોતે ચિદાકાશરૂપ છે તેણે પોતાનું સ્વરૂપ કે જે ચિદાકાશરૂપ છે તેની અંદર ઉપર પ્રમાણે બધો આડંબરજાળ કે જે કેવળ ભ્રાંતિકલ્પિત છે તેને વિવર્તરૂપે પાથરી દીધેલ છે કે જે ઝાંઝવાના જળમાં પ્રતીતિમાં આવતાં સત્ય જળની પેઠે કેવળ આભાસમાત્ર છે અને અસત્ય છતાં સત્યના જેવો લાગે છે. આકાશની પેઠે અસંગ અને નિરાકાર એ જીવાત્મા પોતાના (માની લીધેલા) દેહની અંદર કોઇ જગ્યોએ અવયવને મસ્તકરૂપે કલ્પી લે છે, કોઇ જગ્યોએ ચરણરૂપે કલ્પી લે છે, કોઇ જગ્યોએ છાતી પડખાં આદિ અવયવરૂપે કલ્પી કાઢે છે, અને કોઇ જગ્યોએ ગ્રહણ ત્યાગ-ભાવ-અભાવ ઇત્યાદિ શબ્દરૂપ અને તેના અર્થરૂપ કલ્પનાને પણ તે શુદ્ધ રીતે કલ્પી લે છે. એ જીવ કોઇ ઠેકાણે દેશ-કાળ આદિ સાથે જડાઇ ગયેલી નિયમિત (અમુક) આકારની કલ્પનાને પણ કલ્પી લે છે કે જે વિષયરૂપે પોતાને અનુભવમાં આવે છે અને ઇંદ્રિયોના સમૂહવડે જાણી શકાય છે.[૩૨-૩૫] પછી એ અણુ જીવ, પોતાના મનવડે કલ્પી લીધેલા પોતાના આકારને હાથ પગ આદિ બાહ્ય અવયવવાળો અને ચિત્ત આદિ આંતર અવયવવાળો દેખે છે.[૩૬] ઉપર જણાવેલા ક્રમ પ્રમાણે બ્રહ્મા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઉત્પન્ન થાય છે, વિષ્ણુ પણ એમજ ઉત્પન્ન થાય છે, રૂદ્ર પણ એવીજ રીતે ઉત્પન્ન થાય છે અને કૃમિ પણ એવીજ રીતે ઉત્પન્ન થાય છે, બાકી તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો કશું ઉત્પન્નજ થતું નથી. બ્રહ્મ કે જે શૂન્ય છે તે પોતાના શૂન્યસ્વરૂપની અંદર યથાસ્થિતપણે રહેલ છે, ચિદાકાશ ચિદાકાશની અંદરજ વિવર્તભાવથી એવા અનૃત આકારે ભ્રાંતિને લીધે પ્રતીતિમાં આવે છે.[૩૭,૩૮] વ્યષ્ટિ શરીરના પ્રત્યેક હૃદયરૂપી કંદની અંદર ત્રૈલોક્યરૂપી લતાઓનું બીજ રહેલ છે કે જે મુક્તિના દ્વારમાં પ્રતિબંધકરૂપે રહેલ વિષયસૃષ્ટિરૂપી મોટી સાંકળના આધારરૂપ છે, અને સંસારરૂપી નિઃસાર અસાર વરસાદના યોગથી વૃદ્ધિ પામે છે. સર્વ કાર્યમાત્રના કારણરૂપ, કાળ ક્રિયા આદિને નિયમમાં રાખનાર, સર્વના આદિરૂપ પરમપુરુષ એવી રીતે પોતાનીમેળેજ તત્ત્વદૃષ્ટિએ નહિ ઉત્પન્ન થયા છતાં અધ્યારોપદૃષ્ટિએ (જીવ-જગત-દેશ-કાળ-ક્રિયા-આદિરૂપે) કેમ જાણે ઉત્પન્ન થઇ રહેલ હોય તેમ પ્રતીતિમાં આવે છે.[૩૯,૪૦] એ ચિન્મય પુરુષનો દેહ પાંચભૌતિક નથી તેમ તેના શરીરની અંદર અસ્થિ પણ નથી અને ભૌતિક દેહના અભાવનેલીધેજ કોઇ તેને મુષ્ટિવડે ગ્રહણ કરવાને શક્તિમાન થઇ શકતું નથી.[૪૧] જેમ સૂઇ ગએલા પુરુષનો આત્મા સ્વપ્નની અંદર સમુદ્ર, મેધ, સંગ્રામ, સિંહ, ઇત્યાદિના મોટા ધ્વનિરૂપે અનુભવમાં આવે છે, છતાં વસ્તુતાએ જોતાં તે શબ્દથી રહિત જ છે, અને પોતાના સ્વરૂપમાંજ રહેલ છે, એવી રીતે ચિન્મય પુરુષ પણ અનેક પ્રપંચરૂપે પ્રતીતિમાં આવે છે, પરંતુ પ્રપંચરહિત પોતાના સ્વસ્વરૂપની અંદરજ તે રહેલ છે.[૪૨] જેવી રીતે જાગી ગએલા પુરુષને સ્વપ્નની અંદર જોવામાં આવેલા યોદ્ધાઓના કોલાહલનો અનુભવ સ્મૃતિપથમાં આવતાં તે અત્યંત અસત્ય પણ ન જણાય અને સત્યરૂપ પણ ન લાગે, તેવી રીતે આ દૃશ્ય પ્રપંચ પણ સદ્રૂપ કે અસદ્રૂપ, એમ એકે રીતે ન કહી શકાય તેમ અનિર્વચનીય રીતે રહ્યો છે.[૪૩] એ ચિન્મય વિરાટ્ પુરુષની અંદર સર્વ પ્રપંચ માયામાત્ર હોવાથી જો કે તે મહાન આકારવાળો દેખાય અને અનેક લાખો યોજનોપર્યંત વિસ્તારવાળો જણાય તોપણ તે સૂક્ષ્મ પરમાણુની અંદર રહેલો છે તેમજ તેના એક રોમમાત્રમાં પણ ત્રણે લોકો રહેલા છે.[૪૪] જન્મ આદિ વિકારોથી રહિત એ ચિન્માત્ર પુરુષ અનેક કુળોરૂપે, શીળરૂપે અને ગુણરૂપે તથા સેંકડો કુળાચલરૂપે પ્રતીતિમાં આવે અને સેંકડો જગતરૂપે દેખાય તોપણ (એ સર્વ માયામાત્ર હોવાથી) વડના ટેટા જેટલી જગ્યાને પણ તે રોકતો નથી.[૪૫] કરોડો અને સેંકડો જગતનેરૂપે એ વિસ્તીર્ણ છે તો પણ અણુમાત્ર છે; અને વસ્તુતાએ જોઇએ તો સ્વપ્નમાં દેખાતા પર્વતનીપેઠે એ તત્ત્વ અણુમાત્ર દેશને પણ રોકતું નથી.[૪૬] એજ ચિન્મય પુરુષ સ્વયંભૂ કહેવાય છે, અને વિરાટ્ પણ તેજ કહેવામાં આવે છે. બ્રહ્માંડના આત્મારૂપ પણ એજ છે. આ જગત તેના દેહરૂપ છે, બાકી વસ્તુદૃષ્ટિથી જોઇએ તો તે સર્વ ચિદાકાશરૂપજ છે.[૪૭] સનાતન પણ એજ કહેવાય છે. 'રૂદ્ર' સંજ્ઞાપણ તેનીજ છે. ઇંદ્ર, ઉપેંદ્ર, પવન, મેધ, પર્વતોના સમૂહો વગેરે સર્વ તેના દેહરૂપ છે.[૪૮] પરમસૂક્ષ્મ ચિદાત્મા પ્રથમ પોતાના સ્વરૂપને વિવર્તરૂપે પસારતાં ચિત્તરૂપ થઇ જાય છે, અને પછી ક્રમે કરી વિશાળ આકારને ધારણ કરી પોતે પોતાના આત્માને હુંજ બ્રહ્માંડરૂપ છું એમ સમજે છે. તેમાં જે પવનરૂપી સ્પંદન ઉઠે છે, તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્ફૂર્તિનેલીધે સ્પંદ શબ્દવડે કહેવાય છે, અને એ વિરાટ્ પુરુષના પ્રાણની સ્ફૂર્તિજ બ્રહ્માંડરૂપી આકાશની અંદર વાતસ્કંધરૂપે રહેલ છે.[૫૦] જેમ આપણા શરીરની અંદર પ્રાણ અને અપાનનું સ્ફુરણ પ્રત્યક્ષ રીતે અનુભવમાં આવે છે, તેમ વિરાટના બ્રહ્માંડરૂપી શરીરમાં આકાશની અંદર જે પવન રહેલ છે, તે વાતસ્કંધ કહેવાય છે.[૫૧] બાળક જેમ પોતાના મનવડે પિશાચને કલ્પી લે તેમ એ વિરાટ્ પુરુષે પોતાના ચિત્તવડે જે તેજના કણને કલ્પી લીધેલ છે, તેજ મિથ્યારૂપ છતાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર આદિના સ્થાનરૂપ થઇ રહેલ છે.[૫૨] વિરાટ્ પુરુષના ઉદરમાં ઉદય પામેલા પ્રાણ-અપાનના પરાવર્તનરૂપી હીંડોળો વાતસ્કંધ એવા નામને ધારણ કરે છે અને આ જગત વિરાટ્ પુરુષના એક મોટા હૃદયરૂપ છે.[૫૩] પ્રત્યેક જીવની વાસનાવડે કલ્પાએલાં અને કલ્પપર્યંત વ્યવહાર કરનારાં જગતની અંદર રહેલાં સર્વ વ્યષ્ટિશરીરના પ્રથમ બીજરૂપ પણ એજ છે.[૫૪] પ્રત્યેક જીવમાં રહેલી વાસનામાં બીજરૂપે રહેલા વિરાટ્ પુરુષમાંથી જેવી રીતે બહાર બધા દેહો જગતને આકારે ઉત્પન્ન થએલા દેખાય છે, તેવીજ રીતે પ્રત્યેક પુરુષના દેહની અંદર પણ વાસનામય એવાં અનેક બ્રહ્માંડો રહેલાં છે.[૫૫] જેમ સર્વના આદિબીજરૂપ હિરણ્યગર્ભની અંદર અનેક બ્રહ્માંડોને ઉત્પન્ન કરનારી ચિત્સત્તા પ્રથમથીજ રહેલી છે, તેમ આ જીવની અંદર પણ હિરણ્યગર્ભના સંકલ્પને અનુસરી અનેક મનોમય બ્રહ્માંડોને ઉત્પન્ન કરનારી ચિત્સત્તા રહેલીજ છે.[૫૬] ચંદ્રમા, સૂર્ય અને પવન, વિરાટ્ પુરુષ કિંવા હિરણ્યગર્ભના વાત, પિત્ત અને કફરૂપ છે. તેમજ ગ્રહ અને નક્ષત્રગણ હિરણ્યગર્ભના પ્રાણદ્વારા બહાર આવનારા થુંકના બિંદુ જેવા છે.[૫૭] પર્વતોના સમૂહો વિરાટ્ પુરુષના અસ્થિરૂપ છે. મેઘો કેમ જાણે વિરાટ્ પુરુષના મેદરૂપ હોય એવા દેખાય છે. તેમજ એ વિરાટ્ પુરુષનાં મસ્તક, ચરણ, ત્વચા અને બ્રહ્માંડના આવરણને, આપણે દૂરપણાનેલીધે દેખી શકતા નથી.[૫૮] હે પ્રિય રામચંદ્રજી! વિરાટ્ કે જે પોતેજ સંકલ્પરૂપ છે તેનું આ જગત એક અંગરૂપ છે એમ તમે સમજો, કે જે વસ્તુતાએ જોતાં કેવળ કલ્પનામાત્ર છે, અને તેને લીધે આકાશ, શૈલ, પૃથ્વી, સાગર આદિ સર્વ શાંત ચિદાકાશરૂપજ છે.[૫૯]

वपुर्विराजो जगदंग विद्धि संकल्परूपस्य हि कल्पनात्मा ॥ आकाशशैलावनिसागरादि सर्वं चिदाकाशमतः प्रशान्तम् ॥५९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિરાડાત્મવર્ણન' એ નામનો તોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૩

સર્ગ ૭૪ મો.*

વિરાટ્ પુરુષનું વર્ણન

॥ श्रीवासिष्ठ उवाच ॥

तस्मिन् कल्पे तु संकल्पे तस्य यद्वपुरास्थितम् ॥ शृणु तत्र व्यवस्थेयं विचित्राचारहारिणी ॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી! એ શિલામાં જોવામાં આવેલા બ્રાહ્મકલ્પરૂપી વિરાટના સંકલ્પની અંદર જે તેનું બ્રહ્માંડરૂપી શરીર જોવામાં આવ્યું તેના વિભાગની વ્યવસ્થા હું કહું તે તમે સાંભળો કે જે વિચિત્ર આચાર—વ્યવહાર વગેરેથી ચિત્તને હરણ કરનાર છે.[૧] વિરાટ્ પુરુષનું ખરું વા-

* આ ચુમોતેરમા સર્ગમાં જે જે લોક વિરાટના અંશ અને અવયવરૂપ છે તથા જેવી રીતે વિરાટ્ પુરુષ તેની અંદર રહેલ છે તે સર્વ વિસ્તારથી વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્તવ સ્વરૂપ જોઇએ તો પરમચિદાકાશજ છે કે જે આદિ અંત અને મધ્યથી રહિત છે, બાકી એ વિરાટ્ પુરુષનું જગતરૂપી શરીર તો કાલ્પનિક હોવાથી અતિ તુચ્છ છે.[૨] બ્રહ્મા પોતાના સંકલ્પવડે ખડાં થઇ ગએલાં બ્રહ્માંડના બહારના પ્રદેશમાં નિઃસંકલ્પ સાક્ષિચૈતન્યરૂપેજ રહેલ છે અને સંકલ્પવડે બ્રહ્માંડને પોતાના શરીરરૂપે દેખે છે તેથી વાસ્તવિક રીતે જોઇએ તો તે પણ પ્રકાશમય ચિદાકાશરૂપજ છે.[૩] બ્રહ્મારૂપી હિરણ્યમય વિરાટ્ પુરુષે (હિરણ્યગર્ભે) પોતાનું બ્રહ્માંડ કે જે હિરણ્યમય છે, અને પોતાના સંકલ્પવડે ખડું થઈ જઇ પુષ્ટ થઈ રહ્યું છે, તેના જેમ પક્ષી પોતાના ઇંડાના વિભાગ કરે તેમ બે પ્રકારે વિભાગ કર્યા.[૪] એ બ્રહ્માંડના બે ભાગમાંથી ઉપરના ભાગને તેણે આકાશરૂપે કલ્પી લીધો, અને નીચેના ભાગને પૃથ્વીરૂપે કલ્પી લીધો. એ બન્ને પોતાના આત્માથી એ વિરાટ્પુરુષની દૃષ્ટિમાં જરાપણ જુદા નથી.[૫] બ્રહ્માંડનો ઉપરનો ભાગ વિરાટના મસ્તકરૂપ કહેવાય છે, નીચેનો ભાગ (ભૂલોક) ચરણરૂપ કહેવામાં આવે છે અને વચમાં રહેલા આકાશનો મધ્યભાગ તેના નિતંબરૂપ છે. છેટે છેટે રહેલા એ બન્ને લોકનો (ભૂલોક અને આકાશનો) વચલો ભાગ કે જે અતિ વિસ્તારવાળો છે અને અનંત છે, તે સર્વ મનુષ્યોને શૂન્ય અને શ્યામ એવી આકાશરેખારૂપે જોવામાં આવે છે.[૬,૭] સ્વર્ગલોક એ વિરાટ્ પુરુષના વિશાળ તાળુરૂપ છે, તારાઓ તેના રુધિરબિંદુરૂપ છે અને વિરાટ્ પુરુષના દેહની અંદર સુર-અસુર-નર-આદિ જીવો બુદ્ધિ અને પ્રાણની અનેક વૃત્તિઓરૂપ છે.[૮] વિરાટ્ પુરુષના દેહની અંદર ભૂત પ્રેત અને પિશાચ કૃમિરૂપ છે, સૂર્યલોક-ચંદ્રલોક-આદિ ઉપરના લોકો વિરાટ્ પુરુષના ઉપરના (ચક્ષુ-આદિનાં) છિદ્રરૂપ છે અને બીજા યમલોક આદિ નરકસ્થાનો નીચેનાં છિદ્રરૂપ છે.[૯] વિસ્તારવાળો નીચેનો બ્રહ્માંડખંડ કે જે પાતાળરૂપ છે તે એ વિરાટ્ પુરુષના ચરણતળરૂપ છે અને નીચેનાં પાતાળતળના ભાગો વિરાટ્ પુરુષના ગોઠણના રંધ્રરૂપ છે.[૧૦] જળવડે ચંચળ દેખાતી; ગુફાઓરૂપી અનેક રંધ્રોને ધારણ કરી રહેલી, કામ-રોગ જરા-મરણ-આદિવડે વ્યાકુળ, તથા સમુદ્ર અને દ્વીપવડે વીંટાએલી પૃથ્વી એ વિરાટ્ પુરુષના મધ્યમાં રહેલ બસ્તિ, જઘન અને નિતંબભાગરૂપ છે.[૧૧] જળવડે ગડગડાટ કરનારી નદીઓ વિરાટ્ પુરુષના દેહની નાડીઓરૂપ છે. નદીઓમાં રહેલ જળ વિરાટ્ના નાડીની અંદરના રસરૂપ છે. મેરુરૂપી કર્ણિકાને ધારણ કરી રહેલો જંબૂદ્વીપ વિરાટ્ પુરુષના હૃદયકમળરૂપ છે.[૧૨] શૂન્ય દિશાઓ વિરાટ્ પુરુષના કુક્ષિભાગ (પેટ) રૂપ છે. પર્વતો વિરાટ્ પુરુષના યકૃત્ અને પ્લીહારૂપ છે. કોમળ, સ્નિગ્ધ અને વસ્ત્રના જેવા દેખાતા મેઘો વિરાટના મેદના સમૂહરૂપ છે.[૧૩] ચંદ્રસૂર્ય વિરાટ્ પુરુષનાં લોચનરૂપ છે. બ્રહ્મલોક તેના મુખરૂપ ગણાય છે. ચંદ્રમાને વિરાટના વીર્યરૂપ કહેવામાં આવે છે. હિમાલય પર્વત વિરાટ્ પુરુષના શ્લેષ્મરૂપ છે.[૧૪] અગ્નિલોક અને વડવાનળ વિરાટના અતિ દુઃસહ (મહાતીવ્ર) એવાં પિત્તરૂપ છે. વાતસ્કંધમાં પ્રસિદ્ધ એવા (આવહ–નિવહ–પ્રવહ–આદિ) મહાવાયુઓ એ વિરાટ્ પુરુષના હૃદયમાં રહેનારા પ્રાણ–અપાનરૂપ છે.[૧૫] કલ્પવૃક્ષોનાં વનો અને બીજાં પણ અનંત વનો અને ઉપવનો તથા પાતાળ આદિ કેટલાંક સ્થળોમાં પ્રસિદ્ધ રહેનારા સર્પોના સમૂહો વિરાટનાં રુંવાડાંના સમૂહરૂપ છે.[૧૬] બ્રહ્માંડનો ઉપરનો સઘળો વિશાળ ભાગ વિરાટના મસ્તકરૂપ છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બ્રહ્માંડના ઉપરના છેવટના ભાગમાં રહેલ જ્યોતિ વિરાટની પ્રદીપ્ત શિખારૂપ છે.[૧૭] એ વિરાટ્ પુરુષ પોતેજ (સમષ્ટિના) મનરૂપ છે, તેથી તેનું જુદું મન માનવાની કશી જરૂર રહેતી નથી. વિરાટનો આત્માજ ભોગનેમાટે ભોગ્યવસ્તુને કલ્પી લઈ, પોતે ભોક્તારૂપ થાય છે એવી કલ્પના પણ સંગત થતી નથી; કેમ કે આત્મા કે જે અસંગ અને અદ્વિતીય છે તે બીજો ભોગ્યપદાર્થજ ન હોવાથી કોનો ભોક્તા થાય, શી રીતે તેમાં ભોક્તાપણું સંભવે અને કેમ તેને ભોક્તા કહી શકાય ?[૧૮] એવીજ રીતે વિરાટ્ પુરુષની જુદી ઇંદ્રિયો પણ માનવાની કશી જરૂર નથી, કેમ કે એ પોતેજ ઇંદ્રિયરૂપ છે અને આપણ વગેરેમાં પણ ઇંદ્રિયોનું જે અસ્તિત્વ છે તે એમની કલ્પનાવડેજ છે; અને ઇંદ્રિયોનો સમૂહ પણ કેવળ કલ્પનામાત્રજ છે.[૧૯] અવયવ અને અવયવીરૂપે રહેનાર ઇંદ્રિય અને ચિત્ત, એ બેમાં જરાપણ ભેદ નથી અને કેમજાણે એકજ શરીરવાળાં હોય તેમ પરસ્પર અનુસ્યૂત થઇ રહેલાં એ ઇંદ્રિય તથા મનનું એકપણુંજ છે. (કે જે સ્વપ્ન આદિમાં અનુભવમાં આવે છે)[૨૦] જે જે જગતનાં કાર્યો થતાં દેખાય છે તે સર્વ વિરાટ પુરુષના કાર્યરૂપજ છે, કેમકે એ વિરાટ પુરુષના સંકલ્પોજ વ્યષ્ટિરૂપે રહેલા સર્વ પુરુષને રૂપે પરસ્પર ભેદનું આરોપણ કરી લઇ સર્વ વ્યવહારને આકારે થતા દેખાય છે.[૨૧] સમષ્ટિરૂપી જગતનાં જન્મ અને મરણ તેજ એ વિરાટ્ પુરુષનાં જન્મ–મરણરૂપ છે. બીજા આપણના વ્યષ્ટિ દેહનાં જન્મ–મરણ એ કાંઇ વિરાટનાં જન્મ મરણરૂપ નથી; કેમકે એ વિરાટ્ પુરુષજ આ જગતની અંદર સમષ્ટિરૂપે રહેલ છે. અને આપણના સંકલ્પરૂપ પણ તેજ છે, બીજો કોઈ નથી.[૨૨] વિરાટ્ પુરુષની સત્તાવડેજ જગતની સત્તા છે અને વિરાટ્ પુરુષનો અભાવ (પોતાના મૂળસ્વરૂપમાં લીન થઈ જવું) થતાં જગતનો પણ અભાવ થઇ જાય છે. જેમ પવન અને તેની ચલનશક્તિની સત્તા એક છે, તેમ વિરાટ્ પુરુષ અને જગત, એ બન્નેની સત્તા એકજ છે.[૨૩] પવન અને તેની ચલનશક્તિની સત્તાનું જેમ ઐક્ય છે, તેમજ જગત અને વિરાટની સત્તાનું ઐક્ય સમજવું. જે જગત છે, તેજ વિરાટરૂપ છે અને જે વિરાટ છે તેજ જગતરૂપ કહેવામાં આવે છે.[૨૪] જગત, બ્રહ્મા અને વિરાટ્, એ સર્વ શબ્દો એક બીજાના પર્યાયવાચક છે અને તે શુદ્ધ ચિન્માત્રરૂપે રહેનારા પરમાત્માનો एकोहं बहुस्याम् ઇત્યાદિ શ્રુતિમાં બતાવેલો એક જાતનો સંકલ્પજ છે, જેથી વસ્તુતાએ જોતાં સર્વ એક શુદ્ધ ચિદાકાશરૂપજ સિદ્ધ થાય છે.[૨૫]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—ચિદાકાશરૂપ બ્રહ્માજ પોતાના સંકલ્પના બળથી વિરાટરૂપ આકારને ધારણ કરી રહેલ છે એમ ભલે હો પરંતુ એ બ્રહ્માજ પોતાના દેહની અંદર શી રીતે રહી શકે છે ?[૨૬]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ તમે પોતે તમારા પોતાના દેહની અંદર ધ્યાનવડે યથાસ્થિતપણે રહી શકા છો તેવી રીતે બ્રહ્મા કે જે પોતેજ સંકલ્પરૂપ છે તે પણ પોતાના દેહની અંદર રહ્યા છે.[૨૭] વિવેકી પુરુષોને પોતાના દેહની અંદર જીવ કે જે લિંગશરીરરૂપ છે તે હૃદયદેશમાં રહેલ અનુભવમાં આવે છે, અને તેનું સ્વરૂપ ઉત્પન્ન થયેલા તે તે દેહની પેઠે પરિમિત આકારવાળું (અણુ) અને દર્પણમાં પડેલા પ્રતિબિંબના જેવું આભાસરૂપ દેખાય છે.[૨૮] તમે પોતે પણ પોતાના દેહની અંદર જ્યારે સારી રીતે સ્થિતિ રાખવાને

CC-0 Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શક્તિમાન છો ત્યારે પછી બ્રહ્મા કે જે મહા-સમર્થ છે અને ચિદાકાશના સંકલ્પરૂપ છે તે પોતાના શરીરમાં કેમ સ્થિતિ ન રાખી શકે ?[૨૯] જ્યારે સ્થાવર વૃક્ષ આદિ પોતાના બીજરૂપી દેહની અંદર રહી શકે છે અને જંગમ જીવો પણ પોતાના દેહની અંદર રહી શકે છે તો પછી ચિદાકાશમાં કલ્પનારૂપે ખડા થઇ રહેલા સર્વ શક્તિમાન બ્રહ્મા પોતાના દેહની અંદર કેમ ન રહી શકે ?[૩૦] બ્રહ્મા કે જે પોતે ચિદાકાશરૂપ છે તે બ્રહ્માંડને આકારે ભલે સાકાર હો અથવા ચિદાકાશરૂપે ભલે નિરાકાર હો પરંતુ બન્ને પક્ષમાં તે બ્રહ્માંડની બહાર અને અંદર રહેલ છે. બાહ્યપણું અને આંતરભાવ, એ બન્નેની કલ્પના સ્વરૂપવિચાર છોડી દઈએ તો જુદી લાગે છે પણ તેની અંદર રહેલ ચિત્તત્ત્વમાં કશો પણ ભેદ નથી.[૩૧] વિરાટ્ બહાર બ્રહ્માંડરૂપે રહેલ છે અને અંદર હું તમે ઇત્યાદિ વ્યષ્ટિ—સમષ્ટિરૂપે અને પંચભૂતરૂપે તથા ભૌતિક પદાર્થરૂપે રહેલ છે; તેમજ સ્વસ્વરૂપની અંદર પોતે આમારામપણે રહી કાષ્ઠમૌનને ધારણ કરી રહેલ છે, અને પાષાણની પેઠે જડ છે તથાપિ ચિદ્રૂપે એકરસમય હોવાથી જડતારહિત ચિન્મયરૂપેજ સર્વદા રહેલ છે.[૩૨] વિરાટની પેઠે તત્ત્વજ્ઞ પુરુષ પણ પોતાની સ્થિતિ જાળવી રાખે છે. જેમ લતા, તૃણ અને કાષ્ઠપ્રતિમા વગેરેને પ્રથમ રજ્જુ આદિવડે બાંધી રાખી પછી છોડી દેવામાં આવે તોપણ તે કશું બોલ્યા ચાલ્યાવિના મૌન ધારણ કરી રાખે છે, તેમ તત્ત્વજ્ઞ પુરુષ પણ કોઇના તરફથી માન-અપમાન થાય તોપણ તે બાબતમાં આનંદ ક્રોધ આદિ ભાવ ન બતાવતાં મૌનજ ધારણ કરી રહે છે. જેમ જળના પ્રવાહને રોકી રાખવામાં આવે કે તોડી નાખવામાં આવે તોપણ તે પોતાની પૂર્વસ્થિતિને છોડતો નથી, તેમ તત્ત્વજ્ઞ પુરુષ પણ નાના પ્રકારના કાર્યમાં પ્રવૃત્તિ કર્યા કરે છે છતાં શિલાના ગર્ભની પેઠે તે સદા શાંતચિત્તવાળો અને નિર્વિકારજ રહે છે.[૩૩]

आवेष्टितोज्झितलतातृणदारुपुंवदुच्छब्दमम्बुरयवच्च विरोपितांगः॥ नानाविधेपि विहरन्नपि कार्यजाले तज्ज्ञःशिलाजठरशान्तमनस्क एव॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિરાડાત્મવર્ણન' એ નામનો ચુમોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૪

सर्ग ७५ मो.*

બાર સૂર્યોની ઉત્પત્તિ અને પ્રલયાગ્નિવર્ણન.

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथाग्रस्थब्रह्मलोको ब्रह्मणि ध्यानशालिनि॥ निक्षिप्ताक्षः शनैर्दिक्षु दृष्टवानहमग्रतः॥ १॥

શ્રીવસિષ્ઠજી કહે છે:—પછી એ બ્રહ્મા ધ્યાનમાં નિમગ્ન થઇ જતાં હું કે જે પાસે રહેલા બ્રહ્મલોકને જોતો હતો તેણે ધીરે ધીરે દિશાઓમાં ચોતરફ આંખો ફેરવી જોવા માંડયું તો પોતાની પાસે રહેલ પશ્ચિમ દિશાના મુખની અંદર, મધ્યાહ્ન વખતે પ્રસિદ્ધ રીતે ઉદય પામેલા બીજા સૂર્યને મેં જોયા, કે જે દિશાના મુખમાં કેમ જાણે દાહ ઉત્પન્ન કરતા હોય અને કેમ જાણે કોઈ વનનો દાહ થતો હોય તેવા મહાજાજ્વલ્યમાન દેખાતા હતા.[૧,૨] ત્યારપછી મેં નૈઋતખુણ તરફ જોયું તો તેમાં પણ આકાશની અંદર પ્રકાશિત થઇ રહેલા અગ્નિલોકની પેઠે અને સમુદ્રમાં રહેનારા વડવાનલની પેઠે મહા પ્રકાશવાળા સૂર્યનારાયણ મારા જોવામાં આવ્યા.[૩] તેવીજ રીતે દક્ષિણ દિશાતરફ હું જોવા લાગ્યો તો તેમાં પણ મેં સૂર્યને દીઠા. તેમ અગ્નિ ખુણામાં

* આ પંચોતેરમા સર્ગમાં બ્રહ્મા ધ્યાનપરાયણ થઈ રહેતાં બાર સૂર્યોની ઉત્પત્તિવિષે કહેવામાં આવશે, અને સર્વ જગતને બાળી ભસ્મ કરનારા પ્રલયાગ્નિવિષે પણ વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ સૂર્યનારાયણ મારા જોવામાં આવ્યા, પૂર્વ-દિશામાં પણ મેં સૂર્યને જોયા, ઇશાન ખુણામાં પણ સૂર્યનારાયણ મારા જોવામાં આવ્યા, વાયવ્ય ખુણામાં પણ સૂર્યનારાયણ મારા દેખવામાં આવ્યા અને ઉત્તરદિશામાં પણ હું જોવા લાગ્યો તો સૂર્યને મેં દીઠા કે જે જોવાથી હું અતિ આશ્ચર્યને પ્રાપ્ત થઈ ગયો.[૪,૫] હું એ જોવાથી વ્યાકુળ થઇ જઇ દૈવની પ્રતિકૂળતાનો અને વિચિત્રતાનો વિચાર કરતો હતો તેટલામાં સમુદ્રમાંથી ઉત્પન્ન થતા વડવાનળનીપેઠે પૃથ્વીમાંથી બીજા સૂર્યનો ઉદય થવા લાગ્યો.[૬] પછી આકાશના મધ્યભાગમાં ત્રણ સૂર્યનો ઉદય થયો. તેમાં અગીયારમા (આકાશના મધ્યભાગના વચમાંના) સૂર્ય તો એવા પ્રકાશવાળા હતા કે કેમ જાણે બીજા સર્વ સૂર્યોના તેજનો પુંજ એકઠો થઇ ઉદય પામતો હોય એવા દેખાતા હતા.[૭] એ મધ્યમાં રહેલા સૂર્યનારાયણનું શરીર રુદ્ર કે જે ત્રણ ગુણોના સંબંધથી બ્રહ્મા વિષ્ણુ અને શિવરૂપ છે તેનું હતું અને તેની અંદર ત્રણ લોચનો દેખાતાં હતાં. એ રુદ્રજ મહા પ્રદીપ્ત બાર સૂર્યના સમૂહરૂપે થઇ જઇ જેમ સૂકેલાં વનને અગ્નિ બાળવા માંડે તેમ સર્વ દિશાઓમાં પ્રબળપણે દાહને ઉત્પન્ન કરવા લાગ્યા. જગતના ખંડોનું શોષણ કરવામાં ઉનાળાના દિવસોના જેવો મહાતીક્ષ્ણ જણાતો અગ્નિદાહ કે જે અગ્નિવિનાજ માત્ર સૂર્યોના તેજવડે ઉત્પન્ન થયો હતો અને જેમાં ધૂમાડાના ગોટાઓ કે ઉંબાડીયાંઓ બીલકુલ હતાંજ નહિ તેનો પણ ઉદય થતો દેખાયો.[૮,૯] કમળના જેવાં સુંદર નેત્રવાળા હે રામચંદ્રજી ! એ અગ્નિદાહવડે મારાં અંગો કેમ જાણે દાવાનળથી બળતાં હોય એવાં ખિન્ન થઈ ગયાં. પછી એ પ્રદેશને છોડી દઈ દૃઢ હાથના આઘાતથી ઊંચા ઉછળેલા દંડની પેઠે હું આકાશમાં ઊંચો ચડી ગયો.[૧૦,૧૧] એ આકાશના ઊર્ધ્વ ભાગમાં રહી દશે દિશાઓમાં તપ્યા કરતા પ્રચંડ તેજવાળા બાર સૂર્યનારાયણનો સમૂહ કે જે ઉદયને પ્રાપ્ત થયો હતો તે મારા જોવામાં આવ્યો.[૧૨] એ દિશાઓની અંદર તારાઓવાળાં આકાશમાં વ્યાપ્ત થઇ રહેલી કેમ જાણે કોઈ જ્વાળા હોય તેવું મહા દેદીપ્યમાન ચપળ નક્ષત્રચક્ર મારા જોવામાં આવ્યું.[૧૩] એ બાર સૂર્યનારાયણનો સમૂહ કેમ જાણે સાત સમુદ્રના આડંબરને મથતો હોય અને મોટા કડકડાટના શબ્દો ઉત્પન્ન કરતો હોય એવો દેખાતો હતો. લોકોની અંદર અને અનેક નગરોની અંદર જ્વાળાવાળાં ઉંબાડીયાંઓ ધકકપણે દેખાતાં હતા.[૧૪] સૂર્યની જ્વાળારૂપી ઘાટાં રાતાં વસ્ત્રોના આડંબરથી પર્વતો સિંદૂરના જેવા લાલ રંગના દેખાતા હતા. સૂર્યોના પ્રકાશનેલીધે દિશાઓરૂપી વસ્ત્રોમાં મોટા લોકપાલોનાં નગરો સ્થિર વિજળીઓના જેવાં દેદીપ્યમાન દેખાતાં હતાં.[૧૫] અનેક નગરોના સમૂહો સૂર્યનો પ્રચંડ દાહ લાગતાં કડકડાટનો અવાજ કરી નષ્ટ થઇ જતા હતા. શિલાના જેવા ઘાટા, પૃથ્વીમાંથી બહાર નીકળેલા અને દંડને આકારે દેખાતા ધૂમાડાઓના ગોટાઓવડે, સૂર્યોના પ્રચંડ તેજવડે સુશોભિત ભૂલોકરૂપી મંડપ કેમજાણે હજારો કાચોના સ્તંભોવડે સુશોભિત હોય એવો દેખાતો હતો. આખું જગત સૂર્યોના તાપવડે બળ્યા કરતાં પ્રાણીઓના અને પૃથ્વી આદિ મહાભૂતોના ઊંચા આક્રંદોવડે અતિ ઘોઘરા અવાજવાળું બની ગયું હતું.[૧૬,૧૭] પ્રાણીઓનું, ભૂલોક આદિ લોકોનું અને તેની અંદર આવી રહેલાં નગરોનું પડવું થતાં ફાટી પડતા અનેક પદાર્થોના અવાજથી સઘળી સૃષ્ટિ મહા ભયંકર આકારને ધારણ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરી રહી હતી. આકાશમાંથી અશ્વિની આદિ તારાઓનું પડવું થતાં તેના અભિઘાતવડે પૃથ્વીની અંદર રહેલાં રત્નોનું ઘર્ષણ થતું હતું.[૧૮] વસ્તીના સમૂહને બહુ દાહ લાગવાથી સર્વ સ્થળોમાં અને પોતપોતાનાં ઘરોમાં મનુષ્યો દોડાદોડ કરી રહ્યાં હતાં. ક્ષીણ થઇ મૃતતુલ્ય થઇ રહેલા અને આક્રંદપૂર્વક સઙ્ઘા કરતા પ્રાણીઓના સમૂહોનેલીધે દિશાઓનાં તટો દુર્ગંધવાળાં થઇ ગયાં હતાં.[૧૯] મહાસાગરની અંદર સૂર્યોના પ્રચંડ તાપવડે તપી ગએલા જળમાં રહેલાં જળચર પ્રાણીઓ ચારેકોર ખિન્ન થઇ ગયેલાં દેખાતાં હતાં. સર્વ દિશાઓમાં પ્રસરી ગયેલા અગ્નિવડે (સૂર્યસંબંધી દાહવડે) બળી જવાથી બીજાં અનેક નગરોની અંદર રોવાનો અવાજ પણ શાંત થઇ ગયો હતો.[૨૦] વિખરી ગયેલા અને દગ્ધ થઇ ગયેલા દિગ્ગજોના સ્તંભ જેવા ાંતોવડે દિશાઓના અંતના પર્વતો ટકી ા હતા. પર્વતોનાં ગુફાઓરૂપી છિદ્રમાં ૂમાડાના ગોટાઓનાં કુંડાળાં પ્રસરી રહ્યાં હતાં.[૨૧] કડકડાટ કરી પડનારા પર્વતોવડે અનેક નગરોના સમૂહો ચૂરે ચૂરા થઇ જતા હતા અને બળી જતા દેખાતા હતા. સૂર્યોના દાહવડે બળી જઈ પાકી ગયા જેવા થઇ ગયેલા હાથીઓના શબ્દોવડે મોટા પર્વતો ગાજી રહ્યા હતા.[૨૨] તાપવડે તપી ગયેલાં અને ઉછળ્યા કરતાં પ્રાણિઓવડે, સમુદ્રો અને પર્વતો કેમ જાણે જ્વરિત (તાવવાળા) થઈ રહ્યા હોય એવા દેખાતા હતા. સૂર્યના પ્રચંડ તાપવડે હૃદય સ્ફુટિત થઈ જતાં વિદ્યાધરોની સ્ત્રીઓ બલહીન થઇ જઈ આકાશમાંથી નીચે પડતી હતી.[૨૩] એ સૂર્યોનો પ્રખર દાહ થવાના સમયમાં કેટલાક પ્રાણીઓ બરાડા પાડીને અને કેટલાક રુદન કરીને થાકી ગયા હતા અને કેટલાક તો યોગબળથી બ્રહ્મરંધ્રને ફોડી તે દ્વારાએ ઊર્ધ્વ લોકમાં જઈ અમરપણું મેળવતા હતા. નાગલોકમાં બળ્યા કરતી સૂર્યતાપની જ્વાળાવડે ઠેઠ પાતાળપર્યંત આખો ભૂલોક તપી રહેલો દેખાતો હતો.[૨૪] સૂર્યનારાયણોના તાપવડે સૂકાઇ ગયેલા સમુદ્રોની અંદર સદાકાળ સ્થિતિ હોવાથી દગ્ધ થઈ રહેલાં ઝુડ આદિ જળચર પ્રાણીઓ તરફડીયાં મારવાથી બહુજ ભયંકર દેખાતાં હતાં. વડવાનળ, જળરૂપી ઈંધનના અભાવનેલીધે હજારો પ્રકારે કેમજાણે ઉંચો ઉડતો હોય તેમ આકાશમાં જઈ નૃત્ય કરતો રહી આકાશની અપ્સરાઓને ઝડપી લેતો હતો. પછી પ્રકાશમાન એવાં જ્વાળાઓરૂપી કેસુડા રંગનાં વસ્ત્રોવડે સુશોભિત, ચપળ ઉંબાડીયાંરૂપી પુષ્પોવાળો, ઉંચે અવાજે ફાટનારા વાંસ આદિના સ્વરવડે નાનાપ્રકારના વાદ્યના આડંબરને ધારણ કરી રહેલો, શૌર્યથી જુસ્સામાં આવી જઇ બોલનારા મોટા યોદ્ધાનીપઠે મહાવિકરાળ આકારને ધારણ કરી રહેલો, જ્વાલાઓરૂપી ઊંચા રહેલા ભુજોવડે સુંદર, ધૂમાડારૂપી કેશવાળો, અને જગતરૂપી જુની કોટડીમાં નટનીપેઠે નાચ કરતો પ્રલયાગ્નિ કેમ જાણે તાંડવ નૃત્ય કરવા તૈયાર થયો હોય તેમ ઉત્પન્ન થયેલો દેખાતો હતો. અનેક વનના સમૂહો, પુરો, નગરો, મંડળો, દ્વીપો, ગઢો, જંગલો, સ્થળો, પાતાલ આદિ સ્થાનો વગેરે સર્વ બળવા લાગ્યાં; તેમજ ભૂલોક ઉપરનું મહાવિશાળ આકાશ, દશ દિશાઓ, અને સ્વર્ગલોકનો ઉપરનો ભાગ એ પણ બળવા માંડ્યાં.[૨૫-૨૯] કોઈ ઠેકાણે ખાડાવાળાં અને કોઈ જગોએ રેંટના યંત્રોવડે તથા મોટા ા હેલોવડે યુક્ત એવાં નગરોવાળા દિશાઓના તટોમાં પણ દાહ થવા લાગ્યો. પર્વતોનાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શિખરો, તેની અંદર રહેનારા સિદ્ધોના સમૂહો, પર્વતો, સાગરો, મહાસાગરો, તળાવો, નદીઓ, તળાવડીઓ, દેવતાઓ, અસુરો, મનુષ્યો, સર્પો વગેરે પણ બળવા લાગ્યાં.[૩૦,૩૧] દિશાઓ તેની અંદર રહેલા પુરુષોએ સહિત છણછણાટ કરતી બળવા લાગી. જ્વાલાઓના સમૂહોરૂપી ઉજ્વળ દેશને ધારણ કરી રહેલી દિશાઓ ભયંકર શબ્દોવડે અને ઘણી ભસ્મવડે પરસ્પર વિક્ષેપને ઉત્પન્ન કરવાથી કેમ જાણે ધૂળ અને પાણી વગેરે છાંટી પરસ્પર રમત કરનારી કોઈ દુષ્ટ રાક્ષસીઓ હોય એવી દેખાતી હતી.[૩૨] મોટા ખાડાઓની અને પર્વતોની તથા પૃથ્વીની ગુફાઓમાંથી જ્વાળાઓ નીકળવા લાગી અને એ જ્વાળાની અંદર રહેલી સમસ્ત પ્રાણીઓની જાતિઓ ઝાળનેલીધે લાલવર્ણની થઈ ગઈ.[૩૩] સંપત્તિવિનાની શૂન્ય થઇ ગયેલી દિશાઓ તત્કાળ નીકળેલાં લોહીના જેવા રાતા રંગના અને ઇસદ્રૂર રંગનાં વાદળાં જેવા જ્વાળાઓના સમૂહવડે સ્થળકમળમાં રહેનારા ભ્રમરાઓના જેવી સુશોભિત દેખાતી હતી.[૩૪] ધગધગતા અને જગતની અંદર ફેલાઇ રહેલા જ્વાળાઓના સમૂહોવડે આકાશ કેમ જાણે રાતાં વસ્ત્રોવડે કે સંધ્યાનાં વાદળાંઓવડે વ્યાપ્ત થઈ રહેલ હોય તેવું દેખાતું હતું અથવા તો વિકસિત થઇ રહેલાં કેસુડાનાં વનો આકાશમાં ઊડી જઇ તેવડે કેમ જાણે આકાશ વીંટાઇ રહ્યું હોય એવું જણાતું હતું.[૩૫,૩૬] એવીજ રીતે સમુદ્રો કે જેઓ વડવાનળવડે વીંટાઈ રહેલા હતા તેઓ કેમ જાણે અશોકનાં વનોવડે વીંટાઈ રહેલા હોય અથવા કેમ જાણે સ્થળકમળવડે સુશોભિત હોય અથવા કેમ જાણે બાલસૂર્યોના સમૂહોવડે વ્યાપ્ત થઇ રહ્યા હોય એવા દેખાતા હતા. વનોમાં સતેજ થઇ રહેલો દાવાનળ મોટા [illegible] ત્રમાં આલેખેલા જુઠા અગ્નિને કેમ જાણે યથાર્થ કરવા ધારતો હોય તેમ નાના પ્રકારની બળતી જ્વાળાઓના ધૂમાડાના ગોટાઓ સાથે બંધાઇ જઈ હજારો ફણાઓવડે વીંટાઇ રહેલા શેષનાગનીપેઠે અતિ વિસ્તારવાળો થઇ જતો હતો.[૩૭,૩૮] વિંધ્યાચળ સૂર્યના ઉદય-અસ્ત-આદિના સંબંધથી રહિત થઇ ગયો હતો. સહ્યાદ્રિ ધીરે ધીરે કેમ જાણે ક્ષોભને પ્રાપ્ત થઇ ગયેલ હોય તેવો દેખાતાં અને અંગારાના જેવી તપ્યા કરતી શાખાઓવાળાં જ્વાળાવડે યુક્ત એવાં વનોના તાપનેલીધે અસહ્યપણાને પ્રાપ્ત થઈ ગયો હતો. વચમાં બહુજ કાળા દેખાતા અને ભમ્યા કરતા ધૂમાડારૂપી ભમરાઓવડે સુશોભિત અને ધૂમાડાવાળી જ્વાળારૂપી કમળોથી શ્યામ થઇ રહેલું આકાશ મોટાં સરોવરના જેવું દેખાતું હતું.[૩૯,૪૦] ધૂમકેતુરૂપી કેશને ધારણ કરી રહેલી નાશરૂપી નટડીઓ અગ્નિની શિખારૂપી શિખરને મુકુટમાં ધારણ કરી લઇ પર્વતોની ગુફાઓમાં રહેલા બાલી ભાગમાં પર્વતોનાં શિખરોમાં અને શૂન્ય આકાશમાં નીરસપણાથી નૃત્ય કર્યા કરતી હતી.[૪૧] બ્રહ્માંડના ઊર્ધ્વભાગરૂપી કપાટને ધારણ કરી રહેલી પૃથ્વી નીચેના ભાગમાં અગ્નિની જ્વાળા લાગવાથી ફૂદકા મારતા જીવોના સમૂહોરૂપી અનેક શેકવાનાં બીજોને શેકવાના પાત્રરૂપ થઇ ગઈ હતી.[૪૨] વળી આ પૃથ્વી એ પ્રલયકાળના સમયમાં છાતી ફૂટી રડ્યા કરતી જગતની લક્ષ્મીના હૃદયભાગમાં રહેલા પોંચામાં નાના પ્રકારના દ્વીપોના ભેદનેલીધે જુદી જુદી જાતની દેખવામાં આવતી મૃત્તિકાથી સાત સમુદ્રોરૂપી જળોથી અને તેઓની અંદર વ્યાપ્ત થઈ રહેલા અગ્નિથી જુદી જુદી જાતના વર્ણોરૂપી મણિમય મુખવડે રાતી જણાઇ કેમ જાણે સુવર્ણની બનેલી ચમચમાટ કરતી કાંકણોની પંક્તિ હોય

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

એવી દેખાતી હતી.[૪૩] પર્વતો ચટચટ અવાજ કરી ફાટી જતા હતા. વૃક્ષો કડકડાટના અવાજની સાથે નીચે પડતાં હતાં.[૪૪] દેશો હાહાકારના અવાજની સાથે સાવ ઉજ્જડ થઈ જતા દેખાતા હતા. સૂર્યોના પ્રચંડ તાપવડે મથાવાથી વિચિત્ર આકારને ધારણ કરી રહેલા અને ફીણોના ગોટાઓ ઉછળવાથી પુષ્ટ જણાતા સમુદ્રો સૂર્યનારાયણમાં પ્રતિબિંબિત થઈ રહેલા પોતાના મુખભાગસુધી ઠેઠ પહોંચી જઈ પોતાના તરંગોરૂપી હાથોને તેમાં ભટકાવતા હતા. અન્યોન્ય એક બીજામાં ગુંથાઇ રહેલા તરંગોના ઝપાટાથી ચપળ થઇ રહેલા અને ધસાઇ જઇ છેવટ પૃથ્વીના જેવા સરલ આકારને પ્રાપ્ત થઇ ગયેલા પોતાના પ્રદેશમાં આવેલા પર્વતોને સમુદ્રો જડ માણસોનીપેઠે કોપને પ્રાપ્ત થઇ જઇ પોતાના તરંગોરૂપી હાથોવડે ગળી જતા હતા.[૪૫-૪૭] કોઇ ઠેકાણે પર્વતોના તટમાં જ્વાળાઓનો સંઘર્ષ થવાથી ઉભો થયેલો અગ્નિનો તડતડાટનો અવાજ દિશાઓ અને આકાશને ગળી ગયેલા સમુદ્રોના ગડગડાટના અવાજનું અનુકરણ કરતો હતો. દશે દિશાઓ લોકપાલોનાં પુરો પડી જઇ ભસ્મ થઇ જવાથી તપેલા અંગારાવાળી પર્વતોરૂપી ભીંતોનું ધારણ કરી રાખી ઉન્મત્તના જેવી થઇ જઇ આકુળવ્યાકુળ થઈ રહેલી દેખાતી હતી.[૪૮] મેરુ પર્વત કે જે એક સુવર્ણના રસરૂપજ છે અને અતિ રમણીય આકારવાળો છે તે પોતાની તળેટીમાં આવેલા મોટા મોટા પર્વતો, વૃક્ષો, ઘરો અને ગુફાઓ, એ સર્વેએ સહિત જેમ તડકો લાગવાથી હિમ ગળવા માંડે તેમ સૂર્યના તાપવડે ધીરે ધીરે ગળતો દેખાતો હતો.[૪૯,૫૦] સર્વ સ્થિતિમાં અંદર શીતલ રહેનારો શુદ્ધ સજ્જન પુરુષ જેમ દુર્જનનો સંપર્ક થતાં તાપવડે ગલિત થઈ જાય તેમ હિમાલય પણ સૂર્યના તાપરૂપી અગ્નિ લાગવાથી ક્ષણમાત્રમાં ગળી ગયેલો દેખાવા લાગ્યો. પ્રલયકાળની દશામાં પણ મલયાચલ પોતાના નિર્મલ સુગંધને ધારણ કરી રહ્યો હતો, કેમકે ઉદાર ચિત્તવાળો પુરુષ પોતાનો નાશ થઇ જાય તોપણ પોતાની અંદર રહેલા ઉત્તમ ગુણને (હારી જઇ) કદી પણ છોડી દેતો નથી. મહાન પુરુષ નાશને પ્રાપ્ત થઈ જાય તોપણ બીજાઓને પોતાના તરફથી કશો ખેદ ન ઉપજાવતાં હર્ષજ ઉપજાવે છે,[૫૧,૫૨] એ નિયમપ્રમાણે ચંદન જો કે બળી ગયું તો પણ જીવતા રહેલા બીજા પુરુષોને પોતાના સુગંધથી તે આનંદજ આપનાર થઇ પડ્યું હતું જે ઉત્તમ વસ્તુ હોય તે કોઇ દિવસ અધમ વસ્તુરૂપ થતીજ નથી.[૫૩] એ નિયમપ્રમાણે સુવર્ણ જો કે પ્રલયાગ્નિવડે બળી ગયેલું હતું તોપણ તેનો સાવ નાશ થઇ જઇ અન્યથાભાવ થઇ ગયો ન હતો. સર્વનો નાશ થઇ ગયા છતાં નાશને ન પ્રાપ્ત થઇ ગયેલાં સુવર્ણ અને આકાશ એ બન્નેનું સ્વરૂપજ ખરેખર વખાણવા યોગ્ય છે; કેમકે એ પ્રલયકાળના અગ્નિમાં એક સુવર્ણ અને બીજું આકાશ એ બેજ માત્ર અવિનાશી રહ્યાં હતાં. આકાશ વિભુ હોવાથી તેનો નાશ થયો ન હતો અને સુવર્ણનો મેલ બળી જવાથી તે શુદ્ધ રસરૂપે અક્ષય રહ્યું હતું.[૫૪,૫૫] આવીજ રીતે રજોગુણ અને તમોગુણરૂપી મેલથી રહિત શુદ્ધ સત્વગુણજ બ્રહ્માનંદનો અનુભવ કરાવવાનેલીધે એક સુખના સાધનરૂપ છે એમ હું માનુ છું. રજોગુણ કે તમોગુણથી ખરું સુખ કદી પણ મળતુંજ નથી. મોટાં વાદળાંઓરૂપી પર્વતોને બાળી નાખનારો અને મોટી ધૂમાડાના ગોટાઓવાળી જ્વાળાઓને ધારણ કરી રહેલો પ્રલયાગ્નિરૂપી વરસાદ, પવનના ઝપાટાથી ઉંચાં ઉછળ્યાં કરતાં મોટાં વનોની પેઠે આકાશમાં ચોતરફ પસરી જઈ અંગારાની

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

વૃષ્ટિને ચોતરફ વિખેરતો હતો.[૫૬] હે રામચંદ્રજી ! સૂર્યની ગરમીવડે જળનો આત્યંતિક શોષ થઇ જતાં નિર્જીવ જેવાં થઇ રહેલાં અને વિશાલ આકારને ધારણ કરી રહેલાં અંડજ-જરાયુજ-આદિ પ્રાણીઓનું તથા બળી જવાનેલીધે આકાશવૃક્ષના જેવાં શૂન્ય અને નામમાત્રરૂપે રહેલાં અથવા તો આર્દ્ર છતાં પ્રલયાનળની જ્વાળાથી બળાત્કારે બળી ગયેલાં વાદળાંઓનું ભસ્મ પણ જેમ તત્ત્ववેત્તા પુરુષના (તેમાં દ્વેષજ ન હોવાથી) દ્વેષનું ભસ્મ પણ નજરે ન આવે તેમ કોઇ જગ્યાએ જોવામાં આવતું ન હતું. પ્રકટ થયેલો પ્રલયાગ્નિ હજી કૈલાસસુધી પહોંચ્યો ન હતો તેટલામાં પ્રલયનેલીધે કોપને પ્રાપ્ત થયેલા રુદ્રજ તેને પોતાના નેત્રના અગ્નિવડે બાળી નાખ્યો. દાહનેલીધે ફાટતા એવા અનેક વૃક્ષોના અને મોટી શિલાઓના કડકડાટના અવાજોવાળા પર્વતો, લાકડીઓ, પાણાઓ અને ઢેફાંઓના સમૂહોથી કેમ જાણે પરસ્પર યુદ્ધ કરતા હોય એવા દેખાતા હતા. વળી એ પર્વતો જ્વાળાઓની ઘાટી ઘટાઓના આડંબરવડે તેઓનાં ઉપરનાં શિખરો ચલાયમાન થવાથી કેમ જાણે આકાશની અંદર સ્થૂળ કમળોનાં વનો વિકાસને પ્રાપ્ત થઈ રહ્યાં હોય એવા દેખાતાં હતાં. અહીં સૃષ્ટિ આગળ કોઇ કાળે હતી, એમ તે સ્મરણીયપણાને પ્રાપ્ત થઈ ગઇ અને કેમ જાણે મૂર્ખોને જગતની અસારતાનું સ્મરણ કરાવતો હોય તેમ પ્રલય પ્રત્યક્ષરૂપે જોવામાં આવતો હતો. તાપ અને ઉપતાપને ઉપજાવનારાં તથા બીજાઓને મારવામાંજ તત્પર થઇ રહેલા અગ્નિઓએ શશશૃંગ આદિનીપેઠે જગતોનો અત્યંત અભાવ કરી દીધો.[૫૭-૬૩] એ ખરેખરો પ્રલયકાળ આવતાં વજ્રપાતવડે અનેક પ્રાણીઓનાં અંગોને પીડા કરનારા તથા પોતાનામાં ઘુમ્યાં કરતા અગ્નિના ઉપાડાયા ઓવડે કેમ જાણે ક્ષુદ્ર વૃક્ષોની હારોજ ખડી થઇ હોય એવા દેખાતા અને દેવતાઓની પંક્તિઓને નિર્મૂળ કરી ઉખેડી નાખનારા પ્રલયકાળના વાયુઓ અગ્નિઓમાંથી બહાર આવી કેમ જાણે દિશાઓને ચાટતા હોય તેમ વાવા લાગ્યા હતા.[૬૪] ચપળ અને જ્વાળાઓરૂપી પલ્લવોવડે વિકસિત થઇ રહેલાં અને અગ્નિમય થઇ રહેલાં વૃક્ષોનાં વનોમાં પ્રકટ થએલી તથા ભસ્મના સંપર્કવાળી ગરમીવડે આકાશમાં વ્યાપ્ત થઈ રહેલા, ફરતાં ઉંબાડીઆંઓનું એક બીજામાં અથડાવું થતાં તેમાંથી ઉત્પન્ન થએલી અંગારાઓની ગૌર કાંતિને ધારણ કરી રહેલા, કાજળરૂપે નીચે પડતી અગ્નિમય શિખરોના મધ્યમાં શોભી રહેલી કાજળવાળીઓની પંક્તવડે શ્યામ દેખાતા, અને આખા જગતને અગ્નિને પસારી દેવાથી વખાણવા યોગ્ય (ભારે) વેગને ધારણ કરનારા વાયુઓ વેગવડે વાતા હતા.[૬૫]

व्यालोलस्फुटदानलद्रुमवनप्रोद्भूतभस्मोष्मणा
दत्ताभ्राभ्रामदुल्मुकाहतिवहत्सांगारगौरार्चिषः
भ्रश्यत्पावकशृंगमध्यविलसज्ज्वालावली श्यामला निःशेषाग्निनिकाशसुस्तवजवा वेगेनवाता ववुः ॥६५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહાકલ્પાંતાગ્નિવર્ણન' એ નામનો પંચોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૫

સર્ગ ૭૬ મો.*

પ્રલયના મેઘથી અગ્નિ શાન્ત થવાનું વર્ણન

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

अथ कल्पांतमरुति वहत्यवधुताचले ॥
बलेनांभोधिकल्लोलैर्नभस्यावर्तवारिणि ॥

* આ છોતેરમા સર્ગમાં પશ્ચિમ દિશાના ભાગમાં પુષ્કરાવર્ત્ત નામના મેઘનો ઉદય થવાવિષે અને આગ્નેય દિશાના મુખમાં અગ્નિ શાંત થઇ ગયા વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—પછી પર્વતોને કંપાવનારો અને પોતાના બળવડે સમુદ્રના તરંગોથી આકાશની અંદર ચકરાવો ખાનારો પ્રલયકાળનો પવન જ્યારે વાવા લાગ્યો, સમુદ્રો જ્યારે ચિહ્નવિનાના થઈ ગયા, વરસાદે જ્યારે પોતાની મર્યાદા છોડી દીધી, ધનવાન લોકો જ્યારે ધનહીન થઇ ગયા, ભૂલોકના જીવો જળના અભાવનેલીધે ઉપદ્રવવડેજ જ્યારે ભાગવા માંડ્યા અને જ્યારે જગતમાં રાજા ન હોવાથી તેનો કરનો ભાગ પણ નીકળી જઇ આખું જગત અગ્નિની આહુતિરૂપ થઈ પડયું. કાળયોગથી જ્યારે પાતાળનો પણ નાશ થઇ ગયો, વિદ્યમાનરૂપે દેખાતો સ્વર્ગલોક જ્યારે સૂર્યના તાપરૂપી અગ્નિવડે ભસ્મરૂપ થઇ ગયો, સર્વ સૃષ્ટિવર્ગ જ્યારે છિન્ન—ભિન્ન દશાને પ્રાપ્ત થયો અને જ્યારે સર્વ દિશાઓનો સમૂહ, શોકનાજ એક નિવાસરૂપ થઈ પડ્યો ત્યારે અહંકારી દૈત્યોના સમૂહની પેઠે આકાશની અંદર કયાંઇથી પુષ્કરાવર્ત્ત નામના મેઘો કે જે પ્રલયમેઘ કહેવાય છે તેઓએ પોતાનો ગડગડાટનો અવાજ શરૂ કર્યો કે જે બ્રહ્માએ પોતાનો બ્રહ્માંડલોક સમેટી લેતાં તેની પડી ગએલી ભીંતના અવાજના જેવો મહાભયંકર હતો. વળી એ અવાજ એકબીજામાં પછડાઇ ઉછાળા મારતા કરતા મદોન્મત્ત સમુદ્રોના અવાજના જેવો સંભળાતો હતો.[૧-૬] વળી લોકોમાં, સમુદ્રોમાં અને નગરોમાં પડછંદારૂપે પ્રસરી રહેલા પોતાના મોટા કોલાહલવડે એ શબ્દ મહા ક્લેશથી પણ સહન ન કરી શકાય એવો લાગતો હતો; અને કુલાચળ પર્વતના પ્રત્યંત પર્વતોની કે તેની શાખાઓની સાથે સંબંધ રાખી રહેલા દાવાનળના ઉગ્ર શબ્દોનું પોતાનામાં મિશ્રણ થતા એ શબ્દ ચોતરફ સંભળાતો હતો.[૭] એ શબ્દવડે બ્રહ્માંડરૂપી શંખનું જઠર પૂરાઇ જતાં કેમજાણે એ અવાજ અંદર (બ્રહ્માંડમાં) ઘટ્ટપણે પથરાઇ રહ્યો હોય તેવો જણાતો હતો. સ્વર્ગલોક, પૃથ્વી, આકાશ અને પાતાળ, એ સર્વ ઠેકાણે અત્યંત ફેલાઇ રહેવાથી કેમજાણે ચારે કોર શાખાઓવડે તે વ્યાપ્ત થઇ રહ્યો હોય એવો લાગતો હતો.[૮] એક બીજાથી અત્યંત છેટે પડેલી દિશાઓરૂપી ભીંતોનું કેમ જાણે એ શબ્દ લીલાવડે ધર્ષણ કરવાને તૈયાર થઇ રહ્યો હોય એવો દેખાતો હતો.[૯] મહાપ્રલયમાં સાતે સમુદ્રનું મિશ્રણ થતાં સિદ્ધ થએલાં પાનકનો સ્વાદ લેવામાં કેમજાણે એ શબ્દ તૃષ્ણાવાળો હોય એમ જણાતું હતું. એ શબ્દનો એવો તો વિચિત્ર આડંબર હતો કે દિગ્વિજય કરવાને નીકળેલા પ્રલયરૂપી ઇંદ્રના મદોન્મત્ત ઐરાવત હાથીની કેમ જાણે ગર્જના થતી હોય એવો દેખાવ લાગતો હતો.[૧૦] પ્રલય પર્યંત (પૂરાઇ રહેવાથી) ક્ષોભને પામી રહેલા મેઘરૂપી સમુદ્રોનો કેમ જાણે એકજ સમયે બહાર આવેલો ઘાટો અવાજ હોય એવો તેનો દેખાવ હતો. એ શબ્દ મહાપ્રલયમાં ક્ષોભને પ્રાપ્ત થઇ ગએલા ક્ષીરસાગરના મંથનના શબ્દનું અનુકરણ કરતો હતો. બ્રહ્માંડરૂપી મોટા રેંટમાં ગડગડાટ કરી રહેલા જળધારાયંત્રના જેવો એ શબ્દ મહા વિસ્તીર્ણ જણાતો હતો.[૧૧] પછી એ મેઘધ્વનિ સાંભળી "આ પ્રલયાગ્નિમાં મેઘની સ્થિતિ શી રીતે હોય" એમ હું આશ્ચર્યને પામી ગયો અને દશે દિશાઓમાંથી એક નીચેના પ્રદેશને છોડી દઇ વરસાદ જોવામાટે મેં નવે દિશાઓમાં મારી દૃષ્ટિ ફેરવી; પરંતુ એ દિશાઓમાં તે વખતે કશું પણ મારા જોવામાં આવ્યું નહિ. પરંતુ કેવળ ચપલપણે ઉછાળા માર્યા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખરતી ઊંબાડીઆંરૂપી વજ્રની વૃષ્ટિ મારા જોવામાં આવી કે જે આકાશમાં ઉડ્યા કરતી હતી અને એ જ્વાળાઓના તાપથી દશે દિશાઓમાં અનેક કરોડો યોજન સુધી, છેટેના પદાર્થો પણ ભસ્મ થઈ જતા હતા.[૧૨-૧૪] પછી ક્ષણમાત્રમાં આકાશમાં દૂર જતાં મને ઉપરના ભાગમાં પવન શીતલ જણાવા લાગ્યો અને નીચેના પ્રદેશમાં તે અગ્નિના જેવો અતિ ગરમ મને જણાયો.[૧૫] એ વિશાળ આકાશમાર્ગમાં ઉપરના અતિ દૂર પ્રદેશની અંદર પ્રલયકાળના મેઘો રહ્યા હતા કે જે પ્રદેશમાં અગ્નિનો તાપ લાગતો ન હતો, અને જીવતાં પ્રાણિઓની દૃષ્ટિ પણ પહોંચી શકતી ન હતી.[૧૬] પછી પશ્ચિમ દિશામાંથી પ્રલયકાળનો પ્રચંડ પવન વાવા લાગ્યો કે જેની અંદર વિંધ્યાચલ, મેરુપર્વત અને હિમાલય પણ ઘાસનીપેઠે અધર ઉડતા હતા;[૧૭] અને તે પશ્ચિમના પવનના સપાટાથી પોતાની ચોતરફ ઉડ્યા કરતા અંગારાઓરૂપી પક્ષીવડે સુશોભિત અને ઉંબાડીયાંરૂપી ચપળ વનવડે વ્યાપ્ત થઇ રહેલા જ્વાલાઓરૂપી પર્વતો અગ્નિખુણા તરફ જવા માંડ્યા.[૧૮] સંધ્યાકાળનાં વાદળાંના જેવા રાતા અંગારારૂપી વરસાદો તરવા લાગ્યા અને ભસ્મના ભારરૂપી જળને વરસાદનીપેઠે ધારણ કરી રહેલ પવિત્ર અંગારાઓની રજ આકાશમાં ભ્રમણ કરવા લાગી.[૧૯] જ્વાળાઓએ સહિત દુષ્ટ પ્રચંડ પવન અગ્નિની સાથે મળી જતાં કેમ જાણે પાંખોવાળા સુવર્ણના પર્વતોનો સમૂહ દ્રવરૂપ થઇ ગયો હોય એવો દેખાવ જણાતો હતો.[૨૦] જ્યારે પૃથ્વી, પર્વતો અને નગરોનો સર્વ વિસ્તાર શુદ્ધ અંગારારૂપ થઇ ગયો, ચારે કોર જ્વાળાઓની પંક્તિઓનો સમૂહ ભભકી ઉઠ્યો, સૂર્યનું તેજ પ્રકાશપણે પ્રસિદ્ધ પડવા લાગ્યું, સમુદ્રો અગ્નિરૂપી જળને ધારણ કરનારા થયા અને કોઇ જગ્યાએ તેનું જળ તાપવડે બહુ ઉકળવા માંડ્યુ, જંગલો સાવ પાંદડાંવિનાનાં અને પ્રદીપ્ત અગ્નિરૂપી વૃક્ષોને ધારણ કરનારાં થયાં, બ્રહ્મલોકનાં નગરો અને બ્રહ્મલોકમાં રહેલા તેના અધિપતિઓ, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોએ સહિત દગ્ધ થઈ જઈ આકાશમાં પડવા લાગ્યા અને જ્યારે કેશવાળીનીપેઠે રમણીય એવા તણખાઓને ધારણ કરનારાં ઉંબાડીયાંઓવડે સબીજ થઇ રહેલી, જ્વાળારૂપી પલ્લવોવડે સુશોભિત, પાષાણરહિત બ્રહ્મરૂપી સરોવરમાં ઊગેલી પ્રલયાગ્નિરૂપી કમલિનીના અંગારાઓરૂપી મહાવિસ્તીર્ણ કાદવની અંદર ઠેઠ પાતાલલોક પર્યંત પર્વતો અને નાગો પોતાના મૂલ આધારરૂપ પવને સહિત નિમગ્ન થઈ ગયા ત્યારે જેમ ઊંટોનું સૈન્ય પખાલવડે પાણી ભરી લાવે તેમ અંજનના જેવો શ્યામ પ્રલયકાળના વરસાદનો સમૂહ અલક્ષ્ય ગતિવડે પાણી ભરી લાવી ગડગડાટ કરતો આકાશમાં નજીકજ દેખાવા લાગ્યો.[૨૧-૨૬] એ વરસાદની અંદર વિજળીઓરૂપી મોટા પર્વતો સ્થિર એવી પ્રલયકાળની જ્વાળાના જેવા દેખાતા હતા અને તેના એકજ ખુણામાં સાતે સમદ્રનું જળ સમાઈ રહ્યું હતું.[૨૭] એ પ્રલયકાળનો વરસાદ ભીંતોના જેવા દીપી નીકળતા ઝાકળના ભારવડે દિશાઓના તટોને અવકાશવિનાનાં કરી દેતો હતો અને ઠેઠ બ્રહ્માંડરૂપી ભીંતસુધી ભરપૂર ભરેલા ભૂલોકને નિર્મૂલ કરી નાખવામાં નિપુણતા ધરાવતો હતો.[૨૮] તેમજ પ્રલયકાળમાં ક્ષોભને પ્રાપ્ત થયેલો મહાસાગર કેમ જાણે આકાશમાં ખડો થઇ ગયો હોય એવો તેનો દેખાવ હતો, કે જે બાર સૂર્યોરૂપી ગોળાકાર ઘુમરીઓને ધારણ કરી રહ્યો હતો, વિજળીઓરૂપી જળચર પ્રાણીઓવાળો હતો,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને જળના અવાજથી સુંદર દેખાતો હતો.[૨૯] વળી એ પ્રલયકાળનો વરસાદ કેમ જાણે ચંદ્રમાંજ મરણ કે દાહને પ્રાપ્ત થઈ જઇ પાછું બમણું શીતલપણું ધારણ કરી લઇ, બીજાજ આકારને ધારણ કરી ઉપરના (આકાશ) લોકમાં આવી રહ્યો હોય એમ જણાતો હતો.[૩૦] સુવર્ણના જેવી ચળકાટ મારતી વિજળીઓવડે એ પ્રલયકાળનો મેઘ જડતાનેલીધે સમગ્ર જળને કાષ્ઠનીપેઠે અચલપણે થંભી રાખનારા હિમાલયને સંપૂર્ણ રીતે કેમ જાણે ધારણ કરી રહ્યો હોય એવો ભાવ દેખાડતો હતો.[૩૧] પછી બ્રહ્માંડને ફોડી કઠિનરૂપે બહાર આવતી, આકાશમાં ચારેતરફ ફેલાઈ રહેલી અને પ્રથમ દિશાઓમાં ઝાકળને મોટે રૂપે વરસનારી વૃષ્ટિ નીચે પડવા લાગી કે જે વનમાં અને આકાશમાં અગ્નિદાહના જેવા પ્રકાશવાળા વિજળીઓના ઝબકારાઓથી ભયંકર દેખાતી હતી અને તેના પસરી રહેલા ગડગડાટના અવાજથી આખું બ્રહ્માંડ કેમ જાણે ગાજી રહ્યું હોય એમ જણાતું હતું.[૩૨] ચારે કોર ફેલાઈ ગયેલ અને ઉત્પન્ન થયા કરતા સેંકડો સીત્કાર (સુસવાટી)ની ગર્જનાથી અક્ષય શબ્દ સાંભળવામાં આવતો હતો અને ઠંડા જળબિંદુઓ રૂપી અને ઝાકળરૂપી ભીંતવડે કેમ જાણે આખું આકાશ બંધાઇ ગયું હોય એમ દેખાતું હતું.[૩૪] પૃથ્વી અને આકાશરૂપી મંડપના કેમ જાણે વૈદૂર્યમણિના મૂર્ત્તિમાન સ્તંભ હોય એવી જણાતી અત્યંત સ્થૂલ એવી ધારાઓની વૃષ્ટિથી, પૃથ્વીના ભારને વહન કરનારા પર્વતો કેમ જાણે ટંકાતા હોય એમ ભાસતું હતું.[૩૫] એ વૃષ્ટિને લીધે પૃથ્વીમાં ચડચડાટનો અવાજ કરી અંગારાઓના સમૂહો ફાટતા હતા અને ગર્જનાઓનો મોટો ગડગડાટ થતાં નીચે આવી પડતા અનેક લોકોનેલીધે સર્વ દેખાવ વ્યાકુલતાવાળો જણાતો હતો.[૩૬] અંગારાવાળાં જગતરૂપી ધરની અંદર વિલાસ કરી રહેલી એ વૃષ્ટિ નીચે જળ પાડતાં અગ્નિવિનાની થઇ રહેલી પૃથ્વીની બાષ્પલક્ષ્મીના જેવા ભાવને બતાવતી હતી.[૩૭] જ્વાળાઓના વિલાસવડે આડંબરવાળું આકાશ તે સમયે કેમ જાણે સ્થળકમળોનાં પાંદડાઓના સમૂહોવડે સુશોભિત હોય એવું દેખાતું હતું અને તે આકાશની અંદર રહેલા, શીતળ અને જળબિંદુઓરૂપી અનેક પાંખોને ધારણ કરી રહેલા વરસાદો જ્વાળાઓમાં કેમ જાણે ભમરાઓની પંક્તિઓ કર્યા કરતી હોય એવા દેખાતા હતા.[૩૮] મોટા મોટા પ્રસરી રહેલા ચડચડાટના શબ્દોવડે દિશાઓને પૂરી દેનારો વરસાદનો અને અગ્નિનો સમાગમ કેમ જાણે પ્રબલ શત્રુઓનેલીધે વિષમતાવાળો અને મોટી સેનાઓના હથીઆરોવડે એક બીજાના અનેક ઉગ્ર હથીયારોને તોડી નાખનારો કોઇ મોટો ઉગ્ર સંગ્રામ મચી રહ્યો હોય એવો મહા ભયંકર દેખાતો હતો.[૩૯]

उद्यद्बृहच्चटचटारवपूरिताशो भीमोऽभवत्सलिलदानलसन्निपातः ॥ दुर्वारवैरिविषमो महतां बलानां संग्राम उग्र इव हेतिहतोग्रहेतिः ॥३९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પુષ્કરાવર્ત્તાડંબરવર્ણન' એ નામનો છોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૬

સર્ગ ૭૭ મો.*

પ્રલયના મેઘનું ફરીને વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथावनिपयस्तेजःपवनानां युगक्षये ॥
जाते परमसंक्षोभे बभूवाऽस्मिन्जगत्त्रयं ॥

* આ સીત્તોતેરમા સર્ગમાં પુષ્કરાવર્ત્ત મેઘની વૃષ્ટિધારા પડવાથી અને સાત સમુદ્રોના ક્ષોભથી વ્યાપ્ત થઇ રહેલાં જગતવિષે ફરીવાર વિવેચન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી પ્રલયકાળને સમયે પૃથ્વી, જળ, તેજ અને વાયુ, એ સર્વનો ક્ષોભ થવા માંડતાં જે કાંઇ ત્રિલોકીની સ્થિતિ થઇ તે વિષે હું તમને કહું તે તમે સાંભળો.[૧] કેમ જાણે તમાલનાં વનોજ ઉડીને આકાશમાં ખડાં થઇ ગયાં હોય એવો દેખાવ આપનારાં ભસ્મ અને વાદળાંઓવડે ત્રણે લોક વ્યાપ્ત થઈ રહ્યા હતા. મોટા સમુદ્રોની મોટી ચકરીઓની સાથે ધૂમાડાના ગોટેગોટા અથડાતા હતા.[૨] લીલા પદાર્થોનો દાહ થતાં ધૂમાડાથી શ્યામ થઇ રહેલી અગ્નિની જ્વાળાઓમાંથી સહજ રીતે ચડચડાટનો અવાજ પેદા થતો હતો. અનેક લોકાંતર (બીજા લોકો) નો અંદરનો સર્વભાગ ભસ્મના ઢગલાથી અને વાદળાંઓના સમૂહથી પૂર્ણ રીતે ભરાઇ રહ્યો હતો.[૩] ઉછાળા મારતાં અને લાંબો અવાજ કરનારાં તથા જળનો સંપર્ક થતાં છમછમાટ કરી રહેલાં લીલાં લાકડાંઓથી કેમ જાણે કોઇ વૃષ્ટિના જયઘોષને (ડંકાને) ચોતરફ પ્રસરાવનારાં વાજાંને વગાડતું હોય એવો ભાવ દેખાતો હતો.[૪] ફર્યા કરતાં ભસ્મના જેવાં શ્યામ વાદળાંઓવડે કોઇ જગો ભરપૂર દેખાતી હતી, કોઇ ઠેકાણે ધૂમાડાના ગોટાઓવડે વાદળાંઓ છવાઈ રહેલાં જણાતાં હતાં, કોઈ જગોએ પ્રલયકાળના મોટા મેઘોનો ગડગડાટ સંભળાતો હતો, કોઇ સ્થળે તો કેમજાણે ત્રિલોકીનાં આંસુજ (અશ્રુજ) વરસાદને રૂપે નીચે પડતાં હોય એમ જણાતું હતું અને કોઇકોઇ ઠેકાણે તો જળબિંદુઓને વરસાવનારા અને ચારે કોર ભ્રમણ કરનારા ભયંકર વાદળાંઓના સમૂહો દેખાતા હતા.[૫] બ્રહ્માંડરૂપી ભીંતમાં અથડાવાથી ભયંકર રૂપને ધારણ કરી રહેલા પવનના ઝપાટાઓથી આકાશની અંદર ઉડ્યા કરતો ઇંદ્ર આદિ દેવોના નગરોનો સમૂહ ભસ્મરૂપ થઇ જતો હતો.[૬] પાણી, અગ્નિ અને પવનના જોસથી ફાટતા અને પોતાની નજીક રહેલા પાષાણોનું ઉડી અથડાવું થતાં ત્વચા આદિ ઇંદ્રિયો જડ જેવી થઇ જતી હતી અને તેના અવાજોથી કાન બહેર મારી જતા હતા.[૭] આકાશની અંદર સ્તંભનીપેઠે એકધારાબંધી વરસનારી ઘાટી વૃષ્ટિનો મોટો અવાજ કાને પડતો હતો કે જે વૃષ્ટિથી પ્રલયકાળના અગ્નિ શમી જતા હતા.[૮] ગંગા નદી પણ જેના એક તરંગજેવી કહેવાય એવી અનેક નદીઓના સમૂહોવડે જેમ આકાશ ભયંકર વાદળાંઓવડે પૂરાઇ જાય તેમ બધા સમુદ્રો પૂરાઇ ગએલા હતા.[૯] કેમ જાણે તમાલ વૃક્ષનાં પત્રોના સમૂહની નીચે લટકી રહેલો પુષ્પોનો ગુચ્છ હોય એવા, આકાશમાં રમણીય જણાતા અને તપ્યા કરતા સૂર્યો પ્રલયકાળના મેઘોના સમૂહોને તેના આધારસહિત ચૂસતા હોય![૧૦] પર્વતમાંથી નીકળતી મોટી મોટી નદીઓના સમૂહોમાં પર્વતો, દ્વીપો અને નગરો તણાઇ જતાં હતાં. પ્રલયકાળના પ્રચંડ પવનનો ઘાટો ક્ષોભ થવાનેલીધે પર્વતો ફૂટાઇ જતા હતા.[૧૧] એક બીજામાં પરસ્પર વિગ્રહ કરવાથી ઘણે કષ્ટે પણ માંડ રોકી શકાય એવા, ચકરીઓના જેવા આકાર વાળા, છેવટ નીચે પડનારા અને વ્યગ્ર થઇ રહેલા ઉગ્ર ગ્રહગણ અને તારાગણવડે આકાશની અંદર પૃથ્વીમાં ફરતાં ઉંબાડીયાંના કરતાં બમણો ઝબકારો જોવામાં આવતો હતો.[૧૨] ચારે કોર વાયા કરતા પ્રચંડ પવનવડે ઉછળ્યા કરતા અને કેમ જાણે જળના મોટા પર્વતો હોય તેવા દેખાતા તરંગોના સંઘર્ષ થતાં પર્વતો તેના પછડાટથી ફાટી જતા હતા. મહાપ્રલયમાં પર્વતો છિન્ન ભિન્ન થઇ જવાથી તેના પ્રાંતભાગોની ભૂમિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

(તળેટી) પણ નિર્માલ્ય દશાને પ્રાપ્ત થઇ હતી.[૧૩] ધાટા બિંદુઓને ધારણ કરી રહેલાં અને અશ્રુધારાનીપેઠે વરસાદને વરસનારાં પ્રલયકાળનાં વાદળાંઓ કે જે આકાશમાં બહુ ધક્કપણાને પ્રાપ્ત થયાં હતાં તેવડે કરી સૂર્યનારાયણનાં કિરણોનો સમૂહ ઢંકાઇ જવાથી સર્વ ઠેકાણે અંધકાર પથરાઇ રહ્યો હતો અને અંધારાવડે આખી ત્રિલોકી પૂર્ણરીતે વ્યાપ્ત થઇ રહી હતી.[૧૪] પોતાનો પૃથ્વીરૂપી આશ્રય શિથિલ થઇ જવાથી ખંડ ખંડ થઇ ગએલા પવનમાં વહ્યા કરતા અને જેનાં તંટો ઊખડી ગએલાં છે એવા પર્વતો પોતાનામાં આવી પડવાથી અને તેના આળોટવાથી સમુદ્રો ખીચોખીચ ભરેલા હતા.[૧૫] એક બીજામાંથી ઉત્તરોત્તર ઉત્પન્ન થનારા તરંગોએ ઉંચા ફેંકેલા પાષાણોવડે મેઘને ખંડિત કરનારા, સમુદ્રનીપેઠે ધુધવાટો કર્યા કરતા અને પોતાના પ્રચંડ શબ્દથી ગંભીર દેખાતા; પ્રલયકાળના પવનોવડે દિશાઓનાં તટો શૂન્ય જેવાં (પડી ભાગેલાં) જણાતાં હતાં.[૧૬] આખી ત્રિલોકી કર્ણકટુ શબ્દ કરનારાં પ્રલયકાળનાં વાદળાંઓરૂપી હાથોને બ્રહ્માંડરૂપી વક્ષસ્થળમાં પછાડી, સમુદ્રની અંદર સર્વ બૂડી જતાં કેમજાણે છાતી કુટી રોતી હોય તેમ જણાતું હતું.[૧૭] ખંડ ખંડ થઈ જઈ આકાશમાં ઉડ્યા કરતા, પોતાના સ્વભાવ પ્રમાણે અંતરિક્ષમાં રહેલા, પરસ્પર મિશ્ર થઇ ગએલા અને નીચેના ભાગમાં જળના સંપર્કવિનાના સ્વર્ગલોક, પાતાળલોક અને ભૂલોકવડે આખું આકાશ વીંટાઇ રહેલું હતું.[૧૮] મરી ગએલા, અધમુવા થઇ રહેલા; બળી ગએલા અને અર્ધદગ્ધ (અર્ધબળ્યાં) અંગવાળા દેવો અને દાનવો પવનવડે ભેગા થઇ જતાં એક બીજાને દ્વેષી પૂર્વના વૈરને સંભારી પરસ્પર સંહાર કરવામાટે આયુધોને ફેરવતા હતા.[૧૯] પ્રલયકાળના પવને ઉડાડેલાં લોકાંતરો (બીજાલોકો) રૂપી જુનાં ઘાસો પોતામાંથીજ ઉત્પન્ન થએલી ભસ્મવડે પવનને ધોળો કરી દઇ, અર્જુનવાત* એવા (એક જાતના વાતરોગના) નામને કેમ જાણે બરાબર સાર્થ (અર્થવાળું) કરી દેતાં હોય એમ જણાતું હતું.[૨૦] પવનમાં ઉડયા કરતા અનેક શિલાઓના સમૂહોનો પ્રહાર થતાં નીચેના અને પડખાના ભાગો ખરી પડી લોકાંતરો (બીજાલોકો) નીચે આવી પડતા હતા અને દુકાળનો કડવો અવાજ કાને પડતો હતો.[૨૧] પવનનું અથડાવું થતાં અવાજ કરનારી અનેક પર્વતોના સમૂહોની ગુફાઓમાં ઉત્પન્ન થએલા શબ્દવડે સર્વત્ર મોટો ધોંધાટ થઈ રહ્યો હતો. લોકપાલોની નગરી અને નગરો ચકર ખાઈ નીચે પડતાં હતાં.[૨૨] દૈત્યોનીપેઠે કર્કશ શબ્દ કરી રહેલા પવનો વનના સમૂહોને આકાશમાં તાણી જતા હતા, અને કેમ જાણે આખી ત્રિલોકી એ વનસમૂહરૂપી ગોખોવડે વીંટાઈ રહી હોય એમ જણાતું હતું.[૨૩] જેમ મસલાંઓનો સમૂહ ભેગો થાય તેમ આકાશની અંદર નગરો, દેશો, દૈત્યો, અગ્નિ, દેવતાઓ, નાગ અને સૂર્યોનો સમૂહ એકઠો થયો હતો.[૨૪] ત્રિલોકીના કેટલાક ભાગોમાં દેવાલયો ભાંગી પડતાં હતાં અને ઉત્તમ વૃક્ષો તથા ઉત્તમ પર્વતો કે જેનો મોટો વિસ્તાર ચારે કોર પ્રસરી રહ્યો હોય તેઓનો નાશ થઇ જતો હતો. કેટલાક ભાગમાં ઉથલપાથલ થઈ

* અર્જુનવાત એવા નામનો એક વાતરોગ છે તેમાં વાતવ્યાધિનાં ચિહ્નો હોય છે પણ તેમાં કાંઇ ધોળો રંગ થતો નથી. અર્જુનવાતનો શબ્દાર્થ કરતાં 'ધોળો વાયુ' એવો થાય છે તો એ શબ્દનું નિરર્થકપણું ન રહેતાં સાર્થપણું થવાની ઉત્પ્રેક્ષા ગ્રંથકારે કરી છે એમ ટીકાકાર જણાવે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જવાનેલીધે પ્રાણીઓના ઘોઘરા અવાજો સાંભળવામાં આવતા હતા અને ઉપરના પ્રદેશમાં જળ તથા નીચેના પ્રદેશમાં અગ્નિ રહેલો દેખાતો હતો.[૨૫] પાણીનું પર્વતો સાથે અથડાવું થતાં દિક્પાલોનાં નગરો તેમાં કચરાઇ જઈ નિર્મૂળ થઇ જતાં હતાં. મોટા મોટા દેવતાઓ, દૈત્યો, સિદ્ધો અને ગંધર્વોનાં નગરો નીચે આવી પડતાં હતાં;[૨૬] ઠંડા અંગાર જેવા થઇ રહેલા પર્વત આદિ પદાર્થો પવનના ઝપાટામાં રજની પેઠે કુટાઈ જતા હતા અને આખું ત્રૈલોક્ય નિઃસાર દેખાતું હતું.[૨૭] વરસાદના જળનીપેઠે રત્નોવડે ખણખણાટ કરનારાં દેવતાઓનાં અને દૈત્યોનાં નગરો ભીંતોએ સહિત આકાશમાં ભમતાં રહી છેવટ હેઠાં પડતાં હતાં.[૨૮] આકાશ સાગરોવડે ભરપૂર થઇ રહ્યું હતું તેવીજ રીતે સપ્તલોકનાં મંદિરોથી પણ તે પૂર્ણ દેખાતું હતું અને તેની અંદરના લોકો પ્રલયકાળ ભરાઈ રહ્યાથી નીચે પડતા હતા; તેમ દેવતાઓ પણ વંટોળીયા વાયુનીપેઠે આકાશમાં ભમ્યા કરતા હતા.[૨૯] ખરી પડેલાં જુનાં પાદડાંની પેઠે આકાશમાં ઉડ્યા કરતા પવનનો સપાટો લાગવાથી ચંચળતાવાળા પદાર્થોવડે આખું ત્રૈલોક્ય વ્યાપ્ત થઈ રહ્યું હતું કે જે પદાર્થો કેટલાક ભસ્મરૂપ થઇ રહેલા અને કેટલાક પોતાને રૂપેજ વિદ્યમાન જણાતા હતા.[૩૦] આકાશમાંથી નીચે આવી પડેલાં ઝણઝણાટ કરી રહેલાં સુવર્ણનાં, સ્ફટિકનાં અને વૈદૂર્યમણિનાં ઉત્તમ મંદિરોવડે સઘળો ભાગ વ્યાપ્ત થઇ રહ્યો હતો.[૩૧] ધૂમાડાના અને ભસ્મના વાદળાંના જેવા ગોટે ગોટા આકાશમાં ઘુમતા હતા. જળની વૃષ્ટિવડે શહેરોનાં શહેરો પડી જતાં હતાં, તરંગોના સમૂહો ઉછળતા હતા અને પૃથ્વી તથા પર્વતો જળની અંદર બુડી જતા હતા.[૩૨] સમુદ્રોમાં ભેળા થએલાં પાંદડાંનીપેઠે એક બીજામાં અથડાઈ પરસ્પર નિકંદન કરવાને તત્પર થઇ રહેલા અને સમુદ્રોની ચકરીઓવડે ઘોઘરા અવાજવાળા મોટા મોટા પર્વતો સમુદ્રના ધુધવાટથી ગાજતા હતા.[૩૩] અવશેષ રહેલા દેવતાઓના આક્રંદવાળું, કર્યા કરતાં અને અધમુઆજેવાં થઇ ગયેલાં પ્રાણીઓવડે યુક્ત અને જેની અંદર ભમ્યા કરતાં સેંકડો કેતુઓના (ધૂમકેતુઓના) ઉત્પાતો જોવામાં આવે છે એવું જગત ઘણા કષ્ટથી જોઈ શકાય એવી શોચનીય દશાને પ્રાપ્ત થઈ ગયું હતું.[૩૪] જુનાં પાંદડાના જેવી અવસ્થાને પ્રાપ્ત થયેલ, પવનવડે ચપળ અને ભરી ગયેલ અથવા અધમુવા થઇ રહેલ એવા પ્રાણીઓના સમૂહથી આકાશ ખીચોખીચ ભરેલું હતું.[૩૫] જગતની અંદર પર્વતનાં શિખરોના જેવા સ્થૂલ જળધારાઓના સમૂહો પડ્યા કરતા હતા અને પર્વતોને તથા શહેરોને અધર વહન કરનારા પવનવડે પૂર્ણ એવી સેંકડો નદીઓ વહ્યા કરતી હતી.[૩૬] સેંકડો શાખાઓવડે પ્રસરી રહેલા અગ્નિઉપર જળ પડવાનેલીધે શમી જવાના અવાજસાથે તે શાંત થઇ જતો હતો અને ચપળ સમુદ્રના પ્રવાહમાં હીંચકાનીપેઠે ચંચળ રહ્યા કરતા પર્વતોનાં તટો બહુજ સુશોભિત જણાતાં હતાં.[૩૭] ધાસના ઢગલાઓ, નદીઓ, ન્યાયમાં સેળભેળ થવાથી વર્ણાશ્રમધર્મથી રહિત થઇ રહેલા દ્વીપો, એ સર્વ સમુદ્રમાં બુડી જવાથી આખું જગત મહાભયંકર દેખાતું હતું. ચિદાકાશ કે જે અવિવેકીઓથી ઘણે દૂર છે તેની જ્વાળાને એ જગતની સ્થિતિ ક્ષણમાત્ર પણ સહન કરે એવી ન હતી.[૩૮] વૃષ્ટિવડે શાંત થઈ રહેલા અગ્નિમાંથી ઉત્પન્ન થએલ ભસ્મના ગંધવડે દેવતાઓ નીચે પડતા હતા. અહીં આગળ ચરાચર જગત પ્રથમ હતું એમ જણાતું હતું નહિ તે બનતે તો સૃષ્ટિનું

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by eGangotri Foundation, USA

નામ નિશાન પણ માલૂમ પડતું ન હતું.[૩૯] ચારેકોર ઉચ્છૃંખલ એવા પોકારના અવાજો સાંભળવામાં આવતા હતા. સૃષ્ટિનો લય થઇ જતાં ક્રમે કરી સર્વત્ર શાંતિ પથરાઇ રહી હતી. સૃષ્ટિનો ક્ષય થઈ જતાં પરમાર્થ દૃષ્ટિથી જોઇએ તો પરમાત્માજ સર્વ ઠેકાણે રહ્યા હતા, બાકી સૃષ્ટિ કે તેનો લય એ કશું પણ થયું જ ન હતું.[૪૦] નિરંતર ઉથલપાથલ કરનારો પવન ચારેકોર પ્રસરી રહ્યો હતો અને જેમ એક બીજમાંથી બીજાં અનેક બીજોનો સમૂહ ઉત્તરોત્તર (અંકુર આદિના ક્રમથી) પેદા થતો રહે તેમ એ જગત પણ ક્ષયને પ્રાપ્ત થયા છતાં પાછું પ્રવાહવડે વારંવાર ભરાઈ જતું હતું.[૪૧] આકાશમાં ઊડતાં ઉંબાડીયાંઓનું પરસ્પર અથડાવું થતાં અગ્નિના ચૂર્ણ જેવી અને સુવર્ણના ચૂર્ણ જેવી દેખાતી રજ કે જે આકાશમાં ચોતરફ ફેલાઈ રહી હતી તેવડે આખો આકાશનો અંદરનો ભાગ કેમ જાણે સુવર્ણની ભીંતોવાળો હોય એવો દેખાતો હતો.[૪૨] ભ્રષ્ટ થઇ ગયેલા અને દ્વીપો તથા સાગરોએ સહિત એવા ભૂમંડળના (પૃથ્વીના) મોટા ખંડો કે જેની અંદર બીજાં અનેક પાતાળો સમાઇ શકે તેવડે ઠેઠ સાતમા પાતાળસુધી બધું પૂર્ણપણે ભરેલું હતું.[૪૩] ઠેઠ સાતમા સુતળ પાતાળ સુધી અને પૃથ્વીના પર્વતોની ટોચસુધી પ્રલયકાળના પવનો ફુંકાતા હતા અને આકાશસુધી સર્વ એક સમુદ્રમયજ થઇ રહ્યું હતું.[૪૪] જેમ મૂર્ખના ચિત્તમાં ક્રમે કરી કોપ વધવા માંડે તેમ સેંકડો નદીઓવડે અને જળના તરંગોવડે જગતની અંદર એક મહાસમુદ્ર ધીરે ધીરે ફરી વળવા લાગ્યો.[૪૫] પ્રથમ તો વૃષ્ટિની ધારા મુસળના જેવી પડવા લાગી, પછી તે સ્તંભના જેવી પડવા લાગી; ત્યારપછી એ ધારાનો વેગ વધી તાલ વૃક્ષના જેવો થયો અને ભારે જોસથી વૃષ્ટિ પડવા માંડી.[૪૬] પછી છેવટ મોટી નદીના પ્રબળ પ્રવાહના ધોધવા જેવા તે વૃષ્ટિના ધોધવાઓ પડતા હતા. સાત દ્વીપોમાં અને આખા ભૂલોકમાં એક સમાન રીતે મદોન્મત્ત મેઘો ફેલાઇ રહ્યા હતા.[૪૭] જેમ શાસ્ત્ર અને સજ્જનોની સંગતિથી અનેક આપત્તિઓને આપનારૂં દૃઢ અજ્ઞાન શાંત થઇ જાય, તેમ એ વૃષ્ટિવડે દાહ ઉત્પન્ન કરનારો અગ્નિ શાંત થઇ ગયો.[૪૮] જેમ બાળકોની દુષ્ટ ક્રીડાવડે શુદ્ધ બીલાંનું ફળ નાશને પ્રાપ્ત થઇ જાય તેમ આખું આ બ્રહ્માંડ નાશને પ્રાપ્ત થઇ ગયું. તેની અંદરના સર્વ પદાર્થો ઉથલપાથલ થઈ ગયા. અગ્નિના તણખાઓ અંદર પેસવાથી પર્વતોની અંદરની મજ્જા પણ બળી જઈ ખણખણાટ કરી રહી હતી.[૪૯]

ઊર્ધ્વાધરસ્થપરિવૃત્તપદાર્થજાતમન્તઃકણૈઃ ખનખનાયિતશૈલમજ્જમ્ ॥ બ્રહ્માંડકોટરમધૂદ્વિધુરં કુબાલલીલાવિલોલમિવ બિલ્વફલં વિશુદ્ધમ્ ॥ ૪૯ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' પુષ્કરાવર્તવૃષ્ટિવિસંષ્ઠુલજગદ્વર્ણન'એ નામનો સીત્તોતેરમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૭૮ મો*

પ્રલયકાળના મહાસમુદ્રનું વર્ણન.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

વાતવર્ષહિમોત્પાતપાતભગ્ને ધરાતલે ॥ જડવેગોગમદ્વૃદ્ધિં કલાવિવ મહીપતિઃ ॥ ૧ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—કળિયુગમાં વધતા જતા ખંડીઆ રાજાઓનીપેઠે પવનથી, વૃષ્ટિથી, બરફથી અને ઉત્પાતોથી છિન્ન ભિન્ન

* બહોંતેરમા સર્ગમાં નદીઓના ધોધવા જેવી આકાશમાંથી પડતી ધારાઓવડે એક સમુદ્રજ વૃદ્ધિ પામી ચારેકોર આકાશની અંદર એકાકારરૂપે થઇ ગયો વિગેરે વિસ્તારથી વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Handwen Collection. Digitized by S3 Foundation USA

થઈ ગયેલી પૃથ્વીની અંદર જળનો વેગ વૃદ્ધિને પ્રાપ્ત થતો હતો.[૧] આકાશગંગાના પ્રવાહમાં પડતી એવી મેઘધારા નીચે પડતાં, જળના વેગને વધારે પુષ્ટિ મળતી હતી. હજારો નદીઓ મળવાથી વૃદ્ધિ પામેલ અને ક્ષણે ક્ષણે ઉછળ્યા કરતા મેરુપર્વત અને મંદરાચલના જેવા જણાતા ભારે તરંગોવડે સૂર્યના માર્ગસુધી પર્વતોની ગુફાઓને લઇ જનારો એક પ્રલયસમુદ્ર કે જે જળવડે સંપૂર્ણ ભરેલો હતો તે પૂર્ણ રાજાનીપેઠે મહા મદોન્મત્ત થઈ ગયો.[૨,૩] એ સમુદ્રના વિશાળ તરંગોએ તાણી લીધેલાં અને ભમ્યા કરતાં પર્વતોનાં જુનાં ઘાસો જળના પ્રવાહમાં તણાતાં જતાં દેખાતાં હતાં અને ઉછળ્યા કરતા મોટા તરંગો સૂર્યમંડળને ગળી જતા હતા.[૪] એ મહાસમુદ્રની અંદર મેરુપર્વત, મંદરાચલ, કૈલાસ, વિંધ્યાચલ અને સહ્યાદ્રિ, એ બધા જળચર પ્રાણીઓ જેવા થઈ રહ્યા હતા અને જળના સંપર્કથી ગળી ગયેલી પૃથ્વીના ગારામાં સર્પોરૂપી કમળો લીન થઇ ગયાં હતાં.[૫] અર્ધદગ્ધ થઇ ગયેલાં વૃક્ષોનાં વનના સમૂહરૂપી શેવાળથી એ સમુદ્ર સંપૂર્ણ રીતે ભરેલો હતો, ત્રૈલોક્યની ભસ્મવડે તે વ્યાપ્ત હતો અને ગારાનેલીધે ચિત્તને અણગમો ઉત્પન્ન કરે એવી તેની દશા દેખાતી હતી.[૬] આકાશરૂપી નાળવાની અંદર મોટી પાંખડીઓમાં બીજરૂપે રહેલાં કિરણોવડે પ્રકાશિત થઇ રહેલાં બાર સૂર્યોરૂપી કમળો બહુ રમણીય દેખાતાં હતાં. ધારાઓના સમૂહોરૂપી મોટાં વાદળાંઓમાં કમલિનીનાં પાંદડાંઓ લીન થઇ જતાં હતાં.[૭] એ મહાસમુદ્રના ફીણરૂપી પર્વતોની પાસે ઉન્મત્ત એવા મેઘો ગાજતા હતા. પવનના ઝપાટાથી ભમ્યા કરતાં ઇંદ્ર, વાયુ, સૂર્ય, ચંદ્ર આદિનાં નગરો સમુદ્રના જળથી પૂરાઇ જવાનેલીધે લાકડાંઓનીપેઠે જણાતાં હતાં. એના દેવ દાનવ અને માનવના સમૂહો તણાતા હતા અને ધીરે ધીરે વધતો જઇ ક્રમે કરી એ મહાસમુદ્ર ઠેઠ સૂર્યમંડળસુધી પહોંચી ગયો હતો.[૮,૯] ઉપર તર્યા કરતા અને ઉચ્ચ સ્વરથી ગર્જના કરનારા વરસાદની વૃષ્ટિથી ઉત્પન્ન થયેલા પરપોટાઓની સાથેજ મોટા પર્વતો પ્રવાહમાં વહ્યા જતા કે જે પરપોટાનાજ કૃત્રિમ પર્વતો છે કે ખરેખરા મોટા પાથવ પર્વતો છે એમ સંદેહ રહેતો હતો.[૧૦] મહાસમુદ્રના ભમ્યા કરતા પરપોટા ઉપર, ભમી ભમી થાકી ગયેલા વરસાદો વિશ્રામ લેતા હતા અને એ સમુદ્ર વરસાદનાં વાદળાંવાળા પરપોટાઓરૂપી ખુલ્લાં નેત્રો કે જે મુખરૂપી આધારવિનાનાં હતાં તેવડે કેમ જાણે બીજા મેઘને તાકી તાકી જોતો હોય એવો ભાવ જણાતો હતો.[૧૧] મોટા પ્રવાહરૂપે વહેતા જળના સમૂહના ઘોંઘાટથી આખું આકાશ ગાજી રહ્યું હતું અને તે એકજ ઘોરી પ્રવાહમાં આકાશસહિત કુલાચલપર્વતો પણ ડુબી ગયા હતા.[૧૨] પ્રચંડ પવનના ઝપાટાથી પૂર્વે કદી પણ ન ભરાયેલ એવો જળનો સમૂહ કુલાચલ પર્વતોમાં ભરાઈ જતાં તેનો મહા ઉગ્ર વેગ કાને સંભળાતો હતો કે જેનો અવાજ ઘોઘરો હતો.[૧૩] બ્રહ્માંડના ભાગોમાં ફરી વળી તેને પાયમાલ કરી નાખી ઉદ્ધત થઇ રહેલો એ પ્રલયકાળનો મહાસમુદ્ર લાખો યોજન ઉંચો અને આડો પોતાના પ્રવાહને પ્રસારતો હતો.[૧૪] ઘાસનીપેઠે તરંગોની અંદર હાલકલોલક થતા પર્વતોના પાષાણોનું પછડાવું થતાં સૂર્યમંડળ ખંડિત થઇ જતું હતું.[૧૫] શૂન્ય બ્રહ્માંડરૂપી વિશાલ જળસમૂહવાળા માળામાં સંતાઇ રહેલા શ્યામ પર્વતોરૂપી જલકાગડાઓને જલના પ્રવાહરૂપી જળમાં પકડી લઇ કેમ જાણે સમુદ્ર લઇ જતો હોય એમ લાગતું હતું.[૧૬] મરી ગએલાં અને જીવતાં એવાં મોટાં પ્રાણીઓનું બૂડી જવું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation 2021

અને પાછું બહાર આવવું થતાં વ્યાકુળ થઇ ગએલ, તરંગોમાં મધરમચ્છોમાં અને ચકરીઓમાં પ્રતિબિંબ પડવાથી સુંદર દેખાતા, બીજાઓ મરી ખુટતાં અવશેષ રહેલા, દ્વીપોના પર્વતોના તટોમાં અને શિખરોમાં પોતાના નગરમાંથી ભ્રષ્ટ થઇ પડેલા અને જળના પ્રવાહમાં થોડી ગએલા દેવતાઓને મસલાઓની પેઠે એ સમુદ્ર ધારણ કરી રહ્યો હતો.[૧૭,૧૮] વિશાલ આકાશની અંદર વિશાલ આકારને ધારણ કરી રહેલા હજારો જળના પરપોટાઓને, ઇંદ્ર જેમ હજારો નેત્રોને ધારણ કરે તેમ એ મહાસાગર ધારણ કરી રહ્યો હતો.[૧૯] શરદ્ ઋતુના આકાશના જેવા ધોળા અને સર્વત્ર પ્રસરી રહેલા પરપોટારૂપી નેત્રોવડે એ મહાસાગર નદીઓના પ્રવાહ જેવી સ્થૂલ ધારાને વરસનારા, તામ્રવર્ણના અને આકાશને પૂરી રહેલા મેઘોને કેમજાણે જોતો હોય એમ દેખાતું હતું.[૨૦] પાંખોવાળા પર્વતોનીપેઠે ઉછળ્યા કરતા અનેક તરંગોના સમૂહોવડે સમુદ્ર કેમજાણે પુષ્કરાવર્ત મેઘોનું આલિંગન કરતો હોય એવો જણાતો હતો.[૨૧] ત્રણે લોકને ગળી જઇ તૃપ્ત થઇ રહેલો એ મહાસાગર પોતાના ઘોંઘાટવાળા શબ્દથી કેમ જાણે ગાતો હોય અને મહાઉગ્ર પર્વતોરૂપી કંકણને ધારણ કરી રહેલા તરંગોરૂપી હાથવડે અને વૃક્ષોવડે કેમ જાણે નૃત્ય કરતો હોય એવો દેખાતો હતો.[૨૨] ઉપરના ભાગમાં નદીઓના જેવી ધારા વહેનારા વરસાદો વરસતા હતા, મધ્ય ભાગમાં બળી ગયેલા પર્વતો હતા અને નીચેના ભાગમાં પૃથ્વીને ધારણ કરી રહેલા અને ગારામાં પેસી રહેલા દિગ્ગજોવડે એ સમુદ્ર વીંટાયેલો હતો અને નીચે પૃથ્વી ન હોવાથી તેનો છેડો આવી શકે એવું ન હતું.[૨૩] નિરંતર પડ્યા કરતી ધારાઓરૂપી ગંગાના પૂરમાં તણાતા જતા પર્વતોનાં શિખરો, દ્વીપો અને પરપોટાઓ ક્ષણમાં બૂડી જઇ પાછા ક્ષણમાત્રમાં બહાર દેખાતા હતા.[૨૪] સમુદ્રમાં તણાતો જતો સ્વર્ગલોકનો ભાગ નાશ થવાની તૈયારીમાં આવી જતાં તેની અંદર રહેનારા દેવતારૂપી હંસો આક્રંદ કરતા હતા અને પ્રવાહમાં તણાતી જતી વિદ્યાધરીઓના સમૂહરૂપી કમલિનીઓવડે એ સમુદ્રનો અંદરનો ભાગ બહુ સુંદર દેખાતો હતો.[૨૫] એક મહાસાગરના જળના પૂરવડે ત્રણે લોકના સર્વ ભાગોનો સંહાર થઇ ગયો હતો અને તેનો ઘાટા અવાજનો વેગ ચોતરફ પ્રસરી રહ્યો હતો. એ જળનો મોટો પ્રવાહ જ્યારે વહેતો હતો ત્યારે તેના સપાટામાંથી કોઇ બચાવી શકે તેમ ન હતું અને તરંગોવડે નહિ તણાયેલો પણ કોઇ ન હતો. કેમકે કાળે પોતાની દાઢમાં લીધેલા પુરુષોને રક્ષા કરવાને કોણ સમર્થ છે?[૨૬,૨૭] એ સમયમાં આકાશ પણ ન હતું, દિશાઓનો અંત પણ દેખાતો ન હતો, નીચે કે ઉપર પણ કશું ન હતું, પ્રાણી કે સૃષ્ટિ એ કોઇ પણ ત્યાં ન હતું, માત્ર એક જલજ ચારે કોર ભરપૂર દેખાતું હતું.[૨૮]

नाकाशमासीन्नदिगन्त आसीदधोऽपि नासीन्न तदूर्ध्वमासीत् ॥ भूतं न आसीन्न च सर्ग आसीदासीत्परं केवलमेव वारि ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'એકાર્ણવવર્ણન' એ નામનો અઠ્યોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૮

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग ७९ मो.*

બ્રહ્માનું નિર્વાણ તથા જ્ઞાન થતાં સર્વનો બોધ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

एतस्मिन्नंतरे चक्षुर्व्योमस्थोहमथात्यजम् ॥
ब्रह्मलोके महालोके प्रभातेऽर्कप्रभामिव ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષી કહે છેઃ—પછી હું કે જે આકાશમાં રહ્યો હતો તેણે, જેમ પ્રાતઃકાળમાં સૂર્યનારાયણ પોતાની પ્રભાને પ્રસારે તેમ પોતાની દૃષ્ટિ મહાપ્રકાશવાળા બ્રહ્મલોકતરફ પસારી તો તેમાં કેમ જાણે પાષાણની બનાવેલી પૂતળી હોય તેમ સ્થિર થઈ રહેલા બ્રહ્મા કે જે સમાધિમાં બેઠા હતા તે મારા જોવામાં આવ્યા. એને તેનીપાસે તેનો મુખ્ય (બ્રહ્મલોકમાં રહેનાર જીવન્મુક્ત પુરુષરૂપી) પરિવાર બેઠો હતો.[૧,૨] દેવતાઓનો સમૂહ અને શુદ્ધ ચિત્તવાળા ઋષિઓનો સમૂહ પણ ત્યાં હતો. શુક્ર, બૃહસ્પતિ, ઇંદ્ર, કુબેર, યમ, ચંદ્રમા, વરુણ અને અગ્નિ, એ સર્વ ત્યાં બેઠા હતા. તેમજ બીજા પણ દેવર્ષિઓ તથા દેવતાઓના, ગંધર્વોના, સિદ્ધોના અને સાધ્ય દેવતાઓના નિયંતાઓ (સ્વામીઓ) ત્યાં હતા.[૩,૪] એ સર્વ કેમજાણે ચિત્રમાં આળેખેલા હોય તેમ પદ્માસન વાળી ધ્યાનમાં પરાયણ થઈ રહ્યા હતા અને કેમજાણે સાવ નિર્જીવ હોય તેવા જણાતા હતા.[૫] પછી બાર સૂર્યો પણ તેજ પ્રદેશમાં આવ્યા અને પદ્માસન વાળી બ્રહ્મા, ઇંદ્ર વગેરેની પેઠે સમાધિમાં બેશી ગયા.[૬] પછી એક મુહૂર્ત્તમાત્ર ગયાબાદ જેમ જાગી ગએલો પુરુષ સ્વપ્નમાં પોતાની પાસે ઉભેલા પુરુષને સ્વપ્નમાંથી ઉઠતાં પોતાની પાસે જોવા માંડે તેમ હું બ્રહ્માને જોવા લાગ્યો; તો જેમ જાગી ગએલા પુરુષને પોતાની પાસે સ્વપ્નમાં ખડું થઈ રહેલું સ્વપ્નનગર જાગ્યા પછી દેખાતું નથી અને મહાન પુરુષોમાં જેમ વાસના દેખાતી નથી તેમ બ્રહ્મલોકનો એ સર્વ ઠાઠ મારા જોવામાં આવ્યો નહિ.[૭,૮] બ્રહ્માના સંકલ્પમાત્રથી ખડો થઇ રહેલો બ્રહ્મલોક જેમ પૃથ્વીમાં અચાનક આવી પડેલા કોઇ કઠિન ઉત્પાતવડે નાશ પામી ગએલું નગર અરણ્યના જેવું શૂન્ય જણાય તેમ સાવ અરણ્યની પેઠે શૂન્ય જણાવા લાગ્યો.[૯] ઋષિઓ, મુનિઓ, દેવતાઓ, વેદો અને વિદ્યાધર આદિ સર્વ બ્રહ્મલોકના રહેવાસીઓ પણ નિર્વાણને લીધે શૂન્યરૂપજ જણાતા હતા, પણ તેઓનું પૂર્વરૂપ ક્યાંય પણ પ્રતીતિમાં આવતું હતું ન હતું.[૧૦] પછી મેં આકાશમાં રહી સમાધિવડે જોયું તો બ્રહ્માનીપેઠે એ સર્વ નિર્વાણને પ્રાપ્ત થઇ ગયા એમ મારા સમજવામાં આવ્યું.[૧૧] વાસના લીન થઇ જવાથી તેઓ અદૃશ્ય થઇ ગયા હતા અને જાગી ગએલા પુરુષને સ્વપ્નમાં દેખાએલ નગર જેમ જાગૃત અવસ્થા આવતાં પોતાના મૂળ અધિષ્ઠાનમાં પાછું લીન થઈ ગયેલ જણાય તેમ તેઓ પોતાના મૂળસ્વરૂપમાં લીન થઇ ગયા હતા.[૧૨] આ દેહ વાસ્તવિક દૃષ્ટિથી જોઇએ તો ચિદાકાશરૂપજ છે, માત્ર વાસનાવડેજ તે પ્રસિદ્ધ રીતે સ્થૂલ આકારવાળો દેખાય છે. વાસનાનો ક્ષય થઇ જતાં જેમ જાગી ગયેલા પુરુષને સ્વપ્નના પદાર્થો નથી દેખાતા તેમ એ સ્થૂલ આકારવાળો દેહ (સત્યરૂપે) દેખાતો નથી.[૧૩] જેમ સ્વપ્નની અંદર પોતાનો દેહ અંતરિક્ષમાં ગમન કરનારો જોવામાં આવે છે, પણ જાગી જતાં અને વાસનાની શાંતિ થતાં એ કશું પણ પછી દેખાતું નથી.[૧૪] તેમ જાગૃત અવસ્થામાં પણ વાસનાનો ક્ષય થતાં સ્થૂલ શરીર

* આ ઓગણાએંશીમા સર્ગમાં ઋષિઓ અને દેવતાઓએ સહિત બ્રહ્માને નિર્વાણ થયાવિષે કહેવામાં આવશે અને જાગી જતાં જેમ સ્વપ્નનો બાધ થઈ જાય તેમ જ્ઞાન થતાં સર્વનો બાધ થવાવિષે પણ વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કે સૂક્ષ્મ શરીર એકે દેખાતું નથી.[૧૫] આ બાબતમાં દૃષ્ટાંતરૂપે જોઇતો હોય તો સ્વપ્નનો અનુભવ પ્રસિદ્ધ છે. ઠેઠ બાળકસુધી આ વાત સિદ્ધ છે અને પ્રસિદ્ધપણે અનુભવમાં આવે તથા સાંભળવામાં આવે અને સ્મરણમાં આવે એવી છે.[૧૬] જે શઠ પુરુષ પોતાના અનુભવની વાતને પણ કબૂલ ન કરે તે આ પારમાર્થિક ઉપદેશની બાબતમાં ત્યાગ કરવા યોગ્ય છે, કેમકે જે જાગતાં છતાં ઢોંગથી સૂઈ ગયા જેવો થઇ રહ્યો હોય તેને કોણ જગાડી શકે ?[૧૭] વાસનાને કારણરૂપ ન માનતાં જેમ દેહના કારણથી અનુભવમાં આવતું સ્વપ્ન સ્વપ્નદેહનો અભાવ થતાં પછી જોવામાં આવતું નથી, તેવીજ રીતે દેહનો અભાવ થતાં દેહના સંયોગથી દેખાતો આ પ્રપંચ પણ પછી નથી એમ માનવામાં આવે તો દેહથી રહિત થએલાને પરલોક મળવાની વાત પણ સંભવતી નથી અને નાસ્તિકતાજ કેવળ આવી ઉભી રહે છે.[૧૮] જો એ (પરલોકના અભાવની) વાત સંભવતી હોત તો પ્રલયમાં સર્વ સમષ્ટિ શરીરનો ક્ષય થયા પછી આ સૃષ્ટિ પાછી ઉત્પન્ન થાત નહિ અને તે તો ઘટમાળ પ્રમાણે સદાકાળ થતી રહે છે.[૧૯] જે પદાર્થ અવયવવાળો છે તેના અવયવોનો વિભાગ થવારૂપી ક્ષય અવશ્ય ભાવીજ છે તેથી न कदाचिदनीदृशं जगत् એ સાંખ્યમત પણ કાયમ રહી શકતો નથી.[૨૦] પૃથ્વી આદિ ચાર ભૂતોજ પરસ્પર મળી જઇ જરાયુજ આદિ દેહને આકારે અને ઘટ પટ આદિને આકારે પરિણામ પામતાં જગત કહેવાય છે અને તે પરમાણુરૂપે નિત્ય હોવાથી તેનો નાશ નથી, અને ચૈતન્ય એક મદશક્તિનીપેઠે* દેહને આકારે પરિણામ પામેલાં પૃથ્વી આદિ ચાર ભૂતોમાં એની મેળે ઉત્પન્ન થાય છે. આવા ચાર્વાક મતનું અવલંબન કરી કાંઈ કહેવામાં આવે તો સર્વનો (ચાર પ્રકારનો) પ્રલય માનનારાં પુરાણોનું, ઇતિહાસોનું, વેદોનું અને સ્મૃતિઆદિનું વ્યર્થપણું સિદ્ધ થાય છે.[૨૧,૨૨] હે મહાબુદ્ધિશાલી રામચંદ્રજી ! જો કદાચિત્ એ ચાર્વાક મતવાળા પ્રલય, ધર્મ, અધર્મ, ઇત્યાદિના નિર્ણયની બાબતમાં વેદ–પુરાણ–ઇતિહાસ આદિ, કે જે સાવ નિર્દોષ છે તેને અપ્રમાણરૂપ ગણે તો એ ચાર્વાકનાં વાક્યો કે જે લોભ, દ્વેષ, વિષયાભિલાષ વગેરે અસંખ્ય દોષોવડે દૂષિત છે અને 'આ વાંઝણી સ્ત્રીએ સેંકડો પુત્ર જણ્યા છે' એ વાકયના જેવું સાવ મિથ્યા છે, તેને કેમ પ્રમાણરૂપ ગણી શકાય ?[૨૩] વળી જગતનો ઉચ્છેદ થઈ જવાના હેતુથી પણ એ ચાર્વાકમત આદર આપવા યોગ્ય નથી. હે પ્રિય રામચંદ્રજી ! એ વાતને એક બાજુ રાખી હું તમને બીજું કહું તે સાંભળો.[૨૪] જીવને મદશક્તિની પેઠે કૃત્રિમ (ઉત્પન્ન થએલો) માનવામાં આવે તો પછી દેહનો નાશ થતાં તેનો પણ નાશ થઈ જવાથી દેશાંતરોમાં મરી ગએલા મનુષ્યોનું પિશાચઆદિ દેહરૂપે થવું, પોતાના દેશમાં આવવું અને બીજાના શરીરમાં પ્રવેશ કરવો વગેરે જે વાત જોવામાં આવે છે, તે સિદ્ધ થતી નથી.[૨૫] જ્યાંસુધી દેહ રહે ત્યાં સુધી હું પશાચગ્રસ્ત છું એવી એક જાતની ભ્રાંતિજ મનુષ્યના ચિત્તમાં પેશી જાય છે, એમ કદાચિત્ ચાર્વાક તરફથી કહેવામાં આવે તો તેના પોતાનાજ મતપ્રમાણે પ્રત્યક્ષ સિવાય બીજાં પ્રમાણને ન સ્વીકાર્યાથી તેના પોતાના વચનરૂપી પ્રમાણને પ્રમાણરૂપજ ગણી શકાતું નથી, અને જો (કેટલીક

* જેમ મદિરા બનાવવાના પદાર્થમાં કાળે કરીને તેનો બરોબર સોડ થતાં એક જાતની મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

યુક્તિઓથી છ પ્રમાણો સિદ્ધ થવાનેલીધે) પ્રત્યક્ષવિનાનાં બીજાં પણ પ્રમાણો સ્વીકારવામાં આવે તો પછી તેઓના મત પ્રમાણેજ અનેક પ્રમાણોથી સિદ્ધ પિશાચ આદિ ભાવ સત્યજ ઠરે છે, અને શબ્દ આદિ પ્રમાણ માનતાં પરલોક–સ્વર્ગ–નરક–આદિ પણ નિર્દોષ શ્રુતિ આદિ પ્રમાણોવડે સિદ્ધ હોવાથી શામાટે સત્ય ન હોય ?[૨૭] જો કદાચિત્ પિશાચના અસ્તિત્વવિષેના પ્રમાણને સત્યરૂપ ન માનવામાં આવે તો મદશક્તિવાળા (સુરા આદિ) પદાર્થના માદકપણાવિષેના પ્રમાણને પણ સત્યરૂપ માની શકાય નહિ, અને જો કદાચિત્ તેને સત્ય માનવામાં આવે તોપછી સ્વર્ગ નરક આદિ પરલોકની સ્થિતિ પણ કેમ અસત્ય કહી શકાય ?[૨૮] પિશાચ છે, એમ કેટલાક પ્રમાણોથી સિદ્ધ થવાનેલીધે તે સત્ય છે, એમ કહીએ તો મરી ગયા પછી પરલોક છે એ વાત કે જે અનુભવબળથી અને શ્રુતિબળ આદિથી સિદ્ધ છે તેમાં શામાટે સત્યતા ન માની શકાય ?[૨૯] પિશાચના વળગાડવાળા પુરુષને પોતાના દેહમાંથી *કાકતાલીયની પેઠે અકસ્માત્ પિશાચની પ્રતીતિ થઇ આવે છે, અને તેને જો પ્રમાણરૂપ માનવામાં આવે તો પછી પરલોકની પ્રતીતિ કે જે અતિપ્રબલ શ્રુતિ આદિ પ્રમાણોવડે સિદ્ધ છે તે નથીજ એમ કેમ કહી શકાય ?[૩૦] સાક્ષિચૈતન્ય, અંદર જે જે પદાર્થને જેવે જેવે રૂપે દેખે છે તેવે તેવે રૂપેજ તેને અનુભવે છે, પછી તે ભલે સત્ય હોય કે અસત્ય હોય; આ વાત અનુભવથીજ સિદ્ધ છે.[૩૧] જો મરી ગયા પછી પરલોક છે એ વાત યથાર્થજ છે, તો પછી દેહ વિદ્યમાન છતાં જે દેખાય અને અનુભવાય તેજ સત્ય, અને દેહ ન હોય ત્યારે તેની પછવાડેની વાત અસત્ય, એમ કેમ માની શકાય ?[૩૨] ચિદ્રૂપ આત્મા કે જે સદા સત્ય છે તે નામ–રૂપાત્મક પ્રપંચની પહેલાં નિત્યસિદ્ધ એવા પોતાના પ્રકાશમયસ્વરૂપનેજ અનુભવે છે, પછી વાસનાના કારણરૂપ આતિવાહિક દેહને દેખે છે, અને પછીજ આ દેહ આદિ ભ્રાંતિ તેના જોવામાં આવે છે.[૩૩] વાસનાનો ક્ષય થતાં (આતિવાહિક દેહનો ક્ષય થઇ જઇ) દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન, એ ત્રિપુટીરૂપી રોગ નાશ પામે છે, અને એ વાસનાનું જો અસ્તિત્વ હોય તો આ સંસારરૂપી પિશાચીનો ઉદય થાય છે.[૩૪] પ્રથમ તો બ્રહ્મને એકોહં બહુસ્યામ્ એમ સંકલ્પ સ્ફુરે છે, પછી તે જગતને આકારે ઉદય પામે છે, ત્યારપછી ત્રિપુટી (દ્રષ્ટા-દૃશ્ય-દર્શન) ની પ્રતીતિ થતાં વાસના ઉત્પન્ન થાય છે; એ વાસનાની શાંતિ થવી તે મોક્ષરૂપ છે, અને એ વાસનાની સત્તા રહેવી તે સંસારરૂપી ભ્રમનું મૂલ નિદાન છે; એમ તમે સમજો.[૩૫] વસ્તુતાએ વિચાર કરીએ તો પરબ્રહ્મમાં અસંભવ હોવાનેલીધે વાસના પ્રથમ ઉત્પન્નજ થએલ નથી, અને અધ્યારોપદૃષ્ટિથી તેને ઉત્પન્ન થએલી માનવામાં આવે તોપણ તે જ્ઞાનનો ઉદય થતાં સત્ય પરબ્રહ્મરૂપજ છે.[૩૬] હે રામચંદ્રજી ! આવી જાતનું જે જ્ઞાન થવું તેનેજ વિદ્વાનો નિર્વાણરૂપે સમજે છે, અને એ સંબંધમાં ખરું ન સમજતાં જે અજ્ઞાન રહ્યા કરે તેજ બંધરૂપ છે; એમ તમે સમજો.[૩૭] પરમાત્મા કે જે એક જ્ઞાનઘનરૂપે સર્વત્ર ભરપૂર છે, અને સવિકલ્પ–નિર્વિકલ્પરૂપે અનુભવમાં આવે છે, તેજ પોતાની મેળે (અજ્ઞાનદશામાં) બહાર અનેક રૂપે સ્ફુરેલ દેખાય છે, અને (જ્ઞાનદશામાં) એ કશા રૂપે ન સ્ફુરતાં સ્વસ્વરૂપમાંજ રહે છે. ચિદાત્માને અંતર્મુખ રાખવો કે

* કાગડાનું બેસવું અને તાડનું પડવું જેમ અચાનક રીતે બને તેમ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જ વિવેકીઓની દૃષ્ટિમાં એક સહજ વાત છે, તેમાં બંધની દૃષ્ટિ કે મોક્ષની દૃષ્ટિ કે તત્સંબંધી સાધન કે તેનો કલેશ ક્યાંથી હોય?[૩૯] ચિદાત્માને બહિર્મુખ કરવામાં આવે તો બંધનજ છે, અને તેને બહિર્મુખ ન થવા દેતાં અંતર્મુખ કરી દઇ સ્વસ્વરૂપમાંજ સ્થિર રાખવામાં આવે તો તે પોતેજ પરમ મંગળમય મોક્ષસ્વરૂપ છે.[૪૦] જગત કે જે સાવ મિથ્યા છે તે ચિદાત્માનું બહિર્મુખપણું થતાં ખડું થઇ જઇ સત્યના જેવું ભાસે છે. જડતાવિનાની સુષુપ્તિના જેવી જ્ઞાનમય દશાજ મોક્ષરૂપ કહેવાય છે, અને જાગૃત અવસ્થા કે જેમાં ત્રિપુટીની કલ્પના કરવામાં આવે છે તે બંધરૂપ છે; એમ વિવેકીઓનું કહેવું છે. આમાંથી જે દશા તમને રૂચતી હોય તેમાં તમે સુખેથી રહો.[૪૧] તમે વાસનાનો ક્ષય કરી દઇ અનંત, અનાદિ, દ્વિત્વ-એકત્વ આદિ સંખ્યાથી રહિત, શૂન્યતા રાહત, સ્વચ્છ, એક પરબ્રહ્મરૂપ થઇ રહી, નિઃશંક અને બંધથી પણ રહિત બની, આકાશના જેવા શુદ્ધ નિર્વિકાર મને વિશાલ ચિત્તવાળા થાઓ.[૪૨]

निर्वाणवासनमनन्तमनाद्यमच्छबोधैकतानमपयंत्रणमस्तशंकम् ॥अद्वैतमैक्यरहितं च निरस्तशून्यमाकाशकोशविशदाशयशान्तमास्व ॥४२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વાસનાભાવપ્રતિપાદન' એ નામનો ઓગણએંશીમો સર્ગ સંપૂર્ણ૭૯

सर्ग ८० मो.*

પ્રાકૃત પ્રલયનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

इति ते सर्व आयाता ब्रह्मलोकनिवासिनः ॥ अदृश्यतामेव गता दीपाः क्षीणदशा इव ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે બ્રહ્મલોકમાં રહેનારા સર્વ લોકો કે જેઓ ત્યાં આવ્યા હતા તેઓ વાટ વિનાના દીવાનીપેઠે અદૃશ્ય થઈ ગયા.[૧] બ્રહ્માનો દેહ શબલ બ્રહ્મ સાથે એકતાને પ્રાપ્ત થઇ જતાં પછી મહાપ્રજ્વલિત કાંતિવાળા બાર સૂર્યો જગતની પેઠેજ બ્રહ્મલોકને બાળવા લાગ્યા.[૨] બ્રહ્મલોકને બાળી નાખી બ્રહ્માનીપેઠે તેઓ પણ ધ્યાનાવસ્થિત થઇ જઈ દીવેલ વગરની વાટવાળા દીવાનીપેઠે નિર્વાણને પ્રાપ્ત થઈ ગયા.[૩] પછી જેમ રાત્રિની અંદર અંધારૂં આખી પૃથ્વીમાં ફેલાઇ જાય તેમ મોટા તરંગોવાળું એક મહાસાગરનું પૂર બ્રહ્મલોકમાં ફેલાઈ ગયું.[૪] જેમ પાકી ગએલું દ્રાક્ષનું ફળ કેવળ એક રસવડે કરીનેજ પરિપૂર્ણ હોય તેમ ઠેઠ બ્રહ્મલોક પર્યંત આખું જગત જળવડે પૂરાઇ ગયું.[૫] તે મોટા તરંગો સાથે, પર્વતોના સમૂહો સાથે અને આકાશચારી દેવતાઓનાં શરીરો સાથે અથડાવાથી શિથિલ થઇ જઈ, છિન્ન-ભિન્ન થઇ રહેલા સર્વ પ્રલયકાળના મેઘો જળની અંદરજ લયને પ્રાપ્ત થઇ ગયા.[૬] એટલા વખતમાં મેં પાછી આકાશ તરફ દૃષ્ટિ કરી તો આકાશમાંથી પ્રકટ થયેલ એવું કોઈ મહા ભયંકરરૂપ મારા જોવામાં આવ્યું કે જેને જોવાથી પ્રથમ તો હું ખરેખર ભયભીત બની ગયો હતો.[૭] કેમ જાણે કોઈ પ્રલયકાળનું નવું જગત હોય, એવો તેનો મહા વિશાલ આકાર દેખાતો હતો, અને ઠેઠ સૃષ્ટિના આરંભથી પ્રલયકાળ સુધીની બધી રાત્રિઓનું અંધારૂં એકઠું થઈ મૂર્ત્તિમાન દેહધારી બની ઊભું હોય એવું તે અતિ કાળા રંગનું દેખાતું હતું, તથા વિશાલતાનેલીધે આકારાને તે પૂર્ણ કરી રહ્યુ હતું.[૮] લાખો તરૂણ સૂર્યોનાં કાંતિવાળાં તેજને તે ધારણ કરી રહ્યું હતું. ત્રણ સૂર્યોના જેવાં જાજ્વલ્યમાન

* આ એંશીમા સર્ગમાં પ્રાકૃત પ્રલયના ક્રમ વિષે વર્ણન કરવામાં આવશે કે જે યોગીપુરૂષોને અનુભવવડે ગમ્ય છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by S3 Foundation USA

અને સ્થિર થઈ રહેલા વિજળીઓના સમૂહની પેઠે ચળકાટ કરતાં એવાં ત્રણ નેત્રોવડે તેનું મુખ પ્રકાશિત થઇ રહેલું દેખાતું હતું. તેના દેહમાંથી અનેક જ્વાળાઓના સમૂહ બહાર પ્રસરતા હતા. તેનાં પાંચ મુખ દેખાતાં હતાં, દશ હાથ હતા, ત્રણ નેત્રો હતાં અને તેના હાથમાં શૂલ (ત્રિશૂલ) શોભી રહ્યું હતું.[૯,૧૦] તે જો કે ચાલ્યું આવતું હતું તોપણ કેમ જાણે આકાશની અંદર ચારે કોર પોતાના આકારને ફેલાવી રહ્યું હોય એવું લાગતું હતું; અને કેમ જાણે આકાશજ તરવારના જેવા ઘનશ્યામ દેહને ધારણ કરી લઇ મૂર્ત્તિમાન થઇ ગયું હોય એવું તે દેખાતું હતું.[૧૧] એક અર્ણવથી પૂર્ણ થઇ રહેલા બ્રહ્માંડની બહાર આકાશમાં તે રહ્યું હતું; અને કેમ જાણે આકાશજ હાથ-પગ-આદિ અવયવોની રચના ધારણ કરી રહ્યું હોય એવું જણાતું હતું.[૧૨] પોતાના ભુજબળથી ક્ષીરસાગરને ક્ષોભ પમાડનારા ભગવાનનીપેઠે તે પોતાના નાસિકાના પવનના ઝપાટાથી મહાસાગરને પણ કંપાવતું હતું.[૧૩] પ્રલયકાળના મહાસમુદ્રના જળનું પૂર કેમ જાણે પુરુષનો આકાર ધારણ કરી રહ્યું હોય એવો તેનો દેખાવ હતો. વિનાકારણે સમષ્ટિ અહંકાર પોતાના સ્વરૂપને મૂર્ત્તિમાન બનાવી, પ્રત્યક્ષ આવી ઉભો હોય એમ લાગતું હતું.[૧૪] ઉડવાના આડંબરવાળા પાંખોના સમૂહોથી કુલાચલ પર્વતોનો મોટો સમુદાય ખડો થઇ જઈ કેમ જાણે આકાશને પૂર્ણ કરી રહ્યો હોય એવો દેખાવ નજરે આવતો હતો.[૧૫] પછી છેટેથીજ ત્રિશૂલ અને ત્રિનેત્રવડે 'આ રુદ્ર છે' એમ જાણી લઈ મેં એ પરમેશને નમસ્કાર કર્યા.[૧૬]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! રુદ્રનો એવો આકાર કેમ હતો ? તેનું રૂપ કાળું કેમ હતું ? તેની આકૃતિ એવડી મોટી કેમ હતી ? તેનાં પાંચ મુખ કેમ હતાં ? દશ હાથ કેમ હતા ?[૧૭] ત્રણ નેત્ર કેમ હતાં ? તે ક્યાં રહે છે ? તેનું રૂપ ભયંકર કેમ હતું ? તે એકલા કેમ હતા ? તેને એવું રૂપ ધારણ કરવાનું શું પ્રયોજન હતું ? તેને કોની પ્રેરણાથી એ રૂપ લેવું પડયું હતું ? એ રૂપ લઇ તેણે શું કામ કર્યું ? અને જ્યારે ઈશ્વરે રુદ્રનું રૂપ ગ્રહણ કર્યું ત્યારે માયા કે જે તેની છાયારૂપ છે તે કેવા આકારમાં રહી ? તે બધું મને કહો.[૧૮]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! પરમેશ્વરને સમષ્ટિ અહંકારની ઉપાધિનેલીધે રુદ્ર એવા નામથી કહેવામાં આવે છે. એ વ્યષ્ટિરૂપે અનેક અભિમાનવાળો છે, અને સમષ્ટિરૂપે એક અભિમાનને ધારણ કરે છે. મારી દૃષ્ટિવડે દેખાએલું તેનું રૂપ શુદ્ધ ચિદાકાશરૂપ છે. એ ભગવાન રુદ્રની આકૃતિ ચિદાકાશરૂપજ છે, તેનો વર્ણ પણ ચિદાકાશરૂપ છે, અને તેનું તત્ત્વ વિચારવા જતાં માત્ર ચિદાકાશરૂપ હોવાથી એ પ્રકાશમય રુદ્ર ચિદાકાશરૂપજ કહેવાય છે.[૧૯,૨૦] એ રુદ્ર સર્વ પ્રાણીઓના આત્મારૂપ હોવાથી અને સર્વમાં વ્યાપીને રહેલા હોવાથી તેનો આકાર વિશાલ કહેવામાં આવ્યો છે. પ્રત્યેક શરીરમાં રહેલી અહંકારની પાંચ જ્ઞાનેંદ્રિયો, રુદ્ર અહંકારરૂપ હોવાથી રુદ્રના પાંચ મુખરૂપ છે કે જેનો પ્રકાશ ચારેકોર દીપી નીકળે છે.[૨૧] પાંચ કર્મેંદ્રિયો અને પાંચ તેના વિષયો તે રુદ્રની દશ ભુજારૂપે કહેવામાં આવ્યા છે.[૨૨] ચાર પ્રકારનાં (જરાયુજ આદિ) શરીરો અને તેની અંદર રહેનારા તે તે જીવોએ સહિત બ્રહ્મા, શબલ બ્રહ્મમાં લીન થઈ જતાં જ્યારે બ્રહ્માએ તેનો (અહંકારનો) ત્યાગ કર્યો ત્યારે તે પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઇ ગયો.[૨૩] એ રુદ્રનું સ્વરૂપ જોતાં તો સર્વ કાર્યમાત્રનો લય થઈ જતાં અવશેષ રહેલો એકમાત્ર કારણરૂપ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અંશજ તેનું સ્વરૂપ છે. પ્રથમ વર્ણવેલી તેની આકૃતિ વસ્તુતાએ નથી, તોપણ તેવી ભાવનાના બળથી ઉપાસકોને વાસના પ્રમાણે ભ્રાંતિમાત્રથી તેનો તેવો મૂર્ત્તિમાન આકાર દેખવામાં આવે છે.[૨૪] મહાસમર્થ એ રુદ્ર ચિદાકાશની અંદર રહેલા વિશાલ આકાશ (અવ્યાકૃત)ની અંદર અને સર્વ પ્રાણીઓના દેહની અંદર નિરંતર પવનનીપેઠે રહે છે.[૨૫] જ્યારે પ્રલયકાળમાં સર્વ પ્રાણીમાત્ર તેનો ત્યાગ કરી દે છે ત્યારે તે ક્ષણમાત્રમાં ક્ષોભને પામી ક્ષીણ બની જઇ ચિદાકાશરૂપ ધારણ કરી લઇ પરમશાંતિને પ્રાપ્ત થઈ જાય છે.[૨૬] ત્રણ ગુણો, ત્રણ કાળ, ચિત્ત અહંકાર અને બુદ્ધિ એ ત્રિપુટી, પ્રણવના ત્રણ વર્ણ અને ત્રણ વેદ, એ રુદ્રનાં ત્રણ નેત્રરૂપ છે. ત્રૈલોક્યરૂપી ત્રિશૂલ તેણે પોતાની મુઠીની અંદર પકડી રાખેલ છે.[૨૭,૨૮] સર્વ પ્રાણીમાત્રના સમૂહોમાં એ રુદ્રવિના બીજું કશું નથી, તેથી સર્વ દેહોના આત્મારૂપ એજ થઇ રહેલ છે.[૨૯] પોતે સૃજેલાં સર્વ પ્રાણીઓને તેનાં કર્મોપ્રમાણે ભોગ આપવો અને અંતે મોક્ષનો અધિકાર પ્રાપ્ત થતાં તેવા અધિકારીઓને મોક્ષ આપવો, એવો જ તેનો સ્વભાવ છે તેજ સૃષ્ટિરચનાનું પ્રયોજન છે. શુદ્ધ ચિદાકાશરૂપ અને નિરતિશય આનંદરૂપ પરમાત્માની એકોહં બહુસ્યાં એવી સંકલ્પરૂપી માયાવૃત્તિવડે પ્રેરણા થતાં તે (રુદ્ર) પોતાનું કાર્ય કરે છે;[૩૦] અને માયાવડે પ્રલયની પ્રેરણા થતાં ક્રમે કરી સર્વ સૃષ્ટિને પોતે ગળી જઇ પોતે પણ પરબ્રહ્મમાં લીન થઇ જતાં પરમ શાંતિને પ્રાપ્ત થાય છે. એ રુદ્રનું ખરું સ્વરૂપ તો નિર્મળ શુદ્ધ ચિદાકાશરૂપ છે, અને એ ઈશ્વરરૂપ રુદ્રનેજ કૃષ્ણ (કાળા) રંગે વર્ણવવામાં આવ્યા છે.[૩૧] આ જગતનો પ્રલય કરી દઇ તેને એક સમુદ્રરૂપ કરી સમુદ્રને પણ પી જઈ એ રુદ્ર પુનર્જન્મ ન થવામાટે પરમ શાંતિને પ્રાપ્ત થઇ જાય છે.[૩૨] ત્યારપછી પણ હું જોવા લાગ્યો તો રુદ્ર પોતાના પ્રાણવાયુના વેગથી એ મહાસાગરને પી જવાનો ઉદ્યમ કરી રહ્યા હતા.[૩૩] પછી તે મહાસાગર રુદ્રના પ્રાણવડે ખેંચાઈ વડવાગ્નિની પેઠે અનેક જ્વાળાઓના સમૂહોવડે અંદર આકુલ–વ્યાકુલ થઇ રહેલા રુદ્રના વિશાલ મુખમાં પ્રવેશ કરતો હતો.[૩૪] એ અહંકારરૂપી રુદ્રજ પ્રલયકાળપર્યંત સમુદ્રમાં વડવાનલરૂપ થઈ રહી તેનાં સઘળાં જળને પી જાય છે. જેમ જળ પાતાળમાં પ્રવેશ કરે, સર્પ પોતાના રાફડામાં પ્રવેશ કરે, અને શરીરમાં પ્રાણ–અપાન–આદિ રૂપે પાંચ પ્રકારે રહેલો વાયુ પ્રાણીઓના મુખના પોલાણમાં પ્રવેશ કરે, તેમ મહાસાગરે વેગથી રુદ્રના મુખમાં પ્રવેશ કર્યો.[૩૬] જેમ સૂર્યનારાયણ અંધકારને પી જાય, અને સત્સંગતિ દોષોને ગળી જાય, તેમ એ રુદ્ર કે જેનો વર્ણ શ્યામ હતો તે ત્યાં આવી એક મુહૂર્ત માત્રમાંજ મહાસાગરના જળનું પાન કરી ગયા.[૩૭] ઠેઠ બ્રહ્મલોકથી માંડી પાતાલપર્યંત બધું શાંત અને શૂન્ય થઇ ગયું હતું. રજ, ધૂમાડો, પવન, સમુદ્ર અને પ્રાણીઓ, એ સર્વના અભાવનેલીધે આકાશ એકસરખી રીતે પોતાના સ્વરૂપમાંજ રહેલું જણાતું હતું.[૩૮] હે રામચંદ્રજી ! ફક્ત આકાશના જેવા નિર્મલ એવા ચાર પદાર્થોજ અચલપણે તે વખતે દેખાતા હતા, કે જે વિષે હું તમને કહું છું તે તમે સાંભળો.[૩૯] એક તો કાળા રંગના આકાશના જેવા આકારવાળા અને નિશ્ચલ સુગંધનીપેઠે આકાશની અંદર નિરાધાર રહેલા રુદ્ર આકાશની મધ્યમાં દેખાતા હતા.[૪૦] બીજો પદાર્થ બ્રહ્માંડરૂપી ઘરનો સાત પાતાળની નીચેનો ભાગ કે જે અતિ છેટે દેખાતો હતો, અને પૃથ્વીના તથા આકાશના તલના જેવો જણાતો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હતો તે હતો.[૪૧] એ ભાગ ત્રણે લોક તથા તેની અંદરના પદાર્થો ભસ્મ થઈ જવાનેલીધે અવશેષ રહેલા અને જળ પડવાથી ભીના થઈ ગએલા તથા કીચડરૂપે જામી ગએલા પાતાલ, પૃથ્વી, સ્વર્ગ, પર્વતો અને દેવતાઓના પાર્થિવ ભાગવડે વ્યાપ્ત હતો; અને ઉપરના પ્રદેશની અપેક્ષાએ તે કાંઇક સ્થૂલ દેખાતો હતો.[૪૨] ત્રીજો પદાર્થ બ્રહ્માંડનો ઉપરનો ભાગ હતો, કે જે છેટે હોવાથી બરાબર દૃષ્ટિ ન પહોંચતાં આકાશ કે જે અતિ સૂક્ષ્મ હોવાથી દુર્લક્ષ્ય છે, તેના જેવો શ્યામ દેખાતો હતો.[૪૩] ચોથો પદાર્થ તો અનાદિ અનંત બ્રહ્મના જેવું નિર્મળ ચોતરફ પ્રસરી રહેલું આકાશજ હતું, કે જે છેટે છેટે રહેલા બ્રહ્માંડના નીચેના અને ઉપરના ખંડના વચલા ભાગમાં રહેલું હતું. એ ચાર પદાર્થો સિવાય બીજું કશું પણ ત્યાં જોવામાં આવતું ન હતું.[૪૪,૪૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! બ્રહ્મલોકની બહાર શું છે, તેને આવરણ કેટલાં છે, અને કેવી રીતે તે રહેલ છે?[૪૬]

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—બ્રહ્માંડખંડની બહાર તેનાથી દશગણું જળ રહ્યું છે, અને તે જળ અનંત એવા બ્રહ્માંડના બન્ને (ઉપર નીચેના) ખંડના સંધિમાં રહેલા અંદરના આકાશને છોડી દઈ માત્ર બહારજ ફેલાઇ રહેલ છે.[૪૭] એ જળ પછી તેનાથી દશગણું તેજ રહેલ છે કે જે જ્વાળારૂપ છે. એ તેજ પછી તેનાથી દશગણો નિર્મલ વાયુ રહ્યો છે, કે જે જલની પેઠેજ પવિત્ર કરનાર છે.[૪૮] એ વાયુ પછી તેના કરતાં દશગણું એવું આકાશ રહ્યું છે, અને તે આકાશ પછી અતિસ્વચ્છ પરમનિર્મળ અનંત બ્રહ્માકાશ (શબલ બ્રહ્મ) રહેલ છે.[૪૯] એ શબલ બ્રહ્મના આવરણવાળા સ્વરૂપરૂપી આકાશની અંદર બીજાં તંત્રોમાં અનેક જાતનાં આવરણની કલ્પના બતાવી છે, કે જે એક બીજાથી ઘણે દૂર રહેલ છે, અને અનંતરૂપ છે, તથા તે તંત્રકારોએ એકબીજાની સાથે સંવાદ થતાં પરસ્પર પોતાની બુદ્ધિપ્રમાણે કલ્પનાવડેજ વર્ણવેલી છે.[૫૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! બ્રહ્માંડના ઉપરના ભાગમાં અને નીચેના ભાગમાં એક બીજાનાથી ઉત્તરોત્તર દશગણો વધારે વિસ્તાર હોવાથી મોટા આકારને ધારણ કરી રહેલ જળ આદિ શી રીતે રહેલ છે, અને કોણે તેને ધારણ કરી રાખેલ છે?[૫૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જેમ વાંદરીનાં બચ્ચાંઓ પોતાની માતાના પેટને વળગી રહે તેમ પાર્થિવ પદાર્થોના આધારભૂત થઈ રહેલો કમળપત્રના જેવો જે બ્રહ્માંડખંડોનો પાર્થિવ ભાગ છે તેને આધારેજ બીજા બધા પદાર્થો રહેલા છે.[૫૨] બ્રહ્માંડરૂપી મોટા શરીરની અંદર જે જે પદાર્થો જેની નજીક રહેલા છે, તેઓના પરસ્પર એકબીજાના આકર્ષણથીજ તેઓ રહેલા છે, અને જેમ તરસ્યાં મનુષ્ય જળતરફ ખેંચાય તેમ તેઓ એકબીજા (નજીકના પદાર્થો) તરફ આકર્ષાય છે.[૫૩] એવીજ રીતે તૈજસ આદિ પદાર્થો પણ એ બ્રહ્માંડની અંદર પરસ્પર આકર્ષાઇ રહ્યા છે, અને જેમ હાથ—પગ આદિ અવયવો પોતાની સ્થિતિને નથી છોડતા તેમ એ સર્વ પદાર્થો પણ પોતપોતાની સ્થિતિને છોડતા નથી.[૫૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! બ્રહ્માંડના બન્ને (ઉપરના અને નીચેના) ખંડ શી રીતે રહ્યા છે, તેનો શો આધાર છે, શો આકાર છે, કોણે તેને ધારણ કરી રાખેલ છે, અને છેવટ તેનો નાશ કેવી રીતે થાય છે?[૫૫]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—આ વિશાલ જગત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વપ્નના નગરની પેઠે કોઇએ ધારણ નહિ કર્યા છતાં ધારણ કરાઈ રહ્યું છે. નાશ નહિ પામતાં છતાં નાશ પામતું દેખાય છે, અને નિરાકાર છતાં તે સાકાર અનુભવમાં આવે છે.[૫૬] એ જગતમાંથી શું નાશ પામે છે, અને કોણ તેને ધારણ કરી રાખે છે, એ કાંઈ પણ નથી; માત્ર જેવો જેવો ચિદાત્માનો દૃઢ સંકલ્પ સ્ફુરે છે તેવું તેવુંજ તે અનુભવમાં આવે છે.[૫૭] જેમ આકાશની અંદર મોવાળા-મસલાં આદિ ભ્રાંતિથી જોવામાં આવે અને જેમ આકાશમાં શૂન્યપણું અને પવનમાં ચલનશક્તિ દેખાય, તેમજ ચિદાકાશની અંદર (અભિન્ન સત્તારૂપ) જગત જોવામાં આવે છે.[૫૮] બ્રહ્માંડ એવા નામનું જગતરૂપી ઘર અધિષ્ઠાન ચૈતન્યની અંદર સંકલ્પનગરની પેઠે ખડું થઇ જઇ દેખાય છે. ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદરજ રહેલ છે, અને તે નિરાકાર છતાં પ્રત્યેક પદાર્થને રૂપે કેમ જાણે આકારવાળું થઇ રહ્યું હોય એમ દેખાય છે. ક્ષય થવાનો સંકલ્પ સ્ફુરતાં તે રાત્રિ–દિવસ ક્ષય પામતું દેખાય છે, અને જવાનો અધ્યાસ બેસતાં તે અહર્નિશ ગમનધર્મવાળું જણાય છે.[૫૯] તે સ્થિર થઇ રહ્યું છે એવો દૃઢ સંકલ્પ થતાં તે રાત્રિ-દિવસ સ્થિર થઇ રહેલ દેખાય છે; અને તે ઉડે છે એવી દૃઢ ભાવના થતાં તે ઉડતું માલૂમ પડે છે.[૬૧] તે નાશ પામે છે એવી ભાવના થતાં મહાપ્રલયઆદિવડે તે નાશને પ્રાપ્ત થાય છે; અને તે જન્મ પામે છે એવી સ્ફૂર્તિ દૃઢ થતાં સૌ સૌનાં મૂલસ્વરૂપને આકારે તેનું સ્ફુરણ થઇ તે ઉત્પન્ન થાય છે.[૬૨] જેમ શરદ ઋતુના આકાશની અંદર દૃષ્ટિ પડતાં (તારાઓરૂપી) મોતીઓનો સમૂહ અસત્ય છતાં અતિ સત્યરૂપે ઉદય પામેલો જણાય છે, તેવીજ રીતે ચિદાકાશની અંદર ભ્રાંતિવડે દેખાતા અસંખ્ય જગતોની સંખ્યા કરવાને પણ કોણ સમર્થ થઇ શકે તેમ છે ? કોઇ નહિ.[૬૩]

आभाति मौक्तिकगणः शरदम्बरान्तर्दृष्टावसत्य उदितोऽप्यतिसत्यरूपः ॥ भ्रान्त्या यथा नभसि च स्फुरतां तथैषां संख्यां विधातुमिह को जगतां समर्थः ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભ્રાંતિમાત્રત્વપ્રતિપાદન' એ નામનો એંશીમો સર્ગ સંપૂર્ણ. ૮૦

સર્ગ ૮૧ મો.*

રુદ્રરૂપ ભૈરવનું તથા કાલરાત્રિનું વર્ણન.

॥ श्रीवासिष्ठ उवाच ॥

अथ राघव रुद्रं तं तदा तास्मिन्महांबरे ॥ मत्तं नर्तितुं मत्तमपश्यं विततात्मकम् ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! પછી એ મહાકાશની અંદર પોતાના આકારને પ્રસારી રહેલા, મત્ત બની ગયેલા અને નૃત્ય કરવાને પ્રવૃત્ત થએલા રુદ્રને મેં જોયા, કે જે કેમ જાણે આકાશજ પોતાના વ્યાપકપણાને નહિ છોડતાં સાકાર બની ગયું હોય એવા દેખાતા હતા.[૧] તેની મૂર્ત્તિ ઘનશ્યામ હતી, દશે દિશાઓને તે પોતાના સ્વરૂપથી પૂરી રહ્યા હતા અને તેનો આકાર મહા વિશાલ હતો.[૨] સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપી નેત્રને તે ધારણ કરી રહ્યા હતા અને દશ દિશાઓરૂપી ચપલ વસ્ત્રવડે તે સુશોભિત દેખાતા હતા. ધાટી અને ચોતરફ ઘણા લાંબા પ્રદેશસુધી પથરાઇ રહેલી કાંતિના સમૂહને તે ધારણ કરી રહ્યા હતા, તથા કેમ જાણે શ્યામકાંતિને બંધાવાનો સ્તંભજ

* આ એકાશીમા સર્ગમાં પ્રલયકાળમાં નૃત્ય કરતા રુદ્રરૂપ ભૈરવનું વર્ણન આવશે અને તેની છાયારૂપી કાળરાત્રિ કે જે જગતને પોતાના અંગમાં ધારણ કરી નૃત્ય કરે છે તે વિષે પણ વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હોય તેવા તે દેખાતા હતા.[૩] તેની દૃષ્ટિ વડવાગ્નિના જેવી મહા પ્રચંડ જણાતી હતી, ચપલ ભુજઓરૂપી તરંગોના ભારથી પ્રકાશી રહેલું તેનું સ્વરૂપ સર્વત્ર એકરસરૂપે ભરપૂર થઇ રહેલા મહાસાગરનું જળજ કેમ જાણે દેહધારી બની મૂર્ત્તિમાન થઇ રહેલ હોય એવું દેખાતું હતું.[૪] એ રુદ્રને દીઠા પછી પાછો હું તેના તરફ જોવા લાગ્યો તો એ રુદ્રના નૃત્યનું અનુકરણ કરી રહેલી એવી એક આકૃતિ મેં જોઇ, કે જે કેમ જાણે રુદ્રની છાયાજ હોય એવી દેખાતી હતી.[૫] "સૂર્યો હમણાં વિદ્યમાન નથી, છતાં આવા ઘાટા અંધારામાં આકાશની અંદર આ છાયા કેવી રીતે રહી હશે" એમ મારા મનમાં શંકા થતી હતી[૬] અને હું તે સંબંધમાં વિચાર કરતો હતો, એટલામાં તો એ છાયા રુદ્રની પાસે નૃત્ય કરવા લાગી. તેનો વિસ્તાર ઘણો લાંબો હતો. તેનાં સુશોભિત ત્રણ નેત્ર દેખાતાં હતાં.[૭] તેનો રંગ કાળો હતો. તેનું શરીર કૃશ દેખાતું હતું. તેના અંગમાં ચારેકોર નસો નજરે આવતી હતી. તેનું અંગ શિથિલ થઈ ગયું હતું. તેનો આકાર બહુ વિસ્તારવાળો હતો. તેનું મુખ જવાળાઓથી વ્યાકુલ જણાતું હતું. વનની સમૃદ્ધિની પેઠે પુષ્પપલ્લવઆદિથી સુશોભિત એવા મુકુટને તે ધારણ કરી રહી હતી.[૮] ભેદાયેલાં અંજનના જેવા ઘાટા અંધકારથી તે શ્યામ દેખાતી હતી; અને કેમ જાણે રાત્રિજ પોતે આકૃતિવાળી થઇ ગઈ હોય, અથવા કેમ જાણે અંધકારની શોભાએજ દેહને ધારણ કરી લીધો હોય, કિંવા આકાશની શોભાજ કેમ જાણે સાકાર થઇ આવી ઉભી હોય, એવી તે જણાતી હતી.[૯] તે ઘણીજ લાંબી હતી, તેનું મુખ મહા ભયાનક દેખાતું હતું, અને કેમ જાણે આકાશને માપી લેવાને તૈયાર થઇ રહી હોય, એવી તે લાગતી હતી. લાંબા ગોઠણ અને હાથની ફેરવણીથી કેમ જાણે દિશાઓનાં મુખને માપવાને ઇચ્છતી હોય એમ દેખાતું હતું.[૧૦] કેમ જાણે ઘણા ઉપવાસો કર્યા હોય તેમ તે બહુ કૃશ જણાતી હતી. તેનું મહાવિશાલ શરીર ચારેકોર ખાડાવાળું દેખાતું હતું. કાજળના જેવો મહાશ્યામ તેનો વર્ણ હતો, અને પવનના ઝપાટાથી આકુલ થઇ રહેલી મેઘમાળાના જેવી તે દેખાતી હતી.[૧૧] એ પોતે બહુ લાંબી હોવાથી અને કૃશ હોવાથી જ્યારે સ્થિર રહેવાને અશક્ત જણાઇ ત્યારે વિધાતાએ તેને દૃઢ રહેવા માટે કેમ જાણે નસોરૂપી રસાઓથી સાંકળેલી હોય એવી તે જણાતી હતી.[૧૨] એટલી બધી તો એ લાંબી હતી કે તેના મસ્તકથી માંડી ઠેઠ પગના નખસુધીનું આખું શરીર મેં ઘણા લાંબા કાળસુધી નીચે ઉંચે જઇ ઘણો પ્રયત્ન કર્યો ત્યારેજ માંડ જોવામાં આવ્યું.[૧૩] ઠેઠ મૂલથી માંડી શાખાના અગ્રભાગસુધી સૂત્રવડે વીંટાએલી કેમ જાણે કાંટાવાળી જમીન હોય તેમ એ છાયાનો મસ્તકથી માંડી પગના નખસુધીના બધા અવયવોનો સમૂહ નસોના સમૂહથી અને આંતરડાંઓરૂપી વીણાઓવડે ગુંથાએલો હતો.[૧૪] નાનાપ્રકારના રંગવાળા સૂર્ય આદિ દેવતાઓ અને દાનવોનાં મસ્તકોરૂપી કમલોના સમૂહોની કંઠમાં નાખેલી માળાવડે તે સુશોભિત હતી, અને નિર્મલ પ્રકાશવાળા પવનથી પ્રદીપ્ત થઇ રહેલા અગ્નિરૂપી વસ્ત્રને તે ધારણ કરી રહી હતી.[૧૫] તેના લાંબા કાનમાં સર્પો લટકતા હતા. મનુષ્યના શબરૂપી કુંડલ તેણે પહેર્યાં હતાં. સૂકાએલ તુંબડીના વેલાનીપેઠે મોટી ગાંઠોવાળાં લાંબાં અને ચપલ એવાં શ્યામ સ્તનવડે તે યુક્ત હતી.[૧૬] નાના મોરોનાં પીછાંઓના સમૂહથી અને બ્રહ્માના કેશના સમૂહથી લાંછિત થઇ રહેલા અને ઉંચા એવા ઇંદ્ર આદિ દેવતા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઓનાં મસ્તકોને ધારણ કરનારા અનેક ખટ્વાંગોવડે તે યુક્ત હતી.[૧૭] દાંતોરૂપી ચંદ્રમાઓની માલાઓવડે તે નિર્મલ દેખાતી હતી, અને તેની નિર્મલતા ઝાંખી પડવાથી તેની શોભામાં વિશેષ વધારો થતો હતો. ગોળ ચકરીઓવડે ચપલ થઈ રહેલ, અંધારારૂપી સમુદ્રનો ફેમ જાણે ઉપરનો ભાગ હોય તેવી એ જણાતી હતી.[૧૮] આકાશરૂપી વૃક્ષને આધારે રહેલી સૂકાએલ તુંબડીની લતાની પેઠે તે અતિવિસ્તારવાળી હતી. ચપલ અવયવોની ગ્રંથિઓવડે તે સંયુક્ત હતી, અને પવનનું તેની સાથે અથડાવું થતાં એક નવીન પ્રકારનો અવાજ ઉત્પન્ન થતો હતો.[૧૯] તેના મોટા તરંગોના જેવા વિશાલ અને ઉંચા હાથ શોભી નીકળતા હતા. શ્યામ કાંતિવડે તે બહુ રમણીય દેખાતી હતી. એક મહાસાગરના તરંગોની માળાનીપેઠે તે નૃત્ય કરી ચોતરફ ફેલાઇ જતી હતી.[૨૦] ક્ષણમાત્રમાં તેના એક હાથનોજ આકાર દેખાતો હતો, ક્ષણમાત્રમાં તે અનેક ભુજાઓવડે આકુલ દેખાતી હતી, અને ક્ષણમાત્રમાં તે અનંત તીવ્ર ભુજાઓવડે જગતરૂપી નૃત્યમંડપને ધ્રૂજાવતી હતી.[૨૧] ક્ષણમાત્રમાં તેના એકજ મુખનો આકાર દેખાતો હતો, ક્ષણમાત્રમાં ઘણાં મુખોના આકાર દેખાતા હતા, થોડીવારમાં તેનાં અનંત તીક્ષ્ણ મુખો જોવામાં આવતાં હતાં અને ક્ષણમાત્રમાં તેનું એક પણ મુખ દેખાતું ન હતું.[૨૨] ક્ષણવારમાં તેનો એકજ ચરણ દેખાતો હતો, અને ક્ષણવારમાં તરત તે સેંકડો ચરણવાળી દેખાતી હતી. જરાવારમાં વળી તેના અનંત ચરણો જોવામાં આવતા હતા, અને ક્ષણવારમાં તેના ચરણનો કશો આકારજ દેખાતો ન હતો.[૨૩] પછી મેં એનો દેહ જોઇ એમ અનુમાન કર્યું કે આ કાલરાત્રિ છે કે જેને સજ્જન પુરુષો ભગવતી કાળી એવે નામે કહે છે.[૨૪] તેનાં ત્રણ નેત્રો જ્વાલાવડે પૂર્ણ એવા ઘટમાલની રેંટના ભયંકર ઉંડા ખાડાના જેવાં દેખાતાં હતાં, અને તેના કપાળનો પ્રદેશ બળતી પૃથ્વીવાળા ઇંદ્રનીલ પર્વતના શિખરના જેવો જણાતો હતો.[૨૫] એ કાલરાત્રિની બન્ને હડબચી લોકાલોક પર્વત અને ઇંદ્રનીલ પર્વતના ભયંકર ખાડાના જેવી મહાભયકારક જણાતી હતી. વાતસ્કંધરૂપી દોરામાં પરોવેલ એવાં તારાઓરૂપી મોતીઓની માળાથી તે સુંદર જણાતી હતી.[૨૬] ઇંદ્રનીલપર્વતની બરોબરી કરનારા મહાઉંચા નગરના બહારના દરવાજામાં પદ્મરાગ આદિ મણિઓની કાંતિવડે રંગાયેલા તેના અંદરના (પોલાણના) ભાગમાં સ્થિર થઈ રહેલા કાચના કૃત્રિમ પર્વતના જેવો દેખાવ આપનારા ભગ નામના ભયંકર કાગડાવડે તે યુક્ત હતી.[૨૭] નૃત્ય કર્યા કરતી ભુજાઓરૂપી લતાનાં પુષ્પોથી અને નખોરૂપી ધોળાં વાદળાંઓનાં મંડલોથી ફેમ જાણે આકાશની અંદર પૂર્ણકલાવાળા સેંકડો ચંદ્રમાઓને ભમાવતી હોય એવો તેનો દેખાવ હતો.[૨૮] હાથી આદિ પ્રાણીઓમાંથી થનારા મોતીઓના જેવા ઝબકારા મારતી અને પ્રલયસમયે નીચે આવી પડતી તારાઓની પંક્તિઓની પેઠે પ્રકાશવાળી નખની પંક્તિઓની મહાતેજવાળી કાંતિને પ્રલયકાલના વરસાદની પેઠે ચોધારી રીતે વરસાવનારા તથા ચારેકોર ભમ્યા કરતા પોતાના હાથોવડે એ કાલરાત્રિએ બધી દિશાઓના મંડલને વ્યાપ્ત કરી દીધાં હતાં.[૨૯] કાળા અને મહાભયંકર આકારવાળા તથા નખોરૂપી પુષ્પોવડે સુશોભિત એવી આંગળીઓરૂપી વેલોના સમૂહને ધારણ કરી રહેલા ચોતરફ ભમનારા પોતાના હાથરૂપી વૃક્ષ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે આખા આકાશને એ કાલરાત્રિએ જંગલના જેવા દેખાવવાળું કરી મૂક્યું હતું.[૩૦] ચોતરફ હાલ્યા કરતા પોતાની જંઘાના ભાગથી, બળી ગએલાં મોટાં વનોવડે યુક્ત અને અવશેષ રહેલ તમાલ તાલ આદિ વૃક્ષોવડે ઉંચી દેખાતી ભયંકર ભૂમિનું એ કાલરાત્રિ અનુકરણ કરતી હતી.[૩૧] અનંત મહાવિશાલ આકાશના પણ પારને પામી ગએલા પોતાના કેશવડે ભમ્યા કરતા અંધારારૂપી હાથીને, કેમ જાણે એ કાલરાત્રિ વિશાલ નિવાસસ્થાનને કલ્પી આપતી હોય એમ જણાતું હતું.[૩૨] મેરુપર્વતને પણ વહન કરી શકે એવો પોતાનો નિશ્વાસ વાયુ કે જે ઘાટા ઘોંઘાટવાળા દિશાઓના સમૂહને ધારણ કરી રહેલા આકાશરૂપી ગામમાં મોટો અવાજ કરી રહ્યો હતો, અને ઘાટા પવનના સુસવાટથી વિષની પેઠે શ્રવણ થતાં (મોહને લીધે) મૂર્છિત કરી દેનારા ગાનને ગાતો હોય એવો દેખાતો હતો, તેની સાથે પોતાનું અનુકરણ કરનારા તથા પોતાની પેઠેજ હાવ–ભાવ બતાવનારા નટની સાથે કેમ જાણે તે ચાલતી હોય તેમ તે ચાલી જતી હતી.[૩૩,૩૪] પછી નૃત્યના આવેશનેલીધે તેનું શરીર વધવા માંડયું, અને તે હું કે જે આકાશની અંદર ચારે કોર ફરતો હતો તેણે પોતાના ચિત્તની એકાગ્રતાવડે જોયું.[૩૫] વિલાસવડે કેવલ નૃત્ય કરવામાંજ તત્પર થઈ રહેલી એ કાલરાત્રિએ પોતાના દેહની અંદર મલયાચલ, કૈલાસ, સહ્યાદ્રિ, મંદરાચલ અને મેરુ પર્વતની તો માળા પહેરી લીધી હતી.[૩૬] પ્રલયકાલના મેઘોની માળા તો તેની પાટલીરૂપ હતી અને ત્રણે લોકો તેના અંગની અંદર મણિમય અરીસાની પેઠે દેખાતા હતા.[૩૭] હિમાલય અને મેરુપર્વત એ બન્ને તે કાલરાત્રિના કાનમાં પહેરવાની પામી ગએલી મહામૂલ્ય જગતરૂપી સર્પને રૂપાની અને સોનાની મુદ્રારૂપ (અકોટારૂપ) હતા. બ્રહ્માંડોના ઘુમટની માળા તેની મોટી કટિમેખલારૂપ હતી.[૩૮] કુલાચલ પર્વતો તેની માલારૂપ હતા કે જેની અંદર શિખરો, વનો અને નગરો ગુચ્છાઓરૂપે દીપતાં હતાં તથા જીર્ણ નગરો, જંગલો, દ્વીપો અને ગામો કોમલ પલ્લવના જેવાં જણાતાં હતા.[૩૯] એ કાલરાત્રિના અવયવોની અંદર પુરો (ગામો), નગરો (શહેરો), ઋતુઓ, ત્રણ લોકો, મહીનાઓ તથા રાત્રિ–દિવસના સમૂહો મારા જોવામાં આવ્યા.[૪૦] યમુના ગંગા આદિ નદીઓ તેના શરીરમાં મોતીઓની હારના જેવી દેખાતી હતી, અને તેના બે કાનમાં ધર્મ તથા અધર્મ એ બેઉ કુંડલરૂપે શોભતા હતા.[૪૧] ધર્મરૂપી ધાવણને ધીમે ધીમે સ્રવ્યા કરતા ચાર વેદો તેના સ્તનરૂપ હતા કે જેની અંદર સર્વ શાસ્ત્રાર્થરૂપી ચાર દીંટડીઓ દીપતી હતી.[૪૨] ત્રિશૂલ, પટ્ટિશ, પ્રાસ, બાણ, ઋષ્ટિ, મુદ્ગર અને શક્તિરૂપે બહાર દેખાતાં અનેક આયુધોરૂપી માલાને તે ધારણ કરી રહી હતી.[૪૩] ચૌદ પ્રકારની દેવ આદિ જે પ્રાણીઓની જાતિઓ છે તે બધી મહાસુંદર શરીરવાળી એ કાલરાત્રિની રુંવાડાંની પંક્તિઓરૂપ છે.[૪૪] એ કાલરાત્રિના દેહની અંદર સૂક્ષ્મ રહેલાં નગરો, ગામડાંઓ અને પર્વતો કેમ જાણે પુનર્જન્મના હર્ષથી નૃત્ય કરતાં હોય તેમ નૃત્ય કરનારી એ કાલરાત્રિની સાથેજ નૃત્ય કરતાં હતાં.[૪૫] કાલરાત્રિના નૃત્યનેલીધે સઘળું ચલાયમાન હોવાથી આખું જગત સ્થાવરભાવથી રહિત થઇ જઇ કેમ જાણે જંગમરૂપે નૃત્ય કરતું હોય એમ મને જણાયું.[૪૬] એ કાલરાત્રિના દેહરૂપી પરલોકમાં સુખેથી રહેલાં જગતને ગળી જઈ પોતાના ઉદર આદિ અવયવમાં ધારણ કરી રાખી તૃપ્તિ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પોતાના જઠરાગ્નિમાં પચાવી દેનારી એ કાલ-રાત્રિરૂપી મયૂરી નૃત્ય કરતી હતી.[૪૭] તેના મહાવિસ્તારવાળા સુશોભિત શરીરની અંદર આખું જગત ક્રમ જાણે અરીસામાં પ્રતિબિંબિત થઇ રહ્યું હોય તેમ પ્રથમના જગતના જેવું જ જોવામાં આવતું હતું.[૪૮] વસ્તુતાએ જોઇએ તો તે પોતે નૃત્ય કરતી ન હતી, પરંતુ તેના અંગમાં રહેલું પર્વતો, વનો, જંગલો વગેરેએ સહિત નાના પ્રકારનું જગતજ વારંવાર મરણને વશ થઈ જઇ તેની અંદર ખડું થઇ નાચ્યા કરતું હતું.[૪૯] એ જગતનું સુંદર નૃત્ય કે જે કાલરાત્રિના દેહરૂપી અરીસામાં પ્રતિબિંબિત થઈ રહ્યું હતું, તે ઘણા કાલસુધી મારા જોવામાં આવ્યું, કે જે નાશને નહિ પ્રાપ્ત થતાં વારંવાર તેવેજરૂપે સ્થિર થઇ રહેલું દેખાતું હતું.[૫૦] તેની અંદર તારાઓના સમૂહ ચલાયમાન દેખાતા હતા, પર્વતોના સમૂહો ભમતા હતા અને મસલ્લાનાં ટોળાઓનીપેઠે દેવ-દાનવોના સમૂહો પવનને લીધે તેના પ્રવાહમાં વહ્યા જતા દેખાતા હતા.[૫૧] સંગ્રામમાં પૈડા વગરના થઇ ગયેલા રથની પેઠે ચક્કર ખાનારા દ્વીપો—સમુદ્રો—વગેરેથી આકાશ વીંટાઇ ગયું હતું. ક્રીડાવડે ભ્રમણ કરનારા વંટોળિયા વાયુથી મોટા પર્વતો, પૃથ્વી અને તેની અંદરનાં ઘાસો ઘસડાતાં જતાં હતાં.[૫૨] શ્યામ મેઘરૂપી વસ્ત્રોને એક બાજુથી બીજી બાજુ તરફ લઇ જવામાં પવનના સપાટાવડે આખું આકાશ ગાજી રહ્યું હતું. લાકડાંઓનું અને અસ્થિ આદિનું પ્રસિદ્ધ રીતે ફાટવું થતાં તેનો અવાજ ચારેકોર ફેલાઈ જતો હતો.[૫૩] અરીસાનીપેઠે ક્ષણે ક્ષણે એક બીજાનો સંયોગ-વિયોગ થવાથી, ભેગા થઈ જતા અને પાછા જુદા પડી જતા જગતના પદાર્થોવડે અને એ પદાર્થોવાળા કાલરાત્રિના અવયવોવડે તથા તેનાં ફરવાંવડે ક્રમ જાણે બધું મૂર્ત્તિમાન ભયવડે વ્યાપ્ત થઇ રહ્યું હોય તેમ સઘળું વ્યાપ્ત દેખાતું હતું.[૫૪] ચપલ અને ઉંચા કુલાચલ પર્વતરૂપી મોટા હાથને ધારણ કરી રહેલો તથા ભમ્યા કરતા મેઘોરૂપી વસ્ત્રોવડે ઢંકાવાથી નમ્ર થઈ રહેલાં નાનાં કલ્પવૃક્ષોને ધારણ કરી રહેલો તે મેરુપર્વત નૃત્ય કરતો હતો.[૫૫] સમુદ્રો પોતાની મર્યાદાને નહિ છોડતાં પૃથ્વીમાંથી આકાશમાં અને આકાશમાંથી પાછા પૃથ્વીમાં ઉછળતા હતા, અને તેની સાથે વૃક્ષોની પણ તેમજ ક્રિયા થતી હતી.[૫૬] ઘરો, અગાશીઓ, હવેલીઓ અને તેની અંદર રહેનારાં મનુષ્યો, એ બધાંએ સહિત નગરો ખોખરા અવાજની સાથે નીચે પડતાં હતાં અને વસ્તુતાએ જોઇએ તો (સર્વ મિથ્યા હોવાથી) કશું પણ નીચે પડતું ન હતું.[૫૭] જ્યારે એ કાલરાત્રિ પોતાની ચતુરતાથી ભ્રમણ કરતી હતી ત્યારે ચંદ્ર સૂર્ય અને રાત્રિ-દિવસ તેના નખની ઉપરની રેખામાં ચળકાટ કરતા પ્રકાશની અંદર અંતર્ભાવ પામી જઇ સુવર્ણના સૂત્રનીપેઠે લાંબા આકારવાળાં દેખાતાં હતાં.[૫૮] ઝાકળરૂપી હારવાળી અને શ્યામ મેઘરૂપી વસ્ત્રને ધારણ કરી રહેલી એ કાલરાત્રિના ક્રમ જાણે પરસેવાનાં બિંદુ હોય તેવી રીતે વરસાદનાં જળો જણાતાં હતાં.[૫૯] આકાશ તે કાલરાત્રિના મોટા કેશપાશરૂપ હતું, પાતાલ તેના ચરણરૂપ હતું; પૃથ્વી તેના ઉદરરૂપ હતી, દિશાઓ તેના હાથરૂપ હતી,[૬૦] દ્વીપો અને સમુદ્રો તેનાં આંતરડાં તથા પેટના વીંટારૂપ હતા, બધા પર્વતો તેના પડખારૂપ હતા. આવહ-પ્રવહ આદિ પવનનો સમૂહ-તેના પ્રાણ-અપાનના સંચારરૂપ હતો.[૬૧] નૃત્ય કરી રહેલી એ કાલરાત્રિના વિસ્તારવાળા શરીરની અંદર હિમાલય, મેરુ, સહ્યાદ્રિ એ આદિ પર્વતોને ક્રમ જાણે હીંચકાનો સુખનો અનુભવ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થતો હોય એમ જણાતું હતું.[૬૨] તરતી એવી તળેટીના પર્વતોરૂપી મંજરીઓવાળી કુલાચલ પર્વતરૂપી માળાનું પરિભ્રમણ કરનારી એ કાલરાત્રિએ પોતાના તાંડવ નૃત્યની ક્રીડાવડે કેમ જાણે પાછો પ્રલય કરવાનો આરંભ કર્યો હોય એમ દેખાતું હતું.[૬૩] દેવતાઓ, દૈત્યો અને નાગોના સમૂહોરૂપી રુંવાડાંને ધારણ કરનારા અવયવવાળો એ કાલરાત્રિનો દેહ ચેષ્ટાવગરનો થઈ રહેવામાં અસમર્થ થઇ કેમ જાણે ચક્રની પેઠે ફરતો હોય એમ જણાતો હતો.[૬૪] નાનાપ્રકારના વૈભવો, તેને પ્રાપ્ત કરવાના ઉપાયો અને યજ્ઞોરૂપી યજ્ઞોપવીતને ધારણ કરનાર અને આકાશની અંદર નૃત્ય કરનારી એ કાલરાત્રિ મેઘના શબ્દોવડે કેમ જાણે કોઈ બ્રહ્મચારિણી વેદના ઘોષ કરતી હોય એમ દેખાતું હતું.[૬૫] વળી એ નૃત્યમાં પરસ્પર એકબીજામાં પ્રતિબિંબ પડવાથી ભૂતલ આકાશરૂપ અને આકાશ ભૂતલરૂપ થઇ જઈ પરસ્પર તુલ્યજ દેખાતાં હતાં અને કેમ જાણે અંદર કશું ચલન-વલનજ ન થયું હોય એવું લાગતું હતું.[૬૬] એ કાલરાત્રિના મોટા નાસિકાના છિદ્રરૂપી ઘરમાંથી બહાર આવતા મેઘના કડાકાવાળા અને મહાભયંકર શબ્દ કરી રહેલા ઉગ્રવાયુઓ વાતા હતા.[૬૭] એ કાલરાત્રિના સેંકડો હાથ કે જે ચતુરતાથી ચોતરફ ફરી વળતા હતા તેવડે કરી આકાશ કેમ જાણે પ્રચંડ પવને ઉડાડેલાં પલ્લવોવડે વ્યાપ્ત થઈ રહ્યું હોય એવું દેખાતું હતું.[૬૮] એ સર્વ જોતાં મારી દૃષ્ટિ જોકે ધીર હતી તોપણ રાત્રિના અંગમાં થએલા જગતના પદાર્થોની સાથે ભ્રમણ થવાથી થએલા શ્રમનેલીધે મોહને પામી જઇ જેમ રણસંગ્રામમાં સેના કુંઠિત શક્તિવાળી થઇ જાય તેમ કુંઠિત શક્તિવાળી થઇ ગઇ હતી.[૬૯] કાલરાત્રિનો દેહરૂપી અરીસો ભ્રમિત થતાં યંત્રની પેઠે પર્વતો ઘૂમતા હતા, આકાશચારી દેવતાઓ અને પક્ષીઓ નીચે પડતાં હતાં અને દેવતાઓનાં ઘરો પણ જમીન ઉપર આળોટતાં હતાં.[૭૦] મેરુઓ પાંદડાંનીપેઠે એ કાલરાત્રિના પ્રવાહમાં વહ્યા જતા હતા અને મલયાચલ પણ પલ્લવની પેઠે ચુંથાઈ જતા હતા. હિમાલય પણ હિમના એક બિંદુનીપેઠે વિખેરાઇ જતા હતા. એવી રીતે એ સર્વ પૃથ્વીમાં ઉગેલી સ્થલકમલિનીનીપેઠે ક્ષયને પ્રાપ્ત થઇ જતા હતા.[૭૧] પૃથ્વીની અંદર સહ્યાદ્રિ પક્ષીના જેવા જણાતા હતા અને વિંધ્યાચલ વિદ્યાધર જેવા દેખાતા હતા. આકાશમાં જેમ રાજહંસો ભમ્યા કરે તેમ વૃક્ષોના ભ્રમણમાં એ સઘળા પર્વતો ઘુમ્યા કરતા હતા.[૭૨] એ કાલરાત્રિના દેહરૂપી તળાવમાં દ્વીપો તૃણના જેવા દેખાતા હતા, સમુદ્રો કુંડાળાં જેવા જણાતા હતા અને દેવલોકની પંક્તિઓ કમળોના જેવી શોભતી હતી.[૭૩] નિર્મલ આકાશના જેવા મહાવિશાલ, સ્વપ્નમાં દેખાયેલા કાજલના નગરની પેઠે અતિશ્યામ તથા મોટી જંઘાવાળા અને એકઠા થએલા અનેક સૂર્યોના જેવા મહાજાજ્વલ્યમાન એવા એ કાલરાત્રિના શરીરની અંદર મેરુપર્વતના ઉપરના વનમાં વિંધ્યાચલ નૃત્ય કરતો હતો, અને એ વાતને સહન ન કરી શકનારો સહ્યાદ્રિ, કૈલાસ, મલયાચલ, મહેંદ્રપર્વત, ક્રૌંચપર્વત, મંદરાચલ અને ગોકર્ણ પર્વત એ બધા આકાશરૂપી આંગણામાં નૃત્ય કરતા હતા; અને તેનેલીધે પૃથ્વી અને વિદ્યાધરોનાં નગરો પણ નૃત્ય કરતાં હતાં. એવી રીતેજ વનમાં ઉત્પન્ન થનારા સર્વ સ્થાવર પદાર્થો એ કાલરાત્રિના શરીરની અંદર કેમ જાણે જંગમપણાને પ્રાપ્ત થઈ ગયેલા હોય તેવા જણાતા હતા.[૭૪,૭૫] પર્વતની અંદર સમુદ્ર નૃત્ય કરતા હતા. ઉંચા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પર્વતો પણ આકાશના પોલાણમાં નૃત્ય કરતા હતા. આકાશ પણ ચંદ્રમા અને સૂર્યસહિત ચલાયમાન થઈ પૃથ્વીની નીચે કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું તે જણાતું ન હતું. વિખરાયેલાં પુષ્પોવાળો વનોનો સમૂહ, દ્વીપો, પર્વતો અને નગરોએ સહિત, આકાશ કે જે સૂર્ય આદિના નિવાસરૂપ છે તેની અંદર નૃત્ય કરી રહ્યો હતો. એવી રીતે ચલાયમાન થઈ રહેલું સર્વ જગત સમુદ્રમાં તણાયેલાં ઘાસનીપેઠે દિશાઓમાં ભમતું જણાતું હતું.[૭૬] આકાશમાં પર્વતો ભમતા હતા. સમુદ્રો દિશાઓના અંતોમાં પહોંચી વળ્યા હતા. ગામડાંઓના અને નગરોના સમૂહો, નદીઓ તથા તળાવો કેમ જાણે અરીસામાં પ્રવેશ કરી રહ્યાં હોય તેમ એક લોકમાંથી વૃદ્ધિ પામેલા પવનમાં બીજા લોકમાં પ્રવેશ કરી ઉડેલા ઘાસની પેઠે ભમતાં દેખાતાં હતાં.[૭૭] સમુદ્રનીપેઠે નિર્જલ પ્રદેશમાં પણ માછલાંઓ ફરતાં હતાં. પૃથ્વીનીપેઠેજ આકાશની અંદર નગરો સ્થિર દેખાતાં હતાં. પર્વતો આકાશમાં જોવામાં આવતા હતા, આકાશ અને પ્રલયકાલના મેઘો ઉત્પાત કરનારા પ્રલયકાળના પ્રચંડ વાયુનેલીધે ફેરફારવાળા થઇ ગયેલા પર્વતોમાં સ્થિર થઇ ગયેલા દેખાતા હતા.[૭૮] નક્ષત્રોનો સમૂહ મણિઓની વૃષ્ટિના વેગનીપેઠે મનોહરપણાને પ્રાપ્ત થઇ જઇ હજારો દ્વીપોને ભમાવનારા યંત્રોના ચક્રની પેઠે પૃથ્વીની બહાર અને અંદર ભ્રમણ કરી રહ્યો હતો કે જેનો દેખાવ વિદ્યાધરોએ અને દેવતાઓના સમૂહે (આ સભા ઉપર) કરેલી ફૂલની વૃષ્ટિના જેવો જણાતો હતો.[૭૯] એ કાલરાત્રિના દેહની અંદર પ્રલયોના અને સૃષ્ટિઓના સમૂહો રાત્રિ-દિવસના જેવા ટુંકા જણાતા હતા. દિવસોના અને રાત્રિઓના સમૂહો ધોળાં અને કાળાં રૂપાનાં પત્રાંઉપર પડેલા એક નાના બિંદુનીપેઠે બહુજ નાના જણાતા હતા તેમજ એ કાલરાત્રિના શરીરમાં કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ એ બન્ને પક્ષો (વજ્રમણિ અને ઇંદ્રનીલમણિ આદિથી બનેલા હોવાનેલીધે) નિર્મલ દેખાતા ધોળા તથા કાળા અનેક અરીસાઓના સમૂહનીપેઠે જણાતા હતા.[૮૦] એ કાલરાત્રિના દેહમાં અનેક સૂર્ય-ચંદ્રનાં મંડલો રત્નરૂપે શોભી રહ્યાં હતાં. તારાઓના સમૂહો ચપલ અને કુંડાળા જેવા થઈ રહેલા કાંતિમાન હારોનીપેઠે દીપતા હતા. સ્વચ્છ આકાશ તો વીંટાઇ રહેલા મોટા વસ્ત્રના જેવું જણાતું હતું અને તેની અંદર ભમ્યા કરતા વિજળીના ઝબકારા વગેરે ઉંબાડીઆંની પંક્તિનીપેઠે મોટો પ્રકાશ આપતા હતા.[૮૧] પ્રલયકાળમાં આળોટતાં ત્રણે જગત એ કાલરાત્રિના દેહમાં મણિરૂપે શોભતાં હતાં કે જેઓ કાલચક્રના ફેરફારનેલીધે એક બીજામાં અથડાતાં તત્કાલ ઝણઝણાટ કરતાં હતાં. તેમજ સૂર્યઆદિનાં તેજો કે જેઓ કાલરાત્રિના દેહની અંદર નાનાપ્રકારનાં સુંદર કંકણ-નુપૂર-આદિ આભૂષણરૂપે દેખાતાં હતાં તે પણ ઝણઝણાટનીસાથે નીચે અને ઉપર પ્રસરી જતાં હતાં.[૮૨] સંગ્રામનેવિષે મદોન્મત થઇ રહેલા યોદ્ધાઓના ખડ્ગોની કાંતિના તરંગોવડે સધળા તડકાવાળા દિવસો શ્યામ થઇ જતા હતા; અને એ કાલરાત્રિના નૃત્યમાં પોતાનું ભમવું થવાથી પોતે આળોટતાં છતાં બ્રહ્મ કે જે સર્વના અધિષ્ઠાનરૂપ છે તેની સ્થિરતાનેલીધે સારી પેઠે સ્થિર થઈ રહેલા વીરપુરુષોનાં મંડલનો યુદ્ધનો મોટો કોલાહલ સંભળાતો હતો.[૮૩] એ કાલરાત્રિના નૃત્યમાં બ્રહ્મા, ઇંદ્ર, વિષ્ણુ, મહાદેવ, અગ્નિ, સૂર્ય, ચંદ્રમા ઇત્યાદિ દેવતાઓ અને દૈત્યો પોતપોતાના અધિકારનો કાલ આવી રહેતાં ભ્રષ્ટ થઇ નીચે પડતા હતા; અને વળી તેના સ્થાનમાં પવનમાં ઉડેલાં મસલાંની પેઠે અને વિજળીના ઝબકારાનીપેઠે બીજાઓનું આવવું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થતું હતું અને તેઓનો પણ કાલ આવી રહેતાં પાછા નીચે પડતા હતા.[૮૪] એ કાલરાત્રિના દેહમાં પ્રતીતિમાં આવતા જગતમાં સંહાર–સૃષ્ટિ, સુખ–દુઃખ, સમર્થતા–દરિદ્રતા, ઇચ્છા–અનિચ્છા, વિધિ–નિષેધ અને જન્મ–મરણની ભ્રાંતિ, એ આદિ ભાવો પરસ્પર વિરુદ્ધ છતાં એક બીજામાં ભેળસેળ ન થઇ જતાં સદાકાલ સાથે રહેતા હતા, અને તેઓ જુદા પણ દેખાતા હતા, તથા કોઈ વખતે એક બીજામાં મિશ્ર થઇ રહેલા હોય એમ પણ દેખાતું હતું.[૮૫] કાલરાત્રિના શરીરમાં ચિદાકાશની અંદર મિથ્યારૂપેજ પ્રતીતિમાં આવતા અને વસ્તુતાએ જોઇએ તો શૂન્યરૂપે રહેલા સંહાર, સૃષ્ટિ, જગત, પૃથ્વી વગેરેના વિલાસોનો અધિષ્ઠાન ચૈતન્યમાં ઉત્પત્તિ, સ્થિતિ અને ક્ષય વારંવાર થયાજ કરતો હતો; અને પદાર્થોની ક્રિયાઓ તથા તેના ફેરફારો વારંવાર થતાજ જતા હતા કે જેની જરા પણ સંખ્યા કરી શકાય તેમ ન હતું.[૮૬] એ કાલરાત્રિના દેહની અંદર ઉત્પાત, શાંતિ, મરણ, ઉત્સવ, યુદ્ધ, સમાનભાવ, દ્વેષ, રાગ, ભય, વિશ્વાસ આદિ, ખજાનામાં એકત્ર થઈ રહેલા રત્નના સમૂહનીપેઠે દેખાતાં હતાં; કેમકે એ કાલરાત્રિનું શરીર અનેક તરેહના રસોવાળી સૃષ્ટિઓની પરંપરાને અસ્ખલિત રીતે ધારણ કરી રહ્યું હતું.[૮૭] એ કાલરાત્રિના ચિદાકાશમય શરીરની અંદર સ્વાભાવિક રીતેજ પ્રતીતિમાં આવતા અને કાંઇક અનિર્વચનીય એવા માયાના આવરણનેલીધે અનુભવમાં આવેલી જગતની વ્યવસ્થાઓ અને એ સર્વનો પાછો ક્ષય એ બધું જેમ તિમિર રોગવડે મલિન દૃષ્ટિવાળા પુરુષને આકાશમાં મસલાં-મોવાળા આદિના જેવા આકારો (ભ્રાંતિનેલીધે) જોવામાં આવે તેમ ભ્રાંતિનેલીધે પ્રતીતિમાં આવે છે.[૮૮] એવી રીતે પર્વત પોતે અચલ છતાં અરીસામાં પ્રતિબિંબિત થઇ અરીસો ચલાયમાન થતાં પોતે પણ પ્રતિબિંબરૂપે ચલાયમાન જણાય તેમ જગત અચલ અધિષ્ઠાન ચૈતન્યની અંદર સ્થિતિ રાખી રહેલું હોવાથી વસ્તુતાએ જોઇએ તો ક્ષોભને નહિ પામ્યા છતાં માયાના યોગથી ક્ષોભને પ્રાપ્ત થતું દેખાતું હતું.[૮૯] નૃત્યવડે પોતાના પ્રતાપને ચોતરફ પ્રસારનારી માયાની અંદર રહેલા જગતના સર્વ પદાર્થો બાલકની સંકલ્પ સૃષ્ટિની પેઠે પ્રતિક્ષણ એક સ્થિતિને છોડી દઇ બીજી સ્થિતિને પ્રાપ્ત થતા હતા.[૯૦] જગતરૂપી અનેક મગના દાણાઓનો સમૂહ એ કાલરાત્રિના શરીરની અંદર ક્રિયાશક્તિવડે એકઠો થતો હતો અને પાછો કાલે કરી વિખેરાઇ જતો હતો.[૯૧] એ દેવી (કાલરાત્રિ) ક્ષણમાત્રમાં કાંઇક (અનિર્વચનીયરૂપે) દેખાતી હતી અને ક્ષણવારમાં તો તે કશારૂપે જણાતી ન હતી. ક્ષણવારમાં તે અંગુષ્ઠ પ્રમાણની દેખાતી હતી અને ક્ષણવારમાં આખા આકાશને પૂરી દે તેવું મહાવિશાલ તેનું રૂપ દેખાતું હતું.[૯૨] એ દેવી (કાલરાત્રિ) સંપૂર્ણ રીતે એક જાતની ચેતનની શક્તિજ છે, અને તે જગતરૂપે પણ થઇ જાય છે, અનંત છે, અને જો તેનું મૂલ રૂપ તપાસીએ તો પરમશુદ્ધ ચિદાકાશરૂપ છે.[૯૩] એ દેવી ત્રણે કાલમાં થનારા ત્રણે લોકની-અંદર રહેનારી એક ચિચ્છક્તિ છે, અને તે યથાસ્થિતપણે રહેનારા પોતાના સ્વરૂપથી ચિત્રકારના ઉદાર અંતઃકરણમાં રહેલા ચિત્રરૂપ સંસારનીપેઠે (કામ-કર્મવાસના વગેરેના પરિપાકને અનુસારે) પ્રકટ દેખાતા વેગવડે અનેક વિચિત્ર આકારે થઇ રહેલી દેખાય છે.[૯૪] એ પોતે એક ચિદ્રૂપ છતાં અવિદ્યાના યોગથી સર્વરૂપ થઇ રહેલ છે, અને વસ્તુ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

દૃષ્ટિથી જોતાં તેનું સ્વરૂપ એક ચિન્મય આત્મ-તત્ત્વરૂપ હોવાથી શાંત ચિદાકાશરૂપ છે. એવી રીતે વિદ્યા અને અવિદ્યાના યોગથી પલવારમાં વિચિત્રરૂપે દેખાવ આપનારાં અને વસ્તુતાએ એકરૂપતાનેલીધે ચિન્મયરૂપે રહેલા અનાદિ અને અનંત એવા પોતાના રૂપને તે ધારણ કરી રહી છે.[૯૫] કેવળ ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહેલી એ કાલરાત્રિની અંદર આ દૃશ્ય કે જે ચિદાકાશરૂપજ છે, તે અનંત શિલામાં કોતરેલ રેખા-કમળ-ચક્ર-આદિની રચનાનીપેઠે અને જળમય સમુદ્રની અંદર દેખાતી તરંગોની રેખાનીપેઠે અભિન્નરૂપે પ્રતીતિમાં આવે છે.[૯૬] પ્રલયકાલના રુદ્ર કે જે ભૈરવનો આકાર ધારણ કરી રહ્યા હતા તેની પાસે એ મહાભૈરવી દેવી (કાલરાત્રિ) પોતાના વિશાલરૂપથી આકાશને પૂરી દઇ નૃત્ય કરતાં દેખાતાં હતાં.[૯૭] કાલભૈરવના કપાળમાં દૃઢપણે રહેલા અને મહાઉગ્ર એવા ત્રીજા નેત્રના અગ્નિવડે બળી ગએલાં તથા હુંઠાંજ માત્ર જેમાં બાકી રહ્યાં છે એવાં જંગલોવાળી પૃથ્વીને ધારણ કરી રહેલી અને પ્રલયકાલના પવનવડે કંપ્યા કરતી વનોની પંક્તિનીપેઠે નૃત્ય કરતાં ભૈરવી દેવી શોભતાં હતાં.[૯૮] કોદાળી, ખાંડણીઓ, દર્ભાસન, ફળ, કુંભ, કરંડીયા, મુસળ, પાવડો, થાળી, સ્તંભ વગેરેની માળા અને હારો તેણે પહેર્યા હતા.[૯૯] એવી રીતના અનેક માળાઓના અને હારોના સમૂહનાં પુષ્પોનું નૃત્યનેલીધે કંપવું થતાં તથા ક્ષયનેલીધે પડવું થતાં કેમ જાણે તેને વિખેરી એ દેવી નવી નવી રચના કરતાં હોય એમ જણાતું હતું.[૧૦૦] એ ભૈરવી દેવીનીપેઠેજ તેણે (ભૈરવીએ) વંદન કરાતા આકાશભૈરવ પણ પોતાના વિશાલ આકારને ચોતરફ પ્રસારી દઈ નૃત્ય કરતા હતા.[૧૦૧] રક્તના આસવથી ભરેલાં યમના પાડાનાં મોટાં શિંગડાંને હાથમાં લઇ અનેક જાતના તાલવાળાં શબ્દમય વાજાંઓવડે નૃત્ય કરનારી, પોતાના વક્ષસ્થલમાં ખોપરીઓની માળાને ધારણ કરી રહેલી, ગરુડનાં પીંછાં બોશી મુકુટને શોભા આપનારી અને પ્રલયકાલમાં જગતને ગળી જઇ પ્રસન્ન થઈ રહેલી એવી કાલરાત્રિએ સ્તુતિ કરાએલા ભૈરવ તમારા સૌની રક્ષા કરો.[૧૦૨]

डिंबंडिंबं सुडिंबं पच पच सहसा झम्यझम्यं प्रझम्यं नृत्यंती शब्दवाद्यैः स्रजमुरसि शिरः शेखरं तार्क्ष्यपक्षैः ॥ पूर्णं रक्तासवानां यममहिषमहाशृंगमादाय पाणौ पायाद्वो वंद्यमानः प्रलयमुदितया भैरवः कालरात्र्या ॥१०२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'કાલરાત્રિવર્ણન' એ નામનો એકાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૧

सर्ग ८२ मो.*

શિવનું સ્વરૂપ તથા અજ્ઞાનથી પ્રપંચની પ્રતીતિ અને જ્ઞાનથી પ્રપંચનો અભાવ.

॥ श्रीराम उवाच ॥

किमेतद्भगवन्सर्वनाशे नृत्यति केन सा ॥ किं शूर्पफलकुंभाद्यैस्तस्याः स्रग्दामधारणम् ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! સર્વનો નાશ થઈ ગયા પછી એ દેવી શાવડે નૃત્ય કરે છે? સુપડું—ફળ—કુંભ—આદિથી તેની માળા અને હારોનું જે આપ વર્ણન કરો છો તે પણ કેમ ઘટી શકે? આ બાબતમાં આપ ખરું શું છે તેનો ખુલાસો કરો.[૧] જો ત્રણે લોકનો નાશ થઇ જતો હોય તો પછી નાશને પામી ગએલા એ લોકો પાછા

* આ બ્યાશીમા સર્ગમાં ભૈરવ કે જે પોતે ચિદ્રૂપ છે તેના તત્ત્વવિષે વર્ણન આવશે અને અજ્ઞાનનેલીધે તેમાં પ્રપંચની પ્રતીતિ થવાવિષે તથા જ્ઞાન થતાં પ્રપંચનો અભાવ જણાયાવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભૈરવી દેવીના દેહમાં રહી શી રીતે નૃત્ય કરે?[૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—વસ્તુતાએ જોઇએ તો એ ભૈરવરૂપી પુરુષ પણ હતો નહિ અને એ ભૈરવીરૂપી સ્ત્રી પણ હતી નહિ, તેઓનું નૃત્ય પણ હતું નહિ, એ બન્નેનું અસ્તિત્વ પણ ન હતું અને પ્રથમ વર્ણવ્યા-પ્રમાણે તેઓનો આકાર કે આચાર પણ હતો નહિ;[૩] પરંતુ અનાદિ ચિદાકાશ કે જે સર્વ કારણોના પણ કારણરૂપ છે, અનંત છે, શાંત છે, અને અવિનાશી છે, તેજ વિવર્તરૂપે આભાસમાત્ર અનેક પ્રકારે સર્વત્ર પ્રસરી રહેલું જણાય છે.[૪] એ પરમ મંગલમય ચિદાકાશ કે જે સદાકાલ અવિનાશી છે તેજ પ્રલયકાલમાં ભૈરવને આકારે પ્રતીતિમાં આવે છે, કેમ કે જગતની શાંતિ થયા પછી એ ભૈરવ પરમ ચિદાકાશરૂપજ થઇ રહે છે.[૫] સુવર્ણ જેમ નિરાકાર ન રહી શકે તેમ એ ચેતનમય દૃશ્ય પણ તેવા ચિદાત્માના વિવર્તવાળા સ્વભાવના વૈભવવિના રહી શકતું નથી.[૬] હે વિવેકી રામચંદ્રજી! ચિદાકાશના વિવર્તરૂપ દૃશ્ય, ચિદાકાશવિના કેમ રહી શકે? એ તમેજ કહો. કેમ કે મરી તીખાશ વિના કેમ રહી શકે?[૭] તમે વિચાર કરો તો જણાશે કે કડાં—કુંડલ આદિ, સુવર્ણવિના શી રીતે રહી શકે? ન રહી શકે. તેજ પ્રમાણે ચિદાકાશ કે જે સર્વના મૂલ સ્વભાવરૂપ છે, તે વિના પદાર્થની સ્થિતિજ શી રીતે સંભવે?[૮] શેરડીનો રસ મધુરતા વિના કેમ રહી શકે? એ તમે કહો; અને કદાચિત્ કોઇ કારણને લીધે શેરડીનો રસ મધુરતા વિનાનો થઈ ગયો હોય તો તેને ખરી રીતે શેરડીનો રસ કહી શકાતો નથી.[૯] જડ દૃશ્યવર્ગ કે જે એક ચિદાકાશના માત્ર વિવર્તરૂપ છે, તે ચિદાકાશનું સ્વરૂપ જે, એમ તો કહી શકાતું નથી, કેમ કે ચિદાકાશ કે જે સદા કાલ અવિનાશી છે, તેમાંથી કશા ભાગનો નાશ થવો સંભવતો નથી.[૧૦] દૃશ્ય જગતનું સ્વરૂપ પરમાત્માના વિવર્ત સિવાય બીજું કશું સંભવતું નથી; અને એ પરમતત્ત્વજ વિવર્તરૂપે જગતને આકારે પોતાના સ્વરૂપને બતાવવા આકાશ આદિ રૂપે પોતાના આત્માને પ્રસારી દે છે.[૧૧] માટે નિર્વિકાર, આદિ મધ્ય અને અંતથી રહિત, સર્વ શક્તિમાન અને સત્તામાત્ર એવું જે કાંઇ પરમતત્ત્વ છે, તેજ આ ત્રણ લોકરૂપ, સૃષ્ટિરૂપ, પ્રલયરૂપ, આકાશરૂપ, પૃથ્વીરૂપ અને દિશારૂપે થઈ રહેલ દેખાય છે. અવિદ્યાવાળી દૃષ્ટિનેલીધે ભ્રાંતિવડે ચિદાકાશજ ઉત્પત્તિ—પ્રલયઆદિરૂપે ભાસે છે.[૧૨,૧૩] ઉત્પત્તિ, મરણ, માયા, મોહ, મંદતા, અવસ્તુપણું, વસ્તુતા, વિવેક, બંધ, મોક્ષ, શુભ, અશુભ, વિદ્યા, અવિદ્યા, વિદેહપણું, સંદેહપણું, ક્ષણ જેટલો અલ્પકાલ, લાંબોકાલ, ચંચળપણું સ્થિરપણું, તમે, હું અને ઇતર પદાર્થ, એ બધું પરબ્રહ્મરૂપ છે.[૧૪,૧૫] સત્ય અને અસત્ય, કાર્ય અને કારણ, મૂર્ખતા અને પંડિતપણું, દેશ—કાલ—ક્રિયા—દ્રવ્ય વગેરેની કલ્પના, વ્યવહારોનું અસ્તિત્વ; રૂપાદિક બાહ્ય વિષયોનો અનુભવ; સંકલ્પ-વિકલ્પ આદિ આંતરવિષય, કર્મેન્દ્રિય અને જ્ઞાનેંદ્રિય, તેજ, જળ, અગ્નિ, આકાશ અને પૃથ્વી આદિરૂપે જે કાંઈ આ પથરાઇ રહેલું નજરે આવે છે તે સર્વ શુદ્ધ નિર્વિકાર ચિદાકાશ કે જે સર્વના અધિષ્ઠાનરૂપ છે તે પોતાના સ્વરૂપને નહિ છોડતાં (વિવર્તરૂપે) સર્વને આકારે થઇ રહેલ છે.[૧૬-૧૮] ઉપર જે કહેવામાં આવ્યું છે તે સર્વ શુદ્ધ ચિદાકાશરૂપ છે એમાં કાંઈ સંશય નથી અને તે ચિદાકાશથી જરાપણ જુદું નથી. આ બાબતમાં અમાંહે દૃષ્ટાંત જોઈતું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

હોય તો સ્વપ્નમાં દેખાયેલા પર્વતનું છે.[૧૯] જે પરમ ચિદાકાશવિષે મેં તમને ઘણી વખત કહેલું છે તેનુંજ અહીં રુદ્રરૂપે વર્ણન કરવામાં આવ્યું છે કે જે સદાકાલ અવિનાશી છે.[૨૦] એ ચિદાકાશજ વિષ્ણુરૂપ છે, અને તેજ બ્રહ્મરૂપ છે. ચંદ્ર, સૂર્ય, ઇંદ્ર, વરુણ, યમ, કુબેર, અગ્નિ, પવન, મેઘ, સમુદ્ર, ભૂત-વર્તમાન આદિ કાલ અને જે કાંઇ વસ્તુ દેખાય છે તે તથા જે નથી દેખાતું તે, એ સર્વ ચિદાકાશના અંશોજ સ્ફુરે છે, એમ સમજવું. મિથ્યા ભાવનાને લીધે એવી જાતની ઉપર બતાવેલી વિષ્ણુ બ્રહ્મા આદિ સંજ્ઞાવડે તેવે તેવે આકારે એ સર્વ દેખાય છે, અને સર્વ ચિદ્રૂપ છે એવો બોધ થતાં વિષ્ણુ બ્રહ્મા આદિ સર્વ પણ ચિદ્રૂપ જણાય છે.[૨૧-૨૩] બ્રહ્મજ અજ્ઞાનદૃષ્ટિવડે જીવ-જગત-આદિને વેષે દેખાય છે, અને જ્ઞાન થતાં પોતાના સ્વરૂપમાંજ સ્થિર થઈ રહેલ દેખાય છે; માટે ખરૂં જોતાં ભેદ કે દ્વિત્વ-એકત્વ-આદિ કશું છેજ નહિ, તેથી જ્ઞાનવડે સમજી લઇ શાંત થઇ રહેવાનું છે.[૨૪] જીવ જ્યાંસુધી પોતાના પરમ નિર્વિકાર સ્વરૂપને નથી જાણતો અને તદ્રૂપતાને નથી પ્રાપ્ત થતો ત્યાંસુધીજ તે આ સંસારરૂપી મહાસાગર કે જે તત્ત્વદૃષ્ટિવડે જોતાં પોતાનાથી અભિન્ન છે, તેની અંદર (અવિદ્યાના યોગથી) પોતે એક તરંગ જેવો થઇ રહે છે.[૨૫] પછી જ્ઞાન થતાં તેને એવી તો શાંતિ મળે છે, કે એ સમુદ્ર (સંસારસાગર) કે તરંગ (સંસારસાગરના તરંગરૂપ જીવભાવ) એ કશું તેને દેખાતુંજ નથી; પરંતુ તેની દૃષ્ટિમાં આ સર્વ યથાસ્થિતપણે રહ્યા છતાં શાંત અને અનંત પરમ ચિદાકાશરૂપજ દેખાય છે.[૨૬]

ज्ञाने तु शान्तिं स तथोपयाति यथा न सोब्धिर्न तरंगकोसौ ॥ यथा स्थितं सर्वमिदं च शान्तं भवत्यनन्तं परमेव तस्य ॥२६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શિવસ્વરૂપવર્ણન' એ નામનો બ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૨

સર્ગ ૮૩ મો.*

કલ્પના દૃષ્ટિથી ચિદાકાશજ અનેક સ્વરૂપે ભાસે છે.

॥ श्रीवसिष्ठ उवाच ॥

चिन्मात्रपरमाकाश एष यः कथितो मया ॥
एषोसौ शिव इत्युक्तस्तदारुद्रः प्रनृत्यति॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—તે વખતે જે રુદ્રરૂપે નૃત્ય કરતા હતા, અને જેને શિવ એવા નામથી બોલાવવામાં આવે છે, તે પરમ ચિદાકાશરૂપજ છે એમ મારૂં કહેવું છે.[૧] હે વિવેકીઓમાં શ્રેષ્ઠ રામચંદ્રજી ! એ રુદ્રની જે આકૃતિ કહેવામાં આવી તે વસ્તુતાએ આકૃતિ હતીજ નહિ, પણ ચિદ્રૂપે સર્વત્ર ભરપૂર થઇ રહેલ ચિદાકાશજ એવે આકારે વિવર્તભાવથી થઈ રહેલું જણાતું હતું.[૨] એ રુદ્રનો આકાર મારી દૃષ્ટિમાં શાંત ચિદાકાશરૂપજ જણાયો, અને તે એક હુંજ (તત્ત્વજ્ઞપણાથી) જાણતો હતો. બીજા અજ્ઞાની જીવથી એ વાત સમજી શકાય તેમ ન હતું.[૩] જેમ એ પ્રલયકાલ, એ રુદ્ર અને એ ભૈરવી દેવી માયામાત્ર છે એમ મને (જ્ઞાનદૃષ્ટિવડે) સમજાયું તેવીજ રીતે આ સર્વ દૃશ્યજાલ માયામાત્ર છે, એમ હું (તત્ત્વદૃષ્ટિથી) સમજતો હતો.[૪] પરમ ચિદાકાશ કે જે પોતે વસ્તુતાએ સર્વ પ્રપંચથી શૂન્ય છે, તેજ વિવર્તરૂપે ભૈરવને આકારે થઇ રહેલું દેખાતું હતું.[૫] જોકે એ સર્વ

---

* આ ત્યાશીમા સર્ગમાં જે કાંઇ ભૈરવને આકારે કાલનું વર્ણન કર્યું તે અધિકારીવર્ગને બોધ થવામાટે છે, અને કલ્પનાદૃષ્ટિવડે ચિદાકાશજ તેવે રૂપે ભાસે છે, આ બાબતનું વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કાલ્પનિક દૃષ્ટિથીજ મારીપાસે દેખાતું હતું તોપણ શબ્દ અને અર્થના સંબંધની કલ્પના કર્યાવિના નિર્વિશેષ પરબ્રહ્મનો બોધ થઇ શકે નહિ, એટલા માટે મેં તમને વાણીવડે વર્ણન કરી બતાવ્યું છે, કે જે મારા જોવામાં આવ્યું હતું.[૬] હે રામચંદ્રજી ! તમે કે જેને સદાકાળના ઘણા લાંબા અભ્યાસથી જગતમાં આધિભૌતિકપણાની (સ્થૂલ આકારની) દૃષ્ટિ રૂઢ થઈ રહી છે, તેને એ જગત કે જે વિષે મેં વાણીવડે વર્ણન કર્યું છે, તે ક્ષણવારમાં સત્યતાની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.[૭] તે ભૈરવી દેવી પણ હતી નહિ, તે ભૈરવ પણ હતા નહિ, તેમ એ પ્રલયકાળ પણ હતો નહિ, પણ સર્વ ભ્રાંતિમાત્ર હતું, અને ચિદાકાશજ વિવર્તરૂપે ભ્રાંતિથી તેવેરૂપે ભાસી રહ્યું હતું.[૮] સ્વપ્નમાં રચાએલા નગરનીપેઠે, મનોરથરૂપે મનમાં ખડા થઇ રહેલા રણના વેગનીપેઠે, કથાના અર્થના સમૂહમાં આવતા (અનિર્વચનીય) રસનીપેઠે અને મનોરાજ્યના વિલાસનીપેઠે એ સર્વ ભ્રાંતિમાત્ર છતાં ચિદાકાશના વિવર્તરૂપે દેખાતું હતું.[૯] જેમ સ્વચ્છ ચિદાકાશની અંદર સ્વપ્નનગર દેખાય છે, જેમ છીપમાં રૂપાની બુદ્ધિ થાય છે, અને જેમ આકાશમાં (તિમિરરોગવાળાને) મસલા-મોવાળા આદિના જેવા આકારો દેખાય છે, તેમ ભ્રાંતિનેલીધે ચિદેકરસ પરમાત્મામાં આ જડ દૃશ્યની પ્રતીતિ થાય છે.[૧૦] બાકી જ્ઞાનદૃષ્ટિથી જોઇએ તો નિર્વિકાર ચિદાકાશજ પોતાવડે પોતામાં એવી રીતે વિવર્તભાવને પ્રાપ્ત થાય છે, કે જેથી એ ચિદાકાશ પોતેજ જગતને આકારે પ્રતીતિમાં આવે છે.[૧૧] જેમ કપડામાં અનેક રંગનાં ચિત્રો દેખાતાં હોય પણ તે બધાં કપડાથી જુદાં નથી પણ કપડામાંજ તે કલ્પાએલાં છે, તેવી રીતે ચિદાકાશની અંદર આ સઘળો ઠાઠ અભિન્નસત્તાવડે કલ્પાએલો છે. પ્રલયકાળમાં અગ્નિની પેઠે દીપી નીકળેલા રુદ્રના નૃત્યમાં જે કાંઇ જોવામાં આવ્યું તે પણ ચિદાત્માનાજ એક વિવર્તરૂપ હતું.[૧૨] હે પ્રિય રામચંદ્રજી ! એવી રીતે ભૈરવ અને ભૈરવીનો જે આકાર જોવામાં આવતો હતો તે તત્ત્વદૃષ્ટિથી નિરાકારજ હતો એમ મેં તમને વર્ણન કરી બતાવ્યું. હવે તેઓનું નૃત્ય પણ વસ્તુતાએ જોઇએ તો અનૃત્યરૂપજ હતું એ વિષે કહું છું; તે તમે સાંભળો.[૧૩] જેમ જે વસ્તુ વાસ્તવિક હોય તે અવસ્તુરૂપે કોઇ જગોએ હોઈ શકતી નથી, તે પ્રમાણે અધિષ્ઠાન ચૈતન્યનું પોતાનું સ્વરૂપજ કોઈ જગ્યોએ કાંઇક વિવર્તવિના રહી શકતું નથી.[૧૪] જેમ સુવર્ણ તેમાં આકારની કલ્પના થતાં અનેક આભૂષણોરૂપે દેખાય તેમ અધિષ્ઠાન ચૈતન્ય વિવર્તભાવથી રુદ્રરૂપે દેખાતું હતું.[૧૫] જે કાંઇ ચૈતન્ય છે તે સ્વભાવેજ અવશ્ય સ્ફુરણધર્મવાળું થઈ જઈ અનેક આકારે દેખાય છે, પણ વસ્તુતાએ જોતાં તેનું મૂળ સ્વરૂપ તો અધિષ્ઠાન ચૈતન્ય છે.[૧૬] એક ચિદ્રૂપ એ રુદ્રની જે ચેષ્ટા છે તે આપણીજ ચેષ્ટા છે; માત્ર પોતાની તેવી વાસનાના આવેશનેલીધે તેનું નૃત્ય થતું દેખાતું હતું.[૧૭] માટે મહાભયંકર આકારવાળા એ પ્રલયકાળના રુદ્રનું જે નૃત્ય હતું તે ચિદાત્માનો એક વિલાસજ હતો કે જે ચિદાત્મા તત્ત્વદૃષ્ટિથી જોતાં આપણું પોતાનુંજ સ્વરૂપ છે.[૧૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—તાત્વિક દૃષ્ટિથી જોઇએ તો વસ્તુતાએ આ દૃશ્ય છેજ નહિ, અને જે કાંઇ દૃશ્યના જેવો આભાસ નજરે આવે છે તેપણ છેવટ પ્રલયકાળમાં નષ્ટ થઇ જાય છે.[૧૯] તે પ્રલયકાળનો મહાશૂન્ય સમય કે જે કેવળ શૂન્ય પરમ ચિદાકાશરૂપ છે તેમાં વળી જુદું દ્રષ્ટારૂપ ચૈતન્ય શી રીતે સંભવે ? દૃશ્ય પણ કેમ સંભવે ? અને ચિદાત્મા કે જે સર્વત્ર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પોતાના શુદ્ધ સ્વરૂપથી ભરપૂર છે તે જડ (દૃશ્ય) વર્ગજ (પોતાથી) જુદો ન હોવાથી પોતાની સત્તાથી કોને ચેતનવાળું કરે ?[૨૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે પ્રિય રામચંદ્રજી ! જ્યારે તમે ઉપર પ્રમાણે શંકા કરો છો ત્યારે પછી દ્વૈત-અદ્વૈત આદિ સંશયરૂપી સમુદ્રની શાંતિ થવામાટે હું તમને જે ઉત્તર કહું તે તમે સાંભળો.[૨૧] જો કેવળ ચિદાકાશજ સર્વત્ર ભરપૂર છે, અને કશો દૃશ્ય જડવર્ગ છે નહિ, તો પછી (બીજા પદાર્થના અભાવનેલીધે) કોઇ સ્થળે કે કોઇ કાળે કોઇ પણ કશી વસ્તુને જુદી દેખતોજ નથી. સર્વ શાંત જ્ઞાનધન ચિદાકાશરૂપજ છે કે જે શિલાનીપેઠે નિઃસંકલ્પપણેજ રહેલ છે.[૨૨] એ ચિદાકાશની અંદર જે કાંઇ આ જડ દૃશ્યવર્ગ દેખાય છે તે એક જાતનો તેનો વિવર્તજ પ્રતીતિમાં આવે છે; બાકી શાંત ચિદાકાશ તો પોતાના સ્વરૂપમાંજ સદાકાળ રહે છે.[૨૩] જેમ સ્વપ્નની અંદર ચિદાત્માજ નગર-ગામ-આદિરૂપે ક્રમ જાણે થઈ ગયો હોય તેમ લાગે છે, અને ચિદાત્માનોજ એ સઘળો વિવર્ત છે, બાકી વસ્તુતાએ જોતાં નગરઆદિ કશું જુદું હોતું નથી પણ કેવળ ચિદાકાશજ હોય છે.[૨૪] એવીજ રીતે જો કે આ સર્વ દૃશ્ય વસ્તુ જુદી જણાય છે તોપણ ચિદાત્માથી જુદી ન હોતાં ચિદાત્મારૂપજ છે, અને ઠેઠ સૃષ્ટિના આરંભકાળથી માંડી પોતાના વિવર્તનેજ તે પોતાનાથી જુદે રૂપે દેખે છે.[૨૫] ચિદાકાશ કે જે પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તેની અંદર પોતાની મેળેજ વિવર્તભાવને પ્રાપ્ત થતાં પોતાની કલ્પનાવડે ક્ષણ, પ્રલય, જગત આદિની ભ્રાંતિને ધારણ કરે છે.[૨૬] પોતાનું સ્વરૂપ કે જે ચિદાકાશરૂપ છે, તેજ ચિદાકાશની અંદર વિવર્તરૂપે પ્રસરી જતાં અમુક તમે છો અને અમુક હું છું, અમુક તે છે અને અમુક ક્રિયા કરે છે, ઇત્યાદિ કલ્પના ખડી થઇ જાય છે.[૨૭] માટે સત્યતાથી જોતાં દ્વૈત પણ નથી, ઐક્ય પણ નથી, શૂન્યપણું પણ નથી તેમ જડચેતનનો સંયોગ પણ નથી. એ બાબતમાં અનિર્વચનીયપણાથી છેવટ મૌનજ અવશેષ રહે છે, અથવા તો મૌનનો આશ્રય પણ નિરૂપયોગી જેવો છે.[૨૮] દૃશ્ય વસ્તુ આત્માથી જુદી ન હોવાથી કોઈ સ્થળે કે કોઇ કાળે કોઇ કોઇને જુદેરૂપે દેખતુંજ નથી, અને તેનેલીધે દૃષ્ટા પણ જુદો નથી, જેથી છેવટ મૌનજ અવશેષ રહે છે.[૨૯] સર્વ શાસ્ત્રોનો છેવટનો સિદ્ધાંત નિર્વિકલ્પ સમાધિમાં સમાય છે, અને તે સ્થિતિ જીવતાં છતાં પાષાણની પેઠે નિઃસંકલ્પ અને નિર્વિકાર રહેવાની છે; માટે કર્તવ્યપરાયણ થઇ હવે એ બાબતમાં મૌનજ ધારણ કરી રાખવાનું છે.[૩] તમે પોતાના પ્રકૃત આચારને વંશપરંપરાના ક્રમપ્રમાણે કરતા રહી પરમાર્થદૃષ્ટિથી સ્વસ્વરૂપનું જ્ઞાન હોવાથી કશા સંકલ્પજાળમાં ન ફસાતાં માન, મદ, મોહ અને ભેદને છોડી દઇ, દેહ અને જીવ એ બેઉના અભિમાનથી રહિત બની જઇ, આકાશના જેવા નિર્મળ નિર્વિકાર અને વિશાળ અંતઃકરણને ધારણ કરી લઇ વિક્ષેપવિનાના સદા શાંત થઈ રહો.[૩૧]

कुर्वन्निजं प्रकृतमेव यथाप्रवाहमाचारजालमचलः परमार्थमौनात् ॥ निर्मानमोहमदभेदमनंगजीवमाकाशकोश विशदाशय शान्तमास्व ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિશ્વરૂપદર્શન' એ નામનો ત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग ८४ मो.

શિવ-શક્તિના સ્વરૂપનું વર્ણન

॥ श्रीराम उवाच ॥

अनंतरं मुने ब्रूहि काली किमिव नृत्यति ॥
किं शूर्पफलकुद्दालमुसलादिस्रजावृता ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! કાલી નૃત્ય કરતી હતી એ મને આપે કહ્યું તે કોણ હતી ? અને તેણે સૂપડું, ફળું, કોદાળી, મુસળ આદિની જે માળા પહેરી હતી તે સર્વ શું હતું ? તે આપ મને કહો.[૧]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—એ ચિદાકાશરૂપ ભૈરવ શિવ કહેવાય છે, અને ભૈરવી કિંવા કાલી તેની એક સ્ફૂર્તિવાળી મનોમય શક્તિ છે, કે જે ભૈરવથી જરા પણ જુદી નથી; એમ તમે સમજો.[૨] જેમ પવન અને તેનું ચલન એકજ છે, અને જેમ ઉષ્ણપાણું અને અગ્નિ, બેઉ એકજ છે, તેમ ચિદાકાશ અને તેની સ્ફૂર્તિવાળી શક્તિ, એ બેઉ સદા એકરૂપજ છે.[૩] જેમ ચલનશક્તિવડે વાયુ જણાય અને જેમ ઉષ્ણતાથી અગ્નિ જણાય તેવી રીતે નિર્વિકાર, નિર્મલ, શાંત ચિન્માત્ર, પરમતત્ત્વ કે શિવ-એવા નામવડે કહેવાય છે, તે સ્ફૂર્તિવાળી પોતાની માયાશક્તિવડેજ લક્ષ્યમાં આવે છે, બીજી કોઇ પણ રીતિથી તે જણાતું નથી.[૪] પરમ મંગળમય, શાંત પરબ્રહ્મ મોટા કવિવરોનો પણ વાણીનો વિષય નથી એમ શ્રુતિઓનું અને વિદ્વાનોનું સમજવું છે. ચિન્મય શિવની ઇચ્છાજ સ્ફૂર્તિવાળી તેની શક્તિ છે, અને તેજ આ દૃશ્યના આભાસને બનાવે છે.[૫] જેમ સાકાર પુરુષની ઇચ્છા કલ્પનાવડે મનોરથરૂપે ખડાં થઈ રહેલાં નગરને બનાવે તેમ શિવ કે જે પોતે નિરાકાર છે, તેની ઇચ્છા કે જે માયારૂપ કિંવા શક્તિરૂપ છે, તે આ દૃશ્યને રચે છે, અને તેજ જીવિતની ઇચ્છા રાખનારા પુરુષોને જીવન આપવાથી જીવચૈતન્ય કહેવાય છે.[૬,૭] સૃષ્ટિને આકારે પરિણામ પામવાથી તે પ્રકૃતિરૂપ કહેવામાં આવે છે. દૃશ્યરૂપે આભાસ આપનારા સર્વ પદાર્થોમાં અનુભવમાં આવનારાં ફળોને પેદા કરનાર હોવાથી તે ક્રિયા એવા નામથી પણ કહેવાય છે.[૮] વડવાનળની શાખાના જેવા અતિતીક્ષ્ણ સૂર્ય આદિ તેજવડે શોષણને પામવાથી તેને શુષ્કા કહેવામાં આવી છે. તે પોતે પ્રચંડરૂપ હોવાથી ચંડિકા પણ કહેવાય છે, અને કમળના જેવો તેનો વર્ણ હોવાથી તેને ઉત્પલા પણ કહેવામાં આવે છે.[૯] સર્વત્ર જય કરવાથી તે જયા કહેવાય છે. સિદ્ધિના આશ્રયને લીધે તે સિદ્ધા કહેવામાં આવે છે. વિજય પામવાથી તે વિજયા, જયંતી અને જયા કહેવાય છે.[૧૦] કોઇ ઠેકાણે પરાજયજ ન થાય એવાં પરાક્રમને લીધે તે અપરાજિતા કહેવાય છે. તેનું સ્વરૂપ દુર્ગ્રહ (ઘણા કષ્ટથી જાણી શકાય તેવું) હોવાથી તેને દુર્ગા કહેવામાં આવે છે. ઓંકારની પરમસાર શક્તિ હોવાથી તે ઉમા કહેવાય છે.[૧૧] જપ કરનારા વિવેકી પુરુષોને પરમ પુરુષાર્થ આપનારી હોવાથી તે ગાયત્રી કહેવાય છે. જગતની ઉત્પત્તિ તેમાં થવાથી તેને સાવિત્રી કહેવામાં આવે છે, સર્વ પ્રકારના જ્ઞાન—કર્મ—ઉપાસના આદિના વિચારો તેનાથીજ જગતમાં પ્રસરવાનેલીધે તે સરસ્વતી કહેવાય છે.[૧૨] તેના દેહના અવયવો ગૌર હોવાથી અને મહાદેવજીના દેહ સાથે તેનો સંબંધ હોવાથી તે ગૌરી કહેવાય છે

* આ ચોરાશીમા સર્ગમાં શિવ-શક્તિના સ્વરૂપ વિષે વિવેકથી વર્ણન આવશે અને સુપડાં આદિની જે માળા પહેરી હતી તેવિષે પણ સત્ય-અસત્યના વિવેક સાથે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુષુપ્તિ અવસ્થાવાળા અને જાગૃત અવસ્થાવાળા ત્રૈલોક્યની અંદરના સર્વ પ્રાણીઓના હૃદયમાં ત્રણ માત્રાથી શૂન્ય એવા પ્રણવનાદનું ઉચ્ચારણ થતાં દહેરાકાશમાં રહેલા શંકરના મસ્તકમાં ચંદ્રમાની કળાની પેઠે બિંદુરૂપે રહેલ હોવાથી તેને ઉમા કહેવામાં આવે છે. શિવ અને શક્તિ એ બન્નેનું સ્વરૂપ આકાશરૂપ હોવાથી તેને કૃષ્ણરૂપે વર્ણવવામાં આવેલ છે.[૧૩,૧૪] એ ભૈરવ અને ભૈરવી કે જે બન્ને વસ્તુતાએ જોતાં ચિદ્રૂપજ છે, તેણે સૃષ્ટિને ઉત્પન્ન કરવાના સંકલ્પની દૃષ્ટિવડે પોતાના માંસમય શરીરને શ્યામરૂપે કલ્પી લીધેલ હોવાથી તે શ્યામ અને જડ જેવું દેખાતું હતું. વસ્તુતાએ જોતાં આકાશ આકાશની અંદરજ રહેલું હતું, અને તે બન્નેનાં આકાશમય શરીર આકાશમાં રહેલાં હતાં.[૧૫] એ શિવ–શક્તિનાં શરીર આકાશના જેવાંજ સ્વચ્છ, નિર્વિકાર અને નિરાકારજ હતાં તથા કેમ જાણે એ બન્ને આકાશનાં જ્યેષ્ઠ સહોદર હોય તેમ તે દેખાતાં હતાં. હવે તેની અંદર હાથ, પગ, મુખ, મસ્તક આદિ અવયવોના થોડાપણાના અને અનેકપણાના ભેદથી જે કાંઇ વિચિત્રતા દેખાતી હતી, તથા તેણે હળ–સૂપડાં–આદિની જે માળા ધારણ કરી લીધી હતી, તે સંબંધમાં હું કહું તે તમે સાંભળો. અનાદિ અને અનંત મહાસમર્થ ચેતનશક્તિ કે જે ક્રિયારૂપ કહેવાય છે, તથા સ્ફૂર્તિરૂપી ધર્મને ધારણ કરી રહેલી છે, તે પોતાની મેળેજ પોતાની અંદર દાન, સ્નાન, હોમ આદિ શ્રેષ્ઠ શરીરવાળી થઇ જઈ તેવે અનેક રૂપે ભાસ્યા કરે છે. તે મનોહર ચેતનશક્તિ આકાશરૂપ છતાં આ ચંચળતાવાળાં દૃશ્યરૂપે દેખાય છે. એ ભૈરવી દેવીના નાના પ્રકારના અભિનયો અને નૃત્યો (વિરાટમાં રહેલા સર્વ પ્રાણીઓની) ઉત્પત્તિ, જરા, મરણ આદિરૂપ છે, એમ સમજવું. એ ક્રિયારૂપ ભૈરવી દેવી પોતાની અંદર હાથ–પગ આદિ અવયવની પેઠે ગામો, નગરો, દ્વીપો અને દેશોના સમૂહોને ધારણ કરે છે; તથા તે વડે અનેક તરેહની ક્રિયાઓ કરે છે, અને પોતાની અંદર કલ્પિત અવયવોને તે ધારણ કરી રહેલ છે. વળી એ દેવી પોતે ક્રિયારૂપ હોઈ બ્રહ્માંડોનું નિર્માણ કરે છે, ધારણ કરે છે, અને કમલિનીના જેવો તેનો શ્યામ વર્ણ છે.[૧૬-૨૧] પોતાના અવયવરૂપ થઇ રહેલી આ દૃશ્યની શોભાને તે પોતાના હૃદયમાં ધારણ કરી રહેલ છે. ચિન્મય શિવના વિના કોઇ દિવસ તેના અવયવનો નિર્દેશ થઇ શકે એમ નથી, તેનેલીધે તે શિવરૂપજ છે, એમ તમે સમજો. જેમ આકાશમાં નિરાકારપણું રહેલ છે, જેમ પવનમાં ચલનશક્તિ રહી છે, અને ચાંદનીનું જેમ કમળ આદિ એક અંગ જેવુંજ છે; તેમ આ સર્વ દૃશ્ય કે જે ચિચ્છક્તિરૂપ છે, તે ચિદાત્માના એક અંગરૂપ છે. પરમ મંગળમય, શાંત, નિર્વિકાર અને નિર્મળ પરબ્રહ્મનાથી તે જુદું ન હોઈ તે રૂપજ છે; એમ તમે સમજો.[૨૨-૨૪] એ પરબ્રહ્મની અંદર સ્થિરતા, ચંચળતા આદિ કશા પણ ધર્મો છે નહિ. ચિચ્છક્તિ દૃશ્યરૂપે રહ્યા છતાં પણ જ્યારે જ્ઞાનદૃષ્ટિવડે તેને વાસ્તવ સ્વરૂપે જોવામાં આવે ત્યારે તે શિવરૂપજ કહેવાય છે, અધિષ્ઠાન ચૈતન્યની અંદર ચિચ્છક્તિનું અવિદ્યાના યોગથી જડભાવે જે થઇ રહેવું તે ક્રિયારૂપ કહેવાય છે, અને જ્ઞાનદૃષ્ટિવડે જ્યારે ચિન્માત્રરૂપે ઓળખવામાં આવે ત્યારે તે શિવરૂપ છે, એમ કહી શકાય છે. જગતરૂપી કલ્પિત સ્વરૂપને ધારણ કરી રહેલી, મોટા આકારવાળી અને કલ્પિત આકારથી સુંદર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દેખાતી ક્રિયારૂપ દેવી ચિચ્છક્તિના, સૃષ્ટિઓ, તેની અંદર રહેલાં મનુષ્યોના વર્ગો તથા પ્રકાશવડે ઝળકી રહેલા સર્વ લોકો અવયવરૂપ છે, કે જે ચિચ્છક્તિથી જુદા કહી શકાતા નથી.[૨૫-૨૮] વળી દ્વીપો અને સાગરોવાળી પૃથ્વી, વનભૂમિએ સહિત એવા પર્વતો, અંગ અને ઉપાંગસહિત એવા ત્રણ વેદો, વિદ્યાઓ અને તેનાં સ્થાનો, ગાયનો, વિધિનિષેધસહિત સઘળી શુભાશુભ કલ્પનાઓ, પુરોડાશરૂપી હવિને નિરૂપણ કરનારા દક્ષિણાગ્નિવાળા યજ્ઞો, રાજાઓ, સંગ્રામો, આયુધોના સમૂહો, શૂલો, બાણો, શક્તિઓ (સાંગો), ખાંડણીઆઓ, દર્ભાસનો, સૂપડાંઓ, યૂપો, ભુશુંડી (નામનાં આયુધો), ગદાઓ, તોમરો, હાથીઓ, યોદ્ધાઓ, અનેક પ્રાણીઓના સમુદાયની ચૌદ પ્રકારની દેવ આદિ ચૌદ જાતિઓ, ચૌદ લોકની સમુદ્ર-દ્વીપ-આદિવાળી ભૂમિઓ અને ચૌદ લોકો, એ સર્વ કલ્પિત આકારવાળાં ભૈરવી દેવી (ચિચ્છક્તિ) ના અવયવરૂપ છે, કે જે તેનાથી જુદા કહી શકાતા નથી.[૨૯-૩૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ-ભૈરવીને આકારે કલ્પિત શરીરને ધારણ કરનારી ચિચ્છક્તિના અંગમાં જે સૃષ્ટિ-પ્રલયો રહ્યા છે તે, ખરેખર તેના સ્વરૂપમાં રહેલાજ છે, કે અસત્ય છે, તે કહો.[૩૩]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ-જે ચિચ્છક્તિનું મેં તમને વર્ણન કરી બતાવ્યું છે, તે પોતાના સત્યસંકલ્પવડે, જેવી જેવી કલ્પના કરે છે, તે તે સર્વ સત્યની પેઠે અનુભવમાં આવે છે, તેને લીધે કેમ જાણે એ કલ્પનામય દૃશ્યવસ્તુ સત્ય હોય એવો આભાસ પડે છે.[૩૪] જેમ મુખ આદિનું પ્રતિબિંબ અરીસામાં પડે તે પ્રમાણે જીવચૈતન્યને જે કાંઇ અનુભવમાં આવે છે, તે પૂર્વજન્મનો અનુભવ, વાસના અને કર્મને અનુસારે તેની અંદર પ્રતિબિંબિત થઇ રહ્યું હોય છે, તેથી તે તેની પોતાની અંદરજ આભાસરૂપે રહેલ છે; અને તે પોતાને (જીવ ચૈતન્યને) કાર્ય કરી આપનાર હોવાથી તેની દૃષ્ટિમાં સત્યજ છે.[૩૫] તોપણ ચિદાત્માની અંદર તેનો પ્રવેશ થવો અસંભવિત હોવાથી સંકલ્પનગરની પેઠે તે વસ્તુતાએ મિથ્યાજ ઠરે છે, અને તેનેલીધેજ દૃઢ ધ્યાનવડે વાસનાનો ક્ષય થઈ જવાથી શુદ્ધ થઈ રહેલા ચિદાત્માની અંદર તેની સ્થિતિ શી રીતે રહી શકે?[૩૬] અરીસાની અંદર ઘટાદિક પદાર્થો તથા સ્વપ્નની અંદર અને સંકલ્પની અંદર સૃષ્ટિ, એ ભલે આભાસરૂપે પ્રતીતિમાં આવો, પણ તે કોઈ જાતની ક્રિયા કરનાર હોવાથી તે તે જીવની દૃષ્ટિમાં સત્ય છે એમ મને જણાય છે.[૩૭] કદાચિત્ તમે એમ કહેશો કે "અરીસામાં પ્રતિબિંબિત થયેલ પદાર્થો અને સ્વપ્નસૃષ્ટિ તથા સંકલ્પસૃષ્ટિ તેના દ્રષ્ટાને ભલે કાર્ય કરનાર થાઓ પણ તે મારા પ્રત્યે કશું કાર્ય કરી શકતી નથી" (માટે તેને સત્ય કેમ મનાય તો) તેના ઉત્તરમાં એટલું જ છે કે જે બીજાના જોવામાં આવ્યું હોય તે તમારા પ્રત્યે કયાંથી કાંઇ કાર્ય કરી શકે? શું દેશાંતરમાં રહેલા ઘટાદિક પદાર્થો હમણાં તમને કાંઇ ઉપયોગમાં આવી શકે? ન આવી શકે.[૩૮] જેમ દેશાંતરમાં રહેલું કોઈ એક ગામ તે ગામની અંદર રહેલા પુરુષનેજ કાર્ય કરી આપનાર થઇ શકે છે, તેમ સ્વપ્નઆદિના દ્રષ્ટાપણાને પ્રાપ્ત થયેલા પુરુષનેજ સ્વપ્નસૃષ્ટિ આદિના પદાર્થો કાર્ય કરી આપનાર થાય છે; એમ નિશ્ચય છે.[૩૯] યથાસ્થિતપણે રહેલા સર્વ સ્વપ્ન આદિના પદાર્થો જે કાંઇ ક્રિયા કરે છે તે એ સ્વપ્ન આદિના દ્રષ્ટા પુરુષનેજ સત્ય લાગે છે, પણ જે તેનો દ્રષ્ટા નથી તેને એ કશું સત્ય જણાતું નથી.[૪૦] તેથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એમ સિદ્ધ થાય છે કે સર્વ સૃષ્ટિઓની પરંપરા ચિચ્છક્તિની અંદર રહેલી છે, અને તે આત્માજ સત્ય છે, બાકી બધો તેનો વિવર્ત છે, એમ સમજી આત્મભાવને પ્રાપ્ત થયેલા પુરુષનેજ અનુભવમાં આવે છે, બીજાને નથી આવતી.[૪૧] ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન કાળમાં રહેલા સ્વપ્ન–સૃષ્ટિ–સંકલ્પ આદિનાં નગરોના સમૂહો અધિષ્ઠાનદૃષ્ટિથી જોઇએ તો સત્ય છે. જો તેમ ન હોય તો પરમતત્ત્વનું એ સર્વરૂપ કેમ થઇ રહે?[૪૨] જેમ દેશાંતરમાં રહેલા પર્વતો અને ગામો ચાલવાથી પ્રાપ્ત કરી શકાય તેમ પરબ્રહ્મપણાને પ્રાપ્ત થયેલા યોગસિદ્ધ પુરુષને બીજાની સ્વપ્નસૃષ્ટિ અને સંકલ્પસૃષ્ટિ પણ જોવામાં આવે છે.[૪૩] જેમ ગાઢ નિદ્રામાં (સ્વપ્નની અંદર) ચલાયમાન થયેલા પુરુષને સ્વપ્નમાં દેખાયેલું નગર જો કે સ્વપ્નમાં નાશ પામી ગયેલું દેખાતું હોય તોપણ વાસ્તવિક રીતે તે નાશને પામતું નથી.[૪૪] તેવી રીતે ચલાયમાન થઇ રહેલાં ભૈરવી દેવીના દેહની અંદર રહેલું જગત જો કે નાશ પામેલું લાગે છે, પણ તે વસ્તુતાએ નાશ પામેલું જ નથી, કંતુ અરીસામાં દેખાતા પ્રતિબિંબની પેઠે તે આભાસરૂપે તેમાં રહેલ છે.[૪૫] એ ત્રણે લોકસહિત આ સર્વ મોટો આરંભ જો કે સત્ય જણાય છે તોપણ ખરૂં જોતાં તે ભ્રાંતિમાત્રજ છે અને જે ભ્રાંતિમાત્ર હોય તેનો નાશ અને સ્થિતિ કેવાં હોય એ તમેજ કહો?[૪૬] સ્વપ્નમાં દેખાએલું નગર ક્યાં સત્ય હોય છે, ક્યાં તે ખોટું થઇ નાશ પામે છે; કયાં તે ભાંગી પડે છે, અને કયાં તે સ્થિર થઇ રહેલ હોય છે?[૪૭] કાંઈ નથી હોતું, કેવળ તે ભ્રાંતિમાત્રજ છે. સ્વપ્ન આદિમાં દૃશ્યની શોભા જ્યાંસુધી પોતાની પાસે ખડી થઈ દેખાતી હોય ત્યાંસુધી સત્ય જણાય છે, બાકી તે ભ્રાંતિરૂપ છે. તેવી રીતે આ જગતની શોભા પણ વાસ્તવિક ન હોવાથી ભ્રાંતિરૂપ છે એમ તમે સમજો.[૪૮] જેમ સંકલ્પમાં, મનોરાજ્યમાં, સ્વપ્નમાં, વર્ણનમાં અને ભ્રમમાં, તે તે સમયના પદાર્થોનો મિથ્યા છતાં સત્ય જેવો અનુભવ થાય તેમ આ ત્રૈલોક્યનો મિથ્યા છતાં સત્ય જેવો અનુભવ થાય છે.[૪૯] અધિષ્ઠાન ચૈતન્યની અંદર હું કે જગત એ કશું વસ્તુતાએ છે નહિ, પરંતુ આકાશમાં પ્રતીતિમાં આવતા પારદર્શકપણાની પેઠે અને કાળા રંગની પેઠે તે ભ્રાંતિરૂપે પ્રતીતિમાં આવે છે, તેથી જો તેનું ખરેખરૂં સ્વરૂપ ઓળખવામાં આવે તો તે પાયાવગરની થઇ જઈ શાંત પડી જાય છે.[૫૦]

अहमिति जगदिति नान्तर्भ्रान्तिरियं प्रकचतीव चितः ॥ परमाकाशकुशाख्या शाम्यति निपुणं परिज्ञाता ॥ ५० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શિવ–શક્તિવર્ણન' એ નામનો ચોરાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૪

સર્ગ ૮૫ મો.*

શિવમાં શક્તિનું ભળી જવું

॥ श्रीवसिष्ठ उवाच ॥

इति नृत्यति सा देवी दीर्घदोर्दंडमंडलैः ॥ परिस्पंदात्मकैर्व्योम कुर्वाणा घनकाननं ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–એવી રીતે તે ભૈરવી દેવી પોતાના ચપળ અને લાંબા એવા હાથના સમૂહોથી આકાશને ઘાટા જંગલના જેવું બનાવી દઈ નૃત્ય કરતી હતી.[૧] પોતાના સ્વરૂપને ન ઓળખતાં નિર્વિકાર ચિચ્છક્તિજ ક્રિયારૂપે નૃત્ય કરતી હતી. સૂપડું, કોદાળી,

* આ પંચાશીમા સર્ગમાં નૃત્ય કરનારાં ચિચ્છક્તિરૂપ ભૈરવી દેવી શિવને જોઇ સ્નેહનેલીધે તેનો સ્પર્શ કરતાં તેના અંગમાં લય થઇ એકરૂપ થઇ જશે, એ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બાણ, શક્તિ, ગદા, તોમર, મુસલ, શિલા, ભાવ, અભાવ, પદાર્થોના સમૂહો, કળાઓ અને કાળનો ક્રમ, એ સર્વ તેના આભૂષણરૂપ હતાં.[૨,૩] જેમ મનોરાજ્યની કલ્પનાજ હૃદયમાં નગરના આકારને ધારણ કરે છે, તેમ ચિચ્છક્તિ પોતાની અંદર જગતને ધારણ કરી રહી છે, અથવા તો જેમ માનસિક કલ્પનાજ નગરના આકારે થઈ રહે તેમ એ ચિચ્છક્તિજ જગતને આકારે થઇ રહેલ છે.[૪] જેમ પવનમાં ચલનશક્તિ રહી છે તેમ શિવની અંદર ઇચ્છા કે જે ચિચ્છક્તિરૂપ છે તે રહેલ છે. જેમ પવનમાંથી ચલનશક્તિ શાંત થતાં તે પોતાના સ્વરૂપમાંજ રહે તેમ ઇચ્છા શાંત થતાં પરમ શિવ પણ પોતાના સ્વરૂપમાંજ સ્થિર રહે છે.[૫] જેમ આકાશની અંદર પવનની નિરાકાર ચલનશક્તિ મૂર્તિમાન શબ્દને ઉત્પન્ન કરે તેમ શિવની ઇચ્છા કે જે નિરાકાર છે તે આ સાકાર જગતને ઉત્પન્ન કરે છે.[૬] એ પરમ વિશાળ આકાશની અંદર નૃત્ય કરનારાં એ ચિચ્છક્તિરૂપ ભૈરવી દેવીએ કાકતાલીય યોગથી પ્રેમને અધીન થઇ જઇ જેમ પાસે રહેલાં આવરણ કરનારાં વાદળાંને ખસેડી નાખે તેમ આવરણ કરનારી આવરણશક્તિને ખસેડી નાખી, જેમ સમુદ્રનું જળ પોતાના નાશમાટે વડવાગ્નિનો સ્પર્શ કરે તેમ પાસે રહેલા શિવનો પોતે સ્પર્શ કર્યો.[૭,૮] પરમકારણરૂપ શિવનો સ્પર્શ માત્ર થતાં તે ચિચ્છક્તિ ધીરે ધીરે અવ્યક્તપણાને અને સૂક્ષ્મપણાને પ્રાપ્ત થવા લાગી.[૯] એ ચિચ્છક્તિ (ભૈરવી દેવી) અનંત આકારને છોડી દઇ પ્રથમ માત્ર પર્વતરૂપ થઇ રહી, પછી તે માત્ર નગરરૂપ થઇ રહી, અને પછી તે વૃક્ષના જેવા સુંદર રૂપને ધારણ કરી રહી.[૧૦] છેવટ તેણે આકાશના જેવો મહાવિશાળ અને શૂન્ય જેવો આકાર ધારણ કર્યો અને જેમ નદીનો પ્રવાહ શાંત થઈ જઇ મહાસમુદ્રમાં એકરૂપ થઇ મળી જાય તેમ તે શિવના આકારસાથે એકરૂપ થઈ તેમાં મળી ગઇ.[૧૧] છેવટે આકાશની અંદર સર્વનો સંહાર કરનારા શક્તિવિનાના એક શિવજ પોતાના પરમ મંગળમય શાંતસ્વરૂપથી ચારે કોર પ્રસરી રહ્યા હતા.[૧૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! (ભૈરવી દેવીરૂપ) તે શિવની શક્તિ શિવનો સ્પર્શ થતાં કેમ શાંતિને પ્રાપ્ત થઇ ગઇ, તે આપ યથાર્થ રીતે મને કહો.[૧૩]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! એ ચિચ્છક્તિરૂપ પરમેશ્વરની ઇચ્છા પ્રકૃતિ-શબ્દવડે કહેવામાં આવે છે. જગન્માયા પણ તેજ કહેવાય છે.[૧૪] જગતમાં પ્રતીતિમાં આવતી સ્વાભાવિક ક્રિયાશક્તિ પણ તેનું જ રૂપ છે. જેણે શિવનું રૂપ ધારણ કર્યું હતું તે પુરુષ કહેવાય છે, કે જે પવનના જેવા નિરાકાર અને ક્રિયાશક્તિવાળા છે, તેમજ શાંત અને શરદ ઋતુના આકાશના જેવા નિર્મળ અને શાંતિવાન છે, તથા પ્રકૃતિથી પર (જુદા) છે.[૧૫] ક્રિયાશક્તવાળી ચિચ્છક્તિ કે જે પરમેશ્વરની એક ઇચ્છારૂપ છે તે જ્યાંસુધી નિત્યતૃપ્ત, નિરવકાર, અજર, અનાદિ, અનંત, અદ્વિતીય અને પર એવા શિવને નથી દેખતી ત્યાંસુધી તે પ્રકૃતિને રૂપે સંસારમાં ભમ્યા કરે છે, કે જેનું સ્વરૂપ કેવળ ભ્રાંતિમાત્ર છે.[૧૬,૧૭] એ ચિચ્છક્તિ, તેનું ચિદાકાશજ મૂળ અધિષ્ઠાન હોવાથી કાકતાલીય યોગથી શિવનો સ્પર્શ થતાં કેમ જાણે તન્મય થઈ ગયેલ હોય તેમ પોતાના ભિન્ન સ્વરૂપને ભૂલી દઈ તેમાં લીન થઇ જાય છે. જેમ નદીનું રૂપ સમુદ્રમાં મળતાં સમુદ્રસાથે એકતાને પ્રાપ્ત થઈ જાય તેમ પ્રકૃતિ પુરુષનો સ્પર્શ થતાં પોતાના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રકૃતિભાવને છોડી દે છે.[૧૮,૧૯] નદી કેવળ જળરૂપજ છે, અને જ્યારે એમ છે, ત્યારેજ તે સમુદ્રમાં મળતાં તેમાંજ લય પામી જાય છે.[૨૦] એવી રીતે ચિચ્છક્તિ કે જે શિવની ઇચ્છારૂપ છે, તે જેમ લોઢાની સજીયા (અસ્ત્રા) આદિની તીક્ષ્ણ ધાર પોતાના જન્મસ્થાનરૂપ શિલાને પ્રાપ્ત થતાં શાંત પડી જાય તેમ શિવને પ્રાપ્ત થતાં શાંત થઇ જાય છે.[૨૧] જેમ વન આદિની ઘાટી ઘટામાં પ્રવેશ કરનારા પુરુષની પોતાની છાયા તેના શરીરમાંજ સમાઈ જાય છે, તેમ છેવટ પ્રકૃતિ પણ પુરુષમાંજ સમાઈ જાય છે. (લીન થઈ જાય છે.)[૨૨] પ્રકૃતિ જ્યારે પોતાના પુરુષરૂપ સનાતન ભાવને ઓળખે છે ત્યારે પછી સંસારમાં વારંવાર ભટકતી નથી પણ પુરુષરૂપજ થઇ જાય છે.[૨૩] જેવી રીતે કોઈ સત્પુરુષ ચોરોના ટોળામાં જ્યાંસુધી તેના સ્વરૂપને નથી ઓળખતો ત્યાંસુધી વસે છે, પણ ચોરોના સ્વરૂપનું જ્ઞાન થતાં પછી તે તેમાં રમતો નથી તેજ પ્રમાણે ચિચ્છક્તિ જ્યાંસુધી પરમશિવને નથી દેખતી ત્યાંસુધીજ તે આ અસત્ય દ્વૈતપ્રપંચમાં આનંદ પામે છે અને ભમ્યા કરે છે, પણ પરમશિવનું દર્શન થતાં તરત તે તન્મયજ થઇ જાય છે.[૨૪,૨૫] ચિચ્છક્તિની પોતાની પાસે જે કાંઈ નિરતિશય આનંદરૂપ તત્ત્વ રહેલ છે કે જે પરમપદરૂપ છે તેને પ્રાપ્ત થતાં એ ચિચ્છક્તિ, નદી જેમ સમુદ્રમાં મળતાં સમુદ્રરૂપ થઇ જાય તેમ તે ચિદ્રૂપ (શિવરૂપ) થઇ જાય છે.[૨૬] જ્યાંસુધી ચિચ્છક્તિ પરમશિવને નથી દેખતી ત્યાંસુધી તે મોહને આધીન થઈ જઇ અનેક સૃષ્ટિપરંપરામાં અને અનેક જન્મ પરંપરામાં ભમતી રહે છે;પણ તેને પરમશિવનું દર્શન થતાં જેમ ભમરી મધને મજબૂતપણે વળગી રહે તેમ પરમશિવને દૃઢપણાથી વળગી રહે છે. (તેમાંજ લીન થઇ જાય છે.)[૨૭] હે રામચંદ્રજી ! જન્મરૂપ, મરણરૂપ અને મોહરૂપ એવાં સર્વ દુઃખો નિરંતર જેનું સ્વરૂપ ઓળખતાં નાશ પામી જાય છે એવા આત્મતત્ત્વને પ્રાપ્ત થઈ પછી કોણ તેનો ત્યાગ કરે ? રસાયનને પ્રાપ્ત થઈ તેનો અનુભવ કરી પછી તેને કોણ છોડી દે ? કોઇ નહિ.[૨૮]

संप्राप्य कस्त्यजति नाम तदात्मतत्त्वं प्राप्यानुभूय च जहाति रसायनं कः ॥ शाम्यन्ति येन सकलानि निरन्तराणि दुःखानि जन्ममृतिमोहमयानि राम ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' પ્રકૃતિપુરુષકર્મવર્ણન ' એ નામનો પંચાશીમો સર્ગ સંપૂર્ણ ૮૫

सर्ग ૮૬ मो.*

રુદ્રના દેહનો ચિદાકાશમાં લય

॥ श्रीवासिष्ठ उवाच ॥

शृणु राम कथं तत्र महाकाशे तथास्थितः ॥ देहे भ्रांतिं तु तां त्यक्त्व स रुद्रोप्युपशाम्यति॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી! મહાકાશની અંદર રહેલા રુદ્ર જેવી રીતે દેહમાં ભ્રાંતિને છોડી દઇ શાંત થઇ જાય છે તે તમે સાંભળો.[૧] તે સમયે એ રુદ્ર (ભૈરવ), અને ઉપરના તથા નીચેના જગતના બે ખંડ, કેમ જાણે ચિત્રમાં આલેખેલા હોય તેમ ચેષ્ટાવગરના જડ જેવા થઇ રહેલા મારા જોવામાં આવ્યા.[૨] પછી એક મુહૂર્ત્તમાત્રમાં તે રુદ્ર આકાશની અંદર જેમ સૂર્યરૂપ દૃષ્ટિવડે પૃથ્વીને અને આકાશને જુએ તેમ જગતના બન્ને (નીચે ઉપરના) ખંડને જોવા લાગ્યા.[૩]

+ આ છ્યાશીમા સર્ગમાં બ્રહ્માંડને ગળી જનારા રુદ્રના દેહનો સૂક્ષ્મપણાનેલીધે શિલામાં ચિદાકાશની અંદર લય થઇ જશે એમ વર્ણન આવશે; તેમ બીજા પ્રદેશોમાં પણ બ્રહ્મમાં સૃષ્ટિની વિચિત્રતા દેખાયા વિષે કહેવામા આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને પછી નિમેષમાત્રમાં એ બન્ને ખંડને પોતાના શ્વાસોચ્છ્વાસના બળથી મોઢા આગળ ખેંચી લાવી કેમ જાણે પાતાળની અંદર ફેંકતા હોય તેમ પોતાના મુખમાં ગળી ગયા.[૪] બ્રહ્માંડના બે ખંડરૂપી જાડી દૂધની તર અને પકવાન્નનો સમૂહ, એ બેઉનું ભક્ષણ કરી આખા આકાશની અંદર પોતે એકલાજ આકાશના જેવા નિરાકાર થઇ રહ્યા.[૫] મુહૂર્ત્તમાત્રમાં તો તે વાદળાના જેવા નાના થઇ ગયા, પછી લાકડી જેવા થઇ ગયા, પછી તે વેંતના જેવા દેખાવા લાગ્યા.[૬] પછી તો તેનો આકાર કાચની કણીના જેવો મારા જોવામાં આવ્યો, અને પછી હું કે જે આકાશમાંથી દિવ્યદૃષ્ટિવડે જોતો હતો તેને એ રુદ્રનું રૂપ બહુજ ઝીણું થઇ ગએલું દેખાયું.[૭] પછી ક્ષણ માત્રમાં તે પરમાણુરૂપ થઇ અદૃશ્ય થઈ ગયા. એવી રીતે એ રુદ્ર ક્રમે કરી શરદ્ ઋતુના વાદળાના કટકાની પેઠે શાંતિને પ્રાપ્ત થઇ ગયા.[૯] જો કે એ રુદ્ર મોટા આડંબરને ધારણ કરી રહેલા હતા તોપણ મારી સમક્ષ તે અદૃશ્ય થઈ ગયા. એવી રીતે તે રુદ્ર, ક્ષુધાવડે પીડાયેલો હરિણ જેમ નાનાં બે પાંદડાંને ગળી જાય તેમ આવરણસહિત બ્રહ્માંડના બન્ને ખંડને ગળી ગયા અને છેવટ પછી શાંત નિર્મળ બ્રહ્મરૂપ ચિદાકાશજ અવશેષ રહ્યું, કે જે આદિ મધ્ય અને અંતથી રહિત હતું.[૯-૧૧] ઉપરપ્રમાણે તે શિલાની અંદર અરીસામાં પડેલા પ્રતિબિંબનીપેઠે આભાસરૂપે મહાપ્રલય મારા જોવામાં આવ્યો કે જેમાં ચારે કોર ભ્રાંતિજ જોવામાં આવતી હતી. પછી તે વિદ્યાધરીનું સ્મરણ કરી એ શિલા અને તેની અંદરના સર્વ વિલાસને સ્મરણમાં લાવી જેમ કોઈ ગામડીઓ માણસ રાજદ્વારમાં આવતાં તેનો ઠાઠ જોઇ વિસ્મિત થઇ જાય તેમ તે વિસ્મિત થઇ ગયો.[૧૨] પાછો ફરીવાર પણ મેં એ શિલાને જોઇ તો જેમ ભૈરવી દેવીના અંગમાં સૃષ્ટિ દેખાતી હતી તેમ તે સર્વ સૃષ્ટિઓ તે શિલામાં સર્વત્ર મારા જોવામાં આવી.[૧૪] એ બધું બુદ્ધિરૂપી નેત્રવડે અથવા દિવ્ય ચક્ષુવડે દેખાય છે, બીજી રીતે તે દેખાતું નથી; કેમકે સર્વત્ર સદાકાળ સર્વ (ચિદાત્માની અચિંત્ય શક્તિનેલીધે) રહેલજ છે. ચર્મચક્ષુવડે છેટે પડેલા પદાર્થનીપેઠે તેને ઉપર ઉપરથી જોઇએ તો એક શિલાજ દેખાતી હતી, બાકી સૃષ્ટિ આદિ કશું પણ ત્યાં જણાતું ન હતું.[૧૫,૧૬] એક ધટ્ટ શિલાજ ત્યાં રહેલી જણાતી હતી કે જે સુવર્ણમય હતી, અને સંધ્યાકાળના વાદળાંના જેવી સુંદર દેખાતી હતી. પછી વિસ્મયવડે વ્યાપ્ત થઇ જઇ મેં પાછો ફરીવાર વિચાર કર્યો;[૧૭] અને શિલાના બીજા ભાગ તરફ તેવીજ (પ્રથમના જેવી) પરમ સૂક્ષ્મદૃષ્ટિથી જોયું તો તે ભાગ પણ જગતની રચનાના આડંબરવાળો મારા જોવામાં આવ્યો, અને પ્રથમની પેઠેજ ગુફાના જેવો વિશાળ (પોલાણનો) આકાર જણાઇ તેમાં નાના પ્રકારના પદાર્થોથી સુંદર દેખાતી સૃષ્ટિ મારી નજરે પડી. વળી મેં પાછો એ શિલાનો બીજો પ્રદેશ પ્રથમની શૈલીપ્રમાણે જોવા માંડયો તો તે પણ તેવોજ સૃષ્ટિરચનાવાળો મને જણાયો. એવી રીતે તે શિલાના જે જે પ્રદેશો મેં જોયા તેની તેની અંદર અરીસામાં પ્રતિબિંબિત થઇ દેખાતા પદાર્થની પેઠે નિર્મળ જગત મારા જોવામાં આવતું હતું. ત્યારપછી તે પર્વતની બધી શિલાઓ મેં અતિ કૌતુકથી જોઇ અને બીજા પૃથ્વીના ભાગો તથા ઘાસ ઝાડી આદિ સ્થળો જોયાં તો તે સર્વની અંદર યથાસ્થિતપણે વિવિધ આકારવાળું જગત રહેલું મારા જોવામાં આવ્યું.[૧૮-૨૨] પરંતુ ભ્રાંતિવિનાની પરમ સૂક્ષ્મ બુદ્ધિવડેજ તે દેખાય છે, બાકી બીજી રીતે દેખાતું નથી. તેમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કોઇક સ્થળે તો પહેલી સૃષ્ટિનો આરંભ થયેલો દેખાતો હતો, અને પ્રજાપતિઓની ઉત્પત્તિ થતી જણાતી હતી.[૨૩] કોઇક ઠેકાણે નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય, દિવસ, રાત્રિ, ઋતુઓ અને વર્ષોની કલ્પના થતી હતી. કોઇક જગોએ પૃથ્વીની પીઠઉપર માણસોની વસ્તી પેદા થતી દેખાતી હતી.[૨૪] કોઇ એક ઠેકાણે તો સગરના પુત્રોથી નહિ ખોદાઈ શકાએલી મહાભયંકર ચાર સમુદ્રરૂપી ખાઇ નજરે આવતી હતી. કોઇક સ્થળે દેવતાઓની સૃષ્ટિ ન થતાં કેવળ દૈત્યોની સૃષ્ટિજ પેદા થતી હતી.[૨૫] કોઈક ઠેકાણે કાંઇક સત્ય યુગના આચારવાળાં સજ્જન પ્રાણીઓ દેખાતાં હતાં; અને કોઇક ઠેકાણે કાંઈક કળિયુગનાં આચારવાળાં દુર્જન પ્રાણીઓ નજરે પડતાં હતાં.[૨૬] કોઇક જગ્યોએ અનેક નગરોના સમૂહોમાં દૈત્યોનો કાંઇ કાંઇ સંગ્રામ થતો રહેવાથી અંદર દાખલ થઇ શકાય તેવું ન હતું.[૨૭] કોઈક ઠેકાણે તો મોટા મોટા પર્વતોના સમૂહથી એક તલભાર જમીન પણ ખાલી ન હતી. કોઇક જગ્યોએ તો કશી સૃષ્ટિજ પેદા થઈ ન હતી પણ માત્ર એક બ્રહ્માજ દેખાતા હતા.[૨૮] કોઇક સ્થળે તો જરા—મરણવિનાના મનુષ્યોવાળું ભૂતલ દેખાતું હતું. કોઇક ઠેકાણે ચંદ્રમા ઉત્પન્નજ ન થવાથી ચંદ્રમારૂપી ભૂષણવિનાના મસ્તકવાળા શિવજીનું દર્શન થતું હતું.[૨૯] કોઇક સ્થળે તો ક્ષીરસાગરનું મથન ન થવાથી અમૃતનો લાભ ન થતાં મૃત્યુધર્મવાળા દેવતાઓથી સર્વ ભરપૂર દેખાતું હતું; અને અમૃત, અશ્વ, (ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો) ઐરાવત, ધન્વંતરિ, કામધેનુ, લક્ષ્મી તથા કાળકૂટની ઉત્પત્તિજ ન હતી.[૩૦] કોઇક ઠેકાણે શુક્રાચાર્યની મૃતસંજીવિની વિદ્યામાં વિઘ્ન નાખવાને દેવતાઓનો સમૂહ ઉત્કંઠિત થયેલો દેખાતો હતો, અને કોઇક જગ્યોએ કોઈક ઉદ્દેશનેલીધે દિતિના ગર્ભના અવયવોને નિકંદન કરી નાખવામાં તૈયાર થઇ ગયેલો ઇંદ્ર નજરે આવતો હતો.[૩૧] કોઈક સ્થળે તો ધર્મની પરિપૂર્ણ સ્થિતિનેલીધે સર્વ મનુષ્યોનો સમૂહ પોતાની મેળેજ (બ્રહ્મવર્ચસ્થી) દેદીપ્યમાન જણાતો હતો. કોઇક ઠેકાણે પ્રથમની રચનાના ક્રમના કરતાં કાંઇક જુદીજ જાતની રચનાના ક્રમવાળા પદાર્થોની સ્થિતિ દેખાતી હતી.[૩૨] કોઇક જગ્યોએ અપૂર્વ વેદશાસ્ત્રના અર્થ અને અપૂર્વ આચાર—વિચાર નજરે પડતા હતા, અને કોઈક સ્થળે કેમ જાણે પ્રલયકાળનેલીધે ક્ષોભ પામી જવાથી કશું પણ હોયજ નહિ એમ જણાતું હતું.[૩૩] કોઇક જગ્યોએ દૈત્યોના સમૂહો દેવમંદિરોને તોડી પાડતા હતા. કોઇક ઠેકાણે દેવતાઓના બગીચામાં ગંધર્વો અને કિન્નરો ગાયન કરતા હતા.[૩૪] કોઇક જગ્યોએ દેવતાઓની અને દૈત્યોની સલાહનો કાંઇક આરંભ થયેલો જણાતો હતો. એવી રીતે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના જગતોનો આડંબર મોટા મોટા જગતના સમૂહરૂપે દેખાતા શબલ બ્રહ્મની અંદર મારા જોવામાં આવ્યો. તેમાં એક ઠેકાણે પ્રલયકાળના યોગથી ક્ષોભ પામેલા પુષ્કરાવર્ત નામના મેઘોનો ગડગડાટ સંભળાતો હતો.[૩૫,૩૬] વળી એક ઠેકાણે પ્રાણીઓનો સમુદાય કશી પીડા ન હોવાનેલીધે શાંત સ્થિતિમાં રહેલો જણાતો હતો. કોઇએક ઠેકાણે દેવ દાનવો અને માનવોના રાજાઓ ગડબડાટવાળા જણાતા હતા.[૩૭] કોઇ એક સ્થળે સૂર્યનો ઉદયજ થતો ન હતો તથા અંધકાર અને વાદળાંઓની ઘાટી ઘટાજ જામી રહી હતી. કોઇ એક ઠેકાણે અંધકારજ થતો ન હતો અને કેમ જાણે અંદર જવાળાઓ સળગતી હોય તેમ પ્રકાશજ નજરે આવતો હતો, તેથી તે પ્રદેશ રમણીય દેખાતા હતા.[૩૮] કોઇક સ્થળે વિષ્ણુ ભગવાનની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

નાભિરૂપી કમલિનીના નાળવામાં છુપાઇ રહેલા મધુ-કૈટભ દૈત્ય નજરે આવતા હતા. કોઇ એક ઠેકાણે ભગવાનના નાભિકમળરૂપી પેટીમાં સૂઈ રહેલા નવા બાળકરૂપ બ્રહ્માજીનાં દર્શન થતાં હતાં.[૩૯] કોઇક સ્થળે પ્રલયકાળમાં મહાસાગરમાં ઉંચા અક્ષય વટની અંદર તેના પાંદડામાં વિશ્રાંત થઇ રહેલા ભગવાનનું દર્શન થતું હતું. કોઈક ઠેકાણે પ્રલયકાળની રાત્રિનેલીધે પ્રકાશવગરના ઘાટા અંધકારથી સર્વ આકુળ થએલું દેખાતું હતું.[૪૦] કોઇક સ્થળે શિલાના ગર્ભના જેવું એકરસ અને અવકાશવિનાનું તથા સુષુપ્તિ અવસ્થાવાળાના જેવા આકારને ધારણ કરી રહેલ, જાણી ન શકાય તેવું, લક્ષણરહિત, કેમ જાણે સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થએલું હોય તેમ અતર્ક્ય એવું આકાશજ ચારે કોર વિશાળ આકારે પ્રસરી રહેલ જણાતું હતું. કોઇક ઠેકાણે તો પાંખોને આધારે રહી શકનારા પર્વતોરૂપી કાગડાઓવડે આકાશ વ્યાકુળ થઇ રહેલ દેખાતું હતું.[૪૧,૪૨] કોઇક ઠેકાણે વજ્રના સંઘર્ષથી વિખરાઇ જતા પર્વતોનો પ્રકાશ દેખાતો હતો. કોઈક ઠેકાણે મર્યાદાને ઓળંગી ગયેલા મદોન્મત્ત સમુદ્રો પૃથ્વીને અને પર્વતોને ધસડી જતા હતા.[૪૩] કોઈક સ્થળે ત્રિપુરાસુર, વૃત્રાસુર, અંધકાસુર અને બલિરાજાનું યુદ્ધ જામી રહ્યું હતું. કોઇ એક ઠેકાણે મદોન્મત્ત દિગ્ગજોવડે પૃથ્વી કંપતી હતી.[૪૪] કોઈક સ્થળે પ્રલયકાળનેલીધે શેષનાગના મસ્તકઉપર પૃથ્વી આળોટતી હતી. કોઇક સ્થળે બાળવયના રામચંદ્રજી રાવણરૂપી રાક્ષસનો વધ કરતા દેખાતા હતા.[૪૫] કોઇક ઠેકાણે રાવણરૂપી રાક્ષસ રામચંદ્રજીને છેતરી લઇ સીતાજીનું હરણ કરતો જણાતો હતો. કોઇક સ્થળે પૃથ્વીઉપર પગને ધારણ કરી રહેલા અને મેરુપર્વતના શિખર ઉપર મસ્તક રાખી રહેલા કાળનેમિ દૈત્યે આકાશને દબાવ્યું હતું, તે મારા જોવામાં આવ્યું. કોઈક ઠેકાણે દેવતાઓને નસાડી મૂકી નિરંતર દૈત્યોજ સર્વનું પાલન કરતા જણાતા હતા, અને કોઇક ઠેકાણે દૈત્યોને નસાડી મૂકી દેવતાઓજ સર્વનું પાલન કરતા હતા.[૪૬-૪૮] કોઇક સ્થળે અર્જુનવડે યુક્ત અને પોતાના મનુષ્યોનું રક્ષણ કરી રહેલા કૃષ્ણ ભગવાન અને પાંડવ-કૌરવો ભારતના યુદ્ધમાં અનેક અક્ષૌહિણીનો સંહાર કરતા દેખાતા હતા.

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આપ જે કહો છો કે હું પૂર્વે થયો હતો, તે શી રીતે થયો હતો ?[૪૯] અને કદાચિત્ થયો હોઉં તોપણ આવાજ આકારથી થયો હતો કે કોઇ બીજા આકારથી ? તે આપ મને કહો.

શ્રી વસિષ્ઠ કહે છેઃ—હે રામચંદ્રજી ! ઘડા કોઠી આદિમાં પૂરાતા અડદ જેમ ભરાતા અને ઠલવાતા રહે તેમ જગતના સર્વ પદાર્થો તેના તેજ ક્રમથી અથવા બીજા ક્રમથી જન્મ-મરણને પ્રાપ્ત થતાજ રહે છે. કેટલાક સર્વ ક્રમમાં સમાન હોય છે. કેટલાક તેના તેજ આકારથી પાછા થાય છે, અને કેટલાએક બીજાજ આકારથી પાછા ઉત્પન્ન થાય છે. કેટલાક સમુદ્રના તરંગનીપેઠે એક બીજાના જેવાજ દેખાય છે. તમે ફરીવાર તેના તેજ અવતરેલ છો, હું પણ ફરીવાર તેનો તેજ અવતરેલ છું, અને આ બીજાં મનુષ્યો પણ ફરીવાર તેનાં તેજ અવતરેલ છે.[૫૦-૫૨] તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો કોઈ દિવસ કશું ઉત્પન્નજ થતું નથી, કેમકે પરબ્રહ્મની અંદર બીજા જુદા જુદા પદાર્થો કે આ સર્વ દૃશ્ય સંભવતુંજ નથી; અને માયાદૃષ્ટિથી જોતાં સમુદ્રમાં ઉત્પન્ન થતા તરંગો તેના તેજ છે કે બીજા એમ નિર્ણય ન થઇ શકે, તેમ સંસારસાગરમાં ભમ્યા કરતાં પ્રાણીઓ પણ તેનાં તેજ છે કે બીજાં એનો કશો નિર્ણય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઇ શકે તેવું નથી. આ સંસારમાં ભ્રાંતિને-લીધે અનંત પ્રાણીઓ જન્મ-મરણને પ્રાપ્ત થતાં રહે છે.[૫૩,૫૪] કેટલાંક પાછાં તેનાં તે ઉત્પન્ન થાય છે, કેટલાંક બીજે રૂપે ઉત્પન્ન થાય છે, કેટલાંક સમ-વિષમ ભાવવાળાં દેખાય છે, કેટલાંક તેવેજ રૂપે આવૃત્તિને પ્રાપ્ત થતાં રહે છે, અને કેટલાંક બીજે રૂપે આવૃત્તિને પ્રાપ્ત થતાં દેખાય છે.[૫૫] સર્વ પ્રાણીઓ જગતરૂપી સમુદ્રના બિંદુઓના સમૂહરૂપ છે, તેમાંના કેટલાક જીવો તો સદાકાળ એકજ પ્રકારનાં ધન, વય, બંધુ વિદ્યા, કર્મ, જ્ઞાન અને ચેષ્ટાવાળા વારંવાર ઉત્પન્ન થતા રહે છે. કેટલાક જીવો પ્રથમ જન્મના ધન, વય વગેરેના કરતાં અર્ધ સ્થિતિવાળા થાય છે, અને કેટલાકમાં પૂર્વજન્મની સ્થિતિનો ચોથો ભાગ દેખાય છે.[૫૬,૫૭] વળી કેટલાક બીજા જીવો તેઓનાં ધન-વય-વગેરેથી વિલક્ષણ અથવા વિરૂદ્ધ ધન-વય-વગેરેવાળા હોય છે, કેટલાક જીવો પરસ્પર ધન-વય-વગેરેમાં સમાનતાવાળા હોય છે, કેટલાક જીવો કાળયોગે એક બીજાનાથી વિલક્ષણતાવાળા થઇ જાય છે, કેટલાક કાળયોગે સમાનતાવાળા થઇ જાય છે, અને કેટલાએક જીવો નિરંતર કાળયોગથી ફેરફારવાળાજ થતા રહે છે.[૫૮] એ જીવો રાગ-દ્વેષ આદિ દોષોવડે આકુળ એવી વિચિત્ર ધર્મ-અધર્મસંબંધી ચેષ્ટાવડે કાળે કરી નાના પ્રકારના દેહોનું ધારણ કરવાથી, કેમ જાણે બીજીજ સ્થિતિવાળા થઇ જતા હોય, તેવા બની જઈ નરક આદિ નીચ લોકમાં અને સ્વર્ગાદિ ઉપરના લોકમાં ભમતા રહે છે. એવી રીતે દેહના સંબંધથી ખેદને પ્રાપ્ત થનારાં અને જુદે જુદે રૂપે દેખવામાં આવતાં અગણિત (અસંખ્ય) પ્રાણીઓરૂપી જળો આ ચપળ સંસારરૂપી સાગરની અંદર ચકરીઓના કુંડાળાનીપેઠે વહ્યો જાય છે. તેઓ એક બીજાનાથી વિરૂદ્ધ સ્વરૂપવાળાં છે, કે સમાન સ્વરૂપવાળાં છે, અને તે તેનાં તેજ છે, કે બીજાં છે, તેનો બરાબર નિર્ણય કરવાને કોણ સમર્થ થઇ શકે?[૫૯]

कालेनाकुलचेष्टयान्य इव ते गच्छन्त्यधोर्द्ध्वं पुनर्देहालेखनखेदितान्यगणितान्यन्यानि चान्यान्यलम् ॥ भूताम्बूनि वहन्ति संसृतिमये यान्यम्बुधौ चंचले चक्रावृत्तिमयानि संकलयितुं शक्नोति कस्तान्यलम् ॥ ५९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગદન્યાન્યત્વવર્ણન' એ નામનો છ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૬

सर्ग ८७ मो.*

પોતાના દેહમાં વિશ્વની કલ્પના

॥ श्रीवसिष्ठ उवाच ॥

ततश्चिदाकाशवपुर्व्याप्यनंतो निरामयः ॥ दत्तावधानो वपुषि तदापश्याम्यहं क्वचित् ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પછી હું કે જે ચિદાકાશરૂપે સર્વત્ર વ્યાપ્ત થઈ રહ્યો હતો, અને અનંત તથા નિર્વિકારરૂપે સર્વત્ર રહ્યો હતો, તેણે પોતાના શરીરની અંદરના કોઈ એક ભાગમાં ચિત્તને સ્થિર રાખી જોયું, તો તેમાં પણ તેની અંદર રહેલી સૃષ્ટિ, જેમ ક્ષેત્રમાં વાવેલા બીજ ઉપર પાણી પડતાં તે અંકુરિત થઇ જાય તેમ અંકુરિત થઇ ગએલી મારા જોવામાં આવી.[૧,૨] જળનું સિંચન થતાં વૃદ્ધિ પામેલા બીજની અંદર જેમ અંકુર રહ્યો હોય તેમ, સાકાર અને નિરાકાર એવી સર્વ જડ—ચેતન વસ્તુની અંદર જગત રહેલજ છે.[૩] જેમ પુરુષ કે જે કેવળ ચિદ્રૂપ છે, તે સુષુપ્તિ અવસ્થામાંથી સ્વપ્ન અવસ્થાને પ્રાપ્ત થતાં તેના પોતાના સ્વરૂપમાંથીજ આખી

* આ સત્યાશીમા સર્ગમાં વસિષ્ઠજી પોતાના દેહવિષે વિશ્વની કલ્પના કરશે, અને પોતાના સ્વયંભૂ-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri Foundation USA

સ્વપ્નસૃષ્ટિ ઉત્પન્ન થાય છે, અને સ્વપ્ન અવસ્થાની નિવૃત્તિ થતાં જેમ એ ચિદાકાશમાંથી જાગૃતપ્રપંચ ખડો થઈ જાય છે,[૪] તેમ સૃષ્ટિના આદિકાળમાં પણ સદા અખંડરૂપે રહેનારા અનુભવરૂપ આત્માના ચિદાકાશરૂપની અંદરજ સૃષ્ટિ ખડી થઇ ગએલ છે, તે ચિદાકાશથી જુદી કહી શકાતી નથી.[૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે પરમચિદાકાશરૂપ વસિષ્ઠજી ! તમારૂં સ્વરૂપ કે જે ચિદાકાશરૂપ છે, અને આકાશના જેવું શૂન્ય છે, તેની અંદર શી રીતે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે ? તે મને સારી રીતે બોધ થવામાટે ફરીવાર કહો.[૬]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! જે હું કહું તે તમે સાંભળો. તે વખતે મેં મારા શરીરમાં જગતની સૃષ્ટિની કલ્પના કરવાનેલીધે ખરેખર સ્વયંભૂપણાનો અનુભવ કર્યો, કે જે સ્વપ્નનગરની પેઠે મિથ્યા છતાં સત્યજેવો જણાતો હતો.[૭] હું કે જે ચિદાકાશરૂપે સર્વત્ર વ્યાપ્ત થઇ રહ્યો હતો તેણે શિલાઆદિમાં સૃષ્ટિ અને મહાપ્રલય આદિનો આડંબર જોઇ પોતાના શરીરના કોઇએક ભાગમાં તેની અંદર સૃષ્ટિ જોવાની ઇચ્છાથી ચિદાત્માને પ્રવર્તાવી દીધો.[૮] જે વખતે એ નિર્મળ ચિદાત્માનો એ ભાગમાં પ્રસાર થયો કે તેજ વખતે તેમાં આકાશના જેવું કાંઇક મારા જોવામાં આવ્યું.[૯] હે રામચંદ્રજી ! તમને જેમ નિદ્રાવડે સ્વપ્ન આવતાં તેમાં જાગૃતપણાનો કે બીજા સ્વપ્નનો અનુભવ થાય, પણ તેનો આધાર કે અધિષ્ઠાન તમારો પોતાનો આત્માજ જણાય, તેવી રીતે જોકે તે સમયે આકાશનો મને અનુભવ થયો હતો, પણ તેનો આધાર કે અધિષ્ઠાન ચિદાકાશજ મને જણાતું હતું; એમ તમે સમજો.[૧૦] પ્રથમ તો દિશાઓને પોતામાં આરોપનારૂં આકાશ ચિચ્છક્તિવડે ચિત્તરૂપ થઈ જાય છે, પછી તેમાંથી અહંકાર પેદા થાય છે, અને તેજ નિશ્ચયરૂપે ઘાટાપણાને પ્રાપ્ત થતાં બુદ્ધિ કહેવાય છે, અને તે બુદ્ધિ સંકલ્પ—વિકલ્પ આદિરૂપે ઘાટાપણાને પામતાં મન કહેવાય છે.[૧૧] પછી તે મન શબ્દતન્માત્રાને અને બીજી પણ સ્પર્શતન્માત્રા વગેરે તન્માત્રાઓને કલ્પી લે છે, અને તે સ્થૂલતાને પ્રાપ્ત થતાં પાંચ ઈંદ્રિયોરૂપ બને છે. એવી રીતે ઈંદ્રિયોનો સમુદાય ઉદય પામે છે.[૧૨] જેમ સુષુપ્તિ અવસ્થામાંથી સ્વપ્ન અવસ્થામાં જનારા જીવને સ્વપ્નસૃષ્ટિ ખડી થઇ જઇ સુખ-દુઃખ પેદા કરે, તેમ સૃષ્ટિના આદિકાળમાં નિર્વિકાર ચિદાત્માને ક્ષણવારમાં જગતરૂપી દૃશ્ય ઘાટે રૂપે ઉદય પામી જઇ સુખ-દુઃખ પેદા કરે છે.[૧૩] આ અનંત દૃશ્યજાળની પ્રતીતિ કે જે સર્વને સમાનકાળસુધી ભાસ્યા કરે છે, તેમાં કેટલાક તેની ઉત્પત્તિવિષે વર્ણન કરે છે, અને કેટલાક તે વિષેનું વર્ણન કરતા નથી.[૧૪] એ પ્રમાણે રમણીય એવા એક પરમાણુ જેવડા ભાગમાં પણ બ્રહ્માંડરૂપે પ્રસરી રહેલા ચિદાત્માનો મને અનુભવ થયો; બાકી વસ્તુતાએ જોઇએ તો એ સર્વ નિર્મળ ચિદાકાશરૂપ હતું.[૧૫] જેમ આકાશની અંદર સ્વભાવેજ નિરંતર પવન વાયા કરે છે, તેમ મન સ્વભાવેજ સર્વ ઠેકાણે પોતાના શરીરને કલ્પી લે છે.[૧૬] સર્વના પરમ કારણરૂપ એવી હિરણ્યગર્ભના મનની કલ્પનાશક્તિવડે પ્રથમ જે પદાર્થનું જેવું રૂપ કલ્પાઇ ગયું તેને તે પોતે પણ ઘણો યત્ન લેતાં છતાં પણ ફેરવી શકતી નથી તો પછી બીજાથી તો તે નિયમો કેમ ફરી શકે ?[૧૭] હું કે જે ચેતનપણાને લીધે અપરિચ્છિન્ન છું તે ચિત્તે કરેલી પરિચ્છિન્નપણાની કલ્પનામાં જોડાઇ જતાં પછી અણુરૂપ થઈ ગયો.[૧૮] પછી ચિદાત્માના પ્રતિબિંબને-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લીધે નાના તેજના કણના જેવા તેજોમય લિંગશરીરની મને સ્ફૂર્તિ થઇ, અને તે પછી તેનીજ ભાવના કરતાં કેમ જાણે હું સ્થૂલ-દેહરૂપ બની ગયો હોઉં તેમ મને જણાયું.[૧૯] પછી હું કાંઇક રૂપ આદિ વિષયનો અનુભવ કરૂં એવો મારા સૂક્ષ્મ જીવાત્મામાં જરાક વિચાર આવતાં મેં તે વિષયમાં પ્રવૃત્તિ કરી તો તેની ગ્રાહક ઇંદ્રિયો અને વિષયો વગેરેનો મને અનુભવ થયો.[૨૦] હે રામચંદ્રજી ! તેઓનાં જે જે નામો છે તેમાંથી જે મુખ્ય નામો છે, કે જેની તમારા જેવા સુજ્ઞ પુરુષોએ કલ્પના કરી છે, તે વિષે હું કહું તે તમે સાંભળો.[૨૧] જે રંધ્રવડે મેં જોવાની પ્રવૃત્તિ કરી તે ચક્ષુ કહેવાય છે, જે કાંઇ જોવાનું હોય તે (રૂપ) દૃશ્ય કહેવાય છે, અને તે બન્નેના સંયોગનું જે ફળ તે દર્શન કહેવાય છે.[૨૨] જે સમયે એ રૂપનું દર્શન થાય તે સમયને કાળ શબ્દવડે કહેવામાં આવે છે. જે પ્રકારે એ રૂપને જોવામાં આવે તેને ક્રમ કહેવામાં આવે છે. આવી જાતનો એક ઈશ્વરીય દૃઢ નિયમ છે કે જે નિયતિ શબ્દવડે કહેવાય છે. જે (શૂન્ય) અધિષ્ઠાનની અંદર એ રૂપ જોવામાં આવે છે તેને આકાશ કહેવામાં આવે છે;[૨૩] અને જે ભાગમાં હું રહું છું તેને દેશ કહેવામાં આવે છે. એવી કલ્પના આપણા ચિત્તમાં હમણા (વ્યવહારદશામાં) ઉદય પામે છે; પણ તે સમયે તો આ સર્વ ચિદાત્માનોજ એક વિલાસ છે, એમ જણાવાથી હું પોતે પણ ચિદાત્માના વિલાસરૂપ છું એમ મને ભાસતું હતું.[૨૪] પછી હું જોઉં એવો કાંઇક મને સંકલ્પ ઉઠ્યો તેથી હું બન્ને ચક્ષુગોલકથી જોવા લાગ્યો અને તેવડે જે મેં જોયું તે ચિદાકારાથી જુદે રૂપે દેખાવ આપનારૂં રૂપ હતું, અને જે ગોલકથી જોયું તે આ લોચન છે. પછી હું કાંઇ સાંભળું એવા સંકલ્પની મને સ્ફૂર્તિ થઇ, અને ત્યારપછી ફુંકેલા શંખના જેવો ઝંકારનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો કે જે આકાશનો સ્વાભાવિક ગુણ છે.[૨૬,૨૭] પ્રાણવાયુના સંબંધથી પ્રસરી રહેલો શબ્દ જે બન્ને પ્રદેશવડે સંભળાયો તે આ બે કર્ણરંધ્ર છે.[૨૮] પછી મને સ્પર્શવિષયનો કાંઇક અનુભવ થયો, અને જે પ્રદેશવડે તેનો અનુભવ થયો તે ત્વક્ ઇંદ્રિય કહેવાય છે.[૨૯] જેના અસ્તિત્વવડે મારા અંગને સ્પર્શવિષયનો અનુભવ થયો, તે રૂપરહિત અને સ્પર્શવાળો વાયુ કહેવાય છે કે જે સ્વયંભૂના સત્યસંકલ્પને આધારે રહેલ છે.[૩૦] એવી રીતે હું કે જે અનુભવસ્વરૂપ છું તેની અંદર ત્વચા ઇંદ્રિય અને તન્માત્રા (સ્પર્શ) એ બન્ને ખડાં થઇ ગયાં. મને જેવડે રસાસ્વાદનો અનુભવ થયો તે જીહ્વા ઇંદ્રિય અને તેનો વિષય રસ કે જે તન્માત્રારૂપ છે, તે પણ મારામાં ઉપર પ્રમાણે ખડાં થઇ ગયાં.[૩૧] તેમજ મારો પ્રાણ કે જે વસ્તુતાએ જોતાં કેવળ ચિદાકાશરૂપ છે, તેમાં (ગંધ ગ્રહણ કરવાનો સંકલ્પ સ્ફુરતાં) નાસિકા ઇંદ્રિય અને ગંધરૂપ તન્માત્રા, એ બન્નેનો ઉદય થયો. આવી રીતે જે કે દેહ-ઇંદ્રિય-વિષય-વગેરેની સંપત્તિ મારામાં દેખાતી હતી, પણ વસ્તુતાએ જોઇએ તો સર્વ કલ્પનામાત્ર હોવાથી મિથ્યા હોવાનેલીધે કશું પણ થયુંજ ન હતું.[૩૨] જ્યારે ઇંદ્રિયો અને તન્માત્રાઓ ઉપર કહ્યાપ્રમાણે ખડી થઇ ગઇ, અને હું વૃત્તિદ્વારા તદાકાર થવા લાગ્યો કે તરતજ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એરૂપી શરીરને ધારણ કરી રહેલ એવા પાંચ વિષયોના ભોગનો બળાત્કારથી મને અનુભવ થવા લાગ્યો કે જે વિષયો મિથ્યાપણાનેલીધે નિરાકાર છતાં માત્ર ભ્રાંતિવડેજ તે તે વિષયનેરૂપે ભાસતા

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

હતા.[૩૩,૩૪] ઇંદ્રિયો, વિષયો વગેરેના સમૂહમાં અભિમાન બંધાઈ હું અમુકરૂપ છું, એવી જે ભાવના મારામાં ખડી થઇ ગઈ તેનેજ તમારા જેવા વિવેકી પુરુષો અહંકાર એવા નામથી કહે છે.[૩૫] એ અહંકાર નિશ્ચયરૂપે ઘાટાપણાને પ્રાપ્ત થતાં બુદ્ધિ એવા નામથી કહેવાય છે, અને તે બુદ્ધિ પાછી ઘાટાપણાને પ્રાપ્ત થતાં મન એવા નામવડે કહેવાય છે.[૩૬] એવી રીતે હું અંતઃકરણરૂપ બની જઈ આતિવાહિક દેહ કે જેને સૂક્ષ્મશરીર કહે છે તેરૂપ બની ગયો.[૩૭] ખરી રીતે જોતાં મારું સ્વરૂપ શુદ્ધ ચિદાકાશજ હતું, કેવળ આકાશરૂપ હોવાથી હું પવનના કરતાં પણ શૂન્ય જણાતો હતો અને આકાર-રહિત હોવાથી મારામાં કલ્પાએલા સર્વ ભાવોને હું રોકતો ન હતો.[૩૮] પછી મારા મનની તેવી ભાવનાનેલીધે ઘણા લાંબા કાળસુધી હું સ્વયંભૂના દેહમાં રહ્યો ત્યારે હું ચાર મુખવાળા બ્રહ્માના દેહવડે મુક્ત છું, એવી મને પ્રતીતિ થઈ, અને તેવી પ્રતીતિવડે પછી હું જેમ કોઈ શૂન્યસ્થળમાં સૂતેલો સ્વપ્નમાં ઉડી આકાશમાં ફરતાં શબ્દ કરે તે રીતે મેં શબ્દનો ઉચ્ચાર કરવાની પ્રવૃત્તિ કરી.[૩૯,૪૦] પ્રથમ તો મેં બાળકની પેઠે ઓં એટલા શબ્દનો ઉચ્ચાર કર્યો, પછી તે જગતમાં ઓંકાર એવા નામથી પ્રસિદ્ધિને પ્રાપ્ત થયો, અને ત્યાર પછી સ્વપ્નનરની પેઠે જે કાંઇ હું બોલ્યો તે વાણીરૂપે જગતમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું; એમ તમે સમજો.[૪૧,૪૨] એવી રીતે હું પોતેજ બ્રહ્મા કે જે સૃષ્ટિના કર્ત્તા અને જગદ્‌ગુરુ કહેવાય છે, તેરૂપ બની ગયો; અને એ મનોમય સ્વયંભૂના દેહવડે મેં સૃષ્ટિઓને કલ્પી લીધી.[૪૩] એ પ્રમાણે હું બ્રહ્માનેરૂપે ઉત્પન્ન થયો જણાયો, પરંતુ ખરી રીતે જોઇએ તો હું કશારૂપે ઉત્પન્ન થયો ન હતો. મેં તે સમયે મારા સ્થૂલદેહરૂપે સર્વ બ્રહ્માંડને જોયું અને બ્રહ્માંડથી કશું પણ મને બહાર દેખાતું ન હતું. ખરું જોઇએ તો જગત કે જે મારા મનના એક વિલાસરૂપ હતું તેની અંદર કશું પણ થયું જ ન હતું; કેવળ શૂન્ય ચિદાકાશજ સર્વત્ર પ્રસરી રહ્યું હતું.[૪૪,૪૫] એવી રીતે આ સર્વ સૃષ્ટિ શૂન્ય ચિદાકાશરૂપજ છે, અને તેની અંદર પૃથ્વી આદિ પદાર્થોનું જરા પણ અસ્તિત્વ છેજ નહિ.[૬] ચિદાકાશની અંદર ભ્રાંતિવડે જગતરૂપી ઝાંઝવાના જળની પ્રતીતિ થાય છે, બાકી કાંઈપણ ચિદાકાશથી બહાર જુદું નથી. તેમ બાહ્ય પ્રદેશમાં જે કાંઈ જુદું નજરે દેખાય છે તેપણ નથી. કેવળ ચિદાકાશજ વિવર્તરૂપે એવે અનેકરૂપે (ભ્રાંતિને યોગે) પ્રતીતિમાં આવે છે.[૪૭] નિર્જળ પ્રદેશમાં જળ હોતુંજ નથી છતાં મૃગ આદિ પ્રાણીઓનો જીવાત્મા અંદર તૃષાવડે તાપને પ્રાપ્ત થતાં સંભ્રમને પામી જઇ ઝાંઝવાના જળરૂપે નિર્મૂળ ભ્રાંતિને દેખે છે.[૪૮] એવી રીતે બ્રહ્મની અંદર જગત છેજ નહિ, તોપણ જીવાત્મા અજ્ઞાનના આવરણનેલીધે ભ્રાંતિને પામી જઇ આ જગતરૂપી નિર્મૂળ ભ્રમને દેખે છે.[૪૯] સંકલ્પવડે ખડાં થઇ ગયેલાં મનોરાજ્યની પેઠે અને સ્વપ્નનગરની પેઠે આ જગત અસત્ય છતાં હૃદયની અંદર ખડું થઇ રહ્યું છે.[૫૦] જેમ પડખે સૂતેલા મનુષ્યને આવેલું સ્વપ્ન તેના ચિત્તમાં પ્રવેશ કર્યાવિના નહિ જેવું લાગે છે, પણ યોગ આદિદ્વારા તેના ચિત્તમાં પ્રવેશ કરવામાં આવે તો અનુભવમાં આવે છે,[૫૧] તેવી રીતે અધિષ્ઠાન ચૈતન્યરૂપી શિલામાં રહેલ જગત પણ તેમાં જો પ્રવેશ કરાય તોજ અનુભવમાં આવે છે, બીજી રીતે તે અરીસામાં પ્રતિબિંબિત થયેલા પદાર્થના આકારનીપેઠે દેખાતું હોય તોપણ અસત્યજ છે.[૫૨] જો આધિભૌતિકપણારૂપી નેત્રથી તેને જોવામાં આવે તો એ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જગત વગેરે કશું પણ દેખાય નહિ, પણ એક માત્ર લોકાલોક પર્વતજ જોવામાં આવે;[૫૩] પરંતુ જો જ્ઞાનદૃષ્ટિવડે આતિવાહિક દેહથી યોગદ્વારા એ સૃષ્ટિ જોવામાં આવે તો એ સૃષ્ટિ પણ નિર્મળ પરમાત્મારૂપજ જણાય છે.[૫૪] તત્ત્વદૃષ્ટિવડે જોતાં સર્વ ઠેકાણે સૃષ્ટિ દેખાતીજ નથી પણ તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મજ અનુભવમાં આવે છે, બાકી ચર્મચક્ષુવડે જોવા જઈએ તો તત્ત્વનો કશો પણ યથાર્થ અનુભવ થતો નથી, પણ ભ્રાંતિજ નજરે આવે છે.[૫૫] યોગ અને તત્ત્વદૃષ્ટિવાળી શુદ્ધ બુદ્ધિ જે કાંઈ જોઈ શકે છે તે મહાદેવ ત્રણ નેત્રવડે કે ઇંદ્ર સેંકડો નેત્રવડે પણ જોઈ શકતા નથી.[૫૬] જેવી રીતે આકાશ અનેક સૃષ્ટિઓવડે વીંટાએલ છે તેમ પૃથ્વી પણ અનેક સૃષ્ટિઓવડે વ્યાપ્ત છે એવી જ્યારે મને બુદ્ધિ ઉત્પન્ન થઇ, ત્યારે હું ધ્યાનપરાયણ થઈ જઇ પૃથ્વીની ધારણાવડે યુક્ત થઇ ગયો.[૫૭] જેમ કોઇ ચક્રવર્તી રાજા પોતાના દેહમાંથી અહંકારને નહિ છોડતાં આખા ભૂમંડળમાં મમતાને ધારણ કરે તેમ હું કે જે ચિદાકાશરૂપ છું તેણે બ્રહ્મમાંથી અહંભાવને ન છોડતાં પૃથ્વીની ધારણા બાંધી તેમાં અહંકાર જોડી દઈ પૃથ્વીના રૂપનું ધારણ કર્યું.[૫૮] પૃથ્વીની ધારણાવડે પૃથ્વીના અભિમાની જીવની અંદર પ્રવિષ્ટ થઇ જઇ દ્વીપ–પર્વત–તૃણ–વૃક્ષ આદિ દેહવાળો છું, એમ મને અનુભવ થયો.[૫૯] પછી નાના પ્રકારનાં વનોરૂપી રુંવાડાંવાળા, જુદી જુદી જાતનાં રત્નોની પંક્તિઓવડે વ્યાપ્ત, જુદાં જુદાં નગરોરૂપી આભૂષણને ધારણ કરી રહેલ, ગામડાંઓ અને ગુફાઓરૂપી પર્વતવાળા, પાતાળરૂપી ઉંડા પેટવડે મહાભયંકર, કુલાચલરૂપી હાથમાં પહેરેલાં દ્વીપો અને પર્વતોરૂપી કંકણોવડે સુશોભિત, ઘાસના સમૂહરૂપી ઝીણાં રુંવાડાંવડે યુક્ત, પર્વતો અને ખંડોરૂપી ગાંઠોને ધારણ કરી રહેલ, દિગ્ગજોનાં અનેક મસ્તકોવડે અને શેષનાગનાં હજારો મસ્તકોવડે ધારણ કરાએલ, સેનારૂપી જળના કેમ જાણે તંતુઓ હોય તેવા દેખાતા હાથીઓવડે દ્વીપો નીકળતા રાજાઓએ પરસ્પર યુદ્ધવડે છિન્નભિન્ન દશામાં આવી પડેલ, બીજાં પ્રાણીઓના ઉપભોગમાં આવનાર, વ્યવસ્થાથી વૃદ્ધિને પ્રાપ્ત થનાર, હિમાલય અને વિંધ્યાચળરૂપી સુંદર કંધરાને ધારણ કરી રહેલ, ગંગા આદિ નદીઓના પૂરરૂપી મુક્તાહારવડે ઝમઝમાટ કરી રહેલ શરીરવાળા, ગુફાઓનેલીધે ગહનતાવાળા, કચ્છ (જળપ્રાય) આદિ દેશોવડે સુશોભિત, સાગરોરૂપી અનેક અરીસાઓવાળા, નિર્જળભૂમિ અને ક્ષારભૂમિરૂપી શ્વેત સુંદર વસ્ત્રવડે શોભાયમાન, પૂર્વકાળમાં થએલા મહાસાગરોવડે પ્રલયસમયમાં પૂરાઈ જવાથી સ્નાનવડે કેમ જાણે પવિત્ર થઇ રહેલ હોય એમ દેખાતા, પુષ્પોનાં વનોવડે સુશોભિત, રજના ઘાટા સમૂહવડે વ્યાપ્ત, નિરંતર ખેડુત લોકોએ ખેડાએલ, શિશિરઋતુનો ઠંડો પવન આવવાથી શીતલ બની ગએલ, સૂર્યનારાયણનાં પ્રચંડ કિરણોવડે તપી ગએલ, વર્ષાઋતુના જળવડે ભીંજાએલ, સપાટ જમીનરૂપી પહોળા વક્ષસ્થળવડે સુશોભિત, કમળોના સમૂહરૂપી નેત્રોવડે રમણીય, ધોળાં અને કાળાં વાદળાંઓરૂપી પાઘડીથી શણગારેલ, દશ દિશાઓને રહેવાના મંદિરરૂપ, લોકાલોક પર્વતની પાસે રહેલ મોટી ખાઇરૂપી ભયાનક મુખવડે મહા ભયંકર દેખાતા, અનંત પ્રાણીઓના સમુદાયની ચેષ્ટારૂપી એક ચૈતન્યને ધારણ કરી રહેલ, કેમ જાણે બહાર અને અંદર ક્રીડાઓવડે વ્યાપ્ત હોય તેમ દેવ દાનવ અને ગંધર્વ આદિ પ્રાણીઓના સમૂહવડે બહાર અને અંદર વ્યાપ્ત, પાતાળરૂપી ઇંદ્રિયોના છિદ્રોની અંદર નાગ-અસુર આદિ કીડાઓના સમૂહવડે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભરેલ, સાત સમુદ્રોની અંદર નાનાપ્રકારનાં જળચર પ્રાણીઓવડે યુક્ત, પ્રાણીઓના ઉપભોગમાં આવનાર નદી, વન, સમુદ્ર, દિશાઓના છેડાઓ, દ્વીપો અને જંગલોના સમૂહથી વ્યાપ્ત, નાનાપ્રકારના પર્વત નદી આદિની પંક્તિથી અને પ્રાણીઓના સમૂહથી ભરેલા દેશો અને ખંડોવડે વ્યાપ્ત, અને વેલો, તળાવો, નદીઓ, કમળના ખંડો અને અનેક શત્રુના સમૂહોવડે વ્યાપ્ત એવા ભૂપીઠ(પૃથ્વી)રૂપ હું થઇ ગયો.[૬૦-૭૨]

व्याप्तं नदीवनसमुद्रदिगन्तशैलद्वीपाख्यजन्तु विषयस्थलजंगलौघैः ॥ नानावलीवलितमंडलकोशखंडं वल्लीसरः सरिदरातिगणाब्जखंडैः ॥ ७२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પાર્થિવધાત્વંતર્ગતજગદાનંત્યપ્રતિપાદન' એ નામનો સત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૭

સર્ગ ૮૮ મો.*

પૃથ્વીના અનેક દેખાવોનું વર્ણન

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

भूपीठेन सता तत्र मया तदनुमानव ॥ अनुभूतं नदनदीस्वसंवेदनसंस्थितेः ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મનુવંશભૂષણ રામચંદ્રજી! પછી હું કે જે ભૂલોકરૂપ થઈ ગયો હતો તેને, પોતાનો દેહ પાર્થિવધર્મવાળો જોયા પછી નદ-નદી આદિ વિશેષ આકારવાળો જોવાની ઇચ્છા થતાં, પછી જે કાંઇ અનુભવમાં આવ્યું તે તમે સાંભળો.[૧] કોઇક સ્થલે પતિ, પુત્ર, ભાઈ આદિના મરણનેલીધે આક્રંદ કરી રહેલી નારીઓનો કરુણ વિલાપ સંભળાતો હતો; અને કોઇક સ્થલે નૃત્ય કરી રહેલી સ્ત્રીઓના સમૂહોના મોટા ઉત્સવથી મહા સુખ પથરાઇ રહેલું જણાતું હતું.[૨] કોઇક ઠેકાણે દુઃખે કરીને પણ માંડ નિવારણ કરી શકાય તેવા દુકાળનેલીધે લોકોનો દુઃખસંબંધી મોટો પોકાર કાને પડતો હતો; અને કોઇક ઠેકાણે તો સુકાળનેલીધે બધાં ધાન્યોના ઢગલાઓની નિપજ થતાં ચારેકોર સ્નેહ પથરાઇ રહ્યો હતો.[૩] કોઇક ઠેકાણે અગ્નિનો મોટા ભડકા થતાં તેવડે બળી ગયેલા પ્રાણીઓના દેહમાં મહાતીવ્ર વેદના પેદા થતી દેખાતી હતી; અને કોઈક ઠેકાણે તો જળમાં બુડી જવાથી અનેક ગામડાંઓ અને શહેરોનો ઘાણ વળી જતો દેખાતો હતો.[૪] કોઇક સ્થલે તો ચપળ સામંતોનાં મંડળો દેશોને લૂંટી લેતાં જણાતાં હતાં; અને કોઈક સ્થળે તો પોતાનું દુષ્ટપણું દેખાડનારા રાક્ષસોનાં અને પિશાચોનાં મંડળો નજરે આવતાં હતાં.[૫] કોઇક સ્થલે પૂરવડે જળાશય ચારેકોર ફરી વળતાં ક્યારાઓનું સિંચન થવાથી ધાન્યના છોડવા વગેરેનો ઉપરનો ભાગ ખીલેલો જણાતો હતો. કોઇક ઠેકાણે ગુફાઓમાંથી નીકળતા પવનના સપાટાથી તણાતાં જતાં વાદળાંઓ નજરે આવતાં હતાં.[૬] કોઇક સ્થલે પોતાના અંગના વાળનીપેઠે હર્ષવડે ખડા થઇ ગયેલા અંકુરોરૂપી રુંવાડાં દેખાતાં હતાં. કોઇક સ્થલે તો જળના પ્રવાહવડે ક્ષોભને પ્રાપ્ત થયેલી નીચી અને ઉંચી ધરતીનો દેખાવ નજરે પડતો હતો.[૭] કોઈક ઠેકાણે ગામો, પર્વતો, વનો અને શહેરો, મોટી મોટી શિલાઓવડે કેમ જાણે શિખરવાળા હોય એવા ભયંકર દેખાતા મોટા ખાડાઓવડે યુક્ત દેખાતાં હતાં; અને કોઇક ઠેકાણે નગરમાં વસનારા મનુષ્યોના મંડલનું હરવું ફરવું થતાં તેનાં પગલાં પડવાથી પૃથ્વી [illegible] દેખાતી હતી.[૮] કોઈક

* આ અઠયાશીમા સર્ગમાં વસિષ્ઠજીનો પોતાનો દેહ ભૂલોકરૂપ થઈ જતાં તેની અંદર જે જે જૂદા જૂદા વિશેષ દેખાવો વસિષ્ઠજી કૌતુકવડે જોશે તેવિષે વર્ણન કરવામાં આવ્યું.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સ્થલે રણસંગ્રામની અંદર ક્ષોભ પામેલાં સામંતોનાં સૈન્યોનો સંહાર થતો જણાતો હતો; અને કોઇક સ્થલે તો સર્વ સામંતોનું મંડલ શાંતપણે સુખેથી બેઠેલું દેખાતું હતું.[૯] કોઇક સ્થલે શૂન્ય અરણ્યજ નજરે આવતું હતું કે જેની અંદર કેવલ પવનજ ફુંક્યા કરતો હતો. કોઇક સ્થલે તો જંગલમાં પ્રથમ કાપણી કરી લઇ પછી વાવેલાં ધાન્યો પાછાં ફાલેલાં જણાતાં હતાં.[૧૦] કોઇ ઠેકાણે હંસ અને કારંડવ પક્ષીઓવડે વ્યાપ્ત એવાં સરોવરની અંદર કમળો ખીલી રહેલાં દેખાતાં હતાં. કોઈક સ્થલે નિર્જલ પ્રદેશોમાં વંટોળીયાવડે ઉડેલી ધૂળથી મોટા સ્તંભના જેવો આકાર બતાવનારા અને રજવડે ધોળા દેખાતા પવનો વાતા હતા.[૧૧] કોઇક ઠેકાણે મોટા નદો અને નદીઓના વહેવાને લીધે, તેનો ધસારો થતાં ઘોઘરો અવાજ કાને આવતો હતો. કોઇક ઠેકાણે અંકુર ફુટવામાટે સીંચાયેલાં બીજોમાં કાંટા ફૂટેલા જણાતા હતા.[૧૨] કોઈક સ્થલે શિલાઓનાં છિદ્રોમાં કષ્ટથી પડી રહેલા કીડાઓનાં મોઢાંઓ જરા જરા ફરકતાં હતાં અને કાંઈક તેને વેદના થતી હોય એમ જણાતું હતું, તથા "અમને આ શિલાના સંકટમાંથી તમે શરણાગત જાણી રક્ષા કરો" એમ તે કેમ જાણે મારાપ્રત્યે સૂચના કરતા હોય એવું લાગતું હતું.[૧૩] કોઇક સ્થલે શાખાઓ ઠેઠ ધરતીને અડી જવાથી મૃત્તિકાના ભાગવડે દટાએલા અવયવોવાળા શાખાઓના સમૂહોનો આકાર નજરે આવતો હતો; અને કોઇક સ્થલે મૂલનો આશ્રય કરી શાખાઓ ટકી રહેલી જણાતી હતી.[૧૪] કોઇક સ્થલે પર્વતોની શિલાની પેઠે ઘાટાં થઇ રહેલાં વૃક્ષો એક બીજાસાથે મળી જઈ દિશાઓના તટોના ભાગોને અવકાશ વગરના બનાવી દઈ પરસ્પર ઘટ્ટપણે જોડાઇ જતાં, કેમ જાણે સમુદ્રોના તરંગોવડે બધું વીંટાઈ ગયેલું હોય, એવો ભાવ જણાતો હતો.[૧૫] કોઇક ઠેકાણે વૃક્ષોની ઘાટી ઘટાને લીધે પોતાનો પ્રવેશ ન થવાથી ક્રોધને પ્રાપ્ત થઈ ગએલા સૂર્યનારાયણનાં કિરણોવડે રસ ખેંચાવાથી સૂકાઇ ગએલાં પલ્લવો સંકુચિત થઇ જવાનેલીધે વનના ઘાટા અવયવોજ કેમ જાણે પીડિત થઈ જઈ સંકુચિત થઇ ગયા હોય એમ દેખાતું હતું.[૧૬] કોઇક સ્થલે પર્વતોના શિખરોમાં રહેનારા હાથીઓના દંતોશળના પ્રહારરૂપી વજ્રો, વૃક્ષોના મજબૂત અવયવો કે જે પોતાની દૃઢતાનેલીધે સ્થિર થઈ રહ્યા હતા તે પ્રત્યે ઘણા વેગથી પડતા હતા.[૧૭] કોઇક ઠેકાણે તો આંખો મીંચી રહેલા અને સમાધિના આનંદવડે શરીરનાં રુંવાડાં ખડાં થઈ જતાં તેદ્વારા આનંદને બહાર પ્રકટ કરનારા સમાધિનિષ્ઠ પુરુષોનું અતિ સૂક્ષ્મ એવા પરમતત્ત્વના અનુભવને બતાવનારૂં અપૂર્વ રુંવાડારૂપી અંકુરનું ખડાં થઇ રહેવું મારા જોવામાં આવ્યું.[૧૮] કોઇક ઠેકાણે માખીઓના, લીખોના સમૂહોના અને મસલાંઓના નિવાસરૂપ એવાં મલિન વસ્ત્રના જેવી મેલી ધરતી નજરે આવતી હતી. કોઈક સ્થલે નાની ભીંતો આડે આવવાથી અને ભમરાઓના ડંખથી કોપેલા હાથીઓ પોતાના દંતોશળથી લીલાવડે હળની પેઠે પર્વતોનાં શિખરોને ખોદી નાખતા હતા.[૧૯] કોઈક સ્થલે ટાઢથી ફાટેલા અંગવાળા પ્રાણીઓની જજરી થઈ રહેલી ત્વચામાં કેમ જાણે ચારેકોર વ્યાપ્ત થઇ રહ્યું હોય તેમ ચોતરફ શીત પથરાઈ રહ્યું હતું અને તેનેલીધે પાણી પણ પથરાના જેવું જામી ગયું હતું. કોઇક ઠેકાણે પ્રચંડ પવનજ ફૂંક્યા કરતો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

હતો.[૨૦] કોઈક સ્થલે પ્રાણીઓનાં ચીરાઇ ગયેલાં કોમલ અંગોમાં કીડાઓનો સમૂહ ખદબદ થતો દેખાતો હતો. કોઈક ઠેકાણે વૃક્ષોનાં થડ આદિ અંગો ઉત્પન્ન થતાં દેખાતાં હતાં અને ક્યાંક તેનું મૂલજ નજરે પડતું હતું. કોઇક ઠેકાણે પ્રાણીઓ જલમાં સ્નાન કરતાં દેખાતાં હતાં.[૨૧] કોઇક સ્થલે ધીરે ધીરે બીજની અંદર દાખલ થનારા જલવડે આનંદ ઉપજાવનારી અને બહાર ફૂટેલા તથા નમી રહેલા અંકુરોરૂપી અનેક રુંવાડાંવડે ધરતીને સુશોભિત કરનારી જલની વૃષ્ટિ થતી દેખાતી હતી.[૨૨] તળાવો મંદ મંદ એવા શીતલ પવનવડે કંપિત થએલી કોમલ કમલિનીનાં પત્રોરૂપી બિછાનાવડે મારા અંગને વિશ્રામ આપી, કેમ જાણે મને નિરતિશય આનંદ ઉપજાવતાં હોય એમ લાગતું હતું.[૨૩]

तनुतरपवनाविकम्पितकोमलनलिनीदलास्तरणैः ॥ विहरणमिव मे विहितं सरोभिरंगेषु निर्वाणम् ॥२३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભૂમંડલગતવિશેષવર્ણન' એ નામનો અઠ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૮

સર્ગ ૮૯ મો.*

દૃશ્ય પદાર્થો મનોમયજ છે

॥ શ્રીરામ ઉવાચ ॥

पार्थिवीं धारणां बध्वा जगंति समवेक्षितुम् ॥ संपन्नस्त्वमसौ भूमिलोकः किमुत मानसः ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—તમે કે જે કૌતુકને લીધે પોતાના આત્મામાંજ જગતને જોવાને પ્રવૃત્ત થઇ રહ્યા હતા તે પૃથિવી સંબંધી ધારણા બાંધી આ દૃશ્ય જડ પાષાણુ આદિમય ભૂલોકરૂપ થઇ ગયા કે મનોરાજ્યના જેવા સ્વમતુલ્ય ભૂલોકરૂપ થઇ રહ્યા, તે મને કહો ?[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—કાલ્પનિક દૃષ્ટિથી જોતાં હું જે ભૂલોક (પૃથ્વી) રૂપ બની ગયો, તે જડ પાષાણમય આ પૃથિવીજ હતી, અને તે માત્ર મનનોજ એક વિકાર હોવાથી તેને મનોમય પણ કહી શકાય; બાકી વાસ્તવિક દૃષ્ટિથી જોઇએ તો હું કે જે ચિદાકાશરૂપ છું તે કશારૂપ થયોજ ન હતો.[૨] મન કે જે સર્વ સંકલ્પ-વિકલ્પના આધારરૂપ છે તે વિના ભૂલોકની સ્થિતિજ સંભવતી નથી. તમે જે કાંઇ સદ્રૂપ કે અસદ્રૂપ સમજતા હો તે બંધુ મનોમાત્રજ છે.[૩] હું કે જે શુદ્ધ ચિદાકાશરૂપ છું તેના ચિન્મય સ્વરૂપમાં જે કાંઇ સ્ફુરણ ઉઠવું તેને સંકલ્પ એવા નામથી કહેવામાં આવે છે;[૪] અને તેજ મનરૂપ, પૃથિવીરૂપ, જગતરૂપ અને બ્રહ્મારૂપ છે. સંકલ્પસંબંધી (મનોમય)નગરનીપેઠે ચિદાકાશની અંદર મન કે જે વસ્તુતાએ ચિદાકાશરૂપ છે તે એવે અનેક આકારે પ્રસરી રહેલ છે.[૫] એવી રીતે તે સર્વ મનોમાત્ર કે સંકલ્પમાત્રજ હતું, પણ મારી ધારણાના અભ્યાસને બળે તે આ સ્થૂલ જડ ભૂમંડલ (પૃથ્વી) રૂપે પ્રતીતિમાં આવતું હતું.[૬] બાકી તત્ત્વદૃષ્ટિથી તપાસતાં દૃશ્ય જડ પાષાણુ આદિમય પૃથ્વીને બદલે તે ભૂલોક મનોમયજ હતો. ચિદાકાશનોજ તે એક વિવર્ત હતો.[૭] તેમાં જડભાવ હતો નહિ પણ ચિદાકાશજ તેવે આકારે દેખાતું હતું. એ ભૂમંડલ વસ્તુતઃ ચિદાકાશરૂપ છતાં ધારણાના બલથી ઘણા લાંબા કાલસુધી તેવે સ્થૂલરૂપે જણાતું હતું, અને તે અમુક આકારવાળું છે એમ પ્રત્યક્ષ પ્રતીતિમાં આવવાથી પછી તેનું મનોમયપણું **ભાસતું રહ્યું હતું; અને આ સ્થિર કઠિન અને**

* આ નવ્યાશીમા સર્ગમાં વસિષ્ઠજીએ ધારણા બાંધી જોયેલું આ ભૂમંડલ અને સર્વ જગત ચિદાકાશની અંદર મનોમાત્રરૂપેજ ભાસ્યા કરે છે, તે વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વિસ્તારવાળો ભૂલોક છે, એવી બુદ્ધિ જેમ આકાશમાં નીલ પીત આદિરંગની પ્રતીતિ થાય તેમ ઘણા કાલની લાંબી ભાવનાનેલીધે પેદા થઈ હતી.[૯] એ મારાં મનોમય જગતની પેઠેજ આ આપણી નજરે દેખાતું જગત પણ સ્થિર થઇ રહ્યું દેખાય છે, પણ તે વસ્તુતાએ છેજ નહિ, અને ચિદાકાશ કે જે આદિ સૃષ્ટિના પણ એક કારણરૂપ છે તેજ આ સર્વને આકારે વિવર્તરૂપે પ્રસરી રહેલ છે.[૧૦] જેમ સ્વપ્નમાં ચિદાત્માજ ચિદાકાશની અંદર નગરને આકારે થઇ રહેલ ભાસે છે તેમ સૃષ્ટિના આદિકાલમાં ચૈતન્યજ આ જગતને આકારે થઇ રહેલ ભાસે છે.[૧૧] પૃથ્વી આદિ ત્રણે લોક કે જે દૃશ્યરૂપે પ્રતીતિમાં આવે છે તે સર્વ સદાકાળ ચિદાત્મારૂપી બાલકનું એક મનોરાજ્ય છે;એમ તમે સમજો.[૧૨] સંકલ્પ ચિદ્રૂપ આત્માથી જુદો નથી અને જગત પણ તન્મય છે. વસ્તુતાએ જોઇએ તો એ જગત સત્યરૂપ નથી, (પણ મિથ્યા છે) તેમ સ્થૂલ આકારવાળું પણ નથી અને પ્રકાશમય પણ નથી.[૧૩] ચિદાકાશનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાયાથી આ દૃશ્ય પ્રતીતેમાં આવે છે, અને ચિદાકાશનું વાસ્તવ સ્વરૂપ ઓળખાઇ જાય તો દૃશ્ય છેજ નહિ. જો દૃશ્યનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો જે પરમતત્ત્વવિષે તમે ઘણા વખતથી મારો ઉપદેશ શ્રવણ કરો છો તે તત્ત્વરૂપજ દૃશ્ય છે.[૧૪] સર્વ શાંત ચિન્માત્રરૂપજ છે, અને તે પોતે પોતાના સ્વરૂપમાંજ અનેક આકારે વિવર્તભાવને પ્રાપ્ત થાય છે. ભૂમંડલરૂપ પણ તેજ છે, અને દૃશ્યરૂપ પણ તેજ છે; છતાં વસ્તુતાએ જોતાં તે દ્વિત્વ-એકત્વ-આદિ ભાવથી રહિત છે.[૧૫] સ્ફટિક, વૈદુર્ય આદિ મણિ જેમ સ્વભાવથીજ ધોળા-પીળા આદિ વર્ણને પોતામાં નહિ ધારણ કરતાં છતાં પાસે રહેલા પદાર્થના પ્રતિબિંબને લીધે તેવા તેવા રંગને ધારણ કરી રહેલા દેખાય છે, તેજ પ્રમાણે ચિદાકાશ વસ્તુતાએ જગતને ઉત્પન્ન નહિ કરતાં છતાં(માયાના યોગે) કેમ જાણે ઉત્પન્ન કરતું હોય એમ દેખાય છે.[૧૬] ચિદાકાશ પોતાના ચિત્સ્વરૂપને કદીપણ છોડતું નથી અને વસ્તુતાએ કશું પણ કરતું નથી, તેથી આ ભૂતલ મનોમયરૂપે કે દૃશ્યરૂપે કોઇ પણ પ્રકારે છેજ નહિ.[૧૭] જેમ આકાશ પોતે સ્થૂલભાવ રહિત છતાં ભ્રાંતિવડે અનેક નીલ-પીત આદિ વર્ણોના આશ્રયરૂપ દેખાય છે, તેમ ચિદાકાશ કે જે સર્વત્ર ભરપૂર થઇ રહ્યું છે તેજ પોતે કેમ જાણે પૃથ્વીલોકરૂપ થઈ રહ્યું હોય એમ ભ્રાંતિથી દેખાય છે.[૧૮] ચિદાકાશનું પોતાનું સ્વરૂપજ યથાસ્થિતપણે રહ્યા છતાં પોતાના શુદ્ધ ભાવને તિરોહિત કરી દઈ કેમ જાણે ભૂમંડળરૂપ (પૃથ્વીરૂપ) થઇ રહેલ હોય એવી પ્રતીતિ થાય છે.[૧૯] જેમ સ્વપ્નનગર તમારો પોતાનોજ એક વિવર્ત છે, તેમ આ દૃશ્ય જગત અને મનોમય જગત એ બન્ને મહાચૈતન્યનોજ એક વિવર્ત છે.[૨૦] આ દૃશ્ય જગત પણ ચિદાકાશરૂપ છે, અને ધારણાવડે ખડું થઈ રહેલું મનોમય જગત પણ ચિદાકાશરૂપ છે. પોતાનું ખરું સ્વરૂપ ન ઓળખવાથી તે અજ્ઞાનનેલીધે દેખાય છે, અને જ્ઞાન થતાં આ દૃશ્ય જગત કે મનોમય જગત, એ કશું પણ કોઈ ઠેકાણે પ્રતીતિમાં આવતું નથી. ત્રણે કાલમાં થનારાં ત્રૈલોક્યનાં અનેક પ્રાણીઓની પ્રતીતિ એ એક સ્વપ્નના જેવી ભ્રાંતિજ છે, અને તેની સ્થિતિ મનોરાજ્યની દશાના જેવી છે.[૨૨] હે પ્રિય રામચંદ્રજી! સત્તાસામાન્ય કે જે સર્વના અધિષ્ઠાનરૂપ છે તેજ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવાં સર્વ જગતોરૂપ થઇ રહેલ છે, તેનેલીધે હું કે જે સત્તાસામાન્યરૂપ છું તેણે ધારણાના બલવડે તે સર્વ જગતો અને તેની અંદરના સર્વ પદાર્થો નિઃશેષપણે દીઠા અને સાક્ષિપણાથી તેનો અનુભવ કર્યો.[૨૩,૨૪] હે પ્રિય રામચંદ્રજી! એ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિન્માત્ર જરા-મરણ આદિ વિકારોથી રહિત છે, અને તે પરમ આત્મતત્ત્વ પોતાના શુદ્ધ સ્વરૂપને નહિ છોડતાં છતાં સર્વ જગતને પોતાની અંદર યથાસ્થિતપણે ધારણ કરી રહેલ છે, કે જેમાં ભેદની પ્રતીતિ થાય છે; બાકી ખરેખરા તત્ત્વજ્ઞાનવડે તેને ઓળખવામાં આવે તો તે કશાને પણ ધારણ કરતું નથી.[૨૫]

चिन्मात्रमेतदजरं परमात्मतत्त्वं शुद्धात्मताम-
जहदंगगतं बिभर्ति ॥ सर्वं यथास्थितमिदं
जगदात्तभेदं बुद्धं सदंग न बिभर्ति तु किंच-
नापि ॥ २५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દૃશ્યમનોમાત્રત્વપ્રતિપાદન' એ નામનો નવ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૯

સર્ગ ૯૦ મો.*

પૃથ્વીપર અનંત જગતનું તથા જલની ધારણાથી જલનું દર્શન.

॥ श्रीराम उवाच ॥

अनंतरं वद ब्रह्मन् जगंति भवता तदा ॥
भूमंडलानां हृदये क्वचिद्दृष्टानि नैव वा ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! પછી (તમારી ધારણાના યોગે જોએલાં) ભૂમંડલોની અંદર કોઈ ઠેકાણે બીજાં જગતો તમારા જોવામાં આવ્યાં કે કેમ તે કહો.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હું કે જે પૃથ્વીની ધારણા બાંધવાથી પરમાત્માની જાગૃત અવસ્થા સંબંધી અને સ્વપ્ન અવસ્થા સંબંધી અનેક પૃથ્વીરૂપ થઇ રહ્યો હતો તેણે પૃથ્વીના તે તે ભાગોમાં સાક્ષિદૃષ્ટિથી જોયું અને મનવડે વિચારી અનુભવ કર્યો તો પ્રથમ પ્રમાણેજ સર્વ ઠેકાણે જગતનો સમૂહ રહેલો મારા જોવામાં આવ્યો. એ સર્વ દૃશ્યરૂપે અને દ્વૈતરૂપે દેખાતાં છતાં વસ્તુતાએ જોતાં શાંત પરબ્રહ્મરૂપ હતું.[૨,૩] જો વ્યાવહારિક દૃષ્ટિથી જોઇએ તો સર્વ ઠેકાણે જગતો રહેલાં છે, અને તાત્વિક દૃષ્ટિથી જોઇએ તો સર્વ ઠેકાણે બ્રહ્મજ રહેલ છે, કે જે સર્વ શૂન્ય અને પરમશાંતરૂપ છે, અને સર્વ સૃષ્ટિવડે યુક્ત પણ છે.[૪] સર્વ ઠેકાણે પૃથ્વી આદિ સ્થૂલ સૃષ્ટિ રહેલી છે, પણ વસ્તુતાએ જોતાં નહિ ઉત્પન્ન થયા છતાં ઉત્પન્ન થયેલ દેખાતું સ્વપ્નનગર જેમ ચિદાકાશરૂપ છે તેમ એ સર્વ ચિદાકાશરૂપજ છે.[૫] અહીં નાનાપણું કે તેનો અભાવ એ બેમાંથી એકેય નથી, તેમજ કશાનું અસ્તિત્વ (ભાવ) કે નાસ્તિત્વ (અભાવ) એ પણ નથી.[૬] જ્યાં 'હું' એવો અભિમાનના આશ્રયરૂપ અહંકાર પણ નથી ત્યાં પછી બીજું તો શું જ હોય? જો કે 'હું' એવો અહંકાર અનુભવમાં આવે છે, છતાં ખરૂં જોતાં તે છેજ નહિ. જો કદાચિત્ કાંઇ છે તો તે જન્મ-જરા આદિથી રહિત નિર્વિકાર પરબ્રહ્મરૂપ છે.[૭] સૃષ્ટિના આદિકાલમાં એક ચિદાકાશજ સર્વત્ર ભરપૂર હતું, અને ત્યારપછી એ ચિદાકાશની અંદર દેખાતી આ સૃષ્ટિ પણ એક સ્વપ્નનગરના જેવી પ્રાતિભાસિક છે, તો પછી તેમાં પદાર્થોનું અસ્તિત્વ કે નાસ્તિત્વ (ભાવ કે અભાવ) એ બેય શી રીતે રહી શકે અને કેવાં હોય? નજ હોય.[૮] જેવી રીતે (ધારણાવડે) પૃથ્વીરૂપ બની જઇ મેં એ અનેક જગતોનો અનુભવ કર્યો તેજ પ્રમાણેનું બધું'ય મેં ધારણાવડે જલરૂપ થઇ જઇ તેમાં પણ દીઠું.[૯] હું કે જે ચેતનરૂપ છું તેણે જલની ધારણાવડે જલ કે જે જડભાવવાળું દેખાય છે તેનો ભાવ સ્વીકારી લઈ [illegible] અંદર ઘણા

* આ નેવુમા સર્ગમાં વસિષ્ઠજીને પૃથ્વીમાં અનંત જગતો દેખાવાવિષે વર્ણન આવશે, અને જલની ધારણાવડે પ્રથમ પ્રમાણે જલ દેખાવાવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

લાંબા કાલસુધી જલના જેવોજ અવ્યક્ત શબ્દ ધારણ કર્યો હતો.[૧૦] જેમ તમારા અંગમાં જૂ લીખ વગેરે અલક્ષિત રીતે રહે છે, તેમ હું કે જે ધારણાવડે જલરૂપ બની ગયો હતો તેણે તૃણ વૃક્ષ લતા ઝાડી અને વેલોના સ્તંભોની અંદરની નાડીઓમાં મૃદુતાથી અલક્ષિત રીતે (ન જણાય તેમ) દૃઢપણે આરોહણ કર્યું હતું.[૧૧] જેમ કાનનો કીડો પોતાની મંદગતિવડે ન જણાય તેમ કાનમાં પેસી જાય, તેવીજ રીતે મેં જલરૂપ સ્તંભોમાં પેસી જઇ (એ તૃણ આદિના) સ્તંભોની પેઠે ઉર્ધ્વ સ્થિતિ સંપાદન કરી હતી. તે સ્તંભોમાં છેદ પડતાં કંકણના જેવો ગોળ આકાર દેખાતો હતો.[૧૨] લતાઓનાં અને તમાલ તાલ આદિ વૃક્ષોનાં પલ્લવોમાં તથા ફલોમાં રસરૂપે વિશ્રામ પામી જઇ કાલને યોગે વૃદ્ધિ પામેલી આકૃતિવડે તે પલ્લવ–પુષ્પ આદિની અંદર શિરાઓરૂપી રેખાની રચના કરી હતી.[૧૩] હું કે જે પ્રાણીઓના દેહની અંદર મુખદ્વારા હૃદયપ્રત્યે પ્રવેશ કરી જલરૂપ થઇ રહેવાથી ઋતુઓને યોગે જુદી જુદી જાતની વિષમતાને ધારણ કરી રહ્યો હતો, તેણે કોઇક સમયે દેહની અંદર વાત પિત્ત કફ નામના ધાતુઓને અથવા રસ રક્ત આદિ ધાતુઓને ધારણ કરી રાખ્યા હતા. કોઇક સમયે તેને જુદા પાડ્યા હતા અને કોઇક સમયે જઠરાગ્નિવડે તેઓને પચાવ્યા હતા તથા કોટલાકને ખંડિત પણ કરી દીધા હતા.[૧૪] સર્વ દિશાઓમાં ખેદને નહિ પામતાં મેં હિમના કણરૂપે બધી પલ્લવરૂપી કોમળ શય્યામાં તુલ્ય કાલપર્યંત શયન કર્યું હતું.[૧૫] હું કે જે જલરૂપે નદીઓના નિવાસરૂપ નાનાપ્રકારના ધુનાઓમાં વાસ કરતો હતો અને અહર્નિશ પ્રવાહ વહેવાથી વહ્યા કરતો હતો, તેણે કોઇ કોઇ સમયે તટ-રૂપી મિત્રના મહેલમાં વિશ્રાંતિ લીધી હતી.[૧૬] હું કે જે ચૈતન્યરૂપ છું તેણે જડભાવવાળાં જલની ભાવના કરતાં પોતાના ચિત્સ્વરૂપનો આશ્રય (અનુસંધાન) મૂકી દઇ જલરૂપ બની જઇ અનેક જલાશયોમાં ચકરીઓરૂપે ભ્રમણ કર્યું હતું.[૧૭] પ્રાયશ્ચિત્તમાટે ભૈરવજપ ખાવાને તૈયાર થઇ રહેલા પાપી પુરુષનીપેઠે મેં પર્વતોની ઉપરની શિલાઓમાંથી ઝરણારૂપે નીચે પડી અનેક પ્રકારે વિખરાઈ જવાનું હતું.[૧૮] કાષ્ઠમાંથી ધૂમાડારૂપે બહાર આવી આકાશરૂપી સમુદ્રની અંદર શ્યામવર્ણનાં નક્ષત્રરૂપી રત્નોમાં પ્રવેશ કરી હું રત્નકણરૂપ થઇ રહ્યો હતો.[૧૯] ભગવાન જેમ શેષનાગના અંગ ઉપર લક્ષ્મીજીએ સહિત પોઢે તેવી રીતે હું કે જે ભેદાએલા ઇંદ્રનીલમણિના જેવો શ્યામ હતો તેણે વિજળીરૂપી વનિતાની સાથે વાદળાંઓની અંદર વિશ્રામ લીધો હતો.[૨૦] પરમાણુઓની બનેલી સૃષ્ટિની અંદર પિંડરૂપે રહેલા પદાર્થોમાં સર્વત્ર પ્રસરી રહેલા બ્રહ્મનીપેઠે હું જલરૂપે અલક્ષિતપણે સર્વત્ર રહ્યો હતો.[૨૧] મધુર આદિ રસરૂપ થઇ જઇ જીવોના ઝીણા પરમાણુઓ સાથે સંગને પ્રાપ્ત થઇ મેં તેનો ઉત્તમ અનુભવ કર્યો હતો, કે જે અનુભવ જડદેહમાં ન સંભવતાં જ્ઞાનસ્વરૂપ આત્મામાંજ કેવલ સંભવે છે.[૨૨] હું કે જે અધિષ્ઠાન ચૈતન્યરૂપ છું તેણે, કે જડદેહે કિંવા બીજા કોઇએ સાવ મિથ્યા હોવાથી વસ્તુતાએ જોતાં જે દૃશ્ય અનુભવેલજ નથી તે દૃશ્યનો અધિષ્ઠાન ચૈતન્યે પોતાની અંદર જે કાંઇ પ્રકાશ કર્યો છે તે કેવળ અજ્ઞાની જીવોના મોહને માટે છે, બાકી ખરૂં જોતાં એ દૃશ્ય કે અજ્ઞાન એ બેય અસત્યજ છે.[૨૩] મેં સર્વ ઋતુઓના રસરૂપે થઇ જઇ નાના પ્રકારના સુગંધવાળાં પુષ્પોના સમૂહો સારી પેઠે ભોગવ્યા હતા, અને પ્રથમ ઉચ્છિષ્ટ કરી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પછી ભમરાઓને આપ્યા હતા.[૨૪] હું કે જે કલ્પનાવડે જલપણાથી જડરૂપ જણાતાં છતાં વસ્તુતાએ ચેતનરૂપ હતો તેણે ચેતન વસ્તુની-પેઠેજ ચૌદ પ્રકારનાં પ્રાણીઓના અવયવોની સંધિઓમાં નિવાસ કર્યો હતો.[૨૫] મેં જલબિંદુરૂપે પવનરૂપી રથમાં આરોહણ કરી ઉત્તમ ગંધની પેઠેજ આકાશમાર્ગમાં ક્રીડા કરી હતી અને લોકોને આનંદ ઉપજાવ્યો હતો.[૨૬] હે રામચંદ્રજી ! એ અવસ્થામાં એક પરમાણુ જેટલા ભાગમાં પણ મેં સર્વ જગત (પ્રથમની શિલાની પેઠેજ) યથાસ્થિતપણે અનુભવ કરીને જોયું હતું.[૨૭] હું ચેતનરૂપ છતાં જલની ધારણાવડે જલના જેવો જડરૂપ બની ગયો અને સર્વ પદાર્થોની અંદર જ્ઞાત-અજ્ઞાતરૂપે મેં સ્થિતિ કરી હતી.[૨૮] જેમ કેળનાં પાંદડાં એકબીજામાં અનુસ્યૂત હોય તેમ એ અવસ્થામાં લાખો જગતો તથા તેના સેંકડો નાશો અને ઉત્પાતો મેં રૂઢપણે અનુભવ્યા હતા.[૨૯] એવી રીતે એ સર્વ જગતરૂપ હો કિંવા તેમ ન હો, સાકાર હો કિંવા નિરાકાર હો, પણ તે સર્વ ચિદાકાશરૂપજ હતું; કે જે વસ્તુતાએ જોતાં આકાશથી પણ વધારે નિર્મલ છે.[૩૦] તમે આ દૃશ્યમાંથી કશારૂપ નથી તેમ આ દૃશ્યપણ કાંઇ છેજ નહિ, પરમ શુદ્ધ બોધજ (અધિષ્ઠાન ચૈતન્યજ) આ સર્વ રૂપે ભાસે છે. એ બોધ પણ દૃશ્યરૂપ નથી તેમ શૂન્યરૂપ પણ નથી, કિંતુ ચિદાકાશરૂપ છે; અને તેજ તમે પોતે છો; માટે સર્વ દ્વૈતનો બાધ કરીને સદા આનંદિત થઇ રહો.[૩૧]

न किंचन त्वं च न किंचनेदं शुद्धः परो बोध इदं विभाति ॥ स चापि नो किंचन नापि शून्यमाकाशमेवासि विकासमास्व ॥३१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જલજગદ્વર્ણન' એ નામનો નેવુમો સર્ગ સંપૂર્ણ. ૯૦

સર્ગ ૯૧ મો*

તેજની ધારણાથી તેજરૂપ થતાં સૂર્ય, ચંદ્ર આદિ ચમત્કારોનો દેખાવ.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

ततोहमभवं तेजस्तेजोधारणयेद्धया ॥
चंद्रार्कतारकाग्न्यादिविचित्रावयवान्वितम् ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—પછી વૃદ્ધિ પામેલી એવી પ્રકાશમય તેજની ધારણાવડે હું તેજરૂપ બની ગયો, કે જે ચંદ્ર-સૂર્ય-તારા, ને અગ્નિ આદિ અનેક વિચિત્ર અવયવોવડે યુક્ત હતું.[૧] એ તેજ સત્વપ્રધાન હોવાથી સર્વ જગતમાં પ્રકાશરૂપે વ્યાપી રહ્યું હતું, અને તે દેખવામાં આવેલા માલને મૂકી દઇ પલાયન કરી જનારા ચોરની પેઠે પલાયન કરતા અંધકાર ઉપર પોતાનો પ્રતાપ દેખાડતું હતું.[૨] જેમ કોઇ સુશીલ રાજા નાનાપ્રકારને વેશે ફરનારા સ્નેહવાળા ચારોવડે પ્રત્યેક ઘરનાં સર્વ વૃત્તાંતોને જાણી લે, તેમ એ તેજ પણ સેંકડો વાટોમાં પ્રકટાયેલા અને સ્નેહવાળા (તેલવાળા) દીપ આદિ પદાર્થોવડે પ્રત્યેક ઘરના સર્વ પદાર્થોને પ્રત્યક્ષ કરતું હતું.[૩] કેવલ પરને પ્રકાશ કરવામાં તત્પર થઇ રહેલા અને લોકોને પ્રકાશ આપવાથી (પોતાના ચિત્તમાં) અતિ સંતુષ્ટ થઈ રહેલા ચંદ્ર—સૂર્ય આદિનાં કિરણોરૂપી રુંવાડાંવડે આકાશરૂપી વસ્ત્રને તે છેટે ફેંકી દેતું હતું.[૪] એ તેજ જગતના રૂપ આદિ સમસ્ત ગુણોને ઢાંકી દેનાર અંધકારરૂપી દીનતાને ખસેડી નાખતું હતું; કેમકે પરની દીનતાને દૂર કરવામાં સમર્થ એવા સદ્‌ગુણી પુરુષો આ જગતને દીનતા વિનાનું જ જોવાને

* આ એકાણુમા સર્ગમાં વસિષ્ઠજી તેજની ધારણાવડે તેજરૂપ બની જતાં પોતામાં સૂર્ય, ચંદ્ર, અગ્નિ, રત્ન આદિના ચમત્કારો જોશે, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇચ્છે છે.[૫] એ તેજ અંધકારરૂપી તમાલ વૃક્ષને કુવાડાનીપેઠે કાપી નાખતું હતું, અને અશુદ્ધ પદાર્થની પરમશુદ્ધિ કરતું હતું. સુવર્ણ–મણિ–માણિક્ય–મોતી-આદિરૂપે તે મનુષ્યોના જીવિતના સાધનરૂપ હતું.[૬] જેમ પિતા પુત્રોના દેહને ઉત્પન્ન કરે તેમ એ તેજ પ્રકાશમાં રહેનારા ધોળા કાળા રાતા આદિ રંગોને ઉત્પન્ન કરતું હતું.[૭] એ તેજને પૃથ્વી સાથે ઘણો ઘાટો સ્નેહ બંધાયો હતો, કેમકે અગ્નિરૂપી તેજ પૃથ્વીની માટીને બાળતું ન હતું, તેમ પૃથ્વી પણ પોતાનો સ્નેહ પ્રકટ કરવાને પ્રત્યેક ઘરમાં અત્યંત આનંદથી ભીંત આદિરૂપે થઈ રહી એ તેજના દીવારૂપી પુત્રની રક્ષા કરતી હતી.[૮] તમઃપ્રાય એવાં પાતાલ આદિ સ્થલોમાં તેજનો થોડો પ્રકાશ દેખાતો હતો, અને પ્રાણીઓવડે સુશોભિત એવો ભૂલોક કે જેમાં રજોગુણ વિશેષ રહેલ છે તેની અંદર એ તેજનો પ્રકાશ મધ્યમ રીતે પડતો હતો.[૯] સત્વમય એવાં દેવગૃહોમાં નિરંતર તેનો મહા પ્રકાશ પડ્યા કરતો હતો. એ તેજ જગતરૂપી જુની કોટડીમાં દીવાના જેવું પ્રકાશ આપતું હતું, અને જલ તથા અંધકારને ગળી જવામાં તે એક મોટા કૂવાના જેવું હતું.[૧૦] દિશાઓરૂપી સ્ત્રીઓને નિર્મલ અરીસાની પેઠે એ તેજ પ્રકાશ આપતું હતું, અને રાત્રિરૂપી ઝાકળને ખસેડી નાખવામાં તે પ્રચંડ પવનના જેવું હતું. ચંદ્ર, સૂર્ય અને અગ્નિનું તો તે સર્વસ્વજ હતું, અને આકાશને કેમ જાણે કુંકુમનો લેપ કર્યો હોય એવો તેનો દેખાવ હતો.[૧૧] એ તેજ દિવસરૂપી ધાન્યોને ઉત્પન્ન કરવામાં ક્યારા જેવું હતું. અંધકારવડે ઢંકાઇ રહેલાં રૂપોને (પ્રકાશ આપી) તે બહુજ અનુગ્રહ કરતું હતું. આકાશરૂપ મહાવિશાલ કાચના ઠામને ધોવાસારૂ તો કેમ જાણે તે જલરૂપજ હોય એમ દેખાતું હતું.[૧૨] પદાર્થોને સત્તા આપવાથી અને પ્રકાશ આપવાથી અધિષ્ઠાન ચૈતન્ય કે જે પરમાર્થદૃષ્ટિએ સત્ય છે તેનો કેમ જાણે એ તેજ નાનો ભાઇ હોય એમ દેખાતું હતું.[૧૩] જેમ રૂપનું જ્ઞાન અને માનસિક સંકલ્પ-વિકલ્પ આદિ ચિદાત્માનોજ એક ચમત્કાર છે, એટલે તેને જેમ ચિદાત્મા પ્રકાશે તેમ એ તેજ પણ અંધકારને દૂર કરવામાં પોતાનો ચમત્કાર દેખાડતું હતું. ક્રિયારૂપી કમલિનીનો તે સૂર્યનીપેઠે પ્રકાશ કરતું હતું, અને પૃથ્વીમાં રહેલા જીવોના જીવિતનો તે એક મોટો આધાર હતો.[૧૪] એ તેજ બ્રહ્માંડરૂપી મોટી ખાઇમાં રહેલા એક મહાસાગરના જેવું જણાતું હતું; કે જેની અંદર આકાશમાં રહેલા અસંખ્ય નક્ષત્રોરૂપી મણિઓ શોભી રહ્યા હતા. દિવસો, ઋતુઓ અને વર્ષોરૂપી મહાપ્રદીપ્ત વાડવાગ્નિ આદિથી ક્ષોભ પામવાનેલીધે તેની અંદર કેમ જાણે ક્ષીણના પરપોટા ઉઠતા હોય એવું લાગતું હતું. એ તેજરૂપી મહાસાગર પોતાના ચંદ્ર સૂર્ય આદિ તરંગોમાં ફેલાઇ ગએલ રજવડે પોતે જલવિનાનો છતાં કેમ જાણે કાદવવાળો હોય તેવો જણાતો હતો, અને કેમજાણે તેનો નિરંતર ક્ષયજ ન થતો હોય એમ લાગતું હતું.[૧૫,૧૬] હું તેજરૂપ થઇ જઈ સુવર્ણ આદિ ધાતુઓમાં સુવર્ણપણારૂપ થઇ ગયો, મનુષ્ય આદિ પ્રાણીઓમાં પરાક્રમ આદિરૂપે થઈ રહ્યો, રત્ન આદિમાં તેની અંદર રહેનારી અપૂર્વ કાંતિરૂપે થઇ રહ્યો અને વર્ષા આદિમાં વિજળીરૂપે હું થઈ ગયો.[૧૭] હું મુખના જેવા કાંતિમાન ચંદ્રબિંબમાં ચાંદનીરૂપ થઈ ગયો, અને પાંપણવાળાં નેત્રોરૂપી ચિહ્નને ધારણ કરી રહેલ એવા મનુષ્યોના મુખોરૂપી ચંદ્રાબ્જમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તો ચાંદનીના જેવી અને સ્નેહરૂપી અમૃતના પૂરને સ્રવતી હાસ્ય અને સ્નેહવડે મિશ્ર એવી જે કાંઇ કાંતિ રહી છે, તે રૂપ હું થઇ ગયો.[૧૮] સ્ત્રિયોની અંદર કપોલ, હાથ, નેત્ર, અક્ષિગોલક, ભમર, હાથના પોંચા અને કેશપાશ, એ સર્વમાં પ્રકાશ આપનારો એવો (સ્ત્રી વર્ગનો) સ્વાભાવિક કામવિલાસ કે જે કોઇ પણ પ્રકારે જીતી શકાય એવો નથી એમ પ્રસિદ્ધ છે, તે રૂપ હું બની ગયો.[૧૯] આ ત્રણેય લોકને તૃણના જેવા તુચ્છ કરી દઇ શત્રુઓને ઠપાટ મારી નીચે પાડનારા વૃત્રાસુર આદિ પરાક્રમી પુરુષોનાં મસ્તકો ઉપર પણ હું વજ્રપ્રહારરૂપ થઇ ગયો, અને સિંહ આદિ વીર પ્રાણીઓના ચિત્તમાં હું વીર્યરૂપે થઇ રહ્યો.[૨૦] યોદ્ધાઓની અંદર રણસંગ્રામમાં ચડવાને પ્રવર્ત્તાવનારા પ્રચંડ પરાક્રમરૂપે હું થઇ રહ્યો કે જેથી તેઓ લોઢાનાં બખ્તરોનું અને ખડ્ગોનું એક બીજામાં અથડાવું થતાં તેમાંથી ઉત્પન્ન થયેલા કર્ણકટુ શબ્દોવડે ચપલતાવાળા આડંબરને ધારણ કરી પ્રસિદ્ધપણે રણભૂમિમાં ફરતા હતા.[૨૧] દેવતાઓમાં હું દૈત્યશત્રુપણાના ભાવથી રહ્યો હતો અને દૈત્યોમાં દેવશત્રુપણાના ભાવથી મેં સ્થિતિ કરી હતી. સર્વ પ્રાણિમાત્રમાં હું બલરૂપે રહ્યો હતો અને વૃક્ષ આદિ સ્થાવરમાં હું સ્થિરતારૂપે રહ્યો હતો.[૨૨] કમલના જેવાં સુંદર નેત્રવાળા હે રામચંદ્રજી ! પછી પોતાની ધારણાવડે કલ્પી લીધેલાં જગતરૂપી આકાશની અંદર જેમ નિર્જલ ભૂમિ ઝાંઝવાના જલરૂપ બની જાય તેમ સૂર્યરૂપ બની જઇ મેં સૂર્યપણાનો અનુભવ કર્યો હતો.[૨૩] દશે દિશાઓના અંતમાં ફેલાઇ રહેલા પોતાનાં કિરણોના સમૂહવડે, પર્વતરૂપી અવયવને ધારણ કરનાર જગતરૂપી પક્ષીને ગ્રહણ કરી રહેલ તથા ગામડાના જેવાં બહુજ નાનાં દેખાતાં ભૂતલને ધારણ કરી રહેલ એવા સૂર્યપણાનો મેં અનુભવ કર્યો;[૨૪] કે જે ચંદ્રના પ્રકાશને ઇચ્છનારાં કમલોની કળીઓને બંધ કરવામાં એક ચક્રના જેવું હતું, અંધકારરૂપી સમુદ્રને શોષવામાં વડવાનલ જેવું હતું, બ્રહ્માંડરૂપી ઘરમાં દીવાનીપેઠે પ્રકાશ આપતું હતું તથા દિવસરૂપી ફૂલોની પંક્તિને ઉત્પન્ન કરવામાં વૃક્ષના જેવું હતું. ત્યારપછી (સૂર્યપણાનો અનુભવ કર્યા પછી) કેમ જાણે રસાયનનો એક મોટો ધુનો હોય એમ જણાતું, કેમ જાણે આકાશના મુખરૂપ હોય એવો ભાવ બતાવતું, રાત્રિરૂપી અભિસારિકાના હાસ્યના જેવું દેખાતું, રાત્રિમાં વ્યવહાર કરનારા જીવોનો પ્રકાશ કરનારું, જગતનું સર્વ સૌંદર્ય અને સર્વ શોભા એ બેયને ઉપમા આપવા યોગ્ય, રાત્રિ, રોહિણી અને ચંદ્રવિકાસી કમલ એ સર્વને અતિપ્રિય, પ્રાણીઓની આંખોને અને મુખને આનંદ તથા પ્રકાશ આપનારું એવું ચંદ્રપણું મેં અનુભવ્યું.[૨૬,૨૭] ત્યાર પછી આકાશરૂપી લતાનો કેમ જાણે પુષ્પોનો સમૂહ હોય એમ દેખાતા, સ્વર્ગના સુખરૂપી મકરંદના પ્રવાહમાં આસક્ત થઈ રહેલાં મસલાંઓના સમૂહનીપેઠે દેખાવ આપતા, કોમળ તારાઓના સમૂહરૂપ હું થઈ ગયો.[૨૮] પછી મેં રત્નપણાનો અનુભવ કર્યો કે જે રત્ન બજારમાં વ્યાપારીઓના હાથવડે ત્રાજવામાં તોળવાથી ચોળાયું હતું, અને તેની પહેલાં સમુદ્રમાં પણ જલના તરંગોરૂપી હાથવડે જે ઉછાળાને પ્રાપ્ત થયું હતું.[૨૯] સમુદ્રની અંદર જલ પીનાર વડવાનલરૂપ બની જઇ મેં તેમાં મારા ભયથી ભાગતા એવા ક્ષુદ્ર મત્સ્યોનું ફરવું જોયું હતું; તેમજ સર્વત્ર જલનું શોષણ કરનારા સૂર્યકિરણરૂપ બની જઇ મેં મારા પોતાના શરીરમાંજ પ્રકાશનો અનુભવ કર્યો હતો. મેઘ અને પર્વત આદિમાં વિજળીરૂપે અને હાલાહલરૂપે પ્રવેશ કરી જઇ મેં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

તેમાં પણ પોતાના પ્રકાશનો અનુભવ કર્યો હતો.[૩૦] પછી અગ્નિભાવને પ્રાપ્ત થઇ કાષ્ઠને વિદારણ કરવામાં અસ્ખલિત એવી જ્વાળાને ધારણ કરી રહેલ તથા કાષ્ઠોનું ફાટવું થતાં દુર્નિવાર મહા કઠિન શબ્દવડે સર્વત્ર પ્રસરી રહેલ એવા અગ્નિપણાનો મેં અનુભવ કર્યો. તેમજ યજ્ઞના અગ્નિરૂપ બની જઇ નાના પ્રકારનાં હુતદ્રવ્યને ગળી જઈ મેં તેથી થતાં કલ્યાણનો પણ અનુભવ કર્યો હતો.[૩૧] જેમ પામર પુરુષો વિવેકી પુરુષના પાંડિત્યનો વિતંડાવાદ આદિથી પરાભવ કરી તેના ચિત્તમાં સંતાપને ઉત્પન્ન કરે તેમ મેં પણ અગ્નિભાવને પ્રાપ્ત થઇ જઇ ખજાનાઓમાં રહેલાં મહા દેદીપ્યમાન સુવર્ણ, માણેક, મોતી, મણિ ઇત્યાદિના તેજનો (તેઓની ભસ્મ કરી દેવાથી) પરાભવ કરી તેઓના ધણીના ચિત્તમાં મોટો સંતાપ પેદા કર્યો હતો.[૩૨] મેં મોતીના હારરૂપે બની દૈત્યોની, નાગોની, ગંધર્વોની અને રાજાઓની સ્ત્રીઓના સ્તનરૂપી શિખરોમાં વિશ્રામ લીધો હતો.[૩૩] હું પતંગીયારૂપ થઈ જઈ માર્ગમાં ફરતાં મનુષ્યોના પગની નીચે કચરાણો હતો, અને સ્ત્રીઓના મુખમાં તો મેં તિલકના જેવી શોભા પેદા કરી હતી. અહો ! અવસ્થાથી થતા ફેરફારો તો તમે જુઓ !'[૩૪] કોઇક સમયે આકાશમાં રહેલા મેઘોમાં હું વિજળીરૂપ બની જઇ જેમ માછલી જલના તરંગોથી ગાજી રહેલા સમુદ્રમાં ફર્યા કરે તેમ સુંદરતાથી ફરતો હતો.[૩૫] કોઇક સમયે અને કોઇક સ્થલે દરબારગઢમાં રાખેલા અને પુષ્પકળીના જેવા કોમળ અંગવાળા દીવારૂપ બની જઇ દરબારગઢની સ્ત્રીઓનો સુરતપ્રસંગ મેં જોયો હતો.[૩૬] કોઇક ઠેકાણે અને કોઇક સમયે જ્વાલારૂપી સુવર્ણને ખંડન કરે એવા આકારવાળા વાટના ઉપરના શિખાના ભાગમાં રૂઢ થઈ રહેલાં કાજળના સંગથી ખેદ પામી જઈ મંદ કાંતિવાળા થઈ ગએલ એવા દીવારૂપ બની, જ્વાલા આદિ અવયવનો સંકોચ તથા વિસ્તાર કરવાથી મેં કાચબાના જેવું રૂપ ધારણ કર્યું હતું.[૩૭] કોઇક સમયે પ્રલયકાલના અગ્નિરૂપ થઈ જઈ પ્રલયસમયમાં સર્વ જગતમાં ફરી વળવાથી થએલા મહાન શ્રમનેલીધે કાજલવડે શ્યામ થઇ રહેલા આકાશમાં હું જેમ રુદ્રના વાહનરૂપ મેઘમાં વિજળી લીન થઇ જાય તેમ લીન થઇ ગયો હતો.[૩૮] કોઇક સમયે વડવાનલરૂપ બની જઇ જગતમાં પ્રલયપર્યંત સાગરના જલનું શોષણ કરી છેવટ આકાશમાં શૂન્ય જેવા થઇ રહેલા સમુદ્રોમાં મેં નૃત્ય કર્યું હતું. કોઇક સમયે ઉંબાડીયારૂપી દાંતવાળા, જ્વાલારૂપી હાથને ધારણ કરી રહેલા, ચપળ ધૂમાડાઓના ગોટારૂપી તીવ્ર કેશવડે સુશોભિત એવા અગ્નિરૂપ બની જઇ મેં નગર નેહ આદિને બાળી નાખતાં તેની અંદરના જીવોને પણ કોળીયારૂપ કરી જઇ કાષ્ઠ આદિ પદાર્થોને ભક્ષણ યોગ્ય કર્યા હતા.[૪૦,૪૧] કોઇક સમયે મેં લોઢાના ગોળામાં અગ્નિરૂપે નિવાસ કરી લોઢાના હથોડાઓનો અને પાષાણોનો પ્રહાર વાગતાં અગ્નિના તણખાઓ અને પાષાણોની કાંકરીઓને ઉડાડી હતી, કે જેનો હેતુ હથોડા મારનાર લુહારનો દાહ કરવાનો હતો.[૪૨] કોઇક સમયે મોટી શિલાની અંદર સર્વ પ્રાણીઓની નજર ન પડે તેવી રીતે વજ્રમણિ, વૈદૂર્યમણિ આદિરૂપે થઈ રહી મેં સેંકડો યુગો ગાળ્યા હતા.[૪૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—મને માન આપનાર હે મહારાજ ! પાષાણ-મણિ આદિ અવસ્થામાં આપે સુખનો અનુભવ કર્યો હતો,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કે દુઃખનો, તે મને બોધ કરવા માટે કહો.[૪૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ સૂઈ ગએલો નર ચેતનરૂપ છતાં જડતાને પ્રાપ્ત થઇ જાય છે, તેમ ચિદાકાશ વિવર્તરૂપે દૃશ્યભાવને પ્રાપ્ત થતાં જડ જેવું દેખાય છે.[૪૫] બ્રહ્મ જ્યારે પોતાના આત્માને કેમ જાણે પૃથ્વી આદિરૂપે થઇ રહેલ હોય એમ સમજે છે ત્યારે તે સુષુપ્તિ અવસ્થાવાળાની પેઠે જડ જેવી અવસ્થાને પ્રાપ્ત થએલ જણાય છે, પણ તેથી કાંઈ તેના નિર્વિકાર સ્વરૂપમાં કશો ફેરફાર થતો નથી, તો પછી તેને દુઃખનો પ્રસંગજ ક્યાંથી હોય?[૪૬] વસ્તુતાએ જોઇએ તો પૃથ્વી-આકાશ આદિ પ્રપંચ સદ્રૂપે કે અસદ્રૂપે રહેલજ નથી, પરંતુ સર્વત્ર સમાનરૂપે રહેલ બ્રહ્મજ વિવર્તભાવથી દ્રષ્ટા અને દૃશ્યરૂપે કેમ જાણે થઈ ગએલ હોય એમ ભાસે છે.[૪૭] આવા પ્રકારનું સત્યજ્ઞાન જેનામાં અખંડિત રીતે ઉત્પન્ન થએલ હોય તેની દૃષ્ટિમાં પંચમહાભૂતો કે દ્રષ્ટાની અને દૃશ્યની ભ્રાંતિ આવતીજ નથી.[૪૮] તે સમયે હું કે જે શુદ્ધ બ્રહ્મરૂપ છું તેણે તત્ત્વવિચારથી જોયું તો બીજું કશું દેખાયુંજ નહિ, કેમકે તત્ત્વવિચાર કરનારા પુરુષની દૃષ્ટિમાં બ્રહ્મવિના બીજું કશું પણ દેખાતુંજ નથી.[૪૯] જ્યારે તત્ત્વવિચારવડે આ સર્વ દૃશ્ય નિર્વિકાર બ્રહ્મરૂપજ જણાયું ત્યારે પછી હું કે જે બ્રહ્મપદમાં રહ્યો હતો તેણે પોતાના આત્માનેજ એ સર્વને આકારે વિવર્તરૂપે થઇ રહેલો દીઠો.[૫૦] હું કે જે પ્રકાશરૂપ છું, તે પંચમહાભૂતરૂપે જડજ થઈ રહ્યો હોઉં તો પછી મને આ બધો અનુભવ શી રીતે મળે?[૫૧] સુષુપ્તિ અવસ્થામાં જીવ, ચેતન છતાં હું સૂતો છું, એવા દૃઢભાવને જે પ્રાપ્ત થાય છે, તેમાં નિદ્રાને યોગે ઉદ્‌ભુદ્ધ થએલ અજ્ઞાનજ જડતાની પ્રતીતિને બરાબર રીતે ઉત્પન્ન કરે છે; બાકી તે અવસ્થામાં પ્રકાશમય કાંઇક (અવર્ણ્ય બ્રહ્મરૂપ) વસ્તુ તો પ્રકાશિતજ હોય છે, તે વિના સુષુપ્તિમાંથી વ્યુત્થિત થતાં सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम्। (હું સુખે સૂતો હતો, મને કશી ખબર ન હતી,) એવો અનુભવ થવો સંભવતો નથી.[૫૨] જેનો આત્મા જ્ઞાનવડે પ્રબોધને પ્રાપ્ત થઇ ગયો હોય તેવાઓનો આધિભૌતિક દેહ શાંત થઈ જાય છે, અને નિર્મલ બોધરૂપ આતિવાહિક (સૂક્ષ્મ) દેહ ઉદય પામે છે;[૫૩] અને તે બોધરૂપ આતિવાહિક (સૂક્ષ્મ) દેહને અણુપરિમાણનો કે મહાપરિમાણનો બનાવી દઈ જીવન્મુક્ત પુરુષ પોતાની ઇચ્છાપ્રમાણે રહે છે.[૫૪] જીવન્મુક્ત પુરુષ બોધરૂપ આતિવાહિક (સૂક્ષ્મ) દેહવડે નહિ ભેદી શકાય એવી શિલાઓની અંદર પણ પ્રવેશ કરી તત્કાલ પાછો તેમાંથી બહાર નીકળી જાય છે, અને પાતાલ, આકાશ આદિ સ્થલોમાં જઇ શકે છે.[૫૫] હે રામચંદ્રજી! એ કારણથી હું કે જે અનંત ચિદાકાશરૂપ છું તેણે પોતાના બોધરૂપ આતિવાહિક (સૂક્ષ્મ) દેહવડેજ પ્રથમ તમને કહ્યાપ્રમાણે બધો અનુભવ કર્યો હતો.[૫૬] મારા જેવા (આતિવાહિક-સૂક્ષ્મ-દેહથી ક્રિયા કરનાર) જીવન્મુક્ત પુરુષો વજ્ર, પાષાણ, પાતાલ, આકાશ સ્વર્ગ આદિ સ્થલમાં જાવ—આવ કરે તોપણ તેને કશું વિઘ્ન આડે આવી શકતું નથી.[૫૭] જીવન્મુક્ત પુરુષ પોતાના બોધમય આતિવાહિક (સૂક્ષ્મ) શરીરવડે જ્યાંસુધી જડપદાર્થોમાં રહે છે ત્યાંસુધી તે પોતે પણ જડ જેવોજ થઇ રહે છે.[૫૮] જો તે પોતાની ઇચ્છાથી ત્યાંથી ચલાયમાન થઈ બીજે ઠેકાણે જાય તો તે ત્યાં જેમ તેનું આવવું થયું હોય તેમ ચલન આદિ દુઃખ સિવાય સુખેથી સ્થિતિ પણ કરી શકે છે.[૫૯] આતિવાહિક (સૂક્ષ્મ) દેહ અવિનાશી બોધરૂપજ છે. હમણાં તમે પોતે પણ તત્ત્વજ્ઞ હોવાથી, જો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તમારી ઇચ્છા થાય તો તે આતિવાહિક (સૂક્ષ્મ) દેહનો અને ધારણાવડે જગદ્ભાવનો પણ પોતાની મેળેજ અનુભવ કરી શકશો એવું છે.[૬૦] સૂર્ય આદિ સર્વ જગતને તત્ત્વજ્ઞ પુરુષો પોતાની ઇચ્છાવડે અસ્ત પમાડી દઇ આત્મારૂપજ સમજે છે, અને હું તેમાં ચિદાકાશરૂપે રહેલ છું એવું તે જાણે છે. તે પોતે આત્મારૂપે સત્ય છતાં જગત બાધિત થઈજવાથી જગતને આકારે નહિ જેવો (આભાસમાત્રજ) દેખાય છે.[૬૧] જેમ જાગતા પુરુષની દૃષ્ટિમાં આ જગત વિદ્યમાન છે, છતાં સૂતેલા પુરુષને અનુભવમાં આવતી સ્વપ્ન આદિ સંબંધી સૃષ્ટિમાં કેમ જાણે શૂન્યભાવે તે રહેલ હોય અથવા અજ્ઞાનરૂપે રહેલ હોય કિંવા ઢંકાઈ રહેલ હોય તેમ અને બીજા સૂતેલા પુરુષોની પણ દૃષ્ટિમાં ન આવે તેમ શૂન્યપ્રાયરૂપે રહેલ છે, તેવીજ રીતે આ જગત જો કે ઇતર પ્રાણીઓની દૃષ્ટિમાં સત્ય લાગે છે, છતાં તત્ત્વજ્ઞની દૃષ્ટિમાં તે છેજ નહિ.[૬૨] જેમ કોઇ પુરુષ પોતાના મનોરાજ્યવડે અંગારાની નદીને કલ્પી લઇ તેના તરંગો પોતાના અંગમાં લાગ્યા છતાં દુઃખના સંપર્કવિનાનો રહે, તેમ હું પણ કાંઇક ઇચ્છાનું સ્ફુરણ થવાથી પોતાની કલ્પનાવડે પાષાણ, મણિ આદિરૂપે થઈ રહ્યો હતો, જેથી મને તે સાવ મિથ્યા જણાયાથી કશું પણ દુઃખ થતું ન હતું.[૬૩] મેં અગ્નિરૂપે થઇ જઇ કાજળરૂપી ભમરાઓના સમૂહને ધારણ કરી રહેલાં અનેક પુષ્પવડે સુશોભિત એવી, ખાખરો અશોક આદિમાં લાગવાથી તેને આકારે દેખાતી મહા પ્રદીપ્ત જ્વાલાવડે પ્રદીપ્ત અગ્નિથી વ્યાપ્ત થયેલું આખું જંગલ વિકસિત થયેલાં સ્થલકમલના જેવું બનાવી દીધું હતું.[૬૩] હે પ્રિય રામચંદ્રજી ! મેં મહાપ્રદીપ્ત જ્વાલારૂપે ચપલ એવી ખલ પુરુષની લક્ષ્મીની પેઠે તરત ઉત્કર્ષને પ્રાપ્ત થઈ પાણું તરતજ ગલિત થઈ જવાયું હતું.[૬૫] હે રામચંદ્રજી ! તેજરૂપ થઇ જઇ મેં પરમાણુ જેવડા અગ્નિના તણખામાં પણ પ્રથમ પ્રમાણેજ જગતની શોભા દીઠી. એ જગતની શોભા અને આ તમારી નજરે આવતાં જગતની શોભા, એ બન્ને પરબ્રહ્મરૂપ ચિદાકાશથી જરાપણ જુદી નથી. આ બાબતમાં જો તમારે દૃષ્ટાંત જોવું હોય તો સ્વપ્નમાં દેખાતાં અનેક નગરોનો સમૂહ અને પર્વતોનો સમૂહ સમજવું.[૬૬]

तेजस्तयापि परमाणुकणोदरेपि दृष्टेत्थमेवमिह राम मया जगच्छ्रीः ॥ अन्या च सा न च चिदम्बरतः परस्मात्स्वप्ने पुराचलगणोत्र निदर्शनं वः ॥ ६६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'તૈજસજગદ્વર્ણન' એ નામનો એકાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૧

સર્ગ ૯૨ મો.*

વાયુની ધારણાથી વાયુસ્વરૂપ તથા સર્વાત્મ્યભાવ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथ वातमयीं कृत्वा जगत्प्रेक्षणकौतुकात् ॥
धारणां धीरया वृत्त्या विततामहमागतः ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી જગત જોવાના કૌતુકનેલીધે મેં ધીર વૃત્તિવડે મહા વિસ્તારવાળી પવનની ધારણા બાંધી અને વેલરૂપી સ્ત્રીઓના સમૂહમાં આનંદ કરનાર, કમળ, ઉત્પલ, ડોલર આદિના નિકુંજની અંદરના સુગંધને પોતાને સ્વાધીન કરી રક્ષા કરનાર, જલબિંદુઓને અને ઝાકળને લીલાવડે હરણ કરનાર, સુરતક્રીડાથી થાકી ગએલા પ્રાણીઓના સર્વ અવયવોને શીતલતાથી પ્રફુલ્લ કરવામાં તૃષ્ણાવાળા, ઘાસ, ઝાડી,

---

* આ બાણુમા સર્ગમાં વસિષ્ઠજી વાયુની ધારણાવડે વાયુરૂપ બની જતાં તે સંબંધી કર્મનો વિસ્તાર વર્ણવી બતાવશે, અને ત્યારપછી પોતાના આકાશભાવ વિષે તથા સર્વાત્મ્યભાવવિષે વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લતા, વેલ વગેરેનાં પાંદડાંઓને કંપાવવામાં કુશળ, લતાના, ઔષધિના, ફૂલોના અને પુષ્પોના સુગંધથી સુશોભિત, માંગલિક સમયમાં (સારૂં ભાવિ બતાવવા માટે) કોમલતા, શીતળતા, મંદતા આદિ ગુણોવડે યુક્ત અને સ્ત્રીવર્ગને લાડ લડાવનાર તથા ઉત્પાતકાલમાં મહાભયંકર અને પ્રલયકાલમાં પાંદડાંનીપેઠે મોટા પર્વતોને પણ ઉડાડનાર એવા પવનરૂપ હું બની ગયો.[૧-૫] હું પવનરૂપે નંદનવનની અંદર ડોલર, મંદાર આદિ પુષ્પોના મકરંદની રજથી રાતા રંગનો થઈ ગયો હતો; અને નરકમાં અંગારાના ભારથી તથા ઘણી ઝાકળથી હું વ્યાપ્ત થઇ રહ્યો હતો.[૬] સમુદ્રની અંદર સરલ તરંગોના ઉછળવાથી હું કે જે પવનરૂપ થઇ ગયો હતો તેના ચલનનું અનુમાન થતું હતું. આકાશમાં હું વાદળાંઓને ખસેડવાથી કેમ જાણે ચંદ્રમારૂપી અરીસાને નિર્મલ કરતો હોઉં અને વાદળાંઓને ખેંચી લાવવાથી કેમ જાણે ચંદ્રમારૂપી અરીસાને ઢાંકી દઈ મલિન કરી દેતો હોઉં તેમ જણાતું હતું.[૭] નક્ષત્રોરૂપી રાજસેનાને ચલાવવામાં હું વેગવાળા એક મોટા રથના જેવો હતો. ત્રણે લોકમાં સિદ્ધ પુરુષોનો સંચાર કરવામાં અનેદેવતાઓનાં વિમાનોને ધારણ કરી રાખવામાં હું મુખ્ય સાધનરૂપ થતો હતો.[૮] મારી ગતિ બહુ ઉતાવળી હોવાથી હું કેમ જાણે ચિત્તનો સહોદર ભાઇ હોઉં એમ જણાતું હતું. હું તે સમયે પવનરૂપ હોવાથી અંગવિનાનો છતાં કેમ જાણે સમસ્ત અંગવાળો હોઉં એમ દેખાતું હતું. હું મારી ચલનશક્તિવડે ચંદનવૃક્ષને આનંદ ઉપજાવતો હતો.[૯] ઝાકળનાં બિંદુઓની વૃષ્ટિરૂપી ધડપણનાં ધોળાં રુંવાડાંથી કેમ જાણે વૃદ્ધ થઇ ગયો હોઉં તેવો દેખાતો હતો. પુષ્પાદિકના સુગંધનેલીધે કેમ જાણે જુવાન અવસ્થાના ઉન્માદવાળો બન્યો હોઉં તેવો થઇ રહ્યો હતો. મૌન અને કોમલતારૂપી શૈશવને (બાલકપણાને) કેમ જાણે હું ધારણ કરી રાખતો હોઉં તેમ જણાતું હતું.[૧૦] નંદનવનમાં હું ઉદાર અને મધુરરૂપે રહ્યો હતો, અને મારી ગતિ પણ મધુર અને ઉદાર હતી. સુંદર ચૈત્રરથ નામના કુબેરના બગીચામાંથી મંદમંદ રીતે હું ચારે કોર ફેલાતો હતો, અને સ્ત્રીઓના સુરતશ્રમને નિવૃત્ત કરી દેતો હતો.[૧૧] ઘણા કાલ સુધી ગંગાના અવયવરૂપ થઇ રહેલા તરંગોરૂપી હીંડોળામાં હિંચકવાથી કેમ જાણે મોટા શ્રમને પ્રાપ્ત થયો હોઉં તેમ જણાતું હતું. બીજાઓના શ્રમને નિવૃત્ત કરવાની ઉત્કંઠાથી પોતાના શ્રમનો વિચાર ન કરતાં હું પારકાના મોટા મોટા શ્રમને નિવૃત્ત કરતો હતો.[૧૨] પુષ્પોના ભારથી નમી ગયેલી, ચપળ પત્રરૂપી હાથને અને ભમરાઓરૂપી નેત્રને ધારણ કરી રહેલી, અને કેમ જાણે વસંતની સ્ત્રીઓ હોય એવી દેખાતી લતાઓને હું ઘણા લાંબા કાલસુધી કંપાવતો હતો.[૧૩] ચંદ્રબિંબમાં રહેલા અમૃતને ઘણા કાલસુધી ઉપભોગમાં લઈ પૂર્ણતાવાળી આકાશરૂપી શય્યામાં શયન કરી કમલોના સમૂહને તોડી નાખી પોતાના અને પારકાના સુરતશ્રમને નિવારતો હતો.[૧૪] બધી રજને મરજી પ્રમાણે લઇ જવામાં હું એક આકાશગામી ઘોડાના જેવો હતો. સુગંધરૂપી મદોન્મત્ત હાથીને ઉલ્લાસ આપવામાં હું એક તેનો મુખ્ય મિત્રરૂપ થતો હતો.[૧૫] વિજળીરૂપી રણશીંગડાને વગાડી તેના ગંભીર શબ્દવડે હું વરસાદરૂપી પશુઓની રક્ષા કરતો હતો. જલબિંદુઓરૂપી મોતીઓનો તો તાતણાંની પેઠે હું એક આધાર હતો. રજને બેસારી દેનારાં જલને હું શોષી લેતો હતો.[૧૬] આકાશરૂપી પુષ્પના એક સુગંધના જેવો હું દેખાતો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

હતો, અને તેનેલીધે આકાશના ગુણરૂપ શબ્દનો હું કેમ જાણે સહોદર ભાઇ હોઉં તેમ દેખાતું હતું. હું પ્રાણીઓનાં અંગો અને ઉપાંગોમાં પ્રવેશ કરી નાડીરૂપી પરનાલમાં પાણીના પ્રવાહનીપેઠે વહ્યા કરતો હતો.[૧૭] સર્વ પ્રાણીઓના પ્રાણરૂપ હોવાથી તેઓના મર્મસ્થાનમાં કામ કરનારાં સર્વ પિત્ત, કફ આદિનો હું એક આત્મારૂપ જેવોજ હતો. નિરંતર હું એક વટેમાર્ગુની પેઠે અહર્નિશ ભમવાનુંજ કામ કર્યા કરતો હતો. હૃદયરૂપી ગુફામાં કેસરીસિંહની પેઠે હું ઘર કરી રહ્યો હતો. અગ્નિની અંદર રહેલા બલને બરાબર રીતે હું જાણતો હતો.[૧૮] સુગંધરૂપી રત્નને હું લૂંટારાનીપેઠે લૂંટી લેતો હતો. વિમાનરૂપી નગરના હું આધારરૂપ હતો. તાપરૂપી અંધકારને નિવૃત્ત કરવામાં હું ચંદ્રમા જેવો હતો અને શીતલતારૂપી ચંદ્રમાનો તો હું ક્ષીરસાગરનીપેઠે જન્મભૂમિરૂપ હતો.[૧૯] પ્રાણ અને અપાનની કલારૂપી રજ્જુવડે પ્રાણીઓનાં શરીરોરૂપી યંત્રોને હું ચલાવતો હતો. સમુદ્રના તરંગોને ઉછાળવાથી હું દ્વીપો સાથે શત્રુતા પણ કરતો હતો, અને રજવડે દ્વીપોમાં ભરતી કરવાથી તેની વૃદ્ધિ કરવાનેલીધે હું તેના તરફ મિત્રતા પણ બતાવતો હતો, તેમજ મારા સપાટાથી દ્વીપોને ધ્રૂજાવતો હતો.[૨૦] મનોરાજ્યવડે નજર આગળ ખડા થઇ ગએલા નગરનીપેઠે હું પાસે રહ્યા છતાં મારું સ્વરૂપ કોઇના જોવામાં આવતું ન હતું; વિજ્ઞાનરૂપી તલના તેલના જેવો હું હતો. ચપલતારૂપી હાથીને હું એક બાંધવાના ખીલારૂપ હતો.[૨૧] પ્રલયકાલમાં એક ક્ષણવારમાંજ બધા પર્વતોને ઉખેડી નાખતો હતો. જેમ ગંગાનો પ્રવાહ બધા તરંગોને એક કરી દે તેમ હું નાના પ્રકારના રંગોના પૂંજનું મિશ્રણ કરી તે સર્વની એકતા કરી દેતો હતો.[૨૨] ધૂમાડાનાં વાદળાંઓના મોટા મોટા ગોટેગોટાઓને હું વહન કરતો હતો, અને પાણીમાં પણ મોટી ચકરીઓને પેદા કરતો હતો. ગંગાના પ્રવાહરૂપી મકરંદના જલસમૂહને ધારણ કરી રહેલા આકાશરૂપી નીલકમલમાં હું ભમરારૂપ થઈ રહ્યો હતો.[૨૩] મારો (વંટોળીયા વાયુનો) ઝપાટો લાગતાં ઉખડી ગયેલાં જુનાં ઘાસોને હું ધીમે ધીમે ધસડી જતો હતો. ક્રિયાશક્તિરૂપી કમલવનને હું સૂર્યનીપેઠે વિકાસ આપતો હતો. શબ્દરૂપી વૃષ્ટિને વરસવામાં હું એક વરસાદના જેવો હતો.[૨૪] આકાશરૂપી જંગલમાં હું હાથીનીપેઠે વિચરતો હતો. શરીરરૂપી ઘરમાં યંત્રનીપેઠે હું નિરંતર શબ્દ કર્યા કરતો હતો. ધૂળરૂપી સ્ત્રીઓના સમૂહને અને વનપંક્તિરૂપી નાયિકાને આલિંગન કરવામાં હું એક નાયકના જેવો હતો.[૨૫] ઘૃતાદિકનું જમાવી દેવું, જલકર્દમાદિકનું શોષણ કરવું, મેધાદિકનું ધારણ કરી રાખવું, ઘાસ આદિનું કંપાવવું, ગંધને લઈ જવો અને તાપની નિવૃત્તિ કરવી, એ છ કર્મો કરવાનેલીધે ઠેઠ પ્રલયપર્યંત એક ક્ષણમાત્ર પણ મને તેમાંથી વિશ્રામ મળતો ન હતો.[૨૬] હું નિરંતર રસને શોષી લેવામાં વ્યગ્રતાવાળો હતો, અને કેમજાણે તેજનો એક ભાઈ હોઉં તેમ તેને ઉત્તેજન આપતો હતો. લેવ–દેવ આદિ કર્મ કરનારા હાથ–પગ આદિ અવયવોને હુંજ ચલાવતો હતો.[૨૭] શરીરરૂપી નગરની અંદર હું નાડીઓના માર્ગદ્વારા અવિચ્છિન્ન રીતે ગતિ કરતો હતો. અન્નરસમય દેહરૂપી પાત્રમાં પ્રાણ અપાન આદિને આકારે ફરતો રહી આયુષ્યરૂપી પ્રાણોનું રક્ષણ કરવામાં અને તેનો વ્યય કરવામાં હું એક મોટા વ્યાપારીના જેવો હતો.[૨૮] શરીર-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપી નગરીનો નાશ કરવામાં અને તેનું નિર્માણ કરવામાંજ હું એક પરાયણ થઇ રહ્યો હતો. અન્નરસના મેલનું, તેના (અન્ન રસના) સાર ભાગનું અને ત્વચા, રક્ત, માંસ આદિ અથવા વાત પિત્ત આદિ ધાતુઓનું પૃથક્કરણ કરવામાં હું બહુ નિપુણ હતો.[૨૯] મેં એ વાયુભાવની અંદર એક પરમાણુ જેવડા સૂક્ષ્મ ભાગમાં પણ સર્વ જગતને જોયું હતું, અને એ જગતમાં પણ પૃથિવી આદિને રૂપે પ્રસિદ્ધ રીતે હું પોતેજ સ્થિરપણે ફેલાઇ રહ્યો હતો.[૩૦] આરોપિત દૃષ્ટિથી જોઇએ તો એક પરમાણુ જેવડા ભાગમાં પણ કેમ જાણે અનંત સૃષ્ટિઓ ચાલી રહી હોય એમ જણાતું હતું, અને પરમાર્થદૃષ્ટિથી જોઇએ તો કશીપણ સૃષ્ટિ તેમાં રહી નહિ હતી; કેમકે શૂન્યના જેવા પરમતત્ત્વમાં બીજા કોની સ્થિતિ સંભવે?[૩૧] ચંદ્ર, સૂર્ય, પવન, અગ્નિ, ઇંદ્ર, લક્ષ્મીજી, કુબેરજી, શિવજી, બ્રહ્મા, હરિ, ગંધર્વ, વિદ્યાધર, મોટા નાગો, સાગરો, પર્વતો, દ્વીપો, દિશાઓનાં અંતરો, મહાસાગરો, બીજા લોકાંતરો, લોકપાલો, ક્રિયાઓ, કાલની કલ્પના અને તેના ક્રમો, સ્વર્ગ, પૃથ્વી, પાતાલ, પ્રાણીઓવડે ભરેલા બીજા લોકોના અંદરના ભાગો, ભાવ–અભાવ, વિયોગ, જરા–મરણ, ભ્રાંતિ, ઇત્યાદિ એ સહિત સર્વ સૃષ્ટિઓ, પ્રત્યેક પરમાણુ જેવડા ભાગમાં પણ કેમ જાણે રહી હોય એમ જણાતું હતું, પણ વસ્તુતાએ જોતાં કશું ન હતું.[૩૨-૩૪] હે રામચંદ્રજી! એવી રીતે પંચમહાભૂતરૂપ બની જઇ મેં ત્રૈલોક્યરૂપી કમલની અંદર તે સમયે વિહાર કર્યો હતો.[૩૫] પૃથ્વી, જલ, તેજ, વાયુ તથા આકાશના સંબંધથી બંધાયેલા અને સ્થાવર પ્રાણીઓમાં ગણાતા વૃક્ષોનો રસ મેં તેના મૂળીયામાં પ્રવેશ કરી પીધો હતો, અને તેનો અનુભવ લીધો હતો.[૩૬] કેમ જાણે અમૃતવડેજ ઘટ્ટ અવયવવાળાં રચાયાં હોય એવાં દેખાતાં અને ચંદનના રસનીપેઠે શીતલતા-આદિ ગુણોવડે સુશોભિત એવાં ચંદ્રબિંબોમાં શીતલતાવાળી શય્યાની પેઠે મેં શયન કર્યું હતું.[૩૭] હું દિશાઓમાં બધી ઋતુઓમાં વિકસિત રહેનારાં વનોના સમૂહમાં નાના પ્રકારના સુગંધોવડે રમણીય એવા પુષ્પોના સમૂહોનો ઉપભોગ કરતો હતો, અને ઉચ્છિષ્ટ કરેલો મકરંદ ભમરાઓને (ઉપભોગમાટે) આપતો હતો.[૩૮]* આકાશરૂપી આંગણામાં ફેલાઈ રહેલી, ઉન્નત અને સારી રીતે પથરાએલી ધોળાં વાદળાંઓની માલાઓરૂપી શય્યાઓ ઉપર જેમ માખણની કોમળ સ્થલીમાં શયન કરતો હોઉં તેમ મેં શયન કર્યું હતું.[૩૯] પુષ્પની પાંખડીની પેઠે કોમળતાવાળાં અને શ્યામ લક્ષ્મીવડે સુશોભિત એવાં, દેવતાઓની અને સિદ્ધલોકોની સ્ત્રીઓનાં અંગોમાં કામવાસનાવિનાજ મેં શયન કર્યું હતું[૪૦] મેં કમલિનીના વનની અંદર કુમુદ, કહ્લાર, કમલ આદિ તેનાં પુષ્પોમાં કલહંસની સ્ત્રીઓ સાથે ક્રીડાવડે કોમળ એવા કોલાહલનો અવાજ ઉત્પન્ન કર્યો હતો.[૪૧] મ (બ્રહ્માંડરૂપ થઇ જતાં) ગતિ કરનારી નદીઓને ટકાવી રાખવામાં મૂલરૂપ થઈ રહેલ એવાં ભૂમંડલે સહિત પ્રાણીઓવાળા જગતોના સમૂહને અવયવોવડે ધારણ કર્યા હતા, અને પર્વતોને રુંવાડાંની પેઠેજ ધારણ કર્યા હતા.[૪૨] જગતમાં પ્રસિદ્ધ અને આકાશને અડકતા એવા પર્વતો, નદીઓરૂપી લાંબા સૂત્રવાળા સમુદ્રોએ સહિત પ્રતિબિંબવાળા અરીસાનીપેઠે મારા અવયવોમાં વિશ્રાંત થઇ રહ્યા હતા.[૪૩] જેમ માખી લીખ વગેરે, જ્ઞાનપૂર્વક પ્રાણીઓના

* ઉપર પ્રમાણે ધારણાથી આકાશરૂપ થતાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

દેહમાં વિશ્રાંતિ લે, તેમ મારા દેહની અંદર સિદ્ધ-વિદ્યાધર-આદિ પ્રાણીઓની સૃષ્ટિએ વિશ્રાંતિ કરી હતી.[૪૪] પોતાના શરીરમાં કાળા, રાતા, ધોળા, પીળા અને લીલા વર્ણને ધારણ કરી રહેલ અને સ્નિગ્ધ વૃક્ષોની પેઠે સ્થિરતાથી જમીનના રસનું આકર્ષણ કરનારા સૂર્ય આદિ મારી મહેરબાનીથીજ આનંદવડે વિશ્રામ લેતા હતા.[૪૫] સમુદ્રરૂપી મુદ્રાવાળી અને સાત દ્વીપોનેલીધે સાતરૂપે વિભક્ત દેખાતી રચનાવડે યુક્ત એવી પૃથ્વીને પોંચામાં ધારણ કરી રાખેલા કંકણનીપેઠે મેં ધારણ કરી રાખી હતી[૪૬] વિદ્યાધરોની સ્ત્રીઓની અંગરૂપી યષ્ટિકાનો મેં અદૃષ્ટપણે (નહિ દેખાય તેમ) સ્પર્શ કરી તેનાં રોમાંચો ખડાં કર્યા હતાં.[૪૭] નદીઓરૂપી નાડીઓમાં રહેલા નિર્મલ પુષ્કલ જલરૂપી રસને ધારણ કરી રહેલ અને છિદ્રવાળાં પર્વત આદિ અનેક જગતો મારા અસ્થિઓના સમૂહરૂપ અને માંસ આદિરૂપ થઇ રહ્યાં હતાં.[૪૮] જેમ ઉંબરાના ફલમાં અસંખ્ય મસલાં રહ્યાં હોય તેમ મારા હૃદયાકાશની અંદર ચંદ્ર-સૂર્યરૂપી ચપલ ચામરવાળા અસંખ્ય ઐરાવત હાથીઓ રહ્યા હતા. હે રામચંદ્રજી! એ પ્રમાણે હું સર્વ પાતાલોરૂપી ચરણને ધારણ કરી રહ્યો હતો, ભૂતલ મારા ઉદરરૂપ હતું અને આકાશને મેં મસ્તકરૂપે ધારણ કર્યું હતું, છતાં પણ મેં મારું વાસ્તવિક પરમસૂક્ષ્મ ચિન્માત્ર સ્વરૂપ છોડ્યું ન હતું. હું કે જે સર્વાદશાઓમાં સર્વ ઠેકાણે અને સર્વ સમયે બધું કરતો હતો તે જો કે સર્વરૂપ થઇ રહ્યો હતો, તોપણ વસ્તુતાએ જોતાં સર્વ દ્વૈતભ્રમથી રહિત કેવલ ચિન્માત્રરૂપજ રહ્યો હતો.[૫૧] તે સમયે હુ કાંઇક દૃશ્ય પદાર્થ આદિરૂપે થઇ રહ્યો જણાતો હતો છતાં મારામાં કાંઇક અનિર્વચનીયપણું રહ્યુંહતું, તેમજ સાકારપણું અને નિરાકારપણું તથા જડતા અને ચેતનપણું, એ બન્ને ભાવનો મેં સારી પેઠે અનુભવ કર્યો હતો.[૫૨] મૈનાકપર્વતની પેઠે પોતાની અંદર રહેલાં પર્વત-શિલા આદિવડે સુંદર અને અતિવિસ્તારવાળા સમુદ્રના પ્રત્યેક પ્રદેશમાં સ્થિર થઈ રહેલી હજારો સૃષ્ટિઓ રહી હતી, કે જે મારા અનુભવમાં આવી.[૫૩] અરીસો જેમ પ્રતિબિંબિત થઇ રહેલાં નગરોને ધારણ કરે તેમ હું કે જે શુદ્ધ ચેતનરૂપ છું તેણે મારા અંગમાં ગૂઢપણે અને પ્રકટપણે અસંખ્ય જગતોને ધારણ કર્યાં હતાં[૫૪] હું કે જે ચિદ્રૂપ છું તેણે જેમ સ્વપ્નમાં ચિદાત્મા અનેક આકારે થઇ જાય તેમ પૃથ્વી, જલ તેજ, વાયુ અને આકાશપણું ધારણ કર્યું હતું. એ સઘળો માયાનોજ એક ઠાઠ હતો.[૫૫] એ પૃથ્વી આદિ અવસ્થામાં આકાશની અંદર પ્રત્યેક પરમાણુના કણમાં પણ અસંખ્ય જગતો જોયાં હતાં.[૫૬] એવી રીતે પ્રત્યેક પરમાણુની અંદર મહાવિસ્તારવાળું ચિદાકાશ પથરાઈ રહ્યું હતું, અને તેની અંદર જેમ સ્વપ્નમાં બીજાં સ્વપ્નો અને નગરો રહ્યાં હોય તેમ અનેક સૃષ્ટિઓનો સમૂહ રહ્યો હતો.[૫૭] હું કે જે આત્મારૂપ છું તેજ અધ્યાસનેલીધે દ્વીપોરૂપી કુંડળને ધારણ કરી રહેલાં એવાં ભૂમંડલરૂપ થઈ રહ્યો હતો. એવી રીતે હું જોકે સંપૂર્ણ જગતરૂપ થઈ રહ્યો હતો છતાં (એ સઘળું માયામાત્ર હોવાથી) કોઈ ઠેકાણે હું વ્યાપ્ત થઇ રહ્યો ન હતો.[૫૮] હું ભૂમંડલરૂપ થઇ જતાં પુરુષ આદિ દેહધારીઓનેમાટે લતા, વૃક્ષ, તૃણ, અંકુર આદિને ઉત્પન્ન કરતો રહી વૃષ્ટિના જલ આદિ રસોને ખેંચતો હતો.[૫૯] હું કે જે અત્યંત શુદ્ધ છું અને યુદ્ધનીપેઠે સર્વ દ્વૈતનો સંહાર કરનારા જ્ઞાનની પરિપકવ અવસ્થાને પ્રાપ્ત થઇ ગયો છું તેની અંદર એવી રીતે આરોપિત દૃષ્ટિથી જોતાં લાખો જગતો રહેલાં છે, અને તાત્વિક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દૃષ્ટિથી જોતાં કશું પણ રહ્યું નથી.[૬૦] અધિષ્ઠાન ચૈતન્યની અંદર જે કાંઈ ચમત્કાર રહેલ છે, અને તે બહાર આવી જગતમાં જે પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે, તેજ આ આપણી નજરે આવતી સૃષ્ટિ છે.[૬૧] કોઇ પણ દેશ–કાલમાં જે કાંઇ અનુભવમાં આવે છે, જે કાંઈ ક્રિયા કરવામાં આવે છે, અને જે કાંઇ દુઃખ આદિનો આભાસ દેખાય છે, તે સર્વ પરમાર્થ (પરબ્રહ્મ) ના ચમત્કાર વિના બીજી કોઇ રીતે દેખાતું નથી.[૬૨] વિશ્વરૂપે રહેલા, સર્વના કર્ત્તા, નિર્વિકાર, શુદ્ધ બોધસ્વરૂપ અને સદા સ્વરૂપમાં રહેનારા પરમાત્મા પ્રત્યેક વસ્તુમાં રહ્યા છે, અને તેની અંદર આ જગતનો અધ્યાસ થયો છે.[૬૩] સર્વના આશ્રયરૂપ, સર્વવ્યાપી અને સર્વના આત્મારૂપ પરમાત્માજ સર્વત્ર સર્વરૂપે થઈ રહેલ છે, એમ વિવેકી પુરુષોનું સમજવું છે; બાકી અવિવેકીઓની સમજણ હું (કે જે વિવેકી દશામાં છું તે) સમજી શકતો નથી.[૬૪] આકાશના જેવા નિરાકાર, નિર્વિકાર અને મહાવિશાલ ચિદાત્માના સ્વરૂપમાં જે આ સૃષ્ટિની પરંપરા નિરંતર ભાસ્યા કરે છે, તે જેમ તાવની અંદર ગરમી રહી છે તેમ ચિદાકાશની અંદરજ આરોપિતરૂપે રહેલ છે. ભેદની પ્રતીતિમાત્ર આભાસરૂપ છે, બાકી વસ્તુતાએ જોતાં જગત છેજ નહિ—અનંત ચિદાકાશજ છે.[૬૫]

आकाशकोशविशदात्मनि चित्स्वरूपे येयं सदा कचति सर्गपरंपरेति ॥ सान्तस्तदेव किल तात इवान्तरूष्मा भेदोपलंभ इति नास्ति सदस्त्यनन्तम् ॥ ६५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણનાઉત્તરાર્દ્ધનો 'પરમાર્થસર્ગયોરૈક્યપ્રતિપાદન' એ નામનો બાણુમો સર્ગ સંપૂર્ણ ૯૨

સર્ગ ૯૩ મો.*

પર્ણકુટીમાં વસિષ્ઠને થયેલો સિદ્ધનો સમાગમ

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथैवं रूपसंवित्तेः परावृत्य प्रयत्नतः ॥ तमंबरकुटीकोशदेशमागतवानहम् ॥ १ ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી એ કૌતુક જોવાની ઇચ્છાથી પ્રયત્નવડે વિરામ પામી જઈ હું આકાશમાં રહેલી મારી પર્ણકુટીમાં પાછો આવ્યો.[૧] ત્યાં આવી મેં ચારે કોર જોવા માંડયું તો કોઇપણ ઠેકાણે મારો પોતાનો દેહ તો જોવામાં આવ્યો નહિ, પરંતુ મારી પાસે રહેલા, સમાધિનિષ્ઠ, નિરતિશય આનંદરૂપ બ્રહ્મપદને પ્રાપ્ત થયેલ શાંતિથી, ઉદય પામતા બાલ સૂર્યનીપેઠે અને કાષ્ઠને બાળવાથી પ્રજ્વલિત થઇ રહેલા અગ્નિનીપેઠે મહાદેદીપ્યમાન, પદ્માસન વાળી બેઠેલા, શાંત, સમાધિનેલીધે પોતાના પ્રિય વિષયમાં ચિત્ત સ્થિર થઇ જવાથી નિશ્ચળ થઈ ગયેલ, પગની બે ઘુંટીની વચમાં વૃષણને ધારણ કરી રહેલ, વિષયોનું ઉલ્લંઘન કરી નિર્વિકલ્પ પદમાં રહેલ, ભસ્મના ત્રિપુંડ્રની રેખાવડે સુશોભિત અને ગંભીરતાથી મનોહર, સરખા વિસ્તારવાળા ખભાવડે રમણીય એવી ડોકથી સુંદર દેખાતા, સારીપેઠે સ્થિર અને ઉદાર પરમાત્મામાં વિશ્રાંત થઈ રહેલા મનવડે પ્રસન્ન મુખવાળા, પોતાના મસ્તકની સ્થિતિથી સુંદર દેખાતા, નાભિની પાસે રહેલા પોતાના ઉન્નત બે હાથની કાંતિથી કેમ જાણે હૃદયકમલના બહાર નીકળેલા તેજવડે પ્રકાશિત થઇ રહેલ હોય તેમ પ્રકાશિત થઈ રહેલ પાંપણો સાથે મળી ગયેલ નેત્રવાળા, બાહ્ય ઇંદ્રિયોના વ્યાપારથી રહિત થઇ રહેલ, રાત્રિમાં કમલો

* આ ત્રાણુમા સર્ગમાં વસિષ્ઠજી પોતાની કોટડીમાં, ધ્યાનમાં બેઠેલા એક સિદ્ધનું દર્શન કરશે, અને પછી તે સિદ્ધ પોતાના વૃત્તાંતનું વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

બીડાઇ જવાથી સૂઇ ગયા જેવાં શાંત થઇ રહેલાં સરોવરનીપેઠે શાંત દેખાતા, ઉત્પાત વગરના શાંત આકાશનીપેઠે ચારે કોરથી શાંત અને ક્ષોભવગરના એવા હૃદયને ધીરવૃત્તિવડે ધારણ કરી રહેલ કોઈ એક સિદ્ધ પુરુષને મેં દીઠા.[૨-૮] હું કે જે તે સમયે પોતાના દેહને દેખતો ન હતો અને પાસે રહેલા સિદ્ધનેજ દેખતો હતો તેણે તે વખતે પોતાના સુંદર ચિત્તવડે વિચાર કર્યો કે " આ કોઇ મહાસિદ્ધ પુરુષ છે, અને મારી પેઠેજ એકાંતમાં વિશ્રાંતિ મેળવવાની ઇચ્છાથી આ દિશાની અંદર આ વિશાલ આકાશના એકાંતભાગમાં આવી ચડેલ છે.[૯,૧૦] એ મહાસિદ્ધ કે જે સત્ય સંકલ્પવાળા છે તે 'હું સમાધિયોગ્ય એવા એકાંત સ્થલમાં જાઉં' એવા વિચારથી અહીં આવેલ છે, અને તેમણે આ મારી પર્ણકુટી (પોતાના ધ્યાનનેમાટે યોગ્ય છે એવા વિચારથી) જોયેલી જણાય છે.[૧૧] પછી તેમણે મારા આવવાનો કશો વિચાર ન કરતાં મારી ઘણા લાંબા કાલ સુધી ઉપેક્ષાનેલીધે શબના જેવા થઈ રહેલા મારા દેહને અહીંથી ફેંકી દઇ આ પર્ણકુટીમાં સ્થિતિ કરેલ છે.[૧૨] મારૂં શરીર (સ્થૂલદેહ) અહિં નાશ પામી ગયેલ છે તો હું આતિવાહિક (સૂક્ષ્મ) દેહવડે મારા પોતાના લોકમાં (સપ્તર્ષિ લોકમાં) જાઉં " એવો નિશ્ચય કરી મેં ત્યાંથી જવાની પ્રવૃત્તિ કરી; તેટલામાં મારા (સત્ય) સંકલ્પનો ક્ષય થઇ જવાથી એ પર્ણકુટી પણ જતી રહી અને ત્યાં કેવલ આકાશજ થઇ રહ્યું તથા સમાધિમાં રહેલા એ સિદ્ધ પણ નિરાધાર થઈ જઇ નીચે પડયા.[૧૩,૧૪] જેમ સ્વપ્નમાં થયેલા સંકલ્પ શાંત થઇ જતાં સંકલ્પનગર ક્યાંય જતુ રહે, તેમ મારા સંકલ્પની શાંતિ થતાં તે મારી સુંદર પર્ણકુટી પણ ક્યાંય જતી રહી, અને સમાધિવાળા સિદ્ધ મહાત્મા વાદળીમાંથી જેમ જલની વૃષ્ટિ પડે, આકાશમાંથી પવને ફેંકેલો વરસાદ જેમ નીચે પડે અને પ્રલયકાલમાં જેમ ચંદ્રબિંબ નીચે પડે તેમ નીચે પડયા.[૧૫,૧૬] જેમ વિમાનમાં બેઠેલ કોઇ પુણ્યવાન પુરુષ પુણ્યનો ક્ષય થતાં નીચે પડે, જેમ વૃક્ષનું મૂલ કપાઇ જતાં તે નીચે આવી પડે અને આકાશમાં ફેંકેલો પાણો જેમ પાછો નીચે આવી પડે તેમ એ સિદ્ધમહાત્મા પણ નીચે પડયા.[૧૭] "હું જ્યાંસુધી અહીં રહું ત્યાંસુધી આ પર્ણકુટી રહો" એવો મારો પ્રથમનો સંકલ્પ ક્ષીણ થતાં તે પર્ણકુટી પણ જતી રહી અને પર્ણકુટીનો ક્ષય થતાં સિદ્ધમહાત્મા ક્ષણવારમાં નીચે આવી પડયા.[૧૮] હું કે જે તેની સુજનતા જોવામાં કૌતુકવાળો હતો તે એ સિદ્ધપુરુષ નીચે પડતાં તેની સાથે આતિવાહિક (મનોમય) દેહવડે આકાશમાંથી પૃથ્વી ઉપર નીચે આવ્યો.[૧૯] એ સિદ્ધમહાત્મા વાતવ્યૂહના વલનની સાથે જેમ ચકરીના કુંડાળામાં ભમતું જલ નીચું પેસતું જાય તેમ સાતદ્વીપ અને સાત સમુદ્રને અંતે દેવતાઓને રમવાની (કાંચનમય) પૃથ્વીમાં નીચે પડયા.[૨૦] એ સિદ્ધ પ્રાણનું અપાનવડે ઉર્ધ્વભાગમાં આકર્ષણ થતાં પગનો ભાગ જેમ પૃથ્વીને અડે અને મસ્તકનો ભાગ જેમ ઉંચો રહે તેમ પદ્માસન વાળેલી સ્થિતિથી પૃથ્વીઉપર પડયા.[૨૧] એવી રીતે ચલન થયા છતાં સમાધિનેલીધે જડ જેવા થઇ રહેલા તે સિદ્ધ વ્યુત્થિત થયા નહિ, કેમકે તેનો દેહ યોગના બલથી વજ્રપાષાણના જેવો દૃઢ હતો અથવા રૂના ઢગલાના જેવો હલકો હતો.[૨૨] પછી મેં તેને વ્યુત્થિત કરવામાટે યત્નવાન થઇ મેઘપણું ધારણ કરી લઈ બહુજ બલથી મોટી ગર્જના કરી.[૨૩] હું કે જે મેઘરૂપ થઇ ગયો હતો તેણે વર્ષાઋતુ જેમ મયૂરને જાગૃત કરે તેમ પોતાની બુદ્ધિની ચતુરાઇવડે તે દિશામાં મોટા કરાઓરૂપી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વજ્રને ફેંકી તે સિદ્ધ મહાત્માને સમાધિમાંથી વ્યુત્થિત કરી દીધા.[૨૪] એ સિદ્ધમહાત્મા સમાધિમાંથી વ્યુત્થિત થતાં જેમ વર્ષાઋતુમાં જલની ધારાઓનો સમૂહ ઉપર પડવાથી કમલોનો સમૂહ વિકસિત થઇ જાય તેમ વિકસિત નેત્રવાળા થઇ ગયા; અને તેના અવયવોની શોભા મહાદેદીપ્યમાન દીસવા લાગી.[૨૫] પ્રબોધને પ્રાપ્ત થઇ ગયેલા, પરમ શાંત સ્થિતિમાં રહેલ, અને પરમાર્થ સ્થિતિમાં હેતુરૂપ એવી સમાધિમાંથી નિવૃત્ત થઈ ગયેલા એ સિદ્ધમહાત્માને મેં સ્વચ્છ વૃત્તિવડે પૂછયું કે "હે મુનિશ્રેષ્ઠ ! આપ ક્યાં રહ્યા છો, અને શું કરો છો ? આટલે બધે દૂરથી નીચે પડ્યા છતાં તમારા ચિત્તમાં એ વિષે કેમ કશી ખબર ન પડી ?"[૨૬,૨૭] ઉપર પ્રમાણેનું મારૂં કહેવું સાંભળી, એ સિદ્ધમહાત્મા પોતાની પૂર્વ સ્થિતિનું સ્મરણ કરી ચાતકપક્ષી જેમ વરસાદ તરફ મધુર વચન ઉચ્ચારે તેમ મારા તરફ નીચે પ્રમાણે સુંદર વચન બોલ્યા.[૨૮]

સિદ્ધ કહે છેઃ—હું જ્યાંસુધી પોતાના વૃત્તાંતનું સ્મરણ કરૂં ત્યાંસુધી આપ ખમો. પછી હું મારૂં પાછળનું સર્વ વૃત્તાંત આપને કહીશ.[૨૯]

મને એ પ્રમાણે કહી એ સિદ્ધ મહાત્માએ પોતાના સમગ્ર પૂર્વ વૃત્તાંતને જેમ દિવસમાં કરેલા કર્મને મનુષ્ય સાયંકાલે સંભારે તેમ સંભારવા માંડયું.[૩૦] પછી ચંદ્રમાના કિરણના જેવું શીતલ, આનંદ ઉપજાવનાર, અનિંદ્ય, નિર્દોષ અને સુખ ઉત્પન્ન કરનાર વચન તેઓ બોલ્યા.[૩૧]

સિદ્ધ કહે છેઃ—હે મહારાજ ! મેં આપને હમણાં ઓળખ્યા છે. હું આપને નમન કરૂં છું. મારો થયેલો (પ્રથમ દર્શન સમયે નમન ન કરવારૂપી) અપરાધ આપે ક્ષમા કરવો; કેમકે ક્ષમા કરવી એ સત્પુરુષોનો સ્વભાવ છે.[૩૨] મહારાજ ! જેમ ભમરો કમલિનીઓમાં ભ્રમણ કરે તેમ ભોગ અને સુગંધ વગેરેથી મનને મોહ ઉત્પન્ન કરનાર એવી દેવતાઓની ઉપવનની ભૂમિમાં મેં ઘણા લાંબા કાલસુધી ભ્રમણ કર્યું હતું.[૩૩] હું કે જે સંસારરૂપી સાગરની અંદર દૃશ્યરૂપી તરંગોવડે વ્યાકુલ બની ગયો હતો તે જેમ ચાતકપક્ષી વૃષ્ટિનો પ્રતિબંધ થતાં ઉદ્વેગને પ્રાપ્ત થઈ જાય તેમ કાલે કરી ઉદ્વેગને પ્રાપ્ત થઇ ગયો. હું કે જે ચિત્તરૂપી જલના તરંગોમાં ક્રીડા કરવાથી દૃશ્યરૂપી નદીમાં ચક્રના જેવી ચકરીઓમાં તણાતો જતો હતો તેણે ઉદ્વેગને પામી જઈ આ પ્રમાણે વિચાર કરવા માંડ્યો.[૩૪,૩૫] "પરમતત્ત્વજ જેમાં સારરૂપ છે એવા ભોગોમાં શી મનોહરતા રહી છે ? કાંઈ પણ નથી; માટે હું ઉદ્વેગ રહિત (નિર્વિકાર) ચિદાકાશની અંદરજ કેવલ વિશ્રાંત થઇ રહું.[૩૬] આ જગતમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ, એ પાંચ વિષયોવિના બીજું કશું (રમણીય) દેખાતું નથી, તો પછી એવાં પરિચ્છિન્ન અલ્પસુખમાં હું કેમ રમું ?[૩૭] આ સર્વ શબ્દ આદિ વિષય કેવલ ચિદાકાશરૂપ છે અને ચિન્માત્ર છે. એ ચિદાકાશની અંદર અસત્ય આકારે (મિથ્યારૂપે) દેખાતા શબ્દ આદિ વિષયોમાં ઉન્મત્તની પેઠે કેમ આનંદ માનું ?[૩૮] ખરૂં જોતાં શબ્દ આદિ વિષયો વિષની પેઠેજ મરણ—ઉન્માદ આદિના હેતુરૂપ છે, સ્ત્રિયો કામનેલીધે વિશેષે કરી મોહ ઉત્પન્ન કરનાર છે, અને રાગમાત્ર રસિક પુરુષને પણ વિરસતા ઉપજાવનાર છે. આ બધાંમાં આસક્ત રહેનાર કયો પુરુષ ખુવાર નથી થયો ?[૩૯] ત્વરિત ગતિવાળી જુની જરારૂપી મોટી બગલી, જીવિતરૂપી શેવાળની અંદર આ મોટી માછલી (અમને) મળી છે,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

એમ સમજી શરીરને ગળી જવાને ઇચ્છે છે.[૪૦] આ શરીર સમુદ્રમાં ઉત્પન્ન થએલા પરપોટાનીપેઠે ક્ષણવારમાં નાશ પામી જાય તેવું છે, અને દીવાની શિખાની પેઠે પોતાની પાસે દેખાતાં છતાં પલવારમાં તિરોહિત થઈ જાય છે.[૪૧] વિવિધ પ્રકારના વિક્ષેપોરૂપી તરંગવાળી, ચક્રના જેવી ચકરીઓને પેદા કરનાર, જન્મ–મરણરૂપી મોટા બન્ને કાંઠાવાળી, સુખ–દુઃખરૂપી તરંગોને ધારણ કરનાર, યૌવન અવસ્થાના આવિર્ભાવરૂપી કાદવવાળી, વૃદ્ધાવસ્થારૂપી ધોળા ફીણના ગોટાઓવાળી, કાકતાલીય યોગથી (અણધારી રીતે) ઉત્પન્ન થનારા સુખરૂપી પરપોટાવડે યુક્ત, વ્યવહારરૂપી મોટા પ્રવાહની રેખામાં થયા કરતા મૂર્ખ પુરુષોના પ્રલાપરૂપી જલના શબ્દોવડે આકુલતાવાળી, રાગ–દ્વેષરૂપી વરસાદવડે વૃદ્ધિને પ્રાપ્ત થનાર, ભૂતલરૂપી ચપલ દેહને ધારણ કરી રહેલ, લોભ અને મોહરૂપી મોટા આવર્તવાળી, ચડતી પડતીના ફેરફારવાળી આ જીવિતરૂપી નદી કેવલ શબ્દમાત્રથીજ શીતલ દેખાય છે; પણ વસ્તુતાએ ખરૂં જોતાં તે ત્રિવિધ તાપવડે તપેલીજ વહ્યા કરે છે.[૪૨-૪૫] પુત્ર–મિત્ર આદિ પ્રિય પદાર્થોના સમાગમો સંસારરૂપી નદીમાં જલની પેઠેજ નિરંતર વહ્યે જાય છે, અને પ્રથમની ધનસંપત્તિ સાવ જતી રહે છે, તથા અપૂર્વ ધનસંપત્તિ પ્રાપ્ત થઇ જાય છે.[૪૬] જે પદાર્થો પ્રથમ પ્રાપ્ત થઇ પછી પાછા જતા રહે છે, તેવા નષ્ટ પદાર્થોવડે બસ છે; (તેમાં શોક લાવવો યોગ્ય નથી) અને જે પદાર્થો અપૂર્વ રૂપે આવી મળે છે તેમાં શી આસ્થા રાખવી? (તે મળવાથી હર્ષ કરવો યોગ્ય નથી.)[૪૭] બધી નદીઓનું જલ જોકે વહ્યે જાય છે, તોપણ પર્વત–મેઘ આદિમાંથી તેની આવ પણ હોય છે, પરંતુ દેહરૂપી નદીનું આયુષ્યરૂપી જલ તો વહ્યે જાય છે, પણ પાછી તેની આવ નથી.[૪૮] સંસારરૂપી સાગરની અંદર સેંકડો ભોગ્ય પદાર્થો કુંભારના ચાકડા ઉપર ચડાવેલા ઘટ શરાવ આદિ પદાર્થોની પેઠે પ્રત્યેક દેહે અને પ્રત્યેક ક્ષણે જુદે જુદે રૂપે બદલાઇ જતા જણાય છે.[૪૯] ભયંકર વિષયોરૂપી વિષમ શત્રુઓ કે જે (વિવેક આદિ દ્રવ્યને લૂંટી લેવામાં) ચતુર ચોરના જેવા ચારે બાજુ ફરે છે, અને તેઓ વિવેકરૂપી સર્વસ્વને હરી જાય છે, તેમાં હું શું સૂતો રહું? એમ ધારી જાગતો રહું છું.[૫૦] દિવસો કે જેઓ આયુષ્યના એક નાના નાના ખંડરૂપ છે, તે વારંવાર આવી જતા રહે છે. અહો! આશ્ચર્ય છે કે કાલવડે જતા રહેનારા એ દિવસોને કોણ જાણે છે?[૫૧] અમુક પદાર્થ આજે મળ્યા, અમુક પદાર્થ કાલે મળશે, અમુક પદાર્થ અમુક આકારનો છે, અમુક પદાર્થ અમુક માણસનો છે, અને અમુક પદાર્થ મારો છે, એવી કલ્પનાવડે ગયેલાં આયુષ્યને અને પ્રાપ્ત થયેલાં મૃત્યુને લોકો જાણી શકતા નથી[૫૨] અનંત વનભૂમિઓમાં મેં ભ્રમણ કર્યું, અનેક વસ્તુઓનો ઉપભોગ લીધો, અનેક રસોનું પાન કર્યું અને અનેક સુખ–દુઃખોનો અનુભવ કર્યો છે, તો હવે પછી બીજું અહીં અપૂર્વ (પ્રથમ કોઈ સમયે ન ભોગવાએલ તેવું) શું મેળવવાનું છે? કાંઇ નહિ.[૫૩] સુખ–દુઃખનો અનુભવ થવાથી, વારંવાર જન્મ-મરણના અખંડ ચક્રમાં ભ્રમણ કરવાથી અને સર્વની અનિત્યતાને લીધે હવે અમે ભોગોમાં ઉત્કંઠા વિનાના થઈ રહ્યા છીએ.[૫૪] અમે અનેક ભોગોના સમૂહ ભોગવ્યા છે, અને અનિત્યતાનો પણ અત્યંત અનુભવ કર્યો છે, પણ અહીં કોઈ પણ સ્થલે અત્યંત વિશ્રાંતિ મળતીજ નથી.[૫૫]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઉંચાં શિખરોવાળી મેરૂપર્વતના ઉપવનની ભૂમિમાં અને લોકપાલોની મહા નગરીઓમાં હું ખૂબ ભમ્યો છું, પણ તેમાં કાંઈ પણ શાશ્વત કે જે નિરંતર રહી શકે તે શું મેળવ્યું છે? નથી મેળવ્યું.[૫૬] સર્વત્ર વૃક્ષો કાષ્ઠવડે વ્યાપ્ત છે, પ્રાણીઓ માંસવડે વ્યાપ્ત છે; પૃથ્વી મૃત્તિકાવડે વ્યાપ્ત છે, અને સર્વત્ર દુઃખો તથા અનિત્યતા રહેલ છે, તો તેમાં શો ભરોસો રાખવો? એ તમે કહો.[૫૭] કાલે પોતાના તાબામાં કરી લીધેલા મનુષ્યોની રક્ષા કરવાને ધન, મિત્રો, સુખો કે બાંધવો સમર્થ થઇ શકતાં નથી.[૫૮] માણસો કે જે ધૂળના ઢગલાના જેવાં અસ્થિર (ક્ષણવારમાં વિખરાઇ જનારાં–લય પામી જનારાં) છે, તે પર્વતની તળેટીમાં પડેલા વરસાદના જલની પેઠે વિષયોની અંદર આસક્ત થઇ જઈ કશો પુરુષાર્થ કર્યાવિનાજ મરણને શરણ થાય છે.[૫૯] વિષયો મારા મનને હરણ કરી શકતા નથી, તેમ જુદી જુદી જાતની વિભૂતિઓ પણ મને મનોહર લાગતી નથી; કેમકે આ જીવિત મદોન્મત્ત અંગનાના કટાક્ષપાતના જેવું અતિ ચપલ છે.[૬૦] હે મહારાજ! કયા સમયમાં કોને કયાંથી અને કયે પ્રકારે આ અનિત્ય પ્રપંચનો ભરોસો બંધાય કે જ્યાં આજે કે કાલે ક્રૂર કાલ મસ્તક ઉપર પગ મૂકવાને કે આપત્તિ આપવાને તૈયાર થઇ રહ્યો હોય?[૬૧] શરીર પાંદડાના જેવું ચપલ છે, જીવિતની સ્થિતિ પ્રતિદિન (ઘસારાનેલીધે) જીર્ણ થતી જાય છે, બુદ્ધિ અધીરતાવડે વ્યાપ્ત છે, રસો નીરસ દેખાય છે;[૬૨] અને આ આખું આયુષ્ય નીરસ ભોગો અને તેના મનોરથોમાંજ ચાલ્યું ગયું; પરંતુ ચમત્કાર બતાવે એવો કશો પણ પુરુષાર્થ મારાથી મેળવાયો નથી.[૬૩] હવે આજે મોહ મંદ પડી ગયો છે, દેહ (નિઃસાર હોવાથી) કાંઇ ઉપયોગી દેખાતો નથી, વિષયોમાં અનાસ્થા રાખવી (વિરક્ત રહેવું) એજ ઉત્તમ અવસ્થા છે, અને જીવિતમાં આસ્થા બાંધવી તે અધમ સ્થિતિ છે.[૬૪] બુદ્ધિમાન મનુષ્યે સંપત્તિની પ્રાપ્તિમાં 'અહો! મોહ ઉત્પન્ન કરે એવી વિપત્તિ મારા ઉપર આવી પડી છે' એમ નિરંતર માનવાનું છે, પરંતુ આ સંસારની અંદર બંધાઇ રહેવાનું નથી.[૬૫] વિધિ અને નિષેધ કે જે વ્યવહારદશામાં સત્ય દેખાતાં છતાં પ્રબુદ્ધ દશામાં મિથ્યા જણાય છે, તેવડે મનુષ્યો જલ જેમ નીચા-ઉંચા પ્રદેશોમાં વહ્યે જાય તેમ પોતાની ઇચ્છાપ્રમાણે દોરાયે જાય છે.[૬૬] વિષયોરૂપી ઝેરી વાયુ ચિત્તરૂપી પુષ્પકલિકામાંથી વિવેકરૂપી સુગંધ કે જે તેના સર્વસ્વરૂપ છે તેનું હરણ કરી લઈ મૂર્છાને પેદા કરે છે.[૬૭] માયાના પ્રભાવનેલીધે વિષયો કે જે અસત્ય છે તે સત્યરૂપ દેખાય છે. જેવી રીતે સત્ય પરમતત્ત્વ આવરણનેલીધે અવિવેકીઓને અસત્ ભાસે છે તેમજ અસત્ય વિષયો પણ અજ્ઞાનનેલીધે સત્ય જેવા દેખાય છે.[૬૮] બે કાંઠાના વચલા પ્રદેશમાં પોતાના પ્રવાહને હિંડોળાની પેઠે ઝુલાવતી નદીઓ જેમ સમુદ્ર તરફ ખેંચાય તેમ મનુષ્યોનો સમૂહ વિષયો તરફ ખેંચાય છે.[૬૯] ચિત્તરૂપી બાણ પોતાના મૂળ લક્ષને છોડી દઈ વિષયો તરફ દોડે છે, અને જેમ કૃતઘ્ન પુરુષો સુહૃત્પણાનો સ્પર્શ ન કરે તેમ તે પાછું ફરીવાર ગુણનો (વિવેક-વૈરાગ્ય-આદિ ગુણરૂપી પ્રત્યંચાનો) સ્પર્શ કરતું નથી.[૭૦] આયુષ્ય એક ઉત્પાત કરનાર વાયુની પેઠે અનેક જોખમોવાળું છે, અને સ્નેહવડે બંધનમાં નાખવાથી મહાશત્રુના જેવું છે, બંધુઓ બંધનરૂપ છે, ધન પરિણામે મૃત્યુ પેદા કરનાર છે.[૭૧] સુખોજ (આસક્તિ ઉત્પન્ન કરવાથી) અતિ દુઃખરૂપ છે, સંપત્તિઓ પરમ આપત્તિ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપ છે, ભોગો સંસારસંબંધી મહારોગો જેવા છે, આસક્તિ એ પરમ ઉદ્વેગ આપનાર છે.૭૨ સર્વ સંપત્તિઓ વિપત્તિમાં નાખનાર છે, સુખ પણ પરિણામે કેવલ દુઃખજ ઉત્પન્ન કરનાર છે, જીવિત છેવટ મરણને માટેજ થાય છે. અહો! તમે વિચિત્ર માયાનો વિલાસ તો જુઓ.૭૩ ઇષ્ટ-અનિષ્ટ ફલ આપનારા કાલના અનેક ફેરફારોનો, પ્રિય પદાર્થોના વિયોગોનો અને કાંઈક સુખનો પણ અનુભવ કરતાં કરતાં મનુષ્ય જર્જર બની જાય છે.૭૪ વિષયોનો ઉપભોગ આપનારા ભોગો સર્પોની ફણાઓ જેવાજ છે, કેમકે તેનો જરાપણ સ્પર્શ થતાં તે તરત વળગી રહે છે, અને પ્રતિક્ષણ તેઓ નાશને પ્રાપ્ત થતા પણ દેખાય છે.૭૫ આયાસવિનાજ સ્વતઃ સિદ્ધ હોવાથી પ્રાપ્ત થઇ શકે એવા પરમપદની પ્રાપ્તિથી રહિત, છેવટ પરિણામે ક્ષય પામનારા આકારને ધારણ કરી રહેલ, વિકરાલ અને કષ્ટકારક કર્મોવડે આપ્યું આયુષ્ય વ્યર્થ ચાલ્યું જાય છે.૭૬ ઉપવાસ આદિથી કૃશ થઇ ગએલા અને વનના હાથીઓ જેમ બંધનમાં આવી જાય તેમ ભોગોની આશામાંજ તૃષ્ણા બાંધી રહેલા અવિવેકી પુરુષોને પગલે પગલે અપમાન પ્રાપ્ત થાય છે.૭૭ સંપત્તિઓ અને સ્ત્રીઓ તરંગોના ઉછાળાઓના જેવી ક્ષણભંગુર છે, તો કયો વિવેકી પુરુષ સર્પની ફણાઓરૂપી છત્રની છાયાના જેવી ક્ષણિક સ્ત્રી–સંપત્તિ આદિમાં આનંદ માને? કોઇ નહિ.૭૮ મનોહર એવા વિષયો ભલે હો અને મનોહર એવી વિભૂતિઓ પણ ભલે હો, પરંતુ જીવિત મદોન્મત્ત સ્ત્રીના કટાક્ષપાતના જેવું ક્ષણભંગુર છે.૭૯ જેઓ ઉપર ઉપરથી રમણીય દેખાતા અને પરિણામે અત્યંત નીરસ એવા વિષયોમાં રમે છે તેઓ છેવટ નરકમાં પડે છે. વન કે જ દ્વંદ્વના દોષો (ક્ષુધા-પિપાસા–શીત–ઉષ્ણ આદિ) વડે વ્યાપ્ત છે, દુઃસાધ્ય છે, અસ્થિર છે, અને અવિવેકી પુરુષોએ સેવવા યોગ્ય છે, તેવડે કોઈ દિવસ પણ મને સંતોષ થતો નથી.૮૧ લક્ષ્મી કે જે માત્ર ઉપર ઉપરથીજ મધુર દેખાય છે, પરિણામે દુઃખ પેદા કરનાર છે, અને ક્ષણિક વિલાસવાળી છે તે કેવળ મોહ પેદા કરનારજ છે.૮૨ દુષ્ટ પુરુષોની મિત્રતાની પેઠે ધન આદિના સંબંધો ઉપર ઉપરથી રમણીય લાગે છે, સંઘર્ષવડે પ્રસાર પામનાર છે, વિપત્તિ પેદા કરનાર છે, અને ઘણે કષ્ટે તે માંડ સંપાદન કરી શકાય છે.૮૩ યૌવનની શોભા શરદ્ ઋતુનાં વાદળાંની છાયાના જેવી ચંચલ છે, વિષયો ઉપર ઉપરથી આરંભમાં રમણીય દેખાય છે, પણ પરિણામે તે પરિતાપ ઉપજાવે છે.૮૪ મહાપુરુષોના જીવિતને પણ કાલ ગળી જાય છે; મનુષ્યોનું આયુષ્ય વૃક્ષની શાખાના અગ્રભાગમાં લટકી રહેલા જલબિંદુના જેવું ચપલ છે.૮૫ વૃદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં કેશ ધોળા થઇ જાય છે, અને દાંત પણ જીર્ણ થઇ જાય છે. એવી રીતે છેવટ બધુંય ક્ષયને અને જીર્ણતાને પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ એક તૃષ્ણા કોઇ દિવસ જીર્ણ થતી નથી.૮૬ ભોગોના વિસ્તારથી અતિ ગહનતાવાળા સર્વ પ્રકારના દેહરૂપી જંગલની અંદર તૃષ્ણારૂપી એક વિષમંજરીજ અહર્નિશ વિકસિત રહે છે.૮૭ બાલ્યવય યૌવન અવસ્થાની પેઠે જતું રહે છે, અને યૌવન બાલ્યવયની પેઠે જતું રહે છે. એ બેયનું પરસ્પર ઉપમાન–ઉપમેયપણું છે, અને તે બન્નેમાં ક્ષણભંગુરપણું રહેલ છે.૮૮ જેમ અંજલિમાંથી જલ તરત ઘટવા માંડે તેમ આયુષ્ય પ્રતિદિન ઓછું થતું જાય છે, અને નદીના પ્રવાહની પેઠે વહ્યું જતું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આયુષ્ય પાછું મળતું નથી.[૯૬] આ દેહ અર્જુનવાત (રોગ) નીપેઠે ક્ષણ જાણે કયાંયથી તરત ખડો થઇ જાય છે, અને પાછો આપણી નજર આગળજ તરંગનીપેઠે, વાદળાંનીપેઠે અને દીપકનીપેઠે તે નાશ પામી જાય છે.[૯૭] "રમ્ય પદાર્થોમાં અરમ્યપણું મારા જોવામાં આવ્યું, સ્થિર પદાર્થોમાં મેં અસ્થિરતા જોઈ અને સત્ય જણાતા પદાર્થોમાં પણ મને અસત્યતાનો અનુભવ થયો, જેનેલીધે અમે વૈરાગ્યવાન થઇ ગયા છીએ.[૯૧] મન વાસનારહિત થઇ જતાં આત્મવિશ્રાંતિમાં જે કાંઈ સુખ મળે છે તે સુખ પાતાલમાં, પૃથ્વીમાં કે સ્વર્ગમાં ત્યાંના કોઇ ભોગોમાં નથી મળતું.[૯૨] જ્યાંસુધી દૃઢ વૈરાગ્ય ન હતો ત્યાંસુધીજ સંપૂર્ણ એવા સર્વ વિષયોએ સહિત પાંચે ઇંદ્રિયોના વ્યાપારો જેમ ચિત્રમાં આલેખેલી લતા (અજ્ઞાનનેલીધે) ભમરાને પોતાના તરફ ખેંચે તેમ મને પોતાના તરફ ખેંચી જતી હતી,[૯૩] પરંતુ હવે આજે ઘણે લાંબે કાલે હું કે જે અહંકારથી પણ રહિત થઈ ગએલ છું તેણે પોતાની બુદ્ધિવડે સ્વર્ગ–મોક્ષ આદિમાં વૈરાગ્યનું સંપાદન કર્યું છે.[૯૪] ઘણા લાંબા કાલસુધી એકાંતમાં વિશ્રાંતિ લેવાની મને ઇચ્છા થઈ તેનેલીધે તમારી પેઠેજ હું આકાશમાં (દૂર પ્રદેશમાં) આવી ચડયો છું, અને આ પર્ણકુટી મારા જોવામાં આવી છે.[૯૫] આ પર્ણકુટી આપની છે, એવું જ્ઞાન મને આજેજ થયું છે. તમે પાછા અહીં પધારશો એવો વિચાર મારા ચિત્તમાં આવ્યો ન હતો.[૯૬] હું અહિં આવ્યો તે સમયે મેં અનુમાનથી એમ જાણ્યું હતું કે કોઈ સિદ્ધ મહાત્મા અહીં રહેતા હતા તે પોતાની મેળેજ દેહનો ત્યાગ કરી દઈ નિર્વાણને પ્રાપ્ત થઈ ગએલ છે.[૯૭] હે મહારાજ ! મારૂં વૃત્તાંત ઉપર કહ્યાપ્રમાણે છે. હું અમુક છું, તે સર્વ પણ મેં તમને યથાસ્થિત રીતે કહી દીધેલ છે. હવે આ અપરાધમાં દંડ વા અનુગ્રહ જેમ આપની ધ્યાનમાં આવે (આપને યોગ્ય જણાય) તેમ સુખેથી કરો.[૯૮] હે મહારાજ ! સિદ્ધ પુરુષો પણ જ્યાંસુધી સમાધિપરાયણ થઈ પોતાના અંતરાત્મામાં બધી વસ્તુવિષે ઉત્તમ બુદ્ધિવડે વિચાર કરી પૂરેપૂરો નિર્ણય નથી કરતા ત્યાંસુધી ત્રણે કાલમાં બનનારાં વૃત્તાંતનું તેઓને કાંઇ પણ બરાબર જ્ઞાન થતું નથી. એવોજ બ્રહ્મા આદિના મનનો પણ સહજ સ્વભાવ છે. (તો મારા જેવા અલ્પજ્ઞનેમાટે તો શું કહેવું ?)[૯૯]

सिद्धैर्न यावदवधानपरैर्विचार्य निर्णीतमुत्तमधियान्तरशेषवस्तु ॥ तावत्त्रिकालकलनं न विदन्ति किंचिदित्यब्जजादिमनसोपि मुने स्वभावः ॥९९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'આકાશમંડપસિદ્ધસમાગમ' એ નામનો ત્રાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૩

સર્ગ ૯૪ મો.*

પિશાચનું વર્ણન તથા જગત અને બ્રહ્મનું ઐક્ય.

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथ हेममयाकाशविस्तीर्णायां महाभुवि ॥ सौहार्दादेव सिद्धस्य तस्येदमहमुक्तवान् ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી આકાશના જેવી મહાવિશાલ (સાત સમુદ્ર દ્વીપ આદિથી બહારની) સુવર્ણમય પૃથ્વીમાં મેં સ્નેહથી તે સિદ્ધ મહાત્માને કહ્યું કે તમેજ

* આ ચોરાણુમા સર્ગમાં બન્નેનું પોતાના સિદ્ધલોકમાં જવું. તેમાં પિશાચોની અને દેવતાઓની સ્થિતિ કે જે કેવળ મનને અનુસારે રહેલ છે તેવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કેવળ વિચાર નથી કર્યો એમ નથી, પરંતુ મેં પણ (તમારી સ્થિતિસંબંધીનો) વિચાર કર્યો ન હતો; કેમકે દેહધારી યોગીઓને પણ સર્વ વિષયમાં મનની એકાગ્રતા (સમાધિ) વિના ભૂત ભવિષ્યઆદિ બાબતનું જ્ઞાન થતું નથી.[૧,૨] જો મને પ્રથમથી (આપની અહીં સ્થિતિવિષેની) ખબર હોત તો પછી હું તમારા વૃત્તાંતનો વિચાર કરી આકાશની અંદર આ પર્ણકુટીને શામાટે સ્થિર ન કરત કે જેનેલીધે તમારી અહીં સ્થિર સ્થિતિ રહી શકત.[૩] હવે તમે અહીંથી ચાલો. આપણે બેય આપણા સિદ્ધલોકની અંદર યથાસ્થિતપણે જઇ રહીએ; કેમ કે પોતાના આત્માની વિક્ષેપવગરની સ્થિતિ સંપાદન કરવામાં પોતાના સ્થાનમાંજ શાંતપણે રહેવું એ એક ઉત્તમ સાધન છે.[૪] આવી રીતે નિર્ણય કરી અમે બન્ને જણ કે જે આકાશમાં તારાના જેવા દેખાતા હતા તે એક યંત્રના સંપુટમાંથી ઉડેલા બે પાષાણુનીપેઠે એક સાથેજ આકાશમાં ઉડ્યા.[૫] પછી અન્યોન્ય પ્રણામપૂર્વક એકબીજાને રજા આપી એ સિદ્ધ પોતાના અભીષ્ટ પ્રદેશમાં (નંદનવનમાં) ચાલ્યા ગયા, અને હું મારા અભીષ્ટ પ્રદેશમાં (સપ્તર્ષિલોકમાં) ચાલ્યો ગયો.[૬] હે રામચંદ્રજી ! મેં ઉપર પ્રમાણેનું સર્વ વૃત્તાંત તમને કહી બતાવ્યું. તમે આ સંસારની વિચિત્રતા તો જુઓ કે જે તમને ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી છે.[૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આપનો આ પાર્થિવ દેહ (કે જે સિદ્ધે નિર્જીવ જાણી બહાર ફેંકી દીધેલ તે) તો રજરૂપ થઇ જઇ અણુરૂપ થઇ ગયો હશે તો પછી તમે કયા દેહવડે સિદ્ધલોકમાં ભ્રમણ કર્યું ?[૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હું કે જે જગતરૂપી ઘરની અંદર સિદ્ધપુરુષોની સેનામાં અને લોકપાલોની નગરીઓમાં ભમતો હતો તેને એ સમયનું વૃત્તાંત સાંભર્યું તે તમે સાંભળો.[૭] હું કે જે સ્થૂલદેહથી રહિત હતો અને આતિવાહિક (સૂક્ષ્મ) દેહવડે યુક્ત હતો તે જો કે ઇંદ્રના નગરમાં (સ્વર્ગમાં) ગયો હતો પણ ત્યાં મને કોઇએ દીઠો નહિ.[૧૦] હે રામચંદ્રજી ! તે સમયે હું આકાશનીપેઠે નિરાકાર થઈ રહ્યો હતો, આધાર કે આધેય એ કશું ત્યાં હતું નહિ, મન કે જે ચિદાકાશવડે સત્તાવાળું છે તેરૂપજ હું થઈ ગયો હતો.[૧૧] તમારા જેવા સ્થૂલદૃષ્ટિવાળાઓને હું ગ્રહીતારૂપે(ગ્રહણ કરનાર તરીકે) કે ગ્રાહ્યરૂપે જણાતો ન હતો, તેમજ દેશ—કાલ આદિનું પણ મારામાં કોઈ ઠેકાણે પરિવર્તન થતું નહતું.[૧૨] મનના મનનરૂપેજ હું રહ્યો હતો. પૃથિવી આદિ સ્થૂલ આકારથી હું રહિતજ હતો, અને તેનેલીધેજ પદાર્થોનો હું કશો અવરોધ કરતો ન હતો. મારો આકાર સંકલ્પપુરુષના જેવો હતો.[૧૩] મને પદાર્થોના સમૂહો કાંઇપણ પ્રતિબંધ કરી શકતા ન હતા. હું પોતે પોતાના અનુભવનેજ જોયા કરતો હતો, અને મારીપેઠેજ મનોમયરૂપે રહેલા પુરુષો સાથે હું વ્યવહાર કરતો હતો.[૧૪] આ બાબતમાં સ્વપ્નમાં થતા અનુભવો દૃષ્ટાંતરૂપ છે, બાકી જે પોતાના અનુભવને પણ ન માને તેવાઓ સાથે તમારે વધારે તકરાર કરવાની કાંઇ જરૂર નથી.[૧૫] જેમ સ્વપ્નમાં ગતિ કરનાર મનુષ્ય સ્વપ્નની અંદર મનોમય દેહે ઘરમાં વ્યવહાર કરતો હોય તોપણ તે બીજાના જોવામાં આવતો નથી, તેવી રીતે આકાશમાં રહેલા દેવતાઓએ હું તેમની પાસે રહ્યો હતો છતાં મને દીઠો નહિ.[૧૬] હું બીજાઓ કે જે પાર્થિવ શરીરવડે યુક્ત હતા તેને દેખતો હતો, પરંતુ હું કે જે આતિવાહિક (સૂક્ષ્મ) દેહે રહ્યો હતો તેને કોઈ પણ દેખતું ન હતું.[૧૭]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી રામચંદ્રજી કહે છેઃ—તમે સ્થૂલદેહના અભાવનેલીધે જ્યારે આકાશના જેવા નિરાકાર હતા ત્યારે એ સુવર્ણમય ભૂમિમાં આપને સિદ્ધ મહાત્માએ શી રીતે દીઠા ?[૧૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—અસ્મદાદિ (જ્ઞાનવડે અને યોગવડે સિદ્ધ) પુરુષો (સત્યસંકલ્પ તાનેલીધે) પોતાના સંકલ્પને આધારે કલ્પાએલા પદાર્થોને દેખે છે, પણ જે પોતાના સંકલ્પવડે કલ્પાએલ નથી તેને નથી દેખતા.[૧૯] પુરુષ જ્ઞાનયોગ આદિવડે શુદ્ધ આત્માવાળો છતાં લૌકિક વ્યવહારોમાં નિમગ્ન થઇ જવાથી ક્ષણવારમાં પોતાના આતિવાહિક (સૂક્ષ્મ) સ્વરૂપને ભૂલી જાય છે.[૨૦] "મને આ સિદ્ધ મહાત્મા ભલે દેખો" એમ મારા મનમાં સંકલ્પ થયો, તેથી મારા સત્ય સંકલ્પનેલીધે તેણે મને દીઠો; કે જે હું તે સિદ્ધના સંકલ્પના વિષયરૂપ થઇ રહ્યો હતો.[૨૧] બીજા સામાન્ય જીવો ભેદભાવના દૃઢપણાનેલીધે સત્યસંકલ્પ હોઇ શકતા નથી, પણ એ સિદ્ધ મહાત્મા તો ભેદવાસના બાધિત થઈ જવાથી સત્યસંકલ્પ હતા.[૨૨] કદાચિત્ બેય સિદ્ધ પુરુષ હોય અને તેઓનું પરસ્પર વિરુદ્ધ અભીષ્ટ હોય, તો તેમાં જેના આત્મજ્ઞાનની નિર્મલતાનું અધિકપણું તથા જેનો પ્રબલ પુરુષપ્રયત્ન તે જય મેળવે છે.[૨૩] હું કે જે સિદ્ધોની સેનામાં અને લોકપાલોની નગરીઓમાં ભમતો હતો તેને વ્યવહારોના સમુદાયવડે જ્યારે પોતાનું આતિવાહિક (સૂક્ષ્મ) પણું ભૂલાઇ જવાયું ત્યારે મહાવિશાલ આકાશની અંદર બીજાઓની સાથે હું વ્યવહાર કરવા લાગ્યો, પરંતુ તેમાં હું કે જે ચંચલ હતો તેને કોઇ પણ દેખતું ન હતું.[૨૪,૨૫] હે નિર્મલ રામચંદ્રજી ! હું જો કે દેવલોકમાં અત્યંત શબ્દ કરતો હતો પણ સ્વપ્નપુરુષની પેઠે મારો શબ્દ કોઇના પણ સાંભળવામાં આવતો ન હતો.[૨૬] મારો દેહ કેવલ મનોમયજ હતો તેનેલીધે જો હું કોઇને હસ્ત આદિનો અવલંબ આપવા ધારું તોપણ તે (હસ્ત આદિ) બીજાના અવલંબનરૂપ થઇ શકે નહિ.[૨૭] હે રામચંદ્રજી ! ઉપર પ્રમાણે હું કે જે આકાશના એક પિશાચરૂપ હતો તેણે દેવલોકની અંદરના પિશાચપણાનો અનુભવ કર્યો હતો.[૨૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આ લોકમાં પિશાચો કેવે આકારે રહે છે ? કયા સ્થાનમાં રહે છે ? કેવી જાતિના, કેવા આચારના, કેવા અંતઃકરણના અને કેવા હોયછે ? તે આપ કહો.[૨૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ લોકમાં જેવા પિશાચો હોય છે તેવાઓને હું તમને કહી બતાવીશ. તમે સાંભળો. જે માણસ પ્રસંગપ્રાપ્ત વચન નથી બોલતો તે સભ્ય (સભામાં બેસવાયોગ્ય) ગણાતો નથી.[૩૦] કેટલાક પિશાચો આકાશના જેવા અને મનોમય (સૂક્ષ્મ) દેહવાળા હોય છે, તેઓ પોતાના મનવડે સ્વપ્નની પેઠે કલ્પી લીધેલા હાથ, પગ આદિ અવયવોવડે યુક્ત હોય છે, અને તમારી પેઠેજ તે પોતાના આકારને દેખે છે.[૩૧] એ પિશાચો, બીજા મનુષ્યમાં ભ્રમ ઉત્પન્ન કરનારી અને ભય ઉપજાવનારી પોતાની છાયાવડે (પ્રતિબિંબવડે) બીજાના ચિત્તમાં પ્રવેશ કરી (તદ્રૂપ જેવા બની જઇ) મનુષ્યના દુઃખભોગને આપનાર કાલ-કર્મ-વાસના-વગેરેને નાના પ્રકારની ભ્રાંતિ-ચેષ્ટા આદિને આકારે પેદા કરે છે. વખતે તે મનુષ્યને મારી નાખે છે. કોઈ પ્રસંગે તે થોડા સત્વવાળા અને થોડા બલવાળા મનુષ્યના રુધિર આદિ ધાતુઓને ચુસી લે છે, તેઓનાં બલને અને સત્વને હરી લે છે, અને ચિત્તને દબાવી જીવોની હિંસા પણ કરે છે. કેટલાક પિશાચો આકાશના જેવા હોય છે. કેટલાક પિશાચો ઝાકળના જેવા હોય છે. કેટલાક સ્વપ્નનરના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જેવા આકારવાળા હોય છે, તેઓ સાકાર છતાં આકાશના જેવા નિરાકારજ હોય છે.[૩૪] કેટલાક પિશાચોનો આકાર વાદળાંના જેવો હોય છે, કેટલાક તો પવનરૂપી દેહવાળા હોય છે, અને કેટલાક તો ભ્રમરૂપેજ દેખાતા હોય છે. એ બધાયનું વાસ્તવ રૂપ જોઇએ તો બુદ્ધિમય અને મનોમયજ છે.[૩૫] તે સ્થૂલદેહના અભાવનેલીધે કોઇનાથી ગ્રહણ કરી શકાતા નથી, તેમ પોતે કોઈને ગ્રહણ કરી શકતા નથી. તેઓનું શરીર આકાશના જેવું શૂન્ય હોય છે છતાં તેઓ પોતાનાં આકારને દેખે છે.[૩૬] કર્મયોગે પ્રાપ્ત થનાર ટાઢ-તડકા આદિ સુખ-દુઃખને તેઓ પ્રાપ્ત થાય છે. બહારના જલ આદિ પદાર્થો પીવાને કે અન્ન આદિ જમવાને કિંવા પોતાની મરજીપ્રમાણે લેવું-દેવું ઇત્યાદિ વ્યવહાર કરવાને તે સમર્થ થઈ શકતા નથી.[૩૭] ઇચ્છા, દ્વેષ, ભય, ક્રોધ, લોભ, મોહ, એવડે તેઓ યુક્ત હોય છે. મંત્ર, ઔષધ, તપ, દાન, ધૈર્ય અને ધર્મવડે તેઓને વશ કરી શકાય છે.[૩૮] સત્વાવષ્ટંભ નામનો એક જાતનો યોગધારણાનો ભેદ કે જેવડે મનુષ્યના સત્વનો અવષ્ટંભ કરી શકાય છે તેવડે, યંત્રવડે અને કોઈ સિદ્ધ કરેલા મંત્રવડે, કોઈક સ્થલે અને કોઈક સમયે કેટલાક પુરુષો તે પિશાચોને વશ કરી લઇ સેવા આદિમાં જોડી દે છે, અને દેખે પણ છે.[૩૯] પિશાચોની યોનિ એ એક દેવયોનિ છે, તેનેલીધે કેટલાક તો દેવતાઓના જેવા ઐશ્વર્યવાળા હોય છે, કેટલાક તો મનુષ્યના જેવા લક્ષ્મીવાળા લાગે છે, કેટલાક સર્પના જેવા હોય છે.[૪૦] કેટલાક કુતરા-શીયાળ આદિના જેવા હોય છે. કેટલાક ગામમાં અને કેટલાક જંગલમાં રહે છે, કેટલાક કૃત્રિમ નાની નાની નદીઓમાં, કેટલાક કચરો નાખવાનાં સ્થાનોમાં (ઉકરડામાં), કેટલાક શેરીઓમાં અને કેટલાક એવાજ નરકના જેવા અપવિત્ર પ્રદેશમાં રહે છે.[૪૧] ઉપર પ્રમાણે પિશાચોનાં સ્થાન હોય છે, અને તેઓનો આકાર અને આચાર એ બેય પણ ઉપર જણાવ્યા મુજબ હોય છે. હવે તેઓના જન્મવિષે હું કહું તે તમે સાંભળો.[૪૨] દૃશ્યના સંપર્કવિનાનું ચિન્મય બ્રહ્મ કે જે સ્વભાવેજ સર્વશક્તિમાન છે, તે દૃશ્યને કલ્પી લઇ, પોતાને અમુક પરિચ્છિન્નરૂપે સમજે છે, અને તેવે રૂપેજ થઇ રહે છે, તેજ જીવરૂપ છે, એમ તમે સમજો. એ જીવ અભિમાનવડે પ્રૌઢપણાને પ્રાપ્ત થતાં 'અહંકાર' એવા નામથી કહેવાય છે, અને તે અહંકાર પુષ્ટ થતાં 'મન' એવા નામથી કહેવામાં આવે છે, એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે.[૪૩,૪૪] એ મનરૂપ જીવજ સમષ્ટિરૂપે બ્રહ્મા કહેવાય છે, કે જેનું સ્વરૂપ સંકલ્પરૂપ અને આકાશરૂપજ છે. અસત્ય જગતનું બીજ પણ અસત્યજ છે, કે જે વસ્તુતાએ જોતાં નિરાકાર છે.[૪૫] એવી રીતે મનજ (સમષ્ટિરૂપે) બ્રહ્મા કહેવાય છે. તે સદેહ છતાં નિર્મલ ચિદાકાશરૂપજ છે. તેનો આકાર સ્વપ્નપુરુષના જેવો છે, અને સત્યરૂપ ભાસતાં છતાં સદાકાલ અસત્યજ છે.[૪૬] તે પોતે, પૃથ્વી આદિ આકારથી રહિત છે. તેનો આતિવાહિક (સૂક્ષ્મ) દેહ છે, કેમ કે આકાશની અંદર રહેનાર સંકલ્પનો પૃથ્વી આદિ સંબંધી (પાર્થિવ) આકાર ક્યાંથીજ હોય ?[૪૭] જેમ તમારું મન પોતે આકાશમાં કલ્પી લીધેલા નગરને દેખે તેમ એ સમષ્ટિનું મન પણ પોતાનામાં કલ્પી લીધેલા વિરંચિપણાનો અનુભવ કરે છે.[૪૮] એ સત્યસંકલ્પ વિરંચિ, (બ્રહ્મા) જેવી જેવી કલ્પના કરે છે તેવું તેવું પોતે દેખે છે, અને અનુભવે છે, તો પછી જીવ કે જે ચિદ્રૂપ છે તે (જ્ઞાનશક્તિને લીધે) શામાટે ન દેખે કે ન અનુભવે ?[૪૯]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બ્રહ્મા કે જે વસ્તુતાએ જોતાં શૂન્યરૂપજ છે તે ચિદાકાશની અંદર શૂન્ય છતાં જે કાંઇ બ્રહ્માંડને આકારે જુએ છે તે આ જગત કહેવાય છે.[૫૦] બ્રહ્મજ બ્રહ્મની અંદર (પોતાના સ્વરૂપમાં) વિવર્તભાવે તેવે રૂપે થઇ રહેલ છે. ઘણા કાલની એક ભાવનાનેલીધે જગતનો દૃઢ પ્રતિભાસ થઇ રહ્યો છે, અને તે પુષ્ટપણાને પ્રાપ્ત થઈ ગએલ છે, કે જે ઘણા લાંબા કાલના સ્વપ્નના જેવો પ્રતીતિમાં આવે છે.[૫૧] બ્રહ્મા કે જે આતિવાહિક (સૂક્ષ્મ) દેહને ધારણ કરી રહેલ છે તેને ઘણા લાંબા કાલની ભાવનાનેલીધે અનેક સૃષ્ટિ અનુભવમાં આવે છે, કે જે ખરૂં જોતાં બ્રહ્મરૂપજ છે.[૫૨] પરંતુ પ્રકટ રીતે ઉત્કર્ષનેલીધે એ બ્રહ્માનો આતિવાહિક (સૂક્ષ્મ) દેહ પણ આધભૌતિકપણાને પ્રાપ્ત થઈ ગએલ છે, અને તેનેલીધેજ તે સૃષ્ટિરૂપે કહેવામાં આવે છે, કે જેમાં અનેક ભેદોની પ્રતીતિ થાય છે.[૫૩] એ બ્રહ્માનું વાસ્તવ સ્વરૂપ જોઇએ તો બ્રહ્મરૂપજ છે, તેમજ જીવ અને જગત એ બન્ને પણ બ્રહ્મરૂપ છે. વસ્તુતાએ તેની ઉત્પત્તિજ થઇ નથી. શૂન્યપણું અને આકાશ એ બેય જેમ એકજ છે, તેમ જગત અને જીવ એ બેય એકજ છે. પવન અને ચલનશક્તિની પેઠે તે એકરૂપેજ રહેલ છે.[૫૪,૫૫] જેમ તમે પોતે પોતાનો સંકલ્પપુરુષ કે જે સાવ મિથ્યાજ છે તેને સત્ય લેખો તેમ એ બ્રહ્મા પોતાના દેહને પંચમહાભૂતરૂપ સમજે છે, કે જે સાવ મિથ્યાજ છે પણ વાસ્તવ નથી.[૫૬] એ બ્રહ્માએ બ્રહ્માંડને આકારે થઈ રહેલા પોતાના શરીરના ધાતુઓની પૃથ્વીઆદિ પાંચ સંજ્ઞા પાડી કે જે પુષ્ટતાને પ્રાપ્ત થતાં જગતરૂપ થઈ રહેલ છે.[૫૭] જેમ તમારો પોતાનો સંકલ્પ અસત્ય છતાં તમને સત્યરૂપે અનુભવમાં આવે છે, તેમ બ્રહ્મા કે જે સમષ્ટિના આત્મારૂપ છે તે પોતાના સંકલ્પને સત્યરૂપેજ અનુભવે છે.[૫૮] બ્રહ્મા પોતે ચિદાકાશરૂપ છે, તેનો સંકલ્પ પણ ચિદાકાશરૂપ છે, માટે આ સર્વ જગત કે જે બ્રહ્માના એક સંકલ્પરૂપ છે, તે સ્વપ્નરૂપ છે, અને તેણે કરેલી આ જગતની ઉત્પત્તિ અને નાશ એ બન્ને પણ સ્વપ્ન જેવાંજ છે.[૫૯] એ બ્રહ્માનું (સમષ્ટિનું) મન જેવા પ્રકારની સત્યતાને ધારણ કરે છે તેવાજ પ્રકારની સત્યતા તેના અંશોમાં રહેલ છે, અને તેના બનાવેલ ઇંદ્ર, ચંદ્ર, રુદ્ર, સૂર્ય અને તેનાં કિરણો વગેરે પણ તેવાંજ છે.[૬૦] પરમાર્થદૃષ્ટિથી જોતાં જ્યારે એમ છે ત્યારે તો પછી અનેક જગતના સમૂહો એક જાતનું મનોરાજ્યજ છે, એમ કહી શકાય છે; અને તે શૂન્ય છે, નિરાલંબ છે, અને ચિદાકાશજ પોતાના સ્વરૂપમાં તેવેરૂપે (વિવર્તભાવે) થઇ રહેલ ભાસે છે.[૬૧] જેમ સ્વપ્નનગર ચિદાકાશરૂપ છે, અને સંકલ્પવડે કલ્પી કાઢેલો પર્વત પણ ચિદાકાશરૂપ છે, તેમ બ્રહ્મા અને જગત એ સર્વ નિરાકાર સ્વચ્છ ચિદાકાશરૂપ છે.[૬૨] નિરંતર અવિનાશી ચિદાકાશની અંદર આ દૃશ્યજાલ આભાસરૂપેજ માત્ર ખડું થઇ રહેલું દેખાય છે, અને તેનેલીધેજ સૃષ્ટિના આદિ, મધ્ય અને અંતની જે કાંઇ પ્રતીતિ થાય છે તે મિથ્યારૂપેજ ઉદય પામેલ છે.[૬૩] હે નિર્મલ રામચંદ્રજી! તમે, હું અને જગત, ઇત્યાદિ જે કાંઇ છે તે ચિદાકાશરૂપજ છે, તો પછી તેમાં ઉત્પત્તિ અને નાશની વાતજ ક્યાં રહી? તે તમે કહો.[૬૪] જ્યારે સર્વ મિથ્યાજ છે ત્યારે પછી નિરર્થક અનર્થ ઉત્પન્ન કરનાર રાગ–દ્વેષ ભય–આદિ વિકારો શામાટે વૃથા ઉદય પામે છે? તે તમેજ કહો.[૬૫] હે પ્રિય રામચંદ્રજી! વસ્તુતાએ જોતાં સૃષ્ટિ આદિ કશું પણ છે નહિ.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સૃષ્ટિ કે તેનો અભાવ એ પણ કશું નથી. સદાકાલ એકજ સ્વરૂપમાં રહેનાર પરબ્રહ્મજ નિરંતર એવી રીતે (જગત આદિને આકારે) પ્રતીતિમાં આવે છે.[૬૬] ચારે કોરથી શૂન્ય, વિશાલ વિસ્તારવાળા, ચિત્સત્તારૂપી સ્વચ્છ જલવડે પરિપૂર્ણ એવા ચિદાકાશની અંદર ચિદાકાશરૂપી અક્ષય ક્ષેત્ર, કલ્પનારૂપી કાદવવડે વ્યાપ્ત થતાં ચિદાકાશરૂપી બીજમાંથી આ અનેક પ્રાણીઓરૂપી શિલાઓની પંક્તિઓ ઉત્પન્ન થએલ છે, અને આગળ પણ થશે, કે જે વસ્તુતાએ જોતાં ચિદાકાશરૂપ છે.[૬૭,૬૮] તત્ત્વદૃષ્ટિવડે જોવા માંડીએ તો અહીં કાંઇ ક્ષેત્ર પણ નથી, તેની અંદર કાંઇ વાવણી પણ થઇ નથી અને કાંઈ બીજ પણ નથી, તેમ કશું ઉત્પન્ન પણ થયું નથી; અને અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તો સર્વ રહેલ છે.[૬૯] એ ક્ષેત્રની અંદર જે શિલાઓની પંક્તિઓ પુષ્ટપણે રૂઢ થઇ રહી છે તે દેવ આદિ જાતિ છે. જે અત્યંત કાંતિવડે રત્નોરૂપે બહુ ઉજ્વલતાથી દીપી નીકળે એવી છે, તે દેવર્ષિ આદિની જાતિરૂપ છે.[૭૦] જે શિલાઓ અર્ધભાગમાં ઉજ્વલ વર્ણવાળી છે, તે નર-નાગ આદિની જાતિરૂપ છે. જે શિલાઓ મ્લાન છે તે રજોગુણથી હેરાન થતી કૃમિ–સ્થાવર આદિ જાતિરૂપ જાણવી.[૭૧] જે શિલાઓ તોલમાં બહુ ભારે છે, કાંતિ પ્રકાશ આદિ ફલથી રહિત છે, શૂન્ય આકારવાળી છે, ક્ષયવડે ધસારાવાળી છે, અને સ્થૂલ શરીરવિનાની છતાં શરીરવાળી પણ થઇ જાય છે તે પિશાચ આદિની જાતિ સમજવી.[૭૨] કોઈ પણ ઠેકાણે સંકલ્પ કરનારા વિધાતાની ઇચ્છાનો બીજાથી ફેરફાર કરી શકાતો નથી તો વિરંચિની ઇચ્છાજ એવી અનેક જાતિનેરૂપે ઉદય પામી રહી છે.[૭૩] એ સર્વ પ્રાણીઓની જાતિ ચિદાકાશરૂપજ છે, આતિવાહિક (સૂક્ષ્મ) દેહવાળી છે, અને પૃથ્વી આદિ સ્થૂલભાવવિનાની છે;[૭૪] પરંતુ તે ઘણા લાંબા કાલના અભ્યાસનેલીધે જેમ ઘણા લાંબા કાલના અનુભવથી સ્વપ્નમાં જાગૃત દશાની પ્રતીતિ થાય તેમ પોતાનામાં આધિભૌતિકપણાને કલ્પી લે છે.[૭૫] પિશાચ આદિ પણ એવીજ રીતે આતિવાહિક (સૂક્ષ્મ) દેહવાળા છતાં ઘણા કાલના લાંબા અભ્યાસથી પોતાનામાં આધિભૌતિકપણાને (સ્થૂલભાવને) કલ્પી લે છે, પોતાના સંસારમાં તે વિહાર કરે છે, અને પોતાની યોનિમાં ભોગવાતા ભોગોવડે તે પ્રસન્નચિત્તવાળા રહે છે.[૭૬] તેમાંની કેટલીક જાતિ તો જેમ ગામડાના માણસો ગામડાના માણસોને દેખે તેમ પરસ્પર એક બીજાને દેખે છે. પ્રાણીઓની આ સર્વ જાતિઓ કેમ જાણે સ્વપ્નરૂપી એક લોકમાં રહેનારી હોય તેવી છે.[૭૭] તેમાંની કેટલીક જાતિઓ ઘણાં ઘણાં મનુષ્યોને જુદે જુદે રૂપે આવેલાં અનેક સ્વપ્નોમાં ખડા થઇ ગયેલા લોકોનીપેઠે અન્યોન્ય એકબીજાને દેખી શકતી નથી અને નાનાપ્રકારના આકારવાળી હોય છે.[૭૮] જેવી રીતે જગતની અંદર પિશાચ આદિ નીચજાતિઓ રહેલ છે તેવીજ રીતે બીજી કુષ્માંડ-યક્ષ-પ્રેત-આદિ જાતિઓ પણ ઘણું કરી રહેલ છે.[૭૯] જેમ જે ઠેકાણે નીચાણ હોય ત્યાંજ જલ રહે છે તેમ જે ઠેકાણે પિશાચ આદિ હોય ત્યાંજ તમ (અંધકાર-તમોગુણ-અજ્ઞાન) રહે છે.[૮૦] મધ્યાહ્નમાં પણ પિશાચ જે આંગણામાં રહે ત્યાં તેને અંધકારજ રહેલો દેખાય છે.[૮૧] એ અંધકારને સૂર્ય નિવૃત્ત કરી શકતો નથી. (પિશાચ સિવાય) બીજો કોઈ તેને દેખી કે અનુભવી શકતો નથી. અહો! માયાનો કેવો પ્રભાવ છે એ તો તમે જુઓ!![૮૨] જેમ અગ્નિ, સૂર્ય, ચંદ્ર વગેરેનું તેજોમય મંડલ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે કે જે સ્વાભાવિકજ છે, તેમ પિશાચઆદિનું તામસ (અંધકારમય) મંડલ છે કે જે સ્વાભાવિકજ છે.[૮૩] ધૂડનીપેઠે પિશાચ આદિ પોતાના સ્વભાવથીજ તેજમાં નિર્બલ થઈ જાય છે, અને અંધકારમાં બલવાન હોય છે, એ આશ્ચર્ય તેમાં સ્વાભાવિક રીતેજ રહેલ છે.[૮૪] હું દેવતાઓના અને લોકપાલોના લોકની અંદર એક પિશાચ જેવો છું, તેથી પ્રસંગનેલીધે મેં પિશાચયોનિમાં ઉત્પન્ન થયેલા જીવની જાતિવિષે તમને કહી સંભળાવ્યું કે જે સમયને અનુસરીનેજ છે.[૮૫]

एषा पिशाचाजनितस्य जातिः प्रोक्ता मया ते समयानपेता ॥ पिशाचतुल्यः सुरलोकपाल-लोकेषु जातोहमिति प्रसंगात् ॥ ८५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પિશાચવર્ણનપ્રસંગેન જગદ્બ્રહ્મણોરૈક્યપ્રતિપાદન' એ નામનો ચોરાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૪

સર્ગ ૯૫ મો.*

વસિષ્ઠનો મનુષ્યોસાથે વ્યવહાર

॥ श्रीवसिष्ठ उवाच ॥

ततश्चिदाकाशवपुर्भूतपंचकवर्जितः ॥ विहरन्नहमाकाशे पिशाच इव संस्थितः ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી હું કે જે ચિદાકાશરૂપી શરીરને ધારણ કરી રહ્યો હતો અને પંચમહાભૂતથી રહિત હતો તે આકાશમાં કેમ જાણે પિશાચ ફરતો હોય તેવો થઇ રહ્યો હતો.[૧] એ વખતે ચંદ્ર, સૂર્ય, ઇંદ્ર, વિષ્ણુ, મહાદેવ આદિ મને દેખતા નહતા, તેમજ દેવતાઓ, સિદ્ધો, ગંધર્વો, કિન્નરો અને અપ્સરાઓનો સમૂહ, એપણ મને દેખતા નહતા.[૨] હું તેઓનું આક્રમણ કરતો હતો તોપણ તેઓ મારૂં આક્રમણ કરતા ન હતા, તેમ તેઓ મારૂં વચન સાંભળતા ન હતા, જેથી વેચાયેલા સજ્જનનીપેઠે હું મોહને પ્રાપ્ત થઇ ગયો હતો.[૩] પછી મેં વિચાર કર્યો કે "આપણે સત્યસંકલ્પ છિયે" એમ પોતાની સત્ય સંકલ્પતાને સ્મરણમાં લાવી, એવો સંકલ્પ કર્યો કે "દેવતાઓનો સમૂહ મને દેખો" જેથી એ દેવલોકની અંદર મારી આગળ રહેલા સર્વ દેવતાઓ હું કે જે તેઓના પોતાના પુરપ્રત્યે આવેલો હતો તેને ઇંદ્રજાલથી ખડા થઇ ગયેલા વૃક્ષની પેઠે જોવા લાગ્યા.[૪,૫] પછી મેં દેવતાઓનાં મંદિરોમાં સંભાષણ આદિ વ્યવહાર કરવા માંડ્યો. હું યથાસ્થિતપણે સારી પેઠે મારાં પૂર્વનાં આચરણને ધારણ કરી રહ્યો હતો અને નિઃશંકપણે ચેષ્ટા કરતો હતો.[૬] મારા વૃત્તાંતને નહિ જાણનારા જે પુરુષોએ મને પ્રથમ ચૌટામાં પ્રકટ થયેલો દીઠો તેઓએ પાથિવ વસિષ્ઠ એવા નામથી લોકમાં મારી પ્રખ્યાતિ કરી.[૭] આકાશમાં રહેનાર જે પુરુષોએ મને સૂર્યનાં કિરણોથી ઉત્પન્ન થયેલો દીઠો તેઓએ તૈજસ વસિષ્ઠ એવું મારૂં નામ પાડ્યું.[૮] આકાશમાં સ્થિતિ કરનારા જે સિદ્ધ મહાત્માઓએ મને પવનથી ઉત્પન્ન થયેલો દીઠો તેણે વાતવસિષ્ઠ એવા નામથી મને બોલાવવા માંડ્યો.[૯] જે મહર્ષિઓએ મને જલમાંથી ઉત્પન્ન થતાં જોયો તેઓ મને જલવસિષ્ઠ એવા નામથી કહેવા લાગ્યા. એવી રીતે પૃથ્વી આદિથી મારા જન્મની પરંપરા બીજાઓની કલ્પનાવડેજ થઇ હતી.[૧૦] તે સમયથી માંડી લોકમાં કોઇક ઠેકાણે પાથિવવસિષ્ઠ એવા નામથી હું પ્રસિદ્ધિ પામ્યો. કોઇક ઠેકાણે જલવસિષ્ઠ, કોઇક સ્થલે તૈજસવસિષ્ઠ અને કોઇક ઠેકાણે વાતવસિષ્ઠ એવા નામથી મારી પ્રસિદ્ધિ થઇ.[૧૧] પછી

---

* આ પંચાણુમા સર્ગમાં સત્યસંકલ્પપણાથી વસિષ્ઠજી ફરીવાર મનુષ્યો સાથે વ્યવહાર કરશે, અને પોતાને આકાશવસિષ્ઠ આદિ નામ મળશે. એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

કાલે કરીને મારા તે આતિવાહિક (સૂક્ષ્મ) દેહની અંદર આધિભૌતિકપણું પ્રકટ થઈ ગયું કે જે ઘણા લાંબા કાલના અભ્યાસમાં લાગેલા મનવડે પેદા થયું હતું.[૧૨] આતિવાહિકપણું અને આધિભૌતિકપણું એ બેય ચિદાકાશરૂપ છે, અને ચિદાકાશરૂપે જોતાં તે બેય એકજ છે, જેથી મારા વિચારમાં ચિદાત્માજ એ બેય દેહને આકારે પ્રતીતિમાં આવતો હોય એમ ભાસતું હતું.[૧૩] હું કોઇ એક સ્થલમાં આકાશ આદિ પંચમહાભૂતરૂપે પ્રતીતિમાં આવતો હતો, તોપણ ખરૂં જોતાં હું કેવલ ચિદાકાશરૂપજ હતો. જેમ તમારી પાસે ઉપદેશ આદિ વ્યવહારમાટે હું આકારવાળો દેખાઉં છું તેમ હું ત્યાંપણ આકારવાળો દેખાતો હતો, છતાં કેવળ નિરાકાર ચિદાકાશરૂપજ હતો.[૧૪] એવીજ રીતે જીવન્મુક્ત પુરુષ વ્યવહાર કરતાં છતાં પણ બ્રહ્માકાશરૂપજ હોય છે,અને વિદેહમુક્ત થતાં પણ તે બ્રહ્મમાત્રજ થઇ રહે છે.[૧૫] જેમ મારૂં બ્રહ્મપણું કોઈ દિવસ નિવૃત્ત નથી થતું તેજ પ્રમાણે મારા વ્યવહારનું પણ બ્રહ્મપણું નિવૃત્ત થતું નથી. બીજી દૃષ્ટિનો અસંભવ હોવાથી, તમ વગેરેની પાસે (વ્યવહારદૃષ્ટિથી) આ વસિષ્ઠ દેહરૂપેજ થઇ રહ્યો છું.[૧૬] જેમ સ્વપ્ન અવસ્થામાં અજ્ઞાનને પ્રાપ્ત થઈ ગએલા પુરુષને જન્મવગરના અને નિરાકાર સ્વપ્નનરમાં આધિભૌતિકપણાની બુદ્ધિ થઇ જાય છે, તેમ મને પણ જગતમાં અને બીજા મનુષ્યોમાં આધિભૌતિકપણાની પ્રતીતિ થાય છે.[૧૭] એવીજ રીતે સ્વયંભૂની સર્વ સૃષ્ટિઓ બીજા અજ્ઞાનીઓને આધિભૌતિક દેખાય છે, પણ વસ્તુતાએ તેવેરૂપે તે ઉત્પન્ન થએલજ નથી; પરંતુ તેની ઉત્પત્તિ અને લય, એ બન્ને કેમ જાણે ખરેખર થતાં હોય એમ જણાય છે.[૧૮] આ હું કે જે તમારી નજરે આવેળ ઉભો હું તે આકાશવસિષ્ઠ છું, અને પોતાના અભ્યાસના બલથી આવે રૂપે કેમ જાણે પુષ્ટતાને પ્રાપ્ત થઇ ગયો હોઉં તેમ થઇ રહેલ છું. અથવા તો તમારી તેવી દૃઢભાવનાને લીધે તમારી બુદ્ધિને અનુસરી હું ભૌતિક દેહવાળો થઈ રહ્યો હોઉં તેવું છે. સર્વ બ્રહ્માઓ ચિદાકાશરૂપજ છે. જેવી રીતે તેઓનું અસ્તિત્વ મનોમાત્ર છે તેવીજ રીતે આ સૃષ્ટિઓ પણ મનોમાત્રજ છે.[૧૯,૨૦] જેમ બાલકોને અજ્ઞાનને લીધે વેતાલ વજ્રના જેવો દૃઢ જણાય તે રીતે હું વગેરે આ સર્વ સૃષ્ટિ તમોને અજ્ઞાનના દોષનેલીધે વજ્રના જેવી દૃઢ ભાસે છે, પરંતુ તેનું ખરેખરૂં સ્વરૂપ જાણવામાં આવે તો વાસનાનો ક્ષય થઈ જવાથી જેમ છેટે પડેલા બંધુ ઉપરનો સ્નેહ કાલે કરીને ક્ષીણ થતો જાય તેમ થોડા સમયમાંજ તે શમી જાય છે. જેમ સ્વપ્નમાં જોએલા ભંડારને ગ્રહણ કરવાની વાસના તેનું ખરેખરૂં વાસ્તવ સ્વરૂપ જાણવામાં આવતાં શાંત પડી જાય તેમ સૃષ્ટિનું ખરેખરૂં વાસ્તવ સ્વરૂપ જાણવામાં આવતાં અહંકારનું ધાટાપણું શાંત થઇ જાય છે.[૨૧-૨૩] જેમ ઝાંઝવાના જલનું ખરેખરૂં જ્ઞાન થતાં ઝાંઝવાના જલની નદીના વેગવડે વહ્યા કરતા જલને ગ્રહણ કરવાની બુદ્ધિ નિવૃત્ત થઈ જાય, તેમ દૃશ્યના સ્વરૂપનું વાસ્તવ જ્ઞાન થતાં તે સંબંધી સર્વ વિચાર શાંત પડી જાય છે.[૨૪] મહારામાયણ જેવા શાસ્ત્રનું માત્ર નિરંતર અવલોકન કરવાથી જીવન્મુક્તતા પ્રાપ્ત થઇ જાય છે, તો પછી દ્રશ્યના ખરા સ્વરૂપનું જ્ઞાન થવામાં તો શીજ મુશ્કેલી છે ? કાંઈ નહિ.[૨૫] જે પુરુષની બુદ્ધિ સાંસારિક વાસનાને લીધે અવસ્તુરૂપ એવા દેહ, ઇંદ્રિય અને શબ્દ આદિ ભોગ્ય વિષય, એ સર્વમાં આસક્ત છે તે મોક્ષને નહિ ઇચ્છ-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri Foundation USA

નારો પુરુષ કૂતરાના જેવો અથવા કીડાના જેવો સમજવો.[૨૬] જીવન્મુક્ત બુદ્ધિવાળા પુરુષે ભોગવાતો ભોગોનો સમૂહ કેવો છે, અને અજ્ઞાની પુરુષે ભોગવાતો ભોગોનો સમૂહ કેવો છે? તે વિચારવાનું છે.[૨૭] મહારામાયણ જેવા શાસ્ત્રનું માત્ર અવલોકન કરવાથીજ સર્વ વસ્તુઓનેવિષે પોતાના ચિત્તમાં બરફના જેવી પરમ શીતલતા ઉદય પામે છે.[૨૮] શીતલ ચિત્ત રહેવું એ મોક્ષ છે, અને સંતાપવાળું ચિત્ત રહેવું તે બંધ છે. અહો! લોકની કેવી મૂઢતા છે કે એવા મોક્ષની પણ તેઓને ઇચ્છા થતી નથી.[૨૯] આ સર્વ મનુષ્ય, સ્વભાવેજ વિષયોને પરવશ થઈ રહેલ છે, અને તેનેલીધેજ પરસ્પર એક બીજાનાં સ્ત્રી–ધન વગેરેમાં લોલુપ થઇ રહેલ છે, તો તે આ મુમુક્ષુશાસ્ત્રના અર્થનો વિચાર કરવાથી (મનન–નિદિધ્યાસન આદિ ઉપાયવડે) યથાર્થ તત્ત્વજ્ઞાન થતાં સુખી થાય છે.[૩૦]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ–ઉપર પ્રમાણે વસિષ્ઠ ઋષિ કહેતા હતા એટલામાં દિવસ જતો રહ્યો, સૂર્યનારાયણ અસ્તને પ્રાપ્ત થઇ ગયા, સભા નમસ્કાર કરી પોતાનાં સાયંકાલસંબંધી કર્મ કરવામાટે સ્નાન કરવાસારૂ ચાલી ગઇ, અને પાછી રાત્રિ જતી રહ્યા પછી સૂર્યનારાયણના ઉદયની સાથે તે ત્યાં આવી પહોંચી.[૩૧]

॥ શ્રીવાલ્મીકિરુવાચ ॥ ઇત્યુક્તવત્યથ મુનૌ દિવસો જગામ સાયંતનાય વિધયેસ્તમિનો જગામ ॥ સ્નાતું સભા કૃતનમસ્કરણા જગામ શ્યામાક્ષયે રવિકરૈશ્ચ સહાજગામ ॥૩૧॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વસિષ્ઠશરીરવર્ણન' એ નામનો પંચાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૫

'પાષાણોપાખ્યાન સમાપ્ત.' દિવસ ૧૭.

સર્ગ ૯૬ મો.*

આત્મા અજરામરજ છે

॥ શ્રીરામ ઉવાચ ॥

પાષાણાખ્યાનમેતત્તે કથિતં કાર્યકોવિદ ॥ અનયેમાઃ સ્ફુરદ્દૃષ્ટ્યાસૃષ્ટયોનભસિસ્થિતાઃ॥૧॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે કાર્યમાં કુશલ રામચંદ્રજી! તમને મેં આ પાષાણાખ્યાન કહી સંભળાવ્યું, એવીજ રીતિથી આ સર્વ સૃષ્ટિઓ આરોપિતરૂપે ચિદાકાશની અંદર રહેલ છે.[૧] વસ્તુતાએ જોઇએ તો કોઇ ઠેકાણે કોઈ સમયે કશું પણ રહ્યું નથી; બ્રહ્મજ યથાસ્થિતપણે અખંડિત રીતે પોતાના એકરસરૂપ સ્વભાવની અંદર રહેલ છે.[૨] બ્રહ્મ ચિન્માત્રજ છે એમ તમે સમજો, અને તે જેમ સ્વપ્નદૃષ્ટિમાં પોતાનો ચિદાત્માજ સ્વપ્નનગરરૂપે થઇ રહેલ પ્રતીતિમાં આવે છે, પણ તે કોઈ દિવસ પોતાના આત્માના સ્વરૂપથી જુદો કહી શકાતો નથી,[૩] તેવી રીતે જન્મ આદિ વિકારથી રહિત ચિદાકાશ સ્વયંભૂરૂપ થઇ રહ્યા છતાં અને દૃશ્યરૂપ થઈ રહ્યા છતાં તેણે પોતાનું નિર્વિકાર શુદ્ધ સ્વરૂપ છોડ્યું નથી.[૪] વસ્તુદૃષ્ટિથી જોતાં સ્વયંભૂ પણ નથી, જગત પણ નથી અને સ્વપ્નનગર પણ નથી. યથાર્થ મહા વિવેકવાળી દૃષ્ટિથી જોતાં ચિન્માત્ર બ્રહ્મજ વિવર્તરૂપે એ સર્વને આકારે થઈ રહેલ પ્રતીતિમાં આવે છે.[૫] જેમ તમને સ્વપ્નમાં જોવામાં આવતું સ્વપ્નનગર ચિદ્રૂપ છે, અને તમારા પોતાના આત્માની અંદર રહેલ છે, તેમ અખંડ બ્રહ્મજ સૃષ્ટિથી માંડી ઠેઠ મહાપ્રલય પર્યંત જગતને રૂપે થઇ

* આ છન્નુમા સર્ગમાં પાષાણાખ્યાનના તાત્પર્યરૂપે જગતને ચિદાત્માના વિવર્તરૂપે વર્ણવશે, અને બ્રહ્માનંદરૂપ અજરામર ચૈતન્યજ આત્મારૂપ છે, તે વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રહેલ છે.[૬] જેમ મેરુ પર્વતમાં સુવર્ણનો અને સુવર્ણની શિલાનો તથા સ્વપ્નનગરનો અને ચિદાત્માનો ભેદ સંભવતો નથી તેમ બ્રહ્મનો અને સૃષ્ટિનો ભેદ સંભવતો નથી.[૭] જેમ સુવર્ણજ સત્ય છે તેના વલયઆદિ આકારો સુવર્ણથી જુદા નથી અને સ્વપ્નના પર્વતમાં વાસ્તવિક શૈલપણું નથી હોતું પણ ચિદાત્માજ તેવેરૂપે દેખાય છે, તેમ એક ચિદાકાશજ સત્ય છે, તેનાથી જુદી બીજી સૃષ્ટિ સંભવતી નથી.[૮] જેમ સ્વપ્નમાં નિર્વિકાર આત્મચૈતન્યજ વિવર્તભાવથી સ્વપ્નપર્વતના જેવું થઇ રહેલ ભાસે છે, તે પ્રમાણે નિરાકાર બ્રહ્મજ વિવર્તભાવથી સૃષ્ટિના જેવું થઇ રહેલ ભાસે છે, બીજું કશું નથી.[૯] આ સર્વ અનંત, નિર્વિકાર, અવિનાશી, ચિદાકાશરૂપજ છે, કે જે હજારો મહાકલ્પોમાં પણ ઉદયને કે નાશને પ્રાપ્ત થતું નથી.[૧૦] જીવ ચિદાકાશરૂપ છે, આ તમે પોતે પણ ચિદાકાશરૂપ છો, હું પણ અવિનાશી ચિદાકાશરૂપ છું, અને આ ત્રણે લોક પણ ચિદાકાશરૂપ છે.[૧૧] ચિદાકાશને છોડી દઇ જોઇએ તો આ શરીર નિર્જીવજ છે. એક અચ્છેદ્ય અને અદાહ્ય આ ચિદાકાશજ નષ્ટ થતું નથી.[૧૨] સર્વ ચિદાકાશરૂપ હોવાથી કશું પણ ઉત્પન્ન થતું નથી, અને કશાનો નાશ પણ થતો નથી. જગત ચિદાકાશનો એક વિવર્ત છે એમ અનુભવમાં આવે છે, મનુષ્ય ચિન્માત્ર પુરુષરૂપ છે.[૧૩] એ ચિન્માત્ર (અવિનાશી) તત્ત્વ જો મરી જતું હોય તોપણ (આત્મા વૈ જાયતે પુત્રઃ) એ શ્રુતિથી પુત્રના અને પિતાના આત્માનો અભેદ હોવાને લીધે પિતાનું મરણ થતાં તેનો પુત્ર નિઃસંદેહ મરણને પ્રાપ્ત થઈ જવો જોઇએ,[૧૪] અને " एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः " (એકજ જીવ સર્વ પ્રાણીઓમાં રહ્યો છે.) એ શ્રુતિથી એક જીવનું મરણ થતાં બધા જીવો મરી જઇ આખું પૃથ્વીતલ શૂન્ય થવું જોઇએ;[૧૫] પરંતુ હે રામચંદ્રજી ! આજ દિવસપર્યન્ત કોઇનું ચિન્માત્રતત્ત્વ કોઇ સ્થલે નાશને પ્રાપ્ત થયું નથી અને પૃથ્વી પણ શૂન્ય થએલી જણાતી નથી; તેથી સિદ્ધ થાય છે કે ચિન્મયતત્ત્વ અક્ષય છે.[૧૬] 'હું કેવલ એક ચિન્મય છું અને શરીર આદિ કશું પણ મારૂં નથી,' એવું અનુસંધાન જે અહર્નિશ રહેતું હોય તો પછી જન્મ-મરણ આદિ ક્યાં છે ![૧૭] 'હું નિર્મલ ચિન્માત્રરૂપ છું,' એવા પોતાના અનુભવને પણ જે આત્મહત્યારાઓ કુતર્કોથી ખંડન કરે છે—નિષેધ કરે છે તેઓ વિપત્તિરૂપી સમુદ્રમાં ડુબી જાય છે.[૧૮] 'હું આકાશથી પણ સ્વચ્છ, નિર્વિકાર, નિત્ય, અનંત, ચિન્માત્ર છું, મને જીવિત-મરણ કે સુખ-દુઃખ સાથે શો સંબંધ છે ?[૧૯] હું ચિદાકાશરૂપ છું શરીર આદિ સાથે મારો શો સબંધ છે ?' એવા વિદ્વાનોના અંદરના અનુભવને જે આત્મહત્યારો પુરુષ કુતર્કોવડે નિષેધ કરે છે તેને ધિક્કાર છે.[૨૦] 'હું સ્વચ્છ ચિદાકાશરૂપ છું,' એવો સ્ફુટ અનુભવ જે પુરુષમાં નાશને પ્રાપ્ત થઇ ગએલ હોય તે મૂઢ પુરુષ જીવતાં છતાં મુવા જેવો છે, એમ વિવેકીઓનું સમજવું છે.[૨૧] 'હું શુદ્ધ ચિદ્રૂપ છું દેહ ઇંદ્રિયોની સાથે મારો ક્યાં સંબંધ છે ?' એવા બોધવડે આત્મસ્વરૂપને ઓળખનારા સ્વચ્છ વિવેકી પુરુષને જન્મ—મરણ આદિ આપત્તિઓ પરાભવ કરી શકતી નથી.[૨૨] જે પુરુષ શુદ્ધ ચિન્માત્ર આત્માનો અવલંબ કરી સ્થિર થઈ રહેલ છે તેને જેમ મોટા પાષણને બાણો વિંધી શકતાં નથી તેમ માનસિક આધિઓ અસર કરી શકતી નથી.[૨૩] જેઓ પોતાના ચિન્મય સ્વરૂપને ભૂલી જઈ શરીરમાંજ આસ્થા બાંધી બેઠા હોય તેમણે વાસ્તવિક રીતે જોતાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુવર્ણનો ત્યાગ કરી ભસ્મનું ગ્રહણ કર્યું એમ સમજવું.[૨૪] 'હું દેહરૂપ છું' એવી ભાવના કરવાથી બલ, બુદ્ધિ અને તેજ નાશ પામી જાય છે; અને 'હું ચિદ્રૂપજ છું' એવી સ્થિતિ રાખવાથી બલ, બુદ્ધિ અને તેજ ઉદય પામે છે.[૨૫] 'હું શુદ્ધ ચિદાકાશરૂપ છું, મારાં જન્મ-મરણ ક્યાં છે?' એવો જો દૃઢ નિશ્ચય સ્થિર થઇ ગયો હોય તો પછી લોભ-મોહ-મદ આદિને રહેવાનો અવકાશજ ક્યાં છે?[૨૬] જે પુરુષ ચિદાકાશવિના સ્થૂલદેહ, સૂક્ષ્મદેહ કે કારણદેહને પોતાના આત્મારૂપ સમજે તેને લોભ આદિ છે, એવું બોલવું ઘટે, પણ તત્ત્વજ્ઞને તે સંભવતું નથી.[૨૭] 'હું કપાતો નથી તેમ બળતો નથી, હું ચિન્માત્ર છું, વજ્રના જેવો દૃઢ છું, હું મારા ચિન્મય સ્વરૂપમાંજ સદા રહ્યો છું, અને હું દેહધારી નથી,' એવો જેને નિશ્ચય થઇ ગયો હોય તેને મૃત્યુપણ તૃણના જેવું તુચ્છ લાગે છે.[૨૮] અહો! જ્ઞાનદૃષ્ટિવાળા પંડિતોનો પણ કેવો વ્યામોહ છે કે શરીરરૂપી એક જડભાગનો નાશ પ્રાપ્ત થતાં 'અમે નાશ પામિયે છિયે' એવા મોહવડે ભયને ધારણ કરી લે છે.[૨૯] 'હું સ્વચ્છ ચિદાકાશરૂપ છું' એવો સત્યભાવ સ્થિર થઇ જતાં વજ્રપાત અને પ્રલયકાલનો અગ્નિદાહ પણ પુષ્પોની વૃષ્ટિ જેવો લાગે છે.[૩૦] આત્માનો નાશ નહિ થતાં છતાં 'હું નાશને પામી જાઉં છું, અને હું અમર ચિન્મય તત્ત્વરૂપ નથી,' એમ જે રુદન કરે છે તે એક વિવેકીઓની અપૂર્વ હાસ્યજનક વાર્તા છે.[૩૧] 'હું અચેતનરૂપજ છું, અને દેહ આદિરૂપે જે કાંઈ દેખાય છે તે હું નથી,' એવો અંદર જેને દૃઢ નિશ્ચય થઈ ગયો તે કોઈ દિવસ મોહને પ્રાપ્ત થતો નથી.[૩૨] હું ચિદાકાશરૂપ છું, મારો નાશ સંભવતો નથી, કેમકે જગત બધું ચિદાકાશવડે પૂર્ણ છે; તો પછી આમાં તમને (જન્મ-મરણ આદિનો) કેટલો, કેવો અને સહકારિ શો સંદેહ છે?[૩૩] અરે મહામૂઢ પુરુષો! ચિન્મયતત્ત્વને મૂકી દઇ તમે કોઇ બીજારૂપ હો તો કહો? પરંતુ વૃથા આત્માનો અપલાપ (નાકબુલાત) શા માટે કરો છો?[૩૪] જો ચેતન મરી જતું હોય તો તેની સાથે સંબંધ રાખનારા સર્વ મનુષ્યો મરી જવા જોઇએ, તો પછી તમે કેમ મરણને શરણ નશી થયા?[૩૫] આથી એમ જણાય છે કે ચેતન મરતુંજ નથી. કશું મરતું પણ નથી અને કશું જીવતું પણ નથી. 'હું જીવું છું અને મરું છું' એવી ભ્રાંતિને ચિદાત્મા અનુભવે છે; પણ પોતે કોઈ દિવસ નષ્ટ થતો નથી.[૩૬] ચિદાત્મા જેવા જેવા સંકલ્પને સ્ફુરાવે છે તેવું તેવું તે દેખે છે. આ અનુભવ વૃદ્ધથી લઇને ઠેઠ બાલકપર્યંત પ્રસિદ્ધ છે, પરંતુ ક્યાંય પણ ચિદાત્માનો નાશ થતો નથી.[૩૭] એ ચિદાત્મા સંસારને (દ્રષ્ટારૂપે) જુએ છે, મુક્તપણાને અનુભવે છે, અને સુખ-દુઃખને પણ જાણે છે, પણ તે સર્વ પોતાના ચિત્સ્વરૂપથી જુદું રહેલ નથી.[૩૮] પોતાનું ખરું સ્વરૂપ ન ઓળખાવાથી તે પોતેજ મોહ એવા નામને ધારણ કરી લે છે, અને પોતાના સ્વરૂપનું ખરું જ્ઞાન થતાં તે પોતેજ મોક્ષ એવા નામને ધારણ કરે છે.[૩૯] વસ્તુતાએ જોતાં કોઇ કાલે કે કોઈ સ્થલે કશાનો નાશ કે ઉત્પત્તિ થતીજ નથી, કેમકે સર્વ ચિન્માત્ર છે, અને આકાશના જેવું સ્વચ્છ છે.[૪૦] એવું પણ કાંઈ નથી કે જે સત્ય હોય અને એવું પણ કાંઇ નથી જે મિથ્યા હોય; બાકી ખરું જોતાં જેવિષે જેણે જેવો નિશ્ચય બાંધ્યો હોય તે પ્રત્યે તેવું થઈ રહેલ જણાય છે.[૪૧] ચિદાત્મા જગતની અંદર જેવા જેવા દૃઢ સંકલ્પનું સ્ફુરણ ઉઠાવે છે તેવું તેવું તેના અનુભવમાં આવે છે, આ વાત અનુભવસિદ્ધ છે, તેથી સર્વ પદાર્થોનો સમૂહ વિષ અને અમૃતની- પેઠે કાલપરત્વે, દેશકાલપરત્વે અને સહકારિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

કારણને યોગે અનેક આકારે પ્રતીતિમાં આવે છે, પણ ચિદાત્માનું અનુસરણ ન કરે એવું કશું પણ છે નહિ, આ વાત સુપ્રસિદ્ધ છે.[૪૨]

यद्यद्यथा जगति चेतति चेतनात्मा तत्तत्तथानुभवतीत्यनुभूतिसिद्धम् ॥ दृष्टं विषामृतदृशेव पदार्थजातं नातोस्ति संविदविधेयमिति प्रसिद्धम् ॥ ४२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અમરત્વપ્રતિપાદન' એ નામનો છન્નુમો સર્ગ સંપૂર્ણ. ૯૬

सर्ग ९७ मो.*

સર્વે વાદીઓના જૂદા જૂદા મતની સત્યતા

॥ श्रीवासिष्ठ उवाच ॥

संविन्मयत्वाज्जगतः स्वप्नस्य परमात्मनः ॥ ब्रह्माकाशतया सर्वं ब्रह्मैवेत्यनुभूयते ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગત કે જે એક જાતનું પરમાત્માનું સ્વપ્નજ છે, તે ચિદ્રૂપ હોવાથી અને બ્રહ્માકાશથી કશું પણ જુદું ન હોવાથી સર્વ બ્રહ્મરૂપ છે, એમ અનુભવ થાય છે.[૧] જગતરૂપી ભ્રમ અત્યંત દૃશ્ય હોવાથી અને મહાચૈતન્ય અદૃશ્ય હોવાથી ચિદાત્મા મદશક્તિની પેઠે પોતે અદૃશ્યરૂપે રહેલ છે, એ વાત પણ (તેમ માનનારને) સત્ય જેવી જણાય છે.[૨] સર્વ દૃશ્યનો ઉપરામ થતાં પ્રાપ્ત થનારો મોક્ષ અજ્ઞાનનેલીધે નહિ મળવાથી અને તેવિના અદ્વિતીય ચિદાત્મા અલભ્ય હોવાથી તથા મોક્ષસમયમાં પણ તેનો જુદો અનુભવ કરનાર બીજો કોઇ ન હોવાથી શૂન્યતાવાદ પણ (તે મત માનનારને) કેમ જાણે સત્ય હોય એમ ભાસે છે.[૩] પુરુષ ચિન્માત્ર છે, અને અકર્ત્તા છે, જગત પ્રધાનરૂપી મૂલકારણમાંથી મહત્તત્ત્વ અહંકાર આદિ ક્રમે આવિર્ભાવને પ્રાપ્ત થાય છે, એમ માનનારાઓ (સાંખ્ય મતવાળાઓ) ને તેવોજ અર્થ અનુભવમાં આવવાથી એ વાત સત્ય લાગે છે.[૪] દૃશ્ય એ બ્રહ્મનો એક વિવર્ત છે, એમ માનનારને (વેદાંતીને) તે મત સત્ય જણાય છે, કેમકે તેઓને સર્વ એવી જાતનુંજ દૃષ્ટિગોચર થાય છે, અને અનુભવમાં આવે છે.[૫] જગત પરમાણુઓના સમૂહરૂપ છે, એ (કણાદ, ગૌતમ આદિનું) મત પણ તેઓના વિચારને અનુસારે સત્ય છે, કેમકે જેવો જેવો જેને દૃઢ નિશ્ચય થાય તેવો તેવો તેને અનુભવ પણ થતો જાય છે.[૬] જેવું સર્વ અહીં દેખાય છે તેવુંજ પરલોકમાં છે. જગત ખરેખર અનિર્વચનીય છે, પણ તે સદ્રૂપ કે અસદ્રૂપ કહી શકાતું નથી. મનની પ્રૌઢ કલ્પનાને અનુસારે જગતની પ્રતીતિ થાય છે, આ વાત પણ (તેમ માનનારને તેવો અનુભવ હોવાથી) સત્ય જણાય છે.[૭] કેટલાક (ચાર્વાક આદિ) વાદીઓ બાહ્યજ સત્ય છે, પૃથિવી આદિ પંચભૂતોથી જુદો અંતરાત્મા નથી; એમ કહે છે. તેઓના વિચાર પ્રમાણે તે વાત પણ સત્ય છે, કેમકે અતીન્દ્રિય આત્માને તેઓ પોતાના દેહમાં વિચાર કરતાં છતાં જોઇ શકતા નથી.[૮] વસ્તુમાત્રનો પ્રતિક્ષણ ફેરફાર થતો જોવામાં આવવાથી ક્ષણિકવાદીઓની ક્ષણિકતા વિષેની બુદ્ધિપણ તેની દૃષ્ટિમાં યુક્તજ ભાસે છે, કેમકે સર્વના આદિરૂપ પરમતત્ત્વ સર્વશક્તિમાન હોવાથી તેમાં બધા વિકલ્પોનો સમાવેશ સંભવે છે.[૯] જેમ ઘડામાં પૂરેલો કલવિંક પક્ષી ઘડાનું મોઢું બુલંદ થતાં તેમાંથી ઉડી બહાર જતો

* આ સત્તાણુમા સર્ગમાં પરબ્રહ્મ સર્વશક્તિ હોવાથી સર્વ વાદીઓના જૂદા જૂદા મતની સત્યતાવિષે વર્ણન આવશે, અને સર્વ લોકોની ભોગોમાં આસક્તિ તથા તત્ત્વજ્ઞ પુરુષના વિરલપણાવિષે વિવેચન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહે તેમ દેહમાં પરિચ્છિન્ન આકારે રહેલો જીવ કર્મનો ક્ષય થઇ જતાં દેહમાંથી ઉડી જઇ પરલોકમાં જતો રહે છે. આવો (આર્હત મતનો) વિચાર પણ તેમ માનનારના અનુભવને અનુસારે સાચો લાગે છે; તેમજ યવન આદિની જીવ વગેરેની કલ્પના (તેના અનુભવપ્રમાણે) ખોટી કહી શકાતી નથી.[૧૦] વળી સત્પુરુષો વિપ્ર, અગ્નિ, વિષ, અમૃત અને મરણ વગેરે વિષમ પદાર્થોમાં પણ સમાન બુદ્ધિ રાખનારા હોય છે, કેમકે તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં બ્રહ્મજ સર્વરૂપ છે, અને સર્વના આત્મારૂપ છે.[૧૧] આ સર્વ સ્વભાવસિદ્ધજ છે, એવું સ્વભાવવાદીઓનું કહેવું પણ તે મત સ્વીકારનારાઓને યુક્ત જણાય છે, કેમકે શોધ કરતાં છતાં કોઈ બુદ્ધિમાન સર્વકર્ત્તા તેઓની બુદ્ધિમાં આરૂઢ થતો નથી.[૧૨] સર્વત્ર એકજ કર્ત્તા છે, એવી વાત કે જે ઈશ્વરમાં આસક્ત ચિત્તવાળા પુરુષો કહે છે તે પણ સત્યજ છે, કેમકે તે ઉપાસક પુરુષ પોતાનો દૃઢ નિશ્ચય હોવાથી સર્વકર્ત્તા પરમેશ્વરને જરૂર પ્રાપ્ત થાય છે. એ વાત અબાધિત છે.[૧૩] કેટલાક (આસ્તિકો) આ લોકની પેઠેજ પરલોકને પણ માને છે, અને તીર્થ-સ્નાન-અગ્નિહોત્ર-આદિ બીજાં કર્મો પણ (પરલોકમાં સુખસાધક હોવાથી) નિષ્ફલ નથી એવી તેઓની પ્રબલ ભાવના પણ સત્ય છે, એમ તમે સમજો.[૧૪] આ સર્વ શૂન્યજ છે, એવો શૂન્યવાદી બૌદ્ધોનો મતપણ (તેમના વિચાર પ્રમાણે) સત્ય છે, કેમકે એ શૂન્યવાદમાં વિચાર કરતાં છેવટ કશું પણ અવશેષ રહેતું નથી.[૧૫] આવી રીતે સર્વ વાદીઓના ઇચ્છિત વિચારને એક ચિદાત્માજ (ભાવનાને અનુસારે) ચિંતામણિની પેઠે અને કલ્પદ્રુમનીપેઠે પોતાની મેળેજ તત્કાળ સંપાદન કરી આપે છે કેમ કે જે પોતે પોતાના સ્વરૂપમાંજ ચિદાકાશરૂપે રહેલ છે.[૧૬] સત્ખ્યાતિવાદી, અસત્ખ્યાતિવાદી અને અનિર્વચનીયખ્યાતિવાદી, એ સર્વના મત પણ ખોટા નથી; કેમકે બ્રહ્મ કે જે સર્વશક્તિમાન છે તેની માયાશક્તિ અનિર્વચનીય છે, અને તે શૂન્ય પણ નથી તથા બ્રહ્મરૂપ પણ નથી; જેથી અનિર્વચનીય કહી શકાય છે.[૧૭] જે પુરુષ જેવા નિશ્ચયમાં સ્થિર થઈ રહ્યો હોય તેમાંથી જો પોતાની બાલબુદ્ધિથી પાછો ન હઠે તો અવશ્ય ફલ મેળવે છે. બુદ્ધિમાન પુરુષે પંડિતો સાથે વિચાર કરી શ્રેષ્ઠ વસ્તુ કે જે તત્ત્વરૂપ હોય તેમાં રૂઢ થઈ ગએલો નિશ્ચય ગ્રહણ કરવો, પણ જે તે સિદ્ધાંત વિચાર્યાવિના ગ્રહણ કરી લેવો નહિ.[૧૮] શાસ્ત્રના અધ્યયનથી અને વ્યવહારથી (આચરણથી) માણસ ઉત્તમ બુદ્ધિવાળો થાય છે. તેમાં જે સ્થલમાં એવો ઉત્તમ બુદ્ધિવાળો પંડિત ભાગ્યયોગે મળી જાય ત્યાં તેનો આશ્રય પકડવો.[૨૦] સચ્છાસ્ત્રપ્રમાણે વ્યવહાર (આચરણ) કરનારા સત્પુરુષોમાં કાંઈ દૈવયોગે સંદેહનેલીધે વિવાદ પેદા થાય તો તેમાં પણ જે સૌનું સમાધાન કરી તેઓને આનંદ ઉપજાવે અને નિષિદ્ધ આચરણથી રહિત હોય તે પુરુષને શ્રેષ્ઠ સમજવો અને તેનો આશ્રય કરવો.[૨૧] જલ જેમ અહર્નિશ નીચા પ્રદેશ તરફ ગતિ કરે તેમ સર્વ પ્રાણીઓ અહર્નિશ શ્રેય તરફ દોડે છે, અને પોતાના નિશ્ચયપ્રમાણે મેળવે પણ છે, તો તેમાં કયું ખરૂં પરમ પુરુષાર્થનું સાધન છે, તેનો વિચાર કરી પછી તેનો આશ્રય ગ્રહણ કરવો.[૨૨] સંસારરૂપી સાગરમાં મનોરથોની પરંપરાઓરૂપી તરંગોવડે તણાતાં જતાં પ્રાણીઓના બધા દિવસો ઘાસ ઉપર પડેલાં બિંદુઓનીપેઠે નહિ જણાતાં વૃથા ચાલ્યા જાય છે.[૨૩]

શ્રી રામચંદ્રજી કહે છે:—વિશાલ ચિદા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

કાશની અંદર પ્રાણીઓની ભોગસંબંધી તૃષ્ણા લતાની પેઠે પ્રથમ હજારો જગતરૂપી વેલાઓને પ્રસારી દઇ પોતે પણ પ્રસરી રહી છે, તો તેમાં સારાસારનો વિચાર કરી પરમાર્થ તરફ લક્ષ્ય રાખનારા તત્ત્વજ્ઞ પંડિતો વિરલજ હશે ?[૨૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રત્યેક જાતિમાં એવા નામાંકિત પુરુષો થોડાજ હોયછે કે જેઓના દિવસો સૂર્યનારાયણના પ્રકાશના જેવા મહાદેદીપ્યમાન જ્ઞાનપ્રકાશવડે વ્યતીત થાય છે.[૨૫] સર્વ મૂઢ પુરુષો મહામોહમય સંસારસાગરની અંદર ભોગની તૃષ્ણારૂપી વંટોળીયા વાયુના જેવી પ્રબલ ચકરીઓના ઝપાટાવડે તણાતા જઈ ઘાસની પેઠે નીચે અને ઉંચે ભટકતા રહી પ્રવાહમાં વહ્યા જાય છે.[૨૬] સ્વર્ગમાં દેવતાઓ આત્મનિષ્ઠામાંથી ભ્રષ્ટ થઇ પર્વતમાં દાવાનલવડે બળતાં વૃક્ષોની પેઠે ભોગોરૂપી અગ્નિમાં સારીપેઠે બળી ભસ્મ થઇ જાય છે.[૨૭] મદોન્મત્ત દૈત્યોને પણ દેવતાઓ ઉચ્છૃંખલ થઈ રહેલા હાથીની પેઠે મહાઘોર એવા ભગવાનરૂપી મોટા ખાડામાં પછાડે છે.[૨૮] ગંધર્વોમાં વિવેકનો લેશપણ દેખાતો નથી અને તેઓ ગીતરૂપી મદિરાનું પાન કરી કામ-ક્રોધ આદિ ષડ્ વર્ગના કબજામાં આવી જઇ હરિણનીપેઠે મૃત્યુરૂપી પારધિની પાસે ચાલ્યા જાય છે.[૨૯] વિદ્યાધરો પોતે વિદ્યાઓના આધારરૂપ હોવાથી તેમાંજ મોહિત થઇ જઇ આવિર્ભાવ પામેલા ઉદાર વિવેકનો પણ આદર કરતા નથી.[૩૦] ભય-જ્વર-ઉન્માદ-આદિ દોષોને ઉત્પન્ન કરી જગતમાં ક્ષોભ પેદા કરનાર યક્ષો કેમ જાણે પોતાના દેહને સ્થિરજ માનતા હોય તેમ (મણિ-મંત્ર આદિ) સહાયતા વિનાના બિચારા બાલ, વૃદ્ધ અને આતુર(રોગી)પુરુષોમાં પોતાની ચતુરતા બતાવે છે.[૩૧] હાથીના જેવા મદોન્મત્ત રાક્ષસોનો વિષ્ણુ કે જે તેમના શત્રુરૂપ છે તેણે સિંહની પેઠે આગળ સંહાર કરેલ છે, અને હવે પછી પાછા તમે પણ પોતાની શક્તિવડે તેમનો સંહાર કરશો.[૩૨] જેમ અગ્નિમાં પડેલી આહૂતિઓ ધૂમાડાવાળી અને પવનના સપાટાવાળી પોતાની જ્વાલાવડે પોતાના સ્વરૂપને વ્યાપ્ત દેખે તેવીજ રીતે પિશાચો અજ્ઞાનરૂપી ધૂમાડાના અંધકારમાં પવનની પેઠે ક્રોધ-હિંસા આદિરૂપી જ્વાલાને ઉત્પન્ન કરનારી પ્રાણીઓનું ભોજન કરી જવારૂપી ચિંતાવડે પોતાના આત્માને વ્યાપ્તજ દેખે છે.[૩૩] અનેક નાગોના સમૂહરૂપી કમલો પાતાલમાંજ નિમગ્ન થઈ રહેલ છે, અને વૃક્ષોનાં મૂળીયાંની પેઠે તેઓ સારી પેઠે જડ થઇ રહેલ છે.[૩૪] અસુરોનાં બાળકો કે જેઓ પૃથ્વીમાં રહેનારા કીડાઓની પેઠે ગુફાઓમાં કે ખાડાઓમાંજ નિવાસ કરી રહે છે તેઓમાં તો વિવેકની વાતજ શી કહેવી ?[૩૫] ઘણું કરી મનુષ્યો થોડાક કણનેમાટે પણ કીડીઓની પેઠે રાત્રિ—દિવસ પૃથ્વીપર ફર્યા કરે છે.[૩૬] પોતાનું અભીષ્ટ સંપાદન કરવામાં વ્યગ્ર થઇ રહેલી સર્વ પ્રાણીઓની જાતના દિવસો મદોન્મત્ત પુરુષોની પેઠે દુષ્ટવાસનાવડે વૃથાજ ચાલ્યા જાય છે.[૩૭] અગાધ જલમાં પડેલા અને તેમાં ડુબી રહેનારા પુરુષને જેમ બહારની સૂકી રજનો સ્પર્શ ન થાય તેમ કોઇ મનુષ્યને અંદર નિર્મળ વિવેક સ્પર્શ કરતો નથી.[૩૮] જેમ ખેડુતોએ દાણાને ચોખ્ખા કરવામાટે ખળાંઓમાં સુપડાવડે ઉડાવેલ ફોતરાંઓના સમૂહને પવન દૂર ખેંચી જાય, તેમ દેહ આદિમાં અભિમાન બંધાવારૂપી પવન મનુષ્યોને અહિંસા-સત્ય-અક્રોધ આદિ નિયમોમાંથી ચલિત કરી દઇ હિંસા-અસત્ય-ક્રોધ આદિ તરફ ખેંચી જાય છે.[૩૯] જોગણીઓના સમૂહો, મદ્ય-રુધિર-આદિનું પાન કરવું તથા માંસ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિનું ભક્ષણ કરવું એરૂપી કાદવવાળાં, મહાગહન એવાં અને વિષય-વાસનારૂપી દુર્ગંધવાળાં નાનાં તળાવમાં પામર પ્રાણીની પેઠે પડેલા છે.[૪૦] ફક્ત કેવળ યમ, ચંદ્ર, ઈંદ્ર, રુદ્ર, સૂર્ય, વરુણ, પવન, વિષ્ણુ, બ્રહ્મા, બૃહસ્પતિ, શુક્ર અને અગ્નિ આદિ જીવન્મુક્ત થઈ રહેલા છે.[૪૧] પ્રજાપતિઓમાં સપ્તઋષિ, દક્ષપ્રજાપતિ આદિ અને કશ્યપ આદિ જીવન્મુક્ત છે; તેમજ નારદ આદિ, કાર્તિકસ્વામી આદિ, સનક આદિ અને બીજા પણ કેટલાક દેવપુત્રો જીવન્મુક્ત દશામાં રહેલા છે.[૪૨] દૈત્યોમાં હિરણ્યાક્ષ, બલિ, પ્રહ્લાદ, શંબર, મય, વૃત્ર, અંધ, નમુચિ, કેશિપુત્ર અને મુર આદિ જીવન્મુક્તપણે રહ્યા છે.[૪૩] રાક્ષસોમાં વિભીષણ આદિ અને પ્રહસ્ત ઈંદ્રજિત્ આદિ જીવન્મુક્ત છે. નાગોમાં શેષ, તક્ષક, કર્કોટક અને મહાપદ્મ આદિ જીવન્મુક્ત છે.[૪૪] બ્રહ્મલોકમાં, ઈંદ્રલોકમાં અને વિષ્ણુલોકમાં રહેનારા જીવન્મુક્ત છે. તુષિત-સિદ્ધ-સાધ્ય આદિ દેવયોનિવાળા પણ કેટલાક સ્વભાવેજ મુક્ત છે.[૪૫] પરંતુ હે રામચંદ્રજી ! મનુષ્યમાં તો કેટલાક રાજાઓ અને કેટલાક ઋષિઓ તથા ઉત્તમ બ્રાહ્મણો વિરલજ જીવન્મુક્ત હોય એમ સંભવે છે.[૪૬] દિશાઓમાં બહુ પ્રકારના અનેક પ્રાણીઓ રહેલા છે, પરંતુ તેમાં બોધવાળા વિરલજ હોય છે. ફલોના અને પલ્લવોના સમૂહવાળાં વૃક્ષો તો અનેક હોય છે પણ કલ્પદ્રુમો તો વિરલજ હોય એમ સંભવે છે.[૪]

भूतानि सन्ति सकलानि बहूनि दिक्षु बोधान्वितानि विरलानि भवन्ति किंतु ॥ वृक्षा भवन्ति फलपल्लवजालयुक्ताः कल्पद्रुमास्तु विरलाः खलु संभवन्ति ॥ ४७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિવેકિવિરલત્વવર્ણન' એ નામનો સત્તાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૭

सर्ग ९८ मो.*

તત્ત્વવેત્તા પુરુષોનાં લક્ષણો

॥ श्रीवसिष्ठ उवाच ॥

विवेकिनो विरक्ता ये विश्रांता ये परे पदे ॥ तेषां तनुत्वमायांति लोभमोहादयोरयः ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે પુરુષો વિવેકી, વિરક્ત અને પરમપદમાંજ વિશ્રાંત હોય છે તેઓનામાં લોભ, મોહ આદિ રિપુઓ થોડાપણાને પ્રાપ્ત થઈ જાય છે.[૧] તેઓ હર્ષ કે ક્રોધ કરતા નથી, વિષયોમાં તેઓનો ઝાઝો અભિનિવેશ હોતો નથી, લોકોનાથી તેઓ પોતે ઉદ્વેગને પ્રાપ્ત થતા નથી, તેમ લોકોને પોતે પણ ઉદ્વેગ ઉપજાવતા નથી.[૨] નાસ્તિકપણાના અભિમાનથી કે આસ્તિકપણાના અભિમાનથી તેઓ શુષ્ક વૈદિકનીપેઠે અતિશય કલેશ કરનારાં કષ્ટકારક કર્મોના અનુષ્ઠાનમાં મંડ્યા રહેતા નથી, તેઓનું આચરણ મનોહર અને મધુર હોય છે, તેમજ તેઓનું ભાષણ પણ લોકપ્રિય અને કોમળ હોય છે.[૩] ચંદ્રમાનાં કિરણોનીપેઠે સંગમાત્રથીજ તે અંદર આનંદને ઉત્પન્ન કરે છે. કાર્યોનો ક્ષણવારમાં તે વિવેક અને નિર્ણય કરી શકે છે.[૪] તેઓનો આચાર કોઇને ઉદ્વેગ ઉત્પન્ન કરે તેવો હોતો નથી. ચતુર નાગરિક પુરુષોની પેઠે તેઓ સર્વની સાથે બંધુભાવ રાખે છે. તેઓનો બહારનો આચાર સર્વ ઇતર પ્રાણીઓના જેવોજ હોય છે, પરંતુ અંદરથી તેઓ સર્વ બાબતમાં શીતલ હોય છે.[૫] શાસ્ત્રોના અર્થવિચારમાં તેઓ રસિક હોય છે. લોકોના સર્વ પૂર્વાપર વિષયોનું તત્ત્વજ્ઞ પુરુષોને ઘણું સારૂં જ્ઞાન હોય છે. અમુક વિષય તજવા યોગ્ય છે અને અમુક વિષય લેવા યોગ્ય છે, એમ

* આ અઠ્ઠાણુમા સર્ગમાં તત્ત્વજ્ઞ સત્પુરુષોનાં લક્ષણો કહેવાશે કે જેથી તેઓની પરીક્ષા કરી તેના [illegible] તેઓનો આશ્રય કરી શકાય.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

તેઓ સારી પેઠે સમજે છે, તથા યથાપ્રાપ્ત વ્યવહાર કર્યે જાય છે.[૬] નિષિદ્ધ કાર્યોથી તેઓ સદા નિવૃત્તજ રહે છે, અને સદાચાર પાળવામાં રસિક હોય છે. જેમ પ્રફુલ્લ થએલાં કમલો ભમરાને આદર આપે તેમ આવેલા અર્થિને (યાચક-અતિથિને) તેઓ આવરણ રહિત એવા ઉપદેશરૂપી સુગંધવડે, ઉત્તમ આશ્રય આપવાવડે અને સુખકારક અન્નપાનવડે પૂજે છે. મનુષ્યોના સમૂહને પોતાના સદ્‌ગુણોથી વશ કરી લેછે. મનુષ્યોનાં પાપોને (સંગથી અને ઉપદેશથી) તેઓ નિવૃત્ત કરી દે. છે[૭,૮] શીતલ આરામની પેઠે તે સ્નિગ્ધ દેખાય છે. વર્ષાઋતુમાં પ્રસન્ન રહેનારાં સુંદર વાદળાંની પેઠે તેઓ સદા પ્રસન્ન રહે છે. રાજાઓનો ભંગ કરનાર તથા દેશનો ભંગ કરનાર અને પ્રાણીઓને વ્યાકુલ બનાવી દેનારા એવા દુર્ભિક્ષ–મહામારી–લડાઇ વગેરેથી આવી પડેલા મનુષ્યોના ક્ષોભને પોતાના તપના પ્રભાવથી સત્પુરુષો, પર્વતો જેમ ધરતીકંપને રોકે તેમ રોકી દેછે. પ્રાણીઓને તેઓ વિપત્તિમાં ઉત્સાહ આપે છે, અને સંપત્તિમાં સુખ ઉપજાવે છે.[૯,૧૦] ચંદ્રબિંબની પેઠે તેઓનો દેખાવ શીતલ અને શાંત હોય છે. પતિવ્રતા સ્ત્રીઓની પેઠે રૂપ–સ્નેહ–મધુરતા–આદિ ગુણોને તેઓ ધારણ કરે છે. વસંતની પેઠે સાધુ પુરુષો યશરૂપી પુષ્પોવડે દિશાઓને સ્વચ્છ કરી દેછે. ઉત્પન્ન થનારાં શુભ ફલોના તેઓ હેતુરૂપ થાય છે, અને પુંસ્કોકિલોના જેવોજ તેઓનો આલાપ મધુર હોય છે. સદા તટસ્થ રહેનારા સત્પુરુષોરૂપી પર્વતો તરંગોવડે મોટી ચકરીઓવાળા, વ્યામોહરૂપી મગરમચ્છના નિવાસરૂપ, જેમ જાણે મૂર્ત્તિમાન હેમંત ઋતુજ આળોટતો હોય તેવા દેખાતા અને મનુષ્યના નિવાસસ્થાનને હરકત કરનારા તથા વિચારોરૂપી તરંગોના ક્ષોભવડે ચપળતાવાળા (નરપતિ આદિ) પરપુરુષના ચિત્તરૂપી મહાસાગરને (વિવેકના ઉપદેશવડે) રોકી રાખવાને શક્તિમાન થઇ શકે છે. આપત્તિઓમાં, બુદ્ધિ નાશ કરે તેવા વિષમ પ્રસંગમાં, શોક, મોહ, જરા, મૃત્યુ, ક્ષુધા, પિપાસારૂપી છ ઉર્મિઓના ઝપાટામાં, પ્રાણીઓને આકુલ બનાવી દેનારા દેશભંગ આદિમાં અને દુરંત સંકટોમાં સત્પુરુષોજ સત્પુરુષોની ગતિરૂપ થાય છે. ઉપર કહેલાં ચિહ્નોવડે તથા બીજાં પણ (આગળ લખાઇ ગયેલાં) ચિહ્નોવડે ઉત્તમ ચિત્તવાળા મહાત્મા પુરુષોને ઓળખી લઇ સંસારમાર્ગમાં ભટકી થાકી ગએલા પુરુષે અદ્વિતીય બ્રહ્મમાં વિશ્રાંતિ મેળવવા માટે તેનો આશ્રય પકડવો, કેમકે સર્પના જેવો મહાભયંકર સંસારરૂપી સાગર અત્યંત વિષમ છે કે જે સત્સંગવિના બીજાં કોઇપણ વહાણથી તરી શકાતો નથી. "મારૂં જે થવાનું હોય તે ભલે થાઓ, મારે વિચાર કરવાનું શું પ્રયોજન છે ?"[૧૧-૧૭] એમ અંદર પ્રમાદ રાખી ખાડામાં પડેલા કીડાની પેઠે બેહું રહેવાનું નથી. ઉપર બતાવેલા ગુણમાંથી એકજ ગુણમાત્ર જેમાં રહેલ હોય તેનો, તેના એ ઉત્તમ ગુણને ઉદ્દેશી, તેના બીજા દોષોતરફ્ લક્ષ ન આપતાં, બીજાં કાર્યોમાંથી નિવૃત્ત થઈ આશ્રય ગ્રહણ કરવો. ગુણ-દોષને જાણવા માટે બાલ્યવયથી માંડી પોતાના પ્રયત્નથી જેવી રીતે ગુણદોષનું યથાર્થ જ્ઞાન થવું સંભવિત હોય તેવે પ્રકારે સત્સંગથી અને શાસ્ત્રથી પોતાની બુદ્ધિને પ્રથમ તો વધારવી. કાંઇપણ દોષના લેશનો પણ આદર નહિ કરતાં નિરંતર સજ્જનની સેવા કરવી.[૧૮,૧૯] કદાચિત્ તેમાં એવા સ્થૂલ દોષ દેખાતા હોય કે જેનો પરિહાર થઇ શકે એવું નહોય તો પછી તેનો ક્રમે કરીને ધીમે ધીમે ત્યાગ કરવો. રમ્ય વસ્તુ પણ અરમ્યતાને પ્રાપ્ત થાય છે, અને સ્થિરવસ્તુ અસ્થિરપણાને પ્રાપ્ત થાય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે, અને લોકમાં તેમ દેખાય પણ છે, તેથી હું જાણું છું કે વખતે સજ્જન પણ અસજ્જનપણાને પ્રાપ્ત થઇ જાય છે; પરંતુ સજ્જન દુષ્ટતાને પ્રાપ્ત થાય એ એક મોટો ઉત્પાત છે.[૨૦-૨૨] દેશ-કાલને યોગે કોઇ સમયે મનુષ્યોનાં પાપોને યોગે કોઇ મોટો ઉત્પાત પણ દેખવામાં આવે છે. સર્વ કર્મોનો ત્યાગ કરી સદા સજ્જનસમાગમ કરવો, કેમકે સજ્જનોની સંગતિ આ લોક અને પરલોક એ બેય સુધારવામાં સાધનરૂપ છે; એ વાત નિર્વિવાદ છે.[૨૩] કોઇપણ સમયે સજ્જન (ગુરુ) થી બહુ દૂર થઇ રહેવું નહિ. નિત્ય વિનયવાન થઈ મહાત્માઓની શુશ્રૂષા કરવી, કેમકે તેના સમીપમાં રહેનારા પુરુષની અંદર, વગર યત્ને સર્વત્ર પ્રસરી રહેનારા મહાત્માઓના શમ–દમ આદિ ગુણોરૂપી પુષ્પરજ (પરાગ) અવશ્ય દાખલ થઇ જાય છે.[૨૪]

न सज्जनाद्दूरतरःक्वचिद्भवेद्भजेत साधून्विनयक्रियान्वितः ॥ स्पशन्त्ययत्नेन हि तत्समीपगं विसारिणस्तद्गतपुष्परेणवः ॥२४॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સજ્જનસમાગમપ્રશંસા' એ નામનો અઠ્ઠાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૮

સર્ગ ૯૯ મો.*

સંસારમાં તિર્યક્ અને સ્થાવર જાતિના ભોગો.

॥ શ્રીરામ ઉવાચ ॥

संति दुःखक्षयेऽस्माकं शास्त्रसत्संगयुक्तयः ॥ मंत्रौषधितपोदानतीर्थपुण्याश्रमाश्रयाः ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છે:—આપણે કે જે મનુષ્યજાતિના છિયે તેના દુઃખક્ષયને માટે શાસ્ત્ર, સત્સંગ, યુક્તિ (યોગ કિંવા યુક્તિ-પ્રયુક્તિ), મંત્ર, ઔષધિ, તપ, દાન, તીર્થ અને પવિત્ર આશ્રમોનો આશ્રય વગેરે ઉપાયો છે;[૧] પરંતુ કૃમિ–કીટ–પતંગ આદિ તિર્યક્ જાતિ અને સ્થાવર જાતિના દુઃખનો ક્ષય કયા ઉપાયથી થાય અને તેઓ કેવી રીતે જીવે છે, તથા તેઓ કેવા અરંભવાળા હોય છે?[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છે:—આ જગતમાં સર્વ સ્થાવર જંગમ પ્રાણીઓ પોતાની યોનિને યોગ્ય એવા ભોગોવાળી સુખની સત્તામાં સારીપેઠે વિશ્રાંત થઈ રહેલ છે.[૩] ઝીણા જીવો પણ આપણી પેઠેજ પોતાની યોનિને યોગ્ય એવાં સુખ ભોગવવાની ઇચ્છાવાળા હોય છે; પરંતુ આપણે ભોગોમાં થોડી આસ્થાવાળા છિયે અને આપણને વિઘ્નો પણ ઓછાં આવે છે, અને નાના જીવોને ભોગોમાં આસ્થા વધારે હોય છે, તથા તેને પર્વતના જેવાં મોટાં વિઘ્નો આડાં આવે છે.[૪] જેવી રીતે વિરાટ (બ્રહ્માંડરૂપી શરીરનો અભિમાની સમષ્ટિ જીવ) પોતાના ભોગનેમાટે યત્ન કરે છે તેવીજ રીતે મોવાળાના અગ્રભાગ જેવા ઝીણા જીવડાઓ, કીડાઓ અને મસલાં માંકડ વગેરે પ્રાણીઓ પણ બાળકની વાળેલી મુઠીના વચલા છિદ્રના કરતાં પણ નાના પોતાના સ્થાનમાં પોતાના ભોગને માટે યત્ન કરે છે, એ અહંકારનો વિલાસ તમે જુઓ.[૫] એક શૂન્ય આકાશમાંજ રહેનારાં પક્ષીઓ નિરાધાર આકાશની અંદર ઉત્પન્ન થતાં રહે છે, અને મરણને પણ પ્રાપ્ત થતાં રહે છે, કે જેઓને ક્ષણવાર પણ સ્વસ્થતા પ્રાપ્ત થતી નથી.[૬] કીડીને પોતાનેમાટે કણનો સંગ્રહ કરવો, પોતાના સ્થાનની કલ્પના કરવી અને પોતાના કુટુંબના પોષણમાટે યત્ન કરવો એ વગેરે ચેષ્ટાથી આપણા દિવસના જેટલો લાંબો સમય પણ એક ક્ષણની પેઠે પૂરો પડતો નથી.[૭] તિમિ એવા નામનો ત્રસરેણુના જેવડો એક નાનો જીવડો થાય છે, તેનો ચાલવાનો

* આ નવાણુમા સર્ગમાં કૃમિ–કીટ–પતંગ આદિ તિર્યક્ જાતિ અને સ્થાવર જાતિનો સંસારમાં જેવો ભોગ હોય છે તે સર્વ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વેગ ગરુડના જેવો જોવામાં આવે છે.[૯] અમુક (શરીર આદિ) હું છું અને અમુક (સ્ત્રીપુત્ર આદિ ભોગ્યવિષય) મારૂં છે, એવી કલ્પના ખડી થઇ જઇ, અનેક ગુણોની સાથે જગત વિશાલ આકારે જેમ મનુષ્યોને પ્રતીતિમાં આવે છે, તેવીજ રીતે કૃમિને પણ તેની પ્રતીતિ થાય છે.[૯] વ્રણમાં પડેલા કીડાઓની પેઠે આપણું (મનુષ્યોનું) જીવિત પણ દેશ, કાલ, ક્રિયા અને દ્રવ્યના સંબંધથી વ્યગ્રતાવાળી વિષયવાસનાવડે વૃથા ચાલ્યું જાય છે.[૧૦] વૃક્ષો કાંઇક જાગ્રત અવસ્થાવાળાં હોય છે, પાષાણો ઘાટી નિદ્રાની દશા ભોગવે છે. અને કૃમિ–કીટ–આદિ જીવો મનુષ્યનીપેઠે જ પોતપોતાને યોગ્ય વિષય ભોગવવામાં નિદ્રા અને જાગ્રત એ બન્ને સ્થિતિવાળા હોય છે.[૧૧] કૃમિ–કીટ આદિ પ્રાણીઓને શરીરની સ્થિતિના સમયમાં સુખ રહે છે, પરંતુ આપણી પેઠેજ શરીરનો નાશ તેઓને પણ દુઃખ ઉત્પન્ન કરે છે. શરીરમાં જીવિત સ્થિર થઈ રહેવું એ તો તેઓને પણ પ્રિયજ હોય છે.[૧૨] જેમ વેચાઇ જઇ કોઇ બીજા દ્વીપમાં ગએલો ગુલામ એ દ્વીપને ઉદાસીનપણાથી જુએ તેજપ્રમાણે પશુ–મૃગ આદિ પણ પોતાના ઉપભોગમાં નહિ આવનારા પદાર્થોના સમૂહને ઉદાસીનપણાથી જુએ છે.[૧૩] આપણી પેઠેજ તિર્યક્ જાતિને પણ આ સંસાર સુખ-દુઃખ પેદા કરે છે, પરંતુ કેવલ તેઓ પદાર્થોનો વિભાગ કરી શકતા નથી.[૧૪] બળદ વગેરે પશુઓ (નાથવાનેલીધે) હૃદયમાં પેદા થતાં સુખ-દુઃખોવડે અકળાય છે, અને બહાર તેના ધણીઓ નાકમાં નાથ નાખી ખેંચી જાય છે. એવી રીતે તેઓ બન્ને પ્રકારે પરાધીનપણે ખેંચાયા જતાં છતાં પોતાના દુઃખનો પરિહાર કરવામાં કે તેનું નિવેદન કરવામાં શક્તિમાન થતા નથી. એવીજ સ્થિતિ દ્વીપાંતરમાં વેચાએલા પામર પુરુષો (ગુલામ વગેરે) ની હોય છે.[૧૫] આપણલોકો કે જેની સ્પષ્ટ સુકુમાર ત્વચા હોય છે તેઓને સુષુપ્તિ અવસ્થામાં જેવો સુખ–દુઃખ આદિનો અનુભવ થાય છે, તેવોજ અનુભવ વૃક્ષો વેલાઓ અંકુરો-આદિને સ્પષ્ટપણે થતો હોયછે.[૧૬] આપણે (મનુષ્યજાતિ કે જેઓ જેમ બીજાં પ્રાણીઓ દેશમાં દુકાળ વગેરેથી કાંઈક ક્ષોભ થતાં ત્યાંથી નીકળી જઇ દર્ભના ડાભસૂળીયામાં અને તપેલી વેળુમાં ચાલીને અને માથે ભાર ઉપાડીને જંગલમાં નીકળી પડે તેમ) સંસારરૂપી અરણ્યમાં નીકળી પડયા છીએ તેને ચારે કોરથી ભયાતુરપણે જેવો પદાર્થોનો અનુભવ થાય તેવોજ અનુભવ ભયાતુરપણામાં રહેલી પક્ષિ–સર્પ–આદિ તિર્યક્ જાતિને પણ થાય છે, એ વાત નિર્વિવાદ છે.[૧૭] જો વિક્ષેપને મૂકી દઈ વિચાર કરીએ તો ઇંદ્રને અને નાના કીડાને પોતાના સ્વરૂપાનંદમાં અને આહાર-નિદ્રા-મૈથુન-આદિથી થતાં સુખમાં કશો અંતર નથી. એ વિષયમાં બેઉના મનની પ્રસન્નતા સરખીજ હોય છે. બાકી બેઉનો માનસિક વિક્ષેપ દુર્નિવાર છે.[૧૮] રાગ,દ્વેષ,ભય,આહાર અને મૈથુનથી ઉત્પન્ન થતું સુખ-દુઃખ અને જન્મ-મરણ-આદિનો ખેદ તિર્યક્ જાતિને પણ આપણી પેઠેજ હોય છે; તેમાં કશો ભેદ હોતો નથી,[૧૯] શાસ્ત્રથી જાણવામાં આવતાં પુણ્ય-પાપ, બ્રહ્મતત્ત્વ આદિનું જ્ઞાન, થઇ ગએલી વાતનું જ્ઞાન, અને ભાવિ વસ્તુનું જ્ઞાન, એ વગેરે બાબતને એક બાજુ રાખી બાકી બીજું જ્ઞાન નોળિયાં, સર્પ, શિયાળ, હાથી આદિ પશુઓમાં મનુષ્યના જેવું હોય છે.[૨૦] વૃક્ષો કે જેઓ સુષુપ્તિ અવસ્થાની સ્થિતિમાં સદાકાળ રહે છે તેના જેવી મૂઢ અવસ્થાવાળી પોતાની સત્તાને પર્વતો વગેરે પણ અનુભવે છે, અને બીજા કેટલાક હિમાલય–મેરુ વગેરે પર્વતો અખંડ ચિદાકાશનોજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અનુભવ કરતા રહી સદાકાલ સમાધિમાં રહેલ છે.[૨૧] વૃક્ષ આદિ ગાઢ નિદ્રાના જેવી દશામાં રહે છે તેમ પર્વતો પણ પોતાની સત્તામાંજ રહ્યા છે, અને જે જંગમ પ્રાણીઓ છે તે પણ તેનું મૂલસ્વરૂપ તપાસીએ તો ચિદાકાશરૂપ છે; માટે જે કાંઇ કોઇપણ સમયે દેખાય છે તે ચિદાકાશવિના બીજું કશું નથી.[૨૨] પર્વત આદિની સત્તા અને વૃક્ષોની નિદ્રા જેવી સ્થિતિ અખંડ ચૈતન્યરૂપ છે, કેમકે તેઓને દ્વૈતનું ભાન હોતું નથી; માટે તેઓની દૃષ્ટિવડે જોઇએ તોપણ જગત એક ચિદાકાશરૂપજ છે.[૨૩] જ્યાંસુધી અજ્ઞાનદૃષ્ટિવડે જોવામાં આવે ત્યાંસુધી જગત જોવામાં આવે છે, પરંતુ જો તેનું યથાર્થ સ્વરૂપ જાણવામાં આવે તો તમે કે હું, કશું તેમાં જણાતું નથી, તેમ સત્તા કે અસત્તા એ પણ હોતાં નથી. તેમ હવે પછી તેમાં ભવિષ્ય કોટિમાં પણ કશું રહ્યું નથી.[૨૪] આ સર્વ યથાસ્થિતપણે (વિવર્તરૂપે) તેમાં રહ્યા છતાં સદાકાલ શિલાના જેવું એકરસ નિર્વિકલ્પ બ્રહ્મતત્ત્વજ સર્વત્ર ભરપૂર છે, કે જે અનાદિ અને અનંત છે, છિદ્રરહિત છે, નિદ્રાથી પણ રહિત છે, અને કેમ જાણે સ્વપ્નરૂપે પોતાની અંદર તે જગતની વિચિત્ર રચનાને કલ્પી લેતું હોય તેવું છે.[૨૫] સૃષ્ટિના પૂર્વકાલમાં જેવી રીતે એક પરબ્રહ્મજ સર્વત્ર સમાન રીતે રહેલ હતું તેવી રીતે હમણાં પણ તેજ ભરપૂર છે, અને હવે પછીના અનંત કાલસુધી પણ તે બ્રહ્મજ ભરપૂર રહેશે.[૨૬] વસ્તુતાએ જોતાં પોતાપણું કે પારકાપણું, જગતની સત્તા કે સાવ શૂન્યપણું, મૌનપણું કે તેને ધારણ કરવાપણું, એ કશું પણ અહિં સંભવતું નથી.[૨૭] તમે સુખેથી યથાસ્થિતપણે રહો અને હું પણ યથાસ્થિતપણે સુખેથી રહ્યો છું. અહિં પરમ શાંત ચિદાકાશની અંદર સુખ દુઃખનો જરાપણ સંપર્ક નથી.[૨૮] સ્વપ્ન-નગરમાં ચિદાકાશવિના બીજું શું રહ્યું છે એ તમે જ કહો. જે કાંઇ પ્રતીતિમાં આવે છે તે સ્વચ્છ, શાંત, નિર્વિકાર, પરબ્રહ્મજ વિવર્તરૂપે તેવે આકારે થઇ રહેલ છે.[૨૯] માત્ર એક અવિદ્યાજ તેમાં ભ્રાંતિ પેદા કરે છે. એ અવિદ્યાનું પણ ખરેખરું સ્વરૂપ ઓળખવામાં આવે તો તે પણ કોઇ ઠેકાણે છે નહિ.[૩૦] જગતરૂપી સ્વપ્નનું વાસ્તવરૂપ ઓળખાઇ જાય તો તેમાં કશું પણ સત્ય છે નહિ, તો પછી તેમાં શો અભિનિવેશ રાખવાનો છે ? વંધ્યાપુત્ર ઉપર શો સ્નેહ રાખવો ? કાંઇ નહિ.[૩૧] સ્વપ્નના સમયને સ્વપ્નરૂપે ન ઓળખવાથી અજ્ઞાનવડે જગતરૂપી સ્વપ્ન પ્રત્યેક પરમાણુમાં રહેલ ભાસે છે તે મિથ્યા છે તેમાં ઉપાદેયબુદ્ધિ શી રાખવી ? અને તેમાં આસ્થા પણ શી રાખવી ? કેમકે પ્રબોધ (જ્ઞાન અને જાગ્રત અવસ્થા) પ્રાપ્ત થતાં એ કશું પણ જણાતું નથી.[૩૨] જે જગત જ્ઞાનદશામાં અસત્ય જણાય તે અજ્ઞાનદશામાં પણ વસ્તુતાએ જોતાં અસત્યજ છે, જેથી તે કોઈ ઠેકાણે હોતું નથી. અજ્ઞાનદશામાં એ જગતની જે પ્રતીતિ થાય છે તે અજ્ઞાનજ એ જગતને રૂપે પ્રતીતિમાં આવે છે; એમ સમજવું.[૩૩] વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણેય કાળ અને જ્ઞાન તથા અજ્ઞાન એ બધાંમાંથી કશું પણ સત્ય નથી; કેમકે શાંત પરમતત્ત્વરૂપ સત્યવસ્તુજ વિવર્તભાવથી એ સર્વને આકારે થઇ રહેલ છે.[૩૪] જેમ એક તરંગ બીજા તરંગ સાથે અથડાય તેમાં જલને કશી પણ ક્ષતિ થતી નથી, તેવીજ રીતે એક દેહવડે બીજાના દેહને કશું નુકસાન પહોંચે તો તેમાં એ બન્નેના અધિષ્ઠાનરૂપ ચૈતન્યની કશીપણ ક્ષતિ નથી.[૩૫] ચિદાકાશની અંદરજ 'હું એક દેહરૂપ છું' એવી ભ્રાંતિ ખડી થઈ જાય છે, તો પછી ભ્રાંતિવડે ખડો થએલો દેહ નાશ પામી જાય તેમાં શાનો નાશ થાય છે ? કશાનો નહિ.[૩૬]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદાકાશ કે જે સદા પ્રબુદ્ધદશામાંજ રહે છે તેનું સ્વપ્નજ જગતરૂપ થઇ રહેલ છે, અને તે વસ્તુતાએ જોતાં પૃથ્વી આદિ સ્થૂલ ભાવથી રહિત છે, જેથી તે ખરેખર સ્વપ્નાત્મકજ છે.[૩૭] સૃષ્ટિના આદિકાલમાં ચિદાત્માને (હિરણ્યગર્ભને) પ્રથમ પ્રતીતિમાં આવેલા સ્વપ્નમાંથી પૃથ્વી આદિ વાસ્તવિક (સત્ય) છે એવો નિશ્ચય બંધાઇ રહેલો છે, બાકી સ્વપ્નના પદાર્થમાં સત્યતાની ભ્રાંતિ થવી એ એક કેવલ કલ્પનારૂપજ છે.[૩૮] આ જગતરૂપી સ્વપ્ન કે જે અનાદિ પ્રવાહરૂપે નજરે પડે છે તેના અવયવોની સ્થિતિ જો કે સાવ અસત્ય છે તો પણ તેમાં કેમ જાણે સત્ય હોય તેવી પૃથ્વી આદિ કલ્પના કરવામાં આવી છે.[૩૯] આ ભ્રાંતિ એવી તો દૃઢ થઇ રહેલી છે કે અસત્ય છતાં પરમ સત્યપણાને પ્રાપ્ત થઇ ગયેલ છે, બાકી સત્ય તત્ત્વ તો અત્યંત નિર્મલ છે.[૪૦] વસ્તુતાએ જોઇએ તો ચિદાકાશરૂપ પરબ્રહ્મજ યથાસ્થિતપણે રહ્યા છતાં આ સર્વ દૃશ્યને આકારે પ્રસરી રહેલ છે, બાકી કશોપણ દૃશ્યવર્ગ રહેલજ નથી તો પછી તેનું સ્મરણ કરનાર કે વિસ્મરણ કરનાર વળી કેવોજ હોય ?[૪૧] પોતાના ચિન્મય સ્વરૂપના અજ્ઞાનનેલીધે જગતમાં સત્યતા લાગે છે, પરંતુ જો ખરેખર તત્ત્વજ્ઞાનનો ઉદય થાય તો અજ્ઞાનરૂપી આવરણ કરનારૂં કપાટ તરત ઉઘડી જાય છે.[૪૨] સર્વ દૃશ્યવર્ગ સહિત અજ્ઞાનનો બાધ થઇ જતાં છેવટ એક ચિન્માત્ર તત્ત્વજ અવશેષ રહેવાથી પૃથ્વી આદિ કશું કોઈ પણ સ્થલે સંભવતુંજ નથી, અને જે કાંઇ દ્રષ્ટા કે દૃશ્ય દેખાય છે તે પરમ મંગલમય નિર્મલ ચિદાકાશરૂપજ છે.[૪૩] જેમ બહારના (મુખ આદિ) બિંબનેલીધે અરીસામાં સામું તેનું પ્રતિબિંબ જોવામાં આવેછે તેમ ચિદાકાશની અંદર બિંબવિનાજ જગત પ્રતિબિંબરૂપે પોતાની મેળેજ ભાસ્યા કરે છે.[૪૪] જેમ અરીસાની અંદર (પ્રતિબિંબરૂપે) જો કે બિંબ દેખાય છે તોપણ તે કાંઇજ નથી, તેવી રીતે ચિદાકાશની અંદર જો કે જગત (વિવર્તરૂપે) દેખાય છે તોપણ તે કાંઈજ નથી.[૪૫] જે કાંઈ શાસ્ત્રસંબંધી વિચારવડે સિદ્ધ થતું હોય અને જે પ્રમાણવડે પણ સિદ્ધ હોય તેજ સત્ય કહેવાય, બાકી તો આભાસમાત્ર છે અને કોઇ દિવસ થએલજ નથી તો તે સત્ય કયાંથીજ હોય?[૪૬] કેટલીક વસ્તુઓ ભ્રમરૂપ છતાં અર્થને સાધી આપનાર તથા ક્રિયા કરી આપનાર થાય છે. જેમ કે સ્વપ્નમાં દેખાએલી સુંદર સ્ત્રી (ભ્રાંતિરૂપ છતાં)શુક્રસ્રાવરૂપી ક્રિયાને સત્યપણે ઉત્પન્ન કરે છે, અને પોતાના પ્રયોજનને સાધી આપે છે. (જગતની ભ્રાંતિવિષે પણ તેમજ સમજવાનું છે.)[૪૭] જે કાંઇ જગત દેહ આદિરૂપી ભ્રાંતિનો ભાસ થાય છે તે તો ચિદાત્માનોજ એક વિવર્ત છે અને તે પરમ ચિદાકાશરૂપ છે. જો ખરેખર એમજ છે તો પછી હું કયાં છું ? જગતની શોભા પણ કયાં છે ? તમે પણ કયાં છો ? અને દૃશ્યની પ્રતીતિ પણ કયાં છે ? કાંઇ નથી.[૪૮] હે પ્રિય રામચંદ્રજી ! મરી ગયા પછી પાછો પુનર્જન્મ થતો હોય તો કોનો નાશ થાય છે ? મરી ગયા પછી જો પાછો જન્મ ન થતો હોય તોપણ જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ-આદિ પ્રપંચમાંથી છુટવાથી શાંતિજ છે, અને પરમાનંદરૂપ મોક્ષનો લાભ છે. એવી રીતે એ બન્નેય પક્ષમાં તમારા જેવો ઉદાર બુદ્ધિવાળો પુરુષ કે જે જ્ઞાનદૃષ્ટિવડે કેવલ ચિન્માત્રરૂપજ થઇ રહેલ છે તેને કશું પણ દુઃખ છે જ નહિ.[૪૯] મૂર્ખ પુરુષને જે કાંઇ આ પ્રસંગમાં ભાસતું હોય તે તો તેના પોતાનાજ જાણવામાં આવે એવું છે, અમે તે વાતને જાણી શકતા નથી; કેમકે જે મત્સ્ય ઝાંઝવાંની નદીના જલમાં રહેતો હોય તેજ તેના ચપલ તરંગોના સપાટાઓને જાણી શકે. બીજાનાથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તે જણાય નહિ.[૫૦] જેવી રીતે ચિદાકાશરૂપ આત્માજ મનોરાજ્યમાં શાખાઓ, ઉપશાખાઓ અને તેના ઉપરના ભાગો, પત્રો અને ફૂલો ઇત્યાદિરૂપી એક દેહને ધારણ કરી રહેલાં સંકલ્પ વૃક્ષને રૂપે સ્ફુરે છે એવીજ રીતે તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં અંદર અને બહાર સર્વ ઠેકાણે ચિદાકાશજ હું તમે અને જગત ઇત્યાદિ સર્વને આકારે વિવર્તરૂપે સ્ફુરે છે કે જે વસ્તુતાએ જોતાં એકજ છે.[૫૧]

अन्तर्बहिस्त्वमहमित्यपि चैवमादि सर्वात्मकं तपति चिन्नभ एकमेव ॥ शाखाशिखाविटपपत्रकुलैकदेहः संकल्पवृक्ष इव बोधखमात्रसारः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થનિરૂપણ' એ નામનો નવાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૯

સર્ગ ૧૦૦ મો.*

દેહાત્મવાદી પુરુષોને તત્ત્વજ્ઞાન થવાની યુક્તિ

॥ શ્રીરામ ઉવાચ ॥

युक्तिःस्यात्कीदृशीब्रह्मन्संसारेदुःखशांतये ॥ तेषां येषामयं पक्षः श्रूयतामुच्यतां ततः ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! હું જે આપને પૂછું તે આપ ધ્યાન દઈ સાંભળો અને પછી તેનો ઉત્તર કહો કે જેઓ એમ માને છે, કે "પોતાનું મૃત્યુ કાંઇ પ્રથમથી પ્રત્યક્ષ હોઈ શકતું નથી અને ભસ્મ થઇ ગએલા તથા સર્વ દુઃખની નિવૃત્તિને પામેલા દેહાત્માનું પાછું આવવું શી રીતે સંભવે ? માટે જ્યાંસુધી જીવવું ત્યાંસુધી સુખેથી જીવવું" આવો પક્ષ જેઓ સ્વીકારે છે, તેવા ચાર્વાક આદિની દુઃખ શાંતિનેમાટે સંસારમાં શી યુક્તિ છે?[૧,૨]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પોતાનો અંતરાત્મા જે જે નિશ્ચયને અંદર અખંડિતપણે ગ્રહણ કરી લે છે, તેનો તેવોજ અનુભવ તેને થાય છે, આ વાત સર્વ જનને પ્રત્યક્ષ છે.[૩] જેમ નિર્વિકાર આકાશ સર્વત્ર રહેલ છે, તેમ શાંત નિર્વિકાર ચિદાકાશ સર્વની અંદર રહેલ છે, અને તેજ પામર પ્રાણીઓની દૃષ્ટિમાં દેહ આદિ દ્વૈતપ્રપંચરૂપે ભાસે છે, તથા વેદાંતશાસ્ત્ર અને વિદ્વાનોના અનુભવ વગેરેમાં એક અદ્વૈતરૂપે જણાય છે, કેમકે ચિદાકાશવિના બીજા પદાર્થનો અત્યંત અસંભવજ છે.[૪] સૃષ્ટિના આદિકાલમાં મહાપ્રલયની અંદર ચિદાકાશવિના બીજું કશું પણ હોતુંજ નથી. કારણના અભાવનેલીધે કશું છેજ નહિ ત્યારે તો સિદ્ધજ છે કે આ બ્રહ્મજ સર્વત્ર પ્રસરી રહેલ છે.[૫] જેઓ સમસ્ત વેદશાસ્ત્રના અર્થને અને મહાપ્રલય આદિને નથી સ્વીકારતા, તેવા શાસ્ત્રને નહિ માનનારા મહામૂર્ખ પુરુષો અમારી દૃષ્ટિમાં મુવા જેવા છે.[૬] જેઓનું ચિત્ત સર્વ શાસ્ત્રથી અવિરુદ્ધ અને "આ સર્વ બ્રહ્મરૂપ છે" એવા તાત્વિક વિચારવડે સંપૂર્ણપણે અનુભવવાળું છે તેઓનેમાટે પણ (તેઓ કૃતકૃત્ય હોવાથી) આ અમારો ઉપદેશ-કથાનો પ્રસ્તાવ નથી કિંતુ જિજ્ઞાસુનેમાટે છે.[૭] દેહ હો કિંવા ન હો, પરંતુ આત્મચૈતન્ય કે જે નિરંતર નિત્યજ છે, તે અંતઃકરણની અંદર વિવર્તભાવથી જેવે રૂપે સ્ફુરિત થાય છે તન્મયજ પુરુષ થઇ રહે છે.[૮] હે પ્રિય રામચંદ્રજી ! જો જ્ઞાનસ્વરૂપ આત્મચૈતન્યમાંથી અંતઃકરણરૂપ ઉપાધિના સંપર્કનેલીધે 'હું દુઃખી છું' એવું સ્ફુરણ ઉઠયું હોય તો તે પુરુષ દુઃખી છે. આત્મા જોકે પોતે આનંદરૂપજ છે, તથાપિ પોતે દુઃખી છે એવા વિરુદ્ધ સંસ્કારનો દૃઢ અધ્યાસ છે ત્યાં સુધી તે ખરેખર દુઃખીજ છે;[૯] પરંતુ જગત કેવલ ચિદાકાશનો એક વિવર્ત છે, એવી ભાવના કરવામાં આવે તો

---

* આ સોમા સર્ગમાં ચાર્વાક આદિ દેહાત્મવાદિઓના મતમાં પ્રવિષ્ટ થયેલા પુરુષોની બુદ્ધિ પણ જેવી રીતે તત્ત્વમાં ઉતરે તેવી યુક્તિ કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્વ ચિદાકાશરૂપ હોવાથી દુઃખપણાનું સ્ફુરણ શી રીતે થાય અને દુઃખનું જ્ઞાન પણ કોને થાય?[૧૦] જેમ આકાશને રજકણો સ્પર્શ ન કરે તેમ જ્ઞાનરૂપી તાત્વિક એક નિશ્ચયમાંજ પોતાના આત્માને સ્થિર રાખનારા પુરુષોને કશાં પણ સુખ-દુઃખ સ્પર્શ કરી શકતાં નથી.[૧૧] અનુભવ સત્ય હો કિંવા અસત્ય હો, પણ અનુભવને અનુસારેજ નિશ્ચય બંધાય છે. આ બાબત ઠેઠ બાળકપર્યંત સિદ્ધ છે, તો તેને કોણ નિષેધ કરી શકે, અને શી રીતે નિષેધ કરી શકે?[૧૨] દેહ, પુરુષ કિંવા જીવ, એ કશું પ્રત્યક્ ચૈતન્યથી જુદું જણાતું નથી-પ્રત્યક્ ચૈતન્યજ આ સર્વરૂપ છે, અને તે જેવી રીતે (જેવું) જગતને સમજે છે તેવુંજ તેની દૃષ્ટિમાં તે થઈ રહે છે.[૧૩] એ પ્રત્યક્ ચૈતન્યને સત્ય માનો કિંવા (ચાર્વાક મતપ્રમાણે) અસત્ય માનો, પરંતુ આ દેહનો અનુભવ તેવડેજ થાય છે; અને જેમ સ્વપ્નની અંદર, પાતાલમાં, આકાશમાં, જલમાં, અને સ્વર્ગમાં સંકલ્પમાત્રથી સ્વતંત્રપણે એ ચિદાત્મા દેહનો અનુભવ કરે તેમ આ સ્થૂલદેહનો તેનાથીજ અહિં અનુભવ થાય છે.[૧૪] પ્રત્યક્ ચૈતન્યને (આસ્તિકોના મતને અનુસરનારા) સત્ય માનો અથવા (નાસ્તિકોના મતને માનનારા) અસત્ય માનો, પરંતુ તેજ આત્મા છે, અને તે પ્રત્યક્ ચૈતન્ય અંદર જેવો નિશ્ચય બાંધે તે તેની ભાવનાપ્રમાણે સત્ય છે. (વ્યવહારમાં સત્યપણે કાર્ય કરી આપનાર થાય છે.) એમાં કશો સંશય નથી.[૧૫] એ પ્રત્યક ચૈતન્યવડેજ સર્વ શાસ્ત્રનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે, અને સર્વ સિદ્ધાંતોનો સિદ્ધાંત પણ તેજ છે, એમ મારી બુદ્ધિમાં જણાય છે.[૧૬] પ્રત્યક્ ચૈતન્યમાં જે અવિદ્યા (આરોપિતરૂપે) રહેલ છે તેજ અવિદ્યાઓની દૃષ્ટિમાં (તેઓની ભાવના પ્રમાણે) દેહ આદિને આકારે પરિણામ પામી જઇ તેવે રૂપે પ્રતીતિમાં આવે છે, અને તત્ત્વજ્ઞાનરૂપે પરિણામ પામે તો શુદ્ધ ચિદાકાશરૂપ થઇ જઇ મોક્ષરૂપી ઉતમ ફલને આપનાર થાય છે.[૧૭] એ અવિદ્યા પવિત્ર દેશ-કાલ આદિમાં સ્નાન દાન આદિ ક્રિયા કરવાથી કે રસાયન-મંત્ર ઔષધ આદિ દ્રવ્યોથી કે વેદશાસ્ત્રમાં નિરૂપણ કરેલ સ્વર્ગ-પશુ-પુત્ર આદિની એષણા(ઇચ્છા)-ના ભ્રમોથી કોઇ દિવસ (નિઃશેષ રીતે) તત્ત્વજ્ઞાન થયાવિના શાંત થતી નથી.[૧૮] કદાચિત્ બીજાવડે એ અવિદ્યારૂપી શંકા ક્ષણવાર શાંત પડી જાય તોપણ તે પાછી (તત્ત્વજ્ઞાન ન હોય તો) તરત આવિર્ભાવ પામે છે અને જ્યારે એમ થયા કરે ત્યારે પછી તત્વજ્ઞાન વિના બીજા કયા ઉપાયવડે અને ક્યારે જીવનું એ અવિદ્યારૂપી દુઃખ શાંત થાય? નજ થાય.[૧૯] અંદર રહેલ પ્રત્યક્ ચૈતન્યજ મનુષ્યના જીવરૂપ છે, અને તે જેવી જેવી દૃઢ ભાવના બાંધે તે ભાવનાને અનુસારે તે સુખી કે દુઃખી થાય છે; એવો નિશ્ચય છે.[૨૦] પ્રત્યક્ ચૈતન્યરૂપી આત્માનું જ્યારે અસ્તિત્વ છે, અને તેનું ખરૂં સ્વરૂપ ઓળખવાથી બંધ ટળે છે, એમ છે તો તે તત્ત્વવેત્તાઓને સંસારનો બંધ તોડવામાં શરણરૂપ છે, પણ જો તે ન હોય તો જગતમાં શિલાના જેવા મૌનવાળું અંધપણુંજ અવશેષ રહે છે.[૨૧] પુરુષ કે જે પ્રત્યક્ ચૈતન્યરૂપ છે, અને સ્વયંપ્રકાશ છે, તે પોતે જેમ નિદ્રાવડે પોતામાં જડપણાનો અનુભવ કરે તેમ અજ્ઞાન કે જે એક જાતના અંધાપાજેવું છે તેવડે કરીને આ જગતને દેખે છે. જો સાક્ષીરૂપ પ્રત્યક્ ચૈતન્યનો અપલાપ કરવામાં આવે તો પછી સાક્ષીના અભાવનેલીધે જગતની અંધાપાજેવી સ્થિતિ અવશેષ રહે.[૨૨]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આ સંસારનો દિશાઓમાં પણ ક્યાંય અંત નથી, તેમ નીચે કે ઉપર પણ અંત નથી, તેમ જગતનો નાશ પણ નથી, પરંતુ જગત તો સદાકાલ છેજ, એમ જેણે જગતના અભાવની બુદ્ધિને છોડી દઈ ભાવના કરી હોય, તથા આ સર્વ વિજ્ઞાનઘનરૂપ છે, એવુ તત્ત્વજ્ઞાન જેને ન થતું હોય, અને સર્વના નાશને ન દેખતાં (न कदाचिदनीदृशं जगत् એ સાંખ્ય મતપ્રમાણે) જેવું આ જગત દેખાય છે તેવું સદાકાલ સત્યછે,એમ જે જોતો હોય, તેની આધિનો નાશ કરવાની શી યુક્તિ હશે ? એ મારા સંશયને ફરીવાર મારા બોધની વૃદ્ધિ થવામાટે આપ નિવૃત્ત કરો. [૨૩-૨૫]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—આ સંબંધમાં એક યોગ્ય ઉત્તર તો પ્રથમજ અપાઇ ગએલ છે, અને બીજો ઉત્તર હવે હું કહીશ કે જે ન્યાયને અનુસરીને છે તે તમે સાંભળો.[૨૬] હે પુરુષોત્તમ (પુરુષશ્રેષ્ઠ) રામચંદ્રજી ! તમે ઉપર બતાવ્યા પ્રમાણેના નિશ્ચયવાળો જે પુરુષ કહ્યો તે જો (તેના માનવા પ્રમાણે) પોતે ચિદાભાસરૂપ હોય તો ક્રમે કરીને તેને આત્મતત્ત્વનો અનુભવ થાય છે, અર્થાત્ કે તે મુક્ત થાય છે.[૨૭] કેમકે દેહ આદિ આકારરૂપી ઉપાધિ કે જે માત્ર આભાસરૂપ છે તેનો નાશ થતાં તે પરમાત્મામાં મળી જાય છે, એટલે પછી તેને ચિત્તમાં દુઃખ લાવવાનો કશો પણ અવકાશ રહેતો નથી. એમાં જરા પણ સંશય નથી.[૨૮] કદાચિત્ તેના માનવાપ્રમાણે તે આતિવાહિક (સૂક્ષ્મ) દેહને આત્મારૂપ માનતો હોય અને તેને વિનાશથી રહિત ગણતો હોય તો પછી દુઃખનો અવકાશજ ક્યાં રહે છે ? કદાચિત્ તે પોતાના આત્માને સ્થૂલદેહરૂપજ માનતો હોય તો તેના અવયવોનો વિભાગ થવારૂપી વિનાશ વગર વિચારે પણ અવશ્ય સિદ્ધજ છે, એવો તેનો નિશ્ચય હોય તો પછી તેમાં પણ દુઃખ લાવવાનો ક્યાં અવકાશ છે ? જો કદાચિત્ પોતાના આત્માને તે શુદ્ધ ચિદ્રૂપ માનતો હોય તો મરી ગયા પછી તે વિદેહમુક્ત થઈ જવાથી ફરીવાર જન્મ-મરણ આદિરૂપી સંસારને પ્રાપ્ત થતો નથી એટલે તે દુઃખરહિત તથા મુક્તજ છે. જો કદાચિત્ તે પોતાના આત્માને અજ્ઞાનરૂપી આવરણવડે યુક્ત સમજતો હોય તો પછી જે જીવચૈતન્ય તત્ત્વજ્ઞાનવડે શુદ્ધ થએલ નથી તે સંસારના બીજનો નાશ ન થવાથી જન્મ—મરણ—આદિરૂપી સંસારને પામ્યાવિના રહેતું જ નથી, અને તેને પણ કોઇ જન્મમાં જ્ઞાનનો ઉદય થવાનો સંભવ હોવાથી મનમાં દુઃખિત રહેવાનો અવકાશ નથી.[૨૯,૩૦] કદાચિત્ કોઇનો એવોજ નિશ્ચય હોય કે ચિદ્રૂપ આત્મા છેજ નહિ તો પછી તે તેવી ભાવનાનેલીધે પોતે પણ પાષાણના જેવો જડ (વિશેષજ્ઞાનવડે શૂન્ય) હોય છે.[૩૧] મરણપર્યંત દૃઢ થઈ રહેલી તેવી ભાવનાને અનુસારે શરીર પડી જતાં પછી તેનું વિશેષચેતનપણું જતું રહેતાં તેની સ્થિતિ ગાઢ સુષુપ્તિના જેવી થઇ જાય છે, અને તે તેવી દશાવાળાં મરણનેજ શ્રેયરૂપ (સર્વ દુઃખનો છેડો લાવનાર) માને છે, પણ તેને તત્ત્વજ્ઞાનવડે થતો નિરતિશય આનંદનો અનુભવ ન હોવાથી તેમાં તેને શ્રેય જણાતું નથી (તો પછી તેને ઉપદેશ આપવાથી કાંઇ ફલ નથી).[૩૨] આ સર્વ ચિદ્રૂપ આ આત્માથી રહિત કેવલ જડ અને શૂન્યરૂપ છે, એમ જે માનતો હોય તેને શુદ્ધ જ્ઞાનનો ઉદય થવાનો સંભવજ ન હોવાથી જ્યારે તે મરણને શરણ થાય છે ત્યારે પોતે પણ જડ શૂન્યરૂપ થઇ જઇ દુર્ભેદ્ય અંધકારમય સ્થિતિમાં જાય છે.[૩૩] જે ક્ષણિક વિજ્ઞાનવાદીઓ સ્વપ્નનગરનીપેઠે આ જગત ક્ષણિક વિજ્ઞાનમય છે એમ માને છે, તેઓ પોતે પણ તેવાજ (ક્ષણિક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વિજ્ઞાનમય) થઇ રહે છે, અને તેનો પણ બીજા-ઓનીપેઠેજ (જગતને સ્થિર માનનારાઓની પેઠેજ) જગત સંબંધી વ્યવહાર સિદ્ધ થાય છે.[૩૪] પંચ મહાભૂતોને કોઇ સ્થિર માનો અને કોઈ અસ્થિર માનો, પરંતુ તે બન્ને રીતે માનનારને જગતના સુખ-દુઃખ આદિ વિચિત્ર વ્યવહારો પ્રાપ્ત થવામાં કશો અંતર નથી. પંચભૂતોને તે સ્થિર માનો કિંવા અસ્થિર માનો, પરંતુ સુખ-દુઃખ તો બેય મતવાળાને સમાનજ છે.[૩૫] તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિમાં પૃથ્વી આદિ પંચમહાભૂતોની સ્થિરતાવિષે કે અસ્થિરતાવિષે કશો આગ્રહ હોતો નથી, પણ તેઓના મતપ્રમાણે પૃથ્વી આદિ ભૂત ગમે તો ભલે સ્થિર હો કે ગમે તો ભલે અસ્થિર હો, પણ તે ચિદાકાશનો એક વિલાસમાત્ર છે,અને જ્યાંસુધી અજ્ઞાન હોય ત્યાંસુધી ચારે કોર પ્રસરી રહેલ ભાસે છે.[૩૬] જીવ-ચૈતન્યનું જડપણું અને ક્ષણિકપણું ઘટતું નથી, કેમકે જો તે પોતે જડ અને ક્ષણિક હોય તો એ બન્નેય ભાવનો પ્રથમ પોતે અનુભવજ કરી શકે નહિ. એમ છતાં જેઓ તેના જડપણાનો અને ક્ષણિકપણાનો નિશ્ચય કરી બેસી તેમ માની લે છે તેવા મૂર્ખો સાથે આપણે ભાષણ કરવાની પણ કાંઇ જરૂર નથી.[૩૭] જેઓ ચિદ્રૂપ આત્મામાંથી (વિવર્તરૂપે) શરીર ઉત્પન્ન થએલ છે એમ માને છે તેઓ (તેમની સમજણ વાસ્તવ હોવાથી) ધન્ય છે, અને જેઓ જડ શરીરમાંથી ચિદ્રૂપ આત્માને ઉત્પન્ન થએલ માને છે તેવા અધમ પુરુષોનું આપણે કાંઈ કામ નથી.[૩૮] અનેક પ્રકારના જીવોરૂપી બીજોનો સમૂહ કે જે વસ્તુતાએ જોતાં ચિદ્રૂપ છે તે આકાશમાં ફરતાં મસલાં આદિ જીવોના સમૂહની પેઠે અને ક્યારા આદિમાં પૂરાતાં જલનીપેઠે ઉપરના લોકોમાં, નીચેના લોકોમાં અને આડાં અવળાં બીજાં સ્થલોમાં ભમે છે.[૩૯] હિરણ્યગર્ભ કે જે અનેક જીવોરૂપી બીજોના સમૂહરૂપ છે તે જીવોની વાસનાને અનુસારે કલ્પના આદિકાલમાં વ્યષ્ટિરૂપી અનેક બીજા જીવોને પોતાની અંદર કલ્પી લે છે, અને તે જીવો ક્રિયાઓમાં કર્ત્તાપણાનો અભિનિવેશ રાખી તેમાં આસક્ત થઇ પોતે પોતામાં કર્ત્તાપણાને અનુભવે છે, અને સંસારમાં ભમે છે.[૪૦] જે જીવ જેવી જેવી દૃઢ ભાવના કરે તે જીવ પોતે ચિદ્રૂપ હોવાથી તત્કાલ ભાવનાના બલથી તેને પ્રાપ્ત થાય છે. આ વાત ઠેઠ બાલકપર્યંત નિર્વિવાદ રીતે સિદ્ધ છે.[૪૧] આકાશમાં જેમ ધૂમાડાઓના વિચિત્ર ગોટાઓ જોવામાં આવે છે, અને મહાસાગરમાં મોટા વિસ્તારવાળાં જલના જેમ અનેક વિચિત્ર તરંગો જોવામાં આવે છે, તેમ ચિદાકાશની અંદર સંસારની અનેક વિચિત્ર ઘટનાઓ જોવામાં આવેછે.[૪૨] મનુષ્યને જેમ સ્વપ્નમાં ચિદાકાશજ નગરરૂપે જોવામાં આવે છે તેમ એ ચિદાકાશજ સૃષ્ટિના આરંભકાલથી માંડી (વિવર્તરૂપે) આ જગતરૂપે થઈ રહેલ દેખાય છે.[૪૩] જેમ સ્વપ્નમાં દેખાતા નગરની સ્થિતિનાં, એક ચિદાકાશવિના બીજાં કશાં પણ સહકારિ કારણ હોતાં નથી, તેવીજ રીતે પ્રથમ સૃષ્ટિના આરંભકાલમાં જગતની સ્થિતિ થવામાં ચિદાકાશવિના બીજાં જુદાં પૃથ્વી આદિ પંચભૂતો હોતાંજ નથી.[૪૪] સ્વપ્નનગરની અંદર તેના અવયવોરૂપે દેખાતાં ઘરોની જે જે જુદા જુદા ખંડોરૂપી પૃથ્વી છે તેજ આ જગતરૂપી સ્વપ્નમાં પુષ્ટતાને પ્રાપ્ત થઇ ગએલ છે.[૪૫] આ સર્વ પ્રજા ચિદાકાશરૂપજ છે, તેમાં દ્વિત્વ કે એકત્વ કશું છે નહિ, કેમકે શુદ્ધ ચિદાકાશમાં વળી બીજીકલ્પના કેવીહોય? નજ હોય. જે કાંઇ આ વિચિત્રરૂપેભાસે છે તેચિદાકાશજ છે.[૪૬] ત્રિવિધ તાપને મટાડવાથી અતિ શીતલ અને આનંદ ઉપજાવનારી ચિદાકાશરૂપી ચંદ્રિકા (ચાંદની) જે કાંઈ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પદાર્થોની પ્રતીતિ થવારૂપી પ્રકાશને ઉત્પન્ન કરે છે, તેનેલીધેજ આ જગત ખડું થએલું ભાસે છે.[૪૭] પ્રથમ સૃષ્ટિના આદિકાલમાં અને અંતે છેવટ પ્રલયસમયમાં આકાશની પેઠે સૃષ્ટિ આદિથી શૂન્ય સ્વરૂપે રહેનાર ચિદાકાશમાં જોકે આજે આપણને સૃષ્ટિ જોવામાં આવે છે, પણ તે ચિદાકાશરૂપજ છે. ચિદાત્માનું બહિર્મુખપણું થતાં તે ઉદય પામે છે, અને તેનું અંતર્મુખપણું થતાં તે (નહિ દેખાતાં) અસ્તને પ્રાપ્ત થાય છે.[૪૮] સત્ય ચિદ્રૂપ આત્મા જેને જેવી રીતે દૃઢ નિશ્ચયવડે સમજે છે, તેનો તેને તેવીજ રીતનો અનુભવ થાય છે. જ્યારે આ સર્વ શરદૃઋતુના આકાશ જેવું સ્વચ્છ ચિદાકાશરૂપજ છે ત્યારે પછી વળી તેમાં બીજું શું હોય? કાંઇ નહિ.[૪૯] એમ સારી રીતે સમજી રહેલા અને પરમપદમાં વિશ્રાંત થએલા મહાત્માઓ ચિત્તને શાંત રાખી (ચિદ્રૂપે) વિદ્યમાન છતાં (દૃશ્યરૂપે) નહિ વિદ્યમાન જેવા થઇ રહે છે.[૫૦] માન અને મોહથી રહિત થઇ ગએલા, સંગદ્વેષને જીતનારા, પ્રવાહપતિત પોતાનાં કાર્યોને કરનારા, તત્ત્વજ્ઞપુરુષો કાર્યમાં અને વ્યવહારદૃષ્ટિમાં કેમ જાણે યંત્રનાં બનાવેલાં પૂતળાં હોય તેવા નિર્વિકાર રહે છે.[૫૧]

निर्मानमोहाजितसंगदोषाःप्रवाहसंप्राप्तनिजार्थभाजः ॥ तिष्ठन्ति कार्येष्वव्यवहारदृष्टौ निरामया यंत्रमया इवैते ॥५१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નાસ્તિકયનિરાકરણ' એ નામનો સોમો સર્ગ સંપૂર્ણ. ૧૦૦

સર્ગ ૧૦૧ મો.*

તત્ત્વજ્ઞ પુરુષોની અભય સ્થિતિ

॥ श्रीवसिष्ठ उवाच ॥

चिन्मात्रमेव पुरुषस्तदेवेत्थमवस्थितम् ॥ चिन्मात्रव्यातिरेकेण किमन्यदुपपद्यते ॥ १ ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પુરુષ પોતે ચિન્માત્ર છે. ચિદ્રૂપ તત્ત્વજ વિવર્તરૂપે આવે અનેક આકારે થઈ રહેલ છે તો પછી ચિન્માત્ર સિવાય બીજું શું ઘટી શકે એમ છે? કાંઇ નહિ.[૧] એ ચિન્માત્રતત્ત્વ નિર્મલ આકાશરૂપ છે, અને દ્રષ્ટા તથા દૃશ્ય એ બેય તેનો એક વિવર્ત છે, માટે જગત ચિન્માત્રજ છે, તો તેમાં હેયબુદ્ધિ કે ઉપાદેયબુદ્ધિ કયાંથી હોય?[૨] જે લોકો બૃહસ્પતિપ્રણીત બુદ્ધશાસ્ત્રને અનુસરનારા વિજ્ઞાનવાદીઓ છે તેઓના મતમાં ક્ષણિક વિજ્ઞાનથી જુદું જગતજ છે નહિ, તો પછી તેના મતપ્રમાણે પણ રાગ-દ્વેષનો કશો વિષયજ ન હોવાથી તેઓનો પ્રસંગજ કયાંથી આવે? ન આવે. પરંતુ તેઓને ચિદાત્માવિના બીજું શું સારરૂપ ભાસતું હશે કે તેઓ તેને નિત્ય નહિ માનતા હોય?[૩] હે પ્રિય રામચંદ્રજી! જગતરૂપી સ્વપ્ન કે જે ચિદાકાશનોજ એક વિવર્ત છે તેની અંદર ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કે રાગ-દ્વેષ આદિ દોષો કેવે રૂપે રહી શકે તે તમેજ કહો.[૪] ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદરજ અમુક હેય છે અને અમુક ઉપાદેય છે એવી કલ્પના કરી લે છે, પણ ખરું જોતાં તેના નિર્મલ સ્વરૂપમાં એ સર્વ નિર્મલ ચિદાકાશરૂપજ છે; અને એમ છે તો પછી તેમાં ઇષ્ટ-અનિષ્ટ આદિ દૃષ્ટિ વળી કેવી હોય? મનુષ્ય—દેવતા—નાગ વગેરે ચિદ્રૂપ છે,

* આ એકસો એકમા સર્ગમાં તત્ત્વજ્ઞ પુરુષો સર્વત્ર એક ચિન્મયતત્ત્વનેજ દેખે છે, તેઓને ભયનાં કારણોજ ન ઉત્પન્ન થવાથી તેઓની અભયસ્થિતિવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્થાવર અને જંગમ એ બેય પણ ચિદ્રૂપ છે, અને સમુદ્રમાં થતા તરંગો અને ચકરીઓની પેઠે ભાવ-અભાવ વગેરે સર્વ એ ચિદાકાશનોજ વિલાસ છે.[૬] હું ચિદાકાશરૂપ છું, તમે ચિદાકાશરૂપ છો, અને મનુષ્યો પણ ચિદાકાશરૂપ છે. આપણે કોઇ દિવસ મરતા નથી, કેમકે ચિદાકાશ કયારે મરેલ છે?[૭] હે વિશાલ નેત્રવાળા રામચંદ્રજી! ચિદાકાશ કે જે પોતે સાક્ષિ-ચૈતન્યરૂપ કહેવાય છે તેનાથી જુદું દૃશ્યજ નથી, તે પોતે ચિદ્રૂપ હોવાથી વિવર્તભાવથી દૃશ્યરૂપ થઈ રહેલ છે; માટે દ્વિત્વ એકત્વ પણ કયાં રહ્યાં છે? કયાંય નહિ.[૮] અને જ્યારે એમ છે ત્યારે પછી ચિદાકાશવિના બીજી શું નિત્ય વસ્તુ છે, તે તમે કહો. જો તે મરી જતું હોય તો પછી આજે આપણે સર્વ જે બેઠા છિયે તે કયાંથી હોઇએ?[૯] બૌદ્ધ આદિ અને ચાર્વાક આદિ વાદીઓ ચિદાકાશને ાડી દઇ બીજારૂપ હોય તો તમેજ કહો.[૧૦] એ ાદાકાશનેજ કેટલાક બ્રહ્મ કહે છે, કેટલાક જ્ઞાન-રૂપ કહે છે, કેટલાક શૂન્ય કહે છે,[૧૧] કેટલાક મદિરામાંથી પેદા થતી મદશક્તિના જેવું (કૃત્રિમ) કહે છે, કેટલાક પુરુષરૂપ કહે છે, કેટલાક ચિદાકાશરૂપ કહે છે, કેટલાક શિવરૂપ કહે છે, અને કેટલાક આત્મારૂપ કહે છે.[૧૨] એવી રીતે ચિન્માત્ર પરમતત્ત્વને જુદાં જુદાં નામોથી કહેવામાં આવે તોપણ તે કોઈ દિવસ બીજું થઈ જતું નથી, કેમકે સર્વમાં ચિદ્રૂપે રહેલ તે તત્ત્વ પોતેજ સર્વ વિકલ્પનું સાક્ષિરૂપ હોવાથી પોતાના આત્માને એવે પ્રકારે સમજે છે; બાકી બીજું કશું તેનાથી જુદું નથી.[૧૩] મારા અવયવો ભલે ચૂર્ણ (ચૂરે રા) થઈ જાઓ કે તે મેરુના જેવા વૃદ્ધિને પ્રાપ્ત થાઓ, પરંતુ હું કે જે ચિદ્રૂપ છું તેની તેથી શી ક્ષતિ કે વૃદ્ધિ થવાની છે? કાંઇ નહિ.[૧૪] જો કે આપણા પિતામહ વગેરે વડવાઓ મરી ગયા છે, પણ ચિદ્રૂપ તત્ત્વ મરેલ નથી. જો કદાચિત તે (ચૈતન્યતત્ત્વ) મરી ગએલ હોય તો આપણમાં રહેલ ચૈતન્યતત્ત્વ અને તેઓમાં રહેલ ચૈતન્યતત્ત્વ એકજ હોવાથી આપણું ચૈતન્ય પણ મૃત થઇ જવાથી આપણો જન્મ થવો સંભવતો નથી.[૧૫] ચિદાકાશ કે જે અક્ષય છે તેનો જન્મ કે નાશ થતો નથી. આકાશનો નાશ શું થાય, અને શી રીતે થાય, એ તમેજ કહો.[૧૬] ચિદાકાશ કે જે અવિનાશી છે, તે પોતાના એક વિવર્તરૂપે આ જગતને આકારે પ્રતીતિમાં આવે છે. એ તત્ત્વ જન્મ-મરણથી રહિત છે, અને કેવળ પોતાના સ્વરૂપમાંજ સદાકાલ રહે છે.[૧૭] ચિદાકાશરૂપી સ્ફાટિક(નો) પર્વત કે જેનો આદિ, મધ્ય અને અંત નથી, તે પોતાની અંદર જગતને પ્રતિબિંબરૂપે ધારણ કરે છે, (કે જેથી તેમાં જગતની પ્રતીતિ થાય છે,) અને પાછો તત્ત્વસાક્ષાત્કાર થવારૂપી અગ્નિવડે તેને ભસ્મ કરી દઈ પોતાના સ્વચ્છ સ્વરૂપમાં સ્થિર થઇ રહે છે.[૧૮] હે પ્રિય રામચંદ્રજી! અંધકારવડે રાત્રિમાં દેખાતું વાદળાંઓના સમૂહના જેવું કાંઇક (અનિર્વચનીય) જગતનું આવરણ પ્રાતઃકાલમાં જોતાં જેમ ક્રમે કરીને નિઃશેષ રીતે ક્ષીણ થઇ જાય તેમ પોતાના સ્વરૂપની અંદર અજ્ઞાનરૂપી અંધકારવડે કલ્પાએલું આ જગત પણ ક્રમે કરી (જ્ઞાનવડે) નિઃશેષ રીતે ક્ષીણ થઇ જાય છે.[૧૯] સમુદ્ર જેમ પોતાની અંદર જલ આદિને અને ચકરી આદિને પોતાના અંગરૂપે ધારણ કરી રહેલ છે તેમ ચિદાકાશ પણ પોતાની અંદર જગતરૂપી એક અવયવને (વિવર્તરૂપે) ધારણ કરી રહેલ છે.[૨૦] પુરુષ પોતે ચિદ્રૂપજ છે, અને તે આકાશનીપેઠે કોઈ દિવસ નાશને પ્રાપ્ત થતો નથી, તો પછી 'હું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નાશને પ્રાપ્ત થાઉં છું' એવો શોક કરવો વ્યર્થ છે.[૨૧] એક દેહમાંથી બીજા દેહની પ્રાપ્તિ થવામાં ઉલટો નવો મહોત્સવ પ્રાપ્ત થાય છે, તો હે મૂઢ પુરુષો ! મરણરૂપી એક હર્ષસ્થાનમાં તમે શામાટે ખેદને પ્રાપ્ત થાઓ છો ?[૨૨] જો કદાચિત્ તમને એવોજ ભ્રમ હોય કે મરી ગયા પછી પાછો પુનર્જન્મ થતો નથી, તો પણ તેમાં (મરણ) એક મોટો પુરુષાર્થ રહ્યો છે, એમ સમજવાનું છે, કેમકે ભાવ-અભાવ, લેવું-દેવું વગેરે સંબંધી અને જન્મ-જરા-મરણ-ભય-શોક-આધિ-વ્યાધિ સંબંધી જ્વર (સંતાપ) શાંત થઈ જાય છે.[૨૩] એવી રીતે જન્મ-મરણ હોય તોપણ તેમાં સુખ-દુઃખ માનવાનો કશો અવકાશજ નથી. વસ્તુતાએ જોતાં મરણ પણ નથી, જન્મ પણ નથી અને તેનેલીધેજ સુખ-દુઃખ પણ નથી, કેમકે આ કશું મિથ્યા હોવાથી છેજ નહિ; ચિદાકાશજ આ સર્વને આકારે વિવર્તરૂપે થઇ રહેલ છે.[૨૪] મરી ગયા પછી જો પાછો બીજા દેહનો લાભ થતો હોય તો એક નવોજ ઉત્સવ પ્રાપ્ત થાય છે, કેમકે મરણ એ એક જરા-રોગ આદિવડે ગ્રસ્ત કારાગૃહ જેવા પૂર્વ દેહનોજ નાશ છે, તો એ તો પરમ સુખરૂપ છે.[૨૫] મરણમાં દેહ, જીવ વગેરે સર્વનો અત્યંત નાશ થઇ જાય છે, (પુનર્જન્મ નથી) એમ માનવામાં આવતું હોય તોપણ સંસારરૂપી એક મહારોગનો ક્ષય થાય છે, એમ સંતોષ માનવાનો છે; અને મરણ થયા પછી (પુનર્જન્મ થતાં) ફરીવાર બીજા દેહનો લાભ થતો હોય તોપણ એક નવોજ ઉત્સવ પ્રાપ્ત થાય છે.[૨૬] કદાચિત્ તમને મરણ પછી દુષ્કર્મની (તેથી પ્રાપ્ત થતાં નરક આદિ દુઃખની) ભીતિ રહેતી હોય તો તે આ લોકમાં (દુષ્કર્મથી થતા રાજદંડ આદિના ભય હોવાથી) અને પરલોકમાં (નરક આદિના ભયથી) સમાન છે, તો બન્ને લોક (આલોક અને પરલોક) સુધારવાને તમારે કદી પણ દુષ્કર્મ કરવાં નહિ.[૨૭] હું મરી જઇશ, મરી જઇશ, મરી જઈશ, એમ તમે (ભયથી) પોકારો છો, પરંતુ હું પાછો પુનર્જન્મ હોવાથી થઇશ, થઇશ અને થઇશ, એવો વિચાર કરતા નથી.[૨૮] આ સર્વ ચિદાકાશરૂપજ છે અને તે ચિદાકાશ પોતાના શુદ્ધસ્વરૂપમાંજ જગત આદિને આકારે વિવર્તરૂપે થઇ રહેલ છે, તો તેમાં જન્મ-મરણ કયાં રહ્યાં અને શ્રીમંતપણું કે ગરીબપણું પણ ક્યાં રહ્યું ?[૨૯] તમે કેવલ ચિદાકાશરૂપ થઈ રહી ખાન-પાન આદિ પ્રારબ્ધપ્રાપ્ત કાર્ય સુખેથી કરતા રહો અને મમતાથી રહિત થઇ જાઓ. તમે કે જે આકાશના જેવા નિર્મલ અને નિર્વિકાર છો તેમાં ઇચ્છાનો ઉદયજ ક્યાંથી થાય ?[૩૦] વિવેકી પુરુષો નિર્ભયપણે રહી અતિ પવિત્ર એવા શબ્દ આદિ વિષયો કે જે પોતાના (સ્વાભાવિક) પ્રવાહના બલથી, થએલા પ્રયત્નથી તથા દેશ-કાલના બલથી પ્રાપ્ત થયા હોય તેને સુખેથી ભોગવે છે.[૩૧] વચમાં દેશ-કાલના બલથી ઉત્પન્ન થએલા દોષોને ન ગણકારતાં તેનો તિરસ્કાર કરી અંદર સ્વસ્વરૂપસ્થિતિમાં (નિર્વિકલ્પ સમાધમાં) બુદ્ધિને સુષુપ્તિ અવસ્થાના જેવી બનાવી દઇ મગ્ન રહે છે.[૩૨] તેઓ મરણથી દુઃખને પ્રાપ્ત થતા નથી, જીવિતથી તે સુખને પ્રાપ્ત થતા નથી, તે કશાંની ઇચ્છા કરતા નથી અને કોઇનો દ્વેષ પણ કરતા નથી; કિંતુ તે વાસના માત્રથી રહિત (સ્વસ્વરૂપમાંજ) સ્થિર થઈ રહે છે.[૩૩] વાસનાથી રહિત થઇ રહેલા વિવેકી પુરુષો કશામાં ઇચ્છા ન હોવાને લીધે મરવું, જીવવું, જન્મ થવો ઇત્યાદિ બુના વાસ સંબંધી કશો વિચારજ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

ન કરતાં પોતે જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે, એવા હોય તોપણ ઉપરથી અતિ મૂઢ પુરુષના જેવા થઇ રહી નિર્ભયપણે પર્વતની પેઠે પોતાની સ્થિતિમાં અચલ થઇ રહે છે.[૩૪]

मरणजीवितजन्मजरत्तृणान्यविमृशन्विगतेच्छ-
मवासनः ॥ विदितवेद्य इहाज्ञ इवोदितो व-
सति वीतभयस्त्वचलो यथा ॥३४॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રક-
રણના ઉત્તરાર્દ્ધનો 'પરમોપદેશ' એ નામનો
એકસોએકમો સર્ગ સંપૂર્ણ. ૧૦૧

સર્ગ ૧૦૨ મો.*

તત્ત્વજ્ઞ પુરુષોનાં લક્ષણ

॥ श्रीराम उवाच ॥

परिज्ञाते परे वस्तुन्यनादिनिधनात्मनि ।
संपद्यते वद ब्रह्मन् कीदृशः पुरुषोत्तमः ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! અનાદિ અને અનંત પરબ્રહ્મરૂપ વાસ્તવ વસ્તુનું સ્વરૂપ ઓળખાયા પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવો એ તત્ત્વજ્ઞપુરુષ કેવાં લક્ષણવાળો થઇ જાય છે? તે આપ કહો.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જાણવાનું જેણે જાણી લીધેલ છે, એવો એ (તત્ત્વજ્ઞ) ઉત્તમ પુરુષ કેવાં લક્ષણવાળો થઇ જાય છે, તેનો કેવો સ્વભાવ હોય છે, તથા જીવતાંસુધી કેવા આચારથી રહે છે, તે સર્વ હું તમને કહું તે તમે સાંભળો.[૨] તત્ત્વજ્ઞપુરુષ વનમાં રહ્યો હોય તોપણ તેને મૃગોનાં બચ્ચાંઓ સ્વજનરૂપ થઈ જાય છે, પાષાણો પણ તેના મિત્રરૂપ થઈ જાય છે, અને વનવૃક્ષો તેના બંધુરૂપ બની જાય છે.[૩] વસ્તીવડે ખીચોખીચ ભરેલ સ્થાન પણ તેને શૂન્યજ લાગે છે, વિપત્તિઓ પણ તેને અત્યંત સંપત્તિરૂપ દેખાય છે, અને તે પોતે મહારાજ્ય ઉપર રાજારૂપે થઇ રહ્યો હોય છતાં જે જે દુઃખ આવી પડે તે તે તેને મહોત્સવ જેવાં લાગે છે.[૪] સમાધિ વિનાની સ્થિતિ પણ તેને સમાધિ જેવીજ ભાસે છે, મોટું દુઃખ પણ તેને સુખરૂપજ દેખાય છે, લોકદૃષ્ટિવડે દેખાતો તેનો વ્યવહાર પણ ઉત્તમ મૌનરૂપ હોય છે, અને તે કર્મ કરતાં છતાં કશું પણ કરતો નથી.[૫] તે જાગતાં છતાં (નિર્વિકલ્પ આત્મામાં સ્થિતિ રાખી રહેવાથી) સુષુપ્તિ અવસ્થાવાળાના જેવો હોય છે. જીવતાં છતાં (શરીરવગરના આત્મામાં સ્થિતિ હોવાથી) મુવા જેવો તે થઈ રહે છે. જો કે તે બધો આચાર કરતો હોય છે, તોપણ (તત્સંબંધી અભિમાન ન હોવાથી) તે કશું પણ કરતો નથી.[૬] એ મહાશય પુરુષ પોતે રસિક જણાતાં છતાં (વિષયોમાં વૈરાગ્યનેલીધે) અત્યંત વિરસ હોય છે. તે દયાના પાત્રરૂપ બીજી વસ્તુજ ન દેખાવાથી અથવા કશામાં સ્વીય બુદ્ધિજ ન હોવાથી દયારહિત છતાં બંધુઓમાં મમતાવાળો દેખાય છે. તે નિર્દય છતાં અત્યંત કરુણાવાળો હોય છે. તે અંદરથી તૃષ્ણારહિત છતાં બીજાઓનું હિત કરવામાં તૃષ્ણાવાળો જોવામાં આવે છે.[૭] તેનો આચાર સર્વ પ્રશંસા કરે એવો હોય છે, પરંતુ અંદર કશો અધ્યાસ ન હોવાથી તે સર્વ આચારથી રહિતજ હોય છે. પોતે શોક, ભય અને આયાસથી સાવ રહિત હોવા છતાં બીજાઓનું દુઃખ દેખી કમ જાણે પોતે સશોક હોય તેવો જણાય છે.[૮] તેનાથી કોઇ પણ પ્રાણીને ઉદ્વેગ થતો નથી, તેમ એ પોતે પણ કોઇનાથી ઉદ્વેગ પામતો નથી. રસિક છતાં તે સંસારમાં પરમ ઉદ્વેગને

* આ એકસો બીજા સર્ગમાં તત્ત્વજ્ઞપુરુષોનાં લક્ષણોવિષે ફરીવાર પણ વર્ણન આવશે કે જે જાણવાથી તેનો દૃઢ અભ્યાસ થતાં જ્ઞાનની પણ દૃઢતા થવાનું બની આવે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

(ભયને) પ્રાપ્ત થઇ જાય છે.[૯] જે કાંઈ દૈવયોગવડે પ્રાપ્ત થાય તેની તે પ્રશંસા કરતો નથી, તેમ જે પ્રાપ્ત ન થયેલ હોય તેને તે ઇચ્છતો નથી. હર્ષ–શોક ઉત્પન્ન થવાનું કારણ આવી પડે અને તે અનુભવમાં આવતું હોય તથાપિ તે હર્ષ–શોકને વશ થઈ જતો નથી.[૧૦] દુઃખિત પુરુષનીપાસે તે દુખિયાની વાતો કરે છે અને સુખી પુરુષની પાસે તે સુખિયાની વાતો કરે છે, પોતે સર્વ અવસ્થાઓમાં હૃદયમાં સુખ-દુઃખને અધીન ન થઇ જતાં શાંત થઇ રહે છે.[૧૧] પુણ્યકર્મ સિવાય બીજું કશું પણ તેને રૂચતું નથી, કેમકે જે ચેષ્ટા શાસ્ત્રવિહિત નથી તેનો ત્યાગ કરવો એવો મહાત્માઓનો સ્વભાવજ હોય છે.[૧૨] તે કોઇ પણ પદાર્થમાં આસક્ત થઈ જતો નથી, તેમજ તે કોઈ પ્રસંગે વિવેકને છોડી દેતો નથી. કંગાલની પેઠે તે દ્રવ્યની યાચના કરતો નથી. અંદર પોતે વૈરાગ્યવાન છતાં ઉપરથી રાગવાળો હોય તેવો જણાય છે.[૧૩] શાસ્ત્રાનુસાર તે વ્યવહાર કરતો રહે છે. ક્રમપ્રમાણે પ્રાપ્ત થનારાં સુખ-દુઃખો તેને અંદર કશી અસર ન કરતાં છતાં કેમ જાણે સ્પર્શ કરતાં હોય એમ દેખાય છે. તેને કોઇ પણ વિષયમાં હર્ષ કે શોક થતો નથી.[૧૪] જો કે તે બીજાની દૃષ્ટિએ હર્ષવાળો અને દુઃખિત ભાસે છે, પરંતુ તે પોતાના અંદરના (ધીરતાવાળા) સ્વભાવને કદી પણ છોડતો નથી, કેમકે માત્ર સંસારની રીતિને અનુસરી નટનીપેઠે ઉપરથી લીધેલ વેષ ભજવવામાંજ તેનું તાત્પર્ય હોય છે.[૧૫] તત્ત્વદર્શી પુરુષોને પોતાના પદાર્થો તથા પુત્ર આદિ પરિવારો કે જે પાણીના પરપોટાની પેઠે સાવ મિથ્યા છે તેના ઉપર અંદરથી કશો સ્નેહ હોતો નથી.[૧૬] તત્ત્વજ્ઞ પુરુષો અંદર અનાસક્તિનેલીધે કશાં ઉપર પ્રીતિ ન હોવાથી સ્નેહવિનાના છતા કેમ જાણે તેનું હૃદય અતિધાટા સ્નેહથી બહુજ આર્દ્ર થઈ રહ્યું હોય તેમ ક્રમ પ્રમાણે સર્વના ઉપર પોતાની સ્નિગ્ધવૃત્તિ બતાવતા રહે છે.[૧૭] મૂઢ પુરુષો તો દેહમાં આત્મબુદ્ધિ થવારૂપી વિષવડે કેમ જાણે મૂર્છિત થઈ રહ્યા હોય તેમ વિષયોમાંજ લીન થઈ જાય છે, છતાં એ નારકી જીવો વૈતરણી નદીના પ્રવાહમાં તણાતા જઇ વાયુની પેઠે માત્ર ઉપર ઉપરથીજ વૃથા વિષયોને ભોગવે છે, પણ વિષયોને અનુભવી તેઓ વિશ્રાંતિ મેળવી શકતા નથી.[૧૮] તત્ત્વદર્શી પુરુષો બહાર સર્વ શિષ્ટપુરુષોના જેવા ઉત્તમ યોગ્ય આચારને સારી રીતે કરતા રહે છે. અંદરથી તે સર્વ વિષયમાં શીતલતાવાળી સ્થિતિને ધારણ કરે છે. અંદર કોઇ વાતમાં તેઓનો બહુ અભિનિવેશ હોતો નથી છતાં કેમ જાણે અભિનિવેશથી તે યુક્તજ હોય એમ દેખાય છે.[૧૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–હે મુનિશ્રેષ્ઠ ! ઉપરનાં લક્ષણોવાળું તત્ત્વજ્ઞનું સ્વરૂપ સત્ય છે કે અસત્ય છે તે કોણ જાણી શકે ? એ આપ કહો. કેમકે દંભવડે અજ્ઞાની પુરુષ પણ એવી તરેહનો જોવામાં આવે છે.[૨૦] હે મહારાજ ! અશ્વના જેવું બ્રહ્મચર્ય પાળનારા દુષ્ટચિત્તવાળા (માન–પ્રતિષ્ઠા આદિને ઇચ્છનારા) કેટલાક દાંભિક પુરુષો પણ પોતાની તપસ્વિપણાની મિથ્યાખ્યાતિ લોકોમાં દૃઢ થાય એટલાસારૂ એવા (મહાત્માના જેવાં) લક્ષણવાળાનો ડોળ ધારણ કરે છે.[૨૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ–મેં કહેલાં લક્ષણવાળું તત્ત્વજ્ઞનું સ્વરૂપ ભલે અસત્ય (ઉપરથી આડંબર માત્ર) હો અથવા ભલે સત્ય હો, પરંતુ એ સ્થિતિ દુર્લભ હોવાથી ઉત્તમજ છે. બાકી તત્ત્વદર્શી વિદ્વાનોમાં તો એ લક્ષણોનો સમૂહ પોતાના સ્વાભાવિક અનુભવના બલથીજ દૃઢ થઈ રહ્યો હોય છે, એમ તમે સમજો.[૨૨] તત્ત્વજ્ઞ પુરુષો કિંચના ફલમાં કશો અભિનિવેશ રાખ્યા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિના રાગીની પેઠેજ ચેષ્ટા કરતા રહે છે, અને અંદરથી પોતે વીતરાગ હોય છે. તેઓની હાંસી થાય એવું કશું પણ દુર્વ્યસન તેઓમાં હોતું નથી, પરંતુ અવિવેકી પુરુષોને દુઃખિત જોઇ પોતે કરુણાવડે આકુલ થઇ જઇ હસે છે.[૨૩] તેઓ આ સર્વ દૃશ્યને તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખાયાથી ચિત્તરૂપી અરિસામાં દેખાતી કપટની બનાવટી ભીંતની પેઠે અને સ્વપ્નમાં હાથ આવેલા સુવર્ણની પેઠે અસત્ય સમજે છે.[૨૪] જેમ ચંદનનાં કાષ્ઠોનો સુગંધ દૂરથી કૃમિ આદિ જીવોના જાણવામાં ન આવે તેમ એવા મહાત્માઓની અંદર રહેલી શીતલતાને કોઇ પણ બીજાં પ્રાણીઓ જાણી શકતાં નથી.[૨૫] પરંતુ જેમ સર્પના પગને સર્પજ ઓળખે તેમ એ મહાત્માઓને તેઓના જેવાજ શુદ્ધચિત્તવાળા જ્ઞાતજ્ઞેય (જાણવાનું જેણે જાણી લીધું છે એવા) પુરુષો અંદર ઓળખી લેછે.[૨૬] સર્વનાથી ઉત્તમ એવા મહાત્માઓ પોતામાં રહેલાં ઉત્તમ લક્ષણને છુપાવે છે, કેમકે ગામડામાં મળનારાં ધન આદિવડે ન ખરીદ કરી શકાય એવા અમૂલ્ય મણિને બજારમાં વેચવા કોણ કાઢે છે? કોઈ નહિ.[૨૭] તત્ત્વજ્ઞ મહાત્માઓનું પોતાની અંદર રહેલા ગુણોને છુપાવવામાંજ તાત્પર્ય હોય છે, પરંતુ બીજાઓને દેખાડવામાં તેઓનું તાત્પર્ય હોતું નથી; કેમકે હે રામચંદ્રજી! તેઓમાં કોઈ પણ જાતની વાસના હોતી નથી, તેમજ દ્વૈતબુદ્ધિથી પણ તેઓ રહિત હોય છે, તથા તેઓમાં કશું પણ અભિમાન હોતું નથી.[૨૮] હે રામચંદ્રજી! એ મહાત્માઓને એકાંત, નિરભિમાનપણું, અકિંચનપણું (દરિદ્રતા) અને મનુષ્યોની ઉપેક્ષા એ સર્વ જેવું સુખ ઉત્પન્ન કરે છે તેવું સુખ મોટી સમૃદ્ધિ પણ તેને આપી શકતી નથી.[૨૯] તેઓનું વિદિતવેદ્યપણું પોતાના અનુભવવડેજ જાણી શકાય એવા નિરતિશય આનંદવડે ભરપૂર હોય છે; તે બીજાઓને જણાવી શકાતું નથી તથા બીજો વિવેકી પણ તેને દેખી શકતો નથી.[૩૦] મારા અમુક ગુણને મનુષ્ય જાણે અને મારી પૂજા કરે એવી ઇચ્છા અહંકારવાળા દાંભિક પુરુષોમાં હોય છે, પરંતુ તે મુક્તચિત્તવાળા પુરુષોમાં હોતી નથી.[૩૧] હે રામચંદ્રજી! આકાશગમન આદિ ક્રિયાનાં ફલો અવિવેકી પુરુષોને પણ અહીં મંત્ર-ઔષધિ આદિના બલથી સિદ્ધ થાય છે.[૩૨] વિવેકી હો કે અવિવેકી હો (જ્ઞાનવાન કે મૂઢ હો), પરંતુ જે પુરુષ જેવો કલેશ સહન કરવાને સમર્થ હોય તેપ્રમાણે (ક્લેશભોગના પ્રમાણમાં) અવશ્ય તે ફલને પ્રાપ્ત થાય છે.[૩૩] જેમ ચંદનની અંદર સુગંધ રહેલ છે, તેમ સર્વના હૃદયની અંદર પોતાના વિહિત-નિષિદ્ધ કર્મોનું ફલ (અપૂર્વરૂપે) રહ્યું હોય છે, અને તે કર્મ કરનારા પુરુષને કાલે કરીને આવિર્ભાવને પ્રાપ્ત થતાં અનુભવમાં આવે છે.[૩૪] જેને અહંતા, વાસના, દ્વૈતબુદ્ધિ અને દૃશ્યપદાર્થોમાં વાસ્તવિકપણું જણાતું હોય તેજ આકાશગમન આદિ ક્રિયાના ફલને સાધે છે,[૩૫] પરંતુ જે તત્ત્વજ્ઞ પુરુષ આ સર્વ સિદ્ધિ આદિ કશા હિસાબમાં નથી (તુચ્છ છે,) અથવા ભ્રાંતિમાત્ર છે, અથવા ચિદાકાશરૂપ છે, એમ સમજે છે, તેઓ કશી વાસનાજ ન હોવાથી આકાશગમન આદિ સિદ્ધિઓને આપનારી મંત્ર-ઔષધ આદિ સંબંધી ક્રિયા કે જે કેવલ કર્મરૂપી વંટોળીયા વાયુના સપાટા જેવી છે તેને શામાટે સાધે?[૩૬] તેને આ સંસારમાં કર્મ કરવાથી પણ કશું પ્રયોજન હોતું નથી, (અને કર્મ ન કરવાથી પણ કશું પ્રયોજન હોતું નથી) તેમ સર્વ પ્રાણીઓમાંથી તેને બીજો અર્થ પણ કાઢી લેવાનો હોતો નથી,[૩૭] કેમકે પૃથ્વીમાં સ્વર્ગમાં કે દેવતાઓમાં કોઇપણ સ્થલે એવું કશું પણ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નથી કે જે ઉદાર ચિત્તવૃત્તિવાળા તત્ત્વવેત્તાને લોભ ઉત્પન્ન કરે?[૩૮] જેની નજરમાં આ આખું ત્રૈલોક્ય તૃણના જેવું કે રજના જેવું તુચ્છ જણાતું હોય કિંવા કશા હિસાબમાંજ ન હોય, તેને બીજી શી (અનાત્મ) વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય જણાય? કાંઈ નહિ.[૩૯] સંસારયાત્રાનો નિર્વાહ ચલાવી લેનાર પરિપૂર્ણ ચિત્તવાળો તત્ત્વજ્ઞ મહાત્માપુરુષ યથાસ્થિત રીતે પોતે રહે છે, અને યથાપ્રાપ્ત શિષ્ટાચારને અનુસરે છે.[૪૦] તત્ત્વજ્ઞપુરુષ પોતે નિરંતર અંદર શીતલ રહે છે. મૌનને (નિઃસંકલ્પ દશાને કિંવા વૃથા આલાપના ત્યાગને) તે ધારણ કરે છે. તેની મનોભૂમિ શુદ્ધ સત્વમય હોય છે. પરિપૂર્ણ ભરેલા મહાસાગરના જેવો તેનો આકાર હોય છે. તેઓનો અભિપ્રાય અથવા અંતઃકરણ ગંભીર અને લોકોને સહેલાઇથી જણાઇ શકે તેવાં હોય છે.[૪૧] રસાયનના ચારેકોરથી પરિપૂર્ણ રીતે ભરેલા ધુનાની પેઠે તે પોતાના આત્મામાં આનંદને ધારણ કરે છે, અને શુદ્ધ પૂર્ણચંદ્રની પેઠે બીજાઓને પણ તે આનંદ ઉપજાવે છે.[૪૨] પંડિતોની બુદ્ધિઓ જેવો આનંદ આપે છે, તેવો આનંદ મંદારવૃક્ષની મંજરીઓના નિકુંજોવડે પીળી થઇ ગએલી દેવભૂમિઓ પણ આપી શકતી નથી.[૪૩] સારગ્રાહી વિવેકી પુરુષ ગ્રીષ્મઋતુસંબંધી સૂર્યના જેવા પ્રકાશ કરનારા પદાર્થોમાં ચંદ્રબિંબપાસેથી શીતલતારૂપી સારનું ગ્રહણ કરે છે, સુગંધને ભોગવનારા પદાર્થોમાં વસંતઋતુ પાસેથી નિર્લેપ રહેવારૂપી સારનું ગ્રહણ કરે છે, અને સૌભાગ્યને ભોગવનારા પદાર્થોમાં મહાત્માઓનાં નિર્વિકાર રહેનારાં ચિત્તોપાસેથી નિઃસ્પૃહ રહેવારૂપી સારનું ગ્રહણ કરે છે.[૪૪] આ જગત ભ્રાંતિમાત્ર છે, ઇંદ્રજાલ જેવું છે, અને મિથ્યા છે, એવો નિશ્ચય કરી વિવેકી પુરુષ પ્રતિદિન વાસનાઓને મૂકતા જાય છે.[૪૫] તત્ત્વજ્ઞપુરુષ શીત–ઉષ્ણ આદિ દુઃખો પોતાના દેહમાં રહ્યાં હોય તોપણ કેમ જાણે કોઇ બીજાના દેહમાં રહેલ હોય તેમ તેનો અનાદર કરે છે.[૪૬] વૈરાગ્યવાન વિવેકી પુરુષ, કરુણાવડે ઉદાર એવી પોતાની વૃત્તિવડે સર્વસ્વ આપી દઇને પણ આર્ત્તપુરુષને પાલન કરવાનું પરમ વ્રત ધારણ કરે છે, અને પુષ્પ ફલ આદિને ધારણ કરવાવાળી લતાનીપેઠે પરોપકાર કરવામાં પરાયણ એવી પોતાની વૃત્તિથી એક જલમાત્રથી પણ સંતોષ માની લઈ પોતાની ઉત્તમ સ્થિતિમાંજ રહે છે.[૪૭] યથાપ્રાપ્ત વ્યવહારને તે પોતે સર્વ લોકોની પેઠેજ કરતાં છતાં ચરાચર પ્રાણીઓના કરતાં ઉત્તમ સ્થિતિમાં રહ્યો હોય છે.[૪૮] નહિ શોક કરવા યોગ્ય એવો તત્ત્વજ્ઞ પુરુષ પ્રજ્ઞારૂપી મહેલ ઉપર ચડી જઇ બીજાં પ્રાકૃતપ્રાણીઓ કે જેઓ શોક કરતાં હોય છે, તેમને જેમ પર્વતઉપર ચડેલો મનુષ્ય જમીન ઉપર નીચે રહેલાં મનુષ્યોને દેખે તેમ તટસ્થપણે દેખે છે.[૪૯] સંસારસાગર કે જે એક ભ્રમમાત્રજ છે, તેની અંદર ઘણા લાંબાકાલ સુધી ક્ષુધા–પિપાસા, જરા–મૃત્યુ, શોક–મોહરૂપી છ ઉર્મિઓના ઝપાટાવડે વિક્ષેપ આવતાં છતાં નિર્વિકાર મનવાળો તત્ત્વજ્ઞપુરુષ તેને પેલેપાર પહોંચી જઇ પરમ વિશ્રાંતિને પ્રાપ્ત થાય છે.[૫૦] પોતાની શાંતવૃત્તિવડે જગતસંબંધી પોતાની પ્રથમની ગતિને હસે છે, અને સંસારરૂપી ભ્રાંતિને ખૂબ ઘાટી રીતે ધારણ કરી રહેલા મનુષ્યોના સમૂહને પણ તે પોતે અંદર કેમ જાણે હસતો હોય એવો થઇ રહે છે.[૫૧] જંગલમાં ભૂલો પડવાથી ગોથાં ખાનારા આંધળા વટેમાર્ગુની પેઠે અંધપરંપરાથી ચાલી આવતી આ સંસાર-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સંબંધી દૃષ્ટિઓ સાવ મિથ્યા છતાં મને મોહ ઉત્પન્ન કરે છે, એમ અંદર વિસ્મયને પ્રાપ્ત થાય છે.[૫૨] વિવેકનેલીધે પોતે જગત-સંબંધી ચેષ્ટાઓને હસતાં છતાં પણ પોતાને અષ્ટવિધ ઐશ્વર્ય પ્રાપ્ત થાય તો તેને જોઇને પણ "મને આ બધું અપ્રિય હોવાથી તૃણ જેવું છે" એમ સમજી શાંતપણાનેલીધે જરા પણ અહંકાર લાવતો નથી.[૫૩] ક્યાંક તે પર્વતની ગુફારૂપી ઘરમાં રહે છે, ક્યાંક તે પુણ્યાશ્રમનો આશ્રય કરે છે, ક્યાંક તે ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય છે, ક્યાંક તે બહુ-વક્તાપણે પ્રસિદ્ધ હોય છે,[૫૪] ક્યાંક તે ભિક્ષા-વ્રતમાં રહી પોતાનો આચાર પાળે છે, ક્યાંક તે એકાંતમાં તપસ્વી થઇ રહે છે, ક્યાંક તે મૌનવ્રતનું ધારણ કરે છે, ક્યાંક તે ધ્યાન-પરાયણ જોવામાં આવે છે,[૫૫] કયાંક તે વિદ્વાનરૂપે પ્રખ્યાત હોય છે, ક્યાંક તે શ્રુતિ અને સ્મૃતિનો શ્રોતા બની જાય છે, કયાંક તે રાજારૂપે ને ક્યાંક દ્વિજરૂપે જોવામાં આવે છે, ક્યાંક અજ્ઞાનીના જેવો તે થઈ રહે છે,[૫૬] ક્યાંક તે ગુટિકા અંજન–ખડ્ગ–આદિવડે સિદ્ધ બની જઇ આકાશમાં વિચરે છે, ક્યાંક તે શિલ્પકલાવડે પોતાની આજીવિકા ચલાવે છે, ક્યાંક તેણે પામરનું રૂપ ધારણ કર્યું હોય છે,[૫૭] ક્યાંક તે આચારથી રહિત જોવામાં આવે છે, ક્યાંક તે મહાશ્રોત્રિયરૂપે જોવામાં આવે છે, ક્યાંક ઉન્મત્તના જેવી તેની ચેષ્ટા દેખાય છે, અને ક્યાંક તે સંન્યાસીરૂપે જોવામાં આવે છે; મતલબ કે તત્ત્વજ્ઞ પુરુષનો સ્થાન-આદિનો કશો નિયમ નથી.[૫૮] પુરુષ કાંઇ શરીર આદિરૂપ નથી તેમ ચિત્ત આદિરૂપ પણ નથી; પુરુષ પોતે ચેતનરૂપ છે, અને તે કોઈ દિવસે નાશને પ્રાપ્ત થતો નથી.[૫૯] તે (કોઇનો કાપ્યો) કપાતો નથી, (બાળ્યો) બળતો નથી, તે સડવું સૂકાવું આદિ વિકારથી રહિત છે, નિત્ય છે, સર્વવ્યાપી છે, સ્થિર છે, અચલ છે, અને સનાતન છે.[૬૦] આવી રીતે જેને સારી રીતે તત્ત્વજ્ઞાન થઇ ગયેલ હોય તેવો તત્ત્વજ્ઞપુરુષ જ્યાં જેવી દશામાં રહ્યો હોય ત્યાં ભલે તેવી સ્થિતિમાં રહો. તેને અમુક વર્ણાશ્રમની મર્યાદામાં રહી શું સાધવાનું છે? કાંઇ નહિ.[૬૧] તત્ત્ववેત્તાપુરુષ ભલે પાતાલમાં પ્રવેશ કરો, આકાશમાં જાઓ, કિંવા પોતાના ચૂરેચૂરા થઈ જાય તેવી રીતે ભ્રમણ કરો, પરંતુ તેનું સ્વરૂપ ચિન્માત્ર અને અજર-અમર છે, તે કોઇ દિવસ નાશને પ્રાપ્ત થતું નથી, કેમકે તે આકાશના જેવું નિત્ય નિરતિશય આનંદ-રૂપ છે, અને જન્મ આદિ વિકારથી રહિત છે.[૬૨]

पातालमाविशतु यातु नभो विलंब्य दिङ्मंडलं भ्रमतु पेषणमेव येन ॥ चिन्मात्रमेतदजरं न तु यातु नाशमाकाशकोश इव शान्तमजं शिवं तत् ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મરણાદ્યભાવોપદેશ' એ નામનો એકસો બીજો સર્ગ સંપૂર્ણ. ૧૦૨

સર્ગ ૧૦૩ જો.*

ચિદાત્માની એકતા, નિત્યતા અને સ્વતંત્રતા.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

भामात्रं भानमात्रं वा शांतं भासत एव च ॥ चिन्मात्रं यदनाद्यंतं तस्य नाशः कथं कदा ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—શાંત ચિન્માત્ર પ્રત્યક્ ચૈતન્ય સર્વના સાક્ષિરૂપે અથવા વિષયના ભાનરૂપે સર્વને ભાસે છે કે જે અનાદિ અને અનંત છે, તો તેનો નાશ ક્યારે અને શી રીતે

* આ એકસો ત્રીજા સર્ગમાં ચિદાત્માની એકતા, નિત્યતા અને સ્વતંત્રતા વર્ણવાશે, અને આ ઉત્તમ શાસ્ત્રનું માહાત્મ્ય પણ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થાય ?[૧] પુરુષ ચિન્માત્રજ છે તે કોઇ દિવસ નાશને પ્રાપ્ત થતો નથી. જો ચિન્માત્ર તત્ત્વનો નાશ થતો હોત તો પછી ફરીવાર પાછી આ સૃષ્ટિ ક્રમ અને શી રીતે થાત ?[૨] કોઇ દેશ-કાલમાં કોઇનું ચિન્માત્રતત્ત્વ જુદું જુદું છે નહિ, ક્રમકે સર્વને અનુભવ સરખો થાય છે તો તેને જુદું ક્રમ કહી શકાય ?[૩] સર્વને હિમ શીત લાગે છે, અગ્નિ ઉષ્ણ જણાય છે, પય (દૂધ કે પાણી) મધુર લાગે છે, તો પછી (સર્વમાં રહેલ) શુદ્ધ ચિન્માત્રતત્ત્વને ભિન્ન ભિન્ન ક્રમ કહેવાય ?[૪] કદાચિત્ શરીરનો નાશ થતાં ચિન્માત્ર તત્ત્વનો પણ નાશ થઇ જાય છે એમ માનવામાં આવતું હોય તોપણ એ મરણવડે જન્મપરંપરારૂપી સંસારનો ક્ષય થઇ જવાથી તેમાં હર્ષ કરવો યોગ્ય છે, ત્યાં ખેદ શો કરવો ? એ તમેજ કહો.[૫] વસ્તુતાએ જોતાં શરીરનો નાશ થતાં ચિદાકાશનો નાશ થતો નથી, ક્રમકે દેહનો નાશ થઈ ગયા પછી મ્લેચ્છ આદિ નીચ જાતિને પોતાના બંધુઓનું પિશાચપણું અનુભવમાં આવે છે.[૬] જ્યાંસુધી શરીરની સત્તા છે ત્યાંસુધીજ ચેતનની સત્તા છે એમ કહેતા હો તો તે ખોટું છે, ક્રમકે જો તેમ હોય તો શરીર અખંડ રહ્યા છતાં શબ શામાટે ચાલતું નથી ? એ તમેજ કહો.[૭] પિશાચનો અનુભવ થવો એ એક જીવતા જીવનો ધર્મ છે એમ કહેતા હો તો તે સદાકાલ પિશાચને ક્રમ દેખતો નથી અને બંધુ મરી ગયા પછીજ તેને ક્રમ દેખે છે ?[૮] બંધુના મરણનું જ્ઞાન જેને થયું હોય એવા જીવનો તે ધર્મ છે એમ હોય તો પછી દેશાંતરમાં મિથ્યા રીતે (કોઇના ઉડાડવાથી) મરી ગયેલા બંધુનું પિશાચપણું તેને ક્રમ દેખાતું નથી ?[૯] માટે સિદ્ધ છે કે એ અજર, અમર, ચિન્માત્ર તત્ત્વજ સર્વરૂપ થઇ રહેલ છે. તે અમુક દેશકાલમાંજ રહ્યું છે એમ નથી; તે જ વસ્તુને જે દેશ-કાલમાં જેવી રીતે કલ્પે છે તેવી રીતે તે તેના અનુભવમાં આવે છે.[૧૦] એ અબાધિત એકરસરૂપ ચિન્મયતત્ત્વ જેવા વિવર્તને ધારણ કરે છે તેવોજ અનુભવ થાય છે. આમ થવામાં મુખ્ય હેતુરૂપ તેનો અનાદિસિદ્ધ સ્વભાવજ છે.[૧૧] સૃષ્ટિના આદિકાલમાંજ પ્રધાન-પરમાણુ આદિ બીજું કશું પણ કારણ બ્રહ્મનાથી જુદું સંભવતુંજ નથી, અને કદાચિત્ તે હોય તો કેવું છે અને શી રીતે તેને કારણરૂપ માની શકાય ? તે કહો.[૧૨] દૃશ્યની શોભા કે જે વસ્તુતાએ જોતાં સાવ શૂન્યજ છે તે સૃષ્ટિના આદિકાલમાં ઉત્પન્નજ થયેલ નથી તેમ હમણાં પણ તે છેજ નહિ, કેવલ ચિદાકાશજ વિવર્તરૂપે જગતને આકારે ભાસે છે.[૧૩] આ દૃશ્ય, ચિદાકાશના એક વિવર્તરૂપ છે, અને દૃશ્યરૂપે તેને કલ્પી લે તો તે દૃશ્યરૂપે દેખાય છે; બાકી અધિષ્ઠાન ચૈતન્યવિના દૃશ્યની કલ્પના બીજી કઇ જગ્યાએ થાય ?[૧૪] ચિદાકાશરૂપ આત્મા પોતાના ચમત્કારના ચાતુર્યને (વિવર્તને) આ દૃશ્ય છે એવી ઘાટી ભાવનાનેલીધે જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં બોધવડે (બહિર્મુખપણાથી) તેને દેખે છે અને સુષુપ્તિમાં અજ્ઞાનનેલીધે નથી દેખતો.[૧૫] બોધ અને અબોધ એ બન્ને ચિદાકાશનુંજ રૂપ છે કે જે નિર્વિકાર છે. એ બન્નેનો ભેદ માત્ર વાણીમાં છે પણ અર્થમાં નથી માટે દૃશ્યવસ્તુજ નથી.[૧૬] જે કાંઈ આ પદાર્થોનું દૃશ્યપણું પ્રતીતિમાં આવતું હતું તે અવિચારનેલીધેજ માત્ર હતું. એ અવિચાર હમણાં વિચારવડે નષ્ટ થઇ ગયેલ છે તો પછી એ દૃશ્ય કયાંથી દેખાય ?[૧૭] આ આત્મજ્ઞાનના વિચારમાંજ બુદ્ધિને સારી પેઠે પરિશ્રમ આપવો. જો યત્નવડે તેનો અભ્યાસ કરવામાં આવે તો તે બન્ને લોકમાંથી સિદ્ધિ આપનાર છે.[૧૮] હે મહાશય રામચંદ્રજી ! એકવાર તમને અવિદ્યાની નિવૃત્તિ તો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

થઈ ગયેલી છે, પરંતુ તે અભ્યાસવિના સિદ્ધિને (જીવન્મુક્તિ સંબંધી સ્થિતિને) આપતી નથી.[૧૯] શમ-દમ આદિ સાધનોવડે સંપન્ન થયેલા પુરુષે ઉદ્વગનો ત્યાગ કરી પ્રતિદિવસ અવકાશ મેળવી (ક્ષણમાત્ર ગુરુશુશ્રૂષા આદિ નિયમનું ગ્રહણ કરી) આ લોક અને પરલોક એ બન્નેમાં હિત કરનારૂં આ શાસ્ત્ર કે જે પથ્યની-પેઠે પરિણામે સુખ આપનાર છે તેનો વિચાર કરવો.[૨૦] તમોને અનેક અસંભાવના આદિ દોષ ઉત્પન્ન થવાનેલીધે ભેગા થઈ અભ્યાસ કર્યા વિના આ આત્મજ્ઞાનસંબંધી શાસ્ત્ર જાણવામાં આવી ગયા છતાં (વિસ્મરણ થઇ જતાં) અજ્ઞાત જેવું થઈ જશે.[૨૧] જે મનુષ્ય જે પદાર્થને ઇચ્છે છે અને તે મેળવવાને યત્ન કરે છે તે જો વચમાં થાકી જઇ નિવૃત્ત ન થઇ જાય તો અવશ્ય તેને મેળવે છે,[૨૨] માટે બીજા આ અસચ્છાસ્ત્રના વિચારથી નિવૃત્તિ પામો અને સચ્છાસ્ત્રનો વિચાર કરો. જેમ રણમાંથી જયલક્ષ્મી પ્રાપ્ત થાય તેમ સચ્છાસ્ત્રથી તમે શાંતિને પ્રાપ્ત થશો.[૨૩] આ મનરૂપી નદી વિવેકતરફ્ અને અવિવેકતરફ્ એ બન્ને તરફ્ વહે છે, અને જે તરફ્ યત્નથી તેનો પ્રવાહ ચાલુ રાખવામાં આવે તે તરફ્જ તે સ્થિતિને પ્રાપ્ત થઇ જાય છે.(વહેતી રહે છે.)[૨૪] આ શાસ્ત્રના વિના શ્રેય (અત્યંત પ્રશસ્ત વિવેકનું સાધન) થયું પણ નથી અને હવે પછી થવાનું પણ નથી, માટે પરમબોધ થવા સારૂ આ શાસ્ત્રનોજ વિચાર કરો.[૨૫] આ શાસ્ત્રનો વિચાર કર્યાપછી પોતાની મેળેજ તરત પરમબોધનો અનુભવ થાય છે કે જે સંસારમાર્ગના શ્રમને હરણ કરનાર છે. વરદાનની અને શાપનીપેઠે કાલાંતરે વિલંબથી આનું ફલ મળે એમ નથી.[૨૬] જે શ્રેય પિતાથી, માતાથી કે બીજાં સુકૃત્યોવડે નથી થઇ શકતું તે શ્રેય આ શાસ્ત્ર વિચારપૂર્વક સમજાઇ જતાં તત્કાલ સાધી આપે છે.[૨૭] હે મહાશય રામચંદ્રજી! આ સંસારના બંધરૂપી વિષમ વિષૂચિકા મહામારી કે જે ઘણા લાંબા કાલથી વળગેલ છે તે આત્મજ્ઞાન સિવાય બીજા કશાથી કોઇ દિવસ શાંત થતી નથી.[૨૮] હું અમુકરૂપ છું, એવી મહામોહવડે ખડી થઈ ગયેલી માયા મિથ્યા છતાં સ્થિર થઇ રહી છે તેને આ શાસ્ત્રની ભાવનાવડે છોડી દો તથા માયાવડે થતી પરમ શોચનીય દશાને પણ મૂકી દો.[૨૯] જેમ ભૂખ્યા થયેલા સર્પો રસથી રહિત એવા પવનને ચાટયા કરે તેમ તમો પણ ઉપરથીજ માત્ર મધુર દેખાતા અને આકાશના જેવા શૂન્ય એવા વિષયોના સમૂહને ચાટતા રહી માયાની અંદર આકાશની પેઠે અનંત એવી જન્મ-મરણની પરંપરારૂપી સંસારને પ્રાપ્ત ન થાઓ.[૩૦] કષ્ટની વાત છે કે તમે કે જેઓ મરણધર્મને શરણ છો તેના બધા દિવસો આવ્યા ગયાની ખબર પડયા-વિના અજાણ્યાજ વ્યવહારિક ક્રિયાઓવડે કેવલ ચાલ્યા જાય છે.[૩૧] તમે કે જે અનેક જાતના ભયવડે વ્યાપ્ત છો તેને જ્યાંસુધી મરણરૂપી આયુષ્યનો અવધિ ન આવી પહોંચે ત્યાંસુધીમાં કેટલાક દિવસોની અંદર સચ્છાસ્ત્રનું અવલંબન કરી લ્યો તો ખરેખર એક આશ્વાસનરૂપ છે.[૩૨] મરણ આવતાં એવા કષ્ટકારક પરિતાપને તમે પામશો કે જેમાં પ્રત્યેક અવયવનો વિચ્છેદ પણ ઠંડા એવા ચંદનના લેપની પેઠે અવશ્ય ભોગવવો પડશે.[૩૩] મૂર્ખ અવિવેકી પુરુષો યુદ્ધ આદિમાં પ્રાણ આપીને પણ ધનને અને જયના અભિમાનને વેચાતાં લે છે, પરંતુ શાસ્ત્રને અનુસારે વિવેક, વૈરાગ્ય, શ્રવણ આદિ ઉપાયોવડે પ્રાપ્ત થનારી તત્ત્વબુદ્ધિવડે અજર-અમર એવાં મોક્ષપદને કેમ વેચાતું નથી લેતા? એ એક આશ્ચર્ય છે.[૩૪] જે વિવેકી પુરુષ વગર યત્ને કેવલ પોતાની તત્ત્વજ્ઞાનથીજ ચિદાકાશની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અંદર પોતાનું સ્થાન કરે છે તેઓ સર્વથી ઉત્કૃષ્ટ હોવાથી પોતાના મસ્તકઉપર અજ્ઞાનરૂપી શત્રુ પગ મૂકે તેને શામાટે સહન કરે?[૩૫] અરે મનુષ્યો ! તમે માન અને મોહથી રહિત એવા દૃઢ વિવેકને પ્રાપ્ત થઈ તત્ત્વને ઓળખી લઇ મોક્ષગતિને પ્રાપ્ત થાઓ, પણ અધમ એવી સંસારની ગતિને પ્રાપ્ત ન થાઓ. જો પોતાના આત્મસ્વરૂપનો યથાર્થ બોધ થાય તો તે જન્મ મરણ આદિ મોટી મોટી આપત્તિઓને મૂળમાંથી ઉખેડી કાઢે છે.[૩૬] હું અહર્નિશ તમારે માટે પ્રલાપ કર્યા કરૂં છું, તેને જોઈ આ મારા વચનઉપર લક્ષ્ય આપી પોતાના પ્રબોધવાળા ચિત્તવડેજ દેહ આદિમાંથી અહંભાવ છોડી દઈ બ્રહ્મરૂપ થઇ રહો.[૩૭] જે પુરુષ મરણરૂપી આપત્તિની ચિકિત્સાને આજેજ નથી કરી લેતો તે મૂઢ માનવી મરણ આવી પહોંચ્યા પછી આતુર બની જઇ શું કરી શકશે? કાંઇ નહિ.[૩૮] આ ગ્રંથ વિના બીજો કોઈ ગ્રંથ પોતાના આત્મસ્વરૂપને ઓળખાવે એવો નથી, અને જેમ તેલની મતલબવાળા પુરુષો તલનું ગ્રહણ કરે તેમ વિવેકી પુરુષે પોતાનું કાર્ય સાધી આપનાર હોવાથી આ ગ્રંથ ગ્રહણ કરવા યોગ્ય છે.[૩૯] આ શાસ્ત્ર દીવાની પેઠે આત્મજ્ઞાનનો પ્રકાશ કરે છે, પિતાની પેઠેજ તત્કાલ બોધ આપે છે, અને કાંતાની પેઠેજ સારી રીતે રમાડે છે.[૪૦] જે આત્મારૂપી જ્ઞાન વિદ્યમાન છતાં બીજાં અનેક શાસ્ત્રોના સમૂહથી નથી જણાતું તે દુર્બોધ આત્મસ્વરૂપ મધુરતાથી આ શાસ્ત્રવડે લોકો જાણી શકશે; એમાં કશો સંશય નથી.[૪૧] શાસ્ત્રદૃષ્ટિમાં જે આખ્યાનો મુખ્ય છે તે સર્વમાં આ (યોગવાસિષ્ઠનું) આખ્યાન ઉત્તમ છે, સુખેથી અનાયાસે બોધ આપનાર છે, હૃદયને રુચે એવું છે, અને આની અંદર અનાદિસિદ્ધ તત્ત્વવેત્તાઓના સંપ્રદાયના સિદ્ધાંતવિના બીજું નવું કપોલકલ્પિત કશું પણ નથી.[૪૨] નાના પ્રકારનાં આખ્યાનો અને કથાઓથી વિચિત્ર એવા આ શાસ્ત્રને જો કોઈ અધિકારી પુરુષ વિનોદથી પણ વિચારે તો પરમ આત્મજ્ઞાનને પ્રાપ્ત થાય છે; એમાં કશો સંશય નથી.[૪૩] જે બોધ કોઇનાથી ખંડિત ન થએલા પંડિતોને આજ પર્યંત મળ્યો નથી તેવો બોધ જેમ (સોનાની ખાણના સંબંધની) વેળુના ઢગલામાંથી સુવર્ણ મળી આવે તેમ આ શાસ્ત્રમાંથી મળી આવે છે.[૪૪] કોઇ દિવસ કોઇ પણ શાસ્ત્રકર્ત્તા ઉપર મોહ પામી જઇ તેમાં મગ્ન થઇ રહેવાનું નથી, પરંતુ જો તેના શાસ્ત્રનો અર્થ યુક્તિવડે યુક્ત હોય અને અનુભવમાં બંધ બેસતો આવતો હોય તોજ તેમાં મોહ પામી જઇ મગ્ન થઈ રહેવાનું છે.[૪૫] ઉત્તમ શાસ્ત્રના અર્થનું અપમાન કરનારા અવિચારી આત્મહત્યારા પુરુષો સાથે વિવેકી પુરુષે કોઇ દિવસે અજ્ઞાનથી, મત્સરથી કે મોહથી મૈત્રી કરવી નહિ.[૪૬] હે રામચંદ્રજી ! આ શ્રોતાઓનો સમૂહ જેવો અધિકારીનાં વિશેષણોવડે સંપન્ન છે, તથા જેવા તમે પણ અધિકારીનાં વિશેષણોથી સંપન્ન છો, તમારી સર્વની બુદ્ધિ પણ જેવી શ્રવણ–ધારણા–અભ્યાસ વગેરેમાં નિપુણ છે, અને હું પોતે પણ જેવો છું એ સર્વ હું યથાર્થ રીતે જાણું છું; અને તમારા સર્વના ભાગ્યોદયથી ઉદ્‌બુદ્ધ થયેલી કરુણાવડે હું તમોને ઉપદેશ આપવાને પ્રવૃત્ત થયો છું; કેમકે મારો સ્વભાવજ એવો દયાર્દ્ર છે.[૪૭] હું નર નથી, ગંધર્વ નથી, દેવ નથી કે કોઇ રાક્ષસ નથી, પણ તમારો પોતાનો શુદ્ધ થએલો ચિદાત્માજ તમારા પુણ્યયોગથી શુદ્ધ આત્મતત્ત્વનો તમને બોધ કરવાને અહીં (મારે આકારે) આવેલ છે.[૪૮] તમે સર્વ પણ મારા ચિદાત્મારૂપ છો કે જે ચિદાત્મા અત્યંત નિર્મલ અને નિર્વિકાર છે. હું પણ તમારો પુણ્યયોગજ ઉપદેશક તરીકે થઈ રહ્યો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છું, પણ વસ્તુતાએ હું બીજા કશારૂપ નથી તેમ તમારા આત્માથી જુદેા પણ નથી.[૪૯] જ્યાંસુધી રાત્રિના જેવા મહાઘેાર ભયંકર અને અંધકારમય એવા મરણના દિવસેા નથી આવી પહેાંચ્યા ત્યાંસુધીમાં સર્વ વસ્તુઓમાં વૈરાગ્ય રાખવારૂપી સારને ગ્રહણ કરી લ્યેા.[૫૦] જે પુરુષ અહીંજ નરકરૂપી વ્યાધિની ચિકિત્સા નથી કરતેા તે પેાતે પાછળથી નરકની પીડાથી પીડાને પ્રાપ્ત થતાં પછી ઔષધ વગરના સ્થાનમાં ગયા પછી શું કરી શકશે ? કશું નહિ.[૫૧] જ્યાંસુધી સર્વ પદાર્થોમાં વૈરાગ્ય થએલ નથી ત્યાંસુધી પદાર્થોની વાસના ઓછી થતી નથી.[૫૨] હે મહાબુદ્ધિમાન રામચંદ્રજી ! આત્માનેા (સંસારસાગરમાંથી) સંપૂર્ણ રીતે ઉદ્ધાર કરવામાટે વાસનાને ઓછી કર્યાવિના બીજો કશેા પણ ઉપાય કેાઇ જગ્યેાએ છેજ નહિ.[૫૩] જે કદાચિત્ પદાર્થો સત્યપણે રહ્યા હેાય તેા હજી અમુક વસ્તુ આવશ્યક અને ઉપયેાગી છે એવી ભાવના થાય, પરંતુ એ પદાર્થોજ સસલાના શીંગડા આદિનીપેઠે છેજ નહિ.[૫૪] જગતના સર્વ પદાર્થો અવિચારવડે જોવામાં આવે તેા મનેાહર દેખાય છે, પરંતુ વિચાર કરે તેા તેઓનું અસ્તિત્વજ ન જણાતાં તેઓ કયાંય જતા રહે છે.[૫૫] પ્રામાણિક એવા વિચારેા કર્યા છતાં જે જગતના પદાર્થો વિદ્યમાન જણાતા નથી, તેઓ સદાકાલ શી રીતે છે, અને તેનું કેવું સ્વરૂપ છે ?[૫૬] સૃષ્ટિના આદિકાલમાંજ કારણના અત્યંત અભાવનેલીધે સર્વ જગતના પદાર્થો ઉત્પન્નજ થએલા નથી, અને જે કાંઇ આ દૃશ્યરૂપે પ્રતીતિમાં આવે છે તે બ્રહ્મજ તેવેરૂપે વિવર્તભાવથી ભાસે છે.[૫૭] સર્વ ઇંદ્રિયેાવડે અગમ્ય એવા પરબ્રહ્મની અંદર મન અને ઇંદ્રિયેાવડે પ્રતીતિમાં આવતા પદાર્થોનું કશું પણ કારણ છેજ નહિ, કેમકે મન-ઇંદ્રિયેાજ તેમાં કારણરૂપ જણાય છે, અને પરબ્રહ્મ તેઓનેા વિષયજ નથી.[૫૮] જુદે જુદે નામરૂપે પ્રતીતિમાં આવતા પદાર્થોનું નામરૂપથી રહિત બ્રહ્મ કેમ કારણ હેાય ? તત્ત્વવસ્તુમાં અવસ્તુપણું કયાંથી હેાય અને શૂન્યની અંદર અશૂન્યપણું પણ કેમ સંભવે ?[૫૯] જેમ વડ પેાતે સાકાર છે તેા તેનું બીજ પણ સાકારજ છે, તેમ સાકાર જગતનું બ્રહ્મજ કારણ હેાય તેા તે પણ સાકાર હેાવું જોઇએ, તેવિના શી રીતે તેમાંથી તે ઉત્પન્ન થાય ?[૬૦] જ્યાં કાંઈ પણ આકૃતિવાળું બીજ જરા પણ પ્રતીતિમાં આવતું નથી તે (બ્રહ્મ) માંથી આ આકૃતિવાળું જગત ઉત્પન્ન થાય છે, એ એક આશ્ચર્યની વાત છે![૬૧] એ પરમપદની અંદર કાર્ય–કારણભાવ આદિ કશું પણ છે નહિ. વાચાળતાથી તેમાં જે કાંઈ કલ્પના કરવી તે એક મૂર્ખતા છે.[૬૨] સહકારી કારણનેા અભાવ હેાય તેા કારણમાંથી કાર્યની ઉત્પત્તિ થાય નહિ. આ વાત બાળકને પણ અનુભવમાં આવે એવી છે.[૬૩] પૃથિવી આદિની વારંવાર પ્રતીતિ થવી એજ તેના કારણરૂપ છે, જેનેલીધે તે કાંઇ વાસ્તવ વસ્તુ નથી. છાયા એ શી વસ્તુ છે ? એ તમે કહેા, અને તે તડકામાં શી રીતે રહી શકે તે પણ કહેા ![૬૪] પરમાણુઓના સમૂહરૂપ આ જગત છે, એ વાત પણ વાસ્તવ નથી. સસલાનું શીંગડું ધનુષના જેવડું છે એ કહેવું કેવલ અજ્ઞાનનું છે.[૬૫] કુદરતથી પરમાણુઓનેા સમૂહ ભેગેા થઇ જગતને ઉત્પન્ન કરે છે, એમ જો હેાય તેા પાછેા તે આકાશમાંજ કુદરતથી વીખેરાઇ જવેા જોઇએ,[૬૬] દેશેદેશમાં અને ઘેર ઘેર એ પરમાણુઓના અવયવરૂપજ નિરંતર નવી નવી રીતે ઉડયા કરવું જોઇએ, અથવા તેા રેાજ રેાજ તેનેા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મોટો ઢગલો કે મોટો ખાડો થઇ રહેવો જોઇએ, પરંતુ તેતો કશું દેખાતું નથી.[૬૭] કદાચિત્ તે (જગત) કોઇનું બનાવેલું કહીએ તો તે કર્મ કોનું બનાવેલ છે? ઈશ્વરકૃત માનીએ તો વ્યર્થ કર્મ તો મૂર્ખ હોય તે કરે, પણ નિત્યમુક્ત ઈશ્વરની નિરર્થક પ્રવૃત્તિ સંભવતી નથી, અને જડ પરમાણુઓ પોતાની મેળેજ સૃષ્ટિ રચવામાં સમર્થ થઇ શકે નહિ.[૬૮] હે પ્રિય રામચંદ્રજી! આ અચિંત્ય રચનારૂપી કર્મ કોઇએ અજ્ઞાનપૂર્વકજ બનાવી દીધું હોય એમ તો સંભવતું નથી, અને તે બુદ્ધિપૂર્વક બનાવ્યું હોય તો એવો કોણ ઉન્મત્ત હોય કે જે બુદ્ધિપૂર્વક વ્યર્થ કર્મ કરે?[૬૯] જડ પવન પણ બુદ્ધિપૂર્વક ચેષ્ટા કરી શકે નહિ; અને તેની ચેષ્ટાવિના પરમાણુઓનો સમૂહ ભેગો થઇ જાય એ વાત પણ સંભવતી નથી.[૭૦] તેમ બીજા કોઈની કૃતિરૂપ આ જગત છે, એમ પણ સંભવ જણાતો નથી. આપણે કે જે આત્મરૂપ છીએ તે દેહ આદિ આકારથી રહિત ચિદાકાશરૂપજ છીએ, અને આ સર્વ મનુષ્યો પણ ચિદાકાશરૂપજ છે. જેમ તમને સ્વપ્નની અંદર સ્વપ્નનાં મનુષ્યો જોવામાં આવે તેમજ આ સર્વ મનુષ્યો હમણાં પણ દેખાય છે.[૭૧] માટે કશું પણ ઉત્પન્ન થતું નથી અને આ જગત છેજ નહિ. સ્વચ્છ નિરાકાર ચિદાકાશજ એવી રીતે (જગતને આકારે) પોતાના સ્વરૂપમાં પોતાની મેળેજ વિવર્તભાવને પામી જઇ પ્રતીતિમાં આવે છે.[૭૨] જેમ પવનમાં તેની ચલન–શક્તિ અભિન્ન સત્તાથી રહી છે, જલમાં જેમ દ્રવપણું અભિન્ન સત્તાથી રહ્યું છે, અને આકાશમાં જેમ શૂન્યપણું અભિન્ન સત્તાથી રહ્યું છે, તેમ ચિદાકાશની અંદર અભિન્ન સત્તાથી જગતરૂપી આકાશ સર્વત્ર રહેલ છે.[૭૩] ઘણે છેટેથી એક પ્રદેશથી પણ વારમાં (ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા) બીજા પ્રદેશમાં આવી પહોંચતાં એ બન્ને પ્રદેશની વચમાં પ્રમાતા (પ્રમાણ કરનાર) ચૈતન્યનું જે (શૂન્ય જેવું) સ્વરૂપ છે, તેજ ચિદાકાશનું સ્વરૂપ છે, એમ તમે સમજો; અને એ ચિદાકાશજ સર્વ પદાર્થોનું વાસ્તવ સ્વરૂપ છે.[૭૪] સર્વ પદાર્થો તેનોજ એક વિવર્ત હોવાથી ચિદાકાશરૂપ છે, જેથી જગત ચિદાકાશરૂપ છે, એમ કહી શકાય છે.[૭૫] એ ચિદાકાશના સ્વરૂપનું જે કાંઇ વિવર્તરૂપે થઇ રહેવું, તેજ જગતરૂપ થઇ રહેલ છે કે જે ચિદાકાશના મૂલસ્વરૂપથી ભિન્ન નથી.[૭૬] માટે જગત અને ચિદાકાશ એ બન્નેમાં કશી ભિન્નતા નથી, પરંતુ પવન અને ચલનશક્તિની પેઠે એ બન્નેનું રૂપ એકજ છે.[૭૭] ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પ્રાપ્ત થતાં વચમાં જે ચિદાત્માનું નિર્વિશેષ સ્વરૂપ છે, તેજ મુખ્ય અનુભવમાં આવે એવું છે, બીજું નથી; એમ વિવેકીઓનું સમજવું છે.[૭૮] હે પ્રિય રામચંદ્રજી! સર્વ પ્રાણીઓનું એજ મૂલસ્વરૂપ છે. પંડિત પુરુષો તેમાંજ સ્થિર થઈ રહે છે. તેના નિરંતર રહ્યા કરતા ધ્યાનમાંથી શંકર આદિ દેવતાઓ વ્યુત્થિત થતા નથી.[૭૯] આકાશ જેમ અરીસામાં આભાસરૂપે દેખાય તેમ આ જગત પણ ચિદાકાશનો એક આભાસ છે. ચિદાકાશજ એવે આકારે (વિવર્તરૂપે) ભાસે છે, બાકી જગતનું મૂલ વાસ્તવ સ્વરૂપ જોઇએ તો આકાશથી રહિત અવિનાશી પરબ્રહ્મ છે, એમ તત્ત્વવેત્તાઓ સમજે છે.[૮૦] કોઈ ઠેકાણે કશું ઉત્પન્ન થતું નથી, ઉત્પન્ન થઇ કશું નાશને પણ પ્રાપ્ત થતું નથી અને હવે પછી થવાનું પણ નથી; પરંતુ જેમ આકાશથી શૂન્યપણું જુદું નથી તેમ આ જગત ચિદાકાશથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જુદું નથી.[૮૧] જગત છે નહિ, હતું પણ નહિ, તેમ હવે પછી થશે પણ નહિ; શાંત ચિદાકાશજ પોતાના પરમ સ્વરૂપની અંદર (વિવર્તભાવથી) આ જગતને રૂપે ભાસે છે.[૮૨] સ્વપ્નની અંદર જેમ ચિદાત્માજ નગરને આકારે પ્રતીતિમાં આવે છે, તેમ આ જાગ્રત અવસ્થારૂપી સ્વપ્નમાં પણ તે પોતેજ આ જગત આદિને આકારે પ્રતીતિમાં આવે છે.[૮૩] સૃષ્ટિના આદિકાલમાં પૃથ્વી આદિ પદાર્થોજ હતા નહિ તો પછી પૃથ્વી આદિના વિકાસરૂપ દેહ ક્યાંથીજ હોય ? નજ હોય. તેથી સિદ્ધ થાય છે કે પ્રતીતિમાં આવતું આ શરીર આકાશરૂપી ચિદાત્માનું એક સ્વપ્ન છે.[૮૪] મહાચિદાકાશનું સ્વયંભૂ (વિરાટ્) નામનું શરીર પ્રથમ સ્વપ્નરૂપ છે; અને આપણે સર્વ કે જે એ સ્વયંભૂના શરીરમાંથી ઉત્પન્ન થયા છીએ તે તો એક સ્વપ્નમાંથીજ ઉત્પન્ન થતાં બીજાં અનેક સ્વપ્નાંતરો જેવા છીએ.[૮૫] જેમ ગળાની પાસેના ગંડસ્થલમાં થયેલા ફોલ્લાનો ગળાની સાથે પરંપરા સંબંધ છે, તેમ આપણો ચિદાત્માના સ્વયંભૂરૂપી શરીરની સાથે પરંપરા સંબંધ છે, જેનેલીધે પરમ પ્રયત્નવડે પણ આપણું મન તે તરફ તરત વળી જતું નથી.[૮૬] બ્રહ્મ પોતેજ અસત્ય જીવરૂપ થઈ રહેલ છે છતાં સત્યનીપેઠે અનુભવમાં આવે છે. જ્યારથી એ બ્રહ્મ જીવરૂપ થઇ રહેલ છે ત્યારથી આ મિથ્યા જગત પણ સ્થિર થઈ રહેલ છે.[૮૭] સ્વપ્નસૃષ્ટિની પેઠેજ બ્રહ્માથી માંડી ઠેઠ સ્તંબપર્યંત જગત મિથ્યારૂપે ઉત્પન્ન થાય છે, અને સ્વપ્નસૃષ્ટિની પેઠેજ પાછું મિથ્યા રીતે તે તરત નાશને પ્રાપ્ત થઈ જાય છે.[૮૮] જેમ સ્વપ્નમાં ચિદાકાશજ સ્વપ્નસૃષ્ટિરૂપે બની જઈ સ્વપ્નને અંતે તિરોહિત થઈ જાય છે, તેમ આ જાગ્રત અવસ્થારૂપી સ્વપ્નમાં પણ એ ચિદાકાશજ જગતને રૂપે આવિર્ભાવ પામી [illegible] છતાં તેવે આકારે પ્રતીતિમાં આવે છે.[૮૯] જેમ સ્વપ્નની અંદર પોતાનો ચિદાત્માજ નગર આદિને રૂપે થઇ રહેલ દેખાય છે તે અનુભવમાં આવતાં છતાં મિથ્યા છે, અને મિથ્યા છતાં સત્ય જેવું ભાસ્યા કરે છે, તેમ આ જગત જોકે અનુભવમાં આવે છે તોપણ તે મિથ્યા છે, અને મિથ્યા છતાં સત્ય જેવું થઈ રહ્યું છે.[૯૦] ચિદાત્મા જેમ નિરાકાર છતાં સ્વપ્નમાં કેમ જાણે નગરી આદિને રૂપે સાકાર બની ગયો હોય એમ જણાય છે, તેમ ચિદાકાશ પોતે નિરાકાર છતાં કેમ જાણે જગતનેરૂપે સાકાર થઇ રહેલ હોય તેમ થઇ રહ્યું છે. એ ચિદાકાશ જેમ મેરુ કરતાં એક પરમાણુ ઝીણો હોય તેમ આકાશના કરતાં પણ અતિસૂક્ષ્મ છે.[૯૧] આમ તેનું અતિસૂક્ષ્મપણું બતાવવાથી તેમાં અતિસૂક્ષ્મતારૂપી એક ગુણ આવે છે એમ સમજવાનું નથી, કેમકે નિર્ગુણ બ્રહ્મમાં કોઈ પણ ધર્મની સ્થિતિ ક્યાંથી સંભવે ? ન સંભવે. અહીં બ્રહ્મની આકાશનાથી પણ અતિસૂક્ષ્મતા બતાવવાનો હેતુ એવો છે કે તેની અંદર કારણના અભાવનેલીધે જગતનો આકાર સંભવતો નથી.[૯૨] જે નગર આદિનો આકાર પ્રથમ સૃષ્ટિના આદિકાલમાં છેજ નહિ તે પછી જગતમાંથી ક્યાંથી ઉત્પન્ન થાય ? જે નગર સ્વપ્નમાં પ્રતીતિમાં આવે છે તેજ નગર અમારા સિદ્ધાંતપ્રમાણે જાગ્રત અવસ્થામાં ચિદાકાશની અંદર નજરે આવે છે કે જે કેવલ આભાસ માત્ર છે.[૯૩] જેમ શૂન્યપણાનો અને આકાશનો કશો ભેદ નથી તેમ સ્વપ્નમાં દેખાતા પર્વતનો અને ચિદાકાશનો કશો ભેદ નથી. જે ચિદાકાશ છે તેજ સ્વપ્નનગર છે.[૯૪] જેમ પવનની ચલનશક્તિ એ પવનરૂપજ છે, અને ચલન તથા સ્થિરતા એ બન્નેમાં પવન એકરૂપજ છે, અને તે આકાશનાથી પણ અભિન્ન છે, તેવીજ રીતે જગત અને ચિદાકાશ એ બન્નેમાં કશો ભેદ નથી.[૯૫] ચિદા-

CC-0. Vasishtha Gangadhar Tripathi Memorial University Varanasi Collection. Digitized by eGangotri

કાશજ આ જગતને આકારે (વિવર્તરૂપે) પ્રતીતિમાં આવે છે. આ સર્વ પાયાવગરનું શૂન્ય છે, ચિદાકાશરૂપી સૂર્યનો આભાસમાત્ર છે.[૯૬] આ સર્વ શાંત પરબ્રહ્મરૂપ છે, જન્મ નાશ આદિથી રહિત છે, તે અખંડ સ્ફુરણરૂપે ભાસ્યા કરે છે છતાં શિલાના જેવું નિઃસંકલ્પ છે, નિર્મળ છે, અને નિર્વિકાર છે.[૯૭] માટે તમેજ કહો કે પદાર્થો ક્યાંથી થયા ? તેની સ્થિતિ શી રીતે થઇ ? પદાર્થોની ભાવના કયાં કરવી ? દ્વિત્વ-એકત્વ આદિ પણ ક્યાં રહ્યું ? તેમ હું પણ ક્યાં રહ્યો ? પદાર્થો પણ ક્યાં રહ્યા અને તેની ભાવના પણ ક્યાં રહી ?[૯૮] હે પ્રિય રામચંદ્રજી ! નિર્વિકાર અને શુદ્ધબોધરૂપ ચેતન તત્ત્વની સાથે તમે એકતાને પ્રાપ્ત થઇ જઇ નિરંતર ઉત્સાહથી વ્યવહાર કરતાં છતાં નિર્વિકાર રહી બુદ્ધિમાંથી દ્વિત્વ-એકત્વ આદિ વિકલ્પોને કાઢી નાખી ચિત્તને ઉત્તમ રીતે શીતલ રાખી આત્મસ્વરૂપના નિરતિશય આનંદવડે સુખી થઇ રહો, કેમકે વિક્ષેપના હેતુરૂપ પદાર્થો છેજ નહિ.[૯૯]

नित्योदितोऽव्यवहरन्नपि निर्विकारो द्वित्वैक्यमुक्तमतिरुत्तमशीतलोन्तः ॥ निर्वाण आस्व विगतामयशुद्धबोधबोधैकतामुपगतोंग न सन्ति भावाः ॥ ९९ ॥

શ્રીમદ્ યોગવસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થૈકતાપ્રતિપાદન' એ નામનો એકસોત્રીજો સર્ગ સંપૂર્ણ ૧૦૩

સર્ગ ૧૦૪ થો.*

ચિદાત્માજ જગત્સ્વરૂપે રહેલ છે

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

आकाशः शुद्धतन्मात्रं स्पर्शतन्मात्रकोऽनिलः॥ तत्संगोत्कर्षजं तेजस्तच्छांतिश्चेत्यपां स्थितिः॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—પ્રથમ શબ્દતન્માત્રાવાળું આકાશ, તેનાથી સ્પર્શતન્માત્રાવાળો વાયુ, તેના સંઘર્ષથી રૂપતન્માત્રાવાળું તેજ અને તેનાથી રસતન્માત્રાવાળું જલ થાય છે;[૧] તથા તેનાથી તેઓનું મેલન થઇ ગંધતન્માત્રાવાળી પૃથ્વી થાય છે. આપ્રમાણે સ્વપ્નના જેવા દેખાતા જગતના પંચભૂત આદિ પદાર્થોની ઉત્પત્તિનો ક્રમ છે, કે જે કેવલ આભાસ માત્ર છે. હવે આપણે વિચાર કરીએ કે નિરાકાર આકાશમાંથી પૃથિવી પર્યંત સાકાર સૃષ્ટિ શી રીતે થાય ?[૨] જો ઘણે છેટે જઇને પણ છેવટ અનુભવને પ્રમાણરૂપ માનવો પડે તો પ્રથમજ અનુભવરૂપ આત્માને પ્રમાણરૂપ ગણી, તેજ સ્વપ્ન આદિની પેઠે પોતાના વિવર્તરૂપે આ જગતને કલ્પી લે છે એવા નિર્મલ સિદ્ધાંતને સ્વીકારી લેવામાં શો દોષ છે ? કાંઇ નથી.[૩] અતિનિર્મલ પ્રત્યક્ ચૈતન્યજ પોતાના નિર્મલ સ્વરૂપની અંદર પોતે જે વિવર્તરૂપે ફેલાઇ રહેલ પ્રતીતિમાં આવે છે તેજ આ જગતરૂપ કહેવાય છે. આ વાત અધિષ્ઠાન ચૈતન્યની સત્યતાથી અને (सर्वं खल्विदं ब्रह्म ઇત્યાદિ) સત્યશ્રુતિના બલથી યથાર્થ છે.[૪] આ પંચમહાભૂતો કોઇ ઠેકાણે છેજ નહિ અને ઘર આદિ પણ કશું છે નહિ; એ સર્વ અસત્ય છતાં સ્વપ્નદશાની પેઠે મિથ્યારૂપે અનુભવમાં આવે છે.[૫] જેમ સ્વપ્નમાં પોતાનું આત્મસ્વરૂપજ નગર આદિરૂપ કેમ જાણે થઈ રહ્યું હોય તેમ જણાય છે, તેવી રીતે જાગ્રત અવસ્થામાં પણ સુખરૂપ આત્મસ્વરૂપજ કેમ જાણે જગતરૂપ થઈ રહેલ હોય તેમ પ્રતીતિમાં આવે છે.[૬] હું ચિદાકાશરૂપ છું, અને આ જગત પણ ચિદાકાશરૂપ છે. એવી રીતે હું અને જગત એ બન્ને એક ચિદાકાશરૂપ છીએ કે જે ચિદાકાશ એકજ છે, અને શિલાના જેવું એકરસ તથા નિરવકાશ છે.[૭] જે કાંઇ પ્રથમ

* આ એકસો ચોથા સર્ગમાં આકાશ આદિ જેમ વાયુ આદિરૂપ થાય છે તેમ ચિદાત્માજ જગતરૂપ થઇ રહેલ છે, એમ અનુભવથી સાધી આપવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આ સૃષ્ટિનું ઉત્પન્ન થવું, અંતે પ્રલયકાલમાં જે તેનો લોપ થઈ જવો અને વર્તમાન સમયમાં જગતની જે કાંઇ સ્થિતિ થવી તે, એ સર્વ નિરાકાર ચિદાકાશરૂપજ છે.[૮] દેહ ચિરકાલ સુધી રહો કિંવા ન રહો, પરંતુ પોતાનું નિર્મલ સ્વરૂપ ઓળખાઇ જતાં સુખ-દુઃખથી રહિત થઇ જઈ ભૂમાનંદમાં અક્ષય સ્થિતિ રાખવી તે મોક્ષ છે, માટે સર્વથા તમે અત્યંત વિશ્રાંતિને પ્રાપ્ત થઇ રહો.[૯]

सति वासति वा देहे निर्दुःखसुखत्वमक्षयं मोक्षः ॥ बुद्धेमले स्वभावे निर्भर विश्रान्तिरस्तु सर्वेह ॥ ९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગદસત્તાપ્રતિપાદન' એ નામનો એકસો ચોથો સર્ગ સંપૂર્ણ. ૧૦૪

સર્ગ ૧૦૫ મો.*

જાગ્રત તથા સ્વપ્ન ચિદાત્મારૂપજ છે.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

स्वभावं जगदाकारं चिद्भावोनुभवन्स्थितः ॥ स्वतः स्वप्नमिवानन्यमात्मनः कल्पनाभिधम् ॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—જેમ ચિત્સ્વરૂપ આત્મા પોતાની મેળે પોતાના સ્વરૂપને સ્વપ્નને આકારે દેખે છે કે જે પોતાનાથી જુદું નથી પરંતુ એક જાતની પોતાની કલ્પનાજ છે, તેવી રીતે ચિદ્રૂપ આત્મા પોતાની મેળે પોતાના સ્વરૂપને જગતને આકારે થઇ રહેલ અનુભવે છે કે જે વસ્તુતાએ પોતાનાથી જુદું નથી, પણ પોતાનીજ એક કલ્પના છે.[૧] અજ્ઞાન કે જે આરોપિતરૂપે જોઇએ તો આકાશના જેવું શૂન્ય છે, અને અધિષ્ઠાનદૃષ્ટિથી જોઇએ તો શિલાના ગર્ભના જેવું નિરવકાશ છે, તે પોતાના જગદ્ભાવને ન છોડતાં જાગ્રત પ્રપંચરૂપ થઈ રહ્યું છે.[૨] આ વિષયમાં દૃષ્ટાંત જેવું હોય તો અનેક નગરોના સમૂહોથી સુશોભિત સ્વપ્નજ દૃષ્ટાંતરૂપ છે. સ્વપ્નની અંદર જગત આદિ કશું પણ સત્ય હોતું નથી પણ સ્પષ્ટપણે તે જોવામાં આવે છે.[૩] જેમ સ્વપ્નની અંદર આ ત્રૈલોક્ય અસત્ય છતાં સત્ય જેવું ભાસ્યા કરે છે તેમ જાગ્રત અવસ્થામાં પણ આ ત્રૈલોક્ય અસત્ય છતાં સત્ય જેવું ભાસ્યા કરે છે. એ બન્નેમાં બીજો કશો ભેદ નથી.[૪] જાગ્રત અવસ્થામાં કે સ્વપ્નમાં જગત શબ્દનો અર્થજ સંભવતો નથી, બાકી વસ્તુતાએ જોતાં ચિદાકાશનો પોતાનો આભાસજ અજ્ઞાનનેલીધે જગતરૂપે થઇ રહેલ તેની પ્રતીતિમાં આવે છે. પોતાની મેળેજ સદાકાલ રહેનાર ચિદાકાશ પોતાનો ચમત્કાર કે જે પર્વત આદિરૂપે થઈ રહેલ દેખાય છે તેને જાગ્રતમાં અને સ્વપ્નમાં પોતાના સ્વરૂપની અંદર અજ્ઞાનરૂપ આવરણનેલીધે જગતરૂપે સમજે છે.[૫,૬] આ જગત કાંઇજ નથી, અને દૃશ્ય જગતનો અભાવ ઠરતાં ચિદાત્માનું દ્રષ્ટાપણું પણ કાંઇજ નથી, તેમ છતાં ચિદાકાશરૂપી દ્રષ્ટા અને દૃશ્યરૂપી જગત એ બન્ને કેમ જાણે કાંઈક (દ્રષ્ટા-દૃશ્યરૂપે) વાસ્તવજ હોય એમ પ્રતીતિ થાય છે. જેમ સ્વપ્નમાં દેખાતું ત્રૈલોક્ય વસ્તુતાએ કાંઇજ નથી પણ શૂન્યજ છે એવી રીતે જાગ્રતમાં જોવામાં આવતું આ ત્રૈલોકય પણ કાંઈજ નથી, પરંતુ શૂન્યરૂપ છે.[૮] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! નાના પ્રકારની રચનાવાળાં સ્વપ્નની અંદર અનેક કર્મોના આરંભો (દેખાતાં છતાં) અનારંભોજ છે, અને તે (સ્વપ્ન) અસત્ય છતાં સત્યના જેવું ફેલાઈ રહ્યું છે.[૯] પ્રથમ ચિદાકાશ પોતે અતિવિશાલ અનંત આકારરૂપ થઈ જાય છે, અને પછી તે

* આ એકસો પાંચમા સર્ગમાં ચિદાત્માજ પોતે જાગ્રતનીપેઠે અને સ્વપ્નનીપેઠે થઇ રહે છે, જાગ્રત અને સ્વપ્ન એ બન્ને ચિદાત્માથી જુદાં નથી; એમ વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આકાશજ વાયુ આદિ સૃષ્ટિક્રમપ્રમાણે અનેક પર્વતોના સમૂહરૂપે અને નાના પ્રકારના નગરોના સમૂહરૂપે પ્રતીતિમાં આવે છે.[૧૦] સ્વપ્નમાં વરસાદ, સમુદ્ર અને ગાજવીજનો અવાજ જે કે સંભળાય છે પણ વસ્તુતાએ કશું પણ ન હોતાં મૌનજ હોય છે, કેમકે પોતાની પાસે સૂતેલો પુરુષ એ કશું પણ સાંભળતો નથી, તેમ પોતે પણ જાગી જઈ જુએ તો કશું સંભળાતું નથી. જાગ્રત અવસ્થાના વરસાદ-સમુદ્ર વગેરે પણ તેવાજ પ્રાતિભાસિક સમજવા.[૧૧] જેમ સ્વપ્નમાં વંધ્યાનો પુત્ર ઉત્પન્ન ન થયા છતાં ઉત્પન્ન થએલો દેખાય છે તેમ આ જાગ્રતપ્રપંચનું પણ સમજી લેવું. જેમ મરી જઈ ઉત્પન્ન થએલો પુરુષ સ્વપ્નમાં પોતાના મરણનું વિસ્મરણ થઈ જતાં (જન્મનું પણ સાથેજ વિસ્મરણ થઇ જઇ) પોતે ઉત્પન્નજ થયો નથી એમ સમજે છે, અને સૂતેલા પુરુષને સ્વપ્નમાં પોતાનું શયનસ્થલ અનુભવમાં ન આવવાથી તે નહિ જેવું જણાય છે; તેજપ્રમાણે સત્ય આત્મતત્ત્વ અવિવેકીઓને અનુભવમાં ન આવવાથી નહિ જેવું ભાસે છે.[૧૨] સ્વપ્નમાં સર્વ વિપરીત રીતે જોવામાં આવે છે. જેમકે રાત્રિ દિવસરૂપ થઈ જાય છે.[૧૩] અસત્ય હોય તે પણ તેમાં સત્ય લાગે છે,જેમકે દિવસ રાત્રિરૂપ દેખાય છે.જે ન સંભવતું હોય તે પણ સ્વપ્નમાં સંભવે છે, જેમકે પોતાના મરણનું દર્શન.[૧૪] જેનો કોઈ કાલે સંભવ ન હોય તે પણ સ્વપ્નમાં જોવામાં આવે છે, જેમકે ચિદાકાશમાં સ્વપ્નસૃષ્ટિ. અંધકારજ મહાપ્રકાશરૂપ, રાત્રિજ દિવસરૂપ ઇત્યાદિ અનેક વિપર્યયો સ્વપ્નમાં દેખાય છે.[૧૫] જેમ ઘુડ આદિ પ્રાણીઓને દિવસમાંજ નિદ્રા આવે છે એટલે દિવસજ તેના મનમાં રાત્રિરૂપ દેખાય છે,તોપછી સ્વપ્નમાં ઉપર બતાવેલા વિપર્યયો થાય એ કાંઇ આશ્ચર્યકારક નથી. સ્વપ્નમાં જેમ ખાડા આદિમાં પડી જતાં પોતાની સૂવાની જમીનજ ખાડારૂપ થઇ જાય છે, કિંવા ચિદાકાશજ ખાડારૂપે પ્રતીતિમાં આવે છે,[૧૬] ઇત્યાદિ અનેક જાતની સ્વપ્નસૃષ્ટિ અસત્ય છતાં સ્વપ્નની અંદર સત્ય જેવી દેખાય છે, તેવી રીતે આ જાગ્રતસંબંધી સૃષ્ટિ પણ અસત્ય છતાં સત્ય જેવી ભાસી રહી છે.[૧૭] સ્વપ્નસૃષ્ટિમાં અને જાગ્રત અવસ્થાની સૃષ્ટિમાં કશો પણ અંતર નથી, જેવા બે સરખાજ સૂર્ય હોય અને જેવા બે સરખાજ પુરુષ હોય તેવાં આ જાગ્રત અને સ્વપ્ન એ બન્ને સરખાં છે; એમાં જરા પણ ભેદ નથી.[૧૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આપ સ્વપ્ન અને જાગ્રતને જે બરાબર સરખાં કહો છો તે સંભવતું નથી, કેમકે સ્વપ્નમાં તરત જાગી જતાં જાગ્રતસૃષ્ટિ જોવામાં આવવાથી સ્વપ્નસૃષ્ટિ આભાસરૂપ જણાઇ બાધિત થઇ જાય છે, અને જાગ્રતનેમાટે તો તેવું કશું નથી, તો પછી તે બન્નેને સમાન કેમ કહી શકાય ?[૧૯]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—હે રામચંદ્રજી ! સ્વપ્નનો દ્રષ્ટા સ્વપ્નજગતમાં સ્વપ્નના બંધુવર્ગ સાથે વિહાર કરી પછી સ્વપ્નદેહને મૂકી દે છે.[૨૦] તે જ્યારે સ્વપ્નના જગતમાં મરણ પામે છે, ત્યારે સ્વપ્નસંબંધી જીવોથી વિયોગવાળો થાય છે, અને તે પ્રાણી નિદ્રાથી મુક્ત (જાગ્રત) થયો એમ કહેવાય છે.[૨૧] સુખ-દુઃખની દશાઓનો, મોહનો અને અનેક દિવસ-રાત્રિઓનો સ્વપ્નસૃષ્ટિમાં અનુભવ કરી સ્વપ્નદ્રષ્ટા સ્વપ્નદેહનો ત્યાગ કરે છે,[૨૨] અને નિદ્રા ઉડી જતાં પછી નિદ્રાને અંતે (સ્વપ્નદેહના ત્યાગપૂર્વક) શયનના પ્રદેશમાં રહેલા દેહ સાથે સંબંધને પ્રાપ્ત થાય છે, અને પછી સ્વપ્નમાં દીઠેલું સર્વ અસત્ય છે એવી તેને પ્રતીતિ થાય છે.[૨૩] જેમ સ્વપ્નનો દ્રષ્ટા સ્વ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્નસૃષ્ટિમાં કેટલાંક સુખ-દુઃખનો અનુભવ કરી બીજાં જાગ્રતરૂપી સ્વપ્નને જોવામાટે પાછો ફરીવાર શય્યામાં સૂતેલા દેહની સાથે સંબંધને પ્રાપ્ત થઇ જાય છે,[૨૪] તેમજ જાગ્રતનો દ્રષ્ટા જાગ્રતસૃષ્ટિમાં કેટલાંક સુખ-દુઃખનો અનુભવ કરી તે દેહને છોડી દે છે, અને વળી બીજાં જાગ્રતપ્રપંચરૂપી સ્વપ્નને જોવાને બીજા દેહ સાથે (પુનર્જન્મવડે) સંબંધને પ્રાપ્ત થાય છે.[૨૫] જેમ પ્રથમના જાગ્રતરૂપી સ્વપ્નમાં આ અસત્ય છે, એવી પ્રતીતિ હોતી નથી, તેમજ એક જાગ્રતરૂપી સ્વપ્નમાંથી બીજા જાગ્રતરૂપી સ્વપ્નમાં આવતાં બીજા દેહનો યોગ થતાં તેમાં પણ આ અસત્ય છે, એવી પ્રતીતિ થતી નથી, અને પાછો ફરીવાર તેને આ ખરેખર જાગ્રત છે, (સત્ય છે) એમ મૂઢ બુદ્ધિવાળો પુરુષ સમજે છે; એવીજ રીતે સ્વપ્નમાં પણ એક સ્વપ્નમાંથી ીજા સ્વપ્નનો અનુભવ કરતાં તેને પણ તે ામયે અસત્ય ન સમજી જાગ્રત જેવું જ સાચું સમજે છે. જાગ્રત અને સ્વપ્ન એવા નામની બન્ને અવસ્થામાં તેના સાક્ષીરૂપ જીવ ખરૂં જોઈએ તો જન્મતો પણ નથી અને મરતો પણ નથી, બાકી દેહરૂપી ઉપાધિને યોગે તે જન્મ-મરણને પ્રાપ્ત થતો હોય એમ ભાસે છે.[૨૬-૨૮] સ્વપ્નનો દ્રષ્ટા સ્વપ્નદેહને મૂકી દેતાં અહીં જાગ્રત અવસ્થામાં જાગી ગએલો કહેવાય છે, અને અહીં જાગ્રત અવસ્થામાં મરી ગએલો જીવ પુનર્જન્મ થતાં બીજા જાગ્રતરૂપી સ્વપ્નમાં પ્રબોધને પ્રાપ્ત થઇ જાય તો જાગી ગએલો કહેવાય છે.[૨૯] એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં જતાં પ્રથમ સ્વપ્નના કરતાં તે સમયનું ચાલતું બીજું સ્વપ્ન જાગ્રતના જેવું વિશેષ જણાય છે, તેમ એક જાગ્રત અવસ્થામાં મરણને શરણ થઇ બીજા દેહને યોગે બીજી જાગ્રત અવસ્થા આવતાં તેમાં પ્રબોધને પ્રાપ્ત થઈ ગએલા પુરુષને એ જાગ્રત પણ અવશ્ય વિશેષ સ્વપ્નના જેવું જ દેખાય છે.[૩૦] જાગ્રત અને સ્વપ્ન એ બન્ને હવે પછી કહેવામાં આવશે એવા ઇતિહાસના જેવાં (મિથ્યાજ) છે, અને એ બન્ને પરસ્પર ઉપમાન-ઉપમેયપણાને પ્રાપ્ત થઇ રહેલ છે.[૩૧] સ્વપ્ન સ્વપ્નના સમયમાં જાગ્રતના જેવું જણાય છે, અને જાગ્રત જે આગળ અનુભવાયું હોય તે સ્વપ્નના જેવું ભાસે છે, બાકી વસ્તુતાએ જોઇએ તો એ બન્ને (જાગ્રત અને સ્વપ્ન) મિથ્યા છે. ચિદાકાશજ કેવળ એકજ છતાં બન્નેરૂપ થઇ રહેલ છે.[૩૨] સ્થાવર-જંગમ જે કાંઈ પ્રાણિવર્ગ છે તે સર્વ ચિદાકાશવિના બીજું શું ઘટી શકે એમ છે? કશું નહિ.[૩૩] જેમ માટીનું વાસણ માટીવિનાનું દેખાતું નથી, તેમ કાષ્ઠ-પાષણ આદિ પણ ચિદાકાશના એક ચમત્કારરૂપ (વિવર્તરૂપ) હોવાથી ચિદાકાશવિના તે દેખાતાં નથી.[૩૪] આપણને જેવો (ચિદાકાશના વિવર્તરૂપ) સ્વપ્નમાં વસ્તુઓનો સમૂહ દેખાય છે તેવોજ (ચિદાકાશના વિવર્તરૂપ) જાગ્રતમાં પણ છે. હે વિવેકી રામચંદ્રજી! સ્વપ્નમાં જે પાષાણ જોવામાં આવે તે ચિદાત્માના ચમત્કાર (વિવર્ત) વિના બીજું શું છે? એ વાત તમેજ નિર્વિવાદ રીતે કહો. એ સ્વપ્નપાષાણ અવશ્ય ચિદાકાશના વિવર્તરૂપજ છે. સ્વપ્નમાં જેમ ચિદાકાશ વિવર્તરૂપે પાષાણ આદિરૂપે દેખાતાં છતાં અખંડિત રીતે પોતાના સ્વરૂપની અંદરજ રહેલ છે તેમ જાગ્રતમાં પણ એ ચિદાકાશ અનેક જગતનેરૂપે થઇ રહ્યા છતાં પોતાના નિર્વિકાર સ્વરૂપની અંદરજ રહેલ છે.[૩૫,૩૬] અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તો તે ચિદ્રૂપ બ્રહ્મજ જગતને આકારે જુદે જુદે રૂપે દેખાય છે, અને અપવાદદૃષ્ટિથી જોઇએ તો સર્વ જગતરૂપી ચિત્ર બ્રહ્મરૂપી ભીંતમાંજ આભાસરૂપે માત્ર કલ્પિત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે.[૩૭] જેમ માટીનું બનેલું વાસણ માટીથી જુદું દેખાતું નથી તેમ ચિદાકાશમાં કલ્પાએલ દૃશ્ય પણ ચિદાકાશવિના (તેનાથી જુદું) દેખાતું નથી.[૩૮] પર્વતની શિલામાંથી બનાવેલ પાત્ર પર્વતની શિલાવિના (તેનાથી જુદું) દેખાતું નથી તેમ ચિદાકાશમાં કલ્પાએલ દૃશ્ય પણ ચિદાકાશવિના (તેનાથી જુદું) દેખાતું નથી.[૩૯] જેમ દ્રવરૂપ જલ દ્રવપણાથીરહિત દેખાતું નથી તેમ ચિદાકાશમાં કલ્પાએલ દૃશ્ય પણ ચિદાકાશવિના (તેનાથી જુદું) દેખાતું નથી.[૪૦] જેમ ઉષ્મારૂપ અગ્નિ ઉષ્માવિના દેખાતો નથી તેવી રીતે ચિદાકાશમાં કલ્પાએલ આ દૃશ્ય પણ ચિદાકાશવિના (તેનાથી જુદું) દેખાતું નથી.[૪૧] જેમ ચપલતાવાળો (ચલનશક્તિવાળો) વાયુ ચલનશક્તિ રહિત દેખાતો નથી તેમ ચિદાકાશમાં કલ્પાએલ દૃશ્ય પણ ચિદાકાશવિના (તેનાથી જુદું) દેખાતું નથી.[૪૨] જે વસ્તુ જેનાથી જુદી ન હોય તે તેવિના શી રીતે દેખાય ? શૂન્યતાવિનાનું આકાશ કયાં દેખાય છે, અને આકારવિનાની પૃથ્વી પણ કયાં દેખાય છે ?[૪૩] જેમ સ્વપ્નમાં દેખાતા આ ઘટ-પટ આદિ પદાર્થો ચિદાકાશના માત્ર એક વિવર્તરૂપ છે તેમ જાગ્રતમાં દેખાતા આ પર્વત આદિ પદાર્થો પણ ચિદાકાશનાજ એક માત્ર વિવર્તરૂપ છે.[૪૪] હે સુશીલ રામચંદ્રજી ! જેમ સ્વપ્નમાં દેખાતા નગર-પર્વત આદિ પદાર્થો ચિદાકાશરૂપ છે તેમ જાગ્રતમાં દેખાતા નગર-પર્વત આદિ પદાર્થો પણ ચિદાકાશરૂપજ છે. સ્વપ્ન અને જાગ્રત એ બન્ને અનંત શાંત (વિકલ્પથી રહિત) એક ચિદાકાશરૂપ છે, તોપછી આમાં શો વિવાદનો વિષય છે ? કાંઇ નથી.[૪૫]

स्वप्ने यथा गगनमेव पुराचलादि ।
संविन्मयं सुभग जाग्रति तद्वदेव ॥
स्वप्नोथ जाग्रदिति शान्तमनन्तमेकं ।
चिन्मात्रमत्र ननु नाम विनास्तु वादः॥४५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જાગ્રત્સ્વપ્નૈક્યપ્રતિપાદન' એ નામનો એકસો પાંચમો સર્ગ સંપૂર્ણ. ૧૦૫

સર્ગ ૧૦૬ ઠ્ઠો.*

ચિદાકાશજ જગતરૂપ છે

॥ श्रीराम उवाच ॥

कीदृशं स्याच्चिदाकाशं तद्ब्रह्मन् ब्रह्म यत्परम् ॥
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! ચિદાકાશ કે જે પરબ્રહ્મરૂપ છે, તે કેવું છે, તે આપ મને ફરીવાર કહો. આપના અમૃતતુલ્ય વચનને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી.[૧]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—એકજ સમયે સાથે જન્મેલા અને બધે પ્રકારે બરાબર સરખા (સમાનવયવાળા) બે ભાઇઓનાં જેમ વ્યવહારનેમાટે જુદાં જુદાં નામ કલ્પવામાં આવે તેમ જાગ્રત અને સ્વપ્ન કે જે ચિદાકાશરૂપી સ્ફટિક-શિલાની અંદર પ્રતિબિંબરૂપે દેખાય છે તે બધે પ્રકારે બરાબર સમાનતાવાળાં છે, છતાં કેવલ માત્ર વ્યવહારનેમાટેજ તેનાં જુદાં જુદાં નામ કલ્પવામાં આવ્યાં છે;[૨] બાકી વસ્તુતાએ જોતાં બે જુદા જુદા પાત્રમાં રહેલાં જલની પેઠે એ બન્નેમાં કશો ભેદ નથી. એ બન્ને એક નિર્મલ ચિદાકાશરૂપજ છે.[૩] પલવારમાં એક પ્રદેશમાંથી ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા ઘણા દૂરના બીજા પ્રદેશમાં પ્રાપ્ત થનારા આત્મચૈતન્યનું વચમાં જે કાંઈ નિર્વિશેષ સ્વરૂપ છે તે ચિદાકાશ કહેવાય છે.[૪] પૃથ્વીમાં સ્થિર થઇ રહેલ અને મૂલવડે પૃથ્વીના સ્વચ્છ રસને ખેંચનાર વૃક્ષમાં

* આ એકસો છઠ્ઠા સર્ગમાં અનેક લક્ષણોના સમૂહવડે ચિદાકાશને ફરીવાર વર્ણવવામાં આવશે, અને તેજ જગતરૂપ છે એમ પણ ફરીવાર નિરૂપણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વૃદ્ધિ–હ્રાસ (ક્ષય) વિનાનો જે કાંઇ નિર્વિક્ષેપ આનંદ રહ્યો છે તે ચિદાકાશ કહેવાય છે.[૫] સર્વ વાસનાઓથી રહિત થઇ ગએલ અને કશો વિક્ષેપ ન આવવાથી ચિત્તને શાંત રાખનારા તત્ત્વજ્ઞ પુરુષને સર્વ વિષમભાવથી રહિત એવા પોતાના સહજ સુખમય સ્વરૂપનો જે કાંઇ અનુભવ થાય છે તે ચિદાકાશરૂપ કહેવાય છે.[૬] નિદ્રા ન આવી હોય અને સર્વ માનસિક વિક્ષેપનો (વિષયનો) લય થઇ ગયો હોય (જાગૃત અવસ્થા જતી રહી હોય) તે સમયે સ્વસ્થ પુરુષને જે કાંઇ (નિર્વિષય) આનંદ અનુભવમાં આવે છે તે ચિદાકાશ કહેવાય છે.[૭] પોતપોતાની ઋતુમાં વૃદ્ધિને પ્રાપ્ત થનારાં ઘાસ–ઝાડી-લતા વગેરેમાં જે કાંઇ નિાવષય આનંદનો ભાવ રહે છે તે ચિદાકાશ કહેવાય છે.[૮] પુરુષ પોતે જીવતાં છતાં (તત્ત્વજ્ઞાનવડે) રૂપ આદિ બાહ્ય વિષયોના સંબંધથી અને સંકલ્પ–વિકલ્પ આદિ માનસિક વિષયથી રહિત થઇ રહેલ હોય તેને જે શરદ્ ઋતુના આકાશના જેવો સ્વચ્છ આનંદનો ભાવ અનુભવમાં આવે છે તે ચિદાકાશ કહેવાય છે.[૯] વિધાતાએ જે સ્થિતિ કાષ્ઠ–પાષાણ-પર્વત આદિની સ્વાભાવિક રચેલ છે તેવી સ્થિતિમાં ચેતનપણું છતાં (જીવતાં છતાં) સ્વરૂપસ્થિતિનેલીધે સ્થિર થઇ રહેવું અને તેમાં સ્ફુરતો આનંદનો ભાવ તે ચિદાકાશ કહેવાય છે.[૧૦] દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન, એ ત્રણેનો જેનાથી ઉદય થાય છે, અને પાછો જેમાં લય થઇ જાય છે, તે નિર્વિકાર ચિદાકાશ છે; એમ તમે સમજો.[૧૧] વિચિત્ર પ્રકારના પદાર્થોના સર્વ અનુભવો જેનાથી ઉદય પામે છે, અને પાછા જેનેવિષે ઉત્તરોત્તર સારી રીતે પરિણામને પ્રાપ્ત થતા રહે છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૨] આ સર્વ જેનેવિષે રહેલ છે, જેનાથી આ સર્વની પ્રતીતિ થાય છે, જે પોતેજ સર્વને આકારે થઇ રહેલ છે, જે સર્વત્ર રહેલ છે, અને જે સર્વના ખરા તત્ત્વરૂપ છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૩] જે આકાશમાં, પૃથ્વીમાં, બહાર અને અંદર પ્રકાશરૂપે પ્રતીતિમાં આવે છે, અને બીજા પદાર્થોની પેઠેજ વ્યવહારનેમાટે જેની સંજ્ઞાઓ કલ્પવામાં આવે છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૪] નિત્ય, સર્વવ્યાપી અને જગતને પોતાના અંગમાં ધારણ કરી રહેલા જે તત્ત્વની અંદર જેમ દૃઢ તાંતણામાં માળા રહી હોય તેમ આ સાકાર–નિરાકાર જગત ખડું થઇ જઈ સ્થિર થઇ રહેલું દેખાય છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૫] સૃષ્ટિ–પ્રલય આદિ સર્વ વિકારો જેનાથી ઉત્પન્ન થાય છે, અને અંતે પાછા જેમાં લયને પામી જાય છે, તથા જેના એક વિવર્તરૂપ છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૬] નિદ્રા નિવૃત્ત થતાં જેનાથી (વિક્ષેપશક્તિનેલીધે) આ જગત આવિર્ભાવને પ્રાપ્ત થઇ જાય છે, અને વિક્ષેપશક્તિની શાંતિ થતાં જેમાં પાછું લીન થઈ જાય છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૭] જેનું બહિર્મુખપણું થતાં જગતની સત્તા પ્રતીતિમાં આવે છે, અને જેનું અંતર્મુખપણું થતાં જગતની સત્તાનો લય થઇ જાય છે, તથા જે પોતાના અનુભવરૂપે પોતાની અંદરજ રહેલ છે, તે ચિદાકાશ છે; એમ તમે સમજો.[૧૮] એ સત્ય તત્ત્વ અમુકરૂપ નથી, તેમ અમુકરૂપ પણ નથી, એમ સર્વથા નિર્ણય કરી છેવટ જે કશારૂપ નથી એમ નિર્ણય થતાં છતાં સર્વરૂપ થઇ રહેલ છે, તે ચિદાકાશ કહેવાય છે.[૧૯] અર્ધ નિમેષ જેટલા સમયમાં (તરતમાં) ઘણે દૂર પ્રદેશથી ઈંદ્રિયદ્વારા બીજા પ્રદેશમાં પ્રાપ્ત થતાં વચમાં ચિદાત્માનું જે નિર્વિષય સ્વરૂપ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહ્યું છે, તે ચિદાકાશનું સ્વરૂપ સમજવું.[૨૦] આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં અને તેના ક્રમપ્રમાણે ઉત્પન્ન થયા છતાં ચિદાકાશરૂપ છે, અને રૂપ આદિ બાહ્ય વિષયનો અનુભવ તથા સંકલ્પ–વિકલ્પ આદિ માનસિક વિષયનું સ્ફુરણ એ બન્નેવડે તે યુક્ત છતાં ચિદાકાશરૂપજ છે.[૨૧] નિર્મલ, નિર્વિકાર, સત્ય ચિદાકાશ સદા એકરૂપે રહ્યા છતાં કાંઇક બહિર્મુખપણાને પ્રાપ્ત થતાં કેમ જાણે બીજા રૂપે (જગત આદિને આકારે) થઇ રહેલ હોય, એમ પ્રતીતિમાં આવે છે.[૨૨] તમે ઇંદ્રિયોવડે પદાર્થોનો અનુભવ કરતાં છતાં ચિત્તમાંથી વાસનાને કાઢી નાખી તત્ત્વનિષ્ઠ થઇ જઇ ચિદાકાશ સાથે એકતાર બની સુષુપ્તિ અવસ્થાવાળાના જેવા થઇ રહો.[૨૩] તમે વાસનાથી રહિત થઈ જઈ ચિત્તને શાંત રાખી, બોલવું, ચાલવું, પીવું, લેવું, દેવું વગેરે ક્રિયાને સુખેથી કરતા રહો; અને જીવતાં છતાં નિરંતર પાષાણના જેવા દૃઢ મૌનને ધારણ કરો.[૨૪] જે આ દૃશ્યને તમે તમારી આગળ જુઓ છો, તે ઝાંઝવાના જલની પેઠે અને ચંદ્રમાં ભ્રાંતિવડે દેખાતી બેપણાની પ્રતીતિની પેઠે સંભવતુંજ નથી.[૨૫] આ જગત કારણના અભાવનેલીધે પ્રથમ ઉત્પન્નજ થએલ નથી, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થવી સંભવતીજ નથી.[૨૬] કદાચિત્ જો કાંઇ સંભવતું હોય તો તે દ્વૈતપણાથી રહિત પરબ્રહ્મ કે જે કશું કાર્યજ ન હોવાનેલીધે કારણભાવથી રહિત છે, તેનાથી ઉત્પન્ન થએલ છે. એ પરબ્રહ્મ યથાસ્થિતપણે રહ્યા છતાં કેમ જાણે જગતને આકારે થઈ રહ્યું હોય, એમ દેખાય છે;[૨૭] પરંતુ હે પ્રિય રામચંદ્રજી ! તે યથાસ્થિતપણે પોતાના પૂર્વરૂપમાંજ રહેલ છે. જો કે તેમાં દ્વૈતની ભ્રાંતિ દેખાય છે, તોપણ તે પોતાના સ્વચ્છ અદ્વિતીયરૂપમાંજ સર્વદા રહેલ છે.[૨૮] એ સ્વચ્છ બ્રહ્મની અંદર આ જગત આદિ દૃશ્ય રહેલ છે એવો જે કાંઈ પ્રૌઢ અનુભવ થાય છે તે માયા છે, ભ્રાંતિ છે, અને સ્વપ્નમાં દેખાયેલી સ્ત્રીનીપેઠે મિથ્યા છે; એમ વિવેકી વિદ્વાનોનું સમજવું છે.[૨૯] વસ્તુતાએ જોતાં દૃશ્ય ઉત્પન્ન થએલ નથી, તે વર્તમાન સમયમાં પણ નથી, હવે પછી થશે પણ નહિ અને તે નાશને પણ પ્રાપ્ત થતું નથી, કેમકે જે નથીજ તેનો નાશ શો થાય ? કાંઇ નહિ.[૩૦] તે જગત પરમશાંત ચિદાકાશરૂપ છતાં જગતને આકારે થઇ રહેલ દેખાય છે. એ સ્વસ્થ શાંત પરબ્રહ્મ પોતાના સ્વરૂપને નહિ છોડતાં વિવર્તભાવથી કેમ જાણે જગતરૂપ થઈ રહ્યું હોય, એમ પ્રતીતિમાં આવે છે.[૩૧] જે હમણાં આપણી આગળ નજરે જોવામાં આવે છે તે કોઇ દિવસ સત્ય નથી, આગળ પણ કોઇ કાલે તે હતું નહિ, તેમ દ્રષ્ટા પણ નથી, કેમકે દૃશ્ય પદાર્થનોજ જ્યારે અભાવ છે ત્યારે પછી દ્રષ્ટાપણું કયાં રહે ?[૩૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—વક્તાઓમાં શ્રેષ્ઠ હે મહાત્મા વસિષ્ઠજી ! જેમ આપ કહો છો તેમ જો હોય (દ્રષ્ટા-દૃશ્ય આદિ કશું નજ હોય) તો પછી આ દ્રષ્ટા-દૃશ્યની પ્રતીતિ કેમ થાય છે ? તે આપ ફરીવાર કહો.[૩૩]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—આ દૃશ્ય કે જે સાવ મિથ્યા છે તેના કારણના અભાવનેલીધે તેનું દૃશ્યપણું કેવળ કહેવા માત્રજ છે, કેમકે તેના નિર્દેશનો અત્યંત અસંભવ છે.[૩૪] જે કાંઇ આ દ્રષ્ટા અને દૃશ્યની ભ્રાંતિરૂપે જગત આદિ પ્રતીતિમાં આવે છે તે પરમાત્માનુંજ શુદ્ધરૂપ છે, એમ તમે સમજો.[૩૫] જેમ સ્વપ્નમાં આકાશની અંદર દેખાતું વન ચિદાકાશરૂપ છે, તેમ જાગ્રતમાં પણ ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર (વિવર્તભાવથી) જગતરૂપે થઇ રહેલ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પ્રતીતિમાં આવે છે.[૩૬] આદિ સૃષ્ટિથી માંડી અહીં કોઇ દેશ-કાલમાં જગતનું કશું પણ ઉપાદાન કારણ નથી; કેવળ બ્રહ્મજ એવે રૂપે પ્રતીતિમાં આવે છે.[૩૭] પોતાના સ્વરૂપની અંદર ચિદાકાશજ કાંઇ વિવર્તભાવને પ્રાપ્ત થઇ જાય છે, તેજ આ જગતને રૂપે ખડું થઇ રહેલ ભાસે છે.[૩૮] જેમ ભાવમાં ભાવપણું રહ્યું છે, જેમ શૂન્યમાં શૂન્યતા રહી છે, અને સાકાર વસ્તુમાં આકાર રહે છે, તેમ ચિદાકાશની અંદર જગત રહેલ છે.[૩૯] આ જગત ચિદાકાશનો માયામાં પડેલો એક આભાસજ છે, એમ તમે સમજો. વસ્તુતાએ તે ચિદાકાશ કે જે સત્ય છે તેનાથીજ પૂર્ણ ભરપૂર છે, અને એક રસમય છે. ચિદાકાશજ પોતે એવી રીતે દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનરૂપે થઇ રહેલ ભાસે છે.[૪૦] વસ્તુતાએ જોતાં દ્વૈતના અભાવનેલીધે આભાસ કે આભાસનો આશ્રય એ કશું નથી. આ સઘળું અનિર્દેશ્ય પરબ્રહ્મરૂપ છે. દૃશ્ય અને દર્શનના અભાવની સાથે દ્રષ્ટાનો પણ અભાવ સિદ્ધ થતાં સત્-અસતને જાણનાર પણ કોણ છે? કોઇ નથી.[૪૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! જો એમજ હોય તો પછી કાર્ય-કારણ-આદિનો ભેદ કેમ દેખાય છે? તે ક્યાંથી આવ્યો? અને તે કેમ સત્યતાને પ્રાપ્ત થઈ ગયો? તે આપ મને કહો.[૪૨]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—ઈશ્વર કે જે વસ્તુતાએ પોતાના આત્મારૂપ છે, તે જ્યારે જેવી ભાવનાને પોતે સ્ફુરાવે છે ત્યારે તેવુંજ તમારા જોવામાં આવે છે, અને એ ઈશ્વરજ તમારે રૂપે દ્રષ્ટા-દૃશ્ય આદિ ભાવને અનુભવે છે, અને તમે પોતે પણ એ ચિત્પ્રકાશરૂપ છો.[૪૩] આ સર્વ આકાર ચિદાકાશરૂપ છે. એ ચિદાકાશ પોતાના સ્વરૂપમાંજ સદાકાલ રહેલ છે. તે પોતાનાથી જુદો લગતો છે.[૪૪] સ્વપ્નમાં પર્વત મોહને પ્રાપ્ત થતું નથી. સ્વપ્નની પેઠે અનેકરૂપ થઈ રહે છે. તેની સ્વતંત્ર ઇચ્છાને કોણ રોકી શકે એમ છે? કોઇ નહિ.[૪૪] એક ભાવની નિવૃત્તિ થઇ બીજા ભાવની પ્રાપ્તિ થતાં (દૂધમાંથી દહીં થતાં અને પિંડમાંથી ઘડો થતાં) ક્ષણમાત્ર વચમાં જે કાંઈ સન્માનરૂપ પ્રસિદ્ધ છે તે ચેતનનું સ્વરૂપ છે, તેજ ચિદાકાશરૂપ છે, અને તેજ આ સર્વરૂપે થઈ રહેલ છે, બીજું કશું નથી.[૪૫] કાર્ય-કારણભાવ આદિની દૃષ્ટિ કે જે અવિદ્યાવડે કલ્પાએલ છે તેને જગતની પેઠે એ ચિદાત્માજ કલ્પી લે છે, તેની સ્વતંત્ર ઇચ્છાને કોણ રોકી શકે એમ છે? કોઈ નહિ.[૪૬] જો કદાચિત્ કોઈ બીજોજ દ્રષ્ટા ભોક્તા કે કર્ત્તા હોય તો હજી આ દૃશ્ય શી રીતે થયું, અને તે શું છે, એવી સંભાવના ઘટી શકે, પરંતુ બીજી રીતે (ચિદાત્મા પોતેજ દ્રષ્ટા-ભોક્તા-કર્ત્તારૂપ) હોય તો પછી એ સંભાવના ઘટી શકતી નથી.[૪૭] આભાસવિનાનું અદ્વિતીય શુદ્ધ ચિદાકાશ જેમ સ્વપ્નની અંદર અનેક રૂપે થઇ રહે છે તેમાં ક્યાં શું કલ્પાય છે? કાંઇ નહિ.[૪૮] ઠેઠ સ્વયંભૂથી માંડી આ સૃષ્ટિની ભ્રાંતિ ચિદાકાશની અંદર અવિદ્યાને લીધે ભાસે છે. જો તેનું ખરેખરું સ્વરૂપ ઓળખવામાં આવે તો (જ્ઞાનવડે) તે ક્ષણમાત્રમાં બ્રહ્મરૂપજ થઇ જાય છે.[૪૯] એ ચિદાકાશમાં પ્રતીતિમાં આવતી જગતની ભ્રાંતિ, તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાયાથી (અજ્ઞાનવડે) ભ્રાંતિરૂપ કહેવાય છે, માયારૂપ કહેવાય છે, જગતરૂપ કહેવાય છે, અવિદ્યારૂપ કહેવાય છે, અને દૃશ્યરૂપ પણ કહેવાયછે.[૫૦] ચિદાભાસ કે જે એક ચિદાકાશના પ્રકાશરૂપ છે તે બાળક જેમ (રાત્રિમાં) વેતાલ પોતાનાથી જુદો નહિ છતાં તેને જુદો દેખે તેમ આ દૃશ્યરૂપી પિશાચ કે જે પોતાના સ્વરૂપમયજ છે તેને પોતાથી જુદો ન છતાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

શહેર-નગર આદિનો ભાવ સાવ અસત્ય છતાં ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર કેમ જાણે સત્ય હોય અને સાવયવ હોય તેમ અનુભવે છે, તેવીજ રીતે એ ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદર જગતના ભાવને પણ અસત્ય છતાં કેમ જાણે સત્ય હોય અને સાવયવ હોય તેમ અનુભવે છે.[૫૨] સ્વપ્નમાં જેમ ચિદાત્માજ પોતાના સ્વરૂપની અંદર પોતાના આત્માનેજ પર્વત-નગર આદિરૂપે દેખે તેમ એ ચિદાત્માજ જાગ્રતમાં પણ પોતાના સ્વરૂપની અંદર હું પર્વતરૂપ છું, રુદ્રરૂપ છું, સમુદ્રરૂપ છું, વિરાટરૂપ છું, એમ અનેકરૂપે પોતાના આત્માને દેખે છે.[૫૩] આકારવાળું કોઇપણ કારણજ ન હોવાનેલીધે કશું પણ કાર્ય થયુંજ નથી; મહાપ્રલયમય ચિદાકાશની અંદર એ ચિન્મય તત્ત્વજ પોતે આવે દૃશ્યરૂપે થઇ રહેલ ભાસેછે.[૫૪] વિનાકારણેજ ચિદાકાશ પોતાના સ્વરૂપને જગતરૂપે અનુભવે છે, કેજે વસ્તુતાએ નિરવયવ છે, ચિન્માત્ર છે, અને નિરંતર પોતાના ચિન્મયસ્વરૂપમાંજ રહેલ છે.[૫૫] સર્વ જીવો અરીસાની પેઠે પોતાના સ્વરૂપની અંદર પ્રતિબિંબિત થઈ રહેલાં જગતના મિથ્યાપણાને વિચારના અભાવને લીધે નહિ સમજતાં સ્વરૂપ ન ઓળખાયાથી જડ જેવા થઈ રહી વૃથાજ પોતાનું આયુષ્ય ગાળી નાખે છે; બાકી વિચાર કરનારા વિવેકી પુરુષને તો પરમ પુરુષાર્થ અંદર રહેલ પ્રત્યક્ ચૈતન્યરૂપ હોવાથી પાસેજ રહેલ છે.[૫૬] તે તે પદાર્થોના નામ-રૂપાત્મક સ્વરૂપને છોડી દઇ તેના અવશિષ્ટ રહેલા તત્ત્વને ચિદાકાશરૂપ સમજી જગતને પણ તેવું જાણી લઈ વિવેકી પુરુષે ચેતન છતાં પાષાણના જેવું અચલ થઈ રહેવું. બીજા માયિક દેહ આદિ પદાર્થોમાં આસ્થા રાખવી એ વાત ઉત્તમ નથી.[૫૭] જેમ જલ પોતાના પ્રવાહને ચલાવતાં છતાં જગતની અંદર દ્રવરૂપે અને ચકરી આદિને રૂપે પણ રહેલ છે; તેમ ચિદાકાશ પોતાના સ્વરૂપમાં રહ્યા છતાં વિવર્તભાવથી જગતરૂપે પણ થઇ રહેલ જણાય છે.[૫૮] જેમ કલ્પવૃક્ષ અને ચિંતામણિ અભીષ્ટ (વાંછિત) ફલ આપે છે; તેમ ચિદાત્મા પણ અંદર જેવી દૃઢભાવના કરવામાં આવે તેને ક્ષણવારમાં પૂર્ણ કરી આપે છે.[૫૯] ચિદાત્મા ચિંતામણિની પેઠે અને કલ્પદ્રુમની પેઠે તત્કાલ અભીષ્ટ ફલને પોતાવડેજ આપે છે; અને પોતે આકાશરૂપ છે; તથા પોતાના સ્વરૂપમાંજ સદાકાલ રહ્યા કરે છે.[૬૦] ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા એક દેશમાંથી બીજા દેશને પ્રાપ્ત થતાં ચિદાત્માનું વચમાં જે કાંઈ નિર્વિષય સ્વરૂપ અવશેષ રહે તેજ આ દૃશ્યનું રૂપ છે, તો પછી તેમાં દ્વિત્વ-એકત્વ આદિની ભ્રાંતિ વળી કેવી હોય ?[૬૧] અનંત અને પ્રકાશમય ચિન્માત્રતત્ત્વની છાયાજ પોતાના નિર્મળ સ્વરૂપનું જગતને વેષે પ્રસારી રહી છે; જો કે તે પોતે અંદર અવયવથી રહિત છે, તોપણ આકાશમાં દેખાતી શૂન્યતા અને શ્યામતાની પેઠે (ભ્રાંતિવડે) દેખવામાં આવે છે.[૬૨] સૃષ્ટિના આદિકાલમાં ચેતનમાંથી વિસદૃશ (તેનાથી જુદી જાતનું જડ) કાર્ય ઉત્પન્ન થવું સંભવતું નથી, કેમકે તેમ બનવામાં નિમિત્તરૂપ થાય તેવાં કશાં સહકારી કારણો છે નહિ; માટે આદિ ચૈતન્યજ સ્વપ્નની પેઠે દૃશ્યરૂપ થઇ રહેલ છે.[૬૩]

विसदृशकार्यानुभवो न भवति सहकारिकारणाभावात् ॥ सर्गादावत आद्या चिदेव दृश्यं यथा स्वप्ने ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' કાર્યકારણનિરાસ ' એ નામનો એકસો છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૧૦૬

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १०७ मो.*

જગત ચિદાત્માનો વિલાસ છે

॥ श्रीवासिष्ठ उवाच ॥

अचेत्यचिन्मयं विश्वं विश्वगा भाति चिन्नभः ॥
अत्र चिच्चेतनं चेदं चेत्यमप्येवमात्मकम् ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગત જડભાવથી રહિત ચિન્મય છે, કેમકે ચિદાકાશજ સર્વત્ર ચારેકોર (વિવર્તરૂપે) ભાસે છે, અને તેની અંદર પ્રતીતિમાં આવતી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપી ત્રિપુટી પણ ચિદાકાશરૂપ છે,[૧] માટે સર્વ જીવતા છતાં નહિ જેવા છે. આ મનુષ્યવર્ગ હું અને તમે જીવતા છતાં નહિ જેવા છીએ.[૨] જગતના સર્વ સ્થાવર જંગમ પદાર્થો વ્યવહારમાં નજરે દેખાતા છતાં કાષ્ઠ—મૌનના જેવા નિષ્ક્રિય કૂટસ્થ ભાવને પ્રાપ્ત થઇ રહેલ છે; અને આકાશમાં પણ સુખથી ગમન કરી શકે એવા તે નિરાકાર છે.[૩] આકાશમાં દેખાતી શ્યામતાની પેઠે જે કાંઇ આ પ્રસરી રહેલ દેખાય છે તે કશું છેજ નહિ, એમ તમે સમજો; કેમકે આકાશની અંદર વળી કશાનો સંભવજ ક્યાંથી હોય ?[૪] આકાશમાં ભ્રાંતિવડે દેખાતા મસલાં મોવાળાઆદિના જેવા આકારની પેઠે, ઝાંઝવાની નદીની પેઠે, આકાશમાં ઉડ્યા કરતા ધૂમાડાઓના ગોટાઓની પેઠે અને છીપ આદિમાં થતી મોતી આદિની ભ્રાંતિની પેઠે જે કાંઇ આ ચિદાકાશના વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે તે જો કે અનુભવમાં આવે છે, પરંતુ વાસ્તવિક નથી; ચિદાકાશજ જગતનેરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઇ ગએલ છે.[૫] એ જગત જો કે અનુભવમાં આવે છે; તોપણ વસ્તુતાએ તે શૂન્યજ હોવાથી તેમાં શી આસ્થા રાખવી, અને કયો પદાર્થ તેમાં આસ્થા ઉત્પન્ન કરાવે એમ છે ? કોઇ નથી.[૬] અરે બાળકો! (અજ્ઞાનીઓ) પૃથિવી આદિ પદાર્થ કે જે ચિદાકાશરૂપી બાળકની કલ્પનાના સમૂહરૂપ છે, શૂન્ય છે, નિરર્થક છે અને અવસ્તુરૂપ છે, ભ્રાંતિમાત્રથીજ ચિદાકાશની અંદર ઉદય પામેલ છે, તેમાં અમુક હું છું અને અમુક મારૂં છે, એવી ધાટી આસ્થા શું રાખવી ? પરંતુ હવે મને યાદ આવ્યું અને સમજ્યો કે બાળકના સંકલ્પમાં બાળકજ રમે છે.[૭,૮] જેમ સુવર્ણ, રત્ન આદિના લાભની ઇચ્છાથી પ્રવૃત્ત થએલો પુરુષ તે બાણને ધોવાની વાત મૂકી દઇ આકાશને ધોવા મંડી જાય તો તેને મોટા યત્નવડે પણ કશું ફલ મળે નહિ, એવી રીતે પૃથ્વી આદિના અસદ્વિચારોવડે કેવળ વૃથાજ આયુષ્ય ચાલ્યું જશે, અને કશું તત્ત્વ જાણવામાં આવશે નહિ.[૯] જે વસ્તુ સહકારી આદિ કારણોના અભાવનેલીધે પ્રથમજ ઉત્પન્ન થએલ નથી તે આજે ક્યાંથી હોય ?[૧૦] જે મૂઢ પુરુષો ઉત્પન્નજ ન થએલા આકાશના જેવા શૂન્ય મિથ્યા અર્થવડે વ્યવહાર કરે છે તેઓ મરી ગએલા અથવા નહિ થએલા પુત્રની રક્ષા કરે છે.[૧૧] વસ્તુતાએ જોઇએ તો પૃથ્વી આદિ પદાર્થો ક્યાંથી થયા ? કોણે કર્યા ? શી રીતે તેઓની ઉત્પત્તિ થઇ ? તેઓનું કેવું સ્વરૂપ છે ? (વસ્તુતાએ જોતાં એ કાંઇજ નથી.) શાંત ચિદાકાશજ એવી રીતે પોતાના સ્વરૂપની અંદર પોતાવડે વિવર્તભાવને પ્રાપ્ત થઇ જાય છે.[૧૨] કાર્ય-કારણ-કાલ આદિની કલ્પનાવડે આકુલ ચિત્તવાળા પુરુષોને એવી રીતે ભ્રાંતિમાત્રથી પૃથ્વી આદિ પદાર્થો દેખાય છે. એવા અવિવેકી પુરુષોનું આપણે કશું પણ પ્રયોજન નથી.[૧૩] અપવાદદૃષ્ટિથી જોતાં જગત પૃથ્વી આદિથી સાવ રહિત છે, અને અધ્યારોપદૃષ્ટિથી જોતાં આદિએ

* આ એકસો સાતમા સર્ગમાં પૃથિવી આદિ દૃશ્ય પદાર્થનું અવસ્તુપણું વર્ણવવામાં આવશે; અને સ્વપ્નની પેઠે જગત ચિદાત્માનોજ એક વિલાસ છે, એમ વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સહિત તે ચિદાકાશરૂપ છે. ચિદાકાશરૂપી મણિ સ્વપ્ન આદિની પેઠે પોતાના આકાશના જેવા વિશાળ સ્વરૂપને એવી રીતે જગત આદિનેરૂપે પ્રસારી દે છે.[૧૪] પોતાના અનુભવવડે પ્રમાણમાં આવતું એવું જે કાંઇ ચિદાકાશનું નિરાકાર સ્વરૂપ છે તેજ દૃશ્ય એવાં કાલ્પનિક નામને ધારણ કરી લઈ પૃથ્વી આદિનેરૂપે પ્રતીતિમાં આવે છે.[૧૫]

अंगं यदेतस्य चिदंबरस्य निराकृति स्वानुभवानुमानम् ॥ तदेतदाभाति महीतलादिरूपेण वेद्येति कृताभिधानम् ॥ १५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અવિદ્યાભાવપ્રતિપાદન' એ નામનો એકસો સાતમો સર્ગ સંપૂર્ણ. ૧૦૭

સર્ગ ૧૦૮ મો.*

અવિદ્યાનો નાશ થતાંજ જગતનો નાશ થાય છે

॥ શ્રીરામ ઉવાચ ॥

अविद्या दृश्यरूपेयं कचंती यस्य विद्यते ॥
चिन्नभः स्वप्ननगरी दृश्यमानाऽपि शून्यकम् ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આ દૃશ્યરૂપી અવિદ્યા કે જે ચિદાકાશની અંદર એક સ્વપ્ન નગરીની પેઠે દેખાતાં છતાં શૂન્ય છે, તે જે અવિવેકી પુરુષની દૃષ્ટિમાં અજ્ઞાનને લીધે બાધિત ન થઇ જતાં વિદ્યમાનજ છે તેને તે કયાંસુધી પ્રતીતિમાં આવે છે? કેવેરૂપે દેખાય છે? કેવડી જણાય છે, અને તેનું તત્ત્વ શું છે? તે આપ મને ફરીવાર કહો.[૧,૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે અવિવેકી પુરુષોને પૃથ્વી આદિ દૃશ્યરૂપી અવિદ્યા સત્યરૂપે વિદ્યમાન જણાય છે, તેઓને બ્રહ્મની પેઠેજ દેશવડે કે કાલવડે તેનો અંત દેખાતો નથી. આ બાબતમાં હું એક કથા (આખ્યાયિકા) કહું તે તમે સાંભળો.[૩] કોઈક સ્થલે આકાશના કોઇ એક ખુણામાં આ ત્રિલોકીના જેવીજ કોઇ એક ત્રિલોકી છે કે જની અંદર અહીંના જેવીજ સર્વ વ્યવસ્થા રહેલ છે;[૪] અને તેમાં પૃથ્વીના ભૂષણરૂપ એવો કોઇ એક પૃથ્વીનો ભાગ છે; તેની અંદર હાથી ઘોડા આદિનો સ્પષ્ટ રીતે સંચાર થઇ શકે એવી કોઇ ભૂમિમાં તતમિતિ એવા નામની એક પ્રસિદ્ધ નગરી છે.[૫] તેમાં એક વિપાશ્ચિત્ એવા નામનો પ્રખ્યાત રાજા હતો, કે જે પોતાની વિદ્વત્તાને લીધે સભાસદોવડે સુશોભિત એવી પોતાની સભામાં બહુજ દીપતો હતો.[૬] કમલિનીવાળી નદીમાં જેમ રાજહંસ શોભે, નક્ષત્રગણમાં જેમ ચંદ્રમા શોભે અને પર્વતોના સમૂહમાં જેમ સુમેરુ શોભે તેમ રાજસભામાં એ રાજા બહુજ શોભતો હતો.[૭] એ રાજાના એવા તો અમૂલ્ય ગુણો હતા કે કવિઓ તેનું વર્ણન ન કરી શકવાને લીધે વર્ણન કરવામાંથી નિવૃત્ત થઇ જતા હતા. કવિઓને તેની પાસેથી અચલ લક્ષ્મી, ખ્યાતિ અને શોભા મળતાં હતાં, અને મેરુ પર્વતની પેઠેજ પોતાના આશ્રિતોને તે ન્યાલ કરી દેતો હતો.[૮] નિરંતર પ્રાતઃકાલમાં વિકસિત થનારાં અને સર્વ દિશાઓમાં પ્રકાશ કરનારાં કમલમાંથી જેમ તડકાથી પેદા થનારી કાંઈક અપૂર્વ શોભા ઉત્પન્ન થાય તેમ એ વિપશ્ચિત્ રાજા કે જે નિરંતર પ્રાતઃકાલમાં પ્રફુલ્લ રહેતો હતો અને સર્વની આશાઓને પૂર્ણ કરતો હતો તેનામાંથી પ્રતાપવડે પેદા થનારી કાંઈક અપૂર્વ શોભા ઉત્પન્ન થતી હતી.[૯] એ રાજાની બુદ્ધિ બ્રાહ્મણતરફ બહુ શ્રદ્ધાવાળી હતી અને તેનામાં જાતિ—કુલ—વર્ણ—આશ્રમ આદિનું ઉત્તમ અભિમાન રહ્યું હતું. તે ભક્તિવડે

* આ એકસો આઠમા સર્ગમાં જ્યાંસુધી અવિદ્યાનો નાશ ન થાય ત્યાંસુધી કોઈ કાલે જગતનો અંત આવતો નથી. આ બાબતમાં વિસ્તારથી અવિદ્યાસંબંધી એક વિચિત્ર આખ્યાન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સદાકાલ એક સરખી રીતે અગ્નિનેજ પોતાના ઇષ્ટ દેવતારૂપે પૂજતો હતો; બીજા કોઇ પણ દેવને તે જાણતો પણ ન હતો.[૧૦] તેના મંત્રિમંડલમાં મહાધીર નિર્ભય સૈન્યવાળા બલવાન ચાર મંત્રીઓ હતા; કે જેઓ ચારેય દિશામાં ચાર મહાસાગરની પેઠે મર્યાદાનું પાલન કરવામાટે (રાજા તરફથી) જોડાયા હતા. સમુદ્રોમાં જેમ માછલાંઓના અને મધરમચ્છોના સમૂહો રહ્યા હોય તેમ એ મંત્રીઓ પણ ઘોડાઓ અને હાથીઓના સમૂહોથી યુક્ત હતા. સમુદ્રોમાં જેમ ચકરીઓના સમૂહો રહ્યા હોય તેમ એ મંત્રીઓ ચક્રવ્યૂહવડે મહાસુશોભિત જણાતા હતા. સમુદ્રો જેમ તરંગોવડે રમણીય જણાય તેમ એ મંત્રીઓ પણ બળથી (શક્તિથી અને સૈન્યથી) બહુ રમણીય જણાતા હતા.[૧૧,૧૨] પૃથ્વીને શોભાવનાર એ વિપાશ્ચિત્ નામનો રાજા પોતાના મંત્રીઓવડે સર્વ દિશાઓરૂપી ચક્રનો નાભિની પેઠે આધારરૂપ હતો, સુદર્શનચક્રની પેઠે શત્રુઓથી તે જીતાય એવો ન હતો, પણ પોતે સર્વ શત્રુવર્ગને જીતતો હતો.[૧૩] તેની પાસે એક દિવસ પૂર્વ દિશાતરફથી એક ચતુર ચાર (દૂત) આવી ઉભો રહ્યો,અને તે એકાંતમાં કાલના વેગના જેવી ઉતાવળી ગતિવાળું, ઘોર અક્ષરવાળું વચન બોલવા લાગ્યો.[૧૪] "અસ્ખલિત રીતે પૃથ્વીરૂપી ગાયને ખીલાની પેઠે પોતાના બન્ને હાથરૂપી વૃક્ષમાં વિશ્રામ આપનાર (વિષ્ણુતુલ્ય) મહારાજ ! આપ મારા મુખથી હું જે હકીકત કહું તે સાંભળો અને પછી જેમ યોગ્ય લાગે તેમ કરો.[૧૫] પૂર્વદિશામાં આપે મોકલેલ સામંત જ્વરવડે મરણને પ્રાપ્ત થઈ ગએલ છે. આપે સર્વ શત્રુઓને જીતી દિગ્વિજયમાટે કેમ જાણે તેને આજ્ઞા કરી હોય અને તે યમને જીતવાસારૂ યમપુરીમાં ચાલ્યો ગયો હોય, એમ હું માનું છું.[૧૬] પૂર્વ દિશાનો સામંત મરી જતાં પછી દક્ષિણ દિશાનો નાયક (કે જે આપનોજ સામંત છે તે) દક્ષિણ દિશા અને પૂર્વ દિશા એ બન્નેને જીતવાને પ્રવૃત્તિ કરતો હતો, પણ શત્રુએ તેને પૂર્વ અને પશ્ચિમ દિશા તરફના સૈન્યસહિત આવીને ઘેરી લઇ મારી નાખ્યો.[૧૭] એ દક્ષિણ દિશાનો સામંત મરી ગયા પછી તમે પશ્ચિમ દિશામાં મોકલેલો સામંત પોતાના સૈન્યની સાથે પૂર્વદિશા અને દક્ષિણદિશાનું સંરક્ષણ કરવામાટે આદરથી સત્વર આવતો હતો,[૧૮] તેટલામાં તેના શત્રુઓ કે જે દક્ષિણદિશામાં રાજાઓરૂપે રહ્યા હતા, તેણે પૂર્વદિશાના રાજાઓ સાથે મળી જઇ રસ્તામાંજ યુદ્ધ કરી રણની વચમાં તેને મારી નાખ્યો."[૧૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પૂર્વદિશાતરફનો ચાર ઉપરપ્રમાણે કહેતો હતો એટલામાં વળી બીજો ચાર (દૂત) પ્રલયકાલના જલના પ્રવાહની પેઠે ઉતાવળો થઇ હાંફતો હાંફતો રાજમહેલમાં પેઠો.[૨૦]

ચાર કહે છેઃ—મહારાજ ! આપે ઉત્તર દિશામાં મોકલેલો સેનાધિપતિ (સામંત) શત્રુઓના ઉપદ્રવવડે પીડિત થઇ જઇ પોતાના સૈન્યસહિત જેમ પાજ તૂટી જતાં પાણીનું પૂર એકદમ ચાલ્યું આવે તેમ આ તરફ ચાલ્યો આવે છે.[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—રાજા ઉપર પ્રમાણેનાં વચન સાંભળી હવે કાલક્ષેપ કરવો વાસ્તવ નથી એમ માની પોતાના ઉત્તમ મંદિરમાંથી બહાર નીકળતાં પોતાની પાસેના માણસો (હજુરી) ને કહેવા લાગ્યો,[૨૨] કે રાજાઓ સામંતો અને મંત્રીઓને યુદ્ધની તૈયારી કરી અહીં બોલાવી લાવો. આયુધોની શાળાઓ ઉઘાડો અને તેમાંનાં તીક્ષ્ણ ઘોર હાથયારો લડવૈયાને આપો.[૨૩] શરીરોમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બખ્તરોને ધારણ કરો, પાયદળ અહીં હાજર થઇ જાઓ, સૈન્યની ગણતરી કરો, ઉત્તમ યુક્તિઓની ગોઠવણ કરો.[૨૪] સેનાના જુદા જુદા અધ્યક્ષોની કલ્પના કરો અને ચારેકોર ચારોને મોકલો.

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—રાજા જુસ્સાથી ત્વરાવડે ઉપર પ્રમાણે કહેતો હતો એટલામાં આકુલ ચિત્તવાળો પ્રતિહાર પ્રવેશ કરી કહેવા લાગ્યો.

. પ્રતિહાર કહે છેઃ—મહારાજ ! ઉત્તર દિશા તરફનો સેનાપતિ સામંત બહાર ડોઢીયે ઉભેલ છે; અને તે કમલ જેમ સૂર્યના દર્શનને ઇચ્છે તેમ આપ રાજાધિરાજનાં દર્શનને ઇચ્છે છે.[૨૫,૨૬]

રાજા કહે છેઃ—જાઓ, સત્વર તેને અહીં બોલાવી લાવો. તેની પાસેથી વૃત્તાંત સાંભળી દિશાઓના અંતોમાં શું બન્યું તે આપણે જાણીએ.[૨૭]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—રાજાએ પ્રતિહારને ઉપર પ્રમાણે કહેવાથી તેણે અંદર મોકલેલ સેનાપતિ સામંતને રાજાએ પોતાની પાસે આવેલો જોયો કે જે પ્રણામ કરવામાં પરાયણ થઈ રહ્યો હતો.[૨૮] ઘા વાગવાથી જેના સર્વ અવયવો ઘાયલ થઇ ગએલા હતા, જેનું પ્રત્યેક અંગ બાણોવડે વિંધાએલ હતું, જે શ્વાસવડે વ્યાકુલ બની જઈ રુધિરનું વમન કરતો હતો, અને નિર્મળપણાથી શત્રુઓએ જેને જીતી લીધો હતો,[૨૯] એ સામંતે રાજાને પ્રણામ કરી, ધૈર્યવડે પોતાના અંગમાં થતી વ્યથાને સ્થંભાવી રાખી નિરંતરપણે અવિચ્છિન્ન રીતે વહ્યા કરતા શ્વાસથી હાંફતાં હાંફતાં નીચેપ્રમાણે બોલવાનો આરંભ કર્યો.[૩૦]

સેનાપતિ સામંત કહે છેઃ—મહારાજ ! ત્રણે દિશાઓમાં આપે (અમલદારરૂપે) મોકલેલા ત્રણે સામંતો પોતાના વિસ્તીર્ણ સૈન્યની સાથે યમપુરીમાં ગયા. તે કમ જાણે આપની આજ્ઞાથી યમને જીતવામાટેજ ત્યાં ગયા હોય એમ લાગે છે.[૩૧] હું જે કે તેઓના દેશોને સંભાળતો હતો પણ મને અશક્ત જોઇ ઘણા રાજાઓ મારી પછવાડે લાગ્યા છે; અને તેઓ બલાત્કારથી ઠેઠ આટલેસુધી આવી પહોંચ્યા છે.[૩૨] શત્રુઓનું મોટું સૈન્ય આપ મહારાજાના દેશમાં આવી પહોંચ્યું છે, તો જમ તેઓએ આપના સૈન્યની દુર્દશા કરી તેમ આપે તેની દુર્દશા કરવી જોઇએ. આપ જેવા મહારાજાને કશું પણ દુર્જય નથી.[૩૩]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે વેદનાવડે પીડાએલો એ સામંત કે જે રણમાં ઘાયલ થયો હતો તે બોલતો હતો એટલામાં તો વળી એક બીજો પુરુષ ઉતાવળથી પ્રવેશ કરી કહેવા લાગ્યો.[૩૪]

હે મહારાજ ! આપણા દેશના પુરુષો પીપળા આદિ વૃક્ષનાં પાદડાંઓની પેઠે કાંપતા રહી ચોતરફ ડોલ્યા કરે છે, અને ચારે દિશાઓમાં શત્રુઓની મોટી સેનાઓ આવી પડેલ છે.[૩૫] મહા જાજ્વલ્યમાન ચક્ર, ગદા, પ્રાસ, કુંત આદિ આયુધોનાં કમ જાણે જંગલોજ ખડાં થઈ રહ્યાં હોય તેવો કાંતિમય દેખાવ આપનારા શત્રુઓવડે આપણી જમીન લોકાલોક પર્વતનાં તટોવડેજ કમ જાણે વીંટાએલ હોય તેમ ચારેકોર વીંટાએલી છે.[૩૬] પતાકા, આયુધો અને યોદ્ધાઓને અંગમાં ધારણ કરી રહેલા, ચપલ સામાનવડે આકુલ દેખાતા એવા રથો આકાશમાં ઉડેલા ત્રિપુરના સમૂહની પેઠે ચારેકોર પથરાઇ રહેલા દેખાય છે.[૩૭] પોતાની સૂંઢોને આકાશમાં ઉછાળતાં અને કમ જાણે માંસના વૃક્ષોનાં વનોજ ખડાં થઇ રહ્યાં હોય એવા દેખાતા હાથીઓના સમૂહો જમ વર્ષાઋતુમાં વરસાદના સમૂહો ગાજે તેમ ગર્જના કરે છે.[૩૮] પોતાની ગતિના ક્રમવડે કમ જાણે પૃથ્વીજ નીચી ઉંચી થયા કરતી હોય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

તેમ નીચા અને ઉંચા થયા કરતા ઘોડાઓના સમૂહ પવનવડે ઉછળતા મહાસાગરની પેઠે શબ્દો કરે છે.[૩૯] શ્રમનેલીધે ફીણવાળા, ઘુમરીઓની પેઠે ભમ્યા કરતા અને ચારેકોર કુંડાળાની પેઠે (ગોળ) ચક્કર મારતા ઘોડાઓના સમૂહો ક્ષાર સમુદ્રના જલની પેઠે અવાજને કરતા રહે છે.[૪૦] આકાશની પેઠે ચળકાટ મારતાં કવચ-શસ્ત્ર આદિની તૈયારીવડે સુશોભિત એવું બળવાન સૈન્ય, પ્રલયકાલના મહાસાગરનું પૂર જેમ પોતાના વિશાળ તરંગોવડે ચારેકોર ફરી વળે તેમ પ્રત્યેક દિશામાં ફરી વળેલ દેખાય છે.[૪૧] એ સૈન્યને અંગે રહેલાં બાણ, શસ્ત્ર, અસ્ત્ર, બખ્તર મુકુટ અને આભૂષણની કાંતિઓ કેમ જાણે આપના પ્રતાપરૂપી અગ્નિની મૂર્ત્તિમાન જ્વાલાઓ હોય તેમ ચારેકોર ચમક્યા કરે છે.[૪૨] માછલાં મગરમચ્છ આદિને આકારે રચાએલા વ્યૂહોવડે યુક્ત અને વંટોળીયા વાયુની પેઠે ચારેકોર ફરી વળેલી સેનાઓ યોદ્ધાઓની ભીડથી ભરપૂર દેખાય છે.[૪૩] કુંત ભાલા આદિ આયુધોની પંક્તિઓ એક બીજામાં પરસ્પર અથડાવાથી કેમ જાણે કોપને પ્રાપ્ત થઈ ગએલ હોય તેમ તીક્ષ્ણ એવા અવાજને પેદા કરે છે; અને ઝબકારા મારે છે.[૪૪] હે મહારાજ ! ઉપર પ્રમાણે આપને વિજ્ઞપ્તિ કરવાને મને મારા સ્વામી (કે જે આપના સામંત છે તેઓ) એ આજ્ઞા કરેલ છે; અને તેઓ પોતે આપણા દેશની સીમા(સીમ)ના અંતમાં આવેલી ઝાડીમાંથી યુદ્ધમાટે ગયા છે.[૪૫] મહારાજ ! હવે હું પાછો એ મારા સ્વામીને મદદ કરવાને સાંગ, બાણ વગેરેની તૈયારી કરી જાઉં છું. જે કાંઇ કહેવાનું હતું તે સર્વ હું આપને નિવેદન કરી ચૂક્યો છું, હવે પછીનું જે કર્તવ્ય હોય તે આપ જાણો.[૪૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છે:—એ ચાર ઉપર-પ્રમાણે કહી ગળગળો થઇ જઇ સમુદ્રના તરંગની પેઠે શાંત થઇ ગયો અને પ્રણામ કરી તરત ચાલતો થયો.[૪૭] સંભ્રમને પ્રાપ્ત થઇ ગએલા મંત્રીઓ, રાજાઓ, યોદ્ધાઓ, હાથીઓ, ઘોડાઓ, નોકરો, નગરનાં મનુષ્યો અને સ્ત્રીઓ વગેરેનાં ટોળાંઓવડે વ્યાકુળ અને પોતાના ઉપર આવી પડેલા ભયને લીધે હાથમાં ઉપાડેલા હથિયારોવાળા અનેક જનસમૂહોવડે યુક્ત એવો રાજાનો દરબારગઢ પ્રચંડ પવનવડે વ્યાકુળ થઈ રહેલાં મોટાં જંગલના જેવો અતિ વ્યાકુળતાવાળો દેખાતો હતો.[૪૮]

संभ्रान्तमंत्रिनृपयोधनियोगिनागनारीरथाश्वपरिचारकनागरौघम् ॥ राज्ञो गृहं स्वभयतोलितहेतिसार्थं चंडानिलाकुलमहावमनतुल्यमासीत् ॥ ४८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પાર્થિવસંરંભવર્ણન' એ નામનો એકસો આઠમો સર્ગ સંપૂર્ણ. ૧૦૮

સર્ગ ૧૦૯ મો.*

રાજાએ સ્વદેહને અગ્નિમાં હોમી, તેમાંથી ચાર દેહ ઉત્પન્ન કર્યા.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

एतस्मिन्नंतरे सर्वे मंत्रिणो नृपमाययुः ॥ मुनयो वासवमिव दैत्याक्रांतनभोभुवं ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ દૈત્યોએ સ્વર્ગલોક દબાવવાથી વ્યાકુળ થઇ ગએલા ઇંદ્રપાસે મુનિઓ આવે તેમ શત્રુઓએ પોતાનો દેશ ઘેરી લેવાથી વ્યાકુળ થઇ ગએલા રાજા પાસે એટલા સમયમાં વચમાં સર્વ મંત્રીઓ ભેગા થઈ ગયા.[૧]

* આ એકસો નવમા સર્ગમાં મંત્રીઓનાં વચન સાંભળી રાજા પોતાના દેહનો અગ્નિમાં હોમ કરશે, અને તેના બીજા ચાર દેહ તરત અગ્નિમાંથી ઉત્પન્ન થશે, તે વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મંત્રીઓ કહે છેઃ—હે મહારાજ! અમે વિચાર કરી બધો નિર્ણય કરી લીધો છે, કે સામ, દામ અને ભેદ એ ત્રણે ઉપાયો, આપણા શત્રુઓ પાસે કાર્ય કરી શકે તેવા નથી, માટે તેને દંડજ આપવો જોઇએ.[૨] હે મહારાજ! સામ અને ભેદ કે જે આપણે કોઇ દિવસ આગળ પણ શત્રુઓ પાસે કરેલ નથી, તો હમણાં (તેઓ અહીં રણભૂમિમાં આવી ચૂક્યા પછી) કરવાની વાતજ શી કરવી?[૩] એ મ્લેચ્છ લોકો, કે જે આપણા શત્રુ છે, તે મહા પાપી છે, ધનાઢ્ય છે, જુદા જુદા દેશમાંથી આવી ભેગા થયા છે, શસ્ત્ર આદિની સારી તૈયારીવાળા છે, સંખ્યામાં બહોળા છે, અને આપણાં છિદ્રોને બરાબર જાણનાર છે, માટે તેઓ સામ આદિ ઉપાયને માને એમ નથી.[૪] સારી રીતે સાહસ કર્યા વિના બીજો કશો ઉપાય આ બાબતમાં નથી; તેથી હવે તરત રણસંગ્રામને માટે ઉદ્યોગ કરો.[૫] શૂરવીર પુરુષોને યુદ્ધમાટે આપ આજ્ઞા આપો, ઇષ્ટ દેવતાની પૂજા કરો, સામંતોને બોલાવો, રણનાં નગારાં વગડાવો.[૬] સર્વ યોદ્ધાઓ તૈયાર થઇ રણસંગ્રામમાં નીકળી પડો. સર્વ દિશાઓને હાથીઓવડે કેમ જાણે પ્રલયકાલના કાળા મેઘોવડે સુશોભિત હોય તેવી સુશોભિત બનાવો.[૭] ધનુષના ઉંચા સ્વરો પરસ્પર અથડાવાથી થતા રહો. પ્રત્યંચાના સમૂહોના શબ્દ સંભળાઓ. અર્ધમંડલની પેઠે (અર્ધચંદ્રને આકારે) રાખેલાં ધનુષ્યોવડે દિશાઓ વર્ષાદનાં વાદળાંઓનીપેઠે શ્યામ થઇ રહો.[૮] ઝબકારા મારતી પ્રત્યંચારૂપી વિજળીવડે સુશોભિત અને ઘાટા સિંહનાદરૂપી ગર્જનાવડે યુક્ત એવા શૂરવીર પુરુષોરૂપી મેઘો, ધનુષ્ય કુંડળ વગેરેથી સુંદર દેખાવસહિત બાણોરૂપી જલની ધારાની વૃષ્ટિ કરો.

રાજા કહે છેઃ—ભલે, તમે સર્વ યુદ્ધમાટે નીકળો, નગરની રક્ષામાટે અને વ્યૂહરચના વગેરે સંબંધી જે ગોઠવણ કરવી ઘટે તે કરો. હું સ્નાન કરી અગ્નિનું પૂજન કરી રણભૂમિમાં આવું છું.[૧૦] એ પ્રમાણે કહી તે રાજા મોટાં કાર્યોમાં વ્યગ્ર હતો છતાં તેને છોડી દઇ તરત વર્ષાઋતુમાં નવો બગીચો જેમ જલવડે ભીંજાઈ જાય તેમ પોતે ગંગાજલથી ભરેલા ઘડાઓવડે નાહ્યો,[૧૧] અને પછી તેણે અગ્નિશાળામાં પ્રવેશ કર્યો. શાસ્ત્રાનુસાર આદરવડે અગ્નિનું પૂજન કરી તેણે વિચાર કરવા માંડ્યો.[૧૨] "અનાયાસે મળેલા અનેક વિલાસોવાળા વૈભવોની શોભાવડે મેં આખું આયુષ્ય ગાળ્યું છે, પ્રજાને અભયદાન પણ આપેલ છે, ઠેઠ સમુદ્રપર્યંત મારી મહોર છાપ અને મારોજ હુકમ મેં અનુભવ્યો છે.[૧૩] શત્રુઓને તેઓનાં રાજ્ય લઈ મેં મારા પગ તળે દબાવ્યા છે. દશે દિશાઓને કર આદિરૂપી ફૂલોના ભારવડે મેં લતાનીપેઠેજ નમાવી દીધેલ છે.[૧૪] પ્રજાઓનાં ચિત્તરૂપી ચંદ્રબિંબમાં મેં મારો નિર્મલ યશ સારીપેઠે પૂરી દીધેલો છે. મેં મારી કીર્તિલતારૂપી ગંગા પૃથ્વીમાં સર્વત્ર પ્રસારી દીધી છે, કે જે નીચેનાથી તે ઉપરના સર્વ લોકમાં વ્યાપ્ત છે.[૧૫] સંબંધીઓ, મિત્રો, પૂજ્ય બ્રાહ્મણ વગેરે ગુરુજનો અને બંધુઓનાં ઘરોને ખજાનાની પેઠે રત્નોવડે ભરી દીધેલ છે, અને દિગ્વિજય કરતા સમુદ્રના તીરમાં નાળિએરના રસના આસવનું પાન કર્યું છે.[૧૬] શત્રુઓના પ્રાણોને મેં શબ્દ કરતી વખતે હાલતી દેડકાના ગળાના ભાગની ચામડીનીપેઠે કંપાવેલ છે. બીજા દ્વીપોના કુલાચલ પર્વતોને મેં મારી આજ્ઞાને માથે ચડાવનારા બનાવી દીધા છે.[૧૭] મેં સિદ્ધલોકોની સેનામાં વિહાર કરેલ છે. દિશા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઓના અંતભાગમાં આવેલી અપૂર્વ કાંચનમય ભૂમિમાં પણ હું ફર્યો છું. પૃથ્વીના અંતભાગમાં આવેલા પર્વતોના શિખરઉપર પણ મેં વરસાદનાં વાંદળાંઓની પેઠે વિશ્રાંતિ લીધેલ છે.[૧૮] જેમ જ્ઞાનવડે પૂર્ણ એવી બુદ્ધિ એકાંતમાં સમાધિના અભ્યાસવડે પરમપદમાં વિશ્રાંત થાય, તેમ મેં પ્રજાના પ્રિય અર્થનું સંપાદન કરી અનેક સમૃદ્ધ દેશો મેળવ્યા હતા;[૧૯] અને દુષ્ટ રાક્ષસોને મજબૂત ઘાટી બેડીઓમાં નાખ્યા હતા. એક-બીજાને પરસ્પર બાધ ન આવે તેમ સમાન રીતે થયા કરતા ધર્મ, અર્થ અને કામવડે મેં મારૂં આજ દિવસસુધીનું વય ગાળ્યું છે. હું કે જે હમણાં કેમ જાણે યશનું અત્યંત પાન કરી ધવળ થઇ ગયો હોઉં તેમ જરાવડે ધોળો થઇ ગયો છું, તેને હમણાં લીલા ઘાસ ઉપર પડેલા ઝાકળના બિંદુઓના સમૂહ જેવું ધોળું વૃદ્ધ
ય પ્રાપ્ત થયું છે; કે જે સર્વ ભોગોના આનં-
ી રહિત છે. વિશેષમાં વળી તેની સાથે
બલવાન ભયંકર શત્રુઓ ચડી આવ્યા છે કે જે યુદ્ધને ઇચ્છે છે. એ લોકો ચારેકોરથી ભેગા થઈ સંપી આવેલ છે. યુદ્ધમાં જય સંદિગ્ધ છે; માટે અહીં આ સમયેજ જય આપનારા આ અગ્નિદેવને હું ઉદ્યોત કરી આ મસ્તકરૂપી આહુતિને આપું.”[૨૦-૨૪]

રાજા કહે છેઃ—દેવાધિદેવ ! અગ્નિદેવ ! પ્રથમ યજ્ઞમાં પુરોડાશની પેઠે આ મારા મસ્તકને હું આપના કુંડમાં આહુતિરૂપે હોમું છું. હે મહારાજ ! જો મારા આ કૃત્યથી આપ પ્રસન્ન થયા હો તો બલવાન અને લક્ષ્મીવાન એવા નારાયણના ચાર ભુજની પેઠે બલવાન અને લક્ષ્મીવાન એવા મારા ચાર દેહ આ કુંડમાંથી ઉત્પન્ન થાઓ;[૨૫,૨૬] અને તેવડે હું ચારેકોર ચારેય દિશામાં શત્રુઓને નિર્વિઘ્નપણે મારૂં. હે મહારાજ ! હું જ્યારે આપનું સ્મરણ કરૂં ત્યારે આપે મને દર્શન આપવું.[૨૭]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ રાજાએ ઉપર પ્રમાણે કહી બાલક જેમ લીલાવડે ચપળ કમલને છેદી નાખે તેમ ખડ્ગ લઈ તેવડે પોતાના માથાને છેદી નાખ્યું.[૨૮] રાજા છેદેલા પોતાના મસ્તકને જેટલામાં અગ્નિમાં હોમવા જાય છે તેટલામાં તે પોતે ધડસહિત અગ્નિમાં જઇ પડ્યો.[૨૯] અગ્નિએ હવિરૂપે તેનો ઉપયોગ કરી પાછું તેને બદલે ચોગણું આપ્યું, કેમકે જે મહાન પુરુષોના ઉપયોગ માટે કલ્પાએલ હોય તે તરત વૃદ્ધિને પ્રાપ્ત થાય છે.[૩૦] પછી નારાયણ ભગવાન જેમ સમુદ્રમાંથી બહાર નીકળે તેમ અગ્નિમાંથી તે રાજા જુદા જુદા ચાર દેહે બહાર નીકળ્યો કે જે તેજના સમૂહોવડે મહાપ્રદીપ્ત દેખાતો હતો. કાંતિવડે પ્રકાશવાળા, સાથે ભેળાજ ઉત્પન્ન થએલ ઉત્તમ મુકુટ, આભૂષણો, આયુધો અને વસ્ત્રોવડે સુશોભિત, બખ્તરો અને મસ્તકના રક્ષણનાંસાધનોવડે યુક્ત, એવા તે રાજાના ચારે દેહો બહુ સુંદર દેખાતા હતા, મુકુટનાં રત્નો કંકણો અને બાજુબંધોથી તે સુશોભિત હતા, હારો અને કુંડલોની રચનાવડે રમણીય જણાતા હતા, સર્વની તેઓ રક્ષા કરતા હતા, અને તે ચારેય પોતે મહાશય હતા.[૩૧-૩૩] સર્વેનો આકાર એકસરખોજ હતો; અને અવયવો પણ સરખાજ હતા. ઉચ્ચૈઃશ્રવા નામના ઇંદ્રના ઘોડાના જેવા રમણીય ચપળ ઉત્તમ ઘોડાઉપર તેઓ ચડ્યા હતા.[૩૪] સુવર્ણસહિત એવાં બાણો અને ભાથાઓવડે યુક્ત હતા. મહાસ્વચ્છ ઉદાર ચિત્તવાળા હતા. ચારેયનાં ધનુષ અને પ્રત્યંચા સમાન હતાં; તેમ દેહ પણ સમાન હતા.[૩૫] એ રાજાના ચારેય દેહ જે (પાલખી ઉપાડનાર) પુરુષ ઉપર, હાથીઉપર, રથઉપર કે ઘોડાઉપર બેસે તેને શત્રુએ યોજેલ (મંત્ર, યંત્ર, કૃત્યા,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શસ્ત્ર અસ્ત્ર આદિ) દ્વોષો કાંઈ બાધ કરી શકે નહિ એવો તેઓનો પ્રભાવ હતો.[૩૬] કેમ જાણે વડવાનલે પ્રથમ ચારેય સમુદ્રનું પાન કરી ઘણા કાલસુધી પોતાના ગર્ભમાં રાખી પછી પુરુષને આકારે અગ્નિકુંડમાં પાછા ઉત્પન્ન કર્યા હોય તેવા મહાગંભીર દેખાતા હતા.[૩૭] રત્નવડે શણગારેલ ઘોડાઓના દેહમાં સુશોભિત દેખાતા પુષ્પોના સમૂહોવડે પૂર્ણ દેહવાળા, ચંદ્રમાના જેવાં સુંદર હાસ્યવડે દિશાઓને પ્રકાશ આપનારા ચારેય વિપશ્ચિત્ રાજાઓ આહુતિવડે હોમાએલ અગ્નિમાંથી કેમ જાણે મૂર્તિમાન ચાર વિષ્ણુજ હોય અથવા મૂર્તિમાન ચાર વેદ કિંવા મૂર્તિમાન ચારસમુદ્ર હોયતેમબહારનીકળ્યા.[૩૮]

रत्नाश्वदेहकुसुमोत्करपूर्णदेहाश्चत्वार इन्दुहसितैरवभासयन्तः ॥ सन्मूर्त्तयो हरय एव यथाऽब्धयो वा वेदा इवाहुतिहुतादनलात्प्रसस्रुः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અગ્નિપ્રવેશાદ્દેહલાભ' એ નામનો એકસો નવમો સર્ગ સંપૂર્ણ. ૧૦૯

સર્ગ ૧૧૦ મો.*

વિપશ્ચિતનું શત્રુઓની સાથે ઘોર યુદ્ધ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

पुरोपकंठं संप्राप्तैर्चतुर्दिक्कं सहारिभिः ॥
एतस्मिन्नंतरे तत्र प्रवृत्तं दारुणं रणम् ॥१ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એટલા સમયમાં શહેરનીપાસે ચારેય દિશાઓમાં આવી પડેલા શત્રુઓની સાથે મહાદારુણ એવું યુદ્ધ ચાલુ થયું.[૧] શત્રુઓ ગામડાંઓને અને નગરને લૂંટવા લાગ્યા. પ્રજાઓનો સમૂહ અત્યંત વ્યાકુલ થઈ ગએલો જણાતો હતો. કેટલાકના દેહો અગ્નિની જ્વાલા લાગવાથી બળતા દેખાતા હતા. ધૂમાડારૂપી વાદળાંઓના ગોટાઓથી સર્વ ભાગ વ્યાપ્ત થઈ રહ્યો હતો.[૨] બાણોના સમૂહવડે અને ઘણા ધૂમાડાથી સૂર્યનારાયણ ઢંકાઇ જવાથી ચારેકોર અંધકાર પથરાઇ રહ્યો હતો. ક્ષણમાત્રમાં સૂર્ય દેખાતા હતા અને ક્ષણવારમાં તે અદૃશ્ય થઇ જતા હતા.[૩] અગ્નિની જ્વાલાઓનો મોટો તાપ લાગવાથી વનનાં સર્વ વૃક્ષોનાં પાંદડાંઓ તપી જતાં હતાં. ચપલ ઉંબાડીયાં, શૂલ અને મુસલ એવડે આખું આકાશ પૂરાઈ રહ્યું હતું.[૪] અગ્નિનાં અનેક પ્રતિબિંબોથી આયુધોનો ભમણો પ્રકાશ દેખાતો હતો. રણમાં સામે પગલે મરાએલા મોટા શૂરવીરો સ્વર્ગમાં ઇંદ્રની અપ્સરા અને અમૃતને પ્રાપ્ત થતા હતા.[૫] ઉચ્છૃંખલ પણે થયા કરતી હાથીઓની ગર્જનાથી રણમાં ઉત્સાહ રાખનારા પુરુષોને હર્ષ થતો હતો. ભુશુંડી, પ્રાસ, શૂળ, તોમર આદિ આયુધોના સમૂહની વૃષ્ટિ થતી હતી.[૬] કેટલાક પામર પુરુષો તો યુદ્ધમાં યોદ્ધાઓના કોલાહલના શ્રવણમાત્રથીજ હૃદયનો ભંગ થતાં મરી જતા હતા. ધૂળનો સમૂહ ઉપર પથરાઇ જવાથી ધોળાં થઇ રહેલાં વાદળાંઓવડે અંતરિક્ષનો માર્ગ રોકાઇ ગયો હતો.[૭] મરણના ભયથી વ્યગ્ર થઈ ગએલા સામંતોના સમૂહો મોટા પોકારની સાથે નાસતા હતા. આમતેમ (ચારેકોર) ઉત્પાતનો અગ્નિ લાગવાથી પ્રજાઓ પીડિત થતી હતી.[૮] અગ્નિવડે બળી જવાથી પડી જતાં એવાં ઘરોમાંથી અગ્નિને વરસનારા ધૂમાડારૂપી વાદળાંઓ નીકળતાં હતાં. શત્રુનું મરણ થતાં આનંદ આપનાર એવાં અસંખ્ય બાણોની ધારાઓરૂપી વરસાદથી સર્વ ભાગ વ્યાપ્ત થઈ ગયો હતો.[૯] એ યુદ્ધ, ઘોડાઓરૂપી તરંગોથી સમુદ્રના તરંગનો પરાજય કરતું હતું. હાથીઓના દાંત ભાંસાવાથી મંદ રીતે થયા કરતા

* આ એકસો દશમા સર્ગમાં શહેરની પાસે ચારેય દિશાઓમાં આવી પડેલા શત્રુઓ સાથે પ્રવૃત્ત થયેલાં દારુણ યુદ્ધવિષે વિસ્તારથી વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચીત્કારના શબ્દવડે કાનને અરુચિ ઉત્પન્ન થતી હતી.[૧૦] ગઢના ઉપરના ભાગમાં આવેલી કોટડીઓની ભીંતોઉપર ઉત્તમ યોદ્ધાઓએ (શત્રુઓ ન ચડી શકે તે માટે) કાંટાઓ પાથરી દીધા હતા અથવા કાંટાની પેઠેજ બાણો ખોડી દીધાં હતાં. અગ્નિવડે વીંટાએલા અને કુંઠિત થઇ થયેલા ગઢોની (દરવાજા આદિની) ઉપરની મેડીઓના શિખરોમાં (અગ્નિ પહોંચી વળવાથી) અગ્નિની જ્વાલાઓ નૃત્ય કરતી હતી.[૧૧] ચારેકોર મોટા આડંબરની સાથે અસ્ત્રો ઉછળતાં હતાં કે જેને લીધે મનુષ્યોને જવા આવવામાં હરકત થતી હતી. આકાશમાં ઉડ્યા કરતી ધ્વજાઓવાળા મહેલોમાં તે ધ્વજાઓમાં પવન અથડાવાથી અવાજ થતો હતો.[૧૨] હાથીઓના દંતોશળના ઘણો જોઇ તેની સ્પર્ધાવડે તથા પાષાણોમાં અથડાવાથી થતા આયુધોના ઘસારાના અવાજથી અને હાથીઓની મોટી ગર્જનાવડે કેમ જાણે યુદ્ધમાં ઉત્સાહ ઉત્પન્ન કરાવી દેવાંગનાને ત્યાં બોલાવતા હોય તેવો દેખાવ નજરે આવતો હતો.[૧૩] નિરંતર વહ્યા કરતા બાણોરૂપી નદીના પૂરવડે આકાશરૂપી મહાસાગર પૂર્ણ થઇ રહ્યો હતો. નિરંતર ચાલ્યા કરતી ચક્ર, ભાલા અને તરવારની ધારાઓરૂપી મધરમચ્છોથી તેમાં પ્રવેશ કરવાનું કામપણ બહુજ કઠણ હતું.[૧૪] સિંહનાદ કરી રહેલ યોદ્ધાઓનું એક બીજામાં પરસ્પર અથડાવું થતાં તેઓનાં બખ્તરોના ઉત્કટ અવાજવડે શોભી રહેલ ઝણઝણાટનો શબ્દ આખા દ્વીપના પ્રદેશમાં વ્યાપ્ત થતો હતો.[૧૫] પગના પ્રહારવડે કચરાઈ ગએલાં બાણોથી ત્યાં કાદવ જામી ગયો હતો. વહ્યા કરતી રૂધિરની નદીના પ્રવાહમાં રથો અને હાથીઓ તણાતા જતા હતા.[૧૬] ગરુડની ક્રીડાનીપેઠે પક્ષાઓ અને અસ્ત્રો ઉંચે તથા નીચે ઉછળતા હતા. શત્રુઓમાં બાણરૂપી જલના તરંગોવડે દુઃખવડે પીડાએલા યોદ્ધાઓનાં આયુધોરૂપી જલચર પ્રાણીઓ નાશી જતાં હતાં.[૧૭] આયુધોનો પરસ્પર સંઘર્ષ થતાં તેમાંથી ઉત્પન્ન થતી જ્વાલાવડે આકાશ દેદીપ્યમાન જણાતું હતું. વળી—પળીથી રહિત (જુવાન) શૂરવીર પુરુષો રણસંગ્રામમાં મરાતાં દેવરૂપ થઇ જઇ સ્વર્ગને પ્રાપ્ત થતા હતા.[૧૮] રજરૂપી ધોળાં વાદળાંઓમાં પ્રખર ચક્રરૂપી વિજળીઓ ચમકતી હતી. આકાશ આયુધોવડે અવકાશવિનાનું થઇ ગયું હતું; અને તેને લીધે આયુધો પૃથ્વીસુધી ન પહોંચતાં અધર ભમતાં હતાં.[૧૯] બાણોને વરસનારા મોટા યોદ્ધાઓનો ડોળ જોઇ સામો સિંહનાદ કરનારા પ્રતિપક્ષી યોદ્ધાઓ તેમાં ઉત્કટપણે દેખાતા હતા. ભાંગી જઇ પૃથ્વીઉપર પડેલાં ગાડાંઓમાં ભરાવાથી પૈડાંઓ ભાંગી જતાં કેટલાક રથો નીચે પડતા હતા.[૨૦] માથાવગરનાં ધડો, યોદ્ધાઓ અને વેતાલો સાથે શત્રુઓ ભળી ગયેલા હોવાથી, તેમાં ઘણે કષ્ટે પણ માંડ પ્રવેશ થાય તેવું હતું. વેતાલો શબના હૃદય કમલનો ભાગ કે જે ઉત્તમ માંસરૂપ હતો તેને ખાઇ જતા હતા.[૨૧] શૂરવીર પુરુષો શત્રુઓની ઘોરી નસોને વિંધી નાખતા હતા; અને માથું, હાથ, ખરીઓ, સાથળ વગેરેને શસ્ત્રવડે ચીરી દેતા હતા. માથાવગરનાં ધડોના હાથરૂપી વૃક્ષોનું ચલન-વલન થવાથી આકાશને જંગલ જેવું બનાવી દીધું હતું.[૨૨] ફૂદકા મારતા અને ચપળ હાસ્યવાળા વેતાલો આનંદવડે ખુશી થઇ જઇ શબોવડે પોતાના કરંડીઓને ભરી લેતા હતા. બખ્તરોને ધારણ કરી લઇ ભવ્ય દેખાવવાળા આડંબરવડે સુંદર દેખાતા શૂરવીર યોદ્ધાઓની ચડી ગયેલી ભ્રકુટીનો મહાભયંકર દેખાવ નજરે આવતો હતો.[૨૩] નિયમથી શત્રુઓને અવશ્ય મારવા અથવા

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

પોતાને અવશ્ય મરવું કે જે શૂરવીરને એક ભૂષણ રૂપ છે તેનુંજ યોદ્ધાઓ આચરણ કરતા હતા. જો કોઇ પ્રહારને સહન કરવા પોતે અસમર્થ બની જાય ત્યારે અને બીજાને પોતે પ્રહાર ન કરી શકે ત્યારે તેની અપાર નિંદા થતી હતી.[૨૪] શૂરવીર પુરુષોના શ્રેષ્ઠ હાથીઓનું મદજલ (શ્રમનેલીધે) શોષાઈ જતું હતું. કાલ કે જે કેવળ મનુષ્યોને મારવામાંજ રસિક છે તેના આનંદને આ યુદ્ધથી પોષણ મળતું હતું.[૨૫] એ યુદ્ધની અંદર પોતાનેમાટે પોતાની બડાઈ ન કરનારા અને ગુપ્ત રીતે ઢંકાઇ રહેલા શૂરવીર પુરુષોનો જય તેના સ્વામી પાસે પ્રસિદ્ધપણે જણાઇ રહેતો હતો, અને જે ભીરુ પુરુષો ગુપ્ત રીતે ઢંકાઈ રહ્યા હતા તેઓનું બીકણપણું પણ તેના સ્વામીના જાણવામાં આવતું હતું.[૨૬] એ યુદ્ધ મનુષ્યની અંદર ગૂઢપણે રહેલા શૌર્ય આદિ ગુણોને જાગૃત કરી દેતું હતું. જે લોકો પોતાના બાહુબળવડે વખણાતા હતા અને દેશમાં દુર્બળ પુરુષોના આધારરૂપ હતા તેઓને એ યુદ્ધ ધનના જેવુંજ પ્રિય લાગતું હતું.[૨૭] હાથી અને રથોનું એક બીજામાં પરસ્પર પછડાવું થતાં હાથીઓનાં ગંડસ્થલો ભેદાઇ જતાં હતાં. સર્વ મદોન્મત્ત એવા ગંધહસ્તિઓના મદનું જલ પરિશ્રમને લીધે શોષાઇ જતું હતું.[૨૮] જેમ મદોન્મત્ત હાથીનો જલમાં પ્રવેશ થતાં સારસ પક્ષીઓ ચીસ નાખી ભાગી જાય તેમ એ યુદ્ધમાં કેટલાક તરુણ સામંતો પણ (ભયને લીધે) ચીસ નાખી પોતાના હાથીને મૂકી દઇ ભાગી જતા હતા, અને વૃદ્ધ છતાં હાથચાલાકીવાળા કેટલાક સામંતો તરવાર મારવામાં પોતાની બહાદૂરી બતાવતા હતા.[૨૯] કોઇક સ્થલે યોદ્ધાઓનો સમૂહ નહિ આવ્યા છતાં ભયને લીધે ભ્રાંતિવડે ભાગેલ મનુષ્યો પરસ્પર પગતળે કચરાઇ જવાથી અધમુવા જેવા થઇ ગયા હતા, અને તેઓ દિવસ જેમ સૂર્યનારાયણને આધીન રહે તેમ રાજાને શરણે જઇ પડતા હતા.[૩૦] અભિમાનરૂપી વાયુના જોરવડે ઉન્મત્ત થઇ ગએલા પુરુષો પોતાને નમી જનારને પણ કુટી પાડતા હતા. પોતાનું પ્રાણસમાન ધન નગરના બજારની પેઠે ત્યાં વેચાઇ જતું હતું.[૩૧] લુગડાને (ધ્વજાને) ધારણ કરી રહેલા પતાકાઓના સમૂહ ચપળ ભુજલતાઓ જેવા જણાતા હતા. એ યુદ્ધની ભૂમિ રુધિરવડે ઉજ્જ્વલ હોવાથી કેમ જાણે ત્રૈલોકયની લક્ષ્મીના આભૂષણરૂપ પરવાળાં પથરાઈ રહ્યાં હોય તેવો ભાસ દેખાતો હતો.[૩૨] મંદારવૃક્ષોનું અથવા મંદરાચળનું અથડાવું થવાથી ઉછળતા ક્ષીરસાગરના જલજેવાં સુંદર દેખાતાં છત્રોવડે ઢંકાઇ રહેલ હથિઆરોના સમૂહરૂપી પુષ્પોથી આકાશરૂપી આંગણું સુશોભિત થઇ રહ્યું હતું.[૩૩] એ યુદ્ધમાં લડનારા યોદ્ધાઓના ઉત્સાહ આદિ શુભ ગુણોને મહાદેવજીના ગણો, દેવતાઓ અને ગંધર્વો વખાણતા હતા. ગંધર્વ આદિની પ્રતિભાવડે ફરકયા કરતી ધ્વજાઓના અગ્રભાગવડે અને શસ્ત્રોરૂપી મદિરાવડે મદોન્મત્ત બની જવાથી યોદ્ધાઓ બળદેવજી જેવા જણાતા હતા.[૩૪] ભેગા થઇ પ્રહાર કરનારા અસંખ્ય રાક્ષસો કશું બોલ્યા ચાલ્યાવિના ગુપ્ત રીતે પોતે રસ રક્ત આદિનું ભક્ષણ કરી શબ આદિના ભારને ઉપાડી લઇ પર્વતની ગુફારૂપી પોતાના ઘરમાં રહેલા બીજા પણ ઝેરી વૃક્ષના જેવા ઝેરી સર્વ રાક્ષસોને જમાડતા હતા.[૩૫] કેમ જાણે ભાલાઓનાં વનોજ ઉભાં હોય, એવો દેખાવ આપનાર ભાલદારોએ, કાપી નાખી ફેંકી દીધેલાં શત્રુઓનાં માથાંઓવડે અને હાથોવડે આકાશ વ્યાપ્ત થઈ રહ્યું હતું. ગોફ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ણથી ફેંકેલો પાષાણોનો સમૂહ આકાશરૂપી લતામાં ઉડતો હતો.[૩૬] મોટાં વૃક્ષો યોદ્ધાઓના ખંભી ઠોકવાના અવાજથી કેમ જાણે ફાટી જતાં હોય તેમ શબ્દ કરતાં હતાં. સ્ત્રીઓના કોલાહલના શબ્દથી નગરનાં બધાં ઘરો ગાજી રહ્યાં હતાં.[૩૭] મંદ મંદ શબ્દ કરનારા અને અગ્નિના જેવા અતિ ઉજ્જવલ દેખાતા આયુધોના સમૂહો આકાશની અંદર ઝબકતા હતા. પોતાનાં ઘરને અને ધનને છોડી દઈ પ્રજા કોઇ છેટે રહેલા પ્રદેશની ભૂમિમાં નાશી જતી હતી.[૩૮] ચારેકોર આયુધો ચાલવાથી કોઈ પણ ત્યાં જોવાને ઉભું રહેતું ન હતું. જેમ પક્ષિના રાજા (ગરુડપક્ષી) નો સમૂહ સર્પવડે રહિત હોય તેમ એ યુદ્ધ ભીરુ પુરુષોથી સાવ રહિતજ હતું.[૩૯] મૃત્યુનો, મનુષ્યરૂપી દ્રાક્ષાને પીલવાનો કેમ જાણે યંત્રજ હોય તેવો દેખાવ આપનારા પોતાના ગંડસ્થળમાં હાથીઓએ દાંતોવડે પીસી નાખ્યા છતાં જીવતા રહેલા મોટા યોદ્ધાઓને અત્યંત સંકટ ભોગવવું પડતું હતું.[૪૦] યંત્રમાંથી નીકળતા પાષાણોનું પછડાવું થતાં વસ્ત્રમાં છુપાવી રાખેલાં હથિઆરો કચરાઈ જઇ ચૂરેચૂરા થઇ જતાં હતાં. યોદ્ધાઓની ગર્જના સાંભળી સામી ગર્જના કરનારા હાથીઓના સમૂહથી ગુફાઓ પણ ગાજી રહેતી હતી.[૪૧] પર્વતોની ગુફામાં શબ્દ પહોંચવાથી ઉઠેલા પડછંદાના શબ્દોવડે તેનો અંદરનો સર્વ ભાગ ગાજી રહેતો હતો. જન્મથી માંડી મોટા યત્નવડે મેળવેલ પોતાનું સર્વ બળ કે જે પોતાના પ્રાણ–સર્વસ્વરૂપ છે, તેને પ્રકટ કરનારા શૂરવીર પુરુષોજ એ રણમાં જય મેળવતા હતા.[૪૨] શસ્ત્રોનું એક બીજામાં અથડાવું થતાં ઉત્પન્ન થએલા અગ્નિવડે અને નિરંતર થયા કરતા અગ્નિના ભડકાવડે માણસોનો ઘાણ વળી જતો હતો. ક્ષણે ક્ષણે અનેકરૂપે થનારો દ્વંદ્વ યુદ્ધોવડે એ યુદ્ધનો અંતજ આવતો ન હતો.[૪૩] કેમ જાણે શંકરના આધારરૂપ વા શુદ્ધ મૂર્તિમાન કૈલાસ પર્વત હોય તેમ શુદ્ધ દેખાતા અને મરતાં મરતાં અવશેષ રહેલા સૈન્યના સારરૂપે પ્રસિદ્ધ એવા ઉત્તમ યોદ્ધાઓના સમૂહોવડે ચારેકોર વીંટાએલ જણાતું હતું.[૪૪] જે શૂરવીર પુરુષોને રણમાં મરાવું એ જીવિતના કરતાં પણ પ્રિય જણાતું હતું, અને રણમાંથી ભાગી આવી જીવતા રહેવું મરવા કરતાં પણ બહુ બૂરું લાગતું હતું, એવા ઉદાર વીર પુરુષો ત્યાં ભેગા થયા હતા; કે જેઓ પરમપદને પ્રાપ્ત થવાથી મૃત્યુના પણ મૃત્યુરૂપ હતા.[૪૫] એ યુદ્ધની અંદર ઉત્તમ હાથીઓરૂપી કમલો કપાઇ જઈ આકાશમાં ઉડ્યાં કરતાં હતાં; અને સારસ પક્ષીઓ જેમ તળાવની અંદર દીપી નીકળે તેમ એ યુદ્ધમાં અતિ બળવાન યોદ્ધાઓ ઝળકી ઉઠતા હતા.[૪૬] ગોફણના ફેંકવાના પ્રવાહરૂપી નદીઓના અવાજથી, તત્કાલ કપાઇ ગએલાં આકાશમાં ઉડતાં માથાંઓના (ખોપરીઓના) શબ્દોથી, બાણરૂપી જલની વૃષ્ટિ કરનારા યોદ્ધાઓના સિંહનાદથી, આકાશમાં ફેલાઇ ગએલા આયુધોના અવાજથી, ઘોડાઓના સમૂહોની અને હાથીઓની ગર્જનાથી વ્યાપ્ત થઈ રહેલા એ યુદ્ધની અંદર કાન બહેરા થઇ જવાથી કશું સંભળાતું ન હતું; અને તે યુદ્ધ, સંધિના બંધોથી રહિત (એક સળંગ) પાષાણના ગર્ભના જેવું સ્તબ્ધ થઇ ગયું હતું.[૪૭]

यंत्राश्मक्षेपणानां प्रसरणसरिताधूकृतैः फूत्कृतैर्द्रोक्रान्तानां व्योम्नि मूर्ध्ना शरसलिलमुचां सैनिकानां च नादैः ॥ टांकारैरायुधानां नभसि विसरतामश्वचक्रेभशब्दैरासीन्निःसंधिबन्धोपलजठरजडं जीर्णकर्णं गतं तत् ॥ ४७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સંગ્રામવર્ણન' એ નામનો અડસો દશમો સર્ગ સંપૂર્ણ. ૧૧૦

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १११ मो.*

રાજા પોતે યુદ્ધમાં ઉતર્યો

॥ श्रीवसिष्ठ उवाच ॥

इति कल्पांतसदृशे यत्ते समरसंभ्रमे ॥
पतंतीषूत्पतंतीषु सेनासु समरेजिरे ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે જ્યારે પ્રલયના જેવો રણસંગ્રામ પ્રવૃત્ત થઇ રહ્યો હતો, રણાંગણમાં સેનાઓનું જવું આવવું થતું હતું, જ્યારે આકાશની અંદર તુરી, ભેરી, મોટા શંખો અને ખડ્ગોનો અવાજ સંભળાતો હતો તેમજ વીરપુરુષોના ધનુષના શબ્દોનો ઉંચો સ્વર થઇ રહ્યો હતો, જ્યારે યોદ્ધાઓનો સમૂહ અન્યોન્ય એક બીજાના કઠોર સંઘર્ષથી અંદર ન પેસી શકાય એવો થઇ ગયો હતો, જ્યારે કાનને અપ્રિય લાગે એવા અવાજની સાથે ભાંગી પડતાં બખ્તરોના કડાકાનો શબ્દ કાને પડતો હતો, જ્યારે વિપશ્ચિત્ રાજાના પક્ષની સેના લતાની પેઠે કપાવા લાગી અને કાંઇક નાશવા લાગી તથા મૂર્છાને પામવા લાગી ત્યારે અવાજથી દિશાઓને પૂરી દેનારો રાજાને યુદ્ધમાં ચડવામાટેનો દુંદુભિનો ડંકો વાગ્યો; કે જે ચારે દિશાઓમાં વજ્રવડે પૂર્ણ એવા પ્રલયકાળના મેઘની ગર્જનાના જેવો મહાગંભીર હતો.[૧-૫] એકજ સમયે ફાટી પડેલા કુલાચલ પર્વતોના કડાકાના જેવો તે અતિ તીવ્ર હતો; અને ઉત્પન્ન થયા કરતા પોતાના ગંભીર નાદથી દિશાઓના બધા તટોને તે જડ બનાવી દેતો હતો.[૬] એ વિપશ્ચિત્ રાજા કેમ જાણે મૂર્તિમાન લોકપાલોજ આવી ઉભા હોય તેવા દેખાતા અને કેમ જાણે નારાયણના ચાર ભુજોજ મૂર્તિમાન થઇ આવ્યા હોય તેવા જણાતા એવા પોતાના ચાર દેહોવડે ચારે દિશામાં નીકળી પડયો.[૭] એ રાજા પોતાની મોટી ચતુરંગ સેનાને સાથે લઇ ઘણા શ્રમવડે મોટી હવેલીઓવાળા પોતાના નગરની બહાર નીકળ્યો.[૮] બહાર નીકળી તેણે જોયું તો પોતાનું સૈન્ય તેને બહુ થોડું દેખાવા લાગ્યું; અને શત્રુનું સૈન્ય બહુ બળવાન જોવામાં આવ્યું. તે (શત્રુનું સૈન્ય) મોટી ગર્જના કરી રહ્યું હતું; મહાભયંકર દેખાતું હતું અને કેમ જાણે પ્રલય કરવાસારૂ મહાસાગર યુદ્ધમાં ઉછળી રહ્યો હોય એવું તે જણાતું હતું.[૯] બાણોરૂપી બિંદુઓથી તે ભરપૂર હતું, મધરમચ્છને આકારે ગોઠવેલી વ્યૂહરચનાવડે તે વ્યાપ્ત હતું, હાથીના આકારે બનાવેલી વ્યૂહરચનાવડે તે યુક્ત હતું અને તરંગના જેવી (ગોઠવાએલી) વ્યૂહરચનાથી તે વિસ્તારવાળું જણાતું હતું.[૧૦] ચંદ્રની પેઠે ગોળ આકારે ગોઠવેલાં વ્યૂહો પણ તેમાં દેખાતાં હતાં. મનુષ્યોરૂપી તરંગો તેમાં અંદર ચારેકોર વ્યાપ્ત થઇ રહ્યા હતા. ચાલતા સેંકડો રથોરૂપી ચકરીઓ તેમાં પડયા કરતી હતી. પતાકાઓરૂપી લહેરોના સમૂહ તેમાં સ્ફુર્યા કરતા હતા.[૧૧] ફર્યા કરતાં છત્રોરૂપી ફીણો તેમાં શોભી રહ્યાં હતાં. ઘોડાઓના ખોંખારારૂપી જલજંતુઓના અવાજ કાને સંભળાતા હતા, હથિયારોરૂપી જલ તેમાં ભર્યું હતું. વહ્યા કરતી શસ્ત્રોની ધારાવડે તે સુશોભિત દેખાતું હતું.[૧૨] તર્યા કરતા ચપળ હાથીઓરૂપી જલઘોડાઓનો સમૂહ તરંગોની પેઠે તેમાં દેખાતો હતો. શસ્ત્રોરૂપી જલની અંદર કાળા નાગની પેઠે પાપી મ્લેચ્છ લોકો ભમતા હતા. લોકોના ગળગળા અવાજો પણ તેમાં સાંભળવામાં આવતા હતા.[૧૩] ગુફાઓમાં ભરાવાથી ક્ષોભને પામી ગએલા પવનવડે ત્યાં ધોંધાટ મચી રહ્યો હતો. એ શત્રુ સૈન્યરૂપી મહાસાગરના શરીરની અંદર નીચા

* આ એકસો અગીઆરમા સર્ગમાં પોતાના સૈન્યનો હ્રાસ થતાં રાજા પોતે યુદ્ધભૂમિમાં આવી વાયવ્ય અસ્ત્રોથી શત્રુઓનો ક્ષય કરશે, તેવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને ઉંચા થતા હાથીઓના અનેક વ્યાપારો થયા કરતા હતા,[૧૪] કે જે મોટા પર્વતોજ કેમ જાણે જલમાં ડૂબતા હોય અને પાછા બહાર નીકળતા હોય તેવા દેખાતા હતા. એ સેનારૂપી સાગરમાં રહેલા હાથીઓ અને ઘોડાઓ ક્રીડાવડે પર્વતોની સાથે અથડાતા હતા.[૧૫] કેમ જાણે અકાલે (સમયવિના) પ્રલયકાલની દશા આવી લાગી હોય એવો તેનો ગંભીર આકાર દેખાતો હતો. સેનાવડે વ્યાપ્ત એવાં પૃથ્વી અને આકાશરૂપી છિદ્રમાં ભરપૂરપણે પથરાઇ રહેલાં રુધિરનો કેમ જાણે એક મહાસાગર ભર્યો હોય એવો ભાવ થઈ રહ્યો હતો.[૧૬] પ્રકાશી રહેલા અનેક આયુધોના ટુકડાઓરૂપી ઉછળતાં રત્નોવડે રણભૂમિનો અંદરનો સર્વ ભાગ છવાઈ રહ્યો હતો. સેનાના વ્યૂહોનું ચાલવું થતાં યંત્રના પાષાણો અને ગોફણના પાષાણો જુદા જુદા ભાગમાં ચારેકોર ઉડ્યા કરતા હતા.[૧૭] આકળવડે વ્યાપ્ત થઇ રહેલાં સંધ્યાકાલનાં વાદળાંઓના સમૂહની પેઠે રત્નોરૂપી જલબિંદુઓવડે સર્વ ભાગ વ્યાપ્ત થઇ રહ્યો હતો; અને કોઈક ઠેકાણે તો આયુધોરૂપી વાદળાંઓ રજરૂપી જલનું વહન કરી તેનું પાન કરી જતાં હતાં.[૧૭,૧૮] રણની અંદર ઉભેલ શત્રુ સૈન્યરૂપી સમુદ્રને જોઇ " હું આનું અગસ્ત્ય મુનિની પેઠે પાન કરી જાઉં " એવો ચિત્તવડે વિચાર કરી વિપશ્ચિત્ રાજાએ રણરૂપી સમુદ્રને પી જવામાટે જેમ ત્રિપુરાસુરનો વધ કરવાને તૈયાર થઈ રહેલા મહાદેવજી શિખરોના આધારરૂપ મેરુપર્વતરૂપી ધનુષની અંદર પોતાના અસ્ત્રને સાંધે તેમ વાયવ્યાસ્ત્રનું સ્મરણ કરી ચારે દિશાઓ તરફ તેને સાંધ્યું.[૧૯,૨૦] પોતાના દેશના સૈન્યના શ્રેયમાટે અને શાંતિને માટે અગ્નિદેવને નમસ્કાર કરી તે સંબંધી કાંઇ જપ કરી રાજાએ તે દારુણ વાયવ્ય અસ્ત્રને શત્રુની સેનાતરફ મૂક્યું.[૨૧] જેમ એ વાયવ્ય અસ્ત્રને મૂક્યું તેજ પ્રમાણે તેની સહાયતામાટે શત્રુરૂપી તડકાને શાંત કરવા પર્જન્યાસ્ત્રને પણ મૂક્યું, કે જે બીજાં મોટાં અસ્ત્રોમાં એક મુખ્ય પંક્તિ ધરાવતું હતું.[૨૨] ચારે દિશાઓમાં એ બે અસ્ત્રો મૂકવાથી આઠરૂપે થઇ રહેલા એ રાજાના ધનુષ્યમાંથી દિશાઓના મંડળને પૂરી દેનાર એવી અસંખ્ય બાણની નદીઓ વહેવા લાગી,[૨૩] તેમજ ત્રિશૂળની નદીઓ પણ વહેવા લાગી. સાંગ, ભુશુંડી, મુદ્ગર, ભાલા, ચક્ર આદિ આયુધોની નદીઓ પણ વેગથી વહેવા લાગી. પરશુ, તોમર, ગોફણ, પાષાણ આદિની નદીઓ પણ વેગથી ચાલવા લાગી. પવનો પણ કેમ જાણે પ્રલયકાલનું સૂચન કરતા હોય તેવા મહાભયંકર વાતા હતા. વજ્રોની નદીઓ, વિજળીઓની નદીઓ અને જળધારાઓની નદીઓનું પૂર અને ખડ્ગોની વૃષ્ટિ પણ ત્યાં વહેવા લાગી હતી. બાણોની સાથે જલની અને પવનની મોટી વૃષ્ટિવડે વૃદ્ધિ પામેલા કેમ જાણે મૂર્ત્તમાન ઉત્પાતોજ હોય તેમ પુષ્ટ થઇ ગયેલા સર્પો પણ કેમ જાણે પ્રલયકાલમાં ફાટેલા મોટા પર્વતોમાંથી નીકળી પડતા હોય તેમ એ સમયે નીકળતા હતા.[૨૪-૨૮] એ વિપાશ્ચિત્ રાજાનાં અસ્ત્રોની વૃષ્ટિવડે શત્રુનો સેનારૂપી સાગર કશો વિલંબ લાગ્યાવિનાજ તત્કાલ ધૂળના ઢગલાની પેઠે ચારેકોર ઉડી ક્યાંય જતો રહ્યો.[૨૯] જલ, વજ્ર, અને શસ્ત્રોની વૃષ્ટિવડે તથા પ્રચંડપવનોવડે શત્રુનાં સૈન્યો પાળરૂપી બંધનવિનાનાં થઇ રહેલાં તળાવોની પેઠે ચારેકોર ભાગવા લાગ્યાં[૩૦] શત્રુની ચારે અંગવાળી સેનાઓનો સમૂહ પાછો હઠી જઈ વર્ષાઋતુમાં પર્વતમાંથી વહ્યા કરતા નદીના મોટા પ્રવાહની પેઠે પલાયન કરી ચારે દિશાઓમાં જતો રહ્યો.[૩૧] વાયુના પ્રવાહવડે ઉડયા કરતા, સ્વેદવડે આર્દ્ર અને કપાઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પડેલાં પતાકાઓની ધ્વજાઓરૂપી વૃક્ષો, નાશતાં એવાં શત્રુસૈન્યરૂપી નદીમાં તણાતાં જતાં હતાં. મરીનાં પુષ્પોની સાથે ચપળ તરવારોરૂપી લતાનાં વનો અથડાતાં હતાં.[૩૨] નાશવાની અશક્તિને લીધે આળોટયા કરતા પુષ્ટ મનુષ્યોરૂપી પાષાણોના બિંદુરૂપે પથરાઈ ગએલાં રુધિરવડે એવો તો બીભત્સ દેખાવ નજરે આવતો હતો કે જેનું વર્ણન થઈ શકે તેવું ન હતું. નાશતાં પડી જવાથી મૂર્ચ્છિત થઇ ગએલા યોદ્ધાઓના ઘોર એવા ઘોઘરા અવાજથી હૃદય ભેદાઇ જાય તેવું થઈ રહ્યું હતું.[૩૩] પ્રવાહમાં વહ્યા જતા મોટા હાથીઓના દાંતનું વૃક્ષોની સાથે અથડાવું થવાથી થતો ચડાચડાટનો અવાજ ગાજતા મેઘનો પણ તિરસ્કાર કરતો હતો.[૩૪] શસ્ત્રો સાથે શિલા આદિનો સંઘર્ષ થતાં તેમાંથી ઉત્પન્ન થતા શબ્દો નદીના કાંઠાનાં વૃક્ષોમાં રહેલાં પુષ્પોમાં ગુંજારવ કરતા ભમરાઓના શબ્દનું અનુકરણ કરતો હતો.[૩૫] ખોંખારા મારતા અને તરતા એવા ચપળ ઘોડાઓરૂપી તરંગો ત્યાં જોવામાં આવતા હતા. રથ આદિનું અને યોદ્ધાઓનાં ચક્રોનું શિલાઓમાં અથડાવું થતાં એક જાતનો વિચિત્ર શબ્દ પેદા થતો હતો અને તેને બીજા પક્ષિઓના અવાજથી પુષ્ટિ મળતી હતી. પાયદળ, રથ, હાથી અને ઘોડાઓનું શિલાઓ સાથે અથડાવું થતું હતું; અને તેથી અનેક જાતની વિટંબનાઓ થતી હતી.[૩૬] કાનને અપ્રિય લાગે એવા હથીઆરોના, માણસોના અને પક્ષિ આદિના અનેક જાતના અવાજો ચારેકોર ઘટ્ટપણે સંભળાતા હતા. "મર્યા, મર્યા" એવા મનુષ્યોના ધાટા કોલાહલથી નાશતી શત્રુસેના આકુલ બની ગઇ હતી.[૩૭] સેનારૂપી જલની જનસમૂહરૂપી મોટી ચકરીઓમાં ગળગળો અવાજ ચાલુ થઈ રહ્યો હતો. રુધિરના બિંદુઓની ઝાકળના જેવી વૃષ્ટિ થવાથી કેમ જાણે સંધ્યાકાલનાં વાદળાંઓનો ઉલ્લેચ બાંધવામાં આવ્યો હોય તેવો ભાવ દેખાતો હતો.[૩૮] જેમ નદીના તરંગોવડે વડલાઓ ઉખડી પડે તેમ ઉછળતાં શસ્ત્રોવડે જલથી નમી ગયેલાં વાદળાંઓ ઉચ્છિન્ન થઇ જતાં હતાં. વૃષ્ટિને લીધે કાદવવાળા થઇ રહેલા પૃથ્વીરૂપી તટને રસ્તો કરવા માટે ખોદી, સાફ અને સુશોભિત કરવામાં આવતું હતું.[૩૯] ભાલા, શૂળ, ગદા અને તોમરને ધારણ કરી રહેલા લડવૈયાનું નાશવું થવાથી કેમ જાણે તાલોનું વનજ નાશ્યું જતું હોય એમ લાગતું હતું. ભયનેલીધે આક્રંદ કરી રહેલાં ભીરુ માણસોવડે મૃગલાંઓનાં બચ્ચાંઓ ભયભીત થઈ જતાં હતાં.[૪૦] મરી ગયેલા હાથીઓ, ઘોડાઓ અને યોદ્ધાઓના સમૂહોરૂપી જુનાં પાંદડાંઓવડે તે સ્થાન અવકાશ વિનાનું થઇ રહ્યું હતું. કચરાવાથી દળાઈ જતા મનુષ્યોના દેહમાંથી નીકળતા ચરબી ને માંસરૂપી કાદવવડે ત્યાં કેમ જાણે ખરેખર કાદવ જામી ગયો હોય એમ જણાતું હતું.[૪૧] ચૂરેચૂરા થઇ ગએલા અને ખરીઓ નીચે આવવાથી દળાઇ ગયેલાં મોટાં અસ્થિઓરૂપી ધાટી વેળુ ત્યાં પથરાઈ ગઇ હતી. વહ્યા જતા શિલાઓના સમૂહોનું અને કરોડો કાષ્ઠોનું પરસ્પર અથડાવું થતાં તેમાંથી કડકડાટીનો અવાજ થતો હતો.[૪૨] પ્રલયકાલના જેવા વરસાદો ગાજતા હતા. પ્રલયકાલના જેવા વાયુઓ વાતા હતા. પ્રલયકાલના જેવી વૃષ્ટિઓ પડતી હતી. પ્રલયકાલના જેવા વજ્રપાતો થતા હતા.[૪૩] પૃથ્વીનો બધો ભાગ કાદવવાળો થઇ ગયો હતો અને સર્વ સ્થળે જલ પથરાઇ રહ્યું હતું. અત્યંત શીતળતાનેલીધે સદાકાલ આર્દ્ર રહેનારી જલધારાઓએ આકાશમાં પોતાનાં સ્થાનો બાંધ્યાં હતાં.[૪૪] સર્વ નગરોના અને ગામડાંઓનાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ધરો અગ્નિવડે સળગતાં હતાં. પ્રજાના, ઘોડાઓના, હાથીઓના અને પાયદળના આક્રંદવડે સર્વત્ર ઘોંઘાટ થઇ રહ્યો હતો.[૪૫] પૃથ્વીમાં ચારેકોર રથના શબ્દો સંભળાતા હતા. આકાશમાં મેઘની ગર્જના થઇ રહી હતી અને તેનો ધાટો શબ્દ સંભળાતો હતો. ચારે દિશાઓમાં વિપશ્ચિત્‌રાજાનાં ચારે ધનુષનો ઉંચો સ્વર સાંભળવામાં આવતો હતો.[૪૬] વિજળીઓના સમૂહનો વિસ્તાર કરનારા મેઘો પરસ્પર અથડાતા હતા. બાણ, સાંગ, ગદા, ભાલા અને ગોફણ આદિની વૃષ્ટિઓ થતી હતી.[૪૭] આ સર્વ થવાથી શત્રુના સેનાધિપતિ રાજાઓનાં અસંખ્ય સૈન્યો ચારે દિશાઓમાં નાશવા લાગ્યાં અને મસલાંના સમૂહની પેઠે નાશને પ્રાપ્ત થઈ ગયાં.[૪૮] અગ્નિવડે પ્રજ્વલિત એવાં વનના જેવા દેખાતા આયુધોના સમૂહોથી તથા મનુષ્યને અગ્નિને લીધે આકુળ બનાવી દેનારા, મેઘને લીધે થનારા વજ્રોની વૃષ્ટિના પડવાથી આકુળ બની ગએલાં શત્રુઓનાં સૈન્યો વડવાનલમાં પ્રવેશ કરનારાં અને સમુદ્રના ચંચળ જલમાં તરંગોવડે ગોથાં ખાયા કરતાં નિર્બળ જલજંતુઓના જેવાં વિહ્વલ બની ગયાં હતાં.[૪૯]

उद्दामपावकवनोपमहेतिसार्थ–
मेघानलाकुलजनाशनिवर्षपातैः ॥
आसन्वलानि चपलाब्धि जलाबलानि ।
पर्याकुलानि वडवाग्निमिवाविशन्ति ॥४९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ચતુર્દ્દિગ્ગતબલદ્રવણ' એ નામનો એકસો અગીયારમો સર્ગ સંપૂર્ણ. ૧૧૧

सर्ग ११२ मो.*

શત્રુપક્ષના યોદ્ધાઓનો નાશ

॥ श्रीवासिष्ठ उवाच ॥

लोकहारांवरव्यालं चेदिचंदनकाननम् ॥
छिन्नं परशुधाराभिः पतितं दक्षिणार्णवे ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–રમણીય હારો અને વસ્ત્રોરૂપી સર્પોવાળું ચેદિદેશના યોદ્ધાઓરૂપી ચંદનવન વિપશ્ચિત્ રાજાની પરશુની ધારાઓવડે કપાઇ જઇ દક્ષિણ સમુદ્રમાં જઇ પડ્યું.[૧] પારસિક દેશના યોદ્ધાઓ અસ્ત્રોના પૂરવડે તણાતા જઈ મોહને લીધે એક બીજામાં પરસ્પર પ્રહાર કરતાં નેતર અને અશોકવડે સુશોભિત એવા કોઈ એક પ્રદેશમાં નાશને પ્રાપ્ત થઇ ગયા.[૨] દરદ એવા નામના દેશના યોદ્ધાઓ ભયવડે હૃદયનું વિદારણ થઈ જવાથી દર્દુરાચલ પર્વતનાં અતિ ઉંડાં ગુફાઓનાં છિદ્રોમાં પેસી ગયા.[૩] બાણ, ભાલાઓ, તરવારો અને પરશુઓરૂપી આયુધોની ધારાઓના અગ્રભાગવડે થઇ ગએલા શિલા કવચ આદિના ભૂકારૂપી ઝાકળને ધારણ કરી રહેલ, વિજળીઓવડે સુશોભિત અને આયુધોવાળા (વારુણ અસ્ત્ર નાખવાથી થએલા) મેઘો ત્યાં વર્ષતા હતા.[૪] પરસ્પર એક બીજામાં પ્રહાર કરવાથી દાંતો ભરાવાને લીધે દેહમાંથી વહ્યા જતા રુધિરના સમૂહથી પીડા પામતા હાથીઓ કેમ જાણે મૃત્યુનું ઉદર પૂરણ કરવાના અનેક કોળીઆ હોય તેવા દેખાતા હતા.[૫] દરદ નામના દેશના યોદ્ધાઓ ભયંકર તોમરોના પ્રહાર વાગવાથી રાત્રિમાં રૈવતાચળમાં (ગિરનારમાં) સંતાઇ રહ્યા હતા, અને આકાર-

* આ એકસો બારમા સર્ગમાં વિપશ્ચિત્ રાજાના શત્રુપક્ષના યોદ્ધાઓ જે જે દેશના હતા, અને જેવી રીતે તેનો નાશ થયો, તથા જેવી રીતે તેઓ ચારે દિશામાં નાશી ગયા, તે વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે પુરુષોને છેતરનારી પિશાચીઓ તેઓના અંગના કટકા કરી ખાઈ જતી હતી.[૬] તાડી અને તમાલવડે ગહન એવાં જુનાં જંગલની અંદર દશાર્ણ દેશના યોદ્ધાઓ સંતાઇ ગયા હતા, અને સિંહોએ એ વનની અંદર પ્રવેશ કરી તેઓનાં ગળાં ઉપર પગ મૂકી ફાડી ખાવાથી તેઓ ગતપ્રાણ થઇ ગયા હતા.[૭] પશ્ચિમસમુદ્રને કિનારે ગએલા અને નાળીએરીવાળી કિનારાની પૃથ્વીમાં સંતાઇ રહેલા યવનદેશના (મુસલમાન) યોદ્ધાઓને મધરમચ્છોના સમૂહોએ ગળી જવાથી તેઓ પ્રાણવિનાના થઇ ગયા.[૮] શકદેશના યોદ્ધાઓ કાળાં લોહવડે બનાવેલાં બાણોના સમૂહને એક પલવાર પણ સહન કરી શક્યા નહિ, અને રમઠદેશના યોદ્ધાઓ પણ પવનથી કંપતા કમલિનીના ખંડોની પેઠે કંપાયમાન પ્રાણવાળા થઈ ગયા.[૯] શ્રવણ નક્ષત્રના આકારના જેવાં ત્રણ શિખરોના અગ્રભાગને ધારણ કરી રહેલ મહેંદ્રપર્વત પોતાનામાં છુપાઈ રહેલા, નાશી જતા, શ્યામવર્ણવાળા, અને સ્વર્ગમાર્ગમાં જનારા યોદ્ધાઓએ વીંટાએલો થઇ રહેવાથી કેમ જાણે મેઘોના સમૂહોથીજ વીંટાએલો હોય એવો દેખાતો હતો.[૧૦] કેટલાક યોદ્ધાઓની સેના કે જે સુવર્ણનાં આભૂષણોવડે સુંદર આકારવાળી દેખાતી હતી, તેને રસ્તામાં પ્રથમ ચોરો લૂંટી લેતાં હતા, અને પછી એકાંત સ્થળમાં રાક્ષસો ખાઈ જતા હતા, જેથી તે મરણને શરણ થઈ જતી હતી.[૧૧] તે સમયે યુદ્ધની ભૂમિ ચોતરફ ફર્યા કરતા અને બળતાં ઉંબાડીઆંને ધારણ કરી રહેલા, દેદીપ્યમાન રાક્ષસોવડે જેમ આકાશ નક્ષત્રોના સમૂહવડે શોભે તેમ અત્યંત શોભતી હતી.[૧૨] જગતરૂપી ગુફામાં નિવાસ કરી રહેલ આકાશ વિપશ્ચિત્ રાજાનો વિજય થતાં જલની ધારાઓને ધારણ કરી રહેલાં પૃથ્વીનાં છિદ્રોમાં ગર્જનાના પ્રતિધ્વનિને લીધે મૃદંગના જેવો ગંભીર સ્વર પેદા થવાથી કેમ જાણે વિપશ્ચિત્રાજાના યશને ગાવાને તત્પર થઇ ગએલ હોય એમ જણાતું હતું.[૧૩] માછલાંઓને વિહાર કરવામાટે જંગલરૂપ એવાં શેવાળવાળાં નાના તળાવમાં રહેનારા મત્સ્યો એ તળાવ દૈવયોગથી જ્યારે સૂકાઇ જાય ત્યારે જેમ શરણવગરનાં થઇ મરી જાય તેમ દ્વીપાંતરના યોદ્ધાઓ ચક્રોના પ્રહારોથી જર્જરા બની જઈ જીવિતનો ત્યાગ કરતા હતા;[૧૪] અને બાકીના બીજા પણ દ્વીપાંતરોના યોદ્ધાઓ કે જેઓ પરાજયને પ્રાપ્ત થઈ સહ્યાદ્રિમાં સાત રાત્રી સંતાઈ રહી ઉપચાર આદિવડે કાંઇક સ્વસ્થ સ્થિતિમાં આવ્યા હતા, તેઓ પણ વૃષ્ટિવડે પીડિત થઇ જઈ ઘણી મહેનતે ધીરે ધીરે સ્વદેશ તરફ ચાલ્યા જતા હતા.[૧૫] ગાંધારદેશના યોદ્ધાઓ ગંધમાદન વનનાં પુન્નાગ વૃક્ષોનાં વનોનાં કુંજોની અંદર ભેળા થઈ ગયા હતા અને વિદ્યાધરોની કુમારિકાઓ તેમની રક્ષા કરતી હતી.[૧૬] હૂણ, ચીન અને કિરાતદેશના યોદ્ધાઓનાં મસ્તકો વિપશ્ચિત્ રાજાના હાથથી છૂટેલા અને પવન અનુકૂલ હોવાથી વેગવાળા એવા ચક્રોના વરસાદોવડે કમલોની પેઠે કપાઇ પડયાં.[૧૭] નિલીપદેશના યોદ્ધાઓ કમલિનીના નાળની અંદર રહેલા કાટાંઓની પેઠે નિશ્ચલ થઈ રહી (હાલ્યા ચાલ્યાવિના) પ્રત્યેક વૃક્ષમાં કેમ જાણે એ વૃક્ષની સાથે એકરૂપજ થઇ રહ્યા હોય તેમ વિપશ્ચિત્ રાજાના ભયથી ઘણા લાંબા કાલસુધી છુપાઇ રહ્યા હતા.[૧૮] સુંદર એવાં મૃગો અને પક્ષિઓની વિહાર કરવાની રંગભૂમિરૂપ એવા પર્વતોની વનભૂમિઓમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વિપશ્ચિત્ રાજાના બાણોના પ્રહારથી ચારે દિશામાં મોટો ક્ષોભ થઈ રહ્યો હતો.[૧૯] કરંજોના વનના જેવા ક્રૂર અને ચારે લોકોના પ્રદેશમાંજ પ્રખ્યાતિ પામેલા કેટલાક યોદ્ધાઓ લૂંટારાઓના દેશમાં કરંજ આદિનાં વનોની ઝાડીઓમાં સંતાઇ ગયા હતા.[૨૦] પારસિક દેશના યોદ્ધાઓ પોતાના પૂરવડે સમુદ્રને પેલેપાર પહોંચી જઇ, દેશના પવનવડે પવિત્ર થઇ જઇ, પ્રલયમાં જેમ તારાઓ નીચે પડે તેમ નીચે પડી જતા હતા.[૨૧] સમુદ્રોની સાથે અથડાયા કરતા, પાષાણોને ઉછાળવાથી પર્વતોના શિખરોમાં ચિહ્નોને ઉત્પન્ન કરનાર સર્વ દિશાઓનાં વનોને લૂંટી લેનારા અને પ્રલયની શંકા ઉત્પન્ન કરનારા વાયુઓ વાતા હતા.[૨૨] દશે દિશાઓ અત્યંત ક્ષોભને પામેલ એવાં આયુધો અને પવનોવડે અદૃશ્ય થઇ ગઇ હતી, ચારેકોર વૃષ્ટિઓ પડ્યા કરતી હતી, કાદવથી અને જલથી સર્વ ભાગ ભીંજાઈ ગયો હતો અને વરસાદની વિજળીઓના કડાકા થતા હતા.[૨૩] શબ્દ કરનારા પ્રચંડ પવનોવડે પૃથ્વીની અંદર મહાસાગરના વેગની પેઠે વિચિત્ર શબ્દની સાથે ઝાકળ પડતી હતી.[૨૪] વિદૂર દેશના યોદ્ધાઓ કે જેઓ રથમાં બેઠેલા હતા તેઓ પવનના ઝપાટાઓને લીધે પોતાના રથોમાંથી જેમ ભમરાઓ કમલમાંથી નીચે પડી જાય, તેમ તળાવના જલમાં તરંગના જેવા અવાજની સાથે નીચે પડી જતા હતા.[૨૫] શત્રુઓના પાયદળની સેના પોતાની પાસે આયુધોનો સમુદાય છતાં વિપશ્ચિત્ રાજાના ચક્રોના સમૂહના પ્રહારથી નેત્રમાંથી પડતાં અશ્રુઓને લીધે ડોળાં નેત્રવાળી થઇ જઇ જેમ જલની વૃષ્ટિ પડતાં રજનો સમૂહ ન ઉડી શકે તેમ નાશી જવાને પણ સમર્થ થઈ શકી નહિ.[૨૬] દ્રુણદેશના યોદ્ધાઓ ઠેઠ મસ્તક સુધી ઉત્તરતરફના સાગરની વેળુમાં ધૂંચી જઈ જેમ કાદવની અંદર ધૂંચી ગએલ લોઢાનું શૂળ કાદવના સંપર્કથી ગળી જાય તેમ ગળી જતા હતા.[૨૭] શકદેશના યોદ્ધાઓને વિપશ્ચિત્ રાજાએ પૂર્વસમુદ્રને તીરે આવેલાં એલચીનાં વનોની પંક્તિઓમાં પકડી લઇ જઇ એક દિવસ પર્યંત બાંધી મૂકયા હતા; અને પછી દયા આવતાં છોડી મૂકયા હતા, જેથી તેઓ યમલોકમાં ગયા ન હતા.[૨૮] મદ્રદેશના યોદ્ધાઓ મહેંદ્રાચળપર્વતમાં દુઃખને લીધે મંદ મંદ આક્રંદ (પોકાર) કરતા આકાશના જેવાં ઉંચાં પર્વતનાં શિખર ઉપરથી નીચે પડી જતા હતા અને તેઓને ઉત્તમ મુનિઓ પોતાના આશ્રમમાં રહેલાં મૃગોની પેઠે આશ્વાસના કરતા હતા.[૨૯] સહ્યાદ્રિની અંદર પેઠેલા કેટલાક યોદ્ધાઓ દૈવયોગે દેવતાની (અંબિકા માતાની) ગુફામાં જઈ પહોંચતાં તેની કૃપાવડે આ લોક અને પરલોક એ બન્ને લોકસંબંધી ઇચ્છિત ફલને પ્રાપ્ત થઇ ગયા, કેમકે કોઇક ભાગ્યોદયના સમયમાં કાકતાલીયયોગે અનર્થમાંથી પણ અર્થ પ્રાપ્ત થઇ જાય છે.[૩૦] દશાર્ણદેશના યોદ્ધાઓ દર્દુરનામના પર્વતનાં અરણ્યોમાં જુનાં પાદડાંઓની પેઠે જઈ પડ્યા હતા; અને અજ્ઞાનને લીધે ઝેરી ફલોને ખાઇ લઈ પોતાની મેળેજ મરી ગયા હતા.[૩૧] હૈહયદેશના યોદ્ધાઓ હિમાલયમાં વિશલ્યકરણી એવા નામની ઔષધિનું કાકતાલીય યોગથી (દૈવયોગે) ભક્ષણ કરી વિદ્યાધરોની પેઠે આકાશચારી થઈ પોતાને ઘેર જઈ પહોંચ્યા હતા.[૩૨] બંગદેશના યોદ્ધાઓ હિમાલય સંબંધી ઔષધિ ખાવાને લીધે પછવાડે લાગેલા નરોને મ્લાન કરી દઇ તેમજ પોતાના મુકુટમાં પણ મ્લાન થઇ ગએલાં પુષ્પોને ધારણ કરી રાખી બધાં બાણો ખપી જવાથી ખાલી ધનુષને (ભાથાંને) સાથે લઇ પોતાના ઘરમાં આવી સંતાઈ રહ્યા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હતા; અને કેમ જાણે પિશાચપણાને પ્રાપ્ત થઈ ગયા હોય તેમ આજ દિવસપર્યંત પણ (બહાર ન નીકળવાથી) જોવામાં આવતા નથી.[૩૩] અંગદેશના યોદ્ધાઓ વિદ્યાધરના પદને આપનારાં ફળોનું ભક્ષણ કરી વિદ્યાધરરૂપ થઈ જઇ સ્વર્ગમાં વિદ્યાધરીઓની સાથે ક્રીડા કરતા હતા.[૩૪] પારસિક દેશના યોદ્ધાઓ તાલી અને તમાલોવાળા પ્રદેશમાં પેસતાં શત્રુઓએ અંગમાં પ્રહાર કરવાથી મૂર્ચ્છાને પ્રાપ્ત થઇ ગયા હતા; અને તેમાં ભ્રમને લીધે કેમ જાણે વિમાનમાં બેસી ઉડતા હોય એવું તેને જણાતું હતું.[૩૫] હે પ્રિય રામચંદ્રજી ! કલિંગદેશની ચતુરંગ સેના, કે જની અંદર ચપળ હાથીઓ પણ પ્રહારને લીધે નિર્બળ થઇ ગયા હતા, તે પોતાનાં અંગોનો સંહાર થઇ જવાથી પલાયન કરતાં રણભૂમિમાંજ પડી જઈ મરણને પ્રાપ્ત થઇ ગઇ હતી.[૩૬] શાલ્વદેશના યોદ્ધાઓ બાણોને, શિલાઓના સમૂહોને અને જલવૃષ્ટિને ધારણ કરી રહેલ એવા શત્રુસૈન્યના પરાભવને લીધે પોતાના ધણીએ સહિત નિર્જીવ થઇ પડ્યા હતા, કે જે આજે પણ તે તે દેશમાં (ગ્રામદેવતાની) પ્રતિમારૂપે પૂજાય છે.[૩૭] પ્રત્યેક દિશામાં પલાયન કરી જનારા અસંખ્ય પુરુષો ચપળ તરંગવાળા સાગરોમાં લયને પામી જતા હતા.[૩૮] ક્ષેત્રોમાં, અરણ્યોમાં, નગરોમાં, જલોમાં, સ્થલોમાં, પર્વતોમાં, તટોમાં, ખેતરોમાં, પાણી પહોંચવા બાંધી રાખેલી જલની પરનાલોમાં, સીમાડાના મનોહર એવા આગળના પ્રદેશોમાં, નદીઓમાં, સમુદ્રોમાં, ભૈરવ જપ ખાવાનાં સ્થલોમાં, વૃક્ષોમાં ગામડાંઓમાં જકાત ચૂકવવાનાં (ભાંડવી આદિ) સ્થલોમાં, પર્વતના કુવાઓમાં, ગુફાઓમાં અને ઘરોમાં સેનાનો એટલો તો ઘાણ વળી ગયો હતો કે તેની ગણના કરવાને પણ કોણ સમર્થ થઇ શકે ? કોઈ નહિ.[૩૯]

क्षेत्राटवीपुरजलस्थलशैलकूलकुल्याग्रहारसरिदब्धिभृगुद्रुमेषु ॥ ग्रामारपट्टिगिरिकूपगुहागृहेषु भ्रष्टानि कः कलयितुं कुवलानि शक्तः ॥३९॥

શ્રીમદ્ યોગવસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બલપરિભ્રંશ' એ નામનો એકસો બારમો સર્ગ સંપૂર્ણ. ૧૧૨

सर्ग ११३ मो.*

સમુદ્રના વૈભવનું વર્ણન

॥ श्रीवासिष्ठ उवाच ॥

बलान्यनुतरंतोऽथ तदित्थं द्रवतां द्विषाम् ॥ दूराद्दूरतरं प्राप्ताश्चत्वारोथ विपश्चितः ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—શત્રુઓના નાશી જતા સૈન્યોની પછવાડે દોડતા ચારે વિપશ્ચિત્ રાજાઓ ઘણેજ છેટે ચાલ્યા ગયા.[૧] ચિન્મય એક ઈશ્વર કે જે સર્વ શક્તિમાન છે, તેણે દિગ્વિજયમાટે પ્રેરાએલા વિપશ્ચિત્ રાજાના ચારે દેહો, એકજ અભિપ્રાયવડે દિગ્વિજય કરતા હતા.[૨] તેઓ ઘણે દૂરથી ઠેઠ સમુદ્રના તીરપર્યંત નદીઓના પ્રવાહની પેઠે અવિચ્છિન્નપણે શત્રુઓની સેનાની પછવાડે દોડતા હતા.[૩] વિશ્રામ લીધાવિના ઘણે દૂર જવાથી વિપશ્ચિત્ રાજાનાં સૈન્યોનું પોતાનું યુદ્ધનું સર્વ સાધન અને બીજાના તરફથી મદદમાટે મળેલ સર્વ સાધન ખાબોચીયાના જલની પેઠે ક્ષીણ થઈ ગયું.[૪] વિપશ્ચિત્ રાજાનાં પોતાનાં સૈન્યો અને બીજાં પણ તેની મદદે આવેલાં સૈન્યો કે જેઓ જોવા લાયક હતાં તેઓ શત્રુઓની પછવાડે દોડ કરવાથી મુમુક્ષુ પુરુષના પુણ્ય-પાપની પેઠે

* આ એકસો તેરમા સર્ગમાં વિપશ્ચિત્ રાજાના શત્રુઓનો ક્ષય થઇ જતાં અસ્ત્રોનો પણ ક્ષય થઇ જવાવિષે, અને સમુદ્રના વૈભવવિષે, વિસ્તારથી વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નિઃશેષ રીતે ક્ષીણ થઇ ગયાં.[૫] જેમ અગ્નિની જ્વાલાઓનો સમૂહ બાળવાનો કશો પદાર્થ ન મળતાં પોતાની મેળેજ આકાશની અંદર શાંત થઈ જાય, તેમ વિપશ્ચિત્ રાજાના સૈન્યમાં અસ્ત્રો પણ કૃતકૃત્ય થઇ જવાને લીધે પોતાની મેળેજ આકાશમાં શાંત થઇ ગયાં.[૬] એ સર્વ અસ્ત્રો પોતપોતાનાં સ્થાનોમાં રથ, ઘોડા હાથી, વૃક્ષો ઇત્યાદિના સમૂહોમાં લીન થઇ જઇ સાયંકાલે જેમ પક્ષીઓ ચેષ્ટારહિત થઈ જાય તેમ ચેષ્ટાથી રહિત (જડ) થઇ ગયાં.[૭] તરંગો જેમ જલમાં સમાઈ જાય, ઝાકળ, જેમ વરસાદમાં સમાઈ જાય, મેઘ જેમ વાયુમાં સમાઇ જાય અને સુગંધ જેમ આકાશમાં સમાઈ જાય, તેમ એ શસ્ત્રો પણ પોતાનાં મૂળ સ્થાનમાં લીન થઇ ગયાં.[૮] વૃષ્ટિઓની ધારાવડે થએલા કાદવોમાં નીચે ખુંચી ગએલ શાંત હથિયારોરૂપી જળચર પ્રાણીઓને ધારણ કરનાર; બાણરૂપી જલબિંદુઓની વૃષ્ટિ અને ઝાકળ એવડે રહિત, ચક્રોરૂપી સેંકડો ઘુમરીઓ વિનાનો, સ્વચ્છપણાથી અને શાંતપણાથી સુશોભિત, તરંગોનાથી પણ વેગવાળી અને મેઘની ગર્જનાવાળી છતાં પાછળથી શાંત પડી ગએલ વૃષ્ટિવડે રમણીય, અંદર લીન થઇ રહેલાં નક્ષત્રોરૂપી રત્નોના સમૂહથી મનોહર, એક ખુણામાં સૂર્યરૂપી વડવાનલને ધારણ કરી રહેલ અને શૂન્યતારૂપી જલને ધારણ કરી રહેલ નિર્મળ આકાશરૂપી પ્રલયકાલનો મહાસાગર ચારેકોર પથરાઇ રહેલો દેખાતો હતો.[૯-૧૧] જેમ મહાન પુરુષોનું મન વિસ્તીર્ણ એવા પ્રકાશવડે ગંભીર હોય, પ્રસન્ન હોય, કાંતિમાન હોય, ચારેકોર સર્વ બાબતમાં વ્યાપી રહેલ હોય અને રજથી (રજોગુણથી) રહિત હોય તેમ આકાશ વિસ્તીર્ણ પ્રકાશવડે ગંભીર થઇ ગયું હતું, પ્રસન્ન હતું, કાંતિમાન દેખાતું હતું, ચારેકોર વ્યાપી રહ્યું હતું, રજથી (ધૂળથી) રહિત હતું અને તેને લીધે તે અતિ સુંદર દેખાતું હતું.[૧૨] પછી તે વિપશ્ચિત્ રાજાએ આકાશના જેમ જાણે કનિષ્ઠ ભાઈ હોય તેવા વિસ્તારવાળા, નિર્મળ આકારવડે રમણીય, સર્વ દિશાઓના ભાગને પૂરી રહેલ,[૧૩] નાના તરંગોના અને મોટા તરંગોના વિશાળ શબ્દોવડે આકુળ, અનેક જલબિંદુઓ અને ઝાકળને લઈ જનારા મેઘોવડે મનોહર શરીરને ધારણ કરનાર, પૃથ્વીમાં વ્યાધિવડે આતુર થઇ રહેલા પુરુષની પેઠે પોતાના આત્માને પ્રસારી દઇ સ્થિર થઈ રહેલ, પવનને લીધે ઉછળતા, ચપળ દેહવાળા, ઉંચા ઉછળેલા તરંગોરૂપી મોટા હાથોવડે સુશોભિત,[૧૪,૧૫] જડ છતાં ક્રિયાવાન દેખાતા, તરંગોવડે ગુફાઓને પણ પૂરી દેનાર, જેમ જાણે મૂર્તિમાન સંસારજ હોય તેમ વિસ્તીર્ણ થઈ રહેલ, ચક્રના જેવી ઘુમરીઓની વિચિત્ર સ્થિતિવડે આકુળ, પોતાના તટમાં પડેલા રત્નોના સમૂહવડે જેમ જાણે ઉદયકાલમાં સૂર્યનારાયણના તેજને પુષ્ટિ આપતા હોય એવા દેખાતા, શંખોના સમૂહમાં પેઠેલા પવનના ધ્વનિરૂપી તિરસ્કારના શબ્દને ધારણ કરી રહેલ,[૧૬,૧૭] પુષ્ટ એવી તરંગોની ઘટાઓના શબ્દોવડે મેઘની ગર્જનાવાળા આકાશના જેવા આડંબરવડે યુક્ત, ગોળ (વર્તુલ) એવી ચકરીઓના વિસ્તારમાં ભમ્યા કરતાં પરવાલાંનાં વૃક્ષોવડે રમણીય,[૧૮] મધરમચ્છોના સમૂહોના શબ્દોવડે અંદર ઘોંઘાટવાળા અવાજને ધારણ કરી રહેલ, માછલાંઓનાં પૂછડાંઓની છટાઓથી ભાંગી પડેલ અને બૂડતાં એવાં વહાણોના કડકડાટીના અવાજવાળા,[૧૯] ડોકને ઉંચી કરી રહેલા તથા ઉનના વસ્ત્ર પહેરનારા સમુદ્રનાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મનુષ્યોના સમૂહને ગળી જનારા એવા કાચબા અને મધરમચ્છોવડે સુશોભિત, સૂર્યનારાયણનાં હજારો કિરણોનો તરંગોમાં પ્રતિબિંબ પડવાને લીધે કેમ જાણે મૂર્તમાન આકાશ હોય એવા દેખાતા,[૨૦] વિસ્તારવાળા શઢમાં અથડાવાને લીધે બૂમાટ કરી રહેલા પવનવડે ચાલતાં અને હાલક–ડોલક થતાં માલનાં ભરેલાં વહાણોવડે રમણીય, અંદર રહેલા મણિઓના સમૂહને તરંગોએ બહાર ઉછાળવાથી બલાત્કારથી ઉત્પન્ન થતા ઝણઝણાટના અવાજવાળા,[૨૧] જલની અંદર રહેલ એવી પોતાનાં બળરૂપી ભુજાઓવડે અનેક પ્રકારે ક્રીડામાત્રથીજ સૂર્યમંડળને સ્પર્શ કરી રહેલ, બૂડી જતા અને બહાર નીકળતા કાંતિમાન રત્નમાણિક્યના સમૂહોથી સુશોભિત,[૨૨] ઉછળતી ફીણવાળી ચકરીઓમાં ફર્યા કરતા મધરમચ્છોના સમૂહવડે રમણીય, કોઇ ઠેકાણે જલહાથીઓની સૂંઢો ઉંચી થવાને લીધે ક્ષણવાર કેમ જાણે વાંસનાં વનોજ ઉભાં હોય એવા દેખાતા, પોતાના તરંગોમાં લતાઓની પેઠે જલહાથીઓનાં પુચ્છોને ધારણ કરનાર, જલહાથીઓની પીઠોના સમૂહમાં ફીણના ગોટાઓ લાગી જવાથી કેમ જાણે પુષ્પવાળો વસંત ઋતુજ ખીલી રહ્યો હોય તેવો દેખાવ આપનાર, કોઇક ઠેકાણે (શ્વેતદ્વીપ આદિમાં) પોતાની અંદર સહકુટુંબ વિશ્રાંત થઇ રહેલા લક્ષ્મીકાંત ભગવાનવડે સુશોભિત,[૨૩,૨૪] પોતાના એક દેશમાં રહેલ નાના પ્રકારના અસંખ્ય દેવ દાનવોના આશ્રયરૂપ, ફીણરૂપી તારાઓવાળા નવીન તરંગોના સમૂહવડે આકાશને હસી કહાડનાર,[૨૫] ગુફામાં રહેલાં મસલાંની પેઠે પાતાળરૂપી ઉંડા ખાડામાં પડેલ અને બહાર નીકળવામાં ભયભીત થઇ રહેલ એવા પવનોમાં રમી જાણી ગેલ કરનાર,[૩૩] મોટા સેતુ-

મૂલ શાખાની પેઠે અચળપણે ધારણ કરી રહેલ, ઉછળતા એવા પોતાના જળના તરંગોના સમૂહવડે કાંઠે રહેલા પર્વતોને અત્યંત નીચા બતાવી દેનાર,[૨૬] મોટાં રત્નોનાં કિરણોના ફેલાવરૂપી અંકુરોને આકાશરૂપી ક્ષેત્રમાં (ખેતરમાં) આરોપી દેનાર, શુદ્ધ છીપોના મુખમાંથી બહાર નીકળેલ એવાં મોતીઓવડે ઢંકાએલી વેળુવાળો,[૨૭] નાના પ્રકારનાં રત્નોનાં કિરણોરૂપી રેશમી સૂત્રવડે વિચિત્ર દેખાતા તરંગોવડે મનોહર, પ્રવેશ કરતી નદીઓવડે રમણીય, છેડાઓરૂપ થઇ રહેલી દિશાઓવડે કેમ જાણે વણવામાટે પાથરેલાં વસ્ત્રો હોય તેવા દેખાતા,[૨૮] કોઇએક ઠેકાણે ઇંદ્રનીલ મણિનાં તટો કે જેઓ પોતાની અંદર રહેલ મોતીઓની સેંકડો છીપોવડે ચિહ્નવાળાં હતાં તેનાથી રમણીય એવી સેંકડો ચંદ્રમાના જેવી સુશોભિત નખોની શોભાને ધારણ કરનાર,[૨૯] ઝબકયા કરતાં રત્નોનાં કિરણોનેલીધે સંદેહ ઉપજાવનાર અને તરંગોના પ્રદેશોમાં પ્રતિબિંબિત થઈ રહેલ, કાંઠે રહેલ એવાં પ્રફુલ્લ તાડીનાં વનોની પંક્તિઓને પોતાના તરંગોનાં પરિવર્તનથી ચંચળ દેખાડનાર,[૩૦] કાંઠે આવેલાં વનોની લતાઓમાંથી ખરી પડેલ એવી એલચી, લવંગ, કંકોલ આદિનાં ફલોની માળાને ગ્રહણ કરવાની ઇચ્છા રાખનાર એવાં જલચર પ્રાણીઓના સંચારવાળા,[૩૧] જલમાં પ્રતિબિંબિત થઇ રહેલ એવાં આંબા, કદંબ આદિ વૃક્ષોમાં અને તેના અગ્રભાગમાં બેઠેલાં પક્ષીઓને છેતરી લઈ કાંઠાની નજીક લાવી ખાઇ જનારાં જલચર પ્રાણીઓના પંજાઓના શબ્દવાળા,[૩૨] આકાશમાં ગતિ કરનાર સિદ્ધ આદિ દેવતાઓનાં પ્રતિબિંબ પડવાથી ભયવડે આમ તેમ ભાગતાં જલચર પ્રાણીઓને લીધે ક્ષણવા-

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ઓવડે સુશોભિત, પ્રતિબિંબરૂપે ત્રણે લોકને પોતાનામાં ધારણ કરી રાખવાથી અને આકાશના જેવી નિર્મળતાથી કેમ જાણે દિશાઓમાં નિરાકાર ચાર નારાયણ હોય તેવા જણાતા,[૩૪] અતિગંભીરતાથી, અતિનિર્મળતાથી, અતિવિસ્તારથી અને અતિવૈભવથી આકાશને ગળી જઇ કેમ જાણે પાછું પોતાના હૃદયમાંથી પ્રતિબિંબરૂપે તેને બહાર દેખાડતા હોય તેમ થઇ રહેલ,[૩૫] કમલ જેમ પોતાની કળીમાં ભમરાને ધારણ કરી રાખે તેમ જલના ઉપરના ભાગમાં આકાશની અંદર ફરનારાં પક્ષીઓના પ્રતિબિંબોને આકાશસહિત, પોતાના સારરૂપ હૃદય (અંદરના ભાગ)ની અંદર ધારણ કરી રહેલ,[૩૬] ગુફાઓમાં પ્રવેશ કરવાથી અને બહાર નીકળવાથી તેની ગંભીરતાને (અનુમાનદ્વારા) બતાવી દેનાર તથા તરંગોની સાથે ચપળતાથી અથડાતા એવા પવનોવડે આકાશનો સ્પર્શકરનાર, પ્રલય કાલનાં વાદળાંઓના નિવાસરૂપ,[૩૭] ગુફાઓની અંદર થયા કરતા ચકરીઓના મહાન શબ્દોવડે વજના જેવા અતિભયંકર, પોતાને ગળી જનાર અગસ્ત્ય ઋષિને અને વડવાનલને કેમ જાણે ગુફાની અંદર પોતે ગળી ગયેલ સમજતા હોય એવા દેખાતા,[૩૮] અનેક જલબિંદુઓરૂપી પુષ્પવાળા તરંગોના સમૂહરૂપી વૃક્ષોવાળાં અને લહેરોરૂપી મંજરીવાળાં, પોતાનાં જળરૂપી વનને કેમ જાણે આકાશને અડકી ગયેલ સમજતા હોય તેવા થઇ રહેલ,[૩૯] તર્યા કરતાં મત્સ્ય આદિ પ્રાણીઓવાળા અથવા ઉપર ઉડતાં પ્રાણીઓ નીચે પડી જવાથી તેવડે યુક્ત એવા ગતિવાળા તરંગોના સમૂહોને કેમ જાણે આકાશના ખંડોજ શસ્ત્રોવડે ખંડિત થતાં નીચે આવી પડેલ હોય એમ વિભ્રમથી ભ્રાંતિ ઉપજાવનાર, એવા ચાર સમુદ્રોને જોયા.[૪૦] ઉપર પ્રમાણે તરંગોવડે ઉછળતા, સમુદ્રોના અતિવિસ્તીર્ણ તટપ્રત્યે વિપશ્ચિત્ રાજાનું સૈન્ય જ્યારે આવી પહોંચ્યું ત્યારે ચારેકોર અતિવિસ્તારવાળા એ તીરના ઉપરના પ્રદેશમાં ઠેઠ આકાશને અડી ગયેલ એવા પર્વતોના શિખરોની ઉપર એલચી, લવંગ, બકુલ (બોલસરી), આંબલી, તમાલ, હિંતાલ (નાનાં તાલ વૃક્ષ) અને તાલ આદિ વૃક્ષોનાં પાંદડાંઓનું નૃત્ય (હાલવું) થવાથી વિભક્તરૂપે દેખાતી અને ભમરા જેવી શ્યામ જણાતી વનની રેખા અત્યંત શોભાયમાન દેખાતી હતી.[૪૧]

एलालवंगबकुलामलकीतमालहिंतालतालदल-
तांडवखंडिताग्रे ॥ प्राप्ते पतल्लवणवारिधिदीर्घ-
तीरं रेखा बभावलिनिभांबरशैलमूर्ध्नि ॥ ४१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સમુદ્રવર્ણન' એ નામનો એકસો તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૧૩

સર્ગ ૧૧૪ મો.*

સમુદ્રનું વર્ણન

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

अथ तेषां तदा तत्र ततस्तांस्तानदर्शयन् ॥
पार्श्वगा वनवृक्षाब्धिशैलमेघवनेचरान् ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી એ વિપશ્ચિત્ રાજાઓની હજુરમાં રહેનારા મંત્રિ આદિઓએ સમુદ્રની નજીક આવ્યા પછી વિપશ્ચિત્ રાજાઓને કૌતુક ઉપજાવવા માટે વિચિત્ર પ્રકારનાં વન, વૃક્ષ, સમુદ્ર, પર્વત, મેઘ અને વનચર વર્ગને દેખાડવા માંડયા.[૧] તેઓ કહેવા લાગ્યા કે, હે મહારાજ! મધ્યભાગથી માંડી ઉત્તરોત્તર ઘટ્ટશિલાવાળા ભાગને ધારણ કરી રહેલ એવા આ પર્વતની આકાશને સ્પર્શ કરી રહેલી આ

* આ એકસો ચૌદમા સર્ગમાં વિપશ્ચિત્ રાજાને તેની પાસે રહેલ મંત્રિ આદિ વર્ગ, વન, વૃક્ષ, પર્વત, શૈલ, મેઘ આદિ બતાવશે, તે વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શિખરની ભૂમિ કે જે અતિ ઉંચાઇને લીધે તીવ્ર વાયુવડે યુક્ત છે, અને વિહાર કરતા દેવ ગંધર્વ આદિવડે યુક્ત છે, તેને આપ જુઓ.[૨] આ બકુલ, પુન્નાગ, નાળિએર આદિના સમૂહોવડે આકુળ એવી વનની પંક્તિઓ કે જે વિવિધ પ્રકારના સુગંધી વાયુઓવડે ભરપૂર છે તેને પણ આપ જુઓ.[૩] સમુદ્ર પોતાના તરંગોરૂપી દાતરડાંવડે પર્વતની પાસેની ભૂમિને ઉખેડી નાંખે છે; તેમજ પર્વતોની અંદર રહેલ શિલાઓના સમૂહને તથા ઠેઠ મૂલપર્યંત ફલોવડે અને પલ્લવોવડે વ્યાપ્ત એવી વનોની પંક્તિઓને પણ ઉખેડી નાંખે છે, તે પણ આપ જુઓ.[૪] સમુદ્ર વૃક્ષલતા આદિરૂપી હાથવડે નૃત્ય કરતા અને પોતાના સ્વેદરૂપ જલબિંદુઓવડે યુક્ત એવા પર્વતોની ઉપરની ભૂમિકામાં વિશ્રાંત થઇ રહેલ મેઘોની પંક્તિઓને બાળક જેમ ઘરમાં રહેલી ધૂમાડાની પંક્તિને વીંજણાના પવનથી કંપાવે તેમ પવનવડે કંપાવે છે.[૫] પૂનમને દિવસે પૂર્ણચંદ્રના ઉદય સમયે વૃદ્ધિ પામેલ મહાસાગરના પૂરવડે તણાઈ આવી પોતામાં ભરાઇરહેલા શંખોવાળી શાખાઓવડે સુશોભિત એવાં આ તટનાં વૃક્ષો કેમ જાણે ચંદ્રબિંબોરૂપી ફલને ધારણ કરી રહેલ મૂર્ત્તિમાન કલ્પવૃક્ષો હોય તેવાં શોભે છે.[૬] રત્નોના જેવાં સુંદર પુષ્પોના ભારવડે પરિપૂર્ણ અને રાતા પલ્લવોરૂપી હાથવડે રમણીય એવાં આ વૃક્ષો લતારૂપી સ્ત્રીઓએ સહિત કેમ જાણે આપની પૂજા કરતા હોય તેવાં દેખાય છે.[૭] આ ઋક્ષવાન નામનો પર્વત, તરંગો સાથે તણાઇ આવતા મધરમચ્છોને ગળી જનાર અને શિલાઓરૂપી દાંતવાળાં પોતાનાં ગુફારૂપી મુખોવડે રીંછની પેઠે કેમ જાણે ઘુરકાવતો હોય તેવો દેખાય છે.[૮] આ મહેંદ્ર પર્વત પોતાના ઉપર ગંભીર ગર્જના કરનારા વરસાદોને જેમ યુદ્ધમાં કુશલ પુરુષ પોતાના શત્રુઓને જડ વાક્યોવડે તરછોડે તેમ પોતાની મંદ ગર્જનાવડે તરછોડે છે.[૯] ચંદનવડે ખરડાએલો ઉંચો અને સુશોભિત એવો આ મલયાચલરૂપી મલ્લ કેમ જાણે સમુદ્રની તરંગોરૂપી ભુજાઓની ચાતુરીને જીતવાને તૈયાર થઇ રહ્યો હોય એવો દેખાય છે.[૧૦] ચારેકોરથી નિરંતર રત્નવાળા તરંગોવડે વ્યાપ્ત એવા આ સમુદ્રતરફ સૂર્યના માર્ગમાં ગતિ કરનાર દેવતાઓ પૃથ્વીનાં રત્નમય કંકણોની ભ્રાંતિ થવાથી જુએ છે.[૧૧] રત્નોને પોતાના મસ્તક ઉપર ધારણ કરી રહેલ અને પવનનું પાન કરનારા નાના પર્વતો કે જેઓ વનોના સમૂહથી ભરપૂર છે, તેઓ વાયુના વેગવડે વનનું કંપવું થવાથી ચંચળતાને ધારણ કરી લઇ નીચી ઉંચી ગતિવડે કેમ જાણે સર્પોની પેઠે ગતિમાન થઇ રહ્યા હોય તેવા દેખાય છે.[૧૨] તરંગોમાં ફરનારા સમુદ્રના મધરમચ્છો અને શિખરોમાં ફરનારા અરણ્યના હાથીઓ, તરંગોનો અને શિખરોનો સંપર્ક થતાં એક બીજાને પકડી લેવાની આશાથી પોતાના મુખને અને સૂંઢને ફાડી રાખી ફર્યા કરે છે કે જેઓ વાદળાંઓની પછવાડે ચાલનારાં અને જલબિંદુઓને વરસાવનાર એવા મેઘોની પેઠે જોનારના ચિત્તને હરી લે છે.[૧૩] તેમાં આ એક હાથી કે જે દૈવયોગે અગાધ જલમાં આવી પડવાથી ચકરીવડે ગોથું ખાઇ જઇ પોતાની સૂંઢવડે દિશાઓમાં ફેંક્યા કરતાં છતાં પાણીવડે પૂર્ણ રીતે મુંઝાઇ રહેલ છે, તે પોતાનું માથું પાણીમાંથી ઉંચું નહિ કરી શકવાથી સૂંઢને ઉંચી ન કરી મરી જાય છે, તે આપ જુઓ.[૧૪] જેમ હમણાં સમુદ્રો જલવડે ભરેલા અને પર્વતોને લીધે વિષમતાવાળા (ખડબચડા) થઇ રહ્યા છે તેમ સર્વ દ્વીપોની ભૂમિઓ પણ હમણાં તેવી થઇ રહી છે.[૧૫] પોતાનાથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અભિન્ન છતાં ભિન્ન જેવી જણાતી, સમુદ્રના કરતાં જુદે રૂપે સ્ફુટપણે દેખાતા છતાં પણ અસત્ય, તરંગોવડે તરલતાવાળી, અંદર જડ છતાં બહાર ચંચળ દેખાતી અને અંતવાળી છતાં અનંતરૂપે જોવામાં આવતી ચકરીઓને જેમ બ્રહ્મ જગતોને ધારણ કરી રહે છે,[૧૬,૧૭] તેમ આ સમુદ્ર ધારણ કરી રહેલ છે. સમુદ્ર કે જેનું સર્વસ્વ, મંથન કરવા સમયે દેવતાઓએ હરી લીધેલ છે, તેણે તે સમયે દેવતાઓથી છુપાવી રાખી જેમ ઈંદ્ર અસુરોથી છુપાવી રાખી રત્નોને સંધરી રાખે તેમ જે સૂર્યરૂપી અનેક મણિઓને પોતાની અંદર સંધરી રાખેલ છે, અને જે સૂર્યરૂપી મણિઓ અત્યંત તેજોમય હોવાથી ઠેઠ પાતાળમાંથી પણ સ્પષ્ટ રીતે દેખાય છે, તથા જેને પોતાના જલની અંદર પ્રતિબિંબરૂપે કેમ જાણે અસત્યરૂપે દેખાડતો હોય તેમ સમુદ્ર ગુપ્ત રીતે પોતામાં ધારણ કરી રહેલ છે,[૧૮,૧૯] ો (સૂર્યરૂપ) મણિઓમાંથી જે એકેકા મણિને પ્રત્યેક દિવસે પશ્ચિમ સમુદ્રમાં પહોંચાડવા માટે અંતરિક્ષમાં ફેંકે છે, તેવડે કરીને દિવસની ઉત્પત્તિ થતી હોય એમ હું માનું છું.[૨૦] જેમ યાત્રામાં અનેક દેશોના લોકો ભેગા થાય અને તેનો ભારે કોલાહલ થઈ રહે તેમ સમુદ્રની અંદર અનેક દિશાઓનાં અને દેશોનાં જલો સારી રીતે પરસ્પર ભેગાં થઈ ગયાં છે; અને તેનો ભારે કોલાહલ મચી રહ્યો છે.[૨૧] હું એમ ધારું છું કે યુદ્ધના ઉત્સાહવાળા જીવોમાં જલચર જીવો સર્વનાથી વધારે શ્રેષ્ઠ (ઉત્સાહી) છે, કેમકે પૂર્વ સાગર અને પશ્ચિમ સાગર એ બન્નેનો સમાગમ થતાં પરસ્પર એક બીજામાં અથડાવું થવાથી તેઓનું યુદ્ધ કોઇ દિવસ શાંત થતું જ નથી.[૨૨] જલમાં રહેવાથી ગ્લાનિ પામી ગએલ એના માછલાઓનું [illegible] ઉપરના ભાગમાં ઉછળવું થવાથી, ચકરીઓના જેવો ડોળ દેખાડનાર એવા જલના બિંદુઓથી અને મોતીઓથી આ વાયુ કેમ જાણે આપને પારિતોષિકવડે (નજરાણાથી) પૂર્ણ કરી દેતો હોય તેમ વાય છે, તે આપ જુઓ.[૨૩] નદીઓરૂપી મુક્તાલતા(મોતીની લતા) ઓની અંદર વચમાં રહેલા મેઘોરૂપી ઉત્તમ મણિઓ સમુદ્રના કંઠમાં લંબાયમાન થઇ રહી ચપળતાવડે એક બીજામાં અથડાવાથી કેમ જાણે ખણખણાટનો અવાજ કરી રહ્યા હોય એવા જણાય છે.[૨૪] મહેંદ્ર પર્વતની ઘોંઘાટને લીધે અરુચિ ઉત્પન્ન કરનારી ભૂમિમાં આવી તેમાં અરુચિ ઉત્પન્ન થતાં ગુફારૂપી ઘરમાં રમણ કરવામાટે સમુદ્રમાર્ગે પાછા વળેલા સિદ્ધ અને સાધ્ય દેવતાઓને આ વાયુ અત્યંત સુખ ઉપજાવે છે.[૨૫] મંદરાચળ પર્વત પોતાની ગુફાઓમાંથી બહાર કાઢેલા પવનના પ્રસારથી વનભૂમિને કંપાયમાન કરી દઇ, આકાશમાં પુષ્પોની વૃષ્ટિને વિસ્તારી દે છે.[૨૬] વિજળીઓરૂપી ચપળ નેત્રવાળા આ મેઘરૂપી હરિણો આંબાઓનાં વૃક્ષોવડે અને નાનાં મોટાં કદંબોનાં વૃક્ષોવડે યુક્ત એવા ગંધમાદન વનની ગુફાઓમાં પ્રવેશ કરે છે.[૨૭] હિમાલય પર્વતની ગુફાઓમાંથી બહાર આવેલા અને મેઘોને તથા સમુદ્રના તરંગોને ભેદી નાખનારા આ વાયુઓ, લતારૂપી કંકણોને નચાવતાં નચાવતાં વાયા કરે છે.[૨૮] હે મહારાજ ! આંબાઓના અને કદંબોના અગ્રભાગનો સ્પર્શ થવાથી સુગંધવાળા ગંધમાદન વનના વાયુઓ સમુદ્રના તરંગોમાં અથડાય છે.[૨૯] કુબેરની અલકાપુરીના કેશપાશપણાને પ્રાપ્ત થએલો (તેના ઉપરના ભાગમાં રહેલો) વરસાદોને વીંટી રહેલો વાયુ વનવી- [illegible] વરસાવતો આ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri and eGangotri

તરફથી ચાલ્યો આવે છે.[૩૦] ડોલર અને મંદારના સમૂહોના મધુર સુગંધવડે મનોહર, મંદ અને કેમ જાણે જલબિંદુઓવડે યુક્ત હોય તેમ અત્યંત શીતલ એવા આ પવનનો આપ અહીં અનુભવ કરો.[૩૧] નાળિએરનાં વૃક્ષો અને લતાઓને કંપાવવાથી તીખા અને સુગંધી એવા આ પવનો પૂર્વદિશા તરફ પારસિક દેશનાં નગરો પ્રત્યે જાય છે, તે આપ જુઓ.[૩૨] પુષ્પોવડે સુશોભિત એવાં મહાદેવજીનાં પ્રમદવનમાં કપૂર આદિથી સુગંધી થઈ રહેલા મેઘોને કંપાવતા અને કૈલાસનાં કમલોના સમૂહોને પણ ધ્રૂજાવનારા આ વાયુઓ વાય છે.[૩૩] મોટા મદોન્મત્ત હાથીઓના કુંભસ્થલોમાંથી નીકળતા મદને વહેવાથી મંદ મંદ ગતિ કરનાર આ વિંધ્યાચળની ગુફાના વાયુઓ એક વિચિત્ર જાતના શબ્દને ઉત્પન્ન કરતા રહે છે.[૩૪] ભિલ્લોની સ્ત્રીઓનાં શરીર ઉપર જુનાં પાંદડાંઓના સમૂહને ફેંકનારા મલયાચળ પર્વતની અંદર પાંદડાંઓરૂપી વસ્ત્રોવડે, ભિલ્લોવડે અને તેનાં બાણોવડે પૂર્ણ થઈ રહેલી આ વનની પંક્તિઓ નગરના જેવી જોવામાં આવે છે.[૩૫] સમુદ્રો, પર્વતો, નદીઓ વરસાદો અને વનની પંક્તિઓને પોતાની અંદર ધારણ કરી રહેલી આ દિશાઓ આપના પ્રતાપ બળવડે પ્રસન્ન થઈ કેમ જાણે હસતી હોય તેમ સૂર્યના કિરણોવડે દેદીપ્યમાન દેખાય છે.[૩૬] આ પ્રદેશની અંદર પર્વતની નજીક આવેલી વનવીથીઓમાં વિદ્યાધરોએ રચેલી પુષ્પશય્યાઓ અળતાના ચિહ્નવાળા અને બન્ને બાજુએ સારી રીતે ઉઠેલાં પગલાનાં ચિહ્નવડે રમણ કરતા પુરુષ શ્રાંત થઈ જતાં તેની નીચેથી નીકળી ગએલી સુંદર યુવતીના પુરુષના જેવા વ્યવહારને સૂચવે છે.[૩૭]

अत्रोपशैलवनवीथिषु पुष्पशय्या ।
विद्याधरीविरचिताः परिवर्णयन्ति ॥
पार्श्वद्वयस्थपरिवृत्तपदात्समुद्राद्-
व्यावृत्तमुग्धवनिता पुरूषायितानि ॥३७॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દિગ્દેશન' એ નામનો એકસો ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૧૪

સર્ગ ૧૧૫ મો.*

વન પર્વત આદિનું વર્ણન

॥ પાર્શ્વગા ઊચુઃ ॥

अत्रोत्तमाशय लता वलयालयेषु ।
लीलाविलोललनाः कलयंति गीतम् ॥
उद्दामभावरसविस्मृतवासरेहा ।
विश्रम्य किन्नरगणाः कलकाकलीकम् ॥१॥

પાસે રહેનારા હજુરીઓ કહે છેઃ—હે મહાશય ! આ પર્વતની અંદર લીલાવડે આસક્ત એવી સ્ત્રીઓએ સહિત એવા કિન્નરોના સમૂહો ઉત્તમ ભાવવડે અને રસવડે દિવસનાં કામકાજને ભૂલી જઈ લતાઓના સમૂહયુક્ત પોતાના ઘરમાં વિશ્રામ લઇ અવ્યક્ત અને મધુર સૂક્ષ્મ ધ્વનિવાળાં ગીતોને ગાય છે, અને સાંભળે છે.[૧] આ હિમાલય, મલયાચળ, વિંધ્યાચળ, સહ્યાદ્રિ, ક્રૌંચપર્વત, મહેંદ્રપર્વત અને મધુમંદર દર્દુર આદિ પર્વતો કે જેઓ ધોળાં વાદળાંઓરૂપી વસ્ત્રોવડે સુશોભિત છે તેઓ દૂર રહેલા હોવાથી પ્રેક્ષકની (જોનારની) દૃષ્ટિમાં છેટેથી સૂકાયલા પાંદડાના કટકાવડે ચિહ્નવાળા પાષાણના જેવા અતિ નાના દેખાય છે તે આપ જુઓ.[૨] આ કુલપર્વતો કે જેઓના મોટા રસ્તાઓ પણ છેટેથી જોતાં બરાબર દેખાતા નથી, તેઓ

* આ એકસો પંદરમા સર્ગમાં પાસેના હજુરીઓ રાજાને ચારે દિશાઓનાં વનો, પર્વતો, વૃક્ષો, નદીઓ, સમુદ્રો, પક્ષીઓ, મેઘો અને પવનો ઇત્યાદિનું વર્ણન કરી બતાવે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પરસ્પર એક બીજાને અડકી રહેવાથી આગળ ગઢના જેવી શોભાને ધારણ કરે છે, તેમજ સમુદ્ર પ્રત્યે પ્રવેશ કરતી ચપળતાવાળી નદીઓ પણ લૂગડામાં ગુંથાએલ ઝીણા ધોળા સૂત્રવડે સુશોભિત એવા છેડાના જેવી શોભાવાળી દેખાય છે.[૩] હે મહારાજ! ચારેકોર પર્વતોનાઉપર મેઘોને વિસ્તારી દેનારી, મેઘોના જેવી શ્યામ, પક્ષીઓના કોલાહલ અને આલાપરૂપી ભાષણવાળી, લતાઓએ મૂકેલાં પુષ્પોવડે યુક્ત અને સુશોભિત એવી વનપંક્તિઓરૂપી ભુજલતાવાળી આ દશે દિશાઓ કેમ જાણે આપની રાણીઓને હસતી હોય તેમ આપણી પાસે સુંદર દેખાય છે.[૪] તાલ, તમાલ અને બોલસરીવડે વ્યાપ્ત એવાં ઉંચાં શિખરોવડે સુશોભિત અને પર્વતોની સાથે એકરૂપ થઇ રહેલ, આ ચપળ વન, સમુદ્રના ચપળ તરંગોસાથે અથડાવાથી, તીરના અંતભાગમાં લાગી ગયેલ ઘાટી શેવાળના સમૂહના જેવું દેખાય છે.[૫] અહો! આ સમુદ્રનું શરીર કેવું વિસ્તારવાળું, બળવાળું અને ભારને સહન કરનાર છે કે જેની અંદર અહીં એક બાજુ શેષશાયી ભગવાન પોઢેલ છે, અને એક બાજુ તેમના શત્રુઓનું કુળ રહેલ છે! આ તરફ એક બાજુ શરણ ઇચ્છનારા પર્વતોરૂપી પક્ષીઓ સૂતેલા છે, અને અહીં એક તરફ પ્રલયકાલના સર્વ મેઘોની સાથે વડવાનલ રહેલ છે! (અહો! કેવું નિરતિશય આશ્ચર્ય છે.)[૬] હે મહારાજ! આ જંબૂ નદીના તટો કે જેઓ સુવર્ણમય એવાં સર્વ ગામો, અરણ્યો, નગરો, સ્થળીઓ, પર્વતો, વૃક્ષો, ડુંઢાંઓ અને મોખરાના ભાગમાં આવેલા બીજા રમણીય ઉચ્ચ પ્રદેશોવડે સુશોભિત છે તેઓ સૂર્યનારાયણના કિરણોવડે વ્યાપ્ત થતાં ચારેકોર ઝળકી ઉઠે છે; અને જ્વાલાઓના સમૂહવડે વ્યાપ્ત એવા આકાશના અંદરના મધ્યભાગમાં પોતાના તેજરૂપે ફેલાઈ જઈને ચારે કોર કાંતિઓને પ્રસારી દે છે. આવી ભૂમિ દેવતાઓના ઉપભોગનેજ યોગ્ય છે; બાકી મનુષ્યોને તે સેવવા યોગ્ય નથી.[૭] મેઘના જેવાં કદંબોના વનોરૂપી કંબલ (કામળી-ધાબળાને) ધારણ કરી રહેલા અને સૂર્યના માર્ગને અનુસરનાર (રોકી રહેલા) આ પર્વતની ઉપરની ભૂમિના પ્રદેશો છે, માટે આ સર્વ પ્રદેશો પૃથ્વીની પેઠેજ પર્વતના તટરૂપ છે, એમ સમજો, બાકી આ સૂર્યના તેજને રોકનારા મેઘોના સમૂહ છે એવી શંકા તમને ન થાઓ.[૮] આ મલયાચલનો એવો તો પ્રભાવ છે કે જેની શ્રેષ્ઠ એવી લવલી નામની લતાઓવડે સુશોભિત એવાં ચંદનવૃક્ષોના વિસ્તીર્ણ સુગંધરૂપી મદને લીધે પાસેના બીજાં વૃક્ષો પણ રસવડે ચંદનરૂપ થઈ જઇ દેવતાઓ મનુષ્યો અને દૈત્યો એ ત્રણેના મુખરૂપી કમલમાં ભમરાઓની પેઠે તિલકરૂપ કરાય છે. વળી એ સુગંધરૂપી મદના સંપર્કથી જ્વાલાવડે દેદીપ્યમાન એવા અગ્નિને પોતાના ત્રીજા નેત્રમાં ધારણ કરી રહેલા રુદ્રના કપોલમાં ગરમીને ઉત્પન્ન કરનાર એવાં ઉત્કૃષ્ટ તાંડવની અંદર પેદા થએલા ઉષ્ણ સ્વેદબિંદુઓ, જેમ સ્ત્રીઓના રમણ સમયે ઉત્પન્ન થએલા સ્વેદબિંદુઓ અંગુઠાથી અને આંગળીઓથી લુઈ નાખી શીતલ કરવામાં આવે તેમ શીતલ થઇ જાય છે.[૯] સમુદ્રવડે ધોવાએલ એવાં સુવર્ણમય તટોમાં ઉગેલા, અને મોટા સર્પોના શરીરોવડે વીંટાએલાં એવાં ચંદન વૃક્ષોવડે સુશોભિત તથા વિદ્યાધરોની સ્ત્રીઓના મુખકમલની કાંતિના સમૂહવડે બીજી પણ સર્વ શિલાઓને સુવર્ણમય બનાવી દેનારો આ મલયાચળ પર્વત આપણી પાસે દેખાય છે.[૧૦] શબ્દ કરી રહેલા અને નિકુંજોમાં શિલા શિખર આદિ કઠોર પ્રદેશોમાં ગુફાઓમાં અને નદીઓમાં થયા કરે છે એવા શબ્દોવડે યુક્ત એવા પોલા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વાંસોના ગીતોનો આડંબર સાંભળવામાં આસક્તિને લીધે મૌન ધારણ કરી રહેલા એવા કળીઓમાં રહેનારા ભમરાઓવડે સુશોભિત એવો આ ક્રૌંચાચળ નામનો પર્વત છે. આ પર્વતની અંદર ફર્યા કરતા અને ઉત્તમ એવા શ્યામ મેઘોને ઇચ્છનારા એવા મયૂરોના શબ્દો સાંભળી ઉદ્વેગને પ્રાપ્ત થઈ ગએલા, કુંભીનસ નામના સર્પો ઘણા જુના સમયના અને કોતરવાળાં (ખાડાવાળાં) એવાં જુનાં વૃક્ષોના સ્તંભોની અંદર સંતાઇ રહે છે.[૧૧] હે મહારાજ! આ ક્રૌંચ પર્વતના તટ ઉપર કોમળ એવી સુવર્ણલતાઓથી રચેલ એવાં ઘરવડે સુશોભિત એવા નિકુંજની અંદર પોતાના પતિસાથે વિલાસ કરનારી સ્ત્રીઓનાં રમણવડે ચપળ થઇ રહેલ એવાં કંકણોનો રાગી પુરુષોને શ્રવણ માત્રથીજ કાનને રસાયન જેવો આનંદ આપનાર આ વિસ્તારવાળા શબ્દનું આપ શ્રવણ કરો.[૧૨] હાથીઓનાં ગંડસ્થળોમાંથી સ્રવતાં એવાં મદજલવડે મિશ્રિત થઇ ગએલો, અને તેને લીધેજ ચપળ તરંગોમાં કેમ જાણે ભમરાઓના સમૂહે ચવાએલો હોય તેમ થઇ રહેલો સમુદ્રના જલબિંદુઓનો સમૂહ, કેમ જાણે રોતો હોય તેમ શબ્દાયમાન જણાય છે.[૧૩] આ નિર્મલ ચંદ્રમા કે જે અમૃતના મથનથી ઉત્પન્ન થએલાં નવનીતના જેવાં કોમળ શરીરવાળો છે, અને તેવાંજ કોમળ શરીરવાળી નક્ષત્રરૂપી સુંદરીઓવડે યુક્ત છે, તે ક્ષીરસાગરમાં પ્રતિબિંબિત થઇ જઈ કેમ જાણે પોતાના પિતાના ખોળામાં જલક્રીડા કરતો હોય તેવો થઈ રહ્યો છે, તે આપ જુઓ.[૧૪] મદોન્મત્ત અને સુંદર એવી કોયલોના અવ્યક્ત અને મધુર એવા સૂક્ષ્મ ધ્વનિવડે રમણીય, ભમરાઓરૂપી ચપળ નેત્રને ધારણ કરી રહેલ, રાતા પલ્લવોરૂપી હાથોમાં પુષ્પોવડે સુશોભિત અને વસંત સંબંધી ઉત્સવના વિલાસરૂપી તિલકવાળી બાળલતાઓ નિર્મળ એવા મલય પર્વતના શિખર ઉપર નૃત્ય કરે છે, તે આપ જુઓ.[૧૫] પર્વતોમાં વાંસની અંદર થનાર એક અને બીજાં સમુદ્રમાં જલને ઇચ્છનારી છીપોની અંદર યોગ્ય (સ્વાતિના) સમયમાં જે વરસાદના બિંદુઓ પડેછે તે મોતીરૂપ થઇ જાયછે તે તેમજ એક ત્રીજી જાતનાં મોતી જે ગંધહસ્તિઓના કુંભસ્થળોમાં થાય છે, આ ત્રણ પ્રકારનાં મોતીઓની જાતિ સ્થાનની શુદ્ધિપ્રમાણે નાની-મોટી થાય છે, અને તેજ પ્રમાણે તે ઉત્તમ ગુણવાળી પણ થાય છે.[૧૬] પર્વતમાં, સમુદ્રમાં, પુરુષમાં, મેઘમાં, ભેકજાતિમાં, શિલામાં અને હાથીમાં નાના પ્રકારના આકારને ધારણ કરી રહેલા એવા મણિઓ (રત્નો) થાય છે. હે મહારાજ! તાપની શાંતિ કરવી, શત્રુઓનું ઉચ્ચાટન કરવું, તેઓને મારણ, જ્વર, ભય, ભ્રાંતિ, અંધપણું, ખેદ અને પરિતાપ આદિ ઉત્પન્ન કરવાં, આકાશમાં અને પૃથ્વીમાં યથેષ્ટ ગતિ કરવી, વ્યવહિત વિપ્રકૃષ્ટ આદિ પદાર્થોનો પ્રકાશ, દુર્ભિક્ષ આદિનો નાશ અને વિષ, કૃત્યા, યંત્ર આદિનો પ્રતિઉપાય એ વગેરે તે રત્નોનાં કર્મો છે.[૧૭] આ દેશની અંદર નગરો ચંદ્રમાનો ઉદય થતાં ગોખના અંદરના ભાગો, જાળીઆ, કપાટ, ડોઢીનાં બારણાંઓ, આદિરૂપ મુખવડે અમૃતના સમુદ્રરૂપે ચંદ્રમાની મંદરાચળ જેમ સુરંગોના, મેઘોના અને ગુફાઓના અંદરના ભાગમાં થનારા શબ્દોવડે તથા વનના વાંસોના છિદ્રોમાં થનારા શબ્દોવડે સ્તુતિ કરે તેમ સ્તુતિ કરે છે.[૧૮] ઉપર તણાતાં જતાં વાદળાંઓને જોઇ "પવન શું આ કોઇ શિખરને ઉપાડી જાય છે," એવી શંકાથી અત્યંત ચકિતપણે મુખ ઉંચું કરી સિદ્ધલોકોની સ્ત્રીઓએ ઉત્સાહપૂર્વક જોવાએલો પવન કેમ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જાણે પૃથ્વીમાંથી પ્રકટ થએલો, આકાશ અને સુતલ પાતાળને તોલવાનો વજ્રસ્તંભ હોય તેમ હિમાલયના પ્રત્યેક તટમાં અને પ્રત્યેક વનમાં વાયા કરે છે.[૧૯] હે મહારાજ! ગંગાના તરંગોવડે અને ઝાકળના બિંદુઓવડે શીતળ, બેઠેલા વિદ્યાધરોથી સુશોભિત એવી શિલાઓવડે રમણીય, પુષ્પોનો કેમ જાણે વરસાદ વરસ્યો હોય તેમ પુષ્પોથી ભરપૂર ભરેલાં એવાં વનોવાળા આ મહેંદ્રાચળ પર્વતનાં તટોને આપ જુઓ.[૨૦] બીજા અનેક પવિત્ર દેશોમાં ફેલાઈ રહેલ, અનેક પવિત્ર વનોને, પુષ્પોનાં સ્થલોને, ઉપવનોને, નગરોને અને જગતને પવિત્ર કરનારાં તીર્થોનાં જલોને જોઇને તત્કાલ દુર્ભાગ્યનો ભય જતો રહે છે.[૨૧] શ્રીશૈલ આદિ પર્વતોના શિખરોનાં, સત્પુરુષોથી સુશોભિત એવાં બીજી દિશાઓમાં રહેલા દેશોનાં, તીર્થ, કુવા, વાવ આદિ નિમ્નપ્રદેશોનાં, હિમાલય આદિ પર્વતોની ગુફાઓનો આશ્રય કરી રહેલાં તથા વાદળાંઓવડે રમણીય એવાં ચંપકારણ્ય આદિ વનોના અને નિકુંજોના સમૂહવડે વ્યાપ્ત તથા આકાશના જેવાં નિર્મળ સેતુબંધ આદિ તીર્થોનાં દર્શન થતાં મોટાં પાપો પણ ધોવાઇ જાય છે.[૨૨] હે મહારાજ! મલયાચળ પર્વતની અંદર મનોહર એવી ચંદનવૃક્ષોની શ્રેણીઓ રહેલ છે. વિંધ્યાચળમાં મદોન્મત હાથીઓ રહ્યા છે. કૈલાસની અંદર અતિ ઉત્તમ એવું સુવર્ણ રહ્યું છે. મહેંદ્રાચળ પર્વતમાં કપૂર કે કપિલો ગેરૂ આદિ કાંઇ ધાતુ વિશેષ રહેલ છે. હિમાલયમાં દિવ્ય ઔષધિઓ રહી છે. આ સર્વ પર્વતોમાં અને એવાજ બીજા પર્વતોમાં રત્નો રહ્યાં છે; છતાં ભાગ્યહીન પુરુષો એ કશું જોયા વિનાજ આંધળા ઉંદરની પેઠે જુના ઘરના એક ખુણામાં પોતાના આયુષ્યને વૃથા ગાળી નાખે છે.[૨૩] મેઘરૂપી અંધકારથી વીંટાએલી આ દિશાઓ ઠેઠ અંતરિક્ષ લોક પર્યંત આખા જગતને કેમ જાણે એક મોટા તલાવરૂપ બનાવી દેતી હોય એવી દેખાય છે, અને તેની અંદર ચપળ વિજળીઓ કેમ જાણે તલાવમાં માછલીઓ ફરતી હોય તેમ ફર્યા કરે છે.[૨૪] પોતે ઝાકળ સહિત છતાં ભૂમિ ઉપર નીચે પડેલી ઝાકળની ધારાઓને સૂકવી દેનારા ધારાબંધ વરસનારા વરસાદોને પુષ્ટિ આપી મદોન્મત્ત કરનાર અને શીત સ્પર્શવડે મનુષ્યોનાં રોમાંચોને ખડાં કરનારા વરસાદના વાયુઓ સુસવાટની સાથે વાયા કરે છે કે જે અચંબો ઉપજાવે તેવા છે.[૨૫] શ્યામ એવા મેઘોના પ્રસારને અનુસરનાર, કેમ જાણે ધીર પુરુષોનો સમૂહ રિથર થઈ ઉભો હોય તેમ થઇ રહેલા અંકુરો વૃક્ષો અને વનના મધ્ય ભાગોમાં ફરવાથી સુંદરતાવાળો, વૃષ્ટિસંબંધી જલબિંદુઓના સમૂહવડે અત્યંત ધીર એવો આ પવન વૃક્ષોના પલ્લવોને અને પુષ્પોના ગુચ્છાઓને (કંપિત કરી દઇ) ચોતરફ વિખેરી દેતાં વાયા કરે છે.[૨૬] જેમ સ્વર્ગ લોકમાંથી નીચે (ભૂલોકમાં) આવેલા જીવો પોતાની કાંઇ પૂર્વ પુણ્ય સંબંધી વાસનાને જરાતરા પણ ધારણ કરે તેમ આ વાયુઓ સંભોગવડે દબાએલી સ્ત્રીઓના નિશ્વાસોવડે વૃદ્ધિને ચને ગંધને ધારણ કરે છે.[૨૭] ભૂમંડલની અંદર આવેલાં સર્વ કમલોનો વિકાસ કરવામાં અને પુષ્પલતાઓની કલિકાઓને ઉઘાડી દેવામાં ઉદ્યુક્ત થઇ રહેલા, કોમળ વસ્ત્રને ભેદી નાખવામાં ચતુર, એવા આ શીતળ સુગંધી વાયુઓ વાય છે.[૨૮] જેમ પુષ્પોની વિચિત્ર પંક્તિઓવડે સુવાસિત થઇ રહેલાં રાજાનાં આંગણાંની અંદર તેના ઉત્તમ નોકરો પુષ્પોને નહિ કચરતાં ફર્યા કરે, તેમ આ પવનો પણ આકાશની અંદર સંધ્યાકાલમાં જે કાંઈ વાદળાં રહેલ છે તેને મંદપણે કંપાયમાન કરી (તેનો ઉપમર્દન કરતાં) વાયા કરે છે.[૨૯] કોઇક ઠેકાણે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પુષ્પોના ગંધવાળા, કોઇક ઠેકાણે કમલોના સમૂહના ગંધવાળા, કોઇક સ્થળે પુષ્પોની વૃષ્ટિ કરનાર, કોઇક ઠેકાણે સુંદર કેસરાઓને વરસાવનાર, કોઇક ઠેકાણે બરફવડે ધોળા, કોઇક સ્થળે તેવા તેવા ધાતુઓના સંપર્કને લીધે લીલા, પીળા અને શ્યામ વર્ણવાળા, સુરતથી (સંભોગથી) થાકી ગએલા પુરુષના પ્રસ્વેદને શીતળતાથી નિવૃત્ત કરનાર આ શિખર સંબંધી વાયુઓ વાયા કરે છે.[૩૦] કિંકરની પેઠે પોતાની આજ્ઞા ઉઠાવનારા સૂર્યકાંતમણિઓવડે ગુફા આદિમાં બળી જતાં એવાં પ્રાણીઓના હુંકારથી અને પોકારના શબ્દોથી જાણવામાં આવે એવા અંગારાઓના સમૂહને, સૂર્ય કેમ જાણે કોઇ મૂર્ખના સંસર્ગવાળા થઇ ગયા હોય તેમ કિરણોદ્વારા બિચારાં તે દુઃખી પ્રાણીઓ તરફ ફેંકે છે.[૩૧] પુરુષના સંગમરૂપી રસાયનમાં સદાકાલ અતૃપ્ત રહેનાર અને મદવડે નિર્લજ્જ થઇ રહેલી કોઇ સ્ત્રી જ્યારે અહીં શરીરવડે પોતાના પ્રિયતમનું આલિંગન કરે છે ત્યારે સુરતમાંથી ઉપરામ પામવામાટે કાર્યાંતરોનો મિષ કરી પુરુષ જે કાંઇ તેની પાસે છેતરવાની યુક્તિ કરે છે તે તેનાથી વિષની મૂર્છનાવડે થનારા પોતાના મરણની પેઠે સહી શકાતી નથી.[૩૨] આ વનભૂમિના વાયુઓ જોકે કમલોએ સહિત હોવાથી સુગંધી છે, કોમલ જલબિંદુઓવાળા હોવાથી શીતળ છે, ચંદ્રમાના કિરણોના સમૂહ જેઓ તરંગોને શીતળતાવડે જીતી લે એવા છે, તોપણ વિરહિણી સ્ત્રીઓની પાસે કેમ જાણે અગ્નિમય હોય તેમ તાપને ઉત્પન્ન કરે છે.[૩૩] આ પૂર્વસમુદ્રના તટરૂપી નિમ્નપ્રદેશની અંદર વિકટ એવાં નગડનાં પાંદડાંઓરૂપી વસ્ત્રને ધારણ કરી રહેલ, કાંસ્ય આદિના વલયોવડે યુક્ત પહોંચાવાળી, નવા એવા મદરૂપી આસવને ઉત્પન્ન કરનાર એવા યૌવનવડે સુશોભિત એવી આ ભિલ્લીઓના સ્ત્રીઓ કેવી રીતે ચાલી જાય છે, તે આપ જુઓ.[૩૪] આ સ્ત્રી નવા એવા રસને ઉત્પન્ન કરનાર અને મદ્યવડે ઉત્પન્ન થએલ મદથી થનાર એવા સંભોગવડે આનંદ ઉત્પન્ન કરનાર એવી રાત્રિનો ક્ષય થઇ જવાથી ભયને લીધે આતુર ચિત્તવાળી બની જઈ, આપણી પાસે દેખાતી સર્પવડે વીંટાએલી ચંદનલતાની પેઠે પોતે ક્ષણવાર પણ પોતાના પતિને છોડતી નથી.[૩૫] પ્રાતઃકાલમાં વાદિત્રોના શબ્દથી મુખર થઇ રહેલા દિવસોએ કેમ જાણે તિરસ્કાર કરાએલી હોય તેમ પોતાના હૃદયમાંજ ચિંતાવડે વિહ્વલ બની ગએલી નારી પોતાના પતિના વક્ષસ્થલમાં સંતાઇ રહે છે.[૩૬] આ દક્ષિણસમુદ્રના તટમાં આવેલી વનની પંક્તિઓ કે જેની અંદર ખાખરાનાં પુષ્પો ઉઘડેલાં છે તેને સમુદ્ર કેમ જાણે તે બળતી હોય એમ સમજી વારંવાર જલના તરંગોવડે સીંચે છે.[૩૭] આ વનની પંક્તિમાંથી પવનને લીધે ધૂમાડાઓની પેઠે મેઘો કે જેઓ ઉપરના ભાગમાં અત્યંત કાળા છે તેઓનું નિર્ગમન થાય છે, તેની અંદરના ખાખરાનાં પુષ્પો અંગારા જેવાં દેખાય છે, અને પક્ષીઓ તથા ભમરાઓ શાંત થઈ ગએલા અંગારા(કોયલા)જેવા જણાય છે.[૩૮] આ વનની પંક્તિ વળી સાચા અગ્નિવડે બળતી હોવાથી પ્રથમ વર્ણવેલી દક્ષિણસાગરના કાંઠાની વનપંક્તિના જેવીજ દેખાય છે કે જે ઉત્તરદિશામાં પર્વતના શિખર ઉપર આવેલ છે, અને આકાશની અંદર પવનના સપાટાથી કંપાયમાન થઇ રહી છે, તે આપ જુઓ.[૩૯] હે મહારાજ ! આ ક્રૌંચ પર્વતની ભૂમિની અંદર મંદ ગતિવાળા મેઘમંડળના ગંભીર અને અતિ ઉંચા એવા શબ્દોવડે નૃત્ય કરી રહેલા મયૂરોના શબ્દોવડે યુક્ત, આકુળતાથી પડ્યા કરતા મેઘો અને પવનોવડે કંપિત થઇ રહેલાં એવાં પુષ્પોવડે, ફલોવડે અને [illegible] ભયજનક એવા આ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

ઉન્નત વનસમૂહને આપ જુઓ.[૪૦] આ સૂર્ય-નારાયણનો રથ અસ્તાચળની અંદર વિષમ એવા સુવર્ણમય શિખરના અગ્રભાગ સાથે અથડાવાથી તેના સુંદર સાંધાઓ તૂટી પડતાં પોતે પણ જજરો થઇ જઇ પૈડાના ઉંચા અવાજની સાથે અને ધરી તથા ઘોસરીના ધ્વનિની સાથે નીચા પ્રદેશમાં ઉતરી જાય છે.[૪૧] આ ઉદયાચળ પર્વત કે જે જગતરૂપી એક ઘરના ગઢના જેવો છે, તેની અંદર ચંદ્રમારૂપી એક માંગલિક પુષ્પ મલિનપણાના સંપર્કની શંકાથી ભયભીત બની ચારેકોર પોતાની કાંતિથી વિકસિત થઇ રહેલ છે, તેમાં પણ દૈવની પ્રેરણાથી કલંકરૂપી ભ્રમર આવી ચોંટયો છે, તેથી એમ જણાય છે કે જગતમાં કોઈ એક પણ શ્રેષ્ઠ વસ્તુ નથી કે વિપરીત થએલ વિધિ જેને ક્ષણવારમાં કલંકવાળી ન કરે.[૪૨] આકાશરૂપી સમુદ્રનો આ ચંદ્રમા સંબંધી પ્રકાશ પ્રદોષ સમયે નૃત્ય કરી રહેલા અને ત્રૈલોક્યનો સંહાર કરનાર એવા રુદ્રનું કેમ જાણે પ્રસિદ્ધ હાસ્યજ હોય અથવા કેમ જાણે જગતરૂપી એક મોટા ઘરને લગાવેલો કળીચૂનાનો લેપ હોય કિંવા ક્ષીરરૂપી જલનો ઉપરનો શુદ્ધ સફેત પૂડલો (પૂડો) હોય એવો ભાસે છે.[૪૩] સંધ્યાકાલના જેવા વિચિત્ર રંગવાળા ધાતુઓના રંગોવડે સુશોભિત એવા પ્રદોષરૂપી મંદરાચળવડે મથન કરાતા ચંદ્રમારૂપી ક્ષીરસાગરમાં શોભી રહેલ એવા દુગ્ધના તરંગોના જેવા ફેલાઈ રહેલા ધોળા કાંતિઓના સમૂહથી પરિપૂર્ણ અંગવાળી, આ દિશાઓ જેમ ગંગાના ફેલાઈ રહેલા પૂરોવડે મહાદેવજી શોભે તેમ શોભે છે, તે આપ જુઓ.[૪૪] જેની તુલના ન થઇ શકે એવા હે વિપશ્ચિતરાજ ! આ ગુહ્યકોના સમૂહો તાલના જેવા વિકરાલ એવા ચપળ વેતાળના બાલકોએ સહિત રાત્રિને વિષે હૂણદેશના રાજાના નગરો કે જે શાંતિકર્મ, સ્વસ્તિવાચન આદિથી રહિત છે, અને તેને લીધેજ ઉત્પાતોવડે વિકલ છે, તેની અંદર ત્યાંના મનુષ્યોને બલાત્કારથી ખાઈ જવામાટે જાય છે.[૪૫] જ્યાંસુધી ઘરની બહાર (આવરણ રહિત) આંગણાના પ્રદેશમાં સ્ત્રીનું મુખ નથી આવતું ત્યાંસુધીજ પરિપૂર્ણ એવો ચંદ્રમા આકાશની અંદર શોભાયમાન દેખાય છે; પણ આંગણારૂપી આકાશની અંદર સ્ત્રીના મુખરૂપી ચંદ્રમાનો ઉદય થતાં (ચંદ્રમા કાંતિહીન થઈ જવાથી) ધોળાં વાદળાંના ખંડમાં અને ચંદ્રમામાં શો ભેદ રહે છે ? કાંઇ નહિ.[૪૬] આ હિમાલયનાં શિખરો ઘણાં લાંબાં દેખાય છે, ચંદ્રમાના કિરણોરૂપી નવીન (સુંદર) વસ્ત્રોને તેઓ ધારણ કરી રહ્યાં છે. ગંગા નદીના પ્રવાહથી ધોવાએલી શિલાઓવાળાં છે, બરફવડે વ્યાપ્ત છે અને ઉગ્ર એવી લતાઓરૂપી જટાને તેઓ ધારણ કરી રહ્યાં છે.[૪૭] મંદારવૃક્ષોનાં વનોરૂપી આભૂષણવાળો, હીંડોલા ઉપર બેશી હીંચકનારી અપ્સરાઓનાં ગીતોને ફેલાવનારા પવનવડે રમણીય અને કોઇક સ્થલે મણિઓના પ્રકાશવડે કેમ જાણે વિચિત્ર પ્રકારનાં ચિત્રોવાળો હોય તેવો દેખાતો આ જે પર્વત આકાશમાં દેખાય છે તે મંદરાચળ છે.[૪૮] પ્રફુલ્લ થઇ રહેલાં અને પુષ્પોવડે ભરપૂર એવાં શિલીંધ્ર નામનાં વૃક્ષોરૂપી પુષ્પવાળાં અર્ઘ્યપાત્રોને ધારણ કરી રહેલા મોટા પર્વતો ઘાટી એવી મેઘની ગર્જનાના શબ્દોવડે ગંભીર એવા પોતાના પેટાળના ભાગમાં નક્ષત્રસહિત એવા અંતરિક્ષની શોભાને ધારણ કરે છે.[૪૯] જુઓ આ તરફ પ્રસિદ્ધ એવો કૈલાસપર્વત રહ્યો છે કે જેના ચારેકોર વ્યાપ્ત થઈ રહેલો, અતિ ભારે કાંતિના પ્રવાહવડે કેમ જાણે આકાશમાં કાર્તિકસ્વામીના ક્રીડાગૃહની કોઇ બાંધેલી ભૂમિ હોય એવો ભાવ દેખાય છે, અને તેની ઉપર રહેલો ચંદ્રમા કેમ જાણે ક્ષીરસાગરમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રહ્યો હોય તેવો દેખાય છે.[૫૦] હે મહારાજ ! કૌતુક જોવાને ઇચ્છનાર ઇંદ્ર ઠૂંઠાંઓ કે જેની શાખાઓ કપાઈ ગએલી છે, તેઓના ઉપર અને મૃત્તિકાવડે બનાવેલ ભીંત આદિના ઉપર તે બન્ને પરસ્પર દૂર છતાં બેઉના ઉપર વૃષ્ટિવડે અંકુરો ઉત્પન્ન કરી તે અંકુરોની છુટાવાળના જેવી શોભાને ખડી કરી દઈ કેમ જાણે પવનવડે એક બીજાને ગુંથી દેતો હોય, એવો ભાવ બતાવે છે, તે આપ જુઓ.[૫૧] આ કદંબોના સમૂહના અને ડોલરોના સુગંધી વાયુઓ મકરંદની વૃષ્ટિ કરવામાં તેના પાનથી પુષ્ટ બની જઈ ભમરાઓના સમૂહનેલીધે શ્યામતાને ધારણ કરી વાદળાંઓ સાથે એકરૂપ થઈ જઈ સર્વ સુગંધીને ચોતરફ ફેલાવી દઈ મેઘોના સમૂહોથી જેમ આકાશ વીંટાઇ રહે તેમ ઘાટા મનોહર ગંધવડે મનુષ્યોના નાસિકાના છિદ્રમાં પણ પ્રવેશ કરે છે, તે આપ જુઓ.[૫૨] ઉધડેલ કળીઓવાળી અને સુંદર પાંદડાંઓવાળી વનસ્થળીઓમાં છાયાવાળાં અને લીલાં ઘાસવડે સુશોભિત એવાં જંગલોમાં અને નિરંતર ફળ આપનારાં વૃક્ષોવડે વ્યાપ્ત એવાં ગામોમાં, અત્યંત સૌંદર્ય જોઇ લક્ષ્મી કેમ જાણે પોતાનો નિવાસ કરવા માટે પોતાની મેળેજ આવી રહી હોય એવી દેખાય છે.[૫૩] ઠેઠ ગોખસુધી પહોંચેલી લતાઓવડે વીંટાએલા મહેલોની અંદર કડવી ઘીસોડીનાં પુષ્પોને અને જાંબુના કેસરાઓને ખેંચી લઇ જનારા પવનોને લીધે ઠેઠ ગોઠણસુધી પથરાઈ રહેલાં પુષ્પોવડે સુશોભિત એવાં આંગણાંઓવાળું આ (પાસેનું) ગામ વનદેવતાઓનું કેમ જાણે કોઇ નગર હોય એવું જણાય છે ![૫૪] વિકસિત થયેલાં નિર્મળ ચંપાઓનાં વૃક્ષોની લતાઓના હીંડોળાઓમાં ક્રીડા કરનારી સ્ત્રીઓવડે સુશોભિત, વહ્યા જતાં ઝરણાનાં પાણીઓના શબ્દવાળાં, ચારેકોર પ્રફુલ્લ થઈ રહેલાં તાલ વૃક્ષોથી સુશોભિત ઉધડેલ ઉજ્જ્વળ મંજરીઓવડે સુંદર, એવાં લતાઓરૂપી ઘરમાં નૃત્ય કરી રહેલા મયૂરોવડે રમણીય અને ઉંચા ગઢોની ઉપર કે સાલ વૃક્ષોની ઉપર લટકી રહેલા મેઘોથી સુંદર એવાં આ પર્વતોનાં ગામડાંઓ બહુ રમણીય જણાય છે.[૫૫] પવનવડે ચપળ વિચિત્ર પલ્લવોવાળી લતાઓથી સંપૂર્ણ એવાં લીલાં ઘાસવાળાં સ્થળોથી સુશોભિત, શબ્દ કરી રહેલા લાવક, કોક, કુક્કુટ આદિ પક્ષીઓની ઘટાવાળા, ગાયન કરી રહેલ ભિલ્લ લોકોની સ્ત્રીઓવડે રમણીય તથા દહીં, મધ, દૂધ અને ઘીનું પાન કરવાથી પુષ્ટ થઇ રહેલા બાળકો અને નિર્ભય વાછડાઓના આશ્રમરૂપ, એવાં આ પર્વતનાં ગામડાંઓ કેમ જાણે બ્રહ્માજીના વિશ્રામમાટે કોઇ અમૃતમય મનોહર મંડપ બનાવેલ હોય તેવાં લાગે છે.[૫૬]

वातालोलविचित्रपत्रलतिकासंपूर्णनीलस्थलाः।
कूजल्लावककोककुक्कुटघटागायत्पुलिन्दाङ्गनाः।
बाला व्याकुलतर्णका दधिमधुक्षीराज्यपानोज्ज्वलाः कस्येवामृतमंडपा विरचिता रम्या गिरिग्रामकाः ॥ ५६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણનાઉત્તરાર્દ્ધનો 'વિપશ્ચિદનુચરકૃતપદાર્થવર્ણન' એ નામનો એકસો પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૧૫

સર્ગ ૧૧૬ મો.*

આકાશ, પર્વત અને ગામડાં વગેરેના આડંબરનું વર્ણન.

॥ अनुचरा ऊचुः ॥

देव पश्यात्र संग्रामलग्नसीमांतभूभृताम् ॥
कचंति हेतिसंघाता विसरंति बलानि च॥१॥

* આ એકસો સોળમા સર્ગમાં સંગ્રામ, વિરહી પુરુષો, આકાશ, પર્વત, ગામડાં આદિના આડંબરવિષે પર્વતોવિષે, ગુફાઓવિષે, મેઘોવિષે અને મૂર્ખ કાગડાઓવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અનુચરો કહે છેઃ—હે મહારાજ ! સંગ્રામમાં લાગી રહેલા અને સીમાડાના અંતભાગમાં ઉભેલા રાજાઓના આયુધોના સમૂહો કેવા ચમકે છે, તથા તેઓની સેનાનાં અંગો કેવાં ફેલાઈ રહ્યાં છે, તે આપ જુઓ.[૧] સંગ્રામમાં પોતાની સામા આવતા વીર પુરુષોએ હણેલા હજારો વીર યોદ્ધાઓને અપ્સરાઓ વિમાનમાં બેસાડી આકાશમાં લઇ જાય છે તે આપ જુઓ.[૨] જીતવાની ઇચ્છા રાખનાર બળવાન યોદ્ધાઓને સંગ્રામમાં પ્રકટપણે સંકટ પ્રાપ્ત થતાં છતાં પણ યૌવનસમયના સુરતનીપેઠે તેઓનું ધર્મવાળું યુદ્ધજ વધારે શોભે છે.[૩] લોકોમાં નિંદાપાત્ર ન થએલી લક્ષ્મી, લક્ષ્મીએ સહિત આરોગ્ય અને પારકામાટે ધર્મયુદ્ધ, એ જીવિતનું એક ઉત્તમ ફલ છે.[૪] જે શૂરવીર પુરુષ યુદ્ધની અંદર પોતાની સન્મુખ આવેલા યોદ્ધાને ધર્મમાં કશો વિરોધ ન આવે તેવી રીતે પોતે પણ તેવીજ સ્થિતિમાં રહી મારે છે (જીતે છે), તેજ સ્વર્ગને યોગ્ય છે, બીજો નથી.[૫] આ રણભૂમિમાં ઉગામેલ હથિયારોના સમૂહરૂપી ભૂષણોને ધારણ કરી રહેલ, શૂરવીર યોદ્ધાની અંદર રણસંગ્રામની જયલક્ષ્મીના હાથમાં રહેલ તરવારરૂપી શ્યામ કમલવડે શ્યામતાવાળો તથા ઘોડાઓથી ઉડેલી ધાટી રજવડે થએલો અંધકારરૂપી રાત્રિનો પ્રસાર કેવી રીતે સંક્રમણ કરે છે, તે આપ જુઓ.[૬] બાણ, સાંગ, ગદા, ભુશુંડી, શૂળ, તરવાર, ભાલા, તથા સુંદર તોમર, ચક્ર આદિ આયુધો, એ વડે પૂર્ણતાવાળા આ યોદ્ધાઓ નૃત્ય કરી રહેલ, તૃણ કાષ્ઠ આદિને કેશની પેઠે ધારણ કરી રહેલ, ચપળ પર્વતની અંદર પ્રજ્વલિત થઈ રહેલા દાવાનલની પેઠે દીપી નીકળે છે, અને તેઓના હાથમાં રહેલાં બાણ સાંગ આદિ આયુધો સમુદ્રનુ ઉછળવુ થતા તેમાંથી જમીન ઉપર ધસડાઇ આવેલા સર્પોના સમૂહના જેવાં શોભે છે.[૭] જુઓ, આ આકાશ મહાબળવાન વરસાદરૂપી સાગરોવડે પરિપૂર્ણ છે, જુઓ, તે ચપળ તારાઓરૂપી સ્થૂલ મુકતાહારોવડે સુશોભિત છે ! વળી એ આકાશ સારી રીતે ઘટ્ટ થઇ ગએલા અંધકાર સાથે એકરૂપ થઇ ગએલ છે, એ આપ જુઓ; અને સ્વચ્છ નિર્મળ ચંદ્રકિરણોવડે તે અતિ સુંદર દેખાય છે, તે પણ જુઓ.[૮] જે આકાશની અંદર અનેક દેવ દાનવોના આશ્રયરૂપ વિમાન આદિની ઘટાઓ તારાઓને મિષે રહેલ છે, જે અશ્વિની આદિ નક્ષત્રોના આશ્રયરૂપ છે, અને જે સર્વત્ર ફેલાઇ રહેલ અતિ ઉચ્ચ ચંદ્ર સૂર્ય આદિના પણ આધારરૂપ છે, તે આ આકાશની અંદર તે આકાશ શૂન્ય છે, એવી અવિવેકીઓને થઇ રહેલી પ્રતીતિ હજી આજે પણ અસ્તને નહિ પામતાં કાયમજ રહી છે, તો પછી બીજો કયો પુરુષ અવિવેકીઓએ પોતામાં આરોપી દીધેલા લોકાપવાદને દૂર કરવાને સમર્થ થઇ શકે ? કોઇ નહિ.[૯] મેઘોના આડંબરોથી, પ્રલયકાલના અગ્નિઓથી, પર્વતોની પાંખોના પછડાવાથી, તારાઓના સમૂહોથી અને અસંખ્ય, એવા દેવ—દાનવોના ક્ષોભવાળા અનેક સંગ્રામોના સમૂહોથી (વિકાર આવી જવાનો અવકાશ છતાં) હજી આજ દિવસસુધી આકાશ પોતાની મૂળ પ્રકૃતિમાંથી જરાપણ વિકારને પ્રાપ્ત થયું નથી, તેથી એમજ સિદ્ધ થાય છે કે સ્થિર અને દૃઢ ચિત્તવાળા ગુણવાન પુરુષોના મહિમાનો અંત (તાગતાનો અથવા માપ) કોઇ દિવસ થઇ શકતો નથી.[૧૦] હે સુશીલ આકાશ ! તું નિરંતર સૂર્યને, નારાયણને, ચંદ્રમાને, બીજા ગ્રહોનેઅને વિજળી આદિ બીજા પ્રકાશક તેજોને પોતાના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખોળામાં હીંચકાવે છે, છતાં પોતાની અંદર રહેલ શ્યામતારૂપી અંધકારને ત્યાગ નથી કરતું એ એક આશ્ચર્ય છે.[૧૧] હે આકાશ ! તું મલિન છે, કેમકે તેં જ સ્થલે ચંદ્રબિંબને ધારણ કરેલ છે ત્યાંપણ કલંકના મિષથી કાજળ અને અંધકારના જેવું મલિન પ્રત્યક્ષ રીતે દેખાય છે, એમ છતાં તું પોતાના સંપર્કથી આખા ચંદ્રમંડળને શ્યામ નથી બનાવી દેતું, તે મોટું આશ્ચર્ય છે. અથવા તો જે પોતે અંદર મલિન હોય તેજ મલિનના સંસર્ગથી બહાર પણ મલિનતાને ધારણ કરી લે છે; પણ જે અંદર નિર્મળજ છે તેને કોણ મલિન કરી શકે તેમ છે ? કોઇ નહિ.[૧૨] જગત સંબંધી દોષોવડે પૂર્ણ છતાં સર્વદા નિરવકાર રહેનાર આકાશનું તત્ત્વજ્ઞની પેઠે સર્વ અર્થથી શૂન્ય થઇ રહેવાપણું, એજ એક મોટું સુખ છે.[૧૩] હે પ્રિય મહાશય આકાશ ! તું પ્રલયકાલનાં વાદળાંઓની, વૃક્ષોની અને લતાઓની ઉન્નતિ કરનાર સાધનોને અવકાશ આપનાર હોવાથી તેઓની ઉન્નતિનો કર્ત્તા છે, વળી ચંદ્રમા, મેઘ, સૂર્ય, કિન્નર, વાતસ્કંધ અને દેવતાઓ, એ સર્વના પણ આધારરૂપ છે. એવી રીતે તું કે જેનો સ્વભાવ સર્વત્ર સમાનતાવાળો અને સ્વચ્છ છે, તેનું સર્વ કર્મ રમણીય છે, પરંતુ એક અગ્નિને અને સૂર્યને બાળવાનો અવકાશ આપી તું જે સંતાપ ઉત્પન્ન કરે છે, તેજ મુખ્ય અમને ખેદ ઉત્પન્ન કરે છે.[૧૪] હે આકાશ ! તું નિર્મલ છે, સ્વચ્છ છે, પ્રકાશમય છે અને ઉન્નતપણાથી ઉત્તમ દેવ આદિના પણ આધારરૂપ છે; કિંતુ તારામાં અવકાશ મેળવી આ મેઘ કરાઓની વૃષ્ટિવડે મનુષ્યોને હેરાન કરે છે, તે દોષવડે તું અત્યંત અપકૃષ્ટ છે.[૧૫] હે આકાશ ! સુવર્ણની પેઠે ઘણા કાલસુધી તારૂં કસોટીમાં ઘર્ષણ થવું જ ઉચિત છે, બીજું કશું તારી પરીક્ષાનું સ્થાન નથી, એમ હું માનું છું; કેમકે તું શૂન્ય છતાં વરસાદ, નક્ષત્ર, વિમાન, સૂર્ય, ચંદ્ર અને પવન એ સર્વને ધારણ કરી રહેલ છે, અને નિરર્થક નથી.[૧૬] દિવસે તું પ્રકાશમય દેખાય છે, સાયંકાળે સંધ્યાના રંગથી રક્ત જણાય છે, અને રાત્રિએ કાળું જણાય છે. નિરંતર તું કશાને પણ સત્યપણે ધારણ કરતું નથી તથા સર્વ વસ્તુથી રહિત છે; જેથી તારી માયાને કોણ જાણી શકે તેમ છે ? તેમ તત્ત્વજ્ઞની તેવી (આકાશના જેવી) ચેષ્ટાને પણ કોણ જાણી શકે તેમ છે ? કોઈ નહિ.[૧૭] મહાશય પુરુષ અકિંચન છતાં પણ કાર્યોને સાધી આપે છે; જેમકે આકાશ અંદર શૂન્ય છતાં સર્વની ઉન્નતિના કારણરૂપ છે.[૧૮] આકાશના લાંબા માર્ગમાં વચમાં કાંઈ ઘાસ કે જલ નથી, કોઇ ગામ પણ નથી, તો નગર તો ક્યાંથીજ હોય ? વળી પાંદડાંઓના સમૂહવડે સ્નિગ્ધ ઘાટી છાયાવાળું કોઇ વૃક્ષ પણ વચમાં નથી, તેમ કોઇ સારૂં પરબ (પાણી પીવાની જગ્યા) પણ વચમાં નથી આવતું; એમ છતાં સૂર્યનારાયણ હમેશાં આકાશ-માર્ગમાં પંથ કરતા રહે છે; કેમકે સત્ત્વવાન (મહાન) પુરુષો પોતે હાથમાં લીધેલું આરંભેલ કાર્ય વિષમ (બીજાથી ન થઈ શકે તેવું) હોય તોપણ તેનો ત્યાગ કરતા નથી.[૧૯] દિવસ પોતાના શરીરને સૂર્યના પ્રકાશરૂપી નવા વસ્ત્રવડે શણગારે છે, રાત્રિ અંધકારરૂપી વસ્ત્રવડે પોતાના શરીરને શણગારે છે, ચંદ્રમા કપૂરના સમૂહના જેવાં શીતળ કિરણોવડે પોતાનાં શરીરને શોભાવે છે, આકાશ રાત્રિમાં ઉદય પામતા તારાઓના સમૂહરૂપી પુષ્પોના પ્રસારથી પોતાના શરીરને શણગારે છે, અને વસંત આદિ સર્વ ઋતુઓ વાદળાંઓમાંથી ઝરનાર જલબિંદુઓરૂપી જલપુષ્પોવડે પોતાને શણગારે છે; અને એ સર્વ ભેગાં થઇ આ ત્રણે લોકના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વામી અને કાલની એક કળારૂપે (અંશરૂપે) રહેલા સૂર્ય અને ચંદ્રના ક્રીડા કરવાના સ્થાનરૂપ છે, તેને શણગારે છે.[૨૦] અહો ! મહાશય પુરુષની સ્થિતિ ખરેખર આશ્ચર્યકારક અને ઉન્નત હોય છે; કેમકે આકાશ ધૂમાડા, વાદળાં, રજ, અંધકાર, સૂર્ય, ચંદ્ર, સંધ્યા, તારાઓ, વિમાન, ગરુડજી, પર્વતો અને દેવદાનવો, એઓના ક્ષોભવડે કરીને પણ પોતાની મૂળ સ્થિતિનો ત્યાગ નથી કરતું.[૨૧] આ ત્રિલોકરૂપી ઘર દિશાઓરૂપી ભીંતોવડે બાંધેલ છે. અંતરિક્ષલોક, એ તેનો ઉપરનો ખંડ છે; પૃથ્વી તેના નીચલા ખંડરૂપ છે; વરસાદો નગરો અને પર્વતો તેના પાત્ર આદિ અનેક ઉપસ્કરરૂપ છે. વિદ્યાધરો, દેવતાઓ અને મોટા નાગોરૂપી કરોળીયા તેમાં (જાળ બાંધી) રહેલા છે. જરાયુજ આદિ ચાર પ્રકારનાં પ્રાણીઓના સમૂહરૂપી કીડીઓનાં ટોળાંઓથી તે ભરપૂર છે.[૨૨] આ ત્રિલોકીરૂપી ઘરની, કાલ અને ક્રિયારૂપી દંપતી જેમ પાળી અને તેની સ્ત્રી કોઇ સુંદર વિકસિત પવનની રક્ષા કરે તેમ રક્ષા કરે છે. જો કે આ જગત પ્રતિદિન નષ્ટ થતું હોય એમ ભાસે છે, છતાં પ્રવાહરૂપે તે અદ્યાપિપર્યંત નાશને નથી પામતું ! અહો ! આ કેવી માયા છે ?[૨૩] હું એમ માનું છું કે આકાશ, શૂન્યતાને લીધે કશું ન કરતાં છતાં વૃક્ષ આદિની અધિક ઉન્નતિને રોકે છે; કેમકે મહાન પુરુષ અકર્ત્તા છતાં પણ તેની મહત્તાથી લોકો તેમાં કર્તૃત્વ આરોપી લે છે.[૨૪] જેની અંદર લાખો જગત લયને પામી જાય છે અને પાછાં ઉત્પન્ન થઇ જાય છે, તે આકાશને શૂન્ય કહેવું, એ અખંડિત પાંડિત્યને ધિક્કાર છે.[૨૫] આકાશ ઈશ્વરથી જુદું છે, એવો ભેદ કોઈ ઉન્મત્ત થઇ ગએલા વાદીએ કલ્પી કાઢેલો છે, કેમકે આકાશની અંદરજ સર્વ જગતનો લય થઇ જાય છે, અને પાછું તેમાંજ પગલું ભરી શકતા નથી; તેમ બીજા તેના ઉત્પન્ન થાય છે, અને તેમાંજ રહે છે, માટે (जन्माद्यस्य यतः इत्यादि शास्त्रसिद्ध ईश्वरलक्षण આકાશમાં જોવામાં આવવાથી) તેજ ઈશ્વર છે.[૨૬] જેની અંદર અગ્નિથી ઉત્પન્ન થએલા તણખાઓના સમૂહોની પેઠે આ સૃષ્ટિની શોભા ઉત્પન્ન થાય છે, લયને પામી જાય છે, સ્થિતિને પ્રાપ્ત થઈ રહેલ છે, અને વૃદ્ધિ-હ્રાસને પણ પ્રાપ્ત થતી રહે છે; તે નિર્મળ આકાશ કે જે આદિ મધ્ય અને અંતથી રહિત છે, એક છે, અને મારા પોતાના સ્વરૂપથી અભિન્ન છે, તેજ સર્વના કારણરૂપ છે; એમ મારું માનવું છે. ઈશ્વરરૂપી કાંઇ બીજું કારણ એ (ચિદાકાશ) થી જુદું નથી.[૨૭] જે પોતાના અંગમાં અપરિમેય એવી સર્વ વસ્તુને અંદર ધારણ કરી રહેલ છે, અને ત્રિલોકીરૂપી મણિઓના વિશાળ આધારરૂપ છે, તે આકાશ ચિદ્રૂપ છે, પરબ્રહ્મરૂપ છે, અને મારા પોતાના સ્વરૂપથી પણ ભિન્ન નથી, એમ હું સમજું છું, કે જેની અંદર આ જગતનો ભ્રમ ઉદય અને અસ્તને પ્રાપ્ત થતો રહે છે.[૨૮] પર્વતના શિખર ઉપર આવેલી વનભૂમિમાં કોઇ કામી સુંદર વનચર મનોહર વૃક્ષોના ગહન પ્રદેશોમાં ગીત ગાય છે, અને નીચે ચાલ્યો જતો આ વિયોગી પથિક એ ગીતનું શ્રવણ કરી રસવડે આકુળ થઇ રહેલી દૃષ્ટિવડે ગાયન કરનાર તરફ્ ઉચું જુએ છે.[૨૯] હે મહારાજ ! પર્વતના શિખર ઉપર આવેલ વનમાં ઉન્નત વૃક્ષોના પલ્લવોથી છવાઇ રહેલા નિકુંજની અંદર વિયોગવડે મૃતતુલ્ય થઇ રહેલી ઉત્કંઠાવાળી વિદ્યાધરોની સ્ત્રી નિશ્વાસ નાખી ગળગળી વાણીથી જે ગીત ગાય છે, તેને આ નીચે ચાલ્યો જતો પથિક શ્રવણ કરી, પોતે પણ નિશ્વાસ નાખી હિંડોળાના હીંચકાની પેઠે ચંચળ થઈ રહેલી પોતાની બુદ્ધિવડે આગળ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by 83 Foundation USA

અનુચરો પણ તેને ચાલવાને સમ્મતિ આપી શકતા નથી.[૩૦] પર્વતના શિખર ઉપર આવેલા વૃક્ષનાં પલ્લવોવડે છવાઇ રહેલા નિકુંજની અંદર આપણી પાસેજ આ વિદ્યાધરી અશ્રુઓવડે આકુળ થઈ જઇ (કપાળમાં) તિલકની શોભાને નહિ ધારણ કરતાં (પોતાના પતિને ઉદ્દેશી) એમ ગાયન કરે છે કે, "હે નાથ! આપના ખોળારૂપી ધરની અંદર દાઢી પકડી મંદહાસ્યવડે સુશોભિત એવા આપના ચુંબનરૂપી રસાયનનું સ્મરણ કરી વારંવાર તેના આસ્વાદને અનુભવી આ નિંદ્ય સંવત્સરો મેં વ્યતીત કરેલ છે."[૩૧] હે મહારાજ! મેં માર્ગમાં રસ્તે જતા આવતા લોકોથી એમ સાંભળ્યું છે કે, આ વિદ્યાધરીનો પૂર્વજન્મનો જુવાન પતિ વિદ્યાધર કોઈ મુનિના શાપવડે બાર વર્ષપર્યંત વૃક્ષરૂપ થઈ રહ્યો છે, અને તેનેજ (સંવત્સરોનેજ) ગણ્યા કરતી આ વિદ્યાધરી પણ તેને મળવાને ઉત્કંઠિત થઇ જઇ પોતાનો પતિ કે જે વૃક્ષરૂપ બની ગએલ છે, તેનોજ આશ્રય પકડી ગાયન કર્યા કરે છે.[૩૨] હે મહારાજ! જુઓ એ વિદ્યાધર આપણા અવલોકનમાત્રથી શાપ શાંત થઇ જતાં વૃક્ષભાવને છોડી દઇ ઉઘડેલાં પુષ્પોરૂપી હાસ્યને ધારણ કરતાં શાખાઓને આકારે દેખાતા પોતાના તેજ બાહુવડે આલિંગનપૂર્વક કંઠમાં લગાડે છે.[૩૩] પર્વતોરૂપી હાથીઓના વૃક્ષોરૂપી રોમાંચોમાં રહેલો પુષ્પોનો સમૂહ શિખરોમાં કેમ જાણે વસંતઋતુમાં પડેલાં જલબિંદુઓના જેવા આકાશમાંથી મૂર્તિમાન તારાઓજ ખર્યા હોય તેવો દેખાય છે.[૩૪] માછલાંઓની પંક્તિઓના વેગવાળા ઠેકવાથી ઉછળ્યા કરતી, જલની લહેરોમાં ક્રીડા કરતી અને શબ્દ કરતી, ચપળ ટીંટોડીઓવડે ભયંકર જણાતી, પુષ્પોરૂપી શુક્લ વસ્ત્રવડે સુંદર, કાંઠાઓમાં તથા જળમય પ્રદેશોમાં રહેલા નિરંકુશ મૃગોવડે વ્યાપ્ત એવી આ કાવેરી, અહો! કેવી શોભે છે![૩૫] હે મહારાજ! આ સુવેલ પર્વતના શિખરમાં નિર્મળ શોભાવાળી આ આખી કાંચનમય શિલા, સૂર્યનો પ્રકાશ ઉપર પડતાં તેવડે દેદીપ્યમાન થઈ જઇ વેળ આવવા સમયે ચપળ થઈ રહેલા સમુદ્રના તરંગોના અથડાવાથી બહાર આવી ગએલા કેમજાણે વડવાનલના તણખાઓ ચમકતા હોય, તેવી દેખાય છે.[૩૬] પર્વતોની અંદર પાસે આવેલાં ઘાટાં વાદળાંઓવડે વ્યાપ્ત થઇ ગએલ સ્થળમાં રહેલાં તથા ધરની સીમાના અંતમાં આવેલાં વિકસિત નવીન વૃક્ષોવડે સુશોભિત, અને ખાખરાઓનાં વૃક્ષોવડે આકાશપર્યંત વીંટાઇ વળેલાં નેહનાં ઘરોની શોભા આપ જુઓ.[૩૭] વિકસિત થઇ રહેલાં પુષ્પોવડે અત્યંત શુભ્ર એવી ફૂલની વાડીઓવડે રમણીય, કોઇ ઉત્તમ પાત્રની પેઠે મંદાર વૃક્ષોની અંદર અનેક પુષ્પસમૂહને ધારણ કરી રહેલ, મોરોને કરંડીઆની પેઠે ધારણ કરનાર, જલમય શીતળ પ્રદેશવડે સુશોભિત, ભૈરવજપ ખાવાના સ્થાનથી ઉંચા શિખર ઉપરથી નીચે પડતા જલસમૂહના વિલાસરૂપી વાદ્યવડે મનોહર અને પ્રતિધ્વનિવડે ગાજી રહેલી ગુફાઓવાળાં વનોમાં ગાન કરી રહેલાં મનુષ્યોવડે સુંદર, એવાં પર્વતનાં ગામડાંઓ સ્વર્ગનો પણ પરાજય કરે છે.[૩૮] પર્વતોની ગુફાઓમાં વિચરનાર અને નેહ તથા ગોંદરાઓમાં નિવાસ કરનારા ગ્રામ્યજનોને જે કાંઇ આનંદ મળે તે આનંદ નંદનવનમાં ક્રીડા કરનાર દેવોને પણ નથી મળતો, એમ હું માનું છું. તેઓની જોકે (ગામડાંમાં રહેવાને લીધે) પામર જેવી દશા હોય છે, છતાં પણ ઉઘડેલાં પુષ્પોની કળીઓનાં કોમળ પલ્લવોની અંદર છુપાઇ રહેલા અને ગુંજારવ કરી રહેલા મદાંધ ભમરાઓને જોઈ તેઓનો કામ ઉદ્દીપિત થઈ જાય છે; જેથી અહીં રહેનાર સ્ત્રીપુરુષોને દેવતાઓથી પણ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિશેષ આનંદ મળતો હોય, એમ મને ભાસે છે.[૩૯] ભમરાઓએ પોતાના હીંડોલારૂપે કલ્પેલી લતાઓવડે આકુળ, એવા વનની અંદર ગાન કરતી ભિલ્લલોકોની સ્ત્રીઓના મુખ ઉપર દૃષ્ટિ સ્થાપન કરી શૃંગારની ચેષ્ટાઓવડે આકુળ બની ગએલા ભિલ્લો અજ્ઞાન મૃગ તરફ નિર્દયપણાથી શત્રુની પેઠે કેમ પ્રહાર કરે છે![૪૦] અનેક પ્રકારનાં વિકસત થઇ રહેલાં પુષ્પોના સમૂહોમાંથી સુગંધ શીતળતા આદિ સારને ખેંચી લાવનાર પવનવડે લતાઓનાં પલ્લવો હાલવાથી નીચે બેઠેલા પથિકોના અંગને શીતળ કરી દેનાર અને જલને તથા તેની શીતળતાને ચારેકોર પસારી દેનાર એવા વાયુના પ્રસારવડે ચપળ તરંગોને ધારણ કરી રહેલ એવાં જલાશયવડે સુશોભિત, એવાં પર્વતનાં વનોમાં આવેલાં ગામડાંઓ શીતળતાસાથે સુગંધરૂપી અધિક ગુણનેલીધે ચંદ્રમાનો પણ પરાજય કરે છે.[૪૧] શબ્દ કરી રહેલા ઝરણાનાં જળવડે રમણીય, ચારેકોર પસરી રહેલ વિકસિત પુષ્પવાળાં તાલવૃક્ષોથી સુશોભિત, એક લીલામાત્રથીજ વિકસિત થઈ રહેલ પુષ્પોવડે અને પલ્લવોવડે લચી પડેલી લતાઓના ઉલ્લેચવડે આકાશને અડકી રહેલાં, પર્વતભાગમાં ઉંચાં થઈ રહેલાં તાલવૃક્ષોમાં લટકી રહેલા મેઘોવડે સુશોભિત, એવાં પર્વતોનાં ગામડાંઓ કેમ જાણે ચંદ્રલોકના ઉપવનના ભાગોજ હોય, તેમ ચંદ્રમા સંબંધી અમૃતને સ્રવનાર અશ્વત્થવડે અનુમાનમાં આવતી બ્રહ્મલોકની પૃથ્વીને જિતે છે.[૪૨] નજીક આવી રહેલ અને જલવડે ભરેલાં વાદળાંઓની ઘટાઓથી જમી રહેલ મેઘોની ગર્જનાવડે નૃત્ય કરતા મયૂરોના નવીન નૃત્યને વિષે વીખરાઈ ગએલાં મયૂરોના સમૂહોનાં કોમળ મોરપિચ્છના ઉડી રહેલા સમૂહોમાં રહેલા ચંદ્રજેવા ગોળ ચાંદરણારૂપી મણિવડે સુશોભિત, એવા આ ગામડાંઓ સર્વથી ઉત્કૃષ્ટ દશા ભોગવે છે.[૪૩] એક બાજુ સુંદર ચંદ્રમંડળરૂપી આભૂષણવડે સુશોભિત અને બીજી બાજુ વિશ્રાંત થઇ રહેલા અને જલવડે પરિપૂર્ણ ભરેલા વરસાદરૂપી હાથીઓવાળા, એવા પર્વતોની તળેટીમાં આવેલાં ગામોમાં જે કાંઇ વિલાસલક્ષ્મીની શોભા દેખાય છે, તે વૈભવવાળાં બ્રહ્મદેવનાં રાજ્યોમાં પણ કયાંથીજ હોય?[૪૪] કેમ જાણે સુગંધવડે સુશોભિત એવો કોઈ નંદનવનનો અંદરનો ભાગ હોય તેવી સુંદર દેખાતી, સંતાન એવા નામની કલ્પવૃક્ષની જાતિના ગુચ્છાઓને હસી કહાડનાર નિકુંજોવડે સુશોભિત અને પુષ્પિત થઇ રહેલા તથા ગંભીર ગુંજારવ કરી રહેલ ભમરાઓવડે આકુળ, એવાં લીમડાઓનાં ઘાટાં વૃક્ષોથી રમણીય, એવી પર્વતોની ગુફાઓ જોતાં મારા ચિત્તમાં અપાર આનંદ થાય છે.[૪૫] હરિણીઓના શબ્દવડે મનોહર, મનોહર હારીત પક્ષીઓવડે રમણીય અને કેમ જાણે કામદેવનાં મૂર્તિમાન નગરોજ હોય તેવાં સુશોભિત આ પર્વતોનાં ગામોમાં મનુષ્યોને અત્યંત આનંદ પ્રાપ્ત થાય છે.[૪૬] કેમ જાણે સ્ફટિકના સ્તંભોનીજ ખરેખર રચના કરી હોય તેમ ધારારૂપે અવિછિન્ન પડ્યાં કરતાં ઝરણાનાં પાણીથી સુશોભિત, એવી આ પર્વતની ગામરૂપી ગુફામાં આ ઢેલો (મયૂરીઓ) નૃત્ય કરે છે, તે આપ જુઓ.[૪૭] શબ્દ કરી રહેલાં ઝરણાંનાં જલવડે સુશોભિત, એવી આ પર્વતની ગામરૂપી ગુફામાં નિકુંજોની અંદર મોરપિચ્છવાળી વિલાસ કરી રહેલી અને પુષ્પોના ભારવડે લચી પડેલી લતાઓ નૃત્ય કરે છે.[૪૮] હારીત પક્ષીવડે મનોહર અને લીલાં, એવાં ઉપવનનાં વૃક્ષોથી સુશોભિત, વાવના પ્રમાણમાં તેની અંદર રહેલા હંસસારસ આદિ પક્ષીના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શબ્દોરૂપી સૂક્ષ્મ ગંભીર ધ્વનિને ધારણ કરી રહેલ અને પર્વતની ગુફાઓવડે ઢંકાએલ એવાં ગામડાંઓનાં અકૃત્રિમ સ્થળોમાં આ કામ પોતાની ઇચ્છાથીજ આનંદવડે રમે છે, એમ હું માનું છું.[૪૯] હે શ્રીમંતના જેવા મોટા ઔદાર્યને ધારણ કરનાર અને તડકાનો નાશ કરનાર ઉન્નત ગંભીર આકૃતિવાળા મહાશય મેઘ! તું પર્વતના મસ્તક ઉપર ભૂષણરૂપ થઇ રહેલ છે. પૃથ્વીના ખેતર-બગીચા આદિને પોષણ આપનાર જળનો તુંજ એક આશ્રયરૂપ છે. એવી રીતે તારામાં અનેક ગુણો રહ્યા છતાં અને હર્ષથી તું વરસતાં છતાં પણ તું ખારી જમીનમાં, તળાવમાં અને તેની અંદરના કાંટા આદિ વૃક્ષોમાં સત્-અસત્ પાત્રનો વિભાગ કર્યાવિના એક સમાન રીતે જળને વરસે છે, એ તારો અવિવેક સત્પુરુષોના ચિત્તમાં ખેદ ઉત્પન્ન કરે છે.[૫૦] હે મેઘ! તું નિરંતર સમુદ્ર અને ગંગા આદિ ઉત્તમ તીર્થોના જલના પ્રસારવડે સ્નાન કરે છે. આકાશ કે જે સર્વનાથી ઉચ્ચ છે તેમાં રહી જળની વૃષ્ટિ કરે છે. શુદ્ધપણું ધારણ કરી વનભૂમિમાં મૌનવ્રતનો અંગીકાર કરી તું નિવાસ કરે છે. જો કે તું શરદ્ઋતુમાં જલથી સાવ રહિત થઇ જાય છે, તોપણ તારા અંગમાં અતિશ્રેષ્ઠ કાંતિ (ધવલિમા) જોવામાં આવે છે. એવી રીતે સર્વથા ગુણવાન છતાં તું પોતે ઉઠી વજના અને વિજળીના કડાકાની સાથે (જલનું દાન કરવા સમયે) જે કડવા ધ્વનિને ઉત્પન્ન કરે છે, એ તારી કેવી તુચ્છ ચેષ્ટા છે?[૫૧] શુભ વસ્તુ પણ અયોગ્ય પાત્રમાં રહેવાથી અશુભ દેખાય છે, જેમકે જલ ખરાબ મેઘરૂપી સ્થાનમાં રહેવાથી કાળું પડી ગએલ જણાય છે.[૫૨] અહો! મેઘે જલની વૃષ્ટિ કરી! અહો! જલથી આની તૃષ્ણા પૂરાઈ રહેલ છે! અને અહો! પૃથ્વીની અંદર સર્વ ધાન્યો, જેમ કોઈ ધનાઢયવડે તેનો કોઇ દરિદ્ર વિવેકી મિત્ર પોષણને પ્રાપ્ત થઈ જાય, તેમ જલવડે પોષણને પ્રાપ્ત થઇ ગએલ છે![૫૩] નિર્દયપણું, અસ્થિરતા, અપવિત્રતા, કુત્સિતપણું અને શેરીઓમાં આંટા મારવા, એ સર્વ કૂતરાં પાસેથી મૂર્ખોએ ગ્રહણ કરી લીધેલ છે, કિંવા મૂર્ખો પાસેથી કૂતરાંએ ગ્રહણ કરી લીધેલ છે, તે હું જાણી શકતો નથી.[૫૪] કૂતરાનીપેઠે મૂર્ખ માણસ બહુ દોષવાળો હોય, તોપણ કેટલાક શૌર્ય, સંતોષ, ભક્તિ આદિ ગુણોવડે તેમાં કોઇને ઉપાદેય બુદ્ધિ પણ થઇ જાય છે.[૫૫] ભોગપરંપરામાંજ શરીરને જોડી દેનાર વિષયલંપટ મૂર્ખ પુરુષ ધંતુરા આદિ ઝેરી વસ્તુ ખાવામાં આવવાથી ઉન્મત્ત થઇ ગએલા પુરુષોને, મદિરા આદિના મદવડે મત્ત થઈ ગએલાઓને, પ્રમાદ અને ક્રોધ આદિના આવેશને લીધે કૂવા આદિમાં પડવા તૈયાર થઇ ગએલાઓને અને તત્ત્વજ્ઞાનના બલથી દેહાનુસંધાન છોડી દઇ કેવળ આત્માનંદમાંજ નિમગ્ન રહેનાર યોગારૂઢ પુરુષોને પોતામાં પાંડિત્યનું આરોપણ કરી તૃણના જેવા તુચ્છ સમજે છે. પરંતુ હે તૃણ! તુંજ અવલોકન કર કે એ વિષયલંપટ પુરુષોમાં ઇચ્છા છે, કિંવા તેઓ જડજ છે! જો તેઓમાં ઇચ્છા હોય તો તેઓ કૂતરા જેવા છે, અને તેઓ જો જડ હોય તો તેઓ પોતેજ તૃણથી પણ તુચ્છ છે; એટલે પછી ઉન્મત્ત આદિથી પણ તે નીચ હોવાથી બીજાની હલકાઇ ગણવી એ તેઓની ભૂલજ છે. આ વાતના રહસ્યવિષે તુંજ વિચાર કરી જો.[૫૬] સિંહ અને કૂતરો એ બન્નેમાં તિર્યક્ જાતિપણું સમાન છતાં મેઘગર્જના આદિનો કોલાહલ સહજ કરવામાં તે બન્નેના પ્રકારમાં જુદા જુદા ભેદ રહ્યો છે, કેમકે ચિત્તમાં કશો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ક્ષોભ પામ્યાવિનાજ અનાદરનેલીધે આંખો મીંચી રાખી સિંહ એ કોલાહલનું સહન કરે છે, અને કૂતરો મનમાં ક્ષોભને પ્રાપ્ત થઈ જઈ ભયનેલીધે આંખો મીંચી રાખી એ કોલાહલનું સહન કરે છે.[૫૭] નિત્ય અપવિત્ર, પોતાનાં પ્રિય મનુષ્ય તરફ કેવળ ભસવાથીજ સ્નેહ બતાવનાર અને શેરીઓમાં રખડી રખડી સર્વ સમયને ગાળી નાખનાર હે કૂતરા! ચિત્તની સમાનતા જોઈ કોઇ મૂર્ખેજ તને શિક્ષણ આપવા યોગ્ય ગણી અપવિત્રતા આદિ પોતાના ગુણો શીખવ્યા છે, એમ હું માનું છું. અહો! એ વાત કેવી ખેદકારક છે.[૫૮] નિરંતર સર્વ જગતને વિષમ (એક બીજાનાથી જુદું પડી રહે તેવા પ્રકારનું) બનાવનારા વિધાતાએ કૂતરું કે જે પોતાની સરમા નામની પુત્રીરૂપ કૂતરીનાં સંતાનરૂપ છે, તેની અંદર બધા તેને જેવા ઘટે તેવાજ ધર્મો દેખાડવામાટે બધું યોગ્યજ રચેલ છે. અપવિત્ર એવા કચરાથી ભરેલા ખાડામાં તેનો નિવાસ કલ્પ્યો છે. વિષ્ઠા, પરૂ વગેરે તેના ભોજનરૂપ કલ્પેલ છે. રસ્તાની અંદરજ સર્વ મનુષ્યો દેખે તેવી રીતે (ખરાબરીતે) કુત્સિત મૈથુન કરવાની દુષ્ટ ઇચ્છા તેના ચિત્તમાં ઉત્પન્ન કરી છે, અને તેનું શરીર પણ સર્વની નિંદાનું પાત્ર થાય તેવું બનાવ્યું છે.[૫૯] "તારાથી વધારે અધમ બીજો કોણ છે?" એમ કહેનાર કોઈ પુરુષને તે હસીને કહેવા લાગ્યો કે, જે પુરુષ મૂર્ખતા કિંવા અજ્ઞાન કે જે અપવિત્ર દેહ આદિમાં અભિમાન બંધાવનાર છે, છતી આંખે વિચારરૂપી નેત્ર ન હોવાથી એક જાતના અંધાપારૂપજ છે, અને ખરાબ પરિણામમાં દોરી જવાથી અશુભ છે, તેનું જે સેવન કરે છે, તે મારાથી પણ વધારે અધમ છે; કેમકે મારામાં શૂરતા, સ્વાભાવિક ભક્તિ અને થોડામાં સંતોષ, એ વગેરે જે ઉત્તમ ગુણ રહેલ તે અનેક પ્રયત્નોવડે શોધીએ તોપણ મૂર્ખમાં જોવામાં આવતા નથી.[૬૦] કૂતરો અપવિત્ર પદાર્થનું ભક્ષણ કરે છે; અપવિત્ર એવા વિષ્ઠા આદિના મોટા કચરાના ઢગલામાં રમે છે; નોળીયું, ઉંદર આદિ પ્રાણી સજીવ (જીવતુંજ) હાથમાં આવી જાય તો ચુપચૂપ રીતે તેનું ભક્ષણ કરે છે; અને બકરૂં વાછડું આદિ કોઇ નિર્બલ પ્રાણી પંજામાં આવી જાય તોપણ તેને ફાડી ખાય છે. કૂતરીની સાથે મૈથુન કરવા સમયે સર્વ મનુષ્યો તેની પાસે જઇ પાષાણવડે પ્રહાર કરે છે. એવી રીતે અત્યંત અસમર્થ એવા કૂતરાને વિધાતાએ જ્યાંસુધી તે જીવે ત્યાંસુધી ખરાબ અને કૌતુક ઉપજાવે એવી સ્થિતિવાળોજ બનાવેલ છે.[૬૧] શિવલિંગના ઉપર ધોંધાટ કરી રહેલો કાગડો પોતાના આત્માને દેખાડી એમ સૂચના આપે છે કે અધોગતિના હેતુરૂપ સર્વ પાતકોમાં પહેલી પંક્તિ ધરાવનાર શિવનિર્માલ્ય ભક્ષણને માટે હું શિવલિંગ પાસે આવતાં પ્રત્યક્ષજ કાગડારૂપ થઈ ગયો છું, તેને તમે જુઓ.[૬૨] (કોઇ તળાવમાં રહી કાગડાને કહે છે:) હે દુષ્ટ કાગડા! કાનને કડવા લાગે તેવા ઢંભવાળા ધ્વનિવડે હંસ, સારસ આદિના ગુણોને ગળી જનારો તું આ તળાવમાં કાદવની અંદર ફરતો રહી (પોતાના કડવા સ્વરવડે) ભમરાઓના શબ્દને ઢાંકી દે છે, તેથી મારા મસ્તકમાં તું એક શલ્ય જેવો થઇ રહ્યો છે.[૬૩] આ કાગડો નરકના જેવા નાનાપ્રકારના વિષ્ઠા આદિ અપવિત્ર પદાર્થોનું ભક્ષણ કરે છે, અને કમલિની પોતાને પ્રાપ્ત થાય તોપણ તેને છોડી દે છે. આ વિષયમાં કશું પણ આશ્ચર્ય પામવા જેવું નથી, કેમકે જે પદાર્થનો સર્વદા અભ્યાસ પડી જાય તે પછી સદાકાળ રુચિકારકજ થાય છે.[૬૪] આ કાગડો વનનો અનેક પ્રકારનાં પુષ્પોના કેસરો-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે ધોળા શરીરવાળો થઇ જવાથી ભ્રાંતિવડે કેમ જાણે કોઇ ખરેખર હંસજ હોય તેવો જણાય છે, પણ પછી સડી ગએલા જીવડાઓના કુળોને કોળીઆરૂપ કરી ગળી જતો જોયાથી તે ખરેખર કાગડોજ છે, એમ જણાઈ રહે છે.[૬૫] કાળા રંગવાળી અને કાળી પાંખોવાળી ભેગી થએલી કોયલો સાથે કદાચિત્ કાગડો ભેગો થઇ મળી જાય તો પછી તે પોતેજ પોતાના કર્ણકટુ અવાજને બહાર ન કાઢે તો કોણ તેને ઓળખી શકે ?[૬૬] મોટાં અરણ્યસંબંધી મૃત્તિકાવડે બનાવેલા આ માટીના જૂના થાંભલા ઉપર બેઠેલો કાગડો જેમ કોઇ ચોર રાત્રીએ સર્વ મનુષ્યો સૂઈ જતાં (યજ્ઞભૂમિનાં) વૃક્ષ ઉપર ચઢી દશે દિશાઓમાં જુએ તેમ ચારેકોર જોયા કરે છે ?[૬૭] કાગડો કે જે ઉડતા ધૂળ (ઉકરડા) ના સમૂહથી ધૂસરી થઈ રહેલી કાંધવાળો છે, તે આ તળાવ કે જે વેગવાળા સારસપક્ષીઓએ ઉધાડી નાખેલાં કમલોના મકરંદવડે સુશોભિત છે, તેની અંદર કેમ વિહાર કરે છે ![૬૮] અહો ! કષ્ટની વાત છે કે વિકસિત થઇ રહેલાં કમલોના નિવાસરૂપ રમણીય તળાવની અંદરજ રહેનારા રાજહંસોની સાથે સ્પર્દ્ધા રાખી આ દુષ્ટ કાગડારૂપી પિશાચ કે જેનું મોટું શિલાવડે પ્રહાર કરવાયોગ્ય છે, તે આ નાનકડા ડોળા ખરાબ તળાવમાં બેશી રાજહંસનું અનુકરણ કરવા માટે જુદી જુદી જાતની લીલાઓ કરે છે, તે આપ જુઓ.[૬૯] દુષ્ટ વાણીરૂપી કરવતનેજ એક ચિહ્નરૂપે ધારણ કરી રહેલા હે કાગડા ! તું પોતાના ભાગને કાગડાવિના બીજો કોઇ ન ખાઇ જાય એવી શંકાથી નિરંતર કાગડાઓનેજ બોલાવતો રહે છે, એ તારી શંકા આજે ક્યાં ચાલી ગઇ ? પોતાની એક પ્રજા (પુત્ર) જીવવાની આશાથી, તું આ કોયલનાં બાળકને વૃથા શા માટે પોષણ આપે છે ? કેમકે તું કે જેનો સ્વભાવજ કટુ ભાષણ કરવાનો છે, તેને ભ્રાંતિવડે કરવામાં આવતું એવું પણ આ સુસ્વર કોયલના બાળકનું પોષણ મનોરથસિદ્ધિને માટે નહિ થતાં ઉલટું ઉપહાસકારક થઈ પડશે.[૭૦] કમલના વનમાં વિલાસ કરી રહેલા અને કલંકના જેવા ક્રૂર સ્વર બોલનાર કાગડાને જોઇ કોઇ કહે છે કે, હે કાગડા ! તારા અથવા ખળપુરુષોના સેંકડો ક્રૂરશબ્દ સાંભળવામાં આવતાં છતાં ખેદવડે જે પુરુષ ક્રિયાશૂન્ય થઇ જઇ નથી રોતો, તેનું તું તારી ખરાબ વાણીરૂપી કરવતવડે વિદારણ કર, પણ હું તેવો નથી છતાં મારી-પાસે વૃથા શું ધોંધાટ કરે છે ?[૭૧] ક્રૂર્યા કરતાં હિંસક પ્રાણીઓવડે વ્યાપ્ત અને બગલાઓ તથા જલકાગડાઓથી ભરેલા આ તળાવની અંદર જો ઘૂડ અને કાગડા આવી બેસતા હોય તો આ તળાવરૂપી સભા તેને યોગ્ય એવા પાત્રોવડે થએલી યુક્ત ગણાય.[૭૨] કાગડાઓના સમૂહની સાથે સમાન પાંખોવાળી અને સમાન આકારવાળી કોયલ સભામાં બેઠેલા પંડિતની-પેઠે તેની વાણીવડેજ ઓળખી શકાય છે.[૭૩] આ પુષ્પલતા, કદાચિત્ કોયલ તેનાં કોમલ પુષ્પોને ચૂંથી નાખે તોપણ તે સહન કરવાને સમર્થ છે, પણ કંકપક્ષી, ગીધપક્ષી, જલકાક, બગલાઓ, કુકડાઓ અને કાગડાઓ આદિના સ્પર્શને પણ તે સહન કરી શકતી નથી.[૭૪] હે કોકિલ ! દંપતીના રતિકલહમાં તેનું સમાધાન કરવામાટે એક દૂતરૂપ એવા તારા મધુર અને કાનને આનંદ આપે એવા નાદને અહીં કોણ સાંભળે છે ? કેમકે આ લીંબડાની ઝાડીમાં ઘૂડો સાથે નિરંતર કલહ કરનારા કાગડાઓએ પોતાના ઘોઘરા એવા કેંકારના અવાજથી સર્વના કાનને બહેરા બનાવી દીધા છે.[૭૫] આ સુંદર કોયલનું બચ્ચું ઉપ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વનની અંદર રાગીપુરુષો પાસે પોતાની કોમલ વાણીવડે મહોત્સવ જેવી કથા કરી સરલપણાથી સર્વ શ્રોતાઓના મનનું રંજન કરે છે, તેટલામાં વચમાં આકાશમાંથી કૂદી પડી કાગડાએ "આ કોયલનાં બચ્ચાંને મેં પુત્રની પેઠે પાળી-પોષી જીવાડેલ છે" ઇત્યાદિ કેટલોક તેનો તિરસ્કાર કરે, એવા ભયંકર શબ્દોવડે સર્વ શ્રોતાઓને નીરસ કરી દીધા.[૭૬] હે કોયલ! તું હર્ષનેલીધે તરતજ પોતાના સ્વરને બહાર લાવી કેમ શબ્દ કર્યા કરે છે? તારા કંઠમાંથી હર્ષનેલીધે બહાર આવેલા તારા સુસ્વરને તું પાછો સમેટી લે. આ આપણા સુસ્વર ગાયનનો યોગ્ય સમય છે, એવો ભ્રમ તને ન થાઓ, કેમકે નિરંતર પુષ્પોની ઘાટી ઘટાથી છવાઇ રહેલા આ વસંતનો સમય નથી; કિંતુ હેમંતવડે ઝાકળના સમૂહ પડવાનેલીધે આ સર્વ વૃક્ષો સૂકાઈ ગયાં છે, એટલે આ વખતે તારી વાણી દીપશે નહિ.[૭૭] વિચિત્ર પ્રકારના અભિનવ અંકુરોવડે સુશોભિત એવા ચૈત્રમાસની અંદર કોઈ વિરહિણી સ્ત્રી કોયલને કહે છે કે, હે સુંદર આકારવાળી સુસ્વર કોયલ! આ ચૈત્રમાસ કોનો છે? એવા મારા પ્રશ્ન ઉપરથી તેં ઉંચાં વૃક્ષમાંથી મધુર શબ્દોવડે કોમલપણે તારો છે, તારો છે, એવું જે કહ્યું તે દુઃખ આપવાવાળું નઠારું અને ખોટું વચન તને કોણે શીખવ્યું છે?[૭૮] મૌન, પાંખ આદિનું ચલનવલન, વર્ણ અને શરીર, એ બધાંનું સમાનપણું છતાં કાગડાઓના સમૂહમાં કાંતિવડે સુંદર, એવી આ કોયલ મૂર્ખના સમાજમાં રહેલા પંડિતની પેઠે છેટેથીજ ઓળખાઇ રહે છે, કેમકે પોતાના આકારથીજ પોતાની ભવ્યક્રિયાને બતાવી આપનાર સર્વ પુરુષ યોગ્ય અને પોતાની અંદર રહેલા ચમત્કારવડે નિગૂઢ રહ્યા છતાં પણ છેવટ પ્રસિદ્ધિમાં આવી જાય છે.[૭૯] હે ભાઈ કોયલ! કડવો અવાજ કરી રહેલા કાગડાઓવડે વ્યાપ્ત થઇ રહેલો આ શિશિર ઋતુનો કાળ છે, આ કાંઈ વસંતોત્સવ નથી, હમણાં તારા શબ્દોમાં અમૂલ્ય ગુણનો આરોપ થવો અશક્ય છે, માટે તું તારા સ્વરને બંધ કરી કોઇ વિશાલવૃક્ષવાળી ગુફામાં તેનાં ખરીપડેલાં જુનાં પાંદડાંઓવડે ઢંકાઇ રહેલા માળામાં મૌનપણું ધારણ કરી નિવાસ કર.[૮૦] આશ્ચર્ય છે કે આ કોયલનું બાલક પોતાની માતાને છોડી કાગડી પાસે ચાલ્યું જાય છે, અને બીજું આશ્ચર્ય એ છે કે એ કાગડી તે કોયલનાં બાલકને તેની ઓળખાણ પડતાં ચાંચવડે અને ચરણવડે પ્રહાર કરે છે. આ વિષયમાં હું ક્ષણમાત્ર વિચાર કરું છું, તેટલામાં એ કોયલનું બચ્ચું પણ ઉત્સાહવડે પોતાની માતાની પેઠેજ પોતાનું બળ વધારવામાટે આકાશમાં ઉડવા લાગી ગયું. મતલબ કે તેને દુઃખ ભોગવવાનો અવકાશ આપ્યો નહિ, કેમકે ભાગ્યશાળી પુરુષ જે દિશામાં જાય છે તેજ દિશા તેને માહાત્મ્ય આપનાર થઇ પડેછે.[૮૧]

चित्रं मातरमेष कोकिलशिशुः संत्यज्य कार्कीं गतः सैषैनं तुदतीति यावदहमप्याचिन्तयाभिक्षणम् ॥ तावत्सोपि तथाशु मातृसदृशं श्लिष्टो रसाद्वर्धितुं यामायातिदिशं स्वभावसुभगःसैवास्य माहात्म्यदा ॥ ८१ ॥

શ્રીમદ્ યોગવસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શ્વકાકકોકિલાન્યોક્તિવર્ણન' એ નામનો એકસો સોળમો સર્ગ સંપૂર્ણ. ૧૧૬

सर्ग ११७ मो.*

તળાવ, કમળ અને હંસ આદિનું વર્ણન.

॥ सहचरा ऊचुः ॥

पश्याद्रिसानाविव बिंबितं खं पुरः सरोमारपुरःसरोयः ॥ कह्लारपद्मोत्पलजालनाललद्विचित्रारवपक्षिवीतम् ॥ १ ॥

* આ એકસો સત્તરમા સર્ગમાં અનેક જાતનાં કમલોથી સુશોભિત, એવા તળાવવિષે વર્ણન આવશે અને તેના પ્રસંગથી કમલ, ભમરાઓ, હંસ ઇત્યાદિ [illegible] પણ વર્ણન થશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સહચરો (હજુરીઆઓ) કહે છેઃ—હે મહારાજ ! આ આપણી પાસે રહેલું પર્વતનું શિખર કે જે અત્યંત શોભાને લીધે કામનું ઉદ્દીપન કરવાથી કેમ જાણે કામદેવનો પ્રધાન હોય, તેવું દેખાય છે; તેની અંદર કલ્હાર, પદ્મ, ઉત્પલ આદિ કમલની જાતિઓના સમૂહના નાળમાં કમલને માટે ક્રીડા કરતાં અને વિચિત્ર શબ્દવાળાં પક્ષીઓવડે વ્યાપ્ત અને કેમ જાણે પ્રતિબિંબિત થઇ રહેલ મૂર્ત્તિમાન આકાશ હોય તેવા દેખાતા આ તળાવને આપ જુઓ.[૧] વિકસિત થઇ રહેલાં ઉન્નત કમલોની કળીઓમાં રહેલા સુશોભિત રાજહંસોવડે યુક્ત અને ઇંદ્રનીલમણિના પીઠ ઉપર બેસનાર ભમરાઓ, સારસ, ક્રૌંચ આદિ પક્ષીઓ, બ્રાહ્મણો અને બીજા લોકો, એ સર્વેએ સેવાએલ એવું આ તળાવ કેમ જાણે પૃથ્વી ઉપર બ્રહ્માનું ઘરજ હોય, તેવું રમણીય દેખાય છે.[૨] પથરાઈ રહેલાં જલબિંદુઓવડે દિશાઓના મધ્યભાગને ભયાનક બનાવી દેનાર તથા ઉઘડી ગએલ અનેક જાતનાં કમલોના સમૂહની અંદર રહેલ મકરંદવડે ગૌર થઈ રહેલ અને સુગંધવડે મત્ત થઈ રહેલ એવા ભમરાઓ અને પક્ષીઓના ગાયનવડે ગાજી રહેલ, તેમજ કેમ જાણે આકાશમાં ઉપરના ભાગમાં ઉલેચ બાંધી દીધો હોય, એવો ભાવ દેખાડનાર આ તળાવ, વાદળાં, ઝાકળ આદિને પ્રતિબિંબના મિષથી ધારણ કરી રહેલ છે.[૩] આ તળાવની અંદર કોઇક સ્થળે મંદ મંદ ગર્જના કરી રહેલા તરંગો ઉછળતા જોવામાં આવે છે. કોઈ ઠેકાણે મદોન્મત્તપણાથી એક બીજાનો દ્વેષ કરનાર અને અત્યંત ઘોંઘાટ કરી રહેલા ભમરાઓ દેખાય છે. કોઇ ઠેકાણે જલની ગંભીરતાથી અને નિર્મલતાથી નિશ્ચલપણાનેલીધે આ તળાવ પોતે કેમ જાણે સુષુપ્તિ અવસ્થાને ધારણ કરી રહ્યું હોય, એવું જણાય છે, અને કોઇક ઠેકાણે કમલોથી તથા ડોલરોથી, કેમ જાણે ઢંકાઇ રહેલ હોય, તેમ ભાસે છે.[૪] આ તળાવ બિંદુરૂપ થઇ રહેલા મોતીના જેવા જલવડે તાપને નાશ કરે છે, અને કાંઠા ઉપર રહેનાર સિંહોને પણ ઠેઠ વૃક્ષના અગ્રભાગથી માંડી જલસુધી લંબાયમાન થઇ રહેલી સુંદર લતાઓવડે રોકે છે. તરંગોવડે ધોવાઈ ગએલી શિલાઓવાળા આ તળાવના જલપ્રાય પ્રદેશો કાદવવડે વિષમતાવાળા થઇ રહ્યા છે, અને અનંત મેઘોવડે અનંત જલમય પ્રદેશને ધારણ કરી રહેલ મૂર્ત્તિમાન આકાશજ કેમ જાણે પૃથ્વીમાં આવી અવતર્યું હોય, તેવું આ તળાવ શોભે છે.[૫] વરસાદને દૂર લઇ જનારા પવનવડે કંપિત થઇ રહેલા કમલના સમૂહમાંથી ઉડેલા મકરંદની કાંતિવડે કેમ જાણે વિજળીના પ્રકાશને પોતાની અંદર ધારણ કરી રહ્યું હોય, તેવું સુશોભિત અને તેનેલીધેજ એક દેશમાં જલબિંદુઓના સમૂહને અને એક દેશમાં અંધકારના સમૂહને ધારણ કરી રહેલ એવું આ તળાવ કેમ જાણે સંધ્યાકાળસંબંધી આકાશ હોય, તેવું દેદીપ્યમાન દેખાય છે.[૬] પોતાનાં બચ્ચાંઓને પોષણ આપવામાટે પોતાના માળા પ્રત્યે લઈ જવાના કમલિનીઓનાં કમલરૂપી કોળીઆના ભારવડે થાકી રહેલા ખભાઓવાળા હંસો, કે જેઓ કેમ જાણે કાળવડે એકઠાં (સંચય) કરી રાખેલાં મૂર્ત્તિમાન ચંદ્રબિંબો હોય તેવા શોભે છે, તેવડે વીંટાએલું આ તળાવ શરદ્ઋતુનાં વાદળાંઓના અનેક ખંડોવડે સુશોભિત થઇ રહેલ આકાશનીપેઠે કેવળ પવનવડે પણ સુંદર દેખાય એવું છે, તો પછી સુગંધિ વાયુવડે તે સુંદર દેખાય તેમાં શું કહેવું ?[૭] કેમ જાણે સુગંધનો ભાર ઉપાડવાથી થાકી રહ્યા હોય, તેમ મંદગતિ કરનાર અને મકરંદના સંપર્કથી આર્દ્ર થઇ

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રહેલા પવનોવડે કંપિત થઈ ગએલ, એવા જલમિશ્ર કાદવને નીચો બેસાડી દઇ જલથી છૂટો પાડી દેવામાં થતી ત્વરાનેલીધે એક જાતના મોટા વિચિત્ર શબ્દને ધારણ કરી રહેલી આ તળાવના તરંગોની પંક્તિઓ પોતાના શબ્દવડે ક્ષોભને પામી ગએલાં પક્ષિઓએ આશ્રય કરાએલી, એવી તીરની લતાઓએ મૂકેલી પુષ્પોની વૃષ્ટિને જે કેમ જાણે પોતાની વૃદ્ધિમાટે પોતાના તટસાથે સાંધી દેતી હોય, તેવી દેખાય છે.[૮] ચપળ એવાં મોટાં કમલોનાં પલ્લવોરૂપી વીંઝણાઓવડે પંખો કરાએલ, ઢળેલાં ચામરનાં જેવાં સુંદર દેખાતાં ફીણોવડે સુશોભિત, ભમરાઓ અને કોયલોના ગાયનવડે ગાજી રહેલ અને સુંદર ગોળ (વર્તુલ) કમલિનીઓરૂપી રમણીય સ્ત્રીઓના સમૂહવડે વ્યાપ્ત, એવું આ તળાવ કેમ જાણે કોઇ રાજાનું અનુકરણ કરતું હોય તેવું ભાસે છે.[૯] ભમરાઓરૂપી શ્રેષ્ઠ પાત્રોના મનોહર પદાર્થોમાં પણ અતિ મનોહર એવા ગીત (ગાયન) વડે શોભાયમાન એવું આ તળાવ કમલોના મકરંદોના સંઘર્ષથી વ્યાપ્ત થઇ રહેલ છે, અને તેનેલીધેજ પીળાં થઇ રહેલાં જલને તે ધારણ કરે છે. વળી કેમ જાણે ફીણના પિંડો બંધાઈ રહ્યા હોય તેવા ધોળાં કમલોના ખંડોવડે આસપાસ (પોતાની નજીક) તે સુશોભિત થઇ રહેલ છે, અને પોતાના તટઉપર આવેલાં ઉપવનોના પુષ્પસમૂહોરૂપી શિરોભૂષણને ધારણ કરી રહેલ છે.[૧૦] સત્સંગતિ જેમ હૃદયકમલને શુદ્ધ કરનાર છે, તેમ આ તળાવ પણ શુદ્ધ હૃદયના જેવાં નિર્મલ કમલોવડે સુશોભિત છે; અને સત્સંગનીપેઠેજ આ તળાવ હૃદયને પરમ આનંદ આપે છે. રસવાળું છે, અને સ્વાદિષ્ટ છે.[૧૧] હે શાંત મહારાજ! જેમ સર્વ શાસ્ત્રના સારરૂપ પરબ્રહ્મમાં વૃત્તિરૂપે પરિણામ પામવાથી મહાત્માઓનાં ચિત્ત નિર્મલ જણાય. તેમ આ તળાવ પણ પોતામાં પ્રતિબિંબિત થઇ રહેલાં શરદ્ઋતુનાં આકાશવડે નિર્મલ જણાય છે.[૧૨] સુંદર એવાં સારસપક્ષીઓવડે રમણીય, ઝાકળવડે વીંટાઇ રહેવાથી કાંઈક લક્ષ્યમાં આવતું અને ઝાકળે પોતાનાં જેવું બનાવી દેવાથી શ્યામતાવિનાનું થઇ ગએલ, એવું આ તળાવ કેમ જાણે ઝાકળનો વરસાદજ હોય, તેવું શોભે છે.[૧૩] હે મહારાજ! જેમ આ દૃશ્ય, બ્રહ્મનાથી જુદું નથી, તેમ તેના પરિણામ આદિરૂપ પણ નથી, છતાં કેમ જાણે જુદુંજ હોય, તેમ દેખાય છે. તેવી રીતે આ તળાવની અંદર રહેલ તરંગ આદિ પણ તળાવથી જુદાં નથી, છતાં કેમ જાણે જુદાં હોય તેવાં દેખાય છે.[૧૪] અહો! પોતાની મેળેજ પ્રવાહરૂપે વહ્યા કરતા અને ચક્રાકાર વર્તુલ ચકરીઓને ઉત્પન્ન કરી રહેલા જલાશયોના તરંગોની પરંપરા (બ્રહ્મની અંદર પોતાની મેળેજ પ્રવાહરૂપે વહ્યા કરતા અને સંસારચક્રની ચકરીઓમાં ગોથાં ખાયા કરતા જડ બુદ્ધિવાળા મૂર્ખપુરુષોની વિચારરૂપી તરંગપરંપરાના જેવીજ) વિષમ છે.[૧૫] કૂવા, વાવ, તળાવ અને સમુદ્ર એઓના જલમાં જેવું અંતર રહ્યું છે તેવુંજ અંતર સ્ત્રી-પુરુષના પાણીનું (રતિનું) પણ સમજી લેવું.[૧૬] જેમ નાનાપ્રકારની જડ યોનિઓના સંબંધવડે (તેમાં ભટકવાથી) કોઇ સુજ્ઞ માણસનું મન જર્જર (જાજરૂં) થઇ જાય તેમ જલમાંજ ઉત્પન્ન થનારાં કમલોના સંબંધવડે જીર્ણ થઈ ગએલાં આ તળાવનાં કમલોને ઠેઠ જર્જરદશાપર્યંત પહોંચાડનાર એવા તરંગોના ભ્રમણવડે અત્યંત વ્યાપ્ત થઇ રહેલ અને સંસારસાગરમાં ચકરીઓની પેઠેજ થયા કરતી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇચ્છા, દ્વેષ આદિ વૃત્તિઓના ફેરફારોની પેઠે અસંખ્યરૂપે દેખાતાં એવાં કમલોને ગણવાને કોણ સમર્થ થઈ શકે?[૧૭] અહો! જલના સંબંધની અને મૂર્ખના સમાગમની ક્રિયા આશ્ચર્યકારકજ છે, કેમકે જલના સંબંધથી અત્યંત સદ્ગુણી કમલ પોતાના સુગંધ સૌંદર્ય મકરંદ આદિ ગુણોને દોષનીપેઠેજ કંઠમાં રાખી (જેમ મૂર્ખસમાગમમાં ગુણોને છુપાવવા પડે તેમ) અંદરજ છુપાવી રાખે છે, અને બહાર સર્વ મનુષ્યોને ખરાબ કાંટાઓના સમૂહનેજ દેખાડે છે.[૧૮] જે ગુણો કમલના તંતુઓની-પેઠે છિદ્રવાળા છે, સુદૃઢ નથી, સૂક્ષ્મ છે, બીજાવડે ઢંકાઈ રહેલા છે, જડતાવાળા છે, તથા અનેક નિઃસાર છે, તેવા સદોષ ગુણોમાં ઉપાદેયબુદ્ધિ ન કરતાં ઉપેક્ષાબુદ્ધિ રાખવીજ યોગ્ય છે.[૧૯] ગુણવડે અને સુંદરતાવડે સુશોભિત તથા યશવડે અને સુગંધવડે પોતાના કુલને પ્રસિદ્ધિમાં લાવનાર એવા મહાત્માઓના અને એવાજ ગુણવાળા આ કમલોના પ્રભાવને વર્ણવવાને વાસુકિ પણ સમર્થ નથી.[૨૦] હરિ (ભગવાન) ના વક્ષઃસ્થલમાં નિવાસ કરી રહેલાં લક્ષ્મીજી પણ શોભામાટે પોતાના હસ્તમાં કમલને ધારણ કરે છે, તો પછી તેના કરતાં કમલની બીજી શી પ્રશંસા કરવી હોય? કાંઈ નહિ.[૨૧] આ સૂર્યવિકાસી અને ચંદ્રવિકાસી કમલનું જલના સંપર્કથી જડપણું અને સૂર્ય ચંદ્રમા ઉપર દ્વેષ રાખવારૂપી મૂર્ખતા એ બન્ને વ્યાપાર તો સમાનજ છે, પરંતુ ધોળાં અને કાળાં રૂપવડે તે બન્નેનું વિસદૃશપણું જણાઇ આવે છે.[૨૨] તળાવોની અંદર નવી ઉદય પામેલી કમલવનની શોભા વિકસિત થઇ રહેલ મંદાર આદિ વનની સાથે સરખાવી શકાતી નથી, તેમ તારાઓવડે યુક્ત એવા આકાશની સાથે પણ તેની સરખામણી કરી શકાતી નથી, તથા એકત્ર ભેગા થએલા ચંદ્રમાઓના સમૂહસાથે પણ તેની સરખામણી કરી શકાતી નથી; કિંતુ નૃત્ય કરી રહેલી સ્ત્રીઓનાં હાસ્યવાળાં મુખની શોભાસાથે તેને સરખાવી શકાય છે.[૨૩] જે ભમરાઓનું અનન્ય ચિત્તવડે પુષ્પલતાઓનો આસ્વાદ લેતાં લાંબુ આયુષ્ય વ્યતીત થઇ જાય છે, તેઓજ વિશેષ ભાગ્યશાળી છે.[૨૪] જે ભ્રમરાઓ આંબાઓના સુગંધ અને મકરંદ આદિ સુંદર ચમત્કારનો આસ્વાદ લે છે, તેઓજ ચમત્કારી છે, બાકી તો પોતાની જાતિમાં એક વધારારૂપ (ભારરૂપ) છે.[૨૫] કમલોની અંદર મકરંદના મદવડે અને સુગંધવડે મત્ત થઇ રહેલા ભમરાઓ જે કાંઇ ગુંજારવ કરે છે, તેઓ એ ગુંજારવના મિષથી બીજાં વનોના સ્વાદવડે સંતુષ્ટ થઈ રહેલા બીજા ભમરાઓને હસે છે.[૨૬] ખરેખર ખેદની વાત છે, કે જે ભમરાએ ચંદ્રબિંબના જેવા કોમળ એવા કમલના ગર્ભની અંદર નિવાસ કર્યો, વિલાસ કર્યો, આનંદનો અનુભવ કર્યો અને શયન કર્યું, તે આ ભમરો શિશિરઋતુમાં નીરસ થઇ રહેલાં વૃક્ષોનાં પુષ્પોમાં કેમ પ્રીતિ કરશે?[૨૭] નહિ વિકસિત થએલી (બીડાઇ રહેલી) મલ્લિકાની મનોહર કળી ઉપર બેઠેલો ભમરો કાલરુદ્રે શૂલમાં પરોવેલા અંધકાસુર જેવો દેખાય છે.[૨૮] હે પ્રિય ભમરા! તું નિરંતર વિવિધપ્રકારનાં પુષ્પોના મકરંદનો આસ્વાદ લેતાં છતાં, સર્વ પર્વતોમાં આવેલાં લતાગૃહોમાં ભમતાં છતાં આજપર્યંત સંતોષને પ્રાપ્ત થતો નથી, તેથી હું એમ જાણું છું કે તું મકરંદમાં લંપટ થઈ જવાથી દુષ્ટ ચિત્તવાળો થઇ રહ્યો છે, કિંવા વનમાંથી તને કશો સાર નથી મળતો.[૨૯] કમલના વનની અંદરના મકરંદનો સ્વાદ અનુભવવામાં કુશલતાવાળા હે ભમરા! તું કમલોના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આશ્રયરૂપ તળાવમાં જ. મકરંદવડે પુષ્ટ થએલા પોતાના દેહને બોરડીઓના ઝાડરૂપી ગુફામાં રહેલ કાંટારૂપી કરવતવડે કપાવ માં.[૩૦] હે ભમરા ! જે હેમંત, શિશિર આદિ ઋતુમાં તને કમલનો લાભ ન થાય, તે ઋતુમાં પણ તું જેમ પંડિત પુરુષ પોતાને યોગ્ય રાજસભા ન મળે ત્યાંસુધી સામાન્ય, પોતાના સ્વરૂપને અનુચિત, એવી રાજસભામાં પણ પોતાનો કાળ કાઢે તેમ અળસીના પુષ્પમાંથી, કમલોનાં પાંદડાંઓના સમૂહમાંથી અને વિકસિત થઈ રહેલાં તમાલમાંથી મળતા મકરંદવડે આયુષ્યના બાકી રહેલા ભાગને સુખથી વ્યતીત કર.[૩૧] હે મહારાજ ! તળાવના પેટાળમાં (નાભિસ્થાનમાં) રહેલી કમલિનીઓનાં કેસરોનો ઉપભોગ કરી રક્ષા કરાએલી અને કમલિનીના જેવીજ શોભાવડે રમણીય, એવી હંસોની પંક્તિરૂપી નિર્મલ વેલ કેમ જાણે સામનું ગાયન કરતી હોય, તેમ ગંભીર શબ્દ કરે છે, તે આપ જુઓ.[૩૨] આકાશમાં પોતાની સ્ત્રીને હસીને અનુસરી રહેલો હંસ, હીંચકા જેવા કમલના માળામાં રહેલી અને તળાવમાં પ્રતિબિંબિત થઇ રહેલી પોતાની સ્ત્રીને જોઈ તેના પડવાની અને જલમાં ડૂબવાની શંકાથી મૂર્છિત થઇ જાય છે.[૩૩] હે મહારાજ ! કોઇને પણ આવું અત્યંત વ્યસનીપણું થશો નહિ, કે જે વ્યસનના બળથી હંસની (પોતાની) સ્ત્રીને અનુસરી રહેલ હંસ તેને જળમાં પ્રતિબિંબિત થએલ જોઇ તેના બૂડી જવાની શંકાથી મૂર્છિત થઇ મરણને પ્રાપ્ત થઈ ગયો.[૩૪] હે મહારાજ ! રાજહંસ લીલાવડે જે કાંઈ મધુર અને ગંભીર શબ્દ કરે છે, તેવો શબ્દ બગલો સેંકડો વરસ શીખે તોપણ તેને આવડે એમ નથી.[૩૫] જન્મસ્થાન, આકાર, જાતિ, ચેષ્ટા અને આહાર, ઇત્યાદિ સમાન છતાં હંસમાં અને રાજહંસમાં જે કાંઈ અત્યંત તારતમ્ય રહેલ છે, તે જુદાજ પ્રકારનું છે.[૩૬] આકાશમાં ધોળી પાંખોવડે ગતિ કરનાર અને કમલોના સમૂહને શોભાવનારો હંસ, આકાશમાં શુક્લપક્ષમાં વૃદ્ધિ પામનાર અને કમલોના સમૂહને વિકાસ આપનાર ઉદય પામતા ચંદ્રમાનીપેઠે સર્વના ચિત્તને આનંદ ઉપજાવે છે.[૩૭] ઉંચા નાળવાળી કમલિનીના નાળરૂપી કદલી–સ્તંભવડે વ્યાપ્ત એવા કમલવનમાં વિહાર કરનાર હંસોની શોભાને બીજો કયો પક્ષી પ્રાપ્ત થાય છે ?[૩૮] તરંગરૂપી કંકણને ધારણ કરનાર, ચપળ જલબિંદુઓના સમૂહરૂપી હારવડે શોભાયમાન, કુમુદ, ઉત્પલ, કહ્લાર આદિ પુષ્પોના સમૂહવડે સુંદર, ભમરાઓરૂપી ચપળ કેશલતાને ધારણ કરી રહેલ, અવાજ કરનાર સારસપક્ષીઓરૂપી નૂપુરવડે સુશોભિત, વર્તુલ એવી ચકરીરૂપી નાભિવાળી, ચપલ તરંગોરૂપી લોચનોથી રમણીય, જલની પૂર્તિ કરનાર પોતાના પ્રિયપર્વત-તરફ જોયા કરતી, આ નદી જેમ સુંદર બે નૂપુરોવડે સ્ત્રી શોભે તેમ સુંદર હંસના બે બાલકવડે બહુ દીપી નીકળે છે.[૩૯-૪૧] હે હંસ ! તું જલકાગડા, બગલાઓ અને કાગડાઓરૂપી હિંસક પ્રાણીઓવડે વિશેષે કરી ભરપૂર થઇ રહેલા આ તળાવમાં એકલો નિવાસ ન કર; કેમકે આપત્તિમાં પણ અહીં સમાનશીલવાળા, સમાન વયવાળા અને સમાન વચનવાળા પોતાના વર્ગના હંસો સાથેજ સંગતિ રાખવી, એ પરિણામે સુખ આપનાર છે.[૪૨] પોતાના ચરણવડે મોટા હાથીઓનાં મસ્તકરૂપી તટને દબાવનાર, કેવળ કમલના વનમાંજ વિહાર કરનાર, કહ્લાર, ઉત્પલ આદિ જાતિનાં કમલ ડોલર, ચંપો અને બીજી લતાઓ તેઓના ઉપભોગવડે સૌભાગ્યવાળો આ ભ્રમર પણ દૈવયોગે, યોગવડે ઉંચા નાળવાળી કરી દીધેલ હૃદયકમલરૂપી કમલિનીનો પ્રાણાયામવડે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિકાસ કરી દઇ કદલીનીપેઠે જે તેને સ્તંભન કરવું, તેવડે વ્યાપ્ત થઇ ગએલ એવા હૃદયરૂપી વનમાં વિહાર કરનાર પરમહંસની શોભાને કયો આકાશચારી દેવતા પણ પામી શકે છે ? કોઇ નહિ. ઠંડી શિશિરઋતુમાં ઠેકાં અને ઘાસનો આસ્વાદ લેતા સૂકાઇ ગએલા બગલા જેવો થઇ ગયો છે. અહો ! વિપત્તિવડે મોટાઓને પણ દીનતામાં ચિત્તની યોજના કરવી પડે છે.[૪૩] હે મહારાજ ! હું કે જે હંસની પાંખોવડે સરલ થઇ રહેલા કમલના વનમાં ફરતો હતો તેને મહા દેદીપ્યમાન કમલનાં પાંદડાંની અંદર બેઠેલા હંસના બાળકે પોતાના પિતા પ્રત્યે ઉંચે સ્વરે જે વાકય કહ્યું તે ઘણો સમય વિચાર કરતાં હમણાં યાદ આવે છે, કે હે તાત ! આ કમલિની મધ્યાહ્નકાલમાં પણ મારા મસ્તકના ભાગ ઉપર કેમ જાણે ધોળાં મોતીઓની વૃષ્ટિ કરતી હોય તેમ સહસા ફેલાઇ જનાર પોતાના ઠંડા જલબિંદુઓના સમૂહને પ્રત્યક્ષ રીતે નાખે છે, તે જુઓ. (એમ હંસનું બાલક પિતાપ્રત્યે કહેતું હતું.)[૪૪] આકાશમાં ગતિ કરનાર ચંદ્રમાનીપેઠે આ તળાવના શાંત જલમાં મૌનપણે ઘણા કાલથી ગતિ કરનાર હંસની પાંખોવડે હણાએલાં કમલોના નાળોનાં અથડાવારૂપી પાષાણના અવિછિન્ન પ્રત્યાઘાતવડે કમલરૂપી પડીયામાંથી કેમ જાણે સાક્ષાત્ બ્રહ્માના કમલમાંથી નીચે પડતા હોય તેમ જે જલબિંદુઓ એ હંસની ઉપર પડે છે, તેને નીચે જલની અંદર ફરનારાં પ્રાણીઓ ગંગાજલની પેઠે પ્રસન્નતાથી તરતજ પી જાય છે.[૪૫]

व्योम्नींदोरिव सौम्यवारिणि चिरं निःशब्दकं सर्पतो हंसस्यांसहताब्जनालवलनानिष्कंपटंकक्षतैः ॥ गंगावारिवदत्र पुष्करपुटाद्ब्रह्मादिवास्योपरि पद्मा ये जलबिन्दवो जलचरा हृष्टाः पिबन्त्याशु तान् ॥४५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પદ્મભ્રમરહંસવર્ણન' એ નામનો એકસો સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૧૭

સર્ગ ૧૧૮ મો.*

બગલા આદિનું વર્ણન

॥ सहचरसहचर्यः क्रमेणोचुः ॥

निर्गुणस्य बकस्यास्य गुणएकोस्ति दृश्यताम्॥ यत्प्रावृषं स्मारयति प्रावृट् प्रावृडिति ब्रुवन् ॥१॥

સહચર અને સહચરીઓ ક્રમેથી કહે છે કેઃ—આ બગલો કે જે સાવ ગુણથી રહિત છે, તેમાં એક મોટો ગુણ રહ્યો છે, તે આપ જુઓ કે, પ્રાવૃટ્ પ્રાવૃટ્ એવો એક અસ્ફુટ અવાજ કરતાં તે વર્ષાઋતુનું સ્મરણ આપે છે.[૧] હે બગલા ! તું તળાવની અંદર રહેવાથી વર્ણવડે હંસના જેવો જણાય છે, તો હવે જલકાગડાઓ સાથે મિત્રતા, ક્રૂરતા અને (કડવી) વાણી, એ ત્રણે દોષને છોડી પ્રસિદ્ધ રીતે બરાબર હંસતુલ્ય થઇ જા.[૨] હે અત્યંત ચતુર મહારાજ ! માછલાંઓ મારવામાં અતિનિપુણ, એવા જે જલકાગડાઓ ચોતરફ ફર્યા કરતાં જલચર પ્રાણીઓવાળાં જલની અંદર વારંવાર પ્રવેશ કરી માછલાંઓને ચાંચમાં પકડી લઇ ગળી જતા હતા, તે જલકાગડાઓ દૈવયોગે આજે કોઈ કારણથી મરી ગએલા મોટા મત્સ્યોને ખાઇ જતાં ગળાના રોગવડે દુખિત થઈ જઇ અત્યંત ક્ષુધાના સમયમાં પણ હારબંધ બેઠા છતાં પાંગળાની પેઠે પોતાની પાસે સુખથી પકડી શકાય તેવાં માછલાંને પણ પકડી શકતા નથી.[૩] જલકાગડાની પેઠેજ સ્વાર્થવડે લોકો મરવાને તૈયાર

* આ એકસો અઢારમા સર્ગમાં જલકાગડાઓ, બગલાઓ, મોરો, વિયોગી વટેમાર્ગુઓ (પાંથો) માછલાંઓ અને બપૈયાઓ એ સર્વનાં ચરિત્રો વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઇ જાય છે, એમ પોતાની ક્રિયાવડે સૂચના આપતા જલકાગડાની, મારો એ ગુરુ છે, એવી રીતે કોઇ દુર્જન સ્તુતિ કરે છે.[૪] પોતાની ડોકને ઉંચી કરી રહેલો અને ફેલાવેલ નિર્મલ સુંદર પાંખોવાળો આ આકાશમાં આપણી પાસે હંસજ ઉભો છે, એમ પ્રથમ લોકોએ બગલાને જોઇ નિશ્ચય કર્યો, પરંતુ જ્યારે તેણે તળાવના જલમાંથી માછલીઓને પકડવા માંડી, ત્યારે સર્વ લોકોને એમ પ્રતીતિ થઇ કે આતો ખરેખર બગલો છે.[૫] ઘણા લાંબા કાલથી ચપલ થઇ રહેલા અને આ તળાવમાંજ તપના જેવો દંભ કરી બેઠેલા બગલાઓને જોઇ ધૂર્તના ચરિત્રને જાણી રહેલી કોઇ સ્ત્રી, બીજે સ્થલે ઘણા લાંબા સમયથી વિષયોમાં લંપટ થઈ જવાનેલીધે ચપળ થઇ રહેલ છતાં આ તળાવમાંજ તપનો દંભ કરી બેઠેલા અને અંધકારનો ઉદય થતાંસુધી ત્યાં રહેનારા ધૂર્તોને જોઇ વિસ્મિત થઈ ગઈ.[૬] કોઇ સ્ત્રી પોતાના પતિને કહે છે કે, આ જલની અંદર ટાઢને ન ગણકારનારી આ ગામડાંની સ્ત્રીઓ ધોળાં કમળોને લઈ જાય છે. તમે પણ તેની પછવાડે જવાને ઇચ્છો છો, માટે હું તમારી પ્રિયા નથી, તેથી હવે હું પણ ચાલતી થાઉં છું.[૭] આવી રીતે માર્ગમાં કોપને પ્રાપ્ત થએલી પોતાની પ્રિયાને મનાવવામાટે આ પથિક (વટેમાર્ગુ) યત્ન કરી રહ્યો છે. આ વૃત્તાંતને પુષ્પલતાઓની ગુફાવાળા ક્રીડા કરવાના કાંઠા પાસે આવેલાં વનને વિષે હાવભાવસહિત ચલનવલન કરતાં કાંઈક કોપવાળી દૃષ્ટિને અને હાસ્યને ધારણ કરી રહેલી આ વારાંગના કહે છે, તે હે નરશ્રેષ્ઠ મહારાજ ! આપ જુઓ.[૮,૯] બગલાઓ, જલકાગડાઓ અને ભિલ્લ આદિ હિંસક પ્રાણીઓ જો કે એકત્ર નિવાસ કરનાર છે, તોપણ મૂર્ખો અને વિદ્વાનોની પેઠે તેઓની બુદ્ધિનો પરસ્પર મેળ થતો નથી.[૧૦] બાંધ્યા પક્ષીની પાંખમાં રહેલા ક્રીડા (પતંગ) કિટકિટ એવો અવાજ કરે છે અને કેમ જાણે તે ઘણા જુના સમયથી પૂર્વકાલમાં સંચય કરેલાં પાપની તેના ઉપરના ભાગમાં ફરક્યા કરતી ધ્વજા હોય, એવો દેખાય છે.[૧૧] તળાવના કાંઠા ઉપર આવેલા ઝાડની અંદર રહેલો ચપળ બગલો જ્યાં પોતાનો અવાજ કરે છે, તેટલામાં માછલીએ કાંઇક જલવાળાં તળાવનાં ખાબોચીયામાં સ્નેહનેલીધે જેમ પતિના વક્ષઃસ્થલને સ્ત્રી પકડી લે, તેમ તેમાં ભયનેલીધે પોતાના સંપૂર્ણ બળવડે કૂદી પડી મરી જઇને પણ નિપુણતાથી પોતાના દેહની રક્ષા કરી. કેમકે આ સંસારમાં કોઇ મોટી આપત્તિ આવી પડે ત્યારે હૃદયનો ભંગ થઇ જઇ મરી ગયાવિના બીજું કશું સુખ આપતું નથી.[૧૨] બગલા, અજગર અને જલકાગડા આદિ પ્રાણીઓનાં ઉદરમાં પેઠેલા અને ચાવ્યાવિનાજ તેઓએ ગળી જવાએલા મત્સ્ય આદિ જીવોનાં ચિત્તની સ્થિતિ સુષુપ્તિના જેવી એક મૂર્ચ્છારૂપજ છે, એમ હું માનું છું.[૧૩] જલચર જીવોને પોતાની પાસે ઉભેલ જલકાગડાઓ, બગલાઓ, ગીધો, ભીંદડાઓ અને સર્પોને જોઇ જે ભય ઉત્પન્ન થાય છે, તેની પાસે વજ્રપાતનો ભય પણ તૃણના જેવો અતિ તુચ્છ છે, એમ પૂર્વજન્મની સ્મૃતિવાળા કોઈ વિદ્વાને આગળ મને કહ્યું છે.[૧૪] ભમરાઓ (નેત્રની શોભાના બળથી) પોતાની પાસે આવતાં નવાં કમલોને અને કેતકીનાં પુષ્પોને વિખેરી નાખનાર તથા આ તળાવના કાંઠા ઉપર આવેલા વૃક્ષનાં પુષ્પોવડે સુશોભિત, એવા નીચેના પ્રદેશમાં બેઠેલા, આ અજ્ઞાન મૃગો કે જે આપણી પાસેજ ઉભેલ છે, તેને આપ રાણી આદિ પ્રિયાવર્ગને બોલાવીને દેખાડો.[૧૫] મયૂર મહાશયપણાનેલીધે ઇંદ્રની પાસે જલની યાચના કરે છે અને ઇંદ્ર પોતે મહાત્મા હોવાથી તેની યાચના ઉપરથી આખી પૃથ્વીને જલવડે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પૂરી દે છે.[૧૬] આ મયૂરો વાછડાઓની પેઠે મેઘોને અનુસરે છે તેથી એમ અનુમાન થાય છે કે મલિન (મેલા)નો પુત્ર મલિનજ હોય છે.[૧૭] મૃગોને જોઇ પોતાની પ્રિયાનાં નેત્રોનો વિચાર કરતો કોઇ પથિક પોતાની પાસે રહેલા પદાર્થોના સંબંધમાં યંત્રની પૂતળીના જેવો સ્તબ્ધ બની ગયો.[૧૮] મયૂર પૃથ્વીના જલનું પણ ગ્રહણ કરતો નથી અને સર્પને બલાત્કારથી પકડી ખાઇ જાય છે. આ બાબતમાં સર્પની કાંઇ દુષ્ટતા કારણરૂપ છે કે મયૂરનીજ કાંઇ દુષ્ટતા કારણરૂપ છે, તે હું જાણી શકતો નથી.[૧૯] સજ્જનના ચિત્તના જેવાં નિર્મલ મોટાં તળાવને છોડી દઇ આ મયૂર આકાશમાંથી પડનારા મેઘના જલનું પાન કરે છે, તે તળાવમાં પોતાનું માથું નીચું નમાવવું પડે તેના ભયથી છે, એમ હું માનું છું.[૨૦] પૂરેલ સુંદર કળારૂપી મેઘને ધારણ કરી રહેલા આ મયૂરો કે જેઓ કેમ જાણે વર્ષાઋતુનાં મૂર્ત્તિમાન બાળકોજ હોય, તેવા શોભે છે, તેઓ પોતાની પિંછીમાં રહેલાં કાંતિમાન ચાંદરડાંઓને કંપાવે છે, તે આપ જુઓ.[૨૧] આ શ્રેષ્ઠ વનની અંદર વનના પવનવડે ફેલાઇ જનાર અને ચપળ મોરપિંછીનાં ચાંદરડાંરૂપી સુંદર તરંગવાળા મયૂરોને આ સમુદ્રજ કેમ જાણે મોતીઓનું દાન આપી નચાવતો હોય, તેમ નૃત્ય કરાવે છે.[૨૨] હે આશ્ચર્ય પામેલ બપૈયા ! હવે તું વનભૂમિમાં ઉગેલ લીલા તૃણ (ઘાસ)નું ભક્ષણ કર, જળનું પાન કર અને કેળોના વનમાં જઇ વિશ્રાન્તિ કર. કારણ કે આ ગ્રીષ્મ ઋતુમાં અગ્નિથી સૂકાઈ ગએલા વૃક્ષોમાં રહેવાથી તને સુખ મળશે નહિ.[૨૩] હે મયૂર ! આ પર્વત ઉપર સમુદ્રના જલથી ભરપૂર મેઘ આકાશમાં ચઢેલ નથી. પરંતુ દાવાનળથી બળી ગએલા વનની અંદર વૃક્ષોનાં કોતરોના અગ્રભાગમાંથી ધૂમાડો નીકળે છે.[૨૪] જે મેઘે શરદ્ઋતુમાં પણ જલવડે મયૂરની તૃપ્તિ કરી તે મેઘ વર્ષાઋતુમાં પણ તળાવને જલવડે ન પૂરી દે, તો એ વાત બાળક કિંવા ક્ષુદ્ર લોકનેજ યોગ્ય છે. ઉદારતાના સમયમાં પણ વાપરેલ આ કૃપણતા જોઈ પામર લોક જે તેની હાંસી કરે, તેવડે સજ્જન માણસના ચિત્તમાં દુઃખ થાય, એમ વિચારી મયૂર પોતાનો સર્વ સમય (કશું બોલ્યાવિના) તૃષાવડેજ ગાળવા લાગ્યો.[૨૫] મયૂર તૃષાવડે પીડાતો હોય તોપણ વરસાદના સ્ફટિકના જેવા નિર્મલ જલનું પાન કરી પછી માર્ગમાં બીજાં ડોળાં જલને પીતો નથી. મેઘનું સ્મરણ કરી તે પોતાના આત્મામાં હરખાય છે, પણ મરી જતો નથી કેમકે ગુણવાનની ઉપર આશા બાંધી બેસનારાઓનો શ્રમ પણ આગળ જતાં પરિણામે સુખકારક નીવડે છે.[૨૬] જેમ મૂર્ખ પુરુષો કેવળ વાતોથીજ પોતાનું જીવિત વ્યતીત કરે તેમ આ વર્ષાકાલમાં પથિકો પણ પ્રિયાની કથાઓવડેજ માર્ગસંબંધી પોતાની દુર્દશાને વ્યતીત કર્યે જાય છે.[૨૭] હે મહારાજ ! અહીં આ તળાવમાંથી કમલ, ઉત્પલ, કુમુદ, બિસ, મૃણાલ, આદિ કમલોના ભારને અને કમલોનાં પાંદડાંઓમાં ભરી લીધેલા જલના ભારને ઉપાડી આ તરુણ સ્ત્રીઓ ચાલી જાય છે, તે આપ જુઓ.[૨૮] "અરે ! આ ભારને તમે શામાટે વહન કરો છો ?" એમ તેઓને પૂછવાથી એ તરુણ સ્ત્રીઓએ ઉત્તર આપ્યો કે, હે પથિક ! પતિના વિયોગનાં દુઃખથી ચઢી આવેલા જ્વરવડે તાપને પ્રાપ્ત થઇ ગએલી એક પથિકાંગનાની અમે બાલ સખીઓ છીએ (તેની શાંતિમાટે આ લઈ જઇએ છીએ.)[૨૯] પછી પોતાના પતિમાં રાગવડે રંગાએલ ચિત્તવાળી, સ્તનના ભારવડે વ્યાપ્ત અને વિલાસવડે સુશોભિત એવાં અંગને ધારણ કરી રહેલી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એ તરુણ સ્ત્રીઓને જોઈ પથિકાને પોતાને ઘેર રહેલી પોતાની પ્રિયાઓ સ્મરણપથમાં આવી ગઇ (સાંભરી આવી).[૩૦] તેમાંથી કોઇ પથિક પોતાની પ્રિયાનું સ્મરણ કરી કહેવા લાગ્યો કે સંપૂર્ણપણે જલવડે ભરેલા મેઘોરૂપી અંધકારવડે શ્યામ, એવાં આકાશને જોઇને અને સારી રીતે વિકસિત થઇ રહેલાં તથા વાદળાંનીપેઠે અને અંધકારનીપેઠે શ્યામ એવાં શૂન્ય અને ગહન વનને જોઇ મારી પ્રિયા પ્રલાપ કરે છે, પૃથ્વી ઉપર મૂર્છાવડે પડી જાય છે તથા ચાલતાં ચાલતાં લથડી પડે છે, એમ મને ભાસે છે.[૩૧] ભમરાઓની પંક્તિઓવડે અને બીજાં કમલોવડે વીંટાઇ રહેલ એવાં કમલરૂપી પાનપાત્રમાંથી સ્રવ્યા કરતા મકરંદરૂપી મદ્યના પાનવડે મત્ત થઇ રહેલો અને કાંઠા ઉપર આવેલાં વૃક્ષોનાં પાંદડાંઓનાં નૃત્યવડે ઉત્પન્ન થતા કોમળ, ગંભીર અને મનોહર શબ્દના સમૂહવડે પોતાના ગુણોને સૂચવી આપતો આ વાયુ વાય છે, કે જે વિરહીને કામોદ્દીપક હોવાથી ખરેખર ખેદકારક છે.[૩૨]

भृंगावलीकुवलयावलिताब्जपात्रसंप्रेर्यमाण-
नलिनीमधुपानमत्तः ॥ हा वाति तीरतरु-
पल्लवलास्यलब्धसंमुग्धशब्दगणगीतगुणो नभ-
स्वान् ॥ ३२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'હરિણમયૂરબ્રહ્મમુગ્ધાદિવર્ણન' એ નામનો એકસો અઢારમો સર્ગ સંપૂર્ણ. ૧૧૮

सर्ग ११९ मो.*

પથિકનું શ્મશાનગમન સુધીનું વર્ણન

॥ सहचरा ऊचुः ॥

कथयत्येष पथिकः पश्य मंदरगुल्मके ॥
प्रियायाश्चिरवृत्ताया वृत्तां विरहसंकथां ॥१॥

સહચરો કહે છેઃ—હે મહારાજ! જુઓ આ પથિક મંદરાચલના નિકુંજની ઝાડીમાં ઘણે લાંબે કાલે ભેગી થએલી પોતાની પ્રિયા પાસે પોતાને પ્રથમ વીતી ગએલી વિરહની વાતો કરે છે.[૧] (તે પથિક કહે છે) તારા વિયોગની અવસ્થામાં એક દિવસે વીતેલું આ વૃત્તાંત કે જે આશ્ચર્યકારક છે, તે તું સાંભળ. હું તારી પાસે પોતાનું વૃત્તાંત મોકલવાને દૂતસંબંધી વિચારમાં પડી પોતાના મનમાં કહેવા લાગ્યો.[૨] આ મહાપ્રલયકાલના જેવા વિયોગસમયમાં હું કે જે અહીં રહ્યો છું, તેના વૃત્તાંતને સંદેશારૂપે લઈ જઈ મારી સ્ત્રીએ કરેલા સત્કારનું પાત્ર થવાને મારે ઘેર જાય, એવો કયો દયાલુ દૂત છે, કે જે પારકા દુઃખની શાંતિ કરવામાટે પ્રીતિવડે સરલતાથી નિરંતર યત્ન કરે? હું ધારું છું કે એવો પુરુષ આ જગતમાં છેજ નહિ.[૩] અહો! હવે મને યાદ આવ્યું કે આ શિખરની અંદર રહેલો મેઘ પરદુઃખની શાંતિ કરવી, ઇત્યાદિ ગુણોવડે સંયુક્ત છે, કામદેવના ઘોડાની પેઠે તરતમાં મારે ઘેર જઈ શકે તેવો છે, પરોપકાર કરવામાં બહુ રસિક છે, અને વિજળીરૂપી સ્ત્રીએ સહિત અહીં રહેલ છે.[૪] હે ભાઈ મેઘ! તું કે જે ગુણવાન છે, તે યોગ્ય અને પોતાના કંઠમાં ગુણને (પ્રત્યંચાને) ધારણ કરી રહેલ એવા ઇંદ્રધનુષ્યને ગ્રહણ કરી આ આકાશમાર્ગમાં ગતિ કરી પ્રથમ મારી પ્રિયાની, ઝરતા જલબિંદુઓવાળા પોતાના શીતલ પવનવડે આશ્વાસના કર. પછી મારો સંદેશો પહોંચાડવાને મંદ મંદ ગર્જના કર. મુહૂર્ત માત્ર દયા કર, કેમકે તારી ગાઢ ગર્જનાને મારા વિરહના દુઃખથી આંસુવડે પૂર્ણ નેત્રવાળી અને બાળ કમલના જેવાં કોમળ અંગવાળી મારી બાળ પ્રિયા સહન કરવાને સમર્થ નથી.[૫] હે મેઘ!

* આ એકસો ઓગણીશમા સર્ગમાં કોઈ પથિક પોતાની પ્રિયાને પ્રાપ્ત થતાં તેની પાસે તેના વિયોગથી થએલી પોતાની પ્રથમની શ્મશાનગમન-પર્યંતની દશાને વર્ણવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

મારા હૃદયાકાશમાં ચિત્તરૂપી શલાકાવડે આલેખી મેં આલિંગન કરેલી છતાં મારી સુશીલ પ્રિયા હમણાં અહીંથી કોણ જાણે ક્યાં ચાલી ગઈ તે હું જાણી શકતો નથી ![૬] હે કોમલાંગી પ્રિયા ! ઉપર પ્રમાણે મેઘને કહી તારી ચિંતાને પરવશ થઈ રહેલી બુદ્ધિવાળો હું કે જેના મનની કલ્પના અંદરજ લીન થઇ ગઇ હતી, તેની એ સ્મૃતિ પણ તારી સાથેજ કોણ જાણે ક્યાંય જતી રહી ! એ સ્મૃતિનો લોપ થઈ જવાને લીધે હું પરવશ શરીરવાળો બની જઇ (મૂર્છાનેલીધે) લાકડું અને ભીંત, એ બન્નેના જેવા જડ અવયવવાળો થઇ ગયો. કેમકે વિરહના કલેશથી થનારા પરાભવને સહન કરવાને કોણ સમર્થ થઇ શકે ?[૭] પછી મને તેવી સ્થિતિમાં જોઇ પથિકોનો સમૂહ ભેગો થઈ ગયો, અને મોટા આરંભવડે હાહાકાર શબ્દ કરી રહેલી આવતી પથિકાંગનાઓના વિસ્તારવાળા છાતીના પ્રહાર નીસાથે " અરે અરે ! હાય હાય ! ખરેખર કષ્ટ છે કે આ પથિક મરી ગયો " એવો કોલાહલનો ધ્વનિ ઉત્પન્ન થઈ ગયો, અને તેમાં કેટલાએક તો દુઃખને લીધે ભ્રષ્ટસ્વરવાળા પોતાના આર્ત પ્રલાપવડે મેઘનો તિરસ્કાર કરવા લાગ્યા.[૮] પછી તે પથિક લોકો આ મરી ગયો છે, એવો નિશ્ચય કરી આંખોમાં આંસુ લાવી, શબને યોગ્ય, એવી ગંધપુષ્પ આદિ પૂજની રચના કરી, લાકડાંઓને એકઠાં કરી બાળવા માટે (મને) અતિભયાનક સ્મશાનભૂમિમાં લઈ ગયા, કે જે બળ્યા કરતી ચિતાઓના થયા કરતા અનેક તડતડાટના સ્ફુટ અવાજથી મહા ઉદ્વેગ ઉત્પન્ન કરે, એવું હતું.[૯] હે કમલના જેવા સુંદર મુખવાળી પ્રિયા ! પછી ત્યાં આંસુવડે પૂર્ણ એવી આંખો અને આંસુવાળા કેટલાએક પથિકોએ મને ચિતારૂપી શયનમાં સુવાડ્યો ને બંધાઇ ગએલાં લોકોનાં ટોળાંઓનીપેઠે ચારેકોર પોતાની રેખાને પ્રસારી રહેલ તથા ધૂમાડાઓથી અવિછિન્ન રીતે વ્યાપ્ત, મદોન્મત્ત મૃત્યુના મસ્તક ઉપર રહેનાર ઉત્તમ ચૂડામણિના જેવું મહા દેદીપ્યમાન, એવું અગ્નિરૂપી સુવર્ણ એક અંશમાત્ર જ્યારે દેખાવા લાગ્યું,[૧૦] ત્યારે તે સમયે કમલલતાના જેવી કોમળ, કાળી, લંબાઇથી અને સંકોચથી વક્રતાવાળી, ગરમ મિજાજની નાની નાગણી જેમ કોઈ નોળીઆએ ભયભીત બનાવી દેવાથી પૃથ્વીનાછિદ્રમાં પ્રવેશ કરે, તેમ કમલલતાના જેવી કોમળ, કાળી, ઉષ્ણતાવાળી અને લંબાઇથી તથા સંકોચથી વક્રગતિવાળી ધૂમલેખા (ધૂમાડાની રેખા) મારા નાસિકાના છિદ્રમાં અને ગળાના રંધ્રમાં સત્વર પ્રવેશ કરતા તૈયાર થઈ ગઇ.[૧૧] જેમ વજ્રના જેવા દૃઢ શરીરવાળા બ્રહ્મા, સર્વ ઉપર દૃઢતાથી પડનાર એવા મૃત્યુના ભાલાઓના સમૂહવડે પીડિત ન થાય, તેમ હું તારા સંકલ્પરૂપી અમૃતપાનનેલીધે કેમ જાણે કવચવડે રક્ષા કરાએલ હોઉં તેમ, એ ધૂમાડાઓના ગોટાઓથી પીડિત થયો નહિ. તું કે જે હૃદયરૂપી ઘરમાં મારી પાસેજ બેઠેલી હતી તથા કામદેવની એક નદીરૂપ હતી, તેમાંજ ચિત્તવૃત્તિદ્વારા મગ્ન થઈ રહેલો હું અગ્નિવડે બળવાથી મર્મસ્થલો જોકે કપાઇ ગયા જેવાં થઇ રહ્યાં હતાં તથાપિ તેની વેદનાને પણ સ્ફુટ રીતે જાણી શક્યો ન હતો; તો પછી ધૂમાડાની તો શીજ વાત કહેવી ![૧૨] હે કોમલાંગિ ! એ સમયમાં (મૂર્છિત અવસ્થામાં) મેં હૃદયની અંદર તારી સાથે લીલાવડે ચપળતાવાળું એવું તો યોગ્ય (ઉત્તમ) સુખ અનુભવ્યું છે, કે જેની પાસે કેમ જાણે આપણે અમૃતના પ્રવાહમાં મગ્નજ થઇ રહ્યાં હોઇએ, તેમ આ તૈલોક્યના આધિપત્યનું (તેથી થનારૂં)

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુખ પણ મર્મપ્રહારના જેવું અત્યંત તુચ્છજ છે, એમ મને જણાય છે.[૧૩] તે તારી લીલા, તારા તે વિલાસો, તે તારું મંદહાસ્યવાળું બોલવું, તારા સુંદર કટાક્ષો, મણિઓવડે સુશોભિત એવો તારો એકાવલી–હાર, આનંદના અનુભવપૂર્વક થએલ સંભોગના સમયમાં યોગ્ય એવી આલિંગનક્રિયા, તે સમયમાં ઉચિત એવી નખક્ષત આદિની ચેષ્ટાઓ, મધુર શબ્દવાળું હસવું અને ચપળપણાથી ચિત્તમાં ક્ષોભ ઉપજાવવો, ઇત્યાદિ જ્યારે મારા સ્મરણમાં આવે છે, ત્યારે તેમાંનું એવું કશું પણ નથી કે જે મને અમૃતરસના જેવો આનંદ ઉત્પન્ન કરે ?[૧૪] હે બાલે ! તારા સમાગમમાં સંભોગવડે થનારાં સુખરૂપી રસાયનવડે અતિ તૃપ્ત થઇ પછી હું શ્રમવડે પીડિત થતાં શરદ્ઋતુના શીતળ અને નિર્મળ કાંતિવાળા ચંદ્રબિંબનીપેઠે કોમળ, નિર્મળ તથા શીતળ એવી શય્યામાં સૂઇ ગયો.[૧૫] એ સમયે ચંદનના ગારા જેવા શીતળ લંબાયમાન ચંદ્રખંડમાંથી વજ્રપાત થવો અસંભવિત હોય તેમ અત્યંત અસંભવિત અને પોતાની શય્યામાંથી ઉત્પન્ન થએલ તથા પોતાના અંગમાં ફેલાઇ ગએલ શબ્દવાળો, ચિતામાં પ્રજ્વલિત થઇ રહેલો અગ્નિ ક્ષીરસાગરમાં પ્રકટ થએલ વડવાનલનીપેઠે મારા જોવામાંઆવ્યો.[૧૬]

સહચરો કહે છેઃ—હે મહારાજ ! ઉપરપ્રમાણે પોતાનો પતિ કહેતો હતો તેટલામાં તો એ અજ્ઞાન સ્ત્રી પોતાનાં અજ્ઞાનનેલીધે પોતાના પતિના મરણની સંભાવનાથી "અરે હાય હું મરી ગઇ છું" એમ બોલી મૂર્છિત થઇ ગઇ.[૧૭] આ પથિક પોતાની તે પ્રિયાની જલવડે અને કમલિનીનાં પાંદડાંના પંખાવડે આશ્વાસના કરી તેની મૂર્છાને શાંત કરી કંઠમાં ગ્રહણ કરી આ મંદરાચળના નિકુંજમાં રહેલ છે.[૧૮] પાછું ફરી વાર મૂર્છાથી, તે ભયથી પોતાની પાસે રહેલી પ્રિયાની દાઢી પકડી પાછી તેજ કથા કે જે અવશેષ રહેલ છે, તેને કહે છે, તે આપ જુઓ.[૧૯] (પથિક કહે છે) હું મનમાં કાંઇક ખેદ લાવી "અહો આ અગ્નિ છે" એમ ત્વરાવડે કહેવા લાગ્યો, ત્યાંતો એ જગ્યાએ આવેલા પથિકાએ (મારાં પુનરુજ્જીવનથી) પ્રસન્ન થઇ જઈ ખરખરના શબ્દવાળી એ ચિતાને તરતજ ક્ષણવારમાં ચૂંથી નાખી.[૨૦] પછી તે પથિકા (મરી ગયા પછી પાછા જીવતા થયાના) હર્ષવડે ચપળ તાળીઓના વિલાસરૂપી વાજાં વગાડી મને ચિતામાંથી ઉઠાડી હું કે જેને મંગળમાટે અનેક વૃક્ષમંજરીઓના મુકુટવડે પૂર્ણ કરી દીધો હતો તેનું આલિંગન કરી સારી રીતે વીંટી લઇ, હર્ષથી અવાજ કરવા લાગ્યા, હસવા લાગ્યા, ગાવા લાગ્યા, નાચવા લાગ્યા અને ફરવા લાગ્યા.[૨૧] વિષમ એવા ભૂતોના નાયકોને સુખ આપનાર, ભસ્મથી, સર્પોથી અને શબની ખોપરીઓના સમૂહોથી વ્યાપ્ત, ચંદ્ર જેવાં ધોળાં હાડકાં અને કપાળોવાળું, તે શ્મશાન કેમ જાણે કાળભૈરવનું શરીર હોય, તેવું મહાભયાનક જણાતું હતું.[૨૨] પડખે આવેલાં વનની છાયાને ભસ્મ ઉડાડવાથી નિરુપયોગી કરનારા, ફાટેલ અને સડી ગએલ એવા હાડપિંજરના દુર્ગંધને ફેલાવનાર, ઘણી ભસ્મવડે પથરાઇ રહેલ આકળના સમૂહનો દેખાવ આપનાર, શબોના કેશોને કંપાવનાર, આકાશરૂપી ભાથામાંથી કેમ જાણે ચંદ્રમાદ્વારા મૂર્ત્તિમાન બાણોજ નીચે આવી પડ્યાં હોય તેવાં દેખાતાં અને શંકરના ભૂષણને યોગ્ય, એવાં અસ્થિઓમાં અથડાવાથી રુક્ષ શબ્દોને ઉત્પન્ન કરનાર, એવા વાયુઓ ત્યાં વાતા હતા.[૨૩] પ્રજ્વલિત થયેલા અગ્નિવાળી ચિતાઓમાંથી પ્રવાહરૂપે નીકળ્યા કરતા અને ધૂમાડાઓ તથા નાગપાશો, અસ્થિ, એવા પવનવડે કંપિત થઈ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રહેલી અને તેની ગરમી લાગવાથી શુષ્ક થઇ રહેલાં વૃક્ષોવાળી એ સ્મશાનભૂમિ કેમ જાણે અગ્નિ, વાયુ અને શનૈશ્ચરનું રમવાનું ઘર હોય, તેવી દેખાતી હતી.[૨૪] મહાભયંકર અર્ધદગ્ધ અનંત હાડપિંજરોવડે અત્યંત દુર્ગંધી, મદવડે ઉન્મત્ત થઇ રહેલ શિઆળ, કાગડાઓ, કંકપક્ષી, ગીધપક્ષી, પિશાચો અને વેતાલો, એઓના શબ્દોવડે ભયંકર એવું સ્મશાન મેં દેખ્યું.[૨૫] સ્મશાનમાં લવાએલ નાના પ્રકારનાં (અનેક) શબોના બાંધવોના સમૂહના રોવાથી ગાજી રહેલ દિશાઓના અંતોવાળું અને નિકુંજોવાળું, પક્ષીઓએ તાણી લીધેલ લીલી શિરાઓ (નાડીઓ) અને આંતરડાંઓ, એવડે યુક્ત, બળી ગએલ વૃક્ષખંડો અને લતાઓના સમૂહોવડે વ્યાપ્ત, એવું એ ભયંકર સ્મશાન મારા જોવામાં આવ્યું.[૨૬] એ સ્મશાનમાં કોઇક સ્થલે ચિતાનું ચલન થવાથી જ્વાલાનું ઉદ્દીપન થતાં પ્રકાશ થઇ રહેતો હતો. કોઇક ઠેકાણે મોટા કેશોવડે કેમ જાણે મેઘોનો સમૂહ ભેગો થઇ રહ્યો હોય એવો ભાવ દેખાતો હતો. કોઈક ઠેકાણે પર્વતના ભાગને છોડી દઇ બીજે બધો પૃથ્વીનો પટ કેમ જાણે રુધિરથી સીંચાઇ રહ્યો હોય, એમ જણાતું અને ક્યાંક તો રાત્રિએ ગાજી રહેલ મેઘના જેવું તે જણાતું હતું.[૨૭]

क्वचिच्चितिक्षोभकृतप्रकाशं क्वचिन्महाकेशकृताब्दवृंदम् ॥ क्वचिच्च रक्ताक्तधरावितानं नक्तं स्तनत्वभ्रमिवास्तशैलम् ॥ २७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પથિકવિરહવૃત્તવર્ણન' એ નામનો એકસો ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૧૯

सर्ग १२० मो.*

વાયુ, વૃક્ષ તથા ભ્રમર ઇત્યાદિનું વર્ણન

॥ सहचरा ऊचुः ॥

एवं प्रायाः कथाःकुर्वत्पश्यैतन्मिथुनं महत् ॥ पानं प्रवृत्तवत्सारं पातुं पद्मनिभेक्षण ॥ १ ॥

સહચરો કહે છે:—હે કમલના જેવા સુંદર નેત્રવાળા મહારાજ ! ઉપર પ્રમાણે બીજી પણ એવીજ જાતની કથા કરી રહેલ આ મહાન દંપતી હમણાં ઉત્તમ મદ્યપાન કરવાને તૈયાર થઇ રહેલ છે, તે આપ જુઓ.[૧] કેળના કંદમાં ઢંકાઇ રહેલ સ્વચ્છગુચ્છાઓનો વિકાસ કરવામાં નિપુણ અને પુષ્પોના કેસરાઓવડે સુશોભિત, એવા વિવિધ પ્રકારના વાયુઓ વાય છે.[૨] વનમાંથી નીકળતા અનેક પ્રકારના સુગંધોવડે પુષ્ટ, પરસેવાનાં બિંદુઓને નિવૃત્ત કરી દેનાર અને સ્ત્રીઓના વીખરાઇ ગએલા કેશોની શોભા ઉત્પન્ન કરનાર વાયુઓ હમણાં વાય છે.[૩] સિંહોની પેઠે કુલાચલ પર્વતની ગુફાઓરૂપી ઘરમાં પ્રવેશ કરી ભમ્યા કરતા, આ ક્ષાર સમુદ્રના પવનો દૈત્યોના જેવા વેગથી અહીં ગતિ કર્યા કરે છે.[૪] તમાલ વૃક્ષમાં અને તાલ વૃક્ષમાં ચપળ બાલકની પેઠે લીલાવડે હિંચકા ખાવાથી લાડકવાયા થઇ રહેલા, જલના તરંગોમાંથી ઉંચે ઠેઠી, કોમળ એવાં નવાં પલ્લવો પર્યંત પહોંચીવળેલા, કંપિત થઇ રહેલી નવીન લતાઓનાં ખરી પડતાં પુષ્પોની રજવડે ધૂસરા થઈ ગએલા વાયુઓ બગીચાઓની અંદર રાજાઓની પેઠે મંદ મંદ ગતિ કરતા જણાય છે.[૫,૬] પોલા વાંસોમાં વિશ્રાંત થઇ રહેલો આ વનવાયુ મધુર ગાયન કરવામાટે પ્રવૃત્ત થઇ રહ્યો છે, તે કેમ જાણે હસ્તિનાપુરની ગાનચતુર નારીઓએ તેને ગાયન-

* આ એકસો વીશમા સર્ગમાં વાયુઓ, વૃક્ષો, ભમરાઓ, વનપંક્તિઓ, દેવાંગનાઓ સમુદ્રના તરંગો અને પક્ષીઓ ઇત્યાદિનું વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કળા શીખવી હોય, તેવો જણાય છે.[૭] કર્ણિકાર વૃક્ષે પવનનો જ્યારે તિરસ્કાર કરવા માંડ્યો ત્યારે ભમરાઓ પણ પછી તેનો દૂરથીજ ત્યાગ કરવા લાગ્યા.[૮] આ તાલવૃક્ષ વિશેષે કરી સ્તંભરૂપ હોવાથી (ઉપર નહિ ચઢી શકાવાથી) કોઈ અર્થીને (પોતાની પાસેથી કાંઇ મતલબ પાર પાડવા ઇચ્છનારને) કશું ફળ આપતો નથી, તેમ પલ્લવ પણ આપતો નથી. જો કે તેનો આકાર તો ઉંચો છે, તો પણ કોઇને કશો ઉપયોગી ન હોવાથી તેની ઉન્નતિ નહિ જેવી છે.[૯] ગુણરહિત મૂર્ખ માણસોનો ઉપરનો આડંબરજ શોભા ઉત્પન્ન કરનાર હોય છે. મહારાજ ! આ કેસુડાનું ઝાડ ઉપરના રંગવડેજ રાજાની પેઠે દીપી નીકળે છે.[૧૦] હે મહારાજ ! આવો અને જુઓ કે આ કર્ણિકાર વૃક્ષ કેવળ વિકારનુંજ પાત્ર છે, કેમકે આની અંદર કશો સુગંધ ન હોવાથી નિર્ગુણ મનુષ્યની પેઠે તેનાથી કોઇનો કશો પણ સ્વાર્થ સરતો નથી.[૧૧] ચપળ મંજરીઓના સમૂહરૂપી વિજળીઓની સાથે રહેલ, આ કાળું તમાલનું ઝાડ ચાતકને મેઘની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે કે જે સાવ ખોટી છે.[૧૨] પત્રોવડે સુશોભિત, એકબીજામાં અનુસ્યૂત હોવાથી દુર્ભેદ્ય, ઉત્તમ છાયાવડે પર્વતોને વીંટી વળેલા, ધનુષરૂપ થતાં મોટી પ્રત્યંચાઓને યોગ્ય એવા આ ઉંચા વાંસો ઉત્તમ વેશોની પેઠે બહુ દીપી નીકળે છે.[૧૩] સુવર્ણમય શિખરરૂપી આસન ઉપર બેઠેલ, પવનરૂપી વ્યાધિને પોતાનીપાસે ધારણ કરી રહેલ, ઉપરના ભાગમાં (આકાશની અંદર) થએલ આ ઉત્તમ મેઘ, સુવર્ણમય શિખરના જેવા દેદીપ્યમાન આસન ઉપર બેઠેલ, ઉદ્ધવજીને પોતાના પડખામાં ધારણ કરી રહેલા, ઉત્કટ ઐશ્વર્યવાળા, સર્વના આદિ હરિ ભગવાન જેમ ચપળ પીળાં વસ્ત્રને ધારણ કરે, તેમ વિજળીઓવડે ક્ષોભવાળા પીળા એવા આકારને ધારણ કરી રહ્યો છે.[૧૪] પ્રવેશ કરવા વખતે અને નીકળવા વખતે વ્યગ્ર થઇ રહેલા ગતિ કરનારા પક્ષીઓના જેવા ચપળ ભમરાઓવડે રમણીય, એવો આ બાબરો (કેસુડાનું ઝાડ) રુધિરના પ્રવાહવડે રાતા થઇ રહેલા કોઇ વીર યોદ્ધાના જેવો લાલ દેખાય છે.[૧૫] મંદાર વૃક્ષોની મંજરીઓના સમૂહવડે પીળાં દેખાતાં વાદળાંઓના નિવાસરૂપ એવા આ મહેંદ્રાચલ પર્વતનાં શિખર ઉપર ગંધર્વરૂપી કામી પુરુષો મત્ત બની જઇ સૂઇ રહેલા છે.[૧૬] હે મહારાજ ! કલ્પવૃક્ષના વનની છાયામાં વિશ્રાંત થઇ રહેલા અને વિશેષે કરી વીણા આદિ વાદ્યોવડે યુક્ત એવા સિદ્ધ વિદ્યાધર આદિ પથિકો ગાન કરે છે, તે આપ જુઓ.[૧૭] આ કલ્પવૃક્ષના વનમાં પ્રત્યેક પલ્લવે વિશ્રાંત થઇ રહેલી દેવાંગનાઓ ગાય છે, અને હસે છે, તે આપ જુઓ.[૧૮] કોમળ મંદિરોવાળા મંદરાચળની અંદર ઉદાર મંદપાળ નામના મુનિનું આ મંદિર છે, કે જેની ભાર્યા પક્ષિણી (જટિતા નામની ગૃધ્રી—ગીધણ) છે.[૧૯] સર્વ ઋતુઓમાં પુષ્પોવડે અને વૃક્ષોવડે સુશોભિત રહેનાર, એવી આ મુનિઓના આશ્રમોની પંક્તિને આપ જુઓ, કે જેની અંદર અન્યોન્ય વૈરવાળા સિંહ અને હાથી, તથા નોળીઓ અને સર્પ, ઇત્યાદિ પ્રાણીઓ પોતાનાં સહજ વૈરને છોડી દઇ સાવજ ક્રીડા કર્યા કરે છે.[૨૦] પરવાળાનાં વૃક્ષો સાથે મિશ્ર થઇ ગએલી સમુદ્રના કાંઠા ઉપર આવેલી લતાઓના પલ્લવોમાં પોતાની અંદર પ્રતિબિંબિત થઇ રહેલ સૂર્યનારાયણને ધારણ કરી રહેલા આ જલબિંદુઓ બહુ ચમક્યા કરે છે.[૨૧] જેમ વિલાસવાળી સ્ત્રીઓ વિલાસવાળા પોતાના પતિના વક્ષઃસ્થલમાં ક્રીડા કરે તેમ સમુદ્રના તરંગો પણ પોતાની ચકરીઓના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વ્યાપારવડે રત્નોની અને માણેકની ખાણોમાં ક્રીડા કરે છે.[૨૨] નાગલોકની અને ઇંદ્રલોકની સ્ત્રીઓના જવા આવવાથી ઉત્પન્ન થએલો દિવ્ય, એવો આભૂષણોનો ઝણઝણાટ આકાશમાંથી નીચે સંભળાય છે, તે આપ સાંભળો.[૨૩] આ પર્વત કે જે ઐરાવત હાથીની સ્નાનભૂમિ રૂપ છે, તેની આ ગુફા તે હાથીના ગંડસ્થળથી ભ્રષ્ટ થએલ મદોન્મત્ત ભમરીઓના શબ્દોવડે કેમ જાણે ગાયન કરતી હોય તેવી દેખાય છે.[૨૪] કૃષ્ણપક્ષમાં પ્રતિદિન હ્રાસને પ્રાપ્ત થનાર દુર્બલતાવાળા સમુદ્રની આ કૃષ્ણપક્ષના અંતને સૂચવનારી રેખારૂપ પંક્તિઓ તેના નિવાસરૂપ તટમાં જોવામાં આવે છે.[૨૫] સુગંધરૂપી સુગંધી શ્વાસવાયુને ધારણ કરનાર, સુંદરછાયાવડે શીતળ અંગવાળી, એકાંતમાં પોતાના આકારને બતાવનારી, અનેક પ્રકારનાં પુષ્પોવડે પૂર્ણ, વનની રચનારૂપી સુંદર વસ્ત્રવડે સુશોભિત, ઝરણારૂપી નિર્મળ હાસ્યવાળી અને પુષ્પોરૂપી બિછાનાને પાથરી રહેલી આ વનરૂપી સ્ત્રી ધન્ય છે.[૨૬,૨૭] ઉદારબુદ્ધિવાળા દેવ આદિ, જેવા ઉપશાંત શબ્દવાળી શુદ્ધ વનભૂમિમાં રમે છે, તેવા નંદનવનમાં પણ રમતા નથી.[૨૮] સારીપેઠે વૈરાગ્યવાળા એવા મુનિના ચિત્તને અને સંસાર તરફ આસક્તિ રાખનાર વિષયી પુરુષના ચિત્તને, એ બન્નેને આ એકાંતની રમ્ય વનભૂમિઓ સમાનરીતેજ રમાડે છે.[૨૯] જલવડે ધોવાએલ શિખરવાળા, સમુદ્રના તટ ઉપર આવેલા પર્વતોના પ્રત્યંત પર્વતો, ચરણ જેમ નૂપુરવડે શોભે અને અવાજ કરે તેમ રત્નોના સમૂહવડે શોભે છે અને શબ્દાયમાન પણ થઈ રહે છે,[૩૦] પુન્નાગનાં વૃક્ષોઉપર વિશ્રાંત થઇ રહેલાં સુંદર સુવર્ણના જેવાં કાંતિમાન ગરુડ પક્ષીઓ આકાશમાં રહેલા લતાઓના સમૂહ જેવાં શોભે છે.[૩૧] ભમરાઓ અને મેઘોરૂપી ધૂમાડાવાળા અને વિકસિત થઇ રહેલાં ચંપકવૃક્ષોનાં વનોવડે સુશોભિત, એવા પર્વતો પવનવડે કંપે છે; અને કેમ જાણે બળતા હોય તેવા દેખાય છે, તે આપ જુઓ.[૩૨] કણેરના ઝાડની ઉપરની શાખાને હીંચકાવતા કોકિલને જોઇ તેની પ્રિયા કોકિલા ચપળતાથી તેનું આલિંગન કરી મધુર ગાયન કરે છે.[૩૩] હે મહારાજ ! આ ક્ષારસમુદ્રની તટભૂમિઓ કોલાહલસહિત હાથમાં ભેટ રાખી ઉભેલા રાજાઓવડે પૂર્ણ છે, તે આપ જુઓ.[૩૪] હે મહારાજ ! ઠેઠ પૂર્વસમુદ્ર પર્યંત અને ઉત્તરસમુદ્ર પર્યંત આ જંબૂદ્વીપની અંદર જે રાજાઓ યુદ્ધમાં અવશેષ રહ્યા હોય, તે સર્વેના ઉપર તેના મસ્તક ઉપર ચરણ ધરી આપ અનુગ્રહ કરો, તે તે દેશોની ભૂમિની રક્ષાભાટે પ્રત્યેક દિશામાં નીતિશાસ્ત્ર પ્રમાણે સમાધાનપૂર્વક આપ શાંત બુદ્ધિથી વ્યવસ્થા કરવા આજ્ઞા આપો, અસ્ત્ર આપો અને મદદમાટે પોતાનું સૈન્ય પણ આપો.[૩૫]

आपूर्वादापरस्माल्लवणजलनिधेरुत्तरादक्षिणाद्वा देवोदग्राजिशिष्टा इह नरपतयःपादपीठीक्रियन्ताम् ॥ दीयन्तां मंडलानां दिशि दिशि च यथाशास्त्रमस्त्राण्यवन्या रक्षायै क्षान्तिपूर्वं चिरमतुलबलं शान्तया शासनानि ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દિગંતરવૃત્તિવાચ્યાદિવર્ણન' એ નામનો એકસો વીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૦

સર્ગ ૧૨૧ મો.*

દેશોની મર્યાદાનું સ્થાપન

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

अथ तेष्वर्णवतटेष्वेते भूमौ विपश्चितः ॥
उपविश्यैतदखिलं चक्रूराज्यप्रयोजनं ॥ १ ॥

* આ એકસો એકવીશમા સર્ગમાં વિપશ્ચિત રાજાઓ દેશોની મર્યાદા બાંધી અગ્નિ પાસે જશે અને અગ્નિના વરદાનથી તેઓ દિશાઓના અંતો જોવા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી તે વિપશ્ચિત રાજાઓ સમુદ્રના તટોની ભૂમિઉપર બેસી (મંત્રીઓના કહેવા પ્રમાણે) રાજ્યસંબંધી સર્વ પ્રયોજન (દેશની મર્યાદા બાંધવી વગેરે) કરવા લાગ્યા.[૧] પછી તેઓએ ત્યાંજ પોતાની નિવાસભૂમિ કલ્પી લઇ સ્થિતિ કરી અને ક્રમપ્રમાણે નિર્બાધપણે દેશની મર્યાદા પણ બાંધી.[૨] પછી શ્રીમાન સૂર્યનારાયણ કેમ જાણે વિપશ્ચિત રાજાના પ્રતાપનું વર્ણન કરવામાટે લોકાંતરમાં જતા હોય, તેમ સમુદ્રની અંદર પ્રવેશ કરી (અસ્ત પામી જઇ) બીજા લોકાંતરમાં ચાલ્યા ગયા અને મેઘલેખાના જેવી શ્યામ રાત્રિ વિસ્તારને પ્રાપ્ત થવા લાગી. દિવસમાં પોતપોતાનું યોગ્યકાર્ય કરી રહેલા વિપશ્ચિત રાજાઓ પણ પોતાની શય્યામાં સૂતા.[૩,૪] નદીના પ્રવાહોની પેઠે ઠેઠ સમુદ્રપર્યંત ઘણે દૂર આવી ચઢેલા એ વિપશ્ચિતરાજાઓ વિસ્મયવડે આકુળ ચિત્તવાળા થઇ જઇ, પોતાના ચિત્તમાં નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા.[૫] અહો! દેવતાઓના પણ દેવરૂપ અગ્નિના પ્રતાપવડે પોતાના દિવ્ય વાહનોવડે આપણે પ્રયાસવગરજ ઘણે છેટે આવી પહોંચ્યા છીએ.[૬] આ વિસ્તારવાળી, દૃશ્યની શોભા ક્યાંસુધી પથરાઇ રહી હશે? આ જંબુદ્વીપની પછી ક્ષાર સમુદ્ર આવેલ છે, ત્યારપછી વળી દ્વીપ (પ્લક્ષદ્વીપ) આવેલ છે અને ત્યારપછી પાછો મોટો (ક્ષારસમુદ્રનાથી બમણા વિસ્તારવાળો) સમુદ્ર (ઇક્ષુરસ સમુદ્ર) રહેલ છે.[૭] એ સમુદ્રના પછી પણ દ્વીપ આવેલ છે અને તેના પછી પાછો સમુદ્ર છે. એવી રીતે સાત સમુદ્ર અને સાત દ્વીપને અંતે શું હશે? અને ત્યાર પછી પણ શું હશે? આ દૃશ્યરૂપી માયા કેવડી અને કેવી હશે? આ સર્વ વાતનો નિર્ણય કરવામાટે આપણે અગ્નિદેવની પ્રાર્થના કરીએ અને તેના વરદાનના પ્રભાવથી સર્વ દિશાઓના છેડા તેમ કરોળીયો પોતાની જાળનો છેડો પણ ઉદય પામી.[૧૭] છેડાસુધી કશો ભેદ ચિત્તમાં લાવ્યા વિના જોઇએ.[૮] ઉપર પ્રમાણે ચિત્તમાં વિચાર કરી તે વિપશ્ચિત રાજાઓએ પોતપોતાના સ્થાનમાં રહી એકજ સમયે ભગવાન અગ્નિનારાયણને બોલાવ્યા.[૧૦] પછી ભગવાન અગ્નિનાં સાકારરૂપે તેઓને દર્શન થયાં અને "હે પુત્રો! તમે વર માગો" એમ અગ્નિએ તેઓને કહ્યું.[૧૧]

વિપશ્ચિત કહે છેઃ—હે દેવશ્રેષ્ઠ! આ દૃશ્ય કે જે પંચભૂતમય છે, તેનો અંત આ દેહવડે, આ દેહની ગતિ જ્યાં ન પહોંચી શકે ત્યાં મંત્રદેહવડે (મંત્રથી શુદ્ધ થએલ દેહવડે) અને તે પણ જ્યાં ન પહોંચી શકે ત્યાં મનવડે અમારા જોવામાં આવે અને પ્રત્યક્ષ અનુમાન શબ્દઆદિથી જે સિદ્ધ થઈ શકે છે, તેમાંનું કશું પણ જોયાવિના બાકી ન રહે, એવું ઉત્તમ વરદાન આપ કૃપા કરી અમને આપો.[૧૨,૧૩] હે મહારાજ! જ્યાંસુધી સિદ્ધ યોગી પુરુષો જઇ શકે ત્યાંસુધી અમે આ શરીરે (જઇ) સર્વ જોઇ શકીએ અને એ શરીરની ગતિ જ્યાં અટકે ત્યાં પછી મનવડેજ દૃશ્યને જોઇ શકીએ.[૧૪] વળી અમે કે જે સિદ્ધ યોગીઓની ગતિ જ્યાંસુધી પહોંચે ત્યાંસુધી તેને માર્ગે ગતિ કરતા હોઇએ, તેનું વચમાં મૃત્યુ ન થાઓ તથા જે માર્ગમાં દેહની ગતિ ન થઈ શકે ત્યાં અમારૂં મનજ ગતિવાળું થાઓ.[૧૫]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—"ભલે તેમ થાઓ" એમ કહી અગ્નિદેવ સત્વર કેમ જાણે વડવાનલરૂપે સમુદ્રમાં જવાને ઉતાવળા થઇ રહ્યા હોય, તેમ તરતજ અદૃશ્ય થઈ ગયા.[૧૬] એ પ્રમાણે વરદાન આપી અગ્નિ ચાલ્યા ગયા પછી રાત્રિ આવી અને તેપણ થોડો સમય રહી ચાલી ગઈ. તથા પાછો સૂર્યનો ઉદય થયો અને વિપશ્ચિતરાજાના ચિત્તમાં સમુદ્રને ઉલ્લંઘન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

अग्निर्जगामाथ समाजगाम निशा विलम्ब्याथ जगाम सापि ॥ समाजगामापि रविर्जगाम तेषां च धीरार्णवलंघनेहा ॥१७॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाणप्रकरणना उत्तरार्द्धनो 'विपश्चिन्निर्णय' એ नामनो એકસો એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૧

સર્ગ ૧૨૨ મો.*

સમુદ્રમાં ચારે વિપશ્ચિત રાજાઓ પગથી ચાલ્યા

॥ श्रीवासिष्ठ उवाच ॥

ततः प्रभाते प्रसभं पृथिव्याः कृत्वा यथा शास्त्रमलं व्यवस्थाम् । आविष्टदेहा इव ते रसेन निषेध्यमाना इव मंत्रिमुख्यैः ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પછી તે વિપશ્ચિત રાજાઓ પ્રાતઃકાલમાં શાસ્ત્રને અનુસારે પૃથ્વીની સારી રીતે વ્યવસ્થા કરી દિશાઓના અંત જોવાની અત્યંત ઉત્કંઠાથી કેમ જાણે બલાત્કારથી ગ્રહ આદિનો દેહમાં આવેશ આવી ગયો હોય તેવા બની જઈ, મુખ્ય મંત્રીઓએ કેમ જાણે નિષેધ કરાતા હોય તેમ છતાં આંસુવાળાં મુખોવડે આક્રંદ કરી રહેલ પોતાના સર્વ પરિજન વર્ગને પાછા વાળી સ્નેહરહિતપણાથી, અભિમાન, માત્સર્ય, લોભ, શત્રુઓથી પરાભવ થવાનો ભય અને સ્ત્રી પુત્ર ધન આદિની ઇષણા (વાસના) એ આદિને પણ છોડી દઈ "અમે સમુદ્રને પેલે પાર જઈ દિશાઓના અંત જોઈ પાછા ક્ષણમાત્રમાં ચાલ્યા આવીશું", એમ કહેતા ત્યાંથી ચાલ્યા અને પોતાની મંત્રશક્તિવડે (ભૂમિ જલ આદિ મહાભૂતનો જય કરી લેવાથી) સિદ્ધપણાને પ્રાપ્ત થઈ ગએલા પોતાના પગવડેજ તેઓએ સમુદ્રમાં ચાલવા માંડયું.[1-3] વિપશ્ચિત રાજાઓ પ્રત્યેક દિશામાં રહેલા પોતાના અનેક ભૃત્યો કે જેમાંથી કેટલાક અત્યંત સ્નેહને લીધે પોતાની સાથેજ સમુદ્રમાં પ્રવેશ કરતા હતા, તેઓએ યથાશક્તિ અનુગમન કરાતાં પોતાના ચરણવડેજ સમુદ્રના જળમાં ચાલવા લાગ્યા.[4] જેમ જમીન ઉપર પગ રાખે તેમ જળના તરંગોના સમૂહ ઉપર પોતાના પગ રાખી તે ચારેય વિપશ્ચિત રાજાઓ પોતે એકલાજ સમુદ્ર તરી જવાનો ઉદ્યોગ કરવા લાગ્યા અને પોતાની સેનાથી અત્યંત જુદા પડી ગયા.[5] પગના ચાલવાવડે સમુદ્રની અંદર પેઠેલા તે વિપશ્ચિત રાજાઓ શરદ ઋતુના આકાશનાં નાનાં વાદળાંની પેઠે જ્યાંસુધી અદૃશ્યભાવને પ્રાપ્ત ન થયા ત્યાંસુધી કાંઠે રહેલા મનુષ્યોને તેઓ જોવામાં આવ્યા.[6] સમુદ્રમાં પગવડે ગતિ કરનાર તે વિપશ્ચિત રાજાઓ પોતાના દૃઢ નિશ્ચયવડે બાંધેલાં મધ્યબંધનને ખેંચી જનારા હાથીનીપેઠે પોતાનો પંથ કાપવા લાગ્યા.[7] પર્વતના જેવાં તરંગોનાં ઉછળવાં અને શમી જવાથી નીચી ઉંચી થઇ રહેલી, જળના તરંગોની શોભાને પોતે પણ તેવી શોભાનું ગ્રહણ કરી લેવાથી હરી લેતા હતા, અને સમુદ્રમથનસમયના વિષ્ણુના જેવા તેઓ દેખાતા હતા.[8] ચંચળ અને જળપાન વડે મત્ત થઇ રહેલ એવાં વાદળાંઓમાં પેઠેલા ચંદ્રમંડલની પેઠે પોતાના પ્રવેશથી શોભી રહેલા જળના આવર્ત્તોમાં તે વિપશ્ચિત રાજાઓએ ઘણા લાંબા કાળસુધી સંભ્રમને છોડી દઈ ઘાસની પેઠે ભ્રમણ કર્યું.[9] વિપશ્ચિત રાજાઓ કે જે મંત્રવિદ્યાના બળથી અને પોતાના પરાક્રમથી દુર્જય હતા અને હાથમાં [illegible] ધારણ કરી રહ્યા હતા, તેઓને કોઇ

* આ એકસો બાવીશમા સર્ગમાં સમુદ્રના તરંગોમાં પગવડે ચાલનારા વિપશ્ચિત રાજાઓનું સમુદ્રના આવર્ત અને મગરમચ્છ આદિનું વિદારણ કરી નીકળી જવા વિષે સારી રીતે વર્ણન આપેલ છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઠેકાણે અત્યંત મદોન્મત્ત અથવા પ્રમાદી, એવા મગરમચ્છો પ્રથમ ગળી જતા હતા, અને પછી પચાવી જવાની શક્તિ ન હોવાથી તેઓના દેહોને પાછા ઓકી કાઢતા હતા.[૧૦] જળના તરંગોમાં વિશ્રાંત થઇ રહેલ પવન, એ વિપશ્ચિત રાજાના દેહને ક્ષણમાત્રમાં વારંવાર સેંકડો યોજન સુધી તાણી જતો હતો, અને પાછો ખેંચી લાવતો હતો.[૧૧] જળના તરંગોરૂપી હાથી ઉપર ચઢવાથી કેમ જાણે પોતાના રાજ્યની અંદર હાથીઓની પીઠ ઉપર તેઓ બેઠેલ હોય, તેવી શોભા જણાતી હતી.[૧૨] વિસ્તારવાળી તરંગોની ઘટાઓરૂપી શિલાપીઠનું વિદારણ કરવામાં અને તેને નીચે લઇ જવામાં વપરાએલ ચતુરાઇવડે કેમ જાણે જળરૂપી વાદળાંમાંથી પવનને લીધે ઉદ્દીપિત થઈ રહેલી વિજળીજ બહાર નીકળતી હોય એમ, એ વિપશ્ચિત રાજાનું જળમાંથી બહાર નીકળવું થતું હતું.[૧૩] તરતા ચપળ હાથીઓના જેવો દેખાવ આપનારા તરંગોના સમૂહમાં અથડાયા છતાં કાંઠા ઉપર આવેલ શિલામય શિખરની પેઠે વિપશ્ચિત રાજાઓ પોતાનું ધૈર્ય છોડતા નહતા.[૧૪] મોટા ઊર્મિઓરૂપી મોતીઓ અને માણેકોના સમૂહમાં પ્રતિબિંબિત થઇ રહેવાથી તેઓ એકલા છતાં પણ, કેમ જાણે અનેક પુરુષોવડે વીંટાએલા હોય તેવા જણાતા હતા.[૧૫] ધોળા એવા ફીણના પિંડોને વિષે શરીરની હલકાઇથી સ્થિતિ કરી રહેલા એ વિપશ્ચિત રાજાઓ ધોળાં કમળ ઉપર બેઠેલા રાજહંસના જેવી શોભાને ધારણ કરી રહ્યા હતા.[૧૬] કાંઠા સાથે અથડાવાથી ઉત્પન્ન થએલ અને વરસાદમાં થતા વજ્રપાતના શબ્દના જેવા ભયંકર સમુદ્રના શબ્દથી તેઓ (પર્વતની પેઠે ભૂભૃત્ શબ્દને ધારણ કરનાર હોવાથી) ભયભીત થયા નહિ.[૧૭] ઠેઠ આકાશને અડકનાર જલમય મહાન પર્વતોના ઉંચે ઉછળવાથી અને નીચે પડવાથી ચપળ થઇ રહેલા તે વિપશ્ચિત રાજાઓ ક્ષણમાત્રમાં પાતાળમાં જઈ પહોંચતા હતા, અને ક્ષણમાત્રમાં સૂર્ય લોકમાં જઇ પહોંચતા હતા.[૧૮] નિઃશંકરીતે ઉછળ્યા કરતા જળના પૂરના પડવારૂપી વસ્ત્રવડે વીંટાએલા વિપશ્ચિત રાજાઓ કેમ જાણે ઉત્પાતની પ્રાપ્તિ થતાં નીચે આવી પડેલા મેઘરૂપી ચંદરવાવડે વીંટાઇ રહ્યા હોય, તેવા દેખાતા હતા.[૧૯] કેમ જાણે માણેક અને મોતીઓનો વરસાદ થયો હોય તેમ ચોતરફ પથરાઇ રહેલા અનેક માણેકના તથા મોતીઓના સમૂહોવડે અને વચમાં જળમય વૃક્ષ અને લતાના જેવો દેખાવ આપતા તરંગોના બિંદુઓવડે પુષ્પોની પેઠેજ પોતાનાં શરીરને શણગારી રહેલા અને શૂરવીર જુદાવડે અને કુળાચળોવડે વ્યાપ્ત, એવી ચક્રીઓમાં ભમ્યા કરતા તથા મગરમચ્છો મગરોના સહચર બની ગએલા વિપશ્ચિત રાજાઓ સમુદ્રની અંદર ચાલ્યા જતા હતા.[૩૦]

प्रक्रान्तास्तेंबुराशौ सहचरमकराः शूरनक्रैः कुलीरैर्व्यात्तावर्ताविवृत्ताः सलिलतरुलतासीकरैरन्तरालैः।।कुर्वन्तः कान्तियुक्तं वपुरिव कुसुमैर्भ्रान्तमाणिक्यमुक्तैर्व्यक्ताव्यक्तांशुजालैः प्रतिपदमितरैरभ्ररूपैरदभ्रैः ।। २० ।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અર્ણવપરિક્રમણ' એ નામનો એકસો બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૨

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૨૩ મો.*

વિપશ્ચિત રાજાઓનો જુદી જુદી દિશાઓમાં વિહાર

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

ઇત્યેતે દૃશ્યરૂપાયા અવિદ્યાયા વિચારણે ॥
પ્રવૃત્તાઃ પાદચારેણ સમુદ્રદ્વીપગામિનઃ ॥ ૧ ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે તે વિપશ્ચિત રાજાઓ પોતાના પગવડે ચાલી દૃશ્યરૂપ અવિદ્યાના અંત લાવવા પર્યંતના વિચારમાં પ્રવૃત્ત થઈ ગયા અને સમુદ્રો તથા દ્વીપોમાં તેઓ ગમન કરવા લાગ્યા.[૧] તેઓ કશો ભેદ કે છેદ પામ્યાવિના સમુદ્રમાંથી દ્વીપમાં, તે દ્વીપમાંથી વળી બીજા સમુદ્રમાં, તેમાંથી વળી બીજા દ્વીપમાં અને પર્વત તથા વનમાં ગમન કરી તેઓનું ત્વરાથી ઉલ્લંઘન કરવા લાગ્યા.[૨] પશ્ચિમ દિશાસંબંધી વિપશ્ચિત રાજાને એક માછલો કે જે વિષ્ણુના (મત્સ્યાવતારના) કુલમાં ઉત્પન્ન થયો હતો અને હું અમર છું એવું અભિમાન ધરાવતો હતો, તેમજ વિતસ્તા નામની નદી (કે જે અત્યંત શીઘ્ર ગતિવાળી છે તે) માં વહ્યાં જતાં વહાણ આદિના જેવી અતિ શીઘ્ર ગતિવાળો હતો, તે ગળી ગયો,[૩] અને તે મત્સ્યે ક્ષીરસમુદ્રમાં જઈ જીરવી ન શકાયાથી ત્યાં ઓકી કાઢ્યો અને તેને લીધે તે ક્ષીરસાગરનું ઉલ્લંઘન કરી ઘણે દૂર કોઈ બીજી દિશામાં ચાલ્યો ગયો.[૪] દક્ષિણ દિશાના વિપશ્ચિત રાજાને ઇક્ષુરસના સમુદ્રમાં આવેલા યક્ષનગરની અંદર વશીકરણવિદ્યામાં કુશળ એવી કોઇ યક્ષિણીએ નજર પડતાં પોતાની વિદ્યાના બળથી પોતાને અધીન કરી લઇ પોતામાં લંપટ બનાવી દીધો.[૫] પૂર્વદિશાતરફ્ ગએલા વિપશ્ચિત રાજાને જ્યારે કોઈ મગરમચ્છ ગળવા આવ્યો ત્યારે તેને તેણે દબાવી રાખી, ગંગાજીમાં લઇ જઇ ચીરી નાખ્યો, અને ગંગાજીએ પછી તેને (તે વિપશ્ચિતરાજાને) કાન્યકુબ્જ દેશમાં લાવી મૂકી દીધો.[૬] ઉત્તરદિશાતરફ્ ગએલ વિપશ્ચિતરાજાએ ઉત્તર કુરુનામના દેશમાં જઇ ત્યાં પાર્વતીજી-સહિત ક્રીડા કરી રહેલ શંકરનું આરાધન કરી તેની કૃપાવડે અણિમાદિ ઐશ્વર્ય મેળવ્યું અને તેને લીધેજ દિશાઓના અંતરમાં સર્વત્ર પ્રસરી રહેલ મૃત્યુ અને તેનો ભય, એ રાજાને બાધ કરી શકતાં નથી.[૭] એ ઉત્તરદિશાવાળા વિપશ્ચિતરાજાને મગરમચ્છરૂપ હાથી ગળી ગયા છતાં મહાદેવજીની કૃપાથી મળેલા ઐશ્વર્યના પ્રભાવથી ઓકી કાઢયો અને પછી તેણે અનેક બીજા દ્વીપોના કુલાચલ પર્વતોનું ઉલ્લંઘન કર્યું.[૮] પશ્ચિમ દિશાતરફ્ ગએલો વિપશ્ચિત રાજા, કે જેના અંગની કાંતિ સુવર્ણમય દર્ભના જેવી હતી, તેને કુશદ્વીપની અંદર ગરુડજીએ પોતાની પીઠ ઉપર બેસાડી તરતજ સમુદ્રની પેલે પાર ઉતારી દીધો.[૯] પૂર્વદિશાવાળા વિપશ્ચિતરાજાને ક્રૌંચદ્વીપમાં આવેલા પર્વતની અંદર વનમાં રહેનાર કોઇ રાક્ષસ ગળી ગયો; પરંતુ વિપશ્ચિતરાજાએ હૃદયની અંદર તે રાક્ષસનાં આંતરડાં ચીરી નાખી તેને મારી નાખ્યો.[૧૦] દક્ષિણદિશાવાળો વિપશ્ચિત રાજા દક્ષના શાપથી ક્ષણમાત્રમાં યક્ષ બની ગયો, અને શાકદ્વીપની અંદર સેંકડો વરસને અન્તે તે પાછો શાપથી મુક્ત થઇ ગયો.[૧૧] ઉત્તરદિશાવાળો વિપશ્ચિતરાજા નાની મોટી નદીઓ અને સમુદ્રોને વેગવડે તરી જઇ મહાસાગરને અંતે આવેલી સુવર્ણમય ભૂમિમાં કોઈ સિદ્ધના શાપવડે શિલારૂપ થઇ ગયો.[૧૨] પછી સેંકડો વરસને અંતે તેજ સિદ્ધે અગ્નિના પ્રસાદવડે તે શાપમાંથી મુક્ત કર-

* આ એકસો ત્રેવીશમા સર્ગમાં દ્વીપોમાં અને સમુદ્રોમાં ગતિ કરનાર ચારેય વિપશ્ચિત રાજાઓની, પશ્ચિમના વિપશ્ચિત રાજાથી માંડી ક્રમથી જુદી જુદી દિશાવિશે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વાથી સિદ્ધ સાથે તેની પ્રીતિ બંધાઇ છે.[૧૩] પૂર્વદિશાતરફનો વિપશ્ચિત રાજા, વિશેષે કરી નાળિયેરીનાં વૃક્ષોવડે સુશોભિત, એવા દેશોમાં વસનારા લોકોનો રાજા થયો. અને પોતે પરમધર્મિષ્ઠ હોવાથી તેને પૂર્વના વૃત્તાંતનું સ્મરણ થયું.[૧૪] તે રાજાએ નાળિયેરનાં ફળોનું ભક્ષણ કરી, દશ વર્ષ પર્યંત મેરુપર્વત તરફથી ઉત્તરતરફ આવેલાં કલ્પવૃક્ષનાં વનની અંદર અપ્સરા સાથે નિવાસ કર્યો.[૧૫] પશ્ચિમ તરફનો વિપશ્ચિતરાજા કે જે પક્ષિઓનું વશીકરણ કરવાની વિદ્યાના રહસ્યને જાણતો હતો, તેણે શાલ્મલીદ્વીપમાં રહેલા શાલ્મલીવૃક્ષની અંદર પક્ષિણીના માળામાં તેની સાથે ક્રીડા કરી અનેક (દશ) વર્ષો વ્યતીત કર્યા.[૧૬] પછી કોમળ લતાવાળા મંદરાચળ પર્વતમાં મંદાર વૃક્ષરૂપી મંદિરની અંદર મંદરી, એવા નામની કિન્નરીએ એક દિવસ તેનું સેવન કર્યું.[૧૭] પૂર્વ દિશાતરફના વિપશ્ચિત રાજાએ ક્ષીરસાગરને કિનારે જઇ ત્યાં આવેલાં કલ્પવૃક્ષોનાં વનોની પંક્તિઓમાં અપ્સરાઓ કે જેઓ નંદનવનની કેમ જાણે દેવતાઓ હોય તેવી દેખાતી હતી, તેની સાથે શિત્તેર વર્ષસુધી કામાકુળ બની જઈ સમય ગાળ્યો.[૧૮]

क्षीरोदवेलावनकल्पवृक्षवनावलीनंदनदेवताभिः
सार्धं समाः सप्ततिमप्सरोभिर्निनायकामाकुलितोथ पूर्वः ॥ १८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દિગ્વિહરણ' એ નામનો એકસો ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૩

सर्ग १२४ मो.*

રાજાઓનો દ્વીપોમાં તથા પર્વતોપર વિહાર

॥ राम उवाच ॥

एकसंविन्मयाः सर्वे एवैकवपुषोपि ते ॥
विविधेच्छाः कथं ब्रह्मन् संपन्ना एकदेहिनः ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! સર્વ વિપશ્ચિતરાજાઓ એક ચિન્મયજ હતા, તેઓનું મૂળ શરીર પણ એકજ હતું અને સર્વે એક જીવવાળા હતા, છતાં એક સમયે તેઓને જુદી જુદી ઇચ્છાઓ કેમ ઉત્પન્ન થઈ?[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એક ચિદાકાશ કે જે સર્વત્ર ભરપૂર છે, તે નાનાપ્રકારને આકારે નહિ થયા છતાં સર્વની અંદર વ્યાપ્ત થઇ રહેલ છે; અને જીવાત્મા સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થતાં (સ્વપ્નમાં) જેમ અનેક આકારે થઇ રહે તેમ એ ચિદાકાશ પણ કેમ જાણે અનેક આકારે થઈ રહેલ હોય એમ જણાય છે. એ ચિદાકાશ પોતે સ્વચ્છ હોવાથી પોતાની અંદર પોતાના સ્વરૂપનેજ કેમ જાણે તે અનેક આકારે થઈ રહેલ હોય, તેમ પ્રતિબિંબિત થઇ રહેલ દેખે છે. એ સ્વચ્છ ચિદાકાશની જગતને આકારે પ્રતીતિ થવામાં અરીસાના જેવી તેની નિર્મળ સ્વચ્છતાજ ઉપર હેતુરૂપ છે.[૩] જેમ એકજ લોહવડે મઢેલા અરીસાઓ એકરૂપ છતાં એક બીજામાં પ્રતિબિંબિત થઇ જાય છે, તેમ આ સર્વ પદાર્થો વસ્તુતાએ એકરૂપજ (ચિદ્રૂપ) છતાં પરસ્પર પ્રતિબિંબિત થઇ રહેલા દેખાય છે.[૪] અને તેનેલીધેજ જે જે ભોગ્ય વસ્તુ તેની સન્નિધિમાં આવે છે, તે તે તેના ભોગનેમાટે કલ્પાય છે, કેમકે માયાના સંપર્કથી અચિંત્ય શક્તિપણાનેલીધે

* આ એકસો ચોવીશમા સર્ગમાં વિપશ્ચિત રાજાઓનું મૂળ સ્વરૂપ એક છતાં તેના ચાર દેહવડે વ્યવહારવિષે અને દ્વીપોમાં તથા અનેક પર્વતોમાં વિહાર [illegible]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તેનો સહજ સ્વભાવજ તેવો છે.[૫] એવી રીતે આ ચિદાકાશ અનેકરૂપે નહિ થઇ ગયા છતાં અનેકરૂપે દેખાય છે, વસ્તુતાએ તેમાં અનેકતા કે એકતા એ કશું પણ નથી; તેમાં અનેકતા કે એકતા નથી છતાં તે એકરૂપે અને અનેકરૂપે ભાસે છે, એજ તેનો અચિંત્ય મહિમા છે.[૬] તેને લીધે જ વિપશ્ચિતરાજાની પાસે જ પદાર્થ જોવામાં આવ્યો, તે વિપશ્ચિતરાજાની ચિન્મયતાનેલીધે તેનામાં પ્રતિબિંબિત થઇ જઇ તદ્રૂપતાને પ્રાપ્ત થઈ કેમ જાણે તેને અધીન થઈ રહ્યો હોય, તેવો જણાયો; અને જુદે જુદે પ્રકારે અનુભવમાં આવ્યો.[૭] વળી યોગીપુરુષો એક દેશમાં રહ્યા છતાં પોતાના યોગબળથી ચારે તરફ વ્યાપ્ત થઇ અનેક કર્મો કરે છે અને ત્રણેય કાળમાં થનારી સર્વ બાબતોને અનુભવે છે (તો પછી વિપશ્ચિતરાજા જુદા જુદા દેશોમાં જઈ જુદે જુદે પ્રકારે સર્વ વસ્તુનો અનુભવ કરે, તેમાં શો સંશય લાવવાનો છે ? કાંઇ નહિ.)[૮] વળી મેઘ કે જે સર્વત્ર વ્યાપ્ત થઇ રહેલ છે અને ગરમીથી પીડાતાં પ્રાણીઓને આનંદ ઉત્પન્ન કરે છે, તે જુદે જુદે પ્રકારે એકજ સમયમાં પોતાના જુદા જુદા અંશોવડે અનેક જુદી જુદી ક્રિયાઓ કરે છે અને તદભિમાની જીવ આ સર્વ મેં કર્યું, એવો અનુભવ પણ કરે છે.[૯] અણિમાદિ ઐશ્વર્યનેલીધે, ઈશ્વરકોટિમાં ગણવા યોગ્ય એવા કેટલાક યોગીઓ જગતમાં થનારાં અસંખ્ય કર્મોના સમૂહને એકજ સમયે (યોગબળથી) કરે છે અને અનુભવે છે.[૧૦] એક વિષ્ણુભગવાન પોતાના ચાર બાહુવડે કિંવા પોતાનાં ચાર શરીરવડે જુદી જુદી જાતની ક્રિયાઓ કરતા રહી જગતની રક્ષા કરે છે; અને ઉત્તમ અંગનાઓનો ઉપભોગ કરે છે.[૧૧] વિષ્ણુભગવાન બે ભુજાવડે બની શકે તેવાં કર્મોને બે ભુજાવડે કરે છે; અને સંગ્રામ કે જેમાં ઘણા ભુજાઓની જરૂર પડે તેમાં અનેક ભુજાઓવડે નિરંતર યુદ્ધ કરતા રહે છે.[૧૨] એવીજ રીતે તે વિપશ્ચિત રાજાઓ મૂળ એક ચિદ્રૂપજ હતા, છતાં સર્વ દિશાઓમાં તેવે પ્રકારે જુદે જુદે રૂપે રહી તેઓએ તેવો જુદો જુદો વ્યવહાર કર્યો અને સુખદુઃખ આદિ ભોગવ્યું.[૧૩] તેઓએ ભૂમિરૂપી શય્યામાં શયન કર્યું હતું, દ્વીપાંતરોમાં જઇ ભોજન કર્યા હતાં, વનોની પંક્તિઓમાં વિહાર કર્યો હતો, મારવાડની અને તેના જેવીજ બીજી નિર્જળ ભૂમિમાં તેઓ ચાલ્યા હતા.[૧૪] પર્વતોની પંક્તિઓમાં તેમણે નિવાસ કર્યો હતો, સાગરોની અંદર તેઓએ ભ્રમણ કર્યું હતું, અનેક દ્વીપોમાં તેઓએ વિશ્રામ લીધો હતો, મેઘોની માળાવડે સુશોભિત, એવા પર્વતોના ઉપરના ભાગોમાં તેઓ છુપાઈ રહ્યા હતા.[૧૫] પર્વતોના સમૂહોમાં, પવનના ઝપાટાઓમાં અને જળના તરંગોમાં તેઓએ પોતાનો દેખાવ આપ્યો હતો. તથા પર્વતોની અને સમુદ્રોની નદીઓમાં તથા નગરીઓમાં તેમણે ક્રીડા કરી હતી.[૧૬] પૂર્વદિશાતરફના વિપશ્ચિતરાજાએ શાકદ્વીપમાં પ્રસિદ્ધ એવા ઉદયાચળ પર્વતના તટની અંદર આવેલાં પાંદડાંવગરના થોરના જંગલમાં યક્ષે (સંમોહન વિદ્યાવડે) મોહિત કરી દેવાથી સાત વર્ષપર્યંત તેની અંદરજ શયન કર્યું હતું અને પછી તેજ પર્વતમાં પાષાણપણું ઉત્પન્ન કરનાર એવાં જલનું (શિલાંબુનું) કોઇ સ્થલમાં પાન કરી બલાત્કારથી પાષાણભાવને પ્રાપ્ત થઇ જઈ પૃથ્વીની અંદર પાષાણરૂપેજ પોતાનાં સાત વર્ષ ગાળ્યાં હતાં.[૧૭] પશ્ચિમતરફના વિપશ્ચિત રાજાને શાકદ્વીપની અંદર આવેલ અસ્તાચળ પર્વતના શિખર ઉપર આવેલ વાદળાંઓવડે ઘેરાએલ ગુફારૂપી ઘરમાં પિશાચ જાતિની અપ્સરાએ એકમાસ પર્યંત પોતાને વિષે કામુક (આસક્ત–આસક્ત) બનાવી દીધો હતો.[૧૮] પૂર્વ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તરફનો વિપશ્ચિત રાજા શાંતભય નામના વર્ષમાં (ખંડમાં) જલધાર નામના મોટા પર્વતમાં હરડેના વનની અંદર કોઈ ઋષિના શાપથી શિત્તેર વર્ષસુધી હરડેના વૃક્ષરૂપ બની પછી અદૃશ્ય થઇ ગયો હતો.[૧૯] આ રૈવતાચળ પર્વતમાં શિશિર નામના વર્ષની અંદર પૂર્વદિશાતરફનો વિપશ્ચિત રાજા યક્ષને અધીન થઇ જવાથી દશ રાત્રિસુધી સિંહરૂપ થઈ રહ્યો હતો;[૨૦] અને તે પિશાચની માયાવડે છેતરાઈ જઇ આ મેરુપર્વત આદિની ગુફામાં દેડકારૂપ બની જઇ દશ વર્ષપર્યંત તેમાં રહ્યો હતો.[૨૧] ઉત્તરદિશાતરફનો વિપશ્ચિત રાજા શાકદ્વીપની અંદર નીલગિરિ પર્વતના તટઉપર આવેલ કૌમારવર્ષ (ખંડ)માં આવી ત્યાં અંધકૂપમાં (અંધારા કુવામાં) સેંકડો વર્ષપર્યંત અંધપણે રહ્યો હતો.[૨૨] આ મરીચક નામના વર્ષમાં (ખંડમાં) પશ્ચિમ દિશા તરફના વિપશ્ચિત રાજાએ, વિદ્યાધરપણાને પ્રાપ્ત કરી દેનાર મંત્રવિદ્યાવડે ચૌદ વર્ષસુધી વિદ્યાધરપણું ભોગવ્યું હતું.[૨૩] પશ્ચિમ દિશાતરફના વિપશ્ચિત રાજાએ સુરતના શ્રમથી થાકી ગએલા મહાદેવજીના અત્યંત શોભાવડે ચપળ એવા અવયવોમાં ક્રમે કરી ઉત્પન્ન થએલ સ્વેદબિંદુવડે મિશ્ર અને એળચીઓની લતાઓના આલિંગનવડે સુગંધિ થઇ ગએલા એવા સમુદ્રતટનાં વનોના સુંદર પવનનો આશ્રય કરી પોતાનું વિદ્યાધરપણું ભજાવ્યું હતું.[૨૪]

रतक्लमक्लान्तपुरारिलक्ष्मीचलांगलेखाक्रमसीकरार्द्रम् ॥ एलालतालिंगनलब्धगन्धमालंब्य वेलावनगन्धवाहम् ॥ २४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અવિ૦ વિ૦' એ નામનો એકસો ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૪

સર્ગ ૧૨૫ મો.*

જીવન્મુક્ત પુરુષોની ક્રિયાનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

वर्षे शांतभयाभिख्ये जलधारे गिरौ तरौ ॥ तादृक्कर्तरिपानीयं शाकद्वीपे पिबन् स्थितः॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—શાકદ્વીપની અંદર શાંતભય એવા નામના વર્ષમાં (ખંડમાં) જલધાર નામના પર્વતમાં હરીતકીના વનમાં હરડેના વૃક્ષભાવને પ્રાપ્ત થઈ ગએલ અને કાતરના જેવી પૃથ્વીની અંદર રહેલી શિલાસંબંધી જળનું મૂલદ્વારા પાન કરી સ્થિતિ કરી રહેલ, એવા પૂર્વદિશા સંબંધી વિપશ્ચિતરાજાને પશ્ચિમ દિશાવાળા વિપશ્ચિતરાજાએ તેના વૃત્તાંતની ખબર પડતાં ત્યાં આવી શાપ આપનાર મુનિને પ્રસન્ન કરી, તેણે આપેલ વિદ્યાવડે ક્રમ જાણે કરવતવડે તેનું વૃક્ષપણું કાપી નાખતો હોય, તેમ વૃક્ષભાવમાંથી નિર્બાધપણે શિત્તેર વર્ષે છોડાવી દીધો.[૧,૨] પશ્ચિમ દિશાસંબંધી વિપશ્ચિતરાજા કોઇ પિશાચોના રાજાના શાપથી પાષાણભાવને પ્રાપ્ત થઈ ગયો હતો, તેને દક્ષિણદિશાવાળા વિપશ્ચિતરાજાએ આવી ગોમાંસઆદિના પ્રયોગવડે પિશાચોના રાજાને પ્રસન્ન કરી મૂકાવ્યો.[૩] અસ્તાચળની પેલી પાર આવેલા શિવ નામના વર્ષમાં (ખંડમાં) પશ્ચિમ દિશા તરફના વિપશ્ચિત રાજાને એક પિશાચે ગોપિશાચી નામની વિદ્યાથી વૃષભ (બળદ) બનાવી દીધો હતો, તેને દક્ષિણ દિશાવાળા વિપશ્ચિત રાજાએ આવીને તેમાંથી છોડાવ્યો હતો.[૪] અંબિકાજી સંબંધી પર્વતમાં એક વૃક્ષની અંદર દક્ષિણદિશા તરફનો વિપાશ્ચિત

* આ એકસો પચીશમા સર્ગમાં વિપત્તિની અંદર બધા વિપશ્ચિત રાજાઓનું પરસ્પર ઉપકારીપણું અને જીવન્મુક્ત પુરુષોની ચોતરફ અનેક પ્રકારની સર્વતોમુખી ક્રિયા, એ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રાજા યક્ષપણાને (એક જાતના પિશાચપણાને) પ્રાપ્ત થઇ ગયો હતો, તેને પશ્ચિમદિશાવાળા વિપશ્ચિતરાજાએ આવી યક્ષના રાજાને પ્રસન્ન કરી તેદ્વારા યક્ષભાવથી છોડાવ્યો હતો.[૫] આ શાકદ્વીપની અંદરજ વૃષક એવા નામના વર્ષમાં (ખંડમાં) કેસર એવા નામના પર્વતની અંદર પૂર્વ દિશા તરફનો વિપશ્ચિતરાજા સિંહરૂપ બની ગયો હતો, તેને પશ્ચિમ દિશાવાળા વિપશ્ચિત રાજાએ આવી એ સિંહભાવમાંથી મુક્ત કર્યો હતો.[૬]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! યોગીઓ એક દેશમાં રહ્યા છતાં ચોતરફ વ્યાપ્ત થઈ જઇ ત્રણે કાલમાં જુદાં જુદાં અનેક કર્મોને શી રીતે કરે છે, તે આપ કહો.[૭]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! આ જગતની અંદર અવિવેકીઓની દૃષ્ટિએ જે કાંઇ ભૂતભૌતિક આદિ રહ્યાં છે, તે ભલે હો; તેવિષેનો કાંઈ આપણે વિચાર કરવાની જરૂર નથી, તેમ આ વિષયમાં પણ અવિવેકીઓનું જેમ માનવું હોય તેમ ભલે હો, આપણે અહીં તે વિષે વિચાર કરવાની કશી જરૂર નથી; બાકી વિવેકી પુરુષોની આ બાબતમાં જે સમજણ છે, તે વિષે હું કહું છું, તે તમે સાંભળો.[૮] તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં ચિન્માત્ર કે જે સત્તાસામાન્યરૂપ છે, તેના વિના જગતનું બીજું રૂપજ નથી. મતલબ કે જગત તેનાથી જુદું છેજ નહિ. દૃશ્યના અત્યંત અભાવનો બોધ થઈ જતાં અને ઉત્પત્તિ-પ્રલયસંબંધી દૃષ્ટિનો પણ ક્ષય થઇ જતાં ચિન્માત્ર કે જે કેવળ સત્તાસામાન્યરૂપ છે, તેની અંદરજ નિરંતર વિશ્રાંત થઇ રહેલ તત્ત્વવેત્તા પુરુષને સર્વ પોતારૂપજ જણાયાથી સર્વેશ્વરપણાનેલીધે સદાકાલ સાર્વાત્મ્યભાવ અને સર્વરૂપતા સદાકાલ છે.[૯,૧૦] તો પછી કયે સ્થલે, કોણ, શી રીતે, તેને રોકી શકે? એ તમેજ કહો. સર્વવ્યાપી, સર્વના આત્મારૂપ, પરમતત્ત્વજ જ્યાં સર્વત્ર અનુભવમાં આવે, ત્યાં પછી કોઇ રોકનાર કે રોકવાનો વિષય, એ કશું જુદું અનુભવાતુંજ નથી. વળી એ સર્વના આત્મારૂપ પરમતત્ત્વની અંદર શું નથી રહ્યું? ભૂત, ભવિષ્ય, વર્તમાન, નાનું, મોટું, દૂર, નજીક, પલવાર અને પ્રલય, એ સર્વ સત્તાસામાન્ય કે જે પોતાના સ્વરૂપને કદી પણ છોડતું નથી, તેની અંદર તે સત્તાસામાન્યજ સર્વના આત્મારૂપ હોવાથી રહેલાં છે, અહો તમે માયાનો વિલાસ તો જુઓ કે આ સર્વ ઉત્પત્તિને કે પ્રલયને પ્રાપ્ત નહિ થયા છતાં યથાસ્થિતપણે નિર્લેપ તત્ત્વની અંદર રહ્યાં છે.[૧૧-૧૪] સર્વની સ્થિતિ સત્તાસામાન્યને અધીન હોવાથી આ ત્રણેય લોક વિજ્ઞાનઘન (એક જ્ઞાનરૂપ) છે. ચિદાકાશ પોતાનાં મૂળ સ્વરૂપને નહિ છોડતાં સર્વરૂપ (વિવર્તભાવથી) થઈ રહેલ છે.[૧૫] શબલબ્રહ્મ માયાના સંપર્કનેલીધે જગતના આત્મરૂપ છે અને તેજ દ્રષ્ટા અને દૃશ્યરૂપે થઇ જઇ જગતરૂપે પ્રતીતિમાં આવે છે. જગતને આકારે પસરી રહેલા શબલબ્રહ્મનું મૂલસ્વરૂપ વિચારતાં શુદ્ધ ચિન્માત્ર છે, તો પછી તેમાં કોણ શું કરી શકે, ક્યારે કરી શકે તથા શાથી કરે? (તેમાં પરિણામ વિવર્તઆદિ કશું છે નહિ).[૧૬] હે તત્ત્વજ્ઞ! સાધ્ય અને અસાધ્ય એ, બન્નેરૂપે થઇ રહેનાર (સર્વશક્તિમાન) શબલબ્રહ્મને (ઈશ્વરને) શું દુઃસાધ્ય છે એ તમેજ કહો! એવી રીતે સદા એકજ સ્વરૂપમાં રહેનાર શબલ બ્રહ્મજ ઉપાધિના ભેદથી વિપશ્ચિત આદિ જીવરૂપ થઈ રહેલ છે.[૧૭] એ વિપશ્ચિતરાજાનું જીવચૈતન્ય જો કે પ્રબોધતરફ વળણ રાખતું હતું, તથાપિ હજી તે પરમપદને પ્રાપ્ત થઇ ગયું ન હતું; અને એક હતું છતાં અગ્નિના પ્રસાદથી તેનું અનેકરૂપ થઇ રહેવું અને સર્વત્ર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્વ પ્રકારની ક્રિયા ઘટી શકે છે.[૧૮] શબ્દબ્રહ્મ કે જે બોધ અને અબોધ એ બન્નેરૂપ થઇ રહેલ છે, તેનાથી ન થઇ શકે તેવું (અસાધ્ય) શું છે? કાંઇ નથી. જ્યાંસુધી પરમબોધની પ્રાપ્તિ ન થઇ હોયં, ત્યાંસુધી જીવાત્માનું પદાર્થોમાં આકુળ થઇ રહેવાપણું ઘટિતજ છે;[૧૯] અને તેનો કાંઇક બોધમાં પ્રવેશ થાય એટલે (યોગના બળથી) તેનું સિદ્ધપણું પણ ઉચિત છે. એવી રીતે સર્વ દિશાઓમાં રહેલા સર્વ વિપશ્ચિત રાજાઓ પરસ્પર એક બીજાના સંકટને દેખતા હતા, અનુભવતા હતા, અને તેનો ઉપાય પણ કરતા હતા, ચિદાકાશ પોતાના સ્વરૂપમાંથી (મનોભાવને પ્રાપ્ત થતાં) જરા પણ ભ્રષ્ટ થાય તો વસ્તુતાએ યથાસ્થિતપણે પોતાના શુદ્ધ સ્વરૂપમાં સારી રીતે રહ્યા છતાં પણ કેમ જાણે બીજે રૂપે (જગતને આકારે) થઇ રહેલ હોય એમ જણાય છે.

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! વિપશ્ચિતરાજાઓ જો પ્રબુદ્ધ (જ્ઞાનવાન) હોય તો દિશાઓમાં સિંહ-બળદ આદિ ભાવને તેઓ શી રીતે પ્રાપ્ત થયા, તે આપ મને સારીપેઠે બોધ થવામાટે કહો !

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે નિર્મળ રામચંદ્રજી ! (તમારા પ્રશ્ન ઉપરથી) બીજા પ્રસંગનેલીધે મેં ઉપર જે વર્ણન કર્યું, તે પ્રબુદ્ધ એવા યોગીઓનું છે. વિપશ્ચિતરાજાઓ કાંઇ પ્રબુદ્ધ એવા યોગીઓ ન હતા. તેઓમાં સંપૂર્ણપણે જ્ઞાનનો ઉદય થયો ન હતો;[૨૦] પરંતુ તેઓ જ્ઞાનદૃષ્ટિ અને અજ્ઞાન દૃષ્ટિએ બન્નેની વચમાં હીંદોલાની પેઠે લટકતા હતા; કેમકે તેઓની અંદર મોક્ષને ભાવીરૂપે સૂચવનાર વિવેક આદિ ચિહ્નો પણ દેખાતાં હતાં. અને ચોતરફ રાગ આદિ બંધનનાં ચિહ્નો પણ જોવામાં આવતાં હતાં.[૨૫] હે મહાબાહો ! નિરંતર ધર્મમાં જાગૃત રહેનાર અને જ્ઞાનની પરિપક્વ અવસ્થાને પ્રાપ્ત ન થએલ પુરુષોની સ્થિતિ તેવી (અધવચરી) હોય છે, તેને લીધે એ વિપશ્ચિત રાજાઓ ધારણાવડે કરીને યોગી હતા પણ પરમતત્ત્વને તે પ્રાપ્ત (કબૂલ) થયા ન હતા.[૨૬] વિપશ્ચિતરાજાઓ અગ્નિદેવતામાં ચિત્તનો નિરોધ કરવાથી અને તેના પ્રસાદથી સિદ્ધિને પ્રાપ્ત થવાથી ધારણાયોગી હતા, અને *ધારણાવડે તેઓને સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઇ હતી. પરંતુ તેઓ પરમબોધને પ્રાપ્ત થનારા જ્ઞાનયોગીઓ ન હતા, કે જેઓની અંદર અવિદ્યાનો સાવ ક્ષય થઈ જાય છે.[૨૭] હે કમલના જેવાં સુંદર નેત્રવાળા રામચંદ્રજી ! જ્ઞાનયોગીઓના ચિત્તમાં કશી વાસનાજ ન હોવાથી તેઓ અવિદ્યાતરફ જુએ પણ શામાટે ? બાકી વિપશ્ચિતરાજાઓ તો ધારણાયોગી હતા અને ધારણાના પરિપાકને અંતે અગ્નિદેવતાએ આપેલા વરદાનના પ્રભાવથી તેઓને સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી.[૨૮] તેઓની અંદર અવિદ્યા હજી વિદ્યમાનજ હતી અને તેને લીધે તેઓ આત્મવિચારથી શૂન્ય હતા. હે રામચંદ્રજી ! બીજું પણ હું જે કહું તે તમે સાંભળો. જીવન્મુક્ત પુરુષોને વ્યવહાર—કાલમાંજ દેહ આદિ બીજા પદાર્થોનું ભાન (પ્રતીતિ) હોય છે, (બાકી તેઓને સમાધિમાંના બીજા કશા પદાર્થની પ્રતીતિજ થતી નથી.) (બંધ પણ ચિત્તનો ધર્મ હોવાથી) મોક્ષ પણ ચિત્તનોજ એક ધર્મ છે; જેથી તે (સમાધિકાલમાં) ચિત્તમાં રહે છે, પણ તે દેહની અંદર રહેતો નથી. બાકી દેહનો ધર્મ (જરામરણ આદિ કિંવા દેહભાવને અધીન વ્યવહાર) દેહથી નિવૃત્ત થતો નથી. મુક્ત થયેલું ચિત્ત પાછું ફરીવાર કોઈ દિવસ બંધાઇ જતું નથી.[૨૯-૩૧] વૃક્ષની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

* देशबन्धश्चित्तस्य धारणा પાતંજલ યોગસૂત્ર.

ડાળમાંથી નીચે ખરી પડેલા ફલને યત્નવડે પણ કયો (સમર્થ) માણસ પ્રથમની પેઠેજ પાછું જોડી શકે છે? કોઈ નહિ. જીવન્મુક્ત પુરુષોનો પણ દેહ તો દેહના ધર્મોવડે વ્યાપ્ત જ હોય છે, પરંતુ તેઓનું દેહની અંદર રહેલું ચિત્ત તો સદાકાલ અચલજ રહે છે. ધારણા આદિના પ્રયોગનીપેઠે બીજાથી જાણી શકાતો નથી,[૩૨,૩૩] પરંતુ મધ આદિના આસ્વાદથી પેદા થનારાં સુખનીપેઠે તે સ્વસંવેદ્ય (પોતાનાજ જાણવામાં આવે તેવો) છે. આ આત્મા કે જે સુખ–દુઃખ આદિ મનના ધર્મોવડે યુક્ત થતાં જીવભાવનેલીધે પોતેજ પોતાના બંધનો અનુભવ કરે છે,[૩૪] તે આત્મા મનના મોક્ષનેલીધે જ્યારે સુખ આદિ ભાવથી રહિત થઇ જાય, ત્યારે તેને શાસ્ત્રકારોએ મુક્ત કહેલ છે. આ વાત અનુભવવડે પોતાની મેળેજ જણાઇ રહે તેવી છે. જેનું ચિત્ત અંદર શીતળ હોય તે મુક્ત કહેવાયો.[૩૫] ચિત્તની અંદર સંતાપ રહેવો એ બંધ છે. આ બન્ને બંધ મોક્ષ દેહાદિકના ધર્મ નથી એમ દેખાય છે. શરીરના ટૂકડેટૂકડા કરી કોઈ તેને કાપી નાખે અથવા તો રાજ્ય ઉપર બેસાડે, અને પોતે કદાચિત્ (ઉપરથી) રોતો હોય કે હસતો હોય, પરંતુ જીવન્મુક્તપુરુષને દેહના સંબંધથી થનાર સુખ–દુઃખ કશું પણ અંદર સ્પર્શ કરતું નથી.[૩૬,૩૭] જો કે દેહ આદિમાં તે સુખ–દુઃખને અનુભવે છે, પરંતુ હું સુખી છું, અને હું દુઃખી છું, એવો અનુભવ આત્મામાં થવાથી તેના અધ્યાસની કલ્પના પણ આત્મામાં થાય છે, બાકી દેહાદિકમાં તે નથી. દેહાદિકમાં આત્મતાનું અભિમાન બાંધી બીજાજ રૂપાંતરને પ્રાપ્ત થઇ ગએલા ચાર્વાક બૌદ્ધ આદિ પંડિતો મોક્ષનો ખરો ઉપાય ન મળવાથી છેવટ પ્રાપ્ત થતા દેખાય છે અને વિવાદપ્રસંગમાં વેદાંતીઓથી થતો તેઓનો પરાભવ પણ જોવામાં આવે છે.[૩૮] જીવન્મુક્ત પુરુષોની દૃષ્ટિમાં, પોતાના આત્મસ્વરૂપ સિવાય બીજું દેહ આદિ કશું છેજ નહિ, મહાઉદયને પ્રાપ્ત થએલ જીવન્મુક્ત પુરુષ (સદા આત્માનંદમાં મગ્ન હોવાથી) મરતાં છતાં પણ મરતો નથી, રોતાં છતાં પણ રોતો નથી.[૩૯] અને હસતાં છતાં પણ હસતો નથી. તત્ત્વદર્શી પુરુષો વીતરાગ છતાં સરાગ જેવા દેખાય છે, કોપથી રહિત છતાં કેમ જાણે કોપવાળા હોય તેવા જણાય છે;[૪૦] અને મોહવિનાના છતાં કેમ જાણે મોહવડે યુક્ત હોય તેવા જોવામાં આવે છે. અમુક સુખ છે, અને અમુક દુઃખ છે, એવી કલ્પનાઓ આકાશમાં જેમ અંકુરો ન થાય, તેમ તેઓનાથી ઘણે દૂર રહેલી હોય છે. જેની દૃષ્ટિમાં જગતનું સ્વરૂપજ નથી અને અજ્ઞાનપણાથી કિંતુ સર્વ એક ચિદ્રૂપજ છે.[૪૧,૪૨] એવા જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિમાં પણ સુખ–દુઃખ આદિ રહે છે, એવું કહેવું આકાશની શાખાના જેવું અસંભવિત છે. સર્વત્ર જય મેળવનારા જીવન્મુક્ત પુરુષો અંદર શોકરહિત છતાં તેવે પ્રસંગે શોક કરતા દેખાય છે;[૪૩] અને મસ્તકઆદિ અવયવ કપાઇ જાય, તોપણ તત્ત્વદર્શી પુરુષો કેમ જાણે કશું ન કપાયું હોય તેવા કેવળ એક આત્મામાંજ સ્થિર થઇ રહેલા જણાય છે. મહાદેવજીએ સામગાયનમાં તત્પર થઇ રહેલા બ્રહ્માના મોટા મસ્તકને સુકુમાર કમલનીપેઠે નખવડે ચીરી નાખ્યું હતું; અને બ્રહ્મા પોતે શક્તિમાન છતાં તેમણે પાછું ફરીવાર તે મસ્તકને ઉત્પન્ન કર્યું નહિ,[૪૪,૪૫] કેમકે બ્રહ્મા પોતે ચિદાકાશરૂપ હોવાથી આકાશના જેવાજ છે, તો પછી તેને બીજા (પાંચમા) શિરા મસ્તકવડે શું વિશેષ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

છે ? કાંઈ નહિ. તેમને કાંઇ કરવાનું કે કાંઈ ન કરવાનું કશું પણ પ્રયોજન નથી.[૪૬] બાકી પ્રાણીઓના કર્મને અનુસારે જે જેવી રીતે થઇ જાય, તે ભલે તેવી રીતે થાઓ. બીજાની (ફેરફારની) તેને શી જરૂર છે ? કાંઇ નથી. જેમ ક્ષીરસાગર શુભ્ર એવી અમૃતકલાને ધારણ કરે, તેમ મહાદેવજી કામદેવ ઉપર અનુગ્રહ કરી ક્ષીણ ન થએલા એવા કામબાણના યોગથી પોતાના શરીરમાં (અર્ધાંગમાં) પાર્વતીજીને ધારણ કરી રહ્યા છે; અને કામદેવનો નિગ્રહ કરતાં વળી સમાધિમાં નિર્વિઘ્નરીતે પ્રવૃત્તિ થવાથી હર્ષાશ્રુને ધારણ કરી લે છે.[૪૭] મહાશય શ્રી મહાદેવજી પોતે સમર્થ છતાં પણ રાગીપણાનો ત્યાગ નથી કરતા. તેઓના વૈરાગ્ય વગેરે ગુણો કામદેવને બાળી નાખવાના સમયમાં સ્પષ્ટ રીતે જણાઇ રહ્યા છે,[૪૮] તેને (જીવન્મુક્તપણાનેલીધે) કાંઈ કરવાનું કે કાંઇ ન કરવાનું કશું પણ પ્રયોજન નથી, અને આ લોકમાં સર્વ પ્રાણીમાત્રમાં કોઈ પાસેથી પોતાનો કશો સ્વાર્થ કાઢી લેવાનું પણ હોતું નથી,[૪૯] તેમનું (મહાદેવજીનું) રાગીપણું ભલે હો કિંવા ન હો, તેને રાગીપણાનું કે વિરાગીપણાનું કશું પ્રયોજન નથી. જે દૈવયોગે જેવી રીતે થઈ જાય તે ભલે તેમ થાઓ. વળી બીજાનું તેને શું પ્રયોજન છે ? કાંઇ નથી.[૫૦] જીવન્મુક્ત વિષ્ણુ ભગવાન (લીલાવડે) પોતે અસુરનિગ્રહ આદિ કર્મને કરે છે, ઇંદ્રિયાદિદ્વારા કરાવે છે, પોતે અવતારની સમાપ્તિ થતાં મૃત્યુને પ્રાપ્ત (તિરોહિત) થઈ જાય છે. પારધિ આદિ તેના મરણમાં (તિરોભાવમાં) નિમિત્તરૂપ થાય છે. પોતે દેહનું ધારણ કરે છે, અને નિરંતર વૃદ્ધિને પણ પ્રાપ્ત થતા રહે છે.[૫૧] એ વિષ્ણુ ભગવાન પ્રાણીઓના કર્મને અનુસારે પ્રાપ્ત થએલી વ્યવહારની વ્યગ્રતાને પોતે સમર્થ છતાં પણ મૂકી શકતા નથી. તેમને એ વ્યવહારની વ્યગ્રતા ત્યાગ કરવાનું કે ગ્રહણ કરવાનું કશું પ્રયોજન નથી.[૫૨] પણ જે જેવી રીતે પ્રાપ્ત થતું હોય તે ભલે તેવી રીતે પ્રાપ્ત થાઓ, એમ સમજી કોઈ પણ જાતની વાસના રાખ્યા વિના વિષ્ણુ કે જે શુદ્ધ ચિન્માત્રરૂપને ધારણ કરી રહેલ છે, તે નિષ્કામપણેજ રહ્યા છે.[૫૩] સૂર્યનારાયણ નિરંતર જગતરૂપી ઘરના આકાશરૂપી આંગણાની અંદર પોતાનો આત્મા કે જે કાલના એક દંડારૂપ થઇ રહેલ છે, તેને (પ્રાણીઓના કર્મને અનુસારે) નિરંતર ભ્રમણ કરાવ્યા કરે છે.[૫૪] એ સૂર્યનારાયણ પોતાના દેહને તે વ્યાપારમાંથી રોકવા સમર્થ નથી એમ નથી, પરંતુ જીવન્મુક્તપણાથી નિષ્કામ રહી યથાસ્થિત રીતે પોતાનો કાર્યનિર્વાહ કરી લે છે.[૫૫] ચંદ્રમા જીવન્મુક્તપણાનેલીધે કશા પણ ખેદને નહિ પામતાં યથાસ્થિતપણે રહી પ્રલયપર્યંત અક્ષય એવા ક્ષયને વ્યર્થજ અનુભવે છે.[૫૬] અગ્નિ જીવન્મુક્તપણાનેલીધે યથાપ્રાપ્ત સ્થિતિવડે સમાન દશામાં રહી મરુતના યજ્ઞમાં બાર વર્ષપર્યંત હાથીની સૂંઢ જેવી નિરંતર પડ્યા કરતી ઘૃતધારા, ઇત્યાદિ હુતદ્રવ્યના ગ્રાસથી થએલા અજીર્ણવડે અને (કાર્તિકસ્વામિની ઉત્પત્તિના પ્રસંગમાં) સ્થાનથી ભ્રષ્ટ થએલા મહાદેવજીના વીર્યનું પાન કરવાથી અંદર પેદા થયેલા દાહવડે, ઇત્યાદિથી ઉત્પન્ન થએલા ખેદને ધારણ કરે છે.[૫૭] દૈત્યોના અને દેવતાઓના ગુરુ શુક્ર તથા બૃહસ્પતિ જીવન્મુક્ત છતાં લોકમાં અનેક પ્રકારે પરસ્પર જયની ઇચ્છાવડે કૃપણ જેવા થઈ રહે છે.[૫૮] જીવન્મુક્ત મનવાળા તત્ત્વજ્ઞ જનકરાજા જગતની અંદર ઉગ્ર યુદ્ધોમાં પોતાના દેહને જર્જર બનાવી દેતા રાજ્યને કરતા રહે છે.[૫૯] નલ, માંધાતા,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સગર, દિલીપ, નહુષ આદિ રાજાઓ જીવન્મુક્ત છતાં કેમ જાણે પ્રકૃતિવડે આકુળ થઇ ગયા હોય, તેમજ રાજ્ય કરતા હતા.[૬૦] વ્યવહારમાં જેમ અજ્ઞાનીની પ્રવૃત્તિ હોય છે (તેમ પંડિત પણ પ્રવૃત્તજ હોય છે) માત્ર બંધ-મોક્ષનું કારણ વાસનાનું હોવું અને ન હોવું એજ છે.[૬૧] બલિ, પ્રહ્લાદ, નમુચિ, વૃત્ર, અંધક, મુર આદિ જીવન્મુક્ત પુરુષો વીતરાગ છતાં સરાગનીપેઠેજ જગતમાં સ્થિતિ કરી રહ્યા હતા.[૬૨] જીવન્મુક્ત પુરુષરૂપી ચિદાકાશમાં બીજાઓને રાગદ્વેષનો ક્ષય કે ઉદય થતો જોવામાં આવે કિંવા તેનું સારાપણું કે નરસાપણું ભાસે, પરંતુ શુદ્ધ સ્વરૂપજ્ઞાનનો આવિર્ભાવ હોવાથી તેઓના મોક્ષમાં કશો પણ સંદેહ નથી.[૬૩] જે જીવન્મુક્ત પુરુષો ચિદાકાશના જેવા શુદ્ધ જ્ઞાનવડે સર્વ જીવોને ચિદાકાશ જેવા અસંગ પૂર્ણ બ્રહ્મરૂપજ સમજે છે, તેઓમાં (અજ્ઞાનનો નાશ થઈ જવાથી) ભેદબુદ્ધિ ક્યાંથી સંભવે ?(ન સંભવે.)[૬૪] જેમ પ્રકાશમાન ઇંદ્રધનુષ અનેક પ્રકારે દેખાતાં છતાં શૂન્ય અને આભાસમાત્ર છે, તેમ આ દૃશ્યરૂપી ભ્રાંતિ પણ અનેક પ્રકારે દેખાતી છતાં શૂન્ય અને આભાસમાત્ર છે.[૬૫] જેમ આકાશરૂપી આંગણાની અંદર ઇંદ્રધનુષમાં નાના પ્રકારના (અનેક) વર્ણો ભાસે છે. તેવી રીતે બ્રહ્માંડરૂપી અનેક પરમાણુઓ ચિદાકાશની અંદર શૂન્ય છતાં ભાસ્યા કરે છે.[૬૬] આ પ્રકટપણે દેખવામાં આવતુ જગત અસત્ય છતાં કેમ જાણે સત્ય હોય તેવું દેખાય છે. આકાશમાં રહેલી શૂન્યતાનીપેઠે તે ઉત્પન્ન પણ થએલ નથી અને નાશને પણ પ્રાપ્ત થતું નથી.[૬૭] એ જગત આદિ અને અંતવાળું દેખાતાં છતાં અનાદિ અને અનંત છે, અનેક પદાર્થોવડે વ્યાપ્ત હોવાથી અશૂન્ય જણાતાં છતાં શૂન્ય છે. ઉત્પન્ન થયું દેખાતાં છતાં ઉત્પન્ન થયુંજ નથી અને નાશને પ્રાપ્ત થતું જણાતાં છતાં નાશને પ્રાપ્ત થતું નથી.[૬૮] ચિદાકાશજ એવી રીતે જગતનેરૂપે (વિવર્તભાવથી) ઉત્પન્ન થએલ અને નષ્ટ થએલ ભાસે છે. જેમ કાષ્ઠથી બનેલો સ્તંભ કાષ્ઠરૂપજ છે તથા તેની અંદર કોતરેલી પૂતળી પણ કાષ્ઠરૂપ છે, તેમ બ્રહ્મમાં કલ્પાએલ જગત પણ બ્રહ્મરૂપજ છે.[૬૯] સમાધિવડે સમસ્ત કલ્પનાથી રહિત, સર્વત્ર સમાનતાવાળી અને નિદ્રાવસ્થાથી પણ રહિત એવી જે કાંઈ આત્મરૂપ સ્થિતિ થઇ રહેવી, તેજ સત્ય ચિદાકાશરૂપ છે. આ જગત તદ્રૂપ છે એમ સમજવાનું છે.[૭૦] એક દેશમાંથી ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા આત્માનું બીજા પ્રદેશમાં પ્રાપ્ત થવું થતાં વચમાં (વચલા પ્રદેશમાં) જે નિર્વિકલ્પ એવું તેનું સ્વરૂપ અનુભવમાં આવે છે, તે ચિદાકાશ છે અને જગત તન્મય છે એમ સમજવાનું છે.[૭૧] શુદ્ધ ચિદાકાશની અંદર દ્વિત્વ—એકત્વ આદિ પણ નથી, એમ મનન કરતાં નિશ્ચય થાય છે, તેમ એ કેવળ આકાશના જેવું શૂન્ય જે ભાસે છે, તેપણ નથી (પૂર્ણ આનંદઘનમાં શૂન્યતા સંભવતી નથી.) આ વાતનો પણ મનન કરતાં નિશ્ચય થાય છે.[૭૨] આ જગત ચિદાકાશરૂપ છે અથવા તો આત્માજ પોતાના સ્વરૂપની અંદર તેવે આકારે (વિવર્તભાવથી) થઇ રહેલ છે. હવે પછી થનારા (ભવિષ્યકાલના) નગરનીપેઠે તે કેવળ સંકલ્પની કલ્પનાવડે વિશાળરૂપે અને સ્ફુટરૂપે પ્રતીતિમાં આવે છે.[૭૩] આકાશના જેવા સ્વચ્છ ચિત્તવાળા હે રામચંદ્રજી ! આ દૃશ્ય સમૂહ શિલાના જેવા એકરસ નિર્વિકલ્પ શાંત બ્રહ્મરૂપજ છે. અહો ! કેવી આશ્ચર્યકારક માયા છે, કે લોકો પોતાના આત્માનીજ જગત એવા એક નામની કલ્પના કરી લઇ પોતાના આત્માનેજ મોહમાં નાખે છે.[૭૪]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

आकाशकोशविशदाशय दृश्यजातं ।
मौनात्म तिष्ठति शिलाघनमेव शान्तम् ॥
यन्नाम तस्य जगदित्याभिधां विधाय ।
स्वात्मैव मोहित इवायमहो नु माया ॥७४॥

श्रीमद् योगवसिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो ' जीवन्मुक्तकलन ' એ नामनो એકसो पચीशमो सर्ग संपूर्ण. १२५

सर्ग १२६ मो.×

भरण पामेला राजाओने संसारनी भ्रान्ति

॥ श्रीराम उवाच ॥

अनंतरं मुनिश्रेष्ठ कुर्वतः किं विपश्चितः ॥
आसंस्तेषु दिगंतेषु सद्वीपाब्धिवनाद्रिषु ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી ! તે પૂર્વ આદિ દિશાઓના અંતોમાં ગએલા વિપશ્ચિત રાજાઓએ દ્વીપો, પર્વતો, સમુદ્રો અને વનો આદિમાં જઇ પછી શું કર્યું ?[1]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! તાલી અને તમાલનાં વૃક્ષોની પંક્તિઓવડે યુક્ત એવા દ્વીપોમાં, પર્વતોમાં અને વનોમાં ફરનાર વિપશ્ચિત રાજાઓનું પછી શું થયું, તે વૃત્તાંત હું કહું તે તમે સાંભળો.[2] એક વિપશ્ચિત રાજાને ક્રૌંચદ્વીપના સીમાડાના પર્વતના પશ્ચિમ ભાગમાં કોઇ હાથીએ કમલનીપેઠે શિખરની શિલામાં ગંડસ્થલવડે પીસી નાખ્યો.[3] બીજા વિપશ્ચિત રાજાને કોઇ રાક્ષસે અંગમાં ધાયલ કરી દઈ આકાશમાર્ગેથી સમુદ્રમાં રહેનાર વડવાનલમાં ફેંકી દીધો અને તે તેમાંજ ભસ્મ થઇ ગયો.[4] ત્રીજા વિપશ્ચિત રાજાને કોઇ વિદ્યાધર દેવભૂમિમાં (ઇંદ્રની સભામાં) લઈ ગયો અને ત્યાં ઇંદ્રને નમસ્કાર ન કરવાથી ક્રોધથી વ્યાપ્ત થઈ ગએલા ઇંદ્રે તેને શાપવડે ભસ્મ કરી દીધો.[5] ચોથો વિપશ્ચિત રાજા કે જે ચતુરતાથી ચાલતો હતો, તેને કુશદ્વીપના પર્વતના તટ ઉપર આવેલ નદીને કાંઠે દુઃખવડે પણ માંડ નિવારણ કરી શકાય એવા (મોટા) મગરમચ્છે પકડી આઠ કટકા કરી મારી નાખ્યો.[6] એવી રીતે ચારે દિશાઓમાં ગએલા આકુળ ચિત્તવાળા ચારે વિપશ્ચિત રાજાઓ જેમ પ્રલયસમયમાં ચારે લોકપાલો ક્ષયને પ્રાપ્ત થઇ જાય, તેમ ક્ષયને પ્રાપ્ત થઇ ગયા.[7] પછી ચિદાકાશરૂપી એ વિપશ્ચિત રાજાઓનું જીવતચૈન્ય આકાશરૂપ થઇ જઇ પ્રાક્તન સંસ્કારને લીધે પોતાની અંદર પૂર્વની પેઠેજ પૃથ્વીમંડળને દેખવા લાગ્યું;[8] કે જે સાત દ્વીપો અને સાત સમુદ્રરૂપી વલયને ધારણ કરી રહ્યું હતું, ગામો અને નગરોરૂપી આભૂષણોવડે સુશોભિત હતું. ઉપરના ભાગમાં પીઠની પેઠે અતિ ઉન્નત એવા મેરુપર્વતને ધારણ કરી રહ્યું હતું. મેરુપર્વત ઉપર રહેલા બ્રહ્માના ગ્રહરૂપી શિરોમણિવડે દેદીપ્યમાન દેખાતું હતું.[9] ચંદ્રબિંબ અને સૂર્યબિંબરૂપી નેત્રવડે રમણીય દેખાતું હતું. તારાઓરૂપી મોતીઓનો સમૂહ તેમાં ઝબકી ઉઠતો હતો અને ચપળ મેઘરૂપી વસ્ત્રોવડે તે સુશોભિત દેખાતું હતું. તથા નાનાપ્રકારનાં વનોરૂપી રુંવાડાંઓવડે રમણીય હતું.[10] જેમ પ્રલયકાલની નિવૃત્તિસમયે (સૃષ્ટિના આરંભકાલમાં) આકાશની અંદર પ્રથમજ સૃજાએલા પ્રજાપતિઓ વિસ્તારવાળા દિશાઓના અંતોને પ્રથમ પ્રમાણેજ જુએ, તેમ એ ચારેય વિપશ્ચિતરાજાના જીવચૈતન્યે પોતાના ચારેય દેહને આગળ પ્રમાણેજ જોયા.[11] તે વિપાશ્ચત રાજાઓ કે જેઓ આકાશભાવથી રહિત એવા પોતાના ચિદાત્માની અંદર આકાશભાવની પ્રતીતિ થતાં આકાશરૂપ થઈ રહ્યા હતા, તેઓએ એક પોતાના મનના પ્રતિભાસરૂપ એવા પ્રાતિભાસિક દેહની અંદર

× આ એકસો છવ્વીશમા સર્ગમાં ભરી ગએલા ચારે વિપશ્ચિતરાજાઓને પોતાની અંદરજ સંસારની ભ્રાંતિ દેખાશે અને ઉત્તર તરફના વિપશ્ચિત રાજાને અંધારી ખાઇ દેખાયાનું તેનું કારણ કરતાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection Digitized by eGangotri Foundation USA

આધિભૌતિક દેહના (સ્થૂલ દેહના) સર્વ ધર્મો (સ્થૂલતા જડતા આદિ) પોતાની પાસેજ જોયા.[૧૨] એ દેહના આધારરૂપ આત્માનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાયાથી તે વિપશ્ચિત રાજાઓ પૂર્વસંસ્કારને લીધે પાછા આ દૃશ્યરૂપ અવિદ્યા કેવડી હશે, તેનો નિર્ણય કરવામાટે પૂર્વપ્રમાણેજ પ્રવૃત્ત થઈ ગયા.[૧૩] દૃશ્ય અને દર્શનના મધ્યમાં અનુભવરૂપે દેખાતી ભૂમંડળરૂપી અવિદ્યાનું પરિમાણ જોવામાટે તેઓએ અનેક દ્વીપાંતરોમાં ભ્રમણ કર્યું.[૧૪] પશ્ચિમ દિશાવાળા વિપશ્ચિત રાજા સાત દ્વીપોનું અને સાત મહાસાગરોનું ઉલ્લંઘન કરી સુવર્ણથી ઘટ્ટ એવી ભૂમિમાં ક્રીડા કરી રહેલા જનાર્દન ભગવાન પાસે (પોતાના ભાગ્યોદયને લીધે) જઇ પહોંચ્યો;[૧૫] અને ભગવાન પાસેથી જેને કશાની ઉપમા ન આપી શકાય, તેવી (અનુપમ) બ્રહ્મવિદ્યાને મેળવી તેજ દિશાની અંદર પાંચ વર્ષસુધી સમાધિમાં રહ્યો.[૧૬] એ પછી દેહનો ત્યાગ કરી દઇ ચિત્ત કેવળ ચિદ્રૂપતાને પ્રાપ્ત થઇ જતાં જેમ તેનો પ્રાણ આકાશભાવને પ્રાપ્ત થઇ ગયો, તેમ પોતેપણ પરમ નિર્વાણને પ્રાપ્ત થઈ ગયો.[૧૭] પૂર્વદિશાવાળો વિપશ્ચિત રાજા પૂર્ણિમાના પૂર્ણ એવા ચંદ્રબિંબની સન્નિધિમાં પોતાના દેહની સ્થિતિનું ચિંતન કરતાં કરતાં પોતાના તે દેહને મૂકી દઈ ચંદ્રલોકમાં જઇ રહ્યો.[૧૮] દક્ષિણ દિશાતરફનો વિપશ્ચિત રાજા શાલ્મલી દ્વીપમાં શત્રુઓના સમૂહને ઉખેડી નાખી હજી અદ્યાપિપર્યંત રાજ્ય કરે છે; તેને પારમાર્થિક તત્ત્વનો લાભ ન થવાથી બાહ્ય પદાર્થોનું હજી વિસ્મરણ થયું નથી.[૧૯] ઉત્તર તરફનો વિપશ્ચિત રાજા ચપળતાથી પછડાયા કરતા તરંગોવાળા સાતમા સમુદ્રમાં (સ્વાદૂદકમાં) એક હજાર વર્ષ પર્યંત મગરમચ્છના ઉદરમાં રહ્યો;[૨૦] અને તે મગરમચ્છના ઉદરના માંસનો આહાર કરતો હતો. એ મોટો મગરમચ્છ મરી જતાં મગરમચ્છનીપેઠે તે ઉત્તર તરફનો વિપશ્ચિત રાજા મગરમચ્છના ઉદરમાંથી બહાર નીકળ્યો અને સમુદ્રમાંથી પણ બહાર નીકળ્યો.[૨૧] પછી હિમના જેવા શીતળ જલવાળા એ સ્વાદૂદક સમુદ્રના એંશી હજાર યોજનનું ઉલ્લંઘન કરી વિશાળ ઉદરવાળી સુવર્ણસંબંધી ઘાટી વિસ્તીર્ણ ભૂમિમાં પ્રાપ્ત થઇને તેણે પ્રાણનો ત્યાગ કર્યો કે જે ભૂમિ દશ હજાર યોજનપર્યંત વિસ્તીર્ણ હતી અને દેવતાઓના સંચાર કરવાના માર્ગરૂપ હતી.[૨૨,૨૩] ઉત્તર તરફનો તે વિપશ્ચિત તે ભૂમિમાં મરણને પ્રાપ્ત થતાં જેમ અગ્નિના મધ્યમાં રહેલ કાષ્ઠ ક્ષણવારમાં અગ્નિભાવને પ્રાપ્ત થઇ જાય, તેમ (દેવભૂમિમાં રહેવાથી) ઉત્તમ એવા દેવભાવને પ્રાપ્ત થઇ ગયો.[૨૪] એ વિપશ્ચિત રાજા ઉત્તમ દેવભાવને પ્રાપ્ત થઈ જઇ (દિશાઓના અંત જોવાની પૂર્વવાસનાને લીધે) લોકાલોક પર્વતમાં ચાલ્યો ગયો, કે જે પર્વત આ ભૂમંડળરૂપી વૃક્ષના ક્યારાનીપેઠે આધારરૂપ થઈ રહેલ છે.[૨૫] એ પર્વતની પચાસ હજાર યોજનપર્યંત ઉંચાઇ છે અને તેનો એકજ (પ્રથમ) ભાગ સૂર્યના પ્રકાશવડે અને લોકોના વ્યવહારવડે યુક્ત છે, બાકી બીજા ભાગમાં તો કોઈનો પણ સંચાર નથી.[૨૬] લોકાલોક પર્વતના શિરોભાગમાં પ્રાપ્ત થએલ અને તારાઓના માર્ગમાં રહેલ એવા એ વિપશ્ચિત રાજાને નીચે રહેલા મનુષ્યો કોઇ આ ઉચ્ચ નક્ષત્ર છે, એવી શંકાથી જોતા હતા.[૨૭] લોકાલોક પર્વતના એ પ્રદેશ પછી તે મહાપર્વતના બીજા (પર) ભાગમાં ચારે દિશાઓમાં અંધકાર રહેલ છે અને ચારે દિશાઓમાં મોટી એક અંધારી ખાઇ છે, કે જે આકાશનીપેઠે સર્વ પ્રાણીઓવડે શૂન્ય છે અને અનેક યોજનપર્યંત વિસ્તારવાળી છે.[૨૮] ત્યાં વર્તુલ આકારવાળો આ ભૂગોલ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સમાપ્ત થાય છે અને ત્યાંથી માંડી પછી આકાશના જેવી શૂન્ય અંધકારથી ભરેલી મોટી ખાઇ આવે છે.[૨૯] તેની અંદર ભમરા જેવો, કાજળના જેવો, તમાલના જેવો અને આકાશના જેવો મધ્ય ભાગ શ્યામ અંધકારજ પથરાઇ રહ્યો છે. ત્યાં પૃથ્વી કે જંગમ આદિ કશું નથી, કાંઈ પણ આલંબન પણ નથી અને કશીપણ વસ્તુ કોઈ દિવસ ત્યાં સંભવતીજ નથી. એમ તમે સમજો.[૩૦]

तत्रालिकज्जलतमालनभोंतरालनीलं तमो न च मही न च जंगमादि ॥ नालंबनं न च मनागपि वस्तुजातं किंचित्कदाचिदपि संभवतीति विद्धि

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિપશ્ચિજ્જન્માન્તરાચરણ' એ નામનો એકસો છવ્વીશમો સર્ગ સંપૂર્ણ. ૧૨૬

સર્ગ ૧૨૭ મો.*

ભૂગોળ તથા નક્ષત્રમંડળ આદિની સ્થિતિનું વર્ણન

॥ શ્રીરામ ઉવાચ ॥

भगवन् कथयैतन्मे कथं भूगोलकं स्थितम् ॥ कथमृक्षगणो याति लोकालोकगिरिः कथम् ।१।

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આ ભૂગોળ (નિરાધાર) શી રીતે રહેલ છે? નક્ષત્રગણ પણ નિરાધાર કેમ ભ્રમણ કર્યા કરે છે? અને લોકાલોક પર્વત (કે જે વિષે તમે હમણાંજ કહ્યું તે) પણ શી રીતે રહેલ છે? અને તેનું તેવું નામ પડવામાં શું નિમિત્ત છે? તે મને કહો.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ બાળકના સંકલ્પથી રચાએલો (મનોમય) દડો આકાશમાં નિરાધાર રહી શકે છે, તેમ હિરણ્યગર્ભ કે જે ચિન્માત્ર છે, તેરૂપી બાળકે કલ્પી લીધેલ આ ભૂગોળ પણ આકાશની અંદર (નિરાધાર છતાં) ટકી રહેલ છે.[૨] જેમ તિમિર રોગવડે યુક્ત નેત્રવાળા પુરુષોને તે આકાશમાં મોવાળા મસલાં આદિના જેવા આકારો અને દ્વિચંદ્ર આદિનું દર્શન (મિથ્યારૂપે) થાય છે, તેમ ચિદાકાશને સૃષ્ટિના આરંભકાળમાં મિથ્યારૂપેજ પૃથ્વી આદિની પ્રતીતિ થાય છે.[૩] જેમ સંકલ્પનગર કોઇ આધારવડે ધારણ કરાઈ રહ્યું હોય, એમ અનુભવમાં આવતું નથી. જો કે સંકલ્પવડે ઉભા રહેલ સ્તંભો ભીંતો આદિવડે ધારણ કરાએલ છે, તથાપિ એ અવસ્તુરૂપ હોવાથી વસ્તુતાએ જોતાં તેવડે ધારણ કરાએલ નથી; તેવીજ રીતે ચિદાકાશની અંદર (હિરણ્યગર્ભના સંકલ્પથી) ખડી થઇ ગએલી પૃથ્વીના અનુભવવિષે પણ સમજી લેવાનું છે.[૪] ચિદાકાશની અંદર (હિરણ્યગર્ભના સંકલ્પને અનુસરી) જે વસ્તુ જેવે રૂપે ચિત્સત્તારૂપી સ્વભાવને લીધે પ્રતીતિમાં આવે છે, તે વસ્તુ તે તે સ્થળમાં તેવેરૂપે અનુભવાય છે, એવોજ કાંઇ ચિદાત્માનો અપાર મહિમા છે.[૫] જેમ તિમિર રોગવડે પીડિત નેત્રવાળા પુરુષને આકાશની અંદર મોવાળા મસલાં આદિના જેવા આકારો જોવામાં આવે, તેમ (મિથ્યારૂપે) ચિન્માત્રતત્ત્વને ભૂગોળની (જેવે પ્રકારે પ્રથમ સૃષ્ટિના આરંભમાં) પ્રતીતિ થઇ તેવે પ્રકારેજ તે થઇ રહેલ છે.[૬] ચિદાત્માને (હિરણ્યગર્ભને) પોતાના સ્વરૂપની અંદર સ્વપ્નની પેઠે નદીઓનું ઊર્ધ્વગમન અને અગ્નિનું અધોગમન જે પ્રથમ ભાસ્યું હોત (કલ્પના કોટિમાં આવ્યું હોત) તો (હિરણ્યગર્ભના સત્ય સંકલ્પને લીધે આજે તેની તેવી વિપરીત) સ્થિતિ હોત અને આપણને તે પ્રમાણેજ

---

* આ એકસો સત્તાવીશમા સર્ગમાં ભૂગોળ, નક્ષત્રમંડળ આદિની સ્થિતિવિષે, તે પછવાડે આવેલા આકાશવિષે અને બ્રહ્માંડરૂપી પર્વતની સ્થિતિવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રતીતિમાં આવત.[૭] ચિત્સત્તાને જે વિષેનું જેવું ભાન થાય, તે તેના વિચાર પ્રમાણે સત્ય હોવાથી કેટલાક વાદીઓ એમ માને છે, કે પૃથ્વી ભારે હોવાથી નિરંતર મહાકાશમાં તેનું પતન (ભ્રમણ) થાય છે. પરંતુ આકાશના અધઃપ્રદેશનો અવધિ ન હોવાથી તેનું પતન કોઈ જગોએ વિશ્રાંત થતું નથી. અને પૃથ્વીની વિશાલતાને લીધે આપણને તેના પડવાની પ્રતીતિ થતી નથી. તેમજ જ્યોતિશ્ચક્ર (નક્ષત્રમંડળ) કે જે ધ્રુવની સાથે બંધાએલું છે; તે પણ એ પૃથ્વીની સાથેજ પતનને પ્રાપ્ત થતું રહે છે; અને તેને લીધેજ અનાદિ કાળથી તે ભમતું રહે છે, એમ માને છે. વળી બીજા કેટલાક વાદીઓ એમ માને છે કે પૃથ્વીની નીચે ઉપર અને ચારેકોર જળજ ભરેલ છે; અને તેની અંદરનાં છિદ્રોના ભાગમાં પૃથ્વીના સાત લોકો કે જેઓ પવનવડે અંદર પૂર્ણપણે ભરેલા છે, તેઓની સ્થિતિ છે, અને અંદર રહેલા વાયુની અતિ હલકાઇને લીધે તે પૃથ્વી જળમાં રહેલી તુંબડીની પેઠે નિરંતર ઉપરજ તરતી રહે છે. કેટલાક ભૂગોળની ચારે તરફ આકાશજ રહેલ છે અને તેમાં એ ભૂગોળના પતન વિષે (ભ્રમણ વિષે) પોતપોતાની અનુકૂળતા પ્રમાણે કલ્પના કરી લે છે. વળી બીજાઓ, જ્યોતિશ્ચક્ર નથી ફરતું પરંતુ પૃથ્વીજ પોતાના સ્થાનમાં ફરતી રહે છે અને આપણને તેની ખબર ન પડવાથી વહાણમાં બેઠેલા પુરુષોને જમ કાંઠે રહેલાં વૃક્ષો ફરતાં લાગે, તેમ જ્યોતિશ્ચક્ર આપણને ફરતું દેખાય છે એમ માને છે. વળી બીજાઓનું માનવું એમ છે કે પૃથ્વીનું પતન અસંભવિત હોવાથી તે સદાકાળ પોતાના સ્થાનમાં સ્થિર છે. આવા તે તે વાદીઓના અનેક વિકલ્પો તેઓની બુદ્ધિમાં રહેલી પતનસત્તાને તેમના વિચારને અનુસરનારાઓને સત્ય ભાસે છે. બાકી વસ્તુતાએ (ચેતન સિવાય) બીજું કશું સત્ય નથી. ચિત્સત્તાજ તે તે વાદીઓના તેવા તેવા ભાવને અનુસારે અનેકરૂપે થઈ રહેલ છે.[૮] જેઓને આ ભૂગોળ નિશ્ચળ ભાસે છે, તેઓની દૃષ્ટિમાં તે સ્થિરજ છે. જેઓની દૃષ્ટિ નિરંતર અપ્રતિહત રહેનાર હોય છે, તેઓને તે સદા પ્રકાશમય ભાસે છે અને તેના વિચારપ્રમાણે તેવી છે. જેઓ જન્મથીજ અંધ છે, તેવાઓની દૃષ્ટિઓ સદાકાળ પ્રકાશવિનાનીજ છે. બાકી વસ્તુતાએ જોતાં એ સર્વ ભાવો તેઓના સર્વના પોતાના આત્માની અંદર રહેલ છે.[૯] તેવીજ રીતે ચિદાત્માનાજ એક ભાનને અનુસરી તારામંડલ અને પૃથ્વી આદિની પ્રતીતિ થાય છે. બાકી વસ્તુતાએ વિચારતાં આ સર્વ અસત્ય છતાં (અવિદ્યાનેલીધે) સદાકાલ અખંડિતપણે સત્યજ ભાસ્યા કરે છે.[૧૦] આ પૃથ્વી લોકાલોક પર્વતસુધી વ્યાપ્ત છે અને તેનું પરિમાણ પણ તેવડું જણાય છે. ત્યાર પછી તો આકાશરૂપી એક મહાખાત (મોટી ખાઈ) રહેલ છે, કે જેની અંદર એક મહાસાગરના જેવો અંધકારજ ભરપૂર છે અને કોઈ કોઈ જગ્યાએ કાંઇક પ્રકાશ પણ રહેલ છે.[૧૧] નક્ષત્રમંડળના અતિ દૂરપણાને લીધે અને લોકાલોકરૂપી મહાન પર્વતની વિકરાલતાને લીધે, કોઈ કોઈ ભાગમાં કેવળ અંધકારજ પથરાઇ રહ્યો છે અને તેમાંજ કોઈક ઉપરના ભાગમાં તેજ પણ રહેલ છે (તેને લીધેજ તેની લોકાલોક એવી સંજ્ઞા પડેલ છે.)[૧૨] લોકાલોક પર્વતની પેલેપાર રહેલા આકાશમંડળથી ઘણે દૂર દશેય દિશાઓમાં નક્ષત્રચક્ર ફર્યા કરે છે.[૧૩] પાતાળથી માંડી ઠેઠ સ્વર્ગલોક પર્યંત એ નક્ષત્રચક્ર આકાશની અંદર દશે દિશાઓમાં ચારેકોર ભ્રમણ કરતું રહે છે. એક ધ્રુવજ માત્ર સ્થિર રહે છે.[૧૪] લોકાલોક પર્વ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તના અંતભાગસુધી પાતાળસહિત ભૂલોકને નક્ષત્રમંડળ ફરતું રહે છે. વસ્તુતાએ જોતાં ચિન્મય તત્ત્વની કલ્પનાવિના એ બીજું શું છે? કાંઇ નહિ.[૧૫] લોકાલોક પર્વતસહિત એવા ભૂલોકથી (પૃથ્વીથી) બમણું આકાશ રહેલ છે, અને ત્યાર પછી પાકેલાં અખોડનાં અંદરનાં બીજની ચારેકોર જેમ તેની છાલ રહેલ હોય તેમ નક્ષત્રમંડળ રહેલ છે.[૧૬] આ પૃથ્વીલોકથી બમણા વિસ્તારવાળા આકાશના કરતાં નક્ષત્રમંડળનો અંદરનો વિસ્તાર બમણો છે. દશેય દિશાઓમાં તેનું ભ્રમણ થતું રહે છે. અને જેમ બીલાના ફળને તેની છાલ ચારેતરફ વ્યાપી રહેલ હોય, તેમ એ ચારેતરફ વ્યાપ્ત થઈ રહેલ છે.[૧૭] શબલબ્રહ્મ કે જે કેવળ ચિન્મય છે, તેની સત્યસંકલ્પતાને લીધે તેમાં જેવું સ્ફુરણ પ્રથમ ઉઠે છે, તેજ આ બ્રહ્માંડને અને તેના અવયવોને આકારે થઇ જઈ આ જગતની સ્થિતિના આધારરૂપ થાય છે.[૧૮] નક્ષત્રચક્ર પછી વળી તેનાથી બમણું બીજું આકાશ રહેલ છે. તે કોઇક ઠેકાણે પ્રકાશવડે યુક્ત છે અને કોઈક ઠેકાણે સાંદ્ર (ઘાટા અંધકારમય) છે.[૧૯] એ આકાશની અંતે પાછું બીજું બ્રહ્માંડના ઊર્ધ્વ ભાગરૂપી ખર્પર (કપાલ) રહેલ છે. એવી રીતે એક બ્રહ્માંડનું ખર્પર તેના ઉપરના ભાગમાં રહેલ છે, અને બીજું નીચેના ભાગમાં રહેલ છે; અને એ બન્નેના મધ્યભાગમાં આકાશ રહેલ છે.[૨૦] સેંકડો અને કરોડો યોજનપર્યંત તેનો વિસ્તાર છે. વજના જેવું તે દૃઢ છે. પરમાર્થદૃષ્ટિથી જોતાં તે કેવળ કલ્પનામાત્ર છે અને ચિદાકાશની અંદર વિકારરૂપે કલ્પાએલા પંચીકૃત પંચમહાભૂતના કાર્યરૂપ હોવાથી ચિદાકાશથી જુદું નથી, પણ ચિદાકાશરૂપ છે; અને ચિદાકાશની અંદરજ રહેલ છે.[૨૧] મહાગોળને આકારે થઇ રહેલા આકાશની અંદર બધી દિશાઓમાં સૂર્ય, તારા; ઇત્યાદિવડે સુશોભિત નક્ષત્રચક્ર રહેલ છે, તો પછી તેમાં નીચે ઉંચે વળી શું હોય? કાંઇ નહિ. અથવા તો સર્વ સર્વની નીચે ઉપર થતુંજ રહે છે.[૨૨] સર્વ વસ્તુઓનું પડવું, ઉંચે ચડવું, તિર્યક્‌ગતિ કે એકત્ર સ્થિરતા આદિ જે કાંઇ ભાસે છે, તે ચિદાત્માનો એક પ્રતિભાસ માત્ર છે, બાકી વસ્તુતાએ જોઇએ તો પડવું, ઉંચે ચડવું, જવું, આવવું કે સ્થિર રહેવું, ઇત્યાદિ કશું અદ્વિતીય ચિદાકાશની અંદર નથી.[૨૩]

पतनमुत्पतनं गमनं स्थितं चित इति स्फुरितं न तु वस्तुतः ॥ पतनमास्ति न चोत्पतनं न वा गमनमागमनं स्थितमित्यपि ॥२३॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाणप्रकरणना उत्तरार्द्धनो 'भूगोलकनिर्णय' એ नामनो એકસો सत्तावीशमो सर्ग संपूर्ण. १२७

सर्ग १२८ मो.*

विपश्चित राजानुं अविद्यामां भ्रमण

॥ श्रीवसिष्ठ उवाच ॥

अस्मदादेर्जनस्यैतत्प्रत्यक्षं नानुमानिकम् । शुद्धबोधशरीरेण नाधिभौतिकरूपिणा ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ ભૂગોળ અને જ્યોતિશ્ચક્ર વગેરેનું જે પરિમાણ મેં કહ્યું, તે આપણ વગેરે યોગીજનને પ્રત્યક્ષ છે; કેવળ અનુમાનસિદ્ધ છે, એમ નથી, પરંતુ તે યોગ અને જ્ઞાનના અભ્યાસથી સિદ્ધ થએલ તત્ત્વસાક્ષાત્કારવાળા આતિવાહિક (સૂક્ષ્મ) દેહવડે દેખાય છે, પણ આધિભૌતિક (સ્થૂલ)

* આ એકસો અઠ્ઠાવીશમા સર્ગમાં તે અંધકારમય ખાતને ઉતર્યા પછી બ્રહ્માંડનાં આવરણો વિષે અને એ વિપશ્ચિત રાજાના અવિદ્યામાં ભ્રમણ થયા વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દેહવડે જોઇ શકાતું નથી.[૧] આ ઉપર જેવિષે મેં વર્ણન કર્યું, તે આપણા આ જગતરૂપી સ્વપ્નનું છે. બીજાં જગતોરૂપી સ્વપ્નોમાં પણ એવીજ જાતની સ્થિતિ રહેલી છે, અને કોઇ ઠેકાણે (માયાની અનિર્વચનીયતાનેલીધે) બીજી જાતની સ્થિતિ પણ છે.[૨] બીજા જગતરૂપી સ્વપ્નોની આકૃતિ પરિમાણ આદિ કહેવાનું શું પ્રયોજન છે? કેમકે પ્રકૃતમાં ઉપયોગી થાય તેવી કથાવિના બીજી કથા બુદ્ધિમાન પુરુષોની હોતી નથી.[૩] હે પંડિત સભાસદ્દો! આપણા આ જગત પ્રમાણે જોતાં તો સર્વ બ્રહ્માંડોના મધ્યમાં આવેલા સર્વ દ્વીપોના અને સમુદ્રોના ઉત્તર ભાગમાં મેરુ અને દક્ષિણ ભાગમાં લોકાલોક પર્વત રહેલ છે. માટે એવું અનુમાન જેને સર્વ પ્રાણીઓના સમૂહવડે ભરેલાં બીજાં બ્રહ્માંડોના સંબંધમાં પણ થતું હોય, તે ભલે તેવું અનુમાન બાંધો.[૪] આ બ્રહ્માંડની બહાર વસનારા બીજાઓને જે કાંઇ બીજા જગતરૂપી જુદી જુદી જાતના ભ્રમો ભાસતા હશે, તે તેઓનેજ પ્રત્યક્ષ હશે, તેઓનો તેવો આકાર આપણા જોવામાં આવી શકતો નથી.[૫] આ સાત દ્વીપોની અંદર નિવાસ કરી રહેલા સર્વ જીવોના ઉત્તરભાગમાં મેરુ રહેલ છે અને દક્ષિણભાગમાં લોકાલોક પર્વત રહેલ છે. બાકી બીજાઓનેમાટે તેમ નથી, એવો નિશ્ચય છે.[૬] હે રામચંદ્રજી! હવે પ્રકૃતવિષે (ચાલતા પ્રસંગવિષે) હું કહું તે સાંભળો. બ્રહ્માંડરૂપી કપાટનું આપણે જે પ્રમાણ કહ્યું, તેના કરતાં દશગણું જળ તેની બહાર તેને ફરતું રહેલ છે.[૭] જેમ તૃણચુંબક મણિ તૃણને પોતાના આકર્ષણશક્તિરૂપી સ્વભાવવડે ધારણ કરી રાખે અને કલ્પવૃક્ષ જેમ યાચકોએ ઇચ્છેલાં રત્નોને ધારણ કરે, તેમ એ બ્રહ્માંડરૂપી કપાટ પણ પાર્થિવ ભાગને પોતાની સ્વાભાવિક આકર્ષણશક્તિવડે જલને નિરંતર ધારણ કરી રહેલ છે.[૮] નિરંતર પાર્થિવ ભાગ કલ્પવૃક્ષરૂપી રત્નનીપેઠે સર્વ પદાર્થોના આશ્રયરૂપ થઇ રહેલ છે, તેને લીધે જળ, વૃષ્ટિ વગેરે પદાર્થો તેની અંદરજ પડે છે.[૯] એ જળરૂપી આવરણથી બહાર એ જળના કરતાં દશગણું તેજ રહેલ છે, કે જે ઇંધનરૂપી આધારવિનાજ રહેલ છે. આકાશના જેવું સ્વચ્છ છે અને શાંત તથા નિશ્ચળ એવી અગ્નિની જ્વાળા જેવું તે મહાદેદીપ્યમાન દેખાય છે.[૧૦] અગ્નિની બહાર વળી તેનાથી દશગણા વિસ્તારવાળો વાયુ રહેલ છે, અને તે વાયુની બહાર તેના કરતાં દશગણા વિસ્તારવાળું નિર્મળ આકાશ રહ્યું છે.[૧૧] અને ત્યાર પછી શાંત અને અનંત એવું બ્રહ્માકાશ રહેલ છે કે જે પ્રકાશરૂપ પણ નથી તેમ અંધકારરૂપ પણ નથી, તે સદા અવિનાશી છે અને પ્રજ્ઞાનધન છે.[૧૨] આદિ, મધ્ય અને અંતથી રહિત એવું તે બ્રહ્મરૂપી મહાકાશ કે જે મહાચૈતન્ય એવા નામને ધારણ કરી રહેલ છે, સર્વના આત્મારૂપ છે અને લોઢાના ઘનનીપેઠે છિદ્રરહિત કેવળ નિર્વાણમય છે, તેની અંદર એવાં લાખો બ્રહ્માંડો એકબીજાથી ઘણે દૂર પરસ્પર જોવામાં ન આવે તેમ વારંવાર ઉત્પન્ન થતાં રહે છે, અને પાછાં પ્રલયને પણ પ્રાપ્ત થઇ જાય છે.[૧૩,૧૪] વસ્તુતાએ જોઇએ તો સદા પોતાના સમાનરૂપે રહેનાર (નિર્વિકલ્પ સ્વરૂપમાં રહેલા) ચિદાકાશની અંદર આવિર્ભાવ તિરોભાવ આદિ કશું થતું જ નથી. ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર તેવેરૂપે અને તેવે આકારે (વિવર્તભાવથી) થઇ રહેલ છે.[૧૫] આ સર્વ દૃશ્યના અનુભવવિષેનો ક્રમ મેં તમને કહી બતાવ્યો. હવે લોકાલોક પર્વતમાં વિપશ્ચિત રાજાનું શું થયું, તે વિષે હું કહું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

તે તમે સાંભળો.[૧૬] જન્માંતરોમાં સારીપેઠે અભ્યાસ કરાએલા પૂર્વના (દિશાઓનો અંત જોવાના) સંસ્કારવડે દૃઢ થઇ રહેલા નિશ્ચયવડે પ્રેરાએલા એ વિપશ્ચિતરાજાએ, લોકાલોક પર્વતના શિખર ઉપરથી (પ્રથમ કહ્યા પ્રમાણે) અંધારી ખાઇમાં પ્રવેશ કર્યો,[૧૭] અને ત્યાં શિખરના જેવા મોટા પક્ષીઓએ ફાડી ખાધેલા પોતાના દેહને તેણે જોયો. પછી પોતાના ઇચ્છિત કાર્યમાં પ્રવૃત્ત થઇ ગયેલો મનરૂપી દેહજ તેના જોવામાં આવ્યો.[૧૮] નિર્મળ ચિત્તવાળા વિપશ્ચિતરાજાએ તે મરણ પ્રદેશની પવિત્રતાને લીધે (સ્થૂલદેહભાવના સંસારને ઉદ્બુદ્ધ કરનાર ચાર ભૂત ન હોવાથી) પોતાના આતિવાહિક (મનોમય) દેહને આધિભૌતિકરૂપે જોયો નહિ. મતલબ કે એક આતિવાહિકપણાનું તેને વિસ્મરણ થયું નહિ,[૧૯] તેને સ્થૂલદેહથી રહિત આતિવાહિક દેહરૂપ આત્માનો બોધ થયો, પણ વિશેષ (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહથી જુદા શુદ્ધ ચિન્માત્રરૂપ આત્માનો) બોધ થયો નહિ અને પોતાનું દિશાઓનો અંત જોવારૂપી કાર્ય સમાપ્ત ન થએલું જોઇ તેણે પાછી આગળ ચાલવા પ્રવૃત્તિ કરી.[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! દેહ વિના આ ચિત્ત, કાર્યમાં શી રીતે પ્રવૃત્ત થાય છે ? તથા સ્થૂલ દેહ અને દિવ્ય દેહના કરતાં આતિવાહિક (મનોમય) દેહમાં શું વિશેષતા રહી છે.[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ અંતઃપુરમાં રહેનાર સ્ત્રીવર્ગ વગેરેનું ચિત્ત સંકલ્પવડે એક પથિકભાવને ધારણ કરી લઇ બહાર ફેલાઇ (ચાલ્યું) જાય છે, તેમજ એ વિપશ્ચિતરાજાનું ચિત્ત પણ ફેલાઇ રહ્યું હતું.[૨૨] જેમ ભ્રમમાં, સ્વપ્નમાં, મનોરાજ્યમાં, મિથ્યા જ્ઞાનમાં અને કથાશ્રવણમાં ચિત્ત પસરી જાય છે. તેમ એ વિપશ્ચિતરાજાનું ચિત્ત પ્રસરી ગયું હતું.[૨૩] જે દેહની અંદર ભ્રમ, સ્વપ્ન, મનોરાજ્ય આદિ પસરી જાય છે, (ઉત્પન્ન થાય છે) તે આતિવાહિક શરીર છે. અને તેના આતિવાહિકપણાની વિસ્મૃતિ થતાં કાળે કરીને તેમાંજ આધિભૌતિકપણાની સ્થૂલદેહભાવની) પ્રતીતિ થાય છે.[૨૪] રજ્જુમાં થયેલી સર્પની ભ્રાંતિનીપેઠે કેવળ ભ્રાંતિમાત્ર એવો આ આધિભૌતિક દેહ (સ્થૂલ દેહ) જ્યારે તિરોહિત થઈ જાય, ત્યારે આતિવાહિક દેહ (સૂક્ષ્મ દેહ) અવશેષ રહે છે.[૨૫] હે પ્રિય રામચંદ્રજી ! હવે આપણે એ આતિવાહિક દેહવિષે સારી રીતે વિચાર કરીએ તો જણાય છે કે ચિન્માત્ર સિવાય બીજું કશું તત્ત્વ તેમાં નથી.[૨૬] એકે પ્રદેશમાંથી (ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા) બીજા પ્રદેશમાં પ્રાપ્ત થતાં વચમાં જે ચિદાત્માનું નિર્વિષય સ્વરૂપ અનુભવમાં આવે છે, તેજ અનંત અને સદા એકજ રૂપમાં રહેનાર ચિન્માત્ર તત્ત્વનું સ્વરૂપ છે.[૨૭] એ શુદ્ધ ચિદાકાશની અંદર દ્વૈત કયાં છે ? અને રાગદ્વેષ આદિની સ્થિતિ પણ કયાં છે ? તે તમેજ કહો. સર્વ અનાદિ અને અનંત શિવરૂપ (બ્રહ્મરૂપ) છે, એમ સમજવું, અનુભવવું, તેજ પરમબોધ કહેવાય છે.[૨૮] મનના સંકલ્પોને છોડી દઈ સ્વસ્વરૂપમાં શાંતપણાથી સ્થિતિ કરી રહેવું, એજ ઉત્તમ બોધ છે. વિપશ્ચિત રાજા, આતિવાહિક દેહમાં સ્થિતિ કરી રહ્યો હતો, પરંતુ હજી તે યથાર્થ પરમબોધને પ્રાપ્ત થયો ન હતો;[૨૯] કેમકે આતિવાહિક દેહને હજી તે પોતાના આત્મારૂપ સમજ્યો હતો અને તેને લીધેજ પ્રથમ તેને ગર્ભવાસ જેવો અંધકાર દેખાયો હતો.[૩૦] પછી એ અંધકાર-(અંધારી ખાઇ)ને અંતે બ્રહ્માંડના કપાટના જેવા એક અંડરૂપ થઇ રહેલ ભૂતળ (પૃથ્વી) કે જે ઉપરના અને નીચેના એ બન્ને ખંડના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિભાગના સંધિરૂપ છે, વજ્રના જેવું દૃઢ છે, સુવર્ણમય છે અને કરોડો યોજનસુધી વિસ્તારને પ્રાપ્ત થઈ રહેલ છે, તેની અંતે એ વિપશ્ચિતરાજા તે પૃથ્વીના કરતાં આઠગણા વિસ્તારવાળા જળને પાપ્ત થયો, કે જે કપાટરૂપી ભૂમિની પેઠેજ દ્વીપને અન્તે જેમ સમુદ્ર રહે, તેમ ભૂમિને આધારે રહ્યું હતું.[૩૧,૩૨] એ જળનું ઉલ્લંઘન કરી ગયા બાદ તે અનેક સૂર્યોના સમૂહની પેઠે ભયજનક (અસહ્ય) અને પ્રલયકાળના અગ્નિની ઘાટી જ્વાળાનો કેમ જાણે અંદર સમૂહ બંધાઇ રહ્યો હોય તેવા મહાદેદીપ્યમાન તેજને પ્રાપ્ત થયો.[૩૩] દાહ અને શોક આદિથી રહિત એવા એ મનોમય શરીરવડે એ વિપશ્ચિતરાજા તેજરૂપી આવરણમાંથી નીકળી પૂર્વવાસનાનેલીધે પ્રતીતિમાં આવતા વાયુરૂપી આવરણમાં થતી પોતાની ગતિને દેખવા લાગ્યો.[૩૪] પવનમાં વહ્યો જતો, તેને વિપશ્ચિત રાજા પોતાના આત્માને આતિવાહિકરૂપ સમજતો હતો અને પોતે ચિત્તરૂપજ હોવાથી શું વહ્યું જાય છે ? કાંઇ નહિ. એમ પણ તેના સમજવામાં આવતું હતું.[૩૫] એવી રીતના બોધવડે ધીર ચિત્તવાળો વિપશ્ચિત રાજા પવનરૂપી સાગરને તરી ગયો. ત્યાર પછી પવનથી દશગણા વિસ્તારવાળા વિસ્તીર્ણ આકાશમાં તે જઇ પહોંચ્યો.[૩૬] આકાશનું ઉલ્લંઘન કરી ગયા પછી તે અનંત બ્રહ્માકાશમાં અવિદ્યારૂપી ઉપાધિવાળા (ચિદાકાશમાં) જઇ પહોંચ્યો, કે જેની અંદર આ સર્વ રહેલ છે, જે વડે સર્વ પ્રતીતિમાં આવે છે અને વસ્તુતાએ જોતાં જે કશારૂપ નથી,[૩૭] તેની અંદર મનવડે ભ્રમણ કરતાં તે ઘણોજ છેટે ચાલ્યો ગયો. તેણે પોતાના તેવા સંસ્કારનેલીધે પૃથ્વી, જળ, તેજ, વાયુ, જગત વગેરે દીઠું,[૩૮] અને ફરીવાર પણ સંસારની રચના પાછી તેના જોવામાં આવી. ફરીવાર સૃષ્ટિનો તેને અનુભવ થયો. ફરીવાર દિશાઓ, પર્વતો, આકાશ, દેવતાઓ તથા મનુષ્યો તેના જોવામાં આવ્યાં અને પંચમહાભૂતને અંતે પાછું એક રસરૂપ બ્રહ્મ તેણે જોયું. તેની અંદર વળી પાછાં વિસ્તીર્ણ જગત જોયાં. સૃષ્ટિઓ અને દિશાઓ પાછાં વળી તેના જોવામાં આવ્યાં;[૪૦] અને પાછું બ્રહ્મરૂપી આકાશ તેણે દીઠું. વળી પાછી ત્યાર પછી સ્થિર થઇ રહેલી અનેક સૃષ્ટિઓ તેના જોવામાં આવી, એવી રીતે ઘણા લાંબા સમયથી તે અદ્યાપિ પર્યંત ભ્રમણ કરતો રહે છે.[૪૧] ઘણા કાળથી અભ્યાસ કરાયેલા (અવિદ્યાનો અંત જોવારૂપી) પોતાના નિશ્ચયથી હજી સુધી તે વિરામ પામતો નથી. અવિદ્યાનો અંત છેજ નહિ, તેની અંદર સત્ય અધિષ્ઠાન ચૈતન્યનું અવલોકન કરવામાં આવે, તો તે અવિદ્યા બ્રહ્મરૂપજ છે.[૪૨] બાકી વસ્તુતાએ જોઇએ તો અખંડ સ્વસ્વરૂપમાં રહેનાર બ્રહ્મની અંદર એ અવિદ્યા છેજ નહિ. અમુક દૃશ્ય છે અને અમુક અવિદ્યા છે, એવા વિકલ્પરૂપે આત્માજ (વિવર્તભાવથી) પ્રસરી રહ્યો છે.[૪૩] તમે શાંત પરબ્રહ્મ કે જે ત્રણે કાલમાં સત્ય છે, તે જાગૃતમાં અને સ્વપ્નમાં જેવા પ્રકારનું તમારા જોવામાં આવ્યું હતું, તેવા પ્રકારનું થઈ રહ્યું હતું. હમણાં પણ જેવા પ્રકારનું જોવામાં આવે છે, તેવા પ્રકારનું થઇ રહ્યું છે. હવે પછી પણ જેવું તમે તેને જોશો, તેવુંજ તે પોતાની અચિંત્ય શક્તિનેલીધે થઇ રહેશે.[૪૪] ક્રમપૂર્વક જગતનો જે આ પ્રતિભાસ થાય છે, તે એક ઘાટા અંધકાર જેવો છે. જેમ આંખો મીચી જતાં અંધારાનું મોટું ચક્ર જોવામાં આવે છે, તેમ અવિદ્યાનેલીધેજ તે મોટું જણાય છે. હે પ્રિય રામચંદ્રજી ! તે જગતને પરબ્રહ્મદૃષ્ટિથી જોતાં (પ્રાતિભાસિકરૂપે) તે સત્ય જણાતું નથી, અને અવિવેકીઓની દૃષ્ટિથી જોતાં તેનું

CC-0 Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રાતિભાસિકરૂપ જોવામાં આવવાથી અસત્ય કરી શકાતું નથી. મતલબ એ કે તે અનિર્વચનીય છે.[૫૫] હે રામચંદ્રજી! તે વિપશ્ચિતરાજા અદ્યાપિ પર્યંત તત્ત્વજ્ઞાન ન થવાથી પ્રથમ જોએલાં જગતોમાં તથા તેના જેવાંજ બીજાં જગતોમાં પોતાની વાસનાને અનુસારે જેમ વનના ભાગોમાં કંકુજાતનો મૃગ ભમ્યા કરે, તેમ વારંવાર ભમ્યા કરે છે. એ સર્વ જગત વિરાટરૂપી બ્રહ્મના ઉદરમાં રહેલાં છે અને કેવળ વાસનામાત્ર હોવાથી વસ્તુતાએ જોતાં તે અતિ સૂક્ષ્મ છે.[૪૬]

तेष्वेव तेष्विव च तेषु तनूतरेषु ब्रह्मोदरेषु चिरदूरतरं जगत्सु ॥ सोद्याप्यसंविदिततत्त्वतया तयोश्चैः खंडेषु रंकुरिव राघव बंभ्रमीति ॥४६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિપશ્ચિજ્જગચ્ચંદ્રદર્શન' એ નામનો એકસો અઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ.૧૨૮

સર્ગ ૧૨૯ મો.*

બીજા બે રાજાના વર્ણનમાં એકને મૃગનો અવતાર તથા રામચંદ્રનો સમાગમ.

॥ श्रीराम उवाच ॥

तयोर्द्वयोर्मुनिश्रेष्ठ संपन्नं किमतः परम् ॥ पश्चाद्विपश्चितोस्तस्य रुद्धयोर्वै विपश्चितोः॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! શાલ્મલીદ્વીપના રાજ્યમાં અને ચંદ્રલોકમાં ભોગોવડે રોકાઇ રહેલા અને ભોગોનું નિસ્સારપણું જાણનારા બીજા બે વિપશ્ચિત રાજાની પછી શી ગતિ થઇ, તે આપ કહો ?[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—તે બન્નેમાંથી એક (દક્ષિણદિશાવાળો) વિપશ્ચિતરાજા ઘણા લાંબા સમયથી અભ્યાસ કરાએલ વાસનાને પરવશ બની જઇ અનેક દેહોના સમૂહવડે દ્વીપોની અંદર ભ્રમણ કરતાં તેની તેજ ભવાટવીમાં ભટકવારૂપી સ્થિતિને પ્રાપ્ત થયો..[૨] ગયા સર્ગમાં વર્ણવેલા વિપાશ્ચિતરાજાની પેઠે એ દક્ષિણદિશાવાળો વિપશ્ચિત રાજા પણ આવરણોનો ત્યાગ કરી દઇ પરમાકાશની અંદર લાખો સંસારનું અવલોકન કરતાં અદ્યાપિ પર્યંત સ્થિર થઇ રહ્યો છે.[૩] બીજો (પૂર્વદિશાવાળો) વિપશ્ચિત પોતે ચંદ્રલોકમાં ચંદ્ર પાસે રહેવાથી સારી રીતે દૃઢ થઇ રહેલ, ચંદ્રસંબંધી મૃગમાં બંધાએલ અતિશય સ્નેહરૂપી સંધને લીધે ચંદ્ર સાથે પ્રતિમાસ ઉત્પન્ન થયા કરતાં પોતાના ભમ્યા કરતા દેહોનો છેવટ ત્યાગ કરી દઇ, (મૃગમાં બંધાએલી પ્રીતિને લીધે) આજે પર્વતમાં મૃગરૂપ થઈ રહેલ છે.[૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! ચારેય વિપશ્ચિતરાજાની સદાકાલ ઉદય પામનારી વાસના તો એકજ હતી, છતાં તે ઉત્તમ અને અધમ ફળ આપનારા અનેકભાવને કેમ પ્રાપ્ત થઇ ગઇ ?[૫]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—મનુષ્યની ઘણા લાંબા કાલસુધી અભ્યાસ કરાએલી વાસના બે પ્રકારની હોય છે. એક થોડી દૃઢતાવાળી (કોમલ) અને બીજી મજબૂત દૃઢતાવાળી (અતિદૃઢ) તેમાંથી થોડી દૃઢતાવાળી (કોમળ) દેશકાળ અને ક્રિયાના યોગથી બદલાઇ જાય છે અને ઘાટી (દૃઢતાવાળી) બદલાતી નથી.[૬] જો એક બાજુ દેશ, કાલ, ક્રિયા આદિની એકતા હોય અને બીજી બાજુ વાસનાની એકતા હોય, તો તે બન્નેમાં જે વધારે બળવાન હોય તે જય મેળવે છે.[૭] એવી રીતે દેશકાલના યોગથી થનારા વિભાગને લીધે એ ચારેય વિપશ્ચિત રાજાઓ જુદે જુદે પ્રકારે રહ્યા હતા. એ ચારમાંથી બે અવિદ્યામાં બંધાયા હતા એક મુક્ત થઈ ગયો

* આ એકસો ઓગણત્રીશમા સર્ગમાં અવશિષ્ટ રહેલા બે વિપશ્ચિતનાં વૃત્તાંતવિષે વર્ણન આવશે તથા એકને મૃગનો અવતાર આવતાં અંતે રામચંદ્રજીનો સમાગમ થશે એ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

હતો અને એક મૃગરૂપ થઈ રહ્યો હતો.[૮] ભ્રાંતિનેજ સત્યરૂપે નિશ્ચય કરી રહેલા ત્રણે વિપશ્ચિતરાજાને અદ્યાપિપર્યંત અવિદ્યાનો અંત મળ્યો નથી. અજ્ઞાનવડે મોટારૂપમાં દેખાતી આ અવિદ્યા અનંત છે;[૯] પરંતુ વસ્તુતાએ જોતાં તે નિર્મૂળ હોવાથી જેમ સૂર્યનારાયણના ઉદયથી અંધકારની શોભા જતી રહે, તેમ વિજ્ઞાનરૂપી પ્રકાશનો ઉદય થતાં તરત ગલિત થઈ જાય છે.[૧૦] થોડા સમયમાંજ પોતાની વાસનાવડે ખડા થઇ ગએલા કોઇ બીજાજ બ્રહ્માંડમાં પશ્ચિમદિશાવાળા વિપશ્ચિતરાજાનું જે વૃત્તાંત બન્યું તે તમે સાંભળો. તે અતિ દૂર (સુવર્ણમયભૂમિ) પ્રદેશમાં કોઇ એક બ્રહ્મરૂપી મહાચિદાકાશની અંદર દૃશ્યરૂપે ફેલાઈ રહેલ કોઈક બ્રહ્માંડરૂપી ભ્રમ કે જે અદૃશ્યરૂપે દેખાતાં છતાં વસ્તુતાએ બ્રહ્મરૂપજ છે, તે એ પશ્ચિમદિશાવાળા વિપશ્ચિતરાજાને દૃશ્યરૂપે જોવામાં આવતાં તેની અંદર તે પોતે એકજ શમ, દમ, ઈશ્વરભક્તિ આદિ શુભ ગુણોના સંસર્ગનેલીધે જીવન્મુક્ત વિદ્વાન પુરુષોના મધ્યમાં જઇ પહોંચ્યો. અને ત્યાં દૃશ્યના સ્વરૂપને બરાબર ઓળખી લઇ પૂર્ણ બ્રહ્મભાવને પ્રાપ્ત થઇ ગયો;[૧૧-૧૩] અને ત્યાંજ તેને તત્ત્વજ્ઞાન થતાં તે (જગતને આકારે દેખાતી) અવિદ્યા અને પોતાનો તે દેહ એ બન્નેય ઝાંઝવાના જળની પેઠે ક્યાંય જતાં રહ્યાં. કેમકે એ બન્નેની સ્થિતિ રાગને લીધેજ હતી.[૧૪] આ પ્રમાણે પશ્ચિમ દિશાવાળા વિપશ્ચિતરાજાનું સર્વ વૃત્તાંત સ્ફુટ રીતે કહી બતાવ્યું. એવી રીતે બ્રહ્મની પેઠેજ આ અવિદ્યા અનંત છે, કેમ કે તે બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાંજ કલ્પાએલ છે.[૧૫] જે બ્રહ્મની અંદર તેની સત્તાવડે કલ્પાએલા જગતમાં લાખોનાં લાખો વર્ષો વ્યતીત થઇ જાય, તો પણ તેનો કશો અંત દેખાતો નથી, તેમાંજ સ્વભાવે કરીને પરમાત્માનો અનુગ્રહ થાય, તો કાંઈ ખરું લક્ષ્ય મળી જાય છે.[૧૬] તે અધિષ્ઠાન ચૈતન્યજ તેનું ખરું સ્વરૂપ ન ઓળખાયાથી મિથ્યા અવિદ્યારૂપ કહેવાય છે. અને જો તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખાઇ જાય તો તે શાંત પરબ્રહ્મરૂપજ કહેવાય છે.[૧૭] જે કાંઇ અવિદ્યાનો અને બ્રહ્મનો આ ભેદ પ્રતીતિમાં આવે છે, તેપણ વસ્તુતાએ જોતાં ભેદરૂપ નથી, કેમકે એ ભેદ પણ અવિદ્યારૂપ છે અને અવિદ્યા બ્રહ્મરૂપ છે. અને તે બ્રહ્મ ચિદાભાસરૂપ થતાં તેને ભેદની પ્રતીતિ થાય છે, માટે તે ભિન્નતા ચિદ્રૂપજ છે.[૧૮] એવી રીતે ભેદબુદ્ધિનેલીધે બ્રહ્માંડરૂપી મંડપની અંદર અવિદ્યાવડે ભ્રમણ કરનાર અવિવેકી ઉત્તરદિશાતરફના વિપશ્ચિતને સેંકડો યુગો વ્યતીત થતાં પણ અવિદ્યાનો અંત મળ્યો નહિ.[૧૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે વક્તાઓમાં શ્રેષ્ઠ મહારાજ! ઉત્તરદિશાવાળો વિપશ્ચિતરાજા (તમે ઉપર વર્ણવેલ) બ્રહ્માંડરૂપી કપાટને કેમ પ્રાપ્ત થયો નહિ અને એ વિષેનું આપે કેમ વર્ણન કર્યું નહિ?[૨૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ઉત્પન્ન થતાં તરતજ બ્રહ્માએ પૂર્વકાળમાં પોતાના બે હાથવડે બ્રહ્માંડમંડળના નીચે અને ઉપર એવા બે વિભાગ કરી દીધેલ છે,[૨૧] તેનેલીધે ઉપરનો ભાગ નીચેના ભાગથી અતિદૂર રહેલ છે, અને નીચેના ભાગને ઉપરના વિભાગનાથી ઘણુંજ લાંબુ અંતર છે.[૨૨] આ બન્ને વિભાગોનો આશ્રય કરીનેજ જળ આદિ આવરણો કેમ જાણે રહ્યાં હોય એમ જણાય છે. એ આવરણોને આધાર પણ તેનોજ છે અને તેની અંદરજ રહ્યાં છે.[૨૩] બ્રહ્માંડનાં એ બન્ને કપાટના મધ્યભાગમાં આ અપાર સર્વ તરફ (આગળ પાછળ વગેરે બાજુમાં) અનંત અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્યામ એવું જે કાંઇ દેખાય છે, તે આકાશ છે, એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે.[૨૪] તેની અંદર જલ આદિ આવરણો કશો સ્પર્શ કરી શકતાં નથી અને તેમાં રહ્યાં પણ નથી, તે પોતે નિર્મલ છે. ચારેકોર તે પોતે શૂન્ય છે, અને પ્રલયકાળની કલ્પના તેમજ થવાથી તે બીજાઓ (ભૂતો) ના આધારરૂપ છે.[૨૫] ઉત્તર દિશાવાળો વિપશ્ચિત રાજા કે જે ચારેકોર અવિદ્યાનું અવલોકન કરવામાટે મોક્ષ થતાં સુધી કેમ જાણે અત્યંત દીક્ષિત થઇ રહ્યો હોય તેવો દેખાતો હતો, તે નક્ષત્રચક્રની પેઠે આકાશમાર્ગે ગયો હતો (જેથી તેને કશું આવરણ આદિ વચમાં આવ્યું નહિ.)[૨૬] આ અનંતરૂપે પ્રતીતિમાં આવતી અવિદ્યા બ્રહ્મરૂપજ છે. કેમકે તેની અંદરજ કલ્પાએલી હોવાથી તેનાથી તે જુદી નથી. જ્યાંસુધી તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં ન આવે ત્યાંસુધી તેની સત્તા ભાસે છે. પરંતુ જ્યારે તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખાઇ જાય, ત્યારે તેની સત્તા પ્રતીતિમાંજ આવતી નથી.[૨૭] એવી રીતે તે વિપશ્ચિત રાજાઓ એક બીજાથી ઘણે દૂર પરમાકાશની અંદર અવિદ્યાસંબંધી કોઈ બીજાંજ જગતોની અંદર ભમ્યા કરે છે.[૨૮] તેમાંથી કોઈ એક તો મુક્ત થઇ ગએલ છે. કોઇ એક મૃગરૂપ થઇ રહેલ છે; અને બીજા બે તો પ્રાક્તન મહાન (દૃઢ) સંસ્કારને પરવશ બની જઇ અદ્યાપિ ભમ્યા કરે છે.[૨૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આપની જો મારા તરફ કૃપા હોય તો કહો કે એ વિપશ્ચિતો કેવાં જગતમાં ભમતા રહે છે, અને તેઓ એક બીજાથી કેટલે દૂર રહેલ છે?[૩૦] હે મહારાજ! જે જગતની અંદર એ વિપશ્ચિત રાજાઓ થયા, તેઓ કેટલો પંથ કપાયા પછી આવે તે કહો, કેમકે અહો આપે જે અમને આખ્યાન કહ્યું, તે અતિ આશ્ચર્યકારક છે.[૩૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! અવિદ્યામાં ભ્રમણ કરી રહેલા બે વિપશ્ચિત રાજાઓ જે જગતની અંદર રહેલા છે, તે જગત યત્નવડે પણ આપણને દૃષ્ટિગોચર થાય તેમ નથી.[૩૨] અને ત્રીજો વિપશ્ચિતરાજા કે જે મૃગપણાને પ્રાપ્ત થએલ છે, તે જે જગતની અંદર રહ્યો છે, તે જગત કદાચિત્ આપને દૃષ્ટિગોચર થાય ખરું.[૩૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહાબુદ્ધિમાન વસિષ્ઠ ઋષિ! મૃગપણાને પ્રાપ્ત થએલ વિપશ્ચિત રાજા જે જગતની અંદર રહેલ છે, તે જગત કયાં છે? એ આપ મને યથાર્થ કહો.[૩૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પોતાની પ્રાક્તન જન્મભૂમિથી અતિદૂર પ્રદેશમાં જઈ પરબ્રહ્મરૂપી મહાકાશની અંદર એ વિપશ્ચિત રાજા જે જગતમાં મૃગભાવને પ્રાપ્ત થઇ રહ્યો છે, તે (હું કહું છું) તમે સાંભળો.[૩૫] જેની અંદર તે મૃગભાવને પ્રાપ્ત થઇ રહેલ છે, તે આ ત્રિલોકીજ છે, એમ તમે સમજો અને જેમાં આ ત્રિલોકી રહી છે, તે પરમાકાશ છે. આ ત્રિલોકી વિપશ્ચિતરાજાના પૂર્વજન્મના પ્રદેશથી અતિ દૂર આવેલ છે.[૩૬]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—એ વિપશ્ચિત રાજા આ જગતમાંથીજ દિશાઓના અંત જોવાની વાસનાથી તે ગતિને પ્રાપ્ત થયો હતો, તો પાછો તે અહીંજ મૃગભાવને કેમ પ્રાપ્ત થયો અને એ વાત (ફરીને અહીં આવ્યા સિવાય અહીંજ પાછી મૃગરૂપે અવતરવાની વાત) શી રીતે ઘટી શકે?[૩૭]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેવી રીતે અવયવી પોતાના અવયવોને નિરંતર બરાબર રીતે જાણે છે, તેવી રીતે હું બ્રહ્મરૂપ મારા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

આત્માની અંદર રહેલાં સર્વ બ્રહ્માંડોને જાણું છું કે જેઓ અનિયત સ્થિતિવાળાં છે, પ્રલયને પ્રાપ્ત થનારાં છે, નાનાપ્રકારને આકારે પ્રતીતિમાં આવે છે, અનેક છે, પસ્સ્પર જો કે દેખાતાં નથી તોપણ એક ચિદાકાશની અંદરજ કલ્પાએલ હોવાથી પરસ્પર ઓત–પ્રોત જેવાં છે, અને પૃથ્વીના વિકારરૂપ પટતંતુ આદિનાં સ્વરૂપની પેઠે તે બ્રહ્મની અંદર પ્રતીતિમાં આવે છે.[૩૮,૩૯] હે રામચંદ્રજી ! એ અનેક બ્રહ્માંડોની અંદર કોઈએક બ્રહ્માંડ કે જ્યાંની પદ્ધતિ અહીંની પદ્ધતિના જેવીજ છે, તેની અંદર જે આ વૃત્તાંત બનેલ છે, તે કેમ જાણે અહીંજ બન્યું હોય, તેમ મેં તમને કહી બતાવેલ છે.[૪૦] એ વિપશ્ચિતરાજાઓ પોતપોતાની વાસનાવડે કલ્પિત એવાં જુદાં જુદાં અનેક જગતોની અંદર જુદા જુદા દેહોવડે અનંત આકાશમાં પ્રથમ વર્ણવેલા દિશાઓના અંતરોમાં ભમતા હતા. તેમાં પૂર્વદિશાવાળો વિપશ્ચિતરાજા કે જે તેટલા સમયસુધી પોતાના ધારેલ કાર્યમાં અખિન્ન (ઉત્સાહયુક્ત) બુદ્ધિવાળો હતો તે અનેક જગતરૂપી ભ્રમમાં ભ્રમણ કરી કાકતાલીય યોગથી આ બ્રહ્માંડમાંજ કોઇ એક પર્વતની ગુફામાં મૃગરૂપ થઈ રહેલ છે.[૪૧,૪૨] ઘણે દૂર અનેક જગતોમાં ભ્રમણ કરી એ વિપશ્ચિતરાજા જે સૃષ્ટિની અંદર મૃગરૂપ થઇ રહ્યો છે તે આજ સૃષ્ટિ છે, એ વાત પણ ચિદાકાશની અંદર કાકતાલીયની પેઠે કલ્પાએલ છે.[૪૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–હે મહારાજ ! જો આપ કહો છો તેમ હોય તો તે કયી દિશામાં, કયા દેશમાં, કયા પર્વતમાં અને કયા વનમાં મૃગરૂપ થઇ રહેલ છે ? તે આપ કહો.[૪૪] એ મૃગ હમણાં શું કરે છે ? શી રીતે તે ધ્રો-ખડને ચાવે છે ? સર્વ ધાન્યવડે ભરપૂર સ્વસમય ભૂમિમાં નિવાસ કરનાર અને વૃદ્ધાવસ્થાનેલીધે કેમ જાણે શિથિલ જ્ઞાનવાળો થઇ ગયો હોય, તેવો થઇ રહેલ એ મૃગ પોતાની ઉદાર પૂર્વજાતિનું (પૂર્વજન્મનું) સ્મરણ ક્યારે કરશે ?[૪૫]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–ત્રિગર્તદેશના રાજાએ મને જે ક્રીડામૃગ (ભેટ તરીકે) આપેલ છે, અને જે હમણાં આપણા ક્રીડામૃગોના ગૃહમાં રહેલ છે, તેજ એ વિપશ્ચિતરાજા છે, એમ તમે સમજો.[૪૬]

શ્રીવાલ્મીકિ ઋષિ કહેછેઃ–આ વાત સાંભળી સભામાં વિસ્મયને પ્રાપ્ત થઈ ગએલા શ્રી રામચંદ્રજીએ એ ક્રીડામૃગને બોલાવી લાવવામાટે અનેક બાળકોને મોકલ્યા.[૪૭] એ સુંદર મૃગને બોલાવી લાવતાં તેણે વિશાળ સભાની અંદર પ્રવેશ કર્યો અને સર્વ સભ્યોના સમૂહે તેને પુષ્ટિવાળો તથા પ્રસન્ન દીઠો.[૪૮] પોતાના દેહમાં રહેલાં બિંદુઓવડે (ટપકાંઓથી) તે તારાઓરૂપી બિંદુઓવાળા આકાશનું અનુકરણ કરતો હતો; અને પોતાના કટાક્ષપાતરૂપી કમલોની વૃષ્ટિવડે તે સુંદરીઓનો પણ તિરસ્કાર કરતો હતો.[૪૯] એ ક્રીડામૃગ પોતાને જોવાને આતુર થઇ રહેલી સભાતરફ પણ લક્ષ ન આપનારો, પોતાના ભયભરેલા કટાક્ષોવડે સભાના સ્તંભ આદિમાં જડેલ શ્યામ એવી મરકત મણિની કાંતિઓને "આ લીલાં ઘાસ છે," એવી ભ્રાંતિવડે થએલી ઇચ્છાથી ગ્રહણ કરવાને દોડતો હતો.[૫૦] કાન, નેત્ર અને ગ્રીવાને ઉંચી કરી અસ્થિર અને નિવારણ ન કરી શકાય એવી પોતાની સ્થિતિવડે તથા તેવાંજ કાન, આંખ, ગ્રીવા આદિને ઉચાં રાખી થનારા પોતાના વેગથી ફરવાવડે સભ્યોને આકુળ બનાવી દેતો હતો.[૫૧] એ મૃગને જોઈ રાજા, મુનિ અને મંત્રીએસહિત સર્વ સભ્યલોકો " અહો ! માયા અનંત છે " એમ જાણી ઘણા લાંબા કાળસુધી વિસ્મયવડે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આકુળ થઇ રહ્યા.[૫૨] સર્વ સભાસદોનાં અવલોકનરૂપી ધાટી કમલની વૃષ્ટિવડે કેમ જાણે શ્યામ બની ગયો હોય, તેવો થઈ રહેલ અને નાના પ્રકારનાં (અનેક) રત્નોનાં કિરણોના સમૂહવડે સુશોભિત એવા એ મૃગને જોયા કરતી એ સભા, અંદર આશ્ચર્યનો અનુભવ થવાથી પેદા થએલા વિસ્મયવડે સર્વ સભ્યલોકો જડ જેવા બની જવાથી ચિત્રમાં આલેખેલ કમલિનીના જેવા સ્તબ્ધ થઇ રહ્યા.[૫૩]

आश्चर्यचर्वणसुविस्मितसर्वलोका सर्वावलोकनघनोत्पलवर्षकृष्णम् ॥ रत्नांशुजालकचितं मृगमीक्षमाणा सासीत्सभा कमलिनी लिपिनिर्मितेव ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિપશ્ચિન્મૃગલાભ' એ નામનો એકસો ઓગણત્રીશમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૧૩૦ મો.*

મૃગનો અગ્નિમાં પ્રવેશ

॥ श्रीवाल्मीकिरुवाच ॥

अथ राम उवाचास्य मुने केन विपश्चितः ॥ स्यादुपायेन दुःखान्तः प्राक्तनात्मोदयादिति॥

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—પછી રામચંદ્રજીએ કહ્યું કે, હે મહારાજ! આ વિપશ્ચિતરાજાનો પાછો પોતાના પૂર્વદેહ (વિપશ્ચિતરાજાના દેહ) નો આવિર્ભાવ થઇ અનાદિસિદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનનો ઉદય થઇ કયા ઉપાયથી દુઃખનો અંત આવે તે કહો.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે પુરુષને ઘણા કાલસુધી કરેલી જે દેવની ઉપાસનાવડે પ્રથમ વારંવાર પોતાના મનોરથની સિદ્ધિ થઇ હોય, તે પુરુષની તે દેવવિના પછી આગળ પણ પોતાના ઇચ્છિત મનોરથની સિદ્ધિ થતી નથી. કદાચિત્ થાય તોપણ તે શોભતી નથી, તેમજ પરિણામે સુખ આપનારી હિતરૂપ કે ઉત્તમ ફળ આપનારી થતી નથી.[૨] આ વિપશ્ચિતરાજાને અગ્નિ શરણ (દૈવત) રૂપ છે, માટે આ મૃગ તેની અંદર પ્રવેશ કરવાથી નિર્મળ થયેલા સુવર્ણનીપેઠે પોતાના પૂર્વરૂપને પ્રાપ્ત થશે.[૩] હમણાંજ હું એ ક્રિયા કરું છું અને તમને દેખાડું છું, તે તમે સર્વ જુઓ. આ મૃગ આપણી પાસેજ હમણાં અગ્નિમાં પ્રવેશ કરે છે.[૪]

વાલ્મીકિ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે કહી, શ્રેષ્ઠ ચેષ્ટાવાળા શ્રી વસિષ્ઠ ઋષિએ પોતાના કમંડલુના જળવડે આચમન કરી શાસ્ત્રપદ્ધતિને અનુસારે ઇંધન વગરના જ્વાળાઓના સમૂહરૂપે રહેલા અગ્નિનું ધ્યાન કર્યું. એ ઋષિના ધ્યાનવડે સભાના મધ્યપ્રદેશમાંથી અંગારાઓના આકારવિનાનો ઇંધનથી રહિત, સ્વચ્છ, ધમધમાટ કરી રહેલો જ્વાળાઓનો સમૂહ પ્રકટ થઈ ગયો,[૫,૬] કે જેની અંદર ધૂમાડાનો કે કાજળનો કશો સંપર્ક હતો નહિ. એ જ્વાળાઓનો સમૂહ અત્યંત મનોહર દેદીપ્યમાન કાંતિવાળા સુવર્ણમય મંદિરના જેવો રમણીય દેખાતો હતો. તેનો આકાર વિકસિત થએલાં કેસૂડાનાં પુષ્પના જેવો હતો અને સંધ્યાકાળના વરસાદનાં વાદળાંનીપેઠે તે આવિર્ભાવને પ્રાપ્ત થયો હતો તથા ખીલેલો જણાતો હતો.[૭,૮] તે જ્વાળાઓનો સમૂહ કે જેની પાસેથી સર્વ સભ્યો દૂર જતા રહ્યા હતા, તેને જોતાંજ તે મૃગે પોતાના પૂર્વકાળના (રૂઢ થઇ રહેલા) ભક્તિભાવવડે આદરપૂર્વક દર્શનના ક્રમથી હર્ષ બતાવ્યો.[૯] પછી અગ્નિનાં દર્શન કરી ક્ષીણ પાપવાળો થઇ રહેલ અને તેમાં પ્રવેશ કરવાની

* આ એકસો ત્રીશમા સર્ગમાં વસિષ્ઠ ઋષિના ધ્યાનથી ઉત્પન્ન થએલા અગ્નિની અંદર એ મૃગનો પ્રવેશ થતાં તેને પોતાના પ્રથમના વિપશ્ચિતરાજાના દેહનો લાભ થઈ પૂર્વની સ્મૃતિ થશે, એ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ઇચ્છા રાખનાર તે મૃગ દૂરથી જેમ સિંહ ઉછળે તેમ (અગ્નિમાં પ્રવેશ કરવામાટે) ઉછળ્યો.[૧૦] તેટલામાં મુનિવર્ય શ્રીવસિષ્ઠ ઋષિ પોતાના ધ્યાનની અંદર વિચાર કરી એ મૃગને પોતાના દૃષ્ટિપાતવડે ક્ષીણ પાપવાળો (નિષ્પાપ) બનાવી દેતાં અગ્નિપાસે કહેવા લાગ્યાઃ—[૧૧] હે ભગવન્ અગ્નિ ! આ મનોહર મૃગને તેની પૂર્વકાળની ભક્તિનું સ્મરણ કરી આપ કૃપા કરી પાછો વિપશ્ચિત રાજારૂપ બનાવી દો.[૧૨] એવી રીતે વસિષ્ઠ ઋષિ બોલતા હતા, તેટલામાં રાજસભામાં ઘણે છેટેથી ઘોડી જેમ (વેગની અવધિ આવી રહેતાં) વેગથી નિર્મુક્ત થયેલ બાણ લક્ષ્યમાં પ્રવેશ કરે, તેમ (વેગની અવધિ આવી રહેતાં) વેગથી નિર્મુક્ત થયેલા મૃગે અગ્નિમાં પ્રવેશ કર્યો.[૧૩] જેમ અરીસામાં પ્રતિબિંબિત થએલો પુરુષ તેમાં પ્રવિષ્ટ થયા જેવો દેખાય, તેમ એ મૃગને પણ સર્વ સભ્યોએ જ્વાળાના સમૂહમાં પ્રવિષ્ટ થએલો જોયો, કે જેનું શરીર સંધ્યાકાળનાં (રાતાં) વાદળાંના જેવા જ્વાળાના સમૂહમાં સ્પષ્ટ રીતે વિશ્રાંત થયેલું દેખાતું હતું.[૧૪] જ્વાળાઓના અંદરના ભાગરૂપી આકાશમાં એક ઝીણાં વાદળાંનીપેઠે રહેલો એ મૃગ, મૃગભાવને છોડી બીજુંજ મનુષ્યનું રૂપ જેવી રીતે દેખાય તે પ્રમાણે મનુષ્યને આકારે થઈ ગયો.[૧૫] પછી તે જ્વાળાની અંદર સુવર્ણના જેવી કાંતિવાળો, પવિત્ર આકારવડે સુશોભિત, મનોહર અવયવોવડે સુંદર, કેમ જાણે સૂર્યબિંબમાં સૂર્યનારાયણ રહ્યા હોય, ચંદ્રબિંબમાં ચંદ્રમા રહ્યા હોય, મહાસાગરના કે મહાનદીના જળમાં વરુણ દેવ રહ્યા હોય અથવા તો સંધ્યાકાળમાં ચંદ્રમા રહ્યા હોય, તેવો અત્યંત દેદીપ્યમાન, આંખની કીકીમાં, અરીસામાં, જળમાં અને મણિમાં જેમ પ્રતિબિંબ રહે, તેમ અગ્નિરૂપી આધારની અંદર રહેલ તથા કેમ જાણે ભક્તિજ પુરુષને આકારે થઈ રહી હોય, તેવો જણાતો સૂર્યના જેવો મહા જાજ્વલ્યમાન કોઇ પુરુષ દેખવામાં આવ્યો.[૧૬-૧૮] ત્યાર પછી એ સભાના મધ્યમાંથી જ્વાળાઓનો સમૂહ પવનવડે બૂઝાઇ ગએલા દીવાનીપેઠે અને આકાશમાંથી જતાં રહેતાં સંધ્યાકાળનાં વાદળાંનીપેઠે કોણ જાણે ક્યાંય જતો રહ્યો.[૧૯] દેવમંદિરની ભીંતો પડી જતાં તેની અંદર રહેલ વિષ્ણુ આદિ દેવની પ્રતિમાનીપેઠે અને પડદામાંથી બહાર નીકળેલા નટનીપેઠે ત્યાં માત્ર એક પુરુષનીજ સ્થિતિ જોવામાં આવતી હતી.[૨૦] જેણે અક્ષમાલાનું ધારણ કર્યું હતું, જની આકૃતિ શાંત હતી, જેણે સુવર્ણનું યજ્ઞોપવીત પહેર્યું હતું, અગ્નિવડે બળી જવાથી કેમ જાણે પવિત્ર થઇ ગયાં હોય, તેવાં શુદ્ધ વસ્ત્રોવડે જેનું આખું શરીર ઢંકાએલું હતું; અને કેમ જાણે તત્કાળ ઉદયને પ્રાપ્ત થએલો ચંદ્રમાજ હોય, એવો તે મનોહર દેખાતો હતો.[૨૧] તેના વેષનો આભાસ જોઇ, "અહો ! આની કેવી કાંતિ છે !" એમ સર્વ સભ્યો કહેતા હતા તેને લીધે અને સૂર્યનારાયણનીપેઠે તેની પ્રતિભા પડવાથી લોકો તેને 'ભાસ' એવા નામથી બોલાવવા લાગ્યા.[૨૨] આ પુરુષ કેમ જાણે મૂર્તિમાન એવો સૂર્યનોજ આભાસ હોય, તેવો હોવાથી ભાસ એવા નામથી ઓળખાશે, એમ સભામાં બેઠેલા કેટલાક પુરુષોએ કહ્યું, તેથી તે ભાસ એવા નામથી કહેવાવા લાગ્યો.[૨૩] પછી એ ભાસે ત્યાંજ બેસી ધ્યાનાવસ્થિત થઇ પોતાના શરીર ઉપર વીતેલ પોતાના પ્રાક્તન (આગળના) સર્વ વૃત્તાંતનું સ્મરણ કર્યું.[૨૪] સર્વ સભ્યલોકો આશ્ચર્યનેલીધે ચેષ્ટારહિત થઈ જઇ સ્વરૂપસ્થિતિમાંજ સ્થિર થઇ ગયા અને ભાસ એક મુહૂર્તમાત્રમાંજ પોતાના પૂર્વવૃત્તાંતનું નિર્બાધપણે સ્મરણ કરી વ્યુત્થિત દશાને પ્રાપ્ત થઈ ગયો, અને ધ્યાનરૂપી પ્રકાશ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મય સ્થિતિમાંથી જાગૃત થયો. તેણે ત્યાંથી ઉઠી ક્રમપ્રમાણે સભાતરફ જોયું.[૨૫,૨૬] સભામાં આવી હર્ષવડે શ્રીવસિષ્ઠ ઋષિને પ્રણામ કર્યા અને તેણે કહ્યું કે, હે જ્ઞાનના સૂર્ય ! મને પ્રાણ આપનાર ! મહારાજ ! હું આપને નમસ્કાર કરૂંછું.[૨૭] શ્રી વસિષ્ઠ ઋષિએ પણ તેના મસ્તક-ઉપર પોતાના હાથવડે સ્પર્શ કરી કહ્યું કે, હે રાજન્ ! આજે ઘણા લાંબા સમયથી દેખાતી તારી અવિદ્યાનો ક્ષય થઇ જાઓ.[૨૮] રામચંદ્રજી પ્રત્યે " તમારો જય થાઓ " એમ સ્પષ્ટપણે બોલનાર અને નમસ્કાર કરી રહેલ એ ભાસને દશરથરાજા આસનથી કાંઇ (જરા) ઉભા થઇ કેમ જાણે હસતા હોય તેમ (નીચેપ્રમાણે) કહેવા લાગ્યા.[૨૯]

શ્રી દશરથરાજા કહે છેઃ—હે રાજન્ ! તમે ભલે આવ્યા. આ આસન ઉપર બેસો. અનેક સંસારમાં ભટકવારૂપી વિસ્તીર્ણ ભારવડે થાકી ગએલ રાજા ! તમે અહીં વિશ્રામ લો.[૩૦]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે દશરથ રાજાના બોલવા ઉપરથી ભાસ નામનો તે વિપશ્ચિતરાજા વિશ્વામિત્ર આદિ મુનિઓને પ્રણામ કરતાં પોતાના આસન ઉપર બેઠો.[૩૧]

શ્રી દશરથરાજા કહે છેઃ—અહો ! કેવી ખેદની વાત છે કે જેમ વનનો હાથી બંધનમાં આવી જતાં દુઃખનો અનુભવ કરે, તેમ આ વિપશ્ચિત રાજાએ અવિદ્યાને લીધે ઘણા લાંબા કાલસુધી દુઃખનો અનુભવ કર્યો.[૩૨] અહો ! અવિદ્યારૂપી દુષ્ટ દૃષ્ટિવાળા પુરુષની ગતિ અતિ વિષમ છે; કેમકે તે શૂન્ય આકાશની અંદરજ સૃષ્ટિના આડંબરની ભ્રાંતિને દેખાડે છે.[૩૩] આશ્ચર્ય છે કે વિશાળ આત્મારૂપી ચિદાકાશની અંદર કેટલાં (અનંત) જગતો રહેલ છે, અને ઘણા લાંબા કાલસુધી આ વિપશ્ચિતરાજાએ તેમાં ભ્રમણ કરેલ છે![૩૪] અહો ! માયાના સ્વભાવરૂપી આ દૃશ્યનો વૈભવ, કે જે વસ્તુતાએ જોતાં સાવ શૂન્યજ છે, તેનો કેવો મહિમા છે કે જે પોતે શૂન્ય છતાં આકાશના જેવા અસંગ ચિદાકાશના એકરસ સ્વરૂપની અંદર એવાં અનેક જગતને આકારે થઇ જઇ પ્રતીતિમાં આવે છે ![૩૫]

व्योमात्मनोपि महिमायमहो नु कीदृगस्य स्वभावविभवस्य चिदात्मवृत्तेः ॥ यः शून्य एव परमात्मघनेम्बरेन्तरेवं विधानि विविधानि जगन्ति भांति ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મૃગવહ્નિપ્રવેશ' એ નામનો એકસો ત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૦

सर्ग १३१ मो.*

વટધાના નામના રાજપુત્રોની કથા

॥ श्रीदशरथ उवाच ॥

क्लिष्टोयं यदविद्यार्थं विपश्चिदविपश्चितः ॥ तदहं चेष्टितं मन्ये कष्टोऽवस्तुनि किं ग्रहः ॥१॥

શ્રી દશરથ રાજા કહે છેઃ—આ વિપશ્ચિત-રાજા દિશાઓનો અંત જોવારૂપી અવિદ્યાના ઉદ્દેશથી જે કાંઇ ક્લેશને પ્રાપ્ત થયો, તે સર્વ તેની ચેષ્ટા પોતે આત્મજ્ઞાનથી રહિત હોવાથી વૃથા ભ્રાંતિરૂપજ હતી; કેમકે એવી મિથ્યા વસ્તુમાં દુરાગ્રહ રાખવો, એ ક્લેશ આપનારજ છે.[૧]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ એ સમયે ત્યાં રાજાની પાસે બેઠેલા વિશ્વામિત્ર ઋષિ પ્રસંગને લગતાં વાક્યો બોલ્યાઃ-[૨] હે મહારાજ ! ઉત્તમ બોધને પ્રાપ્ત નહિ થએલા અનેક પુરુષોનાં આવાં વિલક્ષણ પ્રકારનાં અનેક ભ્રાંતિરૂપી જ્ઞાનો અને તેને લીધેજ વાસનાવડે ખડાં થઇ ગએલાં તેવાજ પ્રકારનાં અનેક જગતો હોય છે.[૩] આજ

* આ એકસો એકત્રીશમા સર્ગમાં વિશ્વામિત્ર ઋષિએ વટધાના નામના રાજપુત્રની કથા કહી પ્રેરાએલો તે વિપશ્ચિતરાજા પોતાની ભ્રાંતિનું વિસ્તારથી વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સત્તર લાખ વર્ષસુધી પોતાનો બંધાએલો નિશ્ચય ક્ષીણ ન થઇ જવાથી વટધાના એવા નામના રાજપુત્રો આ વિપશ્ચિતરાજાનીપેઠે હજી પૃથ્વીની અંદર ભ્રમણ કરી રહેલ છે.[૪] ભૂમિનો અંત જોવામાટે ઉદ્વેગથી રહિત થઇ પ્રવૃત્ત થએલા એ રાજપુત્રો વહ્યા જતા નદીના પ્રવાહનીપેઠે આજ પર્યંત નિવૃત્ત થતા નથી.[૫] આ મહા વિશાળ લોક વર્તુલ આકારનો છે. આકાશની અંદર તે રહેલ છે. બાળકના સંકલ્પવૃક્ષનીપેઠે તે એક હિરણ્યગર્ભના સંકલ્પના નિશ્ચયરૂપ છે.[૬] આકાશની અંદર અદ્ધર લટકી રહેલા મધવડે લેવાએલા દડામાં જેમ દશે દિશામાં (ચારે તરફ) કીડીઓ ફર્યા કરે છે, તેમ આ લોકને આધારે રહેનાર સર્વ જીવોપણ દશે દિશાઓની અંદર (ચારે કોર) નિરંતર ભમ્યા કરે છે.[૭] ભૂગોલના જે અવયવો તેના નીચેના ભાગમાં રહ્યા છે, અને જે અવયવો તેના ઉપરના ભાગમાં રહ્યા છે, તેમાં જ્યારે જે ભાગમાં જે જીવો રહે છે, ત્યાં તે નિવાસ કરતાં ભમે છે.[૮] અંતરિક્ષમાં રહેનાર મંદાકિની આદિ નદીઓ અને સૂર્ય–ચંદ્ર આદિ સહિત સર્વ નક્ષત્રમંડળ એ ભૂગોળનોજ ઘણે દૂરથી વાયુના બંધનને લીધે આશ્રય પકડી તેનો સ્પર્શ ન કરતાં નિરંતર ઉંચે ભમ્યા કરે છે.[૯] જ્યોતિશ્ચક્ર સહિત એ ભૂગોલનું વેષ્ટન કરી અહીંજ સર્વ દિશાઓમાં આકાશ રહેલ છે, તેમાં સર્વ દિશાઓમાં આકાશ, ઉપરના ભાગમાં રહેલ છે, અને પૃથ્વી નીચેના ભાગમાં રહેલ છે.[૧૦] એ ભૂગોળના નીચેના ભાગમાં જે પદાર્થો રહ્યા છે, તેઓ તે તે પ્રદેશમાં તે તે અવયવોને પ્રાપ્ત થતાંજ ગતિ કરતા રહે છે, અને જે આકાશની અંદર પક્ષિ આદિ ઉડતાં (અદ્ધર) ગતિ કરે છે, તેને ઉર્ધ્વભાગ એવા શબ્દવડે કહેવામાં આવે છે.[૧૧] હે દશરથરાજા ! એ ભૂગોળમાં કોઈ એક દેશમાં વટધાના એવા નામના રાજાઓ છે, તેના કુલમાં પૂર્વકાલમાં ત્રણ રાજપુત્રો થયા હતા.[૧૨] તેઓ પણ આ વિપશ્ચિતરાજાની પેઠેજ પૃથ્વી આદિ જગત કે જે દૃશ્યરૂપે પ્રતીતિમાં આવે છે, તેનો કયાં અંત છે તે આપણે જોઇએ, એવો એક સંકલ્પ કરી તે ઉપરજ એક દૃઢ નિશ્ચય બાંધી દૃશ્યનો અંત જોવામાટે નીકળી પડ્યા હતા.[૧૩] અનેક દ્વીપોમાં અને સમુદ્રોમાં પૃથ્વી પછી જળ, વળી પાછી પૃથ્વી, એમ ક્રમે કરી ઘણા કાળ સુધી, ભ્રમણ કરતા અને વચમાં (મરણ થવાથી) નવાં નવાં શરીરોને ધારણ કરી લેતા એ રાજપુત્રોનો ઘણો લાંબો સમય એમજ ચાલ્યો ગયો.[૧૪] સ્વચ્છ દડાની ઉપર લાગી રહેલી ફરતી કીડીઓની પેઠે નિરંતર ભૂગોળમાં ભ્રમણ કરી રહેલા એ રાજપુત્રો આજ પર્યંત દૃશ્યના અંતને પ્રાપ્ત થયા નથી, કિંતુ બીજા નવા દેશાંતરનો તેને અનુભવ થતો રહે છે.[૧૫] હે મહારાજ ! તેઓ આજ પર્યંત આકાશની અંદર (અદ્ધર) રહેલા દડા ઉપર ફર્યા કરતી કીડીની પેઠે દૃશ્યમાંજ ગુંચવાઇ રહેલ છે, છતાં તેઓને તેમાં કશો ખેદ થતો નથી.[૧૬] આ ભૂગોળના જે જે દેશોમાં તે જાય છે, ત્યાં ત્યાં અજ્ઞની પેઠેજ ઉપર અને નીચે દિશાઓનો દેખાવ તેઓની નજરે આવે છે.[૧૭] હે મહારાજા દશરથ ! તેઓ કહે છે કે આપણે ઉદ્યોગ કરતાં છતાં હજી દૃશ્યના અંતને પ્રાપ્ત થયા નહિ, માટે હજી પણ અહીંથી આગળ ચાલીએ.[૧૮] એવી રીતે આ અનંત દૃશ્યવિષે વિચાર કરીએ તો આ કશું છેજ નહિ. સર્વ ચિદાકાશના (હિરણ્યગર્ભના) સંકલ્પનો એક આડંબર છે. આ જે કાંઇ પ્રતીતિમાં આવે છે તે સ્વપ્નમાં દેખાતી સ્વપ્ન સૃષ્ટિના જેવું છે, અનંત છે, અને અજ્ઞાનવડેજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ખડું થયેલ છે.[૧૯] સંકલ્પ કિંવા કલ્પનાનું મૂળ અધિષ્ઠાન વિચારતાં તે બ્રહ્મરૂપ છે, અને બ્રહ્મજ એ સંકલ્પને આકારે વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે. વસ્તુતાએ જોતાં એ બન્ને ચિદ્રૂપજ છે. શૂન્યપણું અને આકાશ એમાં જેમ કશો ભેદ નથી, તેમ એ બન્નેમાં પણ કશો ભેદ નથી.[૨૦] જળના પ્રવાહમાં થયા કરતા ચકરી, તરંગ, પરપોટા આદિ તેના વિવર્તની પેઠે આ ચિન્માત્ર તત્ત્વની અંદર જે કાંઈ વિવર્તરૂપે ભાસે છે તે તેના જેવુંજ છે. તેનાથી જુદો બીજો કશો પદાર્થ હોય એવો સંભવજ ન હોવાથી તેને બીજા કોની ઉપમા આપી શકાય ?[૨૧] ચિદાકાશની અંદર પ્રથમથીજ આ જગતનો અભાવ છે, જેથી આ જગત શૂન્યરૂપ છે; અને જ્યારે એમ છે ત્યારે પછી ચિદાકાશજ સત્ય છે, એ વાત નિર્વિવાદ છે; અને તે પોતેજ જગતને આકારે કેમ જાણે થઇ રહેલ હોય તેમ ભાસે છે, તથા સૃષ્ટિ અને પ્રલય, એ બન્ને ચિદાકાશથી જુદાં નથી.[૨૨] ચિદ્રૂપ પરમતત્ત્વ, (કામ કર્મ અને વાસનાને અનુસારે) જેવી જેવી કલ્પનાનો આશ્રય કરે છે, તેમાંજ તે આસક્તિને પ્રાપ્ત થઇ જઇ જડ-ચેતનરૂપે પ્રતીતિમાં આવતા પોતાના (મનોવેદ્ય) સંસારોવડે જેમ પ્રથમ ઘણા લાંબા કાળ પર્યંત સ્થિતિ કરી રહ્યો હતો, તેમ આગળ પણ ઘણા લાંબા કાળસુધી (મોક્ષપર્યંત) તે સ્થિતિ કરે છે.[૨૩] ચિદાત્માનું એક દૃશ્ય અને બીજું અદૃશ્ય એવાં બે રૂપ છે, તેમાંથી એક (અદૃશ્યરૂપ) અવિનાશી છે. જન્મ આદિ વિકારથી રહિત એ અવિનાશી તત્ત્વજ પોતે આ જગતને આકારે ભાસે છે, કે જે તત્ત્વ વસ્તુતાએ જોતાં કેમ જાણે કશારૂપ ન હોય એમ ભાસે છે.[૨૪] જેમ શૈલના ઉદરમાં શિલાઓ રહી હોય તેમ ચિદાત્મારૂપી એક અણુની અંદર સમસ્ત જગતના અનુભવરૂપી અણુઓ (પરમાણુઓ) રહેલા છે, કે જેઓ સ્વચ્છ છે, અને ચિદાકાશની અંદર ચિદાકાશરૂપે રહેલ છે.[૨૫] તેઓ અવ્યાકૃત આત્માની અંદર સ્વભાવરૂપે (અવિદ્યારૂપી) આવરણવાળા આત્મારૂપે રહેલ છે, અને અવિદ્યારહિત શુદ્ધ ચૈતન્યની અંદર તો તે છેજ નહિ, કેમકે તેઓ તેથી જરા પણ જુદા નથી. હે નિપુણ બુદ્ધિવાળા સભાસદો ! જે આ બ્રહ્મનું પ્રકાશમય સ્વરૂપ ચારેકોર વ્યાપ્ત છે, તેજ સારી પેઠે પૂર્વાપર વિચાર કરતાં જગતરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઇ રહેલ છે, એમ કહી શકાય છે.[૨૭] અહો ! અતિ આશ્ચર્ય છે કે આ શુદ્ધ ચિદાત્મા પોતે પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ ન થયા છતાં નાનાપ્રકારની (અવિદ્યાયુક્ત) બુદ્ધિવડે નાનાપ્રકારે બની જઇ હું જીવરૂપ છું; એમ સમજી ગ્લાનિને પ્રાપ્ત થાય છે !"[૨૮]

વિપશ્ચિત એવા બીજા નામને ધારણ કરી રહેલ હે રાજા ભાસ ! તમોએ દૃશ્ય પ્રપંચમાં કેટલું દીઠું ? કેટલું ભ્રમણ કર્યું ? અને તમને તે સંબંધી કેટલું સાંભરે છે ? તે કહો.[૨૯]

ભાસ કહે છેઃ—દૃશ્ય પ્રપંચમાં મેં ઘણું જોયું છે, કશા ખેદને ન પામતાં મેં બહુ ભ્રમણ કર્યું છે, અને અનેક પ્રકારે જે બહુ મારા અનુભવમાં આવ્યું છે, તે સર્વ મારા સ્મરણપથમાં છે.[૩૦] હે મહારાજ ! તે મહાવિશાળ અનંત આકાશ (અવ્યાકૃત આકાશ) ને પ્રાપ્ત થઇ મેં ઘણે છેટે જુદાં જુદાં શરીરોવડે અનેક મોટાં સુખ—દુઃખોનો અનુભવ કર્યો અને અનંત જગતોનો પણ અનુભવ કર્યો.[૩૧] હે મહાત્મા ! હું કે જે અગ્નિના વરદાનનેલીધે દિશાઓનો અંત જોવામાં એક દૃઢ ચિત્તવાળો થઇ ગયો હતો, વર અને શાપના યોગથી વિચિત્ર દેહોવડે અનંત દૃશ્યોનો અનુભવ કર્યો હતો અને અનેક જન્માંતરોરૂપી ચંદ-

CC-0 Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રીઓમાં ગોથાં ખાધાં હતાં.[૩૨] હું પ્રત્યેક બ્રહ્માંડની અંદર નાના પ્રકારના દેહોવડે ભમતાં છતાં પૂર્વજન્મનો દૃઢ નિશ્ચય ભૂલાઇ ન જતાં યાદ રહેવાથી આ દૃશ્યરૂપે દેખાતી પૃથ્વી આદિને સ્વરૂપે પથરાઇ રહેલી અવિદ્યાનો અંત જોવામાટે વેગવડે દૃઢ યત્નવાળો થઈ ગયો હતો.[૩૩] હું મરણસમયે વૃક્ષો જોવાથી બંધાઇ રહેલા ચિત્તના સંસ્કારના વેગવડે તેવા દેહનું ગ્રહણ કરવામાં પ્રીતિવાળો થઈ જઇ હજાર વર્ષપર્યંત બહાર કશી પ્રાણચેષ્ટા ન થવાનેલીધે અંદરજ મનને ધારણ કરી રહેલ અને વૃક્ષમાં અહંતાનું અભિમાન બાંધી બેઠેલ જીવવડે દુઃખને ભોગવી રહેલા છે એવા વૃક્ષરૂપ બની ગયો હતો, કે જે ચિત્તવિના (બાહ્યપ્રાણચેષ્ટાના અભાવનેલીધે) પુષ્પ-ફળ આદિની ઉત્પત્તિ કરવી અને વિસ્તાર કરવો, એ આદિમાં કંદની પેઠે પૃથ્વીના રસને અને ઋતુ આદિ કાળને પરતંત્ર થઈ રહ્યો હતો.[૩૪] હું સેંકડો વર્ષસુધી સુવર્ણના જેવા તેજોમય વર્ણવાળો, વૃક્ષનાં પાંદડાં જેવા લાંબા કાનવાળો, દૂર્વાના (ધ્રો-ખડના) અંકુરોનું ભક્ષણ કરવામાં અને ગાન સાંભળવામાં દૃઢ આસક્તિવાળો, વનમાં રહેનારા મૃગોમાં બીજાનાથી થોડા બળવાળો અને નાના દેહવાળો તથા કોઇની પણ હિંસા નહિ કરનાર એવો, મેરુપર્વતના મૃગલારૂપ થઇ રહ્યો હતો.[૩૫] ક્રૌંચ પર્વતમાં આવેલી કાંચનમય ગુફાઓમાં હું પચાસવર્ષ પર્યંત આઠ ચરણવડે પોતાના પૃષ્ટભાગને થંભાવી રહેલ અને મરણસમય આવતાં મેઘમાંથી નીચે પડનાર કરાઓના જળરૂપી નિમિત્તનેલીધે મેઘની સાથે યુદ્ધ કરવામાટે પર્વતના શિખરોમાંથી ચડવા ઉતરવા આદિના ક્લેશવડેજ પોતાના મૃત્યુને પેદા કરનાર એવાં શરભ (નામના જાનવર) રૂપ થઇ રહ્યો હતો.[૩૭] મેં વિદ્યાધરના જન્મને પ્રાપ્ત [illegible]તેમાં જઇ મલયાચળના શિખરની અંદર અને મંદરાચળની અંદર મંદાર વૃક્ષ, ચંદન વૃક્ષ અને કદંબ વૃક્ષોની લતારૂપી ઘરોમાં, કાળાં અગરૂનાં વૃક્ષોનો સ્પર્શ કરી આવેલ શીતળ સુગંધી પવનની સાથે વિદ્યાધરીઓના મૈથુનધર્મમાં એ વિદ્યાધરીઓની કળાઓરૂપી અમૃતનો અનુભવ કર્યો હતો.[૩૭] હું કે જે બ્રહ્માજીના હંસના પુત્રરૂપે જન્મ્યો હતો, તેણે મેરુપર્વતની ઉપર ગંગાનદીના તીરોની અંદર આવેલા પ્રદેશોમાં રમણ કરતાં પંદરસો વર્ષ પર્યંત સુવર્ણમય કમળોના મકરંદોવડે પીળાં બની ગએલાં (ગંગા) જળોનું પાન કર્યું હતું.[૩૮] મેં સેંકડો વર્ષસુધી ક્ષીરસાગરના કાંઠા ઉપર આવેલાં વનોના પવનવડે ચપળ થઇ રહેલી શ્યામ કેશરૂપી લતાઓને ધારણ કરનારી કૃષ્ણભગવાનની સુંદરીઓનું શોક અને જરાને નિવૃત્ત કરનારૂં ગાયન સાંભળ્યું હતું.[૩૯] પછી હું કાલંજર પર્વતમાં મંજરીવાળાં કરંજોનાં અને ચણોઠીનાં વનમાં શૃગાલરૂપ થઇ રહ્યો હતો. પછી હાથીની નીચે આવી જતાં, હાથીએ મને કચરી નાખ્યો હતો અને મેં મારી અધમૂઈ અવસ્થામાં તેજ હાથીને પાછો સિંહે મારી નાખ્યો, એ વાત દીઠી હતી.[૪૦] સંતાનક નામનાં દેવવૃક્ષોવડે કેમ જાણે હાસ્ય કરી રહેલ એવો દેખાવ આપનાર એવું કોઇએક સહ્યાદ્રિનું શિખર કે જે બીજાજ જગતની અંદર રહ્યું હતું, તેમાં હું કોઇ સિદ્ધના શાપથી કલ્પદ્રુમના ગુચ્છાઓવડે બનાવેલ ગૃહની અંદર અર્ધો સત્યયુગ વ્યતીત થતાં સુધી એકલોજ ચંદ્રમાના જેવા સુંદર મુખવાળી કોઇ દેવાંગનારૂપ થઇ રહ્યો હતો.[૪૧] સહ્યાદ્રિની પાસે આવેલ જલપ્રાય દેશની અંદર ઉગેલી કણેરનાં વૃક્ષોની લતા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપી ઘરમાં સદાકાલ કલ્લોલ કરનાર વાલ્મીક નામના પક્ષીરૂપે થઇ રહી સેંકડો વર્ષ નિઃશંકપણે ગાળ્યાં હતાં, અને પછી ભાર્યા પુત્ર આદિનો નાશ થતાં ઘણે દૂર આવેલા કોઇ બીજા લોકની અંદર મહેંદ્રપર્વતમાં મેં એકલેજ શેષ રહેલ આયુષ્ય વ્યતીત કર્યું હતું.[૪૨] પછી સિદ્ધનો શાપ નિવૃત્ત થતાં સિદ્ધના અનુગ્રહથીજ હું કે જે સિદ્ધભાવને પ્રાપ્ત થઇ ગયો હતો, તેણે એજ મહેંદ્રાચળ પર્વતના ઉત્તમ છાયાવાળા ચંદન વૃક્ષોનાં વનોવડે સુશોભિત એવા કોઈ બીજા શિખરની અંદર લતાઓના હીંદોલાઓમાં તેનાં ફૂલોનીપેઠે હીંચકી રહેલી વિલાસવાળી સુંદર સ્ત્રીઓ જોઇ અને સિદ્ધ પથિકો તેઓને લઇ જતા હતા, છતાં મેં તેનો ઉપભોગ કર્યો હતો.[૪૩] પછી હું કે જેનું ચિત્ત અવિવેકને લીધે અવિદ્યાનો અંત જેવારૂપી એકજ વસ્તુમાં બંધાઇ રહેલા અભિનિવેશરૂપી વિષૂચિકાવડે પરવશ થઇ ગયું હતું, અને તેને લીધેજ જેની બુદ્ધિ પણ મ્લાન થઇ ગઇ હતી, તેણે અંદર નિર્વેદને (વૈરાગ્યને) પ્રાપ્ત થઇ જઇ કોઇ એક બીજા પર્વતની તળેટીમાં આવેલા કદંબ વૃક્ષવાળા જળમય પ્રદેશમાં ઉત્તમ તપસ્વીભાવથી કેટલાક દિવસો વ્યતીત કર્યા હતા.[૪૪] હે મહારાજ ! એક બીજું મેં આશ્ચર્ય જોયું તે આપ સાંભળો. અનંત બ્રહ્માંડોવડે પૂર્ણ અને કેમ જાણે જળચર પ્રાણીઓ હોય, તેવાં થઇ રહેલાં ઠેઠ દ્વિગંત પર્યંતનાં પ્રાણીઓવડે યુક્ત તથા તેજ, આકાશ, અને વાયુ, એ ત્રણે મહાભૂતોની સત્તાનાં સંદિગ્ધપણાંને બતાવનાર, તેમજ જળની અંદર પ્રતિબિંબિત થઇ રહેલ પદાર્થના જેવા આકારને ધારણ કરી રહેલ પૃથ્વીવડે યુક્ત, એવું જે કાંઇ અત્યંત આશ્ચર્ય મારા જોવામાં આવ્યું હતું, તે કાંઇક પોતાના નામ-રૂપને પસારી કરી રહેલજ છે, એમ સમજી લેવાનું છે.[૪૫] વળી એક ઠેકાણે એક વનિતા જોઈ હતી, કે જેના શરીરની અંદર આકાશ પર્વત આદિ અને દિશા આદિએ સહિત આ ત્રણે લોક કેમ જાણે કોઈ સુંદર અરીસામાં પ્રતિબિંબિત થઇ રહ્યા હોય એવા દેખાતા હતા.[૪૬] મેં તે સ્ત્રીને જોઇને પૂછ્યું કે, હે સુંદરાંગિ ! તું કોણ છે ? અને આ તારૂં શરીર આવું ત્રણે લોકવડે યુક્ત કેમ છે ? આવા મારા પ્રશ્નઉપરથી તેણે ઉત્તર આપ્યું કે, હે અંગ ! આ સર્વ વસ્તુમાત્રમાં શુદ્ધ પ્રકાશક ચૈતન્ય રહેલ છે તે હું છું અને આ ત્રણે લોક મારા અવયવરૂપ છે.[૪૭] હે અંગ ! અમારૂં શરીર ત્રણે લોકવડે યુક્ત જોઈ જેમ તમને આશ્ચર્ય થાય છે, તેમજ આ સર્વ સ્તંભ કુંભી આદિ પદાર્થો પણ (સર્વ જગતવડે મુક્ત હોવાથી) આશ્ચર્ય ઉપજાવે તેવા છે, પરંતુ જ્યાં સુધી બીજાઓ તેના શુદ્ધ (ચિન્મય) સ્વભાવને નથી જાણતા, ત્યાંસુધી તેને તેની સર્વલયતા પણ જણાતી નથી.[૪૮] તમે તથા બીજા સર્વ પ્રાણિઓએ અવૈદિકપણે મનાએલાં આ દેહની અંદર રહેલ આંતર જગતમાં પોતાના દેહરૂપી ઘરની ભીંતના કોઇએક કર્ણપ્રદેશરૂપી ભાગની અંદર અનાહત ધ્વનિ કે જે સર્વ શબ્દમાત્રના એક સામાન્ય નાદરૂપ છે, તેજ અમુક નિત્ય–નૈમિત્તિક આદિ કર્મ અને શમદમ આદિ જ્ઞાન અવશ્ય સંપાદન કરવું અને કલંજભક્ષણ આદિનો ત્યાગ કરવો ઇત્યાદિ વિધિનિષેધને બતાવનાર વેદ આદિ શાસ્ત્રને પોતે (શબ્દબ્રહ્મરૂપ હોવાથી) પોતાની અંદર ધારણ કરી રહેલ છે, તો પછી તે વિધિ-નિષેધના આશ્રયરૂપ જગતને પણ અંદર ધારણ રહેલ બ્રહ્મજ હતું (તે વિના બીજું કશું ન હતું).[૪૯] વળી એક ઠેકાણે એક વનિતા જોઈ હતી, કે જેના શરીરની અંદર આકાશ પર્વત આદિ અને દિશા આદિએ સહિત આ ત્રણે લોક કેમ જાણે કોઈ સુંદર અરીસામાં પ્રતિબિંબિત થઇ રહ્યા હોય એવા દેખાતા હતા.[૪૬] મેં તે સ્ત્રીને જોઇને પૂછ્યું કે, હે સુંદરાંગિ ! તું કોણ છે ? અને આ તારૂં શરીર આવું ત્રણે લોકવડે યુક્ત કેમ છે ? આવા મારા પ્રશ્નઉપરથી તેણે ઉત્તર આપ્યું કે, હે અંગ ! આ સર્વ વસ્તુમાત્રમાં શુદ્ધ પ્રકાશક ચૈતન્ય રહેલ છે તે હું છું અને આ ત્રણે લોક મારા અવયવરૂપ છે.[૪૭] હે અંગ ! અમારૂં શરીર ત્રણે લોકવડે યુક્ત જોઈ જેમ તમને આશ્ચર્ય થાય છે, તેમજ આ સર્વ સ્તંભ કુંભી આદિ પદાર્થો પણ (સર્વ જગતવડે મુક્ત હોવાથી) આશ્ચર્ય ઉપજાવે તેવા છે, પરંતુ જ્યાં સુધી બીજાઓ તેના શુદ્ધ (ચિન્મય) સ્વભાવને નથી જાણતા, ત્યાંસુધી તેને તેની સર્વલયતા પણ જણાતી નથી.[૪૮] તમે તથા બીજા સર્વ પ્રાણિઓએ અવૈદિકપણે મનાએલાં આ દેહની અંદર રહેલ આંતર જગતમાં પોતાના દેહરૂપી ઘરની ભીંતના કોઇએક કર્ણપ્રદેશરૂપી ભાગની અંદર અનાહત ધ્વનિ કે જે સર્વ શબ્દમાત્રના એક સામાન્ય નાદરૂપ છે, તેજ અમુક નિત્ય–નૈમિત્તિક આદિ કર્મ અને શમદમ આદિ જ્ઞાન અવશ્ય સંપાદન કરવું અને કલંજભક્ષણ આદિનો ત્યાગ કરવો ઇત્યાદિ વિધિનિષેધને બતાવનાર વેદ આદિ શાસ્ત્રને પોતે (શબ્દબ્રહ્મરૂપ હોવાથી) પોતાની અંદર ધારણ કરી રહેલ છે, તો પછી તે વિધિ-નિષેધના આશ્રયરૂપ જગતને પણ અંદર ધારણ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વેદશાસ્ત્રવિના* પણ સર્વ પ્રાણીઓને આ જગતની અંદર પોતાના દેહરૂપી ઘરની ભીંતના કોઇએક હૃદયરૂપી ભાગમાંથી અમુક કરવું યોગ્ય છે, અને અમુક કરવું યોગ્ય નથી, એવો આત્મામાંથી ઉત્પન્ન થતો એક અનિર્વચનીય ધ્વનિ નિરંતર પોતાની મેળેજ સાંભળવામાં આવે છે. સર્વ પદાર્થોમાં અનુસ્યૂત થઈ રહેલી ચિત્સત્તા પણ (અનાહત ધ્વનિ–અનહદ નાદનીપેઠે) સર્વત્ર સામાન્યરૂપે રહેલજ છે, કેમકે આ જગતના અંદર રહેલ ભીંત પર્વત આદિ પદાર્થો પણ એ ચિત્સત્તારૂપજ છે, અને તેઓ સ્વપ્નની દેખાતી માયાનીપેઠે હમણાં પણ મારી પાસે વાણીને વિસ્તારે છે. મતલબ કે તેઓ પણ જડ નથી. એ રીતે જ્યારે તેઓમાં પણ સર્વ જગતોવડે મુક્ત એવું ચેતનપણું રહેલ છે, તો પછી તમારા દેહો કે જે ચેતનપ્રાય છે, તેઓમાં સર્વ જગતવડે સંયુક્ત ચેતનસત્તાની સ્થિતિ જરાપણ અસંભવિત નથી.[૫૦] વળી કોઇએક દેશ-કાળને યોગે હું સ્ત્રીઓની સૃષ્ટિ વગરનાજ સંસારમાં ચાલ્યો ગયો, ત્યાંનાં સર્વ પ્રાણીઓ બીજી કોઈ પણ સ્ત્રીના સંપર્કની ઇચ્છારહિતજ મારા જોવામાં આવ્યાં. ત્યાં એકજ ભૂતમાંથી (પંચમહાભૂતમાંથી, એક ભૂતમાંથી અથવા એકજ પ્રાણીમાંથી) અનેક પ્રાણીઓ ઉત્પન્ન થતાં હતાં અને પાછાં અનેક પ્રાણીઓનો તે એકજ ભૂતમાં લય થઈ જતો હતો.[૫૧] વળી ઉત્પાત આદિ કારણવિનાજ એની મેળે ઉત્પન્ન થએલા એવા કેટલાએક ઔત્પાતિક મેઘો આકાશની અંદર મારા જોવામાં આવ્યા હતા, કે જેઓ પોતાના અનેક અવયવોમાં ઝણઝણાટ કરી રહ્યા હતા, અને તેમાંથી જળનીપેઠે જે કાંઈ વિજળી આદિ પદાર્થો પડતા હતા તેઓના કટકા થઇ જઈ તેઓ મનુષ્યોના તીક્ષ્ણ આયુધરૂપ બની જતા હતા.[૫૨] વળી મને બીજું એ આશ્ચર્ય જોવામાં આવ્યું કે આ જગતની અંદર જેટલાં આ ગામનાં ઘરો છે, તેઓ બધાં મારી ઝાંખી દૃષ્ટિવડે આકાશમાર્ગે ઉડતાં હોય એવું મને દેખાયું હતું, અને તેઓ કોઇ બીજા દિશાના અંતમાં પ્રવેશ કરતાં હતાં; અને તેજ ગામ પાછું અહીં પણ મારા જોવામાં આવ્યું, તો અહીંનો પદાર્થ બીજે દેખાયો. એ પણ એક મોટું આશ્ચર્યજ છે.[૫૩] વળી કોઇ બીજે સ્થળે અમુક મનુષ્ય છે, અમુક દેવ છે, અને અમુક સર્પ છે, ઇત્યાદિ વિભાગવિનાના સમાનતાવાળાં સર્વ પ્રાણીઓ મારા જોવામાં આવ્યાં. તેઓ બધાં આકાશમાંથી ઉત્પન્ન થતાં હતાં અને પાછાં કાળે કરીને આકાશમાંજ લયને પામી જતાં હતાં.[૫૪] મેં કોઇક ઠેકાણે ચંદ્ર, તારા અને સૂર્ય એથી રહિત, અંધકારથી પણ રહિત, સ્વયંપ્રકાશ એવાં સર્વ પ્રાણીઓના સમૂહવડે યુક્ત, દિવસ અને રાત્રિથી પણ રહિત, જ્વાલાના અંદરના ભાગના જેવું મહા તેજોમય અને અતિ મનોહર એવું કાંઈ અનિર્વચનીય જગત જોયું હતું, કે જે કેવળ મનોહરજ હતું, એમ મને યાદ આવે છે.[૫૫] અપૂર્વ એવા દૈત્યો, સર્પો, મનુષ્યો અને દેવતાઓ, ઇત્યાદિ પ્રાણીઓવાળું, અપૂર્વ એવાં વૃક્ષોને અને નગરોને ધારણ કરી રહેલ અને અપૂર્વ એવાં લોકાંતરો અને કાર્યોવડે રમણીય એવાં અનંત જગતો મને સાંભરે છે.[૫૬] એવી કોઇ પણ દિશા નથી કે જેમાં મેં વિહાર ન કર્યો હોય, એવો કોઇ દેશ નથી કે જે મારા જોવામાં ન આવ્યો હોય, મેં જેનો અનુભવ ન કર્યો

* આ (ઉપરના શ્લોકનું) એક અર્થાન્તરજ છે. ટીકાને લગતો અર્થ બતાવી આ અર્થાન્તર ઠીક જણાતાં તે દાખલ કરેલ છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જેવું કોઇ કૌતુક પણ નથી, અને સર્વના સાક્ષીરૂપ અને અનુભવરૂપ એવા અધિષ્ઠાન-ચૈતન્યથી કાંઇ પણ બીજું જુદું હોય તેમ પણ નથી.[૫૭] કોઇ એક સ્થલે ક્ષીરસાગરનું મથન કરવામાટે તેમાં ભ્રમણ કરી રહેલા મંદરાચળ પર્વતના રત્નમય શિખરોની શરાણા જેવી તીક્ષ્ણ ધારાના અગ્રભાગમાં ઘસાવાથી ઝણઝણાટ કરી રહેલા ભગવાનના ભુજના બાજુબંધોનો એક સાથે ભેગો થઈ ગએલો અદ્‌ભુત શબ્દ મારા સાંભળવામાં આવ્યો હતો, એમ મને યાદ આવે છે કે જે શબ્દ બીજા મનુષ્યો આ કોઇ મેઘની ગર્જના થાય છે, એવી શંકાથી સાંભળતા હતા.[૫૮]

क्षीरोदकभ्रमितमंदररत्नशृंगधाराग्रनिर्दलन-
जातझणज्झणानाम् ॥ एकत्र संयुतमुपेन्द्रभुजां-
गदानां शब्दं स्मरामि घनगर्जितशंकितेन ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભાસસંસારવર્ણન' એ નામનો એકસો એકત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૧

सर्ग १३२ मो.

ભાસના અનેક જન્મોનું વર્ણન

॥ भास उवाच ॥

मंदरे मृदुमंदारमंदिरे मंदराभिधात् ॥
आलिंग्याप्सरसं सुप्तं सरित्तृणमिवानयत् ॥

ભાસ કહે છેઃ—હું મંદરાચળની અંદર કોમળ એવાં મંદાર વૃક્ષોનાં નિકુંજરૂપી ઘરમાં મંદરા નામની એક અપ્સરાનું આલિંગન કરી સૂતો હતો. ત્યાં કોઈ નદી મને પ્રવાહમાં પડેલા ઘાસનીપેઠે તાણી ગઈ.[૧] પછી જળવડે આકુળ થઈ ગએલી તે બાળાને (અપ્સરાને) આશ્વાસના કરી મેં પૂછ્યું કે, હે બાલે! આપણે બન્ને અકસ્માત્ જળમાં તણાયાં તેનું શું કારણ છે? આવા મારા પ્રશ્નઉપરથી તે ચપળ નેત્રવાળી બાળાએ મને કહ્યું કે,[૨] આ પ્રદેશમાં ચંદ્રોદય સમયે ચંદ્રકાંત મણિઓની શિલાઓવડે વ્યાપ્ત એવાં પર્વતનાં શિખરોમાંથી ઉત્પન્ન થએલી આ નદીઓ રાત્રીને વખતે પતિવાળી સ્ત્રીઓ જેમ કામવડે મદોન્મત્ત થઇ જાય, તેમ જળવડે વૃદ્ધિને પ્રાપ્ત થઇ જાય છે.[૩] આ વાત (હું જાણતાં છતાં) આપના સંગમથી ઉત્પન્ન થએલા રસના આવેશને લીધે હું ભૂલી ગઇ હતી. એમ કહી તે અપ્સરા જેમ ગંગાજીના કનકમય કમળમાં રહેલી કોઇ પક્ષિણી પોતાના સહચર એવા ભમરાને સાથે લઈ આકાશમાં ઉડે, તેમ મને સાથે લઇ આકાશમાં ઉડી ગઇ હતી;[૪] અને પછી હું કે જે એ નદીના જળવડે ક્લેશને પ્રાપ્ત થઈ ગયો હતો તેણે કાદવવિનાના (નિર્મળ) મંદરાચલ પર્વતના શિખરની અંદર સાત વર્ષસુધી નિવાસ કર્યો હતો.[૫] વળી મેં કોઇ જન્માંતરમાં નક્ષત્રચક્રથી રહિત એવું કોઇ બીજું જ જગત દીઠું હતું, કે જેની અંદર એક બીજાનો ઉત્તરોત્તર આશ્રય કરી રહેલાં એકજ જાતિનાં મનુષ્યો ભરપૂર રીતે ભર્યાં હતાં, કે જેઓને પોતે સ્વયંપ્રકાશ હોવાથી બીજા પ્રકાશની કશી અપેક્ષા રહેતી ન હતી.[૬] જેની અંદર દિશાઓના વિભાગ ન હતા, દિવસોની પણ કલ્પના ન હતી, શાસ્ત્રો કે વેદવાદો પણ હતા નહિ અને દૈત્ય આદિનો કે દેવ આદિનો પણ કશો ભેદ હતો નહિ, એવું એ જગત હતું; અને તે પોતાની મેળેજ (પોતાના તેજથીજ) પ્રકાશી નીકળતું હતું.[૭] વળી કોઇ બીજા જન્મમાં વિદ્યાધરો અને દેવતાઓના વિહાર

* આ એકસો બત્રીશમા સર્ગમાં ભાસ ફરીવાર પણ પોતાના જન્મોની પરંપરાવિષે વર્ણન કરશે અને અનેક અનેક આશ્ચર્યોનું તથા સંસારની નિઃસારતાનું પણ નિરૂપણ કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

કરવાનાં વિમાનોના આશ્રયરૂપ અને સમુદ્રની નજીક આવેલ એવા આકાશને અડકી રહેલા (અતિ ઉંચા) પર્વતોની તળેટીના કદંબ વૃક્ષવાળા જળમય પ્રદેશમાં અમરસોમ એવા નામના વિદ્યાધરરૂપ થઇ ચૌદ વર્ષસુધી હું તપસ્વી બન્યો હતો.[૮] પછી હું અગ્નિના વરદાનના પ્રભાવથી, જગતમાં ચારેકોર પ્રસરી રહેલ અવિદ્યાનો અંત જોવાની ઇચ્છાથી પવનના વેગમાં વહ્યા જતા અને તેમાંજ નિવાસ કરી રહેલા તથા ઉત્તમ જાતના અનેક પ્રકારના ઘોડાઓ અને મેઘોના જેવા વેગયુક્ત દેહવાળા અનેક મનુષ્યોથી વ્યાપ્ત,અને હાથીઓ,હરિણો, સિંહો, વૃક્ષો, વેલો, મૃગો, પર્વતો, સર્પો અને પક્ષીઓ, એવડે કરીને પણ વ્યાપ્ત, એવા અનંત આકાશમાં પૃથ્વીમાંથી ઉડી ગરુડજીનીપેઠે વેગથી આગળ ચાલવા લાગ્યો.[૯,૧૦] વળી એ જગતમાંથી બહાર નીકળી હું કોઈક સમયે મહાસાગરના જેવા અતિવિશાળ આકાશમાં જઇ પડ્યો, અને ત્યાંના રહીશ તરીકે થઇ રહેલા નક્ષત્રગણમાં બંધાઇ જઇ મેં દિવસ, રાત્રિ, માસ, ઋતુ આદિનો અનુભવ કર્યો હતો; અને દિશાઓમાં પડવાનો પણ અનુભવ કર્યો હતો.[૧૧] હું કે જેનો આકાશની અંદર ફરવું, એજ એક મુખ્ય વ્યાપાર હતો, અને ઘણો સમય ફરવાથી શ્રાંત થઇ ગયો હતો, તેના હૃદયની અંદર આવી નિદ્રાએ આશ્રય કર્યો; અને પછી હું બીજા પ્રાણીઓની પેઠેજ નિદ્રાને પ્રાપ્ત થતાં સ્વપ્નરૂપી જાગૃત અવસ્થાને પ્રાપ્ત થઇ જઇ તેમાં પોતાના આત્માની અંદરજ આ સર્વ જગતને દેખતો હતો.[૧૨] ત્યાં સ્વપ્નની અંદર પણ દિશાઓના અંતો, જગત, દેવતાઓ અને મંદરાચળ એ આદિ દૃશ્ય જોવાની ચપળતાનેલીધે પ્રચંડપણે વાયા કરતા પવનથી કંપાયમાન થઈ રહેલ લતાવડે ચપળ થઇ ગએલા પક્ષીનીપેઠે ચપળ થઈ ગએલો હું સંકલ્પવડે ખડી થઇ [illegible] અને દૃશ્યનું પરિમાણ સૂચવનારી જગતરૂપી ગુફાઓમાં પાછો ફરીવાર પણ ફરવા લાગ્યો.[૧૩] જ્યાંસુધી મારાં ચક્ષુઈંદ્રિયનો વિષય (દૃશ્ય) ફેલાઇ રહેલ છે, અને જ્યાંસુધી ચાલ્યું જવાની મને આશા હતી, ત્યાંસુધી હું ક્ષણમાત્રમાંજ ચાલ્યો જતો હતો; અને દૃશ્યનું અવલોકન કરતાં વારંવાર પાછી તેને જોવાના કૌતુકને લીધે તેમાંજ હું ભમ્યા કરતો હતો.[૧૪] એવી રીતે દૃશ્ય અને અદૃશ્ય તથા ગમ્ય અને અગમ્ય એવા પ્રદેશોનું વેગવડે ઉલ્લંઘન કરતાં મારાં વર્ષો (વર્ષોના સમૂહો) ચાલ્યાં ગયાં;[૧૫] પરંતુ દૃશ્યરૂપી અવિદ્યા કે જે સાવ મિથ્યા છતાં (અજ્ઞાનને લીધે) હૃદયમાં રૂઢ થઇ રહેલ છે, તેનો અંત જેમ સાવ મિથ્યાજ છતાં (અજ્ઞાનનેલીધે) હૃદયમાં રૂઢ થઇ રહેલી પિશાચીના અંતને કોઇ બાલક ન દેખી શકે તેમ મારા જોવામાં આવ્યો નહિ.[૧૬] જો કે આ કશું સત્ય નથી, એવા વિચારથી સિદ્ધ થયેલા અનુભવની અંદર હું સ્થિર થઇ રહ્યો હતો, તોપણ તે તે વિષયને જોતાં આ સત્ય છે, એવી અનાદિકાળના દ્વૈતસંબંધી સત્યતાના સંસ્કારને લીધે પ્રબળપણે રૂઢ થઈ રહેલી મિથ્યા દૃષ્ટિ નિવૃત્ત થતી ન હતી.[૧૭] જો કે હું વિચારવડે વિષયસંબંધી સત્યતાની ભ્રાંતિને નિવૃત્ત કરતો હતો, તોપણ પ્રતિક્ષણ પ્રાપ્ત થનારાં અનેક સુખ-દુઃખોવડે, દેશ-કાળના ભેદોવડે અને પ્રિય-અપ્રિય, વસ્તુના સમાગમવડે નદીના જળની પેઠે નવી નવી રીતે તેનો આવિર્ભાવ અને તિરોભાવ થતો હતો.[૧૮] મનેએમ યાદ આવે છે કે પ્રચંડ પવનના જેવા વેગવાળું તાલ, તમાલ અને બોલસરી વગેરે વૃક્ષોથી અનુપમ, એવું એક અતિ ઉંચું શિખર મેં જોયું હતું, કે જે સૂર્ય આદિથી રહિત હતું, છતાં પોતાની કાંતિવડેજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રકાશ રહ્યું હતું; અને આ જગત તો પર્વત વગેરે સ્થાવર પદાર્થો તથા બીજા જંગમ પદાર્થોએ સહિત તેના એક દેશમાં રહ્યું હતું.[૧૯] અધિષ્ઠાન (ચૈતન્યરૂપી) એ શિખર એકાંતમાં વિહાર કરનાર તત્ત્વજ્ઞ (પુરુષો) નેજ મનોહર દેખાય છે. તે સ્વચ્છંદ (સ્વતંત્ર) છે, એક છે, અપરિમેય છે, વિકારની શંકાથી રહિત છે, અને કોઇ ઠેકાણે સુંદર (બ્રહ્મવેત્તાઓની મંડલીરૂપી) જગતમાં મારા જોવામાં આવ્યું હતું, કે જેની પાસે હિરણ્યગર્ભની લક્ષ્મીની પણ તુલના થઇ શકતી નથી.[૨૦]

यदेतदेकान्तविहारहारि स्वच्छन्दमेकामितमस्तशंकम् ॥ क्वचिन्मया चारु जगत्सुदृष्टं तुल्या न तस्यामरराजलक्ष्मीः ॥ २० ॥

શ્રીમદ્ યોગવસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભાસવર્ણિત સ્વજન્મપરંપરા' એ નામનો એકસોબત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૨

સર્ગ ૧૩૩ મો.*

સ્વર્ગમાંથી શબ્દનું પડવું

॥ विपश्चिदुवाच ॥

कस्मिंश्चिदन्यत्र जगत्यपूर्वे दृष्टं मयेदं शृणु किं विचित्रम् ॥ महाघवृत्तांतदशासमानमविद्ययांधेन बलात्कृतं यत् ॥ १ ॥

વિપશ્ચિતરાજા કહે છેઃ—હે મહારાજ ! આ જગતથી જુદાજ કોઈ બીજા અપૂર્વ જગતની અંદર મેં જે અતિ આશ્ચર્ય જોયું, કે જે હવે પછી હું તમને કહીશ તે તમે સાંભળો. એ આશ્ચર્ય બ્રહ્મહત્યા આદિ મહાપાપના ફળરૂપ રૌરવ આદિ નરકના વૃત્તાંતની દશા જેવું અતિ બીભત્સ છે; છતાં હું કે જે અવિદ્યાવડે અંધ છું, તેણે અગ્નિના વરદાનના પ્રભાવથી અનુભવ્યું હતું.[૧] તમારાથી (મનુષ્યજાતિથી) ન જઈ શકાય એવાં કોઇ આકાશની અંદર એક જગત છે, અને તેમાં પણ સૂર્ય ચંદ્ર આદિની મહાદેદીપ્યમાન કાંતિવડે વિચિત્ર એવી સૃષ્ટિ રહેલ છે. જો કે તે આકારવડે આ બ્રહ્માંડના જેવું છે, તથાપિ આ બ્રહ્માંડની અપેક્ષાએ તે શૂન્ય હોવાથી જેમ સ્વપ્નમાં દીઠેલું નગર જાગૃતમાં દેખાતા જગતના જેવું છતાં તેનાથી જુદું ભાસે, તેમ આ જગતનાથી જુદા પ્રકારનું છે.[૨] હું કે જે તે જગતમાં વિહાર કરતો હતો, તેણે મારા હૃદયમાં રહેલા ઇચ્છિત વિષયનો શોધ કરવામાટે દિશાઓનાં મુખોમાં આંખોવડે જોયું તો પૃથ્વીની અંદર ભમરાઓના સમૂહના જેવી અતિ મલિન અને પર્વતના જેવી મોટી એક છાયા ફરતી હતી, તે મારા જોવામાં આવી.[૩] પછી અત્યંત મોટાઈ નિહાળીને અતિ આશ્ચર્ય ઉપજાવનાર શું હશે અને આ વખત અહીં શું ઘટે, એમ વિચાર કરી તે જોવાને મેં તે જગતના ઉપરના ભાગમાં (આકાશતરફ) દૃષ્ટિ નાખી તો પર્વતોના જેવા પરિમાણવાળો અને અનેક ચકરીઓ ખાતા આકાશમાંથી નીચે પડતો એવો કોઈ પુરુષનો આકાર મારા જોવામાં આવ્યો.[૪] પર્વતના જેવો ભારે પોતાના શરીરવડે આકાશને પૂર્ણ કરી દેનાર અને ઉંધા થઈ ગયેલા પર્વતનીપેઠે પડતા એવા શરીરવાળો આ કોણ હશે ? બ્રહ્મા હશે ! કિંવા બ્રહ્માંડરૂપી શરીરને ધારણ કરનાર વિરાટ્ હશે ! કે જેવડે ઢંકાઈ રહેવાથી આકાશની અંદર શોભી રહેલા સૂર્યનારાયણ દિવસની સર્વ શોભા આચ્છાદિત થઇ જતાં નિસ્તેજ જેવા દેખાય છે ![૫] હું ઉપર પ્રમાણે કાંઈ વિચાર કરતો હતો, તેટલામાં તો સૂર્યકિરણ અને આકાશના પવનોવડે ભ્રમિત

* આ એકસો તેત્રીશમા સર્ગમાં કોઇ જગતમાં પોતે જે અતિ આશ્ચર્ય જોયું, તેવિષે ભાસ વર્ણન કરશે; અને આકાશમાંથી સાત દ્વીપોના જેવડું મોટું શબ પડશે, તેવિષે કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

થઈ રહેલો બ્રહ્માંડનો ઉપરનો ભાગ નીચે આવી પડતો હોય તેમ મોટા કડાકાવાળા વેગથી નીચે પડયો.[૬] ભયંકર સ્વરૂપવાળી અને અનંત દેહવાળી એ પુરુષાકાર વસ્તુ નીચે પડતાં ક્ષણમાત્રમાં સાત દ્વીપવાળી પૃથ્વી તેવડે પૂરાઇ જતાં દ્વીપોએ સહિત જગતના નાશની સાથે પોતાના શરીરનો પણ નાશ અવશ્ય થશેજ, એવી શંકા લાવી મેં પાસે રહેલા અગ્નિમાં પ્રવેશ કર્યો. મેં સેંકડો જન્મોવડે અર્ચન કરાએલા તે ભગવાન અગ્નિએ પોતાના દેહવડે ચંદ્રમા જેવા શીતળ બની જઇ મને કહ્યું કે, 'તમારે કાંઇ ભય રાખવો નહિ.'[૯] 'હે દેવ! તમારો જય થાઓ. પ્રતિજન્મ (જન્મોજન્મ) તમે અમારા પરમ શરણરૂપ છો. મહારાજ! આ અકાલે પ્રલય આવી લાગ્યો છે, માટે આપ મારી રક્ષા કરો.'[૧૦] એમ મારી પ્રાર્થનાથી ફરીવાર અગ્નિએ મને કહ્યું કે 'તમે કશો ભય રાખો નહિ. હે નિષ્પાપ રાજા! ઉઠો અને અહીં આવો. આપણે બન્ને મારા લોકમાં (અગ્નિલોકમાં) જઇએ.'[૧૧] એમ કહી ભગવાન અગ્નિ શુકરૂપ પોતાના વાહનની પીઠ ઉપર મને બેસારી એ આકાશમાંથી પડેલા શબના દેહના એક દેશમાં છિદ્ર કરી, આકાશમાં ચાલ્યા ગયા.[૧૨] પછી આકાશમાં જઇ તે ભયાનક આકૃતિ મેં જોઈ, કે જે આકાશમાંથી પડવું થતાં મોટા ઉત્પાતને ઉત્પન્ન કરતી હતી અને ભય ઉપજાવતી હતી.[૧૩] એ મોટું શબ વેગવડે નીચે પડતાં સમુદ્રો, પર્વતો, વનો, શહેરો અને જંગલોના સમૂહોએ સહિત પૃથ્વી કંપવા લાગી. નદીઓના પ્રવાહ રોકાઈ જવાથી તેનાં બે વેન (પ્રવાહ) ચાલવા લાગ્યાં અને વહ્યાં જતાં જળોએ મનુષ્ય આદિ પ્રાણીઓથી ખોદવાવડે ન થઇ શકે તેવા ભયંકર ઉંડા ખાડાઓ કરી દીધા.[૧૪] પૃથ્વી ગર્જના કરવા લાગી. પૂર્વદિશા, ઉત્તરદિશા, દક્ષિણદિશા અને પશ્ચિમ તેમાં તથા પર્વતોએ અને પ્રાણિયોએ સહિત સર્વ આખું જગત પ્રલયકાળના સંભ્રમથી ભયભીત બની જઇ, ઉંચે સ્વરે ગડગડાટ કરવા લાગ્યું.[૧૫] કડાકાએ સહિત થયેલા શબના પડવાના વેગને ઝીલવાથી ગાજી રહેલા સર્વ દિશાઓના અંતોમાં શબ્દાયમાન થઇ રહેલી પૃથ્વીમાં મોટો કડકડાટ થઇ રહ્યો હતો, અને આકાશમાં પણ ગરુડોના સમૂહના ભયવડે થયેલા સંચારની પેઠે મહા પ્રચંડ અને બીજા શબ્દોને ઢાંકી દેનાર એવો મોટો ઘોંઘાટ થઇ રહ્યો હતો.[૧૬] પર્વતોની ગુફાઓને દૃઢપણે ફાડી નાખવાથી ઉત્પન્ન થયેલો કડકડાટનો ધ્વનિ અત્યંત ભય ઉપજાવતો હતો. એ શબ્દ એવો તો ભયંકર હતો કે ઉત્પાતોવડે અને ભયંકર વેગનેલીધે જાળની પેઠે આકર્ષાઇ આવેલા પ્રલયકાળના પવનોવડે મત્ત બની ગયેલા પ્રલયકાળના વરસાદોની ગર્જનાનો પણ તિરસ્કાર કરતો હતો.[૧૭] એ મહાશબ, વેગવડે નીચે પડતાં પૃથ્વીની અંદર મોટી ગર્જના થઈ રહી અને દિશાઓનાં સર્વ મુખોમાં પણ મોટી ગર્જના થવાથી કેમ જાણે સેંકડો ઠેકાણે ધક્કો લાગવાથી પૃથ્વીના સેંકડો ભાગ વિંધાઇ ગયા હોય તેવું જણાતું હતું, અને તેમ થતાં કુલાચળ પર્વતોનાં મોટાં તટો ફાટી જતાં હતાં, તથા હિમાલય પર્વતનાં શિખરો ઠેઠ પાતાળ તળસુધી નીચે જઇ પહોંચતાં હતાં.[૧૮] મેરુપર્વતની શિલાના જેવા આકારવાળા તે શબનું નીચે પડવું થતાં પર્વતોના શિખરોના ચૂરેચૂરા થઇ ગયા, તેમજ પૃથ્વીનું પણ વિદારણ થઇ ગયું.[૧૯] સમુદ્રો ક્ષોભને પ્રાપ્ત થઇ ગયા, પર્વતો જમીનદોસ્ત થઇ ગયા. (પૃથ્વીમાં પેશી ગયા) સર્વ પ્રાણીઓ પીડાવા લાગ્યાં. પ્રલયની વાટ જોનાર રુદ્રગણો ક્રીડા કરવા લાગ્યા.[૨૦] સૂર્ય પૃથ્વી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખડ્યો (નીચે) આવી પડયા. દ્વીપોના માર્ગો ઢંકાઈ ગયા. પર્વતોનો ઘાણ વળી ગયો અને આખા દેશની પૃથ્વીનું ખેદાન-મેદાન થઇ ગયું.[૨૧] એ શબ્દનો આકાર જોતાં કેમ જાણે બીજો પૃથ્વીલોક નીચે આવી પડતો હોય, કિંવા બીજું બ્રહ્માંડનું અર્ધ નીચે પડતું હોય, અથવા તો કેમ જાણે આકાશજ મૂર્તિ ધારી બની નીચે પડતું હોય, એવું આકાશચારીઓને (દેવતા આદિને) દેખાતું હતું.[૨૨] પછી હું તે તરફ જોવા લાગ્યો તો એ માંસમય પર્વતનું એક અંગજ સાત દ્વીપવાળી પૃથ્વીમાં સમાતું ન હતું.[૨૩] એ જોઈ મને પ્રસન્ન થયેલા ભગવાન અગ્નિદેવને મેં પૂછયું કે હે મહારાજ! આ શું?[૨૪] આકાશમાંથી આ માંસમય દેહ શી રીતે પડ્યો? તેમ તેની સાથે સૂર્ય પણ કેમ નીચે પડ્યા? અને આ પડેલ માંસમયપિંડ (શબ)પર્વતો, વનો અને અને સમુદ્રોએ સહિત એવી પૃથ્વીની અંદર કેમ સમાતો નથી?[૨૫]

અગ્નિ કહે છેઃ—હે પુત્ર! એક ક્ષણવાર તમે ત્વરાને મૂકી દઈ ખમો, કે જેટલામાં આ સર્વ દોષ (પડવાનો ઉત્પાત) નિઃશેષપણે શાંત થઇ જાય. ત્યાર પછી હું તમને એ વિષે કહીશ.[૨૬] એ પ્રમાણે અગ્નિદેવ કહેતા હતા, તેટલામાં દિશાઓમાંથી એ બ્રહ્માંડમાં વસનારા આકાશચારી દેવતાઓ ત્યાં આવ્યા કે જેઓનાં સર્વ વસ્ત્ર, આભૂષણ, પુષ્પ આદિ કેવળ દિવ્યજ હતાં.[૨૭] તેમાં સિદ્ધ, સાધ્ય, અપ્સરાઓ, દૈત્યો, ગંધર્વો, નાગો, કિન્નરો, ઋષિઓ, યક્ષો, પિતૃઓ, માતાઓ અને બીજા દેવતાઓ હતા.[૨૮] પછી તે દેવો, ભક્તિવડે મસ્તકને અને શરીરને નમ્ર રાખી, શરણાગત પુરુષોની રક્ષા કરનાર સર્વેશ્વરી દેવી કાલરાત્રીની સ્તુતિ કરવા લાગ્યા.[૨૯]

દેવતાઓ કહે છેઃ—જે દેવી મહાપ્રલયને વિષે સંહારને પ્રાપ્ત થઇ ગએલા બ્રહ્મના પીંગલા મોટા જટામંડલને પોતાના ખટ્વાંગના ઉપરના ભાગમાં બાંધી દઇ પોતાના વક્ષસ્થળમાં દૈત્યોની ખોપરીઓની માળાને ધારણ કરી સંહારને પ્રાપ્ત થએલ, ગરુડજીની પાંખોનો મુકુટ બનાવી સર્વ જીવોને ગળી જઇ, પર્વતો, પ્રાણીઓ અને ભૂગોળ સહિત જગતનું પાન કરી જાય છે, તેમ છતાં જે નિર્દોષ હોવાથી નિષ્કલંક છે, તે શુદ્ધ ચિન્માત્રરૂપ અને અમારા ઉપર અનુગ્રહ કરવામાટેજ અવતાર ધારણ કરનારાં હે દેવિ! અમે કે જે તેમને અવશ્ય રક્ષા કરવા યોગ્ય છીએ, તેની સદાકાળ રક્ષા કરો.[૩૦]

नभश्चराऊचुः॥बद्ध्वा खट्वांगशृंगे कपिलमुरुजटामंडलं पद्मयोनेः कृत्वा दैत्योत्तमांगैः स्रजमुरसि शिरः शेखरं तार्क्ष्यपक्षैः॥ या देवी भुक्ताविश्वा पिबति जगदिदं साद्रिभूपीठभूतं सा देवी निष्कलंका कालिततनुलता पातु नः पालनीयान् ॥३०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો શબોપાખ્યાનનો 'મહાશબવર્ણન' એ નામનો એકસો તેત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૩

સર્ગ ૧૩૪ મો.*

દેવીના શરીરનું વર્ણન

॥ विपश्चिदुवाच ॥

एतस्मिन्नंतरे व्योम्नः स पतन्पुरुषो मया॥ स्थगिताखिलभूपीठः शवरूपो विलोकितः॥१॥

વિપશ્ચિત કહે છેઃ—દેવતાઓ દેવીની સ્તુતિ કરતા હતા, તેટલામાં મેં એ પડનાર પુરુષની

* આ એકસો ચોત્રીશમા સર્ગમાં ત્યાં આવિર્ભાવને પ્રાપ્ત થએલાં દેવીના શરીર વિષે વર્ણન આવશે અને તેણે રક્તનું પાન કર્યા પછી તેના ગણેશ્વર માંસ આદિ ખાશે એ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આકૃતિ તરફ જોયું તો તેણે આખા ભૂલોકને આચ્છાદિત કરી દીધો હતો; અને તે શબરૂપ મારા જોવામાં આવ્યો.[1] જેણે સાત દ્વીપવાળી પૃથ્વીને ઢાંકી દીધી હતી તે તો આખી પૃથ્વીમાં ન સમાનાર તે શબના પેટનો ભાગ હતો, કે જે એક મોટા પર્વતના જેવો હતો, અને તેજ માત્ર મારા જોવામાં પણ આવ્યો હતો.[2] અગ્નિએ મને કહ્યું, કે તેના હાથ, સાથળ અને મસ્તક અનંત છે. તે લોકાલોક પર્વતની પણ પેલે પાર પહોંચેલ છે, કે જે મનુષ્યોનો વિષય નથી.[3] આકાશચારી દેવતાઓએ આદરપૂર્વક દેવીની સ્તુતિ કરતાં એ દેવી પોતે આકાશમાંથી પ્રકટ થઈ ગયાં. તે પોતે રુધિરરહિત સાવ શુષ્ક દેખાતાં હતાં.[4] પ્રેતોના સમૂહવડે વ્યાપ્ત હતાં. માતાઓનું મંડળ તેને લાડ લડાવતું હતું. કુભાંડ, યક્ષ અને વેતાળોના સમૂહવડે કેમ જાણે આકાશને તારાવાળું બનાવી દેતાં હોય, તેવો ભાવ ઉત્પન્ન કરતાં હતાં.[5] શિરાઓવાળા (નાડી–નસો–વાળા) લાંબા ભુજદંડોવડે આકાશને વનના જેવું બનાવી દિશાઓમાં દાહ ઉત્પન્ન કરનારા પોતાના દૃષ્ટિપાતવડે કેમ જાણે સૂર્યની વૃષ્ટિ કરતાં હોય તેવાં જણાતાં હતાં.[6] દીપી નીકળતાં નાના પ્રકારનાં આયુધોના આકારોવડે ઝણઝણાટનો અવાજ ઉત્પન્ન કરી આકાશની અંદર પક્ષીઓના સમૂહના કેમ જાણે સેંકડો ટુકડા કરતાં હોય, તેવાં દેખાતાં હતાં.[7] દેહમાંથી નીકળતી જવાળાઓવડે અને નેત્રના અગ્નિની ગરમીવડે યુક્ત એવા પોતાના શરીરના અવયવોથી લાંબાં વાંસોનાં વનોના જેવી કરોડો યોજન પર્યંત ફેલાઇ રહેલી કાંતિને ચારેકોર વિખેરતાં હતાં.[8] દાંતોની કાંતિરૂપી ચંદ્રમાના પ્રકાશરૂપી દૂધવડે દિશાઓનાં મુખોને તેઓ સ્નાન કરાવતાં હતાં. કૃશ, અતિ લાંબાં અને અતિ વિ[illegible] તેમાં વાળાં શરીરવડે આખા આકાશને તેમણે પૂરી દીધું હતું.[9] કશોપણ આલંબ અને આશ્રય ન હોવાથી સંધ્યાકાળના વિસ્તારવાળાં વાદળાંઓની પંક્તિનાં જેવાં તે દેખાતાં હતાં. પ્રેતના આસન ઉપર તે બેઠેલાં હતાં અને પરબ્રહ્મની અંદર (ચિદાકાશમાં) તેનો સારી પેઠે આવિર્ભાવ થયો હતો.[10] તેનું સ્વરૂપ મહાજાજવલ્યમાન જણાતું હતું. સંધ્યાકાળનાં વાદળાંના જેવાં તે રાતાં હતાં અને આકાશરૂપી સમુદ્રની અંદર વડવાનળના જેવી શોભાને તે ધારણ કરતાં હતાં.[11] શબોવડે, શબોના અવયવોવડે, મુસળ, ભાલા, તોમર, મુદ્ગર, ઉલૂખલ (ખાંડણીઓ), હલ અને આસનવડે ચંચળ થઈ રહેલી માળાઓને તે ચારેકોર વિખેરી દેતાં હતાં.[12] દાંતના કડકડાટીના અવાજના આડંબરની સાથે આકાશરૂપી આંગણાની અંદર હાડપિંજરોની માળાને જેમ વર્ષાઋતુમાં ખીલી રહેલો પર્વત પોતાના અચળ (સ્થિર) દેહની અંદર ઘોઘરા અવાજની સાથે શિલાઓની પંક્તિને ધારણ કરે, તેમ ધારણ કરતાં હતાં.[13] દેવતાઓએ કહ્યું કે, હે દેવિ અંબિકા ! આ શબ આપને અમે ઉપહારરૂપ (ભેટ) કરેલ છે, માટે પોતાના પરિવાર સહિત આપ તરતજ તેનો ઉપભોગ કરો.[14] ઉપર પ્રમાણે દેવતાઓના સમૂહના (પ્રાર્થનામય) વચન ઉપરથી દેવી (પોતે સર્વની પ્રાણશક્તિરૂપ હોવાથી) પ્રાણવાયુવડે તે શબમાંથી રુધિરરૂપી સારનું વિના પ્રયાસે આકર્ષણ કરવા પ્રવૃત્ત થઈ ગયાં.[15] પ્રાણવડે આકર્ષણ કરાતું તે શબનું રુધિર જેમ સંધ્યાકાળના મેઘોનો સમૂહ મેરુપર્વતની ગુફામાં પ્રવેશ કરે, તેમ ભગવતીના મુખમાં પ્રવેશ કરવા લાગ્યું.[16] પ્રથમ શુષ્ક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હોવાથી [illegible] એ ચંડિકાદેવી જ્યાંસુધી રક્તપાનવડે તૃપ્ત થઇ પોતે પુષ્ટપણાને પ્રાપ્ત થઈ ગયાં, ત્યાં સુધી તેણે આકાશમાં રહી પ્રાણવાયુવડે આકર્ષેલું તે શબનું રુધિર પીધું.[૧૭] તે રુધિરનું પાન કર્યા પછી દેવી રુધિરપાનવડે પુષ્ટ શરીરવાળાં થઇ ગયાં. વર્ષાઋતુનાં વાદળાંઓના સમૂહની પેઠે તેઓનો લાલ રંગ દેખાતો હતો અને વિજળીના જેવાં ચપળ નેત્ર ચમકતાં હતાં.[૧૮] ભગવતીનું ઉદર લાંબું દેખાતું હતું. વિષમ એવા સર્પોનાં આભૂષણો તેમણે પહેર્યાં હતાં. રુધિરરૂપી આસવના મદથી તે મદોન્મત્ત દેખાતાં હતાં, અને પોતાનાં સર્વ આયુધોને તેમણે ધારણ કર્યાં હતાં.[૧૯] પોતાના શરીરવડે અર્ધ પૂરાઈ રહેલ એવા આકાશની અંદર ભગવતીએ નૃત્યનો આરંભ કર્યો, કે જેને લોકાલોક પર્વતના શિખરોના અગ્રભાગમાં રહેલા દેવતાઓ દેખતા હતા.[૨૦] પછી પિશાચ, કુષ્માંડ, રૂપિકા આદિ તેના મોટા ગણો જેમ કોઈ મહાપર્વતને વરસાદનાં વાદળાંઓ ફરીવળે તેમ એ શબને ફરી વળ્યા.[૨૧] શબરૂપી શૈલને કુષ્માંડોએ કેડના ભાગથી ગ્રહણ કર્યો, રૂપિકાઓના સમૂહોએ પેટના ભાગથી ગ્રહણ કર્યો અને યક્ષોએ તેના અવશેષ રહેલા પડખાના અને પીઠના ભાગથી ગ્રહણ કર્યો, કે જે ભાગ પોતાના હાથીના દાંતોવડે ભેદાયો હતો.[૨૨] બાકી તે શબના હાથ, સાથળ, કાંધ આદિ બીજા અવયવો અતિ વિસ્તારવાળા હોવાથી બ્રહ્માંડની પેલેપાર જઇ પહોંચ્યા હતા.[૨૩] તેને લીધે એ ભાગો પિશાચ, કુષ્માંડ આદિ દેવીના ગણોને પ્રાપ્ત થયા નહિ, કેમકે તેઓ ઘણે છેટે બીજી જ દિશામાં પથરાઇ રહ્યા હતા, તેથી કાળે કરીને તે ભાગો પોતાની પેઠેજ ત્યાં ગળી જતા હતા.[૨૪] જ્યારે ચંડિકાદેવી આકાશમાં નૃત્યકરતાં હતાં, ભૂતગણ શબને ખાવામાં આકુળ થઇ રહ્યો હતો, અને તે લીલાજોવાની ઉત્સુકતાથી દેવતાઓ પર્વતોના ઉપર, સ્થિર થઇ રહ્યા હતા, ત્યારે જગતની અંદર સર્વ દિશાઓના સમૂહો પિશાચ આદિના પિંડરૂપે લઇ જવાતાં કાચાં અને દુર્ગંધિ માંસ, ચરબી આદિવડે વ્યાપ્ત થઇ રહ્યા હતા. રુધિર ગર્ભમાં ધારણ કરી રહેલ વાદળાંઓના સમૂહવડે ખેરના લાકડાના અગ્નિના જેવું આખું જગત ઉજ્જ્વલ દેખાતું હતું. માંસને ચાવી જવાથી વેગવડે ઉત્પન્ન થતા શબસંબંધી વિચિત્ર ધ્વનિથી સર્વભાગ શબ્દાયમાન થઇ રહ્યો હતો. લતાની પેઠે પથરાઈ રહેલ સ્નાયુઓ અને અસ્થિઓનું ભાંગવું થતાં આકાશની અંદર તેની કડકડાટીનો અવાજ પ્રસરી જતો હતો.[૨૬,૨૭] ભૂતોનું પરસ્પર અથડાવું થતાં અને જુદું પડવું થતાં તેમાંથી એક મહાભયાનક અવાજ પેદા થતો હતો. હિમાલય અને વિંધ્યાચળ પર્વતના જેવા હાડકાના પર્વતથી સર્વ ભાગ વીંટાઇ રહ્યો હતો.[૨૮] દેવીના મુખમાંથી નીકળતી અગ્નિની જ્વાળાવડે પાકી ગએલા માંસથી (માંસરસથી) ભૂતળ ભીંજાઇ રહ્યું હતું. રુધિરના બિંદુઓરૂપી ગ્રાકળવડે દિશાઓનો સમૂહ સિંદુરવર્ણનો બની ગયો હતો.[૨૯] ચારેકોર જોવામાટે ઉભા થઈ રહેલા દેવતાઓવડે કેમ જાણે દિશાઓની અંદર ગઢ બાંધેલા હોય એવું દેખાતું હતું. સાતે દ્વીપોની ભૂમિ રુધિરવડે એક મહાસાગરના જેવી ભરપૂર થઈ ગઇ હતી.[૩૦] (પૃથ્વીમાં પેશી જવાથી અને અસ્થિ આદિવડે ઢંકાઇ જવાથી) સર્વ પર્વતોનો સમૂહ નિઃશેષ રીતે અત્યંત તિરોહિત થઈ ગયો હતો. રુધિરની કાંતિવડે રંગાએલાં વાદળાંઓના સમૂહોવડે દિશાઓરૂપી સ્ત્રીઓ કેમ જાણે રાતાં વસ્ત્રોવડે ઢંકાઇ રહી હોય, એવો ભાવ દેખાતો હતો.[૩૧] ગોળ અને ચપળ હાથની અંદર ફરક્યા કરતાં દેવીનાં અને તેના ગણોનાં આયુધોવડે આકાશ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છવાઇ (ઢંકાઇ) રહ્યું હતું. ગામડાંઓ, નગરો અને દેશોની યાદગીરીનું નામ-નિશાન પણ ત્યાં જણાતું ન હતું.[૩૨] સર્વ સ્થાવર-જંગમ પદાર્થોનું રૂપ ત્યાં અત્યંત અસંભવિત હોય એમ ભાસતું હતું; અને ભેગા થએલા અનંત કુભાંડ-રૂપિકા આદિ દેવીના ગણોનોજ એક સમાજ ત્યાં ભેગો થયો હતો.[૩૩] નૃત્ય કરવામાં તત્પર થઇ રહેલ ભૂતોના ગણોના હાથના અભિનય (ચેષ્ટા) કરવાના આકારરૂપી પક્ષીઓના બંધનમાટે કેમ જાણે જાળ પાથરી દીધી હોય તેવો ભાવ બતાવનારા અને આકાશની અંદર બીજીજ સૃષ્ટિ રચવામાં પરાયણ થઇ રહેલા બ્રહ્માના કેમ જાણે પરિમાણ સૂત્ર (માપવાની દોરી) હોય તેવા જણાતા ઠેઠ પૃથ્વીથી માંડી સૂર્યમાર્ગપર્યંત નીચે અને ઉપર દશ દિશાઓરૂપી નિકુંજ (હોવાથી તે) નીચે અંદર પથરાઇ રહેલા તથા પિશાચોએ આડા અવળા લઇજવાએલા આંતરડાના તંતુઓવડે કેમ જાણે ત્રૈલોક્ય-બ્રહ્માંડના ઉદરનું માપ કરવું હોય તેમ જણાતું હતું.[૩૪,૩૫] પ્રથમથીજ વિદ્યમાન એવી પૃથ્વીના પીઠની અંદર પથરાઇ રહેલાં રુધિરવડે એક મહાસાગરના જેવું થઇ રહેલ અને પ્રાપ્ત થએલા ઉત્પાતવડે પીડાએલ એવાં જગતને જોઇ સાત દ્વીપને અંતે આવેલ તથા શબના કુત્સિત અવયવોવડે ન દબાએલ એવા લોકાલોક પર્વતના ઉપરના (શિખરના) ભાગમાં રહેલા દેવતાઓ અત્યંત ખેદને પ્રાપ્ત થયા.[૩૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જે શબના તે અતિ લાંબા અવયવો ઠેઠ બ્રહ્માંડની પણ બહાર પહોંચી ગયા હતા, તેણે લોકાલોક પર્વતને કેમ ઢાંકી દીધો નહિ ?[૩૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! એ શબનું ઉદર સાત દ્વીપના મધ્યમાં રહ્યું હતું. મસ્તક, પગ અને હાથ આદિ અવયવ બ્રહ્માંડની પેલેપાર પહોંચી ગયા હતા;[૩૯] પણ બે પડખાંવડે બન્ને સાથળના મધ્યથી કેડના બન્ને પડખાના ભાગથી તથા મસ્તક અને બન્ને ખભાના મધ્યભાગથી શિખરો નહિ ઢંકાઇ જવાથી તે લોકાલોક પર્વત ઉંચો દેખાતો હતો.[૪૦] તાપને લીધે જળવગરનાં થઈ રહેલાં (ધોળાં) વાદળાંઓની પેઠે સ્વચ્છ નિર્મળ કાંતિવાળા દેવતાઓ મેરુપર્વતનાં શિખરો ઉપર બેઠેલા જણાતા હતા.[૪૧] ફેલાએલ અવયવવાળા તથા નીચા મુખવાળા તે પડેલા શબને જ્યારે ભૂતોનો સમૂહ ભક્ષણ કરતો હતો, માતાઓ નૃત્ય કરતી હતી, રુધિરના પ્રવાહો વહ્યા જતા હતા અને મેદનો (ચરબીનો) ગંધ ચારેકોર પ્રસરી રહ્યો હતો, ત્યારે દુઃખિત થઈ ગએલા પ્રત્યેક દેવતાઓ નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા.[૪૨,૪૩] અહો ! ખરેખર કષ્ટની વાત છે કે પૃથ્વી ક્યાં ચાલી ગઈ ? સમુદ્રો ક્યાં જતા રહ્યા ? મનુષ્યોના સમાજ ક્યાં ગયા ? પર્વતો પણ ક્યાં જતા રહ્યા ?[૪૪] કષ્ટની વાત છે કે લોકોત્તર ચંદન, મંદાર અને કદંબનાં વનવડે સુશોભિત એવો મલયાચળ કે જે કેમ જાણે પુષ્પોનો મંડપ હોય તેવો છે, તે ક્યાં જતો રહ્યો ?[૪૫] વિશાળ એવી તે હિમાલયની ભૂમિઓ કે જે ઉંચી અને અતિશય સ્વચ્છ તથા ગૌર છે, તેને રુધિરે કેમ જાણે તેની અંદર રહેલા ગૌરપણા ઉપર ક્રોધ કરી, તેનો પરાભવ કરવા માટે પોતાના (રુધિરના) કાદવરૂપ બનાવી દીધી હોય તેમ જણાય છે.[૪૬] ક્રૌંચદ્વીપની અંદર ક્રૌંચપર્વતમાં રહેલો મોટો કલ્પદ્રુમ કે જેની સુશોભિત શાખા ઠેઠ બ્રહ્મલોક પર્યંત જઈ પહોંચી હતી, તે પણ ચૂરેચૂરા થઇ ગયો.[૪૭] પારિજાતવૃક્ષ, લક્ષ્મીજી, ચંદ્ર અને અમૃતના (ઉત્પાદક હોવાથી) સ્વામીરૂપ એવા હે ક્ષીરસાગર ! માખણવડે ભરેલ એવા પર્વતોની અંદર ઉગેલાં કાંઠાનાં વનોવડે રમણીય એવા હે દધિસમુદ્ર ! (દહીંના દરીયા !)

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખડ્ગ કાળીએરોનાં વૃક્ષવડે ઘાટી ઘટાવાળા પર્વતમાં દેવીએ સેવાએલ હે મધુસમુદ્ર ! (મધના સમુદ્ર !) તમે હવે ક્યાં જશો ? તેમજ તમારી અંદર રહેલ સ્ફટિક આદિ શિલાઓ કે જે દેવાંગનાઓને અને દિશાઓને દર્પણરૂપ થતી હતી તે પણ હવે ક્યાં જશે ?[૪૮] કલ્પદ્રુમ અને સુવર્ણની નિર્મળતાઓ સાથે નિરુપાધિપણે સંબંધ રાખનાર ક્રૌંચપર્વતવડે સુશોભિત એવા હે ક્રૌંચદ્વીપ ! તથા બ્રહ્માના હંસોવડે અને કમલિનીઓવડે દિશાઓના સમૂહને ભરપૂર કરી દેનાર અને કદંબ વૃક્ષોનાં વનોની ગુફામાં વિશ્રાંતિ લેનાર વિદ્યાધરીની સાથે રતિક્રીડામાં કુશળ એવા દેવતાઓના નિવાસરૂપ હે પુષ્કરદ્વીપ ! તમે બન્ને અહીંથી ક્યાં ચાલ્યા ગયા ?[૪૯] મીઠા સમુદ્રના તીવ્ર તાપને નિવૃત્ત કરનાર અને પુષ્પોવડે ઢંકાઇ રહેલાં પૃથ્વીને પવિત્ર કરનાર તેનાં વનોનું, ગોમેધ દ્વીપનું, તેના કલ્પવૃક્ષનું, ત્યાંની સુવર્ણલતાઓનું તથા તેવડે સુંદર એવી ગુફાઓનું તથા શાકદ્વીપના પર્વતો કે જેઓ કલ્પવૃક્ષોનાં વનોવડે ઢંકાઇ રહેલા હતા અને તેનાં પુષ્પોવડે ધોળા થઇ રહેલા હતા તેનું, તથા શાકદ્વીપનું અને તેના કલ્પવૃક્ષનું, એ નવ પદાર્થોનું સ્મરણ કરતાંજ સ્વર્ગસુખને ઉત્પન્ન કરનાર પુણ્યનો ઉદય થાય છે.[૫૦] મંદ પવનવડે ચપળ પલ્લવોવાળી બાળલતાઓ સાથે જોડાઇ રહેલાં સંતાનક નામનાં દેવવૃક્ષોવડે સર્વ દિશાઓની અંદર સુગંધના પ્રકાશ ફેલાવી દેનાર સર્વ વનો તો હમણાં ભાગી પડેલાં છે. અહો ! ખેદની વાત છે કે હવે બિચારા લોકોનો સમૂહ શી રીતે વિશ્રાંતિને પ્રાપ્ત થશે, તે હું જાણી શકતો નથી.[૫૧] ઇક્ષુરસના (શેરડીના રસના) સમુદ્રને કિનારે શિલાની પેઠે જામી ગયેલ સાકરોના પર્વતોવડે સુશોભિત એવી ભૂમિઓની અંદર પ્રસિદ્ધ માધુર્યવાળા ગોળના મોદકને હવે ફરીવાર ક્યારે જોઇશું ? તથા ક્રીડામાટે બનાવેલ સાકરની પૂતળીઓ (રમકડાં)ને પણ ક્યારે જોઇશું ?[૫૨] તાલ અને તમાલનાં વનોવડે રમણીય એવા તે વનની અંદર આવેલા પર્વતના કદંબનાં વૃક્ષોવડે અને કલ્પવૃક્ષોવડે શીતળ એવાં સુવર્ણમય સ્થાનોમાં બેસી પ્રથમ અનેકવાર અનુભવ કરેલ, એવું ચંદનવડે સુંદર અપ્સરાઓનું નૃત્ય અથવા ચંદનલતાઓરૂપી સુંદરીઓનું નૃત્ય હવે આપણે ક્યારે જોઇશું ?[૫૩] અહો ! કષ્ટની વાત છે કે જાંબુનાવૃક્ષનાં તે ઉત્તમ ફળો (દેખવામાં ન આવવાથી) કેવળ સ્મરણ કરવા યોગ્ય થઇ ગયાં, કે જેઓના રસરૂપી જળવડે ઉત્પન્ન થયેલી નદીને દ્વીપો તથા સમુદ્રોને પોતાની મેખલારૂપે ધારણ કરી રહેલી આ જંબૂદ્વીપની ભૂમિ વહન કરે છે.[૫૪] શિલીંધ્ર નામનાં વૃક્ષોવડે અવકાશરહિત એવા પર્વતોની ગુફાઓમાં મદ્યપાનવડે મત્ત બની ગએલ એવી દેવતાઓની સ્ત્રીઓએ કરેલાં નૃત્ય અને ગાયનવડે સુશોભિત એવા સુરોદ સમુદ્રનું વારંવાર સ્મરણ કરતાં જેમ પ્રાતઃકાળમાં ચંદ્રવિકાસી કમળ કરમાઇ જાય અને હમણાં જેમ પૃથ્વીનું વિદારણ થઇ જાય, તેમ અમારૂં ચિત્ત વિદીર્ણ થઈ જાય છે (ચીરાઇ જાય છે).[૫૫] રુધિરરૂપી જળવડે ભરપૂર એવા આ નવા મહાસાગરના ઉપરના ભાગમાં સુવર્ણસંબંધી મેરુ આદિ સેંકડો પર્વતોનાં શિખરો કાંતિવડે ઉત્તર આદિ દિશાઓના મુખમાં સૂર્યના ઉદય અને અસ્તની નજીકની ભૂમિ ઉપર પ્રતિબિંબિત થઈ રહેલ અને સંધ્યાકાળને લીધે અરુણ એવી કાંઈક ઉદય પામેલ ચંદ્રમાની કળાના જેવાં દેદીપ્યમાન દેખાય છે.[૫૬] ઉપર વર્ણવેલ સાગરરૂપી જળના સમૂહવડે વીંટાએલ, અનેક દ્વીપોવડે સુશોભિત, ઉંચા મોટા પર્વતોમાં વિશ્રામ લેનારા મેઘોની ઘટા-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રૂપી નીલ કમળોના આધારરૂપ; નદીઓ, વનો, જંગલો, શૂરવીર પુરુષોવડે ઉગ્ર એવાં નગરો, ગામડાંઓ અને બ્રાહ્મણોનાં ગામો એ રૂપી વસ્ત્રવડે રમણીય તથા વૃક્ષો, પલ્લવો અને અંકુરોરૂપી ભૂષણવાળી પૃથ્વી હમણાં ક્યાં જતી રહી ? તે હું જાણી શકતો નથી; પણ આ વાત ખેદકારક છે.[૫૭]

तादृक्सागरवारिराशिवलया द्वीपान्तरालंकृता
प्रोच्चाद्रींद्रनिविष्टवारिदघटानीलोत्पलानांस्थली
स्रोतो जंगलकाननोग्रनगरग्रामाग्रहारांवरा
नो जाने तरुपल्लवांकुरवती कष्टं क्व याता मही॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દેવપરિદેવનવર્ણન' એ નામનો એકસો ચોત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૪

સર્ગ ૧૩૫ મો.*

પૃથ્વીનું નામ મેદિની કેમ પડયું ?

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

मत्तेन भूतवृंदेन किंचिच्छेषीकृते शवे ॥
इदमूचुः पुनर्दिक्षु गिरौ देवाः सवासवाः॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—મદોન્મત્ત એવા ભૂતોના સમૂહોએ શબનો માત્ર કાંઇકજ ભાગ અવશેષ રાખતાં દિશાઓની અંદર રહેલા લોકાલોક પર્વતમાં સ્થિર થઇ ગયેલા ઇંદ્રસહિત સર્વ દેવતાઓ કહેવા લાગ્યા[૧] કે વિદ્યાધરોના અને દેવતાઓના વિહારમાટે કલ્પાએલાં વિમાનોનો સંચાર થવામાં આશ્રયરૂપ એવા આકાશની અંદર પણ તેને ગરમ કરવાને દેવીના ગણોએ મેદવડે (ચરબીવડે) ભરેલાં અને પવનવડે ફેલાઈ રહેલ નિર્મળ વાદળાંઓના ખંડોએ, તેમાં એવાં આકાશના જેવાં દેખાતાં મોટાં આતરડાંઓનાં જળાંઓ પાથરી દીધેલ છે.[૨] સાતેય દ્વીપોની અંદર ભૂતોએ મેદનાં (ચરબીનાં) જળો પસારી દીધાં છે, તે તમે જુઓ. ભૂતોએ શબના માંસનું ભક્ષણ કરેલ છે અને રુધિરનું પાન કરેલ છે, તેનેલીધે આ પૃથ્વી હવે કાંઈક હમણાં દેખાવા લાગી છે.[૩] સર્વ પ્રાણીઓને આનંદ આપનારી આ પૃથ્વી હમણાં મેદરૂપી (ચરબીરૂપી) વસ્ત્રવડે વીંટાએલા સર્વ અવયવોવાળી થઇ રહી છે, એ ખરેખર ખેદની વાત છે; અને વનો પણ મેદરૂપી શરદ્ ઋતુના મેઘોના સમૂહવડે કેમ જાણે કંબલવડે વીંટાએલ હોય તેવાં દેખાય છે.[૪] જુઓ આ તે શબનાં અસ્થિઓ મોટા પર્વતના જેવાં થઇ રહ્યાં છે, અને હિમાલયપર્વતનાં શિખરની પેઠે દિશાઓનાં તટોને વીંટાઈ વળેલાં છે.[૫]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—દેવતાઓ ઉપર પ્રમાણે કહેતા હતા, તેટલામાં એ દેવીના ગણોના મેદના (ચરબીના) સમૂહવડે પૃથ્વીને લીંપાએલ બનાવી દઇ પોતે પણ મત્ત બની આકાશની અંદર નૃત્ય કરવા લાગ્યા,[૬] જ્યારે દેવીના ગણોનો સમૂહ નૃત્ય કરી રહ્યો હતો, ત્યારે તેઓના પીધા પછી અવશેષ રહેલ રુધિરનો (સંકલ્પવડે) એક પ્રવાહ કરી દઈ દેવતાઓએ તેને એક સાગરમાં નાખ્યું;[૭] અને એ સમુદ્રને પોતાના ચિત્તમાં સંકલ્પ કરી દેવતાઓએ સુરાનો સમુદ્ર બનાવી દીધો. તે દિવસથી માંડી અદ્યાપિ પર્યંત હજી તે મદિરાનો સમુદ્ર થઈ રહ્યો છે.[૮] એ સમુદ્રની અંદર રહેલી મદિરાને આકાશની અંદર ભૂતો નૃત્ય કરી પીએ છે, અને પાછા ફરી આનંદના મંદિરરૂપ આકાશની અંદર નૃત્ય કરવા લાગી જાય છે. કેમ જાણે અદ્યાપિપર્યંત તેજ ભૂતો

---

* આ એકસો પાંત્રીશમા સર્ગમાં ભૂતોનો સમૂહ જ્યારે એ શબનું માંસ ખાઇ જશે અને રુધિર પી જશે, ત્યારે મેદવડે આખી પૃથ્વી વ્યાપ્ત થયાવિષે અને શેષ રહેલાં રુધિરવડે રુધિરનો સમુદ્ર થયાવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખુદ્ધ ક્ષોભ હોય, તેમ તે મદિરાના સમુદ્રમાંથી વર્તમાન સમયના ભૂતો પણ મદિરાનું પાન કરે છે, અને આકાશની અંદર યોગેશ્વરી-(જોગણીઓ)ના ગણો સહિત નૃત્ય કરે છે.[૧૦] એ ભૂતોએ પીધા પછી અવશેષ રહેલ મેદના સબૂહો પૃથ્વીમાં સૂકાઈ ગયા, તેને લીધે પૃથ્વીએ મેદિની એવું નામ ધારણ કર્યું.[૧૧] એ પ્રમાણે વર્ણવેલા ક્રમથી શબનો જ્યારે ક્ષય થઇ ગયો અને પાછો દિવસ તથા રાત્રિનો ક્રમ શરુ થયો ત્યારે પ્રજાપતિએ પાછી નવી પ્રજા સૃજી અને પૃથ્વીની અંદર પાછો પૂર્વ પ્રમાણેજ સૃષ્ટિનો દેખાવ થઇ રહ્યો.[૧૨]

इति क्रमाच्छान्तिमुपागते शवे पुनः प्रवृत्ते दिनयामिनीक्रमे॥प्रजाः ससर्जाथ नवाः प्रजापतिः पुनः स सर्गोभवदत्र पूर्ववत्॥ १२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શવોપશમ' એ નામનો એકસો પાંત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૫

सर्ग १३६ मो.*

અગ્નિદેવે કહેલું શબનું વૃત્તાન્ત

॥ भास उवाच ॥

अथाहं तं महादेवं पावकं पृष्टवानिदम् ॥ शुक्लपक्षतिकोणस्थः यतामवनीश्वर॥ १२ ॥

ભાસ કહે છેઃ—હે રાજા દશરથ ! સાંભળો, પછી હું કે જે અગ્નિના વાહનરૂપ પોપટની પાંખના મૂળના એક ખુણામાં રહ્યો હતો, તેણે મોટા દેવ અગ્નિને પૂછ્યું,[૧] કે ભગવાન સર્વ યજ્ઞના ઈશ્વર ! સ્વાહાના અધિપતિ હુતાશન ! આ શબ પ્રથમ કોણ હતું અને શા નિમિત્તથી તેની આવી દશા થઇ ?[૨]

અગ્નિ કહે છેઃ—હે રાજા ! ત્રૈલોક્યની અંદર પ્રકાશી રહેલ અનંત શબનું સર્વ વૃત્તાંત હું બરાબર અક્ષય રીતે (અખંડિતપણે) તમને કહું તે તમે સાંભળો.[૩] અનંત નિરાકાર એક પરમ ચિદાકાશ છે, કે જેની અંદર આ અસંખ્ય જગતો પરમાણુની પેઠે રહેલાં છે.[૪] એ શુદ્ધ ચિદાકાશ કે જે સર્વવ્યાપી છે અને સર્વના આત્મારૂપ છે, તેની અંદર ક્યાંક પોતાની મેળેજ વિષયાકાર જ્ઞાનનેરૂપે સંકલ્પસ્ફૂર્તિ થઇ.[૫] પછી તેણે તમે જેમ કોઇ પથિકની ભાવના કરતાં સૂઇ જાઓ, તો પોતાના આત્માને સ્વપ્નમાં પથિકરૂપ દેખો, તેમ પોતાની તેવી ભાવનાના બળથી પોતાના ચિન્મય સ્વભાવનેલીધે પોતાને તેજના પરમાણુરૂપ (જીવરૂપ) જોયો.[૬] એ પરમાણુ અજ્ઞાનરૂપ આવરણનેલીધે પોતાના સ્વરૂપને ન ઓળખતાં અણુરૂપ (જીવરૂપ) થઈ રહ્યો, અને તેણે પોતાના પ્રકાશમય સ્વરૂપને સંકલ્પમય અને કમળમાં રહેલા રજના જેવું સૂક્ષ્મ પરમાણુરૂપે અનુભવ્યું.[૭] પછી તે પોતાની વૃદ્ધિની ભાવના કરવાથી પોતેજ ચક્ષુ આદિ ઇંદ્રિયરૂપ થઇ ગયું અને તેણે પોતાના (કાલ્પનિક) શરીરમાં તે ઇંદ્રિયો રહેલ છે, એવો અનુભવ કર્યો.[૮] એ પછી તેણે તમે જેમ સ્વપ્નમાં કોઈ નગરને દેખો તેમ ચક્ષુ આદિ ઇંદ્રિયો તથા શબ્દ સ્પર્શ આદિ તેના વિષયો કે જેઓ આધાર-આધેય ભાવરૂપે થઈ રહ્યા છે, તેને તથા પાંચભૌતિક જગતને દીઠું.[૯] આ એક જીવભાવના અધ્યારોપનો (સ્થૂલ) ક્રમ છે. તેમાં કોઇએક અસુર જાતિનો જીવ હતો, કે જે આસુરી સ્વભાવનેલીધે બહુ અભિમાની હતો; અને તેનાં પિતા-માતા તથા પિતામહ વગેરે અસત્ય તથા પ્રતિભાસરૂપ હતાં.[૧૦] એ અસુરે પોતાના મદોન્મત્તપણાથી જ્યારે કોઈ મહામુનિના સુખ **આપમારા આશ્રમને** ધૂળધાણી કરી નાખ્યો

* આ એકસો છત્રીશમા સર્ગમાં ભાસના પૂછવાથી અગ્નિ શબના વૃત્તાંતનું આદિથી વર્ણન કરશે અને તેના અસુર, મસલું, મૃગ, વ્યાધ આદિ જન્મો થયા વિષે વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ત્યારે મુનિએ તેને શાપ આપ્યો કે તેં તારા અતિ સ્થૂલ શરીરને લીધે મારા આશ્રમનો નાશ કર્યો માટે તું મૃત્યુને પ્રાપ્ત થઇ અધમ (અતિ-ક્ષુદ્ર) મસલાંરૂપ થઇ જા.[૧૧,૧૨] પછી તેજ સમયે મહામુનિના તે શાપરૂપ અગ્નિએ, જેમ વડવાનળ જળનું શોષણ કરે તેમ એ અસુરને ભસ્મ કરી નાખ્યો.[૧૩] એ અસુરનું ચેતન કે જે નિરાકાર અને નિરાધાર હતું તથા આકાશના જેવું અસંગ હતું, તે સુષુપ્તિમાં મૂર્છિત થઇ ગએલા ચિત્તની પેઠે મૂર્છિત બની ગયું.[૧૪] તે અવ્યાકૃત ચેતન સમાનતાનેલીધે ભૂતાકાશની (મહાભૂતરૂપ આકાશની) સાથે એકતાને પ્રાપ્ત થઈ ગયું; અને પછી તે પોતાની અંદર રહેલા વાયુની સાથે એકતાને પ્રાપ્ત થયું;[૧૫] અને તે ચેતનવાત (પ્રાણવાયુ) રૂપ થઈ ગયું, કે જે હવે પછી (મશક આદિ) જીવ એવા નામને ધારણ કરશે. પછી તે પ્રાણવાયુ, પૃથ્વી, જળ, તેજ અને આકાશ એ ભૂતચતુષ્ટયવડે વ્યાપ્ત થઈ રહ્યો,[૧૬] અપંચીકૃત ભૂતવડે પંચતન્માત્રારૂપ થઇ રહેલો એ ચિન્માત્ર તત્ત્વનો સૂક્ષ્મ અંશ જેમ આકાશની અંદર પવનનો સૂક્ષ્મ અંશ સ્વાભાવિક રીતેજ ક્રિયાવાન થઇ રહે તેમ સ્વભાવવડેજ ક્રિયાશક્તિથી યુક્ત થઇ ગયો.[૧૭] જેમ વર્ષાઋતુ આદિ કાળ, પૂર્વદિશા આદિનો પવન અને વર્ષાઋતુ આદિનું જળ, એવડે કરી અંકુર ઉત્પન્ન કરનાર બીજ તે સર્વનો યોગ થતાં પૃથ્વીમાં ઉદ્બુદ્ધ થઇ જાય તેમ પ્રાણવાયુની અંદર રહેલ તેનું ચેતન પણ ક્રમે કરી જ્ઞાનશક્તિવડે યુક્ત થઇ ગયું.[૧૮] શુદ્ધ એવા મહાત્મા મુનિના શાપને જાણનારા અને પોતાને મસલાને રૂપે સમજી બેઠેલ તે અસુરનું પ્રાણની અંદર રહેલ ચેતન (જીવચૈતન્ય) એ મસલાના સંસ્કારોવડે વિંધાઈ જઇ પોતાની અંદર પાંખ પગ આદિ મસલાના અવયવોને કલ્પી લઈ મસલારૂપ બની ગયું.[૧૯] [illegible] તેમાં કે જે એક સ્વેદજ (સ્વેદથી ઉત્પન્ન થનાર) પ્રાણી છે અને નિઃશ્વાસ માત્રથી ઉડી જાય એવા હલકા શરીરવાળું હોય છે, તે મસલાના રૂપને ધારણ કર્યા પછી માત્ર બે દિવસજ તેનું જીવિત રહ્યું હતું.[૨૦]

શ્રી રામચંદ્ર કહે છેઃ—હે મહારાજ ! આ જગતની અંદર સર્વ પ્રાણીઓનો જન્મ યોનિથીજ છે, કિંવા બીજે પ્રકારે પણ તેની ઉત્પત્તિ સંભવે છે ?[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—બ્રહ્માથી માંડી તૃણપર્યંત સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ બે પ્રકારે હોય છે. એક બ્રહ્મમય અને બીજી ભ્રાંતિજન્ય. એ બેયવિષે હું વિવેચન કરૂં તે તમે સાંભળો.[૨૨] અનાદિ કાળથી રૂઢ થઈ રહેલી જગતની ભ્રાંતિનેલીધે પંચભૂતો અને તન્માત્રાઓવડે રંગાઇ જઇ તે આકારે જે પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે તે ભ્રાંતિજન્ય છે અને દૃશ્યમાં તેની સંગતિ ઠીક મળે છે.[૨૩] બાકી નિત્યમુક્ત બ્રહ્મની અંદર જગતની ભ્રાંતિનું ભાનજ ન થતાં પોતાની મેળેજ વિવર્તરૂપે જીવભાવનો આવિર્ભાવ થઇ આ સર્વ જરાયુજ આદિ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે એવો નિશ્ચય થતાં એ દશામાં સર્વ પ્રાણીઓના જન્મવિષે જે પ્રતીતિ થાય છે તે બ્રહ્મમય કહેવામાં આવે છે. તે યોનિજન્ય નથી.[૨૪] (પરંતુ આવું જ્ઞાનને લીધે કપિલ સનક આદિ સિદ્ધ મહાત્માઓનેજ અનુભવમાં આવે છે. બાકી બીજા ક્ષુદ્ર જીવોને જણાતું નથી) એવો એ બન્ને પ્રકારના જન્મનો ક્રમ છે; તેમાં એ બન્નેમાંથી મસલું તો જગતની (અનાદિકાળથી રૂઢ થઈ રહેલી) ભ્રાંતિનેલીધેજ ઉત્પન્ન થયું હતું, તેનો જન્મ કાંઇ બ્રહ્મમય ન હતો; માટે હું તેની ચેષ્ટાનો ક્રમ કહું તે તમે સાંભળો.[૨૫] પૃથ્વીની અંદર શેરડીઓમાં, કોમળ બાળતૃણમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને [illegible]માદિના સમૂહમાં ગુંજાર (ગણગણાટ) કરી રહેલાં મસલાંઓની સાથે ગણગણાટ કરતાં અને ક્રીડા કરતાં, એ મસલાનું અર્ધું આયુષ કે જે એક દિવસરૂપ છે, તે તો તેણે ગાળી નાખ્યું.[૨૬] પછી (બીજે દિવસે) પોતાની પત્ની (મસલી) ની સાથે બાલલીલાવડે તેણે બાળતૃણોરૂપી હીંચકાથી લાંબા સમયસુધી અંદર હીંચકવા માંડયું.[૨૭] પછી તેમાં ભમી થાકી ગએલ તે મસલું કોઇ ઠેકાણે વિશ્રામ લેવા બેસતું હતું તેટલામાં હરિણના પગની ખરીઓરૂપી પર્વત તેની ઉપર પડવાથી તેના ચૂરેચૂરા થઈ ગયા.[૨૮] હરિણનું મોઢું જોવામાં આવવાથી મરણસમયે તેના આકારની ભાવનામાં એ મસલાંનો પ્રાણ જતાં પ્રથમ કહેલા ક્રમપ્રમાણે ઇંદ્રિય આદિ ભાવનું ગ્રહણ કરી [illegible]ઇ મૃગરૂપ થઇ ગયો.[૨૯] એ મૃગને અરણ્યની અંદર વિહાર કરતાં કોઇ પારધિએ ધનુષવડે માર્યો અને તે સમયે તેની દૃષ્ટિ પારધિના મુખઉપર પડવાથી તે પારધિરૂપ થયો.[૩૦] એ પારધિ વનોમાં ફરતાં કોઇ મુનિના વનમાં જઈ પહોંચ્યો અને તેણે ત્યાં વિશ્રાંતિ કરી અને મુનિનો સંગ થતાં તેણે તેને બોધ આપ્યો.[૩૧] કે, તું ભ્રાંત થઇ જઈ (અજ્ઞાનનેલીધે) આ શું કરે છે ? અતિ લાંબાં જન્મ-જરા-મરણ આદિ સંસારનાં દુઃખો ભોગવવાંમાટે મૃગોને કેમ મારે છે ? અને આ ક્ષણભંગુર જગતની અંદર મહાફલ આપનાર અહિંસા તથા અભયદાન આદિ શાસ્ત્રમર્યાદાને કેમ પાળતો નથી.[૩૨] આયુષ્ય પવનવડે હાલક-લોલક (ચપલ) થઇ રહેલ વાદળાંઓના સમૂહમાં રહેલ ચંચલ (પડવાને તૈયાર થઈ રહેલ) જલનાં જેવું ક્ષણભંગુર છે, ભોગો મેઘોરૂપી ઉલ્લેચની અંદર ચમકારા મારતી વિજળીના જેવા ચંચલ છે, યૌવનના વિલાસો પણ જલના વેગનીપેઠે ચપલ છે, અને શરીર પણ ક્ષણવારમાં પડી જાય તેવું છે, માટે હે પુત્ર ! અનર્થોની પરંપરારૂપ સંસારથી ત્રાસને પામી જઈ અહિંસા અભયદાન આદિ ઉપાયોથી સર્વ અનર્થની નિવૃત્તિ કરનાર અને નિરતિશય આનંદ આપનાર આત્યંતિક દુઃખનિવૃત્તિરૂપ મોક્ષનો કાંઇ શોધ કરો.[૩૩]

आयुर्वायुविघट्टिताभ्रपटले लीलाम्बुवद्भङ्गुरं
भोगामेघवितानमध्यविलसत्सौदामिनीचंचलाः
लोलायौवनलालनाजलरयःकायःक्षणापायवान्
पुत्रत्रासमुपेत्यसंसृतिवशान्निर्वाणमन्विष्यताम्॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाणप्रकरणना उत्तरार्द्धनो 'मशकव्याधबोधन' ए नामनो एकसो छत्रीशमो सर्ग संपूर्ण. १३६

सर्ग १३७ मो.*

परकायामां प्रवेश करवाथी स्वप्न आदिनो अनुभव.

॥ व्याध उवाच ॥

एवंचेत्तन्मुने ब्रूहि कीदृग्दुःखपरिक्षये ॥
न कर्कशो न च मृदुर्व्यवहारक्रमो भवेत् ॥

પારધિ કહે છેઃ—હે મહારાજ ! જો એમ હોય તો (હિંસા આદિ વ્યવહાર દુઃખના હેતુરૂપ હોય તો) દુઃખનો ક્ષય થવામાં હેતુરૂપ થાય એવો વ્યવહારનો ક્રમ કે જે અતિ કઠિન કે અતિ મૃદુ ન હોય, તે આપ મને કહો.[૧]

મુનિ કહે છેઃ—હમણાંજ આ ધનુષને અને બાણને ભૂકી દઈ મુનિઓમાં પ્રસિદ્ધ (યમ-નિયમ-વિચાર આદિ) આચારનો આશ્રય કરી

* આ એકસો સાડત્રીશમા સર્ગમાં પારધિના પૂછવાથી મુનિ પોતે ધારણાના અભ્યાસથી કરેલા પરકાયપ્રવેશવડે બીજા કોઇનું પોતે દીઠેલ સ્વપ્ન કહી બતાવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દુઃખરહિત (સુખમય) સ્થિતિથી તમે અહીં રહો.[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—મુનિએ ઉપર પ્રમાણે બોધ આપવાથી એ પારધિએ ધનુષ અને બાણને મૂકી દઇ ઋષિનો આચાર પાળવા માંડ્યો અને માગ્યાવિના જે મળે તેવડે પોતાનું ઉદરપોષણ કરવા માંડયું.[૩] પછી મુનિના આચારને પાળનાર તે પારધિ જેમ કોઈ એક પુષ્પ પોતાના સુગંધનેલીધે મનુષ્યના ચિત્તમાં આનંદ ઉત્પન્ન કરવામાટે પ્રવેશ કરે તેમ થોડાજ દિવસમાં શાસ્ત્રપ્રસિદ્ધ એવી સારાસારનો વિવેક કરવાની પદ્ધતિમાં (સત્સંગનેલીધે) પ્રવેશ કરવા લાગ્યો.[૪] હે શત્રુઓને દંડ દેનાર દશરથ રાજા ! કોઇ દિવસ તે પારધિએ મુનિઓમાં સિંહના જેવા શ્રેષ્ઠ એ મહામુનિને પૂછ્યું કે ' હે મહારાજ ! ×પ્રાણીઓની અંદર રહેલ સ્વપ્ન, જાગ્રતનીપેઠે બહાર કેમ દેખાય છે ? તેમજ બહાર રહેલ જાગ્રત્પ્રપંચ, સ્વપ્નરૂપ થઇ અંદર કેમ દેખાય છે ? પ્રાણીની અંદર રહેલ સ્વપ્ન કયા ઉપાયવડે શી રીતે દેખાય છે ? અંદર અને બહાર રહેલ પ્રપંચ સ્વપ્નરૂપ થઇ કેમ દેખાય છે, અને એ પ્રપંચ જો સ્વપ્નરૂપ હોય તો પછી અંદર અને બહાર, એ બે પ્રકારે કેમ દેખાય છે ?[૫]

મુનિ કહે છેઃ—હે સાધો ! હું પણ જ્યારે પ્રથમ વિવેકી દશામાં આરૂઢ થતો હતો ત્યારે મારા ચિત્તમાં પણ, આકાશની અંદર જેમ અકસ્માત્ વાદળાંઓ ચડી આવે તેમ કોણ જાણે ક્યાંયથી આ તમને આવેલ્મ, તેમાં ઉત્પન્ન થયો હતો.[૬] પછી તેનો નિર્ણય કરવાની ઇચ્છાથી ધારણાનો અભ્યાસ કરી પદ્માસન વાળી હું સર્વ પ્રાણીઓના આત્મારૂપ ચિત્સત્તાની અંદર સ્થિર (સમાહિત) થઇ રહ્યો.[૭] હું કે જે ચિત્સત્તાની અંદરજ સ્થિર (સમાહિત) થઇ રહ્યો હતો તેણે, સાયંકાલે સૂર્ય જેમ પોતાની કાંતિવડે તડકાનું આકર્ષણ કરી લે તેમ તે સ્થિતિવડેજ દૂર વિષયોમાં વિક્ષિપ્ત થઇ રહેલા ચિત્તને પ્રત્યાહારદ્વારા પોતાના હૃદયમાં આકર્ષણ કરી રાખ્યું.[૮] પછી મેં (જોવાની ઇચ્છાથી પેદા થએલ) પ્રાણની અંદર રહેલ ચિત્સત્તાની પ્રેરણાવડે ચિત્ત કે જે એક જીવની ઉપાધિ છે તેણેસહિત પ્રાણને પુષ્પથી બહાર નીકળેલા સુગંધનીપેઠે શરીરમાંથી રેચક પ્રાણાયામવડે (યોગમાર્ગની પદ્ધતિને અનુસરી) બહાર કાઢયો.[૯] પછી બાહ્ય આકાશમાં રહેલ ચિત્તવડે યુક્ત એવા એ પ્રાણવાયુને મારી આગળ ઉભેલા કોઇ મનુષ્યના મુખપાસે રહેલા તેના પ્રાણવાયુમાં જોડી દીધો.[૧૦] તે મનુષ્યનો પ્રાણવાયુ કે જે મારા પ્રાણવાયુ સાથે મિશ્ર થઇ ગયો હતો તેણે, જેમ કોઇ રીંછે રાફડામાં મોઢું નાખી પોતાના મુખના વાયુવડે આકર્ષણ કરવારૂપી ચેષ્ટાથી પોતાના આહારરૂપ સર્પને મુખમાં પકડી મારી નાખી હૃદય પ્રત્યે લઈ જવાય તેમ મને પોતાના હૃદયની અંદર દાખલ કરી દીધો.[૧૧] પછી તેના પ્રાણવાયુરૂપી ઘોડાવડે તેની અંદર પેઠેલો હું કે જે પરસ્પર મળેલા બન્ને પ્રાણને અનુસરી રહ્યો હતો તેણે તેના દેહમાં પ્રવેશ કરી, પોતાની બુદ્ધિવડે (નીચે વર્ણવ્યા પ્રમાણે) સંકટોનો અનુભવ કર્યો.[૧૨] સ્થૂલ અને સૂક્ષ્મ એવી નાની નદીઓવડે જેમ કોઇ બહારનો પ્રદેશ

× ટીકાકારે પાંચ પ્રકારે પ્રશ્નનું વિવરણ કરેલ હોવાથી તે પાંચેય પ્રશ્ન અહીં જણાવ્યા છે. પણ એકજ પ્રશ્ન, વિશેષ સંગત જણાય છે કે, " હે મહારાજ ! અંદર રહેલ સ્વપ્ન બહાર રહેલા જાગ્રત્પ્રપંચનીપેઠે કયા ઉપાયથી સ્પષ્ટ રીતે દેખાય " જે ત્રીજા પ્રશ્નરૂપે દર્શાવવામાં આવ્યો છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખૂણે ખૂણે વ્યાપ્ત થઈ રહ્યો હોય તેમ, ફર્યા કરતા રસવડે વ્યાપ્ત એવી અનેક નાડીઓવડે ચારેકોર વ્યાપ્ત એવું એ જીવના રહેવાના ઘર-રૂપ તે શરીર, પડખાનાં (પાંસળાંનાં) હાડકાં-ઓરૂપી પાંજરાવડે અને યકૃત્, પ્લીહા આદિના પિંડોવડે જેમ પાત્ર આદિ અનેક સામગ્રીઓથી ભરપૂર ઘર હોય તેમ ઘણે સંકટે પણ માંડ અંદર પેસી શકાય તેવું હતું.[૧૩,૧૪] સમુદ્ર જેમ ગ્રીષ્મઋતુના તાપવડે તપેલા તરંગોના સમૂહોવડે વ્યાપ્ત હોય તેમ જઠરાગ્નિના જોરથી અસ્ફુટ રીતે વિચિત્ર અવાજ કરી રહેલા સર્વ ઉષ્ણ અવયવોવડે તે વીંટાએલ દેખાતું હતું.[૧૫] વળી તે શરીરમાં જીવિત જળવાઇ રહેવાસારૂ ચિત્ત અને પ્રાણ આદિ વાયુઓની ક્રિયા તેમાં નિરંતર ચાલ્યા કરતી હતી અને બહારના વાયુનો નાસિકાના અગ્રભાગદ્વારા અંદર પ્રવેશ તાં નવી નવી બહારની શીતલતા તેમાં પ્રવેશ રતી હતી અને તેનેલીધેજ તે ચેતન જણાતું હતું.[૧૬] રુધિરને નાડીઓના માર્ગમાંથી જુદું કરનાર રસ, કફ અને ચરબી આદિના સ્રાવથી તે ચીકણું થઇ રહ્યું હતું. તેમાં ચોતરફ ઘાટો અંધકાર પથરાઈ રહ્યો હતો. અંદર ગરમી ભરી હતી. અનેક સંકટોના તે આશ્રયરૂપ દેખાતું હતું અને નરકની તેને ઉપમા આપવી યોગ્યજ હતી.[૧૭] રસરક્ત આદિ ધાતુઓનું કોઇ નાડીઓમાં ભરાઇ રહેવું થતાં અને કોઈ ઠેકાણે બહાર નીકળવું થતાં ક્યાંક સહેલા-ઈથી સંચાર થવાથી સ્પષ્ટપણે ગતિ કરનાર અને ક્યાંક રસ્તો રોકાઇ રહેવાથી અસ્પષ્ટપણે ગતિ કરનાર એવા પ્રાણ આદિ વાયુઓની ક્રીડાથી સાતેય ધાતુમાં કાંઈ સડો પેસતાં તેની વિષમતા (વધ–ઘટ) થવાનેલીધે આગામી (ભાવિ) રોગોનું પણ તેમાં (સ્વપ્ન આદિમાં) સૂચન થતું હતું.[૧૮] શબ્દ કરી રહેલ વેગયુક્ત અપાન આદિ છિદ્રોમાં ગતિ કરતા પવનવડે તે શબ્દાયમાન થઇ રહ્યું હતું. હૃદયરૂપી કમલના નાલના છિદ્રની અંદર, સમુદ્રની અંદર રહેલા વાડવાગ્નિનીપેઠે અગ્નિ(અગ્નિની શિખા કિંવા જઠરાગ્નિ)જાજ્વલ્યમાન થઇ રહ્યો હતો.[૧૯] પ્રાપ્ત થતા વાસનામય અનેક પદાર્થોવડે તે અંદર ભરપૂર થઇ રહ્યું હતું. વાયુઓસહિત એવી ઈંદ્રિયોવડે તે બંધાએલું (યુક્ત) હતું અને સાક્ષીરૂપ આત્મચૈતન્યની દૃષ્ટિએ જોઇએ તો તે સ્વચ્છ હતું. રાત્રિએ ચોરોવડે પીડાએલા નગ-રનીપેઠે તે ચિત્તવૃત્તિઓના અને પ્રદેશના ભેદ-નેલીધે કોઇ ઠેકાણે ક્યાંક શાંત અને કોઇ ઠેકાણે ક્યાંક ક્ષોભને પ્રાપ્ત થતું દેખાતું હતું.[૨૦] કોઠામાં રહેલા અન્નના રસની અંદર નાદ ઉત્પન્ન કર-વામાં તત્પર થઇ રહેલ અને નાડીઓના માર્ગમાં પથિક વિદ્યાધરોનીપેઠે ગાન કરતા અને સંચાર કરતા વાયુઓવડે તે વીંટાએલ હતું. દ્વિમાત્ર, એક માત્ર અને અર્ધમાત્ર (દીર્ઘ, હ્રસ્વ અને વ્યંજન) આદિ ધ્વનિ પણ પવનના સંપર્કથી તેમાં પેદા થતો હતો.[૨૧] જેમ કોઈ શ્રેષ્ઠ મનુષ્ય, નરોના અવયવોવડે અવકાશવગરના મનુષ્યોના સમૂહમાં પ્રવેશ કરે તેમ મેં પણ એ જંતુનું હૃદય કે જેનો અંદરનો ભાગ મહાવિષમ હતો તેની અંદર પ્રવેશ કર્યો.[૨૨] જેમ રાત્રિએ સૂર્યનું તેજ ચંદ્રમાં પ્રવેશ કરે તેમ પછી મેં તેના હૃદ-યની અંદર રહેલા તેજોધાતુમાં (ઓજરૂપી ધાતુમાં) પ્રવેશ કર્યો કે જે પાસે રહ્યા છતાં અનેક નાડીઓ માર્ગ વચમાં આવવાથી કેમ જાણે બહુ દૂર હોય તેમ જણાતો હતો.[૨૩] જેનાથી અરીસાનીપેઠે ત્રણે લોક જોવામાં આવે છે અને ત્રૈલોક્યની સર્વ વસ્તુઓનો દીવા-નીપેઠે જે પ્રકાશ કરનાર છે, તે જીવાત્મા એ તેજની અંદર રહે છે.[૨૪] સૂર્યવડે વિકસિત થએલા પુષ્પની અંદર સુગંધ અને શીતલતા સર્વત્ર રહેલ છે છતાં તેના કેસરાઓમાં વિશેષે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરી તેની સ્થિતિ હોય છે, તેમ જીવ શરીરની અંદર જોકે સર્વ ભાગમાં રહેલ છે તોપણ ઓજમાં (તેજરૂપી ધાતુમાં) વિશેષે કરી તે સ્થિતિ કરે છે. જીવના આધારરૂપ એ ઓજની અંદર હું અલક્ષિતપણે દાખલ થઇ ગયો કે જે, ઘડાની અંદર ઢંકાએલો દીવો જેમ ઘડાના સૂક્ષ્મ છિદ્રમાંથી અંદર સંચાર કરનાર પવનવડે રક્ષા કરાય તેમ ચારેકોર પ્રાણવાયુઓએ અને તે તે ઇંદ્રિયોના અભિમાની દેવતાઓએ રક્ષા કરાતું હતું.[૨૫,૨૬] પછી જેમ સુગંધ પવનમાં પ્રવેશ કરે, સૂર્ય (રાત્રિએ) ચંદ્રમામાં પ્રવેશ કરે અને જલ માટીના વાસણમાં પ્રવેશ કરે તેમ મેં જીવની સાક્ષાત્ ઉપાધિરૂપ એવા મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશની અંદર પ્રવેશ કર્યો.[૨૭] કેમ જાણે કોઈ બીજાં ચંદ્રમાનાં કિરણો હોય તેવી પ્રકાશમય, ધોળા વાદળાંના જેવી કોમલ, નવનીત અને ગોળનીપેઠે સ્નેહવડે અને મધુરતાવડે ભરપૂર, અને ક્ષીરસાગરના પરપોટાનીપેઠે સુંદર એ જીવની ઓજ કિંવા મનોમય કોશ આદિ ઉપાધિની અંદર પ્રવેશ કરી, પ્રવેશ કરતાં થએલા શ્રમવડે ઉત્પન્ન થએલ વ્યગ્રતાને ભૂલી દઈ પોતાના હૃદયની અંદર રહેલા ઓજની પેઠેજ તેમાં સ્વસ્થપણે સ્થિતિ કરી, પોતાના સ્વપ્નની પેઠેજ તેની સ્વપ્નસૃષ્ટિ અખંડિતપણે મેં જોઈ,[૨૮,૨૯] કે જેની અંદર સૂર્ય, પર્વત, સમુદ્ર, દેવ, દાનવ અને માનવ રહ્યાં હતાં, વનોની અને નગરોની રચના જોવામાં આવતી હતી, બીજાં લોકાંતરો અને દિશાઓનાં મુખો દેખાતાં હતાં, દ્વીપો, સાગરો અને મહાસાગરો તેમાં જોવામાં આવતા હતા અને કાલનો તથા ઇંદ્રિય આદિનો ક્રમ પણ તેમાં દેખાતો હતો. કલ્પ, ક્ષણ અને સર્વ ઋતુઓ પણ તેમાં જોવામાં આવતી હતી અને સ્થાવરજંગમ સર્વ પદાર્થો પણ તેમાં રહ્યા હતા.[૩૦,૩૧] એ સ્વપ્નસૃષ્ટિ અનાદિકાલથી પ્રવાહરૂપે, તેમાં આવતા આ જગતના જેવીજ સ્થિર દેખાતી હતી. " હું વિશેષે કરી જાગ્રત અવસ્થામાંજ રહું છું અને નિદ્રા કાંઇ જાગ્રત અવસ્થા કે જે તેના અભાવરૂપ છે તેમાં હોતી નથી,[૩૨] માટે હું નિદ્રાને નહિ પ્રાપ્ત થયા છતાં આ શું સ્વપ્નને દેખું છું " એમ વિચાર કરવા લાગ્યો; અને હે વ્યાધ ! પછી પ્રબોધને પ્રાપ્ત થઈ જઇ મેં તેનું સ્વરૂપ ઓળખ્યું,[૩૩] કે આ ચિદાત્માનું પ્રસિદ્ધ એવું એક ઈશ્વરીય રૂપ છે, કે જેનેલીધે તે પોતાના ચિદાકાશમય સ્વરૂપને ઘટપટ જગત જીવ આદિ જેવાં જેવાં નામરૂપે (દૃઢ અધ્યાસપૂર્વક) દેખે છે તેવે તેવે નામરૂપે (જગત આદિને આકારે) તે પોતે થઇ જાય છે.[૩૪] એ ચિદાકાશરૂપ પ્રત્યક્ ચૈતન્ય જ્યાંજ્યાં જેવી જેવી ભાવનાપૂર્વક જેવા જેવા પોતાના પ્રબલ પરમાણુ બાંધે છે તેવાંજ નામ-રૂપવાળાં પોતાનાં સ્વરૂપને તે અનુભવે છે છતાં તે પોતાના આકાશ જેવા નિર્મલ નિર્વિકાર સ્વરૂપને કદીપણ છોડતું નથી. (એજ તેનો એક ઈશ્વરીય મહિમા છે.)[૩૫] અહો ! આજ મેં જાણ્યું કે આ જે કાંઇ હમણાં મારા જોવામાં આવે છે, તે ' સ્વપ્ન ' એવા નામથી કહેવાય છે, અને તે પોતાના પ્રત્યક્ ચૈતન્યનોજ એક વિવર્ત કિંવા વિલાસ છે.[૩૬] ચિદાત્માનું પોતાના ચિદાકાશમય સ્વરૂપની અંદર જે વિવર્તભાવરૂપ થઇ રહેવું તે કાંઇક સ્વપ્નરૂપ અને કાંઇક જાગ્રતરૂપ કહેવાય છે. (મતલબ એ કે તે બન્નેય ચિદાત્માનોજ એક વિવર્ત છે.) બાકી જાગ્રત અને સ્વપ્ન એ બન્ને કાંઇ જુદા પદાર્થ નથી.[૩૭] જાગ્રત અવસ્થામાં સ્વપ્ન સ્વપ્નરૂપ જણાય છે અને સ્વપ્ન અવસ્થામાં જાગ્રત સ્વપ્નરૂપ છે. સ્વપ્ન અવસ્થામાં સ્વપ્ન પોતે જાગ્રતરૂપ જણાય છે અને જાગ્રતમાં જાગ્રત પોતેજ જાગ્રતરૂપ જણાય છે, તેથી જાગ્રત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અહંકારપણ બે પ્રકારે કલ્પાય છે.[૩૮] હે મહાશય! પુરુષ પોતે ચિન્માત્ર છે, તો પછી સેંકડો શરીરોનો નાશ થતાં તેનો ક્યાં નાશ થાય છે, શી રીતે નાશ થાય છે, અને કોનો નાશ થાય છે? (કશાનો નહિ.)[૩૯] કેમ કે ચિન્માત્રતત્ત્વ ચિદાકાશરૂપ છે અને (અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તોપણ) તેજ દેહનીપેઠે (દેહને આકારે) થઇ રહ્યું છે, તે પોતે અનંત છે, નિર્વિભાગ છે, અને તેજ મૂર્ત—અમૂર્ત આકારે જોવામાં આવે છે.[૪૦] સર્વના સ્વભાવરૂપ (અધિષ્ઠાનરૂપ), અપરિચ્છિન્ન, નિત્ય અને (વિવર્તભાવથી) અનંત આકારે થઈ રહેનાર ચિદાકાશરૂપી પરમાણુની આ જગત એક મજ્જારૂપ છે એમ કહી શકાય છે.[૪૧] જેમ એક અવયવીની અંદર વિચિત્ર પ્રકારના તેના અવયવોના પરમાણુઓ રહ્યા હોય તેમ ચિદાકાશની અંદર સર્વ પ્રકારના (જગતના ભ્રમસંબંધી) અનુભવના વિવિધ પરમાણુઓ રહ્યા છે.[૪૨] બહારની જાગ્રત અવસ્થાથી નિવૃત્ત થએલો જીવ, હૃદય કે જે જીવના આધારરૂપ છે, તેની અંદર રહી પોતાના સ્વરૂપનેજ 'આ સ્વપ્નસૃષ્ટિ છે' એમ સમજે છે, કે જેની અંદર દેખાતા સર્વ પદાર્થો ચિદાત્માનાજ એક વિવર્તરૂપ છે.[૪૩] જીવ (ચિત્તદ્વારા) બહિર્મુખ થતાં પોતાના સ્વરૂપનેજ બહાર વિવર્તરૂપે દેખે છે, કે જે જાગ્રત શબ્દવડે કહેવામાં આવે છે; અને ચિત્ત જ્યારે અંતર્મુખ થાય ત્યારે પોતાના સ્વરૂપનેજ અંદર (વિવર્તરૂપે) અનેક આકારે દેખે છે કે જે સ્વપ્ન એવા નામથી ઓળખાય છે.[૪૪] જીવ કે જે એક ચિદાકાશરૂપ છે, તે અંદર અને બહાર સ્વર્ગરૂપે, પૃથ્વીરૂપે, વાયુરૂપે, આકાશરૂપે, પર્વતરૂપે, નદીરૂપે, અને દિશાઓરૂપે (વિવર્તભાવથી) પસરી રહ્યો છે. સૂર્ય જેમ સૂર્યમંડલમાં રહ્યા છતાં અહીં (આ લોકમાં) પણ કાંતિરૂપે રહેલ છે તેમ જીવ બહાર અને અંદર જાગ્રતસૃષ્ટિરૂપ અને સ્વપ્નસૃષ્ટિરૂપ થઇ રહેલ છે.[૪૬] 'હું પોતેજ અંદર દેખાતી સ્વપ્નસૃષ્ટિરૂપ છું અને બહાર દેખાતી જાગ્રતસૃષ્ટિરૂપ પણ છું' એમ પોતાને ચિદ્રૂપ સમજનારો વિવેકી પુરુષ (ક્રમે કરી) વાસનાથી રહિત થઈ જતાં આ સંસારના બંધનથી મૂકાઇ જાય છે.[૪૭] આ જીવ અચ્છેદ્ય અને અદાહ્ય છે, છતાં તેને જે જુદેજ પ્રકારે કહે છે તે માણસ બાળકની પેઠે દ્વૈતસંબંધી સંકલ્પરૂપી યક્ષવડે મોહને પ્રાપ્ત થઇ જાય છે.[૪૮] જીવ અંતર્મુખ થતાં પોતાના આત્માનેજ અંદર સ્વપ્નસૃષ્ટિરૂપ દેખે છે અને બહિર્મુખ થતાં બહાર પણ પોતાના આત્માનેજ બાહ્યસૃષ્ટિરૂપ દેખે છે. એવી રીતે તેનું પોતાનું સ્વરૂપજ સ્વપ્ન અને જાગ્રતરૂપ છે.[૪૯] એ પ્રમાણે હું સ્વપ્નવિષે અને જાગ્રતવિષે વિચાર કરતો હતો તેટલામાં 'સુષુપ્તિ એ શું હશે' એવી જિજ્ઞાસા મને ઉત્પન્ન થઇ અને તેનેલીધે હું સુષુપ્તિનો અંશ શોધવામાટે પ્રવૃત્ત થયો.[૫૦] આ દૃશ્યને જોવાથી હવે મારે શું પ્રયોજન છે? હમણાં હું ઘણા લાંબા સમયસુધી ચિત્તથી (ચિત્તના ધર્મથી) રહિત થઇ રહું એવો અનુભવ જ્યાંસુધી અંદર કાયમ રહે ત્યાંસુધી શાંતિમય સુષુપ્તિ અવસ્થા સ્થિર થઇ રહે છે, બાકી સુષુપ્તિ (આત્માના વિવર્તથી જુદી) બીજી કશી વસ્તુ નથી.[૫૧] દેહની અંદર જેમ નખ—કેશ આદિમાં વિશેષ અહંતા ન બંધાયા છતાં સામાન્ય આત્મીયબુદ્ધિ રહે છે, તેમ સુષુપ્તિ અવસ્થા પણ સ્ફુટપણે ન જણાતાં છતાં સામાન્યરૂપે (सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम्। હું સુખે સૂતા હતા, મને કશું જ્ઞાન ન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હતું એવા સામાન્યરૂપે) અનુભવમાં આવે છે. એ સુષુપ્તિ ચિદ્રૂપ તેના સાક્ષીની અંદર અજડરૂપે અને જડરૂપે સ્ફુરે છે.[૫૨] 'જાગ્રત અવસ્થામાં અને સ્વપ્ન અવસ્થામાં ભ્રમણ કરી હું શ્રમિત થઇ ગએલ છું. હવે તત્સંબંધી વિશેષ જ્ઞાનવડે મારે શું પ્રયોજન છે ? હું થોડો સમય મનના પ્રચારથી રહિત શાંત થઇ રહું ' એવો સંકલ્પ ગાઢ નિદ્રાને આકારે પરિણામ પામતાં સુષુપ્તિ અવસ્થાનો ઉદય થાય છે. સુષુપ્તિ એ સિવાય બીજું કશું નથી.[૫૩] એ ગાઢ સુષુપ્તિના જેવી દશા જાગ્રત અવસ્થાવાળા પુરુષમાં પણ જ્ઞાનારૂઢ સ્થિતિમાં ' હું કશાનું ચિંતન ન કરતાં શાંતપણે એકજ નિર્વિકાર સ્થિતિમાં રહું ' એવો દૃઢ સંકલ્પ થતાં પોતાની મેળેજ થઇ જાય છે.[૫૪] એ અવસ્થા અત્યંત ઘાટાપણાને જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તે સુષુપ્તિશબ્દવડે કહેવાય છે અને જ્યારે અંદર કાંઇ વિક્ષેપને આકારે પરિણામ પામતાં શિથિલ હોય ત્યારે તે સ્વપ્નશબ્દવડે કહેવામાં આવે છે.[૫૫] એવી રીતે સુષુપ્તિ અવસ્થાનો નિર્ણય કરી હું પરમેશ્વરબુદ્ધિવડે યુક્ત થઇ તુરીય અવસ્થાનો શોધ કરવામાં પ્રવૃત્ત થયો.[૫૬] જેમ અંધકારમાંથી પ્રકાશનો લાભ ન થાય તેમ એક શુદ્ધ સમ્યક્ (સંપૂર્ણ) જ્ઞાનવિના બીજા કશાથી તુરીય અવસ્થાના સંપૂર્ણ (બરાબર) સ્વરૂપનો લાભ થતો નથી. (એમ મને જણાયું.)[૫૭] સારી રીતે જ્ઞાનનો ઉદય થતાં આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં લયને પ્રાપ્ત થઈ જાય છે અને તે દશામાં જગત યથાસ્થિતપણે રહે છે એટલે કશાનો આત્યંતિક લય પણ થતો નથી.[૫૮] માટે, સ્વપ્ન જાગ્રત અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા યથાસ્થિત એવી તે તે સૃષ્ટિએસહિત તુરીયની અંદર રહેલ છે અને તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો કશું નથી.[૫૯] જગતકો [illegible], તેમાં ણમાંથી ઉત્પન્ન થએલ નથી પરંતુ શાંત અને જન્મ આદિ વિકારથી રહિત બ્રહ્મજ જગતને આકારે વિવર્તભાવથી થઇ રહ્યું છે એમ સદાકાલ બોધ રહેવો તે તુરીય અવસ્થાજ છે.[૬૦] સૃષ્ટિની ઉત્પત્તિ થવાનાં કારણોનો અદ્વિતીય બ્રહ્મની અંદર સંભવ ન હોવાથી સૃષ્ટિ આદિ કશું થયુંજ નથી, કિંતુ જલ જેમ દ્રવપણાને ધારણ કરે છે તેમ ચિદ્રૂપ આત્માએજ જગતને આકારે થઇ જઈ સૃષ્ટિની કલ્પનાને ધારણ કરેલ છે.[૬૧]

असंभवात्संभवकारणानां न जायते किंचन नाम सर्गः ॥ चिच्चेतनेनैव हि सर्गसंवित्स्वयं गृहीता द्रवतांबुनेव ॥ ६१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' જાગ્રત્સ્વપ્નસુષુપ્તિતુરીયવર્ણન ' એ નામનો એકસો સાડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૭

સર્ગ ૧૩૮ મો.*

બન્ને જીવના સંમેલનથી જગત બેવડું દેખાય છે

॥ तापस उवाच ॥

गंतुमेवं विचार्याहं ततस्तत्संविदैकताम् ॥
प्रवृत्तश्चौतमाब्जेन सौरभेणेव सौरभम् ॥ १ ॥

મુનિ કહે છેઃ—જાગ્રતથી માંડી ઠેઠ તુરીય અવસ્થા સુધીનો વિચાર કરી પછી હું, જેમ ફૂલેલા આંબાનો સુગંધ (વાયુવડે કમલના વનમાં જતાં) કમલના સુગંધની સાથે એકતાને પ્રાપ્ત થઇ જાય તેમ, એ મનુષ્યના ચિદાભાસરૂપી જીવની સાથે એકતાને પ્રાપ્ત થઇ ગયો.[૧] એ પ્રાણીના ચિદાભાસમાં પ્રવેશ કરવા-

---

* આ એકસો આડત્રીશમા સર્ગમાં તે પ્રાણીના જીવનું અને પોતાના જીવનું પરસ્પર મેલન થતાં, જગત બમણું દેખાયા વિષે અને તે બન્નેની સાવ એકતા થતાં એકજ પ્રકારનું જગત જોયા વિષે કહેશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મોટા [illegible]ના ઓજરૂપી ધાતુનો ત્યાગ કર્યો તેટલામાં મારી સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓ બાહ્ય વ્યાપારમાં પ્રવૃત્ત (બહિર્મુખ) થવા લાગી.[૨] મેં બહિર્મુખ થએલી ઇંદ્રિયવૃત્તિઓને અંતર્મુખ વૃત્તિવડે બાહ્યવૃત્તિનો નિરોધ કરી ક્ષણવારમાં પાણીમાં પડેલ તૈલબિન્દુની પેઠે અંદર પણ ફેલાવી દીધી.[૩] પછી તે પ્રાણીના ચિદાભાસરૂપી જીવની સાથે હું એકતાને પ્રાપ્ત થતો હતો તેટલામાં (વચમાં) મારી અને એ પ્રાણીની એમ બન્નેની વાસનાના પ્રતિભાસનેલીધે આખા જગતને મેં પ્રથમનાથી બમણું જોયું.[૪] દિશાઓ પ્રથમના કરતાં બમણી મારા જોવામાં આવી. બે સૂર્યો તપતા દેખાવા લાગ્યા. બે ભૂમંડલ દીઠાં અને આકાશ પણ બે જોવામાં આવ્યાં.[૫] દર્પણમાં પ્રતિબિંબિત થયેલા મુખનાં બે પ્રતિબિંબની પેઠે એ બન્ને (મારો અને તેનો) ચિદાભાસ પરસ્પર મિશ્રિત થઇ રહ્યા હતા તેને લીધે જગતનો બમણો ઠાઠ જોવામાં આવતો હતો.[૬] તલની અંદર જેમ તેલ રહે તેમ અમારા બન્નેના જીવચૈતન્યના બુદ્ધિરૂપી કોશની અંદર જે કાંઇ રહ્યું હતું તે બુદ્ધિરૂપી ઉપાધિમાં પ્રતિબિંબિત થઈ રહેલા ચિદાભાસમાં (ઉપાધિના ભેદથી) જુદે પ્રકારે પ્રતીતિમાં આવતું હતું અને તેનેલીધે તે જો કે ભિન્ન ભિન્ન ભાસતું હતું તોપણ તે પરસ્પર મિશ્રિતપણાને પણ પ્રાપ્ત થઇ ગયું હતું.[૭] અમારા બન્નેના ચિદાભાસના બુદ્ધિરૂપી કોશમાં રહેલાં એ બન્ને જગત જો કે એક બીજામાં મિશ્રિત જેવાં થઈ ગયાં હતાં તોપણ વાસનાનું મિશ્રિતપણું ન હોવાથી તે અમિશ્રિતજ (જુદાંજ) હતાં અને દૂધ તથા જલનીપેઠે એક બીજામાં પરસ્પર સરખી રીતે મળી ગયેલાં ભાસતાં હતાં.[૮] એ જોતાં વાર તરતજ એક પલવારમાં એ પ્રાણીના ચિદાભાસનું મેં મારા જીવચૈતન્યવડે પરિમાણ માપી લીધું હોય તેમ સર્વ પ્રકારે તેને મારા જીવચૈતન્યમાં સમેટી લઇ એકરૂપ કરી દીધો.[૯] અને જેમ એક ઋતુ બીજા ઋતુસાથે મળી જાય, જેમ કોઇ નાની નદી મોટી નદી સાથે મળી જાય, પવનસાથે જેમ સુગંધની રેખા એકરૂપ થઇ જાય અને જેમ વરસાદની સાથે ધૂમલેખા એકતાને પ્રાપ્ત થઇ જાય તેમ તે મારા જીવચૈતન્યસાથે એકરૂપ થઇ ગયો.[૧૦] મારો અને તેનો ચિદાભાસ (પરસ્પર મળી જઈ) એકરૂપતાને પ્રાપ્ત થતાં જેમ નેત્રરોગવાળા પુરુષને પ્રથમ ચંદ્રમા બે દેખાતા હોય અને પછી દૃષ્ટિ શુદ્ધ થયે તે એકજ જોવામાં આવે તેમ જગત મને એકજ દેખાવા લાગ્યું.[૧૧] પછી હું કે જે તેના જીવચૈતન્યની અંદર રહ્યો હતો અને પોતાના વિવેકને (પૂર્વાપર વિચારને) છોડતો ન હતો તેનો પોતાનો સંકલ્પ વિરલપણાને પ્રાપ્ત થઇ ગયો અને તે પ્રાણીના સંકલ્પને અનુસરનારી સ્થિતિને પ્રાપ્ત થઈ ગયો.[૧૨] પછી મેં તેની ચિત્તવૃત્તિવડે શબ્દ આદિ બાહ્ય વિષયોનો અનુભવ કરતાં તથા તેના હૃદયને નહિ છોડી દેતાં દિવસમાં થતા જાગ્રત અવસ્થાના વ્યવહારનો અનુભવ કર્યો;[૧૩] પછી તે પ્રાણી અન્નનું ભોજન કરી જલપાન કરી શ્રમિત થઇ ગએલો હોવાથી પોતાની મેળેજ દૈવયોગે સાયંકાલે બીડાઈ જતા કમળનીપેઠે ધીરે ધીરે નિદ્રાવડે આકુલ થવા લાગ્યો.[૧૪] તેના પ્રાણપવને દિશાઓરૂપી નિકુંજમાં ફેલાઇ રહેલ અને રૂપ આદિ બાહ્ય વિષયોનો અનુભવ કરનાર એવા ચિત્તને, સૂર્ય જેમ સાયંકાલે પોતાની કાંતિને સમેટી લે તેમ સમેટી લીધું.[૧૫] ચિત્તની સાથે તેની સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓ, ઢંકાઇ રહેલા કાચબાના અવયવોના સાંધાની પેઠે હૃદયરૂપી કોશની અંદર પેસી ગઇ,[૧૬] તેનાં ચક્ષુ આદિ ઇંદ્રિયો તેના ગોલક જેવ થઇ જઈ એક હૃદયનેજ અનુ-

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

સરનાર થઇ રહી અને મરણસમયે જેમ પાષાણના જેવી કાંઈક જડ થઈ જાય તેવી જડ તથા કેમ જાણે ચિત્રમાં આલેખેલી હોય તેવી નિર્વ્યાપાર (પોતાની ક્રિયાથી શૂન્ય) બની ગઇ.[૧૭] હું પણ તે પ્રાણીના ચિત્તને અનુસરી રહેલો હોવાથી તેની ચિત્તવૃત્તિની સાથેજ તત્કાલ તે તે ઇંદ્રિયોના ગોલકને મૂકી દઈ તે તે નાડીઓદ્વારા તેના ચિત્તમાં પેશી ગયો.[૧૮] ક્ષણમાત્ર બાહ્ય અનુભવને મૂકી દઇ મેં શય્યાજેવા કોમલ એવા તેના ઓજની અંદર (તેજની અંદર રહેલા આનંદમય કોશમાં) શૂન્ય એવી સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કર્યો.[૧૯] એ સુષુપ્તિ અવસ્થામાં સમાનવાયુ, નાડીઓ જો કે છિદ્રવાળી હતી તોપણ ગ્લાનિનેલીધે અને અનેક પ્રકારના અન્નપાનના રસોવડે ઘાટી થવાથી તેમાં રુંધાઈ જઇ બહાર નીકળી શકતો ન હતો અને કોઇ સમયે અતિ સૂક્ષ્મ ગતિવડે બહાર પણ સંચાર કરતો હતો.[૨૦] જ્યારે સુષુપ્તિ અવસ્થાનો ઉદય થાય છે ત્યારે પ્રાણવાયુ પોતાના અધિષ્ઠાનરૂપ (આધારરૂપ) અદ્વિતીય આત્મામાંજ પરાયણ થઈ રહી હૃદયની અંદર પોતાની સાથેજ પ્રવેશ કરી રહેલ ચિત્તને પોતે ગળી જઇ પોતાને સ્વાધીન કરી લે છે, કેમકે ત્યારે પોતાના પ્રત્યક્ ચૈતન્યરૂપી પરમપુરુષાર્થ અવશેષ રહેવાથી તેના સુખમાં પોતે સ્વભાવેજ વિશ્રાંત થઈ રહે છે.[૨૧] અંદર પોતાના સ્વાર્થમાત્રમાંજ પરાયણ થઈ રહેનારા કોઇ પણ પુરુષને બીજા કોઇનું કશું કામ કરવાની અપેક્ષા થતી નથી એવા સાર્વત્રિક નિયમને અનુસરી, પોતાના મૂલ અધિષ્ઠાનરૂપ પ્રત્યક્ ચૈતન્યરૂપી પરમપુરુષાર્થમાં તત્પર થઈ રહેલ હોવાથી પ્રાણ તે સમયે બીજો કશો ઇંદ્રિય આદિનો વ્યાપાર કરતો નથી; કેમકે નિરતિશય આનંદરૂપ પ્રત્યક્ ચૈતન્યની સત્તાવડે રહેલી સુષુપ્તિ અવસ્થામાં નિરતિશય આનંદની સ્ફૂર્તિ થાય છે, તેમાં વિક્ષેપનું કાંઇ પણ દુઃખ હોતું નથી.[૨૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! મન પ્રાણનેલીધેજ મનન (સંકલ્પ) આદિ પોતાના વ્યાપારને હમણાં પણ કરે છે. તે મન જો સુષુપ્તિમાં પ્રાણને આધીન થઇ જતાં પોતાના વ્યાપારને છોડી દેતું હોય તો હમણાં કેમ પોતાના વ્યાપારને ચલાવે છે? પ્રાણને જુદો પાડી વિચારવા બેસીએ તો મનનું કશું પણ સ્વરૂપ જણાતું નથી, માટે પ્રાણથી જુદી મન એવી કાંઇ વસ્તુજ નથી કે શું?[૨૩]

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—અહીં પોતાને અનુભવમાં આવતો આ પોતાનો દેહ પણ માનસિક કલ્પનામય હોવાથી સ્વપ્નમાં દેખાતા પર્વતનીપેઠે છેજ નહિ;[૨૪] અને જ્યારે એમ છે ત્યારે પછી સૃષ્ટિના આદિકાલમાં કારણના અભાવનેલીધે દૃશ્યની ઉત્પત્તિજ ન થએલી હોવાથી, દૃશ્યનોજ અભાવ સિદ્ધ થતાં ચિત્તનો પણ અભાવજ સિદ્ધ થાય છે,[૨૫] અને આ સર્વ બ્રહ્મમયજ છે એમ ભાસે છે. જ્યારે બ્રહ્મજ સર્વરૂપ થઇ રહેલ છે ત્યારે તો તેની સત્તાને લીધે આ આખું વિશાલ જગત યથાસ્થિતપણે તેની અંદર(આરોપિતરૂપે)રહેલ છે.[૨૬] વળી ચિત્ત આદિ તથા દેહ આદિ પણ છે, પરંતુ તે તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં બ્રહ્મરૂપજ છે. બાકી અવિવેકીઓની દૃષ્ટિમાં તે ચિત્ત-દેહઆદિ જેવા પ્રકારનું ભાસતું હશે તે કાંઈ આપણે કે જેઓ તત્ત્વજ્ઞ છિયે તેનો વિષય નથી.[૨૭] હે રામચંદ્રજી! આ વિચિત્ર પ્રકારે દેખાતી ત્રિલોકી જેવી રીતે બ્રહ્મરૂપ છે તેવિષે અધ્યારોપ આદિનો ક્રમ હું તમને કહું છું તે તમે સાંભળો.[૨૮] અનંત આકાશરૂપ એવું નિર્મલ ચિન્માત્ર તત્ત્વ છે કે જે સર્વદા સર્વરૂપ થઈ રહેલ છે, બાકી જગત કે દૃશ્ય એ કશું છે નહિ.[૨૯] તે ચિન્માત્રતત્ત્વે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પોતાની સર્વજ્ઞતાનેલીધે પોતાનાં શુદ્ધ, બુદ્ધ અને નિર્વિકાર સ્વરૂપને નહિ છોડતાં પ્રથમ પોતાની અંદર મનોભાવનો (મનનો) અધ્યારોપ કર્યો.[૩૦] જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે એવા મહાશયોમાં શ્રેષ્ઠ હે રામચંદ્રજી! પછી તે મને પ્રથમ જે પોતાના સંચારની શરૂઆત કરી તેજ આ પ્રાણપવન છે એમ તમે સમજો.[૩૧] એ પ્રાણભાવ કેમ જાણે સાવ કલ્પિત હોય એવો છતાં જેમ અનુભવમાં આવે છે તેજપ્રમાણે ઇંદ્રિય–દેહ આદિ અને દેશ–કાલ–કલ્પના આદિ પણ કલ્પિત છતાં સત્યજેવાં અનુભવમાં આવે છે.[૩૨] એવી રીતે ચારેકોર ફેલાઇ રહેલ આ જગત ચિત્તમાત્ર છે એ વાત નિર્વિવાદ છે અને ચિત્ત ચિન્માત્ર એવા પરબ્રહ્મરૂપ છે. બ્રહ્મજ આ જગતને આકારે (વિવર્તભાવથી) પસરી રહેલ છે.[૩૩] નિરાકાર, અનાદિ, અનંત, નિર્વિકાર, દૃશ્યના આભાસથી રહિત, શાંત, ચિન્માત્ર અને સદ્રૂપ પરબ્રહ્મજ આ જગતને આકારે થઇ રહ્યું છે.[૩૪] પરબ્રહ્મ સર્વશક્તિમાન હોવાથી પોતાની માનસિક શક્તિવડે જાગ્રત-સ્વપ્નઆદિમાં પોતાના સ્વરૂપનેજ તે યથાસ્થિતપણે રહ્યા છતાં જગતને આકારે અનુભવે છે.[૩૫] સંકલ્પાત્મક એવું મન કે જે કાર્યબ્રહ્મરૂપે (આ સૃષ્ટિપ્રપંચને આકારે) પસરી રહ્યું છે તે જ્યાં જેવી કલ્પના કરે છે ત્યાં તેને તેવોજ અનુભવ થાય છે. આ વાત ઠેઠ બાલકસુધી પ્રસિદ્ધ છે.[૩૬] હે રામચંદ્રજી! આકાશના જેવા નિર્વિકાર સર્વવ્યાપી ચિન્માત્ર આત્મારૂપી આદિપુરુષને પ્રથમ ચિત્તેજ પ્રાણરૂપ બનાવી દીધો, દેહરૂપ તથા ત્રિલોકીરૂપ બનાવી દીધો, અને પર્વતરૂપ પણ કરી દીધો. આ વાત પોતાના દેહમાંજ સ્વપ્નની અંદર કલ્પનાના નગરનાં સર્જને અનુભવમાં આવે છે.[૩૭]

प्राणीकृतः स्वयमयं ननु चेतसात्मा देहीकृतस्त्रिभुवनाकृत एव नाद्यः ॥ देहीकृतः खवपुरेव गिरीकृतश्च स्वप्नेषु कल्पितपुरीष्वनुभूतमेतत् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ચિત્તસર્વાત્મકતાપ્રતિપાદન' એ નામનો એકસો આડત્રીશમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૧૩૯ મો.*

ચિત્તનું પ્રાધાન્ય તથા સ્વપ્નમાં પ્રલયદર્શન.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

चित्तमेव जगत्कर्तृ संकल्पयति यद्यथा ॥
असत्सत्सदसच्चैव तत्तथा तस्य तिष्ठति ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચિત્ત કે જે સંકલ્પદ્વારા જગતના અસ્તિત્વને કલ્પી લે છે તે જગતને મિથ્યા કિંવા વ્યાવહારિક અથવા પ્રાતિભાસિક, જેવું સમજે છે તેવુંજ તે તેને અનુભવમાં આવે છે.[૧] ચિત્તે પ્રથમ પ્રાણની કલ્પના કરી અને 'તે મારી ગતિરૂપ (મારા સર્વ વ્યવહારનો નિર્વાહ કરનાર) છે, હું તે વિના રહીશ નહિ' એવું પણ તેણે કલ્પી લીધું, જેથી તે ચિત્ત પ્રાણને અધીન કહેવાય છે.[૨] 'હું કેટલાક સમયસુધી પ્રાણવિના રહી શકીશ નહિ અને કેટલાક સમય સુધી (સ્વપ્ન-મનોરાજ્ય આદિના પ્રસિદ્ધ દેહોમાં) પ્રાણવિના પણ નિર્વાહ કરીશ' એવી કલ્પના પણ તે ચિત્તે પ્રથમથીજ કરી લીધી.[૩] હે પ્રિય રામચંદ્રજી! એ ચિત્ત પ્રાણસહિત પોતાના શરીરને જ્યાં કલ્પી લે છે ત્યાં માયાવડે ખડા થઇ ગએલા નગરની પેઠે તે પોતાના ખડા થઈ ગએલા દેહને ક્ષણવારમાં અનુભવે છે.[૪] 'હું કોઇ દિવસ પણ દેહ અને પ્રાણવિના રહીશજ નહિ' એવો દૃઢ નિશ્ચય

* આ એકસો ઓગણચાલીશમા સર્ગમાં પ્રાણ કરતાં પણ ચિત્તના પ્રાધાન્યવિષે વર્ણન આવશે અને મુનિને સુષુપ્તિમાંથી સ્વપ્ન અવસ્થામાં આવતાં પ્રલય થયાનો નિશ્ચય કહેશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જીવને (અવિવેકીને) બંધાઇ જાય છે, પરંતુ પોતાના ચિન્માત્રસ્વરૂપમાં રહેનારને (જ્ઞાનવાનને) તેવો દૃઢ નિશ્ચય હોતો નથી.[૫] અવિવેકી પુરુષનું ચિત્ત સંદેહનેલીધે હીંચકા જેવું ચપલ હોવાથી દુઃખિત રહે છે અને તેનું અતિ દૃઢ થઈ રહેલ ભ્રાંતિજ્ઞાન તત્ત્વજ્ઞાનસંબંધી અલ્પપ્રયાસથી નિવૃત્ત થતું નથા. (પણ તેમાં અતિ દૃઢ તત્ત્વજ્ઞાનની જરૂર છે.)[૬] 'હું અમુકરૂપ (દેહાદિરૂપ) છું' એવો જેને નિશ્ચય બંધાઇ ગયો હોય તેનો તે નિશ્ચય એક આત્મજ્ઞાનસિવાય બીજા કશા હેતુથી શાંત થતો નથી.[૭] મોક્ષના ઉપાયનો વિચાર કર્યાવિના બીજા કશાથી જ્ઞાનસિદ્ધિ થતી નથી માટે પ્રયત્નવડે મોક્ષના ઉપાયનો (આ ગ્રંથ આદિ શુભશાસ્ત્રનો) વિચાર કરવો.[૮] 'હું અમુકરૂપ (દેહઆદિરૂપ) છું' અને 'અમુક જગત આદિ છે,' એ બે પ્રકારની અવિદ્યા છે, તેવિના ક્યાંય પણ બીજી કશી અવિદ્યા નથી અને તેની નિવૃત્તિ મોક્ષના ઉપાય સિવાય બીજા કશાથી થતી નથી.[૯] 'પ્રાણ મારા જીવિતરૂપ છે' એવો દૃઢ અભ્યાસ મનને થઈ રહ્યો છે, તેનેલીધે તે તેમજ અનુભવમાં આવે છે, અને મનની સ્થિતિ પ્રાણને અધીન થઇ રહેલ છે.[૧૦] દેહ સ્વસ્થ હોય અને પ્રાણ પણ પોતાની શાંત સ્થિતિમાં ચાલતો હોય, ત્યારે મન પોતાના મનનરૂપી કાર્યમાં તત્પર થઇ રહે છે, પરંતુ જ્યારે દેહમાં કાંઈ ક્ષોભ થતાં પ્રાણમાં પણ ક્ષોભ થઈ જાય, ત્યારે પ્રાણના ક્ષોભતરફ લક્ષ્ય રાખનાર ચિત્ત બીજા કશા તરફ જોતું નથી.[૧૧] પ્રાણ જ્યારે ગતિરૂપ (શ્વાસોચ્છ્વાસરૂપ) પોતાના કર્મમાં અત્યંત વ્યગ્ર હોય છે, ત્યારે તે મનના મનોરથોમાં વ્યગ્ર થઇ રહેવાથી આત્મજ્ઞાનવિષે ઉદ્યોગી થતો નથી.[૧૨] પ્રાણ અને મન અન્યોન્ય રથસારથિના જેવાં (એક બીજા સાથે પરસ્પર સંબંધ રાખનાર) છે, તો રથ-સારથિ પરસ્પર એક બીજાનું અનુવર્તન કરે, એ વાત કોણ કબુલ નહિ કરે?[૧૩] એવી રીતે પ્રાણ અને મન એ બન્ને પરસ્પર મળેલ હોવાથી પ્રથમ આદિ સૃષ્ટિમાં પરમાત્માએ પોતાના આત્માને પ્રાણ અને મનરૂપ કલ્પી લીધો, જેનેલીધે આજસુધી એ અનાદિ કાલનો નિયમ અવિવેકીઓમાંથી નિવૃત્ત થતો નથી.[૧૪] મન પ્રાણ અને શરીરને ધારણ કરી રહેલા અને પરમપદમાં આરૂઢ ન થઈ રહેલા અવિવેકી જીવોના અનેક દેહોની અંદર, દેશ, કાલ, ક્રિયા અને દ્રવ્ય એવડે થનારા અનેક વ્યવહારો થતાજ રહે છે.[૧૫] જ્યાંસુધી પ્રાણ અને મન સમાનતાથી પોતાનું કર્મ કરે છે, ત્યાં સુધી જાગ્રત અવસ્થારૂપી સમાન વ્યવહાર પ્રવૃત્ત રહે છે. જ્યારે (મન પોતાના વ્યાપારમાં જાગ્રત રહે છે, અને) પ્રાણ કાંઇ વિષમતાને પ્રાપ્ત થાય છે, ત્યારે વિષમ એવો કેવલ માનસિક વ્યવહાર કે જે સ્વપ્નરૂપ કહેવામાં આવે છે, તે પ્રવૃત્ત હોય છે; અને જ્યારે મન પણ સાવ શાંત થઇ જાય ત્યારે શાંત એવી સુષુપ્તિ અવસ્થાનો ઉદય થાય છે.[૧૬] જ્યારે આહાર આદિવડે રુંધાઇ રહેલી નાડીઓમાં કોઇપણ ઠેકાણે પ્રાણ પિંડીભૂત થઇ જઇ મંદ સંચારવાળો થતાં શાંત થઇ રહે છે ત્યારે સુષુપ્તિ અવસ્થા ઉદય પામે છે.[૧૭] નાડીઓ જ્યારે અન્નવડે પૂર્ણ થઈ જતાં અથવા તો શ્રમ, ક્લેશ કે ખેદ વગેરેથી ક્ષીણ થઈ જતાં પ્રાણવાયુ મંદ સંચારવાળો અને માનસિક ક્રિયાથી રહિત થાય છે ત્યારે સુષુપ્ત અવસ્થાનો ઉદય થાય છે.[૧૮] ચાંપવા ચોળવા વગેરેથી નાડીઓ કોમળ થતાં અથવા તો ક્ષત વ્રણ આદિ રુધિર આદિવડે પૂર્ણ થઇ જતાં પ્રાણ કોઇ પણ જગોએ (ક્ષીણતાનેલીધે) જ્યારે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લીન થાય છે ત્યારે પણ સુષુપ્તિ અવસ્થાનો આવિર્ભાવ થાય છે કે જેમાં કશો પણ વ્યાપાર હોતો નથી.[૧૯]

મુનિ કહે છેઃ—પછી હું જેના હૃદયની અંદર પેઠો હતો તે આહારવડે સારીપેઠે તૃપ્તિને પ્રાપ્ત થતાં સુષુપ્તિ અવસ્થામાં ઘાટી નિદ્રાને પ્રાપ્ત થઇ ગયો.[૨૦] હું કે જે તે પ્રાણીના ચિત્તની સાથે એકતાને પ્રાપ્ત થઇ ગયો હતો તે પણ તેની સાથેજ સ્વતંત્રતાને મૂકી દઇ સુષુપ્તિ અવસ્થામાં ઘાટી નિદ્રાનો અનુભવ કરવા લાગ્યો.[૨૧] પછી તે પ્રાણીનું ઉદરમાં રહેલ અન્ન જીર્ણ થઇ જતાં તથા અંદર નાડીઓના માર્ગો સ્ફુટ થઇ જતાં અને પ્રાણવાયુ સ્વાભાવિક રીતે નાડીમાર્ગોમાં સંચાર કરવા લાગતાં સુષુપ્તિ અવસ્થાનું જોર ઘટવા લાગ્યું.[૨૨] સુષુપ્તિ અવસ્થાનું જોર ઘટી જતાં (સ્વપ્ન અવસ્થાનો આવિર્ભાવ થઇ તેમાં) કેમ જાણે હૃદયમાંથીજ પ્રકટ થતું હોય તેમ તે ઠેકાણે મને સૂર્ય આદિએ સહિત એવું જગત જોવામાં આવ્યું;[૨૩] અને તે જગત પ્રલયકાલમાં ક્ષોભ પામનારા સમુદ્રમાંથી ચારેકોર ફરી વળેલા ઝાઝા જલવડે પૂર્ણરીતે ભરેલું મેં દીઠું. એ જલ કેમ જાણે પ્રલયકાલના મેઘોએ મુસલજેવી ધારાવડે નીચે નાખ્યું હોય તેવું જણાતું હતું અને તેના તરંગો ઠેઠ આકાશસુધી પહોંચી વળતા હતા.[૨૪] એ જલના પૂરની અંદર પર્વતો તણાતા જતા હતા. તેના આવર્તોનો મોટો શબ્દ સંભળાતો હતો. વહ્યાકરતી વનોની પંક્તિઓરૂપી તૃણસમૂહોથી ભરપૂર એવા પર્વતોવડે તે જલનો પ્રવાહ વ્યાપ્ત થઈ રહ્યો હતો, વૃક્ષો અને પર્વતોને ઉખેડી નાખનાર એવા પવનના ઝપાટાથી અને અગ્નિની જ્વાલાથી પ્રથમજ દગ્ધ થએલી ત્રિલોકીનો, ચારેકોર પ્રૌઢતાથી પથરાઇ રહેલા અને આકાશમાં ફેલાએલા નગર—પર્વત—પૃથ્વી આદિરૂપ જુદા જુદા ખંડોવડે તે મહાસાગરનું જલ ભરપૂર દેખાતું હતું;[૨૫,૨૬] પછી હું કોઈ એક દેશમાં કોઇ એક નગરની અંદર કોઈ એક ઘરમાં પોતાની ભાર્યા સાથે બેઠેલો છું એવું મારા જોવામાં આવ્યું.[૨૭] પછી સ્ત્રી, પુત્ર, બાંધવ અને ભૃત્ય આદિએ સહિત તથા પાત્ર આદિ ઉપસ્કરે સહિત અને ઘરસહિત પ્રલયકાલનું જલ મને પોતાના પ્રવાહમાં તાણી ગયું.[૨૮] પ્રલયકાલના જલવડે વહન કરાતું, વૃક્ષના જેવા મોટા તરંગો સાથે અથડાતું, જલવડે પૂરાઇ જતું, મોટા કોલાહલના શબ્દોવડે કેમ જાણે સમુદ્રનો પરાજય કરવાને તૈયાર થઇ રહ્યું હોય તેમ જણાતું એવું એ મારૂં ઘર અને નગર મેં દીઠું, કે જેની અંદર રહેનારાં સર્વ મનુષ્યો અતિક્ષોભને પામેલાં હતાં અને ભયનેલીધે પુત્રની પણ ત્યાં અપેક્ષા રાખવામાં આવતી ન હતી.[૨૯,૩૦] તે ઘર અને નગર એ બન્ને ચકરીઓવડે ચપલ તથા ભરપૂર એવા જલના પ્રવાહમાં તણાતાં જતાં હતાં અને તેનેલીધે તેમાં ચારેકોર આકુલતા પથરાઇ રહી હતી. તેની અંદરનાં મનુષ્યો મોટા આક્રંદની સાથે છાતી ફૂટવાને તત્પર થઇ ગયાં હતાં અને ગારાનેલીધે તેનો સર્વ ભાગ ભયંકર થઈ રહ્યો હતો.[૩૧] પડી જતી ભીંતોના તૂટી જતા ખીલાઓ કે જેઓ તેનાં લાકડાંઓ સાથે અથડાવાથી અવાજ કરી રહ્યા હતા તેનો ઉત્કૃષ્ટ ધ્વનિ સંભળાતો હતો. પડી જતી છાજલીઓરૂપી છત્રવાળા ગોખોમાં બેઠેલી અંગનાઓનાં મુખોપણ જોવામાં આવતાં હતાં.[૩૨] ક્ષણવારમાં હું એ સર્વ જોઈ તદ્રૂપ બની જઇ દીન ચિત્તે રોવા લાગ્યો એટલામાંતો ચારે બાજુની ભીંતો પડી જતાં વૃક્ષો, બાળકો અને અનેકાઓ સહિત એ આખા ઘરના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તરંગોની અંદર, જેમ શિલાની અંદર અથડાતાં ઝરણાના સેંકડો ટુકડા થઇ જાય તેમ સેંકડો ટુકડા થઇ ગયા.[૩૩,૩૪] પછી હું સર્વ સ્ત્રીઆદિમાંથી ચિત્તને કાઢી નાખી કેવલ પ્રાણપરાયણ થઈ જઇ પ્રલયના જલમાં તણાવા લાગ્યો.[૩૫] એક યોજનથી અનેક યોજનપર્યંત તરંગોના સમૂહો મને ફેંકતા હતા. પ્રવાહમાં વહ્યાં જતાં વૃક્ષોની અંદર રહેલ પ્રલયાગ્નિની શિખાનીજ્વાલાઓમાં અથડાવાથી હું જર્જર (જાજરો)થઇ ગયો હતો.[૩૬] લાકડાંઓમાં, ભીંતોમાં, નદીઓમાં અને પીઠોમાં વિષમપણે અથડાવાથી હું શિથિલ બની ગયો હતો; અને ચકરીઓમાં ભ્રમણ કરવાથી ઠેઠ પાતાલને તળીએ જઇ (નીચે બેસી જઇ) ઘણે લાંબે કાળે પાછો ઉપર આવતો હતો.[૩૭] ચપલ એવા પર્વતોનું પ્રવાહમાં વહેવું થતાં અને તરંગોમાં કે પરસ્પર અથડાવાથી ભાંગી જવું થતાં ઉત્પન્ન થએલા એક પ્રકારના વિચિત્ર ધ્વનિવાળાં અને અનેક તરંગોવડે યુક્ત એવાં તે જલની અંદર હું વારંવાર ડુબી જતો હતો અને પાછો ઉપર આવી જતો હતો.[૩૮] જેમ કોઇ નાના તળાવમાં હાથી ડુબી જાય તેમ હું પરસ્પર અથડાવાથી પર્વતોનું ભાંગી જવું થતાં કાદવવાળાં થઇ રહેલાં તે જલની અંદર ક્ષણવાર ડુબી ગયો હતો, પરંતુ દૈવયોગે આવેલા બીજા જલના પ્રવાહવડે હું પાછો ઉપર આવી ગયો હતો.[૩૯] ફીણોના સમૂહોની ઉપર અને પર્વતોના ખંડો ઉપર હું કાંઇક વિશ્રાંતિ લેતો હતો એટલામાં જલના મોટા પ્રવાહે કિંવા તરંગે આવી મને વૈરીની પેઠે ત્યાંથી ક્યાંય ફેંકી દીધો હતો.[૪૦] હું કે જે નાના પ્રકારની ગતિવાળા તરંગોવડે ભરપૂર એવા જલના સમૂહમાં વહ્યો જતો હતો અને દુઃખિત ચિત્તવાળો થઇ રહ્યો હતો તેણે જેનો અનુભવ ન કર્યો હોય એવું કશું પણ દુઃખ આ જગતમાં નથી.[૪૧] હે વ્યાધ! એટલામાં જીવિતપર્યંત ઘણા લાંબા સમયસુધી કરેલા પુરાતન અભ્યાસથી અને ચિત્તમાં ખેદ થવાથી (તેના તાપવડે કાંઈ શુદ્ધિ થતાં) પોતાના સમાધિવાળા પૂર્વરૂપનું મને સ્મરણ થયું કે "અહો! હવે મને યાદ આવ્યું કે હું બીજા જગતની અંદર તપસ્વીરૂપ થઇ રહ્યો છું;[૪૨,૪૩] અને બીજા કોઇની સ્વપ્નદૃષ્ટિ જોવાની ઇચ્છાથી મેં તેની અંદર પ્રવેશ કર્યો છે, અને તેજ હું પોતે (તેના) સ્વપ્નની અંદર આ ભ્રમને જોઉં છું."[૪૪] મને આવી રીતે પોતાના પૂર્વરૂપનું સ્મરણ થતાં જે કે હું વર્તમાન કાલના પ્રપંચના દૃઢ અભ્યાસથી ઉત્પન્ન થએલ મિથ્યા જ્ઞાનવડે દેખાતા તે દેહવડે તરંગોમાં વહ્યો જતો હતો તોપણ (પૂર્વરૂપના સ્મરણના બલથી) પરિતાપને પ્રાપ્ત ન થતાં સુખીઓ થઇ રહ્યો હતો.[૪૫] પ્રવાહમાં વહ્યાં જતાં પર્વતો, નગરો, ગામડાંઓ, પૃથ્વીના ખંડો અને વૃક્ષોને ધારણ કરનાર, દેવતાઓ, મોટા નાગો, નારીઓ, નરો, આકાશચારીઓ એ સર્વને વહન કરનાર, તથા મોટા આરંભવાળા લોકપાલોનાં નગરો અને સ્થાનો કે જેઓ પ્રવાહની અંદર તણાતાં જતાં હતાં તેને ધારણ કરી રહેલ એવા પ્રલયકાલના તરંગોને ઝાંઝવાના જલના જેવા સાવ મિથ્યાજ સમજતો હતો.[૪૬,૪૭] પછી પર્વતોની સાથે ઉછાળા મારતા જલના તરંગોનો અને પર્વતોનો પરસ્પર થતો સંઘર્ષ જોઇ તથા વારંવાર થયા કરતો જગતનો નાશ જોઇ મેં વિચાર કર્યો,[૪૮] કે 'અહો! આશ્ચર્યની વાત છે કે આ માયારૂપી મહાસાગરની અંદર જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થારૂપી ત્રણ નેત્રને ધારણ કરનાર જીવ, કે જે ઈશ્વરનો અંશ હોવાથી ઈશ્વરરૂપ છે, તે જુના ઘાસની પેઠે પ્રવાહમાં વહ્યો જાય છે. ખરેખર ખેદની વાત છે કે નિર્દય વિધિને કશું પણ અકાર્ય નથી.[૪૯] જેમ પ્રાતઃ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કાલમાં [illegible] પડેલી સૂર્યની પ્રભા વિકસિત થએલાં કમળોને દેખાડી આપે તેમ આ ઘરો, પણ પોતાની ચારે બાજુની ભીંતો પડી જતાં પ્રકટપણે (ખુલ્લી રીતે) પોતાની અંદરના ભાગની શોભાને દેખાડી આપે છે.[૫૦] અહો! આશ્ચર્ય છે કે આ ગંધર્વ, કિન્નર, નર, અમર અને નાગોની સ્ત્રીઓ કે જેઓ વારંવાર ચકરીઓમાં અથડાવાથી અને પોતાના વિલાસોથી વ્યાકુલ થઈ રહે છે તથા કેમ જાણે પરાગનેલીધે ભ્રમરરૂપી હારને ધારણ કરી રહી હોય અને કેમ જાણે મુખ, હાથ, પગ આદિ અવયવરૂપી કમલોવડે સુશોભિત એવી નિર્મલ જંગમ નદીઓ હોય એવી દેખાય છે, તેઓ સર્વ આ તરંગોના સપાટાઓમાં ઉછળતી દેખાય છે.[૫૧] વિદ્યાધરીઓની ભુજરૂપી લતાઓમાં રહેલા ચંદ્રકાંત મણિઓની અંદર કેમ જાણે ડોઢીઓના જુદા જુદા વિભાગો દેખાતા હોય તેમ દેખાવ આપનાર એવી મણિઓના જળિયાંની શોભાને ધારણ કરી રહેલ એવા, દેવતાઓનાં, દૈત્યોનાં અને નાગોનાં મોટાં વિશાલ ઘરોના ભીંતના ભાગો આ પ્રલયકાલનાં અત્યંત વિસ્તારવાળાં જલની અંદર સુવર્ણનાં વહાણોના સમૂહની પેઠે ચારેકોર ભમ્યા કરે છે.[૫૨] પડી જતાં એવાં મણિમય ઘરની અંદર રહેલો ઇંદ્ર, આ પ્રલયકાલના જલની અંદર તણાઇ જઇ, કુંકુમના ચિહ્નવાળા અને મદોન્મત્ત હાથીના જેવા વિશાલ એવા ઇંદ્રાણીના સ્તનભારનેવિષે રતિના શ્રમવડે થાકી જતાં, કેમ જાણે તે શ્રમની નિવૃત્તિ કરવામાટે જલક્રીડાના સુખનો ઉદ્દેશ કરી તરંગોમાં હીંચકતો હોય એમ જણાય છે.[૫૩] ખેદની વાત છે કે આ વાયુઓ જલના ઉછળવાથી અંતરિક્ષમાં (સર્વત્ર) વ્યાપી જઇ નક્ષત્રોરૂપી ચપલ પુષ્પોની વૃષ્ટિ કરી, દેવતાઓનાં પડી જતાં એવા વિમાનોવડે યુક્ત એવા મેરુપર્વતના બગીચાની અંદર પ્રવેશ કરી, કેમ જાણે મંગળનેમાટે અક્ષત સહિત કોઈ મનુષ્યોજ પુષ્પોની વૃષ્ટિ કરતાં હોય તેમ વાયા કરે છે.[૫૪] આકાશમાં ક્ષોભને પામી ગએલ અને પર્વતના જેવા ભયાનક એવા જલના તરંગોની શિખાઓએ ઉંચે ફેંકેલું તથા યંત્રવડે ઉંચે ફેંકેલા સુવર્ણના પાષાણના જેવું ચળકતું આ (પ્રલયકાલના) જલનું સ્વરૂપ, બ્રહ્મલોકની અંદર અનેક દલોવડે વિંટાએલ કમલ કે જે તેની વચલી પાંખડીમાં બેઠેલા અને ધ્યાનમાંજ એક નિષ્ઠા રાખનારા બ્રહ્માના આસનરૂપ હતું તે કમળસુધી જઈ પહોંચી પછી ત્યાંથી પાછું વળે છે.[૫૫] હાથીઓ, ઘોડાઓ, સિંહો, નાગો, વૃક્ષો, પર્વતો, વનો અને પૃથ્વી એ સર્વના આકારને ધારણ કરી રહેલ, અને અતિ ઘાટા ઘોંઘાટના અવાજવડે અતિભયંકર તથા કનકમય એવાં દેવતાઓનાં અને દાનવોનાં નગરોરૂપી વિજળીઓવડે શોભાયમાન એવા આ તરંગોના સમૂહો આકાશની અંદર મેઘોની પેઠે ભ્રમણ કરે છે.[૫૬] અતસી (અળશી)ના પુષ્પની શોભાને ધારણ કરી રહેલ એવા પ્રલયસમુદ્રના જલની અંદર ઉત્પન્ન થતા તરંગોમાં પાણીનું પૂર યમને પણ કેમ જાણે કોઇ બીજો યમ આવી ખેંચી જતો હોય તેમ તાણી જાય છે.[૫૭] જલની અંદર આ સર્વ લોકપાલો અને લાખો નાગો પોતાના આશ્રયરૂપ એવા મેરુ આદિ પર્વતોની સાથે અને પોતાનાં નગરોની સાથે ડુબી જાય છે. વળી તેની (નગરો વગેરેની) અંદરના ખજાનાઓમાં તથા પર્વતોની ગુફાઓમાં પ્રવેશ કરી ગએલા પાણીના પૂરને પાછું હડસેલવામાટે નીકળતા વાયુના ગડગડાટના શબ્દવડે પાણીના પૂરનું ઠેઠ અંદરસુધી પહોંચી જવાનું અનુમાન બાંધી શકાય છે.[૫૮] મહા કષ્ટે પણ

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by eGangotri Foundation USA

માંડ રોકી શકાય તેવા (જબરા) જલના તરંગોવડે પૂરાઇ ગએલાં પાતાળ, ભૂતળ, (પૃથ્વી) આકાશ અને દિશાઓનાં તટોની અંદર, ઇંદ્ર, યમ અને યક્ષોના તથા દેવ-દાનવોના સમૂહો, પોતાનાં ગામો, નગરો, વિમાનો, પર્વતો, વૃક્ષો ઇત્યાદિ સહિત માછલાં-નીપેઠે ભમ્યા કરે છે.[૫૯] અહો ! કષ્ટની વાત છે કે જેમ માતાની (ગાયની) જંધા (જાંઘ) ગોવાળના દોહવા સમયે વાછડાના બંધનને-માટે નિમિત્તરૂપ થઇ જાય તેમ સર્વાત્મા નારાયણનું આ જલરૂપ શરીરપણ પાણીમાં તણાતા જતા સર્વ લોકોના પ્રલયનેમાટે નિમિત્તરૂપ થાય છે.[૬૦] અહો ! પરસ્પર એક બીજાને વળગી રહેનારા દેવદાનવોનો બૂડી જવાનો શબ્દ સંભળાય છે કે જે પોતાને માટે કિંવા પોતાની સ્ત્રીમાટે થનારા મોટા કોલાહલવડે આકુલ જણાય છે.[૬૧] કોલાહલવડે આકુલ થઇ રહેલ એવાં દેવતાઓનાં અને દાનવોનાં ઉત્તમ નગરોનું વેગવડે પડવું થતાં વિશેષ ક્ષોભને પ્રાપ્ત થએલ એવા જલના સમૂહોવડે, અંદર ભરપૂર ભરાઇ રહેલ એવી દિશાઓ કે જેઓ ભમ્યા કરતા વાદળાંઓના સમૂહો-વડે ઘાટી થઇ રહ્યા જેવી દેખાય છે તેની અંદર કેમ જાણે પ્રસિદ્ધ રીતે જલની ભીંતોનો બંધ બાંધેલ હોય એમ ભાસે છે.[૬૨] અહો ! કષ્ટની વાત છે કે પ્રલયકાલનું આ જલ પોતાની ચકરીઓ અને તરંગોના વ્યાપારોવડે ફરી વળી સૂર્યને પણ સારીપેઠે નીચે ખેંચી લાવેલ છે; અને આ કુબેર, યમ, નારદ, ઇંદ્ર આદિ પણ જલરૂપી મેઘોના સમૂહોવડે જીવવામાં અસમર્થ બની પ્રાણને મૂકી દે છે.[૬૩] જેઓ બ્રહ્મા,ઇંદ્ર વિષ્ણુ આદિનાં નગરોના ખંડો-સાથે આ સંકટકારક પ્રલયજલનું અથડાવું થતાં વચમાં પોતાના દેહમ અસમ રીતે ફૂટાઇ જતો દેખે છે, તેઓમાં પણ જેઓ મૂર્ખ છે તેઓ તો શાંત (મૃતતુલ્ય થઈ રહેલ) અને જડ એવો પોતાનો દેહ કે જે આ જલની અંદર વહ્યો જાય છે તેને તેના અભિમાનથી રહિત થઈ જઇ શબરૂપેજ વહન કરે છે. (જેથી તેને છેદ-ભેદ-આદિનું દુઃખ વધારે અસર કરતું નથી).[૬૪] ખેદની વાત છેકે આ સ્ત્રીઓનો સમૂહ કે જે અહીં અધકચરાજેવો (અધમુવાજેવો) થઇ રહ્યો છે અને પૃથ્વીમાં અતિમૂર્ખરૂપે પ્રસિદ્ધ છે તેની રક્ષા કરવાને બીજે કોણ સમર્થ છે? (કોઇ નથી.) આ મનુષ્યોનો સમૂહ કે જે કાલના (મોઢામાં હોવાથી તેના) દાંતોવડે ચવાય છે તેઓ પર-સ્પર એક બીજાની રક્ષા કરવાને સમર્થ નથી.[૬૫] પર્વતોને પણ ફાડી નાખનાર અને સર્પનીપેઠે ગતિ કરી રહેલ એવા વિશાલ તરંગો ઉછળતા જોવામાં આવે છે અને તેની અંદર દેવતાઓનાં નગરો પ્રથમ પોતાના શરીરને વહાણનીપેઠે ઉંચે ઉછાળી પછી પાછાં તરતજ ડૂબી જાય છે.[૬૬] આ ત્રણે લોક કાલવડે નિર્મૂલ થઇ જતાં એક મહાસાગરરૂપી તળાવનેરૂપે થઈ રહેલ છે કે જે જલવડે ચપલ થઈ રહેલ એવા દ્વીપોવડે, મોટા પર્વતોવડે, દેવતાઓવડે, દૈત્યોવડે, નાગો-વડે, મનુષ્યોવડે અપ્સરાઓવડે, ચારણોવડે અને હાથીઓવડે, કપાઈ ગએલ મૂળવાળાં કમળોનીપેઠે વ્યાપ્ત છે. અહો ! કષ્ટની વાત છે કે મોટી સમૃદ્ધિવાળા અને મોટા વૈભવોવાળા જગતને નિયમમાં રાખનાર ઇંદ્ર આદિ દેવ-તાઓ ક્યાં ચાલ્યા ગયા ?[૬૭]

द्वीपाद्रीन्द्रसुरासुरोरगनरैर्नागाप्सरश्चारणै-
र्व्याप्तंवारिविलोलितैः सरासिजैरालूनमूलैरिव ॥
एकांभोधिसरःस्थितं त्रिभुवनंकालेननिर्मूलितं
कष्टं ते क्व गता महर्द्धिविभवा देवा जगन्नायकाः ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाणप्रक-
રણના ઉત્તરાર્દ્ધનો 'જગન્નાશવર્ણન'એ નામનો
એકસો આગણચાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૩૯

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૪૦ મો.*

હૃદયની કલ્પનાનું વર્ણન

॥ વ્યાધ ઉવાચ ॥

भगवंस्त्वादृशस्तांतामवस्थां च कथं गतः ॥
कथं ध्यानप्रयोगेण तदा नोपशमं गतः ॥ १ ॥

વ્યાધ કહે છેઃ—હે મહારાજ ! આપનજેવો જ્ઞાનવડે અને યોગવડે સિદ્ધ પુરુષ તે તે વર્ણવેલી અવસ્થાને કેમ પ્રાપ્ત થયો ? તેજ સમયે ધ્યાનના પ્રયોગવડે ઉપશમને શામાટે પ્રાપ્ત ન થઈ ગયો ?[૧]

મુનિ કહે છેઃ—જગતો કે જેઓ ભ્રાંતિરૂપ છે તેઓ, આકાશની અંદર આભાસરૂપે પ્રતીતિમાં આવતા નાના પ્રકારના નાશોવડે પ્રલયસમયમાં નાશને પામી જાય છે.[૨] કોઇક સમયે તો પ્રલયમાં ક્રમથી નાશ થવા માંડે છે અને કોઈક સમયે અણધારી રીતે દિશાઓમાં કાંઇ વિકાર (તોફાન) થઇ આવતાં સાતે સમુદ્રો એકજ વખતે ભેગા થઇ જઇ તરતમાં પ્રલય થઇ જાય છે.[૩] મેં જે જે તમને ઉપર વર્ણન કરી બતાવેલ છે, તે પ્રલય, જલ (સાતે સમુદ્ર) વિકારને પામી જઇ (ક્રમવિના) તત્કાલજ થઈ ગયો હતો, તેનેલીધે દેવતાઓ જ્યાં એ હકીકત હિરણ્યગર્ભને નિવેદન કરવા જવાને ઇચ્છતા હતા, તેટલામાં તો જલ આવી તેઓને તાણી ગયું. (તો પછી મને તો કશો અવકાશજ કેમ મળે)?[૪] બીજું હે વ્યાધ ! આ કાલ સર્વની કસોટી કરનારો અને સર્વને ગળી જનારો છે. જે સમયમાં જે અવશ્ય ભાવિ હોય તે તો થાય જ છે.[૫] જ્યારે ક્ષયકાલ નજીક આવે છે ત્યારે સર્વથા સર્વત્ર મહાન પુરુષોનાં પણ બલ, બુદ્ધિ અને તેજ બદલાઇ (ક્ષીણ થઇ) જાય છે.[૬] વળી હે વ્યાધ ! મેં જે આ ઉપર તમને વર્ણવી બતાવ્યું તે સ્વપ્નની અંદર જોએલ છે, તોપછી સ્વપ્નમાં શું નથી સંભવતું ? બધું સંભવે છે, એ વાત લોકપ્રસિદ્ધ છે.[૭]

વ્યાધ કહે છેઃ—હે કલ્યાણનું સ્વરૂપ જાણનાર સમર્થ મુનિ મહારાજ ! જો આ સર્વ તમે જે કહ્યું તે મિથ્યા હોય અને કેવલ સ્વપ્નના સંભ્રમમાત્રરૂપ હોય તોપછી તેનું વર્ણન કરી બતાવવાથી પણ અહીં (આ સમયે) શું ફલ છે ?[૮]

મુનિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી વ્યાધ ! અહીં આ સમયે તમને બોધ કરવારૂપી એક મોટું કાર્ય રહ્યું છે. તમને વર્ણવેલા સ્વપ્નપ્રપંચની સાથે આ દેખાતા પ્રપંચની સમાનતા અનુભવમાં આવતાં તમે આ દૃશ્યને પણ સ્વપ્નના જેવું સમજો અને તેનું ભ્રમાત્મકપણું જણાતાં તમને પોતાના સત્ય આત્મસ્વરૂપનો બોધ થાય એજ મારો (સ્વપ્ન વર્ણવવામાં) મુખ્ય ઉદ્દેશ છે. હવે પાછું હું જે કથાશેષ કહું તે સાંભળો.[૯] હું કે જે તે પ્રાણીના ઓજની અંદર રહ્યો હતો અને સ્વપ્નની અંદર ભ્રાંતિનેલીધે ભ્રમણ કરતો હતો તેણે પ્રલયકાલના મદોન્મત્ત સમુદ્રના વેગની અંદર તણાતાં જતાં જોવા માંડયું તો ક્ષોભને પામેલા વજ્રવડે ત્રાસને પ્રાપ્ત થએલ પાંખોવાળા મોટા પર્વતોના સમૂહની પેઠે તે સર્વ જલ તરંગ આદિ સહિત કોણ જાણે ક્યાંય જતું જણાયું.[૧૦,૧૧] હું કે જે તે પ્રવાહમાં તણાતો જતો હતો તે દૈવયોગે તટઉપર (કાંઠા ઉપર) જઈ પહોંચ્યો અને શિખરના પ્રાંતભાગ જેવા તે તટનો આશ્રય કરી ત્યાંજ રોકાઈ રહ્યો.[૧૨] પછી તરંગોના ઉપરના ભાગમાં રહેલા પરપોટાની જેવા દેખાતા ગ્રહ-નક્ષત્ર આદિ દેવતાઓ

* આ એકસો ચાલીશમા સર્ગમાં પ્રલયસમુદ્રની નિવૃત્તિ થતાં ઋષિની ગામડામાં બ્રાહ્મણરૂપે સ્થિતિ અને પ્રાણીના શરીરમાંથી બહાર નીકળવું, ઇત્યાદિ-વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

વડે આકાશને તારાવાળું બનાવી દેનાર તે સર્વ જલ ક્ષણમાત્રમાં ક્યાંય જતું રહ્યું.[૧૩] પાતાલની અંદર જઈ પહોંચેલા તારાઓના સમૂહોવડે કેમ જાણે અંદર મણિમય હોય તેવું દેખાતું, આવર્તોમાં ગોથાં ખાનારાં એવાં પર્વતસંબંધી જુનાં ઘાસોવડે યુક્ત,[૧૪] સુવર્ણમય દ્વીપના જેવો દેખાવ આપનાર એવાં દેવતાઓનાં નગરોનાં મંદિરોવડે વ્યાપ્ત, ભમ્યા કરતી દેવાંગનાઓરૂપી ગૂઢ કમલિનીઓના સમૂહવડે સુશોભિત,[૧૫] વચમાં વહ્યા કરતા અને પ્રલયકાલનાં વાદળાંઓના જેવા શ્યામ શેવાળના સમૂહવાળું, વિજળીરૂપી ગોરોચનજેવા સુંદર મકરંદને ધારણ કરી રહેલ એવા વરસાદરૂપી નીલ કમલોવડે અત્યંત ભરપૂર,[૧૬] સ્ફુર્યા કરતાં જલબિંદુઓવડે, ઝાકળવડે, મેઘોવડે અને પર્વતોવડે દિશાઓમાં તટના જેવો આકાર રચનાર, અને ઉછળતા તરંગોની અંદર સંદિગ્ધ રીતે તણાતા જતા કલ્પવૃક્ષોના સમૂહને ધારણ કરી રહેલ, એવું તે જલ, તરંગ આદિસહિત ક્ષણવારમાં ક્યાંય ચાલ્યું ગયું;[૧૭] અને પછી અંદર સૂકાઇ ગએલ એવી એક મહાસાગરરૂપી ખાઇ જોવામાં આવી કે જેની અંદર કોઇ સ્થલે સહ્યાદ્રિ ગળી ગયો જણાતો હતો. કોઇક ઠેકાણે મંદરાચલ પર્વત શિથિલ થઇ જવાથી તેના સંબંધમાં સંશય થતો હતો.[૧૮] કોઈક સ્થલે ચંદ્ર, યમ, ઈંદ્ર અને તક્ષક કાદવમાં નિમગ્ન થઇ ગયા હતા. કોઈક ઠેકાણે નીચી શાખાવાળા કલ્પવૃક્ષોનો સમૂહ કાદવમાં નિમગ્ન થઈ રહેલો દેખાતો હતો.[૧૯] કોઇક ઠેકાણે લોકપાલોનાં માથાંઓ અને હાથો કમલોની પેઠે વીખરાએલાં જણાતાં હતાં. કોઇક ઠેકાણે કમલોની પેઠે વિશ્રાંત થઇ રહેલા રુધિરના હ્રદોવડે (ધુનાઓવડે) ધોળો અને રાતો રંગ જોવામાં આવતો હતો.[૨૦] કોઈક ઠેકાણે ઠેઠ કંઠપર્યંત ડુબી ગએલ અને કોલાહલ કરી રહેલ એવો વિદ્યાધરોનો સમૂહ જોવામાં આવતો હતો. કોઇ સ્થલે સ્વપ્નની પેઠે મરી ગએલ અને હાથીઓ જેવા મદોન્મત્ત એવા યમના વાહનરૂપ ઉગ્ર મહિષો (પાડાઓ)-વડે સર્વ ભાગ વીંટાએલો જણાતો હતો.[૨૧] કોઇક ઠેકાણે ઘૂંચી ગએલા મોટા દેહવાળો ગરુડજીરૂપી મેરુપર્વત દેખાતો હતો. કોઇક સ્થળે પૃથ્વીની અંદર પડેલા યમદંડવડે મોટી પાજો (સેતુ) કેમ જાણે મત્ત બની ગઈ હોય તેમ જલને રોકી શકવામાં અસમર્થ જણાતી હતી.[૨૨] કોઇ ઠેકાણે મરી ગએલા બ્રહ્માજીના હંસવડે તે કાદવવાળી જમીન કેમ જાણે મંદહાસ્ય કરતી હોય તેવી દેખાતી હતી. કોઈક સ્થલે કાદવમાં અર્ધો ઘૂંચી ગએલ ઐરાવત હાથી જોવામાં આવતો હતો.[૨૩] હું એટલા સમયમાં વચમાં કિનારાપર કોઈ શિખરને પ્રાપ્ત થઇ શ્રમનેલીધે તેના કોઈ (મુનિના) આશ્રમમાં વિશ્રાંત થઈ રહ્યો અને ત્યાં મને ઘાટી નિદ્રા આવી ગઇ.[૨૪] હું કે જે પૂર્વની તેજ વાસનાવડે યુક્ત હતો તેણે પોતાના ઓજની અંદર રહીને પણ સુષુપ્તિ અવસ્થા પછી પ્રાપ્ત થએલી નિદ્રાની અંદર પ્રથમના જેવોજ (પ્રાણીના ઓજની અંદર દેખાએલા પ્રલયના જેવોજ) પ્રલય જોયો.[૨૫] એ જોઇ મને બમણું દુઃખ થવા માંડયું અને હું ઘણા કાલસુધી આકુલ બની જઇ જાગી જતાં જોવા માંડયું તો તે પ્રાણીના હૃદયની અંદર રહેલ તેજ (મુનિના આશ્રમવાળું) પ્રથમનું શિખર મારા જોવામાં આવ્યું.[૨૬] પછી તેની અંદર બીજે દિવસે સૂર્યના ઉદયવડે સુંદર અને લોકો, આકાશ, પૃથ્વી, શૈલ આદિ સહિત એવું જગત મેં દીઠું.[૨૭] જેમ વૃક્ષની શાખામાંથી પલ્લવ આદિ ઉત્પન્ન થાય તેમ મારા ચિત્તમાંથીજ સ્વર્ગ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ અને દિશાઓ ઉત્પન્ન થઇ ગયાં.[૨૮]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પછી [illegible]ર્યાએ સહિત પૃથ્વી મારા જોવામાં આવતાં હું પ્રથમની વાત ભૂલી જઇ વ્યવહારમાં પ્રવૃત્ત થઈ ગયો.[૨૯] 'મને ઉત્પન્ન થયે આજે સોળ વર્ષ થયાં, આ મારા પિતા છે, આ મારી માતા છે અને આ મારું ઘર છે' એવી પ્રતિભા પણ મને એકદમ ઉત્પન્ન થઈ આવી,[૩૦] ત્યાં કોઇ એક ગામ મારા દેખવામાં આવ્યું તેમાં કોઈ એક બ્રાહ્મણનો આશ્રમ મેં દીઠો, તેમાં કોઇ એક મારું ઘર પણ જોવામાં આવ્યું અને કોઇ એક તે મારા આશ્રમમાં બંધુવર્ગ પણ મેં જોયો.[૩૧] પછી હું કે જે તે ગામના ઘરની અંદર મારા બંધુઓસાથે રહેતો હતો અને જાગ્રત આદિ અવસ્થાનો અનુભવ કરતો હતો તેનાં અનેક રાત્રિદિવસો વ્યતીત થવા લાગ્યાં અને તે ગામ ઘર વગેરે ખરેખર સત્ય હોય તેવું મને જણાવા લાગ્યું.[૩૨] જેમ પ્રથમ વર્ણવેલા દામ–વ્યાલ–કટના આખ્યાનમાં કટ પોતે તે કે વાસનારહિત હતો છતાં મત્સ્યના સહવાસથી પૂર્વની વાત ભૂલી જઈ મત્સ્યરૂપ બની ગયો હતો,[૩૩] તેમ મને પણ ગામડાના લોકોના સહવાસના તેવા અભ્યાસથી કાલે કરી પ્રથમની જ્ઞાનદૃષ્ટિનું વિસ્મરણ થઈ ગયું હતું અને હું ગામડામાં રહેનાર એક બ્રાહ્મણરૂપ થઇ રહ્યો હતો.[૩૪] મારી આસ્થા કેવલ પોતાના દેહમાત્રમાંજ બંધાઇ ગઇ હતી અને વિવેકભૂમિને તો મેં ઘણે દૂર મૂકી દીધી હતી. શરીરનેજ મેં પોતાના આત્મારૂપ માની લીધું હતું. હું કેવલ દારામાં (સ્ત્રીમાં) જ લંપટ થઇ રહ્યો હતો. વાસનાનેજ મેં સ્વભાવની અંદર સ્થિરતાથી ધારણ કરી રાખી હતી. હું એક ધન સંપાદન કરવામાંજ કેવલ તત્પર થઇ રહ્યો હતો.[૩૫] વૃદ્ધ થઇ ગએલી સર્વ ગાયોરૂપી ધનનો મેં સંગ્રહ રાખ્યો હતો. ઘરના આંગણામાં રોપેલ લતાઓવડે ઘર આદિના સર્વ ભાગ ઢાંકી દીધો હતો. અગ્નિનો, ખેતર આદિ જમીનનો અને પશુ આદિ પ્રાણીઓનો મેં સંચય કરી રાખ્યો હતો. કમંડલુ આદિ પાત્રોનું પણ મેં ઉપાર્જન કરી રાખ્યું હતું.[૩૬] ચપલ વૃક્ષોની અંદર હું આસ્થા બાંધી બેઠો હતો. નિરંતર લોકોના આચારોમાં (લોકરીતિમાં) તત્પર રહેતો હતો. ઘરના પડખામાં ઉગેલ લીલાં ઘાસવાળી સ્થલીઓમાં હું સ્થિતિ કરી રહ્યો હતો,[૩૭] શાકોની અને શાકવાળા બગીચાઓની રચનાવડે અને તેની સંભાળવડે હું દિવસો વ્યતીત કરતો હતો. નદીઓ, હ્રદો, (ધુનાઓ), મહાનદીઓ, તીર્થો અને તળાવોની અંદર સ્નાન કરવામાં હું તત્પર રહેતો હતો.[૩૮] ગોમય (છાણ), અન્ન, પીવાનું જળ, સ્નાનનું જળ, લાકડાંઓ અને સમિધોનો મેં ઘણાં કષ્ટવડે સંચય કરી રાખ્યો હતો. અમુક કાર્ય છે અને અમુક અકાર્ય છે, એવા પ્રકારના પાશવડે હું પરવશ બન્યો હતો.[૩૯] એવી રીતે આયુષ્ય ગાળતાં મારાં સેંકડો વર્ષ ચાલ્યા ગયાં. કોઈ એક દિવસે મારે ત્યાં દૂરથી એક આત્મજ્ઞાની તપસ્વી અતિથિ આવ્યા;[૪૦] મેં તેમની પૂજા કરીઅને તેમણે મારે ઘેર વિશ્રામ લીધો. તેઓએ સ્નાન કરી ભોજન કર્યું, અને પછી રાત્રિએ શય્યામાં સ્થિતિ કરી, કેટલીક કથાઓ પણ કરી.[૪૧] નાનાપ્રકારની દિશાઓ, દેશો પર્વતો, અને પૃથ્વી ઇત્યાદિના વ્યવહારવડે મનોહર અને અનેક પ્રકારના રસોના આશ્રયરૂપ એવા કોઇ એક કથાપ્રસંગની અંદર તે મહાત્માએ મને બોધ કર્યો,[૪૨] કે 'આ સર્વ ચિન્માત્ર છે, અનંત છે, અવિકારી છે, અને એ ચિન્માત્રતત્ત્વ યથાસ્થિતપણે પોતાના સ્વરૂપમાં રહ્યા છતાં કેમ જાણે જગતરૂપે (વિવર્તભાવથી) થઇ રહ્યું હોય એમ જણાય છે.[૪૩]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આ પ્રમાણે મને બોધ આપતાં હું એ બોધમાં (પૂર્વસંસ્કારનેલીધે) એકાકાર (તલ્લીન) થઇ ગયો અને પ્રથમના (પ્રાણીના શરીરમાં પ્રવેશ કર્યો ઇત્યાદિ) સર્વ વૃત્તાંતનું મેં ધારણાનેલીધે સ્મરણ કરવા માંડયું,[૪૪] મેં પોતાના એ વૃત્તાંતનું સ્મરણ કર્યું અને જેના ઉદરની અંદર પ્રવેશ કર્યો હતો તે પ્રાણીને (સર્વજગત તેના ઉદરમાં રહેલ હોવાથી) વિરાટરૂપે સમજી મેં તેમાંથી બહાર નીકળવા માટે ઉદ્યોગ કર્યો.[૪૫] એ પ્રાણીના ઉદરની અંદર વિસ્તીર્ણરૂપે રહેલ અને પૃથ્વી, સમુદ્ર, પર્વત અને નદીઓવડે વીંટાએલ તે જગતમાં ભ્રમણ કરી રહેલો હું, તે પ્રાણીનું મુખ કે જે (ઉદરમાંથી) નીકળવાનું એક દ્વાર છે, તેને બરાબર જાણતો ન હતો ત્યારે પછી બાંધવોવડે વિંટાએલ તે પ્રદેશને નહિ છોડતાં તેમાંથી બહાર નીકળવામાટે મેં તેના પ્રાણવાયુમાં પ્રવેશ કર્યો.[૪૬,૪૭] 'અહીં રહેલા આ વિરાટરૂપ પ્રાણીના બહારની રચનાને અને બીજા વિરાટમાં રહેલ આભ્યંતર (તેની અંદરની) સર્વ રચનાને હું જોઇશ'[૪૮] એવો બુદ્ધિવડે નિર્ણય કરી તદનુકૂલ ધારણા બાંધી. પછી મેં તે પૂર્વપ્રદેશનો ત્યાગ કર્યો, અને જેમ પુષ્પમાંથી (પવનના યોગવડે) સુગંધ બહાર નીકળે, તેમ હું પણ તે પ્રાણીના પ્રાણની સાથે બહાર નીકળ્યો,[૪૯] પ્રાણપવનરૂપી એક થડનો આશ્રય લઇને પ્રાણીના મુખરૂપી કોતરમાં આવી પવનરૂપી રથવડે હું બહાર નીકળી ગયો અને પાસે જોવા લાગ્યો,[૫૦] તો પ્રથમનીપેઠે મારો દેહ પદ્માસનવાળી બેઠેલો મારા જોવામાં આવ્યો કે જે પર્વતની ગુફાની અંદર આવેલા કોઇ એક ઋષિના રહેવાના આશ્રમની અંદર શિષ્યોએ રક્ષા કરાએલો હતો.[૫૧] મારી પાસે રહેલા અને મારી રક્ષા કરનારા તે શિષ્યોનો એક મુહૂર્ત માત્રસમયજ વ્યતીત થયો હતો.[૫૨] મેં જેના હૃદયની અંદર પ્રવેશ કર્યો હતો, તે પુરુષ પણ કોઈ ઠેકાણે ઉત્સવ હોવાથી તેમાં બાંધેલ મિષ્ટાન્નથી તૃપ્ત થઇ સુખપૂર્વક પીઠ નીચે રાખી, ચતો સૂતો હતો.[૫૩] આ સર્વ આશ્ચર્ય જોઇ મેં કોઈને કશું પણ કહ્યું નહિ, પણ પાછો ફરીવાર કૌતુક જોવાની ઇચ્છાથી હું તેનાજ હૃદયમાં પેઠો;[૫૪] અને તેના હૃદયની અંદર તેના ઓજના પ્રદેશમાં હું કે જે પ્રથમની તે વાસનાવડે વ્યાપ્ત હતો તે, પોતાના તેજ બંધુઓને જોવાની ઇચ્છાથી જઇ પહોંચ્યો.[૫૫] હું જ્યાં ત્યાં ગયો ત્યાં તો અતિદારુણ એવો યુગનો અંત (પ્રલય) પ્રવૃત્ત થયો હતો અને તે જગત પોતાની મર્યાદા સહિત વિપર્યય (બીજીજ) દશાને પ્રાપ્ત થઈ ગયું.[૫૬] ત્યાં બીજાજ પર્વતો મારા જોવામાં આવ્યા, પૃથ્વી પણ બીજીજ દેખાઇ, દિશાઓના ભેદ પણ બીજાજ પ્રકારના હતા, અને જગતની સ્થિતિ પણ બીજાજ પ્રકારની થઈ ગઇ હતી.[૫૭] તે બંધુઓ, તે ગામ, તે પૃથ્વીનો ભાગ અને તે દિશાનો પ્રદેશ, એ સર્વ કેમ જાણે પવને ઉડાડી ક્યાંય લઇ જવાયું હોય તેમ કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું તેની મને કશી ખબર પડી નહિ.[૫૮] હું એ જગત તરફ જોવા લાગ્યો તો સર્વ જુદ્દાજ પ્રકારનું થઇ રહ્યું હતું, તેની રચના કાંઇ અપૂર્વ જણાતી હતી અને કેમ જાણે પ્રથમનાથી કોઇ બીજુંજ જગત ઉદય પામ્યું હોય એવું ભાસતું હતું.[૫૯] તેમાં બાર સૂર્યો તપતા હતા, દશે દિશાઓ પ્રજ્વલિત (બળતી) જણાતી હતી અને ટાઢનેલીધે જામી ગએલા જલની પેઠે, હિમાલય આદિ પર્વતો બલાત્કારથી ગળી જતા હતા.[૬૦] પ્રત્યેક દિશામાં અને પ્રત્યેક પર્વતમાં વનોની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri and eGangotri USA

પંક્તિઓ પ્રજ્વલિત થઇ રહી હતી, અને સર્વ રત્નની સમૃદ્ધિ ભસ્મ થઈ જવાથી સ્મરણપથને પ્રાપ્ત થઇ ગઇ હતી.[૬૧] સર્વ સમુદ્રો સુકાઇ ગયા હતા. પોતાની પાસે દિશાઓમાં મોટા (પ્રચંડ) પવનો વાતા હતા અને આખું ભૂમંડલ અંગારાઓના ઢગલારૂપ થઇ ગયું હતું.[૬૨] પ્રથમ પાતાલમાંથી, પછી પૃથ્વીમાંથી અને પછી દિશાઓમાંથી જ્વાલાઓ નીકળવા લાગી અને આખું (સર્વ) જગત જ્વાલાઓના એક સમૂહરૂપ બની જઇ સંધ્યાકાલનાં વાદળાંની પેઠે રાતું થઇ ગયું.[૬૩] જેમ સુવર્ણમય કમલના કોશની (કલીની) અંદર ભમરો ફરતાં ફરતાં પ્રવેશ કરે તેમ જ્વાલાઓવડે ભરપૂર ભરેલા તે ઘરની અંદર પાસે જઇ મેં પ્રવેશ કર્યો. જો કે હું પતંગીયાની પેઠે તેમાં પેઠો હતો તોપણ (આતિવાહિક [હના દૃઢ નિશ્ચયનેલીધે) દાહ–વિકારઆ[ંતું દુઃખ પ્રાપ્ત થયું ન હતું.[૬૪] હું કે જે વાયુની ધારણાવડે પવનરૂપ થઇ રહ્યો હતો તે જ્વાલાઓરૂપી મહામેઘની અંદર વિજળીનીપેઠે સારીપેઠે ભ્રમણ કરતો હતો. જ્વાલાઓના ઝપાટામાં મારું શરીર ચપલ થઇ રહ્યું હતું અને સ્થલકમલના ખંડોમાં ભમતા ભમરાના જેવી મારી શોભા જણાતી હતી.[૬૫]

ज्वालामये साधुमहाम्बुवाहे ।
भ्रमाम्यहं विद्युदिवानिलात्मा ॥
ज्वालापरिस्पन्दविलोलवर्ष्मा ।
स्थलाब्जखंडभ्रमरोपमश्रीः ॥ ६५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'હૃદયકલ્પનાવર્ણન' નામનો એકસો ચાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૦

સર્ગ ૧૪૧ મો.*

કલ્પાન્તનું વર્ણન

॥ મુનિરુવાચ ॥

तत्र दंदह्यमानोपि नाभवं दुःखभागहम् ॥
स्वप्ने स्वप्नोयमित्येष जानन्नग्नावपिच्युतः ॥

મુનિ કહે છેઃ—જો કે હું તેની અંદર અગ્નિવડે ચોતરફથી વ્યાપ્ત હતો અને અગ્નિમાં પડી જતો હતો તોપણ તે સ્વપ્નની અંદર 'આ સ્વપ્ન છે' એવું મને જ્ઞાન હોવાથી હું દુઃખી થઇ જતો ન હતો.[૧] જ્વાલાઓના નાનાપ્રકારના અનેક સમૂહો કે જેઓ આકાશની અંદર અનેક પ્રકારે સમૂહરૂપે ઉડ્યા કરતા હતા તેવડે રમણીય જણાતા આકાશમાં મેં ઉંબાડીઆના ચક્રનીપેઠે કેવળ ભ્રમણ કરવા માંડ્યું.[૨] હું કે જે તત્ત્વજ્ઞપણાનેલીધે બુદ્ધિમાં કશો ખેદ લાવતો ન હતો, છતાં તે જ્વાલાઓમાં ભમવાથી કાંઇક શ્રાંત ચિત્તવાળો થઈ ગયો હતો, તેણે એ દાવાનલ વિષે વિચાર કરવા માંડ્યો એટલામાં તો મેઘની ગર્જના જેવા અતિ ગંભીર શીત્કારને (સુસવાટના અવાજને) ધારણ કરી રહેલ, ઘુમ્યા કરતા અને ઉડ્યા જતા જગતના પદાર્થોવડે વ્યાપ્ત,[૩,૪] વનની અંદર મોટા ઘોંઘાટના વેગવડે જ્વાલાઓની વૃષ્ટિને બમણી પુષ્ટિ આપનાર, પ્રવાહમાં વહ્યા જતા અને ફર્યા કરતા બાર સૂર્યો સાથે મિશ્ર થઇ રહેલ ઉંબાડીઆંઓનાં ચક્રોને ધારણ કરનાર,[૫] જ્વાલાઓરૂપી સંધ્યાકાલના મેઘોના સમૂહોવડે પ્રવૃત્ત થએલ એવી સેંકડો અગ્નિરૂપી મોટી નદીઓવાળો, પર્વતોથી પણ બમણાં દેખાતાં માટીનાં ઢેંફાંઓવડે અને દેવ–દાનવોનાં નગરોવડે યુક્ત,[૬]

* આ એકસો એકતાલીશમા સર્ગમાં સર્વ લોક વહ્નિની જ્વાલાઓવડે આકુલ થઇ જતાં પ્રચંડ વાયુ નીકળ્યાવિષે અને વિક્ષિપ્ત એવી અંગારાઓની વૃષ્ટિવાળા જ્વાલારૂપી મેઘ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આકાશની અંદર ભમ્યા કરતાં ભૂતોવડે ભમણું જણાતાં એવાં સેંકડો નદીઓરૂપી પાત્રોના સમૂહવડે વ્યાપ્ત, સાવ બળેલી, અર્ધબળેલી અને નહિ બળેલી તથા પરસ્પર એક બીજી ઉપર પડતી એવી દેવાંગનાઓવડે ભમણી દેખાતી અગ્નિની જ્વાલાઓરૂપી સંધ્યાકાલનાં વાદળાંઓના સૂક્ષ્મ જલને ધારણ કરનાર, પડતા અંગારાઓરૂપી જલધારાઓના સમૂહવડે અને અગ્નિના તણખારૂપી જલબિંદુઓવડે કેમ જાણે પોતાના ઉંચા દાંતોને બહાર કાઢી રહ્યો હોય તેવો જણાતો,[૭,૮] ભસ્મરહિત થઇ ગએલા શુદ્ધ અંગારાઓના ઉગ્ર સમૂહવાળી ઉંબાડીઆરૂપી વિજળીને ચમકાવનાર, અને મ્લાન થઇ રહેલ ઊર્ધ્વ દિશાના મુખને (ઉપરના ભાગને) ધૂમાડારૂપી અંધકારવડે ઢાંકી દેનાર એવો પવન વાવા લાગ્યો.[૯] પૃથ્વીમાંથી અને આકાશમાંથી ચારેકોરથી દિશાઓના મુખમાંથી જ્વાલાઓરૂપી સંધ્યાકાલના મેઘો નીકળવા લાગ્યા, કે જેવડે દેવતાઓએ સહિત આ સાતે લોક જ્વાલામય એક પર્વતના જેવા પિંડરૂપ બની ગયા.[૧૦] ઉછળવાનેલીધે વીખરાઇ ગએલા અગ્નિના તણખાઓરૂપી સુશોભિત કેશપંક્તિને કોઇક પ્રદેશમાં (ઉપરના ભાગમાં) ધારણ કરી રહેલ, કોઇક પ્રદેશમાં (નીચેના ભાગમાં) કેમ જાણે પોતાના ચરણપ્રહારવડે ભીંતોને ઉડાડી દેતો હોય એવો દેખાવ બતાવનાર, દુઃખે કરીને પણ (માંડ) સહન થઇ શકે એવા કર્ણકટુ શબ્દને ઉત્પન્ન કરવામાં કુશલ, ભસ્મવડે યુક્ત એવા અવયવોને ધારણ કરનાર, કોઈક ઠેકાણે (મધ્યભાગમાં) ચારેકોર ફેલાઈ જતી અને સંગ્રહ કરી રાખેલી જ્વાલાઓરૂપી વસ્ત્રોની પંક્તિઓને ધારણ કરી રહેલ એવો ભયંકર પવન, કાલાગ્નિ રુદ્રનીપેઠે નૃત્યરૂપી લીલા કરવાને તે સમયે પ્રવૃત્ત થઇ ગયો હતો.[૧૧]

क्वापि प्रोत्फालकीर्णानलकणक[illegible] प्रोल्लसन्-
मूर्द्धजालिः क्वापि प्रोड्डीनकुड्यः कटुरटनपटु-
र्भस्मसंपिंडपांडुः ॥ क्वापि ज्वालापटालीं परिद-
धदाभितः संपतंतीं गृहीतां रौद्रः कर्त्तुं प्रवृत्तो हर-
इव स तदा मारुतो नृत्यलीलाः ॥ ११ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'कल्पांतवर्णन' એ नामनो એકસો એકતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૧

સર્ગ ૧૪૨ મો.*

કર્મના અભાવનો નિર્ણય

॥ मुनिरुवाच ॥

वर्तमाने तदा तस्मिन् कष्टे संभ्रांतसंभ्रमे ॥
उद्यमानोहमत्यंतं खेदमभ्यागतोऽभवम् ॥१॥

મુનિ કહે છેઃ—તે વર્તમાન સમયનું કષ્ટ કે જે અનેક સંભ્રમોના અધિષ્ઠાનરૂપ હતું તેની અંદર વહ્યો જતો હું અત્યંત ખેદને (શ્રમને) પ્રાપ્ત થઇ ગયો;[૧] અને વિચાર કરવા લાગ્યો કે "આ તો બીજાના હૃદયમાં મને સ્વપ્ન જોવામાં આવે છે. હું શામાટે દુઃસ્વપ્નના દુઃખને વૃથા અનુભવું છું? માટે આ દશાને છોડી (જાગ્રત અવસ્થાવડે) નિવૃત્તિને પ્રાપ્ત થાઉં."[૨]

વ્યાધ કહે છેઃ—સ્વપ્ન શું હશે એવા સંદેહની શાંતિનેમાટે આપે બીજાના હૃદયમાં પ્રવેશ કર્યો હતો તો પછી આપે એ વિષયમાં શો નિર્ણય કર્યો?[૩] આપે જે સર્વ જોયું તે શું હતું? હૃદયની અંદર મહાસાગર ક્યાં હોય, ઉદરમાં પ્રલયવાયુ કેમ સંભવે અને હૃદયમાં પ્રલયાગ્નિની સ્થિતિપણ કેમ ઘટે?[૪] અંતરિક્ષ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ, દિશાઓ અને

* આ એકસો એતાલીશમા સર્ગમાં સ્વપ્ન આદિ સૃષ્ટિનું તત્ત્વ બ્રહ્મજ છે એમ કહેવાશે અને તત્ત્વદૃષ્ટિવડે જોતાં જગતમાં બીજારૂપ કર્મનો અભાવ સિદ્ધ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જગત હૃદય [illegible]-શી રીતે સંભવે તે આપ યથાર્થ રીતે કહો.[૫]

મુનિ કહે છેઃ—સૃષ્ટિના આદિકાલમાંજ પ્રથમ સૃષ્ટિ ઉત્પન્ન થવાનું કશું કારણ સંભવતું નથી તેનેલીધે પ્રસિદ્ધ રીતે સૃષ્ટિની ઉત્પત્તિજ ન થએલી હોવાથી સૃષ્ટિવાચક શબ્દ અને તેનો અર્થ (દૃશ્ય), એ બન્ને જોકે અધિષ્ઠાન ચૈતન્યનું સ્વરૂપ ન ઓળખાયાથી અજ્ઞાનવડે પ્રતીતિમાં આવે છે પરંતુ વસ્તુતાએ જોતાં એ કશું નથી.[૬] સૃષ્ટિવાચક શબ્દ અને તેના અર્થરૂપ દૃશ્ય, એ બન્ને પરમાત્મની અંદર તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાતાં અજ્ઞાનના યોગથી પ્રસિદ્ધપણે ભિન્નરૂપે દેખાય છે, પરંતુ વસ્તુતઃ તે બ્રહ્મરૂપજ છે; કેમ કે તે નિર્વિકાર તત્ત્વજ સર્વશક્તિમાન હોવાથી અજ્ઞાન અને જ્ઞાન એ બન્નેરૂપ થઇ રહ્યું છે.[૭] હે ભાગ્યશાળી વ્યાધ! તમને અનુભવમાં આવેલ સ્વપ્ન આદિ સૃષ્ટિનું [illegible]રું તત્ત્વ સમજાઈ જતાં અને અજ્ઞાનની શાંતિ [illegible]ઈ જતાં જે પરમ સિદ્ધાંતરૂપે જણાય છે તેવાં પરમ પવિત્ર અનાદિ અને અનંત પરમપદમાં રહી (તત્ત્વવેત્તાઓની દૃષ્ટિને અનુસરી)[૮] સૃષ્ટિ એવો શબ્દ અને દૃશ્યરૂપ તેનો અર્થ એ બન્ને નથી એવું મારૂં કહેવું છે. બાકી આ વિષયમાં મૂઢ અવિવેકીઓની દૃષ્ટિમાં જે આવતું હોય તે હું જાણતો નથી. તત્ત્વવસ્તુજ અવિદ્યાના યોગથી દૃશ્યનેરૂપે ભાસી રહ્યું છે, અને બોધમાત્ર ચિદાકાશજ આ સર્વને આકારે (વિવર્તરૂપે) પસરી રહેલ છે.[૯] એ અદ્વિતીય ચિદાકાશની અંદર શરીર ક્યાં છે, હૃદય ક્યાં છે, સ્વપ્ન ક્યાં છે, જલ આદિ ક્યાં છે, જ્ઞાન—અજ્ઞાન ક્યાં છે અને જન્મ—મરણ આદિ પણ ક્યાં છે?[૧૦] અહીં કેવલ સ્વચ્છ ચિન્માત્ર તત્ત્વજ છે, કે જેની પાસે પરમાણુની પાસે જેમ પર્વત સ્થૂલ જણાય તેમ સૂક્ષ્મ આકાશ પણ સ્થૂલ જણાય છે.[૧૧] એ અતિસૂક્ષ્મ ચિદાકાશ બહિર્મુખ થતાં પોતાના ચિદાકાશરૂપ સ્વરૂપમાં જે કાંઇ કલ્પના કરે છે તેને તે જગતરૂપે સમજે છે, કે જે વસ્તુતાએ જોતાં આકાશના જેવા નિર્વિકાર પોતાના ચિન્મયસ્વરૂપથી જુદું નથી.[૧૨] જેમ સ્વપ્નની અંદર કેવલ ચિદાત્માજ નગરનેરૂપે ભાસે છે પરંતુ વસ્તુતાએ જોતાં નગર આદિ કશું હોતું નથી, તેપ્રમાણે ચિદાકાશની અંદર ચિન્માત્ર તત્ત્વજ જગતનેરૂપે ભાસે છે, બાકી તે (જગત) કાંઇ જુદું નથી.[૧૩] ચિદાકાશ કે જે તમારા પોતાના આત્મારૂપ છે, તેની અંદર આ સર્વ દૃશ્ય અભિન્નરૂપે રહ્યું છે, અને તે શાંત (દૃશ્યના) આભાસથી રહિત ચિદાકાશરૂપજ છે, પરંતુ ચિદ્રૂપ ચક્ષુની અંદર અજ્ઞાનરૂપી તિમિરરોગનો પ્રવેશ થવાનેલીધે, આકાશમાં જેમ ચક્ર આદિનાજેવા આકારો જોવામાં આવે તેમ તમને ભ્રાંતિ કિંવા અવિદ્યાનેલીધે ભિન્નરૂપ ભાસે છે.[૧૪] બાકી અમારી દૃષ્ટિમાં તો જગતની પ્રાતિભાસિક સત્તા પણ નથી, તેમ વ્યાવહારિક સત્તા પણ નથી, તેમ સાવ શૂન્ય છે કિંવા તેની પ્રતીતિજ નથી થતી એમ પણ નથી, પરંતુ જે કાંઇ પ્રતીતિમાં આવે છે તે નિરાકાર અનાદિ અને અનંત એવા કેવલ એક ચિદાકાશરૂપજ છે.[૧૫] સ્વપ્નની અંદર કારણવિના કેવલ એક શુદ્ધ દ્રષ્ટાજ અનેક આકારે ભાસે છે તેથી એમ સિદ્ધ થાય છે કે જાગ્રતમાં પણ પ્રતીતિમાં આવતી આ સૃષ્ટિના સંબંધમાં કશું પણ કારણ છે નહિ અને તેનેલીધે દ્રષ્ટા દર્શન દૃશ્ય એ ત્રિપુટી પણ નથી.[૧૬] કાંઈ શુદ્ધ અવર્ણ્ય વસ્તુજ એ સર્વને રૂપે ભાસે છે કે જે વસ્તુ સ્ફુટ રીતે અનુભવમાં આવતાં છતાં અવાચ્ય છે, અનાદિ છે, અનંત છે, એક છે અને દ્વિત્વ—એકત્વ આદિ સંખ્યાથી રહિત [illegible]છે.[૧૭] જેમ એકજ કાલ પ્રલયરૂપ અને સૃષ્ટિરૂપ,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

એ બન્નેરૂપ થઈ જાય છે અને બીજ જેમ અંકુર, થડ, વૃક્ષ, શાખા, પલ્લવ, ફળ, પુષ્પ ઇત્યાદિરૂપ થઇ જાય છે, તેમ બ્રહ્મજ સર્વરૂપ થઇ રહ્યું છે.[૧૯] એકને જે વસ્તુ મોટી ભીંતરૂપ જણાતી હોય તેજ વસ્તુ બીજાને નિર્મળ આકાશરૂપ દેખાય છે. આ વાત સ્થિર એવા સ્વપ્નમાં, સંકલ્પમાં અને ભ્રમના સ્થલમાં અનુભવમાં આવે છે. (આથી સર્વનું મનોમયપણું સિદ્ધ થાય છે.)[૧૯] જેમ આત્મા કેવલ સ્વચ્છ અને અદ્વિતીય ચિદાકાશરૂપ છતાં સ્વપ્નમાં જાગ્રત અવસ્થાની પેઠેજ અનેકરૂપે દેખાય છે, તેમ જાગ્રત અવસ્થારૂપી સ્વપ્નમાં પણ સમજવાનું છે. એ બન્નેમાં કશો તફાવત નથી.[૨૦] જેમ અદૃશ્ય એવા પવનની અંદર અદૃશ્ય એવો સુગંધ રહે છે તેમ નિર્બાધ ચિન્માત્ર તત્ત્વની અંદર પણ જગત નિર્બાધપણે (અધ્યારોપ દૃષ્ટિથી) રહેલ છે.[૨૧] સર્વ સંકલ્પોનો ત્યાગ કરતાં તમે જેવા રહેતા હો તેવાજ સદાકાલ નિર્વિકાર થઇ રહો અને બહાર તથા અંદર અનંતરૂપે પસરી રહ્યા છતાં પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ નિરંતર સારી રીતે સ્થિર થઇ રહો.[૨૨]

વ્યાધ કહે છેઃ—હે મહારાજ! પ્રાક્તન કર્મ (પૂર્વજન્મ સંબંધી કર્મ) કોનું હોય છે અને કોનું નથી હોતું? તે કહો. તેમજ જેઓનું એ કર્મ નથી હોતું તેઓને તે કર્મરૂપ બીજ વિના મનનની (સંકલ્પની) ઉત્પત્તિ અને તેનો ત્યાગ શી રીતે થઇ શકે?[૨૩]

મુનિ કહે છેઃ—સૃષ્ટિના આદિકાલમાં જે બ્રહ્મા આદિ સ્વયંભૂઓ પોતાની મેળેજ પ્રગટ થઇ જાય છે, તેઓનાં જન્મ અને (પ્રાક્તન) કર્મ એ બન્ને હોતાં નથી. તેઓનો દેહ વિજ્ઞાનમય હોય છે.[૨૪] તેઓને જન્મ-મરણ આદિ સંસાર પણ હોતો નથી. તેઓની દૃષ્ટિમાં દ્વૈત કે બીજી વિવિધ કલ્પનાઓ પણ હોતી નથી, કિંતુ તેઓનો દેહ વિશુદ્ધ જ્ઞાનમય હોવાથી સદાકાલ તેઓ (સર્વાત્મ્યભાવનેલીધે) સર્વરૂપ થઇ રહેલ હોય છે,[૨૫] બાકી તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો સૃષ્ટિના આદિકાલમાં કોઇનું પ્રાક્તન કર્મ નથી. સૃષ્ટિના આરંભકાલમાં બ્રહ્મજ સૃષ્ટિરૂપ થઈ જાય છે.[૨૬] જેમ બ્રહ્માદિક કે જે બ્રહ્મરૂપજ છે તેઓ સૃષ્ટિના આદિકાલમાં પ્રકટ થઈ જાય છે, તેમજ બીજા જીવો કે જેઓ બ્રહ્મરૂપ છે તેઓ પણ સેંકડો અને હજારો સૃષ્ટિના આરંભસમયે પ્રકટ થઇ જાય છે.[૨૭] જેઓ અજ્ઞાનના આવરણનેલીધે પોતાના બ્રહ્મભાવને ભૂલી જઈ પોતાના સ્વરૂપને બ્રહ્મથી જુદું સમજે છે તેઓ રજોગુણ અને તમોગુણવડે મિશ્ર એવા સત્વગુણના પરિણામથી થનારા જીવભાવને સ્વીકારી લઇ 'આ જડ દ્વૈત સત્ય છે' એમ સમજી તત્સંબંધી વાસનાના સંસ્કારોવાળા થઇ પ્રથમ મરી જાય છે.[૨૮] તેઓનો જન્મ પછી કર્મ સહિત જોવામાં આવે છે; કેમકે પોતે બ્રહ્મરૂપ છતાં તેઓએ તેને ભૂલી જઇ જડ દેહ આદિમાં આત્મબુદ્ધિ માની લઈ અવસ્તુપણાનો આશ્રય કર્યો હોય છે.[૨૯] બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ આદિ કે જેઓ પોતાના સ્વરૂપને બ્રહ્મથી જુદું સમજતા નથી અને પોતાના આત્મારૂપ બોધમય મહાચિદાકાશમાંજ સ્થિતિ રાખી રહે છે તેઓ કર્મબંધરૂપી દોષથી રહિત છે.[૩૦] સર્વના આત્મારૂપ પરબ્રહ્મનું સ્વચ્છપણું સ્વાભાવિક છે, કેમકે બ્રહ્મ પોતે સર્વદા પોતાના સ્વરૂપમાંજ રહે છે અને તે કોઇ ઠેકાણે (મલિન ઉપાધિમાં) પોતેજ પોતાના આત્માની અંદર જીવભાવને દેખે છે.[૩૧] જે ઠેકાણે જીવભાવ મનાયો ત્યાં અવિદ્યા રહે છે અને ત્યાં જીવ પોતે સંસાર એવા નામને ધારણ કરી લઈ તેવે રૂપે થઇ રહે છે.[૩૨] કાલે કરીને જ્યારે પોતે જ પોતાના સ્વરૂપને ઓળખે છે ત્યારે પછી

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પોતાની રે [illegible] સ્વરૂપમાં સ્થિતિ રાખી પોતે બ્રહ્મરૂપજ થઇ રહે છે.[૩૩] જલ જેમ દ્રવપણાનેલીધે પોતાની અંદર આવર્તભાવને પ્રાપ્ત થઈ જાય, તેમ બ્રહ્મજ ચેતનપણાનેલીધે કેમ જાણે સૃષ્ટિરૂપ થઇ રહ્યું હોય એમ ભાસે છે; કેમકે જ્યાંસુધી બ્રહ્મનું સ્વરૂપ ન ઓળખાય ત્યાંસુધી તેનું સૃષ્ટિરૂપે ભાન થાય એવો તેનો સ્વભાવ છે.[૩૪] આ સૃષ્ટિ બ્રહ્મનો એક વિવર્ત છે, તેમાં સ્વપ્ન કે જાગ્રત એ કશું નથી. બ્રહ્મનો સૃષ્ટિભાવ કયાંથી હોય અને બ્રહ્મ વ્યતિરિક્ત બીજો પદાર્થજ ન હોવાથી બીજ પણ કયે ઠેકાણે સૃષ્ટિની સ્થિતિ સંભવે ? બ્રહ્મનાં કર્મોપણ કેવાં હોય અને કેટલા પરિમાણનાં હોય ?[૩૫] વસ્તુતાએ જોતાં કર્મજ નથી, અવિદ્યાપણ નથી અને સૃષ્ટિપણ નથી. પોતાના આત્મામાંથીજ આ સર્વ મિથ્યા છતાં વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે.[૩૬] બ્રહ્મજ સૃષ્ટિરૂપ છે; અને પ્રાણીઓના આત્મારૂપ છે. તેજ પોતે કર્મ, જન્મ ઇત્યાદિની કલ્પના કરી લઇ પોતાના સર્વશક્તિમાનપણાથી અને સત્યસંકલ્પતાનેલીધે કલ્પિત અર્થરૂપ બની જઇ સર્વરૂપે ભાસે છે.[૩૭] સૃષ્ટિના આદિકાલમાં કોઇપણ જીવનું કર્મ સંભવતું નથી. ચિદ્રૂપ જીવ અવિદ્યામાં પોતાની સ્થિતિ રાખ્યા પછી પોતાના કર્મનું નિર્માણ કરી કલ્પનાવડે તેને ભોગવે છે.[૩૮] જલના આવર્તનો (ચકરીનો) કયો દેહ છે ? અને કયાં કર્મ છે, તે કહો ! જેમ આવર્ત જળરૂપ છે, તેમ જગત બ્રહ્મરૂપજ છે.[૩૯] જેમ સ્વપ્નની અંદર જોવામાં આવતાં પ્રાણીઓનું પ્રાક્કર્મ હોતું નથી તેમ આદિ સૃષ્ટિમાં ચિન્માત્રરૂપ રહેલા જીવોનું પણ પ્રાક્કર્મ નથી.[૪૦] સૃષ્ટિ સૃષ્ટિરૂપે ચિત્તમાં રૂઢ થયા પછીજ પ્રાક્કર્મની કલ્પના થાય છે, અને પછી કર્મપાશને પરવશ બની આ જીવો સંસારચક્રમાં ભ્રમણ કરતા રહે છે.[૪૧] વસ્તુતાએ જોતાં આ દેખાતી સૃષ્ટિજ સૃષ્ટિરૂપ નથી પણ બ્રહ્મજ વિવર્તરૂપે આ સૃષ્ટિને આકારે થઇ રહેલ છે, તો પછી કર્મો કયાં રહ્યાં અને તેનો સંબંધ પણ કયાં રહ્યો ?[૪૨] જીવ કે જે વસ્તુતઃ પરમાત્મારૂપ છે, તેને પોતાનું સ્વરૂપ ન ઓળખાયાથી અજ્ઞાનનેલીધે કર્મ બંધરૂપ થાય છે, અને તત્ત્વજ્ઞને તે બંધરૂપ ન થતાં ઉપશાંત થઇ જાય છે.[૪૩] જેમ જેમ પંડિત પુરુષને જ્ઞાન ઉત્પન્ન થતું જાય છે, તેમ તેમ બંધ ઉત્પન્ન કરનારું તેનું કર્મ તેજ સમયે શાંત થઇ જાય છે.[૪૪] જે પદાર્થ વસ્તુતાએ જોતાં છેજ નહિ, તેની શાંતિ કરવામાં શો ભારે શ્રમ પડે ? (કાંઇ નહિ.) પરમાર્થરૂપ તત્ત્વવસ્તુવિના બંધ એવા નામની બીજી કશી વસ્તુજ નથી.[૪૫] પંડિતપણું કે જેથી અંદર બુદ્ધિમાં સત્ અસત્નો વિવેક રહે છે, તે જ્યાંસુધી નથી થતું ત્યાં સુધીજ માયા પરાભવ કરે છે. ખરું પંડિતપણું તેજ કહેવાય કે જેવડે સંસારચક્રમાં પાછું ફરીવાર તમારે ભટકવું ન પડે, માટે નિરંતર નિર્મળ એવા આત્મજ્ઞાનવડે ઉદાર એવું પંડિતપણું મેળવવામાં યત્ન કરતા રહેવું, કેમ કે તેવિના બીજ કોઇ પ્રકારે તમારા ભયની શાંતિ થવાની નથી.[૪૬]

तावन्माया भवभयकरी पंडितत्वं न यावत्-
तत्पांडित्यं पतसि न पुनर्येन संसारचक्रे ॥
यत्नं कुर्यादविरतमतः पंडितत्वेऽमलात्म-
ज्ञानोदारे भयमितरथा नैव वः शान्तिमेति॥४६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' કર્મનિર્ણય ' એ નામનો એકસો બેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૨

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १४३ मो.*

ફરીને નિર્વાણનો ઉપદેશ

॥ मुनिरुवाच ॥

सर्वेषामेवधर्माणां कर्मणां शर्मणामपि ॥
पंडितः पुंडरीकाणां मार्तंड इव मंडनम् ॥१॥

મુનિ કહે છેઃ—જેમ કમલોનો વિકાસ કરનારા સૂર્ય આકાશના આભૂષણરૂપ છે, તેમ ધર્મોના નિર્ણય કરવામાં, લૌકિક કાર્યોના નિર્ણયમાં, ઐહિક આમુષ્મિક સુખના તારતમ્યના નિર્ણયમાં અને સંદેહરૂપી ગ્રંથીનું છેદન કરવામાં શ્રોતાઓની બુદ્ધિને વિકાસ કરનાર પંડિત સભાના આભૂષણરૂપ છે.[૧] ગતિને જાણનારા આત્મજ્ઞાની પંડિતો જે ગતિને પ્રાપ્ત થાય છે તેની પાસે ઇંદ્રની લક્ષ્મી પણ જુના એક ઘાસના ટુકડા જેવી અતિ તુચ્છ દેખાય છે.[૨] પાતાળમાં, પૃથ્વીમાં, અને સ્વર્ગમાં એવું કશું સુખ કે ઐશ્વર્ય હું દેખતો નથી, કે જે પંડિતને જ્ઞાનબલથી થનારા આનંદથી અધિક હોય.[૩] જેમ વાદળાંવગરનો શરદૃઋતુનો પૂર્ણ ચંદ્ર ઉદય પામ્યો હોય ત્યારે દૃષ્ટિને આનંદ થાય છે, તેમ પંડિત કે જે સચ્છાસ્ત્રોના વિચારવડે થનારા જ્ઞાનવડે વિભૂષિત છે, તેની પણ પરમાર્થ વસ્તુનું જ્ઞાન થવારૂપી યથાર્થ દૃષ્ટિ આત્મામાંજ પ્રસન્ન રહે છે.[૪] જેમ પુષ્પમાળામાં (ભ્રાંતિવડે) કલ્પાએલું સર્પપણું તેના વાસ્તવસ્વરૂપનો બોધ થતાં ઉપશાંત થઇ જાય, તેમ આ દૃશ્ય કે જે અવિદ્યારૂપ છે, તેના પણ વાસ્તવસ્વરૂપનો બોધ થતાં તે ઉપશાંત થઇ જઈ ક્ષણવારમાં બ્રહ્મરૂપ થઈ જાય છે.[૫] બ્રહ્મ કે જે નિરંતર પોતાના સ્વરૂપમાંજ સ્થિતિ કરી રહેલ છે, તેણેજ દેહ, જન્મ-મરણ, સૃષ્ટિ, પ્રલય ઇત્યાદિ સંજ્ઞાઓ કલ્પેલ છે, કે જે પોતાના સ્વરૂપથી જરા પણ ભિન્ન નથી. આ વાત પરમાર્થરૂપ (યથાર્થ) છે.[૬] જ્યાં આ કશી સૃષ્ટિજ નથી ત્યાં પછી ધર્મ, કર્મ અને અક્ષરોની પંક્તિઓ (પદવાક્યાદિ) પણ નથીજ, આ વાત સિદ્ધ છે.[૭] જો પૃથ્વી આદિ કોઈ સંભવતું હોય, તો તે ભલે સકારણ (કારણવાળું) હો, પરંતુ જ્યાં પૃથ્વી આદિ કશું છેજ નહિ ત્યાંપછી તેનું કારણ કેવું હોય?[૮] બ્રહ્મનો જે વિવર્ત છે તેજ આ જગતરૂપ કહેવાય છે, તોપછી પૃથ્વી આદિ પણ ક્યાં રહ્યાં અને તેનું કારણ પણ ક્યારે રહ્યું?[૯] જેમ સ્વપ્નના દ્રષ્ટાને સ્વપ્નમાં દેખાતાં મનુષ્યોનું (જોવામાં આવતું) પિતા આદિ કારણ કેવળ કાલ્પનિક છે, તેમજ આ જાગ્રતરૂપી સ્વપ્નમાં દેખાતાં મનુષ્યોનું પણ પિતા આદિ કારણ કાલ્પનિક છે.[૧૦] જેમ સ્વપ્નમાં દેખાતા પુરુષોનું પુરુષપણું થવામાં તેનું કશું પણ પ્રાક્કર્મ હોતું નથી, તેજ પ્રમાણે આ જાગ્રતરૂપી સ્વપ્નમાં દેખાતા મનુષ્યોનું પણ પ્રાક્કર્મ નથી એમ સમજી લેવાનું છે.[૧૧] જીવો સર્વ સૃષ્ટિઓમાં, સ્વપ્નના જેવા અનિત્ય સર્વ પદાર્થોને પરસ્પર દેખે છે અને સૃષ્ટિમાં પોતાની વાસનાને અનુસારે પોતાના પ્રાક્કર્મના અસ્તિત્વને પણ દેખે છે, કે જે વસ્તુતાએ જોતાં મિથ્યા છે.[૧૨] સૃષ્ટિના આરંભથી માંડી સ્થૂલ—સૂક્ષ્મ દેહનો અંત આવતાં સુધી સંસારની અંદર સ્વપ્નના પદાર્થોની પેઠેજ પોતાની ભાવનાને અનુસારે જીવો જોવામાં આવે છે; કે જેઓ અધિષ્ઠાન ચૈતન્યરૂપે જોઇએ તો સત્ય અને આરોપિતરૂપે જોઇએ તો અસત્ય છે.[૧૩] સર્વ પદાર્થો ભાવનાને અનુસારે સ્ફુરી આવે છે, તેને લીધે તેઓ સ્વપ્નમાં પણ આત્માની અંદર

* આ એકસો ત્રેતાલીશમા સર્ગમાં પાંડિત્યની પ્રશંસા, સર્વને ચિન્માત્ર સમજવું તે પાંડિત્ય, અને જગતનું ચિદ્રૂપપણું એવિષે ફરીવાર યુક્તિવડે પ્રતિપાદન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહેલા છે- અને જાગ્રત અવસ્થાનીપેઠેજ તેઓ સ્વપ્નમાં પણ પરસ્પર ક્રિયા કરી આપે છે.[૧૪] જેમ તમારા સ્વપ્નમાં કશા બહારના પદાર્થો વિનાજ ભોજન આદિના સંકલ્પને આકારે (વિવર્તરૂપે) થઇ રહેલ, આત્મચૈતન્યજ પાક આદિના-ક્રમવડે આગળ પડેલા કોળીયા આદિરૂપ થઇ જઇ તૃપ્તિ આદિ ફળને આપે છે, તેમ જાગ્રત્ અવસ્થામાં પણ જાગ્રત્-સંકલ્પરૂપે થઇ રહેલ ચૈતન્યજ પાક આદિના ક્રમવડે કોળીયા આદિરૂપ થઇ જઇ તૃપ્તિ આદિ ફળને આપે છે. સ્વપ્ન અસ્ફુટ છે અને જાગ્રત્ સ્ફુટ છે એટલોજ માત્ર તે બન્નેમાં તફાવત છે.[૧૫] શુદ્ધ પ્રકાશરૂપ આત્મા કે જે નિરંતર પોતાના સ્વરૂપમાંજ સ્થિતિ કરી રહેલ છે તે પોતે જેવો (સ્ફુટ અસ્ફુટરૂપ) ભાસે છે તે ભાનનાંજ (પ્રતીતિનાંજ) લોકમાં જાગ્રત્ અને સ્વપ્ન એવાં નામો કલ્પેલાં છે.[૧૬] સૃષ્ટિના આરંભથી માંડી સ્થૂલ-સૂક્ષ્મ દેહનો જ્ઞાનવડે ક્ષય થતાંસુધી જે કાંઈ દૃશ્યરૂપે ભાસે છે તે ઠેઠ મોક્ષ થતાંસુધી પ્રવાહરૂપે તેવેજ પ્રકારે થઇ રહે છે; અને તેજ સૃષ્ટિરૂપ કહેવાય છે.[૧૭] જાગ્રતમાં અને સ્વપ્નમાં પ્રતીતિમાં આવતા પદાર્થોના સમૂહનું અને અવિનાશી આત્મચૈતન્યનું કાંઇ પણ ભિન્નપણું નથી. જેમ પ્રકાશ અને ઉજાશ, અગ્નિ અને તેની ઉષ્ણતા, પવન અને તેની ચલનશક્તિ, તરંગ આદિ જળ અને દ્રવ, તથા પવન અને શીતળતા, એ સર્વની ભિન્નતા નથી, તેમ જગતના સર્વ પદાર્થસમૂહનું અને અવિનાશી આત્મચૈતન્યનું ભિન્નપણું નથી.[૧૮,૧૯] આ સર્વ જગતનો પ્રપંચ કે જે સાવ મિથ્યા છે, તે વસ્તુતાએ જોતાં ચિદ્રૂપ હોવાથી અધિષ્ઠાનરૂપે સત્ય છે. અધિષ્ઠાનદૃષ્ટિથી જોવા બેસીએ તો જગત એવી રીતે બ્રહ્મરૂપજ છે, અને અધ્યારોપદૃષ્ટિથી જોઇએ તો બધેર પણ જણાય છે.[૨૦] વ્યવહારદૃષ્ટિથી જોઇએ તો બ્રહ્મ જગતરૂપે આવિર્ભાવને પ્રાપ્ત થઇ જઈ પાછું પ્રલયસમયે અદૃશ્યભાવને પ્રાપ્ત થાય છે તથા દૃશ્યના અનુભવરૂપ પણ તેજ છે; અને પરમાર્થદૃષ્ટિથી જોતાં અવિકારી શાંત ચિન્માત્ર હોવાથી સદાકાળ તે એક અચળ એવી નિર્મળ સ્થિતિમાંજ રહેલ છે.[૨૧] જેમ કોઇ પુરુષ નગરની અંદર ઘર આદિની કલ્પના કરી લે તેમ બ્રહ્મે પોતાના હૃદયની અંદર વાયુ આકાશ આદિ પદાર્થોનો જે કાંઈ ભાવ કાર્યકારણથી કલ્પી લીધો છે તે તેજ પ્રમાણે હમ્મેશાં રહ્યા કરે છે.[૨૨] જેમ તમારા હૃદયની અંદર સ્વપ્નનગરી રહેલ છે, તેમ બ્રહ્મના હૃદયની અંદર આ સૃષ્ટિ રહેલ છે; અને તેની અંદરના પદાર્થોનો કાર્યકારણભાવ, ઉપર વર્ણવી ગયા પ્રમાણે સ્વપ્નસૃષ્ટિના જેવો છે.[૨૩] આ સૃષ્ટિ કે જે ચિદેકરસ પરમાત્માની અંદર રહી છે, તેમાં બ્રહ્મના (હિરણ્યગર્ભના) પૂર્વ સંકલ્પને અનુસારે સર્વ પદાર્થોનો કાર્યકારણભાવ થઇ રહ્યો છે.[૨૪] જેમ તમારી કલ્પનાનું નગર તમારા સંકલ્પને અનુસારે સ્થિતિ રાખે, તેમ જગતની સર્વ સ્થિતિ બ્રહ્મના સંકલ્પને આધીન છે. તમે કે જે ચિદ્રૂપ છો તેપણ સંકલ્પરૂપ થઈ જઇ પોતાની મનોમય સૃષ્ટિરૂપી સંકલ્પનગરની અંદર કાર્યકારણરૂપી મર્યાદાને પોતાની ઇચ્છાનુસાર સ્થાપી શકો છો.[૨૫] તમારું પોતાનું આત્મચૈતન્યજ પોતાના આકાશ જેવા નિર્વિકાર સ્વરૂપની અંદર જે કાંઇ અમુક રચનારૂપ થઇ જાય છે, તેજ અંદરની (મનોમય) સૃષ્ટિ કહેવાય છે.[૨૬] તમારા હૃદયમાં સંકલ્પનગરની અંદર ચિદાકાશરૂપી સૂર્યની જે કાંઇ સ્વપ્રકાશ અવસ્થા સદાકાળ રહે છે તેજ સ્વાભાવિક રીતે કાર્યકારણરૂપ અને (મનોમય) પદાર્થરૂપ થઈ જાય છે.[૨૭] પ્રથમ ચિદાકાશ (હિરણ્યગર્ભના હૃદયની અંદર) જેવે પ્રકારે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સૃષ્ટિરૂપે સ્ફુરી આવે છે, તેજ પ્રકારે અદ્યાપિ-પર્યંત તે સ્થિર થઈ રહેલ છે; અને તેનીજ નિયતિ, દેશ, કાલ ઇત્યાદિ સંજ્ઞાઓ કલ્પાએલી છે.[૨૮] ચિદાકાશ કે જે પોતે શૂન્યજેવું છે, તે જેવેરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઇ જાય છે તેવેરૂપે પોતે બની જઈ કાર્યકારણભાવનો આશ્રય કરી લે છે.[૨૯] આ સૃષ્ટિનો ભ્રમ કે જે વિવેકીને કેવળ ચિદાકાશના એક ચમત્કારરૂપ ભાસે છે અને સંકલ્પરૂપ ભાસે છે, તેની અંદર પ્રથમ રૂપ આદિની કલ્પના અને પછી સૃષ્ટિ આદિ નામોની કલ્પના ખડી થઈ જાય છે.[૩૦] આ ત્રિલોકીની કલ્પના કે જે સાવ શૂન્યરૂપ છે, તે ચિદાકાશની અંદર જેમ શાંત પવનની અંદર તેની ચલનશક્તિ અભિન્ન સત્તાથી રહે તેમ અભિન્ન સત્તાથી રહેલ છે.[૩૧] આકાશની અંદર જેમ પોલાણના ધટ્ટપણાથી (ભ્રાંતિવડે) શ્યામતા પ્રતીતિમાં આવે છે, તેમ ચિદાકાશની અંદર ચૈતન્યના ધટ્ટપણાની (ભ્રાંતિવડે) સૃષ્ટિની પ્રતીતિ થાય છે.[૩૨] જેમ રજ્જુમાં ભ્રાંતિવડે કલ્પાએલો સર્પ રજ્જુનું ખરું જ્ઞાન થતાં નિવૃત્ત થઇ જઇ રજ્જુ ઓળખાઈ જાય છે, તેમ આ પ્રતીતિમાં આવતી સૃષ્ટિ પણ જ્યારે જ્ઞાનસાધનોના અભ્યાસનું કષ્ટ સહન કરવાથી ચિદ્રૂપે (જ્ઞાનવડે) જણાઇ જાય ત્યારે તેનો સૃષ્ટિભાવ નિવૃત્ત થઇ જઈ બ્રહ્મભાવ સમજવામાં આવે છે.[૩૩] સર્વ જીવો મરી ગયા પછી (સ્થૂલદેહનો વિયોગ થતાં) સ્વપ્નની પેઠેજ પરલોકમાં જુદી જુદી સૃષ્ટિને (કર્મવાસના આદિને અનુસારે) દેખે છે. આ લોકસંબંધી અને પરલોકસંબંધી સર્વ દૃશ્ય વસ્તુતઃ નિરાકાર ચિદાકાશરૂપજ છે.[૩૪]

વ્યાધ કહે છેઃ—આ દેહ પડી ગયા પછી બીજો દેહ કેમ ઉત્પન્ન થાય છે? તેનું કારણ શું છે? અથવા તે થવામાં કેટલા હેતુઓ છે? અને કેટલાં સહકારી કારણો છે?[૩૫] ધર્મ અને અધર્મજ પોતપોતાના ફળભોગને માટે દેહ આદિને ઉત્પન્ન કરે છે, એમ માનવામાં આવે તો ધર્મ અધર્મરૂપી કર્મો પરિચ્છિન્ન અને નશ્વર એવા દેહ આદિ ભાવને પ્રાપ્ત થઈ રહેલા જીવને મોક્ષરૂપ નિત્ય વસ્તુ શી રીતે આપી શકે?[૩૬]

મુનિ કહે છેઃ—ધર્મ, અધર્મ, વાસના, કર્મ, આત્મા અને જીવ એ સર્વ પર્યાય શબ્દોનો સમૂહ કલ્પિત છે, પરંતુ વસ્તુતાએ જોતાં તે સત્ય નથી.[૩૭] કાંઇક દૃશ્ય દેહ આદિ પ્રપંચ છે, એમ મનમાં સંકલ્પ થતાં કલ્પાઇ ગએલા ચિદાભાસે પોતાનું સ્વરૂપ કે જે ચિદાકાશરૂપ છે તેની અંદર પોતેજ ચિદ્રૂપતાથી ધર્મ અધર્મ આદિ અને સુખ દુઃખ આદિ નામો કલ્પી લીધેલ છે.[૩૮] ચિદ્રૂપ આત્મા ચિદાકાશ કે જે પોતાનું વાસ્તવ સ્વરૂપ છે તેની અંદર પોતાના ચિદાકાશરૂપ સ્વરૂપનેજ ચેતનપણાથી દેહરૂપે સમજે છે, અને મરી ગયા પછી પરલોકમાં પણ સંકલ્પ અને સ્વપ્નનીપેઠે મિથ્યારૂપે પ્રતીતિમાં આવતા દેહ આદિ પદાર્થોને કેમ જાણે તે સત્ય હોય તેમ સમજે છે.[૩૯] મરી ગએલા પ્રાણીને પોતાની મેળેજ સ્વપ્નનીપેઠે પરલોકની પ્રતીતિ થાય છે અને તે ઘણા લાંબા સમયસુધી તેને જે કે અનુભવે છે પણ તેમાં કશી સત્યતા નથી.[૪૦] મરી ગએલા પ્રાણીનું કોઈ બીજોજ નિર્માણ કરતો હોય તો પછી (તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્ એ શ્રુતિને અનુસારે) તે નિર્માણ કરનાર પોતેજ તે જીવરૂપ કેમ થઇ જાય. વળી તેને સ્તનપાન આદિ પ્રવૃત્તિને અનુકૂલ એવી સ્મૃતિ જન્મસમયે શી રીતે આવે અને જો તેમજ તેને કૃત્રિમ માનવામાં આવે તો પછી પુનર્જન્મ થતાં પણ અનાદિસિદ્ધ આત્માનું નિત્યપણું અને અને ચેતનપણું અનાદિકાલથી જે રૂઢ થઇ રહેલ છે તે અસત્ય ઠરી સાવ શૂન્યવાદ આવી[૪૧] આત્મા મરણને પ્રાપ્ત થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જન્મને પ્રાપ્ત થાય છે એવું નથી, કિંતુ (તે તો નિત્ય અને જન્મ આદિ વિકારથી રહિત છે) તે પોતે ચિત્તવડે હું અમુક પ્રકારે જન્મને પ્રાપ્ત થઈ રહ્યો છું, એવું મિથ્યારીતે પોતાનો આત્મા કે જે જન્મ આદિ વિકારથી રહિત છે તેની અંદર વાસનાવડે કલ્પનાથી અનુભવે છે.[૪૨] પોતાના દેહ આદિ ભાવને અભ્યાસનેલીધે લાંબા કાલસુધી તે અનુભવ કરતો રહે છે; અને પ્રસિદ્ધ રીતે તેમાં અસ્તિત્વનો વિશ્વાસ બંધાઈ જવાથી તે સત્યજ છે એમ સારીપેઠે સમજે છે.[૪૩] જીવ કે જે પોતે ચિદાકાશરૂપ છે તે આ દેહ આદિ દૃશ્ય કે જે વસ્તુતાએ ચિદાકાશરૂપ છે અને સ્વપ્નની પેઠે પ્રતીતિમાં આવે છે તેમાં અધ્યાસને લીધે પોતાપણું કલ્પી લઇ વારંવાર પોતાનાં મરણને, વારંવાર પોતાના જન્મને અને વારંવાર જગતને અનુભવતો રહે છે.[૪૪] એવી રીતે પ્રત્યેક જીવ ચિદાકાશની અંદર મિથ્યા એવા દૃશ્યસમૂહનો અનુભવ કરી રહ્યો છે. પોતે તે તે વિષયોને જુએ છે, ઇંદ્રિય આદિને પ્રવર્તાવે છે, અને ભોગોને ભોગવે છે; બાકી પરમાર્થ દૃષ્ટિએ જોતાં કોઈનું કશું ભોગ્ય નથી, તેમ કોઇ ભોક્તાપણ નથી.[૪૫] આ પ્રમાણે જગતની અસંખ્ય કોટીઓ (અનેક કરોડોનાં કરોડો) બ્રહ્મની અંદર રહેલ છે. જો તેઓનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો તેઓ બ્રહ્મરૂપજ છે; અને તેનું વાસ્તવસ્વરૂપજ ઓળખી ન શકાય તો કેવળ દૃશ્યરૂપ છે.[૪૬] એ કરોડો જગતથી પણ કોઈને કશું આવરણ થતું નથી અને વસ્તુતાએ તે છે પણ નહિ. તેઓમાંનો પ્રત્યેક જીવ આ આપણને જોવામાં આવતું એકજ જગત છે, બીજું નથી એમ સમજે છે.[૪૭] એ કરોડો જગતનાં પૃથ્વી આદિ પંચ મહાભૂતો અને જરાયુજ અંડજ આદિ ચાર પ્રકારના પ્રાણીઓ પ્રત્યેક જીવના જગતની અંદર પરસ્પર એકસરખાંજ હોય છે. તેઓ અસત્ય એવી વ્યવહારદૃષ્ટિથી જોઇએ તો સત્ય જણાય છે, અને સત્ય એવી પરમાર્થદૃષ્ટિથી જોઇએ તો જન્મઆદિ વિકારથી રહિત એવા પરબ્રહ્મરૂપજ છે.[૪૮] જાણવાનું જેણે જાણી લીધું છે એવા વિવેકી પુરુષને જે સત્ય અને અવિનાશી જણાય તેજ તત્ત્વ અવિવેકીને અસત્ય લાગે છે, અને તત્ત્વજ્ઞ પુરુષને જે અસત્ય જણાય તે અવિવેકીને પ્રસિદ્ધ રીતે સત્ય ભાસે છે.[૪૯] ચિદાત્માને પોતના સ્વરૂપની અંદર જે કાંઈ ભાન થાય છે તે તેનો પોતાનોજ એક વિવર્ત હોવાથી તેનાથી જુદું ન હોવાનેલીધે સત્ય છે, અને તેનેલીધે આ સર્વ પંચભૂત અને તેના જીવો પરસ્પર સત્યરૂપ છે.[૫૦] એ જગત અન્યોન્ય (ભાવનાને અનુસારે) સત્ય ભાસે છે, કેમકે જગતનું રૂપ સત્ય છે કિંવા અસત્ય છે તેનો નિર્ણય કરવાનું કામ સત્ય એવા ચિદાત્માનું છે, તો પછી એ પોતેજ તેનો સત્યરૂપે નિર્ણય કરે તો બીજો કોણ તેને ફેરવી શકે? કેમકે તે ચિન્માત્રતા સ્વતંત્ર અને અવિનાશી છે.[૫૧] જો સર્વ વાતનો નિર્ણય ચિન્માત્ર તત્ત્વવડેજ થાય છે તો પછી જગત તેવે (દૃશ્ય) રૂપે છે કે નહિ એવિષેની શી વાત કરવી! સર્વ વસ્તુઓનો સમૂહ ચિદાત્માના સંકલ્પને અનુસારે ભાસે છે તેમાં દ્વિત્વ એકત્વની પણ સ્થિતિ કયાં રહી?[૫૨] જે કાંઇ આ જણાય છે તે જ્ઞાનરૂપ છે, એમ જ્ઞાન અને જ્ઞેયનું ઐક્ય અનુભવાતાં આ દૃશ્ય જ્ઞાનરૂપજ થઇ જાય છે. જ્ઞાનજ જ્ઞેયરૂપ થઈ રહેલ છે, જ્ઞાનનું અસત્યપણું માનવામાં આવે તોજ જ્ઞેયનું અવશેષપણું રહે; પરંતુ તેમ માનવા જતાં જ્ઞાનવિના જ્ઞેયની (તેના અસ્તિત્વની) સિદ્ધિજ ન થવાથી છેવટ જ્ઞાનનુંજ અવશેષ રહેવાપણું માનવું પડે છે.[૫૩] જ્ઞાનજ જો પરમેશ્વર (સત્) તત્ત્વ હોય તો પછી આ

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by S3 Foundation USA

પ્રપંચ એ જ્ઞાનથી (બ્રહ્મથી) જરાપણ જુદો રહ્યો નથી, અને સર્વ પદાર્થ જ્યારે જ્ઞાનરૂપજ સિદ્ધ થાય છે ત્યારે પછી દ્રષ્ટા તેના અજ્ઞાનને લીધેજ પોતાના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે; બાકી વસ્તુતાએ જોતાં કશું પણ થતું નથી.[૫૪] જ્ઞેયનો જુદો અસંભવ હોવાથી જ્ઞાનજ જ્ઞેયરૂપ થઇ રહેલ છે, અને તે અવિદ્યાનેલીધે પોતાના સ્વરૂપને જ્ઞેયરૂપે પ્રસારી દે છે.[૫૫] જડ (દેહ આદિ) રૂપે અસત્ય અને ચિદ્રૂપે સત્ય એવા તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં પોતપોતાના વિષયોને ગ્રહણ કરનાર ચક્ષુ આદિ ઇંદ્રિયોની સૃષ્ટિ અને તેની સાથે સંબંધને પ્રાપ્ત થતી રૂપ આદિ વિષયોની સૃષ્ટિ એ બન્નેમાંથી કશું પણ પોતાના આત્માથી જુદું જણાતું નથી; બાકી અવિવેકી મૂર્ખોના અનુભવને હું સમજી શકતો નથી.[૫૬] જ્ઞાનવડે સર્વ પદાર્થો એક ચિન્માત્રજ જણાય છે, કે જે તત્ત્વ પોતાના આત્મારૂપ છે, તથા આકાશના જેવું નિર્વિકાર સર્વવ્યાપી અને નિષ્પ્રપંચ છે, અને તેજ અવિવેકી જીવોને અનેક સંકલ્પોની સ્ફૂર્તિને લીધે હજારોરૂપે ભાસે છે.[૫૭] એકજ ચિન્માત્ર તત્ત્વ સ્વપ્નમાં લાખોરૂપે થઇ રહેલ છે, અને લાખોરૂપે સ્વપ્નમાં થઈ રહેલ એ ચિદ્રૂપ તત્ત્વ સ્વપ્નમાંથી સુષુપ્તિ અવસ્થાની પ્રાપ્તિ થતાં એકરૂપજ થઈ રહે છે.[૫૮] ચિદાકાશની અંદર સ્વપ્નસૃષ્ટિના અનુભવ જેવુંજ આ જગત કહેવાય છે, અને સુષુપ્તિના જેવોજ પ્રલય કહેવામાં આવે છે; માટે એજ ન્યાય–દૃષ્ટાંત યથાર્થ છે.[૫૯] જેમ એકજ ચિદાત્મા સ્વપ્નમાં અને સંકલ્પમાં અનેક પદાર્થોરૂપ થઈ જાય છે, અને પછી પાછો તેથી રહિત પણ થઇ જાય છે; તેમ એકજ એ ચિદાકાશ (જાગ્રતમાં પણ) નાના પ્રકારના ભોગ્યરૂપ અને લાખો પુરુષોરૂપ થઇ જાય છે.[૬૦] આ સર્વ નિરાકાર અને નિત્ય એવા ચિદાકાશરૂપ છે, અને એ શુદ્ધ તત્ત્વ (સંકલ્પ–અધ્યાસ-વાસના ઇત્યાદિને અનુસારે) જ્યાં જેવે રૂપે ભાસે ત્યાં (પોતાના સત્ય સંકલ્પથી અને સર્વશક્તિમાનપણાથી) કેમ જાણે તેવે તેવેરૂપે થઇ રહેલ હોય એમ જણાય છે.[૬૧] એકજ ચિદાકાશ સૃષ્ટિના આદિકાળમાં અગ્નિ, જલ, આકાશ આદિરૂપ થઇ જાયછે,અને સ્વપ્નસૃષ્ટિ તથા સંકલ્પસૃષ્ટિની પેઠે સૃષ્ટિની સિદ્ધિમાટે તે પોતેજ પૃથ્વી આદિરૂપ પણ થઇ રહેલ છે.[૬૨] ચિદાકાશરૂપ આત્માજ પૃથ્વી આદિ નામથી ભાસે છે. જગત ચિદાકાશરૂપ છે, ચિદાકાશજ જગતને આકારે (વિવર્તરૂપે અજ્ઞાનને લીધે) ભાસ્યા કરે છે.[૬૩] ચિદાકાશ જગતરૂપે સાકાર, મૂર્ત અને નશ્વર, તથા સ્વસ્વરૂપે નિરાકાર તથા નિત્ય જણાય છે. વસ્તુતાએ જોતાં નાશ એવી કોઈ વસ્તુજ નથી, કેમકે છેવટ અંતે એ નાશ પણ નિવૃત્ત થઇ જઇ એક ચિદાકાશજ અવશેષ રહે છે.[૬૪] તમે મનવડે પૂર્વ દિશા તરફ અને પશ્ચિમ દિશા તરફ ઘણા સમયસુધી ગમન કરતા રહો અને અનેક અર્થોનો (પદાર્થોનો) અનુભવ કરતા રહો તેમાં તમે કે જે પોતે ચિદ્રૂપ છો તેને કશો પણ પ્રતિબંધ આડો નડતો નથી, તેથી ચિદાત્મા નિર્બાધ છે; કોઇ ઠેકાણે તેને પ્રતિબંધ નથી.[૬૫] પ્રમાણથી સિદ્ધ થતા પોતાના ધારેલા (અભીષ્ટ) અર્થને સિદ્ધ કરવાને જે પુરુષ ઘણા લાંબા સમયસુધી નિરંતર લાગ્યો (અભ્યાસ કરતો) રહે છે, તે વચમાંજ શ્રાંત થઈ પોતાનો પ્રયાસ છોડી ન દેતાં અવશ્ય તેને મેળવે છે.[૬૬] તમે મનવડે પૂર્વ દિશા તરફ તથા પાશ્ચમ દિશા તરફ જુઓ, ત્યાં તે તે અર્થોનો ઘણા સમયસુધી અનુભવ કરનારો સંકલ્પ કરનાર તમારો ચિદાત્મા પોતાના સંકલ્પને અનુસારે પોતેજ તે દિશામાં જવું અને તત્સંબંધી સર્વ પદાર્થોરૂપ થઈ રહેવું ઇત્યાદિરૂપ થઇ જાય છે, પણ બીજો પુરુષ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તેવા સંકલ્પનો અભાવને લીધે મનવડે પણ બીજી દિશામાં જઇ શકતો નથી. (મતલબ એ કે સંકલ્પથી સંકલ્પિત કાર્ય થાય છે.)[૬૭] હું અમુકરૂપ થઇ જાઉં, એવો જેનો દૃઢ સંકલ્પ હોય તેને (પ્રથમ પ્રાતિભાસિકરૂપે અને પછી સંકલ્પની દૃઢતા થયે વ્યાવહારિકરૂપે) જે પોતાનો સંકલ્પિત વિષય હોય તેમાં તદ્રૂપતા પ્રાપ્ત થાય છે. આ વાત (ઐંદવાખ્યાનમાં કહ્યા પ્રમાણે) સપ્રમાણ છે, અને જેનો તેવો કશો સંકલ્પજ નથી હોતો તેને તે બન્નેમાંથી કશું થતું નથી.[૬૮] હું દક્ષિણ દિશામાંથી ઉત્તર દિશામાં અથવા કોઇ બીજી દિશામાં જાઉં છું, એવો જેનો અચળ સંકલ્પ હોય, તે પ્રથમ મનવડે અને પછી શરીરવડે ત્યાં જઇ પહોંચે છે, પણ બીજા ચપળ સંકલ્પવાળાને તો સંકલ્પની ચપળતાને લીધે વચમાં લટકી રહેવાથી કશું ન થતાં બન્ને પ્રકારની હાનિ થાય છે.[૬૯] હું આકાશની અંદર નગરરૂપ બની જાઉં અને પૃથ્વીમાં મૃગરૂપ થઇ જાઉં, એવો જેનો દૃઢ સંકલ્પ હોય તેને એ બન્ને ભાવ સિદ્ધ થાય છે, અને ચંચળ સંકલ્પવાળાને તો બન્નેમાંથી કશું ન થતાં બન્ને પ્રકારની હાનિ પ્રાપ્ત થાય છે, કેમકે તે બન્ને પુરુષની સંકલ્પસૃષ્ટિમાં (સંકલ્પની દૃઢતા અને ચપળતાને લીધે) ઘણું તારતમ્ય હોય છે.[૭૦] જ્ઞાનદૃષ્ટિવડે જોતાં સર્વ એક આત્મારૂપ છે, ચિદાકાશરૂપ છે; અને તેજ તત્ત્વ અવિવેકીઓને અનેકરૂપે ભ્રાંતિને લીધે ભાસવાથી હજારો રૂપે ભાસે છે.[૭૧] શરીર ચિદ્રૂપે સત્ય હો, અથવા બીજે દૃશ્યરૂપે અસત્ય હો, પરંતુ જીવને અહીં અથવા પરલોકમાં જે કાંઇ સંસારની પ્રતીતિ થાય છે, તે સ્વપ્નતુલ્ય છે.[૭૨] જીવ ચૈતન્યનો નાશ ન થતાં તે નિત્ય છે, એ વાત મ્લેચ્છ આદિ મલિન દેશોમાં મરી ગએલા અને પિશાચ આદિરૂપે આવેલા જીવોનું ભૂતવિદ્યા જાણનારાઓને પ્રત્યક્ષ દર્શન થવાથી અને પોતાના ઘર આગળના જુના (પ્રથમના) કેટલાક ગુપ્ત વ્યાપાર આદિ કહી જવાથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.[૭૩] જેઓ મ્લેચ્છ દેશોમાં મરી જઇ ભસ્મ થઇ ગયા હોય તેઓ પાછા પોતાને ઘેર આવી (પિશાચ આદિરૂપે) જણાવવાની વાત જણાવી જઈ પાછા ચાલ્યા જાય છે. આથી જીવો નિત્ય નિર્બાધ છે, એમ સિદ્ધ થાય છે.[૭૪] જો કદાચિત્ એમ માનવામાં આવે કે પિશાચનું દર્શન થવું, તેની સાથે સંભાષણ થવું ઇત્યાદિ એક જાતનો ભ્રમ છે, અને તે એક જીવતા જીવનો ધર્મ છે, તેથી ભૂતવિદ્યા જાણનાર કે જે પોતે જીવતો હોય છે, તેને એ ભ્રમ દેખાય છે, તો પછી દેશાંતર ગએલ કોઇ મનુષ્ય જીવતો બેઠો છતાં ભ્રાંતિવડે તે મરી ગયો છે, એમ સમજવામાં આવતાં તેની સાથે દર્શન સંભાષણ આદિ વ્યવહાર કેમ થતો નથી ?[૭૫] કદાચિત્ એમ માનવામાં આવતું હોય કે એ સંભાષણ આદિ જીવતાનો ધર્મ છે, તો પછી તે મરી ગએલાનો ધર્મ શામાટે નહિ ? કેમકે અનુભવ બન્નેનો થાય છે. જીવતાઓ જે પ્રમાણે સંભાષણ આદિ વ્યવહાર કરે છે, તેમજ મરી ગએલાઓ પણ પિશાચ આદિરૂપે આવી સંભાષણ આદિ વ્યવહાર કરે છે, અને આગળની ગુપ્ત બાબતો પણ જણાવે છે;[૭૬] માટે બન્નેવડે અનુભવ સરખી રીતે થાય છે. એવી રીતે અનુભવને પ્રમાણરૂપ ગણતાં જગતની પ્રતીતિ સ્વપ્નના જેવીજ છે. આ વાત અખંડિત રીતે સિદ્ધ થાય છે, અને આ વિષયમાં આર્યોના અનુભવની તથા શાસ્ત્રોની એકવાક્યતા થઇ જાય છે.[૭૭] જેમ ચંદ્રબિંબને જોનારા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૪૪ મો.*

પદાર્થવિચાર

॥ મુનિરુવાચ ॥

સર્વથાભાવભાવેષુ સ્વપ્નસંવેદનાત્મસુ ॥
નિત્યાપ્રતિઘરૂપેષુ કિં વદ્ધં કિં વિમુચ્યતે ॥૧॥

મુનિ કહે છેઃ—નિરંતર અભાવવાળા એવા સર્વ પદાર્થો કે જેઓ સ્વપ્નસૃષ્ટિ અને સંકલ્પ-સૃષ્ટિના જેવા છે અને અધિષ્ઠાનરૂપે નિત્ય તથા નિર્બાધ છે તેમાં શું બંધાય છે, અને શું મૂકાય છે? કશું થતું નથી. બંધ અને મોક્ષ એ બન્ને અવાસ્તવ છે.[૧] તિમિર રોગવાળાને જેમ આકાશની અંદર પોતાની દૃષ્ટિનાં કિરણોજ મસલાં, મોવાળા ઇત્યાદિને આકારે (ભ્રાંતિવડે) દેખાય છે તેવુંજ ભ્રાંતિમય આ જગત છે, અને તેનું વિદ્યમાનપણું જણાયાથી તેમાં થતા ફેર-ફારો જોવામાં આવે છે, અને અજ્ઞાનનેલીધે તે સ્થિર જણાય છે.[૨] જેમ કોઈ નગરની રચના ઘણે લાંબે કાળે કોઇ બીજાજ પ્રકારની થઇ જાય છે, તેમ આ જગત કે જે જળના તરંગો અને ચકરીઓરૂપી વિવર્તનીપેઠે બ્રહ્મના એક વિવર્તરૂપ છે તેપણ નિરંતર જુદા જુદા પ્રકારની સ્થિતિને પ્રાપ્ત થતું રહે છે.[૩] જે (કાળ) ની અંદર પૃથ્વી, જળ, આકાશ અને પર્વત આદિ આ અસત્ય જગત ક્ષણવારમાં ઉત્પન્ન થઇ જાય છે, તે કાળનીજ ક્ષણ, લવ, ત્રુટી આદિ કલ્પનાવડે યુગ-કલ્પ આદિ સંજ્ઞાઓ વિદ્વાનોએ કલ્પી લીધેલ છે.[૪] આ સર્વ જગત અસત્ય છતાં સ્વપ્નીપેઠે અનુભવમાં આવે છે, પણ વસ્તુતાએ જોતાં જે તે નથીજ, તોપછી સર્વવ્યાપી ચિદાકાશજ એ સર્વરૂપે વિવર્તભાવથી દેખાય

* આ એકસો ચુંમાલીશમા સર્ગમાં ચિદાત્માજ જે પ્રકારે જગતરૂપ ભાસે અને જગત જે પ્રકારે ચિદ્રૂપ ભાસે તેવી યુક્તિઓ અને બ્રહ્મનું સર્વશક્તિમાનપણું, એ વિષે વર્ણન આવશે.

મનુષ્યોના સમૂહનો દૃષ્ટિસમુદાય એક બીજાની (પરસ્પર) દૃષ્ટિનો પ્રતિઘાત કરતો નથી, તેમ આ જગત કે જે કેટલાકને (વિવેકીઓને) અસત્ય અને કેટલાકને (અવિવેકીઓને) સત્ય જણાય છે, તે પણ જીવોના પરસ્પર (એક બીજા) ના વિચારોનો પ્રતિઘાત કરતું નથી;[૭૮] બાકી વસ્તુતાએ જોતાં જેટલો દૃશ્ય વિષય છે તે સર્વ એક સન્માત્ર ચિદ્રૂપતત્ત્વ કે જે દ્રષ્ટારૂપ છે તેને અનુસરી રહેલ છે, અને દ્રષ્ટા પોતે સ્વચ્છ અનુભવરૂપ છે, ચિન્માત્ર છે, અને સર્વ દૃશ્યથી રહિત છતાં સર્વરૂપ થઇ જઈ અનેક પ્રકારે પ્રતીતિમાં આવે છે.[૭૯] ચિદાકાશની અંદર સર્વ દૃશ્ય શાંત નિત્ય એક ચૈતન્યતત્ત્વરૂપેજ રહેલ છે, માટે પોતાની મેળેજ દૃશ્યના આભાસથી રહિત અને સંકલ્પથી પણ રહિત થઇ જઈ આત્માની અંદર સ્થિર થઇ રહેવાનું છે.[૮૦] મનને સ્થિર કરી જેમ જેમ આત્મા અચળ સંકલ્પવાળો થાય છે તેમ તે તે વિષય તરત સિદ્ધ થાય છે, પછી તે સત્ય હો કિંવા અસત્ય હો, એવિષે કશું જોવાનું નથી.[૮૧] યથાસ્થિત નિર્વિકારરૂપે રહેતાં અનેક શરીરો, કર્મો, દુઃખો અને સુખો ભલે પ્રાપ્ત થાઓ અથવા જતાં રહો, તેમાં કોનો આગ્રહ રાખવાનો છે? કોઇનો નહિ.[૮૨] એવી રીતે આ જગત સત્ય હો કિંવા અસત્ય હો, તે વસ્તુતાએ ન હો અથવા ભલે હો, પરંતુ તેમાં કશો સંભ્રમ પામવા જેવું નથી. તુચ્છ ફળને માટે અવશ્ય ફળ આપનાર પ્રખર યત્નને તમે છોડી દો, કેમકે હવે તમે તત્ત્વને સમજ્યા છો, અને ભવાટવીમાં સારીપેઠે ભટક્યા છો.[૮૩]

ઇત્થમસ્તુ સદથાન્યથાસ્તુ વા મૈવ મૂદ્ધ્વતુ કોત્ર સંભ્રમઃ ॥ મુઞ્ચ ફલ્ગુનિ ફલે ફલાવહં બુદ્ધવાનસિ કૃતં પરિશ્રમૈઃ ॥૮૩॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણબોધોપદેશ' એ નામનો એકસો ત્રેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે, એમ સિદ્ધ થાય છે.[૫] જેવું આ આપણું જગત છે તેવાંજ બીજાં મનુષ્યોનાં સેંકડોનાં સેંકડો જગતો ચિદાકાશની અંદર રહ્યાં છે એમ તમે સમજો, પરંતુ તેઓનો પરસ્પર (એક-બીજાને) અનુભવ થતો નથી.[૬] તળાવ, સમુદ્ર, કૂવા આદિમાં રહેનાર દેડકા આદિ જીવોનાં પ્રત્યેક સ્થાનની અંદર અનેક સૃષ્ટિઓ રહેલ છે, પરંતુ તે જીવો કોઈપણ જગ્યાએ પોતાના દૃશ્ય જગત-વિનાની, બીજા જગતની નિયત સ્થિતિને પર-સ્પર દેખતા નથી.[૭] જેમ એક મંદિરની અંદર સૂતેલાં સેંકડો મનુષ્યોનાં અનેક સ્વપ્નનગરો એકજ મંદિરમાં રહ્યાં હોય તેમ ચિદાકાશની અંદર અનેક જગતોની પ્રતીતિ થાય છે. એ મનોમય જગત સ્વપ્નનગરનીપેઠે એકને અનુ-ભવમાં આવવાથી સત્ય કહી શકાતાં નથી; તેમજ બીજાઓને તેનો અનુભવ ન થવાથી અસત્ય પણ કહી શકાતાં નથી (અનિર્વચનીય છે).[૮] જેમ એકજ ઘરની અંદર સૂતેલાં સેંકડો પુરુષોનાં અનેક સ્વપ્નનગરો જો કે ત્યાંજ રહ્યાં હોય છે પરંતુ વાસ્તવિકરીતે કશાની ત્યાં સ્થિતિ હોતી નથી, તેવી રીતે ચિદાકાશની અંદર અનેક જગતો રહેલ છે, પરંતુ વસ્તુતાએ જોતાં તેમાં તેઓની સ્થિતિજ નથી.[૯] આ દૃશ્ય કે જે પોતાના આત્મસ્વરૂપથી જુદું નથી અને કેવળ ચિદા-ત્માના ચમત્કારરૂપજ છે, તે કેમ જાણે પોતાના આત્માના અવયવરૂપ હોય તેવું થઈ રહેલ છે, અને તેનાથી જુદું નથી. તે રૂપવાળું છતાં વસ્તુતઃ રૂપથી રહિત છે, અને કારણવાળું જણાતાં છતાં વસ્તુતઃ કારણથી રહિત છે.[૧૦] દૃશ્યને આકારે પરિણામને ધારણ કરી રહેલ અને ચિદાભાસની વ્યાપ્તિનેલીધે ચિદ્રૂપે પ્રતી-તિમાં આવતી તથા પ્રભાવવાળી એવી બુદ્ધિ-નીજ સંસ્કાર આદિ સંજ્ઞાઓ કલ્પેલ છે, બાકી સંસ્કાર આદિની સ્થિતિ બુદ્ધિની પ્રતીતિમાંથી જરાપણ જુદી નથી.[૧૧] સ્વપ્ન અવસ્થાના સંકલ્પ-મય પદાર્થોના અનુભવો કે જેઓ પ્રથમ દીઠેલા (અનુભવેલા) પદાર્થોના જેવાજ હોય છે તેઓની સ્મૃતિજ અપૂર્વપણાથી સ્વપ્નરૂપ થઈ જાય છે, અને તેની અંદર પોતાનાં મરણ આદિનો અનુભવ કે જે અદૃષ્ટપૂર્વ છે તેપણ જન્માંતરમાં તેનો અનુભવ થઇ ગએલો હોવાથી બુદ્ધિમાં તેના સંસ્કારો ચોંટી જવાનેલીધેજ થાય છે.[૧૨] જાગ્રત સૃષ્ટિરૂપે પ્રતીતિમાં આવતું આ જગત પણ સ્વપ્નસૃષ્ટિનીપેઠેજ સૃષ્ટિના આદિ-કાળમાં ખડું થઈ જાય છે, તે સ્વચ્છ ચિદાકા-શનોજ એક વિલાસ (વિવર્ત) છે, બીજું કશું પણ સંભવતું નથી.[૧૩] આમ કહેવાનો ઉદ્દેશ બ્રહ્મજ જગતને આકારે ભાસ્યા કરે છે એવો છે. એ બ્રહ્મ કાંઇ હમણાં નવુંજ ભાસે છે એમ નથી, કિંતુ અનાદિકાળથીજ તે પ્રકાશરૂપે (ચિદ્રૂપે) રહેલ છે, અને આ જગત પણ તેની સાથે એકતાને પ્રાપ્ત થઇ રહેલ હોવાથી અનાદિ બ્રહ્મરૂપ છે; એવું તાત્પર્ય સિદ્ધ થાય છે.[૧૪] પરમાત્માજ કારણ અને કાર્ય એ બન્નેરૂપ કહે-વાય છે, કેમકે તેજ સર્વના આદિરૂપ છે. પ્રથમ તે કારણરૂપ અને પછી કાર્યરૂપ થઇ જાય છે. સંસ્કાર પણ તેનેજ કહેવામાં આવે છે, અને એ પરમાત્માજ કાર્યને સારી રીતે સાધી આપ-નાર યત્નરૂપ પણ કહેવાય છે.[૧૫] સ્વપ્ન આદિમાં જે કાંઈ અપૂર્વ પદાર્થો અનુભવમાં આવે છે કે જે જાગ્રત અવસ્થાનાં દૃષ્ટાંતરૂપ છે તેઓ આત્માથી અભિન્ન છે, અને તેનેજ સંસ્કાર આદિ નામોવડે કહેવામાં આવે છે, પરંતુ તેથી જુદો બીજો કશો બહારનો પદાર્થ તે સમયે ચિત્તની અંદર રહેતો નથી.[૧૬] સ્વપ્નમાં દેખાતી એ સંસ્કારનામની વસ્તુ સ્વપ્નમાં દેખાય છે પણ જાગ્રતમાં દેખાતી નથી તેથી તે નથી એમ સમજવું નહિ, કેમકે ચિદાકાશની અંદર તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચૈતન્યનીપેઠેજ સદાકાળ (મોક્ષપર્યંત) રહેલ છે, અને તે ચિદાકાશરૂપ હોવાથી સાક્ષીના પ્રકાશક સ્વભાવનેલીધે સ્વપ્નમાં (પ્રતીતિમાં) આવેછે, અને જાગ્રતનીપેઠે અનેક પ્રકારે વિસ્તારને પ્રાપ્ત થઈ જાય છે.[૧૭] તેજ સંસ્કારરૂપ વસ્તુ વેદાંતમાં પ્રતિપાદન કરેલ પરબ્રહ્મરૂપ સમજવામાં આવે તો તે રૂપે સત્ય છે. પ્રથમથીજ આ પ્રસિદ્ધ એવી દ્વૈતસૃષ્ટિના અભાવરૂપે રહી બ્રહ્મતત્ત્વ પોતાના યથાસ્થિત સ્વભાવમાંજ રહે છે, એવો તેના સ્વભાવનો નિશ્ચય કરી પંડિતોએ શિષ્યોનો પણ મોક્ષરૂપ પરમપુરુષાર્થ સિદ્ધ થવામાટે "જે આત્માનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાય તો તેજ જગતરૂપ જણાય છે અને જો તેનું વાસ્તવસ્વરૂપ ઓળખવામાં આવે તો તે અદ્વિતીય બ્રહ્મરૂપ છે" એવી વ્યવસ્થા શાસ્ત્રોની અંદર બતાવી છે.[૧૮] ચિત્તની અંદર જે જાગ્રત અવસ્થાના સંસ્કારો રહે છે તેજ સ્વપ્નમાં (સ્વપ્નરૂપે) ઉદ્બુદ્ધ થઇ જાય છે, તેથી સ્વપ્નસંબંધી અપૂર્વ પદાર્થોનુંરૂપ જાગ્રત અવસ્થાથીજ રચાએલ છે. તે જાગ્રતરૂપ નહિ છતાં જાગ્રતના જેવુંજ ભાસે છે, અને જાગ્રતના સંસ્કારોવડેજ સ્વપ્નની ઉત્પત્તિ છે, એમ કેટલાક વાદીઓ માને છે;[૧૯] પરંતુ તે વાસ્તવ નથી; કેમકે જેમ વાયુની અંદર પોતાની મેળેજ (સ્વાભાવિકરીતે) ચલનશક્તિ રહે છે, તેમ ચિત્તની અંદર સર્વ (સ્વપ્ન આદિ) ભાવો રહેલા છે, અને તે પોતાની મેળેજ સ્વપ્ન આદિરૂપે પ્રવૃત્ત થઇ જાય છે, તેમાં જાગ્રતને સંસ્કાર ઉત્પન્ન કરવાનું ક્યાં રહ્યું?[૨૦] એકજ ચિન્માત્રતત્ત્વ સ્વપ્નની અંદર લાખોરૂપે થઇ જાય છે, અને સ્વપ્નમાં જે લાખોરૂપે થઈ રહેલ હોય તેજ ચિન્માત્રતત્ત્વ સુષુપ્તિમાં પાછું એકરૂપ થઈ રહે છે.[૨૧] ચિદાકાશની અંદર સ્વપ્નની જે પ્રતીતિ થવી તેજ આ જગતરૂપ કહેવાય છે, અને સુષુપ્તિઅવસ્થાનો ઉદય થવો તે પ્રલય કહેવામાં આવે છે, માટે એ ન્યાય (દૃષ્ટાંત) યથાર્થ છે.[૨૨] એકજ ચિદાકાશ પોતાના સ્વરૂપને નહિ છોડતાં સ્વપ્નની પેઠે જ કાંઇ અનેક આકારોને ધારણ કરી લે છે તેજ આ જગત છે.[૨૩] એવી રીતે ચિદાકાશના એક પરમાણુ જેટલા ભાગમાં પણ જગતની સ્થિતિ રહી છે, તથા સ્વપ્નમાં અને અરીસામાં દેખાતાં મુખ, વન, પર્વત આદિ પ્રતિબિંબ જેમ સ્વપ્નથી અને અરીસાથી જુદાં નથી તેમ એ જગતપણ અધિષ્ઠાનરૂપ ચિદાકાશથી જુદું નથી.[૨૪] ચિદાકાશ કે જે જ્ઞાનરૂપ છે, પરમાણુ જેવું પરમસૂક્ષ્મ છે, વિસ્તીર્ણ છે, આદિ મધ્ય અને અંતથી રહિત છે, તેજ જગતરૂપ કહેવાય છે.[૨૫] માટે અનંત એવું ચિદાકાશ જ્યાં (પોતાના સ્વરૂપમાં) નિરંતર સ્થિર થઈ રહેલ છે ત્યાં આ જગત છે એવું ભાન થાય છે કે જે ચિદાકાશના એક અવયવની પેઠે ચિદાકાશથી જુદું નથી.[૨૬] જગત ચિન્માત્ર છે, તમે પણ ચિન્માત્ર છો, હું પણ ચિન્માત્ર છું અને દૃશ્ય પણ ચિન્માત્ર છે. એવું ગુરુશાસ્ત્રે બતાવેલ યુક્તિવડે જ્ઞાન થતાં એક પરમાણુની અંદર પોતાના સ્થૂલભાવને મૂકી દઈ સર્વ પરમ સૂક્ષ્મ ચિન્માત્રરૂપે પ્રતીતિમાં આવે છે કે જે જન્મ આદિ વિકારથી રહિત છે.[૨૭] માટે મારું સ્વરૂપ પરમાણુના જેવું અતિ સૂક્ષ્મ છે, હું જ આ સર્વ જગતને આકારે થઇ રહ્યો છું; હું સર્વ ઠેકાણે રહું છું અને પરમાણુ જેવા સૂક્ષ્મ પદાર્થની અંદર પણ મારી સ્થિતિ છે.[૨૮] ચિન્માત્ર તત્ત્વનો એક પરમ અણુ ભાગ જગતરૂપ છતાં વસ્તુતાએ ચિદાકાશરૂપ છે તેનેલીધે હું જ્યાં રહું છું ત્યાં (તેની અંદર) ત્રણે લોકને દેખું છું.[૨૯] હું કે જે ચિદાકાશના એક પરમાણુરૂપ (જીવરૂપ) છું તે શબલબ્રહ્મ કે જે ચિદાકાશરૂપ અને ચિદાકાશ (બ્રહ્મ) ના જેવું જ પરમસૂક્ષ્મ છે તેની સાથે તેના અણુરહિતે જળજેમ જળની સાથે

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

એકતાને પ્રાપ્ત થઇ જાય તેમ એકતાને પ્રાપ્ત થઈ ગયો.[૩૦] જેમ કમળના અંકુરની અંદર તેનું બીજ રહ્યું હોય, તેમ હું કે જેની અંદર ત્રણે લોકની સ્થિતિ રહેલ છે, તે એ પ્રાણીના ઓજની અંદર પ્રવેશ કરી રહ્યો; અને તેના ઓજની અંદર જેમ વાસનામય એવો જગતનો અનુભવ રહ્યો હતો તેમ હું પણ રહ્યો.[૩૧] અને ત્યાં મારા આત્માની અંદરજ એ પ્રાણીના મારા અને બીજાઓના વાસનામય એવા ત્રણે લોક મને પ્રતીતિમાં આવવા લાગ્યા; કેમકે જગતનું કશું પણ રૂપ બહાર નથી અને કોઇ તત્ત્વજ્ઞને કોઈ સ્થળે આત્માથી ભિન્ન કશી પણ વસ્તુ અનુભવમાં આવતી નથી.[૩૨] બહારનું અથવા અંદરનું જે કાંઈ દૃશ્ય જાગ્રતમાં કે સ્વપ્નમાં જ્યાં પ્રતીતિમાં આવે છે તે સર્વ પોતાના ચિદાત્માનોજ એક આભાસ (વિવર્ત) છે.[૩૩] મનુષ્યને સ્વપ્નમાં જે કાંઇ (પદાર્થ) અનુભવમાં આવે છે તે પોતાના આનંદમય આત્માનું સ્વરૂપજ તેવેરૂપે પ્રસરી જઈ પ્રતીતિમાં આવે છે એમ સમજવું, અને જીવ પોતેજ સ્વપ્નસૃષ્ટિરૂપે વિવર્તભાવથી ભાસે છે.[૩૪]

વ્યાધ કહે છેઃ—જો આ દૃશ્ય, કારણવિનાજ ખડું થઇ જતું હોય તો પ્રસિદ્ધ રીતે તે કેમ દેખાય છે, અને જો એ દૃશ્ય સકારણ (કારણવડે ઉત્પન્ન થતું) હોય તો (ઘટ આદિ પદાર્થ ઉત્પન્ન થવામાં કારણરૂપ એવા દંડ ચક્ર આદિ ન હોવાથી) સ્વપ્નમાં તેઓની સૃષ્ટિ કેમ ઉત્પન્ન થઇ જાય છે ?[૩૫]

મુનિ કહે છેઃ—પ્રથમ સર્વ કારણના અભાવને લીધે આ સૃષ્ટિ વિનાકારણેજ પ્રતીતિમાં આવે છે, કેમકે ચિદાકાશજ (વિવર્તરૂપે) સૃષ્ટિને આકારે થઇ રહેલ છે.[૩૬] કારણવિના સર્વ પદાર્થોનો અહીં અત્યંત અસંભવ હોવાથી કોઇપણ જાતની નશ્વર સ્થૂલ સૃષ્ટિ કોઈ જગ્યાએ સંભવતી નથી.[૩૭] બ્રહ્મ કે જે પ્રકાશરૂપ છે અને આદિ અંતથી રહિત છે, તેજ પોતાના સ્વાભાવિક એવા ચિદ્રૂપપણાથી આ જગતના આકારે ભાસે છે, અને સર્ગ આદિ શબ્દો તેનાજ એક પર્યાયરૂપ છે.[૩૮] એવી રીતે આ સૃષ્ટિ કારણના અભાવને લીધે અત્યંત અસંભવિત છે, બ્રહ્મરૂપ અને પરબ્રહ્મના કેમ જાણે એક અવયવરૂપ હોય તેવું જણાતું માયામાં પ્રતિબિંબિત થએલ ચૈતન્ય પોતાના નિત્ય એવા આત્મસ્વરૂપના ઉપાધિનેલીધે પ્રતીતિમાં આવતા એવા અવયવોરૂપે પોતે વસ્તુતાએ એકરૂપ છતાં અનેકરૂપે (માયાવડે) થઈ રહેતાં અને બ્રહ્મ કે જે નિરાકાર છે તે સાકાર દૃશ્યરૂપે નિર્બાધપણે વિવર્તભાવને પ્રાપ્ત થતાં નિરાકાર બ્રહ્મજ ચિદ્રૂપપણાથી પોતાના સ્વરૂપને પ્રસારી દઈ કેમ જાણે સાકાર હોય તેમ થઈ જઈ પોતે સર્વના અધિષ્ઠાનરૂપ હોવાથી દેવતાઓ, ઋષિઓ અને મુનિઓના દિવ્યરૂપને, સ્થાવર જંગમ જગતને, અને ક્રમથી સર્વ નિયમોને અને વિધિ–નિષેધ આદિને પોતેજ કલ્પી લે છે, તેમ દેશ, કાળ, ક્રિયા આદિની કલ્પનાને પણ કરી લે છે.[૩૯-૪૨] ભાવ, અભાવ, ગ્રહણ કરવું, ત્યાગ કરવું, સ્થૂલ, સૂક્ષ્મ, ચર અને અચર સર્વ પદાર્થો (એ વગેરે બધું) ઠેઠ મોક્ષ થતાંસુધી વ્યભિચરિત (અનિયમિત) થઇ જાય છે, પરંતુ તે સંબંધી બંધાએલ ઈશ્વરીય નિયમનો કોઇ દિવસે વ્યભિચાર થતો નથી.[૪૩] એ નિયતિની (ઈશ્વરીય નિયમની) જ્યારથી કલ્પના થઇ ત્યારથી માંડી જેમ વેળુમાંથી તેલ નીકળવાનો સંભવ નથી તેમ કારણવિના કાર્યની ઉત્પત્તિ થવી સંભવતી નથી.[૪૪] પરમાત્માનો બાંધેલ નિયમ અને તેની કલ્પના કરનાર ભોક્તા જીવ એ બન્ને બે હાથની પેઠે બ્રહ્મના એક અવયવ જેવાં છે, અને તે પોતાની મેળેજ પ્રવૃત્ત થઇ જાય છે. જેમ કોઇ મનુષ્ય

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

પોતાના એક હાથવડે બીજા હાથને નિયમમાં રાખે, તેમ બ્રહ્મ પોતાના એ બન્ને અવયવોમાં એક અવયવવડે બીજાને નિયમમાં રાખે છે.[૪૫] જેમ જળની અંદર અનેક ચકરીઓ થતી રહે, તેમ જીવમાં સંકલ્પનું સ્ફુરણ થતાં ઇચ્છાવિના અને પ્રથમ બુદ્ધિનું ચલન થયાવિના કાકતાલીયનીપેઠે જાગ્રત્સૃષ્ટિ અને સ્વપ્નસૃષ્ટિ ખડી થઇ જાય છે.[૪૬] મૃત્તિકા જેમ ચૂર્ણ, પિંડ, ઘટ, કપાલ આદિ કોઇએક આકૃતિવિના રહેતી નથી તેમ નિર્બાધ સત્ય બ્રહ્મ (જ્યાંસુધી તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાય ત્યાંસુધી) નિયતિ કે જે કારણવડે કાર્યની અંદર પેદા થતી કોઇએક જાતની આકૃતિ ઉત્પન્ન થવાના નિયમરૂપ કહેવાય છે તેવિના રહેતું નથી, અને તેની આકૃતિનું ભાન જ્ઞાનવડે (આત્માનો) સર્વાત્મભાવ સમંજાઇ જઈ દૃશ્યનો અને દુઃખનો આત્યંતિક ક્ષય થતાંસુધી (મોક્ષપર્યંત) કાયમ રહે છે.[૪૭] એવી રીતે આ સર્વ દૃશ્યસમૂહ સર્વદા સકારણ છે, અને જ્યારથી માંડી સૃષ્ટિની અંદર જે પુરુષપ્રત્યે જેવી નિયતિની કલ્પના થઈ છે તેવી તે પ્રત્યે તે જણાય છે.[૪૮] અવિવેકી પુરુષને કારણવિનાજ બ્રહ્મ સૃષ્ટિરૂપે ભાસે છે, અને આ કાર્ય-કારણસંબંધી દૃષ્ટિનો ભ્રમ પણ તેનેજ પ્રતીતિમાં આવે છે.[૪૯] વિવેકીની દૃષ્ટિવડે જોતાં સૃષ્ટિ કાકતાલીયનીપેઠેજ રહેલ છે; અને આ સર્વ દૃશ્ય કે જે અનેક પ્રકારની આવૃત્તિને ધારણ કરનાર છે, તેમાં અમુક (ઘટ આદિ) પદાર્થ અમુક પ્રકારેજ (દંડ ચક્ર આદિ સામગ્રીવડેજ) ઉત્પન્ન થાય અને અમુક પ્રકારે ઉત્પન્ન ન થાય, એવો એક નિયમ સ્થિરપણે કલ્પાએલ છે.[૫૦] ઉત્પન્ન થનારા સર્વ પદાર્થોના ઉત્પત્તિક્રમમાં અમુક (કારણ) પ્રથમ હોય છે અને અમુક પછી થાય છે એવી પદ્ધતિ અવશ્ય અપેક્ષિત હોવાથી સર્વનું સકારણપણું જ છે, એમ માનવામાં આવે તો પછી કારણવિનો જાગ્રત્સૃષ્ટિ અને સ્વપ્નસૃષ્ટિ કોઇ પણ પ્રકારે સંભવતી નથી.[૫૧] મેં પોતેજ પ્રાણીના ઓજમાં સ્વપ્નની અંદર જલના ક્ષોભનેલીધે આખી પૃથ્વીમાં વ્યાપી રહેલા એવા જે પ્રલયના ભ્રમો જોયા તેમાં તમને શું કારણ ભાસે છે, અથવા શ્રુતિ આદિદ્વારા શું કારણ સંભળાય છે, કિંવા તમને શું અનુભવમાં આવે છે ? મતલબ કે કશું સંભવતું નથી.[૫૨] જેમ સ્ફટિક મણિઓ અને છીપો પ્રકાશ પડતાં પોતાની મેળેજ ઝબકી ઉઠે છે તેમ બુદ્ધિમાન પુરુષને સર્વ વસ્તુઓના સંબંધમાં મેં વર્ણવેલ એવી અનેક યુક્તિઓ સર્વદા પોતાની મેળેજ સ્ફુરી આવે છે, અને તેમાં પોતપોતાની ભાવના અને અનુભવ એજ જયશાળી નિવડે છે; કે જે સર્વનો નિર્ણય કરવામાં શક્તિમાન છે, અને સર્વ પ્રાણીના જીવિતરૂપ છે.[૫૩]

सर्ववस्तुषु कचन्ति सर्वदा युक्तयः स्फटिकशुक्तयो यथा ॥ भावनानुभव एव स स्वयं शक्तिमान् जयति जीवितात्मकः ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પદાર્થવિચાર'એ નામનો એકસો ચુંમાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૪

સર્ગ ૧૪૫ મો.*

તેજની અંદરનો તથા બહારનો અનુભવ.

॥ मुनिरुवाच ॥

बहिष्टैर्बाह्यमेवांतरंतस्थैः स्वमर्मिंद्रियैः ॥ जीवो वेत्ति द्वयस्थातितीव्रसंवेगिभिर्द्वयम् ॥१॥

મુનિ કહે છેઃ—જ્યારે ઇંદ્રિયો બહિર્મુખ થાય ત્યારે જીવ બાહ્ય સ્વપ્ન કે જે જાગ્રત એવા

* આ એકસો પિસ્તાલીશમા સર્ગમાં કફ, પિત્ત અને વાતવડે નાડીઓ પૂરાઇ જતાં ઓજની અંદર જીવના કલ્પી લીધેલા અનેક જાતના સ્વપ્નના ભેદો તથા ઇંદ્રિયોવડે અનુભવાતા બહારના અનુભવો વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નામવડે કહેવાય છે તેને દેખે છે, અને ઇંદ્રિયો જ્યારે અંતર્મુખ થાય ત્યારે અંદરના સ્વપ્નને અનુભવે છે. જ્યારે બહાર અને અંદર બન્ને બાજુ ઇંદ્રિયો અતિ તીવ્ર સંવેગથી પ્રવૃત્ત થાય ત્યારે તે બન્નેને અનુભવે છે.[૧] જ્યારે ઇંદ્રિયો બહિર્મુખ થઈ જતાં ચિત્ત આકુળ થઈ જાય છે ત્યારે મનોરાજ્યના જેવો અને સંકલ્પવડે કલ્પાએલો આંતર (અંદરનો) વ્યવહાર મ્લાનરીતે અનુભવમાં આવે છે.[૨] ઇંદ્રિયો જ્યારે અંતર્મુખ થઇ જાય છે ત્યારે જીવ, સ્વપ્નસંબંધી જગત કે જે માત્ર વાસનામય હોવાથી અતિસૂક્ષ્મ છે તેને કેમ જાણે તે સ્થૂલ (વિસ્તીર્ણ) હોય તેવું દેખે છે.[૩] વસ્તુતાએ જોતાં બાહ્ય કિંવા આંતર એ બેમાંથી એકે જગત સ્થૂલરૂપે કોઈ દિવસ છેજ નહિ, પરંતુ જીવને દરેક વિષયનો અનુભવ કરવામાં સાધનરૂપ એવી ઇંદ્રિયોની નિર્બાધ પ્રવૃત્તિજ જગતમાં સ્થૂલતાને કલ્પી લઈ, તેને સ્થૂલરૂપે અનુભવે છે; અને તેજ જગતરૂપ છે.[૪] જીવસત્તાવડે નિયમિત રહેનાર ઇંદ્રિયો જ્યારે સંપૂર્ણપણે બહિર્મુખ થઈ જાય છે ત્યારે બાહ્ય સૃષ્ટિને અનુભવે છે; વસ્તુતાએ જોતાં ચિદ્રૂપ જીવજ પોતે જગતરૂપે થઈ રહેલ છે.[૫] શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ (નાસિકા) અને જીહ્વા ઇત્યાદિ ઇંદ્રિયોવડે યુક્ત, વાસનામય એવાં અંતઃકરણને ધારણ કરી રહેલ, એવો આતિવાહિક દેહ કે જે પ્રાણરૂપી મૂર્તિવડે સંયુક્ત છે તેજ કૂટસ્થ સાક્ષિચૈતન્યનો આભાસ પડતાં ચિદ્રૂપ એવા જીવના નામથી ઓળખાય છે.[૬] કૂટસ્થ ચૈતન્ય કે જે અવિનાશી ચિદાકાશરૂપ છે, અને જીવ એવા નામવડે ઓળખાય છે, તે સર્વત્ર સદાકાળ સર્વ ઇંદ્રિયોદ્વારા વ્યાપ્ત થઇ રહેલ છે; અને તેનેલીધે તે સર્વ ઠેકાણે સર્વને દેખે છે.[૭] જીવ કે જે પોતે અણુરૂપ છે તે જ્યારે સર્વ ઇંદ્રિયોને સમેટી લઇ, નાડીઓની અંદર પથરાઇ રહેલ કફરૂપ અન્નરસવડે વીંટાઇ જાય છે ત્યારે તે તે ઇંદ્રિયોના સૂક્ષ્મ ભાગમાંજ નાડીઓની અંદર અનેક પ્રકારની સ્વપ્નસંબંધી ભ્રાંતિને અનુભવે છે.[૮] તે સમયે જીવ પોતે સ્વપ્નની અંદર કેમ જાણે ક્ષીરસાગરમાં ઉડતો હોય તેમ ચંદ્રોદયવાળા આકાશમાં ચાલ્યો જાય છે; વિકસિત થએલ અનેક જાતિનાં કમળવાળા સરોવરમાં પ્રવેશ કરે છે.[૯] પુષ્પમય એવાં દિવ્ય વાદળાંઓનાં કેમ જાણે પ્રતિનિધિરૂપ હોય તેવો દેખાવ આપનારાં સરોવરો અને ભમરાઓના ગુંજારવવડે સુશોભિત એવા બગીચાઓ કે જેઓ કેમ જાણે વસંત ઋતુના અંતઃપુરરૂપ હોય તેવા રમણીય છે, તેઓ સ્વપ્નની અંદર જીવરૂપી આકાશમાં ખડા થઈ જાય છે.[૧૦] સ્વપ્નની અંદર મંગળવડે યુક્ત, લીલાવડે ચપળ એવા સ્ત્રીઓના સમૂહથી સુશોભિત, ભક્ષ્યભોજ્ય અન્નપાનવડે પરિપૂર્ણ એવાં ઘરનાં આંગણાઓમાં દીપી નીકળતા એવા ઉત્સવો જોવામાં આવે છે.[૧૧] પુષ્પવાળી, ક્ષીણરૂપી હાસ્યવડે રમણીય, માછલીઓરૂપી ચપળ નેત્રને ધારણ કરી રહેલ, અને પૂર્ણ જોસમાં ચાલી જતી એવી નદીઓ વિલાસવડે સમુદ્રમાં જતી દેખાય છે.[૧૨] હિમાલયનાં શુભ્ર શિખરો અને અતિ શીતળ એવા મહેલો કે જેઓ કેમ જાણે ચંદ્રમય ભીંતોવડે બનાવેલ હોય તથા કેમ જાણે કળીચૂનો દઇ સાફ કરી રાખ્યા હોય અથવા અમૃતવડે ભીંતોને ધોઇ લીધેલ હોય એવા દેખાય છે.[૧૩] (કફપ્રધાન અન્નરસવડે નાડી પૂરાઇ જાય ત્યારે) સ્વપ્નની અંદર શિશિર ઋતુની વૃષ્ટિવડે અને હેમંતઋતુના તથા વર્ષા ઋતુના મેઘોવડે વીંટાએલ તથા શ્યામ એવી કમલિનીઓની લતાઓવડે અને બાળતૃણોવડે સુશોભિત એવાં સ્થલો જોવામાં આવે છે.[૧૪] પુષ્પોના સમૂહોવડે આચ્છાદિત, વિશ્રાંત થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રહેલ હરિણો અને પથિકોવડે વ્યાપ્ત અને સ્નિગ્ધ એવાં પલ્લવોવાળાં વૃક્ષોની છાયાવડે સુશોભિત એવી નગરનાં ઉપવનોની ભૂમિઓ દેખાય છે.[૧૫] કદંબ, કુંદ (ડોલર), મંદાર-આદિના મકરંદોની ચંદ્ર જેવી ઉજ્જવલ કાંતિ-વડે શોભી નીકળતાં એવાં આસનો, સ્થાનો અને તેની સુંદર રચનાઓવડે રમણીય દેખાતી પુષ્પસ્થલીઓ (પુષ્પોનાં અકૃત્રિમ સ્થલો) પણ જોવામાં આવે છે.[૧૬] કમલિનીઓના સમૂહ-વાળી, શ્યામ, સુંદર પુષ્પસ્થલને ધારણ કરી રહેલ અને વાદળાં વગરના નિર્મળ આકાશના જેવી સ્નિગ્ધ વનપંક્તિઓ દેખાય છે.[૧૭] કેળ, ડોલર, કદંબ આદિ વૃક્ષોને અને જુદી જુદી જાતના મૃગોને પોતાના શિખરમાં ધારણ કરી રહેલ અને ચપળ તથા રમણીય એવા લીલા-યુક્ત પલ્લવોવડે સુકોમળ એવી પર્વતોની પંક્તિઓ દેખાય છે.[૧૮] લીલાવડે વળી ગયેલ પુષ્પયુક્ત છુટા કેશપાશવડે કેમ જાણે મૂર્તિ-માન કોઇ માલતીની લતાજ હોય તેવી દેખાતી કોમળ અંગવાળી અને નૃત્ય કરી રહેલી બાળ અંગનાઓ દેખાય છે.[૧૯] વિકસિત થઇ રહેલ શ્વેતકમલિનીઓના જેવી ઉજ્વલ અને સુંદર એવાં સેંકડો ચામરોવડે, સેંકડો પાનપાત્રો-વડે અને સેંકડો ઉલ્લેચોવડે વીંટાએલ એવી રાજ્ઞીઓની સભાઓ દેખાય છે.[૨૦] વેલોના (લતાઓના) સમૂહોની વિચિત્ર રચનાના વિલા-સોવડે સુશોભિત એવા અવયવોને ધારણ કર-નાર અને ચપળતાથી વહ્યા જતાં જલોની પ્રણા-લીમાં (ઘોરીઆમાં) થયા કરતા પક્ષીઓના સૂક્ષ્મ ધ્વનિવડે ગંભીર એવી વનપંક્તિઓ દેખાય છે.[૨૧] પૃથ્વીને વૃષ્ટિવડે પોષણ આપવામાં ભયંકરરૂપને ધારણ કરનાર એવા મેઘોવડે યુક્ત પર્વતોવાળી દશે દિશાઓ જોવામાં આવે છે, કે જેઓ જળબિંદુઓ અને વાદળરૂપી પોતાની અંદર ધારણ કરી રહેલ હોય છે.[૨૨] ઓજની અંદર અણુરૂપે રહેલ જીવ પિત્તપ્ર-ધાન એવા રસવડે નાડી ભરાઈ જતાં પોતે વ્યાપ્ત થઇ જાય ત્યારે ત્યાં સ્વપ્નમાં પવનના ઝપાટાથી સૂકાઇ ગયેલ એવાં કેસુડાનાં (ખાખ-રાનાં) વૃક્ષોના જેવી સુશોભિત અને ઉજ્વલ એવાં કમળોનાં દળો અને પલ્લવોના જેવી સુકો-મલ જ્વાળાઓની પંક્તિઓને દેખે છે, કે જેઓ દાવાનલની શિખાઓના શ્યામ એવા ધૂમાડાવડે દિશાઓના મુખને શ્યામ કરી દે છે; અને તપેલ વેળુઓના સંપર્કથી જલબિંદુઓરૂપી અશ્રુ-ઓને ધારણ કરનાર નદીઓરૂપી શિરાઓ-(સૂક્ષ્મનાડીઓ) વડે યુક્ત હોય છે.[૨૩-૨૫] અગ્નિના જેવા કર્કશ ચક્રની ધારાના જેવી તીક્ષ્ણ કાંતિવાળા અને દાવાનલરૂપી વિષયના આવેશ-વડે જલાશયોને વ્યાપ્ત કરી દેનાર એવા સૂર્યો જોવામાં આવે છે.[૨૬] પ્રસ્વેદને, ઉષ્ણ થઇ રહેલા સમુદ્રને કિંવા સ્વેદથી ભીંજાઇ રહેલા ત્રૈલોક્ય-મંડળને દેખે છે, અને ખારને સ્રવનાર તથા ઘાટી ઝાડીઓવડે યુક્ત એવાં અરણ્યો પણ જોવામાં આવે છે.[૨૭] જીવ ચિત્તવડે વ્યાપ્ત થઇ જતાં (સ્વપ્નની અંદર) પ્રવાહમાં વહ્યા જતાં સારસપક્ષિઓવડે સુશોભિત એવાં ઝાંઝવાનાં જળમાં તરે છે, અને પૂર્વે કોઇ દિવસે ન દીઠેલાં સ્થલોને અને પૂર્વે કોઈ દિવસે ન થયેલાં વૃક્ષોને દેખે છે.[૨૮] ભયનેલીધે રસ્તામાં દોડયા જતા અને તપેલ ધૂળવડે ધૂસર થઇ ગયેલા પોતાના આત્માને તે દેખે છે, અને છેટેથી અમૃતના જેવાં દેખાતાં સ્નિગ્ધ છાયાવાળાં રસ્તાપરનાં વૃક્ષો પણ જોવામાં આવે છે.[૨૯] જ્વરવડે વ્યાપ્ત થઇ રહેલ પોતાના શરીરના આકારને, અગ્નિના જેવાં તપી ગયેલાં જગતને, ધૂળવડે વ્યાપ્ત થઈ રહેલા દેશોવાળાં દિશાઓનાં મુખોને અને તેવા-જ પ્રકારની પોતાની ઇંદ્રિયોને દેખે છે.[૩૦]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઘરની અંદર, ગામની અંદર, સમુદ્રની અંદર, પર્વતની અંદર, વનની અંદર અને આકાશની અંદર બધી દિશાઓ પ્રજ્વલિત અગ્નિવાળી જોવામાં આવે છે. અગ્નિની વૃષ્ટિ કરનારા અનંત મેઘોની ઘટાઓને કોઇ પ્રબલ શૂરવીરનીપેઠે ચોતરફ ધારણ કરનાર એવી શરદ્, ગ્રીષ્મ અને વસંત ઋતુઓ દેખાય છે. તડકાને ઉત્પન્ન કરનારા તાપોનો પણ અનુભવ થાય છે. ઘાસ, પલ્લવો, લતાઓના સમૂહો, મેઘોના સમૂહો અને ગરમી, એવડે ઢંકાઇ રહેલા પૃથ્વીના પ્રદેશો જોવામાં આવે છે.[૩૧,૩૨] સુવર્ણનું આકાશ અને તેવાજ પ્રકારનું ભૂતલ, તપી ગયેલાં દિશાઓનાં તટો અને તપી ગયેલ અનેક નદીઓ તથા તપી રહેલા હિમાલયના કેટલાક પ્રદેશો, દેખાય છે.[૩૩] અન્નરસની અંદર કફપિત્તનું પ્રાધાન્ય ન રહેતાં કેવળ વાયુવડે કરીનેજ પૂર્ણ થઇ રહેલા નાડીપ્રદેશમાં પ્રવિષ્ટ થઇ રહેલો જીવ કે જે પોતે અણુરૂપ (સૂક્ષ્મ) છે, તે જ્યારે વાયુવડે ઘેરાઈ (વ્યાપ્ત થઇ) જાય છે, ત્યારે ઓજની અંદર તે નીચેપ્રમાણે અનેક સ્વપ્નોને દેખે છે.[૩૪] પવનના બળથી બુદ્ધિમાં ક્ષોભ ઉત્પન્ન થવાનેલીધે પૂર્વે ન જોએલી (અપૂર્વ) વિલક્ષણ પૃથ્વી જોવામાં આવે છે; તેમજ નગરો, ગામડાંઓ, પર્વતો, સમુદ્રો અને વનોના સમૂહો પણ અપૂર્વ જોવામાં આવે છે.[૩૫] પોતે કેમ જાણે આકાશમાં ઉડતો હોય એવું દેખાય છે, શિલાઓ અને પર્વતનાં સ્થલો જોવામાં આવે છે. મેઘોની ગર્જનાવડે શબ્દવાળા દેશો દેખાય છે, અને કુંભારના ચક્ર (ચાકડા) વિનાજ ઘડાઓનું ભમવું ઇત્યાદિ જોવામાં આવે છે.[૩૬] ઘોડા, ઊંટ, ગરુડ, વાદળાંઓ અને હંસ, એ ઉપર ચડી ફરવું તથા તેપરથી ઉતરવું, એપણ અનુભવાય છે. યક્ષ-વિદ્યાધર આદિનું જવું આવવું અને ફરવું દેખવામાં આવે છે.[૩૭] પર્વતોનું, આકાશનું, પૃથ્વીનું, નદીઓનું, પ્રત્યંત પર્વતોનું કિંવા શિલાઓના સમૂહનું, વનમાં થનાર વૃક્ષ આદિનું, ગામડાંઓનું, નગરોનું, દિશાઓનું, અને ભયભીત અવયવોવાળા મનુષ્ય આદિ પ્રાણીઓનું, સમુદ્રમાં થનારા પરપોટાનીપેઠે કંપવું થતું જોવામાં આવે છે.[૩૮] અંધકૂપમાં પડેલ અથવા તો વિસ્તીર્ણ સંકટમાં આરૂઢ થઈ રહેલા પોતાના આત્માને દેખે છે, અને ઠેઠ આકાશસુધી અડકનાર એવી રચનાવાળાં તથા શોભાવાળાં વૃક્ષોને અને પર્વતોને પણ જુએ છે.[૩૯] વાત, પિત્ત અને કફ એવડે યુક્ત એવો જીવ જ્યારે પવનની પ્રધાનતાનેલીધે વાયુને આધીન થઇ રહેનારા નાડીઓના ભાગમાં પ્રવિષ્ટ થઈ રહ્યો હોય ત્યારે તે નીચે પ્રમાણે સ્વપ્નોને અનુભવે છે.[૪૦] પડતી એવી પર્વતોની વૃષ્ટિ જોવામાં આવે છે. સુંદર શિલાઓની વૃષ્ટિનું સંકટ અનુભવમાં આવે છે. ફાટી જતાં મંદિરોનાં અને પર્વતોનાં શિખરોના કડકાની સાથે ભમતાં એવાં વૃક્ષોના સમૂહો દેખાય છે.[૪૧] ભમતી જણાતી એવી વનોની રચનાની સાથે સંદિગ્ધ એવાં વાદળાંઓનો ઉત્કટ દેખાવ નજરે પડે છે. દિશાઓના મધ્યભાગો સિંહો, હાથીઓ અને વર્ષાઋતુના મેઘો, એવડે કરી સંપૂર્ણ રીતે વ્યાપ્ત થએલ જોવામાં આવે છે.[૪૨] વળી દિશાઓનું મધ્ય તાલ, તમાલ અને હિંતાલ નામનાં વૃક્ષોના સમૂહમાં પથરાઇ રહેલ એવા અગ્નિવડે વ્યાપ્ત દેખાય છે, અને ગુફાઓમાં ધૂમી રહેલ પવનના અવાજવાળા ઘોંઘાટવડે પેદા થતો ઘાટો ઘોઘરો અવાજ સાંભળવામાં આવે છે.[૪૩] મંદરાચળરૂપી મંથનદંડ (રવાઇ)-ની ગંભીર શબ્દરચના જેવી ગંભીર એવી શબ્દરચનાવડે સુંદર તથા પરસ્પર ભેદ કરનાર કુંજર એના સંઘર્ષવડે યુક્ત એવી ગુફા

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

પણ દેખાય છે.[૪૪] પર્વતના બે શિખરના મધ્યમાર્ગમાંથી પ્રવાહ ચાલવાનેલીધે તેનો અવાજ થવાથી કેમ જાણે બન્ને શિખર પરસ્પર અથડાતાં હોય, તેવો ભાવ બતાવનાર અને ચક્રવાક આદિ પક્ષીઓના શબ્દોના સમૂહવડે કર્કશ જણાતી એવી નદીઓ જોવામાં આવે છે, કે જેઓ મુક્તલતા (એકાવલીહાર)-નીપેઠે વહ્યા જતા પોતાના પ્રવાહના પડવાવડે કેમ જાણે આકાશને માલાઓવડે યુક્ત બનાવી દેતી હોય તેવી દેખાય છે.[૪૫] શિલાઓના કટકાઓવડે પૂર્ણ એવાં જળથી આકાશને પૂર્ણ કરી દેનાર અને પ્રવાહમાં વહ્યાં જતાં વનોના અને વાદળાંઓના પરસ્પર પછડાવાથી ઠેઠ સપ્તર્ષિ લોકસુધી પહોંચી વળનાર મહાસાગર પણ જોવામાં આવે છે,[૪૬] કે જે પરસ્પર તરંગોના સીંચાવાથી ધોવાઇ ગએલ દશે દિશાઓને જોઇ કેમ જાણે હસતો હોય તેવો જણાય છે, અને દિશામાં વ્યાપ્ત થઇ જનારા પોતાના કડકડાટીવાળા અવાજવડે ફાટી જનાર એવા પર્વતોનાં શિખરોથી કેમ જાણે ઘંટી ટાંકવાના શબ્દવડે સંયુક્ત હોય તેવો ભાવ બતાવે છે.[૪૭] વળી એ સમુદ્રની અંદર આકાશમાં ગતિ કરી રહેલ એવા પવનનેલીધે કંપિત થઇ રહેનાર એવા વનની અંદર પવનને અનુસરી થયા કરતું એવું લતાઓનું નૃત્ય જોવામાં આવે છે, અને શબ્દ કરી રહેલ તથા પોતેજ (પોતાના વેગવડે અને પરસ્પર અથડાવી) ઉત્પન્ન કરેલ એવા પાષાણોના ચૂર્ણથી કાબરા રંગના થઇ રહેલા શેવાલ આદિને ધારણ કરતો જોવામાં આવે છે.[૪૮] જેમ શૂરવીર પુરુષોના પરસ્પર પ્રહારમાં પ્રથમ મોટો કોલાહલ ઉત્પન્ન થાય, તેમ ગંભીર રીતે ઉત્પન્ન થતા એવા તાલીઓનાં વન આદિના મરમર (એક જાતના વિચિત્ર) શબ્દોવડે કેમ જાણે ત્રણે લોક તે સમયે ક્રૂર એવા પ્રાણીઓના આક્રંદવડે યુક્ત હોય તેવા જણાય છે.[૪૯] વાત, પિત્ત અને કફ એ ત્રણેવડે જ્યારે નાડીઓ પૂર્ણ થઇ રહી હોય ત્યારે ઉપર વર્ણવ્યા પ્રમાણે કાષ્ઠ, પાષાણ, માટી, વાયુ અને શૂરવીરોવડે વીંટાઇ જઈ સ્વપ્નની અંદર જડ બની ગએલ જીવ પીડિત દશામાં રહે છે.[૫૦] જીવ જ્યારે પુરીતની નામની નાડીમાં પ્રવિષ્ટ થાય છે, ત્યારે પછી આગળ ચાલવામાટે છિદ્રનો અસંભવ હોવાથી જે પ્રદેશમાં પ્રાણ પવનવડે થનારી ચપળતાથી રહિત થઇ જઇ પડખાનાં અસ્થિઓની ગ્રંથીવડે કેમ જાણે શિલાઓના સમૂહથી કોઈ ગુફામાં રુંધાઇ રહેલ હોય તેમ વિરૂદ્ધ જેવો બની જઈ જ્યારે પોતાના વ્યાપારમાં અસમર્થ થઇ જાય છે, ત્યારે માટીની અંદર રહેલ, નાના કીડાની પેઠે, શિલાની અંદર (બખોલમાં) રહેલ દેડકાની પેઠે, ગર્ભની અંદર (ગર્ભાશયમાં) રહેલ અપક્વ બાળકનીપેઠે, ફળની અંદર રહેલાં બીજની પેઠે, બીજના ગર્ભમાં રહેલ અંકુરની પેઠે, દ્રવ્યના પિંડની અંદર રહેલ પરમાણુનીપેઠે, અશ્રાંતપણે સ્તંભની અંદર રહેલ (કલ્પનામય) પૂતળીના દેહનીપેઠે તે સ્થલમાંજ રોકાઇ રહી ઘાટા એવા ઓજની અંદર, પોતે અંધારા કુવાના અંદરના ભાગ જેવી અંધકારમય અને શિલાના ગર્ભજેવી એકરસ એવી સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કરે છે.[૫૧-૫૪] જ્યારે જમેલ અન્ન પાકવડે પરિણામને પ્રાપ્ત થઇ જાય અને પોતાના જવા આવવાનો માર્ગ ખાલી થઇ જાય ત્યારે જીવ પ્રાણસંચારદ્વારા નીકળવાના યત્નનો આશ્રય કરી પ્રાણવડે બોધને પ્રાપ્ત થઇ સ્વપ્નને અનુભવે છે.[૫૫] જ્યારે દેહની અંદર પરિણામ પામનારા અન્ન-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રસો જ પ્રદેશમાં જીવસહિત નાડીઓના એક ભાગમાંથી બીજા ભાગમાં પ્રવેશ કરે છે, ત્યારે જીવ ઓજની અંદરજ પર્વતોની અતિવૃષ્ટિને સ્વપ્નમાં અનુભવે છે.[૫૬] બહુ પ્રદીપ્ત જઠરાગ્નિથી વ્યાપ્ત થઇ રહેલ એવા વાત પિત્ત આદિના યોગવડે જીવ બહાર અને અંદર બહુજ સંભ્રમને અનુભવે છે, અને જો તેઓનું બળ થોડું હોય તો થોડો સંભ્રમ અનુભવમાં આવે છે.[૫૭] જેમ સ્વપ્નમાં જીવ વાત–પિત્ત આદિના યોગથી પરવશ બની જઇ અનેક પ્રકારની ભ્રાંતિને દેખે છે, તેમજ બહાર પણ વાત–પિત્ત આદિના યોગથી ભ્રાંતિને અનુભવે છે.[૫૮] વાત–પિત્ત–કફ આદિવડે અન્નરસમાં થોડો ક્ષોભ ઉત્પન્ન થાય ત્યારે બહાર અને અંદર ભ્રાંતિવડે થોડું દૃશ્ય જોવામાં આવે છે. જ્યારે એ સર્વ વાત-પિત્ત આદિ દોષો સમાનતાથી રહ્યા હોય ત્યારે બહાર અને અંદર દૃશ્ય પણ એકસમાનરીતેજ અનુભવમાં આવે છે, અને જ્યારે તેઓ અત્યંત ક્ષોભને પ્રાપ્ત થઇ જાય ત્યારે અત્યંત ભ્રાંતિના દેખાવો બહાર અને અંદર જોવામાં આવે છે.[૫૯] જીવ જ્યારે કુપિત થએલ એવા વાત, પિત્ત, કફ આદિ દોષવડે વીંટાઇ રહે, ત્યારે ભૂમિ, પર્વતો, આકાશ, ઇત્યાદિનું કંપવું, અથવા અગ્નિના સમૂહવડે થતી જ્વાલાઓનું બળવું, અથવા આકાશમાં ઉડવું અથવા ચંદ્રોદય, હિમાચળ, અને વનનું દેખાવું, વૃક્ષોનું અને પર્વતોનું પાણીમાં તરવું, સમુદ્રની અંદર બૂડી જવું અને બહાર નીકળવું, દેવગૃહોમાં સુરતક્રીડા, પર્વતોમાં, ઉપવનોમાં અને ધોળાં વાદળાંઓના પીઠ ઉપર બેસવું તથા ધોળાં વાદળાંઓની ઉંચાઇ, મોટા કરવતવડે વહેરાવું, નરકના અનુભવનો ભ્રમ, આકાશની અંદર તાલ, તમાલ હિંતાલ આદિ વૃક્ષોની માળાઓનું ચલન–વલન, ચક્રના જેવી ચેષ્ટાવડે પડી જવું, આકાશમાં ત્વરાથી ઉડવું, શૂન્ય સ્થળમાં અનેક મનુષ્યોના સમૂહનું દેખાવું, સ્થળમાં પણ સમુદ્રમાં બૂડી જવાની ભ્રાંતિ, મહાઅંધકારમય મધ્યરાત્રિમાં થતો વિચિત્ર અને વિપરીત એવો વ્યવહાર, રાત્રિની અંદર દિવસના જેવોજ સૂર્યનો પ્રકાશ, દિવસે દુર્ભેદ્ય એવા અંધકારનું દેખાવું, આકાશમાં પર્વતોસહિત પૃથ્વીનો આભાસ, ધાટી એવી ભીંતોના બંદોબસ્તમાં ભીંતવગરના વિશાળ સ્થળની (મેદાનની) પ્રતીતિ, આકાશની અંદર ભીંતોના બંધો, શત્રુમાં મિત્રભાવ, પોતાના મનુષ્યોમાં પરબુદ્ધિ, દુર્જનમાં સુજનપણું, ખાડાઓમાં સરખી (સપાટ) જમીનની ભ્રાંતિ અને સરખી જમીનમાં ખાડાઓનો ભ્રમ, ઉત્તમ ગીતોના આલાપવાળા, ચૂનાવડે ધોળા, સુચિત્રિત, ધોળા સ્ફટિકના કે રૂપાના પર્વતો અથવા માંખણના પર્વતો, કદંબના અને તેની બીજી જાતિના તથા લીંબુના કે બીજોરાના પલ્લવોના ગુચ્છાઓવડે બનાવેલાં ઘરોની અંદર જેમ ભમરો પોતાની સ્ત્રીઓ સાથે કમલોની અંદર વિહાર કરે તેમ સ્ત્રીઓ સાથે વિહાર કરવો, એ વગેરે ભ્રાંતિને અંદરના વાત-પિત્ત-કફ્આદિ ધાતુઓની વિષમતાનેલીધે ઇંદ્રિયોની વૃત્તિઓ નિદ્રાવડે સંકુચિત થઇ જતાં અંદર સ્વપ્નમય દેખે છે, અને જાગ્રત અવસ્થામાં પ્રફુલ્લ થતાં બહાર દેખે છે. વાયુ આદિ ધાતુઓની અસમાનતાવાળા પુરુષો જેવી રીતે સ્વપ્નમાં એવી અનેક વસ્તુઓને દેખે છે, અને અનુભવે છે, તેમ બહાર પણ જાગ્રતમાં એ દોષોના બળથી એવાજ પ્રકારના અનેક પદાર્થોને દેખે છે, અને અનુભવે છે.[૬૦-૭૧] વાયુ આદિ ધાતુની અસમાનતાવાળા જીવોને એવી રીતે બહાર અને અંદર અનેક પ્રકારનાં અતિ ભયંકર કાર્યો વિપરીતપણે જોવામાં આવે છે.[૭૨]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ઓજની અંદર રહેલ આ જીવ વાયુ આદિ ધાતુઓ સમાન હોય તો આ વ્યવહારની સ્થિતિ પણ પોતાની મેળે સમાનપણે દેખે છે.[૭૩] નગર, ગામડાંઓ, મોટાં શહેરો અને અરણ્યોના સમૂહની યથાસ્થિત દશા, શાંત જળ, વૃક્ષોની સુશોભિત છાયા, દેશોની અંદર પથિકોનું (મુસાફરોનું) જવું આવવું તેના અનુભવમાં આવે છે.[૭૪] એવી રીતે સુખરૂપ એવો પ્રકાશ આપનાર સૂર્ય, ચંદ્ર, તારા અને રાત્રિદિવસ એવડે સુશોભિત એવું આ સર્વ દૃશ્ય કે જે સાવ મિથ્યા છે તે કેમ જાણે સત્ય હોય તેમ તેને ભાસે છે.[૭૫] જેમ પવનની અંદર તેની ચલનશક્તિ રહી છે, તેમજ ચિદ્રૂપ પરમતત્ત્વની અંદર આ દૃશ્યનો ચમત્કાર રહ્યો છે, તે અસત્ય છતાં સત્ય જેવો ભાસે છે, અને અભિન્ન છતાં કેમ જાણે ભિન્ન હોય તેવો થઈ રહ્યો છે.[૭૬] સર્વ જગત કે જે ચિદાકાશરૂપ છે તે શાંત એવા બ્રહ્મમાંથીજ ઉત્પન્ન થાય છે; અને જ્ઞાનવડે શમી જતાં બ્રહ્મથી કશું પણ જુદું જણાતું નથી; કેમકે સત્ય બ્રહ્મ કાંઇ જન્ય જગતરૂપે ઉત્પન્ન થતું નથી, એમ સિદ્ધ થાય છે કે આકાશના જેવા નિર્વિકાર અનંત એવા ચિદ્રૂપ તત્ત્વના સ્વરૂપની અંદર આભાસરૂપે રહેલ જગત અનંતરૂપે ભાસે છે, બાકી તે કશું બીજી વસ્તુ નથી.[૭૭]

शान्तादुदेति सकलं जगदंबरात्म-
शान्तं न किंचन न नाम सदित्युदेति ॥
तद्व्योमनीदृशमनंतचितेः शरीरे
भामात्रमाततमनंतवपुर्विभाति ॥ ७७ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाणप्रकरणना उत्तरार्द्धनो ' जगत्स्वप्नसुषुप्तवर्णन ' એ नामनो એકસો પિસ્તાલીશમો સર्ग સંપૂર્ણ. ૧૪૫

सर्ग १४६ मो.*

અદ્વૈત બ્રહ્મનું વર્ણન

॥ व्याध उवाच ॥

अनंतरं मुनिश्रेष्ठ तस्मिन् हृदि तदोजसि ॥
स्थितस्य तव किं वृत्तम् नामतो भ्रांतिरूपिणि ॥

વ્યાધ કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ ! એ પ્રાણીના હૃદયની અંદર રહેલ ઓજ કે જે વસ્તુતાએ જોતાં એક ભ્રાંતિરૂપજ હતું તેની અંદર રહેલ એવા તમને પછી આગળ શા વૃત્તાંતનો અનુભવ થયો ?[૧]

મુનિ કહે છેઃ—હે પ્રિય વ્યાધ ! હું કે જે પ્રાણીના તેજોધાતુમાં (ઓજમાં કિંવા આનંદમય કોશમાં) રહ્યો હતો અને એ પ્રાણીના જીવની સાથે લિંગદેહવડે મિશ્રિત થઇ ગયો હતો તેને પછી જે કાંઇ અનુભવાયું તે તમે સાંભળો.[૨] તે સમયે મહાઘોર એવો કલ્પાંતનો ભ્રમ થઇ રહ્યો હતો અને મોટા પ્રૌઢ પર્વતોને ઘાસનીપેઠે વહન કરનાર એવો પ્રલયકાળનો પવન વાતો હતો.[૩] તે સમયે કોણ જાણે ક્યાંયથી પર્વતોની વૃષ્ટિ થઇ કે જેની અંદર વિસ્તારવાળાં અનેક વનો, શિખરો, ગામડાંઓ અને નગરો ધસડાઈ જતાં હતાં.[૪] હું જ્યારે તે પ્રાણીના ઓજની અંદર તેના જીવની સાથે એકતાને પ્રાપ્ત થઈ ગયો ત્યારે તેમાં હું કે જે સૂક્ષ્મરૂપે રહ્યો હતો તેણે પર્વતની વૃષ્ટિ જોઇ.[૫] હું તે પ્રાણીની નાડીની અંદર રહેલ અન્નરસના થોડા ભાગરૂપી પર્વતના ઉંચા પૂરવડે સંકુચિત આકારવાળો બની જઇ અંધતામિસ્રના જેવી અથવા અજ્ઞાનરૂપી અંધકારવડે મિશ્ર એવી સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કરવા લાગ્યો.[૬] કેટલાક

* આ એકસો છેતાલીશમા સર્ગમાં પોતાને પ્રસ્તુત સ્વપ્ન જોયા પછી થએલી સુષુપ્તિવિષે વર્ણન આવશે અને ફરીવાર પાછા સ્વપ્નના વર્ણનવડે બ્રહ્માદ્વૈતવિષે વિસ્તારથી કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સમયસુધી સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કરી પછી ધીરે ધીરે હું કમલોના સમૂહની પેઠે ઉદ્બુદ્ધ (જાગ્રત) થવા લાગ્યો.[૭] અંધકારમાં બંધ કરી રાખેલ દૃષ્ટિ જેમ તેજના ચક્રજેવી થઈ જોવામાં આવે છે, તેમ સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થએલ મારું પોતાનું આત્મતત્ત્વજ સ્વપ્ન-ભાવને પ્રાપ્ત થઇ ગયું.[૮] સુષુપ્તિની વિશ્રાંતિનો અનુભવ કર્યા પછી મેં સ્વપ્નનિદ્રામાં પ્રવેશ કર્યો અને સમુદ્ર જેમ પોતાની અંદર તરંગ આદિ અનેક વિકારોને જુએ તેમ મેં તે ઓજની અંદર દૃશ્યને જોયું.[૯] જેમ ચલનશક્તિરહિત નિશ્ચલ એવા પવનની અંદર અભિન્ન સત્તાથી ચલનશક્તિ રહી હોય, તેમ એ દૃશ્ય કે જે ચિદાકાશરૂપજ હતું તે તે સમયે મને દૃશ્યરૂપે જોવામાં આવતું હતું.[૧૦] જેમ અગ્નિ આદિમાં ઉષ્ણપણું રહે, જળ આદિમાં દ્રવપણું રહે અને મરી આદિમાં તીખાશ રહે તેમ ચિદા-કાશની અંદર જગત રહેલ છે.[૧૧] સ્વપ્ન–સૃષ્ટિ-રૂપી દૃશ્ય એક ચિદ્રૂપ હોવાથી ચેતનસત્તાવડે જેમ માતાના ઉદરમાંથી બાળક પુત્રનો પ્રસવ થાય તેમ સુષુપ્તિ અવસ્થારૂપી દૃશ્યમાંથીજ ઉત્પન્ન થયું હતું.[૧૨]

વ્યાધ કહે છેઃ—હે વક્તાઓમાં શ્રેષ્ઠ! આપે સુષુપ્તિમાં પણ દૃશ્યભાવ કહ્યો તો સુષુપ્તિમાં શી દૃશ્યતા રહી છે? તે કહો.[૧૩] તે પ્રાણીના સુષુપ્તિ અવસ્થાવાળા આત્મામાંથી અથવા તમારા પોતાના સુષુપ્તિવાળા આત્મામાંથી ઉત્પત્તિવાળું જગતરૂપી દૃશ્ય શું બીજેજ પ્રકારે ઉત્પન્ન થાય છે, અથવા તો સર્વ દૃશ્યનો લય થઇ જતાં જે સુષુપ્તિ અવસ્થાનો ઉદય થાય છે તે કાંઈ જુદાજ પ્રકારની છે?[૧૪]

મુનિ કહે છેઃ—ઘટ આદિ અને જગત આદિ ઉત્પન્ન થાય છે, ભાસે છે, પ્રસિદ્ધરૂપે પ્રતીતિમાં આવે છે, એ વગેરે સર્વ દ્વૈતભ્રમણાના મૂર્ખોનો પ્રલાપ કેવલ કલ્પનાત્મક છે.[૧૫] વસ્તુતાએ જોતાં જાત એવો શબ્દ સન્માત્રનોજ એક પર્યાય છે; અને તે શી રીતે છે તે તમે સાંભળો. જની ધાતુ જનીપ્રાદુર્ભાવે એમ જણાવી પાણિનિ આદિએ પ્રાદુર્ભાવરૂપી અર્થમાં કહ્યો છે; અને પ્રાદુર્ભાવ શબ્દનું પણ મૂળસ્વરૂપ જોઇએ તો તેનું મુખ્ય અંગ ભૂ ધાતુ છે.[૧૬] એ ભૂ ધાતુ પાણિનિ આદિ ઋષિઓએ (ભૂસત્તાયાં) સત્તાના અર્થમાંજ કહેલ છે, અને તેનેલીધેજ પ્રાદુર્ એવા ઉપ-સર્ગવાળા ભાવશબ્દવડે પ્રકટરૂપે જણાતા પદા-ર્થોનો નિર્દેશ કરવામાં આવે છે, અને તે નિત્ય-સિદ્ધ સ્વપ્રકાશ ચિદાત્મારૂપેજ છે; અને કદાચિત્ જાતઃ નામ સર્ગતઃ જાતઃ એટલે સર્ગથી-સૃષ્ટિથી ઉત્પન્ન થએલ એવો અર્થ કહેવામાં આવે તોપણ સર્ગ શબ્દ સૃજ્ ધાતુમાંથી ભાવમાં ઘઞ્ પ્રત્યય લાગતાં સિદ્ધ થાય છે, અને ઘઞ્ નો અર્થ ભાવ કે જે સત્તારૂપ કહેવાય છે તેમાં એ સૃજ્ ધાતુના અર્થનો અભેદ સંબંધવડે અન્વય કરતાં સદ્રૂપ અર્થનો લાભ થાય છે, જેથી એ સર્ગ પણ સદ્રૂપ પરમાત્માથી જુદો કહી શકાતો નથી.[૧૭] આપણ વગેરે વિદ્વાનોની દૃષ્ટિમાં કશું ઉત્પન્ન થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી, પરંતુ સર્વ શાંત અને જન્મ આદિ વિકારથી રહિત સદ્રૂપ (બ્રહ્મરૂપ) છે.[૧૮] બ્રહ્મ સર્વસત્તારૂપ છે અને જગત પણ બ્રહ્મરૂપ હોવાથી સર્વસત્તારૂપ છે, તો પછી તેમાં કયા વિધિ-નિષેધનો અવકાશ છે, તે તમેજ કહો.[૧૯] બ્રહ્મની અંદર જે માયાશક્તિ રહેલ છે તેવડેજ અમુક પદાર્થ છે અને અમુક નથી, એવો લૌકિક વ્યવહાર થાય છે, કેમકે તે બ્રહ્મજ માયાના યોગથી અવિવેકીઓને તેવે પ્રકારે ભાસે છે; અને જેમ જેમ માયાશક્તિનો વિકાસ થતો જાય છે તેમ તેમ બ્રહ્મ કે જે સર્વના આત્મારૂપ છે તે સર્વશક્તિમાન થઇ જઇ સર્વ પદાર્થરૂપ પ્રતીત થાય છે.[૨૦] પરમાર્થને જાણ-

CC-0. Gurukul Kangri University Haridwar. Collection. Digitized by eGangotri Foundation USA

નાર (તુરીય અવસ્થામાં સદા રહેનાર) પંડિતોની દૃષ્ટિમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ કશું છેજ નહિ, અને યથાસ્થિતપણે સર્વ રહેલ પણ છે.[૨૧] જેમ સ્વપ્નનગર અને સંકલ્પનગર અનુભવમાં આવતાં છતાં તેનું કશું પણ વાસ્તવ સ્વરૂપ નથી, તેમ સૃષ્ટિના આરંભથી માંડી આ જગત અનુભવમાં આવતાં છતાં તેનું કશું પણ વાસ્તવ સ્વરૂપજ નથી.[૨૨] આ સ્વપ્નસૃષ્ટિનો તો દ્રષ્ટા જીવ (પ્રાણ આદિ ઉપાધિવાળો) અહીં સંભવે છે; પરંતુ સૃષ્ટિના આદિ કાળમાં તો (બીજું કશું ન હોવાથી) દૃશ્યરહિત કેવળ શુદ્ધ ચિદાકાશજ પ્રકાશે છે, કે જે આકાશનાથી પણ વિશેષ સ્વચ્છ છે.[૨૩] વાસ્તવિક દૃષ્ટિએ જોતાં અહીં દ્રષ્ટા કે ભોક્તા કશું નથી, સર્વ એક ચિદ્રૂપજ છે કે જે કશારૂપ નથી અને કાંઇ આરોપિતરૂપે પ્રતીતિમાં પણ આવે છે કે જ્યાં વાણી ન પહોંચી શકવાથી મૌનનોજ આશ્રય લેવો પડે છે.[૨૪] સૃષ્ટિના આદિકાળમાં કારણના અભાવને લીધે ચિદાકાશની અંદર સ્વપ્નનગર અને સંકલ્પનગરની પેઠે જેવા વિવર્તનો ઉદય થાય છે તે ઘણા લાંબા કાળસુધી ઠેઠ પ્રલયપર્યંત તેવેજ પ્રકારે રહે છે.[૨૫] એવી રીતે પોતાના આત્મારૂપ ચૈતન્યજ દ્વૈતરૂપ હોવાથી અજ્ઞાનને લીધે દ્વૈતભ્રાંતિ થતાં અવિવેકી પુરુષ જેમ કોઈ બાળક પોતાના અંગ વસ્ત્ર આદિ ઉપર લખેલ વ્યાઘ્ર સર્પ આદિના ચિત્રથી ભયને પ્રાપ્ત થાય છે અને જેમ પ્રૌઢપુરુષ અંગવસ્ત્ર આદિમાં લખેલ વ્યાઘ્ર સર્પ આદિથી નથી ડરતો, તેમ જ્ઞાનનો ઉદય થતાં પુરુષ પોતાની મેળેજ ભયને પ્રાપ્ત થતો નથી.[૨૬] તત્ત્વદૃષ્ટિથી જોતાં આદિ મધ્ય અને અંતથી રહિત, અનંત અને અતિસ્વચ્છ બ્રહ્મજ ભ્રાંતિને લીધે અતિવિકારી અને નાનાપ્રકારે થઇ રહેલ ભાસે છે કે જે યથાસ્થિતપણે રહેનાર અને સદાકાળ પ્રકાશમય છે. આ જગત જે કે વિકારવાળું જણાય છે પણ વસ્તુતાએ જ્ઞાનનો ઉદય થતાં શાંત બ્રહ્મરૂપજ છે.[૨૭]

अनादिमध्यान्तमनन्तमेकमत्यच्छमेवातिविकारि नाना ॥ यथास्थितं भास्वरमप्यशान्तमिदं समस्तं परिशान्तमेव ॥ २७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સુષુપ્તિવિચાર'એ નામનો એકસો છેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૬

સર્ગ ૧૪૭ મો.*

જગતરૂપી દૃશ્યનું વર્ણન

॥ मुनिरुवाच ॥

अनंतरं महाबाहो सुषुप्तान्निर्गतस्य मे ॥ स्वप्ने जगद्दृश्यमिदं सागरादिव निर्गतम् ॥१॥

મુનિ કહે છેઃ—હે મહાબાહો ! પછી સુષુપ્તિ અવસ્થામાંથી નિકળતાં સ્વપ્ન અવસ્થાની અંદર મને કેમ જાણે સમુદ્રમાંથી મણિ મોતી આદિ નીકળતાં હોય તેવું જણાતું, અને કેમ જાણે આકાશના અવયવમાંથી અથવા પૃથ્વીમાંથી અથવા ચિત્તમાંથી કિંવા દૃષ્ટિમાંથી પ્રકટ થયું હોય તેવો ભાવ બતાવતું, વૃક્ષોમાંથી કેમ જાણે પ્રફુલ્લિત થઈ ગએલ હોય અને કેમ જાણે પ્રથમથીજ સિદ્ધ એવી કોઇ સૃષ્ટિ તે સમયે ઉત્પન્ન થઈ દેખાતી હોય તેવું જણાતું, કાંઠા ઉપર અથડાયા કરતા સમુદ્રનો કેમ જાણે તરંગોનો સમૂહ હોય અથવા નેત્રની અંદર મસલાં, મોવાળા, બે ચંદ્ર, ઇત્યાદિ ભ્રાંતિ ખડી થઇ દેખાતી હોય તેવા ભાવને સૂચવતું, કેમ જાણે આકાશમાંથી કે દિશાઓમાંથી ચાલ્યું આવ્યું

* આ એકસો સુડતાલીશમા સર્ગમાં દૃષ્ટાંતોવડે સુષુપ્તિ અવસ્થામાંથી સ્વપ્ન અવસ્થામાં આવવાનો ક્રમ કહેવામાં આવશે અને પોતાના પ્રથમના કુટુંબ આદિનું દર્શન તથા તેનું વાસ્તવ તત્ત્વ નિરૂપણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હોય અથવા તો પર્વતોમાંથી કે પૃથ્વીમાંથી આવર્ભાવને પ્રાપ્ત થઇ ગયું હોય તેવું જણાતું, કેમ જાણે હૃદયમાંથીજ બહાર નીકળ્યું હોય તેવો ભાવ બતાવતું, કેમ જાણે આકાશમાં મેઘોનો પ્રવેશ થતો હોય તેવું જણાતું અને કેમ જાણે વૃક્ષોમાંથી ઉત્પન્ન થયું હોય અથવા પૃથ્વીમાંથી ધાન્યની પેઠે પ્રકટ થતું હોય, કેમ જાણે અવયવોમાંથી બહાર નીકળી આવ્યું હોય અથવા ઇંદ્રિયોવડે કેમ જાણે પ્રકટ થઇ ગયું હોય અથવા લૂગડામાંથી પ્રકટ થતું કોઈ ચિત્ર હોય અથવા મંદિરમાંથી નીકળી બહાર પ્રકટરૂપે દેખાતું હોય, અથવા તો કેમ જાણે આકાશમાંથી ઉડી કોણ જાણે ક્યાંયથી આવી પડયું હોય તેવા ભાવને સૂચવતું, અથવા તો કેમ જાણે પૃથ્વીમાં સંચય કરી રાખેલ પુણ્ય પરલોકમાં ફળરૂપે પ્રાપ્ત થયું હોય કિંવા રાજાને પ્રજા તરફથી મળેલ એવી કોઈ અપૂર્વ ભેટ હોય તેવું દેખાતું, કેમ જાણે બ્રહ્મરૂપી વૃક્ષનું પુષ્પજ કાળયોગે વિકસિત થઇ ગયું હોય, સમુદ્રનો કેમ જાણે કોઈ અપૂર્વ તરંગ હોય, ચિદાકાશરૂપી સ્તંભની અંદર કેમ જાણે કોતર્યાવિનાજ પ્રકટ થઇ ગએલી કોઇ સુંદર પૂતળી હોય તેવો દેખાવ આપતું, આકાશરૂપી મૃત્તિકાના વિકારરૂપ અનંત ભીંતોવાળું કેમ જાણે આકાશનગર હોય, અથવા મનરૂપી હાથીનો કેમ જાણે કોઈ રમણીય વિલાસ હોય, અથવા મિથ્યા છતાં કેમ જાણે જીવનું સર્વસ્વ હોય તેવું દેખાતું આકાશની અંદર ભીંતવિનાજ કેમ જાણે કોઇ વિચિત્ર ચિત્રજ આલેખેલ હોય તેવું જણાતું, માયા રચવામાં સમર્થ એવા અવિદ્યાના નામને ધારણ કરનાર કોઈ ઐંદ્રજાલિકનું (ઇંદ્રજાળ દેખાડનારનું) કેમ જાણે માયાનું સર્વસ્વ હોય તેવા દેખાવવાળું, મોટા આરંભવાળું, અને સ્થિર છતાં દેશ કાળથી રહિત, નાના પ્રકારના અનેક પદાર્થોવડે યુક્ત છતાં અદ્વિતીય, અનેક પ્રકારે દેખાતાં છતાં કશારૂપ નહિ તેવું, અવસ્તુરૂપ હોવાથી ગંધર્વ નગરના દૃષ્ટાંત જેવું, જાગ્રત અવસ્થામાં ભ્રાંતિવડે પ્રતીતિમાં આવતાં રજ્જુ, સર્પ, અને ઝાંઝવાનું જળ ઇત્યાદિના જેવું, ચિદાકાશના એક વિવર્તરૂપ, નહિ રચાએલ છતાં કેમ જાણે ખરેખર રચાએલજ હોય તેવું જણાતું, દેશ, કાળ, ક્રિયા, દ્રવ્ય, ઉત્પત્તિ અને સંહાર એવડે યુક્ત, દેવતા, દૈત્ય, અને મનુષ્યવડે યુક્ત એવાં ત્રૈલોક્યના આધારરૂપ એવા પોતાના અંદર અંદરના ભાગોવડે (કેળના થાંભલાપેઠે) મનોહર, પોતાના જુદા જુદા કોઠામાં રહેલ એવા બીજોના સમૂહવડે ભરેલા એવા દાડમના ફળનીપેઠે પોતાની અંદર રહેલ એવાં અનેક પ્રાણીઓવડે ભરપૂર, નદી, પર્વત, વન ઇત્યાદિમાં (પ્રતિબિંબરૂપે) રહેલ એવા આકાશના તારાઓ અને વાદળાંઓવડે વ્યાપ્ત, ધુધવાટ કર્યા કરતા સમુદ્રના શબ્દસાથે ભળી ગયેલ એવા પવનના શબ્દવડે શબ્દાયમાન, એવું આ જગતરૂપી દૃશ્ય મારા જોવામાં આવ્યું. પછી સ્વપ્નની અંદર મેં એ દૃશ્યના સમૂહને જોયો અને તેમાં મને મારું પૂર્વનુંજ ગામ તથા પૂર્વનુંજ ઘર જોવામાં આવ્યાં;[૧-૧૬] તથા તેટલીજ અવસ્થાવાળા તેજ બંધુઓ, તેજ પુત્રો, તેજ સ્ત્રી અને તેજ ઘર મેં દીઠાં;[૧૭] કે જેઓ મહાસાગરમાં ઉપડતો તરંગ તટ ઉપર ગયેલ અને વ્યાકુળ થઈ ગયેલ પોતાના પૂર્વના અંગને (તરંગને) જેમ પાછો ખેંચે તેમ મારી પૂર્વની ઘર, ગામ, પુત્ર, બંધુ, આદિની વાસનાને બલાત્કારથી પાછાં ખેંચી લાવતાં હતાં.[૧૮] પછી હું તેઓના સર્વના આલિંગનથી સુખને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પ્રાપ્ત થઈ ગયો. હું તે સમયે તે વાસનાવડે ખેંચાએલ હોવાથી પૂર્વની સ્મૃતિને સાવ ભૂલી ગયો.[૧૯] જેમ અરીસો જે વસ્તુ પોતાની પાસે આવે તેના પ્રતિબિંબને પોતાની મેળેજ ગ્રહણ કરી લે છે, તેમ ચિદ્રૂપ અરીસો પણ વાસનાવડે જે જે પદાર્થ પોતા તરફ ખેંચાઈ આવે તેને સ્વાભાવિક રીતેજ ગ્રહણ કરી લે છે.[૨૦] હે પ્રિય વ્યાધ ! સર્વ ચિદાકાશરૂપજ છે એવો જેને બોધ થઇ ગયો હોય તે વાસનામય એવા દ્વૈતપ્રપંચવડે ખેંચાતો નથી, પરંતુ તે કેવળ પોતાની સ્વરૂપસ્થિતિમાંજ આરૂઢ રહે છે.[૨૧] જ્ઞાનવડે સુશોભિત એવી જેની નિર્મળ સ્મૃતિ કોઇ દિવસ પણ નાશને પ્રાપ્ત થતી નથી તેને આ દ્વૈતરૂપી પિશાચ કાંઈ પણ બાધ કરતો નથી.[૨૨] સત્પુરુષોના અને સચ્છાસ્ત્રોના સમાગમવડે તથા અભ્યાસયોગવડે જેઓમાં તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે તેનામાં પછી ફરીવાર તે તત્ત્વજ્ઞાન પોતાના ઉદયનું વિસ્મરણ ન કરતાં અહર્નિશ કાયમજ રહે છે.[૨૩] તે વખતે મારું તત્ત્વજ્ઞાન પ્રૌઢ ન હતું, જેનેલીધે તે બંધુ, સ્ત્રી, પુત્ર આદિની વાસનાવડે પરાસ્ત થઇ ગયું હતું, પરંતુ આજે તો દુર્વાસનાનો સમૂહ મારી બુદ્ધિને બાધિત કરવાને સમર્થ નથી અને હવે તો તે કશા હિસાબમાં નથી.[૨૪] હે વ્યાધ ! તારી બુદ્ધિપણ સત્સંગથી રહિત છે તેનેલીધે હમણાં તરતમાં તે શાંતિને પ્રાપ્ત થતી નથી, પરંતુ અનેક કષ્ટવડે દ્વૈતના સ્વરૂપનો બોધ થતાં સાધનોના અભ્યાસના પરિશ્રમથી જ્ઞાનનો ઉદય થઇ તે શાંતિને પ્રાપ્ત થઈ જશે.[૨૫]

વ્યાધ કહે છેઃ—હે મહારાજ ! આપ જે કહો છો તે સત્ય છે, કેમકે આપનાં આવાં પવિત્ર અને બોધ ઉત્પન્ન કરવાવાળાં વચનોવડે પણ મારી બુદ્ધિ પરમપદમાં વિશ્રાંત થતી નથી.[૨૬] આમ થતું હશે કે નહિ થતું હોય, એવો સંશયોનો સમૂહ આ સદ્વસ્તુ અનુભવમાં આવતાં છતાં પણ હજી અદ્યાપિ શાંત થતો નથી.[૨૭] અહો અભ્યાસવડે સુદૃઢ બની ગયેલી આ અવિદ્યા દુરંત છે, કે જે વસ્તુતાએ જોતાં નહિ હોવાનેલીધે શાંતજ છે છતાં હજી પણ શાંત થતી નથી![૨૮] ઉત્તમ શાસ્ત્રો, ગુરુપરંપરા અને વિચાર ઇત્યાદિવડે મનોહર અંગવાળા સત્સંગથી ઉત્પન્ન થએલ પદ-પદાર્થની વિવેકબુદ્ધિના અભ્યાસથી ઉત્પન્ન થએલ તત્ત્વજ્ઞાનથી ભૂમિકાના ક્રમપ્રમાણે આ જગતનો ભ્રમ શમી જાયછે, બાકી બીજા કોઇ પણ પ્રકારથી તે શાંત થતો નથી; એવો મારો નિશ્ચય છે.[૨૯]

सत्संगतैः पदपदार्थविबुद्धबुद्धेः ।
सच्छास्त्रसत्क्रमविचारमनोहरांगैः ॥
अभ्यासतः प्रशममेति जगद्भ्रमोयं ।
नान्येन केनचिदपीति विनिश्चितिर्मे ॥ २९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સ્વપ્નોપલંભન' એ નામનો એકસો સુડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૭

સર્ગ ૧૪૮ મો.*

સ્વપ્નની સત્યતા તથા અસત્યતા વિષે.

॥ व्याध उवाच ॥

एवं चेत्तन्मुनिश्रेष्ठ सत्यताऽसत्यता कथम् ॥
स्थितः स्वप्नदृशा चैष सुमहान् संशयो मम ॥१॥

વ્યાધ કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ ! જો આપ કહો છો તેમજ હોય તો કેટલાંક સ્વપ્નમાં સત્યતા અને કેટલાંકમાં અસત્યતા કેમ હોય છે? સ્વપ્નદૃષ્ટિવડે જોતાં મારા ચિત્તમાં આ મોટો સંશય ઉત્પન્ન થાય છે.[૧]

મુનિ કહે છેઃ—ચિદાત્માની અંદર સ્વપ્ન

---

* આ એકસો અડતાલીશમા સર્ગમાં સ્વપ્નની સત્યતા અને અસત્યતાવિષેનો હેતુ કહેવાશે, અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની એકતા તથા ચિદાકાશના સ્વરૂપ થઈ રહેવાવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અવસ્થામાં યોગ્ય દેશ, કાળ, ક્રિયા અને દ્રવ્યના સંયોગથી જે સંકલ્પ કાકતાલીયની પેઠે નિશ્ચયરૂપે ઉદય પામે છે તે સત્યસ્વપ્ન એવા નામથી કહેવાય છે.[૨] મણિ, મંત્ર, ઔષધિ અને દ્રવ્યરૂપી નિમિત્તવડે કોઇ સ્થલે તેનો વ્યભિચાર થતો નથી (તે બરાબર મળે છે) અને કોઇ સ્થલે (સાધનસંપત્તિના અભાવે) વ્યભિચાર પણ જોવામાં આવે છે, પરંતુ (શાસ્ત્રમર્યાદા પ્રમાણે તેને સત્ય સ્વપ્નમાં ગણેલ હોય તો) તેને સત્યસ્વપ્ન એવા નામવડે કહી શકાય છે.[૩] લોકોમાં જ્યારે સત્ય સ્વપ્નની સ્થિતિ આવી રીતે રહેલી છે, ત્યારે તેના સત્ય અને અસત્યપણામાં કાકતાલીય ન્યાય વિના બીજું નિયામક સાધન મળતું નથી.[૪] પોતાના દૃઢ નિશ્ચયવાળું હિરણ્યગર્ભ આદિના સંકલ્પનું સ્ફુરણ જ્યાં જેવો નિશ્ચય બાંધી બેસે છે ત્યાં (સત્યસંકલ્પતાનેલીધે) તેનો સ્વભાવજ તેવા ફલવડે યુક્ત હોવાથી તેવેરૂપે થઇ જાય છે.[૫] કદાચિત્ તે હિરણ્યગર્ભના નિશ્ચયને કોઇ બીજા (સિદ્ધ)નો વિરુદ્ધ સંકલ્પ પ્રતિબંધકારક હોય તોપણ હિરણ્યગર્ભના પ્રૌઢ નિશ્ચયને પ્રતિબંધ કરી શકે નહિ, કિંતુ હિરણ્યગર્ભના સંકલ્પને અનુકૂલ રીતેજ તે ઉદય પામે છે.[૬] વસ્તુતાએ જોતાં બહાર અને અંદર કોઈ ઠેકાણે કોઈ પણ પદાર્થો નથી કિંતુ ચિદાકાશ એક છે, અને તે જેવી દૃઢ ઇચ્છા કરે છે તેવા અનેક જગતને રૂપે પોતે થઈ જાય છે.[૭] શાસ્ત્ર આદિ પ્રમાણના બલથી "આ સ્વપ્ન સત્ય છે" એવો અંદર દૃઢ નિશ્ચય બંધાઇ ગયો હોય તો તે તેવેરૂપે (સત્યપણે) ઉદય પામી અનુભવમાં આવે છે; અને શાસ્ત્ર આદિ પ્રમાણના સંશયનેલીધે જો તેમાં કાંઇ સંદેહ રહેતો હોય તો તે સંદિગ્ધરૂપે અનુભવમાં આવે છે.[૮] જો સ્વપ્નના સત્યપણાવિષે કલ્પના થઈ હોય તો કદાચિત્ તે (ધારેલ) ફલ બીજા કોઇ કારણથી પ્રાપ્ત થાય તોપણ આ ફલ સ્વપ્ને સૂચવેલ છે એમ તે મનુષ્ય (પોતાના નિશ્ચયપ્રમાણે) સમજે છે.[૯] ત્રણે લોકની અંદરના સર્વે પદાર્થો તે તે પુરુષના પોતાના આત્માની અંદર ઘણા કાલના લાંબા પરિચયથી આરૂઢ થઈ રહેલ છતાં અને દૃઢ થઈ રહ્યા છતાં ઘણે લાંબે સમયે કે થોડાજ સમયમાં દેશ, કાલ અને યત્ન ઇત્યાદિના યોગથી પોતાના પૂર્વ સ્વભાવને છોડી દે છે; કેવલ એક ચિદાકાશજ પોતાના સ્વભાવને છોડતું નથી અને તેજ સત્ય છે.[૧૦] સૃષ્ટિના આદિકાલથી માંડીને એ ચિદાકાશનોજ આ જગત એક વિવર્ત છે; એ વિશાલ ચિદાકાશજ પોતાની ઇચ્છાપ્રમાણે ઇતર વસ્તુઓની સત્તાને વિસ્તારે છે.[૧૧] એક ચિન્માત્ર બ્રહ્મને છોડી બાકી બીજું સર્વ નિરંતર (ચિદ્રૂપે) સત્ય અને (આરોપિતરૂપે) અસત્ય છે, અને નિયમવડે યુક્ત તથા નિયમથી રહિત છે; એમ તમે સમજો.[૧૨] સદ્રૂપ એવું બ્રહ્મજ સર્વરૂપ થઈ રહેલ છે, બીજું કશું છેજ નહિ, તો પછી એ આભાસમાં સત્ય–અસત્યનો શો વિચાર કરવો ?[૧૩] અવિવેકી પુરુષોને ક્યાંક સ્વપ્ન સત્ય અને ક્યાંક અસત્ય જણાય છે; અને પ્રબુદ્ધ (બોધવાન) પુરુષોને તો તેમાં સત્યતા કે અસત્યતા કશું જણાતું નથી.[૧૪] ચિદાત્માની ભ્રાંતિજ જગતને નામે આકારવાળી ભાસે છે, અને તે મિથ્યાપણાથી પોતાના ભ્રાંતિભાવને સૂચવે છે તો પછી તેને યથાર્થ કેમ કહી શકાય ?[૧૫] જલ જેમ પોતાની અંદર દ્રવપણાને ધારણ કરી લે છે, તેમ ચિદાકાશ ચિત્તરૂપ બની જઇ પોતાના આત્માની અંદર જે કાંઈ વિવર્તભાવને પ્રાપ્ત થાય છે તેજ આ જગત છે.[૧૬] જેમ સ્વપ્નને જોઇ સુષુપ્તિનો અનુભવ થાય છે તેમ જાગ્રતને જોઇ સ્વપ્નનો અનુભવ થાય છે.[૧૭] માટે હે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મહાબુદ્ધિશાલિ ! આ જાગ્રત તે સ્વપ્નજ છે એમ સમજો; અને સ્વપ્નને જાગ્રતરૂપ સમજો. એ બન્નેરૂપે જન્મ આદિ વિકારથી રહિત એક બ્રહ્મજ થઇ રહેલ છે.[૧૮] દૃશ્યથી રહિત એક ચિદાકાશનોજ આ સર્વ વિવર્ત છે; અને તેની અંદર જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ સંજ્ઞાઓ પર્યાય શબ્દની પેઠે કલ્પવામાં આવી છે.[૧૯] અહીં કોઇ પણ જાતનો દૃઢ નિયમ કે અનિયમ એ કશું નથી. સ્વપ્ન આદિરૂપે વિવર્તભાવથી દેખાતા એવા એક ચિદાકાશની અંદર નિયતિની (એક ચોકસ નિયમની) અને અનિયતિની (અનિયમિતપણાની) કલ્પના ક્યાંથી હોય ? તે તમેજ કહો.[૨૦] જ્યાંસુધી દૃશ્યરૂપી સ્વપ્નની અંદર તે છે એવું ભાન હોય તેજ બંધનરૂપ થાય છે,માટે તત્ત્વવેત્તાએ ચિત્તને બહિર્મુખ ન થવા દેતાં નિયમમાં રાખવું.[૨૧] પોતાની મેળેજ યથેચ્છ ગતિ કરનારી પવનની રેખાની પેઠે ચિદાત્માનું વિનાકારણેજ બહિર્મુખપણું થાય છે, તેમાં વળી ચોકસ નિયમની કલ્પના કેવી હોય અને ક્યાંથી હોય ?[૨૨] કદાચિત્ ચિદાત્માનું બહિર્મુખપણું થવામાં આકાર આદિને કારણરૂપ કલ્પવામાં આવે તો પણ જ્યારે આ સૃષ્ટિજ કારણવિના પ્રતીતિમાં આવે છે ત્યારે પછી તે ચિદાકાશથી જુદી ક્યાં રહી ? કિંતુ ચિદાકાશરૂપજ છે, અને આકાર આદિ કશું તેનાથી જુદું કહી શકાતું નથી.[૨૩] બાકી એટલો તો ચોકસ નિયમ છે કે ચિદાકાશ જ્યારે જેવે પ્રકારે વિવર્તભાવને પ્રાપ્ત થઇ જાય છે ત્યારે તે પછી ભલે વ્યાવહારિક, પારમાર્થિક કે પ્રાતિભાસિક હોય, પરંતુ તેવે પ્રકારે તેની પ્રતીતિ થવાનો નિયમ તો કાયમ રહે છે.[૨૪] તેમાં બીજો તફાવત થતો નથી. સ્વપ્નમાં કોઈક સમયે સત્યતા અને કોઇક સમયે અસત્યતા પણ જોવામાં આવે છે, તેમાં કશો ચોકસ નિયમ નથી, તેનેલીધે કાકતાલીયની પેઠે તેની અતર્કય ગતિ ભાસે છે.[૨૫] કેટલાક વિષયમાં જે પોતાના પુરુષપ્રયત્નવડે મણિ–મંત્ર–ઔષધ આદિના પ્રભાવથી સ્વપ્નમાં સત્યતાનો નિયમ દેખાય છે તે તો જાગ્રતમાં પણ અનુભવમાં આવે છે.[૨૬] વસ્તુતાએ જોતાં જાગ્રત અને સ્વપ્ન એ બન્ને ચિદાકાશનો એક વિવર્ત છે તેમાં શી ભિન્નતા રહી છે? કાંઇ નહિ. જાગ્રતમાં અને સ્વપ્નનગરમાં દૃશ્યનો અનુભવ સરખો થવાથી તે બન્ને સરખાંજ છે.[૨૭] વસ્તુતાએ જોતાં જાગ્રત સંભવતુંજ નથી અને જે જાગ્રત શબ્દવડે કહેવામાં આવે છે તેપણ સુષુપ્તિથી રહિત એવા આત્માનું સ્વપ્નજ છે કે જે જગતરૂપે કહેવાય છે.[૨૮] એવીજ રીતે સ્વપ્ન પણ નથી અને જે કાંઈ સ્વપ્નના જેવું કહેવાય છે તે પણ સુષુપ્તિમાં, જાગ્રતમાં અને સ્વપ્નમાં સદા એકરૂપ રહેનાર બ્રહ્મનું ચિન્મય–સ્વરૂપજ છે.[૨૯] એ પ્રમાણે જાગ્રત-સ્વપ્ન આદિ આ કશું કોઇ દિવસ છેજ નહિ, પણ અવિનાશી ચિત્સત્તાજ દેહાધ્યાસનેલીધે મરણની ભ્રાંતિને અનુભવે છે, અને પછી દૃશ્યને પણ ભ્રાંતિવડે અનુભવે છે.[૩૦] જેમ અનંત કાલપર્યંત નિરંતર તેનાંતેજ જલબિંદુઓ અને તરંગો સમુદ્રમાં ઉછળતાં રહે, તેનાંતેજ વાદળાંઓ વારંવાર આકાશમાં ધૂમતાં રહે અને જેમ તેનીતેજ દિશા દિગ્ભ્રમનેલીધે બીજીજેવી જણવામાં આવે, તેમ પરબ્રહ્મની અંદર આ સર્વ સૃષ્ટિકલ્પના અનન્યરૂપે રહ્યા છતાં અને વસ્તુતાએ નહિ દેખાતાં છતાં ભ્રાંતિનેલીધે કેમ જાણે જુદે રૂપે રહેલ હોય તેમ ભાસે છે.[૩૧] શિલાઓની અંદર (અપ્રકટરૂપે) રહેલ રેખાઓની પેઠે તે જુદા જેવી દેખાય છે, પણ પરબ્રહ્મનાથી તે જુદી નથી, તો પછી તેમાં સ્વપ્ન–જાગ્રત આદિની સ્થિતિ કેવી હોય ?[૩૨] આ આત્મ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વરૂપ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એ ચારે અવસ્થારૂપી શરીરને ધારણ કરનાર છે, નિરાકાર છે, સર્વને આકારે પ્રતીતિમાં આવતાં છતાં કાલની કલ્પનાથી રહિત છે, સૃષ્ટિરૂપી શરીરને ધારણ કરી રહેલ છે, પોતાના ચિન્મય સ્વરૂપવડે તે વ્યાપ્ત છે, અને દૃશ્ય કે જે વસ્તુતાએ શૂન્ય છે તેવડે યુક્ત છતાં પોતે તેવડે રહિતજ છે, માટે આ સર્વ ચિદાકાશરૂપ છે તથા તેનાથી કાંઈ પણ જુદું નથી.[૩૩] આકાશ, પવન, અગ્નિ, જલ, પૃથ્વી અને બીજા લોકો અને મેઘોએ સહિત આ દૃશ્ય જગત સૃષ્ટિના આદિકાલમાં કારણનો અનુભવ ન થવાથી કેવલ (હિરણ્યગર્ભના) ચિત્તરૂપ છે. તે નામથી રહિત છે, ચિદ્રૂપ સાક્ષીવડે યુક્ત છે, અને અંતે મનનો લય થઇ જતાં શુદ્ધ ચિદ્રૂપજ અનુભવમાં આવે છે. કોઇ પણ વસ્તુ તેનાથી જુદી નથી.[૩૪]

साकाशानिलवह्निवारिधरणीलोकान्तरांभोधरं।
सर्गादावपि कारणाननुभवाच्चित्तात्मकं केवलम्॥
नाम्ना वर्जितमेव बोधवपुषा संयुक्तमेवान्ततः।
शुद्धं वेदनमात्रमेव सकलं दृश्यं न वस्त्वन्तरम्॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સ્વપ્નનિર્ણય' એ નામનો એકસો અડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૧૪૮

સર્ગ ૧૪૯ મો.*

સ્વપ્નવૃત્તાંત

॥ વ્યાધ ઉવાચ ॥

અનંતરં મુને બ્રૂહિ તત્તત્વં જાગતસ્ય તે ॥
કિં વૃત્તમુરુવૃત્તાંતશતનિર્વાણસંસતેઃ ॥ ૧ ॥

વ્યાધ કહે છેઃ—હે મહારાજ! તમે કે જે તે પ્રાણીના દેહની અંદર સેંકડો વિસ્તીર્ણ વૃત્તાંતોની સાથે પ્રલય અને સંસારને અનુભવતા હતા તેને પછી ઘરની અંદર ભાર્યા-બંધુ આદિ સાથે સહવાસ થયા બાદ જગત સંબંધી કેવા વૃત્તાંતનો અનુભવ થયો તેનું તત્ત્વ કહો.[૧]

મુનિ કહે છેઃ—હે સદાચરણમાં પ્રીતિ રાખનાર સાધુ! પછી તે પ્રાણીના હૃદયની અંદર રહેનાર ઓજમાં મને જે કાંઇ અપૂર્વ વૃત્તાંતનો અનુભવ થયો તે તમે સાંભળો.[૨] હું કે જે ત્યાં રહેવાથી આત્માના ચમત્કારને ભૂલી ગયો હતો તેનો ઋતુ અને સંવત્સરરૂપી કાલ એમ ને એમ વ્યતીત થવા લાગ્યો.[૩] હું કે જે આત્મજ્ઞાનથી રહિત હતો અને પોતાની પત્નીમાં આસક્ત ચિત્તવાળો થઈ ગયો હતો તેનાં સોળ વર્ષ ગૃહસ્થાશ્રમમાં એ પ્રમાણે વ્યતીત થયાં.[૪] કોઇ એક દિવસે મારે ઘેર ઉગ્ર તપવાળા અને મહાજ્ઞાનવાળા મહામાન્ય મુનિ અતિથિરૂપે આવ્યા.[૫] હે પ્રિયવ્યાધ! મેં તેમની સારીપેઠે પૂજા કરી; પછી તેઓ પ્રસન્નતાપૂર્વક ભોજન કરી સૂતા. મેં તેઓને મનુષ્યોના સમૂહને પ્રાપ્ત થતાં કેટલાંક સમાન સુખ—દુઃખોના ક્રમવિષે વિચાર કરી પૂછ્યું,[૬] કે હે મહારાજ! આપ બહુ બોધવાળા છો, અને જગતની સર્વ ગતિને જાણો છો, કેમકે આપમાં કશો ક્રોધ દેખાતો નથી; અને વિષયસુખમાં કાંઇ આસક્તિ નથી.[૭] કર્મ કરનારા જીવોને, શરદૃઋતુમાં જેમ ફલાર્થી પુરુષોને ધાન્યની પ્રાપ્તિ થાય તેમ શુભ—અશુભ કર્મોવડે સુખ—દુઃખોની પ્રાપ્તિ થાય છે.[૮] આ મનુષ્યોના સમૂહને સર્વ ભક્ષ્ય-અભક્ષ્યને સમાન રીતે ઉપયોગમાં લેવરાવનારા કેટલાક દુર્ભિક્ષ (દુકાળ) આદિ દોષો (દુઃખો) સમાન રીતે પ્રાપ્ત થાય છે, તો શું એ સર્વ પ્રજાઓ એકું કાંઈ સાથેજ અશુભ કર્મ કરે છે કે જે તેને સાથેજ ભોગવવું પડે છે?[૯] દુર્ભિક્ષને ઉત્પન્ન કરનાર

* આ એકસો ઓગણપચાશમા સર્ગમાં સ્વપ્નવૃત્તાંતમાં પોતાને ઘેર આવેલ એ મુનિના મુખથી અનેકને સમાન દુઃખ આદિ પ્રાપ્તિના નિમિત્ત સંભળાયા-વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અવૃષ્ટિ (વરસાદ ન થવા) રૂપ ઉત્પાત કે જે સર્વ ભક્ષ્ય–અભક્ષ્યને ભક્ષણ કરાવનાર છે, તે સર્વને એકજ વખતે સાથે પ્રાપ્ત થાય છે એ શું? અને કયા મનુષ્યસમુદાયનાં સરખાં દુષ્કર્મો તેવું ફલ આપે છે?[૧૦] ઉપર પ્રમાણે મારો પ્રશ્ન સાંભળી મારાતરફ જોઇ એ મહાત્મા કેમ જાણે વિસ્મયવાળા હોય તેવા બની કાંઈક હસતાં ઉત્કંઠિત ચિત્તથી અમૃતની વૃષ્ટિના જેવું સુંદર અને માન આપવા યોગ્ય વચન બોલ્યા.[૧૧]

બીજા મુનિ કહે છેઃ–હે સુશીલ! તમારા વિવેકવાળા અંતઃકરણમાં આ દૃશ્યનું જે કાંઇ કારણ સત્ય કે અસત્ય જણાતું હોય તે શાથી જણાય છે એ તમે કહો.[૧૨] તમે સંપૂર્ણપણે તમારા આત્માનું સ્મરણ કરો કે તમે કોણ છો? અહીં ક્યાં આવ્યા છો? હું કોણ છું? આ દૃશ્ય શું છે? સાર શું છે? અને અસાર શું છે?[૧૩] ભાઇ! આ સર્વ સ્વપ્નમાત્રજ છે, તમે કેમ તે નથી સમજતા, કેમકે હું એક તમારો સ્વપ્ননર છું, અને તમે મારા સ્વપ્નપુરુષ જેવા છો.[૧૪] આ જગત નામ–રૂપથી રહિત, અનાદિ નિર્વિકલ્પ બ્રહ્મરૂપ છે; કેમકે ચિન્માત્ર તત્ત્વરૂપી કાચનો તે એક ચળકાટજ છે.[૧૫] સર્વવ્યાપી આ ચિન્માત્ર તત્ત્વનું એવુંજ સ્વાભાવિક રૂપ છે, કે તે જ્યાં જેવું સમજે છે ત્યાં તેવુંજ થએલ અનુભવમાં આવે છે.[૧૬] જો સર્વ વસ્તુઓનું સકારણપણું કલ્પનામાં આવે તો સર્વ સકારણ ભાસે છે, અને જો અકારણપણાવિષે નિશ્ચય થાય તો સર્વ અકારણ ભાસે છે.[૧૭] જે પ્રાણીના હૃદયમાં રહેલ ઓજમાં આપણે રહ્યા છિયે તે આપણા અને આપણને દેખાતી પ્રજાના વિરાટ્રૂપ થઈ રહેલ છે, અને તે પ્રાણી પણ આપણા ચિદાત્માની કલ્પનાવડેજ વિરાટ્ભાવને પ્રાપ્ત થઇ રહેલ છે.[૧૮] બીજી પ્રજાઓનો વળી બીજોજ પ્રાણી વિરાટ્રૂપ થશે, અને તે દેહમાં દેખાતા સુખ-દુઃખોના અને સંપત્તિ-વિપત્તિના તથા પાપ-પુણ્યના કારણરૂપ પણ (ભોક્તારૂપે) તેજ ઘટે છે.[૧૯] વિરાટ્ કે જે સર્વના આધારરૂપ છે તેના અંગના અવયવરૂપ એવા આ સર્વ મનુષ્યસમૂહને, વિરાટના ધાતુમાં કાંઈ વિકાર થઇ વિષમ ચેષ્ટા આદિ ફેરફારનો પ્રાદુર્ભાવ થતાં એકસાથે એકજ સમયે દુર્ભિક્ષ, વૃષ્ટિનો અભાવ અને પ્રલય આદિ, યોગપ્રમાણે પ્રાપ્ત થાય છે, અથવા તો શાંત થઈ જાય છે, કેમકે વિરાટની સત્તાજ આ સૃષ્ટિના સૃષ્ટિભાવમાં હેતુરૂપ છે.[૨૦,૨૧] હે સુશીલ! કેટલાંક દુષ્કર્મોમાં, જેમ અનેક વૃક્ષોઉપર અકસ્માત વજ પડે તેમ કાકતાલીયની પેઠે અકસ્માત જનસમુદાયઉપર દુઃખ આદિ આવી પડે છે.[૨૨] જો પોતાનો ચિદાત્મા કર્મની કલ્પના કરી લે તોજ તેને કર્મફળ ભોગવવું પડે છે, અને જો તે કર્મની કલ્પનાથી રહિત હોય તો તેને કર્મફલ ભોગવવું પડતું નથી.[૨૩] જેવી જેવી કલ્પના જ્યાંજ્યાં જેવે પ્રકારે થોડા રૂપમાં કે વિશાલરૂપમાં ઉદય પામે છે તે ત્યાં ત્યાં તેવેજ પ્રકારે રહેલ અનુભવાય છે. જો તેમાં કશો હેતુ કલ્પાયો હોય તો તે સહેતુક ભાસે છે, અને જો તેમાં નિર્હેતુકપણું કલ્પાયું હોય તો તેવું ભાસે છે.[૨૪] સ્વપ્નમાં દેખાતા નગરમાં તેનું ઉપાદાન કારણ કે સહકારી કારણ આદિ કશું હોતું નથી; માટે તે અનાદિ, મંગલરૂપ, નિર્વિકાર, ચિન્મય પરબ્રહ્મરૂપજ છે.[૨૫] આ સ્વપ્નભ્રમમાં કોઇક કારણ વિનાજ ભાસ્યા કરે છે. અને કોઈક કારણપૂર્વક દેખાય છે, એવી રીતે સદ્રૂપ અને અસદ્રૂપ હોવાથી શૂન્ય અને મિથ્યારૂપ છે.[૨૬] સ્વપ્નના સર્વ અનુભવો કાકતાલીયની પેઠે ભાસ્યા કરે છે. આ જગતનો અનુભવ પણ સ્વપ્નના જેવોજ હોવાથી સ્વપ્નની પેઠેજ તેપણ બીજું કશું નથી, કિંતુ ચિદાકારજ તેને આકારે પ્રસરી રહેલ છે.[૨૭]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જેના કારણવિષેની દૃઢતા ચિત્તમાં થઇ ગઇ હોય, તે કારણવાળુંજ ભાસ્યા કરે છે, અને જેનું કારણ કશું પણ ચિત્તમાં દૃઢ ન થયું હોય તે કારણથી રહિત ભાસે છે.[૨૮] સ્વપ્નની અંદર જે કાંઇ કાર્ય–કારણ–આદિના ક્રમનો ઉદય થવાનો સ્વભાવ દેખાય છે, તે ચિદાત્માનો એક વિવર્તજ છે. એવીજ રીતે આ જાગ્રતરૂપ સ્થૂલ પ્રપંચનું પણ સમજી લેવાનું છે, તેથી આ સર્વ શાંત પરબ્રહ્મરૂપજ છે; એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે.[૨૯] હે મહાબુદ્ધિશાળી મુનિ! તમે કયા પદાર્થોને સત્ય કારણવાળા માનો છો? તમે કદાચિત્ એમ કહેતા હો કે સર્વ પદાર્થોનું મુખ્ય કારણ સત્ય બ્રહ્મજ છે; તો પછી કાર્ય–કારણરૂપજ હોવાથી સર્વ પદાર્થો સત્યજ હોવા જોઇએ. આ વિષયમાં જે સમાધાન હું કહું તે તમે સાંભળો. આ જગતમાં પદાર્થોના ભિન્નાભિન્ન સ્વભાવો થવાનું શું કારણ છે? આકાશનું શું કારણ છે?[૩૦] પૃથ્વી આદિનું ધટ્ટપણું થવામાં અને તેની ઉત્પત્તિ આદિમાં શું કારણ છે? અવિદ્યાનું શું કારણ છે? સ્વયંભૂ બ્રહ્મનું પણ શું કારણ છે?[૩૧] સૃષ્ટિના આદિકાલમાં વાયુ, જલ અને તેજ તેઓનું પણ શું કારણ છે? એ સર્વના સ્વરૂપનો નિર્ણય કિંવા નિરૂપણ ચિદાત્મા સિવાય નહિ થઇ શકાયાથી તેઓ ચિન્માત્રરૂપ છે; બાકી બીજું તેઓનું કશું કારણ નથી.[૩૨] મરી ગયા પછી જીવોને પિંડ લેવામાં અને બીજા દેહોનું ગ્રહણ કરવામાં શું કારણ છે? એવી રીતે વસ્તુતાએ જોતાં પ્રથમથીજ આ સર્વ સૃષ્ટિઓ કારણવિનાજ ભ્રાંતિરૂપે એમજ ભાસ્યા કરે છે.[૩૩] એવેજ પ્રકારે તેની પ્રવૃત્તિ થયા કરે છે, અને એવીજ રીતે તેનો સંહાર પણ થતો રહે છે. આકાશમાં ભ્રાંતિવડે દેખાતા કુંડાળાની પેઠે આ સર્વ ઘણા કાલના અનુભવથી થએલ ભ્રાંતિવડેજ દેખાય છે.[૩૪] એવીજ રીતે (ભ્રાંતિરૂપે) પ્રવૃત્ત થએલ સૃષ્ટિ કે જે વસ્તુતાએ બ્રહ્મરૂપજ છે, તેણે પોતાના રૂપનીજ પાછળથી પૃથ્વી આદિ સંજ્ઞાઓ કલ્પેલ છે.[૩૫] પ્રથમ ચિદાકાશની અંદર પવનમાં પ્રકટ થતી ચલનશક્તિની પેઠે કિંવા મનોરાજ્યની પેઠે સૃષ્ટિઓ (સૂક્ષ્મરૂપે) ખડી થઇ જાય છે, અને પછી તે પોતાની મેળેજ દેહ તથા તેનાં કર્મ આદિ કારણોની કલ્પના કરી લે છે.[૩૬] પ્રથમ સૃષ્ટિની કલ્પનાના સમયમાં હિરણ્યગર્ભના સંકલ્પથી જે જે પદાર્થ જેવે જેવે પ્રકારે કલ્પાય છે તેવા તેવા નિયમને તે ધારણ કરી લે છે, કેમ કે પોતાના સંકલ્પિત પદાર્થોમાં તેમ થતું પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, તેથી ચિદાત્માનો એવો સહજ સ્વભાવજ છે, એમ જણાય છે.[૩૭] પ્રથમ હિરણ્યગર્ભના ચૈતન્યે સૃષ્ટિને અનુકૂલ પડે તેમ જે પદાર્થનું જેવું રૂપ પ્રતીત થવાનો સંકલ્પ કર્યો તેવુંજ અદ્યાપિપર્યંત તે થઇ રહેલ છે, કે જે વસ્તુતાએ જોતાં મારા પોતાના આત્મારૂપજ છે.[૩૮] પ્રથમ બંધાઇ ગયેલી નિયમની કલ્પના ચિદાત્માના બીજા ઉત્કૃષ્ટ યત્નવડે અન્યથા થઇ શકે છે, પણ તેમાં વારંવાર મોટા ઉત્કૃષ્ટ યત્નની જરુર છે.[૩૯] જીવાત્મા જ્યાં કારણની કલ્પના કરી લે છે ત્યાં તેને કારણની સ્થિરતા અનુભવમાં આવે છે, અને જ્યાં તે કારણની કલ્પના નથી કરતો ત્યાં તેને કારણની પ્રતીતિ પણ થતી નથી.[૪૦] ચિદાકાશની અંદર વંટોળિયા વાયુના ઝપાટાની પેઠે પ્રથમથીજ આ દૃશ્ય વિસ્તરી રહેલ ભાસે છે, અને તે અસત્ય છતાં પ્રથમથી (સૃષ્ટિના આરંભકાલથી) જેવું જણાયું છે તેવુંજ આજપર્યંત થઇ રહેલ છે.[૪૧] કેટલાક જીવો ભેગા થઇ પોતે (સાથેજ)

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શુભ–અશુભ કર્મો કરે છે, અને પછી તેનાં તેવાંજ ફલને પણ ભેગા થઈ સાથેજ ભોગવે છે, અને કેટલાક હજારો જીવો પર્વતની શિલાઉપર પડતા વજ્રપાતની પેઠે વિનાકારણેજ દુઃખને ભોગવે છે.[૪૨]

संभूय केचन शुभाशुभमात्मकर्म ।
कुर्वन्ति तस्य सदृशं फलमाप्नुवन्ति ॥
संप्राप्नुवन्ति च शिलाशनिवच्च केचिद्–
दुःखं त्वकारणकमेव सहस्रसंख्याः ॥ ४२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અવિ૦ વિ૦ શ૦' એ નામનો એકસો ઓગણપચાસમો સર્ગ સંપૂર્ણ. ૧૪૯

સર્ગ ૧૫૦ મો.*

મુનિને પોતાના પૂર્વ દેહમાં જવાની અશક્તિવિષે

॥ મુનિરુવાચ ॥

एवंप्रकारया युक्त्या तेनायं मुनिना तदा ॥
तथाहं बोधितो येन गतो विदितवेद्यताम् ॥१॥

મુનિ કહે છેઃ–એવા પ્રકારની યુક્તિવડે મને તે મુનિએ એવી રીતે બોધ આપ્યો, કે જેવડે હું વિદિતવેદ્ય (જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે તેવો) થઈ ગયો;[૧] અને પછી મેં તેમને રજા ન આપવાથી મારી ઘણા કાલની પ્રાર્થનાવડે, ભક્તિવડે અને સદ્‌ગુણોવડે વશીભૂત થઇ જઈ હું કે જે નિર્વિચારપણાનેલીધે પ્રથમ મૃતપ્રાય હતો તેને ઘેર તે મહાત્માએ નિવાસ કર્યો.[૨] જે મુનિએ મને ચંદ્રમાના ઉદયજેવું શુભ વચન કહ્યું હતું તે મુનિવર્ય આ તમારી પાસેજ રહેલ છે.[૩] પોતાના થોડાજ ઉપદેશવડે મારા મોહને નિવૃત્ત કરનાર તથા દૃશ્યના પૂર્વાપર પ્રસંગને જાણનાર અને કેમ જાણે મારું યજ્ઞ આદિ સુકૃતજ શરીરધારી થઇ આવી ઉભું હોય તેવા દેખાતા આ મહાત્માએજ મને ઉપર વર્ણવ્યા પ્રમાણે કહ્યું હતું.[૪]

અગ્નિ કહે છેઃ–એ મુનિનું વચન સાંભળી "અહો સ્વપ્નસૃષ્ટિ અને તેનો ઉપદેશ કરનાર મુનિ શું મારા પ્રત્યક્ષ ઉભા છે?" એમ અસંભાવનાવડે વિસ્મય પામીજઇ કેમ જાણે ખિન્ન થઈ ગએલ હોય તેવો તે વ્યાધ બની ગયો.[૫]

વ્યાધ કહે છેઃ–અહો મહારાજ! તમે કે જે સંસારના તાપને નિવૃત્ત કરનાર છો તેણે આજે મને આ જે કહ્યું તેતો બહુ આશ્ચર્યકારક છે, અને મારા મનમાં અસંભાવનાનેલીધે બંધ બેસતું થતું નથી.[૬] હે મહારાજ! આપે સ્વપ્નની અંદર જે મુનિને પોતાને ઉપદેશ આપનાર કહ્યા છે તેને પાછા આ જાગ્રત અવસ્થામાં તમે પ્રત્યક્ષરૂપે કહો છો, અને તેમ તે અનુભવમાં પણ આવે છે;જેથી આ મને મોટું આશ્ચર્ય ભાસે છે.[૭] હે મહારાજ! જેમ બાલકની બુદ્ધિમાં જાગ્રત અવસ્થામાં વેતાલ પોતાની પાસે સ્થિર થઇ રહેલો જણાય, તેમ આ સ્વપ્નપુરુષરૂપ મહામુનિ જાગ્રત્ અવસ્થામાં પણ કેમ સ્થિર થઈ રહેલ છે?[૮] આ આશ્ચર્યકારક આખ્યાન આપ મને સંપૂર્ણ રીતે કહો. આ સ્વપ્નના પુરુષનું હમણાં (જાગ્રતમાં) દર્શન કેવું? આ કોનું દર્શન થાય છે, અને આ શું છે? જાગ્રત છે કિંવા સ્વપ્ન છે? મને તો આ ખરેખર વિસ્મય પમાડનાર છે!![૯]

મુનિ કહે છેઃ–હે મહાભાગ! ત્યારપછી જે કાંઈ મારું આશ્ચર્યકારક વૃત્તાંત બન્યું તે હું સંક્ષેપથી કહું છું, તમે સાંભળો. સહસા અતિ ઉતાવળ ન કરો.[૧૦] આ (તમારી પાસે બેઠેલ) મુનિએ મને બોધ થવામાટે કેટલુંએક વર્ણન કર્યું અને આ મહાત્માનો તે બોધકારક વાણી-

* આ એકસો પચાસમા સર્ગમાં તે મુનિના વાક્યવડે પોતાને આત્મજ્ઞાન થયાવિષે, તેની સાથે પોતાની સ્થિતિ થયાવિષે અને પૂર્વ દેહમાં જવાની અશક્તિનેલીધે દાહ આદિ થયા વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વડે હું આત્મસ્વરૂપને ઓળખનાર (વિવેકી) થઇ ગયો.[૧૧] મારા ચિત્તની બરાબર શુદ્ધિ થતાં આ મહાત્માના વચનથી જેમ હેમંતઋતુની નિવૃત્તિ થતાં આકાશ સ્વચ્છ થઇ જાય તેમ મેં મારા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખ્યું.[૧૨] અરે ! અહો ! હું તે મુનિ હતો એવું ચિત્તમાં સ્ફુરી આવતાં વિશાલરૂપે ઉત્પન્ન થયેલા આશ્ચર્યવડે કેમ જાણે હૃદયમાં આર્દ્ર થઇ ગયો હોઉં તેવો થઈ ગયો.[૧૩] જેમ શ્રમથી પીડાયેલો કોઈ અજ્ઞાની પથિક જલની ઇચ્છા રાખી વ્યર્થ દેખાતાં એવાં ઝાંઝવાનાં જલ તરફ દોડતાં તેવડે છેતરાય, તેમ હું ભોગોમાં રાખેલી આસ્થાવડે છેતરાઇ જઇ આ દશાને પ્રાપ્ત થયો છું.[૧૪] અહો ! ખેદની વાત છે કે હું વિવેકી છતાં જેમ કોઇ બાલક, વેતાલ કે જે કેવલ ભ્રાંતિરૂપ અને મિથ્યા છે તેવડે છેતરાય, તેમ આ દૃશ્યનો ચમત્કાર કે જે કેવલ ભ્રાંતિરૂપ અને મિથ્યા છે તેવડે છેતરાયો છું.[૧૫] અહો ! આશ્ચર્ય છે કે મા પ્રસરી રહેલ મિથ્યા જ્ઞાન કે જે સર્વ અર્થથી રહિત છે તેવડે હું આ કયી પદવીમાં આવી પ્રાપ્ત થયો છું ![૧૬] અથવા તો જે કાંઇ આ 'હું' એવું સ્ફુરે છે તેપણ ભ્રાંતિમાત્ર છે અને મિથ્યા છે; તોપણ અસત્ય પ્રપંચનું જે અનુકરણ કરવામાં આવે છે તે ખરેખર સેંકડો આશ્ચર્યને ઉત્પન્ન કરનાર છે.[૧૭] હું પણ નથી, આ દશા પણ નથી, આ દૃશ્ય પણ નથી, કિંતુ ભ્રમમાત્ર છે. આ સર્વ મિથ્યા છતાં કેમ જાણે સત્ય હોય તેવું ભાસે છે, એ એક મોટું આશ્ચર્ય છે.[૧૮] હમણાં હવે મારે અહીં શું કરવું ? બંધને ભેદનાર એવો અંદર રહેલ એક અંકુર માત્ર મારામાં રહેલ છે, પરંતુ છેવટે તેપણ તોડી નાખવા યોગ્ય છે, એમ સમજી તેનો પણ હું ત્યાગ કરી દઉં.[૧૯] આ વ્યર્થરૂપે દેખાતી અવિદ્યા ભલે હો, એ ભ્રાંતિરૂપ અવિદ્યાનું આપણે શું પ્રયોજન છે ? માટે તે મિથ્યા ભ્રાંતિનો હું હમણાંજ ત્યાગ કરી દઉં છું.[૨૦] આ મને ઉપદેશ આપનાર મુનિપણ ભ્રાંતિમાત્રજ છે, અને તેપણ મારીપેઠેજ બ્રહ્મરૂપ છે, અને દિવસે વાદળામાં દેખાતા પુરુષના આકારની પેઠે તે બ્રહ્મમાં એક આભાસરૂપે ભાસે છે.[૨૧] હવે આ વિષય હું જ્ઞાનનો મને ઉપદેશ આપનાર મહામુનિને કહું એવો વિચાર કરી મેં તે મુનિને કહ્યું,[૨૨] કે હે મુનિશ્રેષ્ઠ ! હું મારા પોતાના આશ્રમમાં રહેલ પ્રથમના મુનિશરીરને જોવા જઉં છું; તેમજ જે પ્રાણીના શરીરમાં આ બધું દેખાય છે તેને પણ જોવામાટે બહાર જઉં છું.[૨૩] આવાં મારાં વચન સાંભળી તે મહાત્મા મુનિવરે હસતાં હસતાં મને કહ્યું કે, તમારા એ બન્ને દેહ ક્યાં છે ? એ તો ભસ્મ થઈ જઇ બહુ દૂર જતા રહ્યા છે.[૨૪] અથવા તો હે ભૂતકાલને જાણનાર મહાશય ! તમે પોતેજ ત્યાં જાઓ અને ત્યાં જઈ વૃત્તાંતનું અવલોકન કરો. તમે જે જોશો તો એ વિષેનો નિર્ણય થતાં સર્વ પોતાની મેળેજ તમારા જાણવામાં આવી જશે.[૨૫] એ પ્રમાણે તે મુનિના કહેવાથી હું કે જે પૂર્વના દેહનો વિચાર કરી ત્યાં જવાને ઇચ્છતો હતો તેણે પોતાના તે સ્થૂલદેહસંબંધી અનુસંધાનને અને સ્વપ્નસંબંધી પ્રાતિભાસિક સત્તાવડે ઉત્પન્ન થયેલ એવાં "હું પાર્થિવ શરીરરૂપજ છું" એવા પ્રકારના પોતાના કાલ્પનિક રૂપને છોડી દઇ, મારા પ્રાણ ઉપાધિવાળા ચિદાત્માને (જીવને) તેના પ્રાણદ્વારા વાતવ્યૂહમાં જોડી દીધો.[૨૬] હે મુનિ ! હું જ્યાંસુધી મારા પૂર્વ દેહને જોઈ અહીં આવું ત્યાંસુધી આપે અહીંજ રહેવું એમ એ મુનિને કહી મેં પવનની અંદર પ્રવેશ કર્યો.[૨૭] પછી તેમાં પ્રવેશ કરી પવનરૂપી રથઉપર આરૂઢ થઇ જઇ, જેમ પુષ્પનો સુગંધ અનંત આકાશમાં ઘણા કાલસુધી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભમ્યા કરે તેમ હું પણ ત્વરાથી આકાશની અંદર ભમવા લાગ્યો.[૨૮] પછી હું ઘણા લાંબા સમયસુધી તેમાં ભ્રમણ કરતાં છતાં જ્યારે તેનું ગળાનું છિદ્ર કે જે બહાર નીકળવાના દ્વારરૂપ છે તેને પ્રાપ્ત ન થયો ત્યારે પછી તે વાતવ્યૂહમાં રહેવાથી ખેદને પ્રાપ્ત થવા લાગ્યો; અને વળી પાછો મારા આત્માના બંધન-સ્તંભરૂપ પોતાના આ જગતમાં આવી, અહીં આ સર્વોત્તમ મુનિ કે જે મારા ગુરુ છે તેનેજ પોતાની પાસે દેખવા લાગ્યો. એ પછી એકાગ્ર થઈ ધરની અંદર મુનિને પૂછવા લાગ્યો,[૨૯-૩૧] કે "હે પૂર્વાપર જાણનારાઓમાં શ્રેષ્ઠ મુનિ મહારાજ! આ શું આશ્ચર્ય છે તે આપ કહો. આપ ઉત્તમ જ્ઞાનચક્ષુથી સર્વ યથાર્થ રીતે જાણો છો.[૩૨] મેં જેના દેહની અંદર પ્રવેશ કર્યો તે પ્રાણીનો દેહ અને મારો પોતાનો દેહ એ બન્ને ક્યાં જતા રહ્યા? અને તે મને પાછા કેમ મળ્યા નહિ?[૩૩] મેં ઠેઠ સ્થાવરપર્યંત પોતાના વિશાલ સંસારમંડલમાં ઘણા કાલસુધી ભ્રમણ કર્યું પરંતુ તે પ્રાણીના ગળાનું છિદ્ર મને કેમ મળ્યું નહિ?"[૩૪] આ પ્રમાણે મુનિની પાસે જઇ મેં પૂછ્યું એટલે તે મહાશય મુનિએ મને કહ્યું કે, હે કમલના* જેવાં સુંદર નેત્રવાળા! તમે પોતાની મેળેજ (મારા બતાવેલ ઉપાયવિના) શી રીતે પૂર્વ દેહના વૃત્તાંતને જાણી શકો?[૩૫] જો એ વિષય તમે યોગવડે એકાગ્ર થયેલી બુદ્ધિવડે જોશો તો હાથમાં રહેલા કમલની પેઠે નિઃશેષ રીતે તેને જાણી શકશો.[૩૬] કદાચિત્ તમારે (તે જોવાની ઇચ્છા ન હોય અને) મારા વચનવડે સાંભળવાનીજ ઇચ્છા હોય તો હું બનેલા વૃત્તાંતને અનુસરી અખંડિત રીતે કહીશ તે તમે સાંભળો.[૩૭] વસ્તુતાએ જોતાં આ તમે પોતે કે જે વ્યષ્ટિ જીવરૂપે અનુભવમાં આવો છો તે તેવે રૂપે નથીજ, કિંતુ સર્વ પ્રાણીઓના પુણ્યરૂપી કમલોનો વિકાસ કરવામાં સૂર્યરૂપ, કમલોના સમૂહની પેઠે સર્વ કલ્યાણોના સમૂહરૂપ અને ભગવાનના જ્ઞાનરૂપી નાભિકમલની અંદર બેઠેલા હિરણ્યગર્ભ કે જે સર્વ જીવોના સમષ્ટિરૂપ છે, તેજ તમારું મૂલ વાસ્તવ સ્વરૂપ છે.[૩૮] તેજ તમે પોતે તપરૂપી મનોરાજ્યમાં સ્થિર થઇ રહેવાથી એક આશ્રમની અંદર તપસ્વીરૂપ થઇ રહ્યા અને ત્યાં પુષ્ટ થઇ રહેલ વ્યષ્ટિ ભાવના અનુભવવડે પરશરીરની અંદર સ્વપ્ન આદિ કૌતુક જોવાની ઇચ્છાથી કોઈ એક પ્રાણીના હૃદયમાં તમે પ્રવેશ કર્યો.[૩૯] તમે જે પ્રાણીના હૃદયની અંદર પેઠા તેમાંજ આ વિસ્તારવાળા અને આકાશ તથા પૃથ્વીરૂપી વિશાલ ઉદરને ધારણ કરી રહેલા ત્રણેય લોકો તમારા જોવામાં આવ્યા.[૪૦] એવી રીતે તમે જ્યારે ઘણા લાંબા સમયસુધી તે સ્વપ્ન જોવામાં વ્યગ્ર થઇ ગયા ત્યારે તમારો પોતાનો પૂર્વદેહ તથા મોટા વનની અંદર સૂતેલો જણાતો તે પ્રાણીનો દેહ કે જેની અંદર સ્વપ્ન જોવાની ઇચ્છાથી તમે પ્રવેશ કર્યો હતો તે બન્ને દેહો તથા તમારો આશ્રમ એ સર્વ, ત્યાં ધૂમાડાઓવડે ધૂસરાં બની ગએલાં વાદળાંઓરૂપી વસ્ત્રોવાળા આકાશના આડંબરને ઉત્પન્ન કરનાર, ઉડ્યા કરતાં અને બલાત્કારથી ઉત્પન્ન થતાં ઉંબાડીઆંઓનાં ચક્રોવડે સૂર્ય-મંડલનો અને ચંદ્રમંડલનો ભાવ બતાવનાર, જ્વાલાવડે દેદીપ્યમાન એવા આકાશની અંદર ભસ્મવડે ભરપૂર અને દિશાઓને ઢાંકી દઇ રક્ષા કરી રહેલ એવા ધૂમાડાઓનાં વાદળાંઓ (ગોટાઓ) રૂપી કાળા કામળાઓવડે આકાશને ઢાંકી રહેલ, ચૂલાઓરૂપી ધૂરમાંથી નીકળેલ

* આ સંબોધન વાપરવાનો નિગૂઢ આશય એવો છે કે નેત્રના સૌંદર્યમાત્રથીજ કાંઇ આ વિષય જાણવામાં આવતો કે દેખાતો નથી, પણ તેનાં સાધન જુદાં છે, એવી સૂચના કરી છે; એમ દીક્ષાકાર જણાવે છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સિંહોની ગર્જનાવડે તિરસ્કાર કરાયેલ અને પ્રસિદ્ધપણે સંભળાતા એવા ચડચડાટના અવાજવડે દિશાઓની અંદર રહેલ એવાં સર્વ મનુષ્યોને બહેરાં બનાવી દેનાર, સર્વત્ર અગ્નિ ફેલાઈ જવાથી કેમ જાણે અગ્નિનાં વૃક્ષોજ હોય તેવાં દેખાતાં તાલ અને તમાલના વૃક્ષના સમૂહોનું પડવું થતાં કેમ જાણે ઉત્પાતના અગ્નિના કિંવા ઉત્પાતના મેઘના કડાકા થતા હોય તેવા મોટા શબ્દો થવાથી ઉત્પન્ન થતા કોલાહલવડે ભરપૂર, દૂર દેશમાં રહેલાં મનુષ્યોને જોવામાત્રથી સ્થિર એવી વિજળીની બુદ્ધિને (ભ્રાંતિને) ઉત્પન્ન કરનાર, રસરૂપ એવા સુવર્ણના રસવડે લીંપાએલ ભીંત જેવા ભાવને આકાશમાં પેદા કરતો, મનોહર એવા અગ્નિના તણખાઓવડે આકાશની અંદર તારાઓના સમૂહને બમણો દીપાવનાર, આકાશના વક્ષઃસ્થલમાં રહેલ જવાલારૂપી બાલવનિતાના નેત્રને આનંદ ઉત્પન્ન કરનાર એવા તણખાઓરૂપી કટાક્ષવડે આનંદ ઉત્પન્ન કરનાર, જવાલાઓના ધમધમાટવાળા શબ્દોવડે આકાશની અંદરના ભાગને ગજાવી મૂકનાર, ગુફાઓરૂપી ઘરમાંથી બહાર નીકળેલ ભ્રમિત થઇ ગએલ અને નિદ્રારહિત થઈ રહેલ એવા જંગલી લોકોની વિષમદશાને ઉત્પન્ન કરનાર, અર્દ્ધદગ્ધ અને ભાગતા એવા સિંહ-મૃગપારધિઓ અને પક્ષીઓવડે યુક્ત, ઉના ઉકળ્યા કરતા એવા તળાવોના અને નદીઓના પ્રવાહોની અંદર ઉગ્ર એવા વ્યાધ-વ્યાઘ્રઆદિ જીવોને અને ઉગ્ર જલચરોને પચાવી દેનાર, પ્રદીપ્ત એવી જવાલાઓમાં બળતી એવી બાલચમરીઓવડે સુંદર અને ચપલ દેખાવવાળો, તથા બળતાં એવાં વનનાં પ્રાણીઓના મેદના ગંધવડે વીંટાએલ વાદળાંઓવાળો એવો દાવાનલ લાગવાથી બળી ગયાં. પ્રલયકાલના અગ્નિ જેવા અને સર્પનીપેઠે ચારેકોર પ્રસરી રહેલ એ પ્રચંડ દાવાનલવડે તમારા આશ્રમસહિત એ સર્વ ભસ્મ થઇ ગયાં.[૪૧,૫૧]

વ્યાધ કહે છેઃ—હે મહારાજ! ત્યાં અગ્નિ લાગવાનો શો હેતુ બન્યો હતો, અને તે વન તથા તેની અંદર રહેલ બ્રહ્મચારી (કે જેના દેહની અંદર તમે પ્રવેશ કર્યો હતો તે) આદિના દેહો, એ સર્વ એક સાથેજ કેમ ભસ્મ થઈ ગયાં?[૫૨]

મુનિ કહે છેઃ—સંકલ્પ આદિનો ક્ષય અને ઉદય થવામાં જેમ સંકલ્પ કરનાર પુરુષના મનનું સ્ફુરણજ એક હેતુરૂપ છે તેમ આ ત્રણે લોકોનો સંકલ્પ (કલ્પના) કરનારા વિધાતાના મનનું સ્ફુરણજ તરતમાં ત્રિલોકીરૂપ થઇ જાય છે; અને તેને લીધે ત્રણે લોકના ક્ષયમાં અને ઉદયમાં એ વિધાતાનું નિશ્ચયાત્મક એવું મનનું સ્ફુરણજ હેતુરૂપ છે.[૫૩] જેમ હૃદયની અંદર (ભય આદિવડે) ક્ષોભ અને અક્ષોભ એ બન્ને થવામાં તે સમયનો સંકલ્પજ હેતુરૂપ છે, તેમ આ ત્રણે લોકોનો ક્ષોભ અને અક્ષોભ થવામાં હિરણ્યગર્ભનો સંકલ્પજ હેતુરૂપ છે; અને આ વનના નાશમાં પણ તેનેજ હેતુરૂપ કહી શકાય છે.[૫૪] જગત એ એક વિધાતાનું સંકલ્પનગર છે, જેથી તે વિધાતાનો તે તે પ્રકારનો સંકલ્પજ, પ્રજાનો ઉદય, ક્ષય, ક્ષોભ, વૃષ્ટિ અને દુકાલ આદિ થવામાં કારણરૂપ છે.[૫૫] આ જગતના મનઃસમષ્ટિના આદિહેતુરૂપ હિરણ્યગર્ભ છે, અને તેપણ અન્યત્ર ચિદાકાશમાંજ કલ્પિત છે. એવી રીતે માયાવડે યુક્ત એવા ચિદાકાશની (શબલબ્રહ્મની—ઈશ્વરની) કલ્પના અનંત અને અનવસ્થિત છે.[૫૬] વસ્તુતાએ જોઇએ તો ચિદાકાશની અંદર તેની પોતાની શોભાજ આ સર્વને આકારે દેખાય છે, એવું વિવેકી વિદ્વાનોનું સમજવું છે; બાકી મૂર્ખોને જેવું ભાન થતું હોય તેવું ભલે થાઓ, પરંતુ તે સત્ય નથી.[૫૭]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

चिति नभसि चिन्नभःश्रीः कचतीति निरामया विदुषाम् ॥ मूर्खाणां तु यथैषा यादृग्वा तन्मयीह न सत् ॥ ५७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' અ૦ વિ૦ શ૦ પરમોપદેશ ' એ નામનો એકસો પચાસમો સર્ગ સંપૂર્ણ. ૧૫૦

सर्ग १५१ मो.*

અગ્નિ સર્વને બાળી નાખશે

॥ अन्यमुनिरुवाच ॥

तत्र ते नगरं तानि गृहाणि तरवश्च ते ॥ क्षिप्रेण शुष्कतृणवत्सर्वं भस्मत्वमागतम् ॥१॥

બીજા મુનિ કહે છેઃ—ત્યાં તે નગર, તે ઘરો અને તે વૃક્ષો, એ સર્વ સૂકેલા ઘાસનીપેઠે ક્ષણવારમાં ભસ્મ થઇ ગયું.[૧] તમે કે જે અતિ સંતાપવડે શિલાઓપણ જેની અંદર ફાટી જાય છે એવા આશ્રમની અંદર રહ્યા હતા તેનાં સૂતેલાં તે બન્ને શરીર એજ પ્રમાણે ત્યાં ભસ્મરૂપ થઇ ગયાં.[૨] પછી તે અગ્નિ વનને નિઃશેષ (નિર્મૂલ) કરી દઇ ધીરે ધીરે શાંત થઇ ગયો અને પછી સમુદ્રનું પાન કરનાર અગસ્ત્યની પેઠે તે અસ્તને પ્રાપ્ત થઇ ગયો.[૩] તે અગ્નિ શાંત થઇ ગયા પછી પ્રથમ પ્રજ્વલિત અને પછીથી શીતલ થઇ ગએલ તે સર્વ ભસ્મને પુષ્પોના સમૂહની પેઠે વાયુએ રજરૂપે (પ્રત્યેક કણે) વિખેરી નાખી,[૪] અને તેનેલીધે જેમ જાગ્રત અવસ્થામાં સ્વપ્નનગર ન દેખાય તેમ તે આશ્રમ ક્યાં હતો, એ બન્ને શરીર કયાં હતાં અને કરંડિયાની પેઠે અનેક જનસમૂહના આશ્રયરૂપ એવું તે નગર પણ ક્યાં હતું, તે કશું જણાતું નથી.[૫] જ્યારે તમારાં એ બન્ને શરીર અભાવને પ્રાપ્ત થઈ ગયાં ત્યારે પછી એમજ સિદ્ધ થાય છે કે સ્વપ્નમાં તમને ભ્રમ થતાં તમારો ચિદાત્માજ એ સર્વરૂપે જણાય છે;[૬] અને તેને લીધેજ તે પુરુષનું ગળાનું છિદ્ર તથા તમારો તે વિરાટ્ પુરુષ હમણાં ક્યાં દેખાય છે ? ઓજે સહિત તે સૂઇ જતાં ઓજ સહિત તેના દેહનો અગ્નિવડે દાહ થઇ ગયો,[૭] અને તેને લીધેજ હે મુનિ ! એ બન્ને દેહ તમારા જોવામાં આવ્યા નહિ; અને હમણાં તમે અનંત એવા સ્વપ્નસંસારરૂપી જાગ્રતમાં રહેલા છો.[૮] હે સુંદર વ્રતધારી ! એ પ્રમાણે આ સ્વપ્નજ જાગ્રતભાવને પ્રાપ્ત થઇ રહેલ છે, અને અહીં અમે સર્વ તમારા સ્વપ્નનરજ છીએ.[૯] તમે અમારા સ્વપ્નનરરૂપ છો અને અમે તમારા સ્વપ્નનરરૂપ છીએ. વસ્તુતાએ જોઇએ તો આત્મારૂપ ચિદાકાશ સર્વદા (સદાકાલ) પોતાના અદ્વિતીય સ્વરૂપમાંજ રહેલ છે.[૧૦] તમે જોકે પ્રથમ સ્વપ્નનરરૂપ છો, તોપણ તે દિવસથી માંડી તમને જાગૃતની પ્રતીતિ થતાં તમે જાગ્રત અવસ્થાના નરરૂપ થઈ રહ્યા છો,અને ગૃહસ્થપણામાંજ સારી રીતે સ્થિર થઈ રહેલ છો.[૧૧] આ સર્વ આદિથી માંડી અંતસુધી જેવું બન્યું છે તેવું કહી બતાવ્યું છે, અનુભૂત છે, અને સારીપેઠે (દૃશ્યરૂપે) જોએલ છે; અને (સંદેહ રહેતો હોય તો) તમે પોતે તે ધ્યાનવડે જોઇ શકો છો.[૧૨] આકાશની અંદર પ્રસરી રહેલ સુવર્ણના જેવા તડકાની પેઠે જે પ્રકાશરૂપે સર્વત્ર પ્રસરી રહેલ છે તે આદિ, મધ્ય અને અંતથી રહિત, એવા ચિદ્ઘન આત્મા પોતાની કલ્પના શક્તિના ઉછાળાવડે ચપલરૂપ બની જઇ પોતે ચિન્મય છતાં પોતાના આત્માની અંદર પ્રકટ થઇ રહેલ એવી શુભ-અશુભ તથા મિશ્ર એવી સૃષ્ટિઓને આકારે (વિવર્તરૂપે) પ્રતીતિમાં આવે છે.[૧૩]

* આ એકસો એકાવનમા સર્ગમાં અગ્નિ, આશ્રમને તથા તે મુનિના શરીરને બાળી નાખશે તેવિષે, પવનવડે તેની ભસ્મ ઉડી જવા વિષે, અને સ્વપ્નમાં જાગ્રતની સ્થિતિ દેખાયાવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

इत्यादिमध्यरहितोयमनन्तरूपः ।
संविद्घनः कचति कांचनतापवत्खे ॥
तत्फाललोलवपुरात्मनि चिन्मयात्मा ।
सर्गात्मभिर्विकसितैरसितैः सितैश्च ॥ १३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અભાવદર્શન' એ નામનો એકસો એકાવનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૧

સર્ગ ૧૫૨ મો.*

સ્વપ્નપદાર્થની સત્યતાવિષેની શંકાનું નિવારણ

॥ મુનિરુવાચ ॥

इत्युक्त्वा स मुनिस्तत्र तूष्णीं स्वशयने निशि॥
आसीद्विस्मयतश्चाहमथासं प्रोह्यमानवत् ॥ १ ॥

મુનિ કહે છેઃ—મને ઉપર પ્રમાણે કહી તે મુનિ રાત્રિસમયે પોતાના શયનની અંદર મૌનને ધારણ કરી રહ્યા, અને હું તો પછી કેમ જાણે પવનના સમૂહમાં વહ્યો જતો હોઉં તેમ વિસ્મયવડે વ્યાપ્ત બની ગયો.[૧] પછી મેં તેને ઘણી વારે કહ્યું, કે હે મુનિશ્રેષ્ઠ! હે મહાસમર્થ! પરમેશ્વર (આશ્ચર્ય છે કે) આ સર્વ સ્વપ્ન સદ્રૂપ છે (યથાર્થ છે) એમ મને જણાય છે.[૨]

બીજા મુનિ કહે છેઃ—જો બીજું (જાગ્રત આદિ કાંઇ) સત્ય સંભવતું હોય તો હજી 'આ સ્વપ્ન આદિ શું સત્ય છે' એવો વિસ્મય ઘટે; પરંતુ જ્યાં જાગ્રતસંબંધી દૃશ્યની પણ અલ્પ સત્તા છે, એટલે કે તેપણ મિથ્યાભૂત છે, ત્યાં પછી સ્વપ્ન આદિની સત્યતાના યથાર્થપણાવિષે તો શી વાત કરવી?[૩] સ્વપ્નની પેઠેજ પ્રથમ આ સૃષ્ટિ ભાસે છે, અને તે વસ્તુતાએ પૃથ્વી આદિથી રહિત છતાં (સ્વપ્નની પેઠેજ) પૃથ્વી આદિવડે યુક્ત દેખાય છે.[૪]

હે કમલપત્રના જેવાં સુંદર નેત્રવાળા વ્યાધના મહાગુરુ મુનિ! આજના આપણા સ્વપ્નના કરતાં પણ જાગ્રતરૂપે પ્રસિદ્ધ એવું આ સૃષ્ટિરૂપી સ્વપ્ન વધારે શુદ્ધ ચિદ્રૂપ છે. આ સંબંધમાં યુક્તિ કહું તે તમે સાંભળો.[૫] આજે જાગ્રત અવસ્થામાં દીઠેલા પદ—પદાર્થના સંસ્કારો બુદ્ધિમાં ચોંટી જવાથી રાત્રિએ સૂઇ જતાં સ્વપ્નમાં જે કાંઇ તમને શબ્દ અને અર્થની પ્રતીતિ થાય છે, તેમાં સંસ્કાર આદિ સામગ્રી હોવાને લીધે હજી કાંઇક સત્યતા વિષે સંભાવના થઈ શકે, પરંતુ આ સૃષ્ટિરૂપી સ્વપ્ન તો સૃષ્ટિના આદિકાલમાં (તે સમયે કે તેની પહેલાં બીજું કશું ન હોવાથી તથા પૂર્વ સૃષ્ટિના સંસ્કારો વચમાં પ્રલયકાલનું મોટું વ્યવધાન આવી જતાં ઉચ્છિન્ન થઈ જવાથી) ચિદાકાશની અંદર પ્રથમજ દૃશ્ય રૂપે પ્રતીતિમાં આવે છે. (અર્થાત્ તેઓના કરતાં પણ અલ્પસત્તાવાળું છે.)[૬,૭] હે મુનિ! એવી રીતે આ વિસ્તારવાળું સ્વપ્નજગત સાવ મિથ્યા છે, તોપણ ચિદાત્મામાં રહેલી સત્તાવડે તે તેને સત્યજેવું અનુભવે છે; તેમાં તમને શો સંદેહ રહે છે?[૮] ઉપરપ્રમાણે બોલનાર તે બીજા મુનિનાં વાક્યનો આક્ષેપ કરી (વચમાં બીજી વાત નાખી) મેં તેમને પૂછ્યું કે આપ મને વ્યાધનો ગુરુ ઠરાવો છો તે શી રીતે? એ કહો.[૯]

બીજા મુનિ કહે છેઃ—આ એક બીજું આખ્યાન તમે સાંભળો. હે મહાબુદ્ધિશાળી મુનિ! હું તમને સંક્ષેપથી કહું છું, કેમકે વિસ્તાર કરવા બેસું તો તેનો અંત આવે એવું નથી.[૧૦] જ્યાંસુધી તમે વ્યાધના ગુરુ થશો ત્યાંસુધી હું અહીંજ છું અને હે મુનિશ્રેષ્ઠ! તમે કે જે અતિદીર્ઘકાલથી તપ કર્યા કરો છો અને અત્યંત ધાર્મિક છો તેપણ આ મારું સત્યવચન સાંભળી અહીં તમારે વિષે પ્રીતિ કરી રહેશો.[૧૧]

* આ એકસો બાવનમા સર્ગમાં બીજા મુનિ તે મુનિની સ્વપ્નના પદાર્થોની સત્યતાવિષેની આશંકાને નિવૃત્ત કરી તેના વ્યાધના ગુરુપણાવિષે હેતુ વર્ણન કરી બતાવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને હું કે જે અહીં રહેલ છું તેને પણ રજા આપશો નહિ. હું પણ તમારી સેવાવડે તમારી સાથે અહીંજ રહીશ એવો (દૈવનો) નિશ્ચય છે.[૧૨] પછી હે સુશીલ મુનિ ! કેટલાંક વર્ષો વ્યતીત થયાબાદ દુર્ભિક્ષવડે તમારા સર્વ બંધુઓનો નાશ થઇ જશે;[૧૩] અને વૈર-બલ આદિવડે મત્ત તથા સીમાડાના અંતમાં રહેલ એવા ખંડિયા રાજાઓનું પરસ્પર યુદ્ધ થતાં પ્રાણીઓ ઓછાં થઇ જઇ આ આખું ગામ પોતાનું ઘર છોડી ભાગી જશે.[૧૪] પછી દુઃખને નહિ જાણનાર, પરસ્પર આશ્વાસના કરી રહેલ વિદિતવેદ્ય (જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે એવા) હોવાથી શાંત, સર્વત્ર સમાનદૃષ્ટિવાળા અને સર્વ વિષયોમાં નિસ્પૃહ એવા આપણે બન્ને સૂર્ય–ચંદ્રની પેઠે શૂન્ય એવા કોઇ એક વૃક્ષખંડોના સમૂહમાં સમાન આચરણને ધારણ કરી અહીં સાથેજ રહીશું.[૧૫,૧૬] પછી આ અરણ્યની અંદર કાલે કરીને શાલ, તાલ અને બીજા લતાઓના સમૂહવડે આખા ભૂલોકને ઢાંકી દેનાર,[૧૭] તાલી અને તમાલ વૃક્ષોનાં પત્રોનાં તાંડવ નૃત્યવડે દિશાઓને શોભાવનાર, વિકસિત થએલ એવાં કમલોનાં વનોએ કેમ જાણે નીચે નમી વંદન કરાતાં હોય તેવાં જણાતાં પ્રફુલ્લ વૃક્ષોવાળું, શબ્દ કરતા એવા ચકોર પક્ષીઓના સમૂહવાળી સુંદર લતાઓના નિકુંજવડે સુશોભિત, મહાપ્રકાશમાન અને અંતરિક્ષથી આવેલ એવું કેમ જાણે સાક્ષાત્ નંદન વન હોય તેવું જણાતું કોઇ એક ઉત્તમ વન અહીં થઇ જશે.[૧૮]

तालीतमालदलतांडवमंडिताशं ।
व्याकोशपद्मवनवंद्यविकासिवृक्षम् ॥
कूजच्चकोरचयचारुलतानिकुंज–
मुद्भासि नंदनमिवागतमन्तरिक्षात् ॥ १८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મુનિરાત્રિસંકથાવર્ણન'એ નામનો એકસો બાવનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૨

સર્ગ ૧૫૩ મો.*

મુનિની સર્વમાં એકાત્મબુદ્ધિ

॥ अन्यमुनिरुवाच ॥

आवयोश्चरतोस्तस्मिन् वने चिरतरं तपः ॥
मृगानुसरणश्रांतो मृगव्याध उपैष्यति ॥ १ ॥

બીજા મુનિ કહે છેઃ–આપણે બન્ને કે જે તે વનની અંદર ઘણા લાંબા કાલસુધી તપમાં પ્રવૃત્ત હઈશું તેમનીપાસે મૃગોની પછવાડે દોડવાથી થાકી ગએલો મૃગહિંસક વ્યાધ આવશે.[૧] તમે તેને સ્વભાવથીજ પવિત્ર એવી કથાઓવડે બોધ કરશો અને પછી તેપણ વૈરાગ્યને પ્રાપ્ત થઇ જઇ તેજ વનની અંદર તપ કરશે.[૨] તપસ્વીના ધર્મોનો અભ્યાસ થવાથી (શમ–દમ–આદિ સાધનસંપત્તિ પ્રાપ્ત થતાં) એ વ્યાધ આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છાથી વચમાં સ્વપ્નનો જિજ્ઞાસુ બની સ્વપ્નની કથા પૂછશે.[૩] સ્વપ્નના પ્રસંગથી તમે તેને અખંડિત આત્મજ્ઞાનનો બોધ કરશો કે જેથી તે યોગ્ય થઈ જશે.[૪] આ ઉપર વર્ણવ્યા પ્રમાણે તમે તે વ્યાધના ગુરુ થશો, જેથી હે પ્રિયમુનિ ! તમને વ્યાધગુરુ કહ્યા છે.[૫] એવી રીતે જેવો આ સંસારનો ભ્રમ છે, જેવો હું છું, જેવા તમે છો અને જે કાંઈ હવે પછી થવાનું છે તે સર્વ મેં તમને કહી બતાવ્યું છે.[૬] ઉપર પ્રમાણે તે બીજા મુનિના કહેવાથી વિસ્મયવડે આકુલ બની ગએલી બુદ્ધિવડે મેં તેની સાથે વિચાર કર્યો અને હું પરમ વિસ્મયને પ્રાપ્ત થઈ ગયો.[૭] પછી તે રાત્રિ વ્યતીત થયાબાદ પ્રાતઃકાલમાં મેં તે મહામુનિની એવા પ્રકારથી સેવા કરી કે તે ત્યાંજ પ્રીતિ બાંધી રહી ગયા.[૮] પછી તે વનના

* આ એકસો ત્રેપનમા સર્ગમાં વ્યાધનું આવવું થતાં તે મુનિનું તેનાપ્રતિ ગુરુપણું તથા કાલે કરી વિવેકનેલીધે જ્ઞાન થતાં સર્વમાં ઐકાત્મ્યબુદ્ધિ, એ વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગૃહની અંદર અને ગામડાના ગૃહની અંદર અમે બન્ને સ્થિર બુદ્ધિ કરી પરસ્પર પ્રીતિ બાંધી રહ્યા;[૯] અને ઋતુ-સંવત્સર આદિરૂપ સમય પછી એમજ વ્યતીત થતો રહે છે. હું પર્વતની પેઠે અચલપણે રહી પ્રાપ્ત થએલા ઇષ્ટ-અનિષ્ટ ભાવોનું ગ્રહણ અને ત્યાગ કરતો રહું છું.[૧૦] મરણને પણ હું ઇચ્છતો નથી તેમ જીવિતને પણ ઇચ્છતો નથી, કિંતુ યથાસ્થિતપણે શીતલ સ્થિતિમાં રહ્યો છું.[૧૧] પછી મેં ત્યાં આ દૃશ્યમંડલવિષે વિચાર કરવા માંડયો કે આ દૃશ્યનું શું કારણ હશે? આ જીવ તેને ચિત્તવડે કેવી રીતનું જાણે છે?[૧૨] આ પદાર્થોનો સમુદાય શું છે? તેનું કારણ શું છે? આ સ્વપ્નસૃષ્ટિ કે જે એક ચિદાકાશરૂપજ છે તેની અંદર સ્વર્ગ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ અને દિશાઓ પ્રતીતિમાં આવે છે પણ વસ્તુતાએ જોતાં પોતાના સ્વરૂપમાં રહેનાર ચિદાકાશજ એ સર્વને આકારે વિવર્તરૂપે થઇ હેલ છે.[૧૩,૧૪] ચારે દિશાઓમાં ચિદાકાશરૂપ ચાંદની જે કાંઈ પોતાના પ્રકાશને પ્રસારી છે તેજ આ જગતને રૂપે ભાસે છે; કે જે ચિદાકાશની અંદર વિચિત્ર પ્રકારના એક ચિત્ર જેવું દેખાય છે, અને વસ્તુતાએ નિરાકાર છે.[૧૫] આ પર્વતો નથી, આ પૃથ્વી નથી, આ આકાશ પણ નથી અને આ હું પણ નથી; માત્ર ચિદાકાશનો એક વિવર્તજ આ સર્વને આકારે ભાસ્યા કરે છે.[૧૬] જો સર્વ ચિન્માત્રનોજ વિવર્ત છે તો પછી પદાર્થસમૂહનું શું કારણ છે, અને તેઓનું સાકારપણું થવામાં પણ કારણવિના શા પ્રયોજનનો સંભવ છે? કાંઈ નહિ.[૧૭] જો આ સર્વ ભ્રાંતિમાત્રજ છે, એમ કહીએ તો ભ્રાંતિનું શું કારણ છે, અને ભ્રાંતિનો દ્રષ્ટા તથા મનન કરનારો કોણ છે, તથા તેનું કારણ કેવું અને કોને આધારે રહેલ છે?[૧૮] હું કે જે ચિન્માત્ર છું તે જેના દેહની અંદર પ્રવેશ કરી હૃદયના ઓજમાં રહ્યો હતો, તે પ્રાણી મારા દેહની સાથેજ નિઃશેષપણે ભસ્મરૂપ થઇ ગયો;[૧૯] માટે મારો દેહ અને તે પ્રાણીનો દેહ એ વગેરે કશું વસ્તુતાએ ન હોવાથી સર્વ અનાદિ અને અનંત ચિદાકાશના એક આભાસરૂપ છે. તેમાં કર્ત્તા, કર્મ, કરણ (કારણ) આદિ કશું નથી. ક્રમવિના સર્વ ચિદેકરસ છે.[૨૦] ઘટ-પટ-વિવર આદિ સર્વ જ્યારે ચિદાકાશનોજ એક વિવર્ત છે તો પછી તેઓનું ઘટ-પટ-વિવર આદિ આકારને જણાવનાર સ્ફુટરૂપ ક્યાંથી ઉત્પન્ન થયું? ક્યાંયથી નહિ.[૨૧] વસ્તુતાએ જોતાં તો ચિદાકાશનો વિવર્ત પણ નથી કિંતુ કેવલ ચિદાકાશજ છે; કેમ કે ચિદાકાશનો શું વિવર્ત હોય અને કેવો હોય? એ આકાશ શી રીતે અને શા વિવર્તને ઉત્પન્ન કરે? કંઇ નહિ.[૨૨] આ દૃશ્યપ્રપંચ ચિદ્રૂપ મહાસાગરના એક પરપોટા જેવો છે, તેમાં વળી કાંઇ નવીનરૂપે વિવર્તભાવ શો હોય? આ પ્રપંચ સ્વભાવેજ એક વિવર્તરૂપે દેખાય છે, પરંતુ અનંત ચિદેકરસરૂપેજ તે રહેલ છે.[૨૩] શુદ્ધચિન્માત્ર તત્ત્વનોજ આ સર્વ વિલાસ છે અને બ્રહ્મજ સત્ય છે કે જે વિશાલ એવા પોતાના ચિદ્રૂપે સર્વત્ર એકરસ (ભરપૂર) છે; અને તેજ કેમ જાણે આ દૃશ્યરૂપે થઈ રહ્યું હોય એવી પ્રતીતિ થાય છે. પણ તે અદ્વિતીય તત્ત્વમાં દૃશ્યપણું અને દૃષ્ટાપણું કયાં રહ્યું?[૨૪] દેશવડે અને કાલવડે અનાદિ, અનંત, અપરિમેય, એક, સર્વવ્યાપી, કાર્ય-કારણની સત્તાથી રહિત, સદ્રૂપ, જગત-શૈલ અને દિશાઓના અંતો આદિ અનેક આકારે કેમ જાણે પોતાની સત્તાવડે થઇ રહેલ હોય તેવું, અને વસ્તુતાએ અદ્વિતીય એવું જે કાંઇ (અનિર્વાચ્ય) ચૈતનતત્ત્વ છે, તેજ આ સર્વને રૂપે દેખાય છે; તેથી કશુ ભિન્ન નથી.[૨૫]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

आद्यन्तवर्जितममेयमनादिमध्यमेकं विभु विगतकारणकार्यसत्त्वम् ॥ सत्तामयं भुवनशैलदिगन्तनाना नानात्मकं किमपि चेतनमेव सर्वम् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્વૈકાત્મ્યપ્રતિપાદન' એ નામનો એકસો ત્રેપનમો સર્ગ સંપૂર્ણ ૧૫૩

સર્ગ ૧૫૪ મો.*

અભ્યાસની આવશ્યકતા

॥ मुनिरुवाच ॥

इति निर्णीय दृश्येस्मिन् स्थितोस्मि विगतज्वरः॥ वीतरागो निराशंको निर्वाणो निरहंकृतिः ॥१॥

મુનિ કહે છેઃ—આ દૃશ્યના સંબંધમાં હું તે પ્રમાણે નિર્ણય કરી પછી સંતાપથી રહિત થઇ ગયો છું, રાગ આશંકા અને અહંકાર એથી પણ રહિત થઈ જઇ હું નિર્વાણદશામાં સ્થિર થઈ રહ્યો છું.[૧] આધાર અને આધેય ભાવથી રહિત, નિરભિમાન અને ઉપાધિથી રહિત બની પોતાના સ્વરૂપમાંજ સ્થિર રહી હું શાંત થઇ ગયો છું; અને સૃષ્ટિના આત્મારૂપે નિરંતર પ્રકાશિત થઇ રહ્યો છું.[૨] હું યથાપ્રાપ્ત વ્યવહાર કર્યે જાઉં છું, અને વસ્તુતાએ જોતાં કશું કોઈ પણ દ્વિવસ કરતો નથી, કેમકે જે પોતે આકાશના જેવો નિર્વિકાર કિંવા ચિદાકાશરૂપ છે અને નિષ્ક્રિય છે તેમાં વળી કર્ત્તાપણું કેવું હોય ?[૩] સ્વર્ગ, પૃથ્વી, આકાશ, વાયુ, પર્વતો, નદીઓ અને દિશાઓ એક આત્મારૂપ હોઇ ચિદાકાશરૂપજ છે. સર્વ પ્રાણીઓનો અને પંચમહાભૂતોનો સમૂહ વસ્તુતાએ જોતાં એક ચિદ્રૂપ છે.[૪] હું શાંત થઈ રહ્યો છું, નિર્વાણને પ્રાપ્ત થઈ ગયો છું અને કેવલ સુખમાંજ રહું છું. મારી દૃષ્ટિમાં વિધિ કે પ્રતિષેધ કશું નથી, અને કશો બહારનો કે અંદરનો પણ ભેદ નથી.[૫] હે વ્યાધ ! એવી રીતે હું યથાસ્થિતપણે એકજ સ્થિતિમાં રહું છું, ત્યાં આજ કાકતાલીયની પેઠે તમે મારી પાસે આવી ચડ્યા છો.[૬] એવી રીતે જેવી સ્વપ્ન અવસ્થા છે, જેવા અમે છીએ, જેવું આ જગત છે, જેવા તમે છો અને જેવું આ દૃશ્ય છે, તે સર્વ મેં તમને કહી બતાવ્યું છે.[૭] જેવા તમે દ્રષ્ટા છો, જેવું આ અંદરનું દૃશ્ય છે, જેવું આ (આગળ દેખાતું) બહારનું દૃશ્ય છે, જેવા તેઓની અંદર થનાર રાગ—દ્વેષ આદિ ભાવો છે, જેવું બ્રહ્મ છે, અને જેવા આ આપણીપાસે રહેલ મનુષ્યોના સમૂહ છે, એ સર્વ મેં તમને કહી સંભળાવેલ છે.[૮] હે વ્યાધ ! આ બધું મિથ્યા છે એમ સમજી તમે શાંત થઇ રહો; કેમકે આ સર્વ સત્તા શાંત ચિદાકાશરૂપ છે.[૯] આ આત્મસત્તા શાંતિને પ્રાપ્ત થતાં પોતાની પેઠેજ તેમાં નિર્વાણદશાનો અનુભવ થાય છે, અથવા તો કશું તેમાં ભાસતુંજ નથી.

વ્યાધ કહે છેઃ—જો એમજ હોય તો હું અને તમે અથવા દેવાદિક સર્વ પરસ્પર એક બીજાના સ્વપ્નપુરુષરૂપ છીએ, કે જે પ્રાતિભાસિકરૂપે સત્ય અને પારમાર્થિકરૂપે અસત્ય છીએ.

મુનિ કહે છેઃ—એમજ છે. આ સર્વ પરસ્પર એક બીજાના સ્વપ્નની પેઠેજ સ્થિતિને પ્રાપ્ત થઇ રહેલ છે, અને અન્યોન્ય આત્માની અંદર સદ્રૂપ અને અસદ્રૂપ અનુભવમાં આવે છે. દૃશ્યને જે જીવ, જેવા પ્રકારનું સમજે છે તેને તે તેવાજ પ્રકારનું અનુભવમાં આવે છે.[૧૦-૧૨] જેમ એકજ ઘડો કપાલ, તેના અવયવો અને પરમાણુ આદિ રૂપે જોઇએ તો અનેક પ્રકારનો જણાય છે અને તેમાં

* આ એકસો ચોપનમા સર્ગમાં મુનિ વિચારવડે થએલી પોતાની જીવન્મુક્તસ્થિતિવિષે કહેશે અને અભ્યાસથી રહિત એવા વ્યાધની અવ્યવસ્થિત સ્થિતિવિષે વર્ણન આપશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

એકપણું પ્રતીતિમાં આવવાથી એક પણ છે, તેવીજ રીતે એકજ પરબ્રહ્મરૂપ વસ્તુ (વિવર્તભાવથી) નાના પ્રકારે થઇ રહેલ છે, અને એકરૂપ પણ છે. તેમાં જે ભેદદર્શી છે તેઓને એકતાવિષે અસત્યપણું લાગે છે, અને જેઓ એકતા માનનાર છે તેઓને અનેકપણું અસત્ય જણાય છે. બન્નેને તટસ્થરૂપે જોનારાને બન્ને ભાવની પ્રતીતિ થાય છે, અને તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં તો જાગ્રત અવસ્થામાં સ્ફુરી આવતા સ્વપ્નનગરના જેવું કેવલ ચિદ્રૂપજ અનુભવમાં આવે છે,[૧૩] કે જે પ્રથમ કોઈ દિવસ ન દીઠેલા છેટે દેખાતા નગરના જેવું આભાસરૂપ છે. એવી રીતે આ સર્વ મેં તમને યથાર્થ રીતે કહી બતાવ્યું છે. મેં તમને નિરંતર બોધ આપ્યો છે,[૧૪] તમે પોતે ડાહ્યા છો અને વિવેકી છો, સર્વ જાણો છો માટે હવે જેમ તમારી ઇચ્છા હોય તેમ સુખેથી કરો. હું તમને આ પ્રમાણે બોધ આપ્યા કરું છું, પરંતુ હે વ્યાધ! તમે માની લીધેલી જગતના સત્યપણાની ભ્રાંતિમાંજ તમારી બુદ્ધિ વિશ્રાંત થઇ રહી છે.[૧૫] જો કે તે ક્ષણવાર પ્રબોધનો ઉદય થતાં તેમાં વિશ્રાંત થાય છે, પરંતુ હજી દૃઢ રીતે તે પરમપદમાં વિશ્રાંત થતી નથી. જેમ લાકડું જલ ધારણ કરવારૂપી કાર્યના સંબંધમાં કમંડલુ આદિ આકારરૂપે પરિણામ પામ્યાવિના તેમાં જલ રહી શકતું નથી, તેમ આ બોધ પણ અભ્યાસવડે પરમ ઉત્કૃષ્ટ પ્રખર પરિણામને પામ્યાવિના ચિત્તની અંદર પ્રવેશ કરતો નથી. ગુરુ અને સત્શાસ્ત્રોના એક સેવનને લીધે અભ્યાસવડે ચિત્ત બોધની અંદર વિશ્રાંત થઇ રહેતાં દ્વૈત-અદ્વૈત સંબંધી સર્વ દૃષ્ટિ ક્ષીણ (શાંત) થઇ જવાથી ચિત્તની નિર્વાણદશા થાય છે, એમ અનુભવીઓનું કહેવું છે.[૧૬,૧૭] માન અને મોહથી રહિત, સંગદોષને જીતનારા, નિરંતર બોધ અને વૈરાગ્ય વિચાર આદિ અધ્યાત્મ વિષયમાં સ્થિર થઇ રહેલ, નિષ્કામ, સુખ-દુઃખનો સમ્યક્ અનુભવ કરાવનાર દ્વંદ્વોથી મુક્ત, અને મૂઢતાથી રહિત એવા તત્ત્વવેતાઓ તે અવિનાશી પરમપદને પ્રાપ્ત થાય છે.[૧૮]

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ॥ द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ १८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'યથાભૂતાર્થવર્ણન' એ નામનો એકસો ચોપનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૪

સર્ગ ૧૫૫ મો.*

વ્યાધની તપશ્ચર્યા વગેરે

॥ अग्निरुवाच ॥

इत्याकर्ण्याथ स व्याधस्तदा तस्मिन् वनांतरे॥ आसीच्चित्रकृताकार इव विस्मयमंथरः॥ १॥

અગ્નિ કહે છેઃ—એ પ્રમાણે તે મુનિનાં વચન સાંભળી એ વ્યાધ તે વનની અંદર ચિત્રમાં આલેખેલી પ્રતિમાની પેઠે વિસ્મયવડે જડ જેવો બની ગયો.[૧] તેનું ચિત્ત પોતાના અભ્યાસવિના પરમપદમાં વિશ્રાંત થયું નહિ, અને તે કેમ જાણે સમુદ્રમાં તણાતો જતો હોય અથવા કેમ જાણે ચક્ર (ચાકડા) ઉપર ચડેલ હોય, કિંવા કેમ જાણે કોઇ સિદ્ધ પુરુષે પોતાના તપોબલથી વંટોળિયા વાયુવડે ખેંચાતો જતો હોય અથવા તો કોઇ ઝુડે પકડેલો હોય તેમ પરાક્રમથી રહિત બની જઇ વિશ્રાંત થઇ ગયો.[૨,૩] 'આ જે કહે છે તેજ નિર્વાણપદ છે કિંવા કાંઇ બીજું નિર્વાણપદ હશે' એવા સંશયનેલીધે

* આ એકસો પંચાવનમા સર્ગમાં વ્યાધના મૂઢ તપવડે ઘણા લાંબા કાલના કલેશનેલીધે વિધાતાનું વરદાન મળતાં આકાશગતિ, શરીરનું વધવું તથા મરણ થવાવિષે, મુનિ વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

એ વ્યાધ યૌવનવાળા મૂર્ખ માણસની પેઠે શાંતિને પ્રાપ્ત થયો નહિ.[૪] આ જગત અવિદ્યારૂપજ છે, એવું ચિત્તમાં બરાબર રીતે સ્થિર ન થવાથી આ દૃશ્ય, અવિદ્યા એવા નામની બ્રહ્મની શક્તિથી ઉત્પન્ન થયેલ છે; અને તે સત્ય છે, એવો વિચાર કરી તેણે પોતાના ચિત્તમાં નિર્ણય કર્યો કે આ દૃશ્યનો અવધિ કેટલેસુધી દૂર હશે એ વાત તપવડે હું કોઈ અપૂર્વ શરીર મેળવી, પૃથ્વીથી ઉપરના ભાગમાં દૂર રહી શકે એવા વિશાલ પ્રમાણવાળા દેહવડે જઇ જોઈશ. [૬] ભાવ અને અભાવ એ બન્ને રૂપે પ્રતીતિમાં આવતા આ દૃશ્યને અંતે (જ્યાં સંસારસંબંધી કશો પ્રપંચ ન હોય ત્યાં) હું સુખેથી રહી શકીશ, માટે જ્યાં આકાશ પણ ન હોય તેવા (રહસ્ય) સ્થલમાં હું જાઉં.[૭] એવો પોતાના હૃદયમાં નિર્ણય કરી તે પોતે મૂર્ખ અવિવેકીજ રહ્યો. એ વ્યાધને તે મુનિએ આપેલ ઉપદેશ અભ્યાસને અભાવે ભસ્મમાં કરેલા હોમના જેવો નિષ્ફલ નીવડયો.[૮] પછી તે દિવસથી માંડીને એ વ્યાધે પણ પોતાના કરેલા નિર્ણયવડે પોતાનો પારધિનો ભાવ છોડી દઇ મુનિઓની સાથે તપ કરવાનો આરંભ કર્યો.[૯] એ જગતની અંદર મુનિઓની સાથે નિવાસ કરી તપસ્વીના ધર્મો પાળી ઘણાં હજારો વર્ષોસુધી તેણે મોટું તપ કર્યું.[૧૦] તપ કરતાં તેણે પછી કોઈ સમયે તે મુનિને પૂછ્યું કે, મને ક્યારે આત્મવિશ્રાંતિ મળશે ? ત્યારે મુનિએ તેને નીચે પ્રમાણે કહ્યું.[૧૧]

મુનિ કહે છેઃ—મેં જે તમને જ્ઞાનનો ઉપદેશ કર્યો છે તે જીર્ણ કાષ્ઠમાં રહેલા અલ્પ અગ્નિની પેઠે અલ્પરૂપે કિંવા નિગૂઢરૂપે રહેલ છે. તે હમણાંજ બાળી શકાય તેવો અને બાળી નાખવાને યોગ્ય તેવા આ દૃશ્યરૂપી અનર્થને દબાવી શકયું નથી;[૧૨] અને અભ્યાસના અભાવનેલીધે તમે પરમ મંગલમય એવા જ્ઞાનનો હોવાથી વ્યાધને શ્રેષ્ઠ એવું વિશેષણ આપેલ છે.

અંદર વિશ્રાંત થયા નથી. અભ્યાસવડે ઘણે લાંબે કાલે તમે તેમાં (જ્ઞાનમાં) અત્યંત વિશ્રામને પ્રાપ્ત થઈ રહેશો.[૧૩] હવે પછી હું તમને તમારા ભાવીવિષે નિર્ણય કહું તે તમે સાંભળો કે જે તમને કર્ણનાં આભૂષણ જેવો અને ભૂતલમાં આશ્ચર્ય ઉપજાવે તેવો છે.[૧૪] તમે જો કે આત્મજ્ઞાન માટે આરંભ તો કરેલ છે, પરંતુ જ્ઞાનના સ્થિર સારરૂપે તમે આત્માને નહિ ઓળખેલ હોવાથી તમારું ચિત્ત હિંડોળાના જેવું ચપલ છે;અને તમે મૂર્ખની ગણત્રીમાં પણ નથી, તેમ પંડિતની ગણત્રીમાં પણ નથી.[૧૫] વિસ્તારવાળું આ અવિદ્યારૂપી જગત કેવડું હશે, એવા પોતાના વિકલ્પવડે તમે તપ કરવાનો આરંભ કર્યો છે.[૧૬] હજી આવું ઘોર વિશાલ તપ તમારે સેંકડો યુગસુધી (અનેક જન્મપર્યંત) કરવાનું છે; અને ત્યારપછી બ્રહ્મા પ્રસન્ન થઈ દેવતાઓએ સહિત તમારી પાસે આવશે.[૧૭] હે શ્રેષ્ઠ* વ્યાધ ! વરદાન દેવાને તૈયાર થયેલ એવા બ્રહ્મા પાસે તમે પોતાના સુપ્રસિદ્ધ અજ્ઞાનનેલીધે પોતાના સંશયની નિવૃત્તિ કરે એવું કાંઇ વરદાન માગશો,[૧૮] કે "મહારાજ ! આ દેખવામાં આવતી દૃશ્યરૂપ અવિદ્યાની ભ્રાંતિ જ્યાંસુધી કાયમ છે ત્યાંસુધી અરીસાની પેઠે નિર્મલરૂપે રહેલ બ્રહ્મની અંદર એવો કોઇપણ ભાગ નથી કે જે પ્રતિબિંબરૂપ મેલથી રહિત હોય ? (જ્યાં મારી નિર્વિક્ષેપ સ્થિતિ રહી શકે.)[૧૯] પરમાણુ જેવા સૂક્ષ્મ આકારે રહેલ અને અંદર રહેનાર એવા ચિદાકાશરૂપી દર્પણમાં પણ તે જ્યાં હોય ત્યાં આ જગત પ્રતિબિંબિત થઈ દેખાય છે.[૨૦] માટે આ દૃશ્ય કે જે અનેક અનર્થ ઉત્પન્ન કરનાર છે તે કેવડુંક

* પોતાની જાતિમાં પ્રસિદ્ધ એવા હિંસા આદિ અનર્થોનો ત્યાગ કરી દેવાથી તથા તપમાં પ્રવૃત્ત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હશે? અને તેને અંતે અનંત આકાશના જેવું બ્રહ્મ કેટલેક દૂર હશે? તે મારે અવશ્ય જોવાનું છે.[૨૧] તે અર્થને હું પ્રત્યક્ષ અનુભવ કરવામાટે નીચેનું વરદાન માગું છું તે હે દેવ! હે ઈશ્વર! આપ સાંભળો. અને મને નિરવદ્ય તરત આપો.[૨૨] આ મારું શરીર નીરોગ (રોગથી રહિત) અને સ્વચ્છંદ* મૃત્યુવાળું થાઓ, તથા તે ગરુડના જેવા વેગવડે આકાશમાં ગતિ કરનાર થાઓ.[૨૩] પ્રત્યેક ક્ષણમાં પ્રત્યેક અવયવની અંદર એ શરીરની યોજનપર્યંત વૃદ્ધિ થતી રહો. ક્રમે કરીને જગતના બાહ્ય પ્રદેશમાં જતાં તે આકાશના જેવા વિશાલરૂપને ધારણ કરનાર થાઓ.[૨૪] હે પરમેશ્વર! આકાશસહિત એવા આ અનંત દૃશ્યનો હું અંત જોઇ શકું એજ મારું મુખ્ય વરદાન છે."[૨૫] હે સુશીલ વ્યાધ! તમે જ્યારે એપ્રમાણે વરદાન માગશો ત્યારે દેવતાઓના પણ દેવ એવા મહાસમર્થ બ્રહ્મા 'ભલે તેમ થાઓ' એમ તમને વરદાન આપી અંતર્હિત (ગુપ્ત) થઇ જશે.[૨૬] બ્રહ્મા કે જે મોટા દેવરૂપ હોવાથી તથા દેવતાઓના પતિ હોવાથી સ્વર્ગલોકના પણ પતિ છે તે પધાર્યા પછી તપવડે દુબળો પડી ગયેલ તમારો દેહ ચંદ્રમાના જેવી કાંતિવાળો થઈ જશે;[૨૭] અને તેજ ક્ષણે મારી આજ્ઞા લઈ મને નમસ્કાર કરી એ તમારો દેહ પોતાના મનમાં રહેલ વાત જોવાની ઇચ્છાથી આકાશમાં ઉડશે.[૨૮] કેમ જાણે બીજો કોઇ ચંદ્રમા હોય અથવા તો કેમ જાણે બીજા સૂર્યનો ઉદય થયો હોય, કિંવા ચંદ્ર અને સૂર્ય એ બન્નેની સ્પર્દ્ધાથી કેમ જાણે બીજો કોઇ વાડવાનલજ (સમુદ્રમાંથી) બહાર આવી ઉભો હોય, એવો તે મહા દેદીપ્યમાન દેખાશે.[૨૯] પછી ગરુડના જેવા વેગથી દૃશ્યનો તથા આકાશનો અંત લેવામાટે જેસથી ચાલ્યો જતો એ તમારો દેહ નદીઓના અંતની પેઠે જગતનો અંત આવી રહેતાં તે જગતને અંતે અત્યંત વધી જશે, અને પ્રલયકાલમાં મત્ત થઈ ગયેલ (મર્યાદાથી રહિત) એવા મહાસાગરની પેઠે તે અનંત આકાશને પોતાના પરિમાણવડે પૂરી દેશે.[૩૦,૩૧] ત્યારપછી મહાકાશની અંદર વૃદ્ધિ પામેલા અને મોટા શરીરવાળા તમે પ્રતિબંધથી રહિત અને પોતાના આધારરૂપ એવાં અનંતઆકાશનો આશ્રય પકડી અનેક સૃષ્ટિઓ કે જે પરમાર્થરૂપી મહાકાશની અંદર શૂન્યભાગમાં રહેલ વંટોળીઆ વાયુની પેઠે રહી હતી અને સ્વભાવરૂપી દ્રવપણાના બલથી પ્રકટ થયેલા ચિદ્રૂપ મહાસાગરના ક્રમ જાણે તરંગોજ હોય તેવી દેખાતી હતી તેને તમે જોશો.[૩૨,૩૩] જેમ ચિદ્રૂપ એવા પોતાના આત્મસ્વરૂપમાં સ્વપ્નની અંદર ચિદાકાશરૂપ એવાં સ્વપ્નનગર આદિ ભાસે છે, તેમ તમને તે સમયે નિર્બાધપણે અનેક સૃષ્ટિઓના સમૂહ ચિદાકાશની અંદર જોવામાં આવશે.[૩૪] જેમ મહા વિશાલ આકાશની અંદર ક્ષોભ પામેલા પવનને લીધે અનેક પાંદડાંઓના સમૂહ ઉડ્યા કરે તેમ તમારા દૃઢ નિશ્ચયને લીધે ચિદાકાશની અંદર અનંત સૃષ્ટિઓને દેખશો.[૩૫] જેમ મહેલની અંદર બેઠેલ સ્ત્રીઓ કે જે બહાર બેઠેલ નૃત્યસભાને મહેલના ગોખના જાળીઆમાંથી જોવાને ઇચ્છતી હોય તેઓને તે જાળીઉં (તેના સરીઆ વગેરે) વિદ્યમાન છતાં પણ જોવામાં પ્રતિબંધકારક ન હોવાથી નહિ જેવું જ છે, તેમ જેઓ તત્ત્વના યથાર્થ સ્વરૂપને ઓળખનારા છે તેઓની દૃષ્ટિમાં ચિદાકાશની અંદર આ વિચિત્ર જગતનું સ્વરૂપ વિદ્યમાન છતાં નહિ જેવું જ

* પોતાની ઇચ્છાનુસાર મૃત્યુ. મૃત્યુને સ્વાધીન કરવાની યોગમાર્ગમાં એક જાતની સિદ્ધિ બતાવી છે તેવડે યુક્ત.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે.[૩૬] પૃથ્વી ઉપર રહેલાં મનુષ્યને ચંદ્રમંડલમાં દેખાતા ધૂમાડામાં ઝાકળ આદિ પદાર્થોનો સમૂહ જેમ ચંદ્રલોકમાં રહેનાર પુરુષની દૃષ્ટિમાં અત્યંત અસત્ય લાગે તેમ પોતાના આત્માથી અનન્યરૂપે જગતને સમજી રહેનાર તત્ત્વજ્ઞની દૃષ્ટિમાં પણ આ જગત (દૃશ્યરૂપે) અત્યંત અસત્ય જણાય છે.[૩૭] વળી સૃષ્ટિ, વળી ફરી આકાશ, ફરી સૃષ્ટિ, અને વળી ફરી આકાશ, એવી રીતે અવલોકન કરનાર જે તમે તેનો લાંબો સમય એમજ ચાલ્યો જશે.[૩૮] પછી તમે કે જે સૃષ્ટિરૂપી પત્રની અંદર ભ્રમણ કરતા હશો તેને મહાવિશાલ કિંવા મોટા મહિમાવાળા એ આકાશની અંદર ફરવામાં ઉદ્વેગ ઉત્પન્ન થશે, અને તપના ફલનો અનુભવ કરતાં તમે ઉદ્વેગને પ્રાપ્ત થઇ જશો.[૩૯] ત્યારે તમે અનંત આકાશને પૂરી રહેલા પોતાના દેહતરફ જોશો, અને મનમાં કહેશો કે "જની પાસે મેરુ આદિ લાખો મોટા પર્વતો તૃણના જેવા અતિતુચ્છ દેખાય છે તેવું આ અતિ મોટું ખરાબ મારું શરીર કેમ જાણે ભારરૂપ હોય તેવું થઇ રહ્યું છે![૪૦,૪૧] આ મારો દેહ એવડો મોટો છે, કે જનું માપ (પ્રમાણ) થઇ શકે નહિ, જને લીધે મારાવડે આ આખું આકાશ વ્યાપ્ત થઇ રહ્યું છે, અને હજી પણ જે દેહવડે હું આકાશને પૂરતો રહું છું; પણ હવે ભાવી શું છે તે જાણી શકાતું નથી![૪૨] આ દૃશ્યરૂપ ઘોર અવિદ્યા અનંત છે, એમ અનુભવમાં આવે છે, અને સર્વત્ર સમાનતાનો બોધ કરનાર બ્રહ્મજ્ઞાન વિના બીજા કશાથી તેનું પરિમાણ થઇ શકતું નથી;[૪૩] માટે હવે હું આકાશની અંદરના વિશાલ ભાગને વીંટી રહેલા આ (ભારભૂત) દેહને છોડી દઉં, કેમ કે આ દેહવડે અસંગતિ કે સરાગસાવલોકન એ કશું પણ થશે નહિ.[૪૪] જના છેડાનો અંત નથી આવતો એવું અપાર અને આકાશની અંદર નિરાધારપણે રહેલ એવું મારું આ શરીર કેવું નકામું છે, કે જેવડે તત્ત્વવેત્તાઓનો શુભ સમાગમ અત્યંત દુષ્પ્રાપ છે!"[૪૫] એવો વિચાર કરી શરીરથી પ્રાણને બહાર લઈ જનારી એવી ધારણા બાંધી તમે જેમ કોઇએક પક્ષી ખાધેલ ફલમાંથી નીરસ ભાગને બહાર ફેંકી દે તેમ એ શરીરને છોડી દેશો.[૪૬] દેહનો ત્યાગ કર્યા બાદ તમારો એ પ્રાણયુક્ત જીવ કે જે વાયુના કરતાં પણ અતિસૂક્ષ્મ છે તે વાયુની પેઠે આકાશની અંદર રહેશે.[૪૭] કપાઈ ગએલી પાંખોવાળા મહામેરુની પેઠે તમારો તે દેહ (નિર્જીવ થતાં) નીચે પડશે અને તે પૃથ્વીલોક તથા પર્વત આદિ સર્વને ચૂરેચૂરા કરી નાખશે.[૪૮] રુધિરથી રહિત થઇ રહેલ ભગવતી કાલી માતૃગણોએસહિત તે સમયે તમારા એ દેહનું ભક્ષણ કરશે કે જથી પૃથ્વી નિર્દોષ થઇ જશે.[૪૯] હે સુંદર વ્રતને ધારણ કરનાર વ્યાધ! ઉપરપ્રમાણે તમે તમારો પોતાનો સર્વ વૃત્તાંત સાંભળી લીધો છે. હવે તાલીવનમાં તપશ્ચર્યા કરી જેમ તમારી ઇચ્છા થતી હોય તેમ સુખેથી તમે કરો.[૫૦]

વ્યાધ કહે છેઃ—અહો મહારાજ! હજી મારે અક્ષય દુઃખ ભોગવવાનું બાકી રહ્યું છે, કેમ કે ભ્રાંતિવડે પુરુષાર્થરૂપ સમજી મેં દુઃખનેજ મારે હાથે વૃથા સંકલ્પવડે વહોરી લીધેલ છે.[૫૧] હે મુનિશ્રેષ્ઠ મહારાજ! આ તમે મને ભાવી અર્થની સ્થિતિ કહી, પરંતુ એ ભાવી જે યુક્તિવડે અન્યથા થઇ જાય, (બદલાઇ જાય) એવી કાંઇ યુક્તિ છે કે નહિ, તે આપ કહો.[૫૨]

મુનિ કહે છેઃ—જે અર્થ (વિષય) અવશ્ય ભાવી છે તે કોઇ દિવસ કોઇનાથી અન્યથા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરી શકાતો નથી, કેમ કે આ જન્મના પુરુષાર્થવડે તેની નિવૃત્તિ થતી નથી.[૫૩] જેમ પોતાના દેહની અંદર પણ ડાબા-જમણા અંગને કે હાથ-પગને એક જગોથી બીજી જગોએ બદલાવી દેવામાં પુરુષની શક્તિ નથી, તેમ નિર્માણ થઇ ચૂકેલાં ભાવીને પણ બદલાવી દેવાને પુરુષની શક્તિ નથી.[૫૪] જ્યોતિઃશાસ્ત્ર આદિના અર્થવડે અને અનુભવવડે ભાવી અર્થની પ્રતીતિ થાય છે, પરંતુ બીજું કશું અપૂર્વ (નવો ફેરફાર આદિ) કોઇ દિવસ થઈ શકતું નથી.[૫૫] જે ધીર-વીર પુરુષો પોતાનાં સ્વાભાવિક કિંવા પ્રાક્તન એવાં પુણ્યોવડે ચાલતા જન્મમાં શમ-દમ-આદિ સાધનોને સંપાદન કરી શરીરનો દાહ થતાં પણ નિર્વિકારપણે રહેનાર એવા કોઇ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરાવનાર શ્રવણ આદિ ઉપાયોવડે તત્ત્વજ્ઞાનને મેળવી બ્રહ્મરૂપે થઇ જઇ જગતના વ્યવહારમાં સુષુપ્તિ અવસ્થા જેવી સ્થિતિને ધારણ કરે છે, તેઓજ પોતાના પ્રાક્તન સર્વ કર્મોને અને અત્યંત દુષ્ટ એવા સંકલ્પોને નિર્મૂલ કરી નાખી પોતાના કર્ત્તવ્યમાં જય મેળવે છે.[૫૬]

जयन्ति कर्माणि हि वेदनानि यैः प्राक्तनैरद्यतनान्युपेत्य ॥ शरीरदाहैरपि निर्विकारसंविन्न यैर्ब्रह्मतयैव सुप्तम् ॥ ५६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ભાવિસંપત્તિવર્ણન' એ નામનો એકસો પંચાવનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૫

सर्ग १५६ मो.*

સિંધુરાજા મંત્રીની પાસેથી જ્ઞાન પામ્યો

॥ व्याध उवाच ॥

अनंतरं हे भगवन् विततेाकाशवासिनः ॥
किं भविष्यति मे तत्र देहेऽधःपातिनि क्षितौ ॥

વ્યાધ કહે છેઃ—હે મહારાજ! હું કે જે વિશાલ આકાશની અંદર (સૂક્ષ્મ જીવરૂપે) રહ્યો હઇશ તેનો દેહ પૃથ્વી ઉપર નીચે પડતાં પછી શી ગતિ થશે?[૧]

મુનિ કહે છેઃ—હે શુભ ચિત્તવાળા વ્યાધ! તમારા દેહનો નાશ થયા પછી તમે કે જે પરમ (અવ્યાકૃત) આકાશમાં રહ્યા હશો તેનું શું થશે તે કહું છું. તમે એકચિત્ત થઈ સાંભળો. તમારો એ દેહ નીચે પડી નષ્ટ થઇ જતાં પ્રાણવાયુવડે યુક્ત એવો તમારો જીવ વિશાલ આકાશની અંદર એક સૂક્ષ્મ વાયુરૂપે રહેશે;[૩] અને પછી તેની અંદર એ તમારું ચિત્ત, પોતામાં રહેલ વાસનામય વિશાલ ભૂપીઠરૂપી (પૃથ્વીરૂપી) દૃશ્યને સ્વપ્નની પેઠે દેખશે.[૪] ચિત્તવૃત્તિજ જગતને આકારે મહાન આકારને ધારણ કરનાર હોવાથી તમારો જીવ 'હું પૃથ્વીના પીઠઉપર એક રાજા છું' એવા કાલ્પનિક અર્થનો આશ્રય પકડી પોતાને તેવેરૂપે દેખશે;[૫] અને ત્યાં તે (જીવ) ને એવી પ્રતિભાનો તરત ઉદય થઇ જશે કે "અતિ માનપાત્ર અને મોટા સામંતોએ માનેલ એવો સિંધુ નામનો એક શ્રીમાન નરપતિ હું છું.[૬] મારી આઠ વર્ષની અવસ્થામાં મારા પિતા (રાજ્ય છોડી) વનમાં જતાં તેમણે મને આપેલ એવું ચારે સમુદ્રપર્યંતનું વિસ્તારવાળું પૃથ્વીનું રાજ્ય મારા હાથમાં છે.[૭] મારા સીમાડાના અંતમાં મારો શત્રુ 'વિદૂરથ' એવા નામથી વિખ્યાત એક રાજા છે કે જે પ્રયત્ન કર્યાવિના કોઇ દિવસ જીતાય તેવો નથી.[૮] અહો! આ રાજ્ય કરતાં મારાં સેંકડો વર્ષો વ્યતીત થઇ ગયાં, મેં મારા નોકર તથા સ્ત્રીઓ વગેરે પોષ્યવર્ગની સાથે ઘણું સુખ ભોગવ્યું;[૯] પરંતુ હવે કષ્ટની વાત છે કે આ મારા દેશના સીમાડાના અંતમાં વિદૂરથ રાજા (જે આપણો શત્રુ

* આ એકસો છપ્પનમા સર્ગમાં વાયુની અંદર રહેલ એ વ્યાધનો જીવ સિંધુરાજારૂપ થઇ, વિદૂરથને મારી પોતાના મંત્રીના મુખથી આત્મતત્ત્વનું શ્રવણ કરશે, એવિષ કહેવાશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation. USA

છે તે) બહુ વધી ગયો છે, અને તેની સાથે હમણાં દારુણ સંગ્રામ કરવાનો સમય આવી ગયો છે."[૧૦] એમ વિચાર કરનાર એવા જે તમે, તેનું વિદૂરથ રાજા સાથે ચતુરંગ સેનાનો ક્ષય કરનાર એવું મોટું યુદ્ધ થશે.[૧૧] જોકે તમે રથથી રહિત થઇ ગયા હશો તોપણ એ મોટા યુદ્ધવિષે ખડ્ગરૂપી લતાવડે જંઘાને કાપી નાખી વિદૂરથને મારશો.[૧૨] પછી ચારે સમુદ્રપર્યંત આખી પૃથ્વીની અંદર તમેજ એક રાજા થશો; અને ભયભીત થઇ રહેલા દિક્પાલો પણ તમારી આજ્ઞાને માથે ચડાવશે.[૧૩] તમે કે જે સિંધુ નામના રાજારૂપ થયા હશો તે સર્વ ભૂમંડલના રાજ્યને પ્રાપ્ત થતાં શાસ્ત્રતત્ત્વને જાણનારા (પંડિત) પોતાના મંત્રીઓની સાથે નીચેની કથાઓ (વાતો) કરશો.[૧૪]

મંત્રી કહેશેઃ—હે મહારાજ! અતિઆશ્ચર્યની વાત છે કે આપે વિદૂરથ રાજાને યુદ્ધમાં જીતી લીધો અને યમલોકમાં પહોંચાડી દીધો.[૧૫]

તમે કહેશોઃ—હે સુશીલ મંત્રી! હું કે જે ધનવાનપણાથી પોતાના કર્ત્તવ્યમાં સૈન્યબલવડે પ્રલયકાલના સમુદ્રના જેવા પ્રચંડ વેગવાળો છું તેને વૈરીરૂપ એ વિદૂરથ રાજા કેમ વિષમ (સાલરૂપ) થઈ પડયો?[૧૬]

મંત્રી કહેશેઃ—એ વિદૂરથ રાજાની 'લીલા' એવા નામની એક ભાર્યા છે તેણે પોતાના અતિ ઉગ્ર તપવડે સરસ્વતી દેવી કે જે નિષ્કલંકરૂપે જગતને ધારણ કરી રહેલ છે તેને માતૃભાવવડે (આ મારાં માતારૂપ છે એવા ભાવથી) પોતાને આધીન કરી રાખેલ છે.[૧૭] જગતની સ્થિતિ કરનારાં ભગવતી સરસ્વતી દેવી એ લીલાને પોતાની પુત્રીરૂપ માની તેનાં મોક્ષ આદિ કાર્યોને પણ લીલામાત્રવડે સાધી આપે છે.[૧૮] તે સરસ્વતીના વરદાનના પ્રભાવવડે શબ્દમાત્રથી આ જગતને ક્ષણવારમાં નહિ જેવું બનાવી દે તેમ છે, તો પછી તમારો નાશ કરવામાં તેને શું શ્રમ કરવો પડે? કાંઇ નહિ.[૧૯]

સિંધુ રાજા કહેશેઃ—તમે જે કહોછો તે બરાબર છે. ખરેખર જેમ તમે કહોછો તેમજ હોય તો એ વિદૂરથ રાજાને જીતી લેવો અશક્ય છે, છતાં યુદ્ધમાં તેનો વધ થયો એ વાત આશ્ચર્યકારક છે.[૨૦] એવી રીતે ભગવતીનો કૃપાપાત્ર એ વિદૂરથ આ યુદ્ધની અંદર કેમ વિજયને પ્રાપ્ત થયો નહિ?[૨૧]

મંત્રી કહેશેઃ—હે કમલના જેવાં સુંદર નેત્રવાળા રાજા! એ વિદૂરથ રાજાએ સર્વકાલમાં ખેદને નહિ પામતાં અસ્ખલિત યત્નથી 'મારો આ સંસારથી મોક્ષ થાઓ' એવીજ દેવીપાસે નિરંતર પ્રાર્થના કરેલ તેથી,[૨૨] હે મહારાજ! ભગવતીએ પોતાના સત્યસંકલ્પપણાથી તેને મોક્ષજ આપ્યો કે જેથી તે પોતાની મેળેજ યુદ્ધમાં પરાજયને પ્રાપ્ત થઇ ગયો.[૨૩]

સિંધુ રાજા કહેશેઃ—જો એમજ હોય તો હું પણ એ ભગવતી દેવીની નિરંતર પૂજા કરું છું છતાં તે મને મોક્ષ કેમ નથી આપતાં?[૨૪]

મંત્રી કહેશેઃ—ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપ એ ભગવતી દેવી સર્વના હૃદયમાં રહેલ છે, અને તેજ 'સરસ્વતી' એવા નામથી કહેવાય છે.[૨૫] જે પુરુષ પોતાના હિતમાં રહેલાં એ ચિદ્રૂપ ભગવતી પાસે જેવી પ્રાર્થના (દૃઢ સંકલ્પપૂર્વક) કરે છે તેવા ફલને એ તત્કાલ આપે છે, અને તે (ભગવતી) પોતેજ સત્યસંકલ્પનેલીધે ફલરૂપે અનુભવમાં આવે છે.[૨૬] હે શત્રુને નાશ કરનાર રાજા! તમે એ ભગવતીની પ્રાર્થના મોક્ષને માટે નથી કરી, કિંતુ તમે પોતાનું હિત કરનાર ચિદ્રૂપ ભગવતીની શત્રુની શાંતિમાટે પ્રાર્થના કરી છે. (જેથી તેવું ફલ મળ્યું છે.)[૨૭]

સિંધુરાજા કહેશેઃ—મારી પેઠે વિદૂરથ રાજાએ રાજ્યનેમાટે કેમ ભગવતી પાસે પ્રાર્થના કરી

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by eGangotri

નહિ ? તેમ મેં પણ વિદૂરથ રાજાની પેઠે શુદ્ધ-ચિન્મય દેવીનીપાસે મોક્ષમાટે કેમ પ્રાર્થના કરી નહિ ?[૨૮] હે પ્રિયમંત્રી ! મારા ચિત્તમાં અંતર્યામિરૂપે રહેલાં છતાં પણ સત્યરૂપ એ ભગવતી સરસ્વતી દેવી મને મોક્ષ કરનાર બુદ્ધિ આપી મારા મોક્ષને માટે કેમ પ્રવૃત્તિ કરતાં નથી ?[૨૯]

મંત્રી કહેશેઃ—હે મહારાજ ! આપ કે જે શત્રુનો સંહાર કરનાર છો તેનો કાંઇ પ્રાક્તન (પૂર્વજન્મનો) એવો અશુભ અભ્યાસ બંધાઈ રહ્યો છે કે જનેલીધે તમે નમસ્કાર કરી તે ભગવતી પાસે મોક્ષ માટે પ્રાર્થના કરી નહિ.[૩૦] વળી જ્યારથી જગતની સ્થિતિ ચાલુ થઇ છે ત્યારથી માંડી મનુષ્યનું ચિત્ત જેની અંદર રહે તે રૂપજ તે પોતે થઇ જાય છે. આ વાત ઠેઠ બાલકપર્યંત સિદ્ધ છે, તોપછી તેને અન્યથા કરવાને કોણ સમર્થ છે ? કોઇ નહિ.[૩૧] હે પ્રિય રાજા ! પોતાની શુદ્ધ બુદ્ધિવડે પોતાના ચિત્તની અંદર નિર્મલ આત્મસ્વરૂપને પોતાના અભ્યાસવડે ગમેતેવેરૂપે અહર્નિશ ચિંતવવામાં આવે તે ભલે સત્ય હો; કિંવા અસત્ય હો; પરંતુ બીજી સર્વ વાસનાઓનો ઉપમર્દ કરી છેવટ પુરુષ પોતે નિર્વિઘ્નપણે તેરૂપ થઈ જઇ તેવે આકારે (ફલરૂપે) દેખાય છે.[૩૨]

यदेव येनामलयामलात्म ।
संवेद्यतेभ्यासमयं विदान्तः ॥
सर्वापमर्देन तदेव सोंग ।
सदस्त्वसद्वास्तु भवत्यविघ्नम् ॥ ३२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સિંધુસંબોધન'એ નામનો એકસો છપ્પનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૬

सर्ग १५७ मो.*

સિંધુરાજાને જ્ઞાનનો ઉદય

॥ अथ सिंधुर्बोदिष्यति ॥

आर्यानार्यवपुः कोहमभवं विमतिः पुरा ॥
यद्वज्ञान्मे कुसंस्कारः प्राक्तनोऽस्ति भवप्रदः॥१॥

પછી સિંધુરાજા કહેશેઃ—હે આર્યમંત્રી ! પૂર્વજન્મમાં હું એવો દુર્બુદ્ધિવાળો અને અનાર્ય શરીરને ધારણ કરનાર કોણ હતો કે જેથી સંસારમાં ભટકાવનાર એવો કોઈ પ્રાક્તન કુસંસ્કાર મારામાં રહી ગયો છે ?[૧]

મંત્રી કહેશેઃ—હે મહારાજ ! હું આપના પૂછવાથી એ વિષે એક રહસ્ય કહું છું તે તમે ક્ષણવાર સાવધાન થઇ સાંભળો. આશા છે કે અજ્ઞાનને નાશ કરનાર એ મારા વચનને આપ હૃદયમાં ધારણ કરી રાખશો.[૨] અહીં અનાદિ અને અનંત એવું કાંઇપણ (અવર્ણનીય) નિર્વિકાર સત્ય તત્ત્વ છે કે જે તમે—હું ઇત્યાદિ અનેકરૂપે થઈ રહેલ છે; અને જે બ્રહ્મશબ્દવડે કહેવામાં આવે છે,[૩] તે બ્રહ્મ પોતેજ 'હું ચિદ્રૂપ છું માટે કાંઈ મારા વિલાસને પસારૂં' એવા સંકલ્પને પ્રાપ્ત થઈ ચિત્તરૂપ બની જઇ ઉપાધિને નહિ છોડતાં કેમજાણે જીવભાવને પ્રાપ્ત થઈ ગયેલ હોય તેમ રહ્યું છે.[૪] ચિત્ત એ એક આકાશના જેવા નિર્મલ આત્માના ઉપાધિરૂપ છે, અને તેજ આતિવાહિક દેહરૂપ છે, એમ તમે સમજો. આધિભૌતિક આદિ સ્થૂલરૂપ પણ તેજ થઇ જાય છે, બાકી કાંઇ તેનાથી આધિભૌતિક (સ્થૂલદેહ) આદિ કશું જુદું નથી.[૫] આ લોક—પરલોક—આદિ રૂપે અને સ્વપ્ન આદિ રૂપે થનારા સંક-

* આ એકસો સત્તાવનમા સર્ગમાં સિંધુરાજાના જીવની તામસતામસી જાતિવિષે વર્ણન આવશે, અને સિંધુરાજાને રાજ્યનો ત્યાગ કરતાં વિવેકનો ઉદય થવાથી મોક્ષ મળવા વિષે નિરૂપણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

લ્પોવડે આ ચિત્ત નિરાકાર છતાં કેમ જાણે સાકાર હોય તેવું થઇ રહ્યું છે, અને તે સત્ય આત્મતત્ત્વનોજ એક વિવર્ત છે.[૬] નિરાકાર એવું ચિત્તજ વિશાલ જગતને આકારે થઈ રહેલ છે, એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે. જેમ વન છે તેજ તેની ચલન શક્તિરૂપ છે, તેમ ચિત્તજ જગતરૂપ છે.[૭] જેમ આકાશ અને શૂન્યતા એ બન્ને એકરૂપ છે, તેમ જગત અને ચિત્ત એ બન્ને એકરૂપ છે. નિરંકુશપણે જગતની કલ્પના કરવામાં સમર્થ એવા આ ચિત્તમાં અને જગતમાં કશી ભિન્નતા નથી.[૯] હૃદયમાં વાસનારૂપે રહેલ જગતનો સમૂહ વસ્તુતાએ કશારૂપ ન છતાં બહાર કાંઈ દૃશ્યરૂપે કેમ જાણે રહેલ હોય, તેમ જણાય છે, બાકી તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો જગત નિરાકાર ચિત્તરૂપજ છે. તે કાંઇ વાસ્તવ વસ્તુ નથી એમ તમે સમજો.[૯] પ્રથમ અવિનાશી બ્રહ્મપદમાંથી સાત્ત્વિક એવા હિરણ્યગર્ભસંબંધી સમષ્ટિ શરીરનો પ્રાદુર્ભાવ થયો અને પછી તે વ્યષ્ટિભાવ પ્રાપ્ત થતાં ક્રમે કરી, તમારા તામસતામસી જાતિના જીવરૂપ થઇ ગયો.[૧૦]

સિંધુ કહેશેઃ—હે મહાભાગ્યવાન મંત્રી! તમે જે તામસ—તામસી કહો છો તે શું છે? તેમ પરબ્રહ્મની અંદર એ સર્વ સંજ્ઞાઓ પ્રથમ કોણે કલ્પેલ છે?[૧૧]

મંત્રી કહેશેઃ—જેમ અવયવવડે યુક્ત એવા મનુષ્યના હાથ આદિ અવયવો રહ્યા હોય, તેમ આત્મા કે જે નિરવયવ છે તે (માયાવડે) હિરણ્યગર્ભરૂપે થઇ જતાં પોતાની અંદર પછી જુદી જુદી સંજ્ઞાઓની કલ્પના કરી લે છે.[૧૨] સમષ્ટિરૂપ એ હિરણ્યગર્ભ કે જે આત્મારૂપ છે, તે પોતાની અંદર વ્યષ્ટિજીવોમાં જુદી જુદી સંજ્ઞાઓને કલ્પે છે; અને પોતાના આતિવાહિક (સૂક્ષ્મ) સમષ્ટિ દેહને આધિભૌતિક (સ્થૂલ) રૂપે બનાવી લેતાં તેની અંદર પૃથ્વી આદિ સંજ્ઞાઓને કરે છે.[૧૩] આ જગતનો ભાસ કે જે એક સ્વપ્નના જેવો છે, તેની અંદર પોતેજ સંકલ્પરૂપ બની જઈ પોતેજ જુદી જુદી સંજ્ઞાઓરૂપ પણ થઇ જઇ તેવડે વ્યવહાર કરે છે.[૧૪] તેમાં પ્રથમ તમારા ઉદ્દેશથી (તમને વ્યષ્ટિ જીવરૂપે કલ્પવામાં) હિરણ્યગર્ભના સંકલ્પમાં 'આ જીવ મહાતામસ જાતિનો છે' એવું સ્ફુરણ ઉઠયું, કે જેને લીધે તમારી જાતિને આતિવાહિક સૂક્ષ્મદેહને આકારે રહેલી તામસ-તામસી એવા નામથી કહેવામાં આવી છે.[૧૫] હે મહારાજ! બ્રહ્મ કે જે નિર્વિકાર છે, તે કેમ જાણે વિકારી હોય, તેવું થઇ જઇ જીવભાવને પ્રાપ્ત થતાં તેની જુદી જુદી સંજ્ઞાઓવાળી જાતિઓ કલ્પવામાં આવી છે.[૧૬] જેઓ કલ્પના આદિકાલમાં બ્રહ્મની અંદર કેમ જાણે જીવભાવને પ્રાપ્ત થઈ ગયા હોય તેવા જણાય છે, અને પ્રકૃતિસિદ્ધ એવા જ્ઞાન—વૈરાગ્ય—ઐશ્વર્ય આદિવડે યુક્ત એવી બુદ્ધિથી જેઓ યુક્ત હોઈ સાક્ષીરૂપે ભોક્તા બને છે, તેઓ તેજ જન્મમાં મુક્ત થઇ જાય છે; અને તેની જાતિ સાત્ત્વિક-સાત્ત્વિકી કહેવાય છે (જેવા કે સનકાદિક).[૧૭] હે માનને આપનાર મહારાજ! જેઓ કાંઇક કાલ સુધી (અમુક મુદ્દતસુધી) સંસારના હેતુરૂપે રહેલા અજ્ઞાનના અસ્તિત્વને લીધે તેટલો સમય સંસારમાં રહી પછી તેજ જન્મની અંદર જ્ઞાન—ઐશ્વર્ય આદિ ઉત્તમ ગુણોવડે યુક્ત થઇ જઇ પછી તેજ જન્મમાં મુક્ત થઇ જાય તેની કેવલ સાત્ત્વિકી જાતિ કહેવાય છે, એમ જાતિને ઓળખનારાઓમાં પણ શ્રેષ્ઠ એવા ડાહ્યા પુરુષોનું કહેવું છે.[૧૮] જે જાતિ કલ્પના આદિસમયમાં અભિનવરૂપે પ્રકટ થઈ અનેક જન્મો વ્યતીત થયા બાદ ભોગ અને મોક્ષ એ બન્નેને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ક્રમે કરી ભોગવનારી છે, તેને જાતિને ઓળખનારા સત્પુરુષો રાજસ–રાજસી એવા નામની કહે છે.[૧૯] હે મને માન આપનાર મહારાજ ! પાંચ દશ જન્મો વ્યતીત થયા બાદ એક કલ્પમાં વિવેક આદિ ઉત્તમ ગુણોથી રહિત હોઇ જે જાતિ અનેક જન્મપરંપરા ભોગવ્યા બાદ ઉત્તમ ગુણોને પ્રાપ્ત થાય તે જાતિ કેવલ રાજસી કહેવાય છે.[૨૦] જે જાતિ કલ્પના આરંભથી માંડી અનેક કીટજાતિ, સ્થાવરજાતિ, ભિલ્લજાતિ, ઇત્યાદિમાં ભટક્યા બાદ ઘણે લાંબે સમયે મોક્ષને પ્રાપ્ત થાય તેને જાતિને ઓળખનારા સત્પુરુષો તામસ-તામસી જાતિ કહે છે.[૨૧] જે જાતિ સામાન્યપણે અનેક જન્મોને પ્રાપ્ત થયા બાદ મોક્ષને પ્રાપ્ત થાય તેને જાતિને ઓળખનાર પુરુષો કેવલ તામસી જાતિ કહે છે.[૨૨] આ ક્રમવડે જાતિઓના અનેક પ્રકારના ભેદોની કલ્પના છે, તેમાંથી હે મને માન આપનાર મહારાજ ! આપ તામસ–તામસી જાતિમાં ઉત્પન્ન થએલા છે.[૨૩] હે વીર રાજા ! આપના અનેક જન્મો વ્યતીત થઇ ગયા છે કે જે વિવિધ પ્રકારના અને વિચિત્ર છે. તે સર્વને હું જાણું છું, પણ તમે જાણતા નથી.[૨૪] તેમાં પણ વિશેષે કરીને આ તમારું મહાશબ્દનું શરીર કે જે અનંત આકાશમાં ગતિ કરનાર હતું તેવડે તમારો ઘણો લાંબો કાલ વૃથા વ્યતીત થઇ ગયો.[૨૫] એવી રીતે જ્યારે આપ તામસ-તામસી જાતિવડે ઉત્પન્ન થયા છો ત્યારે આ સંસારરૂપી ખાડામાંથી તમારો મોક્ષ થવો દુર્લભ લાગે છે.[૨૬]

સિંધુ રાજા કહેશેઃ–હે આર્ય મંત્રી ! અધમ એવી એ તામસ–તામસી જાતિ કયા ઉપાયથી જીતાય તે આપ મને કહો. જો કાંઇ એવો પવિત્ર ઉપાય હોય તો હું જ્યાંસુધી આ દેહ રહે ત્યાં સુધી તમારા કહેવા પ્રમાણે વર્તન રાખું, માટે તે કહો.[૨૭]

મંત્રી કહેશેઃ–હે મહાબુદ્ધિશાલી રાજા ! આ ત્રણે લોકની અંદર એવું કશું પણ નથી કે જે ઉદ્વેગ પામ્યાવિના અસ્ખલિતપણે થયા કરતા પુરુષપ્રયત્નવડે પ્રાપ્ત ન થાય.[૨૮] જેમ આજનાં કરેલાં સત્કર્મથી ગઇ કાલનાં દુષ્કર્મ ઢંકાઇ જઈ શુભરૂપ પકડે છે, તેમ તમે પણ (આ જન્મના) પુરુષપ્રયત્નવડે પ્રાક્તન જાતિને જીતી લઈ સત્કાર્યમાં જોડાઇ જાઓ.[૨૯] જે મનુષ્ય જે અર્થને-માટે પ્રાર્થના કરે તથા યત્ન કરે તે અર્થને, વચમાં જો થાકી જઈ પુરુષપ્રયત્નને મૂકી ન દે તો તે અવશ્ય મેળવે છે.[૩૦] પુરુષ જેવો યત્ન કરે, નિરંતર તન્મય થઈ જઇ જેવી ભાવના કરે અને જેવો થવાને પોતે ઇચ્છા રાખે, તેવો તે થાય છે; આ વાત અન્યથા નથી.[૩૧]

મુનિ કહે છેઃ–હે વ્યાધ ! મંત્રીએ સિંધુરાજાને ઉપર પ્રમાણે કહેવાથી તે રાજ્યભારને છોડી રહેલી પોતાની બુદ્ધિવડે ત્યાં તેજ સમયે પ્રસિદ્ધ રીતે સર્વ રાજ્યને છોડી દેશે.[૩૨] ઘણે દૂર વનમાં ચાલ્યો જશે. મંત્રીઓએ પ્રાર્થના કર્યા છતાં પણ (તીવ્ર વૈરાગ્યને લીધે) પોતાના નિષ્કંટક રાજ્યને પાછો તે સ્વીકારશે નહિ.[૩૩] મહાત્માઓના મધ્યમાં નિવાસ કરનારા એ રાજાને વિવેકની કથાના પ્રસંગથી, પુષ્પના સંગથી જેમ સુગંધનો ઉદય થાય તેમ વિવેકનો ઉદય થઇ જશે;[૩૪] અને ત્યાર પછી આ જન્મ ક્યાંથી આવ્યો, આ સંસાર ક્યાંથી આવ્યો, એવા વિચારના નિરંતર અભ્યાસથી તે જીવન્મુક્ત દશાને પ્રાપ્ત થઈ જશે.[૩૫] નિરંતર વિચારમાં પરાયણ રહેનાર એ સિંધુરાજા સત્સંગતિના બલથી એવા પવિત્ર મોક્ષપદને પ્રાપ્ત થશે કે જેની પાસે હિરણ્યગર્ભના ઐશ્વર્યપર્યંત સર્વ લક્ષ્મી પણ પવનવડે ઉડ્યા જતા શુષ્ક પત્રની પેઠે ઉપાદેયરૂપ ન જણાતા તુચ્છજ ભાસે છે.[૩૬]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

नित्यं विचारणपरोथ भवन्स सिंधुः ।
सत्संगमेन पदमाप्स्यति पावनं सः ॥
तद्यत्र पत्रमिव वातविधूयमानं ।
नो वस्तुतां व्रजति काचन नाम लक्ष्मीः ॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સિંધુનિર્વણ' એ નામનો એકસો સત્તાવનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૭

સર્ગ ૧૫૮ મો.*

વ્યાધ આકાશમાં ઉડી શબરૂપે નીચે પડશે

॥ મુનિરુવાચ ॥

एतत्ते कथितं सर्वं भविष्यद्भूतवत्तव ॥
यथेच्छासि तथेदानीं व्याध साधु विधीयताम् ॥

મુનિ કહે છેઃ—હે વ્યાધ ! હવેપછી તમારું જે કાંઇ થવાનું છે તે સર્વ મેં તમને કેમ જાણે થઈ ગયું હોય તેમ (હસ્તામલકવત્) કહી બતાવ્યું છે. હવે જેવી તમારી ઇચ્છા હોય તે પ્રમાણે અને તમને સારું લાગે તે પ્રમાણે સુખેથી કરો.[1]

અગ્નિ કહે છેઃ—ઉપર પ્રમાણે એ મુનિનું વચન સાંભળી, વિસ્મયવડે આકુલ બુદ્ધિવાળો થઈ ગએલો એ વ્યાધ તથા મુનિ, બન્ને ક્ષણવાર ત્યાં ઉભા રહી પછી તરત સ્નાન કરવાને માટે ગયા.[2] અકૃત્રિમપણે પરસ્પર સુહૃદ્રૂપ થઇ રહેલા તે વ્યાધ અને મહામુનિ એ બન્ને શાસ્ત્રવિચારવડે તપ કરતા હતા.[3] પછી થોડા કાલમાં મુનિ નિર્વાણને પ્રાપ્ત થઈ ગયા અને અવધિ પૂર્ણ થઇ રહ્યાથી તે દેહને છોડી દઇ પરમપદને પામી ગયા.[4] પછી બીજે સેંકડો યુગ સુધીનો મોટો કાલ વ્યતીત થયાબાદ વ્યાધની કામના પૂર્ણ કરવામાટે (વરદાન આપવાની ઇચ્છાથી) બ્રહ્મા ત્યાં આવ્યા.[5] વ્યાધ પ્રથમ ભાવીના વર્ણન સમયે સાંભળવામાં આવવાથી પોતે જાણતો હતો છતાં પોતાની વાસનાના આવેશનું નિવારણ કરવામાં અસમર્થ થઇ જઇ તેજ (મુનિના કહેવા પ્રમાણે) વરદાનને માગવા લાગ્યો.[6] બ્રહ્મા " ભલે તેમ થાઓ " એમ કહી પોતાની ઇચ્છિત દિશામાં ચાલ્યા ગયા અને પછી વ્યાધ પણ પોતાના તપનું ફલ ભોગવવામાટે પક્ષીનીપેઠે આકાશની અંદર ઉડ્યો.[7] ત્રૈલોક્યને અંતે વૃદ્ધિ પામેલા પોતાના દેહવડે તે અગણિત કાલસુધી મહાવિશાલ આકાશને વેગવડે પર્વતનીપેઠે પૂરી દેતો હતો.[8] મોટા ગરુડના જેવા તીવ્ર વેગથી નીચે ઉંચે અને આડાઇમાં આકાશને પૂર્ણ કરી રહેલા એ વ્યાધનો એમજ ઘણો લાંબો કાલ ચાલ્યો ગયો.[9] પછી જ્યારે ઘણો લાંબો સમય વ્યતીત થયા છતાં અવિદ્યારૂપી ભ્રમનો અંત તેના જોવામાં આવ્યો નહિ ત્યારે પછી પોતે ઉદ્વેગને પ્રાપ્ત થઇ ગયો.[10] ઉદ્વેગનેલીધે પ્રાણનું રેચન કરનારી ધારણા બાંધી તેણે પોતાના પ્રાણ આકાશની અંદર છોડી દીધા અને તેનું શબરૂપ થઇ ગયેલું શરીર નીચે પડ્યું.[11] આકાશની અંદર પ્રાણવાયુ એ સહિત એવું તેનું ચિત્ત સર્વ પૃથ્વીનું પાલન કરનાર તથા વિદૂરથરાજાના શત્રુરૂપે સિંધુદેશના રાજાને આકારે થઈ ગયું.[12] સેંકડો મેરુપર્વતના જેવા આકારવાળો તેનો દેહ કેમ જાણે કોઇ મહાશબ હોય તેવો થઈ ગયો. કેમ જાણે કોઇ બીજી પૃથ્વીજ હોય તેવો મહાવિસ્તીર્ણ તેનો દેહ વિષમ વજ્રપાતની પેઠે આકાશમાંથી નીચે પડ્યો,[13] કે જે મસલાં તથા મોવાળાની પેઠે ભ્રાંતિવડે જણાતા બ્રહ્મસંબંધી કોઇ એક જગતના ભ્રમમાં કોઇ એક આકાશની અંદર કેમ જાણે પૃથ્વીનું કોઇ વિશાલ ઢાંકણું હોય તેવો

* આ એકસો અઠ્ઠાવનમા સર્ગમાં મુનિનું વચન સાંભળી વ્યાધ તપ કરી પછી બ્રહ્માના વરદાનથી આકાશમાં ઉડી શબરૂપે પાછો નીચે પડશે, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

દેખાય છે,[૧૪] અને પોતાના આકારવડે સમગ્ર પૃથ્વીમંડલને તથા પર્વતસમૂહને પૂરી રહ્યો છે. આ પ્રમાણે હે ઉત્તમ વિપશ્ચિત રાજા ! મેં તમને મહાશબ્દવિષેની હકીકત કહી બતાવી છે.[૧૫] જે જગતના ભૂમંડલની અંદર એ શબ્દ પડ્યું તે જગત આપણને સ્વપ્નનગરની પેઠે આ દૃશ્યમાન જગતરૂપ ભાસે છે.[૧૬] એ શબ્દનું ભક્ષણ કરી શુષ્ક થઇ રહેલ ચંડિકાદેવી પૂર્ણ અને મોટા પેટવાળાં થઇ ગયાં તથા રુધિર અને આંતરડાંઓવડે પૂર્ણ થતાં રાતાં બની ગયાં.[૧૭] એ શબ્દના ભેદવડે આ પૃથ્વી મેદિની એવા સાર્થ નામને ધારણ કરનાર થઇ અને હિમાલય પર્વતના જેવા વિશાલ આકારને ધારણ કરનાર પોતાના આશ્ચર્યકારક રૂપવડે તે પૂર્ણ દેખાવા લાગી.[૧૮] એ શબ્દનો મોટો ભેદ (ચરબી) મૃદ્ધાતુરૂપ (મૃત્તિકારૂપ—માટીરૂપ) બની ગયો અને કાલે કરી તે પૃથ્વીરૂપ થઈ પાછી મૃન્મય અવસ્થાને ધારણ કરનાર થયો.[૧૯] વળી પાછાં તે પૃથ્વીની અંદર કચરાઈ ગએલાં જંગલો તૈયાર થઈ ગયાં, નગરોએ સહિત ગામડાંઓ પણ બની ગયાં અને ચૂર્ણ થઇ ગએલા પર્વતો પણ પાતાલમાંથી પાછા બહાર દેખાયા તથા મનુષ્યોના વ્યવહારની શોભા પાછી આગળ પ્રમાણે પ્રવૃત્ત થઇ ગઇ.[૨૦]

भूयः प्रजातानि वनानि भूमौ ।
ग्रामाः कृताः पत्तनसंयुताश्च ॥
पातालतः साधुसमुत्थितास्ते ।
शैलाः प्रवृता व्यवहारलक्ष्मीः ॥ २० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શબ્દનિર્ણય' એવા નામનો એકસો અઠ્ઠાવનમો સર્ગ સંપૂર્ણ. ૧૫૮

સર્ગ ૧૫૯ મો.*

વિપશ્ચિત રાજાએ અનેક આશ્ચર્યો જોયાં

॥ अग्निरुवाच ॥

विपश्चिच्छ्रेष्ठ भो साधो त्वं गच्छाभिमतां दिशम्॥
स्थिरं भूमंडलं भूयः प्रकृतव्यवहारवत् ॥ १ ॥

અગ્નિ કહે છેઃ—હે શ્રેષ્ઠ સુશીલ વિપશ્ચિત રાજા ! પ્રકૃત વ્યવહારવાળાં એવાં સ્થિર ભૂમંડલને તમે ફરીવાર પ્રાપ્ત થઇ જઈ પોતાની ઇચ્છેલ દિશાતરફ સુખેથી જાઓ.[૧] હે ગતિને જાણનાર રાજા ! પ્રજાના સમૂહના કલ્યાણને અર્થે સ્વર્ગની અંદર ઇંદ્ર, સોમયજ્ઞનું યજન કરવામાટે પ્રવૃત્ત થએલ છે, અને મને ત્યાં મંત્રવડે બોલાવેલ છે જેથી હમણાં હું ત્યાં જઉંછું.[૨]

ભાસ કહે છેઃ—ઉપર પ્રમાણે કહી ભગવાન અગ્નિ ત્યાંજ અંતર્ધાન થઈ જઇ જેમ વિજળીસંબંધી અગ્નિ આકાશમાં લીન થઈ જાય તેમ નિર્મલ આકાશમાં ચાલ્યા ગયા.[૩] પછી હું પોતે કે જે પ્રથમના પોતાના અવિદ્યાનો અંત જોવાના સંસ્કારોને ધારણ કરી રહ્યો હતો તેણે પણ પોતાના કર્ત્તવ્યને સિદ્ધ કરવામાટે આકાશની અંદર રહી ભ્રમણ કરવા માંડ્યું.[૪] ફરીવાર પણ એ આકાશની અંદર અસંખ્ય જગતો મારા જોવામાં આવ્યાં કે જેઓ નાનાપ્રકારના આચાર-વિચારવાળાં તથા અનેક પ્રકારના આકારવાળાં હતાં.[૫] હે મહારાજ! કોઇક ઠેકાણે છત્રમય અવયવોવાળાં અને પરસ્પર એકબીજા સાથે સંલગ્ન થએલાં જગતો દેખાતાં હતાં. મંદ રીતે તેઓ ગતિમાન જણાતાં હતાં, અને હૃદયને પણ હરણ કરતાં હતાં.[૬] હે દશરથરાજા ! કોઇ સ્થલે મૃન્મય દેહવાળાં સર્વ

* આ એકસો ઓગણસાઠમા સર્ગમાં, અગ્નિદેવ વિપશ્ચિત રાજાને ઉપદેશ આપી ઇંદ્રપાસે જશે અને પછી વિપશ્ચિત રાજાને અનેક આશ્ચર્યો દેખાયાવિષે તથા અંતે બ્રહ્મતત્ત્વ જણાયા વિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રાણીઓ જોવામાં આવતાં હતાં અને મંદ-ગતિવાળાં તથા પર્વતના જેવાં તે મહાવિશાલ જણાતાં હતાં.[૭] કોઇ એક જગતની અંદર પ્રાણીઓ કાષ્ઠમય અવયવવાળાં દેખાતાં હતાં અને ક્યાંક પાષાણમય દેહવાળા અસંખ્ય જીવો નજરે આવતા હતા.[૮] વળી ચિદાકાશની અંદર ક્યાંક તો જીવતાંસુધી પાષાણની પ્રતિમાનીપેઠે એકજ ઠેકાણે રહેલ અને પરસ્પર કેવલ સંભાષણ આદિ વાણીના વ્યાપારને કરી રહેલાં એવાં પ્રાણીઓ મારા જોવામાં આવ્યાં.[૯] એ પ્રમાણે ઘણા લાંબા કાલસુધી જોયા કરતો અને (સ્વપ્નની પેઠે) મનોમય દેહનેલીધે વારંવાર નાશને પ્રાપ્ત થનાર હું અવિદ્યાનો અંત નહિ દેખાવાથી એ દૃશ્યવર્ગના વિષયમાં ઉદ્વેગને પ્રાપ્ત થઇ ગયો.[૧૦] પછી ઉદ્વેગનેલીધે હું કોઈ એક એકાંતસ્થળમાં બેસી મોક્ષસિદ્ધિને માટે તપ (આત્મવિચાર) કરવાના ઉદ્યોગમાં લાગ્યો. મને ત્યાં ઇંદ્રે આવી કહ્યું કે 'ચિત્તરૂપી આકાશની અંદર હજી આપણ બન્નેને બીજી કોઇએક મૃગયોનિ પ્રાપ્ત થવાની છે, એટલે આપણો હજી આત્મવિચારનો આ સમય નથી.[૧૧] હું આકાશની અંદર મંદાર વૃક્ષોના વનમાં ફરતો હતો અને સ્વર્ગસંબંધી ભોગોમાં મોહિત થઈ ગયો હતો, જેથી પૂર્વના અભ્યાસને પરવશ બની જઇ દુર્વાસા મુનિના અપરાધમાં પ્રવૃત્ત થઇ જવાથી મને પણ મૃગયોનિનો ભોગ પ્રાપ્ત થયો છે.'[૧૨] આ પ્રમાણે ઇંદ્રે જ્યારે મને કહ્યું ત્યારે હું ઇંદ્રને કહેવા લાગ્યો કે 'હે મહારાજ ! હું આ સંસારથી બહુ ખેદને પ્રાપ્ત થઇ ગયોછું, માટે હવે હું તરત તેમાંથી મુક્ત થાઉં એવો કાંઇ ઉપાય બતાવો' આવું મારું કહેવું સાંભળી તે બોલ્યા,[૧૩] કે ' હું નિરાકાર અને અવસ્થાત્રયથી રહિત શુદ્ધ આત્મારૂપ છું એવું તત્ત્વજ્ઞાન થવાથીજ તરતમાં મુક્તિ મળે છે, અને તે તમે વ્યાધના તથા મુનિના સંવાદના પ્રસંગમાં અગ્નિદ્વારા સાંભળેલ પણ છે; માટે તમે કાંઇ બીજું જ વરદાન મારી પાસે માગો.' એમ ઇંદ્રના કહેવા ઉપરથી મેં મૃગયોનિ આવ્યા પછી મારું શું (શીગતિ) થશે તે જાણવારૂપી વરદાન તેની પાસે માગ્યું.[૧૪]

ઇંદ્ર કહે છેઃ—તમારું પોતાનું આત્મચૈતન્યજ મૃગયોનિની અંદર ઘણા કાલથી સંસરણ (ગમન) કરવાને ઇચ્છે છે, અને તમારા સંબંધમાં આ બાબત અવશ્ય થવાની છે; એ મેં દિવ્ય દૃષ્ટિથી જાણી લીધું છે.[૧૫] તમે મૃગરૂપ થઈ તે મહાપવિત્ર (દશરથ રાજાની) સભામાં જશો કે જેની અંદર મેં તમને હમણાં કહેલ જ્ઞાન નિર્બાધપણે ઉદ્બુદ્ધ થઈ જશે.[૧૬] તમે કે જે ભવાટવીમાં અનેક જન્મોમાં ભટકવાથી આર્ત થઇ રહ્યા હશો અને હરિણની યોનિમાં હશો તેને (વસિષ્ઠજીની કૃપાવડે) પોતાનાં નિષ્ફલ એવાં સર્વ વૃત્તાંતનું સંપૂર્ણ રીતે સ્મરણ થશે,[૧૭] કે જે સ્વપ્નના ભ્રમની પેઠે, પોતાના સર્વ સંકલ્પોવડે ખડાં થઈ ગએલાં સંકલ્પનગરની પેઠે અને પરલોકના અર્થના અનુભવને બતાવનાર કથામાં વર્ણવેલા અર્થની પેઠે આભાસરૂપ હશે.[૧૮] જ્યારે તમે મૃગભાવથી રહિત થઈ જઈ પુરુષરૂપ થઇ જશો ત્યારે તમારા જ્ઞાનાગ્નિવડે દગ્ધ થઇ ગએલા એ (હરિણસંબંધી) દેહને અન્તે તમને હૃદયમાં રહેલા આત્મતત્ત્વનું સ્ફુરણ થશે.[૧૯] આત્મજ્ઞાનનું સ્ફુરણ થવાનેલીધે ઘણા કાલથી રૂઢ થઈ રહેલી અવિદ્યા એવા નામવડે કહેવાતી ભ્રાંતિને મૂકી દઇ ચપલતાથી રહિત થઇ રહેલા શાંત પવનની પેઠે તમે મુક્ત થઈ જશો.[૨૦] ઉપર પ્રમાણે ઇંદ્રે કહ્યા પછી " આ વનની અંદર હું આ હરિણ છું " એવા નિશ્ચયવાળી પ્રતિ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભાનો તરત મારામાં ઉદય થયો,[૨૧] અને તે દિવસથી માંડી તે ઉત્તમ પર્વતમાં મંદાર વનના કોઇએક અંદરના ખુણામાં તૃણ અને દૂર્વાઓના અંકુરોનું ભક્ષણ કરનાર હરિણરૂપ હું થઇ રહ્યો.[૨૨] હે રાજા દશરથ! પછી કોઇ એક દિવસે મૃગયામાટે આવેલા સીમાના અંતમાં રહેનાર સામંતને જોઇ ભયભીત બની જઇ હું પલાયન કરી ગયો.[૨૩] પછી તેણે મને પકડાવી લઇ પોતાને ઘેર લઇ જઈ ત્રણ દિવસસુધી ત્યાં રાખી પછી અહીં આપની હજુરમાં ક્રીડામાટે મોકલાવેલ છે.[૨૪] હે નિષ્પાપ મહારાજ! સંસારમાં પ્રસિદ્ધ એવી ઇંદ્રજાલની માયાના જેવો અને નાના પ્રકારનાં આશ્ચર્યો અને રસોવડે યુક્ત એવો આ સર્વ મારો વૃત્તાંત મેં આપને કહી સંભળાવ્યો છે.[૨૫] શાખા-પ્રશાખા આદિના વિસ્તારવાળી આ અવિદ્યા અનંત છે, અને તે આત્મજ્ઞાન સિવાય બીજા કશા ઉપાયવડે શાંત થતી નથી.[૨૬]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—જ્યારે વિપશ્ચિત રાજા ઉપર પ્રમાણે કહી ક્ષણવાર મૌનને ધારણ કરી રહ્યા ત્યારે પ્રશસ્ય બુદ્ધિવાળા શ્રીરામચંદ્રજીએ તેને નીચેપ્રમાણે કહ્યું.[૨૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આ મૃગ કે જે બીજા કોઇના સંકલ્પરૂપ છે તે જો આપણા જોવામાં આવ્યો તો પછી પોતે સંકલ્પ નહિ કરનાર પુરુષ પણ બીજાની સંકલ્પસૃષ્ટિમાં રહેલ વસ્તુને પોતાના આત્મામાં દેખી શકે એવો અર્થ સિદ્ધ થાય છે; તો આ વાત કેમ ઘટી શકે? તે તમે કહો.[૨૮]

વિપશ્ચિત રાજા કહે છેઃ—જે જગતની અંદર પૃથ્વી ઉપર એ મહાશબ પડયું તે પૃથ્વી ઉપર પ્રથમ પોતાના કરેલા યજ્ઞના ગર્વથી અંધનીપેઠે મદમાં ચાલ્યા જતા ઇંદ્રે (મુનિને) નહિ ઓળખવાથી આ કોઇ રંક પડેલ છે એમ છે એ વાત પણ ઘટિતજ છે; અને એક—બીજાના સમજી ધ્યાનાવસ્થિત દુર્વાસા મુનિને અપમાનપૂર્વક પોતાના પગના પ્રહારવડે પીડિત કર્યા હતા કે જેથી ક્રોધને પામી જઇ તેણે શાપ આપ્યો,[૨૯-૩૦] કે 'હે ઇંદ્ર! આ તમારું પૃથ્વીતલ કે જેની અંદર તમે અંધની પેઠે ગમન કરતાં મારું અપમાન કર્યું છે તેને થોડાજ સમયમાં મહાઘોર અને બ્રહ્માંડના જેવું મહા વિશાલ શબ ચૂર્ણ કરી નાખશે;[૩૧] તેમજ તમે કે જેણે શબબુદ્ધિવડે મારું (પાદપ્રહારવડે) અપમાન કર્યું તેપણ હમણાં તરતમાંજ મારા શાપના પ્રભાવથી પાછા તેજ પૃથ્વીમાં જન્મ લેશો,[૩૨] એ દુર્વાસા મુનિએ વિપશ્ચિત રાજાની સાથે પ્રાપ્ત થએલ ઇંદ્રનું મૃગપણું પણ વિપશ્ચિત રાજાના મનઃકલ્પિત મૃગપણાનીપેઠે, બીજાઓને સત્યરૂપે પ્રતીતિમાં આવે તેવો શાપ દીધો હતો, જેનેલીધે તે ઇંદ્રના શાપની કથાવડે મુનિના વાક્યના પ્રભાવથીજ વિપશ્ચિત રાજાનો મૃગભાવ (સંકલ્પમય છતાં) તમારા દેખવામાં આવ્યો.[૩૩] બાકી વાસ્તવ દૃષ્ટિથી જોઇએ તો એક વ્યાવહારિક સત્તાવાળું જગત સત્ય છે અને બીજું પ્રાતિભાસિક સત્તાવાળું અસત્ય છે એમ કહી શકાતું નથી, કેમકે બન્નેની પ્રતિભા એક સમાનરૂપેજ ઉદય પામે છે; તેમાં કોનું સત્યપણું અને કોનું અસત્યપણું કહી શકાય તેમ છે?[૩૪] હે રામચંદ્રજી! વિશેષમાં વળી હું એક આ યુક્તિસમૂહમાં બીજી યુક્તિ કહું તે તમે સાંભળો કે જેથી સારી રીતે તમને સ્ફુટ અનુભવ થાય.[૩૫] હે મહાભાગ રામચંદ્રજી! જેની અંદર સર્વ રહ્યું છે, જેનાથી આ સર્વ છે, જે પોતેજ સર્વરૂપ થઈ રહેલ છે, અને જે સર્વથી જુદું પણ છે, એવા સર્વ શક્તિમાન આ બ્રહ્મની અંદર શું સંભવતું નથી?[૩૬] એકબીજાના સંકલ્પસમૂહો પરસ્પર મળતા આવે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંકલ્પસમૂહો પરસ્પર મળતા નથી આવતા, આ વાત પણ યુક્તિવડે સિદ્ધ છે. આ બન્ને વાત સર્વશક્તિમાન બ્રહ્મની અંદર સંભવિતજ છે.[૩૭] અન્યોન્ય એક-બીજાનો સંકલ્પસમૂહ મળતો આવે છે, આ વાત મૃગદર્શન આદિવડે પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. બ્રહ્મ પોતે સર્વના આત્મારૂપ છે, તેમાં એકજ પૃથ્વી ઉપર રહેનાર છાયાની અને તડકાની પેઠે બન્ને વિરુદ્ધ વાતો પણ ઘટી શકે છે.[૩૮] જો તે બ્રહ્મની અંદર એ બન્ને વિરુદ્ધ વાતો ન સંભવે તો પછી તેને સર્વના આત્મારૂપ અને સર્વશક્તિમાન કેમ કહી શકાય ? સંકલ્પનગર પરસ્પર મળતાં નથી આવતાં એ શામાટે સત્ય નથી ?[૩૯] તેમજ પરસ્પર તે મળતાં આવે છે તે વાતપણ સત્યજ છે. સર્વસ્વરૂપ પરબ્રહ્મની અંદર (માયાના બલથી) સત્ય ન હોય એવું પણ કાંઇ નથી, તેમ અસત્ય ન હોય તેવું પણ કાંઈ નથી.[૪૦] સર્વકાળ સર્વરૂપ થઈ રહેલ બ્રહ્મની અંદર સર્વત્ર સર્વથા સર્વ રહેલ છે. અહો ! મનને મોહમાં નાખી દે એવી આ માયા વિષમ છે,[૪૧] કે જેની અંદર એકજ વસ્તુમાં વિધ અને પ્રતિષેધ એ બન્નેની સ્થિતિ રહેલ છે. એવીજ આ વિશાલ બ્રહ્મસત્તા છે કે જે પોતાવડેજ પોતાને અનેક આકારે પ્રસારી દેછે;[૪૨] અને તે બ્રહ્મસત્તાવડેજ આ અવિદ્યા અનાદિ અને આદિ અનુભવમાં આવે છે. જો કદાચિત્ આ ત્રણે લોક ચિદાકાશનાજ એક વિલાસરૂપ ન હોય તો મહાપ્રલયમાં નષ્ટ થઇ ગયેલ પદાર્થોની પાછી અનાયાસે સૃષ્ટિ કેમ ઉત્પન્ન થઈ જાય ? અને અગ્નિની, વાયુની તથા પૃથ્વીની સત્તા પાછી કેમ ખડી થઇ જાય ?[૪૩,૪૪] માટે સ્વભાવરૂપ ચિદાકાશના વિલાસ (વિવર્ત) વિના બીજું કશું પણ જગતનું સ્વરૂપ નથી. શાસ્ત્રો, ઠેઠ મહાપ્રલયપર્યંતની સર્વ હકીકત જ્ઞાનબલથી કહી દેનારા વિદ્વાનોના અનુભવો, લોકનાં પ્રસિદ્ધ દૃષ્ટાંતો, એ સર્વ જેઓને (પોતાનાં અજ્ઞાનને લીધે) પ્રમાણરૂપ નથી તેવા નિંદા કરવા યોગ્ય અવિવેકીઓ સાથે સત્પુરુષોને ભાષણ કરવાની પણ કાંઈ જરુર નથી. આ સર્વને ચિદાકાશના વિલાસરૂપે જોઇએ તો ક્ષણમાત્રમાં તે પ્રમાણરૂપ થઈ જાય છે,[૪૫,૪૬] અને બીજી સામાન્ય દૃષ્ટિથી જોતાં કશો સાર જણાતો નથી, માટે જ્ઞાનદૃષ્ટિવડે જે સિદ્ધ થાય તેજ સારરૂપ છે; એવું વિદ્વાનોનું સમજવું છે. જેમ પવનની શોભા ચલનશક્તિનેલીધે ચપલરૂપે પ્રતીતિમાં આવે તેમ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મસત્તાજ પોતાની ચિત્સત્તાવડે સ્ફૂર્તિને પ્રાપ્ત થતાં જગતરૂપે પ્રતીતિમાં આવે છે. વસ્તુતાએ જોતાં અહીં કશાનો નાશ પણ થતો નથી, અને કશું ઉત્પન્ન પણ થતું નથી.[૪૭,૪૮] હું નાશને પ્રાપ્ત થયો અને અમુક વસ્તુ હજી વિદ્યમાન છે એવી એક સંકલ્પરૂપ પ્રતિભાજ ઉદય પામે છે કે જે વસ્તુતાએ ચિદ્રૂપજ છે. જો મરણને અત્યંત નાશરૂપ (દૃશ્યના અત્યંત અભાવવાળી સ્થિતિરૂપ) માનીએ તો તે એક નિદ્રાના સુખ જેવું છે,[૪૯] અને કદાચિત્ એમ માનીએ કે મરીજવું એટલે એક શરીરનો વિયોગ થતાં વળી પાછા બીજા શરીરની પ્રાપ્તિ થઈ ફરીવાર પાછો દૃશ્યનો અનુભવ થવો તે, તો પછી એ તો એક પુનર્જીવન જેવુંજ છે; માટે આ ચિદાકાશની અંદર મરણ પણ નથી અને જીવિત પણ નથી.[૫૦] એક એવા ચિદાકાશના વિલાસની અંદર એ બન્ને વસ્તુ રહેલ પણ છે, અને રહેલ નથી, એમ પણ છે. જો એ બન્નેને (જીવિત-મરણને) સંકલ્પવડે કલ્પી લેવામાં આવે તો એ બન્ને છે, અને જો નિઃસંકલ્પ દશામાં રહેવાય તો એ બન્ને નથી.[૫૧] જો દૃઢ નિશ્ચયવડે એકજ તત્ત્વને માનવામાં આવે તો તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તેવું અનુભવાય છે; માટે દ્વૈતના સત્યાસત્યપણા વિષે સાક્ષીરૂપે નિર્ણય કરનાર સાક્ષીનું સદાકાલ અસ્તિત્વજ છે. દુઃખથી રહિત એવું જીવન સર્વના અભીષ્ટ સુખરૂપ છે, અને તે શુદ્ધ ચિન્માત્ર છે;[૫૨] અને અક્ષય હોવાથી તેજ પરમપુરુષાર્થરૂપ છે, માટે ક્યાં કોને દુઃખ છે? જ્યાં વાચ્ય અને વાચક એ બન્ને ચિદાકાશરૂપ છે,[૫૩] અને ચિદાકાશથી તે અભિન્ન અને ભિન્ન એમ બન્ને પ્રકારે રહેલ છે, ત્યાં પછી એકતાની અને દ્વૈતની ભ્રાંતિ ક્યાં રહી? જેમ જલની અંદર આવત આદિ રહેલ છે, તેમજ પરમાત્માની અંદર શરીર આદિની સ્થિતિ છે.[૫૪] આ સર્વ ચિદાકાશની સત્તાનોજ એક વિલાસ છે, અને કારણથી ભિન્ન ન હોવાનેલીધે ચિદાકાશરૂપ છે. ચિદાકાશના એક વિવર્ત રૂપ છે, અને અવ્યગ્રતાથી જોઇએ તો જગત પોતાના દૃશ્ય સ્થૂલ રૂપથી રહિત ચિદાકાશરૂપજ છે.[૫૫] આશ્ચર્યની વાત છે, કે નિરાકાર ચિદાકાશની અંદર ઘટ ાકારને ધારણ કરનાર અસ્થિર દ્રવ્ય સ્થૂલપે રહેલ છે. જેમ ભૂતકાલમાં દેખાતો વિષય પછીથી પ્રતીતિના પાત્રરૂપ થતો નથી તેમજ વર્તમાનકાલના અનુભવનો વિષય પણ વસ્તુતાએ જોતાં નથી.[૫૬] વર્તમાનકાલના અનુભવમાં આવતું આ ચિદાકાશ કે જે શૂન્યતુલ્ય છે તેજ દૃશ્યરૂપી પિશાચને આકારે પ્રતીતિમાં આવે છે એમ તમે સમજો. જેવું આ દૃશ્યમાન આકાશ છે તેવુંજ એ ચિદાકાશ પણ છે, અને જ્યારે એ ચિદાકાશનેજ આકાશરૂપ સમજવામાં આવે ત્યારે એ પણ આકાશ જેવું શૂન્યજ પ્રતીતિમાં આવે છે.[૫૭] આ નીચેના પ્રદેશમાં પૃથ્વી રહી છે. આ બીજા પ્રદેશોમાં વળી વાયુ, આકાશ આદિ ભૂતો રહ્યાં છે, અને વળી અહીં કાંઇ બીજુંજ રહ્યું છે. એમ અનેક આકારે જે કાંઇ ભાસે છે તે સર્વ એક ચિદાકાશરૂપજ છે. જે ચિદાકાશનો વિલાસ છે તેજ જગત છે; તેની અંદર દ્વૈત કે એકત્વ એ કશું રહેલ નથી.[૫૮] યથાર્થ વસ્તુસ્વરૂપને ઓળખનારા વિવેકીની દૃષ્ટિમાં કશો સ્થૂલભાવ કે સૂક્ષ્મભાવ પ્રતીતિમાં આવતો નથી, પરંતુ સર્વ દૃશ્ય નિરાકાર ચિદ્રૂપ જણાય છે.[૫૯] તત્ત્વદૃષ્ટિવડે જોતાં જ્ઞાનીપણું અને અજ્ઞાનીપણું બન્ને સત્ય કહી શકાતાં નથી તેમ અસત્ય પણ નથી. તેમ સત્યપણું અને સત્યાસત્યપણું તેમાં રહેલ પણ ભાસે છે, તેથી સર્વ બાબતમાં કાષ્ઠમૌનનોજ અવલંબ લેવો પડે તેવું છે.[૬૦] અનંત દૃશ્યને જે બ્રહ્મરૂપે સમજવું તેજ પરમ પદરૂપ છે. આ સર્વ પરબ્રહ્મરૂપજ છે એમ તત્ત્વજ્ઞાનવડે સમજાઇ જાય છે.[૬૧] એવી રીતે આ ચિદ્ધાતુ પોતાના આત્માની અંદર અનેકરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઈ જાય છે. એ ચિદાકાશનો જે કાંઇ આ વિવર્ત છે તેજ જગતનું નિર્બાધ સ્વરૂપ છે.[૬૨] મરી ગયેલા જીવો કે જે અસંખ્ય છે તેઓના સૃષ્ટિ આદિ વિકારો સર્વત્ર એકેક અંગુલમાં અસંખ્ય રહેલ છે, કે જે પરસ્પર અદૃશ્ય અને અમૂર્ત છે.[૬૩] અન્યોન્ય સિદ્ધરૂપે રહેલા અને ઉત્તરોત્તર સૂક્ષ્મ એવા પૃથ્વી આદિ લોકો પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઇ બ્રહ્મની અંદર રહેલા છે, તેઓ પરસ્પર (બ્રહ્મની અંદર સર્વની સ્થિતિ હોવાથી) ઓતપ્રોત જેવા છે, તોપણ પરસ્પરની સ્થિતિને દેખતા નથી.[૬૪] વસ્તુતાએ જોતાં આ દૃશ્યની શોભા ચિદાકાશરૂપજ છે, કેમકે તેનું સ્વરૂપ ચિદાકાશથી જુદું જણાતું નથી. તેનો દ્રષ્ટા પણ ચિદાત્માવિના બીજો કોઇ નથી; સ્વપ્નની પેઠે તેનો દ્રષ્ટા પોતાનો આત્માજ છે.[૬૫] એ દૃશ્યનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો તે યથાસ્થિતપણે રહ્યા છતાં ચિદાકાશરૂપ શાંત અને પ્રભાતસમયના અંધકારના

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

જેવું બાધિત અને આભાસરૂપ ભાસે છે.[૬૬] આ જગતનો સમૂહ સત્ય હો કિંવા અસત્ય હો, પરંતુ જ્ઞાનવડે તેનું સ્વરૂપ ઓળખવામાં આવતાં સર્વ વિશેષભાવથી રહિત બ્રહ્મરૂપ જણાય છે; અને યથાસ્થિત રહ્યા છતાં પણ શમી જાય છે.[૬૭] જેમ સમુદ્રની અંદર તરંગમાં ઉછળતા જલબિંદુઓનો ક્ષણવારમાં સમાગમ અને ક્ષણવારમાં વિયોગ થતો રહે છે, તેમજ બ્રહ્મરૂપ મહાસાગરની અંદર સ્ફુરી રહેલા ચિદંશરૂપ જીવોનો પણ પરસ્પર ક્ષણવારમાં સમાગમ અને ક્ષણવારમાં વિયોગ થતો રહે છે.[૬૮] સૃષ્ટિની શોભા સ્વપ્નીપેઠે પ્રતીતિમાં આવે છે, અને સૃષ્ટિના આદિકાલમાં તે ચિદાકાશરૂપ છે, માટે આ સર્વ શાંત બ્રહ્મરૂપ છે, એ વાત બરાબર ઘટિતજ છે.[૬૯] મેં અનંત વૈભવોવાળાં જગતો જોયાં, કાર્યો અને તેના પરિણામોના વિલાસો અનુભવ્યા અને ઘણા યુગોસુધી દશે દિશાઓમાં ભટક્યો; ક્રમેક્રમે દૃશ્યનો દોષ જ્ઞાન થયા વિના નિઃશેષરૂપે ક્ષીણ થતો નથી.[૭૦]

दृष्टान्यनन्तविभवानि मया जगन्ति ।
भुक्तानि कार्यपरिणामविजृंभितानि ॥
भ्रान्ता दिशो दश बहूनि युगानि यावज् ।
ज्ञानादृते क्षयमुपैति न दृश्यदोषः ॥७०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિપશ્ચિત્સંસારભ્રમવર્ણન' એ નામનો એકસો ઓગણસાઠમો સર્ગ સંપૂર્ણ. ૧૫૯

સર્ગ ૧૬૦ મો.*

ભાસની જીવન્મુક્તિ અને અવિદ્યાનું વર્ણન.

॥ શ્રીવાલ્મીકિરુવાચ ॥

विपाश्चिति वदत्येवं तद्वृत्तांतमवेक्षितुम् ॥
इव लोकांतरं भानुः पादैर्दूरायतैर्ययौ ॥ १ ॥

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—વિપશ્ચિત રાજા ઉપર પ્રમાણે કહેતો હતો તેટલામાં સૂર્યનારાયણ ક્રમ જાણે તેના વૃત્તાંતને જોવામાટે જતા હોય, તેમ પોતાના ઘણે છેટે સુધી પ્રસરેલા કિરણરૂપી ચરણવડે લોકાંતરમાં ચાલ્યા ગયા.[૧] દિશાઓને પૂરી દેનારો સાયંકાલના દુંદુભિનો નાદ ક્રમ જાણે પ્રસન્ન થએલી દિશાઓએ કરેલો જયજયકારનો શબ્દ હોય તેમ ઉત્પન્ન થયો.[૨] દશરથ રાજા વિપશ્ચિત રાજાને અર્થે ઘર, સ્ત્રી, ધન આદિ રાજયોગ્ય વૈભવને ક્રમવાર આપી દઇ સભામાંથી ઉઠ્યા.[૩] રાજા દશરથ, રામચંદ્રજી, વસિષ્ઠજી આદિ પરસ્પર આજ્ઞા લઇ ક્રમવાર પૂજન કરી પોતપોતાને ઘેર ચાલ્યા ગયા[૪] સ્નાન કરી ભોજન કરી રાત્રિને ગાળી પ્રભાતસમયે પાછા તેઓ સર્વ આવ્યા અને પાછી પ્રથમપ્રમાણેજ યોગ્ય રચનાવડે સભા પૂર્ણ ભરાઈ ગઇ.[૫] પછી ચંદ્રમા જેમ અમૃતને સ્રવે તેમ આનંદને સ્રવતાં એવાં વચનો બોલતાં વસિષ્ઠમુનિએ ક્રમથી પ્રસ્તુત કથા કહેવાનો આરંભ કર્યો.[૬] હે મહારાજ! આ અવિદ્યા વસ્તુતાએ જોતાં છેજ નહિ અને સાવ અસત્ય છતાં ક્રમ જાણે સત્ય હોય તેવી થઇ રહી છે. વિપશ્ચિત રાજાને એવા પ્રબલ દીર્ઘ પ્રયત્નવડે પણ એ અવિદ્યાનો અંત મળ્યો નહિ.[૭] એવી રીતે આ અવિદ્યા તેનું ખરું સ્વરૂપ ન ઓળખાયાથી દેશ—કાલવડે અનંત ભાસે છે, અને જો તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો ઝાંઝવાનાં જલની નદીની પેઠે તે સાવ છેજ નહિ.[૮] હે મહાબુદ્ધિશાલી! એવી રીતે આ ભાસરૂપી વિપશ્ચિત રાજાનું વીતેલ વૃત્તાંત તેના મંત્રીઓએ જોયું હતું અને તમે પણ અહીં પોતે નજરે જોયું છે.[૯] હવે પછી કહેવાતી કથાઓવડે તે તત્ત્વસ્વરૂપને ઓળખી લઈ અવિદ્યાની શાંતિ થઇ જવાથી તમારીપેઠેજ જીવન્મુક્ત

* આ એકસો સાઠમા સર્ગમાં સાયંકાલે સભાનું વિસર્જન, પાછું વળતે દિવસે સભાનું ભરાવું, ભાસની જીવન્મુક્તિ અને અવિદ્યા, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઇ જશે.[૧૦] બ્રહ્મે પોતાના સ્વરૂપની અંદર પોતાની સત્તાવડે (આરોપિતરૂપે) અવિદ્યાને ધારણ કરી રાખેલ છે, જેનેલીધે ભ્રમવડે એ અવિદ્યાનું રૂપ અસત્ય છતાં સત્યજેવું જણાય છે.[૧૧] જ્યારે આ અવિદ્યા બ્રહ્મરૂપ છે, બીજા કશારૂપ નથી, ત્યારે પછી સિદ્ધ થાય છેકે અજ્ઞાનનેલીધે તે દેખાય છે; અને તેનું યથાર્થ સ્વરૂપ ઓળખાતાં તે બ્રહ્મથી જુદી જણાતી નથી.[૧૨] એ પ્રમાણે આ અવિદ્યા અનંત છે, અનેક પ્રકારની શાખા-પ્રશાખા આદિના વિસ્તારવડે સુશોભિત છે, જડ છે, હૃદયને મનોહર જણાય તેવી છે, આસક્તિ ઉત્પન્ન કરનાર છે, અને મોહરૂપી વસંતની એક મંજરીના જેવી છે.[૧૩] અંદર સાવ શૂન્ય છે. મોહ–મમત્વ આદિ ગ્રંથીવાળી છે. ઉપર ઉપરથી જોતાં કોમલ દેખાય છે, અને અનુભવસમયે (સુખ-દુઃખ આદિ) કાંટાઓરૂપી સુશોભિત અંકુરવાળી પ્રતીતિમાં આવે છે. વનના વાંસમાં ઉત્પન્ન થએલ લતાની પેઠે તે જડ, રસમય અને ઢાંકી છે.[૧૪] મિથ્યારૂપે ફલની આશંકાને ઉત્પન્ન કરનાર છે. નિષ્ફલ છતાં ચિત્તને હરણ કરનાર છે. ઉત્પાતનેલીધે અકાલે ઉત્પન્ન થનાર પુષ્પલતાની પેઠે તે અતિ વખાણાએલા વિવેકી પુરુષોએ પસંદ કરેલ નથી.[૧૫] તેનું કશું વાસ્તવ રૂપ નથી છતાં દૃઢ થઇ રહેલ છે, અને નાનાપ્રકારના લોકને પૂર્ણ કરી રહી છે. અતિલાંબી, પ્રકાશરહિત, અને ભૂતોવડે વ્યાપ્ત એવી અંધારી રાત્રિનીપેઠે તે પ્રાણીઓવડે વ્યાપ્ત અને આત્મપ્રકાશથી રહિત છે.[૧૬] વિચિત્ર પ્રકારની મોહ-મમત્વ આદિરૂપી ગ્રંથીઓવડે તે વીંટાએલ છે. આકાશની અંદર ભ્રાંતિવડે દેખાતાં મસલાં-મોવાળા આદિના આકારની પેઠે તે ભ્રાંતિવડેજ ચિદાકાશની અંદર મિથ્યારૂપે દેખાય છે, અને તત્ત્વદૃષ્ટિથી જોવા જઇએ તો તેનું કાંઇ પણ રૂપ જણાતું નથી.[૧૭] આકાશમાં દેખાતી ઇંદ્રધનુષરૂપી લતાનીપેઠે તે વિચિત્ર વર્ણવાળી છે. ગુણથી રહિત છે. શૂન્યની અંદર પોતાના આકારને પ્રસારી દેનાર છે. જેમ ઇંદ્રધનુષરૂપ લતા વૃષ્ટિના ઉત્પાતને સૂચવનાર સૂર્યકિરણોવડે થએલ છે, તેમ અવિદ્યા જડ છતાં ચેષ્ટાવડે થનારા અનેક ઉત્પાતનું સૂચન કરનાર છે.[૧૮] વર્ષાઋતુમાં વહી જતી નદી જેમ જલના અનેક તરંગોવડે યુક્ત હોય, મલિન હોય, ઉલ્લાસવડે ફીણના પરપોટાવાળી હોય, ચકરીઓ અને આવર્તોવડે ભયંકર હોય અને છેવટ ક્ષયને પ્રાપ્ત થનાર હોય તેમ આ અવિદ્યાપણ જડ એવા અનેક વિચારોરૂપી તરંગોવડે યુક્ત છે, મલિન છે, ઉલ્લાસથી પ્રાણીઓરૂપી અનેક ફીણના પરપોટાવાળી છે, ઉત્પાતરૂપી વંટોળિયા વાયુવડે ભયકારક છે,અને છેવટ ક્ષયને પ્રાપ્ત થનાર છે.[૧૯] આ અવિદ્યા સ્મશાનભૂમિની પેઠે નિરંતર વહી-જતી શૂન્ય સેંકડો જગતરૂપી ઝાંઝવાના જલની નદીઓવાળી, રજના સમૂહવડે વ્યાપ્ત, રુક્ષ, અને ખરાબ દેખાય તેવી છે.[૨૦] જેમ સ્વપ્નની અંદર સ્વપ્નનગરમાં ફરતો પુરુષ ઘણે લાંબે કાલે પણ તેના અંતને નથી પામતો તેમ આ જાગ્રત અવસ્થારૂપી સ્વપ્નનગરમાં ફરતો પુરુષ પણ ઘણે લાંબે કાલે પણ તેના અંતને પ્રાપ્ત થતો નથી.[૨૧] દેહત્યાગસમયે જેઓના દેહો એકજ દૃશ્યસમૂહમાં રહ્યા હોય અને મરણસમયે આ જગતને આકારે જેઓના ચિત્તનો પરિણામ દૃઢ થઇ રહ્યો હોય તેવા જીવોના દૃઢ થઈ રહેલા સંકલ્પના સમૂહો જગત, દેહ, ઇત્યાદિ આકારે સ્થિતિને પ્રાપ્ત થઇ રહ્યા છે;[૨૨] અને તેઓ (સંકલ્પના સમૂહો) વિમાન, નગર, ભૂમિ, ઇત્યાદિ આ સ્થિરરૂપથી ચિદાકાશરૂપી કાશની અંદર રત્નની પેઠે નિર્બાધપણે રહેલ છે.[૨૩] પરસ્પર ન દેખાતા અસંખ્ય એવા સિદ્ધ પુરુષોના લોકો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

આકાશની અંદર સંકલ્પોના સુદૃઢ પરિણામ-રૂપજ છે એમ ભાસે છે.[૨૪] એ સિદ્ધ પુરુષોના લોકો ન દેખાતાં છતાં પણ છે, અને દેખાતાં છતાં પણ નથી. સુવર્ણ, મણિ, માણિક્ય અને મુક્તામય એવી ભૂમિવડે યુક્ત છે. ભક્ષ્ય-ભોજ્ય એવાં અન્નપાનવડે ભરેલા અને રસાયનનાં સરોવરવાળા છે.[૨૫] મધ, મદ્ય, દહીં, દૂધ, ઘી, આદિની કૃત્રિમ નદીઓવડે આકુલ છે; અને કેમ જાણે ચંદ્રવડે બનાવેલ હોય તેવા સુંદર આકારવાળી વનિતાઓવડે એ (સિદ્ધપુરુષોના) લોકો વ્યાપ્ત છે.[૨૬] વળી સર્વ ઋતુમાં થનાર પુષ્પ, ફલ, પલ્લવ, નદીપ્રવાહ, એવડે યુક્ત છે. લીલાવડે ચપલ એવી સ્ત્રીઓવડે આકુલ થઈ રહેલાં ઘરોવાળા છે, અને સદાકાલ સંકલ્પમાત્રની રચનાવડે સિદ્ધ થનારા સર્વ વૈભવોના સમૂહવડે તેઓ યુક્ત હોય છે.[૨૭] તેમાં કેટલાકમાં હજારો ચંદ્રબિંબો અને સેંકડો સૂર્યો જોવામાં આવે છે. કેટલાક તો કેમ જાણે સુવર્ણથી કે અમૃતથી બનાવેલ વેષવાળાં હોય તેવાં વેષવાળાં જલચર પ્રાણીઓવડે યુક્ત હોય છે.[૨૮] કેટલાક પોતાની ઇચ્છાને અનુસારે અંધકાર અને પ્રકાશ થઇ જાય તેવા, નિત્ય આનંદમય, ખુશી પડે ત્યાં લઇ જવાય તેવા અને થોડા કપાસના જેવા અતિ હલકા હોય છે.[૨૯] કેટલાક (સિદ્ધપુરુષોના લોકો) કલ્પનાના બલથી ક્ષણવારમાં ઉત્પત્તિવાળા અને વિનાશને પ્રાપ્ત થનાર હોય છે, અને કેટલાક અનંત અને સુંદર અન્નપાનવાળા તથા જરા-મરણથી રહિત હોય છે.[૩૦] કેટલાક તો વિચિત્ર પ્રકારની રચનાવાળા, વિચિત્ર પ્રકારના વૈભવવાળા, સર્વ ઋતુમાં સર્વ ગુણોવડે રમણીય અને સર્વ કામવડે પરિપૂર્ણ હોય છે.[૩૧] આ સર્વ, શાસ્ત્રમાં વર્ણવેલ કલ્યાણકારક સત્કર્મોની ઉપાસનાથી તે તે લોકના તે તે ભોગ્ય પદાર્થને આકારે સ્થિર થઈ રહેલા તે તે પુરુષોના મનનો એક પરિણામજ છે; અને એ નિરાકાર માનસિક પરિણામ, સ્થૂલ ભીંત આદિરૂપ કેમ બને ?[૩૨] માટે હે પ્રિય રામચંદ્રજી ! કેવલ બ્રહ્મમાત્ર સ્વરૂપને ધારણ કરનાર આ જગતની અંદર બ્રહ્મસત્તા સિવાય બીજું કશું પણ સંભવતુંજ નથી; અને જો કાંઈ બીજું હોય તો તે કેવા સ્વરૂપનું છે તે તમેજ કહો.[૩૩] સૃષ્ટિના આરંભકાલમાંજ સૃષ્ટિનું કશું આદિકારણજ નથી અને કારણના અભાવનેલીધે આ જગત કેવું હોય ?[૩૪] અનંત જગતો જેવે પ્રકારે ચિદાકાશની અંદર કલ્પવામાં આવે છે, તેવે પ્રકારે તે (બ્રહ્મના સર્વશક્તિમાનપણાથી) તેમાં ભાસે છે. આમાં શું આશ્ચર્ય છે ? તે તમે કહો.[૩૫] હે સુશીલ રામચંદ્રજી ! હમણાં પણ તીવ્ર સંવેગથી તમે પોતે અથવા બીજા કોઈ પણ, ચિદાકાશની અંદર સંકલ્પમય નગરોને રચી શકો છો.[૩૬] અને કદાચિત્ તેનો એકરસથી અભ્યાસ કરવામાં આવે તો દૈવેચ્છાથી તે પોતાનું પૂર્વરૂપ ભૂલી દઇ ચિદાકાશની અંદર થોડાજ સમયમાં મનોમય દૃઢ પરિણામને પ્રાપ્ત થઇ જાય છે.[૩૭] જે પુરુષો પૂર્વસિદ્ધ (અનાદિ વસ્તુ અને પોતાના કર્મ આદિવડે કલ્પિત વસ્તુ, એ બન્ને સત્ય છે, એમ દૃઢ સંકલ્પવડે સ્વીકારી લે છે તે, જેમ યજ્ઞ આદિ કરનાર પુરુષને અવશ્ય સ્વર્ગ આદિની પ્રાપ્તિ થાય, તેમ ક્રમે કરી બન્નેને પ્રાપ્ત થાય છે, અને જેની બુદ્ધિ એક વિષયમાંજ સત્યતા માનનાર હોય તે એકનેજ પ્રાપ્ત થાય છે.[૩૮] જેમ અંદર કલ્પનાના બલથી (પુણ્યના યોગવડે) નિરંતર સિદ્ધ અવસ્થાનો આવિર્ભાવ પ્રતીતિમાં આવે છે, તેમજ કલ્પનાના બલથી (પાપના યોગવડે) નરક આદિ દુઃખોની પણ પ્રતીતિ થાય છે.[૩૯]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આ દેહ હો કિંવા ન હો, પરંતુ ચિદાત્મા જેવો દૃઢ સંકલ્પ કલ્પી લે છે તેવુંજ તેના અનુભવમાં આવે છે; કેમ કે સર્વના દેહ તો મનોમયજ છે.[૪૦] જીવ જે ભાવની અંદર બુદ્ધિને સ્થિર કરી એક દેહાકારે રહેલ બુદ્ધિસંકલ્પને મૂકી દે છે તેજ ભાવરૂપ બીજી યોનિ કે જે પોતાની બુદ્ધિના સંકલ્પનોજ એક પરિણામ છે તેને આકાશની અંદર દેખે છે.[૪૧] શુભ સંસ્કારવાળો પુણ્યાત્મા જીવ શુભ લોકોને દેખે છે,અને લાંબા કાલસુધી અનુભવે છે.અશુભ સંસ્કારવાળો પાપી જીવ લાંબા સમયસુધી અશુભ લોકોને દેખે છે અને અનુભવે છે.[૪૨] વસ્તુતાએ જોતાં એ જીવ અને તેને અનુભવમાં આવતા શુભ-અશુભ લોકો એ બન્ને ચિદાકાશરૂપ છે. શુદ્ધ પુણ્યાત્મા જીવ સિદ્ધનગરોને દેખે છે અને અનુભવે છે; તથા અશુદ્ધ પાપીજીવ નરકોની અંદર અતિદુઃખોને અને અશુદ્ધ પદાર્થોને દેખે છે તથા અનુભવે છે.[૪૩] તે નરકની અંદર પાષાણવાળા બે પર્વતરૂપી ધંટીના પડની વચ્ચે આવી દળાઇ જવું; પુનરુદ્ધારથી રહિત એવું અંધકૂપમાં પડવું;[૪૪] અતિદારુણ શીતવડે શરીરનો પાષાણભાવ થઇ જવો; પિશાચોવડે અને અંગારાઓવડે ખૂબ વ્યાપ્ત એવા અનંત નિર્જલ માર્ગમાં પથિકરૂપે ચાલવું;[૪૫] ધગધગતા અંગારાઓરૂપી વાદળાંમાંથી નીચે પડતા અંગારાઓના વરસાદનો અનુભવ; તપેલ બાણોના સમૂહની દુઃસહ વૃષ્ટિની દારુણપીડા;[૪૬] પાષાણો, ચક્રો અને તરવારોને પ્રવાહરૂપે વહ્યા કરતી નદીઓવાળા આકાશમાં સંચાર; વક્ષઃસ્થલમાં મારેલ, વાદળા જેવા શ્યામ અને વિશાલ કુવાડાઓના પ્રહારવડે વક્ષઃસ્થલનું ભેદાઇ જવું;[૪૭] તપાવેલ લોઢાની પૂતળીઓ તથા શૂલો આદિનું કઠિન આલિંગન અને છમછમ એવા શબ્દસાથે તેનું શરીર સાથે ચોટી જવું; મોટા કડકડાટીના શબ્દવાળા શસ્ત્રોવડે અને યંત્રોવડે કચરાઈ જવું તથા પીડા પામવી;[૪૮] ચક્ર, વજ્ર, ગદા, ભાલા, શૂલ, તરવાર અને બાણોની વૃષ્ટિ; તીક્ષ્ણ કાંટાવાળાં શાલ્મલીવૃક્ષનું આલિંગન; પાશવડે બંધાવું; સેંકડો તીક્ષ્ણ શક્તિઓનો (સાંગનો) પ્રહાર;[૪૯] તપાવેલ વેળુઓના સમૂહમાં પડવું; પાતાલમાં ડૂબવું; દીપકને આકારે છુપા રહેલ ઉલ્કાના અગ્નિનો ભય; મોટા કાગડાઓવડે ઠોલાવું;[૫૦] પાછા નીકળી ન શકાય એવા સ્થૂલ અંગારાવાળા મોટા અંગારાના ઢગલામાં પ્રવેશ; બાણ, શક્તિ, ગદા, ભાલા, ભુશુંડી અને ચક્રવડે વિંધાવું;[૫૧] ભૂખવડે ક્ષોભને પામેલ ક્રૂર એવા પ્રેતોના સમૂહોએ, અન્યોન્ય તાણ—ખેંચ કરાયેલાં પોતાનાં અંગોનુ ચાવવું; તાલનાથી પણ ઉંચા પ્રદેશ ઉપરથી અતિકઠિન શિલાપ્રદેશ ઉપર પડવું;[૫૨] રુધિર અને અપવિત્ર પદાર્થોરૂપી કાદવવડે ભરેલ પરુની નદી આદિની અંદર મોટા સંકટનો અનુભવ; શિલામય અને શસ્ત્રમય એવા ઘોડાઓના તથા હાથીઓના ચરણરૂપી પાષાણવડે પીસાઇ જવું;[૫૩] ગુફાઓ જેવા અંધકારમય પ્રદેશમાં ઘૂડોએ કરાતું એવું પોતાના દેહનું વિદારણ; મનુષ્યોના સમૂહે કરાતો મુસલોનો પ્રહાર; મસ્તક, હાથ, પગ, ખરી, કાંધ આદિ અવયવોને ફાડી ખાવામાં તૈયાર થઇ રહેલા ગીધ પક્ષીઓના સમૂહનું દર્શન, ઇત્યાદિ અનેક દુઃખને દેખે છે.[૫૪] અમુક દુષ્કર્મથી અમુક અશુભ ફલ પ્રાપ્ત થાય છે, એવા પ્રકારની ભાવના કે જે પહેલાં એવા અનેક જન્માંતરરૂપી પ્રદેશમાં વારંવાર થએલ અનુભવવડે દૃઢ બંધાઈ ગએલ હોય છે, તેને લીધે પોતાનો આત્માજ તે તે નરકને આકારે વિસ્તારને પ્રાપ્ત થઇ જઇ તે તે ફલરૂપે નિર્વિવાદપણે પોતાના સ્વરૂપને દેખે છે.[૫૫] જે કાંઈ ચિદાત્મા કે દેહ ઇત્યાદિ કોઇ પણ વખતે ચિત્ત-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રૂપ આકાશની અંદર ભાસે છે;અથવા તો જે નથી ભાસતું કિંવા જે અપૂર્વ ભાસે છે તે સર્વ ભ્રાંતિ-રૂપ કલ્પનાનેલીધે ભાસવાથી મનોમય છે,છતાં પણ તે ઘણા લાંબા સમયથી અનુભવેલ દૃશ્ય-પ્રપંચમાંથી યદૃચ્છાવડેજ કોઇ કાલે પ્રચલિત થાય છે.[૫૬]

यन्नाम किंचन कदाचन चेतनं खे।
भातं न भातमथवा यदपूर्वमेव ॥
तत्कल्पनाद्भवति तन्मयमेव तद्धि।
तस्माच्चिरं च चलतीति यदृच्छयैव ॥५६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સ્વર્ગનરકોપલંભવર્ણન' એ નામનો એકસો સાઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૦

સર્ગ ૧૬૧ મો.*

પરમાત્મામાં જગતની ભ્રાન્તિ

॥ श्रीराम उवाच ॥

यन्मुनिव्याधयोरेतत् वृत्तं नानादशाशतम् ॥
अन्यकारणकं किं स्यादेतत् किंवा स्वभावजम्॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જે એ મુનિને અને વ્યાધને નાનાપ્રકારની સેંકડો દશાનો અનુભવ થયો તેનું કાંઇ બીજું કારણ હશે કિંવા સ્વાભાવિકજ તેમ થયું હશે ?[૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પરમાત્મારૂપી મહાસાગરની અંદર એવી પ્રતિભાઓરૂપી અનેક ચકરીઓ નિરંતર પોતાની મેળેજ થતી રહે છે તે ચિદાકાશરૂપ છે. પોતાના આત્માની અંદરજ તેની વિવર્તરૂપે પ્રતીતિ થાય છે.[૨] જેમ ચલનશક્તિવાળા ચપલ વાયુની અંદર કાંઇ કાંઇ ચપલતા નિરંતર ઉદય પામતી રહે છે તેમ ચિદાકાશની અંદર સત્ય આત્માના ચેતનપણાનેલીધે નિરંતર એવી અનેક પ્રતિભાઓ કે જે પદાર્થોને આકારે ભાસતી એક સ્ફૂર્તિજ કહેવાય છે તે ઉદય પામતી રહે છે.[૩] આ ચિદાકાશમાંથી ઉદય પામતો એવો પ્રતિભાનો પ્રકાશ કે જે એક તેના અવયવ જેવોજ છે તે જ્યાંસુધી બીજી બલવાન પ્રતિભાવડે પરાભવને પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તેવેજ પ્રકારે અહીં તેને અનુભવમાં આવે છે.[૪] જેમ નાનાપ્રકારના અવયવોવાળો અવયવી એકજ હોય, તેમ અહીં આ સર્વ, ચિદાકાશ બ્રહ્મનાજ અવયવો છે; અને તે પોતે (અવયવીરૂપે) એકજ છે. આ સર્વ પ્રતિભાનું મૂલ અધિષ્ઠાન બ્રહ્મજ છે.[૫] ચિદાકાશરૂપ એવા આત્માની અંદર કેટલીક પ્રતિભાઓ સ્થિર હોય છે, અને કેટલીક અસ્થિર પણ હોય છે. જેમ દેહની અંદર તેની અવસ્થાઓ પિંડ, હાથ, પગ આદિ આકારો સ્થિર છે, અને તેની અપેક્ષાએ ઉન્મેષ નિમેષ આદિ અવસ્થાઓ અસ્થિર છે; તેમજ ચિદાત્માની અંદર સ્થિર અસ્થિર પ્રતિભાઓની સ્થિતિ છે.[૬] પોતાના આત્માની અંદર ભાસતાં સ્વપ્નનગરનીપેઠે આ દૃશ્ય પણ ચિદાકાશની અંદર એક તેના ચમત્કારરૂપે ભાસે છે; તેમાં સાર શું હોય ? અસાર શું હોય ? સત્ય શું હોય અને અસત્ય શું હોય ?[૭] દૃશ્યનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો સર્વ ચિદાકાશરૂપ છે, અને અજ્ઞાનીઓની દૃષ્ટિએ જોતાં તે જગતરૂપ દેખાય છે. તેને શું સત્ય કહી શકાય કિંવા અસત્ય કહી શકાય ? કાંઇ નહિ.[૮] કિંતુ અનિર્વચનીય છે. સર્વ ચિદાકાશનોજ એક વિવર્ત છે, તો ચિદ્રૂપ હોવાથી સર્વ પ્રકારે મંગલમય એવા સંસારની અંદર આસ્થા—અનાસ્થા આદિનો વિચાર કેવો હોય ? માટે હે તત્ત્વજ્ઞ પુરુષો ! યથાસ્થિત

* આ એકસો એકસઠમા સર્ગમાં, ચિન્માત્રતત્ત્વની કેવલ પ્રતિભારૂપ એવું આ આશ્ચર્યમય જગત પરમાત્માની અંદર અજ્ઞાનનેલીધે ભ્રાંતિવડે ભાસે છે, તેનું બીજું કાંઇ કારણ નથી, જેથી જ્ઞાન થતાં તે બ્રહ્મરૂપ જણાય છે, એવો વિષય વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વરૂપનો અવલંબ પકડી સ્થિર થઇ રહેા.[૯] સમુદ્રમાંથી જેમ અનેક તરંગોનો આવિર્ભાવ થતો રહે તેમ પ્રકાશરૂપ એવા પોતાના આત્મામાંથી કાર્ય-કારણરૂપે અનેક પ્રતિભાઓના આકારોનો ઉદય થતો રહે છે કે જે પોતાના સ્વરૂપથી અભિન્ન છે.[૧૦] પોતાના સંકલ્પનીપેઠે અને સ્વપ્નસૃષ્ટિનીપેઠે જે કાંઈ પોતાનો એક વિલાસ છે તેને આત્મા જગતરૂપ સમજે છે, તોપછી પૃથ્વી આદિ કયાંથી હોય અને કેવાં હોય ?[૧૧] એવી રીતે આ ભ્રમ આરોપિતરૂપે ભાસે છે, અને અધિષ્ઠાનદૃષ્ટિથી જોઇએ તો કશું પણ ભાસતું નથી. બ્રહ્મ પોતાના સ્વરૂપની અંદર પોતાની મેળેજ અવિદ્યાને નામે રહ્યું છે.[૧૨] ચિદ્ઘન આત્મસ્વરૂપમાં પૃથ્વી આદિવડે ઘટ્ટપણું સંભવતું નથી, કિંતુ સર્વ જગત ચિદાકાશરૂપ છે;એજ પરમ બોધ છે, અને ભૂમિકાના અભ્યાસવડે તે સ્થિતિમાં દૃઢ થઇ રહેવું એજ મુક્તપણું છે.[૧૩] આકાશમાં ભાસ્યા કરતા શ્યામપણાનીપેઠે ચિદાકાશની અંદર આરોપિતરૂપે રહેલા અજ્ઞાનનો અવલંબ પકડી આ દૃશ્યરૂપી ભ્રમ વિસ્તરી રહેલ છે, અને નિર્વિકાર આ શાંત બ્રહ્મજ જગતને આકારે ભાસ્યા કરે છે.[૧૪] ધ્યાન કરનાર અને નિર્વિકલ્પ સમાધિમાં સ્થિતિ થવાનેલીધે દેહભાવને ભૂલી રહેલ તત્ત્વજ્ઞ પુરુષ ક્ષણવાર ચિન્માત્ર સાક્ષીરૂપ થઈ રહેતાં કયાં તેને જગતની પ્રતીતિ થાય છે? તે તમેજ કહેા.[૧૫] ચિદાકાશરૂપી ધાતુનો જે ભાગ જયાં જયાં જેવે જેવે પ્રકારે ભાસે છે ત્યાં ત્યાં તેવે પ્રકારે તે સ્વભાવેજ થઈ રહે છે.[૧૬] દૃશ્યની ભ્રાંતિ જો કે આકાશના જેવી શૂન્ય છે, તોપણ જન્મથી તિમિર રોગવાળા પુરુષને દેખાતા બે ચંદ્રમાની ભ્રાંતિના દોષનીપેઠે અવિચારી પુરુષમાં તે શાંત થતી નથી.[૧૭] વસ્તુતાએ જોઇએ તો જે કાંઈ આ દેખાય છે તે નિર્વિકાર બ્રહ્મરૂપ છે, અનાદિ છે, અનંત છે, અને ચિદાકાશરૂપ છે, તો તે કેવી રીતે શાંતિને પ્રાપ્ત થાય ? અને શું શમી જાય?[૧૮] સ્વચ્છ ચિદ્રૂપ તત્ત્વ પોતાના શુદ્ધ સ્વરૂપને નહિ છોડતાં જે કાંઇ સ્વપ્નનીપેઠે પોતાના સ્વરૂપને વિવર્તરૂપે પ્રસારી દે તેજ આ જગત છે.[૧૯] પરસ્પર થતા શાસ્ત્રાર્થોવડે તીક્ષ્ણ થઇ રહેલી બુદ્ધિથી નિર્વિકલ્પ દશાવડે આત્માની સુષુપ્તિ જેવી સ્થિતિને પ્રાપ્ત થઇ જતાં તત્ત્વજ્ઞ પુરુષને કોઈ (અવર્ણ્ય) આત્મતત્ત્વનો અનુભવ થાય છે.[૨૦] અવિદ્યા કે જે તમારી દૃષ્ટિમાં જગતને આકારે દૃઢ થઈ રહેલ છે, અને સંકલ્પબલથી અવ્યભિચારી ભાસે છે, તે જેમ નદીની અંદર કોરી જમીન ન હોય તેમ અમારી દૃષ્ટિમાં સાવ નથીજ.[૨૧] જેમ સ્વપ્નની અંદર અનુભવમાં આવતી એવી પણ પૃથ્વી મિથ્યા હોવાથી કોઇ જગોએ રહી નથી, તેમ આ દૃશ્યસમૂહ પણ અનુભવમાં આવતાંછતાં મિથ્યા હોવાથી નથી.[૨૨] જેમ સ્વપ્નની અંદર ચિદાકાશજ રૂપ આદિ વિષયને આકારે અને તેનો પ્રકાશ કરનાર ચક્ષુ આદિ ઈંદ્રિયને આકારે કેમ જાણે થઇ રહેલ હોય તેમ ભાસે છે, તેવીજ રીતે જાગ્રત્ અવસ્થામાં પણ પોતે કે જે જાગ્રતના સાક્ષીરૂપ છે તેનું સંપૂર્ણ સ્વપ્રકાશ સ્વરૂપજ જાગ્રતને આકારે થઇ રહેલ ભાસે છે.[૨૩] " આ જાગ્રત છે અને આ સ્વપ્ન છે " એવી જે ભિન્નતા ભાસે છે તે સત્ય અધિષ્ઠાન વસ્તુની અંદર અનુભવવડે નિઃશેષપણે સમાન દેખાતી એ બન્ને અવસ્થામાં નથી.[૨૪] જેમ સ્વપ્નમાંથી જાગી જતાં આ સ્વપ્નમાં દેખાતું દૃશ્યજાલ બાધિત થઇ ગયેલ પ્રતીતિમાં આવે તેમ બીજા શરીરમાં પ્રબોધને પ્રાપ્ત થનાર ગર્ભમાં રહેલ જાતિસ્મર જીવને પણ જાગ્રતઅવસ્થામાં પ્રસિદ્ધપણે દેખાતી સર્વ પ્રતીતિ બાધિત થઈ ગયેલી જણાય છે.[૨૫] થોડો કાલ રહેનાર અવસ્થાને સ્વપ્ન કહેવામાં

CC-0. Gurukul Kangri University Haridwar. Collection Digitized by eGangotri Foundation USA.

આવે છે, અને વધારે કાલ રહેનાર અવસ્થાને જાગ્રતરૂપ ગણવામાં આવે છે, બાકી એ બન્નેનો અનુભવ એક સરખોજ છે, જેથી તે બન્ને અવસ્થા સરખી છે.[૨૬] જેવો અનુભવ બહાર જાગ્રતમાં થાય છે તેવોજ અનુભવ અંદર સ્વપ્નમાં પણ થાય છે. એવી રીતે સર્વ પ્રકારે ગુણની સમાનતાનેલીધે જાગ્રત્ અને સ્વપ્ન એ બન્ને અવસ્થા કે જે કેમ જાણે જોટોજ હોય તેવી છે, તેમાંથી એકેનું ન્યૂનાધિકપણું કહી શકાતું નથી.[૨૭] જેવી જાગ્રતની સ્થિતિ છે તેવીજ સ્વપ્નની સ્થિતિ છે, અને જેવી સ્વપ્નની સ્થિતિ છે તેવીજ જાગ્રતની પણ સ્થિતિ છે; અને કાલેકરી એ બન્ને અવસ્થાનું "અસત્ય નથી" એવું બાધિતપણું અનુભવમાં આવે છે.[૨૮] જેમ જીવિતપર્યંત સેંકડો સ્વપ્નો અનિયમિતપણે જોવામાં આવે છે, તેમ જીવને મોટી અજ્ઞાનરૂપી નિદ્રાની અંદર સેંકડો જાગ્રત અવસ્થા અનિયમિતપણે જોવામાં આવે છે.[૨૯] ઉત્પન્ન થનારાં અને વિનાશી એવાં અનેક સ્વપ્નો જેમ સ્મરણમાં આવે છે તેમ પૂર્વજન્મનું સ્મરણ આપનારી એવી યોગસિદ્ધિવાળા વિવેકી સિદ્ધ યોગીઓને સેંકડો જન્મોનો પણ અનુભવ હોય છે.[૩૦] એવી રીતે સમસ્ત વસ્તુને સમાન રીતે ધારણ કરી રહેલ અને સમસ્ત વસ્તુના અનુભવરૂપ એવા આત્માની અંદર સ્વપ્નનીપેઠે જાગ્રતનો અને જાગ્રતનીપેઠે સ્વપ્નનો અનુભવ થાય છે.[૩૧] જેમ જગત અને દૃશ્ય એ બન્ને શબ્દ એક અર્થના વાચક છે, તેમ જાગ્રત અને સ્વપ્ન એ બન્ને શબ્દ પણ (બ્રહ્મની અંદર આરોપિત હોવાથી) બ્રહ્મરૂપ એકજ અર્થના વાચક છે.[૩૨] જેમ વિશાલ સ્વપ્નનગર ચિદાકાશરૂપ છે તેમ આ જગતપણ ચિદાકાશરૂપ છે, તો પછી અવિદ્યા ક્યાં રહે અને શી રીતે દેખાય?[૩૩] આકાશરૂપ બ્રહ્મજ કદાચિત્ અવિદ્યા શબ્દવડે કહેવાતું હોય તો અમને શબ્દવિષયમાં કશો વિવાદ નથી; પરંતુ સર્વ ભ્રમની નિવૃત્તિ થતાં જે કાંઇ અવશેષ રહે તેજ હું છું, એમ જણાયાથી કૃતકૃત્યતા છે; એમ અમારો અભિપ્રાય છે. પોતાની કલ્પનાવડેજ બંધ છે.[૩૪] જો એમ છે તો પછી નિત્યમુક્ત એવા આત્માને કલ્પનાવડે બંધનમાં નાખવો નહિ. નિરાકાર ચિન્મય આત્મામાં અને નિર્મલ નિરાકાર આકાશમાં શો તફાવત છે? કાંઈ નહિ.[૩૫] નિરાકાર એવા આત્માને દૃશ્ય એવા નામને ધારણ કરી રહેલ અવિદ્યારૂપ એક ચિદાકાશની અંદર બંધ અથવા મોક્ષ ક્યાંથી હોય?[૩૬] જો અવિદ્યા વસ્તુજ નથી તો કોઇને પછી બંધ બંધરૂપ નથી અને મોક્ષ મોક્ષરૂપ નથી; કેમકે બ્રહ્મસિવાય બીજું અસ્તિનાસ્તિ (અમુક છે અને નથી) એવા વ્યવહારનું કાંઇ સંતોષકારક સ્થાનજ નથી.[૩૭] અવિદ્યા પણ નથી અને વિદ્યા પણ નથી. જન્મ આદિ વિકારથી રહિત આ ચિદાકાશજ સ્વપ્નની પેઠે સૃષ્ટિરૂપ દેહને ધારણ કરી લઇ વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે કે જે પોતે પોતાના સ્વરૂપને આકારે રહેલ છે.[૩૮] એક દેશથી ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા બીજા પ્રદેશમાં જનારા ચિદાત્માનું વચમાં જે કાંઈ નિર્વિષય સ્વરૂપ છે તેજ જાગ્રત અને સ્વપ્નમાં પ્રસિદ્ધ એવાં દૃશ્યનું પારમાર્થિક રૂપ છે; એવો નિશ્ચય કરવાનો છે.[૩૯] અવિદ્યારૂપી રાત્રિની અંદર બહારનું દૃશ્ય અને અંદરનું દૃશ્ય એ બન્નેનો પ્રકાશ કરવામાટે સદા જાગ્રત રહેનાર સ્વયંપ્રકાશ અદ્વિતીય આત્માનું જે કાંઇ સ્વરૂપ છે તેજ અહીં જાગ્રત અને સ્વપ્નમાં પ્રસિદ્ધ એવાં દૃશ્યનું વાસ્તવ સ્વરૂપ છે.[૪૦] જાગ્રત અને સ્વપ્ન એ બન્નેના ભેદનો અનુભવ થવો તેપણ એક કલ્પના છે, અને એ (તેના સાક્ષીવડે જણાયાથી) સાક્ષીચૈતન્યરૂપ છે, એમ તમે સમજો.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બાકી ચિદ્રૂપ સાક્ષીચૈતન્યમાં ભેદનો અનુભવ કરનાર કોઇ નથી; કેમકે ત્રણે અવસ્થામાં અનુગત એવા સાક્ષીચૈતન્યના અંતને બીજો કોણ જોઇ શકે ? કોઇ નહિ.[૪૧] અભેદબુદ્ધિ અને ભેદબુદ્ધિ એ બન્નેય ચિદ્રૂપ છે, અને જ્યારે એમ છે ત્યારે પછી દ્વૈત અને અદ્વૈત એ બન્ને શાંત નિર્વિકાર એક બ્રહ્મરૂપજ સિદ્ધ થાય છે.[૪૨] જેમ બ્રહ્મનો સદ્અંશ બોધરૂપ પણ છે અને ગ્રાહ્યરૂપ પણ થઇ રહેલ છે, તેમ દ્વૈતનો અનુભવ કરનાર સાક્ષીચૈતન્ય એકજ દૃષ્ટારૂપ અને દૃશ્યરૂપ થઇ રહેલ છે.[૪૩] જ્યારે સદ્વસ્તુજ સર્વ દ્વૈતપ્રપંચરૂપે ભાસે છે ત્યારે તો પછી સિદ્ધજ થાય છે કે ચિદાકાશજ દ્વૈતરૂપ અને અદ્વૈતરૂપ છે.[૪૪] સૃષ્ટિ પરબ્રહ્મરૂપ છે અને દ્વૈત-અદ્વૈત પણ સત્ય પરબ્રહ્મરૂપ છે, એમ પ્રથમ નિર્ણય કરી લઇ પછી 'નેતિ નેતિ' ઇત્યાદિ વાક્યબલથી સર્વ દ્વૈતનો ત્યાગ કરી ચારેકોર પ્રકટરૂપે દેખાતા પ્રત્યગાત્મારૂપી ચિદાકાશની અંદર શિલાના જેવા સ્થિર એકરસપણાને ધારણ કરી લઇ સ્વસ્વરૂપમાં સ્થિર થઈ રહો.[૪૫] હે મહાભાગ્યશાલી ! એવી રીતે ચિન્મય બ્રહ્મની અંદર શિલાની પેઠે પરમપદમાં સ્થિરતાથી એકરસરૂપે રહેલા તમે પોતાના વર્ણાશ્રમધર્મના ક્રમને અને લૌકિક સ્થિતિને ઉલ્લંઘન ન કરતાં પોતાના વૈભવને અનુસારે સુખેથી ઇચ્છાપ્રમાણે વિષયનો અનુભવ કરો, વિહાર કરો, ખાનપાન કરો અને (પોતાના સંબંધીવર્ગ તથા બ્રાહ્મણવર્ગ આદિને) સુખેથી જમાડો.[૪૬]

यथाक्रमं सुभग यथास्थितस्थिति ।
यथोदयं व्रज पिब भुंक्ष्व भोजय ॥
अभीप्सितं गतमननो निरिंगनः ।
सुचिन्मये परमपदोपलो भवान् ॥ ४६ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'निर्वाणवर्णन' એ नामनो એકસો એકસઠમો सर्ग संपूर्ण.

सर्ग १६२ मो.*

અવિદ્યાનો નિષેધ

॥ श्रीवासिष्ठ उवाच ॥

चिद्व्योमार्थतयाऽर्थानां यथास्थितमिदं जगत् ॥
सरूपालोकमननमपि चिद्व्योम केवलम् ॥१॥

શ્રી વસિષ્ઠજી કહે છેઃ—રૂપ આદિ બાહ્ય વિષય અને સંકલ્પ આદિ આંતર વિષયસહિત સર્વ પદાર્થો, અંદર રહેલ આત્મા કે જે ચિદાકાશરૂપ છે તેના ઉપભોગનેમાટે છે, જેથી આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં કેવલ ચિદાકાશરૂપેજ છેવટ અવશેષ રહે છે.[૧] સ્વપ્નનો સાક્ષીરૂપે અનુભવ કરનાર ચિદાત્માજ સ્વપ્નનગરરૂપ થઇ રહેલ હોવાથી ચિદાત્માવિના બીજું કશું તે વખત હોતું નથી, તેપ્રમાણે આ જાગ્રતમાં દેખાતું જગતપણ આકાશનીપેઠે નિર્વિકાર એવા શાંત બ્રહ્મરૂપ છે. આ વાતને 'नेह नानास्ति किंचन' એ શ્રુતિ પુષ્ટિ આપે છે.[૨] ચિદાકાશનો વિવર્ત કિંવા આભાસ એક ચિદાકાશરૂપ છે, છતાં તેમાં જે નાના પ્રકારની ભ્રાંતિની પ્રતીતિ થાય છે તે નિઃસ્વરૂપ છે, અને પોતાનું સાક્ષીચૈતન્ય પોતાના સ્વરૂપનેજ અનેક પ્રકારે દેખાડે છે. જેમ સ્વપ્નનગર અને ગંધર્વનગરના પદાર્થો એક આભાસરૂપ છે તેમ આ સર્વ એક આભાસરૂપ છે, અને આત્માનોજ તે વિવર્ત છે.[૩] પ્રલયકાલની પેઠે હમણાં પણ આ જગત સ્વપ્નનગર અને ગંધર્વનગરની પેઠે આભાસરૂપે પ્રતીતિમાં આવે છે, અને અસત્ય છે, છતાં કેમ જાણે સત્ય હોય તેવું થઇ રહ્યું છે.[૪] આ સૃષ્ટિ કે જે ભાવનાને અનુસારે સત્ય અને અસત્ય એ બન્નેરૂપે પ્રતીતિમાં આવે છે તે જેવી વિવેકી વિદ્વાનોની દૃષ્ટિમાં જણાય છે તેવી મૂર્ખોને ભાસતી

* આ એકસો બાસઠમા સર્ગમાં સર્વ દ્વૈતનું બ્રહ્મમાત્રપણું વર્ણવી હિતના ઉપદેશવડે અવિદ્યાનો નિષેધ કરવામાં આવ્યો છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri Sarayu Trust. Funding by MoE-IKS

નથી અને જેવી મૂર્ખોને ભાસે છે તેવી વિવેકીઓને તે જણાતી નથી.[૫] વિવેકી અને મૂર્ખ એ બન્ને એકબીજાની બુદ્ધિની અંદર જે અનુભવ રહેલ હોય તે સમજવાને કે તમને કહેવાને કિંવા પરસ્પર કહેવાને સમર્થ થઇ શકતા નથી. વિવેકી અને મૂર્ખ એ બન્નેની પોતપોતાની બુદ્ધિની અંદર જેવી જેવી સૃષ્ટિ રહી હોય તેવીજ સ્ફુરે છે.[૬] મદ્યોન્મત્ત અને મદ્યથી રહિત એવા પુરુષનો જેમ બુદ્ધિસ્થ પ્રપંચ ભિન્ન ભિન્ન હોય, તેમ વિવેકીની અને મૂર્ખની બુદ્ધિમાં રહેલ પ્રપંચ પરસ્પર ભિન્ન ભિન્ન હોય છે. વિવેકીની બુદ્ધિ સદા સ્થિરતામાં જાગ્રત હોય છે, જેનેલીધે તે સ્થિર આત્મતત્ત્વનેજ દેખે છે; અને અવિવેકી પુરુષની બુદ્ધિ સદા અસ્થિરપણામાં જાગ્રત રહે છે, જેનેલીધે તે અસ્થિર બાહ્ય પ્રપંચનેજ દેખે છે.[૭] જેમ નદીના જલની અંદર તરંગો દ્રવરૂપે સ્થિતિ કરી રહ્યા હોય, તેમ ચિદ્રૂપ પરમતત્ત્વની અંદર ચેતનપણાનેલીધે સૃષ્ટિરૂપી તરંગો સ્થિતિ કરી રહ્યા છે.[૮] ચેતનનું રૂપ કે જે કશારૂપ નથી, તે કેમ જાણે કાંઇક આ જગત આદિને આકારે થઇ રહેલ હોય તેવું ભાસે છે; અને તે પોતે અદૃશ્ય છતાં સ્વપ્નનગરની અંદર દેખાતા પદાર્થોની પેઠે કેમ જાણે દૃશ્યરૂપ થઇ રહેલ હોય તેમ જણાય છે.[૯] દર્પણમાં ઘટ–પટ આદિ પદાર્થોના પ્રતિબિંબની પેઠે માયાની અંદર ચિદ્રૂપ પરમ તત્ત્વનું જે પ્રતિબિંબ પડે છે તે જગત શબ્દવડે કહેવામાં આવે છે; અને તે નિરાકાર છતાં કેમ જાણે સાકાર હોય તેમ જણાય છે.[૧૦] આત્માને દેહરૂપ સમજવો એ કેવલ ભ્રાંતિમાત્ર છે, કેમ કે તે દેહ મિથ્યા છે. પિશાચના વિલાસની પેઠે તેનું દેખાવું ભ્રાંતિજન્ય છે, અને દૃઢપણે તે સર્વ પરિશ્રમનું મૂલ છે.[૧૧] મનોરાજ્યની પેઠે અસત્ય છે, અને કમલપત્ર આદિ ઉપર પડેલ લંબાયમાન જલબિંદુની પેઠે તે ક્ષણભંગુર છે. વિદ્વાન અને અવિવેકી એ બન્નેના અનુભવવડે જે અસત્ય જણાય છે, તેમાં વળી આત્માપણું કેવું હોય?[૧૨] જેમ જાડા વાંસને ચીરતાં તેની અંદર રહેલ શબ્દ કેમ જાણે બહાર નીકળી શ્રવણમાં આવતો હોય તેમ ભાસે છે, પણ તેમાં કાંઇ શબ્દનું રહેવું કે બહાર નીકળવું હોતું નથી, તથા જેમ જલનેવિષે તરંગોમાંથી, અગ્નિનેવિષે જ્વાલા આદિમાંથી અને કંઠ–તાલુ આદિ પ્રદેશમાં પવનના યોગથી, તેમજ આકાશમાં પડછંદામાંથી ઉત્પન્ન થતા શબ્દો કેમ જાણે તે તે સ્થલમાંથી બહાર નીકળતા હોય એમ ભાસે છે, પરંતુ પ્રથમથી કાંઇ તેઓ તેની અંદર હોતા નથી; તેજ પ્રમાણે સર્વ પદાર્થો વાસનામય છતાં જાગ્રત અને સ્વપ્નમાં પ્રતીતિમાં આવવાથી કેમ જાણે આત્મામાંથી બહાર નીકળતા હોય તેમ ભાસે છે, પણ તેઓની સ્થિતિ અંદર છેજ નહિ.[૧૩] સૃષ્ટિના આદિકાલથી માંડી સ્વપ્નશૈલની પેઠે પોતાનું આત્મચૈતન્યજ સર્વરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થઇ રહેલ છે; બાકી વસ્તુતાએ જોઇએ તો શબ્દ પણ નથી, અર્થ પણ નથી અને દૃશ્યપણું પણ નથી.[૧૪] જે કાંઇ આ છે અને ભાસે છે તે પરમાર્થદૃષ્ટિએ સદ્રૂપ છે. સૃષ્ટિના પ્રારંભમાંજ કારણના અભાવને લીધે સત્ વસ્તુથી વિલક્ષણ કશું ઉત્પન્નજ થયું નથી.[૧૫] સર્વ પદાર્થો એમજ રહ્યા છતાં શબ્દ, ભેદ અને અર્થ એ સર્વને (મનવડે) કાઢી નાખી 'હું શાંત થઈ રહ્યો છું, નિર્વાણને પ્રાપ્ત થયો છું, હું ચિદાકાશ રૂપજ છું' એમ સમજવાનું છે.[૧૬] એક શુદ્ધ બોધરૂપ એવી આત્મનિશ્ચિંતિને આ દ્વૈતભ્રમનો ત્યાગ કરો.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

જીવની અંદર પ્રસિદ્ધરૂપે દેખાતો માનસિક વિક્ષેપ મિથ્યારૂપે પોતાની મેળેજ ઉદય પામેલ છે.[૧૭] આત્માજ આત્માનો બંધુ છે, અને આત્માજ આત્માનો શત્રુ છે. જો આત્માવડે આત્માની રક્ષા ન કરી (સંસારમાંથી ઉદ્ધાર ન કર્યો) તો બીજો કોઇ તેનો ઉપાય નથી.[૧૮] જ્યાં સુધી હજી તરુણ અવસ્થા છે ત્યાંસુધી શુદ્ધ બુદ્ધિરૂપી નૌકાવડે આ સંસારસાગરને પેલે પાર પહોંચી જાઓ.[૧૯] જે કાંઇ તમારે શ્રેય કરવાનું હોય તે આજે જ કરો, કેમ કે વૃદ્ધ થયા પછી શું કરી શકશો? વૃદ્ધ અવસ્થા આવતાં પોતાનાં ગાત્રો પણ ભારરૂપ થઈ પડે છે.[૨૦] બાલપણું અને વૃદ્ધપણું તિર્યક્ યોનિની પેઠે જ્ઞાનને સાધી આપનાર થઇ શકતું નથી; બાકી તરુણપણું જો વિવેકવાળું હોય તો જીવના જીવિતનું સાફલ્ય કરી આપનાર નીવડે છે.[૨૧] વિજળીના ઝબકારા જેવા ચપલ આ સંસારમાં આવી સચ્છાસ્ત્ર અને સત્સંગતિવડે મોહરૂપ કાદવમાંથી સારરૂપ આત્માને ખેંચી કાઢવો.[૨૨] અહો! ખેદની વાત છે, કે મનુષ્યો ક્રૂર છે તેઓની શી ગતિ થશે કે જેઓ મોહરૂપી કાદવમાં ખુંચી ગએલા આત્માને તેમાંથી બહાર કાઢવામાં પણ પોતાના પુરુષાર્થને પ્રકટ કરતા નથી.[૨૩] જેમ માટીવડે બનાવેલ વેતાલોની સભા ગામડિયા અજ્ઞાની પુરુષને (સાચી જણાયાથી) ભય-જ્વર આદિ દુઃખને આપનાર છે, પરંતુ તેનું યથાર્થ વસ્તુસ્વરૂપ ઓળખવામાં આવે તો તે માટીની જણાયાથી ભય-જ્વર આદિ દુઃખને આપનાર થતી નથી,[૨૪] તેજપ્રમાણે બ્રહ્મના વિવર્તરૂપ દૃશ્યની શોભા અવિવેકી પુરુષને ભંગ ઉત્પન્ન કરે છે; પણ તેનું યથાર્થ સ્વરૂપ ઓળખવામાં આવે તો બ્રહ્મરૂપેજ થઈ રહે છે, ને કાંઇ પણ ભંગ આપનાર તે થતી નથી.[૨૫] ખરું તત્ત્વજ્ઞાન થાય ત્યારે આ દૃશ્ય શમી નહિ ગયા છતાં શમી જાય છે, યથાસ્થિતપણે રહ્યા છતાં લયને પામી જાય છે, અને દેખાતાં છતાં પણ દેખાતું નથી.[૨૬] જેમ પોતાના સ્વપ્નના સમયમાં સ્વપ્નસૃષ્ટિનો પ્રસિદ્ધપણે અનુભવ થાય છે તોપણ જાગી ગયાબાદ તેનું અસત્યપણું જણાય છે,[૨૭] તેપ્રમાણે સત્ય અધિષ્ઠાન ચૈતન્યમાં આરોપિતરૂપે પ્રતીતિમાં આવતી આ જાગ્રત્સૃષ્ટિ અનુભવમાં આવતાં છતાં પણ તેના યથાર્થ તત્ત્વનું જ્ઞાન થતાં ચિદાકાશની અંદર શૂન્યરૂપે અવશેષ રહે છે.[૨૮] જન્મથીજ જ્વરની પેઠે તાપ આપનાર એવા કામ-ક્રોધ આદિરૂપી દાવાનલવડે પ્રદીપ્ત એવા જીવિતરૂપી જંગલની અંદર વાતમૃગ નામના હરિણના આહારક્રમનીપેઠે દૈવેચ્છા પ્રમાણે થતા લાભથી શિથિલ થઇ રહેલ, અને મદવાળા મનના તથા પ્રાણના બહાર થતા સંચારવડે યુક્ત એવી આ ઇંદ્રિયોને જીતી લઇ જ્ઞાનબલથી આ અવિદ્યાને જીતો અને મુક્ત થઈ પાછા પુનર્જન્મને છોડી દો.[૨૯]

जातिज्वरज्वलितजीवितजंगलेषु ।
जीर्णानि वातहरिणाहरणक्रमेण ॥
माद्यन्मनः पवनपातयुतान्यमूनि ।
जित्वेन्द्रियाणि जयमेहि जहीहि जन्म ॥२९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અવિદ્યાનિરસન' એ નામનો એકસો બાસઠમો સર્ગ સંપૂર્ણ.૧૬૨

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૬૩ મો.*

ઇંદ્રિયને જીતવાના ઉપાય

॥ श्रीराम उवाच ॥

विनेंद्रियजयेनेदं नाज्ञत्वमुपशाम्यति ॥
तदिंद्रियाणि जीयंते कथं कथय हे मुने ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! ઇંદ્રિય જીતાયાવિના આ અજ્ઞાનીપણું શાંત થતું નથી, માટે ઇંદ્રિયો શી રીતે જીતાય તે આપ કહો.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ ટુંકી નજરવાળા પુરુષને બળતો એવો દીવો પણ સૂક્ષ્મ વસ્તુ જોવામાં ઉપયોગી થતો નથી, તેજપ્રમાણે અનેક ભોગોમાં પોતાનો ઉત્કર્ષ પ્રતિપાદન કરવામાં અને જીવનના ઉપાયરૂપ ધન મેળવવા આદિમાં આસક્ત થઈ રહેલા પુરુષને બ્રહ્મજ્ઞાનમાં શાસ્ત્ર આદિ સાધન ઉપયોગી થતાં નથી; તેમજ ઇંદ્રિયજયમાં પણ તે ઉપયોગી થતાં નથી.[૨] માટે ઇંદ્રિયને જીતવામાં એક નિર્બાધ યુક્તિ કહું તે તમે સાંભળો, કેમકે એ યુક્તિવડે થોડી પણ સાધનસંપત્તિ પોતાના પુરુષપ્રયત્નના બલથી સુખેથી મોક્ષસિદ્ધિને સાધી આપે છે.[૩] પુરુષ પોતે ચિન્માત્ર છે એમ તમે સમજો. તે ચિત્તને આધીન થઇ જવાથી જીવ એવા નામને ધારણ કરે છે, અને એ જીવ ચિત્તવૃત્તિદ્વારા જે તરફ ખેંચાય છે તેમાં તે ક્ષણવારમાં આસક્ત થઇ જાય છે.[૪] માટે પોતાના ચિત્તનો પ્રત્યાહાર કરવાનો પ્રયત્ન કે જે ચિત્તને બહિર્મુખ ન થવા દેતાં અંતર્મુખ રાખવાને છે તે પ્રયત્નરૂપી તીક્ષ્ણ અંકુશના પ્રહારવડે (ચિત્તની બાહ્યાકારતાને રોકી રાખી બ્રહ્માકારતારૂપે બોધ થવાનો અભ્યાસ થતાં) મદોન્મત્ત એવા મનરૂપી હાથીને જીતી શકાય છે, બાકી બીજે કોઈ પ્રકારે તેનો જય થતો નથી.[૫] ઇંદ્રિયોરૂપી સેનાનું ચિત્તજ મુખ્ય નાયક છે, તેનેલીધે ચિત્તને જીતી લેવાથી ઇંદ્રિયો જીતાઇ જાય છે. જેમ પગરખાંવાળા પુરુષને કંટક આદિ ન નડવાથી આખી પૃથ્વી ચામડાવડે મઢેલ જેવીજ છે, તેમ ચિત્તમાત્રનો જય કરી લેતાં ઇંદ્રિયોનો જય પોતાની મેળેજ થઇ જાય છે.[૬] પોતાના જીવાત્માને હૃદયની અંદર બ્રહ્મની સાથે એક કરી દઇ સ્થિર થઇ રહેનારા (ધ્યાનાવસ્થિત) તત્ત્વજ્ઞ પુરુષનું મન પોતાની મેળેજ શરદૃઋતુની ઝાકળનીપેઠે શમી જાય છે.[૭] હે પ્રિય રામચંદ્રજી! જીવચૈતન્યને યત્નવડે (યોગદ્વારા) બ્રહ્મમાં રોકી રાખવાથી જેવું ચિત્ત શાંતિને પ્રાપ્ત થાય છે, તેવું તપ, તીર્થ, વિદ્યા અને યજ્ઞ આદિ ક્રિયાઓના સમૂહોવડે શાંતિને પામતું નથી.[૮] જે જે કાંઇ વિષય બલાત્કારથી સ્મરણપથમાં આવે તેનો અધિષ્ઠાનચૈતન્યમાં લય કરી દઈ પોતાના નિશ્ચયવડે તેનું વિસ્મરણજ કરી દેવું અને જડમૂલમાંથી તેના સંસ્કારોને ઉખેડી નાખવા. આ ઉપાયવડે ભોગના હેતુરૂપ વિષયોનો જય કરી શકાય છે.[૯] પોતાના પુરુષપ્રયત્નવડે વિષયરૂપી આમિષમાંથી કાંઇપણ ચિત્તને નિરંતર રોકી રાખવામાં આવે તો તત્ત્વવેત્તાઓના અનુભવથી સિદ્ધ એવું સ્વારાજ્યપદ (પરમપદ) મળે છે.[૧૦] સ્વધર્મના વ્યવહારવડે જે કાંઈ પ્રાપ્ત થાય તેજ મને રુચે છે, બીજું નથી રુચતું, આવા નિશ્ચય ઉપર તમે વજ્રના જેવા દૃઢ થઈ રહો.[૧૧] વિરુદ્ધ (નિષિદ્ધ) પદાર્થોમાં ઇચ્છાને મૂકી દઇ જે પુરુષ શમનું અને સંતોષનું સંપાદન કરી રહ્યો હોય તે જિતેંદ્રિય છે.[૧૨] અંદર ચિદાત્મામાં રસિકતાનેવિષે અને બહાર વિષય આદિમાં નીરસતાનેવિષે જેનું ચિત્ત ઉદ્વેગને નથી પામતું તેનું

* આ એકસો ત્રેસઠમા સર્ગમાં ઇંદ્રિય જીતવાનો ઉપાય, ચિદાકાશ કે જે અદ્વિતીય છે તેમાં ચિત્તનો નિરોધ, અને આ શાસ્ત્રનો અભ્યાસ, ઇત્યાદિ બોધ થવાના હેતુવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ચિત્ત ઉપશમને પામી જાય છે.[૧૩] ચિત્તનો બહિર્મુખ થવાનો જે પ્રયત્ન છે તેને રોકી રાખવાથી મન વિષય તરફ દોડવાનું પોતાનું જે દુર્વ્યસન છે તેને છોડી દે છે, અને ચિત્ત ચપલતાથી રહિત થઇ જતાં વિવેક તરફ જાય છે.[૧૪] વિવેકી અને ઉદાર ચિત્તવાળો પુરુષ જિતેંદ્રિય કહેવાય છે, અને તે વાસનારૂપી તરંગોના વેગવડે સંસારસાગરમાં તણાતો નથી.[૧૫] જિતેંદ્રિય પુરુષ નિરંતર સત્સંગતિ અને સચ્છાસ્ત્રોના અવલોકનવડે જગતને વાસ્તવરૂપે સત્ય બ્રહ્મરૂપ દેખે છે.[૧૬] મિથ્યા વસ્તુ તરફ દોડવાથી દુઃખ દેનાર એવું નિર્જલ પ્રદેશમાં થએલ જલજ્ઞાન (જલભ્રાંતિ) જેમ સત્ય અવલોકનથી નિવૃત્ત થઈ જાય તેમ સંસારની ભ્રાંતિ પણ સત્ય અવલોકનથી શાંત થઇ જાય છે.[૧૭] દૃશ્યભાવથી રહિત એવું ચિન્માત્ર તત્ત્વજ (વિવર્તભાવથી) આ જગતરૂપ થઇ રહેલ છે એવો સત્ય બોધ જેને થયો હોય તેની દૃષ્ટિમાં બંધ અને મોક્ષ એ બન્ને ક્યાંથી હોય ?[૧૮] શોષાઈ જવાનેલીધે આકારથી રહિત થઈ રહેલ એવું જલ લીણતાને પામી જતાં પાછું પ્રવાહરૂપે વહેતું નથી, તેજપ્રમાણે કારણથી રહિત એવું દૃશ્ય, જ્ઞાનવડે નિર્મૂલ થઇ જતાં પાછું અંકુરિત થતું નથી.[૧૯] ચિદાકાશરૂપ એવો પોતાનો સંકલ્પજ 'તમે, હું,' ઇત્યાદિરૂપને ધારણ કરી રહેલ છે, માટે અધ્યાસવડે ખડું થઈ ગએલ 'હું-તમે' ઇત્યાદિરૂપ આ જગત જ્ઞાનવડે બાધિત થઈ જાય તો અધિષ્ઠાન—ચૈતન્યરૂપજ જણાય છે.[૨૦] હું ઇત્યાદિરૂપ આ જગત અવિદ્યામાત્રજ છે, મિથ્યા હોવાથી શાંત છે, શૂન્યમાત્ર છે, અને ચિદાકાશરૂપી પોતાના તાત્ત્વિક સ્વરૂપમાંજ રહેલ છે.[૨૧] ચિદાકાશની અંદર તેનો પોતાનો જ વિવર્ત છે તેજ આ જગતરૂપે ભાસે છે. એ ચૈતન્યરૂપ તત્ત્વ જગતથી સાવ શૂન્ય છે, એટલે તે અત્યંત શૂન્ય છે; એવો નિશ્ચય થાય છે.[૨૨] અહીં સ્વપ્નદર્શનના દૃષ્ટાંતનું કોણ ખંડન કરી શકે તેમ છે ? જેમ સ્વપ્નસૃષ્ટિ મિથ્યા છતાં અનુભવમાં આવે તેમ આ દૃશ્યપ્રપંચ પણ મિથ્યા છતાં અનુભવમાં આવે છે.[૨૩] હે પ્રિય રામચંદ્રજી ! સ્વપ્નમાં જે કાંઇ રાજ્ય—વૈભવ આદિરૂપે પ્રતીતિમાં આવે છે તે એક સાક્ષી ચૈતન્યનોજ વિવર્ત છે, અને પોતાના સ્વપ્નનો પોતાને અનુભવ થવો એજ તેનું સ્વરૂપ છે. તેમાં કર્ત્તા, કર્મ, કરણ આદિ કારકની કાંઇ અપેક્ષા નથી. તેજપ્રમાણે જાગ્રત અવસ્થાનું પણ સમજી લેવાનું છે.[૨૪] જે કાંઇ કર્ત્તા, કર્મ, કરણ આદિની અપેક્ષાથી રહિત છે તે સર્વ ચિદ્ઘન છે કે જે મારું પોતાનું સ્વરૂપ છે; તો આ જગત સૃષ્ટિના આરંભકાલમાં કર્તા—કર્મ આદિ સાધનસંપત્તિવાળું હોય તેમ કહી શકાતું નથી, જનેલીધે તે મારા પોતાના સ્વયંપ્રકાશ આત્મારૂપજ છે.[૨૫] જેમ સ્વપ્નની અંદર પોતાનું મરણ અનુભવમાં આવતાં છતાં જાગીને જોઇએ તો હોતું નથી, અને નિર્જલ પ્રદેશમાં ઝાંઝવાના જલની ભ્રાંતિ પ્રતીતિમાં આવતાં છતાં વસ્તુતાએ જોઇએ તો હોતી નથી, તે પ્રમાણેજ આ અવિદ્યા દેખાતાં છતાં વસ્તુતાએ જોતાં નથીજ.[૨૬] સૃષ્ટિના આરંભકાલમાં ચિદાકાશે પોતાના સ્વરૂપની અંદર જે કાંઇ પોતાના વિલાસને વિસ્તારી દીધો, તેજ નિર્મૂલ છતાં કાકતાલીયનીપેઠે પોતાની મેળે જગતરૂપ થઇ રહેલ છે.[૨૭] આ નિર્મૂલ જગત નહિ ભાસતાં છતાં કેમ જાણે ભાસ્યા કરતું હોય તેવું થઈ રહ્યું છે. જે ચિદાકાશના પ્રકાશથી આ સર્વ અપરોક્ષ રીતે ભાસે છે, તેજ ખરું તત્ત્વ છે; એમ વેદવાદીઓનું સમજવું છે.[૨૮] શૂન્યતા જેમ આકાશરૂપ છે, અને ચકરીઓનો વ્યાપાર જેમ જલરૂપજ છે, તેમ જીવ આદિમાં જે કાંઇ વિલાસ અહીં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અધિષ્ઠાન–ચૈતન્યની અંદર ભાસે છે તે સર્વ પરબ્રહ્મરૂપજ છે.[૨૯] જેમ કોઇ એક અવયવીનું એક સ્વરૂપ અવયવોવડે ઘટિત (યુક્ત) હોય તેમ જીવ આદિ અવયવોવાળું એક આ બ્રહ્મનું સ્વરૂપ છે. વસ્તુતાએ તો બ્રહ્મ પોતે નિરવયવ છે.[૩૦] જગતનું સ્વરૂપ વિચારતાં તો કેવલ આભાસમાત્ર છે, તે શાંત અવિનાશી ચિન્માત્રરૂપ છે, અને પોતાના સ્વચ્છ સ્વરૂપમાં રહેલ છે; તો તેના સ્વચ્છ સ્વભાવની અંદર શો વિચાર કરવાનો છે? કાંઇ નહિ.[૩૧] પરમપદ રૂપ બ્રહ્મની અંદર આદિની, અંતની કે મધ્ય પ્રદેશની કોઈ પણ કલ્પના નથી. આ અવિદ્યા પણ એક તેનું રૂપજ છે; બાકી બીજી જુદી અવિદ્યા કશી વસ્તુ નથી.[૩૨] જીવ જાગ્રતમાંથી સ્વપ્નમાં આવે છે, અને સ્વપ્નમાંથી જાગ્રતમાં જાય છે. તે પ્રબુદ્ધ હો કિંવા અપ્રબુદ્ધ હો, પરંતુ સદા એકરૂપે (સાક્ષીરૂપે) જ રહેલ છે.[૩૩] સ્વપ્નની અને જાગ્રતની અંદર સુષુપ્તિ અને તુરીય એ બન્ને સદાકાલ રહેલાં છે; અને વિવેકબુદ્ધિવાળો પુરુષ જાગ્રત અને સ્વપ્ન એ બન્નેને એક તુરીયરૂપજ સમજે છે.[૩૪] પ્રબોધવાળા પુરુષની દૃષ્ટિમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ સર્વ તુરીયરૂપજ છે. તેની દૃષ્ટિમાં અવિદ્યા છેજ નહિ. તે દ્વૈતપ્રપંચમાં રહ્યા છતાં અદ્વૈતદૃષ્ટિમાંજ રહે છે.[૩૫] અવિદ્યાથી રહિત થઇ ગએલા તત્ત્વજ્ઞ પુરુષમાં દ્વૈત–અદ્વૈત, હું–તમે અને અમુક આ પદાર્થ એવી કાંઇ કલ્પના પણ ક્યાંથી હોય? અને સાવ શૂન્યભાવની કલ્પના પણ કેવી હોય?[૩૬] દ્વૈત–અદ્વૈતના પક્ષથી ઉત્પન્ન થએલ વાક્યરચનાના વિલાસવડે કિંવા ભ્રાંતિવડે અવિવેકી બાલકો ક્રીડા કરે છે; પરંતુ જ્ઞાનવૃદ્ધ પ્રૌઢ પુરુષો તેને હસે છે.[૩૭] દ્વૈત–અદ્વૈત

સંબંધી વિવાદની ઇચ્છા હૃદયરૂપી આકા
અંદર એક મંજરીના જેવી છે. તે
પ્રબોધરૂપી આકાશની બરાબર શુદ્ધિ (
વટ) થતી નથી.[૩૮] માટે મેં પણ સુ
ભાવને સ્વીકારી લઈ વિવાદવડે અહીં
અદ્વૈતસંબંધી ચર્ચા કરેલ છે, કે જે
રૂપી ઘરની અંદર અવિદ્યારૂપી ભ
(સાવરણીની પેઠે) દૂર કરી દે છે.[૩૯] અ
રૂપી કચરો નીકળી ગયા પછી બ્રહ્મ
ચિત્ત રાખી રહેલા, બ્રહ્મપરાયણ એવા પ્ર
ધારણ કરનારા, યોગ્ય અધિકારી પુરુષો
સ્પર બોધ કરતાં તથા ભગવદ્ગુણનું
કરતાં કિંવા શુભ વાર્તાલાપ કરતાં પ્ર
થાય છે, અને રમે છે.[૪૦] એવી રીતે
ચ્છિન્ન ભક્તિવડે પ્રીતિપૂર્વક ભજનારા
નિરંતર વિચારયુક્ત એવા વિવેકી અધિ
ઓને એવી ઉત્તમ બુદ્ધિનો યોગ હું
છું, કે જેવડે તેઓ તે અવિનાશી પદને
થાય છે.[૪૧] એક માત્ર તૃણની પણ રક્ષા
વામાં યત્નથી સાધેલો ઉપાયજ ઉપ
થાય છે તો પછી ત્રૈલોક્યના અનેક સ
બ્રહ્મરૂપ કરી દેવાથી આચ્છાદન કરી
એવું તત્ત્વજ્ઞાન યત્નવિના કેમ સિદ્ધ થાય
જે ઉત્તમ સ્થિતિપાસે, પ્રસરી રહેલ
આત્માસંબંધી દુઃખથી રહિત અને હૃ
રહેલ અધમ કામને જીતવામાં અસમર્થ
આ આખું જગત ઉપહાસના સ્થા
થાય છે તેવી (જ્ઞાનમય) ઉત્તમ સ્થિ
લાભ વિનાયત્ને શી રીતે મળે?[૪૩]
આદિ સુખ કે જે એક મનનો અંકુર છે
શા હિસાબમાં છે? પરંતુ તત્ત્વજ્ઞાનથી
એક ઉત્તમ વિશ્રાંતિપાસે ઇંદ્રપદ પણ ધ
જેવું અતિ તુચ્છ છે.[૪૪] અજ્ઞાનરૂપી નિ
સૂતેલા અને દૃશ્ય વિષયભોગમાં આસક્ત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રહેલા અવિવેકી મનુષ્યો જેમ અતિ આસક્તિથી દૃશ્યને જુએ છે, તેવીજ રીતે શાંત એવા તત્ત્વજ્ઞ મહાત્માઓ દૃશ્યમાં આસક્તિ નહિ બાંધતાં સુષુપ્તિ જેવી અવસ્થામાં રહી પ્રબોધને પ્રાપ્ત થઇ જઈ નિરતિશય આનંદરૂપ એવા પરમપદને અતિ આસક્તિથી જુએ છે.[૪૫] અતિશય યત્ન કર્યા સિવાય આ દુર્લભ મોક્ષપદ કોઇ દિવસ પ્રાપ્ત થતું નથી. મોટા અભ્યાસરૂપ વૃક્ષનું પરમપદ એ એક ફલરૂપ છે એમ તમે સમજો.[૪૬] એટલા માટેજ મેં તમને અભ્યાસની દૃઢતા વિષે વારંવાર કહેલ છે; અને તમારે પણ 'આ ગ્રંથવડે અને આ અભ્યાસના શ્રમવડે આપણને શું પ્રયોજન છે' એવી અશ્રદ્ધા વાળી બુદ્ધિ ન રાખવી, કેમકે કોઈ અતિકુશલ બુદ્ધિવાળાનેજ અભ્યાસની અપેક્ષા રહેતી નથી; બાકી અવિવેકી બુદ્ધિવાળા પુરુષના હૃદયમાં તો દુર્બોધ આત્મતત્ત્વ આટલું બધું વિસ્તારપૂર્વક કહેતાં પણ સમજી શકાતું નથી.[૪૭] આ શાસ્ત્રનું વારંવાર આવર્તન કરી ઘણા લાંબા સમયસુધી જો તેનો આસ્વાદ લેવામાં આવે અથવા શ્રવણ કરવામાં આવે કે કથા કરવામાં આવે તો અજ્ઞાની પણ તત્ત્વજ્ઞ બની જાય છે.[૪૮] જે માણસ આ શાસ્ત્રનું એકવાર અવલોકન કરી, આપણે એ જોઇ લીધું, એમ કહી છોડી દે છે, તે અધમ પુરુષને બીજાં (સામાન્ય) શાસ્ત્રોમાંથી ભસ્મનો પણ લાભ થતો નથી.[૪૯] આ આખ્યાન ઉત્તમ છે, વેદનીપેઠે સદા તેનું અધ્યયન કરવું, વ્યાખ્યાન કરવું અને તેની પૂજા કરવી; કેમ કે તે પુરુષાર્થરૂપી ફલને આપનાર છે.[૫૦] જે ફલ આ શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે, તેજ ફલ વેદથી પણ પ્રાપ્ત થાય છે. આ શાસ્ત્રનું જ્ઞાન મળવાથી કર્મ અને જ્ઞાન એ બન્ને પવિત્રતાને પ્રાપ્ત (અશુદ્ધિરહિત) થઇ જાય છે.[૫૧] વળી આ શાસ્ત્ર જાણ્યાથી વેદાંતનો તર્કપૂર્વક સિદ્ધ થતો સિદ્ધાંત જણાઇ જાય છે; તેમજ આ આખ્યાન શાસ્ત્રદૃષ્ટિમાં પણ ઉત્તમ ગણાએલ છે.[૫૨] આ તમને હું દયાર્દ્રપણાથી કહું છું, માયાવડે કહેતો નથી. તમે પણ આ શાસ્ત્ર વિચારવાથી આ દૃશ્યસમૂહને માયારૂપ (મિથ્યા) સમજશો; માટે આનો વિચાર કરો.[૫૩] આ ઉત્તમ શાસ્ત્ર વિચારતાં જે જે બોધોનો લાભ થાય તેવડે કરીને જેમ લવણના યોગ્ય યોગથી અથાણાં રુચિકર થાય તેમ બીજાં શાસ્ત્રો રુચિકર થાય છે.[૫૪] આ આખ્યાન અનાર્ય છે, એમ સમજી તેનો અનાદર કરી ભોગોમાંજ બુદ્ધિને આસક્ત રાખી તમે આત્મહત્યા કરનારા અને વારંવાર જન્મ લેનારા ન થાઓ.[૫૫] જેમ કુત્સિત અજ્ઞાની પુરુષો નજીક રહેલ જાહ્નવીના જલને છોડી દઇ 'આ આપણા બાપનો કુવો છે' એવા ખોટા અભિમાનથી તેનું ખારું જલ પીએ છે, તે પ્રમાણે તમે પણ જન્મપરંપરામાં અજ્ઞાની રહેવામાટે નિરંતર વિરુદ્ધ વિચારવાળા ન થાઓ.[૫૬]

तातस्य कूपोऽयमिति ब्रुवाणाः
क्षारं जलं कापुरुषाः पिबन्ति ॥
यथा भवन्तो विविचारवन्त-
स्तथानिशं मा भवताज्ञताह्यै ॥ ५६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ઇંદ્રિયજયોપાયશાસ્ત્રવર્ણન' એ નામનો એકસો ત્રેસઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૬૪ મો.*

જીવ, જગત અને બ્રહ્મનું ઐક્ય.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

जीवाणवो जगत्यंतश्चिदादित्यांशुमंडले ॥
यत्रतेऽवयवास्तुल्यास्तेनाऽनवयवात्मता ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–ચિદાત્મારૂપી સૂર્યના કિરણના સમૂહની અંદર રહુરી રહેલ જગતની અંદર પ્રસિદ્ધરૂપે જણાતા એવા જીવરૂપી પરમાણુઓ ચિદાત્મારૂપી સૂર્યના જેવાજ છે, જનેલીધે તેનું નિરવયવપણું સિદ્ધ થાય છે.[૧] સર્વ (ભેદ કરનાર ઉપાધિરૂપ) વસ્તુ પરમ બોધની પ્રાપ્તિ થતાં પોતાના ભ્રાંતિમય સ્વરૂપને છોડી દે છે; અથવા તો સર્વ વાકયોનો એક બ્રહ્મની અંદર સમન્વય થઇ જવાથી બીજું ભેદ કરનાર કાંઈ છેજ નહિ.[૨] તત્ત્વજ્ઞ પુરુષના વિષયરૂપ એવું બ્રહ્મ સર્વ અવસ્થામાં (ભેદ આદિરૂપ) મેલથી રહિત છે; અને તેમાં કોઇ દિવસ (દ્વૈતરૂપી) કશોપણ મેલ રહ્યો નથી.[૩] તત્ત્વને ન સમજનાર અવિવેકી પુરુષોનો જે વિષય હોય તે તો તેઓજ જાણે; અમે તો 'હું-તમે' ઇત્યાદિ ભેદને જાણતાજ નથી, તેમ એ અવિવેકી પુરુષને તથા તે મેલરૂપ વસ્તુને પણ જાણતા નથી.[૪] આ અમુકરૂપ છે, હું અમુકરૂપ છું, અમુક મૂર્ખ છે, અને અમુક સત્ય છે, એવી ભેદભરેલી બુદ્ધિ તત્ત્વજ્ઞમાં સંભવતી નથી, કેમકે મેરુપર્વત કે જે એક દેવભૂમિરૂપ છે તેની અંદર ઝાંઝવાનું જલ ક્યાં હોય? ક્યાંય નહિ.[૫] જેમ એકજ દ્રવ્યના તાત્ત્વિક નિશ્ચયપર સ્થિર રહેલા પુરુષના ચિત્તની અંદર તેનાથી વિરુદ્ધ એવી ભ્રાંતિઓ પેદા થતી નથી તેજપ્રમાણે તત્ત્વના વાસ્તવ નિશ્ચય ઉપર આરૂઢ થઇ રહેલા તત્ત્વજ્ઞની અંદર પણ બીજી ભ્રાંતિઓ ઉત્પન્ન થતી નથી.[૬] આ દૃશ્ય હતું નહિ, ઉત્પન્ન પણ થયું નથી, હમણાં વિદ્યમાન પણ નથી, અને હવે પછી થશે પણ નહિ; કિંતુ વિવેકવડે જોતાં સદ્રૂપ બ્રહ્મજ વિવર્તભાવથી આવે રૂપે રહ્યું છે.[૭] ચિદાકાશના વિલાસને જો જગતરૂપ સમજવામાં આવે તો શુદ્ધ બ્રહ્મરૂપ એવા પોતાના આત્મામાં સ્થિર થઈ શકાય છે; અને તેવી જીવન્મુક્તદશામાં વિવેકી પુરુષો જગતને જ્ઞાનરૂપજ સમજે છે. તેને જડરૂપે દેખતા નથી.[૮] સ્વપ્નનેવિષે અને મનોરાજ્યમાં કલ્પી લીધેલ નગરોનેવિષે સ્વચ્છ ચિદાકાશવિના બીજું કશું પણ નથી, તેવીજ રીતે જાગ્રતરૂપ પ્રતીતિમાં આવતા આ જગતની અંદર પણ ચિદાકાશવિના બીજું કાંઇ નથી; અને નિરાકાર એવા જીવોનું પણ રૂપાંતર થતું નથી.[૯] પ્રથમ આ કશું પણ ઉત્પન્ન થએલજ નથી, અને જે કાંઇ ચેતનસત્તાથી ભાસે છે તે અનાદિ ચિદાકાશરૂપ છે. જ્યાં પ્રથમ ઉપાદાનકારણ, નિમિત્તકારણ કે સહકારી કારણ એ કશું નથી તેમાંથી આ જગતરૂપ વસ્તુ પોતાનીમેળેજ ઉત્પન્ન થાય છે એ કહેવું કેવું (પાયાવગરનું) છે?[૧૦] માટે પ્રથમ અહીં કશું પણ પોતાનીમેળે ઉત્પન્ન થતું નથી. અવિવેકીઓના અનુભવમાં આવતા બ્રહ્મા આદિ પણ વસ્તુતાએ જોતાં નથી; કિંતુ એ સ્વયંભૂ અને આ પ્રપંચ એ બન્ને રૂપે આ ચિદાકાશજ પ્રસરી રહેલ છે, અને ચિત્સત્તાવડે તે આકાશ જેવું શૂન્ય છતાં આવે રૂપે ભાસી રહ્યું છે.[૧૧]

तस्मात्स्वयं भवति नेह हि कश्चिदादौ
ब्रह्मादयोऽज्ञविदिता न च नाम सन्ति॥
व्योमेदमाततमयं स इतः स्वयंभू–
रित्यादि चिद्गगनमेव चिता विभाति ॥ १ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગત્પરમાત્મનોરૈક્યપ્રતિપાદન' એ નામનો એકસો ચોસઠમો સર્ગ સંપૂર્ણ.

* આ એકસો ચોસઠમા સર્ગમાં બ્રહ્મભાવનો આવિર્ભાવ થતાં–જીવભાવ અને જગદ્ભાવની નિવૃત્તિ થઇ જતાં–જીવ, જગત અને બ્રહ્મ એ સર્વના એકરસપણાવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation 2019

सर्ग १६५ मो.*

જાગ્રત્ સ્વપ્નનું ઐક્ય

॥ श्रीवसिष्ठ उवाच ॥

जाग्रत्स्वप्ने स्वप्न एव जाग्रत्त्वमनुगच्छति ॥
स्वप्नजाग्रति जाग्रत्तु स्वप्नतामुपगच्छति ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—મનોરાજ્ય કે જે ક્ષણિક હોવાથી જાગ્રતમાં સ્વપ્નના જેવું છે, તેમાં એ મનોરાજ્યરૂપી સ્વપ્નજ જાગ્રદ્ભાવને પ્રાપ્ત થાય છે; અને સ્વપ્નમાં પ્રતીતિમાં આવતી જાગ્રત અવસ્થામાં આ પ્રસિદ્ધ જાગ્રત સ્વપ્નતાને પ્રાપ્ત થઇ જાય છે.[૧] સ્વપ્ન જાગ્રતમાં અનુસ્યૂત છે, અને જાગ્રત્ સ્વપ્નમાં અનુસ્યૂત છે. સ્વપ્નરૂપ જાગ્રતમાંથી પ્રબુદ્ધ થએલ આત્મા પાછો જાગ્રતરૂપી સ્વપ્નમાં પ્રવેશ કરે છે.[૨] જાગ્રતરૂપ સ્વપ્નમાં રહેલ પુરુષ સ્વપ્ન અવસ્થાને સ્વપ્ન એવા નામથી કહે છે; અને સ્વપ્નરૂપ જાગ્રતમાં રહેલ જીવ જાગ્રતને જાગ્રત્ એવા નામથી કહે છે.[૩] સ્વપ્ન અવસ્થામાં અનુભવાતી જાગ્રત અવસ્થા જાગ્રતના જેવોજ અનુભવ આપવાથી જાગ્રતજ છે, સ્વપ્ન નથી; તેજપ્રમાણે મનોરાજ્ય કે જે એક જાગ્રતમાં સ્વપ્નના જેવું છે તેપણ સ્વપ્નના જેવું અનુભવમાં આવવાથી એક સ્વપ્નજ છે; પરંતુ તે કોઇ દિવસ જાગ્રત નથી.[૪] નિરંતર જાગ્રત્ અવસ્થામાં સ્વપ્ન થોડો કાલ રહેનાર ભાસે છે, અને સ્વપ્ન અવસ્થામાં નિરંતર જાગ્રત થોડો કાલ રહેનાર ભાસે છે.[૫] જાગ્રત અને સ્વપ્ન એ બન્નેનો કોઇ દિવસ કશો પણ ભેદ નથી, અને પરસ્પર એક-બીજાનું અનુસ્યૂતપણું રહેલ છે પણ યુક્તિવડે જોતાં તે સત્ય નથી.[૬] જાગ્રતરૂપી સ્વપ્ન કે જે અતિ પ્રકાશરૂપે પ્રતીતિમાં આવે છે તે સમયે અને જ્ઞાનનો ઉદય થવાને સમયે શમી જાય છે, તેમજ તે સ્વપ્નમાં અનુભવકાલમાં (સ્વપ્નસંબંધી પદાર્થોના અનુભવકાલમાં) અને સુષુપ્તિકાલમાં શૂન્યરૂપજ રહે છે.[૭] આ જીવનરૂપી સ્વપ્નસમયમાં મરણ પછી જન્મરૂપી જાગ્રતસમયમાં બીજા જન્મરૂપી જાગ્રતના કોઇ પણ પદાર્થો દેખાતા નથી.[૮] શૂન્ય છતાં નાના પ્રકારે થઈ રહેલ એવી જીવિતરૂપી જાગ્રત્ અવસ્થા જ્યારે વિદ્યમાન હોય ત્યારે પરલોકરૂપી કાંઇપણ સ્વપ્ન જોવામાં આવતું નથી.[૯] જેમ સ્વપ્નની અંદર દેખાતા ત્રણેય લોક ચિદાકાશના માત્ર એક ચમત્કારરૂપ છે, તેમ જાગ્રત્ અવસ્થાની અંદર પણ ઠેઠ સૃષ્ટિના આરંભથી માંડી અંતઃકરણમાં ભાસી રહેલ આ ત્રણે લોક ચિદાકાશના એક માત્ર ચમત્કારરૂપજ છે.[૧૦] સર્વ પ્રાણીઓ અને પંચમહાભૂતો અસત્ય છતાં સત્ય જણાય છે. સ્વપ્નમાં દેખાતી પૃથ્વીનીપેઠે જાગ્રત્ અવસ્થામાં દેખાતી સૃષ્ટિનું જોકે સાકારપણું વિશાલરૂપે પ્રતીતિમાં આવે છે તોપણ પરમાર્થદૃષ્ટિથી જોતાં તે બીલકુલ નથી.[૧૧] સ્વપ્નની અંદર અનેકરૂપે પ્રતીતિમાં આવતાં છતાં વસ્તુતાએ જોતાં સ્વપ્નસૃષ્ટિ-સાવ શૂન્યજ છે, તે પ્રમાણે જાગ્રત્ અવસ્થામાં પ્રતીતિમાં આવતું એવું આ જગત પણ ચિદાકાશરૂપજ છે.[૧૨] તેજમાં રહેલ પ્રકાશની પેઠે ચિદાકાશનો એવો સ્વભાવજ છે કે પોતાના સ્વરૂપની અંદર વિશાલ એવાં જગતને આકારે તેનો વિવર્ત પ્રતીતિમાં આવે.[૧૩] ચિદાકાશનો સ્વાભાવિક ચમત્કારજ આકાશમાં, ભીંતમાં, પરમાણુમાં, જલમાં અને સ્થલમાં જગતને નામે પૂર્ણપણે પ્રકાશી રહે છે.[૧૪] જો આ જગતરૂપી ભ્રાંતિ અસત્ય છે અને સત્ય વસ્તુનીપેઠે તે પ્રતીતિમાં આવતાં છતાં આકાશરૂપજ છે, તો પછી શામાટે તે તરફ આગ્રહ રાખવાનો

* આ એકસો પાંસઠમા સર્ગમાં પરસ્પર ઉત્પત્તિ થવાથી અને પરસ્પર સંબંધનેલીધે સર્વનું ચિન્માત્રપણું દૃઢ કરવામાટે, જાગ્રત અને સ્વપ્ન એ બન્નેના ઐક્યવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે ?[૧૫] હે પ્રિય રામચંદ્રજી ! ગ્રહણ કરનાર, ગ્રહણ કરવાનો વિષય અને ગ્રહણ કરવું, એ ત્રણે (ત્રિપુટી) શૂન્યજ છે. જગત (અધિષ્ઠાનસત્તાથી) સત્ય હો કિંવા (આરોપિતરૂપે) અસત્ય હો, પરંતુ તેમાં શો આગ્રહ રાખવાનો છે ? કાંઈ નહિ.[૧૬] આ જગતની સ્થિતિ આપણને દેખાય છે તે પ્રમાણે હો કિંવા બીજે પ્રકારે હો અથવા સાવ ન હો, પરંતુ તેમાં કાંઇ સંભ્રમ રાખવા જેવું નથી. હવે સર્વનું તાત્ત્વિક સ્વરૂપ તમારા સમજવામાં આવી ગયું છે, તો તુચ્છ ફલમાં ફલરૂપતાનો શો આગ્રહ રાખવો ? કાંઇ નહિ. હવે વિકલ્પો પણ ઘણા થાય છે માટે તેથી વિરામ પામવાનું છે.[૧૭]

इत्थमस्त्विदमथान्यदस्तु वा मैव मूद्भवतु कोत्र संभ्रमः ॥ कोत्र फल्गुनि फले फलग्रहो बुद्धमेव तदलं विकल्पनैः ॥ १७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જાગ્રત્સ્વપ્નૈક્યોપદેશ' એ નામનો એકસો પાંસઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૫

સર્ગ ૧૬૬ મો.*

ખ્યાતિઓ વિષે વર્ણન

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

सार्थकेनात्मशब्देन ख्यातिशब्देन चोज्झिताम् ॥ आत्मख्यातिमिमांविद्धिशिलाजठरनिर्घनाम् ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—સાર્થક એવો 'આત્મ' શબ્દ અને 'ખ્યાતિ'શબ્દ એ બન્નેથી રહિત એવી આ આત્મખ્યાતિ છે એમ તમે સમજો કે જે શિલાના અંદરના ગર્ભ જેવી એકરસ છે.[૧] સૃષ્ટિના આદિકાલથી આરંભી ચિદાકાશજ આવે રૂપે પ્રસરી રહેલ છે. એ ચિદાકાશ પોતાના આત્માની અંદર પોતાના વિવર્તને પ્રસારી છે, અને તેને તે પોતેજ સૃષ્ટિરૂપ સમજી લેછે અહીં નદીઓ વહેતી નથી અને બૂડવું-તર પણ થતું નથી. નિષ્ક્રિય એવું ચિદાકાશ પોતાના આકાશ જેવા નિર્વિકાર સ્વરૂપમાં અ પ્રકારે પ્રતીતિમાં આવે છે.[૩] ખ્યાતિ શબ્દ અને ખ્યાતિ શબ્દના અર્થથી રહિત એવા સ્વ પ્રકાશ આત્માને (પોતાનો આત્માજ સૃષ્ટિ જણાયાથી) વિદ્વાનો આત્મખ્યાતિ શબ્દ સમજે છે.[૪] જ્યારે આત્માજ આ સર્વ જગ રૂપ છે કે જેની અંદર કશીપણ ખ્યાતિ ર નથી, અને તેનેલીધે કોઇપણ દેશ—કાલમાં કે ખ્યાતિએ તેને પ્રખ્યાત કરેલ નથી, તેથી હ તેમાં અખ્યાત પદજ ઘટે. (પરંતુ ભાવ અર્થને બતાવનાર ક્તિન્ પ્રત્યયાંત અખ્યાતિ તેમાં ઘટતું નથી.)[૫] પરબ્રહ્મની અંદર ખ્યા અને અખ્યાતિ એ બન્ને પ્રકારની વાણી યુક્તિ ખરી નથી, કેમકે એ અદ્વિતીય વસ્તુ અંદર ખ્યાતિ કે અખ્યાતિ કેવી હોય અખ્યાતિ, અસત્ખ્યાતિ, અન્યથાખ્યાતિ અ બીજી આત્મખ્યાતિ એ સર્વ ચિન્માત્રરૂપ પ્ર શનો ચેતનસત્તાવડે પ્રતીતિમાં આવતો ચ ચમત્કારજ છે; અને તેની સત્તાવડેજ અ ભવમાં આવે છે.[૭] ચિદાકાશરૂપી સૂર્યના સ્વ એવાં (અગ્નિના તણખાની પેઠે કલ્પી લીધેલ ચિદ્ભાગરૂપી કિરણો જ્યાં જ્યાં જેવે પ્રક વિવર્તભાવને પામી જાય છે ત્યાં ત્યાં તે પ્રકારે અનુભવમાં આવે છે.[૮] આત્મખ્યા અસત્ખ્યાતિ, અખ્યાતિ અને અન્યથાખ્યા એ સર્વ આત્માનો વિવર્ત કે જે એક ચિ કાશના ચમત્કારરૂપ છે તેની વિભૂતિઓ છે આત્મખ્યાતિ એવા નામના પદને છોડી તેનો મૂલ અર્થ કે જે છેવટ અનાદિ અને અ નિષ્પ્રપંચ બ્રહ્મની અંદર પર્યવસાનને પ્ર

* આ એકસો છાસઠમા સર્ગમાં આત્મખ્યાતિવિષે તથા બીજી ખ્યાતિઓવિષે અને બ્રહ્મરૂપ નીલ શિલાના આખ્યાનવિષે, પ્રશ્નોત્તરપૂર્વક વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University,Haridwar Collection. Digitized by S3 Foundation USA

થાય છે; તેજ અહીં એકરસરૂપે રહેલ છે.[૧૦] આ સંબંધમાં કાનને શોભાવનાર એવું એક મોટું આખ્યાન તમે સાંભળો કે જે દ્વૈતદૃષ્ટિનું ખંડન કરનાર અને જ્ઞાનરૂપી સૂર્યને ઉજાસ આપનાર છે.[૧૧] હજારો યોજનકોટી (કરોડો યોજન) ના પ્રમાણની એક મહા વિશાલ નિર્મલ શિલા છે, કે જે ચારેકોરથી શ્યામ એવું આકાશ જો ભીંતરૂપ હોય તો તેના જેવી કઠિન, વિશાલ અને નિર્મલ છે.[૧૨] તેની અંદર કોઈ પણ પ્રકારનાં સંધિઓનાં (સાધાંઓનાં) બંધન નથી, ધાટી છે, વજ્રના જેવી દૃઢ કિંવા સ્થિર છે, અત્યંત પુષ્ટ અને કઠિન એવા જઠરને ધારણ કરનાર છે, આકાશના જેવી નિર્મલ છે,[૧૩] અસંખ્ય એવા કલ્પોના સમૂહપર્યંત તે અવિનાશી છે, ધાટા અંગવાળી છે, મનોહર અવયવવડે રમણીય છે અને નિર્મલપણાથી આકાશરૂપજ જણાય છે.[૧૪] તેની વિશિષ્ટ* જાતિ કોઈના જાણવામાં આવતી નથી, તેમજ કયા દેશમાં, કયા કાળમાં અને કયે પ્રકારે થઇ તે પણ નિરંતર અવિજ્ઞાતજ છે. (કોઇના જાણવામાં નથી.)[૧૫] વળી તે દૃઢ છે, અનંત છે, કઠિન છે, વજ્રના જેવી બલવાન અને સ્થિર છે, અવિનાશી છે. તેનાં પંચમહાભૂતો અને ચાર પ્રકારના પ્રાણીઓવડે રહિત એવા જઠરની અંદર રેખારૂપે રહેલા અને પોતાના અંગભૂત એવા અનેક પદ્મના સમૂહો, શંખો, ગદાઓ અને ચક્રો આદિ રહેલાં છે.[૧૬,૧૭] એ શિલાના ગર્ભની અંદર, આકાશ, વાયુ, જલ, તેજ અને પૃથ્વી ઇત્યાદિ જગત હતુંજ નહિ; પરંતુ તેણે પોતાની રેખાનાંજ એ સર્વ નામો પાડ્યાં; અને દેહોરૂપી રેખાઓની અંદર પોતાની જીવ એવી સંજ્ઞા પાડી.[૧૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—શિલા સ્વાભાવિક રીતે જડ જ હોય છે, તેમાં ચૈતન્ય ક્યાંથી હોય? અને જો તે જડ હોય તો પછી પોતાની રેખાનાં આકાશ, વાયુ આદિ નામો કેમ કલ્પી શકે?[૧૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—વિશાલ અને ઉજ્જ્વલ એવી એ શિલા ચેતન પણ નથી અને જડ પણ નથી. (કિંતુ અવર્ણ્ય છે.) તેની જાતિને કોણ જાણી શકે અને તે વખતે ત્યાં બીજો કોણ હોય?[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—શિલાના ગર્ભમાં રહેલ રેખાને કોણ દેખે છે, અને શી રીતે દેખે છે? એ શિલાની અંદર કોણે એ વિચિત્ર રેખાઓ આલેખી, ક્યારે આલેખી, અને શી રીતે આલેખી, તે આપ મને કહો.[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—અતિ દૃઢ એવી એ શિલા કોઇથી ભેદી શકાય કે આલેખી શકાય તેવી નથી, તેમજ તેનો કોઈ ભેદનાર કે આલેખનાર પણ નથી. અપાર અને અનંત દેહવાળી એ શિલાવડે આ સર્વ વ્યાપ્ત છે.[૨૨] એ શિલાના ગર્ભની અંદર અનંત એવાં વૃક્ષો, પર્વતોના સમૂહો, નગરો અને ગામો અનંત રેખાઓ રૂપે રહેલ છે.[૨૩] તેની અંદર પ્રતિમાની પેઠે દેવતાઓ અને દૈત્યો સ્થૂલ—સૂક્ષ્મરૂપે અને સાકાર—નિરાકાર રૂપે રેખાને આકારે રહેલ છે.[૨૪] તેની અંદર મહા વિશાલ એવી આકાશ એવા નામની એક મોટી રેખા રહી છે, અને તેના મધ્યમાં બીજી સૂર્ય ચંદ્ર એવા નામને ધારણ કરનારી ઉપરેખાઓ પણ રહેલ છે.[૨૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! ધાટા શિલાના ગર્ભની અંદર રહેલ એ રેખાઓ કોણે દીઠી છે, તે કેવા પ્રકારની છે, અને તે શી રીતે જોવામાં આવે, તે આપ મને કહો,[૨૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી!

* વિજાતીય વસ્તુથી જુદી પાડનારી જાતિ. જેમ કે બ્રાહ્મણજાતિ—ક્ષત્રિયજાતિ આદિ, કે જે તે તે વ્યક્તિને ઇતર વ્યક્તિથી જુદી પાડવામાં ઉપયોગી થાય છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શિલાના ગર્ભની અંદર રહેલ એ સર્વ રેખાઓ એવાજ પ્રકારની મેં જોઇ છે, અને જો તમારી ઇચ્છા થતી હશે તો તમે પણ (સમાધિવડે) તે જોઇ શકશો.[૨૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—એ વજ્રના જેવી દૃઢ શિલા ભાંગી અંદર જોઇ શકાય તેવી નથી તેમ છતાં તમે તેની અંદર રહેલ એ રેખાઓ શી રીતે જોઈ ?[૨૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! હું કે જે આ વસિષ્ઠ એવા નામવાળા દેહને ધારણ કરનાર છું, તે પણ એ શિલાના ગર્ભમાં રહેલ હોવાથી એક રેખારૂપજ છું, અને તેને લીધે હું ત્યાં રહી એ સર્વ રેખાઓના સમૂહને નિર્બાધપણે દેખું છું.[૨૯] બાકી બીજે પ્રકારે તે શિલાને ભાંગવાને કોણ સમર્થ થઈ શકે ? હું તો એ શિલાની અંદરજ રહેલો હોવાથી શિલાની અંદર રહેલ સર્વ રેખાસમૂહને દેખતો હતો.[૩૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—એ શિલા કયી, તમે પોતે કોણ અને ક્યાં રહ્યા છો, તે કહો, અને આ શિલાના નામથી આપે શું કહ્યું તથા શું દીઠું ? તે કહો.[૩૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ મેં જે તમને શિલાના નામથી વચનરચનાવડે વર્ણવી બતાવી તે પરમાત્માની મહાસત્તાજ છે; બાકી કાંઇ બીજી વિશાલ શિલા નથી.[૩૨] પરમાત્માની મહાસત્તારૂપ શિલાના છિદ્રરહિત (ઘાટા) ગર્ભની અંદર આપણે સર્વ એ શિલાના માંસની પેઠે રહ્યા છીએ.[૩૩] આકાશ એ પરમાત્માની મહાસત્તારૂપ શિલાના એક અંગરૂપ છે, એમ તમે સમજો. વાયુ પણ એ શિલાના અવયવરૂપ છે. ક્રિયા, શબ્દ, વાસના, કાલની કલ્પના એ પણ તે શિલાના અંગરૂપજ છે.[૩૪] પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ સર્વ તે શિલાના એક અવયવરૂપ કહેવામાં આવે છે.[૩૫] પરમાત્માની મહાસત્તારૂપી શિલાના માંસની પેઠે તેની અંદર રહેલાજ આપણે સર્વ છીએ. આપણે વસ્તુતાએ કાંઇ તેનાથી જુદા નથી, પરંતુ જુદા છીએ એમ ભ્રાંતિવડે સમજીએ છીએ.[૩૬] આ એક ચિન્માત્રતત્ત્વરૂપી અતિમોટી વિશાલ શિલા છે, તેવિના જો બીજું કાંઇ હોય તો ક્યાં છે, અને શું છે, તે તમેજ કહો.[૩૭] જેમ જલ તરંગરૂપે ભાસે અને સ્વપ્નની અંદર પોતાનો શુદ્ધ આત્માજ ઘટ, પટ, ગર્ત (ખાડા) ઇત્યાદિરૂપે દેખાય, તેમ જાગ્રતમાં પણ શુદ્ધ આત્માજ ઘટ, પટ, ગર્ત ઇત્યાદિને આકારે જણાય છે.[૩૮] આ સર્વ બ્રહ્મવડે ભરપૂર છે, ચિન્માત્રતત્ત્વવડે ઘટ્ટપણે વ્યાપ્ત છે, પારમાર્થિક સત્ય તત્ત્વવડે એકરસ થઇ રહેલ છે, અને સર્વ બ્રહ્મરૂપ હોવાથી એકરસ છે, એમ વિવેકીઓનું સમજવું છે.[૩૯] આ સર્વ પ્રપંચ છિદ્રથી રહિત, અનાદિ, અનંત અને મધ્યભાવથી પણ રહિત એવા મહાચૈતન્ય રૂપી શિલાના એક ગર્ભરૂપ છે. તે બ્રહ્મરૂપ આત્માએ પોતેજ પોતાની કલ્પનાવડે જગત, સૃષ્ટિ, ભુવન, દૃશ્ય, ઇત્યાદિ નામોની ઘટના કલ્પી લીધેલ છે.[૪૦]

एकं महाचिति शिलोदरमेव सर्वं ।
सौषिर्यवर्जितमपारमनादिमध्यम् ॥
तेनात्मनैव कलिता कलनात्मनेयं ।
सर्गो जगद्भुवनमित्यपि दृश्यनाम्नी ॥ ४० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શિલોપાખ્યાન' એ નામનો એકસો છાસઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૬

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १६७ मो.*

चार ख्यातिनो निषेध अने आत्मतत्त्वनुं निरूपण.

॥ श्रीवसिष्ठ उवाच ॥

आत्मख्यातिरसत्ख्यातिः ख्यातिरख्यातिरन्यथा । शब्दार्थदृष्टयस्तज्ज्ञं प्रत्येताः शशशृंगवत् ॥ १ ॥

श्री वसिष्ठ ऋषि कहे छेः—आत्मख्याति, असत्ख्याति, ख्याति, अख्याति अने अन्यथाख्याति, ओ सर्व शब्द अने अर्थ संबंधी दृष्टिओ, तत्त्वज्ञ पुरुषने ससलाना शींगडाना जेवी केवल मिथ्याज भासे छे.[१] हे प्रिय रामचंद्रजी ! निर्विकल्प चिदाकाशनी अंदर कोइ दिवस ओ कशी पण कल्पना संभवती नथी. अनिर्देश्य आत्मतत्त्वरूपे रहेल विवेकी पुरुष तो ख्याति–अख्याति आदिना मूलरूप ओवी चित्तनी चेष्टाथी रहित थइ सदाकाल शांतदशामांज रहे छे.[२] आ सर्व आत्मख्याति आदि कल्पनाओ चिन्मात्रतत्त्वमांथीज उदय पामे छे; अने ते शुद्ध चिन्मात्र तत्त्व (सर्वकल्पनारहित) अतिशुद्ध आकाशरूपज छे; अने सर्व कल्पना ओ अधिष्ठान चैतन्यमां आरोपेली मारा जोवामां आवे छे.[३] अद्वितीय चिदाकाशनी अंदर आ आत्मा छे अने आ ख्याति छे,ओवो कल्पनानो भ्रम संभवतो नथी; माटे ओ शब्दने छोडी दइ केवल परमार्थपरायण थइ रहो.[४] ओवा निश्चयपर आवी जतां गति, स्थिरता अने भक्षण इत्यादि क्रिया करनार ओवुं जगत पण सर्व प्रवृत्तिथी रहित आकाशना जेवुं निःसंकल्प स्वच्छ अने अविच्छिन्न भासे छे.[५] ते नानाप्रकारना महान शब्दवाळुं छतां शिलानी पेठे मौनने धारण करी रहेल जणाय छे, निरंतर ते गतिमान छतां आकाशना जेवुं अने पर्वतना जेवुं अति स्थिर भासे छे.[६] ते नानाप्रकारना आरंभोवाळुं छतां महाशून्य छे, निष्कलंक छे, पंचभूतात्मक छतां आकाशनी पेठे शून्य अने पंचभूतथी रहित छे.[७] पदार्थोवडे ते व्याप्त छे छतां शून्य छे. ज्ञानस्वरूप छे. स्वप्नमां देखाता मोटा नगरनाजेवुं ते देखातां छतां स्वच्छ चिदाकाशरूप छे.[८] संकल्पनगरनी पेठे आरंभवाळुं छतां आरंभथी रहित छे. आकाशमात्र छे. भ्रांतिवडेज प्रतीतिमां आवे छे,अने स्वप्नमां थता स्त्रीसंगनाजेवुं केवल आभासरूप छे. अनुभवमां आवतां छतां व्यर्थ छे.[९] प्रतिबिंबरूपे देखाती स्त्रीना जेवुं केवल प्रतीतिमात्र छे, अने नानाप्रकारना अनुभवो अने रचनाओवडे जो के युक्त छे तोपण वस्तुताओ छतां ते वस्तुशून्य छे.[१०]

श्री रामचंद्रजी कहे छेः—जाग्रतरूपे अने स्वप्नरूपे प्रतीतिमां आवतुं ओवुं आ दृश्य, स्मृतिवडेज देखाय छे, ओम हुं मानुं छुं. अहीं विद्यमान न छतां देखाता ओवा अर्थोनुं (पदार्थोनुं) स्मरण थवुं ओज तेमां कारणरूप जणाय छे.[११]

श्रीवसिष्ठ ऋषि कहे छेः—जे सर्व पदार्थोनी सत्तानेरूपे रहेल छे, चिद्रूप छे, अविनाशी छे, अने अपरिमेय छे, तेज सत्यतत्त्व, काकतालीयनी पेठे पोताना विवर्तरूपे प्रतीतिमां आवे छे, अने तेज आ जगत छे; ओम तमे समजो.[१२] ओज तत्त्व (पोताना स्वरूपभूत) शांत परमात्मानी अंदर सर्वत्र जलनी अंदर जेम तरंगो रह्या होय तेम आवे रूपे थइ रहेल छे.[१३] सर्वना आत्मारूप परमात्मा के जे चिदाकाशरूप छे, मोक्षरूप छे, अने जीवभावरूप

* आ एकसो सडसठमा सर्गमां विवेकी पुरुषोनी दृष्टिवडे वादीनी चार प्रकारनी ख्यातिनो निषेध करी त्रणे अवस्थाथी रहित ओवा आत्मतत्त्वनुं निरूपण करवामां आवशे.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઉપાધિથી રહિત છે, તેની અંદર કારણવિના સ્વાભાવિક રીતેજ આ બધું દૃશ્ય ભાસે છે, કે જે તેના પોતાના સ્વરૂપથી જુદું નથી.[૧૪] જ્યારે જ્યારે જેવે પ્રકારે ચિદાત્માની અંદર જેવું ભાન થાય છે તેવું તેવું સર્વદા તેને ભાસે છે; અને જ્યાં કાંઈપણ ભાસતું નથી ત્યાં કોઇ સમયે તેની દૃષ્ટિવડે કાંઇ છે પણ નહિ.[૧૫] આત્મા કે જે પોતે બ્રહ્મરૂપ છે તેણે પોતાના સ્વરૂપને નહિ છોડતાં પોતાનો સ્વચ્છ સ્વભાવ કે જે બ્રહ્મના વિવર્તરૂપે અનેક આકારે ભાસે છે તેની અમુક જાગ્રત્ છે અને અમુક સ્વપ્ન છે, અમુક સુષુપ્તિ છે અને અમુક તૂર્ય છે, એવી સંજ્ઞાઓ પોતેજ પોતાના આત્માની અંદર ચેતનપણાનેલીધે કલ્પી લીધેલ છે; અને બ્રહ્મ, આત્મા, ઇત્યાદિ સંજ્ઞાઓ પણ તેણેજ કલ્પેલ છે.[૧૬,૧૭] વસ્તુતાએ જોતાં સ્વપ્ન પણ નથી, જાગ્રત્ પણ નથી, સુષુપ્તિ પણ નથી, તુરીય પણ નથી અને તેથી જુદું બીજું કાંઇ પણ નથી, કિંતુ સર્વ પરમ શાંત ચિદાકાશરૂપ છે.[૧૮] અથવા તો (આત્મા સદા જાગ્રત્ હોવાથી) આ સર્વ સદૈવ જાગ્રતરૂપ છે, અથવા તો સદાકાલ આ સર્વ (ભ્રાંતિમાત્ર હોવાથી) સ્વપ્નરૂપ છે, કિંવા સર્વ સદાકાલ અવિદ્યારૂપી આવરણવડે આચ્છાદિત હોવાથી સુષુપ્તિરૂપ છે.[૧૯] અથવા તો સદાકાલ આ સર્વ (આત્મરૂપ હોવાથી) તુરીયરૂપ છે, અથવા તો સર્વદા ત્રણે અવસ્થાની અપ્રસિદ્ધિનેલીધે તુરીયરૂપ પણ નથી. આ સર્વ વાત અમે કે જે નિર્વિકલ્પ દશાને લીધે શાંતરૂપને ધારણ કરી રહ્યા છીએ તેના જાણવામાં આવતી નથી.[૨૦] ચિદાકાશરૂપ મહાસાગરના મહાવિશાલ એવા ઉદરની અંદર રહેલ શૂન્યતારૂપી જલમાં ફીણના જેવું કિંવા પરપોટાના જેવું આ જગત છે.[૨૧] જેમ ચિદાકાશના એક વિવર્તરૂપ સ્વપ્નની અંદર [illegible] કિંવા અસત્ય હોય, પરંતુ તે વસ્તુ જ્યારે જેવે જેવે પ્રકારે કલ્પનામાં આવે છે ત્યારે તેવે પ્રકારેજ તે અનુભવમાં આવે છે, તેવીજ રીતે જાગ્રતનું પણ સમજી લેવું. પોતાની કલ્પનાપ્રમાણે આ એક ચિદાકાશનો વિવર્તજ ભાસે છે. ચિદાકાશ પોતાના શુદ્ધસ્વરૂપમાં રહેલ છે. ચિદ્રૂપ સત્યતત્ત્વ પોતાના ચિદ્રૂપમાં રહેલ છે કે જે આત્મારૂપે સર્વત્ર પ્રસરી રહેલ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા કે જે ચિદાકાશની એક મજ્જારૂપ છે તે સર્વદા આવા રૂપમાંજ રહેનાર છે. તે ઉદયને કે અસ્તને પ્રાપ્ત થતો નથી, અને આ જગત એક તેના અવયવરૂપ છે.[૨૨-૨૪] મહા પ્રલય અને સૃષ્ટિઆદિ કાલના વિભાગો કે જેની અંદર મહાપ્રલયરૂપ રાત્રિઓની અને સૃષ્ટિરૂપી દિવસોની સ્થિતિ છે, તેઓ આપણા કેશ–નખ–આદિની પેઠે પરમાત્માનાજ અવયવરૂપ થઇ રહ્યા છે.[૨૫] બ્રહ્મની જગતરૂપે પ્રતીતિ થવી કે ન થવી, તેનું ચિદ્રૂપ કે માયારૂપ એ સર્વ વાયુનું ચલન જેમ વાયુથી જુદું નથી, તેમ મહાચૈતન્યના એક સ્વભાવજેવું હોવાથી તેનાથી જુદું નથી;[૨૬] માટે જાગ્રત શું છે, સ્વપ્ન શું છે, સુષુપ્તિ શું છે, તૂર્ય શું છે, સ્મૃતિ શું છે, અને ઇચ્છા પણ શું છે? કાંઇ નહિ. આ સર્વ ત્યાગ કરવાયોગ્ય વિચારો તુચ્છ છે.[૨૭] અંદર રહેલ પોતાનું આત્મચૈતન્યજ જ્યારે બહારના પદાર્થોરૂપે ભાસે છે ત્યારે પછી દ્વૈત ક્યાં રહ્યું? પદાર્થોની શોભા પણ ક્યાં રહી અને સ્મૃતિ પણ ક્યાં રહી?[૨૮] જેમ સૂર્યનારાયણનો આકાશમાં પ્રસરી રહેલ પ્રકાશ સૂર્યથી જુદો નથી, તેમ જે કાંઇ આ દૃશ્ય પોતાને (આત્માને) ભાસે છે તે એક પોતાનોજ વિવર્ત છે અને ભેદથી રહિત છે; જેથી તેને જુદું કહી શકાતું નથી.[૨૯] જો કદાચિત્ બહારના પદાર્થો [illegible] હોય તો [illegible] તેના અનુભવથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

થતી સ્મૃતિને, સૃષ્ટિના આરંભકાળથી જગતની સ્થિતિના કારણરૂપ કહી શકાય;[૩૦] પરંતુ પ્રથમ સૃષ્ટિના આદિકાલમાં પંચમહાભૂતોરૂપી કારણોના અભાવનેલીધે પ્રાણીઓનો અત્યંત અસંભવ હોવાથી આ બહારના કોઈ પદાર્થજ નથી.[૩૧] અવિવેકીઓને પ્રતીતિમાં આવતો આ જગત આદિ અને હું (અહંકાર) આદિ પદાર્થ અવિચારદૃષ્ટિવડે જોતાં દેખાય છે; પણ વસ્તુતાએ જોતાં જેમ સસલાનું શીંગડું નથી, આકાશવૃક્ષ નથી, વંધ્યાપુત્ર નથી, કાળો ચંદ્રમા નથી, તેમ એ પણ કાંઈ નથીજ.[૩૨,૩૩] હે રામચંદ્રજી ! આ મોટા આકારવાળું જગત જેવું અજ્ઞાનીઓના જોવામાં આવે છે, તે સર્વ વિવેકીઓની દૃષ્ટિમાં કોઈપણ જાતનું રૂપ નથી; પરંતુ તે અખંડિત બ્રહ્મનું સ્વરૂપ છે.[૩૪] હે રામચંદ્રજી ! એકરસ એવા ચિદાકાશની જ્ઞાનરૂપ મજ્જા નિરંતર રહ્યા છતાં જ્યારે જેવે જેવે પ્રકારે ઉદય પામે છે ત્યારે તેવે પ્રકારે ઉપચારવડે વ્યવહારની અંદર તેનો ઉદય-અસ્ત કલ્પી લેવામાં આવે છે.[૩૫] જ્યારે તે આકાશની અંદર પોતાના આભાસને મિથ્યા છતાં પૃથ્વી આદિરૂપે સમજે છે ત્યારે પૃથ્વી આદિ કલ્પનાને તે ધારણ કરી લે છે.[૩૬] જન્મ આદિ વિકારથી રહિત મહાચૈતન્ય,પોતાનો વિવર્ત કે જે કેવલ આકાશરૂપ છે તેને પૃથ્વી આદિરૂપે વ્યવહાર કરવાથી પૃથ્વી આદિ નામોવડે કહે છે.[૩૭] અવિનાશી ચિદાકાશ, બાલક જેમ આકાશની અંદર પોતાના મનોરાજ્યના નગરને કલ્પી લે તેમ આકાશના જેવા પોતાના સ્વરૂપની અંદર 'આ પૃથ્વી છે' એવી કલ્પનાને ધારણ કરી લે છે.[૩૮] નિર્વિકાર ચિદાકાશનું જગતરૂપે ભાન થવું અને જગતરૂપે ભાન ન થવું, એ બન્ને વાત એકજ અધિષ્ઠાનમાં કેમ ઘટી શકે, એવો વિકલ્પ કરવાનો નથી; કેમકે આકાશમાં રહેલો પવન જેમ ચપલતાને અને સ્થિરતાને, બન્નેને ધારણ કરે છે, તેમ સ્વભાવેજ એ પરમ તત્ત્વ પણ સવિકલ્પભાવને અને નિર્વિકલ્પ ભાવને ધારણ કરે છે.[૩૯] વાસનાના ઉદયવડે જેમ જેમ એ ચિદાકાશ સ્ફુરણને ધારણ કરે છે તેમ તેમ આ જગતનો ભાસ થાય છે; બાકી વાસ્તવિક રીતે નિરાકાર ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદર રહેલ છે. આ પૃથ્વી આદિ કશું કોઇ કાલે સત્ય નથી.[૪૦] એ દૃશ્ય જેવું ભાસતું હોય તેવું ભલે સુખેથી ભાસો. એ પ્રતીતિમાં આવતાં છતાં પણ ચિદાકાશરૂપ હોવાથી સત્ય કે અસત્ય કાંઇ કહી શકાતું નથી. એ પ્રપંચનું સ્વરૂપ કાંઇજ નથી, કિંતુ કાંઇ અનિર્વચનીય છે.[૪૧] આ જગત આવું છે કે આવું નથી, સત્ય છે કે અસત્ય છે, ઇત્યાદિ યથાસ્થિત લોકપ્રચલિત વૃત્તાંતને પ્રાજ્ઞપુરુષ જાણી શકે છે, બાકી બીજો મૂર્ખ જાણી શકતો નથી.[૪૨] વિવેકી પુરુષ પોતેજ સર્વના હૃદયાકાશમાં આત્મારૂપે રહેલ છે, અને તેનેલીધે તેના વિલાસરૂપે પ્રકટ જણાતી એવી દૃશ્યની શોભામાંનું આ બાહ્ય બ્રહ્માંડ છે, અને આ તેની અંદરનું રહેલ શરીર છે, એવી ભેદની કલ્પનાવડે નામોની રચના કરેલી છે;[૪૩] અને એ સર્વ ઘટના મહા ચિત્સત્તાનીજ છે. અહીં બાહ્ય શું છે, અંદર શું છે, દૃશ્ય શું છે, અને દૃશ્યપણું શું છે? સર્વ આવે રૂપે વિદ્યમાન છતાં શાંત પરમ મંગલરૂપ બ્રહ્મમય છે, એમ સમજી પ્રણવમાં અભેદકલ્પનાવડે તેનો લય કરી દઇ શાંત થઇ રહો.[૪૪] વાચ્ય અને વાચકની દૃષ્ટિ રાખ્યાવિના શાસ્ત્રાર્થનો વિચાર થતો નથી અને તે વિચાર પણ વિકલ્પવાળા તેના અવયવો સહિત કરાએલો હોય તોજ સિદ્ધિ આપનાર થાય છે; અને તેવા સાંગ વિચારવિના જેમ દીવા સિવાય રાત્રિએ (અંધકારમાં) ચાક્ષુષ (આંખથી) જ્ઞાન ન થાય તેમ કશીપણ સિદ્ધિ થતી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

નથી.[૪૫] માટે યથાર્થ વિચારવડે નિર્મલ એવી ઉત્તમ બુદ્ધિવડે અંદર થયા કરતી સંકલ્પની કલ્પના કે જે અનેક વિકલ્પોના સમૂહોથી ભરપૂર છે તેને છોડી દઇ સર્વ શાસ્ત્રના સારરૂપ મહાપુરુષાર્થરૂપ એવા અદ્વિતીય આત્મામાં મનને નિષ્ઠાવાળું રાખી આ સંસારમાંથી ઉડી એકનિષ્ઠાથી ઉત્તમ મોક્ષપદને પ્રાપ્ત થાઓ.[૪૬]

तस्मादपास्य परयामलया धियान्तः ।
संकल्पकल्पनमनल्पविकल्पजालम् ॥
कृत्वा मनः सकलशास्त्रमहार्थनिष्ठ-
मुड्डीय गच्छ पदमुत्तममेकनिष्ठः ॥ ४६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જાગ્રત્સ્વપ્નસુષુપ્ત્યભાવપ્રતિપાદન' એ નામનો એકસો સડસઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૭

સર્ગ ૧૬૮ મો.*

સૃષ્ટિનો અધ્યારોપ અને તેનો નિષેધ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

अबुद्धिपूर्वमेवागो यथा शाखाविचित्रताम् ॥
करोत्येवमजश्चित्राः सर्गाभासः ख एव खम् ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ વૃક્ષ "હું આ પ્રમાણે શાખાઓની વિચિત્રતા કરીશ" એવી બુદ્ધિ પ્રથમ બાંધ્યાવિનાજ સ્વાભાવિક રીતે શાખાઓની વિચિત્રતાને ઉત્પન્ન કરે છે, તેમ જન્મ આદિ વિકારથી રહિત એવા પરમાત્મા આકાશના જેવા વિસ્તીર્ણ એવા પોતાના આત્માની અંદર શૂન્ય છતાં વિચિત્ર એવા પ્રપંચના અધ્યાસને સ્વાભાવિક રીતેજ કલ્પી લે છે.[૧] જેમ મહાસાગર પ્રથમ બુદ્ધિમાં કશી કલ્પના કર્યા સિવાય સ્વાભાવિક રીતેજ આવર્ત આદિને ઉત્પન્ન કરે, તેમ સર્વેશ્વર ચિદાકાશરૂપ પરમાત્મા પ્રથમ કશી કલ્પના કર્યા સિવાય પોતાના આકાશ જેવા વિશાલ સ્વરૂપની અંદર જગતસંબંધી સર્વ આભાસને સ્વાભાવિક રીતેજ ઉત્પન્ન કરે છે;[૨] અને પછી તે પોતેજ જગતને આકારે દેખાતા પોતાના વિલાસોનીજ મન, બુદ્ધિ, અહંકાર ઇત્યાદિ અનેક પ્રકારની સંજ્ઞાઓને કલ્પી લે છે.[૩] ચિદાકાશમાંથી બુદ્ધિ આદિની સિદ્ધિ થતાંસુધીનો જે આરંભ છે તે સમુદ્રમાંથી પેદા થતા તરંગોની પેઠે અબુદ્ધિપૂર્વક પોતાની મેળેજ સ્વાભાવિક રીતે થાય છે, અને બુદ્ધિની સિદ્ધિ થયા પછી જે કાંઈ આરંભ સંકલ્પવડે કલ્પવામાં આવે તે બુદ્ધિપૂર્વક છે.[૪] સમુદ્રમાંથી જેમ ચકરીઓ, જલબિંદુઓ, તરંગો અને મોટી લહેરો ઉત્પન્ન થતી રહે તેમ ચિન્માત્રતત્ત્વમાંથી મન—બુદ્ધિ આદિની ઉત્પત્તિ થાય છે.[૫] જેમ દેખાવા માત્ર એવું ભીંતમાં ચિત્રરૂપે આલેખેલ જગત કેવલ ભીંતરૂપ છે, તેમ ચિદાકાશની અંદર આભાસરૂપે દેખાતું આ જગત પણ ચિદાકાશરૂપજ છે.[૬] જેમ પ્રથમ દૃષ્ટાંતરૂપે વર્ણવેલ એવા વૃક્ષ-સમુદ્ર આદિમાં અબુદ્ધિપૂર્વક (સ્વાભાવિક રીતે) પોતાની મેળેજ પ્રવૃત્ત થએલ એવો શાખા—તરંગ—આદિનો આરંભ કાંઈ ઈશ્વરીય ચોક્કસ નિયમનેલીધે સમાન રચનાવાળો થાય છે, તેમ ચિદાકાશની અંદર સૃષ્ટિને આકારે પ્રતીતિમાં આવતો એવો આરંભ પણ અબુદ્ધિપૂર્વક છતાં કોઇ ઈશ્વરીય ચોક્કસ નિયમનેલીધે સમાન રચનાવાળો હોય છે.[૭] જેમ વૃક્ષમાં રહેલ એવા ગુચ્છા આદિનાં નામોને કોઇ બીજો કલ્પી લે છે તેમ ચિદાકાશરૂપી વૃક્ષનાં પુષ્પ આદિની પેઠે થઇ રહેલ એવી પૃથ્વી આદિનાં નામોની કલ્પના પણ હિરણ્યગર્ભ આદિ કલ્પી લે છે.[૮] જેમ મહા-

* આ એકસો અડસઠમા સર્ગમાં અબુદ્ધિપૂર્વક સ્વાભાવિક એવો સૃષ્ટિનો અધ્યારોપ વર્ણવવામાં આવશે, તે ચિદ્રૂપ હોવાથી અને ચિદાકાશના અવિકારીપણાનેલીધે છેવટ તેનો અપવાદ (નિષેધ) કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિસ્તીર્ણ એવા વૃક્ષના પુષ્પ-પત્ર આદિ અવયવો તેનાથી (વૃક્ષથી) જુદા નથી, તેમ આ દૃશ્ય પણ ચિદાકાશરૂપ પરમાત્માથી જુદું નથી.[૯] જેમ વૃક્ષના અવયવોને વિષે કોઈ બીજો જુદા જુદા પ્રકારની સંજ્ઞાઓ કલ્પે છે, તેમ ચિદાકાશ પોતાના આત્માની અંદર સર્વ પદાર્થો કે જે ચિદાકાશરૂપ છે તેનાં જુદાં જુદાં નામોને, પોતે કેમ જાણે તેનાથી જુદા હોય તેમ વ્યષ્ટિજીવ જેવા બની જઈ કલ્પી લે છે;[૧૦] બાકી તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો સૃષ્ટિઓ કે જે ચિદાકાશરૂપી વૃક્ષના પલ્લવના જેવી છે, તે ચિદ્રૂપ હોવાથી આવે સ્થૂલરૂપે બીલકુલ નથીજ અને એ ચિદાકાશ પોતેજ સ્વપ્નની પેઠે કાર્ય–કારણરૂપ કેમ જાણે થઇ રહેલ હોય તેમ ભાસે છે.[૧૧] જો કદાચિત્ સૃષ્ટિ ઇત્યાદિ નથીજ; તો પછી ચિદાત્માને પરલોકમાં જે અનુભવમાં આવે છે તે પણ વ્યર્થ છે, એમ સિદ્ધ થાય; અને તે વાત યુક્તિ યુક્ત નથી, એમ જો તમારા તરફથી આક્ષેપ કરવામાં આવતો હોય તો તેના સમાધાનમાં એટલુંજ કે ભ્રમ આદિમાં તથા રજ્જુ, સર્પ, મૃગતૃષ્ણા (ઝાંઝવાનાં જલં) ઇત્યાદિના અનુભવમાં વ્યર્થપણાનો કોણ નિષેધ કરી શકે તેમ છે? જેમ એ વ્યર્થ છતાં અનુભવમાં આવે છે, તેમ ઐહિક–પારલૌકિક સર્વ વ્યર્થ (મિથ્યા) છતાં આભાસરૂપે અનુભવમાં આવે છે.[૧૨] જેમ આકારવાળાં વૃક્ષની અંદર આ સર્વ પત્ર–પુષ્પ આદિની રચના કલ્પાય છે, તેમજ નિરાકાર (આકાશમાત્ર) એવા ચિદાકાશમાં આ સર્વ દૃશ્યની રચના કલ્પવામાં આવી છે.[૧૩] જેમ પુષ્પમાં ગંધ આદિ રહેલ છે, આકાશમાં શૂન્યતા આદિ રહેલ છે, અને વાયુમાં ચલનશક્તિ આદિ રહેલ છે, તેમ પરમાત્માની અંદર બુદ્ધિ આદિ રહેલ છે.[૧૪] જેમ પુષ્પમાં ગંધ આદિ રહેલ છે, આકાશમાં શૂન્યતા ઇત્યાદિ રહેલ છે, અને વાયુમાં ચલનશક્તિ આદિ રહેલ છે, તેમ ચિદાકાશની અંદર આ પૃથ્વી આદિની સૃષ્ટિઓ રહેલી છે.[૧૫] જેમ આકાશનું શૂન્યપણું, પવનની ચલનશક્તિ અને પુષ્પનો ગંધ, પૃથક્રૂપે અનુભવમાં આવતાં છતાં પણ તેનાથી ભિન્ન નથી, તેજ પ્રમાણે ચિદાકાશની અંદર આ સૃષ્ટિની સ્થિતિ પૃથક્રૂપે અનુભવમાં આવે છે, છતાં શૂન્યરૂપ હોવાથી તેનાથી ભિન્ન નથી.[૧૬] જેમ આકાશનાથી શૂન્યતા જુદી નથી, જેમ જલનાથી દ્રવપણું જુદું નથી, પુષ્પથી ગંધ જુદો નથી, પવનથી તેની ચલનશક્તિ જુદી નથી, અગ્નિથી તેનું ઉષ્ણપણું જુદું નથી, હિમનાથી તેનું શીતલપણું જુદું નથી, તેમ ચિદાકાશરૂપ આત્મસ્વરૂપ સ્વચ્છ ઈશ્વરથી જગત જુદું નથી.[૧૭,૧૮] સૃષ્ટિના આદિકાલમાં ચિદાકાશની અંદર અને સ્વપ્નમાં હૃદયની અંદર જે કાંઇ દેખાય છે, તે વિનાકારણે ખડું થઇ જવાથી ચિદાકાશથી જુદું કેમ કહી શકાય?[૧૯] આ બાબતમાં નિરંતર જોવામાં આવતું એવું સ્વપ્નજ દૃષ્ટાંત રૂપ છે. તમે વિચાર કરો, અને કહો કે તેમાં ચિન્માત્ર તત્ત્વ સિવાય બીજું શું સારરૂપ છે? કાંઇજ નહિ.[૨૦] એ સ્વપ્ન બુદ્ધિના સંસ્કારોવડે દૃશ્ય હોવાથી સ્મૃતિરૂપજ છે, એવી શંકા સંભવતી નથી, કેમ કે સ્વપ્ન તો અમુકરૂપે પ્રત્યક્ષ દેખાય છે, અને સ્મૃતિ તો અતીત વિષયનું ભાન કરાવવાનેલીધે પરોક્ષ–બોધક છે; તો તે બન્નેની એકતા કેમ ઘટી શકે? તે તમેજ કહો.[૨૧] જે વ્યાધ ઇત્યાદિ પ્રથમ અરણ્ય ઇત્યાદિમાં જોવામાં આવેલ હોય તે સ્વપ્નસંબંધી સ્મૃતિકાલમાં, સ્વપ્નપ્રદેશમાં નિદ્રાના યોગથી [illegible] અનુભવ પ્રત્યક્ષરૂપે અનુભવમાં

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

આવે છે, એમ પણ સંભવતું નથી, કેમકે જો એમ થતું હોય તો પછી તે સમયે અરણ્યમાં બીજાઓને તેનો અનુભવ થવો ન જોઇએ, કેમકે એકજ વસ્તુની બે પ્રકારે સ્થિતિ શી રીતે થઈ શકે ?[૨૨] સમુદ્રમાં થતા આવર્તોની પેઠે આ જગત કાકતાલીય ન્યાયથી ચિદાકાશની અંદર ભાસે છે, અને પછી તેમાં જાગ્રત–સ્વપ્ન આદિની કલ્પના કરવામાં આવે છે.[૨૩] જેમ સમુદ્રમાં અબુદ્ધિપૂર્વક (પોતાની મેળેજ) તરંગ આદિ ઉત્પન્ન થાય તેમ પ્રથમ તો પરમાત્માની અંદર અબુદ્ધિપૂર્વક (પોતાની મેળેજ) આ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે; અને પછી તેની આકારરચના તથા સ્થિતિ પોતાની મેળેજ સિદ્ધ થાય છે.[૨૪] આ દૃશ્ય ઉત્પન્ન થયા છતાં કારણવિનાજ તેની ઉત્પત્તિ હોવાથી ઉત્પન્નજ થયું નથી, અને જો ઉત્પન્નજ નથી થયું તો પછી તે પોતાની સમાન સ્થિતિમાંજ રહ્યું છે, અને સર્વના આદિ કારણરૂપ બ્રહ્મનોજ એક વિવર્ત છે.[૨૫] જેમ અબુદ્ધિપૂર્વક (ઇરાદાવિના) પોતાની મેળેજ સ્વાભાવિક રીતે રત્ન આદિ તેજસ્વી પદાર્થોની કાંતિ ઉત્પન્ન થાય તેમ બ્રહ્મસત્તાજ જગતની દૃષ્ટિને વેષે સ્ફુરે છે.[૨૬] હરકોઈ પ્રકારે (અનિર્વચનીય માયાના કારણને યોગે) પ્રથમ આ જગત ખડું થઈ જાય છે, અને ત્યાર પછી સમુદ્રમાં પડ્યા કરતી ચકરીઓની પેઠે તે પોતાના આત્માની અંદર કોઈ ચોક્કસ નિયમને ધારણ કરી લે છે.[૨૭] ચિદાકાશની અંદર સ્વપ્નસમૂહની પેઠે દેખવામાં આવતાં આ જગતો કે જે વસ્તુતાએ ચિદ્રૂપજ છે તે કારણવિના ઉત્પન્ન થઇ જાય છે, અને પાછાં કારણવિનાજ નિવૃત્ત થઈ જાય છે. વસ્તુતાએ જોતાં તે સાવ અત્યંત મિથ્યા છે.[૨૮] પ્રતીતિ થયા બાદ તેઓ સર્વ અન્યોન્ય એક બીજાના કારણભાવને (ઘણા લાંબા સમય-સુધી) પ્રાપ્ત થાય છે; અને તે જગતોના સર્વ પદાર્થો ઈશ્વરાદિક પણ માયાના યોગથી પ્રતીત થવાથી વસ્તુતાએ જોતાં નથીજ.[૨૯] આ જગત વિદ્યમાન નહિ છતાં ઉત્પન્ન થાય છે, વિદ્યમાન નહિ છતાં વૃદ્ધિ પામે છે, અને વિદ્યમાન નહિ છતાં અત્યંત શૂન્યતાથી નાશને પામે છે.[૩૦] આ જગત અવિદ્યમાન છતાં સત્યના જેવું ભાસે છે, આ બાબતમાં સ્વપ્નરૂપ દૃષ્ટાંત સર્વના અનુભવમાં આવે એવું છે; છતાં જે માણસ તેનો નિષેધ કરે છે તે જેમ કોઇ ઘેટાંનો ચારનાર (રબારી) કોઇ નહાર આવી મોટાં ઘેટાંને ઉપાડી જાય અને પોતે તે દેખે છતાં તેને હાંકે નહિ તેના જેવો મહામૂર્ખ છે.[૩૧] આ દૃશ્ય અસત્ય છતાં જોવામાં આવે છે, ભ્રાંતિમાત્ર છે, કેવલ કૃત્રિમ છે, અને તે એક ચિદાકાશનો ચમત્કારજ છે. વિવેકીની દૃષ્ટિમાં તો તે અનાદિસિદ્ધ સત્ય બ્રહ્મતત્ત્વરૂપજ જણાય છે. જગતરૂપે જણાતું નથી.[૩૨] જે કાંઇ સૃષ્ટિ–પ્રલય આદિ ભ્રાંતિ દેખાય છે, તે એક ઘણા લાંબા સમયથી દૃઢ થઇ રહેલો સંકલ્પજ છે. સર્વને પોતાના આત્માના વિલાસરૂપ સમજવું તે જ્ઞાન અને ભ્રાંતિને આકારે જોવું તે અજ્ઞાન કહેવાય છે.[૩૩] જેમ દૃશ્યથી રહિત એવા આત્માની અંદર સુષુપ્તિ પછી સ્વપ્ન જોવામાં આવે તેમ માયાની ઉપાધિવડે યુક્ત એવું બ્રહ્મસ્વરૂપ કારણવિના પણ તરત દૃશ્યરૂપ થઈ જઇ પ્રતીતિમાં આવે છે, આ વાત પ્રત્યક્ષજ છે; અને ત્યારપછી તે કાર્ય–કારણ-ભાવ આદિ નિયમને ધારણ કરે છે.[૩૪] જેમ સમુદ્રની અંદર પોતાની મેળેજ આવર્ત આદિ થતા દેખાય તેમ આ દૃશ્ય કે જે ચિદાત્માના સ્વરૂપને આધારેજ રહ્યું છે તે કાકતાલીયનીપેઠે ચિદાકાશની અંદર ચિત્તસત્તાના બલથી દેખાય

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

છે.[૩૫] ચિદ્ધાતુ એવાજ સ્વભાવવાળો છે કે તે કેવલ આકાશરૂપ છતાં આવે જગતને રૂપે સ્ફુરે છે, અને પોતાના ચિદ્રૂપને છોડતો નથી.[૩૬] ચિદ્રૂપ છતાં દૃશ્યરૂપે થઇ રહેલા ચિદાત્માએ પછી પોતાના આત્માની અંદર સ્મૃતિ આદિ, પૃથ્વી આદિ અને બુદ્ધિ આદિની કલ્પનારૂપ એવી જુદી જુદી સંજ્ઞાઓ કલ્પી લીધી છે.[૩૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આપના કહેવા પ્રમાણે જો જગત તાત્કાલિક કલ્પનામાત્ર હોય તો અનુભવનેલીધે બુદ્ધિમાં ચોંટી રહેલા સંસ્કારોથીજ પ્રથમ અનુભવાયેલ પદાર્થની સ્મૃતિ થવાનો નિયમ કેમ દેખાય છે? સ્મૃતિને અનુભવપૂર્વક ન માનવામાં આવે તો આ વિષયમાં શંકા રહે છે તેનું શું સમાધાન છે, એ આપ કહો.[૩૮]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! સિંહ જેમ હાથીને ભેદી નાખે તેમ હું આ તમારા પ્રશ્નને ભેદી નાખું છું, અને સૂર્ય જેમ પ્રકાશની સ્થાપના કરે તેમ હું અભેદની (ભેદરહિત આત્મતત્ત્વની) સ્થાપના કરું છું, તે તમે સાંભળો.[૩૯] વનની અંદર (અનુદ્‌ભૂતરૂપે અનેક વૃક્ષની અંદર) રહેલ નિગૂઢ પ્રતિમાઓ જેમ કોતર્યાવિના વૃક્ષની અંદર રહેલ હોય તેમ ચિદાકાશની અંદર આ જગતરૂપ દૃશ્ય રહેલ છે.[૪૦] કદાચિત્ કોઇ સુતાર વૃક્ષમાંથી પૂતળીને (પ્રતિમાને) રચી શકે, પરંતુ અદ્વિતીય એવા ચિદાકાશરૂપ સ્તંભમાંથી (બીજું કશું ન હોવાથી) કોણ આ જગતરૂપ પ્રતિમાને રચે (ઘડે)? કોઈ નહિ.[૪૧] સ્તંભ જડ હોવાથી તેને ઘડ્યા સિવાય તેમાં પ્રતિમાની વ્યક્તિ (સ્ફુટતા) થઇ શકતી નથી, પણ ચિદાકાશની અંદર ચેતનપણાનેલીધે અંતર્ગત રહેલ આ સૃષ્ટિ આત્માની અંદરજ સંપૂર્ણપણે વ્યક્તિને પ્રાપ્ત થઇ રહેલ છે.[૪૨] ચિન્માત્રતત્ત્વની સત્તાથી ભાસતી એવી આ સૃષ્ટિ અવિદ્યમાનજ છે, શૂન્ય છે, ચિદાકાશરૂપ છે, પોતાના ચિન્માત્ર સ્વરૂપને મૂકી ગયેલ નથી, પોતાના અધિષ્ઠાનસત્તારૂપી સ્વરૂપની અંદરજ તે રહેલ છે.[૪૩] ચિદ્રૂપ આત્મા, સૃષ્ટિના આરંભકાલમાં કલ્પનાને ધારણ કરી લઇ સ્વભાવથીજ સૃષ્ટિ આદિને કલ્પી લે છે. જેમ સ્વપ્નની અંદર આજે ઉદય પામેલ કલ્પનાને આત્મા, હૃદયની અંદર ખડી કરી દે, તેમ ચિદાત્મા કે જે પરમ આકાશરૂપ છે તે પોતાના આકાશરૂપ હૃદયની અંદર પોતાવડેજ સૃષ્ટિઓરૂપી અનેક પૂતળીઓને કલ્પી લે છે, કે જે અધિષ્ઠાનસત્તાની અંદર અભેદરૂપે રહેલ છે.[૪૪,૪૫] અમુક બ્રહ્મકલા છે કે જે સત્તાસામાન્યરૂપ અને જગતના બીજરૂપ કહેવાય છે. તે બ્રહ્મકલાને વિષે; અમુક ચિન્માત્રતત્ત્વ છે, અમુક પ્રતિબિંબચૈતન્ય છે, અમુક જીવ છે, અમુક અહંકાર છે,[૪૬] આ બુદ્ધિ છે, આ ચિત્ત છે, આ કાલ છે, આ આકાશ છે, આ અમુક હું છું, આ ક્રિયા છે, આ પંચતન્માત્ર છે,[૪૭] આ ઇંદ્રિયોનો સમૂહ છે, આ પુર્યષ્ટક જેને લિંગશરીર કહે છે તે છે, આ જગતની અંદર અમુક આતિવાહિક દેહ છે, અમુક આધિભૌતિક દેહ છે,[૪૮] હું બ્રહ્મા છું, હું શંકર છું, હું ઉપેંદ્ર છું, હું સૂર્ય છું, આ બાહ્ય છે, આ અંદર છે, આ સૃષ્ટિ છે, આ જગત્ છે,[૪૯] ઇત્યાદિ અનેક કલ્પનાઓનો સમૂહ અતિ નિર્મલ એવા ચિદાકાશરૂપજ છે; તો પછી આ જડ સર્વ પદાર્થોના સમૂહો ક્યાં રહ્યા અને સ્મૃતિ પણ ક્યાં રહી તથા દ્વૈત-અદ્વૈત પણ ક્યાં રહ્યું ?[૫૦] એવી રીતે આ જગતનો વિસ્તારવાળો ખંડ કારણવિનાજ સૃષ્ટિના આરંભકાલમાં સ્વપ્નની પેઠે ચિદાકાશની અંદર ભાસે છે. તે ચિદાકાશમાં ચિદાકાશરૂપેજ રહેલ છે, છતાં કેમ જાણે વિકારી હોય તેમ દેખાય છે. ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદરજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિવર્તરૂપે આવે પ્રકારે થઈ રહ્યા હોય તેમ છે. ચિદ્રૂપ પરમાકાશની અંદર જે ચિન્મયતત્ત્વ રહેલ છે તે પોતાના સ્વરૂપને આ જગતને આકારે પોતાની કલ્પનાને અનુસારે સમજે છે એવો બોધ થાય તો પછી જગત ક્યાં રહે છે, સ્મૃતિ પણ ક્યાં રહી, સ્વપ્ન પણ ક્યાં રહ્યું, કાલ પણ ક્યાં રહ્યો અને અનેક પ્રકારની કલ્પનાઓ પણ ક્યાં રહી ? આ સર્વ ચિદાકાશનોજ એક વિવર્ત્ત છે; અને તે આકાશની અંદર રહેલ શૂન્યતાનીપેઠે શાંતરૂપે રહ્યા છતાં આવે સ્ફુટરૂપે પ્રતીતિમાં આવે છે.[૫૨,૫૩] ચિદ્દેકરસ પરમાત્માની અંદર જે અંતર્ગત સત્તા રહી છે તેજ બહાર દૃશ્યને રૂપે દેખાય છે, બાકી વસ્તુતાએ જોતાં સત્ય તત્ત્વવિના બહાર કે અંદર કશું નથી.[૫૪] હે અંધવાદીઓ ! નિરવયવ, શાંત અને અવર્ણ્ય એવા પરબ્રહ્મમાંથી કારણવિના જગત શી રીતે ઉત્પન્ન થાય ? અને કૂટસ્થ સાક્ષિચૈતન્ય વિકારી શી રીતે થાય ?[૫૫] માટે જેવું પરબ્રહ્મ છે, તેવુંજ આ દૃશ્ય પણ પરબ્રહ્મરૂપ છે. જે ચિદાકાશ સ્વપ્નની અંદર હોય છે તે સ્વપ્નનગરરૂપ છે.[૫૬] આ કશું દૃશ્ય કોઈ દેશ–કાલમાં કાંઈ પણ નથીજ. જલવડે ભરપૂર એવા સમુદ્રમાં ધૂળ ક્યાં રહે, તેમજ પરમ નિર્વિકાર ચિદાકાશમાં દૃશ્ય ક્યાં રહે ?[૫૭] આ જે કાંઈ ભાસે છે તે જડ પ્રપંચથી રહિત એવા ચિન્માત્રરૂપ છે. ચિદ્રૂપ તત્ત્વ અન્યથાભાવને નહિ પામતાં પોતાના સ્વરૂપમાં સદા શાંતરૂપે આ પ્રમાણે રહેલ છે.[૫૮] પૂર્ણ એવા પરબ્રહ્મમાંથી આ જગત પૂર્ણરૂપે ઉત્પન્ન થએલ છે. તે નહિ ખડું થયા છતાં ખડું થઈ ગએલ હોય તેવું જણાય છે. પ્રકાશરૂપ છે. પરમાત્માનોજ તે એક વિલાસ છે.[૫૯] આત્મતત્ત્વ કે જે મને પોતાને અનુભવમાં આવે છે તેને આ પ્રમાણે સ્પષ્ટ રીતે ઉચ્ચ સ્વરથી હું ઉપદેશરૂપે કહું છું, તોપણ મૂઢ એવા અધિકારીવર્ગના ચિત્તની અંદર રહેલી મૂઢતા નિવૃત્ત ન થતાં, સ્વપ્નના જેવા જગતના સ્વરૂપમાં, આ જાગ્રત્ સત્ય છે એવી પ્રતીતિને, અદ્યાપિ છોડતી નથી, એ ખરેખર ખેદની વાત છે. કેવું મોહનું પ્રાબલ્ય છે કે જાણનાર વિવેકી અધિકારી પણ તેને તરત મૂકી શકતો નથી.[૬૦]

इत्थं मयि प्रकथयत्यनुभूयमानमप्युच्चकैर्वत जनस्य विमूढतांतः। स्वप्ने जगद्वपुषि जाग्रदिति प्रतीतिं नाद्यापि यत्त्यजति नाम विदन्नपि द्राक्॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'શાલભંજિકોપદેશ' એ નામનો એકસો અડસઠમો સર્ગ સંપૂર્ણ. ૧૬૮

સર્ગ ૧૬૯ મો.*

જીવન્મુક્તનાં લક્ષણો અને તત્ત્વજ્ઞની નિર્વિકાર દશા.

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

न सुखाय सुखं यस्य दुःखं दुःखाय यस्य नो॥
अंतर्मुखमतेर्नित्यं स मुक्त इति कथ्यते ॥ १ ॥

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—બુદ્ધિ અંતર્મુખ (પ્રત્યક્ ચૈતન્યમાં આસક્ત) હોવાથી સુખના સાધનરૂપ વિષયસમૂહ જેને સુખ આપતાં નથી અને દુઃખનાં સાધનો જેને દુઃખ આપી શકતાં નથી તે મુક્ત કહેવાય છે.[૧] જેમ અવિવેકી પુરુષોની બુદ્ધિ વિશાલ ભોગોમાં અસક્ત થઇ જઈ તેમાંથી નથી ખસતી, તેમ જેની બુદ્ધિ ચિદાકાશમાં અચલ સ્થિતિ રાખી તેમાંથી વ્યુત્થિત થતી નથી તે મુક્ત કહેવાય છે.[૨] જેનું ચિત્ત ચિન્માત્ર આત્માને વિષે વિશ્રાંત થવાથી તેમાંથી ચંચલ ન થતાં તેમાંજ પ્રીતિ બાંધી સ્થિર થઇ રહે તે જીવન્મુક્ત કહેવાય છે.[૩] જેનું

* આ એકસો ઓગણોતેરમા સર્ગમાં વિશ્રાંત ચિત્તવાળા જીવન્મુક્ત પુરુષનાં અનેક લક્ષણો કહેવામાં આવશે અને તત્ત્વજ્ઞ પુરુષની સદા સુષુપ્તિના જેવી નિર્વિકાર દશા વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation DSA

ચિત્ત પરમાત્માની અંદર વિશ્રાંત થઇ જઇ પાછું ફરીવાર દૃશ્યમાં આસક્ત થતું નથી તે જીવન્મુક્ત કહેવાય છે.[૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! જેને સુખનાં સાધનો સુખ ન ઉત્પન્ન કરે અને દુઃખનાં સાધનો દુઃખ ન ઉપજાવે તેવાં મનુષ્યને હું અચેતન અને જડ માનું છું.[૫]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એક ચિદાકાશમાંજ માત્ર નિષ્ઠા રાખવાથી ચિત્ત શુદ્ધ જ્ઞાનમય થઈ જવાનેલીધે જે પ્રયત્નવિના સુખ—દુઃખને નથી જાણતો તે વિશ્રાંત (આત્મામાં વિશ્રાંતિ પામેલ) કહેવાય છે.[૬] સર્વ પદાર્થોમાં વિવેકનેલીધે જેના સર્વ સંદેહો વાસ્તવિક રીતે ક્ષીણ થઈ ગયા હોય તે પરમપદમાં વિશ્રાંત હોય છે.[૭] વ્યવહારમાં રહ્યા છતાં કોઈ પણ દેશ—કાલમાં કોઇ વસ્તુની અંદર જેનું ચિત્ત રાગવાળું થતું નથી તે અંદર રહેલ આત્મતત્ત્વમાં વિશ્રાંત કહેવાય છે.[૮] જેના સર્વ ઉત્તમ આરંભો કામ અને સંકલ્પથી રહિત હોય અને જે યથાપ્રાપ્ત વ્યવહાર કર્યો જતો હોય તે વિશ્રાંત કહેવાય છે.[૯] વિશ્રામ અને અવલંબ એ બન્નેથી રહિત એવા લાંબા સંસારમાર્ગમાં ચિન્માત્ર દૃષ્ટિથી જેણે આત્મામાં વિશ્રાંતિ લીધેલ છે તે સર્વથી ઉત્કૃષ્ટપણે (પરમપદમાં) સ્થિર થઇ રહે છે.[૧૦] ઘણા લાંબા સમયસુધી વિષયોમાં દોડી છેવટ વિશ્રાંતિને જેઓ પ્રાપ્ત થઇ ગયા હોય તેઓ વ્યવહારપરાયણ છતાં કેમ જાણે સુષુપ્તિને પ્રાપ્ત થઈ ગયા હોય તેવા (નિર્વિકાર) દેખાય છે.[૧૧] તેઓ દ્રષ્ટા અને દૃશ્ય એ બન્નેથી રહિત એવા પોતાના હૃદયાકાશમાં શુદ્ધ ચિદ્રૂપ સૂર્યનારાયણને રૂપે ઉદય પામેલા જણાય છે. તેઓ આ સંસારની વિચિત્ર સ્થિતિમાં આસક્ત રહેતા નથી.[૧૨] એ ઉત્તમ પુરુષો સંદેહ (દેહવાળા) છતાં અને વ્યવહારમાં રહ્યા છતાં કેમ જાણે સુષુપ્તિમાં રહ્યા હોય તેવા દેખાય છે; તથા કેમ જાણે વિદેહ હોય તેવા જણાય છે. જો કે તેઓ જડ જેવા ભાસે છે, પણ જડ હોતા નથી.[૧૩] જેઓ અહીં કેમ જાણે શય્યામાં સૂઈ રહ્યા હોય તેવા જણાઇ સ્વપ્નનગરમાં (સ્વપ્નની અંદર) સ્થિર થઈ રહ્યા હોય, તેઓ જોકે સૂતેલા કહેવાય છે, પરંતુ તેઓ જડ (નિદ્રાને પરવશ) હોતા નથી; અને તે જડ કહેવાય નહિ.[૧૪] તેવીજ રીતે જે ઘણા લાંબા પંથથી (ભટકવાને લીધે) થાકી જઈ તેમાંથી નિવૃત્ત થઇ જઇ શ્રમરહિત બની સુખનો અને મૌનનો આશ્રય કરી બહિર્મુખ પુરુષો પાસે કશું બોલતો નથી તેને જડ કહી શકાય નહિ.[૧૫] અવિદ્યાનો ક્ષય કે જે સર્વ પ્રાણીઓને રાત્રિ જેવો છે, અને પરમ બોધરૂપ તથા પરમ શાંતિરૂપ છે, તેમાં તત્ત્વવેત્તા પુરુષ સમાનતાથી જાગ્રતપણે સ્થિર થઇ રહે છે.[૧૬] સર્વ પ્રાણીઓ જે આ દુઃખદાયી દૃશ્યની અંદર જાગ્રત રહે છે, તેમાં તત્ત્વજ્ઞ પુરુષ નિરંતર સુષુપ્તિને ધારણ કરે છે. આત્મસુખમાં નિમગ્ન થએલ એ મહાપુરુષ દૃશ્યને જોતોજ નથી.[૧૭] હે રામચંદ્રજી! જે પુરુષ કર્મસમૂહનો અનાદર કરી પોતાના આત્મામાંજ સ્થિર થઇ રહે છે તે આત્મારામ કહેવાય છે, પણ તેને જડ કહી શકાતો નથી.[૧૮] તે ભવ્ય પુરુષ આ દૃશ્યસંબંધી દુઃખનું ઉલ્લંઘન કરી રહ્યો હોય છે, સંસારસાગરને પેલે પાર તે પહોંચી ગયો હોય છે, અને પોતાના આત્મામાં વિશ્રાંતિસુખનો અનુભવ કરતાં સ્થિર થઇ રહે છે.[૧૯] લાંબા સંસારમાર્ગમાં ભટકી થાકી ગએલ, ભોગોની ચેષ્ટાઓમાં આતુર, માર્ગમાં છેતરવામાં કુશલ એવા વિષયો કેમ જાણે ઘણા લાંબા સમયના દેશના

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઉપદ્રવથી નાશતો ફરતો હોય તેમ ભમ્યા કરતો, વૃદ્ધાવસ્થારૂપી શીતલ વજ્રના વારંવાર થયા કરતા પ્રહારવડે જડ બની ગએલ, જન્મરૂપી જંગલની અંદર મૃગનીપેઠે ભટકનાર, વ્યર્થ છતાં વ્યગ્રતા કરનાર એવા વિહારોમાં લાગી રહેલ, પોતે એકલો કોઈ સહાયવિનાજ, દુઃખરૂપી કાંટાઓવડે સંકટ આપનાર અને સુખરૂપ છાયા જેમાં અત્યંત દુષ્પ્રાપ્ય છે એવા સંસારમાર્ગમાં પથિકરૂપે ફર્યા કરતો, પાપ અને પાપથી ભેગા કરેલ પૈસારૂપી ભાતાને (ટીમણને) સાથે રાખનાર, પગલે પગલે પડી જઇ આળોટતો તથા અનેક અર્થ અને અનર્થવડે વ્યાપ્ત એવા માર્ગોવડે તથા સંકટોવડે પરવશ થઈ રહેલ એવો ધૈર્યવાળો મુમુક્ષુપુરુષ સાધનસંપત્તિથી તથા સચ્છાસ્ત્ર અને સદ્‌ગુરુના પ્રસાદથી થએલ તત્ત્વસાક્ષાત્કારવડે પ્રબોધને પ્રાપ્ત થઈ સંસારસાગરને પેલે પાર પહોંચી જઇ પ્રાણીથી રહિત એવા એકાંતસ્થલમાં શય્યારહિત છતાં સુખેથી સૂઇ રહે છે.[૨૦-૨૪] આશ્ચર્ય છે કે તત્ત્વજ્ઞ પુરુષ મહેલ, પલંગ આદિ શયનના સાધનવિના, પ્રાણ આદિની ચેષ્ટાવિના, સ્વપ્ન અને સુષુપ્તિવિના અને પોતાના સ્વરૂપથી ભિન્ન એવી નિદ્રા નામની બીજી વસ્તુથી પણ પૃથક્ રહી સ્વસ્વરૂપમાં જાગ્રત રહેતાં સુખેથી સૂઇ રહે છે.[૨૫] ધીર એવો જ્ઞાનવાન પુરુષ કોઇ પણ જાતનો અધ્યાસ નહિ રાખતાં* જાત્યશ્વનીપેઠે જમવું, જવું, શ્વાસ લેવો, બોલવું, ઇત્યાદિ લૌકિક ઉચિત વ્યવહાર કરતાં છતાં લોકોના મધ્યમાં મોટા જંગલની પેઠે આશ્ચર્ય ઉપજાવે તેમ સુખેથી સૂઇ રહે છે.[૨૬] તત્ત્વદર્શી પુરુષોની ઘાટી નિદ્રા કાંઇ અપૂર્વ છે, કે જે પ્રલયકાલના મેઘોની ગર્જનાવડે કે અંગના કપાવાથી પણ નિવૃત્ત થતી નથી.[૨૭] તત્ત્વદર્શી પુરુષોની ઘાટી નિદ્રા કાંઇક અપૂર્વજ છે કે જે ચિન્માત્રતત્ત્વનું દર્શન થતાં પ્રબોધને પ્રાપ્ત થએલ તત્ત્વજ્ઞપુરુષોની બહારની સર્વ ઇંદ્રિયોને અંતર્મુખ કરી દે છે.[૨૮] નેત્ર બંધ નહિ છતાં (દેખતાં છતાં) જેની દૃષ્ટિમાં જગતનો લય થએલ દેખાય છે તે પુરુષ પરમાર્થવડે મત્ત હોય છે; અને તે ધીરપુરુષ આશ્ચર્યકારક રીતે સુખેથી સુવે છે.[૨૯] આ સર્વ જગતને ગળી જઇ પરમ પૂર્ણપણાને પ્રાપ્ત થઈ ગએલ જ્ઞાનવાન પુરુષ તૃપ્તિપર્યંત બ્રહ્માનંદરૂપ અમૃતનું પાન કરી આશ્ચર્યકારક રીતે સુખેથી સૂઇ રહે છે.[૩૦] ક્ષુદ્ર આનંદથી રહિત છતાં નિરતિશય એવા આત્માનંદવડે ભરપૂર અને બીજા પ્રકાશની અપેક્ષા ન રાખનાર એવા પોતાના આત્માના મહાન પ્રકાશવડે યુક્ત એવો આત્મજ્ઞ પુરુષ અવિનાશી સુખરૂપ અદ્વૈતપદમાં આરૂઢ થઇ આશ્ચર્યકારક રીતે સુખે સૂઇ રહે છે.[૩૧] લોભરૂપ અંધકારથી ઉપરામ પામેલ, લોકમાં દેખાતા લંપટપણાને છોડી રહેલ, અને નિરાકાર આનંદૈકરસ પરમાત્મામાંજ પ્રબલ આસ્વાદને અનુભવતો એવો આત્મજ્ઞ પુરુષ આશ્ચર્યકારક રીતે સુખેથી સૂઇ રહે છે.[૩૨] તત્ત્વજ્ઞ ધીર પુરુષ અનંત એવા દુઃખના અનુભવમાં શાંતિનો અવલંબ કરી, વર્ણાશ્રમને યોગ્ય એવા લૌકિક વ્યવહારમાં પ્રવૃત્તિનો આશ્રય પકડી બાહ્ય પદાર્થોમાં આસક્તિ નહિ રાખતાં આત્મસુખમાં લીન થઈ સુખેથી આશ્ચર્ય ઉપજાવે તેમ સૂઇ રહે છે.[૩૩] અત્યંત સૂક્ષ્મમાં પણ અતિસૂક્ષ્મ અને અતિ સ્થૂલમાં પણ અતિસ્થૂલ એવા પોતાના આત્માને ચિદાકાશરૂપ શય્યામાં સૂવાડી ધીર તત્ત્વવેત્તા સુખેથી આશ્ચર્યકારક રીતે સૂઇ રહે છે.[૩૪] સૂક્ષ્મપણાનેલીધે અણુ અને વ્યાપકતાનેલીધે

* કોઈ એક જાત્યશ્વ—જાતવાળો ઘોડો—જમતાં, ચાલતાં અને ઉભો રહેતાં, સદાકાલ નિદ્રા કરે છે, ફક્ત યુદ્ધસમયમાં જાગ્રત રહે છે; તેથી અહીં તેની ઉપમા આપવામાં આવી છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સ્થૂલ એવા ચિદ્રૂપ દેહની અંદર પરમાણુ જેવડા ભાગમાં પણ કરોડો અને સેંકડો બ્રહ્માંડને ધારણ કરનાર એવો ધીર તત્ત્વજ્ઞ નર આશ્ચર્ય ઉપજાવે તેમ સુખેથી સૂઇ રહે છે.[૩૫] અનેક સૃષ્ટિઓના અને સંહારોના સમૂહોને કરનાર અને વસ્તુતાએ કશું પણ નહિ કરનાર એવો આત્મજ્ઞાની ધીર પુરુષ પરમ પ્રકાશરૂપ એવી ચિદાકાશરૂપ શય્યામાં આશ્ચર્યકારક રીતે સુખેથી સૂઇ રહે છે.[૩૬] અનેક સંસારોના સમૂહને સ્વપ્નરૂપ સમજી લઇ, પૂર્ણ પ્રકાશવડે પ્રકટરૂપે દેખાતી દિશાઓની પેઠે ઘણી લાંબી એવી સુષુપ્તિના જેવી નિર્વિકાર સ્થિતિનો આશ્રય કરી આત્મજ્ઞ પુરુષ સુખેથી આશ્ચર્યકારક રીતે સૂઇ રહે છે.[૩૭] જગતના સર્વ પદાર્થોના સત્તાસામાન્યરૂપે થઇ રહેલ અને આકાશના કરતાં પણ અધિક વ્યાપક એવો આત્મજ્ઞ પુરુષ આશ્ચર્યકારક રીતે સુખેથી સૂઈ રહે છે.[૩૮] પ્રથમ લય કરી દેવાથી આકાશરૂપ કરી દીધેલ એવા જગતને સ્વચ્છ અવ્યાકૃત આકાશનાથી પણ સ્વચ્છ એવા ચિદાકાશરૂપ બનાવી દઇ (સમજી લઈ) નિદ્રામાં થતા ાધરા શબ્દ અને શ્વાસપ્રશ્વાસની ત્વરા, એ મન્નેને શાંત પાડી દઇ આત્મજ્ઞાની પુરુષ સુખેથી આશ્ચર્યકારકરૂપે સૂઈ રહે છે.[૩૯] આત્મજ્ઞાનવાળો પુરુષ કે જે પોતે સ્વચ્છ આકાશના જેવો નિર્વિકાર ચિદાકાશરૂપ છે તે પોતે આ જગતને ચિદાકાશના કોઇ એક ખુણામાં સ્વપ્નની પેઠે દેખતાં સુખેથી નિર્વિકારપણે (આશ્ચર્યકારક રીતે) સૂઇ રહે છે.[૪૦] દૈવયોગથી પોતાની મેળેજ પ્રવાહમાં પ્રાપ્ત થએલ એવા વ્યવહારરૂપી મનોહર સાદરીના બિછાનામાં વિશ્રાંત થઈ આત્મજ્ઞ પુરુષ સુખેથી (આશ્ચર્ય થાય તેમ) સૂઇ રહે છે.[૪૧] જેમ અવકાશવિના રહેવાને અશક્ત એવું આકાશ કેમ જાણે પોતે પોતાનેજ અધિષ્ઠાનરૂપ કલ્પી લેવું હોય તે રીતે પોતાના સ્વરૂપમાંજ સત્તાને ધારણ કરે છે, તેમ જીવન્મુક્ત પુરુષ પણ પોતાના સ્વરૂપમાં સ્થિતિને ધારણ કરી જેમ નિદ્રામાં અનુભવેલ સ્વપ્ન પરમપ્રયત્ન વડે અનુસંધાન થતાં સ્મરણમાં આવે તેમ પરમ ઉત્કૃષ્ટ પ્રયત્નવડે ચિત્તને કાંઇ બહિર્મુખ કરી, બાહ્ય વ્યાપારનું અનુસંધાન રાખતાં આભાસરૂપ એવા દેહ આદિવડે વ્યવહાર કરે છે.[૪૨] તત્ત્વવેત્તા પુરુષ આકાશનાજેવા પોતાના સ્વરૂપનું જ્ઞાન થવાથી જીવ જગત આદિ સર્વ ધર્મોને (તેઓ સાવ નહિ હોવાથી) આકાશનાજેવા શૂન્ય સમજે છે; અને પ્રયત્નવડે જ્ઞાતારૂપ એવા પોતાના આત્માને તે સમજે છે.[૪૩] તત્ત્વવેત્તા પુરુષ એવી રીતે સદાકાલ (વ્યવહારિક સુખ–દુઃખ આદિ ધર્મમાં) સૂતેલજેવોજ રહે છે, છતાં લોકપ્રસિદ્ધ એવી સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં પ્રબોધ અને સુષુપ્તિ એ બન્નેનો આશ્રય કરતાં જાગ્રતના અને સ્વપ્નના પદાર્થોના ભોગમાં સહાયભૂત એવા એક (હવે પછી કહેવામાં આવશે એવા) મિત્ર સાથે નિરંતર રમ્યા કરે છે, અને સુષુપ્તિને પ્રાપ્ત થતાં તેની સાથેજ સુષુપ્તિનું પણ ધારણ કરે છે.[૪૪] અનેક જન્માંતરોમાં એકતાનેલીધે તથા સહવાસનેલીધે વિષમપણાને છોડી દઇ સમાન ચિત્તને ધારણ કરી રહેલ, અને વિચિત્ર પ્રકારની શમ, દમ, તિતિક્ષા, જ્ઞાન, વૈરાગ્ય, સંતોષ આદિ પોતાની વૃત્તિઓને અનુસરવાથી મધુરતાવાળા પોતાના જુના (હવે પછી કહેવાશે તેવા) મિત્રસાથે આયુષના અવશેષ રહેલા સર્વ દિવસોને ગાળી જીવન્મુક્ત પુરુષ છેવટ પરમ પદમાં અવશ્ય વિશ્રામને પ્રાપ્ત થવાનોજ ! એમાં સંશય નથી.[૪૫]

जन्मान्तरैकसहवाससमाशयेन चित्तानुवृत्तिमधुरेण चिरंतनेन॥ मित्रेण सार्धमखिलानि दिनानि नीत्वा विश्रान्तिमेष्यति पदे परमे चिरं सः॥४५॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'विश्रांतचित्तवर्णन' એ नामनो એકસો બાણોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૬૯

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૭૦ મો.*

જીવન્મુક્તના મિત્રનું વર્ણન

॥ श्रीराम उवाच ॥

ब्रह्मन् कोऽस्य सुहृद् ब्रूहि येनासौ रमते सह ॥
रमणं किंस्वभावं स्यादुत रत्यात्म वास्य तत् ॥

રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જીવન્મુક્ત પુરુષનો કોણ મિત્ર છે, કે જેની સાથે તે રમે છે ? અને તેનું રમવું એ પોતાના આત્મસ્વરૂપમાં સ્થિતિ રાખવી તેજ છે ? કે રમણીય એવા વિષયોમાં વિહારથી થતી પ્રીતિ રાખવી તે છે ? એ આપ કહો.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પોતાનું પ્રવાહપતિત સહજ કર્મ, લૌકિક સંગ્રહમાટે શાસ્ત્રીય કર્મ, અને પોતાના પ્રયત્નવડે મેળવેલ એવું—સચ્છાસ્ત્રનો વિચાર; અભ્યાસ, સત્સંગ, શમ, દમ, તિતિક્ષા, ઉપરામ, શૌચ, સંતોષ, ઈશ્વરપ્રણિધાન, સંયમ આદિ—કર્મ, કે જે ઉપાધિને યોગે જુદાં જુદાં નામવાળાં છતાં એક કર્મરૂપજ કહેવાય છે તે જીવન્મુક્ત પુરુષનો એક સહજ મિત્ર હોય છે.[૨] પિતાની પેઠે તે આશ્વાસના આપે છે. સ્ત્રીની પેઠે નિષિદ્ધ કાર્યથી તે અટકાવે છે, અને અપાર સંકટોમાં પણ તે નિરંતર વ્યભિચાર ન કરતાં (છોડી ન દેતાં) સાથેજ રહે છે.[૩] તેના ઉપચારવિષે કશી પણ શંકા રહેતી નથી. તેવડે સારી રીતે આનંદનો લાભ થાય છે. કોપના સમયમાં પણ તે શાંતપણાને લીધે શાંતિથી સમાધાન કરવારૂપી અમૃતનું પાન કરાવે છે.[૪] અનેક વિપત્તિઓમાં, અનેક વિકટ સંકટોમાં અને ઘણે કષ્ટે પણ માંડ નિવારણ કરી શકાય તેવા દોષોમાં ડૂબી જવાના સમયે તેમાંથી તે ખેંચી કાઢનાર છે. સર્વ વિશ્વાસરૂપી રત્નોના ખજનારૂપ છે. બાલપણથીજ તે સહવાસી હોય છે.[૫] ઠેઠ બાલ્ય ભાવથી ધૂળમાં ક્રીડા કરવાના સમયથીજ તેની સંગતિ થાય છે. દુષ્ટ ચેષ્ટાઓનું તે નિવારણ કરે છે. પિતાની પેઠેજ તે રક્ષણમાં તત્પર રહે છે.[૬] અગ્નિમાં રહેલ ઉષ્ણતાની પેઠે, પુષ્પમાં રહેલ સુગંધની પેઠે અને સૂર્યને આધારે રહેનાર દિવસની પેઠે તે જીવન્મુક્ત પુરુષનાથી કદી પણ છુટું પડતું નથી. વળી અતિ સ્વચ્છ છે.[૭] નિરંતર લાડ લડાવવામાં તત્પર રહે છે. રક્ષણ કરવામાં એકપરાયણ થઈ રહે છે. સર્વ સંકટોનો સંઘર્ષ થતાં તેમાંથી એક માત્ર રક્ષણ કરવાના ઉદ્યોગમાંજ તે લાગેલ રહે છે.[૮] સુવર્ણની જેમ અગ્નિ શુદ્ધિ કરે તેમ તે સર્વ અવસ્થામાં દેહની શુદ્ધિ કરે છે. અમુક હેય છે, અને અમુક ઉપાદેય છે, એવો વિવેક બતાવી આપવામાં પણ તે તત્પર રહે છે.[૯] નગરનિવાસી ચાલાક નરની પેઠે તે અનિંદ્ય (ઉત્તમ) કથાઓવડે આનંદ આપે છે, સારી ચેષ્ટાઓરૂપી મણિ અને મણિક્યના તો ખજનાના ઘર જેવું છે.[૧૦] સૂર્ય જેમ અંધકારને દૂર કરે તેમ તે સર્વને અપ્રિય લાગે તેવા પદાર્થને દૂર કરી દે છે. અનુરક્ત (આસક્ત) પ્રિયાની પેઠે તે સર્વને પ્રિય લાગે તેવા પદાર્થનેજ નજીક લાવે છે.[૧૧] સર્વ મનુષ્યો સારૂંજ બોલે તેવી ઉત્તમ ક્રિયામાંજ તે પ્રવૃત્તિ કરાવે છે, અને સહુનું પ્રિય આચરે છે. કોમલ, મધુર, સ્નિગ્ધ, ક્ષોભને નહિ પામનાર અને પ્રમાદથી રહિત છે.[૧૨] લોકોનો ઉપચાર કરવામાં તે કુશલ હોય છે. પૂજ્યભાવને સ્થાપન કરાવનાર છે. સ્મિતપૂર્વક ભાષણ કરનાર છે. નિઃસ્પૃહતાને લીધે શાંત હોવાથી

* આ એકસો સિત્તેરમા સર્ગમાં જીવન્મુક્ત પુરુષના સ્વકર્મ નામના મિત્રનું, તેનાં સ્ત્રી–પુત્ર–નોકર વગેરે સહિત વર્ણન આવશે. તેમજ તેના ગુણો સાથે વિવેકી પુરુષના સુખકારક રમણવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સત્પુરુષના જેવું રૂપ ધારણ કરે છે. પરમાર્થના પણ એક કારણરૂપ થઇ પડે છે.[૧૩] અજ્ઞાનને લીધે અકસ્માત્ કાંઇ યુદ્ધપ્રસંગ આવી પડે તો પ્રથમજ તે શત્રુનો પ્રહાર કરવામાં તૈયાર થાય છે, અપૂર્વ એવાં નર્મનાં વાક્યોની રચનાવડે, લીલાઓવડે અને લાડ લડાવાવડે તે વિલાસને ઉત્પન્ન કરે છે.[૧૪] સુશીલ સ્ત્રીઓનું અને કુલનું તે પાલન કરે છે. આધિ અને વ્યાધિવડે પીડાએલ એવા ચિત્તને અમૃતની પેઠે તે જીવન આપે છે, તથા ઔષધની પેઠે રોગનો પણ સંહાર કરે છે.[૧૫] વિશેષે કરીને પાંડિત્યવડે અને ઉત્તમ વાદ્દોવડે માન્ય જનોને કૌતુક ઉપજાવે છે, અને તે મિત્ર કોઇક સ્થલે સમાન કુલ અને શીલ મળી જવાથી ક્રમ જાણે પોતે બે ભાગે વહેંચાઇ ગયો હોય તેવો દેખાય છે.[૧૬] નિરંતર રાજાઓને અને મહાત્માઓને પોતાના તરફ આસક્તિવાળા કરી દાનવીર બનાવી દે છે. યજ્ઞ, દાન, તપ, તીર્થ, ન્યાય અને યોગ્ય અર્થની પ્રેરણા કરી દે છે.[૧૭] પુત્રો, પત્નીઓ, બ્રાહ્મણદંપતી, ભૃત્યવર્ગ અને બંધુજનોએ સહિત ઉત્તમ ખાન–પાનને તે યોગ્ય હોય છે; અને (સ્વાભાવિક રીતેજ) ઉત્તમ મહાન પુરુષો સાથે તેની પ્રશંસા કરવા યોગ્ય એવી સંગતિ હોય છે.[૧૮] ભોગ આદિમાં તૃષ્ણા બાંધવી કે જે અનેક દુઃખ આપનાર છે, તેનું તે નિવારણ કરે છે. સારી પેઠે સ્નેહવાળી સુંદર કથાઓમાં તે ઉદારતા બતાવે છે, અને આશ્વાસનાનું એક ઉત્તમ પાત્ર હોય છે.[૧૯] આ ઉપર વર્ણવ્યાપ્રમાણે ગુણોવાળા અને સપરિવાર એવા પોતાના કર્મ નામના પ્રિય મિત્ર સાથે તે સ્વાભાવિક રીતેજ (બીજાની પ્રેરણાવિના) રમ્યા કરે છે.[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! એ જીવન્મુક્ત પુરુષના કર્મરૂપી મિત્રના સ્ત્રી–પુત્ર આદિ પરિવાર કેવા ગુણવાળો અને કેવા સ્વરૂપવાળો છે, તે આપ સંક્ષેપથી મને કહો.[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! સ્નાન, દાન, તપ, ધ્યાન, એવા નામના તેના પુત્રો છે, કે જેઓ પોતાના મહાત્મપણાને લીધે સર્વ પ્રજાઓને પોતામાં આસક્ત બનાવી દે છે.[૨૨] ચંદ્રલેખાની પેઠે દર્શનમાત્રથીજ આનંદ આપનારી અને કદી પણ જુદી નહિ પડનારી એવી નિરંતર પ્રસન્ન રહેનાર સમતા નામની તેની ભાર્યા છે, કે જે હમ્મેશ તેના તરફ પ્રીતિવાળી રહે છે.[૨૩] વળી તે એવી તો ઉદાર છે, કે કરુણાનેલીધે ચારેકોર ધનનો વ્યય કરે છે, અતિમનોહર છે, આનંદને ઉત્પન્ન કરે છે, સમાન વયની છે, વ્યભિચારથી રહિત છે, અને સુખ આપનાર છે.[૨૪] હે સુશીલ રામચંદ્રજી ! તેની પાસે નમ્ર થઈ ઉભી રહેનાર, સુખ આપનાર એવી જે કાંઈ નિરંતર ધૈર્યમાં અને ધર્મમાં બુદ્ધિ રહેવી, તે, પ્રતીહારીનું કાર્ય કરતાં ધીર અને ધુરંધર એવા એ ધન્ય મહાશયની આગળ દોડતી રહે છે.[૨૫,૨૬] એ મહાશયરૂપી રાજાની મૈત્રી એવા નામની એક બીજી ભાર્યા છે કે જે વિષયરૂપી શત્રુઓનો પરાભવ કરવામાં મંત્રીનું કાર્ય બજાવે છે; અને નિરંતર સમતાની સાથેજ તે પણ કોટે વળગેલ છે.[૨૭] આર્યમર્યાદા કે જે બહુજ ચાતુર્યવાળી છે તે પ્રત્યેક કાર્યના વિષયમાં તેને આચાર્યની પેઠે ઉપદેશ આપનારી છે; અને સત્યતા, સર્વમાન્ય એવા એ મહાશયનું ભંડારીનું કાર્ય કરનાર છે.[૨૮] આ પ્રમાણે પરિવારવાળો અને મંત્રી સહિત એવો પોતાનો મિત્ર કે જે પોતાના કર્મરૂપ કહેવાય છે, તેવડે વ્યવહાર કરતાં એ જીવન્મુક્ત પુરુષ હર્ષને કે શોકને પ્રાપ્ત થતા નથી.[૨૯] શાંત ચિત્તવાળો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

એ જીવન્મુક્ત મહાશય મુનિ નિરંતર લોકમાં યથોચિત વ્યવહાર કરતો રહે છે, છતાં કેમ જાણે ચિત્રમાં આલેખેલ (ચિત્ર) હોય તેમ, યથાસ્થિત રીતે પોતાની એકજ સ્થિતિમાં રહે છે.[૩૦] પર્વતની બનેલ પ્રતિમાની પેઠે તે વસ્તુશૂન્ય એવા વાદોમાં મૌનનું ધારણ કરે છે, અને પ્રયોજન વગરના નકામા શબ્દો સાંભળવામાં બહેરા જેવો થઇ રહે છે.[૩૧] લૌકિક આચારથી વિરુદ્ધ એવાં સર્વ કર્મોમાં તે શબના જેવો નિશ્ચેષ્ટ થઇ રહે છે, અને આર્યપુરુષોના (સ્તુતિપાત્ર) આચાર-વિચારમાં વાસુકી કિંવા બૃહસ્પતિના જેવો અતિકુશલ રહે છે.[૩૨] પોતાનાં વચનોમાં તે નિરંતર પવિત્ર કથાઓનો ઉપદેશ કરતો રહે છે. કપટીઓના કપટજાલને તે બરાબર ઓળખી લે છે. પલવારમાં તે કઠિન વિષયનો પણ નિર્ણય કરી લઇ બહુ સારી રીતે તેનું વિવેચન કરે છે.[૩૩] સર્વત્ર તે સમાનદૃષ્ટિને ધારણ કરે છે. ઉદાર ચિત્તવાળો હોય છે. દાતા હોય છે. સર્વને વહેંચી આપી પછી ઉપભોગમાં લેવાની તેની ટેવ હોય છે. કોમલ, મધુર અને સ્નિગ્ધ દેખાય છે. સુંદર અને સુકીર્તિવાળો હોય છે.[૩૪] વિવેકી જીવન્મુક્ત મહાશયોનો એવો સ્વભાવજ હોય છે. કાંઇ તેઓ પ્રયત્નવડેજ એવા ગુણવાળા થતા નથી. ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ, ક્યાંય બીજા કોઇની પ્રેરણાથી પ્રકાશ આપનાર નથી થતા, કિંતુ સ્વાભાવિક રીતે તેઓ પ્રકાશક છે.[૩૫]

स्वभाव एवैष भवेत्प्रबुद्धधियां प्रयत्नेन तु नेदृशास्ते ॥ भवन्ति नेंदूर्कहुताशनाद्याः क्वचित्परप्रेरणया प्रकाशाः ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'તત્ત્વજ્ઞવ્યવહારવર્ણન'એ નામનો એકસો સિત્તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૦

સર્ગ ૧૭૧ મો.*

દૃશ્યનો નિષેધ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

संविदाकाशकचनमिदं भाति जगत्तया ॥ वस्तुतो न जगन्नाभा न शून्यं न च संविदः ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચિદાકાશનો એક વિવર્તજ આ જગતને આકારે ભાસે છે; બાકી વસ્તુતાએ જોઇએ તો જગત પણ નથી, તેનું ભાન પણ નથી, શૂન્ય પણ નથી અને વૃત્તિઓના અનુભવો પણ નથી.[૧] આ ચિદાકાશ કે જે અજ્ઞાનીઓને જગતને રૂપે ભાસે છે, અને એ જગત ચિદાકાશથી જુદું જણાય છે, પરંતુ આકાશનાથી જેમ શૂન્યતા જુદી નથી તેમ તે ચિદાકાશથી જરા પણ જુદું નથી.[૨] એક પ્રદેશમાંથી ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા બીજા પ્રદેશમાં જનાર સાક્ષિચૈતન્યનું વચમાંજે કાંઇ નિર્વિષય સ્વચ્છ રૂપ છે તેજ આ દૃશ્યને આકારે ભાસે છે, બાકી દૃશ્ય કાંઇ તેનાથી જુદી બીજી વસ્તુ નથી.[૩] મહાપ્રલયને અંતે પ્રથમ ફરીવાર સૃષ્ટિનો આરંભ થાય છે, પરંતુ તે સમયે કારણના અભાવનેલીધે અદ્વિતીય ચિદાકાશમાંથી દૃશ્યની ઉત્પત્તિ શી રીતે સંભવે?[૪] જેનાથી આ સાકાર સંસારચક્ર વારંવાર થતું રહે તેવું સૂક્ષ્મ પણ દૃશ્યનું બીજ તે મહાપ્રલયને વખતે હોતું નથી.[૫] તેથી મૂર્તિમાન (સાકાર) એવું આ દૃશ્ય જગત વંધ્યાપુત્રનીપેઠે કોઈ દિવસ થયુંજ નથી; અને તેનેલીધે દૃશ્યની પ્રતીતિ અત્યંત અસત્ય છે.[૬] જે કાંઈ આ ચોતરફ દૃશ્યની સ્થિતિ ભાસે છે, તે સ્વચ્છ ચિદાકાશરૂપજ છે કે જે પરમપદ નામથી કહેવાય છે,

* આ એકસો એકોતેરમા સર્ગમાં, જીવન્મુક્તિની સ્થિરતા થવામાટે સર્વ સંદેહોની નિવૃત્તિ કરવા, ફરીવાર તત્ત્વોપદેશથી દૃશ્યના નિષેધવિષે, વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એમ વિવેકીઓનું સમજવું છે.[૭] ચિન્માત્ર-તત્ત્વ (સાક્ષિચૈતન્ય) જેમ પોતાના સ્વચ્છ નિરાકાર સ્વરૂપને નહિ છોડતાં છતાં સુષુપ્તિ-માંથી સ્વપ્ન અવસ્થામાં અનેક પદાર્થોને આકારે ભાસે,[૮] તેમ સૃષ્ટિના આરંભકાલમાં આત્માજ પોતાની મેળે પોતાના સ્વરૂપની અંદર આકાશ-રૂપ છતાં દૃશ્યરૂપ અને ચિદાભાસરૂપ હોય એમ ભાસે છે.[૯] જેમ સંકલ્પવડે વ્યાપ્ત થયેલ મનજ (મનોરાજ્યમાં અને સ્વપ્ન આદિમાં) નગરરૂપે પ્રતીતિમાં આવે, તેમ પરિપૂર્ણ ચિદા-કાશજ સૃષ્ટિના આરંભકાલમાં કેમ જાણે દૃશ્ય-રૂપ થઇ ગયેલ હોય તેમ ભાસે છે.[૧૦] જેમ પવન ચલનશક્તિના યોગથી પોતાના સ્વરૂપની અંદર વંટોળીયા વાયુના ભાવને ધારણ કરે છે, તેમ સૃષ્ટિના આરંભકાલમાં આ ચિદા-કાશજ દૃશ્યરૂપે થઇ પ્રતીતિમાં આવે છે.[૧૨] માટે જો આ જગતનું ખરેખરું સ્વરૂપ ઓળ-ખવામાં આવે તો દેખાતા એવા આ ત્રણે લોક પરબ્રહ્મરૂપજ જણાય છે, અને તે બ્રહ્મજ આવે રૂપે થઇ રહ્યું છે. વસ્તુતાએ જોઇએ તો સાકાર એવું આ પૃથ્વી આદિ કશું કોઈ દિવસ છેજ નહિ. સાકાર હો કિંવા નિરાકાર હો, પરંતુ બ્રહ્મનોજ આ સર્વ વિલાસ છે.[૧૩] જેમ સ્વપ્નનો પર્વત જાગી જતાં કેવલ આકાશરૂપ અને નિઃસ્વ-રૂપ જણાય છે, તેમ આ ત્રણે લોક જ્ઞાન થતાં શાંત ચિદાકાશરૂપજ પ્રતીતિમાં આવે છે.[૧૪] પ્રબોધને પ્રાપ્ત થએલા પુરુષોને આ જગત વિભા-ગથી રહિત પરબ્રહ્મરૂપજ દેખાય છે. અમે તો વિચાર કરતાં છતાં અજ્ઞાન કેવું છે તેને જાણ-તાજ નથી.[૧૫] એક પ્રદેશમાંથી ચક્ષુ આદિ ઇંદ્રિ-યદ્વારા બીજા પ્રદેશને પ્રાપ્ત થતાં, વચમાં જે કાંઇ સાક્ષિચૈતન્યનું નિર્વિષયસ્વરૂપ છે, તેજ સર્વ પ્રાણીઓનું સ્વસ્વરૂપ છે; અને તેજ પરમ-પદરૂપ છે.[૧૬] એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા જનારા સાક્ષિચૈતન્યનું વચમાં જે નિર્વિષય સ્વરૂપ છે, તેજ પરમ ચિદાકાશરૂપ છે, અને આ સર્વ એ અધિષ્ઠાનની અંદરજ રહેલ છે.[૧૭] જેવું એ પરમપદ છે તેવું જ આ સત્-અસત્રૂપ જગત પણ છે, કેમકે એ જગત પણ પંચમહાભૂતવિના બીજું કશું પણ નથી.[૧૮] રૂપ આદિ બાહ્ય વિષયોનો અનુ-ભવ અને સંકલ્પ આદિ આંતર વિષયોનો અનુ-ભવ, એ બન્ને પણ પરમપદરૂપજ છે, એમ વિવેકીઓનું સમજવું છે; કેમકે એ સર્વ પર-બ્રહ્મરૂપ મહાસાગરના દ્રવપણાની પેઠે અને આવર્તોનીપેઠે રહેલ છે.[૧૯] એક પ્રદેશમાંથી ઇંદ્રિયદ્વારા બીજા પ્રદેશમાં પહોંચી વળનારા સાક્ષિચૈતન્યનું વચમાં જે કાંઇ નિર્વિષય સ્વ-રૂપ છે તેના વિના બીજું કશું પણ જગતનું સ્વરૂપ નથી.[૨૦] રાગ–દ્વેષ આદિ ભાવો અને ભાવ–અભાવની કલ્પના એ સર્વ, એ અધિષ્ઠાન ચૈતન્યના નિર્વિકલ્પ સ્વરૂપને અને પોતાની આરોપિત સત્તાને નહિ છોડતાં તેના અવયવ-રૂપજ થઇ રહ્યાં છે.[૨૧] શાખાપાસે દેખાતા ચંદ્રનું દર્શન કરવામાં શાખા અને ચંદ્ર, એ બન્નેને છોડી દઈ વચમાં જે કાંઈ સાક્ષિચૈત-ન્યનું નિર્વિષય સ્વરૂપ પ્રસિદ્ધ છે, તેજ વસ્તુ-માત્રનો વાસ્તવિક સ્વભાવ છે; અને જગતરૂપી ઝાંઝવાના જલનું ખરું અધિષ્ઠાન પણ તેજ છે.[૨૨] એક પ્રદેશમાંથી દેશાંતરમાં જનારા સાક્ષિ-ચૈતન્યનું વચમાં જે નિર્વિષય સ્વરૂપ છે તેનું જ જગત એવું બીજું નામ છે. વસ્તુતાએ જોતાં એ તત્ત્વ પોતાના સ્વરૂપને નહિ છોડતાં જગ-તના નામને ધારણ કરે છે.[૨૩] પ્રથમ સૃષ્ટિના આરંભકાલથી માંડી આ દૃશ્ય ઉત્પન્નજ થયેલ નથી, બાકી જે કાંઈ અહીં દેખાય છે, તે માયા-રૂપી એક ઐંદ્રજાલિકનો (ઇંદ્રજાલ દેખાડનાર જોગટાનો) ખેલ માત્ર છે.[૨૪] અહો!

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

કષ્ટની વાત છે કે જે દૃશ્ય સાવ બીલકુલ નથી-જ તે 'છે' એવો ભ્રમ લોકોમાં સ્થિર થઇ રહ્યો છે; અને પરબ્રહ્મ કે જે સત્ય છે તે 'નથી' એવો ભ્રમ પણ લોકમાં સ્થિર થઇ ગયેલ જણાય છે! એ પણ ખેદની વાત છે.[૨૫] હું કોઇપણ ઠેકાણે બ્રહ્મભાવથી રહિત એવા જગતને દેખતોજ નથી. અવિવેકી પુરુષો અસત્ય એવા દૃશ્યને સત્ય સમજે છે, અને કહે છે પણ ખરા, પરંતુ તે બ્રહ્મનેજ એવે રૂપે દેખે છે.[૨૬] આ દૃશ્ય ઉત્પન્ન પણ થયું નથી અને કાંઇ કોઇ સ્થલે ભાસતું પણ નથી. જે કાંઈ ભાસે છે તે ચિદાકાશનો પોતાનોજ એક વિલાસ છે.[૨૭] મણિ જેમ પોતાનાથી અભિન્ન સત્તાવાળી એવી પોતાની કાંતિવડે દીપી નીકળે, તેમ ચિદાકાશ પણ પોતાનાથી અભિન્ન સત્તાવાળી એવી સૃષ્ટિવડે વિવર્તરૂપે પ્રકાશી રહ્યું છે.[૨૮] શાંત પરમાકાશની અંદરજ આ સૂર્ય તપે છે, અને તેનો એક અવયવજ છે, તેનાથી કાંઇ તે ભિન્ન નથી.[૨૯] એ સત્ય અધિષ્ઠાનની અંદર રહેલ સૂર્ય કે ચંદ્ર અધિષ્ઠાન ચૈતન્યને કશો પ્રકાશ આપતા નથી. પરમાત્મા સૂર્યને પ્રકાશ આપનાર છે, પરંતુ સૂર્ય કાંઇ તે સર્વશક્તિમાન દેવને પ્રકાશ આપનાર નથી.[૩૦] અહો! આ સર્વ દૃશ્યમંડલ તેના પ્રકાશવડેજ પ્રકાશી રહ્યું છે. ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ સર્વ પદાર્થોનો પ્રકાશ કરનાર એ પરમાત્માજ છે.[૩૧] તે સાકાર છે કે નિરાકાર છે ઇત્યાદિ, શબ્દની અને અર્થની કલ્પના આકાશના પુષ્પના જેવી અસત્ય છે; અને તેવી મિથ્યા કલ્પના તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિમાં સંભવતી નથી.[૩૨] જેમ એક (ઉત્તમ) જીવરૂપ એવા વિશ્વસાક્ષી સૂર્યનારાયણના તેજની અંદર એક અણુ તેના અવયવ જેવો ભાસે, તેમ સ્વયંપ્રકાશ પરબ્રહ્મની અંદર સૂર્ય આદિ, પરમાણુના પેઠે ભાસે છે; અને નથી પણ ભાસતા.[૩૩] સૂર્ય આદિએ સહિત એવી આ સર્વ સૃષ્ટિઓ ચિદાકાશરૂપ રત્નની એક કાંતિના જેવીજ છે; તો પછી તેનાથી તે જુદી કેમ કહી શકાય? તે તમેજ કહો.[૩૪] ચિન્માત્ર ભાવથી પણ (જડપદાર્થના અભાવને લીધે) રહિત અને શૂન્યતાથી પણ રહિત (અનિર્વાચ્ય) એવું એ પરમતત્ત્વ સર્વ જીવો અને પદાર્થોથી રહિત છે, તેમજ સર્વ પદાર્થોવડે યુક્ત પણ છે.[૩૫] તે તત્ત્વમાં પૃથ્વી આદિ છે પણ ખરાં અને તે માંનું કશું નથી એમ પણ છે. તેની અંદર જીવો જીવતા છે તોપણ કશું નથી.[૩૬] બન્ને અવયવથી બનેલ એવી પોતાની સ્થૂલતાને નહિ તજનારા સૂર્ય આદિ, પરમાણુની પેઠે એ તત્ત્વમાં નિરવયવરૂપે રહ્યા છે. એ તત્ત્વ પોતાના વાસ્તવસ્વરૂપને કદી પણ છોડતું નથી, અને તેની અંદર દ્વિત્વ–એકત્વ આદિ કશું પણ નથી.[૩૭] અહીં કાંઇક છે, અને અહીં કાંઇ પણ નથી; અહીં કશું નથી અને અહીં કાંઇક છે; આ સર્વ કલ્પના એ પરમતત્ત્વથી અતિ દૂર રહેનાર છે.[૩૮] એક, નિરંતર, અનંત, પોતાની મેળેજ નિત્ય અતિવિસ્તારવાળી, એવી ચિદાકાશની સત્તાજ જગતને રૂપે તેના પોતાના સ્વરૂપની અંદર રહેલ છે.[૩૯] એક દેશને છોડી ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા બીજા પ્રદેશને પ્રાપ્ત થનારા સાક્ષિચૈતન્યનું (બીજા પ્રદેશને નહિ પહોંચતાં) વચમાં જે કાંઇ નિર્વિષય સ્વરૂપ છે, તેજ આ નાનાપ્રકારે પ્રતીતિમાં આવતા એવા જગતનું પણ વાસ્તવિક સ્વરૂપ છે.[૪૦] સ્વપ્નની અંદર જેમ સાક્ષિચૈતન્ય એકરૂપ છતાં અનેકરૂપે થઇ રહેલ હોય, તેવું ભાસે, તેમ આ ચિદાકાશ નાનાપ્રકારે નહિ થઇ રહ્યા છતાં પંચમહાભૂતરૂપે કેમ અને નાનાપ્રકારે થઈ રહેલ હોય તેમ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જણાય છે.[૪૧] જેમ સુષુપ્તિમાંથી સ્વપ્નમાં ગતિ કરનાર જીવચૈતન્યની સુષુપ્તિમાં રહેલ ચિચ્છક્તિ યથાસ્થિતપણે રહ્યા છતાં સ્વપ્નભાવને ધારણ કરી લે છે, તેમ પ્રલયભાવમાંથી સૃષ્ટિભાવને ધારણ કરી લેવામાં ચિદાકાશ પોતાના યથાસ્થિતરૂપે રહ્યા છતાં સૃષ્ટિના આકારને ધરે છે.[૪૨] વસ્તુતાએ જોતાં જેવી સુષુપ્તિ છે તેવુંજ સ્વપ્ન છે, અને જેવી જાગ્રત્ છે તેવીજ તૂર્ય છે, માટે આ જગત આકાશ જેવું છે.[૪૩] જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ અને તૂર્ય, એ સર્વરૂપ બ્રહ્મજ થઇ રહેલ છે; બાકી બ્રહ્મવિદ્યાના સંપ્રદાયમાં મૂઢ એવા પામર પુરુષો જે કાંઈ સમજતા હોય તે હું જાણી શકતો નથી.[૪૪] જડ અને ચેતન એ સર્વની અંદર રહી દુર્લક્ષ્ય રીતે જે આ જગતનો પરિણામ લાવનાર છે એવું ઈશ્વરતત્ત્વ, જીવચૈતન્યનું પારમાર્થિકરૂપ છે, કે જે મન, બુદ્ધિ આદિથી રહિત છે અને અતિ શુદ્ધ એવા અધિષ્ઠાનચૈતન્યરૂપ છે. આ સર્વ પદાર્થો પણ તેમાંજ કલ્પાએલ છે, અને તેની અંદરજ રહેલ છે. એ પદાર્થો સત્ય નથી. એ સત્યતત્ત્વજ જગતને આકારે થઈ રહેલ છે.[૪૫,૪૬] હે નિષ્પાપ રામચંદ્રજી ! વસ્તુતાએ પરિણામ આદિ શબ્દો અને તેના અર્થોની દૃષ્ટિ કે જે ઉપદેશો માટેજ અહીં કહેવામાં આવી છે તેનો ગંધપણ એ શુદ્ધતત્ત્વમાં નથી.[૪૭] સૃષ્ટિના આરંભકાલથી માંડી પરમશુદ્ધ એવું ચિદાકાશજ એક પોતાના સ્વરૂપની અંદર મહાસત્તારૂપે રહેલ છે.[૪૮] આ વિષયમાં પૂર્ણસ્વરૂપ એક આત્માનો તત્ત્વવેત્તાઓને થતો અનુભવજ પ્રમાણરૂપ છે. જે સર્વવ્યાપિ અધિષ્ઠાનચૈતન્ય પોતાના આત્માની અંદર સ્થિત થઇ રહેલ છે, તેણેજ જગત આદિ સંજ્ઞાઓની કલ્પના કરેલ છે.[૪૯] જેમ સ્વપ્નનું સ્વરૂપ ઓળખવામાં આવે તો જાગી ગયા પછી સર્વ સુખરૂપજ ભાસે છે, પરંતુ જાગી ન જતાં સ્વપ્નમાં હોઇએ ત્યાંસુધી સ્વપ્નની અસર અનુભવવી પડે છે, તેજ પ્રમાણે જ્ઞાન થતાં જેવો નિર્વિકાર આત્મા અવશેષ રહે છે તેનો અંગીકાર કરી લઈ આ જગતરૂપ કૌતુક અનુભવાય તો સર્વ સુખરૂપજ ભાસે છે, પણ તે સ્વસ્વરૂપનો અંગીકાર કરવામાં ન આવે તો જે કાંઈ તેમાં જન્મ-જરા-મરણ-રોગ આદિ અનુભવમાં આવે તે દુઃખરૂપજ દેખાય છે.[૫૦] શાંત એવો તત્ત્વવેત્તા પુરુષ ગતિ કરતો હોય, સ્થિર થઇ રહ્યો હોય, જાગતો હોય કે નિદ્રા કરતો હોય, પરંતુ હમ્મેશ એક સમાહિત સ્થિતિમાંજ તે રહ્યો હોય છે.[૫૧] ભેદ દેખાતાં છતાં પણ અભેદમાંજ નિષ્ઠા રાખી રહેલ અને દુઃખમાં પણ સુખસ્થિતિમાં રહેનાર તથા સંસારમાં રહેતાં છતાં (અંદર મુક્ત હોવાથી) તેમાં નહિ રહેનાર એવા જીવન્મુક્ત પુરુષને બીજું શું કરવાનું અવશેષ રહે છે ? કાંઈ નહિ.[૫૨] જો કે તત્ત્વજ્ઞ પુરુષ બહાર કાર્યપ્રસંગે વ્યવહાર કરે છે, તોપણ પોતાના હૃદયવડે કશાનો ત્યાગ કે ગ્રહણ કરતો નથી, કિંતુ તે બ્રહ્મમાંજ સ્થિતિ રાખી રહે છે.[૫૩] જેમ હિમમાં શીતલપણું રહે છે, અને અગ્નિમાં ઉષ્ણપણું રહે છે, તેમ એવી સ્થિતિમાં રહેવું એ તત્ત્વવેત્તાનો સ્વભાવજ છે; બાકી કાંઈ તે યત્નવડે તેણે સંપાદન કરેલ ગુણ નથી હોતો. (કિંતુ સ્વાભાવિક હોય છે.)[૫૪] જેનો આવો સ્વભાવ હોય તેજ ખરેખર તત્ત્વવેત્તા છે, અને બ્રહ્મ સિવાય ઇતર પદાર્થમાં ઇચ્છા થવી તેજ અવિવેકીનું ચિહ્ન છે.[૫૫] જે આવરણથી રહિત થઇ જઈ ખરેખર વિદ્વાન થઈ રહ્યો હોય તેનું ચિત્ત સદાકાલ સમાહિત રહે છે. વળી તેના શત્રુ–મિત્ર વગેરે વિકલ્પો ક્ષીણ થઇ ગયા હોય છે. વિશેષે કરી તે પોતાના આત્મસુખનેજ સારરૂપ સમજે છે, અને શાંતિરૂપી પરમ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અમૃતવડે તે સદાકાલ તૃપ્તજ રહે છે.[૫૬]

आश्वस्तांतःकरणः क्षीणविकल्पः स्वरूपसारमयः। परमशमामृततृप्तस्तिष्ठति विद्वान्निरावरणः॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દ્વૈતૈક્યનિરામયયોગોપદેશ' એ નામનો એકસો એકોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૧

સર્ગ ૧૭૨ મો.*

જગત બ્રહ્મસ્વરૂપ છે

॥ श्रीवासिष्ठ उवाच ॥

एवं पृथ्व्यादिरहितः खमेवाद्यः प्रजापतिः ॥ मनोमात्रमहं मन्ये संकल्पविटपी यथा ॥ १ ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે આદિ પ્રજાપતિ વિરાટ્, પૃથ્વી આદિથી રહિત ચિદાકાશરૂપજ છે, અને સંકલ્પવૃક્ષની પેઠે હું તેને મનોમાત્રજ માનું છું.[૧] જલ જેમ ઉછળી તરંગ આદિને આકારે વિવર્તભાવને પ્રાપ્ત થઇ જતાં તેમાં તરંગભાવની કલ્પના થાય, તેમ મન એવા નામની કલ્પના થતાં ચિદાત્માજ તેમાં પોતાના અધ્યાસને કલ્પી લે છે.[૨] ચિદાત્મા કે જે પોતે સત્તામાત્રજ છે, તેમાં બુદ્ધિ આદિ ક્યાંથી હોય? પૃથ્વી આદિ જો નથીજ તોપછી અનંત ચિદાકાશમાં રજોગુણ ક્યાંથી હોય?[૩] એ નિર્વિકાર ચિદાકાશમાં દેહ-ચિત્ત આદિ કશું નથી, ઇંદ્રિયો પણ નથી, વાસનાઓ પણ નથી. ચિદાત્માને જોકે આ જગત ઉપરથી તો સત્ય જેવું દેખાય છે પણ વસ્તુતાએ જોતાં કશું પણ છેજ નહિ.[૪] હે વિવેકી રામચંદ્રજી! પ્રથમના પ્રજાપતિ મુક્ત થઇ જવાથી ફરીવાર તેનાં દેહ-બુદ્ધિ આદિની ઉત્પત્તિ સંભવતી નથી; તેમજ નવો પ્રજાપતિ તથા તેને જગતની રચનાની સ્મૃતિ, એપણ સંભવતું નથી.[૫] સંસારમાં રહેનાર અને અનેક યોનિઓમાં ભટકનાર એવા ઇતર જીવોનીપેઠે વિદેહમુક્ત પુરુષને બીજા દેહની પ્રાપ્તિ કે ફરીવાર સંસારની સ્મૃતિ હોતી નથી, કેમકે દેશાંતરમાં કે કાલાંતરમાં પાછો તેઓનો પુનર્જન્મ થતો નથી.[૬] કદાચિત્ પ્રજાપતિને તેવા પૂર્વસંસ્કારના બલથી પ્રથમની પેઠે જગતની રચના કરવાની સ્મૃતિ થતાં પાછાં ફરીવાર તેના દેહ આદિ ઉત્પન્ન થાય એમ માનવામાં આવે, તોપણ તેનો એ દેહ માનસિક સંસ્કારજન્ય હોવાનેલીધે મનોમય હોવાથી પૃથ્વી આદિથી ઉત્પન્ન નહિ થએલ, શાંત, અતિતુચ્છ અને સંકલ્પનગરના જેવો મિથ્યા છે.[૭] જેમ સંકલ્પવડે ખડા થઇ ગએલ (મનોમય) પર્વતનું સ્વરૂપ પ્રત્યક્ષ રીતે દેખાતાં છતાં પૃથ્વી આદિથી (પાર્થિવભાવ આદિથી) રહિત છે, તેમ વિરાટનું સ્વરૂપ પણ પ્રત્યક્ષરૂપે દેખાતાં છતાં પૃથ્વી આદિથી રહિત છે.[૮] વસ્તુતાએ જોતાં કોઇ પણ દેશ—કાલમાં કશી પણ સ્મૃતિ સંભવતી નથી અને લૌકિક બુદ્ધિવડે તેને માનવામાં આવે તોપણ તત્ત્વદૃષ્ટિથી જોતાં તે નથીજ.[૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે સ્મૃતિવાળાઓમાં શ્રેષ્ઠ અને ગુણોના સમૂહના ખજનારૂપ મહારાજ! (પૂર્વકલ્પમાં પૃથ્વી આદિ સર્વ પદાર્થોનો અનુભવ હોવાથી) એ સર્વ પૃથ્વી આદિ પદાર્થોની પૂર્વવત્ રચના કરવાની વાત કેમ ન સંભવે? અને જો સ્મૃતિનોજ અસંભવ હોય તો પછી પ્રથમના જેવીજ બ્રહ્માંડની રચના કેમ બને?[૧૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો પૂર્વકલ્પના પૃથ્વી આદિ દૃશ્ય પદાર્થો પરમાર્થ દૃષ્ટિએ જોતાં સત્ય હોય તો હજી તેનો સ્મૃતિવડે ઉત્પન્ન

---

* આ એકસો બોતેરમા સર્ગમાં વિધાતા એક મનોમાત્ર છે, જગતનો ભ્રમ એ એક તેનો સંકલ્પમાત્ર છે, વિધાતાનો ફરીવાર દેહ કે જગત રચવાની સ્મૃતિ તેમાં સંભવતી નથી તે તથા સ્મૃતિનું ખરું તત્ત્વ શું છે, એવિષે વર્ણન આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થનાર અને અન્વય–વ્યતિરેકવડે પ્રસિદ્ધ એવો કાર્ય–કારણભાવ સંભવે; પરંતુ વસ્તુતાએ જોતાં (દૃશ્યની અસત્યતાનેલીધે) સ્મૃતિજ સંભવતી નથી.[૧૧] જ્યાં બ્રહ્માથી માંડી સ્તંબપર્યંત કાંઇ પણ દૃશ્યજ નથી, ત્યાં પછી સ્મૃતિનો સંભવ ક્યાંથી હોય અને કેવો હોય ?[૧૨] જે પદાર્થ પરમાર્થદૃષ્ટિએ જોતાં ઉત્પન્ન થાય અને તેની વિદ્યમાન દશામાં પ્રમાણોવડે તેનો અનુભવ થયો હોય તો હજી કાલાંતરે તેનું સ્મરણ થતાં શાસ્ત્રજ્ઞો તેને સ્મૃતિપદવડે કહે; પરંતુ જ્યાં દૃશ્યજ નથી ત્યાંપછી બીજી સ્મૃતિ આદિની કલ્પના તો ક્યાંથીજ હોય ?[૧૩] આ દૃશ્યનો સર્વદા અત્યંત અભાવજ છે, અને સર્વ બ્રહ્મજ છે; એ વાત જો સત્ય છે તો પછી સ્મૃતિની કલ્પના ક્યાંથી હોય ?[૧૪] માટે પ્રથમ પ્રજાપતિને (જગતરચના આદિની) સ્મૃતિજ સંભવતી નથી, તો શુદ્ધજ્ઞાનરૂપ એ પ્રજાપતિનું આકારવાનપણું તો ક્યાંથીજ સંભવે ?[૧૫] જે કાંઈ સ્મૃતિ થાય છે તે પૂર્વના અનુભવજન્ય સંસ્કારની ભાવનાના બલથી થાય છે. હવે આદ્ય પ્રજાપતિને, પૂર્વે કશું પણ ન હોવાથી, લૌકિક સ્મૃતિ (અમુક મારી માતા છે, અમુક પુત્રી છે, ઇત્યાદિના જેવી પ્રમાણજન્ય સ્મૃતિ) હોતીજ નથી. લોકમાં પ્રતીતિમાં આવતો સ્મૃતિનો વિષય (માતા પુત્રી આદિ) તો સત્યરૂપે ધરની અંદર રહેલ હોય છે, જેથી તેના સંસ્કારો ચિત્તમાં ચોટી જવાથી પછી સ્મૃતિ થવાનો તેમાં અવકાશ રહે છે. પ્રજાપતિમાં તો તેનો કશો અવકાશ નથી. આવિષે વિશેષ વિવેચન હું કહું તે તમે સાંભળો.[૧૬] પ્રથમ અનુભવમાં આવેલ પદાર્થોનું પછી સંસ્કારબલથી જે કાંઇ સ્મરણ થવું તે સ્મૃતિ કહેવાય છે. હવે જ્યારે કોઇ પણ પદાર્થ છેજ નહિ, થયો પણ નથી અને થશે પણ નહિ, અને આ સર્વ એવી રીતે આદિ, મધ્ય અને અંતથી રહિત અચલ એવા પરબ્રહ્મરૂપ છે, તોપછી સ્મૃતિ આદિની સ્થિતિ તેમાં ક્યાંથી હોય ?[૧૭,૧૮] ચિદાકાશનો જે વિવર્ત સર્વરૂપ હોવાથી પદાર્થને આકારે થઇ રહેલ છે તેને અનુસરી શાંત પરબ્રહ્મનેજ મેં વ્યવહારમાં સ્મૃતિશબ્દવડે આગળ કહેલ છે.[૧૯] પોતાના આત્મસ્વરૂપનો જે એક વિવર્ત છે તેજ સ્મરણશબ્દ–વાચ્ય છે; અને તે સ્મરણવડે આગળ અનુભવાએલ પદાર્થ, સાદૃશ્યનેલીધે બાહ્ય વસ્તુરૂપે ભાસે છે.[૨૦] જીવ ભ્રાંતિવડે કે સ્મૃતિપરંપરાવડે જે કાંઇ બ્રહ્મની અંદર અનુભવે છે, અને પછી કાલાંતરમાં સ્વસ્વરૂપને નહિ છોડનાર પરબ્રહ્મમાં જે કાંઇ પદાર્થ સંસ્કારબલથી તેને સ્ફુરી આવે છે, તેની પછી સ્મૃતિ એવી સંજ્ઞા તેણે પોતેજ કલ્પી લીધેલ છે.[૨૧] જેમ ભ્રાંતિવડે, અવિદ્યમાન છતાં, ઝાંઝવાનું જલ સત્ય જેવું ભાસે, તેમ આ દૃશ્ય અવિદ્યમાન છતાં ભ્રાંતિવડે ભાસ્યા કરે છે; અને સ્મૃતિ આદિની સ્થિતિ પણ તેવીજ છે.[૨૨] સર્વના આત્મારૂપ પરબ્રહ્મની અંદર રહેલા પદાર્થોના અનુભવો ભ્રાંતિવડે સત્યરૂપે દેખાય છે; અને અભ્યાસવડે ચિત્તમાં રૂઢ થઈ રહેલા તેજ અનુભવો સમાનતાનેલીધે પાછળના સમયમાં સ્મૃતિરૂપ કહેવાય છે.[૨૩] સર્વના આત્મારૂપ એ ચિદાકાશની અંદર કાકતાલીયની પેઠે જે કાંઇ (કારણને યોગે) સ્ફૂર્તિઓનો ઉદય થાય છે, તેનીજ સ્મૃતિ એવી સંજ્ઞા કરવામાં આવી છે, કે જે ચિદાકાશના એક અવયવ જેવી છે, અને સ્વતઃ વિકારશૂન્ય છે.[૨૪] સર્વના આત્મારૂપ ચિદાકાશનું પોતાનું સત્યસ્વરૂપ, પોતાના અનુભવમાં જે જે વિષયને પોતાની મેળેજ વિસ્તારી દેછે તેને, પૂર્વે અનુભવાએલ પદાર્થની સ્ફૂર્તિના સમાનપણાનેલીધે, પાછળથી વિદ્વાનો સ્મૃતિ એવા નામવડે કહે છે.[૨૫] પવનમાં રહેલ ચલન-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શક્તિની પેઠે, ઉદ્બોધક હેતુની પ્રાપ્તિવડે કિંવા નહિ પ્રાપ્તિ થતાં પણ, જે કાંઈ અનુભવમાં આવે છે તેજ અનુભવવૃત્તિવાળી સંકલ્પસ્ફૂર્તિ, કાલાંતરે અભ્યાસવડે દૃઢ થએલા પદાર્થોના સંસ્કારબલથી સમાન આકાર–સ્ફૂર્તિનેલીધે સ્મૃતિ શબ્દવડે કહેવાય છે.[૨૬] જેમ આ તમારા અવયવો (મનની ઇચ્છાને અનુસારે) વખતે ચેષ્ટા કરે છે, અને વખતે નિશ્ચેષ્ટ પણ થઇ રહે છે, તેમ આત્માની અંદર કાકતાલીયની પેઠે જે જે પદાર્થોના અનુભવો વારંવાર ભાસ્યા કરે છે તેજ ઉત્તરકાલમાં પછી (કારણને યોગે અનુભવેલ પદાર્થનું સ્મરણ થઇ આવતાં) સ્મૃતિશબ્દવડે કહેવામાં આવે છે.[૨૭] જેમ સ્વપ્ન–ઇંદ્રજાલ આદિમાં મિથ્યાજ્ઞાનવડે પ્રતીતિમાં આવતા ઘટ–પટ આદિ પદાર્થો રહ્યા હોય તેમ સર્વ અનુભવો આત્માની અંદર રહેલાજ છે કે જેઓ અનેક આકારે થઇ રહે છે.[૨૮] જેમ સ્વપ્ન આદિના ઘટ–પટ આદિ પદાર્થો ભ્રમરૂપ છે તેમ આ સ્મૃતિરૂપ પદાર્થ પણ ભ્રમરૂપ હોવાથી તેના મૂલવિષે શો વિચાર કરવો ? કાંઇ નહિ. વસ્તુતાએ જોતાં આ દૃશ્યનો અસંભવ હોવાથી તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં કિંવા તત્ત્વવેત્તા પ્રજાપતિની દૃષ્ટિમાં સ્મૃતિ એવા નામની કાંઇ વસ્તુજ નથી.[૨૯] તત્ત્વજ્ઞ પુરુષ ચિદેકરસ હોવાથી સદાકાલ નિર્વિકાર રહે છે, કેમકે તેની દૃષ્ટિમાં જગતની સ્થિતિ ચિદાકાશરૂપજ છે; બાકી અવિવેકીની દૃષ્ટિમાં હમણા પણ આ જગત યથાસ્થિતપણે રહેલ છે.[૩૦] હું મોક્ષના ઉપાયની કથાને કે તત્ત્વવેત્તાની સ્થિતિને જાણતો નથી; પરંતુ પ્રાચીન કાલથી એવીજ પદ્ધતિ ચાલી આવે છે કે જ્યાંસુધી શિષ્ય સાધન–ચતુષ્ટય–સંપત્તિપૂર્વક જિજ્ઞાસુ તરીકે હોય ત્યાંસુધી ગુરુ તેને મોક્ષકથાનો ઉપદેશ આપે છે,[૩૧] કે જેવડે દૃશ્ય, સ્મૃતિ, અને વિષયોનું સમ્યક્ સ્મરણ, એ સર્વ શાંત થઈ જાય છે. અવિદ્યાનો, મૂર્ખતાનો અને મોહનો અત્યંત અસંભવ હોવાથી અમારા સમજવામાં અવિવેકીઓનો નિશ્ચય કોઈ દિવસ આવી શકે નહિ, કેમકે જે જેનો વિષય નથી તેનો તેને અનુભવ થતો નથી.[૩૨,૩૩] હે અંગ ! સૂર્યને રાત્રિનો અનુભવ શી રીતે થાય, તે તમેજ કહો. અંતઃકરણરૂપ ઉપાધિવાળા ચિન્માત્રતત્ત્વમાં બાહ્ય વસ્તુને આકારે જે કાંઇ ભાસે છે તેનો વારંવાર વ્યવહારમાં અભ્યાસ થતાં તે અભ્યસ્ત વિષયની સરસાઇનેલીધે તેના સંસ્કારવડે રંગાએલ ચિત્તજ સંસ્કાર પદવડે કહેવાય છે. કલ્પનાવડે ખડા થઇ જનારા સર્વ બાહ્ય પદાર્થો કે જેઓ વસ્તુતાએ જોતાં આત્મસત્તારૂપ છે અને ચિદાકાશરૂપ છે તે જો કે આભાસરૂપે જોવામાં આવે છે, પરંતુ તેના અનવસ્થિતપણાનેલીધે તેનું અવાસ્તવપણું સમજાયાથી તત્ત્વજ્ઞ પુરુષને તેનો સંસ્કાર લાગવો અસંભવિતજ છે. એવી રીતે આ જગત આદિ કશું પણ કોઇ દિવસ સંભવતું નથી.[૩૪-૩૬] જો કે આ દૃશ્ય ઝાંઝવાના જલની પેઠે દેખાય છે, પરંતુ પરમાર્થદૃષ્ટિએ જોતાં નથી; અને જ્યારે આ વાત સિદ્ધજ છે તો પછી સ્વપ્નમાં અને સૃષ્ટિના આદિકાલમાં ચિદાકાશજ અનેકરૂપે ભાસે છે.[૩૭] સ્વસ્વરૂપમાં રહેનાર પરમશુદ્ધ ચિદાકાશજ સૃષ્ટિ એવા પર્યાય શબ્દનું વાચક છે. ચિદાકાશ પોતાના વાસ્તવિક સ્વરૂપમાંથી ભ્રષ્ટ નહિ થતાં આવે જગત આદિને રૂપે ભાસી રહ્યું છે.[૩૮] તેમ થવામાં અધિષ્ઠાનરૂપ પણ પોતેજ છે, અને સાધનરૂપ પણ પોતેજ છે. સૃષ્ટિના આદિકાલમાં વિવર્તભાવને પ્રાપ્ત થઇ જતાં, બ્રહ્મજ કેમ જાણે જગત આદિરૂપ થઈ રહ્યું હોય તેવું છે, કે જે જગત આદિ વસ્તુતાએ મિથ્યાભ્રાંતિરૂપજ છે છતાં પ્રતીતિમાં આવે છે;[૩૯] માટે કયા અને શા કારણથી હેય–ઉપાદેય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આદિ ભાવોની પ્રતીતિ થાય ? આ કશું કોઇ પણ સ્થલે આકારવાળું કિંવા સ્મૃત્યાત્મક નથી.[૪૦] કારણના અભાવનેલીધે પરમાત્માનું સ્વરૂપજ જગત આદિને આકારે ભાસે છે. જગતને જેવું સાકાર માનવામાં દુઃખ છે, તેવુંજ સ્મૃત્યાત્મક માનવામાં પણ છે;[૪૧] માટે એ બન્ને (સાકારતા અને સ્મૃતિ) અસત્ય છે, અને બંધ પણ નથીજ. જીવન્મુક્ત પુરુષોની દૃષ્ટિમાં આકાશના જેવા નિર્વિકાર શૂન્ય ચિદાકાશની અંદર, પૃથ્વી–સૂર્ય–પર્વત આદિ જગત, પોતાના મૂલસ્વરૂપ (ચિદ્રૂપતા) ને નહિ છોડતાં યથાસ્થિતપણે રહેલ છે; અને તેની અંદર દેશ–કાલ આદિની ઉગ્ર કલ્પના પણ યથાસ્થિતપણે રહી છે.[૪૨,૪૩] જગત આવે સ્થૂલરૂપે દેખાતાં છતાં પોતાના શુદ્ધ મૂલ ચિદ્રૂપભાવને છોડતું નથી. સાક્ષિચૈતન્યને પ્રતીતિમાં આવતાં સ્વપ્ન નગરની પેઠે આ જગત પોતાના એક અનુભવરૂપ છે; અને પોતાના સ્વરૂપને નહિ છોડનારા ચિદાકાશના ઉદરમાં તે રહેલ છે.[૪૪] એ પોતે પૃથ્વી વગેરે ભાવથી રહિત છે તો પછી તેમાં પૃથ્વી વગેરે ક્યાંથી હોય, તે તમેજ કહો. આથી એમજ સિદ્ધ થાય છે કે કેવલ શાંત એવું ચિદાકાશજ પોતાના સ્વરૂપમાં આવે જગત આદિ સ્થૂલ આકારે ભાસી રહ્યું છે.[૪૫] સર્વ સૃષ્ટિના આદિકાલમાં અને સ્વપ્નકાલમાં પૃથ્વી આદિનો સંભવ ક્યાંથી હોય ? કિંતુ બ્રહ્મસત્તાજ પોતાવડે પોતાના સ્વરૂપમાં કેમ જાણે જગતનેરૂપે આવિર્ભાવને પ્રાપ્ત થઈ ગઈ હોય તેવી બની જઇ પૃથ્વી આદિ સંજ્ઞાઓને કલ્પી લે છે, અને પછીથી તે સત્તાઓ કેમ જાણે સત્ય અર્થને આપનાર હોય તેવી થઈ રહે છે. બાકી જગત, પૃથ્વી આદિનોજ પ્રથમ અસંભવ હોવાથી સાકાર નથી, તેમ સ્મૃત્યાત્મક પણ નથી, ભ્રાંતિરૂપ પણ નથી અને વિવર્ત આદિરૂપ પણ નથી; કિંતુ કેવલ બ્રહ્મરૂપજ છે.[૪૬,૪૭] આ બ્રહ્મજ સુંદર જગતને આકારે વિવર્તરૂપે પ્રતીતિમાં આવે છે તે વસ્તુતાએ એકજ છે. સૃષ્ટિમાં અને પ્રલયમાં તે વિકારને નહિ પામતાં પોતાના સ્વરૂપમાં રહે છે. તે દૃશ્યરૂપે પ્રતીતિમાં આવે છે છતાં નિર્મલ આકાશરૂપ છે, શાંત છે, નિત્ય છે, અને અવિવેકીઓને નિરંતર સૃષ્ટિ–પ્રલય આદિરૂપે અનુભવમાં આવે છે.[૪૮]

ब्रह्मेदमाकचति चारु जगत्स्वरूपं तच्चैकमेव कचनाकचनात्मनिष्ठम् ॥ दृश्याभमप्यमलमेव नभः प्रशान्तं नित्योदितं प्रलयसर्गमयोदयात्म ॥४८॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જગતો બ્રહ્મત્વપ્રતિપાદન' એ નામનો એકસો બોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૨

सर्ग १७३ मो.*

ચેતનને જડમાં અભિનિવેશ થવાનું કારણ

॥ श्रीराम उवाच ॥

सर्वानुभवरूपस्य तथा सर्वात्मनोऽप्ययम् ॥ अनंतस्यात्मतत्त्वस्य देहेऽपि किमहंग्रहः ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ–સર્વના અનુભવરૂપ અનંત આત્મતત્ત્વ સર્વના આત્મારૂપ છતાં તેનો દેહમાંજ અહંગ્રહ (હું દેહરૂપ છું એવો અભિનિવેશ) કેમ બંધાઈ જાય છે ?[૧] ચિદાત્મા સ્વપ્ન આદિમાં જડ કાષ્ઠ-પાષાણ આદિરૂપ કેમ બની જાય છે ? અને આ કાષ્ઠ પાષાણ આદિ નથી એમ કહો તો કેમ નથી ? અને છે એમ કહો તો કેમ છે ? તે કહી બતાવો.[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–જેમ દેહધારી જીવોને હાથમાં હાથપણાનો અભિનિવેશ બંધાઈ જાય, છે તેમ સર્વના આત્મારૂપ ચેતનતત્ત્વને

* આ એકસો તોતેરમા સર્ગમાં ચિદ્રૂપ તત્ત્વનું સર્વરૂપપણાવિષે અને દેહ આદિ જડભાવમાં તથા ક્રિયાઆદિમાં અભિનિવેશ બંધાયાવિષે નિરૂપણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ દેહમાં દેહપણાનો અભિનિવેશ બંધાઇ જાય છે.[૩] જેમ વૃક્ષને પોતાના પાંદડાંમાં પત્રભાવનો અભિનિવેશ બંધાઈ જાય તેમ સર્વના આત્મારૂપ ચેતનતત્ત્વને વૃક્ષમાં વૃક્ષપણાનો અભિનિવેશ થાય છે.[૪] આકાશને જેમ શૂન્યમાં શૂન્યભાવનો અભિનિવેશ બંધાઇ જાય તેમ સર્વાત્મા ચિદ્રૂપતત્ત્વને દ્રવ્યમાં દ્રવ્યભાવનો અભિનિવેશ બંધાય છે.[૫] નિરાકાર એવા ચિત્તમાંથી ઉત્પન્ન થવાનેલીધે નિરાકારપણાને ધારણ કરવાને યોગ્ય એવા સ્વપ્નનગરમાં સ્વપ્નભોક્તાને જેમ સાકારતાનોજ અભિનિવેશ બંધાઇ જાય, તેમ સર્વના આત્મારૂપ ચેતનતત્ત્વને પણ સ્વપ્ન-જાગ્રત આદિમાં તે તે ભાવનો અભિનિવેશ બંધાય છે.[૬] જેમ પર્વતના અભિમાની જીવને અને નગરાભિમાની જીવને પોતામાં રહેલ પાષાણ, વૃક્ષ, જલ, ઇત્યાદિમાં તે તે ભાવનો અભિનિવેશ થાય, તેમ સર્વના આત્મારૂપ ચિન્મયતત્ત્વને પણ પોતાની અંદર રહેલ પર્વત, નગર ઇત્યાદિમાં તે તે ભાવનો અભિનિવેશ થઈ જાય છે.[૭] જેમ ચેતનરૂપે જણાતા એવા શરીરને કેશ, નખ, ઇત્યાદિમાં અચેતનપણાનો (જડભાવનો) આગ્રહ બંધાય, તેમ સર્વના આત્મારૂપ ચિન્મયતત્ત્વને કાષ્ઠ, પાષાણ આદિમાં જડભાવનો અભિનિવેશ બંધાય છે.[૮] જેમ સાક્ષિચૈતન્યજ સ્વપ્નની અંદર (વિવર્તભાવે) કાષ્ઠ–પાષાણ આદિરૂપે પ્રતીતિમાં આવે, તેમ ચિદાકાશજ સૃષ્ટિના આરંભકાલમાં સાકાર આદિરૂપે પ્રતીતિમાં આવે છે.[૯] જેમ નખ–કેશ અને જલ–આકાશ આદિના ધર્મને ધારણ કરનાર પુરુષનું એકજ શરીર જડ–ચેતનરૂપ છે, અને સાકાર છે,[૧૦] તેમ સર્વના આત્મારૂપ સત્ય તત્ત્વનું એકજ સ્વરૂપ જડ–ચેતનરૂપ અને સ્થાવર–જંગમરૂપ છે; કિંતુ તે નિત્ય અને નિરાકાર છે.[૧૧] જેમ સ્વપ્નમાં દીઠેલ અર્થની ભ્રાંતિ (આ સ્વપ્ન છે) એમ જાણનાર પુરુષના ચિત્તમાંથી યથાસ્થિતપણે રહ્યા છતાં શમીજાય તેમ સારીપેઠે જ્ઞાનને પ્રાપ્ત થએલા પુરુષની દૃષ્ટિમાં આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં શમી જાય છે.[૧૨] સ્વપ્નને દેખનાર માણસ પ્રાતઃકાલમાં જાગી જાય એટલે સ્વપ્નનો દ્રષ્ટા અને દૃશ્ય વગેરે ભાવો મિથ્યા જણાય, અને તેને આ સર્વ ચિદાકાશરૂપ હતું એવો નિશ્ચય કરી આપવાને એ પ્રબોધજ સમર્થ થાય છે, તેમ સંસારરૂપ નિદ્રામાંથી પ્રબુદ્ધ થએલા તત્ત્વજ્ઞને પણ દૃશ્ય-દ્રષ્ટા આદિનું મિથ્યાપણું જણાઈ એ પ્રબોધજ ચિદાકાશના સત્યપણાને બતાવી આપે છે, કે જ્યાં છેવટ મૌનનોજ આશ્રય લેવો પડે છે.[૧૩] જેમ મહાસાગરમાં અનેક જલના આવર્તો (ચકરીઓ) થતા રહે અને શમી જતા રહે, તેમ ચિદાકાશની અંદર હજારો અને કરોડો કલ્પોપર્યંત તેની તેજ સૃષ્ટિઓ અથવા તો બીજીજ સૃષ્ટિઓ ઉત્પન્ન થતી રહે છે, અને નાશ પણ પામતી રહે છે.[૧૪] જેમ સમુદ્રની અંદર રહેલ જલ, તરંગ આદિમાં પોતાના સ્વરૂપને અનેક પ્રકારે પ્રસારી દે તેમ ચિદાકાશ પણ પોતાના માયાશબલ ચૈતન્યરૂપમાં સૃષ્ટિ આદિ અનેક સંજ્ઞાઓને કલ્પી લે છે.[૧૫] અવિવેકી જન–સમુદાયના નિશ્ચયને બાદ કરતાં તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં સદા નિર્વિકાર પરબ્રહ્મરૂપ છે.[૧૬] હું તરંગરૂપ નથી પરંતુ જલરૂપ છું; એવું જે તરંગે યુક્તિવડે જાણ્યું તેનો પછી તરંગભાવ ક્યાં રહ્યો ?[૧૭] જલમાં થતા તરંગના ભાનનીપેઠે બ્રહ્મમાંથીજ આ જગતનો આભાસ થાય છે, અને જેમ તરંગ અને તરંગનો અભાવ એ બન્ને સમુદ્રના ધર્મો છે, તેમ જગતની પ્રતીતિ અને તેનો અભાવ એ બન્ને બ્રહ્મની એક જાતની શક્તિ છે, અને તેજ તેવે પ્રકારે સ્થિતિને પ્રાપ્ત થઈ રહેલ છે.[૧૮] હે રામ ! જ્ઞાની પોતાના ચિદ્રૂપને નહિ છોડનાર

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

ચિદાકાશનું સ્વપ્નની પેઠે મનઃસમષ્ટિરૂપી ઉપાધિમાં પ્રતિબિંબ પડતાં એ ઉપાધિવાળું જે કાંઇ સ્વરૂપ ખડું થાય છે તેજ મન, બ્રહ્મ, પિતામહ, ઇત્યાદિ નામોવડે કહેવાય છે.[૧૯] એવી રીતે પ્રથમ પ્રજાપતિજ નિરાકાર અને નિર્વિકાર છે, અને ચિન્માત્રરૂપ એવા સંકલ્પનગરની પેઠે તે કારણથી રહિત છે.[૨૦] જે સુવર્ણના બાજુબંધે પોતાનું બાજુબંધપણું નથી એમ જાણ્યું તેનુ પછી બાજુબંધપણું ક્યાં રહે? કિંતુ તેનો શુદ્ધ સુવર્ણભાવજ રહે.[૨૧] જ્યારે પ્રથમ પ્રજાપતિ કે જે સમષ્ટિરૂપ છે તે અજન્મા, સંકલ્પમાત્ર અને કેવલ ચિદાકાશરૂપ એવા દેહને ધારણ કરવાવાળા છે; ત્યારે પછી હું, તમે અને આ જગત, ઇત્યાદિ જે કાંઇ ભાસે છે, તે પણ સર્વ તેવુંજ છે.[૨૨] ચિદાકાશની અંદર શૂન્યતાની પેઠે જે કાંઇ ચૈતન્યના ચમત્કારો ભાસી રહ્યા છે, તેજ સૃષ્ટિરૂપ, સંહારરૂપ, સ્થિતિરૂપ, તેના વિચિત્ર પ્રવાહોરૂપ અને અનુભવોરૂપ છે.[૨૩] ચિદાકાશનું પોતાની મેળેજ સ્વપ્નની પેઠે પ્રથમ સ્વચ્છ એવું જે વિવર્તરૂપે થઇ રહેવું, તેજ હિરણ્યગર્ભ છે.[૨૪] સમુદ્રમાં તરંગ જેમ તેજરૂપે કિંવા બીજે રૂપે નિરંતર સ્ફુરતો રહે છે, તેમ બ્રહ્મની અંદર અનાદિ અને અનંત એવો સૃષ્ટિ–પ્રલયનો વિભ્રમ પણ સ્ફુરતો રહે છે.[૨૫] ચિદાકાશનો સુંદર એવો વિવર્તજ વિરાટ્ શબ્દવડે કહેવામાં આવે છે; અને તે વિરાટનું મન કે જે હિરણ્યગર્ભરૂપ છે તે જે કાંઇ રચે તે પણ સંકલ્પનગરના જેવુંજ સમજવાનું છે.[૨૬] તે વિરાટજ સૃષ્ટિરૂપ છે, તેજ સ્વપ્નરૂપ છે, અને તેજ જાગ્રત્ અવસ્થાના વ્યષ્ટિ–સમષ્ટિ દેહરૂપ પણ થઇ રહેલ છે. જેમ ઘાટી એવી સુષુપ્તિ અતિ નિદ્રારૂપી અંધકારના બલથી સ્વપ્નરૂપ બની જાય, તેમ પ્રલયને વિષે અવિદ્યારૂપ અંધકારવડે આત્માજ જગતરૂપે અનુભવમાં આવે છે.[૨૭] અવાંતર પ્રલયરૂપી બ્રહ્માની રાત્રિ વિરાટરૂપ પરમાત્માના કેશરૂપ છે. પ્રકાશ અને અંધકાર (દિવસ તથા રાત્રિ) તથા કાલ અને ક્રિયા એ તેના પોતાના અવયવોની સંધિરૂપ છે.[૨૮] અગ્નિ એ વિરાટના મુખરૂપ છે, આકાશ મસ્તકરૂપ છે, અંતરિક્ષ નાભિરૂપ છે, પૃથ્વી ચરણરૂપ છે, સૂર્ય અને ચંદ્ર ચક્ષુરૂપ છે, દિશાઓ શ્રોત્રરૂપ છે. એવી રીતે એક કલ્પનાજ વિરાટને આકારે ખડી થઇ ગએલ અનુભવમાં આવે છે.[૨૯] એ પ્રમાણે સારી પેઠે વિચારથી જોતાં વિરાટનું સ્વરૂપ સ્વપ્નના જેવું અને આપણા સંકલ્પમય પર્વતના જેવું છે; અને તે વિશાલ આકારે પ્રતીતિમાં આવતાં છતાં ચિદાકાશરૂપ છે.[૩૦] ચિદાકાશની અંદર ચેતનરૂપ જીવભાવને પ્રાપ્ત થઇ જે અત્યંત દીપી નીકળે છે તે આત્મા પોતેજ પોતાના સ્વરૂપને જગતનેરૂપે અનુભવે છે.[૩૧] એવી રીતે વિશાલ ચિદાકાશજ વિરાટરૂપે ભાસે છે; અને સ્વભાવરૂપ, સ્વપ્નરૂપ, નગરરૂપ, પર્વતરૂપ, વૃક્ષરૂપ અને હાથીરૂપ પણ તેજ છે.[૩૨] જેમ સ્વપ્નનટ પોતાના આત્માનેજ સ્વપ્નદેશરૂપે અનુભવે, તેમ અનુભવ કરનાર ચિદાત્માજ, સત્ય અને અનુભવરૂપ એવા પોતાના આત્માને માયાના આવરણનેલીધે અસત્ય જેવો માની લઇ, અમુક પરિચ્છિન્નરૂપે અનુભવે છે.[૩૩] વેદાંત, જૈન, સાંખ્ય, બૌદ્ધ, એ મતોના ગુરુઓએ તથા આગમ શાસ્ત્રનો ભેદ કરનાર પશુપતિ, ભૈરવ, ઇત્યાદિએ પોતાનાં શાસ્ત્રોમાં જે જે વિચારો પ્રતિપાદન કરેલા છે તે સર્વરૂપ થઈ જઈ અમારું બ્રહ્મજ, તેવી તેવી વાસનાને યોગે, તેવે તેવે રૂપે સ્ફુરેલ છે; અને તે તે વાદીઓના પોતપોતાના નિશ્ચયને અનુકૂલ પડતું માની લીધેલ પારલૌકિક સુખ તથા આ લોક-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંબંધી સર્વફલ, એ સર્વરૂપ બ્રહ્મજ થઈ જાય છે; કેમકે અમુક પ્રકારનું ફલ આપણને પ્રાપ્ત થાઓ, એમ તેઓના આત્મામાંથીજ આશાની ઉત્પત્તિ થાય છે. બ્રહ્મનો આવો લોકોત્તર મહિમાજ છે, કેમકે તે પોતેજ માયાના યોગથી સર્વશક્તિમાન થઇ રહેલ છે.[૩૪]

वेदान्ताहर्तसांख्यसौगतगुरुत्र्यक्षादिसूक्ता दृशो ब्रह्मैव स्फुरितं तथात्मकलयास्तादात्मनित्यं यतः तेषां चात्मविदोनुरूपमखिलं स्वर्गं फलं तद्भवत्यस्य ब्रह्मण ईदृगेवमहिमा सर्वात्म यत्तद्वपुः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થોપદેશ' એ નામનો એકસો ત્રોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૩

सर्ग १७४ मो.*

નિર્વાણપદવિષે વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

सर्गादौ स्वप्नसंवित्त्या चिदेवाभाति केवला॥ जगदित्यवभासेव ब्रह्मैवातो जगत्त्रयम् ॥ १ ॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સૃષ્ટિના આદિકાલમાં કેવલ ચિદાકાશજ સ્વપ્નના અનુભવ પ્રમાણે કેમ જાણે જગતને રૂપે ભાસતું હોય, તેમ થઇ રહે છે, જેથી ત્રણે લોક બ્રહ્મરૂપજ છે,[૧] સૃષ્ટિઓ બ્રહ્મરૂપ સાગરના તરંગ જેવી છે, અને તેમાં રહેલ જ્ઞાનરૂપ અનુભવ દ્રવરૂપ છે. જીવન્મુક્ત પુરુષોને વ્યવહારસિદ્ધિ માટે પ્રતીતિમાં આવતું જગત પણ, (આનંદરૂપ સદ્રૂપ અને ચિદ્રૂપ હોવાથી) કેમ જાણે કોઇ બીજીજ સૃષ્ટિ હોય તેવું ભાસે છે, તો પછી તેમાં દ્વિત્વ એકત્વ આદિ બીજું કયાંથી હોય ?[૨] જેમ એકજ ચિદાકાશ નિદ્રારૂપ હોઈ સ્વપ્ન અને સુષુપ્તિ એ
તેમ ચિદાકાશનું એકજ આત્મ
અને અદૃશ્ય એ બન્નેરૂપે રહેલ
જગતનું વાસ્તવ સ્વરૂપ ઓળખ
જાગ્રતમાં સ્ફુરી આવતા સ્વપ્નન
તે કેવલ બાધિત અને સ્ફૂર્તિરૂ
માત્ર જણાય છે, તો પછી તેમાં
કેવી આસ્થા હોય ?[૪] સૃષ્ટિનું
તેનો અનુભવ કે જે સૃષ્ટિના
પ્રતીતિમાં આવે છે, તેનું
ઓળખવામાં આવે, તો આ જ
બાધિતરૂપે સ્ફુરી આવતા સ્વપ્ન
બાધિત જણાય છે.[૫] જેમ સ્વપ્ન
જુદા જુદા પ્રકારની વાસનાઓ
સત્ય જણાતાં છતાં જાગ્રત અવસ
છે, તેમ જાગ્રત સંબંધી વાસ
સમજવું.[૬] કદાચિત્ બીજે કોઇ
પાદન કરી દૃશ્યનું કાંઇ બીજું
કલ્પવામાં આવતું હોય તો પછી
નાઓની અપેક્ષાએ બંધ બેસતી
માત્રપણાની કલ્પના શામાટે ન ક
સૃષ્ટિની પેઠે જાગ્રતસૃષ્ટિસંબંધી
ભ્રાંતિ તો અનુભવવડેજ સિદ્ધ
કાંઇ બીજું કારણ કલ્પવામાં અ
અનુમાનવડે સિદ્ધ કરી શકાય.
કયા અનુભવથી અધિક થઇ
નથીજ.[૮] આ વાત અનુભવથી
કે મનુષ્ય પોતાની અભીષ્ટ
લેવાને અને અનિષ્ટ સૃષ્ટિને નિ
સમર્થ થઈ શકતો નથી, અ
વિચારી રાખેલ વિષય તેને
દેખાય તેમ પણ બનતું નથ
બીજે પ્રકારે પણ અકસ્માત્
આવે છે. જો સૃષ્ટિ કોઇ

* આ એકસો ચુમોતેરમા સર્ગમાં, સ્વપ્નની પેઠેજ પ્રબોધવડે દૃશ્યનો બાધ થઇ જતાં અવશેષ રહેલ ચિદાત્માના પરમપદપણા વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આધીનજ હોય તો પછી મનુષ્યો તેવી સાધન-સંપત્તિ મેળવી પોતાની અભીષ્ટ સૃષ્ટિનેજ રચે, અનિષ્ટ સૃષ્ટિનું નિવારણ કરે અને કશું પણ અકસ્માત્ (અણધાર્યું) દેખે નહિ. આ પ્રમાણે બીજી રીતે બરાબર ઘટી નહિ શકવાથી આ દૃશ્ય, સ્વપ્નશૈલની પેઠે ભ્રાંતિસ્વરૂપજ છે.[૯] જ્ઞાનનો ઉદય થયા વિના નિર્વિકલ્પ સમાધિ થાય તો તે પણ પરમ જડતારૂપ છે, અને સવિકલ્પ સ્થિતિ થાય તો તેપણ સંસારરૂપજ છે. તેનેલીધે કદાચિત્ ધ્યાન કે સમાધિનો લાભ થાય તોપણ જ્ઞાન થયાવિના તે કાંઇ પુરુષાર્થરૂપ સંભવતું નથી.[૧૦] જો સવિકલ્પ ધ્યાન હોય તો તે એક સંસાર જેવુંજ છે, અને જો નિર્વિકલ્પ હોય તો તે પાષાણના જેવી જડ સ્થિતિ છે. મોક્ષ કાંઈ પાષાણ જેવી જડ સ્થિતિરૂપ કે વિકલ્પાત્મક સંભવતો નથી.[૧૧] પાષાણના જેવી જડ નિર્વિકલ્પ સમાધિવડે બીજું કશું પણ પ્રાપ્ત થતું નથી. પોતાની નિદ્રાવડે શું મળે છે ? કાંઇ નહિ.[૧૨] સૃષ્ટિનો અત્યંત અસંભવ હોવાથી, વિવેકી પુરુષની દૃષ્ટિમાં, સારી રીતે જ્ઞાનનો ઉદય થતાં, સર્વ દૃશ્ય ભ્રાંતિમાત્ર ભાસે છે. જીવન્મુક્તપણાનો ઉદય થવો તેજ વાસ્તવિક રીતે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે; અને તેજ અનંત નિર્વાણરૂપ છે, તેજ મોક્ષ કહેવાય છે. અનંત સુષુપ્તિના જેવી તુરીય અવસ્થા પણ તેનેજ કહે છે, કે જેમાં યથાસ્થિતપણે રહી ક્ષોભને નહિ પામતાં સર્વના પ્રકાશક આત્મારૂપે સ્થિતિ રાખવામાં આવે છે.[૧૩-૧૫] સારી રીતે જ્ઞાનમાં એકરસરૂપ થઇ જવું તે ધ્યાન કહેવાય છે; અને દૃશ્યનો અત્યંત અસંભવ હોવાથી, આત્મસ્વરૂપને યથાર્થ ઓળખવું તેનેજ, શ્રુતિઓ તથા તત્ત્વવેત્તાઓ પરમપદરૂપ કે પરમપુરુષાર્થરૂપ કહે છે.[૧૬] એ સ્થિતિ કાંઇ પાષાણના જેવી જડ નથી, તેમ સુષુપ્તિ જેવી પણ નથી; નિર્વિકલ્પ કે સવિકલ્પ નથી, તેમ સાવ શૂન્યપણ નથી.[૧૭] તે દૃશ્યના અત્યંત અસંભવરૂપ છે અને તે આદિ અનુભવરૂપ છે, એ બ્રહ્મજ સર્વરૂપ છે અને અપવાદદૃષ્ટિથી જોઇએ તો તે કશારૂપ નથી. હે પ્રિય રામચંદ્રજી ! તેના જેવો હોય (નિર્વિકાર શુદ્ધ અધિકારી હોય) તેજ તેને દેખે છે.[૧૮] સારી રીતે પ્રબોધનો ઉદય થાય ત્યારેજ તે પરમનિર્વાણની પ્રાપ્તિ થઇ કહેવાય છે; કે જે દશામાં આ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં પ્રલય જેવી અભાવસ્થિતિને પ્રાપ્ત થઇ જાય છે.[૧૯] આ એકતા કે અનેકતાની કલ્પના નથી. તેમાં કશું પણ નથી, અને કશાનો સંભવ પણ નથી. સર્વ સદ્-અસદ્ વસ્તુઓની સીમાના અંતરૂપ તેજ તત્ત્વ કહેવાય છે.[૨૦] દૃશ્યને અત્યંત અસંભવિત માની શુદ્ધ બોધનો ઉદય થવાથી સર્વ વિક્ષેપથી રહિત થઈ જઇ શાંતપણે જે કાંઇ નિરતિશય આનંદરૂપે સ્થિતિ રાખી રહેવું તેજ પરમપદરૂપ છે; એમ તમે સમજો.[૨૧] એ શુદ્ધ બોધ કે જે સર્વોત્તમ ધ્યાનરૂપ છે, તેને શાસ્ત્રપરિચયથી પદ-પદાર્થને જાણી શકનાર બુદ્ધિમાન અને નિરંતર મોક્ષના ઉપાયરૂપ એવા આ શાસ્ત્રને વાંચનાર શુદ્ધ અધિકારી પુરુષ, અધ્યાત્મશાસ્ત્રના વિચારથી થએલ જ્ઞાનરૂપ ઉપાયવડે મેળવી શકે છે; બીજા કશા ઉપાયથી તેની પ્રાપ્તિ થતી નથી.[૨૨,૨૩] તીર્થાટનવડે, દાનવડે, સ્નાનવડે, બીજી વિધાવડે, ધ્યાનવડે, તપવડે, યોગવડે કે યજ્ઞવડે તેની પ્રાપ્તિ થતી નથી.[૨૪] આ સત્યરૂપે ભાસતું અનિર્વચનીય દૃશ્ય ભ્રાંતિમાત્ર છે, અને મિથ્યા છતાં કેમ જાણે સત્ય હોય તેવું ભાસે છે. જેમ નિદ્રાભાવથી રહિત ચિદાકાશ સ્વપ્નરૂપે પ્રતીતિમાં આવે તેમ ચિદાકાશજ જગતને આકારે પ્રતીતિમાં આવે છે.[૨૫] જે ભ્રાંતિ હોય તે કોઇ દિવસ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તપ–તીર્થ આદિવડે શાંત થતી નથી. જો કે તપ–તીર્થ આદિવડે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, પણ તેવડે મુક્તપણાનો લાભ મળતો નથી.[૨૬] આ જગતમાં સારી શુદ્ધ બુદ્ધિવડે વિચારેલ 'અધ્યાત્મ-શાસ્ત્રના અર્થથી થનાર આત્મજ્ઞાનરૂપ મોક્ષના ઉપાયથીજ તે ભ્રાંતિ શાંત થાય છે, બીજા કશાથી થતી નથી.[૨૭] જેમ સૂર્યના પ્રકાશથી (ઉદયથી) અંધકારમય રાત્રિ ક્ષયને પ્રાપ્ત થાય, તેમ અત્યંત પ્રકાશ આપનાર નિર્મલ શાસ્ત્રાર્થવડે આ સર્વ ભ્રાંતિ નિવૃત્ત થાય છે.[૨૮] જેમ પવ-નની અંદર તેની ચપલતા રહી છે, અને જલની અંદર દ્રવપણું રહેલ છે, તેમ ચિદાકાશની અંદર ઉત્પત્તિ, સ્થિતિ અને લયના આભાસો પ્રતીતિમાં આવે છે.[૨૯] જેમ વડલાનાં બીજ આદિ દ્રવ્યોમાં વડલાનો આકાર ધારણ કર-વાની ચમત્કૃતિ અંદરજ રહી છે, અને પવનમાં જેમ અહર્નિશ તેની ચલનશક્તિ રહેલ છે, તેમ શબલ બ્રહ્મરૂપી ચિદાકાશની અંદર આ જગતની યથાસ્થિત સૃષ્ટિ અને તેની સ્થિતિ અનન્યરૂપે રહેલ છે; અને છેવટ તેમાંજ તે લય પામી જશે.[૩૦]

द्रव्यस्य हृद्येव चमत्कृतिर्निजा नभस्ततः स्पन्द इवानिशं यथा ॥ यथास्थिता सृष्टिरियं तथा-स्तिता लयं नभस्यंतरनन्यरूपिणी ॥३०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રક-રણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણોપદેશ' એ નામનો એકસો ચુમોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૪

સર્ગ ૧૭૫ મો.*

ચિદાકાશજ અજ્ઞાનથી જગતરૂપે ભાસે છે

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

स्वप्नाभमाद्यं चिद्व्योम कारणं देहसंविदाम् ॥ दृश्यान्यतासंभवताश्चिद्व्योम्नस्तत्कुतो वपुः ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–સર્વના આ કારણરૂપ ચિદાકાશ, સ્વપ્નની પેઠે વિવર્તભાવ પ્રાપ્ત થઇ જઈ દૃશ્યભાવને ધારણ કરી લે તે તે દેહના તાદાત્મ્યપણાનો (જીવોને) અધ્ય થવામાં મુખ્ય કારણરૂપ થાય છે. હવે પ્રથ આરંભસમયમાંજ દૃશ્ય જુદી કાંઈ વસ્તુ ન હોવાથી તે ચિદાકાશના દેહરૂપ કેમ શ શકે?[૧] હે નિષ્પાપ રામચંદ્રજી! સૃષ્ટિના આ કાલમાં આ સર્વ સ્વપ્નના અનુભવ જેવું જ તેવિના બીજે પ્રકારે આ સૃષ્ટિ અને પરલે દેખાતાં છતાં પણ સિદ્ધ થઇ શકતાં નથી સ્વપ્નસ્ત્રીના સમાગમની પેઠે આ દૃશ્ય મિથ છે, અને કેવલ શાંત ચિદાકાશરૂપ છે. અનુભ રૂપ ચિદાત્માજ અવિદ્યાનેલીધે આ પ્રમ અસત્ય જગતરૂપે ભાસે છે.[૩] જે કાંઇ આ જગ રૂપે ભાસે છે તે શૂન્યરૂપ સ્વચ્છ અન અનંત નિર્મલ ચિદ્ધાતુરૂપ છે.[૪] પરમાત્મા વાસ્તવસ્વરૂપ જ્યાંસુધી ન ઓળખવામાં આ ત્યાંસુધી તે અવિદ્યારૂપ અને સંસારી જીવ પ્રતીતિમાં આવે છે; પરંતુ જો તેનું વાસ સ્વરૂપ ઓળખવામાં આવે તો જીવભાવ દૃશ્યભાવ નિવૃત્ત થઈ જઇ તે પરબ્રહ્મરૂ જણાય છે; કેમકે અનાદિ અનંત શુદ્ધ ચિ કાશની અંદર અવિદ્યા આદિ મેલ ક્યાંથી હોય જે શુદ્ધ સાક્ષિચૈતન્ય છે તેજ સ્વપ્નનગર છે, તેમ જે ચિદાકાશ છે તેજ જગતરૂપ તો પછી સૃષ્ટિના આદિકાલમાં પૃથ્વી આ સંભવજ ક્યાં છે?[૫] જીવ કે જે ચિદાકાશ છે તેને રૂપે ભાસતાં એવાં ચિદાકાશન સૃષ્ટિરૂપે પૃથ્વી આદિ સંજ્ઞાઓ તથા મ ભાવ–બુદ્ધિભાવ આદિ કલ્પનાઓ, કરવ

* આ એકસો પંચોતેરમા સર્ગમાં જ્યાંસુધી મૂર્ખતા હોય ત્યાંસુધી ચિદાકાશજ વિનાકારણે કેમ જાણે જગતરૂપે થઈ રહેલ હોય તેમ ભાસે છે, અને શાસ્ત્ર મૂર્ખતાની નિવૃત્તિ થતાં ચિદાત્મા બંધથી રહિત (મુ થઇ જાય છે, એ વિષ વર્ણને આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આવી છે.[૭] જલમાં જેમ તરંગ હોય અને પવનમાં જેમ ચલનશક્તિ રહી હોય તેમ, ચિદાકાશની અંદર બુદ્ધિપૂર્વક નહિ કિંતુ સ્વાભાવિક રીતેજ જગતનું ભાન થાય છે, કે જે નિરાધાર છે.[૮] જગતનું ભાન થયા પછી જીવભાવવડે તેની અંદર પ્રવેશ કરી 'હું હિરણ્યગર્ભ જગતનો સ્રજનાર છું' એવા અભિમાનને અને ઐશ્વર્યને ધારણ કરી લઇ તેણે પાછળથી બુદ્ધિ આદિની અને પૃથ્વી આદિની કલ્પના કરી લીધી, કે જે સદ્રૂપ અને અસદ્રૂપ છે, તથા ચિદાકાશના એક વિવર્તરૂપ છે.[૯] અત્યંત સ્વચ્છ એવું આ મહાચૈતન્ય પોતેજ જગતને રૂપે (વિવર્તભાવથી) પ્રતીતિમાં આવે છે, અને તેનુંજ સૃષ્ટિ એવું નામ પણ છે, જેથી જગત ચિદાકાશરૂપજ છે; બીજું કશું નથી.[૧૦] હે પ્રિય રામચંદ્રજી! આ પ્રમાણે વાસ્તવિક દૃષ્ટિથી જોતાં કશો પણ વિવર્તજ નહિ કિંતુ જે કાંઈ છે તે સ્વચ્છ ચિદ્રૂપતત્ત્વ છે. જે ચિન્માત્રતત્ત્વ એક છે તેની એક કલ્પનાજ આ જગતને આકારે પોતાના સ્વરૂપની અંદર પોતાવડેજ પ્રસરી રહેલ છે.[૧૧] ચિદાકાશ ચિદાકાશની અંદર આવી રીતે રહેલ છે, અને જગતનું મૂલ સ્વરૂપ પૂર્ણ ચિદાકાશજ છે. જેમ સ્વપ્ન અવસ્થામાં સાક્ષિચૈતન્યજ કેમ જાણે ચિત્તરૂપ અને દૃશ્યરૂપ થઈ રહ્યું હોય તેવું જણાય, તેમ એ પૂર્ણ ચિદાકાશજ (જાગ્રતમાં પણ) કેમ જાણે ચિત્તરૂપ અને દૃશ્યરૂપ થઇ રહેલ હોય તેવું જણાય છે.[૧૨] બીજે પ્રકારે કોઇ રીતે નહિ ઘટી શકવાથી અને સૃષ્ટિના આરંભકાલમાં બીજું કશું સત્ય કારણ ન હોવાથી પોતાનો આત્માજ પોતાની મેળે ચિદાકાશને દૃશ્યરૂપે દેખે છે.[૧૩] સ્વપ્નની પેઠેજ આ દૃશ્ય (દેખાતાં છતાં) આકાર આદિ ધર્મોથી રહિત છે, અને સ્વપ્નમાં તથા આ જગતમાં કશો પણ બીજો ભેદ નથી; તેથી સિદ્ધ એમ થાય છે કે સર્વ ચિદાકાશરૂપ છે કે જેની અંદર આકાશ આદિની પેઠે શૂન્યતા (દૃશ્યનો અભાવ) રહેલ છે.[૧૪] આ પરબ્રહ્મ કે જે સર્વરૂપથી રહિત છે તે એકજ પોતે પોતાના સાર્વાત્મ્યભાવથી આવે અનેકરૂપે થઇ રહેલ છે.[૧૫] આ વાત સ્વપ્નમાં અનુભવમાં આવે છે કે આત્માજ પોતે કેમ જાણે સ્વપ્નરૂપ થઈ રહ્યો હોય તેમ તે વખતે જણાય છે, અને અનેક રૂપે દેખાતાં છતાં એકરૂપજ છે, તેમ આ સર્વ અનેકરૂપે દેખાતાં છતાં એક નિર્મલ શુદ્ધ બ્રહ્મરૂપ છે.[૧૬] બ્રહ્મજ પોતે પોતાના સ્વરૂપની અંદર ચિદ્ભાવનેલીધે કેમ જાણે જીવભાવને કલ્પી લેતું હોય અને પોતાના સ્વચ્છ રૂપને નહિ છોડતાં છતાં કેમ જાણે મનરૂપ બની ગયું હોય તેવું થઈ જાય છે, અને પછી તે મનઃસમષ્ટિરૂપે આ સર્વ પ્રપંચને વિસ્તારી દેતું હોય તેમ ભાસે છે.[૧૭] વસ્તુતાએ જોતાં તે ચિન્મય હોવાથી ચિદાકાશરૂપજ છે, અને કેમ જાણે જગતરૂપે થઈ ગયું હોય તેવું જણાય છે; તથા અવિકારી છતાં કેમ જાણે વિકારી હોય તેમ પ્રતીતિમાં આવે છે.[૧૮] મનજ હિરણ્યગર્ભરૂપ છે, અને તે સૃષ્ટિના હૃદયની અંદર રહી નિરંતર સર્વને ઉત્પન્ન કરે છે, તથા તેનો સંહાર પણ કરે છે.[૧૯] જેમ સ્વપ્નની અંદર નિરાકાર એવું ચિત્ત સ્વપ્નસૃષ્ટિરૂપે પ્રતીતિમાં આવે તેમ પૃથ્વી આદિથી રહિત એવા એ મનરૂપ બ્રહ્મા, નિરવયવ એવા પોતાના હૃદયની અંદર ત્રણે લોકરૂપ થઇ તેવે રૂપે પ્રતીતિમાં આવે છે; અથવા બીજે પ્રકારે પણ તેની પ્રતીતિ થાય છે.[૨૦] એક અને નિરાકાર એ મન દેહરૂપે, જગતરૂપે અને અહંકારરૂપે, અનંતરૂપ બની જઇ, પોતાના મૂલ અધિષ્ઠાનરૂપ પૂર્ણ શુદ્ધ સ્વરૂપને (અવિદ્યાવડે) તિરોહિત કરી દઇ, બોધ અને અબોધ એ બન્નેરૂપ (જડ–ચેતનરૂપ) થઈ જાય છે.[૨૧]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અહીં પૃથ્વી આદિ કશું નથી, દેહ પણ નથી અને બીજો દૃશ્યભાવ પણ નથી; કિંતુ કેવલ ચિદાકાશરૂપ મનજ જગતને રૂપે પ્રતીતિમાં આવે છે.[૨૨] આવી દૃષ્ટિવડે જોઇએ તોપણ વિચાર કરતાં આ કશું નથી; કેવલ એકરસ ચિન્માત્રતત્ત્વજ પોતાના સ્વરૂપની અંદર પોતાવડે આવા પ્રકારે ભાસે છે.[૨૩] જ્યાં વાણી નથી પહોંચી શકતી તેવા અવર્ણ્ય સ્વરૂપને ઓળખી લઇ જીવન્મુક્ત પુરુષ મૌની (નિશ્ચલ) થઇ રહે છે, અને તે વ્યવહારમાં પ્રવૃત્ત છતાં ચિદાકાશરૂપ થઇ રહી મૌનીના જેવી સ્થિતિને ધારણ કરે છે.[૨૪] પ્રબોધને પ્રાપ્ત થઈ ગએલ એ ઉત્તમ પુરુષ મૌનનો આશ્રય પકડી, અનંત અને અપાર નિઃસીમ ચિન્માત્રતત્ત્વ કે જે નિરતિશય આનંદઘન છે, તેરૂપે પોતેજ બની જાય છે.[૨૫] જેમ જલની અંદર અજ્ઞાનપૂર્વક (સ્વાભાવિક રીતે) દ્રવપણાનેલીધે આવર્ત (ચકરી) આદિની ઉત્પત્તિ થાય છે, તેમ બ્રહ્મની અંદર સ્વાભાવિક રીતેજ પોતાવડેજ જડ એવાં બુદ્ધિ-ચિત્ત આદિ ઉત્પન્ન થઇ જાય છે.[૨૬] જેમ પવન અબુદ્ધિપૂર્વક (બુદ્ધિપૂર્વક નહિ કિંતુ સ્વાભાવિક રીતેજ) ચલનશક્તિને ઉત્પન્ન કરે છે અને તે તેનાથી અભિન્ન છે, તે પ્રમાણે પરમાત્મા બુદ્ધિ આદિને સ્વાભાવિક રીતેજ ઉત્પન્ન કરે છે અને તે તેનાથી અભિન્ન છે.[૨૭] જેમ વાયુના સ્વરૂપથી કાંઇ તેની ચલનશક્તિ ભિન્ન નથી, તેમ અવિનાશી એવા જીવો કે જે ચિન્માત્ર છતાં ચિદાભાસ પણ કહેવાય છે તે કાંઈ પરમાત્માના સ્વરૂપથી ભિન્ન નથી.[૨૮] હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ! ચિદાકાશ, બ્રહ્મ, ચિન્માત્ર, આત્મા, ચૈતન્ય, મહાન, પરમાત્મા, ઇત્યાદિ સર્વ પર્યાયો અદ્વિતીય પરમતત્ત્વનાજ છે.[૨૯] બ્રહ્મ (અવિદ્યાના આવરણને યોગે) ચક્ષુનીપેઠે ઉન્મેષ અને નિમેષ (આંખ વીંચવી ઉઘાડવી તે) ને ધારણ કરે છે, અને પવનનીપેઠે ચપલતા-સ્થિરતાને પણ ધારણ કરે છે.[૩૦] બ્રહ્મનો જેવો પ્રલયરૂપ નિમેષ છે તેવોજ સૃષ્ટિરૂપી ઉન્મેષ પણ છે કે જે જગત કહેવાય છે. દૃશ્ય એ એક પરબ્રહ્મનો ઉન્મેષ (આંખ ઉઘાડવી તે) છે, અને દૃશ્યનો અભાવ (પ્રલય) તેના નિમેષરૂપ (આંખ વીંચવી તે) છે. એ બન્નેનો જેમ ઉન્મેષ-નિમેષનો નેત્રગોલકમાં લય થાય તેમ બ્રહ્મમાં લય હોવાથી એક નિરાકાર બ્રહ્મજ અવશેષ રહે છે.[૩૧] નિમેષ અને ઉન્મેષ (ઉત્પત્તિ અને પ્રલય) એ બન્નેમાં નિર્વિકાર પરબ્રહ્મ એકજ સ્થિતિમાં રહે છે. ચિદાકાશમાંથી દૃશ્યના અસ્તિત્વનું અને તેના અભાવનું સ્ફુરણ થવાથી દૃશ્ય સત્ અને અસત્ કહેવાયછે, અને ચિદાકાશ સદાકાલ કેવલ સત્તારૂપ (સત્ય) છે.[૩૨] વસ્તુતાએ નિમેષ, ઉન્મેષથી કાંઇ ભિન્ન નથી અને ઉન્મેષ, નિમેષથી કાંઇ ભિન્ન નથી; કેમકે બન્નેને અધિષ્ઠાન-દૃષ્ટિવડે જોઇએ તો એકજ છે. તેવીજ રીતે સૃષ્ટિરૂપ શરીરને ધારણ કરનાર શબલ બ્રહ્મની દૃષ્ટિવડે જોતાં સૃષ્ટિ-પ્રલય બન્ને એકરૂપ છે.[૩૩] માટે આ સર્વ યથા સ્થિતપણે રહ્યા છતાં શાંત પરબ્રહ્મરૂપ છે; એમ તમે સમજો. તે ઉત્પન્નજ થયું નથી, જન્મ જરા આદિ વિકારથી રહિત છે, શાંત આકાશ રૂપ છે, અને પરબ્રહ્મની સાથે એકરસરૂપેજ રહેલ છે.[૩૪] આકાશ જેમ પોતાના વાસ્તવ રૂપમાં રહ્યા છતાં શ્યામરૂપે પ્રતીતિમાં આવે છે, તેમ ચિદાકાશ પણ કેમ જાણે દૃશ્યરૂપ થઇ રહ્યું હોય તેવું દેખાય છે. ચિદાકાશનોજ વિવર્ત આવે રૂપે ભાસે છે, અને જગત એ એક તેનું શરીર છે.[૩૫] આ દૃશ્ય ઉત્પન્ન થયું નથી, તેનો નાશ પણ થતો નથી, તેમ અનુભવમાં પણ તે આવતું નથી; કિંતુ અદ્વિતીય એવું ચિદાકાશ કેવલ પોતાનાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વરૂપની અંદર પોતેજ ચમત્કારને ઉત્પન્ન કરે છે.[૩૬] મહાચિદાકાશરૂપી મણિની આ દૃશ્ય નામની એક પ્રભા (કાંતિ) પોતાના ઉત્પત્તિ-ક્ષેત્રરૂપ એવા ચિદાકાશરૂપ મણિથી જુદી નથી. જોકે તે જુદા જેવી લાગે છે, તોપણ સૂર્યના પ્રકાશથી જેમ તેની ગરમી જુદી નથી તેમ તે ચિદાકાશથી જુદી નથી.[૩૭] જોકે આ સર્વ નાના પ્રકારે સ્થિતિવાળું ચિત્તમાં સ્ફુરે છે તોપણ સર્વ પરમ મંગલમય એક શાંત પરબ્રહ્મરૂપજ છે. જેમ સુષુપ્તિ સ્વપ્નના જેવી પ્રતીતિમાં આવે છે, તેમ બ્રહ્મજ સૃષ્ટિ જેવું જણાય છે.[૩૮] સત્ય હો, કિંવા અસત્ય હો, કાર્ય હો કિંવા કારણ હો, પણ જે દેશકાલમાં જેવે પ્રકારે ચિદાકાશ તેને પસારી દે છે, તેવે પ્રકારે તે ચિદાભાસને અનુભવમાં આવે છે, પછી તે સત્ય હો કે અસત્ય હો. (તે વિચારનું કાંઇ કામ નથી.)[૩૯] બીજે કોઇ પ્રકારે (જગતનો જડભાવ) નહિ ઘટવાથી જગતનું (કાંઇ પ્રધાન–પરમાણુ આદિ) કારણ કલ્પવામાં આવતું હોય તો પણ સ્વપ્નતુલ્ય આ પ્રપંચ, આત્માનુંજ જગતરૂપે થઇ રહેવું, ભાસવું કે જેને વિવર્તવાદ કહે છે, એ પક્ષ-વિના બીજે પ્રકારે ઘટતો નથી.[૪૦] પ્રમાણની ગતિ જ્યાં નથી પહોંચતી એવા પરબ્રહ્મમાંથી આ જગત અભિન્નરૂપે ઉદય પામેલ છે, અને તેને લીધે એ પણ પ્રમાણને ઉલ્લંઘન કરી અનિર્વચનીયપણે રહેલ છે, જથી વસ્તુતાએ જોતાં કશું પણ થયુંજ નથી.[૪૧] જેનું ચિત્ત જે વિષયમાં રસિક હોય તેના ભાવને (મનની લાગણીને લીધે) તે પ્રાપ્ત થાય છે, જનેલીધે એક બ્રહ્મમાંજ રસિક રહેનાર ચિત્ત બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.[૪૨] મનુષ્યનું ચિત્ત હમ્મેશ જેની અંદર લાગ્યું રહે અને ઇંદ્રિયો પણ જેમાં પરાયણ થઇ રહે તેનજ તે મનુષ્ય વસ્તુરૂપ સમજે છે, અને તે તેને સ્ફુટપણે જાણવામાં પણ આવે છે.[૪૩] જે ચિત્ત બ્રહ્મ-માંજ એક રસિક થઈ રહે તે ક્ષણવારમાં બ્રહ્મ-રૂપ થઇ જાય છે. જેનું હૃદય જે વિષયમાં રસિક અને આસક્ત હોય તે તેને સત્ય સમ-જે છે.[૪૪] જેનું ચિત્ત દૃઢ નિશ્ચયવડે જેમાં વિશ્રાંત થઇ રહ્યું હોય તેને તેજ પરમાર્થ-દૃષ્ટિવડે સત્ય ભાસે છે. સદાચારનેલીધે વ્ય-વહારમાટે જોકે તે બીજી ક્રિયા પણ કરે છે, પણ તેમાં તેનો અભિનિવેશ હોતો નથી.[૪૫] મારા વર્ણવેલ ક્રમપ્રમાણે જે જગતવિષે સંપૂર્ણ રીતે વિચાર કરવામાં આવે તો સર્વ સત્તામાત્ર જોવામાં આવે છે, અને દ્વિત્વ–એકત્વ આદિ કશી પણ કલ્પના છેજ નહિ.[૪૬] જેઓ અદૃ-શ્ય બ્રહ્મનેજ દૃશ્યરૂપ, સદ્રૂપ, અસદ્રૂરૂપ, સાકાર અને નિરાકાર સમજે છે, તેઓની દૃષ્ટિમાં કોઇ દેશ–કાલમાં કર્ત્તા કે ભોક્તા જીવ છેજ નહિ, તેમ સાવ નથી એમ પણ નથી; કેમ કે જીવ બ્રહ્મરૂપે અવશેષ રહે છે.[૪૭] જેમ અજ્ઞાની પથિકને વિકટ માર્ગમાં ચોરની ભ્રાંતિ ઉત્પન્ન કરવાને કોઈ થુંબડું રહ્યું હોય, તેમ પોતાના સ્વરૂપની અંદર અનાદિ અનંત એક-રસ શાંત બ્રહ્મજ આવે જગતને રૂપે રહેલ છે.[૪૮] નિષ્કલંક બ્રહ્મજ બુદ્ધિ આદિરૂપ (બુદ્ધિ-સમષ્ટિરૂપ હિરણ્યગર્ભ આદિ જગતને આકારે) થઈ રહેલ છે. જેમ કે જે શાંત આકાશ છે તેજ શૂન્ય છે, એમ તમે સમજો.[૪૯] જેમ આકાશની અંદર મસલાં–મોવાળાના જેવા આકારો ઇત્યાદિ સત્–અસત્રૂપે (અનિર્વ-ચનીયપણે) કેમ જાણે તેનાથી જુદા રહ્યા હોય, તેવા ભાસે, તેમ પરબ્રહ્મની અંદર બુદ્ધિ આદિની સ્થિતિ સમજવી.[૫૦] જેમ આકા-શની અંદર શૂન્યપણું અભિન્નરૂપે રહ્યું છે, તેમ સત્તા–સામાન્યરૂપ પરબ્રહ્મની અંદર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બુદ્ધિ આદિ, દેહ આદિ, સંકલ્પ આદિ, અનેક પદાર્થો અભિન્નરૂપે રહ્યા છે.[૫૧] સુષુપ્તિમાંથી સ્વપ્નમાં પ્રવેશ કરનાર અને એક નિદ્રામાંજ ચિત્તને ધારણ કરતાં છતાં સ્વપ્નસૃષ્ટિમાં રહેલા એવા પોતાના જીવનું જેમ દ્વિત્વપણું હોતું નથી, તેમ તે સમયે (બીજા અનેક સ્વપ્નપદાર્થો દેખાવાથી) એકત્વ પણ નથી હોતું, તે પ્રમાણે બ્રહ્મનું સમજવું.[૫૨] ચિદાકાશની સ્વચ્છ એવી આ કાંતિ એ પ્રમાણે વિવર્તરૂપે પ્રકાશ પામે છે. બાકી વસ્તુતાએ જોતાં તો હે પ્રિય રામચંદ્રજી ! તેનો કશો વિવર્તપણ છેજ નહિ, કિંતુ તે સ્વચ્છ સ્વરૂપમાંજ સદાકાલ રહેલ છે.[૫૩] ચિદાકાશ ચિદાકાશની અંદર પોતાના નિર્મલ સ્વરૂપેજ રહેલ છે; અને તે યથાસ્થિતપણે રહ્યા છતાં સ્વપ્નનીપેઠે કેમ જાણે જડ દૃશ્યરૂપ થઈ રહેલ હોય તેમ ભાસે છે.[૫૪] પરબ્રહ્મ સિવાય ઇતર વસ્તુની બીજ કોઇ પણ પ્રકારે ઉત્પત્તિ ન થવાથી તથા બીજું કોઇ સત્ય કારણ પણ ન હોવાથી પ્રથમ ચિદાકાશ પોતાના આત્માનેજ દૃશ્યરૂપ દેખે છે.[૫૫] સૃષ્ટિના આદિકાલમાંજ નિરાકાર એવું ચિદાકાશનું પોતાનું સ્વરૂપજ દૃશ્યરૂપ ભાસે છે, અને તે ખરી રીતે જોતાં સ્વપ્ન, સંકલ્પ, અને મિથ્યા જ્ઞાનની પેઠે કેવલ ભ્રમરૂપ છે.[૫૬] એ દૃશ્ય સ્વપ્નની પેઠે સર્વ ધર્મથી રહિત એવા ચિદાકાશરૂપજ છે, કેમકે તેમાં કોઇ પણ ધર્મ રહ્યો નથી. પરમાર્થરૂપ વસ્તુનો વિકારી અને ધર્મવાળો એવો આકાર અવિદ્યારૂપી મેલનેલીધેજ પ્રતીતિમાં આવે છે.[૫૭] માટે એ દૃશ્ય, સ્વપ્ननગરના જેવું છે, ધર્મવાળું પ્રતીતિમાં આવતાં છતાં ધર્મરહિત છે, અધિષ્ઠાન ચૈતન્યથી અભિન્ન છે, અને નિરંતર અવિવેકીઓને આવે જગતને આકારે રહેલ દેખાય છે.[૫૮] દૃશ્ય, સ્વપ્નપર્વતની પેઠે સ્વચ્છ અધિષ્ઠાન ચૈતન્યરૂપ છે. તે પોતાના અધિષ્ઠાનથી જરાપણ જુદું નથી. માટે ચિદાકાશરૂપે અવશેષ રહેનાર એવા ચિદાકાશનું આકાશનાથી પણ અતિસૂક્ષ્મપણું છે.[૫૯] પરબ્રહ્મ કે જે સર્વરૂપથી રહિત છે તેજ આ દૃશ્યરૂપ બની જઈ સૃષ્ટિરૂપે થઇ રહેલ છે.[૬૦] આ વાત સ્વપ્નમાં અનુભવમાં આવે છે, કે તે સમયે આત્માજ સ્વપ્નનગર આદિરૂપ થઇ ભાસે છે, બાકી સ્વપ્નમાં રચાએલ નગર આદિ સૃષ્ટિ કાંઇ સત્ય હોતી નથી.[૬૧] તેજ (પ્રથમ દીઠેલ છે તેજ) 'આ ઘર આદિ છે' એવી પ્રત્યભિજ્ઞા, ઘર આદિ પદાર્થોનો કંઠ નાડીના છિદ્ર આદિ પ્રદેશમાં અત્યંત અસંભવ હોવાથી સ્વપ્નમાં સંભવતી નથી, તેમજ સંસ્કાર કે સ્મૃતિ તેની પણ સત્તા તે વખતે હોતી નથી.[૬૨] માટે એ ત્રણેને છોડી દઇ બ્રહ્મસત્તાનું નિદ્રાદોષનેલીધે જે કાંઇ અન્યથાભાન થાય છે તેનીજ દીઠેલા અર્થની સમાનતા ઉપરથી મૂઢોએ સ્મૃતિ આદિ સંજ્ઞાઓ કલ્પી છે, એમ સમજવાનું છે.[૬૩] જેમ જલની અંદર તરંગો વારંવાર ઉઠતા રહે છે તેમજ પાછા તેમાંજ લયને પ્રાપ્ત થતા રહે છે, તે પ્રમાણે સર્વ અધિષ્ઠાનરૂપ ચિદાકાશમાં ઉત્પન્ન થાય છે અને પાછું તેમાંજ લય પામી જાય છે; જેથી તેનાથી ભિન્ન નથી. આ જગતનું પણ તેજ પ્રમાણે સમજી લેવાનું છે.[૬૪] સર્વ વિધિઓ અને સર્વ નિષેધો સદૈવ ભિન્નરૂપે અને મિશ્રરૂપે પરબ્રહ્મની અંદર રહેલા છે, અને તેની સ્થિતિ નથી એમ પણ છે.[૬૫] માટે બ્રહ્મ સત્ય છે, અને તેજ સર્વરૂપ થઇ રહેલ છે, તો પછી (તેના સર્વશક્તિમાનપણાને લીધે) તેમાં શું ન હોય ? સત્તાજ સર્વરૂપ થઇ રહેલ છે, અને તેનેલીધે સર્વ એ બ્રહ્મસત્તારૂપ છે.[૬૬] ભ્રમણ કરનાર બાલકને વૃક્ષ, ગિરિ, નદી આદિના સમૂહોએ સહિત આ પૃથ્વી ભમતી લાગે છે, પણ બીજાઓને પૃથ્વી નથી ફરતી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

એમ ભાસે છે. આ બન્ને વાત પોતાની દૃષ્ટિવડે સત્ય છે. ભ્રમણ કરનાર પૃથ્વીના ભ્રમણનું પોતાને જે ભાન થાય છે તે મિથ્યા છે એમ જાણતો હોય તોપણ સ્થિરતાના અભ્યાસવિના તેની ભમતી દૃષ્ટિ શાંત થતી નથી, તેજ પ્રમાણે જગતની ભ્રાંતિપણ મિથ્યા છતાં તત્ત્વજ્ઞાનના અભ્યાસવિના શાંત થતી નથી.[૬૭] મોક્ષના ઉપાયરૂપ એવા આ શાસ્ત્રનો (તત્ત્વગુરુને સેવા આદિથી વશ કરી તેના મુખથી વ્યાખ્યાન કરાવી) શ્રવણ કરવાનો અભ્યાસ કરવો એ દૃશ્યની શાંતિ કરવાનો ઉત્તમ ઉપાય છે. તેના જેવો બીજો કોઇ ઉપાય થયો નથી અને થશે પણ નહિ.[૬૮] ચિત્તના સ્વરૂપની સ્થિતિ સંસાર સાથે નિત્ય સંબંધ રાખનાર હોવાથી ચિત્ત જીવતું હોય ત્યારે (જાગ્રત-સ્વપ્નમાં) તથા તેનો સુષુપ્તિમાં લય થાય ત્યારે તેને યત્નવડે રોકવામાં આવે તોપણ તે રોકાતું નથી, બાકી બોધવડે તે પોતે બાધિત થઇ જાય ત્યારે પછી સંસારને દેખતું નથી.[૬૯] ચિત્ત, દૃશ્ય અને શરીર એ બન્નેવિના નિરંતર રહી શકતું નથી, તે સાથે તેનો નિત્ય સંબંધ છે; અને તે બન્ને આ જન્મમાં અથવા જન્માંતરમાં બોધનો ઉદય થયા પછી છેવટ પોતાની મેળેજ શાંત થઇ જાય છે.[૭૦] જેમ પવન, તેની ચપલતા અને તેથી થનારાં વાદળાંઓનાં સૈન્ય, એ ત્રણે તેના કારણનો અભાવ થતાં શાંત થઇ જાય, તેમ બોધ થતાં ચિત્ત, દૃશ્ય અને શરીર, એ ત્રણે શાંત થઇ જાય છે.[૭૧] ચિત્ત, દૃશ્ય અને શરીર, એ ત્રણેનું કરણ અવિદ્યા છે; અને તે શુદ્ધ બુદ્ધિવાળા પુરુષને આ શાસ્ત્ર વાંચવામાં આવતાં શાંત થઇ જાય છે.[૭૨] પદ-પદાર્થને જાણનારો વિવેકી પુરુષ, ખેદને પામી જઇ જો નિવૃત્ત ન થઇ જાય તો, આ ગ્રંથનો જે કાંઇ પ્રથમનો ભાગ તેનાથી ના સમજાયો હોય તે પાછળથી તેના સમજવામાં આવી જાય છે.[૭૩] માટે ભ્રાંતિની નિવૃત્તિ કરવા માટે આ શાસ્ત્ર ઉપાયરૂપ છે એમ તમે સમજો; અને બીજાના જેવું સાધારણ નથી કિંતુ અસાધારણ છે, એમ અનુભવમાં આવે છે.[૭૪] માટે આ મહાશાસ્ત્રનો આખો ભાગ કે અર્ધો ભાગ યથાશક્તિ વિચારવો જેથી દુઃખનો ક્ષય થાય છે.[૭૫] જો કદાચિત્ આ ઋષિપ્રણીત છે (માટે સ્મૃતિરૂપ હોવાથી સર્વના મૂલરૂપ ઉપનિષદ્ આદિને વિચારીશું)એવા પ્રમાદથી આ શાસ્ત્રમાં રુચિ ન થતી હોય તો પછી કોઇ બીજા (ઉપનિષદ્ આદિ) આત્મવિદ્યાના શાસ્ત્રનો વિચાર કરવો.[૭૬] અવિચારરૂપ અનર્થવડે અવસ્થાને વૃથા ગાળવી નહિ, કિંતુ જ્ઞાનના સારરૂપ શ્રવણ આદિ ઉપાયવડે બોધને પ્રાપ્ત કરી લઇ દૃશ્યનો આત્મામાં લય કરી દેવો.[૭૭] અહો ! આયુષનો એક ક્ષણ પણ સર્વ રત્નોવડે મળી શકતો નથી તો પછી તેને વૃથા ગાળવો એ એક મોટો પ્રમાદ છે.[૭૮] આ દૃશ્ય, પ્રત્યક્ષ અનુભવમાં આવતાં છતાં, સ્વપ્નમાં અનુભવમાં આવતાં પોતાનાં મરણ અને બાંધવોના વિલાપનીપેઠે, જીવે સહિત નથી; અને તેની પ્રતીતિ થતાં છતાં તે મિથ્યાજ છે.[૭૯]

अनुभूतमपि च नो सदृश्यमिदं द्रष्टृसहितमपि स्वप्ननिजमरण बांधवरोदनमिव सदिव कचितमपि ॥ ७९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'અદ્વૈતયુક્તિ' એ નામનો એકસો પંચોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૫

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૭૬ મો.*

ચિદાકાશના પરમાણુમાં બ્રહ્માંડ ભાસે છે

॥ श्रीराम उवाच ॥

जगंति संत्यसंख्यानि भविष्यंति गतानि च ॥
तत्कथाभिः कथं ब्रह्मन्प्रबोधयसि मामिमम् ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! અસંખ્ય જગતો હમણાં વિદ્યમાન છે, અસંખ્ય જગતો હવે પછી થશે અને પ્રથમ પણ અસંખ્ય જગત થઇ ગએલ છે, તો તેની કથાવડે મને આપ શામાટે બોધ કરો છો?[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગતરૂપી સ્વપ્નોની અંદર શબ્દનો તથા અર્થનો જે સંબંધ છે તે અતીત—વર્તમાન આદિના દૃષ્ટાંતવિના તમારા સમજવામાં બરોબર આવે નહિ, તેમજ અહીં શ્રવણના અધિકારી થએલા પુરુષોને પણ તે સમજાય નહિ, જેથી મારું એ કહેવું કાંઈ વ્યર્થ નથી.[૨] જે કથા વાચ્ય—વાચકભાવરૂપે નિશ્ચિત થએલ અર્થ અને શબ્દવડે કહેવામાં આવે છે તેજ અંદર સમજણમાં ઉતરે છે, બાકી બીજી સમજાતી નથી, અને કાંઇ વ્યવહારોપયોગી પણ થતી નથી.[૩] જ્યારે તમે વિદિતવેદ્ય (જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે તેવા) થઇ નિર્મલ એવાં ત્રિકાલજ્ઞાનવાળા થશો ત્યારે તે સર્વને પ્રત્યક્ષ રીતે દેખશો.[૪] સ્વપ્નની અંદર જેમ આદિ એવું ચિન્માત્રતત્ત્વજ પોતે સ્વપ્નસૃષ્ટિરૂપ ભાસે, તેમ અતીત અને ભાવી એવી સર્વ સૃષ્ટિના આદિકાલમાં ચિન્માત્રતત્ત્વ પોતે તે તે સૃષ્ટિરૂપ થઇ જાય છે એટલોજ અંશ અહીં ઉપયોગી છે, બાકી બીજું કશું અહીં ઉપયોગી નથી.[૫] ચિદાકાશના પ્રત્યેક પરમાણુભાગમાં પણ અસંખ્ય જગતો રહેલાં છે; કે જેઓના વ્યવહારોના સમૂહની ગણતરી કરવાને દ્વિપરાર્ધ પણ સમર્થ થઈ શકે? કોઈ નહિ.[૬] આ સંબંધમાં કમલમાં રહેવાથી તેના મકરંદવડે વ્યાપ્ત દેહવાળા બ્રહ્માજી કે જે મારા પિતા છે તેમણે પૂર્વે મને એક આખ્યાન કહેલ છે તે હું તમને કહું છું, તમે સાંભળો.[૭] પૂર્વે કોઇએક સમયે મેં બ્રહ્માજીને પૂછ્યું, કે આ જગતનો સમૂહ કેવડો છે, અને કયા અધિષ્ઠાનની અંદર તેની પ્રતીતિ થાય છે, તે આપ મને કહો. આવા મારા પ્રશ્નથી તે બોલ્યાઃ—[૮]

બ્રહ્માજી કહે છેઃ—હે વસિષ્ઠ ઋષિ! બ્રહ્મજ આ સર્વ જગતરૂપ ભાસે છે, કે જે સત્પુરુષોને બ્રહ્મસત્તારૂપે અનંત જણાય છે, અને અવિવેકીઓને જગતરૂપે અનંત જણાય છે.[૯] મારી પાસેથી કાનને શોભાવે એવું આ એક શુભ આખ્યાન સાંભળો, કે જે બ્રહ્માંડપિંડ અથવા બ્રહ્માંડાખ્યાન એવા નામથી કહેવાય છે.[૧૦] ચિદાકાશની અંદર ચિદાકાશથી અભિન્નરૂપે રહેલ એવો એક ચિદાકાશનો પરમાણુ, આકાશમાં રહેલ શૂન્યતાની પેઠે અને પવનની અંદર રહેલ શુદ્ધ ચલનશક્તિની પેઠે તેની અંદર રહેલ છે;[૧૧] અને આકાશ જેમ પોતામાં શૂન્યભાવને દેખે અને પવન ચલનશક્તિને દેખે તેમ તેણે પોતાના આત્માની અંદર પોતાની મેળેજ સ્વપ્નની પેઠે પોતાનો જીવભાવ (સમષ્ટિ જીવપણું) જોયો.[૧૨] પછી એ જીવ પોતાનું આકાશ જેવું અવિકારીપણું, અસંગપણું, પૂર્ણપણું અને સૂક્ષ્મપણું નહિ છોડતાં આકાશના જેવા પોતાના સ્વરૂપને અહંકારરૂપે જોવા લાગ્યો.[૧૩] અહંકારે પોતાના સ્વરૂપમાં બુદ્ધિભાવને જોયો કે જે બુદ્ધિ એક નિશ્ચયનું નિર્માણ કરનારી અને [illegible]

* આ એકસો છોતેરમા સર્ગમાં ચિદાકાશના પરમાણુની અંદર પણ સ્વપ્નની પેઠે સૃષ્ટિના આદિકાલમાં અનેક બ્રહ્માંડો ભાસે છે, એ સંબંધમાં બ્રહ્માજીએ કહેલ એવું બ્રહ્માંડાખ્યાન [illegible]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જગતરૂપી સ્વપ્નની અંદર નિર્વિકલ્પ એવા પોતાના આત્માને વિકલ્પોના આરોપવડે ઢાંકી દેનાર એ બુદ્ધિએ 'હું મનરૂપ છું' એવા મિથ્યાભાવને પોતામાં દીઠો.[૧૫] પછી તે મને, સ્વપ્નના જેવા દેહની અંદર જેમ અવિવેકી બુદ્ધિ સ્વપ્નના પર્વતને નિરાકાર છતાં સાકારરૂપે દેખે, તેમ પાંચ ઇંદ્રિયો કે જે નિરાકાર છતાં સાકાર જણાય છે તેને જોઇ.[૧૬] ચિદાકાશનો એ પરમાણુ એપ્રમાણે મનોદેહની સમષ્ટિરૂપ બની જઇ પોતાના સ્વરૂપને અપરિચ્છિન્ન છતાં પરિચ્છિન્ન, વિસ્તીર્ણ, અનેક પ્રાણીઓવડે યુક્ત, નાનાપ્રકારના સ્થાવર-જંગમ જીવોવાળા, કલ્પના અને કાલવડે સંયુક્ત, કલ્પિત એવા અન્યોન્ય સમાગમવડે પણ યુક્ત એવા ત્રિલોકીરૂપી વિરાટને આકારે જોવા લાગ્યો. વસ્તુતાએ જોતાં એ ચિદાકાશનો પરમાણુ અને વિરાટ બન્નેનું સ્વરૂપ ચિદાકાશજ છે.[૧૭,૧૮] સ્વપ્નમાં જેમ પ્રત્યેક જીવ, દ્રષ્ટા દૃશ્ય અને દર્શન, ભોક્તા ભોગ્ય અને ભોગ, કર્ત્તા કાર્ય અને ક્રિયા, એ ત્રણ ત્રિપુટીથી મનોહર એવા ત્રૈલોક્યનગરને કેમ જાણે અરીસામાં પ્રતિબિંબિત થઈ રહેલ હોય તેમ દેખે છે.[૧૯] તેવીજ રીતે આ જાગ્રત્ દૃશ્યમાં પણ પ્રત્યેક જીવ, દ્રષ્ટા દૃશ્ય અને દર્શન, ભોક્તા ભોગ્ય અને ભોગ, કર્ત્તા કાર્ય અને ક્રિયા, એ ત્રણ ત્રિપુટીથી મનોહર એવા ત્રણે લોકને હૃદયની અંદર કેમ જાણે અરીસામાં પ્રતિબિંબિત થઇ રહેલ હોય તેમ દેખે છે.[૨૦] એવી રીતે ચિદાકાશના એકેકા પરમાણુના અતિસૂક્ષ્મ ઉદરમાં પણ મોટાં વિશાલ એવાં અનેક જગતો રહેલાં છે, અને તે કેમ જાણે જીવોવડે ધક્ક ભરેલાં હોય તેવાં ભાસે છે.[૨૧] એ પ્રમાણે આ અવિદ્યા, તેને અવિદ્યાનેરૂપે જોવામાં આવે તો અનંત છે, અને જો તેને બ્રહ્મરૂપે સમજવામાં આવે તો તે નિર્મલ બ્રહ્મરૂપ થઇ જાય છે.[૨૨] એવી રીતે જગતરૂપી અનેક સ્વપ્નસમૂહને જોનારો દ્રષ્ટા જો જગતને બ્રહ્મરૂપ સમજે તો પોતે તેનો દ્રષ્ટા પણ નથી, કેમકે અદ્વિતીય બ્રહ્મસત્તામાં દ્રષ્ટા, દૃશ્ય, દ્વૈત અને કારણ, એ સર્વ ક્યાં રહ્યું ?[૨૩] આભાસરૂપે પ્રતીતિમાં આવતું અને સત્યરૂપે જણાતું એવું સર્વ કેવલ ભેદથી રહિત એવા ચિદાકાશરૂપ છે. બ્રહ્મ કે જે સ્વચ્છ અનાદિ અને અનંત છે, તે પોતાના સ્વરૂપમાંજ સદાકાલ રહેલ છે.[૨૪] જેમ જલની અંદર (સમુદ્રમાં)મરજી પ્રમાણે ઉછળ્યા કરતા તરંગના વેગથી ચપલ થઇ રહેલા એવા જલના અસંખ્ય પરમાણુઓના સમૂહો રહ્યા હોય, તેમ પરમાત્માની અંદર લાખો બ્રહ્માંડોના સમૂહો ભિન્ન નહિ છતાં ભિન્ન જેવા થઇ રહ્યા છે, એમ સૂક્ષ્મ બુદ્ધિવડે જોતાં ભાસે છે.[૨૫]

ब्रह्मांडलक्षनिचयाःपरमात्मनीति नित्यं स्थिता निपुणमन्यवदप्यनन्ये ॥ वारिण्यवारितविसारितरंगवेगाल्लोलं स्थितांबुपरमाणुचया यथैते ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બ્રહ્માંડોપાખ્યાન' એ નામનો એકસો છોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૬

सर्ग १७७ मो.

જ્ઞાન થતાં જગત બ્રહ્મરૂપજ છે

॥ श्रीराम उवाच ॥

अकारणकमेवेदं जगद्ब्रह्मपरात्पदात् ॥ यदि प्रवर्तते नाम स्वप्नसंकल्पनादिवत् ॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! સ્વપ્ન—સંકલ્પ આદિની પેઠે જો વિના કારણેજ આ જગત બ્રહ્મરૂપ પરમપદમાંથી ઉત્પન્ન થતું

* આ એકસો સિત્તોતેરમા સર્ગમાં, કલ્પનાદૃષ્ટિવડે જોતાં સકારણ અને વાસ્તવિક દૃષ્ટિથી જોતાં અકારણ એવું આ જગત, મોહવડે સ્વપ્નજેવું છે, અને જ્ઞાન થતાં તે બ્રહ્મરૂપજ છે, એવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હોય તો પછી વિનાકારણે સર્વ અભિલષિત વસ્તુની સિદ્ધિ થવાનો સંભવ હોવાથી બીજી કાંઇ (ધાન્ય આદિ) વસ્તુ કોઈ દેશ-કાલમાં વિનાકારણે (ખેડવૃષ્ટિ--પોંખ-આદિ વિના) કેમ થતી નથી ?[૧,૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—અનાદિ વ્યવહારની અંદર જે માણસ જે વસ્તુને જેવા દૃઢ અધ્યાસવડે જેવા પ્રકારની કલ્પી લે, તેવીજ તે વસ્તુ તેને કાર્યરૂપે કે કારણરૂપે દેખાય છે. એમ જો ન હોય તો બીજા કારણના અભાવનેલીધે કશી કલ્પના પણ સંભવે નહિ.[૩] આ દૃશ્યને જે માણસ પોતાના મનવડે જેવા પ્રકારનું કલ્પી લે તેવા પ્રકારનું તે તેને સમજે છે અને દેખે છે, તેમ વળી બીજો માણસ જેવા પ્રકારે પોતાની કલ્પના હોય તેપ્રમાણે તેને દેખે છે.[૪] જેમ ચેતન (ચૈતન્યવાળો) પુરુષ કેશ—નખ આદિ જડભાગવડે યુક્ત પ્રતીતિમાં આવે છે, તેમ આ જગત પણ ચિત્ અંશ અને જડ અંશ એ બન્નેવડે યુક્ત છે, તેમાં કલ્પના અને તેનો અભાવ એ બન્ને રહેલાં છે. સ્વભાવસિદ્ધ તાત્ત્વિકદૃષ્ટિથી જોતાં તો તે બ્રહ્મરૂપ છે.[૫] વિનાકારણે પદાર્થોની સ્થિતિ અને કારણપૂર્વક પદાર્થોની સ્થિતિ એ બન્ને બ્રહ્મની અંદર રહેલ છે, કેમકે બ્રહ્મ પોતે સર્વશક્તિમાન છે.[૬] જો કદાચિત્ કોઇ દેશ—કાલમાં બ્રહ્મનાથી જુદી કાંઈ બીજી (દૃશ્ય) વસ્તુ હોય, તો હજી તેમાં કારણના વિકલ્પનો સંયોગ ઘટે,[૭] પરંતુ જ્યાં સર્વ અનાદિ અને અનંત શાંત બ્રહ્મરૂપજ છે, અને તેજ એક અનેકરૂપે ભાસે છે, ત્યાં પછી કોનું શું કારણ હોય ? કાંઈ નહિ.[૮] અહીં કશું ઉત્પન્ન પણ થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી, કિંતુ એક અનાદિ અનંત એવું બ્રહ્મજ સ્થિર થઈ રહેલ છે કે જે ચિદાકાશરૂપ છે.[૯] શું કારણ હોય, શામાટે હોય, કોનું હોય, ક્યાં હોય, અને શાથી હોય ? અથવા શું, કોનું કારણ, ક્યાં, શામાટે અને શું કારણથી ન હોય ?[૧૦] અહીં શૂન્ય પણ નથી, અશૂન્ય પણ નથી, સત્ પણ નથી, અસત્ પણ નથી, તેમ મધ્યમપણું (વચલી કોટી) પણ નથી. એ મહા શૂન્ય પદની અંદર એ સર્વનું અસ્તિત્વ કે અસ્તિત્વનો અભાવ એ કાંઇ પણ નથી.[૧૧] વસ્તુતાએ આ કશું પણ નથી અથવા જે કાંઈ છે કિંવા નથી તે સર્વ બ્રહ્મરૂપ છે; એમ તમે સમજો, કે જે બ્રહ્મ અધ્યારોપદૃષ્ટિવડે જોતાં તેવું (જગત જેવું) ભાસે છે, અને અપવાદદૃષ્ટિથી જોતાં તેવું નથી.[૧૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે સમર્થ મહારાજ ! અવિવેકીઓની દૃષ્ટિવડે જોતાં કાર્યનું કાંઈ પણ કારણ હોય એમ સંભવે છે તોપછી શું કારણવિનાનું છે, અને શી રીતે તેનું નિષ્કારણપણું ઘટે, તે આપ કહો.[૧૩]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં (બ્રહ્મસિવાય બીજી કાંઈ વસ્તુજ ન હોવાથી) અવિવેકી જનજ સત્યરૂપે નથી; તો પછી જે આકાશવૃક્ષની પેઠે અસત્ય છે, તેનો વિચાર કેવો હોય ?[૧૪] વિવેકી જ્ઞાનનિષ્ઠ પુરુષો એક બોધમય અને વિજ્ઞાન—ઘનરૂપ હોય છે, તો પછી તેઓને મિથ્યારૂપ એવા અર્થમાં (વસ્તુમાં) કેવો વિચાર હોય ? કાંઈ નહિ.[૧૫] જેમ સ્વપ્ન અને સુષુપ્તિ એ બન્ને નિદ્રાના અવયવરૂપ થઈ રહે ત્યારે તે બન્નેનું સ્વરૂપ નિદ્રા વિના બીજું કાંઇ ન રહે, તે પ્રમાણે અજ્ઞપણું પણ બોધરૂપ આત્માની અંદરજ ભાસે છે, અને આત્માના એક અવયવ જેવું છે, જેથી તે કાંઇ જુદું નથી, એટલે તે વિષે કાંઇ કહેવા જેવું નથી;[૧૬] તોપણ મૂર્ખને બોધ થવા માટે તેની બુદ્ધિને અનુસરીને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

હું કહું છું. નિર્વિકાર બ્રહ્મ કે જે સૂક્ષ્મ છે, તે પોતેજ સર્વરૂપ થઇ રહેલ છે.[૧૭] જેને લીધે કેટલાક પદાર્થો કારણપૂર્વક અને કેટલાક નિષ્કારણ પણ છે. જેની બુદ્ધિ જેવા દૃઢ અધ્યાસવડે જેવી કલ્પના કરે તેવું તેને ભાસે છે.[૧૮] સર્વ અનુભવી તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં સર્વ કારણોની શાંતિ થઇ જતાં સૃષ્ટિનું કશું કારણ નથી, જેને લીધે સૃષ્ટિ કારણ વિનાની છે.[૧૯] આ (સ્વપ્ન, ગંધર્વનગર, ઝાંઝવાનું જલ, ઇત્યાદિ જેવા) જગતમાં તેનું સત્યપણું સિદ્ધ કરવાને ઈશ્વર પ્રધાન પરમાણુ આદિ કારણ જે કોઇ (વૈશેષિક આદિ) કલ્પી લે તોપણ તે બેસ્વાદવાળું (કડવું) અને વ્યર્થ છે, જેથી વિદ્વાનોને તે મનોહર નહિ લાગવાથી તેઓ એ પક્ષનો આદર કરતા નથી.[૨૦] બીજે પ્રકારે નહિ ઘટી શકવાથી સ્વપ્નતુલ્યતાની કલ્પના કર્યા વિના દૃશ્યની બીજી કાંઈ પણ સ્થૂલ આકારે પ્રતીતિમાં આવતી એવી દૃશ્યતા વાસ્તવિક નથી.[૨૧] સૂતેલા પુરુષને સ્વપ્નમાં જે કાંઈ સ્વપ્ન–પૃથ્વી આદિનો અનુભવ થાય છે તેમાં અધિષ્ઠાન ચૈતન્ય વિના બીજું શું છે, તે તમેજ કહો. સ્વપ્નનો પદાર્થ વળી કેવો હોય? કાંઇ નહિ.[૨૨] સ્વપ્નના પદાર્થો તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાય ત્યાંસુધી અત્યંત એવા મહા મોહને ઉત્પન્ન કરે છે, પરંતુ (જાગ્રતમાં) તેનું સ્વરૂપ ઓળખાયાથી તે મોહને ઉત્પન્ન કરતા નથી. તેજ પ્રમાણે સૃષ્ટિનું પણ સમજી લેવાનું છે, કે જ્ઞાન થતાં સુધીજ તે મોહક થાય છે.[૨૩] કદાચિત્ શુષ્ક તર્ક અને હઠના આવેશથી અનુભવમાં ન આવી શકે એવું કાંઇ કારણ કલ્પી લેવામાં આવે તો તે એક મૂર્ખતાનો ખોટો અભિનિવેશ છે.[૨૪] અથવા તો જેમ અગ્નિની ઉષ્ણતા, જલનું શીતલપણું અને સર્વ તેજનું પ્રકાશકપણું એ એક સ્વાભાવિક છે, તેમ સર્વ પદાર્થની ભિન્ન ભિન્ન સ્થિતિમાં તેનો તેવો સ્વભાવજ કારણરૂપ છે; અને આત્મામાં અજ્ઞાનરૂપ ઉપાધિનો સંપર્ક સ્વાભાવિક છે. તેમ થવામાં સ્વભાવવિના બીજું શું કારણ હોય? કાંઈ નહિ.[૨૫] એકજ ધ્યેય વસ્તુ સેંકડો ધ્યાન કરનારને પ્રાપ્ત થાય છે તેમાં શું કારણ છે? અને ગંધર્વનગરમાં તથા સંકલ્પનગરમાં ખડી થઇ ગએલી ભીંતનું શું કારણ છે? કાંઈ નહિ.[૨૬] ધર્મ આદિ નિરાકાર હોવાથી તે, પરલોકમાં સાકાર એવા દેહના કારણરૂપ સંભવતું નથી, તો પછી સૃષ્ટિ આદિમાં ભોગને પ્રાપ્ત થનાર દેહનું શું કારણ હોય?[૨૭] વિજ્ઞાનવાદીઓના મતમાં માનવામાં આવતું વિજ્ઞાન પણ (નિરાકાર હોવાથી) અનંત અને ઉત્પન્ન થઈ નાશ પામનાર એવા (સાકાર) ભીંત–પરમાણુ આદિ સ્થૂલ–સૂક્ષ્મ પદાર્થોનું કારણ કેમ ઘટી શકે?[૨૮] સ્વભાવનો એવો સ્વભાવજ છે કે તે કારણરૂપ થઇ જાય એમ (સ્વભાવવાદીઓનું) કહેવું પણ એક સ્વભાવના બીજા પર્યાય શબ્દની કલ્પના કરવા જેવું છે.[૨૯] માટે સર્વ પદાર્થો અને તેનું કારણ એ સર્વ અજ્ઞાનીઓને વિનાકારણેજ ભ્રાંતિરૂપે ભાસે છે, અને તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં સર્વ કાર્ય સન્માત્રરૂપે રહેલ છે, અને તે કારણમાંથી ચિદાકાશના ચમત્કારરૂપે આવિર્ભાવને પામે છે, અને તેમાંજ પાછું તિરોહિત થઇ જાય છે.[૩૦] જેમ સ્વપ્નમાં દ્રવ્યને લઇ જનારા ચોરોએ કરેલ તાડન–બંધન આદિ (સ્વપ્નનું મિથ્યાપણું જણાયાથી) પછીથી જાગ્રતમાં પીડા કરતું નથી, તેજ પ્રમાણે તત્ત્વદર્શન થયા પછી જીવિત પણ દુઃખ આપી શકતું નથી.[૩૧] સૃષ્ટિના આરંભકાલમાં આ દૃશ્ય ઉત્પન્નજ થયું નથી, કિંતુ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદાકાશજ, જેમ પોતાનું સાક્ષિચૈતન્ય સ્વપ્નમાં સ્વપ્નસૃષ્ટિના જેવું ભાસે, તેમ દૃશ્યરૂપ ભાસી રહ્યું છે. બીજું કશું અહીં ઘટી શકતું નથી.[૩૨] આ યુક્તિ વિના બીજી કોઇ પણ કલ્પના યુક્તિવાળી (બંધ બેસતી) દેખાતી નથી, માટે આ જગતની કલ્પના બ્રહ્માનુભવરૂપ છે.[૩૩] જેમ શુદ્ધ એવા એકરસરૂપ જલની અંદર તરંગો, ચકરીઓ, દ્રવપણું એ સર્વ રહ્યાં હોય, તેમ બ્રહ્મજ પોતાના સ્વરૂપની અંદર સર્ગને આકારે ભાસી રહેલ છે.[૩૪] જેમ નિર્મલ એવા પવનની અંદર ચપલતાની ચકરીઓ રહી હોય અને વિવર્ત આદિરૂપે ભાસે, તેમ બ્રહ્મરૂપ પવનની અંદર આ સૃષ્ટિની ચપલતા રહી છે એમ ભાસે છે.[૩૫] જેમ આકાશની અંદર રહેલ અનંતપણું, છિદ્ર અને શૂન્યપણું, ઇત્યાદિ તત્ત્વદૃષ્ટિમાં રહી જોઇએ તો આકાશરૂપજ છે, તે પ્રમાણેજ આ સ્થાવર–જંગમ સૃષ્ટિ પણ વસ્તુતાએ જોતાં ચિદાકાશરૂપ છે.[૩૬] નિદ્રા આદિમાં સારી રીતે અનુભવમાં આવતા એવા પણ (સ્વપ્નના) પદાર્થો મિથ્યાજ હોય છે, કેમકે તે આત્માથી કાંઇ જુદા નથી. તે પ્રમાણે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય, ચિદ્ઘનરસ એવા આત્માની અંદર અભિન્નસત્તાથી રહેલાં છે.[૩૭] જેમ શાંત શુદ્ધ આત્મામાં નિદ્રાની ઘાટી સ્થિતિમાં સ્વપ્ન–સુષુપ્તિનો ભાવ રહેલ હોય તેમ ચિદાકાશમાં જગતની સ્થિતિ છે.[૩૮] મનુષ્ય જેમ નિદ્રાની અંદર એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નોમાં ગમન કરે, તેમ જન્મ આદિ વિકારથી રહિત પરમાત્મા પોતેજ પોતાની સત્તામાં એક સૃષ્ટિમાંથી બીજી સૃષ્ટિઓરૂપ થઈ જાય છે.[૩૯] સ્વપ્નના અનુભવ પ્રમાણે આ ચિદાકાશ પૃથ્વી આદિથી રહિત છતાં કેમ જાણે તેવડે યુક્ત હોય તેમ ભાસે છે.[૪૦] જેમ પશ્યંતી નામની (સૂક્ષ્મ) વાણીમાં ઘટ–પટ આદિ સર્વ શબ્દો અભિન્નસત્તાથી રહ્યા છે, તેમ ભૂતકાલની તથા ભવિષ્યકાલની સર્વ સૃષ્ટિ મહાચૈતન્યસત્તાની અંદર અભિન્નસત્તાથી રહેલછે.[૪૧] જેમ પશ્યંતી વાણીમાં તેનું પોતાનું સ્વરૂપજ શબ્દ આદિરૂપે ભાસે તેમ ચિદાકાશની અંદર ચિત્સત્તાથી ચિદાકાશ પોતેજ સૃષ્ટિઓરૂપ ભાસે છે, તેથી તેઓ પણ ચિન્મયજ છે.[૪૨] જ્યાં બીજું કાંઇ નથીજ ત્યાંપછી શાસ્ત્ર શું છે, અને કથાઓના વિચારોવડે કરીને પણ શું છે? કાંઇ નહિ. વાસનારહિત એવું જીવનજ મોક્ષરૂપ છે. એવી રીતે કારણના અભાવને લીધે જે સૃષ્ટિજ નથી તો પછી આ નાનાપ્રકારની પ્રપંચની રચના પ્રત્યક્ષ દેખાતાં છતાં પણ કાંઇજ નથી.[૪૩] જે આ વાસના અહીં પ્રપંચના બીજરૂપે સિદ્ધ છે તે નિરંતર અને એક એવી બોધસત્તારૂપજ છે, અને તે નાના પ્રકારના ભાવો અને નાના પ્રકારના પદાર્થો એ સર્વથી રહિત છે, તથા સ્વપ્નમાં જેમ ચિદાત્માજ સ્વપ્નનગર આદિરૂપ થઈ રહે તેમ ચિદાકાશજ એ સર્વ નાના પ્રકારના પદાર્થોરૂપ ભાસે છે.[૪૪]

एषा च सिद्धेह हि वासनेति सा बोधसत्तैव निरंतरैका ॥ नानात्वनानारहितैव भाति स्वप्ने चिदेवेह पुरादिरूपा ॥ ४४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સત્યવર્ણન' એ નામનો એકસો સિત્તોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૭

સર્ગ ૧૭૮ મો.*

ઐંદવાખ્યાન

॥ श्रीराम उवाच ॥

पदार्था द्विविधाः संति मूर्तामूर्ता जगत्त्रये ॥ यत्र सप्रतिघाः केचित्केचिदप्रतिघा अपि ॥१॥

* આ એકસો અઠ્યોતેરમા સર્ગમાં નિરાકાર ચૈતન્યવડે સાકાર દૃશ્યનું ચલન થવામાં યુક્તિ કહેવામાં આવશે, અને જગત નિરાકાર ચિન્માત્રરૂપ છે તે ઐંદવાખ્યાનથી સ્પષ્ટ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રીરામચંદ્રજી કહે છેઃ—આ ત્રણે લોકની અંદર સાકાર અને નિરાકાર એવા બે પ્રકારના પદાર્થો છે, તેમાં કેટલાએક પદાર્થો સાવયવ અને કેટલાએક નિરવયવ પણ છે.[૧] જેઓ (અવયવદ્વારા) એક બીજા સાથે જોડાઇ જાય છે તેઓ સાવયવ કહેવાય છે, અને જેઓ (અવયવદ્વારા) એક બીજા સાથે નથી જોડાતા તેઓ નિરવયવ કહેવાય છે.[૨] સાવયવ પદાર્થોનું એક—બીજા સાથે જોડાઇ જવું દેખવામાં આવે છે, અને જેઓ નિરવયવ છે તેઓનું (અવયવ નહિ હોવાથી) એક-બીજા સાથે કાંઈ પણ જોડાવું થતું નથી.[૩] ચિદાભાસ કિંવા જીવ એવા નામથી જ પ્રસિદ્ધ છે તે નિરવયવજ છે, કેમકે ચંદ્રને દેખનાર પુરુષનો જીવ અહીંના પ્રદેશથી નેત્ર ઇંદ્રિયદ્વારા નિરવયવરૂપે ચંદ્રમંડલમાં પ્રચાર કરે છે, આ વાત સર્વના અનુભવવડે સિદ્ધ છે.[૪] અર્ધપ્રબુદ્ધ પુરુષના સંકલ્પ-વિકલ્પવાળી દ્વૈતદૃષ્ટિવડે કલ્પિત એવા દૃશ્યને સ્વીકારી લઇને આ મારું કહેવું છે; બાકી તત્ત્વદૃષ્ટિમાં રહી (ચિન્માત્રને સ્વીકારી) આ મારું કહેવું નથી.[૫] હે મહારાજ! ચિત્તમાં (હૃદયમાં) રહી પ્રાણવાયુમાં કોણ ક્ષોભને ઉત્પન્ન કરે છે, અને તેનું અંદર પેસવું તથા બહાર નીકળવું શી રીતે થાય છે, તે આપ મને કહો.[૬] જેમ મજુર ભારને ઉપાડે તેમ જીવ દેહને ચલાવે છે, હવે એ નિરાકાર જીવ સાકાર દેહને શી રીતે ચલાવે છે?[૭] જો કદાચિત્ સાવયવ પ્રાણ દેહ આદિ વસ્તુ, જીવરૂપ નિરવયવ વસ્તુ સાથે જોડાઈ જતાં તેના સંકલ્પ-બલથી ચાલે છે એમ માનવામાં આવતું હોય તો પુરુષના સંકલ્પ-બલથી પર્વત કેમ ચાલતો નથી?[૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્યારે હૃદયની અંદર રહેલી નાડી વિકાસ અને સંકોચને પ્રાપ્ત થાય છે ત્યારે પ્રાણવાયુ છિદ્રદ્વારા બહાર જાય છે, અને અંદર પેસે છે.[૯] જેમ ભાતારમાં (પોલાણમાં) સંચાર કરનાર વાયુ લુહારની બહારના ઉપસ્કરરૂપ એવી ધમણમાં પ્રવેશ કરે અને બહાર નીકળે, તેમજ હૃદયમાં પ્રાણવાયુના ચલનવિષે સમજવાનું છે.[૧૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—બહાર ધમણને સંકોચ અને વિકાસવડે લુહાર ધમે છે એટલે કે ચલાવે છે; પરંતુ અંદર રહેલી નાડીને કોણ ચલાવનારો ચલાવે છે?[૧૧] વળી સેંકડો નાડીઓ એકને (પ્રાણને) આધારે કેમ ગતિ કરે? અને એ એકજ સેંકડો નાડીઓ સાથે કેમ સંબંધ રાખે? નિર્વિકાર ચૈતન્યનો સામાન્ય સંસર્ગ તો કાષ્ઠ, લોષ્ઠ, પાષાણ આદિમાં પણ રહ્યો છે; તો શું તેઓ સચેતન છે?[૧૨] જો સ્થાવર વસ્તુ સચેતન હોય તો તે ગતિમાન કેમ નથી અને (દેહ આદિની પેઠે) ચમત્કારવાળી કેમ નથી? અને જંગમ વસ્તુજ કેમ જાણે કોઈ નિયંતાએ નિયમિત હોય તેમ ગતિમાન હોય છે તેનું કારણ શું છે? તે આપ કહો.[૧૩]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—બહાર જેમ ધમણને લુહાર ચલાવે તેમ આંતરડાંઓમાં વીંટાઇ રહેલી નાડીઓના સમૂહને અંદર રહેલ ચેતનસત્તાજ ચલાવે છે. તેને અનુસરીને સર્વલોક બહાર ચેષ્ટા કરે છે.[૧૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! શરીરની અંદર રહેલ પ્રાણવાયુ આંતરડાં આદિ સર્વ મૂર્તિમાન છે તો તેને નિરાકાર ચેતનસત્તા કેમ ચલાવી શકે? એ આપ મને કહો.[૧૫] નિરાકાર ચેતનસત્તા જો સાવયવ (સાકાર) દેહાદિને ઇચ્છામાત્રથી ચલાવે એમ થતું હોય તો પછી ઘણે છેટે રહેલ જલ પણ તરસ્યા થએલા પથિકની ઇચ્છાથી તેની પાસે પોતાની મેળેજ ચાલ્યું જાય.[૧૬] જો ઇચ્છામાત્રથીજ સાવયવ અને નિરવયવ પદાર્થનો સંયોગ [illegible] હોય તો પછી કર્મેંદ્રિયનું શું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રયોજન રહે અને ક્યાં રહે? ક્યાંય નહિ.[૧૭] હે મહારાજ ! જેમ સાવયવ અને નિરવયવ વસ્તુનો બહાર પણ સંશ્લેષ (સંયોગ) થતો નથી તેમ અંદર પણ થતો નથી, એમ હું માનું છું; બાકી કાંઈ બીજું હોય તો આપ મને કહો.[૧૮] અથવા તો આપ કે જે યોગી છો તેનો પોતાનો નિરવયવ પદાર્થનો સાવયવ પદાર્થ સાથે સંયોગ થવાના સંબંધમાં કાંઈ અનુભવ હોય તો તે તરત મને કહી બતાવો.[૧૯]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—સર્વ સંદેહરૂપી વૃક્ષને મૂલમાંથી ઉખેડી નાખનાર એવું આ મારું વચન કે જે કાનને શોભા આપનાર છે, તેને સર્વની એકતાનો અનુભવ થવામાટે તમે સાંભળો.[૨૦] અહીં કોઈ જગ્યાએ કશી સાકાર વસ્તુ નથી. સર્વદા આ સર્વને આકારે શાંત નિરાકાર પરબ્રહ્મજ પ્રસરી રહેલ છે.[૨૧] સ્વપ્ન અને સંકલ્પની પેઠે પૃથ્વી આદિ આ સર્વ પદાર્થસમૂહ શાંત શુદ્ધ નિરાકાર એવા ચિદાકાશરૂપ છે.[૨૨] આ સર્વ કારણના અભાવનેલીધે આદિમાં અને અંતમાં નથી. જોકે તે ભ્રાંતિરૂપે દેખાય છે તોપણ સ્વપ્નની પેઠે તે ચિદાકાશનોજ એક વિવર્ત છે.[૨૩] તત્ત્વવેત્તા પુરુષો મોટાં કારણોના સમૂહથી (વિવેક–વૈરાગ્ય આદિથી) આ સાકાર જગતને વાસનાસહિત (મનમાંથી) કહાડી નાખી, સ્વર્ગ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ, દિશાઓ આદિ દૃશ્યને નિરાકાર ચિદ્રૂપજ સમજે છે.[૨૪] અંતઃકરણ, મહાભૂત આદિ, અથવા મૃત્તિકા, કાષ્ઠ, પાષાણ આદિ સર્વ શૂન્ય-અશૂન્ય વસ્તુ ચિદ્રૂપ છે, બીજું કાંઈ નથી.[૨૫] આ સંબંધમાં એક ઐંદવ (ઇંદુના દશ પુત્રોનું) આખ્યાન હું કહું તે તમે સાંભળો, કે જે કાનને શોભા આપનાર છે, અને એ તમને આગળ કહેલ પણ છે, તોપણ અહીં પ્રસંગનેલીધે કાંઇ બીજા ઉદ્દેશથી કહું છું. વર્તમાનકાલના તમારા ચાલતા પ્રશ્નના સમાધાનના બોધમાટે તમે તે સાંભળો કે જેથી આ સર્વ પર્વત આદિ ચિદ્રૂપ છે એવો તમને બોધ થશે.[૨૭] પ્રથમ (ઉત્પત્તિપ્રકરણમાં) વર્ણવેલ રીતિવાળા કોઇ દૃશ્યપ્રપંચની અંદર, તપ, વેદ અને કર્મના આશ્રયરૂપ એવો એક દ્વિજાતિ હતો કે જે ઇંદુ એવા નામનો વિપ્ર કહેવાતો હતો.[૨૮] જેમ બ્રહ્માંડની અંદર રહેલ આકાશના દશ દિશાઓના તટો હોય તેમ એ ઇન્દુ નામના બ્રાહ્મણને દશ પુત્રો થયા હતા કે જેઓ ઉદારચિત્તવાળા મહાશય અને મોટા સત્પુરુષોના આશ્રયરૂપ હતા.[૨૯] તે દશેનો પિતા જેમ મહાપ્રલયમાં એકાદશ રુદ્ર તિરોહિત થઈ જાય તેમ કાલવશથી તિરોહિત થઈ (મરી) ગયો.[૩૦] જેમ તારારૂપી નેત્રને ધારણ કરનાર એવી સંધ્યા દિવસની પછવાડે ગમન કરે તેમ તેની પત્ની કે જે પોતાના પતિમાં અતિ આસક્ત હતી તે વૈધવ્યના ભયથી પોતાના પતિની પછવાડે સતી થઇ.[૩૧] તેના દશે પુત્રો તેની ઉત્તર ક્રિયા કરી દુઃખવડે વ્યાપ્ત થઇ જવાને લીધે વ્યવહારને મૂકી દઈ સમાધિમાટે વનમાં ચાલ્યા ગયા.[૩૨] "સર્વ ધારણાઓમાં ઉત્તમ સિદ્ધિ આપવાવાળી કઇ ધારણા હશે કે જેના બલથી આપણે સર્વેશ્વર (હિરણ્યગર્ભરૂપ) થઇ જઇએ?"[૩૩] આ પ્રમાણે વિચાર કરી તે દશે પદ્માસન વાળી નિર્વિઘ્ન એવી ગુફાની અંદર વિચાર કરવા લાગ્યા,[૩૪] કે બ્રહ્માજીએ આશ્રય કરાએલ એવું આખું જે બ્રહ્માંડ છે તેરૂપ હું છું, એવી જો ધારણા બાંધી આપણે સર્વ નિશ્ચલ થઇ રહીએ, તો નિર્વિઘ્ને બ્રહ્માએ સહિત એવા બ્રહ્માંડરૂપ થઇ રહીએ.[૩૫] આવો વિચાર બાંધી બ્રહ્માએ સહિત એવી જગતની ધારણાવડે ઘણા લાંબા કાલસુધી આંખોને વીંચી રાખી તેઓ ચિત્રમાં આલેખેલા હોય તેમ સ્થિર થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

રહ્યા.[૩૬] એવી રીતે પોતાના ચિત્તને કોઇપણ બીજ સ્થલે વિક્ષિપ્ત ન થવા દેતાં કેવળ હિરણ્યગર્ભની (બ્રહ્માની) ધારણામાંજ સ્થિર કરી રાખી, એવીજ સ્થિતિમાં તેઓ અઢાર માસસુધી રહ્યા; અને એટલા સમયમાં તેઓના તે દેહો સૂકાઇ જઈ શબરૂપ થઇ ગયા. તેના અવયવો રાક્ષસો ચાવી ગયા અને તડકાવડે જેમ છાયાના ભાગોનો નાશ થાય તેમ તેઓના દેહોનો ત્યાંજ નાશ થઈ ગયો.[૩૭,૩૮] હું બ્રહ્મારૂપ છું, જગતરૂપ છું, અને ત્રણે લોકસહિત સૃષ્ટિ પણ મારાથી જુદી નથી, એમ ધ્યાન કરતાં તેઓનો ઘણો લાંબો સમય ચાલ્યો ગયો.[૩૯] તે દશેનાં દેહવગરનાં દશે ચિત્તો એક ધ્યાનના પરિપાકના બલથી દશ બ્રહ્માંડરૂપી દેહવાળાં જગતને આકારે થઇ રહ્યાં.[૪૦] એવી રીતે તેઓનું સ્વચ્છ ચૈતન્યજ ઇચ્છારૂપ થઇ જઈ સર્વ જગતને આકારે થઇ ગયું, કે જે ચૈતન્ય અત્યંત સ્વચ્છરૂપ છે, અને નિરાકારરૂપેજ રહેલ છે.[૪૧] તે જગત્ ચિદ્રૂપ હોવાથી તેનાં પૃથ્વી પર્વત આદિ સર્વ ચિદ્રૂપજ છે એમ તમે સમજો. જો એમ ન હોય તો બીજું શું છે, અને ત્રણે લોકના સમૂહનું બીજું શું સ્વરૂપ છે, તે તમેજ કહો.[૪૨] વસ્તુતાએ જોતાં તો જગત શૂન્યચિદાકાશરૂપ છે, બીજું કાંઇ નથી.[૪૩] જેમ જલવિના તરંગ કાંઈ બીજી વસ્તુ નથી તેમ ચેતનવિના બીજું ચલન આદિ કાંઇપણ નથી.[૪૪] જેમ ચિદાકાશની અંદર રહેલ ઈંદુ બ્રાહ્મણના દશ પુત્રોનાં જગતો ચિદ્રૂપ છે તેમ તેની અંદર રહેલ લાકડાં, લોઢું, પાષાણ આદિ પણ ચિદ્રૂપ જ છે.[૪૫] જેમ એ ઈંદુબ્રાહ્મણના પુત્રોના સંકલ્પોજ જગતરૂપ થઈ ગયા તેમ બ્રહ્માનો (હિરણ્યગર્ભનો) સંકલ્પજ આ જગતરૂપે થઇ રહ્યો છે.[૪૬] માટે અહીં દેખાતા આ પર્વતો, પૃથ્વી, વૃક્ષો, મેઘો તથા મહાભૂતો, એ સર્વ નિર્મલ ચિન્માત્ર છે.[૪૭] વૃક્ષો ચિદ્રૂપ છે, પૃથ્વી ચિદ્રૂપ છે, સ્વર્ગ ચિદ્રૂપ છે, આકાશ ચિદ્રૂપ છે, અને પર્વતો પણ ચિદ્રૂપ છે. ઇંદુ બ્રાહ્મણના પુત્રોનાં જગતોનીપેઠે કોઇ ઠેકાણે ચૈતન્યવિના બીજું કાંઇજ નથી.[૪૮] નિરંતર ચિદાકાશરૂપી કુલાલ (કુંભાર) પોતાના દેહરૂપી ચપલ ચાકડાઉપર પોતાના સ્વરૂપરૂપી મૃત્તિકાવડે સૃષ્ટિને ક્યાંથી કરે![૪૯] સંકલ્પથી રચેલી સૃષ્ટિમાં જો પાષાણો ચિદ્રૂપ ન હોય તો પછી તેની (સૃષ્ટિની) અંદર રહેલ લોષ્ટ–શૈલ આદિ શું છે, તે તમેજ કહો.[૫૦] અનુભવ, સ્મૃતિ અને સંસ્કારો, પોતાની અંદર જડ અર્થને નહિ ધારણ કરતાં ચિદ્રૂપ અર્થનેજ ધારણ કરે છે, કેમકે આગળ પ્રથમ વિચારથી સિદ્ધ થયું છે કે, કલ્પના આદિની અર્થશૂન્ય સ્થિતિ જુદા પ્રકારની હોય છે, અને ચિદાત્માના ચમત્કારથી તેની સ્થિતિ જુદા પ્રકારના ચમત્કારવાળી માલૂમ પડે છે.[૫૧] જેમ મણિના સમૂહની અંદર મણિદીપી નીકળે તેમ ચૈતન્યસ્વરૂપ તત્ત્વ સર્વરૂપ થઇ રહેલ અને ચિત્સત્તાના આશ્રયરૂપ એવા(સમષ્ટિ-વ્યષ્ટિના) ચિત્તમાં દેદીપ્યમાનરૂપે અંદર રહી અનેક અર્થરૂપે ઉદય પામેલ હોય તેમ જણાય છે.[૫] કાર્ય અને કારણ એ બન્નેથી રહિત એવા બ્રહ્મથી કોઇ પણ કાલમાં સૃષ્ટિ ભિન્ન નથી, કેમકે તેનો એવો સ્વભાવ છે. જેથી આ સર્વ બ્રહ્મરૂપ છે એવો નિશ્ચય થાય છે.[૫૩] જેમ નીચી જમીનમાં પ્રવૃત્ત થએલ જલ અતિતીવ્ર એવા પોતાના અને પરાયા પ્રયત્નવિના પોતાની મેળેજ આવર્ત, તરંગ, પ્રવાહ આદિ વિચિત્રરૂપે ગતિ કરતું રહે, તેમ ચિદાકાશ પણ સ્વાભાવિક રીતે સૃષ્ટિ આદિ વિચિત્ર આકારે ભાસ્યા કરે છે.[૫૪] જેમ પાદ્મકલ્પમાં ભગવાનના નાભિકમલની લીલાજ કેમ જાણે જગત-રૂપ થઈ રહી હોય તેમ ભાસે છે, તે પ્રમાણે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ચિદ્રૂપ બ્રહ્મમાંથી જગતો ખડાં થઇ જાય છે જેથી તેનાથી તે જરા પણ ભિન્ન નથી.[૫૫] આ જગત ઉત્પન્ન થએલ નથી તેમ તેનો નાશ પણ થતો નથી. તે સન્માત્ર ચિદાકાશરૂપ છે, શાંત છે, સત્ અને અસત્ એ બન્નેની વચલી કોટિમાં રહેલ છે, અને ચિદાકાશનો એક વિવર્ત છે.[૫૬] સંકલ્પસૃષ્ટિની અંદર રહેલ પર્વત આદિ ચિદ્રૂપ છે, છતાં તે ચિદ્રૂપ નથી એમ કહેનાર અવિવેકી પુરુષને વિદ્વાનો હસે છે.[૫૭] વિવેકી પુરુષ તો ચિદાકાશરૂપમાં રહેલ સંકલ્પમય એવાં જગતોને કેમ જાણે પોતાનાથી જુદાં ન હોય તેવાં ચિદાકાશરૂપજ સમજે, તે પ્રમાણે બ્રહ્મના સંકલ્પથી થએલ આ જગત પણ ચિન્માત્ર છે; એમ તેઓનું સમજવું છે.[૫૮] જેમ જેમ શીઘ્રતાથી આ તત્ત્વદૃષ્ટિનું અવલોકન કરવામાં આવે તેમ તેમ આ દુઃખનો શીઘ્રતાથી ક્ષય થતો જાય છે.[૫૯] જીવચૈતન્ય ઘણે લાંબે કાલે પણ જ્યાંસુધી તત્ત્વદૃષ્ટિ તરફ નથી વળતું, ત્યાંસુધી આ દુઃખ પ્રતિદિન ધાડું ધાડું થતું જાય છે.[૬૦] લાંબા કાલના પાપના યોગથી મૂઢ થઈ ગએલ અને આ તત્ત્વદૃષ્ટિ તરફ નહિ વળનારા અવિવેકી પુરુષોને, વજના જેવો દૃઢ થઇ રહેલ જન્મ-મરણ આદિ સંસાર કોઇ દિવસ શાંત થતો નથી.[૬૧] અહીં આકાર નથી, હલકાઇ કે મોટાઈ નથી, જન્મ કે નાશ પણ નથી, સત્તા નથી અને અસત્તા પણ નથી, કેવળ શાંત એવું પરબ્રહ્મ પોતાના સ્વરૂપમાં આ પ્રમાણે (દૃશ્યરૂપે)વિવર્તભાવને પ્રાપ્ત થતું રહે છે; અથવા તો એ વિવર્ત પણ અહીં સાવ નથીજ.[૬૨] બ્રહ્મ પોતે (સ્ફટિકના સ્તંભનીપેઠે) અંદર રહેલ અને ખીચોખીચ ભરેલ એવી અનેક સૃષ્ટિઓરૂપી પૂતળીઓના સમૂહવાળું છે, છતાં જગતરૂપી લતા, તેનાં મૂલ, તેની રચના અને તેનો ભૂમિમાં પ્રવેશ, એ સર્વ તેમાં દેખાતાં નથી. તે પોતે આદિ અને અંતથી રહિત છે, જન્મ-નાશવિનાનું છે, સ્વચ્છ છે, અને સર્વરૂપ છતાં નિરંતર પોતાના આનંદમય નિર્વિકાર સ્વરૂપમાંજ ભરપૂરપણે રહેલ છે.[૬૩] એ સન્માત્રતત્ત્વ અસંખ્ય અને ચારે તરફ વ્યાપ્ત હાથોવાળું અને દિશાઓના અંતમાં પણ અસંખ્યરૂપે રહેલ આંખ, કાન, કંઠ, ઉદર, માથું પગ આદિ અવયવોવાળું થઇ રહ્યું છે. બાકી તાત્ત્વિક દૃષ્ટિવડે જોતાં આ સર્વ ચિદાકાશરૂપ છે. સ્ફટિકસ્તંભની પેઠે સર્વ તેમાં પ્રતિબિંબિત છે. તે પોતે સન્માત્ર છે, જન્મ-જરા આદિ વિકારથી રહિત છે, નિર્વિકલ્પ છે, મારું પોતાનું આત્મસ્વરૂપજ આ સર્વરૂપ થઇ રહેલ છે, એટલે હવે તેમાં વિશેષ વિકલ્પો કરવાનું કાંઈ કારણ નથી.[૬૪]

सन्मात्रमंतरहिताखिलहस्तजातंपर्यंतहीनगणनां गममुक्तरूपम् ॥ आत्मांबरात्मकमहं त्विदमेव सर्वं सुस्तंभरूपमजमौनमलं विकल्पैः ॥ ६४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'ઐંદ્રવોપાખ્યાન' એ નામનો એકસો અઠ્યોતેરમો સર્ગ સંપૂર્ણ. ૧૭૮

સર્ગ ૧૭૯ મો.*

બ્રહ્મનું પ્રતિપાદન

॥ श्रीवासिष्ठ उवाच ॥

एवं चिन्मात्रमेवैकं शुद्धं सत्त्वं जगत्त्रयम् ॥ संभवंतीह भूतानि नाज्ञबुद्धानि कानिचित् ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એવી રીતે આ ત્રણે લોક એક શુદ્ધ તત્ત્વમય ચિદ્રૂપ છે. અવિવેકીઓને સાકારરૂપે પ્રતીતિમાં આવતા એવા કોઈપણ પ્રાણીઓ અહીં નથીજ, તોપછી શરીર આદિ ક્યાં છે? અને બીજી પણ સાવયવ વસ્તુ ક્યાં છે? જે કાંઈ આ દેખાય છે તે નિરાકાર બ્રહ્મજ

* આ એકસો અગણાએંશીમા સર્ગમાં સર્વ દૃશ્ય ચિન્માત્ર છે, અને નિરાકાર છે, તોપછી તેમાં શંકાનો શો પ્રસંગ છે, તે કહેવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digtized by S3 Foundation USA

ચોતરફ પ્રસરી રહેલ છે.[૧,૨] ચિદાકાશ ચિદાકાશની અંદર રહેલ છે. એ શાંત તત્ત્વ પોતાના શાંત સ્વરૂપમાંજ સમાનપણે સ્થિર છે. આકાશ આકાશની અંદર રહેલ છે, અને જ્ઞાન પોતાના સ્વરૂપમાંજ સ્થિતિ રાખી રહ્યું છે.[૩] સર્વ શાંત સત્ય ચિદાકાશરૂપ છે. સ્વપ્નની પેઠે જાગ્રત્ અવસ્થામાં પણ આ સર્વ નિરવયવરૂપે રહેલ છે. સાકાર વસ્તુની સ્થિતિજ અહીં ક્યાં છે ?[૪] દેહના અવયવો ક્યાં છે ? આંતરડામાં વીંટાએલી નાડી પણ ક્યાં છે ? અસ્થિપિંજર પણ ક્યાં છે ? દેહ પણ આકાશ જેવો નિરાકાર છે એમ તમે સમજો, અને સ્વપ્નદેહની પેઠે કેવળ આભાસરૂપ છે.[૫] હાથ ચિદાકાશરૂપ છે, મસ્તક ચિદાકાશરૂપ છે, ઇંદ્રિયોનો સમૂહ ચિદાકાશરૂપ છે. સર્વ શાંત નિરાકાર છે. કાંઇ પણ સાકાર નથીજ.[૬] (તત્ત્વદૃષ્ટિવડે જોતાં) જગતની સ્થિતિ સ્વાભાવિક રીતેજ ચિદાકાશના એક સ્વપ્નરૂપ હોવાથી આ સર્વ સહેતુક જણાતાં છતાં નિર્હેતુક છે.[૭] (વ્યાવહારિક દૃષ્ટિવડે જોતાં) કારણવિના કાર્ય ઉત્પન્ન થવાની વાત સંભવતી નથી. બાકી જેવો જેણે નિર્ણય કર્યો હોય તેવુંજ તેના લક્ષ્યમાં આવે છે.[૯] યુક્તિવડે વિચાર કરતાં વિનાકારણે ઉત્પન્ન થયેલ અને આત્મરૂપે અનુભવમાં આવતું એવું આ દૃશ્ય અત્યંત અસત્ય પણ નથી, તેમ અત્યંત સત્ય પણ નથી, કિંતુ સત્યજેવું લાગે છે, એટલે કે તે અનિર્વચનીય છે. આ વાત હજી ઘટી શકે છે. આ વાત તો નિઃસંશયજ છે કે ચિદાત્માને સર્વ વસ્તુ પોતાની ભાવના પ્રમાણે ભાસે છે.[૯] જેમ સ્વપ્નની અંદર ચિન્મયપણાથી સર્વત્ર સર્વથા સર્વ સંભવે છે, તેમજ જાગ્રત્માં પણ ચિન્મયપણાથી સર્વત્ર સર્વ સર્વથા સંભવે છે; કેમકે ચિદાકાશનુંજ સર્વાત્મપણું છે.[૧૦] સર્વના આત્મારૂપ બ્રહ્મપદ કે જ એક અનેકરૂપે થઈ રહેલ છે તેની અંદર કાર્યોની સત્તા વિનાકારણે પણ રહી છે, અને કારણથી ઉત્પન્ન થએલ પણ પ્રતીતિમાં આવે છે.[૧૧] જેમ ઇંદુબ્રાહ્મણના દશ પુત્રો તેના સંકલ્પમય જગતોના સમૂહવડે લાખો પ્રાણીઓરૂપ થઈ ગયા તેમ એકજ તત્ત્વ હજારોરૂપે થઈ જાય છે.[૧૨] જેમ વિષ્ણુ આદિનું સાયુજ્ય થતાં (ઉપાધિના મેલનદ્વારા એકરૂપતા થતાં) અનેક સૃષ્ટિઓની એકરૂપતા થઈ જાય તેમ હજારો જીવો સાયુજ્ય થતાં એકરૂપ થઇ જાય છે.[૧૩] જેમ સેંકડો નદીઓવડે યુક્ત છતાં સમુદ્ર એકરૂપ છે, અને ઋતુઓ તથા સંવત્સરોના સમૂહથી ભિન્ન દેખાતો એવો પણ કાલ એકજ છે,[૧૪] તેવી રીતે દેહ ભિન્નરૂપ દેખાતાં છતાં ચિદાકાશરૂપ છે, અને તે સ્વપ્નદેહની પેઠે ખડો થઇ જઇ દેખાય છે. પોતાના અનુભવવડે જો કે તે સ્ફુટ રીતે પ્રતીતિમાં આવે છે, તોપણ સ્વપ્નશૈલનીપેઠે નિરાકાર છે.[૧૫] જો દૃશ્યનું સ્વરૂપ ઓળખવામાં આવે તો તે ચિદ્રૂપજ છે, અને વસ્તુસ્વરૂપ ન ઓળખાયાથી દૃશ્ય અને દ્રષ્ટારૂપે તે પોતેજ પ્રતીતિમાં આવે છે, માટે આ જગત ચિદાકાશરૂપ છે.[૧૬] જેમ નિદ્રા એકજ, સ્વપ્ન અને સુષુપ્તિ એ બન્નેરૂપ છે, તેમ એક બ્રહ્મજ દ્રષ્ટા અને દૃશ્ય એ બન્નેરૂપ છે; અને તે જેમ પવન અને તેની ચલનશક્તિ અભિન્ન છે તેમ બ્રહ્મથી અભિન્ન છે; માટે જગત એક ચિદાકાશરૂપજ છે.[૧૭] દ્રષ્ટા દૃશ્ય અને દર્શન, એ ત્રણે ચિદાકાશનોજ એક વિવર્ત છે. પરમાર્થદૃષ્ટિથી જોતાં તો તે ચિદાકાશરૂપ છે. જેમ શૂન્ય છતાં સ્વપ્નમાં ચિદાત્માજ અનેકરૂપે ભાસે છે, તેમ ચિદાકાશજ આ સર્વરૂપ છે; જેથી જગત એક ચિદ્રૂપ છે.[૧૮] પ્રથમ સૃષ્ટિથી માંડી શબલ બ્રહ્મમાં કલ્પાએલો જગતનો ભાવ સાવ મિથ્યા છે, અને ભ્રાંતિવડેજ તે થએલો છે. તેનું ખરું સ્વરૂપ ઓળખવામાં આવે એટલે સ્વપ્નમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દીઠેલા વ્યાઘ્રના ભયનીપેઠે તે નિઃશેષ રીતે શાંત થઇ જાય છે.[૧૯] જેમ સ્વપ્નની અંદર એકજ જીવચૈતન્યનું ભાન અનેક પ્રકારે થાય છે તેમ બ્રહ્મમાં પણ સૃષ્ટિના આદિકાલમાં એકજ તત્ત્વનું ભાન નાનાપદાર્થરૂપે થઇ જાય છે.[૨૦] જેમ અનેક દીવાવાળા ઘરની અંદર રહેલી અનેક કાંતિઓ પણ એકજેવીજ ભાસે છે, તેમ સર્વશક્તિમાન પરમાત્માની એકજ (માયા) શક્તિ અનેકરૂપે ભાસી રહી છે.[૨૧] આકાશમાં (ભ્રાંતિનેલીધે) પ્રતીતિમાં આવતા વૃક્ષસમૂહના સ્ફુરણનીપેઠે બ્રહ્મરૂપી મહાસાગરની અંદર જલબિંદુના એક સ્ફુરણ જેવી આ સૃષ્ટિ છે. આકાશમાં દેખાતો વૃક્ષોનો સમૂહ તેનાથી કાંઈ જુદો જણાય છે, અને બ્રહ્મરૂપી મહાસાગરમાં સ્ફુરતો એવો સૃષ્ટિરૂપી બિંદુ તેનાથી જરા પણ ભિન્ન નથી.[૨૨]

यत्सीकरस्फुरणमंबुनिधौ शिवाख्ये व्योम्नीव वृक्षनिकरस्फुरणं स सर्गः ॥ व्योम्न्येष वृक्षनिकरो व्यतिरिक्तरूपो ब्रह्मांबुधौ न तु मनागपि सर्गबिंदुः ॥ २२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બ્રહ્મમયત્વપ્રતિપાદન' એ નામનોએકસો એગણએંશીમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૧૮૦ મો.*

કુંદદંતનું આખ્યાન

॥ श्रीराम उवाच ॥

इमं मे संशयं छिंधि भगवन् भास्करं तमः ॥ भुवनस्येव भावानां सम्यग्रूपानुभूतये ॥ १ ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જેમ સૂર્યનારાયણનું તેજ જગતના સર્વ પદાર્થોનું રૂપ સારી રીતે પ્રકાશમાં લાવવા માટે અંધકારનો નાશ કરે તેમ આપ આ મારા સંશયની નિવૃત્તિ કરો.[૧] કોઈ એક સમયે હું વિદ્યાલયમાં વિદ્વાનોની સભાની અંદર એકાગ્રપણે રહ્યો હતો, તેટલામાં કોઇ એક તપસ્વી કે જે વિદ્વાન, બ્રાહ્મણોમાં ઉત્તમ, શોભાવાળો, કાંતિવાળો, મોટા તપવડે યુક્ત અને દુર્વાસાના જેવો અતિતેજસ્વી હતો, તે વિદેહદેશના જનમંડલમાંથી ત્યાં દ્વિજસભામાં આવ્યો.[૨૩] તે મહા દેદીપ્યમાન એવી એ બ્રહ્મસભામાં પ્રવેશ કરી અમને પ્રણામ કરી આસનઉપર બેઠો અને પછી અમે તેને પ્રણામ કર્યા.[૪] વેદાંત અને સાંખ્યના સિદ્ધાંતોના વાદોને બંધ કરી પછી મેં સુખેથી બેઠેલ અને વિશ્રાંતિને પ્રાપ્ત થએલ એવા એ બ્રાહ્મણને પૂછ્યું;[૫] કે હે વક્તાઓમાં શ્રેષ્ઠ ! તમે લાંબો પંથ કાપવાથીકેમ જાણે થાકી ગયા હો અને કાંઈપણ મેળવવાની કે જાણવાની ઇચ્છાથી પ્રયત્નવાળા હો તેવા દેખાઓ છો, માટે કહો કે આપનો અહીં આવવાનો શો હેતુ છે ?[૬]

બ્રાહ્મણ કહે છેઃ—હે મહાભાગ ! એમજ, આપના કહેવા પ્રમાણે કાંઇ હેતુથી મારું અહીં આવવું થયું છે. જે માટે હું અહીં આવ્યો છું તેનો નિર્ણય તમે સાંભળો.[૭] સર્વ સૌભાગ્યવડે સુશોભિત એવો વિદેહ નામનો એક દેશ છે કે જે આકાશમાં રહેલ સ્વર્ગનો, સ્ફટિકની ભૂમિમાં પડેલો પ્રતિબિંબ હોય તેવો રમણીય છે.[૮] તેની અંદર હું બ્રાહ્મણજાતિમાં ઉત્પન્ન થયો છું, અને વિદ્યા પણ મેં ત્યાંજ મેળવી સ્થિતિ કરી હતી. મારા દાંત ડોલરના પુષ્પના જેવા ધોળા હોવાથી હું કુંદદંત એવા નામથી વિખ્યાત છું.[૯] પછી કેટલોક સમય જતાં મને વૈરાગ્ય થતાં સંભ્રમનેલીધે શ્રમની શાંતિમાટે મેં દેવતાઓ, દ્વિજો અને મહર્ષિઓનાં સ્થાનોમાં ફરવાની પ્રવૃત્તિ કરી. હું કોઇ એક દિવસે અખંડિત

* આ એકસો એંશીમા સર્ગમાં, રામચંદ્રજી કુંદદંતનું આખ્યાન કહેશે. તેમાં પર્વતની અંદર વૃક્ષમાં લટકી રહેલા તપસ્વીને વરદાનનો લાભ થયાસુધીનો પ્રસંગ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇચ્છાના બલથી શ્રી પર્વતમાં ગયો અને ત્યાં કોમલ તપ કરતાં હું ઘણા લાંબા કાલસુધી રહ્યો.[૧૧] એ શ્રી પર્વતની અંદર ઘાસ વન આદિથી રહિત એવું એક મહાપ્રસિદ્ધ અરણ્ય છે, કે જે તેજ, અંધકાર અને વાદળાં આદિથી રહિત એવું આકાશજ પૃથ્વીમાં કેમ જાણે આવી રહ્યું હોય તેવું શૂન્ય છે.[૧૨] જેમ શૂન્ય આકાશની અંદર મંદ કિરણવાળા સૂર્ય રહ્યા હોય તેમ એ અરણ્યના મધ્યમાં એક નાનું અને કોમલ પલ્લવોવડે સુશોભિત એવું બહુ શાખાવાળું વૃક્ષ છે.[૧૩] તે વૃક્ષની શાખામાં જેમ સૂર્ય પોતાનાં કિરણો સાથે બંધાઈ રહ્યા હોય તેમ રજ્જુથી બંધાએલ પગવાળો અને પવિત્ર આકારયુક્ત એક પુરુષ લટકતો હતો.[૧૪] મુંજ નામના ઘાસની રજ્જુવડે તેના પગ ઉપર બંધાએલા હતા અને માથું નિરંતર નીચે લટકતું હતું. મોટી ગાંઠવાળા શાલ્મલી વૃક્ષની કેમ જાણે કોઈ મોટી ગાંઠ લટકતી હોય તેવો તે જણાતો હતો.[૧૫] કોઇ એક સમયે હું એ પ્રદેશમાં જવાથી મેં તેને જોયો કે જેણે પોતાના વક્ષઃસ્થલમાં પોતાનું અંજલિસંપુટ (હાથ જોડી) રાખેલ હતું.[૧૬] મેં તેની પાસે જોઇ વિચાર કર્યો કે આ બ્રાહ્મણ જીવે છે એમ મને લાગે છે, કેમકે તેની આકૃતિમાં કશો ફેરફાર ન થતાં તે નિઃશ્વાસ લે છે, અને કાલયોગથી થનાર ટાઢ, તડકો, વાયુ આદિના સર્વ સ્પર્શને તે સારી રીતે જાણે છે.[૧૭] પછી એ લટકતા પુરુષનો ઘણા દિવસોસુધી, દિવસોના અને તડકાના ખેદને સહન કરતાં ઉપચાર કરી મેં ધીરે ધીરે મારા ઉપર વિશ્વાસ બેસાડ્યો.[૧૮] પછી મેં તેને પૂછ્યું કે, હે ભગવન્ ! હે વિશાલનેત્ર ! આપ કોણ છો ? શામાટે આવું દારુણ તપ કરો છો ? તમારું પોતાનું જીવિત (ઘણે લાંબે કાલે શ્વાસ લેવાથી) લક્ષ્ય—અલક્ષ્યરૂપમાં રહેલ છે.[૧૯] પછી તેણે મને કહ્યું કે, હે તપસ્વી ! તારે આ પૂછવાનું શું કામ છે ? કોઈ પ્રયોજનનેલીધે મનુષ્યોની ઇચ્છા અતિવિચિત્ર હોય છે.[૨૦] એમ તેણે મને કહ્યા છતાં જ્યારે મેં તેને ઘણા આગ્રહથી પૂછ્યું ત્યારે તેણે મને ઉત્તર આપ્યો;[૨૧] કે મારો જન્મ મથુરામાં થએલ છે. હું પિતાના ઘરમાં મોટો થયા પછી બાલ્ય અને યૌવનના મધ્યમાં રહ્યો હતો અને પદ—પદાર્થને (શબ્દશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આદિને) સમજતો હતો.[૨૨] ત્યારે મેં એમ સાંભળ્યું કે રાજા ખજાનાનીપેઠે સર્વ સુખસમૂહના આશ્રયરૂપ હોય છે. હું તે સમયે નવયૌવનનેલીધે ભોગની ઇચ્છા કરતો હતો,[૨૩] જેથી હું સાત મોટા દ્વીપોના વિસ્તારવાળી પૃથ્વીનો પતિ અને ઉદાર ચિત્તવાળો થાઉં એવી મેં ઘણા લાંબા સમયસુધી ઇચ્છા કરી,[૨૪] અને તેજ પ્રયોજનમાટે આ પ્રદેશમાં આવી હું આ પ્રમાણે (તપમાં પ્રવૃત્ત) થઇ રહ્યો છું. હે મને માન આપનાર તપસ્વી ! અહીં મારાં બાર વર્ષો આમજ ચાલ્યાં ગયાં છે.[૨૫] હે મારા અકૃત્રિમ મિત્ર ! મેં તને પૂછેલા પ્રશ્નનો જવાબ આપ્યો છે, માટે હવે તું ખુશીથી તારા અભીષ્ટ દેશમાં ત્વરાથી ગમન કરતો ચાલ્યો જા, અને હું મારું ઇચ્છિત વરદાન મળતાંસુધી અહીં આવીજ સ્થિતિમાં દૃઢ થઇ રહીશ.[૨૬] જ્યારે મને એ તપસ્વીએ એમ કહ્યું ત્યારે એ ઇચ્છાવાળા પુરુષને જ મેં કહ્યું તે તમે સાંભળો; કેમકે આશ્ચર્યનું શ્રવણ કરવામાં બુદ્ધિમાન પુરુષનું ચિત્ત ખેદ પામતું નથી.[૨૭] મેં તે તપસ્વીને કહ્યું કે, હે સુશીલ ! તમને જ્યાંસુધી તમારો અભીષ્ટ વર મળ્યો નથી ત્યાંસુધી તમારી રક્ષા અને પરિચર્યા કરવામાટે હું અહીંજ રહ્યો છું.[૨૮] મેં એપ્રમાણે કહ્યા પછી એ શાંત તપસ્વીએ પાષાણના જેવા મૌનને ધારણ કર્યું અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આંખો મીંચી લઈ, મુડદાના જેવા બની જઇ તે બહાર પણ કલ્પનાથી રહિત થઇ રહ્યો.[૨૯] કાષ્ઠમૌનને ધારણ કરી રહેલા એ તપસ્વીની પાસે ચિત્તમાં ઉદ્વેગ નહિ રાખતાં હું શીતકાલ, ઉષ્ણકાલ આદિના વેગોને સહન કરી છ માસસુધી ત્યાં રહ્યો.[૩૦] એક દિવસ એ પ્રદેશમાં સૂર્યબિંબમાંથી નીકળી તેની પાસે રહેલા સુવર્ણના જેવા તેજસ્વી કોઇએક પુરુષને મેં જોયો.[૩૧] તે તપસ્વીએ મનવડે અને કર્મવડે તેની પૂજા કરી, એટલામાં તો તે પુરુષે અમૃતના દ્રવજેવું સુંદર વચન કહ્યું,[૩૨] કે હે શાખામાં લટકી રહેલા દીર્ઘ તપસ્વી મહારાજ ! તું તપમાંથી નિવૃત્ત થા અને મનોહર ઇચ્છિત વરદાનને માગી લે.[૩૩] આ દેહથી કરેલા તપરૂપી ધર્મના બલથી, સાત સમુદ્ર અને સાત દ્વીપવાળી આ પૃથ્વીને તું સાત હજાર વર્ષસુધી પાળીશ.[૩૪] એવી રીતે તેનું અભીષ્ટ વરદાન આપી કેમ જાણે બીજો સૂર્યરૂપી સાગર કે જેમાંથી પોતે બહાર નીકળ્યો હતો તેમાંજ પાછો લીન થઈ ગયો.[૩૫] તે પુરુષ ચાલ્યા ગયા બાદ એ શાખાતપસ્વી કે જે વિવેકી હતો અને જેને શાસ્ત્રમાં સાંભળવા પ્રમાણે વરદાન આપનાર શ્રેષ્ઠ આદિત્ય પુરુષનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં અને ભાષણ આદિ વ્યવહાર થયો હતો, તેને મેં કહ્યું,[૩૬] કે હે મહારાજ ! વૃક્ષની શાખામાં લટકવારૂપ તપનું ફલ હવે તમને પ્રાપ્ત થયું, માટે તમે તપને છોડી દઇ યથાપ્રાપ્ત વ્યવહારને સુખેથી કરો.[૩૭] એ મારી વાત કબૂલ કરવાથી મેં તેના પગ, જેમ હાથીના પગને બંધનથી છોડી મૂકે તેમ વૃક્ષની શાખામાંથી છોડી મૂક્યા.[૩૮] પછી તેણે સ્નાન કરી પવિત્ર હાથથી અઘમર્ષણનો જપ કર્યો અને પુણ્યથી (તપઃસિદ્ધિના બલથી) શાખામાંથી મળેલા ફલવડે મારીસાથે પારણું (ભોજન) કર્યું. તપસ્વીના પુણ્યબલથી મળેલા વૃક્ષના તે સ્વાદવાળા ફલથી તૃપ્ત થઈ અમે બન્ને જણ કાંઇ ક્ષોભને નહિ પામતાં ત્રણ દિવસસુધી ત્યાં રહ્યા.[૪૦] સાત સમુદ્ર અને સાત દ્વીપવાળી સમગ્ર પૃથ્વીને ભોગવવામાટે એ તપસ્વી બ્રાહ્મણ શરીરને વૃક્ષમાં લટકાવી દઈ ઉંચા પગ રાખી તપશ્ચર્યા કરી સૂર્યનારાયણની અંદર રહેનાર પુરુષ પાસેથી અભીષ્ટ વરને મેળવી લઈ વૃક્ષની નીચે વિશ્રામ લઇ, હું કે જે તેના મિત્ર જેવો હતો તેની સાથે પોતાને ઘેર જવા નીકળ્યો.[૪૧]

सप्तद्वीपसमुद्रमुद्रितादिशं भोक्तुं समुद्रां महीं ।
विप्रःपादपलंबितेन वपुषा तप्त्वोर्ध्वपादस्तपः॥
संप्राप्याभिमतंवरं दिनकृतोविश्वस्यचाह्नांत्रयं ।
सार्धं मत्सुहृदा स्वमेवसदनं गंतुं प्रवृत्तोभवत् ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'તાપસોપાખ્યાન' એ નામનો એકસો એંશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૦

સર્ગ ૧૮૧ મો.*

ગૌરીના આશ્રમનું વર્ણન

॥ कुंददंत उवाच ॥

आवासमंतरे गंतुं प्रवृत्तौ मुदिताकृती ॥
मथुरानगरीं चंद्रसूर्याविंद्रपुरीमिव ॥ १ ॥

કુદદંત કહે છેઃ—જેમ ચંદ્ર અને સૂર્ય (આકાશમાં ભ્રમણ કરી) ઇંદ્રપુરીરૂપી પોતાના નિવાસ પ્રત્યે જાય તેમ, અમે બન્ને કે જેનો આકાર પ્રસન્ન દેખાતો હતો તેણે સાયંકાલસુધી ચાલી પછી વચમાં ઉતારો કર્યો.[૧] રોધ નામના ગામને પ્રાપ્ત થઇ આંબાના વનવડે યુક્ત એવા પર્વતમાં વિશ્રામ લઇ અમે બે દિવસ-

* આ એકસો એકાશીમા સર્ગમાં, મથુરા તરફ જતા એવા એ બન્ને જણનું ગૌરીવનમાં આવવું અને ત્યાં વૃદ્ધ તપસ્વી સાથે સંવાદ, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુધી સાલીસ નામના નગરમાં સુખેથી રહ્યા.[૨] અમે બન્ને જણ આનંદયુક્ત ચિત્તવડે રસ્તો ગાળતા હતા. પછી બીજે દિવસે શીતલ જલ સ્નિગ્ધ છાયા અને વનવૃક્ષોવડે યુક્ત, નદીના કાંઠાઉપર રહેલ લતાઓમાંથી ખરતા પુષ્પોના સમૂહવડે ધોળી, ઉછળતા તરંગોના શબ્દોરૂપી ગાયનવડે પથિકોને આનંદ આપનારી, સ્નિગ્ધ એવાં વૃક્ષોનાં વનની છાયામાં આનંદ કરી રહેલાં મૃગો અને પક્ષીઓવાળી, સ્થૂલ એવાં કોમળ ઘાસોમાં અને વૃક્ષોની શાખાના અગ્રભાગમાં પડેલાં ઝાકળનાં જલબિંદુઓરૂપી મોતીઓથી સુશોભિત એવી, જંગલની, પર્વતોની, શહેરોની, ગામડાંઓની, જલમય પ્રદેશોની અને ગુફાઓની ભૂમિઓનું ઉલ્લંઘન કરી તેમજ નદીઓના પ્રવાહોને તથા તળાવોને ઓળંગી જઇ ઘાટાં એવાં કેળોનાં વનમાં હિમવડે શીતલ એવાં કેળનાં પાંદડાંઓની શય્યામાં થાક ઉતારવાને અમે એક રાત્રિ ગાળી.[૩-૭] પછી ત્રીજે દિવસે કમલોના ખંડોથી અને ઝાડીઓના ખંડોથી સુશોભિત, તથા મનુષ્યોના અભાવનેલીધે કેમ જાણે મૂર્તિમાન આકાશ હોય તેવા દેખાતા જંગલમાં અમે બન્ને ગયા.[૮] ત્યાં એ તપસ્વીએ ચાલતો માર્ગ છોડી દઇ બીજા વનમાં પ્રવેશ કરતાં અયોગ્ય (વૃથા) વિલંબ કરવાના સંબંધનું વાક્ય કહ્યું,[૯] કે અહીં મુનિઓના મંડલવડે સુશોભિત એવા ગૌરીના આશ્રમમાં આપણે બન્ને જઇએ, કેમકે મારી પેઠેજ પોતાના અભીષ્ટ ફલને ઇચ્છનારા મારા સાત ભાઇઓ આ વનની અંદર રહેલા છે.[૧૦] અમે આઠ ભાઇઓ, સપ્તદ્વીપના રાજ્યભોગની ઇચ્છાથી ચિત્તમાં અનેક ઇચ્છાઓ ઉત્પન્ન થવાથી તપ કરવામાટે બુદ્ધિને સ્થિર કરી એકજ સંકલ્પ અને નિશ્ચય ઉપર આવી ગયા;[૧૧] અને તેનેલીધે તેઓ પણ પોતાના નિશ્ચય ઉપર આધાર રાખી અહીં આવી તપ કરવા માટે સ્થિર થઈ રહ્યા છે, કે જેઓનું પાપ વિવિધ પ્રકારનાં તપોવડે ક્ષીણ થઇ ગયું છે.[૧૨] હું પણ પ્રથમ તે ભાઇઓ સાથે અહીં આવી છ માસ સુધી ગૌરીના આશ્રમમાં રહ્યો હતો, જેને લીધે મને જણાય છે કે જે પ્રથમ મેં જોયો હતો તેજ આ આશ્રમ છે;[૧૩] કે જેની અંદર પુષ્પોના ખંડોમાં અને વૃક્ષોની છાયાતળે સૂતેલાં સુંદર મૃગલાંઓનાં બચ્ચાંઓ હતાં, તથા પર્ણકુટીના ઉપર વિશ્રાંત થઇ રહેલા પોપટો પણ જેમાં શાસ્ત્રાર્થ કરતા માલૂમ પડતા હતા.[૧૪] માટે ચાલો બ્રહ્મલોકતુલ્ય એવા એ આશ્રમમાં આપણે પુણ્યલક્ષ્મીની પ્રાપ્તિમાટે જઇએ, કેમકે ત્યાં જવાથી પુણ્યોવડે (સર્વ પાપોનો ક્ષય થઇ જતાં) આપણું ચિત્ત અત્યંત સ્વચ્છ થશે.[૧૫] વિદ્વાન હોય, તત્ત્વજ્ઞ હોય અને ધીર હોય, તેવા પુરુષોનું ચિત્ત પણ તત્ત્વદર્શનવડે પૂર્ણ દૃષ્ટિવાળા તત્ત્વવેત્તા મહાશયોના દર્શનમાટે તલપે છે (ઉતાવળું થાય છે).[૧૬] તપસ્વીએ મને ઉપર પ્રમાણે કહેવાથી અમે બન્ને જણા તે મુનિના આશ્રમમાં ગયા અને ત્યાં જઇ જોયું તો તે મહા અરણ્યમાં શૂન્યજ જોવામાં આવ્યું.[૧૭] તે ઠેકાણે વૃક્ષ, પર્ણકુટી, ઝાડી, મનુષ્ય, ઋષિ, બાલક, વેદિ કે દ્વિજ, એ કશું પણ જોવામાં આવ્યું નહિ,[૧૮] કેવળ તે અનંત અરણ્ય અતિશૂન્ય દેખાયું કે જે ચારેકોર તાપવડે તપેલું હતું, અને કેમ જાણે પૃથ્વીમાં મૂર્તિમાન આકાશ આવી રહ્યું હોય તેવું જણાતું હતું.[૧૯] મારી સાથે રહેલ તપસ્વી કહેવા લાગ્યો, કે આતો કષ્ટની વાત થઇ. પછી અમે બન્નેએ ઘણા સમય સુધી ભ્રમણ કર્યું, અને ફરતાં ફરતાં સ્નિગ્ધ કાંતિ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વાળું, ઘાટી છાયાવડે યુક્ત, શીતલ મેઘના જેવું એક વૃક્ષ અમારા જોવામાં આવ્યું અને તેની નીચે સમાધિમાં રહેલ એક વૃદ્ધ તપસ્વીને દીઠા.[૨૦,૨૧] અમે બન્ને તે વૃદ્ધ મુનિની પાસે તે વૃક્ષની છાયામાં ઘ્રોખડવાળા લીલા સ્થલમાં બેઠા. ઘણા લાંબા સમયસુધી તો તે ધ્યાનમાંથી વ્યુત્થિત થયા નહિ.[૨૨] પછી ઘણે લાંબે કાલે મારા ચિત્તમાં ઉદ્વેગ આવતાં ચપલતાથી મેં ઉંચે સ્વરે કહ્યું કે હે મુનિ! આપ ધ્યાનથી વ્યુત્થિત થાઓ.[૨૩] મારા એ ઉચ્ચસ્વરથી જેમ સિંહ મેઘગર્જનાથી વ્યુત્થિત થઈ જાય તેમ તે મુનિ વ્યુત્થિત થયા અને બગાસું ખાઇ બોલ્યા,[૨૪] કે તમે બન્ને મહાશય કોણ છો? ગૌરીનો આશ્રમ અહીંથી ક્યાં ચાલ્યો ગયો, મને અહીં કોણ લઇ આવ્યું, અને હાલ કયો કાલ ચાલે છે?[૨૫] તેના એમ કહેવા ઉપરથી મેં તેને કહ્યું કે હે મહારાજ! આપ જે અમને પૂછો છો તે કાંઇ અમે જાણતા નથી તો આપ પોતેજ તે વિષે નિર્ણય કરી લો. તમે સર્વજ્ઞ છતાં યોગબલથી શા માટે એ સર્વ પોતાની મેળેજ નથી જાણી લેતા?[૨૬] મારાં આ વચન સાંભળી ફરીવાર તે મહર્ષિ ધ્યાનનિષ્ઠ બની ગયા અને અમારું તથા પોતાનું સર્વ વૃત્તાંત તેણે જાણી લીધું.[૨૭] મુહૂર્ત્તમાત્રમાં ધ્યાનથી વ્યુત્થિત બની જઇ એ મુનિએ કહ્યું કે, આ આશ્ચર્યકારક વૃત્તાંત તમે સાંભળો; કેમકે તમે બન્ને કાર્યને જાણનાર છો.[૨૮] હે મહાશયો! આ પુત્રના જેવું મને પ્રિય એવું કદંબવૃક્ષ પાસેજ દેખો છો, કે જે મારા નિવાસરૂપ છે, અને પુષ્પોનેલીધે કેમ જાણે મોટાં અરણ્યનો કેશપાશ હોય તેવું ખીલેલ છે.[૨૯] તેની અંદર કોઇ પણ કારણથી દેવી ગૌરી સરસ્વતીજીરૂપે દશ વર્ષસુધી રહ્યાં હતાં કે જેની સમસ્ત ઋતુઓ સેવા કરતા હતા.[૩૦] ત્યારે ગૌરીના નિવાસનેલીધે આ ધાતું વન બહુ વિશાલ બની ગયું અને પુષ્પોથી તથા ઋતુઓથી સુશોભિત એવા ગૌરીવનના નામથી તે પ્રસિદ્ધિમાં આવ્યું.[૩૧] હે પ્રિય મહાશય! ભમરીઓનાં મનોહર ગીતોની લીલાવડે ચપલ થઇ ગએલ કોકિલાઓવાળું, મેઘની પેઠે પુષ્પોની વૃષ્ટિ કરનાર એવાં વૃક્ષોવડે આકાશરૂપી ઉલેચમાં સેંકડો ચંદ્રના જેવો ભાવ બતાવતું, કમલોના રજકણોવડે દિશાઓના અંદરના ભાગને વ્યાપ્ત કરી રહેલ, મંદારના અને ડોલરના પુષ્પોના મકરંદથી દિશાઓને સુગંધી બનાવી દેનાર, સારી રીતે ઉઘડેલ પુષ્પસમૂહરૂપી ચંદ્રબિંબોવડે અતિસુશોભિત, સંતાનક વૃક્ષના ગુચ્છાઓ રૂપી હાસ્યના વિકાસવડે મનોહર, સુગંધી પવનનેલીધે સર્વ લતાઓરૂપી અંગનાઓને પણ સુગંધી બનાવી દેનાર, વસંતઋતુનું કેમ જાણે કોઇ નગર હોય તેવું દેખાતું, ભમરાઓના નવીન ગુંજારવડે રમણીય, ભમરીઓવાળા પુષ્પખંડોના મંડપોવડે ભરેલ, ચંદ્રમાના કિરણસમૂહની પેઠે કોમળ એવા પુષ્પોના હીંચકામાં હીંચકી રહેલ દેવાંગના અને સિદ્ધાંગનાઓના સમૂહવાળું, હારીત, હંસ, પોપટ, કોયલ, કોકપક્ષી, કાગડા, ચક્રવાક, ભાસ અને કલવિંકપક્ષી—એ સર્વનાં કુલોવડે આકુળ અવયવોવાળું, ભેરૂંડપક્ષી, કુકડા, કપિંજલ, તેતર, રાઢા નામની પક્ષીની જાતિ, મોર અને બગલા એ સર્વની કલ્પિત ક્રીડાવડે મનોહર, ગંધર્વો, યક્ષો, દેવતાઓ અને સિદ્ધપુરુષોના મુકુટોવડે ઘસાએલ ચરણકમલવાળાં એવાં કદંબની અંદર રહેલાં સરસ્વતીવડે પવિત્ર, સુગંધી પવનોના સ્થાનરૂપ, સુવર્ણ જેવા કોમલ એવા ચંપક વૃક્ષોના સમૂહથી તારાઓ અને વાદળાંઓના સમૂહને પણ સુગંધ પહોંચાડનાર, મંદ પવનનેલીધે ખરી ગએલ પલ્લવવાળી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

બાલલતાઓના ફેલાવાથી ઢંકાઈ રહેલ નિકુંજોમાં રૂંધાઈ રહેલાં એવાં સૂર્યકિરણોવડે અંદર શીતલ, કદંબ, કણેર, નાલીયેર, તાલી અને તમાલના સમૂહનાં પુષ્પોના મકરંદોના પૂરવડે પીળું થઇ રહેલ, કહ્લાર નામની કમલજાતિવડે મિશ્ર એવાં કુમુદ–ઉત્પલ આદિ કમલોવડે યુક્ત એવાં તળાવોને વિષે ચેષ્ટા કરી રહેલ ચકોરોનાં, બગલાઓનાં અને કોક પક્ષીઓનાં ટોળાંઓ તથા હંસોવડે, સુશોભિત, તાલીસ, ગુગળ, ચંદન, લીંબડો, અને દેવદારુ ઇત્યાદિ વૃક્ષની અંદર વિહાર કરી રહેલ એવી વિચિત્ર (સર્વ કામને આપનાર) શક્તિવાળું એવું એ ગૌરીવન ગૌરીના પ્રભાવથી થઇ ગયું હતું.[૩૨-૩૮] એ વનની અંદર જેમ મહાદેવજીના મસ્તક ઉપર ચંદ્રમાની કલા રહે તેમ મહાદેવના અર્ધાંગમાં રહેલ અને ચંદ્રબિંબ જેવા પ્રસન્ન મુખવાળાં ગૌરી, ઘણા લાંબા કાલસુધી કોઈપણ કારણનેલીધે કદંબસરસ્વતીરૂપ થઈ જઇ ઘણા દિવસપર્યંત નિવાસ કરી રહ્યાં હતાં.[૩૯]

तस्मिन्वने चिरमुवास हरार्धदेहाकेनापिकारणवशेन चिराय गौरी॥भूत्वा प्रसन्नशशिबिंबमुखी कदंबवागीश्वरी शशिकलेव शिवस्य मूर्ध्नि ॥३९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' ગૌર્યાશ્રમવર્ણન ' એ નામનો એકસો એકાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૧

સર્ગ ૧૮૨ મો.*

ભાઇઓનો સમાગમ

॥ वृद्धतापस उवाच ॥

तस्मिन्नेव कदंबेऽस्मिन् वर्षाणि स्वेच्छया दश ॥ स्थित्वा गौरी जगमाथ हरवामार्धमंदिरम् ॥१॥

વૃદ્ધ તપસ્વી કહે છેઃ—તેજ કદંબની અંદર પોતાની ઇચ્છાવડે દશ વર્ષ સુધી સ્થિતિ રાખી પછી ગૌરી પોતાના મંદિરમાં ચાલ્યાં ગયાં.[૧] ગૌરીના સ્પર્શરૂપી અમૃતવડે સીંચાએલ અને તેને પુત્રના જેવો પ્રિય આ કદંબવૃક્ષ કેમ જાણે જગદંબાએ ખોળામાં લીધેલ કોઈ બાલક હોય તેમ ઘરડો (વૃદ્ધ) થતોજ નથી.[૨] ગૌરી ચાલ્યા ગયાબાદ આ મોટું જંગલ જનસમૂહની ઉપજીવિકાના સાધનરૂપ થતાં સામાન્ય વન જેવું થઇ ગયું.[૩] માલવ નામનો એક દેશ છે તેનો હું રાજા હતો. કોઇ એક સમયે રાજ્યલક્ષ્મીને છોડી દઇ મુનિઓના આશ્રમોમાં ભ્રમણ કરતાં આ પ્રદેશમાં આવી ચડ્યો અને અહીંના આશ્રમવાસીઓએ મારી સારી પૂજા (શુશ્રૂષા) કરી. ત્યાં પછી હું કદંબની નીચે ધ્યાનનિષ્ઠ થઇ રહ્યો.[૪,૫] ત્યારબાદ કેટલેક કાલે સાતે ભાઇઓ સાથે તપ કરવામાટે તમે આ આશ્રમમાં પ્રથમ આવ્યા હતા.[૬] તમે આઠે ભાઇઓ તપસ્વી થઈ રહ્યા અને એવું તપ આરંભ્યું કે બીજા તપસ્વીઓને પણ તમે માન્ય થઈ પડ્યા.[૭] કાલે કરીને તેમાંથી એક (તમે પોતે) શ્રીપર્વતમાં ગયા અને બીજાએ વળી તપ કરવામાટે સ્વામી કાર્તિકેય તરફ પ્રયાણ કર્યું.[૮] ત્રીજો કાશીપ્રત્યે ગયો અને ચોથાએ હિમાલય તરફ ગતિ કરી. અને જે બીજા ચાર અવશેષ રહ્યા તેમણે ધીરપણાથી અહીંજ તપશ્ચર્યા કરવા માંડી.[૯] સર્વેનું પ્રત્યેક એજ અભીષ્ટ હતું કે હું સમસ્ત દ્વીપવાળી પૃથ્વીનો રાજા થઉં.[૧૦] પછી પ્રસન્ન થએલ ઇષ્ટદેવતાઓએ ઉત્તમ વરદાન આપી તે સર્વેનું ઇચ્છિત પૂર્ણ કર્યું (આપ્યું).[૧૧] પછી એ તમારા ભાઇઓ તમે તો હજી તપમાંજ હતા તેટલામાં જેમ બ્રહ્માજી પૃથ્વીમાં ધર્મપ્રધાન એવા સત્યયુગને ભોગવી બ્રહ્મલોકમાં જાય તેમ પોતાને ઘેર ચાલ્યા

* આ એકસો બ્યાશીમા સર્ગમાં, કદંબની અંદર રહેનાર તે વૃદ્ધ તપસ્વીની સાથે તેના ભાઇઓનો સમાગમ અને ઘરની અંદર વર તથા શાપોના હેતુઓની સિદ્ધિ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગયા.[૧૨] હે પ્રિય તપસ્વી! તમારા ભાઇઓએ વરદાન સમયે પોતાના ઇષ્ટદેવતા કે જે વરદાન આપવાને તત્પર થઇ રહેલ તેને યત્નવડે પ્રાર્થના કરી કહ્યું,[૧૩] કે હે ઇષ્ટદેવતા! અમારી સપ્તદ્વીપના અધિપતિપણાની સ્થિતિમાં પ્રજાઓ જુઠાપણાને છોડી સત્યમાં સ્થિતિ રાખી રહો, અને સર્વે સાતદ્વીપના નિવાસીઓ પોતાના વર્ણાશ્રમધર્મ પ્રમાણે વર્તો.[૧૪] મહાસમર્થ ઇષ્ટદેવતા તેઓનાં સાર્થ વચનોને આદરપૂર્વક સ્વીકારી લઈ "ભલે તેમ થાઓ" એમ કહી અંતર્ધાન થઇ ગયા.[૧૫] તે પછી તેઓ પોતાને ઘેર ગયા અને સર્વ આશ્રમવાસીઓ પણ ચાલ્યા ગયા. એકમાત્ર હું ક્યાંય નહિ જતાં અહીંજ રહ્યો છું.[૧૬] હું કેવળ એકાંતમાં ધ્યાનની અંદરજ ચિત્તને એકાગ્ર રાખી સરસ્વતીના કદંબની નીચે શૈલની પેઠે સ્થિર થઇ રહ્યો છું.[૧૭] પછી ઋતુ અને સંવત્સરરૂપી કાલ વ્યતીત થતાં (કાલે કરી) આસપાસ રહેનાર મનુષ્યોએ આ સર્વ વનને છેદી નાખ્યું.[૧૮] નહિ કરમાએલા આ કદંબના વૃક્ષને સરસ્વતીના ધરરૂપ સમજી જનસમૂહ સારી રીતે પૂજે છે; તેમજ એક સમાધિમાંજ સ્થિતિ રાખનાર મને પણ સારી રીતે પૂજે છે.[૧૯] હમણાં વળી તમે બન્ને જણ કે જેઓ ઘણા લાંબા સમયથી તપસ્વી થઈ રહ્યા છો તે આ પ્રદેશમાં આવ્યા છો. આ સર્વ વાત મારા ધ્યાનમાં આવવાથી મેં તમને કહી બતાવી છે.[૨૦] માટે હે સુશીલો! તમે બન્ને જણા કે જે હાલ અહીં આવ્યા છો તે પોતાને ઘેર જાઓ. ત્યાં તમારા ભાઇઓ પોતાની પત્ની, બંધુ આદિને મળેલા છે.[૨૧] પોતાનાજ ઘરમાં તમો આઠે ભાઇઓનું કલ્યાણ થશે અને બ્રહ્મલોકમાં જેમ મહાત્મા આઠ વસુઓનો સમાગમ થાય તેમ તમે આઠે ભાઇઓ કે જેઓ મહાત્મા છો તેમનો પરસ્પર સમાગમ [illegible] થશે.[૨૨] હે આર્યો! જ્યારે ઉપર પ્રમાણે એ વૃદ્ધ તપસ્વીએ મને કહ્યું ત્યારે મેં સંદેહનેલીધે એક આશ્ચર્યની વાત તેને પૂછી કે જે તમને કહું છું.[૨૩] મેં કહ્યું કે મહારાજ! આ એકજ પૃથ્વી સાત દ્વીપવાળી છે, તો એકજ સમયમાં આઠેય જણ સાત દ્વીપના પતિ કેમ થઇ શકે?[૨૪]

કદંબતપસ્વી કહે છેઃ—માત્ર આટલુંજ અઘટિત છે એમ નથી, કિંતુ બીજું પણ ઘણું અત્યંત અસંબદ્ધ છે કે જેવિષે હું કહું તે તમે સાંભળો.[૨૫] આ તપસ્વી આઠેય ભાઇઓ પોતાના દેહનો ક્ષય થતાં ધરની અંદરજ સાત દ્વીપોના રાજા થશે.[૨૬] આ આઠેય ભાઈઓ આ ધરમાં, આ પૃથ્વીના પીઠ ઉપર સાત દ્વીપના અધિપતિ રાજાઓ થશે, એવિષે તમે સાંભળો.[૨૭] જેમ પૂર્વ આદિ દિશાના ઉજ્જવલ એવા આઠ તારાઓ હોય તેવી મહાદેદીપ્યમાન અને સ્તુતિપાત્ર એવી એ આઠેયની આઠ ભાર્યાઓ છે.[૨૮] એ આઠેય પત્નીઓ પોતાના આઠેય પતિઓ ઘણા કાલસુધી તપમાં રહેવાથી ઘણું દુઃખ પામવા લાગી કે જેઓનો વિયોગ સર્પની પેઠે સ્ત્રીઓને દુઃસહ (વસમો) લાગવા માંડ્યો.[૨૯] એ સ્ત્રીઓ પોતાના પતિનું વારંવાર સ્મરણ થવાથી દુઃખિત થઈ જવાનેલીધે દારુણ એવું શતચાંદ્રાયણ એવા નામનું તપ કરવા લાગી કે જેને લીધે પાર્વતીજી તેઓને પ્રસન્ન થયાં.[૩૦] મહાસમર્થ દેવી ભગવતીએ દરબારગઢના મંદિરમાં પૂજનસમયે અદૃશ્ય રહી પ્રત્યેકને જુદું જુદું નીચે પ્રમાણે કહ્યું.[૩૧]

દેવી કહે છેઃ—હે બાલિકા! પતિમાટે અથવા પોતામાટે જે વરદાન માગવું હોય તે સુખેથી માગો. જેમ ગ્રીષ્મઋતુવડે મંજરી ક્લેશને પ્રાપ્ત થાય તેમ તમે ઘણા કાલના લાંબા તપથી ક્લેશને પ્રાપ્ત થએલા છો.[૩૨]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

આ પ્રમાણે દેવીનાં વચન સાંભળી દેવીના ચરણારવિંદમાં પુષ્પાંજલિને અર્પણ કરી રહેલ, તે ચિરંટિકા પોતાની વાસના પ્રમાણે દેવીની સ્તુતિ કરતાં આનંદવડે વ્યાપ્ત બની મૃદુ ભાષણથી આકાશમાં રહેલ દેવીપ્રત્યે, મયૂરી જેમ વરસાદના સમૂહ તરફ બોલે, તેમ વચન બોલવા લાગી.[૩૩,૩૪]

ચિરંટિકા કહે છેઃ—હે ભગવતિ ! દેવતાઓના પણ દેવ એવા આપના પતિ મહાદેવજી સાથે આપનો અવિચલ પ્રેમ છે, તેમ મારો પ્રેમ મારા પતિસાથે અવિચલ રહો; અને મારો ભર્તા અમર થાઓ. (આ હું માગું છું.)[૩૫]

દેવી કહે છેઃ—હે સુંદર વ્રતને ધારણ કરનાર ! સૃષ્ટિના આરંભથી માંડી પ્રવૃત્ત થએલ ઈશ્વરીય નિયમની દૃઢતાનેલીધે તપદાનવડે અમરપણું મળી શકતું નથી; માટે તમે કાંઇ બીજુંજ વરદાન માગો.[૩૬]

ચિરંટિકા કહે છેઃ—હે દેવિ ! જો એ અમરપણું અલભ્ય હોય તો મારો ભર્તા મરી ગયા પછી તેનો જીવ ક્ષણવાર પણ ઘરમાંથી બહાર ન જાઓ.[૩૭] હે દેવિ ! મારા પતિનો જ્યારે પોતાના ઘરમાં દેહપાત થાય ત્યારે આ વરદાનનો અમલ થાઓ. આ વરદાન આપ મને આપો.[૩૮]

દેવી કહે છેઃ—ભલે, તેમ થાઓ. હે પુત્રિ ! દેહનો અંત થતાં તારો પતિ લોકાંતરમાં ગયા પછી (તે સપ્તદ્વીપનો પતિ થતાં) તું તેની પ્રિય ભાર્યા થઇશ; એમાં કાંઇ પણ સંશય નથી.[૩૯] નિર્દોષપણે પ્રકટ થએલી એ ભગવતીની વાણી, ઉપર પ્રમાણે કહી મેઘમાલાના ધ્વનિનીપેઠે આકાશની અંદર વિરામ પામી ગઇ.[૪૦] દેવી પધાર્યાબાદ તે સર્વેના પતિઓ કેટલેક કાલે મોટાં વરદાનને મેળવી દિશાઓમાંથી (ઘેર) આવ્યા.[૪૧] આજે આ કે જે તેઓ માંહેનો એક પતિ છે તે પોતાની ભાર્યાપાસે જાઓ, અને ભાઇઓને અને બાંધવોનો પરસ્પર સમાગમ થાઓ.[૪૨] વળી બીજું આશ્ચર્યકારક એક વૃત્તાંત બન્યું છે, કે જે આકુલતા ઉત્પન્ન કરનાર, અયોગ્ય અને સત્કર્મના ફલોનો પ્રતિબંધ કરનાર છે; તે તમે સાંભળો.[૪૩] આ આઠેય જણા તપમાં હતા, ત્યાં તેનાં માબાપ પોતાના દીકરાઓની પત્નીઓને સાથે લઇ, દુઃખમુક્ત દશામાં તીર્થમાં રહેનાર મુનિઓના આશ્રમોની પંક્તિઓનાં દર્શન કરવામાટે ગયાં.[૪૪] શરીરસુખ આદિની કશી અપેક્ષા રાખ્યાવિના પુત્રોના હિતની ઇચ્છાથી તેઓ કલાપગ્રામ નામના તીર્થપ્રત્યે જવાને માટે યત્નવાન થયાં.[૪૫] તેઓએ ચાલતાં ચાલતાં મુનિઓનાં ગામોના માર્ગમાં—ધોળો, કપિલવર્ણનો, ઠીંગણો, અંગમાં લગાવેલ ભસ્મવાળો અને ઉભા કેશવાળો એક પુરુષ દીઠો.[૪૬] જ્યારે એ આઠેયનાં માતાપિતા, માર્ગમાં આ કોઇ વૃદ્ધ પથિક છે એમ શંકા હોવાથી, તે મુનિનો અનાદર કરી (નમસ્કાર પૂજા સ્તુતિ આદિ નહિ કરી,) તથા ત્વરાનેલીધે ઉલટાં તેના ઉપર કાંઇક ધૂળ નાખી,ચાલ્યાં ગયાં; ત્યારે ક્રોધમાં આવી જઈ તે મુનિએ કહ્યું[૪૭] કે, હે પુત્રવધૂએ સહિત એવા મહામૂર્ખ ! તું તીર્થાર્થી થઇ સ્ત્રીઓને સાથે લઇ, હું કે જે દુર્વાસા છું તેનો અનાદર કરી, નમસ્કાર આદિ કશી શુશ્રૂષા કર્યાવિનાજ ચાલ્યો જાય છે,[૪૮] માટે તારા પુત્રોએ અને તેની આ સ્ત્રીઓએ તપવડે મેળવેલાં મોટાં વરદાનો પણ વિપરીત (દુઃખરૂપ) ફલ આપનારાં થશે.[૪૯] આ પ્રમાણે કહેતા એવા તે દુર્વાસામુનિનું સન્માન કરવાને, પોતાની પત્ની અને પુત્રોની પત્નીઓને સાથે લઇ, તે આઠેયનો પિતા જતો હતો, તેટલામાં તે (શાપ આપનાર) ઋષિ અદૃશ્ય થઇ ગયા.[૫૦] પછી તે માબાપો પુત્રપત્નીઓએ સહિત દુઃખિત થયાં, અને દુર્બલ થઇ જઇ ગરીબડે મોઢે નિરાશ,

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

બની પોતાને ઘેર આવ્યાં.[૫૧] માટેજ હું કહું છું કે તેઓનું એકજ અઘટિત વૃત્તાંત નથી, કિંતુ ગંડસ્થલમાં સ્ફુટપણે દેખાતા ફોડલાઓની પેઠે લાખ્ખો અઘટિત વૃત્તાંતો સ્ફુટરીતે થયાં છે.[૫૨] જેમ આકાશની અંદર (ઉત્પાતનેલીધે) ગંધર્વનગર, ધૂમકેતુ આદિ અનેક દૃશ્યવિલાસ દેખાય, તેમ ચિદાકાશના સંકલ્પવડે રચાયેલ આ જગતરૂપી મહાનગરમાં શૂન્ય છતાં આવાં લાખ્ખો વિચિત્ર અઘટિત વૃત્તાંતો સંભવે છે.[૫૩]

चिद्व्योमसंकल्पमहापुरेस्मिन्नित्थं विचित्राण्यसमंजसानि ॥ निःशून्यरूपेपि हि संभवंति दृश्ये यथा व्योमनि दृश्यजृंभाः ॥५३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સપ્તદ્વીપેશ્વરવર્ણન' એ નામનો એકસો બ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૨

સર્ગ ૧૮૩ મો.*

વરદાન અને શાપોનો સંવાદ.

॥ कुंददंत उवाच ॥

ततः पृष्टो मया तत्र स गौर्याश्रमतापसः ॥ तापसंशुष्कदर्भाग्रजराजर्जरमूर्धजः ॥ १ ॥

કુંદદંત કહે છેઃ—પછી ત્યાં રહેલ ગૌરીના આશ્રમનો તપસ્વી, કે જેના કેશ તાપવડે સુકાએલ દર્ભના અગ્રભાગની પેઠે જરાવડે જર્જર થઇ ગયા હતા, તેને મેં પૂછ્યું,[૧] કે—જ્યાં સાતદ્વીપવાળી આ એકજ પૃથ્વી છે, ત્યાં એ ઉત્તમ આઠેય જણા સપ્તદ્વીપના અધિપતિ (જુદા જુદા) કેમ થઇ શકે ?[૨] જે જીવનું પોતાના ઘરથી બહાર નીકળવું ન થાય તે જીવ સપ્તદ્વીપનો અધિપતિ થઇ દિગ્વિજય કેમ કરી શકે ?[૩] જે વરદાન આપનારાઓએ વરદાન આપ્યાં તે શાપવડે વિરુદ્ધતાને કેમ પ્રાપ્ત થાય ? શીતલ છાયા ગ્રીષ્મઋતુના તડકાના ભાવને કેમ પામે?[૪] વર અને શાપરૂપી પરસ્પર વિરુદ્ધ ધર્મો એકજ વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ એવી સ્થિતિને શી રીતે ધારણ કરે ? અને આધારજ પોતામાં આધેયભાવને કેમ કલ્પી લે ?[૫]

ગૌરીના આશ્રમના તપસ્વી કહે છેઃ—હે સુશીલ ! આમાં તમે વિરુદ્ધ શું દેખ્યો છો ? હવે પછીનું વૃત્તાંત તમે સાંભળશો એટલે તમારા ચિત્તનું સમાધાન થઇજશે.તમે આજથી આઠમે દિવસે પોતાના બાંધવ સહિત એવા મથુરાના પ્રદેશમાં જશો.[૬] તમે બન્ને અહીંથી ત્યાં જઇ સુખપૂર્વક સ્થિતિ કરી રહેશો અને કેટલાક સમય સુધી પોતાના બંધુઓમાં તમારી સુખપૂર્વક સ્થિતિ થશે.[૭] પછી તે આઠે ભાઇઓ પોતાના ઘરની અંદર ક્રમવાર મરણ પામશે; અને તેના બંધુઓ તેના દેહોને અગ્નિમાં ભસ્મ કરી નાખશે.[૮] તેઓના જીવો પૃથક્ પૃથક્ સ્થિતિ રાખી સુષુપ્તિમાં રહેલ કિંવા કેમ જાણે જડ હોય તેવા મુહૂર્તમાત્રસુધી થઇ રહેશે.[૯] એટલામાં તેઓનાં વરરૂપી અને શાપરૂપી કર્મો (સ્વભાવથીજ અવશ્ય ફલ આપનાર હોવાથી)ચિત્તાવચ્છિન્ન એવા આકાશમાં એકત્ર થશે.[૧૦] તેઓનાં તે કર્મો ફલ આપનાર અધિષ્ઠાતા દેવતાઓરૂપ થઈ જઇ પૃથક્ પૃથક્ પોતપોતાને અનુકૂલ પડતા સમૂહ સાથે સંપુટ જેવાં થઇ જશે. સંપુટરૂપ થઇ રહેલાં (એક બીજા સાથે જોડાઈ રહેલાં) વર અને શાપ એ બન્ને પોતાનાં જુદાં સ્વરૂપોને ઉત્પન્ન કરશે.[૧૧] તેમાં વરદાનો, સુંદર આકારવાળાં, હાથમાં કમલને ધારણ કરી રહેલ, બ્રહ્મદંડરૂપી આયુધવાળાં, ચંદ્રમાના જેવાં ધોળાં અંગવાળાં, અને ચાર હાથોને ધારણ

* આ એકસો બ્યાશીમા સર્ગમાં, વિરુદ્ધ એવા વર અને શાપ એ બન્નેના વિવાદમાં, બ્રહ્માના વાક્યથી અંદર જેમાં સારપણું (દૃઢતા) રહેલ હોય તેનો (વરોનો) જય થયા વિષે, સારી રીતે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરનાર એવાં રૂપને ગ્રહણ કરી લેશે;[૧૨] અને શાપો, ત્રણ નેત્રવાળાં, શૂલને હાથમાં ધારણ કરનાર, ભયંકર કાળા મેઘનાજેવી કાંતિવાળાં, દ્વિભુજ, અને ચડાવેલ ભ્રુકુટીયુક્ત મુખવાળાં રૂપને ધારણ કરશે.[૧૩]

વરો કહેશેઃ—હે શાપો ! તમે ઘણે દૂર જાઓ, કેમકે ઋતુઓ જેમ પોતાના સમય ઉપર આવે તેમ હમણાં અમારો સમય આવ્યો છે, તો તેને ઉલ્લંઘન કરવાને કોણ સમર્થ છે ?[૧૪]

શાપો કહેશેઃ—હે વરો ! તમે અહીંથી ઘણે દૂર જાઓ, કેમ કે ઋતુઓ જેમ પોતાના સમય ઉપર પ્રાપ્ત થાય, તેમ અમારો હાલ સમય આવ્યો છે, તો તેને ઉલ્લંઘન કરવાને કોણ સમર્થ છે ?[૧૫]

વરો કહેશેઃ—તમને દુર્વાસા મુનિએ ઉત્પન્ન કર્યા છે, અને અમને સૂર્યનારાયણે ઉત્પન્ન કર્યા છે. મુનિઓની અપેક્ષાએ સૂર્યનારાયણ અધિક છે, કેમકે ભગવાન સૂર્યનારાયણને વિધાતાએ મુનિઓથી પહેલાં સર્જેલ છે.[૧૬]

વરોએ ઉપર પ્રમાણે કહ્યાથી ક્રોધને પામી જઇ શાપો વરો પ્રત્યે કહેવા લાગશે કે, તમને સૂર્યે ઉત્પન્ન કરેલ છે, અને અમે રુદ્રના અંશરૂપ દુર્વાસામાંથી ઉત્પન્ન થયા છીએ.[૧૭] દેવતાઓમાં રુદ્ર અધિક છે, અને દુર્વાસા મુનિ રુદ્રના અંશથી ઉત્પન્ન થયા છે. (અમે તેના રચેલ છીએ.) એમ કહી તેઓ પર્વતના શિખરની પેઠે પોતાનાં ત્રિશૂલોના અગ્રભાગને ઉંચા કરશે.[૧૮] શાપો જ્યારે ત્રિશૂલને ઉગામી ઉભા રહેશે, ત્યારે પોતાના શત્રુઓ તરફ હસી એક નિશ્ચય ઉપર આવી જઇ વરો કહેશે[૧૯] કે, હે શાપો ! અવિચારીપણું મૂકી દઈ કાર્યના અંતનો વિચાર કરવો જોઇએ. જે કાંઈ આપણે કલહને અંતે કરવાનું હોય તે પ્રથમજ વિચારવું જોઇએ. આપણે છેવટ કલહને અંતે બ્રહ્મલોકમાં જઇ નિર્ણય કરવાનો છે, તો પછી તે પ્રથમજ શામાટે ન કરવું ?[૨૧] આ પ્રમાણે વરનું કહેવું સાંભળી શાપોએ એ વાતનો સ્વીકાર કર્યો, કેમકે મૂઢ પુરુષ પણ એવો કોણ હોય કે જે યુક્તિપુરઃસર વાક્યનો સ્વીકાર ન કરે.[૨૨] પછી શાપો વરોએ સહિત બ્રહ્મલોકમાં જશે, કેમ કે નિરંતર સંદેહની નિવૃત્તિ કરવામાટે મહાનુભાવ (મહાન) પુરુષો શરણરૂપ છે.[૨૩] પછી તેઓ પરસ્પરની બનેલી સર્વ હકીકત પ્રણામ પૂર્વક બ્રહ્માને નિવેદન કરશે. તેઓનાં વચનો સાંભળી બ્રહ્મા નીચેપ્રમાણે કહેશે.[૨૪]

બ્રહ્મા કહેશેઃ—હે વરો અને શાપો ! જેઓ અંદર બળવાળા અને સ્થિરતાવાળા (સારવાળા) હોય તેઓનોજ જય થાય છે; માટે તમારાઓમાં અંદર સારવાળા કોણ છે, તેનો તમે પોતેજ શોધ કરો.[૨૫] આ પ્રમાણે બ્રહ્માનું વચન સાંભળી સાર તપાસવા માટે, વરોના હૃદયની અંદર શાપો અને શાપોના હૃદયની અંદર વરો પ્રવેશ કરશે.[૨૬] તેઓ પોતે શોધ કરી હૃદયની અંદરના સારને જાણી લઇ પરસ્પર એકમત થઇ બ્રહ્માને કહેશે.[૨૭]

શાપો કહેશેઃ—હે પ્રજાનાથ ! (વરોવડે) અમે જીતાયા છીએ, કેમ કે અમે અંદર સારવાળા નથી; અંદર સારવાળા તો વરોજ છે, કે જે (દૃઢતાને લીધે) વજ્રસ્તંભ જેવા અચલ છે.[૨૮] હે મહારાજ ! વરો અને શાપો એ અમે બન્ને, સર્વદા જીવ—ચૈતન્યના સંકલ્પરૂપ છીએ; અમારું બીજું કશું સ્વરૂપ નથી.[૨૯] વર આપનારનો સંકલ્પ "મેં વર આપ્યો" એવે રૂપે થઇ જાય છે, અને તેજ યાચકની અંદર "મેં વર મેળવ્યો" એવા રૂપને ધારણ કરે છે.[૩૦] એ જીવ—ચૈતન્યનો દૃઢ સંકલ્પજ દેહાકાર થઇ જઇ દેશ-કાલ આદિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સેંકડો ભ્રમવડે તે તે ફલને દેખે છે, અને અનુભવે છે.[૩૧] શાસ્ત્રોક્ત તપ કરતાં, દૃઢ થઈ રહેલ સંકલ્પના બલથી વશ થઇ ગએલ વર દેનાર દેવ પાસેથી મળેલ વરપ્રાપ્તિ રૂપી ચિદાત્માનો વિલાસ, કાલાંતરમાં (ફલપ્રાપ્તિની અવસ્થામાં) સંકલ્પના દૃઢપણાથી સારી રીતે પુષ્ટ થઇ ગએલ હોય તો તેજ અંદર સારવાળો છે, અને દુર્જય છે. શાપનું સારપણું ન હોવાથી તે દુર્જય નથી.[૩૨] વર દેનાર દેવતાપાસે, વરદાન માગનારે દૃઢ સંકલ્પથી ઘણા લાંબા સમયસુધી જે વરદાન માગ્યું હોય, અને વરદાન દેનારાએ તે આપેલ હોય તો વરનું સારપણું સમજવું.[૩૩] આત્મા જે સંકલ્પનો દૃઢપણાથી ઘણા લાંબા સમયસુધી અભ્યાસ કરે છે તેજ સારરૂપ થાય, છે, અને આત્મા પણ (ચિરકાલની લાગણીને લીધે) તદ્રૂપ બની જાય છે.[૩૪] શુદ્ધ જીવોમાં પણ અતિશુદ્ધ જીવ–ચૈતન્ય (પોતાના દૃઢ સંકલ્પબલથી) જય મેળવે છે, અને અશુદ્ધોમાં અશુદ્ધ જય મેળવે છે. કાલનેલીધે (ફલમાં પણ) તેની સમાનતા હોતી નથી.[૩૫] એક ક્ષણમાત્ર અંશથી પણ જે પુરાતન હોય તે (પોતાના દૃઢપણાથી) ન્યાયની રીતે પાછલાને જીતી લે છે. આ પ્રમાણે બીજે કોઈ પણ ન્યાય શાપની પ્રબલતાને સાધી આપવાને સમર્થ થઇ શકતો નથી.[૩૬] જો વરશાપની અથવા વિરુદ્ધ કર્મની સમાનતા હોય, તો શુભ–અશુભ કોટિમાં રહેલ મિશ્રવસ્તુનો સમાનપણે અનુભવ થાય છે. ક્ષીરવડે મિશ્ર એવા જલની પેઠે વર–શાપના વિલાસની મિશ્રતા વિષે સમજી લેવાનું છે.[૩૭] અથવા તો વર અને શાપ એ બન્ને સમાન હોય તો ચિદાત્મા જેમ સ્વપ્નમાં નગરરૂપ થઇ જાય તેમ તે બન્નેના ભાવને અનુભવે છે.[૩૮] હે મહારાજ ! અમે જે આપની પાસેથી શીખ્યા છીએ, તેજ પાછા આપને કહી બતાવીએ છીએ, એ એક અનુચિત જેવું છે, માટે અમારી ધૃષ્ટતાના અપરાધની ક્ષમા કરી લેવી. અમે આપને નમન કરીએ છીએ; અને હવે જલદી પોતાના સ્થાનપ્રત્યે જઇએ છીએ.[૩૯] એ પ્રમાણે કહી શાપોનો સમૂહ પોતાની ભૂલ જણાયાથી પોતાના આત્માનેજ ધિઃકારની દૃષ્ટિથી જોઇ, જેમ દૃષ્ટિનો તિમિરરોગ શાંત થતાં, આકાશમાં ભ્રાંતિવડે દેખાતા મસલાં મોવાળા આદિના જેવા આકારો ક્યાંય જતા રહે, તેમ ક્યાંય જતો રહેશે.[૪૦] પછી (દુર્વાસાનો શાપગણ ગયાબાદ) સમાન અર્થ કરવાવાળો અને ઘરમાંથી નીકળવું થવામાં પ્રતિબંધ કર્ત્તા એવો બીજો (તેઓની ભાર્યાઓને ગૌરીએ આપેલો) વરનો સમૂહ, જેમ વ્યાકરણ શાસ્ત્રની પ્રક્રિયામાં આદેશ, સ્થાનીના સ્થાનમાં પ્રાપ્ત થાય તેમ એ ગએલા શાપને ઠેકાણે આવી ઉભો રહેશે.[૪૧]

શાપના સ્થાનમાં આવેલ તેની પત્નીઓના વરો બ્રહ્માને કહેશેઃ–હે મહારાજ ! સપ્તદ્વીપનું અધિપતિપણું ભોગવવા તત્પર થયેલા આ જીવોના (અમારા પ્રતિબંધથી) શબનું ગૃહથી બહાર નીકળવું, જેમ અંધારા કૂવામાંથી જલનું બહાર નીકળવું અસંભવિત હોય, તેમ અમને અસંભવિત લાગે છે.[૪૨] સપ્તદ્વીપોના અધિપતિ એવા આ જીવોને, પોતાના ઘરરૂપી દ્વીપોની અંદર આ મહાવીર એવા ઉત્તમ સૂર્યના વરો રણમાં દિગ્વિજય કરાવે છે.[૪૩] માટે હે દેવવર્ય ! આ અનિવાર્ય વિરોધમાં જે કાંઇ અમારે કરવા યોગ્ય હોય તેનો આપ અમારાં સફલપણામાટે હુકમ કરો.[૪૪]

બ્રહ્મા કહેશેઃ–હે સપ્તદ્વીપનું ઐશ્વર્ય આપનારા વરો તથા હે ઘરમાંના જે જીવોને રોકી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રાખવાના (દેવીના) વરો ! તમારો સર્વનો મનોરથ સિદ્ધ થએલ છે.[૪૫] તમે બન્ને પરસ્પર એકબીજામાં મળી જાઓ, કેમકે ઘણા લાંબા કાલસુધી તમારો પરસ્પર વિરોધ ઇષ્ટ નથી. તમારી પરસ્પર ઇચ્છા નહિ હશે તોપણ એ આઠે ભાઇઓ મરી ગયા પછી તરતજ ઘણા કાલસુધી પોતાના ઘરની અંદરજ સપ્તદ્વીપના પતિરૂપ થઇ જશે.[૪૬] તેઓનો દેહપાત થયા-બાદ પોતાના ઘરની અંદરજ તે સર્વ વરો તે જીવોને સપ્તદ્વીપનું આધિપત્ય ભોગવાવશે.[૪૭]

સર્વ વરો કહેશેઃ—હે મહારાજ ! સાત દ્વીપોવાળાં આઠ ભૂમંડલો ક્યાં છે ? અને તેનાં ઐશ્વર્ય પણ ક્યાંથી હોય ? કેમકે એકજ ભૂમંડલ દીઠું અને સાંભળ્યું છે, બીજું નથી.[૪૮] વળી કોઇ એક ઘરની અંદર તેઓ શી રીતે રહી શકે ? સૂક્ષ્મ એવા કમલના પારાની અંદર મોટા હાથીઓ કેમ સમાઇ શકે ?[૪૯]

બ્રહ્મા કહેશેઃ—તમારા અને અમારા સહિત આ સર્વ જગત ચિદાકાશરૂપ છે. ચિદાકાશના એક પરમાણુની અંદર પણ તે રહેલ છે, કે જેનો દાખલો પ્રત્યક્ષ સ્વપ્ન—સૃષ્ટિરૂપે અનુભવમાં આવે છે.[૫૦] જો એક ચિદાકાશના પરમાણુની અંદર જગત સમાઇ જાય છે, તો પછી ચિદાકાશની અંદર રહેનાર એક ઘરમાં તે સ્કુરી આવે તેમાં શું આશ્ચર્ય ! પ્રકૃતિના ક્રમમાં શો વિસ્મય પામવાનો છે ?[૫૧] મરણ પછી શૂન્યરૂપ હોવા છતાં પણ સચ્ચિદાનંદ ઘનાકાર પરમાત્મા પોતે આ યથાસ્થિત જગદાકાર ભાસવામાં આવે છે.[૫૨] એક પરમાણુની અંદર પણ જ્યાં જગત સમાઈ જાય છે, ત્યાં એક ઘરની અંદર સપ્તદ્વીપવાળી પૃથ્વી સમાઇ જાય તે વાત શું અદ્‌ભુત છે ?[૫૩] જે કાંઇ આ જગત ભાસે છે, તે ચેતનતત્ત્વરૂપજ છે. કોઇ દેશકાલમાં જગત બીજી વસ્તુ નથી. આકાશ જેમ શૂન્યતાવડે શોભે તેમ જગતપણ ચિત્સત્તાવડેજ માત્ર ભાસે છે.[૫૪] વરદાન આપનાર દેવે આપેલા તે વરો, ઉપર પ્રમાણે બ્રહ્માના કહેવા ઉપરથી આધિભૌતિક ભ્રાંતિમય દેહને છોડી દઇ, આતિવાહિક દેહને ધારણ કરી લઇ, બ્રહ્માને પ્રણામ કરી, અનેક જનોથી વ્યાપ્ત એવા બ્રહ્મલોકમાંથી સપ્તદ્વીપની અંદર (વર આપનાર) દેવના ગૃહની અંદર ચાલ્યા જશે.[૫૫,૫૬] પછી એ આઠે ભાઇઓ તેજ ઘરની અંદર યજ્ઞ આદિ સત્કર્મોવડે અને બંધુજનોવડે સારી પેઠે આબાદ એવા, જગતના આઠ ભેદને લીધે બ્રહ્માના આઠદિવસમાં થનારા સ્વાયંભુવ મનુના વંશજોના કુલમાં, સાત દ્વીપોના અધિપતિરૂપ બની જશે.[૫૭] તેઓ અન્યોન્ય બંધુરૂપ છતાં પરસ્પર એકબીજાને ઓળખશે નહિ. અન્યોન્ય ભૂમંડલમાં રહેશે અને તેઓની ચેષ્ટા પરસ્પર અનુકૂલજ થતી રહેશે.[૫૮] તેમાંથી કોઇ એક તો ઘરની અંદરજ તારૂણ્યવડે સુંદર બની જઈ, મહાપુરી ઉજ્જયિની કે જે મોટી રાજધાની છે, તેની અંદર સુખેથી નિવાસ કરશે.[૫૯] બીજો કોઇએક શાકદ્વીપમાં પોતાના નિવાસને કલ્પી લઇ, સર્વ દિશાઓનો જય કરવામાં પ્રવૃત્તિ કરી, નાગલોક જીતવાની ઇચ્છાથી સમુદ્રના જઠરની અંદર ફર્યા કરશે.[૬૦] કોઇ એક તો દિગ્વિજય કરી પોતાની સર્વ પ્રજાની રક્ષા કરતાં, કુશદ્વીપરૂપી રાજધાનીમાં સુખી ચિત્તવડે પોતાની પત્નીના અવલંબનથી સૂઇ રહેશે.[૬૧] કોઇ એક ભાઇ તો શાલ્મલીદ્વીપના પર્વતના શિખર ઉપર આવેલા પુરીના સરોવરની અંદર, વિદ્યાધરીઓના સમૂહે સહિત જલક્રીડા કરવા લાગશે.[૬૨] વળી કોઈ એક તો સાતદ્વીપની સમૃદ્ધિ ખેંચી લાવી આબાદ કરેલ એવા ક્રૌંચદ્વીપમાં આવેલ હેમપુરની અંદર આઠ દિવસસુધી અશ્વમેધ યજ્ઞ કરવાની પ્રવૃત્તિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કરશે.[૬૩] ઉખેડી લીધેલ દિગ્ગજોના દાંતોવડે કુલાચલ પર્વતોનું આકર્ષણ કરવાને સમર્થ એવો કોઇએક ભાઇ તો શાલ્મલીદ્વીપની અંદર બીજા દ્વીપમાં રહેનાર કોઈ રાજા સાથે યુદ્ધ કરવા માંડશે.[૬૪] ગોમેદ એવા નામના દ્વીપમાં રહેનાર કોઇએક ભાઇ તો શત્રુના દેશોને બાધા કરનાર એવી સેનાને સાથે લઇ, કામાધીનપણાથી પુષ્કરદ્વીપના રાજાની પુત્રીને લાવવામાટે જશે; કે જે તે સર્વમાં છેલ્લો આઠમો ભાઇ હશે.[૬૫] પુષ્કરદ્વીપમાં નિવાસ કરી રહેલ કોઇ એક ભાઇ તો લોકાલોક પર્વતના પાસેના રાજાની ધનભૂમિ જોવાની ઇચ્છાથી, દૂત સહિત ત્યાં જવા લાગશે.[૬૬] એવી રીતે તેઓ પ્રત્યેક પોતાની પ્રતિમાની યોગ્યતાને અનુસારે પોતાના ઘરના આકાશમાં અનુભવપૂર્વક સાત દ્વીપોના અધિપતિ બનશે. પછી આતિવાહિક આકારને છોડી રહેલા એ બન્ને પ્રકારના વરો, છિદ્રો જેમ (ઉપાધિનો ભંગ થતાં) આકાશ સાથે એકતાને પ્રાપ્ત થઇ જાય, તેમ તેઓનો જીવ ચૈતન્યસાથે એકતાને પ્રાપ્ત થઇ જશે.[૬૭,૬૮] એ આઠે ભાઇઓ, સંતોષ આપનાર એવાં આબાદ રાજ્યને પ્રાપ્ત થઈ, પ્રસન્નતાને પામી જઇ, પોતાના અભીષ્ટ વરને મેળવી લઈ, સપ્તદ્વીપના અધિપતિ થશે.[૬૯] એવી રીતે વિશાલ બુદ્ધિવાળા એ આઠે ભાઇઓ તપના બલથી પોતે પ્રથમ કરેલ પુરુષાર્થને વિકસિત બનાવી દઈ સપ્તદ્વીપના અધિપતિપણાને ભોગવશે; કેમકે પ્રત્યક્ચૈતન્યને અંદર જે કાંઇ દૃઢ નિશ્ચયરૂપે સ્ફુરે છે, તે બહાર પણ, તે મેળવી આપવામાં યોગ્ય એવાં (જપ-તપ આદિ) કર્મોવડે, કોણ નથી મેળવી શકતું ?[૭૦]

इत्येते प्रविकसितोदितक्रियार्थाः प्राप्स्यंति प्रवितनबुद्धयस्तपोभिः ॥ अंतर्यत्स्फुरति विदस्तदेव बाह्ये नाप्तं कैस्तदुचितकर्मभिः किलेति ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'દ્વીપસમુદ્રાષ્ટકવર્ણન' એ નામનો એકસો ત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૩

સર્ગ ૧૮૪ મો.*

કંદબ તપસ્વીએ કુંદદંતને કરેલ બોધ

॥ कुंददंत उवाच ॥

इत्युक्तवानसौ पृष्टः कदंबतलतापसः ॥ सप्तद्वीपा भुवोऽष्टौ ताः कथं माता गृहेष्विति ॥

કુંદદંત કહે છેઃ—એમ કહેનાર એવા કદંબતલની નીચે રહેનાર એ તપસ્વીને મેં પૂછ્યું કે, ઘરની અંદર (થોડા અવકાશમાં) સાત દ્વીપવાળી (પચાસ કરોડ યોજનસુધી વિસ્તીર્ણ) એવી આઠ પૃથ્વીઓ શી રીતે સમાઇ ?[૧]

કદંબ તપસ્વી કહે છેઃ—સર્વ વ્યાપી ચિદ્ધાતુ એવોજ છે, કે પ્રપંચશૂન્ય છતાં ત્યાં ત્યાં પોતાના આત્માની અંદર પોતેજ પોતાના સ્વરૂપને ત્રૈલોક્યરૂપે અથવા તો બીજ (સુષુપ્તિ તુર્યા આદિ) રૂપે પોતાના ચિદાકાશરૂપને નહિ છોડતાં છતાં દેખે છે.[૨,૩]

કુંદદંત કહે છેઃ—એક શાંત પરમમંગલમય, પરમકારણરૂપ એવા પરબ્રહ્મની અંદર સ્વભાવસિદ્ધ એવું નાનાપણું વાસ્તવિક રીતે કેમ ઘટી શકે ?[૪]

કદંબ તપસ્વી કહે છેઃ—સર્વ શાંત ચિદાકાશરૂપ છે. અહીં નાનાપણું (અનેકપણું) કાંઇ નથી. આ જે કાંઇ અનેકરૂપે વિશાલ દેખાય છે તે, દેખાતાં છતાં પણ જલમાં રહેલા તરંગનીપેઠે તેનાથી અભિન્ન છે.[૫] આ પદાર્થો અસત્ય છતાં કિંવા વિદ્યમાન નહિ છતાં તેઓનાં અસ્તિત્વવિષે જે કાંઇ પ્રતીતિ થાય છે, તે ચિદાકાશજ

* આ એકસો ચોર્યાશીમા સર્ગમાં, ગૃહની અંદર આઠ જગત તો શું, પણ કરોડો જગત પણ સમાઇ જાય છે, કેમકે ચિદાકાશજ અજ્ઞાનનેલીધે એ સર્વરૂપ ભાસે છે; એવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

છે; કે જે સ્વપ્ન–સુષુપ્તિરૂપ પણ થઇ જાય છે. ચિદાકાશનું સ્વચ્છ સ્વરૂપજ (અજ્ઞાનદશામાં) તેવે રૂપે ભાસે છે.[૬] જેમ ચિત્સત્તા સ્વપ્નની અંદર પર્વતરૂપે દેખાતાં છતાં પર્વતરૂપ હોતી નથી, અને ચપલરૂપે પ્રતીતિમાં આવતાં છતાં અચલરૂપેજ રહેલ હોય છે, તેમ કલ્પિત પદાર્થોમાં રહેલ ચિત્સત્તાવિષે પણ સમજવાનું છે.[૭] સર્વાત્મક પરબ્રહ્મના વાસ્તવ સ્વરૂપમાં સ્વભાવો પણ નથી અને પદાર્થો પણ નથી. સૃષ્ટિના આદિ કાલમાં જેવે રૂપે ચિદાકાશે પોતાનો વિલાસ પસાર્યો છે, તેવોજ અદ્યાપિ રહેલ છે.[૮] વાસ્તવિક દૃષ્ટિથી જોતાં એ પરબ્રહ્મનું નિર્વિકાર સ્વરૂપ સ્થૂલરૂપ કે અસ્થૂલરૂપ નથી, દ્રવ્યરૂપ પણ નથી, જડરૂપ પણ નથી; કિંતુ કેવલ ચિદાકાશ આવેરૂપે (વિવર્ભાવથી) થઇ રહ્યું છે.[૯] જેમ એકજ સ્વચ્છ [illegible]ક્ષિચૈતન્ય, સ્વપ્નની અંદર સેનામાં લાખ્ખો [illegible]ણસોરૂપ થઈ ગએલ પ્રતીતિમાં આવે, તેમ જગતમાં પણ તે ચૈતનજ પદાર્થરૂપે પ્રતીતિમાં આવે છે.[૧૦] ચિદાકાશ પોતાના સ્વચ્છ આત્માની અંદર જે કાંઈ પોતાની મેળેજ વિવર્તને પ્રસારી દે છે, તેજ ચિદાકાશનીસત્તાને લીધે જગતને આકારે પ્રતીતિમાં આવે છે.[૧૧] જેમ સ્વપ્નની અંદર અગ્નિ નહિ છતાં, સ્વપ્નસાક્ષી એવું ચૈતન્યજ અગ્નિરૂપ ભાસે, તેમ ચિદાકાશની અંદર કશી વસ્તુ નહિ છતાં ચિદાકાશનો પોતાનો વિવર્તજ એ સર્વને આકારે ભાસે છે.[૧૨] જેમ સ્વપ્નની અંદર સ્તંભ વિદ્યમાન નહિ છતાં, સાક્ષીચૈતન્યની અંદર સ્તંભભાવની પ્રતીતિ થાય છે, તેમ આ ચિત્સત્તાની અંદર અનેક સાકાર વસ્તુની પ્રતીતિ વિષે સમજવું. વસ્તુતાએ કશું પણ એ તત્ત્વથી જુદું ન છતાં જુદા જેવું દેખાય છે.[૧૩] આદિ સૃષ્ટિનાં પદાર્થરૂપના, નિર્વાણ [illegible] ચિદાકાશરૂપજ છે; અને એ વખતે ચિદાકાશે જે પદાર્થને જે રૂપથી જાણ્યો તે પદાર્થ હજી સુધી પણ તેવોજ છે.[૧૪] જેમ પુષ્પની અંદર, ફલની અંદર, પત્રની અંદર અને સ્તંભની અંદર વૃક્ષજ રહેલ છે, તેમ સર્વના આત્મારૂપ પરબ્રહ્મજ સર્વત્ર રહેલ છે, અને સર્વરૂપ છે, તથા જગતપણ તેનાજ રૂપ છે.[૧૫] ચિદાકાશરૂપ મહાસાગરની અંદર જલનીપેઠે સૃષ્ટિઓની પરંપરા રહેલ છે, અને ચિદાકાશરૂપ મહાકાશની અંદર શૂન્યતાના જેવી તેની (સૃષ્ટિની) સ્થિતિ છે.[૧૬] બોધ થઇ જાય તો તરુ અને વૃક્ષ એ બન્નેની પેઠે, પરમાર્થ અને સર્ગ એ બન્ને પર્યાય શબ્દ છે; પરંતુ જ્યાંસુધી અબોધ (અજ્ઞાન) રહે ત્યાંસુધી દ્વૈત કાયમ રહે છે, કે જે કેવલ દુઃખકારકજ છે.[૧૭] અધ્યાત્મ શાસ્ત્રના બોધવડે પરમાર્થ અને આ જગત એ બન્ને એકજ છે, એવો જે નિશ્ચય થાય તે એક મુક્તપણું છે.[૧૮] સંકલ્પ કરનાર ચૈતનમાંથી ઉદય પામતા સંકલ્પનું સ્વરૂપ બ્રહ્મરૂપજ છે, અને તેજ જગતનું પણ રૂપ છે; જેથી જગત બ્રહ્મરૂપ છે.[૧૯] જેનાથી વાણી (થાકી જઈ) નિવૃત્ત થઇ જાય છે, તથા સર્વાત્મકપણાને લીધે વિધિ–નિષેધ, ભાવ–અભાવ આદિ દૃષ્ટિનો જેમાં અવકાશ પણ છે, એવું એ પરમતત્ત્વ છે.[૨૦] મૌન નહિ છતાં નિઃસંકલ્પપણાનો આશ્રય કરી, પાષાણની પેઠે સ્થિતિ રાખી, સત્યરૂપ છતાં અસત્ય દેહઆદિભાવનો આભાસ બતાવી, સાક્ષીચૈતન્યરૂપે તટસ્થ થઇ રહેવું, તે બ્રહ્મસ્થિતિરૂપ કહેવાય છે.[૨૧] જો સર્વ નિર્વિકાર એક રસરૂપ બ્રહ્મમય છે, તો પછી તેમાં ભાવ–અભાવ આદિ વસ્તુની પ્રવૃત્તિ કે નિવૃત્તિ કેવી હોય?[૨૨] જેમ એકજ નિદ્રાની અંદર સદા એક સ્થિતિવાળી [illegible] સુષુપ્તિના અને સ્વપ્નના વિલાસો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

નિરંતર કેમ જાણે વિચિત્ર આકારે દેખાતા હોય તેમ અનુભવમાં આવે છે,[૨૩] એવીજ રીતે જાગ્રત આદિમાં પણ સદા એક સ્થિતિમાં રહેનાર એવી આ બ્રહ્મસત્તાની અંદર, તેનીજ સત્તાથી પ્રતીતિમાં આવતી અનેક સૃષ્ટિઓ કેમ જાણે નિરંતર વિચિત્રરૂપે રહી હોય તેમ પ્રતીતિમાં આવે છે.[૨૪] જેમ દહીં આદિ દ્રવ્યસાથે સાકર આદિ બીજું દ્રવ્ય મળી જતાં જુદા કાંઈ બીજાજ કાર્યને ઉત્પન્ન કરે તેમ, પ્રાણીઓના અંતઃકરણમાં પ્રકટરૂપે જણાતું સાક્ષીચૈતન્ય, ચક્ષુ આદિ ઇંદ્રિયદ્વારા બહાર નીકળી ઘટ-પટ આદિ પદાર્થો સાથે મળી, (આવરણભંગવડે) પરસ્પરના સંબંધથી ત્રિપુટીની સ્ફૂર્તિને ઉત્પન્ન કરે છે.[૨૫] સર્વે પદાર્થો સદા નિરવયવ અને ચિત્સત્તામાત્ર છે. તેઓ એક ચિત્સત્તાનેજ આધીન હોવાથી જેવું સૃષ્ટિના આદિકાલમાં તેઓનું માન થયું છે તેવુંજ અદ્યાપિ સુધી ચાલે છે.[૨૬] સર્વ પદાર્થોની સ્થિતિ પણ એક ચિત્સત્તાને આધીન હોવાથી, પોતાના સંકલ્પ અનુભવ ઇત્યાદિને આધારે રહેલ છે; અને દ્રવ્યોની શક્તિઓ પણ વસ્તુતાએ જોતાં દ્વૈતના આકારગ્રહણથી રહિત અને અચલ (બ્રહ્માકાર) છે.[૨૭] બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એ સર્વસહિત, આ સર્વ જગત સ્વપ્નીપેઠે અવિદ્યમાન છતાં દેખાય છે, અને અનુભવાય છે.[૨૮] સ્થાવર-જંગમરૂપ થઇ રહેલ ચિદાકાશરૂપ જલની અંદર, સ્વપ્નીપેઠેજ હર્ષ-ક્રોધ-શોક આદિથી ઉત્પન્ન થતા વિકારોરૂપી વિચિત્ર તરંગો દેખાય છે.[૨૯] સ્વભાવરૂપ પવને ઉડાડેલા જગતના-સમૂહને આકારે દેખાતા એવા ચમત્કારને ધારણ કરી રહેલ, ચિદાત્માના પ્રકાશવડે પ્રકાશિત સત્વગુણરૂપ, રજોગુણરૂપ અને તમોગુણરૂપ ધૂળ, ઝાકળ અને વાદળાંઓ, ચેતનરૂપ આકાશની અંદર દેખાય રહ્યાં છે, જે વિવેકીને શોચનીય ભાસે છે.[૩૦] જેમ તિમિર રોગવડે મલિન ચક્ષુવાળા પુરુષને આકાશમાં મસલાં-મોવાળા આદિના જેવા આકારો જોવામાં આવે, તેમ અવિવેકી પુરુષને (અવિદ્યાના દોષનેલીધે) ચિદાકાશની અંદર આ જગતની ભ્રાંતિ ભાસે છે.[૩૧] જેમ સંકલ્પનગર જ્યાં સુધી સંકલ્પ કાયમ રહે ત્યાંસુધી સંકલ્પને અનુસારે અનુભવમાં આવે છે, તેમ આ જગત પણ જ્યાંસુધી સંકલ્પ હોય ત્યાંસુધી સંકલ્પને અનુસારે અનુભવમાં આવે છે.[૩૨] જેમ સંકલ્પનગરની અંદર જ્યાંસુધી સંકલ્પ રહે ત્યાંસુધી તેની અંદરની સર્વ સ્થિતિ મિથ્યા છતાં સત્ય જેવી જણાય અને અનુભવમાં આવે,[૩૩] તેમ વિધાતાના સંકલ્પરૂપ એવી નિયતિ, કે જે દરેક વસ્તુને નિયતરૂપે સ્થાપન કરનાર છે, તે અદ્યાપિપર્યંત સ્થિર થઈ રહી છે; અને તેવડેજ સ્થાવર-જંગમ જીવ ક્રમવાર પોતપોતાની મર્યાદામાં રહ્યા છે.[૩૪] એ નિયતિ-(ઈશ્વરીય કોઈ અમુક ચોક્કસ નિયમ) વડેજ જંગમ જીવો જંગમ જીવોમાંથી ઉત્પન્ન થાય છે, અને સ્થાવર જીવ સ્થાવરમાંથી ઉત્પન્ન થાય છે. એ નિયતિના બલથીજ જલ નીચે ગતિ કરે છે, અગ્નિનું ઊર્ધ્વજ્વલન થાય છે,[૩૫] દેહરૂપી યંત્રો ચાલ્યા કરે છે, નક્ષત્રો પ્રકાશે છે, વાયુઓ નિરંતર ગતિ કરે છે, શૈલ આદિ સ્થિર થઈ રહે છે.[૩૬] એ નિયમવડેજ જ્યોતિર્મય અને યુગ સંવત્સર આદિરૂપે વર્તતું આ કાલચક્ર ઉત્તરાયણ દક્ષિણાયનરૂપે ફર્યા કરે છે, કે જેની અંદર ગ્રીષ્મમાં સૂર્યનો તડકો અને વર્ષાઋતુમાં જલધારાની વૃષ્ટિવડે વ્યાપ્ત આકાશના જેવો જલમય ભાવ જોવામાં આવે છે.[૩૭] તે નિયતિવડેજ પૃથ્વીની અંદર દ્વીપભેદને-લીધે એકાંતરનીપેઠે રહેલા સમુદ્રોની અનેપર્વતોની (રચના) સ્થિર જેવી દેખાય છે, અને

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભાવ-અભાવ, લેવું-દેવું તથા દ્રવ્ય-શક્તિ પણ સ્થિર થઈ રહી છે.[૩૮]

કુંદદંત કહે છેઃ—પ્રથમ જે કાંઈ જોવામાં આવેલ હોય તેનું સ્મરણ થાય છે, અને પછી તેને અનુસારે પોતાના સંકલ્પોનો ઉદય થાય છે. હવે પ્રથમ સૃષ્ટિની શરૂઆતમાં (તેની પૂર્વે કશું ન હોવાથી) કોને પૂર્વે દીઠેલ સૃષ્ટિનું સ્મરણ અને ભાન થાય છે?[૩૯]

તપસ્વી કહે છેઃ—સ્વપ્નમાં અનુભવાતા એવા પોતાના મરણપેઠે આ સર્વ અપૂર્વજ દેખાય છે, અને તે સમયે જે દેખાય તે પહેલું દેખાયું ગણાય છે, તથા તેમાંજ અભ્યાસ થતાં તેની પછી સ્મૃતિ થાય છે.[૪૦] ચિદાકાશની અંદર ચિત્સત્તાનેલીધે જગતરૂપ સંકલ્પનગર ખડું થઇ જાય છે, તે સત્ય પણ નથી અને અસત્ય પણ નથી, કેમકે કોઇ સમયે પોતાની મેળેજ તેની પ્રતીતિ થાય છે, અને કોઇ સમયે નથી પણ થતી.[૪૧] જો ચેતનસત્તાવડેજ સ્વપ્ન—સંકલ્પ આદિનો અનુભવ થાય છે તો પછી શુદ્ધ એવું ચિદાકાશનું સંકલ્પનગર (જગત) ચિત્સત્તાવડે કેમ સ્મરણમાં ન આવે?[૪૨] હર્ષ, ક્રોધ, સુખ, દુઃખ આદિથી રહિત બની તત્ત્વજ્ઞ પુરુષો પ્રકૃત માર્ગમાં ચાલ્યા જઇ કુલાલચક્રની પેઠે પ્રારબ્ધવેગવડે ગતિ કરતા રહે છે.[૪૩] જેમ નિદ્રાની નિવૃત્તિ થતાં સ્મરણમાં આવતું એવું પણ સંકલ્પનગર ચિદાકાશરૂપ છે, તેમ ત્રૈલોક્યની ભ્રાંતિ પણ તત્ત્વજ્ઞાન થતાં ચિદાકાશરૂપ જણાય છે; એમ તમે સમજો.[૪૪] ચિદાકાશનો એક આભાસ કે જે જગત એવા શબ્દવડે કહેવાય છે તે શાંત ચિદાકાશરૂપજ છે, બીજું કાંઇ નથી; એમ તમે સમજો.[૪૫] જેની અંદર આ સર્વ રહેલ છે, જેનાથી સર્વ થએલ છે, જે પોતેજ સર્વરૂપ થઇ રહેલ છે, જે સર્વવ્યાપી છે; તથા સર્વની સત્તા જેને આધીન હોવાથી જે સર્વના અધિષ્ઠાનરૂપ છે, તેજ પરબ્રહ્મ સર્વદા સર્વરૂપ થઇ રહેલ છે.[૪૬] જેવી રીતે બ્રહ્મની અંદર સંસારની પ્રતીતિ થાય છે, તથા તમને દૃશ્યનું જેવું ભાન હવે પછી થવાનું છે, તે મેં તમને કહી બતાવ્યું. હે પ્રિયો! હવે તમે ઉઠો,[૪૭] અને પ્રાતઃકાલમાં ભ્રમર જેમ કમલમાં જાય તેમ પોતાના ઘરપ્રત્યે સુખેથી જાઓ; અને પોતાના ઇચ્છિત સત્કર્મને સુખેથી કરો. હું હમણાં સમાધિથી નિવૃત્ત હોવાનેલીધે અત્યંત દુઃખિત જેવો બની ગયો છું; માટે હું પણ હવે ઘણા લાંબા સમયસુધી સમાધિમાં પ્રવેશ કરું છું.[૪૮]

उत्तिष्ठतं व्रजतमास्पदमह्नि पद्मं भृंगाविवाभिमतमाशु विधीयतां स्वम् ॥ तिष्ठामि दुःखमलमस्तसमाधिसंस्थं भूयः समाधिमहमंग चिरं विशामि ॥ ४८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'કુંદદંતોપદેશ' એનામનો એકસો ચોર્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૪

સર્ગ ૧૮૫ મો.*

કુંદદંતને વસિષ્ઠથી થએલું જ્ઞાન

॥ कुंददंत उवाच ॥

जरन्मुनिरपीत्युक्त्वा ध्यानमीलितलोचनः ॥
आसीदस्पंदितप्राणमनाश्चित्रइवाऽर्पितः ॥१॥

કુંદદંત કહે છેઃ—એ વૃદ્ધ મુનિ ઉપરપ્રમાણે કહી, ધ્યાનવડે આંખો વીંચી લઈ, ચિત્ત અને પ્રાણ એ બન્નેની ક્રિયા બંધ હોવાથી કેમ જાણે ચિત્રમાં આલેખેલ હોય તેવા (સમાધિનેલીધે) નિશ્ચલ થઇ ગયા.[૧] અમોએ વિવેકવડે ઉદાર એવાં વચનોથી વારંવાર પ્રાર્થના કરાયા

* આ એકસો પંચાશીમા સર્ગમાં તે બન્નેનું (મથુરામાં) પોતાને ઘેર જવું, ક્રમે કરી આઠે ભાઇઓનો ક્ષય, અને કુંદદંતને રામના સમાગમથી મોહનો ઉચ્છેદ, એવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છતાં પણ તેણે તેનો કશો ઉત્તર આપ્યો નહિ; ક્રમકે બાહ્યવૃત્તિનો ઉપશમ થઇ જવાથી તેને સંસારનું કશું અનુસંધાન ન હતું.[૨] પછી અમે બન્ને જણા કે જેઓ (મુનિના વિયોગને લીધે) ઘેર જવાને ઉત્સુક બની ગયા હતા, તેઓ ધીરે ધીરે ચાલતાં કેટલેક દિવસે પ્રસન્ન બાંધવોવડે યુક્ત એવા પોતાના ઘર પ્રત્યે જઇ પહોંચ્યા.[૩] પછી તે ઘરની અંદર, (કુલદેવતાનું આરાધન, સુવાસિનીભોજન, બ્રાહ્મણભોજન આદિ) ઉત્સવ કરી ઘણા લાંબા કાલની જુની વાતો કરતા અમે ત્યાંજ રહ્યા, અને ક્રમવાર તે સાતે ભાઇઓ પ્રલયમાં લય પામતાં મહાસાગરની પેઠે નાશને પામી ગયા. ફક્ત એકજ તેનો આઠમો ભાઇ, કે જે મારો સખા (મિત્ર) હતો તેજ, એક મહાસાગરનીપેઠે મુક્ત થઈ ગયો.[૪,૫] ત્યારપછી કાલે કરી તેપણ સાયંકાલ સમયે અસ્ત થતા સૂર્યનારાયણનીપેઠે અસ્તને (નાશને) પ્રાપ્ત થઇ ગયો. હું તે મિત્રના વિયોગથી અતિ દુઃખી બની ગયો.[૬] હું દુઃખિત હોવાથી દુઃખની શાંતિસારુ પાછો ફરીવાર પણ જ્ઞાનોપદેશ પૂછવામાટે આદરપૂર્વક એ કદંબ વૃક્ષવાળા તપસ્વીપાસે ગયો.[૭] એ કદંબતપસ્વી ત્રણ માસે સમાધિમાંથી નિવૃત્ત થયા હતા. મેં તેમને પ્રણામપૂર્વક નમ્રભાવથી પૂછ્યું; ત્યારે તેમણે મને નીચેપ્રમાણે કહ્યું.[૮]

કદંબતપસ્વી કહે છેઃ-હું સમાધિમાંથી વ્યુત્થિત દશામાં એક ક્ષણવાર પણ રહેવાને સમર્થ નથી, માટે હું પાછો ત્વરાથી સમાધિમાં પ્રવેશ કરું છું.[૯] હે નિષ્પાપ ! (હું હમણાં બોધ કરીશ તોપણ) એ પરમાર્થસંબંધી ઉપદેશ અભ્યાસવિના તમારા ચિત્તમાં ચોંટશે નહિ, માટે આ સંબંધમાં હું તમને એક બીજી યુક્તિ કહું તે તમે સાંભળો અને તે પ્રમાણે કરો.[૧૦] અયોધ્યા એવા નામની એક નગરી છે, ત્યાં દશરથ એવા નામના એક રાજા છે, તેના રામ એવા નામના એક પુત્ર છે.[૧૧] તમે તેની પાસે જાઓ. તેમના કુલગુરુ વસિષ્ઠ નામના ઉત્તમ મુનિ સભામાં રામચંદ્રજીને જ્ઞાનનો ઉપદેશ આપશે.[૧૨] હે કુંદદંત ! તમે પણ એ દિવ્ય એવી મોક્ષના ઉપાયરૂપ કથા લાંબા કાલસુધી સાંભળી મારીપેઠેજ પવિત્ર એવા પરમપદમાં વિશ્રાંત થઈ જશો.[૧૩] એ પ્રમાણે મને કહી તે કદંબતપસ્વી સમાધિરૂપી રસાયનના મહાસાગરમાં નિમગ્ન થઈ ગયા; અને હું અહીં આ પ્રદેશમાં આપની પાસે આવ્યો છું.[૧૪] હું અમુક છું, અને મારો અમુક વૃત્તાંત છે, એ સર્વ મેં બનેલ બીનાને અનુસરી જેવું જોયું–સાંભળ્યું તેપ્રમાણે તમને અખંડિતપણે કહી બતાવ્યું છે.[૧૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–ઉપર પ્રમાણે (પોતાના વૃત્તાંતની) કથા કહેવામાં કુશલ એવો તેજ આ કુંદદંત છે; અને તે દિવસથી માંડી હમ્મેશાં તે મારી પાસેજ રહ્યો છે.[૧૬] આ કુંદદંત નામનો તે બ્રાહ્મણ પડખેજ બેઠેલો છે; અને મોક્ષના ઉપાયરૂપ એવી આ સંહિતા પણ તેણે સાંભળી છે.[૧૭] મારી પાસે બેઠેલ આ કુંદદંત નામનો દ્વિજ (આ કથા સાંભળી) આજ નિઃસંશય થએલ છે કે કેમ, તે તેને પૂછો.[૧૮]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ–રામચંદ્રજીએ ઉપર પ્રમાણે કહ્યા પછી વક્તાઓમાં શ્રેષ્ઠ મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી કુંદદંત તરફ જોઇ બોલ્યા.[૧૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા નિષ્પાપ કુંદદંત ! કહો કે તમારા સર્વ સંશયની નિવૃત્તિ થઇ કે કેમ ? અને મારું વર્ણવેલ અવશ્ય જાણવા યોગ્ય મોક્ષ આપનાર બ્રહ્મતત્ત્વ શ્રવણદ્વારા તમારા સમજવામાં આવ્યું કે ?[૨૦]

કુંદદંત કહે છેઃ–મારા સર્વ સંશયની નિવૃત્તિ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અખંડિત રીતે

જાણી લીધું, અને સર્વ સંશયથી રહિત થઇ ગએલ એવું મારું ચિત્તજ મને જય આપનાર છે.[૨૧] મેં જાણવાનું જાણી લીધું છે, જે જોવાનું હતું તે જોઈ લીધું છે, જે પ્રાપ્ત કરવાનું હતું તે સર્વ નિર્બાધપણે પ્રાપ્ત કરી લીધેલ છે; કેમકે હવે હું પરમપદમાં વિશ્રાંત છું.[૨૨] આપની પાસેથી મને આત્મચૈતન્યનો બોધ (આત્મજ્ઞાન) થએલ છે; કે જેને લીધે આ સર્વ મને ચિદેકરસ જણાય છે; અને ચિદાકાશની અંદર પોતાથી અભિન્ન સત્તાવાળા એવા જગતને રૂપે પણ તેજ પ્રસરી રહેલ છે.[૨૩] ચિદાકાશ સર્વના આત્મારૂપ હોવાથી, સર્વવ્યાપી હોવાથી અને સર્વરૂપ હોવાથી, સર્વ, સર્વદા, સર્વત્ર, સર્વથી, સંભવે છે.[૨૪] એક સર્ષપના કણની અંદર પણ જે પ્રકારે અનેક જગતો સંભવે છે, અને જે પ્રકારે નથી સંભવતાં, તે [illegible] નિઃશેષપણે હું સમજી ગયો.[૨૫] ધરની [illegible]ર સાતદ્વીપવાળી પૃથ્વી સંભવે છે, અને [illegible]તાએ જોતાં ધર શૂન્યજ છે, આ બન્ને [illegible]ાત નિઃસંશય છે.[૨૬] જે જે વસ્તુ જે જે દેશ-કાલમાં જેવે જેવે પ્રકારે ભાસે છે અને પ્રાણીઓને જેવે પ્રકારે અનુભવમાં આવે છે, તે સર્વરૂપે અનાદિ અને અનંત બ્રહ્મજ થઇ રહેલ છે, કે જે પોતે સર્વત્ર ચિદેકરસ છે.[૨૭]

यद्यद्यदा वस्तु यथोदितात्म भातीह भूतैरनुभूयते च ॥ तत्तत्तदा सर्वघनस्तथास्ते ब्रह्मेत्थमाद्यंतविमुक्तमास्ति ॥ २७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'કુંદદંતપ્રબોધ' એ નામનો એકસો પંચાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૫

सर्ग १८६ मो.*

સર્વ બ્રહ્મરૂપજ છે

॥ श्रीवाल्मीकिरुवाच ॥

कुंददंते वदत्येवं वासिष्ठो भगवान्मुनिः ॥ उवाचेदमनिंद्यात्मा परमार्थोचितं वचः ॥१॥

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—કુંદદંત ઉપર પ્રમાણે કહી રહ્યા બાદ અનિંદ્ય (વખાણવાયોગ્ય) આત્માવાળા ભગવાન વસિષ્ઠમુનિ પરમાર્થને યોગ્ય એવાં વચનો બોલ્યા.[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સંતોષની અને અનુકંપાની વાત છે કે આ મહાત્મા કુંદદંતની જ્ઞાનમાં વિશ્રાંતિ થઇ છે, કે જેથી હસ્તામલકની પેઠે જગતને બ્રહ્મરૂપજ દેખે છે.[૨] આ સર્વ જગત ભ્રાંતિમાત્રજ છે, કેમકે જન્મ આદિ વિકારથી રહિત બ્રહ્મજ તેવેરૂપે ભાસે છે. ભ્રાંતિ બ્રહ્મરૂપ છે; અને બ્રહ્મ એક અને નિર્વિકાર છે.[૩] જે વસ્તુ જે દેશ-કાલમાં જેનાવડે જ્યાંસુધી જેવેપ્રકારે ભાસે છે;તે વસ્તુ તે દેશ-કાલમાં તેનાવડે ત્યાંસુધી તેવેપ્રકારે થઇ રહેલ અનુભવાય છે.[૪] વસ્તુતાએ જોઇએ તો પરમમંગલમય, શાંત, જન્મ આદિ વિકારથી રહિત, નિઃસંકલ્પ, અજર, સર્વવ્યાપી, શૂન્ય છતાં અશૂન્ય, અજન્મા, અનાદિ, અનંત અને ધ્રુવ પરબ્રહ્મજ સત્ય છે.[૫] શબલબ્રહ્મ જે જે અવસ્થાને પોતાના સંકલ્પવડે અતિશય પુષ્ટિ આપે છે, તે તે અવસ્થા-જેમ લતા જલના સેચનથી પોતાની શાખાને ફેલાવે તેમ-હજારો શાખાને ફેલાવી દે છે.[૬] બ્રહ્માંડ પણ એક પરમાણુરૂપ છે, કેમકે તે ચિદાકાશની અંદર રહેલ છે; તેમજ એક પરમાણુ પણ બ્રહ્માંડરૂપ છે, કેમકે તેની અંદર આખું આ જગત

* આ એકસો છ્યાશીમા સર્ગમાં સર્વ બ્રહ્મરૂપજ છે, એવો સિદ્ધાંત યુક્તિથી સ્થિર કરવામાં આવશે; અને ચિત્ત પોતાના સંકલ્પથી વર શાપની સિદ્ધિવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

(ચિત્સત્તાનેલીધે) રહ્યું છે.[૭] આ સર્વ આદિ, મધ્ય અને અંતથી રહિત, અખંડ, શાંત ચિદાકાશ-રૂપજ છે; માટેજ તમે જાતિ આદિ બંધને તોડી નાખી નિર્વિકાર બની નિર્વાણદશામાંયથાસ્થિત-પણે રહો.[૮] વ્યવહાર દૃષ્ટિથી જોઇએ તો બ્રહ્મ પોતેજ દૃશ્યરૂપ તથા દ્રષ્ટારૂપ થઇ રહેછે, પોતેજ ચિદ્રૂપ અને જડરૂપ થઇ જાય છે, પોતેજ કાંઇક વસ્તુરૂપ થઈ રહેલ છે, અને પોતેજ કશારૂપ નથી એમ જણાય છે; અને વસ્તુતાએ જોઇએ તો બ્રહ્મ પોતાના સ્વરૂપની અંદરજ સદા સ્થિર થઇ રહેલ છે.[૯] જગત કે જે ચિદાકાશરૂપ છે, તેની અંદર શાંત ચિદ્રૂપ બ્રહ્મ, પોતાના વાસ્તવ સ્વરૂપને નહિ છોડતાં, જ્યાં જેવી વાસના બંધાય ત્યાં તેવે પ્રકારે થઇ જાય છે.[૧૦] બ્રહ્મ માયાવડે દૃશ્યરૂપ થઈ જાય છે, એથી દ્વૈતસિદ્ધિ થાય છે એમ કદીપણ માનવાનું નથી; કેમકે બ્રહ્મ પોતે યથાસ્થિતપણેજ રહેલ છે. શૂન્યપણાની અને આકાશનીપેઠે, બ્રહ્મ અને દૃશ્ય એ બન્નેનું એકપણું છે.[૧૧] દૃશ્યજ પરબ્રહ્મરૂપ છે, અને પરબ્રહ્મજ દૃશ્યરૂપ છે. તે પોતે શાંત પણ નથી અને અશાંત પણ નથી; સાકાર પણ નથી અને નિરાકાર પણ નથી. (અર્થાત્ કાંઇ અનિર્વચનીય છે.)[૧૨] જેમ જાગી જતાં, સ્વપ્ન આદિ પ્રતીતિમાં આવેલ છતાં નિરાકાર જણાય, તેમ જાગ્રતમાં પણ દેહ આદિ પ્રતી-તિમાં આવતાં છતાં નિરાકાર છે, ચિદ્રૂપ છે, નિરવયવ છે, અને પોતાને અનુભવમાં આવતાં છતાં મિથ્યાજ છે.[૧૩] મનુષ્ય પોતે ચિદ્રૂપ છતાં નિદ્રાના સંપર્કથી જેમ જડ બની જાય, તેમ સ્થાવર જીવ પણ વસ્તુતાએ ચિદ્રૂપ છતાં જડરૂપ થઈ જાય છે.[૧૪] જેમ સુષુપ્તિ-રૂપી ઉપાધિમાં એકરૂપ થઈ ગએલ જીવ સ્વપ્ન અને જાગ્રત એ બન્ને દશાને સેંકડો જગતોની કલ્પના સાથે પ્રાપ્ત થાય, તેમ ચિદાકાશરૂપ જીવજ જડ એવા સ્થાવરભાવ પછી જંગમભાવને પ્રાપ્ત થાય છે.[૧૫] એવી રીતે તે જીવની સ્થાવર-જંગમાત્મક સ્થિતિ, ચિદાકાશની અંદર ચિદાકાશરૂપે રહ્યા છતાં, સ્વપ્નીપેઠે પ્રતીતિમાં આવતાં એવાં લાખો જગતો સહિત, પૃથ્વીમાં, જલમાં, પવનમાં, અને અગ્નિમાં ઠેઠ મોક્ષ થતાં સુધી ભાસ્યા કરે છે.[૧૬] જેમ નિદ્રામાં રહેલો મનુષ્ય પોતામાં જડતાનો અધ્યાસ આરોપી લે, તેમ જડ વસ્તુમાં જીવચૈતન્ય પોતાના જડભાવના અધ્યાસને આરોપી લે છે; બાકી એ અધ્ય-સ્ત જડતાવડે કાંઇ ચેતનનો જડભાવ થઈ જતો નથી.[૧૭] ચિદાકાશજ પોતાને જડરૂપે સમજનારા જીવ પ્રત્યે પોતાનું સ્થાવર સ્વ-રૂપ દેખાડે છે, અને જંગમરૂપે સમજનાર જીવ પ્રત્યે પોતાનું જંગમપણું દેખાડે છે.[૧૮] જેમ પુરુષના નખ-પગ આદિ એક શરીરના અવયવરૂપ છે, તેમ આ સર્વ સ્થાવર-જંગમ નિરવયવ છતાં ચિદાકાશના એક અવ-યવ જેવાજ છે.[૧૯] સ્વપ્નીપેઠે સૃષ્ટિના આરંભ-કાલમાં પોતાના સંકલ્પની અંદર જગતનું જેવું રૂપ સ્ફુર્યું તેવું રૂપ આજ પર્યંત રહેલ છે, અને અધિષ્ઠાન ચૈતન્યની સત્તાવડે તેની સ્થિતિ હોવાથી, તે જડરૂપે પ્રતીતિમાં આવતાં છતાં તેનો અભાવ અને ચિદ્રૂપ સ્થિતિ કહેવામાં આવે છે.[૨૦] ચેતનતત્ત્વ પોતે નિર-વયવ અને શાંત હોવાથી પોતાના યથાસ્થિત સ્વરૂપમાંજ રહેલ છે. કશું પણ થયુંજ નથી, કશું હતું પણ નહિ અને કશું પ્રતીતિમાં પણ આવ્યું નથી. આ વાત હિતકારક છે.[૨૧] જેમ સ્વપ્નસંબંધી પ્રપંચની સુષુપ્તિથી માંડી પ્રબોધ પર્યંતની સ્થિતિ નિદ્રાની અંદરજ રહેલ છે એમ કલ્પાય, તેમ સૃષ્ટિનો પણ અમુક આદિ-કાલ છે, અને અમુક અંતકાલ છે, એવી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કલ્પના અધિષ્ઠાનમાં કલ્પવામાં આવે છે.[૨૨] અનાદિ અને અનંત ચિદેકરસ પરમાત્માજ સત્યરૂપે રહેલ છે, કે જેથી હું કે જે પ્રબુદ્ધ છું તેની દૃષ્ટિમાં પ્રલય સ્થિતિ અને સૃષ્ટિનું નામ પણ નથીજ.[૨૩] આ પ્રલય, સૃષ્ટિ, સ્થિતિ, આદિ દેખાય છે, તે વસ્તુતાએ જોતાં નથી; અને ચિત્રમાં આળેખેલ ચિત્ર સ્ત્રીની પેઠે તે આત્માથી કાંઈ પણ ભિન્ન નથી.[૨૪] ચિત્રકારને ચિત્રમાં આલેખવાની ચિત્રસેના તેની પોતાની બુદ્ધિમાં રહેલ (સંકલ્પાત્મક) ચિત્રથી જેમ જુદી હોતી નથી, તેમ આ ભૂતમાનરૂપે પ્રતીતિમાં આવતી સૃષ્ટિ પણ વિધાતાના આત્માથી કાંઇ પણ જુદી નથી, અને તે અનેક પ્રકારે ભાસતાં છતાં એકરૂપજ છે.[૨૫] વિભાગહીન છતાં ચિદાકાશના ઘટ્ટ સ્વરૂપમાં, નિદ્રાનીપેઠે આવરણ કરી રહેલ અવિદ્યાવડે સુષુપ્તિના જેવા અજ્ઞાનરૂપ આવરણને લીધે મોક્ષ કે જે વાસ્તવિક રીતે પોતાના સ્વરૂપભૂતજ છે તે ભૂલી જવાય છે; અને ચિત્તરૂપે જાગ્રત અને સ્વપ્ન દેખાય છે.[૨૬] "અમુક પ્રલય છે," "અમુક સૃષ્ટિ છે," "અમુક સ્વપ્ન છે," "અમુક જાગ્રત છે," એ સર્વ ચિદાકાશરૂપ સૂર્ય કે જે વસ્તુતાએ સાવ નિરવયવ છે, તેનાં કિરણોરૂપજ છે.[૨૭] ચિદાકાશની અવિદ્યારૂપી નિદ્રામાં વાસનારૂપે પ્રકટ થએલ જે સ્વપ્નભાગ છે, તે ઉપાધિરૂપી અંશના પ્રાધાન્યથી ચિત્તરૂપ કહેવાય છે. ચિદ્રૂપ અંશના પ્રાધાન્યથી જીવ કહેવાય છે, અને દેવ, મનુષ્ય, અસુર આદિ શરીરરૂપ પણ તેજ છે; અને તેજ તત્ત્વજ્ઞાનવડે અજ્ઞાનરૂપી નિદ્રાનો ક્ષય થતાં ભૂકાઇ જાય છે. (મુક્ત થાય છે.)[૨૮] તેનુંજ ખરેખર વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો પોતાની મેળેજ તે સુષુપ્તિના જેવી નિર્વિકાર દશાને ઉત્પન્ન કરે છે; અને મોક્ષેચ્છુ પુરુષો પછી (પરિપાક દશામાં) તેને મોક્ષ એવા નામથી કહે છે.[૨૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! ચિત્ત, દેવ, અસુર, આદિ ભેદોવડે કેટલા પ્રકારનું છે? તેની અંદર અવિદ્યા ક્યાંસુધી રહે છે? અને જગત પણ ક્યાં સુધી રહે છે? અને કેવડું છે? તથા આત્મજ્ઞાન શી રીતે થાય છે?[૩૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચિત્તજ નરરૂપ, દેવરૂપ, દૈત્યરૂપ, સ્થાવરરૂપ, સ્ત્રીરૂપ, નાગરૂપ, પર્વતરૂપ, વૃક્ષરૂપ, પિશાચરૂપ, પક્ષીરૂપ, કીડારૂપ અને રાક્ષસ આદિરૂપ છે; એમ તમે સમજો.[૩૧] તેનું પ્રમાણ અનંત છે એમ તમારે સમજવું, કે જેમાં બ્રહ્મથી માંડી સ્તંબપર્યંત હજારો જગતો એક પરમાણુની પેઠે રહેલાં છે.[૩૨] ઉપર આકાશમાં ચક્ષુ ઇંદ્રિયને પ્રેરતાં સૂર્યપ્રદેશથી પણ ઉપરના પ્રદેશમાં જે કાંઈ ચક્ષુ ઇંદ્રિયના જ્ઞાનનો અનુભવ થાય છે, તે ચિત્તનુંજ રૂપ છે, અનંત છે, અને નિર્મલ આકારવાળું છે.[૩૩] એ એક ચિદાત્માનું (સંસારના કારણરૂપ હોવાથી) વિકટરૂપ છે; અને તેના સમષ્ટિસ્વરૂપની અંદરજ લોકોની સમૃદ્ધિ બ્રહ્માંડ આદિની કલ્પનાવડે જ્યારે ખડી થઇ જાય છે, ત્યારે સૃષ્ટિનો અનુભવ થવાથી ચિત્તમાંથીજ સૃષ્ટિનો ઉદય થયો એમ કહેવામાં આવે છે.[૩૪] ચિત્તજ જીવરૂપ છે કે જે અનાદિ અને અનંત છે; અને તે ઘડામાં જેમ આકાશ રહે તેમ વિધાતાની ઇચ્છાને અનુસરી સર્વ દેહોમાં રહે છે, અને પછી વિધાતાની ઇચ્છાને અનુસારેજ (તેમાંથી નીકળી જવાથી) તેમાં નથી પણ રહેતું.[૩૫] હે પ્રિય રામચંદ્રજી! જેમ નદીનો પ્રવાહ જમીનના નીચા ઉંચા પ્રદેશને અનુસરીને રહે છે, અને ત્યાગ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પણ કરતો રહે છે, તેમ મન પણ શરીરનું ગ્રહણ પણ કરે છે, અને તેનો ત્યાગ પણ કરે છે.[૩૬] જેમ ખરું સમજવામાં આવી જતાં ઝાંઝવાના જલમાં થતી એવી જલની ભ્રાંતિ શાંત થઇ જાય, તેમ આ જીવને પણ જ્ઞાનવડે આત્મસ્વરૂપનો બોધ થતાં દેહ આદિની ભ્રાંતિ તરત શમી જાય છે.[૩૭] જગતની અંદર જે પરમાણુ પ્રસિદ્ધ છે તેના જેવડુંજ ચિત્તનું પ્રમાણ છે, અને તેજ જીવ કહેવાય છે. એ જીવોના ચિત્તની અંદરજ આ આખું જગત રહ્યું છે.[૩૮] સ્વપ્નસ્થલમાં દેખાતાં દૃશ્યની પેઠે, આ જે કાંઇ દૃશ્ય દેખાય છે તે ચિત્તરૂપ છે, અને ચિત્ત જીવરૂપ છે, જેથી જગત અને આત્મા એ બેમાં શો ભેદ છે? કાંઈ નહિ.[૩૯] સ્વપ્નની પેઠે જોવામાં આવતો આ પદાર્થોનો સમૂહ ચિદાકાશરૂપ છે. સુવર્ણની અંદર જેમ કટક–કુંડલ આદિ ભાવોની સત્તા જુદી નથી, તેમ ચિદાકાશની અંદર પદાર્થોની પણ જુદી સત્તા નથી.[૪૦] જેમ સમુદ્રરૂપ એક દેશની અંદર ભેગાં થઈ રહેલાં જલો પૃથક્ પૃથક્ સ્ફુરે છે, તેમ ચિદાકાશની અંદર સર્વ દૃશ્યની સ્ફૂર્તિ થાય છે, કે જે તેની અંદર અભિન્ન સત્તાવડે નિરંતર રહેલ છે.[૪૧] જેમ સમુદ્રની અંદર રહેનાર જલ દ્રવરૂપે અભિન્ન સત્તાથી સ્ફુરે, તેમ પરબ્રહ્મની અંદર પદાર્થોનો સમૂહ પણ અભિન્ન સત્તાવડે સ્ફુરે છે.[૪૨] એવી રીતે યથાસ્થિત એવી જગતરૂપી પૂતળીના આકાશના જેવા સ્વરૂપને ધારણ કરી રહેલ ચૈતન્યરૂપી આ સ્તંભ નિશ્ચલપણે રહેલ છે, અનાદિ છે, અને અનંત છે.[૪૩] સ્વપ્નભૂમિની પેઠે આ સર્વ જગત યથાસ્થિતપણે રહ્યા છતાં, પોતાના મૂલ શાંતસ્વરૂપને નહિ છોડતાં ચિદાકાશની અંદર (આરોપિત સત્તાવડે) રહેલ છે.[૪૪] સમાનતા, સત્યતા, સત્તા, એકતા, નિર્વિકારીપણું અને અન્યોન્ય આધાર–આધેયભાવ, એ બધું જગત અને ચિદાકાશ એ બન્નેમાં રહેલ છે.[૪૫] સ્વપ્ન, સંકલ્પ, સંસાર અને વર–શાપ આદિની દૃષ્ટિનું વ્યાવહારિક રીતિથી, તળાવ, સમુદ્ર, નદી આદિના જલનીપેઠે ભિન્નપણું લાગે છે; પણ વસ્તુતાએ જોતાં તેમાં કશીપણ ભિન્નતા નથી.[૪૬]

શ્રીરામચંદ્રજી કહે છેઃ–વર-શાપ સંબંધી વસ્તુઓનો જે અનુભવ થાય છે, તેમાં કાર્ય–કારણ ભાવ શો અને કેવા પ્રકારનો છે, એ આપ કહો; કેમકે ઉપાદાન કારણ વિના કોઇપણ જાતનું કાર્ય થવું સંભવતું નથી.[૪૭]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–જેમ જલની સ્ફૂર્તિ થતાં સમુદ્રની અંદર રહેનાર તેની ચકરીઓનું ચલન થાય, તેમ તત્ત્વજ્ઞાનથી અતિનિર્મલ થઈ ગએલ ચિદાકાશનું (સત્યસંકલ્પને અનુસરી) જે કાંઈ વિવર્તરૂપે થઇ રહેવું, તે જગત એવા નામવડે કહેવાય છે.[૪૮] વિધાતાના પોતાના આત્મચૈતન્યમાં, સમુદ્રની અંદર ઉછળતાં જલનીપેઠે, અનેક ભાવો ઉઠ્યા કરે છે કે જે ચિદ્રૂપજ છે; અને બુદ્ધિશાળી વિદ્વાનો તેનાં સંકલ્પ આદિ જુદાં જુદાં નામો કલ્પી લે છે.[૪૯] કાલવડે, અભ્યાસયોગવડે, વિચારવડે, સમાન દૃષ્ટિવડે, જાતિના સાત્વિકપણાવડે અથવા સાત્ત્વિક શુદ્ધચિત્તવડે, સારીપેઠે જ્ઞાનને પ્રાપ્ત થએલ અને યથાર્થ વસ્તુસ્વરૂપને ઓળખનાર એવા વિવેકી પુરુષની બુદ્ધિજ, ચિન્માત્રરૂપ, દ્વૈત-એકતા આદિથી રહિત, આવરણથી રહિત એવા વિજ્ઞાનરૂપ, ચિદાકાશરૂપ, એક આત્મપ્રકાશરૂપ, અને દેહ-અદેહ આદિ ભેદભાવનાથી રહિત થઇ જાય છે.[૫૦-૫૨] તે તત્ત્વજ્ઞ પુરુષ જે કાંઇ દેખે છે તે સર્વ સંકલ્પમાત્ર છે, એમ સમજે છે; અને તે પોતાના શાંત આત્માનોજ એક વિવર્ત છે, અને પરમાર્થદૃષ્ટિવડે જોતાં પોતાનાથી એ કાંઇ પણ ભિન્ન નથી,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એમ તે સમજે છે.[૫૩] સંકલ્પનગરનીપેઠે અને સ્વપ્નસંબંધી મહાનગરનીપેઠે, આ સર્વ જગત તત્ત્વજ્ઞ (હિરણ્યગર્ભ આદિ) ને સંકલ્પમાત્રજ ભાસે છે.[૫૪] આત્મા જેમ જેમ પોતાના શ્રેષ્ઠ સંકલ્પો દૃઢ રીતે બાંધતો જાય અને જેમ જેમ વધારે શુદ્ધ બનતો જાય તેમ તેમ જે જે સંકલ્પોને પોતે કરે તે તે સત્યજ થતા જાય છે.[૫૫] જેમ સંકલ્પનગરની અંદર બાલક સ્વાધીનતાથી પોતાવડે નિયમમાં રાખી શકાય એવા શિલાના ઉડવાને, અનુભવપૂર્વક સત્ય સમજે;[૫૬] તેમ પરમાત્મા કે જે હિરણ્યગર્ભરૂપ છે, તે પોતાના સંકલ્પરૂપ આ જગતની અંદર વર–શાપ આદિને પોતાનાથી અભિન્ન અને સત્ય લેખે છે.[૫૭] જેમ પોતાના સંકલ્પનગરમાં, વેકરમાંથી (વેળુમાંથી) પણ કલ્પનાના બલથી તેલ નીકળે, તેમ આત્મારૂપ આવરણરહિત હિરણ્યગર્ભના સંકલ્પબલથી, સૃષ્ટિના સંકલ્પોવડે વર–શાપ આદિ બરાબર સિદ્ધ થાય છે.[૫૮] જ્યાંસુધી બુદ્ધિનું આવરણ ખશી ાયું નથી, ત્યાંસુધી ભેદબુદ્ધિ શાંત થતી નથી; અને તેનેલીધે અવિવેકી પુરુષના સંકલ્પ કે જે ભેદભરેલ હોય છે તે સિદ્ધ થતા નથી.[૫૯] હિરણ્યગર્ભને જે કલ્પના જેવા પ્રકારે દૃઢ થઈ ગઇ છે, તેવા પ્રકારેજ તે આજ પર્યંત રહેલ છે; કે જ્યાંસુધી યત્નથી તે બીજી કલ્પનાવડે પરાવર્તનને પ્રાપ્ત થતી નથી.[૬૦] જેમ સાવયવ તત્ત્વની અંદર વિચિત્ર એવો અવયવનો ક્રમ (અભિન્નસત્તાથી) રહ્યો હોય, તેમ નિરવયવ બ્રહ્મની અંદર (અભિન્નસત્તાથી) દ્વિત્વ-એકત્વ આદિ રહેલ છે.[૬૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આવરણરહિત એવા શુદ્ધજ્ઞાનથી સાવશૂન્ય એવા ધાર્મિક ઉગ્ર તપસ્વી આદિઓ શાપ આદિને ક્રમ આપે છે (અને તે તેમ સત્ય થાય છે), તે આપ કહો.[૬૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—સૃષ્ટિના આદિકાલમાં શબલબ્રહ્મ પોતાના સ્વરૂપની અંદર જે કલ્પના જેવે પ્રકારે ઉઠાવે છે, તેપ્રમાણેજ તેનો અનુભવ થાય છે, કેમકે તેમાં બીજું કશું પ્રતિબંધક નથી.[૬૩] પ્રજાપતિ વિધાતા પોતાના સ્વરૂપને બ્રહ્મરૂપ સમજે છે તેથી તે બ્રહ્મરૂપજ છે, કેમકે જલથી જેમ દ્રવપણું ભિન્ન નથી તેમ બ્રહ્મથી તે પોતે ભિન્ન નથી.[૬૪] એ પ્રથમ પ્રજાપતિ જેવી જેવી કલ્પના કરે છે તે તે પ્રમાણે થાય છે. આ જગત એ એક તેનીજ કલ્પના છે.[૬૫] જેમ (તિમિર રોગ આદિવડે) દુષ્ટ દૃષ્ટિવાળા પુરુષને આકાશમાં મસલાં–મોવાળા આદિના જેવા આકારો જોવામાં આવે, તથા મોતીઓની માળા જેવું કાંઇક દેખાય, તેમ નિરાધાર અને નિરાલંબ એવું ચિદાકાશજ પોતાના સ્વરૂપની અંદર અનેક આકારે (વિવર્તરૂપે) ભાસે છે.[૬૬] પછી તે હિરણ્યગર્ભે પ્રજાઓને કલ્પી લીધી, તથા તપ, દાન, ગુણ, વેદ, શાસ્ત્ર, પંચમહાભૂતો અને જ્ઞાનના ઉપદેશો પણ કલ્પી કાઢયા,[૬૭] તેની સાથે તપસ્વીઓ અને વેદવેત્તાઓ વાદથી કિંવા સ્વાભાવિક રીતેજ જે કાંઇ કહે તે તરતજ સિદ્ધ થાય એવો પણ એક નિયમ કલ્પી કાઢયો.[૬૮] અમુક ચિદાકાશ જડથી જુદા પ્રકારના સ્વભાવવાળું છે, આકાશ છિદ્રવાળું છે, વાયુ ચેષ્ટા (ક્રિયા) કરવાના સ્વભાવવાળો છે, અગ્નિ ઉષ્ણ છે, જલ દ્રવ્યરૂપ છે, ભૂમિ કઠિન છે, એ બધી કલ્પના પણ તેણેજ કરી લીધી.[૬૯] એવી રીતે એ પ્રજાપતિને વેષે થઇ રહેલ ચિદ્ધાતુ એવોછે, કે તે વસ્તુતાએ નિર્વિકલ્પ છતાં જેવા સંકલ્પ કરે તેવોજ અનુભવ થાય છે. જેવી રીતે આ સર્વ પ્રજાપતિરૂપ ચિદ્ધાતુથી જુદું નથી, તેમજ તમારું અને મારું પણ સમજવું.[૭૦] ચિદાકાશ જેને જેવે સ્વરૂપે સમજે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

છે, તે સંપૂર્ણ અંશે તેવે પ્રકારેજ થઈ જાય છે. સ્વપ્નમાં પ્રતીતિમાં આવતા એવા તમે અને હું ઇત્યાદિની પેઠે તે સદ્રૂપ દેખાતાં છતાં અસદ્રૂપજ છે.[૭૧] જેમ સંકલ્પનગરની અંદર શિલાનું નૃત્ય પણ સત્યરૂપે કલ્પાય, તેમ જગતરૂપી (હિરણ્યગર્ભના) સંકલ્પ નગરની અંદર પણ પ્રજાપતિનો સંકલ્પ સત્યજ છે.[૭૨] શુદ્ધ એવા આત્મચૈતન્યને જે જેવું અને જેવા પ્રકારનું સમજાયું તેને, (અશુદ્ધ સંસ્કારવાળું) બીજાનું આત્મચૈતન્ય અલ્પકીડાની પેઠે અન્યથા કરવાને સમર્થ થઈ શકતું નથી.[૭૩] જે વિષયનો ઘણા લાંબા સમય સુધી અભ્યાસ કરાયો હોય તેને આત્મચૈતન્ય વિશેષે કરી દેખે છે, અને બીજાને અલ્પ પ્રમાણથી દેખે છે. સ્વપ્નમાં, જાગ્રતમાં અને વર્તમાન સમયમાં બધું વિદ્યમાન છતાં અભ્યાસ અનભ્યાસજ તેની વિશેષ પ્રતીતિ કે અલ્પ પ્રતીતિ થવામાં હેતુરૂપ છે.[૭૪] સદા એક ચિદાકાશજ, પોતાના સ્વરૂપમાં પોતાનાજ વિવર્તને પ્રસારી દઇ, દ્રષ્ટા-દૃશ્ય આદિ ત્રિપુટીરૂપે પોતાના સ્વરૂપનેજ દેખતું હોય તેમ ભાસે છે, બીજું કાંઇ નથી.[૭૫] દ્રષ્ટા અને દૃશ્ય એ બન્ને એક ચિદાકાશરૂપ છે, કેમ કે એ ચિદાકાશ સર્વવ્યાપી છે, માટે જે વસ્તુ જે દેશ-કાલમાં જેવી દૃઢ કલ્પનાવડે જેવા પ્રકારની કલ્પવામાં આવે, તે વસ્તુ તે દેશ-કાલમાં તેવા પ્રકારનીજ સત્યપણે પ્રતીતિમાં આવે છે.[૭૬] જેમ વાયુના અંગમાં તેની ચલનશક્તિ રહી છે, જલના અંગમાં તેનો દ્રવભાવ રહ્યો છે, અને બ્રહ્મની અંદર જેમ માયા શક્તિ રહી છે, તેમ વિરાટના અંગની અંદર જગત રહેલ છે.[૭૭] બ્રહ્મ કે જે મારા પોતાના વાસ્તવ સ્વરૂપરૂપ છે તેજ વિરાટના આત્મારૂપ છે, અને જગતનું સ્વરૂપ તથા આત્માવિષે વિચારી જોતાં તે વિરાટ્રૂપ છે, જેથી શૂન્યપણાની અને આકાશનીપેઠે બ્રહ્મનો અને જગતનો કાંઈ ભેદ નથી.[૭૮] જેમ ગંગા આદિ નદીના પર્વત ઉપરથી નીચે પડવાના સ્થાનમાં, તેના જલની મન-બુદ્ધિ આદિથી રહિત વિચિત્ર છાંટાઓની (બિંદુઓની) પંક્તિઓ, અંતે વિચિત્ર દેશ-કાલના યોગથી વિચિત્ર ધોધવારૂપે નીચે પડે છે, અને ઊંચા પણ તેના બિંદુઓ ઉડે છે,[૭૯] એટલુંજ નહિ પણ એકજ ધારા પ્રવાહરૂપે પોતાની હયાતીસુધી નીચે પડી, પછી અનેક રૂપે વિભાગ પામી જઈ, પાછા પોતાના એકજ પ્રવાહની અંદર ભેગી થઇ જાય છે, તેજ પ્રમાણે વિચિત્ર એવા આ જગતના ભેદો કે જે બ્રહ્મના એક વિવર્તરૂપ છે, તે વિષે પણ સમજવાનું છે;[૮૦] માત્ર તફાવત એટલોજ છે કે જલબિંદુઓ મન-બુદ્ધિ આદિથી રહિત છે, અને જગતના ભેદો પોતાની મેળેજ પોતાના દેહોમાં બુદ્ધિ આદિની કલ્પના કરી લઇ, જલ જેમ દ્રવપણાને ધારણ કરે તેમ, સૃષ્ટિની શોભાને ધારણ કરે છે.[૮૧] એવી રીતે અજ્ઞાન દૃષ્ટિથી જોતાં આ જગત (અવિવેકીઓને) ભાસે છે, અને તેની દૃષ્ટિએ છે, પણ મારી દૃષ્ટિમાં તો આ મન-બુદ્ધિ આદિ સર્વ જગતનું કમ ત્રણે કાલમાં ઉત્પન્નજ થયું નથી; અને તે કારણરહિત હોવાથી અદ્વૈતરૂપજ છે.[૮૨] આ શરીરની મરી ગયા પછીની અવસ્થા જેવી મન-બુદ્ધિ આદિથી રહિત અનુભવમાં આવે છે, અને પાષાણઆદિમાં જેમ જડ સત્તા રહી છે; તેમ પરમાત્માની પણ (મન-બુદ્ધિ આદિથી રહિત એવી) નિર્વિક્ષેપ સત્તા સમજી લેવી.[૮૩] જેમ આત્માની અંદર સુષુપ્તિ અને સ્વપ્નમાં, પ્રકાશ અને અંધકાર ભાસે, તેમ પરબ્રહ્મની અંદર અજ્ઞાનરૂપી નિદ્રામાં, સૃષ્ટિ અને પ્રલયની પ્રતીતિ થાય છે.[૮૪] જેમ એકજ ઉત્તમ નિદ્રામાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સુષુપ્તિ અને સ્વપ્ન એ બન્નેના ભાવ રહ્યા હોય, તેમ એકજ બ્રહ્મની અંદર સૃષ્ટિ અને સંહાર એ બન્નેનો આભાસ રહ્યો છે.[૮૫] જેમ મનુષ્ય નિદ્રાની અંદર પાષાણના જેવી સ્થિતિ અનુભવે, તેમ પરમાત્મા પણ જડભાવની સ્થિતિને અનુભવે છે.[૮૬] બીજા વિષયમાં લાગેલ ચિત્તવાળા પુરુષના અંગુઠાને અથવા બીજી કોઇ આંગળીને, તડકો પવન ધૂળ આદિનો સ્પર્શ થતાં જો કે કાંઇક અનુભવ થાય, પણ તે નહિ જેવોજ હોય છે; તે પ્રમાણે જડ પાષાણ આદિમાં રહેલ આત્માને, જોકે (સુખ-દુઃખ આદિનો) અનુભવ થાય છે, તોપણ તે નહિ જેવોજ છે.[૮૭] આકાશ, પાષાણ, જલ આદિને અધિષ્ઠાતા દેવતારૂપે જેવો કાંઈક દેહનો અનુભવ થાય; તેમ પ્રલયમાં આપણે ચિત્ત રહિત હતા છતાં આજે સૃષ્ટિકાલમાં ચિત્તની સત્તાને લીધે નાના પ્રકારના અનુભવો થાય છે.[૮૮] જેમ અખંડ કાલની અંદર અનેક કલ્પોમાં આપણને અનેક દિવસ રાત્રિઓના અનુભવો ભાસે છે, તેમ પરમાત્માની અંદર અસંખ્ય એવા સૃષ્ટિ–સંહારના અનુભવો ભાસ્યા કરે છે.[૮૯] જેમ કેવલ જલથીજ ભરેલા એવા મહાસાગરની અંદર સ્વભાવેજ ચકરીઓ, તરંગો, કુંડાળા આદિનું સ્ફુરણ થાય છે;તેમજ બાહ્યવિષયોનું અવલોકન,મનન, અનુભવ, રાગ અને ઇચ્છા, ઇત્યાદિ વિક્ષેપથી રહિત સ્વરૂપવાળા શાંત પરમપદની અંદર, આ સૃષ્ટિ–લયનો સમૂહ સ્વભાવેજ સ્ફુર્યા કરે છે.[૯૦]

आलोकरूपमननानुभवैषणेच्छा ।
मुक्तात्मनि स्फुरति वारिघने स्वभावात् ॥
आवर्तवीचिवलयादि यथा तथायं ।
शान्ते परे स्फुरति संहृतिसर्गपूरः ॥९०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' સર્વંખલ્વિદંબ્રહ્મેતિપ્રતિપાદનયોગોપદેશ' એ નામનો એકસો છયાશીમો સર્ગ સંપૂર્ણ, ૧૮૬

સર્ગ ૧૮૭ મો.*

વસ્તુઓનો સ્વભાવ

॥ श्रीराम उवाच ॥

विचित्राणामसंख्यानां भावानां नियतिःकुतः॥
कथं स्वभावो भावानामेकरूपः स्थितोऽचलः॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ–વિચિત્ર એવા અસંખ્ય પદાર્થોનો એકજ (અમુક) ચોક્કસ નિયમ કેમ હોય છે ? અને પદાર્થોનો એકજ પ્રકારનો અચલ સ્વભાવ કેમ હોય છે ?[૧] દેવતાઓ અસંખ્ય છતાં સૂર્યજ કેમ ઉગ્ર કાંતિવાળા છે ? અને દિવસો શા કારણથી લાંબાટુંકા થાય છે ?[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–વિધાતાને પ્રથમ સૃષ્ટિના આરંભકાલમાં કાકતાલીયની પેઠે જેવા જેવા નિયમવાળું જે જે વસ્તુનું ભાન થયું, અને જેવે સ્વરૂપે તથા જેવા કાર્યકારણભાવથી તેની સ્થિતિ કલ્પાઇ, તેવાજ પ્રકારે તે આજ પર્યંત જગતના નામથી કહેવાય છે.[૩] વિધાતા સર્વ શક્તિમાન હોવાથી, તેને આદિકાલમાં જે જેવું ભાસ્યું (સ્ફુર્યું) તે તેવુંજ સત્યરૂપ થઇ રહ્યું, કેમકે તેના પોતાના સત્ય સંકલ્પ હોવાનેલીધે તેને જે ભાન થયું તે અન્યથા કેમ થઈ જાય ? ન થાય.[૪] બ્રહ્મ પોતે પોતાની ચિત્સત્તાને લીધે જે પ્રમાણે થઈ રહ્યું છે, અને જે પ્રમાણે ઘણા લાંબા કાલથી ભાસે છે, તેનું માયાની અંદર સૃષ્ટિરૂપે ભાન થાય છે; અને પ્રલયકાલમાં અભાન થઇ જાય છે. સર્વ વસ્તુની અંદર એવી જે કાંઈ અનાદિ ચોક્કસ નિયમરૂપ વસ્તુશક્તિ રહેલ છે, તેનેજ નિયતિ એવું નામ આપવામાં આવ્યું છે.[૫]

* આ એકસો સત્યાશીમા સર્ગમાં સર્વ વસ્તુઓના સ્વભાવ વિષે અને એક ચોક્કસ નિયમ વિષે વર્ણન આવશે, તથા જીવભાવની પ્રાપ્તિ થવાના હેતુઓની ઉત્પત્તિ અને બ્રહ્મની શુદ્ધતા વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અમુક, અમુક પ્રકારનું છે, અને અમુક, અમુક પ્રકારનું છે, એવા નિયમરૂપે બ્રહ્મ પોતેજ જે કાંઈ ભાસી રહ્યું છે, તેનેજ નિયતિ શબ્દવડે કહેવામાં આવે છે; અને તેજ સૃષ્ટિના તથા સંહારના રૂપને ધારણ કરે છે.[૬] ચિદાકાશની અંદર પોતાની મેળેજ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપી જે કાંઇ વિવર્ત ખડો થઇ જાય છે, તે જેમ જલની અંદર રહેનાર દ્રવપણું જલથી જુદું નથી, તેમ ચિદાકાશથી જુદો નથી; કિંતુ એક સ્વચ્છ ચિદાકાશરૂપ છે.[૭] જેમ આકાશની અંદર શૂન્યપણું રહ્યું છે, કપૂરમાં સુગંધ રહેલ છે, અને તડકામાં ગરમી રહેલ છે, તેમ ચિદાકાશની અંદર જાગ્રત આદિ રહેલ છે; તેનાથી એ કાંઈ જુદું નથી.[૮] સૃષ્ટિપ્રલયના એક પ્રવાહની અભિન્ન સત્તાવડે, સૃષ્ટ અને પ્રલય એવા નામને ધારણ કરી રહેલ, એક ચિદાકાશરૂપ એવા બ્રહ્મસ્વરૂપની અંદર આ સર્વ રહ્યું છે. સર્વ સૃષ્ટિની નિયમિત વ્યવસ્થા વિધાતાના વિલાસને અનુસારે છે.[૯] એ ચિદાકાશ ક્ષણને કલ્પરૂપ તથા કલ્પને ક્ષણરૂપ સમજે અને કરી મૂકે તો તે પ્રમાણે તે થઈ જાય છે.[૧૦] સ્વપ્નની પેઠે તે તે દેશ, તે તે કાલ, તે તે ક્રિયા, તે તે દ્રવ્ય અને તે તે ઉદય આદિ સર્વ, સ્વભાવેજ ચિન્માત્રતત્ત્વનો એક વિવર્ત છે.[૧૧] ચિન્માત્રતત્ત્વ કે જે પોતે વસ્તુતાએ નિરાકાર છે, તેજ પોતાના સ્વરૂપની અંદર રૂપ આદિ બાહ્ય વિષયોના અનુભવરૂપ, સંકલ્પ આદિ આંતર વિષયોના અનુભવરૂપ અને દેશ–કાલ–ક્રિયા–આદિરૂપ થઈ જાય છે.[૧૨] એવી રીતે જે વસ્તુ જે કાલે એ ચિન્માત્રતત્ત્વે (હિરણ્યગર્ભે) જેવા નિયમવાળી પ્રથમ કલ્પી તેવાજ નિયમવાળી તે થઇ રહી; પણ વસ્તુતાએ જોઇએ તો તે આકાશરૂપજ છે.[૧૩] કલ્પ કે જે બ્રહ્મના એક નિમેષરૂપ છે, ત્યાં પર્યંત પદાર્થોનું જે કાંઇ એકરૂપે થઈ રહેવું તેને, તેજ સ્વભાવનું તત્ત્વ જાણનાર વિશાલ બુદ્ધિવાળા વિવેકી પુરુષો, સ્વભાવ એવા નામથી કહે છે.[૧૪] જેમ જીવનું સર્વમાં અનુસ્યૂત એવું ચિત્સ્વરૂપજ સ્વભાવરૂપ છે, તેમ એકજ અગ્નિ આદિ વસ્તુ, દેશકાલના ભેદવડે અનેકરૂપ થઇ રહેતાં છતાંપણ પોતાના મૂલસ્વરૂપને નહિ છોડી, જે કાંઈ એક સર્વ ઉષ્ણવસ્તુમાં અનુસ્યૂત (રહેનાર) એવા ઉષ્ણપ્રકાશરૂપને ધારણ કરે છે, તેનેજ સ્વભાવ કહેવામાં આવે છે. એવી રીતે એ એકજ ચિન્માત્રવસ્તુ સેંકડો પદાર્થોરૂપ થઇ રહી છે.[૧૫] ચિદાકાશરૂપ જીવની અંદર જે જે વૃત્તિઓના સ્ફુરણ જેવું ભાસે છે, તે તે વૃત્તિઓ કે જેઓનું મૂલ અધિષ્ઠાન એ ચેતનતત્ત્વજ છે, તેની જેવા સ્વભાવની કલ્પના કરવામાં આવી તેવોજ તેનો સ્વભાવ બંધાઇ રહ્યો.[૧૬] સ્વપ્નની પેઠેજ જાગ્રતમાં પણ પ્રતીતિમાં આવતી એવી પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, એ સર્વ વસ્તુ ચિદ્રૂપ છે, અને તેઓ પોતાથી થતાં એવાં અનેક કાર્યોની ખાણરૂપ છે, અને તેઓના ખજાનારૂપ કે ખાણરૂપ શબલબ્રહ્મ છે.[૧૭] હે મહારાજ ! તેમાં સાવયવ કઠિન ભાગનો મોટો ખજાનો આ ભૂપીઠ છે, કે જે રાજાનીપેઠે સર્વ મનુષ્યસમૂહના આધારરૂપ ગણાય છે.[૧૮] જલનો મુખ્ય ખજાનો મહાસાગર છે, તેજનો મુખ્ય ખજાનો સૂર્યનારાયણ છે, ચપલતાનો મુખ્ય ખજાનો વાયુ છે, અને શૂન્યતાનો ખજાનો આકાશ છે, કે જે પાંચે મહાભૂતો આ જગતની અંદર વ્યાપ્ત થઈ રહેલ છે.[૧૯] એવી રીતે પંચમહાભૂતો બ્રહ્મના એક વિલાસરૂપજ છે, તે સર્વ ભૂતોના ખજાનારૂપ બ્રહ્મનું સ્ફુરણજ છે, જેથી એ પાંચે મહાભૂતોની અંદર વ્યાપ્ત થઈ રહેલો તેનો સ્વભાવ બ્રહ્મસત્તાથી કાંઇ ભિન્ન નથી. આ ઉપરથી સૂર્ય ઉગ્ર કાંતિવાળા કેમ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

છે?" ઇત્યાદિ પ્રશ્નોનું પણ સમાધાન થઇ જાય છે, ક્રમેક્રે તેમ થવામાં હેતુરૂપ સ્વભાવજ મનાય છે, અને તે સર્વાનુગત બ્રહ્મસત્તાથી કાંઇ જુદો નથી.[૨૦] સર્વજ્ઞ શબલબ્રહ્મ ચિદાકાશરૂપ કહેવાય છે; અને તે સર્વવ્યાપી તથા સર્વરૂપ હોવાથી, સર્વત્ર પોતાના પ્રકાશરૂપ મહિમાવડે, સર્વ વિવેકી વિદ્વાનોને સ્વભાવરૂપે અને નિયતિરૂપે અનુભવમાં આવે છે.[૨૧] હિરણ્યગર્ભ કે જે બ્રહ્મના એક બાલકરૂપ છે તે, પોતાના સ્વરૂપભૂત એવા ચૈતન્યના સ્ફુરણરૂપ અને ચિદાકાશરૂપ રેશમી વસ્ત્રવડે ઢંકાએલ એવી આ પૃથ્વી એવા નામની રચનાને, પોતે ચિદાકાશરૂપને નહિ છોડતાં પોતાની અંદર વિસ્તારી દે છે.[૨૨] જ્યારે એ સર્વજ્ઞ શબલ (માયાયુક્ત) બ્રહ્મ, બ્રહ્માએ સહિત આ સર્વ સ્થૂલ–સૂક્ષ્મ પ્રપંચને પોતાની અંદર લીન કરી દે છે, ત્યારે પછી હિરણ્યગર્ભના એક અવયવરૂપ સૂર્ય આદિનું ભ્રમણસ્વભાવવાળું રૂપ દેખાતું નથી; ક્રમેક્રે તે સંહાર કરનાર પરમપુરુષજ થઈ જાય છે.[૨૩] કરોળીયાએ સંકલ્પપૂર્વક બાંધેલ એવા પોતાના ઘરની (જાળની) પેઠે, વિધાતાએ પોતાના સંકલ્પમાત્રથીજ રચેલ અને ગ્રહ–નક્ષત્ર આદિના આશ્રયભૂત એવું શિશુમારચક્ર જ્યોતિઃશાસ્ત્ર આદિમાં પ્રસિદ્ધજ છે, અને તેજ દક્ષિણાયન અને ઉત્તરાયણ માર્ગમાં ફરનાર એવા સૂર્યરૂપી નિમિત્તવડે દિવસોના લાંબાપણામાં અને ટુંકાપણામાં હેતુરૂપ થાય છે. આ સર્વ બ્રહ્મનોજ એક વિવર્ત છે; અને ચિદાકાશજ દૃશ્યના જેવું ભાસે છે.[૨૪] એ જ્યોતિશ્ચક્રમાં કેટલાએક પદાર્થો વિશેષ પ્રકાશવાળા છે, કેટલાક થોડા પ્રકાશવાળા છે, અને કેટલાક પ્રકાશરહિત છે. એવી રીતે વિચિત્ર પ્રકારના પદાર્થો બ્રહ્મની અંદર રહેલા છે.[૨૫] વિવેકી તત્ત્વજ્ઞપુરુષની દૃષ્ટિમાં આ પદાર્થોના સમૂહ ઉત્પન્ન પણ નથી થયા અને દેખાતા પણ નથી, કિંતુ ચિદાકાશરૂપ આત્માજ સ્વપ્નદૃશ્યનીપેઠે ઉત્પન્ન નહિ થયા છતાં દૃશ્યરૂપે ઉત્પન્ન થયા જેવો ભાસે છે.[૨૬] આત્મા ચિન્માત્ર છે, તેજ (ચિદ્રૂપે) સર્વેશ્વર છે, અને તેજ તમે, હું, ઇત્યાદિ સર્વરૂપ દૃશ્યને આકારે પ્રસિદ્ધરૂપે ભાસે છે; અને દેહનો નાશ થતાં ક્રમ જાણે તેનો પણ નાશ થતો હોય તેવું જણાય છે; પણ વસ્તુતાએ જોતાં તેનો ભાસ પણ થતો નથી અને તેનો નાશ પણ થતો નથી.[૨૭] ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદર સ્વપ્નસૃષ્ટિનીપેઠે (જાગ્રતમાં પણ) અનુભવમાં આવે છે; તો પછી આ જગતનું ચિદાકાશ વિના બીજું શું પારમાર્થિક સ્વરૂપ છે?[૨૮] જે વસ્તુ જેવે સ્વરૂપે જેવે પ્રકારે બ્રહ્મસત્તાવડે સ્ફુર્યું, તે વસ્તુ બ્રહ્મસત્તાના બલથી જ્યાંસુધી એક નિયમિતરૂપે પ્રતીતિમાં આવે ત્યાંસુધી, તેનેજ (તેની અંદર રહેનાર નિયામક ચિત્સત્તાના અંશનેજ) અહીં 'નિયતિ,' 'સ્વભાવ,' આદિ શબ્દવડે કહેવામાં આવે છે.[૨૯] તે બ્રહ્મસત્તા પ્રથમ ઉત્પન્ન થનાર પોતાના આકાશરૂપ અંગની અંદર, શબ્દતન્માત્રના જેવી સ્થિતિવડે, ફોતરાવાળાં ધાન્યની અંદર અપ્રકટરૂપે રહેલ અંકુરશક્તિનીપેઠે, અપ્રકટરૂપે રહે છે;[૩૦] અને પછી તેનાવડેજ આ દૃશ્ય રચના ઉત્પન્ન થાય છે. આવા પ્રકારની કલ્પના અવિવેકીઓને તત્ત્વબોધ થવા માટે (શ્રુતિ–મુનિ આદિએ) કરેલ છે, પરંતુ તેનું તાત્ત્વિકપણું બતાવવાનેમાટે નથી. બાકી મૂર્ખોની કરેલ કલ્પના વૃથાજ છે.[૩૧] કોઈ દેશ–કાલમાં આ કશું ઉત્પન્ન પણ થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી, કિંતુ શિલાના ગર્ભની પેઠે તે શાંત એકરસમય બ્રહ્મરૂપ છે, અને બ્રહ્મસત્તારૂપે તે સત્ય છતાં પોતાના આરોપિત સ્વરૂપથી અસત્ય છે.[૩૨] જેમ સદૈવ એક

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અવયવીની અંદર રહેનાર તેના અવયવના પરમાણુઓ અસ્તને કે ઉદયને પ્રાપ્ત થતા નથી, તેમ (તેજ દૃષ્ટાંત) આત્મપદમાં રહેનાર જગતના સંબંધમાં સમજવાનું છે.[૩૩] આકાશ જેમ પોતાના સ્વરૂપમાં રહે તેમ આ જગતરૂપ આકાશ ચિદાકાશની અંદર રહેલ છે, તો એ શુદ્ધ ચિદાકાશનો અસ્ત કિંવા ઉદય કેવો હોય?[૩૪] અનંત, સ્વયંપ્રકાશ, આત્મરૂપ એવા સર્વવ્યાપી ચિદ્રૂપમણિની સત્તાનું જે કાંઇ સ્વભાવેજ વિવર્તરૂપે થઈ રહેવું, તેજ પોતાનીમેળે કેમ જાણે દૃશ્યભાવને ધારણ કરી રહ્યું હોય, તેવું થઈ જાય છે. તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાયાથી તર્ક અને અવિચારની સ્ફૂર્તિ થાય છે. ભાવી પદાર્થોના નામરૂપની કલ્પનાવડે તેની અંદર કાંઇક રૂપની કલ્પના થાય છે. તે પોતે આકાશથી પણ સૂક્ષ્મ છે, શુદ્ધ છે, સર્વવ્યાપી છે, અને ભાવી પદાર્થનો ઉદ્બોધ કરનાર છે.[૩૫-૩૭] જ્યારે એ પરમ સત્તા જડ પદાર્થને પણ ચેતનરૂપ બનાવી દે છે, ત્યારે કાંઇક અનુભવમાં આવવાથી તે ચિત્ એવા નામને યોગ્ય થાય છે.[૩૮] ત્યારપછી ઘાટા અધ્યાસને લીધે તે ભાવી એવાં જીવ આદિ નામોને ધારણ કરી લે છે, કે જે પોતાની એક કલ્પનાજ છે, અને છેવટ જ્ઞાન થયા બાદ પરમપદરૂપ છે.[૩૯] જ્યારે તે જીવ માત્રને ધારણ કરે છે ત્યારે ચિદાકાશનું આચ્છાદન કરનાર અવિદ્યા તેની અંદર રહેલ હોય છે, જેને લીધે તેનું ખરૂં સ્વરૂપ જાણી શકાતું નથી, પરંતુ જ્ઞાનનો ઉદય થતાં અતિ શુદ્ધ એવા પરબ્રહ્મ સાથે તે એકતાને પ્રાપ્ત થઇ જાય છે.[૪૦] અજ્ઞાનના આવરણવાળી દશામાં, પોતાના આત્માના તાદાત્મ્યના અધ્યાસની એક ભાવનામાત્રથી ખડો થઈ ગએલ દેહ-ઇંદ્રિય આદિવડે જીવ સંસારને પ્રાપ્ત થઇ, સ્વરૂપના વિસ્મરણથી થનારાં ગ્લાનિકારક એવાં અનેક કર્મો કરે છે.[૪૧] આત્મસત્તા કે જે વસ્તુતાએ શૂન્યરૂપ છે તે, શબ્દ આદિ ગુણને ધારણ કરી, સવિકલ્પ ભાવનાવડે યુક્ત બની, ભાવી એવા આકાશ આદિ પંચમહાભૂતોના નિદાનરૂપ ભૂત સૂક્ષ્મરૂપ બની જાય છે.[૪૨] પછી (લિંગદેહની યોજના કરનાર પ્રાણક્રિયાવડે જોડાએલ એવી) કાલસત્તાની સાથે અહંતાનો ઉદય થાય છે. અહંતા અને કાલસત્તા એ બેજ જગતની સ્થિતિનું મુખ્ય બીજ છે, અને ભાવી એવા સર્વ નામ-રૂપને ધારણ કરી રહેલછે.[૪૩] ચૈતન્યશક્તિ કે જે સર્વનાથી જુદી છે, તેના એક સંકલ્પરૂપજ આ જગતના સમૂહ છે, તે (જગત) જો કે મિથ્યા છે, તોપણ ચિત્સત્તાના બલથી સત્ય જેવા દેખાય છે.[૪૪] એ પ્રકારે તે ચૈતન્યજ સંકલ્પરૂપી વૃક્ષોના બીજરૂપ છે, અને તે પોતાની અંદર અહંતાની (અહંકારની) ભાવના કરે છે જેથી તે ક્ષણવારમાં અહંતારૂપ થઇ જાય છે.[૪૫] એજ ચેતનસત્તા, જલ જેમ તરંગરૂપે જલની અંદર ભ્રમણ કર્યા કરે તેમ શબલ બ્રહ્મની અંદર ભાવ-અભાવ આદિમાં ડૂબી જવું અને ભમવું ઇત્યાદિવડે, જીવ એવા નામને ધારણ કરી ભમ્યા કરે છે.[૪૬] એવી રીતે ભાવનાવાળું એ ચિદાકાશ (સૂક્ષ્મ એવા) આકાશતન્માત્રની ભાવનાને પોતાની મેળેજ ધટ્ટ બનાવી ધીમે ધીમે આકાશને ઉત્પન્ન કરે છે.[૪૭] ભાવી એવા નામ-રૂપનું મૂલ સ્વરૂપ અને શબ્દસમૂહરૂપી વૃક્ષનું બીજ તેજ છે. પદ, વાક્ય અને પ્રમાણવડે યુક્ત એવા વેદ અને તેનો અર્થ એ સર્વ તેનોજ વિલાસ છે.[૪૮] એ શબ્દતત્ત્વમયીજ આ જગતની સર્વ શોભા,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ખડી થાય છે, કે જે શબ્દસમૂહથી થતા અનેક અર્થસમૂહના પરિણામને વિસ્તારનાર છે.[૪૯] એવા (વિચિત્રસંકલ્પયુક્ત) વ્યવસાયવાળા (વિરાટ્) ચૈતન્યને, જીવ (સમષ્ટિજીવ) શબ્દવડે કહેવામાં આવે છે, અને તે પોતેજ ભાવી એવા અનેક નામ-રૂપના સમૂહસાથે જનસમૂહરૂપી વૃક્ષના બીજરૂપ છે.[૫૦] ચૌદ લોકના સર્વ પ્રાણીઓનો સમૂહ કે જે વડે આકાશ વ્યાપ્ત છે, તે સર્વ એ સમષ્ટિજીવથીજ પ્રસરે છે. સર્વ જગતને તે પોતાના ગર્ભની અંદર ધારણ કરી રહેલ છે, અને શ્રોત્ર આદિ ઇંદ્રિયસમૂહ પણ તેનાથીજ પ્રસારને પ્રાપ્ત થાય છે.[૫૧] આત્મચૈતન્ય, જીવભાવને પ્રાપ્ત થતાં છતાં પણ, શબ્દવ્યવહારથી અને શરીર આદિના વ્યવહારથી રહિત હોવાથી પછી કાકતાલીયની પેઠે પોતે નીચે પ્રમાણે ચેતનસત્તાના બલથી કલ્પી લે છે.[૫૨] સર્વભૂતોની ક્રિયાશક્તિ કે જે પવનસ્કંધરૂપ અને ત્વચાવડે અનુભવાતા એવા સ્પર્શરૂપી વૃક્ષના એક બીજરૂપ છે, તે તેમાંથી પ્રસરે છે.[૫૩] વળી તેની અંદર ચિદ્વિલાસને જે પ્રકાશનો અનુભવ થાય છે તે રૂપતન્માત્ર છે, અને તે ભાવી એવા પોતાના નામ–રૂપને ધારણ કરી રહેલ છે.[૫૪] પ્રકાશરૂપ એવી ચેતનસત્તારૂપજ તેજ છે, એ તેજ કાંઈ બીજાવડે બનેલ નથી. એવીજ રીતે સ્પર્શનો અનુભવ કરનાર ચેતનજ સ્પર્શરૂપ છે, બાકી સ્પર્શ કાંઇ બીજી વસ્તુ સંભવતી નથી.[૫૫] જેમ આકાશ પોતાવડેજ પોતાના સ્વરૂપની અંદર અવકાશને આશ્રયે સ્થિર થઇ રહે, તેમજ શબ્દનો અનુભવ કરનાર ચિદાત્માજ પોતે શબ્દરૂપે થઇ તેવે રૂપે અનુભવમાં આવે છે, અને શબ્દગ્રાહક પણ પોતેજ છે. બીજું કોઇ નથી.[૫૬] ક્રમક્રે તે અવસ્થામાં (સૃષ્ટિના આરંભકાલમાં સમષ્ટિ જીવની અંદર) બીજો કોણ શબ્દનું ગ્રહણ કરનાર હોય? જેમ સૃષ્ટિના આદિકાલમાં સમષ્ટિજીવમાં ઇતરની કલ્પના ન હતી, તેમ હમણાં આજે પણ (વ્યષ્ટિમાં) તે નથી, ક્રમક્રે દ્વિત્વ-એકત્વ આદિનો અત્યંત અસંભવ છે.[૫૭] એવીજ રીતે રસતન્માત્ર અને ગંધતન્માત્રવિષે સમજી લેવાનું છે; અને તે વસ્તુતાએ સાવ અસત્ય છતાં સ્વપ્નીપેઠે (જાગ્રતમાં) સત્યરૂપે પ્રતીતિમાં આવે છે.[૫૮] તેજ, સૂર્ય આદિના પ્રકાશવડેજ, આલોકરૂપી (પ્રકાશ કરવારૂપી) વૃક્ષના એક બીજરૂપ છે. તે અને તેમાંથી રૂપના ભેદથી સંસાર પ્રસરે છે.[૫૯] આકાશના જેવા નિર્વિકાર એવા અને ભાવી એવા અનેક નામને ધારણ કરનાર એ તત્ત્વમાંથી, પોતાની મેળેજ રસતન્માત્ર ઉત્પન્ન થાય છે; કે જે અન્ન–પાન આદિના સમુદાયના માધુર્ય આદિના અનુભવરૂપ કહેવાય છે.[૬૦] ભાવી એવાં રૂપો અને નામોના સંકલ્પોને ધારણ કરનાર આ સર્વ કાર્ય-કારણસમૂહરૂપ જીવજ છે, અને તે પોતે સંકલ્પવડે ગંધતન્માત્રને પણ ઉત્પન્ન કરે છે.[૬૧] ભૂગોલ તેમાંથીજ ઉત્પન્ન થતો હોવાથી, તે આકારરૂપી વૃક્ષના બીજરૂપ છે; અને સર્વના આધારરૂપ તથા આત્મારૂપ છે. તેનાવડેજ સર્વ સંસાર પ્રસરે છે.[૬૨] એવી રીતે પંચતન્માત્રનો સમૂહ વસ્તુતાએ ઉત્પન્ન નહિ થયા છતાં ઉત્પન્ન થઇ ગયો છે, અને કલ્પનાનાજ બલથી નિરાકાર છતાં સાકાર થઈ રહ્યો છે.[૬૩] એ પંચતન્માત્રનો સમૂહ કાકતાલીયનીપેઠે પોતે જે પ્રદેશવડે રૂપને અનુભવે છે તે ચક્ષુ કહેવાય છે.[૬૪] જે પ્રદેશવડે તે શબ્દને અનુભવે છે તે શ્રોત્ર કહેવાય છે. જે પ્રદેશવડે સ્પર્શને અનુભવે છે તે ત્વચા ઇંદ્રિય કહેવાય છે.[૬૫] જે પ્રદેશવડે રસનો અનુભવ થાય છે તે રસના ઇંદ્રિય

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કહેવાય છે, અને જે પ્રદેશવડે ગંધને અનુભવે છે તે ઘ્રાણેંદ્રિય કહેવાય છે.[૬૬] એક નિયમિત આકૃતિને ધારણ કરી રહેલ જીવ, દિશા–કાલ આદિના ભેદને કલ્પી લે છે; અને (વ્યષ્ટિભાવનેલીધે) સાર્વાત્મ્યભાવના અભાવથી સર્વ અંગથી સવને જાણી શકતો નથી.[૬૭] એવી રીતે અનંત એવી સંસારસંબંધી કલ્પના, પ્રત્યેક જીવમાં આત્માની અંદરજ રહેલ છે. અનુમાનવડે તે અનુભવાય છે, (અનંતપણાથી) તે વર્ણવી શકાય તેમ નથી. આત્મરૂપજ છે, અને આત્માથી જુદી નથી. પરમાર્થદૃષ્ટિવડે જોતાં તે ઉદયને કે અસ્તને પ્રાપ્ત થતી નથી, કિંતુ શિલાના અંદરના ગર્ભનીપેઠે એક આનંદઘન નિર્વ્યાપારપણે રહેલ છે.[૬૮]

इति कलनमनन्तमात्मनांतर्गतमनुमेयमनन्यदात्मभूतम् ॥ न तदुदयमुपैति नास्तमेति स्थितमुपलोदरवद्घनं सुमौनम् ॥ ६८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જીવત્વસંસૃતિપ્રતિપાદન' એ નામનો એકસો સત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૭

સર્ગ ૧૮૮ મો.*

જીવના સ્વરૂપનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

आदिमत्वमिदं प्रोक्तम् एतस्य कलनस्य यत् ॥ परस्मादद्वितीयं तत्त्वद्बोधाय न वास्तवम् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ જીવ કે જે ચિદાભાસરૂપજ છે તેનું જે કાંઇ આદિમત્વ (ઉત્પત્તિ) બતાવેલ છે તે તમને બોધ થવામાટે છે, બાકી વાસ્તવિક નથી, કેમકે તે પરબ્રહ્મથી અભિન્ન છે.[૧] એ ચિદાભાસ કિંવા જીવ બ્રહ્મનો એક ઉપાધિયુક્ત અવયવજ છે, અને તે અકૃત્રિમ છે; એ ચિદાભાસ, દૃશ્યને દ્રષ્ટારૂપે અનુભવતાં જીવશબ્દવડે કહેવાય છે.[૩] હે રામચંદ્રજી! ચિદ્રૂપ છતાં દૃશ્યપરાયણ થઇ રહેનાર એવા આ જીવનાં વિચિત્ર એવાં અનેક નામો છે, તે તમે સાંભળો.[૩] જીવ મુખ્ય પ્રાણનું તથા કર્મેંદ્રિયોનું ધારણ કરવાથી અને જ્ઞાનેંદ્રિયનું પણ ધારણ કરવાથી તે જીવશબ્દવડે કહેવામાં આવે છે. દૃશ્યને સંકલ્પદ્વારા અનુભવવાથી તે ચિત્ત અને ચિત્ શબ્દવડે પણ કહેવાય છે.[૪] અમુક વસ્તુ અમુક પ્રકારનુંજ છે, એવો સ્પષ્ટ બોધ એવડેજ થવાથી તે બુદ્ધિ શબ્દવડે પણ અહીં બોલાય છે. સંકલ્પ કરવાથી અને મનનનો જ્ઞાતા હોવાથી તે મન એવા નામથી પણ કહેવાય છે.[૫] હું છું એવી અંદર પ્રતીતિ ઉત્પન્ન કરવાથી તે અહંકાર શબ્દથી પણ કહેવામાં આવે છે. શાસ્ત્રને વિચારનારા વિવેકી પુરુષો, ચિદ્રૂપ આત્મા કે જે પરમાર્થવસ્તુ છે તેનેજ મુખ્યત્વે ચિત્ત શબ્દવડે બોલે છે.[૬] તેજ જીવ, પ્રૌઢ એવા સંકલ્પસમૂહના સંયોગથી પુર્યષ્ટક પણ કહેવાય છે. સૃષ્ટિના આરંભકાલમાં પ્રથમ તેજ હોવાથી, તેને પ્રકૃતિ શબ્દથી પણ કહેવામાં આવે છે.[૭] બોધ થતાં તેનું ઉપાધિમય રૂપ નહિ દેખાવાથી તેને વિદ્વાનો અવિદ્યા શબ્દથી પણ કહે છે. ઇત્યાદિ આ સર્વ જીવનાં નામો મેં તમને કહ્યાં.[૯] આ નિરાકાર અને નિર્વિકાર એવા જીવને પંડિતો આતિવાહિક દેહના નામથી કહે છે, અને તે લિંગશરીરરૂપી ઉપાધિને યોગે આદિ-અંતયુક્ત બોલાય છે.[૯] એવી રીતે આ ત્રણે લોકની ભ્રાંતિ, સ્વપ્નનગરનીપેઠે અને સંકલ્પનગરની પેઠે ભાસ્યા કરે છે. તે ભોગ, મોક્ષરૂપ અર્થને આપનાર છતાં નિઃસ્વરૂપ છે, શૂન્ય છે, અને નિરાકાર છે.[૧૦] હે નરશ્રેષ્ઠ! આતિવાહિક દેહજ

* આ એકસો અઠ્યાશીમા સર્ગમાં જીવ બ્રહ્મરૂપ છે, તેની ઉત્પત્તિ ઉપચારથી લિંગદેહસંબંધી ભ્રાંતિવડે કહેવાય છે, એ વાત સ્પષ્ટપણે બતાવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદાકાશરૂપ છતાં લિંગદેહરૂપ કહેવામાં આવે છે. વસ્તુતાએ જોતાં તે આકાશનાથી પણ શૂન્ય છે.[૧૧] એ લિંગશરીર અથવા આતિવાહિક દેહ, મોક્ષ થતાંસુધી કાયમજ રહે છે, (તેનો) અસ્ત-ઉદય થતો નથી, ચૌદ લોકનાં સર્વ પ્રાણીઓની સૃષ્ટિનો અંકુર ફૂટવાની ભૂમિરૂપ એ એક ચિત્તજ છે.[૧૨] તેની અંદર કાલની વ્યવસ્થાને અનુસરી ફલનીપેઠે લાખો સંસારો ઉત્પન્ન થઈ ગએલ છે, ઉત્પન્ન થશે અને હાલપણ વિદ્યમાનજ છે.[૧૩] આ ચિત્તરૂપી દેહ, અરીસો જેમ પ્રતિબિંબને ધારણ કરે તેમ અંદર અને બહાર અનેક જગતોને ધારણ કરે છે, તથાપિ તે આકાશનીપેઠે શૂન્યજ છે.[૧૪] મહાકલ્પને અંતે સર્વનો નાશ થઇ ગયા બાદ, મહાશૂન્ય, પ્રૌઢ, બ્રહ્મરૂપ, નિર્વિકાર ચિદાકાશની અંદર, ચિત્સ્વરૂપનું આવરણ કરનાર એવા અજ્ઞાનને લીધે, એ ચિદાકાશના સ્વરૂપનુંજ ભાન, આ વર્ણવેલ ક્રમપ્રમાણે, આતિવાહિક દેહનેરૂપે ભાસે છે.[૧૫,૧૬] જીવજ પોતે આતિવાહિક દેહરૂપ છે; અને તેને જગતનો પ્રકાશ અનુભવમાં આવે છે. અને તેને લીધે તેને અનુભવમાં આવતો એવો કોઇએક ભાગ બ્રહ્મા એવા નામથી કહેવાય છે, કોઇએક ભાગ વિરાટ્ શબ્દવડે કહેવાયછે.[૧૭] કોઇ એક ભાગને સનાતન શબ્દવડે કહેવામાં આવે છે, કોઇ એક ભાગ નારાયણ શબ્દવડે કહેવાય છે, કોઇ એક ભાગ ઈશ એવા નામવડે પ્રખ્યાત છે, અને કોઈ ભાગ પ્રજાપતિ શબ્દવડે બોલાય છે.[૧૮] જીવને જે ભાગમાં પોતાની પાંચ ઇંદ્રિયોનું ભાન થાય છે, ત્યાં તે પ્રમાણે તે તેને રહેલ ભાસે છે.[૧૯] એવી રીતે આ અત્યંત પ્રસરી રહેલ એવી દૃશ્યની ભ્રાંતિ, જો કે સિદ્ધરૂપે પ્રતીતિમાં આવે છે તોપણ, તેમાં કશું પણ થયું નથી; કેમકે વિસ્તીર્ણ આત્મતત્ત્વ સર્વ દૃશ્યથી રહિત છે.[૨૦] (આ સર્વ તેનો એક વિવર્ત છે.) આત્મતત્ત્વરૂપ પરબ્રહ્મ અનાદિ છે, તેનો આવિર્ભાવ કે તિરોભાવ થતો નથી, કેમકે તેજ પોતે સ્વરૂપનો સાક્ષાત્કાર ન હોવાથી સત્—અસત્ આકારે થઈ રહેલ છે.[૨૧] આતિવાહિક દેહને, પોતાના અનુભવનેલીધે, જેમ સ્ત્રીનુંજ અહર્નિશ ચિંતન કરનાર પુરુષને સ્વપ્નસ્ત્રી પુષ્ટપણે પ્રતીતિમાં આવે તેમ, આ સર્વ પ્રપંચ પુષ્ટરૂપે પ્રતીતિમાં આવે છે.[૨૨] જેમ સ્વપ્નમાં અને સંકલ્પમાં પોતાના સ્વપ્ન આદિના દેહનો અને જગતનો મિથ્યા છતાં અનુભવ થાય છે,તેમ ઘટનો આકાર પણ શૂન્ય છતાં અને નિરાકાર છતાં પ્રતીતિમાં આવે છે.[૨૩] ચિદાકાશની અંદર, સ્વપ્નમાં દેખાતી સ્વપ્નવસ્તુનીપેઠે, આ સર્વ દૃશ્યપ્રપંચ અતિશય કાર્ય સાધી આપનાર પણ થાય છે.તે આકાશરૂપ છે છતાં, કઠિન પાર્થિવ આદિ પદાર્થનીપેઠે,સાકાર ભાસે છે.[૨૪] એ આતિવાહિક દેહ પોતે નિરાકાર છે, શૂન્ય છે, અને સ્વપ્નના જેવો આભાસરૂપ તથા મિથ્યા છે, છતાં તેને ક્રમથી નીચેપ્રમાણે અનુભવ થાય છે.[૨૫] એ આતિવાહિક દેહરૂપ જીવ, અસ્થિઓના સમૂહવડે સ્થૂલ બરડો, રુંવાડાં, શિરાઓ અને સ્નાયુઓ ઇત્યાદિ આકારે થઈ રહેલ એવા સ્થૂલ શરીરને કલ્પી લે છે.[૨૬] અને દેશ-કાલના ક્રમવડે થતા એવા શબ્દ આદિ વિષયોના ભોગને માટે જન્મ, કર્મ, ચેષ્ટા, સ્થાન, પરિણામ અને વયની સ્થિતિને કલ્પી લે છે; તથા દેહની અંદર જન્મના ભ્રમને પણ તે અનુભવે છે.[૨૭] તેમજ જરા—મરણ—ગુણ—દોષ આદિની કલ્પના, દશદિશાઓનાં મંડલોમાં પોતાનું ભ્રમણ, જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતાનો ભાવ, સર્વ વસ્તુઓના આદિ, અંત અને મધ્ય, એ સર્વને તે પોતે કલ્પી લે છે.[૨૮] એવી રીતે આતિવાહિક દેહરૂપ બની ગએલ પુરાતન પુરુષ, પોતેજ કલ્પી લીધેલ એવા વ્યષ્ટિ-સમષ્ટિના સ્થૂલ શરીરનેલીધે, પોતેજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પૃથ્વી જલ, આકાશ, સૂર્ય, જનસમાજ વ્યવહાર નગર અને શિખર ઇત્યાદિરૂપ બની જઇ "પૃથ્વી આદિ પોતાના આધારરૂપ છે, અને પોતે તેના આધેયરૂપ છે" એવા ભ્રાંતિરૂપ સંસારસ્વપ્નને દેખે છે.[૨૮]

क्षितिजलगगन दिवाकर जनताव्यवहारनगर-
शिखरात्मा ॥ स्वाधाराधेयमयं पश्यति वपुषः
पुरातनः पुरुषः ॥ २९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'જીવરૂપવર્ણન' એ નામનો એકસો અઠયાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૮૮

સર્ગ ૧૮૯ મો.*

બ્રહ્મ સત્ય અને જગત અસત્ય છે.

॥ श्रीवसिष्ठ उवाच ॥

सातिवाहिकदेहोसौ तस्याद्यस्यप्रजापतेः ॥
काकतालीयवच्चित्त्वाद्यद्यथेत्यादि चेतति ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—તે આદિ પ્રજાપતિનો આતિવાહિક દેહ, ચેતનપણાથી પોતાના સત્યસંકલ્પથી જે વસ્તુ જેવે પ્રકારે કલ્પે છે, તે કાકતાલીયની પેઠે તેવે પ્રકારે થઇ જાય છે, અને તેને લીધે આ ભેદકારક જગતનો ભ્રમ ભાસે છે, તો આ અસત્ય વિષયમાં શું આશ્ચર્ય પામવાનું છે? કાંઈ નહિ.[૧,૨] આ વિસ્તરી રહેલ એવી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપી ત્રિપુટી અસત્ય છે, અથવા તો સર્વ આત્મભાવથી સત્ય બ્રહ્મરૂપજ છે.[૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જો આદિ પ્રજાપતિના આતિવાહિક દેહનોજ આ સર્વ વિલાસ હોય, અને તે ભ્રાંતિદર્શનમાત્ર હોય, તો તે કઠિનભાવને કેમ પ્રાપ્ત થઇ જાય છે? સ્વપ્નનું સત્યપણું કેમ ઘટે?[૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ સર્વ આદિ પ્રજાપતિના આતિવાહિક દેહના વિલાસરૂપ અને ભ્રાંતિમાત્ર છે, અને તે પોતાની મેળેજ સદા અનુભવમાં આવે છે. નિરંતર એ ભ્રાંતિનો અભ્યાસ પડી જવાથી તે પુષ્ટ (કઠિન આદિરૂપ) થઇ રહ્યા જેવી ભાસે છે.[૫] જેમ ઘણા લાંબા સમયના અનુભવથી સ્વપ્નનું પુષ્ટપણું થઇ જતાં, તે કેમ જાણે અતિસત્ય હોય તેવું જણાય, તેમ પોતાના આતિવાહિકપણાવિષે પણ સમજવાનું છે.[૬] આતિવાહિક દેહને, ઘણા લાંબા સમયના પોતાના અનુભવનો ઉદય થતાં, ઝાંઝવાના જલનીપેઠે, તેમાં આધિભૌતિકપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જોકે આ જગત સત્યના જેવી પ્રતીતિ આપે છે, તોપણ તે સ્વપ્નભ્રમના જેવું છે; અને ઝાંઝવાના જલનીપેઠે ભ્રાંતિરૂપે રહ્યું છે; અને તે અસત્ય છતાં ભાસ્યા કરે છે.[૯] સર્વ વસ્તુ આતિવાહિક દેહરૂપ (મનોમય) છે, છતાં અવિવેકી પુરુષો તેમાં મિથ્યા એવા આધિભૌતિક (સ્થૂલ) ભાવને સત્યનીપેઠે (આસક્તિનેલીધે) સ્વીકારી લે છે.[૯] અમુક હું છું, અમુક મારું છે, આ પર્વતો છે, આ આકાશ છે, આ દિશાઓ છે, એ સર્વ મિથ્યા ભ્રમ છે; અને પ્રકાશવાળા એવા સ્વપ્નશૈલની પેઠે તે મિથ્યાજ ભાસ્યા કરે છે.[૧૦] સર્વના આદિરૂપ એવા વિધાતાનો આ આતિવાહિક દેહ, ભાવનાને લીધે આધિભૌતિકતાને ધારણ કરી લઇ, પૃથ્વી આદિ કઠિન આકારને ધારણ કરે છે.[૧૧] ચિદાકાશ, 'હું બ્રહ્મરૂપ છું' એવા પોતાના ચિદ્રૂપભાવને છોડી દઇ, હું અમુક મનુષ્ય આદિ દેહરૂપ છું, અને અમુક પૃથ્વી આદિ મારા આધારરૂપ છે, એવી ભાવનાને (આસ્થાને) બાંધી બેસે છે.[૧૨] તે જીવભાવનાના બલથી અસત્યમાં

* આ એકસો નેવાશીમા સર્ગમાં આતિવાહિક દેહરૂપ થઇ રહેલ પ્રજાપતિના મનોરથરૂપ એવા આ જગતની અંદર જેવી રીતે આધિભૌતિકપણાની ભ્રાંતિ થાય છે તેવિષે વર્ણન કરવામાં આવ્યું છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સત્યબુદ્ધિ થવાથી બંધાઇ જાય છે; અને અનેક ભાવનાઓ કરતાં નાના પ્રકારના ભાવને અનુસરે છે.[૧૩] પ્રથમ તો તે આદિ જીવ વૈદિક અને લૌકિક એવા શબ્દોને સ્મરે છે; અને પછી સંકેત, સંજ્ઞાઓ તથા ચેષ્ટાઓને કરે છે. ઓંકારપૂર્વક તે વેદોને અને શબ્દસમૂહોને પ્રકટ કરે છે.[૧૪] તે વડેજ તે ચોતરફના વ્યવહારને કલ્પી લે છે, મનની તે કલ્પના કરે છે, અને મન જે કલ્પના કરે તેને તે પ્રમાણેજ તે અનુભવે છે.[૧૫] જે જેની અંદર આસક્ત હોય તે તેને કેમ ન દેખે ? દેખેજ. એ પ્રમાણે આ જગતની ભ્રાંતિ અસત્ય છે, છતાં તે પ્રૌઢરૂપે પ્રતીતિમાં આવે છે.[૧૬] બ્રહ્માથી માંડી ઠેઠ મસલાંસુધી સર્વને, એ ભ્રાંતિ, ઘણા લાંબા કાલસુધી રહેનાર સ્વપ્નીપેઠે અને ઇંદ્રજાલની પેઠે, મિથ્યાજ ભાસ્યા કરે છે. એવી રીતે આતિવાહિક દેહનું આધિભૌતિકપણું (કાઠિન્ય આદિ સ્વભાવ) ઘટી શકે છે.[૧૭] કોઈ પણ દેશ-કાલમાં કશી પણ આધિભૌતિકતા છેજ નહિ; કિંતુ આતિવાહિકપણુંજ અભ્યાસનેયોગે આધિભૌતિકભાવને ધારણ કરે છે.[૧૮] સૃષ્ટિના મૂલરૂપ એવા વિધાતામાંથીજ આવો મોહ ઉત્પન્ન થયો છે. તેને લીધે એ સૃષ્ટિરૂપ ભ્રમ, મિથ્યા અનુભવમાં આવતાં છતાં, મહાત્મા તત્ત્વવેત્તાઓને પણ (પ્રારબ્ધ ક્ષય થતાં સુધી) પ્રતીતિમાં આવે છે.[૧૯] હે રામચંદ્રજી ! ચિદેકરસ એવા બ્રહ્મને આવી દુર્દશા ક્યાં છે ? અને કાઠિન્ય આદિ સ્થૂલભાવ પણ ક્યાં છે ? આ સર્વ ભ્રાંતિજ છે; અથવા તો બ્રહ્મજ પોતે જગત જીવ–આદિને આકારે ભાસી રહ્યું છે.[૨૦] શાશ્વત એવા બ્રહ્મવિના જગતનું બીજું કશું કારણ નથી. કાર્ય, કારણ વિના સંભવતું નથી, એવા નિયમને લીધે તેમ કલ્પના કરવી પડે ખરી; પરંતુ નિર્વિકાર બ્રહ્મની અંદર કાર્ય-કારણ આદિ ભાવનો સંભવજ નથી, જેથી આ જગતનો આકાર કાંઈ ભ્રાંતિમાત્રજ છે, સત્ય નથી.[૨૧]

न शाश्वतादन्यदिहास्ति कारणान्न कारणं तत्खलु कार्यतां विना ॥ न कार्यताकारणतादिसंभवोस्त्यनामये तत्किमपीदमाततम् ॥२१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બ્રહ્મૈકતાપ્રતિપાદન' એ નામનો એકસો નેવાશીમો સર્ગ સંપૂર્ણ. ૧૯૯

સર્ગ ૧૯૦ મો.*

બ્રહ્મજ જગતરૂપે ભાસે છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

ज्ञानस्य ज्ञेयतापत्तिर्बंध इत्यभिधीयते ॥ तस्यैव ज्ञेयताशांतिर्मोक्ष इत्यभिधीयेत ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્ઞાનરૂપ અધિષ્ઠાન ચૈતન્યને, જ્ઞેયભાવની પ્રાપ્તિ થવી, તે બંધ કહેવાય છે, અને જ્ઞેયભાવની શાંતિ થઇ જઇ સ્વસ્વરૂપમાં સ્થિતિ થવી, તે મોક્ષ કહેવાય છે.[૧]

શ્રી રામચંદ્રજી કહેછેઃ—હે મહારાજ ! જ્ઞાનરૂપ અધિષ્ઠાન ચૈતન્યમાં કલ્પાએલ જ્ઞેયભાવની શાંતિ શી રીતે થાય ? અને ઘણા સમયથી રૂઢ થઇ રહેલી 'હું બંધાએલ છું,' એવી બુદ્ધિ પણ કેમ નિવૃત્ત થાય ?[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—શમ–દમ આદિ સાધનસહિત એવા અને દૃઢ અભ્યાસવડે મેળવેલ એવા સમ્યક્ જ્ઞાનરૂપી પ્રબોધવડે ભ્રાંતિની નિવૃત્તિ થઇ જાય છે; અને નિરાકાર શાંત એવી મુક્તિ કે જે પોતાના સ્વરૂપભૂત છે તેનો લાભ થાય છે.[૩]

* આ એકસો નેવુમા સર્ગમાં, ભૂત–ભવિષ્યની સર્વ શંકાઓનું યુક્તિવડે ખંડન કરી, જ્ઞાનરૂપ અધિષ્ઠાનમાં કલ્પાએલ જ્ઞેયભાવની (દૃશ્યની) શાંતિ, મુક્તિરૂપ પ્રતિપાદન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી રામચંદ્રજી કહે છેઃ—કૈવલ્ય—અદ્વૈત-ભાવબોધ એવા પદવડે કહેવાય છે; પરંતુ સમ્યક્ જ્ઞાન શું કહેવાય કે જે ઉત્પન્ન થતાં જીવ સર્વ બંધથી મુક્ત થઇ જાય છે?[૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્ઞાન કે જે પોતે કેવલ અધિષ્ઠાન ચિન્માત્ર છે, તેનો જ્ઞેયભાવ (જગત આદિ ભાવ)નથી, કિંતુ કેવલ અવિનાશી જ્ઞાનજ છે, અને તે મન—વાણીથી અગોચર છે; એવો અંદર બોધ થવો, તે સમ્યક્જ્ઞાન કહેવાય છે.[૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! જ્ઞાન કે જે ચિદેકરસ છે, તેની અંદર વળી તેનાથી જુદો એવો જ્ઞેયભાવ કેવો હોય તે આપ કહો; અને જ્ઞાનશબ્દ વ્યાકરણ શાસ્ત્રના નિયમ પ્રમાણે ભાવઅર્થમાં થયો છે, કે કરણઅર્થમાં?[૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહારાજ! બોધમાત્રજ જ્ઞાનપદવડે કહેવાય છે, અને તે વ્યાકરણશાસ્ત્રની પદ્ધતિપ્રમાણે અહીં ભાવમાંજ સમજવાનો છે. પવન અને તેની ચપલતાની પેઠે જ્ઞાન અને જ્ઞેય એ બન્નેનો કશો પણ ભેદ નથી.[૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જો એમજ હોય તો પછી આ જ્ઞાન—જ્ઞેય આદિનો ભ્રમ કે જે સસલાના શીંગડા જેવો છે, તે ભૂત ભવિષ્ય અને વર્તમાનના વિભાગવડે કેમ સિદ્ધરૂપે પ્રતીતિમાં આવે છે?[૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—બહારના પદાર્થો છે, એવી ભ્રાંતિનેલીધેજ અહીં ભ્રમબુદ્ધિનો ઉદય થાય છે, એમ સમજવું. હવે વસ્તુતાએ જોઇએ તો બહારનો અને અંદરનો કોઇપણ પદાર્થજ સંભવતો નથી.[૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! હું તમે ઇત્યાદિ પ્રત્યક્ષ દેખવામાં આવતી વસ્તુ, અને અનુભવમાં આવતાં એવાં અનુભવો, નથી-જ, એમ કેમ કહી શકાય? તે આપ કહો.[૧૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આદિ સૃષ્ટિમાંજ વિરાટ આદિ કાંઈ પણ વસ્તુ ઉત્પન્ન થએલજ નથી, જેથી જ્ઞેયનો અસંભવજ છે.[૧૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! ભૂત ભવિષ્ય અને વર્તમાનસમયમાં ખડી થઇ રહેનાર એવી આ જગતની દૃષ્ટિ નિરંતર અનુભવમાં આવતાં છતાં ઉત્પન્નજ થએલ નથી, એમ કહી શકાય?[૧૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેમ આકાશની અંદર ભ્રાંતિનેલીધે (નેત્રરોગવાળાને) મસલાં—મોવાળા આદિના જેવા આકારો પ્રતીતિમાં આવે, તેમ આ જગત, હું, તમે, ઇત્યાદિ સર્વ ભ્રાંતિવડેજ ભાસે છે; કે જે સ્વપ્નવસ્તુનીપેઠે, ઝાંઝવાનાં જલનીપેઠે, બે ચંદ્રમાની ભ્રાંતિનીપેઠે, અને સંકલ્પિત પદાર્થનીપેઠે મિથ્યાજ છે.[૧૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! હું તમે ઇત્યાદિ આ જગતના સર્વ પદાર્થો સારી રીતે અનુભવમાં આવતાં છતાં સૃષ્ટિના આદિ-કાલમાં તે કેમ થએલ નથી?[૧૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—કારણવડેજ દરેક કાર્ય ઉત્પન્ન થાય છે, તે વિના ઉત્પન્ન થતું નથી, એવો એક નિશ્ચય છે; તો પ્રલયમાં સર્વનો નાશ થઇ જતાં જગતની ઉત્પત્તિ થવાનું કાંઇ કારણ નથી.[૧૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! મહાપ્રલયસમયે અવિનાશી અને જન્મ આદિ વિકારથી રહિત એવું જે બ્રહ્મતત્ત્વ અવશેષ રહે છે, તેજ આ સૃષ્ટિના કારણરૂપ કેમ ન હોય?[૧૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! જે કાર્ય (બીજરૂપે) કારણની અંદર રહેલ હોય તેજ તે કારણમાંથી ઉત્પન્ન થાય છે, પણ જે જેમાં બીજરૂપે નથી હોતું તે તેમાંથી ઉત્પન્ન

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પણ થતું નથી. ઘડામાંથી કાંઇ વસ્ત્ર ઉત્પન્ન થતું નથી.[૧૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—મહાપ્રલયસમયે જગત સૂક્ષ્મરૂપે બ્રહ્મની અંદર રહે છે; અને પાછું તેનાથી ઉત્પન્ન થઈ જાય છે.[૧૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી નિર્મલ રામચંદ્રજી! મહાપ્રલયરૂપ અંતના સમયમાં (કશું નહિ હોવાથી) સૃષ્ટિના અસ્તિત્વનો કોણે અનુભવ કર્યો, અને સૃષ્ટિ તેમાં કેવેરૂપે રહેલ છે?[૧૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—ચિદાકાશરૂપી સત્તા તેની અંદર રહેલ છે, અને તે તેવા (વિવેકી)ઓને અનુભવમાં આવે છે. તેને સાવ શૂન્ય તો કહી શકાય નહિ; કેમકે અસદ્ વસ્તુ સત્તાને પ્રાપ્ત થઇ શકતી નથી.[૨૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબાહુ રામચંદ્રજી! જો એમ હોય તો આ ત્રણે લોક ચિદાકાશરૂપ છે, અને વિશુદ્ધ એવા જ્ઞાનમય દેહવાળા દૃશ્યપ્રપંચના જન્મ અને મરણ ક્યાંથી હોય?[૨૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જો આદિકાલથી માંડી સૃષ્ટિજ (વાસ્તવિક રીતે) નથી, તોપછી હે મહારાજ! આ ભ્રાંતિ ક્યાંથી આવી? તે આપ મને કહો.[૨૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—કાર્ય અને કારણ એ બન્નેના અભાવનેલીધે ભાવ અને અભાવ એ કાંઇ છેજ નહિ. આ જે કાંઇ પ્રતીતિમાં આવે છે તે સર્વ પોતાના આત્મારૂપ છે, અને તેજ દ્રષ્ટા દૃશ્ય અને દર્શન એ ત્રિપુટીના વેષને ધારણ કરી લે છે.[૨૩]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—દ્રષ્ટા કે જે ઈશ્વરરૂપ અને ચિદ્રૂપ છે તે યંત્રના જેવા જડ કાર્યકારણસમૂહરૂપે કેમ બની જાય? કાષ્ઠ અગ્નિને ક્યારે અને કેમ બાળી શકે?[૨૪]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—દ્રષ્ટા દૃશ્યભાવને પ્રાપ્ત થતો નથી; અને તેથી દૃશ્યના અસંભવનેલીધે કેવલ એક દ્રષ્ટાજ ચિદેકરસરૂપ છતાં સર્વરૂપ થઇ રહેલ ભાસે છે.[૨૫]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—અનાદિ અને અનંત એવું ચિન્માત્રતત્ત્વજ દૃશ્યને બહુ કરી દે છે, અને તેવડેજ જગતનું ભાન થાય છે; પરંતુ પ્રથમ આદિકાલમાં શુદ્ધચિન્માત્રતત્ત્વમાં દૃશ્યનો સંભવજ ક્યાં છે?[૨૬]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ કાંઈપણ દૃશ્ય, કારણના અભાવનેલીધે કોઈ દિવસ સંભવતુંજ નથી, અને દૃશ્યનો અભાવ હોવાથી ચિદાત્માનું સદા મુક્તપણુંજ છે, તથા અવર્ણ્યપણું છે.[૨૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જો એમજ હોય તો આ અહંકાર આદિ દૃશ્ય ક્યાંથી છે? જગતનો અનુભવ પણ ક્યાંથી? અને ચલન આદિની પ્રતીતિ પણ કેમ થાય છે?[૨૮]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—કારણના અસંભવનેલીધે પ્રથમ કશું ઉત્પન્નજ થયું નથી તોપછી દૃશ્ય ક્યાં રહ્યું? જેથી એમ સિદ્ધ થાય છે કે સર્વ શાંત પરબ્રહ્મરૂપ છે; અને સૃષ્ટિ એ એક ભ્રાંતિમાત્ર છે.[૨૯]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—વાણીથી અગોચર, સદા સ્વયંપ્રકાશ, દૃશ્યભાવ અને ચપલતા આદિથી રહિત, નિર્મલ, નિત્યમુક્ત, એવા પરબ્રહ્મની અંદર ભ્રાંતિ કોને થાય? શા કારણથી થાય? અને કેવે પ્રકારે થાય?[૩૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! કારણના અભાવનેલીધે કશી ભ્રાંતિ છેજ નહિ. તમે—હું ઇત્યાદિ સર્વ શાંત નિર્વિકાર પરબ્રહ્મરૂપજ છીએ.[૩૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! હું કેમ જાણે ભ્રમને પ્રાપ્ત થઇ રહ્યો હઉં તેવો છું, પરંતુ વધારે પૂછવાની વાત જાણતો નથી,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને અત્યંત પ્રબુદ્ધ પણ નથી, તોપછી અહીં હમણાં આપને હું વિશેષ શું પૂછું ?[૩૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રશ્નના કારણનો ઉપશમ થતાં સુધી, સંશયનું બીજ કે જે પ્રશ્નના કારણરૂપ છે તેની કસોટીનીપેઠે પરીક્ષા કરનાર એવા મને તમે સુખેથી જે પૂછવાનું હોય તે પૂછો, અને પછી જ્ઞાન થયા બાદ તમે પોતાની મેળેજ અનિર્વચનીય એવા પરમ શુદ્ધ સ્વભાવની અંદર વિશ્રાંતિને પ્રાપ્ત થઈ જશો.[૩૩]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હું એમ ધારું છું કે પ્રથમ કારણના અભાવનેલીધે સૃષ્ટિ ઉત્પન્નજ થયેલ નથી, તોપછી કોને દૃશ્ય—દર્શનની ભ્રાંતિ થાય છે ?[૩૪]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—કશું કારણ ન હોવાથી સર્વત્ર શાંત એવા પરબ્રહ્મપણાનેલીધે કાંઇ પણ ભ્રાંતિ છેજ નહિ; પરંતુ જીવને અજ્ઞાનબલથી અનભ્યાસનેલીધે વિશ્રાંતિ મળતી નથી.[૩૫]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—અભ્યાસ એ બન્નેમાં શું હેતુરૂપ છે ? અને આ અભ્યાસરૂપ ભ્રાંતિ વારંવાર ખડી કેમ થઇ જાય છે ?[૩૬]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હમણા જીવન્મુક્ત દશામાં અનંત એવા ચિદાત્માને અનંતપણાનેલીધે ભ્રાંતિ છેજ નહિ, અભ્યાસનેલીધે ભ્રાંતિ ખડી થઈ જાય છે; બાકી વસ્તુતાએ સર્વ અવિનાશી એવા મહાચિદાકાશરૂપજ છે.[૩૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જો આપ આદિ જીવન્મુક્ત પુરુષોને આ સર્વ જગતનો ભ્રમ શાંત (બ્રહ્મ) રૂપ જણાતો હોય, તો પછી ઉપદેશ્ય (ઉપદેશ આપવાનું પાત્ર) અને ઉપદેશ આપવો ઇત્યાદિમાં અધ્યાત્મશાસ્ત્રરૂપી આ શબ્દસંપત્તિની શી જરૂર છે ?[૩૮]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—ઉપદેશ્ય અને ઉપદેશ ઇત્યાદિરૂપ બ્રહ્મ પોતેજ છે; અને તે સદા કાલ પોતાના સ્વરૂપમાં રહેલ છે. એ બોધરૂપ ચિદાકાશની અંદર બંધ કે મોક્ષ નથી, એવો નિશ્ચય જણાય છે.[૩૯]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જો સર્વનો અસંભવજ હોય તો પછી દેશ, કાલ, ક્રિયા અને દ્રવ્યને પોતાના મનથી ભેદબુદ્ધિવડે જોનારા અવિવેકીઓને સર્વની સત્તા કેમ પ્રતીતિમાં આવે છે ?[૪૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—દેશ, કાલ, ક્રિયા અને દ્રવ્યને પોતાના ચિત્તથી ભેદબુદ્ધિવડે જોનારા પુરુષોને જે ભાસે છે, તેમાં અજ્ઞાન માત્ર સિવાય બીજી કશી વસ્તુસત્તા નથી; કેમકે પ્રથમ તેઓને પોતાના અનુભવથી સિદ્ધરૂપે જણાતી જગતની સત્તાજ સાવ બીલકુલ નથી.[૪૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જ્યારે તત્ત્વદૃષ્ટિથી દ્વિત્વ-એકત્વ આદિનોજ અસંભવ છે, ત્યારે પછી બોધ્ય—બોધકપણાના (બોધ આપવાનું પાત્ર અને બોધ કરનાર એ બન્નેના) અભાવનેલીધે તત્ત્વબોધપણું શીરીતે સંભવે?[૪૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રથમ નહિ સમજાયેલ એવું બ્રહ્મનું સ્વરૂપ અજ્ઞાન ક્ષયરૂપી ફલના આશ્રયવડે બોધના *કર્મભાવને પ્રાપ્ત થાય છે, અને તેનેલીધેજ બોધ શબ્દ પણ ફલને ધારણ કરવારૂપી સકર્મકપણાને ધારણ કરે છે; પરંતુ આ સર્વ વાત તમારા જેવા અજ્ઞાની જીવોમાટે છે, બાકી અમે વગેરે જીવન્મુક્ત પુરુષોનેમાટે એ કશું નિરૂપણ ઉચિત નથી.[૪૩]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—જે હું-તમે ઇત્યાદિ સર્વ બોધરૂપજ છીએ, તોપછી બોધનું અને અહંતા આદિનું ભિન્નપણું સિદ્ધ થાય છે, અને અહંતાજ જીવરૂપ છે, તો તે અનંત

* વ્યાકરણશાસ્ત્રના નિયમપ્રમાણે ધાત્વર્થફલાશ્રયત્વં કર્મત્વમ્, (ફલ કે જે ધાતુના અર્થરૂપ ગણાય છે તેનો આશ્રય) એવું કર્મનું લક્ષણ છે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને જલના કરતાંપણ અતિ નિર્મલ ચિન્માત્ર-રૂપ તમારામાં શી રીતે ઘટે ?[૪૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આપણ વગેરે સર્વ કે જે ચિદેકરસ છીએ, તેનું જે કાંઇ ચિદ્રૂપ-પણું છે, તેજ તમે—હું ઇત્યાદિરૂપ કહેવાય છે, અને તેની અંદર, પવન અને તેની ચલન-શક્તિના ભેદનીપેઠે દ્વિત્વરૂપભેદની કેવલ કલ્પના કરવામાં આવે છે.[૪૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જેમ શાંત એવા સમુદ્રની અંદર તરંગ આદિ (અભિન્નસત્તાથી) રહ્યા હોય તેમ આ સર્વ અહંતા આદિ જગતને ચિદ્રૂપ થઇ રહેલ જીવન્મુક્ત પુરુષ યથાસ્થિત-પણે રહ્યા છતાં સ્વરૂપમાત્રજ સમજે છે.[૪૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો તમે કહોછો તેમજ હોય તો અનંત પૂર્ણશાંત એવું એક પરબ્રહ્મજ સર્વત્ર ભરપૂર છે, તોપછી તેમાં દ્વિત્વ (દ્વૈત-ભેદ) આદિનો અવકાશ આવી, અદ્વૈત-હાનિરૂપી દોષ ક્યાં આવે છે ? અને શી રીતે આવે છે ? કાંઇજ નથી.[૪૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—અહીં અહંભાવની કલ્પના કરનાર કોણ છે ? કોણ વ્યવહારને ભોગવે છે, અને સર્વ વિષયમાં ભોક્તા પણ કોણ છે કે જેનેલીધે આ જગતની અનંત ભ્રાંતિ પ્રતીતિમાં આવે છે ?[૪૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો દૃશ્યની કાંઇ સત્તા છે એવો અભિનિવેશ હોય તો તેજ બંધન-કારક છે, પરંતુ તત્ત્વજ્ઞપુરુષોની દૃષ્ટિમાં તે દૃશ્ય-જ સાવ નથી. પોતાનો આત્માજ પ્રારબ્ધશેષ ભોગવવામાટે સર્વ વસ્તુને આકારે થઇ જઇ ભાસે છે, આમ તેઓનું માનવું હોય છે; તો પછી તેમાં બંધ અને મોક્ષ બન્ને ક્યાં રહ્યાં ?[૪૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જેમ દીવાના પ્રકા-શથી નીલ-પીત આદિરૂપની પ્રતીતિ થાય છે, તેમ ચિત્સત્તાનેલીધેજ બાહ્ય ઘટ-પટ આદિ પદાર્થોની પ્રતીતિ થાય છે. પ્રત્યક્ષરૂપે અનુ-ભવમાં આવવાથી બાહ્ય અર્થ સત્ય છે.[૫૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—વિનાકારણે આ બાહ્ય વસ્તુરૂપી કાર્યની જે સત્યતા પ્રતીતિમાં આવે છે તે ભ્રાંતિમાત્ર છે. બીજું તેનું કશું સ્વ-રૂપ નથી અને વસ્તુતાએ તે આત્મારૂપજ છે.[૫૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્વપ્ન સત્ય હોય કિંવા અસત્ય હોય પણ તે જ્યાંસુધી રહે ત્યાં સુધી દુઃખ ઉત્પન્ન કરે છે, તેજ પ્રમાણે આ જગતની ભ્રાંતિપણ સત્ય હો કે અસત્ય હો પણ જ્યાંસુધી તે રહે ત્યાંસુધી દુઃખ ઉત્પન્ન કરે છે; તો તેની ચિકિત્સાનો કાંઇ ઉપાય છે ?[૫૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો એપ્રમાણે જગ-તની સ્થિતિ સ્વપ્નના જેવીજ હોય તો પછી જગતના પદાર્થોનું સાકારપણું ભ્રાંતિરૂપજ છે, એમ અર્થાત્ સિદ્ધ થાય છે.[૫૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—એમ માનવાથી પણ આપણને શી ઇષ્ટાપત્તિ થાય છે ? અને સ્વપ્ન આદિમાં પદાર્થોનુ સાકારપણું શી રીતે નિવૃત્ત થઇ જાય છે ?[૫૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—પૂર્વાપર વિચા-રથી (પ્રબોધનો ઉદય થતાં) દૃશ્ય સંબંધી પદાર્થોની સાકારતા શમી જાય છે; અને સ્વ-પ્નમાં પણ એવીજ રીતે પ્રબોધનો (જાગ્રતનો) ઉદય થતાં સ્વપ્નસંબંધી પદાર્થોની સ્થૂલ ભાવના નિવૃત્ત થઇ જાય છે.[૫૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—પૂર્વાપર વિચાર-વડે જેની જગત સંબંધી ભાવના થોડાપણાને પ્રાપ્ત થઇ ગઇ હોય તેવો જીવન્મુક્ત પુરુષ જગતને કેવા પ્રકારનું દેખે છે ? અને તેનો આ સંસારરૂપી ગુફાનો ભ્રમ શીરીતે શમી જાયછે ?[૫૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—વાસના રહિત થઇ રહેલો જીવન્મુક્ત પુરુષ, જગતને બાધિત, [illegible] ઉત્પન્ન થએલ સંકલ્પ-

CC-0. Gurukul Kangri University Haridwar. Collection. Digitized by eGangotri Foundation, USA

નગર કિંવા ગંધર્વનગરના જેવું અને વરસાદવડે ધોવાઈ ગએલા ચિત્રના જેવું દેખે છે.[૫૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—પછી જગતની સ્થિતિને સ્વપ્નના જેવી સમજનાર એ તત્ત્વજ્ઞ પુરુષની વાસનાનું થોડાપણું થઇ ગયા બાદ અને પદાર્થોના સાકારપણાની ભ્રાંતિ નિવૃત્તિ થયા બાદ શું થાય છે ?[૫૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ઉત્તરોત્તર ભૂમિકાના પરિપાકના ક્રમને અનુસરી તત્ત્વજ્ઞ પુરુષના સંકલ્પરૂપ એવા આ જગત સંબંધી વાસના શમી જાય છે; અને ત્યારે પછી વાસનાથી રહિત થઇને પોતાની નિર્વિક્ષેપ દશામાં રહે છે.[૫૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—અનેક જન્મથી રૂઢ થઇ રહેલી અને શાખા પ્રશાખા આદિવડે વિસ્તારવાળી તથા સંસારના બંધનમાં નાખનારી ઘોર વાસના શી રીતે શમી જાય છે ?[૬૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ભ્રાંતિમાત્ર સ્વરૂપવાળું એવું આ દૃશ્યચક્ર, તત્ત્વવસ્તુનું યથાર્થ જ્ઞાન થવાથી નિરાકારરૂપ જણાઇ જઇ (બળેલ વસ્ત્રનીપેઠે) આભાસ માત્ર જણાતાં, ક્રમથી પછી છેવટ તેનો (આભાસનો) પણ ક્ષય થઇ જાય છે.[૬૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આ દૃશ્યચક્ર ક્રમથી નિરાકારરૂપ થઈ જતાં, પછી જીવન્મુક્ત પુરુષને એવું બીજું શું નિર્વિક્ષેપ સ્થિતિ પ્રાપ્ત કરનાર થાય છે ? અને શી રીતે તેને શાંતિ મળે છે ?[૬૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગતના સાકારપણાનો ભ્રમ જ્યારે શાંત થઇ જાય છે, અને જ્યારે તે ચિત્તરૂપજ ભાસી જઇ, નિરોધ સમાધિવડે હલકે રૂપે જણાય છે, ત્યારે પરવૈરાગ્યરૂપી શાંતિનો લાભ થાય છે; અર્થાત્ ભોગોસંબંધી આસ્થા જતી રહે છે.[૬૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આ જગત જો કે બાલકના સંકલ્પ જેવું છે, તો પણ તે જ્યાં સુધી પ્રકટરૂપે દેખાય છે ત્યાંસુધી ભોગોસંબંધી આસ્થાની શી રીતે શાંતિ થાય ? અને તેવા મિથ્યા સંકલ્પવડે માણસ દુઃખને કેમ અનુભવે ?[૬૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે સંકલ્પમાત્ર રૂપજ ખડું થઇ ગએલ સમજાય તેના નાશમાં દુઃખ શામાટે થાય ? હવે સંકલ્પમાત્ર અને ચિત્તમાત્ર શું છે તે વિચારવાનું છે.[૬૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! ચિત્ત કેવું છે ? તેનો વિચાર કરવાથી શું થાય ? સારી રીતે તેનો વિચાર કર્યા પછી શી સિદ્ધિ મળે તે આપ કહો ?[૬૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચિદ્રૂપ આત્માનું દૃશ્ય તરફ્ વલણ થવું કિંવા બહિર્મુખ થવું તે ચિત્ત કહેવાય છે; અને આ (મહારામાયણના શ્રવણરૂપી) જ તેનો વિચાર છે, અને તે કરવાથી વાસના શમી જાય છે.[૬૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! ચિત્તનો ક્ષય થયાવિના આત્માનુ અંતર્મુખપણું કેટલાક વખતસુધી નભી શકે, માટે વૈરાગ્યને ઉત્પન્ન કરનાર એવો ચિત્તનો ક્ષય શી રીતે થાય ?[૬૮]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—દૃશ્ય સંભવતું જ નથી તો પછી ચિદ્રૂપ આત્મા કોનો અનુભવ કરે ? દૃશ્યનો અસંભવ ઠરતાં ઘણે લાંબે કાળે (તેવા સંસ્કારો રૂઢ થતાં) ચિત્તની સત્તા પણ રહેતી નથી.[૬૯]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—દૃશ્ય કે જે પ્રત્યક્ષ અનુભવમાં આવે છે તે કેમ નથી સંભવતું ? અનુભવના વિષયમાં આવો નિષેધ કેમકરોછો ?[૭૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગત અવિવેકીઓને જેવા પ્રકારનું ભાસે છે તેવે પ્રકારે તે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સત્ય નથી, અને વિવેકીઓને તે જેવા પ્રકારનું ભાસે છે, તે અવર્ણ્ય અને અદ્વિતીયરૂપજ છે.૭૧

શ્રીરામચંદ્રજી કહે છેઃ—અવિવેકીઓને આ ત્રૈલોક્ય કેવા પ્રકારનું ભાસે છે? અને તે સત્ય કેમ નથી? તથા વિવેકીઓને જગત જેવું ભાસે છે તે અવર્ણ્ય કેમ છે?૭૨

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—અવિવેકી પુરુષોને આ જગત દેશકૃત, કાળકૃત અને વસ્તુકૃત પરિચ્છેદવાળું પ્રતીતિમાં આવે છે, અને વિવેકીઓની દૃષ્ટિમાં તો તે ઉત્પન્નજ થયું નથી. હમણા પણ તે નથી અને પ્રથમથીજ તે સંભવતું નથી.૭૩

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જે આદિથી ઉત્પન્ન જ થયું નથી, કોઈ દિવસ સંભવતું નથી, મિથ્યા છે, અને આભાસથી પણ રહિત છે, તોપછી તે જગત કેમ અનુભવમાં આવે છે?૭૪

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ જાગ્રત સૃષ્ટિરૂપી જગત મિથ્યા છે છતાં આભાસરૂપે ખાય છે. કારણથી રહિત હોવાથી ઉત્પન્ન એલજ નથી છતાં સ્વપ્નની પેઠે તે અનુભવમાં આવે છે, અને કાર્યને સાધી આપે છે.૭૫

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્વપ્ન આદિમાં અને મનોરાજ્ય આદિમાં જે કાંઇ દૃશ્યનો અનુભવ થાય છે, તે જાગ્રતના વ્યવહારના અનુભવથી ઉત્પન્ન થએલ જાગ્રત સંસ્કારના બળથી થાય છે.૭૬

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! સ્વપ્નમાં, સંકલ્પમાં અને મનોરાજ્યમાં જે કાંઇ અનુભવમાં આવે છે તે જાગ્રતનોજ પદાર્થ આવે છે કે કાંઇ બીજો? તે મને કહો.૭૭

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્વપ્નમાં, કલ્પના આદિમાં, મનોરાજ્યમાં અને ભ્રમમાં જાગ્રત પદાર્થજ સંસ્કારરૂપે નિરંતર ભાસ્યા કરે છે.૭૮

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છે કે જો સ્વપ્નના પદાર્થો જાગ્રતના સંસ્કારબળથીજ ભાસતો હોય (અને સ્વપ્નના તથા જાગ્રતના પદાર્થો એકજ હોય) તો સ્વપ્નમાં પડી ગએલ ઘર સવારે જાગ્રત અવસ્થામાં કેમ દેખાય છે?૭૯

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જાગ્રતના પદાર્થોજ સ્વપ્નમાં ભાસે છે એમ નથી, કિંતુ કાંઇ બીજુંજ ભાસે છે અને તે બ્રહ્મજ છે, આવો આપનો અભિપ્રાય મારા સમજવામાં આવી ગયો; પરંતુ આટલોજ સંદેહ રહે છે કે, બ્રહ્મ જગતના જેવું શી રીતે ભાસે છે?૮૦

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—કેટલાક અનુભવેલ અને કેટલાક ન અનુભવેલ એમ બન્ને પ્રકારના અર્થો ચિત્તની અંદર ભાસે છે; અને જેવે આકારે સૃષ્ટિના આદિમાં, અંતમાં અને મધ્યમાં, જેવા અનુભવનો અભ્યાસ થયો હોય, તેવે આકારે તેનું ભાન થાય છે. (જો બ્રહ્માકારપણાનો સારી રીતે અભ્યાસ થયો હોય તો તેમ પણ ભાસે ખરૂં.)૮૧

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! આવી રીતે આપના બોધવડે આ જગત સ્વપ્નના જેવું ભાસે છે એમ હું સમજી ગયો છું, તથાપિ આ જગતરૂપી સ્વપ્નયક્ષ ગ્રહનીપેઠે નડ્યા કરે છે તેની ચિકિત્સા શી રીતે થાય?૮૨

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ સંસારરૂપી સ્વપ્નનું શું કારણ છે તેનો વિચાર કરો, કેમકે કારણ કાર્યથી કાંઇ ભિન્ન હોતું નથી; આ વાત પ્રત્યક્ષ જોવામાં આવે છે.૮૩

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્વપ્નમાં થતા એવા પદાર્થોના અનુભવોનો હેતુ તો ચિત્તજ છે, અને તેનેલીધે સ્વપ્નસૃષ્ટિના પદાર્થો મનોમય છે. જગત આદિ અંતથી રહિત (અનાદિ અને અનંત છે) અને અધિષ્ઠાનદૃષ્ટિથી જોતાં તે નિર્વિકાર પરબ્રહ્મરૂપ છે, તથા આરોપિત-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! ચિત્ત એ એક દૃશ્યતરફ બહિર્મુખ થએલ એવો ચિદાત્માજ છે, જેને લીધે એ ચિત્ત મહાચિદાકાશરૂપ અને ચિદેકરસ છે, અને તેજ કેમ જાણે જગતને આકારે થઈ રહ્યું હોય એમ સિદ્ધ થાય છે, બાકી સ્વપ્ન આદિ કાંઈ તેનાથી ભિન્ન નથી.[૮૫]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—જેમ શાખા આદિ અવયવોનું અને વૃક્ષરૂપ અવયવીનું ઐકય છે, અને તેમાં ભેદનો અવકાશ પણ રહ્યો છે, તેમ ચિત્ત અને જગત એ બન્નેનો ભેદ-અભેદ હોવો જોઇએ;અને તેમાં નિરવયવ બ્રહ્મની અંદર સમષ્ટિ ચિત્તની એકતા થવી ઘટિત છે.[૮૬]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ કલ્પના સંભવતી નથી, કેમકે વિચાર કરીએ તો પ્રથમ કારણના અભાવનેલીધે જગત નિરંતર ઉત્પન્નજ થયું નથી, અને તેનેલીધે સર્વ જન્મ-જરા આદિ વિકારથી રહિત એકરસ શાંત પરબ્રહ્મરૂપજ છે.[૮૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—પરમપદની અંદર સૃષ્ટિ આદિ તથા તેનો અંત થવો એ આદિ ભ્રમો, ભ્રાંતિ, દ્રષ્ટાપણું, ભોક્તાપણું ઇત્યાદિ સહિત કાકતાલીયનીપેઠે ખડા થઇ રહેલા છે, એમ હું માનું છું.[૮૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સારમાંથી પણ અત્યંત સારનું મથન કરી તેને સમજવામાં શક્તિવાન તથા પ્રમાણ-પ્રમેય આદિની પરીક્ષા કરવામાં કુશલ એવા પુરુષોની ચપળ વ્યાપારવાળી જે કાંઈ દૃષ્ટિ છે, અને જીવન્મુક્તોમાં પ્રસિદ્ધ એવી તત્ત્વદૃષ્ટિ કે જે સર્વ વિચાર, શાસ્ત્રનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ સર્વથી સિદ્ધ થએલ પરમતત્ત્વરૂપ અર્થના અપરોક્ષ સ્ફુરણવાળી છે, એ બન્ને દૃષ્ટિનો અવલંબ રાખી મેં અહીં [illegible] વર્ણન કરેલ છે. આ સર્વ દૃષ્ટિઓ પણ નથી, જીવો પણ નથી, જગતની શૂન્યતા પણ નથી, ભ્રમ પણ નથી, કિંતુ નિત્ય અપરોક્ષ બ્રહ્મરૂપજ એક વસ્તુ છે; અને તેમાંજ અધિકારી જીવોની જે પ્રકારે સ્થિતિ થઇ જાય તે પ્રકારે અહીં વર્ણવવામાં આવ્યું છે.[૮૯]

या व्यापारवती रसाद्रसविदां काचित्कवीनां नवा दृष्टिर्या परिनिष्ठितार्थविषयोन्मेषा च वैपश्चिती ॥ ते द्वे अप्यवलंब्य विश्वमाखिलं निर्वर्णितं निर्वृतं यावद्दृष्टिदृशो न संति कलिता नो शून्यता नो भ्रमः ॥८९॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'રામવિશ્રાંતિ' એ નામનો એકસો નેવુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૦

સર્ગ ૧૯૧ મો.*

બ્રહ્મનું નિર્વાણ સ્વરૂપ

॥श्रीराम उवाच॥

एवं चेत्तन्मुनिश्रेष्ठ परमार्थमयं जगत् ॥
सर्वदा सर्वभावात्मा नोदेति न च शाम्यति॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ ! જો એમજ હોય તો આ જગત એક પરતત્ત્વનો વિવર્તજ છે, સર્વદા સર્વ ભાવરૂપે તેજ થઈ રહે છે, વસ્તુતાએ જોતાં તેનો કશો ઉદય અસ્ત થતો નથી.[૧] જગતના આભાસરૂપી આ એક ભ્રાંતિજ છે, અને તત્ત્વદૃષ્ટિવડે જોઇએ તો ભ્રાંતિ પણ નથી કિંતુ કેવલ બ્રહ્મસત્તાજ છે.[૨]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—કાકતાલીયનીપેઠે અતર્ક્ય એવી અવિદ્યાવડે બ્રહ્મજ કેમ જાણે પોતાના સ્વરૂપની અંદર જીવભાવને ધારણ કરી રહ્યું હોય તેમ ભાસે છે, અને તે

* આ એકસો એકાણુમા સર્ગમાં અજ્ઞાનનેલીધે જે પ્રકારે જગતને આકારે બ્રહ્મ ભાસે છે, અને જ્ઞાન થતાં નિર્વાણરૂપ જણાય છે, તેવિષે સારી રીતે વર્ણન [illegible] આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આત્મા જીવરૂપ થઇ રહેલ એવા તે બ્રહ્મવડેજ જગતને અનુભવે છે.[૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! અહો! આશ્ચર્યની વાત છે કે દિશાઓના વિભાગ-વિના મહાપ્રલયમાં અને મોક્ષકાળમાં ચિદાત્મા શી રીતે પ્રકાશે છે? ભીંતરૂપી આશ્રય-વિના દીવાની પ્રભા (કાંતિ) શી રીતે ભાસે? તે આપ કહો.[૪]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ વાત તમારા કહેવા પ્રમાણેજ આશ્ચર્યકારક છે, પરંતુ તેની અસંભાવના કરવાની નથી; કેમકે વિચાર કરી જોશો તો જણાશે કે ચિદ્રૂપ એવા સૂર્ય આદિના પ્રકાશને પણ પ્રકાશ આપનાર એવો ચિત્પ્રકાશ અંધકારના સમયમાં પોતાની મેળેજ પોતાના સ્વરૂપથી પ્રકાશી નીકળે છે, અને સૂર્યોદય આદિ થયા પછી તેનો પ્રકાશ આદિએ સહિત પણ રહે છે.[૫] જેમ સૂર્ય આદિનો પ્રકાશ ભીંત આદિની અપેક્ષા નહિ રાખનાર એવા પ્રકાશસ્વભાવવાળો છે છતાં કેમ જાણે ભીંતમાં પ્રકાશતો હોય તેમ જણાય છે; પણ વસ્તુતાએ જોતાં ભીંત અને તેનો પ્રકાશ એ બન્ને સૂર્ય આદિના પ્રકાશવડેજ પ્રતીતિમાં આવે છે, તેમાં ભીંત આદિના સંબંધવિના પ્રથમ પણ સૂર્ય આદિનો પ્રકાશ જેમ આકાશમાં જોવામાં આવે છે, તેમ પ્રલયકાલમાં પણ વક્તા અને દ્રષ્ટા એવો આત્મા,દૃશ્યના અસંભવનેલીધે નિર્વિષય અનુભવમાં આવે.[૬] માટે દ્રષ્ટા પણ નથી અને દૃશ્યપણ નથીજ, કિંતુ નિર્વિકાર બ્રહ્મ-તત્ત્વજ છે. જેમ ભીંત પ્રકાશના આલંબનરૂપ થાય તેમ પોતાવડે પોતાની મેળેજ ચિત્પ્રભા (ચિદાકાશનો પ્રકાશ) સૃષ્ટિના આદિકાલમાં જગતને આકારે પ્રતીતિમાં આવે છે.[૭] જેમ સ્વપ્ન આદિમાં એકજ આત્મા પોતાના સ્વ-રૂપવડેજ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટી આદિરૂપ થઇ જાય તેમ એક પરમાત્માજ દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપે થઇ જઇ પોતાના સ્વરૂપ-વડે ભાસે છે.[૮] ચિદાકાશ કે જે સ્વયંપ્રકાશ છે તે સૃષ્ટિના આદિકાલમાં પોતાના વિવર્તને પ્રસારી દઈ, કેમ જાણે સૃષ્ટિરૂપ થઈ રહેલ હોય તેમ ભાસે છે, અને સૃષ્ટિના આદિકાલમાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીરૂપ તે પોતેજ છે.[૯] સૃષ્ટિના આદિકાલમાં એકજ ચિદાકાશ ત્રિપુટી-રૂપ થઇ જઇ સૃષ્ટિના જેવું ભાસે છે, એવીજ તેની વિચિત્ર માયાશક્તિ છે કિંવા સ્વભાવ છે કે જે એવે અનેક પ્રકટરૂપે પ્રકાશે છે.[૧૦] આ વાત સ્વપ્નનગરમાં અને સંકલ્પનગરમાં અનુભવમાં આવે છે. એવી રીતે ચિદાકાશની પ્રભા પ્રથમ ઉદય પામી પોતાના સ્વરૂપમાં ચિદાકાશરૂપે પ્રકાશે છે કે જેની અંદર અનાદિ અને અનંતના જેવું આ જગત વિવર્તરૂપે ભાસે છે. તેનું સૃષ્ટિ-રૂપે ભાસવું તેજ સૃષ્ટિ કહેવાયછે.[૧૧,૧૨] અમારા જેવા જીવન્મુક્ત મહાશય પુરુષોને તો આ જગત સ્વાભાવિક આત્માના એક વિવર્તરૂપ ભાસે છે. જો કે પ્રકાશ કરનાર અને પ્રકાશપાત્ર વસ્તુ એ બન્નેનો અનુભવ અકસ્માત્ પ્રતી-તિમાં આવે છે, તથાપિ તત્ત્વાનુસંધાન થતાં તેનો ક્ષય થઈ જાય છે.[૧૩] જ્યારે તત્ત્વાનુસંધાન થાય છે ત્યારે જણાય છે કે સૃષ્ટિના આદિકાલમાં ભાસ્ય—ભાસક કશું હતુંજ નહિ, કિંતુ ભ્રાંતિ-વડે ઠુંકમાં થતાં પુરુષજ્ઞાનની પેઠે મિથ્યા જ્ઞાનના બળથીજ તેની પ્રતીતિ થાય છે.[૧૪] પોતાના આત્મામાં દ્વિત્વ (દ્વૈત)નું ભાન થવાથી ચિત્તમાં દ્વૈતનો ભ્રમ ખડો થઈ જાય છે; બાકી સૃષ્ટિના આદિકાલમાં ભાસ્ય પણ નથી અને ભાસક પણ નથી.[૧૫] કારણના અભાવનેલીધે દ્વૈત કેવળ ચિદાકાશરૂપજ ભાસે છે. સૃષ્ટિના આદિકાલમાં (પ્રલયસમયે) ચિદાકાશની અંદર શું કારણ રહેલ છે તે તમે કહો?[૧૬] પદાર્થ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દૃષ્ટિના અભાવનેલીધે ચિદાકાશજ આ પ્રમાણે વિવર્તરૂપે પ્રકાશે છે. આ જગતનું ભાન જાગ્રતરૂપ નથી, સુષુપ્તિરૂપ પણ નથી, અને સ્વપ્નરૂપ પણ નથી; કેમકે એ કશું સંભવતું નથી. કેવળ બ્રહ્મજ દૃષ્યને આકારે ભાસે છે. સૃષ્ટિના આદિકાલમાં ચિદાકાશજ આવી રીતે વિવર્તભાવને પ્રાપ્ત થાય છે.[૧૭,૧૮] સૃષ્ટિના આરંભસમયે ચિદાકાશ પોતાનું સ્વરૂપ કે જે નિર્વિકલ્પ છે તેનેજ જગતરૂપે સમજે છે, અને તેનોજ જગત એ એક વિવર્ત છે.[૧૯] શૂન્યતા અને આકાશની પેઠે બ્રહ્મનો અને જગતનો કશો ભેદ નથી.[૨૦] આ મેં બતાવેલ તત્ત્વજ્ઞાનના ઉપાયવડે જ્યાં સુધી આત્મસાક્ષાત્કાર થાય ત્યાં સુધી નિર્વિકલ્પ દશાનો અવલંબ રાખી પાષાણ–મૌનનું ધારણ કરી, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઇ રહેવાનું છે. આ અનાદિ સંસારમાં વારંવાર ભોગવીને પછી છોડી દીધેલ એવો બાહ્ય વિષયોનો સમૂહ અવિવેકી પામર પ્રાણીઓએ ઉપભોગમાટે કહ્યા છતાં પણ ગ્રહણ કરવાનો નથી.[૨૧]

बुद्ध्वा च यावत्स्वनुभूतियुक्तं स्थातव्यमेतेन विकल्पमुक्तम् ॥ पाषाणमौनं कुजनेन तूक्तं न ग्राह्यमज्ञेन हि भुक्तमुक्तम् ॥२१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહાવાદ્યબોધન' એ નામનો એકસો એકાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૧

સર્ગ ૧૯૨ મો.*

રામે ગુરુ પાસે કરેલું પોતાના જ્ઞાનનું વર્ણન

॥ શ્રીરામ ઉવાચ ॥

अहो नु सुचिरं कालं संभ्रान्ता वयमन्तरे ॥ अपरिज्ञातमात्रेण संसारपरमांबरे ॥२९॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ–અહો! આ સંસારરૂપી અનંત આકાશમાં અને તેમાં પણ આ બ્રહ્માંડરૂપી તેના એક દેશમાં ઘણા લાંબા સમય સુધી અમે આત્માનું સ્વરૂપ નહિ ઓળખતાં ભમ્યા.[૧] આત્મતત્ત્વ ઓળખાયા પછી આ જગતની ભ્રાંતિ કાંઇ છેજ નહિ, હતી પણ નહિ, અને થશે પણ નહિ.[૨] આ સર્વ શાંત નિરાલંબ કેવળ વિજ્ઞાનરૂપજ છે, અનંત ચિદેકરસ આકાશરૂપ છે, નિર્વિકલ્પ છે, અને રાગથી પણ રહિત છે.[૩] અહો! આશ્ચર્યની વાત છે કે વાસ્તવસ્વરૂપ ઓળખવામાં આવે તો આ સર્વ પરમાકાશરૂપજ છે, છતાં કેમ જાણે આપણને સંસારરૂપે થઈ રહ્યું હોય તેવું જણાય છે.[૪] એવી રીતે આ દ્વૈતનું ભાન થઇ જાય છે. આ લોકો અને આ પર્વતો એ સર્વ આભાસરૂપજ છે. વસ્તુતાએ જોઇએ તો તે સ્વચ્છ ચિદાકાશરૂપ છે, છતાં કેમ જાણે મલિન દૃશ્યરૂપ હોય, તેવું થઇ રહ્યું છે.[૫] સૃષ્ટિ આદિમાં, પરલોક આદિમાં, સ્વપ્ન આદિમાં અને કલ્પના આદિમાં ચિદાકાશજ દૃશ્યના જેવું થઈ ભાસે છે; કેમકે વળી બીજી દૃશ્યની ભ્રાંતિ કેવી હોય?[૬] સ્વર્ગમાં અથવા નરકમાં હું રહ્યો છું, એવી જે ભ્રાંતિ હોય તો તે ભ્રાંતિને લીધે નરક આદિનો બંધ પ્રાપ્ત થાય છે, કેમ કે દૃશ્ય એ એક ચિદાત્માની કલ્પનારૂપ છે.[૭] આ દૃશ્ય પણ નથી, દ્રષ્ટા પણ નથી, સૃષ્ટિ પણ નથી, જગત પણ નથી, ચિદાભાસ પણ નથી, જાગ્રત પણ નથી, સ્વપ્ન પણ નથી અને તેના પદાર્થો પણ નથી. જે કાંઇ આ અનિર્વચનીય માયારૂપ પ્રતીતિમાં આવે છે તે પણ મિથ્યા છે.[૮] હે મહારાજ! આ ભ્રાંતિનો સંભવ શી રીતે છે, એમ તેના કારણનો વિચાર કરવો તે પણ અયુક્ત છે, કેમકે ભ્રાંતિનો અભાવ અનુભવમાં

* આ એકસો બાણુમા સર્ગમાં પ્રબોધને પ્રાપ્ત થઇ ગએલ શ્રી રામચંદ્રજી આ સર્વ ચિન્માત્ર છે, એવા પોતાના પ્રબોધને ગુરુની પાસે વિસ્તારથી કહેશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આવે છે.[૯] નિર્વિકાર એવા તત્ત્વજ્ઞાનના પદમાં ભ્રાંતિ સંભવતીજ નથી અને જે કાંઇ ભ્રાંતિનું જ્ઞાન થાય છે તેપણ પરબ્રહ્મરૂપ છે. તેનાથી કાંઈ જુદું નથી.[૧૦] એકરસ એવાં અનાદિ અને અનંત એવાં આકાશની અંદર તથા સ્ફટિક શિલાના ગર્ભની અંદર અને અનાદિ તથા અનંત એકરસ નિર્વિકાર પરમપદની અંદર બીજી વસ્તુના અભાવનેલીધે ભેદની કલ્પના કરનાર ક્યાંથી હોય ?[૧૧] ભ્રાંતિનો અનુભવ, સ્વપ્નમાં થતા પોતાના મરણના જેવો મિથ્યા છે. જે અજ્ઞાન કિંવા ભ્રાંતિ છે તે તત્ત્વજ્ઞાન થતાં શમી જાય છે.[૧૨] જેમ ઝાંઝવાનું જળ, ગંધર્વનગર અને બે ચંદ્રમાની ભ્રાંતિ વિચાર કરતાં જોવામાં નથી આવતી, તેમ આ અવિદ્યાનો ભ્રમ પણ તત્ત્વવિચાર કરતાં પછી જોવામાં આવતો નથી.[૧૩] બાળકને દેખાતા વેતાળનીપેઠે જગતની ભ્રાંતિ જાગ્રત્ અવસ્થાપર પ્રત્યક્ષ દેખાય છે તોપણ તે યથાર્થ થી, તે અવિચારવડેજ દૃઢ થઈ રહેલ છે, મને વિચારવડે શમી જાય છે.[૧૪] હે મહારાજ ! આ ભ્રાંતિ ક્યાંથી થઇ ? એવો પ્રશ્ન અહીં ઘટતો નથી, કેમકે સત્ય વસ્તુનોજ વિચાર કરવાથી લાભ થાય છે; પરંતુ મિથ્યા વસ્તુનો વિચાર કરવાથી કાંઇ લાભ નથી.[૧૫] જગતના મૂળરૂપ જે અજ્ઞાન પ્રમાણિક વિચારવડે જોતાં છતાં દેખાતું નથી તે મિથ્યાજ છે, અને તેનો અનુભવ થવો એ એક ભ્રમ છે.[૧૬] જે પરિચ્છિન્ન દૃશ્યવસ્તુ નથીજ એમ (શ્રુતિ આદિ) પ્રમાણોવડે સારી રીતે વિચાર કરતાં જણાયું, તે વસ્તુ આકાશપુષ્પ અને સસલાના શીંગડા જેવી મિથ્યા છે.[૧૭] તે મિથ્યા વિચારો કરવાથી શી રીતે મળે ? વાંઝણીના પુત્રના જેવો મિથ્યા આ દૃશ્યપ્રપંચ સર્વ પ્રકારે વિચાર કરતાં છતાં કોઇ પણ પ્રમાણથી સિદ્ધ થતો નથી. તેની સત્તા વળી કેવી હોય ?[૧૮] માટે કોઇ પણ દેશકાલમાં કશી પણ ભ્રાંતિ સંભવતી નથી. આ સર્વ નિરાવરણ (આવરણથી રહિત) વિજ્ઞાનઘનરૂપજ છે, અને તેજ સર્વત્ર પ્રસરી રહેલ છે.[૧૯] જે કાંઇ આજે આ જગતની અંદર ભાસે છે તે પરબ્રહ્મરૂપજ છે. એ પરબ્રહ્મ નિરતિશય આનંદવડે પરિપૂર્ણ એવા સ્વસ્વરૂપમાંજ પૂર્ણપણે રહેલ છે.[૨૦] અહીં કોઈ કાળે કે કોઇ સ્થળે કશું પણ પ્રતીતિમાં આવતું નથી, તેમ તેની સાવ અપ્રતીતિ છે એમ પણ નથી, કિંતુ અનિર્વચનીય છે. સ્વચ્છ એવું શાંત પરબ્રહ્મ એવી રીતે જગતને આકારે વિવર્તરૂપે થઇ રહેલ છે.[૨૧] જરા મરણ આદિ વિકારથી રહિત, કોઇથી હરી ન શકાય તેવું, અવિકારી, આનંદમય, શુદ્ધ, અદ્વિતીય છતાં અનેક પ્રકારે પ્રતીતિમાં આવતું, વિદ્વાનોએ સેવેલ, સર્વવ્યાપી, પૂર્ણ એવું મારું પોતાનું સ્વરૂપજ અહંકારને છોડી દેતાં બોધનેલીધે સર્વત્ર પ્રસરી રહેલ છે.[૨૨]

अजममरमहार्यमार्यजुष्टं परमविकारि निरामयं समन्तात् ॥ पदमहमुदितं ततं हि शुद्धं निरहमनेकमथाद्वयं विकासि ॥२२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિશ્રાંત્યુપગમવર્ણન' એ નામનો એકસો બાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૨

સર્ગ ૧૯૩ મો.*

રામની વિશ્રાન્તિ

॥ श्रीराम उवाच ॥

अनादिमध्यपर्यंतं न देवा न षयो विदुः ॥ यत्पदं तदिदं भाति क्व जगत् क्व च दृश्यता॥१॥

* આ એકસો ત્રાણુમા સર્ગમાં રામચંદ્રજી પ્રબોધનેલીધે ક્ષણવારમાં અજ્ઞાનરૂપી નિદ્રાનો ક્ષય થઇ જવાથી સર્વ દ્વૈતપ્રપંચથી રહિત નિત્ય આત્મામાં પોતાની સ્થિતિ જણાવિયે વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આદિ મધ્ય અને અંતથી રહિત એવા જે પરમપદને દેવતાઓ અને ઋષિઓ પણ જાણતા નથી, તેજ તત્ત્વ આ દૃશ્યને આકારે ભાસે છે; બાકી જગત પણ ક્યાં છે અને દૃશ્યતા પણ ક્યાં છે?[૧] દ્વૈત—અદ્વૈતના અનુસંધાનમાં મનની અંદર ઉત્પન્ન થતા એવા ભેદનેલીધે થયા કરતા એવા વાક્યોના વ્યવહારોનું, સંદેહોનું અને ભ્રમોનું અમારે કશું પ્રયોજન નથી; અમને તો આ સર્વ શાંત સર્વના આદિરૂપ નિર્વિકાર પરબ્રહ્મરૂપેજ ભાસે છે.[૨] જેમ આકાશની અંદર મસલાં—મોવાળા આદિના જેવા આકારોની અને ગંધર્વનગર આદિની પ્રશાંત (આભાસરૂપ) સ્થિતિ હોય, તેમ ચિદાકાશની અંદર આ વિશાળ ત્રૈલોક્યનું ભાન થાય છે, કે જે વસ્તુતાએ જોતાં ચિદાકાશરૂપ છે.[૩] જેમ આકાશની અંદર આકાશપણું રહેલ હોય, પાષાણમાં પાષાણપણું રહ્યું હોય અને જલની અંદર જલભાવ રહ્યો હોય, તેમ ચિદેકરસ બ્રહ્મની અંદર જગતનો ભાવ રહ્યો છે.[૪] અહંકાર આદિએસહિત આ જગતરૂપી દૃશ્ય દિશાઓમાં અને આકાશમાં અસંખ્યપણે વિસ્તારવાળું છે, છતાં પણ મહાચૈતન્યની અંદર શૂન્યતારૂપેજ રહેલ છે, અને તે શાંત ચિદાકાશરૂપજ છે; એમ તમે સમજો.[૫] વિમૂઢ થઈ રહેલા જીવને અપરિમિત (અનંત) ઉદયવાળા નિરબ્રહ્મનો અપરોક્ષ અનુભવ થયાબાદ આ સંસારરૂપી પિશાચ સ્ફુરતાં છતાં પણ શમી જાય છે.[૬] જેમ તરંગનો ભેદ જલની અંદર વિલીન થઇ જાય તેમ જડ જેવો દેખાતાં છતાં જડભાવથી રહિત એવો તત્ત્વજ્ઞ પુરુષ વ્યવહારવાળો હોય તોપણ નિઃશેષપણે તેના ભેદનો ભ્રમ ગળી જાય છે. [illegible] ભેદદૃષ્ટિ ગલિત થઇ જાય છે.[૭] આધ્યાત્મિક આદિ ત્રણ પ્રકારના તાપની ખાણરૂપ એવો અજ્ઞાનરૂપી સૂર્ય જ્યારે ક્યાંય જતો રહે (અદૃશ્ય થઇ જાય) છે ત્યારે સંસારસત્તારૂપી દિવસ અસ્તને પ્રાપ્ત થઈ જાય છે, અને તેજ એક મોક્ષસુખની વિશ્રાંતિના હેતુરૂપ રાત્રિનો ઉદય સમજવો.[૮] ભાવ-અભાવમાં, કાર્યોમાં, જરા—મરણમાં અને જન્મમાં જ્યાંસુધી પ્રારબ્ધનો વેગ રહે ત્યાંસુધી તત્ત્વજ્ઞ જીવન્મુક્ત પુરુષ વ્યવહારના વિક્ષેપમાં રહ્યા છતાં (લિપ્ત ન થવાથી) તેની અંદર તે રહેલ હોતો નથી.[૯] અહીં અવિદ્યા પણ નથી, ભ્રાંતિ પણ નથી, સુખનો ઉદય પણ નથી અને દુઃખ પણ નથી. વિદ્યા—અવિદ્યા, સુખ—દુઃખ એ સર્વ નિર્મળ પરબ્રહ્મરૂપજ છે.[૧૦] આ સર્વ દૃશ્યનું સ્વરૂપ ઓળખવામાં આવે તો તે નિર્મળ બ્રહ્મરૂપજ છે. અમે કે જે તત્ત્વવેત્તા છીએ તેની દૃષ્ટિમાં અજ્ઞાત એવી બ્રહ્મ વ્યતિરિક્ત કાંઈ વસ્તુજ નથી.[૧૧] હું હવે પ્રબુદ્ધ થઈ ગયો છું, મારી સર્વ પ્રકારની અજ્ઞાન દૃષ્ટિઓ શાંત થઇ ગઈ છે; જેથી હું આ ત્રણે લોકને શાંત અને સર્વત્ર સમાનતાથી રહેલ એવા ચિદાકાશરૂપજ દેખું છું.[૧૨] સારી રીતે ઓળખવામાં આવે તો આ સર્વ બ્રહ્મરૂપજ કેવળ છે. જોકે પ્રથમ મેં મારું સ્વરૂપ ઓળખ્યું ન હતું તોપણ બ્રહ્મરૂપજ હતો, અને હવે તો આત્મસ્વરૂપ ઓળખાયાથી હું તેમાંજ સ્થિર થઇ રહ્યો છું.[૧૩] જેમ એકજ આકાશ શૂન્યતાના, શ્યામતાના અને એકતાના અધિષ્ઠાનરૂપ છે, તેમ એક નિર્વિકાર અને આભાસથી પણ રહિત એવું બ્રહ્મજ જ્ઞાન અજ્ઞાન સર્વ વસ્તુરૂપ છે.[૧૪] હું પ્રબોધનેલીધે નિર્વાણરૂપજ થઇ રહ્યો છું. નિઃશંક થઈ રહ્યો છું. નિષ્કામ થઇ રહ્યો છું. [illegible] આત્મસુખ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

નેજ એક ધારાપ્રવાહરૂપે ધારણ કરી રહ્યો છું. નિરંતર યથાસ્થિત અનંત આત્મસ્વરૂપમાંજ હું સ્થિર થઇ રહ્યો છું. એવી રીતે પ્રબોધને પ્રાપ્ત થઈ ગએલો એવો હું સર્વના આત્મરૂપ બ્રહ્મની અંદર કેમ સ્થિતિ ન રાખું ? રાખુંજ.[૧૫] હુંજ એક સર્વદા અનંત એવી સર્વ વસ્તુરૂપ છું, અથવા કશારૂપ નથી, કિંતુ અત્યંત શાંત છું. આ સર્વ કાંઇ છેજ નહિ, સદ્રૂપ એક હુંજ છું, અથવા તો દેશ-કાલ આદિ આધારની અપ્રસિદ્ધિનેલીધે હું ક્યાંય પણ નથી. અહો ! આ કેવી આશ્ચર્યકારક શાંતિ છે?[૧૬] જે કાંઇ જાણવાયોગ્ય હતું તે મેં જાણ્યું. બીજા અવિવેકીઓને દુષ્પ્રાપ એવું મોક્ષસુખ પણ મેં મેળવ્યું. આ સર્વ વસ્તુઓનો સમૂહ મારી દૃષ્ટિમાં બીલકુલ નથીજ. ચરમ (છેવટના) સાક્ષાત્કારવડે પ્રબોધને ઉત્પન્ન કરનાર એવું આત્મસ્વરૂપ મને ઓળખાયું છે, કે જેની અંદર જન્મ મરણ આદિ દુઃખોનું નામ પણ નથી.[૧૭]

अधिगतमधिगम्यं प्राप्तमप्राप्तमन्यै ।
र्गतमिदमलमस्तं वस्तु जातं समस्तम् ॥
उदितमुदितबोधं तादृशं यत्र भूयो ।
स्तमयसमुदयानां नाम नामापि नास्ति ॥१७॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિશ્રાંતિકથન' એ નામનો એકસો ત્રાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૩

સર્ગ ૧૯૪ મો.*

રામનું પોતાના જ્ઞાનાનુસાર ગુરુની પાસે કથન

॥ શ્રીરામ ઉવાચ ॥

सर्वात्मसर्वभावेषु येन येन यदा यदा ॥
यथा भाति स्वयं बोध स्तथानुभवति स्वयम् ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સર્વે જીવોના સર્વે ભાવોને વિષે જ્યારે જ્યારે જે જે ભોગના નિમિત્તવડે સ્વયંપ્રકાશ ચિદાત્મા જેવા જેવા વિવર્તને ધારણ કરી લે છે તેવા તેવા વિવર્તને પોતે નાનાપ્રકારના ભોક્તારૂપ જીવોને આકારે અનુભવે છે.[૧] જેમ સૂક્ષ્મ એવાં નાના પ્રકારનાં રત્નોનાં કિરણો એકજ ઘરમાં ભેગાં મળ્યા છતાં જુદાંજ રહે છે, તેમ એકજ નિરવયવ બ્રહ્મની અંદર અનંત એવી સૃષ્ટિઓ ભેગી મળ્યા છતાં જુદીજ રહે છે; કેમકે તે નિરવયવ બ્રહ્મની અંદર તાદાત્મ્યના અધ્યાસથીજ રહેલી છે.[૨] જેમ એકજ ઘરની અંદર નાનાપ્રકારનાં રત્નોનો ઘાટો એવો કિરણોનો સમૂહ એક બીજાને સંકડાશ ન થાય તેમ પ્રવેશ કરે છે, અને ગતિ કરે છે, તેમ એક જ પરમાત્માની અંદર પ્રત્યક્ષ અને પરોક્ષ એવા જગતરૂપી તેનાં કિરણોનો સમૂહ એકબીજાને પરસ્પર સંકડાશ ન થાય તેમ પ્રવેશ કરે છે, અને ગતિ કરે છે.[૩] જેમ પ્રકાશતા એવા અનેક દીવાઓનો અનુભવ કેટલાક (દેખતા) માણસોને થાય છે અને કેટલાકને (આંધળાઓને) નથી પણ થતો, તેમ આ આત્મપ્રકાશવડે પ્રકાશિત એવી અનેક સૃષ્ટિઓનો અનુભવ કેટલાકને (સમાન કર્મવાસના આદિને યોગે) પરસ્પર થાય છે, અને કેટલાકને નથી પણ થતો.[૪] જેમ તરંગોના ક્રીડા કરવાનું સ્થાનરૂપ એવા સમુદ્રની અંદર જળના પ્રત્યેક અવયવની અંદર લવણ આદિ રસ રહેલ હોય, તેમ આ જગતની અંદર પ્રત્યેક પરમાણુની અંદર, બધો દૃશ્ય પ્રપંચ રહ્યો છે, અને વસ્તુતાએ જોતાં સૃષ્ટિઓ પણ નથી અને તેને ક્રમ પણ નથી.[૫] જેમ પ્રત્યેક જળના પરમાણુમાં જળપરમાણુનો રસ રહ્યો હોય તેમ ચિદેકરસ પરમાત્માની અંદર સૃષ્ટિના આધારને

* આ એકસો ચોરાણુમા સર્ગમાં આત્મતત્ત્વવિષે, જગતતત્ત્વવિષે અને નિર્વાણસાધન વિષે, રામચંદ્રજી પોતાના બોધ અનુસારી ગુરુને નિવેદન કરે છે.

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

પરંપરાઓ સર્વથા સર્વત્ર નિરંતર રહેલ છે, કે જેની સંખ્યા ગણવાને કોણ સમર્થ થઇ શકે? કોઇ નહિ.[૬] જેમ કોઇ સ્થલે કે કોઈ કાલે એક શબ્દભેદવિના અવયવિથી અવયવિપણું ભિન્ન હોતું નથી, તેમ પરબ્રહ્મની અંદર કલ્પાએલ સૃષ્ટિ, શબ્દભેદવિના તેનાથી જુદી નથી.[૭] એકજ આત્મા માયાવડે અનંતરૂપ થઇ જવાથી તેજ પોતે જગતનું અધિષ્ઠાન છે. કારણના અભાવનેલીધે તે ઉદયઅસ્તને પ્રાપ્ત થતો નથી.[૮] જેમ સૂર્યની પ્રભા ઘટ-પટ આદિના પ્રકાશને (ઉજાશને) ઉત્પન્ન કરે તેમ સ્ફૂર્તિરૂપે પ્રકાશતી એવી ચૈતન્યશક્તિ જ્ઞેયવસ્તુના અખંડજ્ઞાનને ઉત્પન્ન કરે છે, તે કરતાં છતાં પણ અકર્તૃરૂપ (અકર્ત્તા) છે.[૯] સર્વ વસ્તુઓની તૃષ્ણાનો ક્ષય થઇ જવાથી તત્ત્વજ્ઞાનને લીધે તે (દૃશ્ય) બાધિત થઇ જતાં તેની સમાપ્તિ આવી જવાથી આત્મા પોતાની મેળેજ દેહ આદિ ક્ષણિક વસ્તુના તાદાત્મ્યના અધ્યાસથી રહિત થઇ જાય છે. એવી નિર્વિક્ષેપ સ્થિતિનેજ સમાધિરૂપ અને નિર્વાણરૂપ કહેવામાં આવે છે.[૧૦] જડ એવી બુદ્ધિની વૃત્તિવડે (જડમાં બોધશક્તિનો અસંભવ હોવાથી) બોધરૂપ આત્માનો બોધ (સાક્ષાત્કાર) થતો નથી, તેમજ આત્મા કે જે પોતેજ બોધરૂપ છે તે બુદ્ધિવડેજ બોધને પ્રાપ્ત થાય એ વાત અસંભવિત હોવાથી બંધ બેસતી થતી નથી. વળી બોધરૂપ આત્મા પોતેજ કેમ બોધ્ય (પોતાના કર્મરૂપ) બને, એટલે તે પક્ષ પણ અઘટિત જેવો છે.[૧૧] મધ્યાહ્નસમયે બધી ઝાકળ ખસી જતાં જેમ સૂર્યનો તડકો બરાબર પ્રકાશે, તેમ પ્રબુદ્ધ એવો આત્મા કે જે પોતેજ બોધરૂપ છે તે અજ્ઞાનને યોગે સુષુપ્તિના જેવી અવસ્થામાં રહ્યો હોય છે, અને અજ્ઞાનરૂપી ઝાકળ ખસી જતાં દેશ-કાલ આદિનો વસ્તુતાએ અભાવ છતાં પણ પોતે પોતાની મેળેજ પ્રકાશી નીકળે છે.[૧૨] સર્વ ઐહિક-આમુષ્કિ કર્મફલની તૃષ્ણાથી રહિત થઈ ગએલ અને પ્રબોધને લીધે શાંત ઇચ્છાવાળા (નિષ્કામ) સત્પુરુષો ઇચ્છા ન કરે તોપણ તેઓને નિર્વાણની પ્રાપ્તિ થાયછે.[૧૩] મોહરૂપી નિદ્રામાંથી જાગ્રત્ થયેલા આત્મામાંજ આરૂઢ થઈ રહેલ ધ્યાનાવસ્થિત અને પોતાના શુદ્ધ સ્વભાવમાંજ (સ્વરૂપમાંજ) કેવળ સ્થિર થઇ રહેલો તત્ત્વજ્ઞપુરુષ કશું ગ્રહણ પણ કરતો નથી અને કશાનો ત્યાગ પણ કરતો નથી.[૧૪] જીવન્મુક્ત પુરુષ મનના મનનવડે યુક્ત હોય તોપણ કર્મયોગમાં આસક્તિ ન હોવાથી મનના મનનથી અને માનથી રહિત જેવો થઇ રહી, સર્વ યથાસ્થિતપણે સાક્ષિરૂપે જોયા કરે છે. તે દીવાનીપેઠે પ્રકાશ આપતો છતાં નિષ્ક્રિય છે.[૧૫] જીવન્મુક્ત પુરુષને સર્વત્ર સત્ય ચિન્માત્રતત્ત્વજ સૃષ્ટિ–પ્રલય આદિરૂપ ભાસે છે. વ્યુત્થાનદશામાં ચિન્માત્રતત્ત્વજ તેને વિશ્વરૂપ જણાય છે, અને સમાહિત દશામાં તેને તે બ્રહ્મરૂપ પ્રતીતિમાં આવે છે.[૧૬] જે પુરુષ વ્યુત્થિત દશામાં રહ્યો હોય કે સમાધિમાં રહ્યો હોય, પરંતુ ભેદભાવનાથી રહિત બોધરૂપ સત્ય એવા સ્વરૂપાનુભવમાંજ સ્થિર થઈ રહી, સર્વ દૃશ્યને ઉદાસીનપણાથી જુએ છે, તેજ શાંતિને મેળવે છે.[૧૭] જેમ આકાશની શૂન્યતાવિના બીજી કાંઇ (જુદી) સત્તા નથી તેમ જગતના અનેક પદાર્થોના સમૂહની એક તેના વાસ્તવિક ચિન્માત્ર ભાવ વિના બીજી કશી વાસ્તવ સત્તા નથી.[૧૮] વિશાળ બોધવાળા તત્ત્વજ્ઞપુરુષોને કેવળ અનંત બોધરૂપતાજ અવશેષ રહેલ અનુભવાય છે, અને તે પણ પોતાના સ્વરૂપમાં પરમ પરિણામને પ્રાપ્ત થઇ જતાં અવર્ણ્યપણાને પ્રાપ્ત થાય છે.[૧૯] અત્યંત શાંત જીવન્મુક્તની બ્રહ્મભાવમાં

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વિશ્રાંતિ થયા બાદ જે કાંઇ પરમસત્તા અવશેષ રહે છે કિંવા નથી રહેતી તે વાણીવડે વર્ણવી શકાય તેવી નથી.[૨૦] જે સત્તા–સામાન્યની પરાકાષ્ઠા છે તે શુદ્ધ (નિરુપાધિક) ઈશ્વર ચૈતન્યથી કાંઇ ભિન્ન નથી, તેમજ બોધની પરાકાષ્ઠા શુદ્ધ (નિરુપાધિક) જીવચૈતન્યથી કાંઇ ભિન્ન નથી, તેમ આ સૃષ્ટિ પણ સત્તારૂપ અને બોધરૂપજ છે; તેથી છેવટ ફલિત થાય છે કે સર્વ શાંત અવિનાશી પરબ્રહ્મરૂપજ છે.[૨૧] સ્વચ્છ, શીતળ, જ્ઞાનરૂપ, તૃષ્ણાથી રહિત, નિર્વાણપદનો અનુભવ કરવામાટે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ પણ એ સત્તાસામાન્યને ઇચ્છે છે.[૨૨] શુદ્ધ એવું ચૈતન્યજ સર્વત્ર સર્વથા સર્વ કાળમાં સર્વ પદાર્થોને આકારે રહેલજ છે, અને તે નિત્ય છે. તેનો નાશ સંભવતો નથી.[૨૩] આ સંસાર અત્યંત તાપવડે ભરેલ છે, અને નિર્વાણપદ અતિ શીતળ છે. વસ્તુતાએ જોતાં અતિશીતળ નિર્વાણપદ છે.[૨૪] બાકી તાપમય સંસારથીજ બહાર નહિ કોતરેલી છતાં શિલાની અંદર રહેલ પૂતળીઓ જેમ કારીગરની બુદ્ધિમાં સ્ફુરે તેમ આ અખંડિત બ્રહ્મ પોતાના સ્વરૂપની અંદર જગતને વેષે સ્ફુરે છે.[૨૫] જેમ જલાશયની અંદર રહેલો તરંગોનો સમૂહ તેમાં સ્ફૂર્યા કરે છે, તેમ અવિનાશી ચિદ્રૂપ તત્ત્વજ અન્નમય આદિ કોશમાં તથા બ્રહ્માંડમંડળની અંદર પોતેજ અનેક દૃશ્ય આદિને આકારે થઈ જઇ સ્ફુરિત થાય છે.[૨૬] આત્મભાવ અજ્ઞાનરૂપ આવરણવડે ઢંકાએલ હોવાથી જડ જેવા બની ગએલા, ચિદાકાશના કેમ જાણે કૃત્રિમ વેષ હોય તેવા જણાતા, વિભક્ત નહિ છતાં વિભક્ત જેવા થઈ રહેલા, એવા જે જે જીવોએ આત્મા કે જે નિર્વિભાગ છે તેની જેવી જેવી ભાવના જોગ મોક્ષ આદિના સંબંધમાં ઘણા લાંબા કાળસુધી દૃઢ અભિનિવેશથી કલ્પી લીધી, તે તે જીવોને તેવે તેવે પ્રકારે તેનો અનુભવ થવા લાગ્યો.[૨૭,૨૮] જેમ સ્વપ્નમાંથી જાગી ગએલા પુરુષને પોતાના બંધુનું સ્વપ્નમાં મૃત્યુ કે જીવન પ્રતીતિમાં આવે, તોપણ જાગ્યા પછી તેમાં તેને સત્યતાની પ્રતીતિ થતી નથી, તેજપ્રમાણે તત્ત્વજ્ઞ પુરુષને દૃશ્યમાં સત્યપણાની ભ્રાંતિ થતી નથી.[૨૯] જે કાંઇ આ દૃશ્ય આદિ છે તે સર્વ શાંત પરમાનંદમય એવા પરબ્રહ્મરૂપ છે, એમ અંદર સમજવામાં આવે કે ભાવના કરવામાં આવે તો પછી ભ્રમની ઉત્પત્તિજ ક્યાંથી થાય ?[૩૦] દેહના સંબંધથી અનુભવાતા એવા ભોગોમાં તથા તેના ઉપાયોમાં સારી રીતે બોધનો ઉદય થતાં સ્વપ્નની પેઠેજ સર્વથા વૈરાગ્ય થઇ જાય છે.[૩૧] વૈરાગ્યથી બોધની વૃદ્ધિ થાય છે, અને બોધથી વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. એ બન્ને ભીંત અને તેનાપરના પ્રકાશનીપેઠે પરસ્પર એકબીજાવડે પ્રકટભાવને પ્રાપ્ત થાય છે.[૩૨] જે બોધવડે વૈરાગ્ય થાય તેજ ખરો બોધ છે, બાકી જેવડે ધન સ્ત્રી પુત્ર આદિનો વધારો થતો રહે તે તો (અભિનિવેશની વૃદ્ધિ થવાનેલીધે) એક જડતાજ વધી છે એમ સમજવું.[૩૩] જે તૃષ્ણાથી રહિત થઇ જવું તેજ બોધનું ખરું બોધપણું છે, બાકી જેમાં વિતૃષ્ણપણું (વૈરાગ્ય) નથી, તે પાંડિત્ય તો એક મૂર્ખતાજ છે.[૩૪] પરસ્પર વૃદ્ધિ પામેલાં એવાં પણ બોધ અને વૈરાગ્ય વસ્તુતાએ અસત્યજ છે, અને તેનેલીધે ચિત્રમાં આલેખેલ અગ્નિની પેઠે પોતાનું કાર્ય નહિ કરી શકવાથી તે નહિ જેવાંજ છે, એમ માનવાનું નથી કેમકે બોધની અને વૈરાગ્યની નિરતિશય સંપત્તિ એજ મોક્ષ કહેવાય છે; અને તેવા અનંત શાંતપદમાં સ્થિતિ નહિ પામનાર પુરુષને પછી શોક કરવો પડતો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

નથી.[૩૫-૩૬] જે કાંઇ જાણવાનું હતું તે સર્વ જાણી લીધું, જે છોડવાનું હતું તે છોડયું, જે કરવાનું હતું, તે કરી ચૂકયા અને જે જોવાનું હતું, તે સર્વ જોઇ લીધું. જે કાંઇ છે તે સર્વ શાંત એક આદિરૂપ અને નિર્વિકાર એવા પરબ્રહ્મરૂપજ છે.[૩૭] આત્મારામ, (પોતાના આત્મામાંજ રમી રહેલ) શાંત, તૃષ્ણાથી રહિત, નિરહંકાર, એવા જીવન્મુક્ત પુરુષની સ્થિતિ આકાશના જેવી નિર્મલ અને નિઃસંકલ્પ હોય છે.[૩૮] જેમ કોઇ પૂરાએલો સિંહ ઉભો થઇ પોતાના પુરુષાર્થથી પાંજરાંને ભેદી નાખે, તેમ હજારોમાંથી કોઇ પરાક્રમી વિરલ નરજ જાગ્રત થઈ જઈ વાસનાઓના સમૂહરૂપી જાળને ભેદી નાખે છે.[૩૯] આત્મપ્રકાશને પ્રાપ્ત થઇ ગએલ, શુદ્ધ અને અંદર પ્રકાશવાળો, એવો તત્ત્વવેત્તા પુરુષ જેમ શરદ્ ઋતુમાં વાદળાં પોતાની મેળેજ શમી જાય, તેમ પોતાની મેળેજ શાંતિને પ્રાપ્ત થઇ જાય છે.[૪૦] જાણવાનું જેણે જાણી લીધેલ છે એવો, સંકલ્પથી રહિત થઈ ગએલ, સંકલ્પને ઉલ્લંઘન કરી રહેલાં હૃદયવાળો, અને વાસનાથી પણ રહિત એવો જીવન્મુક્ત પુરુષ પવનનીપેઠે નિઃસંગપણે વ્યવહાર કર્યા કરે છે; અથવા તો વ્યવહાર ન કરતાં સમાધિમાંજ વિશ્રાંત થઇ રહે છે.[૪૧] વસ્તુમાત્રમાં રહેલ એવા, શુદ્ધ-તત્ત્વનું મનન કરવાથી સ્થિર થઇ રહેલા એવા, આ સર્વ દૃશ્યના ભ્રાંતિ માત્રપણાના એક નિશ્ચયથી સર્વત્ર આકાશની પેઠે નિર્લેપ અને વાસનાથી રહિત સ્થિતિ રાખી રહેવું એજ મોક્ષદશાની સ્થિતિ છે.[૪૨] શુદ્ધ અંતઃકરણવાળા પુરુષની અંદર વાસના ક્ષયનો ઉદય થતાં અને આ સર્વ બ્રહ્મરૂપ છે, એમ સમજવામાં આવતાં, એક નિર્વાણમાંજ સ્થિર બુદ્ધિ થઇ ગયાથી, અનંત એવી મોક્ષ નામથી ઓળખાતી ઉત્તમ શાંતિ પોતાની મેળેજ ઉદય પામે છે.[૪૩]

निर्वासने भावउदारसत्वे ब्रह्माखिलं दृश्यमिति प्रबुद्ध ॥ स्थिरैकानिर्वाणमतावनन्तो मोक्षाभिधानः प्रशमोभ्युदेति ॥४३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'રામવિશ્રાંત્યુપગમ' એ નામનો એકસો ચોરાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૪

સર્ગ ૧૯૫ મો.*

જીવન્મુક્ત દશામાં સ્થિર થવા વિષે

॥ શ્રીવાસિષ્ઠ ઉવાચ ॥

अहोनु संप्रबुद्धोसि राघवाघविनाशिनी ॥ वागियं तव संपन्ना प्रबुद्धेष्ववहासिनी ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—અહો ! રામચંદ્રજી ! હવે તમે પ્રબુદ્ધ છો, અને આ તમારી વાણી અવિવેકી પુરુષોનાં પાપોને દૂર કરનારી છે; તથા પ્રબુદ્ધ પુરુષોને હર્ષ ઉત્પન્ન કરી કાંઇક આનંદપૂર્વક હાસ્ય ઉત્પન્ન કરનાર છે.[૧] આ જગત અસત્યજ છે, છતાં ભાસ્યા કરે છે, અને સંકલ્પનો ક્ષય થતાં તે શાંત થઈ જાય છે, એજ શાંતિ છે, નિર્વાણપણ તેજ છે, અને ખરો પરમાર્થ પણ તેજ છે.[૨] કલ્પના અને અકલ્પના (નિર્વિકલ્પભાવ) એ બન્ને પરબ્રહ્મનાંજ રૂપ છે, બીજાનાં નથી. જેમ પવનમાં ચપળતા અને સ્થિરતા બન્ને રહ્યાં હોય તેમ તે બન્ને બ્રહ્મની અંદર રહેલ છે તો તેમાં દ્વિત્વ-એકત્વ વળી કયાંથી હોય ?[૩] શાંતિમાં (સમાધિમાં) અથવા વ્યવહારમાં પ્રબુદ્ધ પુરુષની શિલાના ગર્ભનીપેઠે જે નિર્વિક્ષેપ સ્થિતિ રહેવી તેજ નિર્મળ એવી મુક્તતા

* આ એકસો પંચાણુમા સર્ગમાં રામચંદ્રજી કે જે પોતે પ્રબોધને પ્રાપ્ત થઇ ગએલ છે તેનાં ઉત્તમ વચનો સાંભળી, તેની પ્રશંસા કરી, પાછી પરિક્ષા કરવામાટે ગુરુ વસિષ્ઠજી કેટલાક પ્રશ્નો પૂછશે અને રામચંદ્રજી તેનું સમાધાન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કહેવાય છે.[૪] હે રામચંદ્રજી ! અમે સમાધિમાં અને વ્યવહારમાં, એજ નિષ્પાપ પદમાં રહી આજ પ્રમાણે સમાનતાથી રહ્યા કરીએ છીએ.[૫] વ્યવહારમાં રહ્યા છતાં પણ શાંત અને પ્રબુદ્ધ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ જીવન્મુકતો પણ નિરંતર એજ પદમાં રહ્યા કરે છે.[૬] અમે કે જે શિલાના ગર્ભની પેઠે નિર્વિક્ષેપ સ્થિતિમાં રહેનાર અને પ્રબુદ્ધ છીએ તેની એ નિર્વિકાર સ્થિતિનો અવલંબ રાખી આજથી તમે પણ એ જીવન્મુક્તિમાં સ્થિર થઇ રહો.[૭]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આ જગત એવી રીતે મિથ્યા છે; તે બ્રહ્મની અંદર ઉત્પન્ન થએલજ નથી. જુદી તેની સત્તા નથી. તે આરંભથી રહિત અને નિરાકાર છે, છતાં (અનિર્વચનીય માયાવડે) ભાસ્યા કરે છે.[૮] તે ઝાંઝવાના જલની પેઠે કેવળ મિથ્યા ભ્રમરૂપ છે. તરંગ અને ચકરીઓરૂપે ચમક્યા કરતા જેવું છે. સુવર્ણમાં ભિન્નરૂપે ભાસતાં એવાં કંકણ આદિ આભૂષણોની પેઠે બ્રહ્મમાં અજ્ઞાનથીજ તે ભિન્નરૂપે ભાસે છે, અને સ્વપ્નમાં તથા સંકલ્પ સૃષ્ટિમાં ખડા થઇ ગએલા પર્વતની પેઠે તે મનોમય તથા આભાસરૂપ છે.[૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો તમે બરાબર પ્રબોધને પ્રાપ્ત થઈ ગયા હો તો હું કે જે તમને પ્રશ્નછક થઇ પૂછું છું તેના સંશયની નિવૃત્તિ પોતાના બોધની વૃદ્ધિને માટે કરો.[૧૦] એવી રીતે આ જગતરૂપી આભાસ નિત્ય અનુભવમાં આવતાં છતાં, અતિસ્પષ્ટપણે દેખાતાં છતાં અને પ્રત્યક્ષ હોવાથી માથે ચડાવી લેવો પડે એવો છતાં પણ તે કેમ નથી ?[૧૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આ કાંઈ પણ કોઇ પણ દેશ—કાલમાં થએલજ નથી; અને તેનેલીધે વંધ્યાના પુત્ર જેવા આ મિથ્યા પ્રપંચની સત્તા ભ્રમ વિના બીજે પ્રકારે નથી.[૧૨] આ જગતરૂપી ભ્રાંતિનું શું જ કારણ છે, કે જેથી તે ઉત્પન્ન થાય ? ક્યાંય પણ કારણવિના કાર્ય સંભવતું નથી.[૧૩] નિર્વિકાર અજર અમર તત્ત્વ ક્યાંય પણ, કોઇ પ્રકારે, કશાનું કારણ સંભવતું નથી; અને પૂર્વાવસ્થાનો ક્ષય થયા સિવાય બીજું કાંઈ વિકારવાળું અહીં પ્રસિદ્ધરૂપે જણાતું નથી.[૧૪] નામ-રૂપથી રહિત બ્રહ્મજ માયાના યોગથી વિવર્તરૂપે જગતના કારણરૂપ છે એમ માનવામાં આવે તો પછી જગતનાં નામ—રૂપોની પ્રતીતિ ક્યાં યથાર્થરૂપે રહી ? અને શી રીતે તથા કોને તે સત્યરૂપ ભાસે ?[૧૫] તેથી અવર્ણ્ય એવા શાંત પરમપદની અંદર હિરણ્યગર્ભ એવા નામનું પ્રથમ ચૈતન્ય કેટલાક ઘણા લાંબા (બે પરાર્ધ) કાળસુધી વિવર્તરૂપે આતિવાહિક દેહને ધારણ કરે છે; અને તેજ જગતની ભ્રાંતિનો છેવટ વિષય હોય એમ ઠરે છે.[૧૬] જેમ આપ સ્વપ્નની અંદર, એક ક્ષણને સંવત્સરરૂપ અનુભવો, તેમ પ્રથમ ચૈતન્ય (હિરણ્યગર્ભ) એક ક્ષણની અંદર સંવત્સર આદિ કાલના ભ્રમને અનુભવે છે, અને તેની અંદર પછી કાકતાલીયનીપેઠે ચંદ્ર, સૂર્ય આદિને પણ દેખે છે.[૧૭] એક સંકલ્પમાત્ર સ્વરૂપવાળાં ઇત્યાદિ ચૈતન્ય (હિરણ્યગર્ભ) ને આ જગત પોતાની મેળે દેશ-કાલ-ક્રિયા આદિએ સહિત, ચિદાકાશની અંદર અત્યંત સ્ફૂટરૂપે ભાસ્યા કરે છે.[૧૮] પછી તે મિથ્યારૂપે ખડાં થઇ ગયેલ જગતની અંદર તે મિથ્યા પુરુષ, મિથ્યારૂપેજ તેની ક્રિયાઓને આચરતાં પરિવર્તન પામ્યા કરે છે.[૧૯] તે પોતેજ વ્યષ્ટિજીવરૂપ બની જઈ નીચેના લોકમાંથી ઉપરના લોકમાં જાય છે, અને ઉપરના લોકમાંથી નીચેના લોકમાં આવે છે.[૨૦] જો તેના સંકલ્પની કાકતાલીયનીપેઠે પ્રથમ પ્રમાણે આજપર્યંત એકજ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સ્થિતિ રહી હોત તો કલ્પિત એવાં અનંત સાધનોવાળા પદાર્થોના અનર્થોનો સંભ્રમ તેજ પ્રમાણે સ્થિતિને ધારણ કરી રહ્યો હોત.[૨૧] શિલા, કામિનીરૂપ થઇ જઇ વંધ્યાના પુત્રરૂપી પતિના કપાળમાં આકાશના ચૂર્ણવડે તિલક કરી, અત્યંત શોભાને ઉત્પન્ન કરે છે, ઇત્યાદિ વાતની-પેઠે આ મિથ્યા એવું જગત કેવળ વિકલ્પમાત્રજ ખડું થઇ ગએલછે.[૨૨] અથવા અધિષ્ઠાન દૃષ્ટિથી જોઇએ તો આ સત્યજ છે, કેમકે મિથ્યાપણું વળી તેમાં ક્યાંથી હોય ? અથવા તો તેનું મિથ્યાપણું પણ નથી અને સત્યપણું પણ નથી, કિંતુ જન્મ આદિ વિકારથી રહિત પરમ તત્ત્વજ અનિર્વચનીયપણે સર્વરૂપ થઇ રહેલ છે.[૨૩] આ જગત આકાશના ગર્ભજેવું સ્વચ્છ છે, શિલાના ગર્ભ જેવું એકરસ છે, પાષાણ-મૌનના જેવું તે શાંત નિર્વિકલ્પ છે, અને બ્રહ્મરૂપ હોવાથી અવિનાશી છે.[૨૪] વિરાટરૂપ આતિવાહિક દેહ કે જે ચિન્માત્ર છતાં ચિદાત્માના સર્વાત્મ્યભાવવિષેના માયિક સંકલ્પથી સર્વને આકારે થઈ રહેલાં છે તેની અંદર ભાવનાના બળથી ચિદાકાશના વિવર્તરૂપે જે કાંઈ સ્ફૂર્તિ ઉઠવી તેજ જગતરૂપે ભાસે છે.[૨૫] એવી રીતે શાંત, અત્યંત સમાનપણે સર્વત્ર વિસ્તરી રહેલ, અનાદિ અને અનંત એવું એક ચિદાકાશજ છે; અહીં જગતની વાતજ ક્યાં છે ?[૨૬] જેમ જળની અંદર તરંગોના ઉછળવાથી તથા બેસી જવાથી જળના સ્વભાવમાં કાંઈ તારતમ્ય થઇ જતું નથી, તેમજ પરબ્રહ્મની અંદર જુદા જેવા જણાતા એવા ભાવ-અભાવવડે કાંઈ તેના પોતાના સ્વરૂપમાં તારતમ્ય થતું નથી.[૨૭] જળની અંદર જેમ જળબિંદુ એકરસપણે મળી જાય તેમ એ શુદ્ધ પરમપદની અંદર પરાવર જાણનાર કેટલાક વિવેકી પુરુષો એકરસપણે લીન થઇ જાય છે.[૨૮] કેમ જાણે પરબ્રહ્મનો કોઈ વેષ હોય અથવા કાર્ય હોય અથવા કોઇ અવયવ હોય તેમાં આ જગત બ્રહ્મની અંદર ભાસે છે. એ નિર્મળ શાંતપદની અંદર જગત કે તેની ક્રિયાઓ (વ્યવહારો) સંભવતી નથી.[૨૯] સ્વપ્નનું સ્વપ્નપણું જણાયા પછી, દૃશ્યનું બ્રહ્મ-પણું જણાયા પછી અને ઝાંઝવાના જળનું ઉખર માત્રપણું જણાયા પછી કોણ તેમાં સત્યપણાની ભાવના બાંધે ?[૩૦] બ્રાહ્મણ જેમ મદ્યના માધુર્યને નથી જાણતો, તેમજ બીજા જીવન્મુક્ત પુરુષના કોઇ જુદાજ પ્રકારના પરમાર્થ વસ્તુસંબંધી ચમત્કારને અંદર અનુભવ થયાવિના અવિવેકી પુરુષ જાણી શકતો નથી, તેમજ પ્રબુદ્ધ પુરુષ પરમાર્થરૂપ એક ચમત્કાર કે જે પોતાની અંદર અનુભવ-રૂપે રહેલ છે તે વિના બીજા અપવિત્ર પ્રપંચના ભોગરસને જાણતો નથી.[૩૧] આ પોતાના આત્માના બહિર્મુખપણાને રોકી રાખી સમાધિમાં સ્થિર કરી દઇ જો તેના સ્વરૂપનું અવલોકન કરવામાં આવે તો તે શાંત નિત્યમુક્ત સ્વરૂપમાં સ્થિર થઇ રહે છે.[૩૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—દૃશ્ય, બીજાંકુર-નીપેઠે કારણરૂપ એવા બ્રહ્મની અંદર રહેલ છે. એ પ્રકારે સૃષ્ટિ આદિની સત્તા અહીં શા માટે ન ઘટે ?[૩૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—અંકુર બીજની અંદર અંકુરરૂપે રહેલો જોવામાં આવતો નથી; અને બીજની અંદર તેની જે સૂક્ષ્મ સત્તા રહી છે તે તો બીજરૂપજ છે.[૩૪] બ્રહ્મની અંદર જગત તો જગતરૂપેજ પ્રતીતિમાં આવે છે. જેથી બીજાંકુરનું દૃષ્ટાંત અહીં અસંગત છે, અને સર્વદા (પ્રલયકાળ આદિમાં પણ) આવુંજ રહેતું હોય તો તે બ્રહ્મરૂપજ છે, કેમકે બ્રહ્મ અવિકારી છે.[૩૫] નિર્વિકાર વસ્તુમાંથી સવિકાર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વસ્તુ અને નિરાકાર વસ્તુમાંથી સાકાર વસ્તુ પ્રકટરૂપે ઉદય પામે એવું ક્યાંય અમે દીઠું કે સાંભળ્યું નથીજ.[૩૬] જેમ એક પરમાણુની અંદર અનેક મેરુઓની સ્થિતિ અસંભવિત છે, તેમ નિરાકાર પરબ્રહ્મની અંદર આ સાકાર દૃશ્યની સ્થિતિ થવી સંભવતી નથી.[૩૭] નિરાકાર બ્રહ્મની અંદર આ મહા આકારવાળું જગત સંપુટમાં જેમ રત્ન રહે તેમ રહ્યું છે, એ વાત ઉન્મત્તના વચન જેવી છે.[૩૮] શાંત એવું પરબ્રહ્મ આ સાકારદૃશ્યનો આધાર છે, એ વાત પણ ઘટતી નથી; કેમકે સાકાર વસ્તુનું અવિનાશીપણું ક્યાં દેખાય છે?[૩૯] અપૂર્વ અને સ્વપ્નની પેઠે દૃઢ થઈ રહેલા એવા આકારોવડે બોધમય બુદ્ધિજ ક્ષણિક આકારને ધારણ કરી લે છે, એવી બાદ્ધોની કલ્પના પણ અહીં ઘટતી નથી.[૪૦] સૃષ્ટિનો જે અનુભવ થાય છે એ કોઈ અપૂર્વ (લોકોત્તર) સ્વપ્ન છે, કેમકે તેમાં પ્રથમ નહિ અનુભવેલ વસ્તુ પણ અનુભવમાં આવે છે, અને સ્વપ્નમાં તો જાગ્રતમાં અનુભવેલ અર્થજ સંસ્કારરૂપે અંદર રહી અભ્યસ્ત વિષયની પેઠે દેખાય છે.[૪૧] જાગ્રત્ છે તેજ સ્વપ્ન છે, એ વાત પણ અહીં ઘટતી નથી; કેમકે . તેમ હોય તો સ્વપ્નમાં મરી ગએલો અને સ્મશાનમાં લઈ જઈ બાળી નાખેલો પુરુષ પ્રાતઃકાળમાં કેમ જોવામાં આવે છે?[૪૨] સ્થૂલશરીરથી રહિત થએલને સ્વપ્ન જોવામાં આવતું નથી, માટે અશરીર એવા આત્મામાં સ્વપ્ન આદિ અવસ્થાનો આરોપ અઘટિત છે એવી વાત પણ કાંઇ યોગ્ય નથી; કેમકે પિશાચ આદિ સંભવે છે અને તેની સ્વપ્નવત્ સ્થિતિ પણ અનુભવમાં આવે છે, તેથી છેવટ એમ સિદ્ધ થાય છે.[૪૩] આ સ્વપ્નના જેવો આભાસ ચિદાત્માની અંદર (વિવર્તરૂપે) રહેલ છે; નિરાકાર પરમાત્મા પોતાના વિવર્તરૂપે પ્રસરી રહેલ એવા સૃષ્ટિ આદિ નાનાપ્રકારના આકારોવડે રહેલ છે.[૪૪] જેમ સ્વપ્નમાં આત્માની અંદર સાક્ષિચૈતન્યજ શૈલ આદિરૂપે (વિવર્તભાવથી) થઇ રહે, તેમ પરમાત્મામાં વિવર્તરૂપે જગતની સ્થિતિ છે.[૪૫] પ્રત્યેક ચૈતન્ય સર્વ બંધથી રહિત બ્રહ્મરૂપજ છે, અને સ્વપ્નતુલ્ય આ પ્રપંચ અજ્ઞાનથીજ થએલું છે, એવો સિદ્ધાંત દૃઢ સમજાઇ જતાં અને વાસ્તવ આત્મસ્વરૂપ ઓળખાઇ જતાં, પછી જગતનું અસ્તિત્વ કે નાસ્તિત્વ (ભાવ કે અભાવ) એ કશું અનુભવાતું નથી; તેમજ અનુભવ કરનાર કે અનુભવનો ક્રમ એ પણ કાંઈ તે દશામાં જણાતું નથી.[૪૬] પ્રબોધ અવસ્થામાં તો કશાંનો અનુભવજ થતો નથી અને અપ્રબુદ્ધ દશામાં પણ આ સર્વ કાંઇક અનિર્વચનીયરૂપ પ્રતીતિમાં આવે છે કે જે પોતાના અનુભવવડે જણાય છે, અને સદ્રૂપ તથા અસદ્રૂપ ભાસે છે.[૪૭] સર્વ શક્તિમાન પરમતત્ત્વની અંદર, ભાવો અભાવરૂપે અને અભાવો ભાવરૂપે સર્વથા સર્વદા ભાસતા રહે છે.[૪૮] બ્રહ્મ, બ્રહ્મની અંદર જગતને આકારે વૃદ્ધિ પામે છે; અને ચિદાકાશ, ચિદાકાશની અંદર જગતરૂપે વિસ્તાર પામે છે. બાકી વસ્તુતાએ જોતાં ચિદાકાશમાં જગતને આકારે વૃદ્ધિ થવી સંભવતીજ નથી.[૪૯] આ હું અને દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનરૂપે દેખાતો એવો આ દૃશ્યનો ભ્રમ શાંત ચિદાકાશનોજ એક વિસ્તાર છે; બાકી ભીંત આદિ સ્થૂલઆકાર તેમાં સંભવતોનથી.[૫૦] જેમ પોતાનું કલ્પેલ સંકલ્પનગર સત્ય નથી, તેમજ તેમાંનું ભીંત આદિ પણ કાંઇ સત્ય હોતું નથી. તે પ્રમાણેજ આ જગતવિષે સમજવાનું છે. એક નિર્વિકાર શાંત પરબ્રહ્મ સત્ય છે.[૫૧] આ સર્વ અખંડિત, પૂર્ણ, પરમશાંત, નિર્વિકલ્પ, નિરાભાસ, અનાદિ, અનંત અને સ્ફૂર્તિથી રહિત એવો બ્રહ્મરૂપજ છે.[૫૨] માટે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પોતાનું સ્વરૂપ કે જે જન્મ–મરણથી રહિત છે, શાંત છે, આદિ અંતવિનાનું છે, ઉપાધિથી રહિત છે, અને નિરાકાર છે, તેને મેં બરાબર ઓળખી લીધું છે.[૫૩] જે જીવ ચૈતન્ય અંદર સ્ફુરે છે, તેજ વાડ્યભાવને પ્રાપ્ત થાય છે; કેમકે પૃથ્વીમાં લીન હોય તેજ અંકુરભાવને ધારણ કરે છે.[૫૪] હું કે જે શુદ્ધ જ્ઞાનમય એક આત્મારૂપ છું અને દ્વિત્વ–એકત્વ આદિથી રહિત છું, તે દ્વિત્વ–એકત્વ આદિની કાંઇ પણ કલ્પનાને બીલકુલ સમજતોજ નથી.[૫૫] આ સર્વ પુરુષો જીવતાં છતાં મારી દૃષ્ટિમાં બ્રહ્મમાત્ર હોવાથી નિત્યમુક્ત છે, મૌનવાળા છે, સર્વ આરંભથી રહિત છે, અને આકાશમાં રહેલા શૂન્યભાવનીપેઠે તે બ્રહ્મમાં અભિન્નરૂપે રહેલા છે.[૫૬] જગત ત્વચા આદિ ઇંદ્રિયોવડે અનુભવમાં આવવાથી મોટા આરંભવાળું જણાતાં છતાં અને વિલક્ષણ હોવા છતાં પણ ભીંતમાં આળેખેલ ચિત્રનીપેઠે આભાસમાત્ર છે, મનોરાજ્યનીપેઠે ખડું થઇ ગયેલ છે, અને અનિર્વચનીય છે.[૫૭] પર્વતમાંથી (શિલામાંથી) કોતરેલી પ્રતિમાના જેવું તે છે. કેમ જાણે કોઇ કથામાં વર્ણન કરાતું હોય, કેમ જાણે આકાશની અંદર શંબરાસુરની રચેલી માયા હોય અને કેમ જાણે કોઇ સ્વપ્નજ ખડું થઇ ગયું હોય, તેવું આ જગત છે.[૫૮] આ જગત કે જે સૃષ્ટિના આદિકાલમાં સ્વપ્નનીપેઠેજ આલંબનવિના નિરવયવરૂપે ભાસે છે તેની સત્યતા કેવી હોય ?[૫૯] આ જગત અવિવેકીઓની દૃષ્ટિમાં સત્ય છે, વિવેકીની દૃષ્ટિમાં તે મિથ્યા છે, બ્રહ્મવેત્તાની દૃષ્ટિમાં તે બ્રહ્મરૂપ છે, શાંત પુરુષની અંદર (ભૂમિકાના ક્રમપ્રમાણે) ક્રમે કરી તે શાંત થઈ જઇ શૂન્યરૂપજ પ્રતીતિમાં આવે છે.[૬૦] તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં સ્થાવર જંગમ સહિત આ સર્વ ભાવો અને આપણ વગેરે સર્વ જગત ચિદાકાશરૂપજ છે.[૬૧] હું ચિદાકાશરૂપ છું, તમે ચિદાકાશરૂપ છો, જગત ચિદાકાશરૂપ છે, અને આકાશ પણ ચિદાકાશરૂપ છે; માટે તમે ચિદાકાશની સાથે એકતાને પ્રાપ્ત થઇ ચિદાકાશરૂપ બની જાઓ.[૬૨] તમે કે જે ચિદાકાશરૂપ થઇ જવાથી પુરુષોમાં શ્રેષ્ઠ છો તેને આકાશના જેવા સ્વરૂપજ્ઞાનવડે સર્વના આત્મારૂપ અને આકાશ જેવા નિર્વિકાર જાણી પૂર્ણ આનંદરૂપ એવા બ્રહ્મનાથી અભિન્ન સમજી વંદન કરું છું.[૬૩] આ જગત ચિદ્રૂપ હોવાથી ચિદાકાશમાંથીજ ઉત્પન્ન થાય છે, અને પાછું તેમાંજ તે લયને પામી જાય છે; અને વળી તે કારણવિનાજ ખડું થઇ ગએલ હોવાથી નિર્મલ ચિદાકાશરૂપજ છે.[૬૪] સર્વપદથી અતીત અને સર્વ શાસ્ત્રની યુક્તિઓનું પણ ઉલ્લંઘન કરી રહેલ એવા તે નિર્દ્વંદ્વ પદનો આશ્રય કરી આપ પણ ચિદાકાશરૂપજ થઇ રહ્યા છો.[૬૫] હું પણ નથી, જગત પણ નથી, હાથ પગ આદિ અવયવો પણ નથી અને ઘટ આદિ પદાર્થો પણ નથી, કિંતુ સર્વ આકાશ જેવા સ્વચ્છ સૂક્ષ્મ ચિદાકાશરૂપ છે.[૬૬] જે આ મેં આપને સર્વ વસ્તુઓનો નિષેધ બતાવ્યો છે તે જો કે તાર્કિક આદિ વાદીઓને નિંદા કરવા યોગ્ય જણાઇ રૂચિકારક ન થાય; પરંતુ આત્મજ્ઞાનને ઇચ્છનાર વિવેકી પરીક્ષકોની સભામાં આ વિચાર ઝળકી ઉઠે તેવો છે.[૬૭] સર્વનો નિષેધ છેવટ કાષ્ટમૌન ઉત્પન્ન કરનાર હોવાથી વાદમાં સંભવતો નથી અને તેનેલીધેજ તે વાદોમાં કરવામાં આવતો નથી; કેમકે વાદથી નિઃશેષ આત્માનો પરિચય નહિ થવાથી વાદોમાં આત્મજ્ઞાનનો ઉદય થતો નથી.[૬૮] જે પ્રત્યક્ષ આદિ પ્રમાણોવડે અગમ્ય છે, ચિહ્નથી રહિત છે, અને પોતાના અનુભવવડેજ જણાય તેવું છે, તે બ્રહ્મ વાદોવડે શીરીતે [illegible] સર્વ શાસ્ત્રોના વર્ણનને ઉલ્લંઘી રહેલ,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

ચિહ્નથી રહિત, સ્વચ્છ, એક, જન્મ આદિ વિકારથી રહિત, અનુભવ સ્વરૂપ, નામ-રૂપથી રહિત, સર્વના આદિરૂપ, સંજ્ઞાઓની કલ્પનાથી પણ રહિત, એવું શુદ્ધ એક ચિદાકાશજ અહીં છે, બીજું કશું નથી; માટે તેમાં બીજા દૃશ્ય આદિ નિરૂપયોગી મેલની શંકા રાખવાનું કાંઇજ પ્રયોજન નથી.[૭૦]

सर्वागमार्थं समतीतमचिह्नमच्छमाकाशमेकमजमाद्यमनामरूपम्॥ शुद्धं चिदात्मकमिहास्त्यनुभूतिमात्रं शांताभिधानकलनं मलशंकयालम्

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'બોધપ્રકાશીકરણ' એનામનો એકસો પંચાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૫

સર્ગ ૧૯૬ મો.*

કાવડીઆનું આખ્યાન

॥ श्रीवाल्मीकिरुवाच ॥

एवमुक्त्वा महाबुद्धे रामो राजीवलोचनः ॥ मुहूर्तमात्रं विश्रम्य तूष्णीं स्थित्वा परे पदे ॥

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાલી ! કમલના જેવા સુંદર નેત્રવાળા શ્રી રામચંદ્રજી ઉપર પ્રમાણે કહી મુહૂર્તમાત્ર વિશ્રાંતીને પ્રાપ્ત થઇ જઇ, મૌનપણે પરમપદમાં સ્થિર થઇ રહી, પરમ તૃપ્તિને પ્રાપ્ત થતાં અને પરમાત્મામાં વિશ્રાંત થતાં પોતે સર્વ જાણતા છતાં લીલાવડે વસિષ્ઠ મુનિને ફરીવાર પૂછવા લાગ્યા.[૧,૨]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સંશયરૂપી વાદળાંઓને વીખેરી નાખવામાં શરદ્ઋતુના જેવા મહાસમર્થ ભગવાન મુનીશ્વર ! હમણાં મારા ચિત્તમાં એક કોમળ એવો સંશય થયો છે કે ઉપર જણાવ્યા પ્રમાણેજ સંસારરૂપી મહાસાગરમાંથી તારનાર, એવું આ મહાજ્ઞાન સમસ્ત વાગ્જાળને ઉલ્લંઘન કરીને (વાણીથી બહાર) રહેલ છે.[૩,૪] હે માન આપનાર ! આ સત્ય બ્રહ્મ કે જે નિશ્ચયથી ચિદ્રૂપજ છે તે મોટા પુરુષોની વાણીવડે પણ અવાચ્ય છે;[૫] અને જો એમ છે તો પછી સર્વ વિકલ્પથી રહિત, પરમ જાણવાયોગ્ય આત્મસ્વરૂપ કે જે કેવળ તુર્ય અવસ્થાવડેજ જણાય છે તે દુર્ગમપણાને પ્રાપ્ત થઇ રહેલ છે.[૬] પ્રતિયોગી*, વ્યવચ્છેદ અને સંખ્યા ઇત્યાદિ ભેદને ઇચ્છનાર પુરુષોને એ નિર્વિકલ્પ બ્રહ્મ, સવિકલ્પ અને બોધ કરવાને અસમર્થ એવા શાસ્ત્રોના પદોવડે શી રીતે મળી શકે ?[૭] શાસ્ત્રો કે જેની અંદર અનેક પ્રકારના દૃઢ વિકલ્પો અને શબ્દ આદિ રહેલા છે તેવડે કાંઇ જ્ઞાનનો લાભ થતો નથી, તો પછી શા માટે અનેક વિકલ્પ આદિ ભ્રાંતિ પરંપરામાં ભટકાવામાટે ગુરુ શાસ્ત્ર આદિની કલ્પના કરવામાં આવે છે ?[૮] વકતાઓમાં શ્રેષ્ઠ હે મહારાજ ! તત્ત્વજ્ઞાન થવામાં ગુરુ શાસ્ત્ર આદિ કારણરૂપ છે કે નથી ? આ વિષયમાં આપ એક નિશ્ચય કહો.[૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબાહો ! તમે કહો છો તે પ્રમાણેજ શાસ્ત્ર કાંઇ જ્ઞાનનું કારણ નથી, કેમ કે શાસ્ત્ર અનેક પ્રકારના શબ્દોવડે બનેલ છે, અને પરમપદ નામથી રહિત છે.[૧૦] તથાપિ હે રામચંદ્રજી ! એ શાસ્ત્ર આદિ ઉત્તમ બોધના (જ્ઞાનના) હેતુપણાને જે પ્રકારે પ્રાપ્ત થાય છે, તે વિષે હું તમને સંક્ષેપથી કહું છું.[૧૧] કોઈ એક ઠેકાણે ઘણા લાંબા કાળથી દુર્ભાગ્ય દશામાં રહેનાર

* આ એકસો છન્નુમા સર્ગમાં ગુરુ શાસ્ત્ર આદિ ઉપાયવડે જે પ્રકારે બ્રહ્મની પ્રાપ્તિ થાય તે પ્રકારે લાકડાની કાવડ ઉપાડનાર કાવડીઆના આખ્યાનવડે સંક્ષેપથી વર્ણવવામાં આવશે.

* અભાવ. (यो यस्याभावः स तस्य प्रतियोगी) ન્યાયશાસ્ત્ર.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એક શૂદ્ર જાતિના કાવડીઆઓ છે, કે જેઓ ગ્રીષ્મ ઋતુવડે જેમ જુનાં ઝાડો સૂકાઇ જાય તેમ દુઃખવડે દૂબળા થઇ ગયા.[૧૨] ફાટેલી ગોદડીવડેજ લુગડાનું કામ ચલાવી આપનાર દુરંત (જેનો અંત ઘણે કષ્ટે માંડ [illegible]વે એવાં) દારિદ્રયવડે તેઓનાં હૃદય અને મુ[illegible] એ બન્ને જેમ તળાવ ફાટી જતાં પાણી બહાર નીકળી જવાથી તેની અંદરનાં કમલો કરમાઇ જાય તેમ કરમાઇ ગએલાં અને દીન બની ગયાં હતાં.[૧૩] દરિદ્રતાવડે તપી ગએલા એ કાવડીયાઓ, પોતાના જીવિતને-માટે વિચાર કરવા લાગ્યા કે, કઇ યુક્તિથી આપણે ઉદરપૂરણ કરીએ ?[૧૪] એમ વિચાર કરી દૈવયોગે તેઓએ નિશ્ચય કર્યો કે "પ્રતિદિવસ સાંજ સુધી મહેનત કરી મેળવેલ લાકડાંનો ભારો વેચી તેદ્વારાએ આપણે જીવીએ."[૧૫] આવો નિર્ણય કરી તેઓ લાકડાંમાટે જંગલમાં જવા માંડ્યા, કેમકે જે યુક્તિવડે જીવિકા ચાલે તેજ યુક્તિ આપત્કાળમાં શોભા આપે છે.[૧૬] એ પ્રમાણે તેઓ પ્રતિદિન જંગલમાં જઇ લાકડાંઓ લાવી તેને વેચી દેહનું પોષણ કરવા લાગ્યા અને પ્રતિદિવસ જે અન્ન મળે તેવડે નિર્વાહ કરવા લાગ્યા.[૧૭] જે વનની અંદર તેઓ જતા હતા, તેની અંદર અનેક ગુપ્ત અને પ્રકટ રત્નો હતાં, તેમજ કાષ્ઠ સુવર્ણ આદિ પણ હતાં.[૧૮] એ ભાર ઉપાડનાર કાવડીયાઓમાંથી કેટલાકને કેટલેક દિવસે તે વનમાંથી સુવર્ણોની અને રત્નોની પ્રાપ્તિ થઇ.[૧૯] હે માન આપનાર ! ઘણા કાળથી એક જાતની શૂદ્ર જાતિરૂપે ઓળખાતા એ કાવડીયાઓમાંથી કેટલાક ચંદનનાં લાકડાંઓ વેચીને, કેટલાક પુષ્પો વેચીને અને કેટલાક તો ફળો વેચીને જીવવા લાગ્યા.[૨૦] કેટલાક ભાગ્યહીન મંદબુદ્ધિવાળા કાવડીઆઓ કશું તેવું જે કાંઇ સારરૂપ હોય તે સર્વ ન મળવાથી, જંગલમાંથી ખરાબ લાકડાંઓ લાવી તે વેચી પોતાનો નિર્વાહ ચલાવવા માંડ્યા. તેઓની આજીવિકાનું મુખ્ય સાધન વનવીથીજ થતી હતી.[૨૧] લાકડાંઓને માટેજ ઉદ્યમ કરનાર એ કાવડીઆઓ જંગલમાં જતા હતા. તેમાંથી કેટલાક તો રત્ન આદિ પ્રાપ્ત થઈ જતાં તરતજ દારિદ્રયના તાપથી રહિત થઇ ગયા.[૨૨] એ પ્રમાણે તેઓ નિરંતર મહાવનમાં જતા હતા તેટલામાં એક પ્રદેશમાંથી તેને ચિંતામણિ એવા નામનો મણિ જડી ગયો.[૨૩] એ ચિંતામણિમાંથી તેઓને સર્વ વૈભવની સમૃદ્ધિ પ્રાપ્ત થઇ અને તેઓ પરમ સુખી થઇ સુખપૂર્વક ત્યાં રહ્યા.[૨૪] લાકડાંમાટે ઉદ્યમ પરાયણ થઇ રહેલા તે કાવડીઆઓ, સર્વ અર્થ આપનાર એવા ચિંતામણિને મેળવી લઇ ઉત્તમ દેવતાઓ જેમ સ્વર્ગમાં સુખપૂર્વક રહે તેમ નિર્દ્વંદ્વ (ટાઢ તડકો ક્ષુધા તૃષા આદિ દુઃખથી રહિત) થઇ સુખ ભોગવવા લાગ્યા.[૨૫] એ કાવડીઆઓ લાકડાં લાવવાના ધંધામાંથીજ ચિંતામણિને મેળવી લઇ ઉત્તમ ધનો પરિપૂર્ણ રીતે પ્રાપ્ત થવાથી ભય, મોહ, ખેદ, દુઃખ આદિને દૂર કરી નાખી બુદ્ધિને આનંદમય બનાવી, બીજી વસ્તુઓના લાભ-અલાભમાં સમાન રહી, સુખેથી પોતાનો કાળ કાઢે છે.[૨૬]

सर्वार्थसारपरिपूर्णतया तया ते काष्ठोद्यमाधिगतसन्मणयो महान्तः ॥ तिष्ठन्ति शान्त भयमोहविषाददुःखमानन्दमन्थरधियः समतामुपेताः ॥२६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધના 'ચિંતામણિલાભ' એ નામનો એકસો છન્નુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૬

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग १९७ मो*

આત્મજ્ઞાનમાં ગુરુ અને શાસ્ત્ર ઉપયોગી છે.

॥ श्रीराम उवाच ॥

तथा कुरु मुनिश्रेष्ठ यथा वैवधिक क्रमम् ॥
असंदेहमिम सम्यगवगच्छामि मानद ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ ! હે મને માન આપનારા ! જેવી રીતે એ કાવડીઆની વાર્તાથી સૂચવવાના ક્રમને હું નિસંદેહપણે જાણું તેવી રીતે આપ કરો.[૧]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! જે મેં ઉપરની કથામાં કાવડીઆ કહ્યા તે આ પૃથ્વીની અંદરનાં મનુષ્યો સમજવાં. મેં જે કાવડીઆઓનું દારિદ્રય સંબધી દુઃખ કહ્યું તે અહીં અજ્ઞાન અને તેથી થતા ત્રણ પ્રકારના તાપો છે.[૨] જેને તે મોટું જંગલ કહ્યું તે ગુરુ અને શાસ્ત્રક્રમ આદિ સમજવું. ઉદર ભરણને અર્થે તેઓ ઉદ્યમમાં પ્રવૃત્ત થયા એમ જે કહ્યું તે ભોગની ઈચ્છા રાખનારાં મનુષ્યો સમજવાં.[૩] મને નિરંતર ભોગોના સમૂહોજ સિદ્ધ થાઓ, એમ કૃપણ બની જઈ મનુષ્ય બીજાં કાર્યોના મતલબની અપેક્ષા નહિ રાખતાં શાસ્ત્ર આદિમાં પ્રવૃત્ત થાય છે.[૪] જો કે શાસ્ત્ર આદિમાં પણ મનુષ્ય, ભોગનેમાટે પ્રવૃત્તિ કરે છે, તોપણ છેવટ શાસ્ત્રના રહસ્યને સમજી લઇ પરવશ છતાં પણ મોક્ષરૂપી આદ્યપદને પ્રાપ્ત થાય છે.[૫] જેમ સાર-અસાર શોધનાર (વિવેકી) કોઈ કાવડીઆએ લાકડાંને માટે ઉદ્યોગ કર્યા છતાં મણિ મેળવ્યો, તેમ ભોગને અર્થે શાસ્ત્રનું ગ્રહણ કરતા છતાં કોઈ વિવેકી પુરુષ પરમપદને પ્રાપ્ત થઈ જાય છે.[૬] કોઇક તો શાસ્ત્ર અને વિચારવડે શું થાય, એવા સંદેહથી થતાં કૌતુહલથી શાસ્ત્ર આદિમાં પ્રવૃત્ત થાય છે, અને પછી ઉત્તમપદને પ્રાપ્ત થાય છે.[૭] ઉત્તમ તત્ત્વરૂપ અર્થ નહિ અનુભવમાં આવવાથી સંદેહનેલીધે કેટલાંક મનુષ્યો વિષયભોગને માટેજ શાસ્ત્ર આદિમાં પ્રવૃત્ત થાય છે, અને પછી છેવટ તે શુદ્ધપદ પામે છે.[૮] કાવડીઆઓ જેમ લાકડાંઓ લેવા-માટે જંગલમાં જતા હતા છતાં કાંઇ બીજોજ ચિંતામણિનો તેઓને અપૂર્વ લાભ થયો, તેમ પોતાની વાસનાને અનુસારે લોકો શાસ્ત્રદ્વારા અન્યથા (જુદાજ ફળની આશાથી) પ્રવૃત્તિ કરે છે; અને તેમાંથી ફળ કાંઈક બીજુંજ નિરતિશય મોક્ષસુખરૂપ તેને મળે છે.[૯] જે સ્વાભાવિક રીતેજ નિરંતર પરોપકારમાં પ્રવૃત્ત રહે તે સાધુ (સત્પુરુષ) કહેવાય છે, અને સર્વ લોકોમાં તેની ચેષ્ટાજ પ્રમાણરૂપ થાય છે.[૧૦] તત્ત્વને ન જાણનારા લોકો યોગોની પ્રાપ્તિ થવામાં સંદેહનેલીધે શાસ્ત્રફળમાં સંદેહવાળા છતાં સત્પુરુષોના આચારનેલીધે શાસ્ત્ર આદિમાં પ્રવૃત્ત થાય છે.[૧૧] જેમ કાવડીઆઓ લાકડાંમાટે જંગલમાં જતા હતા છતાં પણ વનમાંથી ચિંતામણિનો લાભ તેને થયો, તે પ્રમાણે મનુષ્ય શાસ્ત્ર આદિમાં ભોગનેમાટે પ્રવૃત્તિ કરે તોપણ તે ભોગ અને મોક્ષ એ બન્નેને મેળવે છે.[૧૨] જેમ કેટલાએક કાવડીઆઓને વનમાંથી ચંદનનાં લાકડાંઓનો, કેટલાકને ચિંતામણિ નામના મણિનો અને કેટલાકને સામાન્ય રત્નોનો લાભ થયો,[૧૩] તેમ આ સંસારની અંદર પણ શાસ્ત્રમાંથી કેટલાક મનુષ્યોને કામનો લાભ, કેટલાકને અર્થનો લાભ, કેટલાકને ધર્મનો લાભ, કેટલાકને ત્રિવર્ગનો (ત્રણેનો) લાભ, કેટલાકને મોક્ષનો લાભ અને કેટલાકને એ સર્વનો (ચારે પુરુષાર્થનો) લાભ થાય છે.[૧૪] હે રામચંદ્રજી! ત્રિવર્ગનો (ધર્મ, અર્થ અને કામનો) ઉપદેશ

* આ એકસો સત્તાણુમા સર્ગમાં કાવડીઆના આખ્યાનના તાત્પર્યનું વિવરણ કરવાના ક્રમથી, આત્મજ્ઞાનમાં ગુરુ શાસ્ત્ર આદિનું હેતપણું વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

તો શાસ્ત્ર આદિમાં છે, પરંતુ બ્રહ્મની પ્રાપ્તિ અવશ્ય હોવાથી બ્રહ્મમાં તત્પર થઈ રહેલાં શાસ્ત્રોમાં પણ નથી.[૧૫] જેમ વસંત આદિ ઋતુની શોભા, તે તે ઋતુમાં ઉત્પન્ન થનાર ફલ-પુષ્પ આદિના જન્મવડે સૂચિત થાય, તેમ સર્વ વાક્યાર્થોવડે કેવળ બ્રહ્મનો બોધ સૂચિત થાય છે, પરંતુ તે પોતાના અનુભવવડેજ જાણવામાં આવે છે.[૧૬] બ્રહ્માનુભવ કે જે સર્વ દૃશ્યવર્ગને ઉલ્લંઘન કરી રહેલ છે, તે જેમ મણિ દર્પણ ચંદ્ર આદિ સર્વના સૌંદર્યને ઉલ્લંઘી રહેલ એવું લાવણ્ય સ્ત્રીરૂપી રત્નની અંદર અનિર્વચનિય-રૂપે રહ્યું હોય, તેમ શાસ્ત્રની અંદર રહેલ છે.[૧૭] શાસ્ત્રથી, ગુરુના વાક્યથી, દાનથી કે ઈશ્વરાર્ચનથી સર્વપદને ઉલ્લંઘી રહેલો આ પરમ બોધ પ્રાપ્ત થતો નથી.[૧૮] હે રામચંદ્રજી! આ સર્વ પરમાત્માની અંદર એક વિશ્રાંતિ થવામાં કારણરૂપ નથી; છતાં તેઓ શી રીતે સારી રીતે કારણરૂપ બને છે તે વિષે હું કહું છું તે સાંભળો.[૧૯] શાસ્ત્રથી અભ્યાસયોગવડે ચિત્ત વિશુદ્ધતાને પ્રાપ્ત થાય છે, અને તે નિષ્કામ છતાં પણ તત્કાળ શુદ્ધપદને દેખે છે.[૨૦] આ શાસ્ત્રથી અવિદ્યાનો સાત્વિક ભાગ વધે છે, અને એ સાત્વિક ભાગવડે તેનો તામસ ભાગ ક્ષયને પ્રાપ્ત થઇ જાય છે.[૨૧] શાસ્ત્રરૂપી મુખ્ય જળવડે મેલને ધોઇ નાખનાર પુરુષ અચિંત્ય શાસ્ત્ર-પ્રભાવનેલીધે અને નિત્ય શુદ્ધ આત્મવસ્તુના સામર્થ્યથી પરમશુદ્ધતાને પ્રાપ્ત થઇ જાય છે.[૨૨] જેમ સૂર્ય અને સમુદ્રનું નજીકપણું થતાં તે બન્નેની ઇચ્છા નહિ છતાં પણ સ્વાભાવિક રીતે પ્રથમ ન દેખાતું ત્રીજું (સૂર્યનું જળમાં પડેલ) પ્રતિબિંબ ખડું થઇ જાય છે, કે જે આભાસ-રૂપે વિદિત છે, અને વિસ્તારવાળું જણાતાં છતાં સત્ અને અસત્ છે, એવીજ રીતે (આ દૃષ્ટાંતપ્રમાણેજ) મુમુક્ષ પુરુષનો અને શાસ્ત્રનો પરસ્પર સંબંધ થતાંજ આત્મજ્ઞાન પ્રવૃત્ત થાય છે; કે જે અનુભવમાં આવતાં એવાં સર્વપદોથી અતીત છે. જેમ સૂર્ય અને સમુદ્ર એ બન્નેનું સ્વરૂપ જોવાથી તેનો વિવેક થાય (જુદાપણું જણાય), તેમ સ્વાભાવિક રીતે શાસ્ત્રવિવેકથી, દેહની અંદર શુદ્ધ આત્માનો ભિન્નરૂપે અનુભવ થાય છે.[૨૩,૨૬] જેમ એક લોઢાંવડે જળની અંદર બીજા લોઢાંને ધોતો એવો બાળક બન્ને લોઢાં ઘસાવાથી પોતાના હાથની પરમશુદ્ધતાને મેળ-વે,[૨૭] તેમ આત્મતત્ત્વની પરીક્ષા માટે પોતાના વિચારથી શાસ્ત્રોના વિકલ્પોના સમૂહવડે બીજા વિકલ્પોને ધોઈ નાખનાર વિવેકી પુરુષ પરમ-શુદ્ધતાને પ્રાપ્ત થાય છે.[૨૮] જેમ ઈક્ષુના (શેર-ડીના) રસનું માધુર્ય અનુભવવડે જણાય, તેમ મહાવાક્યના અર્થના રસરૂપ એવું પોતાના આત્માનું જ્ઞાન શાસ્ત્ર આદિથી મળે છે કે જે પોતાના અનુભવથીજ જણાય તેવું છે.[૨૯] જેમ આકાશમાં ફેલાઇ રહેલો સૂર્યનો પ્રકાશ પ્રભા (કાંતિ) અને ભિત્તિ (ભીંત)નો સંયોગ થતાં સ્ફુટપણે અનુભવમાં આવે, તેમ આત્મજ્ઞાન પણ શ્રવણ અને તેનો યોગ્ય અધિકારી એ બન્નેનું મિલન થતાં સ્ફુટપણે અનુભવમાં આવે છે.[૩૦] જે શ્રવણ ત્રિવર્ગ માત્રની (ધર્મ-અર્થ અને કામની) સિદ્ધિનેમાટે થાય, પરંતુ મોક્ષનેમાટે ન થાય તે બહુશ્રુત તત્ત્વવેત્તા પુરુ-ષોની ચર્ચામાં શ્રવણ કરવામાં આવ્યું હોય તોપણ તે એક તુચ્છ અને મૂર્ખતા બતાવનાર છે.[૩૧] તેજ ખરેખર શ્રવણ કરેલ કહેવાય કે જેવડે જ્ઞાન થાય, તેજ ખરેખર જ્ઞાન કહેવાય કે જેવડે સમાનતાનો ઉદય થાય અને તેજ ખરેખરી સમાનતા કહેવાય કે જેવડે જાગ્રતમાં પણ સુષુપ્તિના જેવી નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એવી રીતે આ સર્વ શાસ્ત્ર આદિથી પ્રાપ્ત થાય છે, માટે સર્વ પ્રયત્નથી શાસ્ત્ર આદિનો

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અભ્યાસ કરવો.[૩૩] હે રામચંદ્રજી ! બ્રહ્મલોક પર્યંતના ઐશ્વર્યસુખથી પણ અધિક, સર્વેશ્વરરૂપ, આદિ એવું મોક્ષ નામનું અનાદિ સુખ, ગુરુની વાણીથી, શાસ્ત્રાર્થની ભાવનાથી, સત્સંગતિથી, નિયમથી અને શાંતિથી પ્રાપ્ત થાય છે.[૩૪]

शास्त्रार्थभावनवशेन गिरा गुरूणां सत्संगमेन नियमेन शमेन राम ॥ तत्प्राप्यते सकलविश्वपदादतीतं सर्वेश्वरं परममाद्यमनादि शर्म्म॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "શાસ્ત્રમાહાત્મ્ય" એ નામનો એકસો સત્તાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૭

સર્ગ ૧૯૮ મો.*

સમદૃષ્ટિનાં વખાણ

॥ श्रीवासिष्ठ उवाच ॥

भूयो निपुणबोधाय शृणु किंचिद्रघूद्वह ॥ पुनः पुनर्यत् कथितं तदज्ञेऽप्यवतिष्ठते ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! વિશેષ દૃઢ બોધ થવામાટે ફરીવાર હું કહું તે તમે સાંભળો. વારંવાર જો તે કહેવામાં આવે તો અજ્ઞાની પુરુષોમાં પણ દૃઢ થઇ જાય છે.[૧]

હે રામચંદ્રજી ! પ્રથમ મેં સ્થિતિ પ્રકરણ કહ્યું છે કે જેવડે આ જગત શીરીતે ઉત્પન્ન થયું, તે જાણવામાં આવે.[૨] ત્યાર પછી ઉપશમ પ્રકરણની યુક્તિવડે મનુષ્યે સંસારમાં ઉત્પન્ન થઇ પરમ ઉપશમને ધારણ કરવો એ વિષે કહેવાયું છે. ઉપશમ પ્રકરણમાં કહેલા એવા ઉપશમના ક્રમોવડે પરમ ઉપશમને પામી જઇ, વિવેકી પુરુષે અહીં તાપથી રહિત (શીતળ) થઇ નિર્વાણ સુખમાં સ્થિતિ રાખી રહેવાનું છે.[૪] પ્રાપ્યવસ્તુને પ્રાપ્ત થઇ રહેલા તત્ત્વજ્ઞ પુરુષે જે પ્રકારથી આ સંસાર વ્યવહારમાં વર્તવાનું છે, તે સંબંધી કાંઇ થોડું રહસ્ય અમારે કહેવાનું છે, અને તમારે તે સાંભળવાનું છે.[૫] જગતની અંદર જન્મને પ્રાપ્ત થઈ બાલ્યવયમાંજ જગતની યથાસ્થિત સ્થિતિને જાણી લઇ અહીં વિવેકીએ તાપથી રહિત નિર્વિતાપ સ્થિતિમાં રહેવાનું છે.[૬] હે નિષ્પાપ રામચંદ્રજી ! સર્વનીસાથે સ્નેહ ઉત્પન્ન કરનાર અને સર્વને આશ્વાસના આપનાર એવી સમતાનો અહીં દૃઢ આશ્રય રાખી વ્યવહાર કરવાનો છે.[૭] સમતારૂપી ઉત્તમ લતાનું સર્વ સાથે મૈત્રી થવારૂપી ઉત્તમ પવિત્ર ફળ થાય છે કે જે સર્વ સંપત્તિવડે મનોહર અને સર્વ સૌભાગ્યને વધારનાર છે.[૯] હે રામચંદ્રજી ! સમાનતાનેલીધે સર્વ પ્રાણીઓનું હિત કરનાર, ચેષ્ટાવાળા અને પ્રકૃત ક્રમને (ચાલતા વ્યવહારને) કરનાર વિવેકીઓની પાસે આ જગતની સર્વ પ્રકારની લક્ષ્મી નોકર જેવી થઈ રહે છે.[૯] સમતાથી જે કાંઈ અવિનાશી સારરૂપ સુખ પ્રાપ્ત થાય છે, તે રાજ્યથી કે સ્ત્રી જનના સમાગમથી થતું નથી.[૧૦] હે રામચંદ્રજી ! સમતા એ એક દ્વંદ્વશાંતિના સીમાડારૂપ છે, જુસ્સારૂપી જ્વરનો નાશ કરનાર છે, અને સર્વ પ્રકારનાં દુઃખોરૂપી તડકાને નિવૃત્ત કરવામાં વાદળારૂપ છે, એમ તમે સમજો.[૧૧] સમાનતારૂપી અમૃતવડે પૂર્ણ એવો મનુષ્ય આ જગતની અંદર દુર્લ્લભ છે કે જેના સર્વ શત્રુઓ પણ મિત્ર જેવા થઇ જાય છે, અને જે યથાર્થ વસ્તુ સ્વરૂપને ઓળખે છે.[૧૨] પ્રબોધને પ્રાપ્ત થઇ ગએલ એવા ચિત્તરૂપી ચંદ્રમાંથી સ્રવતી એવી સમાનતા કે જે અમૃતથી પણ અધિક છે તેનો આસ્વાદ લઇ જનક આદિ સર્વ મહાત્માઓ જીવે છે.[૧૩] જે વિવેકી પુરુષ સમાનતાનો

* આ એકસો અઠ્ઠાણુમા સર્ગમાં જેમ જળની સ્થિતિ રહેવામાં પાજ હેતુરૂપ થાય તેમ પ્રબુદ્ધ પુરુષોની સુખપૂર્વક નિર્વિક્ષેપ સ્થિતિમાં સર્વત્ર સમદૃષ્ટિજ હેતુરૂપ છે, તે વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri
CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અભ્યાસ કરે છે તેને પોતાનો દોષ પણ ગુણ જેવો થઇ પડે છે, દુઃખ નિરંતર સુખ જેવું લાગે છે, અને મરણ જીવિતના જેવું થઈ પડે છે.[૧૪] સમાનતારૂપી સૌંદર્યથી સુશોભિત મહાત્મા પુરુષને મુદિતા આદિ (મૈત્રી-કરુણા ઉપેક્ષા) વનિતાઓ કેમ જાણે નિરંતર તેના સમાગમનેમાટે વ્યસનવાળી થઇ રહી હોય તેમ આલિંગન કરે છે. (ભજે છે.)[૧૫] સમાનતાથી વર્તનાર પુરુષ નિરંતર ઉત્તમ ગુણોથી અને અભ્યુદયથી યુક્ત હોય છે, અને નિશ્ચિત હોય છે. એવી કોઈ પણ સમૃદ્ધિ નથી કે જે તેને ન મળે.[૧૬] સર્વ કાર્યમાં સમાનપણે રહેનાર અને પ્રકૃત વ્યવહારને કરી રહેલ મહાશય પુરુષને ઉદાર ચિંતામણિની-પેઠે સર્વ મનુષ્યો અને દેવતાઓ ઇચ્છે છે.[૧૭] સદાચારમાં રહી સર્વનું હિત કરનાર, અત્યંત પ્રસન્ન અને સમાન ચિત્તવાળા વિવેકી પુરુષને અગ્નિ, દાહનું દુઃખ ઉત્પન્ન કરી શકતો નથી; અને જળ, સડાનું દુઃખ પેદા કરી શકતું નથી.[૧૮] જે જે પ્રમાણે થવું યોગ્ય હોય તે તે પ્રમાણેજ જેના હાથથી થાય, અને આનંદ તથા ઉદ્વેગથી રહિત રહી જે તેને સમાનતાથી જુએ, તે મહાશય પુરુષની તુલના કરવાને કોણ સમર્થ છે? કોઇ નહિ.[૧૯] સારી રીતે વિચારી કાર્ય કરનાર તત્ત્વજ્ઞ પુરુષના ઉપર મિત્રો, બાંધવો, શત્રુઓ, રાજાઓ અને વ્યવહાર કરનાર મહાબુદ્ધિશાળી પુરુષો વિશ્વાસ રાખે છે.[૨૦] પ્રકૃત (ચાલતા) ક્રમથી પ્રાપ્ત થએલ વ્યવહારને કરનાર સમદર્શી તત્ત્વજ્ઞ પુરુષો અનિષ્ટથી બ્હી જઇ ભાગી જતા નથી અને ઇષ્ટ પ્રાપ્તિથી ફૂલાઈ જઇ ખુશી થતા નથી.[૨૧] મહાત્મા પુરુષો ગ્રહણ કરવા યોગ્ય એવા અનિંદ્ય વિષયોને પણ છોડી દઇ દુઃખથી રહિત એવી ઉત્તમ સમાનતામાંજ પોતાની વૃત્તિને ધારણ કરી રાખે છે.[૨૨] હે રામચંદ્રજી! સમતાવડે પ્રસન્ન ચિત્તવાળા પુરુષો જગતના સમૂહને તુચ્છ બુદ્ધિવડે (વૈરાગ્યથી) હસે છે. પોતે નિર્વિકાર રહી બીજાઓને વિવેક આદિના ઉપદેશથી જીવાડે છે. સર્વ દેવો અને ડાહ્યા માણસો પણ તેની પૂજા કરે છે.[૨૩] સમાન ચિત્તવાળો પુરુષ (પરહિતને અર્થે) પ્રકૃત ક્રમથી (ચાલતા વ્યવહારથી) પ્રાપ્ત થએલ કોપને કદાચિત્ મુખકમળમાં ધારણ કરે તોપણ તે કોઇને ઉદ્વેગકારક ન થતાં અમૃતના જેવોજ થઇ પડે છે.[૨૪] સમદર્શી પુરુષ જે કાંઈ કરે, જે ઉપભોગમાં લે, તેનો સ્વીકાર કરી લેતાં અને જે અયોગ્ય કાર્યની તે નિંદા કરે કે આક્ષેપ કરે તેનો ત્યાગ કરતાં, લોકોનો સમૂહ નિરંતર તેનાં ઉત્તમ ચરિત્રની સ્તુતિ કરે છે.[૨૫] સમદૃષ્ટિવાળા પુરુષથી જે કાંઇ શુભ–અશુભ થઇ જાય અને કોઈ અપરાધ પણ લાંબે કાલે કે તરતમાં બની જાય તોપણ લોકો તેનું અભિનંદન કરે છે.[૨૬] સમદૃષ્ટિવાળા પુરુષો ઘોર અને ઘણા લાંબા સમયથી ચાલ્યા આવતાં મોટાં સુખ–દુઃખોમાં પણ કાંઈ પણ ઉદ્વેગને ચિત્તમાં ધારણ કરતા નથી.[૨૭] એજ સમદૃષ્ટિપણાવડે શિબિ રાજાએ શરણે આવેલા કપોતને પ્રાણરક્ષણનેમાટે તેનાં માંસના પ્રતિનિધિ તરીકે પોતાના અંગને કાપી પ્રસન્ન બુદ્ધિથી પોતાનું માંસ આપ્યું હતું.[૨૮] અંગ રાજ સમદૃષ્ટિનેલીધેજ પોતાની પ્રિયા કે જે પ્રાણથી પણ અતિ વહાલી હતી અને જેને પોતાની નજર આગળ શત્રુઓ ક્લેશ આપતા હતા તેને જોઇને પણ મોહ પામ્યો ન હતો.[૨૯] ત્રિગર્તદેશના રાજાએ એજ સમાનદૃષ્ટિના પ્રભાવવડે પોતાનો પુત્ર કે જે સેંકડો મનોરથોવડે મળ્યો હતો, તે પોતે, પણમાં હારી જવાથી રાક્ષસને આપી દીધો હતો.[૩૦]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

એજ સમાનદૃષ્ટિવડે રાજાઓમાં શ્રેષ્ઠ એવો જનક રાજા પોતાની નગરી બળી જવાના સમયમાં અને ઉત્સવમાં તેને શણગારવાના સમયમાં સમાનજ (હર્ષ–શોકથી રહિત) રહ્યો હતો.[૩૧] સાલ્વ રાજાએ સમાનદૃષ્ટિના બળથીજ મોંમાગી દક્ષિણા આપવાની પ્રતિજ્ઞાવડે બ્રાહ્મણનેઅર્થે વેચી દીધાની પેઠે આપી દીધેલા પોતાના મસ્તકને કમલદળની પેઠે કાપી નાખ્યું હતું.[૩૨] ડોલરના સમૂહના જેવો ધોળો અને કૈલાસનીપેઠે સુશોભિત એવો ઐરાવત હાથી કે જે સૌવીર રાજાએ ઇંદ્રને જીતીને લઇ લીધો હતો તેને સમદૃષ્ટિપણાથીજ યજ્ઞની અંદર બ્રાહ્મણોના વચનથી (ઇંદ્રને) પાછો આપી દીધો હતો.[૩૩] કુંડપ એવા નામનો ચાંડાલ પોતાની દેહયાત્રામાટે પોતાનો વ્યવહાર ચલાવી લેતાં સમાનબુદ્ધિવડેજ (એક ગાયને મજુરી બદલે લેવી ઠરાવી કાદવમાં ધુંચી ગયેલી બ્રાહ્મણની પાંચ ગાયોને બહાર કાઢી, પુષ્કરમાં તે ઠરાવી લીધેલ એક ગાયને પણ બ્રાહ્મણને આપી દઈ) દેવરૂપ થઇ ગયો હતો.[૩૪] કદંબ વનના રાક્ષસે રાક્ષસી વૃત્તિ કે જે સર્વ પ્રાણીઓનો ક્ષય કરનાર છે તેનો સમદૃષ્ટિના અત્યંત અભ્યાસથીજ ત્યાગ કર્યો હતો.[૩૫] બાલચંદ્રના જેવા મનોહર જડ ભરતજી એજ સમદૃષ્ટિવડે ગોળના લાડુનીપેઠે ન્યાયથી (ભિક્ષારૂપે) પ્રાપ્ત થઇ ગએલ અગ્નિનું ભક્ષણ કરી ગયા હતા.[૩૬] સમાનબુદ્ધિપણાનેલીધેજ ધર્મવ્યાધ ક્રૂર વ્યવહાર કરનારો છતાં પોતાના દેહને છોડી પરમપદને પ્રાપ્ત થઈ ગયો.[૩૭] કપર્દન નામના રાજર્ષિ કે જે નંદનવનની અંદર રહ્યા હતા તે પોતે પુરુષાર્થવાળા છતાં પણ પોતામાં આસક્ત થઈ રહેલ દેવાંગનાઓમાં એ સમાનદૃષ્ટિવડેજ લોભાયા ન હતા.[૩૮] એજ રાજર્ષિ સમાનચિત્તનેલીધે રાજ્યને છોડી દઇ, કરંજના વૃક્ષોવડે ગહન એવા વિંધ્યાચળના જંગલના જંગલમય પ્રદેશોમાં નિશ્ચેષ્ટ થઇ ઘણા સમયસુધી રહ્યા હતા.[૩૯] દેવતાઓને પણ પૂજ્ય એવા મુનિયો, ઋષિઓ અને સિદ્ધો, તપના ક્લેશોમાં અને ભોગોમાં સમદૃષ્ટિપણાથીજ ઉદ્વેગને પ્રાપ્ત થતા નથી.[૪૦] કેટલાક રાજાઓ અને ધર્મવ્યાધ આદિ બીજા પ્રાકૃત (સામાન્ય પંક્તિના મૂર્ખ જેવા) માણસો સમદૃષ્ટિપણાના અભ્યાસથીજ મોટા પુરુષોને પણ પૂજવા યોગ્ય થઇ ગયા છે.[૪૧] ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો, આ લોકમાં અને પરલોકમાં સિદ્ધિ મેળવવામાટે પુરુષાર્થમાં પ્રવૃત્તિ કરવાસારૂ સમાનદૃષ્ટિને ધારણ કરી નિરંતર વિચર્યા કરે છે.[૪૨] તત્ત્વજ્ઞ પુરુષે મરણની ઇચ્છા ન કરવી, તેમ જીવિતની પણ ઇચ્છા ન કરવી, કિંતુ યથાપ્રાપ્ત વ્યવહારને કરતા રહી કોઇની હિંસા નહિ કરતાં વિચરવું જોઇએ.[૪૩] સમાનતાવડે ગુણ–દોષને એકરૂપેજ સમજનાર, સુખ-દુઃખને અને પર–અવરને એક સમાનરૂપે જાણનાર, સદા વિલાસી, માન–અપમાનને પણ સમાન સમજનાર, અને પ્રકૃત એવા ઉત્તમ વ્યવહારવડે શુદ્ધ દેહવાળો જીવન્મુક્ત પુરુષ જગતમાં વિચરે છે.[૪૪]

समकलितगुणागुणैकभावः समसुखदुःखपरावरो विलासी ॥ प्रविचरति समावमानमानः प्रकृत वरव्यवहारपूतमूर्तिः ॥ ४४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' સમદૃષ્ટિપ્રશંસા ' એ નામનો એકસો અઠ્ઠાણુમો સર્ગ સંપૂર્ણ. ૧૯૮

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સર્ગ ૧૯૯ મો.*

જીવન્મુક્ત પુરુષોની સ્થિતિ

॥ શ્રીરામ ઉવાચ ॥

नित्यं ज्ञानैकनिष्ठत्वादात्मारामतया तथा ॥
कैः कर्मपरित्यागः कस्मान्न क्रियते मुने ॥

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! નિરંતર એક જ્ઞાનમાંજ નિષ્ઠા રાખવાથી આત્મારામપણાનેલીધે જીવન્મુક્ત પુરુષો કર્મનો ત્યાગ શા માટે કરતા નથી ?[૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેઓની હેય દૃષ્ટિ અને ઉપાદેય દૃષ્ટિ એ બન્ને ક્ષીણ થઈ ગએલ હોય તેને ક્રિયાના ત્યાગવડે પણ શું પ્રયોજન છે; અને ક્રિયાના આશ્રયવડે પણ શું પ્રયોજન છે ? કાંઇ નહિ.[૨] જીવન્મુક્ત પુરુષને એવું કાંઇ ઉદ્વેગ કરનાર પણ હોતું નથી કે જેનો ત્યાગ કરવો પડે; તેમ એવું કાંઇ અવશ્ય અનુષ્ઠાન કરવાયોગ્ય પણ નથી કે જે તેને ગ્રહણ કરવું પડે.[૩] જીવન્મુક્ત પુરુષને કર્મત્યાગવડે પણ કશું પ્રયોજન હોતું નથી, તેમ કર્મના આશ્રયવડે પણ કશું પ્રયોજન હોતું નથી; અને તેને લીધે તેઓ જે વર્ણાશ્રમને ઉચિત હોય તેજ યથાસ્થિતપણે કર્યા કરે છે.[૪] હે રામચંદ્રજી ! યાવજ્જીવ આ દેહ અવશ્ય ચેષ્ટા કરે છે, તો પછી તે યથાપ્રાપ્ત સદાચારનેજ અવ્યગ્રપણાથી કર્યા કરો. બીજાવડે તેને શું પ્રયોજન છે ? કાંઇ નહિ.[૫] પોતાના વર્ણાશ્રમના ક્રમને છોડી દઇ કાંઇ બીજેજ પ્રકારે અને બીજાજ વિષયમાં ક્રિયા કરવાથી શું ફળ છે ? જો શુભ-અશુભ બન્ને માર્ગમાં પ્રવૃત્તિ કરવાની વાત સમાન છે, તોપછી સારે માર્ગે દોરાવામાં શો દોષ છે ? કાંઈ નહિ.[૬] હે રામચંદ્રજી ! સિદ્ધિ-અસિદ્ધિમાં તુલ્ય રહેનાર નિરંતર સ્વચ્છ અને નિર્વિકાર એવી બુદ્ધિવડે જે કર્મ જે પ્રકારે કરવામાં આવે તે સર્વદા નિર્દોષજ છે.[૭] હે મહાબાહુ રામચંદ્રજી ! આ પૃથ્વીની અંદર બહુ જોનારા વિચક્ષણ પુરુષો, બહુ દોષવાળા અનેક વ્યવહારોમાં અનેક પ્રકારે વિહાર કરે છે.[૮] કેટલાએક ગૃહસ્થના આરંભવાળા પુરુષો પણ જગતમાં જીવન્મુક્તપણે રહેલા છે કે જેઓ નિસંગ બુદ્ધિવડે યથાપ્રાપ્ત વ્યવહાર કરી લેતાં સુખેથી વિહાર કરે છે.[૯] કેટલાક તમારા જેવા તત્ત્વજ્ઞ વીતરાગ રાજર્ષિઓ કશામાં બુદ્ધિને આસક્ત નહિ થવા દેતાં તાપથી રહિત દશામાં રહી રાજ્ય કરે છે.[૧૦] કેટલાક પુરુષો પ્રકૃત એવા વેદના અર્થમાં બતાવેલ વ્યવહારને અનુસરી યજ્ઞનું અવશિષ્ટ રહેલ અન્ન જમી નિરંતર અગ્નિહોત્રમાં પરાયણ થઇ રહેલા છે.[૧૧] કેટલાક ચારે વર્ણોમાં પોત-પોતાના વર્ણાશ્રમની ધ્યાન દેવાર્ચન આદિ ક્રિયાઓનું અનુષ્ઠાન કરતાં વિવિધ ચેષ્ટાઓવડે રહેલા છે.[૧૨] કેટલાએક મહાશય પુરુષો અંદરથી સર્વનો ત્યાગ (ફળત્યાગ) કરી બહારથી સર્વ કર્મ કરતા રહી જ્ઞાનવાળા છતાં અજ્ઞાની જેવા થઇ રહ્યા છે.[૧૩] કેટલાએક તો અતિસુંદર મૃગવાળી શૂન્યવત્ ભૂમિઓ કે જેની અંદર સ્વપ્નમાં પણ મનુષ્યો જોવામાં નથી આવતાં તેમાં ધ્યાનનિષ્ઠ થઇ રહેલા છે.[૧૪] કેટલાએક પુરુષો પુણ્યવાન પુરુષોએ નિરંતર સેવેલ, પુણ્યની વૃદ્ધિ કરનાર, શાંતિનેલીધે સુંદર આચારવાળા, પુણ્યતીર્થ ઋષ્યાશ્રમ આદિમાં રહેલા છે.[૧૫] કેટલાએક સમાન ચિત્તવાળા પુરુષો, રાગ-દ્વેષને નિવૃત કરવામાટે પોતાના દેશને છોડી દઇ કોઈ બીજાજ દેશમાં સ્થાન કરી રહેલા છે.[૧૬] કેટલાક ડાહ્યા પુરુષો

* આ એકસો નવ્વાણુમા સર્ગમાં જીવન્મુક્ત પુરુષોને કર્મ કરવાથી કાંઈ પ્રયોજન નથી, તેમ કર્મત્યાગથી કાંઇ ક્ષતિ નથી, તથાપિ તેઓ સત્ કર્મો કર્યા કરે છે, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સંસારની નિવૃત્તિમાટે એક વનમાંથી બીજા વનમાં, એક શહેરમાંથી બીજા ગામમાં, એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં અને એકપર્વતમાંથી બીજા પર્વતમાં ભ્રમણ કરતા રહ્યા છે.[૧૭] હે રામચંદ્રજી ! મહાપુરી વારાણસીમાં, પવિત્ર પ્રયાગમાં, શ્રી પર્વતમાં, સિદ્ધપુરમાં, બદર્યાશ્રમમાં, મહાપવિત્ર શાલગ્રામ તીર્થમાં, કલાપ ગ્રામમાં, પવિત્ર મથુરાપુરીમાં, કાલંજર પર્વતમાં, નંદનવનની ઝાડીઓમાં, ગંધમાદનના શિખરોમાં, દર્દુરાચળના શિખરોમાં, સહ્યાદ્રિની ભૂમિઓમાં, વિંધ્યપર્વતના જલપ્રાય દેશોમાં, મલયાચળના અંદરના ભાગોમાં, કૈલાસના વનસમૂહોમાં, ઋક્ષવત્ એવા નામના પર્વતની ગુફાઓમાં અને એવાજ પ્રકારનાં બીજાં ભિન્ન ભિન્ન વનોમાં તથા સ્થાનોમાં અનેક તપસ્વીઓ કે જેઓ અનેક પ્રકારના પોત-પોતાના પ્રારબ્ધના ભોગને અનુકૂલ એવી દૃષ્ટિને રાખનારા હોય છે, તેઓ, સ્થિતિ કરી રહેલા છે.[૧૮-૨૨] કેટલાક સંન્યાસ વિધિવડે પોતાના આચારને છોડી દે છે. કેટલાએક તો બ્રહ્મચર્ય આદિ આશ્રમોના ધર્મમાં સ્થિતિ રાખી રહે છે. કેટલાએક તો પ્રબુદ્ધ બુદ્ધિવાળા છતાં નિરંતર ઉન્મત્તના જેવી ચેષ્ટાને ધારણ કરી લે છે.[૨૩] કેટલાએક તો સ્વદેશથી રહિત હોય છે, કેટલાએક તો પોતાના સ્થાનને છોડી દે છે, કેટલાએક એકજ સ્થાનમાં (ઘરની અંદરજ વિક્ષેપથી રહિત) સ્થિર થઈ રહ્યા હોય છે; અને કેટલાએક તો ફરતાજ રહે છે.[૨૪] હે મહાબુદ્ધિશાળી રામચંદ્રજી ! આકાશમાં નિવાસ કરનાર મહાન દેવ આદિમાં અને પાતાળમાં રહેનાર દૈત્ય આદિની અંદર લોકના ક્રમને જાણી રહેલા અને સમ્યક્ જ્ઞાનવડે નિર્મળ એવા કેટલાક પ્રબુદ્ધ બુદ્ધિવાળા પુરુષો છે, કે જેઓ દૃશ્યને તથા પર—અવર સર્વને જાણે છે.[૨૫,૨૬] કેટલાએક તો બુદ્ધિમાં થોડો પ્રબોધ થવાનેલીધે હીંડોળાના જેવા ચપળ ચિત્તવાળા હોય છે, તથાપિ નિષિદ્ધ આચરણથી નિવૃત્ત થઇ જઈ સજ્જન પુરુષની પછવાડે તેનેજ માર્ગે ચાલ્યા જાય છે.[૨૭] કેટલાએક પુરુષો અર્દ્ધપ્રબુદ્ધ (અર્ધદગ્ધ) બુદ્ધિ હોવાને લીધે જ્ઞાનના અભિમાનથી કર્મ અને આચાર એ બન્ને છોડી દઈ ઉભય ભ્રષ્ટ થઇ રહેલા છે.[૨૮] એવી રીતે આ જનસમુદાયમાં જન્મને તરી જવાની ઇચ્છા રાખનારા ઘણા પુરુષો અનેક પ્રકારની દૃષ્ટિઓ રાખી અનેક પ્રકારે રહેલા છે.[૨૯] સંસારને તરી જવામાં વનવાસીપણું કાંઇ હેતુરૂપ નથી. સ્વદેશમાં સ્થિતિ રાખી રહેવું. કષ્ટકારક તપ કરવાં એ પણ કાંઈ તેમાં કારણ નથી.[૩૦] ક્રિયાનો ત્યાગ કરવો, કિંવા આશ્રય કરવો, એ પણ કાંઇ સંસાર તરવામાં હેતુરૂપ નથી; તેમજ સત્કર્મમાં પ્રાપ્ત થનાર એવા પ્રખ્યાતિ, લાભ, ઐશ્વર્ય, વરશાપનું સામર્થ્ય, આદિપણ તેમાં હેતુભૂત નથી; કિંતુ સંસાર તરી જવામાં તત્ત્વજ્ઞાનજ કારણરૂપ છે. જેનું મન કશામાં આસક્ત નથી તે આ સંસારસાગર તરી ગયો એમ સમજવું.[૩૧,૩૨] નિઃસંગ અને નિર્લેપ ચિત્તવાળો તત્ત્વજ્ઞ પુરુષ શુભ—અશુભ કર્મો નિરંતર કરતાં છતાં અને તેનો પરિહાર કરતાં છતાં પણ ફરીવાર સંસારને પ્રાપ્ત થતો નથી.[૩૩] દુષ્ટ બુદ્ધિવાળો, મનને વિષયોમાં મોકળું મૂકનાર શઠ પુરુષ, નિરંતર શુભ—અશુભ ક્રિયાને નહિ કરતાં છતાં પણ સંસારમાં ડૂબી જાય છે.[૩૪] વિષયોનો અનુભવ થવાથી તેના અંદરના સારને જાણનારી, દુઃખરૂપ અને દુઃખને આપનાર, એવી બુદ્ધિને મંથના કુંભમાં પેશી

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગએલી માંખીનીપેઠે નિવારણ કરવાને કે મારવાને સમર્થ થઇ શકાતું નથી.[૩૫] કોઈક દિવસ (દૈવયોગે) કાકતાલીયન્યાયથી, પોતાના ચિત્તની પોતાની મેળેજ મોક્ષસિદ્ધિ મેળવવાને અર્થે આત્મવિચારમાં પ્રવૃત્તિ થાય છે.[૩૬] નિર્મળ થઇ રહેલ ચિત્ત, આત્મવિચારથી તત્ત્વને મેળવી લઈ નિર્દ્વંદ્વ નિઃસંગ (આસક્તિથી રહિત) અને નિર્વિકાર થઇ રહે છે.[૩૭] ચિત્તભાવને છોડી રહેલા સત્વરૂપ ચિત્તવડે સર્વત્ર સમાન રહી સુખેથી પરમ આકાશરૂપ અધિષ્ઠાન ચૈતન્યરૂપે થઈ રહો.[૩૮] હે મહાત્મા રામચંદ્રજી ! પરમાર્થને મેળવી લઇ, રાગઆદિ દોષોને છોડી દઇ, ઉદય પામેલ આત્મજ્ઞાનવડે સુશોભિત બની, બુદ્ધિને સમાન રાખી, નિઃશંકપણાથી એક શોકરહિત થઇ રહો, કેમકે જન્મ–મરણથી રહિત એવા પરમપદરૂપ તમે પોતેજ છો.[૩૯] નિર્મળ બ્રહ્મરૂપ એવાજગતની અંદર પ્રકૃતિરૂપ, મલરૂપ, વિકારરૂપ, ઉપાધરૂપ અને બોધ આદિરૂપ કશું કોઇ જગ્યાએ છેજ નહિ, કેવળ અનાદિ સિદ્ધ સ્ફુટ ચિદ્રૂપ બ્રહ્મજ છે; અને તે હું એક પોતેજ છું, એમ માની તમે સુખેથી નિઃશંક થઈ રહો.[૪૦] હે પ્રિય રામચંદ્રજી ! તમને જ્ઞાનનો બોધ કરવામાટે આથી વધારે બીજું કાંઇ વિશેષ શુભ ઉપદેશરૂપે કહેવાનું નથી. મેં તમને સમગ્રપણે બધો જ્ઞાનનો સાર કહી બતાવ્યો છે, અને હવે તમે જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે, એવા થઈ ગયા છો.[૪૧]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ–ભમરો જેમ કમલસમૂહની અંદર ગુંજારવ કરી મકરંદનું પાન કરવા પ્રવૃત્તિ કરતાં મૌનનો આશ્રય કરે તેમ શ્રી વસિષ્ઠ ઋષિ ઉપર પ્રમાણે કહી ધ્યાનનિષ્ઠ થઇ રહેવાથી મૌનને ધારણ કરી રહ્યા. રામચંદ્રજી શુદ્ધ બુદ્ધિવડે બ્રહ્મપદને પ્રાપ્ત થઈ જવાથી નિઃશેષ વાસનાઓથી રહિત થઇ ગયા અને સર્વ સભાજન એક ધ્યાનનિષ્ઠ જેવા થઇ રહ્યા અને વસિષ્ઠજીએ પણ બ્રહ્મનિષ્ઠાપણાથી મૌનનો આશ્રય કર્યો.[૪૨]

॥ શ્રીવાલ્મીકિરુવાચ ॥ ઇત્યુક્ત્વા મુનિનાયકો વ્યપગતાશેષૈષણે રાઘવે સર્વસ્મિંશ્ચ સભાજને સ્થિતવતિ ધ્યાનૈકતાનોપમે ॥ પ્રાપ્તે બ્રહ્મપદં ધિયા ધવલયા તૂષ્ણીમત્યષ્ટપદઃ કૃત્વેવારણિતં સરોજપટલે પાતું પ્રવૃત્તો રસમ્ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' મુક્તપુરુષસ્થિતિવર્ણન ' એ નામનોએકસો નવ્વાણુમો સર્ગ સંપૂર્ણ.૧૯૯

સર્ગ ૨૦૦ મો.*

સિદ્ધોનાં વખાણ

॥ શ્રીવાલ્મીકિરુવાચ ॥

નિર્વાણવાક્યસંદર્ભસમાપ્તૌ મુનિનાયકે ॥ પાશ્ચાત્યવાક્યવિરતિં કુર્વતિ ક્રમપાલિતામ્ ॥

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ–નિર્વાણસંબંધી વાક્યરચનાની સમાપ્તિ થતાં મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી ક્રમથી પ્રાપ્ત થયેલ છેવટનાં વાક્યોનો વિરામ કરતાં, શાંત મને સ્વચ્છ મનોવૃત્તિવાળા સર્વ સભાની અંદરનાં માણસો, નિર્વિકલ્પ સમાધિના જેવી સ્થિતિને પ્રાપ્ત થઇ જતાં, અને શ્રવણ કરનાર સર્વ મનુષ્યનું પ્રત્યક ચૈતન્ય સત્વકોટિમાં આરૂઢ થઇ જઇ પરમ પવિત્ર ભાવને પ્રાપ્ત થઇ જતાં, તત્કાળ આકાશની અંદર રહેનાર, પુરાતન, મુક્ત બુદ્ધિવાળા સનકાદિકો, સિદ્ધોના આકાશમાં ફેલાઇ રહેલ એવાં પ્રશંસાનાં વાક્યોવડે તથા સભાની અંદર બેઠેલા શુદ્ધ બુદ્ધિવાળા વિશ્વામિત્ર આદિ મુનિઓની ઉચ્ચ એવી પ્રશંસા વાક્યોની

* આ બસોમા સર્ગમાં સિદ્ધોનાં પ્રશંસાનાં વાક્યો દુંદુભિ એ સહિત, પુષ્પવૃષ્ટિ અને સર્વેએ કરેલ એવો ગુરુપ્રભનો મહોત્સવ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વાણીવડે, દિશાઓના મુખને સારી રીતે પૂરી રહેલ મધુર કોલાહલ, પવનથી અંદર (છિદ્ર-પ્રદેશમાં) વ્યાપ્ત થએલ પોલા વાંસના અવાજનીપેઠે ઉત્પન્ન થયો.[૧-૬] પછી સિદ્ધ-પુરુષોનાં પ્રશંસાનાં વાક્યોની સાથેજ પોતાના પ્રતીધ્વનિવડે (પડછંદાના શબ્દથી) પૃથ્વીને અને પર્વતોને પૂરી રહેલાં દેવતાઓનાં દુંદુભિ-નગારાં વાગ્યાં.[૭] દેવતાઓનાં દુંદુભિ-નગારાં-સાથે હિમની વૃષ્ટિના જેવી સુંદર અને દિશા-ઓના સમૂહને ઢાંકી રહેલ એવી પુષ્પોની વૃષ્ટિ દિશાઓમાંથી પડી.[૮] પુષ્પોના સમૂહવડે તે સ્થળને પૂરી રહેલ, શબ્દવડે ગુફાઓને પૂરી દેનાર, રજવડે આકાશને રંગી રહેલ, ગંધવડે પવનને રંગ આપનાર, ઉંચું મુખ કરી રહેલ સર્વ સભ્ય પુરુષોના નેત્રનાં કિર-ણોવડે અંદરના ભાગને શ્યામ કરી રહેલ, ઉંચા કાન કરી રહેલ, મૃગ, હાથી, ઘોડા, પક્ષી અને પશુ એઓએ સાંભળેલ, વિસ્મય અને ભય એ બન્નેએ સહિત, અને વિકસિત નેત્રવાળા એવા બાળક સ્ત્રીજનોએ જોએલ, વિસ્મયનેલીધે મંદ-હાસ્ય યુક્ત મુખવાળા રાજ લોકોએ જોવાએલ, એવો પ્રશંસાનાં વાક્યોના શબ્દોનો, દેવદુંદુભિ-ના શબ્દોનો અને પુષ્પ વૃષ્ટિના શબ્દોનો સમૂહ બહુ શોભવા લાગ્યો.[૯-૧૨] પૃથ્વીનો અને આકા-શનો મધ્યભાગ પુષ્પવૃષ્ટિના સારવાળા અને શબ્દની શોભાથી અતિમનોહર એવા કોલાહ-લવડે તરત લોકોત્તર ચમત્કારને ધારણ કરી રહ્યો.[૧૩] પુષ્પની વૃષ્ટિવડે તેના મકરંદથી ધોવાએલ, શબ્દ કરતાં પ્રાણીઓથી પુણ્ય શબ્દવાળું એવું આકાશ, સેંકડો શંખોના શબ્દોનેલીધે દશરથના ઘરના જેવું જણાતું હતું.[૧૪] અનેક એવા અવાજોવડે સુશોભિત, દેવોથી અને ચારણોથી વીંટાએલ, અને પુષ્પોથી સુશોભિત એવું જગત પણ વૃદ્ધિ પામેલ ઉત્સ-વનેલીધે દશરથના ઘર જેવું શોભતું હતું.[૧૫] જેમ સમુદ્રની અંદરના તરંગો, તટની પાસેના પર્વતને પહોંચી વળે તેમ દુંદુભિના શબ્દો, સિદ્ધસમૂહનાં વાક્યો અને પુષ્પોનો સમૂહ, એ સર્વ એકજ સમયે એક સાથે પૃથ્વી અને આકાશ એ બન્નેની વચમાં અને દિશાઓના અંતરાલ વ્યાપ્ત થઈ ગયાં.[૧૬] ક્ષણવારમાં સમયનેલીધે પ્રાપ્ત થએલ દેવોની પુષ્પવૃષ્ટિના કોલાહ-લમાં સિદ્ધોનાં નીચેનાં વાક્યો પ્રસિદ્ધપણે સંભળાયાં.[૧૭]

સિદ્ધો કહેવા લાગ્યાઃ--કલ્પપર્યંત સિદ્ધોના સમૂહમાં હજારો મોક્ષોના ઉપાયો અમે કહ્યા છે, તેમ સારી રીતે સાંભળ્યા પણ છે; પરંતુ આ ગ્રંથ જેવા એકે નથી.[૧૮] તિર્યક જાતિના જીવો, વનિતાઓ, બાળકો અને નાગો, મુનિના (વસિષ્ઠજીના) આ ગ્રંથરૂપ વાક્ય વિલાસવડે મોક્ષ સુખને પ્રાપ્ત થઇ જાય, એમાં કાંઈ સંશય નથી.[૧૯] શ્રી રામચંદ્રજીને વસિષ્ઠ-ઋષિએ જે પ્રમાણે દૃષ્ટાંતોથી, હેતુઓથી અને યુક્તિથી બોધ આપ્યો, તે પ્રમાણે સાક્ષાત્ અરુંધતીને પણ બોધ આપે કે ન આપે.[૨૦] આ મોક્ષના ઉપાયવડે તિર્યક્ જાતિના જીવો પણ નિર્વિકાર થઇ યુક્ત થઇ જાય તો પછી પૃથ્વીની અંદર કયાં મનુષ્યો મુક્ત ન થાય?[૨૧] શ્રવણરૂપ અંજલિવડે આ જ્ઞાનામૃતનું પાન કરી અમે પૂર્ણ અભિનવ સિદ્ધિઓને ધારણ કરતાં પરમ લક્ષ્મીને અને શોભાને પ્રાપ્ત થઇ રહ્યા છીએ.[૨૨] ઉપરપ્રમાણે શ્રવણ કરતા અને વિસ્મય-વડે વિકસિત નેત્રવાળા અયોધ્યાવાસી જનોએ, કમલ આદિનાં પુષ્પોની વૃષ્ટિથી ભરપૂર,[૨૩] મંદાર આદિ દેવવૃક્ષોનાં મહાપુષ્પોવડે ઢંકાએલ વસ્ત્ર-સમૂહવાળી, કલ્પલતાઓના ગુચ્છાઓવડે ઘાટી એવી આગણાંની ભૂમિવડે સુશોભિત,[૨૪] પારિજાત વૃક્ષનાં પુષ્પોથી ભરપૂર એવાં ભૂતળથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મનોહર, સંતાનક નામનાં વૃક્ષોનાં પુષ્પોરૂપી મોટાં વાદળાંવડે વ્યાપ્ત એવા સભ્યોનાં મસ્તક અને હસ્તવડે રમણીય,[૨૫] મુકુટના રત્નરૂપી વિટંકના અગ્રભાગમાં વિશ્રાંત થઇ રહેલ હરિચંદનનાં પુષ્પોવાળી, અને પાણીના ભારવડે ભરપૂર લાંબા વાદળાંઓનીપેઠે લટકતા એવા ઉલ્લેચવડે સુશોભિત એવી સભા જોઇ.[૨૬] એ પ્રમાણે સભાને જોતા એવા લોકો અનેક પ્રશંસાનાં વાક્યોવડે અને તે તે કાળને યોગ્ય એવાં બીજાં વાક્યોવડે તેજપ્રમાણે ઉદ્યુક્ત થઈ સર્વ ઇંદ્રિયસમૂહવડે આધીન બની જતાં પુષ્પાંજલિપૂર્વક અને પ્રણામપૂર્વક વસિષ્ઠ ઋષિની પૂજા કરવા લાગ્યા.[૨૭,૨૮] પછી રાજાઓની પ્રણામમાળાઓ કાંઇક શાંત થતાં અર્ઘ્ય પાત્રયુક્ત હસ્તવાળા દશરથ રાજાએ વસિષ્ઠ ઋષિની પૂજા કરતાં નીચે પ્રમાણે કહ્યું.[૨૯]

દશરથરાજા કહે છેઃ—હે અરુંધતીપતે ! આપના ઉપદેશથી મળેલ અત્યંત અવિનાશી આત્મવસ્તુરૂપી પરમ બોધવડે મને અંદર પરમ પૂર્ણતા ઉત્પન્ન થયેલ છે.[૩૦] તમે કે જે પૂજ્ય છો તેના પૂજનમાં યોગ્ય એવી કાંઈ મહત્ વસ્તુ પૃથ્વીના પીઠ ઉપર, સ્વર્ગમાં, દેવતાઓમાં કે પાતાળમાં નથી અને તેથી તે મને અપ્રાપ્ત છે.[૩૧] તથાપિ હે મહારાજ ! યથાપ્રાપ્ત આ ગુરુપૂજનનો ક્રમ કે જે મારું પોતાનું એક અવશ્ય કર્ત્તવ્ય છે તેને સફળ કરવાને હું કાંઇ બોલું છું, માટે તે સંબંધમાં આપ કાંઇ કોપ કરવાને યોગ્ય નથી.[૩૨] સ્ત્રીપુત્ર આદિ સહિત એવા આ મારા આત્માવડે અને આ લોક તથા પરલોક એ બન્નેમાં સુખ-ભોગનેમાટે સંચિત કરેલ પુણ્યવડે તથા સર્વ પોષ્યવર્ગસહિત એવા આ રાજ્યવડે (તે સર્વ આપને અર્પણ કરી) હું આપની પૂજા કરું છું.[૩૩] હે મહારાજ ! આ સર્વ પોતાના આશ્રમનીપેઠે આપને સ્વાધીન છે, માટે આપ આપની મરજીપ્રમાણે તેના સ્વામી થઈ હુકમ પ્રમાણે આજ્ઞા ચલાવો.[૩૪]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—હે મહારાજ દશરથ ! માત્ર પ્રણામવડે સંતુષ્ટ થઇ એવા અમે બ્રાહ્મણ છીએ તેથી પ્રણામથીજ પ્રસન્ન થઇએ છીએ, અને તે આપે કરેલ છે.[૩૫] આપજ રાજ્ય-રક્ષણવિધિ જાણો છો અને તે આપનેજ શોભે, માટે તે તમારી પાસેજ રહો. બ્રાહ્મણો ક્યાં રાજાઓ છે !'[૩૬]

દશરથ કહે છેઃ—હે સમર્થ મહારાજ ! મોક્ષદાનરૂપ મહા ઉપકાર પાસે પ્રકૃષ્ટપણે આ રાજ્ય શા હિસાબમાં છે? કાંઇ નથી; માટે જેમ આપના ધ્યાનમાં આવે તેમ સુખેથી કરો.[૩૭]

શ્રીવાલ્મીકિ કહે છેઃ—ઉપરપ્રમાણે દશરથ રાજા કહેતા હતા તેટલામાં રામચંદ્રજી પુષ્પાંજલિને ચરણમાં અર્પણ કરી પ્રણામ કરી તે મહાગુરુ (વસિષ્ઠ) પાસે કહેવા લાગ્યા કે,[૩૮] મહારાજા દશરથને નિરુત્તર કરનાર હે મહાસમર્થ વસિષ્ઠઋષિ ? હું કે જેને આપનાં વાક્યને અનુસરી પ્રણામમાત્રજ સારરૂપે અવશ્ય કર્તવ્ય છે, તે આપના આ ચરણમાં પ્રણામ કરું છું.[૩૯] આ પ્રમાણે કહી શિરોવંદનપૂર્વક રામચંદ્રજીએ વસિષ્ઠ ઋષિના ચરણમાં, જેમ વન પર્વતની તળેટીમાં પોતાના પલ્લવમાં લાગેલા જળબિંદુઓનું વિસર્જન કરે તેમ પુષ્પાંજલિ અર્પણ કરી.[૪૦] આનંદાશ્રુવડે ભરપૂર નેત્રવાળા અને નીતિમાં કુશળ એવા શ્રીરામચંદ્રજી પરમ ભક્તિવડે ગુરુને વારંવાર પ્રણામ કરવા લાગ્યા.[૪૧] શત્રુઘ્ન, લક્ષ્મણ અને તેની પાસેના બીજા પણ તેવાજ શ્રીરામચંદ્રજીના મિત્રો મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજીને પ્રણામ કરવા લાગ્યા.[૪૨] દૂર બેઠેલા રાજાઓ,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

રાજપુત્રો અને ઋષિઓ, દૂર સ્થિતિને યોગ્ય એવા પ્રણામોથી અને પુષ્પાંજલિ સમર્પણથી પ્રણામ કરવા લાગ્યા.[૪૩] એ સમયે હિમાલય જેમ હિમથી ઢંકાઈ જાય તેમ મહામુનિ વસિષ્ઠજી પુષ્પાંજલિની વૃષ્ટિથી ઢંકાઇ ગયા.[૪૪] પછી સભાનો ક્ષોભ અને પ્રણામોનો સમૂહ શાંત થતાં વસિષ્ઠઋષિ, માન્ય એવા મુનિઓની પાસે પોતાનું બનાવેલ શાસ્ત્ર કેમ જાણે સત્ય વસ્તુના સંબંધમાં સદોષ હશે કે નિર્દોષ હશે, એમ કાંઇ સંદેહવાળા હોય તેમ પોતાના બન્ને હાથવડે પુષ્પોના પુંજને ખસેડી નાખી (કાંઈક પૂછવાની ઇચ્છાથી) ધોળાં વાદળાંમાંથી (તેને ખસેડી) જેમ ચંદ્રમાનું દેખાવું થાય તેમ પોતાનું મુખ દેખાડવા લાગ્યા.[૪૫,૪૬] સિદ્ધલોકોનાં વચનોના સમૂહ, દુંદુભિનો શબ્દ, આકાશમાંથી પડતી પુષ્પવૃષ્ટિ અને સભાનો કોલાહલ એ સર્વ શાંત થતાં અને પવન શાંત થઇ જતાં જેમ મેઘ શાંત થઇ જાય તેમ પોતાનો સત્કાર કરનાર સભાજન રામ આદિએ સહિત પ્રણામ કર્યા બાદ વ્યગ્રપણાથી રહિત થઇ રહેતાં, પોતાની પ્રશંસાનાં વાક્યોનું શ્રવણ કરતા અનિંદ્ય આત્માવાળા મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી કોમળ સ્વરવાળા વિશ્વામિત્ર મુનિ-પ્રત્યે બોલ્યા કે,[૪૭-૪૯] હે ગાધિકુળમાં કમળરૂપ વિશ્વામિત્ર મુનિ ! હે વામદેવ, નિમિકેતુ, ભરદ્વાજ, પુલસ્ત્ય, અત્રિ, ધૃષ્ટિ, નારદ, શાંડિલિ, ભાસ, ભૃગુ, ભારંડ, વત્સ, વાત્સ્યાયન આદિ ઋષિઓ ! આપે આ મારાં તુચ્છ વચનો સાંભળ્યાં ?[૫૦,૫૧] આમાં કાંઇ કહેવું રહી ગયું હોય, અનુચિત અર્થવાળું હોય અથવા વ્યર્થ હોય તો કૃપા કરી આપ તે મને કહો.[૫૨]

સભ્યો કહે છેઃ—હે મહારાજ ! પરમાર્થ વડેજ એક સુશોભિત એવા વસિષ્ઠજીનાં વચનની અંદર વળી અનુચિત અર્થ હોય એવો આજે નવીજ વાણી આ સાંભળીએ છીએ![૫૩] અનંત એવા જન્મના દોષથી જે મેલ અમારી અંદર ભર્યો હતો તે, જેમ સુવર્ણના મલને અગ્નિ બાળી નાખે તેમ આપે અહીં આજે બાળી નાખ્યો.[૫૪] હે મહારાજ ! બ્રહ્મની અંદર વિસ્તરી રહેલ અને અમૃતના જેવી પરમ શીતળ એવી આ આપની વાણીવડે જેમ ચંદ્રના પ્રકાશથી કુમુદ વિકસિત થાય, તેમ અમે સર્વ વિકસિત થઈ રહ્યા છીએ.[૫૫] આ અમે સર્વ, આપ કે જે સર્વ જીવોને મહાબોધ આપનાર છો, મુનિશ્રેષ્ઠ છો, અને અમારા નિયમિત ગુરુ છો, તેને વારંવાર પ્રણામ કરીએ છીએ.[૫૬]

શ્રીવાલ્મીકિઋષિ કહે છેઃ—એવી રીતે કહી તેઓ સર્વ મેઘની ગર્જના જેવા મહાબળવાન ઉચ્ચ એક શબ્દવડે ફરીવાર નમસ્તે (આપને નમસ્કાર છે) એમ કહેતાં આકાશમાંથી સિદ્ધોની સાથે પોતે પણ નાખેલ તે વખત પુષ્પાંજલિના સમૂહથી જેમ મેઘ ઝાકળવડે પર્વતને (હિમાલયને) પૂરી દે તેમ પૂરી દેવા લાગ્યા.[૫૭,૫૮] એવીજ રીતે રામનાં વૃત્તાંતને જાણનારા એ સર્વ લોકો દશરથ રાજાની અને ચાર સ્વરૂપે અવતરેલા વિષ્ણુરૂપ શ્રીરામચંદ્રજીની પ્રશંસા કરતા હતા.[૫૯]

સિદ્ધો કહેછેઃ—કેમ જાણે બીજા સાક્ષાત્ નારાયણ હોય તેમ ચારરૂપે (રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નરૂપે) અવતરેલ જીવન્મુક્ત, ભાઇઓસહિત, રાજકુમાર રામચંદ્રજીને, ચાર સમુદ્રરૂપ ખાઇવડે વીંટાયેલ, (સમુદ્રપર્યંત) ભૂગોળની રક્ષા કરનાર અને ત્રણે કાલમાં રહેનાર (કોઈ દિવસ નષ્ટ ન થનાર) રાજચિહ્નોને ધારણ કરનાર દશરથ રાજાને, રાજાનીપેઠે મુનિઓની સેનાના અધિપતિ, સૂર્યના જેવા મહાતેજસ્વી, સુંદર પ્રકૃષ્ટ વાદ્યોવડે યુક્ત વસિષ્ઠ ઋષિને અને તપના ખજનારૂપ વિશ્વામિત્ર

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઋષિને અમે નમીએ છીએ.[૬૦,૬૨] એઓના પ્રભાવવડેજ જ્ઞાન યુક્તિથી સુશોભિત, અને ભ્રાંતિના જુસ્સાને પરમ નાશ કરનાર આ વસિષ્ઠજીની પરમ વાણી અમારા સાંભળવામાં આવી.[૬૩]

શ્રીવાલ્મીકિઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે કહી આકાશમાંથી સિદ્ધલોકોએ સભાની અંદર ફરીવાર પુષ્પવૃષ્ટિ કરી અને પછી પ્રસન્નચિત્ત તેઓએ મૌનનો આશ્રય કર્યો.[૬૪] તેવીજ રીતે આકાશચારી સિદ્ધોએ એ લોકોની પ્રશંસા કરી અને સભ્યોએ પણ તેજ પ્રમાણે ઘણી સ્તુતિએ સહિત એ સિદ્ધોનું ત્યાં અર્ચન કર્યું.[૬૫] આકાશમાં ગતિ કરનાર મહર્ષિઓ અને દેવગણો તથા ભૂમંડળમાં ગતિ કરતા બ્રાહ્મણો અને ભૂપતિઓ તથા બન્ને સ્થળમાં ગતિ કરનાર મુનીશ્વરો, એ સહુએ પોતાની શક્તિને અનુસારે પુષ્પ અને અર્ઘ્યદાન સહિત ઉચ્ચ વાણીવડે પ્રત્યેક જનની પૂજા કરી.[૬૬]

नभश्चरा धरणिचरा मुनीश्वरा महर्षयो विबुधगणा द्विजा नृपाः ॥ अपूजयन्निति जनमोजसैव ते गिरोच्चयासहकुसुमार्घ्यदानया ॥६६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો ' સાધુવાદસપર્યાદિવર્ણન ' એ નામનો બસોમો સર્ગ સંપૂર્ણ. ૨૦૦

સર્ગ ૨૦૧ મો.*

શ્રીરામની પૂર્ણાનંદપદમાં વિશ્રાન્તિ

॥ શ્રીવાલ્મીકિરુવાચ ॥

अथार्वाक् साधुवादेषु प्रशांतेषु शनैः शनैः ॥ ज्ञानोपदेशमासाद्य प्रोल्लसत्स्विव राजसु ॥१॥

શ્રીવાલ્મીકિઋષિ કહે છેઃ—પછી ધીમે ધીમે સભાના અધઃપ્રદેશમાં પ્રશંસાનાં વાક્યો શાંત થતાં જ્ઞાનોપદેશને મેળવી રાજાઓ કમળોએ પ્રફુલ્લ થઇ રહ્યા હોય તેવા થઇ જતાં,[૧] સંસારનો ભ્રમ જેનો શાંત થઈ ગએલ છે એવા મનુષ્યો સત્ય તરફ્ દોડતા એવા પોતાના ચિત્તવડે પોતાની મેળે પોતાનાં પૂર્વ ચરિત્રને હસતાં,[૨] જ્ઞાનના આસ્વાદમાં તત્પર થઇ રહેલ શાંત વિવેકી સભાજન, ચિત્તવૃત્તિને અંતર્મુખ કરી દઇ ધ્યાનાવસ્થિત થઇ રહેતાં,[૩] દેદીપ્યમાન એવા ગુરુના મુખતરફ્ જોઈ રહેલ અને પદ્માસનવાળી બેઠેલા શ્રી રામચંદ્રજી પોતાના ભાઇઓ સહિત ગુરુનીપાસે હાથ જોડી રહેતાં,[૪] દશરથ રાજા કમળોએ ધ્યાનાવસ્થિત થઈ રહ્યા હોય તેમ આદિ, મધ્ય અને અંતમાં પવિત્ર એવી જીવન્મુક્તદશાનો અંદર કાંઇ પણ આસ્વાદ લેતાં,[૫] પોતાના રાજા આદિ ભક્તોની પૂજા સ્વીકારવામાટે યાચકજનને માન આપનાર વસિષ્ઠમુનિ ક્ષણવાર મૌનનો આશ્રય પકડી અનાકુળ અક્ષરથી બોલવા લાગ્યા કે,[૬] પોતાના કુળરૂપ આકાશમાં ચંદ્રતુલ્ય એવા કમળના જેવા સુંદર નેત્રવાળા હે રામચંદ્રજી ! પોતાની મનમાનતી ઇચ્છાવડે હવે બીજું તમે શું સાંભળવાને ઇચ્છો છો ?[૭] હવે આજે તમે કેવી સ્થિતિને અનુભવો છો? અને આ જગતના આભાસને કેવા પ્રકારનો દેખો છો ? તે કહો.[૮] વસિષ્ઠજીના એપ્રમાણે કહેવા ઉપરથી રાજકુમાર રામચંદ્રજી ગુરુનું મુખ જોતાં અનાકુળપણાથી મૃદુ અને સ્પષ્ટપણે બોલ્યા.[૯]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! શરદ્ઋતુમાં જેમ પૂર્ણચંદ્રવડે સુશોભિત આકાશ નિર્મળ થઇ જાય, તેમ આપની કૃપાવડે હું પરમ નિર્મળતાને પ્રાપ્ત થઇ ગયો છું.[૧૦] મારી સર્વ ભ્રાંતિઓ કે જે સંસારની અંદર ભંગ કરનાર છે તે શાંત થઈ ગએલ છે, અને શુદ્ધ સ્વરૂપવડે હું આકાશ જેવો સ્વચ્છ થઈ રહ્યો

* આ બસો એક સર્ગમાં ગુરુ, રામને ફરીવાર આદરથી પૂછશે અને રામચંદ્રજી પોતાની પૂર્ણાનંદપદમાં વિશ્રાંતિ પ્રકટ કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by 83 Foundation USA

છું.[૧૧] સર્વ ગ્રંથીઓ જેની ગલિત થઇ ગએલ છે તેવો હું બની ગયો છું, અશેષ (સર્વ) વિશેષણો શાંત થઇ જવાથી હું નિર્વિશેષ છું, અને સ્ફટિક ગૃહની અંદર તેના મધ્યમાં રહેલ સ્ફટિક મણિના જેવી નિર્મળ બુદ્ધિવાળો છું.[૧૨] મારું શાંત થઇ રહેલ ચિત્ત બીજું કાંઇ સાંભળવાને કે મેળવવાને ઇચ્છતું નથી; પરમ તૃપ્તિને તે પ્રાપ્ત થઇ રહેલ છે, અને કેમ જાણે સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયું હોય તેવું થઇ રહ્યું છે.[૧૩] હે મહારાજ ! સર્વ વિષયોના સ્મરણની શાંતિનેલીધે નિાવકલ્પ, સર્વ કૌતુકથી રહિત, અને સર્વ સંકલ્પોને છોડી રહેલું મારું મન શાંત છે.[૧૪] હું નિર્વાણને પ્રાપ્ત થઈ રહ્યો છું, શાંત થઇ રહ્યો છું અને જાગતાં છતાં પણ જગતની સ્થિતિના સંબંધમાં માનસિક (સ્વપ્ન આદિ) વિષયના વિચાર વિના અને જાગ્રત્‌ના ઈંદ્રિયગ્રાહ્ય વિષયોના વિચાર વિના કેમ જાણે સુષુપ્તિને ધારણ કરી રહ્યો હઉં તેવો નિર્વિકાર દશામાં સ્થિર થઈ રહ્યો છું.[૧૫] આશાવડે વિહ્વળ થઈ ગએલ એવી દેહાધ્યાસવાળી પ્રાક્તન સ્થિતિને હસી કહાડી, સ્ફુરતાં એવાં આપનાં ઉપદેશવાક્યોવડે હું નિઃસંશયપણે સ્વસ્થ થઇ રહેલ છું.[૧૬] હમણા મને ઉપદેશવડે, તેના અર્થવડે, શાસ્ત્રોવડે, બંધુઓવડે કે તેઓના ત્યાગવડે કાંઈ પ્રયોજન નથી.[૧૭] અથવા તો હું કે જે પ્રત્યક્‌ચૈતન્યરૂપ છું તેમાંજ સ્થિર થઇ રહેલ ચિત્તવૃત્તિવાળી, ક્ષોભવાજત એવી ચિદાકાશની અંદર, સામ્રાજ્ય સુખના જેવી અખંડિત એવી સ્થિતિને હું અહીં અનુભવું છું.[૧૮] હું જો કે બાહ્ય દૃષ્ટિવડે નેત્ર-આદિ અવયવોવાળી સ્થિતિને ધારણ કરી રહ્યો છું, તથાપિ આ સર્વ જગતને આકાશનાથી પણ અતિસ્વચ્છ અને ચિદાકાશના એક માત્ર અંશરૂપ છે, એમ સમજું છું.[૧૯] આ જગત આકાશમાત્ર છે એવો એક નિશ્ચય રાખી, આ દૃશ્યરૂપી આકાશ મોહનિદ્રાએ સહિત બાધિત થઈ જતાં હું અક્ષયરૂપે નિરંતર જાગતો રહું છું.[૨૦] યથેચ્છ, યથાપ્રાપ્ત અને યથાસ્થિત જે કાર્ય આપ કહેશો તે હું નિર્વિઘ્નપણે વાસનાથી રહિત બની કર્યા કરીશ.[૨૧] હું અભીષ્ટ સિદ્ધિવડે અંદર પ્રસન્ન થતો નથી, તેમ હર્ષને પણ પ્રાપ્ત થતો નથી, તેમ પુષ્ટ પણ થઈ જતો નથી તથા અનિષ્ટપ્રાપ્તિથી રોતો નથી; કિંતુ જે કાર્ય કરવા યોગ્ય છે તે તે હું એકલો કર્યે જાઉં છું. મારી ભ્રાંતિ દૂર ખસી ગઇ છે.[૨૨] આ સૃષ્ટિ ભલે બદલાઇ જાઓ, પ્રલય કાળનો પવનભલે વાવા લાગો અને આ આખો દેશ ચંદ્રમાર્ગનીપેઠે (આકાશના જેવો) શૂન્ય થઇ જાઓ; તોપણ હું સ્વસ્થપણે નિર્વિક્ષેપ દશાનો આશ્રય કરી પોતાના આત્મામાંજ સ્થિર થઇ રહ્યો છું.[૨૩] હે મહારાજ ! હું વિશ્રાંતિને પ્રાપ્ત થઇ ગયો છું. બાહ્ય ઈંદ્રિયોવડે ન જણાય તેવા સ્વરૂપવાળો છું. મનવડે પણ દુર્લક્ષ્ય છું અને આકાશ જેમ મુષ્ટિવડે બંધને ન પ્રાપ્ત થાય તેમ હું આશાઓવડે બંધને પ્રાપ્ત થતો નથી.[૨૪] ઝાડમાં રહેલા પુષ્પમાંથી ગંધ જેમ આકાશમાં ફેલાઇ રહ્યો હોય, તેમ હું દેહનું ઉલ્લંઘન કરી (દેહાધ્યાસને છોડી દઇ) સમાનપણાથી આત્મામાં સ્થિર થઈ રહ્યો છું.[૨૫] પ્રબોધને પ્રાપ્ત થએલ અથવા અપ્રબુદ્ધ એવા સર્વ રાજાઓ અનેક પ્રકારના કર્મવાળા રાજ્યોની અંદર જેમ પોતાને સુખ થાય તેમ વિહાર કરે છે;[૨૬] તેજપ્રમાણે હું પણ હર્ષશોક અને આશાથી રહિત બની, સર્વત્ર સ્થિર એવી એક સમાનદૃષ્ટિનો અવલંબ રાખી નિઃશંક રીતે આત્મામાં સ્થિતિ રાખી (રાજ્યતંત્રમાં) વિહાર કરું છું.[૨૮] હે મહારાજ ! સર્વ આનંદના ઉપર રહેલા બ્રહ્માનંદવડે હું સુખી છું, જેનેલીધે હું

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દેહની અંદર વિષયસુખની ઇચ્છા કરતો નથી. હું બાહ્ય વ્યવહારમાં સર્વ મનુષ્યના જેવોજ થઈ રહ્યો છું; માટે આપની ઇચ્છાપ્રમાણે મને આપ આજ્ઞા આપો.[૨૮] હે સુશીલ વસિષ્ઠઋષિ! બાળક જેમ યથાપ્રાપ્ત ક્રીડાને કરતો રહે તેમ નિઃશંકપણાથી યાવદ્દેહ (જ્યાંસુધી દેહ રહે ત્યાંસુધી) સર્વત્ર એક નિર્મળ બ્રહ્મદૃષ્ટિ રાખી આ યથાપ્રાપ્ત સંસારસ્થિતિનું પાલન કરીશ.[૨૯] હે મહારાજ! હું ભોજન કરું છું, જળપાન કરું છું, અહીં રહ્યો છું, અને પોતાનું કર્ત્તવ્યકર્મ કરતો રહું છું. હું આપની કૃપાથી આશંકાઓથી રહિત થઇ ગયો છું.[૩૦]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—અહો! હર્ષની વાત છે કે તમે આદિ, મધ્ય અને અંતથી રહિત એવું આ મહાપુણ્યપદ પ્રાપ્ત કરેલ છે કે જેની અંદર સ્થિતિ રાખનાર પુરુષોને શોક કરવો પડતો નથી.[૩૧] સારી રીતે અત્યંત સમાનપણે વિસ્તરી રહેલ અને શાંત એવા પોતાના આત્માની અંદર તમે પોતે, આકાશ જેમ પોતાના સ્વરૂપમાં સ્થિતિ રાખે તેમ વિશ્રાંતિને પ્રાપ્ત થઇ રહ્યા છો.[૩૨] તમે શોકથી રહિત થઇ રહ્યા તે બહુ સારી વાત થઇ, તમે સારી ઉત્તમ દશામાં આવી રહ્યા તેપણ બહુ સારૂં થયું અને આ લોકમાં તથા પરલોકમાં દૃષ્ટ, અદૃષ્ટ અને શ્રુત એવા અનર્થોની શંકા દૂર થઇ ગઇ તેપણ બહુજ સારૂં થયું છે.[૩૩] હે વત્સ રામચંદ્રજી! તમે આત્મજ્ઞ થવાથી બોધવડે રઘુવંશના ભૂતભવિષ્યત્ કુલોની સંતતિને પવિત્ર કરેલ છે, તે ખુશી થવાની (સારી) વાત છે.[૩૪] હે રામચંદ્રજી! હમણાં મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રની માગણી પિતાની સાથે (પિતાજીની વિદ્યમાન દશામાં તેની આજ્ઞાથી) પૂર્ણ કરી આ પૃથ્વીનું પાલન કરો.[૩૫] હે સુંદર રામચંદ્રજી! તમારી સાથે બેઠેલા સર્વ રઘુકુલ સાથે સંબંધ રાખનાર પુત્રપૌત્ર આદિ-વાળા ભૃત્યો અને બાંધવો તથા પાયદલો રથો અને ઘોડાઓના સમૂહો, નીરોગ, નિર્ભય, સ્થિર લક્ષ્મીવાળા અને સદા ઉદયને પ્રાપ્ત થનારા થઇ રહો.[૩૬]

त्वयान्विताः सतनयभृत्यबान्धवाः पदातयःसरथगजाश्वमंडलाः॥निरामयाविगतभयाःस्थिरश्रियः सदोदयाः सुभग भवन्तु राघवाः॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'વિશ્રાંતિપ્રકટીકરણ' એ નામનો બસો એકમો સર્ગ સંપૂર્ણ. ૨૦૧

સર્ગ ૨૦૨ જો.*

શ્રીરામે આત્મામાં કરેલી વિશ્રાન્તિ

॥ श्रीवाल्मीकिरुवाच ॥

एतच्छ्रुत्वा वसिष्ठस्य वचः संसदि पार्थिवाः ॥ सिक्ता इवामृतापूरैरंतः शीतलतां ययुः ॥१॥

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—આ પ્રમાણે શ્રીવસિષ્ઠજીનાં વચન સાંભળી સભાની અંદર દશરથ રાજા આદિ સર્વ રાજાઓ તથા બીજાં મનુષ્યો અંદર કેમજાણે અમૃતના પૂરવડે સીંચાયેલ હોય તેમ શીતળતાને પ્રાપ્ત થઇ ગયાં.[૧] જેમ સંપૂર્ણ એવો ક્ષીરસાગર સુંદર એવા અમૃતપૂર્ણ ચંદ્રવડે શોભે, તેમ કમળપત્રનાજેવાં સુંદર નેત્રવાળા શ્રી રામચંદ્રજી સુંદર મુખચંદ્રવડે શોભવા લાગ્યા.[૨] તત્ત્વજ્ઞાનમાં કુશલ એવા વામદેવ આદિ સર્વ ઋષિઓ "અહો ભગવાન વસિષ્ઠજીએ બહુ સારો જ્ઞાનનો ઉપદેશ કર્યો" એમ આદરથી કહેવા લાગ્યા.[૩] શાંત અંતઃકરણવાળા, અત્યંત સંતોષવડે રોમાંચિત ગાત્રવાળા તથા નવી કાંતિને પ્રાપ્ત થએલા દશરથરાજા હર્ષવડે બહુ શોભવા

* આ બસો બીજા સર્ગમાં પ્રબોધવડે હૃષ્ટ થએલા રાજાઓ આદિનું વર્ણન આવશે અને રામચંદ્રજી પોતાની જ્ઞાનવડે નિર્મળ એવી ઉત્તમ સ્થિતિવિષે વર્ણન કરશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

લાગ્યા.[૪] અનેક અધિકારી પુરુષો જ્ઞાતજ્ઞેય થઇ રહેતાં અને અનેક પ્રશંસાની કથાઓ પ્રવૃત્ત થતાં, જેનું અજ્ઞાન ગલિત થઈ ગએલ છે એવા શ્રી રામચંદ્રજી ફરીવાર આ વાક્યો બોલ્યા.[૫]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે ભૂત ભવિષ્યને જાણનાર મહાસમર્થ મહારાજ! જેમ સુવર્ણની શ્યામતાને (મેલને) અગ્નિ બાળી નાખે તેમ આપે આ અમારો અજ્ઞાનરૂપ મેલ બાળી નાખ્યો છે.[૬] અમે પ્રથમ પૂર્વકાળમાં પરિચ્છિન્ન દેહનેજ કેવળ આત્મારૂપ સમજતા હતા. હે મહારાજ! હવે હમણાં તો ચોતરફ સર્વને (અપરિચ્છિન્ન) આત્મારૂપ સમજનારા થઇ રહ્યા છીએ.[૭] હું સર્વ પ્રકારે સંપૂર્ણ થઈ રહ્યો છું, નિર્વિકાર થઇ રહ્યો છું, નિઃશંક થઇ રહ્યો છું, અને હમણાં તત્ત્વજ્ઞ થઇ જતાં જાગી ગયો છું.[૮] નિત્યસુખના અનુભવને અર્થે હું આનંદવાળો બની ગયો છું, ઘણા લાંબા કાલનેમાટે સુખી થઈ રહ્યો છું, અવિનાશી પદની પ્રાપ્તિને અર્થે હું સ્થિર થઇ રહ્યો છું, અને મોક્ષરૂપ પરમ પુરુષાર્થનો ઉદય મને પ્રાપ્ત થયેલ છે.[૯] અહો! હર્ષની વાત છે કે પવિત્ર શીતલ જ્ઞાનરૂપ જળવડે આપે મને સીંચેલ છે, જેથી કમળનીપેઠે હું પોતાની મેળેજ હૃદયની અંદર પ્રફુલ્લ થઈ રહ્યો છું.[૧૦] આપની કૃપાથી આ (સર્વોત્તમ) પદવી મેં મેળવી છે કે જેની અંદર મારી સ્થિતિ થવાથી આ સર્વ જગત મને અમૃતરૂપજ ભાસે છે.[૧૧] અંદર પ્રસન્ન બુદ્ધિવાળો, સર્વ શોકથી રહિત થઇ રહેલ, ઉત્તમ શોભાને પ્રાપ્ત થએલ શાંતિવડે નિર્મળ ચિત્તવાળો બની જઇ, પોતાના આત્મામાંજ આનંદને અનુભવતો એવો હું, આત્માનો સાક્ષાત્કાર થઈ જતાં તેવડે સ્વતઃસિદ્ધ એવી નિર્મળતાને પ્રાપ્ત થઇ ગયો છું; જેથી મારા પોતાના સ્વરૂપનેજ હું નમું છું.[૧૨]

अन्तःप्रसन्नमतिरस्तसमस्तशोकः ।
शोभां गतोहममलाशय एव शान्त्या ॥
आनन्दमात्मनि गतः स्वयमात्मनैव ।
नैर्मल्यमभ्युपगतोस्मि नमस्तु मह्यम् ॥१२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'આત્મવિશ્રામાંગીકરણ' એ નામનો બસો બીજો સર્ગ સંપૂર્ણ. ૨૦૨

સર્ગ ૨૦૩ જો.*

નિર્વાણપદનું વર્ણન

॥ श्रीवाल्मीकि उवाच ॥

इत्थं विचारपरयोर्मुनिराघवयोस्तयोः ॥
भास्करः श्रवणायेव व्योममध्यमुपाययौ ॥१॥

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—વસિષ્ઠઋષિ અને રામચંદ્રજી એપ્રમાણે વિચાર કરતા હતા તેટલામાં સૂર્યનારાયણ કેમ જાણે શ્રવણનેમાટે ઉત્સુક થઇ રહ્યા હોય તેમ આકાશના મધ્ય ભાગમાં પ્રાપ્ત થઇ ગયા.[૧] સર્વ દિશાઓમાં પદાર્થોના સમૂહોની સ્ફુટ પ્રતીતિ થવામાટે તડકાએ, રામચંદ્રની મહાવિશાળ બુદ્ધિનીપેઠે તીક્ષ્ણતા ધારણ કરી.[૨] બગીચાઓનાં તળાવો, જેમ વિકસિત થઇ ગએલ હૃદયકમળવડે પ્રફુલ્લ વિશાળ આકારથી તે સભાની અંદરનાં રાજા આદિ માણસો શોભે તેમ કમળોના વિકાસથી શોભતાં હતાં.[૩] મોતીઓના સમૂહોથી બરાબર (અડોઅડ) જડી લીધેલાં સ્ફટિકનાં જાળીયાંઓ, અંદર સૂર્યનું પ્રતિબિંબ પડતાં અત્યંત ઝળકાટથી કેમજાણે જ્ઞાનશ્રવણથી નૃત્ય કરતાં હોય તથા કેમજાણે આકાશની અંદર તરતાં હોય તેવાં દેખાવા લાગ્યાં.[૪] પદ્મરાગમણિની અંદર લાગેલ એવા સૂર્યનારાયણનાં

* આ બસો ત્રીજા સર્ગમાં મધ્યાહ્નસમયનો વાદ્યઘોષ, દિવસનું કામકાજ, રાત્રીનો ક્રમ અને પ્રાતઃકાળમાં સભાની અંદર રામચંદ્રજીનુ નિઃસંદેહપણું એ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રતિબિંબની તરૂણ પ્રકાશવાળી પ્રતિબિંબની કાંતિઓ આકાશની અંદર ઝબકારા મારવાથી જેમ સ્વચ્છ બુદ્ધિમાં જ્ઞાનકળાઓ સ્ફુરે તેમ સ્ફુરવા લાગી.[૫] એવી રીતે પરમ આનંદને પ્રાપ્ત થઇ રહેલ અને પોતાના કુળમાં કમળની પેઠે સુવાસવાળા શ્રીરામચંદ્રજી વસિષ્ઠઋષિના મુખચંદ્રના દર્શનથી પ્રફુલ્લ જેવા થઈ રહેતાં, તેજના સમૂહરૂપી જ્વાળાઓવડે સુશોભિત, સમગ્ર રસને શોષી લેનાર એવા વડવાનલતુલ્ય સૂર્ય, આકાશરૂપી મહાસાગરના મધ્યભાગમાં આવી લાગતાં ખરતી એવી રજવડે સુશોભિત, સૂર્યરૂપ પાંખડીવડે મનોહર અને સ્ફુરતાં એવાં કિરણોરૂપી કેસરાઓવડે રમણીય, જગતની લક્ષ્મીના આભૂષણરૂપ, ત્રિલોકીના કાનના કુંડળરૂપ, અંદર લીન થઇ રહેલ સ્ફુરતાં એવા તારાઓરૂપી રત્નોની પંક્તિથી સુશોભિત એવું શ્યામ આકાશરૂપ નીલકમલ, રમણીય થઇ રહેતાં સૂર્યના તાપવડે ભેદાયેલ, પાણીવગરનાં મોટાં વાદળાંઓને, દર્પણનીપેઠે દિશાઓરૂપી સ્ત્રીઓ મોટાં શિખરોરૂપી હાથવડે ધારણ કરી રાખતાં, સૂર્યથી રહિત એવો આકાશરૂપી ઘરનો ભાગ પણ ઉત્તમ સૂર્યકાંત મણિમાંથી ઉત્પન્ન થતા એવા અગ્નિવડે કેમ જાણે પ્રજ્વલિત થઇ રહેલ હોય તેમ બમણા પ્રકાશવાળો જોવામાં આવતાં અધિક મદવાળા સુંદર મુખના પવનવડે પૂરેલા એવા મધ્યાહ્નના શંખો, પ્રલય કાલના પવનથી પૂર્ણ એવા મહાસાગરનીપેઠે શબ્દ કરવા લાગ્યા.[૬-૧૨] જેમ કમળોની અંદર હિમજળનાં બિંદુઓની શોભા રહે, તેમ વીખરાઇ ગયેલા શુદ્ધ મુક્તાફળના જેવી પરસેવાના બિંદુઓની શોભાએ મનુષ્યોનાં મુખની અંદર નિવાસ કર્યો.[૧૩] ઘરની ભીંતમાં અથડાવાથી પડછંદારૂપે પાછી ફરેલ અને પ્રાણીઓના ઉતાવળના જોરથી પુષ્ટ એવી શબ્દની શોભા, જેમ વૃષ્ટિનું અને નદીનું જળ સમુદ્રને પૂર્ણ કરી દે તેમ કાનને પૂરી દેવા લાગી.[૧૪] ગરમીના સમૂહની શાંતિનેમાટે સ્ત્રીઓએ ફેંકેલ એવી નવી ધોળા કપૂરવાળાં જળનું સેચન કરવારૂપી વાદળાંઓની પંક્તિ અતિ શોભવા લાગી.[૧૫] રાજા દશરથ સામંતોએ સહિત, રાજાઓએ સહિત, વસિષ્ઠજીએ સહિત, રામચંદ્રજીએ સહિત તથા સર્વ સામગ્રીઓ સહિત તે સભામાંથી ઉઠ્યા.[૧૬] રાજાઓ, રાજપુત્રો, મંત્રીઓ અને ઋષિઓ એકબીજાના સત્કારનો સ્વીકાર કરી ખુશી થતાં પોતાના ઉતારા તરફ ચાલ્યા ગયા.[૧૭] અંતઃપુરના ઘરના આંગણામાં વીંઝણાઓના પવનથી ઉડેલી કપૂરની ધૂળવડે નવાંજ વાદળાંઓની પંક્તિ ખડી થઈ ગઇ.[૧૮] પછી મધ્યાહ્નનાં વાજાંઓના શબ્દો ભીંતની અંદર પડછંદાવડે વધારે અવાજ કરી રહેતાં વચનમાં કુશળ એવા મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજી બોલ્યા કે,[૧૯] હે રામચંદ્રજી ! તમે સર્વ સાંભળવાનું સાંભળ્યું છે, અને જાણવાનું સર્વ જાણી લીધું છે. હવે આથી બીજું કાંઇ શ્રેષ્ઠ જાણવાનું નથી.[૨૦] જેવી રીતે મેં તમને ઉપદેશ કર્યો છે, શાસ્ત્રવડે તમે જે પ્રમાણે સમજો છો, અને જેવી રીતે શ્રેષ્ઠતાથી તમને અનુભવ થાય છે, તે સર્વની એકવાક્યતા કરો.[૨૧] હે મહાબુદ્ધિશાળી ! તમે કામકાજમાટે સુખેથી ઉઠો. અમે પણ સ્નાન કરવામાટે જઈશું; કેમકે હે પ્રિય રામચંદ્રજી ! અમારો મધ્યાહ્નસમય વ્યતીત થતો જાય છે.[૨૨] હે મંગલરૂપ રામચંદ્રજી ! પોતાની આકાંક્ષાની નિવૃત્તિ કરવામાટે, જે કાંઇ શુભ આપને પૂછવાનું હોય તે પ્રાતઃકાળમાં ફરીવાર તમારે પૂછવું.[૨૩]

શ્રીવાલ્મીકિ ઋષિ કહે છેઃ—આ પ્રમાણે મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજીએ કહ્યા પછી રાજા દશરથે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

પોતાની મેળેજ સર્વ સભ્ય સત્પુરૂષોનો પૂજાવડે સત્કાર કર્યો.[૨૪] રામચંદ્રજીએ સહિત ધર્માત્મા દશરથરાજાએ ઋષિઓ, બ્રાહ્મણો અને રાજાઓની તથા આકાશચારી સિદ્ધોની વસિષ્ઠ આદિએ ઉપદેશ કરેલ ક્રમવડે પૂજા કરી, મણિઓના અને મોતીઓના નિષ્ક્રયરૂપ દ્રવ્યવડે, દિવ્ય પુષ્પવડે, મણિઓ અને મોતીઓનાં દાનવડે, પોતાના હારોના અર્પણવડે, પ્રણયવડે, દ્રવ્યસહિત એવાં કન્યા આદિનાં દાનવડે, વસ્ત્ર, આસન, અન્નપાન, આદિવડે, સુવર્ણવડે, પૃથ્વીવડે, ધૂપવડે, ગંધ-પુષ્પવડે યથાવિધિ પૂર્વે જણાવેલ સર્વ સભ્યોનીસારીપેઠેપૂજાકરી.[૨૫-૨૮] પછી જેમ ચંદ્રમા આકાશમાંથી સાયંકાલે ઉદય પામે તેમ સભાના મધ્યમાંથી સર્વને માન આપનાર રાજા દશરથ સભાની સાથે વસિષ્ઠ આદિ દેવર્ષિઓએ સહિત ઉઠયા.[૨૯] ગોઠણસુધી પથરાઇ રહેલાં દેવતાઓનાં મૂકેલાં પુષ્પોવડે કાદવવાળો બની ગયેલ તથા ત્વરાસહિત એવો સભાનો ઉત્થાનનો (બરખાસ્ત થવાનો) સમય બહુ દીપી નીકળતો હતો.[૩૦] ઘર્ષણ થવાથી અને પરસ્પર અથડાવાથી થઇ ગયેલ બાજુબંધનાં રત્નોના ચૂર્ણવડે રાતી થઇ ગયેલી જમીનવાળો, કપાઇ ગયેલ હારોમાંથી પડતાં એવાં મોતીઓરૂપી તારાવડે નક્ષત્રસહિત એવા રાત્રિસમયના આકાશનો પરાજય કરનાર, દેવર્ષિઓ, મુનિઓ, શ્રેષ્ઠ બ્રાહ્મણો અને રાજાઓ, એ સર્વની હરફરથી વ્યાપ્ત, વ્યગ્ર થઇ ગએલ ભૃત્યો અને અંગનાઓના હસ્ત તથા કેશવડે ચંચલ ચામરવાળો,જ્ઞાનને પ્રમેયરૂપ કરવામાટેજ થતો અને દારૂણપણાથી રહિત, પરસ્પર અંગનું કાંઇક અથડાવું થતાં હાથ જોડી રહેલા તથા આગળ અને બન્ને બાજુએ ત્રણેય ભાગમાં જોવામાટે તથા ક્ષમા માગવામાટે પ્રવૃત્ત થઇ રહેલ એવાં નેત્ર અને જીહ્વાવાળા મનુષ્યોનેલીધે રમણીય એવો, એ સમય બહુજ દીપતો હતો. પૂજા કરાયેલા, મૃદુ અને મધુર એવાં ભાષણવાળા, સપ્તલોકનિવાસી સત્પુરુષો, દશરથ આદિ રાજાઓ, મુનિઓ એ સર્વ પરસ્પર એકબીજાને પૂછી પ્રસન્ન અને સ્નેહયુક્ત ચિત્તવડે, ઇંદ્રલોકમાંથી જેમ દેવતાઓ પોતાના સ્થાનમાં જાય તેમ પોતપોતાના આશ્રમમાં ચાલ્યા ગયા.[૩૧-૩૫] ક્રમપ્રમાણે અન્યોન્ય પ્રણયથી પૂજા કરી તે સર્વ સભાસદો ત્યાંથી રજા લઇ ઘેર આવી પોતાનું આહ્નિક કર્મ કરવા લાગ્યા.[૩૬] પછી વસિષ્ઠ આદિ ઋષિઓ તથા દશરથ આદિ રાજાઓ એ સર્વ દિવસનાં કર્મો કરવામાં જોડાઇ ગયા.[૩૭] દિવસસંબંધી યથાપ્રાપ્ત ક્રિયાઓ ક્રમથી તેઓ કરતા હતા તેટલામાં આકાશના પથિક એવા શ્રી સૂર્ય અસ્તને પ્રાપ્ત થઇ ગયા.[૩૮] તેઓની અને મહાબુદ્ધિશાળી શ્રી રામચંદ્રજીની તે રાત્રી તેજ કથાવડે જાગરણ થવાનેલીધે જલદી વ્યતીત થઇ ગઇ.[૩૯] ઘરનીપેઠે જગતને અંધકારરૂપ રજ અને તારાઓરૂપી પુષ્પસમૂહ દૂર કરી, શુદ્ધ કરી દેનાર સૂર્ય તેની અંદર દાખલ થઇ ગયા.[૪૦] કણેરના ફૂલના જેવી કાંતિવાળાં પોતાનાં કિરણોવડે દિશાઓને અરુણ (રાતી) કરનાર બાલસૂર્યે આકાશરૂપી મહાસાગરમાં પ્રવેશ કર્યો.[૪૧] પાછા રાજાઓ, રાજપુત્રો, મંત્રીઓ અને વસિષ્ઠઋષિ આદિ મુનિઓ દશરથ રાજાની સભામાં આવી પહોંચ્યા.[૪૨] પછી દેવતાઓના સ્થાનભૂત નક્ષત્રોની શોભા જેમ આકાશની અંદર દીપે તેમ તે સભા ક્રમપ્રમાણે, મર્યાદાપ્રમાણે, પોતપોતાના સ્થાનપ્રમાણે અને આસનપ્રમાણે ગોઠવાઇ ગઈ.[૪૩] પછી દશરથ આદિ અને સુમંત્ર આદિ આસનપર બેઠેલા શ્રીવસિષ્ઠ મુનિની પ્રશંસા કરતા હતા તેટલામાં વસિષ્ઠજીની તથા પોતાના પિતાજી રાજા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

દશરથની પાસે મહાબુદ્ધિશાળી અને કમળદળ જેવાં સુંદર નેત્રવાળા શ્રીરામચંદ્રજી કોમળ વર્ણવાળાં નીચેનાં વચનો બોલ્યા.[૪૪,૪૫]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે સર્વ ધર્મને જાણનાર, સર્વ જ્ઞાનના મહાસાગર, સર્વ સંદેહ કાપવામાં પરશુરૂપ, અને બીજાઓના ભય શોકને નાશ કરનાર વસિષ્ઠઋષિ! હવે મારે બીજું શું સાંભળવાનું છે, અથવા શું જાણવાનું છે? જો કાંઇ સાંભળવાનું હોય તો તે સર્વ આપ મને કહેવાને યોગ્ય છો.[૪૬,૪૭]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! તમે સર્વ વાતે જેને સારીપેઠે બુદ્ધિ પ્રાપ્ત થઈ ગઇ છે તેવા છો. હવે કાંઇપણ તમારે સાંભળવાનું બાકી નથી રહ્યું. આ તમારી બુદ્ધિ કૃતકૃત્ય છે, અને પ્રાપ્ત કરવાની વસ્તુ જેને પ્રાપ્ત થઈ ગએલ છે તેવી છે, જેથી તે આત્માની અંદરજ સ્થિર થઇ રહેલ છે;[૪૮] તથાપિ તમે પોતેજ બુદ્ધિવડે વિચારી કહો કે આજે તમે અંદર કેવા થઈ રહ્યા છો, તથા હવે તમારે અવશ્ય સાંભળવાનું શું બાકી છે?[૪૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! હું માનું છું કે મારી બુદ્ધિ હવે કૃતકૃત્ય છે. હું નિર્વાણને પ્રાપ્ત થઈ ગયો છું. શાંત થઇ રહ્યો છું. મને હવે કોઈ પ્રકારની આકાંક્ષા નથી.[૫૦] જે કહેવાનું હતું તે આપે કહ્યું અને જે જાણવાનું હતું તે સર્વે મેં જાણી લીધું. કૃતકૃત્ય થઇ રહેલી આપની વાણી હવે સુખેથી વિશ્રાંતિને પ્રાપ્ત થાઓ.[૫૧] જ્ઞેય વસ્તુ મેળવવાને માટે જે જાણવાનું હતું તે મેં જાણ્યું, આ સર્વ જગતનું બ્રહ્મૈકરસપણું વિશેષે કરી મારા જાણવામાં આવ્યું, દ્વૈતભાવનો નાશ થઇ ગયો, બધું દૃશ્યના ભેદનું ભાન ગલિત થઇ ગયું છે, એમ સંપૂર્ણપણે સારી રીતે વિચારીને સંસારીપણાની આસ્થા છોડી દીધેલ છે.[૫૨]

अधिगतमधिगम्यं ज्ञेयमाप्तुं मयेदं ।
विगतमखिलमैक्यं द्वैतमस्तं प्रयातम् ॥
परिगलितमशेषं दृश्यभेदावभानं ।
ननु निपुणमपास्ताशेषसंसारितास्था ॥५२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'નિર્વાણવર્ણન' એ નામનો બસો ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૨૦૩

સર્ગ ૨૦૪ થો.*

ચિદાકાશનું પ્રતિપાદન

॥ श्रीवासिष्ठ उवाच ॥

भूय एव महाबाहो शृणु मे परमं वचः ॥
आदर्शो राजतेऽत्यर्थं पौनःपुन्येन मार्जितः॥१

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબાહુ રામચંદ્રજી! વળી ફરી મારાં ઉત્કૃષ્ટ વચનો સાંભળો. વારંવાર માર્જન કરવાથી અરીસો વધારે દીપે છે; ચિત્તશુદ્ધિનું પણ તેમજ સમજવું.[૧] અર્થની પ્રતીતિ થવી એ એક ભ્રાંતિનો અનુભવરૂપ સંકેત છે, વાસ્તવિક નથી; અને શબ્દ પણ જળના ધ્વનિના જેવો છે. સ્વપ્નની પેઠે આ દૃશ્ય ચિદાકાશનોજ એક આભાસ છે. જગત ક્યાં થએલજ છે?[૨] જો જાગ્રતજ મિથ્યા છે, તો પછી જાગ્રતજ સંસ્કારરૂપે રહી સ્વપ્નમાં દેખાતા પદાર્થોરૂપ બની જાય છે, અને તેજ કેમ જાણે સ્મરણવડે ખડું થઇ ગએલ હોય તેમ શૂન્યરૂપ છતાં કેમ જાણે પાસે રહેલ હોય તેમ દેખાય છે, તે પણ એક ચિદાકાશનો વિવર્ત છે છતાં કેમ જાણે બીજે આકારે પથરાઇ રહ્યું હોય તેમ થઇ જાય છે, જેથી તેપણ ચિત્તસત્તાથી

* આ બસો ચોથા સર્ગમાં વસિષ્ઠજી અને રામચંદ્રજી, ચિદાત્માની વિશુદ્ધિને અર્થે ચિદાકાશની અંદર [illegible] યુક્તિઓવડે વિવેચન કરશે.

CC-0. Gurukul Kangri University, Haridwar. Collection. Digitized by S3 Foundation USA

ભિન્ન નથી.[૩] જેવી રીતે સ્વચ્છ ચિદાકાશ મારા પ્રત્યક્ ચૈતન્યમાં સ્વપ્નનગરરૂપ થઈ જાય તેમજ સાકાર જણાતાં છતાં નિરાકાર હોય, તેમજ આ જગતવિષે પણ સમજવાનું છે.[૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—આ પૃથ્વી શી રીતે થઇ ? પર્વતો શી રીતે થયા ? જળ શી રીતે થયું ? પાષાણો શી રીતે થયા ?[૫] તેજ શી રીતે થયું ? ક્રિયા શી રીતે ઉત્પન્ન થઇ ? કાળ શી રીતે ઉત્પન્ન થયો ? પવન શી રીતે ઉત્પન્ન થયો ?[૬] શૂન્ય (આકાશ) શી રીતે ઉત્પન્ન થયું ? ચિદાકાશની સિદ્ધિ શી રીતે થઈ ? હે મહારાજ ! જોકે આ સર્વ મેં જાણેલ છે તો પણ ફરીવાર આપ મને બોધ થવા માટે કહો.[૭]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! સ્વપ્નમાં દીઠેલ મહાનગરની અંદર પૃથ્વી શી રીતે થઇ, આકાશ શી રીતે થયું, એ તમે યથાર્થ રીતે કહો.[૮] વળી તેમાં જળ, પાષાણ, તેજ, દિશાઓ, કાળ અને ક્રિયા એ સર્વે શી રીતે ઉત્પન્ન થયાં અને આ સર્વ નિમિત્તકારણ આદિ પણ શી રીતે થયું, તે તમે કહો.[૯,૧૦] કોણે તેની રચના કરી, કોણે તેને બાળી નાખ્યું, કોણ તેને લઇ આવ્યું, કોણે તેને ગોઠવ્યું, કોનાવડે તે વ્યાપ્ત થયું, કોણે ઉત્પન્ન કર્યું, કોણે પ્રકટ કર્યું, કેવા આચારવાળું છે, અને તેનું શું સ્વરૂપ છે ?[૧૧]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સ્વપ્નરૂપ એવા આ જગતનું સ્વરૂપ કેવળ ચિદાકાશજ છે. પૃથ્વી પર્વત આદિ કાંઈ સત્ય નથી, કિંતુ નિરાકાર, નિરાશ્રય, આત્માજ તેનું વાસ્તવ સ્વરૂપ છે કે જે ચિદાકાશરૂપ હોઇ નિરાકાર અને નિરાધાર છે.[૧૨] એ નિરાકાર ચિદાકાશને આધારવડે શું પ્રયોજન છે ? કાંઈ નહિ.[૧૩] જ્ઞાનવડે (વસ્તુદૃષ્ટિથી) જોતાં આ કશું ઉત્પન્નજ થયું નથી. એ સઘળો ચિદાકાશનો વિલાસ છે, અને સ્વપ્નની પેઠે મનજ જગતને આકારે થઇ રહેલ છે, બીજું નથી.[૧૪] દિશા કાળ આદિ ચિદાકાશનોજ એક આભાસ છે. પર્વત આદિ પણ ચિદાકાશના આભાસરૂપ છે. બોધ થતાં જલાદિક પણ ચિદ્રૂપ છે, અને તત્ત્વજ્ઞની દૃષ્ટિમાં વાયુ આદિ પણ ચિદાકાશરૂપજ છે.[૧૫] ચિદ્રૂપતત્ત્વજ આકાશભાવનું ધારણ કરતાં આકાશરૂપ થઇ રહે છે, કઠિનપણાવડે તે પાષાણરૂપ થઇ રહે છે, અને દ્રવપણાથી કેમ જાણે જલરૂપ હોય તેમ જણાય છે.[૧૬] વસ્તુતાએ જોઈએ તો પૃથ્વી આદિ કાંઇ છેજ નહિ, કાંઈ દૃશ્ય પણ નથી; અનંત ચિદાકાશજ એક છે, અને તેજ સર્વરૂપ થઇ રહેલ છે.[૧૭] પ્રસન્ન એવા મહાસાગરનું જળ દ્રવપણાનેલીધે જેમ એકરૂપ છતાં અનેક પ્રકારના વ્યાપારનેલીધે અનેક પ્રકારે થઇ જાય, તેમ ચિદાકાશ પોતાના સ્વરૂપની અંદર એકજ પ્રકારે રહ્યા છતાં અનેક પ્રકારે (વિવર્તરૂપે) થઈ જાય છે.[૧૮] ચિદાકાશ પોતાની અંદર કાઠિન્યની કલ્પનાવડે કેમ જાણે પૃથ્વીરૂપ અને પર્વતરૂપ થઈ રહેલ હોય તેવો બની જાય છે, અને શૂન્યતાની કલ્પનાવડે કેમ જાણે પોતે શૂન્યરૂપ થઇ રહેલ હોય તેવું પોતાના સ્વરૂપને તે સમજે છે.[૧૯] પોતાના સ્વરૂપની અંદર એ ચેતનતત્ત્વ દ્રવપણાની કલ્પનાવડે પોતામાં જળભાવને અનુભવે છે, અને ચપળતાની કલ્પનાવડે વાયુભાવને અનુભવે છે. ઉષ્ણભાવની કલ્પનાવડે તે પોતામાં અગ્નિભાવને અનુભવે છે.[૨૦] તે પોતાના શુદ્ધસ્વરૂપને નહિ છોડતાં છતાં આ સર્વના ભાવને કેમ જાણે ધારણ કરી રહ્યું હોય તેવું થઇ રહે છે. આકાશરૂપ ચિદ્ધાતુનો એવો સ્વભાવ છે. આ પ્રમાણે જે તે વિવર્તને ધારણ કરે છે તેમાં કશો ભારનો કે ગુણનો ક્રમ નથી.[૨૧]

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

જેમ આકાશમાં શૂન્યતાવિના બીજું કશું નથી અને જેમ સમુદ્રમાં જળ વિના બીજું કશું નથી, તેમ ચિદાકાશ વિના બીજું કશું પણ અહીં છેજ નહિ.[૨૨] આ સર્વ તમે અને હું ઇત્યાદિ જગત ચિદાકાશથી જુદું નથી, કેમકે તેવિના બીજું કાંઇ સંભવતું નથી, માટે તમે શાંત થઇ રહો.[૨૩] નિરાકાર એવા તમે જેમ આ ઘરની અંદર સ્વપ્નમનોરથ આદિવડે પોતાના આત્માનેજ અગ્નિ, શૈલ, આદિરૂપ (વિવર્તભાવથી) બનાવી દઇ પોતાના સ્વરૂપનેજ તેવે આકારે દેખો, તેજપ્રમાણે નિરાકાર ચિદાકાશવિષે પણ સમજવું.[૨૪] ચિદાકાશજ દેહના જેવું થઈ પ્રતીતિમાં આવે છે, બાકી સૃષ્ટિના આદિકાળમાં દેહજ નથી; જો દેહ નથી તો પછી વિનાકારણે અજ્ઞાનનેલીધેજ ચૈતન્ય દેહાકાર ભાસે છે, બાકી વાસ્તવિક રીતે નથી એમ વિવેકીઓએ વિચારવાનું છે.[૨૫] મન, બુદ્ધિ, અહંકાર, પંચમહાભૂતો, પ્રાણીઓ, પર્વતો અને દિશાઓ એ સર્વ શિલાના ગર્ભનીપેઠે બ્રહ્મની અંદર યથાસ્થિતપણે રહ્યા છતાં અનિર્વચનીય છે.[૨૬] એવી રીતે કશું ઉત્પન્ન થયું નથી, તેમ કશાંનો નાશ પણ થયો નથી. જગત યથાસ્થિતપણે રહ્યા છતાં ચિદ્રૂપ છે, અને ચિદ્રૂપ બ્રહ્મ પોતાના સ્વરૂપની અંદરજ સદાકાળ રહે છે.[૨૭] દ્રવ જેમ જળરૂપ કહેવાય તેમ ચિદાકાશની અંદર તેના પોતાના સ્વરૂપનું જે વિવર્તરૂપે પ્રસરી રહેવું તેજ જગત એવા નામથી કહેવાય છે.[૨૮] યથાર્થ દૃષ્ટિવડે વિવેકી બુદ્ધિને ધારણ કરનાર પુરુષને આ જગતનું ભાન (ઉપરઉપરથી) હોતાં છતાં પણ અંદરથી નથી હોતું, તેને શૂન્ય ચિદાકાશજ પરમાર્થરૂપ ભાસે છે; અને મૂર્ખ માણસને તો જેમ ભાસતું હોય તેમ ભલે ભાસો.[૨૯]

इदं जगद्भानमभानमेव चिद्व्योम शून्यं परमार्थ एव ॥ यथार्थसंदर्शनबुद्धबुद्धेरबुद्धबुद्धेस्तु यथा तथास्तु ॥ २९ ॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण प्रकरणना उत्तरार्द्धनो 'चिदाकाशैकताप्रतिपादन' એ નામનો બસો ચોથો સર્ગ સંપૂર્ણ. ૨૦૪

સર્ગ ૨૦૫ મો.*

જગત ચિદ્રૂપ છે

॥ श्रीराम उवाच ॥

एवं यथैतद् भगवन् स्वप्ने दृश्यं परं नभः ॥ तथैव जाग्रतीत्यत्र न चेत्संदेहजालिका ॥ १ ॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! જેમ સ્વપ્નમાં ચિદાકાશજ દૃશ્યરૂપ થઈ જાય છે તેમ જાગ્રતમાં પણ તેજ દૃશ્યરૂપ થઈ જાય છે, એ વિષયમાં સંદેહની જો બારી ન હોય તો આ મારા સર્વોત્તમ પ્રશ્નનું આપ મને ઉત્તર આપો કે નિરાકાર ચિત્સત્તા જાગ્રત્ અને સ્વપ્નમાં દેહાકાર કેમ થઇ જાય છે ?[૧,૨]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જાગ્રતમાં અને સ્વપ્નમાં જે દૃશ્ય પ્રતીતિમાં આવે છે તેનો આધાર શૂન્ય ચિદાકાશ છે; તે ચિદાકાશરૂપજ છે, ચિદાકાશથી ઉત્પન્ન થયેલ છે, અને ચિદાકાશ બ્રહ્મથી જુદું નથી; જેથી બ્રહ્માદ્વૈતમાં યુક્તિસિદ્ધ હોવાથી વિવર્તવાદવિષે કશો સંદેહ નથી.[૩] સર્વ કારણોના આકારથી સાવ શૂન્ય એવા સૃષ્ટિના આરંભકાળમાં કોઇ પણ પ્રાણીઓ કે મહાભૂતો સંભવતાં નથી.[૪] તેનેલીધે પૃથ્વી આદિથી બંધાએલો એવો આ દેહ કોઇ પણ પ્રકારે નથી. આ પંચમહાભૂતોજ દેહરૂપ છે, અને તે બીલકુલ છેજ નહિ.[૫] અને તેનેલીધે

---

* આ બસો પાંચમા સર્ગમાં જગતની સ્થિતિ વિવર્તરૂપ અને સ્વપ્નતુલ્ય છે, તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થતોજ નથી, કિંતુ ચિન્માત્ર છે; એવિષે પર્યાલોચન કરવામાં આવ્યું છે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

ચિદાકાશ આ સ્વપ્નજેવા દૃશ્યના આભાસને દેખે છે કે જે પોતાના સ્વરૂપનોજ એક વિવર્ત છે, અને માયાના ગુણવડે ક્ષોભ થતાં કેમ જાણે આકારવાળું હોય તેવું પ્રતીતિમાં આવે છે.[૬] આકાશરૂપ ચિદાત્મારૂપે જે કાંઇ આભાસરૂપ પ્રતીતિમાં આવે છે તેનું જ સ્વપ્નરૂપે અને જગતને આકારે ભાન થાય છે; અને તેજ સ્વપ્ન જગત આદિ શબ્દવડે કહેવાય છે.[૭] ચિદાકાશની અંદર જે કાંઇ આકાશના જેવું નિર્મળ જગતનું સ્વરૂપ છે તેજ અનુભવના બળથી સ્વપ્નજગત્ આદિરૂપ થઇ રહે છે.[૮] એવી રીતે આ સર્વ ચિદાકાશનો વિવર્તજ એક ફેલાઇ રહેલ છે, અને ચિદાત્માએ પોતેજ તેની પૃથ્વી આદિ જુદી જુદી સંજ્ઞાઓ કલ્પી લીધેલ છે.[૯] ચિદાકાશનો વિવર્તજ સ્વપ્ન, જગત આદિ શબ્દવડે કહેવામાં આવે છે. સ્વપ્ન, જગત આદિનું ખરું તત્ત્વ ભ્રાંતિથી થતું તેનું ભાનજ છે, અને જોકે તે વસ્તુતાએ ચિદાકાશરૂપ છે છતાં પણ (જ્ઞાન થતાંસુધી) તે કોઈ દિવસ શાંત થતું નથી.[૧૦] સૃષ્ટિઓની દૃષ્ટિઓ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન છે. તે સર્વ વસ્તુતાએ જોતાં ચિદાકાશના પોતાના સ્વરૂપની અંદર (વિવર્તરૂપે તેવે આકારે) રહેલ છે, એમ સમજાય છે. આકાશની અંદર શૂન્યભાવનીપેઠે તેઓનો બ્રહ્મની અંદર પ્રવેશ અને સ્થિતિ થયા કરે છે.[૧૧]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આપે કરોડો સૃષ્ટિઓ વિષેનું વર્ણન મને કહી સંભળાવ્યું છે, તેમાં કેટલીએક બ્રહ્માંડની અંદર રહેલ છે, કેટલીક બ્રહ્માંડથી બહાર છે,[૧૨] કેટલીક પૃથ્વીપર રહેલ છે, કેટલીક આકાશમાં રહી છે, કેટલીક તેજની અંદર રહી છે, કેટલીક પવનની અંદર રહેલ છે,[૧૩] કેટલીક સૃષ્ટિઓ તો આકાશની અંદર રહેલ ગોલાકાર ભૂપીંઠને ધારણ કરનાર છે, કે જેઓના ભરો-ળને કીડીનીપેઠે ઉપર અને નીચે વળગી રહેલા સર્વ દેવ દાનવ આદિને અમેજ ઉપર છીએ એવા વિવિધ પ્રકારના નિશ્ચયો થાય છે. તેઓને ભૂમિના મૂળપ્રદેશમાંથી નીચેની પ્રજા ઉંચા પગવાળી અને નીચાં માથાંવાળી ભાસે છે, તથા વનો અને પર્વતો લટકતા જેવા પ્રતીતિમાં આવે છે.[૧૪] કેટલીક સૃષ્ટિઓ તો વાયવીય શરીરવાળા પ્રાણીઓના સમૂહથી ભરેલ છે. કેટલીક તો નિરંતર અંધકારવડેજ વ્યાપ્ત રહેનાર છે. કેટલીક સૃષ્ટિઓ આકાશના જેવી દેહની રચનાવાળાં એવાં પ્રાણીઓવડે યુક્ત છે. કેટલીક કૃમિનાં કુળોવડે આકુળ થઈ રહેલ છે.[૧૫] કેટલીક તો આકાશની અંદર રહેલ છે. કેટલીક પાષાણની અંદર રહેલ છે. કેટલીક પાત્રવાળા એવા ગૃહમંડપ આદિની અંદર રહેલ છે, અને કેટલીક સૃષ્ટિઓ તો પક્ષીઓનીપેઠે આકાશની અંદર રહેલ છે.[૧૬] તે સર્વના મધ્યમાં આ આપણું બ્રહ્માંડ કેવા પ્રકારનું છે, અને શી રીતે રહ્યું છે, તેવિષેનો ખુલાસો હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠજી ! આપ મને આપો.[૧૭]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—જે વસ્તુ અપૂર્વ હોય, અદૃષ્ટ હોય, અનુભવમાં ન આવતી હોય, સાંભળેલ પણ ન હોય તેવિષે સમજણ પાડવામાટે ઉત્તમ દૃષ્ટાંતોવડે વર્ણન કરવામાં આવે છે, ગ્રહણ કરવામાં આવે છે, તથા તર્ક પણ કરવામાં આવે છે,[૧૮] પરંતુ હે રામચંદ્રજી ! આ બ્રહ્માંડ તો શાસ્ત્રોએ, મુનિઓએ અને દેવતાઓએ અનેક પ્રકારે વર્ણવેલ છે, અને જે સર્વ તમારા જાણવામાંજ છે.[૧૯] જેપ્રમાણે તમે જાણેલ છે, જેપ્રમાણે શાસ્ત્રોએ વર્ણવેલ છે, તે પ્રમાણેજ આ સર્વ રહેલ છે; બીજું હું શું તમને અહીં વર્ણન કરી સંભળાવું ?[૨૦]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! મહાચિદાકાશ બ્રહ્માંડને આકારે શી રીતે થઇ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

રહેલ છે, તેનું પ્રમાણ કેટલું છે, અને તે કેટલા કાળસુધી રહેનાર છે ?[૨૧]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આ અનાદિ અનંત અવિનાશી બ્રહ્મ નિરંતરજ છે. તેનો આદિ મધ્ય કે અંત નથી. તે પરમ શુદ્ધ ચિદાકાશની અંદર આકારો નથી.[૨૨] અનાદિ અનંત આ અવિનાશી બ્રહ્માકાશ સર્વત્ર પ્રસરી રહેલ છે. આ ચોતરફ પ્રતીતિમાં આવતું એવું જગત પણ બ્રહ્મરૂપ છે, જેથી અનાદિ અને અનંત છે.[૨૩] પરમશુદ્ધ એવા આ ચિદાકાશનો પોતાની મેળેજ પોતાના સ્વરૂપની અંદર જે વિવર્ત થવો તે જગત શબ્દવડે કહેવાય છે, જેથી તે દૃશ્ય પોતાની મેળેજ મિથ્યા છે, એમ સિદ્ધ થાય છે.[૨૪] પુરુષને જેમ સ્વપ્નમાં સ્વપ્નનગરનું દર્શન થાય છે, તેમ સ્વપ્ન નગરની પેઠે જાગ્રતમાંજ તે પુરુષને જે દૃશ્યની પ્રતીતિ થાય તે આ જગત શબ્દવડે કહેવામાં આવે છે.[૨૫] અહીં કઠિન એવા પર્વતો નથી, જળ દ્રવરૂપ નથી, શૂન્ય આકાશ નથી, અને કલ્પનામય કાળ પણ નથી.[૨૬] (ભ્રાંતિના યોગથી) ચિદાત્માજ પોતાની મેળે એ અવિનાશી તત્ત્વને જેવા પ્રકારનું કલ્પી લે છે તેવે પ્રકારે એ ચેતનતત્ત્વની અંદર શૈલ આદિનો ભાવ થઇ ગએલો પ્રતીતિમાં આવે છે.[૨૭] જેમ સ્વપ્નની અંદર શિલા નહિ છતાં શિલા ખડી થઇ જાય છે, અને આકાશ નહિ છતાં આકાશ ખડું થઇ જાય છે, તેવી રીતે ચિદાકાશની અંદર સૃષ્ટિ આદિ સ્વપ્નમાં દૃશ્યની સ્થિતિ થાય છે.[૨૮] નિરાકાર શાંત ચૈતન્ય સ્વપ્નનીપેઠે પોતાની ચિત્સત્તાને વિવર્તરૂપે અનુભવે છે, અને તેજ જગત છે એમ મેં તમને વારંવાર કહેલ છે; અને તે નિરાકાર ચેતન તત્ત્વજ સત્ય છે.[૨૯] જેમ પવનની અંદર રહેનારી તેની ચલનશક્તિ પવનરૂપજ છે તેમાં કશું અંતર નથી, તેમ આ દૃશ્ય પણ બ્રહ્મની અંદર બ્રહ્મરૂપે રહેલ છે; તેનો ઉદય કે અસ્ત થતો નથી.[૩૦] જેમ જળની અંદર દ્રવપણું રહે, આકાશની અંદર શૂન્યપણું રહે, અને વસ્તુની અંદર વસ્તુપણું રહે, તેમ બ્રહ્મની અંદર આ જગત રહેલ છે.[૩૧] કારણરહિત એવું આ દૃશ્ય વિના કારણે બ્રહ્મમાંથી આવિર્ભાવને કે તિરોભાવને પ્રાપ્ત થતું નથી, બ્રહ્મની અંદર આ જગતનો ભાવ કે અભાવ પણ નથી, તેમ બ્રહ્મથી તે ભિન્ન પણ નથી.[૩૨] અનાદિ નિરાભાસ અને નિરાકાર એવું ચિદાકાશ બીજી જગત દૃષ્ટિના કારણરૂપ હોય એમ કોઇ દિવસ સંભવતુંજ નથી.[૩૩] જેમ કોઇ એક અવયવીના અવયવો તેનાથી જુદા નથી હોતા, તેમ નિરાકાર ચિદાકાશની અંદર આ જગત પણ જુદેરૂપે નહિ રહેતાં બ્રહ્મરૂપેજ રહ્યું છે.[૩૪] સર્વ શાંત નિરાલંબ નિર્વિકાર ચિદ્રૂપ છે. અહીં સત્તા અથવા અસત્તા કશું નથી અને કશું પણ નાના પ્રકારનું અહીં છે નહિ.[૩૫] સંકલ્પનીપેઠે અને સ્વપ્નનગરના નૃત્યનીપેઠે આ સર્વ આભાસરૂપે વિસ્તરી રહેલ છે; બાકી વસ્તુતાએ જોતાં સમાન, શાંત, જન્મ આદિ વિકારથી રહિત, અવિનાશી ચિદાકાશજ સત્યરૂપે રહેલ છે.[૩૬] સ્વચ્છ અને મનોહર એવું ચિદાકાશનું સારભૂત સ્વરૂપ પોતાના ચિત્સ્વભાવને લીધે જેવે પ્રકારે પોતાના વિવર્તને પ્રસારી દે છે તેનેજ તે જગતરૂપ સમજે છે, અને ઠેઠ પ્રલયસુધી પોતાની કલ્પનાવડે પોતાના સ્વરૂપનેજ તે તેવે પ્રકારે અનુભવે છે.[૩૭]

परमाचिदंबरहृदयं चित्त्वाद्यत्कचति कान्तममलमलम् ॥ तदिदं जगदिति कलितं तेनैव तदात्मरूपमाकल्पम् ॥२७॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્ગકારણનિરાસ'એ નામનો બસો પાંચમો સર્ગ સંપૂર્ણ. ૨૦૫

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA.

સર્ગ ૨૦૬ ઠ્ઠો.*

બ્રહ્મજ સત્ય છે, જગત નહિ.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

યદાકારણકં ભાતિ ભાનં તન્નૈવ કિંચન ॥
તત્તથા પરમાર્થેન પરમાર્થસ્થિતોઽનઘ ॥૧॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે નિર્મળ રામચંદ્રજી ! પરમાર્થ દૃષ્ટિથી જોઇએ તો બ્રહ્મ કે જે પરમાર્થરૂપ છે તેજ સત્યરૂપે સ્થિર છે, બાકી વિનાકારણે જે કાંઈ જગતનું ભાન થાય છે તે કાંઇજ નથી.[૧] હે મહાબુદ્ધિશાળી ! તમને સારી રીતે બોધની પુષ્ટિ થવા માટે આ સંબંધમાં એક મહા પ્રશ્ન વિશે હું કહું તે તમે સાંભળો કે જે મને (આગળ) કોઇએ પૂછયો હતો.[૨] ત્રણે લોકમાં વિખ્યાત એવો કુશદ્વીપ એવા નામનો એક દ્વીપ છે કે જે આ ભૂમિની અંદર વલયની પેઠે (સુરોદ અને ઘૃતોદ એવા નામના) સમુદ્રોવડે બન્ને બાજુ વ્યાપ્ત છે.[૩] તેની અંદર પૂર્વ અને ઉત્તર દિશાના મધ્યભાગમાં સુવર્ણની એક ઇલાવતી એવા નામની નગરી છે કે જે પોતાની કાંતિરૂપી જ્વાળામય સ્તંભોવડે પૃથ્વી અને આકાશ એ બન્નેને વ્યાપ્ત કરી રહે છે.[૪] એ પુરીની અંદર પૂર્વભાગમાં એક પ્રજ્ઞપ્તિ એવા નામનો પ્રખ્યાત રાજા થઇ ગયો કે જેના ઉપર જગતનાં સર્વ પ્રાણીઓ આસક્ત રહેતાં હતાં, અને તે સ્વર્ગમાં રહેનાર બીજો ઇંદ્ર હોય તેવો દેખાતો હતો.[૫] હું કોઇએક દિવસે કોઇએક કારણનેલીધે પ્રલયકાળમાં આકાશમાંથી જ્યોતિશ્ચક્રમાંથી નીચે આવી પડેલા સૂર્યની પેઠે તે રાજાપાસે ગયો.[૬] પુષ્પ, અર્ઘ્ય, આચમનીય આદિવડે તેમણે મારી પૂજા કરી આસન આપી કોઈ કથાના પ્રસંગમાં વચમાં પ્રણયથી પૂછ્યું કે,[૭] હે મહારાજ ! પ્રલયકાળમાં સર્વનો સંહાર થઇ જતાં, અવર્ણનીય પરમાકાશ શૂન્યરૂપે ફેલાઈ જતાં અને સર્વ કારણોનો પણ ક્ષય થઇ જતાં ફરીવાર સૃષ્ટિનો આરંભ થવાનું મૂળ કારણ શું છે તે આપ કહો. તેનાં સહકારી કારણો પણ શાં છે અને કદાચિત્ તેઓ હોય તોપણ કયાંથી શી રીતે અને કયે પ્રકારે ઉત્પન્ન થયાં છે ?[૮,૯] ઉત્પન્ન થયેલ જગત વસ્તુતાએ શું છે, અને તેના સૃષ્ટિ આદિ વિકારો પણ શું છે ? તેમાં પણ કેટલીએક ભૂમિઓ નિરંતર અંધકારને ધારણ કરી રહે છે, કેટલીએક મહાસાગરનીપેઠે આકાશની અંદરજ ખડી થઇ રહેલ છે, કેટલીએક ભૂમિઓ તો કૃમિઓના કુલવડે આકુલ થઇ રહેલ છે. ઇત્યાદિ વિચિત્રતા થવાનું શું કારણ છે ?[૧૦] કેટલાએક લોકો આકાશના ગર્ભમાં રહેલા છે, કેટલાએક શિલાના ઉદરમાં રહેલા છે, એ સર્વ કયાંથી છે અને શું છે ? વળી પૃથ્વી આદિ પંચમહાભૂતો તથા (ચાર પ્રકારના અંડજ આદિ પ્રાણીઓ તથા તેઓના બુદ્ધિ આદિ) આધ્યાત્મિક પદાર્થો શું છે અને કેવી રીતે થયા છે?[૧૧] એ સર્વનું નિર્માણ કરનાર કોણ છે તથા તેને દ્રષ્ટા પણ કોણ છે? તેનો આધાર આધેય ભાવ પણ કેમ અને શીરીતે છે ? જો કદાચિત્ સમસ્ત વેદશાસ્ત્રના અર્થસાથે વિરોધ ન આવે તેનેમાટે જગત્નો કોઇ દિવસ પ્રલય નથી (કિંતુ તે તે પ્રાણીઓના કર્મને અનુસારે નિરંતર વ્યવહાર પ્રવૃત્તજ રહે છે), એવો દૃઢ નિશ્ચય કરવામાં આવતો હોય તો પણ સંકલ્પસ્ફૂર્તિને અનુસરી સર્વ અનુભવ થતો હોવાથી એ સંકલ્પની સ્ફૂર્તિને (પ્રવાહરૂપે) અવિનાશી ગણવી, કિંવા મિથ્યા ગણવી ? એ આપ કહો. બીજું પણ હે મુનિશ્રેષ્ઠ ! મરી ગયેલ અને અગ્નિવડે બળી

* આ બસો છઠ્ઠા સર્ગમાં બ્રહ્મજ સત્ય છે, જગત નથી, એવા નિર્ણયના હેતુરૂપ એવા કુશદ્વીપનો રાજાએ કરેલા પ્રશ્નોનું નિરૂપણ કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ગએલ એવા દ્વીપાંતરના પ્રાણીઓને અથવા તો અહીં કુશદ્વીપ આદિમાં નાશ પામતાં પ્રાણીઓને નરક અને સ્વર્ગના ભોગનેમાટે દેહની ઉત્પત્તિ થવાનાં (માતા પિતા આદિ) કારણોથી રહિત એવા પ્રદેશમાં (પરલોકમાં) દેહ ઉત્પન્ન થવામાં શું કારણ છે, અને તેમ થવામાં સહકારી કારણો પણ શાં છે? ધર્મ અને અધર્મ કે જે નિરાકાર છે તે પરલોકમાંજ દેહ આદિ સાકાર રૂપે થાય એમ પણ ઘટતું નથી.[૧૨-૧૬] વળી તે બન્ને પાર્થિવ આદિ દ્રવ્યભાગથી રહિત હોવાથી પાર્થિવ આદિ ભાગવડે દેહ આદિની રચના કરે છે એ યુક્તિ પણ અસંભવિત ભાસે છે. માતા પિતાઆદિના અભાવને લીધે પરલોકમાં એવું શું બીજ છે કે જે કારણરૂપ કહેવાય?[૧૭] અથવા બીજા પણ તે પરલોકસંબંધી દેહ ઉત્પન્ન થવામાં શા હેતુઓ છે, અને દ્રવ્ય આદિનો સંભવ પણ શી રીતે છે? ધર્મ અધર્મ આદિને કરનાર એવા આ જીવને પરલોક નથી, એ વાત પણ આ જન્મ પૂર્વજન્મની અપેક્ષાએ પરલોક જેવોજ હોવાથી તથા તે પ્રત્યક્ષ અનુભવને અનુસરી સ્થિર થઇ રહેલો હોવાથી અને પરલોક ન માનીએ તો સર્વ લોક તથા વેદ આદિમાં વિરોધ આવવાને લીધે બરાબર બંધબેસતી થતી નથી. આ પ્રજા પોતે નહિ ઇચ્છેલ અને ક્રિયાવડે પણ નહિ સાધેલ એવી બીજા દેશાંતરમાં થયેલ સંબંધનગરની અમૂર્ત્ત (મૂર્તિમાન નહિ એવી) રાજાજ્ઞા આદિવડે વધ બંધ અને દંડ આદિ ફળને જે પ્રાપ્ત થાય છે તેમાં શી યુક્તિ છે? વળી શિલા આદિનો બનાવેલ સ્તંભ, દેવતા-મુનિ આદિના વરદાનના પ્રભાવથી સોનું મેળવવાનેમાટે જવા આવવાની કડાકૂટ કર્યાવિના પણ ક્ષણવારમાં સુવર્ણરૂપ બની જાય છે તો આમાં શી સાધનસંપત્તિ છે, અને શી યુક્તિથી તેમ બને છે? વિધિ અને નિષેધ કે જેઓ નિમિત્તવિનાજ લોકમાં પ્રવૃત્ત થઇ રહેલ છે, અને લોકપ્રચારવડે રૂઢ છે, તથા કેટલાક રૂઢ પણ નથી તેઓનું શું પ્રયોજન છે? હે મહારાજ! આ જગત પૂર્વે અસત્ હતું અને પછી તે સદ્રૂપ થયું. આ શ્રુતિના અર્થની સંગતિ શી રીતે મળે? અથવા તો असदेवेदमग्रआसीत (આ સર્વ પ્રથમ અસત્જ હતું) અને सदेवसोम्येदमग्रआसीत् (આ સર્વ પ્રથમ સદ્રૂપજ હતું) ઇત્યાદિ શ્રુતિઓના અર્થની પરસ્પર સંગતિ શી રીતે મળે? હે મહામુનિ વસિષ્ઠજી! શૂન્ય આકાશમાંથી આ હિરણ્યગર્ભ શી રીતે થાય અને આકાશનો (ચિદાકાશોનો) એવો પ્રભાવજ છે એમ હોય તો પછી એ આકાશ સર્વત્ર હોવાથી સર્વ ઠેકાણે બીજા હિરણ્યગર્ભો કેમ થતા નથી? ઔષધીઓના પોતપોતાનાં પૂર્વ બીજ આદિને ઉત્પન્ન કરવાના સ્વભાવો અને બીજા અગ્નિ આદિના ઉષ્ણપણા આદિના સ્વભાવો કેમ સ્થિતિને પ્રાપ્ત થઇ રહેલા છે?[૧૮-૨૪] તે હે મુનીશ્વર! આપ બોધને અનુસરી કહો. ઇચ્છિત કામને આપનાર પ્રયાગ આદિ ક્ષેત્રમાં એકજ પુરુષનું તેના કોઈ સ્નેહી સંબંધીએ જીવિત ચિંતવ્યું હોય અને તેના શત્રુએ મરણ ચિંતવ્યું હોય અને પછીથી તે બન્નેનું (શત્રુ તથા મિત્રનું) મૃત્યુ થઈ જાય તો પછી તે પહેલા પુરુષની શી ગતિ થાય? હું આકાશની અંદર પૂર્ણ ચંદ્રરૂપ થાઉં એવી કામનાવડે ચંદ્રભાવને પ્રાપ્ત કરનાર એવી ઉપાસનાના વિધિને અનુસારે ધ્યાન કરનાર એવા અનેક ઉપાસકોએ સંચિત (એકઠાં) કરેલાં અને તુલ્ય કાલે પ્રાપ્ત થયેલાં ચંદ્રભાવનાં ફળોવડે આકાશ એકજ સમયે હજારો (અનેક) ચંદ્રસહિત કેમ થઇ જતું નથી? બીજું લાખો ધ્યાન કરનારાઓએ ધ્યાન કરાયેલી એકજ સ્ત્રી એકજ સમયે તે સર્વેની પત્નીરૂપ કેમ થઇ જાય,

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અને તેઓને એકજ કાળે ધ્યાનનું ફળ કેમ મળે? વળી તે સ્ત્રી એકજ છતાં તે સર્વેનાં ભિન્ન ભિન્ન સ્થળમાં રહેલા ઘરોમાં શી રીતે સ્થિતિ રાખી શકે? વળી તે પોતાનાં તપવડે બ્રહ્મચારિણી છતાં અને પ્રત્યેક ઉપભોક્તાંના તપવડે સાધ્વી છતાં ઘણાંઓના ઉપભોગમાં આવવાથી અસાધ્વી કેમ થાય?[૨૫-૨૮] હે મહામુનિ! વરના પ્રભાવથી અને શાપના પ્રભાવથી "હું આ ઘરમાંથી બહાર નહિ નીકળતાં ઠેઠ કલ્પપર્યંત સાતેય દ્વીપમાં રાજા થઇ ઘરની અંદરજ રહું" એવી પરસ્પર વિરુદ્ધ વાત જ્યાં મેળવેલી હોય ત્યાં એ ઘરની અંદર સર્વ ભોગ્યવસ્તુની સ્થિતિ અને વરદાનનું અસ્તિત્વ કેમ ઘટી શકે? દાન ધર્મ આદિ તપો તથા શ્રાદ્ધ આદિ પારલૌકિક કર્મો કે જે અહીં કરવામાં આવવાથી અહીંજ રહેલાં હોય છે, અને અમૂર્ત છે, તેઓનું ફળ લોકાંતરમાં (પરલોકમાં) શી રીતે મળી શકે? વળી અદૃષ્ટને ફળ આપનારૂં માનવામાં આવે તોપણ તે મૂર્તિમાન દેહ આદિમાં અધ્યાસવડે પ્રીતિ ઉત્પન્ન કરાવી ફલ આપે એમ કહેવું જોઇએ; પરંતુ પરલોકમાં તેવું ક્યાં હોય છે? આ લોકમાં અને પરલોકમાં વ્યવહાર કરનાર જીવ કાંઈ સાકાર નથી. હે મહારાજ! દેશાંતરમાં અને કાળાંતરમાં જીવ કાંઈ આ દેહેસહિત હોતો નથી કે જેને આશ્રયે ફળનો અનુભવ સંભવે? જથી એ વાત અનુભવ બહારના જેવી ભાસે છે. આ વગેરે સર્વ કે જે મને અઘટિત જેવું જણાય છે તે બરાબર ઘટિત શી રીતે થાય?[૨૯-૩૨] ઉપર વર્ણવેલ ઇત્યાદિ ઉત્પન્ન થયેલા મારા સંશયસમુદાયને આપ શીતળ અને શુદ્ધ એવી વાણીવડે જેમ સંધ્યાકાળના અંધકારને પોતાની કાંતિવડે ચંદ્રમા નિવૃત્ત કરે તેમ નિવૃત્ત કરો.[૩૩] હે મહારાજ! પરમાત્માના વિષયમાં સર્વ સંશયનો નાશ થવાથી પ્રસિદ્ધ રીતે ઉભય લોકનું હિત થાય છે, માટે આપ મારા સંશયને કાપી નાખી પરમ વસ્તુનો બોધ આપો, કેમકે આપ જેવા મહાત્માઓનો સમાગમ કોઇને પણ તુચ્છ ફળ આપનાર થતો નથી.[૩૪]

परमवस्तुनि संशयनाशनादुभयलोकहितं भवति स्फुटम् ॥ तदिह मे कुरु साधुसमागमस्तनुफलो भवतीह न कस्यचित् ॥ ३४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહાપ્રશ્ન' એનામનો બસો છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૨૦૬

સર્ગ ૨૦૭ મો.*

પ્રશ્નોનું સમાધાન

॥ શ્રીરામ ઉવાચ ॥

शृणु राजन् यथास्पष्टमेतत्ते कथयाम्यहम् ॥ येन ते सर्वसंदेहा यास्यंत्यलममूलताम् ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહારાજ! જેવી રીતે તમને સ્પષ્ટ સમજાય તેવી રીતે હું કહું છું તે તમે સાંભળો કે જે વડે તમારા સર્વ સંદેહો સંપૂર્ણ રીતે નિર્મૂળ થઇ જશે.[૧] આ સર્વ જગતના ભાવો સદૈવ અસ રૂપ છે અને સદૈવ સદ્રૂપ પણ છે, કેમકે જેવા દૃઢ સંકલ્પની સ્ફૂર્તિ તેવીજ તેની સ્થિતિ છે.[૨] હે મહારાજ! ચિદાત્મા અમુક પ્રકારનુંજ છે, એવી દૃઢ ભાવનાવડે જ્યાં જેવે પ્રકારે અનુસ્યૂત થઈ રહે તે તેવાજ પ્રકારનું અવશ્ય થઈ જાય છે. પછી તે ભલે સદ્રૂપ હો કે અસદ્રૂપ હો, તે વિશે કાંઇ જોવાનું નથી.[૩] એવો અચિંત્ય શક્તિવાળો ચિદાત્માનો સ્વભાવજ છે. તે ચિદાત્મા પ્રથમ તો એક દેહનેજ (ભ્રાંતિવડે-અધ્યાસવડે)

* આ બસો સાતમા સર્ગમાં ક્રમને નહિ સંભાળતાં કેટલાક પ્રશ્નોનું સમાધાન થશે, અને બીજા પ્રશ્નોનું સમાધાન પાછલા ત્રણ સર્ગોવડે કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

આત્મરૂપ સમજેછે,અને તે દેહસંબંધી ચિદાત્મા પોતેજ દેહના ધર્મોને પોતાનામાં આરોપી લે છે.[૪] મનુષ્યો સ્વપ્નમાં અને જાગ્રતમાં દેહને અનુભવનાર ચિદાત્માનેજ અનુભવે છે,બાકી દેહાદિક જે ચેતનરૂપ જણાય છે તે કાંઇ તેનો પોતાનો ભાસ ધર્મ નથી, માટે કોઇક ભ્રાંતિજ્ઞાનજ શરીરને આકારે પ્રતીતિમાં આવે છે, બાકી શરીર કાંઇ બીજી વસ્તુ નથી.[૫] જેમ સ્વપ્નમાં અવશ્ય આશ્રય કરવા લાયક અને સ્વપ્નને અનુભવનાર ચિદાત્માજ એવે સ્વપ્નને આકારે વિવર્તરૂપે ભાસે છે, તેમ સૃષ્ટિના આરંભ કાલમાં સર્વ કારણના અભાવને લીધે ચિદાકાશ જગતને આકારેભાસે છે. જગતનું સ્વપ્નના કરતાં શું જુદાપણું છે ? કાંઇ નથી; કિંતુ એ બન્ને સમાનજ છે.[૬] બ્રહ્મ એવી સંજ્ઞાને ધારણ કરી રહેલ એવું જે નિર્મળ ચિદાકાશ છે તેજ આ જગતને આકારે ભાસે છે, તો પછી જગતની ચિદાકાશથી વળી જુદાઇ કેવી હોય ?[૭] એવી રીતે અવિકારી પરબ્રહ્મ પોતેજ જગતને રૂપે સ્થિતિને ધારણ કરી રહેલ છે. એમ લોક, વેદ અને મહા શાસ્ત્રોવડે પૂર્વાપર વિચાર કરતાં શુદ્ધરૂપે અનુભવાય છે; અને મેં પણ તેજ વાત અહીં કહેલ છે.[૮] સર્વ પ્રાણીઓની બુદ્ધિમાં દૃઢ અનુભવવડે દૃઢ થએલ, સત્તારૂપે સર્વત્ર પૂર્ણ અને મહાત્માઓએ (અનુભવથી) કહેલ એવા જગતનાં ચિન્માત્રપણાનો નિષેધ કરી જે મૂઢ પુરુષો અંધારા કૂવામાં પડેલા દેડકાની પેઠે મોહના બળથી માત્ર વર્તમાન અનુભવનેજ પ્રમાણરૂપ ગણી "આત્માનું (ચૈતન્ય સ્ફૂર્તિનું) કારણ જડ શરીરછે" એવા પ્રકારના મોહને ધારણ કરી રહ્યા છે તેઓ અવિવેકી અને ઉન્મત્ત છે. આપણી પારમાર્થિક કથામાં તેઓ યોગ્યજ નથી, કેમકે મદોન્મત્તની અને મદવગરના (ડાહ્યા) માણસની તથા મૂઢની અને વિવેકીની પરસ્પર કથા કેવી હોય ? નજ હોય.[૯-૧૧] આ ત્રણે લોકની અંદર જે વિદ્વાનની કથાવડે સર્વ સંશયોનો નાશ ન થાય તે મૂર્ખ કથાજ જાણવી.[૧૨] તો જે મૂઢ બુદ્ધિવાળા ચાર્વાક આદિ "પ્રત્યક્ષજ પ્રમાણ છે માટે શ્રુતિ આદિવડે કાંઇપણ સિદ્ધ થતું હોય તે ગ્રાહ્ય નથી" એમ કહે છે તે પોતાનાં યુક્તિરહિત, સર્વથી વિરુદ્ધ, વિવેકી પુરુષોને કર્ણકઠોર હોવાથી શિલા જેવાં કઠતાં એવાં પોતાનાં ભાષણવડેજ વિદ્વાનોવડે કૂવામાં પડેલા એક આંધળા દેડકારૂપ કહેવાય છે, કેમ કે તે પૂર્વાપર વિચારને છોડી દઇ વર્તમાન માત્રને બતાવનાર પ્રત્યક્ષનેજ પશુની પેઠે પોતાની બુદ્ધિથી વળગી રહે છે.[૧૩,૧૪] વેદોને અને તત્ત્વજ્ઞલોક આદિને પૂછતાં તેઓ પોતાના અનુભવવડે યુક્ત એવા આ મારા વિચારનેજ બતાવે છે કે જેવડે સર્વ સંશયોનો ક્ષય થઇ જાય છે.[૧] "જો પ્રત્યક્ ચૈતન્યજ શરીરરૂપ હોય તો (ચૈતન્યની સર્વ વ્યાપકતાને લીધે) શબ શામાટે ઉઠતું નથી" એવી જેને શંકા થતી હોય તેવા મૂઢ માણસને માટે અહીં નીચે પ્રમાણે ખુલાસો આપીએ છીએ.[૧૬] બ્રહ્મરૂપ છતાં હિરણ્યગર્ભને વિષે થઇ રહેલા બ્રહ્માનું તમારા સ્વપ્ન નગરનીપેઠે જે કાંઇ સંકલ્પનગર પ્રસરી રહ્યું છે તેનુંજ આ જગતને આકારે ભાન થાય છે.[૧૭] માટે વસ્તુતાએ જોઇએ તો આ સર્વ નિરંતર ચિન્માત્ર છે. તેમાં પોતાના સ્વપ્નનગરના દૃષ્ટાંતથી તમારે કાંઇપણ ભ્રાંતિ રાખવાની નથી.[૧૮] જેમ સ્વપ્નની અંદર દિશાઓ, પર્વતો, પૃથ્વી આદિ અને નગર આદિ સર્વ ચિદાકાશરૂપ છે, એ તમને અનુભવ સિદ્ધ છે, તે પ્રમાણે આ જગતનું પણ સમજવાનું છે.[૧૯] બ્રહ્મ ચિદાકાશઘન છે, વિરાટ તેના સંકલ્પનગરરૂપ છે, હિરણ્યગર્ભ પણ શુદ્ધ ચિદ્રૂપ છે; તો પછી તેની પેઠે આ જગતપણ શુદ્ધ ચિદ્રૂપ છે.[૨૦] તમારા

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંકલ્પનગરની પેઠે હિરણ્યગર્ભના સંકલ્પની અંદર જે, જે પ્રકારે કલ્પાએલ છે તે, તેજ પ્રમાણે અનુભવમાં આવે છે.[૨૧] તમારા સંકલ્પપુરની પેઠે એ હિરણ્યગર્ભના સંકલ્પપુરની અંદર જે, જે પ્રમાણે સંકલ્પિત છે તે, તે પ્રમાણે છે.[૨૨] ચિ પ એવા હિરણ્યગર્ભે પ્રથમથીજ જે પ્રમાણે દેહની ચપલતા અને જડતા (દેહ જીવતો હોય ત્યાંસુધી હાલે ચાલે અને મરી ગયા પછી તે જડજ થઇ જાય એ પ્રમાણે) નિયત કરી રાખેલ છે, તે પ્રમાણેજ ો તમને અનુભવમાં આવે છે. બીજા પ્રકારે આવે નહિ.[૨૩] મહાપ્રલયને અન્તે પાછી સૃષ્ટિની પ્રવૃત્તિ થાય છે. હવે સર્વ કારણના અભાવને લીધે તે સમયે કશું દ્રવ્ય તો હોતું નથી,[૨૪] તેમજ પૂર્વ પ્રજાપતિનું વિમુક્તપણું થઇ જવાથી તેની સ્મૃતિ પણ સંભવતી નથી, જેથી સ્વયંજ્યોતિ બ્રહ્મજ જગતને આકારે (વિવર્તરૂપે) ભાસે છે, એમ સિદ્ધ થાય છે, બાકી દ્રવ્ય આદિ કશું વાસ્તવિક રીતે નથી.[૨૫] પ્રથમ બ્રહ્મે પોતેજ હિરણ્યગર્ભરૂપે પોતાના આત્માને જોયો અને પછી તેણે પોતાના સંકલ્પ નગરને જગતરૂપે જાણ્યું, બાકી વસ્તુતાએ જોતાં એ બન્ને ચિદાકાશરૂપ છે.[૨૬] જેમ સંકલ્પનગર કેવળ ચિન્માત્ર છતાં પણ તેનું એક અમુક આકારે ભાન થાય છે, તેમ ચિન્માત્ર તત્ત્વના એક વિલાસરૂપ આ જગતનું પણ વિનાકારણે અમુક આકારે ભાન થાય છે.[૨૭] શરીર ભલે હો અથવા ન હો, પણ જ્યાં જ્યાં ચિદાકાશ રહેલ છે, અને પોતાના આત્માને જ્યાં જ્યાં અવસ્થિત થઈ રહેલ સમજે છે, ત્યાં ત્યાં આ દ્વૈત અદ્વૈતવાળું જગત ખડું થઇ જાય છે;[૨૮] અને તેનેલીધેજ સ્વપ્નનગરનીપેઠે અને સંકલ્પનગરનીપેઠે મરણ પછી પણ ચિદાકાશ (જીવ) જગતને દેખે છે.[૨૯] જે સૃષ્ટિની આદિનાં તૃણ આદિ વિનાજ ચિદાકાશ, પૃથ્વી આદિ જગતરૂપે ભાસે છે; તેમ મરણ પછી પણ તે સર્વ જગત સ્વરૂપે ભાસે છે.[૩૦] જેમ પ્રબુદ્ધ થએલા પુરુષને જણાતા સ્વપ્નસંબંધી દેશ–કાળ તેના જાગ્રત સંબંધી દેશ-કાળને જરા (અણુમાત્રપણ) વ્યાપ્ત થતા નથી, તેમ પરલોકને પ્રાપ્ત થયેલ પુરુષને પણ ઐહિક દેશ-કાળ વ્યાપ્ત થતા નથી.[૩૧] પ્રબુદ્ધ પુરુષની દૃષ્ટિમાં ચિદાકાશની અંદર આ જગત સ્ફુટરૂપે પોતાને અનુભવમાં આવતાં છતાં પણ નથી અને જેમ આકાશમાં કારણ નથી તેમ તેનું કશું કારણ પણ નથી.[૩૨] જેમ સૂતેલા પુરુષને સ્વપ્નની અંદર આ ચિદાકાશજ મિથ્યારૂપે સ્વપ્નસૃષ્ટિને આકારે ભાસે છે, તેમ પરલોકના અતિથિ થએલા પુરુષને એ ચિદાકાશજ સૃષ્ટિને આકારે ભાસે છે.[૩૩] પરલોકને પ્રાપ્ત થએલ પુરુષને ચિદાકાશજ પ્રથમથી તેવે આકારે નહિ થઇ રહ્યા છતાં સ્વર્ગ પૃથ્વી પર્વત યમ આદિવડે યુક્ત ભાસે છે, અને કેમ જાણે તે પૂર્વસિદ્ધ હોય તેવું વિસ્તૃત જણાય છે.[૩૪] આ હું મરી જઈ પાછો નારકીભાવથી ઉત્પન્ન થઈ યમલોકમાં આવ્યો છું, અને ત્યાં શુભ અશુભ ફળ ભોગવું છું, એવી ભ્રાંતિનેજ અતિઘાટાપણાથી મરેલ પ્રાણી અનુભવે છે.[૩૫] આ ભ્રાંતિરૂપી મોહ મોક્ષના ઉપાયોમાં આદર નહિ આપનાર પુરુષમાંથી કદીપણ શાંત થતો નથી, કિંતુ બોધને લીધે વાસના ક્ષય થતાંજ એ મોહની શાંતિ થાય છે.[૩૬] ચિદાકાશની અંદર જો કે વસ્તુતાએ ચિદાકાશજ રહેલ છે, તથાપિ અપ્રબુદ્ધ પુરુષના આત્મામાં રહેલ ધર્મ અધર્મ સંબંધી વાસનાજ જગતને રૂપે પ્રતીતિમાં આવે છે.[૩૭] જગતનું સ્વરૂપ શૂન્ય નથી તેમ સત્સ્વરૂપ પણ નથી, કિંતુ બ્રહ્મ એવા નામને ધારણ કરી રહેલ ચૈતન્યજ જગતને રૂપે (વિવર્ત-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Gurukul Kangri Vishwavidyalaya Haridwar

રૂપ ભાસે છે, પરંતુ જો તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો તે બ્રહ્મરૂપ છે.[૩૮]

न शून्यरूपं न च सत्स्वरूपं ब्रह्माभिधं भाति जगत्स्वरूपम् ॥ तच्चापरिज्ञानवशादनर्थभूतं परिज्ञातवतः शिवात्म ॥ ३८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્ધનો 'મહાપ્રશ્નોત્તર' એ નામનો બસો સાતમો સર્ગ સંપૂર્ણ. ૨૦૭

સર્ગ ૨૦૮ મો.*

વિધાતાની ઇચ્છા

॥ श्रीराम उवाच ॥

शुभाशुभं यथोदेति प्रजानां गृहसंगमे ॥ असंबद्धैरप्रतिघैर्दूरस्थैस्तदिदं शृणु ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રજાઓને પોતાને ઘેર બેઠાં છતાં અસંબદ્ધ અને નિરવયવ એવાં દૂરનાં વૃત્તાંતોવડે શુભાશુભ ફળની પ્રાપ્તિ કેમ અને શી રીતે થાય છે, તે સંબંધમાં હું કહું તે તમે સાંભળો.[૧] પ્રથમ વસ્તુતાએ જોતાં આ જગત એક હિરણ્યગર્ભના સંકલ્પનગરરૂપ છે કે જે દૃશ્યરૂપે સમજાયું હોય તો દૃશ્યરૂપે અને બ્રહ્મરૂપે સમજાય તો બ્રહ્મરૂપ જણાય છે.[૨] હિરણ્યગર્ભ પોતાના એ સંકલ્પનગરની અંદર જેવા જેવા સંકલ્પની કલ્પના કરે છે તેવી તેવી રચના તેને દેશ-કાળમાં અનુભવમાં આવે છે.[૩] જેમ તમારા પોતાના સંકલ્પમય ગૃહની અંદર જે પ્રજા હોય તે તમારા સંકલ્પનેજ અનુસારે થઇ રહી હોય, તેમ આ બ્રહ્મના સંકલ્પથી ખડા થઇ ગયેલા જગતની અંદર પણ આ સર્વ પ્રજા બ્રહ્મના સંકલ્પને અનુસરી રહેલ છે.[૪] જેમ તમારા પોતાના સંકલ્પપુરની અંદર જેવી જેવી તમે કલ્પના કરો તે તે પ્રમાણે થઈ રહેલું તમે દેખો, તેજ પ્રમાણે આ હિરણ્યગર્ભના સંકલ્પવડે ખડા થઈ રહેલા જગતમાં પણ હિરણ્યગર્ભના સંકલ્પને અનુસરી સર્વની સ્થિતિ થઇ રહી છે.[૫] યોગીઓનું યમ-નિયમ આદિના સેવનવડે શુદ્ધ થયેલ જીવચૈતન્ય વરશાપવડે જે વ્યવહારને સાધી આપે છે તે સંબંધમાં હિરણ્યગર્ભનો સંકલ્પ પણ તેવોજ હોય છે; કેમકે વર-શાપવડે જે કાંઇ થાય છે તે "તપસ્વીઓના વર-શાપ સિદ્ધ થાઓ" એવો એક હિરણ્યગર્ભનોજ સત્ય સંકલ્પ છે.[૬] પ્રજાને માટે વિધિ-નિષેધનો બોધ કરનારાં શાસ્ત્રોએ સૂચવેલા ધર્મ-અધર્મ જે કાંઇ એક આસ્થાની વ્યવસ્થાવડે ફળ આપે છે તે પણ એક બ્રહ્મના હિરણ્યગર્ભના સંકલ્પનુંજ ફળ છે.[૭] હે પ્રિયરાજા! આ જગતની અંદર જેટલા દેહધારીઓ છે તેઓને પૂર્વકાળમાં (પ્રલય સમયે) આ જગત દેખાતું ન હતું જેથી અસત્ય હતું અને હમણાં તે સત્યરૂપે પ્રતીતિમાં આવે છે.[૮] આમ થવું પણ ચિદ્રૂપ બ્રહ્મના સંકલ્પના બળથીજ છે, અને તેની જે કાંઇ થોડી સત્યતા જણાય છે તે પણ તેનાથીજ છે, કેમકે ચિદાકાશનો ઉન્મેષ અને નિમેષ આ જગતના ઉદયરૂપ અને પ્રલયરૂપ છે.[૯]

રાજા કહે છેઃ—જો આ જગત બ્રહ્માના સંકલ્પનેલીધેજ સત્ય હોય તો પછી તે પ્રથમ સુષુપ્તિમાં તથા પ્રલય આદિમાં કેમ દેખાતું નથી? અને જાગ્રત કાળમાં તથા સૃષ્ટિકાળમાં કેમ દેખાય છે? વળી સદા વિકારને પ્રાપ્ત થતું એવું આ જગત કેમ જાણે સુસ્થિર આરંભવાળું હોય તેવું શાથી દેખાય છે?[૧૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચિદાકાશના સંકલ્પનગરમાં રહેલા આ માયિક દૃશ્યનો એવો સ્વભાવજ છે કે તે ક્ષણવારમાં સ્વપ્નમાં તથા

* આ બસો આઠમા સર્ગમાં દૂર દેશમાં થતા યત્નોવડે બીજે ઠેકાણે પણ જેથી પ્રજાને તેવાં ફળની પ્રાપ્તિ થાય એવી વિધાતાની ઇચ્છા વિશે વર્ણન કરવા માં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જાગ્રતમાં ખરું થઈ જઇ પ્રલયમાં, સુષુપ્તિમાં અને મોક્ષમાં તિરોહિત થઇ જાય છે.[૧૧] આ સદ્રૂપ અને અસદ્રૂપ એવી સૃષ્ટિઓ ચિદાકાશની અંદર બાળકના સંકલ્પનગરની પેઠે અને આકાશમાં ભ્રાંતિવડે દેખાતાં મસલાં મોવાળા આદિના આકારનીપેઠે (ભ્રાંતિના બળથી) ભાસે છે.[૧૨] તમે જેમ પોતાના સંકલ્પનગરને ઉત્પન્ન કરી તેનો પાછો ક્ષણવારમાં પોતાની મેળેજ અથવા તો બીજા આકારના સંકલ્પનેલીધે વિનાશ કરી નાખો છો અને એ જેમ તમારો પોતાનો સ્વભાવજ છે,[૧૩] તેમ ચિદાકાશના સંકલ્પનગરની અંદર જે કાંઇ સૃષ્ટિ-પ્રલયની પ્રતીતિ થાય છે તે તેના સ્વભાવનોજ એક વિવર્ત છે કે જે વસ્તુતાએ જોતાં શુદ્ધજ છે, એમ તમે સમજો.[૧૪] આ ત્રણે લોક ચિદેકરસ હોઇ અનાદિ અને અનંત-એવાં બ્રહ્માકાશરૂપજ છે, અને તેને લીધે એ પરમેશ્વર જે જે સંકલ્પ કરે છે, અને જે જે કરે છે,[૧૫] તે સર્વ આવરણથી રહિત એવા ઈશ્વરના સત્ય સંકલ્પને લીધે જીવકૃત કર્મ પરલોક આદિમાં સેંકડો યોજનોનું અને અનેક યુગોનું વ્યવધાન છતાં કેમ જાણે નજીકજ હોય, તેમ સ્વપ્નની પેઠે વર્તમાન કાલના જેવુંજ કાર્ય કરી આપે છે.[૧૬] આત્મા કે જે એક હોઇ આવરણથી રહિત છે તે દેશાંતરમાં અને લોકાંતરમાં પણ શામાટે કર્મભોગને ન ભોગવે? ભોગવેજ.[૧૭] જેમ પ્રકાશી રહેલા મણિની અંદર તેની કાંતિનો ચળકાટ અને ઝાંખાશ અનુભવમાં આવે છે; તેમ ચિદાકાશરૂપી મણિની અંદર તેનોજ એક વિવર્ત જગતના સૃષ્ટિ-પ્રલયરૂપે અને નાના પ્રકારના કર્મફલના ભોગની વિચિત્રતારૂપે પ્રતીતિમાં આવે છે.[૧૮] વિધિ-નિષેધનું પ્રયોજન લોકોની મર્યાદા રહેવી એ છે, અને તે સંસ્કારરૂપે ચિત્તમાં દૃઢ થઇ જવાથી પરલોકમાં ગયા પછી પણ જીવને ફળ આપનાર બનીરહે છે.[૧૯] બાકી વસ્તુતાએ જોઇએ તો આત્માને જન્મ કે મરણ એ કાંઇ છેજ નહિ. તે પોતે સદા બ્રહ્મરૂપ છે, અને ભ્રાંતિનેલીધે સ્વસ્વરૂપનો આભાસજ તેને ભિન્નરૂપે પ્રતીતિમાં આવે છે;[૨૦] બાકી તે પોતે સદા આત્મામાંજ રહેલ છે. બ્રહ્માનું સંકલ્પનગર કે જે એક જાતની તેની કલ્પનાજ છે તે જ્યારે દ્રષ્ટા-દૃશ્ય આદિરૂપે પોતે કેમ જાણે જગતને આકારે થઇ રહી હોય, એમ ભાસે છે, ત્યારે જગત ઉત્પન્ન થયું એમ કહેવાય છે.[૨૧] જ્યારે એ હિરણ્યગર્ભ સ્વભાવનેલીધે પોતાના વિવર્તને સમેટી લઇ ચિદાકાશરૂપ પોતાના એક ચિદાકાશરૂપમાં સ્થિર થઇ રહે ત્યારે એ સમષ્ટિ જીવ (વિરાટ્) શાંત થઇ રહેલ છે, એમ કહેવામાં આવે છે.[૨૨] જેમ વાયુની ચપળતા અને સ્થિરતા તેના પોતાના સ્વરૂપથી ભિન્ન નથી, તેમ દૃશ્યને આકારે વિવર્ત થવો તથા પાછું તેનું તિરોહિત થઈ જવું, એ બન્ને નિર્મળ અક્ષય એવા એ તત્ત્વની અંદર સ્વાભાવિક રીતેજ રહેલ છે.[૨૩] જેમ તમારા સંકલ્પનગરની અંદર અમુક અમુક ઔષધિ-પદાર્થ આદિના પ્રસંગો જુદે જુદે રૂપે જરા-મરણને હણનારા થાઓ, એવી કલ્પના થઇ તેવાજ પ્રકારનો ભાવ પ્રતીતિમાં આવે, તેમ બ્રહ્માના સંકલ્પનગરની (જગતની) અંદર પણ ત્રણે લોકમાં સર્વ ઔષધિ પદાર્થ-આદિના તેવા તેવા (પ્રભાવ વિશેષવડે યુક્ત) સ્વભાવો ઉદય પામી રહેલા છે.[૨૪,૨૫] હે મહારાજ! પોતાના સંકલ્પનગરની અંદર પરમેશ્વર ક્ષણે ક્ષણે કે પ્રતિ વસ્તુએ સંકલ્પજ નથી કર્યા કરતા, કિંતુ બાલકે કરેલ રમકડાંની કલ્પનાનીપેઠે તે પોતે એકવારજ સંકલ્પ કરે છે કે "અમુક જાતિની વસ્તુ અમુક પ્રકારનું કાર્ય કરનાર થાઓ અને તે અમુક પ્રકારે ઉત્પન્ન થાઓ"

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ઇત્યાદિ, અને પછી તેને લીધે બીજાંકુર આદિના ક્રમથી ઘાસમાંથી ઘાસજ ઉત્પન્ન થવા ઇત્યાદિ ક્રમ બંધાઇ જાય છે.[૨૬] ક્ષણવારમાં એ હિરણ્યગર્ભ પોતે જે જે સંકલ્પ કરે તેમાં તે પદાર્થો, તેના અવયવો, શક્તિ કાર્ય આદિ ભેદો અને કાર્યોની પરંપરાઓ એકજ વખતના સંકલ્પથી સિદ્ધ થઈ જાય, એવો એ ચિદેકરસ તત્ત્વનો સ્વભાવ છે.[૨૭] એ સંકલ્પવડે કલ્પાએલ પદાર્થો સ્વભાવથી નાના પ્રકારના આકારથી રહ્યા છતાં ચિદ્રૂપે જોતાં એકજ છે, અને પોતાના સ્વરૂપથીજ ભિન્નભિન્ન આકારને અને સ્વભાવને ધારણ કરી રહ્યા છતાં એકજ સારરૂપ અધિષ્ઠાનની અંદર તેઓની સ્થિતિ છે.[૨૮] તે તે પદાર્થોની અંદર પ્રત્યેકમાં તેઓના આત્મામાં બ્રહ્મરૂપતા કિંવા ચિન્માત્રતા રહેલાંજ છે. સર્વના આત્મારૂપ એ ચિત્સત્તા જ્યાં જેવે પ્રકારે રહેલ હોય ત્યાં તેવે પ્રકારે તેનું ભાન થાય છે.[૨૯] આદિ, મધ્ય અને અંતથી રહિત, અને અપરિમિત શક્તિવાળું એવું બ્રહ્મ, વસ્તુતાએ જોતાં કશારૂપ નથી; અને અધ્યારોપ દૃષ્ટિથી જોતાં કેમ જાણે કાંઈ અનિર્વચનીયરૂપે થઈ રહેલ હોય તેવું જણાય છે. પોતે સદ્રૂપ છતાં કેમ જાણે અસત્ય પદાર્થ રૂપ થઈ રહ્યું હોય, તેવી પ્રતીતિ થાય છે, કેમ કે એ પરમતત્ત્વજ સર્વના આત્મારૂપ છે, માટેજ પ્રાણીઓમાં તથા તૃણ આદિ જાતિઓમાં જે વસ્તુ જેવા સ્વભાવવાળી પ્રસિદ્ધ છે, તેની અંદર એ (અચિંત્ય) તત્ત્વજ તેવા સ્વભાવરૂપે થઈ રહેલ છે.[૩૦]

अनादिमध्यान्तमनन्तवीर्यं किंचिन्न किंचिच्च सदप्यसत्यम् ॥ स्थितं यथा यत्र तदात्म तत्तत्सर्वात्मभूर्भूततृणादिजातौ ॥३०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહાપ્રશ્નમોક્ષણ' એ નામનો બસો આઠમો સર્ગ સંપૂર્ણ.૨૦૮

સર્ગ ૨૦૯ મો.*

વિરુદ્ધ કર્મફળોની સફળતા

॥ श्रीराम उवाच ॥

एकस्य जीवितं पुंसः सुहृदा मरणं द्विषा ॥ मृत्वाऽर्थितं प्रयागादौ क्षेत्रे यत्तदिदं शृणु ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ-ચિંતિત કાર્યને સાધી આપનાર પ્રયાગ આદિ ક્ષેત્રમાં એકજ પુરુષનું તેના કોઇ સ્નેહીસંબંધીએ જીવિત ચિંતવ્યું હોય અને તેના શત્રુએ મરણ ચિંતવ્યું હોય અને પછીથી તે બન્નેનું મરણ થઇ જાય તો તે પહેલા પુરુષની શી ગતિ થાય, તેના સંબંધમાં (હું કહું તે) તમે સાંભળો.[૧] પહેલી સૃષ્ટિ ઉત્પન્ન કરતી વખતે, બ્રહ્માએ પોતાના સંકલ્પવડે ક્ષેત્રોનું અને પદાર્થોના ધર્મોનું અમુક ફળ નિયમિત કરી રાખ્યું હોય છે.[૨] હિરણ્યગર્ભના સંકલ્પનગરરૂપ આ જગતની અંદર જે અધિકારીના વાંછિત અર્થની સિદ્ધિનેમાટે જે પ્રયાગ આદિ ક્ષેત્ર કલ્પાયું હોય, તેની અંદર કાંઇ સ્નાન, દાન, તપ, યજ્ઞ આદિ પુણ્યકર્મ કરવામાં આવ્યું હોય અને તે તીર્થ તથા પુણ્યકર્મ એ બન્નેવડે શાસ્ત્રદ્વારા જોડાતા એ પુરુષનું શરીર જો સંસ્કારને પ્રાપ્ત થયું હોય તો તે પુરુષે દૃઢ નિશ્ચયવડે કરેલા કર્મમાંથી ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.[૩] તેનું એ પુણ્ય કે જે એક ચેતનાત્માની શક્તિરૂપજ છે તે જો મહાપાપ કરેલ હોય તો તેના કોઇ એક ભાગને કે સંપૂર્ણ પાપને ક્ષેત્રના માહાત્મ્યના તારતમ્યને અનુસરીને (તથા કર્ત્તાની શ્રદ્ધાને અનુસરી) નિવૃત્ત કરી દઇ પોતે પણ શાંત થઈ જાય છે.[૪] જો શાસન કરવા યોગ્ય

* આ બસો નવમા સર્ગમાં એકજ સમયે વિરુદ્ધકર્મોની અને તેનાં ફળોની પ્રાપ્તિ થતાં તે પરસ્પર વિરોધ ન કરે તેપ્રમાણે તે બન્નેની સફળતા વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri Vishwavidyalaya Haridwar Collection. Digitized by S3 Foundation USA

એ પુરુષનું પાપ થોડું હોય અને ક્ષેત્રનો ધર્મ તેનાથી વિશેષ હોય તો તે પુરુષનાં પાપને નિઃશેષ રીતે નાશ કરી દઇ કાંઈ શાસ્ત્રપ્રતિપાદિત ફળને (ઇચ્છિત ફળને) પણ સાધી આપે છે.[૫] હે મહારાજ ! જો શાસન કરવા યોગ્ય એ પુરુષનો ક્ષેત્રના માહાત્મ્યથી ઉત્પન્ન થયેલ ધર્મ અને તેનું પાપ, એ બન્ને સમાન બળવાળાં હોય તો, પાપ અને પુણ્ય એ બેયનો ભોગ કરવા માટે તેનાં બે શરીર અને બે ચિદાભાસ ખડા થઇ જાય છે કે જે વસ્તુતાએ જોતાં એક ભ્રાંતિરૂપજ છે.[૬] એવી રીતે પાપ–પુણ્ય આદિનું જે મોટું ફળ જે પ્રમાણે હિરણ્યગર્ભના સંકલ્પથી કલ્પાએલ છે તે પ્રમાણેજ હમ્મેશાં વ્યવસ્થિત થઇ રહ્યું છે.[૭] બ્રહ્મ એ ચિદ્ધાતુરૂપ છે, અને તેજ હિરણ્યગર્ભરૂપ (સમષ્ટિજીવરૂપ) અને હું આદિ વ્યષ્ટિજીવરૂપ છે. તે જે સંકલ્પ કરે છે તેની કલ્પનારૂપજ આ એક જગત છે.[૮] જેમ વિધાતાના સંકલ્પને અનુસારેજ પાપકર્મ કરનાર પુરુષને નરક આદિની પ્રતિભાનો ઉદય થાય છે, તેજ પ્રમાણે વિધાતાના સંકલ્પને અનુસરી એ શિક્ષણીય પુરૂષના ક્ષેત્રસંબંધી પુણ્યવડે તેની પોતાની પ્રતિભાજ સ્વપ્નીપેઠે તે પુણ્યફળના ભોગરૂપે ઉદય પામી પ્રતીતિમાં આવે છે.[૯] મરી ગયેલા પુરુષને "હું એકલો શરીરથી છુટો પડી મરી ગયો છું, આ મારા સર્વે બંધુઓ જીવે છે, અને રૂવે છે, હું એકલોજ આ પરલોકને પ્રાપ્ત થયો," એવી પ્રતિભાજ (ભ્રાંતિનું ભાન) ઉદય પામે છે,[૧૦] અને તેજપ્રમાણે તેના બંધુઓને પણ તેજ સમયે જેમ સન્નિપાતવડે ક્ષોભ પામેલ (વાત-પિત્ત આદિ) ધાતુવાળા પુરુષને અનેક ભ્રાંતિઓનો ઉદય થાય, તેમ પોતાને રોવું, શબને લઈ જવું, સ્મશાન ગમન, દાહ આદિ કર્મ કરવાં, ઇત્યાદિ પ્રતિભાનો ઉદય થાય છે.[૧૧] પોતાનાં અતિઉગ્ર એવાં પુણ્ય–પાપ થઇ ગયાં હોય અથવા મહાત્માઓનો અનુગ્રહ કે નિગ્રહ થયો હોય તો ચિદાકાશની કલ્પનાના બળથી લાખો કર્મો પણ અન્યથા થઈ જાય છે.[૧૨] મૃત મનુષ્યના સંબંધીઓ પણ તે મરેલા માણસને ચેતનવિનાનો અને શબરૂપ દેખે છે, તથા બાંધવો સાથે રૂવે છે, અને તેને અગ્નિમાં બાળી નાખે છે.[૧૩] પ્રયાગ આદિ મનોરથ સાધી આપનાર ક્ષેત્રમાં જે એકજ પુરુષનું તેના કોઇ સ્નેહીએ જીવિત ચિંતવ્યું હોય અને કોઈ શત્રુએ મરણ ચિંતવ્યું હોય તો એ બન્ને નાં કર્મવડે ભોગપ્રાપ્તિનો અધિકારી બનેલો એ પુરુષ પોતા તરફ શુભ લાગણીવાળા મિત્રે જે પ્રમાણે તે ક્ષેત્રમાં પ્રાર્થના કરેલ હોય તેપ્રમાણે પોતાના આત્માને એક શરીરવડે અજરામર અને દુઃખરહિત દેખે છે, અને તે પોતાના યથાસ્થિત દેહવડે જીવિતની સ્થિતિને અનુભવે છે.[૧૪] તેમજ શત્રુએ કરેલ ક્ષેત્ર-પુણ્યના માહાત્મ્યથી મરણમાટે પ્રેરિત થઈ જતા પોતાના સ્નેહી સંબંધીઓને નહિ દેખાતા એવા અદૃશ્ય દેહવડે મરણને પણ અનુભવે છે.[૧૫] જેમ બખ્તર આદિવડે રક્ષા કરાયેલ પુરુષને બખ્તર આદિથી રક્ષા નહિ કરાએલ વિશ્વાસુ શત્રુને બાણ–ખડ્ગ આદિવડે ભેદી નાખવામાં કાંઇ ક્લેશ ન કરવો પડે, તેમ શત્રુએ કરેલ અભિચાર આદિ ક્રિયાના પ્રત્યુપાયથી રહિત એવા પુરુષને તત્કાલજ મરણાદિકનો અનુભવ કરવો પડે છે.[૧૬] તેના બંધુઓ તેને અમરરૂપે દેખે છે. એવી રીતે તે એકજ પુરુષ એકજ સમયે જીવિત અને મરણ એ બન્નેને પ્રાપ્ત થાય છે.[૧૭] આ ત્રણે લોક ભ્રાંતિ માત્ર છે, અને નિરવયવ છતાં આરંભવાળા છે. હવે ભ્રાંતિની અંદર એક ભ્રમથી વિરૂદ્ધ એવો બીજો ભ્રમ કયો નથી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સંભવતો ? સર્વ સંભવે છે.[૧૮] સ્વપ્નમાં અને સંકલ્પનગરમાં જે ભ્રાંતિ અનુભવમાં આવે છે તેનાથી આ જગતની ભ્રાંતિ અધિક છે, કાંઇ ન્યૂન નથી. જેવો સ્વપ્નમાં જાગ્રતનો અનુભવ થાય તેવોજ આ દૃશ્યનો અનુભવ છે.[૧૯]

રાજા કહે છેઃ—હે મહારાજ ! ધર્મ અને અધર્મ કે જે નિરાકાર છે તે દેહના અનુભવમાં કારણરૂપ કેમ થાય ? અને ધર્મ-અધર્મનું નિરાકારપણું હોવાથી એકજ વસ્તુ બે શરીરને કેમ ધારણ કરી શકે ?[૨૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી રાજા ! આ જગત કે જે એક બ્રહ્માના સંકલ્પનગરરૂપ છે, તેમાં સત્ય હોય કે અસત્ય હોય પણ શું સંભવતું નથી ? (તેના સત્યસંકલ્પથી સર્વ સંભવે છે).[૨૧] જેમ આપણા સંકલ્પનગરની અંદર ન સંભવે એવું કાંઇ પણ નથી, તે પ્રમાણે આ બ્રહ્મના સંકલ્પ નગરની અંદર પણ ન સંભવે એવું શું હોય ? કાંઇ નહિ.[૨૨] સ્વપ્નમાં અને સંકલ્પનગરમાં એકજ માણસ લાખોરૂપે થઇ જાય છે, તેમ સ્વપ્નની અંદર એકજ ચૈતન્ય સેનાના ભાવને ધારણ કરે છે.[૨૩] (સ્વપ્નમાં) હજારો રૂપે થઇ રહેલ એ એકજ ચૈતન્ય સુષુપ્તિમાં એકરૂપ થઈ જાય છે. ચિદાત્માનોજ એ સર્વ વિલાસ છે, એમ માન્યાવિના બીજો રસ્તો નથી, કેમકે સ્વપ્નની અને સંકલ્પની સેનાના અનુભવની સ્મૃતિનો અને સંકલ્પનગરનો તથા સ્વપ્નનગરનો કોને અનુભવ નથી ?[૨૪,૨૫] આ જગત અનુભવરૂપ છે, ચિદાકાશરૂપ છે, અને તેનેલીધે ચિદાકાશના સંકલ્પરૂપ એવા આ જગતના સ્વરૂપની અંદર શું નથી સંભવતું ? સર્વ સંભવે છે. તેમજ વસ્તુતાએ જોતાં શું સંભવે છે ? કાંઇ નથી સંભવતું.[૨૬] એવી રીતે આ એક ભ્રાંતિજ છે, અને પ્રકાશમય, ચિદાકાશજ તેવે આકારે ભાસે છે. અહીં કાંઇ સત્ નથી, અસત્ નથી, તેમ થોડી સત્યતાવાળું પણ કાંઈ નથી.[૨૭] પ્રબુદ્ધ એવા તત્વદર્શી પુરુષને જે વસ્તુ જેપ્રમાણે અનુભવમાં આવે તે તેપ્રમાણે ભલે સુખેથી હો ! તત્ત્વજ્ઞને તેથી શી લાભહાનિ છે ? કાંઈ નથી; કેમકે તે પોતેજ એ સર્વરૂપ છે, અને બધું નિઃશેષપણે તેના અવયવરૂપેજ છે.[૨૮] "જો અહીં ધર્મ કર્યો હોય તો સ્વર્ગમાં દેવતાઓને ઉપભોગ કરવા યોગ્ય (ઉત્તમ) એવાં અમૃતરસ ઝરણાંઓ, ધુનાઓ અને ફળ પુષ્પ આદિવડે પરિપૂર્ણ એવા પર્વતો સ્વર્ગમાં મળે છે." એમ શાસ્ત્રદ્વારા જાણી લઈ અને પછી તેને અનુસરી (પોતાના ધાર્મિકપણાથી મને તે મળશેજ એમ) દૃઢ સંકલ્પ કર્યો હોય તો પરલોકમાં ગયા પછી તેવા રમ્ય પર્વતોની પ્રાપ્તિ શા માટે ન થાય ? થાયજ.[૨૯] જો કદાચિત્ ઉપરની વાત મિથ્યાપણાથી બરાબર બંધબેસતી નથી એમ તમને ભાસતું હોય તો અહીં જે કર્મ કરવામાં આવે તે પરલોકમાં ભોગવાય છે, એ વાત માનવામાં પણ તેવોજ ધુંચવાડો છે, કેમકે સંકલ્પનગરમાં સર્વનું અવાસ્તવપણું અનુભવમાં આવે છે.[૩૦] જો કદાચિત્ કાંઇપણ વસ્તુ સુસ્થિર (સત્ય) હોય તો હજી તેમાં અમુક વાસ્તવિક (સયુક્તિક) છે અને અમુક સયુક્તિક નથી એવો વિચાર નિર્બાધપણે કરવો ઘટે, પરંતુ આ તો ચિદ્રૂપપણાથી પોતાનો આત્માજ સર્વ દૃશ્યને આકારે થઇ રહ્યો છે, ત્યાં બીજું શું વિચારવાનું છે ? કાંઇ નહિ.[૩૧] આ જે ન્યાય તમને મેં કહ્યો તે સ્વપ્ન સંકલ્પ આદિમાં સિદ્ધ એવી કલ્પનાની અંદર થતા અનુભવને અનુસરી કહ્યો છે, પરંતુ જગતના સંબંધમાં પણ તેજ ન્યાયની યોજના કરવાની છે, કેમકે જગત પણ હિર-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ણ્યગર્ભને આકારે થઇ રહેલા ચિદાકાશનો એક સંકલ્પજ છે.[૩૨] જેમ તમારા સંકલ્પનગરની અંદર સર્વ વસ્તુનો અસંભવ નથી, તેમ હિરણ્યગર્ભના સંકલ્પનગરની અંદર પણ સર્વ વસ્તુઓનો અસંભવ નથીજ.[૩૩] એ હિરણ્યગર્ભના સંકલ્પમાં જે વસ્તુ જેવા પ્રકારની કલ્પાઈ તે હિરણ્યગર્ભનો તેવો સંકલ્પ રહેતાં સુધી તેવાજ સ્વભાવની અને તેવાજ આકારની રહે છે,[૩૪] અને તેનેલીધેજ પ્રલયપર્યંત એક વસ્તુ એકજ નિયમિત આકારવાળી જોવામાં આવે છે, તેમાં કાંઇ સેળભેળ કે ગોટો થતો નથી. ચિદાકાશરૂપ હિરણ્યગર્ભનો બીજો (બ્રહ્માંડ બીજું રચવાનો) પ્રયત્ન થયા વિના પ્રથમની યોજના અન્યથા થતી નથી.[૩૫] હિરણ્યગર્ભના સંકલ્પની અંદર આ જગતનું જેવું ભાન થયું છે તેવુંજ ઠેઠ પ્રલયપર્યંત તે રહેશે. પાછો (પ્રલય થયા પછી) બીજો સંકલ્પ થતાં તે બીજા બ્રહ્માંડને આકારે અનુભવમાં આવશે.[૩૬] જેમ પ્રત્યેક જીવની અંદર પ્રત્યેક સ્વપ્નમાં સ્વપ્નનગર ખડું થઈ જાય છે, તેમ કલ્પે કલ્પે હિરણ્યગર્ભના સંકલ્પરૂપ આ જગત પણ પોતાની મેળેજ ખડું થઇ જાય છે.[૩૭] હે પ્રિય રાજા ! સંકલ્પનગરના જેવા સ્વરૂપવાળા જગતની અંદર ન સંભવે એવું કાંઇ પણ નથી, કિંતુ સર્વ સંભવે છે, અને તે કલ્પના કરનાર અનાદિપરબ્રહ્મરૂપ આ ચિદાત્માથી ભિન્ન નથી, જેથી સર્વ બ્રહ્મરૂપજ છે; એમ તમે સમજો.[૩૮]

संकल्पपत्तनतनोर्न तदास्ति किंचिद् ।
यद्यन्न संभवति तच्च चिदात्मनोस्मात् ॥
नान्यत्प्रकल्पयितुराद्यपरस्वरूपाद् ।
ब्रह्मैव तेन सकलं जगदंग विद्धि ॥ ३८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'સર્વાસ્તિત્વાનુભૂતિદર્શન' એ નામનો બસો નવમો સ સંપૂર્ણ. ૨૦૯

सर्ग २१० मो.*

સર્વ જગત બ્રહ્મરૂપ છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

फले क्षयेंदुभारूपे प्राप्ते ध्यातृशतैर्नभः ॥
यथा न शतपूर्णेंदु तथेदं कथनं शृणु ॥१॥

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—સેંકડો ધ્યાન કરનારાઓએ પોતાના ધ્યાનના બળથી અક્ષય (પૂર્ણ) ચંદ્રના પ્રકાશરૂપ ફળ પ્રાપ્ત કર્યા છતાં (ચંદ્રભાવજ મેળવ્યા છતાં) પણ જે પ્રકારે આકાશ સેંકડો ચંદ્રોવડે વ્યાપ્ત નથી થઇ જતું તે વિષે મારું આ કહેવું તમે સાંભળો.[૧] ચંદ્રબિંબનું ધ્યાન કરનાર પુરુષો ચંદ્રભાવના ઘણા દૃઢ ધ્યાનના બળથી (બીજા સર્વ ભાવનું વિસ્મરણ થઇ જતાં પોતાના પ્રાપ્તવ્ય) વિષયને મેળવી ચંદ્રભાવને પ્રાપ્ત થઇ જાય છે, પરંતુ આજ આકાશને તેઓ પ્રાપ્ત થાય અને આજ ચંદ્રનો આશ્રય કરી રહે એવું નથી,[૨] કેમકે બીજાના સંકલ્પનગરને બીજો શી રીતે પ્રાપ્ત થાય ? તે તમેજ કહો. પોતાના સંકલ્પનગરમાં તે તે ચિંતિત અર્થની પ્રાપ્તિ તે સંકલ્પ કરનાર માણસનેજ થાય છે; બીજાને થતી નથી.[૩] સર્વ જીવો પૃથક્ પૃથક્ પોતાની સંકલ્પમય સૃષ્ટિના આકાશમાંજ રહેલા છે, અને કળાઓના ક્ષયથી રહિત એવા ચંદ્રો પણ ત્યાંજ રહેલા છે.[૪] હું આ ચંદ્રમાં પ્રવેશ કરું, એમ ધ્યાન કરનાર પુરુષ આત્મબુદ્ધિના સુખથી રહિત બની એજ ચંદ્રની અંદર પ્રવેશ કરે છે.[૫] હું ચંદ્રમાં પ્રવેશ કરું અને ચંદ્રબિંબના સુખને પણ પ્રાપ્ત થાઉં, એવી રીતે ધ્યાન કરનાર પુરુષ ચંદ્રબિંબમાં પ્રવિષ્ટ થઇ તેવાં સુખને ભોગવે છે એ વાત નિશ્ચિત છે.[૬] અવિનાશી

* આ બસો દશમા સર્ગમાં વસિષ્ઠજી પ્રશ્નોનું સમાધાન કરશે અને દેહ આદિ સર્વ જગતનું તત્ત્વદૃષ્ટિવડે બ્રહ્મમાત્રપણું વર્ણવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ચિદાત્મા જ્યાં જેવે પ્રકારે જેવા સ્વભાવનું અનુસંધાન કરે ત્યાં તે તેવેજ પ્રકારે જો દૃઢ નિશ્ચયવાળો હોય તો જરૂર અનુભવે છે.[૭] જેમ (પોતાનો ચંદ્રભાવ) ધ્યાન કરનારાઓને સર્વને પોતાના સંકલ્પનાબળથી જુદો જુદો ચંદ્રભાવ(પોતાના ચંદ્રપણાનો)અનુભવ થાય,તેમજ પોતાની મેળેજ કલ્પનાના બળથી થનારા વનિતાના લાભવિષે પણ સમજવાનું છે.[૮] લાખો ધ્યાન કરનારાઓને એકજ સાધ્વી સ્ત્રી ધ્યાનની અંદર ભાર્યારૂપ થઇ રહે, એ વિષયમાં પણ તેઓનો કલ્પનાનો અનુભવજ તેવે પ્રકારે થઈ તેઓને પ્રતીતિમાં આવે છે; અને તે પોતાના અંતઃકરણરૂપ ઉપાધિવડે વિશિષ્ટ એવા સાક્ષિચૈતન્યરૂપ અધિષ્ઠાનમાંજ રહેલ છે.[૯] ઘરથી બહાર નહિ નીકળતો જીવ સાત દ્વીપનો પતિ થઇ રહે એ પણ એક તેની કલ્પનાથી ખડું થઇ રહેલ મનોરાજ્ય છે કે જે ચિદાકાશની અંદર કલ્પાયેલા પોતાના ચિત્તાકાશમાંજ રહેલ છે.[૧૦] આ આપણને દેખવામાં આવતું એવું સર્વ જગત સર્વના આદિ અને સ્વભાવથીજ સર્વજ્ઞ એવા હિરણ્યગર્ભની જ્યારે એક માત્ર કલ્પનાજ છે,અને શૂન્ય નિરવયવ શાંત પરબ્રહ્મરૂપ છે, તો પછી ઉપાસકોના સંકલ્પથી કલ્પાયેલા જગતમાં તો સત્યતા કેવીજ હોય ?[૧૧] દાન, પારલૌકિક કર્મ અને જપતપ આદિ કે જે નિરવયવ છે તેનું પરલોકની અંદર મૂર્તિમાન ફળ શી રીતે મળે છે તે સંબંધમાં હું કહું તે તમે સાંભળો.[૧૨] દાનાદિના સંસ્કારવાળી બુદ્ધિવડે યુક્ત એવા નિરવયવ જીવો ચિદાત્માએજ આકારની કલ્પના કરેલ હોવાથી, તેના સંકલ્પબળથી પરલોકમાં સ્વપ્નનીપેઠે મૂર્તિમાન જેવા જણાતા ફળને પ્રાપ્ત થાય છે કે જે વસ્તુતાએ જોતાં જન્મ આદિ વિકારથી રહિત ચિદાત્માનોજ એક વિવર્ત છે.[૧૩] ભ્રાંતિજ પદાર્થોનો અનુભવ અને અનુભવનો અભાવ એ બન્નેને આકારે થઈ રહે છે, અને તે ભ્રાંતિવડે ચિન્માત્ર આત્મા ચેષ્ટાવાન અને નિશ્ચેષ્ટ થાય છે. એ ભ્રાંતિની શાંતિ થતાં ચિદાત્મા પોતાના નિર્મળ શાંતસ્વરૂપમાં સ્થિર થઇ રહે છે.[૧૪] અહીં અનુષ્ઠાન કરેલા દાનથી પરલોકની અંદર ચિદાત્માના આભાસરૂપ એવું તેનું ફળ પ્રાપ્ત થાય છે કે જે એક તેના સંકલ્પરૂપજ છે, એમ વિવેકી વિદ્વાનો કહે છે.[૧૫] આ કલ્પનામય સંસારની અંદર દાન કરવાથી અથવા દાન નહિ કરવાથી થતો સ્વાભાવિક સંકલ્પજ ભોગ ઐશ્વર્ય આદિ દાનના ફળરૂપ તથા દારિદ્રય આદિ અદાનના (નહિ દેવાના) ફળરૂપ ભલે થાઓ, એમાં કશો વિરોધ નથી કે જે વાસ્તવિક રીતે ચિન્માત્રજ છે.[૧૬] હે રાજા ! આ સર્વ જે પ્રમાણે તેં મને પૂછ્યું તે પ્રમાણે મેં તને કહ્યું. આ સર્વ જગત નિરવયવ, છે અને ચિન્માત્રતત્ત્વની તે એક કલ્પનાજ છે.[૧૭]

રાજા (પ્રજ્ઞપ્તિ) કહે છેઃ—હે મહારાજ ! સૃષ્ટિના આદિકાળમાં દેહશૂન્ય એવું ચૈતન્ય અને તેની કરેલી દેહકલ્પના એ બન્નેનું ભાન શી રીતે થાય ? કેમકે આધારવિના આધેયનો પ્રકાશ સંભવતો નથી. ભીંતવિના દીવાનો પ્રકાશ શી રીતે થાય ?[૧૮]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી ! દેહશબ્દના જે અર્થને તમે સમજો છો તે અર્થ તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં જેમ આકાશમાં શિલાનું નૃત્ય ન હોય તેમ સાવ છેજ નહિ.[૧૯] જે અર્થ બ્રહ્મશબ્દનો છે તેજ અર્થ દેહશબ્દનો પણ છે. જેમ અંબુ અને અંભસ્ એ બન્ને શબ્દના અર્થમાં (જળરૂપ એકજ અર્થ તે બન્નેનો હોવાથી) કાંઇ ભેદ નથી, તેમ બ્રહ્મશબ્દના અને દેહશબ્દના અર્થમાં કશો ભેદ નથી.[૨૦] સ્વપ્નનીપેઠે

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રતીતિમાં આવતો એવો આ દેહ બ્રહ્મરૂપ છે. હું જે સ્વપ્નનું દૃષ્ટાંત આપું છું તે તમને બોધ થવામાટે એક પ્રકારની યુક્તિ છે.[૨૧] બાકી સ્વપ્નનું પણ સર્વ અંશે સાદૃશ્ય ન સમજવું. પરંતુ સ્વપ્ન એ એક તમારો અનુભૂત વિષય છે એટલે તેના દૃષ્ટાંતથી તમને બરાબર બોધ થાય તેમાટે તેમ કહેવાય છે, બાકી સ્વપ્નરૂપી બાધિત અર્થ સાથે ચિદાત્માવડે પ્રકાશતી એવી આ સૃષ્ટિનું સાદૃશ્ય નથી.[૨૨] વસ્તુતાએ જોતાં દેહજ ક્યાં છે, અને સ્વપ્નની ભ્રાંતિ પણ કયાં છે ? પરંતુ પ્રબુદ્ધ પુરુષને (સ્વપ્નના જેવોજ) અનુભવમાં આવતો એવો આ ભ્રમ સ્વપ્નના દૃષ્ટાંતથી અવિવેકીને પણ સમજવામાં આવે તેટલામાટે તેમ કહેવામાં આવે છે.[૨૩] તત્ત્વદૃષ્ટિમાં તો જાગ્રત્ પણ નથી, સ્વપ્ન પણ નથી, સુષુપ્તિ પણ નથી, તેમ બીજું પણ કાંઈ નથી; કિંતુ આ કાંઇ અનિર્વચનીય ભાન થાય છે તે નિર્વિકલ્પ ચિદાકાશરૂપ છે કે જેને તુરીય પદવડે કહેવામાં આવે છે, તથા જેની પ્રાપ્તિમાં સર્વ પુરુષાર્થોનું પર્યવસાન થાય છે.[૨૪] જે આ આજે આપણને ભાસે છે તે છેજ નહિ, તેમજ પ્રથમ જે ભાસતું હતું તે પણ નથી. જેવી રીતે કોઈ પણ પ્રકારે જાગ્રત સ્વપ્ન આદિની સ્થિતિજ ન હોય તેવે પ્રકારે અતિસ્વચ્છ એક પરબ્રહ્મજ છે.[૨૫] જે કાંઇ આ દ્વૈત–અદ્વૈત ભાસે છે તે સર્વ એક પ્રદેશમાંથી ચક્ષુરાદિ ઇંદ્રિયદ્વારા બીજા પ્રદેશમાં ગતિ કરતા આત્માનું જે કાંઇ વચમાં નિર્વિષય સ્વરૂપ છે તેનાથી ભિન્ન નથી, કિંતુ તદ્રૂપજ છે.[૨૬] વિવેકી તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં તો જે કાંઇ આ સ્વપ્નતુલ્ય દ્વૈત–અદ્વૈત, શુભ–અશુભ પ્રતીતિમાં આવે છે તે ચિન્મય છે; અને નિરાવરણ(આવરણથી રહિત) એવા ચિદાકાશનીજ ઉપમા તેને આપી શકાય.[૨૭] શૂન્ય પદાર્થોનો અનુભવ, ભાન, અભાન, દ્વૈત, એકતા, સત્ અને અસત્ એ સર્વ પર એવા ચિદાકાશરૂપ છે.[૨૮] આ જગત પૂર્ણ એવાં ચિદાકાશમાંથી પૂર્ણરૂપેજ પ્રસરે છે અને તે પૂર્ણરૂપેજ રહેલ છે. વસ્તુતાએ જોઇએ તો એ જગત થયુંજ નથી, અને વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં તેનું સાવ ભાન નથી થતું તેમ પણ નથી. તે સ્ફટિકશિલાના ઘાટા મધ્યભાગ જેવું બ્રહ્મૈકરસ છે.[૨૯] જગત ચિદાકાશનોજ એક વિલાસ હોવાથી નિરવયવ એવા ચિદાકાશરૂપજ છે. જ્યાં જ્યાં ચિન્માત્ર તત્ત્વ છે ત્યાં ત્યાં જગતની સ્થિતિ થવી સંભવે છે.[૩૦] ચિદાકાશ સર્વત્ર છે, અને આ સર્વ દૃશ્ય જગતરૂપ છે. જો કે તે જગત એવા શબ્દવડે કહેવાય છે તો પણ સર્વ શાંત પરબ્રહ્મરૂપજ છે.[૩૧] ચિદાકાશના સંકલ્પનગરને આકારે ખડું થઇ રહેલ આ જગત જેવા પ્રકારની સ્થિતિવાળું છે તેવી સ્થિતિને ધારણ કરતાં છતાં તે નિર્વિકાર પરબ્રહ્મરૂપ છે.[૩૨] બીજી યુક્તિનો અસંભવ હોવાથી આજ યુક્તિ ઉત્તમ છે. પુરુષાર્થને ઇચ્છનાર શ્રોતાઓ પાસે યુક્તિ અને અનુભવથી રહિત એવી વાત શોભા આપતી નથી.[૩૩] સત્ હો, કિંવા અસત્ હો; પરંતુ લોકમાં અને વેદ આદિ શાસ્ત્રોમાં જે સિદ્ધ છે તે વાત સિદ્ધજ છે. પોતાના મનમાં એ વાત સમજી લેવાની છે, બાકી જે કાંઈ સિદ્ધ છે તેનો ત્યાગ કોઇ દિવસ થઈ શકતો નથી.[૩૪] પ્રથમ બ્રહ્મરૂપે નહિ સમજાયેલ જગત તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવતાં બ્રહ્મભાવને પ્રાપ્ત થઇ જાય છે (બ્રહ્મરૂપ જણાય છે), અને તે યથાસ્થિતપણે રહ્યા છતાં ચરમ સાક્ષાત્કારરૂપ વૃત્તિની સાથેજ લયને પામી જાય છે.[૩૫] મેં અહીં કહેલા આ ન્યાયવડે જીવન્મુક્તસહિત લોક વેદ આદિ સર્વ સિદ્ધ થાય છે, માટે એજ ન્યાયનો અહીં સ્વીકાર કરવો ઉચિત છે.[૩૬] આત્મરૂપ છતાં તેવે રૂપે નહિ સમ-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

જયેલ આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષ જે તેનું વાસ્તવ સ્વરૂપ સમજવામાં આવે તો ચિદાકાશજ છે, અને તેજ હું છું, તથા તેજ ત્રણે લોકરૂપ છે, અને તેજ બંધરૂપ તથા મોક્ષરૂપ છે, એવો નિશ્ચય છે, કિંવા આજ બંધ-મોક્ષનો ખરો નિર્ણય છે (અર્થાત્ વસ્તુસ્વરૂપ બરાબર ઓળખાય તો મોક્ષ અને ન ઓળખાય તો બંધ એવો નિર્ણય છે).[૩૭] આ દૃશ્ય યથાસ્થિતપણે રહ્યા છતાં તત્ત્વજ્ઞાન થતાં લયને પ્રાપ્ત થઇ જાય છે. દૃશ્યરૂપે નહિ રહેલા તત્ત્વજ્ઞ પુરુષનું સ્વરૂપ (વાણી આદિવડે અવર્ણ્ય હોવાથી) શિલાનાજેવું નિર્વિકલ્પજ અવશેષ રહે છે.[૩૮] લોકમાં (જીવન્મુક્ત પુરુષની અંદર) તથા શાસ્ત્રમાં અને વેદમાં જે સિદ્ધ છે તે સર્વદા સિદ્ધજ છે; અને તેનેલીધે વિવેકીઓને પોતાના અનુભવવડે પણ તેજ અનુભવમાં આવે.[૩૯] સર્વ અર્થોને છોડી દઈ ઘણા લાંબા કાળસુધી જે એકજવસ્તુમાં દૃઢ નિષ્ઠા રાખવામાં આવે છે તે અવશ્ય પ્રાપ્તજ થાય છે, અને સર્વત્ર લૌકિક કાર્યમાં પણ જે કાંઇ બીજી દૃઢ ભાવના કરવામાં આવી હોય તો તેનો લાભ થાય છે.[૪૦] જે વસ્તુ જેવા પ્રકારની અનુભવમાં આવી તે તેવા પ્રકારનીજ અનુભવમાં આવ્યા કરે છે. તે સત્ય હો અથવા અસત્ય હો, પરંતુ જ્યાં સુધી તેનો લાભ થતો હોય ત્યાંસુધી તે તેવાજ પ્રકારે અનુભવાય છે.[૪૧] હે બુદ્ધિશાળી મહાત્મા ! આ ઉપર પ્રમાણે મેં તમને મહાપ્રશ્નનો વિચાર કહ્યો. આ માર્ગે તમે ગતિ કરો અને આધિ-વ્યાધિથી રહિત નિરવકાર નિર્વ્યસન થઇ રહી ઉત્કૃષ્ટ પદમાં સ્થિર થઈ રહો.[૪૨]

इत्थं महाप्रश्नविचारणं ते मयेदमुक्तं मतिमन्महात्मन् ॥ अनेन गच्छाशु पथा निराधिर्निराम्भयो निर्व्यसनो भवोच्चैः ॥ ४२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહાપ્રશ્નોત્તર વાક્યસમાપ્તિ' એ નામનો બસો દશમો સર્ગ સંપૂર્ણ. ૨૧૦

સર્ગ ૨૧૧ મો.*

પરમાર્થ ઉપદેશ

॥ श्रीवासिष्ठ उवाच ॥

इति तत्रोपविश्याहं पूजितस्तेन भूभुजा ॥ प्रयोजनं स्वं संपाद्य स्वर्गंतुं गगनं प्लुतः॥ १॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે કુશદ્વીપમાં ધલાવતી નામની તે નગરીમાં તે પ્રજ્ઞપ્તિ રાજાએ આસનપૂર્વક મારૂં પૂજન કર્યું, અને હું પણ પોતાનું પ્રયોજન સિદ્ધ કરી સ્વર્ગલોક તરફ જવામાટે આકાશમાં ઉડયો.[૧] હે બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ રામ ! આજે આ સર્વ વૃત્તાંત હું કે જે અહીં અયોધ્યામાં વિદ્યમાન છું તેણે તમને કહી સંભળાવ્યો. આ ઉત્તમ દૃષ્ટિના અવલંબનવડે તમે શાંત મનવાળા અને ચિદાકાશરૂપ થઇ રહેશો.[૨] આ સર્વ બ્રહ્મરૂપ છે. નામથી રહિત, નિર્મળ, કાંઈ અવર્ણ્ય જન્મ આદિ વિકારથી રહિત, શાંત, આદિ મધ્ય અને અંતથી રહિત, એવા ચિદાકાશરૂપ છે.[૩] દૃશ્યને ચિદાત્માના એક વિવર્તરૂપ માત્ર કહેવામાં આવે છે. પરથી પણ પર એવું પરમતત્ત્વ બ્રહ્મ એવા કલ્પિત નામવડે કહેવાય છે, પરંતુ એ પદ નામ—રૂપથી રહિત છે.[૪]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! વસ્તીવાળા એવા સિદ્ધ, સાધ્ય, યમ, બ્રહ્મા, વિદ્યાધર અને દેવ ઇત્યાદિના લોકો શી રીતે દેખાય છે ?[૫]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો તમે તેવી ધારણાના અભ્યાસવડે જોશો તો પ્રત્યેક રાત્રિદિવસની અંદર, આગળ પાછળ, ઉપર અને

* આ બસો અગીઆરમા સર્ગમાં સિદ્ધ—સાધ્ય આદિ અનેક લોકોના દર્શનના ઉપાયની સાથે ફરીવાર સ્પષ્ટપણે સર્વ જગતની બ્રહ્મતાવિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નીચે સિદ્ધ, સાધ્ય, યમ, બ્રહ્મા, વિદ્યાધર અને દેવ એઓના તથા બીજા પ્રાણીઓના અને અપૂર્વ એવા મહાત્માઓના લોકો તમારા જોવામાં આવશે, અને જો તમે તેવી ધારણાના અભ્યાસને અભાવે નહિ જુઓ તો તમારા જોવામાં તે આવશે નહિ.[૬,૭] મહર્લોક, જનલોક અને તપોલોક તથા સત્યલોક આદિ સિદ્ધોનાં સ્થાનો આ સ્થાનથી ઘણે દૂર રહેલાં છે, અને સર્વત્ર ગતિ કરનાર સિદ્ધ લોકોના સંકલ્પથીજ (સત્યસંકલ્પના બળથીજ) ખડા થઇ જતા સંકલ્પમય લોકોથી તો આ આખું વિશ્વ વ્યાપ્ત છે, અને તે સર્વત્ર છે. આ સર્વ દેખવામાં ધારણાનો અભ્યાસ એ મુખ્ય કારણ છે, અને તે તમે કરેલો નથી.[૮] જેવા એ સર્વ કલ્પનામય લોકો છે, તેવોજ કાલ્પનિક આ આપણો લોક છે. જેમ કાલ્પનિક એવો પણ વાયુ સર્વત્ર ભમે છે તેમ એ સિદ્ધલોક કાલ્પનિક છે, ભ્રમણશીલ છે; અને આપણો આ લોક તેવો નથી.[૯] રાત્રિ દિવસ જેવા તમારા સંકલ્પના અને સ્વપ્નના લોકો ખડા થતા રહે છે, તેવાજ તેઓના સિદ્ધ લોકો છે, તે તથા બીજા પણ તેવાજ લોકોને સિદ્ધો પોતાના સત્ય સંકલ્પબળથી સ્થિર કરી રાખે છે.[૧૦] એવીજ રીતે તમે પોતે પણ યોગધારણાના અભ્યાસવડે અતિ સ્થિર કરેલા ધ્યાનવડે પોતાના સંકલ્પથી ખડા થઇ જતા લોકને સ્થિર કરવા ધારશો તો તેજ સમયે તત્કાળ તે નિર્વિઘ્નપણે સ્થિર થશે, અને તેઓ તમારી ઇચ્છાને અનુસારેજ વિસ્તારને અને સંપત્તિને ધારણ કરનારા થશે.[૧૧] એજ રીતે બીજો પણ કોઇ યોગ્ય અધિકારી અતિ દૃઢ સંકલ્પવડે યુક્ત હોય તો સિદ્ધનીપેઠેજ પોતાના લોકને સ્થિર દેખે છે.[૧૨] માત્ર એ બન્નેમાં તફાવત એટલો રહે છે કે સિદ્ધ પુરુષોએ પોતાના સિદ્ધ લોકને ખડા કરી દેનારી એવ પ્રાક્તન ધર્મ સંપત્તિવડે પોતાના સિદ્ધ લોક સ્થિર કરી દીધેલા હોવાથી તેઓને તે અન યાસ સિદ્ધ છે; અને જે બીજા લોકો અનિત એવા હમણાના ધારણાના અભ્યાસથી ધ્યા નની વિશ્રાંતિનો યત્ન કરે છે, તેઓના ધ્યાનબળથી ખડા થતા લોકો ઘણા શ્રમથ અને દુઃખથી સ્થિર કરી શકાય.[૧૩] આ જગ સર્વ સર્વદા નિરવયવ શાંત ચિદાકાશરૂપ છે તે જેવો દૃઢ સંકલ્પવડે નિશ્ચય કરવામ આવે તેવાજ પ્રકારનું ભાસે છે. બીજા પ્રકા કદી પણ ભાસતું નથી.[૧૪] જો કોઈ પણ પ્રકારનો, સંકલ્પને અભાવે તેનો નિશ્ચય કરવામાં ન આવ્યો હોય તો તેનું ભાન પણ થતું નથી; અને તેમાં આ કશું છે, કે નથી, એવો તર્ક પણ ઉઠવો સંભવતો નથી. આ સર્વ નિર્વિકલ્પ દશામાં શૂન્ય નિરવયવ અને પ્રતિબંધથી રહિત પરમ ચિદાકાશ રૂપજ છે.[૧૫] જો દૃશ્યને દૃઢ સંકલ્પવડે માની લેવામાં આવે તો ચિદાકાશના તેવા સ્વભાવનેલીધે કેમ જાણે પ્રકાશરૂપ હોય તેવું દેખાય છે; પરંતુ જો તેવો દૃઢ સંકલ્પ તેના સંબંધમાં ન કરવામાં આવ્યો હોય તો સ્વભાવથી ચિત્સત્તા સ્ફૂર્તિની વ્યાપ્તિ તેમાં પ્રકટરૂપે દેખાતી નથી.[૧૬] કાર્ય-કારણભાવને લીધે કારણરૂપ બ્રહ્મની સત્તાથી કાર્યરૂપ જગતની પણ એક પ્રકારની સત્તા છે એમ માનવામાં આવતું હોય તો તે પણ અસંગત છે, કેમકે અનંત સિદ્ધ ચિદાકાશમાંથી બીજું શું અને કેવા પ્રકારનું ઉત્પન્ન થાય નજ થાય.[૧૭] જે કાંઇ આ ઉત્પન્ન થયા જેવું ભાસે છે તે ચિદાકાશની અંદર ચિદાકાશ પોતેજ રહેલ છે. એ નિર્વિકાર નિરાકાર તત્ત્વની અંદર વળી દ્વિત્વ-એકત્વ આદિની

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri

કલ્પના કેવી હોય ?[૧૮] સ્વપ્નમાં જેમ ચિદાકાશજ પર્વતરૂપ બની જાય છતાં નિર્વિકાર રહે, તેમ આ નિર્વિકાર પરબ્રહ્મ જગતને આકારે વિવર્તરૂપે દેખાતાં છતાં જેવું પ્રથમ (સૃષ્ટિના પૂર્વકાળમાં) હતું તેવુંજ તે હમણાં પણ છે.[૧૯] જેમ સંકલ્પની અંદર ચિત્તજ આકારને કલ્પી લઇ પર્વતને રૂપે ઉદય પામે છે, બાકી વસ્તુતાએ જોતાં તે પર્વત પણ નથી, અને તે ચિદાકાશ પણ નથી, તેજ પ્રમાણે બ્રહ્મ અને જગતની સ્થિતિના સંબંધમાં સમજી લેવું.[૨૦] મહાબુદ્ધિમાન વિવેકી જીવન્મુક્ત પુરુષો ભાષણ આદિ કરતાં છતાં પણ પોતાની દૃષ્ટિએ કાષ્ઠની પેઠે મૌનનો આશ્રય કરી કાષ્ઠના બનાવેલ મનુષ્યોની (પૂતળાંઓની) પેઠે અહીં વ્યવહાર કરતા રહે છે.[૨૧] જેમ જળની અંદર તરંગોના અને આવર્તોના (ચકરીઓના) વ્યાપારો અભિન્ન સત્તાથી થતા રહે છે, તેમ બ્રહ્મની અંદર પણ આ સૃષ્ટિઓ અનન્ય સત્તાથી પરિવર્તન પામ્યા કરે છે.[૨૨] જેમ પવનની અંદર નિરાકાર એવી ચપળતા અનન્ય સત્તાથી રહેલ છે, અને આકાશની અંદર જેમ નિરાકાર એવી શૂન્યતા અનન્ય સત્તાથી રહેલ છે, તેમ બ્રહ્મની અંદર આ સૃષ્ટિઓ નિરવયવરૂપે અનન્ય સત્તાથી રહેલ છે.[૨૩] જેમ સંકલ્પનગર નગરરૂપ છતાં શૂન્યજ છે અને સાકાર છતાં નિરાકાર છે, તેમ બ્રહ્મની અંદર કલ્પાએલ જગત પણ દેખાતાં છતાં શૂન્ય અને સાકાર છતાં નિરાકાર છે.[૨૪] જો કે આ ત્રણે લોક ઘણા લાંબા કાળથી અનુભવમાં આવે છે અને લૌકિક વૈદિક કાર્યને સાધી આપનાર છે, તોપણ તે સંકલ્પનગરની પેઠે નિરાકાર અને શૂન્ય છે.[૨૫] જેમ ચિત્તનો સંકલ્પજ તે સમયે સંકલ્પનગરરૂપ કહેવાય તેમ આ સ્વરૂપ એવું બ્રહ્મજ આ દૃશ્ય સંસારરૂપ છે, અને તેજ જગત શબ્દવડે કહેવામાં આવે છે.[૨૬] જેમ સ્વપ્નમાં પુરુષને પોતાને અનુભવમાં આવતું એવું પોતાનું મરણ એ વસ્તુતાએ કાંઇજ હોતું નથી, તેમ આ જગતરૂપ વસ્તુ જો કે ઘણા લાંબા સમયથી અનુભવમાં આવે છે તોપણ વસ્તુતાએ તે કાંઇ જ નથી.[૨૭] જેમ પુરુષને સ્વપ્નની અંદર પોતે મરી ગયા પછી પોતાનો દાહ જોવામાં આવે છે અને તે સાવ મિથ્યા છતાં તે સમયે સત્ય જેવો ભાસે છે, તેમ પરબ્રહ્મની અંદર આ જગત પણ અસત્ય છતાં ભ્રમનેલીધે સત્ય જેવું ભાસે છે.[૨૮] જગતરૂપે દેખાવું અને જગતરૂપે ન દેખાવું, એ બન્ને પરબ્રહ્મના નિર્મળ સ્વરૂપથી ભિન્ન નથી; બાકી પરમાર્થ દૃષ્ટિથી જોતાં ઈતર વસ્તુ અને તેનાં નામ–રૂપ સત્ય નથી.[૨૯] હે રામચંદ્રજી ! એવી રીતે સિદ્ધલોક તથા તેનું ભોગ આદિફળ મારા વર્ણવવા પ્રમાણે (કલ્પનામાત્ર) હો અથવા અન્યથા (બીજા મુનિઓના કહેવા પ્રમાણે બીજે પ્રકારે) હો. કિંવા ભલે સાવ નજ હો. પરંતુ તેમાં તમે કે જે સાવ જીવન્મુક્ત છો તેને શો આદર કરવાનો છે ? કાંઈ નથી. તમે સિદ્ધિ આદિ ફળમાં પુરુષાર્થપણાની બુદ્ધિને છોડી દો, કેમકે બ્રહ્મતત્ત્વને તમે સારી રીતે જાણેલ છે; માટે આ માયામાત્ર એવા સિદ્ધલોકોના વૈભવસંબંધી જ્ઞાનના શ્રમવડે તમને શું પ્રયોજન છે ? કાંઇ નથી.[૩૦]

इत्थमस्तु यदि वान्यथास्तु वा मैव मूढ्वतु कोऽत्र संभ्रमः ॥ मुञ्च फल्गुनि फले फलग्रहं बुद्धवानसि कृतं परिश्रमैः ॥ ३० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થોપદેશ' એ નામનો બસો અગીયારમો સર્ગ સંપૂર્ણ. ૨૧૧

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

सर्ग २१२ मो.*

બ્રહ્મમાં અહંભાવની કલ્પના

॥ श्रीवसिष्ठ उवाच ॥

चित्त्वाद्ब्रह्मखमेवाहमिति वेत्तीव यत्स्वयम् ॥
तदेव परमेष्ठित्वं तस्योदरमिदं जगत् ॥ १ ॥

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ–ચિદાકાશ પોતેજ પ્રથમ પોતાની ચિત્સત્તાના બળથી કેમ જાણે પોતામાં અહંકારનો અધ્યાસ કલ્પી લેતું હોય તેવું બને છે; અને તેજ હિરણ્યગર્ભ છે જેની અંદર આ સર્વ જગત રહેલ છે.[૧] એ માણે વિચાર કરતાં વસ્તુતઃ બ્રહ્મા પણ નથી, જગત ઉત્પન્ન પણ થયું નથી, અને વિદ્યમાન પણ નથી; કિંતુ જન્મ આદિ વિકારથી રહિત પરબ્રહ્મજ પૂર્વનીપેઠે યથાસ્થિતપણે રહેલ છે.[૨] જો કે અનુભવમાં તો જગતનું રૂપ ભાસે છે પરંતુ તે અવાસ્તવ્ય છે, ઝાંઝવાના જળનીપેઠે મિથ્યા છે, અને દેખાતાં છતાં અસત્ય છે,[૩] માટે ઠેઠ પ્રથમથી માંડીને આ સર્વશૂન્ય નવી ભ્રાંતિનો ઉદય થયો છે. વસ્તુતાએ તો ભ્રાંતિ ક્યાંથી હોય અને કેવી હોય ? સર્વ નિર્વિકાર બ્રહ્મરૂપજ છે.[૪] જગત એ એક બ્રહ્મરૂપી જળના આવર્તરૂપ છે, તેમાં વળી દ્વિત્વ-એકત્વ કેવું હોય ? આવર્તનું (ચકરીનું) અને જળનું દ્વિત્વ (ભેદ) કેવું હોય અને દ્વિત્વનો અભાવ હોતાં એકત્વ પણ ક્યાં રહ્યું ?[૫] અને તેને લીધે સર્વત્ર શાંત બ્રહ્મજ એકરસરૂપે ભરપૂર છે, અને પોતાના પ્રકાશક સ્વભાવનેલીધે સમષ્ટિ અહંકારના રૂપને પ્રાપ્ત થઈ, જેમ વિસ્તારવાળું આકાશ પોતાની અંદર રહેલ શૂન્યપણાને ફેલાવી દે તેમ આ દૃશ્યને પ્રસારી દે છે.[૬] જેમ પવન ચપળતાને ધારણ કરે, જેમ અગ્નિ ઉષ્ણતાને ધારણ કરે અને પૂર્ણ ચંદ્ર પોતાની શીતળતાને ધારણ કરે, તેમ બ્રહ્મજ પોતાના સ્વરૂપથી કેમ જાણે પદાર્થરૂપ થઇ રહેલ હોય તેવું ભાસે છે.[૭]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! નિરાવરણ અનાદિ અને અનંત એવું એ બ્રહ્મ સદાકાળ હોવાથી અહંકાર આદિ રૂપે ક્યારે ઉદય નથી પામતું ! અને તે હમણાં સૃષ્ટિકાળમાંજ અહંકાર આદિ રૂપે ઉદય પામે છે, આપ શું કહો છો ?[૮]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ–હા બરાબર, તે તેમજ છે. સદૈવ તે બ્રહ્મ સમષ્ટિ અહંકાર આદિરૂપે પણ થઇ રહે છે. અનાદિ અને જન્મ આદિ વિકારથી રહિત એવા એ પરબ્રહ્મને પોતાના સ્વરૂપચૈતન્યવડે બીજા કશાની અપેક્ષા રહેતી નથી.[૯] બ્રહ્મજ સર્વત્ર સર્વદા સૃષ્ટિ અને પ્રલય એ બન્નેરૂપ છે, અને તેજ ચિદાકાશરૂપ છે. અવિદ્યાદૃષ્ટિથી જોતાં તો કોઇ દિવસ આ દૃશ્યનું વાસ્તવિક સ્વરૂપ સિદ્ધ થતું નથી. વિદ્યાદૃષ્ટિથી જોઇએ તો આ દૃશ્ય કોઈ કાલે છેજ નહિ.[૧૦] અને મિશ્રદૃષ્ટિથી જોઇએ તો જેમ પવનમાં ચલનશક્તિ રહેલછે, ચદ્રમાં શીતળતા રહેલ છે, અને આકાશમાં શૂન્યતા રહેલ છે, તેમ બ્રહ્મ, હું અને તમે એ સર્વ અનન્ય સ્વરૂપવાળા(એકજ) છીએ. બ્રહ્મ કોઈ દિવસ વિવર્તરહિત નથી.[૧૧] સર્વદા બ્રહ્મની આવી (દૃશ્યઆદિરૂપ) સત્તા છેજ. જગતના અનાદિ પ્રવાહનેલીધે આથી જુદા પ્રકારની બીજી સત્તા નથી કે જેનેલીધે આ જગત અનાદિ અનંત નિર્વિકાર એવા બ્રહ્મરૂપજ છે.[૧૨] અદ્વિતીય એવું બ્રહ્મજ્ઞાન થયા છતાં પણ અધ્યારોપ દૃષ્ટિનો અંગીકાર કરી લઇ મારા ઉપદેશના શબ્દોના શ્રવણમાં આસક્ત ચિત્તવાળા અની મિશ્રદૃષ્ટિના પક્ષને

* આ બસો બારમા સર્ગમાં બ્રહ્મમાં અહંભાવની કલ્પનાજ પરમેષ્ઠીરૂપ છે, અને આ ત્રણે લોક તેનાજ સંકલ્પરૂપ હોવાથી બ્રહ્મરૂપ છે, એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સ્વીકારી તમે દ્વૈતને સ્વ...રો છો, બાકી તત્ત્વ-દૃષ્ટિથી તો દ્વૈત નથીજ.[૧૩] મિશ્રદૃષ્ટિમાં બ્રહ્મ સર્વરૂપ છે, અને સર્વમાં અંતર્ગત એવો જીવ કાંઇ કાંઇ કર્યાજ કરે છે, અને અનુભવે છે. હવે જો બ્રહ્મજ એ સર્વને આકારે ક્રિયા કરતું હોય અને અનુભવતું હોય તો સર્વદા સર્વ પ્રકારે સર્વ કર્યે જાય છે, અનુભવે છે; અને નિર્વિશેષ-દૃષ્ટિથી જોઇએ તો કોઇ પણ દેશ-કાલમાં કશું કોઇ કરતુંજ નથી, અને અનુભવતું પણ નથી; તેમજ પરબ્રહ્મથી કશું ભિન્ન પણ નથી.[૧૪] હે રામચંદ્રજી ! આ શાંત સર્વત્ર સમાનરૂપે ભર-પૂર બ્રહ્મ આ ત્રિભુવનને આકારે આ પ્રમાણે સર્વદા ભાસ્યા કરે છે; બાકી અહીં કાંઇ નાના પ્રકારે નથી.[૧૫] કોઇ દેશ-કાલમાં આકાશમાંથી પર્વતો ઉત્પન્ન થતા નથી, તેમ બ્રહ્મમાંથી જગતો ઉત્પન્ન થતાં નથી; એમ માની તમે પરમશાંતિને પ્રાપ્ત થાઓ.[૧૬] જ્યાંસુધી અલ્પબુદ્ધિવાળા શ્રોતાઓને બરાબર બોધ નથી થયો ત્યાંસુધી સંદેહના અવસરમાં ઉપદેશ આપવા યોગ્ય પુરુષોના ઉપદેશનેમાટે તમે ખુશીથી ભેદનો સ્વીકાર કરો.[૧૭] બાકી પ્રબુદ્ધદશાને પ્રાપ્ત થતાં બોધનો ઉદય થવાથી અહંકાર, તેનો સંકલ્પ અને જગત એ સર્વનેઆકારે થઇ રહેલા પ્રજા-પતિના ભેદની બુદ્ધિ કે તેના અભાવની બુદ્ધિ તમને થશેજ નહિ, તેમજ શાસ્ત્ર આદિ કે શબ્દબુદ્ધિ એ પણ તત્ત્વજ્ઞની છેલ્લી (ચરમ) અવસ્થામાં નથી.[૧૮]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! આ વાત મારા સમજવામાં આવી ગઇ. હવે મને બોધ થવામાટે પાછી પ્રકૃત વાત (ચાલતા પ્રસંગની વાત) આપ ચલાવો, કે જે પ્રથમ આપે કહેવી શરૂ કરેલ છે.[૧૯] પરબ્રહ્મની અંદર સમષ્ટિ અહંકારનો આવિર્ભાવ થયા પછી શું થાય છે ? આપ તો સર્વ જાણનારા છો, અને હું સુશ્રૂષુ છું જેથી મને તૃપ્તિ થતી નથી.[૨૦]

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—એ પરબ્રહ્મની અંદર સમષ્ટિ અહંકારનો ઉદય થયા પછી, આકાશની સત્તાનો (અધ્યાસનો) ઉદય થાય છે, ત્યાર પછી દિશાઓની સત્તા, કાલસત્તા અને ભેદસત્તા ઉદય પામે છે.[૨૧] જ્યારે તેને દેહ આદિમાં અહંભાવનું ભાન થાય છે, ત્યારે દેહ વ્યતિરિક્ત (ઇતર) સ્થલમાં હું નથી એવું ભાન પણ અવશ્ય ઉદય પામે છે. આ દેશકૃત પરિચ્છેદ કહેવાય છે.[૨૨] એવીજ રીતે ચિદા-કાશની અંદર કાલકૃત પરિચ્છેદ અને વસ્તુકૃત પરિચ્છેદ ઇત્યાદિરૂપે પોતાનો આત્માજ વિના-ક્રમે દ્વૈતરૂપ થઈ જઈ નાનાપ્રકારે પ્રતીતિમાં આવે છે, તે સમયે પ્રથમ તો એક આકાશજ હોય છે, તોપણ પછીથી ઉપર કહેલ પદાર્થભેદની સત્તા કે જે આકાશરૂપજ છે તેના વાચક શબ્દોનો અધ્યાસ ખડો થઇ જાય છે. આકાશતન્માત્રને (શબ્દતન્માત્રાને) અનુભવનાર નિરાકાર અહં-ભાવ (સમષ્ટિ અહંકાર) દિશા—કાલ આદિની કલ્પનારૂપ થઇ જતાં પ્રકાશરૂપ અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મતત્ત્વજ દૃશ્યના નામથી ભાસે છે. જો કે એ નિર્બાધપણે બ્રહ્મરૂપ છે, તોપણ કેમ જાણે દૃશ્યરૂપ હોય તેમ તેનું ભાન થાય છે.[૨૩-૨૫] જન્મઆદિ વિકારથી રહિત, એક, શાંત, આદિ મધ્ય અને અંતથી રહિત, બ્રહ્મ કે જે આકા-શભાવ, જીવભાવ, જગદ્ભાવ આદિથી સાવ શૂન્ય છે તે પોતામાં જીવભાવની કલ્પનાને કેમ જાણે આરોપી લેતું હોય તેવું બની જઈ, નિરાવરણ એવા પોતાના જીવ સાક્ષીરૂપી આકાશની અંદર આ વિસ્તારવાળાં દૃશ્યને દેખે છે, તે જો કે પોતાના આત્મસ્વરૂપથી અભિન્ન છે, તોપણ તત્ત્વજ્ઞાનનો ઉદય થતાંસુધી તે તેને ભિન્નરૂપે (દૃશ્યરૂપે) જુએ છે.[૨૬]

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ब्रह्मैव शान्तमजमेकमनादिमध्यं ।
व्योमैव जीवकलनामिव भावयित्वा ॥
व्योम्न्येव पश्यति निरावरणे विसारि ।
दृश्यं स्वरूपमपि चान्यदिवात्मवित्त्वात् ॥२६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'પરમાર્થનિરુપણ'એ નામનો બસો બારમો સર્ગ સંપૂર્ણ. ૨૧૨

સર્ગ ૨૧૩ મો.*

સર્વ બ્રહ્મસ્વરૂપ છે

॥ श्रीवासिष्ठ उवाच ॥

यथा यत्पृष्टवानद्य त्वं मामरिनिषूदन ॥
शिष्येणैव सता पूर्वमहं पृष्टो गुरुस्त्वया ॥१॥

શ્રી વસિષ્ઠઋષિ કહે છેઃ—હે શત્રુને નાશ કરનાર રામચંદ્રજી ! જે તમે મને હમણાં (જગત્તત્ત્વ આત્મતત્ત્વ આદિ) પૂછો છો તેજ પૂર્વકાળમાં (પૂર્વ જન્માંતરમાં) મને પૂછ્યું હતું કે જે વખતે આપણે બન્નેનો હમણાંનીપેઠેજ ગુરુ–શિષ્યભાવ હતો.[૧] કોઇ એક પૂર્વકલ્પમાં તે જગત અને તેની અંદર તમે (રામ) હું (વસિષ્ઠ) ઇત્યાદિ (તમારું વૈરાગ્ય મારું આવવું અને તમારો પ્રશ્ન વગેરે) આ ચિદાત્માની પ્રતિભા કોઇ વનની અંદર ગુરુશિષ્યરૂપે હમણાની પેઠેજ ઉદય પામી હતી. ત્યાં તે સમયે હું ગુરુરૂપ થયો હતો અને તમે શિષ્યરૂપ થયા હતા. તમે કે જે મારી પાસે શિષ્યરૂપે બેઠેલા હતા અને વિશાળ તથા ધીરબુદ્ધિવાળા હતા તેમણે મને નીચેપ્રમાણે પૂછ્યું.[૨,૩]

શિષ્ય કહે છેઃ—હે મહારાજ ! આ સર્વ જગતના સંબંધમાં મારો એક આ આતશય સંશય છે તેને આપ નિવૃત્ત કરો. મહાકલ્પમાં (મહાપ્રલયમાં) શી વસ્તુ નાશ પામે છે, અને શી વસ્તુ નાશથી પામતી ?[૪]

ગુરુ કહે છેઃ—હે પુત્ર ! જેમ સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થયેલા પુરૂષનું સ્વપ્નનગર એક સાક્ષીચૈતન્યવિના નિઃશેષપણે નાશને પ્રાપ્ત થઇ જાય તેમ આ સર્વ દૃશ્ય પ્રલયમાં તત્કાળ નાશને પ્રાપ્ત થાય છે.[૫] પૃથ્વી, પર્વતો અને દશ દિશાઓ નિર્વિશેષપણાથી (એકસરખીજ રીતે) પ્રલયકાળમાં નાશ પામી જાય છે; અને ક્રિયા, કાળ કે ક્રમ એ કશું પણ અવશેષ રહેતું નથી.[૬] સર્વ પ્રાણીઓ નષ્ટ થઇ જાય છે, અને સર્વ જગતના આભાસે સહિત એવું આકાશ (અવ્યાકૃતમાં લીન થઇ ગએલ હોવાથી) પ્રલયકાલે ભોક્તાના અસંભવને લીધે નાશને પ્રાપ્ત થઇ જાયછે.[૭] બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, રૂદ્ર, આદિ કે જેઓ કારણોના પણ કારણરૂપ ગણાય છે તેઓનું નામપણ મહાપ્રલયમાં અવશિષ્ટ રહેતું નથી.[૮] અવિનાશી ચિદ્વસ્તુનો વિવર્ત નષ્ટ થતાં એક માત્ર ચિદાકાશજ અવશેષ રહે છે, એમ અનુમાન થાય છે, કેમકે પોતાની અંદર આરોપિત એવા સૃષ્ટિના અનુભવના હેતુરૂપ એવા ચિદાત્માવડેજ સર્વ પ્રપંચથી શૂન્ય એવા પ્રલયકાળનું શેષપણું સિદ્ધ થાય છે.

શિષ્ય કહે છેઃ—જે અસત્ વસ્તુ છે તેની સત્તા સંભવતી નથી અને જે સત્ય છે તેનો નાશ સંભવતો નથી, તો પછી આ વિસ્તારવાળું (દેખાતું) વિદ્યમાન જગત ક્યાં ચાલ્યું જાય છે ?[૧૦]

ગુરુ કહે છેઃ—હે પુત્ર ! આ તારું કહેવું યુક્ત નથી, કેમકે આ જગત તો નાશ પામેજ છે, જેને લીધે તે નથીજ એમ જણાય છે, કેમકે અસત્ પદાર્થની સત્તા અને સત્યવસ્તુનો નાશ (કોઇ કાળે) થતોજ નથી.[૧૧] હે રામચંદ્રજી ! જે કાંઇ વસ્તુતાએજ છે, તે કોઇ દેશ–કાલમાં અસત્ય થતું નથી, તો પછી તેની સત્તા કેમ

* આ બસો તેરમા સર્ગમાં સર્વ બ્રહ્મરૂપ છે એવો નિશ્ચય બતાવનારો રામ-વસિષ્ઠનો પૂર્વસંવાદ ગુરુશિષ્યની આખ્યાયિકારૂપે વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અસત્યતાને ધારણ કરે... ઝાંઝવાનું જળ ક્યાં રહ્યું છે ? બે ચંદ્રમાની ભ્રાંતિ ક્યાં વાસ્તવિક છે ? આકાશમાં ભ્રાંતિનેલીધે દેખાતા મોવાળા જેવા આકારો ક્યાં વાસ્તવ છે અને ભ્રાંતિવડે થતો અનુભવ ક્યાં વાસ્તવ હોય છે?[૧૩] હે પુત્ર ! આ સર્વ દૃશ્ય ભ્રાંતિમાત્ર છે, અસત્ય છે, અને સ્વપ્નનગરનીપેઠે ભાસ્યા કરે છે, તો તે શામાટે બાધિત ન થાય ?[૧૪] જેમ જાગ્રત અવસ્થામાં સ્વપ્ન અને સ્વપ્ન અવસ્થામાં જાગ્રત બાધિત થઇ જાય, તેમ આ સર્વદા સર્વત્ર જ્ઞાનનો ઉદય થતાં (પ્રબુદ્ધદશામાં) નિશેઃષ રીતે બાધિત થઇ જાય છે.[૧૫] જેમ સ્વપ્નનગર (જાગ્રતમાં) બાધિત થઇ જતાં હું નથી જાણતો કે કોણ જાણે ક્યાં ચાલ્યું જાય છે, તે પ્રમાણે જગતરૂપી આ દૃશ્ય જ્ઞાનવડે બાધિત થઈ જતાં તરતજ ક્યાં જતું રહે છે, તે હું જાણી શકતો નથી.[૧૬]

શિષ્ય કહે છેઃ—હે મહારાજ ! જો દૃશ્ય નથી તો પછી દૃશ્યને આકારે શી વસ્તુ ભાસે છે અને પાછો બોધ થયા બાદ તેવી કેમ નથી ભાસતી ? શી વસ્તુનું એ રૂપ છે ? વિશાળ આકારવાળા ચિદાકાશનું કે કોઇ બીજાનું ?[૧૭]

ગુરુ કહે છેઃ—હે પુત્ર ! સ્વચ્છ એવું આ ચિદાકાશજ(છીપ જેમ પોતાના ચકચકિતપણાથી રૂપાને આકારે સ્ફુરે તેમ પોતાની સત્તાના બળથી) જે કાંઇ વિવર્તને આકારે સ્ફુરે છે તેજ જગતને નામે ભાસે છે, બાકી જગત કાંઇ બીજી વસ્તુ નથી.[૧૮] પોતાના સ્વચ્છ સ્વરૂપને નહિ છોડતાં જે આવે જગતને આકારે (વિવર્તરૂપે) ભાસવું તે વિશાળ આકારવાળી ચિદાકાશરૂપી વસ્તુનું એક સ્વરૂપજ છે.[૧૯] જેમ એકજ અવયવીનું સ્વરૂપ શ્વેત અને કૃષ્ણ એ બન્ને વર્ણવડે યુક્ત હોય તેમ પરમાત્માનું પોતાનું આ ચિદાકાશરૂપ શરીરજ સૃષ્ટિ અને પ્રલય એ બન્નેરૂપ થઇ રહેલ છે કે જેનું સ્વરૂપ વસ્તુતાએ પરમાત્માના વિવર્તનું પ્રસરવું અને સમેટાઇ જવું એજ છે.[૨૦] જેમ આ તમે પોતેજ સ્વચ્છ જળવાળા (હ્રદમાં) ધુનામાં પ્રતિબિંબરૂપે દેખાતાં બિંબ પ્રતિબિંબરૂપે જુદા જુદા જણાઓ, પરંતુ બિંબ-પ્રતિબિંબભાવરૂપી ભેદનો ક્ષય થઇ જતાં એકજ છો, તેમ હ્રદમાં (ધુનામાં) પ્રતિબિંબ પડયા અગાઉ પણ બિંબ પ્રતિબિંબરૂપે બીજે સ્થલે (આદર્શ આદિમાં) ભિન્ન ભિન્ન આકારે ભાસતાં છતાં એકજ છો, તમારા મૂળબિંબ સ્વરૂપમાં કશો ક્ષય કે ઉદય થતો નથી, તેજ રીતે સ્વચ્છ એવું બ્રહ્મ પણ સૃષ્ટિમાં અને પ્રલયમાં એકજરૂપે રહેલ હોવાથી તેનો ક્ષય કે ઉદય થતો નથી.[૨૧] જેમ સ્વપ્નમાં અને સુષુપ્તિમાં એક નિદ્રાજ નિરંતર અક્ષયરૂપે રહી હોય, તેમ સૃષ્ટિમાં અને પ્રલયમાં ચિદ્રૂપ બ્રહ્મજ એક અવિકારીરૂપે રહેલ છે.[૨૨] જેમ સ્વપ્નમાં દૃષ્ટાને દેખાતું એવું જગત જાગ્રતમાં અને સુષુપ્તિમાં બાધિત થઇ જતાં નિઃશેષ રીતે શાંત થઇ જાય, તેમ આ આપણું જગત પણ જ્ઞાનવડે બાધિત થઇ જતાં નિઃશેષપણે શાંત થઈ જાય છે.[૨૩] હે પ્રિય રામચંદ્રજી ! એ બાધિત થઇ ગયેલ સ્વપ્નસૃષ્ટિ (બીજા) પ્રદેશાંતરમાં તે પ્રમાણેજ કાયમ છે એ વાત બોધદૃષ્ટિવડે જોતાં અમને વાસ્તવ જણાતી નથી. વળી બીજા પુરુષોના જીવાકાશમાં આપણી એ સ્વપ્નસૃષ્ટિ રહેશે એવી તો શંકા પણ યોગ્ય નથી; કેમકે આપણી વાસનામય એ સ્વપ્નસૃષ્ટિ આપણાજ ચિદાકાશમાં (જીવમાં) રહેવાનો સંભવ છે.[૨૪] (અબાધિત દશામાં પણ તે બીજાના જીવમાં હોતી નથી) જેમ અહીં આપણા ચિદાકાશનો (જીવનો) વિવર્ત તેની કલ્પેલ સૃષ્ટિનો ક્ષય થઇ જતાં ક્ષીણ થઈ જાય, તેજપ્રમાણે બીજાના ચિદાકાશનો (જીવનો) વિવર્ત

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પણ તેની કલ્પિત સૃષ્ટિનો ક્ષય થતાં ક્ષીણ ન થઈ જાય તેમાં શું પ્રમાણ છે ? કાંઈ નથી.[૨૫]

શિષ્ય કહે છેઃ—જો એમ હોય તો પછી જેમ સ્વપ્નદ્રષ્ટા પુરુષના કરતાં જુદો બીજો જાગતો પુરુષ પણ દૃશ્યનો અનુભવ કરે છે તેજપ્રમાણે પ્રલયકાળમાં પણ બીજા કોઈ પુરુષને જગત આદિનો અનુભવ થાય ખરો; એમ ; માનું છું.[૨૬]

ગુરુ કહે છેઃ—હે મહા બુદ્ધિશાળી ! જેમ તમે કહો છો તેમજ છે, (પ્રલયકાળમાં પણ ઐંદવાખ્યાનમાં જણાવ્યા પ્રમાણે જગતના સદ્ભાવની પ્રતીતિ થાય છે ખરી) પરંતુ જગત ચિદાકાશનું સ્વરૂપ નથી કિંતુ ચિદાકાશમાં અધ્યાસનેલીધે તેનું ભાન થાય છે, અને બીજાઓને (અધ્યાસને અભાવે) નથી પણ થતું.[૨૭] વસ્તુતાએ જોતાં તો કશું પણ ભાસતું નથી, જથી તે તુચ્છ છે. તેમાંનું કશું પણ સત્ય નથી, તે એક ચિદાકાશનો વિવર્ત છે, તો તેમાં વળી સત્-અસત્ દૃષ્ટિ કેવી હોય ?[૨૮] જો ચિદાકાશરૂપે જોઇએ તો આ સર્વ સર્વ પ્રકારે સર્વદા સર્વત્ર છે; અને જગતને પોતાને સ્વરૂપે જોઇએ તો આ સર્વમાંથી કાંઇ પણ સર્વત્ર સર્વદા નથીજ.[૨૯] સર્વદા બ્રહ્મજ સર્વરૂપ છે; અને તે સદ્રૂપ અને અસદ્રૂપ હોવાથી જગત પણ સદસદ્રૂપ ભાસે છે. જો ચિદાકાશ અવિનાશી છે તો પછી જગતને પણ તેવે રૂપે જોઇએ તો તે અવિનાશીજ છે.[૩૦] જે સત્ય એવું ચિદાકાશ છે તેજ સૃષ્ટિ-પ્રલયરૂપ છે, તેનું વાસ્તવ સ્વરૂપ ન ઓળખાય ત્યાંસુધી તે દુઃખ આપે છે, અને જો તેનું વાસ્તવ સ્વરૂપ ઓળખવામાં આવે તો પરમશાંતિનો લાભ થાય છે.[૩૧] આ સર્વ સર્વત્ર સર્વ પ્રકારે સર્વકાળમાં સર્વથા (ચિદાકાશરૂપે) વિદ્યમાન છે, અને સર્વ સર્વદા સર્વ કાળમાં સર્વથા નથી.[૩૨] પણ એજ ચિદાકાશરૂપ દેવ ઘટરૂપ છે, પટરૂપ છે, શૈલરૂપ છે, સ્ફોટરૂપ છે, તટરૂપ છે, વટરૂપ છે, તૃણ અગ્નિ સ્થાવર અને જંગમ એ સર્વરૂપ તે પોતેજ છે.[૩૩] જે કાંઇ છે, જે કાંઈ નથી, તે સર્વ; તથા શૂન્ય, ક્રિયા કાળ, આકાશ, પૃથ્વી, ભાવ, અભાવ, જન્મ, વિભૂતિ, નાશ અને શુભ-અશુભ એવા પુણ્ય-પાપરૂપી પાશ એ બધું ચિદાકાશરૂપ છે.[૩૪] ચિદાકાશરૂપ ન હોય એવું કશું પણ અહીં નથી. એ એકજ વસ્તુ નિત્ય છે, તેમ બહાર પણ તેજ છે. આદિ મધ્ય અને અંતરૂપ પણ તે છે, અને તેજ પોતે ત્રિકાળરૂપ પણ છે.[૩૫] એ ચિદાકાશની અંદર સર્વ વસ્તુ બ્રહ્મરૂપે જોતાં સદૈવ સર્વત્ર સર્વ પ્રકારે છે; અને દૃશ્યરૂપે જોતાં એ તત્ત્વની અંદર સર્વ વસ્તુ સર્વ પ્રકારે સર્વત્ર સદૈવ નથીજ.[૩૬] હે રામચંદ્રજી ! જો એપ્રમાણે ચિદાકાશજ સર્વરૂપ છે તો પછી સ્વપ્નસાક્ષીમાં કલ્પાયેલ નગરની પેઠે સર્વ બ્રહ્મરૂપ હોવાથી સર્વ વસ્તુ સર્વદા છેજ.[૩૭] બ્રહ્મરૂપ હોવાથી તે દૃષ્ટિથી જોઇએ તો તૃણ કર્ત્તારૂપ છે, તૃણ ભોક્તારૂપ છે, અને તૃણ ઈશ્વર (સમર્થ) છે (બ્રહ્મદૃષ્ટિથી જોતાં) ઘટ કર્ત્તા છે, ઘટ ભોક્તા છે અને ઘટજ સર્વ ઇંદ્રાદિ દેવતાઓનો પણ ઈશ્વર છે.[૩૮] (બ્રહ્મદૃષ્ટિથી જોતાં) પટ કર્ત્તા છે, પટ ભોક્તા છે, અને પટજ સર્વ ઇંદ્ર આદિ દેવોનો પણ ઈશ્વર છે. (બ્રહ્મદૃષ્ટિથી જોતાં) દ્રષ્ટા કર્ત્તા છે, દ્રષ્ટા ભોક્તા છે, અને સર્વ ઇંદ્ર આદિ દેવોનો પણ તેજ અધીશ્વર છે.[૩૯] બ્રહ્મદૃષ્ટિથી જોઈએ તો ગિરિ કર્ત્તા છે, ગિરિ ભોક્તા છે, અને સર્વ ઇંદ્ર આદિ દેવનો તેજ ઈશ્વર છે. તેજ રીતે (બ્રહ્મદૃષ્ટિથી જોતાં) નર કર્ત્તાછે,નર ભોક્તા છે,અને સર્વ ઇંદ્ર આદિ દેવોનો પણ તેજ દેવછે.[૪૦] સર્વ વસ્તુઓમાં પ્રત્યેક વસ્તુની અંદર એકજ વસ્તુ કે જે પરથી પર છે, અનાદિ અનંત છે, અને જગતને ધારણ કર-

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

નાર હોવાથી ધાતા [illegible] કહેવાય છે. તેજ કર્ત્તા અને ભોક્તા છે, કેમ કે સર્વ બ્રહ્માત્મક છે.[૪૧] આ તૃણ કુંભ આદિ પદાર્થો પોતાની અંદર રહેલ, ચેતનસત્તાવડેજ આવે રૂપે રહેલા છે. મહાસમર્થ ચેતનજ એવે આકારે થઈ રહ્યું છે. જે કાંઈ વસ્તુના સ્વરૂપની અંદર ક્ષય ઉદય ભાસે છે તે પણ એ તત્ત્વના સ્વરૂપથી ભિન્ન નથી, કિંતુ તે પણ તેમાંજ આરોપિતરૂપે ભાસે છે.[૪૨] કેટલાક વાદીઓ એમ માને છે, કે બાહ્ય અર્થ છે, અને તેજ કર્ત્તા તથા ભોક્તા છે. જેઓ (વિજ્ઞાનવાદીઓ) માત્ર વિજ્ઞાનજ છે એમ માનનારા છે તેઓના વિચારમાં એ વિજ્ઞાનજ કર્ત્તા તથા ભોક્તા છે.[૪૩] જેઓ શૂન્યવાદને માનનારા છે તેઓનો સિદ્ધાંત એવો છે, કે કોઇ કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી. કેટલાક આસ્તિક ઈશ્વર વાદીઓનું એવું માનવું છે કે અહીં એક ઈશ્વરજ કર્ત્તા-ભોક્તા છે.[૪૪] એ ઉત્તમોત્તમ (સર્વશક્તિમાન) પરમપદની અંદર સર્વ (વિકલ્પો) સંભવે છે. એ અધિષ્ઠાન ચૈતન્યની અંદર વસ્તુતાએ ક્યાં વિધિ-નિષેધની સ્થિતિ છે? અને અધ્યારોપ દૃષ્ટિથી જોતાં તેમાં ક્યાં વિધિ-નિષેધની સ્થિતિ નથી?[૪૫] ચિદાકાશ પોતાના શુદ્ધસ્વરૂપની અંદર તે તે વાસનાને અનુસારે કેમ જાણે દૃશ્યની ભાવના કરતું હોય, તેમ બની પોતે પણ કેમ જાણે દ્રષ્ટારૂપ થઇ ગયું હોય, તેવા ભાવને ધારણ કરી પોતાના આત્માનેજ જગતને આકારે દેખે છે; બાકી વસ્તુતાએ પોતે નિર્વિકારદશામાં રહેવાને શક્તિમાન છે.[૪૬] હે રામચંદ્રજી! સર્વ જીવોની સર્વ (પોતપોતાના અનુભવથી સિદ્ધ એવી પદાર્થ આદિ) દૃષ્ટિઓ તથા સર્વ વિધિ-નિષેધ સંબંધી દૃષ્ટિઓ પોતપોતાના સંકલ્પ અનુભવવિશેષ અને વાસનાશેષસહિત કામ અને કર્મ એ પ્રથમ ઉત્પન્ન થયા પછી થનારી છે, તે તે સમયે નિરંતર ક્રિયા કરી આપવામાં સમર્થ હોવાથી વ્યવહારમાં સત્ય છે, અને વસ્તુતાએ અસત્ય પણ છે, કેમકે પ્રત્યક્ ચૈતન્યનું સ્વરૂપજ પોતપોતાના અનુભવ પ્રમાણે જગતના રૂપને ધારણ કરે છે.[૪૭] ઉપર પ્રમાણે તમે પૂર્વજન્માંતરમાં (પૂર્વયુગમાં) શિષ્યરૂપ બની હું કે જે ગુરુરૂપ હતો તેની પાસેથી ઉપદેશ સાંભળ્યો હતો, પરંતુ તે સમયે તમને તેથી બોધ થયો ન હતો, જેને લીધે તમે પાછો બીજાં જગતનો અનુભવ કરી હમણાં (ત્રેતાયુગમાં) અહીં (દશરથ રાજાને ત્યાં) અવતર્યા છો, અને તમે જે આગળ પૂર્વયુગમાં મને પૂછ્યું હતું તેજ પાછું હમણાં પૂછો છો.[૪૮] તમે અહીં મારી પાસેથી પરમાર્થવસ્તુનો બોધ કરનાર એવું ઉત્તમ ચિન્મય આ સર્વ જ્ઞાન સાંભળ્યું કે જે સંસારરૂપી દીર્ઘરાત્રિના તાપરૂપી અંધકારની નિવૃત્તિ કરવામાં ચંદ્રબિંબતુલ્ય છે. હવે તમે અભ્યુદયને પ્રાપ્ત થયા છો, નિર્મળ એવા એક બોધરૂપ છો, માટે તમે મોહને દૂર કરી વ્યવહારપરંપરાથી પ્રાપ્ત (રાજ્ય પાલન આદિ) કર્મને સુખેથી કરતા રહો.[૪૯] હે રામચંદ્રજી! સ્વભાવથીજ નિર્મળ, પ્રકાશરૂપ અને સર્વાત્મક એવા પરમાત્માનેવિષે તમે દૃશ્યપદાર્થોના ત્યાગપૂર્વક સ્થિતિરાખીનિર્વાણને પ્રાપ્ત થએલ શાંતબુદ્ધિને ધારણ કરી આકાશગર્ભના જેવા નિર્વિકાર અને મનોહર બની તૃષ્ણાને છોડી દઈ ધર્મવડે રાજ્યની રક્ષા કરો.[૫૦]

तिष्ठंस्तदात्मनि परे विमलस्वभावे सर्वात्मके तपति सर्वपदार्थमुक्तः॥निर्वाणशान्तमतिरंबरकोशकान्तो धर्मेण राज्यमनुपालयतीर्णतृष्णः॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "પ્રાક્તનરામશિષ્યત્વોપાખ્યાન" એ નામનો બસો તેરમો સર્ગ સંપૂર્ણ. ૨૧૩

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

સર્ગ ૨૧૪ મો.*

ઉપદેશનાં વખાણ

॥ श्रीवाल्मीकिरुवाच ॥

इत्युक्तवत्यथ मुनौ नभसो ननाद ।
वर्षामृताभ्रमिव दुंदुभिरामरो द्राक् ॥
शुक्लीकृताखिलककुब्वदना तुषार-
वर्षोपमा भुवि पपात च पुष्पवृष्टिः ॥१॥

શ્રી વાલ્મીકિ કહે છેઃ—વસિષ્ઠજી ઉપરપ્રમાણે કહેતા હતા તેટલામાં તરતજ વૃષ્ટિનેમાટે અમૃતવડે (જળવડે) પરિપૂર્ણ થએલા મેઘનીપેઠે દેવતાઓએ કરેલો દુંદુભિનો નાદ થવા લાગ્યો અને સર્વ દિશાઓના મુખને શુક્લ કરનાર તથા બરફના વરસાદની ઉપમાને યોગ્ય એવી પુષ્પવૃષ્ટિ પૃથ્વીને વિષે પડી.[૧] કેસરોના સમૂહ રૂપી સાયંકાળના વાદળાના જેવા રાતા અંગરાગને ધારણ કરનાર, પવનવડે કંપિત થએલ ધોળાં કેસરરૂપી ગૌરહારને ધરનાર, અને પુષ્પોની અંદર સુશોભિત એવા જળ બિંદુઓરૂપી શીતળ અંગવાળી એ પુષ્પવૃષ્ટિ કેમ જાણે ઇંદ્રલોકમાંથી સાક્ષાત્ પુણ્યલક્ષ્મીજ પોતે ત્યાં આવી પ્રાપ્ત થઇ હોય તેવી જણાતી હતી.[૨] વળી એ પુષ્પવૃષ્ટિ પ્રલય કાળરૂપી મર્કટે કંપાવેલ એવી (લોકપાલોનાં નગર આદિરૂપ) શાખાઓવાળા સ્વર્ગરૂપી કલ્પવૃક્ષમાંથી તરત નીચે પડેલ અને દિશાઓના મુખમાં નીચે તરત પાડી નાખવાને પ્રવૃત્ત થતા કાળરૂદ્રે જ્યારે ફેંકેલા એવા સુંદર કાંતિવાળા તારાગણનું ખડખડ હાસ્ય કરી કેમ જાણે અનુકરણ કરતી હોય એવી દેખાતી હતી.[૩] ત્યાર પછી દુંદુભિના નાદોવડે ગાજી રહેલ કેસરોના સમૂહરૂપી મેઘવ[illegible] શૈલ[illegible]ફનીપેઠે મનને હરણ કરનાર એવા પુષ્પોના પ્રવાહવડે સર્વ સભાને પૂર્ણ કરી રહેલ, અને જોતાંજ આનંદનો વિસ્તાર કરતી એવી પુષ્પવૃષ્ટિ શાંતિને પ્રાપ્ત થઇ (પડતી બંધ થઇ).[૪] પોતાના સ્થાનને (હોદ્દાને—યોગ્યતાને) અનુસરી ક્રમવાર યોગ્યતા પ્રમાણે નીચે બેઠેલા એવા સર્વ સભ્યો તે દિવ્યપુષ્પોનું ગ્રહણ કરી પુષ્પાંજલિને વસિષ્ઠઋષિના ચરણમાં અર્પણ કરી વસિષ્ઠજીને પ્રણામ કરી એ દિવ્ય પુષ્પોના સુગંધનો અને શીતળતા આદિનો પોતાને સંપર્ક થવાથી ખેદના દુર્ગંધ આદિથી થતા ખેદને, ક્ષુધા, તૃષા, શ્રમ આદિથી થતા ખેદને અને જન્મમરણ આદિ સંબંધી ખેદને ત્યાગ કરવા લાગ્યા.[૫]

દશરથરાજા કહે છેઃ—અહો ! અમે કે જેઓ આ સંસારરૂપી અતિ લાંબા (વિસ્તારવાળા) જંગલમાં લાંબો કાળ ભમવાથી બહુજ શ્રાંત થયા છીએ, તેઓ આપના અનુગ્રહપૂર્વક એવા આ ઉપદેશથી સુખેથી આત્માવગાહનમાં અધિકારી થઇ જઇ ઘણા લાંબા સમયસુધી જેમ શુદ્ધ વાદળાંઓ પર્વતમાં વિશ્રામ લે, તેમ આત્મામાંજ વિશ્રાંત થઇ રહ્યા છીએ.[૬] અમે સંપૂર્ણ રીતે આજે કર્મનો અવધિ દીઠો, આપત્તિનો સીમાડો જોયો, જે સર્વ જાણવાનું હતું તે જાણી લીધું, પરમપદમાં અમે વિશ્રાંત છીએ.[૭] ધ્યાનવડે કલ્પિત અને બ્રહ્મસ્વરૂપની અંદર ભિન્નરૂપે આરોપાએલ એવા આકાશની અંદર ઘણા લાંબા કાળસુધી વિહાર આદિના અનુભવના (લીલાના આખ્યાન આદિમાં બતાવેલ) ભ્રમવડે, ધારણાથી સર્વના આધારરૂપ એવા બ્રહ્મની અંદર વિશ્રાંતિ થતાં થતાં દેહત્યાગના ક્રમવડે સંકલ્પના નવીન નિર્માણોવડે, સ્વપ્નસૃષ્ટિમાં અથવા સ્વપ્નદૃષ્ટિમાં

* આ બસો ચૌદમા સર્ગમાં ઉપદેશની પ્રશંસા, શ્રોતાઓનું કૃતકૃત્યપણું અને અંતે દિવ્ય તથા માનુષ મહોત્સવ વર્ણવવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

અનુભવાતા એવા જ... ...ી ત્રિવિધ તાપો-વડે, શુક્તિમાં (છીપમાં) (ભ્રાંતિવડે) જણાતા એવા રૂપાના અનુભવવડે, સ્વપ્નમાં થતાં પોતાનાં મરણનાં દર્શનવડે, પવનની અંદર અભિન્ન સત્તાથી રહેલી તેની ચલનશક્તિવડે, જળમાં અભિન્ન સત્તાથી રહેલ એવા દ્રવપણાવડે, ઇંદ્રજાળના નગરના સમૂહોવડે, ગંધર્વ નગરના સમૂહોવડે, માયાથી દેખાતા પાણીના પૂરના સમૂહવડે, ઝાંઝવાના જળની નદીના વેગવડે, સર્વના ઉત્તરકાળમાં (પ્રલય વખતે) વર્ણવેલા પ્રચંડ પવનના સ્પર્શવડે, બે ચંદ્રમાના અનુ-ભવના ઉદયવડે, મદનેલીધે વિવેકનો નાશ થતાં જણાતા (કલ્પનામય) નગરની ચપળતાવડે, શુભ–અશુભનું સૂચન કર્યાવિનાજ ભ્રાંતિવડે પ્રતીતિમાં આવતા એવા ભૂકંપવડે, બાળકને થતા યક્ષ આદિના અનુભવવડે, આકાશમાં ભ્રાંતિવડે જણાતા એવા મસલાં-મોવાળા આ-દિના જેવા આકારના દર્શનવડે અને તેવાંજ બીજાં દૃષ્ટાંતો કે જે પોતાના અનુભવમાં આવે એવાં છે તેવડે, અહો! આપે અમારી દૃશ્યની દૃષ્ટિ કે જે ભ્રાંતિરૂપ છે તે દૂર કરી.[૮-૧૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ–હે મુનીશ્વર! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો. હું પરમપદને પ્રાપ્ત થયો, હું બ્રહ્મરૂપજ થઇ રહ્યો છું, અને (આપની કૃપાવડે) અત્યંત શુદ્ધ બુદ્ધિવાળો થયો છું.[૧૪] હું નિઃસંદેહ બની જઇ બ્રહ્મરૂપ સ્વભાવની અંદર સ્થિર થઇ રહ્યો છું. આવરણથી રહિત એવા શુદ્ધ વિજ્ઞાન-રૂપ છું, અને આપ જે કહેશો તે પ્રમાણે કરીશ.[૧૫] અમૃતની વૃષ્ટિનીપેઠે સુખ આપનાર એવાં આપનાં વચનોનું વારંવાર સ્મરણ કરી, કોઇ માન-અપમાન કરે તેમાં સમદૃષ્ટિ રાખી, હું શાંત છતાં પણ કેમજાણે વારંવાર હર્ષને પ્રાપ્ત થતો હઉં તેવો થઇ રહ્યો છું.[૧૬] મને હવે આજે (હમણાં) કશું કરવાનું પણ પ્રયોજન નથી અને ન કરવાનું પણ પ્રયોજન નથી. હું જેવો પ્રથમ વ્યવહારમાં રહ્યો હતો તેજપ્રમાણે હમણાં પણ રહું છું, પરંતુ હમણાં વ્યવહારના સંપ-ર્કથી થતા તાપથી રહિત છું.[૧૭] જેવો આપના વચનથી અમને વિશ્રાંતિનો ઉપાય મળ્યો છે તેવો બીજો કયો ઉપાય છે? અને વળી એવી બીજી દૃષ્ટિપણ કેવી હોય? અહો! આજે અમે અપરિચ્છિન્ન, એવી વિશ્રાંતિ–સુખની ભૂમિ મેળવી છે. આવી જન્મ-મરણ આદિ અનેક અનર્થોવાળી સંસારદશા તો પ્રાણીઓને ખરે-ખર કષ્ટ આપનાર છે.[૧૮] મારો કોઇ શત્રુપણ નથી અને મિત્રપણ નથી. મારૂં આ શરીર કે ક્ષેત્ર આદિપણ કશું નથી. આ આત્મચૈતન્યજ જ્યાંસુધી બોધ થયો નહતો ત્યાંસુધી મને જગત-ને આકારે દુઃખ આપનાર ભાસતું હતું અને હમણાં તો બોધ થતાં શાંત અને સર્વ અર્થવડે સુંદર ભાસે છે.[૧૯] હે મહારાજ! આપના અનુ-ગ્રહાવના મનુષ્ય આવી તત્ત્વદૃષ્ટિને શી રીતે મેળવે? સેતુવિના કે વહાણવિના બાલક સમુ-દ્રને કેમ તરી શકે? ન તરી શકે.[૨૦]

લક્ષ્મણજી કહે છેઃ–અનેક જન્માંતરોમાં ભેગી થએલ દુર્વાસનાના યોગે ઉત્પન્ન થતા સંશયોનો નાશ કરનાર અને અનેક જન્માંત-રમાં ભેગાં થએલ સેંકડો પુણ્યના યોગે ઉદય પામેલા એવા, શ્રી વસિષ્ઠમુનિના વચનથી થતા બોધવડે ઉત્પન્ન થતા વિચારરૂપ ઉદ્યમથી યુક્ત એવાં મારા મનની અંદર ચંદ્રમાની-પેઠે પરમ આહ્લાદ કરનાર એવો પરમા-ત્માનો પ્રકાશ ખડો થઇ ગયો છે.[૨૧] આવી (સુખદ) આત્મદૃષ્ટિ આપજેવા મહાશય પુરુ-ષોના ઉપદેશદ્વારા અપરોક્ષપણે અનુભવમાં આવતાં છતાં લોકો પોતાનાજ દુર્ભાગ્યનેલીધે રાગ-દ્વેષ અહંકાર જન્મ-મરણ આદિ દોષવાળી

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સેંકડો દશાઓવડે કાષ્ઠનીપેઠે અહર્નિશ બળ્યા કરે છે.[૨૨]

શ્રી વિશ્વામિત્ર ઋષિ કહે છેઃ—અહો! બહુ હર્ષની વાત છે કે જે આ વસિષ્ઠમુનિના મુખથી અમે મહાપવિત્ર એવા જ્ઞાનનું શ્રવણ કર્યું કે જેથી અમે કેમજાણે સેંકડો ગંગાઓમાં સ્નાન કર્યું હોય તેવા બની ગયા છીએ.[૨૩]

શ્રી રામચંદ્રજી કહે છેઃ—સર્વ સંપત્તિઓનો, સર્વ દૃષ્ટિઓનો, શાસ્ત્રોનો, આપત્તિઓનો, (કાવ્યરસ અલંકાર આદિથી સુશોભિત) સર્વ પ્રકારની વાણીઓનો અને સુખ તથા વિશ્રાંતિના હેતુરૂપ જણાતા એવા સર્વ પ્રદેશોનો સીમાડો (અવધિ) અમે આજે જોએલ છે.[૨૪]

શ્રી નારદઋષિ કહે છેઃ—જે જ્ઞાન બ્રહ્મલોકમાં, સ્વર્ગમાં કે ભૂલોકમાં આગળ સાંભળવામાં નથી આવેલ, એવું આ ઉત્તમ જ્ઞાન સાંભળી મારા કર્ણ આજે પવિત્ર થયા છે.[૨૫]

લક્ષ્મણજી કહે છેઃ—હે મહારાજ! આપે અમારા અંદરના (ચિત્તના) અને બહારના અંધકારને દૂર કરતાં આ પ્રસિદ્ધ સૂર્યના કરતાં પણ વિશેષ સૂર્યપણું બતાવ્યું છે.[૨૬]

શત્રુઘ્ન કહે છેઃ—હું નિવૃત્તિને (સુખને) પ્રાપ્ત થઈ રહ્યો છું, શાંત થયો છું, પરમપદ મેં મેળવ્યું છે, ઘણે લાંબે કાલે પરિપૂર્ણ થઇ રહ્યો છું, અને કેવળ સુખમાંજ રહ્યો છું.[૨૭]

દશરથરાજા કહે છેઃ—આ મુનિવર્ય શ્રીવસિષ્ઠઋષિ કે જે મહાધીર છે તેણે ઘણાં જન્માંતરોથી સંચિત કરેલાં એવાં અમારાં પુણ્યોના યોગે અમને આ પરમ પવિત્ર શાસ્ત્રનો અને તત્ત્વનો બોધ કર્યો કે જેથી અમે પરમ પવિત્રપણાને પ્રાપ્ત થયા છીએ.[૨૮]

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણે દશરથરાજાએ સહિત સર્વ વાતો કરતા હતા એટલામાં જ્ઞાનવડે પવિત્ર એવી વાણીથી શ્રી વસિષ્ઠઋષિ બોલ્યા કે, હે રઘુકુળમાં એક ચંદ્રરૂપ મહારાજા દશરથ! હું જે આપને કહું તે આપ કરો. ઇતિહાસની કથાને અંતે દ્વિજાતિવર્નું પૂજન કરવું જોઇએ,[૩૦] માટે તમે આજે સર્વ બ્રાહ્મણોના સમૂહને સર્વ કામનાવડે પૂર્ણ કરો. તેમ કરવાથી વેદના અર્થનું (આ રામાયણદ્વારા) શ્રવણ કરવાના રૂડા અનુષ્ઠાનના શાશ્વત ફળને (સાંગ થવાથી) પ્રાપ્ત થશો.[૩૧] ક્રીડાનાજેવા તુચ્છ દરિદ્ર માણસે પણ મોક્ષના ઉપાયરૂપ કથાવસ્તુની સમાપ્તિ થતાં યથાશક્તિ દ્વિજોનું પૂજન કરવું જોઇએ, તો પછી આપ જેવા મહારાજાઓ માટે તો શી વાત કરવી?[૩૨] ઉપર પ્રમાણે મુનિ વસિષ્ઠજીનાં વચન સાંભળી રાજા દશરથે વેદવાદી એવા (ઉત્તમ) દશ હજાર બ્રાહ્મણોને દૂતદ્વારાએ બોલાવ્યા.[૩૩] મથુરામાં, સૌરાષ્ટ્રમાં અને ગૌડમાં જેઓ નિવાસ કરનારા હતા તેવા બ્રાહ્મણોનાં ઉત્તમ કુળોમાંથી દશ હજાર બ્રાહ્મણોને બોલાવી, તેઓનું યથાવિધિ અર્ચન કરી, રાજા દશરથે તેઓને ભોજન કરાવ્યાં. તેમાં પણ જેમ જેમ જ્ઞાનની વિશેષ અધિકતા તેમ તેમ તેને પ્રથમ ભોજન કરાવવામાં આવતાં હતાં.[૩૪,૩૫] સર્વની ઇચ્છા પ્રમાણે ભોજન, અન્નદાન, દક્ષિણા આદિવડે તે બ્રાહ્મણોનું પૂજન કરી, તેમજ પિતૃઓનું, દેવતાઓનું, રાજાઓનું, નગરવાસી જનોનું, અમાત્યોનું, ભૃત્યોનું તથા દીન, અંધ, કૃપણ આદિ મનુષ્યોનું પણ તેજ પ્રમાણે પૂજન કરી, તે દિવસે દશરથ રાજાએ પોતાના સ્નેહી સંબંધી સહિત, પોતાને સંસારનો સીમાડો પ્રાપ્ત થવાથી ઉત્તમ ઉત્સવ કર્યો. રેશમી વસ્ત્રોવડે, સુવર્ણવડે અને મણિઓવડે સુશોભિત એવા રાજાના દરબારગઢમાં તેમજ મેરૂપર્વતની પેઠે અને કલ્પદ્રુમની પેઠે અતિ સુંદર

CC-0. Gurukul Kangri University, Haridwar Collection. Digitized by eGangotri Foundation USA

શણગારેલ એ નગરની ... મદોન્મત્ત વિલાસવાળી કામિનીઓ ઘેર ઘેર નૃત્ય કરવા લાગી.[૩૬-૩૯] પરસ્પર વિલક્ષણતાવાળા મુકુટનું ધારણ કરનાર, આમ તેમ ચલાયમાન અને જુદા જુદા હાવ-ભાવ બતાવનાર એવા હાથની ભ્રમણ ક્રિયાવડે કેમ જાણે આકાશને અને વસ્ત્રને પલ્લવિત (સુશોભિત) બનાવી દેતી હોય તેવી થઈ રહેલી, હાસ્યરસનો અભિનય કરવામાં સુંદર સ્ફુટરૂપે જણાતાં એવાં હાસ્યવડે ચોતરફ દાંતરૂપી ચંદ્રનાં કિરણોની છટાને ફેંકનારી, વીરરસનો અભિનય (ભાવ) બતાવવા મદવડે વ્યાકુળ એવા હુંકારને ધરનાર, લીલાઓની અંદર સુંદર સ્વરને કરનારી, (શૃંગારના) માન આદિનો અભિનય કરવામાં એક પગને પૃથ્વીઉપર પછાડી લીલાવડે ભૂમિનું તાડન કરનાર, ફૂલોની માળાનું કંપવું થવાથી નક્ષત્રોનીપેઠે નીચે પડતાં એવાં પુષ્પોની વૃષ્ટિથી ધોળી જણાતી જળધારાનીપેઠે નીચે પડી ગયેલ એવા તૂટેલા હારો ઉપર દૈવયોગે (પગ) પડી જવાથી કાંઇ સ્ખલિત થતા એવા ચરણને ધારણ કરનાર એવી નૃત્ય કરનારી સ્ત્રીઓ મુરલી, કીર્તનીયાં, વીણા, મુરજ અને મર્દલ આદિ વાદ્યોવડે શોભાને ધારણ કરતાં તથા તાંડવવડે ઉદ્ધત શબ્દને ધારણ કરતાં કેમ જાણે પોતાનાં ચપળ આભરણોવડે મૂર્તિમાન કામને બતાવતી હોય તેમ પોતાની મરજી પ્રમાણે નૃત્ય કરવા લાગી. બ્રાહ્મણો ચોખ્ખાં પદોથી વેદોનો પાઠ કરવા લાગ્યા, બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા અને સ્ત્રીઓ ગાયન કરવા લાગી. મદવડે સુશોભિત એવા મદ્યપાન કરનારાઓ તાંડવ નૃત્ય કરતાં મદ્યપાન કરવા લાગ્યા. ભોજનની ઇચ્છા રાખનાર પુરુષો શણગારી વિવિધ પ્રકારનાં ભોજનો કરવા લાગ્યા.[૪૦-૪૫] ચૂના આદિના લેપવડે રંગાયેલી ઘરની ભીંતો રામરૂપી ચંદ્રમાના દેહની કાંતિરૂપી ચાંદનીવડે તથા પુષ્પ-ધૂપના સંપર્કથી બહુજ શોભતી હતી.[૪૬] દશરથરાજાના ઉત્સવ યજ્ઞની અંદર વિચિત્ર વસ્ત્રોને ધારણ કરી રહેલી ઉત્તમ માળાઓવડે અને આભૂષણોવડે સુશોભિત અને સુગંધથી ભભકી રહેલી પરિચારક દાસીઓ ચારેકોર ફરવા લાગી.[૪૭] પોતાના દેહરૂપી યષ્ટિમાં યક્ષ-કર્દમનો (કપૂર, અગર, કસ્તૂરી અને કંકોલ, એ ચારેય વસ્તુસાથે મળેલા ચંદનનો) લેપ કરી તાંડવનૃત્ય કરનારી વનિતાઓ શણગારેલા એવા રાજસભાના આંગણામાં જવા લાગી.[૪૮] એવી રીતે દશરથરાજાએ અક્ષય એવા બ્રહ્મપદનો લાભ થતાં સંસારરૂપી અંધારી રાત્રીનો નાશ થવાથી ઉત્પન્ન થતા એવા હર્ષનેલીધે સાત રાત્રિસુધી ઉપર વર્ણવ્યાપ્રમાણે દાન અને ભોગ એ બન્નેની શોભાયે સહિત ઘણો મોટો ઉત્સવ કર્યો.[૪૯]

भवबहुलनिशावसानहर्षादिति घनमुत्सवमेव सप्तरात्रम् ॥ दशरथनृपतिः सदानभोगश्रिय-मकरोत्पदमक्षयं समेतः ॥ ४९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના ઉત્તરાર્દ્ધનો 'મહોત્સવવર્ણન' એનામનો બસો ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૨૧૪

સર્ગ ૨૧૫ મો.*

ગ્રંથની પ્રશંસા

॥ श्रीवाल्मीकिरुवाच ॥

भरद्वाज महाबुद्धे मम शिष्याधिनायक ॥ इति रामदयो ज्ञातज्ञेया निःशोकतां गताः ॥

શ્રીવાલ્મીકિઋષિ કહે છેઃ—હે મહાબુદ્ધિશાળી શિષ્યવર ભરદ્વાજ ! એવી રીતે રામ આદિ જ્ઞાતજ્ઞેય (જાણવાનું જેણે જાણી લીધું છે તેવા)

* આ બસો પંદરમા સર્ગમાં રામ આદિની પેઠે તમે પણ પ્રબુદ્ધ થઈ જીવન્મુક્ત બની સુખી રહો, એવો બોધ વાલ્મીકીઋષિ પોતાના શિષ્ય ભરદ્વાજને આપશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

થઇ જઇ નિઃશોકપણાને (પરમાનંદ દશાને) પ્રાપ્ત થએલ છે.[૧] તમે પણ આજ સુંદર બ્રહ્મદૃષ્ટિનો અવલંબ રાખી રાગથી રહિત થઇ જઇ, નિઃશંક રીતે જીવન્મુક્ત દશામાં, શાંત બુદ્ધિને ધારણ કરી મરજી પ્રમાણે જેમ સુખ આવે તેમ સ્થિતિ રાખી રહો.[૨] હે નિષ્પાપ ભરદ્વાજ ! બુદ્ધિ ઘાટા એવા મોહમાં નિમગ્ન હોય અને વિમૂઢ હોય તો પણ દુઃસંગનો કે ભોગોના સંગનો અભ્યાસ ન કરવામાં આવે તો તે રામ આદિની પેઠેજ મોહને પ્રાપ્ત થતી નથી.[૩] ઉપર વર્ણવ્યા પ્રમાણેજ આ મહાશય એવા રામચંદ્ર આદિ રાજપુત્રો અને દશરથ આદિ રાજાઓ જીવન્મુક્ત પદને પામેલા છે.[૪] હે પુત્ર ભરદ્વાજ ! તમે પણ પોતાની મેળેજ (પોતાના વિચારના બળથીજ) મુક્ત છો, તોપણ આ મોક્ષસંહિતાનું શ્રવણ કરી હમણાં વળી સત્ય રીતે વિશેષ મુક્ત થયા છો.[૫] આ પવિત્ર અને પ્રત્યક્ષ અનુભવવાળા અર્થને બતાવનાર મોક્ષના ઉપાયોનું શ્રવણ કરી બાળક પણ તત્ત્વજ્ઞ થઈ જાય તો પછી તમારા જેવા યોગ્ય અધિકારી માટે તો શી બાત કરવી ?[૬] હે સુશીલ ભરદ્વાજ ! જેમ વસિષ્ઠજીનાં વાક્યોની હૃદયમાં અસર થવાથી રામચંદ્ર આદિ મહાનુભાવો શોકરહિત થઇ જઈ પરમપવિત્ર પદને પ્રાપ્ત થઇ ગયા, તેમ તમારે પણ એજ આદ્યપદ મેળવવાનું છે.[૭] જેમ શ્રીવસિષ્ઠના સંગથી રામચંદ્ર આદિએ આત્મજ્ઞાન મેળવ્યું તેજપ્રમાણે યોગ્ય ઉત્તમ બુદ્ધિવાળા અધિકારી પુરુષો સત્પુરુષોની શિખામણથી, તેઓની ઉત્તમ સેવાથી, પ્રશ્નવડે અને ઉદાર એવી આખ્યાયિકામાંથી નીકળતા એવા ઉપદેશવડે વેદ્ય (જાણવા યોગ્ય) તત્ત્વવસ્તુને જાણી લે છે.[૮] અવિવેકી પુરુષના હૃદયની અંદર જે ગ્રંથીઓ બહુજ દૃઢ થઇ ગએલ [illegible] શૈ તૃષ્ણારૂપી ચર્મરજ્જુના દૃઢ બંધેથી સચોટ દૃઢ થઇ ગએલ છે, તે સર્વ જેમ બાળક સ્ત્રીઓ પ્રૌઢ થતાં પોતાના પતિની સાથે બરાબર એકરસ થઈ જાય, તેમ મોક્ષકથાના વિચારથી ગળી જઇ બ્રહ્મસાથે એકરસપણાને પ્રાપ્ત થઈ જાય છે.[૯] હે પુત્ર ભરદ્વાજ ! અહીં વિશેષ કહેવાનું શું પ્રયોજન છે ? કાંઈ નથી. પરંતુ જેઓ આ મહા પ્રભાવવાળા મોક્ષના ઉપાયોનું શ્રવણ કરશે તેઓ તત્ત્વવેત્તાઓમાં અતિ શ્રેષ્ઠતા મેળવી પાછા ફરીવાર આ સંસારમાં આવશે નહિ.[૧૦] જે બહુશ્રુત સત્પુરુષો બહુશ્રુત ગુરુઓની પાસે પોતે પ્રથમ આ ગ્રંથનો સારી રીતે વિચાર કરી, તેના સંવાદની કથાવડે સારીપેઠે તેનો અર્થ સમજ્યા બાદ, સુશ્રૂષુ પુરુષને સંપ્રદાય પ્રમાણે શ્રવણ કરાવશે, તેઓ મૂર્ખતાને કે પુનર્જન્મને પ્રાપ્ત થશે નહિ. અહીં બીજાં વિશેષ વાક્યો કહેવાનું શું પ્રયોજન છે ? અથવા સંપ્રદાયવિના સાંભળેલ કે સંભળાવેલાં વચનોવડે શું ? કાંઇ નથી.[૧૧] જેઓ કશા અર્થની અપેક્ષા રાખ્યાવિના અથવા તો વ્યુત્પત્તિના અભાવનેલીધે અર્થને નહિ જાણતાં છતાં પણ આર્યદેશમાં આ શુભ પુસ્તકને વાંચશે, (પાઠ કરશે,) જેઓ આ પુસ્તકને લખાવશે, જેઓ વ્યાખ્યાન સહિત વંચાવશે અથવા કેવળ વંચાવશે, તેઓ (સકામ હશે તો) રાજસૂય યજ્ઞના ફલને પ્રાપ્ત થઇ વારંવાર સ્વર્ગ લોકમાં જશે, અને ઉદાર સત્ત્વવાળા હોઈ (નિષ્કામ હશે તો) જેમ પુણ્યવાન પુરુષો લક્ષ્મીને પ્રાપ્ત થાય તેમ (પુણ્યનો સમય થતાં) ત્રીજા જન્મના લાભવડે મોક્ષને પ્રાપ્ત થશે.[૧૨,૧૩] આ ઉત્તમ મોક્ષસંહિતાનો પૂર્વ કાલમાં અચિંત્ય રૂપવાળા વિધાતાએ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

મુનિઓના સમાજમાં [illegible]ર કરી સત્પુરુષોનાં વચનથી એવું કહ્યું છે, કે વાલ્મીકિ ઋષિની વસિષ્ઠજીની અને પોતાની વાણી અસત્ય થશે નહિ (જેમ કે પૂર્વ રામાયણમાં ' ते वागनृता काव्ये काचिदत्र भविष्यति. આ કાવ્યની અંદર તમારી કોઈ પણ વાણી મિથ્યા થશે નહિ, ઇત્યાદિ),[૧૪] આ મોક્ષના ઉપાયરૂપી કથાનો પ્રબંધ સમાપ્ત થતાં સારી બુદ્ધિવાળા યજમાને વાચક આદિ બ્રાહ્મણને સારું ઘર આપી અભીષ્ટ અન્ન-પાન આદિના દાનવડે તેની પૂજા કરવી;[૧૫] અને તેઓને પોતાના ધનની શક્તિ પ્રમાણે જે કાંઇ દક્ષિણા આદિ ચિત્તને અભીષ્ટ હોય, તે કર્તાએ પોતે કરેલ અને અવશ્ય સંસ્કારરૂપે ચોંટી રહેનાર પુણ્ય, ફળરૂપે શાસ્ત્રને અનુસરી અવશ્ય મળે છે, એમ વિચારી આપી દેવું.[૧૬] હે ભરદ્વાજ ! તમારી બુદ્ધિને બોધ થવામાટે સેંકડો કથાઓના ક્રમવડે યુક્ત, બ્રહ્મતત્ત્વનો બોધ કરનાર, દૃષ્ટાંત યુક્તિથી સંઘટિત એવું આ નિર્મળ મોટું શાસ્ત્ર મેં તમને સંભળાવ્યું. આ કથાનું શ્રવણ કરી જીવતાંજ વિમુક્ત ચિત્તવાળા બની જઈ અક્ષય બ્રહ્મરૂપે રહી જ્ઞાન, તપ અને ક્રિયાના ફળથી યુક્ત એવી અક્ષય લક્ષ્મીનો ઉપભોગ કરતાં તમે નિત્ય સુખરૂપ યુક્તિને પ્રાપ્ત થાઓ.[૧૭]

एतत्ते कथितं कथाक्रमशतैर्बोधाय बुद्धेर्बृहच्छास्त्रंबृंहितब्रह्मतत्त्वममलंदृष्टान्तयुक्त्यांचितम् ।
श्रुत्वैताच्चिरनिर्वृतिं भज भृशं जीवद्विमुक्ताशयो
'लक्ष्मींज्ञानतपःक्रियाक्रमयुतांभुक्त्वाक्षयामक्षयः।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્દ્ધનો "ગ્રંથપ્રશંસા તદ્વાચનાદિવિધિ" એ નામનો બસો પંદરમો સર્ગ સંપૂર્ણ. ૨૧૫

સર્ગ ૨૧૬ મો.*

શિષ્યોએ ગુરુને આત્માર્પણ કરવું

॥ श्रीवाल्मीकिरुवाच ॥

एतत्ते कथितं राजन् कुंभयोनेः सुभाषितम् ॥
अमुना तत्त्वमार्गेण तत्पदं प्राप्स्यसि ध्रुवम् ॥१॥

શ્રી વાલ્મીકિ ઋષિ કહે છેઃ—હે રાજા (અરિષ્ટનેમિ) ! આ અગસ્ત્ય ઋષિનાં ઉત્તમ વચનો મેં તમને સંભળાવ્યાં છે. આ ગ્રંથરૂપી તત્ત્વમાર્ગવડે તમે તે ધ્રુવ (અવિનાશી) પદને સુખેથી પ્રાપ્ત થશો.[૧]

(અરિષ્ટનેમિ) રાજા કહે છેઃ—હે મહારાજ ! સંસારના બંધનો નાશ કરનાર એવા આપના કૃપાકટાક્ષનો મને લાભ થયો કે જે વડે હું આ સંસારસાગરને તરી ગયો છું.[૨]

શ્રી દેવદૂત કહે છેઃ—વિસ્મયવડે વિકસિત નેત્રવાળા એ રાજાએ ઉપર પ્રમાણે (શ્રી વાલ્મીકિજીને) કહી પછી મારાપ્રત્યે મધુરતાથી કોમળ વાણીથી નીચે પ્રમાણે કહ્યું.[૩]

રાજા કહે છેઃ—હે મહાસમર્થ દેવદૂત ! તને હું પ્રણામ કરું છું. તારું કુશળ થાઓ. સત્પુરુષોની મિત્રતા સાત પગલાં ભેળું ચાલવાથી (અથવા સાત પદોના સંભાષણથી) થઇ જાય છે; એવી લોકવાર્તા તેં આ વખતે અહીં સત્ય કરી બતાવી છે.[૪] હવે સુખેથી તું દેવલોકમાં જા. તારું કલ્યાણ થાઓ. હું આ કથાના શ્રવણવડે સર્વ તાપોની શાંતિ થતાં પરમ સુખને પ્રાપ્ત થયો છું, અને નિરતિશય એવા આનંદના લાભવડે હર્ષ પામ્યો છું.[૫] હું સાંભળેલા અર્થનું ચિંતન કરતાં અહીં તાપથી રહિત (શીતળ) દશાનો આશ્રય કરી સ્થિતિ રાખીશ. હે મનોહર અપ્સરા ! ઉપર-

* આ બસો સોળમા સર્ગમાં અરિષ્ટનેમિ, સુરુચિ, અને કારુણ્ય આદિનું કૃતાર્થપણું તથા શિષ્યોએ ગુરુને આત્મસમર્પણ કરી દેવું એ વિષે વર્ણન કરવામાં આવશે.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

પ્રમાણે મને તે રાજાએ કહ્યું જથી હું (વિદ્યા આદિ સંપત્તિ જોઈ) પરમ વિસ્મયને પ્રાપ્ત થયો છું.[૬] પૂર્વે કદી નહિ, સાંભળેલ એવો આ અપૂર્વ જ્ઞાનનો સાર સત્સંગનેલીધે મારા સાંભળવામાં આવ્યો છે, અને તેનેલીધે હમણાં મેં કેમ જાણે અમૃતનું પાન કર્યું હોય, તેવો હું અંદર થઇ ગયો છું.[૭] ત્યાર પછી વાલ્મીકિને પૂછી (તેમની આજ્ઞા લઇ) હું અહીં તારી પાસે આવેલ છું. હે નિષ્પાપ અપ્સરા! તેં જ મને પૂછ્યું તે સર્વ મેં તને કહી બતાવ્યું છે, અને હવે હું ઇંદ્રલોકમાં જઇશ.[૯]

અપ્સરા કહે છેઃ—હે મહાભાગ દેવદૂત! તને પ્રણામ કરું છું. આ તેં શ્રવણ કરાવેલ તત્ત્વજ્ઞાનવડે હું પરમસુખ—વિશ્રાંતિને પ્રાપ્ત થયેલ છું.[૯] કૃતાર્થ થયેલ છું. શોકથી રહિત બની છું. હવે સુખેથી મરજી મુજબ તું ઇંદ્રપાસે જા. તારું કલ્યાણ થાઓ.[૧૦]

અગ્નિવેશ્ય કહે છેઃ—ત્યાર પછી તે શ્રેષ્ઠ એવી સુરુચિ એવા નામની અપ્સરા, હિમાલયની તલેટીમાં સમીપ આવેલા ગંધમાદન નામના વનની અંદર તેજ તત્ત્વજ્ઞાનનું ચિંતન કરતાં સ્થિતિ રાખી રહી.[૧૧] હે પુત્ર અગ્નિવેશ્ય! આ તેં વસિષ્ઠજીની ઉપદેશવાણી સાંભળી. એ સર્વ વાતને હૃદયમાં બરાબર સમજી પછી જેમ તારી ઇચ્છા હોય તેમ તું સુખેથી કર.[૧૨]

કારૂણ્ય કહે છેઃ—જેમ સ્વપ્નમાં પ્રતીતિમાં આવેલ એવા વંધ્યાપુત્રના સંબંધમાં પછી (જાગ્રતમાં) સ્મૃતિ કે વાણીનો વ્યવહાર કે દૃષ્ટિસત્તા એ ત્રણે નિર્વિષય થઈ જાય, તેમ આ દૃશ્યના સંબંધમા પણ સ્મૃતિ, વાણીનો વ્યવહાર અને દૃષ્ટિસત્તા એ ત્રણે નિર્વિષય થઈ રહેલ છે. જ્ઞાનનેલીધે હવે આ સર્વ સાંસારિક સ્થિતિ નિર્જળ પ્રદેશમાં દેખાતાં ઝાંઝવાના જળનીપેઠે સાવ ભ્રાંતિમાત્રજ ભાસે છે.[૧૩] મને કશું કરવાનું પણ પ્રયોજન નથી અને ન કરવાનું પણ પ્રયોજન નથી. હું યથાપ્રાપ્ત (વર્ણાશ્રમને યોગ્ય) વ્યવહારમાં સ્થિતિ રાખી રહ્યો છું, કેમકે કર્મત્યાગમાં પણ આગ્રહ શામાટે રાખવો?[૧૪]

અગસ્તિ કહે છેઃ—અગ્નિવેશ્યનો પુત્ર વિવેકી કારૂણ્ય ઉપર પ્રમાણે કહી (વિવાહવડે) કર્માધિકારને પ્રાપ્ત થઇ યથોચિતકાલમાં ન્યાયને અનુસરી સ્નાન-દાન આદિ કર્મને કરવા લાગ્યો.[૧૫] હે સુતીક્ષ્ણ! જ્ઞાન થયા પછી થતા એવા કર્મના સંબંધમાં (એ કર્મ બંધનકારક થશે તો એવો) સંશય રાખવો નહિ, કેમકે સંશયનેલીધે સ્વાર્થથી ભ્રષ્ટ થવાય છે. જેના આત્મામાં સંશય હોય તેવો પુરુષ છેવટ વિનાશને અનિષ્ટ પરિણામને પ્રાપ્ત થાયછે.[૧૬] સાંસારિક અનેક અર્થોની પારમાર્થિક બ્રહ્મતત્ત્વસાથે એકતા બતાવનાર એવું એ મુનિનું વચન સાંભળી વિનયયુક્ત એવા સુતીક્ષ્ણે ગુરુનીપાસે નમસ્કાર કરી નીચે પ્રમાણે કહ્યું.[૧૭]

સુતીક્ષ્ણ કહે છેઃ—મારું અજ્ઞાન અને તેનું કાર્ય એ બન્ને નષ્ટ થઈ ગએલ છે, અને ઉત્તમોત્તમ એવું જ્ઞાન મને પ્રાપ્ત થએલ છે. જે સર્વસાક્ષી પરમાત્મા (સ્વયંપ્રકાશ હોવાથી) પોતે ધ્રુવ અને નિષ્ક્રિય છતાં આભાસરૂપે સ્ફુરિત થઇ નાટ્યશાળામાં રહેલા દીપકનીપેઠે પ્રકાશરૂપે સ્થિર થઈ રહેતાં જેમ નાટ્યશાળામાં દીપકના પ્રકાશથી નટ-નર્તક આદિની સર્વ ક્રિયાઓ થાય, તેમ ચેષ્ટારૂપે પ્રતીતિમાં આવતી એવી સર્વ ચિત્તથી થનારી ક્રિયાઓ (જેના પ્રકાશના બળથી) પ્રવૃત્ત થાય છે, તથા જેમ કડાં, બાજુબંધ, પહોંચી, નુપૂર આદિને આકારે સુવર્ણ થઈ જાય અને જળની અંદર જેમ તરંગોના સમૂહ અભિન્ન સત્તાથી ઉત્પન્ન થાય તેમ જેનાથી આ સર્વ દૃશ્ય સ્ફુરે છે, તે પરમતત્ત્વરૂપજ આ

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by eGangotri Foundation, USA

સર્વ જગત છે, અને તે પોતાના પૂર્ણસ્વરૂપમાં પૂર્ણપણે રહેલ છે.[૧૮-૨૦] હું યથાપ્રાપ્ત (જે આશ્રમમાં જે વ્યવહાર પ્રાપ્ત થાય તે) વ્યવહારને અનુસરીશ; કેમકે સત્પુરુષના વચનનું કોણ ઉલ્લંઘન કરે? હે મહારાજ! આપની કૃપાથી હું જ્ઞાતજ્ઞેય (જાણવાનું જેણે જાણી લીધું છે તેવો) થઇ રહ્યો છું.[૨૧] હું કૃતાર્થ છું. હું આપને દંડવત્પ્રણામ કરી નમન કરું છું. શિષ્યોના કયા કર્મવડે ગુરુના કરેલ ઉપકારનો બદલો વળી શકે તેમ છે?[૨૨] માટે શિષ્યોએ મન, વચન કર્મથી ગુરુને આત્મનિવેદન કરવું તેજ તેના ઉપકારનો બદલો છે; બાકી કોઇ પણ કર્મથી ગુરુના ઉપકારનું અનૃણી થવાતું નથી[૨૩] હે મહારાજ! હું આપની કૃપાથી આ સંસારસાગર તરી ગયો છું, અને પૂર્ણ આનંદભાવથી આ જગતના સમૂહને પરિપૂર્ણ દેખતાં નિઃસંશય થઈ રહ્યો છું.[૨૪] જે બ્રહ્મ સામવેદનેવિષે सर्वंखल्विदंब्रह्मतज्जलान् (આ સર્વ બ્રહ્મમાંથી ઉત્પન્ન થવાથી પાછો બ્રહ્મમાંજ તેનો લય થતો હોવાથી અને બ્રહ્મવડેજ તેનું પાલન થવાથી બ્રહ્મરૂપજ છે), એવી શ્રુતિવડે અપરોક્ષ અનુભવમાં આવે તેમ વર્ણન કરાય છે, તે બ્રહ્મરૂપ પ્રત્યક્ ચૈતન્યને પ્રણામ છે.[૨૫]

બ્રહ્માનંદરૂપ, પરમસુખ આપનાર, કેવળ જ્ઞાનમૂર્ત્તિ, સુખ-દુઃખ રાગ-દ્વેષ આદિ દ્વંદ્વને ઉલ્લંઘી રહેલ, આકાશના જેવા (નિર્વિકાર તથા સર્વવ્યાપી) તત્ત્વમસિ આદિ વાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક, નિત્ય, નિર્મળ, સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ ભાવોને ઉલ્લંઘન કરી રહેલ, ત્રિગુણથી રહિત, એવા શ્રીવસિષ્ઠજીને અમે પ્રણામ કરીએ છીએ.[૨૬]

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिं ।
द्वंद्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं श्रीवसिष्ठं नताः स्मः॥

श्रीमद् योगवासिष्ठ महारामायण निर्वाण
प्रकरणना उत्तरार्द्धनो अर्थ सोळमो
सर्ग संपूर्ण २१६

वेदधर्मसभायास्तु प्राप्याऽनुमतिमुत्तमा-
म् ॥ नारायणसरः शालाशास्त्रिणा-
मूलशंभुना ॥ यत्नात्संपूर्णतां नी-
तमेतद्भाषांतरं शुभं । विनावि-
श्वेशमन्यत्र सर्वज्ञत्वं न कु-
त्रचित् ॥ अतोऽत्रस्खलितं चेत्तत्क्षंतव्यं सु-
महाशयैः ॥

निर्वाण प्रकरण उत्तरार्द्ध समाप्त.

1067
335
732

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

श्रीमद् योगवासिष्ठ महारामायण समाप्त.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી લોકહિતાર્થે માત્ર લાગત કિંમતે નીકળતા

ઉત્તમ ગ્રંથો અને ગ્રંથમાળાઓ.

લોક હિતને કારણે, ઉતમ ગ્રંથ અનેક; સ્વલ્પ મૂલ્ય સાદર થયા, વાંચો ધરી વિવેક.
સંસારે પણ સુખ મળે, પરલોકે પણ તેમ; સારા ગ્રંથ સુલક્ષણા, સેવો ધારી પ્રેમ.
શા માટે સહો ભવતૃષા, કરો પ્રેમથી પાન; ઉપદેશામૃતથી ભર્યા, મ્હોટા ગ્રન્થ મહાન.

બૃહદ્ ગ્રંથમાળાદ્વારા નીકળેલા ઉત્તમ અને મ્હોટા ગ્રંથો

આ માળાનાં દરેક પુસ્તકનાં પૃષ્ઠ આ 'યોગવાસિષ્ઠ' ના જેટલાંજ મ્હોટાં છે.

રૂ. ૮ા નો ગ્રંથ માત્ર રાા માં ! દીવાળી સુધી ૦ા કમી.

શ્રીમદ્ ભગવતી ભાગવત

અથવા 'દેવીભાગવત'–વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાંતર.

પ્રત્યેક શ્લોકના અંક, પાકાં સોનેરી પૂઠાં, મજબૂત એન્ટીક કાગળ સાથે મ્હોટાં ૯૫૦ પૃષ્ઠનો આ ગ્રંથ કે જેના પ્રથમ રૂ. ૮ા હતા તેજ આ ખાતામાંથી માત્ર રૂ. રાામાં નીકળ્યો છે. નામ ઉપરથી આ ગ્રંથ વામમાર્ગીઓના ભ્રષ્ટાચારનો સમજવાનો નથી, પણ અનેક બોધપ્રદ આખ્યાનો અને ઉત્તમ વિષયોની મુખ્યતાને લીધેજ તે પસંદ કરાયો છે. પો. ૦ાા જૂદું.

સર્વ તાપને શાંત કરનાર અતિ ઉત્તમ ધર્મગ્રંથ રૂ. ૮ ને બદલે માત્ર રાા માં !

શ્રી શાન્તિપર્વ-મહાભારતનું

રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ સંપૂર્ણ.

આ ગ્રંથમાં પિતામહ ભીષ્મ, ભગવાન શ્રીકૃષ્ણ, તેમજ અન્ય અનેક મહર્ષિઓના ઉત્તમ અને કલ્યાણકારી ઉપદેશોનો સમાવેશ છે.

કુલ અધ્યાય ૩૬૬, દરેક શ્લોકના અંક, મજબૂત એન્ટીક કાગળ, મ્હોટાં ૮૪૦ પૃષ્ઠ, સ્વચ્છ છપાઈ, સંશોધન કરાવેલું ઉત્તમ ભાષાન્તર તથા આ લાઇનોમાં છે તેવા દસ્કત છે. આ પ્રમાણે આગલી રૂ. ૮)ની આવૃત્તિ કરતાં આમાં અનેક વિશેષતા ઉમેરાયા છતાં, આ સંસ્થાના ધોરણ પ્રમાણે તેનું મૂલ્ય માત્ર રૂ. રાા અને રફ કાગળવાળાનું ૨)જ રાખ્યું છે. પો. ૦ાા.

ગુજરાતી પત્રના બળાપાનો રદીયો—આ શાન્તિપર્વમાંથી કેટલીક ખોટી ખોટી ભૂલો દર્શાવીને તથા બીજી રીતે આ ખાતાના કામને ઉતારી પાડવાનાં જે ફાંફાં એ પત્રે મારેલાં, તેના લંબાણ રદીયાની જૂદી બુક તથા ૧૯૭૨નું તિથિપત્ર અને સૂચિપત્ર પત્ર લખવાથી મુફત મોકલાશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

ભારતવાસીઓનો સર્વથી મહાન, પ્રિય [illegible]ય ગ્રંથ

તરતમાં નામ નોંધાવી કડકે કડકે નાણાં ભર્યા માત્ર રૂ. ૧૨।। [illegible] પણ ખરીદ્યા!

'ઉત્તમ ગ્રંથો' એ સુવર્ણના [illegible]ડાર કરતાં પણ ઉત્કૃષ્ટ સંપત્તિ છે.

મ્હોટા છ ભાગમાં નીકળનારું પૃષ્ઠ ૪૮૦૦ નું

સંપૂર્ણ મહાભારત

ઉત્તમ ૧૫–૨૦ ચિત્ર, ચવ્વડ એન્ટિક કાગળ, સુંદર અને મજબૂત પાકાં પૂઠાં, તથા શ્લોકના અંક સહિત અઢારે પર્વનું ઉત્તમ ભાષાન્તર.

આ પ્રમાણે અન્ય કોઇ પણ ગુજરાતી મહાભારત કરતાં આ ગ્રંથ અનેક પ્રકારે ઉત્તમ થવા છતાં તેનું મૂલ્ય બીજે ૨૫–૩૦ છે, તેને બદલે આ ખાતાએ પ્રથમથી ગ્રાહક થનારને માટે

માત્ર રૂ. ૧૨।। અને ગ્રંથ તૈયાર થયા પછીને માટે **રૂ. ૧૬** રાખ્યું છે. પો. જુદું.

શાન્તિપર્વ—તૈયાર છે. પૃષ્ઠ ૮૪૦ મૂલ્ય રા।. પો. ૦।।– ખાસ બોધપ્રદ હોવાથી શ્રીયુત છો. ન. ભટ્ટવાળા ભાષાંતરમાં સંશોધન કરાવીને તે પ્રથમ કહાડ્યું છે. સંપૂર્ણ મહાભારતના તરતમાં ગ્રાહક થનારને તે અમદાવાદમાં રૂ. ૨, થી અપાઈ રૂ. ૧, બાકીના ભાગો પેટે અનામત લેવાશે.

બાકીના પાંચ ભાગ કે જેનું ભાષાંતર ઉત્તમ નીલકંઠી ટીકાને આધારે–અનુભવી શાસ્ત્રીઓને હાથે નવે નામે તૈયાર થાય છે, તે નીચેની વિગતે અકેક વર્ષને અંતરે નીકળશે, તેમ તેમ તે બદલ કડકે કડકે બાકીના રૂ. ૯।। લેવાશે. આ ભાગોમાં સર્વ ચિત્રોનો સમાવેશ થશે. છએ ભાગની વિગતઃ—

૧. આદિ અને સભાપર્વ–છપાય છે.
૨. વન, વિરાટ અને ઉદ્યોગપર્વ.
૩. ભીષ્મ અને દ્રોણપર્વ.
૪. કર્ણ, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રીપર્વ.
૫. શાન્તિપર્વ કે જે તૈયાર છે.
૬. અનુશાસનથી છેવટ સુધીનાં સર્વ પર્વ.

દરેક ભાગ નીકળ્યાની ખબર અપાયેથી ગ્રાહકે તે એક માસમાં અમદાવાદથી પોતાને ખર્ચે મંગાવી લેવો જોઇએ. તેમ ન કરનાર અથવા વી. પી. મંગાવીને પાછું વાળનારનો બીજા એક માસ પછી અનામતના રૂ. ૧) પર હક્ક રહેશે નહિ. પોસ્ટેજ દરેક ભાગનું ૦।= થી ૦।= જુદું.

આ પ્રમાણે આ ગ્રંથની દરેક રીતે સગવડ પડતી યોજના થવાથી ગરીબમાં ગરીબ માણસ પણ મહિને બબે આના બચાવીને તે ખરીદ કરી શકશે. પાછળથી મૂલ્ય પૂરેપુરું જ લેવાશે. પોતાની જાત, કુટુંબ અને વંશજોના હિતાર્થે આવો મહાન ગ્રંથ આટલા સસ્તામાં સંગ્રહ કરવાની આવી ઉત્તમ તક ફરી ફરીને નહિ મળે, કેમકે આવા મ્હોટા ગ્રંથ વારંવાર છપાવી શકાતા નથી.

આ આખું મહાભારત અમદાવાદવાળી જુની આવૃત્તિ પ્રમાણેજ આ ખાતું કહાડનાર છે ઇ૦ બીલકુલ જુદી હકીકતો મુંબઇના 'ગુજરાતી' પત્રવાળાએ–પોતાનાં બોધાં પુસ્તકો નહિ ખપવાના દ્વેષને લીધે છાપેલી, તેના સચોટ રદીયાની જુદી બુક છપાવેલી તૈયાર હોઇને હરકોઇને મુફત મોકલાશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કે. કાલબાદેવીરોડ–**મુંબઇ નં. ૨** અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—**અમદાવાદ.**

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

[illegible]ન્તના સ[illegible]હોટો અને ઉત્તમ ગ્રંથ રૂ. ૧૯)ને બદલે માત્ર ૬)માં !

શ્રી યોગવાસિષ્ઠ-મહારામાયણ

મ્હોટા બે ભાગમાં-મ્હોટાં પૃષ્ઠ ૨૦૨૫

એમાં વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાંતર, પ્રત્યેક શ્લોકના અંક, પ્રત્યેક અધ્યાયને આદિ અંતે અકેક શ્લોક, ગ્લેજ જાડા કાગળ, આ લાઈનના જેવડા મ્હોટા અક્ષર, તથા પાકાં સોનેરી પૂઠાં આવવા છતાં, મૂલ્ય આગલી આવૃત્તિના રૂ. ૧૯ ને બદલે આ સંસ્થાએ પોતાના પડત કિંમતના ધોરણને અનુસરીને માત્ર રૂ. ૬)જ રાખ્યું છે.

ભાગ ૧ લો- } આમાં પાંચ પ્રકરણ હોઇ પૃષ્ઠસંખ્યા ૯૪૦ છે. કાગળ ૭૦ રતલી, મૂલ્ય રૂ. ૩, પોસ્ટેજ ૦॥=.

ભાગ ૨ જો- } એમાં નિર્વાણપ્રકરણ પૂર્વાર્ધ અને ઉત્તરાર્દ્ધ સંપૂર્ણ. કાગળ ૬૦ રતલી. પૃષ્ઠ ૧૦૮૫ મૂલ્ય રૂ. ૩, પોસ્ટેજ ૦॥=.

સોનાના વર્ક બહુ મોંઘા થવાથી થોડા વખત પછી આ ગ્રંથ સોનેરીને બદલે શાહીની છાપનાં પાકાં પૂઠાંવાળોજ મળશે. કેમકે સોનેરી પૂઠાંવાળી જુજ પ્રતજ હવે શિલક રહેલી છે.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર

પ્રથમની પાંચ હજાર પ્રત સત્વર ખપી જતાં ફરી નવી નીકળેલી સુંદર આવૃત્તિ.

વેદધર્મસભાનું ઉત્તમ ભાષાંતર, મ્હોટાં ૧૧૨૫ પૃષ્ઠ તથા સુંદર ૧૫ ચિત્રો સાથે

જાડા કાગળ, સોનેરી પૂઠું, આ લાઈન જેવા મ્હોટા અક્ષર છતાં માત્ર રૂ. ૨)= પો. ૦॥=.

સ્વામી રામતીર્થ

એમ. એ. (આ જમાનાના મહાસમર્થ ઉપદેશક)ના સદુપદેશ-ગ્રંથ ૧ લો.

ભાગ ૧ થી ૫ ભેગા-તેમના બોધપ્રદ ચરિત્ર તથા ચાર છબીઓ સાથે.

આ ગ્રંથમાં—વ્યવહાર, પરમાર્થ બંનેની સિદ્ધિના અનેક ઉત્તમ માર્ગ-સાયન્સ, શાસ્ત્ર તથા અનુભવનાં અનેક દૃષ્ટાંતોવડે-એવી તો સરલ, રસિક અને સચોટ રીતે દર્શાવેલા છે કે જેથી વાંચનારના હૃદયમાં અપૂર્વ ચૈતન્ય, અખૂટ ઉત્સાહ અને દિવ્ય મનોબળ જાગૃત થઇને તેનું જીવન બદલાવા માંડે છે. મ્હોટાં ૪૨૦ પૃષ્ઠ, ગ્લેજ કાગળ, સુંદર પાકું સોનેરી પૂઠું છત્રાં માત્ર રૂ. ૧। પોસ્ટેજ ૦।-.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવીરોડ, હાથીબિલ્ડીંગ-મુંબઈ નં૦ ૨ અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—**અમદાવાદ.**

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

કર્નલ ટૉડ કૃત મહાન ગ્રંથ ! અનેક અદ્‌ભુત ચરિત્રો, વ[illegible]
કથાઓનો સમુદ્ર !! જાણે બીજું મહાભા[illegible]ય !!

રાજસ્થાન-નો ઈતિહાસ

મ્હોટાં ૮૦૦, ૮૦૦ પૃષ્ઠના બે મ્હોટા ભાગમાં

રાજા-રાણા ઇ૦ સેંકડો વ્યાક્તઓનાં ચિત્ર, ટૉડ સાહેબનું ચિત્ર તથા લંબાણ ચરિત્ર, અને તેમની ભૂલો ઉપર સેંકડો ટીપ્પણ ઇ૦ ખાસ વિશેષતાઓ સાથે

આ ગ્રંથમાં–મેવાડ, મારવાડ ઇ૦ રાજપુતાનાનાં મુખ્ય રાજ્યોમાં પ્રથમથી હાલ સુધીમાં થઇ ગયેલા સેંકડો ધીરવીર રાજા–મહારાજાઓ, શૂરવીર સામંત–સરદારો અને પરાક્રમી ક્ષત્રિય વીર–વીરાંગનાઓનાં અદ્‌ભુત પરાક્રમો અને ચરિત્રોનું વર્ણન એવી તો રસિક અને છટાદાર રીતે અપાયલું છે કે જાણે એકાદ ઉત્તમ નવલકથા વાંચતા હઇએ અથવા તો ભાટ–ચારણની એકાદ લલકારવાળી વાર્તા સાંભળતા હઇએ તેવોજ ભાસ સ્થળે સ્થળે થાય છે. વળી મૂળ ગ્રંથમાંની લગભગ સર્વ બાબતો આમાં લેવાયલી હોવાથી, ગુજરાતીમાં અન્ય રૂ. ૧૦–૧૦ માં નીકળેલાં રાજસ્થાનો કરતાં આ રાજસ્થાનમાંનું લખાણ બમણું તથા પૃષ્ઠસંખ્યા પણ દોઢી થઈ છે. ભાષાંતર પણ અન્ય કરતાં આમાં ઘણુંજ સરળ અને સ્પષ્ટ છે.

આ પ્રમાણે આ રાજસ્થાન અનેક વિશેષતાઓવાળું અને ચીકણા એન્ટીક કાગળોપર સફાઇદાર છાપથી છપાયલું તથા મજબૂત પાકાં પૂઠાંમાં બંધાયલું હોવા છતાં તેનું મૂલ્ય દરેક ભાગનું માત્ર રૂ. ૨।। ખાસ ઉંચી આવૃત્તિના રૂ. ૩।। તથા રફ કાગળવાળી આવૃત્તિના રૂ. ૨) પોસ્ટેજ ૦।= થી ૦।।=

ગ્રંથ ૧ લો–મેવાડનો ઈતિહાસ તૈયાર છે.

ગ્રંથ ૨ જો–સં. ૧૯૭૨ આખરે બહાર પડશે.

દરેક ભારતસંતાને અવશ્ય વાંચવાયોગ્ય ઉત્તમ વિસ્તૃત જીવનચરિત્ર

શિવાજી છત્રપતિ

હિંદુધર્મના બળવાન રક્ષક અને મરાઠી રાજ્યના મહાપરાક્રમી સંસ્થાપક પુરૂષનું આ મ્હોટું જીવનચરિત્ર દરેક ગૃહમાં અવશ્ય રહેવું જોઇએ. ગુજરાતીમાં અગાઉ કદિ પ્રકટ નહિ થયેલા એવા પુષ્કળ જાણવાયોગ્ય બનાવો અને બીજી ઐતિહાસિક હકીકતોથી આ પુસ્તક ભરપૂર હો[illegible] રસિક અને અસરકારક ભાષામાં લખાયલું છે. મ્હોટાં પૃ[illegible] ૩૫૦, મજબૂત પૂઠું, છતાં માત્ર રૂ. ૦।।।, ઉંચા કાગ[illegible] રૂ. ૧, સોનેરી ચિત્રવાળી ખાસ ઉંચી આવૃત્તિ રૂ. ૧। પો. ૦।

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવીરોડ, હાથીબિલ્ડીંગ–**મુંબઇ નં૦ ૨** અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—**અમદાવાદ.**

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

...ય ... ...દનો વૈદ્યરાજ.

નવી આવૃત્તિ ... સુધારા વધારા ... થે એકાદ માસમાંજ નીકળશે.

આ ગ્રંથમાં ન્હાનાં ગામડાંઓમાં પણ પોતાની મેળે બની શકે એવા સેંકડો સામાન્ય ઘરગતુ ઉપાયો આપેલા છે. નિત્યના ઉપયોગની તથા બીજી મળી સુમારે ૬૦૦ વસ્તુઓના ગુણ-દોષ તથા જુદા જુદા વ્યાધિઓપર તેને વાપરવાની વિધિઓ આપેલી છે. સુમારે ૧૦૦ ધાતુ-ઉપધાતુઓનું શોધન, મારણ, ગુણ-દોષ તથા તેને જુદાં જુદાં દરદોપર વાપરવાનાં જુદાં જુદાં અનુપાનો આપેલાં છે. જુદા જુદા સુમારે ૧૨૫ વ્યાધિઓના પ્રકાર, નિદાન, લક્ષણો તથા ઉપાયો આપેલા છે. જુદી જુદી જાતના પાક, ચૂર્ણ, ગુટિકા, અવલેહ ઇ૦ની સેંકડો બનાવટો ઉપરાંત ગ્રંથકર્ત્તા સ્વ૦ શંકર દાજી પદેનું ચિત્ર, તથા જીવનચરિત્ર અને બીજી ઉપયોગી બાબતો ઉમેરાવાથી સો દોઢસો પૃષ્ઠ આમાં-વધીને કુલ પૃષ્ઠ ૬૦૦ ઉપરાંત થશે. એન્ટ્રીકપેપર, મજબૂત સુંદર પાકું પૂઠું, છતાં મૂલ્ય આગલી આવૃત્તિઓના રૂ. ૧૦, અને ૫, ને બદલે માત્ર રૂ. ૧।।। પો. ૦।૯.

શ્રી દાસબોધ

ચાતુર્માસમાં અવશ્ય નીકળશે. મ્હોટાં ૪૦૦ પૃષ્ઠ છતાં માત્ર રૂ. ૧।

મહારાષ્ટ્રમાં જે ચાર મહાત્માઓના ગ્રંથોને તેની અસાધારણ ઉત્તમતાને લીધે **ચારવેદની** ઉપમા અપાય છે તેમાંનોજ આ ગ્રંથ છે. વીરકેશરી શ્રી શિવાજી મહારાજના સમર્થ ગુરુ શ્રી રામદાસ સ્વામીનો તે રચેલો છે. એમાં સમાયલા અનેક પ્રકારના સદ્બોધ માત્ર જિજ્ઞા-...એજ નહિ પણ સર્વ વર્ણ અને આશ્રમવાળાઓએ ખાસ વાંચવા અને મનન કરવા ... છે. જુદા જુદા પ્રસંગનાં ઉત્તમ સાત ચિત્રો સહિત શ્રી સમર્થનું લંબાણ આકર્ષક ...રત્ર, નવીન ઉત્તમ ભાષાંતર, ગ્લેજ ૭૦ રતલી કાગળ, તથા સુશોભિત પાકાં પૂઠાં સાથે આ અતિ બોધપ્રદ ગ્રંથ હવે સત્વર નીકળશે. તેના આગલા ભાષાંતરના રૂ. ૪) હતા.

શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા

આ ગ્રંથની પહેલી આવૃત્તિ ખપી જવાથી બીજી સુધારેલી આવૃત્તિ ચાલુ સાલની આખર સુધીમાં પ્રકટ થતાં "વિવિધ ગ્રંથમાળા" દ્વારા તે વિષેની ખબર અપાશે. ઉત્તમ ભાષાંતર, મ્હોટાં ૫૫૦ પૃષ્ઠ, સારા કાગળ, પાકું પૂઠું, છતાં મૂલ્ય ૧।।। રહેશે, બીજે રૂ. ૪-૫ માં મળતી જ્ઞાનેશ્વરી કરતાં આ ભાષાંતર જરા પણ ઉતરતું નથી, અને ચરિત્ર ઇ૦ માં ઉલટી કેટલીક વિશેષતા છે. આ વાત સરખામણી કરી જોનારને તુરત સમજાશે.

શ્રી વાલ્મીકીય રામાયણ.

ઉત્તમ કાગળ, પૂઠાં તથા છપાઈ સાથે ૧૯૭૩ માં નીકળશે.

પૃષ્ઠ સંખ્યા ૧૨૦૦ તથા અનેક ઉત્તમ ચિત્રો આવશે.

મૂલ્ય રૂ. ૩) પણ તરતમાં લેનારને ૨।। થી અપાશે.

આ ગ્રંથ નીકળેથી આ ખાતાની વિવિધ ગ્રંથમાળાદ્વારા ખબર અપાશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

વૃથા વહેતા સમયની, લેવા શુભ સં... ...ુત ચરિ..., વ... ...ચન
ઉત્તમ વાંચન ઉપરે, જો કંઇ હોય વ... ...બીજું મહાભા... [૬ ... ! વાંચો ...

ઉત્તમ અને વિવિધ વાંચન પૂરૂં પા... ...નારી-હજારો ગ્ર... ...ધરાવતી ગ્રંથમા...

વિવિધ ગ્રંથમાળા

દરવર્ષે પૃષ્ઠ ૨૦૦૦નાં વિવિધ ઉત્તમ પુસ્તકો

વાર્ષિક માત્ર રૂ. ૨, પાકાં પૂઠાં સાથે રૂ. ૩, પો૦ માફ.

વર્ષ પૂરૂં થયા પછી ખરીદનાર માટે ...સ્ટેજ જુદું.

૧૯૭૧ નાં પુસ્તકો

તૈયાર છે. પૃષ્ઠ ૨૦૦૦
મૂલ્ય રૂ. ૨) પાકાં પૂઠાં ૩) પો. જુદું.

૪૯-૫૦ સ્વામી વિવેકાનંદના સદુપદેશ ભાગ ૧ લો.
૫૧-૫૨ અખાની વાણી ભા.૧
૫૩ થી ૫૬ સાચું સ્વર્ગ.
૫૭થી૫૯ વિવેકાનંદ ભાગ ૨ જો.
૬૦ ટુંકી વાર્તાઓ ભાગ ૩ જો.

૧૯૭૨ નાં પુસ્તકો

સ્વામી રામતીર્થ ભાગ ૮-૯.
આરોગ્ય વિષે સૂચનાઓ એ બંને તૈયાર છે.
બીજાં-સ્વામી વિવેકાનંદ ભા. ૩
ટુંકી વાર્તાઓ ભા. ૪ થો.
નવા યુગની વાતો ભાગ ૩ જો.
પ્લેઝર ઑફ લાઇફનું ભાષાંતર
ઇન્ટ્યૂનવિથ ઇન્ફીનાઇટનું ભાષાંતર, સર રવીંદ્રનાથ ટાગોર-કૃત શાંતિ નિકેતનના નિબંધો
લઘુ લેખસંગ્રહ, સ્વામી સત્યદેવના ગ્રંથો, ઇ. ઇ. માંથી નીકળશે.

આગલાં વર્ષોના સૅટ

નીચલા દરેક સૅટમાં પૃષ્ઠ ૧૫૦૦ હોઈ મૂલ્ય રૂ. ...
પાકાં પૂઠાં સાથે રૂ. ૩), પો. જુદું છે.

સં. ૧૯૬૭ નાં પુસ્તકો.

૧—૨ આર્યધર્મનીતિ ઇ.
૩... અબળાહિતદર્પણ
૪-૫-૬ સ્વામી રામતીર્થના ઉપદેશ ભાગ ૧-૨-૩.
૭... લઘુ લેખ સંગ્રહ.
૮... સંસારમાં સુખ ક્યાં છે?
૯... નવાયુગની વાતો ભા. ૧
૧૦-૧૧ યોગિની.
૧૨... અક્ષરમાળા.

સં. ૧૯૬૮ નાં પુસ્તકો.

૧૩-૧૪ નવસંહિતા.
૧૫-૧૬ કાશ્મીરનો પ્રવાસ ઇ.
૧૭-૧૮ વિવેકાનંદનાં પત્રો.
૧૯... નવાયુગની વાતો ભા.૨.
૨૦-૨૧ સ્વામીરામતીર્થ ભા.૪
૨૨થી૨૪ વીર દુર્ગાદાસ.

સં. ૧૯૬૯ નાં પુસ્ત...

૨૫-૨૬ સ્વામીરામતીર્થ ...
૨૭... પદ્યાત્મક ભગવદ્ગી...
૨૮... નવલકથા સંગ્રહ ...
૨૯... નામદાર શહનશાહ
૩૦... છોટાલાલ પદબોધિન...
૩૧... વૈરાગ્ય બોધકાવ્ય
૩૨... દુઃખમાં વિદ્યાભ્યાસ
૩૩... કથાગુચ્છ ભા. ૧ લો.
૩૪ થી ૩૬ ટુંકીવાર્તાઓ ભા...

સં. ૧૯૭૦ નાં પુસ્તકો

૩૭-૩૮ સ્વામી રામતીર્થ ભા...
૩૯-૪૦ સેવાના સન્માર્ગ.
૪૧થી૪૩ ટુંકી વાર્તાઓ ભા.૨...
૪૪-૪૫ સ્વામીરામતીર્થ ભા...
૪૬થી૪૮ નેપોલિયન બોનાપર્ટ...

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવી હાથીબિલ્ડીંગ—મુંબઇ, નં૦ ૨ અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

PAYMENT PRUCESSED
Vide Bill No [illegible] Dated [illegible]
Anis Book Binder

PAYMENT PRUCESSED
Vide Bill No 6 39 Dated 11/12/93
Anis Book Binder

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA

CC-0. Gurukul Kangri University Haridwar Collection. Digitized by S3 Foundation USA